પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૯ • અંક-૧ • જાન્યુઆરી ૨૦૧૨ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦



જિન-વચન

બધાં વ્રતોની સારી આરાધના

एक्कं पि बंभचेरे जंमिय आराहियं पि आराहियं वयमिणं सव्वं तम्हा निउएण बंभचेरं चरियव्वं ।।

પ્રશ્ન વ્યાકરણ (૪-૧)

જેમણે એક બ્રહ્મચર્ય વ્રતની બરાબર આરાધના કરી છે, તેમણે બધાં વ્રતોની સારી આરાધના કરી છે એમ જાણવું. એટલા માટે નિપુણ સાધકે બ્રહ્મચર્ય વ્રતનું સારી રીતે પાલન કરવું જોઈએ.

Those who have properly practised the single vow of celibacy are said to have practised all the vows. Therefore, a wise person should practise the vow of celibacy perfectly.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

સતીના દર્શન

ઘડતમે ઘણાએ બાપુજીને જોયા હશે, પણ બાને તો કોઈકે જ જોયાં હશે. બા કંઈ મોટાં માતાજી થઈને બેસી થોડાં જ રહેતાં? આશ્રમમાં હોય ત્યારે તેઓ બાપુજીની ગાદી ઉપર દર્શન દેવા ઓછાં બેસી જતાં? ના, બા તો કોણ જાણે ક્યાંય ભરાઈને કામ કરતાં હોય. કાં તો રસોડામાં રોટલી વણતાં બેઠાં હોય, કે બાપુજીનું ખાવાનું તૈયાર કરતાં હોય, કે કોઈ માંદાની ચાકરી કરતાં હોય. ગાંધીજી કોઈ વાર માંદા હોય ત્યારે તેમનું માથું દાબવાનું કામ બાનું જ. તેવે વખતે તેમના દર્શન થઈ જાય ખરાં. ક્યાંક સભા હોય ત્યારે બા કંઈ બાપુજીની સાથે ભાષણ કરવા મંડી પડે એવા નહોતાં. એ તો બહેનો સાથે જઈને છાનાંમાનાં બેસી જતાં. અને કોઈને જોવામાંયે આવે નહીં. અથવા મુકામ પર જઈને કામકાજમાં લાગી ગયાં હોય. બાને મોટાં થઈને ફરવું બિલકુલ નહોતું ગમતું. તેમને તો એક જ વાત ગમતી-બાપુજીની પાછળ-પાછળ ચાલું અને તેમની સેવા કરવી. સીતાજીએ રામ પાછળ રાજપાટના સુખ તજી વનવાસ લીધો, તેમ બા પણ રાજપાટ જેવા સુખ જતા કરી બાપુજી સાથે આશ્રમવાસી થયાં. સતીનાં દર્શન એટલે કસ્તૂરબાનાં દર્શન.

સૌજન્ય : શાશ્વત ગાંધી

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	સાબરમતીના સંતને કાગળ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	જૈન દર્શન અને ધર્મની છાયામાં મહાત્મા ગાંધીનું જીવન દર્શન	પ્રો. ડૉ. રામજી સિંગ (હિન્દી) અનુવાદક : પુષ્પા પરીખ	૫
(૩)	ગાંધીજીના હસ્તાક્ષર	સૂર્યકાંત પરીખ	૭
(૪)	બસમાં શાળા : વાહ! મેરા ભારત મહાન!	સૂર્યકાંત પરીખ	૮
(૫)	નાદબ્રહ્મ	મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.	૯
(૬)	ગઈકાલનો ઇતિહાસ, આજનો પડકાર અને આવતીકાલની પ્રેરણા સમ્રાટ સંપ્રતિ	પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ	૧૧
(૭)	સંત કવિઓની અનુભૂતિ અને અભિવ્યક્તિમાં દેખાતું સામ્ય	શ્રીમતી સુમિત્રા ટોલિયા	૧૫
(૮)	સર્વપ્રથમ યોજનારી અભ્યાસપૂર્ણ, અનોખી, અપૂર્વ કથાતત્ત્વ, સંગીત અને તત્ત્વજ્ઞાનના ત્રિવેણીસંગમ સમી ।। શ્રી ઋષભ કથા ।।	—	૧૮
(૯)	અંકુર સિંચ્યાનું સંભારણું	ડૉ. મહેબૂબ દેસાઈ	૧૯
(૧૦)	જૈન પ્રતીક	સંકલન કિશોર જે. બાટવિયા	૨૧
(૧૧)	જૈન સિદ્ધાંતનો સાક્ષરી અભ્યાસ-એક નવો અભિગમ	દિલીપ વી. શાહ	૨૩
(૧૨)	ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ	કાકુલાલ મહેતા	૨૪
(૧૩)	જયભિખ્ખુ જીવનધારા : ૩૫	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૬
(૧૪)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૨૯
(૧૫)	સૂત્ર-બંધન	ડૉ. રણજિત પટેલ	૩૦
(૧૬)	શબરી છાત્રાલય, કપરાડા દ્વારા પ્રાપ્ત અનુદાનની યાદી	—	૩૧
(૧૫)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૨
(૧૬)	પંથે પંથે પાથેય : ગાંધીજીને ચરણે	ડૉ. ગંભીરસિંહ ગોહિલ	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૯ ● અંક : ૧ ● જાન્યુઆરી ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● પોષ વદ-તિથિ-૮ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

સાબરમતીના સંતને કાગળ

પૂજ્ય બાપુ,

૩૦ જાન્યુ. અને ૨ ઑક્ટોબરે બાપુ તમે અમને અચૂક યાદ આવો જ. બીજા બધાં દિવસોએ રામ રામ, હરે રામ!! (લગભગ ઘણાં 'બાબુ'ઓ હવે તો 'રે' પણ ખાઈ ગયા છે.)

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કેમ કરીએ? આ મોંઘવારી અને ભ્રષ્ટાચારને કારણે અમારા તો આઠે અંગ વાંકા જ થઈ ગયા છે. અષ્ટાવક્રની જેમ.એટલે અમારા ભાવ વંદન સ્વીકારો. બીજું અમારી પાસે હવે બચ્યું છેય શું? બાપુ, આ બધાં માટે તમે જ જવાબદાર છો. સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન તમે કેમ ન બન્યા? તો આજે અમારા શરદ પવારજીને લાફો ખાવો પડ્યો ન હોત. અમારા આ ટી.વી. વાળાએ એક લાફો એટલી બધી વખત દેખાડ્યો કે મારા ચિત્રકાર મિત્ર હવે એ દૃશ્ય આબેહૂબ દોરી શકે છે. શરદજીનો ગાલ અમર થઈ ગયો!! (પાછું કોઈ બોલ્યું 'એક જ?' બીજા કોઈને લાભ ન મળ્યો? આવું બોલાય? બાપુ તમે અમને આવા સંસ્કાર ક્યાં આપ્યા હતા!! પેલા આતંકવાદીઓ સાંસદભવન ઉપર તૂટી પડ્યા તો એસ.એમ.એસ. વહેતા થયા. બધાં બચી ગયા? બાપુ પોસ્ટકાર્ડ ગયું, હવે એસ.એમ.એસ.નો જમાનો છે, એના વિશે વધુ ક્યારેક) તમે પ્રધાનમંત્રી બન્યા હોત તો આજે અમારા રાજા, કલમાડી, ઉદ્યોગપતિઓ આજે જેલની હવા (હવાફેર) ખાવા ન ગયા હોત, બાપુ લીસ્ટ મોટું છે, તમે દુ:ખી થાવ એટલે નથી લખતો. આ બાબતમાં હું માનસિક અહિંસાનો હિમાયતી છું જ. સ્વર્ગમાં ક્યાં તમને દુ:ખી કરવા? અહિંયા ઓછા કર્યા છે? હજીય કરીએ છીએ જ. જવા દો ને બાપુ, બાપુ તમે રામ ભક્ત છો, રામને નામે પથરા તર્યા'તા, અહીં તો તમારા નામે મુન્નાભાઈઓ તરી જાય છે. તમને તો અમે હવે ખીસ્સામાં રાખીએ છીએ, ભ્રષ્ટાચારીઓના ઘરે તો તમે કોથળા ભરીને સૂતા છો! બધી બહુ વાતો છે. કાંઈ કરવા જેવી નથી. ક્યારેક વેશપલટો કરીને આવવાની હિંમત ન કરતા. બહુ દાઝતું હોય તો દાઝતા રહેવામાં જ ટાઢક છે. થોડામાં ઘણું સમજી જાવ ને! વાણિયા તો છો જ. બાકી બાપુ, જો ભૂલે ચૂકે તમે અહીં આવી ચડ્યાને તો તમને રસ્તાની દોડતી ટ્રકો ઉપર જ 'મેરા ભારત મહાન' વાંચવા મળશે, અને ક્યાંય તો લખ્યું હશે, 'બૂરી નજર વાલે તેરા મુંહ કાલા'. હવે આ સૂત્રનો અમલ કરવા જઈએ તો દુનિયાભરનો કાળો રંગ અહીં ભ્રષ્ટાચારી માટે ઓછો પડે...અને બાપુ, બાપુ, અહીં ટ્રક ઉપર શાયરી તો એવી વાંચવા મળે કે (આ માત્ર અમારું મનોરંજન) તમને ય બાને પ્રેમપત્ર લખવાનું મન થઈ જાય. બા કાંઈ વઢે નહિ, એ તો એટલું ટુંકુ જ બોલે, 'બાપુ તમે પણ...આ...' તમે મહાત્મા બની ગયા અને અમારા જેવા બીજા આત્માને રઝળતા મૂકી તમે સરગે સિધાવ્યા. તમને તો ત્રણ ગોળી વાગી પણ અમે તો રોજ ગોળી અને દવાની ગોળીઓ (ક્યારેક એમાંય ભેળસેળ હોય, જોકે એય હવે તો અમને કોઠે પડી ગયું છે!) પણ ખાઈને જીવતા મૂઆ છીએ. ગોળ તો હવે અમારા નશીબમાં ક્યાંથી? એ તો સાકરના કારખાનાઓના માલિકના ગજવામાંથી નીકળે તો અમને ગોળની કાંકરી મળે ને! હવે અહીં તો કાંકરી નહિ, 'કટકી'ના જમાનામાં

આ અંકના સૌજન્યદાતા

શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ

સ્મૃતિ :

સ્વ. માતુશ્રી કમળાબહેન દીપચંદભાઈ શાહ

અને

સ્વ. ચિ. ભાઈ હર્નીશ તથા

સ્વ. ચિ. બહેન સ્મિતાના સ્મરણાર્થે

અમે ઝૂલીએ છીએ. 'અહીં નહિં ત્યાં' જાઓની અમલદારશાહીમાં! એમાં અમે તો ક્યાંયનાય નથી રહ્યા.

આ 'કટકી'ના વિરોધ માટે હમણાં તમારા જેવા અમારા એક અણ્ણાજીએ આંદોલન ખડું કરી દીધું. બાપુ! તમે ય તે ખરા છો, તમે ગયા ને 'ઉપવાસ'નું હથિયાર અમારા નબળા હાથને સોંપી ગયા. તમારા ઉપવાસ તપ ગણાતા. અહિં હવે એનો 'તાપ' કોઈને લાગતો નથી. હવે તો સ્વામીઓને 'છોકરી'ના કપડાં પહેરી ભાગવું પડે છે. તમારી જેમ 'જેલ સમર્પણ' તો કોઈક વીરલા જ કરે, અને કરે તો અમારા 'મુત્સદ્દીઓ' એનું પણ સુરસુરિયું કરી દે. પરપોટા ફટ ફટ ફૂટવા માંડે.

પણ બાપુ તમારા નામની 'ટોપી' બઉ વેચાણી. તમારી ચોપડિયું ય જુવાનિયાઓ બઉ વાંચે છે. ભલે એ બધાં અત્યારે 'કોલાવારી દી'માં નાચતા હોય કે ડીસ્કોમાં કુદતા હોય!! પણ ત્રણ દશકા પછી આ જુવાનિયા ભારતને 'કમાલ'નું કરશે, ત્યારે બધો 'કચરો' સાફ થઈ ગયો હશે! બાપુ, આ જુવાનિયા તમારું બહુ વાંચે છે હોં. એ દંભી નથી, સાચકલા છે, આ તમારા પૂણ્ય ત્યારે ઉગશે.

બાપુ તમે ઉપવાસ, સત્યાગ્રહના, અને અહિંસાના ધારદાર શસ્ત્રો આપી તો ગયા પણ 'અમારાવાળા'એ એને ઘસી ઘસીને બુઠ્ઠા બનાવી દીધાં છે. આ હથિયારોથી અંગ્રેજો ભાગ્યા, અમારાવાળાને એની કોઈ અસર ન થાય, કાચબા અને મગરોએ એમને પોતાની ચામડી અને આંસુ આપી દીધા છે.

બાપુ, હમણાં અમારા જશવંતભાઈએ એક ઝુંબેશ ઉપાડી છે. પ્રેસીડેન્શીયલ ડેમોક્રસી-પ્રમુખીય લોકશાહી, અમેરિકાની જેમ. આપણી વર્તમાન લોકશાહીમાં તો મોટા મોટા બાકોરા છે. કોઈ પણ ઢોલ વગાડીને ચૂંટાઈ આવે, અને તત્ વિષયના જ્ઞાનની કોઈ જાણકારી ન હોય એવા વિભાગના એ પ્રધાન બની બેસે, આપણા માથે ઠોકી બેસાડે. ક્યારેક અબ્દુલ કલામ જેવા જ્ઞાન સમૃદ્ધ પ્રમુખ બને તો, જવા દો ને! લોકશાહીમાં સાચું લાગે એવી બોલવાની ભલે છૂટ હોય પણ તમે આપેલા અમારા પણ કાંઈક સંસ્કાર તો હોય જ ને બાપુ.

જશવંતભાઈ (જશવંત મહેતા-9820330130)એ અમને એમની 'ફોરમ ફોર પ્રેસિડેન્સીયલ ડેમોક્રેસી'ના ફોર્મ અને એ વિષયનું પુસ્તક મોકલ્યું, (ભારતમાં રાજકીય ક્રાંતિ ઈચ્છતા હોય, અને આ ભ્રષ્ટાચારથી મુક્ત થવું હોય તો જિજ્ઞાસુને આ પુસ્તક વાંચવાની ભલામણ) એ વાંચીને બાપુ, અમને તરંગી વિચાર આવ્યો કે બાપુ આપણે ત્યાં આવી લોકશાહીની પ્રથા હોત તો તમે ના પાડો તો ય હાથેપગે લાગીને બાપલા તમને અમે બેસાડી દેત. ભારતના રાય-રંક નક્કી તમારી ઝોળી એવી છલકાવી દેત કે રાષ્ટ્રપતિ ભવન પણ નાનું પડત, અને આજે ભારતનો સિનારિયો કેવો હોત? આ બધાં 'મહાનુભાવો' હવા ખાવા તો ગયા ન જ હોત, પણ આરામથી પોતાના ગામની હવા ખાતા હોત. અમારા અણ્ણાજીને પણ આ ઉંમરે દોડાદોડી કરવી ન પડત. 'લોકપાલક'ને તો અત્યારે ટાઢિયો તાવ આવ્યો છે, એની જગ્યાએ આ 'વિરાટ રેલી'નો ઉપયોગ પ્રમુખશાહી લોકશાહી માટે કર્યો હોત તો સિનેરિયો જ બદલાઈ જાત.

બાપુ આપણા વાળા તો હજુ ઘણાં સારા છે, પણ ઇજિપ્ત કે સિરિયાનું થોડું લોહી અહીં આવ્યું હોત ને તો ભૂંગળામાંય જગ્યા ન મળત આ ભ્રષ્ટાચારીઓ અને કાંચિડાઓને. માફ કરજો બાપુ થોડો ક્રોધ થઈ ગયો!

બાપુ અંગ્રેજો ગયા અને અમલદારશાહી મૂકતા ગયા.

બાપુ! રૂપિયાના ઝાડ જોવા હોય તો ભારતના અમલદારોના ઘરે જવું. બાપુ, એક ખાનગી વાત કહું, હમણાં મારા એક મિત્રનો સુપુત્ર એક સરકારી અમલદાર પાસે જઈ આવ્યો. મિત્રે પૂછ્યું કેવું રહ્યું, મિત્રને કહે પપ્પા આશ્ચર્ય, મેં કવર ઑફર કર્યું પણ એણે 'કવર' ન લીધું અને મને ન્યાય પ્રમાણે ઑર્ડર લખી આપ્યો, કાંઈ 'એબનોર્મલ' લાગ્યો, ખૂબ આશ્ચર્ય. મિત્રે કહ્યું બેટા, કવર ઑફર કરીને ભ્રષ્ટાચારને ઉત્તેજન ન અપાય. તો મિત્રને કહે, 'પપ્પા તમે ક્યા જમાનાના છો? મમ્મી, પપ્પા મને 'એબનોર્મલ' લાગે છે.' બોલો, બાપુ, અમે આમ ખદબદીએ છીએ! અમલદારો અને રાજકારણીઓ તો ધનના ઢગલે આળોટે છે. અહીં સરકારી પટાવાળાને ત્યાં તમે થોકબંધ મળો, એટલે – ત્યાંથી પણ કરોડો રૂપિયાની ગાંધી છાપ નોટો મળે. શું તમારી દશા કરી છે! અને બાપુ, તમે ખુલ્લી છાતીએ આખા દેશમાં ફરતા – એટલે તો ગોળી વાગી, એટલે અહીં અમારાવાળા પેલી શું કે'વાય? હા, ઝેડ સિક્યુરિટીના પહેલવાન 'બૉડીગાર્ડ' (ના, ફિલ્મની વાત નથી કરતો) સાથે જ ફરે, જનતાએ ચૂંટ્યા અને જનતાથી જ ડરે!! તમે સાબરમતીની ઝૂંપડીમાં બકરીને ઘાસ ખવડાવતા રહ્યા, અહીં તો સંત મહંતોના સેવન સ્ટાર આશ્રમોમાં મોટી મર્સીડીઝ ઝૂલે છે. બાપુ, એ બધા મહંતો બહુ 'તપ' કરે ને એટલે એમને સુંવાળી ઠંડી ગાડીયું જ જોઈએ!! આ બધામાં બાપુ, તમારો જ વાંક છે. ૧૨૫ વર્ષ શું કામ ન જીવ્યા? પણ બાપુ તમે તો મહાત્મા!

બાપુ તમે ખુરશી ઉપર બેઠા હોત તો, અહીં રામરાજ હોત! દેશ સોને કિ ચિડિયા હોત. સોનું આટલું મોંઘું ન હોત. પણ જવા દો ને તમારે અને સોનાને શું લાગે વળગે?

બાપુ તમે તો શાસ્ત્રનો પેલો મંત્ર સાક્ષાત્ કર્યો, ત્યેન ત્યક્તેન મુજિથા: – તેનો ત્યાગ કરીને ભોગવ. બાપુ, ત્યાગ તમે કર્યો અને 'ભોગવવા'નું હવે અમારા ભાગે આવ્યું!!

લિ.
સ્વતંત્ર ભારતના ભ્રષ્ટાચારમાં
ઠેલે ચડેલો નાગરિક–તા. ૧૫ જાન્યુ.૨૦૧૨

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

● **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)

જૈન દર્શન અને ધર્મની છાયામાં મહાત્મા ગાંધીજીનું જીવન દર્શન

❑ લેખક–પ્રો. (ડૉ.) રામસિંહજી (હિંદી) ❑ અનુવાદ: પુષ્પા પરીખ

(ડૉ. રામજી સિંગ ભૂતપૂર્વ સાંસદ, લાડનૂ સ્થિત જૈન વિશ્વભારતી ઈન્સ્ટીટ્યુટમાં ઉપકુલપતિ, વારાણસી સ્થિત ગાંધીય ઈન્સ્ટીટ્યુટ ઑફ સ્ટડીઝના નિર્દેશક જેવી જવાબદારીઓ શોભાવી ચૂક્યા છે. વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ આ પ્રજ્ઞાવાન વિદ્વાને જૈન ધર્મ અને ગાંધીવાદ વિશે પુસ્તકો લખ્યા છે.)

ભગવાન આદિનાથથી માંડીને ભગવાન મહાવીર પર્યંતના ૨૪ તીર્થંકરો તથા વિશ્વવંદ્ય બાપુ ગાંધીજીને કોઈ પણ દેશ સંપ્રદાય અથવા ધર્મમાં બાંધવા એ એમના પ્રત્યે પૂરું સન્માન ન ગણાય. વસ્તુતઃ આ સર્વે માનવ જાતિના મંત્રદાતા તથા માર્ગદર્શક હતા. દેશ અને કાળની સીમાઓ તેઓને બાંધી નથી શકતી. તેઓના ઉપદેશો પરમ પવિત્ર તો છે જ, તે ઉપરાંત પૂર્ણરૂપે નિર્વૈર અને નિસ્વાર્થ હતા. તેઓના ઉપદેશો તથા દિશા-દર્શન એ જમાના કરતાં આજના જમાના માટે ઘણાં જ પ્રાસંગિક છે. માનવતાના ઈતિહાસમાં લગભગ ૭૫૦૦ ઉપરાંત યુદ્ધોના કારણે લોહીલુહાણ વીસમી સદીમાં બે ભયાનક યુદ્ધો તથા અણુબોંબના પ્રયોગથી હિરોશિમા તથા નાગાસાકીમાં મહાવિનાશના દર્શન તથા એકવીસમી સદીમાં મર્યાદાહીન અને નિર્દય આતંકવાદના કારણે દુનિયાના ૧૯૩ દેશોની સર્વસંમતિથી તીર્થંકરો તથા બાપુની અહિંસાનું મહત્ત્વ સમજતાં બાપુના જન્મદિવસને આંતરરાષ્ટ્રીય અહિંસા-દિન તરીકે ઘોષિત કરી ધન્યતાનો અનુભવ કરવો જોઈએ. આ તબક્કે માર્ટીન લ્યુથર કીંગની વાણી યાદ આવે છે, 'જો આપણે યુદ્ધની હિંસાને સમાપ્ત ન કરી શકીએ તો આખી માનવ જાતિનો અંત આવી જશે.'

અસલમાં તો શસ્ત્રોની ચમકદમક તથા આપણા અહંકારવશ આપણે અહિંસાના શૌર્ય તથા અમરતાને સમજવામાં જ ગોથું ખાઈ ગયા હતા. આપણે ભગવાન મહાવીર તથા બુદ્ધ, પ્રભુ ઈશુ ખ્રિસ્ત તથા મહાત્મા ગાંધીજીને રક્ષક નહીં પરંતુ રક્ષણીય માનવાની ભૂલ કરીએ છીએ. અસલમાં અહિંસા, વેદ તથા ઉપનિષદ, આગમ તથા તીર્થંકરો તથા સંતો દ્વારા એનું પ્રતિપાદન અને આચરણ કોઈ કારણસર એટલું નિસ્તેજ તથા નિષ્પ્રાણ થઈ ગયેલ કે તેને 'લોકધર્મ'થી વેગળો કરી ઋષિમુનિઓ તથા સાધુસંતોને સમર્પિત કરવામાં આવ્યો હતો. બીજી બાજુ સાધુસંતો તથા શાસ્ત્રકારોએ પણ અહિંસાને શાસ્ત્ર તથા સંતોના આશ્રમનું જ કાર્ય ગણી લીધું. આજ કારણે સત્ય અને અહિંસા ધાર્મિક અનુષ્ઠાન, કર્મકાંડ તથા શાસ્ત્રવાદ અંતર્ગત રહી ગયા અને લોકધર્મ તથા વ્યવહારધર્મ ન રહ્યા. તેને બદલે પાખંડ, પ્રદર્શન, અંધવિશ્વાસ તથા રૂઢિવાદ, ચમત્કાર તથા સ્વર્ગાદિ સુખ સાથે જોડી નિષ્પ્રભ બનાવી દીધા.

ગાંધીજી ભલે જન્મે જૈન નહોતા, તેમના પિતા, પિતામહ સામાન્ય હિંદુ ધર્મમાં માનનારા હતા તથા વૈષ્ણવ વિચારોની પ્રાણધારા તેઓની વિચારધારાનું મૂળ સ્રોત હતું. તેમાં ભક્તિતત્ત્વ, ભજન, વ્રત તથા ઉપાસનાનું મહત્ત્વ હતું. તેઓના માતા પુતલીબાઈ અમુક જૈન વિદ્વાનો અનુસાર સંભવતઃ જૈન પરિવારના હતા. જન્મથી જૈન ન હોવા છતાં તેમનામાં જૈન સંસ્કાર તથા ભાવના ભરપૂર હતા. તેઓના પરિવાર પર વૈષ્ણવ ધર્મનો ઘણો બધો પ્રભાવ હતો. આ ધર્મમાં ગુજરાતના પ્રાચીન કવિએ દ્વારકાધીશ ભગવાન કૃષ્ણની ગાથા ગાઈ છે. આની સાથે તુલસી, સૂર, મીરા તથા ચૈતન્ય મહાપ્રભુ તથા નરસિંહ મહેતાનો પ્રભાવ પણ આ લોકો પર જણાય છે. અસલમાં વૈષ્ણવ ધર્મમાં વ્યાપ્ત કરૂણા અને ભક્તિની ભાવના તથા જૈન વિચારની અહિંસામાં સાધર્મ્ય છે. વગર કારણની અહિંસા પ્રતિફલિત અને પ્રતિષ્ઠિત ન થઈ શકે તેથી મારી દૃષ્ટિમાં સાચો વૈષ્ણવ અને સાચો જૈન આંતરિક એકાત્મકતાના સૂત્રમાં પરોવાયેલા છે. ગાંધીજી ગુજરાતના હતા અને ગુજરાત પર દ્વારકાધીશ ભગવાન કૃષ્ણના વૈષ્ણવ ધર્મ તથા ભગવાન પાર્શ્વનાથ અને મહાવીરના જૈન ધર્મનો આજે પણ અતુલનીય પ્રભાવ છે. નિરામિષ આહાર અને અહિંસક જીવન પ્રણાલી હિન્દુ તથા જૈનની સાથે સાથે ત્યાંના મુસ્લિમ ધર્મમાં પણ વ્યાપ્ત છે. સર્વે ગુજરાતી ભાષાનો જ પ્રયોગ કરે છે. આ કારણે ગુજરાતના વૈષ્ણવ કવિઓનો અમૃતરસ સર્વેને પ્રાપ્ત છે.

ગાંધીજી પર એમના માતા-પિતા ઉપરાંત આડોશપાડોશમાં રહેતા લોકોનો પણ પ્રભાવ પડેલો. શ્રીમદ્ રાજચંદ્રને તો એમણે એમના આધ્યાત્મિક-સખા-ગુરુ જ માની લીધેલા. એમણે પોતાના જીવનમાં સત્ય અને અહિંસાનો તો એટલી નિષ્ઠાથી સ્વીકાર કરેલો કે ઘણા લોકો એમને જૈન જ માનતા હતા. બાળગંગાધર તિલકે તો પોતાના મિત્રો સાથેની વાતોમાં ગાંધીજીની અહિંસા પ્રત્યેની નિષ્ઠાને જોતાં તેઓ જૈન છે કે કેમ તે જાણવા ઉત્સુક હતા. ગાંધીજીએ પોતાના જીવન તથા આચરણથી સત્ય, અહિંસા તથા અપરિગ્રહને અધિકતર પ્રાસંગિક બનાવી સાથે સાથે અધિક તેજસ્વી અને પ્રાણવાન પણ બનાવ્યા. જૈન ધર્મના આધુનિક યુગના અપ્રતિમ પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીએ તો જૈન ધર્મને ગાંધીજી સાથે જોડી દઈ એમના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી હતી. ગુજરાતના અનેક જૈન બંધુઓ તથા વિદ્વાનોએ પોતાના જીવનમાં તો ગાંધીજીના વિચારો ઉતાર્યા ઉપરાંત તેમના કાર્યક્રમો અને અહિંસક આંદોલનોમાં પણ સક્રિય ભાગ લીધો. આચાર્ય તુલસી, આચાર્ય મહાપ્રજ્ઞ, મુનિશ્રી વિદ્યાસાગર ઉપરાંત અનેક મહાન વ્યક્તિઓએ ગાંધીજીના વિચારોને જૈન વિચારનો જ વિસ્તાર માની અગાધ શ્રદ્ધા બતાવી છે.

સૌ પ્રથમ ગાંધીજીએ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગેરે જીવનમૂલ્યોને સમ્માનિત અને સમૃદ્ધ કર્યા છે. જૈનોએ અહિંસાને અતિ મહત્ત્વ આપ્યું છે. 'અહિંસા પરમો ધર્મ' એ

જૈન-જીવન દર્શનનું સાંસ્કૃતિક ચિહ્ન બની ગયું છે. ક્રમે ક્રમે અહિંસાને કર્મકાંડ, નિરામિષ આહાર, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ વગેરે પ્રમુખ રહ્યા. પરંતુ અહિંસાની મૂળ ભાવના જેવી કે કરૂણા, મૈત્રી, સમતા વગેરે ઉપેક્ષિત બની ગયા. ગાંધીજીએ અહિંસાને અધિક તેજસ્વિની, સંરચનાત્મક તથા વ્યવહારિક ગણવાનો આગ્રહ રાખ્યો. તેઓએ અહિંસાની સાથે સાથે વીરતા, નિર્ભયતા તથા ક્ષમાશીલતાને પણ જોડી દઈ પુરુષાર્થવાન બનાવી દીધા. અહિંસક યુદ્ધ પણ કર્યું. વીન્સેન્ટ શીને તો ગાંધીજીને સંત ઉપરાંત યોદ્ધાનું સ્વરૂપ પણ આપ્યું છે. સંક્ષેપમાં અહિંસાને સત્યાગ્રહનો અગ્રધાર બનાવવામાં સફળ નીવડ્યા. ગાંધીજીએ અહિંસાને ગગનચુંબી અધ્યાત્મ અને નૈતિક જીવનમાંથી પ્રેરણા લઈ વ્યવહારિક જીવનનું અંગ બનાવી દીધું. આજે અહિંસાનો વિકલ્પ અસ્તિત્વ જ છે અને અણુબૉમ્બનો વિકલ્પ અહિંસા જ છે.

આ રીતે ગાંધીજીએ સત્ય, અપરિગ્રહ, અસ્તેય અને બ્રહ્મચર્ય આદિ વ્રતોને દેવલોકના કાલ્પનિક ધર્મ નહીં પરંતુ વ્યવહારિક જીવનની મૂળ સાધના બનાવી દીધી. ગાંધીજીએ સત્યને કેવળ આધ્યાત્મિક કે નૈતિક ઉપરાંત સામાજિક તથા સાંસ્કૃતિક અવધારણાના રૂપમાં પ્રગટ કર્યું. ગાંધીજીને મન સત્ય એ જ ઈશ્વર છે. કોઈ ઈશ્વર તત્ત્વનો સ્વીકાર કરે કે ન કરે પરંતુ સત્યનો તો સ્વીકાર કરવો જ રહ્યો. ગાંધીજીનું સત્ય અને જૈન ધર્મનો અનેકાંતવાદ એક જ ગણાય છે. અહિંસાની સાથે જો સત્ય ન હોય તો તેમાં એકાન્તિક ચિંતન, આગ્રહવાદ અથવા કટ્ટરતાવાદનો પ્રાદુર્ભાવ જણાય.

આ રીતે અહિંસાને આપણે અપરિગ્રહ વગર યથાર્થ ન બનાવી શકીએ. મહાત્મા ગાંધીજી ૧૯૦૪-૦૬ સુધીમાં તેમની સંપૂર્ણ જાયદાદ પરનું સ્વામિત્વ ત્યાગી આજીવન પરિગ્રહી રહ્યા. કેવળ ખૂનખરાબી કે મારફાડ કરવી એ જ હિંસા નથી, પરિગ્રહમાં ફસાઈ શોષણ, વિષમતા પેદા કરવી એ પણ એક પ્રકારની હિંસા જ છે. ગાંધીજીએ એટલા માટે જ અપરિગ્રહ વ્રતના વ્યાવહારિક પ્રયોગ માટે ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત અપનાવ્યો.

આજે પૂંજીવાદ વ્યક્તિગત પરિગ્રહના કારણે સામાજિક હિંસાને વધારી રહ્યો છે. બીજી બાજુ સામ્યવાદ રાજ્યમાં હિંસા અને તાનાશાહીને દૃઢ બનાવી રહ્યો છે. આ બંનેની વચ્ચેનો રસ્તો છે ટ્રસ્ટીશીપનો. અહિંસાને જીવનાદર્શ બનાવવા માટે ટ્રસ્ટીશીપનો વિચાર જ વર્તમાન સમયમાં અપરિગ્રહનું વ્યવહારિક સ્વરૂપ છે. ભગવાન મહાવીરની અહિંસા રક્તરંજિત હિંસક વિશ્વનું સમાધાન છે, પરંતુ અપરિગ્રહ વગર અહિંસા એક દિવાસ્વપ્ન છે. મહાવીર તથા ગાંધીજી અપરિગ્રહી જીવિત પ્રતિમાઓ છે. આજે વિશ્વમાં જે પર્યાવરણનું સંકટ પેદા થયું છે તે કદાચિત પરમાણું બૉંબ કરતાં પણ હજારગણું ભયાનક છે. ગાંધીજીએ પર્યાવરણ સંકટને દૂર કરવા માટે એક સુંદર મંત્ર આપ્યો છે. 'પ્રકૃતિ માતા માનવ સમાજની આવશ્યકતાઓને પૂરી કરવા સક્ષમ છે પરંતુ એના પ્રગલ્ભ લોભ લાલચને પૂરા નથી કરી શકતી!' જૈન મુનિ-મહાત્માજીએ પરિગ્રહ માટે સંયમને વધુ મહત્ત્વ આપ્યું. આપણી આવશ્યકતાઓને ઘટાડી ઘટાડી ભગવાન મહાવીર શ્વેતાંબર અને દિગંબર બની ગયા. ગાંધીજીએ પણ પોતડી ધારણ કરી કાળ, સ્થાન, દ્રવ્ય આદિ સર્વેનો સંયમ હોવો જોઈએ એ કરી દેખાડ્યું. 'તૃષ્ણા ન જીણાં વયમેવ જીર્ણા' અર્થાત્ આપણી વાસના પૂરી નથી થતી, સંયમ જ જીવન છે. ગાંધીજીએ વ્યક્તિગત જીવન તથા સામાજિક, સાંસ્કૃતિક જીવનમાં સંયમ રાખવા જણાવ્યું. આજે તો અધિકાધિક સંપત્તિ, સત્તા અને જ્ઞાન તરફ જ સભ્યતા જણાય છે. એ જ સભ્યતા સંકટનું મૂળ છે. સાદા અને સંયમમય જીવનનો પદાર્થપાઠ ગાંધીજીએ શીખવ્યો. સંયમની સાધના જ જૈન આદર્શ છે.

આજ પ્રમાણે ગાંધીજીનું માનવું હતું. બ્રહ્મચર્ય વ્રત યા વર્તન ફક્ત સાધુ સાધ્વીજી માટે જ નથી. તેમના મત પ્રમાણે સાર્વજનિક જીવન જીવનારાઓ માટે બ્રહ્મચર્યની સાધના આવશ્યક છે. આજે વિશ્વમાં બ્રહ્મચર્યની સાધનાના અભાવે મુક્ત કામ, અનિયત-સંયોગ આદિ કારણોને લીધે ભ્રૂણ હત્યા તથા જાતજાતના અસાધ્ય દુ:ખો વધતા ગયા છે. ગાંધીજીએ બ્રહ્મચર્યનો ફક્ત ઉપદેશ ન આપતા પોતાના જીવન તથા પરિવારમાં એની સાધના પણ કરી. બ્રહ્મચર્યની સાધના કેવળ નૈતિક-આધ્યાત્મિક દૃષ્ટિએ જ ઉપયોગી છે એવું નથી. પોતાના સ્વાસ્થ્ય તથા સમાજ-સંતુલન માટે પણ જરૂરી છે.

આજે આપણે ભૌતિકવાદના ઝંઝાવાતમાં પાંચ મહાવ્રતોનું ફક્ત મોક્ષ તથા સ્વર્ગ આદિ બાબતમાં જ ચિંતન કરીએ છીએ.

વાસ્તવમાં આ પાંચે મહાવ્રત દરેક ધર્મમાં કોઈ ને કોઈ રૂપે તો જણાય જ છે, માટે આપણે એને વિશ્વધર્મ પણ કહી શકીએ. ગાંધીજીએ પાંચ મહાવ્રત ઉપરાંત શરીરશ્રમ, અસ્પૃશ્યતા નિવારણ, સર્વ-ધર્મ-સમભાવ તથા સ્વદેશી વ્રતને પણ એટલું જ મહત્ત્વ આપ્યું છે. તે ઉપરાંત તેઓએ આત્મબળના વિકાસાર્થે 'નિર્ભયતા'ને પણ એટલી જ અગત્યતા આપી છે. વ્રતહીન જીવનને તેઓએ સુકાન વગરની હોડી સાથે સરખાવી છે કે જે ગમે ત્યારે ડૂબી જાય. આદર્શ હંમેશાં દૂર જ હોય પરંતુ જીવનમાં આદર્શને સામે રાખીને જ આગળ વધવું જોઈએ. ભગવાન બુદ્ધે પણ સાધનાનો અષ્ટાંગિક માર્ગ બતાવ્યો છે. જેમાં સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્માન્ત, સમ્યક્ આજીવ, સમ્યક્ સમાધિનો સમાવેશ કર્યો છે.

આ રીતે આપણે જોયું કે ગાંધીજીના સિદ્ધાંતો જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોને કેટલા મળતા આવે છે. ✷ ✷ ✷

(શ્રી મું. જૈન યુવક સંઘ દ્વારા યોજિત ૭૭મી વ્યાખ્યાનમાળામાં તા. ૨૭-૮-૨૦૧૧ના આપેલું વક્તવ્ય.) ૧૦૪, સંન્યાલ ઈન્ક્લેવ, બુદ્ધ માર્ગ, પટના-૮૦૦૦૦૧. મોબાઈલ : ૯૧-૯૪૩૧૨૧૩૯૭૪.
પુષ્પાબેન પરીખ : કેનવે હાઉસ, ૬/બી, ૧લે માળે, વી. એ. પટેલ માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે. નં. ૨૩૮૭૩૬૧૧

ગાંધીજીના હસ્તાક્ષર

□ સૂર્યકાંત પરીખ

(કોઈ પૂછે કે ગુજરાતના અત્યારના સાચુકલા પાંચ ગાંધીજનોનાં નામ આપો તો પહેલું નામ સૂર્યકાન્તભાઈ પરીખનું અપાય. ૮૫ વર્ષની વયે નાશા ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા શૌચાલય માટે કામ કરતા સૂર્યકાન્તભાઈ પરીખનો ટૂંકો પરિચય અને એમના ઉપર ગાંધીજીએ લખેલ પત્ર ગાંધીજીના હસ્તાક્ષરમાં પ્રસ્તુત છે. આ સંસ્થા મુંબઈ જૈન યુવક સંઘના સ્થાપક શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાના કવયિત્રી સુપુત્રી ગીતાબેન પરીખ શ્રી સૂર્યકાંતભાઈના ધર્મપત્ની છે **–તંત્રી)**

સૂર્યકાન્ત પરીખનો જન્મ ગાંધીવિચારવાળા કુટુંબમાં ૧૯૨૬ની નવમી જાન્યુઆરીએ થયો. ''મેટ્રિક સુધીનો અભ્યાસ રાષ્ટ્રવાદી-ગાંધીવાદી વિચારસરણીવાળી શાળા-પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ-અમદાવાદમાં કર્યો. તેના બન્ને આચાર્યો પૂરા ગાંધીવિચારથી રંગાયેલા અને આઝાદીની લડતમાં જેલમાં જનારા પણ ખરા - દેશના મહાન નેતાઓ, સરદાર વલ્લભભાઈ, બાબુ રાજેન્દ્રપ્રસાદ, ક્રિપલાની, મૌલાના આઝાદ, ખાન અબ્દુલ ગફારખાન, સરોજિની નાયડુ જેવા નેતાઓ અને ગુજરાતના નેતાઓ અમારી સ્કૂલની મુલાકાત લેતા અને રાષ્ટ્રમાં આઝાદીની ચળવળ ગાંધીજીના નેતૃત્વ નીચે ચાલી રહી છે એ વાતો તેમના સ્વમુખે સાંભળવા મળતી.

આ સંસ્કારોને કારણે ૯મી ઑગસ્ટ, ૧૯૪૨, 'અંગ્રેજો ચાલ્યા જાવ', 'કરેંગે યા મરેંગે'ના રાષ્ટ્રીય સૂત્રો વચ્ચે ગાંધીજીને અંગ્રેજ સરકારે પકડ્યા અને સ્કૂલો બંધ થઈ. સતત ત્રણ મહિના સુધી શિક્ષણકાર્ય બંધ રહ્યું. હું ત્યારે મેટ્રિકમાં હતો અને ૧૯૪૩ના એપ્રિલમાં થનારી મેટ્રિકની પરીક્ષા માટે અમદાવાદ કેન્દ્ર બાતલ કરાયેલું. હજારો વિદ્યાર્થીઓએ પરીક્ષા ન આપી એટલે એક વર્ષ ભણતરમાં વધારો થયો. ૧૯૪૪માં ગાંધીજીને અંગ્રેજોએ છોડ્યા. મારી શાળાના સંચાલકો ગાંધીજીના વિચારવાળા હતા. એથી મેં ગાંધીજીને પત્ર લખ્યો કે દરેક નવમીએ શાળાઓ બંધ રહે, એનો રચનાત્મક જવાબ ગાંધીજીએ આપ્યો, જે આ સાથે છે. તા. ૧૮-૧૧-૧૯૪૪ના દિવસે ગાંધીજીએ પોતાના જ હસ્તાક્ષરમાં લખેલો પત્ર બહુ જ સૂચક તો છે જ, પણ ગાંધીજી એક વિદ્યાર્થીને તેમના ભરચક કાર્ય વચ્ચે જવાબ આપે એ ઘણી મહાનતા છે. ગાંધીજી જ્યારે અમારી શાળાને રાષ્ટ્રીય શાળા ગણાવે એથી એમાં અભ્યાસ કરનાર સૌ વિદ્યાર્થીઓનું માન ખમીર વધી જાય. આવી શાળામાં અભ્યાસ કરવાને કારણે મનોવૃત્તિ તો દેશાભિમાની જ હતી.''

પૂજ્ય બાપુનો પત્ર...

સેવાગ્રામ, ૧૯-૧૧-૧૯૪૪


ચિ. સૂર્યકાન્ત પરીખ,

તમારો કાગળ સ્વચ્છ છે. નેતાઓ જેલમાં છે તેથી તેઓ તો ફરજ બજાવી રહ્યાં છે, જેલમાં રહેલો સત્યાગ્રહી કદી સડતો નથી, તે સેવા જ કરે છે, બહાર હોય તો વધારે સેવા કરે જ એવો અનિવાર્ય નિયમ નથી, પણ જેઓ બહાર છે તેમનો ધર્મ તેમને ન ભૂલવાનો અને છોડાવવાનો પણ છે. આપણામાં બળ હોય તો તેઓ જેલમાં ન જ હોય, પણ પૂરું બળ ન આવ્યું તોય જેટલું હોય તેટલું તો બતાવવું જ જોઈએ. તેથી દરેક ૯મી તારીખે વિદ્યાર્થીઓ શાળામાં ન જાય એ ઈષ્ટ છે. શરત એ કે તે દિવસે તેઓ આત્મશુદ્ધિ કરે અને આખો દિવસ સેવા કાર્યમાં ગાળે. એ કહેવાની આવશ્યકતા ન હોવી જોઈએ કે બધી પ્રવૃત્તિમાં પૂર્ણપણે સત્ય અને અહિંસા જાળવવા જોઈએ. સામુદાયિક સવિનય ભંગ બંધ છે, તેનો આરંભ નથી થયો પણ સ્વતંત્રતાની લડત તો જ્યાં સુધી તે નથી મળી ત્યાં લગી ચાલુ જ છે.

જે નિર્ણય કરો તેમાં મર્યાદા જાળવજો. સંચાલકો ને શિક્ષકગણની સાથે મળીને નિર્ણય કરજો. તમારી શાળા એ સરકારી નથી એ ન ભુલતા.

વિદ્યાર્થીઓના ધર્મ વિષેની મારી સૂચના તમારા ધ્યાનમાં હશે...

બાપુના
આશીર્વાદ



બસમાં શાળા : વાહ! મેરા ભારત મહાન!

□ સૂર્યકાંત પરીખ

(સ્વાતંત્ર્ય સેનાની સૂર્યકાંતભાઈ પરીખનો આ પત્ર પ્રત્યેક સંવેદનશીલ ભારતીયને વ્યથિત કરી દે છે.)

તા.૨૯-૧૨-૨૦૧૧

પ્રિય ધનવંતભાઈ,

દર સોળમી તારીખે પ્રગટ થતા 'પ્રબુદ્ધ જીવન'ની હું રાહ જોઉં છું. ૧૬મી ડિસેમ્બરના 'પ્રબુદ્ધ જીવન'માં તો ફિલોસોફીકલ લેખો સિવાય સામાજિક બાબતનો લેખ નહોતો. અમારા જેવી સંસ્થાઓનો એક ટેસ્ટ થતો હોય છે કે, અમે સમાજને ઉપયોગી કામો કેટલાં કરીએ છીએ. નવાઈની વાત એ છે કે, સમાજને ઉપયોગી કામો થતાં હોય છે, છતાં તેની ખબર સમાજને ત્યારે જ પડે છે કે, જ્યારે તમારા જેવા સંવેદનશીલ લોકો તમારા સામયિકમાં એ બાબતની નોંધ લે છે. નવાઈની વાત તો એ છે કે, ચારે તરફ ભ્રષ્ટાચારની બોલબાલા છે ત્યારે તેમાંથી અલિપ્ત રહીને જાહેરહિતનું કામ કેવી રીતે કરવું એ અમારી કસોટી થાય છે. તમને આ સાથે અમે છેલ્લા ચાર વર્ષમાં મહત્ત્વના કામો કર્યા તેની ઝેરોક્ષ મોકલું છું. જે કામો અમે કરીએ છીએ તેની નોંધ તાત્કાલીક સમાજ લેતું નથી. અમારે મહાપ્રયત્ને એ બાબત આગળ ધરવી પડે છે. ભ્રષ્ટાચાર ક્યા ક્ષેત્રમાં નથી તે શોધવું બહુ મુશ્કેલ છે, એટલે અમારે જાહેર કામોમાં કામ લેતાં બહુ જ ધ્યાન રાખવું પડે છે.

'પ્રબુદ્ધ જીવન'માં તમે ગુજરાતી કરીને પણ લો તો આ સાથે એક અંગ્રેજી નાનું લખાણ મોકલું છું. સેંકડો શાળાઓ એવી છે કે પોતાનું મકાન નથી. તેઓ એ મકાન ન હોય તો ક્યાં બેસે? પશ્ચિમ બંગાળમાં આ અંગેનો રસ્તો એ લોકોએ એવી રીતે કાઢ્યો કે જે બસો પેસેન્જરો માટે દોડાવતા નથી અને ૧૦-૧૫ વર્ષે વપરાશમાંથી કાઢી નાખવી પડે છે તેવી બસોની અંદરની સીટો કાઢીને તે બસને એક શાળાનો ઓરડો હોય તેવી રીતે બનાવવામાં આવે છે અને ગામોમાં તે લઈ જવામાં આવે છે. તેના ચિત્ર સાથે લખાણ આ સાથે છે.

તમે તે છાપો તો શક્ય છે કે બનાસકાંઠા અને કચ્છમાં એવા કેટલાંક સ્થાનો છે કે જ્યાં બાળકોને ભણવા માટે કોઈ જગા નથી તો આવી બસોનો ઉપયોગ કરીને કોઈ સાર્વજનિક ટ્રસ્ટ એ કામ કરી શકે. મુંબઈમાં વસતા જૈનોમાં બનાસકાંઠા અને કચ્છમાં રહેનારા જૈનો પણ હશે તો આ વિચારનો ઉપયોગ કરીને પોતાના નાના ગામમાં આ સગવડ કરે તો વધારેમાં વધારે ખર્ચ દોઢ-બે લાખથી વધારે ન થાય. એટલા ખર્ચમાં અત્યારે શાળાનો ઓરડો બનાવવો તે ઓરડો એકજ ગામમાં હોય તેવી પરિસ્થિતિ થાય તેના બદલે આ રીતે જૂની થયેલી બસોનો ઉપયોગ થાય તો સારું. આપ વિચારશો.

ભારતમાં ઘણો વિકાસ કેટલાય ક્ષેત્રોમાં થઈ રહ્યો છે, જે ક્ષેત્રનો વિકાસ થાય છે તેમને ખ્યાલ નથી કે એવા કેટલાંય ક્ષેત્રો છે તે ક્ષેત્ર ઝંખે છે, પરંતુ સગવડને અભાવે તે કરી શકતાં નથી.

આપણા દેશમાં એવા શ્રીમંતો છે કે, જેઓની પાસે દેશની ૯૯% સંપત્તિ છે. એ અંગેનો લેખ આ સાથે મોકલું છું. આમાં આપેલાં આંકડાઓ ઘણાં સાચા છે. આ બાબત ઉપર પણ તમે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશ પાડો તો સારું.

(સૂર્યકાન્ત પરીખ)
સ્વાતંત્ર્ય સેનાની

✷ ✷ ✷

એ/૨, મનાલી એપાર્ટમેન્ટ,
અટીરા સામે,વસ્ત્રાપુર રોડ,
અમદાવાદ- ૩૮૦૦૧૫.
ફોનઃ (097) 2550 3996.
Mobile : 9898003996.
કાર્યાલય : કાર્યપાલક અધ્યક્ષ :
નાસા ફાઉન્ડેશન, ૪થે માળે,
સહયોગ કૉ. સેન્ટર,
લાલદરવાજા,
અમદાવાદ-૩૮૦૦૦૧.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના બંધારણમાં સુધારો કરવા બાબત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની મિટીંગ શુક્રવાર તા ૯-૧૨-૨૦૧૧ના રોજ મળી હતી. તેમાં ઠરાવવામાં આવ્યું કે બંધારણમાં સુધારાના સૂચનો સંઘના સભ્યોએ તા. ૩૧-૧-૨૦૧૨ પહેલા સંઘના કાર્યાલયમાં પહોંચાડવા. ત્યારપછી બંધારણ કમિટિની મિટીંગ બોલાવવામાં આવશે, તેમાં આવેલા સુધારા બાબત ચર્ચા કર્યા પછી તેની રજૂઆત સંઘની કાર્યવાહક સમિતિમાં મૂકવામાં આવશે. કાર્યવાહક સમિતિએ સુધારા મંજુર કર્યા પછી અસામાન્ય સભા બોલાવી સુધારા પાસ કરાવાશે.

સંઘના સર્વ સભ્યોને વિનંતી છે કે આપે સૂચવેલા **સુધારા સંઘની ઑફિસમાં તા. ૩૧-૧-૨૦૧૨ પહેલાં મોકલી આપો.** જે સભ્યને બંધારણની નકલ જોઈએ તેમણે સંઘના કાર્યાલયનો સંપર્ક કરવો.

ઑફિસ : ૨૩૮૨૦૨૯૬
મથુરાદાસ એસ. ટાંક-૯૮૩૩૫૭૬૪૨૧
પ્રવીણભાઈ દરજી-૯૮૬૯૫૦૩૦૭૨

નાદબ્રહ્મ

❑ પ્રવર્તક–મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.

अर्हं मित्यक्षरं यस्य, चित्ते स्फुरति सर्वदा।
परं ब्रह्म ततः शब्द–ब्रह्मणः सोऽधिगच्छाति।।

૧. શબ્દબ્રહ્મ, ૨. નાદબ્રહ્મ અને ૩. પરબ્રહ્મ.

બ્રહ્મની ત્રિપુટીમાં નાદબ્રહ્મ શું છે?

બ્રહ્મના અનેક અર્થોમાં તેનો એક અર્થ અભિધાન–ચિંતામણિ કોશમાં મોક્ષ, નિર્વાણ એવો પ્રયોજ્યો છે.

શબ્દબ્રહ્મથી પરબ્રહ્મ સુધીની યાત્રામાં નાદબ્રહ્મ એક સેતુ સમાન છે. એટલે જ શબ્દ અને નાદને બ્રહ્મની ઉપમા આપીને ઉત્તરોત્તર પરબ્રહ્મ સુધી પહોંચી શકાય છે.

અર્વાચીન ભાષામાં કહેવું હોય તો 'સ્વરથી ઈશ્વર' સુધી પહોંચવાનો માર્ગ એટલે જ નાદ-બ્રહ્મની યાત્રા.

શબ્દ એટલે કે ઉચ્ચારિત અક્ષર પણ બ્રહ્મ સ્વરૂપ છે. એક આર્ષવચન પ્રમાણે 'एक शब्दः सम्यग् ज्ञातः, सम्यग् प्रयुक्तः कामधुम् भवति'। યોગ્ય રૂપે સમજીને શબ્દનો પ્રયોગ કરવામાં આવે તો કામધેનુની જેમ ઈચ્છિત ફળને આપે છે.

દરેક અક્ષર મંત્રસ્વરૂપ છે માટે જ કહ્યું છે 'अमन्त्रक्षरं नास्ति, नास्ति मूलमनौषधम्'। અક્ષરને માતૃકા રૂપે સ્થાપીને તેની પ્રતિષ્ઠા કરીને 'णमो बंभिलिवीए' કહીને બ્રાહ્મી લિપિને નમસ્કાર કરવામાં આવ્યા છે.

શબ્દબ્રહ્મની વિચારણામાં તેના મુખ્ય ત્રણ વિભાગ છે-

૧. ભાષ્ય. ૨. ઉપાંશુ. ૩. માનસ.

ભાષ્ય, વૈખરી વાણી રૂપ છે. 'यस्तु परैः श्रूयते'। જે બીજા સાંભળી શકે છે તે.

ઉપાંશુ, જેને બીજા સાંભળી ન શકે તેવો અંતર્જલ્પના રૂપ છે.

માનસ, મનને મંત્રાત્મક બનાવીને હૃદયગત પશ્યંતી વાણી રૂપ છે. ભાષા વર્ગણાના પુદ્‌ગલો જયારે બહાર તરફ ગતિ કરીને વિસર્જન થાય છે ત્યારે મંત્ર માત્ર સ્થૂલ શબ્દરૂપે જ રહે છે. પરંતુ જ્યારે તે સૂક્ષ્મ બનીને ઉપાંશુ અને માનસ રૂપે પરિણમે છે અને સ્વાધિષ્ઠાન અને મણિપૂર ચક્રને સ્પર્શે છે, તેને સ્પંદિત–આંદોલિત કરે છે ત્યારે ઉર્જાશક્તિ પ્રગટ થાય છે અને ક્રમશઃ સહસ્રાર ચક્ર સુધી પહોંચીને પરબ્રહ્મનું રૂપ લે છે. આ અર્થમાં જ મંત્ર જાગૃત બને છે. આવા અનેક બીજમંત્રો છે તેમાં પ્રણવરૂપ ૐકાર, હ્રીંકાર, અર્હમ્, શ્રીં, ક્લીં વગેરે મૂર્ધન્ય સ્થાને છે.

નાદબ્રહ્મમાં નાદ, બિંદુ અને રેફ એમ ત્રણનો સમાવેશ છે. પૂજનો વગેરે વિધિ વિધાનોમાં આ નાદબ્રહ્મને અનાહતનાદ કહ્યો છે.

'મંત્રરાજ રહસ્ય'ગ્રંથમાં અનાહતનાદને અરિહંતપદની સર્વોચ્ચ ઉપમાથી નવાજ્યો છે તેમાં જણાવ્યા મુજબ 'नादोऽर्हन् व्योम भुवि, बिन्दुनिभोऽ नाहतः सोऽर्हन्'।

નાદ, બિંદુ, કલા અને રેફનું વિસ્તૃત વર્ણન શ્રી **ઋષિમંડલ સ્તોત્ર**માં પણ છે.

નાદબ્રહ્મની પ્રક્રિયા દ્વારા આપણા મનને પરબ્રહ્મમાં જોડવા માટે ભગવદ્ ભક્તિ કરવાની છે કારણ કે ભગવાનની–સાતિશય અરિહંતપદની ઉપાસનાને સર્વોત્કૃષ્ટ કહી છે. 'उपासना भागवती, सर्वेभ्योपि गरीयसी' (અધ્યાત્મ સાર–૧૫/૬૦). જ્યાં સુધી આ મંત્રજાપ વિકલ્પરૂપ છે ત્યાં સુધી આપણી આ ઉપાસના અપૂર્ણ છે. શાસ્ત્રીય પરિભાષામાં તે 'સંભેદ પ્રણિધાન' રૂપ છે. એટલે આપણો નમસ્કાર, પ્રણિધાન, ભક્તિને 'અભેદ પ્રણિધાન'માં લઈ જવાની છે. જ્યારે તે વરાળ-ઉષ્મા રૂપ બનીને સૂક્ષ્મ બનીને અનક્ષરરૂપ બને છે ત્યારે તે 'અભેદ પ્રણિધાન' રૂપ કાર્મણ વર્ગણાને તોડવા સક્ષમ બને છે. તે વિના આત્મપ્રદેશોથી કર્મો દૂર થવા મુશ્કેલ છે.

યોગગ્રંથોમાં આવા પ્રણિધાન ને **સમાપત્તિ** તરીકે વર્ણવી છે–

समापत्तिरिह व्यक्तमात्मनः परमात्मनि।
अभेदोपासनारूपः, ततः श्रेष्ठतरोऽह्यम्।।

(અધ્યાત્મસાર, ૧૫/૫૯)

આ સમાપત્તિ એ ભક્તિનું પહેલું સોપાન છે. તે પછીનું પગથિયું તે 'આપત્તિ:' છે અને ત્રીજું ચરણ તે 'સંપત્તિ' છે.

સમાપત્તિ એટલે આરાધ્યદેવ-વીતરાગપ્રભુ સાથે આત્મિક ગુણોની સદૃશતાના કારણે 'સોઽહં' બુદ્ધિરૂપ અભેદતાનું ચિંતન. જો કે ભક્તિના ક્ષેત્રમાં નવધા ભક્તિ પ્રચલિત છે પણ 'અખો' ભગત કહે છે કે–બ્રહ્મ સાથેની એકાત્મ રૂપ અનુભૂતિ જ સર્વોત્કૃષ્ટ ભક્તિ છે. પરા ભક્તિ છે. સમાપત્તિ પણ એ જ કહે છે.

મંત્રાધિરાજ સ્તોત્રમાં પણ આ જ વાતનું સમર્થન છે-

प्राणायाम मनोमंत्र योगाद् अमृत मात्मनि ।
त्वामात्मानं शिवं ध्यात्त्वा, स्वामिन् सिध्यन्ति जन्तवः।।

(શ્લોક–૩૧)

આ સંદર્ભમાં સમજવાની વાત એ છે કે–'સમાપત્તિ'ની આ ભૂમિકાએ પહોંચવા માટેની એક અનિવાર્ય શરત છે કે–ભક્તમાં સાચો દાસ્યભાવ હોવો જોઈએ. જે નવધા ભક્તિનો જ એક પ્રકાર છે. આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યના શબ્દોમાં દાસ્યભાવ શું છે તેની એક ઝલક આ શ્લોકમાંથી મળે છે.

तव प्रेष्योस्मि, दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किंकरः।
ओमिति प्रतिप्रद्यस्व, नाथ? नातः परं ब्रुवे।।

(વીતરાગસ્તવ, ૨૦/૮)

દાસ્યભાવમાં સ્વામિ–સેવક રૂપે સંબંધ સ્વીકાર્ય છે–અને શરણાગતિનો સ્વીકાર છે. અદ્વૈતભાવમાં જવા માટે પણ ભક્તને

દ્વૈતભાવમાંથી જ પસાર થવું પડે છે. આ સમજાવતું એક રૂપક દૃષ્ટાંત છે–

એક શિષ્યે બે ગુરુ માનેલા. એક ગુરુ અદ્વૈતવાદી હતા અને બીજા દ્વૈતવાદી. અદ્વૈતવાદી ગુરુએ શિષ્યને મંત્રદીક્ષા આપીને કહ્યું 'સોઽહં' જાપ કરજે. બીજા ગુરુએ કહ્યું–નહિં, પણ તું દાસોઽહં નો જાપ કર. શિષ્ય ફરી પહેલાના ગુરુ પાસે આવ્યો. ગુરુ શિષ્યની મુંઝવણ સમજી ગયા પછી બોલ્યા–તું એ જ મંત્રની આગળ સ ઉમેરીને 'સદાસોઽહં' જાપ કર. પછી બીજા ગુરુએ કહ્યું–એમ કર. તારા મંત્રમાં માત્ર 'દા' ઉમેરીને 'દાસ દાસોઽહં' જાપ કરજે. આમ 'દાસ દાસોહં'ની ભૂમિકાથી જ ભક્તને આગળ વધવાનું પરિબળ મળે છે.

બીજો પ્રકાર આપત્તિ છે. એટલે કે–ભગવાનના ગુણગાન ગાતી વખતે સ્તુતિ, સ્તવન કે સ્તોત્ર બોલતી વખતે તેમાં તદાકાર થવાથી રાવણ અને મંદોદરીની જેમ આત્મપ્રદેશ સાથે તીર્થંકર નામકર્મનો બંધ થવો. જીવત્ત્વમાં ભગવત્તાનું બીજારોપણ થવું. માતાની કુક્ષિમાં પહેલાં ગર્ભાધાન થાય છે પછી જ બાળકનો જન્મ થાય છે.

ત્રીજો પ્રકાર છે 'સંપત્તિ' અર્થાત્ પદની પ્રાપ્તિ થવી–સાક્ષાત્કાર થવો અથવા સમવસરણમાં બિરાજમાન તીર્થંકર પ્રભુના અષ્ટ પ્રાતિહાર્ય વગેરે અતિશયોનો દૃશ્યમાન રૂપે અનુભવ કરવો. ચૈત્યવંદનમાં બોલાતા પ્રસિદ્ધ શ્લોકમાં પણ આ જ ભાવ છે.

સકલ કુશલવલ્લિ–પુષ્કરાવર્તમેઘો,
દુરિત-તિમિર ભાનુ:, કલ્પવૃક્ષોપમાન:।
ભવજલનિધિ પોત:, સર્વસંપત્તિ હેતુ:
સ ભવતુ સતતં વ: શ્રેયસે શાંતિનાથ:।

અહીં પ્રયુક્ત સંપત્તિ શબ્દનો પ્રયોગ ઘણો જ સાર્થક જણાય છે–આની પુષ્ટિમાં **મહાશક–સ્તવન**ની પંક્તિ સરખાવી જુઓ.

'ભવ્ય જીવાનાં સર્વ સંપદાં મૂલં જાયતે–જિનાનુરાગ:।

નાદબ્રહ્મની આ વિચારણા ભક્તની ભૂમિકા વિશે અને સમાપત્તિથી સંપત્તિ સુધીની અંતર્યાત્રામાં અવશ્ય ઉપયોગી થશે એમ હું માનું છું. ✷ ✷ ✷

જૈન યોગ ફાઉન્ડેશન, ૪૦૫, મધુ એપાર્ટમેન્ટ, જી.આઈ.ડી.સી. ઉમરગામ (વેસ્ટ)-૩૯૬૧૭૧. જિલ્લો : વલસાડ.
E-mail : mrigendra_maharajshree@yahoo.com
Mobile : 9904589052.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત

એકવીસમો જૈન સાહિત્ય સમારોહ

રૂપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સૌજન્યથી ૨૧મો જૈન સાહિત્ય સમારોહ ૨૦૧૨માં માર્ચ-૨૩, ૨૪, ૨૫ મી તારીખે પાવાપુરી (રાજસ્થાન)માં યોજાશે. જેમાં જૈન ધર્મના ચારે ફિરકાના જૈન વિદ્વાનો એક છત્ર નીચે એકત્રિત થઈ 'જૈની રાસા' સાહિત્ય અને જૈન પત્રકારત્વ ઉપર પોતાના શોધ નિબંધ પ્રસ્તુત કરશે.

'જૈન પત્રકારત્વ' વિભાગના અધ્યક્ષ સ્થાને ડૉ. કુમારપાળ દેસાઈ અને 'જૈની રાસા' સાહિત્ય વિભાગના અધ્યક્ષ સ્થાને ડૉ. જિતેન્દ્રભાઈ શાહ બિરાજશે.

આ સમારોહનું સંયોજન અને સંચાલન જૈન ધર્મના અભ્યાસી ડૉ. ધનવંત શાહ કરશે.

ગ્રંથોની યાદી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મુંબઈ શાખામાંથી પ્રાપ્ત થશે. (ફોન નં. ૨૩૭૫૯૧૭૯/૨૩૭૫૯૩૯૯ / ૬૫૦૪૯૩૯૭ / ૬૫૨૨૮૩૮૬, ફેક્ષ નં. ૨૩૭૨૯૨૪૨, ઈ. મેઈલ-hosmjv@rediffmail.com

નિબંધ પ્રસ્તુત કરનાર મહાનુભાવ વિદ્વાનોને પોતાના સ્થાનેથી આવવા-જવાનો પ્રવાસખર્ચ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી અર્પણ થશે, તેમ જ રહેવા વગેરેની વ્યવસ્થા ઉપર જણાવેલ નિમંત્રક ટ્રસ્ટ કરશે અને નિબંધ લેખકનું માનદ્ પુરસ્કારથી સન્માન કરાશે.

પ્રાપ્ત નિબંધો ભવિષ્યમાં પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થશે.

વિદ્વાન નિબંધ લેખકો ઉપરાંત જૈન ધર્મના અન્ય અભ્યાસુ અને જિજ્ઞાસુઓને પણ આ સમારોહમાં પધારવાનું રૂપ માણક ભંશાલી ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે. એ સર્વેની સર્વ વ્યવસ્થા પણ આ નિમંત્રક ટ્રસ્ટ કરશે.

જે વિદ્વાનો અને જિજ્ઞાસુ અભ્યાસીઓ આ સમારોહમાં પધારવા ઈચ્છતા હોય એઓશ્રીએ પત્ર દ્વારા શ્રી મહાવીર જૈન વિદ્યાલય, C/o. : શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન મહાજન વાડી, બીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯ એ સરનામે જાણ કરી રજિસ્ટ્રેશન ફોર્મ મેળવવાનું રહેશે તેમ જ ઉપરના ફોન નંબર ઉપર વિદ્યાલયના શ્રી શાંતિભાઈ ખોનાને તા. ૩૦–૧–૨૦૧૨ સુધી સંપર્ક કરવા વિનંતિ છે.

લિ. ભવદીય,

શ્રીકાંતભાઈ સાકરચંદ વસા **સુબોધરત્ન ચીમનલાલ ગારડી** **અરૂણભાઈ બાબુલાલ શાહ**

માનદ્ મંત્રીશ્રીઓ

સમ્રાટ સંપ્રતિની યશોગાથા

ગઈકાલનો ઇતિહાસ, આજનો પડકાર અને આવતીકાલની પ્રેરણા

❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જે પ્રજા પોતાનો ઇતિહાસ ભૂલી જાય છે, એની ભૂગોળ બદલાઈ જાય છે અને એનું ભવિષ્ય અંધકારમય બની જાય છે. આજે વિશ્વના પ્રગતિશીલ દેશો અને પ્રજાઓ પણ પોતાના ઇતિહાસની પરંપરામાંથી પ્રેરણા પામીને વર્તમાન સમસ્યાઓનો ઉકેલ શોધે છે. History is Everywhere એ અનુસાર આજે તો વર્તમાન જીવનમાં પ્રત્યેક ક્ષેત્રમાં કોઈને કોઈ રીતે ઇતિહાસ અનુસ્યૂત હોય છે એમ સિદ્ધ થયું છે. ઇતિહાસ તરફ પ્રમાણમાં ઉપેક્ષા સેવતો જૈન સમાજ જે ભવ્ય યશોગાથાઓ વિસરી ગયો છે, તેમાંથી એક ભવ્ય યશોગાથા છે મૌર્ય વંશના છેલ્લી અખંડ જ્યોત સમા સમ્રાટ સંપ્રતિની. એમનું સમગ્ર જીવનકાર્ય એ વિરાટ પ્રતિભાશાળી રાજવી અને ધર્મના પરમ ઉપાસકનું આદર્શ દૃષ્ટાંત છે.

સમ્રાટ અશોકે ભારતની બહાર બૌદ્ધ ધર્મનો પ્રચાર કરીને એને સમગ્ર વિશ્વનો ધર્મ બનાવ્યો, એ જ રીતે એ જ સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિ મહારાજાએ જૈન ધર્મનો દેશ અને વિદેશમાં પ્રસાર કરીને એને વિશ્વધર્મ બનાવવાનો પ્રયાસ કર્યો. અશોકના કાર્યો એના કીર્તિસ્તંભો, શિલાલેખો, આજ્ઞાપત્રો અને તામ્રપત્રોમાં જળવાયેલાં છે. જ્યારે એમના જેવા જ પ્રતિભાવાન રાજવી સંપ્રતિ મહારાજાની એટલી સ્મૃતિઓ સચવાઈ નથી, પરંતુ એમના ભવ્ય જીવનની ગાથાનું વર્ણન કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના 'પરિશિષ્ટ પર્વ' નામના ગ્રંથમાં મળે છે. 'સંપ્રતિ કથા' અને 'પ્રભાવક ચરિત્ર' જેવાં ચરિત્રગ્રંથોમાં પણ મહારાજ સંપ્રતિને 'સંપઈ' તરીકે ઓળખાવ્યા છે. પ્રખ્યાત ઇતિહાસવિદ્ વિન્સેન્ટ સ્મિથ કહે છે કે મહારાજ સંપ્રતિએ છેક ઇરાન અને અરબસ્તાન જેવા દેશોમાં જૈન સંસ્કૃતિના કેન્દ્રો સ્થાપિત કર્યાં હતાં.

સમ્રાટ અશોકના પૌત્ર સમ્રાટ સંપ્રતિ જગતના સર્વકાલીન મહાન રાજવીઓમાં ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. સમ્રાટ અશોક અને એમના પૌત્ર સંપ્રતિ બંનેએ ભારતીય સંસ્કૃતિને વિશ્વસંસ્કૃતિ બનાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો. ઇન્દ્રપાલિત, સંગત અને વિગતાશોક જેવાં અન્ય ઉપનામ ધરાવતા સમ્રાટ સંપ્રતિ મૌર્ય ઈ. સ. પૂર્વે ૨૩૦માં રાજસિંહાસન પર બિરાજમાન થયા, પરંતુ એ પૂર્વે એક દાયકાથી તેઓ રાજ્યનો કારોબાર સંભાળતા હતા.

વિદેશની ધરતી પરથી આવીને ભારત પર આક્રમણ કરનારા સિકંદર, બાબર, તૈમુર લંગ કે નાદિરશાહની વાતો આપણા ઇતિહાસમાં આવે છે, પણ ઇતિહાસ ક્યારેય સમ્રાટ સંપ્રતિએ મેળવેલા ભવ્ય વિજયની યશોગાથા કહેતો નથી. સમ્રાટ અશોકના કલિંગના યુદ્ધની ઘટનાઓ ઇતિહાસના પૃષ્ઠો પર આલેખાઈ છે, પરંતુ અફઘાનિસ્તાન, ઈરાન, અરબસ્તાન, બૅબિલોન, સિરિયા, ગ્રીસ, મિસર (ઇજિપ્ત) જેવા દેશો પર વિજય મેળવનાર મહારાજા સંપ્રતિની વિજયયાત્રા વિશે ક્યાં કોઈ કશું જાણે છે? વળી એમની વિજયયાત્રા એ સત્તા, સુંદરી, સમૃદ્ધિ કે સામ્રાજ્યપ્રાપ્તિના હેતુથી થયેલી વિજયયાત્રા નહોતી; બલ્કે ભારતીય સંસ્કૃતિ, અહિંસા અને જૈનધર્મની જીવનશૈલીનો પ્રસાર કરવા માટેની વિજયયાત્રા હતી.

ઈ. સ. પૂર્વે ૩૩૨માં સમ્રાટ સંપ્રતિએ નેપાળ જેવા પહાડી પ્રદેશ પર વિજય મેળવીને પોતાની વિજયયાત્રાનો પ્રારંભ કર્યો. એ સમયે નેપાળનો રાજ્યખજાનો કુબેર ભંડારી જેવો ધન, રત્ન અને સુવર્ણથી ભરપૂર હતો. સમ્રાટ સંપ્રતિએ નેપાળની રાજગાદી પર શાસન કરનારા સૂર્યોપાસક રાજા સ્થૂકોને પરાજય આપ્યો. પરાધીન સ્થૂકોને એમણે માનપૂર્વક જીવન ગાળી શકે તે માટે યોગ્ય વર્ષાસન બાંધી આપ્યું અને કુટુંબસિહત રાજધાનીમાં રહેવાની પરવાનગી આપી. સમ્રાટ સંપ્રતિનું ધ્યેય ધર્મપ્રસારનું હોવાથી એમણે સુરક્ષિત સ્થળે નવી રાજધાની બંધાવી. અન્ય દેશ પર વિજય મેળવ્યો હોવા છતાં નેપાળમાં એમણે દાનશાળાઓ, ગૌશાળાઓ, મંદિરો અને ઉપાશ્રયો બનાવ્યા. કોઈ વિજેતા રાજવી પરાજિત પ્રજાના કલ્યાણનો આટલો વ્યાપક વિચાર કરે, તેવું ઇતિહાસમાં જવલ્લે જ જોવા મળે છે.

નેપાળના પહાડી સૈન્યના સાથથી સમ્રાટ સંપ્રતિએ તિબેટ અને ખોતાનના પહાડી પ્રદેશો પર ચડાઈ કરી અને એના પર વિજય હાંસલ કર્યો. એ પછી સમ્રાટ સંપ્રતિએ ચીન તરફ નજર દોડાવી. ચીનના શહેનશાહ સી-હ્યુ-વાંગને આનો ખ્યાલ આવી જતાં એમણે તિબેટની સરહદથી ચીનની સરહદ સુધીના પ્રદેશમાં એક મજબૂત દિવાલ બાંધવાનું કામ હાથ પર

ભારત વર્ષના મહાન

સમ્રાટ સંપ્રતિ

શ્રેષ્ઠિવર્ય સુશ્રાવક શ્રી શ્રેણિકભાઈના પ્રમુખસ્થાને સમ્રાટ સંપ્રતિ કલ્ચરલ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા મુંબઈના ભારતીય વિદ્યા ભવનમાં તા.૩-૨-૨૦૧૨ના સાંજે છ વાગે એક ભવ્ય જાહેર કાર્યક્રમનું આયોજન થયેલ છે. જેમાં સ્લાઈડ દ્વારા સમ્રાટ સંપ્રતિએ નિર્માણ કરાવેલા જૈન મંદિરો દર્શાવાશે અને વિદ્વાન વક્તાઓ સમ્રાટ સંપ્રતિ વિશે પોતાના વક્તવ્યો પ્રસ્તુત કરશે.

ડૉ. કલાબેન શાહ લિખિત ગ્રંથ 'સમ્રાટ સંપ્રતિ મહારાજની વિસરાયેલી યશોગાથા'નું ગુજરાતી, અંગ્રેજી, હિંદી ભાષામાં પ્રકાશનનું લોકાર્પણ આ જ સમારંભમાં થશે.

આ ગ્રંથના અનુવાદકો છે :

અંગ્રેજી : પુષ્પાબહેન પરીખ ● હિંદી : પ્રો. સુરેશ પંડિત

વિશેષ વિગત માટે સંપર્ક : **સી.જે. શાહ,** મો. ૯૩૨૩૨૩૭૦૨૩

લીધું. ચાર લાખ જેટલા કારીગરો રાત-દિવસ આ દિવાલ ચણવાના કામમાં લાગી ગયા. આ કામ એટલી સખ્તાઈથી કરાયું કે જે કોઈ મજૂર આને માટે નબળો સાબિત થતો, તેને દાખલો બેસાડવા માટે ત્યાં ને ત્યાં જ દેહાંત દંડની સજા કરવામાં આવતી.

આ રીતે ચીનની દિવાલ રચાવાને કારણે સમ્રાટ સંપ્રતિને માટે ચીન પર જમીન માર્ગે આક્રમણ કરવાનું અશક્ય બન્યું, તેથી પોતાના પહાડી વિજયી લશ્કરની મદદથી સમ્રાટ સંપ્રતિએ તુર્કસ્તાનની મધ્યમાં આવેલા તાસ્કંદ, સમરકંદ અને મર્વ દેવાં શહેરો પર વિજય મેળવ્યો અને આ ક્ષેત્રમાં ભારતના વાણિજ્ય-ઉદ્યોગના પ્રારંભની સાથોસાથ ધર્મપ્રસાર પણ કર્યો. આમ એમની વિજયયાત્રા ઈરાનથી આજના ઇજિપ્ત સુધી અણનમ રહી અને એ પછી અવન્તિમાં પાછા આવ્યા બાદ એમણે દક્ષિણ ભારતના પ્રદેશો પર જીત મેળવી.

સમ્રાટ અશોકે શ્રીલંકા અને અન્ય દેશોમાં બૌદ્ધ ધર્મના પ્રચાર માટે કરેલાં પ્રયત્નો જાણીતા છે. સમ્રાટ સંપ્રતિએ એમના સમયમાં અરબસ્તાન, અફઘાનિસ્તાન, તુર્કસ્તાન, ઈરાન, તિબેટ, ચીન, બ્રહ્મદેશ, આસામ, શ્રીલંકા જેવા દેશોમાં જૈન ધર્મનો પ્રસાર કર્યો. કેટલેક સ્થળે જૈનમંદિરો પણ બંધાવ્યા અને એ સમયે આ પ્રદેશોમાં ઈસ્લામ ધર્મ નહોતો, તેથી એ પ્રજા જે જુદા જુદા ધર્મો પાળતી, તેના પર જૈન ધર્મની જીવનપદ્ધતિનો પ્રબળ પ્રભાવ પડ્યો.

હંગેરીના બુડાપેસ્ટ શહેરની નજીક એક બગીચામાં ખોદકામ કરતાં એક ખેડૂતને પ્રાપ્ત થયેલી પ્રાચીન જૈન પ્રતિમા સમ્રાટ સંપ્રતિના સમયની હોવાનું માનવામાં આવે છે. મોંગોલિયામાંથી પણ મૂર્તિપૂજા પ્રચારના પૂરાવા મળ્યાં છે અને આ રીતે જુદા-જુદા દેશોમાં જૈન મૂર્તિઓ મળી આવી છે.

સમ્રાટ સંપ્રતિએ આર્ય દેશના જે પ્રદેશો પર વિજય મેળવ્યો હતો, તેના રાજાઓને બોલાવ્યા. આર્ય મહાગિરિસૂરિ મહારાજ અને આર્ય સુહસ્તિસૂરિ મહારાજ જેવા પ્રખર જ્ઞાની સાધુ મહારાજોએ આ રાજાઓને જૈન ધર્મની ભાવનાઓ વિગતે સમજાવી અને એ રાજાઓ પોતાના રાજ્યમાં પાછા ગયા, ત્યારે એમણે પોતાના દેશમાં જૈનધર્મપ્રવર્તનનું કાર્ય કર્યું. એમણે પોતાના રાજ્યમાં નવા જિનમંદિરો બનાવ્યાં. મહોત્સવો યોજ્યા. અહિંસાની ઘોષણા કરાવી.

સમ્રાટ સંપ્રતિને લગભગ આઠ હજાર જેટલા ખંડિયા રાજા હતા. વીર નિર્વાણના ૨૯૮ વર્ષ લગભગ સતત ચોત્રીસ વર્ષ સુધી રોજ નૂતન જિનાલયના ખાતમુહૂર્તના સમાચાર મળે, તે પછી જ દાતણ-પાણી કરતા હતા. ધર્મગ્રંથો નોંધે છે કે, એમણે સવા કરોડ જિનપ્રતિમા અને સવા લાખ જિનચૈત્યો ઊભા કર્યા હતાં. એક બાજુ 'સંપ્રતિ મૌર્ય' અને બીજી બાજુ 'સ્વસ્તિક' છાપવાળા સિક્કા ચલણમાં મૂક્યા હતા.

સમ્રાટ સંપ્રતિ પાસે પ્રચંડ લશ્કરી તાકાત હતી અને એના પરિણામે એમણે મહાન વિજયો પ્રાપ્ત કર્યા હતા. પચાસ હજારનું હસ્તીદળ, નવ લાખ રથદળ, એક કરોડ અશ્વદળ અને સાત કરોડનું પાયદળ હતું. એ સમયના ગ્રંથો મુજબ ભારતમાં માત્ર જૈનોની વસ્તી ચાલીસ કરોડ હતી. સમ્રાટ સંપ્રતિએ તેર હજાર જેટલાં જળાશયો, અનેક દાનશાળાઓ, ધર્મશાળાઓ, આરામગૃહો, પાંજરાપોળો, રાજમાર્ગો, આંબાવાડી વગેરે પ્રજાકલ્યાણના કાર્યો કર્યા. પ્રભુની વિરાટ પ્રતિમાઓ બનાવી હતી.

વિદેશોમાં પણ સમ્રાટ સંપ્રતિએ સાધુ વેશધારી શ્રાવકોને મોકલ્યા અને આ યતિ વેશધારી સાધુઓએ હિંદની બહાર કંબોજ, ગંધાર, ઈરાન, અરબસ્તાન, સિરિયા, ઇજિપ્ત, ગ્રીસ જેવા દેશોમાં ધર્મવિચાર ફેલાવ્યો હતો. જો કે એ પછી રાજકીય કારણોસર થયેલા સંઘર્ષને લીધે તથા સાધુઓના સંસર્ગના અભાવને લીધે આ ધર્મનો પ્રભાવ ક્રમશઃ ઓછો થતો ગયો, ત્યારબાદ આ દેશોમાં ખ્રિસ્તી, મુસ્લિમ જેવા ધર્મનો ફેલાવો થતાં જૈન ધર્મ નામશેષ બની રહ્યો.

સમ્રાટ સંપ્રતિએ પ્રજાકલ્યાણના અનેક કાર્યો કર્યા. પોતાના રાજ્યોમાંથી હિંસા બંધ કરાવી. શિકાર પર પ્રતિબંધ મૂકાવ્યો. પોતાના દાદા અશોકની જેમ સ્તંભો અને સ્તૂપો ઊભા કર્યાં. એમણે અનેક મંદિરોની રચના કરી અને મૂર્તિઓ બનાવી, પરંતુ એમની વિશેષતા એ રહી કે મંદિર તો શું, મૂર્તિઓમાં પણ ક્યાંય પોતાનો નામોલ્લેખ કર્યો નથી. એમણે લોકકલ્યાણના કાર્યો કર્યાં, પણ તેને એ પોતાની યશ અને કીર્તિ માટે મહત્ત્વના ગણાતા નહોતા. શિલાલેખો નોંધે છે કે, 'પ્રિયદર્શી જે કંઈ પ્રયત્ન કરે છે તે પરલોકને માટે છે કે જેથી દરેકના પાપો ઓછાં થાય.'

એક વાર સંપ્રતિ રાજા પોતાના મહેલના ઝરૂખામાં બેઠા હતા. રાજમાર્ગ પરથી પસાર થતા આચાર્ય સુહસ્તિસૂરિને નિહાળતાં સંપ્રતિ મહારાજાને એવો અનુભવ થયો કે જાણે તેઓ આ મહાન પ્રભાવક સાધુ મહાત્માને વર્ષોથી ઓળખે છે. ધીરે ધીરે પૂર્વજન્મના સ્મરણો સંપ્રતિ મહારાજાના ચિત્તમાં ઊભરાવા લાગ્યાં. તેમણે ગુરુ મહારાજને મહેલમાં પધારવા વિનંતી કરી. એ પછી મહારાજ સંપ્રતિએ સવાલ પૂછ્યો કે આપના દર્શન આજે કરું છું, પણ મને એમ લાગે છે કે જાણે આપની સાથે કેટલાંય વર્ષોથી ગાઢરૂપે પરિચિત છું. આવું કેમ થતું હશે?

આચાર્ય સુહસ્તિસૂરિએ એનું રહસ્ય દર્શાવતાં કહ્યું કે તમે પૂર્વજન્મમાં મારા શિષ્ય હતા. એક વાર કૌશાંબી નગરીમાં ભીષણ દુકાળ પડ્યો હતો, તેમ છતાં શ્રાવકો સાધુઓની ઉત્સાહભેર વૈયાવચ્ચ કરતા હતા. આ સમયે ગરીબ ભિખારીની દશા ધરાવતા તમને બટુકં રોટલોય મળતો નહોતો. પેટની આગ ઠારવા તમે સાધુઓ પાસે ભિક્ષા માંગી, ત્યારે ખ્યાલ આવ્યો કે જો દીક્ષા લે તો જ આ સાધુઓ તમને એમને ગોચરીમાં મળેલું ભોજન આપી શકે. એથી તમે દીક્ષા લીધી. ખૂબ ભોજન કર્યું. એ પછી અંતિમ સમયે સાધુ બનેલા તમારું સમાધિમરણ થયું, ત્યારે ગુરુદેવે તમને નવકાર મહામંત્ર સંભળાવ્યો હતો. આ છે તમારા ગયા ભવની વાત! એને કારણે અમારા દર્શન તમને પરિચિત લાગે છે.

આ સાંભળીને મહારાજા સંપ્રતિએ પોતાનું રાજ્ય આચાર્ય સુહસ્તિસૂરિને ચરણે ધર્યું, પરંતુ અકિંચન વૈરાગી મુનિ વળી રાજને

શું કરે? આચાર્યશ્રીએ એમને ધર્મોપદેશ આપ્યો. સમ્રાટ સંપ્રતિ ધર્મના સાચા આરાધક અને મહાન પ્રભાવક બન્યા. ભારતની સરહદોને પાર જૈન ધર્મનો પ્રસાર કર્યો. ગુરુદેવના પૂર્વજન્મના અને આ જન્મના ઉપકારોને સમ્રાટ સંપ્રતિએ શિરે ચડાવ્યા. પોતાના જીવનકાળમાં એમણે અનાર્ય દેશોમાં જૈન સાધુઓને ધર્મપ્રચાર માટે મોકલ્યા. ગરીબોને મફત ભોજન આપતી દાનશાળાઓ ખોલાવી. જૈન વિહારોનું નિર્માણ કર્યું.

કેવા હતાં એ સંપ્રતિ મહારાજા? એમની ધર્મભાવના વિશે 'કલ્પસૂત્ર' પર ટીકા લખનાર શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે એમના અનેક ગુણો દર્શાવ્યા છે, તો કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'પરિશિષ્ટ પર્વ'માં સમ્રાટ સંપ્રતિની ધર્મભાવનાનું કેવું હૃદયસ્પર્શી ચિત્રણ કરે છે.

अभ्यगृहीदथ नृपस्तदग्रे तदनुज्ञया अर्हन देवो गुरुः साधुः प्रमाणं मे अर्हतो वचः ।।६१।। अणुव्रतगुणव्रतशिक्षाव्रतपवित्रितः प्रधान श्रावकी जज्ञे सम्प्रति स्तत्पंभृत्यपि ।।६२।। त्रिसन्ध्ययप्यऽबन्ध्य श्रीजिनर्चामि मर्चति स्म सः साधर्मिकेषु वात्सल्य बन्धुष्विव चकार च।।६३।। आवैताढ्यं प्रतापाढ्य स चकाराविकाराधीः त्रिखण्डं भरतक्षेत्रं जिनायतनमण्डितम् ।।६४।।

ભાવાર્થઃ તે (સંપ્રતિ) આચાર્યશ્રીની અનુજ્ઞા છે અરિહંત પ્રભુ મારા દેવ છે. સુસાધુ (કંચન-કામિનીના ત્યાગી) મારા ગુરુ છે અને અરિહંત પ્રભુનું વચન મને માન્ય છે એ પ્રમાણે સ્વીકારતા હતા ।।૬૧ ।। સમ્યક્ત્વવ્રત ધારણ કર્યું અને ત્યારથી માંડી અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતથી પવિત્ર એવા તે ચુસ્ત શ્રાવક થયા. ।।૬૨।। દાનાવળી લક્ષ્મીવાળા તે ત્રણ કાલ જિનેશ્વર પ્રભુની પૂજા કરતા હતા અને પોતાના ભાઈઓની જેમ સાધર્મી પ્રત્યે વાત્સલ્ય કરતા હતા. ।।૬૩।। પ્રતાપથી યુક્ત અને અવિકારી બુદ્ધિવાળા સંપ્રતિ વૈતાવઢ્યથી માંડી ત્રણ ખંડ ભરતક્ષેત્રને જિન ચૈત્યોથી યુક્ત કરાવતા હતા.

આવા ચૂસ્ત જૈનધર્મી મહારાજા સંપ્રતિ પોતાના દાદા સમ્રાટ અશોકની માફક પ્રજાવત્સલ, શાંતિપ્રિય, અહિંસાના અનુરાગી અને પ્રતાપી સમ્રાટ હતા. મહારાજા સંપ્રતિને પિતા કુણાલ અને માતા કંચનમાલા પાસેથી ઉમદા ધાર્મિક સંસ્કાર સાંપડ્યા હતા. પોતાના ધર્મગુરુ આચાર્યશ્રી સુહસ્તિસૂરિના ઉપદેશને કારણે આદર્શ જૈન રાજવીની માફક એમણે જીવન ગાળ્યું.

મહારાજ સંપ્રતિએ સમ્રાટ અશોક પછી મગધની રાજ્યગાદી સંભાળી. જૈન ગ્રંથો, 'મત્સ્યપુરાણ' જેવા હિંદુ ધર્મના પૌરાણિક ગ્રંથ અને 'દિવ્યાવદાન' જેવા બૌધ ગ્રંથોમાં આનું વર્ણન પ્રાપ્ત થાય છે. મહારાજ સંપ્રતિએ પોતાના રાજ્યકાળના પ્રથમ વર્ષે જ અનેક કલ્યાણકારી કાર્યો કર્યા. એમણે પ્રજાની સુખાકારી માટે નવા રસ્તાઓ બંધાવ્યા, જૂના રસ્તાઓની મરામત કરાવી વાવ, કૂવા, તળાવ આદિ લોકોપયોગી કાર્યો કર્યા. કારભારને વધુ વ્યવસ્થિત અને પ્રજાલક્ષી બનાવ્યો. રાજકારભારની અનુકૂળતા માટે મગધ દેશને બદલે અવન્તી દેશને રાજધાની બનાવી. નિશાળો, ધર્મશાળાઓ અને મંદિરો નવાં બનાવ્યાં અને એણે તૂટેલી નિશાળો કે ધર્મશાળાઓની મરામત કરાવી. આ રીતે પોતાના રાજ્યાભિષેકના પ્રથમ વર્ષે જ એમણે રાજવ્યવસ્થા અને પ્રજાની સુખાકારીના કાર્યો કર્યા.

પોતાના પૂર્વભવમાં બટકું રોટલો પણ પ્રાપ્ત થયો નહોતો, તેનું સતત સ્મરણ કરતાં સમ્રાટ સંપ્રતિએ ગરીબોને ભોજન મળે તેવી સઘળી વ્યવસ્થા કરી. લોકકલ્યાણનાં કાર્યોમાં ઉદારતાથી સંપત્તિ ખર્ચતા હતા. એમણે હજારો ભોજનશાળાઓ બંધાવી અને અવન્તી નગરીના ચારે દરવાજા પર ભોજનશાળા બંધાવી. જેથી કોઈપ ગરીબ કે પ્રવાસીને વિનામૂલ્યે ભોજન મળી રહે. એ જ રીતે દાનશાળાઓ બંધાવીને ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વગર જરૂરિયાત ધરાવતા સહુ કોઈને યથાયોગ્ય દાન આપ્યું તેમજ યાત્રાળુઓને યાત્રા કરવાની અનુકૂળ રહે તે માટે હજારો ધર્મશાળા બંધાવી, ગરીબ, બિમાર વગેરેને વિનાખર્ચે ઔષધ પ્રાપ્ત થાય તે માટે તેમણે ઔષધ-શાળાઓ ખોલી. પાંજરાપોળમાં પશુઓને સાચવ્યાં, તો જળાશયો બંધાવી પ્રવાસીઓ કે પશુઓને માટે જલ સુલભ કર્યું. રસ્તે ચાલતા પ્રવાસીઓ અને પશુઓને વિશ્રાંતિ મળે અને તાપ સહ ન કરવો પડે, તે માટે રસ્તાની બંને બાજુ ઘટાદાર વૃક્ષો રોપાવ્યાં હતાં.

એમની ન્યાયપ્રિયતા એવી હતી કે એમના રાજમહેલની નીચે મોટો ઘંટ બાંધેલો હતો, જેની ફરિયાદ કોઈ સાંભળનાર ન હોય તે અથવા ન્યાયાધીશ તરફથી અન્યાય થયો હોય તે પણ ઘંટ વગાડી રાજાને ફરિયાદ કરી શકતો. એમ કહેવાય છે કે ઘંટ વાગતાં જ રાજા સંપ્રતિ ગમે તેવા કામને બાજુએ મૂકીને ત્યાં આવતા અને ફરિયાદીને ન્યાય આપ્યા પછી જ મહેલમાં જતા.

સમ્રાટ સંપ્રતિના જીવનના પરિવર્તનની કથા પણ એટલી જ હૃદયસ્પર્શી છે. દિગ્વિજય કરીને આવેલા આ સમ્રાટે નગરપ્રવેશ કર્યો, ત્યારે પ્રજાએ વિરાટ વિજય મહોત્સવ ઉજવ્યો. એમની હાથીની સવારી સમગ્ર નગરમાં ફરી. નગરની નારીઓએ એમને ઠેરઠેર વધાવ્યા અને પુષ્પોની માળા પહેરાવી. ભાટ-ચારણોએ એમનું પ્રશસ્તિગાન કર્યું.

સમ્રાટ સંપ્રતિ રાજમહેલ પાસે આવ્યા એટલે હાથી પરથી ઉતરીને માતાને પ્રણામ કર્યા. માતાનો ચહેરો અતિ ઉદાસીન હતો. માતાએ કહ્યું, 'સામ્રાજ્યવિસ્તારના લોભમાં તેં કેટલો બધો માનવસંહાર કર્યો! આવા ઘોર સંહારને બદલે ચિત્તને પાવન કરતાં જિનમંદિરો રચ્યાં હોત કે એનાં જિર્ણોદ્ધાર કરાવ્યાં હોત તો મારું હૃદય અપાર પ્રસન્નતા અનુભવતું હોત! તારા પર સદા આશિષ વરસાવતું હોત!' માતાની અપાર વ્યથા જોઈને સમ્રાટ સંપ્રતિનું હૃદય દ્રવી ગયું. માતાએ જીવનમાર્ગ બતાવતાં કહ્યું, 'સત્તા, સંપત્તિ, સામર્થ્ય, સુંદર સ્ત્રી આદિ સઘળું મળે, પણ જો સુધર્મની આરાધના ન થાય તો આત્મા દુર્ગતિમાં જાય, માટે હવે બાહ્ય વિજયો છોડીને આંતરવિજય પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કર.'

એમના ગુરુ આર્ય શ્રી સુહસ્તિસૂરીશ્વરજીએ પણ આ માટે પ્રેરણા આપી. પરિણામે ઠેર ઠેર નૂતન મંદિરોની રચના, પ્રાચીન મંદિરોનો જિર્ણોદ્ધાર અને નૂતન પ્રતિમાઓનું નિર્માણ એમ ત્રણ કાર્યો શરૂ કર્યા. એમણે સવા લાખ જિનમંદિર બંધાવ્યા અને સવા કરોડ જિનબિંબો ભરાવ્યા. આ રીતે ગુરુ અને માતાની ધર્મભાવનાને સાકાર કરી.

સવાલ એ જાગે છે કે સમ્રાટ સંપ્રતિએ રચેલાં એ અનેક મંદિરો, મૂર્તિઓ, શિલાલેખો કે સ્તંભો આજે ક્યાં ગયા? જૈન ગ્રંથોમાં કલ્કી રાજાએ કરેલાં જૈનમંદિરોનાં વિનાશની વિગતો મળે છે. ઇતિહાસમાં અગ્નિમિત્ર રાજાનો ઉલ્લેખ છે, જે સંપ્રતિ રાજા પછી પચાસેક વર્ષે ગાદીએ આવ્યો અને એણે આવીને તત્કાળ દ્વેષબુદ્ધિથી જૈન મંદિરોનો વિનાશ કર્યો. એ પછી મુસ્લિમ આક્રમણોને કારણે અને કુદરતી આપત્તિઓને કારણે પણ મંદિરોનો નાશ થયો હશે. આજે માત્ર એ સમર્થ સમ્રાટની સ્મૃતિ આપે તેવાં કેટલાક મંદિરો અને મૂર્તિઓ આપણી પાસે અવશેષરૂપે રહ્યાં છે. સંશોધન દ્વારા એ પ્રાચીન ઇતિહાસને અને મહાન જિનમંદિરોને પુનઃ જીવંત કરવાનો પુરુષાર્થ પ્રારંભાયો છે.

રાજસ્થાનના કુંભલગઢમાં સમ્રાટ સંપ્રતિએ કિલ્લો બંધાવ્યો. એ સમયે કુંભલગઢમાં પાંચ હજારથી વધુ લોકો વસતા હતા અને એ કિલ્લો જીર્ણ થતાં પંદરમી સદીમાં મેવાડમાં ચોર્યાશી કિલ્લા બનાવનાર રાણા કુંભાએ એના પર વિશાળ કિલ્લો બનાવ્યો.

આજે તમે કુંભલગઢ જાવ ત્યારે મહારાજા સંપ્રતિનો કોઈ વિશેષ ઉલ્લેખ મળતો નથી. માત્ર રાણા કુંભાની કથાઓ મળે છે. જૈન સમાજે એના ઇતિહાસની એવી ઘોર ઉપેક્ષા કરી છે કે જેથી આ મહાન સમ્રાટ સંપ્રતિની કર્મભૂમિ કુંભલગઢમાં દર્શાવાતા 'લાઈટ ઍન્ડ સાઉન્ડ શૉ'માં પણ સમ્રાટ સંપ્રતિના વિરાટ કાર્યની પૂરતી ઓળખ મળતી નથી. ભગવાન મહાવીર સેવા સંઘ અને શ્રી વાલકેશ્વર પાટણ જૈન મિત્રમંડળના સંયુક્ત સહયોગથી મુંબઈના કર્મનિષ્ઠ અને ધર્મનિષ્ઠ અગ્રણી શ્રી સી. જે. શાહની આગેવાની હેઠળ એક સંશોધકોની ટીમ કુંભલગઢના સંશોધન પ્રવાસે નીકળી અને એને સમ્રાટ સંપ્રતિના સમયના જિનાલયોના અદ્‌ભુત અવશેષો જોવા મળ્યાં. મહારાજા સંપ્રતિએ અહીં કિલ્લો બનાવ્યો હતો અને ૩૬ કિલોમીટરની દિવાલ બનાવી હતી. રાજ્યના રક્ષણ માટે આવી મોટી દિવાલ ચણાવ્યાની ઘટના વિરલ હશે.

ઇતિહાસ એમ કહે છે કે અહીં ત્રણસો જેટલાં જિનમંદિરો હતા. આ સંશોધકોની ટીમે (જેમાં આ લેખક પણ શામેલ હતા) આ મંદિરોનો પ્રવાસ શરૂ કર્યો. આ મંદિરોમાંની મૂર્તિઓ તો મુસ્લિમ આક્રમણને કારણે કદાચ નષ્ટ થઈ ગઈ હતી, કિંતુ આ આક્રમણ-ખોરોએ મંદિરની સ્થાપત્યરચનાને એમને એમ રહેવા દીધી છે. કોઈ કોઈ મંદિરમાં ભોંયરાઓમાં શ્વેતાંબર મૂર્તિઓ મળે છે. કુંભલગઢના એ જીર્ણ દેરાસરોને આજે પણ જોતાં એની ઉત્કૃષ્ટ જાહોજલાલીનો ખ્યાલ આવે છે. કહે છે કે એ સમયે અહીં ત્રણસો જિનમંદિરો હતા, પરંતુ અત્યારે એકસો પાંસઠ જિનમંદિરો મળે છે તેમ કહેવામાં આવે છે. હિંદુ ધર્મના પણ ૬૦ થી વધુ મંદિરો હતાં.

અત્યંત નોંધપાત્ર વાત એ છે કે અહીં એક જૈનમંદિરની બાંધણી, સ્થાપત્યરચના, કદ, દેખાવ બીજા જૈનમંદિરથી તદ્દન ભિન્ન છે. કોઈ મંદિર ઊંચી નાનકડી દેરી જેવું છે, તો કોઈ બાવન જિનાલય ધરાવતું વિશાળ મંદિર છે. આ દરેકમાં કોતરણીનું પણ વૈવિધ્ય જોવા મળે. આ મંદિરોનાં દ્વાર, છત, સ્તંભ અને ગોખલા પર સુંદર શિલ્પકામ જોવા મળે છે.

આમાંનું એક બાવન જિનાલય જોઈને તો અમે બધા લોકો ઝૂમી ઊઠ્યા હતા અને બોલી ઊઠ્યા કે 'આનો તો જિર્ણોદ્ધાર કરાવવો જ જોઈએ.'

જો આ તીર્થ ફરી જાગતું થાય તો એક મહત્ત્વનું તીર્થ બની રહે. એની ભવ્યતા આંખોને આંજી નાંખનારી છે. દેરીઓ કલાત્મક શિલ્પકૃતિ ધરાવે છે અને એની છત પર વિદ્યાદેવીઓ અને નૃત્યાંગનાઓનું સુંદર સ્થાપત્ય મળે છે. કુંભલગઢની આસપાસ છત્રીસ કિલોમીટરની દિવાલની કોઈ પરિક્રમા કરે, તો એને આવાં અનેક દેરાસરોના દર્શન થશે. ઉત્સવો-મહોત્સવોમાં ડૂબેલો સમાજ આવાં સંશોધનો માટે કંઈ કરશે ખરો?

ત્રણસો એકરમાં પથરાયેલા આ એક એકથી ચડિયાતા જિનાલયો આજે જિર્ણોદ્ધાર માટે થનગની રહ્યા છે. જો આ સર્વ મંદિરોનો જિર્ણોદ્ધાર થાય તો એક સમય એવો આવે કે ત્રણસો મંદિરોમાં એક જ સમયે પ્રભુભક્તિના ગીતોનું ગુંજન થતું હોય, દેવપ્રતિમાનું પૂજન થતું હોય, સાંજે આરતી થતી હોય અને વળી આ પાવન ઐતિહાસિક ભૂમિ પર સમ્રાટ સંપ્રતિ વિશે સંશોધન ચાલતું હોય. આવું થાય, તો કેવું ભવ્ય દૃશ્ય સર્જાય!

કોઈ મંદિરમાં પ્રવેશ પામીએ ત્યારે એના કલામય દ્વારમાંથી પ્રવેશ પામીએ છીએ, એ રીતે આ ગ્રંથના કલામય દ્વાર રૂપ સમ્રાટ સંપ્રતિ વિશે આ પ્રાસ્તાવિક નોંધ લખી છે. આ ગ્રંથમાં વિદુષી એવા ડૉ. કલાબહેન શાહે અથાગ પરિશ્રમ કરીને સમ્રાટ સંપ્રતિ વિશે વિગતો મેળવી છે. જુદા જુદા ગ્રંથોનો અભ્યાસ કરીને એમાંથી મહત્ત્વની બાબતોની તારવણી કરી છે.

ગ્રંથ એક મંદિર છે, જ્યાં સરસ્વતીની પૂજા થાય છે. એક સમયે સમ્રાટ સંપ્રતિએ રચેલાં મંદિરોમાં સંસ્કૃતિની પૂજા થતી હતી. આજે કુંભલગઢના એ જિનાલયોનો જિર્ણોદ્ધાર કરીને વિસ્મૃત થયેલા ઇતિહાસને પુનઃ યાદ કરવાનો પ્રયત્ન થાય છે, એક અર્થમાં વિદ્યાપૂજા, ધર્મપૂજા અને સરસ્વતીપૂજા થઈ રહી છે. આ માટે સ્થપાયેલા 'સમ્રાટ સંપ્રતિ' કલ્ચરલ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા આ કાર્ય વિસ્તરતું જાય અને પરિણામે સમ્રાટ સંપ્રતિના યશોજ્વલ જીવનકાર્યને જોઈને નવી પેઢીને પ્રેરણા મળે, તો ડૉ. કલાબહેન શાહે આ ગ્રંથની રચના માટે લીધેલ શ્રમ સાર્થક ગણાશે.

તા. ૩૦-૧૨-૨૦૧૧ **–ગ્રંથની પ્રસ્તાવના**

સંત કવિઓની અનુભૂતિ અને અભિવ્યક્તિમાં દેખાતું સામ્ય

❑ શ્રીમતી સુમિત્રા ટોલિયા

મમતા, પ્રેમ, કરૂણા અને ભક્તિ જેવા નિર્મળ ઉદાત્ત ભાવ પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સમાન જ હોતા હશે ને? દક્ષિણ આફ્રિકાની કોઈ હબસી માતાની એના બાળક પ્રત્યેની મમતા ભારતીય માતાની મમતાથી ભિન્ન હોઈ શકે? સંત ભલે ઉત્તર ભારતના હોય કે દક્ષિણ ભારતના કે પશ્ચિમી દેશોના, માનવજાત પ્રત્યે એમના હૃદયમાં વસતી કરૂણા શું ભિન્નતા ધરાવતી હશે? તો પછી ભક્ત હૃદયની ભક્તિમાં પણ સામ્ય દેખાય તો એમાં આશ્ચર્ય શું? અને સાચા ભક્તો તો કોઈ સંપ્રદાય વિશેષનું તિલક કપાળ પર લગાવી ફરતા નથી. એ તો પોતાની ભક્તિમાં લીન, બાહ્ય જગતના સંપ્રદાયોના વાદ-વિવાદથી પર પોતાના ઈષ્ટદેવની, ઈશ્વરની–સત્-ચિત્-આનંદની શોધમાં-પોતાના આત્માની પ્રાપ્તિના એકમાત્ર ધ્યેયને મેળવવાના પુરુષાર્થમાં લીન હોય અને એટલે જ એ ભક્તકવિઓની અનેક રચનાઓમાં ઘણું સામ્ય દેખાઈ આવે છે–ભલે તે ગુજરાતના ભક્ત કવિ નરસિંહ મહેતા હોય કે, નિર્ગુણના ઉપાસક સંત કબીર હોય, મેડતાના કૃષ્ણભક્ત મીરાબાઈ હોય કે એ જ મેડતાના જૈન સંત કવિ મહાયોગી આનંદઘનજી હોય!

ભક્ત હૃદયને સંસારના-આ અસાર સંસારના બધા સંબંધો વ્યર્થ, માયાજાળને અને જન્મમરણના ફેરાને વધારનારા લાગે છે. તેને પોતાના ઈષ્ટ–પ્રિયતમ સિવાય કોઈની ય સાથેનો સ્નેહ સંબંધ જોઈતો જ નથી. અવિનાશી સાથે જે પ્રેમ જોડાય તે જ અમર બની રહેશે. મર્ત્ય પુરુષને પતિ રૂપે સ્વીકાર્યો તો તેનો વિયોગ તો થશે જ પણ સાધના, ભક્તિ અને તપસ્યા દ્વારા જો પ્રભુને રીઝવી લીધા તો–

'રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે
ભોગે સાદિ અનંત...
ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે
ઔર ન ચાહૂં રે કંત...'

તો મીરાબાઈએ પણ આવું જ ગાયું...

'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઈ,
જા કે સિર મોર મુગુટ મેરો પતિ સોઈ...'

અને

'રાણાજી! મેં સાંવરે રંગ રાતી
જૂઠા સુહાગ જગત કા રી સજની હોય હોય મિટ જાસી;
મેં તો એક અવિનાશી વરૂંગી જાહે કાલ ન ખાસી...'

અવિનાશી ઈશ્વરના ચરણોમાં કરેલું પૂર્ણ સમર્પણ–પ્રસન્નચિત્તે કરેલ સમર્પણ એ ઈશ્વર પ્રાપ્તિનો સુગમ અને શ્રેષ્ઠ માર્ગ છે. મીરાબાઈ પણ કહે છે–આ તપ, આ પૂજન બધું જ વ્યર્થ છે. કેવળ પ્રેમમય ભક્તિ જ સર્વશ્રેષ્ઠ છે:-

'મીરા કહે તોહે બિના પ્રેમકે,
નાહીં મિલે નન્દ લાલા...'

ભક્ત હૃદયની ઝંખના હોય પ્રભુનું મિલન, આત્માનું પરમાત્મા સાથેનું મિલન. મીરાની પ્રેમલક્ષણા ભક્તિમાં–ભક્તિનું નિવેદન કરતાં પદોમાં પ્રભુનો વિરહ અને પ્રભુ મિલનની ઉત્કંઠા–શબ્દે શબ્દે નીતરતી વ્યથાનાં દર્શન થાય છે. એવી જ વ્યથા, ઈષ્ટ મિલનનો તલસાટ સંત કબીર, સૂરદાસ અને મહાયોગી આનંદઘનજીનાં પદોમાં પણ જોવા મળે છે. ભક્તિ અને વિરહના ભાવોનું સામ્ય તો સ્વાભાવિક છે પણ ભાવાભિવ્યક્તિમાં પણ કેટલું સામ્ય છે!

પ્રભુદર્શન માટે ઝૂરતાં મીરાબાઈ ગાય છે–

'ઘડી ચૈન નહીં આવે તુમ દરસન બિન મોહે
તુમ હો મેરે પ્રાણજી તુમ મિલિયા સુખ હોય...
ધાન ન ભાવે નિંદ ન આવે બિરહા સતાવે મોય
ઘાયલ-સી ઘૂમત ફિરું, મેરો દર્દ ન જાને કોય...'

તો સંત કબીરની આ રચનામાં પણ એવી જ વ્યથાના કરૂણ સ્વરો વહી રહ્યા છે–

'તલફે બિન બાલમ મોરા જીયા,
દિન નાહીં ચૈન રાત નહીં નિંદિયા;
તલફ તલફ કે ભોર કિયા...તલફે.
નૈન થકિત ભયે પંથ ન સૂઝે,
સાંઈ બેદરદી સુધ ન લિયા...તલફે.
કહત કબીર સુનો ભાઈ સાધો,
હરો પીર દુ:ખ જોર કિયા... '

અને મહાયોગી આનંદઘનજીના આ પદમાં પણ એવી જ વ્યથા અને એવી જ ભાવાભિવ્યક્તિ નથી દેખાતી?...

'તુમ સંગ મોરી લગન લગી હૈ,
તુમ બિન રહિયો ન જાઈ...
ઘડી પલ મોહીકો યુગ સે બીતે;
બેગી સમ્હાલો આઈ....
બિરહા મોહીકો અધિક સતાવે,
કછુ ના બતાવે કોઈ,
પ્રાણ પપીહા તરફત હે,
આનંદઘન...કોઈ સહાઈ...'

મીરાબાઈએ જેમ પ્રભુને દર્શન આપવા વિનંતિ કરતાં પદો લખ્યા છે એવાં જ પદો મહાયોગી આનંદઘનજીના પણ અનેક જોવા મળે છે. મીરાબાઈનું–

પ્યારે દરસન દીજ્યો આય,

'તુમ બિન રહ્યો ન જાય...' જેવા જ ભાવ વ્યક્ત કરતા પદોમાં-

'પ્યારે આય મિલો કહાયેંતે જાત,

મેરો વિરહવ્યથા અકુલાત...

એક પૈસાભર ન ભાવે નાજ, ન ભૂષણ નહી પટ સમાજ'

અને

'દરિસન...પ્રાણજીવન મોહે દીજે,

બિન દરસન મોહે કલ ન પરત હૈ;

તલફ તલફ તન છીજે...!'

વિરહવ્યથા જયારે સીમા વટાવી જાય ત્યારે ભક્તને પણ મૃત્યુની યાદ આવે છે. કદાચ મૃત્યુ પછી પ્રિયતમનું મિલન સંભવ હશે! ભક્ત સૂરદાસે પણ ગાયું–

'સૂરદાસ પ્રભુ તુમ્હરે દરસન બિન

લૈહોં કરવત કાસી...

અંખિયાં હરિ દરસનકી પ્યાસી...'

મીરાએ પણ ગાયું–

'મેરે મનમેં ઐસી આવે

મરું, ઝહર, બિસ ખાય...

એ જી હરિ કહાં ગયે નેહા લગાય...'

આનંદઘનજી પણ પ્રભુ મિલન માટે એ જ માર્ગને યોગ્ય ગણતા હશે ?

'આનંદઘન પ્રભુ તુમરે મિલનકો,

જાય કરવત લ્યૂં કાસી...'

સાંસારિક સંબંધો જ જ્યારે અપ્રિય થઈ પડે ત્યારે આ નશ્વર શરીરનો મોહ તો રહે જ ક્યાંથી ? રોજ દૃષ્ટિ સમક્ષ આટલાં મૃત્યુ જોતાં છતાં સામાન્ય મનુષ્ય તો શરીરની આળપંપાળ અને એ આળપંપાળ માટે ઉચિત–અનુચિત માર્ગે ધનસંપત્તિ કમાવવામાં ઊંચો નથી આવતો; પણ સંતો તો સૌને જગાડવા કહેતા જ રહે છે–જે શરીરની આટલી સંભાળ લો છો એ શરીર તો ક્ષણભરમાં રાખ થઈ જશે, માટીમાં માટી થઈ જશે, જે વાળની નિત્ય કાળજી લો છો તે તો ઘાસના પૂળાની જેમ સળગી ઉઠશે તો શા માટે આટલી જંજાળ વધારો છો ?

કબીરજી કહે છેઃ

'ઈસ તન ધન કી કૌન બડાઈ, દેખત નયનોં મેં મિટ્ટી મિલાઈ

હાડ જલે જૈસે લકડી કી મોલી, બાલ જલે જૈસે ઘાસકી પોલી'

આનંદઘનજી પણ એવા જ શબ્દોમાં ચેતવી રહ્યા છે–

'યા પુદ્‌ગલ કા ક્યા બિસવાસા, હૈ સુપનેકા વાસા;

યા દેહી કા ગર્વ ન કરના જંગલ હોયગા વાસા,

આનંદઘન કહે સબ હી જૂઠા, સાચા શિવપુર વાસા...'

આમ ભક્તિ, વૈરાગ, ચિંતન અને ધ્યાનના માર્ગે આગળ વધતા સંતને આખરે પ્રતીતિ થાય છે કે જેની શોધમાં આંખો તરસતી રહી, નિશદિન વરસતી રહી, હૃદય વિલાપ કરતું રહ્યું, જેને પોકારી પોકારી જીભમાં છાલા પડ્યા એ પ્રિયતમ, સત્–ચિત્–આનંદ સ્વરૂપ પરમાત્મા તો કયાંય બહાર નથી, નથી એ કાશી-મથુરામાં કે નથી એ મંદિરમાં કે મસ્જિદમાં, એ તો નિરંતર હૃદયકમલમાં જ વિરાજિત છે. એટલે જ તો સંત કબીરને અંતર્નાદ સંભળાયો હશે !

'મોકો કહાઁ તૂ ઢૂંઢે રે બંદે ! મૈં તો તેરે પાસ રે...'

અને એમણે સ્વીકાર કર્યો...

'પ્રીતમકો પતિયાં લિખું, જો કહુઁ હોય બિદેસ;

તનમેં મનમેં નયનમેં વાકો કહાઁ સંદેસ...?'

જો અંતરમાં દૃષ્ટિ ફેરવી, બાહ્ય જગતથી દૃષ્ટિ હટાવી લીધી, તો પ્રિયતમ તો ત્યાં જ હતા...

'પલકોં કી ચીક ડારકે પિયકો લિયા રિઝાય...'

તો મીરાબાઈની આત્માનુભૂતિની અભિવ્યક્તિ પણ કેટલી સમાન છે !

'જિનકે પિયા પરદેશ બસત હૈ, વે લિખ લિખ ભેજે પાતી...

મેરે પિયા મેરે હિયે બસત હૈ, યહ સુખ કહિયો ન જાતી...'

મહાયોગી આનંદઘનજીની વાગ્‌ગંગાની ધારામાં પણ પ્રવાહિત આત્માનુભવનું દિવ્ય સંગીત પણ કેટલું સામ્ય ધરાવે છે !

આજ સુધી મન કહેતું હતું–

'અનુભવ તૂ હૈ હેતુ હમારો...' એ મન સ્વીકાર કરે છે...

'જાગી અનુભવ પ્રીત...

નિંદ અનાદિ અજ્ઞાનકી, મીટ ગઈ નિત રીત...

આનંદઘન પ્રભુપ્રેમકી અકથ કહાની હોય...'

ઈશ્વર સાક્ષાત્કારના અનુભવનો આનંદ તો કબીરજીના 'ગુંગાના ગોળ'ની જેમ અકથ્ય–અવર્ણનીય જ હોય ને ! અને એટલે જ-

'આશા મારી આસન ધરી ઘટમેં, અજપા જાપ જપાવે;

આનંદઘન ચેતનમય મૂરતિ નાથ નિરંજન પાવે...'

ભારતીય સંસ્કૃતિએ આત્માની અમરતાને પ્રાધાન્ય આપ્યું છે. શરીર નશ્વર છે પણ આત્મા તો વિવિધ રૂપ ધરી સંસારમાં પાછો આવવાનો જ છે. અને તેથી જ પ્રત્યેક સાધકનું ધ્યેય આ જન્મ મરણના અંતહીન પરિભ્રમણમાંથી મુક્તિની પ્રાપ્તિ હોય છે.

કબીરદાસજી આત્માનુભવની નિર્મળ સરિતામાં વિહાર કરતાં ગાઈ ઉઠ્યા–

સો ચાદર સુર નર મુનિ ઓઢી, ઓઢી કે મૈલી કિન્હી ચદરિયા,

દાસ કબીર જતન સે ઓઢી જ્યોં કી ત્યોં ધર દિન્હી ચદરિયા...'

સંસારના વિભાવોના એક પણ ડાઘ વગરની પૂર્ણ વિશુદ્ધ નિર્મળ આત્મારૂપ ચાદર પ્રિયતમના ચરણોમાં ધરી દીધી. અને હવે ત્યાંથી પાછા તો આવવાનું છે જ નહીં...

'મરતે મરતે જગ મુઆ, ઔરસ મુઆ ન કોઈ;
દાસ કબીરા યોં મુઆ, બહુરિ ન મરના હોઈ...'

અને આત્માના અંતિમ ધ્યેયની પ્રાપ્તિ પછી શું જોવા મળે છે? એ ગુફા..જ્યાં નિરંતર અમૃત ઝરી રહ્યું છેઃ-

'રસ ગગન–ગુફામેં અજર ઝરે....
જુગન જુગન કી તૃષા બુઝાતી, કરમ ભરમ આધિ વ્યાધિ ટરે;
કહે કબીર સુનો ભાઈ સાધો, અમર હોય કબહું ન મરે...'

અને મહાયોગી આનંદઘનજીની અમર રચનાઓમાંની આ શ્રેષ્ઠ રચનામાં પણ પૂર્ણતઃ આ જ ભાવાભિવ્યક્તિ છે!...

'અબ હમ અમર ભયે ન મરેંગે,
યા કારન મિથ્યાત્વ દિયો તજ, ક્યૂં કર દેહ ધરેંગે... ?
મર્યો અનંતબાર બિન સમજ્યો, અબ સુખદુઃખ બિસરેંગે
આનંદઘન નિપટ અક્ષર દોઉ, નહીં સુમરે સો મરેંગે...'

અને અંતમાં મહાયોગી આનંદઘનજીની સુપ્રસિદ્ધ રચના **'રામ કહો રહમાન કહો કોઉ, કાન કહો મહાદેવ રી'**માં–

'ભાજન ભેદ કહાવત નાના એક મૃત્તિકા રૂપરી
તૈસે ખંડ કલ્પના રોપિત આપ અખંડ સ્વરૂપ રી'માં ઈશ્વર એક છે અને મનુષ્ય સંપ્રદાયનાં સંકીર્ણ બંધનમાં બંધાઈ એને જુદા જુદા નામ આપે છે એ જ અર્થ ભક્ત કવિ નરસિંહ મહેતાના સુપ્રસિદ્ધ પદમાં પરિલક્ષિત થાય છે.

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ
જૂજવે રૂપે અનંત ભાસે...'
'વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ સાખ દે કનક કુંડલ વિષે ભેદ ન્હોયે
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે...'
'एको सत् विप्राः बहुधा वदन्ति।'

જીવનનું ચિરંતન સત્ય તો એક જ છે. એને પ્રાપ્ત કરનાર સાધક ભક્ત-કવિ જ્યારે આપણી સમક્ષ મૂકે, આત્માનુભવને શબ્દબદ્ધ કરે, ત્યારે થોડા શબ્દોના ભેદ સિવાય હાર્દ તો સહુનું એ જ હોય...!

ગમે તે સંપ્રદાય, દર્શનના મહાત્માઓનું લક્ષ એક સત્‌જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શ્રેણે સમજાવ્યું છે, જેથી તેઓના કથનમાં ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.'

-શ્રીમદ્ રાજચંદ્રજી ('વચનામૃત' પૃ. ૨૭૩)

✷ ✷ ✷

પારુલ', જિનભારતી, ૧૫૮૦ કુમારસ્વામી લેઆઉટ, બેંગલોર-૫૬૦૦૭૮
ફોન: ૦૮૦-૬૫૯૫૩૪૪૦. મોબાઈલ: ૦૯૬૧૧૨૩૧૫૮૦.
E-mail : pratapkumartoliya@gmail.com

પંથે પંથે પાથેય...
(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

ધરાવનાર મહારાજા લોકો માટે કંઈક જતું કરીને સંતોષ અનુભવનારા અનોખા માનવી હતા. ગાંધીજીને રૂબરૂમાં તેમણે પોતાનો નિર્ણય કહી સંભળાવ્યો. મહાત્માજી કહે, 'રાણી સાહેબને અને તમારા ભાઈઓને પૂછ્યું છે?' જવાબ મળ્યો, 'મારી ઈચ્છામાં રાણી સાહેબની ઈચ્છાનો સમાવેશ થઈ જાય છે. તેમની પ્રેરણાથી બધું કરું છું.'

દસ પંદર મિનિટ ચાલેલી ચર્ચામાં મહારાજાએ પોતાની રાજ્યસત્તા ગાંધીજીનાં ચરણે ધરી દીધી. તે નિમિત્તે જે કોઈ પગલાં લેવાનાં થાય તે તેઓ ગાંધીજીના માર્ગદર્શન પ્રમાણે લેશે. રોકડ, મિલકતો વગેરે તેઓ જવાબદાર રાજતંત્રને સોંપી દેશે. ગાંધીજીની સંમતિ હશે એટલી જ ખાનગી મિલકતો રાખશે. સાલિયાણું જે ગાંધીજી નક્કી કરી આપશે તે જ લેશે.

મહારાજાની લાગણીભીની રજૂઆતથી ગાંધીજી ચકિત થઈ ગયા. હિંદના બધાં દેશી રજવાડામાં રાજાએ પ્રજાના સેવક બની ટ્રસ્ટી તરીકે રહેવું જોઈએ એવી માન્યતા તેમણે વ્યક્ત કરેલી હતી. તે સિદ્ધાંત જીવંત રીતે અપનાવવાનું સંપૂર્ણ માન તેમણે કૃષ્ણકુમારસિંહજીને આપ્યું.

આ મહારાજા તો મહારાજા જ છે એમ ગાંધીજીએ કહ્યું. સાવ નિર્દોષ બાળક જેવો સ્વભાવ છે. ઉત્તમ વૃત્તિ તેઓ ધરાવે છે. અદ્‌ભુત માણસ છે. પોતે મહારાજાને સ્પષ્ટ રીતે કહી સાવચેત કર્યા કે બીજા રાજાઓ કદાચ તેમની નીતિ વખોડશે તેમ છતાં મહારાજા તેમના નિર્ણયમાં મક્કમ રહ્યાં.

ગાંધીજીએ કહ્યું કે આવા થોડાક રાજાઓ જો મને મળે તો દેશનો વહીવટ તેઓના હાથમાં મૂકતા જરાય ખચકાઉં નહિ. આ રાજાઓને રાજ્ય ચલાવવાનો જે બહોળો અનુભવ અને જ્ઞાન છે તે અત્યારનાઓને નથી. આ રીતે આ લોકો ખૂબ કામના છે.

ગાંધીજીના મનમાં કૃષ્ણકુમારસિંહજીની ભાવના એટલી ઊંડે સુધી વસી ગઈ હતી કે જવાહરલાલજી, સરદાર વગેરે નેતાઓને તેઓ હર્ષભેર આ વાત કહેતા રહ્યાં. સરદારે તો મહારાજા સાથે રૂબરૂ વાત કરીને તેમના નિર્ણયના અનુસંધાને આગળની કાર્યવાહી શરૂ કરાવી દીધી હતી. મહાત્માજી પોતાની પ્રતીતિ સૌને જણાવતા રહ્યા કે સૌ રાજાઓએ કૃષ્ણકુમારના માર્ગે ચાલ્યા વિના છૂટકો નથી. મહારાજાને વળાવવા ગાંધીજી જાતે બહાર નીકળી તેમની કાર સુધી ગયા હતા.

ગાંધીજી દ્વારા કોઈ મહાનુભાવને આવકારવા-વળાવવાનો આવો વિધિ થતો નહોતો. મનુબહેને તો પૂછી પણ લીધું, 'બાપુ, તમે ઊભા કેમ થયા હતા?' ગાંધીજીએ સ્પષ્ટતા કરી કે તેઓ ભાવનગરની શામળદાસ કૉલેજમાં ભણેલા એટલે મહારાજાને તેમણે માન આપવું ઘટે.

મનુબહેને મહારાજાનું એક વાક્ય યાદ રાખ્યું હતું 'મારી ઈચ્છામાં રાણીની ઈચ્છા પણ આવી જાય છે.' આ તેમને ગળે ઊતરતું નહોતું. સ્ત્રીસ્વભાવ એટલો સીધો સાદો હોતો નથી. આટલું મોટું રાજ્ય, તેનો સુખવૈભવ અને માનમહિમા છોડવા કોઈ સ્ત્રી તૈયાર થાય નહિ. પછીથી ભાવનગર ખાતે મહારાણી વિજયાબાને મળવાનું થયું ત્યારે આ વાત આગળ ચાલી. આ દેવાંશી સન્નારીમાં પણ મનુબહેનને મહારાજા જેવી જ ઉમદા ત્યાગ ભાવનાના દર્શન થયા. તેમણે કહ્યું 'પ્રજાનું હતું અને પ્રજાને આપ્યું ને? એમાં ક્યાં ઉપકાર કર્યો? વળી પૂ. બાપુના ચરણે ધરવાનું અમને તો પરમ સદ્‌ભાગ્ય સાંપડ્યું.' મહારાણી વિજયાબાના આ શબ્દોને ઈતિહાસ કોઈક ખૂણે સાચવી રાખશે.

૧૯૪૮ના જાન્યુઆરીની ૧૫મી તારીખે મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ભાવનગરમાં જવાબદાર રાજ્યતંત્રની ઘોષણા કરી. સરદાર વલ્લભભાઈ પટેલે તે સમારંભમાં ઉપસ્થિત રહી મહારાજાની ત્યાગભાવનાને બિરદાવી. મહારાજાએ સમગ્ર સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય રચાય તેમાં પ્રથમથી સંમતિ આપી દીધી હતી. પછીના થોડા મહિનામાં સરદાર પટેલનો એ સંકલ્પ પણ સિદ્ધ થયો. દેશની એકતા અને અખંડિતતાની દિશામાં મહારાજાનું પગલું એક પવિત્ર અને વિરાટ કાર્ય બની રહ્યું. ✷ ✷ ✷

ડી–૧૪૦, કાળવી બીડ, શેરી નં. ૧૧, ભાવનગર–૩૬૪૦૦૨. ફોન: (૦૨૭૮) ૨૫૬૯૮૯૮
મો. ૦૯૪૨૯૩૫૨૫૫૫.

સર્વપ્રથમ યોજનારી અભ્યાસપૂર્ણ, અનોખી, અપૂર્વ, કથાતત્ત્વ, સંગીત અને તત્ત્વજ્ઞાનના ત્રિવેણીસંગમ સમી

।। શ્રી ઋષભ કથા ।।

માત્ર જૈન સમાજમાં જ નહીં, બલ્કે દેશ-વિદેશમાં પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પ્રસ્તુત કરેલી 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'એ અભૂતપૂર્વ લોકચાહના મેળવી છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ડૉ. ધનવંતભાઈ શાહે આની પરિકલ્પના કરી અને એ પ્રમાણે તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી અને ગુરુ ગૌતમ-સ્વામીની કથાને તત્ત્વજ્ઞાનની ભૂમિકા સાથે રસપ્રદ પ્રસંગો વડે જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય વિદ્વાન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા એની રસપ્રદ અને હૃદયસ્પર્શી પ્રસ્તુતિ કરવામાં આવી. એનું પરિણામ એ આવ્યું કે એ પછી માટુંગામાં ત્રીદિવસીય 'મહાવીર કથા-દર્શન'નું આયોજન થયું. લૉસ એન્જલસના જૈન સેન્ટર ઑફ સધર્ન કેલિફોર્નિયા તેમજ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં 'ગૌતમ કથા'નું આયોજન થયું અને એને લોકચાહનાના પ્રચંડ પ્રતિભાવ મળ્યો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘે તૈયાર કરેલી આ બંને કથાઓની ડીવીડી પણ ખૂબ મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓ પાસે પહોંચી ગઈ.

આને પરિણામે એક એવું વાતાવરણ સર્જાયું કે હવે પછી આગામી એપ્રિલ માસમાં લંડનના કેન્ટન વિસ્તારમાં દેરાસરની પ્રતિષ્ઠાના મહોત્સવ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈની 'ગૌતમ કથા' યોજાઈ છે તેમજ એ પછી ન્યૂજર્સીમાં યોજાનારા નૂતન જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે એમની 'શ્રી મહાવીર કથા'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. કથાતત્ત્વ, સંગીત અને તત્ત્વજ્ઞાનના ત્રિવેણી સંગમ દ્વારા યોજાતી આ કથામાં ડૉ. કુમારપાળ દેસાઈએ એમની પ્રભાવક અને હૃદયસ્પર્શી વાણીથી સહુને મંત્રમુગ્ધ કરી દીધા છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રત્યેક મહાવીર જયંતીએ (શ્રી મહાવીર જન્મકલ્યાણક દિવસ) આ પ્રકારે કથાનું આયોજન કરે છે અને ગયે વર્ષે યોજાયેલી 'ગૌતમ કથા'માં એમણે પ્રસિદ્ધ લેખક ડૉ. કુમારપાળ દેસાઈને હવે પછી 'ઋષભ કથા' રજૂ કરવાનું વચન લીધું હતું અને તે મુજબ આગામી ૨, ૩ અને ૪ એપ્રિલે મુંબઈના પાટકર હૉલમાં રોજ સાંજે 'ઋષભ કથા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ 'ઋષભ કથા' અનેક દૃષ્ટિએ વિશિષ્ટ બની રહેશે. આમાં છેક પ્રાગૈતિહાસિક કાળની પૂર્વભૂમિકા દર્શાવાશે, જે કાળ વિશે બહુ વિરલ વ્યક્તિઓ જાણકારી ધરાવે છે. એ યૌગલિક (અરણ્ય) સંસ્કૃતિના અંતસમયે મનુષ્યજાતિની સામાજિક વ્યવસ્થા, રાજકીય પરિસ્થિતિ, કૌટુંબિક પ્રણાલી અને લગ્નસંબંધો અત્યંત વિશિષ્ટ પ્રકારના હતા. આ કથામાં એ અતિ પ્રાચીનકાળની સમગ્ર પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં ઋષભદેવની કથાનું આલેખન થશે. એમને પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ, એવા એમના ધન્ના સાર્થવાહના ભવ વિશે અને એ રીતે એમના ૧૨ ભવો દ્વારા કઈ રીતે એમના જીવનમાં ઉત્કૃષ્ટ સાધના થઈ અને એમણે તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું, એનું આલેખન થશે. એમની માતા મરુદેવાને આવેલાં ૧૪ સ્વપ્નોના રહસ્યોની સાથોસાથ એમનું નામકરણ, ઈક્ષ્વાકુવંશની સ્થાપના અને મરુદેવા માતાની વાત મળે છે. એ સમયની રાજવ્યવસ્થા અને ઋષભના રાજ્યાભિષેકનો હેતુ દર્શાવવામાં

વિરલ, વિશિષ્ટ અને ઐતિહાસિક અવસર

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણીમાં

।। શ્રી ઋષભ કથા ।।

તા. ૨-૪-૨૦૧૨, સોમવાર સાંજે છ વાગે

આદિ તીર્થંકર ઋષભદેવના પૂર્વભવોની કથા,
અદ્‌ભુત એવા એ સમયના પ્રાગૈતિહાસિક કાળનું નિરૂપણ અને
રાજવી ઋષભનું વૈશ્વિક પ્રદાન

* * *

૩-૪-૨૦૧૨, મંગળવાર, સાંજે છ વાગે

રાજવી ઋષભના જીવનની ઘટનાઓ,
ત્યાગી તીર્થંકર ઋષભદેવનો મહિમા

* * *

૪-૪-૨૦૧૨, બુધવાર, સાંજે છ વાગે

દેવાધિદેવ ઋષભદેવનો ઉપદેશ,
ચક્રવર્તી ભરતદેવ અને વીર-ત્યાગી બાહુબલિના જીવન પર પ્રભાવ,
સ્વર્ગ-મોક્ષ સાથે આત્મતત્ત્વનું અનુસંધાન,
જૈન, હિંદુ, બૌદ્ધ એમ સર્વ પરંપરામાં પૂજનીય

* * *

સ્થળ : પાટકર હૉલ-ચર્ચગેટ-મુંબઈ

નોંધ : પોતાની ઉપસ્થિતિ માટે જિજ્ઞાસુઓને કાર્યાલયમાં (૦૨૨-૨૩૮૨૦૨૯૬) ફોન કરી નામ નોંધાવવા વિનંતિ.
અગાઉથી નામ રજીસ્ટર કરાવ્યું હશે એ જ જિજ્ઞાસુઓને પ્રવેશ આપી શકાશે.

વિનંતિ : ત્રણે દિવસની કથા માટે સૌજન્યદાતા આવકાર્ય છે. જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરવા, વધુ વિગત માટે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતિ- ૦૨૨-૨૩૮૨૦૨૯૬

આવે છે. અસિ, મસિ અને કૃષિ એટલે કે શસ્ત્ર, કલમ અને ખેતી દ્વારા એમણે જગતને આપેલો સંદેશ અને એથીય વિશેષ તો આ જગતમાં જુદી જુદી કલાઓનો પ્રાદુર્ભાવ કર્યો તેના આલેખનની સાથે એમના અનોખા અને અતિ વિસ્મયકારી અભિનિષ્ક્રમણની ઘટના રજૂ કરવામાં આવશે.

ઋષભદેવના વર્ષીતપના પારણાંનો ઇતિહાસ 'અક્ષય તૃતીયા' કે 'અખાત્રીજ' સાથે જોડાયેલો છે અને તેથી એ ઇતિહાસની પૂર્વભૂમિકા સાથે એનું આમાં આલેખન કરવામાં આવશે. અવસર્પિણીકાળમાં સૌપ્રથમ મોક્ષે જનાર મરુદેવા માતાની મહિમાવંતી કથાનું આલેખન થશે. ભરત અને બાહુબલિના પ્રસિદ્ધ યુદ્ધ ઉપરાંત ઋષભદેવને થયેલા કેવળજ્ઞાનના વર્ણન સાથે એમના નિર્વાણની અને એમના પરિવારની ઝલક આલેખવામાં આવશે. વળી, હિંદુ ધર્મગ્રંથો અને બૌદ્ધ ધર્મગ્રંથોમાં મળતાં ઋષભદેવના જીવનની કથા આલેખાશે.

આમ ઘણા કાળ સુધી પૃથ્વી પર વિચરીને પોતાના ત્રિકાળ પ્રકાશિત કાળથી ભગવાન ઋષભદેવે લોકોને ધર્મમાર્ગ બતાવ્યો. આંતરશત્રુઓ પર વિજય મેળવનાર ઋષભદેવ 'જિન' બન્યા અને આવી રીતે આંતરશત્રુઓ પર વિજય મેળવનારને પૂર્ણજ્ઞાન પ્રાપ્ત થાય છે, તેથી તેઓ પૂર્ણજ્ઞાની કે સર્વજ્ઞ બન્યા.

એમણે લોકોને ઉપદેશ આપ્યો, 'કોઈ જીવને મારવો નહીં, બધાની સાથે હેતથી રહેવું. જૂઠું બોલવું નહીં. ચોરી કરવી નહીં. શિયળવ્રત પાળવું. સંતોષથી રહેવું.' ઘણા લોકો આ ધર્મ પાળવા લાગ્યા. ઋષભદેવે એક સંઘ સ્થાપ્યો. આ સંઘને તીર્થ પણ કહેવાય છે અને તેથી આદિનાથ પહેલા તીર્થ કરનાર એટલે તીર્થંકર થયા. તેઓ ઋષભદેવ, રિખવદેવ, આદિનાથ, આદિશ્વર વગેરે નામથી પૂજાય છે.

આદિનાથ ભગવાનના પરિવારમાં ચોર્યાસી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વધારી, વીસ હજાર કેવળજ્ઞાની, ત્રણ લાખ પચાસ હજાર શ્રાવકો અને પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકાઓ હતી. પોતાના નિર્વાણનો સમય નજીક આવેલો જાણી તેઓ અષ્ટાપદ નામના પર્વત પર ગયા. ત્યાં સર્વ આકાંક્ષાઓ છોડી સમભાવમાં સ્થિર થયા. છઠ્ઠા દિવસે તેમનું નિર્વાણ થયું. આજે પણ લોકો સવારે ઊઠીને ભગવાન આદિનાથનું સ્મરણ કરે છે.

આ કથામાં ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિ વચ્ચેના પ્રસંગો સાંકળીને એમના પિતા તીર્થંકર ભગવાન ઋષભદેવનું ચરિત્ર દર્શાવવામાં આવશે.

પૃથ્વીને સ્વર્ગ બનાવનાર તથા સ્વર્ગ અને મોક્ષ સાથે આત્મતત્ત્વનો સંબંધ દર્શાવનાર, કર્મ ધર્મના પ્રરૂપક, પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સર્વત્ર સન્માનપૂર્વક પૂજાય છે. એ જૈન હોય, હિંદુ હોય કે બૌદ્ધધર્મી હોય, પણ ભારતની આ તમામ ધર્મપરંપરાના ઉપાસક સત્ય અને સંસ્કૃતિના પ્રરૂપક તરીકે સદા એમનું સ્મરણ, વંદન અને અર્ચન કરે છે.

* * *

અંકુર સિંચ્યાનું સંભારણું

□ ડૉ. મહેબૂબ દેસાઈ

એ સમય હતો ૧૯૭૪નો. હું તાજો બી.એ. થયો હતો. એ યુગમાં મને લેખકો અને કવિનું અદ્‌ભુત આકર્ષણ હતું. પણ તેમને મળવાનો કે તેમની સાથે વાત કરવાનો ક્યારેય મોકો મળ્યો ન હતો. એ દિવસોમાં નાટકના માધ્યમ દ્વારા હું અને જાણીતા કવિ શ્રી નાથાલાલ દવેનો પુત્ર અરવિંદ અનાયાસે મિત્રો બની ગયા. મિત્રતા કેળવાયા પછી ખબર પડી કે તે કવિશ્રી નાથાલાલ દવેનો પુત્ર છે. પછી તો નાટકના રિહર્સલ માટે અરવિંદને ત્યાં અવારનવાર જતો. ત્યારે સફેદ કફની, લેંઘો અને પગમાં ગાંધી ચંપલ સાથે બગીચામાં વિચાર મગ્ન અવસ્થામાં ટહેલતા અરવિંદના પિતાજીને હું જોતો. ત્યારે મનમાં કુતૂહલ જાગતું કે આટલી ચિંતન અવસ્થામાં બગીચામાં ફરતા ફરતા તેઓ શું વિચારતા હશે? અંતે એક દિવસ હિંમત કરી મેં અરવિંદને પૂછ્યું,

'બાપુજી, બગીચામાં ટહેલતા ટહેલતા રોજ શું વિચારે છે?'

'બાપુજી, બગીચામાં ફરતા ફરતા કવિતા રચે છે.'

પછી તો અરવિંદ સાથે ખાસ્સી બે વર્ષ ઘનિષ્ટ મૈત્રી રહી. એ દરમિયાન એકવાર મુ. નાથાલાલભાઈ સાથે વાત કરવાની તક સાંપડી. એટલે મેં મારા મનની દ્વિધાને વ્યક્ત કરતાં તેમને પૂછ્યું,

'આપ આટલા સુંદર કાવ્યોનું સર્જન કેવી રીતે કરી શકો છો?'

ચહેરા પર બાળક જેવું સહજ સ્મિત પાથરતાં તેઓ બોલ્યા,

'હું કાવ્યોનું સર્જન નથી કરતો, થઈ જાય છે.'

જો કે એ સમયે તેમના એ જવાબમાં મારી શ્રદ્ધા ઝાઝી કેળવાઈ ન હતી. પણ છતાં આટલા મોટા કવિ સાથે દલીલ કેમ કરાય? એમ માની હું તેમની વાત મૌન બની સાંભળી રહ્યો. એ પછી પાંચેક વર્ષ પસાર થઈ ગયા. ઈ. સ. ૧૯૭૮માં ભાવનગરની શ્રીમતી ગાંધી મહિલા કૉલેજમાં ઈતિહાસના અધ્યાપક તરીકે જોડાયો. એ દરમિયાન જ મેં થોડું લખવાનું પણ શરૂ કર્યું હતું. જનસત્તા ગ્રુપના 'રંગતરંગ' અને 'ચાંદની' એ વખતે ખાસ્સા લોકપ્રિય હતા. 'રંગતરંગ'ના સંપાદક શ્રી રતિલાલ જોગી હતા. જ્યારે 'ચાંદની'ના

સંપાદક શ્રી વિષ્ણુભાઈ પંડ્યા હતા. 'રંગતરંગ'માં હું જીવનચરિત્રો લખતો અને 'ચાંદની'માં મારી પત્ની સાબેરાના નામે લઘુકથાઓ લખતો. અલબત્ત આ રહસ્ય આજે પણ વિષ્ણુભાઈ જાણતા નથી. આજે પ્રથમવાર તે જાહેરમાં વ્યક્ત કરું છું. પણ એ સમયે મને ક્યારેય લખવા માટે માહોલ, મૂડ કે સામગ્રીની ગુણવત્તાની મહત્તા સમજાઈ ન હતી. હું તો એમ જ માનતો હતો કે લેખન એક એવી ક્રિયા છે કે જે તમે ધારો ત્યારે કરી શકો છો. અલબત્ત મારી એ માન્યતાને એક વધુ ઘટનાએ ઠેસ પહોંચાડી.

શ્રીમતી ગાંધી મહિલા કૉલેજના એક કાર્યક્રમમાં ભાગ લેવા મા. ઉમાશંકરભાઈ જોશી ભાવનગર આવ્યા. કૉલેજના આચાર્ય શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદીએ મને તેમને શ્રી મુકુન્દભાઈ પારાશર્યને ત્યાં પહોંચાડવાનું કાર્ય સોંપાયું. મને બરાબર યાદ છે કે એ દિવસોમાં મારી પાસે ગુજરાત સરકારના સાહસ દ્વારા તૈયાર થયેલું ગીરનાર સ્કુટર હતું. એ દિવસે મારા ગીરનાર સ્કુટરની પાછળની સીટ પાવન બની ગઈ. મા. ઉમાશંકરભાઈ મારા સ્કુટરની પાછળની સીટ પર બેઠા. મેં સ્કુટર હંકાર્યું. લગભગ પાંચ સાત મિનિટના એ સાનિધ્યમાં મેં ઉમાશંકરભાઈને મારો જૂનો અને મને સતત મૂંઝવતો પ્રશ્ન પૂછ્યો,

'આપ આટલા સુંદર કાવ્યો કેવી રીતે સર્જો છો?'

મારા સ્કુટરની પાછળની સીટ પર મારો ખભો પકડીને બેઠેલા ઉમાશંકરભાઈ બોલ્યા,

'મહેબૂબભાઈ, લેખન એ કલા છે. એ ઈશ્વરદત્ત છે. ઈશ્વર લખાવે છે ત્યારે જ હું લખું છું.'

તેમનો એ જવાબ મારા હૃદયમાં ઉતરી ગયો. પણ તે સમજવા જેટલી સમજ કદાચ હજુ મેં કેળવી ન હતી.

મારા લેખન કાર્યને હવે દસેક વર્ષ થવા આવ્યા હતા. પણ સર્જનાત્મક લેખન અંગેનો મારો અનુભવ અલ્પ હતો. એવામાં ગુજરાતમાં એક નવું દૈનિક 'ગુજરાત ટુડે' શરૂ થયું. તેના તંત્રી શ્રી અઝીઝ ટંકારવીએ મને એક કોલમ લખવા આપી. 'નોખી માટીના નોખા માનવી'. એ કોલમમાં જીવનના માર્ગ પર મળેલા વિશિષ્ટ જીવંત પાત્રો વિશે મેં લખવાનું શરૂ કર્યું. ત્યારે મને અનેકવાર કલમ ન ચાલવાના કપરા અનુભવો થયા. કલાકો સુધી કલમ પકડીને બેસી રહું છતાં તેમાંથી એક પણ શબ્દ ન અવતરે, એક પણ વિચાર કલમબદ્ધ ન થાય. જ્યારે ક્યારેક તેનાથી બિલકુલ વિપરીત પણ બનતું. કશું જ આયોજન ન હોય અને હું અનાયાસે જ એકાદ કલાકમાં મારી આસપાસના પાત્રને કલમ દ્વારા હૂબહૂ સાકાર કરી દેતો. આવી ઘટનાઓએ મને લેખનકલા એ ઈશ્વર-ખુદાની દેન છે એમ માનવા પ્રેર્યો. એ કોલમ 'નોખી માટીના નોખા માનવી' બેએક વર્ષ ચાલી. પછી તે જ નામે તેનું પુસ્તક પણ થયું. પણ એ અનુભવે મને લેખક તરીકે ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

આજે લેખન કાર્યના ત્રીસેક વર્ષના અનુભવના અંતે મેં અનુભવ્યું છે કે લેખનમાં માહોલ, મૂડ અને સામગ્રી અવશ્ય મહત્ત્વના છે. જેમ કે મારા પરમ મિત્ર કવિશ્રી વિનોદ જોશી અને હું એક જ વિશ્વ વિદ્યાલયમાં કાર્ય કરતા હોઈ અવારનવાર મળવાનું, નિરાંતે વાતો કરવાનું બને છે. એકવાર મેં અમસ્તા જ તેમને પૂછ્યું,

'કેવા કાગળ અને કેવી કલમ દ્વારા તમને લખવાનું ગમે?'

જરા આછું સ્મિત કરતા તેઓ બોલ્યા,

'ઉત્તમ કાગળ અને ઉમદા પેન હોય તો જ લખવાનું ગમે.'

જો કે તેમની એ વાત સાથે હું સંપૂર્ણ સહમત નથી. પણ એ વાત મક્કમપણે સ્વીકારું છું કે માહોલ, મૂડ અને ઉત્તમ સામગ્રી હોય તો પણ ક્યારેક કલમ નથી ચાલતી. મારા જીવનમાં તેના અનેક દૃષ્ટાંતો પડ્યા છે. એટલે ઉત્તમ માહોલ, મૂડ અને સામગ્રી સાથે અત્યંત જરૂરી છે પ્રેરણા, બળ કે અંદરનો ધક્કો. એવી અનેક ઘટનાઓ મારા જીવનમાં બની છે જ્યારે મેં મારી કારની પાછળની સીટ પર, રેલવેના ડબ્બામાં કે એરની ફ્લાઈટમાં એક જ બેઠકે મારો લેખ પૂર્ણ કર્યો હોય. એવા સમયે ત્યાં ન તો કોઈ ઉત્તમ સગવડતા હોય છે, ન માહોલ. છતાં અંદરનો ધક્કો, પ્રેરણા કે બળ જ સર્જન માટે કારણભૂત બને છે. અને એટલે જ આજે ત્રીસેક વર્ષોના લેખન અનુભવ પછી પણ ક્યારેક મારી કલમ અટકી જાય છે. શબ્દો જડતા નથી. શૂન્ય અવકાશથી મન ભરાઈ જાય છે ત્યારે મારા ગીરનાર સ્કુટરની પાછળની સીટ પરથી મા. ઉમાશંકરભાઈ જોશીએ ઉચ્ચારેલ શબ્દો મારા કાનોમાં પડઘો બની અથડાવા લાગે છે. 'મહેબૂબભાઈ, લેખન એ કલા છે. ઈશ્વરદત્ત છે. ઈશ્વર લખાવે છે ત્યારે જ હું લખું છું.' ✷ ✷ ✷

સુકુન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર. મો.૦૯૮૨૫૧૧૪૮૪૮.

આવકાર

'શાશ્વત ગાંધી'

જ્યારે ગુજરાતી સામયિકોનો નાભિશ્વાસ ચાલી રહ્યો હોય એવા સમયે માત્ર 'ગાંધીજી' ઉપર જ સામયિક શરૂ કરવું એ પારાવાર હિંમત અને ગાંધી વિચારની નિષ્ઠાની ઘટના છે.

નિષ્ઠાવાન ગાંધીવાદી શિક્ષણકાર શ્રી રમેશ સંઘવીના તંત્રી સ્થાને કચ્છ-ભૂજથી અક્ષરભારતી-(૦૨૮૩૨-૨૫૫૬૪૯) પ્રકાશન દ્વારા આ સામયિક શરૂ થયું છે. અત્યાર સુધી નિયમિત ત્રણ અંકો પ્રગટ થયા છે. ત્રણે અંકો ગાંધી વિચાર અને ગાંધી સાદાઈથી સમૃદ્ધ છે.

આવા ઉત્તમ સામયિકને પ્રોત્સાહન આપવાની પ્રત્યેક ગુજરાતી ભાષીની ફરજ છે.

તંત્રી અને પ્રકાશન સંસ્થાને અભિનંદન–ધન્યવાદ.


–તંત્રી

જૈન પ્રતીક

❑ સંકલન–કિશોર જે. બાટવીયા

'પ્રતીક' એટલે સંકેત–ચિહ્ન કે ઓળખ ચિહ્ન. પ્રત્યેક રાષ્ટ્ર, સંપ્રદાય કે સંસ્થાને પોતાનું પ્રતીક હોય છે. જૈન સમાજનું ચૌદ રાજલોક આદિ આલેખનું પ્રતીક ભગવાન મહાવીર સ્વામીના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે સર્વ ફિરકાઓએ સાથે મળીને યોજેલ છે કે જે બધાં જ જૈનોને માન્ય છે.

જૈન–પ્રતીક ઓળખ ચિહ્ન હોવા ઉપરાંત જૈનત્વનો ટૂંકામાં છતાં સ્પષ્ટ ખ્યાલ આપે છે. આ પ્રતિક ચૌદરાજલોકની આકૃતિમાં સિદ્ધશીલા, રત્નમયી, સ્વસ્તિક, અહિંસા, ધર્મલાભ બક્ષતો હસ્ત અને છેલ્લે તત્ત્વાર્થ સૂત્રનું તત્ત્વ ચિંધતું સૂત્ર–પરસ્પરોપગ્રહો જીવાનામ્ આલેખાયેલ છે. આ સૂત્રનો ભાવાર્થ એટલે જૈન દર્શનના મુખ્ય સિદ્ધાંતો અને આદર્શ શ્રાવક–જીવનની રીતિ–નીતિ એમાં દર્શાવવામાં આવેલ છે.



હવે એ પ્રતીકનું જરા વધારે વિગતથી દર્શન કરી અને એનો સૂક્ષ્માર્થ વિચારીએ. ચૌદ રાજલોક એટલે આ છ (૬) દ્રવ્યો માટેનું સ્થાન. (૧) ધર્માસ્તિકાય ગતિમાં સહાયક થાય (૨) અધર્માસ્તિકાય સ્થિરતા કરવામાં સહાયક થાય (૩) આકાશાસ્તિકાય ખાલી જગતની (૪) પુદ્‌ગલને પરમાણુઓ (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ) (૫) કાલાસ્તિકાય-કાલ સમય, મુહૂર્તો આદિ (૬) જીવાસ્તિકાય– સિદ્ધો અને સંસારી જીવોનું સ્થાન. આ પ્રમાણે ચૌદ રાજલોકમાં ઉપરોક્ત છ (૬) દ્રવ્યો રહેલા છે.

રાજલોકની ચારે બાજુ તેનાથી અનંતગણો અલોક રહેલો છે. પણ તેમાં ફક્ત આકાશાસ્તિકાય જ છે. જૈન દર્શન અનુસાર આ જગત લોક–અલોક રૂપ છે. લોક ત્રણ વિભાગમાં ઉર્ધ્વ, અધો અને તીર્છામાં વહેંચાયેલો છે. ઉર્ધ્વલોકમાં દેવલોકાદિનો વાસ છે. તેની ઉપર સિદ્ધશિલા અને અંત ભાગમાં સિદ્ધોના જીવો રહેલાં છે. મધ્ય (તીર્ચ્છા) લોકમાં જ્યોતિષચક્ર દ્વિપો, સમુદ્રો વિગેરે આવેલા છે. એમાં જ જંબુદ્વિપ આવેલ છે જેમાં આપણે રહીએ છીએ. અધોલોકમાં સાત નારકો આવેલ છે.

ઉપરોક્ત ચૌદ રાજલોકમાં મધ્યભાગમાં એક ત્રસનાડી આવેલ છે જેમાં ત્રસજીવો (બે ઈન્દ્રિય–તે ઈન્દ્રિય, ચઉરિંદીય અને પંચેન્દ્રિય જીવો) રહે છે. બાકીના ત્રસ નાડીની બહારના ભાગમાં ફક્ત એકેન્દ્રિય જીવો રહે છે. આ બાબતો સર્વજ્ઞ-કથિત હોવાથી અને કેવળજ્ઞાન પામી તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના હિતાર્થે દેશના દ્વારા બતાવેલ છે. જે ગણધર ભગવંતોએ દ્વાદશાંગી સૂત્રરૂપે રચેલ છે. પછી તેમની પરંપરામાં થયેલ આચાર્યાદિ સાધુ-ભગવંતોએ પ્રકરણ આદિ રૂપે સૂત્રોમાં સામાન્ય જીવના બોધ માટે રચના કરી છે. જે બધું આગમ ગ્રંથોમાં ગ્રંથિત છે. ઉપરોક્ત બાબતો દ્વારા વિશ્વનું વિશિષ્ટ દર્શન કરાવતું જૈન પ્રતીક કેટલું સૂચક છે. એનો વાચકોને ખ્યાલ આવી શકશે.

આ જૈન પ્રતીકમાં ઉપર વર્ણવેલ ચૌદ રાજલોકને મથાળે સિદ્ધ-શીલાનો અર્ધચંદ્રાકાર દર્શાવ્યો છે. જેની થોડી ઉપર સિદ્ધ ભગવંતોના વાસ હોય છે. જીવ જ્યારે સર્વ કર્મોને ખપાવે છે, કર્મોથી મુક્ત થાય છે ત્યારે સિદ્ધ બને છે અને મોક્ષગતિ પામી સિદ્ધશીલાની ઉપર એક યોજનને અંતે આવેલ, લોકાગ્રભાગે બિરાજે છે. સર્વે જીવો અનંતકાળ સુધી સંસારમાં રખડે છે, પરંતુ મનુષ્ય ભવ પામતાં અને સમ્યગ્‌દૃષ્ટિ બનતાં ધર્મ-માર્ગે વળે છે અને સંયમ-તપાદિ દ્વારા કર્મો ખપાવી મુક્તિ ભણી પ્રયાણ કરે છે, સિદ્ધ બને છે.

એ જાણવું રસપ્રદ બનશે કે પ્રતીકમાં દર્શાવેલ સિદ્ધશીલાના સાંનિધ્યમાં આજ સુધીમાં અનંત જીવો કર્મ-મુક્ત બની, સિદ્ધગતિ પામ્યા છે અને તેજમાં તેજ ભળે તેમ આત્મ-રમણતામાં લીન બની અનંતસુખમાં ત્યાં બિરાજે છે. પ્રસ્તુત સિદ્ધશીલા સ્ફટિક રત્નમય અને અર્ધચંદ્રાકારે રહેલી છે. જે પ્રતીકમાં સ્પષ્ટ છે.

જૈન પ્રતીકમાં અર્ધગોળ નીચે રત્નત્રયીની સૂચક ત્રણ ઢગલીઓ બતાવેલ છે. તે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રરૂપી ત્રણ રત્નો સમી ઘણી જ સૂચક અને શાસ્ત્રોક્ત છે. એની વિગતો વિચારીએ તો સમ્યગ્‌દર્શન એટલે વીતરાગ કથિત શાસ્ત્રોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવી. એ શ્રદ્ધા વિના સમ્યગ્‌જ્ઞાન સાચું જ્ઞાન થતું નથી અને સાચા જ્ઞાન વિના સદાચરણ (સમ્યક્‌ચરિત્ર) આવતું નથી અને તે વિના મુક્તિ મળતી નથી. આ રીતે પ્રતીકમાં રત્નત્રયી આલેખેલી છે. એ રત્નત્રયીની પ્રાપ્તિ વિના જીવાત્મા મોક્ષ પામતો નથી. માટે જ વીતરાગ પરમાત્માએ જે સિદ્ધાંતો અને શાસ્ત્રો કથેલ છે તેમાં પૂરી શ્રદ્ધા રાખી, પૂરું જ્ઞાન (ખ્યાલ મેળવી), જીવનમાં જે ઉતારે (સમ્યક્ ચરિત્ર) તે આત્મા ધન્ય બને છે અને અંતે મુક્તિ પામે છે.

ઉપરોક્ત રત્નત્રયી પ્રતીકમાં દર્શાવવા પાછળ એ પણ રહસ્ય રહેલું છે કે ચૈત્યવંદન કરતી વખતે કે અન્ય ધર્મક્રિયામાં પણ અક્ષતની ત્રણ ઢગલીઓ કરી, જિજ્ઞાસુ આત્મા રત્નત્રયી માટે પ્રાર્થના કરે છે. પૂ. વીરવિજયજી મહારાજશ્રીએ પણ શ્રી મહાવીર પરમાત્માના એક સ્તવનમાં ત્રણ રતન મુજ આપો તાતજી એવી માંગણી કરી છે. આવી માંગણી કરવાનો હેતુ રત્નત્રયી પામી (સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન–સમ્યગ્ ચારિત્ર) કર્મથી મુક્ત બની આત્મા મુક્તિ તરફ પ્રયાણ કરે છે. આ રીતે પ્રતીકમાં ત્રણ ઢગલીઓ સૂચિતાર્થ છે જે પ્રતીકનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવા આવશ્યક બને છે. એટલે જ પ્રતીકને દરેક જૈને અપનાવવું જ જોઈએ.

ત્યારબાદ પ્રતીકમાં સ્વસ્તિકનું ચિહ્ન આલેખેલું છે. પ્રતીક અષ્ટમંગલમાં મંગળરૂપે છે. એના દર્શનને સહારે માનવી મંગલ કાર્યો કરવા પ્રેરાય છે. ઈન્દ્રાદિ દેવો પણ ભગવંતની આગળ અષ્ટમંગળ આલેખે છે. તો માનવીએ તો વિશિષ્ટ લાભ માટે આલેખવો સ્વભાવિક બને છે. ઉપરાંત આ સ્વસ્તિકમાં બીજો અર્થ પણ સૂચિત છે. સંસારમાં જીવાત્મા રખડતો રખડતો ચાર ગતિમાં (મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકી) પસાર થતો હોય છે. આ રીતે ભવભ્રમણ કરતો જીવ અંતે કર્મો ખપાવી ચારે ગતિમાંથી મુક્ત થઈ મોક્ષ પામે છે.

મનુષ્ય ભવની મહત્તા એ કારણે છે કે આ ભવમાં સહજ રીત મનન, વાચન, સત્સંગ કે ગુરુદેવના ઉપદેશથી માનવી રત્નત્રયી પ્રાપ્ત કરે છે અને પછી મુક્તિ માર્ગે આગળ વધે છે. જ્ઞાનીઓએ તો અનેકવાર કહ્યું છે કે મનુષ્યભવ સિવાય મુક્તિ નથી. માનવી મનુષ્યભવમાં કષાયાદિથી ઘેરાયેલો હોય છે. પણ સદ્ગુરુના ઉપદેશથી તપ-સંયમાદિ અનુષ્ઠાનો દ્વારા કર્મો ખપાવવાની તક મનુષ્યભવમાં જ મળે છે. અને તો જ જીવાત્મા કર્મોથી મુક્ત થઈ મોક્ષ ગતિ પામે છે. અત્યાર સુધી અનંત તીર્થંકરોએ અને મુમુક્ષુ-આત્માઓએ આ માર્ગે જ મનુષ્ય ભવમાં મોક્ષ મેળવ્યો છે.

દેવગતિમાં ભલે વૈભવ વિલાસ અને આનંદ-પ્રમોદની સામગ્રી સાંપડે. પણ (સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન હોવા છતાં) સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. મુક્તિ માટેનો યોગ મળતો નથી. એટલે મોક્ષ પામતા નથી. એટલે જ દેવો પણ મનુષ્ય ભવ મેળવવા લલચાય છે.

તીર્યંચ અને નારકીના જીવો તો દુઃખમાં એટલા બધાં સંડોવાયેલા, ઘેરાયેલા હોય છે કે તેમને ધર્મક્રિયા કરવાનું સૂઝે જ નહિ તો મુક્તિ તો ક્યાંથી જ પામે ? એટલે કર્માધિન તીર્યંચને નારકના જીવો માટે રત્નત્રયી કે મુક્તિ શક્ય જ નથી.

પછી પ્રતીકમાં અહિંસા, કેન્દ્રસ્થ રાખી, ધર્મહસ્ત આલેખાયેલ છે. જે હસ્ત ધર્મલાભ કે આશીર્વાદ બક્ષે છે. આ પુન્યવંતો પંજો જીવાત્માને ધર્મ, નીતિ અને સચ્ચાઈનો માર્ગ ચીંધતો માનવીને ધર્મ માર્ગે વળવા નિર્દેશ કરે છે.

પાસ્તુ ધર્મહસ્તમાં અંતર્ગત છે-અહિંસા. જૈન ધર્મ અને અન્ય દર્શનો અહિંસા પરમોધર્મના સૂત્રોચ્ચાર સાથે જીવનને ધન્ય બનાવે છે. એક દૃષ્ટિએ વિચારીએ તો પાંચ મહાવ્રતોમાં અહિંસાનું પ્રથમ સ્થાન છે. એટલે પહેલે પ્રાણાતિપાત વિરમણ વ્રતનું મહત્વ ઘણું જ છે. પરંતુ ખૂબી એ છે કે અહિંસા વ્રતના સવિશુદ્ધ પાલનમાં બીજા વ્રતો પણ સમાઈ જાય છે. પાંચે મહાવ્રતોનો અહિંસામાં સમાવેશ થઈ જાય છે. પાંચે મહાવ્રતોનો અહિંસામાં સમાવેશ થઈ જતો હોઈ પ્રતીકમાં માત્ર અહિંસાનો જ નિર્દેશ કર્યો છે.

આ બાબત જરા વિગતથી વિચારીએઃ અહિંસા પાળનાર વ્યક્તિ કદી જૂઠું બોલશે નહીં. જૂઠું બોલે તો કંઈક ખોટું કરવાનું બને અને તેથી અહિંસાવ્રત સચવાય નહિ. એટલે અહિંસામાં સત્યવ્રત સમાઈ જાય છે. બીજે મૃષાવાદ વિરમણ વ્રત આમ અહિંસા અંતર્ગત થઈ ગયું.

હવે વાત આવી અદત્તા દાનની. ત્રીજે અદત્તાદાન વિરમણવ્રત. માનવી ચોરી કરવા વિચારે એટલે અનિચ્છનીય પ્રવૃત્તિ કરવી પડે. ધનના વિનાશમાં માનવી પ્રાણત્યાગ (આત્મહત્યા) પણ કરે. ચોરી કરતાં કોઈની હત્યાનો પણ સંભવ છે. માટે ચોરી કરનારથી અહિંસાવ્રત સચવાય નહિ. આ રીતે અહિંસાવ્રતમાં અદત્તાદાન વિરમણ નામના વ્રતનો પણ સમાવેશ થઈ જાય છે. હવે આવી ચોથા મૈથુન વિરમણ વ્રતની વાત. ચોથા મૈથુનમાં શારીરિક રીતે નારીના સંયોગમાં અનેક બે ઈન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોનો નાશ થાય છે. માનવીનું ચિત્ત આત્મભાવથી વિમુખ બની પૌદ્ગલિક ભાવમાં આસક્ત બને છે. જીવાત્મા આત્મગુણથી ભ્રષ્ટ બની અહિંસા કરવા સાથે અન્ય જીવોનો પણ હિંસક બને છે.

પરસ્ત્રીગમનને કારણે વિશ્વ વિજયી રાજા રાવણ જેવા સમર્થ પુરુષનો પણ સમુળો નાશ થયો આથી વિશુદ્ધ બ્રહ્મચર્ય વ્રતના પાલનમાં અહિંસા રહેલી છે. અહિંસાના વિશુદ્ધ પાલનમાં આ રીતે બ્રહ્મચર્ય વ્રત પણ સમાઈ જાય છે. હવે વાત આવી છેલ્લા પાંચમા મહાવ્રત પરિગ્રહ વિરમણ વ્રતની. આ છે અપરિગ્રહ વ્રત. પરિગ્રહ આસક્તિ વધારે છે. ધન મેળવવા માટે અનેક પ્રકારની કુટિલ નીતિ અપનાવી પડે છે. ગમે તેવું સાચું જૂઠું બોલી અનેક વસ્તુઓ મેળવવાની ઘેલછામાં અનેક પ્રકારના અસત્યનો આશરો લેવો પડે. હિંસાદિ પણ કદાચ આચરવી પડે. મેળવેલ ધનના રક્ષણ માટે અનેક પ્રકારનું દુર્ધ્યાન કરવું પડે. હિંસા પણ કરવી પડે. એટલે સવિશુદ્ધ અહિંસા પાળી શકાય નહીં માટે જ અહિંસામાં અપરિગ્રહ વ્રતનો પણ સમાવેશ થઈ જાય છે. એટલે જ જ્ઞાની પુરુષોએ અહિંસા મહાવ્રતના સુવિશુદ્ધ રક્ષણ માટે જ પાંચ મહાવ્રતોનું શુદ્ધ પાલન કરવાનું જણાવેલ છે.

આ રીતે અહિંસા વ્રતમાં પાંચેય મહાવ્રતોનો સમાવેશ થઈ જાય

છે. એટલે જ આપણાં જૈન પ્રતીકમાં અહિંસા દ્વારા પાંચ મહાવ્રતો પ્રતિબિંબિત થતાં જણાય છે.

છેલ્લે પ્રતીકના છેડે તત્ત્વાર્થાધિગમ સૂત્રનું મહત્ત્વનું પરસ્પરોપગ્રહો જીવાનામ મૂક્યું છે. એનો અર્થ ભલે ટૂંકામાં જીવોનો એકબીજા પ્રત્યે પરસ્પર ઉપકાર છે એમ થતો હોય; પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારીએ તો આ સૂત્રમાં જગતનો સર્વ જીવો પ્રત્યે આત્મભાવ-મૈત્રીભાવ બતાવ્યો છે. તેના આચરણમાં વાસ્તવિક સાચો સમાજવાદ સામ્યવાદનો પૂર્ણ હેતુ સચવાય છે.

એટલે કહેવાનું મન થાય છે કે આપણા જૈન ધર્મના મહત્વના સિદ્ધાંતોને આલેખતું આ જૈન પ્રતીક સર્વ કોઈ (જૈન) અપનાવે અને એને પગલે પગલે અનુસરતાં જીવનમાં ઉતારી પ્રત્યેક નાના મોટા પ્રસંગોએ મહત્વ વધારે! એનો સદુપયોગ કરે અને એનાં ઉપયોગ દ્વારા જગતને જૈનત્વનું ભાન કરાવે.

આવું સુંદર (સિદ્ધાંતોમાં) પ્રતીક જે સ્યાદ્‌વાદ શૈલીમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ ધરાવે છે. અને સર્વ સંપ્રદાયોમાં ઐક્યનો ધ્વજ ફરકાવે છે. એવા જૈન પ્રતીકને વંદન કરીએ અને એના પગલે પગલે ચાલી એને જીવનમાં અપનાવી ઉતારી જૈનમ્ જયતિ શાસનમ્નો જયનાદ ગજવીએ. ✷ ✷ ✷

રવિ ફ્લેટ્સ. એ/૧/એસ, પાન વાડી, ટેલિફોન એક્સચેન્જની બાજુમાં, ભાવનગર-૧.

જૈન સિદ્ધાંતોનો સાક્ષરી અભ્યાસ – એક નવો અભિગમ

□ શ્રી દિલીપભાઈ વી. શાહ

જૈન ધર્માનુરાગી અમેરિકા ખાતે JAINAના ભૂતપૂર્વ પ્રમુખ અને ISJSની ગવર્નિંગ કાઉન્સીલના સભ્ય છે

આજની પ્રજા ભલે કદાચ પાઠશાળામાં જતી હોય અને વડીલો સાથે મંદિરોમાં પણ જતી હોય તેમ છતાં તેમનો મોટા ભાગનો લખવા-વાંચવાનો વ્યવહાર તો અંગ્રેજી ભાષામાંજ થઈ ગયો છે. જેમ તેઓ પુખ્ત વયમાં આવતા જાય, તેમ ફક્ત મંદિરમાં કહેવા ખાતર જ જતા હોય છે. શિક્ષણ પૂરું થતાં તો મંદિર જવાનું પણ ઓછું થાય અને તેઓની ધર્મના વારસા બાબતમાં જાણકારી મેળવવાની ઉત્સુકતા તો રહેતી જ નથી. વર્ષમાં એકવાર કહેવા ખાતર જ સાંવત્સરિક પ્રતિક્રમણ કરતા હોય છે.

આની પાછળનું કારણ મુખ્યત્વે એ છે કે આજની પ્રજા વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચાર કરતી વધુ જણાય છે અને સાબિતી વગર કશું માનવા તૈયાર થતી નથી. બીજું તેમને તેમની ભાષામાં જ એટલે કે અંગ્રેજીમાં જ બધું સમજવું હોય છે જે આજે બહુ જવલ્લે મળે છે. આ હિસાબે તો ધીરે ધીરે આ વૈજ્ઞાનિક યુગમાં જૈન ધર્મ માનવાવાળો વર્ગ ઓછો થતો જશે. આનો રસ્તો ફક્ત એક જ છે અને તે એ કે તેઓને જૈન ધર્મ વિષે સાક્ષરી અભ્યાસ કરાવવાનો, અને તે પણ અંગ્રેજીમાં અને તર્કશાસ્ત્રની પદ્ધતિસરના શિક્ષણથી.

આજે અંગ્રેજીમાં આ રીતે શિક્ષણ આપવાવાળા સાક્ષરો પુરતા નથી. પચાસથી સો વર્ષો પૂર્વે પરદેશથી ભારત આવી જૈન ધર્મનો અભ્યાસ કરવાવાળા અને શોધખોળ કરવાવાળા હતા પરંતુ આજે અંગ્રેજીમાં શિક્ષણ આપવાવાળા ઘણા જ ઓછા છે. હા, લાડનુમાં પદવી સમારંભમાં મુંબઈ અને મદ્રાસ યુનિવર્સિટી તરફથી આ પદવી આજે પણ અપાય છે. આ જુવાળને પાછો વાળવા દિલ્હીમાં એક અનોખો પ્રયત્ન કરવાનું બીડું ઝડપ્યું છે. એક જૈન ધર્મના શિક્ષણ માટેની ISJS સ્કૂલે અનોખો પ્રયોગ શરૂ કર્યો છે. દુનિયાભરની વિદ્યાપીઠો સાથે અનુસંધાન સાધી જૈન ધર્મનો ફેલાવો કરવાનો આ પ્રયત્ન છે. ISJS તરફથી ઘણા ઓછા ખર્ચે અથવા વગર ખર્ચે પરદેશના વિદ્યાર્થીઓ માટે જૈન ધર્મના અભ્યાસ માટેનો આ પ્રયત્ન છે.

ઈશ્વરજ્ઞાન માટેની ક્લેરમોન્ટની શાળા (કેલિફોર્નિયાની મેથડીસ્ટ વિદ્યાપીઠ)માંએક બ્રીએન એમ.એ.ની પદવી માટેનો અભ્યાસ કરતા હતા. તેઓને પ્રાણીઓના હક વિષે જાણવાનો ઘણો રસ હતો અને તેમણે શોધ્યું કે દુનિયાના બધા ધર્મો કરતાં જૈન ધર્મએ પ્રાણીઓના હક વિષે ઘણો અભ્યાસ કર્યો છે તેથી તેઓએ ભારતમાં આવી ૨૦૧૦ના ઉનાળામાં છ અઠવાડિયા રહી ISJS નો અભ્યાસક્રમ પતાવી જૈન ધર્મ પ્રત્યે અઢળક પ્રેમ પામી પરત ગયા. ત્યાં જઈ વિદ્યાપીઠના અધિકારીઓને મળી જૈન ધર્મ વિષેનો અભ્યાસક્રમ પણ દાખલ કરાવ્યો અને એક દાતાએ તો પાંચ કરોડ ડૉલરનું દાન પણ દુનિયાભરના ધર્મોના શિક્ષણ માટે આ વિદ્યાપીઠને આપ્યું. મે ૨૦૧૧માં એ વિદ્યાપીઠે Claremont Lincoln University સ્થાપી સૌ પ્રથમ જૈન ધર્મના શિક્ષણની શરૂઆત પણ કરી. M.A. અને Ph.D. ના શિક્ષણની પણ તૈયારી કરવા માંડી છે.

આ પહેલને આપણે સહકાર આપવો જ જોઈએ. MITએ તો on line ઈન્જિનિયરીંગનું શિક્ષણ ચાલુ કર્યું છે અનેClaremont Lincoln વિદ્યાપીઠ ધર્મની MIT બનવા માંગે છે. Online શિક્ષણ માટે કોઈપણ પાસવર્ડ કે રજિસ્ટ્રેશન વગેરે રાખ્યા વગર Onlineના અભ્યાસક્રમ ઘડવા માટે જૈનોને આમંત્રણ પણ આપ્યું છે.

આ on line શિક્ષણના અનેક ફાયદા તો ભવિષ્યમાં જ જણાશે. ISJSને ભારતમાંથી આ યોજના અથવા કાર્યક્રમને આગળ ધપાવવા માટે વિદ્વાનો પાસેથી ઘણી અપેક્ષાઓ છે.

દિલીપ વી. શાહ
ભૂતપૂર્વ પ્રમુખ
ગવર્નીંગ કાઉન્સીલના સભ્ય
મોબાઈલ નં. ૯૬૧૯૩૩૧૯૨૫.E-mail : dilipvshah@gmail.com

ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ

❑ કાકુલાલ સી. મહેતા

બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦માં અમલમાં આવેલો જે ગુજરાતમાં પણ હમણાં સુધી ચાલુ હતો. હાલમાં ગુજરાત સરકારે ગુજરાત પબ્લિક ટ્રસ્ટ બિલ નં. ૨૫ તા. ૨૩-૦૩-૨૦૧૧ના રોજ કોઈ પણ ચર્ચા વગર પાસ કરી લીધેલ છે. ગવર્નરે ૦૬-૦૬-૨૦૧૧ના રોજ સહી કરી આપી મંજૂર કરેલ છે. પણ ક્યારે અમલમાં આવશે તેની તારીખ જાહેર થઈ નથી. આમ તો માનવામાં આવે છે કે મુંબઈ-ગુજરાતનું સંયુક્ત રાજ્ય હતું ત્યારે બનેલા કાયદાને હવે ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૨૦૧૧ તરીકે રજૂ કરવામાં આવેલ છે પરંતુ તેમાં ૩૩ નવી કલમો ઉમેરવામાં આવી છે. કેટલોક વિરોધ પણ થયો છે પણ અપુરતો ગણાય. આ એક્ટ ફક્ત ગુજરાતને જ લાગુ પડશે. પૂરા ભારતમાં જેટલા ટ્રસ્ટો છે તેમાં કદાચ ગુજરાતમાં સૌથી વધારે છે, લાખોની સંખ્યામાં છે. ગુજરાતીઓના કેટલાક ટ્રસ્ટો મુંબઈમાં પણ છે તેમને પણ, ગુજરાતમાં પ્રવૃત્તિ કરતા હોય તો લાગુ પડશે. જે નવી કલમો ઉમેરવામાં આવી છે તેની ઘણી જ માઠી અસર સમાજ ઉપર થવાની છે એ વાતને ખ્યાલમાં રાખી સંયુક્ત અને સામૂહિક રૂપે સત્વર પગલાં ભરવાની જરૂરત છે. સમયસર પગલાં ભરવામાં ન આવે તો પસ્તાવાનો વખત આવશે અને બાજી હાથમાંથી જતી રહેશે.

આ પ્રશ્ન કાયદા કાનૂનનો છે અને ટ્રસ્ટોને લાગુ પડે છે એટલે અપેક્ષા રહે છે કે બધા જ ટ્રસ્ટો સ્વતંત્ર અને વિશેષે સામૂહિક રૂપે એનો વિચાર કરશે. કાનૂન અંગે અહીં વિચારણા કરવાનો ઈરાદો નથી પરંતુ બે-ચાર કલમો એવી છે કે જેનો ઉલ્લેખ કરીને મારા વિચારો પ્રસ્તુત કરવા ચાહું છું.

ચેરિટી કમિશ્નર, ડેપ્યુટી ચેરિટી કમિશ્નર, આસિસ્ટંટ ચેરિટી કમિશ્નરની નિમણુંક અંગે (કલમ ૫) અને ચેરિટી કમિશ્નરની ઑફિસનો તમામ ખર્ચ જેમ કે પગાર, પેન્શન, એલાવંસ વગેરે ફાળાની રકમમાંથી આપવામાં આવશે. (કલમ ૯) અને અત્યારે ટ્રસ્ટે ફાળામાં આપવાની મર્યાદા ૨% છે તે વધારીને ૫% થશે. અને ફાળાની રકમ વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- છે તે હટાવી લેવામાં આવશે. (કલમ ૮૨).

આગળ વાત કરતાં પહેલા ટ્રસ્ટ વિષે વિચારીએ. હાલ ટ્રસ્ટો બે પ્રકારના બની ગયા છે. અગાઉના ટ્રસ્ટોની પાછળ સેવાની ભાવના હતી. આજે પણ એવા ઘણાં બધા ટ્રસ્ટો છે જે એજ ઈરાદાથી કામ કરે છે. પરંતુ ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધી જ્યારે વડા પ્રધાન બન્યા ત્યારે કોંગ્રેસ અધિવેશનને સંબોધતી વેળાએ કહેલું કે ગરીબો માટે ફાળવેલ નાણાંમાંથી ભાગ્યે જ એક રૂપિયામાંથી પંદર પૈસા ગરીબોને પહોંચે છે તેથી આવું કામ એન. જી. ઓ. (નોન ગવર્નમેન્ટ ઑર્ગેનિઝેશન)ને સોંપવું જોઈએ. (હું આને સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા કહું છું.) આ પ્રસ્તાવનો લાભ લઈને સરકારી નેતાઓ અને મળતિયાઓએ મળીને મહામૂલી જમીન મફતમાં ભેટ રૂપે કે નજીવી કિંમતે મેળવી અને એનો ઉપયોગ મોટી શાળા કે કૉલેજો કે હૉસ્પિટલ માટે કર્યો, ૧૦૦% કરમુક્તિ મેળવી અને વ્યવસાયિક સંસ્થાઓ બનાવી કેટલો લાભ મેળવ્યો છે અને મેળવી રહ્યા છે એ તદ્દન સ્વતંત્ર શોધખોળનો વિષય બની ગયો છે. આવી સંસ્થાઓ ફક્ત ધનવાનો માટે જ ઉપયોગી છે. આવા ટ્રસ્ટો ઉપર કડક નિયમો જરૂરી સમજી શકાય પણ સેવાભાવે અને વ્યવસાયિક ભાવે, નિસ્વાર્થ ભાવે અને સ્વાર્થ ભાવે કામ કરતા ટ્રસ્ટોને એક સમાન ન જ ગણી શકાય. અલગ કરવા જોઈએ. બન્નેના નિયમો એક સમાન ન હોય શકે.

જે ટ્રસ્ટો કેવળ કે મહદ્ અંશે દાન ઉપર નિર્ભર રહે છે તેમને ઈન્કમ ટેક્સની ૮૦જી કલમ મુજબ કરમુક્તિ આપવામાં આવે છે. જે નજીવી ગણાય અને દાતાને એથી ભાગ્યે જ કંઈ લાભ મળે છે. નાના નાના દાતાઓ જેની આવક કરમુક્ત મર્યાદામાં છે તેમને તો કોઈ લાભ મળતા જ નથી અને એમને કોઈ સર્ટિફિકેટની જરૂર પણ નથી. એક દૃષ્ટાંત જોઈએ. કોઈ વ્યક્તિ રૂપિયા એક લાખનું દાન આપે તો કલમ ૮૦જી મુજબ અંદાજે રૂા. ૧૫૦૦૦/-નો ટેક્સ બચે. બીજી રીતે જોઈએ તો રૂપિયા એક લાખનું દાન કરનાર રૂા. ૧૫૦૦૦/- સરકારને બદલે સંસ્થાને આપે છે તો સાથે સાથે બાકીના રૂા. ૮૫૦૦૦/- પોતાની આવકમાંથી આપે છે. આટલું દાન એ શા માટે કરે છે? પોતાના ભલા માટે નહિ પણ અન્ય જરૂરિયાતમંદના લાભાર્થે કરે છે. આ રૂા. ૧૫૦૦૦/- સરકારને ભર્યા હોય તો, ઉપર લીધેલ નોંધ મુજબ રૂપિયે ૧૫ પૈસા ગરીબોને પહોંચતા હોય તો રૂા ૧૫૦૦૦/-ના ૧૫% લેખે રૂા. ૨૨૫૦/- ગરીબો માટે વપરાય. માની લો કે કરભાર રૂા. ૩૦૦૦૦/- છે તો પણ ગરીબોને ભાગે રૂા. ૩૦૦૦૦/- માંથી રૂા. ૪૫૦૦/- જ આવવાના. આમ આ રીતે અપાતું દાન સંપૂર્ણ કર મુક્ત કરવામાં આવે તો સરકારને કોઈ નુકશાન નથી અને એની પાછળ કરવી પડતી મહેનત અને માનવ શક્તિની બચત થાય છે.

આગળ જોઈએ. રૂા. ૧,૦૦,૦૦૦/- કે ગમે તેટલી મોટી રકમ દાનમાં આપવામાં આવે તો સરકારને કોઈ નુકશાન થતું નથી અને જે કામ કરવાની ફરજ સરકારની છે તે કામ સેવાભાવી સંસ્થાઓ અને દાતાઓ કરે છે અને તે પણ સીધે સીધી ત્વરિત અને સફળતાપૂર્વક. તો દાન ગમે તેટલું મોટું હોય, દાનની પૂરી રકમ કરપાત્ર

આવકમાંથી બાદ મળવી જોઈએ. આ તદ્દન સરળ અને સહજમાં સમજાય એવી કોમનસેન્સની વાત છે. એવી દલીલ કરવામાં આવે છે કે દાનમાં અપાતી રકમ કાળા બજારની છે. આ દલીલનો સ્વીકાર કર્યા વગર પણ કેવળ દલીલને ખાતર એમ માની લેવામાં આવે કે એ રકમ કર ભર્યા વગરની છે તો પણ આટલું તો સ્પષ્ટ છે કે કર ઉપરાંત બાકીની ૭૦% થી ૮૫% જેટલી રકમ દાતા પોતાની આવકમાંથી આપે છે અને તે પણ જે કામ સરકારે કરવાની ફરજ છે તેને બદલે દાતા સ્વેચ્છાએ કરે છે. આમ દાન ગમે તે રીતે અપાયું હોય એના ઉપર કોઈ પણ જાતનો કર કેવળ અન્યાય ગણાવો જોઈએ, બીજું કંઈ નહિ.

'ગરીબોના લાભાર્થે સાર્વજનિક કે સામાજિક વિતરણ વ્યવસ્થાની આવશ્યકતા છે પરંતુ જો પુરતું અનાજ સક્ષમ રીતે પ્રાપ્ત કરવામાં અને વિતરણમાં જે વંચિત વર્ગ માટે એ વ્યવસ્થા કરવામાં આવી છે તેને તે ન પહોંચે અને વચગાળિયા એમાંથી આર્થિક લાભ ઊઠાવે તો તે ગળામાં ઘંટીનું પડ બંધાયા જેવું બની જાય છે.

...જેના માટે સસ્તું અનાજ પહોંચાડવાની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે તેમાંથી અંદાજ ૫૮% એમને પહોંચતું જ નથી. એમાંથી ૩૬%થી વધારે અનાજ રસ્તામાં જ ગાયબ થઈ જાય છે.' (નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલની ૫૪મી કૉન્ફરન્સમાં શ્રી પી. ચિદમ્બરમનું–એ સમયના ફાયનાન્સ મિનિસ્ટરનું વક્તવ્ય–ઈંડિયન એક્સપ્રેસ ૨૧-૧૨-૦૭).

'ગરીબો માટે સસ્તા અનાજના વિતરણ અર્થે સરકારે રૂપિયો એક પહોંચાડવા માટે રૂપિયા ૩.૬૫નો ખર્ચ કરેલ છે. કરાયેલી આ તપાસ અંગે લાગતા-વળગતા ખાતા સાથે અને પાર્લામેન્ટમાં પણ ચર્ચા વિચારણા થઈ છે પણ એની પાછળ રહેલ કાર્યક્ષમતાના અભાવ અને ભ્રષ્ટાચારને દૂર કરવાનો કોઈ ઉપાય સૂઝ્યો નથી, કદાચ એ કારણોસર કે જે અનુચિત લાભ ઊઠાવે છે તેની અને વિતરણ વ્યવસ્થાની એજન્સીની દબાવ લાવી શકાય એવી રાજકીય લાગવગ. આ વાત સરકારની બધી જ પ્રવૃત્તિઓને લાગુ પડે છે જેમાં ઉચ્ચતમ શિક્ષણ સંસ્થાઓથી લઈને પ્રાથમિક શાળાઓ સુધી, રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત સંશોધન કરતી હૉસ્પિટલથી લઈને ગામડાની પ્રાથમિક સ્વાસ્થ્ય સેવાના એકમ સુધી અને શહેરો માટેના વિજળીના પ્રસારણથી લઈને ગામડા કે જ્યાં વિજળી પહોંચી જ નથી એ બધાને લાગુ પડે છે.' (રીઝર્વ બૅન્ક ઑફ ઈંડિયાના માજી ગવર્નર શ્રી બિમલ જાલાનના પુસ્તક 'ઈંડિયાઝ પોલીટીક્સ'માંનો ઉતારો–પ્રકાશિત થયું ૨૦૦૭ પાના ૮૦ થી ૮૩.)

રાજીવ ગાંધીની વાત તો ૨૦-૨૫ વર્ષ જૂની છે. ૨૦૦૭માં શ્રી બિમલ જાલાનનું પુસ્તક પ્રસિદ્ધ થયું તેમાં એક રૂપિયાનો લાભ ગરીબને પહોંચાડવા માટે રૂા. ૩.૬૫ના ખર્ચની રીઝર્વ બૅન્કના ગવર્નર તરીકે કરેલા પરીક્ષણ પર આધારીત છે. ત્યાર બાદના ચાર વર્ષોમાં કેટલો ભ્રષ્ટાચાર વધ્યો છે એ તો જગજાહેર છે. હાલમાં વિનિયોગ પરિવારના શ્રી અરવિંદભાઈએ પ્રશ્ન ઊઠાવેલ છે તેનો સાર એટલો જ કે બધા જ ટ્રસ્ટો પર સરકારનો હક્ક બની જશે. સેવાભાવી સંસ્થાઓએ અને એ માટે કામ કરતા નિસ્વાર્થ લોકોએ મને-કમને હટી જવું પડશે અને ધર્મની જે વ્યાખ્યા છે કે અન્યના લાભાર્થે પ્રયાસો કરવા તેને બદલે બધી જ સેવાઓ વ્યવસાયિક બની જશે. લાંબા ગાળે ધર્મનું પતન થશે અને પ્રજા સરકારની ગુલામ બની જશે.

મારી વિનંતિ છે કે દરેક ટ્રસ્ટ આ બાબત ગંભીર બનીને તાત્કાલિક પગલા ભરે. બધા જ ટ્રસ્ટો પોતપોતાનું કામ સ્વતંત્ર રહીને ભલે કરે પણ આ અને આવા બીજા પ્રશ્નો માટે જેમાં બધાનું હિત જળવાય એ માટે એક ફેડરેશન યાને સંઘ રચે. વ્યક્તિગત કે નાની નાની સંસ્થાઓનું કોઈ સાંભળતું નથી માટે સંઘ શક્તિ અત્યંત જરૂરી છે. સુપ્રિમ કોર્ટ સુધી પણ રજૂઆત કરવામાં આવે. જૈન ટ્રસ્ટોને ખાસ વિનંતિ કે ધર્મ નિરપેક્ષ સરકાર લઘુમતિ જૈનોની ધર્મ વ્યવસ્થામાં માથું મારે છે તે, જેમ ઈસ્લામ ધર્મની બાબતમાં કોઈ દખલ નથી કરતી તેમ જૈનોના અને બીજા કોઈ પણ ધર્મોની બાબતમાં દખલ ન કરે.

ટ્રસ્ટીઓ અનુભવી છે. કાનૂનમાં રહેલ ગર્ભિત ભય-સ્થાનોને સમજી શકે છે એટલે વિશેષ નથી લખવું. ટ્રસ્ટોને ખાસ વિનંતિ કે એમણે જે કાંઈ વિરોધ કર્યો હોય કે કરે તે વિષે લેખકને જણાવે તો હું એમનો આભારી રહીશ. આટલું લાંબુ લખાણ કોઈ વર્તમાનપત્ર લે નહિ એટલે ગણ્યા ગાંઠ્યા ટ્રસ્ટોને મોકલાવું છું. શક્ય હોય તો તમારા જાણીતા ટ્રસ્ટો કે ટ્રસ્ટીઓને આની જાણ કરવા વિનંતિ. ✷✷✷

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર–૨,
૧૨૦, ન્યુ લીંક રોડ,
ચીકુ વાડી, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૯૨.
ફોન : ૦૨૨ ૨૮૯૮૮૮૭૮

- *ઈશ્વરની સાથે જેઓ સોદો કરવા માગે છે, તેમની પ્રાર્થના ઈશ્વર સાંભળતો નથી.*
- *ઓછામાં ઓછું કામ કરીને વધુમાં વધુ વળતર મેળવવાની વૃત્તિ સમાજને પતનના માર્ગે લઈ જશે. જરૂર પૂરતું જ લઈને વધુમાં વધુ મહેનત કરવાની વૃત્તિ જ સમાજને આગળ વધારશે.*
- *સાચી લોકશાહી તો ઈશ્વરની જ. પોતાની પ્રજા (મનુષ્ય)ને એણે પોતાનો ઈન્કાર કરવાની પણ છૂટ આપી છે.*
- *હું પાપના પરિણામથી મુક્તિ નથી ઝંખતો, હું તો પાપના વિચારમાંથી જ મુક્તિ ઝંખું છું.*
- *હું બીજાના ગુણોને જ જોઉં છું, હું પોતે ક્યાં દોષરહિત છું કે કોઈના દોષ જોવા જાઉં.*

જયભિખ્ખુ જીવનધારા : ૩૫

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યમાં રાષ્ટ્રપ્રેમ, નારીસ્વાતંત્ર્ય અને શૌર્યભર્યા જીવનનો મહિમા કરનાર સર્જક 'જયભિખ્ખુ'નું ભાવનાવિશ્વ જીવનમાં થયેલા કટુ-મધુર અનુભવોને આધારે ઘડાયું હતું. એમની નારીની સ્થિતિ વિશેની વિચારણા એવી હતી કે કોઈ એમની કથા વાંચીને એમને 'સ્ત્રીના વકીલ' કહે, તોપણ એમને સહેજે વાંધો નહોતો. એમની એ નારીભાવનાના વિચારઘડતરમાં મૂલ્યવાન પ્રદાન કરનાર કેટલીક સ્ત્રીઓનાં ચરિત્રો વિશે જોઈએ આ પાંત્રીસમા પ્રકરણમાં.]

સ્ત્રીનું બેસણું તો જગજ્જનનીના ચોતરા પર

ઈ. સ. ૧૯૩૮માં શોષિત સ્ત્રીજીવનની આઝાદીના પ્રશ્નોની છણાવટ કરતી 'બેઠો બળવો' નામની નવલકથા લખનાર 'જયભિખ્ખુ' એના 'પુરોવચન'માં નોંધે છેઃ

'સીતા અને દ્રૌપદીનો આદર્શ લઈ ખડી રહેલી સ્ત્રીઓને આઝાદીનો સૂર કોણ સંભળાવે?'

દાંસત્વ અને ગુલામીની બેડીઓથી ઘેરાયેલી અને કચડાયેલી નારીની વેદના આલેખતી 'બેઠો બળવો'ની કથામાં લેખકે ભારતીય નારીસમાજની હૃદયદ્રાવક સ્થિતિનું વર્ણન કર્યું છે. એને દર્શાવતા એક ગ્રંથમાં એવો શે'ર પણ ટાંક્યો છે-

એક ઐસા ભી વક્ત હોતા હૈ,
મુશ્કરાહટ ભી આહ હોતી હૈ.

નારી સમાજની આવી પરિસ્થિતિને આલેખતી સામાજિક કથાઓ લખનાર 'જયભિખ્ખુ' 'બેઠો બળવો' પછી અઢારેક વર્ષ બાદ 'દાસી જનમ જનમની : સાથી જનમ જનમના' જેવી કથા આલેખે છે. એમની કથાઓમાં એક બાજુ દુખિયારી નારીની વેદનાનો ચિત્કાર છે, તો બીજી બાજુ તેજસ્વી નારીના પ્રભાવની આગવી મુદ્રા છે. વિદ્યાર્થીકાળમાં તો એમણે દુખિયારી સ્ત્રીઓના જીવનને જોયાં હતાં અને એને પરિણામે એમની પ્રારંભની કથાઓમાં સામાજિક બંધનોમાં બંધાયેલી શોષિત અને વ્યથિત નારીનો ચિતાર મળે છે.

એ પછી ગ્વાલિયર પાસે આવેલા શિવપુરીમાં આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીએ સ્થાપેલી શિવપુરી સંસ્થામાં અભ્યાસાર્થે ગયા. અહીં એમને જર્મન વિદુષી શ્રીમતી શેર્લોટ ક્રાઉઝેનો મેળાપ થયો. એમની સાથે વિદ્યાર્થી જયભિખ્ખુએ જગન્નાથપુરી, ખંડગિરિ, ઉદયગિરિ, ચેન્નાઈ વગેરે સ્થળોનો પ્રવાસ ખેડ્યો. આ જર્મન વિદુષીને બધા શેર્લોટ ક્રાઉઝેના બદલે 'સુભદ્રાદેવી'ને નામે ઓળખતા હતા અને તેઓ જૈન વિદ્યાનો અભ્યાસ કરતાં હતાં. આ વિષયમાં સંશોધન કરીને એમણે ગ્રંથો પણ લખ્યા હતા. વિદ્યાર્થી જયભિખ્ખુને જર્મન વિદુષીના સહવાસને પરિણામે એક અનુભવ થયો કે વિદેશી સંશોધકો કેવી એકલવ્ય જેવી જ્ઞાનપ્રાપ્તિ માટે સાધના-આરાધના કરતા હોય છે. તેઓ પોતાના સંશોધનના વિષયમાં ઊંડા ખૂંપી જતા હોય છે અને એને માટે લાંબા પ્રવાસો ખેડવા પડે અથવા તો કેટલાય માઈલો દૂર જઈને ગ્રંથો મેળવવા પડે તોપણ એનો એમને લેશમાત્ર કંટાળો હોતો નથી.

બીજો અનુભવ એ થયો કે કોઈ પણ વસ્તુનો સ્વીકાર કરતાં પૂર્વે આ વિદેશીઓ એ અંગે ખૂબ વિચાર કરે છે. દલીલો કરે છે, ઊંડી તપાસ કરે છે; પણ એક વાર એ વિચારને અપનાવી લીધા પછી એમાં સહેજે બાંધછોડ કરતા નથી. ભારતમાં કેટલાંય સ્થળોએ પ્રવાસ કરનારાં ડૉ. શેર્લોટ ક્રાઉઝેએ નિરામિષાહાર અપનાવ્યો હતો અને પ્રવાસમાં ઘણી વાર યોગ્ય આહાર ન મળે તો માત્ર ફળ ખાઈને ચલાવી લેતાં હતાં. એવી જ રીતે એમણે જે દિવસે જોયું કે રેશમ બનાવવા માટે ક્રૂર જીવહિંસા કરવામાં આવે છે, એ દિવસથી એમણે રેશમ વાપરવાનું બંધ કરી દીધું; એટલું જ નહીં, પણ એમની પાસે બે મોટી બૅગો ભરાય એટલાં રેશમી વસ્ત્રો હતાં તેમનો પણ કદી ઉપયોગ નહીં કરવાનો નિર્ધાર કર્યો.

આ વાત છે ઈ. ૧૯૩૦ના ઑક્ટોબર મહિનાની. એ સમયે મૈસૂર રાજ્યમાં થતી દશેરાની ભવ્ય ઉજવણી જાણીતી હોવાથી સુભદ્રાદેવી એ ઉત્સવ જોવા ગયાં હતાં. આ ઉત્સવ પ્રસંગે વિશાળ મેદાનમાં મૈસૂર રાજ્યમાં ચાલતા ઉદ્યોગોની ઓળખ આપતું પ્રદર્શન યોજાયું હતું. આમાં રેશમના ઉદ્યોગના વિભાગમાં જતાં સુભદ્રાદેવીએ જોયું કે ખદબદતા ગરમ પાણીમાં મોટી ઈયળો જેવા કીડાવાળા હજારો કોશેટાઓને કાચના પારદર્શક પીપમાં નાખીને ફુલાવવામાં આવતા હતા અને એ ફૂલેલા કોશેટાઓમાંથી રેશમના સાવ ઝીણા રેસાઓ (દોરાઓ) ઉખેડી લઈને એ કીડાઓનો એક ઠેકાણે મોટો ઢગલો કરવામાં આવતો હતો. સુભદ્રાદેવી આ જોઈને આઘાત પામ્યાં. એમણે પૂછપરછ કરી કે એક રતલ તાર મેળવવા માટે કેટલા કીડાઓનો નાશ કરવો પડે? ત્યારે એ ઉદ્યોગ સંભાળનારી વ્યક્તિએ ઠંડા કલેજે કહ્યું કે એનો કોઈ ચોક્કસ આંકડો નથી. માત્ર એને માટે હજારો કીડાઓ જોઈએ. આ પ્રદર્શન જોઈને બહાર નીકળ્યા પછી સુભદ્રાદેવી ઊંડા વિચારમાં પડી ગયાં અને એમણે તત્કાળ જીવનભર રેશમ-ત્યાગની પ્રતિજ્ઞા કરી.

વિદ્યાર્થી જયભિખ્ખુને સુભદ્રાદેવીની સંશોધનવૃત્તિ, આચરણશુદ્ધિ અને સ્વીકારેલા મૂલ્યને વળગી રહેવાની ચીવટ સ્પર્શી ગયાં. એ

પછી જયભિખ્ખુ અમદાવાદમાં વસતા હતા ત્યારે સુભદ્રાદેવી એમના નિવાસસ્થાને રહેવા આવ્યાં હતાં અને એ સમયે પણ એ એમના સંશોધનકાર્યમાં જ મોટા ભાગનો સમય વ્યતીત કરતાં હતાં.

x x x

જયભિખ્ખુ ચંદ્રનગર સોસાયટીમાં વસવા આવ્યા ત્યારે આ સોસાયટીનું નામ ચંદ્રશેખર યોદ્ધાના નામ પરથી પડ્યું હતું. એ સોસાયટીમાં ચંદ્રશેખર યોદ્ધાના બહેન ચારુમતીબહેન યોદ્ધા પણ વારંવાર આવતાં. આજ સુધી દીન અને હીન ગણીને તરછોડાયેલી સ્ત્રીઓની વેદનાને એમણે જોઈ હતી, પણ ચારુબહેન યોદ્ધાને મળતાં એક નવો જ અનુભવ થયો. જયભિખ્ખુ અને ચારુબહેન વચ્ચે ભાઈ-બહેનનો નાતો સર્જાયો અને પછી ક્યારેક એવું પણ બનતું કે ચારુમતીબહેન યોદ્ધા સાથે પ્રવાસે જવાનું થતું.

એક વાર આબુથી અમદાવાદ પાછા આવી રહ્યાં હતાં, ત્યારે રસ્તામાં એક જાન જતી હતી. રાતના દસેક વાગ્યાનો સમય હતો. જીપમાં હંમેશાં આગળની સીટ પર બેસતા ચારુબહેને ડ્રાઈવરને જીપ થોભાવવાનું કહ્યું. જીપમાંથી નીચે ઊતર્યાં. અમે બધા એકાએક શું બન્યું એ જાણવાની કોશિશ કરીએ, ત્યાં તો ચારુમતીબહેન યોદ્ધાની ત્રાડ સંભળાઈ.

'અલ્યા, આવા ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન ન કરો. પાછા જાવ.'

જાન ઊભી રહી. ગાડામાં જતી જાનની સાથે ઘણા લોકો હતા. એક-બે તલવારધારી ચોકીદારો પણ હતા, પણ ચારુમતી યોદ્ધા કોનું નામ! એમની ત્રાડ સાંભળી જાનૈયા ઊભા રહ્યા. ચારુબહેને જઈને એમને સમજાવ્યું કે 'બાળવિવાહ એ મોટો ગુનો છે. તમે પાછા જાવ,નહીં તો મારે તમને પકડીને પોલીસસ્ટેશને લઈ જવા પડશે.' ચારુબહેનનો કોપાયમાન દેખાવ જોઈને જ જાનૈયાઓ ડઘાઈ ગયા અને કશુંય બોલ્યા વિના જાન પાછી વાળી.

એક વાર ચારુબહેન પાસે અમદાવાદ શહેરના માથાભારે પોલીસની ફરિયાદ આવી. એક વિધવા સ્ત્રી એના ત્રાસથી હેરાન-પરેશાન થઈ ગઈ હતી. કોને જઈને ફરિયાદ કરે અને કોણ સાંભળે? એ જેમ ફરિયાદ કરે એમ એને પેલા પોલીસ અમલદારનો વધારે ત્રાસ સહન કરવો પડે. સંસારમાં મોટા ભાગના તો 'સબ સબકી સમાલિયો'ના સિદ્ધાંતથી જીવતા હોય છે, ત્યાં આ પારકી પરેશાનીને કોણ નોતરે? સામે ચાલીને કોણ પોતાના પગ પર કુહાડો લે? સજ્જનની ખામોશી એ દુર્જનોને બહેકાવનારી હોય છે. સજ્જનો આવી વાત પ્રત્યે આંખ આડા કાન કરે એટલે દુર્જનોને મોકળું મેદાન મળી જાય.

એક દિવસ ચારુમતીબહેન યોદ્ધા પાસે આ ફરિયાદ આવી. આ સાંભળતાં જ તેઓ તો એનો સામનો કરવા માટે સજ્જ બની ગયાં. ચારુબહેનને અમે સહુએ વાર્યાં પણ ખરાં. એકાદ સ્નેહીએ તો કહ્યું, 'વાઘને મારણ પર પકડવો સહેલ નથી. પોલીસ અમલદાર છે; એની પાસે હથિયાર, જેલ અને જુલમ બધું જ હોય.'

ચારુબહેને કહ્યું, 'જુઓ, ન દૈન્યં, ન પલાયનમ્. પોલીસ હોય તેથી શું થયું? હથિયાર હોય તેથી ડરવાનું શું? જો આ બધી વાતોથી ગભરાઈએ તો સ્ત્રી-સમાજની સેવા ન થાય. બધાએ આમને આમ જ સ્ત્રીને 'મિયાંની મિંદડી' બનાવી દીધી છે.'

બધાંએ કહ્યું, 'હવે સવારે જજો અને સાથે પોલીસ રાખજો.'

પરંતુ ચારુબહેન એક મિનિટ પણ થોભે ખરાં? તેઓ તો ઊભાં થયાં અને પોલીસ અમલદારની શોધમાં નીકળ્યાં. શહેરના છેડાના ભાગમાં નીરવ એકાંતવાળી જગાએ આવેલા મકાનમાં મધરાતે એ એના દુરાચારોમાં મહાલતો હતો. આ અણનમ યોદ્ધા ત્યાં જઈને ઊભાં રહ્યાં અને દ્વાર ખખડાવ્યાં.

અંદરથી અમલદારની ત્રાડ સંભળાઈ, 'કોણ છો તમે? મળવા આવ્યા લાગો છો?'

ચારુબહેન બારણું ખોલીને ધસી ગયાં અને એનો હાથ પકડીને એને ઊભો કર્યો. ધક્કો મારીને બહાર કાઢી મૂક્યો. પોલીસતંત્રને પોતાના કાયદા અને પોતાની શિસ્ત હોય છે. અમલદાર પર કામ ચાલ્યું અને એક રાવણનો ત્રાસ ઓછો થયો.

આ ચારુમતી યોદ્ધાની અટક યોદ્ધા હતી અને એમનું જીવન પણ યોદ્ધા જેવું હતું. સર્જક જયભિખ્ખુએ જોયું કે કાજળની કોટડી જેવા સમાજની વચ્ચે રહીને અને સ્ત્રીને હીન નજરે પરખનાર દુનિયા વચ્ચે રહીને, અનાચારોના ધામ વચ્ચે, ગુંડાઓની જાત સામે ઝઝૂમતા યોદ્ધાનું જીવન ગુજારવું સહેલું ન હતું; પરંતુ આવી પરિસ્થિતિમાં પણ ચારુબહેન વીર ને નિર્ભય યોદ્ધાનું જીવન જીવતાં હતાં.

સર્જક જયભિખ્ખુના ભાવનાવિશ્વમાં ચારુબહેનના જીવનની સત્યઘટનાઓએ નારીતેજનો નવો અનુભવ કરાવ્યો. આજ સુધી એમણે શોષિત સ્ત્રીઓની વેદના જોઈ હતી. હવે એવી સ્ત્રીઓને ઉગારનારી નારી જુએ છે.

એક વાર ચારુબહેનના ઘરે એક ખેડૂત ફરિયાદ લઈને આવ્યો. એની વીસ વર્ષની દીકરીનું એક પઠાણે અપહરણ કર્યું હતું. દીકરીની શોધ કરી, છતાં ક્યાંય મળતી નહોતી. એને મેળવવા માટે શિરનું સાટું થાય એમ હતું. પઠાણની ચોતરફ ધાક હતી. પોલીસનો એ પરમ મિત્ર હતો. એક ચકલું પણ તેની સામે અવાજ કરી શકે તેમ નહોતું. પોલીસને ખબર કરવા જાય, તો પોલીસ એ પઠાણને પહેલાં ખબર કરી દેતો.

આ વાત સાંભળતાં જ ચારુબહેન ઊભાં થઈ ગયાં. એમણે પેલા ખેડૂતને કહ્યું, 'ચાલો મારી સાથે. તમારી દીકરી પાછી અપાવું.'

ઘરના સ્વજનોએ ચારુબહેનને કહ્યું કે, 'ખૂન કરીને હાથ પણ ધોયા વગર જમવા બેસે, એવા ખૂંખાર લોકો વચ્ચે જવાનું છે. ભલભલા મર્દોનું આ કામ નથી, ત્યાં તમે તો સ્ત્રી છો.'

ચારુબહેને આગળ ડગ ભર્યાં અને બોલ્યાં, 'સ્ત્રી એટલે શું?' ઘરની બહાર નીકળી મોટરમાં બેસી ગયાં.

આંગણામાં પાથરેલા ખાટલાઓ પર બેઠેલી શસ્ત્રધારી જીવતી ચોકી વચ્ચે થઈને ચારુબહેન પઠાણના ઘરમાં જઈ ઊભાં રહ્યાં. એ પઠાણની પત્ની પાસે ઊભેલી અપહૃત વીસ વર્ષની યુવતીનો હાથ પકડ્યો. બધાંની વચ્ચેથી પસાર થઈને એનું બાવડું ઝાલીને એને મોટરમાં બેસાડી. પ્રત્યેક ઘડી ખૂનની આશંકા સાથે વીતતી હતી. પઠાણ એમની પાછળ દોડતો આવ્યો, પરંતુ ચારુમતીબહેન યોદ્ધાનો દેખાવ જોઈને એ શેહ ખાઈ ગયો.

એણે કહ્યું, અગર આપ ન હોતે, તો હમ કિસી કો ભી ખત્મ કરતે, લડકી વાપસ દીજિયે.'

એક અકળાયેલો પઠાણ હતો, તો સામે બીજો કોપાયમાન સવાઈ પઠાણ હતો. ચારુબહેને કહ્યું, 'કુછ ભી હોગા, મગર યે લડકી વાપસ નહીં મિલેગી.'

પઠાણે ધમકી આપવા કોશિશ કરી તો ચારુબહેને એને ધમકાવવાનું શરૂ કર્યું. પઠાણના હાથ હેઠા પડ્યા. ચારુમતીબહેન યુવતીને ખેડૂતના ઘેર મૂકી આવ્યાં.

આમ ખૂનની ધમકી હોય તોપણ ચારુબહેન ક્યારેય કામમાં પાછી પાની કરતાં નહીં. છરા, ખંજર કે ચાકુ, તીર, તલવાર કે બંદૂક–એ બધાંની સામે સીનો ધરીને સ્વકાર્ય બજાવતાં ચારુબહેન લેખક જયભિખ્ખુના ચિત્ત પર એક છાપ મૂકી જાય છે અને એમને વિશે આ સર્જક લખે છેઃ

'આવા તો અનેક દુઃખદર્દભર્યા કિસ્સાઓ છે, જે સાંભળતાં દિલ એક તરફ કમકમાટી અનુભવે છે; બીજી તરફ આવા કાર્યકર્તાઓની કામગીરીને નમી પડે છે. ઊંડાં ઊતરીએ તો સમાજમાં સ્ત્રીના સ્થાન વિશે વિચાર થયા કરે છે! રે ભારત! તારું આ સ્ત્રીત્વ! જ્યાં સ્ત્રીત્વ પૂજાય છે, ત્યાં સ્વર્ગ ખડું થાય છે; એ ખોટી શાસ્ત્રવાર્તા છે શું? અથવા પૂજા એટલે કૉલકાતાના મહાકાલીના મંદિરમાં ભોગ ચઢતા પશુની થાય છે એવી પૂજા! એકને સ્વર્ગ મળે તે માટે શું બીજો નરક ભોગવે?

'છતાં આટલીય પ્રકાશરેખા મનને ભારે પ્રેરણા આપે છે! આવી સ્ત્રીઓ – તે પણ યુવતી અને તેમાંય બીકણ બિલાડી લેખાતી ખાનદાન ઘરની! લાડકોડમાં ઊછરેલી ગુજરાતી દીકરીઓ દાદાઓને સામે મોંએ પડકાર આપે, શહેર કે જંગલ સમાન ગણે, રાત અને દિવસ એક લેખે, પઠાણ સામે સવાઈ પઠાણ થઈને ખડી રહે, આટલું વાંચીને પણ નબળા-દૂબળા છાતીવાળા ગુજરાતી જુવાનની છાતી ગજ ગજ પ્રફુલ્લે.'

સામાજિક ક્ષેત્રે શૌર્ય દાખવનાર ચારુમતીબહેન યોદ્ધા પાસેથી જયભિખ્ખુને ભગિની–પ્રેમનો અનુભવ થયો તો એ જ રીતે જામનગરમાં રહેતાં પૂ. ધનકુંવરબાઈ મહાસતીજી પાસેથી આધ્યાત્મિક તેજનો અનુભવ થયો. મૂળ દરબાર જાડેજા ક્ષત્રિય પરિવારના આ ધનકુંવરબાઈ મહાસતીજી જ્ઞાન, ધ્યાન અને તપની સમ્યક્ સાધના વડે ઘણી ઉચ્ચ સ્થિતિને પામ્યાં હતાં. તેઓ એમની નિર્ભીક વાણીથી સમાજના રૂઢાચાર સામે કે ધાર્મિક દંભ-આડંબર સામે ચાબખા મારતાં ત્યારે એમનું તેજ ઝબકી ઊઠતું.

જામનગરના જામ દિગ્વિજયસિંહજી અને એમના પાટવી કુંવર શત્રુશલ્યસિંહજી એમનો સત્સંગ સાંભળવા આવતા. જામનગરના અણદાબાવા આશ્રમના મહંત શ્રી શાંતિપ્રસાદજી મહારાજ સાથે જયભિખ્ખુને પરિચય હોવાથી પૂ. ધનકુંવરબાઈ મહાસતીજીને મળવાનું બન્યું અને એમની નિર્ભીકતા તથા સમાજની સુષુપ્ત ચેતનાને જગાડવાની શક્તિ વગેરે જોયાં. પૂ. ધનકુંવરબાઈ મહાસતીજી પણ જયભિખ્ખુને 'જન્મે વૈશ્ય, પણ ક્ષત્રિય અને સાહિત્ય જીવનના ભિક્ષુક' કહેતાં હતાં, એટલું જ નહીં; પણ એમને દિલના દીપક નહીં, પણ માણસાઈના દીપક' માનતાં હતાં અને આથી જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિના પ્રસંગે નૈસર્ગિક રીતે એમનો ભાવ પ્રગટ કરતાં મહાસતીજીએ લખ્યું,

'શ્રી જયભિખ્ખુના જીવનનો અનેરો રંગ છે,
જેમને સદાય ધર્મ તણો સત્સંગ છે,
કલમે ટપકતો નિત્ય નવો રંગ છે,
હૃદયે સદાય માનવકલ્યાણ તણો ઉમંગ છે.'

આમ વિદ્યાર્થી-અવસ્થામાં સ્ત્રીઓની દુઃખદ સ્થિતિ જોનાર જયભિખ્ખુને સુભદ્રાદેવીમાં વિદ્વત્તા, ચારુમતીબહેનમાં વીરતા અને પૂ. ધનકુંવરબાઈ મહાસતીજીમાં તેજસ્વિતાના દર્શન થયાં અને એમાંથી એમની નારીજગત વિશેની વિચારધારાનું ઘડતર થયું અને એનું એમની નવલકથાઓ અને નવલિકાઓમાં અક્ષર રૂપે સર્જન થયું.

પરિણામે જયભિખ્ખુ એવી નારીની કલ્પના કરે છે કે જે પતિ સાથે ખભેખભો મિલાવીને ખડી હોય, એ છાંયડો નહીં માગતી હોય, સુકોમળતા વાંછતી ન હોય, એ વિલાસનું સાધન ન હોય, એ સ્ત્રી સંયમી હશે, સ્વતંત્ર હશે, કોઈના પગની બેડી નહીં હોય અને ચમરબંધીની એડી નીચે પણ એ દબાતી નહીં હોય. એ જે હશે તે પોતાની કૃપાથી હશે, કોઈની કૃપાથી નહીં. એ પુરુષની દૃષ્ટિને સમૂળગી બદલી નાખશે. ('કાજલ અને અરીસો', પ્રસ્તાવનામાંથી)

અને આમ વિચારતા લેખક પોતાની ઝંખના પ્રગટ કરતાં કહે છે,

'સ્ત્રી ન દાસી, ન વેશ્યા, ન ભોગ્યા!
સ્ત્રીનું બેસણું તો જગજ્જનનીના ચોતરા પર.'

(ક્રમશઃ)

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭.
ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૬૭૫.

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૨૧)

મહાપુરુષોની રચેલી પૂજાઓનો સંગ્રહ એટલે પૂજાસંગ્રહ. અનેક મહાપુરુષોની રચેલી પૂજાઓનો સ્વાધ્યાય કરીએ છીએ ત્યારે જૈન ધર્મના તત્ત્વનું રહસ્ય જાણવા મળે છે. ધર્મનું અલૌકિક વિશ્વ છે. ધર્મના તત્ત્વના અને ધર્મના સત્ત્વના દર્શન થાય છે ત્યારે આત્માના સ્વરૂપનો ખ્યાલ આવે છે. આત્માના કલ્યાણ માટે ભગીરથ પુરુષાર્થ માટેનો આધાર ધર્મના રહસ્યમાંથી પ્રાપ્ત થાય છે.

આજનો માનવી ચંદ્ર પર પહોંચ્યો છે, આજનો માનવી મંગળ પર પહોંચ્યો છે, આજનો માનવી અવકાશયાનમાં બેસીને પૃથ્વીની આસપાસ મહિનાઓ સુધી ઘૂમી શકે છે, પરંતુ જે તેની તદ્દન નજીક છે તે આત્માની તેને ઓળખાણ નથી. આત્માનો અનુભવ થાય તો તે માનવજાતની સૌથી મોટી જીત છે. આત્મા અને આપણી વચ્ચે અનેક પ્રકારની સમસ્યાઓ આપણે ઊભી કરી છે. જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે આત્માનો પરિચય કરવો જોઈએ. પણ આપણે તે માટે પુરુષાર્થ જ ક્યાં કરીએ છીએ?

પ્રત્યેક ક્રિયાઓ મહાન છે. જે ધર્મક્રિયા કરો તેને પૂર્ણ વફાદારીથી વળગી રહો. સામાયિક એટલા માટે કરીએ છીએ કે સમતાના સદ્‌ગુણની પ્રાપ્તિ થાય. પ્રતિક્રમણ એટલા માટે કરીએ છીએ કે અશુભ કર્મોથી છૂટાય. જિનપૂજા એટલા માટે કરીએ છીએ કે પ્રભુ જેવા બનવાની ભાવના જાગે. નવકારવાળી એટલા માટે ગણીએ છીએ કે પંચ પરમેષ્ઠીને વંદન થાય. તમે જે કરતા હો તે કરતા રહો. તેના મર્મ સુધી પહોંચો.

યોગી આનંદઘનજી જિનમંદિરમાં બેઠા હતા. પ્રભુજીને સુંદર અંગરચના રચાઈ હતી. યોગી આનંદઘનજી પાસે બેઠેલા એક મુનિને થયું કે ભવ્ય અંગરચના વિશે હું યોગીજીને કંઈક કહું. એટલે તેમણે આનંદઘનજીને કહ્યું,

'પ્રભુજીની આંગી ખૂબ સરસ બની છે, નહીં?'

યોગીજીએ ધ્યાન ન આપ્યું.

મુનિવરે ફરીથી કહ્યું. ત્રીજીવાર કહ્યું.

તે સમયે આનંદઘનજીએ કહ્યું કે,

'ભાઈ, તમે ક્યારના પ્રભુજીની આંગી જોયા કરો છો હું તો પ્રભુજીને નિહાળું છું.'

ધર્મનો મર્મ પકડ્યા વિના ચાલનારાઓ સ્વયં સાચી આરાધના કરતા નથી.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી શંખેશ્વર તીર્થમાં બપોરના પ્રભુજીના દર્શન કરવા ગયા. ઉપાધ્યાયજી અત્યંત ચતુર અને જાગૃત સાધુપુરુષ છે. એમણે જોયું કે જિનમંદિરના ખૂણાઓમાં કોઈ ઊભું છે. ચારેક જણા લાગે છે. એમને થયું કે હમણાં મારા પર ઉપસર્ગ થશે.

આટલો વિચાર આવ્યો તે પળને છોડીને બીજી પળે ઉપાધ્યાયજી સ્વસ્થ થઈ ગયા. પ્રભુની ભક્તિમાં તન્મય થઈ ગયા. એક નૂતન સ્તવનની રચના કરવા માંડ્યા અને બોલવા માંડ્યા:

શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર,

મેરો તું એક ધણી.

અબ મોહે ભય નહીં એક કણી!

કહે છે કે આ સ્તવનના શબ્દો સાંભળીને ખોટા ઈરાદાથી આવેલા માણસોના મનનું પરિવર્તન થઈ ગયેલું. તેમણે શ્રી યશોવિજયજીના પગમાં પડીને ક્ષમા માંગેલી.

ધર્મની અદ્‌ભુત તાકાત છે તેને પારખો.

(૨૨)

શ્રી વીરજવિજયજી મહારાજ કૃત સ્નાત્રપૂજાની આપણે વાતો કરી રહ્યાં છીએ. દેવલોકના દેવો ભગવાનનો જન્માભિષેક કરવા માટે મેરુશિખર ઉપર પહોંચ્યા છે. ઉલ્લાસમય વાતાવરણ છે. ભક્તિમય વાતાવરણ છે. દેવો અને દેવીઓ ગીત ગાય છે. નૃત્ય કરે છે. વાજિંત્રો વગાડે છે. ચારેકોર હર્ષ છવાયો છે.

સૌધર્મ દેવલોકના ઈન્દ્ર મહારાજાની આપણે વાતો કરી રહ્યાં હતાં. ભક્તિનો કેવો સૂર પ્રગટ થયો હશે તેની કલ્પના કરો. વિશ્વનો એક સમર્થ સત્તાધીશ વૃષભનું (બળદનું) રૂપ લઈને પ્રભુ સન્મુખ નૃત્ય કરે છે. ભગવાનની કૃપા મેળવવા માટે એ ભક્તિપૂર્વક તડપે છે. ભગવાનની કૃપા મળે તો સંસાર સાગર તરી જવાય. આવી પ્રાર્થના, સાચી પ્રાર્થના હૃદયમાંથી પ્રગટ થવી જોઈએ. પ્રાર્થના જ્યારે ઊંચે ચઢે ત્યારે આશીર્વાદ નીચે ઉતરે–Prayers go up, blessings come down. પ્રાર્થનાનો અદ્‌ભુત પ્રભાવ છે. થાકેલા મનને અને હારેલા જીવનને પ્રાર્થનામાંથી અચિંત્ય શક્તિ મળે છે. શ્રી નવકારમંત્ર શું છે? મહાન પ્રાર્થના સૂત્ર છે. હૃદયમાંથી સાચી ભાવના સહિત શ્રી નવકારમંત્રનું સ્મરણ કરો તો એકદા તમને પણ પંચપરમેષ્ઠીમાં સ્થાન મળશે!

સૌધર્મ દેવલોકના ઈન્દ્ર મહારાજા પ્રભુ સન્મુખ નૃત્ય કરે છે. અનોખી ભાવભંગીમાં રચે છે. પ્રભુની સન્મુખ પુષ્પો વેરે છે, કેસર ઢોળે છે, ચંદન છાંટે છે.

પણ પ્રભુને તો એક ક્ષણમાં જ ઈશાનેન્દ્ર પાસેથી સૌધર્મેન્દ્ર લઈ લે છે. પ્રભુનો લાભ તો પોતાને જ મળવો જોઈએ.

શ્રી વીરવિજયજી મહારાજ કહે છે કે પ્રભુની આરતી અને મંગળદીવો દેવો કરે છે. દેવો જયનાદ પોકારે છે.

સૌધર્મેન્દ્ર પાછા વળીને પ્રભુને તેમની માતા પાસે મૂકે છે. કહે છે કે તમારો પુત્ર અમારો સ્વામી છે. અમ જેવા સેવકનો આધાર છે.

સૌધર્મેન્દ્ર પ્રભુના રાજમહેલ પર ૩૨ ક્રોડ સોનૈયા, મણિ, માણેક, વસ્ત્રની વૃષ્ટિ કરે છે. ઘોષણા કરે છે: આજ પછી પ્રભુ કે પ્રભુની માતાનું કોઈ અશુભ ચીંતવશે તો તેનો હું શિરચ્છેદ કરીશ!

સ્નાત્રપૂજા આવા ભાવોલ્લાસ સાથે કરવાની છે. કોઈ પણ કાર્ય ભાવ વિના દીપે નહીં. ભાવના તો આ ધરતીનું સૌંદર્ય છે.✷✷✷

સૂત્ર–બંધન

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

સૂત્રના અનેક અર્થ થતા હોય છે. દોરો, તાંતણો, સૂતર અર્થ તો ખરો પણ એ શબ્દ નિયમ, વ્યવસ્થા–નિર્દેશક પણ ખરો. વળી પ્રાચીન શાસ્ત્રકારોએ રચેલાં મૂલ સંક્ષિપ્ત વાક્યો કે તેનો ગ્રંથ, ધ્યેય તરીકે સ્વીકારેલું ટૂંકુ વાક્ય, 'ફોર્મ્યુલા', 'પ્રપોઝિશન' પણ સૂત્ર શબ્દથી સમજાય છે. સૂત્રની જેમ સૂક્ત કે સૂક્તિ–સારી રીતે કહેવાયેલું વેદમંત્રો કે ઋચાઓનો સમૂહ, ઉત્તમ ઉક્તિ કે કથન એવો એનો અર્થ થતો હોય છે. જીવનના લગભગ પંદર વર્ષ મેં બોર્ડિંગો કે આશ્રમોમાં ગાળ્યા છે જ્યાં મને આવા કેટલાંક સૂત્રો–સૂક્તિઓનો ઠીક ઠીક પરિચય થયો છે. દા. ત. આ ત્રણ સૂત્રો–સૂક્તિઓ આશ્રમો કે ગુરુકુળોમાં પ્રચલિત હતા.

(૧) સા વિદ્યા યા વિમુક્તયે, (૨) વિદ્યા વિનયેન શોભતે, (૩) સત્યમ્ બ્રૂયાત્, પ્રિયમ્ બ્રૂયાત્, અસત્યમ્ યા બ્રૂયાત્ વગેરે. મારું માધ્યમિક શિક્ષણ રાષ્ટ્રીય શાળામાં થયેલું જ્યાંનો ધ્યેયમંત્ર હતો 'સા વિદ્યા યા વિમુક્તયે' તે વખતે દેશમાં રાષ્ટ્રીયતા ને રાષ્ટ્રભક્તિનો પ્રચંડ જુવાળ આવેલો એટલે અમે એ ધ્યેયમંત્રને રાષ્ટ્રમુક્તિ સાથે સાંકળી દીધેલો. જે વિદ્યા સ્વતંત્રતા, મુક્તિ અપાવે તે જ ખરી વિદ્યા. તે સમયે તો આ સૂત્રનો અર્થ સંકોચ કેવળ રાજકીય મુક્તિ પૂરતો સીમિત હતો. આત્માની મુક્તિ સધાવે તે સદ્‌વિદ્યા એવો અર્થવિકાસ અમને અભિપ્રેત નહોતો, પણ જ્યારે પુખ્ત વયના થયા ને વિચારશક્તિનો વિકાસ થયો ત્યારે 'વિદ્યા' શબ્દ અને 'મુક્તિ' શબ્દનો લક્ષ્યાર્થ કૈંક અંશે સમજાયો. દેહ–દેહીના સમુચિત ને સંવાદી વિકાસની વિભાવના એમાં ગર્ભિત છે એ ખૂબ મોડું સમજાયું, પણ હજી જે નથી સમજાયું તેની વાત કરું. અમારા આચાર્ય ને અધ્યાપકો ઘણીવાર કહેતા...આપણા વેદ–ઉપનિષદો ને પુરાણોમાં સર્વ વિદ્યાનો સમાવેશ થાય છે. વેદો અપૌરુષેય છે તેનો કોઈ કર્તા નથી, ઈશ્વરદત્ત એ વારસો છે...આવી વિચારગ્રંથિને કારણે અમારામાં એક પ્રકારની સંકીર્ણતા આવી. બધું જ જ્ઞાન આપણાં ધર્મશાસ્ત્રોમાં આવી જાય છે. બીજેથી કશું પામવાનું નથી...આવી વિચારશક્તિ ને વિચારસરણીની સંકીર્ણતા પ્રગટ–અપ્રગટરૂપે આવી ગયેલી એવું અત્યારે સમજાય છે. આવું જ ધર્મની માન્યતા બાબતમાં થયેલું! વેદધર્મ, હિંદુધર્મ જ વિશ્વમાં શ્રેષ્ઠતમ ધર્મ છે, એની તુલનાએ અન્ય ધર્મો ગૌણસ્થાને છે. અભ્યાસ ને પરીક્ષણ ને તુલનાનો કોઈ પ્રશ્ન જ નહીં આર્યસમાજ દ્વારા ચાલતાં ગુરુકુળોમાં આ પ્રકારની મનોવૃત્તિ ને વિચારસરણી પ્રમાણમાં પ્રબળ રહી. આવા આશ્રમો ને ગુરુકુળોમાં ખડતલપણું, નિર્ભયતા ને સ્વાશ્રય જેવા કેટલાક સદ્‌ગુણોનો ઉત્કર્ષ અવશ્ય થયો પણ અમુક પ્રકારની વિચારસરણીની ચિકાશ કે જડતા આવી ગયાં! કન્વીક્શનથી આવતી મક્કમતા ને અમુક પ્રકારની વિચારસરણીથી આવતું જિદ્દીપણું એમાં ઘણો મોટો ફેર છે.

અમુક સંપ્રદાયના આશ્રમો ને ગુરુકુળોમાં સ્ત્રી માત્રનું દર્શન કે સંસર્ગ–સહચાર સર્વથા વર્જ્ય, એટલું જ નહીં પણ પણ સ્ત્રીજાતિ માટે એક પ્રકારની ભર્ત્સના નહીં તો ય હીનભાવ તો દર્શાવવામાં ને રાખવામાં આવતો જ હતો. બ્રહ્મચર્યાશ્રમ દરમિયાન અમુક પ્રકારના શિસ્ત, સંયમ અવશ્ય અનિવાર્ય ગણાય પણ એ કાળ દરમિયાન સમગ્ર નારીજગત માટે જે પ્રકારનો મનોભાવ કેળવાતો હતો તે ગૃહસ્થાશ્રમ દરમિયાન, પાઘડીના વળની માફક છેલ્લે દેખા દેતો હતો. હું એવા કેટલાક કિસ્સા જાણું છું કે કેળવાયેલા આવા મનોવલણને કારણે કેટલાકના દામ્પત્ય જીવનમાં સંવાદ ને માધુર્યનો અભાવ વરતાતો ને કેટલાકનાં દામ્પત્યજીવન કુટુંબની ગયેલાં ને છૂટાછેડામાં પણ પરિણમેલાં. બળાત્કારપૂર્વક લદાયેલો સંયમ બૂમરેગ સમાન નિવડતો હોય છે.

'વિદ્યા વિનયથી શોભે છે'–વિદ્યા વિનયેન શોભતે એ સૂત્ર તો સર્વકાલિન ને વિશ્વજનીન છે એટલે અહીં સૂત્ર–બંધનનો કોઈ પ્રશ્ન જ નથી જેથી મુક્તિનો વિચાર કરી શકાય પણ સત્યમ્ બ્રૂયાત્ પ્રિયમ્ બ્રૂયાત્ આ સૂત્રને આચરણામાં મૂકવા જતાં ઠીક ઠીક વિવેક ને પરિશ્રમની જરૂર પડે છે. સત્યને અસત્યથી સર્વથા દૂર રાખી પ્રિય સત્ય કઈ રીતે બોલવું એમાં ખૂબ મોટી કસોટી રહેલી છે. પ્રિય સત્ય બોલવા જતાં કવચિત્ અલ્પશક્તિ કે અતિશયોક્તિનો દોષ થઈ જવાનો સંભવ પણ ખરો ને કવચિત માખણ લગાડવા જેવો દોષ પણ થઈ જાય! એટલે આ સૂત્રમાં એક વાત ઉમેરવા જેવી લાગે છે કે સત્યમ્ બ્રૂયાત્, પ્રિયમ્ બ્રૂયાત્ પણ સાથે સાથે પ્રસ્તુતમ્ બ્રૂયાત્ પણ હોવું ઘટે. પ્રસ્તુત–અપ્રસ્તુતનો વિવેક વિચારી જાળવી પછી પ્રિય સત્ય બોલાય તો ખાસ વાંધો આવે નહીં ને આવું સૂત્ર બંધનરૂપ ન બનતાં મુક્તિરૂપ બની રહે. સૂત્રો પણ કાળે કાળે બંધન કે મુક્તિરૂપ બની જતા હોય છે. ✷✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A/1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

● *ગુનો કર્યા પછી માણસને જે ડર લાગે છે, તે જ તેનો દંડ છે.*

● *માનવીનો એ સ્વભાવ છે કે, જેનું તેને પૂરું જ્ઞાન નથી અને જે અકળ છે તેનાથી તે ડરતો રહે છે.*

કે. એમ. સોનાવાલા ચોરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શબરી છાત્રાલય કપરાડા

કરૂણાનો સ્રોત અથવા ફુલ નહીં તો ફુલની પાંખડી

દરેકના હૃદયમાં કરૂણાની સરવાણી તો ફૂટતી જ રહે છે, જરૂર છે માત્ર એ દિલની ધરતીને મૃદુ બનવા માટેનું નિમિત્ત આપવાની. ઉપાદાન તો તૈયાર જ હોય છે.

પ્રભુ વીર પણ કહે છે દરેક જીવમાં શુદ્ધ, ગુણયુક્ત આત્મા રહેલો જ છે. માત્ર ઉપર રહેલા ગાઢા કર્મના આવરણો જ હટાવવાના છે.

આવું જ કાંઈ અદ્‌ભૂત બની ગયું, દક્ષિણ ગુજરાતના એક નાના ગામ નામે કપરાડામાં રહેતી ૧૦૦ આદિવાસી કન્યાઓ સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે લીધેલા આ વર્ષના Project **વિચરતા સમુદાય સમર્થન મંચના** મિત્તલબહેનની વાતો સાંભળી, શબરી છાત્રાલયની ૧૦૦ બાળાઓ, જેઓ સ્વયં ગરીબીની રેખા નીચ જીવે છે, તેઓએ રૂ. ૫૦૦૦ ભેગા કરી સંસ્થાને અર્પણ કર્યા છે.

આ રૂ. ૫૦૦૦ની કિંમત રૂ. ૫૦ લાખ બરાબર છે એવા ભાવ, આ સંસ્થા સાથે જોડાયેલા શ્રી રશ્મિનભાઈ સંઘવીએ પ્રગટ કર્યા છે.

સર્વ જીવોનો ઋણી છું. ઋણમુક્ત હું ક્યારે બનું‌ની ભાવના જ શ્રેષ્ઠ માનવ ધર્મ છે.

ક્રમ	વિદ્યાર્થીનું નામ	આપેલ દાન
૦૧	પઢેર ગાયત્રી નવીન ખડકવાળ	૨૦
૦૨	ગોવિત કમળા અર્જુન ચેપા	૨૫
૦૩	વવરા હંસા બાળુ મોટીપલસલી	૨૫
૦૪	કુરકુટિયા દર્શના રામજી સુલીયા	૨૫
૦૫	ગાયકવાડ શીલા હિરા ખડકવાળ	૨૫
૦૬	માછી ઝિનલ ગમત વવરા	૨૫
૦૭	દળવી સીતા રાજારામ ગિરનારા	૨૫
૦૮	નિકુળિયા કમળા કાંતિ શિલ્પા	૨૫
૦૯	ધૂળે લલિતા મનુ સુથારવાડા	૨૫
૧૦	પવાર રખુ મોતીરામ વાવરા	૨૫
૧૧	ફડવળ મથી કાસમ માતુતીયા	૨૦
૧૨	પવાર કલ્પના જેરામ માલધરા	૨૫
૧૩	રાથોડ અનિતા પાંડુ માલધરા	૨૫
૧૪	ગાયકવાડ મનિષા કિરાન રોમાની	૨૫
૧૫	સિંઘા હર્ષા જગન વાડઘા	૨૫
૧૬	જાદવ દિવ્યા સુરેશ વાઘવળ	૨૫
૧૭	જાદવ દિક્ષિતા સુરેશ વાઘવળ	૨૫
૧૮	ભિષરા હર્ષા મંજુ મનાલા	૨૫
૧૯	ઢાંઢર સુનિતા રાયચંદ્ર અરણાઈ	૨૫
૨૦	ખાર દક્ષા લાહનુ વડસેત	૨૦
૨૧	હાડળ અમિતા રવિન્દ્ર મોહનાડા	૨૦
૨૨	ધુરિયા મીરા રામુ આંબાજંગલ	૨૫
૨૩	બરફ તારા ત્રિંબક ધામણવેંગણ	૨૫
૨૪	માહલા સવિતા કિશન વાલવેરી	૨૦
૨૫	વાઘમાયા ભારતી કાળુ કરજુન	૨૦
૨૬	વળવી સોનલ શંકર મનાલા	૨૫
૨૭	દળવી કરિશ્મા વંસત વાવરા	૨૫
૨૮	ભોયા સુશીલા ગોપાળ નિલોશી	૨૫
૨૯	ચૌધરી મનિષા રામુ તેરીચિપાલી	૨૫
૩૦	અવરા કમળા લક્ષ્મણ નિલોશી	૨૦
૩૧	ચૌધરી રક્ષા મગન દિવસી	૨૫
૩૨	જાદવ યેસુદી માહદું ચેંપા	૨૫
૩૩	થોરાદ શીલા માહદું આંબાજંગલ	૨૫
૩૪	ભોયા રિના દામુ કરજુન	૨૫
૩૫	રાઉલ મનિષા ધર્મા કરજુન	૨૫
૩૬	પવાર દિપિકા અમૃત આંબાજગલ	૨૫
૩૭	રાઉત જીની માહદુ આંબાજગલ	૨૫
૩૮	આચાર્યા સરિતા સોમા વેરીભવાડા	૨૦
૩૯	દળવી નીરૂ પાંદુ લિખવડ	૨૫
૪૦	ભોયા દામિની સોનજી ખડકવાળ	૨૫
૪૧	ભોયા મનિષા પ્રવિણા વરવઠ	૨૫
૪૨	ચૌધરી અરુણા કિશન	૨૦
૪૩	દળવી દક્ષા વિષ્ણુ ગિરનારા	૨૫
૪૪	કરડેલ દક્ષા મંગળુ આંબા જંનલ	૨૦
૪૫	કરડેલ મીના દામુ આંબા જંનલ	૨૫
૪૬	ગાંવિત મંગળી શુક્કર નાનીપલસી	૨૫
૪૭	રાઉત દક્ષા પાંડુ કરજુન	૨૫
૪૮	ચવરા ઉર્મિલા બાપુ નિલોસી	૨૦
૪૯	રાઉત શીલા પાંડુ આંબા જંગલ	૨૦
૫૦	પઢેર ભૂમિકા નવીન ખડકવાળ	૨૦
૫૧	પઢેર મિતા નવીન ખડકવાળ	૨૦
૫૨	ભોયા સુનિષ્ટા બારડુ દાભાડી	૨૫
૫૩	રાઉત રશિલા જૈસિંગ કરજુન	૨૫
૫૪	ગોવિત રેખા નવરતે વડોલી	૨૦
૫૫	ભૂંરવિસા રેણુકા શ્રવણ વિરકોન	૨૫
૫૬	ધૂમ અનસૂયા લાહનુ ડોલવેરા	૨૫
૫૭	દળવી અરુણા સંતોષ ગિરનારા	૨૦
૫૮	ચવરા સુશીલા બાપુ મોટી વલસણ	૨૫
૫૯	ભોયા દિવ્યા સોનજી ખડકવાળ	૨૫
૬૦	ચૌધરી દક્ષા મધુ પિપલસેત	૨૦
૬૧	પવાર મિનલ તુલસીરામ વડોલી	૨૫
૬૨	ચૌધરી અરુણા માહુદ મેપલસાણ	૨૫
૬૩	દળવી લલિતા રામુ લિખવડ	૨૫
૬૪	કરડેલ મનિષા પ્રભુ આંબાજંગલ	૨૦
૬૫	દળવી લીલા કિશન લિખવડ	૨૫
૬૬	ભોયા ભારતી જાનુ કરજુન	૨૦
૬૭	વાયકવાડ લલિત અંબુદાસ રો.માની	૨૫
૬૮	ચૌધરી અર્ચના ગંગારામ આંબાજવલ	૨૫
૬૯	કામડી જશવંતી સતીષા બુરલા	૨૫
૭૦	ભોયા લત્તા ચેંદરા વિપલસેત	૨૦
૭૧	દળવી પ્રેમિલા પાંડુ લિખવડ	૨૫
૭૨	આચાર્યા સુનિતા લક્ષ્મણ લિખવડ	૨૦
૭૩	સાટિયા અંજના સુરેશ વાડધા	૨૫
૭૪	ધૂમ અનિતા બાળુ કોલવેરા	૨૫
૭૫	રાઉત રાધા પાંડુ કરજુન	૨૦
૭૬	જાદવ શોભના ચિંતુ ફળી	૨૦
૭૭	પવાર વૈશાલી બારડુ રાંતલાર	૨૦
૭૮	ભૂસારા મનિષા રમેશ વિરક્ષેદ	૨૫
૭૯	ચૌધરી હર્ષા આનંદા વડોલી	૨૫
૮૦	કોંતી મોના બાવાજી ખાતુનીય	૨૫
૮૧	ભૂસારા અલકા શંકરા આંબાજંગલ	૨૫
૮૨	ભૂસારા મીના અર્જુન વિરક્ષેત્ર	૨૫
૮૩	ભૂસારા પ્રતિમા રઘુ વિરક્ષેત્ર	૨૫
૮૪	ભૂસારા સુસ્મિતા માહદુ આંબાજંગલ	૨૫
૮૫	ચવરા પ્રેમિલા બાપુ મોટીપલસણ	૨૫
૮૬	ગાયકવાડ સપના રઘુ આંબાજંગલ	૨૫
૮૭	અવતાર વનિતા ગંગારામ મોટીપલસલી	૨૫
૮૮	ભોયા કુન્તા ભનુ દિક્ષલ	૨૫
૮૯	ગાયકવાડ સુરેખા નગીન રોમાની	૨૫
૯૦	ગાંવિત વર્ષા કાકડ ચેપા	૨૫
૯૧	દળવી મમતા લક્ષ્મણ વાવર	૨૫
૯૨	ભંવર સુનિતા લક્ષ્મણ નિલોશી	૨૦
૯૩	ગોવિત ચંદન રાજુ મોટીપલસલી	૨૫
૯૪	ચવરા સરિતા વાચુ મોટીપલસલી	૨૫
૯૫	ગોવિત યોગિતા રાજારામ માલધર	૨૦
૯૬	દોઘાડ પ્રેમિલા શિવા રો.જંનલ	૨૫
૯૭	ચૌધરી અસ્તરા સખારામ આંબાજંગલ	૨૫
૯૮	મોહવર્યા ગીતા હરિશ સિલ્ધા	૨૫
૯૯	રાથડ ઉર્મિલા સતીષ માની	૨૦
૧૦૦	તુમડા લત્તા બાબુ મોટીપલસલી	૨૦
૧૦૧	પટેલ સુધાબેન પ્રવિણભાઈ ननહપત	૧૦૦
૧૦૨	પટેલ પ્રવિણભાઈ ચતુરભાઈ	૧૦૦
૧૦૩	ભોયા ભગુભાઈ બચુભાઈ	૧૦૦
	શબરી સંસ્થા તરફથી	૨૬૬૦
	છાત્રાલય તરફથી	૨૩૪૦
		કુલ રૂા. ૫૦૦૦

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **સપ્તભંગી વિંશિકા**
લેખક : **આચાર્ય વિજય અભયશેખર સૂરિ**
પ્રકાશક : **દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦
મૂલ્ય : રૂા. ૭૫/-, આવૃત્તિ : પ્રથમ-સં. ૨૦૬૧.

જૈન વાડમયના ખજાનાનું એક અણમોલ રત્ન એટલે સપ્તભંગી.

પ્રસ્તુત ગ્રંથમાં સપ્તભંગીના સાત ભંગનું માત્ર સ્વરૂપ દર્શન જ નથી. વિશેષ વિચાર-વિમર્શ છે. અન્ય ગ્રન્થોમાં જે નિરૂપણ મળે છે તેનું શાબ્દિક અવતરણ જ નથી, પણ અપૂર્વ અને નવીન ઉન્મેષો પણ છે. સંપૂર્ણ વિચાર-વિમર્શ સપ્તભંગીના શાસ્ત્રોક્ત સ્વરૂપને સંપૂર્ણ સાપેક્ષ રહીને કરાયો છે. આ ગ્રંથમાં રજૂ થયેલી કેટલીક વિચારણા અભિનવ અને યુક્તિસંગત છે.

સપ્તભંગીના સ્વરૂપને અહીં આચાર્યશ્રીએ વિસ્તૃત, સરળ અને સ્પષ્ટ રીતે રજૂ કરી છે. આ ગ્રંથમાં સપ્તગ્રંથીનું નિરૂપણ ગહન અને તર્કસભર છે. શાસ્ત્રસાપેક્ષ છે. તત્ત્વાન્વેષી અને તાત્પર્યગ્રાહી પ્રજ્ઞાએ ખેડેલો પ્રયાસ છે. મૌલિક, માર્મિક અને માર્ગસ્થ અનુપ્રેક્ષથી આ ગ્રન્થને ઘણી ઊંચાઈ મળી છે.

આ સપ્તભંગીના પ્રત્યેક ભંગપદમાં સ્યાદ્‌વાદ ઝળકે છે. સપ્તભંગીના પદાર્થવૈભવ ઉપર એક રહસ્ય ખોજી વિદ્વાન પૂ. આ. ભગવંતોની તાત્ત્વિક અને તાર્કિક પ્રજ્ઞા અનુપ્રેક્ષાનું ઊંડાણ ખેડાયું છે અને તેમાંથી એક અણમોલ કૃતિનું સર્જન થયું છે તે છે સપ્તભંગી વિંશિકા.

સપ્તભંગીનો વિશદ બોધ વાચકને મોક્ષમાર્ગે પ્રયાણ કરાવનારો છે.

X X X

પુસ્તકનું નામ : **સંવેદનની સરગમ**
લેખક : **મુનિ યશોવિજયજી**
પ્રકાશક : **દિવ્યદર્શન ટ્રસ્ટ,** ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ. પીન-૩૮૭૮૧૦.
મૂલ્ય : ત્રણ વાર શાંત ચિત્તે સમગ્ર પુસ્તકનું વાંચન, પાના : ૨૯૫, આવૃત્તિ : ૨, વિ. સં. ૨૦૫૭.

આ પુસ્તક ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન શાસન પ્રભાવક પંન્યાસ પ્રવર શ્રી વિશ્વકલ્યાણ વિજયજી ગણીવરના શિષ્ય મુનિ યશોવિજયજીએ લખેલ છે.

આ પુસ્તકમાં એક નિર્દોષ બાળકની પરમપિતા સાથે પ્રીત-ગોષ્ઠિ છે. એક ભક્તનો ભગવાન સાથે સંવાદ છે. એક જિજ્ઞાસુની જ્ઞાની સાથે આત્મશ્રેયની વિચારણા છે. આ પુસ્તક અન્તર્મુખ જીવો માટે લાભકારી છે.

લેખકે અહીં નિર્વિકલ્પ દશાને પ્રગટાવે તેવા ઊંડા તત્ત્વજ્ઞાનને ભક્તિનો પુટ આપીને તત્ત્વજ્ઞાનને સરળ કર્યું છે.

આ પુસ્તકની શૈલી ભક્ત અને ભગવાન વચ્ચેના સંવાદની છે. તેથી લખાણ રસાળ બન્યું છે. મુનિરાજ યશોવિજયજી એક તપસ્વી છે. અધ્યાત્મમાર્ગના યાત્રી છે. પ્રબળ વૈરાગી છે. તેથી આ પુસ્તકના પ્રકરણો શાંત-પવિત્ર અને સૌંદર્યમંડિત છે. આ પુસ્તકના પાને પાને શુદ્ધાત્મભાવ પ્રકટાવવાની ઝંખનાના દર્શન થાય છે. આ પુસ્તકની સંવાદશૈલી રસાળ છે. શુષ્ક અને કઠિન વિષયો સુગમ શૈલીમાં આલેખ્યા છે. આ પુસ્તકનું વાંચન, મનન અને પરિશીલન વાચકની જીવનયાત્રાને આત્મમુખી-પ્રભુમુખી બનાવે તેમ છે.

X X X

પુસ્તકનું નામ : **ઈઝરાયલની ધર્મયાત્રા**
લેખક : **માધવપ્રિયદાસ સ્વામી**
પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ.
૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : ૨૨૦૦૨૬૯૧, ૨૨૦૦૧૩૫૮.
૧-૨, અપરલેવલ, સેન્ચુરી બજાર,
આંબાવાડી સર્કલ, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૨૬૫૬૦૫૦૪, ૨૬૪૪૨૮૩૬.
મૂલ્ય : રૂા. ૨૫૦/-, પાના : ૨૬૬, આવૃત્તિ : પ્રથમ, ફેબ્રુઆરી-૨૦૧૧.

લેખક માધવપ્રિયદાસ સ્વામીએ ખોબા જેવડો ટચૂકડો દેશ જે સમસ્ત વિશ્વની ટોચ પર બેઠો છે તેની મુલાકાત લીધી. એ મુલાકાત દરમ્યાન તેમણે અનુભવેલી ઈઝરાયલના યહૂદીઓની યાતના અને તેમણે કરેલ ઔદ્યોગિક અને કૃષિક્ષેત્રે વિશ્વમાં સ્થાપેલ અજોડ કીર્તિમાનો, તેમનો રાષ્ટ્રપ્રેમ અને ધર્મપ્રેમ, તેમની શૌર્યગાથાઓ વગેરેનું આલેખન લેખકે સરળ અને રસમય બાનીમાં કર્યું છે.

લેખક કવિ પણ છે અને કાવ્યમર્મજ્ઞ પણ છે તેથી આ પુસ્તકમાં ડગલે ને પગલે અને શબ્દે શબ્દે પવિત્ર ધામના દર્શન કરાવ્યાં છે. તેમની વિશેષતા એ છે કે તેઓ કોઈ પણ પ્રકારના સંકોચ વિના મન મોકળું રાખીને પોતાની સંવેદનાઓને વ્યક્ત કરે છે.

લેખકની આ ધર્મયાત્રા અને કૃષિયાત્રા તેમના જીવનનું અણમોલું સંભારણું છે. તે વાચકોએ માણવા જેવું છે.

X X X

પુસ્તકનું નામ : **રાસ રસાળ**
(શ્રી શ્રેણિક રાસ અને અભયકુમાર રાસ)
લેખક-સંશોધક-સંપાદક : **ડૉ. ભાનુબેન શાહ (સત્રા)**
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : **જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ,**
C/o. જયંતીલાલ વીરજી શાહ
૪૦૨, ૪થે માળે, ઓરબીટ હાઈટ્સ,
એનેક્સ-૧, તારદેવ, નાનાચોક,
ગ્રાંટ રોડ (પ.), મુંબઈ-૪૦૦ ૦૦૭.
સંપર્ક : ૦૨૨-૨૩૮૩૫૦૭૬.
મૂલ્ય : રૂા. ૩૦૦/-, પાના : ૫૪૭, આવૃત્તિ : ૧-૨૦૧૧ ઑગસ્ટ.

મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલ અઢળક સાહિત્ય કૃતિઓ હસ્તપ્રતો રૂપે ભારતભરના જ્ઞાનભંડારોમાં ભંડારાયેલી પડી છે. થઈ ગયેલ શ્રાવક કવિ ઋષભદાસ કૃત સમક્તિસાર રાસની હસ્તપ્રતનું સંશોધન-સંપાદન કરી ભાનુબેને મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી (ઈ.સ. ૨૦૦૯માં). ત્યારબાદ કવિ ઋષભદાસની અન્ય અપ્રગટ રાસ કૃતિઓ – 'શ્રી શ્રેણિક રાસ' અને 'અભયકુમાર રાસ'ની હસ્તપ્રતો પ્રાપ્ત કરી તેનું ગુજરાતીમાં લિપિકરણ, ઢાળની કડીઓના અર્થ, અઘરા શબ્દોના અર્થ, કવિએ રાસમાં વાપરેલ દેશીઓ વગેરે આપી આ ગ્રંથનું સંપાદન કરેલ છે અને ટૂંકમાં કરેલી સમીક્ષા દ્વારા ડૉ. ભાનુબેનની સંશોધન શક્તિ, અને અધ્યયન શીલતાનો પરિચય વાચકને થાય છે.

આ ગ્રંથમાં ડૉ. ભાનુબેને રાસનું સંપાદન તો કર્યું જ છે પણ સાથે સાથે મૂળ આગમ ગ્રંથો, ત્રિષષ્ટિશલાકા પુરુષ, ભરતેશ્વરકથા, કથાકોસ

પ્રકરણમ્ આદિમાં આ કથાઓ ઉપલબ્ધ હોય તેના સંદર્ભો પણ દર્શાવ્યા છે.

આ ગ્રંથ મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યના રાસાઓમાં નોંધપાત્ર બની રહેશે.

X X X

પુસ્તકનું નામ : **પુરુષોત્તમ ગણેશ માવળંકર : સન્નિષ્ઠ જીવન**

લેખક : **રજની વ્યાસ**

પ્રકાશક : પુરુષોત્તમ ગણેશ માવળંકર ફાઉન્ડેશન વતી

શ્રીમતી પૂર્ણિમા પુરુષોત્તમ માવળંકર,

'ગોપિકા', મહારાષ્ટ્ર સોસાયટી,

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૪૪૪૨૨૬.

મૂલ્ય : રૂા. ૧૫૦/-, આવૃત્તિ : પ્રથમ-૨૦૧૧.

પુરુષોત્તમ ગણેશ માવળંકરનું કાર્યક્ષેત્ર એટલું વિશાળ હતું કે એને આવરી લેતું જીવનચરિત્ર લખવું મુશ્કેલ હતું. તેઓ એવું જીવન જીવી ગયા કે બધા તંતુઓ સુગ્રંથિત કરવાનું અશક્ય લાગે એવું હતું તે છતાં રજની વ્યાસે આ સરસ પુસ્તક તૈયાર કર્યું છે. એક તટસ્થ વ્યક્તિનું ચિત્ર એક તટસ્થ વ્યક્તિએ લખ્યું છે.

પુરુષોત્તમ માવળંકર રાજકારણમાં મૂલ્યનિષ્ઠાનો આગ્રહ રાખતા. એમના જેવા નિર્ભય અને નિષ્પક્ષ વિચાર-પુરુષનો અભિપ્રાય વજનદાર ગણાતો.

ખુલ્લા મનના સત્યશોધક એવા પુરુષોત્તમ ગણેશ માવળંકરને ગુજરાત એટલા માટે યાદ રાખશે કે એમનું સ્થાન લઈ શકે એવી પ્રતિભા દીવો લઈને શોધવા જઈએ તો ય જડતી નથી.

મૂલ્યનિષ્ઠ રાજકારણના આવા જ્યોતિર્ધરની જીવનયાત્રા આ પુસ્તકમાં આલેખવામાં આવી છે.

સરળ ભાષામાં આલેખાયેલ આ જીવનચરિત્ર નૈતિક મૂલ્યોની સાચી સમજ આપે તેવું છે.

X X X

પુસ્તકનું નામ : **સ્નેહભીનું સ્મરણ : મા.**

લેખક-સંપાદન : **મુનિ રાજદર્શનવિજયજી મહારાજ પ્રવચન : મુનિ ઉદયરત્નવિજયજી મહારાજ**

અજય આર. શાહ

પ્રકાશક : **શ્રી રત્નોદય ચેરિટેબલ ટ્રસ્ટ**

અજય આર. શાહ, C/o. વિનસ મેડિકલ સ્ટોર્સ, ઉસ્માનપુરા, ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૪.

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસર પાસે, ગાંધી રોડ,અમદાવાદ-૩૮૦૦૦૧.

ફોન : ૦૭૯-૨૨૧૩૯૨૫૩.

મૂલ્ય : રૂા. ૧૫૦/-, પાના : ૭૨, આવૃત્તિ : પ્રથમ, ઈ. સ. ૨૦૧૧.

આ કલિકાલમાં ઘરડાઘરનું પ્રમાણ વધ્યું છે. પણ તેમાં ઘરની, ઘરના સ્વજનોની હૂંફ મળતી નથી. વર્તમાનકાળના યુવાનો માતા-પિતા પ્રત્યે જાગૃત બની સ્વધર્મમાં સ્થિર બને એ આશયથી આ સ્નેહભીનું સ્મરણ પ્રકાશિત કરવામાં આવ્યું છે.

આ પુસ્તક મરૂદેવા જેવી માતા માટે કે ભગવાન મહાવીર જેવા પુત્રો માટે નથી પણ આ તો દીકરાને પૂરતો પ્રેમ નહીં આપનારી માતા માટે અને માતાની સાર-સંભાળ નહિ લેનાર પુત્રો માટે છે.

આ પુસ્તક સામાન્ય બાપ-દીકરા માટે નથી પણ બાપનું નામ ઉજાળે એવા દીકરા માટે છે અને દીકરાના દેહનું નહીં પણ દિલનું પણ ધ્યાન રાખે એવા બાપ માટે છે.

આ પુસ્તકની વિશેષતા તેનું આકર્ષક અને તીર્થંકરોની માતાના મનમોહક ચિત્રો, હૃદયસ્પર્શી નામ (શીર્ષક), અંદર મૂકેલી સુંદર કાવ્યપંક્તિઓ અને દરેક લેખના શીર્ષકો વાચકને વાંચવા પ્રેરે તેવા તો છે જ પણ વિચારતા કરી મૂકે તેવા પણ છે.

દરેક પુત્રોએ વસાવવા, વાંચવા અને મનન કરવા જેવું આ પુસ્તક છે.

X X X

પુસ્તકનું નામ : **ભવ્ય ભાષા, માતૃભાષા**

લેખક : **પંન્યાસ મુક્તિવલ્લભ વિજય**

પ્રકાશક : **પ્રજ્ઞા પ્રબોધ પરિવાર,**

શ્રી સમકિત યુવક મંડળ,

રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, દોલતનગર રોડ નં. ૭,

બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬.

ફોન : ૩૨૫૨૨૫૦૯. મૂલ્ય : રૂા. ૪૫/-,

પાના : ૧૧૨, આવૃત્તિ : ૧, સં. ૨૦૬૭.

જન્મજાત બાળકને માતાની હૂંફ ન મળે તો પણ કદાચ તે લાંબુ જીવી જાય. પરંતુ...માતૃભાષા એવી માતા છે કે, સંતાનના હૂંફ અને કાળજી તેને ન મળે તો તે લાંબુ જીવી ન શકે !

આ પુસ્તકમાં લેખકશ્રીએ ગુજરાતી ભાષાની થઈ રહેલી અવગણના બદલ અનુભવાતી વેદનાને વાચા આપી છે. લેખકની આ વેદનાના મૂળમાં કેવળ ભાષાપ્રેમ નહીં પણ ભાવનાપ્રેમ, સંસ્કૃતિપ્રેમ, ધર્મ અને અધ્યાત્મનો પ્રેમ છતો થાય છે. અહીં કોઈ ભાષા પ્રત્યે પૂર્વગ્રહ નથી છતાં ચોક્કસ પ્રકારના અસામર્થ્ય પ્રત્યે અંગુલિનિર્દેશ છે.

માતૃષાભા ગુજરાતીની ઉપેક્ષા અને વિદેશી ભાષા અંગ્રેજી પ્રત્યેનું ગુજરાતી પ્રજાનું અત્યંત આકર્ષણ એટલે સગી માની અવગણના અને સાવકી મા પ્રત્યે આકર્ષણ.

અહીં અંગ્રેજી ભાષા પ્રત્યે લેશમાત્ર અનાદરનો ભાવ નથી, પરંતુ માતૃભાષા ગુજરાતી પ્રત્યે ભારોભાર આદર છે એ આદરભાવને જ આ પુસ્તકમાં વાચા આપી છે.

હૃદયમાં માતૃભાષા પ્રત્યે આદર જગાડનાર આ પુસ્તક વાંચવા, વિચારવા અને વસાવવા યોગ્ય છે.

X X X

સાભાર સ્વીકાર

પુસ્તકનું નામ : **ઈચ્છાની પેલે પાર**

લેખક : **રમેશ ઠક્કર**

પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

X X X

પુસ્તકનું નામ : **જ્ઞાનધારા**

સંપાદક : **ગુણવંત બરવાળિયા**

પ્રકાશક : સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેન્ટર નં. એચ. ૨૩૧,

ઘાટકોપર (ઈ.) મુંબઈ-૪૦૦ ૦૭૫.

ફોન : ૨૫૦૧૦૬૫૮.

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

X X X

પુસ્તકનું નામ : **જયશ્રી હનુમાન ચરિત્ર**

સંપાદક : **નર્મદાશંકર શાસ્ત્રી (બ્રહ્મપુરી-ઈડર, હાલ-વિરાર)**

પ્રકાશક : શ્રીમતી પ્રજ્ઞાબેન જાની, શ્રીમતી સુમિત્રાબેન પી. જાની, બી-૩૦૪, શ્રીપાલ ક્રાઉન પ્લોટ નં. ૧૯, ૨૦, વિરાટનગર, વિરાર (પશ્ચિમ), જિ. થાણા. ફોન : ૦૨૫૦-૨૫૦૨૦૮૭.

પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

X X X

પુસ્તકનું નામ : **જયંત કોઠારી (પરિચય પુસ્તિકા)**
લેખક **: રમેશ ઓઝા,** સંપાદક : **સુરેશ દલાલ**
પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, ચર્નીરોડ, મુંબઈ–૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૮૧૪૦૫૯.

X X X

પુસ્તકનું નામ : **સમાધિ મૃત્યુ થકી સદ્‌ગતિ સદ્‌ગતિ થકી ભવમુક્તિ**
સંકલન **: પૂ. મુ. શ્રી સંયમકીર્તિ વિ. મ.સા.**
પ્રકાશક : હરસુખભાઈ ભાઈચંદ મહેતા, 'પેનોરમા', ૨૦૩, વાલકેશ્વર રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૬.
ફોન : ૨૩૬૯૦૬૦૩/ ૨૩૬૯૦૬૦૮.

X X X

પુસ્તકનું નામ : **ભીના ખમીરની મીઠી સોડમ : દશરથલાલ ઠાકર**
સંકલન **: ગૌતમ ઠાકર**
પ્રકાશક : ૪, સંમિત્ર સોસાયટી, મલાવ તળાવ સામે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.

X X X

પુસ્તકનું નામ : **મનની શાંતિ અને શક્તિ વિભાગ–૧–૨**
પ્રકાશક-સંપાદન **: નયના નંદલાલ ઠક્કર,** બલરામ ચેમ્બર્સ, ૫મે માળે, બ્લોક નં. ૨૧, બેરેક રોડ, મેટ્રો સિનેમાની પાછળ, મુંબઈ–૪૦૦ ૦૨૦.
પ્રાપ્તિસ્થાન : એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧૦૬૩૩, ૨૨૦૩૩૧૩૮.

X X X

પુસ્તકનું નામ : **શબરીના બોર**
લેખક **: ડૉ. પ્રફુલ શાહ**
પ્રકાશક : રંગદ્વાર પ્રકાશન, જી/૧૫, યુનિવર્સિટી પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

X X X

પુસ્તકનું નામ : **શીલધર્મની રત્નકથાઓ**
લેખક **: સ્વ. મહેતા મનસુખલાલ તારાચંદ**
પ્રકાશક : મહેતા હરસુખલાલ ભાયચંદ ૨૦૩, વાલકેશ્વર રોડ, 'પેનોરમા', મુંબઈ-૪૦૦ ૦૦૬.

X X X

પુસ્તકનું નામ : **કિશોરોના રવીન્દ્રનાથ**
સંપાદક **: મહેન્દ્ર મેઘાણી**
પ્રકાશક : લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. ૨૩, ભાવનગર–૩૬૪૦૦૧.

X X X

પ્રજ્ઞાચક્ષુ ડૉ. પં. સુખલાલજીનું 'પ્રજ્ઞા સંચયન' પ્રકાશિત

મહાપ્રાજ્ઞ પૂ. પંડિતજીના ચૂંટેલા મહત્ત્વનાં લેખ-નિબંધોનું આ સંપાદન-હિન્દી અનુવાદન તેમના ૮ ડિસેમ્બરના જન્મદિન પ્રસંગે ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૧-માગશીર્ષ પૂર્ણિમાએ અમદાવાદમાં પ્રકાશિત થયું. ત્યાં આનંદઘન-પદોના 'ગગન મંડલમેં...' ગાન સમયે લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સહૃદયી વિદ્વાન નિર્દેશક ડૉ. જિતેન્દ્ર બી. શાહે, કે જેમણે પુસ્તકનું ગહન ચિંતનપૂર્ણ મનનીય પુરોવચન 'અનુકરણીય ગુરુતર્પણ' લખ્યું છે, આ પ્રકાશનને લોકાર્પણ કર્યું. ૧૭૫ પૃષ્ઠના આ ગ્રંથમાં પૂ. પંડિતજીની નવનવોન્મેષશાલિની પ્રજ્ઞા સર્વત્ર ડોકિયાં કરે છે અને વાચકને નવી જ ઊંડી ચિંતનદૃષ્ટિ અને આનંદ આપે છે. ગ્રંથનું યુગોપયોગી ચયનપૂર્વક કરેલું વિષય-વૈવિધ્ય ત્રણ વિભાગોમાં વિભાજિત છે: (૧) જૈન દર્શન, (૨) શ્રીમદ્ રાજચંદ્રજીનું સમગ્ર પ્રદાન અને 'આત્મોપનિષદ'વત્ આત્મસિદ્ધિ શાસ્ત્ર અને (૩) ઋતંભરા પ્રજ્ઞાવાન મહાત્મા ગાંધીજી અને તેમની આગવી અહિંસા સૃષ્ટિ. પંડિતજીની આત્મવિદ્યા વિશ્વવિદ્યાલયની આર્ષદૃષ્ટિભરી પરિકલ્પનાયુક્ત સંપાદકીય 'પ્રાક્કથન' પણ પંડિતજીની જીવનઝાંખી અને સંસ્મરણા-અનુપ્રેરણાઓથી ભરેલું હોઈને પુસ્તકના ઉપર્યુક્ત પુરોવચન સાથે ઉપયોગી છે.

સંપાદન-અનુવાદન પંડિતજીના સુદીર્ઘ અંતેવાસી પ્રા. પ્રતાપકુમાર ટોલિયા-શ્રીમતી સુમિત્રા ટોલિયા દંપતીએ કર્યું છે. ગુજરાતી ભાષી પ્રબુદ્ધ પાઠકો સ્વયં વાંચી, પાંચ પાંચ પ્રતિઓ ખરીદી હિન્દી ભાષી મિત્રોને ભેટ મોકલે તો ગુજરાત બહાર તે વિશેષ પ્રસરે. આ હેતુથી તેની ૫ પ્રતિઓના રૂા. ૫૦૧/- જ રખાયા છે, જે સંપાદકોનો 09611231580/080 65953440 ફોન નંબરો પર સંપર્ક કરી મોકલી, મેળવી શકાય છે: (E-mail પણ કરવા માટે pratapkumartoliya@gmail.com- 'જિનભારતી' બેંગલોર પરથી. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩.ફોન નં. : (022) 22923754

વિચરતા સમુદાય સમર્થન મંચ

(આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

૫૦૭૧૫૫૮	આગળનો સરવાળો ડિસે. '૧૧
૫૦૦૦	થાવરભાઈ બી. ગડા (નંદુ ડ્રેપર્સ)
૫૦૦૦	એક ભાઈ તરફથી
૫૦૮૧૫૫૮	

જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

રૂપિયા	નામ
૨૫૦૦	પ્રદિપભાઈ મહેતા
૨૫૦૦	

આજીવન સભ્ય પૂરક રકમ તેમજ નવા સભ્યો

રૂપિયા	નામ
૨૫૦૧	ઉપેન્દ્રભાઈ એસ. શાહ (અમદાવાદ)
૨૫૦૧	

પ્રબુદ્ધ જીવન સૌજન્ય

રૂપિયા	નામ
૨૦૦૦૦	શ્રી ચંદ્રકાન્તભાઈ ડી. શાહ
૨૦૦૦૦	

દોષ

● *દોષો: આપણે તેમનો શોકથી એકરાર કરીએ છીએ અને આનંદથી તેને વળગી રહીએ છીએ.* ❑ **અજ્ઞાત**


● *માનવીનો મોટામાં મોટો દોષ એ છે કે, એ પોતાને નિર્દોષ સમજે છે.* ❑ **અજ્ઞાત**

● *હજારો ગુણ પ્રાપ્ત કરવા સહેલા છે, પણ એક દોષને દૂર કરવો મુશ્કેલ છે.* ❑ **બ્રુયર**

● *જે તમારા દોષને દેખાડે તેને દાટેલું ધન દેખાડનાર સમજો.* ❑ **બેકન**

● *આખી દુનિયામાં હું જ મારી અવજ્ઞા કરી શકું, કારણ કે, મારા જ દોષો હું સૌથી વધુ જાણું છું.* ❑ **શેક્સપિયર**

● *દુષ્ટને સજા કરવા માટે બુમરાણ મચાવનારા મેં ઘણાં જોયા, પણ નિર્દોષને નિર્દોષ જાહેર કરવાની ચિંતા કરનારા બહુ ઓછા જોયા.* ❑ **ડેનિયલ ડિફો**




શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



+ કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
+ કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
+ **ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
+ બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

રૂા.એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા.૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા.૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૭	જૈન આચાર દર્શન	૩૦૦
૮	જૈન ધર્મ દર્શન	૩૦૦
૯	ગુર્જર જ્ઞાનુ સાહિત્ય	૧૦૦
૧૦	જિન વચન	૨૫૦
૧૧	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૧૩	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૪	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૫	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૬	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૧૭	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૫૦
૧૮	નમો તિત્થરસ	૧૪૦
૧૯	જ્ઞાનસાર	૧૦૦
૨૦	પાસપોર્ટની પાંખે ભાગ-૧	૧૫૦
૨૧	પાસપોર્ટની પાંખે ભાગ-૨	૧૫૦

'જિન વચન' પ્રભાવના રૂપ અનુમોદનીય જ્ઞાન કર્મ

'વંદે ગૌ માતરમ્'વાળા રંજુ-વિનેશ 'મીઠાબેન' વસનજી વેલજી મામણિયા (૯૮૨૦૨૮૮૨૬૫) (કુંદરોડી-VPLY) ને ઘેર પૌત્રીનું પારણું બંધાયું. નીતા-કિરીટ 'પ્રભાબેન' પ્રેમજી શામજી સૈયા (ગેલડા)ની દોહિત્રી એવી ઉર્મિ-હર્ષલ મામણિયાની પુત્રી 'રિષમ'ના જ્ઞાનપંચમી (લાભપાંચમ), સોમવાર, તા. ૩૧-૧૦-૨૦૧૧ના રોજ જન્મનો આનંદ જૈન ધર્મના ઊંડા જ્ઞાતા એવા ડૉ. રમણલાલ શાહ સંપાદિત **'જિનવચન'** ની પ્રભાવનાથી થયો.

મામણિયા અને સૈયા પરિવારે આ ધર્મગ્રંથની **૫૬૦ પ્રત ખરીદીને** સ્વજનોમાં પ્રભાવના કરી છે. આ અનુમોદનીય અને અનુકરણીય જ્ઞાનકર્મ માટે અભિનંદન.

વિનેશ વસનજી મામણિયા, ૪/R, શિવાય નમઃ, ડૉ. એ. બી. માર્ગ, વરલી-મુંબઈ-૪૦૦૦૧૮.

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
૨૨	પાસપોર્ટની પાંખે ભાગ-૩	૨૦૦
૨૩	સાંપ્રત સહચિંતન ભાગ-૪	૨૫
૨૪	સાંપ્રત સહચિંતન ભાગ-૫	૨૫
૨૫	સાંપ્રત સહચિંતન ભાગ-૬	૨૫
૨૬	સાંપ્રત સહચિંતન ભાગ-૮	૨૫
૨૭	સાંપ્રત સહચિંતન ભાગ-૯	૨૫
૨૮	સાંપ્રત સહચિંતન ભાગ-૧૦	૨૫
૨૯	સાંપ્રત સહચિંતન ભાગ-૧૧	૩૦
૩૦	સાંપ્રત સહચિંતન ભાગ-૧૨	૫૦
૩૧	સાંપ્રત સહચિંતન ભાગ-૧૩	૮૦
૩૨	સાંપ્રત સહચિંતન ભાગ-૧૪	૮૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૩૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૩૪	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૩૫	આર્ય વજ્રસ્વામી	૧૦
૩૬	આપણા તીર્થંકરો	૧૦૦
૩૭	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૩૮	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૩૯	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૪૦	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month । Regd. No. MH /MR / SOUTH-146 / 2012-14

ગાંધીજીને ચરણે

□ ડૉ. ગંભીરસિંહ ગોહિલ

*વિદ્વાન લેખક ભાવનગરની શામળદાસ કૉલેજના પૂર્વ આચાર્ય, સંનિષ્ઠ વિદ્યા તપસ્વી પ્રાધ્યાપક અને મહારાજા કૃષ્ણકુમારસિંહજીની શતાબ્દી નિમિત્તે પ્રકાશિત થનાર ગ્રંથ **'પ્રજાવત્સલ રાજવી - કૃષ્ણકુમારસિંહજી'** ના સર્જક છે. આ સચિત્ર દળદાર અને પ્રેરક ગ્રંથ જિજ્ઞાસુઓનો જીવન પાથેય બની રહેશે જ.*

દિલ્હીનું બિરલા હાઉસ

સ્વાતંત્ર્ય પછીના દિવસોમાં દેશની સંવેદનાઓનું કેન્દ્ર. તે હતી ૧૯૪૭ના ડિસેમ્બરની ૧૭મી તારીખ. અંધકારભરી રાત્રિના ૧૧નો સમય. આસપાસ બધું સુમસામ. શિયાળાની ઠંડક.

ગાંધીજીનું એ નિવાસસ્થાન. પ્રવચનો, અગત્યના કાગળો વગેરે જોઈને તેઓ પરવાર્યા છે.

ગાંધીજીનાં અંતેવાસી મનુબહેન ગાંધીને સૂચના અપાઈ ગઈ છે. 'દરવાજે સમય કરતાં પાંચેક મિનિટ વહેલી ઊભી રહેજે. મુલાકાતીને આવકારી અંદર લાવજે.'

ગાંધીજી પાસે તો વાઈસરૉય સહિતના અનેક મુલાકાતીઓ આવે છે. તેમના માટે પણ આવી તૈયારી ક્યારેય રખાતી નથી. તેમને બરાબર સારી રીતે આવકાર આપજે. એવું ફરીથી જણાવી ગાંધીજીએ મનુબહેનને સતત આશ્ચર્યમાં રાખ્યા છે.

બિરલા હાઉસના દરવાજે એક કાર આવીને ઊભી રહે છે. બે મહાનુભાવો ઊતરીને મનુબહેન સાથે અંદર આવે છે.

મધ સાથે ગરમ પાણી પી રહેલ ગાંધીજી ઓરડામાં ગાદલા પર બેઠા છે. અતિથિ માટે ખુરશીની વ્યવસ્થા રખાઈ છે. પણ તેઓ નીચે બેસવાનો આગ્રહ રાખે છે.

આવનારને જોઈને હાથમાંનો પ્યાલો મનુબહેનને આપીને ગાંધીજી ઊભા થાય છે. બાથરૂમ જવું હશે એમ ધારી મનુબહેન ચાખડી લેવા જાય છે. ગાંધીજી અતિથિને હાથ જોડી સત્કાર કરીને બેસી જાય છે.

મનુબહેન માટે અતિથિ અજાણ્યા નથી. ગાંધીજીએ તેમના માટે રાખેલી દરકાર એ નવી બાબત છે. બંધ ગળાનો લાંબો કોટ, સુરવાળ અને ફરની કાળી ટોપી પહેરીને આવેલા મુલાકાતી ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી છે. સાથેના સફેદ ફેંટાવાળા દીવાન અનંતરાય પટ્ટણી છે જેમને બીજા ખંડમાં બેસાડવામાં આવ્યા છે.

મહારાજા ગાંધીજીને એકલા મળે છે. મંત્રણાનો વિષય છે દેશી રજવાડાંઓ અંગેનો.

પંથે પંથે પાથેય...

અંગ્રેજ સરકારની જ્યાં હકુમત નથી તે સર્વ પ્રદેશ ભારત અને પાકિસ્તાનને મળ્યા. સ્વાતંત્ર્ય મળ્યું, પણ અખંડ હિંદ ન રહ્યું. દેશના ભાગલા પડ્યા. તેની પછવાડે અંગ્રેજોની કુટિલ રાજનીતિ હતી. તેનો હવે બીજો તબક્કો શરૂ થઈ ગયો હતો. દેશના ફરી ભાગલા પડે તે માટે જુદાં જુદાં પરિબળો કામ કરી રહ્યાં હતાં. તે બાબત હતી દેશી રાજ્યો અંગેની.

દેશી રાજ્યો પર અંગ્રેજ સરકારની સીધી હકુમત નહોતી. તેમના વચ્ચે કરારો હતા. આ કરારો અંગ્રેજ સલ્તનતની સર્વોપરી સત્તા સાથે થયેલા હતા. સ્વાતંત્ર્ય મળતાં ભારતીય ઉપખંડમાંથી સર્વોપરી સત્તા ચાલી ગઈ. સાદી ભાષામાં કહીએ તો દેશી રાજ્યો સ્વતંત્ર થયાં. તેમનું ભવિષ્ય તેમણે નક્કી કરવાનું હતું. તેઓ નિર્ણય કરે તેના પર દેશની એકતાનો આધાર હતો.

આવા બારીક સમયે રાજસ્થાનના રાજાઓ, દેશી રજવાડાંઓ સ્વાતંત્ર્ય પછીની પરિસ્થિતિ અંગે ભારત સરકાર સાથે વાટાઘાટ ચલાવી રહ્યાં છે. કાશ્મીર, હૈદરાબાદ વગેરે રાજ્યોના સળગતા પ્રશ્નો છે. સરદાર વલ્લભભાઈ પટેલ રિયાસત ખાતાના પ્રધાન તરીકે તેનો ઉકેલ લાવવા મથામણ કરી રહ્યાં છે.

અન્ય રાજવીઓ અને સૌરાષ્ટ્રના ૨૨૨ રજવાડાઓ અવનવી યોજનાઓ વિચારી રહ્યા હતા. કાશ્મીર, હૈદરાબાદ, જૂનાગઢ વગેરે રાજ્યોમાં પાકિસ્તાન દ્વારા પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા. જૂનાગઢનો પ્રશ્ન તાજેતરમાં જ ઉકેલાયો હતો. ત્રાવણકોર રાજ્યે સ્વતંત્ર થવાની જાહેરાત કરી અને પાછી ખેંચી લીધી. કોઈક રાજપૂત રાજા પણ પાકિસ્તાન સાથે ભળવાની છૂપી વાટાઘાટો ચલાવી રહ્યા હતા. જામનગરના જામસાહેબ જેવાએ સમજૂથ યોજના વિચારી જોઈ હતી. સરદાર પટેલને દેશી રાજ્યોના પ્રશ્નો ઉકેલ નજીક દેખાતો નહોતો.

સત્તા છોડવાનું કોઈને પણ ગમે નહિ. રાજાઓને કેમ ગમે ? સત્તા સાથે પ્રતિષ્ઠા, નામના, સંપત્તિ, સાહ્યબી, દેશવિદેશના પ્રવાસો વગેરે ઘણું સંકળાયેલું હોય છે. બધું એક ઝાટકે ચાલ્યું જાય તે શી રીતે સહન થાય ? સદીઓથી ભોગવેલી જાહોજલાલી છોડવા રાજવીઓનું મન માનતું નહોતું. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી જેવા ઈતિહાસના પરિવર્તનોને ઓળખનારા દેશભક્ત રાજવીઓ બહુ ઓછા હતા.

કૃષ્ણકુમારસિંહજી જુદી માટીથી ઘડાયેલા હતા. તેમણે સામે ચાલીને ગાંધીજીની મુલાકાત માગી હતી. પોતાની તેર વરસની ઉંમરે ભાવનગરના નીલમબાગ પેલેસમાં ગાંધીજી સામે ચાલીને મળવા આવેલા. તે વિવેક અને સદ્‌ભાવ તેઓ ભૂલ્યા નહોતા.

હાલની ઐતિહાસિક મુલાકાત પહેલાં મહારાજાએ કેટલુંક વિચારી લીધેલું હતું. દેશના ભાગલા પડ્યા તેનું તો તેમને દુઃખ હતું જ પણ ફરીથી તેવું કંઈક પણ થાય તે તેમનાથી સહન થાય તેમ ન હતું. દેશની એકતા ખાતર સાત સૈકા જૂની પોતાની રાજસત્તા, જનક વૈદેહીની જેમ નિર્લેપ બનીને, નિષ્કપટ ભાવથી, છોડી દેવાનો નિર્ણય કરીને તેઓ આવ્યા હતા. તેમના પગલાંમાં દૃઢતા હતી.

'મારી પ્રજા સુખી રહો' એવો મુદ્રાલેખ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૭મું)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૯ • અંક-૨ • ફેબ્રુઆરી ૨૦૧૨ • પાના ૨૮ • કીમત રૂા. ૧૦



જિન-વચન

પાપ કર્મનું ઉપાર્જન

पूयणट्ठा जसोकामी माण-सम्माण कामए ।
बहुं पसवई पावं मायासल्लं च कुव्वई ।।
दसवैकालिक ५(२)-३५

જે મુનિ પોતાની પૂજા થાય એ માટે પ્રયત્નશીલ હોય છે, યશની કામનાવાળા હોય છે તથા માન-સન્માનની ઇચ્છાવાળા હોય છે તે બહુ પાપકર્મ ઉપાર્જે છે અને માયાશલ્ય કરે છે.

A monk who is active to get himself worshipped by others, keen on fame and expects respectful treatment everywhere is in fact indulging in deceitful Karma and commits many sins.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

આચમન

ચાળીસ હજાર પાછા આપ્યા

આશ્રમની શરૂઆતના દિવસોની વાત છે. બાપુ પાસે એક જોષી ઘણી વાર આવતા. એમનું નામ ગિરજાશંકર જોષી હતું. એક દિવસ બાપુએ એમને કહ્યું, 'તમે નિયમિત આવો છો તો આશ્રમના છોકરાઓને સંસ્કૃત કેમ ન ભણાવો?' એટલે તેઓ છોકરાઓને સંસ્કૃત ભણાવવા લાગ્યા.

તેઓ ફલજ્યોતિષી હતા. અમદાવાદના ઘણા પૈસાવાળાનો એમની વિદ્યા પર વિશ્વાસ હતો. સોમાલાલ નામના કોઈક તવંગરને બાપુને કંઈ દાન આપવાની ઇચ્છા થઈ. તેમણે જોષી સાથે ચાળીસ હજાર રૂપિયા શાળાનું મકાન બાંધવા માટે મોકલ્યા. તે દિવસોમાં અમે વાડજમાં તંબૂમાં તે સાદડીના ઝૂંપડામાં રહેતા હતા. મકાન બાંધવાનો વિચાર કરીએ તે પહેલાં અમદાવાદમાં ઈન્ફ્લુએન્ઝા ફાટી નીકળ્યો. રોજ સોબસો મરણ થવા લાગ્યાં ને હાહાકાર મચી ગયો. બાપુએ જોષીને કહ્યું, 'આ વરસે તો અમારે મકાન નથી બંધાવવાં. શાળાનું મકાન પણ નહીં બંધાય. એટલે સોમાલાલભાઈએ આપેલા પૈસા પાછા લઈ જાઓ.' જોષી કહે, 'તેમણે પૈસા પાછા નથી માગ્યા.' બાપુ કહે, 'તેથી શું થયું? જે કામને માટે તેમણે પૈસા આપ્યા છે તે કામ હમણાં થવાનું નથી, પછી એ પૈસા શા માટે સાચવવા?' જોષી કહે, 'હમણાં નહીં તો ભવિષ્યમાં ક્યારેક પણ છાત્રાલય બંધાશે તો ખરું ને? તે વખતે પૈસા કામ લાગશે.' બાપુ કહે, 'હા, પણ જ્યારે બાંધવાનો પ્રસંગ આવશે ત્યારે કોઈ પૈસા આપનારા નીકળશે.' જોષીએ જઈને સોમાલાલભાઈને બધી વાત કહી સંભળાવી. તેમણે કહ્યું, 'મેં આપ્યા તે આપ્યા. પાછા નહીં લઉં!'

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	વાનપ્રસ્થની સંધ્યાએ : આવતી કાલનો નવો સમાજ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	શુભાનુબંધ	ડૉ. પ્રવીણ સી. શાહ	૬
(૩)	વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે	ગુણવંત બરવાળીયા	૧૦
(૪)	૯૦૦૦ ભાવિકોની ઉપસ્થિતિ: ૨૧ દાનવીરો ૫૧ લાખનું દાન આપશે	——	૧૨
(૫)	અળસી ખાવામાં આળસ હોય?	ડૉ. માણેક સંગોઈ	૧૩
(૬)	વૃદ્ધ માબાપની સેવા એ સંતાનોનો પરમ ધર્મ છે	શશિકાંત લ. વૈદ્ય	૧૫
(૭)	માઈકનો ઉપયોગ કેમ ન કરાય?	અનુવાદક : પુષ્પા પરીખ	૧૬
(૯)	કવિતામાં આધ્યાત્મિકતા	રમેશ પી. શાહ	૧૮
(૧૦)	દાનનો પ્રવાહ કઈ દિશામાં?	કાકુલાલ સી. મહેતા	૧૯
(૧૧)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૨૦
(૧૧	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત દ્વિતિય કાયોત્સર્ગ શિબિર }	દિપ્તી સોનાવાલા મિનળ શાહ	૨૧
(૧૩)	જયભિખ્ખુ જીવનધારા : ૩૬	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૨
(૧૪	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૫
(૧૬)	પંથે પંથે પાથેય : હવે હું એમની નથી રહી!	શ્રી કુલીન વોરા	૨૮

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૯ ● અંક : ૨ ● ફેબ્રુઆરી ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● માહ વદ-તિથિ-૯ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

વાનપ્રસ્થની સંધ્યાએ : આવતી કાલનો નવો સમાજ

થોડાં સમય પહેલાં એક અપરિચિત અતિશ્રીમંત વયસ્ક સજ્જનનો મારા મોબાઈલ ઉપર ફોન આવ્યો. એ મહાનુભાવે પ્રથમ તો વિવેકથી પૂછ્યું કે મને હમણાં વાત કરવાની અનુકૂળતા છે? મેં સંમતિ આપી એટલે એમણે કહ્યું કે એઓ મને મળવા માગે છે, અને એ માટે મારે એમના બંગલે જવું. કોઈ એક સમારંભમાં મેં વક્તવ્ય આપેલું એનો એઓશ્રીએ ઉલ્લેખ કર્યો અને ત્યારે એમણે મારી પાસેથી મારો મોબાઈલ નંબર લીધો હતો, એવી સ્પષ્ટતા કરી અને સાથોસાથ એ પણ કહ્યું કે એઓ મારી અનુકૂળતા પ્રમાણે મને લેવા મૂકવા વાહન પણ મોકલશે. મેં વિવેકથી કહ્યું કે, 'આપ તસ્દી ન લેશો, મારી પાસે એ સગવડતા છે અને હું જ્યારે આપના સ્થાન તરફ આવીશ ત્યારે જરૂર આપને ત્યાં આવીશ.' સામા પક્ષે એમણે એટલું પણ કહ્યું કે મારે બે કલાકનો સમય એમને આપવો, જે મારા માટે ધર્મસંકટ હતું, પરંતુ કોઈ વિકલ્પ ન હતો.

આ અંકના સૌજન્યદાતા

શ્રીમતી સવિતા અને શ્રી કેશવજી રૂપશી શાહ

શ્રીમતી નીના અને શ્રી અતુલ કેશવજી શાહ

શ્રીમતી સોનલ અને શ્રી રીતેશ કેશવજી શાહ

શ્રીમતી દીપ્તિ અને શ્રી જીતેશ કેશવજી શાહ

શ્રીમતી ચંદ્રિકા ઈન્દ્રવદન શાહની

પુણ્ય સ્મૃતિમાં

એકાદ મહિનો વિતી ગયો. બે-ત્રણ વખત મેં એમને ત્યાં જવાનો કાર્યક્રમ બનાવ્યો, પરંતુ મુંબઈનો ટ્રાફિક એટલો બેરહેમ છે કે આપણે ત્રણ-ચાર કામ લઈને નીકળ્યાં હોઈએ, પણ આ ટ્રાફિકનો 'સમય' આપણા એક બે કામ 'ખાઈ' જાય અને આપણી યોજનામાં ભંગાણ પડાવે. આજે 'સમય'ની પડાપડી છે અને કુટુંબના સંબંધો અને ઉષ્માને એ 'ખાઈ' જાય છે. મારો જ અનુભવ કહું તો પુત્ર સવારે ઊઠે ત્યારે આપણે છાપામાં અને ફોનમાં વ્યસ્ત હોઈએ, એ બધું 'જલદી જલદી' પતાવે અને લીફ્ટમાં જતાં જતાં કહે, 'પાપા હું ગાડીમાંથી ફોન કરું છું. તમે 'ફ્રી' રહેજો.' અને એ ફોન કરે, ત્યાં એનો બીજો મોબાઈલ રણકે, કહે, 'પપ્પા પછી ફોન કરું છું.' અને ઉત્તરાર્ધ હંમેશા અધૂરો જ રહે. આજકાલ બે મોબાઈલ રાખવાની ફેશન જ નહિ, 'ઉપયોગીતા' થઈ ગઈ છે. બધું 'બે'-એક ઘર નહિ, બીજું 'આઉટ' હાઉસ પણ દૂર દૂર જોઈએ! ધન પણ એક-બે નંબરના. હવે તો સફરનું એકાંત પણ ગયું. ગમે ત્યારે મોબાઈલ રણકે. પુત્ર રાત્રે આવે ત્યારે એ ફરિયાદ કરે. 'હું રાત્રે આવું ત્યારે, પપ્પા-તમે અને મમ્મી ટી.વી. સિરિયલમાં ચીટકેલા હો, હું ક્યારે વાત કરું?' સગવડતાઓ અને સુખ વધ્યું અને શાંતિ અને સંવાદની બાદબાકી થઈ ગઈ!

એ સજ્જનનો ફરી બે વખત ફોન આવ્યો, અને મારે એમને જ મળવા ખાસ 'પ્રોગ્રામ' બનાવવો પડ્યો. મુંબઈમાં આવો 'પ્રોગ્રામ' ઓછામાં ઓછા છ કલાક ખાઈ જાય, બે સારા ચલચિત્ર, બે સારા પ્રવચનો કે એકાદ ઉત્તમ પુસ્તકનું વાંચન!! આટલાનું બલિદાન આપી જ દેવાનું.

એક સાંજે ચારેક વાગે એમના બંગલે પહોંચ્યો. મુંબઈ જેવા શહેરમાં જૂહુ જેવા વિસ્તારમાં ભવ્ય બંગલો. એ સજ્જન મને આવકારવા નીચે જ ઊભા હતા, મોબાઈલ ઉપર વારે વારે મને એમના સ્થાનનું લોકેશન સમજાવતા હતા એટલે.

બંગલામાં પ્રવેશ્યો, નીચે દિવાનખાનામાં ભવ્ય 'કીટી પાર્ટી' ચાલી રહી હતી. લગભગ દસેક 'જાજરમાન' મહિલાઓ પોતાની શ્રીમંતાઈ અને 'ઓળખાણો'ની એકબીજાને પ્રદર્શન કરાવતી હતી.

આ માત્ર મેં સાંભળ્યું. અમારા તરફ કોઈએ 'દૃષ્ટિ' ફેંકી પણ નહિ. સજ્જન મને ઘરની અંદરની લીફ્ટમાં જ ઉપર લઈ ગયા.

ઘૂઘવતા સાગર સામેની એમની બાલ્કનીમાં અમે ગોઠવાયા, અને વાતોમાં પરોવાઈએ એ પહેલાં એમણે મારું ચા-નાસ્તાથી આતિથ્ય કરવાનું ઈચ્છ્યું, ઘંટડી મારી, અવાજો કર્યા. ઈન્ટર કોમ ઉપર થોડો ક્રોધ પણ કર્યો. આવી વીસેક મિનિટની બરબાદી બાદ એક નોકર આવ્યો, અને ક્રોધિત શેઠને પોતાનું જલદી ન આવી શકવાના કારણોમાં એ ઘરના અન્ય સભ્યોના કામમાં કેટલો રોકાયેલો હતો એની યાદી આપી પોતાના શેઠના ગુસ્સાને શાંત પાડવાના પ્રયત્નો કર્યા. મેં મનમાં વિચાર્યું, આ શ્રીમંત આ 'બાલ્કની'માં બેસી ઘૂઘવતા સાગર સાથે પોતાના હૃદયનો તાલમેલ કેટલા સમયથી મેળવતા હશે? સાગરનો ઘૂઘવાટ ક્યારેય શાંત ન થાય, એવું જ આ 'શ્રીમંત'ના મનનું હશે જ.

ચા–નાસ્તો આવે એ દરમિયાન એઓ વાતે વળગ્યાં. હું આને વાર્તાલાપ તો ન જ કહું કારણકે મારે ધીરજપૂર્વક એમની એકોક્તિ સાંભળવાની હતી જ.

કોઈ વૃદ્ધ કે વૃદ્ધાનો તમારા ઉપર ફોન આવે, આ ઊંમરે લાંબી અને પોતાની વાતો કરવાની–કારણ કે ઘરમાં એમને કોઈ સાંભળતું ન હોય–ટેવ હોય, તો શાંતિથી કાન દઈને એમના હૈયાની એકોક્તિ સાંભળજો. કંટાળો તો ય કંટાળશો નહિ, અને આવી વ્યક્તિને કાન, હૃદય અને સમય આપજો, એમનું હૈયું હળવું થશે, તો એ સામાયિક કે પૂજામાં પસાર થતા સમય કરતાં ઓછું પૂણ્ય નથી જ. 'ઊઘાડી રાખજો બારી'...

આ એકોક્તિનો સાર ટૂંકમાં કહું તો, સ્વબળે એઓ શ્રીમંત થયા, બાળપણમાં લગ્ન, ન જામ્યું એટલે બીજા લગ્ન–ધન આવે પછી સાથી 'ગૃહલક્ષ્મી'ને જાકારો મળે, અને બીજી 'ધનલક્ષ્મી' પ્રવેશ કરી જાય! કારણો તો ઘણાં ગોઠવાઈ જતાં હોય છે. પોતાના કાર્યને 'જસ્ટીફાઈ' કરવા ઘણી દલીલો કરી, અંતે એ પત્નીના અઢળક ગુણગાન ગાયા, વગેરે વગેરે. અત્યારે બેમાંથી કોઈ હયાત નથી. બીજી પત્નીના ત્રણ સંતાનો, પુત્રી પરદેશમાં સ્થિર થઈ ગઈ છે, બે પુત્રો લડે છે અને એક જ બંગલામાં બે બે માળ વહેંચાઈ ગયા છે. પુત્રવધૂઓ ફરજના પાસા એકબીજા ઉપર ફેંકે છે, અને આ 'શ્રીમંત'નું જમવાનું કયા રસોડેથી આવે છે એની એમને ખબર નથી. પણ બધું આવે છે ખરું, નોકરો દ્વારા. પુત્રો ક્યારેક હાય-હલ્લો કરવા કે સહીઓ કરાવવા આવે છે એટલું જ. બધાં પોતાના સામ્રાજ્યમાં ખૂબ 'બીઝી' છે. જરૂર જણાય ત્યાં સામાજિક પ્રતિષ્ઠા વધારવા ક્યારેક આ 'બાપ'ને 'મોટા ભા' પણ પ્રસંગ પૂરતા બનાવી દે છે!

આ બધી કથની સાંભળી મેં પૂછ્યું, 'મુરબ્બી આમાં હું આપને શું ઉપયોગી થઈ શકું?' મારા આશ્ચર્ય વચ્ચે કહ્યું: 'મારી બે વસ્તુની જ તમારી પાસે અપેક્ષા છે' 'શી?' મેં ઉત્સુકતાથી પૂછ્યું. એમણે ત્વરિત ઉત્તર આપ્યો. 'મારી આત્મકથા લખી આપો.' મેં કહ્યું આત્મકથા તો વ્યક્તિએ પોતે લખવાની હોય, અન્ય લખે એ જીવન-ચરિત્ર કે જીવનકથા કહેવાય. એઓ કહે, 'હા, પણ હું પ્રસંગો કહું અને તમે લખો.' મેં કહ્યું, 'તમારા સંવેદનો હું આત્મસાત કઈ રીતે કરી શકું? અને આ પ્રકારનું કામ હું કરતો નથી. હું તમને 'પ્રોફેશનલ રાઈટર' શોધી આપીશ.' એમણે નારાજગી વ્યક્ત કરી, બીજી અપેક્ષા કહી, 'તમારે અઠવાડિયામાં બે વખત બે બે કલાક મારી પાસે આવવું. મારી સાથે વાતો કરવી. હું આવવા-જવા વાહન મોકલીશ અને આપને પુરસ્કૃત પણ કરીશ.' મેં વિવેકપૂર્વક મારી અસંમતિ દર્શાવી. એઓ નારાજ થયા, હું પણ એમની પરિસ્થિતિ જોઈ-જાણી નારાજ થયો.

આપણા સમાજમાં વાનપ્રસ્થની સંધ્યાએ પહોંચેલા આવા વૃદ્ધો અને વૃદ્ધાઓ પણ છે. જે બધી સગવડો અને સંપત્તિ વચ્ચે પણ ઝૂરાપો અનુભવે છે. એમની પાસે પગારદાર માણસો છે પણ પોતાના મનને સમજે એવા પોતાના માણસો નથી. આ શ્રીમંત સજ્જનને મેં પૂછ્યું કે તમને બીજો કોઈ શોખ નથી? જ્યાં તમારું મન રોકાઈ રહે અને મનનો આનંદ અને મનોવિકાસનો પણ લાભ મળે. એઓ કહે, જીવનના પચાસ વરસ પૈસા પાછળ જ એટલું દોડ્યો કે કોઈ શોખનો વિચાર જ ન આવ્યો. અને 'ધર્મ' જેવી બાબત ઉપર તો વિચારવાનો ય સમય મળ્યો ન હતો. આજે પૈસો તો છે પણ 'પોતાપણું' ક્યાંય નથી મળતું, હવે કયો શોખ કેળવું? વિચારતંત્ર બોદું થઈ ગયું છે. બિઝનેશ મિત્રો પણ જે થોડાં હતાં તે બધાં પણ 'બિછડે સભી બારી બાર' થયાં.'

મારા સાહેબ, લગભગ ચાલીશ વરસ પહેલાં આ આંખે એક ધન્ય દૃશ્ય પણ જોયું હતું, ૩૦મી જાન્યુઆરીના મુંબઈ સ્થિત જ્યાં પૂ. ગાંધી બાપુનો ઉતારો હતો એ મણી ભવનમાં નિયમિત ગાંધી પ્રાર્થના યોજાય ત્યારે શુદ્ધ ખાદીના વસ્ત્રોમાં એક વયોવૃદ્ધ પિતા, એમનો વયસ્ક પુત્ર અને યુવાન પ્રપૌત્ર નિયમિત સાથે આવે, બેસે, પ્રાર્થનામાં સહભાગી થાય. પ્રપૌત્ર ખૂબ જ વિવેક અને વાત્સલ્યથી પિતા અને દાદાને ગાડીમાં બેસાડે, પોતે ગાડી ડ્રાઈવ કરે. મણી ભવનથી નીકળતા સામે બસ સ્ટોપ ઉપર એક વખત હું ચર્ચગેટ બી રોડની મારી હોસ્ટેલમાં જવા ઊભો હતો, ત્યારે, પછી નિયમિત, ગાડી બસ સ્ટોપ પાસે ઊભી રાખી વિવેકથી મને આવવા પૂછે અને ૧૦ મિનિટનો આ સંયુક્ત કુટુંબનો ધન્ય સહવાસ મને પ્રાપ્ત થાય.

શાળા શિક્ષણ પૂરું કર્યા પછી આશ્રમમાંથી અમે છૂટા પડતા હતા ત્યારે અમારા ગુરુ, દુલેરાય કારાણીએ ત્રણ વાક્યમાં અમને જીવન સાફલ્યની બહુ મોટી શીખ આપતાં કહેલું કે, 'તમે ધનની પાછળ પડી ધન કમાજો, એ તમારું કર્તવ્ય છે, પણ કીર્તિની પાછળ ક્યારેય ન પડશો, એ દોડ તમારા સર્વસ્વને ભાંગી નાખશે, અને ધન સાથે કોઈ પણ એક 'શોખ' જરૂર કમાજો, જે તમારા જીવનને ભર્યુંભર્યું કરી દેશે. એ 'શોખ' જ તમારી 'શાખ' બની જશે.' અને તમારા શૂન્યને ભરી દેશે.

પાંચેક વર્ષ પહેલાંની ઘટના છે, એ સમયે મુંબઈના નરીમાન પોઈન્ટ સ્થિત એન.સી.પી.એ.ના નૃત્ય અને ક્લાસિકલ સંગીતના લગભગ પ્રત્યેક કાર્યક્રમમાં અમે દંપતી નિયમિત એક વૃદ્ધ યુગલને

આવતા જોતા. વૃદ્ધાની શારીરિક અવસ્થા સારી નહિ, ચાલવાની તકલીફ પડે, વૃદ્ધ પતિ ખૂબ જ પ્રેમ અને ઋજુતાથી વૃદ્ધા પત્નીનો હાથ પકડી પ્રારંભના ચાર-પાંચ પગથિયા ચઢાવે. લગભગ પ્રથમ હરોળમાં એમનું સ્થાન હોય. બન્ને કાર્યક્રમને આનંદથી માણે, કાર્યક્રમ પૂરો થતાં પાછું એજ પ્રેમાળ સંચાલન, બહાર યુનિફોર્મમાં ડ્રાઈવર ઊભો હોય, અને પ્રથમ વૃદ્ધાને બેસાડે, પછી પોતે બીજા દરવાજેથી બેસે. આ દૃશ્યો દેખાડીને હું મારા પત્નીને કહેતો, 'જો, દામ્પત્યનું ચેતનવંતુ, હુંફાળું આ દૃશ્ય મહાકાવ્ય'!...આ ક્રમ ચારેક વર્ષ ચાલ્યો હશે, પછી છ મહિના અલ્પવિરામ, અને એક વખત એ વૃદ્ધ પતિ એકલા આવ્યા, અત્યારે પત્ની ન હતા, પણ હાથમાં લાકડી હતી, હું સમજી ગયો કે એક પાંદડું ખરી પડ્યું!! એ વૃદ્ધપતિ એકલા પણ સંગીત-નૃત્યને આંખ બધ કરીને એવી રીતે માણે કે જાણે પત્ની સાથે જ પોતે આનંદની સહયાત્રા કરતા હોય! છ મહિના પછી એ પણ અદૃશ્ય થઈ ગયા અને મારા મનમાં વિષાદનું એક વાદળ છવાઈ ગયું! તપાસ કરતાં જણાયું કે પુત્ર-પૌત્રોથી ભરેલ એમનો પરિવાર હતો, પણ કોઈ પુત્ર-પુત્રી કે પુત્રવધૂ એમની એકલતાને સાથ આપવા ક્યારેય એમની સાથે આવ્યા ન હતા. આવા સંતાનો વડિલોને સગવડતા આપે, પણ સાથ વગરની સગવડતા તો તેલ વગરના કોડિયા જેવી!

આપણા શાસ્ત્રકારોએ ૧૦૦ વરસના ચાર ભાગ પાડ્યા છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ.

જીવનના કપરા ચઢાણ આ વાનપ્રસ્થાશ્રમની સંધ્યાએ છે. ઘરને 'વન' કેટલા સમજે અને 'વન'માં જવું હોય તો કયા 'વન'માં જાય? વૃદ્ધાશ્રમના વનમાં તો આવા 'સુખી' માણસો જઈ ન શકે, અને સન્યસ્ત તો એમના માટે કલ્પના બહારની વાત. ઘરમાં જ સંન્યાસી થઈને શી રીતે રહેવાય? જો કે કુટુંબીઓએ એમને અલિપ્ત રાખીને ઘરમાં જ ફરજિયાત સંન્યાસી બનાવી દીધાં છે!!

આજે ભારતમાં તબીબી શોધ અને સારવારને કારણે વૃદ્ધ-વૃદ્ધાની સંખ્યા વધી રહી છે. આવા વૃદ્ધો હવે બે વર્ગમાં છે એક ગરીબ અને બીજા આવા ધનિક.

મારા અંતરંગ વયોવૃદ્ધ વિદ્વાન મિત્ર કુલીન વોરાએ, પહેલાં બાળકો માટે લખ્યું, પછી મા માટે લખ્યું અને હવે એમને માથે વૃદ્ધો માટે સંશોધન કરવાની ધૂન સવાર થઈ અને એકલપંડે ગુજરાતના ૨૦૦ વૃદ્ધાશ્રમોની રૂબરૂ મુલાકાત લેવા એકલા ઉપડી ગયા. માનવ જ્યોતના શ્રી કુલિનકાંત લુઠિયા એમના શુભ આદર્શને ત્વરિત સમજી ગયા અને કુલિનભાઈના ખિસ્સાને એઓ ઉપયોગી પણ થયા. અત્યાર સુધી કુલિનભાઈએ લગભગ ૮૦ વૃદ્ધાશ્રમોની મુલાકાત લીધી છે, અને બાકીનાની યાત્રા હવે શરૂ કરશે અને આપણને વૃદ્ધોની વાસ્તવિકતાનો દળદાર સચિત્ર ગ્રંથ આપશે ત્યારે એ 'સત્યો' પ્રત્યેકના હૃદયને ભીનાં કરી ચિંતન-મનન કરાવશે જ.

એમની સાથે ઘણી વાતો કરી, પણ એ બધી પછી ક્યારેક, પણ આ અંકમાં 'પંથે પંથે પાથેય'માં એમનો એક અનુભવ પ્રગટ કર્યો છે એ વાચકની પાંપણને ભીની કરી દેશે જ.

આ દરમિયાન મને ઉપરનો પ્રસંગ યાદ આવ્યો અને વિચાર આવ્યો કે શ્રીમંત વૃદ્ધોનું શું? ઘરમાં રહીને 'ઘરબહાર' જેવા થઈ જતા આ વૃદ્ધોની આંતર સંવેદનાનું શું?

આપણે ત્યાં શ્રીમંતો માટે પણ 'ફાઈવ સ્ટાર' વૃદ્ધાશ્રમો હવે હોવા જરૂરી છે. જે શહેરથી બે કલાકના અંતરે હોય, ત્યાં રહેવાની સર્વ ઉત્તમ સુવિધા હોય, જ્યાં એમને એમની ઉંમરના લાગણી મિત્રો મળી રહે.

મારા પરમ વડિલ શ્રી સૂર્યકાંત પરીખનો આ સંદર્ભે મને એક પત્ર મળ્યો. એમાંના કેટલાંક શબ્દોઃ

'વૃદ્ધાશ્રમો વધતાં જ જાય છે, તેનું કારણ સરેરાશ ઉમર વધતી હોય તો એક બીજાને સહારે વૃદ્ધાશ્રમમાં રહેવાનું વધારે પસંદ કરે છે, ત્યાં તે અંગેની ફી પણ લેવામાં આવે છે અને તે ફી આપનાર વૃદ્ધજનોના સંતાનો તૈયાર પણ હોય છે. ઘરમાં જે માથાકુટ કરવાની હોય છે તેને બદલે વૃદ્ધાશ્રમોમાં એ કરવાની નથી હોતી. હું એ જાણું છું કે, પતિ-પત્ની ૭૫ વર્ષથી વધારે મોટા હોય, પોતાનું જ ઘર હોય, એકલા રહેવું, તે છતાં પણ વૃદ્ધાશ્રમમાં રહેવાનું પસંદ કરે છે. એવા આધુનિક વૃદ્ધાશ્રમો છે અને થતાં જાય છે. મારા એક મિત્ર અમદાવાદના એક વૃદ્ધાશ્રમમાં રહે છે. એરકન્ડીશન રૂમ એના રૂા. ૯૦૦૦/- આપવાના અને એનાથી વધારે આધુનિક એક બીજું વૃદ્ધાશ્રમ થઈ રહ્યું છે. ત્યાં રૂા. ૧૩ હજારમાં વધારે સગવડ. ટૂંકમાં આવી મુવમેન્ટ એક એવી દીશા તરફ છે કે, જે સમાજની જરૂરત પૂરી પાડે છે.

ભાઈ કુલીનભાઈએ જાતે વૃદ્ધાશ્રમો જોયા, તેમની પાસેથી તે અંગેની માહિતી તમને જો મળે અને તેમાંથી જાણવા લાયક વાત તમે બતાવો, અને પછી 'પ્રબુદ્ધ જીવન'માં તે પ્રકાશિત કરો તો મને એમ લાગે છે કે, સમાજની જે જરૂરત વધતી જાય છે, તેના ઉપર લોકોનું ધ્યાન જશે, અને તેમાંથી જરૂર નવું સર્જન થશે.

સમાજના બદલાતાં જતાં માપદંડ છે. તેમાં મનોવૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવાની જરૂર છે કે, કમાતા યુવાન-યુવતીઓ પોતે પગભર થયા પછી મા-બાપ સાથે જે સ્વભાવનું એડજેસ્ટમેન્ટ કરવું પડતું હોય છે તે નથી થતું, અને તેને કારણસર વૃદ્ધ લોકોને જીવન જીવવાનું બહુ મુશ્કેલ બની જાય છે. આવું મુશ્કેલ બનતું જીવન જીવવું એના કરતાં વૃદ્ધાશ્રમમાં આનંદથી રહેવું એવું વિચારનારો વર્ગ એટલા માટે વધતો જાય છે કે, દર મહિને ૧૦-૧૫ હજારનો ખર્ચ કરવાની શક્તિ ધરાવનારા લોકો ઘણાં વધતાં જાય છે અને તેથી વૃદ્ધાશ્રમમાં રહીને નિવૃત્ત જીવન ગાળવાનો ટ્રેન્ડ વધતો જાય છે.'

હવે શ્રીમંતો માટેના આવા ફાઈવ સ્ટાર વૃદ્ધાશ્રમ જેને આપણે 'વિશ્રામગૃહ'–નામ આપીએ–કારણ કે અહીં સ્થાયી ઉપરાંત થોડો સમય મોકળાશ અને એકાંત માટે આવનારા વૃદ્ધો પણ હોય,–નું નિર્માણ થવું જરૂરી છે. કોઈ ધંધાદારી બિલ્ડર પણ આ દિશામાં વિચાર કરી શકે. આવા 'વિશ્રામગૃહો'નું નિર્માણ નહિ થાય તો એ દિવસ દૂર નથી જ્યાં પોતાના ભવ્ય મહાલયમાં અનેકોની વચ્ચે 'એકલતા' અનુભવતા વૃદ્ધો આપઘાતનો આશરો લેવા મજબૂર બનશે. બે-ચાર વર્ષ પહેલાં મુંબઈની એક ભવ્ય ઈમારતમાં વૃદ્ધ દંપતીએ આપઘાત કર્યો જ હતો.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

શુભાનુબંધ

□ ડૉ. પ્રવિણા સી. શાહ

સર્વજ્ઞ ભગવંતોએ જૈન દર્શનમાં મોક્ષમાર્ગના ઉપદેશમાં શુભાનુબંધ શબ્દને ખૂબ જ મહત્ત્વનો અને આત્મ વિકાસમાં ઉપયોગી સમજાવ્યો છે. આ શબ્દને સમજનારા અને જીવનમાં અનુસરનારનો જ મોક્ષ થાય છે એ સિવાય કોઈનો પણ મોક્ષ શક્ય નથી. મોક્ષે ગયેલા અને મોક્ષે જનારાએ આ શબ્દને બરાબર સમજી જીવનમાં ઉતાર્યો છે, ઉતારવાનો છે. દુનિયાના કોઈપણ દર્શને આટલી સચોટતાથી મોક્ષ પામવાનો માર્ગ બતાવ્યો નથી.

આ લેખમાં જૈન ધર્મના અનુપમ રહસ્યને સમજી મોક્ષ પામવાની મંઝિલે પહોંચવા જેની જરૂર છે તે શુભાનુબંધની ચર્ચા કરેલી છે.

ધર્મ કરીને અશુભ અનુબંધ ન પડે અને ધર્મ સંસારના પરિભ્રમણનું કારણ ન બને તે તેનો ઉપદેશ છે. અનુબંધ આખી સાધનાની મુખ્ય આધારશીલા છે. ધર્મ કરીને શુભબંધ સાથે અનુબંધ અશુભ ન પડવો જોઈએ. શુભયોગ વખતે જીવ ગુણોનું સેવન કરે છે. મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિ તે શુભ બંધનું કારણ છે, પણ શુભ અનુબંધનું તે કારણ ન પણ હોય. આવો ધર્મ જીવ અનંતવાર કર્યા કરે છે પણ તે નિષ્ફળ જાય છે, યાને કે મોક્ષ આપી શકતો નથી. આવા ધર્મથી ખાલી અભ્યુદય થાય પણ તે ધર્મ મોક્ષનું કારણ બનતો નથી. ધર્મનું મુખ્ય ફળ મોક્ષ આપવાનું છે, સંસારના સુખો મેળવી આપવા તે ધર્મનું આનુષંગિક કાર્ય છે.

અનુબંધનું મુખ્ય કારણ તમારી મનોવૃત્તિ છે. અત્યારે ધર્મ કરવા આવનારની માન્યતા શું હોય છે? ધર્મ કરવાથી આલોકના વિઘ્નો દૂર થશે, પરલોકમાં પણ ભૌતિક સુખો મળશે, માન-કીર્તિ-યશ અને અનુકૂળતાઓ મળશે, આવી આવી ભાવનાઓથી ધર્મ કરે. ઘણા તો માત્ર કુલાચારથી ધર્મ કરતા હોય છે. મોક્ષસાધક અધ્યવસાય નથી હોતા તેથી તે ક્રિયા અકામનિર્જરા સ્વરૂપ છે. તે ધર્મ સંસારના અભ્યુદયનું કારણ બને પણ મોક્ષનું કારણ બને જ નહીં. મનોવૃત્તિ અશુભ હોય ત્યારે પણ ગુણ સેવે, જેમકે જીવ દાન આપે છે તે તેની ભક્તિ-દયાનું પરિણામ છે, ઉદારતા પણ છે, ભગવાન પ્રત્યે ત્યારે પૂજ્યબુદ્ધિ પણ હોય માટે તે ગુણ સેવતો હોય છે, તેથી બંધ શુભ પડે છે, જેનાથી અનુકૂળ ભૌતિક સામગ્રી મળે છે. પણ આ આખો સંસાર અવિરતિમય છે. સંસારમાં પ્રવૃત્તિ કરું છું તે બધું પાપબંધનું કારણ છે, અને તેથી સંસારનું પરિભ્રમણ છે, માટે આ અવિરતિથી છૂટવા માટે ધર્મ કરું, આમ જીવ વિચારતો નથી. સર્વવિરતિ ધર્મ છે. આખો સંસાર અર્થ-કામરૂપ છે, અવિરતિરૂપ છે. અવિરતિ તે અધર્મ છે અને અધર્મ તે પાપ છે. આવું જીવ જો ઓઘથી પણ માને તો તેના અનુબંધમાં ફેર પડશે, અશુભ અનુબંધ શિથિલ થવાનું ચાલુ થશે, અને જો તેને પચાવી જાણે તો અનુબંધ શુભ પડે.

પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે તત્ત્વની રુચિ કે અરુચિ તે અનુબંધનું કારણ છે, જે મનમાં છે. નિશ્ચયનયથી તો બંધનું કારણ પણ મન જ છે અને અનુબંધનું કારણ પણ મન જ છે. વ્યવહારનય મન-વચન-કાયાને પણ બંધનું કારણ માને છે, વચન-કાયા સહકારી કારણ છે. વચન-કાયાનું પ્રવર્તન મનને અનુરૂપ જ હોય છે. મારું મન અહિંસક હોય તો મારા વચન-કાયા પણ મને અહિંસક જ ફાવશે. આમ, મનની જ અભિવ્યક્તિ વચન-કાયામાં થાય છે. વ્યવહારનય સહકારી કારણને પણ માને છે માટે કહે છે કે પ્રસંગે મનમાં કષાય ઉત્પન્ન થાય તો તેને અનુરૂપ વચનની પ્રવૃત્તિ કરવી નહિ, વિશેષમાં કાયાથી પણ તેને અનુરૂપ પ્રવૃત્તિ ન કરવી, અને જો કરશો તો કર્મબંધ વિશેષ થશે. સહકારી કારણ છે માટે તેને પણ સ્થાન છે. સમંજસવૃત્તિથી કરાતા ધર્મમાં જે જે જ્ઞાન-દર્શન આદિની ક્રિયા થાય, તેનાથી તે તે ગુણોની શુદ્ધિ થશે. અસમંજસવૃત્તિથી ધર્મ થાય તો જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધિ થતી નથી, ફક્ત અભ્યુદય જ થાય છે. સમંજસવૃત્તિ એટલે? સમંજસવૃત્તિ એટલે ભગવાને જેનો નિષેધ કર્યો છે તેના ત્યાગપૂર્વક અને જેનું વિધાન કર્યું છે તેના સેવનપૂર્વક થતી ક્રિયા, તે સમંજસવૃત્તિપૂર્વક થતી ક્રિયા છે. તેમાં પ્રણિધાન આદિ પાંચ આશયો જોઈશે.

પ્રણિધાનરૂપ પાંચ આશયો તે ભાવો. તેના વગરની બધી પ્રવૃત્તિઓ મનથી, વચનથી કે કાયાની સ્થિરતાથી, એકાકારતાથી, તલ્લીનતા સાથેની હોય, પણ જો પ્રણિધાન વગેરે પરિણામ ન હોય તો તે

નવપદ વિશેષાંક

મહાવીર જન્મ કલ્યાણક

અને

ઓળી પર્વ નિમિત્તે

'પ્રબુદ્ધ જીવન'નો માર્ચ મહિનાનો વિશેષ અંક **'નવપદ'** શીર્ષકથી પ્રકાશિત થશે.

આ ખાસ અંકનું સંપાદન જૈન તત્ત્વ જ્ઞાનના અભ્યાસી અને મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી ભાષા વિભાગના સહયોગી યુવાન અધ્યાપક **ડૉ. અભય દોશી** કરશે.

બધી ભાવશૂન્ય ક્રિયા કહેવાય છે. ભાવશૂન્ય ક્રિયાનું ફળ તુચ્છ છે. તેનાથી થતો પુણ્યબંધ સંસારની ભૌતિક સગવડતા અપાવે, પણ મુક્તિદાયક ફળ નથી અપાવી શકતો. માટે કોઈ પણ ધર્મક્રિયાનું આત્મિક ફળ ક્યારે? જ્યારે ધર્મમાં પ્રણિધાન ભાવ આવે ત્યારથી ફળ મળે છે. પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકમાં સાંગોપાંગ ભાવધર્મ સમાયેલો છે. ભાવધર્મમાં (૧) પ્રણિધાન શબ્દ આવે છે. આ શબ્દ તમારા માટે નવો છે, પણ જૈન ફિલોસોફીનો જ છે. બીજો ભાવધર્મ (૨) પ્રવૃત્તિ ભાવધર્મ છે, ત્રીજો (૩) વિઘ્નજય, ચોથો (૪) સિદ્ધિ ભાવ ધર્મ અને પાંચમો (૫) વિનિયોગ ભાવધર્મ છે. પહેલા ભાવધર્મમાં પ્રવેશ ન થયેલો હોય અને ગમે તેટલો ધર્મ કરે તો પણ તે ભાવ વગરનો હોવાથી ફળ તુચ્છ છે, પરંતુ ભાવ ધર્મ પામ્યા પછી કદાચ મન ફરતું હોય તો પણ તમને શુદ્ધ ધર્મમાં પ્રવેશ મળી ગયો સમજવો. પ્રારંભથી મુક્તિ પર્યંત પહોંચાડે ત્યાં સુધીના ધર્મને મહાપુરુષોએ ભૂમિકાઓમાં વિભાજીત કર્યો છે. પાંચ પ્રકાર પાડ્યા છે.

માટે અશુભ અનુબંધવાળા ધર્મથી ચમકો (ગભરાઓ) અને તેમાં સુધારો કરો. અનુબંધ શુભ થાય તેવી મહાપુરુષની ઈચ્છા છે. માટે એમ ને એમ ધર્મ કર્યે રાખવાનો નથી. સંસારના સુખો તો આડપેદાશ છે, જયારે મહત્તા તો મુખ્ય પેદાશની છે. માટે જ્યારે જીવ ગુણનું સેવન કરે છે, ત્યારે બંધ શુભ પડે છે, પણ અનુબંધ અશુભ પણ પડી શકે છે, તેથી એ સમજવાનું કે તો ધર્મ સંસારપરિભ્રમણનું પણ કારણ બની શકે. જે ધર્મ મોક્ષ ન આપી શકે તે ધર્મ, ધર્મ નથી. અભ્યુદય તો આડ-પેદાશ છે. જેમ ભગવાન મહાવીરે અવધિજ્ઞાનથી ઉપયોગ મૂક્યો કે માતાપિતાની હાજરીમાં દીક્ષા લઉં તો શું પરિસ્થિતિ થાય? જોયું કે માતાપિતાને તેમના પ્રત્યે અનુરાગ એટલો બધો તીવ્ર છે કે જો વહેલાં સંયમ લે તો માતાપિતાને અશુભ અનુબંધ પડે, જેથી અનેક વખત દુર્ગતિનું કારણ બને. માટે ભગવાન ચારિત્ર મોહનીય નિકાચિત ન હોવા છતાં સંસારમાં રહ્યા. તેમને નેમનાથ ભગવાનની જેમ સંસારમાં રહેવું જ પડે, લગ્ન કરવા જ પડે તેવું ચારિત્રમોહનીય નિકાચિત નહોતું. પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબ કહે છે કે પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિએ વર્તમાનમાં બંધાતા કર્મમાં ભાવિમાં નવું કર્મ બંધાવવાની જે શક્તિ પડે છે તે અનુબંધ છે. માટે બંધ કરતાં પણ અનુબંધની મહત્તા વધારે છે. પાપનો બંધ પડ્યો હોય પણ ત્યારે જો અનુબંધ પુણ્યનો પડે તો તે જીવ બાજી જીતી જાય છે. હેય-ઉપાદેયનો વિવેક તે અનુબંધની આધારશિલા છે. જેમ ભાવથી સમકિતી આત્માને કોઈ પણ બળવાન પાપકર્મ, તેની ઉદય વેળાએ જ માત્ર એક વાર, તેવું પાપ તે જીવ પાસે કરાવી શકે છે, તે પાપ તેનું છેલ્લી વખતનું પાપ હશે, કારણ તે પાપ કરતાં પણ તેને અનુબંધ પુણ્યનો પડે છે, કારણ કે તેને તે વખતે પણ સમકિત જીવંત છે, તત્ત્વની રુચિ પડેલી છે. દા. ત. જેમ કે સમકિતી જીવ કર્મના આવેશથી હિંસા કરી આવશે, પણ તે વખતે જ સમકિત જીવંત હશે તો હિંસામાં તેને હેયબુદ્ધિ જ હશે, જેના કારણે ત્યારે તેને અનુબંધ પુણ્યનો પડશે. શુભ અનુબંધ પડવાના કારણો તેને વર્તમાનમાં બાંધેલા પાપના ઉદય વખતે સદ્‌બુદ્ધિ આવશે.

જ્યારે બીજાને તે વખતે દુર્બુદ્ધિ જ મળશે, કારણ કે તે અવિરતિમાં લીન હતો. અશુભ અનુબંધ પડે તો પાપની પરંપરા ચાલુ થાય છે, તે પાપના ઉદય વખતે જીવને ઊંધી બુદ્ધિ આપે. તેને અવિરતિમાં જ સુખ લાગે. અવિરતિ સિવાય બીજું કંઈ તેને ફાવે જ નહિ. જ્યારે સમકિતીને આપત્તિ આવે પણ સદ્‌બુદ્ધિના કારણે તેનું વિષચક્ર ચાલે નહિ. પહેલા નંબરે તો તમે અશુભ અનુબંધને શિથિલ કરો. ભગવાને કહેલી માન્યતાઓનો ઓઘથી પણ સ્વીકાર કરો, તો અશુભ અનુબંધ શિથિલ થવા માંડે.

વિરલ, વિશિષ્ટ અને ઐતિહાસિક અવસર

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણીમાં

।। શ્રી ઋષભ કથા ।।

તા. ૨-૪-૨૦૧૨, સોમવાર સાંજે છ વાગે

આદિ તીર્થંકર ઋષભદેવના પૂર્વભવોની કથા,
અદ્‌ભુત એવા એ સમયના પ્રાગૈતિહાસિક કાળનું નિરૂપણ અને
રાજવી ઋષભનું વૈશ્વિક પ્રદાન

* * *

૩-૪-૨૦૧૨, મંગળવાર, સાંજે છ વાગે

રાજવી ઋષભના જીવનની ઘટનાઓ,
ત્યાગી તીર્થંકર ઋષભદેવનો મહિમા

* * *

૪-૪-૨૦૧૨, બુધવાર, સાંજે છ વાગે

દેવાધિદેવ ઋષભદેવનો ઉપદેશ,
ચક્રવર્તી ભરતદેવ અને વીર-ત્યાગી બાહુબલિના જીવન પર પ્રભાવ,
સ્વર્ગ-મોક્ષ સાથે આત્મતત્ત્વનું અનુસંધાન,
જૈન, હિંદુ, બૌદ્ધ એમ સર્વ પરંપરામાં પૂજનીય

* * *

સ્થળ : પાટકર હૉલ-ચર્ચગેટ-મુંબઈ

નોંધ : પોતાની ઉપસ્થિતિ માટે જિજ્ઞાસુઓને કાર્યાલયમાં (૦૨૨-૨૩૮૨૦૨૯૬) ફોન કરી નામ નોંધાવવા વિનંતિ.
અગાઉથી નામ રજીસ્ટર કરાવ્યું હશે એ જ જિજ્ઞાસુઓને પ્રવેશ આપી શકાશે.

વિનંતિ : ત્રણે દિવસની કથા માટે **સૌજન્યદાતા** આવકાર્ય છે. જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરવા, વધુ વિગત માટે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતિ- ૦૨૨-૨૩૮૨૦૨૯૬

અનુબંધ જો શિથિલ હોય તો સારા નિમિત્તના બળથી તે દુર્બુદ્ધિને દબાવી સારી પ્રવૃત્તિ કરી શકે, પણ અનુબંધ તીવ્ર હોય તો નિમિત્તો કે કારણોને જીવ ખાળી ન શકે. માટે અનુબંધ શિથિલ થાય તેની પણ બહુ કિંમત છે.

ધર્મ તો વિરતિ મેળવવા માટે જ કરવાનો છે. સમકિતીનો વ્યવહારનયથી અર્થપુરુષાર્થ, પણ નિશ્ચયનયથી ધર્મપુરુષાર્થ છે. કારણ કે વેપાર કરતાં પણ તેને થાય કે હું કમભાગી છું. લોભ મને સતાવે છે અને હું વેપાર કરું છું. આવશ્યકતા છે માટે કરું છું, પણ જો બાલ્ય અવસ્થામાં વિરતિ-દીક્ષા લીધી હોત, તો આ પાપના સેવનનો પ્રસંગ જ ઉપસ્થિત ન થાત. આ વિચારધારાથી અનુબંધ શુભ પડે. સમકિતીને સંસારમાં વ્યવહારનયથી ધર્મ-અર્થ-કામ એમ ત્રણ પુરુષાર્થ છે, પણ નિશ્ચયનયથી તેને તે સઘળામાં એક ધર્મપુરુષાર્થ જ છે. સમકિતીને કર્મ બળવાન છે માટે પાપપ્રવૃત્તિ કરાવે, અને તે વખતે પાપનો બંધ પણ થશે, પણ તેને અનુબંધ તો શુભ જ થશે. સમકિતી એમ ને એમ બેઠો હોય કે ધંધાના વિચાર કરતો હોય ત્યારે પણ, સમકિતનો અધ્યવસાય તેને સમયે સમયે અસંખ્યાત ગુણ નિર્જરા કરાવતો જાય છે.

અપુનર્બંધકદશાથી જીવને પુણ્યાનુબંધીપુણ્ય ચાલુ થાય છે. જેટલા અંશે વિવેક આવે તેટલા અંશે શુભ અનુબંધ પડે છે. અવિવેકીને સૂક્ષ્મ બુદ્ધિ જ નથી. તે ધર્મ કરીને અનુબંધ શું સુધારવાનો હતો? એટલે અવિવેકીને તો અશુભ અનુબંધ જ પડવાનો. સમકિતી જીવ પૂર્ણ વિવેકના પ્રભાવે શુભ અનુબંધ જ પાડે છે. જ્યારે અપુનર્બંધક અવસ્થાવાળા જીવને હજી પૂર્ણ વિવેક પ્રગટ્યો નથી, માટે તેને જેટલે અંશે વિવેક તેટલે અંશે શુભ અનુબંધ, અને જેટલે અંશે અવિવેક તેટલે અંશે અશુભ અનુબંધ પડશે. અપુનર્બંધકને ભલે પૂર્ણ વિવેક નથી, હેતુ-સ્વરૂપ અને અનુબંધનો તેને હજી બોધ નથી, પરંતુ પૂર્ણ વિવેક થઈ શકે તેવી તેની યોગ્યતા છે. જેમ જેમ તેને વેગ મળે તેમ તેમ તેની ગતિ તે તરફ થાય છે, કારણ કે તેને કદાગ્રહ નથી. અત્યારે તે જે કરે છે તેનાથી ભાવિ માટેનું પાયાનું કામ તૈયાર થાય છે. વ્યવહારનયથી અપુનર્બંધક અવસ્થાથી જીવો ધર્મશ્રવણ કરવાને યોગ્ય બને છે, જ્યારે નિશ્ચયનયે તો સમકિતી જીવોને જ ધર્મશ્રવણ માટે યોગ્ય કહ્યા છે. અનુબંધ માટે વિવેક તત્ત્વપ્રતીતિ કારણ છે. જેટલા અંશમાં વિવેક ખીલેલો હશે તેટલા અંશે અનુબંધ શુભ પડશે.

જેમ જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષમાર્ગ એ સૂત્ર છે, તેમ વિવેક અને વૈરાગ્યથી મોક્ષ છે તેવું સૂત્ર પણ છે. વિવેકરૂપ જ્ઞાનને જ દર્શન અને વિવેકરૂપ ક્રિયાને જ ચારિત્ર કહ્યું છે. વિવેક એ જ અહીં ધોરણ તરીકે મૂક્યો છે. વિવેક વગરનો ધર્મ બહુ ગણનામાં નહિ આવે. વિવેક બે પ્રકારનો છે. ઓઘથી વિવેક અને તત્ત્વપ્રતીતિ-પૂર્વકનો વિવેક. ઓઘથી વિવેક આવે તો અશુભ અનુબંધ શિથિલ પડશે અને જો વિવેક તત્ત્વપ્રતીતિપૂર્વકનો હશે તો અનુબંધ શુભ પડશે. વિવેકની વ્યાખ્યા શું? વિવેક એટલે આધ્યાત્મિક ગુણ-દોષની ઓળખ અને તેની યથાર્થ રુચિ. તેને સાચું શું? ખોટું શું? હેય શું? ઉપાદેય શું? બધી ખબર પડે. તે જ વિવેક છે. આવો વિવેક પ્રગટ્યો છે કે નહિ તેનો તાળો કેવી રીતે મેળવવો? તો કહે છે કે આવા જીવને ચારિત્રનો તીવ્ર અભિલાષ હોય. ૧૦૦ ટકા વિવેક ખીલેલો હોય તો ભાવથી સમકિતી છે તેમ સમજવું. જિનવચન ઉપર શ્રદ્ધા રાખીને નહિ પણ પોતાની પ્રતીતિપૂર્વક ચરણ-કરણનો અભિલાષી હોય. સમકિત પામ્યા પછી તેને જરા પણ સંસારમાં રહેવું ફાવે નહિ. સમકિત એ જીવને જો તેનું કર્મ ન હોય તો સંસારમાં રહેવા જ ન દે. તે તો સંસારમાંથી નીકળી જ જાય. સમકિતીને ચારિત્રમોહનીય ન હોય તો એક સેકંડ પણ તે સંસારમાં રહે નહિ. તમને રોગ ગમે છે ખરો? તેમ સમકિતી સંસારના બધાં ભોગસુખો રોગની જેમ સેવે છે, તેમાં તેની મજબૂરી એ કારણ છે. તમે સંડાસમાં વધારે સમય બેસવા તૈયાર થાઓ ખરા? માણસને જ્યાં ન ફાવતું હોય ત્યાં તે વધારે રહે ખરો?

ભગવાન મહાવીરનો જીવ ચોથા આરાની શરૂઆતમાં સમકિત અવસ્થાને પામ્યો હતો અને મરિચીના ભવે કોટાકોટી સંસાર-પરિભ્રમણનું કર્મ બાંધ્યું અને છેક છેલ્લા ભવે તીર્થંકર થયા. ભૂતકાળના અશુભ અનુબંધમાં ફેરફાર ન કરી શક્યા તેથી દુર્બુદ્ધિ આવી. નિમિત્ત એવું મળ્યું કે ત્યાં નિમિત્તના કારણે ઉદીરણાકરણ લાગ્યું કષાયના નિમિત્તોમાં જવાનું, પણ ત્યાં રહેવાનું કેવી રીતે? સત્ત્વશાળી જીવ કષાયનાં નિમત્તોની વચ્ચે રહે, પણ ઉદીરણાકરણ લગાડી, કર્મોને ઉદયમાં લાવી, કર્મોને સાફ કરતો જાય, એટલે તે કર્મોના ભુક્કા બોલાવી નાખે. અસમંજસવૃત્તિથી કરાતા ધર્મથી દર્શનશુદ્ધિ થાય? અસમંજસવૃત્તિથી ગમે તેટલાં વ્યક્તિગત જિનમંદિરો બંધાવે, તો પણ તેને દર્શનશુદ્ધિ ન થાય, કારણ કે તે શુદ્ધભાવને સ્પર્શ્યો જ નથી, તેણે વિધિ-પ્રતિષેધ સેવ્યા નથી. દર્શનશુદ્ધિનું કારણ તો તેને અનુરૂપ અધ્યવસાય છે. માટે થોડા પુણ્યબંધથી કાંઈ વળવાનું નથી. અત્યારે કહેવાતા ધર્મી-સુખી લોકોને પૂછો તો કહેશે કે દેવ-ગુરુ-ધર્મની કૃપાએ ઘણું સારું છે. પણ અંદર બારીકાઈથી તપાસીએ કે નીરખીને જોઈએ તો ખબર પડે કે શું શું ભર્યું છે. માટે થોડા ગુણો સેવી ખાલી પુણ્યબંધ કરી લો, પણ જો અનુબંધ અશુભ હશે તો શું? માટે વિચાર કરવા જેવું છે. તમને દાન દેતાં પણ દાનમાં નહીં પણ પરિગ્રહમાં રસ વધુ હોય છે અને તેથી અશુભ અનુબંધ પડે છે. જેને પોતાના મોક્ષની ચિંતા નહીં તે ગામના મોક્ષની શું ચિંતા કરવાનો? સંસારમાં ધર્મ કરવા છતાં વૈરાગ્યની વૃદ્ધિ કેમ દેખાતી નથી? કારણ કાં તો તે

કુલાચારથી ધર્મ કરે છે યા મનસ્વીપણે ધર્મ કરે છે. સંસારના રસિક જીવોને ૧૮ પાપસ્થાનકમાં જ રસ હોય છે. મિથ્યાત્વશલ્ય તમને હેયમાં ઉપાદેયબુદ્ધિ અને ઉપાદેયમાં હેયબુદ્ધિ કરાવે છે, જ્યારે અપુનર્બંધક અવસ્થાવાળા જીવોને મિથ્યાત્વ મંદ હોય છે. મિથ્યાત્વ મંદ હોવાને કારણે તેને પાપના અનુબંધ શિથિલ પડશે અને થોડોક વિવેક હશે માટે થોડો પુણ્યનો અનુબંધ પડશે. મિથ્યાત્વશલ્યના કારણે જ અત્યાર સુધી કર્મો ક્રમશઃ વધતા જતા થતા હતા જેનું હવે વિસર્જન ચાલુ થશે. ચારિત્રમાં એટલે કે ધર્મમાં ધર્મબુદ્ધિ અને અવિરતિમાં એટલે અધર્મમાં અધર્મબુદ્ધિ થવી જ જોઇએ. તે જ વિવેક છે અને તે જ અનુબંધનું કારણ છે. માટે જ્યારે શુભાશ્રવ કરો ત્યારે અનુબંધ પર નજર રાખવાની છે. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ ફરમાવ્યું છે કે, સંસારના તીવ્ર રસવાળા જીવોને તાત્ત્વિક ધર્મની વાતો કરીએ તો દ્વેષ થાય કારણ કે તેમના અર્થ-કામના રસ પર પ્રહર થાય છે. આ તેમનું ગાઢ મિથ્યાત્વ છે.

હવે બંધ ચાર પ્રકારનો છે અને અનુબંધ બે પ્રકારનો છે, તે (૧) શુભ અનુબંધ અને (૨) અશુભ અનુબંધ શુભ અનુબંધ સદ્‌બુદ્ધિનું કારણ છે જ્યારે અશુભ અનુબંધ દુર્બુદ્ધિનું કારણ છે. શુભ અનુબંધ તેના ભોગકાળમાં વિવેકનું રસાયણ ભેળવે છે અને ધર્માનુષ્ઠાનો પ્રત્યે રુચિ કરાવે છે. કર્મના ઉદય વખતે કર્મ જીવને જે પ્રેરણા-બુદ્ધિ આપે છે, તે અનુબંધ પર આધારિત છે. માટે જો અનુબંધ શુભ હોય તો તે વખતે સદ્‌બુદ્ધિ આવે. માટે સદ્‌બુદ્ધિનો આધાર શુભ અનુબંધ છે, નહિ કે શુભબંધ. બંધ તમને કદાચ ધર્મસામગ્રી મેળવી આપે, ત્યારે ધર્મ કરવાની અનુકૂળતા પણ મળી રહે, પણ તે વખતે અશુભ અનુબંધ હોય તો ધર્મની સામગ્રી મળવા છતાં તેમાં રુચિ થાય નહિ, વિપરીત પ્રવૃત્તિમાં જ જીવને રુચિ થાય. તત્ત્વમાં રુચિ વૈરાગ્ય વગર હોય જ નહિ. કદાચ વૈરાગ્ય હોય પણ સાથે તત્ત્વરુચિ હોય તેવું નક્કી નહિ, પરંતુ તત્ત્વરુચિ હોય તો સાથે વૈરાગ્ય નક્કી હોય. સમકિતી હોય તેને વૈરાગ્ય હોય જ, માટે જ અનુબંધ શુભ પડે. ધર્મ-અધર્મનો, તત્ત્વ-અતત્ત્વનો વિવેક અંશથી અપુનર્બંધકમાં પ્રગટે છે. જેટલે અંશે વિવેક પ્રગટે તેટલો અંશે શુભ અનુબંધ પડવાનું ચાલુ થાય અને વિવેકની પરાકાષ્ઠા સમકિતમાં આવે. બાકી જે જીવો સંસારના ગાઢ રસિક છે, તે તો ભલે ધર્મમાં પ્રવૃત્ત હોય, યાને કે દાન-શીલ-તપ કરતાં હોય, ત્યારે બંધ પુણ્યનો પડતો હોય તોપણ અનુબંધ તેમને પાપનો જ પડતો હોય છે.

વૈરાગ્યના અભ્યાસથી મોક્ષ છે.

જેમ જેમ ધર્મ આચરવાનો કાળ વધતો જાય તેમ તેમ વિષયોનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણાનુરાગ અને ક્રિયામાં અપ્રમાદ પણ વધવો જોઈએ.

ગુણનો પક્ષપાત અને દોષ પ્રત્યે અરુચિ તે સમ્યક્‌ત્વનું એક લક્ષણ છે.

જેને પોતાને ગુણનો ખપ ન હોય તેને કદી પણ બીજાનો ગુણાનુરાગ નહિ આવે.

નિશ્ચયનયથી બધી પુણ્યપ્રકૃતિ ગુણથી બંધાય છે, વ્યવહાર-નયથી બધી પુણ્યપ્રકૃતિ-શુભપ્રવૃત્તિથી બંધાય છે.

શુભમાં રુચિ ગુણ છે, તેમ અશુભમાં અરુચિ પણ ગુણ છે.

તમારો વિષયરાગ-કષાયરાગ ન પોષાય, પણ તે તૂટતો જાય તે રીતે ધર્મ કરાવવાનો છે. તમે સારું પામ્યા એટલે તમને ખોટાનો પશ્ચાતાપ થવો જ જોઈએ. અર્થ-કામ અવિરતિ છે. અવિરતિ તે અધર્મ છે અને તેના માટે ધર્મ હોય ખરો ? કે ધર્મ તો અધર્મથી છૂટવા માટે હોય ? કોઈ ઉપદેશક એમ કહે કે કોઈ દહેરાસર બંધાવે તેને વર્ષો સુધીનાં દેવલોકનાં સુખ મળે, અને જો શ્રદ્ધાળુ જીવ દેવલોકનું સુખ મળે તેવા આશયથી દહેરાસર બંધાવે, તો તેને બંધ શુભ અને અનુબંધ અશુભ પડશે, જેથી તે અશુભ અનુબંધના ઉદયે તેને દુર્બુદ્ધિ મળશે. આપણા ધર્મમાં કેટલી સૂક્ષ્મતા છે ? સૂત્રના ઉચ્ચારણમાં પણ જો ભૂલ થાય તો શાસ્ત્રકારોએ એને જ્ઞાનનો અતિચાર ગણ્યો છે. ધર્મમાં ભ્રાન્તિ, અજ્ઞાન, બોધની ખામી એ અપલક્ષણ છે, શાસ્ત્રકારોએ તેને દોષ તરીકે કહ્યા છે. માટે બરાબર સમજો, નહીંતર ભવાંતરમાં કુટાવાનું આવશે. ક્રિયાને અને તેને અનુરૂપ અધ્યવસાયને સમજો તો કામ કાઢી શકશો. પાપાનુબંધીપુણ્ય, પાપાનુબંધીપાપ, પુણ્યાનુબંધીપુણ્ય અનુબંધની દૃષ્ટિએ ચાર છે. ટૂંકમાં અધ્યવસાયથી ધર્મ સમજો.

✱✱✱

અનુગ્રહ : **પૂ. પંડિત મહારાજ શ્રી મોહજીત વિજયજી**
લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોનઃ(૦૭૯) ૨૬૬૦૪૫૯૦, ૨૬૬૧૨૮૬૦.

તૃતિય કાયોત્સર્ગ શિબિર

આરાધક :

પૂ. શ્રી શશિકાંતભાઈ મહેતા

સ્થળ :- જામનગર પાસે, આરાધના ધામ-નવકાર પીઠ

તારીખ :- એપ્રિલ-૧૩, ૧૪, ૧૫-૨૦૧૨.

સંપર્ક :-

શ્રી નિતીન સોનાવાલા-૯૮૨૦૦૬૧૨૫૯

શ્રી યતિનભાઈ ઝવેરી :- ૯૨૨૩૨૩૧૪૭૦

વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે

□ ગુણવંત બરવાળિયા

નગરથી ઉપવન તરફ જતાં રાજમાર્ગ પર ચાલી જતી બે સહિયરોએ એક દૃશ્ય જોયું. કૌતુકભરેલા દૃશ્યને નિહાળવા એ બન્ને સખી આગળ ચાલી.

નગરશ્રેષ્ઠી હાથીની અંબાડી પર બેઠેલા હતા. બાજુમાં મહાવત, આગળ-પાછળ સેવકો ચાલી રહ્યા હતા. રાજમાર્ગથી રસ્તો ફંટાયો, નાનકડો રસ્તો ઉપવન તરફ જતો હતો ત્યાં શ્રેષ્ઠી હાથી પરથી ઊતર્યા અને ઘોડા પર બેઠા. થોડું આગળ ચાલતા એક પગદંડી આવી. શ્રેષ્ઠી ઘોડા પરથી ઊતર્યા, અનુચરો પાલખી લઈને ઊભા હતા તેમાં શ્રેષ્ઠીને બેસાડી ઊબડ-ખાબડ કેડી પર જરા પણ આંચકો ન આવે તેમ ભોઈ-અનુચરો પાલખી ઊંચકીને ચાલવા લાગ્યા. ઉપવન આવતાં શ્રેષ્ઠી નીચે ઊતર્યા અને મખમલી તળાઈ સાથેની ફૂલશૈયા પર સૂતા. અનુચરો પગ દબાવવા લાગ્યા એ કૌતુકભર્યું દૃશ્ય જોતાં એક સખી બીજી સખીને પૂછે છેઃ

'હાથી બેઠો, ઘોડે બેઠો, બેઠો પાલખીમાંય
કિયા દિનકો થકો, સખીરી પડ્યો દબાવત પાય.'

આ શેઠ હાથી-ઘોડા ને પાલખીમાં જ બેઠા છે. ચાલ્યા લગીરે નથી, તો કયા દિવસનો એવો તે તેને થાક લાગ્યો કે પગ દબાવે છે. સખી જવાબ આપે છેઃ

'સાધુ સંત કી સેવા કિની ચાલ્યો અણવણ પાય,
તા' દિનકો થકો સખીરી પડ્યો દબાવત પાય.'

હે સખી તું સાંભળ! પૂર્વભવમાં આ શેઠે સાધુ-સંતની ખૂબ વૈયાવચ્ચ, સેવા-શુશ્રૂષા કરી હતી. પાદવિહારમાં સાધુ-સંત સાથે ઉઘાડે પગે ચાલ્યો હતો. પૂર્વના એ થાકને ઉતારવા તેના દેહને વિશ્રામ આપવા અનુચરો પગ દબાવે છે.

સખીઓના સંવાદનો એવો સંકેત છે કે પૂર્વે સાધુ-સંતની વૈયાવચ્ચ, સેવા-શુશ્રૂષા કરનારને તેના પ્રચંડ પુણ્યોદયે કેવી સમૃદ્ધિ મળે છે.

અહીં ભાવપૂર્વક વૈયાવચ્ચ કરનારને થનાર પુણ્યબંધ પ્રતિ અંગુલિનિર્દેશ અભિપ્રેત છે.

જૈન ધર્મમાં બાર પ્રકારના તપ દર્શાવવામાં આવ્યાં છે. છ બાહ્યતપ અને છ આભ્યંતર તપ. વ્રત-તપના પ્રેરક જૈનાચાર્યોએ ત્રીજા આભ્યંતર તપનું જૈન વ્રત-તપમાં વિશ્લેષણ કરતાં કહ્યું છે કે :

જ્ઞાની અને તપસ્વી, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી તથા વડીલ, વદ્ધ, બિમાર, અપંગ આદિની વિવિધ પ્રકારે ઉચિત સેવાભક્તિ કરવી તે જ વૈયાવૃત્ત નામનું તપ. ગુણોમાં અનુરાગપૂર્વક સંયમી પુરુષો તેમ જ અઠ્ઠમ અથવા તેથી વધુ તપ કરનાર તપસ્વીઓનો ખેદ દૂર કરવો, પગ વગેરે દાબવા-ચોળવા, ચંદન કે શીતળ દ્રવ્યનું લેપન કરવું, લવિંગનો ખરડ કરવો તેમજ તેમની સુખ-સગવડનો ખ્યાલ રાખવો અને એમ કરીને તેમને સુખ-શાતા ઉપજાવવાથી આ તપ થાય છે. ચતુર્વિધ સંઘની અને કુટુંબીજનોની ઉચિત સેવાભક્તિ કરવી તે પણ આ તપનો જ પ્રકાર છે. આ સર્વ પાત્રોને યોગ્ય રીતના શયન-સ્થાનની વ્યવસ્થા, સમયસર ઔષધિ આપવી, શારીરિક સ્વચ્છતા જાળવવામાં મદદ કરવી, અંગત વપરાશના સાધનોની સફાઈ કરવી, નિર્દોષ આહાર યોગ્ય સમયે આપવો, વ્યાધિપીડિત અંગોની સફાઈ કરવી, વસ્ત્રો ધોઈ આપવા, પ્રવાસમાં મદદ કરવી, હલનચલનમાં ટેકો આપવો, હળવો વાર્તાવિનોદ કરવો, પત્રવ્યવહારમાં મદદ કરવી એવી અનેકવિધ રીતે સેવા-શુશ્રૂષા કરવી તે જ વૈયાવૃત્ય.

વૈયાવૃત્ય કરનારને શ્રદ્ધા, ભક્તિ, વાત્સલ્ય, વિચ્છિન્ન સમ્યક્‌ત્વનું પુનઃસંધાન, તપ, પૂજા, તીર્થ, સમાધિ વગેરે પ્રાપ્ત થાય છે. જિનાજ્ઞાનું પાલન, સંયમ, સહાય, દાન, નર્વિચિકિત્સા, પ્રભાવના, કાર્ય-નિર્વહણ, મૈત્રી, કરુણા વગેરે વૈયાવૃત્ય કરનારના ગુણ છે. વૈયાવૃત્ય તપ શ્રાવકો માટે મુખ્ય અને સાધુઓ માટે ગૌણ છે. વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે. વૈયાવૃત્ય એ પોતાની જાતમાંથી બહાર નીકળવા માટેનું બારણું છે. ધ્યાન દ્વારા તપસ્વી જેને અંતરના ઊંડાણમાંથી પામવા મથે છે. તેને જ વૈયાવૃત્ય દ્વારા પ્રત્યક્ષપણે પામી શકાય છે. આત્માનો વિસ્તાર થતો અનુભવાય છે. એક એવી પરમ અવસ્થા પામી શકાય છે. જ્યાં ધ્યાન અને વૈયાવૃત્ય એકરૂપ બની જાય છે.

શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ ઉપદેશકની ૧૮મી ગાથામાં કહ્યું છે કે, 'સાધકે માન અને અપમાનમાં કેટલી સમતા કેળવી છે? તેની ભિક્ષામય જીવનથી કસોટી થાય છે. ભિક્ષા એ ત્યાગી જીવનનું કપરું અને કઠિન વ્રત છે. ભિક્ષા અને પાદવિહાર એ બે એવાં જ્ઞાનના સાધનો છે, કે જે જ્ઞાન ભૂગોળના કે માનસશાસ્ત્રોના અનંત ગ્રંથોથીય ન મળી શકે એવું લોકમાનસનું જ્ઞાન આ બે સાધનો દ્વારા મળી રહે છે અને ત્યાગી જીવનના આદર્શનો પ્રચાર પણ આ બે સાધનો દ્વારા સહલાઈથી, ગામડે ગામડે ઘરેઘરે પહોંચી વળે છે એ દૃષ્ટિએ જ શ્રમણસંસ્થા માટે આ બે સાધનો નિર્માયાં છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવ આદિનાથથી શરૂ કરી ચરમતીર્થંકર ભગવાન મહાવીરસ્વામી સુધીના તમામ તીર્થંકરોએ પાદવિહાર અને ભિક્ષાચરી દ્વારા સંયમજીવનનું પાલન કર્યું.

ભગવાન મહાવીર નિર્વાણ પછીના કેટલાક સમય સુધી તો જૈન મુનિ ભગવંતો ગામબહાર ઉદ્યાનમાં ચાતુર્માસ કરતા. શેષકાળમાં પણ મુનિઓ ગામબહાર રાજા, શ્રેષ્ઠી, શ્રાવકોના ચૈત્યો, ઉપવનો, વિહારો કે ઉદ્યાનમાં રોકાતા અને સ્વની સાધના સાથે પરનું કલ્યાણ કરતા.

સમયના સાંપ્રત વહેણમાં શ્રાવકોના વસવાટને કારણે ગામનગર

અને મહાનગરોમાં અનેક ધર્મસ્થાનકો થયાં અને સાધુસંતો તેમાં ચાતુર્માસ અર્થે કે શેષકાળમાં પધારી સ્વસાધના અને ધર્મજાગૃતિનું કાર્ય કરવા લાગ્યા.

પ્રદૂષિત હવા-પાણીના કારણે અને કાળના પ્રભાવે, શરીરના સંઠાણ પરિવર્તનોને કારણે ખાસ કરીને મોટી ઉંમરના સાધુ-સંતો માટે પાદવિહાર કઠિન બની ગયો.

શ્રાવકો માટે સંતોની વૈયાવચ્ચ માટે બે પાસાં ઊપસી આવ્યાં. એક વિહાર કરી શકે તેવી ઉંમર અને શારીરિક ક્ષમતા ધરાવતા સંતોની બીમારી કે અકસ્માત વખતેની વૈયાવચ્ચ અને મોટી ઉંમરના વિહાર કે ગોચરી માટે ફરી ન શકે તેવી શારીરિક ક્ષમતા ગુમાવેલા સંતો, નાની ઉંમર હોવા છતાં ભયંકર રોગનો ભોગ બનેલા કે અકસ્માતને કારણે શારીરિક વિકલાંગતા કે અશક્તિ આવતા વિહારાદિની શારીરિક ક્ષમતા ગુમાવતા સંતોના સ્થિરવાસ અને વૈયાવચ્ચની વ્યવસ્થા કરવાનું શ્રાવકો માટે જરૂરી બન્યું.

વિશ્વની તમામ ધર્મપરંપરાએ સહાનુભૂતિની વાત કહી છે જ્યારે જૈન ધર્મ ત્યાંથી આગળ વધીને સમાનાભૂતિની વાત કરી છે. સહાનુભૂતિમાં અનુકંપા અને દયા અભિપ્રેત છે જ્યારે સમાનાભૂતિમાં ગૌરવ અભિપ્રેત છે. અન્યને દુઃખકે પીડા ઉત્પન્ન થતાં હું દુઃખી થાઉં, પીડિત વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ પાઠવું તે એક વાત, પણ અન્યનાં દુઃખ કે પીડા જોઈ માત્ર દુઃખી ન થાઉં, પરંતુ મને એવા જ પ્રકારનું દુઃખ થયું છે એવી અનુભૂતિ કરું. જેવો મારો આત્મા છે એવો જ સામેની પીડિત વ્યક્તિનો આત્મા છે. આ દુઃખ મને થઈ રહ્યું છે એવી વેદનાની અનુભૂતિ કરું અને પછી તેની સેવા-વૈયાવૃત્ય કરું તો એ નિજી સંવેદના બની જશે. વળી પંચમહાવ્રતધારી સંતો તો આપણા પૂજનીય છે માટે સેવા અને વૈયાવૃત્યમાં ફરક છે. સેવા એટલે રાહતનું ગુંજન, વૈયાવચ્ચ એટલે રત્નત્રયીનું પૂજન.

સાધુ-સંતો તો પરિષહો સહેતા આવ્યા છે. ઉપસર્ગો સામે ઝઝૂમે છે માટે વૈયાવચ્ચ એ સંતોની સેવા જરૂરિયાત નથી, આપણા હૃદયની સંવેદના છે. જ્યારે કાયાની માયા હૃદયની સંવેદના છે. જ્યારે કાયાની માયા વિસારનારા સંતને અસમાધિ થાય ત્યારે આપણે નમ્રતા સાથે વંદના કરી વિનંતી કરીએ કે અમને વૈયાવચ્ચનો લાભ આપો.

ઉપ એટલે સમીપ, યોગ એટલે જોડાવું. જે ક્રિયા આત્માની સમીપ જવામાં સહકારી નીવડે એ ઉપયોગ ગણાય. સેવા એ સહયોગ છે તો વૈયાવચ્ચ એ ઉપયોગ છે.

વૃદ્ધ માતા-પિતા, રુગ્ણ, ગુરુ કે સંતની વૈયાવચ્ચ કરનારની સ્મરણશક્તિમાં વૃદ્ધિ થાય છે. તેને વિદ્યા અને જ્ઞાનપ્રાપ્તિ સુલભ બને છે. વૈયાવચ્ચનો ધર્મ આપણામાં એવી રીતે પ્રતિષ્ઠિત થવો જોઈએ કે જે સાધુજીના વ્રતોને લક્ષમાં રાખીને જ કરવામાં આવે. વ્રતમાં શક્ય એટલા દોષ ન લાગે તેની ઝીણવટભરી કાળજી સાવધાનીમાં જ વિવેક અભિપ્રેત છે.

સંત-સતીજીઓ માટે શક્ય એટલી વધુ આરાધનાધામોમાં વૈયાવચ્ચની સગવડો ઉપલબ્ધ થાય. જરૂરિયાત પ્રમાણોના સેવાકેન્દ્રોનું નિર્માણ થાય તેની મહાસંઘો કે મહાજન સંસ્થાઓ કાળજી લેશે તો શાસનનું ગૌરવ જળવાશે. તીર્થંકર નામકર્મ ઉપાર્જનના વીશ બોલમાં ૧૬મો બોલ વૈયાવચ્ચનો છે. સાધુ-સંતોની ઉત્કૃષ્ટભાવે વૈયાવચ્ચ સેવા કરવાથી સ્વયં ભગવાન બની શકાય છે અને કહ્યું છે કે, *વૈયાવચ્ચ ગુણધરાણં નમોઃ નમોઃ*

વૈયાવચ્ચનો ગુણ ધારણ કરનાર, એને જીવનમાં ચરિતાર્થ કરનાર વંદનને પાત્ર છે.

સેવામૂર્તિ નંદીષેણની કસોટી કરવા પરુની દુર્ગંધવાળા મુનિ દેહરૂપ ખુદ ઇંદ્ર આવ્યા અને નંદીષેણે ભાવપૂર્વક વૈયાવચ્ચ કરી કસોટીથી પાર ઊતર્યા. મરૂદેવી માતા, શૈલકરાજર્ષિ અને બહુસૂત્રી પંથકમુનિ, પૂ. સમર્થમલજીની વૈયાવચ્ચ ભાવનાનું પાવનસ્મરણ કરી અભિવંદના કરીએ. ✷✷✷

૬૦૧, સ્મિત ઍપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), મો. : ૯૮૨૦૨૧૫૫૪૨

અનુમોદનીય-આચરણીય વિચાર-કાર્ય

વ્યક્તિની ભાવના ઉન્નત હોય તો એ કોઈને કોઈ રૂપે સાકાર થાય છે. આ રીતે થતાં કાર્ય સમાજ માટે અનુકરણીય ઉદાહરણ બની રહે છે. આજે એવું કંઈક બની રહ્યાંનો આનંદ છે.

સ્વજનની દેહરૂપે વિદાય આઘાત આપનારી બની રહે. એવા સ્વજનને વર્તમાનપત્રોમાં, ખબર પત્રિકાઓમાં શ્રદ્ધાંજલિ (પુણ્યતિથિ) રૂપે અંજલિ અપાય છે. આવી જાહેરખબરો પાછળ ઘણો ખર્ચ પણ થાય છે. અહીં વિશિષ્ટ રીતે અપાતી જ્ઞાનાંજલિની વાત કરવી છે.

કોઈ પણ વ્યક્તિના જીવનમાં માવતરનો વિશિષ્ટ અને અમૂલ્ય ફાળો હોય છે. VPLYવાળા શ્રીમતી રંજુ વિનેશ મામણિયાએ (૯૮૨૦૨૮૮૨૬૫) પોતાના પ્રેમાળ સ્વર્ગસ્થ પિતાશ્રી માવજી રાયશી વિસરીયા (કુંદરેડી) ની યાદગીરી જળવાય એ માટે **૬૦૦ પરિવાર માટે 'પ્રબુદ્ધ જીવન'નું એક વર્ષનું લવાજમ ભરી વિશિષ્ટ રીતે જ્ઞાનાંજલિ આપી છે.**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એમના આ ઉમદા વિચાર-કાર્યની અનુમોદના કરી અભિનંદન આપે છે.

સંસ્કાર આપતું શિષ્ટ અને વિશિષ્ટ સાહિત્ય અનેક સુધી પહોંચે-અનેકને જ્ઞાનાનંદ આપે, ઉગતી પેઢીનેય સંસ્કાર માર્ગે આગળ લઈ જાય-એજ ઉદ્દેશ છે, આ કાર્યની પાછળ આપને યોગ્ય લાગે તો વર્ષને અંતે લવાજમ 'રીન્યુ' કરાવી શકશો.

સમાજ માટે દૃષ્ટાંતરૂપ આ જ્ઞાનાંજલિ વધુ ને વધુ વ્યાપક બને એવી ભાવના સહ રંજુ વિનેશ મામણિયા આપના પરિવારને ફરી ફરી અભિનંદન.

સરનામું: વિનસ વસનજી મામણિયા, ૪/R, શિવાય નમઃ, ડૉ. આંબેડકર માર્ગ, સી.ટી.બેકરી પાસે, વરલી-મુંબઈ-૪૦૦ ૦૧૮.

૯,૦૦૦ ભાવિકોની ઉપસ્થિતિ : ૨૧ દાનવીરો ૫૧ લાખનું દાન આપશે

'આગમ ઇંગ્લિશ અનુવાદ' મહામિશનનો વિઘ્ન નિવારક શ્રુત પૂજન સાથે ભવ્ય અને ઐતિહાસિક મંગલ પ્રારંભ...

ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથો...'આગમ' વિશ્વવ્યાપી બને, સર્વવ્યાપી બને અને સર્વના હાથ અને હાર્ટથી આત્મા સુધી પહોંચે અને આત્મગમ બની જાય એવા મંગલ ભાવો સાથે યુગદિવાકર પૂજય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. નો આગમ ગ્રંથોને ઇંગ્લિશમાં અનુવાદિત કરાવવાના શુભ સંકલ્પના મંગલ પ્રારંભે પાવનધામ કાંદિવલીમાં આયોજિત ભવ્ય, અપૂર્વ શ્રુત પૂજન અને આગમ અનુમોદના સમારોહમાં સર્જાયા ઐતિહાસિક અને દિવ્યાનુભૂતિ કરાવતાં અદ્‌ભુત દૃશ્યો...!!!

આ અવસરે શાસ્ત્ર દિવાકર પૂજ્ય શ્રી મનોહરમુનિ મ. સા., પૂ. શ્રી પીયૂષમુનિ મ. સા., પૂ. શ્રી પંથકમુનિ મ. સા., આદિ સંતો અને શાસનરત્ના પૂ. શ્રી પ્રાણકુંવરબાઈ મ., ડૉ. શ્રી જશુબાઈ મ., પૂ. શ્રી વસુબાઈ મ., પૂ. શ્રી જ્ઞાનશીલાબાઈ મ., પૂ. શ્રી ઊર્મિબાઈ મ., પૂ. શ્રી નંદાબાઈ મ., આદિ સાધ્વીવૃંદ તથા શ્રી યોગેશભાઈ સાગર, શ્રી ગોપાલભાઈ શેટ્ટી, શ્રી વિનોદભાઈ ગોસાલકર આદિ અગ્રણી મહાનુભાવો, બૃહદ મુંબઈના સંઘો, ચેન્નઈના શ્રી રસિકભાઈ બદાણી, રાજકોટના શ્રી ડોલરભાઈ કોઠારી, અમેરિકાના શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી વિજયભાઈ શાહ, લંડનથી નયનભાઈ બાવીશી અને ૯,૦૦૦ ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

સમવશરણ અને ઋજુવાલિકાથી શોભતું ભવ્ય અને વિશાળ સ્ટેજ ૨૫૦૦ વર્ષ પહેલાંના ઈતિહાસની યાદ અપાવતું હતું, જ્યારે યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રીના નાભીથી નીકળતાં બ્રહ્મનાદને... આગમિક શ્લોકોને શ્રુત પૂજકો તાડપત્ર પર અંકિત કરતાં હતાં, ત્યારે દોઢ હજાર વર્ષ પહેલાંના ગ્રંથસ્થ પરંપરાના પ્રારંભ સમયના દિવ્ય દૃશ્યની યાદ અપાવતાં હતાં.

સમારોહની ભવ્યતા હતી છત્રીસ લક્ષણા રાજાશાહી હસ્તિરત્ન દ્વારા વિઘ્ન નિવારક પદાર્થો દ્વારા આગમ ઇંગ્લિશ અનુવાદ મહામિશનના સંપાદકો શ્રી જીતુભાઈ શાહ (એલ.ડી. ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ), શ્રી ગુણવંતભાઈ બરવાળિયા (મુંબઈ) અને ઉદારદિલા દાનવીરો પર સલામી આપી કરેલ અભિમંત્રિત મંગલ કુંભ અભિષેક...! હસ્તિરત્ન પર ભવ્ય અંબાડી પર આગમ ગ્રંથ સાથે ઇન્દ્રના પરિવેશમાં બિરાજમાન થવાનો લાભ અમેરિકાના શ્રી વિજયભાઈ શાહે લીધો હતો.

વેદનામાંથી સર્જાયેલ સંકલ્પ સાકારના મંગલ પ્રારંભની ક્ષણે કરાયેલ આ શ્રુત પૂજન અને આગમ અનુમોદના સમારોહની નોંધ ત્યારે જણાશે જ્યારે હવે પછીની બીજી, પાંચમી અને પંદરમી પેઢી ભગવાનના આગમને ઇંગ્લિશમાં વાંચતા હશે અને ભગવાન પ્રત્યે અહોભાવ પ્રગટ કરતાં હશે.

યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રીના સ્મિતસભર ચહેરા પર આવા યુગ ઉપકારક પુરુષાર્થ સાથે તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી ઉજવણીનો પ્રારંભ કરવાની અનેરી પ્રસન્નતા હતી, સાથે સાથે ૧૦૮ સંયમ સાધકો મોક્ષ માર્ગની આરાધનામાં જોડાઈ ઇંગ્લિશ આગમનો અભ્યાસ કરી ભગવાનના ધર્મને વર્લ્ડ લેવલ પર લઈ જાય એવી શુભ ભાવના ભાવી હતી.

આ અવસરે શાસ્ત્ર દિવાકર પૂ. મનોહરમુનિ મ. સા., પૂ. શ્રી પીયૂષમુનિ મ. સા., પૂ. શ્રી પંથકમુનિ મ. સા., શાસનરત્ના પૂ. શ્રી પ્રાણકુંવરબાઈ મ., ડૉ. પૂ. શ્રી જશુબાઈ મ. આદિ સતીવૃંદે સંપ્રદાય અને સમસ્ત સ્થા. જૈન સંઘો યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રીને એમની કલ્યાણકારી દીર્ઘદૃષ્ટિનું બહુમાન કરતાં શાલ અર્પણ કરી 'યુગદૃષ્ટા'ના સન્માનીય પદથી સન્માનિત કર્યાં હતાં.

પૂ. શ્રી મનોહરમુનિ મ. સા.એ જણાવેલ કે જેમની પાસે વર્ષોની સાધના હોય તે જ આવતા વર્ષોને...વર્ષોના વર્ષોને અને યુગોને જોઈ શકે...અને તે જ 'યુગદૃષ્ટા'ના પદને પામી શકે.

પ્રધાન સંપાદક શ્રી જીતુભાઈ શાહે એમના મંતવ્યમાં જણાવ્યું હતું કે પૂ. નમ્રમુનિ મ. સા. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ જેવું મહાઉપકારક કાર્ય કરી રહ્યાં છે, જૈન સમાજના ગૌરવ અને ગરિમાને વધારી રહ્યાં છે. વીતરાગની વાણીને સુરક્ષિત રાખવા કૃતનિશ્ચયી બન્યાં છે. શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ જણાવ્યું હતું કે યુવા ક્રાંતિકારી પૂ. ગુરુદેવ શ્રી ખુલ્લી આંખે સ્વપ્ન સજાવે છે અને એમની સાધનાના બળના કારણે પ્રાપ્ત લબ્ધિના કારણે એ સ્વપ્ન સાકાર અને સફળ થાય છે.

શ્રી વિરેન્દ્રભાઈ શાહે, 'રિવોલ્યુશન ઇઝ રિક્વાયર્ડ વીથ રાઈટ વીઝન'ના ભાવો સાથે વિશ્વની લાયબ્રેરી, ધર્મસ્થાનક અને સંસ્થાઓ સાથે વર્લ્ડની ફાઈવ અને સેવન સ્ટાર હોટેલમાં જેમ બાઈબલ અને કુરાનના પુસ્તકો હોય છે, તેમ ઇંગ્લિશ આગમ પણ રાખવાનું સૂચન કર્યું હતું.

આગમ ઇંગ્લિશ અનુવાદના આ ભગિરથ અભિયાનમાં ૨૧ આગમ પ્રેમી ભાવિકોએ ૫૧ લાખના અનુદાનની ભાવના જાહેર કરી હતી. જ્યારે ૫૧થી વધુ ભાવિકોએ ૧૧ લાખનું દાન આપવાના ભાવ કરેલ.

લુક એન લર્નના બાળકોએ સ્વાગત નૃત્ય અને 'આગમ થે, આગમ હૈ ઔર આગમ રહેંગે' પર નાટિકા પ્રસ્તુત કરી હતી જ્યારે દીદીઓએ ૩૨ આગમની સમજ આપતા ભાવોને નૃત્ય-સંગીત સાથે રજૂ કર્યું હતું.

આ આવસરે શ્રી ગુણવંતભાઈ બરવાળિયા સંપાદિત આગમનો સાર આપતી પુસ્તિકાનું વિમોચન ઉપસ્થિત સર્વ મહાસતીજીઓએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી કીર્તિદાબેન અને રાજેશભાઈએ કર્યું હતું. જ્યારે ભક્તિમય વાતાવરણને સંગીતના સૂરોથી શ્રી સંજયભાઈએ સજાવ્યું હતું. ✷✷✷

અળશી ખાવામાં આળસ હોય?

□ ડૉ. માણેક એમ. સંગોઈ

અળશી એક અમૂલ્ય બીજ છે. એક જમાનામાં એની કદર ઈજીપ્ત અને યુરોપમાં ખૂબ હતી. આધુનિક વૈજ્ઞાનિક સંશોધનોથી અળશી ખાવાના ઘણા ફાયદાઓ પ્રકાશમાં આવ્યા છે. તલથી થોડી મોટી ચોકલેટી કે સોનેરી રંગની લીસી એવી અળશીને મુઠ્ઠીમાં પકડો તો હાથમાંથી ગજબની સ્ફુર્તિથી સરકી પડે. કેનેડા અને ચીન પછી અળશીના ઉત્પાદનમાં ભારતનો અવલ્લ નંબર છે અને એ ઉત્તમ પ્રકારની મનાય છે. મહારાષ્ટ્ર, યુપી, મધ્યપ્રદેશ, બિહાર અને ઓરિસ્સામાં એની ખેતી મોટા પાયા પર થાય છે. સન ૨૦૦૭માં એનું ઉત્પાદન લગભગ પોણા બે લાખ ટનનું હતું.

શણની જેમ એના છોડમાંથી યુરોપિયન-ગોરી લલનાના સોનેરી વાળ જેવા લાંબા રેશા નીકળે છે તેનું કાપડ બને છે તે લીનનના નામે ઓળખાય છે. એના વપરાશનો ઇતિહાસ સુતરાઉ કાપડ કરતા હજારો વર્ષોથી જૂનો છે. ઇજીપ્તના પીરામીડોની કબરોમાંથી નીકળેલી મમ્મીઓ ઉપર લીનન વીંટળાયેલું મળી આવ્યું હતું અને કબરોના ઓરડામાંથી મળેલા પડદા લીનનના હતા. ૩ થી ૫ હજાર વર્ષ પછી પણ એ કાપડ ટકી રહ્યું હતું. પહેરવા-ઓઢવામાં લીનન ઘણું જ આરામદાયક છે. મજબૂત અને ટકાઉ એવા અળશીના છોડના રેશાનો ઉપયોગ અમેરિકન ડોલરની નોટ બનાવવામાં થાય છે. ચિત્રકારો લીનનના ટકાઉ કાપડના કેનવાસ ઉપર અળશીના તેલના રંગોથી મનમોહક ચિત્રોનું સર્જન કરે છે. લાકડા ઉપરના રંગ-રોગાનમાં અળશીનું તેલ વપરાય છે. લીનોલીયમની ચમક લીનસીડ અર્થાત્ અળશીના તેલને આભારી છે.

લીનન શબ્દ આવ્યો 'લીનોન કે લીન'માંથી. ઈટલી, પોર્ટુગલ, પોલેન્ડ, રશિયા, આયર્લેન્ડ, બેલ્જીયમ વિગેરે દેશોમાં અળશીને લીનોન કે લીન અને અંગ્રેજીમાં લીનસીડ કે ફૂલેક્ષ સીડના નામે ઓળખે છે. સંસ્કૃતમાં અળશીના અત્શી, નીલ્પુષ્પી, ઉમા, મેદ્ગંધા વિગેરે ૩૦ નામો છે. આ લીનસીડ કે લીનોનના ગુણ ગાવામાં લીન થયા વગર હવે આપણે અળશીના આરોગ્ય ટકાવવાના અને વધારવાના કિંમતી ગુણો જોઈ લઈએ.

અળસી અને આરોગ્ય : અનેક મેડીકલ સંશોધનો અને પ્રયોગો આ વિષય ઉપર થયા છે. અળશીના ફાયદાઓ હૃદય, ફેફસાં, આંતરડા, કીડની અને સાંધાઓ ઉપર થયા છે. આપણે આ બાબતો જરા વિસ્તારથી જોઈ લઈએ.

અળશીના દાણામાં મેગ્નેશિયમ, કેલ્શિયમ, ફોલેટ, તાંબુ ફોસ્ફસ, વીટામીન્સમાં બી-૧, બી-૨, બી-૬ તો રહેલાં છે પણ અત્યંત ગુણોથી સભર એવા બીજા ત્રણ તત્ત્વો છે: (૧) ઓમેગા-થ્રી ફેટી એસીડ, (૨) લીગ્નન્સ અને (૩) રેશા.

ઓમેગા-૩ ફેટી એસીડ : એ સારી ચરબી છે. આ તત્ત્વ માછલીમાં મળે છે. શાકાહારીઓ તો માછલી ખાય નહિ એટલે દયાળુ કુદરતે એમના માટે કિંમતી અળશી અને અખરોટ આપી મોટો ઉપકાર કર્યો છે. ચાર ચમચી-વીસ ગ્રામ, અળશીના દાણામાંથી લગભ ત્રણ ગ્રામ ઓમેગા-૩ ફેટી એસીડ મળે છે જે રોજની જરૂરિયાત માટે પર્યાપ્ત છે. આમાં રહેલું આલ્ફા લીનોલેનીક એસીડ (ALA) નામનું મહત્ત્વનું ઘટક છે. જે ગુણોનો એ ભંડાર છે તે આ રહ્યા:

(૧) લોહીમાં રહેલી ખરાબ ચરબી (LDL) કોલેસ્ટ્રોલ અને ટ્રાઈગ્લાઈસાઈડને ઘટાડે છે. સારી ચરબી–LDL કોલેસ્ટ્રોલને વધારે છે. પરિણામે લોહીની નશોમાં લોહી જામતું નથી, હાર્ટ એટેક અને લકવાને થતું અટકાવે છે. હૃદય શૂળ-એન્જાઈનાને રોકે છે. કોલેસ્ટ્રોલ ઘટાડવા આધુનિક દવા સ્ટેટીન આપવામાં આવે છે. એક પ્રયોગ થયો. જેમનું કોલેસ્ટ્રોલ-૨૫૦ હતું (સામાન્યઃ ૧૦૦-૧૫૦) એવા ૪૦ જણાને રોજની ચાર ચમચી-૨૦ ગ્રામ અળશી બે મહિના સુધી આપવામાં આવી. સ્ટેટીન લીધા વગર એમનું કોલેસ્ટ્રોલ ઘટી ગયું.

(૨) જાપાન, ચીન અને અમેરિકાના ૪૬૮૦ સ્ત્રી-પુરુષોનાં લેવાતાં ખોરાકનો અભ્યાસ કરતા જણાયું કે જેમના ખોરાકમાં ઓમેગા-૩ ઓછું હતું એમનું બ્લડ પ્રેશર વધારે હતું. ઓમેગા થ્રી ફેટી એસીડવાળી અળસી બ્લડ પ્રેશરને કાબુમાં રાખે છે.

(૩) ઓ-થ્રી ફેટી એસીડ એ શરીરના કોષોને લચીલા કરે છે. પરિણામે લોહીમાંથી પોષક તત્ત્વો વધુ પ્રવેશે છે અને ખરાબ તત્ત્વો સરળતાથી બહાર ધકેલાય છે. આ પ્રક્રિયાથી ઈન્સુલીન વધારે અસરકારક બને છે. ગ્લુકોઝનું પાચન કોષોમાં સારું થાય છે અને લોહીમાં તે કાબુમાં રહેવાથી ડાયાબિટીઝને ઓછું કરે છે. અમેરિકન ડાયાબિટીઝ એસોસિએશન રોજ બે ચમચા અળશી ખાવાની સલાહ આપે છે.

(૪) ઓમેગા-થ્રી ફેટી એસીડની ઉણપથી થાક લાગવો, ચામડી સુકી થઈ જવી, નખ અને વાળ તૂટી જવા, માથાના વાળ પાંખા થવા અને કબજિયાત થવાના લક્ષણો દેખાય છે. રોજની ચાર ચમચી અળશીનું સેવન આમાં ફાયદો કરશે.

(૫) ઓમેગા-થ્રી ફેટી એસીડ શરીરના વિવિધ અંગોનો સોજો (ઈન્ફ્લેમેશન) ઓછો કરે છે. સાંધાઓ, કીડની, આંતરડા વિગેરેનો સોજો ઘટાડે છે. અળશીના છ ચમચી ભુક્કાને એક ગ્લાસ પાણીમાં ઉકાળી, ત્રીજો ભાગ રહે ત્યારે ઉતારી ઠંડો કરી આ કાઢો પીવાથી

પેશાબની નળીનો સોજો (યુ.ટી.આઈ.) ઓછો કરવામાં, શરીરની ચરબી ઘટાડી વજન ઓછું કરવામાં અને અન્ય મૂત્ર રોગમાં ફાયદો કરે છે.

(૬) આંખો નિસ્તેજ ને સૂકી દેખાતી હોય તો એમાં રોજ અળશી ખાવાથી આંખોને લાભ થાય છે.

અળશીનું બીજું ઉપયોગી તત્ત્વ છે લીગ્નન્સ જેમાં એસ્ટ્રોજીન જેવું હાર્મોન્સ છે.

(૧) લીગ્નન્સ સ્તન અને પ્રોસ્ટેટના કેન્સરના કોશોનો નાશ કરે છે ને કેન્સરના નવા કોષોને પેદા થવા દેતો નથી.

(૨) સ્ત્રીઓના માસિક રજોસ્રાવ અને રજોનિવૃત્તિના સમયમાં હાર્મોન્સના પરિવર્તનને લીધે સાંધાઓમાં દુખાવો, શરીર ઠંડું ગરમ (ફ્લેશિંગ) થઈ જવું, હતાશાની-ડિપ્રેશનની લાગણીઓ-મૂડ બદલાઈ જવો વિગેરે ચિન્હો દેખાય છે ત્યારે અળસીવાળા નિયમિત ખોરાકથી ઘણો લાભ મળશે.

(૩) આપણાં વિપરીત આહાર-વિહાર અને પ્રદુષણોને લીધે શરીરમાં વધી રહેલ ફ્રી રેડિકલ્સ નામના વિજાતીય તત્ત્વો ઉત્પન્ન થાય છે, જે શરીરના સારા કોશો ઉપર આઘાત કરી-નુકશાન કરી ટેરેરીસ્ટ જેવું કામ કરે છે. એન્ટીઓક્શીડન્ટવાળા ખોરાકથી આ ટેરેરીસ્ટોથી બચી શકાય છે. લીગ્નન્સ ઉત્તમ પ્રકારનું એન્ટીઓક્શીડન્ટ છે. અળશીમાં આ લીગ્નન્સ છે.

ત્રીજું મહત્ત્વનું તત્ત્વ છે અળશીમાં રેશાનું. એના બે મોટા ફાયદા છેઃ ૧. એની સાથે પાણી સારી માત્રામાં પીવામાં આવે તો કબજીયાતને દૂર કરે છે. અને બીજો ફાયદો છે આ રેશાઓ ડાયાબીટીઝને અને કોલેસ્ટ્રોલને ઓછું કરે છે.

આ તો થઈ આધુનિક વૈજ્ઞાનિક પરીક્ષણો પછીની હકીકતો, પણ આપણાં ગ્રામ્યજનો તો અળશીને ઘણી તકલીફોને દૂર કરવામાં પહેલાથી વાપરે છે. એમના અનુભવો જાણી લઈએ.

(૧) અળશીનો કાઢો ન્યુમોનિયા, શરદી અને અસ્થમામાં અપાય છે.

(૨) છ ચમચી અળશીના ભુક્કાને ગ્લાસ પાણીમાં રાતના પલાણી સવારના એમાં ચૂનાનું નીતરલું પાણી મેળવી ટીબીના ઉપાયમાં આપવામાં આવે છે.

(૩) સુંઠ, નિર્ગુંડી અને અળશીનું ચૂર્ણ સંધિવા, આર્થરાઈટીસ અને કમ્મરના દુઃખાવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

(૪) અળશીને વાટીને એનો લેપ ગુમડા, દરાજ, સોરીઆસીસ અને હરસ મટાડવામાં ફાયદો કરે છે. લેપને અંગ્રેજીમાં લીનીમેંટ કહે છે. લીનીમેંટ શબ્દ અળશીના પર્યાય લીનમાંથી આવ્યો છે.

અળસીને કેવી રીતે વાપરવી ?

(૧) અળશીના બીજ હંમેશાં તાજાં વાપરવા. જૂની અળશીનો સ્વાદ સારો નથી હોતો. પ્રકાશ અને હવાની એના ઉપર ખરાબ અસર થાય છે. એને બંધ ડબ્બામાં ભરવી અને દર મહિને તાજી ખરીદીને વાપરવી.

(૨) કોફી ગ્રાઈન્ડરમાં કે ખાંડણીમાં અળશીનો ભુક્કો કરવો અથવા શેકીને વાપરવી. કાચા દાણા ન વાપરવા.

(૩) તાજું અળશીનું તેલ પણ વાપરી શકાય.પણ ઓલીવ ઓઈલની જેમ ઓછું ગરમ કરીને હો.

(૪) અળશીના વપરાશ સાથે પાણી વધારે પીવું જરૂરી છે. નહીં તો ફાયદા કરતાં નુકશાન થવાની સંભાવના વધારે છે.

(૫) રોજની છ ચમચીથી વધારે અળશી ન લેવી. ઝાડા થઈ જવાની શક્યતા ખરી.

(૬) જેમને ડાયાબિટીઝ, હાઈ બી. પી., હાર્ટ પ્રોબ્લેમ કે કેન્સર હોય એમને પોતાની દવાઓ પોતાના દાક્તરની સલાહ વિના બંધ ન કરવી. અળશી લેવાથી ફાયદો થતો હોય તો જરૂરી ટેસ્ટ કરાવી ડૉક્ટર સાથે ચર્ચા કરી એમની સલાહ માનવી.

હવે મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે ભઈલા, આ આરોગ્ય શાસ્ત્રીઓ ઘણી બધી વસ્તુઓ લેવાની સલાહ આપે છે. એસ્પીરીન, ત્રિફલા, રસાયણ ચૂર્ણ, કાળીજીરી-મેથી-અજમાનો પાવડર ઇત્યાદિ ઇત્યાદિ લો.

હવે રોજ રોજ આટલી બધી વસ્તુઓ લઈને કંટાળો આવે તો તો કરવું શું ? વાત સાવ સાચી છે. પણ અળશીની બાબતમાં ખૂબ જ સગવડ છે. નો ટેન્શન, નો પ્રોબ્લેમ. અળશીને દવા તરીકે નહિ પણ રોજનો ખોરાક ગણીને વાપરવી. કંઈ બોજો જ નહિ રહે ને.

અમેરિકા અને યુરોપમાં બ્રેડના લોટની કણકમાં અળશી મેળવે છે. બ્રેકફાસ્ટના સીરીયલમાં, કાપેલાં ફળો ઉપર, દહીમાં કે ઓટની કાંજીમાં નાંખી ખાય છે. આપણે રોજ અળશીના ભુક્કાની ચારેક ચમચી ખોરાકના રૂપમાં રોટલીના લોટમાં, ખીચડીમાં, ઢોકળા, મુઠિયા, હાંડવો બનાવતી વખતે એમાં નાખી પૌષ્ટિક ગુણો વધારી શકાય. એને શેકી એનો મુખવાસ ઘણો સ્વાદિષ્ટ બને છે. એની ચીક્કી, લાડુ, ગોળપાપડી કે બરફી બનાવવાના પ્રયોગ પાક શાસ્ત્રીઓએ, અન્નપૂર્ણાઓએ કરવા જેવા છે. આધુનિક ખોરાક શાસ્ત્રીઓએ અળશીને એક સુપર ફૂડ તરીકે ગણાવ્યું છે. તો આપણે આવી ગુણિયલ અળશીને વાપરવામાં આળસ કેમ કરીએ ?

છેલ્લે એના ગુણો માટે એક મુક્તક ગાઈ લઈએ :

અળશી કેવી લીસી રૂપાળી, ઓમેગા-થ્રી ને લીગ્નન્સથી ભરપૂર,
કેન્સર, હૃદયરોગ અને ડાયાબિટીઝ, એના સેવનથી ભાગે દૂર.

✷ ✷ ✷

૧૮, સાગર પ્રભા, પ્રભા નગર, પી. બાલુ રોડ, પ્રભાદેવી,
મુંબઈ-૪૦૦ ૦૨૫. મો. ૯૧૬૭૪૬૫૨૪૨.

વૃદ્ધ માબાપની સેવા એ સંતાનોનો પરમ ધર્મ છે...

❑ શશિકાંત લ. વૈદ્ય

જૈન ધર્મના ક્રાંતિકારી દિગંબર સ્વામી મુનિ તરુણસાગરજી મહારાજ એક શ્રેષ્ઠ કક્ષાના મૌલિક ચિંતક છે. સત્યને પકડીને ચાલનારા આ સંતની વાણી કઠે તેવી હોય છે, પણ તેઓ શ્રદ્ધાપૂર્વક માને છે કે–વૃદ્ધાશ્રમો ભારતનું કલંક છે. વ્યાસપીઠ પર એમણે આ પ્રમાણે કહ્યું, 'વૃદ્ધાશ્રમ એ ભારત પર લાગેલું કલંક છે. આપણે ત્યાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ છે. આપણી ઋષિ સંસ્કૃતિની આ ગોઠવેલી પરંપરા છે. 'વૃદ્ધાશ્રમ' શબ્દનો ઉદ્‌ભવ આપણે ત્યાં પશ્ચિમની સંસ્કૃતિમાંથી આયાત થયેલો જણાય છે. વૃદ્ધોને આશ્રમની નહિ પણ આશ્રયની જરૂર છે. જે સંતાનો માબાપને વૃદ્ધાશ્રમમાં મોકલે છે તેને પછીના જન્મમાં ઝૂંપડી પણ નથી મળતી. જે ઘરમાં માબાપ માટે લાગણી કે પ્રેમ ન હોય તે ઘર સ્મશાન છે. જ્યાં (ઘરમાં) સંતાનો પ્રેમની હૂંફ માબાપને આપે છે ત્યાં સ્વર્ગ છે.'

આ વાણી આપણને વિચાર કરતા કરી મૂકે છે. મહારાજ સાહેબનું આ નગ્નસત્ય સૌને – આજે – લાગુ પડે છે. આપણે ત્યાં ઋષિમુનિ સમયથી સંયુક્ત કુટુંબની પ્રથા જોવા મળે છે. વિભક્ત કુટુંબનો વિચાર પશ્ચિમની સંસ્કૃતિમાં આવેલો છે, જે અહીં પ્રચલિત થઈ ગયો છે. આ હવા ત્યાંની છે...મૂળભૂત રીતે આપણે ત્યાં સંયુક્ત કુટુંબ હતાં જે બાળકો માટે સંસાર કેન્દ્રો જેવાં હતાં...પણ આજની સ્થિતિ કંઈક જુદી છે. આ યુગપ્રભાવ છે. સંતાનનું કલ્યાણ પરિવારને લીધે જ થાય છે. માતાપિતાનો ફાળો સંતાનના જીવનને સુખી કરવામાં ખૂબ હોય છે જે ભૂલવા જેવું નથી. એમની હૂંફ વિના સંતાનનો વિકાસ શક્ય જ નથી. આ રીતે સંતાન માતાપિતાનો ઋણી છે જ. જ્યારે વૃદ્ધાવસ્થામાં એમને હૂંફ અને શાંતિ જોઈએ ત્યારે એમને કુટુંબની વિમુખ કરવા તે સંતાન માટે ગૌરવયુક્ત નથી જ.

આ સંદર્ભમાં એક ડૉક્ટરના જીવનની સત્ય ઘટના યાદ રહી ગઈ છે. એક ડૉક્ટરની મા ખૂબ દુ:ખ વેઠીને, મજૂરી કરીને પોતાના એકના એક બુદ્ધિશાળી પુત્રને ડૉક્ટર બનાવે છે. ડૉક્ટરે એમ.ડી. થઈને દવાખાનું ખોલ્યું છે. સારા સ્વભાવને લીધે ડૉક્ટરની પ્રેક્ટિસ ખૂબ જામે છે. દવાખાનામાં એક ખૂબ સુંદર મઢેલો ફોટો છે. જેમાં 'એક મા દાતણ વેચતી બેઠી છે.' એક દર્દી પૂછે છે, 'સાહેબ આ ફોટો કોનો છે?' ડૉક્ટર કહે છે, 'ભાઈ, આ મારી મા છે, જેણે મને મજૂરી કરીને અને ઘરકામ કરી–દાતણ વેચીને ડૉક્ટર બનાવ્યો. હું તેનો ખૂબ ઋણી છું. આ તેની અમર સ્મૃતિ છે. મા મારી દેવી હતી!' આ કથા કોઈ કલ્પના કહાની નથી, પણ સત્ય ઘટના છે, જે આપણને ઘણું કહી જાય છે. ધન્ય છે આ ડૉક્ટરને જેણે માની સાચી કદર કરી. આપણું સૌનું મસ્તક નમે છે આ ડૉક્ટરની ભાવનાને. આજના સંદર્ભમાં જો વાત કરીએ અને થોડું તટસ્થ રીતે વિચારીએ તો ઘણાં ઘરો એવાં છે જ્યાં માબાપને શાંતિ મળતી નથી...પાછલા જીવનમાં પ્રભુ સ્મરણ પણ ન થાય...એમને એકલવાયું જણાય... ત્યારે આપણને લાગે છે કે વૃદ્ધોને વૃદ્ધાશ્રમમાં જ શાંતિ મળે છે જ્યાં એમના જેવા વૃદ્ધો હોય અને ત્યાં મન પણ હળવું બને. ઘરમાં જ્યારે સૂઝ-સમજનો જ અભાવ હોય ત્યારે વૃદ્ધોને ઘરડાઘરમાં જ અપૂર્વ શાંતિ મળે છે. રખેનો માનો કે શ્રીમંતોના ઘરમાં માબાપને સારી રીતે રાખે છે. આ અર્ધસત્ય છે. મેં એકરૂમ રસોડાવાળા મકાનમાં શ્રવણ જેવી સેવા થતી જોઈ છે. બધો આધાર શ્રવણની માબાપની ભક્તિ કથા સૌ જાણે છે. શ્રવણ માતાપિતાને કાવડમાં બેસાડીને યાત્રા કરાવે છે...અને પોતાની જાતને ધન્ય માને છે. માબાપનું ઋણ અદા કરીને તે ગૌરવ અનુભવે છે. વૃદ્ધાશ્રમ એ આજની સાંપ્રત સમસ્યા છે. શું તે જરૂરી છે ખરી? આમ તો વૃદ્ધોની સેવા કુટુંબમાં સાથે રાખીને જ કરવી જોઈએ. સંતાનની ગમે તેવી સ્થિતિ હોય પણ માબાપને એમની સાથે રાખીને જ એમની સેવા કરવી જોઈએ જેથી એમને માનસિક શાંતિ મળી રહે. યાદ રહે

'જિન વચન' પ્રભાવના રૂપ અનુમોદનીય જ્ઞાન કર્મ

'વંદે ગૌ માતરમ્'વાળા **રંજુ-વિનેશ 'મીઠાબેન' વસનજી વેલજી મામણિયા** (૯૮૨૦૨૮૮૨૬૫) (કુંદરોડી-VPLY) ને ઘેર પૌત્રીનું પારણું બંધાયું. **નીતા–કિરીટ 'પ્રભાબેન' પ્રેમજી શામજી સૈયા (ગેલડા)ની દોહિત્રી** એવી ઉર્મિ–હર્ષલ મામણિયાની પુત્રી 'રિધમ'ના જ્ઞાનપંચમી (લાભપાંચમ), સોમવાર, તા. ૩૧–૧૦–૨૦૧૧ના રોજ જન્મનો આનંદ જૈન ધર્મના ઊંડા જ્ઞાતા એવા ડૉ. રમણલાલ શાહ સંપાદિત 'જિનવચન'ની પ્રભાવનાથી થયો.

મામણિયા અને સૈયા પરિવારે આ ધર્મગ્રંથની **૫૬૦ પ્રત ખરીદીને** સ્વજનોમાં પ્રભાવના કરી છે. આ અનુમોદનીય અને અનુકરણીય જ્ઞાનકર્મ માટે અભિનંદન.

વિનેશ વસનજી મામણિયા

૪/R, શિવાય નમ:, ડૉ. આંબેડકર માર્ગ, વરલી, મુંબઈ–૪૦૦૦૧૮.

સંતાનોના સંસ્કાર પર છે તે ભૂલવા જેવું નથી.

ભક્તિનિકેતન આશ્રમના સ્વામી સચ્ચિદાનંદ વૃદ્ધાશ્રમ ચલાવે છે. એક વખત એક વૃદ્ધને લઈને એક ગાડીમાં બેસાડીને એક બહેન ત્યાં આવ્યા. આ બહેન એમના વૃદ્ધ કાકાને લઈને આવેલાં, જેમની ઈચ્છા આ કાકાને ત્યાં દાખલ કરવાની હતી. બહેન કાકાની ભત્રીજી હતી. સ્વામીજીને એ પોતે બધી માહિતી સમજાવે છેઃ 'મારા કાકાના બધા પુત્રો જે ખૂબ સુખી છે, પણ કાકાને તે ઘરમાં રાખવા તૈયાર નથી.' પછી કાકાએ કહ્યું, 'બાપજી, મારી સાથે એમને કોઈને ગોઠતું નથી. જે કહો તે, કાંતો મને કે કાંતો એમને મારી સાથે નથી ફાવતું...તેથી હું અહીં શાંતિથી જીવન પસાર કરવા આવ્યો છું.' આ એક આજના સમયનું વૃદ્ધની મનોદશાનું સ્પષ્ટ ચિત્ર છે. એક ભાઈ સ્વામીજી આગળ પોતાના માબાપના દોષો જ બતાવી રહેલા. સ્વામીજીએ સાંભળીને કહ્યું, 'ભાઈ, યાદ રાખો, તમે જે કંઈ છો તે તમારા બાપને આભારી છે. તમારો વિકાસ એમને આભારી છે. શું તમારામાં કોઈ દોષ જ નથી?' પેલો ભાઈ મૌન થઈ ગયો. સત્ય આગળ તે ખૂબ ઝંખવાણો પડી ગયો. આ સમસ્યાની ચર્ચાનો અંત નથી જ. એક વાત સ્પષ્ટ છે કે વૃદ્ધ માતાપિતાની ચાકરી સંતાને કોઈ પણ સ્થિતિમાં કરવી જ જોઈએ. જેની સૂઝસમજ સારી છે એ સંતાનો આનો સ્વીકાર કરશે જ...છતાં પણ કોઈ વિપરીત સંજોગોને લઈને માબાપને રાખી જ ન શકાય તો એમનું સ્થાન વૃદ્ધાશ્રમમાં જ હોય જ્યાં એમને શાંતિ રહે. એમની જ વયના વૃદ્ધો સાથે બેસી મન હળવું કરી અને જીવનના અંતિમ દિવસો શાંતિથી પસાર કરે. ઘણી વાર વૃદ્ધોનો થોડો વિચિત્ર સ્વભાવ પણ ઘરમાં અશાંતિ સર્જતો હોય છે...આ સ્વભાવનો દોષ કહેવાય, પણ પાકી ઉંમરે સ્વભાવનું પરિવર્તન થાય નહિ. તેથી સંતાને સમાધાન કરીને સહિષ્ણુ બનીને સમાધાનપૂર્વક એમની સાથે રહેવું. આથી સંતાનને અને બન્નેને સંતોષ થશે જ. જે સંતાનો માતાપિતાની ચાકરી કરશે એમને સામાજિક પ્રતિષ્ઠા પણ મળશે અને માતાપિતા બન્નેની આંતરડી પણ ઠરશે જ. આપણી સંસ્કૃતિ તો માતાપિતાની સેવાને ધર્મ માને છે. પ્રભુ પણ રાજી રહે–જો માનો તો. આપણાં શાસ્ત્રો અને સંતો કહે છે કે વૃદ્ધ માબાપનું ખરું સ્થાન તો ઘરમાં જ હોય. માતાપિતા તો સંતાનના સંસ્કાર દાતા છે. એ દેવના સ્થાને છે. આ પરમ સત્ય છે. આને જે સંતાનો આત્મસાત કરશે તેમનું અચૂક કલ્યાણ થશે જ. કલ્યાણકારી કાર્ય કરનાર સદાય સુખી જ થાય છે એ પૂર્ણ સત્ય છે–આજ પરમ ધર્મ છે. ✷✷✷

૫૧, 'શિલા લેખ' ફ્લુલેક્ષ, અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૭.

માઈકનો ઉપયોગ કેમ ન કરાય?

□ અનુવાદ: પુષ્પા પરીખ

'અરે, મોટેથી બોલો, મોટેથી બોલો,' એવા ઉદ્‌ગારો આજકાલ બહુ ઓછી સભાઓમાં સંભળાય છે. મુંબઈના ભાઈદાસ હૉલમાં પણ લગભગ હજાર શ્રોતાઓ શાંતિથી વ્યાખ્યાન સાંભળી શકે છે. આપણા જૈનોમાં હજુ અમુક સંઘોનું માનવું છે કે આપણા સાધુ-સાધ્વીજીઓએ માઈકનો ઉપયોગ નહીં કરવો જોઈએ. શું આ વ્યાજબી છે? પહેલાંના જમાનાની વાત જુદી હતી. મોટો મોટા સભાગૃહો નહોતા. ગામડાઓમાં વસ્તી ઓછી હતી. અપાસરાઓમાં વ્યાખ્યાનો થતા. જ્યાં માઈકની જરૂર જ ન પડે. શું આજે માઈક વગર ચાલે? છતાં પણ આજે માઈકનો ઉપયોગ કરવો કે નહીં એ વિષે ચર્ચાઓ થતી જ હોય છે. મારી દૃષ્ટિએ આજના જમાનામાં જ્યારે વિજ્ઞાને આટલી પ્રગતિ કરી છે, ત્યારે આ પ્રશ્ન પર પૂરો વિચાર કરી જૈનોના દરેક ફિરકાઓએ મળીને એક ઠરાવ પાસ કરવો જોઈએ અને જે ફિરકાને માઈક વાપરવાનો વાંધો હોય તેમને સમજી સમજાવીને આપણે આ મુદ્દે તો ઓછામાં ઓછું એકત્ર થવું જ જોઈએ. હવે આપણે માઈક નહીં વાપરવાની તરફેણના મુદ્દાને પણ સમજી લઈએ.

જે સંઘ એમ માને છે કે માઈક (ધ્વનિવર્ધકયંત્ર)નો ઉપયોગ ન કરવો જોઈએ તેમની માન્યતા મુખ્યત્વે વીજળીના ઉપયોગની વિરુદ્ધમાં છે. તેઓ એમ માને છે કે વીજળી વાપરવાથી જીવહિંસા થાય છે. સાધુ-સંતો વિજળીનો ઉપયોગ નથી કરતા. રાત્રે લાઈટો નથી વાપરતા. વિદ્યુતને તેઓ અગ્નિનું રૂપ ગણે છે. થોડી ઘણી વ્યક્તિઓ એવી પણ છે જે જૂના સંગઠન અને જૂનવાણી વિચારોમાંથી બહાર આવવાની શક્તિ નથી ધરાવતી. પોતે માને પણ વિરોધ કરવાની હિંમત ન હોય.

હવે આપણે આ જમાનામાં સાથે સાથે કદમ મિલાવીને ચાલવું હોય તો માઈકનો ઉપયોગ કરવામાં કોઈ વાંધો નથી એ વિષેના વિચારો દૃઢતાપૂર્વક રજૂ કરવા જોઈએ. આજે જ્યારે વિજ્ઞાન આટલું આગળ વધ્યું છે ત્યારે માઈકમાં વીજળી (અગ્નિ) નથી એ પુરવાર કરવા માટે આપણી પાસે અઢળક પુરાવા છે.

વિદ્યુત એક શક્તિ છે, ઉર્જા છે અને અગ્નિ નહીં. વિદ્યુત ઉત્પન્ન થાય છે ઘર્ષણથી. લગભગ ૬૦૦ વર્ષો પૂર્વે યુનાનના થેલ્સે પુરવાર કરેલું કે વસ્તુઓને એકબીજા સાથે ઘસવાથી આકર્ષણની શક્તિ-લોહચુંબક પેદા થાય છે. દા. ત. પ્લાસ્ટીકનો કાંસકો કોરાવાળમાં ફેરવવાથી પણ આકર્ષણની શક્તિ ઉત્પન્ન કરી પેપરના નાના ટુકડાઓને આકર્ષિત કરે છે. આજકાલની સીન્થેટીક સાડીઓમાં પણ ઘણી વાર આ દૃષ્ટાંત જોવા મળે છે. અગ્નિ અને વિદ્યુતમાં ઘણો ફરક છે. વિજળી-વિદ્યુત-બે પ્રકારની હોય. ૧. Positive અને ૨. Negative. સમાન પ્રકારમાં પ્રતિકર્ષણ હોય અને વિપરીત પ્રકારમાં આકર્ષણ. આકાશીય વિજળીનું સૌથી પ્રથમ વૈજ્ઞાનિક વિશ્લેષણ ફ્રેંકલીને ઈસ્વીસન ૧૭૫૨માં કર્યું હતું. વાદળો છવાયેલા હતા, વરસાદ પડતો હતો, વીજળી ચમકતી હતી ત્યારે ફ્રેંકલીને એક લોખંડના તાર, દોરી, ચાવી, વગેરે લઈને એક પ્રયોગ કર્યો

તેમાં એને કરંટ જણાયો. આ પ્રયોગ દ્વારા એણે સિદ્ધ કર્યું કે આકાશીય વિદ્યુતમાં વિસર્જન માત્રા ઘણી હોય છે. આકાશમાં વાદળો હોવાથી આકાશ અને વાયુમંડલ વિદ્યુતમય થઈ જાય છે. વિદ્યુત વિસર્જન એટલે Electric Discharge. વિદ્યુત એક અદૃષ્ય ઉર્જા છે. તાર વગેરેમાં વીજળી છે કે નહીં તે સ્પર્શ વગર કળાતું નથી. વર્તમાન યુગમાં વિદ્યુત, વીજળી જ ઔદ્યોગિક ક્રાંતિનું સૂત્રધાર છે. રેડીયો, ટેલીવીઝન વગેરે એના પુરાવાઓ છે. વિજ્ઞાનીઓ વીજળીને અગ્નિ નથી માનતા. અગ્નિ સળગાવે છે અને એ પ્રક્રિયામાં હવા, ઑક્સિજન સક્રિય ભાગ ભજવે છે. આ ક્રિયામાં તાપ અને પ્રકાશ બંને ઉત્પન્ન થાય છે.

જૈન આગમોની દૃષ્ટિ મૂલતઃ આધ્યાત્મિક છે. ભૌતિક સ્થિતિઓના વિશ્લેષણમાં વિદ્યુત સક્રિય નથી. જૈન આગમો પ્રમાણે વિદ્યુતને અગ્નિ માની લેવામાં આવે છે. વીજળીને દૂર દૂર વાદળોમાં ચમકતી જોઈ સામાન્ય વિચારધારાએ તેને અગ્નિ માની લીધી. લોકમાન્યતાની અસરે જૈનાચાર્યો પર સારો એવો પ્રભાવ પાડેલો જણાય છે. જે રીતે આદિકાળમાં જનતા વિદ્યુતને દૈવી પ્રકોપ માનતી અને એજ પ્રમાણે જૈનાચાર્યો પણ વિદ્યુતને દૈવી પ્રકોપ જ માનતા.

હવે આપણે અગ્નિ અને વિદ્યુત વચ્ચેના ગુણધર્મો વિષે વિચારીએ. અગ્નિ અને વિદ્યુતના ગુણધર્મો જુદા જ છે. દરેક પદાર્થને પોતાનું અસ્તિત્વ પોતાના ગુણધર્મ અનુસાર હોય છે. અગ્નિ અને પાણી પરસ્પર વિરોધી છે. પાણીમાં અગ્નિ ન સમાય. પાણી અગ્નિનું પરકાય શસ્ત્ર છે તેથી પાણી અગ્નિને બુઝાવી દે છે, જ્યારે વીજળી પ્રત્યક્ષ વાદળોમાં જ રહે છે, તેથી અન્નંભટ જેવા દાર્શનિક એને અભિન્ધન એટલે કે વિજળીનું ઇંધન કહે છે. આપણી ધરતી પર પાણી વીજળીનું ચાલક છે. પાણીમાં અથવા ભીની વસ્તુઓમાં વીજળી જલ્દીથી વહે છે. આથી સિદ્ધ થાય છે કે વીજળી અગ્નિ નથી. જૈનાચાર્યો વનસ્પતિના પરકાય શસ્ત્ર અગ્નિને માને છે. લાકડાને અગ્નિ પ્રજ્વલીત કરે છે જ્યારે વીજળીનો સ્વભાવ વિપરીત છે. સૂકા લાકડામાં વીજળીનો પ્રવાહ અટકી જાય છે. અગ્નિ પ્રજ્વલિત રાખવા માટે ઑક્સિજન જરૂરી છે. જ્યારે વીજળી માટે એવું નથી. મીણબત્તી સળગતી રાખવા ઑક્સીજન જોઈએ જ જ્યારે એક બલ્બ ચાલુ રાખવા વેક્યુમ હોય છે. દરેક ચમકતી વસ્તુ કે ગરમ વસ્તુ અગ્નિ નથી. જો એવું હોય તો રાત્રે ચમકતા તારાઓ શું અગ્નિ છે? ઘણા માણસો વિવાદ કરે છે કે વીજળી બાળી શકે છે ને! હા, જરૂર, પણ અગ્નિ અને વીજળીમાં ફરક છે. વીજળીથી આગ લાગી શકે પણ વીજળી અગ્નિ નથી. જેમ સૂર્યના કિરણો કાગળ પર Convergent Lens માંથી પસાર કરીએ તો કાગળ બળી જાય પણ સૂર્યના કિરણો કંઈ અગ્નિ નથી. ટર્પેન્ટાઈન તથા પેટ્રોલમાં આગ પકડવાની વિજ્ઞાન સિદ્ધ પ્રક્રિયા છે તેથી કંઈ ટર્પેન્ટાઈન અને પેટ્રોલ અગ્નિ નથી. વાંસના લાકડા પણ પરસ્પર ઘર્ષણથી સળગવા માંડે છે તો પછી સાધુ-સંતો એનો સ્પર્શ કેવી રીતે કરે છે?

આ બધા પરથી ફલિત થાય છે કે વીજળી અગ્નિ નથી, માટે આજના જમાનામાં માઈક વાપરવામાં જરાય વાંધો હોવો ન જોઈએ. માઈક વાપરવાથી તમારા ધર્મનો અને સિદ્ધાંતોનો પ્રચાર કરવામાં સુગમતા રહે. આજે જ્યારે વિશ્વમાં જૈનોલોજીના કોર્સ કરાવાય છે ત્યારે આપણે જૂનું પકડી રાખીએ તો કેમ ચાલશે? આજની પ્રજામાં ધર્મનો પ્રચાર કરવો હોય તો એમના મગજમાં ઉતરે તે પ્રમાણે જ સમજાવવું જોઈએ અને એને માટે નવા ઉપકરણો વગર આપણો ઉદ્ધાર નથી. માટે મેં જે શરૂઆતમાં કહ્યું તેમ બધા ફિરકાઓએ મળીને એક વિચારધારા અપનાવ્યા વગર આપણો છૂટકો અને ઉદ્ધાર નથી. આને માટે આપણા સાધુ-સંતોએ જ પ્રથમ પહેલ કરવી પડશે. ✷✷✷

કેનવે હાઉસ, ૬/બી, ૧લે માળે, વી. એ. પટેલ માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં. ૨૩૮૭૩૬૧૧.

પંથે પંથે પાથેય...(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

આ યાત્રા દરમિયાન એક સાંજે રાત્રિ રોકાણ માટે હું એક ધર્મસ્થાનકમાં ગયો તો મને જવાબ મળ્યો, 'તમારે માટે રૂમ નથી.'

હું આઘાત અને અચરજ પામ્યો. કારણ શું? બહુ ખણખોદ પછી મને કોઈકે કહ્યું કે, 'અહીં ધર્મસ્થાનકમાં રાત એકલા ગાળવા આવતા વૃદ્ધો રાત્રે રૂમમાં આપઘાત કરે છે. માટે, અમે આપતા નથી.'

સૂરતનું જમણ અને કાશીનું મરણ ઉત્તમ એ સાંભળ્યું છે. પણ બધાં જ ધર્મસ્થાનકોમાં આ 'લાભ' મળે તો આ વૃદ્ધો કેમ જતો કરે?!

પ્રગતિની અનેક ધ્વજાઓ ફરકાવતો આપણો એકવીસમી સદીનો આ મોડર્ન સમાજ હજી આવા મરણને સ્વીકારે છે? ન માની શકાય તેવી વાત છે આ!

વૃદ્ધોની મનોદશા એટલી બૂરી થઈ જતી હશે કે જીવનમાં નહિ, તો મૃત્યુમાં કોઈક પ્રકારનું સાંત્વન શોધી લેવું એમ વિચારાતું હશે?

એક આથમતી સાંજે હું વૃદ્ધાશ્રમના પ્રાંગણમાં ઊભો હતો. ત્યાં આશ્રમની એક મિનિ બસ દરવાજામાં દાખલ થઈને ઊભી રહી. એમાંથી પહેલાં એક ભાઈ ઉતર્યા.

એ ભાઈ અજાણ્યા હતા આ આશ્રમથી. પહેલી વાર અહીં પ્રવેશ્યા હતા. એ મારી પાસે આવ્યા. મને પૂછ્યું, 'અહીં રહી શકાય ખરું?'

મેં કહ્યું, 'હા, તમારી ઉંમરનાં ઘણાં ભાઈ બહેનો અહીં છે. પણ, તમે ક્યાંથી આવો છો? તમારે અહીં કેમ રહેવું છે? મારાથી પૂછાઈ ગયું.

'ભાઈ, શું કરું? મારે તો ઘેર દીકરા, દીકરી, દીકરાની વહુ, બધાં જ છે. પણ, અઠવાડિયાં પહેલાં હું ઘરેથી અમસ્તો જ બહાર નીકળ્યો. ને પછી ઘેર પાછો ગયો નથી! મારાં ઘરનાં કોઈએ મારે માટે ક્યાંય પૂછા પણ નથી કરી.'

'પોલીસ સ્ટેશને પણ જઈને પૂછી આવ્યો કે કોઈએ કંઈ લખાવ્યું છે? ના, કોઈને કંઈ મારી પડી જ નથી. પછી મારે એ ઘરને મારું ઘર કેમ કહેવું?'

'મારું ઘર મારું નથી, કારણ મારાં માણસ મને એમનો ગણતા નથી. હું એમને કોઈ ખપનો નથી. તો શું કરું? હું ત્યાં રહું કે ન રહું એ સરખું જ છે.

માણસાઈના દીવા શું ઓલવાવા લાગ્યા છે? ✷ ✷ ✷

ઍક્સર લક્ષ્મીનારાયણ બિલ્ડિંગ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લેટ નં. ૦૦૩,
ઍક્સર તળાવ સામે, ઍક્સર રોડ, બોરીવલી પશ્ચિમ, મુંબઈ-૪૦૦૧૦૩.
ફોન : ૯૮૧૯૬૬૭૭૫૪.

કવિતામાં આધ્યાત્મિકતા

□ રમેશ પી. શાહ

મુલ્લાં નસરૂદ્દીન એક વાર બજારમાં ગયા. ચાર ગધેડા ખરીદ્યા. એક ગધેડા ઉપર બેસીને ઘર તરફ ચાલ્યા. રસ્તામાં મુલ્લાં વિચાર કરે છે કે મેં ચાર ગધેડાં ખરીદ્યા પણ ત્રણ જ કેમ દેખાય છે? હકીકતમાં પોતે જે ગધેડા ઉપર બેઠેલા તેને ગણતા ન હતા. ઘરે પહોંચતા બૂમ મારીને બીબીને બહાર બોલાવી-'અરે બીબી, મેં ચાર ગધેડાં ખરીદ્યા છતાં મને ત્રણ જ દેખાય છે. તમને કેટલા દેખાય છે?' મુલ્લાંએ કહ્યું. બીબીએ જવાબ આપ્યો, 'મને પાંચ ગધેડાં દેખાય છે!'

તાત્પર્ય એટલું જ કે બીબી જે જોઈ શક્યા તે મુલ્લાં ન જોઈ શક્યા. વાતને આગળ વધારીને કહીએ તો કવિ જે જુએ છે તે સામાન્ય માણસ નથી જોઈ શકતો. દા. ત. વરસાદ ઝરમર ઝરમર વરસતો હોય, વૃક્ષ, મકાનો, રસ્તાઓ બધાં જ ભીના ભીના હોય ને કેટલાક છત્રીવાળા માણસો કોરાકટ હોય ત્યારે આપણા લોકચહિતા કવિ રમેશ પારેખ કહે કે–

'વરસાદ નથી એમ ન કહીએ, રમેશ
આપણે ભીંજાયા નહીં એમ કહીએ.'

સામાન્ય દેખાતી ઘટનાને કવિ કેવી ઊંચાઈએ મૂકી દે છે!

આપણે સહુ આપણા અહમ્‌ની છત્રી માથે રાખીને ફરીએ છીએ. અને ફરિયાદ કરીએ છીએ-'અમે તો કોરા રહ્યા, વરસાદ ક્યાં છે?' જીવનની નાની મોટી વાતોને આપણે આપણા અહમ્‌ની આડશમાં મૂલવતા હોઈએ છીએ. ઈશ્વરની કરૂણા તો નિરંતર વરસતી હોય છે. આપણે એનો અહેસાસ નથી કરી શકતા હોતા. કારણ આપણી છત્રી આડે આવે છે 'વરસાદ નથી'–એમ અભિમાનપૂર્વક કહેવાને બદલે, 'આપણે ભીંજાયા નહીં'–એવી સ્વીકારવૃત્તિ રાખીએ તો ભીંજાવાનો આનંદ દૂર ન રહે.

આનંદ એ તો માણસની સનાતન ખોજ છે. આનંદની શોધમાં એક વિચારધારામાંથી બીજી વિચારધારા તરફ, એક મહાત્મા પાસેથી બીજા મહાત્મા તરફ, એક પંથ મૂકીને બીજો પંથ માણસ સતત તલાશતો રહે છે. એમ કરતાં જ્યારે વિશ્વના કણકણમાં વિલસી રહેલા ચૈતન્યનો અણસાર સમજમાં આવે છે ત્યારે એક ફળિયેથી બીજે ફળિયે જવાના ભટકાવનો અંત આવે છે. આ વાત મર્મી કવિ રાજેન્દ્ર શુક્લ આમ કહે છેઃ-

કંઈક સમજ્યા ત્યારથી,
બેઠા છીએ હુક્કો લઈને ઢોલીયે,
પછી ક્યાંથી મળીએ, બીજે ફળિયે?'

'સમજ્યા', 'હુક્કો', 'ઢોલીયે'–આ શબ્દો દ્વારા કવિ તેમની ભીતરમાં બાગબાગ થતાં આનંદલોકમાં લઈ જાય છે. આમેય શબ્દાનંદ અને બ્રહ્માનંદ સહોદર જ ગણાય છે ને? ઋષિત્વ પછી પ્રાપ્ત થયેલું કવિત્વ શબ્દને અમરત્વ પ્રદાન કરતું હોય છે.

વાલ્મિકિએ રામાયણનું અમર કાવ્ય આપ્યું. પણ વાલીયાએ આ લખ્યું હોત તો? શબ્દાનંદના આસવને પસલી ભરીને જેણે પીધો હોય એવા સાંઈ મકરંદ દવે જેવા જ કહી શકેઃ-

'પગલું માંડું હું અવકાશમાં,
જોઉં નીચે હરિવરનો હાથ.'

શબ્દનો સાધક કેવો નિશ્ચિંત બની અવકાશમાં ઝૂકાવી શકે ને ત્યાં પણ હરિદર્શન કરતો હોય છે.

આનંદની પ્રાપ્તિ સાધના માગી લે છે. સાધનામાં મુખ્ય અવરોધ મનનો હોય છે. મન વિષે ઘણું બધું કહેવાયું છે, લખાણું છે છતાં પણ બધું અધૂરું જ છે. મનની શક્તિ અને તેને નાથવા અંગે કવિ રાજેન્દ્ર શુક્લ થોડી જ પંક્તિઓમાં મર્મ-સભર વાત કહે છે-

'મનને સમજાવો નહીં કે મન સમજતું હોય છે,
આ સમજ કે અણસમજ એ ખુદ સરજતું હોય છે.
એક જ પલકારે જો વિંધાય તો વિંધી શકો,
બીજી ક્ષણે એ જ સામા સાજ સજતું હોય છે.'

આવા કાવ્ય અને તત્ત્વજ્ઞાનના સુભગ સુયોગ વિષે મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોષી કહે છેઃ-

'ઉચ્ચ કવિત કાંઈને કાંઈ અર્થ, તત્ત્વબોધ અંગુલિનિર્દેશ કરવા પ્રેરાય છે. આ કાર્ય તત્ત્વજ્ઞાન સ્વતંત્ર રીતે પોતાની ઢબે જ કરતું હોય છે. તત્ત્વજ્ઞાન વિશ્લેષણની પદ્ધતિ સ્વીકારે છે, કવિતા સંશ્લેષણની. કવિતા કલ્પના અને સર્જકતાની પાંખે ચઢીને આકાશમાં ડૂબકી લગાવીને વિશ્વને તસુતસુ ટુકડામાં જોવાને બદલે અખિલાઈમાં જોઈ લે છે. બંને-તત્ત્વજ્ઞાન અને કવિતાનું લક્ષ્ય એક જ છે-સત્યસાધના. એ જ્યારે સિદ્ધ થાય ત્યારે તત્ત્વજ્ઞાન અને કવિતા ઉભય સત્યસિદ્ધિના અમોઘ આનંદથી ધબકતા દેખાવાના.'

તત્ત્વજ્ઞાન અને કવિતામાં થયેલા આટલા બધા વિકાસ પછી પણ માણસ કેટલા બધા ભેદોમાં વહેંચાઈ ગયો છે–રંગભેદ, મનભેદ, મતભેદ, જાતિભેદ વગેરે વગેરે. હજીય માણસજાત અજંપામાં જીવી રહી છે. માનવ-મનની આ વ્યથાને અનિલ જોષી આ રીતે વાચા આપે છેઃ

'કાળો વરસાદ મારા દેશમાં નથી કે નથી પીળો વરસાદ તારા દેશમાં,
આપણે નોધારા ભટકી રહ્યા છીએ ચામડીના ખોટા ગણવેશમાં.'

કાળના પ્રવાહમાં કેટલાય તીર્થંકરો, અવતારો, સંતો, મહાત્માઓ આવી ગયા. એમની કરૂણાની આટલી હેલી વરસવા છતાં માનવજાતની અધુરપ કે ઊણપ ઓછી નથી થઈ, એમ કેમ લાગે છે? ઉણપોના કલેવરો બદલાયા હશે પણ ઓછી તો નથી થઈ. કોઈ સંતકવિ ગણપતરામે કરેલું નિદાન માનવા જેવું ખરૂંઃ

'જૂનો ધરમ જાણી લ્યો, સંતો મારા, જૂનો ધરમ જાણી લ્યો.
નદિ કિનારે કોઈ નર ઊભો, તૃષા નહીં સમાણી રે,
કાં તો અંગ આળસું એનું, કાં સરિતા સુકાણી.
અમૃત મલ્યું પણ અમર થયો નહીં, પીવાની જુક્તિ ન જાણી,
કાં તો ઘટમાં ગયું ન એના, કાં પીવામાં આવ્યું પાણી.' ✷ ✷

ડી/૨૧૬, વીણાસીતાર સોસાયટી, મહાવીરનગર,
દહાણુકરવાડી, કાંદિવલી (પ.) મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૬૪૮૨૬૯. મો. ૯૮૧૯૯૩૮૨૮૯.

દાનનો પ્રવાહ કઈ દિશામાં ?

□ કાકુલાલ સી. મહેતા

ચારેક વર્ષ પહેલાં અમેરિકાના સૌથી વધુ ધનપતિ એવા શ્રી વોરન બફ્ફેટે, પોતાની અઢળક સંપત્તિનો અર્ધો ભાગ દાનમાં આપવાની જાહેરાત કરી અને એવા જ બીજા ધનાઢ્ય શ્રી બીલ ગેટ્સ અને એમના ધર્મપત્નિ મેલિંડાના નામે ચાલતી એક સખાવતી સંસ્થાને એ દાન અર્પણ કરી એ સમયે એક આશ્ચર્ય ફેલાવી દીધું. એ પછી નજીકના જ ભૂતકાળમાં શ્રી વોરન બફ્ફેટે ફરીવાર જાહેર કર્યું કે પોતાની સર્વ સંપત્તિનો માત્ર એક ટકો રાખીને ૯૯% એ દાનમાં આપી દેશે જેનો ઉપયોગ સ્વાસ્થ્ય ક્ષેત્રે બીમારી દૂર કરવા માટે થશે. એમને ફરી સાથ મળ્યો બીલ ગેટ્સનો. આ બન્ને મહાનુભાવોએ આ જાહેરાત જ્યારે મૂડીવાદની બોલબાલા છે અને સામ્યવાદ, સમાજવાદ નિષ્ફળ ગયા છે એમ માનવામાં આવે છે ત્યારે કરી છે. એક રીતે એમ કહી શકાય કે મૂડીવાદની પણ આવી રહેલી નિષ્ફળતાનો અથવા તેમાંથી ઊભરતા નવા સ્વરૂપનો આમાં આભાસ દેખાય છે. એમણે પોતાની સંપત્તિનું દાન કરીને જ સંતોષ નથી માન્યો. અમેરિકામાં જ બીજા ધનકૂબેરોને આમંત્રીને એમને પણ દાન દેવાનો અનુરોધ કર્યો છે અને ચાલીસ વ્યક્તિઓએ પોતાની અર્ધી સંપત્તિનું દાન કરવાનો નિર્ણય પણ જાહેર કર્યો છે એ એક સુખદ આશ્ચર્ય એટલા માટે છે કે તેમાં અઢળક ધનને અને વિલાસ-વૈભવને નહિ પણ એના સર્વજનહિતાય ઉપયોગ કરવાની ભાવના સમાયેલી છે. સંભવતઃ સર્વોદય સમાજની ભાવનાનો આમાં સ્વીકાર છે. આ બન્ને મહાનુભવો ત્યાંથી પણ અટક્યા નથી. ઊભરતી આર્થિક સત્તા ચીનમાં જઈને પણ એમણે એ વાતની રજૂઆત કરી છે. ઘરઆંગણાની વાત કરીએ તો હમણાં જ એચ.સી.એલ.ના સહ-સ્થાપક શ્રી શીવ નાદારે પણ પોતાની સંપત્તિનો ૧૦% ભાગ, એમના મનગમતા વિષય, શિક્ષણ પાછળ ખરચવાની જાહેરાત પણ કરી છે.

ભારતમાં દાનની પ્રથા તો યુગ-યુગોથી ચાલતી આવી છે. આજે પણ નાના મોટા દાન તો અહીં થતાં જ રહે છે. પરંતુ આ દાનના પ્રવાહની દિશાનો વિચાર કરવો જરૂરી છે. વધુમાં વધુ દાન શિક્ષણ અને સ્વાસ્થ્યના ક્ષેત્રે થઈ રહ્યું છે; પણ શિક્ષણ અને સ્વાસ્થ્યની આજે વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે. આ બન્ને ક્ષેત્ર વ્યાપાર અને કમાણીના સાધનો બની ચૂક્યા છે. કાંઈક નવેસરથી વિચારવાની વેળા છે. વૈવિધ્યસભર જીવસૃષ્ટિ એ જ એક વિસ્મય છે. એમાં માનવ જીવન એ તો આશ્ચર્યોમાં પણ અહોઆશ્ચર્યમ્ એટલા માટે માનવામાં આવે છે કે માનવીમાં જિજ્ઞાસાવૃત્તિ, વિચારવાની અને વિશ્લેષણ કરવાની શક્તિ અને એ મુજબ આચરણ કરવાની શક્યતા સમાયેલી છે. આપણા પૂર્વજોને આ ક્ષેત્રે ઊંડા અવલોકન પછી એ સમજાયું કે માનવ જીવનનું આ કારણે જ મહત્ત્વ છે અને એનો આશય આત્મોત્કર્ષ જીવનના વિકાસનો છે. ધન-વૈભવ ગમે તેટલો હોય અંતે તો બધું જ મૂકીને જવાનું છે એમ આપણે માનીએ છીએ. આ મહાનુભાવોને એ વાત જાત અનુભવે સમજાઈ ગઈ છે; જ્યારે આપણે, ધનની નિરર્થકતા સમજતાં છતાં, એજ ધનની પાછળ દોડી રહ્યા છીએ.

ભારતના ઉન્નતિ કાળમાં તક્ષશીલા, નાલંદા વગેરે શિક્ષણની વિશ્વ વિખ્યાત સંસ્થાઓ હતી અને દૂર દૂરના દેશોમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવતા. વિદ્યાર્થીઓ આશ્રમમાં જ રહેતા, શિક્ષણ, ભોજન વગેરે માટે કોઈ શુલ્ક (ફી) લેવામાં આવતું નહિ. વિદ્યાર્થીઓ શારીરિક શ્રમ કરીને ખર્ચ પેટે શક્ય એટલું યોગદાન કરતા. ચારિત્રનું ઘડતર એટલે ગમે તે સંજોગોમાં સમાજમાં માનભેર અને સ્વતંત્ર રહી શકે એવું શિક્ષણ અપાતું જેને જ્ઞાન કહેવામાં આવતું. વર્તમાનની વાત કરીએ તો શિક્ષણ એટલે નોકરીની લાયકાત મેળવવી અને સંચાલકોના ગુલામ બની, એમને આધિન રહીને કામ કરવાનું. આવું શિક્ષણ પણ કેટલું મોંઘું અને સામાન્ય વિદ્યાર્થીને પોષાય નહિ એવું છે તે આપણા અનુભવની વાત છે. નવા નાલંદા વિદ્યાલયની સ્થાપનાની પ્રવૃત્તિ ચાલી રહી છે તે શું વગર શુલ્કે અને મફત રહેવા જમવાની સગવડ આપશે, કે સહી શકાય એટલા ખર્ચે પણ શિક્ષણ આપશે ? અને શિક્ષણનું ધ્યેય શું હશે ? ગુલામ બનાવવાનું કે બીજું કઈ ? ભણાવશે કોણ ? ધર્મગુરુ કે 'મનીગુરુ ?'

સ્વાસ્થ્ય અંગે આપણી જૂની પ્રથા હતી શારીરિક શ્રમ (વિજળીના સાધનો વડે થતી આધુનિક કસરત નહિ), સાદું અને સરળ જીવન, આપણા શરીરમાં એક કુદરતી વ્યવસ્થા છે જેમાં રોગના પ્રતિકારની સ્વયં વ્યવસ્થા છે અને એનો આધાર આપણી જીવન શૈલી ઉપર નિર્ભર છે. એવી પર્યાવરણને-કુદરતને અનુકૂળ જીવનશૈલી અપનાવવાથી શરીર સ્વસ્થ રહી શકે છે. આધુનિક સ્વાસ્થ્ય સેવા આપણને પોષાય તેવી નથી જ તો કુદરતી વ્યવસ્થાને શા માટે ન સ્વીકારીએ ?

ગમે તે પક્ષની સરકાર ભલે હોય, એમની વિકાસની વ્યાખ્યા એક જ છે કે ગમે તે ભોગે કેવળ આર્થિક વિકાસ સાધવો. માનવ સમ્પત્તિ, મહામૂલા માનવ જીવનની નહિ પણ માત્ર ઉત્પાદન વધારવાની જ વાત વિચારવી. અર્થનું મહત્ત્વ ભલે હોય પણ જીવન કાંઈ એકલા ધનવૈભવથી નથી ચાલતું. જીવના અનેક પાસા છે તેની અવગણના કરવી એટલે જીવનની અવગણના કરવી એ શું યોગ્ય છે ? કેવળ આર્થિક વિકાસની આંધળી દોટે કેટલો વિનાશ વેર્યો છે એની કોઈ ચિંતા કે વિચારણા નહિ ? અમેરિકા સર્વાધિક આર્થિક શક્તિ હોવા છતાં આજે ૧૦% વસ્તી કામ વગર બેકાર છે તો ૩૩ કરોડ જેટલા માનવીને ક્યારે કામ આપી શકીશું એ નવી પેઢીએ ગંભીરતાથી વિચારવાનો પ્રશ્ન છે, કેમકે એમાં જ એમનું ભવિષ્ય નિહિત છે.

દાનનો જે પ્રવાહ આધુનિક શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવા તરફ વહી રહ્યો છે તે આપણને પોષાવાનો નથી. તો આપણે એટલું વિચારવું જ રહ્યું કે શિક્ષણ તો ચારિત્ર ઘડતર થાય એવું જ હોવું જોઈએ, કનિષ્ઠ નોકરી માટે તો નહિ જ. લુહાર, મોચી, સુતાર,

દરજી, ઘાંચી, વાણંદ વગેરેના બાળકો ભણેલા ન હોય તો પણ બાપને કામ કરતા જોઈને ૧૨-૧૩ વર્ષે તો પોતે કામ કરતાં થઈ જાય, ક્યાંય નોકરીની તલાસ નહિ. અનુકૂળતા પ્રમાણે કામ કરીને જીવન નિર્વાહ પૂરતું કમાઈ લેતા. આજે એમને કહેવામાં આવે છે કે અભણ છો માટે ભણો તો નોકરી મળે પરંતુ રાજકર્તાઓના દીકરા-દીકરીઓ કે સગા-વહાલા બાપ-દાદાનો એટલે કે રાજકર્તાનો ધંધો જ સ્વીકારે છે એનું શું ?

પ્રજા ભલે ગરીબ કે અભણ હોય, એમને જીવન નિર્વાહના સાધનો ઉપલબ્ધ કરવાથી અને નોકરીની નહિ પણ પોતાની જે આગવી આવડત છે એના ઉપર નભવાની સગવડ અપાય તો ગરીબી પણ દૂર થશે, સ્વતંત્ર રહેશે, શહેરો તરફ દોડવાનું બંધ થશે અને શહેરોના વકરતા પ્રશ્નો પણ હલ થશે. એટલે દાનનો પ્રવાહ જો ગરીબ અને અભણ પ્રજાના ઉત્કર્ષ માટે વહાવી શકાય તો ઘણા જ ઓછા ખર્ચે ગરીબી દૂર થઈ શકે એ બિલકુલ સંભવિત છે. આશા રાખીએ કે દાતાઓ, ભલે આધુનિક શિક્ષણ કે સ્વાસ્થ્ય સેવા માટે અર્પણ કરે પણ, સારો એવો હિસ્સો ગરીબો જેનો તુરત લાભ ઊઠાવી શકે તે તરફ વહાવે એ વધુ જરૂરી છે. ભારતમાં લાખો, ભલે નાની નાની પણ, સ્વૈચ્છિક સામાજિક સેવાભાવી સંસ્થાઓ છે જેના તરફ દાનનો પ્રવાહ વહે તો ઘણું સારું કામ થઈ શકે તેમ છે. ગરીબો માટે શું જરૂરી છે તે શીતળ ઑફિસમાં બેસીને નક્કી ન કરી શકાય. એ માટે તો ગરીબો સાથે સીધો સંપર્ક જોઈએ અને એમની ઈચ્છા મુજબની યોજના જોઈએ. ઉપરથી નીચે સુધી ભ્રષ્ટાચારમાં રાચતી સરકાર એ નહિ કરી શકે. દાતાઓને દાન આપવું છે. સરકારી વ્યવસ્થા ઉપર કોઈને વિશ્વાસ નથી માટે પ્રજાએ જાતે જ, અનિવાર્ય હોય તો સંઘર્ષ કરીને પણ આગળ વધવું રહ્યું.

(વાચકોના મંતવ્ય આવકાર્ય)

(**નોંધ:** અમેરિકા, યુરોપના જે ધનપતિઓએ અર્ધી કે એથી પણ વધુ સંપત્તિનું દાન જાહેર કર્યું છે તેમાંનાં કેટલાકે તો સંપૂર્ણપણે સાદું, સંયમી અને સરળ જીવન સ્વીકાર્યું છે એટલું જ નહિ પણ શ્રમ દ્વારા જ જીવન નિર્વાહ કરવાનું જાતે જ પસંદ કર્યું છે. રસ હોય એવા વાચકોને વિનંતિ છે કે હાલમાં જ 'નાસા ફાઉન્ડેશન' (નેશનલ સેનીટેશન એન્ડ એન્વીરનમેંટલ ઈમ્પ્રુવમેંટ ફાઉન્ડેશન) અમદાવાદ તરફથી પ્રસિદ્ધ થયેલ પુસ્તક 'અમે સમાજને સમર્પી વારસાઈ સંપત્તિ' જરૂર વાંચે) ✷✷✷

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર-૨, ૧૨૦, ન્યુ લીંક રોડ,
ચીકુવાડી,બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૨.

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૨૩)

આજના પ્રવચનમાં એક ભજન માણીએ. એ ભજનમાં જીવનનું સત્ય આરપાર દેખાય છે. આ ભજન માણ્યા પછી વૈરાગ્ય ન જાગે તો માનજો કે હૃદયમાં ધર્મ પ્રવેશ્યો નથી:

હવે પાછી સંભાળી લીયો ચાવી,
મારે આ ઘર ખાલી કરવાની વેળ આવી.
રૂડા વસાવ્યા મેં રાચ-રચિલાને
દીધું સામાનથી સજાવી
ચીજો અકબંધ બધી એમ ને એમ સોંપું
પાછી ના એક લઈ જાવી.

મારે આ ઘર...

હળીમળીને અમે રહ્યા અહીં હેતને
મિત્રોએ મહેફીલ જમાવી
કોઈનો દોષ અહીં દિલમાં વસ્યો ના
હેલી આનંદની મચાવી.

મારે આ ઘર...

હસતે મુખે સૌને હાથ જોડું ને હું,
ભેટી લઉં હૃદયે લગાવી.
તમારી આંખોમાં છલકે જે પ્રીતિ
અમૃત શી અંતરને ભાવી.

મારે આ ઘર...

વેગીલા નીર પર નાવ મારી ડોલે ને
વાયુ રહ્યો, સઢને ફૂલાવી
સામા કિનારાનો સાદ સંભળાયો
કોણ રહ્યું મને બોલાવી.

મારે આ ઘર...

ધર્મ જીવનમાં અવતર્યો કે નહીં તેની પરીક્ષા કરવી હોય તો આ સુંદર કાવ્યમાંથી જીવનમાં કેટલું પ્રગટ થયું છે તે તપાસી જુઓને !

જિનેશ્વર ભગવાનના જન્માભિષેકનું મંગળમય વર્ણન એટલે સ્નાત્રપૂજા. સ્નાત્રપૂજાનું સદાય આકર્ષણ થાય તેવું છે. કેટલીક વ્યક્તિઓ, કેટલીક વસ્તુઓ પોતાનું ચિરંજીવ મૂલ્ય ધરાવે છે. ફૂલોની સુવાસ બધાને ગમે છે. નદીનું આકર્ષણ ક્યારેય જતું નથી. આકાશનું મેઘધનુષ આકર્ષક હોય છે. ભગવાન પણ સર્વ શ્રેષ્ઠ આકર્ષણ પેદા કરનારા છે. એ મૂલ્ય કદીય ઘટવાનું નથી. જિનેશ્વર ભગવાનનું કોઈપણ કાર્ય જગતને આકર્ષણ રૂપ થાય છે. જિનેશ્વર ભગવાનું પ્રત્યેક કાર્ય સૌના કલ્યાણ માટે જ હોય છે. પરોપકારનો પંથ યશસ્વી પંથ છે. બીજાને માટે કલ્યાણની ભાવના રાખવી એટલે હૃદયમાં અમૃત પ્રગટાવવું.

વ્યાસ મુનિને કોઈકે પૂછ્યું કે અઢાર પૂરાણનો સાર શું ? વ્યાસ મુનિએ કહ્યું કે, પરોપકાર જેવું કોઈ પુણ્ય નથી અને પરપીડા જેવું કોઈ પાપ નથી. અઢાર પૂરાણનો સાર આટલો જ છે.

પરોપકાર સૌથી મોટો ધર્મ છે. પરમાત્મા સૌથી વધુ પરોપકાર કરનાર છે. જીવનનું સત્ય સમજાવનારા છે. આત્માનું દર્શન કરાવનારા છે.

ઉપરનું ભજન ફરીથી ગણગણી જાવ ને !

✷✷✷

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજીત દ્વિતિય કાયોત્સર્ગ શિબિર

સ્થળ : આરાધના ધામ, જામખંભાલિયા, જામનગર. તા. ૨૫ જાન્યુ.થી ૨૮ જાન્યુ. ૨૦૧૨.
આરાધક : પરમ પૂજ્યશ્રી શશિકાંતભાઈ મહેતા

તા. ૨૫, ૨૬ નવેમ્બરમાં (૨૦૧૧) મુંબઈમાં યોજાયેલ કાયોત્સર્ગ શિબિરને અદ્‌ભુત સફળતા અને પ્રતિસાદ મળ્યાથી આવી શિબિર અન્ય સ્થળે યોજવાનું સંસ્થાએ નક્કી કર્યું. (પ્રથમ શિબિરનો અહેવાલ, 'પ્ર.જી.'ના ડિસેમ્બર અંકમાં પ્રગટ થયેલ છે.)

પૂ. શશિકાંતભાઈની પ્રેરણા અને સહકારથી ઉપરનું સ્થળ નક્કી થયું અને મુંબઈથી સંસ્થાના ઉપપ્રમુખ શ્રી નિતિન સોનાવાલા અને આરાધક શ્રી યતિનભાઈ ઝવેરીના નેતૃત્વ હેઠળ ૩૫ જેટલા આરાધકો આરાધના સ્થળે પહોંચ્યા.

આ ત્રણ દિવસની આરાધના દરમિયાન આરાધક પૂ. શ્રી શશિકાંતભાઈએ નવકારની એક દિવ્ય અનુભૂતિ આ સર્વે આરાધકોને કરાવી.

આ શિબિરનો અહેવાલ, આરાધકોના શબ્દો દ્વારા આપણે જાણીએ:

અમે ૨૫મી જાન્યુઆરીએ લગભગ બપોરે ૧૨-૩૦ વાગે આરાધનાધામ આવી પહોંચ્યા. જતાંની સાથે ત્યાંની શાંતિ, લીલીછમ વનરાઈઓ, ત્યાં લખેલાં સુવાક્યો અને અત્યંત પવિત્ર વાતાવરણે અમારા બધાનું મન મોહી લીધું.

અમને જ્યાં ઉતારો આપવામાં આવ્યો હતો તે જગ્યા પણ એટલી જ સ્વચ્છ અને સગવડતાવાળી હતી. બાજુના સંકુલમાં એક ભવ્ય દેરાસર છે તથા એક નવકાર પીઠ છે, જેના પાયામાં ૬૮ લાખ નવકાર લખાઈને ધરબાયેલા છે જે વાતાવરણને પવિત્રતા આપે છે. એની ઉપરના ટાવરમાં ૧૦૮ પગથિયાં ચઢીને સુધોષા ઘંટ આવેલો છે. બાજુમાં જ એક અદ્‌ભૂત 'આર્ટ ગેલેરી' છે. ઉપરાંત Sound & Light Show પણ છે.

તા. ૨૫-૧-૧૨: બપોરના પહેલાં Sessionમાં પૂ. શશિકાંતભાઈ સાથે અમે એકબીજાનો પરિચય કર્યો. ત્યાંના મુખ્ય કર્તાહર્તા પૂજ્ય અમુભાઈ વાગજીભાઈ, જે Australia, Perthમાં રહે છે તેમનો પરિચય થયો. આરાધનાધામ પ્રત્યે તેમની નિષ્ઠા વખાણવા લાયક છે. પૂ. રમણીકભાઈ જે ત્યાંના trustee છે તથા પૂ. પ્રેમચંદભાઈએ અમને આવકાર્યા અને તીર્થધામ પ્રત્યેની માહિતી આપી. અમને કોઈ અગવડ ના પડે એની પૂરી કાળજી રાખી. અમે તે સર્વેના ખૂબ જ આભારી છીએ.

તા. ૨૬-૧-૨૦૧૨: બીજે દિવસે સવારે ૬-૪૫ વાગે નવકારપીઠમાં સામયિક, નવકાર જાપ અને દેરાસરમાં પૂજા બાદ ૧૦-૦૦ વાગે 'આરાધના હૉલ' માં ભેગા થયા. ત્યાં પૂ. શશિકાંતભાઈએ કાયોત્સર્ગ શિબિરના શ્રી ગણેશ કર્યા.

એઓશ્રીના હૃદયમાંથી નીકળતી પ્રેમભરી વાણી, નવકારમંત્ર તરફની ભક્તિ અને અમારા પ્રત્યેના તેમના ભાવથી અમે સહુ સંમોહિત બની ગયા. સાંજના ૪-૦૦ કલાકે કાયોત્સર્ગની પ્રક્રિયા, Step by Step, પાંચ પીઠ દ્વારા કેવી રીતે કરાય તેનું માર્ગદર્શન તેમણે લંબાણપૂર્વક આપ્યું.

રાત્રે પૂ. રૂપાબહેને અમને સર્વેને એ જ પ્રક્રિયાનું revision કરાવ્યું. અને આ પ્રક્રિયા પ્રત્યેની અમારી શ્રદ્ધા દૃઢ કરાવી.

તા. ૨૭-૧-૧૨: તા. ૨૬-૧-૧૨ ની જેમ જ પૂ. શશિકાંતભાઈએ Session લીધાં અને સાંજના પ્રક્રિયાને પૂર્ણ કરી. રાતના પૂ. રૂપાબહેને તેનું rivision કરાવ્યું.

પૂજ્ય શ્રી ભદ્રંકરવિજય મ.સા.ના પુસ્તક 'આત્મ ઉત્થાનનો પાયો'ની પ્રભાવના શ્રી શશિકાંતભાઇએ કરી. અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

તા. ૨૮-૧-૧૨ : સવારે ૭-૦ કલાકે 'આરાધનાધામ'થી મુંબઈ આવવા અમે રવાના થયા. સોને પે સુહાગાની જેમ શ્રી બાબાભાઈની factory માં નવકારશી કર્યા પછી પંન્યાસ શ્રી વજ્રસેન મ.સા., આચાર્ય શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા. તથા અન્ય સાધુ-સાધ્વીગણ અને ચતુર્વિધ સંઘ સાથે બેસી અમે વ્યાખ્યાન સાંભળ્યું.

અમને લાગ્યું જે જ્ઞાન અમે મેળવ્યું એના અનુસંધાન રૂપ જ પૂર્ણાહુતિ થઈ. સર્વ જ્ઞાની આત્માઓને અમારા કોટિ કોટિ વંદન.

એમ સાંભળ્યું છે કે નવકાર મંત્રને બોલવાનો-ગણવાનો અધિકાર ગુરુનિશ્રામાં મળે તો સફળ થાય. અમે અમારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનીએ છીએ કે પૂજ્યશ્રી શશિકાંતભાઈ જેવા, જેમણે નવકાર આત્મસાત્ કર્યો છે એમણે જ નવકાર વિષેનું જ્ઞાન અમને આપ્યું.

આ આરાધના અમારા જીવનને સફળ બનાવશે જ અને ભવિષ્યમાં પણ આ દિશામાં વધુ ને વધુ પુરુષાર્થ કરી અમારી પાત્રતા ખીલવવાની તક આપશે. જેમ ગાય ચારો ચરી વાગોળે તેમ અમે પણ જ્ઞાનને વાગોળીને અનુપ્રેક્ષા કરશું અને પાછા આવા મોકાની પ્રતીક્ષા કરીશું.

આરાધકો : કાયોત્સર્ગ શિબિર જામ ખંભાળીયા

આરાધના ધામ, જામનગર. તા. ૨૫-૧-૧૨-તા. ૨૮-૧-૧૨

તા. ક. : તા. ૨૫-૧-૧૨ના પૂ. શ્રી શશિકાંતભાઈનું વડીલ શ્રીમંત કુમુદબેન પટવાના હસ્તે બધા ઉપસ્થિત આરાધકો વતી બહુમાન કર્યું ને વંદન કર્યા.

તા. ૨૬-૧-૧૨ના શુભ પ્રભાતે શ્રી અમુભાઈ વાગજીભાઈના પુત્રનું સૌ આરાધકોવતી શ્રીમતી કુમુદબેન પટવાના હસ્તે બહુમાન કર્યું ને તેમના પિતાશ્રી વાગજીભાઈએ કેટલી મહેનત પુરુષાર્થ અને ધાર્મિક ભાવના સાથે આ પવિત્રધામનું સર્જન કર્યું તે વિષે વિગતવાર જાણ કરી ને એ પવિત્રધામમાં જ દેહ છોડ્યો. એની હૃદયસ્પર્શી વાત કરી.'

દીપ્તિ સોનાવાલા
મિનળ શાહ

જયભિખ્ખુ જીવનધારા : ૩૬

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યનાં નવલકથા, નવલિકા, ચરિત્ર અને બાળસાહિત્ય જેવાં સ્વરૂપોમાં લેખન કરનાર સર્જક 'જયભિખ્ખુ'ના ભાવનાવિશ્વનું આગવી રીતે ઘડતર થયું. કોઈ પણ સર્જક પોતાની આસપાસની પરિસ્થિતિમાંથી ઘણી સ્ફુરણા અને પ્રેરણા પ્રાપ્ત કરતો હોય છે અને એનાથી એનો સર્જનપિંડ રચાતો હોય છે. એ રીતે લેખક જયભિખ્ખુના ભાવનાવિશ્વમાં આવતા પલટાઓને જોઈએ આ છત્રીસમા પ્રકરણમાં.]

રાષ્ટ્રશહીદોનાં સ્મારકમાં શરમ કેવી?

કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)નાં રૂઢિ, વહેમો અને ક્રૂર સામાજિક રિવાજોથી ઘેરાયેલા સમાજમાં બાલ્યાવસ્થામાં જ સર્જક જયભિખ્ખુને સૌથી વધુ શોષિત એવો નારીસમાજ દૃષ્ટિગોચર થાય છે. પોતાની આસપાસના સમાજમાં બનતી હૃદયવિદારક સામાજિક સત્યઘટનાઓ યુવાન જયભિખ્ખુના હૃદયમાં રહેલી વેદના-સંવેદનાને સ્પર્શી જાય છે અને પછી એ કથા રૂપે પ્રગટે છે. એમના લેખનનો પ્રારંભ થયો નારીવેદનાના ચિત્રણથી. એમની આસપાસની સામાજિક પરિસ્થિતિએ આ લેખકને અનેક સમાજલક્ષી કથાઓ લખવાની વિષયસામગ્રી અને આંતરપ્રેરણા આપ્યાં.

એમની કલમને વહેવાનો આ એક રાહ તો મળ્યો, પણ સાથોસાથ મધ્યપ્રદેશના ગ્વાલિયર પાસે આવેલા શિવપુરીના જૈન ગુરુકુળમાં અભ્યાસ કરતા જયભિખ્ખુને ઇતિહાસનો અનેરો રંગ લાગ્યો. બોરસલીનાં ઊંચાં ઊંચાં વૃક્ષોની હારમાળા વીંધીને શિવપુરીના ગુરુકુળથી ગ્વાલિયર શહેરમાં જવાનો લાલ માટીવાળો રસ્તો પસાર થતો હતો. લીલું-હરિયાળું ઓઢણું ઓઢીને ધરતી નિરાંતે આરામ કરતી હોય, ત્યારે શિવપુરી-ગ્વાલિયરનો આ લાલ રસ્તો કોઈ સુંદરીના સૌભાગ્યસેંથામાં પૂરેલા સિંદૂર જેવો લાગતો હતો.

ગ્વાલિયરથી ૬૦ માઈલ દૂર ઊંચી ટેકરીઓ પર આવેલું રમણીય પ્રકૃતિથી વીંટળાયેલું શિવપુરી ગામ હતું. એમ કહેવાય છે કે ઇતિહાસમાં એ સીપ્રી નામે ઓળખાતું હતું અને એના રાજાએ એનું નામ શિવપુરી પાડ્યું હતું. આ શિવપુરીની આસપાસ ૧૮૫૭ની સ્વાતંત્ર્યક્રાંતિમાં સરફરોશીની તમન્ના સાથે આત્મબલિદાન આપનારા શહીદોનાં જીર્ણશીર્ણ સ્મારકો જોવાં મળ્યાં અને લોકમુખે વહેતી વીરગાથાઓ સાંભળવા મળી. શિવપુરીથી રાણી લક્ષ્મીબાઈનું ઝાંસી માત્ર ૬૦ માઈલ દૂર હતું, આથી ગ્વાલિયરથી શિવપુરી આવનાર અનેક લોકો તાત્યા ટોપે અને ઝાંસીની રાણીની વીરકથાઓ લઈને આવતા હતા. શિવપુરીના ગુરુકુળમાં વીર વિક્રમાદિત્ય હેમુનું પાત્ર ભજવનાર વિદ્યાર્થી જયભિખ્ખુને વીરરસનો રંગ તો લાગ્યો હતો, પરંતુ એ વીરરસની સાથોસાથ આ વાતાવરણે એમના હૃદયમાં સ્વાતંત્ર્યપ્રેમની જ્યોત જગાવી.

વિદ્યાર્થી તરીકે તેઓ ઘણી વાર શિવપુરીથી પગપાળા ગ્વાલિયર ગયા હતા. આ સમયે કોઈ સ્મારક જુએ અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે ઝૂઝતા કોઈ વીરપુરુષ કે વીરાંગના એમની નજર સમક્ષ જીવંત બની જતાં!

એક વાર શિવપુરીના પશ્ચિમ તરફના રસ્તાના એક ખૂણે કોઈ અજાણી સમાધિ જોઈ. વિદ્યાર્થી જયભિખ્ખુએ તપાસ કરી તો જાણવા મળ્યું કે ગ્રામજનો એને 'ટોપીવાળા વીરની સમાધિ' કહેતા હતા. એ સમાધિની પડખે નાનકડું રમતિયાળ ઝરણું ખળખળ વહેતું હતું. બે ઊંચા ઊંચા તાડ ટટ્ટાર સ્વમાનભેર ઊભા હતા. સિંદૂરરંગ્યા બે પથ્થરો અને એની આસપાસ, આમતેમ વેરાયેલાં નાળિયેરનાં કાચલાં, ભીનાશમાં ફરતા કરચલાઓ અને પથ્થર ઉપર ફરકતી નાનકડી જીર્ણશીર્ણ ધજા! ટોપીવાળા વીરની આ સમાધિ તરફ ભાગ્યે જ કોઈની નજર જાય તેવું હતું.

વિદ્યાર્થી જયભિખ્ખુ આ માર્ગેથી પસાર થતા હતા, ત્યારે ગ્રામવાસીએ કહ્યું કે ખબર નથી પડતી, પણ આ સમાધિ પાસે રોજ સમીસાંજે અચૂક લોબાનનો ધૂપ મહેકતો હોય છે અને પ્રાતઃકાળે મીઠી હવામાં કોઈ ઊડતાં, રખડતાં મોર અને ઢેલ સાથે આવીને અહીં મનોહર કળા કરે છે. અંધારી રાત્રે એકાદ દીપક ક્યાંકથી ઝબકી ઊઠે છે. આછો દીપક, લોબાનની ગંધ અને ઉપરથી બોલતી ફાઉડી (એક જાતનું શિયાળ) લોકકલ્પનાને ભડકાવતાં હતાં. એમ કહેવાતું કે ગર્ભવતી સ્ત્રીઓ આ સ્થળેથી પસાર થતી નહીં અને બાળકોના મનમાં એટલો બધો ડર પેસી ગયેલો કે દિવસે પણ ત્યાં રમવા જતાં નહીં!

આ સમાધિની સામે સરકારી દવાખાનાની મતૃદેહો રાખવાની જગા હતી. ગ્રામજનો એને 'મડદાંઘર' તરીકે ઓળખતા હતા અને અંધારી રાત્રે કોઈ મૃત દર્દીના શબને અહીં લાવીને રાખ્યા પછી કોઈ પતિ ગુમાવનારી વિધવા નારી કે પુત્ર ગુમાવનારી માતા અથવા તો દુખિયારી બહેન ઝીણું ઝીણું રડ્યાં કરતી હતી. આ રુદનના સ્વરો આ સમાધિના અદ્‌ભુત વાતાવરણમાં ભયાનકતાનો રંગ પૂરતા હતા. નજીકની ઊંચી ટેકરી પર આવેલો ગ્વાલિયર રાજનો હવામહેલ અને એની બાજુમાં આવેલું રોગા અફસરોનું બિલિયર્ડનું મકાન. એની નજીક અને થોડે દૂર આવેલાં ધરતીમાતાના મુખ પર શીતળાના ચાઠાં જેવા ખેડૂતો, ગોવાળો અને મજૂરોના ઝૂંપડાં હતા. રાતના આછા અંધકારમાં આ બધું એકબીજા સાથે એવું ભળી જતું કે જાણે કોઈ ભેદી માયાવી સૃષ્ટિ ખડી થતી!

સીપ્રી (શિવપુરી)થી ગ્વાલિયર જવાના આ રસ્તે વિદ્યાર્થી જયભિખ્ખુને અવારનવાર આવવા-જવાનું થતું હતું. આ સ્થળને જોતાં એમના મનમાં એક પ્રકારની અદ્‌ભુતતાનો ભાવ જાગતો હતો... અદ્‌ભુતનુંય આકર્ષણ હોય છે. એ રીતે એમને એના પ્રત્યે આકર્ષણ થતું.

એક વાર ગ્વાલિયર રાજ્યના મુલકી અધિકારી ભાલેરાવજી સાથે આ રસ્તે પસાર થવાનું બન્યું. ભાલેરાવજી ઇતિહાસના ઊંડા અભ્યાસી હતા. બે પથ્થર પર પવનમાં આમતેમ ફરકતી જીર્ણશીર્ણ ધજાને બતાવતા એમણે કહ્યું, 'વિદ્યાર્થીમિત્રો, આ શું છે એ તમે જાણો છો?'

વિદ્યાર્થી જયભિખ્ખુએ કહ્યું, 'ના, એની અમને કશી ખબર નથી, પણ એટલી ખબર છે કે જ્યારે જ્યારે આ સ્થળેથી પસાર થયા છીએ, ત્યારે ભયાનકતા અને અદ્‌ભુતતાનો વિલક્ષણ અનુભવ થાય છે.'

ભાલેરાવજીએ કહ્યું, 'આ સિંદૂર ચડાવેલા પથ્થરમાં એક સિંદૂરવદન દેવ સૂતો છે. સિંદૂરવદન દેવ ગણપતિએ જેમ માતાને ખાતર મસ્તક કપાવ્યું હતું, એમ આ સમાધિમાં સૂતેલા વીરપુરુષે માતા સમાન માતૃભૂમિને માટે પોતાનું બલિદાન આપ્યું છે.'

વિદ્યાર્થી જયભિખ્ખુએ પ્રશ્ન કર્યો, 'એટલે આ કોઈ દેવનું સ્થાનક છે?'

'જેણે બીજાને માટે પોતાની જાતનું બલિદાન આપ્યું છે એ મહાન ગણાય. જેણે પોતાના વતનને માટે પોતાની જાતની કુરબાની આપી, તે દેવ ગણાય.'

'એ દેવનું નામ શું છે?' જયભિખ્ખુએ ગંભીર બનીને પૂછ્યું.

'નરવીર તાત્યા ટોપે.'

'શું સન ૧૮૫૭નો તાત્યા ટોપે?'

ભાલેરાવજીએ જરા મસ્તક ઊંચું કરીને કહ્યું, 'હા, સન ૧૮૫૭ની ક્રાંતિના અમર શહીદ તાત્યા ટોપે.' આટલું કહીને ભાલેરાવજીએ ટકોર કરી, 'આજની કેળવણીએ પોતાના વીર પુરુષોને માનપૂર્વક બોલાવવાનુંય ભુલાવ્યું છે. તનની સાથે મનથી પણ ગુલામ બન્યા છીએ. દાસત્વ એ અંતરના સંસ્કારોને કચડી નાખે છે. સમજ્યા?'

વિદ્યાર્થી જયભિખ્ખુ અને એમના સાથીઓને પોતાની તોછડાઈ માટે શરમ આવી. પણ ત્યાં તો ગ્વાલિયરના ભાલેરાવજીના મુખમાંથી તાત્યા ટોપેની વીરગાથા પ્રગટ થવા લાગી.

'રોટી અને લાલ કમળનો એ લડવૈયો! સન સત્તાવનના સંગ્રામનો મહાન પરાક્રમી વીર! કાબેલ કૂટનીતિજ્ઞ, વિખ્યાત સેનાપતિ! ચક્ર-વ્યૂહનો અજબ ખેલાડી! માટીમાંથી મર્દ પેદા કરનારો, કલમબાજમાંથી અજબ કૃપાણધારી; સ્વધર્મ, સ્વદેશ અને સ્વતંત્રતાનો પરમ શહીદ!'

વિદ્યાર્થી જયભિખ્ખુના ચિત્તમાં વીર સેનાની તાત્યા ટોપેની યશગાથા ઊભરાવા લાગી. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ-સમયે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની મદદે જનાર તાત્યા ટોપેએ કેટલાંય મહત્ત્વનાં નગરો અને ગામડાંઓ પર વિજય મેળવીને ગ્વાલિયરમાં નાનાસાહેબનો ડંકો વગાડ્યો હતો. મેરઠ, દિલ્હી, આગ્રા, ઝાંસી અને ગ્વાલિયર જેવા શહેરોમાં ક્રાંતિની જ્યોતી જગાવી હતી. આ તાત્યા ટોપે, રાવસાહેબ અને લક્ષ્મીબાઈએ સાથે મળીને ગ્વાલિયર પર વિજય મેળવ્યો હતો અને નાસાહેબને પેશ્વા તરીકે જાહેર કર્યા હતા. આ બધાંનું સ્મરણ થતાં વાતાવરણમાં તાત્યા ટોપેની વીરતાનો પ્રકાશ ઝળહળતો લાગ્યો અને હવાની મીઠી લહરીમાં સ્વાતંત્ર્યપ્રેમની ભાવનાનું ગુંજન સંભળાયું.

ભાલેરાવજીએ આ વિદ્યાર્થીઓને કહ્યું, 'તાત્યા ટોપે દેવાસથી આ તરફ આવ્યા હતા અને ગ્વાલિયરના મહારાજા સિંધિયાના સરદાર માનસિંહે દગાબાજી કરીને એમને કેદ કર્યા હતા. આ તાત્યા ટોપેને પ્રથમ સીપ્રી (શિવપુરી) લઈ જવાયા હતા. ૧૮૫૯ની ૧૮મી એપ્રિલે મહાન સેનાની તાત્યા ટોપેને ફાંસી આપવામાં આવી. ક્રાંતિનો ઇતિહાસ વાંચતાં મને આ વીર નરનું સ્મરણ થયું અને નક્કી કર્યું કે જે ભૂમિ પર એને ફાંસી અપાઈ હતી, એ એના દેહવિલોપનની ભૂમિ શોધવી. આખરે આ સ્થળ નિશ્ચિત કરી શક્યો.'

વિદ્યાર્થી જયભિખ્ખુ અને એમના સાથીઓ એ પાવન સમાધિ પાસે ગયા. પહેલાં અવાવરું સ્થળે પડ્યા હોય એવા બે બેડોળ પથ્થરો લાગ્યા હતા, હવે એમાં સમર્થ વીરપુરુષની તેજસ્વી છબી જોવા મળી. પથ્થર પરનો સિંદૂરનો લાલ રંગ જાણે યુદ્ધમાં ખેલતા અને અંગ્રેજોને હંફાવતા તાત્યા ટોપેની તલવારના લાલ રંગ જેવો લાગવા માંડ્યો. ઉપર ફરકતી જીર્ણશીર્ણ ધજા હવે કોઈ સ્વાતંત્ર્ય માટે કુરબાન થવા નીકળેલા આઝાદી વીરના હાથમાં શોભતી યશપતાકા જેવી લાગી!

ગ્વાલિયર રાજ્યના મુલકી અમલદાર ભાલેરાવજીએ કહ્યું, 'મારા પ્રિય વિદ્યાર્થીઓ, મારી ઈચ્છા તો અહીં કીર્તિમંદિર ખડું કરવાની હતી, પણ ગુલામ દેશમાં એ શક્ય કઈ રીતે બને? ફંડ એકઠું કરીને એક નાની દેરી ચણાવી; પરંતુ એ એક અંગ્રેજ અમલદારની નજરે ચડી ગઈ. એણે કઢાવી નાખી. રાજદ્રોહીનાં વળી સ્મારક કેવાં?'

ભાલેરાવજીનો કંઠ રૂંધાઈ ગયો. એમના શબ્દો વેદનામાં ઘરબાઈ ગયા. એમણે કહ્યું, 'મન તો ઘણુંય હતું, પરંતુ મારી સામે બે મુશ્કેલીઓ હતી. એક તો એ કે ગ્વાલિયર રાજ પર અંગ્રેજ શાસન ચાલતું હતું અને બીજું એ કે હું ગ્વાલિયર રાજનો અધિકારી હતો. રાજના નોકરને માટે આવી પ્રવૃત્તિ હાથ ધરવી, એ દેશદ્રોહનું કામ જ ગણાય; આમ છતાં મન સતત બેચેન રહ્યા કરતું હતું. રાતોની રાતો ઊંઘ આવતી નહીં. બસ, મનમાં એક જ સવાલ ઊઠતો કે જેણે આપણે માટે આટલું મોટું બલિદાન આપ્યું, એને માટે આપણે કંઈ ન કરી શકીએ? આપણાં બાળકો વીરતાના પાઠ કેવી રીતે ભણશે? આખરે મેં બે પથ્થરોને સિંદૂર ચોપડી ત્યાં મૂક્યા. એક બાવાજીને શોધી લાવ્યો. થોડા હોમ-હવન ચાલુ કર્યા, પછી તો બાધા-માનતા અને ચમત્કારોની કથા શરૂ થઈ. એ રીતેય મારા

વીરના દેહવિલોપનની ભૂમિની નિશાની જાળવી રાખી. લોકો આ સ્થાનને 'ટોપીવાળા વીરની સમાધિ' તરીકે ઓળખે છે.'

વિદ્યાર્થી જયભિખ્ખુએ કહ્યું, 'હા, તાત્યા ટોપેનું મૂળ નામ તો રામચંદ્ર પાંડુરંગ ભટ હતું, પણ એ તાત્યા ટોપેને નામે જાણીતા થયા હતા.'

ભાલેરાવજીએ કહ્યું, 'આ પ્રદેશ એ તાત્યા ટોપે અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો શૌર્યપ્રદેશ છે. એમની વીરતાએ પ્રજાને ઘડી છે. આજે ભલે દેશ ગુલામ હોય, પરંતુ આવા વીરોનું બલિદાન અને એમની પ્રેરણા આઝાદીનું અજવાળું લાવ્યા વિના રહેશે નહીં.'

ભાલેરાવજીએ પોતાની વાત પૂરી કરી, ત્યારે વિદ્યાર્થી જયભિખ્ખુ અને એમના સાથીઓનું મન ભક્તિભાવથી દ્રવી ગયું. આઝાદીના આ મહાન યોદ્ધાની સમાધિને સહુએ સાથે મળીને વંદન કર્યા અને થોડા સમય પૂર્વે અવાવરું લાગતી જગા પવિત્ર તીર્થધામ સમી લાગવા માંડી.

શિવપુરીના અભ્યાસકાળ દરમિયાન વિદ્યાર્થી જયભિખ્ખુએ જૈનદર્શનની સાથોસાથ આઝાદી વીરોના ચરિત્રોનું આકંઠ પાન કર્યું. તાત્યા ટોપેની સમાધિની જેમ જ એ સમયે રાણી લક્ષ્મીબાઈની સમાધિ પણ જોઈ. ગ્વાલિયરના સ્ટેશનેથી બે માઈલ દૂર આવેલી એક સમાધિના દરવાજે ઢાલ અને તલવારનું પ્રતીક હતું અને અંદર ઓટલા પર તુલસીક્યારો હતો. ગ્વાલિયર સ્ટેશનેથી શહેરમાં જતા વિદ્યાર્થી જયભિખ્ખુ અને એમના સાથીઓ આ ઓટલા પર બેસતા, શિંગચણાનો મજાનો નાસ્તો કરતા અને એ કરતાં કરતાં આ સ્થળ પર ભક્તિભાવથી મસ્તક નમાવતા.

એ સમયે ગ્વાલિયર રાજ્યના પુરાતત્ત્વ-ખાતાના એક અમલદાર ગર્દેસાહેબ છત્રપતિ શિવાજીના પરમ પૂજારી હતા. એમના દિલમાં સ્વાભાવિક રીતે જ સ્વદેશાભિમાન ધબકતું હતું. એમની એક ઈચ્છા હતી કે ઝાંસીની રાણી ગ્વાલિયરના સીમાડે દેશને માટે શહીદ થયાં હતાં, એ વીરભૂમિ હું શોધી કાઢું. આને માટે દિવસોના દિવસો સુધી એમણે પ્રયત્નો કર્યા. પોતાની અંગત રકમ ખર્ચીને બધા પુરાવા એકઠા કર્યા. અંતે જગા નક્કી થઈ અને સ્મારક કરવાનો વિચાર કર્યો.

સ્મારકની જગા હતી, એને માટે ધન ખર્ચનાર પણ તૈયાર હતા; પરંતુ ગ્વાલિયર રાજ પોતાના આંગણે, પોતાના કલંકનું સ્મારક થવા દે ખરું ? કારણ કે ઝાંસીની રાણીને મદદ કરવાને બદલે ગ્વાલિયરના રાજવી સિંધિયાએ અંગ્રેજોને સાથ આપ્યો હતો અને એથી જ ઝાંસીની રાણી અને તાત્યા ટોપેએ સાથે મળીને ગ્વાલિયર પર હુમલો કર્યો હતો અને ગ્વાલિયર કબજે કરીને નાનાસાહેબને પેશ્વા તરીકે જાહેર કર્યા હતા. અંગ્રેજોના મિત્ર સિંધિયાને નાસી જવું પડ્યું હતું. જોકે એ પછી સર હ્યુ રોઝના લશ્કરે આ આઝાદીપ્રેમીઓને પરાજય આપ્યો હતો.

ગર્દેસાહેબ વિચારમાં હતા કે હવે શું કરવું ? એ દરેકને વ્યક્તિગત રીતે મળ્યા. સ્વાતંત્ર્ય માટેની ગર્દેસાહેબની તમન્ના અનોખી હતી. એ સમયે ગ્વાલિયરમાં પ્રધાનમંડળ રાજ કરતું હતું અને ગ્વાલિયરના એક પ્રધાન ભીડેસાહેબ લોકમાન્ય ટિળકના સહાધ્યાયી હતા. આખરે નિર્ણય થયો, 'રાષ્ટ્રશહીદોનાં સ્મારકમાં શરમ કેવી ? કરો સ્મારક !'

અંગ્રેજોનું શાસન હોવા છતાં સ્મારકનું કામ શરૂ થયું. પણ કહેવાય છે કે એક વાર અંગ્રેજ રેસિડેન્ટ ત્યાંથી નીકળ્યો. એની નજર આ સ્મારક તરફ ગઈ. એણે સ્મારકનું બાંધકામ થવા દીધું, પણ રાણી લક્ષ્મીબાઈની મૂર્તિ મૂકવા દીધી નહીં; આથી ગર્દેસાહેબે ત્યાં પવિત્ર એવો તુલસીનો છોડ રોપ્યો.

વિદ્યાર્થીઅવસ્થામાં જયભિખ્ખુ ગ્વાલિયરના આ પ્રદેશોમાં ઘૂમી વળે છે. જૈન ગુરુકુળના વાતાવરણમાં ધર્મસંસ્કારના રંગે રંગાયેલી આબોહવાનો અનુભવ થાય છે તો ગુરુકુળની બહાર આઝાદીની તમન્ના માટે જાનફિશાની કરનારા ક્રાંતિકારીઓનાં દર્શન થાય છે. આનું પરિણામ એ આવ્યું કે જયભિખ્ખુએ ઇતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો અને એથીય આગળ વધીને એમણે ઇતિહાસના સત્યને પામવા માટેનો પ્રયત્ન કર્યો. એમાં પણ સત્તાવનના સ્વાતંત્ર્યયુદ્ધ અંગે એમની આગવી દૃષ્ટિ હતી અને એથી જ 'ગુલાબ અને કંટક' કથાસંગ્રહના 'પ્રવેશ'માં તેઓ લખે છે,

'સત્તાવનનો બળવો અમને શાન-શૌકતનો પણ લાગ્યો છે, ને આપણી લાજશરમનો પણ લાગ્યો છે. જ્યાં અપૂર્વ વીરત્વ નજરે પડ્યું, ત્યાં ઘોર સ્વાર્થાંધતા પણ નજરે પડી છે !

'અંગ્રેજો અમને સદા શત્રુ લાગ્યા નથી. આ ધર્મપ્રેમી દેશને રાષ્ટ્રપ્રેમની ભેટ એ અંગ્રેજોની બક્ષિસ છે. અંગ્રેજો વેપારી, રાજા, ગુરુ, શત્રુ ને અંતે મિત્ર – એમ પંચમૂર્તિ જેવા લાગ્યા છે.'

'પણ સત્તાવનનું સ્વાતંત્ર્યયુદ્ધ ન ઝગ્યું હોત તો – હિંદમાંથી મર્દાઈ પરવારી જાત, ભારતીય આત્મા વિનષ્ટ થઈ જાત !'

આમ ગ્વાલિયરના વાતાવરણમાંથી વિદ્યાર્થી જયભિખ્ખુના ઇતિહાસના અભ્યાસનો પ્રારંભ થાય છે. એમાંથી ઇતિહાસકથાઓની રચના થાય છે અને ૧૯૪૪માં આવી કથાઓનો પ્રથમ સંગ્રહ 'ઉપવન'ને નામે પ્રગટ થયો. એ પછી તો ઇતિહાસ એ એમના અભ્યાસનો એવો વિષય બન્યો કે જેમાંથી કથાઓ અને નવલકથાઓ સર્જાવા લાગી; પરંતુ બન્યું એવું કે ઇતિહાસના આ અભ્યાસે એમને એક નવી દિશા આપી. ઇતિહાસના અભ્યાસમાં એમણે જોયું કે જે બાબતમાં ઘણાંને ગુલ (ફૂલ) દેખાયાં છે, ત્યાં એમને કંટક લાગ્યા અને ઘણાને જ્યાં કાંટા નજરે પડ્યા હતા, ત્યાં એમને ગુલ દેખાયાં. પ્રચલિત ઇતિહાસકારોની સચ્ચાઈ સામે પ્રશ્નાર્થ જાગ્યો. એ વિશે હવે પછી જોઈશું. (ક્રમશઃ)

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

પુસ્તકનું નામ : **ઉત્તરાધ્યયન સૂત્ર**
(મહાવીર પ્રભુની અંતિમ દેશના-ગુજરાતીમાં મૂળ પાઠ અને અર્થ)
સંપાદક : **પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.**
પ્રકાશક : **શ્રી પી. એમ. ફાઉન્ડેશન**
પ્રાપ્તિસ્થાન : શ્રી ઈન્દ્રપ્રસ્થ સ્થાનકવાસી જૈન સંઘ હેમુ ગઢવી હૉલ પાસે, રાજકોટ-૩૬૦૦૦૧.
ફોન નં. : (૦૨૮૧) ૨૨૨૭૪૭૨.
મો. : ૦૯૩૨૮૯૦૩૦૦૦.
મૂલ્ય : જ્ઞાનાર્થે રૂા. ૪૦/-, પાના : ૨૮૮,
આવૃત્તિ : પાંચમી–સં. ૨૦૧૧.

વીતરાગ પરમાત્મા દેવાધિદેવ ચરમ તીર્થંકર શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ મોક્ષમાં પધારતા પહેલાં છેલ્લા ૧૬ પ્રહર આપેલ એકધારી વાણીના ધોધથી લોકોના દિલ ભીંજાયા.

આ વાણીનો સંગ્રહ એનું નામ **'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'**. શ્રુતનો અણમોલ નિધિ અને શ્રેષ્ઠ આગમ 'મૂળ સૂત્ર'. આ 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં ૩૬ અધ્યયનો, ૨૦૦ ગાથા-શ્લોકો છે. પ્રભુની આ અંતિમ દેશના તેના સ્વાધ્યાયમાં આત્માને પૂર્ણ જ્ઞાની બનાવી દે છે. પરમતત્ત્વની અનુભૂતિ કરાવનાર પ્રધાન, પારદર્શક આગમ છે. તેની સાથે અનેક વિષયોને આ આગમ દર્શાવે છે. જેમાં છ દ્રવ્ય, નવ તત્ત્વ, છ લેશ્યા, આઠ કર્મ, પુરુષાદાનીય પ્રભુ પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર સ્વામીની પરંપરાનો પરિચય છે. આવા આ સૂત્રના સ્વાધ્યાયમાં અવગાહન કરતાં સંસારની અસારતા, જીવનની નશ્વરતા, મનની ચંચળતા, વૈભવની ક્ષણિકતા, જગત ભાવની પરિવર્તનશીલતાનું ચિત્ર ઉપસે છે.

આ ગ્રંથનો એકેક અધ્યાય શ્રેષ્ઠ છે. અર્ધ માગધી ભાષાનો મૂળ પાઠ ન સમજાય તો પણ અર્થ વાંચવાથી તન–મન–જીવન પાવન બને છે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના સ્વાધ્યાયથી આત્મા શુદ્ધ-બુદ્ધ અને પ્રબુદ્ધ બને એવી મંગલકામના.

X X X

પુસ્તકનું નામ : **હયવદન : સમ સંવેદન**
લેખક : **ડૉ. લવકુમાર દેસાઈ**
પ્રકાશક **: અસાઈત સાહિત્ય સભા**
પો. બૉ. નં. : ૩૨, ઊંઝા-૩૮૪૧૭૦.
બી/૩, મહાવીર ઍપાર્ટમેન્ટ, ટી. બી. રોડ, મહેસાણા-૩૮૪૦૦૨.મો. : ૯૨૨૭૧ ૩૨૦૭૦.
ફોન નં. : (૦૨૭૬૨) ૨૪૭૩૬૯.
પ્રાપ્તિ સ્થાન : **રન્નાદે પ્રકાશન**
૫૮/૨, બીજે માળે, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : (૦૭૯) ૨૨૧૧૦૦૮૧, ૬૪.
મૂલ્ય : રૂા. ૧૩૦/- પાના : ૧૫૦.
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧.

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

ડૉ. લવકુમાર દેસાઈ રચિત 'હયવદન' ગ્રંથમાં લેખક અદલાબદલી અને પરકાયા પ્રવેશ જેવા કથાઘટકોને લઈને રચાયેલી સાહિત્ય કૃતિઓનું મોટિફ સ્ટડીઝથી કેવું અર્થપૂર્ણ અધ્યયન થઈ શકે એનું લાક્ષણિક નિદર્શન પૂરું પાડે છે. આ ગ્રંથમાં લેખક લવકુમારે જુદા જુદા સમયે જુદા જુદા સાહિત્ય સ્વરૂપોમાં, જુદી જુદી ભાષાઓમાં, જુદા જુદા સર્જકો દ્વારા સર્જાયેલી સાહિત્યકૃતિઓને વ્યક્તિગત અને પારસ્પરિક બન્ને રૂપમાં તપાસી છે. લેખકનો આશય છે કે એકના પ્રકાશમાં અન્ય કૃતિઓ અને અન્ય કૃતિઓના પ્રકાશમાં કોઈ એક કૃતિને તપાસીને ભાવકના રસાસ્વાદ અને અર્થઘટનમાં વિવેચનનો તુલનાત્મક અભિગમ કેટલો સહાયક અને ઉપકારક છે તેનું મહત્ત્વ આ ગ્રંથ દ્વારા સમજાય છે.

આ ગ્રંથમાં લેખક એક અધ્યાપક અધ્યયન અને અધ્યાપન કરતાં અને કરાવતાં કૃતિના કેવા વ્યાપ અને ઊંડાણમાં જાય છે તેની પ્રતીતિ કરાવે છે.

આવા મૂલ્યવાન ગ્રંથની રચના બદલ ડૉ. લવકુમાર અભિનંદનને હકદાર છે.

X X X

પુસ્તકનું નામ : **ભજ રે મના ભાગ–૧ અને ૨**
સંકલનકાર : **હર્ષદ પંચાલ (હર્ષ)**
પ્રકાશક **: શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર**
રાજનગર, કુકમા; જિલ્લો કચ્છ.
પ્રાપ્તિસ્થાન : **મહેન્દ્રભાઈ લખમશી શાહ**
ગુણોદયા કન્સ્ટ્રક્શન-૨૧, શાંતિનિકેતન, ડૉ, બાબાસાહેબ આંબેડકર રોડ, માટુંગા (સેન્ટ્રલ રેલ્વે), મુંબઈ-૪૦૦૦૧૯.
ફોન નં. : ૦૨૨–૨૪૧૭૩૪૨૫.
Sujit Nagada, 55, Lords View, St. Johos Wood Rd., London, NW 87 HQ.
Tel. : 0044-7829808904.
મૂલ્ય : બન્ને ભાગના રૂા. ૬૦૦/-
પાના : ૧૩૫૦, આવૃત્તિ પ્રથમ ઑક્ટો-૨૦૧૧.

વિદ્યાવ્યાસંગી શ્રી હર્ષદભાઈએ અત્યંત મૌલિકપણાથી અને તાત્ત્વિક લક્ષ સહિત, ૧૫૦થી પણ વધુ શાસ્ત્રીય રાગોથી નિબદ્ધ ૨૨૨૨ ભાવવાહી ભક્તિપદ્ય રચનાઓનું સંપાદન તેની વિભાગીય ગોઠવણ, રચનાકારોનો સચિત્ર ટૂંક પરિચયસહ પ્રસ્તુત કર્યો છે.

અધ્યાત્મરુચિની પ્રેમ પુષ્ટિ કરતી આ રચનાઓની તાજગીસભર પસંદગીમાં સંકલનકારનો ઊંડો ભક્તિરસ અને રુચિ પ્રગટ થયાં છે. ભક્તિરંગથી રંગાયેલ હર્ષદભાઈ સ્વયં શાસ્ત્રીય સંગીતના અભ્યાસી છે. તાલ-સૂર-લયની સુસંગતિ સહિત સુમધુર કંઠે ગવાયેલ એમની નિર્દોષ ભાવવાહી ભક્તિ નિજાનંદની સમીપતા કરાવે તેવી છે. વર્ષોનું સંશોધન, અનેક પ્રાચીન ગ્રંથોનું સંશોધન અને અપૂર્વ પ્રેમ-પરિશ્રમ દ્વારા આ ભક્તિમાર્ગના પદોનું વિશાળ, સંપ્રદાયાતીત, બહુ આયામી અને ભક્તિમાર્ગના સંશોધકને ઉપયોગી થાય એવું સુંદર સંકલન છે.

અહીં સંગ્રહાયેલા ભક્તિપદો મનની સ્થિરતાથી મોક્ષ પ્રાપ્તિના માર્ગ સુધી લઈ જવા સક્ષમ છે. ભક્તિ સૌ પ્રથમ સહજતાથી અહંકારનાશનું મહાકાર્ય કરે છે અને પછી દૃષ્ટિ પરિવર્તન દ્વારા જીવન પરિવર્તન સાધે છે.

જ્ઞાની સંત કવિઓની અનુભવમુલક આ અંતરવાણી સર્વમાં ભક્તિભાવનું ઉત્થાન કરી સ્થિર કરે એવી છે.

X X X

પુસ્તકનું નામ : **એક માણસને એવી ટેવ**
લેખક : **યોગેન્દ્ર પારેખ**
પ્રકાશક **: હેલી પબ્લિકેશન**
૬, અરનાથ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
પ્રાપ્તિ સ્થાન : **પાર્શ્વ પબ્લિકેશન**
નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ.
ફોન નં. : ૦૭૯–૨૫૩૫૬૯૦૯.
મૂલ્ય : રૂા. ૧૪૦/- પાના : ૧૮૦, આવૃત્તિ : ૧ ડિસેમ્બર-૨૦૧૧.

યોગેન્દ્ર પારેખ ગુજરાતી વિષયના પ્રાધ્યાપક, સાહિત્ય-શિક્ષણ, પત્રકારત્વ અને યુવાઘડતરની પ્રવૃત્તિમાં સક્રિય રસ ધરાવે છે. સાથે સાથે ગાંધીવિચારમાં શ્રદ્ધા ધરાવે છે.

આ પુસ્તકમાં માત્ર વ્યક્તિઓની જ નહિ પણ વ્યક્તિત્વ અને અભિવ્યક્તિની વાતો પણ છે. 'એક માણસને આવી ટેવ'માં કલમને લસરકે ચીતરાઈ જતાં પોટ્રેટ જોવા મળે છે. ઓછા શબ્દો પાસે કામ લઈ વધુ અસરકારક શબ્દચિત્ર લેખક સર્જી દે છે. જેમાં રૂખસાના, એમ.બી.એ. થયેલો જુવાન, જયંતીભાઈ નાયી છે તો ફિરોજશાહ મહેતા અને સચિન તેંડુલકર પણ છે.

યોગેન્દ્ર પારેખની લેખનશૈલી પ્રવાહી અને પ્રાસાદિક છે એમનામાં રહેલો એક જીવંત અને રૂંવે રૂંવે સંવેદનશીલ માણસ અહીં પાને પાને પ્રગટ થાય છે. લેખક પાસે મેલોડ્રામેટિક થયા વિના 'ડ્રામેટિક' વાત કહેવાની તરકીબ છે.

એમની રજૂઆતમાં તાજગી અને પ્રકૃતિ સહજ હળવાશ છે, રમૂજની સાથે રેશમી કાવ્ય જેવા

નિરીક્ષણોમાં કડવાશ નથી પણ મીઠાશ છે. તેમની પાસે પોતીકો અવાજ, પોતીકા સ્પંદન અને પોતીકું કથન છે.

ગુજરાતી લલિત નિબંધ સાહિત્યમાં યોગેન્દ્ર પારેખનો આ નિબંધ સંગ્રહ આવકાર્ય છે અને નોંધપાત્ર પણ છે.

X X X

પુસ્તકનું નામ : **બકુલ રાવલનાં ચૂંટેલા કાવ્યો**
સંપાદક : **દિપક મહેતા**
પ્રકાશક **: એન. એમ. ઠક્કરની કંપની**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૪૦, પ્રિન્સેસ, સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન નં. : ૨૨૦૧૦૬૩૩, ૨૨૦૩૩૧૨૮.
મૂલ્ય :રૂા. ૧૦૦/- પાના : ૮૮, આવૃત્તિ–૨૦૦૯.

અનેક પ્રકારના સંઘર્ષો વચ્ચે જીંદગીને જિંદાદિલીથી જીવનાર બકુલ રાવલે પોતાની વેદનાને વલૂરી નથી. પણ પિતાએ આપેલ સંપત્તિમાંથી મળેલ દેવભાષાનો વારસો જાળવી વિપુલ સર્જન કાર્ય કર્યું. બકુલભાઈની કવિતા પંડિતયુગ અને ગાંધીયુગના શેઢા પર પાંગરી છે. તેમની રચનાઓમાં ગાંધી યુગની અસર તળે રચાયેલા છંદોબદ્ધ કાવ્યો શિરમોર છે. નખશિખ સુંદર ખંડકાવ્ય રચ્યું છે જેમાં ભાવાનુરૂપ છંદોની યોજના કવિની આંતરસૂઝ અને આવડત પ્રગટ કરે છે.

બકુલ રાવલના ગીતોમાં ઉપાડ આકર્ષક છે. ઘણાં ગીતો ગણગણી શકાય તેવા છે. ક્યાંક ક્યાંક અછાંદસ પણ છે છતાં તેમાં ઝાઝી ફાવટ નથી.

તેમણે રચેલી ગઝલમાં સમકાલીન સર્જકોની અસર વર્તાય છે તો ક્યારેક નવા પ્રયોગો પણ તેઓ કરે છે.

સુરેન ઠાકર તેમના કાવ્યો વિશે લખે છે, 'પોતાની આસપાસ આવતા કે ઉગાડેલા અવાજોના મંદ વિલયની પ્રતીતિ થતાં જ 'અવાજો આવજો'માં પરિણમે છે. એમાં કવિની વ્યથિત વેદના ઝબક્યા વિના રહેતી નથી. એક તરફ આંખોના પગલાંની હરણફાળો, મનમાં ગૂંથાતી ઈંદ્રજાળો, તરંગલીલા જન્મે છે.કવિની ભીતર છતાં કવિને લાગે છે, 'હું રિક્ત છું અનાસક્ત છું.'

X X X

પુસ્તકનું નામ :**નહીં માફ નીચું નિશાન**
લેખક : **ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
પ્રકાશક **: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ–૩૮૦૦૦૧.
ફોન નં. : ૦૭૯–૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૨૫/- પાના : ૧૬૬,
આવૃત્તિ જાન્યુઆરી-૨૦૧૦.

વિધવિધ સ્તરે પોંખાયેલા અને અસંખ્ય વાચકોના હૈયે વસેલા ડૉ. ચંદ્રકાન્ત મહેતા નામને અનુરૂપ પ્રસન્નમધુર પ્રતિભા ધરાવતા નખશિખ શિક્ષક કર્મ સર્જક છે.

૧૧૪ સાહિત્ય કૃતિઓના સર્જકોના આ પુસ્તકમાં વ્યક્તિવિકાસ, જીવનઘડતર, સંકલ્પબળ, પડકારો ઝીલીને સપનાં સાકાર કરવાના મનોરથ, આફત વચ્ચે અવનવી કેડી કંડારવાનું આત્મબળ વગેરે વિષયોને ચિંતનના ચંદરવા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ડૉ. ચંદ્રકાન્ત મહેતાના માંગલ્ય પ્રેરક લખાણોમાં જિંદગીનું પંચામૃત ઘોળાયેલું હોઈ એ મુંઝાયેલા જીવોને મોકળાશ અર્પે છે. તપ્ત ચિત્ત પર ટાઢક ઢોળે છે. આદર્શો અને મૂલ્યોની રંગોળી પૂરે છે. મોટા ગજાના સર્જનાત્મક પત્રકાર-કેળવણીકાર અને એથી પણ ઊંચેરા સત્પુરુષ ડૉ. ચંદ્રકાન્ત મહેતાની કલમ માત્ર કલમ નથી, પણ માંગલ્યની અખૂટ રસધાર દૂઝતું અક્ષયપાત્ર છે. સાચા સર્જકની જેમ સમયનો સાદ સાંભળી શકે છે. અને પછી શબ્દબ્રહ્મના વૈતાલિક લેખે બધાંને સંભળાવી જાણે છે.

X X X

પુસ્તકનું નામ : **વાસંતી પાનખર**
સંકલનકાર : **નીલેશ રાણા**
પ્રકાશક **: ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ.**
૧૯૯/૧, ગોપાલભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૨. ફોન નં. : ૨૨૦૦૨૬૯૧,
૨૨૦૦૧૩૫૮. મૂલ્ય : રૂા. ૨૦૦/-
પ્રથમ આવૃત્તિ માર્ચ-૨૦૧૧.

અમેરિકામાં યાર્ડલીમાં વસતા મૂળે કવિ જીવ પણ ટૂંકી વાર્તા અને નવલકથાના સર્જક નિલેશ રાણા માત્ર લખવા ખાતર લખતા નથી પણ ડૉ. તરીકેના એમના અનુભવો એમના તનમનમાં વણાઈ ગયા છે. અને કોઠાસૂઝથી કથાબીજ એમને મળી રહે છે. ઘટનાઓ એમને સૂઝતી આવે છે અને વાચકને કથાને દોરડે બાંધી દે છે. રેશમી તંતુથી બાંધે છે. ડૉક્ટર હોવાથી એમનો અભિગમ બૌદ્ધિક અને તાર્કિક રહે છે. એમની નવલકથાનો સંઘર્ષ પાત્ર અને પરિસ્થિતિમાંથી નીપજેલો છે. સંઘર્ષને કારણે પાત્રનું પોત અને પરિસ્થિતિ સમતા, વિષમતા અને ક્ષમતા આ ત્રણેય સાર્થક થાય છે. કવિ હોવાને કારણે એમના વર્ણનોમાં કાવ્યમય છટા સ્વાભાવિક રીતે આવે છે. એમની પાસે કથાની કલા અને કસબ બંનેનું અનાયાસે સધાતું અદ્વૈત છે.

અમેરિકામાં રહીને ગુજરાતી ભાષાને પ્રદાન કરનાર ડૉ. નિલેશ રાણાની આ નવલકથા વખાણવા અને વસાવવા યોગ્ય છે.

X X X

પુસ્તકનું નામ : **હું પાછો આવીશ ત્યારે...**
લેખક : **વિપિન પરીખ**
પ્રકાશક **: ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ.**
૧૯૯/૧, ગોપાલભવન, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૨. મૂલ્ય :રૂા. ૧૨૦/-
પાના : ૧૧૦, આવૃત્તિ પ્રથમ મે-૨૦૧૧.

વિપિન પરીખ ૫૦ વર્ષોથી વધારે સમયથી ગુજરાતી વાચકોમાં જાણીતા અને માનીતા છે. તેઓ કાવ્યો દ્વારા વાચકો સાથે સંવાદ સાધે છે તે છતાં કેટલીક અણકહી વાતો આ નિબંધોમાં તેમણે કહી છે. તેઓ પોતે કહે છેઃ આ નિબંધોના વિષયો વીતી ગયેલા સમયગાળામાં સાંપ્રત બનાવોમાંથી સૂઝ્યા છે. છતાં આજે પણ આ જ વિષયો એટલા જ ચર્ચાસ્પદ અને વર્તમાન સમયમાં પ્રસ્તુત રહ્યા છે. અલબત્ત વહી જતા સમયે આદર્શો બદલાયા છે. જૂની પેઢી માટે આજની નવી પેઢી જોડે કદમ મિલાવી ચાલવું દુષ્કર બન્યું છે. તે છતાં આ જમાનામાં અમારી આ વાતો નવી પેઢી સુધી પહોંચશે. અમારી વાતો સાથે નવી પેઢી સહમત થાય કે ન થાય તે મહત્ત્વનું નથી પણ પશ્ચિમી રંગે રંગાયેલી નવી પેઢી આ વાતો જરૂર સાંભળે.

સંવેદનશીલ સર્જકના આ નિબંધો સમાજના દરેક સ્તરના નાનામાં નાના આદમી સુધી પહોંચે તેવા છે. X X X

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

✷ ✷ ✷

વિચરતા સમુદાય સમર્થન મંચ

(આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)


રૂપિયા	નામ
૫૦૮૧૫૫૮	આગળનો સરવાળો જાન્યુ '૧૨
૨૫૦૦	શ્રીમતિ સવિતાબેન શાંતિલાલ શાહ (U.K.)
૨૫૦૦	શ્રી કુમાર એચ. ધામી અને રીટાબેન ધામી (U.S.A.) $ 500
૫૦૦૦	શ્રીમતી પુષ્પાબેન હર્ષદભાઈ શાહ હસ્તે : ગિરિશભાઈ શાહ
૫૧૩૬૫૫૮	

પ્રબુદ્ધ જીવન સૌજન્ય

રૂપિયા	નામ
૨૦,૦૦૦	કેશવજી રૂપશી શાહ (લંડન)
૨૦,૦૦૦	

જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

રૂપિયા	નામ
૨૫૦૦	શ્રી પ્રદિપભાઈ મહેતા
૨૫૦૦	




શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



+ કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
+ કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
+ **ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
+ બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૧૪	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૫	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૬	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૭	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫	૧૫૦
૧૯	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬	૩૫૦
૨૦	નમો તિત્થરસ	૧૪૦
૨૧	જ્ઞાનસાર	૧૦૦
૨૨	પાસપોર્ટની પાંખે ભાગ–૧	૧૫૦
૨૩	પાસપોર્ટની પાંખે ભાગ–૨	૧૫૦
૨૪	પાસપોર્ટની પાંખે ભાગ–૩	૨૦૦
૨૫	સાંપ્રત સહચિંતન ભાગ-૪	૨૫
૨૬	સાંપ્રત સહચિંતન ભાગ-૫	૨૫
૨૭	સાંપ્રત સહચિંતન ભાગ-૬	૨૫
૨૮	સાંપ્રત સહચિંતન ભાગ-૮	૨૫
૨૯	સાંપ્રત સહચિંતન ભાગ-૯	૨૫
૩૦	સાંપ્રત સહચિંતન ભાગ-૧૦	૨૫
૩૧	સાંપ્રત સહચિંતન ભાગ-૧૧	૩૦
૩૨	સાંપ્રત સહચિંતન ભાગ-૧૨	૫૦
૩૩	સાંપ્રત સહચિંતન ભાગ-૧૩	૮૦
૩૪	સાંપ્રત સહચિંતન ભાગ-૧૪	૮૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૩૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૩૫	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૩૬	આર્ય વજ્રસ્વામી	૧૦
૩૭	આપણા તીર્થંકરો	૧૦૦
૩૮	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૩૯	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૪૦	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૪૧	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૪૨	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month
Published on 15th of every month &
+ Regd. No. MH / MR / SOUTH-146 / 2012-14

પંથે પંથે પાથેય...

હું હવે એમની નથી રહી !

□ કુલીન વોરા

લગભગ ૭૯ વર્ષના આ લેખક સંનિષ્ઠ પત્રકાર, ફિલ્મ પટકથા, ગઝલ તેમજ વિવિધ વિષયોના પુસ્તકોના લેખક છે. આ ઊંમરે એમણે 'વૃદ્ધાશ્રમ'ની માહિતી માટે એક આદર્શ પણ કપરી યાત્રા શરૂ કરી છે. ગુજરાતના લગભગ ૨૦૦ વૃદ્ધાશ્રમોમાંથી ૯૦ વૃદ્ધાશ્રમમોની મુલાકાત એઓએ લીધી છે. એમાંથી પ્રાપ્ત કરુણાજનક કેટલાંક પ્રસંગો અહીં પ્રસ્તુત છે. સમાજના આ 'સત્ય'ને આપણે ક્યાં સુધી અવગણીશું ? શ્રી કુલીનભાઈની આ યાત્રામાં ઉપયોગી થવા 'પ્ર.જી.'ના વાચકોને હું વિનંતિ કરું છું. આ શુભ કર્મનું પુણ્ય ઓછું નથી જ. મોબાઈલ નં. : ૯૮૧૯૬૬૭૭૫૪.

'મા પ્રણામ કરું છું' એક વૃદ્ધ બહેનને હાથ જોડીને મેં કહ્યું. સુકલકડી શરીર ધરાવતા આ બહેને આંખ ઊંચી કરી મને આવકાર આપ્યો. એક વિશાળ ઓરડામાં ખાટલામાં બેઠેલાં તેઓ ચા પીતા હતાં. મને તરત કહ્યું, 'આવો, ચા પીશો ?'

એમનો અવાજ એકદમ ક્ષીણ હતો. મેં ચાની ના પાડી તો પણ એમણે એક બીજા બહેન તરફ જોયું. મને ચા આપવાનું કહ્યું અને એ બહેને મને ચા આપી.

મેં નામ પૂછ્યું તો કહે, 'હું જે નથી રહી તે, 'તૃષ્ણા'. વીસ વરસથી હું ખાટલામાં બેઠી છું અહીં. લકવાને કારણે બહુ બોલી નથી શકતી. આ 'વોકર' રાખ્યું છે તો ય ચાલી નથી શકતી. મારું ડાબું શરીર કશું જ નથી કરતું.'

'જે નથી રહી તે, તૃષ્ણા.' મને વાક્ય ભોંકાયું. તૃષ્ણા કોઈ પણ પ્રકારની આ સ્થિતિમાં આટલા લાંબા સમયમાં કેમ ટકી શકે ? જીવનમાં કઈ તૃષ્ણા જાગે ?

'અહીં રહેવા ક્યારે આવ્યાં ?' મેં પૂછ્યું.

'વીસ વરસ થયાં.'

'લકવો તો મટી શકે છે. ટ્રીટમેન્ટ કરો છો ખરાં ?'

'હવે મટે તો ય મારે શું કરવાનું છે ?'

'કેમ એમ કહો છો ?' ઘરમાં કોઈ તો હશે ને ?

'છે, પણ હું એમની નથી રહી હવે.'

હું આગળ કહેવા જાઉં તે પહેલાં તો એમણે કહેવા માંડ્યું. 'હું વિરમગામમાં ઈંગ્લીશની ટીચર હતી એક સ્કૂલમાં. ત્યાં પણ વીસ વર્ષ હું ઇંગ્લીશ શીખવતી રહી. 'ઉત્તમ શિક્ષક'નો મને એવૉર્ડ પણ મળ્યો.

'શેક્સપિયર, વર્ડઝવર્થ, શેલી મારાં રોજનાં વાતચીતમાં નામો હતાં. હું પણ નોવેલ્સ લખવાનાં સપનાંઓ જોતી અને...પણ જવા દો એ વાત.'

એમને ગળે ડૂમો ભરાઈ આવ્યો. 'મારા વરે મને કાઢી મૂકી પચાસમે વર્ષે.' એણે બીજાં લગ્ન કરી લીધાં. મને સંતાન નહોતું થતું માટે. મારા જેઠે એમને ચડાવ્યા. પૈસા પણ આપ્યા. વાંઝણીને ઘરમાં કેટલો વખત રખાય ?'

'વીસ વરસ સ્કૂલમાં ઈંગ્લીશનાં ટીચર અને વીસ વરસથી લકવામાં પીડાતાં, આ આશ્રમમાં બહેન તમારી જિંદગી અડધી પૂરી થઈ ગઈ.'

એમણે એમના ખાટલા પર પડેલાં એક પોટલામાંથી છાપાંનો એક ટૂકડો કાઢીને મને બતાવ્યો, કહ્યું, 'બેસ્ટ ટીચરનો મને મળેલા એવૉર્ડનો આ ફોટો જુઓ. આ છાપામાં છપાયો હતો. હું જ છું ને ? ફોટો જુઓ–'

મેં છાપું હાથમાં લીધું. ફાટી ગયેલું સપનું હું જોતો રહ્યો. મારાથી બોલાઈ ગયું, 'કયા ગુન્હાની આ સજા ભોગવો છો, માડી ?

'છોકરું ન જણવાની.'

એક ધ્રુજારી વ્યાપી ગઈ હશે એનાં શરીરમાં. મારાં ચિત્ત પર પણ થપાટ વાગી. આ આપણે ? આ આપણો સમાજ આજે ? વૃદ્ધાશ્રમની હવા પણ થંભી ગઈ.

એક વિચાર મારા મનમાંથી વીજળી વેગે ઝબકીને પસાર થઈ ગયો.

છોકરું ન જણ્યું તો સ્ત્રીને સાસરાએ વૃદ્ધાશ્રમ મોકલી આપી. સ્ત્રીએ દીકરો જણ્યો તો એને દીકરાએ વૃદ્ધાશ્રમમાં મોકલી આપી !

ચાર વર્ષથી એક સવાલે મારા મનહૃદયને જકડી લીધું છે, જે સવાલ 'ઘર સંસાર'ના વિવિધ કાર્યાનુભવમાંથી જાગેલો છે. સવાલ એ કે આજની યુવાન માતાઓ, ૨૫–૩૦ વર્ષની માતાઓ, પોતાનાં બાળકને ખૂબ પ્રેમથી, કશી પણ કચાશ રાખ્યા વગર, તનતોડ મહેનત પણ કરીને ઉછેરે છે. આ બાળક મોટું થતાં થતાં બધું પામે પણ છે, શિક્ષણ, નોકરી ધંધો, પરિવાર, બાળકો વગેરે. પરંતુ આ બધું પામ્યા પછીયે, જેણે એને આ બધું જ આપ્યું છે એ માતાને એ કેમ વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે ? માને જ એકલીને નહિ, બાપને પણ મૂકી આવે છે. તો, આ માબાપે એનાં આ બાળકના ઉછેરમાં ક્યાં થાપ ખાધી ? આ સવાલ માને જ કેમ ન પૂછીએ ?

ગઈ દિવાળી દરમિયાન મારા મનમાં વારંવાર ઘૂંટાતા આ સવાલનો ઉત્તર મેળવવા મેં ગુજરાતના લગભગ બસો વૃદ્ધાશ્રમોનું સર્વેક્ષણ કરવાનું નક્કી કર્યું અને ત્રણેક અઠવાડિયામાં બધી તૈયારી કરીને યાત્રા આરંભી પણ દીધી.

સદ્‌ભાગ્યે આ સર્વેક્ષણ યાત્રાને તરત પ્રાયોજક પણ મળ્યા. મુલુંડમાં ઘણાં વરસોથી સેવાકાર્ય ચલાવતા ભાઈશ્રી કુલીનભાઈ લુઠિયા. એમના સહકારથી હું આ નેવું વૃદ્ધાશ્રમોનું સર્વેક્ષણ પૂરું કરી શક્યો. એમણે આપેલાં પ્રારંભિક ભંડોળ માટે હું એમનો ઋણી છું. મને શ્રદ્ધા છે કે બાકીનાં નેવુંની યાત્રા માટે પણ પ્રાયોજક મળી રહેશે.

ગુજરાતમાં આ વૃદ્ધાશ્રમો લગભગ છેલ્લાં પચાસેક વર્ષમાં આટલાં વધી ગયાં છે. ૨૫–૫૦ થી લઈને બસો જેટલાં વૃદ્ધજનો આ એક એક વૃદ્ધાશ્રમમાં પોતાનું શેષ આયુ શાંતિથી, સંતોષથી ગુજારે છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૭મું)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

નવપદ વિશેષાંક

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૯ • અંક-૩ • માર્ચ ૨૦૧૨ • પાના ૫૬ • કીમત રૂા. ૧૦



(૧૦૧) સ્વ-સ્વ વર્ણયુક્ત શ્રી નવપદ યંત્ર સંદર્ભ: નવપદજી (૪ / ૫ / ગાથા ૧૪)

જિન-વચન

સંયમનો ભંગ કરે એવા સ્થાનોથી દૂર રહેવું

अबंभचरियं घोरं पमायं दुरहिट्ठियं ।
ना ऽ यरंति मुणी लोए भेयाययण वज्जिणो ।।
(દસવૈકાલિક ૬ -૧૬)

અબ્રહ્મચર્ય ઘોર પાપ છે. પ્રમાદનું તે ઘર છે અને દુર્ગતિનું કારણ છે. જગતમાં એટલા માટે મુનિ એનું સેવન કરતા નથી તથા સંયમનો ભંગ કરે એવાં સ્થાનોથી દૂર રહે છે.

A breach of the vow of celibacy is a horrible sin. It is the root of carelessness and the cause of worst result. Therefore a monk should not commit such an offence in the world. He should keep himself away from such places as may challenge his self-control.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

આચમન

પ્રશ્ન : અરિહંતાદિ નવ પદનો ભાવાર્થ તથા તે પ્રત્યેકનું તન્મય ધ્યાન કરતાં થકાં શું શું ગુણ નીપજે તે ભિન્ન ભિન્ન કહો.

ઉત્તર : અરિહંતાદિ પંચપરમેષ્ઠિ મહારાજનું સ્મરણ કરતાં ઉદયકર્મનું નિવારણ થાય, અરિહંતાદિનું દ્રવ્યથી શરણ કરે તો દ્રવ્યથી ઉદય આવતાં સર્વ પાપ નિષ્ફળ થાય. વિપાક વેદના પણ અલ્પ થાય, ઇત્યાદિ ઘણો ગુણ નીપજે, સર્વ દ્રવ્યપાપનો નાશ થાય, એમ આત્મા આત્માનું સ્મરણ કરે, ધ્યાનગત વજ્રપિંજરવત્ પોતાને સ્વરૂપે પરિણમે, ત્યારે સર્વ કર્મનો નાશ કરે, એમ આત્મસ્મરણ તથા નિમિત્તસ્મરણનું સ્વરૂપ જાણવું; હવે અરિહંતને સંભારતાં, સમરતાં, પરિણમતાં આત્માને જે ગુણ નીપજે તે કહીએ છીએ. ૧. અરિ એટલે રાગદ્વેષરૂપ ભાવશત્રુ. તેનો નાશ થાય, અને વીતરાગ સ્વરૂપ પ્રાપ્ત થાય, ૨. તેમ સિદ્ધપદનું તન્મય ધ્યાન ધરતાં આત્મા નિષ્પન્ન અરૂપી પરમાત્મભાવને પામે, ૩. તેમ આચાર્યપદનું ધ્યાન ધરતાં શુદ્ધ પંચાચાર પ્રવર્તન સુલભ ઉદય આવે, ભવાંતર આચાર્ય ગણધરાદિ પદ પામે, ૪. ઉપાધ્યાય પદનું જ્ઞાન ધરતાં શાસ્ત્રાર્થ સૂત્રાર્થ સુલભ થાય, અધ્યાપક શક્તિ ભવાંતરે પ્રગટે, ૫. સાધુપદનું ધ્યાન ધરતાં મુક્તિમાર્ગની સાધના સુગમ થાય, સુલભબોધિપણું પ્રગટે, વળી ચારિત્ર સુકર થાય, ગજસુકુમાલની પેઠે શીઘ્ર મુક્તિપદ પામે; ૬. દર્શનપદ આરાધતાં સમ્યક્ત્વ નિર્મળ કરે, વસ્તુ પ્રતીતિ દૃઢ થાય. પરમાત્મસ્વરૂપનો અવગાઢ પુષ્ટ પરિચય નીપજે, ૭. જ્ઞાનપદ આરાધતાં બોધશુદ્ધ થાય, તત્ત્વભાસન પ્રકાશ વિસ્તરે, ૮. ચારિત્રપદ આરાધતાં નિરતિચારપણે પંચ મહાવ્રતની શુદ્ધ પ્રતિપાલના પૂર્વક સામાયિકાદિ પાંચ ભાવચારિત્ર પરિણતિ થાય, સ્વરૂપ રમણતા સુલભ થાય, ૯. તપપદ આરાધતાં ઇચ્છા નિરોધ થાય, સમસ્ત પૌદ્ગલિક પીપાસા ટળે, તૃષ્ણા દાહ ઉપશમે, અને મમત્વભાવ મળ ગળી જાય ઇતિ ભાવ.

સૌજન્ય : પ્રેમલ કાપડિયા સંપાદિત 'શ્રીપાળ રાસ'

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ટ
(૧)	તીર્થસ્વરૂપ ગ્રંથ શ્રીપાલ રાસ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	આ વિશિષ્ટ અંકના સંપાદક ડૉ. અભય ઇન્દ્રચંદ્ર દોશી	તંત્રી	૮
(૨)	નવકારમંત્ર-નવપદ-સિદ્ધચક્ર યંત્રની આરાધના	ડૉ. અભય દોશી	૯
(૩)	અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા (શ્રી અરિહંતપદ)	—	૧૩
(૪)	સિદ્ધપદ એ જ આપણું પોતાનું વાસ્તવિક વ્યક્તિત્વ	—	૧૬
(૫)	જિનશાસનના રાજા : આચાર્ય ભગવંત	આ. શ્રી વિજયનંદિઘોષસૂરિજી	૨૧
(૬)	જિનશાસનના યુવરાજ ઉપાધ્યાય ભગવંતો	—	૨૬
(૭)	સમતારસમાં ઝીલે તે સાધુ	—	૩૨
(૯)	નમો નમો નિમ્મલ દંસણસ્સ	હર્ષસાગરસૂરિજી શિષ્ય વિરાગસાગરજી મ.સા.	૩૪
(૧૦)	સ્વપરને ઓળખાવનાર જ્ઞાનપદ	—	૩૭
(૧૧)	આત્મસ્વભાવમાં રમણતા કરાવનાર ચારિત્રપદ	—	૩૯
(૧૨)	તપ	ડૉ. જિતેન્દ્ર શાહ	૪૧
(૧૩)	નવપદની આરાધના	પ્રા. ડૉ. કોકિલા એચ. શાહ	૪૪
(૧૪)	જયભિખ્ખુ જીવનધારા : ૩૭	ડૉ. કુમારપાળ દેસાઈ	૪૬
(૧૫)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ.પૂ.આ.શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મહારાજ	૪૯
(૧૬)	અવસર	ડૉ. ગુલાબ દેઢિયા	૫૨
(૧૭)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૫૩
(૧૮)	પંથે પંથે પાથેય : હિન્દુ-મુસ્લિમ બંધુત્વની મહેક	શ્રી ઇંદિરા સોની	૫૬

ઋણ-સ્વીકાર

મુખપૃષ્ટ ચિત્ર તેમ જ આ અંકમાં અન્યત્ર પ્રગટ થયેલાં અલભ્ય-અમૂલ્ય ચિત્રો અને પ્રતચિત્રો ઉપરાંત શ્રીપાળ રાસની અર્ધ પંક્તિઓ **શ્રી પ્રેમલ કાપડિયા** સંપાદિત અને સંશોધિત પાંચ ભાગમાં વિસ્તરિત ભવ્યાતિભવ્ય ગ્રંથો 'શ્રીમાળ રાસ'માંથી પ્રાપ્ત કરી પ્રકાશિત કર્યા છે. સંમતિ સૌજન્ય માટે સંપાદકશ્રીનો હૃદયપૂર્વક આભાર.

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૯ ● અંક : ૩ ● માર્ચ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● પોષ વદ–તિથિ-૯ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ નવપદ અંકના માનદ સંપાદક
ડૉ. અભય ઇન્દ્રવદન દોશી

રમણિય, દર્શનિય, મનનિય, ચિંતનિય, ચિત્ત પ્રસંશનિય, વંદનિય ચિરસ્મરણિય તીર્થસ્વરૂપ ગ્રંથ શ્રીપાલ રાસ

□ તંત્રીની કલમે...✍

આ અંકના સૌજન્યદાતા :
ડૉ.શ્રીમતી ભદ્રાબેન શાહ
અને શ્રી દિલીપભાઈ શાહ

સંશોધક, સંપાદક અને ચિંતક સુશ્રાવક શ્રી પ્રેમલ કાપડિયાએ સને–૨૦૦૫માં 'શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીસી' જેવો અદ્‌ભુત ગ્રંથ આપીને જૈન સાહિત્ય ઉદ્યાનને રળિયાત તો કરી દીધું હતું, પણ આ પાંચ ભાગમાં વિસ્તારિત ગુજરાતીમાં ૧૧૧૨ વિશાળ પૃષ્ટોમાં ૪૦૨ અલૌકિક, અપ્રાપ્ય પ્રાચીન ચિત્રોથી સુશોભિત આ 'શ્રીપાળ રાસ' ગ્રંથ જૈન વિશ્વને આપીને જૈન સાહિત્ય અને જિન શાસનને ચિરસ્મરણિય યશ-ગૌરવ અર્પણ કર્યા છે.

આ ગ્રંથ જ નથી પણ આ હરતું ફરતું જૈન સ્થાપત્ય છે, જેના દર્શન માત્રથી ધન્યતાની અનુભૂતિ થાય છે.

ગુજરાતી, હિંદી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં પ્રકાશિત થયેલ આ ગ્રંથોને હિંદી-અંગ્રેજી ભાષા વૈભવથી સંપાદકના સહધર્મચારિણી સુશ્રાવિકા સુજાતા કાપડિયાએ સુશોભિત કર્યો છે. ધન્યવાદ. અભિનંદન.

આમ ત્રણ ભાષામાં કુલ પંદર ગ્રંથ. ગ્રંથના પૃષ્ટોની સાઈઝ ૧૫''x૧૧.૫''ની, જેનું મુદ્રણ જર્મનીમાં થયું, તેજાબ રહિત કાગળો અને આ આર્ટ પેપરોનું આયુષ્ય ૩૦૦ વર્ષનું પ્રમાણિત. માત્ર એક ગ્રંથ ઊંચકવો હોય તો બે હાથે જ ઊંચકી શકાય. વંદન કરવા બે હાથ જોઈએ જ. અને બધાં સાથે ઊંચકવાની તો એક માણસની ક્ષમતા જ નહિ–(કુલ ૧૮ કિલો).

પૂ. શ્રી આનંદઘનજી મહારાજા, પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજા, ઉપાધ્યાય શ્રી વિનય વિજયજી મહારાજા, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા અને આધ્યાત્મ યોગી આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજાને, સતત પાંચ વર્ષ સુધી સંશોધન પરિશ્રમ કરી તૈયાર કરેલ આ ગ્રંથને અર્પણ કરતા આ

ભવ્યાતિભવ્ય ગ્રંથના પ્રારંભમાં વ્યવસાયે કેમિકલ એન્જિનિયર એવા સંપાદકશ્રી પોતાનો આત્મભાવ પ્રગટ કરતા પ્રસ્તાવનામાં લખે છે:

'જેમાં ચારે દિશાઓમાં સિદ્ધાદિ તથા વિદિશાઓમાં આદિ અને અંતિમ બીજ સહિત સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ પદો જય પામે છે તે શ્રી સિદ્ધચક્રને હું નમન કરું છું.

'શ્રીપાલરાસ' ઉપર સચિત્ર ગ્રંથ પ્રકાશિત કરવાનું અમારું મુખ્ય કારણ એ છે કે, સિદ્ધચક્ર પૂજનમાં જવાના પ્રસંગો ઉપસ્થિત થતા એનાથી ચિત્તની પ્રસન્નતા વધી અને અંતરમાં ઉલ્લાસનો અનુભવ થયો. તેથી તેના પ્રત્યે ભક્તિભાવપૂર્વકનું બહુમાન જાગ્યું. જીવનમાં પ્રાપ્ત થયેલ આવા અમૂલ્ય આનંદનો અનુભવ કરતા કરતા એક ધન્ય ઘડીએ નવપદાત્મક સિદ્ધચક્રજીના રહસ્યો, ઇતિહાસ, ફળાદિ વિષયક જાણવાની રુચિ પ્રગટી અને આ વિષય ઉપર એક વિશાળ ગ્રંથસંગ્રહ સંપાદન કરવાની મહેચ્છા પ્રગટી..

સંશોધન કરતાં જાણ્યું કે–

શ્રી સિદ્ધચક્રનું ઉદ્ધરણ વિદ્યાનુવાદ નામના નવમા પૂર્વમાંથી થયું છે. તે અંગે યોગશાસ્ત્રના આઠમા પ્રકાશનનો પ્રાપ્ત પાઠ અહીં પ્રસ્તુત કરીએ છીએ.

ज्ञानवद्भिः समाम्नातं वज्रस्वाम्यादिभिः स्फुटम् ।
विद्यानुवादात्समुद्धृत्य बीजभूतं शिवश्रियः ।।७४।।
जन्मदावहुताशस्य प्रशान्तनववारिदम् ।
गुरुपदेशाद्विज्ञाय सिद्धचक्रं विचिन्तयेत् ।।७५।।

મૂળાર્થ : વિદ્યાનુવાદ (નામના પૂર્વ)થી સમ્યગ્ રીતે ઉદ્ધરણ કરીને વજ્રસ્વામી વગેરે વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા સ્પષ્ટરૂપે પ્રમાણિત, મોક્ષલક્ષ્મીનું બીજ અને જન્મરૂપી દાવાનળથી બળેલા (જીવો) માટે પ્રશાન્તકારી નૂતન મેઘ સમાન શ્રી સિદ્ધચક્રને ગુરુના ઉપદેશથી જાણીને (તેનું) ચિંતન-મનન કરવું જોઈએ.

ઉપરોક્ત પાઠ શ્રી સિદ્ધધચક્રની પ્રાચીનતા સિદ્ધ કરે છે. વર્તમાનમાં ઉપલબ્ધ સાહિત્ય પૈકી તેની સર્વપ્રથમ રચના સંવત ૧૪૨૮માં 'સિરિસિરિવાલ કહા'ના નામથી પ્રાકૃત ભાષામાં નાગોરી તપાગચ્છીય પૂ. આચાર્ય શ્રી રત્નશેખરસૂરિજીએ કરી. ત્યારબાદ તે ગ્રંથની અનેક હસ્તપ્રતો શ્રમણ ભગવંતો, વિદ્વાનો અને વિભિન્ન સંઘો દ્વારા ઘણા સમય સુધી વિવિધ રીતે પ્રકાશિત થઈ હશે. પૂ. આચાર્ય શ્રી રત્નશેખરસૂરિજીની શિષ્ય પરંપરામાં પૂ. શ્રી હેમચંદ્રજી સાધુએ સંવત ૧૫૭૫ વર્ષે આસો સુદ-૧૫ના શનિવારે લિપિબદ્ધ કરેલી હસ્તપ્રત હાલ કોબા જ્ઞાનભંડારમાં ઉપસ્થિત છે. એ પછી બીજા મહાત્માઓએ, જેમ કે (૧) અચલગચ્છાલંકાર મુનિ શ્રી જ્ઞાનસાગરજીએ ગુજરાતી ભાષામાં 'શ્રીપાલરાસ (સાર્થ)'ના નામથી કરેલ રચના પાટણ જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ છે. તે ઉપરાંત (૨) સિદ્ધસેન કવિ દ્વારા સંવત ૧૫૨૮માં રચિત 'શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય' સંવેગી ઉપાશ્રય, અમદાવાદમાં છે, (૩) સુખસાગર દ્વારા સં. ૧૭૬૪માં રચિત 'શ્રીપાલ નરેન્દ્ર ચરિત્ર' (બાલાવબોધ) પાટણ જ્ઞાનભંડારમાં છે, (૪) શ્રી ચંદ્રકીર્તિસૂરિ દ્વારા સંવત ૧૮૨૩માં લખેલ 'શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર વિધિ' એલ.ડી. ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદમાં છે, (૫) ખરતરગચ્છના શ્રી લાલચંદ દ્વારા ૧૮૩૭માં મારૂગૂર્જર પદ્યમાં રચિત 'શ્રીપાલરાસ' કોબા જ્ઞાનભંડારમાં છે, (૬) કેશવ દ્વારા સંવત ૧૮૭૭માં રચિત 'સિદ્ધચક્રયંત્ર સહ શ્રીપાલ કથા' (સંસ્કૃત ગદ્ય) કોબા જ્ઞાનભંડારમાં છે. ઉપરોક્ત રચનાઓ તથા બીજી પણ અજ્ઞાત શ્રમણ ભગવંતો દ્વારા સંસ્કૃત, પ્રાકૃત અને મારૂગૂર્જરમાં રચિત સર્વ રચનાઓનો આધાર 'સિરિસિરિવાલ કહા' જ હોવાનું અનુમાન થાય છે.

તેવી જ રીતે શ્રીપાલરાસના એક મહાન ગ્રંથની રચના સં. ૧૭૩૮મા વર્ષે રાંદેર નગરમાં (સુરત) ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ પ્રારંભ કરી. તેની પૂર્ણાહૂતિ મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ કરી. આ રાસ લોકભોગ્ય અને લાલિત્યપૂર્ણ ભાષામાં તેમજ રોચક શૈલીમાં બનેલી એક પ્રૌઢ કથામય રચના છે. સંપૂર્ણ ગ્રંથ ૧૨૫૨ ગાથાપ્રમાણ મારૂગૂર્જર ભાષામાં છે, જે અધ્યાત્મ અને તત્ત્વથી અલંકૃત એક અલૌકિક અને અજોડ કૃતિ છે. એમાં નવપદજીનો ખૂબ જ વિસ્તારથી ઉલ્લેખ મળે છે. સાથે સાથે ગ્રંથ લખતી વખતના મહોપાધ્યાયજીના અંગત અનુભવોનો પણ ઉલ્લેખ મળે છે. એમાં સર્વ માન્ય ન્યાયવિશારદ, આધ્યાત્મિક શિરોમણિ, મહાનતાર્કિક મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીએ એમનું હાર્દિક યોગદાન આપેલ હોવાથી આ ગ્રંથરચના અતિશય મહિમાવંત અને શ્રદ્ધાપાત્ર હોવામાં કોઈ બેમત નથી અને તેથી જ સમય પસાર થયે આ ગ્રંથનો મહિમા સર્વત્ર ફેલાય તથા શ્રી જિનશાસનમાં આયંબિલની બન્ને શાશ્વતી ઓળીઓમાં એનું ગાન અને એના ઉપર વ્યાખ્યાન આપવાનો પ્રારંભ થયો. આ દૃષ્ટિથી 'શ્રીપાલરાસ' વર્તમાનકાળે અનેક જૈન કથા રચનાઓમાં ઉચ્ચતમ સ્થાન ધરાવતો હોવાથી ઉપરોક્ત મહેચ્છાને પૂર્ણ કરવા માટે શ્રી સિદ્ધચક્રજીની ભક્તિથી સભર 'શ્રીપાલરાસ' સર્વશ્રેષ્ઠ જણાયો.

સર્વપ્રથમ અમે અમારું ધ્યાન આ મહત્ત્વપૂર્ણ ગ્રંથની પ્રસ્તુતિ કેવી રીતે કરવી એના ઉપર કેન્દ્રિત કર્યું. તેના અનુસંધાનમાં જૈન શાસનની દુર્લભ, સચિત્ર કલાકૃતિઓ જેમ કે પ્રાચીન હસ્તપ્રતો, પટ, ભવ્યાતિભવ્ય ચિત્રો આદિ વિષયક શોધખોળ અને સંશોધન કરતાં એમ સમજાયું કે આ બધી દુર્લભ કૃતિઓ મહદંશે એક કે બીજી રીતે નવપદથી સંભવિત છે. તેથી આ ગ્રંથનું પ્રકાશન કરતી

વખતે ભાવના જાગી કે જિનશાસનના ઉપરોક્ત સુંદરમાં સુંદર, દુર્લભ ચિત્રકલાના નમૂનાઓ દેશભરથી ભેગા કરીને નવપદ મહિમાવંત એવા આ મહત્ત્વપૂર્ણ ગ્રંથમાં સંગ્રહી લેવા. અમારા આ પ્રયાસની ફળશ્રુતિરૂપે અમે ગ્રંથનો શણગાર નિમ્નોક્ત રીતે કર્યો છે.

શ્રીપાલરાસની મૂળ મારૂગૂર્જર ભાષામાં લખાયેલ લગભગ ૧૨૫૨ ગાથાને કલાત્મક રીતે શણગારવા ઉત્તમમાં ઉત્તમ, પ્રાચીન કલ્પસૂત્ર અને અન્ય સૂત્રોની સચિત્ર પ્રતોનો આધાર લીધો છે. આ ઉજ્જવળ પ્રતોમાંથી પ્રાપ્ત કરેલ લગભગ ૩૦૦ અતિસુંદર હાંસિયાઓ અને કિનારીઓથી શ્રીપાલરાસની ગાથાઓને સુશોભિત કરી છે. આ પ્રાચીન પ્રતો મુખ્યપણે ૧૬મી સદીની છે અને થોડીઘણી ઉત્તમ શૈલીની, સત્તરમી સદીની, બુંદી કલમની છે. હાંસિયાઓ અને કિનારીઓની શોભા અપ્રતિમ, હૃદયંગમ, મનોહર, બેનમૂન અને અજોડ છે. આ જૈન ચિત્રકલાનો એક અલૌકિક અમૂલ્ય સંગ્રહ છે, જેના નમૂનાઓ ગ્રંથમાં પ્રદર્શિત કર્યા છે. આ પ્રકારની કલાકૃતિના દર્શન પણ વાચકવર્ગને માટે દુર્લભ છે. ગ્રંથમાં પ્રસ્તુત અન્ય શૈલી અને વિષયોની કલાકૃતિઓ તો અતિ સૌંદર્યસભર અને મનમોહક છે, એમાં પણ પ્રાચીનતાની દૃષ્ટિએ વિશિષ્ટપણે તરી આવે એવા આ અનૂઠા હાંસિયા-કિનારીઓનું અવલોકન એક આનંદ મહોત્સવનો અવસર છે

કથામાં આવતા દરેક મુખ્ય પ્રસંગોને ચિત્રોમાં આવરી લેવા માટે તે અંગે સંશોધન કરતાં જાણવા મળ્યું કે શ્રીપાલરાસની પ્રાચીન સચિત્ર હસ્તપ્રતોમાં બધાં જ ચિત્રો લગભગ સિરોહી કલમથી કે એમાંથી નિષ્પન્ન થયેલાં છે કે જે એક લોકકલાનું ઉદાહરણ છે. આવા પ્રકારની શ્રીપાલરાસની સચિત્ર હસ્તપ્રતોના કેટલાક નમૂનાઓ અમે પરિશિષ્ટમાં પ્રકાશિત કર્યા છે. એની તુલનામાં આ ગ્રંથમાં લીધેલા જયપુર મોગલ શૈલીના ચિત્રો વધુ ઉચ્ચ કોટિના છે. ગ્રંથમાં સમાવિષ્ટ ઉત્તમ કલાકૃતિઓ પણ કથાપ્રસંગોને પૂર્ણ ન્યાય આપીને એમાં પ્રાણનો સંચાર કરે છે.

હવે નવપદ અંતર્ગત પ્રત્યેક પદને અનુરૂપ સચિત્ર પ્રસંગો માટે શ્રી જિનશાસનના ઉત્તમ જ્ઞાનભંડારો, મંદિરો, સંસ્થાઓ અને વ્યક્તિગત સંગ્રહવાળી વ્યક્તિઓને વિનંતી કરીને એમની પાસેથી સર્વશ્રેષ્ઠ ચિત્રોને ગ્રહણ કરી આ ગ્રંથમાં પ્રસ્તુત કર્યા છે. ઉદાહરણ તરીકે (૧) 'અરિહંત પદ'ને ઉજ્જવળ કરતાં ચિત્રો મોટા ભાગે કલકત્તાના શીતલનાથ મંદિર (દાદાવાડી), બડામંદિર (તુલાપટ્ટી) તથા જિયાગંજના વિમલનાથ મંદિર વિગેરે સ્થાનેથી પ્રાપ્ત કરીને અહીં પ્રસ્તુત કર્યા છે. વળી ૧૭મી સદીના અતિસુંદર બુંદી શૈલીના સચિત્ર કલ્પસૂત્રમાંથી પણ અનેક પ્રસંગોનો અહીં સમાવેશ કર્યો છે. (૨) 'આચાર્ય પદ'ને પુષ્ટ કરતાં નિમ્નલિખિત જીવનચરિત્રો અમે અહીં પ્રકાશિત કર્યા છે–(અ) જિનદત્તસૂરિજી, જિનચંદ્રસૂરિજી અને જિનકુશલસૂરિજીના ચમત્કારિક પ્રસંગો (આ) શ્રી હેમચંદ્રસૂરિજી દ્વારા કુમારપાળને પ્રતિબોધ કરવા પ્રયુક્ત ચમત્કારિક પ્રસંગો. (ઈ) સ્તંભન પાર્શ્વનાથને પ્રગટ કરતા 'શ્રી જયતિહુયણ સ્તોત્ર'ના રચયિતા શ્રી અભયદેવસૂરિજી. (૩) 'જ્ઞાનપદ' અંતર્ગત કેવળજ્ઞાનને દર્શાવવા, સંયમની સાધના કરીને કેવળજ્ઞાનને વરેલા અને કેવલી થઈને તરત જ નિર્વાણ પામેલા મહાત્માઓના પ્રસંગોનો સહારો લીધો છે. જેમકે (અ) મૃગાવતીજી અને ચંદનબાળાનો પ્રસંગ (બ) આરિસા ભવનમાં કેવળજ્ઞાન પામેલા ભરત ચક્રવર્તીનો પ્રસંગ અને (ક) હાથીની અંબાડી પર કેવલી થયેલ મરૂદેવા માતાજીનો પ્રસંગ. (૪) 'દર્શનપદ'ની અંતર્ગત સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ અને ત્યાર બાદ તે સમ્યગ્‌દર્શનના પુષ્ટિકારક એવા સ્થાવર-જંગમ તીર્થોનાં વિવિધ ચિત્રો, જેમ કે ચંપાપુરીજી, હસ્તિનાપુરજી, કેશરિયાજી, રાણકપુરજી, તારંગાજી, ગિરનારજી, ભરૂચ, શત્રુંજય, સહસ્ત્રકૂટ, અષ્ટાપદજી, ઈન્દ્ર મહારાજા દ્વારા પ્રતિબોધિત થયેલા દશાર્ણભદ્રનો પ્રસંગ વગેરેને આવરી લેવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે.

આચારાંગ સૂત્રની નિર્યુક્તિમાં કહ્યું છે કે–

દંસણ–નાણ–ચરિત્તે, તવ વેરગ્ગે ય હોઇ ઉ પસત્થા ।
જાય જહા તાય તહા, લક્ખણં વુચ્છં સલક્ખણઓ।।૩૨૯।।
તિત્થગરાણ ભગવઓ, પવયણ-પાવયણિ-અઇસઇડ્ઢીણં ।
અભિગમણ-નમણ-દરિસણ, કિત્તણ સંપૂઅણા થુણણઆ ।।૩૩૦।।

ભાવાર્થ : તીર્થંકર ભગવંતો, પ્રવચન, પ્રાવચનિક પ્રભાવકો, અતિશય લબ્ધિધારી એવા મુનિ ભગવંતોની સન્મુખ જવામાં, નમસ્કાર કરવામાં, દર્શન-કીર્તન-પૂજન-સ્તુતિ કરવામાં દર્શન-જ્ઞાન-તપ-વૈરાગ્ય ચારિત્ર આદિ ગુણોની શુદ્ધિ થાય છે.

એવી જ રીતે શેષ પદોને પણ તેમને અનુરૂપ ધર્મકથાઓના કલાત્મક અને મૂલ્યવાન ચિત્રો દ્વારા પુષ્ટ કરવાનો સવિશેષ પ્રયાસ કર્યો છે. આમ નવપદ માટે ૧૫૦ થી વધારે ચિત્રોનો સમાવેશ કર્યો છે.

પ્રસ્તુત રાસના મૂલ પ્રણેતા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજા છે, પણ ત્રીજા ખંડની પાંચમી ઢાળની રચના દરમ્યાન આયુષ્ય પૂર્ણ થતા તેઓ સ્વર્ગવાસી થયા અને તેમને પૂર્વે આપેલ વચન મુજબ મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ બાકીનો રાસ પૂર્ણ કર્યો. આમ તો બન્ને ઉપાધ્યાય ભગવંતો વિદ્વાન અને આરાધક હતા છતાં સંપૂર્ણ રાસનું અવલોકન કરતાં પૂ શ્રી વિનયવિજયજી મ.સા.ની શાંત છબી અને પૂ. શ્રી યશોવિજયજી મ.સા.ની તાત્ત્વિક છબી પ્રકટ થયા વગર રહેતી નથી. જો કે પ્રારંભકારે પણ ઉચિત સ્થાને તત્ત્વ તો દર્શાવ્યું જ છે છતાં પૂર્ણકારે રાસને ગહન તત્ત્વોથી વધુ અલંકૃત કર્યો છે, જેની પ્રતીતિ ગ્રંથને સાંગોપાંગ જોયા પછી થયા વગર રહેતી નથી.''

ગ્રંથકર્તાની પ્રસ્તુત પ્રસ્તાવનાના અંશોમાંથી સંશોધકની આ ગ્રંથ માટેની સજ્જતા, સંશોધનની ઊંડી સૂઝ અને એ માટે કરેલ પ્રબળ પુરુષાર્થના દર્શન થાય છે.

સમગ્ર દેશના હસ્તપ્રતના ભંડારોમાં ખોજ કરવામાં આવી અને શ્રીપાલ રાસની ત્રીસ જેટલી મહત્ત્વની હસ્તપ્રતો મેળવીને તેનો અભ્યાસ કર્યો. ગ્રંથ ભંડારોમાંથી હસ્તપ્રતો મેળવીને ગ્રંથમાં સંગ્રહ થયો છે.

શ્રીપાલ રાસના પાંચ ભાગમાં હસ્તપ્રતોના હાંસિયા અને કિનારીઓના ત્રણસો જેટલા સુશોભનો મળે છે. જે પ્રાચીન કલાસમૃદ્ધિની ગહાવી પૂરે છે. આમાં જૈન ધર્મના પર્યુષણમાં શ્રવણ કરતાં શ્રી કલ્પસૂત્ર અને અન્ય સૂત્રોની પ્રાચીન પ્રતોનો આધાર લઈને મનોહર, બેનમૂન, અને હૃદયંગમ હાંસિયાઓ અને કિનારીઓથી શ્રીપાલ રાસની હસ્તપ્રતોને સુશોભિત કરી છે. શ્રીપાલરાસની પ્રાચીન સચિત્ર હસ્તપ્રતોના બધા જ ચિત્રો સિરોહી કલમથી તૈયાર થયેલ છે. જેની સચિત્ર હસ્તપ્રતોના કેટલાક નમૂના ગ્રંથના પરિશિષ્ટમાં પ્રાપ્ત થાય છે. સિરોહી કલમે તૈયાર થયેલા ચિત્રો કરતાં જયપુર મોગલ શૈલીના ચિત્ર વધુ ઉચ્ચ કોટિના હોવાથી ગ્રંથના કથાપ્રસંગો સાથે એને પ્રકાશિત કર્યા છે.

જ્ઞાન ભંડારો અને ટ્રસ્ટીઓ પાસેથી પ્રમાણિત પ્રતો મેળવવા ગ્રંથના સંપાદકે ધીરજપૂર્વક કેટલી 'રખડપટ્ટી' કરી હશે એની પ્રતીતિ વાચકને થયા વગર રહેશે નહિ જ.

ડૉ. કુમારપાળ દેસાઈ આ ગ્રંથ વિશે 'ગુજરાત સમાચાર'માં લખે છે:-

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની પાટપરંપરાદર્શક પ્રશસ્તિ આપી છે. પારિભાષિક શબ્દાર્થ, આધારગ્રંથો તથા મહત્ત્વપૂર્ણ હસ્તપ્રતોના નમૂનાઓ આપીને આ ગ્રંથોને વિશેષ સમૃદ્ધ કર્યા છે અને ગ્રંથના પ્રત્યેક પૃષ્ઠને કલાત્મક અને અધ્યાત્મભાવથી સભર બનાવવા પ્રયાસ કર્યો છે.'

સંસ્કૃત ભાષાની અમૂલ્ય ગદ્યકૃતિ કાદમ્બરીનો પ્રારંભ કર્યો મહાકવિ બાણે, પરંતુ અધુરી કથાએ બાણનો દેહવિલય થયો અને બાણના પુત્રે કાદમ્બરીનું સર્જન કાર્ય પૂરું કરી પિતૃઋણ ચૂકવ્યું એમ વિક્રમ સંવત ૧૭૩૮માં ઉપાધ્યાય વિનય વિજયજીએ શ્રીપાળરાસનો પ્રારંભ કર્યો ત્યારે આ સંતના અંતરમાં ધ્વનિ પ્રગટ થયો હતો કે એઓ કદાચ આ રાસ પૂરો ન કરી શકે એટલે પૂજ્યશ્રીએ ગુરુબંધુ ઉપાધ્યાય યશોવિજયજી પાસે વચન લીધું કે કાળે કરીને પોતાની શંકા જો સત્યમાં પરિણિત થાય તો ઉપાધ્યાય યશોવિજયજી રાસનું અધુરું કાર્ય પૂર્ણ કરશે, અને ઘટના એવી જ બની, અને ઉપાધ્યાયજીએ રાસ પૂર્ણ કરી, મિત્ર ધર્મ અને કર્તવ્યધર્મ પ્રમાણ્યો. એટલે બે સારસ્વત ઉપાસકોની આ રચના છે. કુલ ચાર ખંડ, ૪૧ ઢાળ અને ૧૨૫૨ ગાથા.

ચોથા ખંડના શ્રી યશોવિજયજીએ રસકથામાં જૈન તત્ત્વનુંઊંડાણ, વ્યવહાર નય, નિશ્ચય નય વગેરે છલોછલ ભર્યા છે.

આ કથાના મૂળ તરફ પ્રવાસ કરીએ તો અન્ય ગ્રંથોમાંથી આ પ્રમાણે સત્ય પ્રાપ્ત થાય છે:-

'પ્રસ્તુત અવસર્પિણી કાળમાં ૨૪મા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીજીએ શ્રી નવપદજીનો મહિમા શ્રીપાળ ચરિત્ર સાથે શ્રી ગૌતમ સ્વામીજી-તેમના પ્રથમ ગણધર પાસે વર્ણવ્યો. તેમણે મગધપતિ શ્રેણિક મહારાજા સન્મુખ નિવેદન કર્યો. ઉત્તરોત્તર વિદ્યાનુપ્રવાહ નામના દશમા પૂર્વમાં ગ્રથિત થયો. અહીં સિદ્ધચક્ર યંત્રનો પણ ઉલ્લેખ છે–અને તેમાંથી ઉદ્ધરીને પ. પૂ. રત્નશેખર સૂરીશ્વરજીએ 'સિરિ સિરિવાલ કહા'ની અર્ધ માગધી ભાષામાં રચના કરી. આ મહાત્મા વિક્રમના ૧૪મા સૈકાની શરૂઆતમાં થઈ ગયા. તેઓ પરમ પૂજ્ય શ્રી વ્રજસેન સૂરીશ્વરજીના પટ્ટધર પ. પૂ. શ્રી હેમતિલક સૂરીશ્વરજીના શિષ્ય હતા. પ્રસ્તુત મૂળ ગ્રંથમાં લગભગ ૧૩૪૨ માગધી શ્લોકો છે.

''નવપદજીના માહાત્મ્યગર્ભિત શ્રી શ્રીપાલરાજાની કથા સાંભળનારા તથા કહેનારા ભવ્યજનોનું કલ્યાણ કરનારી છે. શ્રી વજ્રસૈનસૂરીના પાટના માલિક શ્રી હેમતિલકસૂરિના શિષ્ય શ્રી રત્નશેખરસૂરીજીએ આ શ્રીપાલકથાની રચના કરી છે. તેઓના શિષ્ય શ્રીહેમચંદ્રજી નામના સાધુએ વિક્રમ સંવત ચૌદસો અઠાવીસ (૧૪૨૮)માં ગુરુભક્તિ નિમિત્તે આ કથા લખી છે. જ્યાંસુધી આ પૃથ્વીપર સમુદ્ર તથા મેરુપર્વત રહેલા છે, તેમજ આકાશતલમાં જ્યાંસુધી ચંદ્ર અને સૂર્ય રહેલા છે, ત્યાંસુધી વંચાતી એવી આ કથા વૃદ્ધિ પામો.''

કલ્પસૂત્રના કથાનુસાર આ કથાનો સમય ૨૦મા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના ચોથા આરાનો છે, એટલે અગિયાર લાખ ૮૪ હજાર વર્ષો પૂર્વેની આ કથા છે.

એટલે એ સત્ય છે કે કથાની યાત્રા માત્ર શ્રુતોપશ્રુત જ નથી પણ પશ્ચાત કાળે પૃષ્ટોપપૃષ્ટ પણ છે. આ કથાનું અવતરણ સંસ્કૃત, પ્રાકૃત, મારુ ગુર્જર, હિંદી, અંગ્રેજી અને ભારતની અનેક ભાષામાં થયું છે.

આ કથનનો ઉલ્લેખ મુનિશ્રી જયકીર્તિ કૃત સંસ્કૃત ગદ્ય શ્રીપાલ ચરિત્રમાં આ રીતે કરાયો છે:

'तस्मिन काले यतुर्यारके श्री मुनिसुव्रत
स्वामीवारके मालव देशे उज्जयिनी नाम नगरी आसीत।'

આ શ્રીપાળ રાસ ઉપર અત્યાર સુધી સંશોધકની પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે અનેક ગ્રંથો લખાયા છે, ઉપરાંત કેટલાંકનો ઉલ્લેખ અહીં કરવાનો નમ્ર પ્રયાસ કરું છું.

(૧) વિ. સં. ૧૪૨૮માં પ. પૂ. આ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ. રચિત 'સિરિ સિરિવાલ કહા' પ્રાકૃત અને સંસ્કૃત છાયાવાળું શ્રી દેવચંદ લાલભાઈ પ્રકાશિત.

(૨) વિ. સં. ૧૪૨૮ પછી પ. પૂ. આ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.ના શિષ્ય પ. પૂ. મુનિ શ્રી હેમચન્દ્રમુનિવરે પ્રાકૃત ઉપરથી સંસ્કૃતમાં સંક્ષિપ્ત કરી રચેલ-'શ્રી નેમિ-વિજ્ઞાન-ગ્રંથમાળા પ્રકાશિત.

(૩) વિ. સં. ૧૫૧૪માં પ. પૂ. પં. શ્રી સત્યરાજ ગણિવર રચિત શ્રીપાલચરિત્ર શ્લોકબદ્ધ શ્રી જૈન આત્મવીરસભા-પ્રકાશિત.

(૪) વિ. સં. ૧૫૫૭માં પ. પૂ. આ. શ્રી લબ્ધિસાગરસૂરીશ્વરજી મ. રચિત શ્રીપાલચરિત્ર-શ્લોક શ્રી વીર સમાજ પ્રકાશિત.

(૫) વિ. સં. ૧૭૪૫માં પ. પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. રચિત શ્રીપાલ રચિત સંસ્કૃત કાવ્યમ્ ગદ્ય. શ્રી દેવચંદ લાલભાઈ પ્રકાશિત.

(૬) વિ. સં. ૧૮૬૭૫માં ખરતરગચ્છીય પ. પૂ. આ. શ્રી જયકીર્તિગણિવર રચિત શ્રીપાલચરિત્ર-ગદ્ય શ્રી હીરાલાલ હંસરાજ પ્રકાશિત.

(૭) પ. પૂ. શ્રી વિજયહીરસૂરીશ્વરજીની પરંપરામાં થયેલ પ. પૂ. મુનિ શ્રી નયવિજયજી મ.ના શિષ્ય પ. પૂ. મુનિશ્રી શુભવિજયજીએ રચેલ સંસ્કૃત-ગદ્ય શ્રીપાળચરિત્ર.

(૮) વિ. સં. ૧૭૩૮માંસુરત પાસે રાંદેર ગામે પ. પૂ. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર તથા પ. પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે રચેલ 'શ્રીપાળરાસ'. આ રાસમાં ભરુચ-થાણા વગેરે અર્વાચીન નગરોના નામ આવે છે, એ દર્શાવે છે કે મૂળ કથાનું વર્તમાન ભાવરૂપાંતર થયું હોય.

(૯) વિ. સં. ૧૭૨૬માં કચ્છમાં શેષપુર ગામે અંચલગચ્છીય પૂ. શ્રી ન્યાયસાગરજીએ રચેલ 'શ્રીપાળરાસ' કચ્છ અંજારવાલા શા. સોમચંદ ધારશીભાઈ પ્રકાશિત.

(૧૦) મયણા અને શ્રીપાળ-મુનિ શ્રી નિરંજન વિજયજી મ.સા. (વિક્રમ સંવત-૨૦૧૯) (સંપાદક શ્રી કૃષ્ણલાલ ભટ્ટ-પંડિત બાબુભાઈ સવચંદ શાહ)

(૧૧) શ્રીપાલ કથા પૂ. લબ્ધિસાગરસૂરિ

(૧૨) શ્રીપાલ રાસ ભાષાંતર-શ્રી કુંવરજી આણંદજી

(૧૩) શ્રી ભુવનભાનુ સૂરિકૃત-'નવપદ પ્રકાશ'

(૧૪) શ્રીપાળ મયણામૃત કાવ્યમ્ (સંસ્કૃત) પૂ. નયચંદ્ર સાગરજી

(૧૫) શ્રીપાળ રાજાનો રાસ-શ્રાવક ભીમસેન માણેકજી

(૧૬) સિરિ સિરિવાલ કહા (અંગ્રેજી) વાડીલાલ જે. ચોકસી

(૧૭) શ્રીપાળ મયણાની અમરકથા-પૂ. મુક્તિ દર્શન વિજયજી

પ્રસ્તુત શ્રીપાળરાસ, પાંચ ભાગ વાંચતા, ૧ થી ૩માં સરળ કથા રસ છે, ૪ અને પાંચમાં કથા રસની સાથે તત્ત્વરસ છે. નવપદનું વર્ણન છે, વિલાસ છે, શાસ્ત્ર અને તીર્થંકર વચનોને આધારે ચિંતનાત્મક પ્રશ્નો અને ઉત્તરો છે, જે ચિત્તને પ્રશ્ન કરી આત્મા પ્રદેશમાં ભાવક-દર્શકને દૃષ્ટિ કરાવે છે.

પ્રત્યેક પંક્તિના છૂટા છૂટા અર્થ, પછી પંક્તિઓનો સરળ અર્થ અને સમજુતી ઉપરાંત ટબા-ટીકા પણ મૂળ ભાષામાં જ પ્રસ્તુત છે. જે સંપાદકની માત્ર સંશોધક દૃષ્ટિ જ નહિ પણ એમની સર્જનાત્મક પ્રતિભાની પરખ પણ કરાવે છે.

ઉપરાંત પાંચમા ભાગના અંતે પ્રગટ કરેલા ૧૪ પરિશિષ્ટો પણ સંપાદકની બહુશ્રુતતાની પ્રતીતિ કરાવે છે.

ગ્રંથમાં જે સાહિત્ય છે એ ભલે યથા સ્થાને રહ્યું જે ગ્રંથના પૃષ્ટોના દર્શન કરતી વખતે આત્માને પ્રસન્ન કરે છે પણ આવા અર્થ ગંભીર તત્ત્વો વાંચીને સંપાદકશ્રીને વિનયપૂર્વક સૂચન કરવાનો ભાવ થાય છે કે આ પાંચ ભવ્ય ગ્રંથો સાથે અંદરના આ સાહિત્યની એક જુદી પુસ્તિકા આપી હોત તો સરળતાથી અનેક જિજ્ઞાસુઓ એના તત્ત્વનો લાભ લઈ શકત. હજી એ શક્ય છે.

પ્રજ્ઞા અને પુરુષાર્થના સમન્વયથી નિર્મિત થયેલા તીર્થ સ્વરૂપ આ પાંચ ગ્રંથોનું સ્થાપન પ્રત્યેક જૈન ઉપાશ્રયમાં થવું જ જોઈએ, શક્ય હોય તો પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાના ઘરમાં એનું સ્થાપન થાય, તો ઘરદેરાસરના નિર્માણ જેટલો આનંદ-ઉલ્લાસ એ ઘરમાં નિઃશંક સર્જાય અને પ્રતિદિન થોડાં પાનાનું વાચન થાય તો નવપદની ભક્તિનું પુણ્ય અવશ્ય પ્રાપ્ત થાય જ.

શ્રીપાલ-મયણા ઉપર પૂ. મુનિ ભગવંતો અને શ્રાવક પંડિતોએ અત્યાર સુધી જેટલાં ગ્રંથોનું સર્જન કર્યું છે, એ સર્વે ગ્રંથોની પંક્તિમાં આ યુગના પંડિત ભીમશી માણક જેવા શ્રી પ્રેમલ કાપડિયાના આ ગ્રંથો યશ સ્થાને બિરાજવાના નિઃશંક અધિકારી છે.

જીવે કર્મચક્રથી મુક્ત થવું હોય તો ધર્મચક્રનું શરણું સ્વીકારવું જ પડે. કર્મચક્રમાં કષ્ટો અને અનિષ્ટો છે. ધર્મચક્રમાં પરમેષ્ટિઓ છે. કર્મચક્રની દુઃખદ લીલાનું શમન ધર્મચક્ર કરે છે. સિદ્ધચક્રના પૂજનથી ધર્મચક્રમાં પ્રવેશ થાય. જૈન શાસનમાં સિદ્ધચક્રથી મહાન કોઈ યંત્ર નથી.

નવપદ અને સિદ્ધચક્ર યંત્રની આરાધના કરવાની ભાવના ચતુર્વિધ સંઘમાં પ્રગટ થાવ, એ સર્વેને શ્રીપાળ રાજાની જેમ નવનિધિ સિદ્ધિઓ પ્રાપ્ત થાવ એવી મંગળ ભાવના ભાવતા આ ગ્રંથ વિશે વિશેષ લખવાનો ઉમંગ છે છતાં સમય મર્યાદાને કારણે સ્થિર થવું પડે છે, સુજ્ઞેષુ કિઃ બહુના?

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

✷ ✷ ✷

આ ગ્રંથોનું પ્રાપ્તિસ્થાન : હર્ષદરાય પ્રા. લિ., જીજી હાઉસ, દામોદર સુખડવાલા માર્ગ, વી. ટી. સામે, મુંબઈ-૪૦૦૦૦૧.
ફોન : ૦૨૨-૬૬૫૧૯૯૦૦.
મો. નં.: ૯૮૨૧૧૪૧૪૦૦.

'પ્રબુદ્ધ જીવન' સૌજન્ય

પ્રતિ માસે કલાત્મક સુશોભન અને તત્ત્વ વિચારથી સભર 'પ્રબુદ્ધ જીવન' આપને નિયમિત મળે **છે એના યશાધિકારી** એ અંકના સૌજન્યદાતા છે.

પ્રિય સ્વજનો અને વડીલોની સ્મૃતિમાં સૌજન્યદાતા બની જ્ઞાન કર્મનું પુણ્ય કમાવવા દાતાઓને વિનંતિ.

'તક્તી'નું દર્શન તો વ્યક્તિ એ જગ્યાએ જાય ત્યારે કરે, અથવા ન પણ કરે, પણ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો તો આપના પ્રિયજનોનું સ્મૃતિ દર્શન અવશ્ય કરવાના જ અને આપના જ્ઞાનદાનની અંતરથી અનુમોદના કરી આશીષ આપવાના જ.

કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

-૦૨૨ ૨૩૮૨૦૨ / ૨૩૮૨૦૨૯૬

।। નવપદ વિશેષાંક ।।

આ વિશિષ્ટ અંકના માનદ્ સંપાદક

ડૉ. અભય ઈન્દ્રચંદ્ર દોશી

જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય એટલું સદ્‌ભાગી છે કે એના સર્જન પરિશીલન અને સંવર્ધન અર્થે યુગે યુગે એને મુનિ ભગવંતોના તેમજ શ્રાવક-શ્રાવિકા સ્વરૂપે સર્જકો, અભ્યાસીઓ અને વિદ્વાનોનો સાથ મળતો રહ્યો છે, એટલે એના સર્જનોમાં યુગે યુગે વૃદ્ધિ થતી રહી છે. આ કારણે જ જૈનધર્મ અને જૈન સાહિત્ય જીવંત અને વૃદ્ધિમય બનતા રહ્યાં છે.

આજના આ વિષમ અને ભૌતિક યુગમાં પણ ભારત તેમજ દેશ-વિદેશમાં પણ આવા સાહિત્યના સંવર્ધન અર્થે, વિદ્યા પ્રત્યે સમર્પિત વિદ્વાનો પોતાનો જ્ઞાનદીપક પ્રજ્વલિત રાખી રહ્યાં છે, એ આનંદ-ગૌરવની ઘટના છે.

ડૉ. અભય દોશીએ મુંબઈની મીઠીબાઈ કૉલેજમાં ૧૬ વર્ષ સુધી ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી વર્તમાનમાં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં સહયોગી અધ્યાપક છે અને પીએચ.ડી. ઉપાધિ માટેના વિદ્યાર્થીઓના માર્ગદર્શક છે.

મૂળ રાજસ્થાનના બેતાલીશ વર્ષીય આ યુવાન ડૉ. અભય દોશીને જૈન ધર્મ અને ભાષ્યના સંસ્કારો કુટુંબમાંથી જ પ્રાપ્ત થયા છે. ધર્મપરાયણ માતા જશોદાબહેન પાસેથી ધર્મ-ક્રિયા ભક્તિના સંસ્કારો મળ્યા છે, તો પિતા ઈન્દ્રચંદ્ર દોશીએ ગુજરાતના મહેસાણાની સુપ્રસિદ્ધ ઉપાધ્યાય યશોવિજયજી પાઠશાળામાં સંસ્કૃત, પ્રાકૃત અને જૈન તત્ત્વજ્ઞાનનો ગહન અભ્યાસ કર્યો છે, અને અધ્યાત્મયોગી પૂ. શ્રી ભદ્રંકર વિજયજીના સાનિધ્યમાં જૈન તત્ત્વજ્ઞાન અને નમસ્કારનો સ્વાધ્યાય કર્યો છે. મોટા કાકા શ્રી પારસમલજી હસ્તપ્રત લેખનમાં કુશળ હતા. પરિવારમાંથી બે પુત્રીઓએ પૂ. ભુવનભાનુસૂરિ સમુદાયમાં દીક્ષા ગ્રહણ કરી છે.

જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી આ યુવાન સંપાદકે 'ચોવીશી-સ્વરૂપ અને સાહિત્ય' ઉપર પીએચ.ડી. માટે શોધ-પ્રબંધ લખ્યો છે, ઉપરાંત 'જ્ઞાન વિમલ સઝ્ઝાય સંગ્રહ', 'શેત્રુંજય ગિરિરાજ પૂજા', 'અર્હદ ભક્તિ સાગર' વગેરે ગ્રંથો એમના નામે પ્રકાશિત થયા છે, અને ૨૦૦૦ કડીનો ઉપાધ્યાય ઉદયરત્ન કૃત 'યશોધર રાસ' એ સંપાદિત ગ્રંથ પ્રકાશનને પંથે છે.

મિતભાષી અને ચિંતક વક્તા ડૉ. અભય દોશી ગુજરાતી સાહિત્યના અધ્યયન સાથોસાથ ઘણાં વર્ષોથી સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓને જૈન ધર્મનો અભ્યાસ પણ કરાવે છે.

નવ પદના નવ વિષયો ઉપર પૂ. મુનિ ભગવંતો અને જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી વિદ્વાનો પાસે એક એક લેખ પ્રાપ્ત કરવાની અમારી ભાવના હતી, પરંતુ વર્તમાનમાં એઓશ્રી વિહારમાં હોવાથી એ શક્ય ન બન્યું, એટલે પ્રાપ્ય લેખો અહીં પ્રકાશિત કરાયા છે, અન્ય વિષય ઉપરના લેખો આ અંકના વિદ્વાન સંપાદકે પોતે લખી જ્ઞાન પરિશ્રમ કર્યો છે એ આ સંપાદકશ્રીની વિદ્વતાનું દ્યોતક છે.

'પ્ર.જી.'ના જૈનેતર વાચક અને બાળજીવોને નવપદ વિશે જ્ઞાન-માહિતી પ્રાપ્ત થાય અને સિદ્ધચક્રની ભક્તિ અને તપની પ્રેરણા મળે એ હેતુ આ અંકમાં કેન્દ્ર સ્થાને છે.

મહાવીર જન્મ કલ્યાણકના પર્વ નિમિત્તે પ્રકાશિત થતા 'પ્રબુદ્ધ જીવન'ના આ 'નવપદ' વિશેષાંકના આ સંપાદકના આ તત્ત્વશીલ સંપાદનને આપણે ઉમળકાથી આવકારી નવપદની ભક્તિના પુણ્યાનંદને માણીએ.

□ તંત્રી

નવકારમંત્ર – નવપદ – સિદ્ધચક્ર યંત્રની આરાધના

□ ડૉ. અભય દોશી

આ જગતના સર્વધર્મોમાં કોઈ એક શબ્દ કે નામને વિશેષ પવિત્ર માનવામાં આવે છે. આ શબ્દ કે નામની આરાધનાને મંત્ર-આરાધના કહી શકાય. વૈદિકધર્મમાં ગાયત્રીમંત્ર, ઈસ્લામમાં અલ્લાહ, ખ્રિસ્તીધર્મમાં જીસસ અને મેરીના નામો, શીખધર્મમાં એક ઓંકાર જેવા શબ્દો પવિત્ર ગણવામાં આવે છે. આ શબ્દો કે મંત્રાક્ષરોની આસપાસ વિવિધ આકૃતિમય રચનાઓને યંત્ર કહેવામાં આવે છે, તેમ જ આ યંત્રોની પૂજાવિધિને તંત્ર કહેવામાં આવે છે.

આ જગતમાં જૈનધર્મની વિશેષતા એ રહી છે કે, તેના મંત્રોમાં કોઈ એક વિશિષ્ટ દેવતાનું નહિ, પણ આ જગત પર ઉપકાર કરનારા ગુણવાન પુરુષોની ઉપાસના કરવામાં આવે છે. આ જગતમાં દુઃખથી પીડાતા જનોને સાચા માર્ગનું દર્શન કરાવનારા અરિહંત ભગવાન, આ માર્ગ માટે આદર્શભૂત સિદ્ધ ભગવાન, આ માર્ગમાં જોડાનારાઓને વ્યવસ્થા અને આચાર દર્શાવનાર આચાર્ય ભગવાન, સૂત્ર (જ્ઞાન) પ્રદાન કરનારા ઉપાધ્યાય ભગવાન અને માર્ગમાં ચાલનારાઓને સહાય કરનારા સાધુ ભગવાન આ પાંચ પરમેષ્ટિતત્ત્વોની ઉપાસના નવકારમંત્રમાં કરવામાં આવે છે.

આ નવકારમંત્રની યંત્રાત્મક આકૃતિ કરવામાં આવે છે, ત્યારે આ ગુણવાન એવા પાંચ પરમેષ્ટિઓની સાથે જે ગુણોના પ્રભાવે આ પરમેષ્ટિઓ જગતમાં આદરણીય બન્યા છે, એ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ ગુણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવપદની કમલાકાર આકૃતિના કેન્દ્રમાં કર્ણિકા (પરાગ)ને સ્થાને અરિહંત પરમાત્માની સ્થાપના કરવામાં આવે છે. તેની ચારે દિશાઓમાં બીજા ચાર પરમેષ્ટિઓની સ્થાપના કરવામાં આવે છે, અને ચારે ખૂણાઓમાં દર્શન-જ્ઞાન ચારિત્ર અને તપરૂપ ધર્મતત્ત્વની સ્થાપના કરવામાં આવે છે. આ નવપદમાં અરિહંત અને સિદ્ધરૂપે દેવતત્ત્વ, આચાર્ય- ઉપાધ્યાય- સાધુરૂપે ગુરુતત્ત્વ અને દર્શનાદિ પદો વડે ધર્મતત્ત્વ બિરાજમાન છે. પ્રથમ બે પદ - અરિહંત અને સિદ્ધપદમાં દેવતત્ત્વ, પછીના ત્રણ પદ – આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદમાં ગુરુતત્ત્વ અને પછીના ચાર પદમાં દર્શન - જ્ઞાન - ચારિત્ર અને તપપદમાં ધર્મતત્ત્વ. આ નવપદમાં આ સમ્યક્ત્વના કારણરૂપ પરમ ઉપાસ્ય એવા સુદેવ-સુગુરુ-સુધર્મરૂપ તત્ત્વત્રયી શોભે છે. વ્યવહારમાં 'નવપદ'ને 'સિદ્ધચક્ર' પણ કહેવામાં આવે છે. એનું કારણ આ ચક્ર જગતમાં જીવનમાં સર્વ પ્રકારનાં વિઘ્નોને દૂર કરી સકલ સિદ્ધિઓને, સર્વપ્રકારની સિદ્ધિઓ આપનારું અને અંતે સિદ્ધપદ અપાવનારું છે. અરિહંત પરમાત્મા આ યંત્રમાં તેમની વિશ્વોપકારકતા અને માર્ગ બતાવવાના પ્રત્યક્ષ ગુણને લીધે કેન્દ્રમાં છે, તેઓ પણ સિદ્ધપદને આદરણીય માને છે, માટે આ નવપદનું સિદ્ધચક્ર નામ સાર્થક છે.

આ 'નવપદ'રૂપ કમલાકારનું પૂર્ણકક્ષાનું યંત્ર અનેક વલયો (મંડળો) જોડાવાથી થાય છે. મંડળ એટલે કે ગોળાકારનો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ઘણો મહિમા રહ્યો છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં મોટા ભાગના વાસણો ગોળાકાર હોય છે. સાધુ-સાધ્વીઓ પ્રતિક્રમણ-ગોચરી આદિ ક્રિયાઓ માટે મંડલાકારે મળે છે. જગતપ્રસિદ્ધ મનોવિજ્ઞાની એડમંડ યુંગનું કહેવું છે કે, ગોળાકાર એ અનંતતાનું દર્શન કરાવે છે. ગોળાકારમાં એક બિંદુથી પ્રારંભ થાય છે તો પણ તે આકારની પૂર્ણાહુતિ ક્યાં થાય છે તેનો નિર્ણય કરી શકાતો નથી. આમ ગોળાકાર અનંતતાનો અનુભવ કરાવતો હોવાથી આનંદદાયક લાગે છે. આથી જ ભારતીય સંસ્કૃતિમાં મોટાભાગના યંત્રો ગોળાકારે હોય છે. શ્રી સિદ્ધચક્રયંત્રમાં 'નવપદ'રૂપ પ્રથમ ગોળાકાર (વલય) કેન્દ્રસ્થ છે અને આ કેન્દ્રને ફરતે બીજા આઠ વલયોની સ્થાપના કરવામાં આવે છે. આ આઠ વલયો દ્વારા આ નવપદ સંબંધિત પૂજ્ય અને પૂજક (ઉત્તમ રીતે પૂજા કરનાર હોવાથી આપણે માટે પણ આરાધ્ય) એવા તત્ત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સિદ્ધચક્રયંત્રના કેન્દ્રમાં અરિહંત પરમાત્મા અર્હં એવા બીજાક્ષર (અરિહંતપદના બીજમંત્ર) દ્વારા દર્શાવવામાં આવે છે. આ અર્હંની ફરતે આઠ પદોની સ્થાપના કરવામાં આવે છે. તેના પછીના બીજા વલયમાં સર્વ શ્રુતજ્ઞાનના આધારબિંદુસમા ૪૯ અક્ષરોની સ્થાપના કરવામાં આવે છે. આ જગતમાં જે કાંઈ જ્ઞાન છે, તે આ

- *દુર્લભ એવા દર્શન ગુણ, જ્ઞાન ગુણ, ચારિત્ર ગુણ અને તપ ગુણની શુદ્ધ અંતઃકરણપૂર્વક ઉપાસના કરો. આ પ્રમાણે નવપદાત્મક સિદ્ધચક્રની આરાધના કરતાં ભવસાગરથી પાર ઊતરાય છે.*
- *ભયથી, આશાથી, પ્રેમથી કે લોભથી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રોને પ્રણામ તથા તેમનો વિનય શુદ્ધ સમ્યગ્‌દર્શનવાળાએ કરવો જોઈએ નહિ.*
- *આ સંસારમાં સમગ્ર પ્રાણીઓ પોતપોતાના શુભાશુભ કર્મના કારણે જ સુખ કે દુઃખ પામે છે. તે સુખદુઃખના પ્રમાણમાં કોઈના વડે લેશમાત્ર પણ વધારો કે ઘટાડો થઈ શકતો નથી.*

૪૯ મૂળાક્ષરો દ્વારા જ પ્રગટ થાય છે. માટે આ મૂળાક્ષરો જગતના સર્વ શ્રુતજ્ઞાનની માતા સમાન હોવાથી 'વર્ણમાતૃકા' રૂપે પ્રસિદ્ધ છે. આ વર્ણમાતૃકા એટલે કે સ્વરો અને વ્યંજનોની આઠ મુખ્ય વર્ગ (વિભાગ)માં સ્થાપના કરવામાં આવે છે. આ સ્વર-વ્યંજનોની સાથે જ અનાહતસ્વરની સ્થાપના કરવામાં આવે છે. 'અનાહત' એ આત્માના વિશુદ્ધ સ્વરૂપની ઓળખાણ થયા બાદ આત્માના આતંરિક પ્રદેશોમાંથી સંભળાતો આનંદમય ધ્વનિ છે. યોગસાધનાના માર્ગમાં 'અનહદ' તરીકે આ અનાહતનાદ પ્રચલિત છે. આ જગતના સર્વ ધ્વનિઓ બે વસ્તુઓ અથડાવાથી ઉત્પન્ન થાય છે, પરંતુ આ અનાહતનાદ આત્મામાંથી સ્વયંભૂ ઉત્પન્ન થતો ધ્વનિ છે. તે મૂળ તો નિરાકાર છે, પણ સાધકો તેનું ધ્યાન કરી શકે તે માટે તેના આઠ પ્રકારો ધ્યાનમાં રાખી આઠ આકૃતિઓ દ્વારા દર્શાવાય છે.

એ પછીના ત્રીજા વલયમાં સાધકોને સાધનાના પરિણામે ઉપલબ્ધ થતી ૪૮ લબ્ધિઓ (વિશિષ્ટ શક્તિઓ)નું સ્થાપન છે. લબ્ધિ અને વિદ્યા-મંત્રો વચ્ચે ભેદ એ છે કે, લબ્ધિઓ એ આત્મશક્તિનું સહજ સ્ફૂરણ છે. વિદ્યા કે મંત્રોની સિદ્ધિ કરવામાં આવતી હોય છે. આ લબ્ધિઓ અનેક પ્રકારની છે, તેના મુખ્ય ૪૮ પ્રકારોમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લબ્ધિઓને ધારણ કરનારા મહાપુરુષો પોતાના સ્વાર્થ માટે આ લબ્ધિઓનો ઉપયોગ કરતા નથી, પરંતુ વિશ્વકલ્યાણ માટે આ શક્તિઓનો વિનિયોગ કર્યા વિના રહેતા નથી. આ લબ્ધિપદો લબ્ધિધારી મહામુનિઓની વંદના માટે પ્રયોજાયા છે. સૂરિમંત્ર, વર્ધમાનવિદ્યા, ભક્તામર સ્તોત્રના મંત્રો આદિમાં આ લબ્ધિપદો દ્વારા લબ્ધિવંત મહાપુરુષોને વંદના કરવામાં આવી છે. આ લબ્ધિપદોની ઉપાસના આત્મશક્તિના સ્ફૂરણ માટે ખૂબ જ લાભદાયી છે.

ચોથા વલયમાં ગુરુપાદુકાઓનું પૂજન કરવામાં આવે છે. પ્રથમ પાંચ ગુરુપાદુકા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચ પદોની છે. છઠ્ઠી ગુરુપાદુકા અદૃષ્ટ ગુરુની છે, તો સાતમી ભૂતકાળના અનંત ગુરુઓની અને આઠમી ભૂત-વર્તમાન-ભવિષ્ય એમ સર્વ ગુરુઓની છે. ઉપર વર્ણવાયેલી લબ્ધિઓ ગુરુ–ચરણની સેવા વિના પ્રાપ્ત થતી નથી, અને કદાચ પ્રાપ્ત થાય તો હિતકારક થતી નથી, માટે લબ્ધિપદો બાદ તરત જ ગુરુચરણની ઉપાસના દર્શાવવામાં આવે છે. આ ચાર વલયો પૂજ્ય વલયો છે. આ વલયોને અમૃતવલય કહેવાય છે. આ અમૃતમંડળને સિદ્ધચક્રયંત્રમાં કરવામાં આવતી કળશાકાર આકૃતિનો આતંરિક ભાગ ગણવામાં આવે છે.

આ ચાર વલયમાં જગતના પૂજ્ય તત્ત્વો નવપદ, વર્ણમાતૃકા, લબ્ધિપદો, અનાહતનાદ અને ગુરુપાદુકાઓની ઉપાસના થઈ; હવે આ ઉપાસ્યતત્ત્વોની ઉપાસના કરનારા વિવિધ દિવ્ય ઉપાસકોની પણ ઉચિત આદરપૂર્વક ઉપાસના કરવામાં આવે છે. આ પૂજકોની પૂજા કરવા પાછળ વિવિધ હેતુઓ રહ્યા છે. આ ઉપાસકોએ પરમતત્ત્વની ઉત્કૃષ્ટ ઉપાસના કરી છે, તે પ્રત્યે આદર અભિવ્યક્ત કરવાનો છે. આ સંસારમાં પણ પ્રધાનો આદિની મુલાકાત માટે જઈએ ત્યારે તેના કુટુંબીજનો અને સેવકોનો ઉચિત આદર કરીએ છીએ, એ જ રીતે નવપદ ભગવાનની ઉપાસના કરનારા આ અધિષ્ટાયક દેવી-દેવતાઓનું ઉચિત આદરપૂર્વક પૂજન કરવું યોગ્ય છે.

આ નવપદ ભગવાનની ભક્તિ ત્યારે જ પૂર્ણ થાય છે કે જ્યારે નવપદ ભગવાનની ઉત્કૃષ્ટ ભક્તિ કરનારા ભક્તોની ભક્તિ કરવામાં આવે છે. કુલ પાંચ વલયોમાં આ અધિષ્ઠાયકોની સ્થાપના કરવામાં આવી છે. પૂજનમાં ભાગ લેનારા શ્રાવક-શ્રાવિકા આદિની પ્રભાવના-સ્વામિવાત્સલ્ય આદિ દ્વારા બહુમાન કરી ભક્તિ કરવામાં આવે છે, તેમાં પણ નવપદની જ ભક્તિ રહેલી છે.

પાંચમા વલયમાં સિદ્ધચક્રજીના વિમલેશ્વરદેવ આદિ ૧૮ મુખ્ય અધિષ્ઠાયકદેવોની સ્થાપના કરવામાં આવી છે. શ્રીપાલકથામાં શ્રી વિમલેશ્વરદેવે શ્રીપાલરાજાને સંકટના સમયે કરેલી સહાય અદ્‌ભુત છે. ધવલશેઠ દ્વારા સમુદ્રમાં ફેંકાયેલા શ્રીપાલને મગરમચ્છનું રૂપ ધારણ કરી થાણાબંદરે પહોંચાડવાનું કાર્ય વિમલેશ્વરદેવે જ કર્યું હતું. એ જ રીતે સિદ્ધચક્રજીનું સ્મરણ કરતાં હાજર થયેલા વિમલેશ્વરદેવે પ્રગટ થઈ દિવ્ય હાર આપ્યો હતો. આ દિવ્ય હારના પ્રભાવે શ્રીપાલ રાજાના અનેક કાર્યો સિદ્ધ થયાં હતાં. આવા શ્રી વિમલેશ્વરદેવ સિદ્ધચક્ર ભગવાન પર શ્રદ્ધા રાખનારા ધીરભક્તોનું કષ્ટનિવારણ કરવા સદા તત્પર હોય છે. આ શ્રી વિમલેશ્વરદેવ અને ચક્રેશ્વરીદેવી સિદ્ધચક્રજીના મુખ્ય અધિષ્ઠાયકો છે. એ સાથે જૈનસંઘમાં મહિમાવંત ધરણેન્દ્ર, પદ્માવતી, જ્વાલામાલિનીદેવી,

● *રાજાએ મયણાસુંદરીને કહ્યું કે, 'હે પુત્રી! શાસ્ત્રોનો અભ્યાસ કરતા જો તમારા હૃદયમાં વિવેકની વૃદ્ધિ થઈ હોય તો મારા પ્રશ્નનું નિરાકરણ એક શબ્દમાં કરો. તે ત્રણ અક્ષરના શબ્દનો પ્રથમ અક્ષર કાઢતાં તે શબ્દનો અર્થ 'જગતને જિવાડનાર' થાય છે, તેના મધ્યનો અક્ષર કાઢતાં તેનો અર્થ 'જગતનો સંહાર કરનાર' થાય છે.*

આ પ્રમાણે સાંભળીને મયણા બોલી કે, 'હે પિતાશ્રી! સાંભળો! આ ત્રણ અક્ષરવાળો (કાજળ નામનો) પદાર્થ મેં મારી આંખોમાં જોયો છે.'

વિસ્તારાર્થ : શબ્દનો પ્રથમ અક્ષર કાઢતા 'જળ' રહે છે, જે સર્વ પ્રાણીઓને જિવાડનાર છે. મધ્યનો અક્ષર કાઢતા 'કાળ' રહે છે, જે જગતનો સંહારક છે. અને અંતિમ અક્ષર કાઢતા 'કાજ' રહે છે. કાજ એટલે કે કામ. તે સહુને વહાલું છે.

ત્રિભવુનસ્વામિની દેવી આદિ ૧૮ દેવી-દેવતાઓની સ્થાપના કરવામાં આવી છે.

છઠ્ઠા વલયમાં સમવસરણની આઠે દિશા (ચાર દિશા - ચાર વિદિશા)માં રક્ષા કરનારી જયા આદિ આઠ દેવીઓની સ્થાપના કરવામાં આવી છે. લઘુશાંતિ સ્તોત્રમાં પ્રથમ ચારદેવીઓની સ્તુતિ કરાઈ છે. આ સ્તોત્રના માધ્યમથી શ્રીમાનદેવસૂરિએ તક્ષશીલાનો મરકી (પ્લેગ)નો ઉપદ્રવ દૂર કર્યો હતો.

સાતમા વલયમાં ૧૬ વિદ્યાદેવીઓની સ્થાપના કરવામાં આવે છે. જીવ અનંતકાળથી સંસારચક્રમાં ભટકે છે તેનું કારણ અવિદ્યા છે. એ અવિદ્યાનો નાશ કરી વિદ્યા પ્રાપ્ત કરવામાં સહાય કરનારી સોળ વિદ્યાદેવીઓ છે. આ વિદ્યાદેવીઓ વિશેષ પ્રકારની જ્ઞાનશક્તિનું સૂચન કરનારી દેવીઓ છે. સંતિકરં, બૃહત્‌શાંતિ, તિજયપહુત આદિ સ્તોત્રોમાં પણ આ સોળ વિદ્યાદેવીઓનું સ્મરણ કરવામાં આવે છે.

આઠમા વલયમાં અનંત ઉપકારી એવા ૨૪ તીર્થંકરોની ભક્તિ કરનારા ૨૪ યક્ષ-યક્ષિણીઓની સ્થાપના કરવામાં આવે છે. આ કુલ ૪૮ યક્ષયક્ષિણીઓ અરિહંત પરમાત્માના પરમ ઉપાસક છે, અને સિદ્ધચક્રયંત્રના કેન્દ્રમાં અરિહંત પરમાત્મા બિરાજમાન હોવાથી સ્વાભાવિકપણે તેઓ સિદ્ધચક્ર ભગવાનના ઉપાસક બન્યા છે.

નવમા વલયમાં ચાર દ્વારપાળો અને ચાર વીરોનું સ્થાપન કરાયું છે. આ વલય દ્વારા વર્તુળાકારયંત્રને કળશાકાર બનાવવામાં આવે છે. કળશાકાર પરિપૂર્ણતાને દર્શાવનાર હોવાથી યંત્રને કળશાકાર બનાવવાની શાસ્ત્રકારોની આજ્ઞા છે. દસે દિશાઓમાં દસ દિગ્‌પાલની સ્થાપના કરવામાં આવે છે. આ કળશાકારના કંઠમાં ચક્રવર્તીના નવ-નિધિઓની સ્થાપના કરવામાં આવે છે. આ સ્થાપનાથી એવું સૂચવાય છે કે, નવપદના ઉપાસકોને આ નિધિઓથી પણ અલૌકિક આત્મઋદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી, કળશના નીચેના ભાગમાં નવગ્રહોની સ્થાપના કરવામાં આવે છે. આ સ્થાપનાના માધ્યમે સૂચવાય છે કે, નવપદના ઉપાસકોને નવગ્રહ સદા અનુકૂળ રહે છે. આ પ્રસિદ્ધ સિદ્ધચક્રયંત્રની આજુબાજુમાં ચાર દેરીઓની સ્થાપના કરવામાં આવે છે. તેમાં તેના મુખ્ય બે અધિષ્ટાયકો વિમલેશ્વરદેવ અને ચક્રેશ્વરીદેવીની સ્થાપના કરવામાં આવે છે. બીજી બે દેરીઓમાં ક્ષેત્રપાલદેવ અને અપ્રસિદ્ધ સિદ્ધચક્ર અધિષ્ટાયકની સ્થાપના કરવામાં આવે છે.

આમ, આ સિદ્ધચક્રયંત્રમાં નવપદ ઉપરાંત સ્વર-વ્યંજન, અનાહત્‌સ્વર, લબ્ધિપદો અને ગુરુપાદુકા આદિ પૂજ્યતત્ત્વો અને ૧૮ અધિષ્ટાયક, જયાદિ આઠ દેવીઓ, ૧૬ વિદ્યાદેવીઓ, તીર્થંકરના અધિષ્ટાયક યક્ષ-યક્ષિણીઓ, દ્વારપાલ-વીર, દશ દિગ્‌પાલ, નવનિધિ-નવગ્રહો આદિનો સમાવેશ થઈ ભવ્યજીવો આગળ એક મનોહારી પૂર્ણ કળશરૂપે સાધકોના હૃદયનું સંમોહન કરે છે. આ સિદ્ધચક્રનું કલ્પવૃક્ષ અને સમવસરણ આકારે ધ્યાન ધરવાનું વિધાન પ્રાપ્ત થાય છે.

આ સિદ્ધચક્રયંત્રની ઉપાસનારૂપે તેનું વિવિધ સામગ્રીઓ દ્વારા પૂજન કરવામાં આવે છે, તે તેનું તંત્ર કહી શકાય. એ જ રીતે આસો અને ચૈત્રમાસની આયંબિલની ઓળીમાં એક વર્ણના ધાન્ય દ્વારા આયંબિલ વગેરેથી ઉપાસના કરવામાં આવે છે, તે પણ તંત્ર કહી શકાય. આ મંત્રની શક્તિ જાગૃત કરવા તેની આકૃતિરૂપે સ્થાપના આવે તે યંત્ર અને આ યંત્રની વિવિધ દ્રવ્યો દ્વારા પૂજા-અર્ચના કરવામાં આવે તે તંત્ર છે. આમ, જિનશાસનમાં નવકારરૂપ ઉત્કૃષ્ટ મંત્ર, સિદ્ધચક્રરૂપ ઉત્કૃષ્ટ યંત્ર અને આયંબિલ ઓળી - સિદ્ધચક્રપૂજન રૂપ ઉત્કૃષ્ટતંત્ર પ્રાપ્ત થાય છે.

આ સિદ્ધચક્ર ભગવાનની ઉપાસનાનું વિધાન શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના કાળમાં થયેલા શ્રીપાલરાજા અને મયણાસુંદરી માટે મુનિચંદ્રસૂરિ મહારાજે આગમોના અર્કરૂપે પ્રગટ કર્યું હતું. મયણાસુંદરીએ ધર્મપક્ષીય જવાબ આપવાથી અસંતુષ્ટ એવા તેના પિતાએ તેના લગ્ન કોઢિયા શ્રીપાળ સાથે કર્યા હતા. ધર્મનિંદાથી દુઃખી એવી મયણાસુંદરીની વિનંતીથી આચાર્ય મુનિચંદ્રસૂરિ મહારાજે આ યંત્ર અને ઓળીની આરાધના દર્શાવી હતી. પ્રથમ આયંબિલે જ શ્રીપાલનો કોઢ શમવા માંડ્યો હતો, એના મૂળમાં શ્રીપાલરાજાએ આ આરાધના સિદ્ધચક્ર ભગવાન કરાવે છે, ગુરુભગવંત કરાવે છે, મારૂં સામર્થ્ય નથી, પરંતુ દેવ-ગુરુની દિવ્યકૃપાથી જ આ આરાધના થાય છે એવો ભાવ સેવ્યો હતો, એ ભાવધર્મ જ મુખ્ય કારણ હતું. આમ, જ્યારે અહંનું વિસર્જન થઈ અર્હમ્‌ની હૃદયમાં સ્થાપના થાય છે, ત્યારે આ નવપદની આરાધના સફળ થાય છે.

આ નવપદ-આરાધનાનો ઉદ્દેશ સાધકોમાં આત્મધ્યાન જાગૃત

પ્રશ્ન : *કર્મનો ઉદય તથા બંધ જીવને કેવી રીતે થાય છે? તે સ્પષ્ટ સમજાવો.*

ઉત્તર : *બાંધ્યાં કર્મ ઉદય આવે છે; જેવે રસે બાંધ્યાં હોય, તેવે જ રસે તથાવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પામીને, પ્રદેશે તથા વિપાકે ભોગવે; તે ભોગવતાં નવાં બંધાય પણ સમભાવે વેદે તો નિર્જરા થાય, અને વિષમ ભાવે એટલે રાગદ્વેષાદિ મલીનભાવે વેદે તો નવાં બંધાય તથા વિષમભાવે ભોગવીને પછી પશ્ચાતાપ કરે તો કર્મબંધનો રસઘાત કરી ચીકાસ મટાડે, તે ઉદયકાળે સુગમતાથી ખરી જાય, અને જો કર્મ વિષમભાવે ભોગવે, દુર્ધ્યાન કરે તો ઉદયકાળે અત્યંત દોહિલાં ભોગવીને ખપાવે; વળી વેદતાં થકાં નવાં કર્મનો ગાઢ બંધ કરે.*

કરવાનો છે. ઉપાધ્યાય યશોવિજયજી શ્રીપાલરાજાના રાસના ચોથા ખંડની સાતમી ઢાળમાં કહે છે;

'એ નવપદ ધ્યાતા થકાં, પ્રગટે નિજ આતમરૂપ રે,
આતમ દરિસણ જેણે કર્યું, તેણે મુંદ્યો ભવભય કૂપ રે.'
(ઢાળ ૭, ગાથા ૩૭)

એ નવપદના ધ્યાનથી પોતાના આત્માનું સ્વાભાવિકરૂપ પ્રગટ થાય છે. જે આત્માએ વિશુદ્ધ એવા જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ઉજ્વલ ગુણને મેળવી આત્મદર્શન કર્યું છે, તેણે સંસારરૂપી કૂવાને ઢાંકી દીધો છે.

આ નવપદની આરાધના પણ પંચપરમેષ્ટિઓએ પ્રાપ્ત કરેલી આત્મશુદ્ધિની અનુમોદના માટે કરવાની હોવાથી એના ફળસ્વરૂપે સાધકોને આત્મદર્શન થાય છે. આ આત્મદર્શનમાં લયલીન સાધકોને આ આત્મદર્શન થયા પછી સંસારથી પર બની જાય છે. ઉપાધ્યાય યશોવિજયજી કહે છે,

આતમજ્ઞાને મગન જે, તે સવિ પુદ્ગલનો ખેલ રે,
ઈન્દ્રજાલ કરી લેખવે, ન મિલે તિહાં દેઈ મન મેલ રે.
(ઢાળ ૭, ગાથા ૩૯)

જે આત્મા આત્મજ્ઞાનની અંદર મગ્ન હોય તે સંસારીદશાને બહારનું નાટક ગણી સ્વભાવમાં લીન રહે છે. તે આત્મા શરીર, ધન, ઇંદ્રિયો સંબંધી સુખદુઃખને પુદ્ગલના ખેલ એટલે કે ઇન્દ્રજાળ સમાન ગણે છે, એનું મન આ સંસારમાં લેપાતું નથી.

આમ, આ નવપદ આરાધનાથી આપણે સૌ સાધકો આત્મધ્યાનને પ્રાપ્ત કરનારા થઈએ એ શુભેચ્છા. ✷ ✷ ✷

ડૉ. અભય દોશી
એ-૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ લેન,
શબરી રેસ્ટોરન્ટ સામે, સાંતાક્રુઝ (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૫૪.
મોબાઈલ : ૯૮૯૨૬૭૮૨૭૮.

વર્તમાનકાળમાં નવપદ-ઉપાસના

આસો અને ચૈત્રમાસમાં નવપદ-ઓળીની આરાધનાની પરંપરા સંઘમાં વર્ષોથી અખંડ ચાલી રહી છે. આ પરંપરામાં આગમોદ્ધારક સાગરાનંદ-સૂરીશ્વજી મહારાજે વિશેષ બળ પ્રેર્યું. તેઓશ્રીને શ્રી સિદ્ધચક્ર ભગવાન પ્રત્યે ખૂબ ભક્તિભાવ હતો. તેમની પ્રેરણાથી આગમમંદિર સંકુલમાં સિદ્ધચક્ર- ગણધર મંદિરમાં આરસની ઉત્તમ કોતરણીવાળું સિદ્ધચક્રયંત્ર સ્થાપિત કરાયું છે. એ જ રીતે પાટણવાવ (સૌરાષ્ટ્ર) સમીપે ઢંકગિરિ તીર્થમાં પણ સિદ્ધચક્રમંદિર સ્થપાયું છે. થાણાના પ્રસિદ્ધ મુનિસુવ્રતસ્વામી દેરાસરમાં પણ સિદ્ધચક્રયંત્ર પાષાણમાં ભવ્યરૂપે આલેખાયેલું જોવા મળે છે.

નમસ્કાર મહામંત્ર ઉપાસક પ. પૂ. પંન્યાસશ્રી ભદ્રંકર વિજયજી ગણિને શ્રી સિદ્ધચક્રભગવાન પ્રતિ હૃદયની ઉત્કૃષ્ટ ભક્તિ હતી. તેમના ભક્ત સુશ્રાવક બાબુભાઈ કડીવાળા નિત્ય સિદ્ધચક્રપૂજનની આરાધના કરતા. તેમનું વિવેચનયુક્ત સિદ્ધચક્રપૂજન અનેક ભવ્યજીવોને માટે પ્રબળ આકર્ષણરૂપ હતું. એ જ રીતે સુશ્રાવક હિમ્મતભાઈ બેડાવાળા નવપદના ગુણોનો સરવાળો ૩૪૬ લોગસ્સનો નિત્ય કાઉસગ્ગ કરી નવપદ ઉપાસના કરતા. ચૈત્રીમાસની ઓળીના પ્રસંગે 'નવપદ આરાધક સમાજ' વિવિધ તીર્થસ્થળોમાં ઓળીની ઉપાસનાનું આયોજન કરે છે. એ જ રીતે અનેક ભવ્ય જીવો ઓળી દરમિયાન આયંબિલ, કાઉસગ્ગ, સાથિયા, ખમાસમણ આદિ દ્વારા નવપદની ઉપાસના કરે છે.

મૂળ અત્યારે પ્રચલિત સિદ્ધચક્રપૂજનનું વિધાન મંત્રપ્રવાદપૂર્વમાં હતું. તેનો પૂર્વાચાર્યોએ ઉદ્ધાર કરી સુરક્ષિત રાખ્યું હતું. તેરમી સદીમાં થયેલા રત્નશેખરસૂરિએ આ વિધાનનો 'સિરિસિરિવાલકહા'માં ગૂંથી લીધું હતું. તેના આધારે આચાર્યદેવશ્રી ધર્મધૂરંધરસૂરીશ્વરજી મ.સા. (નેમિસૂરિ સં.), યશોદેવસૂરીશ્વજી મહારાજ આદિ મુનિભગવંતો તેમ જ વિદ્વાનોની મદદથી સંપાદિત કરી સંઘ સમક્ષ મૂકવામાં આવ્યું હતું. આ પૂજનથી સાધકો વિઘ્નનિવારણ અને આત્મોન્નતિનો અનુભવ કરે છે. એ જ રીતે નવપદની નવ આયંબિલ દ્વારા કરાતી ઉપાસનાથી રોગોથી મુક્તિ થાય છે અને આતંરિક શુદ્ધિ પ્રાપ્ત થાય છે.

આયુર્વેદની દૃષ્ટિએ ચૈત્ર અને આસો માસ રોગોનું ઘર ગણાય છે. ઋતુસંધિના આ કાળમાં અનુક્રમે કફ અને પિતની વૃદ્ધિ થતી હોય છે. આ સમયે રૂક્ષ-કડવું-હલકું ભોજન આરોગ્ય માટે લાભદાયી થાય છે. જેનું આરોગ્ય ઉત્તમ છે, તે ધર્મઆરાધના ઉત્તમ કરી શકે છે. આમ, આ ચૈત્ર અને આસો માસમાં કરાતી નવપદ આરાધના આત્માને ક્રમશઃ આ લોક અને પરલોકમાં સુખસંપત્તિ અને મોક્ષસુખ આપવા સમર્થ છે.

આ નવપદની આપણી સહુની આરાધના વધુ ભાવપૂર્ણ અને ઉત્કૃષ્ટ થાય એ માટે આ ચૈત્રી-ઓળીના અવસરે 'પ્રબુદ્ધજીવન'નો નવપદ-વિશેષાંક પ્રસ્તુત કરી રહ્યા છીએ.

આપણે સહુ શ્રીસિદ્ધચક્રભગવાનની આરાધનાથી આ ભવચક્રનો અંત કરી સિદ્ધપદ પ્રાપ્ત કરનાર થઈએ એ શુભાભિલાષા.

□ સંપાદક

૧
અરિહંત

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા (શ્રી અરિહંતપદ)

શ્રી નવપદના કેન્દ્રમાં અરિહંત પદ છે. અરિહંત એટલે જેણે રાગદ્વેષ જીત્યા છે. અરિહંતો દેવ-દાનવ-માનવથી પૂજ્ય હોય છે. અરિહંત ભગવાન એટલે જેઓ તીર્થની સ્થાપના કરી પોતાના ઉપદેશથી આ જગતને સાચા ધર્મનો માર્ગ બતાવે. આ જગતમાં ધર્મમાર્ગ પ્રવર્તનનો મોટો ઉપકાર કરનારા હોવાથી અરિહંત ભગવાન નમસ્કાર મહામંત્રમાં પ્રથમ પદે બિરાજમાન છે, તો નવપદમાં કેન્દ્રસ્થાને બિરાજમાન છે.

શ્રી સિદ્ધ પરમાત્મા આઠ કર્મોથી રહિત હોવા છતાં બીજા પદે છે, જ્યારે તીર્થંકરો (અરિહંતો) ચાર ઘાતી કર્મોવાળા હોવા છતાં આ જગત પરના ઉપદેશના ઉપકારને લીધે તેઓ પ્રથમ પદને ધારણ કરનારા છે. શ્રી અરિહંત પરમાત્મા અરિહંત બને એમાં તેમની સર્વજીવોનું કલ્યાણ કરવાની આગલા ભવોની સાધના મુખ્ય કારણ હોય છે. તેઓ પૂર્વના ત્રીજા ભવમાં 'સવિ જીવ કરું શાસનરસી,' આ ભાવને ઉલ્લાસપૂર્વક હૃદયમાં ધારણ કરે છે. તેઓ સ્વને પ્રાપ્ત થયેલા આ સંસારસમુદ્રથી પાર થવાના માર્ગને વિશ્વના સર્વ જીવો સુધી પહોંચાડવા ઉત્સુક હોય છે. તેમની આ ઉત્કૃષ્ટ કરૂણા જ તેમને તીર્થંકરનામકર્મ નિકાચિત કરાવે છે.

આ તીર્થંકરનામકર્મના પરિણામે દેવલોકનો ભવ પૂર્ણ કરી માતાના ગર્ભમાં અવતરે છે. એ પ્રસંગ પણ વિશિષ્ટ હોય છે. તેમની માતાને ૧૪ દિવ્ય અને ભવ્ય સ્વપ્નો આવે છે. નવ માસ બાદ તેમનો જન્મ દેવતાઓ ધામધૂમથી ઊજવે છે. તેઓ યુવાવસ્થામાં પણ રાજ્યાદિક ભોગમાં નિર્લેપ રહે છે. યોગ્ય સમયે દીક્ષા ધારણ કરે છે, એ પ્રસંગે પણ દેવો દ્વારા ભવ્ય ઉત્સવ થાય છે. દીક્ષા ધારણ કરેલ અરિહંત પરમાત્મા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. એ પ્રસંગે પણ દેવો દ્વારા અપૂર્વ મહોત્સવ થાય છે. અરિહંત પ્રભુની દેશના માટે વિશાળ સમવસરણ (દેશનાકક્ષ)ની રચના થાય છે. આ સમવસરણમાં દેવો, મનુષ્યો અને તિર્યંચો (પશુ-પંખીઓ) ઉપદેશ સાંભળવા આવે છે. તીર્થંકરો પોતાના પ્રથમ શિષ્યોને ગણધરરૂપે સ્થાપે છે ત્યાં જ ગણધરોને તેઓ ત્રિપદી આપે છે. આ ત્રિપદીની મદદથી ૧૪ પૂર્વ અને બારઅંગ રૂપ શ્રુતજ્ઞાનની રચના કરે છે. કોઈ પણ ધર્મના સંચાલનમાં એ ધર્મના ગ્રંથો અને ધર્મપાલનની વ્યવસ્થા મહત્ત્વનો આધાર હોય છે. આ જ દિવસે તેઓ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની વ્યવસ્થા કરી સુવ્યવસ્થિત સંચાલનનો પાયો રચી આપે છે. પોતાના ઉપદેશ દ્વારા અનેક ભવ્યજીવોનો ઉદ્ધાર કરી અંતે આયુષ્યની પૂર્ણતા નજીક આવે ત્યારે અયોગીપણું સાધી નિર્વાણ પામે છે. આ પ્રસંગે પણ દેવતાઓ અગ્નિસંસ્કાર આદિ ઉચિત ક્રિયા કરી મહોત્સવ કરે છે. આમ, અરિહંત પરમાત્માના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ આ પાંચે ઘટનાઓ સામાન્ય મનુષ્ય કરતાં વિશિષ્ટ હોય છે. આ પ્રસંગે નરકના ગાઢ અંધકારમાં પણ અજવાળું થઈ એક સમય માટે આનંદનો અનુભવ કરાવે છે, એથી જ આ પ્રસંગો કલ્યાણક તરીકે સુપ્રસિદ્ધ છે. અરિહંત પરમાત્માનું સમગ્ર અસ્તિત્વ જ ત્રિભુવનના ધર્માભિલાષી જીવો માટે ઉત્સવ

વિરલ, વિશિષ્ટ અને ઐતિહાસિક અવસર
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણીમાં

।। શ્રી ઋષભ કથા ।।

તા. ૨-૪-૨૦૧૨, સોમવાર સાંજે છ વાગે
આદિ તીર્થંકર ઋષભદેવના પૂર્વભવોની કથા,
અદ્‌ભુત એવા એ સમયના પ્રાગૈતિહાસિક કાળનું નિરૂપણ અને
રાજવી ઋષભનું વૈશ્વિક પ્રદાન

* * *

૩-૪-૨૦૧૨, મંગળવાર, સાંજે છ વાગે
રાજવી ઋષભના જીવનની ઘટનાઓ,
ત્યાગી તીર્થંકર ઋષભદેવનો મહિમા

* * *

૪-૪-૨૦૧૨, બુધવાર, સાંજે છ વાગે
તા. ૪ એપ્રિલના સાંજે ૫ થી ૬ પાટકર હોલના પટાંગણમાં
ચોવિયાર ભોજન માટે શ્રોતાઓને નિમંત્રણ છે.
દેવાધિદેવ ઋષભદેવનો ઉપદેશ,
ચક્રવર્તી ભરતદેવ અને વીર-ત્યાગી બાહુબલિના જીવન પર પ્રભાવ,
સ્વર્ગ-મોક્ષ સાથે આત્મતત્ત્વનું અનુસંધાન,
જૈન, હિંદુ, બૌદ્ધ એમ સર્વ પરંપરામાં પૂજનીય

* * *

સ્થળ : પાટકર હૉલ-ચર્ચગેટ-મુંબઈ

નોંધ : પોતાની ઉપસ્થિતિ માટે જિજ્ઞાસુઓને કાર્યાલયમાં (૦૨૨-૨૩૮૨૦૨૯૬) ફોન કરી નામ નોંધાવવા વિનંતિ.

અગાઉથી નામ રજીસ્ટર કરાવ્યું હશે એ જ જિજ્ઞાસુઓને પ્રવેશ આપી શકાશે.

વિનંતિ : ત્રણે દિવસની કથા **સૌજન્ય : એક જૈન શ્રાવક પરિવાર**

સમાન હોય છે માટે જ શ્રી સિદ્ધસેનસૂરિ વર્ધમાન શકસ્તવમાં પ્રભુ માટે વિશેષણ વાપરતાં કહે છે;

त्रिभुवन भव्यकुल नित्योत्सवाय

(ત્રિભુવનના ભવ્યજીવોના કુળો (પરંપરાઓ) માટે પ્રભુ નિત્ય ઉત્સવ સમા છે.)

આ તીર્થસ્થાપક અરિહંત પરમાત્મા મુખ્ય બાર ગુણોને ધારણ કરનારા હોય છે. આ બાર ગુણોમાં પ્રથમ આઠ ગુણ અષ્ટ-મહાપ્રાતિહાર્ય કહેવાય છે. પરમાત્માની પાછળ શોભતું (૧) અશોકવૃક્ષ, (૨) દેવતાઓ દ્વારા કરાતી પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડલ, (૭) દેવદુંદુભિ, (૮) ત્રણ છત્ર–આ આઠ પરમાત્માની સાથે જ રહેનારા હોવાથી પ્રાતિહાર્ય કહેવાય છે. આ આઠ દિવ્ય પ્રાતિહાર્યોની અપૂર્વ શોભાથી અરિહંત પરમાત્માની ત્રિભુવનપૂજ્યતાનો સામાન્યજનોને અનુભવ થાય છે. આ પ્રાતિહાર્યો પરમાત્માના રૂપસ્થ ધ્યાન માટે ઉપયોગી છે.

અરિહંતપરમાત્માનું કેવળજ્ઞાન ભવ્ય જીવો માટે પરમ ઉપકારક હોવાથી જ્ઞાનાતિશય[૯] કહેવાય છે. તેઓ દેવ, દાનવ, માનવ આદિથી અનેક અતિશયો (વિશિષ્ટ શોભાઓ)થી પૂજાતા હોવાથી તે પૂજાતિશય[૧૦] કહેવાય છે. તેમની વાણી ૩૫ ગુણોથી સુશોભિત હોય છે. આ વાણી મધુર, સરળ અને સર્વ જીવોને સમજાય એવી હોય છે. આથી આ વાણી વચનાતિશય[૧૧] તરીકે પ્રસિદ્ધ છે. અરિહંત ભગવાન કેવળજ્ઞાન બાદ વિહાર કરે ત્યારે સવાસો યોજનના વિસ્તારમાં રોગ, આક્રમણ, દુકાળ, મરકી (પ્લેગ) આદિ ઉપદ્રવો રહેતા નથી. આ વિશિષ્ટતાને અપાયાપગમાતિશય[૧૨] કહેવાય છે. આ બાર ગુણો અરિહંત પરમાત્માના વિશિષ્ટ ગુણો છે.

અરિહંત પરમાત્મા કેવળજ્ઞાનથી નિર્વાણ સુધીના કાળમાં ભાવતીર્થંકર કહેવાય છે. તેમની પૂર્વાવસ્થા અને સિદ્ધાવસ્થા દ્રવ્ય અરિહંત કહેવાય છે. તેઓની પ્રતિમાને સ્થાપના અરિહંત કહેવાય છે, તો તેમનું નામ-નામ અરિહંત કહેવાય છે. આ અરિહંત પરમાત્માના ચારે નિક્ષેપ પૂજનીય-આદરણીય છે. નમુત્થુણં સૂત્રમાં ભાવ અરિહંતની, તે સૂત્રની અંતિમ ગાથામાં દ્રવ્યઅરિહંત, અરિહંત ચેઇયાણં દ્વારા સ્થાપના અરિહંત અને લોગસ્સ સૂત્ર દ્વારા નામ-અરિહંતની ઉપાસના કરવામાં આવે છે.

અરિહંત પરમાત્માના હૃદયમાં આ વિશ્વના સર્વજીવો પ્રત્યે અપાર વાત્સલ્ય રહ્યું હોય છે. પૂર્વના ત્રીજા ભવમાં વીસસ્થાનકની આરાધનાથી આ વાત્સલ્યને આત્મસાત કરે છે. આ વાત્સલ્યથી તેઓ માતા જેમ પોતાના સર્વ બાળકો પ્રત્યે વાત્સલ્ય વહાવે છે, એમ જગતના સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યના પરિણામવાળા બને છે. કેવળજ્ઞાન બાદ મોહરહિત હોવા છતાં તેઓ અપેક્ષા વિના જ સર્વ જીવો પ્રત્યે અપાર સ્નેહને ધારણ કરનારા હોય છે. આ વાત્સલ્યને લીધે જ તેમના લોહી અને માંસ દૂધ સમાન બની જાય છે. આ નિર્મળતાને લીધે અરિહંતભગવાનનું ધ્યાન શ્વેતવર્ણથી કરવામાં આવે છે. એ જ રીતે શ્વેત ચોખાના આયંબિલ દ્વારા તેમની આરાધના કરવામાં આવે છે.

શ્રી અરિહંતપ્રભુએ સન્માર્ગનો ઉપદેશ આપ્યો એ એમનો મુખ્ય ઉપકાર છે. આ સાથે જ આ માર્ગ અનુસાર જીવવાની વ્યવસ્થા સાધુધર્મ અને શ્રાવકધર્મરૂપે દર્શાવી સંઘવ્યવસ્થા આપીને ધર્મમાર્ગ ટકી રહે એવું આયોજન કર્યું છે. એ જ રીતે ગણધરોને શ્રુતજ્ઞાનના બીજ સમાન ત્રિપદી આપીને શાસ્ત્રરચનાઓના મૂળ બન્યા. આથી જ એક કવિએ અરિહંતપ્રભુને 'શ્રુતગંગા હિમાચલ' કહ્યા છે. આવા ઉપકારી અરિહંત ભગવંતનો ઉપકાર માનવાથી જ સાધકની વાસ્તવિક યાત્રા શરૂ થાય છે. આજ સુધી સાધકે અનેકવાર સાધના કરી હોય, પણ 'હું કરું છું' એવું મિથ્યાભિમાન સાધકને સાધનામાં પ્રગતિ કરાવી શકતું નથી. 'આ ઉપકારી અરિહંતો જ મને આ સાધના કરાવી રહ્યા છે' એવો સ્વીકાર મોહનીય કર્મના મૂળ સમા અહંભાવનું વિસર્જન કરાવી સાધનામાં પ્રવૃત્ત કરાવે છે. આ ઉપકારનો સ્વીકાર તે જ વાસ્તવિક ભાવધર્મ છે. આ ભાવ વિનાની ક્રિયાઓ ફળતી નથી. કલ્યાણમંદિરસ્તોત્રમાં શ્રી કુમુદચંદ્રમુનિ કહે છે; यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ભાવશૂન્યક્રિયાઓ ફળતી નથી.

અરિહંત પરમાત્માના આ ઉપકારગુણને વર્ણવવા શાસ્ત્રકારોએ મહાગોપ, મહામાહણ, મહાનિર્યામક, મહાસાર્થવાહ એવી ચાર ઉપમાઓ પ્રયોજી છે.

ગોપાલકો જેમ સર્પ અને જંગલીપ્રાણીઓથી ગાયોનું રક્ષણ કરે છે, અને જ્યાં ઘાસ-પાણી આદિ હોય ત્યાં લઈ જઈ ગાયોનું પોષણ કરે છે તેમ છ જીવ નિકાયરૂપ ગાયોનું અરિહંત પરમાત્મા

પ્રશ્ન : *ચેતના એટલે શું ?*

ઉત્તર : *જ્ઞાન દર્શન સ્વભાવરૂપ આત્મલક્ષણ એટલે સુખદુઃખનું જે ભાન થવું-ચેતવું એટલે સુખે દુઃખે જે ચેતે તેને ચેતના કહિયે, તે જીવનું લક્ષણ છે. હવે તે ચેતનાના મૂળ બે ભેદ છેઃ ૧. જ્ઞાનચેતના, ૨. અજ્ઞાનચેતના, તે મધ્યે અજ્ઞાનચેતના બે પ્રકારે છે તે ૧. કર્મચેતના, ૨. કર્મફળ ચેતના, તેમાં કર્મચેતના તે રાગદ્વેષાદિને વિષે જીવનું પરિણમન જાણવું. અને શુભાશુભ કર્મફળનું વેદવું તે કર્મફળ ચેતના જાણવી; જ્ઞાનચેતનાનો કોઈ ભેદ છે નહિ. તે આત્માના શુદ્ધોપયોગરૂપ શુદ્ધ પરિણતિ સ્પર્શન જ્ઞાનરૂપ છે તે સમ્યગ્‌દૃષ્ટિ આત્માને હોય છે. અને અજ્ઞાનચેતના અશુદ્ધોપયોગના ઘરની વિભાવિક પરિણતિરૂપ મોહિત મિથ્યાદૃષ્ટિ જીવને હોય છે. જ્ઞાનચેતના જીવને પ્રગટે ત્યારે કર્મચેતના તથા કર્મફળ ચેતનારૂપ અજ્ઞાનચેતના ટળે.*

રક્ષણ કરે છે અને નિર્વિઘ્ને નિર્વાણમાર્ગ પર પહોંચાડે છે. આથી અરિહંત ભગવાન મહાગોપ કહેવાય છે.

તેઓ ઉત્કૃષ્ટ અહિંસાધર્મના પ્રરૂપક હોવાથી જગતના જીવોને 'મા–હણ' 'મા–હણ' એવો ઉપદેશ આપનારા હોવાથી 'મહામાહણ' કહેવાય છે.

એ જ રીતે સંસારસમુદ્રમાં મુસાફરી કરનારા જીવોને યોગ્ય માર્ગદર્શન આપનારા કપ્તાન (કુશળ નાવિક) હોવાથી 'મહાનિર્યામક' કહેવાય છે. આ સંસારમાં પ્રતિકૂળ અને અનુકૂળ અનેક પ્રકારના પવન હોય છે, તેમ ધર્મમાર્ગમાં પણ મિથ્યાત્વ અને સમકિતના પવન વાય છે. તેઓ પ્રતિકૂળ મિથ્યાત્વથી બચાવી સમકિતરૂપી અનુકૂળ વાયુ અને જ્ઞાનરૂપી કર્ણધારની મદદથી ભયાનક સંસાર સાગરને પાર કરાવી મોક્ષરૂપ બંદર પર લઈ જાય છે.

શ્રી અરિહંતદેવરૂપી સાર્થવાહ (જંગલથી પાર લઈ જનારા મોટા વેપારી) ભવ્ય આત્મારૂપી મુસાફરોને ધર્મકથારૂપી ઘોષણાઓ વડે માર્ગદર્શન આપે છે. તેઓ સાધુમાર્ગ અને શ્રાવકમાર્ગ જેવા સરળ અને કઠિનમાર્ગે મુક્તિપુરમાં લઈ જાય છે. માર્ગમાં આવતા જંગલી પ્રાણીઓથી રક્ષણ કરે છે એ રીતે રાગદ્વેષથી રક્ષણ કરે છે અને ક્રોધરૂપી અગ્નિ-દાવાનળથી પણ રક્ષણ કરે છે, તેમ જ નિત્ય ઉદ્યમ-રૂપી અપ્રમાદી અશ્વો અને ધ્યાનરૂપી હાથીવાળા રથોની મદદથી મોક્ષનગરની પ્રાપ્તિ કરાવે છે. આથી અરિહંત ભગવાન મહાસાર્થવાહ કહેવાય છે.

નિર્યુક્તિમાં કહેવાયું છે;

अडवीए देसियत्तं, तहेव निज्जामया समुद्धमि
छक्कायरक्खणट्ठा, महगोवा तेण वुच्चंति ।। १ ।।

'સંસારરૂપી વનમાં માર્ગદર્શક હોવાથી, ભવસમુદ્રમાં નિર્યામક હોવાથી અને ભવવનમાં છકાય જીવોના રક્ષણ માટે મહાગોપ હોવાથી, શ્રી અરિહંત દેવો મહાસાર્થવાહ, મહાનિર્યામક અને મહાગોપ કહેવાય છે.'

તેઓ રાગ, દ્વેષ, વિષય, કષાય, પાંચ ઈન્દ્રિયો પરિષહો અને ઉપસર્ગો પર વિજય મેળવનારા હોય છે. તેઓ પ્રજ્ઞાની પૂર્ણ જ્યોતિ સમા સ્વયંસંબુદ્ધ હોય છે અને પોતાના પ્રકાશથી અન્ય ભવ્ય જીવોને તારનારા બને છે. પોતે ઉત્કૃષ્ટ ધર્મનું આચરણ કરે છે અને બીજાઓ માટે ધર્મમાર્ગની પ્રરૂપણા કરે છે.

આમ, અરિહંત પરમાત્મા તેમની તે-તે કાળની અપેક્ષાએ ધર્મના પ્રારંભકર્તા તરીકે ઉપાસ્ય છે. વળી તેમણે પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કર્યું છે, એથી એમના દર્શન–વંદન–ઉપાસના અને ધ્યાન કરનાર ક્રમશઃ પોતે પણ તેમના જેવા જ શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરનારા થાય છે. તેઓ રાગ-દ્વેષ રહિત હોવા છતાં સૂર્ય-ચંદ્ર-નદીની જેમ જ સ્વભાવથી ઉપકારી હોવાથી તેમની ઉપાસના કરનારા અંતે તેમના જેવા જ શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરનાર થાય છે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ નવપદપૂજામા કહે છે;

અરિહંત પદ ધ્યાતો થકી, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપે થાય રે.

(અરિહંતપદના દ્રવ્ય, ગુણ અને પર્યાયનું ચિંતન કરનારો આત્મા ભેદને નષ્ટ કરી અભેદભાવે અરિહંતરૂપે થાય છે.)

આ અરિહંત પદની આરાધનાથી શ્રેણિકરાજા, સુલસા, રેવતી આદિ શ્રાવિકાઓએ તીર્થંકર નામકર્મ બાંધ્યું, તેમ જ ગૌતમસ્વામી આદિ આ અરિહંતોના ઉત્કૃષ્ટ વિનયથી વિશેષ આદરણીય બન્યા અને અનેકજીવો મુક્તિગામી બન્યા.

આવા, પરમોપકારી અરિહંત ભગવંતના ધ્યાન દ્વારા આપણે પણ શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરનાર થઈએ એ શુભાભિલાષા.

✷ ✷ ✷

सम्यक्चारित्रपद

आराहिअखंडिअसक्किअस्स, नमो नमो संजम वीरिअस्स

નામથી જ આ ઉત્તમ પદ છે એમ સૂચવે છે. અથ-રિત્ત=ચારિત્ર કર્મણાં સંચયઃ રિક્તો ભવતિ આત્મા ઉપર કર્મનો સંચય થયેલો છે. તે જેનાથી નાશ થાય તે ચારિત્ર કહેવાય.

ઉત્તમ=શ્રેષ્ઠ, ગુણ એટલે જ્ઞાનાદિ ગુણ ચારિત્ર એ ગુણરત્નની ખાણ છે. ગુણ માટે રોહણાચલ છે. ચારિત્રનો જેમ જેમ અભ્યાસ વધે છે તેમ તેમ નવા ગુણ પ્રગટતા જાય છે.

તેનું સ્વરૂપ શું ? અશુભક્રિયાઓનો ત્યાગ અને શુભક્રિયાનું આચરણ. અશુભ એટલે પાપક્રિયા-જે દુનિયામાં કોઈને પણ રુચિકર ન હોય. અને શુભક્રિયાનું આચરણ એટલે અપ્રમાદ.

પ. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી મ.સા.
(નવપદ પ્રવચનોમાંથી)

શ્રદ્ધા ટકાવવા માટે જ્ઞાનની જરૂર છે

તત્ત્વરુચિવાળો તત્ત્વાવબોધવાળાને અનુસરે છે. શ્રદ્ધા ટકાવવા માટે જ્ઞાનની જરૂર છે. શ્રદ્ધાળુનું જ્ઞાન વખાણવા લાયક છે અને શ્રદ્ધાળુ તે કહેવાય જે જ્ઞાનીને અનુસરે. દર્શન અને જ્ઞાનને ઓળખી શકીશું તો પરમેષ્ઠિઓને ઓળખી શકશું.

રુચિ એ માતા છે. પરમેષ્ઠીઓ એ પિતા છે. પિતાને ઓળખવાનો સાચો ઉપાય માતા છે. જેનામાં આ દર્શનાદિ શક્તિઓ નથી તે પરમેષ્ઠીઓ બની શકતા નથી. જેઓ દર્શનાદિ ગુણો કેળવશે તે જ પરમેષ્ઠિઓને ઓળખી શકશે. પરમેષ્ઠીઓની શક્તિ રૂપી માતાને શરણે જઈએ તો એ માતાઓ આપણને પરમેષ્ઠીરૂપી પિતાની સાચી ઓળખાણ આપી શકશે.

પ. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી મ.સા.
(નવપદ પ્રવચનોમાંથી)

સિદ્ધપદ એ જ આપણું પોતાનું વાસ્તવિક વ્યક્તિત્વ

૨ સિદ્ધ

□ આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરિ

આરાધ્ય એવાં નવપદમાં અરિહંત પદ કેન્દ્ર સ્થાને છે તો સિદ્ધ પદ શિરમોર સ્થાને છે. અરિહંતો કૃતકૃત્ય હોવા છતાં તેમને ચાર અઘાતી કર્મોનો ક્ષય કરીને સિદ્ધત્વની પ્રાપ્તિ કરવાની હજી બાકી હોય છે; જ્યારે સિદ્ધ ભગવંતોના આઠેય કર્મોનો સર્વથા ક્ષય થયેલો હોવાથી અને પોતાનું પૂર્ણ સ્વરૂપ સર્વાંશે પ્રગટ થયેલું હોવાથી એમને હવે કાંઈ પણ કરવાનું અવશેષ રહેતું નથી. એટલે એવું ચોક્કસ કહી શકાય છે કે અરિહંતો સિદ્ધ હોવા છતાં ય સાધક છે જ્યારે સિદ્ધો તો માત્ર સિદ્ધ જ છે.

અરિહંતોને માટે સિદ્ધ પદ આરાધ્ય, ગંતવ્ય અને પ્રાપ્તવ્ય પદ હોય છે; માટે જ દીક્ષાનો સ્વીકાર કરતી વખતે 'નમો સિદ્ધાણં' પદનો ઉચ્ચાર કરીને પોતાની સમગ્ર ચેતનાને અને સમગ્ર પુરુષાર્થને તેઓ સિદ્ધત્વની દિશામાં ઢાળે છે; પરંતુ સિદ્ધોને માટે હવે કોઈપણ પદ આરાધ્ય, ગંતવ્ય કે પ્રાપ્તવ્ય રહેતું નથી. આમ છતાં, અરિહંત પદ અને સિદ્ધપદ એ બંનેયનું આગવું વૈશિષ્ટ્ય છે, જે નય સાપેક્ષ રીતે ચોક્કસ વિચારી શકાય તેવું છે.

અગર જો અરિહંતોએ મોક્ષ-માર્ગની સ્થાપના કરી જ ન હોત તો સિદ્ધ બનનારા આત્મા ક્યા માર્ગનું આલંબન લઈને સિદ્ધ બન્યા હોત? એ જ રીતે, અગર જો જગતમાં સિદ્ધ પદ જ ન હોત કે સિદ્ધપદ પામવાનું જ ન હોત તો અરિહંતોએ ક્યા લક્ષ્યથી એટલે કે, સ્વ-પરને માટે કયા લક્ષ્યપૂર્વક શાસનની આરાધના અને સંસ્થાપના કરી હોત?

સિદ્ધો સિદ્ધ બની શક્યા છે તેમાં અરિહંતોનો અવશ્ય ઉપકાર છે, તો અરિહંતોનો આત્મા અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવ્યો તેમાં, તેમ જ સિદ્ધપદનું લક્ષ્ય બાંધીને તેમણે સ્વકીય આરાધનાની સાથોસાથ શાસન સ્થાપના કરવારૂપ મોક્ષમાર્ગની સ્થાપના કરી તેમાં સિદ્ધ ભગવંતો આલંબન તરીકે ઉપકારક બન્યા છે.

વ્યવહાર નયની અપેક્ષાએ અરિહંત પદનું વિશેષ મહત્ત્વ છે તો નિશ્ચય નયની અપેક્ષાએ સિદ્ધ પદનું વિશેષ મહત્ત્વ છે. પ્રમાણની અપેક્ષાએ તો બન્ને પદોનું, આગળ વધીને નવપદના નવે-નવ પદોનું એટલું જ મહત્ત્વ છે. એમાંના કોઈપણ પદનું મહત્ત્વ ઓછું અંકાય તેમ નથી.

આમ છતાં નવપદ પૈકીના આઠેય પદોની સાર્થકતા સિદ્ધપદની પ્રાપ્તિથી જ થાય છે. અરિહંતપદ, આચાર્યપદ અને ઉપાધ્યાયપદ, સિદ્ધપદને પામવામાં અને પમાડવામાં ઉપકારક બને છે. સાધુપદ સિદ્ધપદને પામવામાં ઉપકારક બને છે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપપદ જ્યાં સુધી ક્ષયોપશમ ભાવરૂપે હોય છે ત્યાં સુધી સિદ્ધપદની પ્રાપ્તિની સાધનારૂપે હોય છે અને એ જ્યારે ક્ષાયિકભાવે પરિણમે છે ત્યારે તે સ્વયં સિદ્ધપદ સ્વરૂપ બની જાય છે. આ બધી દૃષ્ટિએ જોતાં સિદ્ધપદને શિરમોર સ્થાને સ્થાપવામાં આવ્યું છે.

મોક્ષે જનારા પ્રત્યેક ભવ્ય જીવોને અરિહંત પદની પ્રાપ્તિ શક્ય નથી. એટલે બધા ભવ્ય જીવો અરિહંત બને જ એવો કોઈ નિયમ નથી; જ્યારે સિદ્ધપદની પ્રાપ્તિ તો મોક્ષે જનારા પ્રત્યેક ભવ્ય જીવોને અવશ્ય થાય જ છે.

અરિહંત અવસ્થા પરમ ઉપકારક હોવા છતાં તે કર્મજન્ય અવસ્થા હોવાથી એક પ્રકારની 'ઉપાધિકૃત' અવસ્થા છે, જ્યારે સિદ્ધાવસ્થા કર્મરહિત અવસ્થા હોવાથી તે 'નિરુપાધિક' અવસ્થા એટલે જ સ્વાભાવિક અવસ્થા છે.

તીર્થંકર ભગવંતોને તીર્થંકર બનાવનાર તીર્થંકર નામ કર્મનો જ વિપાક છે અને અંતે એમને એ પુણ્ય કર્મનો ય ક્ષય કરવાનો જ હોય છે; જ્યારે સિદ્ધાવસ્થા નિરુપાધિક અવસ્થા હોવાને કારણે એનો ક્યારેય ક્ષય થતો નથી અને એમને એવો કોઈ ક્ષય કરવાનો પણ હોતો નથી.

સિદ્ધાવસ્થા એ સહજ અવસ્થા છે...
એ પૂર્ણ અવસ્થા છે...
એ દ્વન્દ્વાતીત અવસ્થા છે...
એ નિરુપાધિક અવસ્થા છે...
એ નિર્વચનીય અવસ્થા છે...
એ નિરાબાધ અવસ્થા છે...
એ નિત્ય અવસ્થા છે અને
એ અક્ષય અવસ્થા છે...

માટે જ સિદ્ધાવસ્થાનું વર્ણન કરતાં શક્રસ્તવમાં જણાવ્યું છે કે–

सिव-मयल-मरुअ-मणंत-मक्खय-मव्वाबाह-मपुणरावित्ति सिद्धिगइनामधेयं ठाणं

૧-કલ્યાણરૂપ, ૨–અચળ, ૩-રોગરહિત, ૪-અનંત, ૫–અક્ષય, ૬–અવ્યાબાધ, ૭-જ્યાંથી પાછા ફરવાપણું નથી તેવું, ૮-સિદ્ધગતિ નામવાળું સ્થાન છે.

● *આ તપની પૂર્ણાહૂતિના અવસરે સ્વશક્તિ અનુસાર આ તપનો ઉદ્યાપન મહોત્સવ કરવો જોઈએ. આ તપના પ્રભાવથી આત્મા આ ભવ ને પરભવમાં અનેક સુખો ભોગવીને સંસાર સાગરથી પાર ઊતરે છે.*

કવિવર પૂજ્ય પંન્યાસ શ્રી જિનવિજયજી મહારાજે લખ્યું છે કે,

એક અસંખ્ય અનંત અનુચ્ચર, અકલ સકલ અવિનાશી,
અરસ અવર્ણ અગંધ અફાસી, તુહિ અપાશી અનાક્ષી રે.'

તેઓશ્રી જ આગળ લખે છે કે–

'અજર અમર અકલંક અરૂપી, અરસ અગંધ અફાસી,
અગુરુલઘુ અનંત અનુપમ, આતમ–લીલા વાસી,' પરમાનંદ વિલાસી.

સિદ્ધાવસ્થાનું સુખ એ માત્ર દુ:ખાભાવરૂપ નથી, પરંતુ પરમ આનંદરૂપ છે; કારણ કે એ નિરુપાધિક અને નિરાલંબન છે. અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતો જીવ અનંતકાળથી પુદ્‌ગલનાં બંધનમાં હોય છે અને બંધનરહિત અવસ્થાની પ્રાપ્તિ સિદ્ધાવસ્થામાં જ પ્રાપ્ત થાય છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ આ પાંચ પુદ્‌ગલના જ ધર્મો હોવા છતાં કર્મજન્ય પુદ્‌ગલ સંગના કારણે જાણે કે આત્માના જ ગુણ–પર્યાય કે ધર્મો હોય એવું સામાન્ય જનને ભાસમાન થાય છે. રત્નત્રયીની સાધનાના સહારે આત્મા જ્યારે કર્મમુક્ત થાય છે ત્યારે કર્મજન્ય પુદ્‌ગલોનાં તમામ બંધનોથી મુક્ત થાય છે; અને ત્યારે જ એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ-રહિત બને છે. અનંતકાળ પછીની આ સર્વ પ્રથમ અવસ્થાનો પ્રારંભ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિના પ્રથમ સમયથી જ થાય છે અને અનંતકાળ સુધી એ નિર્બંધ અને નિર્મળ અવસ્થા બની રહે છે. આ અવસ્થાને 'સાદિ-અનંત' અવસ્થા તરીકે ઓળખી શકાય છે.

સંસારના જેટલા પણ દુ:ખના પ્રકારો છે; પછી એ શારીરિક, માનસિક, વ્યવહારિક, કૌટુંબિક, આર્થિક, સામાજિક, રાજકીય, આધિભૌતિક, આધિદૈવિક કે આધિમાનસિક હોય... તે પૈકીનો એક પણ દુ:ખનો પ્રકાર આ સિદ્ધાવસ્થામાં ક્યારેય હોતો નથી. એ જ રીતે પુદ્‌ગલજન્ય પરાધીન સુખના જેટલા પણ પ્રકારો છે તે પણ સિદ્ધાવસ્થામાં હોતા નથી. સિદ્ધાવસ્થામાં જે સુખ છે તે સુખ – સ્વાધીન છે, સંપૂર્ણ છે, સદાકાલીન છે, શાશ્વત છે, દુ:ખના અને પરાધીન સુખના અંશથી રહિત છે.

સિદ્ધોનું સુખ એ અનુભૂતિનો વિષય છે. વચનાતીત હોવાને કારણે એ શબ્દનો વિષય બની શકતું નથી. શબ્દોની મર્યાદા છે, સિદ્ધોનું સુખ અમર્યાદ છે.

પ્રાથમિક તબક્કાના સાધકોને સિદ્ધોનું સુખ સમજાવવા નકારાત્મક શૈલી વિશેષ ઉપયોગી બનતી હોય છે. જ્યાં વર્ણ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી, શબ્દ નથી, દ્વન્દ્વાત્મક સ્થિતિ નથી, પરાધીનતા નથી, દેહનું બંધન નથી, કર્મબંધન નથી, ભવભ્રમણ નથી, જન્મ નથી, જરા નથી, મૃત્યુ નથી, રોગ નથી, વિયોગ નથી, વ્યથા નથી, આધિ નથી, વ્યાધિ નથી, ઉપાધિ નથી, હાર નથી, જીત નથી, વિષયોની અવસ્થા નથી, કષાયોનો ઉદ્યમાત નથી, હાસ્ય નથી, રતિ-અરતિ નથી, ભય નથી, શોક નથી, જુગુપ્સા નથી, વેદ (કામવાસના)ની વિડંબના નથી, કોઈની ય પરાધીનતા નથી. જગતની જેટલી પણ નકારાત્મક સ્થિતિ છે, તેનો ત્યાં સર્વથા સદા માટે અભાવ છે અને જગતના ભૌતિક પદાર્થોના સહારે જે શ્રેષ્ઠતમ સુખોની અનુભૂતિ થાય છે, તેના કરતાં અનંતગુણા સુખની અનુભૂતિ કોઈપણ પદાર્થના કે વ્યક્તિના આલંબન વિના સદા કાળ માટે ત્યાં થતી હોય છે.

અનંતજ્ઞાન[૧], અનંતદર્શન[૨], અવ્યાબાધ સુખ[૩], સ્વરૂપ રમણતા[૪], અરૂપી અવસ્થા[૫], શાશ્વતકાલીન સ્થિતિ[૬], અગુરુલઘુપણું[૭], અનંતવીર્ય[૮] ... આત્માના આ આઠે ય ગુણોનું સામ્રાજ્ય સાદિ-અનંતકાળ સુધી સિદ્ધો નિરંતર અનુભવે છે. આ રીતે સિદ્ધના આઠ ગુણ જેમ હકારાત્મક શૈલીમાં બતાવ્યા છે તેમ સિદ્ધના એકત્રીશ ગુણ નકારાત્મક શૈલીમાં પણ બતાવેલા છે.

નકારાત્મક શૈલીમાં સિદ્ધના એકત્રીસ ગુણોનું વર્ણન કરતાં આવશ્યક નિર્યુક્તિમાં જણાયું છે કે,

૧. સિદ્ધોપાંચ પ્રકારના સંસ્થાનોથી રહિત હોય છે–૫
૨. પાંચ પ્રકારના વર્ણોથી રહિત હોય છે–૫
૩. બે પ્રકારની ગંધથી રહિત હોય છે–૨
૪. પાંચ પ્રકારના રસોથી રહિત હોય છે–૫
૫. આઠ પ્રકારના સ્પર્શોથી રહિત હોય છે–૮
૬. ત્રણ પ્રકારના વેદોથી રહિત હોય છે–૩
૭. શરીરથી રહિત હોય છે–૧
૮. સંગથી રહિત હોય છે–૧ અને
૯. જન્મથી રહિત હોય છે–૧
એમ કુલ ૩૧ ગુણો છે.

બીજી રીતે સિદ્ધના એકત્રીશ ગુણોનું વર્ણન કરતાં કહ્યું છે કે,

૧. સિદ્ધો પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મથી રહિત હોય છે–૫
૨. નવ પ્રકારના દર્શનાવરણીય કર્મથી રહિત હોય છે–૯
૩. બે પ્રકારના વેદનીય કર્મથી રહિત હોય છે–૨
૪. બે પ્રકારના મોહનીય કર્મથી રહિત હોય છે–૨
૫. ચાર પ્રકારના આયુષ્ય કર્મથી રહિત હોય છે–૪
૬. બે પ્રકારના નામકર્મથી રહિત હોય છે–૨
૭. બે પ્રકારના ગોત્ર કર્મથી રહિત હોય છે–૨ અને
૮. પાંચ પ્રકારના અંતરાય કર્મથી રહિત હોય છે–૫
એમ કુલ ૩૧ ગુણોથી યુક્ત સિદ્ધો હોય છે.

● *આ પ્રમાણે કમળની આઠ પાંખડીઓના સમૂહવાળું સિદ્ધચક્ર યંત્ર સર્વ યંત્રોના મસ્તક પર મુગટ સમાન છે. એનું વિશુદ્ધ તન અને મનથી આરાધન કરતાં આરાધકોનાં મનોવાંછિત કાર્યો પૂર્ણ થાય છે.'*

સમગ્ર વિશ્વ, વિશ્વના સમગ્ર જીવો અને પદાર્થો, ષડ્દ્રવ્યો, પંચાસ્તિકાયમય જગત આ બધું જ પ્રતિ સમય સિદ્ધોના જ્ઞાન અને દર્શનનો વિષય બને છે. જગતના-લોકાલોકના બધા જ જીવ અને જડ પદાર્થોના બધા જ ભાવો જ્ઞેયરૂપે તેમના જ્ઞાન-દર્શનના ઉપયોગમાં પ્રતિબિંબિત થતા હોવા છતાં એ પ્રત્યેક ભાવોથી સિદ્ધો સર્વથા નિર્લેપ–અલિપ્ત જ હોય છે.

સકળ પદાર્થના અવબોધરૂપ જ્ઞાન[૧] અને દર્શન[૨], સ્વભાવમાં સ્થિરતારૂપ ચારિત્ર[૩], અણાહારી અવસ્થારૂપ તપ[૪], સ્વરૂપમાં જ સ્થિર રહેવાના સામર્થ્યરૂપ આત્મવીર્ય[૫] અને પ્રતિ સમયનો ઉપયોગ[૬]...આ જીવનાં છએ લક્ષણો પૂર્ણરૂપે સિદ્ધોમાં પ્રગટ થયેલાં હોય છે.

અભવ્ય આત્માઓ આ સિદ્ધાવસ્થાને ક્યારે પણ પામી શકતા નથી. દુર્ભવી આત્મા પણ પોતે જ્યાં સુધી દુર્ભવી બન્યા રહે ત્યાં સુધી સિદ્ધાવસ્થાને પામી શકતા નથી. ચરમાવર્તમાં આવેલો ભવ્યાત્મા, ચરમાવર્તકાળ પરિપૂર્ણ થાય ત્યારે સિદ્ધાવસ્થાને પામે છે. આમ છતાં, ચરમાવર્તકાળમાં પણ સિદ્ધાવસ્થાને પામવાનો પુરુષાર્થ 'અપુનર્બંધક અવસ્થા'થી શરૂ થાય છે.

સ્થૂલનયની અપેક્ષાએ વિચારીએ તો, મોક્ષે જનાર પ્રત્યેક ભવ્યાત્માઓનો પ્રતિ સમય પ્રવાસ (પ્રયાણ) સિદ્ધાવસ્થાની દિશામાં જ ચાલતો હોય છે. જો કે આ પ્રયાણ કાળકૃત છે; એ સ્વપુરુષાર્થની નીપજ નથી હોતી. સ્વપુરુષાર્થ અને સમજપૂર્વકનો તે માટેનો ઉત્સાહ તો ચરમાવર્તકાળમાં અને એમાં પણ અપુનર્બંધક અવસ્થા આવ્યા પછી જ થાય છે. સમ્યગ્દર્શન આવ્યા બાદ એમાં ચોક્કસ વેગ આવે છે; જો પૂર્વકૃત નિકાચિત અનુબંધો ન નડે તો સમ્યગ્દર્શનને વરેલો આત્મા વેગપૂર્વક સિદ્ધાવસ્થાની દિશામાં આગળ વધે છે. આવા સાધકને **'નિરપાય યોગી'** કહેવાય છે.

જેમને પૂર્વકૃત નિકાચિત અનુબંધો નડે છે તેવા આત્માઓ સમ્યક્ત્વ પામીને સિદ્ધાવસ્થા તરફ પ્રયાણ કરીને ય પાછા પડે છે; પણ એ અનુબંધો પૂરા થતાં જ તે ઉત્થાન પામી પાછા આગળ વધી જાય છે. આવા સાધકોને **'સાપાય યોગી'** તરીકે ઓળખાવ્યા છે.

સિદ્ધાવસ્થાને પામવાનો માર્ગ એકથી ચૌદ ગુણસ્થાનકનો છે, જે આગમાદિ ધર્મશાસ્ત્રોમાં અનેક સ્થળે વર્ણવાયેલો છે; તો એકથી આઠ દૃષ્ટિનો, જ્ઞાનયોગ અને ક્રિયાયોગરૂપ બે પ્રકારના યોગથી લઈ અધ્યાત્મ આદિ પાંચ પ્રકારના યોગ, સ્થાન-વર્ણાદિ એંસી પ્રકારના યોગ વગેરે અનેક પ્રકારના યોગના માર્ગો અનેક યોગગ્રંથોમાં સિદ્ધપદની પ્રાપ્તિ માટે વર્ણવાયેલા છે.

રત્નત્રયી સ્વરૂપ મોક્ષમાર્ગની સાધનામાં આગળ વધતો સાધક જ્યારે સાતમા ગુણસ્થાનકથી આગળ વધે છે અને ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થાય છે ત્યારે શુક્લધ્યાન અને સામર્થ્યયોગની શરૂઆત થાય છે. એના સહારે ચારે ઘાતી કર્મોનો ક્ષય કરીને એ આત્મા વીતરાગ અને સર્વજ્ઞ-સર્વદર્શી બને છે. ત્યારે અનંતજ્ઞાન[૧] અનંતદર્શન[૨], અનંતચારિત્ર[૩] અને અનંત વીર્ય[૪] આ અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થાય છે. તેરમા ગુણસ્થાનકના અંતે યોગનિરોધ કરીને કેવલી ભગવંતો જ્યારે ચૌદમા ગુણસ્થાનકને સ્પર્શે છે ત્યારે બાકીના ચારે અઘાતી કર્મો–વેદનીય કર્મ, નામકર્મ, ગોત્રકર્મ અને આયુષ્ય કર્મનો પણ ક્ષય કરે છે. આ પ્રક્રિયા પાંચ હ્રસ્વાક્ષરો બોલીએ એટલા જ સમયની હોય છે. તે સમય પૂર્ણ થતાં જ સર્વ બંધનોથી રહિત આત્મા એક જ સમયમાં, તિર્ચ્છાલોકની અપેક્ષાએ સાત રાજલોક ઉપર પહોંચે છે અને ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશ જ્યાં પરિપૂર્ણ થાય છે; જેની પછી ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય વગેરે નથી હોતા, તેવા લોકના અગ્રભાગે તેમના ત્રિભાગ ઊન આત્મપ્રદેશો ગોઠવાય છે. જેની નીચે પીસ્તાળીસ લાખ યોજનની સિદ્ધશિલા હોય છે. અઢી દ્વીપ પ્રમાણ મનુષ્ય-લોકમાંથી જ આત્માઓ આ અંતક્રિયા કરીને સિદ્ધાવસ્થાને પામતા હોય છે. એટલે ભૂતકાળમાં થયેલા અનંતા સિદ્ધો, વર્તમાનકાળમાં થતા સંખ્યાતા સિદ્ધો અને ભવિષ્યકાળમાં થનારા અનંતા સિદ્ધો પીસ્તાળીસ લાખ યોજન પ્રમાણ લોકના અગ્રભાગે આવેલ લોકાકાશમાં આવતા હોય છે. જેની નીચેના ભાગમાં આ સિદ્ધશિલા હોય છે.

સિદ્ધ બનનાર પ્રત્યેક આત્માના આત્મપ્રદેશની અવગાહના સિદ્ધો નિરાકાર હોવા છતાં અંતક્રિયા સમયના દેહની અવસ્થાને અનુરૂપ 'ત્રિભાગ ઊન' હોય છે. છેલ્લા દેહની જે સ્થિતિ મુક્તિગમન વખતે હોય છે તેવા જ આકારમાં પરંતુ બે તૃતિયાંશ જેટલી જગ્યામાં એ આત્મપ્રદેશોની સ્થિતિ ગોઠવાતી હોય છે. આત્મપ્રદેશો ઘન બનવાના કારણે એક તૃતિયાંશ જગ્યા સંકોચાઈ જતી હોય છે.

અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવતા પ્રત્યેક જીવોને માટે કોઈ ને કોઈ એક સિદ્ધ પરમાત્મા અવશ્ય નિમિત્તરૂપ બનતા હોય છે. એ અપેક્ષાએ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવેલા પ્રત્યેક જીવ ઉપર સિદ્ધપદનો પરમ-ઉપકાર છે; અને મોહની પક્કડમાંથી છૂટીને આત્માભિમુખ બનેલા પ્રત્યેક સાધક માટે સિદ્ધપદ એ ગંતવ્ય–પ્રાપ્તવ્ય પદ અને આરાધ્યપદ હોવાથી એ આલંબનરૂપ પદ બને છે.

આ જ અનુસંધાનમાં વિચારીએ તો સિદ્ધ બનનાર પ્રત્યેક આત્મા

- *સિદ્ધચક્ર યંત્રમાં પ્રધાન નવપદની સ્થાપના વિધિને સમજાવતાં ગુરુશ્રીએ કહ્યું, 'ચાર દિશાઓમાં અનુક્રમે સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એમ ચાર પદની તથા મધ્યમાં પાંચમા પદ શ્રી અરિહંતની અને વિદિશાઓમાં અનુક્રમે, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ બાકીના ચાર પદની સ્થાપના કરીને એ નવે પદોની ઉપાસના કરવી.*

અવ્યવહારમાંથી વ્યવહારરાશિમાં આવે છે તેમાં કોઈ એક સિદ્ધ બનનાર આત્મા નિમિત્ત બને છે અને એ સ્વયં જ્યારે સિદ્ધ બને છે ત્યારે એક અવ્યવહાર રાશિના જીવને વ્યવહાર રાશિમાં આવવામાં નિમિત્ત બને છે.

અરિહંતો રૂપવાન–સરૂપી હોવાથી એમનું ધ્યાન સરૂપ-સરૂપી ધ્યાન હોય છે; જેને સાલંબન ધ્યાન કહેવામાં આવે છે. સિદ્ધો રૂપરહિત–અરૂપી હોવાથી એમનું ધ્યાન અરૂપ–અરૂપી ધ્યાન હોય છે, જેને નિરાલંબન ધ્યાન કહેવામાં આવે છે. સાલંબન ધ્યાન કરનારે પણ આગળ વધીને નિરાલંબન ધ્યાનને પામવાનું છે. જ્યારે નિરાલંબન ધ્યાન સિદ્ધ થાય ત્યારે જ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ શક્ય બને છે. નિરાલંબન ધ્યાનને સિદ્ધ કર્યા વિના સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ શક્ય બનતી નથી. આમ છતાં નિરાલંબન ધ્યાનને પામવાનો માર્ગ સાલંબન ધ્યાન જ છે. એટલે સાલંબન ધ્યાનની ઉપેક્ષા કરીને જે કોઈ નિરાલંબન ધ્યાન પામવા જાય છે તેની સ્થિતિ 'अतो भ्रष्टः ततो भ्रष्टः' જેવી થાય છે.

સિદ્ધાવસ્થા એ પ્રત્યેક ચરમાવર્તી ભવ્યાત્માનું ગંતવ્ય સ્થાન છે. નિશ્ચયનયથી વિચારીએ તો સિદ્ધાવસ્થા એક જ પ્રકારની છે. એમાં કોઈ પ્રકાર સંભવતા નથી; આમ છતાં વ્યવહારનયની અપેક્ષાએ સિદ્ધોના પંદર ભેદ બતાવેલા છે; જેમકે–

૧. જિનસિદ્ધ, ૨. અજિનસિદ્ધ, ૩. તીર્થસિદ્ધ, ૪. અતીર્થસિદ્ધ, ૫. ગૃહિસિદ્ધ, ૬. અન્યલિંગસિદ્ધ, ૭. સ્વલિંગસિદ્ધ, ૮. સ્ત્રીલિંગસિદ્ધ, ૯. પુંલ્લિંગસિદ્ધ, ૧૦. નપુંસકલિંગસિદ્ધ, ૧૧. પ્રત્યેકબુદ્ધસિદ્ધ, ૧૨. સ્વયંબુદ્ધસિદ્ધ, ૧૩. બુદ્ધબોધિતસિદ્ધ, ૧૪. એકસિદ્ધ, ૧૫. અનેકસિદ્ધ.

આ ભેદો સિદ્ધાવસ્થાને પામતાં પૂર્વની અવસ્થાને લક્ષમાં લઈને વર્ણવાયા છે. એટલે સિદ્ધ બન્યા પછી સિદ્ધોમાં કોઈ ભેદ રહેતો નથી.

સિદ્ધાવસ્થામાં એક સિદ્ધ જે આકાશ પ્રદેશને અવગાહીને રહ્યા હોય છે તે જ આકાશ પ્રદેશને અવગાહીને બીજા અનંતા સિદ્ધો રહેલા હોય છે; અને ભવિષ્યમાં થનારા અનંતા સિદ્ધો પણ તે તે આકાશ પ્રદેશોને અવગાહીને રહેવાના છે. એ બધા જ અરૂપી અને અવ્યાબાધ સ્વરૂપને વરેલા હોવાથી કોઈને કોઈનાથી કોઈપણ પ્રકારની બાધા પહોંચતી નથી.

અરિહંત કે સિદ્ધમાં પહેલું કોણ? એટલે કે બેયમાં કોણ પહેલાં થયા અને કોણ પછી થયા? એવો પ્રશ્ન થાય તેનો જવાબ એક જ છે કે આ બન્નેય અનાદિકાળથી જ છે. એટલે બેમાંથી કોઈ એક પહેલાં ય નથી અને કોઈ એક પછી ય નથી. કારણ કે, સિદ્ધો ન હોત તો અરિહંત બનનારા આત્મા અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવ્યા ન હોત અને તેમને કોઈ આલંબન જ મળ્યું ન હોત. એ જ રીતે અરિહંત ન હોત તો મોક્ષ-સિદ્ધિપદની પ્રાપ્તિનો માર્ગ જ સ્થપાયો ન હોત અને એ ન સ્થપાયો હોત તો એ જ માર્ગે ચાલીને કોઈ સિદ્ધ પણ ન જ બન્યા હોત એટલે જેમ સંસાર અનાદિનો છે, તેમ મોક્ષ પણ અનાદિનો છે અને મોક્ષમાર્ગ પણ અનાદિનો છે. એથી મોક્ષમાર્ગના સ્થાપકો પણ અનાદિથી છે અને મોક્ષમાર્ગે ચાલીને મોક્ષે ગયેલા સિદ્ધો પણ અનાદિના છે. જેમ અવ્યવહાર રાશિ અનાદિની છે તેમ વ્યવહાર રાશિ પણ અનાદિની છે. આમ છતાં સિદ્ધના બધા આત્માઓની સંખ્યા **'પાંચમે અનંતે'** છે, નિગોદના-અવ્યવહાર રાશિના આત્માઓ **'આઠમે અનંતે'** છે અને વ્યવહાર રાશિના ય બધા આત્માઓ **'આઠમે અનંતે'** (દ્રવ્યલોક પ્રકાશ સર્ગ–૧ ગાથા ૨૦૯) જ છે. આમ છતાં પણ વ્યવહાર રાશિના જીવોની સંખ્યામાં ક્યારે પણ વધઘટ થતી નથી. કારણકે એક આત્મા વ્યવહાર રાશિમાંથી જે સમયે સિદ્ધપદને પામે તે જ સમયે એક આત્મા અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે. એટલે વ્યવહાર રાશિમાં જીવોની સંખ્યામાં કોઈ વધઘટ થતી નથી હા, નિગોદ (અવ્યવહાર રાશિ)ની સંખ્યામાં ઘટાડો જરૂર થાય છે અને સિદ્ધોની સંખ્યામાં વધારો જરૂર થાય છે. આમ છતાં નિગોદ (અવ્યવહાર રાશિ)ની સંખ્યા ક્યારે પણ આઠમે અનંતેથી સાતમે અનંતે થતી નથી અને સિદ્ધોની સંખ્યા ક્યારે પણ પાંચમે અનંતેથી છઠ્ઠે અનંતે થતી નથી.

એક સાથે એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધિપદ પામનારા આત્માઓ એકસોને આઠ હોય છે, જ્યારે જઘન્યથી એક સમયમાં એક આત્મા સિદ્ધિપદને પામે છે. આગળ વધીને સિદ્ધિપદને પામનારા આત્માઓનું ઉત્કૃષ્ટ આંતરું ૬ મહિનાનું હોય છે અર્થાત્ વધુમાં વધુ દર ૬ મહિનામાં જઘન્યથી એક આત્મા તો સંસારથી મુક્ત થઈ અવશ્ય સિદ્ધિપદને પામે છે. તેમ છતાં આજથી અનંતકાળ પૂર્વે જો કેવળજ્ઞાનીને પુછાયું હોય, આજે પુછાય કે આજ પછીના અનંતકાળ બાદ પણ પૂછવામાં આવે તો નિગોદની અને સિદ્ધોની ઉપરોક્ત સંખ્યાની બાબતમાં કેવળજ્ઞાનીનો જવાબ એક જ હતો, છે અને રહેશે કે,

इक्कस्स निगोअस्स अणंतभागो उ सिद्धिगओ ।

'એક નિગોદનો અનંતમો ભાગ જ સિદ્ધિને પામ્યો છે.'

● *'શ્રી કલ્પસૂત્ર'ના કથનાનુસાર ભગવાન શ્રી મહાવીર-સ્વામીજીના નિર્વાણ પહેલાં અગિયાર લાખ ને ચોરાસી હજાર વર્ષે વીસમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીજીનું નિર્વાણ થયું. અને તેમના શાસનમાં શ્રીપાલ મહારાજા થયાનો ઉલ્લેખ મુનિશ્રી જયકીર્તિવિજયજી કૃત સંસ્કૃત ગદ્ય 'શ્રીપાલચરિત્ર'માં 'तस्मिन काले चतुर्धारिके श्रीमुनिसुव्रत-स्वामिवार के मालवदेशे उज्जयिनी नाम नगरी आसीत्' આ રીતે મળે છે. આથી શ્રીપાલ મહારાજાને થયે લગભગ અગિયાર લાખ અને ૯૦ હજાર વર્ષ થયાં હોય એમ સંભવે છે.*

આ સિદ્ધપદ એ આપણું પોતાનું સ્વરૂપ છે, એ જ આપણું પોતીકું સુખ છે, એ જ આપણું પોતાનું જીવન છે, એ જ આપણો સાચો વિસામો અને ઘરનું ઘર છે, એ જ આપણું ગંતવ્ય સ્થાન છે, એ જ આપણું ધ્યેય તત્ત્વ છે, એ જ આપણું આરાધ્ય તત્ત્વ છે, એ જ આપણું ઉપાસ્ય તત્ત્વ છે. આપણી સમગ્ર આરાધના, સાધના, ઉપાસના, ક્રિયા, ઉપદેશ, વક્તવ્ય અને ચેતનાનું લક્ષ્ય બિંદુ જો કોઈ હોય તો તે એક સિદ્ધપદ જ છે.

'નમો સિદ્ધાણં' પદ દ્વારા ભગવાન શ્રી અરિહંત પરમાત્માઓએ જે રીતે પોતાના સમગ્ર ચૈતન્યને, સમગ્ર અસ્તિત્વને, સમગ્ર સાધનાને, સમગ્ર પુરુષાર્થને સિદ્ધત્વની દિશામાં ઢાળી પરમ આર્હન્ત્ય ભાવને સિદ્ધ કરી અગણિત આત્માઓને આર્હન્ત્ય અને સિદ્ધત્વની સંપ્રાપ્તિનો માર્ગ બતાવ્યો તે રીતે આપણે પણ આપણા સમગ્ર ચૈતન્યને, સમગ્ર અસ્તિત્વને, સમગ્ર સાધનાને, સમગ્ર પુરુષાર્થને સિદ્ધત્વની દિશામાં ઢાળીને એના ફળ સ્વરૂપે એ જ સિદ્ધત્વને પામીએ એ જ આત્મ-સંવેદના!

શ્રી પંચપરમેષ્ઠિ ગીતામાં મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સિદ્ધપદનાં ૧૦૮ નામોનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે,

દુહા

સિદ્ધ[૧], પ્રભુ[૨], બુદ્ધ[૩], પારગ[૪], પુરોગ[૫], અમલ[૬] ,અકલંક[૭], અવ્યય[૮], અરોગ[૯];
અજર[૧૦], અજ[૧૧], અમર[૧૨], અક્ષય[૧૩], અમાઈ[૧૪], અનઘ[૧૫], અક્રિય[૧૬], અસાધન[૧૭], અયાઈ[૧૮]. ૬૩

ચાલિ

અનવલંબ[૧૯], અનુપાધિ[૨૦], અનાદિ[૨૧], અસંગ[૨૨], અભંગ[૨૩], અવશ[૨૪],અગોચર[૨૫], અકરણ[૨૬], અચલ[૨૭], અગેહ[૨૮], અનંગ[૨૯], અશ્રિત[૩૦], અજિત[૩૧], અજેય[૩૨], અમેય[૩૩], અભાર[૩૪], અપાર[૩૫], અપરંપર[૩૬], અજરંજર[૩૭], અરહ[૩૮], અલેખ[૩૯], અચાર[૪૦]. ૬૪

દુહા

અભય[૪૧], અવિશેષ[૪૨], અવિભાગ[૪૩], અમિત[૪૪], અકલ[૪૫], અસમાન[૪૬],અવિકલ્પ[૪૭],અકૃત[૪૮], અદર[૪૯], અવિધેય[૫૦], અનવર[૫૧], અખંડ[૫૨], અગુરુલઘુ[૫૩], અચ્યુતાશય[૫૪], અરહ[૩૮], અલેખ[૩૯], અદંડ[૫૫]. ૬૫

ચાલિ

પરમપુરુષ[૫૬], પરમેશ્વર[૫૭], પરમપ્રભાવ[૫૮], પ્રમાણ[૫૯], પરમજ્યોતિ[૩૦], પરમાતમ[૩૧], પરમશક્તિ[૩૨], પરમાણ[૬૩], પરબંધુ[૬૪], પરમોજ્વલ[૬૫], પરમવીર્ય[૬૬], પરમેશ[૬૭], પરમોદય[૬૮], પરમાગમ[૬૯], પરમ[૭૦], અવ્યક્ત અદેશ[૭૧]. ૬૬

દુહા

જગમુગુટ[૭૨], જગતગુરુ[૭૩], જગતતાત[૭૪], જગતિલકુ[૭૫], જગતમણિ[૭૬], જગતભ્રાત[૭૭], જગશરણ[૭૮], જગકરણ[૭૯], જગતનેતા[૮૦], જગભરણ[૮૧], શુભવરણ[૮૨], જગતજેતા[૮૩]. ૬૭

ચાલિ

શાંત[૮૪], સદાશિવ[૮૫], નિર્વૃત[૮૬], મુક્ત[૮૭], મહોદય[૮૮], કેવલ[૮૯], અમૃત-કલાનિધિ[૯૧], કર્મરહિત[૯૨], ભવતીર[૯૩]; પ્રણવબીજ[૯૪], પ્રણવોત્તર[૯૫], પ્રણવશક્તિ[૯૬], શૃંગાર, પ્રણવગર્ભ[૯૭], પ્રણવાંકિત[૯૮], યક્ષ[૯૯], પુરુષઆધાર[૧૦૦]. ૬૮

દુહા

દર્શનાતીત[૧૦૧], દર્શન-પ્રવર્તી[૧૦૨], નિત્યદર્શન[૧૦૩], અદર્શન-નિવર્તી[૧૦૪]; બહુનમન[૧૦૫], નમ્ય[૧૦૬], જગનત[૧૦૭], અનામ[૧૦૮] સિદ્ધના હુંતિ ઇત્યાદિ નામ, ૬૯

આ પ્રત્યેક નામોના અર્થનો જો વ્યવસ્થિત રીતે ઉઘાડ કરાય તો એક મોટો ગ્રંથ બને તેવો છે અને જે સાધકને નિરાલંબન ધ્યાન કરવું છે તેને માટે પરમ ઉપકારક બને તેવું છે. પૂજ્ય મહોપાધ્યાયજી ભગવંતે આ રીતે સિદ્ધ ભગવંતનાં ૧૦૮ નામોનો ઉલ્લેખ કરીને તેમને કરેલા નમસ્કારનું ફળ વર્ણન કરતાં લખ્યું છે, સિદ્ધ ભગવંતના નમસ્કારથી જેનું મન વાસિત હોય તે ધન્ય છે. પૂર્વમાં ઘણું પુણ્ય કરીને આવેલો છે, તેનું વર્તમાન જીવન પાવન થયું છે. આવા સાધકને ક્યારેય આર્તધ્યાન થતું નથી અને તેનો ક્યારેય દુર્ગતિમાં વાસ થતો નથી. ઉલ્લાસપૂર્વક સિદ્ધના નામ સ્મરણનું જ સુકૃત કરે છે તે ભવનો ક્ષય કરે છે.

આ માટે તેઓના જ શબ્દોમાં જોઈએ તો–

ચાલિ

નમસ્કાર તે સિદ્ધને વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તે કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્તધ્યાન તસ નવી હુએ, નવિ હુએ દુરગતિવાસ;
ભવક્ષય કરતાં રે સમરતાં, લહિએ સુકૃત ઉલ્લાસ. ૭૦

છેલ્લે છેલ્લે સિદ્ધપદની પ્રાર્થના કરતાં શ્રી ગણધર ભગવંત રચિત 'નામ સ્તવ' (લોગસ્સ) સ્તોત્રના પવિત્ર શબ્દોનો સહારો લઈને એટલે જ કરીશું કે–

'चंद्रेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा।
सागरवरगंभूरा, सिद्धा सिद्धिं दिसंतु मे।।'

'ચંદ્રો કરયાં ય વધુ નિર્મળ, સૂર્યો કરતાં પણ વધુ પ્રકાશને કરનારા, મહાસાગર કરતાં ય ગંભીર એવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો!' ✷✷✷

● *હવે તે યંત્રની આરાધનાની વિધિને જણાવતાં ગુરુવર્ય બોલ્યા, 'આસો સુદ સાતમથી આ તપને પ્રારંભીને (અખંડ નવ દિવસ) આસો સુદ પૂર્ણિમા પર્યંત શુદ્ધ આયંબિલ કરીને ગુણોના મંદિર સમાન આ સિદ્ધચક્રની આરાધના કરવી.*

જિનશાસનના રાજા : આચાર્ય ભગવંત

૩ આચાર્ય

□ આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી

પરમ પૂજ્ય શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ પૂજ્ય શાસ્ત્રવિશારદ આચાર્ય ભગવંત શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ પૂજ્ય વાત્સલ્યનિધિ સંઘનાયક આચાર્ય ભગવંત શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે જૈન શાસ્ત્રોને સમજવાની પૂર્વભૂમિકા રૂપે 'જૈન તર્કસંગ્રહ' નામે એક ગ્રંથ લખ્યો છે. તેમાં તેઓએ જણાવ્યું છે કે 'देव-गुरु-धर्मास्तत्त्वम्।।' દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વો છે.

જોકે તત્ત્વાર્થ સૂત્રના રચયિતા વાચક શ્રી ઉમાસ્વાતિજીએ તત્ત્વો સાત બતાવ્યા છે, જ્યારે સામાન્ય રીતે પ્રસિદ્ધિ પામેલ તત્ત્વો નવ છે. ૧. જીવ, ૨. અજીવ, ૩. પુણ્ય, ૪. પાપ, ૫. આસ્રવ, ૬. સંવર, ૭. નિર્જરા, ૮. બંધ અને ૯. મોક્ષ. તત્ત્વાર્થસૂત્રકાર શ્રી ઉમાસ્વાતિજીએ પુણ્ય, પાપનો સમાવેશ આસ્રવ તત્ત્વમાં કરીને સાત તત્ત્વો બતાવ્યા છે. પરંતુ સિદ્ધચક્ર ભગવંતની અપેક્ષાએ, પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે બતાવેલ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વ છે. આ ત્રણ તત્ત્વ ઉપર જેને શ્રદ્ધા હોય તેમાં સમ્યગ્દર્શન હોય છે.

આ ત્રણ તત્ત્વો જિનશાસનના સાર રૂપ છે. ત્રણે તત્ત્વોનું અંગત-વ્યક્તિગત વિશિષ્ટ મહત્ત્વ છે. આમ છતાં, એ ત્રણેમાં જિનશાસનને અવિચ્છિન્ન ચલાવનારું તત્ત્વ ગુરુ તત્ત્વ છે. સિદ્ધચક્ર ભગવંતના નવ પદોમાંથી ગુરુ તત્ત્વમાં ત્રણ પદનો સમાવેશ થાય છે. ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. સાધુ. તેમાંય તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં શાસનનું સુકાન સંભાળવાની જવાબદારી આચાર્ય ભગવંતોની છે અને એ કારણથી જ આચાર્ય ભગવંતોને જિનશાસનના રાજા કહેવામાં આવે છે. રાજા હંમેશા સુવર્ણાલંકારથી મંડિત હોય છે, તેથી તેમની આરાધના-ધ્યાન પીળા-પીત વર્ણે કરવામાં આવે છે. વળી એ જ કારણથી આચાર્યપદાર્પણવિધિ સમયે હાજર સર્વ આચાર્ય ભગવંત અને આચાર્યપદ જેમને આપવાનું હોય તેમને પીળા કેશર તથા બાદલા દ્વારા અલંકારરૂપે અંગૂઠાસહિત બંને હાથની દશેય આંગળીઓ ઉપર વીંટી-અંગૂઠી, કંકણ, બાજુબંધ, તિલક, કુંડળ વગેરે કરવામાં આવે છે. એ સિવાય અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠા તથા સૂરિમંત્ર આરાધનાના પ્રસંગોએ આચાર્ય ભગવંતને આ જ પ્રકારે કેશર-બાદલા દ્વારા આભૂષણ કરવામાં આવે છે.

સામાન્યપણે આચાર્ય ભગવંતના છત્રીશ ગુણ બતાવવામાં આવ્યા છે. તે શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાના સુગુરુ સ્થાપના સૂત્ર અર્થાત્ પંચિંદિય સૂત્રમાં આવે છે. તે નીચે પ્રમાણે છે.

પાંચ ઈન્દ્રિયોનું સંવરણ કરવું, (પંચિદિયસંવરણો)–૫, નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડ (ગુપ્તિ)ને ધારણ કરવી–૯. (તહ નવવિહ બંભચેરગુત્તિધરો), ચાર પ્રકારના કષાય (ક્રોધ, માન, માયા અને લોભ)થી મુક્ત હોય–૪, (ચઉવિહ કસાયમુક્કો), એ રીતે અઢાર ગુણથી યુક્ત–(ઇઅ અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો) તથા પાંચે ય મહાવ્રત–પ્રાણાતિપાતવિરમણમહાવ્રત, મૃષાવાદવિરમણ મહાવ્રત, અદત્તાદાનવિરમણ મહાવ્રત, મૈથુનવિરમણ મહાવર્ત તથા પરિગ્રહવિરમણ મહાવ્રત-થી યુક્ત હોય–૫ (પંચ મહવ્વયજુત્તો), પાંચ પ્રકારના આચાર–જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું પાલન કરવામાં અને શિષ્ય તથા સાધ્વીજી અને શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘમાં પાંચે ય પ્રકારના આચારનું પાલન કરાવવામાં સમર્થ–૫ (પંચવિહાયારપાલણસમત્થો), પાંચ સમિતિ–ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ અને પારિષ્ઠાપનિકાસમિતિ તથા ત્રણ ગુપ્તિ–મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ–થી યુક્ત હોય–૮ (પંચસમિઓ ત્તિગુત્તો) એ પ્રમાણે ગુરુભગવંત–આચાર્ય ભગવંત છત્રીશ ગુણોવાળા મારા ગુરુ છે.–૩૬ (ઈઅ છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ)

આચાર્ય ભગવંતના ઉપર બતાવેલા માત્ર છત્રીશ ગુણો જ નથી પરંતુ આ પ્રકારે છત્રીશ-છત્રીશ ગુણોની છત્રીસ છત્રીશી છે એટલે કે કુલ બારસો છન્નુ ગુણો છે. એ માટે આચાર્ય શ્રી વિજયલક્ષ્મીસૂરિકૃત વીશસ્થાનકની પૂજામાં આચાર્યપદની પૂજામાં કહ્યું છે કે–

છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ ।
જિનમત પરમત જાણતા, નમો નમો તેહ સૂરીંદ ।। ૧ ।।
બારસે છન્નુ ગુણે ગુણવંતા, સોહમ જંબૂ મહંતા ।
આયરિયે દીઠે તે દીઠા, સ્વરૂપ સમાધિ ઉલ્લસંતા ।। ૫ ।।

તેથી ઉપર બતાવેલ છત્રીશી સિવાય શ્રીસિદ્ધચક્ર ભગવંતની – નવપદની ઓળીની આરાધનામાં તથા આચાર્ય શ્રી વિજય-લક્ષ્મીસૂરીજીકૃત વિશસ્થાનકની પૂજામાં આચાર્યપદની ચતુર્થ પૂજામાં આચાર્ય ભગવંતના છત્રીસ ગુણો નીચે પ્રમાણે બતાવ્યા છે.

પડિરૂવાદિક ચૌદ ગુણધારી, ક્ષાંતિ પ્રમુખ દશ ધર્મ।
બાર ભાવનાભાવિત નિજ આતમ, એ છત્રીશ ગુણધર્મ।।

૧. પ્રતિરૂપ (સુંદર રૂપવાળા), ૨. સૂર્યસમાતેજસ્વી, ૩. યુગપ્રધાન-

● *હવે તે યંત્રની આરાધનાની વિધિને જણાવતાં ગુરુવર્ય બોલ્યા, 'આસો સુદ સાતમથી આ તપને પ્રારંભીને (અખંડ નવ દિવસ) આસો સુદ પૂર્ણિમા પર્યંત શુદ્ધ આયંબિલ કરીને ગુણોના મંદિર સમાન આ સિદ્ધચક્રની આરાધના કરવી.*

સમાન, ૪. મધુરવાક્ય, ૫. ગાંભીર્ય, ૬. ધૈર્ય, ૭. ઉપદેશ, ૮. અપરિશ્રાવી, ૯. સૌમ્ય, ૧૦, શીલ, ૧૧. અવિગ્રહ, ૧૨. અવિકથક, (વિકથા ન કરનારા) ૧૩. અચપળ, ૧૪. પ્રસન્નવદન, દશ પ્રકારના યતિધર્મ–૧. ક્ષમા, ૨. ઋજુતા, ૩. મૃદુતા, ૪. સર્વાંગમુક્તિ (સંતોષ), ૫. દ્વાદશવિધ તપ, ૬. સપ્તદશવિધ સંયમ, ૭. સત્ય, ૮. શૌચ, ૯. અકિંચન, ૧૦. બ્રહ્મચર્ય તથા બાર ભાવના–૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસારસ્વરૂપ, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિ, ૭ આસ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોકસ્વરૂપ, ૧૧. બોધિદુર્લભ તથા ૧૨. ધર્મદુર્લભ આદિ ભાવનાઓ એ રીતે આચાર્ય ભગવંત છત્રીશ ગુણોથી યુક્ત હોય છે.

ત્રીજી છત્રીશી શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત આચાર્યપદની સજ્ઝાયમાં નીચે પ્રમાણે છે.

દર્શન, જ્ઞાન, ચારિત્રનાજી એકેક આઠ આચાર–૨૪ ।
બારહ તપ આચારનાજી–૧૨, ઈમ છત્રીશ ઉદાર ।।

આઠ પ્રકારના જ્ઞાનચાર, જે નાણંમિ સૂત્ર અર્થાત્ પંચાચાર સૂત્રમાં બતાવવામાં આવ્યા છે. (કાલે ૧, વિણએ ૨, બહુમાણે ૩, ઉવહાણે ૪, તહ ય નિહ્નવણે ૫, વંજણ ૬, અત્થુ ૭, તદુભયે ૮, અટ્ઠવિહો નાણમાયારો।।), આઠ પ્રકારના દર્શનાચાર (નિસ્સંકીય ૧, નિઃકંખીય ૨, નિવ્વિતિ ગિચ્છા ૩, અમૂઢદિટ્ઠિ ૪ અ । ઉવવુહ ૫, થિરીકરણે ૬, વચ્છલ ૭, પભાવણે ૮ અટ્ઠ ।।), આઠ પ્રકારના ચારિત્રાચાર (પણિહાણ જોગજુત્તો, પંચહિં સમિઇહિં–૫, તિહિં ગુત્તિહિં–૩ । એસ ચરિત્તાયારો અટ્ઠવિહો હોઈ નાયવ્વો।।) અને બાર પ્રકારનો તપ અર્થાત્ છ પ્રકારનો બાહ્ય તપ તથા છ પ્રકારનો અભ્યંતર તપ–કુલ બાર પ્રકારનો તપ એમ કુલ છત્રીસ ગુણો બતાવવામાં આવ્યા છે.

પંડિત શ્રી પદ્મવિજયજીકૃત નવપદની પૂજામાં આચાર્યપદની પૂજામાં આચાર્યના છત્રીશ ગુણોની ચાર છત્રીશી નીચે પ્રમાણે બતાવી છે.

૧. નવવિધ બ્રહ્મગુપ્તિ ધરે ૯, વર્જે પાપનિયાણ–૯ ।
વિહાર કરે નવકલ્પ–૯, સૂરિ નવ તત્ત્વના જાણ–૯ ।।

બ્રહ્મચર્યની નવવાડના ધારક–૯, નવ પ્રકારના અશુભ પાપસ્વરૂપ નિદાન અર્થાત્ ધર્મ આરાધના સંબંધી ફળની માંગણીનો ત્યાગ કરનાર–૯, નવકલ્પી વિહાર કરનાર–૯ અને નવ તત્ત્વના જાણ–૯ એમ કુલ છત્રીશ ગુણવાળા આચાર્ય ભગવંત હોય છે.

૨. સત્તાવીશ ગુણ સાધુના–૨૭, શોભિત જાસ શરીર।
નવકોટિ શુદ્ધ આહાર લે–૯, ઇમ ગુણ છત્રીશે ધીર ।।૧।।

સાધુના સત્તાવીશ ગુણ અને નવકોટિ શુદ્ધ આહારના નવ ગુણ મળી આચાર્ય ભગવંતના છત્રીશ ગુણ હોય છે.

૩. જે પ્રગટ કરવા અતિનિપુણ, વર લબ્ધિ અટ્ઠાવીશ ।
અડવિધ પ્રભાવકપણું ધરે, એ સૂરિગુણ છત્રીશ ।।૨।।

અટ્ઠાવીશ લબ્ધિના અટ્ઠાવીશ ગુણ તથા આઠ પ્રકારની પ્રભાવિકતા એ રીતે સૂરિરાજના છત્રીશ ગુણ થાય છે.

૪. તજે ચૌદ અંતર ગ્રંથિને, પરિસહ જિતે બાવીસ।
કહે પદ્મ આચારજ નમો, બહુ સૂરિગુણ છત્રીશ ।।૩।।

ચૌદ પ્રકારની અભ્યંતર ગ્રંથિનો ત્યાગ અને બાવીશ પ્રકારના પરિષહને સારી રીતે અદીનપણે સહન કરે, એ રીતે સૂરિ મહારાજના છત્રીશ ગુણ થાય છે.

ઘણા સ્થાનોએ સૂરિ મહારાજના ગુણોની છત્રીશ છત્રીશીની વાત આવે છે.

વળી કહ્યું છે કે જે આચાર્ય ભગવંતમાં બારસો છન્નુ ગુણ હોય તે ભાવાચાર્ય કહેવાય છે, બાકીના દ્રવ્યાચાર્ય. અને ૧૨૯૬ ગુણોથી યુક્ત યુગપ્રધાન એવા ભાવાચાર્ય તીર્થંકર સમાન છે. આગમશાસ્ત્રોમાં કહ્યું છે કે 'ત્થિયર સમો સૂરિ'. જેનામાં ઉપર કહેલા ૧૨૯૬ ગુણ ન હોય તે દ્રવ્યાચાર્ય કહેવાય અને તે તીર્થંકર સમાન તો ન જ ગણાય પરંતુ તીર્થંકરના ચરણની રજ પણ ન કહેવાય.

વળી ઉપર જણાવ્યું તેમ બારસો છન્નુ ગુણોથી યુક્ત જે યુગપ્રધાન હોય તે જ ભાવાચાર્ય ગણાય છે અને તે જ તીર્થંકર સમાન છે. બાકીના દ્રવ્યાચાર્ય છે. અલબત્ત, આ દ્રવ્યાચાર્યનો પણ ઉચિત વિનય સાચવવો–તે અન્ય સર્વ સાધુ-સાધ્વી, શ્રાવક–શ્રાવિકાની ફરજ છે. આપણે ત્યાં જેમ ભાવનિક્ષેપ મહત્ત્વનો છે તેમ નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપ પણ મહત્ત્વના છે.

તીર્થંકર પરમાત્મા સંબંધી નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપ આત્માનું કલ્યાણ કરે છે. દા. ત. શ્રી આદિનાથ પરમાત્માનો કેવળી પર્યાય માત્ર ૧૦૦૦ વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ હતો. અને માત્ર તેટલો જ કાળ તેઓ ભાવતીર્થંકર તરીકે વિદ્યમાન હતા, પરંતુ તેમનું શાસન તો શ્રી અજિતનાથ પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ત્યાં સુધી ચાલ્યું અર્થાત્ ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી ચાલ્યું અને ત્યાં સુધી મોક્ષમાર્ગ પણ ચાલુ રહ્યો અને અસંખ્ય મનુષ્યો મોક્ષે ગયા. તે તેમના નામનો પ્રભાવ હતો.

તે જ રીતે પ્રભુજીની પ્રતિમા રૂપ સ્થાપના નિક્ષેપનું આલંબન લઈને પણ ઘણાં જીવો મોક્ષે ગયા છે. વળી પ્રભુ પ્રતિમાનું આભામંડળ પણ સામાન્ય મનુષ્યના આભામંડળ કરતાં ઘણું મોટું હોય છે. સામાન્ય રીતે પુરુષનું આભામંડળ ૨.૪ મીટર અને સ્ત્રીનું આભામંડળ માત્ર ૨.૦ મીટર હોય છે. જ્યારે અંજન-શલાકા અર્થાત્ પ્રાણપ્રતિષ્ઠા કરેલ પ્રભુ પ્રતિમાનું આભામંડળ ૨૦ મીટર, ૩૦ મીટર, ૫૦ મીટર યાવત્ ૧૦૦ મીટર જેટલું હોય છે. વળી આ પ્રકારની પ્રભુપ્રતિમાના દર્શન, વંદન અને પૂજન કરવાથી આપણું આભામંડળ પણ વધુ મોટું અને શક્તિશાળી બને છે. અને તે રીતે

● *આમ કુલ એક્યાશી આયંબિલ કરવાથી આ તપ સાડા ચાર વર્ષે પૂર્ણ થાય છે.*

સ્થાપનાનિક્ષેપ સ્વરૂપ પ્રભુપ્રતિમા પણ આપણું કલ્યાણ કરે છે.

તે જ રીતે દ્રવ્ય તીર્થંકર પણ મહત્ત્વપૂર્ણ છે. તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તે પૂર્વે તેઓ દ્રવ્ય તીર્થંકર કહેવાય છે. આવા દ્રવ્ય તીર્થંકર પરમાત્માના જન્મ સમયે માત્ર તેઓનો અભિષેક કરવા દ્વારા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. દીક્ષામાં છદ્મસ્થ અવસ્થામાં તેઓને આહાર વહોરાવવા દ્વારા પણ તે જ ભવમાં કે બે-ત્રણ ભવમાં મોક્ષપ્રાપ્તિ થાય છે. એટલું જ નહિ, કરોડો કે સેંકડો ભવ પૂર્વે પણ આવા દ્રવ્ય તીર્થંકર એટલે કે ભાવિ તીર્થંકરના જીવની સાથે ઘનિષ્ઠ સંબંધ થયો હોય તો તે પણ આત્માનું કલ્યાણ કરે છે. દા. ત. શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના જીવની સાથેમરિચિના ભવમાં કપિલ શિષ્ય સ્વરૂપ ગૌતમસ્વામીનો સંબંધ થયેલ અને તે જીવનું પણ કાલાંતરે કલ્યાણ થયું. અને તે જ મરિચિને તે જ ભવમાં મોક્ષે જનાર તેમના પિતા ચક્રવર્તી ભરત મહારાજાએ ભાવિ તીર્થંકર તરીકે વંદન પણ કરેલ.

આ રીતે નામ, સ્થાપના અને દ્રવ્ય ત્રણે નિક્ષેપો મહત્ત્વના છે. તેથી પૂર્વના મહાન આચાર્ય ભગવંતોના નામ અને ગુણોનું સ્મરણ કરવું જોઈએ. સ્થાપના સ્વરૂપ તેઓની ગુરુમૂર્તિની પૂજા - માત્ર જમણા અંગૂઠે વાસક્ષેપ પૂજા અને બારસો છન્નુ ગુણોમાંથી માત્ર એક ગુણ હોય તેવા દ્રવ્યાચાર્યની પણ ભક્તિ કલ્યાણ કરનારી બની શકે છે.

આચાર્ય પદ આપનાર અને આચાર્ય પદ લેનાર બંને આચાર્ય પદ લેનારની કેટલી અને કેવી યોગ્યતા છે જાણતા જ હોય છે એટલે તે અંગે આપણે કોઈ ટીકા-ટીપ્પણ કરવી ન જોઈએ. આચાર્ય પદ પ્રાપ્ત કર્યા પછી તે પદને યોગ્ય ગુણો કેળવવા પુરુષાર્થ કરવો તેમની ફરજ છે.

આચાર્ય પદના અન્ય ગુણો પ્રાપ્ત કરવા સૂરિમંત્રના પંચપ્રસ્થાનની આરાધના કરવામાં આવે છે. આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ, જેઓએ તેમના જીવનમાં ચોવીશ વખત સૂરિમંત્રના પાંચે પ્રસ્થાનની આરાધના કરેલ અને તે આરાધનાના પ્રભાવે તેઓએ રચેલ શ્રી સંતિકરં સ્તોત્રનો મહાપ્રભાવિક નવસ્મરણમાં સમાવેશ કરવામાં આવ્યો છે, એટલું જ નહિ, સંતિકરં સ્તોત્રનો મહાપ્રભાવિક નવસ્મરણમાં સમાવેશ કરવામાં આવ્યો છે, એટલું જ નહિ સંતિકરં કલ્પમાં જણાવ્યા પ્રમાણે તેની વિધિપૂર્વક સાધના કરવામાં આવે તો પ્લેગ અને કેન્સર જેવા અસાધ્ય ગ્રંથિજ્વર તેનાથી મટી જાય છે. અમારા ગુરુજી પ. પૂ. સત્ત્વશીલ આ. શ્રી વિજય-સૂર્યોદયસૂરિજી મહારાજે તેનો કેટલીય વાર અનુભવ કરાવ્યો છે.

શ્રી સંતિકરં સ્તોત્રની ગાથામાં આ પાંચેય પીઠનાં નામ આપવામાં આવ્યાં છે.

વાણી, તિહુઅણસામિની, સિરિ દેવી, જક્ખરાય ગમિપિડગા।
ગહ દિસિવાલ સુરિંદા, સયાવિ રક્ખન્તુ જિણભત્તે ।।

૧. વાણી અર્થાત્ સરસ્વતી, ૨. ત્રિભુવનસ્વામિની દેવી, ૩. શ્રીદેવી, ૪. યક્ષરાજ ગણિપિટક અને ૫. નવગ્રહ, દશ દિકપાલ, ચોસઠ ઈન્દ્ર (૨૪ યક્ષ, ૨૪ યક્ષિણી, ૧૬ વિદ્યાદેવી આદિ) સ્વરૂપ પાંચમી પીઠના ૧૪૦ દેવી-દેવતા.

પાંચે પીઠના નામ શ્રી સિદ્ધચક્ર ભગવંતના સ્તવનમાં નીચે પ્રમાણે દર્શાવ્યાં છે.

વિદ્યા૧, સૌભાગ્ય ૨, લક્ષ્મી પીઠ ૩, મંત્રરાજ યોગપીઠજી ૪ ।
સુમેરુપીઠ ૫, એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇક્ક...ભવિજન ભજીએજી.

૧. વિદ્યાપીઠ, ૨. સૌભાગ્ય પીઠ–મહવિદ્યા. ૩. લક્ષ્મી પીઠ–ઉપવિદ્યા, ૪. મંત્રરાજ યોગ પીઠ, ૫. સુમેરુ પીઠ

સૂરિમંત્ર જિનશાસનનો વિશિષ્ટ મહાપ્રભાવિક મંત્ર છે. જેની આરાધના-સાધના-મંત્રજાપ કરવાનો અધિકાર માત્ર આચાર્ય ભગવંતનો છે. આચાર્ય ભગવંત સિવાય કોઈ પણ સાધુ કે સાધ્વી અથવા શ્રાવક–શ્રાવિકા સૂરિમંત્રનો જાપ કરતા નથી. આ સૂરિમંત્રમાં ઉપર બતાવ્યા પ્રમાણે પાંચ વિભાગ છે.

પ્રથમ વિભાગમાં વાણી અર્થાત્ સરસ્વતી દેવીની આરાધના છે. પરંતુ તેના કોઈ પણ મંત્રમાં ક્યાંય સરસ્વતી દેવીના નામનો ઉલ્લેખ નથી. અલબત્ત, તેના સ્થાને જ્ઞાન સંબંધી વિશિષ્ટ લબ્ધિ તથા લબ્ધિવાન મહાપુરુષોને નમસ્કારસ્વરૂપ એ મંત્રો છે. આ મંત્રના જાપ દ્વારા જ્ઞાનાવરણીય અને તેમાંય ખાસ કરીને મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે અને આગમોનાં રહસ્યો હસ્તામલકવત્ પ્રત્યક્ષ થાય છે. (હસ્તામલકનો અર્થ હાથમાં રહેલ આમળું લેવાનો નથી. પરંતુ હસ્ત એટલે હાથ–હથેળી, અમલ એટલે નિર્મળ-સ્વચ્છ અને ક એટલે પાણી અર્થાત્ હથેળીમાં રહેલ નિર્મળ જળ લેવાનો છે. આ અર્થ પ. પૂ. વાત્સલ્યનિધિ સંઘનાયક આચાર્ય ભગવંત શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ તથા અમારા ગુરુદેવ પ. પૂ. સાત્ત્વિકશિરોમણિ આ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ કલ્પસૂત્રના વ્યાખ્યાનમાં જણાવતા હતા.) શ્રી સરસ્વતી દેવીની આરાધના એકવીશ દિવસની હોય છે.

બીજા વિભાગમાં શ્રી ત્રિભુવનસ્વામિની દેવીની આરાધના કરવામાં આવે છે. આ વિભાગના મંત્રમાં પણ ક્યાંય ત્રિભુવનસ્વામિની દેવીનું નામ આવતું નથી. તેને બાહુબલી વિદ્યા પણ કહેવામાં આવે છે. આ મહાવિદ્યા પીઠની આરાધના કરવાથી સૌભાગ્ય નામકર્મનો વિશેષ પ્રકારે ઉદય થાય છે. અને સૌભાગ્ય કહેતાં તેની સાથે આદેય અને યશ નામકર્મનો પણ ઉદય થાય છે. આ પીઠની આરાધના કરનાર આચાર્ય ભગવંતનું વાક્ય / આદેશ

● *આ સિદ્ધચક્રની ઉપાસનાના ઇહલૌકિક ફળો આ પ્રમાણે છે કે, એના ઉપાસકની આ ભવમાં સંપૂર્ણ વિશ્વમાં અખંડ આજ્ઞા પ્રવર્તે છે. વળી જેવી રીતે પ્રચંડ પવનથી વાદળો વીખરાઈ જાય છે તેમ ઉપાસકના રોગ, દુર્ભાગ્ય આદિ સર્વ દુઃખો ઉપશાન્ત થઈ જાય છે.*

સર્વમાન્ય અને સર્વગ્રાહ્ય બને છે. આ સાધના ૧૩ અથવા ૧૪ દિવસની હોય છે.

ત્રીજા વિભાગમાં શ્રીદેવીની આરાધના કરવામાં આવે છે. સરસ્વતી દેવી વિદ્યા-શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી છે, તો શ્રીદેવી ધન-દોલત-સંપત્તિની અધિષ્ઠાત્રી દેવી છે. આ પીઠને લક્ષ્મી પીઠ પણ કહે છે. ઘણા લોકો શ્રીદેવીને લક્ષ્મી દેવી કહે છે પરંતુ વાસ્તવમાં શ્રીદેવી અને લક્ષ્મી દેવી બંને અલગ અલગ છે. શ્રીદેવી જંબુદ્વીપના ભરત ક્ષેત્રની ઉત્તરે આવેલ લઘુ હિમવાન્ પર્વત ઉપરના પદ્મ સરોવરમાં રહેલ છે, જયારે લક્ષ્મી દેવી ઐરવત ક્ષેત્રની દક્ષિણે આવેલ શિખરી પર્વત ઉપરના પુંડરિક નામના સરોવરમાં રહેલ છે. અલબત્ત, શ્રીદેવી અને લક્ષ્મી દેવી બંનેનું સ્વરૂપ એક સરખું જ છે, અને બંને ધન-દોલત–સંપત્તિની અધિષ્ઠાત્રી છે. તે કારણથી લોકોમાં આ પ્રકારની ગેરસમજ પ્રવર્તે છે.

બૃહત્ શાંતિ સ્તોત્ર (મોટી શાંતિ)માં પણ ૐ શ્રી હ્રી ધૃતિ મતિ કીર્તિ કાંતિ બુદ્ધિ લક્ષ્મી વિદ્યાસાધન પ્રવેશન નિવેશનેષુ સુગૃહીતનામાનો જયન્તુ તે જિનેન્દ્રાઃ।। ગાથામાં પણ શ્રીદેવી અને લક્ષ્મી દેવીને અલગ અલગ બતાવી છે. આ ગાથાની શરૂઆતમાં આવેલ ૐ પછી શ્રી અને પછી હ્રી શબ્દ આવે છે, પરંતુ હ્રી પછી શ્રી આવતો નથી અને બંને મંત્રાક્ષરો નથી પણ દેવીઓના નામ છે.

ત્રીજી પીઠિકામાં શ્રીદેવીની આરાધના ૨૫ દિવસની છે.

ચોથા વિભાગમાં ગણિપિટક યક્ષરાજની આરાધના છે. જે રીતે સરસ્વતી દેવી શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી છે તે જ રીતે ગણિપિટક યક્ષરાજ દ્વાદશાંગીના અધિષ્ઠાતા દેવ છે. તેમની આરાધના આઠ દિવસની છે.

પાંચમા વિભાગમાં ચોસઠ ઈન્દ્ર (ઈન્દ્રાણી), ચોવીસ યક્ષ, ચોવીસ યક્ષિણી, સોળ વિદ્યાદેવી, જયા વગેરે સાત દેવી (જયા, વિજયા, જયંતા, અપરાજિતા, જયનેતી, નંદા અને ભદ્રા), નવ ગ્રહ, દશ દિકપાલ, નવ નિધાન, ગુરુપાદુકા આદિ સહિત ૨૪ તીર્થંકર, ૧૪૫૨ ગણધર ભગવંત આદિની આરાધના કરવામાં આવે છે. આ પીઠને સુમેરુ પીઠ કહે છે. તેની આરાધના સોળ દિવસની છે.

સૂરિમંત્રની પાંચે પીઠિકાની આરાધનાના કુલ દિવસ ૮૪ થાય છે. મંત્રશાસ્ત્ર પ્રમાણે તપ વગર જપ ફળતો નથી. તેથી સૂરિમંત્રની આરાધનામાં પણ અવશ્ય તપ કરવું પડે છે. પ્રથમ ચાર પીઠિકાની આરાધનામાં પહેલા અને છેલ્લા દિવસે ઉપવાસ કરવાનો હોય છે અને વચ્ચેના દિવસોમાં સૂરિમંત્રકલ્પમાં બતાવ્યા પ્રમાણે લુખ્ખી નીવિ અને આયંબિલ કરવાના હોય છે. છેલ્લી પીઠિકામાં સોળે સોળ દિવસ આયંબિલ કરવાના હોય છે. છેલ્લી પીઠિકામાં સંપૂર્ણ મૌન અને કોઈપણ વ્યક્તિનો સ્પર્શ સુદ્ધાં કરવાનો હોતો નથી અને તે દિવસોમાં કોઈપણ સ્ત્રી-બાલિકાનું મુખ પણ જોવાઈ ન જાય અર્થાત્ સ્ત્રીનો પડછાયો/ઓછાયો પણ પડવો ન જોઈએ. તથા પાંચમી પીઠિકાના મંત્રનો એક લાખ જાપ કરવાનો હોય છે.

સૂરિમંત્રની આરાધનામાં ચોવીશ તીર્થંકર અને ગણધર ભગવંતો સિવાય ઘણા દેવ-દેવીની આરાધના આવે છે, તો કોઈકને પ્રશ્ન થાય કે આચાર્ય ભગવંતો તો છઠ્ઠા ગુણસ્થાનકે હોય છે એટલું જ નહિ તેઓ પંચપરમેષ્ઠિના ત્રીજા પદે બિરાજમાન છે તો તેઓએ તેમની કક્ષાથી નીચેની કક્ષામાં એટલે કે ચોથા ગુણસ્થાનકે રહેલ દેવ-દેવીની સાધના શા માટે કરવી જોઈએ? જોકે ગુણની દૃષ્ટિએ સાધુ ભગવંતો અને આચાર્ય ભગવંતો કરતાં દેવ-દેવી નીચલી કક્ષામાં આવે છે. આમ છતાં શક્તિ અને ઐશ્વર્યની દૃષ્ટિએ તેઓ સાધુ-સાધ્વી અને આચાર્ય ભગવંતો કરતાં ઘણા આગળ છે અને જિનશાસનને ચલાવવા માટે, અન્ય પરંપરાના દેવ–દેવીઓ તરફથી ક્યારેક કોઈ ઉપદ્રવ–ઉપસર્ગ થાય તો તેની સામે રક્ષણ પ્રાપ્ત કરવા સૂરિમંત્રમાં વિશિષ્ટ સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીની ઉપાસના કરવામાં કાંઈ ખોટું કે શાસ્ત્રવિરુદ્ધ નથી.

બીજી વાત પૂર્વના મહાન આચાર્ય ભગવંતો કે સાધુ ભગવંતોએ પણ ચતુર્થ ગુણસ્થાનકે રહેલ શ્રી સરસ્વતી દેવીની આરાધના / સાધના કરેલ છે. શ્રી બપ્પભટ્ટીસૂરિજી, કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી આદિએ શ્રી સરસ્વતી દેવીની આરાધના કરીને તેમને પ્રત્યક્ષ કર્યા હતા અને વરદાન પણ પ્રાપ્ત કરેલ. એટલે સાધુ ભગવંત કે આચાર્ય ભગવંતોએ પણ જ્ઞાનની વૃદ્ધિ માટે, પોતાના જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમ વધારવા માટે સરસ્વતી દેવીની સાધના /મંત્રજાપ તપસહિત અવશ્ય કરવો જોઈએ.

ત્રીજી વાત માની લો કે આચાર્ય ભગવંત કે સાધુ-સાધ્વી માટે ઉપર બતાવ્યું તે પ્રમાણે કદાચ જ્ઞાનપ્રાપ્તિ માટે સરસ્વતી દેવીની આરાધના તો શાસ્ત્ર પ્રમાણે અને તર્ક પ્રમાણે યોગ્ય અને ઉચિત ગણાય. પરંતુ જિનશાસનમાં ત્રીજા પદે બિરાજમાન આચાર્ય ભગવંતોએ શ્રીદેવીની આરાધના શા માટે કરવી જોઈએ? શ્રીદેવીની આરાધના એકાંતે લક્ષ્મીની પ્રાપ્તિ માટે જ છે, લક્ષ્મી તો મહાન અનર્થ કરનારી છે, તો કંચન-કામિનીના ત્યાગી, પાંચ મહાવ્રતધારી આચાર્ય ભગવંતે શા માટે શ્રીદેવી કે લક્ષ્મી દેવીની આરાધના કરવી જોઈએ?

● *જેવી રીતે સપ્રમાણ મસાલાઓ નાંખીને બનાવેલા ભોજનમાં એક એવી શક્તિ ઉત્પન્ન થાય છે કે જેથી તે ખાનારની ક્ષુધા તો શાંત કરે જ છે, પરંતુ સાથે સાથે શરીરની ધાતુઓની પણ પુષ્ટિ કરે છે. તેવી રીતે દ્રવ્યશુદ્ધિ અને ભાવશુદ્ધિ ઉભયથી યુક્ત કરેલી આરાધનામાં પણ એક એવી શક્તિ પેદા થાય છે કે જેનાથી તેના આરાધકને તો લાભ થાય જ છે, પરંતુ આરાધનામાં નહીં જોડાયેલા અન્ય લોકોને પણ તેના સંપર્કથી તેનો લાભ થઈ રહે છે.*

આચાર્ય ભગવંતને પોતાના કોઈ જ અંગત કાર્ય માટે લક્ષ્મીની આવશ્યકતા નથી. આમ છતાં જિનશાસનની પ્રભાવના કરવા માટે અન્ય અનેક કાર્યો માટે શ્રાવકો દ્વારા લક્ષ્મીનો સદ્‌વ્યય કરાવવાનો હોય છે અને તેમના સંપર્કમાં આવનાર શ્રાવક સંપત્તિવાન્ નહિ હોય તો એ શાસનનાં કાર્યોમાં કઈ રીતે લક્ષ્મીનો વ્યય કરી શકશે ? એટલે એ શ્રાવકોને સંપત્તિવાન્ કરવા માટે સૂરિ ભગવંતે શ્રીદેવીની આરાધના કરવી જોઈએ.

અહીં પ્રશ્ન એ થાય કે શ્રાવક કે કોઈપણ મનુષ્યને લક્ષ્મીની પ્રાપ્તિ પૂર્વભવનાં પુણ્યથી થાય છે. પૂર્વભવની પુણ્યાઈ ન હોય તો લક્ષ્મી પ્રાપ્ત થતી નથી, ચાહે ગમે તેટલો પુરુષાર્થ પરિશ્રમ કરે. સૂરિમંત્રના આરાધક–તૃતીય પીઠના સાધક આચાર્ય ભગવંતના સંપર્કમાં આવનાર મનુષ્ય શ્રાવક લક્ષ્મીવાન્ કઈ રીતે બને ? શું એ શક્ય છે ખરું ? તો તેનો જવાબ છે–'હા.'

સૂરિમંત્રના સાધક આચાર્ય ભગવંતો ઉપર અને દેવ-ગુરુ-ધર્મ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખનાર શ્રાવક કે અન્ય કોઈપણ મનુષ્ય તેઓના સંપર્કમાં આવે તો વહેલો મોડો અવશ્ય તે જ્ઞાનવાન્ કે લક્ષ્મીવાન્ બને જ છે. જો તે મનુષ્યના પૂર્વભવનાં જ્ઞાનાવરણીય કે અંતરાય કર્મ પ્રબળ હશે તો તેનો ક્ષયોપશમ થતાં વાર લાગશે પરંતુ જો હળવા હશે તો તુરત ટૂંક સમયમાં જ સૂરિ ભગવંતની ભક્તિ અને સંપર્કનું ફળ પ્રાપ્ત થશે.

શું સૂરિ ભગવંત કે સાધક મહાત્માઓના સંપર્કથી આ રીતે જ્ઞાનાવરણીય કે અંતરાય કર્મનો ક્ષયોપશમ થાય ખરો ? તો તેનો જવાબ છે–'હા.'

મારા પોતાના અનુભવ પ્રમાણે મારી દશ-બાર વર્ષની ઉંમરમાં વિ. સં ૨૦૨૧માં અમારા ગુરુદેવ પ. પૂ. આચાર્ય શ્રી વિજયસૂર્યોદય-સૂરીશ્વરજી મ.સા. તે વખતે માત્ર મુનિ અવસ્થામાં હતા, મતલબ કે ગણિ, પંન્યાસ, ઉપાધ્યાય કે આચાર્ય થયા નહોતા ત્યારે, પાઠશાળામાં રોજની માત્ર બે-ત્રણ ગાથા કંઠસ્થ કરનાર મેં તેમની પાસે એક જ દિવસમાં શ્રી સંતિકરં સ્તોત્રની દશ ગાથા કંઠસ્થ કરેલ અને સમગ્ર જીવન દરમ્યાન ક્યારેય તેનું વિસ્મરણ થયું નથી. જ્યારે બાકીની ત્રણ ગાથા વારંવાર ભૂલી જવાતી હતી.

આર્ય વજ્રસ્વામીના જીવનનો પ્રસંગ પણ આ વાત સિદ્ધ કરે છે. આર્ય મહાગિરિ મહારાજ અને આર્ય ધનગિરિ મહારાજની વાચના/સૂત્રપાઠ કરતાં આર્ય વજ્રસ્વામી વાચન/સૂત્રપાઠ આપતા ત્યારે તે સરળતાથી સર્વે સાધુ મહારાજને યાદ રહી જતો અને જલ્દી સમજાઈ પણ જતો હતો.

તે જ રીતે સૂરિ મહારાજની આરાધના-સાધના-મંત્રજાપથી થયેલા પોતાના જ્ઞાનાવરણીય અને અંતરાય આદિ કર્મોના ક્ષયોપશમ દ્વારા તેમના સંપર્કમાં આવનાર આશીર્વાદ પ્રાપ્ત કરનાર અન્ય મનુષ્યો તો ખરા પણ તિર્યંચ-પશુ-પક્ષીના પણ કર્મોનો કાંઈક અંશે ક્ષયોપશમ થાય છે અને એ જ્ઞાનવરણીય/અંતરાય આદિ કર્મોનો ક્ષયોપશમ થતાં આપોઆપ જ્ઞાન અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

પરંતુ આજનું વિજ્ઞાન – શબ્દ વિજ્ઞાન / ધ્વનિ વિજ્ઞાન આ બાબતમાં શું કહે છે તે જોઈએ.

મંત્રશાસ્ત્ર પણ એક વિશિષ્ટ વિજ્ઞાન છે. મંત્રશાસ્ત્રમાં મંત્રમાં આવેલ અક્ષરો સ્વરવ્યંજન અને તેના સમૂહ સ્વરૂપ શબ્દોના ધ્વનિનું જ ખરું મહત્ત્વ છે. તેના અર્થ સાથે બહુ સંબંધ નથી. અલબત્ત, મંત્રનો અર્થ આપણે જાણતા હોઈએ તો સારું, પરંતુ ન જાણતા હોઈએ તો એથી કોઈ નુકશાન નથી જ.

સૂરિમંત્રના સંદર્ભમાં વિચારીએ તો પ્રથમ પીઠિકાના લબ્ધિપદગર્ભિત મંત્રો સિવાય અન્ય ચાર પીઠિકાના મંત્રોના શબ્દોના કોઈ ચોક્કસ અર્થ બતાવવામાં આવ્યા નથી અને તેની પ્રાયઃ કોઈને જાણ પણ નથી. આમ છતાં તેના જાપનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. એ મંત્રોનો ધ્વનિ જ મહત્ત્વનો છે.

સૂરિમંત્ર એ નમસ્કાર મહામંત્ર સિવાય અન્ય સર્વે વિશિષ્ટ સિદ્ધિ આપનારા મંત્રોમાં શિરોમણિ મંત્ર છે. આ મંત્રનો જાપ કરનારા સૂરિ ભગવંતના કર્મોનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય અને સાથે સાથે વિશિષ્ટ પુણ્ય કર્મ–શુભ કર્મનો અનુબંધ પણ થાય છે. અને તે રીતે મંત્રજાપ દ્વારા આપણા આભામંડળની શુદ્ધિ થાય છે અને આભામંડળ વિસ્તૃત પણ થાય છે અને આભામંડળના અવગ્રહ/મર્યાદામાં આવનાર વ્યક્તિના મન અને શરીર ઉપર પણ તેની અસર થાય છે.

મંત્રજાપ દ્વારા આભામંડળની શુદ્ધિ અને વિસ્તૃતિકરણ–એ વૈજ્ઞાનિક સત્ય છે.

સૂરિમંત્રની આરાધના / સાધના દ્વારા આચાર્ય ભગવંત માત્ર પોતાના આત્માનું જ હિત કરતા નથી પરંતુ સમગ્ર સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘનું કલ્યાણ કરે છે અને એથી ય આગળ વધીને પોતાના સંપર્કમાં આવનાર મનુષ્ય માત્ર અને તિર્યંચ, પશુ-પક્ષી, જીવજંતુ આદિ સમગ્ર જીવસૃષ્ટિનું કલ્યાણ કરે છે.

અને આવા ભાવાચાર્ય તીર્થંકર સમાન ગણાય છે અને તેઓ તે જ ભવમાં કે આગામી ત્રણ, પાંચ કે સાત-આઠ ભવમાં નિઃશંકપણે તીર્થંકર નામ કર્મનો અનુબંધ કરી / નિકાચિત કરી, તીર્થંકર થઈ સર્વ જીવોને હિતકારી તીર્થનું પ્રવર્તન કરી મોક્ષ પામે છે.

ચૈત્રી અને આસો માસની શાશ્વતી ઓળીમાં આવા આચાર્ય પદનું આરાધન કરીએ અને આત્મકલ્યાણ કરીએ એ જ મંગલ શુભાશિષ / શુભેચ્છા. ✷✷✷

● *શ્રી સિદ્ધચક્રજીની શુદ્ધ રીતે આરાધના કરતાં કરોડો મનોવાંછિત પૂર્ણ થાય છે, માટે જ રાસકર્તા મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ હાથ જોડીને કહે છે, 'શ્રી સિદ્ધચક્રજી મારા મનમાં વસી ગયા છે.'*

જિનશાસનના યુવરાજ ઉપાધ્યાય ભગવંતો

૪ ઉપાધ્યાય

નવપદમાં પ્રથમ દેવતત્ત્વ પછી ગુરુતત્ત્વ આવે છે. આ ગુરુતત્ત્વના ત્રણ પદોમાં મધ્યસ્થ પદ ઉપાધ્યાયપદ છે. આ ઉપાધ્યાયપદ આચાર્ય અને સાધુમુનિઓને જોડનારી કડી સમું છે. ઉપાધ્યાય એટલે જૈન શ્રમણસંસ્થાના પરમ વિદ્યાઉપાસકો, સ્વયં ભણે અને નવા આવનારા સાધુઓને યોગ્ય જ્ઞાનાભ્યાસ કરાવે.

ઉપાધ્યાય શબ્દનો અર્થ છે, ઉપ+અધ્યાય જે આચાર્યોની આજ્ઞાથી અધ્યયન કરાવે. આ જ શબ્દોની સંધિ બીજે રીતે કરતા પ્રાપ્ત થાય છે. ઉપાધિ+આય. ઉપાધિ એટલે પદવી, જે તેમની પાસે અભ્યાસ કરનારા શિષ્યોને પોતાના વિનયગુણથી વિનય શીખવાડે અને આ વિનયગુણના પ્રતાપે શિષ્યો ઉત્તમ પદના અધિકારી બને.

આ ઉપાધ્યાય ભગવંતો બાર અંગ (જૈન ધર્મના મૂળ ગ્રંથો)ના સ્વાધ્યાયમાં સદા રત હોય. તેઓ બાર અંગનો અભ્યાસ કરી ચૂક્યા હોય અને શિષ્યોને અભ્યાસ કરાવનારા હોય. તેઓ સૂત્રના રહસ્યાર્થોને શિષ્યોને બોધ થાય તેવી સુંદર રસપૂર્ણ શૈલીમાં રજૂ કરનારા હોય.

તેઓ મૂર્ખ શિષ્યને પણ વિદ્વાન બનાવવા સમર્થ હોય છે. આ કાર્ય પથ્થરને પલ્લવિત કરવા જેવું કઠિન હોય છે. પરંતુ ઉપાધ્યાય ભગવાન વિનયગુણના ભંડાર હોવાથી તેમની પાસે અભ્યાસ કરતા શિષ્યોમાં પણ સહજ રીતે વિનયગુણનો સંચાર થાય છે. આ વિનયગુણ વિદ્યાનું મૂળ છે. લોકમાં પણ પ્રસિદ્ધ છે; 'વિનય વિના વિદ્યા નહિ.' આ વિનયગુણ શિષ્યના જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરાવી વિદ્યાની પ્રાપ્તિ કરાવે છે. આથી જ ઉપાધ્યાય ભગવાન મૂર્ખ, જડભરત શિષ્યોને પણ વિદ્વાન અને આદરણીય બનાવી શકે છે.

આ ઉપાધ્યાય ભગવાન જિનશાસનમાં યુવરાજ સમાન છે. તેઓ રાજકુમાર (યુવરાજ) જેમ રાજા વતી પ્રજાનું ધ્યાન રાખે, પ્રજાના હિતની ચિંતા કરે તેમ આચાર્ય ભગવાન વતી ઉપાધ્યાય શિષ્યગણનું સંચાલન કરે છે. આ ઉપાધ્યાય ભગવંતો આચાર્યપદને યોગ્ય હોય છે.

આ ઉપાધ્યાયપદનો રંગ લીલો છે. જેમ વૃક્ષના પાંદડાં લીલાં અને કુણાં હોય એમ ઉપાધ્યાયભગવંતો વિનયથી લીલાં અને કુણાં હોવાથી તેમનો રંગ લીલો છે.

આ ઉપાધ્યાય ભગવંતોના ૨૫ ગુણોની ગણના વર્તમાનમાં આ રીતે થાય છે. જે અગિયાર અંગ તથા બાર ઉપાંગ ભણે છે અને ભણાવે છે તથા ચરણસિત્તરી (ચારિત્રના ૭૦ પ્રકારો) અને કરણસિત્તરી (સાધુક્રિયાના ૭૦ પ્રકારો) ધારણ કરે છે અને કરાવે છે.

તેઓ મુખ્યરૂપે સૂત્રપાઠ આપે છે અને આચાર્યો અર્થનો પાઠ આપનારા હોય છે. આવી અધ્યયનની વ્યવસ્થા હોય છે. ઉપાધ્યાયો મોટે ભાગે ત્રીજે ભવે મોક્ષે જનારા હોય છે. તેઓ ઉત્તમ સાધુત્વના ગુણથી દક્ષિણાવર્ત શંખ સમાન છે. વળી તેની સાથે નય, (વસ્તુના અનેક પાસાંઓ) ભાવ (સૂત્રના રહસ્યાર્થ) પ્રમાણ (તર્ક) વગેરે બાબતોમાં કુશળ હોવાથી દૂધ ભરેલાં દક્ષિણાવર્ત શંખ જેવા શોભે છે. વળી, તેઓ સિંહસમાન અન્યવાદીઓના અભિમાનને દૂર કરવામાં કુશળ હોય છે.

તેઓ પોતાના પરિવારમાં રહેલા સર્વ સાધુઓના અભ્યાસની ચિંતા રાખે, તેઓ સાધુઓને સૂત્રની વાચના (પાઠ) આપે, એટલું જ નહિ, તેમને અપાયેલો અભ્યાસ યોગ્ય રીતે થયો છે કે નહિ, તેની ચિંતા પણ કરે. તેઓ વાચના (પાઠ આપવો) પૃચ્છના (પ્રશ્ન પૂછવા), પરાવર્તના (સૂત્રોને પુનઃ યાદ કરવા) અનુપ્રેક્ષા (ચિંતન કરવું) અને ધર્મકથા (ઉપદેશ આપવો) એમ પાંચે પ્રકારના સ્વાધ્યાયમાં સદા રત હોય છે.

તેઓ ઉત્તમ ગંગાજળસમા સૂત્રનું દાન કરે છે. આગળ વધેલા અધિકારીજનોને દૂધ સમા અર્થનું દાન કરે છે અને આ અર્થનું દાન કરવાની સાથે શિષ્યને સંસારથી વૈરાગ્ય પ્રગટ થાય એવા જ્ઞાનામૃતનું દાન કરે છે.

ઉપાધ્યાય ભગવાનની સ્તુતિ કરતા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે;

'બાવનાચંદન સમ રસ વયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે, જે વળી, જિનશાસન અજુવાળે રે.'

ઉપાધ્યાય ભગવાન બાવનાચંદન (ઉત્તમ પ્રકારના ચંદન) જેવા શીતલ વચનથી અહિત અને તાપ ટાળે છે. તે ઉપાધ્યાયને નમો કે જે જિનશાસનમાં પ્રકાશ ફેલાવે છે.


ઉપાધ્યાય ભગવાન અહિતનું નિવારણ કેવી રીતે કરે છે તે અંગેએક દૃષ્ટાંત જોઈએ. એક બહેનને ત્યાં દીકરાની પરીક્ષાનું પરિણામ આવ્યું. એ દિવસે તેઓ અત્યંત પ્રસન્ન હતા. તેમનો દીકરો ખૂબ સારા માર્ક્સથી પાસ થયો હતો. લોકોએ પૂછ્યું; આટલા આનંદનું કારણ શું છે? ત્યારે બહેન જવાબ આપે છે કે મારા દીકરાએ ખૂબ મહેનત કરી, રાત-દિવસ વાંચ્યું એટલે સારા માર્કે પાસ થયો. એ જ સમયે ત્યાં એક પડોશી બહેન આવ્યા. તેઓ ઉદાસ હતા. લોકોએ ઉદાસીનું કારણ પૂછ્યું; ત્યારે તેમણે કહ્યું; આજકાલ શિક્ષકો બરાબર ભણાવતા નથી, માટે મારો દીકરો ફેલ

- *મંગલાચરણમાં કવિ કહે છે, 'શ્રી સિદ્ધચક્ર ભગવંતના ગુણો અનેક હોવાથી તે ગુણોનું વર્ણન કરતાં કદીયે પાર આવે તેમ નથી. જે જગતના સર્વ જીવોના મનોવાંછિત પૂર્ણ કરે છે તથા તેમનાં સર્વ પ્રકારનાં દુઃખ-દારિદ્રયને સર્વથા દૂર કરે છે તેવા સકલ સિદ્ધિ સમ્પાદક શ્રી સિદ્ધચક્રને હું ત્રિકરણ યોગથી વારંવાર વંદન કરું છું.*




(૩૯૪) શ્રી નવપદ યંત્ર

સંદર્ભ: સિદ્ધચક (૧ / ૮ / પૂર્વના હુહા ૫)



(૩૯૮) ચતુર્વિધ સંઘ



(६७) श्रीपाल अने मयणा वंदित श्री सिद्धचक्रयंत्र संदर्भः नवपदजी (४ / १२/ गाथा १२)



(૧૬૧) આરસની દીવાલમાં કોતરેલ કમલાકાર નવપદ યંત્ર

થયો. આ બંને વાક્યો કદાચ સાચા પણ હોય, પરંતુ વિદ્યાર્થી માટે અહિતકર છે, કારણ કે વિદ્યાર્થીના વિનયગુણને નષ્ટ કરે છે. વિનય વિના વિદ્યાની સંપ્રાપ્તિ થતી નથી. વિદ્યાની સંપ્રાપ્તિથી જ વાસ્તવિક હિત થાય છે. ઉપાધ્યાય ભગવાન અતિશય વિદ્વાન હોવા છતાં આચાર્યભગવંતો પ્રતિ ઉત્તમ વિનયને ધારણ કરનારા હોય છે. આ વિનયથી શિષ્યોમાં પણ વિનય પ્રગટે છે. બાવનાચંદન જેવા શીતલ વિનયવંત વચનોથી ઉપાધ્યાય ભગવાન અહિતને ટાળે છે.

આ સંસારમાં ભૌતિક વસ્તુઓની સ્પૃહા જ પરમ તાપ છે. આ જગતના જીવો આ સ્પૃહાના તાપથી જ દાઝેલા છે. ઉપાધ્યાય ભગવાન આપણને વિનયગુણ અને સમ્યગ્‌જ્ઞાનનું દાન કરે છે. આ સમ્યગ્‌જ્ઞાનના પ્રભાવે ભૌતિક વસ્તુઓની અસારતા સમજાય છે અને આત્મિક ગુણલક્ષ્મીનો અનુભવ થાય છે. આમ, ઉપાધ્યાય ભગવાન તાપનું નિવારણ કરે છે.

ઉપાધ્યાયજી મહારાજ આગળ વર્ણવે છે;

'તે ઉવજ્ઝાય સદા નમતા, નાવે ભવભય શોક રે.'

જે જગતના બંધવ છે અને જગતના ભ્રાતા છે, એવા પરમોપકારી ઉપાધ્યાય ભગવંતના ચરણોની સેવા કરનાર આરાધક ઉપાધ્યાય ભગવંત તેને પણ જગબંધવ અને જગભ્રાતા બનાવે છે. જે દુઃખમાં દિલાસો આપે તેને બંધવ કહેવાય, અને જે સુખમાં સંભાળ રાખે તેને ભ્રાતા કહેવાય. આવી રીતે તે આત્મા સમગ્ર જીવોના સુખે સુખી અને દુઃખે દુઃખી બને છે અને સ્વના સુખદુઃખ વીસરાઈએ જાય છે. આવી અનુપમ પ્રક્રિયાના પ્રભાવે અનંતકાળના સ્વાર્થનો નાશ થાય છે. જે ચારગતિરૂપ સંસાર દેખાય છે, તે બાહ્ય સંસાર છે, તેનું સર્જન ત્યારે જ શક્ય બને છે કે, જ્યારે અંદર સંસાર હોય છે. આ અંદરનો સંસાર સ્વાર્થરૂપ હોય છે. જ્ઞાનીપુરુષો કહે છે, સ્વાર્થ એવ ભવઃ। પરોપકારબુદ્ધિ જાગવાથી સ્વાર્થબુદ્ધિ નાશ પામે છે, એમ ઉપાધ્યાય ભગવાન ભવના ભયનો નાશ કરનારા બને છે.

આ ઉપાધ્યાય ભગવંતો સાધુઓને વાંદણા (ગુરુવંદન)ના ૨૫ સ્થાનકો સમજાવે છે. સાથે ૨૫ પ્રકારની પાપક્રિયાઓ છોડવા અંગે માર્ગદર્શન કરે છે. એ જ રીતે પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ શીખવાડી પાંચ મહાવ્રતો દૃઢ કરે છે. આમ ઉપાધ્યાય ભગવાન શ્રમણજીવનના માળી બની ગુણવૃક્ષોને વિકસાવે છે.

ઉપાધ્યાય પદની વાત યાદ આવે ત્યારે મહોપાધ્યાય શ્રી યશોવિજયજીનું નામ અવશ્ય સ્મરણે ચડે. અનેક સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી સાહિત્યરચનાઓ વડે જેમણે સ્વાધ્યાયના મધુર ફળો જગતની સામે મૂક્યા છે. તે સમયના બીજા ઉપાધ્યાય વિનયવિજયજી, ઉપાધ્યાય માનવિજયજી આદિએ પણ અનેક ગ્રંથોની રચના કરી. જૈનસાહિત્ય ઉદ્યાનને સુવાસિત કર્યું છે.

ઉપાધ્યાયશ્રી પદ્મવિજયજી મહારાજ નવપદપૂજામાં કહે છે;

'ચોથે પદે પાઠક નમું, સકળ સંઘ આધાર;
ભણે ભણાવે સાધુને, સમતારસ ભંડાર.'

હું ચોથા પદમાં - પાઠક ઉપાધ્યાયને નમસ્કાર કરૂં છું; જે સર્વ સંઘના આધારસમા છે. પોતે ભણે છે અને સાધુઓને ભણાવે તેમ જ સમતારસના ભંડાર છે.

આવા ઉપાધ્યાય ભગવાનોની આરાધનાને પ્રતાપે આપણે જ્ઞાન અને વિનય પ્રાપ્ત કરનારા થઈએ એ જ શુભેચ્છા. ✷ ✷ ✷

હવે પ્રસ્તુત ઢાળમાં પ્રભુ શ્રી મહાવીર સ્વામી નિશ્ચયનયથી નવપદનું અને તેની આરાધનાનું સ્વરૂપ બતાવે છે–

નિશ્ચયનયથી નવપદની આરાધના છેહરહિત આત્મભાવ એટલે કે આપણા આત્મિક પરિણામની વિશુદ્ધતાથી થાય છે. અર્થાત્ વ્યવહારથી દ્રવ્યારાધના ઘણી કરવા છતાં પણ જો નિશ્ચય રીતે ભાવથી આત્માની વિશુદ્ધતા નથી તો તે નવપદની આરાધના વાસ્તવિક નથી અને બહારથી દ્રવ્યારાધના અલ્પ હોવા છતાં અંદરથી આત્માની પરિણતિ વિશુદ્ધતાની તરફ આગેકૂચ કરે છે, અર્થાત્ આત્મા વિષય-કષાયથી વિરમે છે, તો અવશ્ય નવપદની આરાધના દમદાર છે. આમ નવપદનો સંબંધ બાહ્ય આરાધના સાથે નહિ પણ આત્મિક પરિણતિ સાથે જ હોવાથી નવપદ તે આપણું સુવિશુદ્ધ આત્મસ્વરૂપ છે.

વળી નવપદમાં પણ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના માધ્યમથી આપણું શુદ્ધ આત્મતત્ત્વ જ પ્રતિષ્ઠિત છે. કેમકે નવપદ એ દ્રવ્યાત્મક નથી, પરંતુ ગુણાત્મક છે અર્થાત્ પ્રસ્તુત નવપદમાં ઉપરોક્ત નવે પદ રૂપ વ્યક્તિ વિશેષની આરાધના નથી, પરંતુ તેમના ગુણોની આરાધના છે અને તે નવે પદના પ્રત્યેક ગુણો નિશ્ચયનયથી આપણા આત્માના જ વિશુદ્ધ ગુણો છે. જેમ કે (૧) અરિહંતનો પ્રધાન ગુણ કેવળજ્ઞાન એ આપણા આત્માનો જ પૂર્ણજ્ઞાન ગુણ છે. (૨) સિદ્ધના અનંત ચતુષ્ટય અને મુક્તાવસ્થા એ આપણા આત્માની જ વાસ્તવિક અવસ્થા છે કેમ કે એવો શાશ્વત નિયમ છે કે, ક્યારેય પણ કોઈનો પણઆત્મા કર્મથી અતિશય આવૃત્ત હોવા છતાં તેના મધ્યવર્તી આઠ રૂચક પ્રદેશો સિદ્ધની જેમ સર્વથા અને સદા કર્મમુક્ત જ રહે છે. માટે આજે પણ આપણી જે અંદરની આંશિક મુક્તાવસ્થા છે તે જ જ્યારે સંપૂર્ણ રીતે બહાર પ્રકટ થાય છે, તે જ સિદ્ધાવસ્થા છે. તેવી જ રીતે (૩) આચાર્ય, (૪) ઉપાધ્યાય, (૫) સાધુના સ્વરૂપરમણતારૂપ સંયમ, જ્ઞાન, અપ્રમતત્તા વગેરે ગુણો, તથા (૬) દર્શન, (૭) જ્ઞાન, (૮) ચારિત્ર અને (૯) સ્વરૂપમાં સ્થિરતા રૂપ તપ એ સર્વ પણ આપણા જ આત્માના વિશુદ્ધ ગુણો છે.

આમ, નવે પદોમાં આત્માના જ વિશુદ્ધ ગુણો પ્રતિષ્ઠિત હોવાથી નવપદ એ આત્મસ્વરૂપ છે.

પ
સાધુ

સમતારસમાં ઝીલે તે સાધુ

સાધુભગવંત નવપદમાં પાંચમા પદે બિરાજમાન છે. સંસાર છોડી પંચમહાવ્રત ધારણ કરે તે સાધુ, જે પરમાત્માની આજ્ઞા પ્રમાણે ચાલવાનો સંકલ્પ કરે તે સાધુ, જે ક્ષમા આદિ દસ યતિધર્મની સાધના કરે તે સાધુ. સાધુ શબ્દનો અન્ય પર્યાય 'મુનિ' છે. જે મૌનમાં રહે તે મુનિ. સંસારના વિષયોમાં જેનું મને લપાય નહિ, તે વાસ્તવિક મૌન છે એમ ઉપાધ્યાય યશોવિજયજી જ્ઞાનસાર ગ્રંથમાં કહે છે.

આ સાધુભગવંતો આ એકવીસમી સદીના ભોગવાદી વાતાવરણ વચ્ચે અજાયબી સમા છે. આજે સમગ્ર વિશ્વની સામે પર્યાવરણ સુરક્ષાનો પ્રશ્ન પડકારરૂપે ફેંકાયો છે તેવા સમયે આ જૈન સાધુઓનું જીવન પર્યાવરણ સાથે અપૂર્વ સમતુલા સાધીને રહે છે. તેઓ છ-કાય જીવની રક્ષાનું વ્રત ધારણ કરતા હોવાથી પગપાળા વિહાર કરે છે એટલે વાહનો દ્વારા ફેલાવાતાં પ્રદૂષણમાં વધારો કરતા નથી. એ જ રીતે પોતાની ભોજન-વસ્ત્ર આદિ જરૂરિયાતો ભમરો જેમ ફૂલમાંથી રસ લે પણ ફૂલોને પીડા ન પહોંચાડે એવી રીતે મેળવે છે, એવી રીતે પ્રાપ્ત કરે છે. એટલે પોતાના નિમિત્તે કોઈ ઉદ્યોગો આદિ ચલાવતા નથી, કે વૃક્ષો વગેરેનો સંહાર કરતા નથી. આમ, જૈન સાધુઓની પ્રકૃતિ સાથે સંવાદિતતા ધારણ કરતી જીવનશૈલી આજના વિશ્વની અનેક સમસ્યાઓનો ઉકેલ છે.

આ સાધુ ભગવંતો ૨૭ ગુણોને ધારણ કરનારા હોય છે. સમવાયાંગ-સૂત્રમાં સાધુ ભગવાનના ૨૭ ગુણો આ રીતે દર્શાવ્યા છે. પ્રાણાતિપાત વિરમણવ્રત આદિ પાંચ, પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ એ પાંચ (૧૦), ચાર કષાય ત્યાગ (૧૪), ભાવસત્ય, કરણસત્ય, યોગસત્ય, ક્ષમા, વિરાગતા (૧૯), મન, વચન, કાયાની સમાહરણતા (૨૨), જ્ઞાન-દર્શન-ચારિત્ર સમાહરણતા (૨૫), વેદનાધ્યાસનતા અને મારણાંતિકધ્યાસનતા (૨૭).

આ સાધુ-ગુણોનો સંક્ષિપ્ત પરિચય આપણે મેળવીએ. બીજા જીવોની હિંસા કરવી, પ્રાણનું હરણ કરવું તે પ્રાણાતિપાત કહેવાય છે. સાધુ ભગવંતો અન્ય જીવોની હિંસા કરે નહિ, કરાવે નહિ અને અનુમોદના પણ કરે નહિ. આમ અહિંસાવ્રત નામના પ્રથમ વ્રતનું પાલન એ સાધુજીવનની મુખ્ય આધારશીલા છે. આ વ્રતનું યથાર્થ પાલન થાય એ માટે બીજા ચાર મહાવ્રતો છે. તેઓ જૂઠું બોલે નહિ એટલે મૃષાવાદ વિરમણ વ્રત, કોઈ પ્રકારે ચોરી કરે નહિ તે અદત્તાદાન વિરમણ વ્રત, બ્રહ્મચર્યનું પાલન કરે તે મૈથુનવિરમણવ્રત અને પોતાની પાસે પરિગ્રહ રાખે નહિ તે પરિગ્રહવિરમણ વ્રત. આમ સાધુ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપી પાંચ મહાવ્રતોને ધારણ કરનારા હોય છે.

આ વ્રતોના યથાર્થ પાલન માટે ઈન્દ્રિયો પર સંયમ હોવો અતિઆવશ્યક છે. તેઓ પ્રિય કે અપ્રિય શબ્દમાં રાગ-દ્વેષ કરે નહિ, એ જ રીતે સુંદર કે અસુંદર દૃશ્યોમાં રાગ-દ્વેષ ધારણ કરે નહિ, ભોજનમાં રસો વિશે પણ આસક્તિ ધારણ કરે નહિ અને સ્પર્શમાં પણ રાગ-દ્વેષ ધારણ કરે નહિ. આમ પાંચે ઈન્દ્રિયોના વિષયમાં અલિપ્ત રહેવું એ સાધુ ભગવાનના ગુણો છે.

વળી, આ સાધુ ભગવંતો ક્રોધ, માન, માયા, લોભ આદિ ચાર કષાયોને દૂર કરે અને અંતરાત્માને શુદ્ધ રાખે. (ભાવસત્ય). એ જ રીતે શુદ્ધ ક્રિયાઓ કરે અને મન-વચન-કાયાના યોગોને પવિત્ર રાખે. (કરણસત્ય અને યોગસત્ય)

તેઓ ક્રોધનું નિમિત્ત મળે તો પણ ક્રોધ કરે નહિ. ક્ષમાગુણને ધારણ કરે છે એ સાથે જ સંસારના સ્વરૂપને સારી રીતે સમજી સંસારથી વિરાગતા ધારણ કરે છે. તેઓ સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત હોય. આવું સાધુજીવન જીવતા જે કષ્ટો આવે તે કષ્ટોને સિંહની જેમ સહન કરે, એ કષ્ટ અને વેદનામાં મન વિચલિત કરે નહિ. (વેદનાધિસહનતા) અને આ કષ્ટોમાં મરણાંત કષ્ટ (અતિ તીવ્ર કષ્ટ) આવવા છતાં તે કષ્ટને સહન કરે તે મારણાંતિક અધિસહનતા.

આમ, શાસ્ત્રકારોએ સાધુ ભગવંતોના ૨૭ ઉત્તમ ગુણો દર્શાવ્યા છે. આ ગુણો અન્ય-અન્ય ગ્રંથોમાં થોડા-થોડા ફેરફાર સાથે મળે છે.

સાધુભગવંતોની મુખ્ય સાધના પંચમહાવ્રતોની છે. આ પાંચ મહાવ્રતોની સાધના સંસારથી વિમુખ કરનારી છે એટલે એક અર્થમાં છોડવાની (Negative) સાધના છે. એની સાથે દસ યતિધર્મની સકારાત્મક (Positive) સાધના પરમાત્માએ દર્શાવી છે. આ સકારાત્મક સાધના દ્વારા સાધુ આત્મગુણોમાં ઉન્નતિ પામી અંતરમાં રહેલ પરમતત્ત્વનો આસ્વાદ પામનાર બને છે.

આ દસ પ્રકારના યતિધર્મોમાં સર્વપ્રથમ ધર્મ ક્ષમા છે. આ ક્ષમામાં ઉત્તમોત્તમ સ્વભાવક્ષમા છે. આમાં સાધક વિચારે છે કે

- *વળી એ નવપદની આરાધના ભાવપૂર્વક કરવાથી શ્રીપાલકુંવરની જેમ આ જગતમાં જીવના સર્વ દુઃખ અને દૌર્ભાગ્ય-સર્વથા–સર્વદા ઉપશાંત થઈ જાય છે તથા ડગલે ને પગલે મનોહર ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય છે.*
- *કવિ ઉમેરે છે, 'હે રસિક શ્રોતાજનો! શ્રીપાલ ચરિત્રમાં ખંડે ખંડે મેં પ્રચુર મીઠાશને વર્ણવી છે. શ્રી જિનેશ્વર દેવની વાણી કલ્પવૃક્ષની વેલડીની જેમ સર્વના મનોવાંછિતને પૂરનારી છે. તેના માધુર્ય સામે મીઠી દ્રાક્ષ કે મીઠી શેરડીની શું વિસાત?'*

આત્માનો પરમગુણ ક્ષમા છે, માટે આ ક્ષમાગુણમાં સદા લયલીન રહેવું. બાવનાચંદનને જેમ છેદો, ભેદો કે અન્ય કોઈ રીતે પીડા આપો છતાં સુગંધ જ આપે. એમ સાધુ સર્વ પરિસ્થિતઓમાં ક્ષમાને જ ધારણ કરી અન્ય જીવો પ્રત્યે ઉપકાર કરે. ગજસુકુમાલમુનિ, મેતારજમુનિ, ઝાંઝરિયા મુનિ આદિ મુનિભગવંતોના જીવનમાં આવા ઉત્તમ ક્ષમાગુણનો ઝળહળાટ જોવા મળે છે. આથી જ સાધુભગવંતને માટે કહેવાયું છે; સમતારસમાં ઝીલે તે સાધુ.

આ ક્ષમાગુણની સિદ્ધિ માટે સાધુના જીવનમાં નમ્રતા, મૃદુતા અને સંતોષ જેવા ઉત્તમ ધર્મોની સિદ્ધિ પણ આવશ્યક છે. આ ચાર ગુણોથી ક્રમશઃ ક્રોધ, માન, માયા, લોભ આદિ ચાર કષાયો પર વિજય થાય છે. આ કષાયવિજેતા સાધુ વાસ્તવિક સંયમ અને તપને ધારણ કરનાર થાય છે. આવા સાધુ આત્મપ્રતીતિથી વ્રતોને સત્યરૂપે ધારણ કરે છે અને સદા મૈત્રી આદિ ચાર ભાવનાઓમાં સ્નાન કરી શૌચને ધારણ કરે છે. તેઓ પૌદગલિક પદાર્થોમાં સ્પૃહા-આસક્તિ ધારણ કરતા નથી અને આત્મસ્વરૂપ બ્રહ્મમાં પરમહંસરૂપે સદા આનંદપૂર્વક ક્રીડા કરે છે.

આમ, સાધુ ભગવંતો ક્ષમા આદિ દસ પ્રકારના સાધુધર્મોમાં રત રહીને તપશ્ચર્યા વડે કર્મક્ષય કરી આત્માને નિર્મળ બનાવે છે.

આવા સાધુ ભગવંતોનું ધ્યાન શ્યામવર્ણથી કરવાનું કહ્યું છે, એની પાછળ પણ ગૂઢ રહસ્ય છૂપાયું છે. પંચપરમેષ્ટિઓમાં આ પંચમ પરમેષ્ટિ હોવા છતાં ઉત્પત્તિની દૃષ્ટિએ તેઓ પ્રથમ પરમેષ્ટિ છે. દીક્ષા ધારણ કર્યા પછી જ, સાધુત્વને ધારણ કર્યા બાદ જ ઉપાધ્યાય, આચાર્ય, સિદ્ધ કે અરિહંત પદ પ્રાપ્ત થાય છે. કાળા રંગની ભૂમિ વિશેષ ફળદ્રુપ હોય છે. સાધુ પણ શ્યામવર્ણ ભૂમિ સમા છે કે, જેમાંથી આ પાંચેય પરમેષ્ટિઓ પ્રગટ થાય છે. શ્યામવાદળમાં જળ વિશેષ હોય છે, એ જ રીતે આ સાધુભગવંતો કરૂણારૂપી જળને ધારણ કરનારા હોય છે. તેઓ ઉપસર્ગ અને પરિષહોને સહન કરનારા હોવાથી શ્યામ છે, વળી મોહનું મારણ કરનારા હોવાથી શ્યામ છે.

આ સાધુભગવાનનો મુખ્ય ઉપકાર સહાય કરવાનો છે. તેઓ સદા મોક્ષમાર્ગના સાધક હોય છે અને અન્ય સાધકોને સદા સહાય કરવા તત્પર હોય છે. આવા ઉત્તમ ૨૭ ગુણોને ધારણ કરનારા ભાવસાધુઓ ઘણાને મતે આ કાળમાં વિરલ હોય છે એવું ઘણા લોકો માને છે, પરંતુ ઉપાધ્યાય યશોવિજયજી આ બાબતમાં આપણને માર્ગદર્શન આપે છે;

સોના તણી પરે પરીક્ષા દીસે, દિનદિન ચઢતે વાને;
સંજપ ખપ કરતા મુનિ નમીએ, દેશકાળ અનુમાને રે.

(જેમના સંયમની પરીક્ષા સુવર્ણની જેમ દરરોજ ચઢતા ચઢતા રંગવાળી દેખાય છે અને જેઓ દેશ-કાળ પ્રમાણે સંયમનું પાલન કરવામાં તત્પર છે તેવા મુનિજનોને સદા નમસ્કાર હો.)

આમ, ભાવસાધુત્વના ઉત્કૃષ્ટ ૨૭ ગુણો પ્રતિ જેમની સાધના જોડાયેલી છે એવા સાધુભગવંતો વંદનીય છે, આદરણીય છે અને ઉપાસ્ય છે. છદ્મસ્થાવસ્થા (કર્મબંધનથી યુક્ત અવસ્થા)ને લીધે થતી સ્ખલના કરતા શુદ્ધિ પ્રત્યે લક્ષ્ય આપવું વિશેષ આવશ્યક છે.

આવા સાધુભગવંતોને 'નવપદપૂજા'ના શબ્દો દ્વારા ભાવભરી વંદના કરીએ;

જે રમ્યા શુદ્ધસ્વરૂપ રમણે, દેહ નિર્મમ સદા,
કાઉસગ્ગ મુદ્રા ધીર આસાન, ધ્યાન અભ્યાસી સદા;
તપ તેજ દીપે કર્મ જીપે, નૈવ છીપે પરભણી,
મુનિરાજ કરૂણાસિંધુ ત્રિભુવનબંધુ પ્રણમું હિતભણી.

મુનિભગવંતો શુદ્ધ સ્વભાવમાં રમણ કરે છે અને દેહ પ્રત્યે અનાસક્ત હોય છે. કાઉસગ્ગમુદ્રામાં ધીરતાપૂર્વક આસન ધારણ કરી ધ્યાનનો અભ્યાસ કરે છે. તપના તેજથી દીપતા, કર્મને જીતે છે અને પર-પદાર્થ પ્રત્યે તેમનું મન જતું નથી. આવા મુનિ-ભગવંતો કરૂણાસમુદ્ર અને ત્રણે ભુવનના જીવો માટે બંધુ સમાન છે, તેમને હું કલ્યાણાર્થે પ્રણમું છું.

✷ ✷ ✷

● *આ પ્રમાણે શ્રીપાલ મહારાજાના ચોથા ખંડની ખાંડ અને સાકરથી પણ અધિક મીઠી એવી આ પહેલી ઢાળ કહેવામાં આવી. ગ્રંથકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે, 'જે નવપદજીના સુંદર યશોગાનને વિલાસપૂર્વક ગાય છે તેની કીર્તિ સમગ્ર વિશ્વમાં ફેલાય છે.'*

● *શ્રીપાલ મહારાજાએ સિદ્ધચક્ર ભગવાનને કલ્પવૃક્ષની ઉપમા આપતાં કહ્યું, 'પ્રથમ પદે શ્રી અરિહંત પરમાત્મા છે જે સિદ્ધચક્રરૂપી કલ્પવૃક્ષની મૂળ પીઠિકાના દૃઢ સ્થાને પ્રતિષ્ઠિત છે. વળી સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત એ એની ચાર વિશાળ શાખાઓ છે ને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એની સુંદર અવાંતર શાખાઓ છે. વળી ૐ હ્રીં વગેરે બીજાક્ષરો, અ વગેરે સ્વર અને વ્યંજનોનો સમૂહ તેમજ અહ્ઠાવીસ મહાલબ્ધિઓ, આઠ મહાસિદ્ધિઓ અને નવ નિધિઓ એના પાંદડાંઓના જથ્થાઓનો સમૂહ છે. દશ દિક્પાલો, ચોવીસ-યક્ષ-યક્ષિણીઓ, નવગ્રહો, વિમલેશ્વર દેવ તથા ચક્રેશ્વરી દેવીરૂપી પુષ્પોથી અલંકૃત એવું સિદ્ધચક્રરૂપી મહાન કલ્પવૃક્ષ અમને મનોવાંછિત ફળ પ્રદાન કરો.'*

।। નમો નમો નિમ્મલ દંસણસ્સ ।।

૬ દર્શન

□ હર્ષસાગરસૂરિજી શિષ્ય વિરાગસાગરજી મ.સા.

'સમકિત દાયક ગુરુતણો પચ્ચુવયાર ન થાય
ભવ કોડા કોડી કરી, કરતાં સર્વ ઉપાય...'

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના શાસનના પરમાર્થને પ્રાપ્ત કરનાર ન્યાયવિશારદ મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ સ્વ-રચિત સમકિતના ૬૭ બોલની સજ્ઝાયની બીજી જ ગાથામાં કેવી સુંદર રજૂઆત કરી છે?

'જે ગુરુદેવ દ્વારા તમો સમકિત પામો, તે ગુરુદેવ અનંતાનંત ઉપકારી કહેવાય અને તે ગુરુદેવના આ અસીમ ઋણથી મુક્ત થવા કોઈ આત્મા કરોડો ભવ સુધી લાખો-કરોડો ઉપાયો કરે તો પણ, ક્યારે-કદાપિ ઋણમુક્ત થઈ શકતો નથી.'

આ વાંચ્યા પછી પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આ સમ્યક્ત્વમાં એવું તો શું છે? જિનશાસનમાં સમ્યગ્‌દર્શનની આટલી બધી મહત્તા કેમ? શ્રાવકોના ૧૨ વ્રતો હોય કે સાધુ ભગવંતોના ૫ મહાવ્રત હોય. સમ્યક્ત્વ વગર બધા જ નકામાં ગણાય. કેટલાક મહાપુરુષોના મોઢે એવું પણ સાંભળ્યું છે કે–

એક મિથ્યાત્વી આત્મા અથવા અભવ્ય આત્મા એક ક્રોડ પૂર્વ વર્ષ (માં ૮ વર્ષ ઓછા) જેટલું દીર્ઘ ચારિત્ર પાળે...માખીની પાંખ પણ ન દુભાવે એવું અણિશુદ્ધ ચારિત્ર પાળે તો પણ, સમ્યગ્‌દૃષ્ટિ આત્માની માત્ર ૪૮ મિનિટની એક જ સામાયિક, અણિશુદ્ધ મિથ્યાત્વીના દીર્ઘ ચારિત્ર કરતાં ચઢી જાય.

માસક્ષમણના પારણે માસક્ષમણ કરનાર મિથ્યાત્વીના તપ કરતાં સમકિતિ આત્માની નવકારશીનો નાનકડો તપ પણ ચઢી જાય છે.

સંક્ષિપ્તમાં કહીએ તો–

- સમ્યગ્‌દર્શન વગર દાન, દાનધર્મ ન કહેવાય
- સમ્યગ્‌દર્શન વગર શીલ, શીલધર્મ ન કહેવાય
- સમ્યગ્‌દર્શન વગર ભાવ, ભાવધર્મ ન કહેવાય
- સમ્યગ્‌દર્શન વગર જ્ઞાન ભારરૂપ કહેવાય
- સમ્યગ્‌દર્શન વગર ચારિત્ર કષ્ટક્રિયા કહેવાય
- સમ્યગ્‌દર્શન વગર તપ લાંઘન કહેવાય

સમ્યગ્‌દર્શન એ એકડો છે...બાકીના ધર્મો મીંડા છે...જેમ એકડા વગર મીંડાઓની કોઈ જ કિંમત નથી તેમ સમ્યગ્‌દર્શન વગર અન્ય કોઈ પણ ધર્મની કોઈ જ કિંમત નથી.

આટલું સમજ્યા પછી તો અંતરમાં સમ્યગ્‌દર્શનને જાણવા-માણવા અને સમજવાની જિજ્ઞાસા પ્રગટ્યા વગર રહે ખરી? તો, વાંચો–

- સમસ્ત જિનશાસનનો પાયો છે સમ્યગ્‌દર્શન...
- ધર્મરૂપી મહેલનું મુખ્ય દ્વાર છે સમ્યગ્‌દર્શન...
- પરમપદનું પરમ–બીજ છે સમ્યગ્‌દર્શન...

વાંચ્યો છે સંબોધસિત્તરી ગ્રંથનો આ શ્લોક?

'દેસણ ભટ્ઠો ભટ્ઠો દંસણ ભટ્ઠસ્સ નત્થિ નિવ્વાણં
સિજ્ઝંતિ ચરણ રહિઆ, દેસણ રહિઆ ન સિજ્ઝંતિ.'

જે આત્મા દર્શન એટલે જ કે સમ્યગ્‌દર્શનથી ભ્રષ્ટ છે એ સર્વથા ભ્રષ્ટ છે. એ આત્માને નિર્વાણપદ કદાપિ ન મળી શકે. (દ્રવ્ય) ચારિત્ર વગર મોક્ષ મળી શકે પણ સમ્યગ્‌દર્શન વગર મોક્ષ ન જ મળી શકે...

તામલિ નામના તાપસે ૬૦ હજાર વર્ષ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણામાં માત્ર એક મુઠ્ઠી અડદ, એ પણ ૨૧ વખત પાણીથી ધોઈ (રસ-કસ વગર) વાપર્યું. કેવો ભિષ્મ તપ કહેવાય? છતાંય, મિથ્યાત્વ અવસ્થામાં કરેલો તપ હોવાથી એની નોંધ શાસ્ત્રકારોએ ન લીધી.

કારણ, આ તપ એકડા વગરના મીંડા જેવો હતો. હવે તો સમ્યગ્‌દર્શનની અદ્‌ભુતતાને સમજવી જ પડશે.

સમ્યગ્+દર્શન=સમ્યગ્‌દર્શન

દર્શન એટલે જોવું...

સમ્યગ્ એટલે સારી રીતે...

સારી રીતે જોવું–નિરીક્ષણ કરવું એનું જ નામ છે સમ્યગ્‌દર્શન. આ તત્ત્વને પિત્તળ અને સોનાના વ્યવહારિક દૃષ્ટાંતથી સમજીએ.

(A) પિત્તળને પિત્તળ કહેવું, સોનું ના કહેવું...
(B) સોનાને સોનું કહેવું, પિત્તળ ના કહેવું...
(C) સોનાને જ સોનું કહેવું...
(D) પિત્તળને પિત્તળ કહેવું... આ જ રીતે–
  (A) કાચને કાચ કહેવો, હીરો ના કહેવો...
  (B) હીરાને હીરો કહેવો, કાચ ન કહેવો...
  (C) કાચને જ કાચ કહેવો.
  (D) હીરાને જ હીરો કહેવો.

આ બન્ને દૃષ્ટાંતોને આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો–

(૧) સુદેવને સુદેવ કહેવા, કુદેવ ન કહેવા.
(૨) કુદેવને કુદેવ કહેવા, સુદેવ ન કહેવા.
(૩) સુદેવને સુદેવ જ કહેવા.
(૪) કુદેવને કુદેવ જ કહેવા.

આ સાચી સમજણ, સાચી દૃષ્ટિ, સત્ય વિચારધારા એનું જ નામ છે સમ્યગ્‌દર્શન...આ જ રીતે દેવ-ગુરુ-ધર્મ માટે સમજવું.

વિચારોની નિર્મળતા વગર સાધનાનો આરંભ જ નથી. સાધના વગર સિદ્ધિ નથી. સિદ્ધિ મેળવવા વિચારો નિર્મળ અને સ્થિર રહેવા જરૂરી છે.

આવું અદ્‌ભુત સમ્યગ્‌દર્શન જેનામાં હોય તેને સમ્યક્ત્વી આત્મા કહેવાય. આવા શુદ્ધ વિચારધારી સમ્યક્ત્વી આત્માઓ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એમ ચારે ગતિમાં હોય છે. ચારિત્ર કે તપધર્મ દેવગતિ કે નરકગતિમાં નથી, જ્યારે સમ્યગ્‌દર્શન રૂપી ધર્મ સર્વગતિમાં વ્યાપ્ત છે. તેથીસ્તો સર્વથા મહાન છે સમ્યગ્‌દર્શન પદ...

સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ બાદ દરેક આત્મામાં પરમાત્મા દેખાશે.

પછી જાતના નહિ, જગતના સુખનો વિચાર હશે.

મારે સુખી બનવું છે એટલે મોક્ષે જવું છે આ ભાવનામાં જાતનો વિચાર છે તેથી જ આ સ્વાર્થ ભાવના કહેવાય. અને મારે સહુને સુખી બનાવવા છે એટલે મોક્ષે જવું છે આ ભાવનામાં જગતના સાચા સુખ અને હિતનો વિચાર છે તેથી જ આ પરમાર્થ–પરોપકાર ભાવના છે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ જેવી અનુપમ ભાવનાઓ સમ્યગ્‌દર્શનને નિર્મળ અને પુષ્ટ કરનાર છે. સમ્યગ્‌દર્શનનું મૂળ છે મૈત્રીભાવ અને મૈત્રીભાવ એટલે જ યોગશાસ્ત્રના આધારે **'પરહિત ચિંતા મૈત્રી'** માત્ર સ્વ જ નહિ, પણ જગતના સર્વ જીવોના હિતનો વિચાર, સતત સહુના સુખનો વિચાર...

૧. જીવ મૈત્રી, ૨. જડ વિરક્તિ અને ૩. જિન ભક્તિમય માનસ આ સમ્યક્ત્વી આત્માનું લક્ષણ છે..

મિથ્યાત્વી આત્મા	**સમ્યક્ત્વી આત્મા**
• સ્વનો (પોતાનો) જ વિચાર કરે	• સર્વ જીવોનો વિચાર કરે
• સ્વાર્થી હોય	• પરમાર્થી હોય
• સ્વપ્રશંસક-પરનિંદક હોય	• સ્વનિંદક-પરપ્રશંસક હોય
• વ્યક્તિરાગી હોય-દૃષ્ટિરાગી હોય	• ગુણાનુરાગી-શાસનરાગી હોય
• પુદ્‌ગલાનંદી હોય	• આત્માનંદી હોય
• મન સંસારમાં રમતું હોય	• મન મોક્ષમાં–પ્રભુમાં રમતું હોય
• વિચારોમાં મલિનતા હોય	• વિચારોમાં નિર્મળતા હોય
• આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં આસક્ત હોય	• ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં મસ્ત હોય
• સર્વજ્ઞના વચનો પ્રત્યે અશ્રદ્ધા હોય	• સર્વજ્ઞના પ્રત્યેક વચનો પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ અને સમર્પણ હોય
• નવતત્ત્વ પ્રત્યે શંકા હોય	• નવતત્ત્વને સંપૂર્ણતઃ માને

આવા અનેક ભેદ પડે છે મિથ્યાત્વી અને સમ્યક્ત્વીમાં...

સમ્યક્ત્વીને ઓળખવાના પાંચ લક્ષણો ઉપાધ્યાય-યશોવિજયજીએ સમકિત સડસઠ બોલ સજ્ઝાયમાં દર્શાવ્યા છે;

શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિક્ય, અનુકંપા.

જીવમાં જીવનો સ્વીકાર કરવો, પ્રાણીમાત્રમાં જીવ છે તેવો સ્વીકાર, અન્ય જીવોમાં પણ જીવનો સ્વીકાર કરવો તે આસ્તિક્ય. 'જીવ છે' એવો સ્વીકાર તે આસ્તિક્ય.

આ જીવનો જીવ તરીકેના સ્વીકાર પછી બીજા જીવની પીડાને પોતાની પીડા સમાન સમજવી તે અનુકંપા.

બીજાના સુખે સુખી થવું તેનું નામ 'સંવેગ.' પોતાના સુખ દુઃખ ભૂલી જવા તેનું નામ નિર્વેદ અને દરેક પ્રાણીમાત્રના આત્માને પોતાના સમાન ગણવો તે શમ–એમ આ પાંચ લક્ષણો આત્મામાં પ્રગટે છે ત્યારે સમ્યગ્‌દર્શન ગુણ પ્રગટ થયો છે એની ઓળખાણ થાય છે.

એ પ્રગટેલા સમ્યગ્‌દર્શન ગુણને શોભાવનારા પાંચ ભૂષણો છે કે જેનાથી સમ્યગ્‌દર્શન ગુણ શોભે પણ છે અને ટકે પણ છે; એ પાંચ ભૂષણો કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી યોગશાસ્ત્રના બીજા પ્રકાશના ૧૬મા શ્લોકમાં દર્શાવતાં કહે છે;

स्थैर्यं प्रभावना भक्तिः कौशलं जिनशासने ।
तीर्थसेवा च पंचास्य, भूषणानि प्रचक्षते ।।

જિનશાસનમાં સ્થિરતા, પ્રભાવના, ભક્તિ, જિનશાસનમાં કુશળતા અને તીર્થોની સેવા આ પાંચ ભૂષણો કહ્યા છે.

સ્થિરતા દેવ–ગુરુ–ધર્મમાં પોતાના અને અન્યના મનને સ્થિર કરવું તે સ્થિરતા છે.

પ્રભાવના અનેક જીવો જિનશાસન પામે એવા કાર્યો કરવા તે : પ્રભાવના છે.

ભક્તિ જિનશાસનને પામેલા આત્માઓ પ્રત્યે બહુમાન ધારણ કરવું તે ભક્તિ છે.

સિદ્ધચક્રયંત્રોદ્ધાર એ શ્રીપાળ અને મયણાસુંદરીના કષ્ટને નિવારણ કરનાર છે તે વાત જૈનશાસનમાં પ્રખ્યાત છે. બીજા મંત્ર-તંત્ર-વિદ્યા એ બધા ઉપાય સાવદ્ય છે. જ્યારે નિરવદ્ય ઉપાય છે સિદ્ધચક્રનું આરાધન. આ ઉપાયને સાંભળીને શ્રીપાળ રાજાએ ઉત્સાહ સહિત આદર્યો છે. છેલ્લા નવમા દિવસે બૃહત્ સ્નાત્રપૂજન કરી નમણ લગાડતા તેમનો કોઢ રોગ ગયો અને સાથે રહેલા સાતસો કોઢીયાઓનો પણ કોઢ રોગ ગયો. આ યંત્રોદ્ધાર મયણાના હિત માટે મુનિચન્દ્રસૂરિજી મહારાજે કર્યો. એનું મૂળ દશમું પૂર્વ છે. તેમાંથી આ ઉદ્ધરેલ છે.

પ. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી મ.સા.

(નવપદ પ્રવચનોમાંથી)

કૌશલ જિનશાસનમાં અન્ય આત્માઓને કુશળતાપૂર્વક જોડવા.

તીર્થસેવા તારનારા જે-જે ધર્મસ્થાનકો જિનમંદિર, ઉપાશ્રય, આદિ નિશ્ચયથી 'આત્મા' એ જ તીર્થ છે એમ સમજી તેની સેવા કરવી.

પ્રાપ્ત થયેલું સમ્યગ્‌દર્શન ચાલ્યું ન જાય તે માટે પાંચ દૂષણો નિવારવાનું કહે છે તે આ પ્રમાણે;

શંકા, કાંક્ષા, વિચિત્કસા, અન્ય દૃષ્ટિ પ્રશંસા, અન્ય દૃષ્ટિ પરિચય.

શંકા :જિનેશ્વર ભગવંતે દર્શાવેલા તત્ત્વોમાં શંકા કરવી તે શંકા.

કાંક્ષા :અન્ય દૃષ્ટિના ચમત્કાર જોઈને તેની ઈચ્છા અભિલાષા કરવી

વિચિકિત્સા :જિનધર્મના અનુષ્ઠાનોના ફળમાં શંકા કરવી તે વિચિકિત્સા

અન્ય દૃષ્ટિપ્રશંસા :અન્ય દર્શનોનો મહિમા જોઈને તેના વખાણ કરવા

અન્ય દૃષ્ટિપરિચય:અન્ય દર્શનીઓનો ગાઢતાપૂર્વક પરિચય કરવો.

એમ, પ્રાપ્ત થયેલું સમ્યગ્‌દર્શન આ પાંચ દૂષણો નિવારવાથી ટકે છે.

આ ટકેલું સમ્યગ્‌દર્શન જ્ઞાનને પણ સમ્યગ્ બનાવી અને સમ્યક્‌ક્રિયા દ્વારા સકલ જીવરાશિ પ્રત્યે સ્નેહપરિણામને પ્રગટ કરે છે અને અંતે મુક્તિ સુધી પહોંચાડે છે.

શાસનપતિ શ્રી મહાવીરપ્રભુના ચરણે બસ એક પ્રાર્થના કરીએ કે ક્ષાયિક સમ્યક્ત્વી જેવું પરમ સમ્યક્ત્વ આપે. જેવી રીતે શ્રેણિક, સુલસા, રેવતી, કોણિક, અંબડ જેવા મહાસતી-મહાપરુષોને અર્પ્યું બસ એવું જ નિર્મળ સમ્યગ્‌દર્શન અમોને પણ પ્રાપ્ત થાય. જેના દ્વારા અમો જીવમાત્રની રક્ષા કરીએ, સહુને સુખી કરીએ. આ સાચી સમજણ દ્વારા સહુને જિનશાસન રસિક બનાવીએ એ જ અભ્યર્થના.✷

પ્રશ્ન : જાપને બદલે સ્વાધ્યાયનું કેમ મહત્ત્વ?

ઉત્તર : સ્વાધ્યાયનો એક મુખ્ય ઉદ્દેશ 'અશુભ વિકલ્પોમાંથી બચી શુભ વિકલ્પોમાં રહેવાનો' જાપમાં બેસે કે ભાવના ભાવે, તો શુભ વિકલ્પમાં સ્થિર ન રહેવાય. કારણ કે એકની એક ચીજ હોય તો મન કેળવાયેલું નથી, તેથી તેમાં સ્થિરતા નથી રહેતી. મન વિવિધતા પ્રિય છે, એટલે દા. ત. ભીમપલાસ વગેરે ગમે તેટલા સુંદર એક રાગમાં ગવાતું ગીત હોય, પરંતુ શ્રોતા એ રાગમાં ગીતની ૩ કડી, ૪ કડી સાંભળે એટલે મન સુસ્ત થવા માંડે છે. પરંતુ રાગ ફરશે તો શ્રોતા નવા આનંદમાં આવી જશે. જાપમાં વિવિધતા નથી તેથી મન સુસ્ત બને છે, તેથી તેમાં સ્થિરતા રહેતી નથી. પણ શાસ્ત્ર-સ્વાધ્યાયમાં જુદી જુદી ચીજ હોય છે તો મન એક પછી બીજા શુભમાં, બીજા પછી ત્રીજા શુભમાં, ત્રીજા પછી ચોથામાં. એમ મન સ્થિરતાથી શુભમાં રમ્યા કરે છે. એક સરખા જાપ, ધ્યાનમાં આ ન બને-સ્વાધ્યાયમાં નવનવાં શાસ્ત્ર-વચન અને શાસ્ત્રના પદાર્થ આવે તો મન બરાબર તેમાં પરોવાયેલું રહે છે.

સ્વાધ્યાયનો એક વિશિષ્ટ હેતુ એ છે કે મનને એ શુભમાં લગાડી આત્મામાં સંવેગભાવ વધારે છે.

'સંવેગભાવ' એટલે દેવ, ગુરુ, ધર્મના અંગ ઉપર શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિભાવ.

સ્વાધ્યાય છોડી જાપ અને ધ્યાનમાં લાગી જવામાં આ સંવેગભાવ વધવાનો પ્રાયઃ અવકાશ નથી.

દા. ત. મૂર્તિ પર ધ્યાન લગાવ્યું તો શુભમાં તો મન રોક્યું અને એમાં અમુક કોટિનો સંવેગભાવ જાગ્યો,પરંતુ સંવેગભાવ વધતો કેવી રીતે ચાલે?

સંવેગભાવ વધારવાની તાકાત નવનવાં શાસ્ત્ર-વચનમાં ને વચનના અર્થોમાં છે.

નવી નવી ગાથા ને અર્થ વિચારાય તો ધર્મની નવનવી વાત આવવાથી સંવેગ વધે છે. એટલે કે ધર્મરાગ વધે, આરાધનાનો રાગ વધે, આ બધા સંવેગ છે. આમ સ્વાધ્યાયથી સંવેગ વધે છે. માટે સ્વાધ્યાયનું પ્રાધાન્ય છે, તેથી ઉપાધ્યાય તપ ને સ્વાધ્યાયમાં હંમેશાં મગ્નતા એટલા માટે કે જ્યાં સુધી ક્ષાયોપશમિક ભાવમાં છીએ, ત્યાં સુધી ઔદયિક ભાવોના આક્રમણ સામે ઝઝૂમે છે.

એટલે જ્યાં ક્ષાયોપશમિક ભાવ જરાક મોળો પડ્યો કે ત્યાં તરત ઔદયિક ભાવ આત્મામાં ઊતરી પડ્યો સમજો.

'ઔદયિક ભાવ' એટલે મોહનીયાદિ કર્મના ઉદયનો ભાવ. એમાં કામ-ક્રોધ-લોભ વગેરે જાગતા રહે.

'ક્ષાયોપશમિક ભાવ' એટલે મોહનીય-જ્ઞાનાવરણ આદિ કર્મ દબાઈને ક્ષમાદિ ધર્મ, સમકિત આદિ ગુણ પ્રગટ થાય તે.

તેથી ક્ષાયોપશમિક ભાવ ક્યારેય મોળો ન પડે એ માટે હંમેશાં તપ સ્વાધ્યાયમાં લીનતા જોઈએ.

દા. ત. ભગવાનની સ્તુતિ કરી, વીતરાગ પર રાગ વધ્યો, સંવેગ વધ્યો, સમ્યગ્‌દર્શન વધુ નિર્મળ થયું, એટલે ક્ષાયોપશમિક ભાવ વધ્યો. પરંતુ સમ્યક્‌ત્વને નિર્મળ કરનાર જે અર્હદ્ ભક્તિ છે, તે પત્યા પછી હવે જો બીજા શુભ યોગમાં દાખલ ન થાઓ તો પ્રમાદના અશુભ યોગમાં ઔદયિક ભાવ આવી જાય. પણ નિરંતર સ્વાધ્યાયમાં રહીએ તો ક્ષયોપશમ બન્યો રહે.

આમ, ધર્મના ક્ષયોપશમ-ભાવમાં જો થાકો, તો દિલમાં મોહનો ઔદયિક ભાવ દાખલ થઈ જવાનો. માટે તે ક્ષયોપશમભાવ ટકાવી રાખવા માટે તપ ને સ્વાધ્યાયમાં સદા લીન રહો.

૯
જ્ઞાન

સ્વપરને ઓળખાવનાર જ્ઞાનપદ

નવપદોમાં સાતમું પદ જ્ઞાનપદ છે. જ્ઞાન શબ્દ સંસ્કૃત 'જ્ઞા' ધાતુ પરથી આવેલો છે. 'જ્ઞા' એટલે જાણવું. આ જગતમાં અનેક વસ્તુઓની જાણકારી માનવો પાસે હોય છે. પરંતુ આ સર્વ જાણકારીઓને આપણે માહિતી કહી શકીએ, પરંતુ જ્ઞાન એ માહિતીથી વિશિષ્ટ છે. લોકો માહિતીને જ્ઞાન માની બેસે છે, પરંતુ જ્ઞાન તો એ છે કે જેનાથી 'સ્વ'ની ઓળખાણ થાય.

જૈનધર્મમાં સમ્યગ્‌દર્શનના પાયારૂપે 'જ્ઞાન'નું મહત્ત્વ રહ્યું છે. સમ્યગ્‌દર્શનની વ્યાખ્યા કરતા તત્ત્વાર્થસૂત્રકાર ઉમાસ્વાતિજી મહારાજ કહે છે; तत्त्वार्थश्रद्धानं सम्यग्‌दर्शनम्। તત્ત્વાર્થની શ્રદ્ધાથી સમ્યગ્‌દર્શન થાય છે. આ તત્ત્વાર્થની શ્રદ્ધા થાય એ માટે એનું થોડું પણ જ્ઞાન અતિશય-આવશ્યક બને છે. આત્મામાં જ્ઞાનના પ્રભાવે સાચી શ્રદ્ધા જન્મે છે અને શ્રદ્ધા જન્મ્યા પછી તે જ્ઞાન સમ્યગ્‌ બને છે એમ સમ્યગ્‌ શ્રદ્ધા અને સમ્યગ્‌ જ્ઞાન એક સાથે જન્મે છે. સાચી શ્રદ્ધા સાચી ક્રિયા તરફ લઈ જાય છે. આમ, સમ્યગ્‌જ્ઞાન અપેક્ષાએ સમ્યગ્‌દર્શન અને સમ્યગ્‌ચારિત્ર બંનેને જન્મ આપનાર બને છે.

જ્ઞાનની મદદથી આ જગતના જડ અને ચેતન પદાર્થોનું વાસ્તવિક જ્ઞાન થાય છે. આત્માનું સ્વરૂપ દર્શાવતાં શ્રી ઉમાસ્વામિજી મહારાજે તત્ત્વાર્થસૂત્રમાં બે સૂત્ર દર્શાવ્યા છે; उपयोगो लक्षणम् (અધ્યાય ૨, સૂત્ર ૮) અને परस्परापग्रहो जीवाणाम् (અધ્યાય ૫, સૂત્ર ૨૨ તત્ત્વાર્થ સૂત્ર).

જીવનું લક્ષણ ઉપયોગ એટલે કે જાગૃત ચેતના છે. આ જાગૃત ચેતના એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય. આ આત્મગુણોનો અનુભવ કરવો તે ઉપયોગ છે. આ લક્ષણની સમજણથી આત્માનું સ્વરૂપદર્શક જ્ઞાન થાય છે. જીવવિજ્ઞાનની પરિભાષામાં વ્યાખ્યાઓ બે પ્રકારની હોય છે; (૧) એના અંગ-ઉપાંગોનું વર્ણન અને તેની વિશિષ્ટતા દર્શાવનારી સ્વરૂપદર્શક, (૨) તેના પરિસર-બાહ્ય વાતાવરણ સાથેના સંબંધ દર્શાવનારી. આમાંની ઉપયોગો लक्षणम् વ્યાખ્યા જીવનું સ્વરૂપ અને જીવની વિશિષ્ટતા દર્શાવે છે. એ સ્વરૂપદર્શક વ્યાખ્યા છે. જીવ-આત્મા ચૈતન્યમય-જ્ઞાન-દર્શનરૂપ છે. એવા તેના સ્વરૂપનું દર્શન થતાં આજ સુધી દેહ પર ધારણ કરેલી આત્મબુદ્ધિ નષ્ટ થાય છે. આ દેહ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપ છે તેથી તે પુદ્‌ગલ સ્વરૂપ છે એવી ઓળખાણ થાય છે. આમ, ઉપયોગો लक्षणम् વ્યાખ્યાથી દેહ અને આત્માનો ભેદ સમજાય છે.

બીજી વ્યાખ્યા તત્વાર્થસૂત્રના પાંચમા અધ્યાયમાં કરવામાં આવી છે. આ વ્યાખ્યા સંબંધદર્શક છે. સંબંધદર્શક વ્યાખ્યામાં વસ્તુનો બીજી વસ્તુઓ (પર્યાવરણ આદિ) સાથેનો સંબંધ દર્શાવવામાં આવે છે. અહીં ધર્માસ્તિકાયની એ દૃષ્ટિએ વ્યાખ્યા આપતા કહ્યું; ગતિમાં સહાય કરે તે ધર્માસ્તિકાય, સ્થિર રહેવામાં સહાય કરે તે અધર્માસ્તિકાય, અવકાશ (Space) આપે તે આકાશાસ્તિકાય. એ જ રીતે શરીર, વાણી, મન, પ્રાણ આદિનું કારણ પુદ્‌ગલ છે. અને સમયની વર્તના કાળથી થાય છે. આમ, આ પાંચે દ્રવ્યો જડ હોવા છતાં જીવમાત્રને જીવન જીવવામાં સહાયભૂત થાય છે. એ જ રીતે જીવતત્ત્વ સંબંધે સંબંધદર્શક વ્યાખ્યા કરતાં કહેવાયું છે કે, परस्परोपग्रही जीवानाम् । પરસ્પર ઉપકારમાં નિમિત્ત બનવું એ જીવનો સ્વભાવ છે. આજ સુધી આપણે દેહને આત્મા માની તેને લાડ લડાવ્યા અને અન્ય જીવોને પર માનીને જીવ્યા છીએ. પણ વાસ્તવમાં આપણે અન્ય જીવો પર ઉપકાર કરીએ છીએ તો તેના ફળસ્વરૂપે આપણે પણ ઉપકારને પામીએ છીએ; એ જ રીતે અપકાર કરવાથી અપકારને પામીએ છીએ. બીજા દ્રવ્યો ઉપકાર કરે છે, પરંતુ એ એકપક્ષીય ઉપકાર છે. જીવ તેના પર ઉપકાર કરે તો તેમને ઉપકારનો અનુભવ થતો નથી. કારણ કે જડ છે. પરંતુ જીવતત્ત્વ પરસ્પર એક-બીજા સાથે સંકળાયેલા છે. આ વસ્તુનો અનુભવ થતાં જ અન્ય જીવોમાં આત્મસમદર્શિતાનો વાસ્તવિક અનુભવ થાય છે. આ આત્મ-સમાનતાનું જ્ઞાન મૈત્રીભાવને જન્મ આપે છે. આ મૈત્રીભાવ અને તેના પરિણામે જન્મેલા કરૂણા, પ્રમોદ, મધ્યસ્થતા આદિ ભાવો જ ધર્મકલ્પવૃક્ષનું વાસ્તવિક મૂળ છે.

આમ, આત્માનું ઉપયોગલક્ષણ એવું જ્ઞાન જડ સાથેના ભેદનો અનુભવ કરાવે છે તો परस्परोपग्रहो जीवानाम् જીવમૈત્રીના પાયા દૃઢ કરે છે.

દેહને નહિ, પણ દેહમાં રહેનારા આત્માને પરમાત્મા સમાન જાણવો તે નિશ્ચયથી સમ્યગ્‌જ્ઞાન છે. એ જ રીતે સર્વ આત્મામાં પોતાના આત્મા સમાન આત્માને જાણવો તે વ્યવહારથી સમ્યગ્‌જ્ઞાન છે. આ સમ્યગ્‌જ્ઞાન થવાથી સર્વ જીવો પોતાના જેવા

- *મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે, 'જે જીવો શ્રી સિદ્ધચક્રજીના ગુણગાન ગાય છે, તેઓ આ જગતમાં વિનયગુણરૂપી અભ્યંતર સુખ તથા શ્રેષ્ઠ યશરૂપી બાહ્ય સુખને પ્રાપ્ત કરે છે.'*
- *ધર્મક્રિયા કરવાનો પુરુષાર્થ, (૨) ધર્મક્રિયામાં અત્યંત પ્રીતિ, (૩) ધર્મક્રિયા પ્રત્યે અંતરમાં ભારોભાર બહુમાન, (૪) ધર્મક્રિયા વિષે વધારે ને વધારે જાણવાની જિજ્ઞાસા, (૫) જિજ્ઞાસાની પૂર્તિ માટે ધર્મક્રિયાના જાણકાર તત્ત્વવેત્તાઓની સોબત તથા (૬) જિનેશ્વર દેવ કથિત આગમશ્રુતના સિદ્ધાંતોનું નિવિઘ્ન રીતે આચરણ–એ ૬ લક્ષણો શુદ્ધ ક્રિયાનાં જાણવાં.*

જ અનુભવવાથી નાનામાં નાના જીવ પ્રત્યે અપાર પ્રેમ વહે છે, અને અહિંસાધર્મનું સહજ પાલન થાય છે. એ જ રીતે જીવને અન્ય જીવથી જૂઠું બોલવું, ચોરી કરવી આદિ દોષોનું સેવન કરવાનું રહેતું નથી. વળી પોતે જે ધર્મક્રિયાઓ કરે છે, તેનું ફળ પોતે એકલો જ પામે એવી સ્પૃહા રહેતી નથી. જેમ કુટુંબના વડીલ કુટુંબના સર્વ સદસ્યોનું ધ્યાન રાખે, પોતે જે ધનપ્રાપ્તિ કરે તે પોતાના એકલા માટે નહિ, પણ સમગ્ર કુટુંબ માટે કરે એમ મનુષ્યકુળ, જિનધર્મ આદિ પામેલા જીવસૃષ્ટિના વડીલ સમા આપણે સમગ્ર જીવરાશિ માટે ધર્માચરણ કરીએ છીએ. આ ધર્માચરણમાં વ્યક્તિગત સ્વાર્થનો અંશ ન રહેવાથી નાનામાં નાનું કરેલું ધર્માનુષ્ઠાન પણ વાસ્તવિક ફળને આપનારૂં બને છે. પોતાના દેહ અને આત્માનો ભેદ કરનારું ભેદજ્ઞાન અને અન્ય આત્મા સાથે અભેદ કરનારૂં અભેદજ્ઞાન આવું નિશ્ચય અને વ્યવહારથી સંમિલિત જ્ઞાન જ વાસ્તવિક જ્ઞાન બને છે. આ જ્ઞાનના પરિણામે જ આત્માનું આત્મસ્વરૂપે સમ્યગ્‌દર્શન થાય છે. આ સમ્યગ્‌દર્શનને પરિણામે સમ્યગ્‌જ્ઞાન થાય છે અને સમ્યગ્‌જ્ઞાનના પ્રતાપે સમ્યગ્‌ચરિત્ર થાય છે.

આવા જ્ઞાન માટે જ કહેવાયું છે;

નાણસ્વભાવ જે જીવનો સ્વપર પ્રકાશક તેહ,
તેહ નાણ દીપકસમું પ્રણમો ધર્મસ્નેહ.

જે જ્ઞાનસ્વભાવ જીવનો છે, તે આત્મા અને દેહના ભેદને પ્રકાશે છે, એ જ રીતે તે જ્ઞાન આત્માના આત્મા સાથેના અભેદનું દર્શન કરાવે છે, તે જ્ઞાન દીપક સમાન છે, તેને ધર્મપ્રત્યેના સ્નેહથી પ્રણામ કરો.

જ્ઞાનના પાંચ મુખ્ય ભેદો દર્શાવાયા છે. (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન. આમાંના પ્રથમ બે જ્ઞાનો ઇન્દ્રિયની મદદથી થાય છે. પછીના ત્રણ જ્ઞાનો આત્મપ્રત્યક્ષ થાય છે. પ્રથમ ત્રણ જ્ઞાન સમ્યગ્‌દર્શનના અભાવે અજ્ઞાનરૂપ ગણાય છે, અને સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ વિના બાકીના બે જ્ઞાન ઉત્પન્ન થતા નથી. આ પાંચ જ્ઞાનના પેટાભેદો મળી ૫૧ ભેદો થાય છે.

આ જ્ઞાનપદનો મહિમા કરતા વિજયલક્ષ્મીસૂરિ વીસ સ્થાનક પૂજામાં કહે છે;

'જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ;
અજર અમરપદ ફળ લહો, જિનવર પદવી ફૂલ.'

હે ભવ્યજીવો ચારિત્ર અને સમકિતના આધાર સમા જ્ઞાનવૃક્ષને તમે સેવો. આ જ્ઞાનવૃક્ષને અજર-અમરપદરૂપી ફળ છે અને જિનેશ્વરપદ રૂપી પુષ્પ છે.

આવા મહિમાવંત જ્ઞાનપદની આરાધના દ્વારા આત્માના શુદ્ધ જ્ઞાનમયસ્વરૂપને પ્રાપ્ત કરનારા થઈએ એ જ શુભેચ્છા. ✷ ✷ ✷

નવપદ–ઓળી એટલે શું ?

ચૈત્ર અને આસો મહિનામાં ઓળીની આરાધના કરવામાં આવે છે. આ 'ઓળી' શબ્દનું મૂળ શું ? એવો પ્રશ્ન થશે. 'ઓળી' શબ્દના મૂળમાં સંસ્કૃતમાં 'આવલિકા' શબ્દ રહ્યો છે. પંક્તિ, હારનો પર્યાયવાચી શબ્દ 'આવલિ' દીપાવલિ, વંદનાવલિ આદિ સામાસિક શબ્દ ગુજરાતીભાષીઓને પરિચિત છે. આ 'ઓલી'થી પણ કેટલાક પરિચિતિ હશે જ. આ 'ઓલી' અથવા 'ઓળી' પદાર્થોના સમૂહને દર્શાવવા વપરાય છે. અહીં આ શબ્દ આરાધ્ય નવપદના નવ આયંબિલના સમૂહને દર્શાવવા માટે વપરાયો છે.

આ 'ઓળી' શાશ્વતી અઠ્ઠાઈ તરીકે પણ ઓળખાય છે. જૈનધર્મમાં વર્ષમાં છ અઠ્ઠાઈઓ દર્શાવવામાં આવી છે. ત્રણ ચાતુર્માસિક પર્વની (ત્રણ ચૌમાસી ચૌદશની), એક પર્યુષણની અને બે ચૈત્ર અને આસો માસની નવપદની આયંબિલઓળી આરાધનાના દિવસો તરીકે મહત્ત્વપૂર્ણ છે. આ ઓળી શાશ્વતી કહેવાય છે, કારણ કે આજ સુધી મોક્ષે જનારા આત્માઓ નવપદમાંથી કોઈ એક પદનું તો આલંબન લઈને જ મોક્ષે જાય છે. આ દિવસોમાં દેવતાઓ નંદીશ્વરદીપ આદિ સ્થળોમાં આવેલા જિનાલયોમાં ભક્તિપૂર્વક ઉત્સવ કરે છે. આ દેવતાઓના મહોત્સવમાંથી પ્રેરણા લઈ પ. પૂ. પંન્યાસશ્રી ભદ્રંકર વિજયજી મ.સા.ની પ્રેરણાથી નવપદ–આરાધક સમાજ છેલ્લા ૭૫–૮૦ વર્ષોથી વિવિધ તીર્થોમાં પરમાત્મભક્તિના ઉત્સવપૂર્વક નવપદ–આરાધના કરે છે. આ ઉપરાંત અનેક સંઘો દ્વારા પણ વિવિધ તીર્થોમાં નવપદ–ઓળીનું પરમાત્મભક્તિયુક્ત આયોજન થાય છે.

આ નવપદ–ઓળીની ઉત્કૃષ્ટ આરાધના શ્રી મુનિ સુવ્રત સ્વામી ભગવાનના વારામાં શ્રીપાલ રાજા અને મયણાસુંદરીએ કરી હતી. અનેક રાજ્યકાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ તેઓ બેય નવપદ-ઓળીની પૂર્ણ ઉત્સાહપૂર્વક આરાધના કરતા. આ નવપદ–ઓળી આસોમાસથી પ્રારંભી જઘન્યથી ૯ ઓળી કરવાની હોય છે. નવપદસ્તુતિમાં કહેવાયું છે; 'સાડાચાર વરસે એ તપ પૂરો, કર્મવિદારણ તપ છે શૂરો.'

ઉત્કૃષ્ટમાં જાવજ્જીવ (જીવે ત્યાં સુધી) આ આરાધના કરવાની હોય છે. ઘણા પુણ્યવંત નવપદ–આરાધકો આજના વિષમકાળમાં પણ સ્વાદેન્દ્રિય પર વિજય મેળવી નવપદભક્તિરૂપ નવ આયંબિલ જીવનભર શ્રીપાલ-મયણાની ઉત્કૃષ્ટ આરાધનાના અનુકરણરૂપે કરી રહ્યા છે.

આપણે સૌ પણ આ ચૈત્રીઓળીના નવપદ–આરાધનાના અવસરે નવપદ-ભક્તિમાં જોડાઈ આત્મકલ્યાણ સાધનારા થઈએ એ શુભકામના.

આત્મસ્વભાવમાં રમણતા કરાવનાર ચારિત્રપદ

૮ ચરિત્ર

નવપદમાં ત્રીજા ધર્મતત્ત્વના દર્શન અને જ્ઞાન એ પદો પછી 'ચારિત્ર' પદ આવે છે. 'ચારિત્ર' શબ્દના મૂળમાં 'चर्' ધાતુ રહેલો છે. 'चर्' ધાતુનો અર્થ છે જવું. જે આત્માને મોક્ષ ભણી લઈ જાય અથવા શુદ્ધ આત્મસ્વરૂપ તરફ લઈ જાય તે ચારિત્ર. ચારિત્રગુણ એ સકલ સદ્‌ગુણોનો ભંડાર છે.

આ જગતમાં રાગ અને દ્વેષ ચારિત્રધર્મમાં બાધક બને છે. તેમાં પણ રાગ ચારિત્રધર્મમાં મુખ્ય બાધક બને છે. રાગવાળી વ્યક્તિઓ સંસારને છોડી શકતી નથી. કઠણ લાકડાંને કોરી નાખનારો ભમરો પણ કમળ પ્રત્યેના સ્નેહરાગને કારણે કમળ કોરતો નથી, અને રાતભર તેમાં રહી મૃત્યુને શરણ થાય છે. આમ, રાગ મનુષ્યના ઉર્ધ્વજીવનમાં બાધક બને છે. આ રાગને જૈનદર્શનમાં ત્રણ પ્રકારમાં વિભાજીત કરાયો છે; કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ.

કામરાગમાં દેહના સુંદરસ્વરૂપનું પ્રાધાન્ય હોય છે. પરંતુ જ્યારે આત્મા પરમાત્માના મનોહારી રૂપને જુએ અને તે પ્રત્યે પ્રીતિનો ભાવ જાગે તેમ ક્રમશઃ કામરાગ ટળે છે અને પ્રભુ પ્રત્યેની પ્રીતિ ગાઢ બનતી જાય છે. આનંદઘનજી મહારાજ ઋષભદેવ ભગવાનના સ્તવનમાં કહે છે;

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો, ઓર ન ચાહું રે કંત.

આમ, પરમાત્મપ્રીતિમાં, સમ્યગ્‌દર્શનમાં કામરાગ નષ્ટ થવાનો ઉપાય રહ્યો છે.

બીજા ક્રમે સ્નેહરાગ આવે છે. એને લીધે સંસારમાં રહેનારી વ્યક્તિઓ અમુક જ વ્યક્તિ વહાલી, બીજી પરાયી, ત્રીજી શત્રુ એવો ભાવ અનુભવે છે. પણ જ્યારે આત્મા સર્વ આત્માઓમાં પોતાના આત્મા સમાન આત્માને જાણે છે, ત્યારે સર્વજીવો પ્રત્યે સ્નેહ અને મૈત્રીનો અનુભવ કરે છે. આ સ્નેહપરિણામ અને મૈત્રી આદિ ભાવો સમ્યગ્‌જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. જ્ઞાની પુરુષોકહે છે; 'કામરાગ અને સ્નેહરાગ ટળી શકે, પરન્તુ દૃષ્ટિરાગ ટળવો અતિ દુષ્કર' (ખૂબ મુશ્કેલ કાર્ય છે.) તો આ દૃષ્ટિરાગ એટલે શું એની વાત થોડી વિસ્તારથી સમજીએ.

જીવમાત્રનો આ વિશ્વ અને વિશ્વના પદાર્થો પરત્વે એક દૃષ્ટિકોણ યા View Point હોય છે. જેને આપણે માન્યતા પણ કહી શકીએ. આ માન્યતાઓ પ્રત્યેનો દૃઢ રાગ તે દૃષ્ટિરાગ.

સામાન્ય રીતે દૃષ્ટિમાં ત્રણ દોષો હોય છે.

(૧) **એકાંતદર્શન :** આંખ વસ્તુની એક જ બાજુ જુએ, બીજી બાજુ જોઈ ન શકે. કોઈ પણ વસ્તની એક જ બાજુ જોવી, બીજી બાજુ ન જોવી તે એકાંતદર્શન છે.

(૨) **અદૂરદર્શન :** બહુ લાંબું ન જોવું. લાંબા ભવિષ્યનો વિચાર ન કરવો.

(૩) **સ્થૂલદર્શન :** ઉપરછલ્લું જોવું, ઊંડાણમાં ન જોવું તે સ્થૂલદર્શન છે.

એકાંતદર્શન – આંખ વસ્તુની એક જ બાજુ જુવે, બીજી બાજુ ન જુવે. બીજી બાજુ જોવા કાં વસ્તુ પલટવી પડે કાં જોનારે દિશા પલટવી પડે. આ એકાંતદર્શનને લીધે આંખ દેહને જુએ, પણ દેહને પડછે રહેનારા આત્માનું દર્શન કરી શકતી નથી. જ્યારે અનેકાંત દૃષ્ટિ પ્રાપ્ત થાય ત્યારે દેહની પાછળ રહેલા આત્મારૂપી પરમશક્તિવાન, પરમઐશ્વર્યમાન તત્ત્વને જુએ. ધીરાભગતે કહ્યું છે; 'તરણાં ઓથે ડૂંગર રે, ડૂંગર કોઈ દેખે નહિ.' આ દેહરૂપી તણખલાની પાછળ રહેલ આત્મારૂપી પર્વતનું દર્શન સ્યાદ્વાદદૃષ્ટિ વિના સંભવતું નથી.

અદીર્ઘદર્શન–(અદૂરદર્શન) દૃષ્ટિ બહુ લાંબું જોઈ શકતી નથી. દૃષ્ટિની અમુક અંતરથી વધુ ન જોવાની મર્યાદા છે. આમ, દૃષ્ટિ આ જ ભવનો વિચાર કરે, આવતા ભવનો વિચાર હોતો નથી. પણ સ્યાદ્વાદદૃષ્ટિ પ્રાપ્ત થતાં દૂરદૃષ્ટિ પ્રાપ્ત થાય. જેના પરિણામે આ ભવના કેન્દ્રથી ખસી, આવતો ભવ-પરભવ અને છેલ્લે મોક્ષ સુધીનો વિચાર મનુષ્યમનમાં કેન્દ્રિત થાય.

સ્થૂળદર્શન–દૃષ્ટિ કાર્યને જુએ, પણ કારણનો વિચાર ન કરી શકે. સામાન્ય રીતે મનુષ્ય રોગ જુએ અને તરત જ દવા લે. માથું દુખવા આવે અને માથાની દવા લઈ લે, પણ તેના મૂળ કારણ સુધી નજર પહોંચતી નથી. સૂક્ષ્મદર્શી દૃષ્ટિ રોગના મૂળ કારણ તરફ દૃષ્ટિપાત કરે. એ જ રીતે આત્મા સુખ જુએ પણ પુણ્ય જોતો નથી. આત્મા પુણ્ય જુએ પણ પુણ્યના મૂળ કારણ ધર્મ તરફ દૃષ્ટિ કરતો નથી. ધર્મ તરફ દૃષ્ટિ જાય તો પણ ધર્મનું મૂળ એવા ધર્મપ્રવર્તક તીર્થંકરને જોતો નથી. પરમાત્માને જુએ તો પરમાત્મા તેને આત્મસ્વરૂપનું દર્શન કરાવે. આવી સૂક્ષ્મદૃષ્ટિ જ વાસ્તવિક આત્માર્થનો બોધ પામી શકે.

આમ, અનેકાંતમય, દીર્ઘ અને સૂક્ષ્મદૃષ્ટિ સ્યાદ્વાદદૃષ્ટિ દ્વારા પ્રાપ્ત થાય. આ પ્રાપ્ત થયેલી દૃષ્ટિ આત્માને કેન્દ્રમાં રાખનારી હોવાથી સ્વાભાવિકપણે ઈન્દ્રિયોના વિષયની તૃષ્ણા ઘટે, એ જ રીતે પરભવ અને મોક્ષકેન્દ્રી હોવાથી ક્ષણિક-સ્વાર્થનો વિચાર છૂટી જાય.

આમ, જીવની પ્રભુભક્તિ કેળવાતી જાય, એમ કામરાગ છૂટે, સર્વ જીવો પ્રત્યે સ્નેહરાગ દૃઢ થાય. દ્વેષ દૂર થતો જાય એમ સ્નેહરાગ છૂટે અને સ્યાદ્વાદદૃષ્ટિ કેળવાય ત્યારે આત્માના અનુભવથી ચારિત્રધર્મ પ્રત્યે પ્રીતિ જાગે અને દૃષ્ટિરાગ ધીમે ધીમે નષ્ટ થાય.

આ ચારિત્રપદ મહામહિમાવંત છે. આત્માના શુદ્ધસ્વભાવ

પ્રતિ કેન્દ્રિત થયેલ આત્મા અન્ય આત્મામાં પણ પોતાના સમાન આત્માને જુએ, આથી અહિંસાધર્મનું પાલન સહજ થઈ જાય. એના પરિણામે અષ્ટપ્રવચનમાતા (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ)નું પાલન સહજ થાય. આ પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓના પાલનથી આત્માના ચારિત્રગુણનો વિકાસ થતો હોવાથી 'અષ્ટપ્રવચનમાતા' કહેવાય છે. ચાલવામાં જાગૃત રહેવું (ઈર્યાસમિતિ), ક્રૂર વચન ન બોલાય એની સાવધાની (વચન સમિતિ), વસ્તુને ગ્રહણ કરવામાં જાગૃતિ (એષણાસમિતિ), વસ્તુઓને લેવા-મૂકવામાં તકેદારી (આદાનભંડમત્ત નિકખેવણા સમિતિ), મળ-મૂત્રનું વિસર્જન જીવો ઉત્પન્ન ન થાય એવી ભૂમિમાં કરવું (પારિષ્ઠાપનિકા સમિતિ) આદિ પાંચ સમિતિઓનું પાલન નિર્મળ થાય. એ સાથે જ મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓની સાધના સહજ રીતે થતી રહે.

આવો આ ચારિત્રગુણ વ્યવહારથી પંચમહાવ્રતપાલન રૂપ છે, તો નિશ્ચયથી આત્મરમણસ્વરૂપ છે. સગર સનત્કુમાર આદિ ચક્રવર્તીઓએ પણ પોતાના અપાર ભોગવૈભવ છોડી સંયમને સ્વીકારી આત્મસાધના કરી હતી.

ઉપાધ્યાય યશોવિજયજી નવપદપૂજામાં કહે છે;

'તૃણ પરે જે ષટ્‌ખંડ તજી, ચક્રવર્તી પણ વરિયો,
તે ચારિત્ર અક્ષય સુખ કારણ, તે મેં મનમાંહે ધરિયો રે.

ચક્રવર્તીઓ પાસે છ ખંડના અનેક ગામનગરો, સુંદર સ્ત્રીઓ, નવ નિધિ આદિ વિપુલ ભંડાર હોવા છતાં ચારિત્ર ધારણ કરે છે. એનું કારણ શું ? ચક્રવર્તીઓ વિચારે છે કે, હું જેનું રક્ષણ કરું છું એ છખંડ, નવનિધિ, ચૌદ રત્ન, વિપુલ ભોગ-વૈભવ આદિ સર્વ પદાર્થો વિનાશી છે. આ વિનાશી પદાર્થોના રક્ષણથી જે સુખ મળવાનું છે, તે પણ વિનાશી જ રહેવાનું. દીક્ષા લીધા બાદ જે પદાર્થનું રક્ષણ કરવાનું છે તે આત્મા અવિનાશી છે અને અવિનાશી પદાર્થોનું રક્ષણ કરવાથી અવિનાશી સુખની ઉપલબ્ધિ થશે. આથી અક્ષયસુખના કારણ એવા ચારિત્રને તેઓ ધારણ કરે છે, અને મેં (કવિએ) મનમાં ધારણ કર્યું છે.

આ ચારિત્રપદના પ્રતાપે જન્મથી દરિદ્રી એવા લોકો પણ રાજા અને ઇંદ્રોથી પૂજીત થાય છે. આ ભાવ વર્ણવતાં ઉપાધ્યાય યશોવિજયજી કહે છે;

હુઆ રાંક પણ જેહ આદરી, પૂજિત ઇંદ નરિંદ;
અશરણ શરણ ચરણ તે વંદું, પૂર્યું જ્ઞાન આનંદે રે.

રંક (દરિદ્રો) પણ જેનો આદર કરી ઇંદ્ર અને રાજાઓથી પૂજીત બન્યા છે. સંપ્રતિ રાજાએ એક જ દિવસનું ચરિત્રપાલન કર્યું, પણ પરિણામે પૂર્વભવના દરિદ્ર ભિખારીમાંથી બીજે ભવે રાજા બન્યા, એટલું જ નહિ, એ ભવે પણ મોટા શ્રીમંતો દ્વારા પણ આદરણીય બન્યા.

આ ચારિત્ર અશરણને શરણ છે. કઈ રીતે ? આ જગતમાં મૃત્યુ આવે ત્યારે માતા, પિતા, પુત્ર, પત્ની, ધન-વૈભવ આદિ કોઈ શરણ બની શકતું નથી. આ અશરણદશામાં આત્માની શાશ્વતતાનો બોધ ચારિત્રધર્મ આપે છે, અને પરભવનું ભાથું બંધાવે છે. આમ ચરણ (ચારિત્રધર્મ) તે અશરણને શરણરૂપ થાય છે. આ ચારિત્ર કેવળ ક્રિયારૂપ નથી હોતું પરંતુ જ્ઞાનાનંદથી પરિપૂર્ણ હોય છે.

આવા ચારિત્રધર્મની શાસ્ત્રકારોએ નિર્યુક્તિમાં બીજી રીતે વ્યાખ્યા કરી છે, 'ચા' એટલે ચય અને 'રિત્ર' એટલે ખાલી કરવું. 'ચય' એટલે સંચિત થયેલા આઠ કર્મોના સંચયને રિક્ત કરવા તે 'ચારિત્ર.'

સાધુઓ પંચમહાવ્રતરૂપ પૂર્ણ ચારિત્રનું પાલન કરે, તો શ્રાવકો પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત સહિત દેશવિરતિધર્મ રૂપ ચારિત્રનું પાલન કરે.

આ ચારિત્રધર્મ નવા કર્મોને આવતા રોકતું હોવાથી સંવરરૂપ છે. વળી, સર્વ જીવો સાથેના આત્મરૂપ જ્ઞાનની પરિણતિરૂપ હોવાથી તત્ત્વસ્થિરતારૂપ છે. જેમાં ક્ષમા આદિ દસ ઉત્તમ ધર્મોનું આચરણ છે અને ક્રમશઃ શાસ્ત્રોમાં જેવું કહ્યું છે તેવું ચારિત્રરૂપ (યથાખ્યાત ચારિત્ર) શુદ્ધ સ્વભાવ અપાવનાર છે.

આવા ચારિત્રગુણને માટે જ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે; 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, થઈશું બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ જો.'

આપણે સૌ આવા ઉજ્જવળ સંયમધર્મની પ્રાપ્તિના અભિલાષી થઈએ એ શુભકામના. ✷✷✷

- *હવે પ્રથમ પાંચ ગાથાઓથી તેમણે આ પ્રમાણે અરિહંતપદનાં ગુણગાન કર્યાં, 'જેણે પૂર્વના ત્રીજા ભવમાં શ્રેષ્ઠ વીશ સ્થાનકનું તપ કરીને તીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું અને જેઓ અંતિમ ભવમાં ચોસઠ ઈન્દ્રો વડે પૂજાયેલા છે, તે અરિહંત જિનેશ્વરોને હે ભવ્યો ! તમે પ્રણમો તથા શ્રી સિદ્ધચક્રના દરેક પદને વંદો કે જેથી ચિરકાળ સુધી આનંદને પ્રાપ્ત કરો.'*
- *એ નવપદનું સતત ધ્યાન કરતાં થકાં પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ થાય છે અને જેણે પોતાના શુદ્ધ આત્માનું દર્શન કર્યું છે તેણે ભવરૂપી ભયનો ઊંડો કૂવો હંમેશને માટે ધરબી દીધો છે માટે હવે તેની મુક્તિ નિશ્ચિત છે.*
- *સદ્‌જ્ઞાનથી અડધી જ ક્ષણમાં જે પાપો ટળે છે તે પાપોનો અતિ કઠોર તપસ્યા કરવાપૂર્વક પણ અજ્ઞાની પુરુષો કરોડો ભવો સુધી નાશ કરી શકતા નથી, માટે તે આ દુનિયામાં જ્ઞાનની કોઈ તુલના નથી.*

૯
તપ

તપ

□ ડૉ. જિતેન્દ્ર શાહ

આત્મકલ્યાણ અર્થે તપ આવશ્યક છે. તપ એ ભારતીય સંસ્કૃતિનો આધાર છે. સ્વચ્છંદતા, સ્વાદપ્રિયતા કે અતિ આહાર જીવનને ભ્રષ્ટ કરે છે. મનોવિકાર ઉત્પન્ન કરે છે અને શરીરમાં રોગોત્પત્તિ. તેનાથી બચવા તપ અત્યંત જરૂરી છે. તપ એ માત્ર શરીરને નિરોગી રાખવાનું સાધન નથી પણ તેનાથી પણ વધુ ઊંચું તત્ત્વ છે. તપ એ આત્મશુદ્ધિનો માર્ગ છે.

દશવૈકાલિક સૂત્ર (અધ્યયન-૯, ઉદ્દેશક-૪, વિનયસમાધિ)માં વિનયસમાધિમાં અર્થાત્ સંયમ આરાધનાના મુખ્ય ચાર કેન્દ્રબિન્દુ દર્શાવ્યા છે. સમાધિ શબ્દ યોગમાર્ગમાં અત્યંત પ્રચલિત છે. સમાધિ એટલે મનનું એકાગ્રતાપૂર્વક સમ્યક્પ્રકારે સ્થિત થઈ જવું તે. પરંતુ સમાધિના અન્ય અર્થો પણ કરવામાં આવ્યા છે. શાસ્ત્રમાં સમાધિ એટલે સમારોપણ-ગુણોનું સમાધાન-સ્થિરીકરણ, આત્મગુણોનું સ્થિરીકરણ પણ સમાધિ છે. આથી દશવૈકાલિક સૂત્રમાં સમાધિનો અર્થ સંયમ આદિની સમ્યક્ આરાધના સંયમની સફળતા, શુદ્ધિ અને સ્વસ્થતા કરવામાં આવ્યો છે. અહીં વિનય સમાધિ અર્થાત્ સંયમ આરાધનાના ચાર સ્થાનોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે સંયમ આરાધનાના કેન્દ્ર બિન્દુ છે. તે અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે, તેના ઉત્તરમાં જણાવ્યું છે કે તે ચાર સ્થાનો કેન્દ્રબિન્દુઓ આ પ્રમાણે છે-

(૧) વિનય સમાધિ (૨) શ્રુત સમાધિ, (૩) તપ સમાધિ, (૪) આચાર સમાધિ. અને ત્યાર બાદ જણાવ્યું છે કે,

વિણએ સુએ ય તવે, આયારે ણિચ્ચં પંડિયા ।
અભિરામયંતિ અપ્પાણં, જે ભવંતિ જિઇંદિયા ।।

અર્થાત્ જિતેન્દ્રિય અને પંડિત શ્રમણ હંમેશા પોતાના આત્માને વિનય, શ્રુત, તપ અને આચારમાં તન્મય કરે. તલ્લીન કરે. અહીં ચાર સમાધિમાં તપ સમાધિ પણ એક છે. તપની આરાધના સમ્યક્ પ્રકારે કરવી તે તપ સમાધિ છે. તપથી અભ્યુદય થાય છે એટલે ઘણાં સાધકો કેટલાંક ભૌતિક લાભો મેળવવા માટે તથા ભૌતિકસુખની કામનાથી તપનું આચરણ કરે છે ત્યારે તે તપ શુદ્ધ નથી રહેતું. તપમાં મલિનતા ઉત્પન્ન થાય છે. તે મલિનતા નિર્જરાને બદલે કર્મ બંધન કરવારૂપ થઈ જાય છે માટે તપની શુદ્ધિ આવશ્યક માનવામાં આવી છે.

તપની આરાધના શુદ્ધરૂપે થાય તે માટે તપ સમાધિના ચાર પ્રકાર વર્ણવ્યા છે.

(૧) સાધક આ લોકના સુખ માટે તપનું આચરણ કરે નહીં.
(૨) સ્વર્ગાદિ સુખના માટે તપનું આચરણ કરે નહીં.
(૩) કીર્તિ, વર્ણ (પ્રશંસા), વખાણ સાંભળવા માટે તપનું આચરણ કરે નહીં.
(૪) કર્મોની નિર્જરા સિવાય કોઈ અન્ય પ્રયોજનથી તપનું આચરણ કરે નહીં.

ઉક્ત ચારેય પ્રકારની તપ સમાધિમાં સૂત્રકારે નિષેધ વચન દ્વારા વિધાનને સમજાવ્યું છે. સામાન્યતઃ લોક દુઃખી છે. દુઃખી લોકો દુઃખને દૂર કરવા પ્રયત્નશીલ હોય છે. તે ભિન્ન ભિન્ન માર્ગો અપનાવે છે. તેમાંનો એક માર્ગ તપ છે. શારીરિક સુખ માટે ઉપવાસ આદિ કરે છે. ગ્રહાદિની અશુભ અસર નિવારવા તપ કરે છે. ભૌતિક સુખની કામનાથી શરીરને કષ્ટ આપે છે. કેટલીકવાર મનુષ્ય વિચાર કરે છે કે આ ભવમાં તો સુખ મળ્યું નથી અને મળવાની સંભાવના પણ નથી તેથી આવતા ભવમાં સુખ પ્રાપ્ત થાય તે માટે વર્તમાનમાં જાતજાતના તપ કરે છે અને એમ માને કે તપ કરવાથી બંધાતાં શુભકર્મોના કારણે ભવિષ્યમાં દિવ્ય સુખો અનુભવવા મળશે. આવી ભાવનાથી તપ કરનારાં પણ હોય છે. કેટલાંક લોકો માત્ર કીર્તિની, પ્રશંસાની અને વખાણ થશે તેવી અપેક્ષાથી તપ કરે છે. કેટલીકવાર કોઈ પદ મેળવવા માટે કે અન્ય કોઈ અપેક્ષાથી પણ લાંબા લાંબા તપ તપતા હોય છે. પરંતુ તપ એ તો દિવ્ય આરાધના છે. તેમાં ઉપર જણાવેલા ભાવો મળે તો તે દિવ્ય આરાધના દૂષિત બની જાય છે. તેનું ફળ વિપરીત થઈ જાય છે. માટે તપની આરાધના એક માત્ર કર્મનિર્જરા માટે કરવામાં આવતા તપને જ શ્રેષ્ઠ તપ કહ્યું છે. માટે સાધકે કોઈપણ આશા કે આકાંક્ષા વગર એકમાત્ર કર્મનિર્જરાના લક્ષે જ તપ કરવું જોઈએ. સામાન્યતઃ સંસારનો પ્રત્યેક જીવ કોઈપણ ક્રિયા પ્રયોજન વગર કરતો નથી. પ્રત્યેક ક્રિયા પાછળ કોઈને કોઈ પ્રયોજન અવશ્ય હોય જ છે. મૂર્ખ માણસ પણ પ્રયોજન વગર ક્રિયા કરતો નથી. આથી તપ પણ કર્મ નિર્જરા માટે કરવાનું જણાવ્યું છે. આવા તપથી જીવને શું લાભ થાય છે? એવો એક પ્રશ્ન ભગવાન મહાવીર સ્વામીને તેમની અંતિમ દેશનામાં પૂછાયો હતો. તે પ્રશ્ન

● *શિવકુમાર મરીને વિદ્યુન્માલી દેવ થયો છે. વિદ્યુન્માલી દેવતાની છેલ્લા દિવસ સુધી પણ કાન્તિ ઘટતી નથી. તે વીરપ્રભુને વંદન કરવા સમવસરણમાં આવ્યા છે ત્યારે એમનું તેજ સૌથી વધારે છે. તે જોઈને ગૌતમસ્વામી પૂછે છે કે, આટલા બધા તેજસ્વી કેમ છે? ત્યારે ભગવાન ખુદ પણ તેમણે કરેલા આયંબિલનો પ્રભાવ વર્ણવે છે.*

પ. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી મ.સા. (નવપદ પ્રવચનોમાંથી)

અને તેનો ઉત્તર ઉત્તરાધ્યયન સૂત્રના ૨૭મા સમ્યક્‌ત્વ પરાક્રમ નામના અધ્યયનમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે. તે આ પ્રમાણે છે.

तवेणं भंते! जीवे किं जणयइ।

तवेणं वोदाणं जणयइ।।

અર્થાત્‌ હે ભગવાન! તપથી જીવને શું લાભ થાય છે? તપથી જીવ પૂર્વકૃત કર્મોનો ક્ષય કરે છે. તપથી આત્મા કર્મમુક્ત બની વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે. કર્મક્ષય થવાથી જીવ સક્રિય બનવા લાગે છે. જીવના દુઃખનું કારણ ક્રિયા છે. મન, વચન કે કાયાની ક્રિયા એ જ કર્મ છે. તેનાથી કર્મોનું આગમન થયાં કરે છે. જીવ તે નવાં નવાં કર્મોનું બંધન કરતો રહે છે. જૂના કર્મોને છોડવાની પ્રક્રિયા અત્યંત મંદ હોય છે. જ્યારે નવા કર્મોને બાંધવાની પ્રક્રિયા અતિતીવ્ર હોય છે. તેથી સતત સંસાર પરિભ્રમણ ચાલુ જ રહે છે. આ પ્રક્રિયામાં ક્રિયા મહત્ત્વનો ભાગ ભજવે છે. આની સાથે કષાયો ભળે છે તેથી બંધાયેલા કર્મો લાંબા સમય સુધી અને ગાઢ રીતે બંધાયેલા રહે છે. પણ તપ કરવાથી જીવની કર્મ બાંધવાની ક્રિયામાં મંદતા આવતી જાય છે. જેમ જેમ તપનો પ્રભાવ વધતો જાય અને તપશ્ચર્યા વધતી જાય તેમ તેમ નિર્જરા પણ વધતી ચાલે છે. તપથી નિર્જરા પણ થાય છે અને સંવર પણ થાય છે. તત્ત્વાર્થ સૂત્ર-કારે નવમા અધ્યાયના પ્રારંભમાં જણાવ્યું છે કે-

तपसा निर्जरा च। ૯-૩ તપથી સંવર અને નિર્જરા થાય છે.

આ કારણે સમગ્ર જૈન દર્શનમાં તપનો મહિમા ઘણો છે.

દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં જ જણાવ્યું છે કે અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મમાં જેનું મન લીન છે તેવા સાધકને દેવો પણ નમસ્કાર કરે છે. તપનો આવો મહિમા હોવાથી તપની વ્યાખ્યા અને તેના ભેદપ્રભેદ પણ જાણવા નિતાંત આવશ્યક બની જાય છે. કેટલાંક લોકો માત્ર દેહને કષ્ટ આપવું તેને જ તપ માનતા હોય છે. તેથી એક ઉક્તિ પણ પ્રચલિત થઈ છે કે देहदुक्खं महाफलम्‌ । અર્થાત્‌ દેહને દુઃખ આપવું તે મહાન ફળ આપનાર છે. તપનો વાસ્તવિક અર્થ ન જાણનારાં અને આવા વાક્યોનો શાબ્દિક અર્થ જ જાણનારા ઘણાં બધાં ભોળાજન તપ કરવા લાગી જાય છે. માત્ર શરીરને કષ્ટ આપ્યા કરે છે પણ તેઓ જાણતા નથી કે આવા તપથી શો લાભ થશે? આવા બાહ્યતપની આચરણા જોઈને અન્ય દર્શનકારોએ જૈનધર્મ ઉપર આક્ષેપો પણ કર્યા છે. મુખ્યત્વે બૌદ્ધદર્શનકારો કહે છે કે બળદ વગેરે જે કષ્ટો સહન કરે છે તે તો તેના પૂર્વકૃત કર્મોને કારણે ભોગવે છે. પરંતુ માણસોએ હાથે કરીને ભૂખ્યા રહીને વ્યર્થ કષ્ટ ભોગવવાની શી જરૂર છે? બુદ્ધે પણ જ્યારે સાધના કરી હતી ત્યારે આકરાં તપ કર્યા હતાં પરંતુ તેમણે તેને અતિશય કઠોર માર્ગ કહી છોડી દીધો હતો અને મધ્યમ માર્ગ અપનાવ્યો હતો. તેથી બૌદ્ધ દાર્શનિકો તપશ્ચર્યાનો વિરોધ કરે છે. આ અંગે આચાર્ય હરિભદ્રસૂરિએ બહુ જ સુંદર યુક્તિયુક્ત ખુલાસો આપ્યો છે. બળદાદિને સહન કરવું પડતું કષ્ટ કર્મોદયરૂપ છે જ્યારે તપ એ કર્મના ઉદયરૂપ નથી પરંતુ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ પરિણતિ સ્વરૂપ છે. તપ એ તો વિશિષ્ટ જ્ઞાન - સંવેગ અને ઉપશમગર્ભિત ક્ષાયોપશમિક અને અવ્યાબાધ સુખરૂપ છે.

અચાનક કે અનિચ્છાએ આવી પડેલું શારીરિક કષ્ટ કર્મોદયરૂપ હોય છે. તેથી તેવા સંયોગોને તપ ગણવામાં આવતું નથી. પરંતુ જ્યારે સાધક સ્વેચ્છાએ તપ કરે છે ત્યારે તેને કષ્ટ માનવામાં આવતું નથી. તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો એ તપ તો કર્મની ઉદીરણારૂપ હોય છે. એ વાત સત્ય છે કે કોઈ તપસ્વી વ્યક્તિના કૃષ શરીરને જોઈ સામેવાળાને દુઃખદાયક કષ્ટ જરૂર જણાય, પરંતુ કષ્ટ ભોગવનારને વસ્તુતઃ તો અંદરથી આનંદની જ અનુભૂતિ થતી હોય છે. બાહ્યદૃષ્ટિએ કષ્ટ જણાય છે પરંતુ આતંરિક દૃષ્ટિએ તો આનંદની ધારા વહેતી હોય છે. જેમ માતા પોતે ભૂખી રહીને બાળકને ભોજન કરાવતી વખતે પોતે ભૂખી હોવા છતાં આનંદનો જ અનુભવ કરે છે. તેવી જ રીતે તપસ્વી પણ બહારથી શરીરને કષ્ટ આપતો હોય છે પરંતુ અંદરથી પરમ મસ્તીનો અનુભવ કરતો હોય છે. તેથી બૌદ્ધોએ કરેલો આક્ષેપ નિરર્થક સાબિત થાય છે. આથી માત્ર ભૂખ્યા રહેવું તે તપ નથી પરંતુ ભૂખ ઉપર વિજય મેળવવાની પ્રક્રિયા, અનશનની પ્રક્રિયા એ તપ છે. તપને નિર્જરા કરનાર તત્ત્વ માન્યું છે. તેની એક રોચક વ્યાખ્યા ઉપાધ્યાય યશોવિજયજીએ જ્ઞાનસાર અષ્ટકમાં કરી છે.

ज्ञानमेव बुधाः प्राहुः कर्मणा तपनात्‌ तपः ।

तदाभ्यन्तरमेवेष्टं बाह्यं तदुपबृंहकम्‌ ।। (३१-१)

● *પ્રશ્ન : સિદ્ધશિલાનું કિંચિત્‌ સ્વરૂપ વખાણો.*

ઉત્તર : *જેમ સાબુનો ગોળો ઉપર જાડાપણે સમો અને નીચે ટેકરારૂપે વિસ્તરતો તેમ, અથવા ઊંધી ઉઘાડી રાખેલ અર્ધછત્ર આકારવાળો, શ્વેત, સુવર્ણમય, સ્ફટિકરત્નમય સરખી નિર્મળ, મધ્યે આઠ જોજન જાડી, પરિધિવિસ્તારમેં ૪૫ લાખ જોજન પ્રમાણે, અઢીદ્વીપરૂપ મનુષ્યક્ષેત્રની ઉપરે ઢાંકણ સમાન, છેડે જાતાં માખીની પાંખી સમાન પાતળી, લોકના અગ્રભાગે રહેલી અતિનિર્મળ સિદ્ધશિલા શોભી રહી છે, જેની ઉપર ગાઉએ એટલે એક ગાઉને છઠ્ઠે ભાગે અનંતા સિદ્ધપરમાત્માઓ બિરાજે છે, તેમને મારો ત્રિકરણ શુદ્ધિએ નમસ્કાર રહો.*

કર્મને તપાવનાર હોવાથી જ્ઞાન એ જ તપ છે. એમ પંડિતો કહે છે. તે આભ્યંતર તપ જ ઈષ્ટ છે. બાહ્ય તપ આભ્યંતર તપને વધારનાર છે.

સામાન્યતઃ તપનાત્ તપઃ એ તપનો વ્યુત્પત્તિ પૂરક અર્થ છે, અર્થાત્ જે તપાવે તે તપ છે. જેમ અગ્નિનો સ્વભાવ તપાવવાનો છે. તપાવવાથી પદાર્થ ઉષ્ણ થાય છે. તેમાં રહેલ મળનો નાશ થાય છે. અગ્નિ કચરાને બાળી નાખે છે. અગ્નિની શિખા ઉર્ધ્વગામી હોય છે તેવી જ રીતે તપ એ કર્મરૂપી મલિનતાનો નાશ કરે છે. અને સમ્યક્ રૂપે તપ તપનારની ભાવનાઓ ઉર્ધ્વગામી બને છે. આત્મા કર્મમળથી મુક્ત થવાને કારણે ઉર્ધ્વગામી બને છે. આથી ઉપાધ્યાયજી જણાવે છે કે જે કર્મોને તપાવે તે તપ છે. કર્મોને તપાવવાનું સામર્થ્ય જ્ઞાનમાં છે. આથી જ્ઞાન જ તપ છે. તપનું લક્ષ્ય કર્મ ખપાવવાનું છે, તે લક્ષ્યને પ્રાપ્ત કરવામાં જ્ઞાનની આવશ્યક્તા છે. જ્ઞાન ભાવોને નિર્મળ કરવામાં સહાયક તત્ત્વ છે. જ્ઞાન સહિતનું તપ અનેક ગણી નિર્જરા કરાવે છે. તેટલી જ નિર્જરા કરવા માટે અજ્ઞાનીને અનંતકાળ વીતી જાય છે.

જીવ અનાદિકાળથી જ્ઞાનાવરણીય કર્મોથી ઘેરાયેલો છે. તેથી અજ્ઞાનવશ ક્રિયા કરવામાં પણ ઈચ્છાઓને ભેળવે છે. ઈચ્છાપૂર્વક થતી ક્રિયા કર્મબંધનું કારણ બને છે. ઈચ્છાને કારણે જ તપ દ્વારા ભૌતિક સુખ પ્રાપ્ત કરવાની ભાવના રાખે છે. ભાવના બદલાતાં તપનો પ્રકાર પણ બદલાય છે. આવી ઈચ્છા રાખીને કરાતા તપ સકામ તપ છે. સામાન્ય રીતે ક્રિયાના ફળની ઈચ્છા રાખતો હોય છે. તેને પ્રત્યેક ક્રિયા દ્વારા કોઈને કોઈ ફળ પ્રાપ્ત કરવાની ઝંખના હોય છે. ઝંખના કે ઈચ્છાઓ છોડવી અતિ દુષ્કર છે. પરંતુ સાધનાના ક્ષેત્રમાં તો ઈચ્છાઓને છોડવી જરૂરી છે. જે સાધનાઓમાં ઐહિક ઈચ્છા અને લાલસા રહી છે તે સાધના કદી સફળ થતી નથી. જો કે આવી લાલસાને સંપૂર્ણપણે છોડી દેવી અત્યંત દુષ્કર છે. તેમ છતાં એ સાધ્ય છે. આથી શાસ્ત્રોમાં તપની એક વ્યાખ્યા છે કે

इच्छानिरोधस्तपः ।

અર્થાત્ ઈચ્છાઓ ઉપર વિજય મેળવવો તે તપ છે. આવું ઈચ્છારહિત તપ કરવું તે નિષ્કામ તપ છે. આવા નિષ્કામ તપ પૂર્વે જણાવ્યું તે મુજબ માત્ર કર્મ ક્ષયની કે મોક્ષપ્રાપ્તિની ભાવનાથી કરવામાં આવે છે ત્યારે સાધક નિઃશ્રેયસ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે. તપ મોક્ષ અપાવનાર તત્ત્વ છે. તપના બે પ્રકારો છે. (૧) બાહ્યતપ (૨) આભ્યંતર તપ. જે તપનો સંબંધ દેહ સાથે છે, જેમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે બાહ્ય દ્રવ્યની અપેક્ષાવાળું હોવાથી બીજાઓ વડે દેખી શકાય તે બાહ્યતપ. તેથી ઉલટું જેમાં માનસિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે મુખ્યપણે બાહ્ય દ્રવ્યની અપેક્ષા ન રાખતું હોવાથી બીજાઓ વડે પણ દેખી શકાય તેવું ન હોય તે આભ્યંતર તપ છે. બાહ્યતપ એ સ્થૂળ અને લૌકિક જણાવવા છતાં તેનું મહત્ત્વ આભ્યંતર તપની પુષ્ટિમાં ઉપયોગી થવાની દૃષ્ટિએ મનાયું છે. આ બંને તપ વિશે ઉપાધ્યાયજી મ.સા.એ જણાવ્યું છે કે આભ્યંતર તપ જ ઈષ્ટ છે પણ બાહ્યતપની પણ જરૂર છે, કારણ કે તે આભ્યંતર તપની વૃદ્ધિનું કારણ છે.

છ બાહ્ય તપ અને છ આભ્યંતર તપ છે. તપના કુલ ૧૨ પ્રકારો છે. ઉપવાસ, ઉણોદરી વગેરે બાહ્ય તપ છે અને પ્રાયશ્ચિત, ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, કાર્યોત્સર્ગ અને સ્વાધ્યાય એ આભ્યંતરના તપના છ પ્રકાર છે. આ બધાં જ તપમાં સ્વાધ્યાયને જ શ્રેષ્ઠ તપ માનવામાં આવ્યું છે. કહ્યું છે કે,

न वि अत्थि न वि य होही, सज्झायसमं तवोकम्मं।।

અર્થાત્ સ્વાધ્યાય સમાન કોઈ તપ છે નહીં અને કોઈ થશે પણ નહીં. સ્વાધ્યાય કરનાર સ્વયં તપસ્વી છે. સ્વાધ્યાય કરતી વખતે મન-વચન અને કાયાની ક્રિયાઓ એકાગ્ર બની જાય છે અને કર્મ ક્ષયની પ્રવૃત્તિ શરૂ થઈ જાય છે. સ્વાધ્યાયરત સાધક પાંચ ઇન્દ્રિયોના સંયમમાં રત અને ત્રણ ગુપ્તિથી યુક્ત હોય છે. તેનું મન એકાગ્ર હોય છે અને વિનયથી ભરપુર હોય છે. આથી કર્મ નિર્જરા સહજ બની જાય છે. આથી જ્ઞાન સહિતના તપનું સવિશેષ મહત્ત્વ છે. પરંતુ જ્ઞાન વગર તપનું મહત્ત્વ ઓછું થઈ જાય છે. જ્ઞાન રહિત તપ શારીરિક કષ્ટ આપનારથી અધિક કશું જ નથી. કહ્યું છે કે,

जो य तवो सुयहीणो, बाहिरियो सो छुहाहारो।

અર્થાત્ જે તપની સાથે જ્ઞાન નથી તે કેવળ ભૂખે મરવાની વાત છે. અજ્ઞાનીના અનેક વર્ષોની સાધનાની તુલના જ્ઞાનીના સામાન્ય તપ સાથે કરવામાં આવે છે. જ્ઞાનીનું તપ ચોક્કસ ઉદ્દેશ્યથી થતું હોય છે. તેમાં બીજા કોઈક બાહ્ય પ્રલોભનો, ઈચ્છાઓ અને ઝંખના હોતી નથી. કર્મ નિર્જરા, આત્મકલ્યાણ અને જીવમાત્રના કલ્યાણથી યુક્ત હોય છે. આવા તપનું મહાત્મ્ય અવર્ણનીય છે.

સમગ્ર ચર્ચાનો સાર શુદ્ધ તપનું આચરણ છે. શુદ્ધ તપ એટલે માત્ર કર્મ નિર્જરાનું લક્ષ્ય, અન્ય બધાં જ પ્રલોભનોનો ત્યાગ. આ સમગ્ર બાબતોને ઉપાધ્યાય યશોવિજયજીએ નીચેના શ્લોકમાં બહુ જ સુંદર રીતે વર્ણવી છે.

यत्र ब्रह्मा जिनार्चा च, कषायाणां तथा हतिः।

सानुबन्धा जिनाज्ञा च, तत्तपः शुद्धमिष्यते ।।३१-६।।

જેમાં બ્રહ્મચર્ય હોય, જિનપૂજા હોય, કષાયોનો ક્ષય હોય અને અનુબંધ સહિત જિનાજ્ઞા પ્રવર્તતી હોય તે તપ શુદ્ધ કહેવાય. આવું શુદ્ધતપ સહુનું કલ્યાણ કરો. ✷✷✷

ડૉ. જિતેન્દ્ર શાહ, ૨૦, સુદર્શન સોસાયટી, વિભાગ-૨,
નારણ પુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મોબાઈલ : 09825800126

નવપદની આરાધના

□ પ્રા. ડૉ. કોકિલા એચ. શાહ

નવપદનો મહિમા અપરંપાર છે. સમગ્ર જૈન શાસનનો સાર, શ્રુતરહસ્ય નવપદથી અન્ય નથી. નવપદની આરાધના આત્મહિતની આરાધના છે. કર્મનો વિકાર સંસાર છે. સંસારના કારણે જ દુ:ખ છે. સંસારની ચારગતિમાં અને ચોર્યાસી લાખ યોનીમાં જીવો પરિભ્રમણ કરી રહ્યા છે એનું મૂળભૂત કારણ અજ્ઞાન છે. ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કુળ વગેરે ધર્મસામગ્રી સંપન્ન માનવજીવન પામીને તેને સાર્થક કરવા પ્રમાદનો યત્નપૂર્વક ત્યાગ કરીને સમ્યક્ ધર્મને સમ્યક્ પ્રકારે આરાધવાનો પુરુષાર્થ કરવા દૃઢ સંકલ્પબળની આવશ્યકતા છે. મનને સ્થિર કરવા આલંબનનો સહારો જરૂરી બને છે. એ માટેના આલંબનમાં નવપદનું આલંબન શ્રેષ્ઠ છે.

શ્રી જિનેશ્વરદેવોએ ઈહલૌકિક અને પારલૌકિક સુખોના મૂળરૂપે શ્રી નવપદોનું આરાધન બતાવ્યું છે. 'सिरि सिरिवालकहा' ગ્રંથમાં આચાર્ય શ્રી રત્નશેખર સૂરિજીએ કહ્યું છે-

बहवि अणवश्रमणं समत्थि आराहणं नवपयागं ।
इहलोइऊ-पारलोइअ-सुहाण मूलं जिणुदिट्ठं ।।
(૧૯૦)

આ નવપદ - (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સાધુ (૬) દર્શન (૭) જ્ઞાન (૮) ચારિત્ર (૯) તપ; આ પ્રમાણે છે.

આ નવપદ એ પરમતત્ત્વ છે. નવપદ સિવાય કોઈ પરમાર્થ નથી. સમગ્ર જિનશાસન આ નવપદમાં અવતરિત થયેલું છે. જે કોઈ આત્માઓ સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને સિદ્ધ થશે, તે નિ:શંક આ નવપદના ધ્યાનથી જ. આ નવપદોમાંથી એક પણ પદની પરમ ભક્તિથી આરાધના કરીને, સર્વ કર્મનો નાશ કરીને નિર્વાણ પામ્યા છે. ધર્મ દાન-શીલ-તપ અને ભાવ એમ ચાર પ્રકારનો છે. આ ચારેયમાં ભાવધર્મ શ્રેષ્ઠ છે. આ ભાવધર્મ નવપદની આરાધનામાં સિદ્ધ થાય છે. તે નવપદનું ધ્યાન, આરાધના અને ઉપાસના અને ભક્તિ કરવાનો શ્રેષ્ઠ કાળ આસો અને ચૈત્ર માસની ઓળીનો છે. જૈનધર્મમાં એ સારભૂત છે અને કલ્યાણ કરનારા છે માટે તેનું વિધિપૂર્વક આરાધન કરવું જોઈએ એમ ઉલ્લેખ છે. નવપદના આરાધકો શ્રીપાળરાજા અને મયણા-સુંદરીના જીવનની ઘટનાઓ પ્રસિદ્ધ છે. તેમનું નામ નવપદના નામ સાથે શાસ્ત્રમાં લખાઈ ગયું છે. કહ્યું છે કે આ નવપદોથી સિદ્ધ થયેલ શ્રી સિદ્ધચક્રને આરાધતાં લોકો શ્રીપાળની જેમ સુખ પામે છે.

આ આરાધના માટે નિર્મળ સમ્યગ્દર્શન, વિશિષ્ટ સમ્યક્જ્ઞાન જરૂરી છે અને પછી સમ્યક્ ચારિત્રમાં આગળ વધી શકાય. સમ્યક્તપની પણ યથાશક્તિ આરાધના કરવી જોઈએ. પાંચે પરમેષ્ઠિને આત્મસાત્ કર્યા હતા શ્રીપાળ અને મયણાએ. તેઓ નવપદમાં રમમાણ હતા...જીવન નવપદમય બને તો જ આરાધના સફળ બને. સુખદુ:ખનું કારણ કર્મ છે પણ એના પર પુરુષાર્થ દ્વારા વિજય મેળવવાનો છે. નવપદની આરાધનાથી કર્મક્ષય શક્ય બને છે. બધા જ અનુયોગો છેવટે દ્રવ્યાનુયોગ માટે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી નવપદોનું ચિંતન કર્યું, ધ્યાન ધર્યું શ્રીપાળ અને મયણાએ-અર્થાત્ નવપદોની ભાવભક્તિ કરી. સઘળા ય સુખનું મૂળ નવપદની આરાધના જ છે. અરિહંતનું ધ્યાન એટલે અરિહંતોની પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ અવસ્થાનું ધ્યાન.

સિદ્ધોનું ધ્યાન એટલે રૂપાતીત સતચિદ્ આનંદમય આત્માનું ધ્યાન. (अहं એક્કો खलु सुद्धो).

પંચાચારમાં સુસ્થિત બનેલા આત્માનું ધ્યાન એટલે આચાર્યનું ધ્યાન.

દ્વાદશાંગીના સૂત્ર-અર્થનુંરહસ્ય જાણનાર ઉપાધ્યાયનું ધ્યાન, જે સ્વયં સ્વાધ્યાય કરે છે અને અન્યને કરાવે છે.

સાધુનું ધ્યાન એટલે દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપી રત્નોની સમ્યક્ આરાધના વડે ત્રણે યોગોમાં સાવધાન બની અપ્રમત્ત બને છે તે આત્માનું ધ્યાન.

પરમેષ્ઠિના ધ્યાનમાં પાંચ પરમેષ્ઠિને આત્મસાત્ કરવાના છે. છેલ્લા ચારપદના ધ્યાનમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ છે.

પ્રથમ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જીવાદિ તત્ત્વોના વાસ્તવિક બોધ સ્વરૂપ આત્માનું જ્ઞાન.

મહાવીર જયંતીની પૂર્વસંધ્યાએ

મુંબઈમાં ૨૭ માર્ચ-૧ એપ્રિલ વચ્ચે મહાવીર-કથા : પ્રા. પ્રતાપકુમાર ટોલિયા, સુમિત્રા ટોલિયા દ્વારા સંગીત સહ પ્રસ્તુત કરવા આયોજકોને નિમંત્રણ છે.

મહાવીર કથા (મુંબઈ-૨૦૧૦) (MP-3 ૬ કલાક) મહાવીર કથા (રાજકોટ-૨૦૧૧), (MP-3 -૧૧ કલાક) મહાવીર દર્શન (કલકત્તા-૨૦૦૧) (ACD-૧૧ કલાક).

આ ત્રણ અતિ લોકપ્રિય સંગીતમય ઑડિયો સી. ડી. માત્ર ત્રણસો રૂપિયાના વળતર મૂલ્યે. (રવાનગી ખર્ચ નિ:શુલ્ક)

પ્રાપ્તિ-સંપર્ક : જિનભારતી, બૅંગલોર-૦૮૦-૬૫૦૫૩૪૪૦ / ૯૬૧૧૨૩૧૫૮૦.

મોહનીય કર્મના ક્ષયોપશમથી શ્રેષ્ઠ પરિણામવાળા પોતાના આત્માનું દર્શન તે જ સમ્યક્‌દર્શન.

સોળ કષાયો અને નવ નોકષાયોથી રહિત નિર્મળ આત્મા, સ્વસ્વભાવ સ્થિત આત્મા જ સમ્યક્‌ચારિત્ર છે. સમ્યક્‌તપ એટલે ઈચ્છાનિરોધ. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે. 'તપસાચ નિર્જરાચ' કર્મની નિર્જરા માટે તપ ઉત્તમ સાધન છે અને ઈચ્છાનિરોધ એ જ તપ છે. અર્થાત્‌ બાર પ્રકારના તપની શક્તિ પ્રમાણે સમ્યક્‌ સાધના.

આ નવપદ આરાધના આયંબિલની સાથે તે તે પદના ગુણાનુસાર ખમાસમણ, પ્રદક્ષિણા, કાઉસગ્ગ અને તે તે પદના ૨૦૦૦ જાપ સાથે કરવામાં આવે છે.

અનાદિકાળથી ચાલ્યું આવતું મિથ્યાત્વ દૂર થાય અને આત્માનું સહજ શુદ્ધ સ્વરૂપ પ્રગટે તે માટે જ નવપદની આરાધના કરવાની છે. નવપદના ધ્યાન માટેની દરેક ક્રિયા દ્વારા આત્માને નવપદમય બનાવવાનો છે. નવપદના નવ આયંબિલ કરવા સારી વાત છે. પણ તેમાં જ નવપદની આરાધના સમાઈ જતી નથી કે સિદ્ધચક્ર પૂજન ભણાવવા માત્રથી નવપદની આરાધના થઈ જતી નથી. આ તો બાહ્ય ક્રિયા છે. સાચી આરાધના ત્યારે જ થાય જ્યારે આંતરિક પરિણતિ થાય. તેથી જ શ્રીપાળ ચરિત્રનું મહત્ત્વ છે.

હકિકતમાં શ્રીપાળ ચરિત્ર કર્મનું તત્ત્વજ્ઞાન સમજાવે છે. જે કાંઈ બને છે તે વ્યક્તિના કર્મને આધારે જ બને છે. જિનેશ્વર પરમાત્માએ કહેલું તત્ત્વ જ સાચું છે અને એ જ જાણવા જેવું છે. જે વ્યક્તિ તે તત્ત્વને જાણે છે, તે જીવ-અજીવના ભેદ જાણી શકે છે. જીવને કર્મબંધ કેમ થાય અને કર્મથી મુક્તિ ક્યારે થાય તે પણ જાણી શકાય છે. આમ નવપદની આરાધના દ્વારા તત્ત્વનો સાર જાણવાનો છે. ધર્મનો સાચો અર્થ સમજવાનો છે. ધર્મ એટલે રત્નત્રયીની આરાધના. દુર્લભ એવા માનવજીવનમાં રત્નત્રયીની આરાધના કરવા યોગ્ય છે. મનુષ્યજીવનની દુર્લભતા આપણે સમજીએ અને તેને સાર્થક કરીએ. માનવજીવનને સાર્થક કરવા ધર્મનું અનુષ્ઠાન શુદ્ધ બને, તે દ્રવ્યાનુષ્ઠાન ન બનતાં ભાવાનુષ્ઠાન બને તે માટે પુરુષાર્થ કરવો જોઈએ, વિશિષ્ટ પ્રકારે નવપદની આરાધના કરવી જોઈએ. તે કઈ રીતે કરવી તેનું નિરૂપણ કરતા રાસકાર કહે છે-

'અરિહંત સિદ્ધ તથા ભલા, આચાર જ ને ઉવજ્ઝાય રે,
સાધુ નાણ દંસણ ચરિત, તવ નવપદ મુક્તિ ઉપાય રે;
એ નવપદ ધ્યાતાં થકાં, પ્રગટે નિજ આતમરૂપ રે,
આતમ દરિસણ જેણે કર્યું તેણે મુંદ્યો ભવભય રૂપ રે'

આ જ તત્ત્વજ્ઞાનનું દર્શન થાય છે આ પંક્તિમાં 'જ્યાં લગી આતમા તત્ત્વ ચિંત્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' ભાવ પ્રગટ થાય છે. શ્રીપાળે કર્મનો વિપાક જાણી, ધર્મની, નવપદની આરાધનાનો પ્રભાવ જાણ્યો. આપણે પણ જીવનમાં નવપદની ઉત્તમ આરાધના કરીએ ભાવપૂર્વક અને મનુષ્યજીવનને યોગ્ય ધર્મસાધના દ્વારા સાર્થક કરીએ. નવપદના ઉપાસક શ્રીપાળ-મયણા-તેમને નવપદ ઉપાસનાના ફળ રૂપે જે મળ્યું તે સર્વવિદિત છે. પણ ભાવપૂર્વક નવપદની આરાધના થવી જોઈએ.

અને અંતમાં, નવપદ પ્રત્યે પ્રીતિ અને ભક્તિ શા માટે ?-કારણકે-

'યોગ અસંખ્ય જિને કહ્યા,
નવપદ મુખ્ય તે જાણે રે...'

અંતે તો આત્મામાં સ્થિત થવાનું છે. આધ્યાત્મિકતાનો એ જ અર્થ છે. નવપદની આરાધના દ્વારા આત્માનંદનો સાક્ષાત્કાર કરવાથી બધા દુઃખો દૂર થાય છે. આનંદ, સુખ તો આત્માનો સ્વભાવ છે અને અનંત વીર્ય આત્માનો ગુણ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ દ્વારા કર્મની નિર્જરા કરવાની આવશ્યકતા છે. આનું સુંદર નિરૂપણ કરતા અજિતસેન રાજર્ષિ કહે છે-

'જાણ્યો ધ્યાયો આતમા, આવરણ રહિત હોય સિદ્ધ રે,
આરાધક 'સિદ્ધચક્ર ચિત્તમાં ધરી, નવપદ જાપ ન ચૂકે રે.'
(શ્રીપાળ રાસ)

અંતમાં,

'સિદ્ધ ચક્રના ગુણ ઘણા, કહેતા ના'વે પાર,
વાંછિત પૂરે, દુઃખ હરે, વંદુ વારંવાર.' ✷✷✷

પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

૧. પ્રકાશન સ્થાન	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪.
૨. પ્રસિદ્ધિનો ક્રમ	: માસિક. દર મહિનાની ૧૬મી તારીખે
૩. મુદ્રકનું નામ	: શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
૪. પ્રકાશકનું નામ	: શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
રાષ્ટ્રીયતા	: ભારતીય
સરનામુ:	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
૫. તંત્રી	: શ્રી ધનવંત તિલકરાય શાહ
રાષ્ટ્રીયતા	: ભારતીય
સરનામું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
૬. માલિકનું નામ અને સરનામુ	: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૧૨ ☐ **ધનવંત તિલકરાય શાહ**, તંત્રી

જયભિખ્ખુ જીવનધારા : ૩૭

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ઐતિહાસિક નવલકથાઓ અને નવલિકાઓના સર્જક 'જયભિખ્ખુ'એ છેક પ્રાગઐતિહાસિક કાળની કથાઓથી માંડીને આઝાદીના આંદોલન સુધીની કથાઓ લખી છે. એમણે નવલકથા અને નવલિકાઓ દ્વારા ઇતિહાસના એ સમયને હૂબહૂ ખડો કર્યો છે. ઇતિહાસકથાઓ લખવાનો વિચાર એમના ભાવનાવિશ્વમાં કઈ રીતે આવ્યો.એ વિશે જોઈએ આ સાડત્રીસમા પ્રકરણમાં.]

જે દિવસથી સર્જન માટે કલમ હાથમાં લીધી, એ દિવસથી 'જયભિખ્ખુ' સમક્ષ નવી નવી સૃષ્ટિ ઊઘડવા લાગી. વિદ્યાર્થીકાળમાં સૌરાષ્ટ્રના સામાજિક જીવનની વિષમતાઓએ જયભિખ્ખુની સંવેદનાને સ્પર્શ કર્યો અને શબ્દ રૂપે સર્વપ્રથમ એમણે એ વેદનાઓને વાચા આપી. આસપાસના રૂઢિચુસ્ત, ભયગ્રસ્ત અને નારીવ્યક્તિત્વની ઉપેક્ષા કરતા સમાજનો જે વિદારક અનુભવ થયો, તે એમણે એમની સામાજિક વાર્તાઓમાં આલેખ્યો. શિવપુરીના ગુરુકુળમાં સમર્થ જૈનસાધુઓનો સત્સંગ થવાથી એમને સાધુમહાત્માઓનાં ચરિત્રો લખવાની પ્રેરણા મળી. એવામાં ગ્વાલિયરની આસપાસનાં જંગલોમાં ઘૂમતા ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામની કેટલીય કથાઓ સાંભળવા મળી અને સ્મારકો જોવા મળ્યાં. પરિણામે એમાંથી એક નવી ઇતિહાસદૃષ્ટિનો ઉઘાડ થયો.

'કલમને આશરે જીવવાનો સંકલ્પ' કરનાર સર્જક જયભિખ્ખુને જીવનમાં નવી મસ્તી, નવા વિચાર, નવા રંગ અને નવી ભાવનાઓ જગાવતો ઇતિહાસ-આલેખનનો ઉમંગભર્યો 'આશરો' મળ્યો. વ્યવહારજીવનની મૂંઝવણો અને આર્થિક ઉપાર્જનની વિંટબણા હોવા છતાં આ સર્જક વ્યક્તિગત સ્વાભિમાન અને લેખકની મસ્તીથી જીવતા હતા. એનું કારણ એટલું જ કે જીવનમાં એવા નવા નવા વિશ્વો ખૂલતાં હતાં કે એ દરેક વિશ્વના રંગમાં રંગાઈને અને એમાં પોતાની કલમ ઝબકોળીને આ સર્જક મોજભર્યું જીવન ગાળતા હતા. લક્ષ્મી તરફની દોટ છોડીને જીવનભર સરસ્વતી-ઉપાસનાનો સ્વીકારેલો આદર્શ તેજસ્વી ખુમારી આપતો હતો, એથી સામાજિક અને ધાર્મિક વિષયોની દુનિયામાંથી એમણે ઇતિહાસની સૃષ્ટિમાં ડગ માંડ્યાં, ત્યારે કોઈ નવી ક્ષિતિજો ઊઘડતી જોવા મળી. સામાજિક કથાઓમાંથી સમાજસુધારાઓની એમની ભાવનાઓ પ્રગટ થઈ, તો ધાર્મિક ચરિત્રોમાં ધર્મની ગહનતા અને વ્યાપકતાનો વિચાર આલેખ્યો, ત્યારે ઐતિહાસિક કથાઓમાં એમનો રાષ્ટ્રપ્રેમ સોળે કળાએ ખીલી ઊઠ્યો.

રામાયણ, મહાભારત, ઋષભદેવ, નેમિનાથ, કામદેવ કે શાકુંતલની પ્રાચીન કથાઓ લખનાર સર્જક 'જયભિખ્ખુ'ને ઇતિહાસમાં પ્રવેશતાં સર્વથા ભિન્ન અને રોમહર્ષક અનુભવ થયો. 'ગુલાબ અને કંટક' પુસ્તકના 'પ્રવેશ'માં લખે છે.

'ઇતિહાસના અભ્યાસમાં પણ જ્યાં ઘણાને ગુલ, ગુલ ને ગુલ લાગ્યાં છે; ત્યાં અમને કાંટા વાગ્યા છે, જ્યાં ઘણાને કાંટા નજરે પડ્યાં છે ત્યાં અમને ગુલ નજરે પડ્યાં છે!'

આ યુવાન સર્જક પોતાની આગવી દૃષ્ટિથી ઇતિહાસને અભ્યાસે છે અને મૌલિક રીતે ઘટનાઓને મૂલવે છે. ઇતિહાસમાં એવી ઘટનાઓ જુએ છે કે જે વિરોધીની કલ્પનાની નીપજ હોય અથવા તો ભારતીય ગરિમાને ખંડિત કરવાના આશયથી રચાયેલી હોય. જયભિખ્ખુએ રાજસ્થાનના રણને ખૂંદીને રજપૂતકુળોની વિગતો મેળવનાર કર્નલ ટોડની પુરુષાર્થકથાનું આલેખન કર્યું, પરંતુ એની સાથે લશ્કરી અધિકારી, કુશળ વહીવટકર્તા અને ઇતિહાસકાર કર્નલ જેમ્સ ટોડે લખેલા ગ્રંથમાં લખાયેલી માહિતીનો પ્રતિવાદ કર્યો. એમણે કહ્યું કે જે ગ્રંથને પ્રમાણભૂત માનીને સર્વત્ર સ્વીકારવામાં આવ્યો હતો, એ ગ્રંથના રચયિતા કર્નલ ટોડની નિમણૂક મરાઠા અને મુલમાનો સાથે રાજસ્થાનના રજપૂતો સંગઠન સાધી શકે નહી તે માટે કરવામાં આવી હતી. આને પરિણામે ભેદભાવ સર્જવાના હેતુલક્ષી ચશ્માથી એ રાજપૂતાનાનાં દેશી રાજ્યો અને રજપૂતોના ઇતિહાસને જુએ છે

ડૉ. કુમારપાળ દેસાઈને 'જૈન વિભૂષણ'નું સન્માન

પ્રસિદ્ધ સાહિત્યકાર, પત્રકાર અને દૈનદર્શનના ખ્યાતિપ્રાપ્ત ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈને ૩૭૫ સેન્ટરો અને સાઠ સભ્યો ધરાવતા જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશન દ્વારા તેનો સર્વોચ્ચ ખિતાબ 'જૈન વિભૂષણ' ગોવામાં યોજાયેલી જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશનના આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં આપવામાં આવ્યો.

આ સમયે ગોવા રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી દિગંબર કામત ઉપસ્થિત રહ્યા હતા.વિખ્યાત રાષ્ટ્રીયસંત શ્રી ભૈયુજી મહારાજના હસ્તે આ સન્માન શરદ જૈન, સુરેશ કોઠારી અને અશોક જૈન જેવા પદાધિકારીઓની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ૧૦૮ પુસ્તકો લખીને કરેલી સાહિત્યસેવા તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જૈનદર્શનના પ્રસારનું જે અવિસ્મરણીય કાર્ય કર્યું છે, તેની ખાસ નોંધ લેવાઈ અને કૉન્ફરન્સના બે દિવસો દરમિયાન ડૉ. કુમારપાળ દેસાઈના 'વૈશ્વિક દૃષ્ટિએ જૈનદર્શન અને જીવનશૈલી'` વિશે વક્તવ્યો રાખવામાં આવ્યાં હતાં.

અને તેથી જ એ શહેનશાહ અકબર જેવા સમદર્શી સમ્રાટને વિષયી હોવાનું દર્શાવે છે.

ઇતિહાસે જેને દેશદ્રોહી ઠેરવ્યા હોય, પણ હકીકતમાં એ દેશદ્રોહી હોય નહીં એવી કથાઓ પણ જયભિખ્ખુએ શોધી–શોધીને આલેખી છે. એમને લાગે છે કે લાંબાગાળાથી પારકી આંખે ઇતિહાસને જોનારા આપણાં બાળકો જન્મે છે ત્યારથી જ પૂર્વના સૂર્યને તિરસ્કારવા લાગે છે અને પશ્ચિમના સૂર્યની પૂજા કરે છે. મહાન વીર જયચંદ્ર રાઠોડને થયેલા અન્યાયની વાત પણ લેખક લખે છે અને કહે છે,

'મુસ્લિમ શાસન સામે વીસ વીસ વર્ષ સુધી તાકાત અને તલવારથી કનોજની ગાદીની રક્ષા કરનાર વીર જયચંદ્રને આપણે ઓળખી શક્યા નથી.'

'વીર જયચંદ્ર' નામની વાર્તાને અંતે સર્જક જયભિખ્ખુ નોંધે છે, 'વીર જયચંદ્રને વગોવનારી કથા ચંદ બરદાઈના બનાવેલા 'પૃથ્વીરાજ રાસા'માં છે ને આ ચંદને પૃથ્વીરાજનો સમકાલીન માનેલ છે, પણ તે ખોટું ઠર્યું છે. એ સિદ્ધ થયું છે કે પૃથ્વીરાજ રાસો સોળમી સદી પહેલાંનો નથી, પૃથ્વીરાજનો સમકાલીન ચંદ જુદો. રાસો લખનાર ચંદ જુદો. રાસો લખનારે ચૌહાણોને સારા ચીતરવા તથા કથારસ જમાવવા જયચંદ્રને ખલનાયક તરીકે ચીતરી અન્યાય કર્યો છે.' ('માદરે વતન', પૃ. ૮૦)

યુવાન સર્જક જયભિખ્ખુ માત્ર વિદેશી ઇતિહાસકારોને જ જવાબદાર લેખવાને બદલે ભારતના રાજાઓની મર્યાદાઓ અને અશક્તિને પણ પારખે છે. રણથંભોરના રાજવી મહારાજ હમ્મીરદેવ વિદ્રોહી મીર મહંમદને પોતાને ત્યાં રાખે છે અને મહારાજાને હરાવીને અલ્લાઉદ્દીન ખલજી વિજેતા બને છે તે ઘટનાને આલેખ્યા પછી લેખક એ વિશે પોતાની ઇતિહાસદૃષ્ટિ પ્રગટ કરતાં કહે છે,

'આ વિજયોનું કારણ માળવા, ગુજરાત અને રાજપૂતાનાના રાજાઓનો કુસંપ હશે, જો ત્રણેય સાથે મળ્યા હોત તો અલ્લાઉદ્દીન ખીલજીએ વિજય મેળવ્યો ન હોત. એકનો શત્રુ એ વહેલો મોડો બીજાનો પણ શત્રુ થવાનો છે એ ઇતિહાસબોધ ભૂલી જવાયો એ જ આના મૂળમાં કારણભૂત છે.' પરંતુ આની સાથોસાથ તટસ્થ દૃષ્ટિએ લેખક નોંધે છે, 'એક તરફ અલ્લાઉદ્દીન જેવા બાદશાહો દારૂ જેવાં વ્યસનોનો ત્યાગ કરી, સચેત બનતા હતા ત્યારે બીજી તરફ રજપૂતોમાં વ્યસનોએ ઘર ઘાલ્યું હતું. અલ્લાઉદ્દીને આખા રાજમાં શરાબબંધી કરી હતી.'

'માદરે વતન' સંગ્રહમાં લેખકનો આશય એ છે કે ઇતિહાસને ખોટી રીતે રજૂ કરીને ભારતીય સંસ્કૃતિના ગૌરવને અને ભારતવાસીઓના ખમીરને નષ્ટ કરવાનો જે પ્રયાસ થયો છે એનો કલમ દ્વારા પ્રતિકાર કરવો.

આનું કારણ એ છે કે જયભિખ્ખુ એમ માનતા હતા કે ગમે તેવા હત્યાકાંડ કરતાંય સંસ્કૃતિહત્યા કરપીણ હોય છે, કારણ કે માણસ એમાં જીવે છે, પણ મરેલાં કરતાંય બદતર રીતે.'

આવી સંસ્કૃતિહત્યાના ભ્રમને ટાળવા માટે જયભિખ્ખુએ ઇતિહાસના એવા પ્રસંગો એમની રસપ્રદ શૈલીથી આલેખ્યા કે જેના દ્વારા એ ખંડિત થયેલી પ્રતિમાને પુનઃસ્થાપિત કરી શકાય. ભારતીય ઇતિહાસમાં જયચંદ્રની જેમ જ અમીચંદને દેશદ્રોહી લેખવામાં આવ્યા, ત્યારે જયભિખ્ખુએ એ અમીચંદ સાથે દગાબાજી કરનારા લૉર્ડ ક્લાઈવની વાત કરી છે. એની સામે 'સોમનાથના કમાડ'ને નામે અંગ્રેજોએ ખડી કરેલી કપોળકલ્પિત કથાઓની પોકળતા પર પ્રહાર કર્યો છે. ધર્મને નામે ભારતમાં કોમી આગ ફેલાવવાના પ્રયાસ તરીકે સોમનાથના કમાડની ઘટનાનો અંગ્રેજોએ કેવો અનિષ્ટ હેતુઓ માટે ઉપયોગ કર્યો તે દર્શાવ્યું છે.

જયભિખ્ખુએ એક સ્થળે નોંધ્યું છે, 'પરાજયના કારમા ઝેરને પરિણામે પરાધીન હિંદમાં દેશ વિશે અને દેશના નરોત્તમો વિશે અતિ લાંછનરૂપ અને ભ્રમજનક ઇતિહાસ અને વાર્તાઓ રચાયાં છે.'

કોલકાતાના 'બ્લૅકહૉલ'ની બનાવટી કથા તો જાણીતી છે, પરંતુ આ ગોરા અંગ્રેજોએ છત્રપતિ શિવાજી મહારાજ અને ઝાંસીની રાણી સામે પણ હીન આક્ષેપો કર્યા છે અને તેથી સર્જક જયભિખ્ખુએ તેમની નવલિકાઓ દ્વારા આ ચરિત્રોના યશોજ્વલ પ્રભાવનું રોમાંચક આલેખન કર્યું છે. મનમાં અફસોસ એ વાતનો અનુભવે છે કે આ દેશમાં એવી રીતે ઇતિહાસ આલેખવામાં આવે છે કે દેશવાસીને એના માદરે વતન માટે મોહબ્બત જાગે નહીં. એનાથી સર્જક જયભિખ્ખુનું હૃદય દ્રવી જાય છે અને એમની કલમમાંથી આ પ્રમાણે વેદના ટપકે છે.

'રાજકારણને ધર્મ માનનારા પરદેશી મુત્સદ્દીઓએ આપણાં બાળકોને ગળથૂથીમાંજ પેસી જાય તે રીતે ભણાવ્યું કે ભાઈ, તું શૂર નથી, વિદ્વાન નથી, તું ખાનદાન નથી! કારણ કે તારા પૂર્વજોમાં એવા કોઈ હતા નહીં! આ ભૂમિ જ એવી છે. અહીં મહાન પુરુષો ના પાકે! જુઓ મહાભારત જગાવનાર કૌરવ ને પાંડવ! ગર્ભિણી સ્ત્રીને છાંડનાર તમારા રામ! અરે, તમારા ભીમ, પૃથ્વીરાજ ને જયચંદ્ર જુઓ! તમારા દેશમાં દેશદ્રોહીઓનો ભારે પાક! તમે ઐક્યની વાત નિરર્થક કરો છો, તમે એક હતા નહીં ને એક થઈ શકશો નહીં.'

આ રીતે સંસ્કૃતિહત્યાના વિદેશી ઇતિહાસકારોના પ્રયત્નને દર્શાવે છે. સાથોસાથ પોતાની ઇતિહાસદૃષ્ટિથી દેશવાસીઓને દેશાભિમાન જાગે અને એમની કમજોરી તરફ લક્ષ્ય જાય એમ બંને દૃષ્ટિએ જયભિખ્ખુએ આ કથાઓનું આલેખન કર્યું છે. નિસ્પૃહ ભાવે પોતાની પૂજ્ય અને પ્રિય વ્યક્તિઓને ગ્રંત અર્પણ કરવાના નિયમ મુજબ 'માદરે વતન' સંગ્રહ એમણે અખંડિત ભારતના ભાગ્યવિધાતા સરદાર વલ્લભભાઈ પટેલને અર્પણ કર્યો હતો.

વિદેશી ઇતિહાસકારોએ ભારતને વિશે ફેલાવેલી ગેરસમજો બતાવવાની સાથોસાથ માત્ર રજપૂતોની જ વીરતાનું એમણે આલેખન કર્યું નથી, બલ્કે 'ગુલાબ અને કંટક' સંગ્રહમાં સાચા રાષ્ટ્રપ્રેમી તરીકે એમણે કાનપુરમાં ૧૮૫૭ના ક્રાંતિકારીઓને પરાજિત કરનાર જનરલ નીલ, હેવેલૉક અને લખનૌમાં વીરતા દાખવનાર ડનલોપની શૌર્યગાથા આલેખી છે. આમ, નાનાસાહેબ પેશ્વા, તાત્યા ટોપે, ઝાંસીની રાણી કે રાવ દુર્ગાદાસના બે સાથીઓ કે બજાજી અને શિવાજીની રાષ્ટ્રભક્તિની વાત કરનાર જયભિખ્ખુ ૧૯૫૭ના સંગ્રામમાં શહીદ થયેલા લખનૌના પુસ્તકવિક્રેતા પીર અલીની વાત કરે છે, તો એ સમયે પ્રાણની આહુતિ આપનારા અંગ્રેજ સેનાપતિઓની કથા પણ આલેખે છે.

આવી છે એમની તટસ્થ ઇતિહાસદૃષ્ટિ.

ઐતિહાસિક ઘટનાના આલેખનનો આગવો કસબ આ સર્જક પાસે છે. પ્રારંભમાં જ ઘટનાસ્થળનો કે મહત્ત્વનાં પાત્રોનો પરિચય આપવાને બદલે વાચકના ચિત્તને જકડી રાખે એવી રીતે ઘટનાનું રહસ્યભર્યું આલેખન કરે છે અને એ ઘટનાને અંતે સ્થળ–નામનો પરિચય આપે છે. એ પછી કમળની એક પછી એક પાંદડી ખીલે એમ કથા ગતિ કરતી રહે છે.

ઇતિહાસ પ્રત્યેની આ સર્જકની વફાદારી એટલી બધી છે કે કોઈ પણ વિગતને વિકૃત કરીને, બદલીને કે પરિવર્તિત કરીને આલેખી નથી અથવા તો એમાં એમના આગ્રહો, આવેશો, પૂર્વગ્રહો કે અંગત માન્યતાઓને ડોકિયું કરવા દીધું નથી. આને કારણે તો એ સમયે હજી સાહિત્યજગતમાં પદાર્પણ કરી રહેલા જયભિખ્ખુએ કનૈયાલાલ મુનશીએ એમની સોલંકી યુગની નવલત્રયી 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'માં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને મંત્રીશ્વર ઉદયન જેવા પાત્રોની રજૂઆત અંગે ઐતિહાસિક પ્રમાણો સહિત વિરોધ દર્શાવતી પુસ્તિકા લખી હતી. પોતાની ઇતિહાસકથામાં સર્જક જયભિખ્ખુ એક સંવેદનાત્મક સંઘર્ષ મૂકે છે અને પાત્રોના કે રાજ્યોના સંઘર્ષની સાથોસાથ એ સંવેદના વધુ ને વધુ પ્રગટતી રહે છે.

આ રીતે ભુલાયેલા ભૂતકાળને આગવી છટા અને પ્રભાવક શૈલીથી તેમજ પોતીકી ઇતિહાસદૃષ્ટિથી પ્રગટ કરવાનો જયભિખ્ખુએ પ્રયાસ કર્યો છે. આ પ્રયાસ કરતી વખતે યુવાન સર્જકને એક આનંદ એ થયો કે જાતિ, વર્ણ, કોમ કે જ્ઞાતિની સંકુચિતતાને બદલે વ્યાપક રીતે ઇતિહાસને દર્શાવી શક્યા અને એથીય વિશેષ તો એ ઐતિહાસિક ઘટનાઓનો તંતુ વર્તમાન સાથે સાંધી શક્યા.

'યાદવાસ્થળી' વાર્તામાં યાદવોની યાદવાસ્થળીની વાત કરતી વખતે સત્તાનો મદ અને આંતરિક કુસંપ કેવાં પરિણામ આપે છે એ દર્શાવે છે, તો 'વીરની અહિંસા'માં સૌંદર્યનો મોહ વૈશાલીનો કેવો વિનાશ સર્જે છે તે બતાવે છે. આ લેખકની એક માન્યતા હતી કે, 'જે સાહિત્ય માત્ર ભૂતકાળની કીર્તિગાથા જ ગાતું હોય અને વર્તમાન માટે કંઈ સૂચવતું ન હોય તેનો ખાસ વિશેષ કંઈ અર્થ નથી.' એમના આ વિચારકેન્દ્રને પરિણામે જ એમની પૌરાણિક, ઐતિહાસિક અને અર્વાચીન તમામ પ્રકારની વાર્તાઓ વર્તમાન માટે કંઈ ને કંઈ કથયિતવ્ય કે ઇતિહાસબોધ ધરાવે છે. વળી એમની આ ઇતિહાસકથાઓમાં કોઈ ઇતિહાસવિદે નાનકડો હકીકતદોષ પણ સૂચવ્યો હોય, તો એની બીજી આવૃત્તિમાં એ સુધારી લે છે.

ગ્વાલિયરની આસપાસના વાતાવરણે જગાડેલો આ ઇતિહાસપ્રેમ જયભિખ્ખુને 'ઋષભદેવ', 'ચક્રવર્તી ભરતદેવ' અને 'રાજવિદ્રોહ' જેવી પ્રાગૈતિહાસિક નવલકથાના સર્જન તરફ દોરી જાય છે. 'વિક્રમાદિત્ય હેમુ', 'ભાગ્યનિર્માણ' અને 'દિલ્હીશ્વર' જેવી મોગલયુગની નવલકથાઓ એમની પાસેથી મળે છે તો એની સાથોસાથ 'બૂરો દેવળ' જેવી રજપૂતયુનગી નવલકથા પણ સાંપડે છે.

એવી જ રીતે 'સિદ્ધરાજ જયસિંહ', 'ઉદા મહેતા', 'મંત્રીશ્વર વિમલ' જેવાં ચરિત્રો ઉપરાંત 'યજ્ઞ અને ઇંધણ' નામે વિશિષ્ટ પ્રકારનું ચરિત્ર મળે છે, જેમાં આઝાદ હિંદ ફોજના આઝાદી જંગમાં જોવા મળેલી સ્ત્રીશક્તિની તવારીખ આલેખી છે. આઝાદીને માટે સ્ત્રીઓએ પાછાં કદમ ભર્યાં નહીં અને સ્વતંત્રતાને વધાવવા માટે હથિયાર બાંધીને આગળ આવી, એની રોમાંચક કથા આમાં મળે છે. કમજોર ગણાતી ભારતીય સ્ત્રીઓએ દુનિયાને હેરત પમાડે તેવા કરેલા કાર્યોનું વેગીલી શૈલીમાં આલેખન છે. ભારતીય નારી પર થતો 'અબળા'નો આક્ષેપ એ દિવસે દૂર ફેંકી દેવાયો અને સ્ત્રીશક્તિની અજબ તાકાત પુરવાર થઈ એમ કહીને લેખકે આ સ્ત્રી-બલિદાનની ગાથાઓ આલેખી છે.

આમ ગ્વાલિયર આસપાસનો રઝળપાટ ઇતિહાસનો શોખ જગાવે છે અને એ શોખમાંથી જાગેલી આગવી ઇતિહાસદૃષ્ટિ એ એમના સર્જનનું કારણ બને છે. આવી ઇતિહાસકથાના આલેખન પૂર્વે જયભિખ્ખુ એમની નોંધપોથીમાં વિસ્તૃત નોંધ કરતા. એ નોંધમાં એ સમયના વાતાવરણ, માન્યતાઓ, પહેરવેશ, રીતરિવાજ વગેરે પણ ટપકાવતા હતા. સ્થાનવિશેષની ભૌગોલિક માહિતી, એ સમયની રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રવાહો, સામાજિક જીવન તેમ જ યુદ્ધપદ્ધતિ અને લલિતકલાઓ એ બધા વિશે કરેલી નોંધમાંથી પોતાની વર્ણનકલાને સહારે જયભિખ્ખુ રસપ્રદ, પ્રમાણભૂત અને વિગતખચિત ઐતિહાસિક વાતાવરણ સર્જતા હતા અને એ ઇતિહાસવિશ્વમાં પોતાના ભાવકને રોમાંચક પ્રવેશ કરાવતા હતા. (ક્રમશઃ)

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭.
ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૬૭૫.

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૨૪)

સ્નાત્રપૂજામાં શું નથી?

સ્નાત્રપૂજામાં બધું જ છે. વિનય અને વિવેકની શિક્ષા મળે છે. સર્વ જિનેશ્વર ભગવાનની ભક્તિની સંસ્કારધારા મળે છે. જિનેશ્વરના પદે જે પહોંચે છે, તે મહાપુરુષ સર્વ પ્રથમ સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કરે છે તે કહીને કવિવર આપણને પણ સમકિત પામવાનો પુરુષાર્થ કરવાનું કહે છે. સમકિતની પ્રાપ્તિ એટલે શું? શ્રદ્ધાનો પરમોચ્ચ આવિષ્કાર. જે મહાપુરુષ જિનપદે પહોંચે છે તે સમ્યક્‌ત્વ પામ્યા પછી વ્રતધર બને છે. વ્રતનું પાલન ઉત્તમ ભાવ સાથે કરે છે. વીશ સ્થાનક તપ કરે છે. એ તપ સમયે ભાવના ભાવે છે કે જગતના સર્વ જીવોને હું જિન શાસનના પંથે ચઢાવીશ. સૌને શાશ્વત સુખ પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કરીશ.

મેં પહેલા પણ કહ્યું છે કે સ્નાત્રપૂજા એટલે પ્રભુના આત્માની ઉન્નતિનો આલેખ.

માતાની કૂખે પધારેલા પ્રભુ ચ્યવન પામ્યા અને માતાને ચૌદ સ્વપ્ન આવ્યા. જગતના સર્વ જીવોને સુખ મળ્યું. પ્રભુ જન્મ્યા. જગતના સર્વ જીવોને સુખ મળ્યું. છપ્પન દિક્‌કુમારીકાઓએ ઉત્સવ મનાવ્યો. દેવતાઓએ ઉત્સવ મનાવ્યો. અઢીસો અભિષેક થયા.

આ બધું શું છે? સ્નાત્રપૂજામાં ભક્તિનો ઉત્સવ છે. ભક્તિવાન બન્યા વિના આરો નથી. આપણો આત્મા શાશ્વત છે. મોક્ષનું સ્થળ શાશ્વત છે. પ્રભુનું તત્ત્વજ્ઞાન શાશ્વત છે. પરંતુ હજુ આપણને આ સત્યનો મહિમા હૃદયમાં પ્રગટ્યો નથી. આવું અપૂર્વ જિનશાસન મળ્યા પછી પણ આપણો આત્મા પાવન ન બને તો તેનું કારણ એ છે કે આપણે સ્વાર્થની નાગચૂડમાંથી હજી છૂટ્યા નથી.

જ્યારે તમે કોઈ પણ કામ કરવા જાવ, ત્યારે અચાનક એવું બને છે કે હૃદયમાંથી ન સંભળાય છે.

હૃદયમાંથી આ સંમતિ અને નાસંમતિ કોણ પાઠવે છે?

એ છે આત્મા.

એ આત્માનો સૂર તમે સાંભળતા કેમ નથી? મનુષ્યનો આ જે દેહ મળ્યો છે તેનું મૂલ્ય સમજવા તમે કોશિશ કેમ કરતા નથી?

અવતાર માનવીનો, ફરીને નહીં મળે,
અવસર તરી જવાનો, ફરીને નહીં મળે.

અવતાર...

સૂરલોક માંયે ના મળે, ભગવાન કોઈને
અહીં આ મળ્યા પ્રભુ તે, ફરીને નહીં મળે

અવતાર...

લઈ જાય પ્રેમથી તને કલ્યાણ મારગે
સંગાથ આ ગુરુનો, ફરીને નહીં મળે.

અવતાર...

જે ધરમ આચરીને, કોડો તરી ગયા,
આવો ધરમ અમૂલો, ફરીને નહીં મળે.

અવતાર...

કરશું ધરમ નિરાંતે, કહે તું ગુમાનમાં
જે જાય છે ઘડી તે, ફરીને નહીં મળે.

અવતાર...

આ ગીતનું સત્ય જો અંતરમાં ઝળહળે તો આ પ્રવચનો તમે સાંભળ્યા તે સાર્થક થઈ જાય.

શ્રી વીરવિજયજી મહારાજનો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. સ્નાત્રપૂજાના અંતમાં શ્રી વીરવિજયજી મહારાજ પોતાની ગુરુ પરંપરા કહે છે. પૂજનીય ગુરુજનોનું સ્મરણ કરીને શ્રી યશોવિજયજી મહારાજ પોતે ઉત્તમ કાર્ય કર્યું છે તેવો સંતોષ વ્યક્ત કરે છે. આ સંતોષ એમનેમ નથી આવતો. જીવનભર સત્કર્મના બીજ વાવીએ

શ્રી નવપદજી અને તેના વર્ણો

*૧. **અરિહંત** પદનો શ્વેત વર્ણ છે. શ્વેત. ૨. **સિદ્ધ** પદનો લાલ વર્ણ છે. લાલ. ૩. **આચાર્ય** પદનો પીત વર્ણ છે. પીત. ૪. **ઉપાધ્યાય** પદનો લીલો વર્ણ છે. નીલ. ૫. **સાધુ** પદનો કાળો વર્ણ છે તથા ૬. **દર્શન** પદનો ૭. **જ્ઞાન** પદનો ૮. **ચારિત્ર** પદનો અને ૯. **તપ** પદનો વર્ણ શ્વેત છે.*

***પરિચય**–નવપદના વર્ણની કલ્પના ધ્યાતા–સાધકની અપેક્ષાએ કરવામાં આવેલી છે; વાસ્તવિક રીતે તે પદો વર્ણ, ગંધ અને સ્પર્શરહિત છે. પૂર્વાચાર્યોની આ પ્રાચીન કલ્પના આધુનિક અમેરિકન માનસશાસ્ત્રીઓ સાથે સંપૂર્ણ મળતી આવે છે. તેઓએ મનના વિચારો, આકારો અને વર્ણો અમુક પ્રકારનાં હોય છે, તેમ Mental eye-rays માનસ વિદ્યુત કિરણ યંત્ર વડે તપાસ્યું છે. હવે ધ્યાનની શરૂઆત કરનાર મનુષ્યને આંખો મીંચી અંતર્મુખ થતાં હૃદયમાં અષ્ટદળ કમળનું ચિંતવન કરતાં પ્રથમ શ્યામ વર્ણ ભાસે છે; પછીથી ધીમે ધીમે નીલ, પીત અને શ્વેત ભાસે છે. છેવટે તેજના ગોળા જેવો લાલવર્ણ.*

ત્યારે સંતોષના ફૂલ ખીલે છે.

(૨૫)

શ્રી વીર વિજયજીની સ્નાત્રપૂજાની વાતો કરતાં કરતાં આપણે અહીં સુધી આવી ગયા. સ્નાત્રપૂજા એક ક્રિયા છે. આત્મામાં વ્યક્તિનો ઉદય થવો તે ક્રાન્તિ છે.

સંસારમાં બધું જ નિરર્થક નથી. જિંદગી સરસ જીવીએ તો બધું સાર્થક છે. આ ગીત સાંભળો:

જિંદગી છે મુસાફિરખાનું,
કોઈ આવે ને કોઈએ જવાનું;
કોઈ કાયમ ના રહેવાનું,
કોઈ આવે ને કોઈએ જવાનું.
સ્વારથના સૌ છે સાથી,
સાચું ના કોઈ સંગાથી;
એ સાથને શું કરવાનો,
કોઈ આવે ને કોઈએ જવાનું.
જીવન છે, સરિતા જેવું,
કવિઓની કવિતા જેવું;
નિશદિન એ વહેતું રહેવાનું,
કોઈ આવે ને કોઈએ જવાનું
જીનવરના ગુણલા ગાશું,
છોને દુનિયા પાગલ કહેતી;
નહિ સંસારે ફરવાનું,
કોઈ આવે ને કોઈએ જવાનું.

મનુષ્ય જીવનનો ક્યારેક તો અંત આવશે. એ અંત આવે તે પૂર્વે પ્રભુના શરણમાં ઝૂકીને પ્રભુ જેવા થવાનો પ્રયાસ શરૂ કરી દઈએ તો ?

પ. પૂ. મારા ગુરુ મહારાજ, આચાર્ય ભગવંત શ્રી દુર્લભસાગર સૂરીશ્વરજી મહારાજનું રચેલું એક સ્તવન મને યાદ આવે છે. પ્રભુને હૃદયમાં રાખીને આ પંક્તિઓનું રટણ કરો:

નૈયા ઝૂકાવી મેં તો, જો જે ડૂબી જાય ના
ઝાંખો ઝાંખો દીવો મારો, જો જે રે બુઝાય ના
નૈયા ઝૂકાવી...

સ્વારથનું સંગીત ચારે કોર બાજે
કોઈ નથી કોઈનું આ દુનિયામાં આજે
તનનો તંબુરો જો જે બેસૂરો થાય ના
ઝાંખો ઝાંખો...

પાપ ને પુણ્યના ભેદ રે ભૂલાતા
રાગ ને દ્વેષ આજે ઘટ ઘટ ઘૂંટાતા
જો જે આ જીવતરમાં ઝેર પ્રસરાય ના
ઝાંખો ઝાંખો...

શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે
નિશ દિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે
મનના મંદિરે જો જે અંધારું થાય ના
ઝાંખો ઝાંખો...

સ્નાત્રપૂજા એટલે ભક્તિની સંસ્કારધારા. સ્નાત્રપૂજા એટલે ભક્તિનો મહોત્સવ. સ્નાત્રપૂજા એટલે ભક્તિનું ગુંજન.

શ્રી વીરવિજયજી મહારાજ સ્નાત્રપૂજાના અંતમાં કહે છે કે ઉત્કૃષ્ટ ભાવે ૧૭૦ જિનેશ્વર ભગવાન હોય છે. વર્તમાનકાળે ૨૦ જિનેશ્વર ભગવાન વિચરી રહ્યા છે. ભૂતકાળમાં અનંતા જિનેશ્વર ભગવાન થયા છે. ભવિષ્યકાળમાં અનંતા જિનેશ્વર ભગવાન થશે. આ સ્નાત્રપૂજા સર્વ જિનેશ્વર ભગવાનના નામ પર અર્પણ છે. શ્રી વીરવિજયજી કહે છે કે આ સ્નાત્ર જે ગાશે, આ કળશ જે ગાશે તે મંગળલીલા પામશે, ઘર ઘર હર્ષ છવાશે ! ✷ ✷ ✷

● શ્રી ગૌતમ ગુરુવર્ય પુનઃ કહેવા લાગ્યા, 'નવપદમાંના એક એક પદની પણ ભક્તિ કરવાથી દેવપાલ વગેરેએ વિવિધ સુખોને પ્રાપ્ત કર્યા છે માટે સંપૂર્ણ નવપદજીનો મહિમા તો અતિ મહાન છે.

● વળી હે મગધનરેશ! વધારે શું કહીએ? તું પણ નવપદના એક સમ્યગ્‌દર્શન પદની જ અદ્‌ભૂત ભક્તિના પ્રભાવે આવતી ચોવીસીમાં પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થઈશ. એ સત્ય હકીકતને તું તારા મનમાં નિશ્ચયપૂર્વક ભાવિત કર.

વિચરતા સમુદાય સમર્થન મંચ

(આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

રૂપિયા	નામ
૫૦૮૧૫૫૮	આગળનો સરવાળો જાન્યુ '૧૨
૨૫૦૦૦	શ્રીમતિ સવિતાબેન શાંતિલાલ શાહ, (U.K.)
૨૫૦૦૦	શ્રી કુમાર એચ. ધામી અને રીટાબેન ધામી (U.S.A.) $ 500
૫૦૦૦	શ્રીમતી પુષ્પાબેન હર્ષદભાઈ શાહ હસ્તે : શ્રી ગિરિશભાઈ શાહ
૧૦૦૦૦૦	શ્રી કાકુલાલ સી. મહેતા
૫૨૩૬૫૫૮	

પ્રબુદ્ધ જીવન સૌજન્ય

રૂપિયા	નામ
૨૦,૦૦૦	શ્રી દિલીપભાઈ એમ. શાહ (C.A.)
૨૦,૦૦૦	

✷ ✷ ✷

અનુભવના સાધના–સ્વરૂપને વર્ણવતાં શ્રીપાળ રાસ કહે છે: 'ઊગ્યો સમકિત રવિ ઝળહળતો, ભરમ તિમિર સવિ નાઠો' સ્વગુણની આંશિક પ્રતીતિ તે સમ્યક્‌ત્વ-સમ્યગ્‌દર્શન. આ ક્ષણોમાં એ સમ્યગ્‌ દર્શનનો સૂર્ય ઝળાંહળાં પ્રકાશી ઊઠે છે અને સંયમ, ભ્રમનું અંધારું દૂર થઈ જાય છે.

X X X

સદ્‌ગુરુને હું બારી જેવા કહું છું. એક બારીની ઓળખ શું હોઈ શકે ? લોખંડની જાળી જેને હોય તે બારી; કે લાકડાની ફ્રેમ હોય તે બારી. આવી કોઈ વ્યાખ્યા બારીની ન હોઈ શકે. બારીની વ્યાખ્યા આટલી જ છે : ભીંતોની વચ્ચે અને છતની નીચે આપણે હોઈએ ત્યારે આપણને અસીમ અવકાશ જોડે જે સંબદ્ધ કરી આપે તે બારી.

X X X

આવું જ સદ્‌ગુરુ માટે. જેમના દ્વારા પ્રભુની અસીમ ચેતના જોડે સાધક સંબદ્ધ થાય તેસદ્‌ગુરુ.

આપણા યુગના સાધકશ્રેષ્ઠ શ્રી ઋષભદાસજીએ સાધનાના આનન્દને અભિવ્યક્ત કરતાં કહેલું કે એક ખમાસમણ દઉં છું ને એટલો બધો આનન્દ ભીતર છલકાય છે કે નાનકડું હૃદય આ આનન્દને ઝીલી શકશે કે કેમ એવી વિમાસણ થાય.

X X X


સાધ્ય ત્રિપદીમાં પહેલો છે સ્વાધ્યાય. સ્વનું અધ્યયન, એવું વાચન કે શ્રવણ થવું જોઈએ કે ભીતર જોડે જેનો તાર સંધાયેલો હોય.

ધ્યાન. સાધ્ય ત્રિપદીનું બીજું ચરણ. ધ્યાન એટલે સ્વગુણ–સ્થિતિ. આપણું આપણામાં હોવું. being.

કાયોત્સર્ગ સાધ્ય ત્રિપદીનું અન્તિમ ચરણ. ત્રિગુપ્તિ સાધના પૂર્વકનું ધ્યાન તે કાયોત્સર્ગ. દેહભાવ / દેહાધ્યાસની શિથિલતા આ ચરણે મળે છે.

✷ ✷ ✷


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત



આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



- કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- **ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત 'અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની' ગ્રંથનું વિમોચન

અવસર

ડૉ. રશ્મિ જીતુભાઈ ભેદાએ લખેલો પીએચ. ડીનો મહાનિબંધ 'મોક્ષ પ્રાપ્તિનો માર્ગ : યોગ' પર આધારિત 'અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની' આ ગ્રંથનું વિમોચન ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન હૉલ, જુહૂ, મુંબઈમાં પ્રસિદ્ધ સાહિત્યકાર અને જૈન દર્શનના આંતરરાષ્ટ્રીય વિદ્વાન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું હતું. સમારંભની શરૂઆત પૂનાસ્થિત શ્રીમતી મીતાબેન શાહના અત્યંત મધુર એવા ભક્તિસંગીતથી થઈ. પ્રારંભે સ્વાગત પ્રવચન શ્રીમતી ચૈતાલી ગાલાએ કર્યું. કાર્યક્રમનું કુશળ અને વિનોદસભર સંચાલન જાણીતા લેખક ડૉ. ગુલાબ દેઢિયાએ કર્યું હતું.

પુસ્તકના વિમોચનકર્તા ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાની રસાળ અને હળવી શૈલીથી બધા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. આ ગ્રંથનું દોહન કર્યા પછી એમણે કહ્યું કે ડૉ. રશ્મિબેન ભેદાએ આ ગ્રંથમાં સમાજ જેને ભૂલી ગયો છે, જેનું વિસ્મરણ થયું છે એનું સ્મરણ કરાવ્યું છે. જૈન યોગના બહુ ઓછા ખેડાયેલા વિષય પર તૈયાર થયેલો આ એક અભ્યાસપૂર્ણ અને વ્યાપક દૃષ્ટિ ધરાવતો ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રી કુદકુંદાચાર્ય, આચાર્ય હરિભદ્રસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી, અધ્યાત્મયોગી આનંદઘનજી, આચાર્ય બુદ્ધિસાગરસૂરિજી, શ્રીમદ્ રાજચંદ્ર, આચાર્ય મહાપ્રજ્ઞજી જેવા જૈન યોગના ક્ષેત્રે અમૂલ્ય અને આગવું પ્રદાન કરનાર આચાર્યો અને જ્ઞાનીઓએ રચેલા યોગવિષયક ગ્રંથનો ઊંડો અભ્યાસ કરીને ડૉ. રશ્મિ ભેદાએ એની વિસ્તૃત અને માર્મિક ચર્ચા કરી છે. આ ગ્રંથની મોટી વિશેષતા એ એમાં મળતો જૈન યોગ સાથે પાતંજલ યોગનો તુલનાત્મક અભ્યાસ છે.

આ ગ્રંથનું પ્રકાશન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંસ્થાએ કર્યું છે. પ્રાસંગિક વક્તવ્ય શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી તેમ જ 'પ્રબુદ્ધ જીવનના' તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ તેમ જ રામનિરંજન ઝુનઝુનવાલા કૉલેજના ભૂતપૂર્વ અધ્યક્ષા ડૉ. કોકિલાબેન શાહે આપ્યું. ડૉ. ધનવંત શાહે એમના વક્તવ્યમાં જણાવ્યું કે આજે આનંદનો નહીં પણ ઉત્સવનો પ્રસંગ છે. જેમ ઘરે એક બાળક જન્મે તેમ આ પુસ્તક વિમોચન એ સરસ્વતી માતાનો જન્મ છે. એનો મહાઉત્સવ છે. આ જ્ઞાનનું તપ છે જે મહાતપ છે. બીજા તપ ક્ષીણ થઈ શકે પણ આ તપ કદી પણ ક્ષીણ થવાનું નથી. આ પુસ્તકમાં ઋષિ પાતંજલિથી માંડીને ઘણા જૈન પ્રાચીન તેમ જ અર્વાચીન આચાર્યોના યોગપુસ્તકોનું દોહન કરેલું છે. યોગનું અમૃત પીવાથી અજરામર તો થવાય પણ સૌથી વિશેષ તો મોક્ષની પ્રાપ્તિ થાય. બીજા બધા યોગ શરીરની વાત કરે છે, પણ જૈન યોગ તો આત્માની વાત કરે છે.

ડૉ. કોકિલાબેન શાહે આ પ્રસંગે બોલતાં કહ્યું કે, આ પુસ્તકમાં કેવળ સંકલન જ નહીં પણ એથી ઘણું વિશેષ છે. જૈન દર્શનનું, જિનવાણીનું રહસ્ય આ પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે. વાચકોને આના દ્વારા જ્ઞાન અને આનંદ પ્રાપ્ત થશે. બીજા પુસ્તકોની જેમ જૈન જગત આ પુસ્તકને પણ આવકારશે.

ડૉ. રશ્મિબહેન ભેદાએ ગ્રંથની રચના કરવામાં માર્ગદર્શક અને સહાયક આચાર્યો, જ્ઞાનીઓ અને પરિવારજનોનો ઋણસ્વીકાર કરીને આ ગ્રંથમાં આલેખેલ મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે 'યોગ'ની છણાવટ કરતાં કહ્યું કે, 'જૈન દર્શનમાં 'યોગ' શબ્દ બે રીતે પ્રયુક્ત થયેલો છે. એક મન, વચન અને કાયાના વ્યાપારના અર્થમાં અર્થાત્ મનોયોગ, વચનયોગ અને કાયયોગ જે કર્મોને આવવાનું કારણ છે જ્યારે એ જ 'યોગ' શબ્દ મોક્ષમાર્ગ માટેના સાધનાના સંદર્ભમાં વપરાયેલો છે. 'મોક્ષેણ યોજનાદ્ યોગ:' એમ તેની વ્યાખ્યા છે. અર્થાત્ જે સાધનાથી આત્માનો પરમાત્મા સાથે સંયોગ થાય, આત્મા સંપૂર્ણપણે સ્વસ્વરૂપ પ્રાપ્ત કરે તે 'યોગ છે. આત્માના શુદ્ધ સ્વરૂપને અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરવાનો જે માર્ગ છે તે યોગમાર્ગ છે. જૈન દર્શનમાં આ મોક્ષમાર્ગ, યોગમાર્ગ એ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ શુદ્ધ રત્નત્રયરૂપ છે અને એ જ જૈન યોગ છે. અનાદિકાળથી આ સંસારચક્રમાં ફરતા જીવોને ભવભ્રમણામાંથી બચાવનાર અને મોક્ષપ્રાપ્તિ કરાવનાર આ યોગમાર્ગ છે. જૈનદર્શન મુજબ પ્રત્યેક આત્મામાં પરમાત્મા બનવાની ક્ષમતા છે. તે પોતાના પુરુષાર્થથી અર્થાત સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયની સાધના કરીને અર્થાત્ યોગમાર્ગને અનુસરીને પરમાત્માપણું પ્રાપ્ત કરી શકે છે.'

જૈન ધર્મમાં યોગવિષયક વિપુલ અને સમૃદ્ધ સાહિત્ય મળે છે. માત્ર યોગપરંપરાની વિસ્મૃતિ અને અભ્યાસના અભાવે બહુ ઓછી વ્યક્તિઓ એનાથી પરિચિત છે. ત્યારે 'અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની' આ ગ્રંથમાં પ્રાચીન સમયથી માંડીને અર્વાચીન સમયના જૈન ધર્મના જુદા જુદા આચાર્યોના દૃષ્ટિકોણ તેમ જ આત્માના આધ્યાત્મિક વિકાસ માટેની જુદી જુદી ભાવના, વિભાવના જેમ કે ગુણસ્થાનક, ભાવના ઈત્યાદિનો આધાર લઈને આ વિષયવસ્તુનું નિરૂપણ કરવાનો પ્રયત્ન કર્યો છે. યોગગ્રંથો એ જૈનધર્મની અમૂલ્ય સંપદા છે. તેથી એ સંપદામાં રહેલી ધર્મસમૃદ્ધિનો એમણે પરિચય કરાવ્યો છે અને ગ્રંથના અંતે જૈન યોગ અને પાતંજલ યોગનો તુલનાત્મક અભ્યાસ આલેખ્યો છે.

આ રીતે જૈન યોગ જેવા ગહન વિષયનો એક વ્યાપક અને તલસ્પર્શી ગ્રંથ ડૉ. રશ્મિ ભેદા પાસેથી પ્રાપ્ત થયો છે.

□ ડૉ. ગુલાબ દેઢિઆ

પ્રાપ્તિસ્થાનઃ (૧) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન- ૨૩૮૨૦૨૯૬

(૨) જીતુભાઈ ભેદા, C/o ભેદા બ્રધર્સ, ૨૦૨, કાપડિઆ એપાર્ટમેન્ટ, ૩૯, એસ. વી. રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬. ફોન- ૨૬૧૯૨૩૨૬/ ૨૭ મોબાઈલ : ૦૯૮૬૭૧૮૬૪૪૦

પુસ્તકનું નામ : **પૂર્વી**
લેખક–કવિ : **ગીતા પરીખ**
પ્રકાશક : **વોરા એન્ડ કંપની**
પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ
૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મૂલ્ય : રૂા. ૩.૫૦/-, પાના : ૧૧૦,
આવૃત્તિ : ૧. ૧૯૬૬.

'પૂર્વી' કાવ્યસંગ્રહ ગીતા પરીખનો ૮૧ કાવ્યોનો સંગ્રહ છે.

પૂર્વી એક રાગિણીનું નામ છે. પૂર્વના દેશોમાં તે ગવાતી હોય એ રીતે એનું નામ બન્યું હોય. પૂર્વી કાવ્ય સંગ્રહ પ્રૌઢિસંપન્ન કૃતિઓનો સંગ્રહ છે. આમાં ગીતરચનાઓનું પ્રાધાન્ય છે. આમાં બધી કૃતિઓ નાનકડી જ છે. ત્રણ કડીથી વધારાની હોય તેવી ગણીગાંઠી છે. બધી રચનાઓ સુરેખ છે.

આ સંગ્રહમાં વિવિધ ભાવ-સમૃદ્ધિમાં વિચરતી કવિતા છે. સ્ત્રીપુરુષના વિભેદને ભેદીને ઊંડે રહેલા વ્યક્તિત્વમાં સ્થિર થઈ જીવન પ્રત્યેનો વ્યાપક અભિસાર સભરતાથી ગાયો છે. એક વ્યક્તિ તરીકેના જીવનના ગહનત્વમાં ઊતરવા જતાં જાગૃત થતાં સંવેદનો ઝીલ્યાં છે.

ગીતા પરીખે શુદ્ધ કાવ્યો ઉપરાંત નિર્મળ, સ્વચ્છ અને નિરામય રચનાઓ આપી છે. આ કાવ્યસંગ્રહમાં ગંભીરતા અને વિનમ્રતા છે અને તે ગિરિનગરની શીતળ શામક આહ્લાદક હવાનો સ્પર્શ આપી જાય છે. નિરામય કાવ્યનો આનંદ અને આસ્વાદ લેવા જેવો છે.

X X X

પુસ્તકનું નામ : **એક અધૂરી સાધના કથા**
લેખક : **માવજી કે. સાવલા**
પ્રકાશક : **હર્ષ પ્રકાશન**
૪૦૩, ઓમદર્શન ફ્લેટ્સ, ૭ મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી, ચાર રસ્તા, પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭. મૂલ્ય : રૂ. ૧૦૦/- પાના : ૧૫૬, આવૃત્તિ–૧. ૨૦૦૯

અધ્યાત્મ–સાધનાના વિષયને કેન્દ્રમાં રાખીને લખાયેલ માવજી સાવલાની આ લઘુનવલ એક નવો જ ઉન્મેષ લઈને આવે છે. એક Fiction છે છતાં પણ અહીં જાણે કે ઘટના પ્રવાહના શબ્દે શબ્દમાં એક આંતરિક સચ્ચાઈનો રણકો સંભળાય છે. સાથે સાથે ચરિત્રનાયિકા સિદ્ધેશ્વરી દેવીનું રાજવંશી અભિજાત્ય દિલને સ્પર્શી જાય છે. સાધક અહીં કથક તરીકે પોતાના ત્રણ જન્મની કડીઓને એક ભાવાત્મક રસાયણમાં વિલક્ષણ રીતે ગૂંથતો જાય છે.

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

આયુષ્યનો સાતમો દાયકો વટાવી ચૂકેલ સાધક–આ નવલકથાનો કથક એક તદ્દન અજાણી સ્ત્રી સાથે નીકળી પડે છે અને પછી માત્ર સાધનાના જ નહીં પણ જીવનનાં અનેક રહસ્યો સ્ફૂટ થતાં જાય છે. અહીં સાધનાના નામે પલાયનવાદ નથી, વૈરાગ્યના નામે શુષ્કતા નથી પણ અહીં તો જીવનની સભરતા અને સુંદરતા છે.

લઘુનવલના વિકાસમાં એક નવું સોપાન ઉમેરાય છે.

X X X

પુસ્તકનું નામ : **અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની**
લેખક : **ડૉ. રશ્મિ ભેદા**
પ્રકાશક : **મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન નં. : ૩૮૨૦૨૯૬.
પ્રાપ્તિસ્થાન : શ્રી જીતુભાઈ ભેદા,
C/o. ભેદા બ્રધર્સ, ૨૦૨, કાપડિયા એપાર્ટમેન્ટ, ૩૯, એસ.વી.રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૫૬. ફોન: ૨૬૧૯૨૩૨૬–૨૭.
મોબાઈલ : ૦૯૮૬૭૧૮૬૪૪૦.
મૂલ્ય : રૂા. ૨૫૦/-, પાના : ૩૧૮,
આવૃત્તિ : ૧. જાન્યુઆરી, ૨૦૧૨.

જૈન યોગ વિશે તલસ્પર્શી અધ્યયન ગ્રંથ ડૉ. રશ્મિ ભેદાએ પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કર્યો છે–અભિનંદન.

જૈન દર્શનમાં આ મોક્ષમાર્ગ, યોગમાર્ગ એ શુદ્ધ રત્નત્રયરૂપ અર્થાત્ સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રરૂપ છે. અનાદિકાળથી આ સંસારચક્રમાં ફરતા જીવોને ભવભ્રમણમાંથી બચાવનાર અને મોક્ષપ્રાપ્તિ કરાવનાર આ યોગમાર્ગ છે. યોગની વિવિધ ભારતીય પ્રણાલિકાઓના સંદર્ભમાં જૈન યોગનું વૈશિષ્ટ્ય આ ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે અને સાથે સાથે ઐતિહાસિક અવલોકન કરી યોગમાર્ગનો પરમ આધ્યાત્મિક અનુભવ મેળવનાર મહાન આચાર્યો અને જ્ઞાનીઓની વિચારધારાની છણાવટ અહીં કરવામાં આવી છે. વળી જૈન યોગ સાથે પ્રસિદ્ધ એવા પાતંજલ યોગનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

યોગરસિક આત્માઓને આ ગ્રંથ યોગમાર્ગે આગળ વધવામાં અને મોક્ષપ્રાપ્તિની દિશામાં આગળ વધવામાં ઉપયોગી બનશે.

X X X

પુસ્તકનું નામ :
જિનશાસનનાં ઝળહળતાંનક્ષત્રો–ભાગ–૧–૨.
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : **શ્રી અરિહંત પ્રકાશન**
'પદ્માલય', ૨૨૩૭–બી, ૧ હીલડ્રાઈવ, પોર્ટ કોલોની પાછળ, વાઘાવાડી રોડ, સરકીટ હાઉસ પાસે, ભાવનગર–૩૬૪૦૦૨.
ફોન નં. : (૦૨૭૮) ૨૫૬૨૬૯૦.
સંપાદક : નંદલાલ બી. દેવલુક
મૂલ્ય : રૂા. ૬૦૦/-, ભાગ–૧, ૩૦૦, ભાગ–૨, ૩૦૦. પાના ભાગ–૧–૭૦૦, ભાગ–૨–૭૦૦.
આવૃત્તિ–પ્રથમ, ૧-૧૦–૨૦૧૧.

જિનશાસનનાં ઝળહળતાં નક્ષત્રો–નામક વિરાટ ગ્રંથમાં ઉદિત અને ઉદિયમાન જૈન સાધુ સંત સ્વરૂપ તેજસ્વી નક્ષત્રો શોભાયમાન બની ઝળહળી રહ્યાં છે.

સૂર્ય સમાન અરિહંત ભગવંતો અને ચંદ્ર સમાન ગણધર ભગવંતોના વિરહમાં ત્રિલોકગુરુ ભગવાન મહાવીરના પંચમ ગણધર સુધર્માસ્વામીની અખંડ પાટ પરંપરામાં થયેલા હજારો સાધુસંતો સતત પ્રકાશમાન થતાં રહ્યાં છે. આ અવિચ્છિન્ન પાટ પરંપરા જૈન ધર્મની યશોગાથાને સતત પ્રસારિત કરતી રહે છે.

ઐતિહાસિક સાહિત્યના સફળ સમુપાસક અને સર્જક નંદલાલભાઈ દેવલુકે ચારિત્ર સંપન્ન મહાવિભૂતિઓના જીવન–પરિચયો દ્વારા જૈન ધર્મ, કર્તવ્ય, કળા અને સંસ્કૃતિને જાળવવાનું જે મહત્ત્વનું કાર્ય કર્યું છે તે પ્રશંસનીય અને અનુમોદનીય છે. વાસ્તવમાં તેમણે જૈન ધર્મની ઉજ્જવળ યશોગાથાને ગૌરાન્વિત કરેલ છે.

આ ગ્રંથમાં એકાવન લેખો સમાવિષ્ટ કર્યા

છે, જેમાં જૈન દર્શન, જૈન સાહિત્ય, જૈન તીર્થંકરો, સાધુ-સાધ્વીઓ, જૈન તીર્થો, જૈન શ્રેષ્ઠિઓ, જૈન ગ્રંથો, જૈન કળા, સ્થાપત્ય, ભૂગોળ, વિજ્ઞાન તથા જૈન સંગીત વિશે સામગ્રી આપેલ છે.

આજના સમયમાં અત્યંત વિરલ એવો આ ગ્રંથ વિદ્યાપુરુષાર્થ, ધર્મપુરુષાર્થ અને જ્ઞાનપુરુષાર્થ પ્રેરક બને તેવી આશા.

X X X

પુસ્તકનું નામ : **Shri Ashtapad Mahatirth**
Compiled & Edited by :
Dr.Rajnikant Shah-Dr. Kumarpal Desai
Published by :
Jain Center of American Inc.
43-11, Ithace Street, Elmhurst,
New York, 11373. U.S.A.
Tel. : (718) 478-9141
Pages : 488;Edition :1st March, 2011

પ્રથમ તીર્થંકર પ્રભુની નિર્વાણ ભૂમિ–મોક્ષનું દ્વાર એટલે મહાન તીર્થ–અષ્ટાપદ મહાતીર્થ. ન્યુયોર્ક જૈન સેન્ટરના જિનાલયમાં રત્નમય અષ્ટાપદનું મહાતીર્થનું નિર્વાણ કરીને એક નવો ઇતિહાસ સર્જ્યો છે.

આ અદ્‌ભુત સુંદર નયનરમ્ય એવા ગ્રંથમાં અષ્ટાપદજીના મહાતીર્થના પ્રાચીન ઇતિહાસને, પ્રભુ આદિનાથની નિર્વાણ ભૂમિ વિશે અને અષ્ટાપદજી મહાતીર્થ વિશે, શ્રદ્ધાની દૃષ્ટિએ, ઇતિહાસની દૃષ્ટિએ, પુરાતત્ત્વની દૃષ્ટિએ અને ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણોથી વિવિધ માહિતીઓ સંગ્રહિત કરી છે. તે તીર્થભક્તિ અને શ્રુતભક્તિની અનુમોદના કરવા યોગ્ય છે.

આ પવિત્ર તીર્થનો આટલો સુવ્યવસ્થિત–માહિતી સભર અને પૂર્ણ વિસ્તારવાળો આ પ્રથમ ગ્રંથ હશે.

આ ગ્રંથમાં સંગ્રહિત કરાયેલા લેખો 'અષ્ટાપદજી'ની ઐતિહાસિક માહિતી પર પ્રકાશ નાંખે છે. આ ગ્રંથ અષ્ટાપદજી વિષય સાહિત્ય પ્રકટ કરનાર પ્રથમ ક્યારેય પ્રકટ ન થયેલ બેનમૂન ગ્રંથ છે.

અમેરિકા-ન્યૂયોર્કમાં જૈન સેન્ટર ઑફ અમેરિકાએ નિર્માણ કરેલ આ અષ્ટાપદજી મંદિરમાં જૈનોના બધા ફિરકાઓ એક છત્ર નીચે ભક્તિ કરે છે.

આ અનુપમ અદ્‌ભુત બેનમૂન કલમય–ચિત્રમય ગ્રંથનું અનુમોદન અને અભિવાદન છે.

X X X

પુસ્તકનું નામ : **એવરી–ડે પેરન્ટસ–ડે**
સંપાદક : **રોહિત શાહ**
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧. ફોન નં. : ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૨૫/-, પાના ૧૬૮, આવૃત્તિ–૧, જાન્યુઆરી–૨૦૧૦.

રોહિત શાહ સંપાદિત આ પુસ્તક આજના જનરેશનના યુવાન યુવતીઓને વાંચવાનો ખાસ અનુરોધ કરું છું.

સમયની સાથે ઘણું બદલાતું હોય છે. છતાં શાશ્વત મૂલ્યોના મૂળિયાં સાથે અનુસંધાન જળવાઈ રહે તે જરૂરી છે. નવી જનરેશન પોતાના પેરન્ટસ પ્રત્યે આદરભાવ જાળવી રાખે એ જરૂરી છે; પણ સાથે સાથે બંને પક્ષે સાચી સમજણ હોય અને મમત્વ ન હોય તે પણ એટલું જ જરૂરી છે.

આજે આપણા સમાજમાં કેટલાંક પેરન્ટસ પાછલી વયમાં કરૂણાજનક સ્થિતિમાં જીવતાં જોવા મળે છે. એવી સ્થિતિમાં જીવવું પડે તે સંતાનો માટે શરમજનક ગણાય અને પેરન્ટસ માટે પીડાજનક ગણાય. જૂની જનરેશનની જિદ અને સંકુચિત ખ્યાલો સામે નવી જનરેશનની ઉદારતા અને નિષ્ઠાપૂર્વકની સંવેદનાનો મોરચો મંડાય એ જરૂરી છે. બે જનરેશન વચ્ચે અંતર હોવું એ જુદી વાત છે અને વૈમનસ્ય હોવું એ જૂદી વાત છે. આ વાત આપણે સૌએ સમજવા જેવી છે.

આ પુસ્તક આજના સમાજને અને ખાસ કરીને નવી જનરેશનને પ્રેરક બનશે.

X X X

સાભાર સ્વીકાર

પુસ્તક : **કાન્હડદે પ્રબંધ–સાર**
લેખક : સ્વામી સચ્ચિદાનંદ
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, ૨૦૨, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૦૬.

X X X

પુસ્તક : યાદ કરો કુરબાની ભાગ–૧.
લેખક : મીરા ભટ્ટ
પ્રકાશક : જન જાગૃતિ અભિયાન, વડોદરા – C/o. ઉપાસના સોસાયટી, પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા–૩૯૦ ૦૦૧.
ફોન (૦૨૬૫) ૨૪૩૪૬૩૦.

X X X

પુસ્તક : જીવનદૃષ્ટિ
સંપાદક : મિતેશભાઈ એ. શાહ
પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા–જિ. ગાંધીનગર (ગુજરાત).
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩.

X X X

પુસ્તક : ગાંધીની કાવડ
લેખક : હરીન્દ્ર દવે
પ્રકાશક : પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન, લાભ ચેમ્બર્સ, ન્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

X X X

પુસ્તક : બાળ ઘડતરની કેડી પર
લેખક : હસમુખ પટેલ
પ્રકાશન : અમરભાઈ શાહ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦૦૦૧. ફોન : ૨૨૧૪૪૬૬૩.

X X X

પુસ્તક : **Acharya Akalank's Swarupa Sambodhana**
Translation : Nagin J. Shah
Publisher : Hindi Granth Karyalaya-Mumbai.

X X X

પુસ્તક : સંવાદ ભગવાન સે
લેખક : મહાપ્રજ્ઞ
પ્રકાશક : વિશ્વભારતી પ્રકાશન
લાડનૂ–૩૪૧ ૩૦૬ (રાજસ્થાન)

X X X

પુસ્તક : 'આગમ'
સંપાદક : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : પારસધામ, તિલકરોડ, ઘાટકોપર (ઈ.) મુંબઈ–૪૦૦ ૦૭૭. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 6550 9477
મોબાઈલ નં. : 9223190753.

दरिसण दुरलभ ज्ञानगुण, चारित्र तप सुविच्यार ।
सिद्धचक्र ए सेवतां, पामीजइं भवपार ।।५।।
इह भवि परभवि एहथी, सुख संपद सुविसाल ।
रोग सोग रौरव टलइं, जिम नरपति श्रीपाल ।।६।।
पूछइं श्रेणिकराय प्रभु, ते कुण पुण्य पवित्र ।
इंद्रभूति तव उपदिसइं, श्री श्रीपाल चरित्र ।।७।।

अष्ट कमल दल इणि परिं,
तनिं मनिं सेवतां, सारइं
आसो सुदि मांहि मांडिइं,
आयंबिल करी निरमला,
विधि पूरवक करीं थोतियां,
आठ प्रकारनी, कीजइं थई
निरमल भूमि संथारीइं,
जपिइं पद एकेकनी,

यंत्र सकल सिरताज रे । निरमल
वंछित काज रे ।। चेतन० ।। १५ ।।
सातमथी तप एह रे । नव
आराधौ गुणगेह रे ।। चेतन० ।। १७ ।।
जिन पूजौ त्रिण्य काल रे । पूजा
उजमाल रे ।। चेतन० ।। १८ ।।
थरिइं सील जगीस रे ।
नौकरवाली वीस रे ।। चेतन० ।। १९ ।।

इम नवपद थुणतौं थकौ,
पाम्यौं पूरण आऊखइं,
राणी मयणा प्रमुख सवि,
आउखयइं तिहां उपना,
नरभव अंतर सरग ते,
नवमइं भवि सिव पामस्यइं,
ते निसुणी श्रेणिक कहइं,
अहो नवपद महिमा वडौ,

ते ध्यानिं श्रीपाल ।
नवमौ कलप विसाल ।। १ ।।
माता पणि सुभ ध्यानिं ।
सुख भोगवइं विमानिं ।। २ ।।
च्यार वार लही सरव ।
गौतम कहइं निगरव ।। ३ ।।
नवपद उलसित भावि ।
ए छइं भव जल नावि ।। ४ ।।

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month
Published on 15th of every month &
+ Regd. No. MH / MR / SOUTH-146 / 2012-14

હિન્દુ મુસ્લિમ બંધુત્વની મહેક

પંથે પંથે પાથેય...

□ ઇંદિરા સોની

ન માની શકાય તેવી આ વાત છે. ગમે તે જાતિ, ધર્મ હોય પણ માણસ આખરે તો માણસ છે. ભગવાને બધાને સરખા જ બનાવ્યા છે, પણ માણસે જ ધર્મ-જાતિના વાડા બનાવ્યા છે.

ઈલોલના મુસ્લિમ દંપતી નોખી માટીના છે. શ્રી હલીમાબેન અને શ્રી રહેમતુલા ધાપા વર્ષોથી ઈલોલમાં રહે છે. તેમના પરિવારમાં ૩ દીકરી, ૧ દીકરો છે.

તેમના ઘરે થોડા ઘણા મંદબુદ્ધિવાળા એક હિન્દુ માનાભાઈ કચરાભાઈ વણકર અવારનવાર આવતા. હલીમાબેન તેને ક્યારેક ચા-નાસ્તો આપતા. માનાભાઈના પરિવારમાં કોઈ હતું નહિ. માતા-પિતા મૃત્યુ પામેલા. એટલે માનાભાઈ હલીમાબેનનો પ્રેમ જોતા ચા માંગે, એમ કરતાં પતિ-પત્નીને તેમના તરફ માયા બંધાઈ. પછી તો તે દરરોજ આવે, અને બે ટાઈમ તેમને જમવાનું મળે. આ દંપતીએ વિચાર્યું કે કાયમ એમને આપણે ત્યાં જ રાખીએ તો કેવું ? અને બાજુના રૂમમાં ખાટલો, ગોદડું આપી તેમને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી અને ધીમે ધીમે તેઓ કુટુંબના સભ્ય બની ગયા. દીકરીઓ પણ તેમને સાચવતી.

થોડી બુદ્ધિ ઓછી અને ગુસ્સો બહુ. એટલે ક્યારેક સમયસર ચા ન મળે તો ગુસ્સે થઈ ગાળો બોલે. રહેમતુલ્લાની ભત્રીજી કે બીજા સગા આવે તો કહે 'તમે બધા અહીં કેમ આવો છો ? ખાવા આવો છો ? જતા રહો.'

એકવાર હલીમાબેન કામમાં હતા, જમવાનું આપવામાં મોડું થયું તો તેમને સાવરણી મારી. હલીમાબેન એટલા ભલા અને લાગણીશીલ કે ગુસ્સે થવાને બદલે પ્રેમથી ચા પીવડાવીને ઠંડા પાડ્યા. આજુબાજુના પાડોશીઓ આ જુવે અને રહેમભાઈ-હલીમાબેનને કહે 'તમે શું કામ આ માણસને રાખો છો ? તમારા સગા તો છે નહિ', ત્યારે તેઓ કહે, 'એ બિચારાનું કોઈ નથી, આ તો પ્રેમનો સંબંધ છે, મારો દીકરો આવું કરે તો કાઢી મૂકું ?'

એકવાર હલીમાબેનની નજર માનાભાઈના હાથ પર પડી. ફોલ્લા પડેલા. દવાખાને લઈ ગયાં. જલ્દી રૂઝાય નહિ. રહેમતભાઈ તેમને નવડાવે, કપડાં પહેરાવે.

તેમણે ચામડીના ડૉક્ટરને બતાવ્યું. ખબર પડી કે રક્તપિત્તને કારણે તેમને રૂઝ આવતી નથી. અમદાવાદમાં નારોલમાં રક્તપિત્તની હૉસ્પિટલમાં દાખલ કર્યા. દવા શરૂ કરી. થોડા મહિના રહ્યાં. સારૂં થયું. એકલા ઘેર ભાગી આવ્યા. રક્તપિત્ત રોગને કારણે, કુટુંબ-સમાજ, સ્વજનો હડધૂત કરે છે. તિરસ્કૃત કરે છે ત્યારે આ દંપતી તેમને પ્રેમથી રાખે છે. કોઈ પણ જાતના સંબંધ વગર, આ બહુ ગૌરવ લેવા જેવી વાત છે.

એકવાર પગમાં જખમ થવાથી તેમાં કીડા પડ્યા. હલીમાબેનની મોટી દીકરીએ દવા નાંખી કીડા જાતે કાઢી પાટો બાંધ્યો. અને તે પણ મોઢું બગાડ્યા વગર, સૂગ ચડાવ્યા વગર.

ચાર વર્ષ પહેલા ક્યાંકથી વૃદ્ધાશ્રમ શરૂ કરવા કેટલાક ભાઈઓ માનાભાઈને લેવા આવ્યા, કહ્યું: આ ભાઈ ઘરડા થશે, તમારી પણ ઉંમર થશે, ત્યારે તમને તકલીફ પડશે, માટે અમે શરૂઆત માનાભાઈથી કરવા માંગીએ છીએ.

માનાભાઈને સમજાવી પટાવીને મોકલ્યા. સવારના ચાર વાગે બારણે ટકોરા સંભળાયા. જોયું તો માનાભાઈને મૂકવા આવનાર ભાઈ કહે, 'માનાભાઈ તો એવું કહે છે, તમારા કરતાં તો હલીમાબેન સારા, મને રાત્રે ૧૨ વાગે ચા માગું તો બનાવી આપે છે. મારે અહીં રહેવું નથી.' આવો નિસ્વાર્થ પ્રેમ આ દંપતી જ કરી શકે. આ માનાભાઈ પાસે કોઈ મિલકત નથી છતાંય આ દંપતી પ્રેમથી તેમને રાખતા.

એકવાર ગામના મોભીઓએ રહેમતુલ્લા-ભાઈને કહ્યું, 'આપણે મુસલમાન અને ભાઈ હિન્દુ છે. ક્યારેક તેમને કશું થશે તો તમે મુશ્કેલીમાં મુકાઈ જશો. માટે તમે ગમે ત્યાં મૂકી આવો.' આ સાંભળી દંપતી ગભરાઈ ગયું.

જે વ્યક્તિને ૨૦ વર્ષથી પોતાના ઘેર પરિવારનો સભ્ય ગણી રાખ્યો, પ્રેમ આપ્યો, તેમને કોઈ પણ ગુના વગર કાઢી મૂકતા જીવ નહોતો ચાલતો.

ન છૂટકે તેઓ સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટમાં શ્રી સુરેશ સોનીને મળ્યા અને કહ્યું, 'માનાભાઈને અમે ૨૦ વર્ષ અમારે ત્યાં રાખ્યા હતા. હવે તમારી સંસ્થામાં કાયમ માટે મૂકવા આવ્યા છીએ. અમે મળવા આવતા રહીશું.' મૂકીને ભારે હૈયે વિદાય થયા. હવે તેઓ સંસ્થામાં બધાની સાથે રહે છે

હલીમાબેનની દીકરીને રાજસ્થાન પરણાવી છે, તે રાજસ્થાન જતાં માનાકાકાને મળવા આવી. તેમને માટે નાસ્તો, સ્વેટર વગેરે લાવી, તેણીએ પૂછ્યું, 'કાકા બીજું કશું જોઈએ છે ?'

તો કહે, 'મારે પાકિટ જોઈએ છે,' 'તમારે પાકિટ કેમ જોઈએ છે ?'

તો માનાકાકા કહે, 'મને દર મહિને સંસ્થામાંથી ૧૩૦ રૂપિયા વાપરવા આપે છે. જમવાનું, કપડાં, દવા તો મફત મળે છે, એટલે પૈસા મૂકવા પાકીટ જોઈએ ને ?'

દીકરીઓ ફોનથી તેના પપ્પાને જણાવ્યું, 'તમે સહયોગમાં જઈ માનાકાકાને પાકીટ આપી આવજો.'

હલીમાબેન-રહેમતુલ્લા તેમના મિત્રની ગાડીમાં આવી સુરેશભાઈને મળ્યા અને બધા માનાભાઈને મળવા ગયા. પાકીટ, નાસ્તો, બિસ્કીટ વગેરે આપ્યું.

સુરેશભાઈએ મને બોલાવીને કહ્યું, 'ઇંદીરા, આ દંપતીને મળ. અહીં રહેતા આપણા ઘણાં રક્તપિત્તગ્રસ્તો અને મંદબુદ્ધિવાળાને કોઈ મળવા આવતું નથી, સગા વહાલા હોવા છતાં, જ્યારે આ દંપતી લોહીનો સંબંધ ન હોવા છતાં માનવતાના સંબંધે લાગણીભર્યા દિલથી મળવા આવ્યા છે. તેમના મુખે આ વાતો સાંભળી હૈયું ગદ્‌ગદીત થઈ ગયું.

આવી ઘટનાઓ માણસમાં ઢબૂરાઈ ગયેલી સંવેદનાને જગાડવાનું, ઢંઢોળવાનું કામ કરે છે. આ દંપતીના હૃદયમાં વસેલા ખુદાને વંદન કરીને એટલું જ કહીશ પરવરદિગાર તેમને સુખી કરે.

હિન્દુ યા મુસલમાન, શીખ હૈ ઈસાઈ હૈ,
યા પારસી હૈ હમ,
અૅતબારસે, આજસે કહો ઈન્સાન હૈ હમ,
ઈન્સાન હૈ હમ.

***


સહયોગ કુષ્ટયજ્ઞ ટ્રસ્ટ, હિંમતનગર.
જિ. સાબરકાંઠા, પીન-૩૮૩૨૭૬
ફોન : (૦૨૭૭૨) ૨૫૪૩૩૭.

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૯ • અંક-૪ • એપ્રિલ ૨૦૧૨ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦



જિન-વચન

બ્રહ્મચારીનું ભયસ્થાન

जहा कुक्कुडपोयस्स निच्चं कुल्लओ भयं ।
एवं खु बंभयारिस्स इत्थीविग्गहो भयं ।।

(दसवैकालिक ८ -५३)

જેવી રીતે કુકડાના બચ્ચાને હમેશાં બિલાડીનો ભય રહે છે, તેવી રીતે બ્રહ્મચારીને હમેશાં સ્ત્રીના શરીરથી ભય રહે છે.

Just as a young chicken has constant fear of cats, similarly, a person practising the vow of celibacy has constant fear of the body of a woman.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

હોની હોગી

ડરો મત,
ચિન્તા કરો મત,
હોની (હોનહાર) હોગી.
હોની સે કુછ અતિરિક્ત હોને વાલા નહીં.
હોની મેં કટૌતી ભી હોને વાલી નહીં.
ડરો યા ચિન્તા કરો,
હોની મેં અંતર હોને વાલા નહીં.
ડરના વ્યર્થ હૈ.
ચિન્તા કરના વ્યર્થ હૈ.
સમઝ સકો તો સમઝો,
કિંતુ,
હોની કે બિના સમઝ સકોગે ભી નહીં.

□ સંત અમિતાભ

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	નિયતિ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	જૈન ધર્મમાં નયવાદ	કિશનચંદ ચોરડિયા અનુવાદક : પુષ્પા પરીખ	૭
(૩)	સપ્તભંગી એટલે શું ?	સુબોધી સતીશ મસાલીયા	૧૦
(૪)	અપૂર્વ ખેલા : આનંદઘનજીનું મહાનાટક	ગુણવંત બરવાળિયા	૧૧
(૫)	સંઘર્ષો જ માનવ જીવનને ઘડે છે.	શશિકાંત લ. વૈદ્ય	૧૨
(૬)	ધર્મી આત્માના પાંચ લક્ષણો	છાયા શાહ	૧૨
(૭)	માઈકનો ઉપયોગ કેમ ન કરાય ?	પ્રવીણા ખોના	૧૪
(૮)	બિલ્લુ-ફાયર બ્રિગેડ મેન : કૅન્સર ગ્રસિત બાળકની લઘુ કથા	માણેક એમ. સંગોઈ	૧૫
(૯)	ગુણોની પારમિતા : જીવનનું પરમોચ્ચ લક્ષ	શાંતિલાલ ગઢિયા	૧૬
(૧૦)	શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત ૨૧ મો જૈન સાહિત્ય સમારોહ	પારૂલબેન ભરતકુમાર ગાંધી	૧૭
(૧૧)	જયભિખ્ખુ જીવનધારા : ૩૮	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૪
(૧૨)	વિશ્વના મુખ્ય ધર્મોમાં જગત કર્તૃત્વ-વિનાશ મિમાંસા	ડૉ. હંસા એસ. શાહ	૧૭
(૧૩)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૨
(૧૪)	પંથે પંથે પાથેય : સંબંધના સુખડની સૌરભ	મનસુખલાલ ઉપાધ્યાય	૩૬

મુખપૃષ્ટ સૌજન્ય :

દેવી સરસ્વતી પ્રાચીન ચિત્ર : 'જૈન તીર્થ વંદના' સામયિક

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૯ ● અંક : ૪ ● એપ્રિલ ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● માહ વદ-તિથિ-૧૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

નિયતિ

સન ૧૯૯૦-૯૧માં વાંચન અને ઉદ્યોગ ક્ષેત્રે હું ખૂબ જ કન્ફ્યૂઝ હતો. જૈન દર્શનની સાથોસાથ રજનીશજી અને જે. કૃષ્ણમૂર્તિ ઉપરાંત પૂર્વ-પશ્ચિમના ઘણાં ઘણાં તત્ત્વચિંતકો મસ્તિષ્ક પર કબજો જમાવી બેઠા હતા, પણ કયાંયથી કેટલાંક સમાધાનો મળતા ન હતા, તો વ્યવહાર ક્ષેત્રે જીવનના કેટલાંક સિદ્ધાંતો ઉદ્યોગ-વેપારની 'લીલા' સાથે તાલમેલ મેળવતા ન હતા, મન-બુદ્ધિ 'ડીપ્રેશન'ના પ્રદેશ તરફ ગતિ કરી રહ્યાં હતાં અને જાણે ચમત્કાર થાય તેમ આવા કપરા કટોકટીના સમયે વિદૂષી સાધિકા ગીતા જૈને એક બપોરે મારી ઑફિસે આવીને એક અદ્‌ભુત પુસ્તક મારા હાથમાં મૂક્યું. હવે કાંઈ વાંચવું જ નથી એવો નિર્ણય હું કરી ચૂક્યો જ હતો, પરંતુ ગીતાએ મિત્ર ભાવે એટલું જ કહ્યું, 'બસ, આ એક જ વાંચી લ્યો, માત્ર ૧૫૨ પાનાનું જ છે–બે-ચાર કલાકમાં વંચાઈ જશે, કાંઈ ન મળે તો મારા ખાતે આ બે-ચાર કલાક ઉધાર કરી દેજો, ક્યારેક એ અવશ્ય ચૂકવી દઈશ.' ગીતાના જીવન ઝંઝાવાતોનો મારો પરિવાર સાક્ષી હતો, પરંતુ એ દિવસો આ પુસ્તક મને આપતા એમના મુખ ઉપર મેં અજબની શાંતિ અને સ્મિતના દર્શન કર્યા. આ પરિણામ માત્ર એમની વિપશ્યના સાધનાનું ન હોય. આ પુસ્તકે પણ એમનામાં પોતાનું કાર્ય કર્યું હશે એવી એમના મુખની રેખા સાબિતી આપતી હતી. એ પુસ્તક પ્રત્યેની એમની શ્રદ્ધા અને સત્યાનુભવનો એમનો રણકો મને સ્પર્શી ગયો. તે દિવસે ઑફિસેથી મારે સીધી દિલ્હીની ફ્લાઈટ પકડવાની હતી. ક્ષણભાવ સાથે એ પુસ્તક મેં સ્વીકાર્યું. નરીમાન પૉઈન્ટથી ઍરપોર્ટ સુધી અશાંત મને એ પુસ્તક ઉપર ઉપરથી જોઈ ગયો, વાંચન માટે મન તૈયાર થતું ન હતું. પણ પુસ્તકોને પણ ચેતના હોય છે, એ આપણને વહાલ કરી શકે છે, એનો અનુભવ ત્યારે મને થયો. ખોલવા-બંધ કરવાની રમતો ચાલી અને બીજા મુખપૃષ્ઠ ઉપર લખેલી ઉપરની પંક્તિઓએ મને જકડી લીધો, કેદ કરી લીધો. ફ્લાઈટ ડીલે હતી, ઍરપોર્ટની લૉંજમાં, પછી બે

व्यक्ति के हाथ में हाथ है, और कुछ है ही नहीं!
अपना हित या अहित सोचना भी उसके हाथ नहीं!
अपना हित या अहित करना तो हाथ है ही कहां?
अपना हित कर सकता हूं – यह अहंभाव रखना भी हाथ नहीं!
अपना हित नहीं कर सकता हूं – यह हीन भाव रखना भी हाथ नहीं!
कोरा मदारी (होनहार) का बन्दर है, नचाए जैसे नाचता है!
इसके अतिरिक्त उसका जीवन कुछ है ही नहीं!

–संत अमिताभ

આ અંકના સૌજન્યદાતા :
ભાઈચંદ મહેતા ફાઉન્ડેશન
અને
મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
સ્મૃતિ :
સ્વ. શ્રી વિનોદ ભાઈચંદ મહેતા
અને સ્વ. સૌ. સરલા વિનોદ મહેતાની
પુણ્યતિથિ નિમિત્તે

કલાકની હવાઈ સફરમાં, આ પુસ્તક વંચાઈ ગયું, અને દિલ્હી ઍરપોર્ટ પર હું ઊતર્યો ત્યારે આ 'હું' કોઈ 'બીજો' બની ગયો હતો. મન શાંત, પ્રફુલ્લિત બની ગયું હતું. બુદ્ધિના હથિયારો મ્યાનમાં સમાઈ ગયા હતા, કેટલાંક પ્રશ્નો મને સતાવતા હતા તે અત્યારે ઉકેલાયા તો ન હતાં, પણ શાંત બનીને ખીંટીએ ટીંગાઈ ગયા હતા. કેટલાંક પ્રશ્નો યથા સમયે 'કાળ' જ ઉકેલતો હોય છે. બહુ મનોમંથનમાં પડી વર્તમાનને અશાંત ન કરવો. કાળ પાકે ત્યારે બીજમાંથી વૃક્ષ ફૂટે જ છે.

એ પુસ્તક સંત અમિતાભનું **'નિયતિ કી અનન્ત રેખાએં'!**

સંત અમિતાભજી પ. પૂ. આચાર્ય તુલસીના તેરાપંથના સાધુ-ભગવંત, પણ પૂ. આચાર્યજીની સંમતિથી એઓએ સાધના માર્ગ સ્વીકાર્યો. પ્રારંભમાં આબુ ઉપર સ્થિત થયા, પછી પંચગીની અને વર્તમાનમાં ૯૦થી ઉપરની વયે ઉદયપૂરમાં સાધનામયી જીવનમાં સ્વસ્થ છે. પૂજ્યશ્રીના સાનિધ્યમાં માત્ર પાંચ જ મિનિટ બેસો, માત્ર મૌનનો વાર્તાલાપ એક અલૌકિક શાંતિની અનુભૂતિ કરાવે.

'નિયતિ કી અનન્ત રેખાએં' ૧૯૯૦, પછી અન્ય અનુભવ વાણીના પુસ્તકો ઉપરાંત 'નિયતિ'ની શ્રેણીમાં જ ૧૯૯૭માં 'નિયતિ કી અમિટ રેખાએં' આપણને પૂજ્યશ્રી પાસેથી મળ્યું.

આ 'નિયતિ કી અનન્ત રેખાએં' નિયતિ વિશે સરળ ભાષામાં કેટલીક એવી સચોટ ચિંતનધારા વહાવે છે કે આપણે અભિભૂત થઈ જઈએ. ગૂંચો ઉકલી જાય. મન સ્વસ્થ થઈ જાય. વિચારનો વંટોળ સમી જાય અને પવનની માફક લહેર બનીને મન-બુદ્ધિને શીતળતા અર્પી દે.

(૧)

આ પુસ્તકમાંથી કેટલાંક વિચારો આપને અર્પણ :

નિયતિનો શાબ્દિક અર્થ છે, થવાનું.

નિયતિનો ભાવાર્થ છેઃ થવાનું છે તે થશે, નહિ થવાનું હોય તે નહિ જ થાય.

એક શિકારી છે, કુશળ તિરંદાઝ છે, હરણ જૂએ છે, શિકારી બરોબર નિશાન તાકે છે, હરણનું મૃત્યુ નિશ્ચિત છે, શિકારીને શિકાર મળવામાં જ છે, અને એ જ ક્ષણે શિકારીના પગમાં સાપ ડંશ દે છે. હરણ બચી જાય છે, શિકારી મૃત્યુ પામે છે. આ નિયતિ.

જે થાય છે, થયું છે, થવાનું છે, આ બધું ક્રમબદ્ધ છે. બીજથી વૃક્ષની અવસ્થા ક્રમબદ્ધ છે, એ જ રીતે પ્રત્યેકની નિયતિ છે.

નિયતિ બદલી શકાતી નથી, જો બદલી શકાય તો તે નિયતિ નથી.

કોઈ વસ્તુનું સ્વતંત્ર કર્તૃત્વ જ નથી.

આપણે જોઈએ છીએ કે કેટલાંકને થોડાં પુરુષાર્થથી ઉત્તમ પરિણામ મળે છે તો કેટલાંકને પ્રબળ પુરુષાર્થ કરવા છતાં પરિણામ શૂન્ય મળે છે. આ જ તો પ્રત્યેકની નિયતિ.

વ્યક્તિ આધ્યાત્મિક બને એ પણ એની નિયતિ છે.

કોઈ કોઈને સુખી કે દુઃખી બનાવી શકતું નથી. બધાંજ નિયતિના રમકડાં છે. સફળતા કે નિષ્ફળતા નિયતિ યોજિત જ છે.

એક મોટી શિલા છે. એના ત્રણ ભાગ પડે છે. એક મોટી મૂર્તિ બની પૂજાય છે. બીજું દાદરનું પગથિયું બની ઘસાય છે. ત્રીજું શૌચાલયમાં મૂકાય છે. ત્રણેની આ નિયતિ છે.

ઓચિંતું ધન કે કીર્તિ કમાવાય, તો એને ભાગ્યોદય કહેવાય છે, પણ નિયતિમાં લખાયેલું હોય તો જ ભાગ્યોદય થાય છે. ભાગ્યોદયો સર્વોદયઃ ભાગ્ય નાશં સર્વ નાશં.

પ્રેરણા અને પ્રોત્સાહનથી બધાં જ મહાન નથી બનતાં. ઉપદેશ તો બધાં જ સાંભળે છે. પુરુષાર્થ તો બધાં કરે છે પણ જેના ભાગ્યમાં–નિયતિમાં લખાયેલું હોય એ જ મહાન બને છે.

મારવું એ હિંસા છે, પણ સ્વદેશના રક્ષણ માટે લડાઈમાં શત્રુને મારવા એને હિંસા નહિ દેશભક્તિ કહેવાય છે. કર્મ એક જ છે, દૃષ્ટિ અલગ છે. ઉપયોગિતા બદલાય એટલે માન્યતા બદલાય છે. આ જ નિયતિ.

મીરાં, ઈસુ, સોક્રેટીસ, ગાંધી બધાં જ સત્કર્મી અને મહાન હતા છતાં એમને ઝેર, વધસ્થંભ અને ગોળી શા માટે? એમણે કોઈ ખરાબ કર્મ કર્યા નથી, છતાં આવું કેમ? આ જ નિયતિ.

નિયતિની રેખાઓ માત્ર અનંત જ નથી, પણ અમિટ છે.

જગતમાં આકસ્મિક કશું જ નથી, આકસ્મિક શબ્દ જ આકસ્મિક છે. આકસ્મિક માનવું એ જ આકસ્મિક છે. બધું જ પૂર્વ આયોજિત છે. આ આયોજન કોઈ બુદ્ધિમાન વ્યક્તિ દ્વારા નહિ પણ નિયતિ દ્વારા જ થયું છે. બુદ્ધિમાન વ્યક્તિ ઉપર નિયતિનો જ અધિકાર છે.

નિયતિનો નિયમ સ્વીકારવાથી વ્યક્તિ અહંભાવ અને કર્તૃત્વભાવથી મુક્ત થાય છે.

નિયતિની સાચી સમજણ આપણને દુઃખમુક્ત કરે છે

સફળતા-નિષ્ફળતા નિયતિને કારણે છે પછી એના પરિણામથી સુખ શું? દુઃખ શું?

નિયતિના સ્વીકારથી ચોર, પાપી, વગેરેને દોષિત માનવાના દ્વેષભાવથી આપણે મુક્ત થઈ જઈએ છીએ. કોઈ દોષી નથી, કોઈ નિર્દોષ નથી, એ જે છે એ એની નિયતિ પ્રમાણે છે.

શુભ-અશુભ કર્મની નિર્માત્રી પણ નિયતિ જ છે.

દેહના મૃત્યુ પછી જીવનો નવો જન્મ અને જન્મોજન્મ નિશ્ચિત છે, એ જ એની નિયતિ છે.

વર્તમાન, ભૂત, ભવિષ્ય આ ત્રિકાલિત નિયતિ નિશ્ચિત છે.

પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળમાં ૨૪-૨૪ તીર્થંકર નિશ્ચિત છે, આ નિયતિ છે. ૨૩ નથી કે નથી ૨૫, આ સંખ્યા દર્શન છે એટલે બધું નિશ્ચિત છે તો પછી એ જ તો નિયતિ છે. જે તીર્થંકર થવાના છે, એના નામોનો ઉલ્લેખ વર્તમાનમાં છે, તો અર્થ એ થયો કે બધું નિશ્ચિત જ છે. આ જ નિયતિ.

મનુષ્ય કર્મ કરવા કે કર્મ ન કરવા માટે સ્વતંત્ર નથી, નિયતિ જ એને કર્મ કરાવે છે અથવા નથી કર્મ કરાવતી.

આ વિશ્વ નિયતિનું ચલચિત્ર છે અથવા નિયતિનો રંગમંચ છે.

વિતરાગ બનવું અથવા અવિતરાગ બનવું એ નિયતિને કારણે જ બને છે. વિતરાગ બનવા પુરુષાર્થ કરે તો એ નિયતિ પ્રેરિત છે અને અવિતરાગ બનવા અકર્મી બને તો એ નિયતિની જ યોજના છે.

વાલ્મિકિ એક ક્ષણની પ્રતીતિમાં જ લૂંટારામાંથી કવિ બને છે. આ નિયતિ જ છે. શેતાનમાંથી ક્ષણમાં સંત, એવા ઘણાં દૃષ્ટાંતો છે. આ જ નિયતિ.

જે થયું એ થવાનું હતું એટલે થયું. જે થઈ રહ્યું છે, એ થવાનું હતું એટલે થઈ રહ્યું છે. જે થવાનું છે, એ થવાનું છે એટલે થવાનું જ છે. જે નથી થયું એ નથી થવાનું એટલે નથી થવાનું. આ સર્વ નિયતિ આધિન છે.

ડરો નહિ, ચિંતા ન કરો, થવાનું છે તે થવાનું જ છે એથી વિશેષ કાંઈ થવાનું નથી. ઓછું નથી થવાનું, વધુ નથી થવાનું. થવાનું છે તે થઈને રહેવાનું જ છે, એટલે ડરો નહિ, વ્યર્થ ચિંતા ન કરો, આ સમજો, પણ તમારી નિયતિમાં હશે તો જ આ સમજી શકશો, નિયતિમાં નહિ હોય તો નહિ સમજો. અને આ પણ તમારી નિયતિ જ છે.

નિયતિમાં હશે તો જ પરમ શાંતિ મળશે, એટલે ડરો નહિ, ચિંતા ન કરો, પણ આ પણ નિયતિમાં હશે તો જ સમજાશે.

જડ કે ચેતન પદાર્થના સર્જનની સાથે જ એની નિયતિનું એ જ ક્ષણે સર્જન થાય છે, અને એ નિયતિની રેખા પ્રમાણે જ બધું ગોઠવાતું, સર્જાતું, ઉગતું અને ધ્વંશ થતું જાય છે. ક્રમ નક્કી જ છે. આ નિયતિ છે.

(૨)

આ નિયતિવાદ છે. ભારતની આ એક પ્રાચીન દાર્શનિક વિચારધારા છે. આજિવક નામે એક ધર્મ સંપ્રદાય આ સિદ્ધાંતનો પુરસ્કર્તા હતો. નિયતિનો અર્થ થાય છેઃ નિશ્ચિત હોવું, નિર્ધારિત હોવું. નિયતિવાદ એટલે વિશ્વની સમસ્ત વસ્તુઓના સંયોગ-વિયોગ, ઉત્પત્તિ–નાશ, રૂપાંતર, સ્થાનાંતર વગેરે એક નિશ્ચિત ક્રમે થયા કરે છે અને તેમાં વ્યક્તિના પ્રયત્ન–પુરુષાર્થથી. પરિવર્તન થવાનો કોઈ અવકાશ નથી એવો સિદ્ધાંત. પ્રારબ્ધ, પુરુષાર્થ, ઈશ્વર, માયા વગેરેને નિયતિવાદમાં સ્થાન નથી.

આ સિદ્ધાંતનો સ્વીકાર કરીએ તો કર્મસિદ્ધાંતનો છેદ ઊડી જાય. વ્યક્તિ કે આત્મા સ્વતંત્ર નથી, એના પુરુષાર્થનું કાંઈ મહત્ત્વ કે પરિણામ નથી. કોઈ પણ આત્મા સ્વપુરુષાર્થથી પરમાત્મા, સિદ્ધ કે બુદ્ધ બની ન શકે, જેની નિયતિમાં જે લખ્યું હોય એ જ એ બની શકે. ૧૪ ગુણસ્થાન કે આત્મિક વિકાસના સોપાનનું કાંઈ જ મહત્ત્વ ન રહે, એની આવશ્યકતા પણ ન જણાય. તપ, વ્રત અને ભક્તિ વગેરે ઘેલછા કે સમય વ્યય ગણાય.

કર્મ સિદ્ધાંત પણ સામાન્ય માણસને પૂરતું સમાધાન આપી શકતો નથી. જે કાર્ય–કર્મના પરિણામનો ઉત્તર દૃશ્યમાન ન થાય કે ગળે ન ઉતરે એનો ઉત્તર પૂર્વભવમાં કરેલા પાપ–પુણ્ય એવો મળે અથવા વર્તમાનના સારા-ખરાબ કર્મથી પુનઃ જન્મમાં દુઃખ કે સુખ મળશે એવો ભય કે લાલચ અપાય. વાસ્તવમાં આ પૂર્વ–પુનઃ જન્મનું કોઈ પ્રમાણ નથી. ઊંડાણમાં ઉતરીએ તો, પ્રત્યેક કર્મનું ફળ ભોગવવું પડે છે, એ પૂર્વાપૂર્વ સંબંધની પરિણતિ હોય તો સર્વ પ્રથમ કર્મ, એટલે 'બીજ કર્મ' કોણે કરાવ્યું એનો સ્પષ્ટ ઉત્તર મળતો નથી. જો સ્વયં કર્મ જ હોય તો એ માત્ર શુભ જ કે માત્ર અશુભ જ શા માટે નહિ? કર્મના વમળમાં પ્રથમ કોણે અને શા માટે આ જીવ કે આત્માને ફસાવ્યો? જ્યારે એ કોરી પાટી જેવો હતો ત્યારે કર્મનું લેખન એના ઉપર કોણે કર્યું? શાસ્ત્રો આનો ઉત્તર કદાચ બીજ પહેલું કે વૃક્ષ એવો ઉત્તર આપી આપણને 'અનાદિ'ની વ્યાખ્યા પાસે લઈ જઈને એમ કહે કે આ એક વલય છે. એક વર્તુળ છે. જેમ વર્તુળમાં આદિનું બિંદુ કે રેખા નથી શોધી શકાતી એમ આ કર્મ વર્તુળમાં પણ આવું બિંદુ કે રેખા શોધી ન શકાય. આ ગહન પ્રશ્નનો ઉત્તર શાસ્ત્રમાં હશે જ, પણ અહીં એક સામાન્ય બાળ જીવની આ જિજ્ઞાસા છે. એવું પણ શક્ય હોય કે 'કર્મસિદ્ધાંત' દ્વારા સામાજિક વ્યવસ્થાનો હેતુ આપણા શાસ્ત્રોએ રચ્યો હોય. જો આ કર્મ સિદ્ધાંત ન હોય તો ન્યાય-અન્યાય, ચોરી, અનીતિ વગેરે ઘટનાઓ થાય અને સમાજ અસ્તવ્યસ્ત થઈ જાય. માનવ સમાજનું આખું નૈતિક બંધારણ ભાંગીને ભૂક્કો થઈ જાય. કારણ કે માનવ સ્વભાવ છે કે ધર્મના શીર્ષકથી માનવ પ્રાણીને જે કાંઈ અપાય એ એના માટે પથ્ય બની આદત બની જાય. એને જ એ અનુસરે, પછી કાર્લ માર્ક્સના શબ્દોની જેમ ભલે એ અફિણનું કામ કરે.

જૈન શાસ્ત્ર કહે છે કે સર્વજ્ઞ પરમાત્મા લાખો, કરોડો વરસ પછી શું બનવાનું છે એ જોઈ શકે છે, તો એનો અર્થ એ થયો કે જે નિશ્ચિત છે એ બનવાનું છે. આ નિશ્ચિત એ જ નિયતિ. તો પછી પુરુષાર્થ શા માટે? ઉપરાંત પાંચ સમવાયમાં ભવિતવ્યતાને સ્થાન છે જ. જો કે પૂ. કાનજી સ્વામીએ આ પ્રશ્ન ઉપર આગવી રીતે વિચાર કરી, ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત આગળ કરી પરસ્પર વિરોધી લાગતી બાબતોનો સમન્વય સાધવાનો પ્રયાસ કર્યો છે જ.

આ નિયતિવાદ વિશે હમણાં જ મારા હાથમાં આ લખું છું ત્યારે જ એક નાની પુસ્તિકા હાથમાં આવી. આ ઘટનાને નિયતિ જ સમજવી પડે. એ પુસ્તિકા તે પૂ. મુનિશ્રી ભુવનચંદ્રજી અનુવાદિત સમર્થ તર્કશાસ્ત્રી અને દર્શનશાસ્ત્રના પ્રખર અભ્યાસી શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત 'નિયતિ દ્વાત્રિંશિકા'. પાંચેક વર્ષ પહેલાં કચ્છ-નાની ખાખરમાં પૂ. શ્રી ભુવનચંદ્રજી સાથે નિયતિ અને કર્મ ઉપર મારે લગભગ દોઢેક કલાક ચર્ચા થઈ હતી, એની વિગત ફરી ક્યારેક–

માત્ર ૨૯ પાનાની આ પુસ્તિકા આ નિયતિવાદ વિશે છે. એ પુસ્તિકામાં તત્ત્વચિંતક માવજીભાઈ સાવલાએ પ્રસ્તાવનામાં અને પૂજ્યશ્રીએ પ્રવેશકમાં જે આ વિશે લખ્યું છે એના કેટલાક ગદ્ય ખંડો ઋણ સ્વીકાર સાથે અત્રે પ્રસ્તુત કરું છું.

'સ્થૂળ ભૌતિકવાદ અને પરમ આસ્થા વચ્ચે ઝૂલતો નિયતિવાદ...પાશ્ચાત્ય તત્ત્વચિંતકોમાં નિયતિવાદ અંગે વિચારણા થઈ છે....ગ્રીક તત્ત્વચિંતક ઝીનો કહે છે કે આ વિશ્વમાં બધું જ પૂર્ણપણે અગાઉથી નિયત થયેલું છે, એમાં માનવીની સ્વતંત્ર ઈચ્છા શક્તિ જેવી વાતને ક્યાંય સ્થાન નથી. માણસ મૂર્ખાઈભરી રીતે એમ માનતો–મનાવતો રહે છે કે પોતે સ્વતંત્ર કર્તૃત્વ શક્તિથી બધું કરી રહ્યો છે. કારણ કે એના કાર્યોને નિયત કરનાર–દોરનાર કાર્યકારણની શૃંખલાને તે જોઈ શકતો નથી..વોલ્ટર કહે છે કે, 'હું એ જ સંકલ્પો કરી શકીશ જે મારા માટે અગાઉ નિયત થયેલા હશે. આ નિયતિમાં મીનમેખ જેટલા ફેરફારને અવકાશ નથી...પશ્ચિમના ચિંતકો નિયતિ અને સંકલ્પ સ્વાતંત્ર્ય એવા બે છેડાઓ વચ્ચે જ મથામણમાં અટવાયેલા રહ્યા છે. જૈન દર્શનમાં કર્મ અને કર્મફળની જેટલી સૂક્ષ્મ અને વ્યાપક વિચારણા થઈ છે એવી અન્યત્ર ક્યાંય ભાગ્યે જ થઈ હોય. નિયતિવાદ આધારિત એક પૂર્ણ વિકસિત સંપ્રદાય પણ ભારતમાં હતો. આચાર્ય ગોશાલકનો નિયતિવાદ અને આજિવક સંપ્રદાય સૈકાઓ સુધી ચાલીને લુપ્ત થઈ ગયો. તર્કવાદના યુગમાં એણે નિયતિવાદના સમર્થનમાં પ્રબળ તર્કજાળ ઊભી કરી હતી. નિયતિવાદ તથા નાસ્તિકવાદની સીમાઓ ક્યાંક ક્યાંક એકબીજામાં ભળી જતી લાગે...આમ જૂઓ તો નિયતિવાદના એક છેડા પર ચાર્વાકોનો સ્થૂળ ભૌતિકવાદ ખડો છે જ્યારે સામે છેડે એક એવો પરમ આસ્તિકવાદ છે જ્યાં સંપૂર્ણ શરણાગતિને વરેલ સાધક કે ભક્ત બધું ઈશ્વરની ઈચ્છાથી ચાલી રહ્યું હોવાનું સ્વીકારે છે...ભગવાન મહાવીરનો એક સમયનો શિષ્ય અને સાથી 'મંખલિપુત્ર ગોસાલ' પાછળથી આજિવક સંપ્રદાયનો મુખ્ય પ્રવર્તક પુરુષ બન્યો. આ સંપ્રદાયનો મુખ્ય સિદ્ધાંત નિયતિવાદ હતો. ભારતમાં આ સંપ્રદાય ગોશાલક પછી પણ લાંબા સમય સુધી ટક્યો હતો તેના પુરાવા છે..ઈસુની તેરમી સદીમાં ભારતમાં આ સંપ્રદાય જીવંત હતો. આ સંપ્રદાય દક્ષિણ ભારતમાં વિસ્તર્યો હતો અને તામિળ ભાષામાં આ મતનું સાહિત્ય રચાયું હતું જે આજે ઉપલબ્ધ નથી. જેમ જૈન અને બૌદ્ધ શ્રમણ પરંપરાની શાખાઓ છે, તેમ આજિવક શ્રમણ પરંપરાની શાખા છે. તે પણ જૈન-બૌદ્ધ શાખા જેટલી પ્રાચીન છે...મૌર્યકાળમાં આ સંપ્રદાય સિલોન સુધી પ્રસર્યો હતો..ગુજરાતમાં પણ તેનો પ્રસાર થયો હતો...'

'નિયતિવાદી પોતાનો નિષ્કર્ષ આપે છે કે જીવ ભવભ્રમણ કરે છે તે પોતાના રાગ–દ્વેષાદિ દોષોના કારણે કે ઈશ્વર જેવા બહારના કોઈ કારણે નહિ, પણ નિયતિના કારણે કરે છે. જગતમાં સંસાર, મોક્ષ, કર્મ વગેરે વિશેની અનેક માન્યતાઓ ઊભી થઈ છે અને તે અંગે લોકો વાદ ચલાવતા રહે છે તે પણ નિયતિના પ્રભાવ હેઠળ જ થઈ રહ્યું છે.' નિયતિ દ્વાનિંશિકા-શ્લોક-૧૮.

મુંબઈ સ્થિતિ કવિ મિત્ર સુધીર દેસાઈ (022-23643567-9820960798) 'નિયતિ વાદ' ઉપર છેલ્લા દશ વર્ષથી પીએચ.ડી. માટે સંશોધન કરી રહ્યાં છે. એમની સાથે આ વિષય ઉપર ચર્ચા-ચિંતન કરવાનું ઘણીવાર મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

(૩)

मेरा परिचय मत पूछो.
मैं कुछ होउं तो मेरा परिचय हो.
मैं जैसा कुछ है ही नहीं.
नाम एवं जाति से मेरा तनिक भी संबंध नहीं.
लिंग, रंग, नगर, प्रांत तथा राष्ट्र से भी टूटा हुआ हूं.
न मै कुछ हूं. न मेरा कुछ है.
न मै किसी का हूं. न मेरा कोई है.
मैं हू-यह कोरी कल्पना भ्रांति या विक्षिप्त मन की रट है.
बस, इससे मुक्त बन जाउ तो सचमुच मैं मुक्त हूं.
शब्द-बद्ध परिचय शरीर का होता है, मेरा नहीं.
मेरा परिचय अनुभूतिगम्य होता है और वह मुझे ही होता है, दूसरों को नहीं.

X X X

सचाई-यथार्थता का अनुभव न हो तब तक शरीर का परिचय, अपना परिचय लगता है.

सचाई का अनुभव होने पर शरीर का परिचय, अपना परिचय लगना छूट जाता है.

अपना परिचय होने के बाद व्यक्ति कृतार्थ एवं कृतकृत्य हो जाता है.

આવા સંત અમિતાભજીનું સાનિધ્ય યોગ ઉપાસિકા ગીતાએ મ્હાણ્યું, એ સત્ સંગ ગંગાનું અલ્પ જળ ગીતાએ મને આપ્યું, મિત્રનો આભાર તો ન મનાય, પણ જ્યારે આપણે સંઘર્ષમાં હોઈએ ત્યારે કોઈ મિત્ર સાત્ત્વિક સ્મિત અને આશ્વાસન આપે ત્યારે મન ગદ્‌ગદ તો અવશ્ય થાય જ.

સાતેક વર્ષ પહેલાં અમે પરિવાર સાથે આબુ ગયા હતાં, પાછા ફરતા રસ્તામાં ઉદયપુર આવે એટલે સંત અમિતાભજીના દર્શન કરવાની ઉત્કંઠા જાગી, સંતના ભક્ત અને મારા મિત્ર ઊંઝા ફાર્મસીના સર્વેસર્વા ભાઈ હિતેનને (આ હિતેન પણ એક વખત રજનીશજી અને કિતાબોમાં મારી જેમ અટવાઈ ગયો હતો) ફોન કરી પૂજ્યશ્રીના સ્થાનનો ફોન નંબર મેળવ્યો–0294-5132132 અને પરિવાર સાથે એક સાંજે અમે ત્યાં પહોંચ્યા. પ્રવાસ દરમિયાન મારા પુત્રે પૂછ્યું કે એના મનમાં પણ ઘણાં પ્રશ્નો છે, જે એ પૂજ્યશ્રીને પૂછવા માગે છે, મેં સંમતિ આપી.

અમે પહોંચ્યા. એક પાટ ઉપર બાળકની જેમ સ્મિત વેરતા સંત બિરાજ્યા હતા. અમે અમારો પરિચય આપ્યો. પૂજ્યશ્રીએ ચક્ષુ અને હસ્તમુદ્રાથી અમને આશીર્વાદ આપ્યા. મેં પૂજ્યશ્રીના ઉપર જણાવેલ 'નિયતિ કી અનન્ત રેખાએં' વિશે વાર્તાલાપ પ્રારંભ્યો. સંત માત્ર સ્મિતથી ઉત્તર આપે. મેં મારા પુત્રને પ્રશ્ન પૂછવા ઈશારો કર્યો. પુત્રે ના પાડી. વાતાવરણમાં હિમાલયની શાંતિની અજબ-ગજબની અનુભૂતિ થઈ. લગભગ ૩૦ મિનિટ આમ શાંત સરોવરમાં અમે સ્નાન કરતા રહ્યાં. પૂજ્યશ્રીની આભાના તરંગો અમને સ્પર્શી રહ્યાં હતા, અમે જાણે કોઈ અલૌકિક અનુભૂતિમય થઈ ગયા હતા. સંતની મૌન દેશના અમને વ્હાલપ અને સમાધાનોની પ્રતીતિ કરાવતી હતી. એ માનસરોવરના તરંગોની દિવ્ય અનુભિતિ હતી. નત્ મસ્તક કરી અમે પૂજ્યશ્રીની આજ્ઞા લઈ બહાર આવ્યા.

મેં મારા પુત્રને પૂછ્યું કે, 'તેં કેમ સવાલો ન પૂછ્યા?' મને કહે, 'પપ્પા મારા મનમાં સવાલો ઊઠે અને એ જ ક્ષણે મને અંદરથી ઉત્તરો મળવા લાગ્યા. જાણે સંત મારી સાથે વાર્તાલાપ કરી રહ્યા છે. હવે મારા મનમાં કોઈ સમસ્યા નથી.'

ત્રીસ મિનિટની અમારી એ તીર્થયાત્રા હતી.

આજે આ લેખ લખતી વખતે હજી હું કેટલા પ્રશ્નો માટે કન્ફ્યૂઝ તો છું જ, પણ મન શાંત છે. જૈન ધર્મનો સાપેક્ષ અને અનેકાંતવાદ મને મદદ કરી રહ્યો છે, કદાચ આજ મારી નિયતિ હશે. આવી સમજ આવવી એ પણ નિયતિ જ. આપ સર્વેની પણ કાંઈ નિયતિ છે જ, અને નિયતિના આવા વિચારો આવવા એ પણ નિયતિ જ. આ નિમિત્તે નિયતિ વિશે ઘણું લખાઈ ગયું અને આપનાથી વંચાઈ ગયું એ પણ નિયતિ જ.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

જૈન ધર્મમાં નય વાદ

□ **કીશનચંદ ચોરડીઆ**, બી.એ. (તામીલ) એમ.એ. (પત્રકારત્વ અને એમ.સી.)
એમ.એ; એમ. ફિલ. (જૈનોલોજી). રિસર્ચ ફાઉન્ડેશન ઑફ જૈનોલોજીના મંત્રી, ચેન્નઈ.
□ અંગ્રેજીમાંથી અનુવાદ: **પુષ્પા પરીખ**

મનુષ્યના વિચારો હંમેશાં સુખ અને સત્યની શોધ પાછળ મથ્યા રહેતા જોઈએ છીએ. શારીરિક તથા માનસિક દુ:ખમાંથી છૂટવાના ઉપાયો શોધવાના અનેક પ્રયત્નો કરતો માનવી સંસારમાં અગાધ દરિયામાં ડૂબકી મારતો હોય તેમ સત્યની શોધ પાછળ આયુષ્ય પૂરું કરતો હોય છે. મનુષ્ય સામાજિક પ્રાણી હોવાના નાતે એની બધી સમસ્યાઓ આત્મા અને શરીરને લગતી જ જણાય છે. મનુષ્યનો સંબંધ વિશ્વ સાથે પણ તેટલો જ છે. વિજ્ઞાન અને ધર્મ બંને સત્યની શોધ કરવામાં પાછી પાની કરતા નથી.

(૧) આજ સુધી હંમેશાં વિજ્ઞાન કુદરતના ક્રમની બાબતમાં જ શોધ કરતું આવ્યું છે. બહારની દુનિયાના ઘણા પ્રશ્નો વિજ્ઞાને હલ કર્યા છે પરંતુ પરમ સત્યની બાબતમાં હજુ વિજ્ઞાન ફાવ્યું નથી.

(૨) જૈન ધર્મ એટલે જિન અથવા તીર્થંકરોનો જીવન જીવવા માટે સૂચવેલો માર્ગ; કર્મોનો ક્ષય કરવાનો અને સાત્ત્વિક આનંદ મેળવવાનો માર્ગ. મોક્ષ મેળવવાના કામમાં મદદ કરનાર ત્રણ મહત્ત્વના રત્નો છે–સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર્ય.

(૩) જૈન તીર્થંકરોએ આત્મજ્ઞાન તથા વિશ્વના અનેક પદાર્થોને સમજવા માટેના વ્યવહારૂ રસ્તાઓનો નિર્દેશ કર્યો છે. આત્મજ્ઞાન મેળવતાં મેળવતાં મનુષ્ય પોતે જે વિશ્વમાં વસે છે તેના મુખ્ય પાસાઓ જેવા કે જીવ અને અજીવની બાબતમાં પણ જ્ઞાન મેળવે છે.

(૪) પદાર્થોના મુખ્ય ગુણો તેની ઉત્પત્તિ, સ્થિતિ અને લય (ક્ષય નાશ) છે. આ ગુણો સમજવા માટે એ પદાર્થનું જ્ઞાન મેળવવું જરૂરી છે. પદાર્થોના અનેક લક્ષણો હોય છે. કોઈ પણ પદાર્થને પૂરેપૂરો સમજવા માટે તેના ખાસ ગુણોને જ વધુ મહત્ત્વ આપવામાં આવે છે. બીજા અનેક ગુણો હોવા છતાં તેનો ઉલ્લેખ તે સમયે કરવામાં આવતો નથી. આવા ગુણોને અનર્પિત કહેવામાં આવે છે. આમાં કોઈ વિરોધાભાસ નથી. દા. ત. દેવદત્ત નામનો માણસ એક જ વ્યક્તિ હોવા છતાં તે પિતા પણ છે અને પુત્ર પણ છે. એના પુત્રની દૃષ્ટિમાં તે પિતા છે અને તેના પિતાની દૃષ્ટિમાં તે પુત્ર છે. એવી જ રીતે એક પદાર્થ તેના સામાન્ય ગુણોની રૂએ સ્થાયી છે જ્યારે ખાસ અમુક ગુણોની રૂએ તે સ્થાયી નથી. એનો અર્થ એ કે એક જ પદાર્થને

અનેક રીતે વર્ણવી શકાય.

(૫) દરેક પદાર્થ ગુણો અને ખાસિયત (લક્ષણ) પ્રમાણે અંકાય છે. દરેક પદાર્થમાં કોઈ એક ખાસ ગુણ એવો હોય છે કે જે એને બીજા પદાર્થથી જુદો પાડે છે. જૈનિઝમની દૃષ્ટિએ વિશ્વના ૬ ભાગ છે અને એ દરેક ભાગ તેના ખાસ લક્ષણના હિસાબે તેને જુદો પાડે છે. પાછા દરેકમાં અમુક ગુણ સરખા પણ છે. જેમ કે મનુષ્ય બાળકમાંથી યુવાન થાય છે, યુવાનમાંથી પુખ્ત વયનો થાય છે અને પુખ્ત વય પછી વૃદ્ધત્વને પામે છે. આ પૂરા ક્રમમાં એનામાં મનુષ્ય હોવાનો ગુણ સચવાઈ રહે છે. આ જુદા જુદા રૂપમાં એક જ અસ્તિત્વને સ્વીકારવું એ જૈન સિદ્ધાંતના અનેકાંતવાદનો મૂળ પાયો છે.

(૬) જૈન ધર્મમાં જ્ઞાનના પદ્ધતિસરના વિભાગો પાડ્યા છે. આધ્યાત્મિક દૃષ્ટિએ મુખ્ય બે ભાગ છે, નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચય એટલે પદાર્થનો કાયમી ગુણ જે કદી બદલાય નહીં અને વ્યવહાર એટલે પદાર્થના વપરાશમાં આવતા સાધારણ ગુણો, દા. ત. 'આ એક માટીનો કૂંજો છે' એ નિશ્ચય નય કહેવાય જ્યારે 'આ માખણનો કૂંજો છે' એ ફક્ત વ્યવહાર અથવા ખાસ પદાર્થ ભરેલો કૂંજો છે એમ વર્ણવે છે. વિશ્વનું માનસિક અને ભૌતિક પૃથક્કરણ તેની અનેકવિધતા વર્ણવે છે. જૈન વિચારસરણી અનુસાર વિશ્વમાં અગણિત આત્માઓ છે. પદાર્થ અથવા પુદ્‌ગલમાં ગુણ અને સંખ્યાની દૃષ્ટિએ અનેકવિધતા જોવામાં આવે છે.

(૭) આજના વિજ્ઞાનની અણુશોધ જૈન વિચારસરણીમાં ઘણી જૂની છે. એક અણુમાંથી અનેક અણુઓ ઉત્પન્ન થાય છે. અણુઓ અનંત અને દુન્યવી બંને હોઈ શકે. અવકાશના પણ અનેક અવકાશી બિંદુઓ અથવા પ્રદેશો હોય છે. કાળના પણ ખાસ વિભાગો હોય છે જેને કાલ અણુ કહેવામાં આવે છે. આ કાલ અણુઓને કલાક, મિનિટ, સેકન્ડ, મહિનો, વર્ષ એવા વ્યવહારિક નામો આપણે આપેલા છે. આજ રીતે ગતિ સ્થિતિમાં પણ અનેક અવકાશબિંદુઓ છે. તલમાં જેમ તેલ સમાયેલું છે તેવી જ રીતે આત્મામાં ગતિ અને સ્થિરતા છે. બંને એકબીજાને સંલગ્ન છે. જેવી રીતે ether પુરા અવકાશમાં વિસ્તરે એટલે કે electro- mangnetic મોજાંઓ સઘળે પ્રસરાવે છે. જૈન સિદ્ધાંત અનુસાર બધા પદાર્થો (પુદ્‌ગલ) સત્યતા અને અનેકતા ધરાવે છે.

(૮) દરેક પુદ્‌ગલમાં રૂપાંતર પામવાની શક્યતા છે તેમજ તેના અનેક વિભાગો છે. કોઈ પણ પદાર્થને સમજવા માટે તેના વિશેની પૂરી જાણકારી મેળવવી જોઈએ. જે ફક્ત સર્વજ્ઞને માટે જ શક્ય છે. એક જ પદાર્થ જુદા જુદા રૂપે આ વિશ્વમાં આવે છે, તેથી પદાર્થનું વર્ણન સાત રીતે કરી શકાય.

(૯) આપણું વિશ્વ ગુંચવણો ભરેલું છે અને તેમાં અનંત સત્યો સમાયેલા છે. અનેક દ્વંદ્વો જેવા કે સુખદુઃખ, ભૂત અને ભવિષ્ય, એક અનેક, સમાન જુદું, કારણ કાર્ય, સારું નરસું, સુંદર કદરૂપું, વગેરેનો પૂરો તાગ કાઢવાનું આપણી બુદ્ધિ માટે અશક્ય છે. બુદ્ધિથી સમજાયેલું સત્ય પૂર્ણ સત્ય નથી હોતું. બુદ્ધિગમ્ય સત્ય હંમેશાં મનુષ્યના પૂર્વગ્રહ, શ્રદ્ધા, મિજાજ તથા કાર્ય પર આધારિત હોવાથી અર્ધ સત્ય જ હોય છે.

(૧૦) જુદા જુદા વિચારકોએ વિશ્વની બાબતમાં જુદા જુદા અભિપ્રાયો દર્શાવ્યા છે. આજ સુધીમાં નીચે પ્રમાણે સિદ્ધાંતો દર્શાવાયા છે. (૧) શૂન્ય, (૨) અનંત, (૩) દ્વૈતભાવ, (૪) પદાર્થભાવ તથા (૫) નાસ્તિકતા વગેરે. આ દરેક મત વિચારકની દૃષ્ટિએ સત્ય છે પરંતુ એક પણ સંપૂર્ણ નથી.

(૧૧) નયવાદ એટલે એક પદાર્થને ખાસ દૃષ્ટિથી સમજી અભ્યાસ કરવો તે. ઉમાસ્વાતિની દૃષ્ટિએ જ્ઞાન મેળવવાના બે માર્ગ છે, નય અને પ્રમાણ. પ્રમાણ એટલે પદાર્થના પૂર્વે ન શોધાયેલા ગુણનું જ્ઞાન; સત્યને શોધવાની એક રીતનું જ્ઞાન જે શંકા, અચોક્કસતા અને જીદથી અલિપ્ત હોય. અધૂરા અથવા ખોટા જ્ઞાનનું પરિણામ સત્ય ન હોઈ શકે. મનુષ્યના જ્ઞાન અને અનુભવને સીમા હોવાથી પદાર્થ અથવા વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન ન પામી શકે. આને નય કહે છે. (नयः ज्ञातुराभिप्रायः)

(૧૨) નય ભલે અમુક ગુણોને બતાવે પરંતુ બીજા ગુણોને નકારે નહીં. જ્યારે આપણે સુવર્ણના રંગનું વર્ણન કરીએ ત્યારે તેના વજન, શુદ્ધતા ઇત્યાદિ ગુણોને નકારતા નથી.

(૧૩) પૂજ્યપાદની દૃષ્ટિએ નય એટલે કોઈ પદાર્થના (બીજા વિરોધ વગર) અનેક ગુણોમાંનો ખાસ એક ગુણ નક્કી કરવાનું સાધન અથવા ખાસ એક ગુણનું વર્ણન કરવાની રીત. આ રીતના બે ભાગ છે. (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

દ્રવ્યાર્થિક રીત સામાન્ય ગુણોનું વર્ણન કરે છે જ્યારે પર્યાયાર્થિક રીતે તેના થતા રૂપાંતરોનું વર્ણન કરવામાં આવે છે. નયના પાછા સાત ભાગ છે. (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસુત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ અને (૭) એવંભુત.

પ્રથમ ત્રણ ભાગ દ્રવ્યાર્થિક નયના છે જ્યારે છેલ્લા ચાર ભાગ પર્યાયાર્થિક નયના છે.

(૧૪) પરમ સત્યના અનેક ગુણો છે તેથી તેને અનેક રીતે પામી શકાય અથવા જોઈ શકાય. જૈન સિદ્ધાંતે તેના સાત ગુણો પર જ ખાસ ભાર આપ્યો છે તેથી હું એ સાત ગુણો વિષે જ કહીશ.

(૧) નૈગમ નય એટલે જે હજુ શોધવાનું છે અથવા મેળવવાનું છે તેને પામવા માટેની અલંકારી દૃષ્ટિ. પૂજ્યપાદજીએ આને માટે સુંદર દૃષ્ટાંત આપી આ સમજાવ્યું છે. એક મનુષ્ય પાણી, અગ્નિ

વગેરે શોધીને એકત્ર કરતો હોય અને આપણને એને પૂછીએ કે ભાઈ તું શું કરે છે ? એનો જવાબ હોય 'હું રાંધું છું.' આ વખતે એ રાંધવાની ક્રિયા નથી કરતો પરંતુ તે માટેની તૈયારી કરતો હોય છે. એજ રીતે જ્યારે આપણે ભૂતકાળ કે ભવિષ્યને લગતી કોઈ બાબત વિષે વર્તમાનમાં કહેતા હોઈએ ત્યારે તેને નૈગમ નયનું દૃષ્ટાંત કહેવાય. ભૂત, વર્તમાન અને ભવિષ્યને લગતો એવો ત્રણ જાતનો નૈગમ નય કહેવાય. આપણે દિવાળીને દિવસે એમ કહીએ કે 'મહાવીર ભગવાન આજે નિર્વાણ પામેલા' ત્યારે આપણે એમ કહેવા માગીએ છીએ કે આજે એમની પુણ્યતિથિ છે. એવી જ રીતે જ્યારે કોઈ વ્યક્તિ ટિકિટ બૂક કરતી હોય એને પૂછીએ કે તું ક્યાં જાય છે ? તો કહેશે 'હું ઈંગ્લેન્ડ જાઉં છું.' આ નય જ્યારે કોઈ પદાર્થ માટે વપરાય ત્યારે તેના સાધારણ કે વિશેષ ગુણને નકારતા નથી.

(૨) સંગ્રહ નયઃ- આનો સંબંધ સમાન પદાર્થોના સાધારણ ગુણો સાથે છે. દા. ત. દ્રવ્ય. આ શબ્દ આપણને છ દ્રવ્યોના સમાવેશનો નિર્દેશ કરે છે. આ નયનો સંબંધ દ્રવ્યના ખાસ ગુણો સાથે છે પરંતુ બીજા ગુણોનો નિષેધ નથી બતાવતા કે જેથી કોઈ વિરોધ ઉત્પન્ન થાય.

(૩) વ્યવહાર નય :– કોઈ દ્રવ્યના સમૂહથી છૂટું પાડીને તેના વિષે વર્ણન કરીએ તે વ્યવહાર નય કહેવાય. આત્મા અથવા પુદ્‌ગલ વિષેનું વર્ણન એટલે ખાસ અમુક દ્રવ્યનું વર્ણન તે વ્યવહાર નયનું દૃષ્ટાંત ગણાય.

ઉપર જણાવેલા ત્રણ નય એટલે કોઈ પદાર્થના ઓળખાણનું (ગુણોના) અભ્યાસનું પરિણામ. સામાન્યતયા સત્યને સમજવાનો પ્રયત્ન એટલે ઉપરના ત્રણ નય. આને દ્રવ્યાર્થિક નય કહેવામાં આવે છે. બીજા ચાર નય એટલે પર્યાયાર્થિક નય જે સત્યના રૂપાંતરના અભ્યાસને લગતા છે.

(૪) ઋજુસૂત્ર :- પદાર્થના વર્તમાનના જ રૂપનો અભ્યાસ તે ઋજુસૂત્ર. મોટાભાગનું વર્તમાન રૂપ જ અગત્યનું હોય છે. આ નયને એ જ ક્ષણે જે સ્થિતિ હોય તેનું જ મહત્ત્વ હોય છે. તે ઉપરાંત એ જ સ્થિતિમાં વધુ સમય રહે તેનું હોય. પ્રથમ સ્થિતિને સૂક્ષ્મ કહે છે અને બીજીને સ્થૂલ કહે છે. ક્ષણિક સુવિચારવાળા આત્માને સૂક્ષ્મ કહેવામાં આવે છે અને મનુષ્યના આયુષ્ય દરમિયાનના આત્માને સ્થૂલ કહેવામાં આવે છે.

(૫) શબ્દનય એટલે પદાર્થનો શાબ્દિક વિચાર. જેને પર્યાય અથવા સમાનાર્થ શબ્દ પણ કહેવામાં આવે છે.

(૬) સમભિરૂઢ નય :- આ પણ શબ્દનય બરાબર છે પરંતુ થોડો ફરક છે. આમાં ઉત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ પણ વિચાર કરવામાં આવે છે. આપણી ભાષામાં ઘણા સમાનાર્થી શબ્દો હોય છે પરંતુ તેનું મૂળ જોઈએ તો ભિન્ન ભિન્ન સૂચનો જોવા મળે છે. શક્ર અને ઈંદ્ર એક જ વ્યક્તિના નામ છે પરંતુ ઈંદ્ર એ સત્તાધારી વ્યક્તિ સૂચવે છે જ્યારે શક્ર એ નષ્ટતાનું સૂચન છે. શબ્દ નય એ શબ્દના સામાન્ય ગુણને લાગેવળગે છે જ્યારે સમભિરૂઢ નય શબ્દના મૂળ સુધી લઈ જાય છે. શબ્દનય પ્રમાણે દરેક પદાર્થનું શાબ્દિક વર્ણન થઈ શકે, જ્યારે સમભિરૂઢની દૃષ્ટિએ પદાર્થના ખાસ ગુણ માટે ખાસ શબ્દો જ વાપરવા પડે. નયવાદીની દૃષ્ટિએ આ બંનેમાં કોઈ વિરોધાભાસ નથી. આનું મુખ્ય કારણ એ કે સમભિરૂઢ નય ફક્ત વ્યુત્પત્તિ તથા વ્યાકરણની યોગ્યતા પર વધુ ધ્યાન આપે છે જ્યારે શબ્દ નય પદાર્થના ગુણના વર્ણન માટે વિરોધ વગર વપરાયેલા શબ્દો પર જ લક્ષ્ય આપે છે.

(૭) એવંભુત નયઃ- સાચા અર્થમાં લીધેલી રીત. આ નય પદાર્થના તે જ સમયના ખાસ ગુણનું વર્ણન કરે છે. આના પ્રમાણે પુરંદર (શક્ર) શબ્દનો ઉપયોગ જ્યારે તેના થકી શહેરોનો નાશ થતો હોય ત્યારે જ વાપરવો જોઈએ.

ઉમાસ્વાતિના મત પ્રમાણે સાત નય એકબીજાથી બહુ જુજ ફેરફારે જુદા પાડી શકાય. એક જ પદાર્થને જુદી જુદી દૃષ્ટિએ ભલે જોઈએ પણ બીજી દૃષ્ટિ પહેલા પર આધાર રાખે અને ત્રીજી બીજા પર. એક પદાર્થના અનેક ગુણો હોવાને કારણે જુદી જુદી દૃષ્ટિથી એક જ પદાર્થનું વિશ્લેષણ અથવા વર્ણન કરી શકાય. તેઓ એકબીજા સાથે સંકળાયેલા અને એકબીજા પર આધારિત હોવાથી સાચી શ્રદ્ધા તરફ લઈ જાય છે. પૂજ્યપાદજીએ એની તુલના સૂતરના તાંતણાઓ સાથે કરી છે. તાંતણાઓને જ્યારે યોગ્ય રીતે વણાટકામમાં વાપરવામાં આવે ત્યારે તેમાંથી કાપડ તૈયાર થાય છે. છૂટા છવાયા તાંતણાઓથી કોઈ અર્થ સરતો નથી. દરેક તાંતણામાં કાપડ બનાવવાની શક્તિ અથવા ગુણ તો છે જ પરંતુ એ જ્યારે યોગ્ય રીતે સાથે લઈને વણાય ત્યારે જ. નયવાદ જે તત્ત્વવેત્તાઓ તેમના જ સિદ્ધાંતને સત્ય અને સમજાય તેવા માને છે તેને માટે એક ચેતવણી રૂપ છે. આ સિદ્ધાંત સૌ સાથે મળીને જુદા જુદા સિદ્ધાંતો વિષે વિચાર કરી એક નિર્ણય પર આવવાનો રસ્તો બતાવે છે.

જુદા જુદા નય પરમ સત્યના અમુક ભાગોનું જ વર્ણન કરે છે. અકલંકની દૃષ્ટિએ નય એટલે એક ખાસ રીત. (નયો જ્ઞાતુર્ અભિપ્રાયઃ) જુદી જુદી દૃષ્ટિનું સંયોજન એ આજના યુગની ખાસ જરૂરિયાત છે. આપણો સ્યાદ્‌વાદ પણ એમ જ રહે છે.

(૨૦૧૧ની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૬ ઑગષ્ટના દિને આપેલ વ્યાખ્યાન) ✷✷✷

Krishnachand Choradia,
Sugon House, 18, Ramanuja Iyer Street,
Saucarpet, Chennai-600 079

સપ્તભંગી એટલે શું ?

□ સુબોધી સતીશ મસાલીયા–રાધનપુરવાળા

સ. ૧ : સપ્તભંગી એટલે શું ?

જ. ૧ : એક વસ્તુમાં કે વ્યક્તિમાં કે પદાર્થમાં અનેક ગુણ રહેલા હોય છે. સાધારણ રીતે વિચારીએ તો એક જ વસ્તુના ગુણધર્મ આપણને પરસ્પર વિરોધી લાગે છે. પરંતુ અલગ-અલગ અપેક્ષાએ બે વિરોધી સ્વભાવને સમજવા માટે સાત ભાગ કરવામાં આવ્યા છે. એના સાત જ ભાગ થઈ શકે, ૬ કે ૮ નહીં. તેથી તેને સપ્તભંગી કહે છે.

જેમકે એક પુરુષ પિતા છે, પુત્ર પણ છે. પિતાપુત્ર એક જ સમયે છે. પરંતુ પુરુષમાં પુત્રત્વને પિતૃત્વ બે વિરુદ્ધ ગુણો રહેલા છે. આ બંને વિરૂદ્ધગુણોને એક જ સાથે એક જ શબ્દથી કહી શકાય એવો કોઈ શબ્દ આ જગતમાં છે નહિ. માટે આ ચોથો ભાગ અવક્તવ્ય એટલે કે શબ્દથી કહી શકાય નહીં એવો રહે છે. હવે કોઈ અપેક્ષાએ આ વસ્તુ અવક્તવ્ય છે પરંતુ સર્વથા અવક્તવ્ય નથી એ બતાવવા માટે બીજા ત્રણ ભંગ (પ્રકાર) છે. આમ એકમાં જ રહેલા પરસ્પર વિરૂદ્ધ ગુણને સમજવા માટે સ્યાદ્વાદ કે સપ્તભંગી છે.

સ. ૨: સ્યાદ્વાદ કે સપ્તભંગી સમજવાની શું જરૂર છે ?

જ. ૨: આત્માના સ્વભાવને સમજવા માટે સ્યાદ્વાદ કે સપ્તભંગીની ખૂબ જ જરૂર છે. જેમકે આત્મામાં અસ્તિ-નાસ્તિ, નિત્ય-અનિત્ય, એકરૂપ-અનેકરૂપ, શુદ્ધ-અશુદ્ધ, સંસારી-સિદ્ધ, એમ બે વિરોધી સ્વભાવ છે. સ્યાદ્વાદની દૃષ્ટિએ વસ્તુને બરોબર ઓળખવી હોય તો સાત પ્રકારે ઓળખાવી શકાય છે. ધારો કે કોઈ પ્રશ્ન કરે કે આત્મા કેવો છે ? નિત્ય કે અનિત્ય ? એના જવાબમાં એમ કહેવામાં આવે કે 'આત્મા નિત્ય છે' તો સામેવાળો એમ સમજેશે કે આત્મા નિત્ય છે એટલે અનિત્ય તો નથી જ. પણ જો એમ કહેવામાં આવે કે 'અપેક્ષાએ નિત્યજ છે' તો વિચારશે કે અપેક્ષાએ અનિત્ય પણ છે. કારણ કે 'આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.' આ વાક્ય જરા સરળ શબ્દમાં સમજીએ...જેમકે અત્યારે આપણો જે આત્મા છે તે સમજી લો કે સિદ્ધ બનશે ત્યાં સુધી, અરે સિદ્ધ બન્યા પછી પણ દ્રવ્ય રૂપે તો એનો એ જ રહેવાનો છે, કાંઈ નાશ પામી જવાનો નથી. વળી આત્માનો શુદ્ધ જ્ઞાનાનંદમય સ્વભાવ છે તે પણ નિત્ય જ રહેવાનો છે. પરંતુ પર્યાયની દૃષ્ટિએ અનિત્ય છે કારણ કે ક્યારેક મનુષ્ય પર્યાયમાં હોય તો ક્યારેક દેવ પર્યાયમાં, ક્યારેક તિર્યંચ પર્યાયમાં હોય તો ક્યારેક પર્યાયમાં. આમ પર્યાયની અપેક્ષાએ અનિત્ય જ છે. હવે જે લોકોના મગજમાં ભગવાનની આ સ્યાદ્વાદ વાણી બેઠી નહીં એ લોકોએ 'નિત્ય' ને 'અનિત્ય'માંથી 'અનિત્ય' પકડી લીધું ને માની લીધું કે 'આત્મા તો અનિત્ય છે' ને શરીરનું મૃત્યુ થતાં આત્મા પણ પંચમહાભૂતમાં ભળી જાય છે. ને એમને માનવાવાળો આખો એક જૂથ, એક પંથ અલગ થઈ ગયો. આમ સ્યાદ્વાદને યથાર્થ ન સમજવાથી કેટલું મોટું નુકશાન થઈ ગયું ! આત્મામાં રહેલા નિત્ય અને અનિત્ય બંને વિરૂદ્ધ ગુણને સાત પ્રકારે કહી શકાય તેને સપ્તભંગી કહે છે તે આ પ્રમાણે...

(૧) અપેક્ષાએ આત્મા નિત્ય જ છે. (૨) આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે. (૩) અપેક્ષાએ આત્મા નિત્ય જ છે. અપેક્ષાએ અનિત્ય જ છે. (૪) આત્મા અપેક્ષાએ અવક્તવ્ય જ છે. (નિત્યતા ને અનિત્યતા બંને વિરૂદ્ધ ગુણને એક સાથે કહેવા માટે જગતમાં એવો કોઈ શબ્દ નથી માટે અવ્યકતવ્ય.) (૫) આત્મા અપેક્ષાએ નિત્ય જ છે. અપેક્ષાએ અવક્તવ્ય છે. (૬) આત્મા અપેક્ષાએ અનિત્ય જ છે, અપેક્ષાએ અવ્યક્તવ્ય છે. (૭) આત્મા અપેક્ષાએ નિત્ય જ છે, અપેક્ષાએ અનિત્ય જ છે. અપેક્ષાએ વક્તવ્ય છે.

સ. ૩ : સપ્તભંગીને સમજવા માટે કોઈ વ્યાવહારિક ઉદાહરણ આપો.

જ. ૩ : ધારો કે કોઈ મરણ પથારીએ રહેલા રોગીના વિષયમાં એની હાલત વિષેના પ્રશ્નમાં ડૉક્ટર આ રીતે ઉત્તર આપી શકે.

(૧) તબિયત સારી છે (અસ્તિ) (૨) તબિયત સારી નથી. (નાસ્તિ) (૩) કાલથી તો સારી છે પણ એવી સારી નથી કે આશા રાખી શકાય. (અસ્તિ+નાસ્તિ) (૪) સારી છે કે ખરાબ છે કંઈ કહી શકાતું નથી. (અવક્તવ્ય) (૫) કાલથી તો સારી છે છતાં શું થશે કહી શકાતું નથી. (અસ્તિ+અવક્તવ્ય) (૬) કાલથી તો સારી નથી છતાં શું થશે તે કહી શકાતું નથી (નાસ્તિ+અવક્તવ્ય) (૭) આમ તો સારી નથી, પણ કાલ કરતાં સારી છે, તો પણ કહી શકાતું નથી કે શું થશે. (નાસ્તિ+અસ્તિ+અવક્તવ્ય) આ રીતે દરેક વસ્તુમાં પરસ્પર વિરૂદ્ધ છતાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ સિદ્ધ થતાં એકત્વ-અનેકત્વ આદિ ગુણધર્મોને લીધે સપ્તભંગી થાય છે.

સ. ૪ : જીવનું એક-અનેક રૂપ તથા શુદ્ધ-અશુદ્ધ સ્વરૂપ સમજાવો ?

જ. ૪ : દરેક જીવનું જીવત્વ એ સામાન્ય સ્વરૂપ છે, તેથી આ જીવ છે. તેય જીવ છે એમ દરેક જીવમાં જીવ રૂપે એક ભાસે છે તે એકરૂપતા. જીવોમાં મનુષ્યપણું, ગાયપણું, દેવપણું વગેરે વિશેષરૂપે જોઈએ છીએ તે અનેકરૂપતા. આત્મામાં રહેલા આ વિરૂદ્ધ ગુણ 'એકરૂપ-અનેકરૂપ' ને સપ્તભંગીમાં સમજાવી શકાય. આ સંસારી આત્મા સ્વભાવની અપેક્ષાએ શુદ્ધ છે તે જ સમયે કર્મ સંયોગની અપેક્ષાએ અશુદ્ધ છે. સ્યાદ્વાદ વિના કોઈપણ પદાર્થના અનેક સ્વભાવનું જ્ઞાન થાય નહિ. આત્માનું ભેદ વિજ્ઞાન થવા માટે સ્યાદ્વાદ-સપ્તભંગી ખૂબ જ જરૂરી છે.

સૌજન્ય : રાધનપુર જૈન દર્શન'

નાત, જાત અને સંપ્રદાયથી પર અવધૂ આનંદઘનજીના અદ્‌ભુત જીવન કવનનું નાટ્ય રૂપ એટલે

અપૂરવ ખેલા : આનંદઘનજીનું મહાનાટક

□ ગુણવંત બરવાળિયા

ત્રણસો વર્ષથી વધારે સમય પહેલાં થઈ ગયેલાં મહાન જૈનકવિ અધ્યાત્મ યોગી આનંદઘનજીના જીવન અને કવન ઉપર આધારિત નાટ્ય રચના કરવી તે ખૂબ અઘરું કામ છે.

ડૉ. ધનવંતભાઈ શાહે આવી અદ્‌ભુત નાટ્યરચના કરવાનો સમ્યક્ પુરુષાર્થ કર્યો છે. 'વાંસને આવ્યા ફૂલ', 'કવિ કલાપી', 'કવિ ન્હાનાલાલ', 'કવિ જયદેવ' વિગેરે સુંદર નાટ્ય રચનાઓ તો એમણે આપી જ છે પરંતુ 'અપૂરવ ખેલા' તેમાં યશકલગી રૂપ છે જેણે જૈન નાટ્ય જગતને સમૃદ્ધ કર્યું છે.

આઇડિયાઝ અનલિમિટેડ દ્વારા નિર્મિત આ નાટ્યકૃતિનું દિગ્દર્શન મનોજ શાહ જેવા નાટ્યશિલ્પીએ કર્યું છે જેણે આ પહેલા 'કવિ મરીઝ', કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના જીવન આધારિત 'સિદ્ધહેમ', યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન આધારિત 'અપૂર્વ અવસર' અને રાજા ભરથરીના જીવન આધારિત 'અમરફળ' જેવા સફળ નાટકો આપ્યા છે. આ 'અપૂરવ ખેલા' આપીને તેમણે રંગભૂમિને સમૃદ્ધિની છોળો આપી છે.

આનંદઘનજીના જીવનની નક્કર વિગતો મળતી નથી. મારવાડના મેડતા શહેર અને આબુના પર્વતો ને જંગલો તેમની વિહારભૂમિ હતી. તેમણે અધ્યાત્મ પદો અને તીર્થંકરો પ્રતિ સ્તવનોની રચનાઓ કરી. 'ઋષભ જિનેશ્વર પ્રીતમ મ્હારો', 'અબ હમ અમર ભયે ન મરેંગે' જેવી અમર કૃતિઓના તેઓ સર્જક હતા.

'અપૂરવ ખેલા' એવા સાધુપુરુષની કથા છે જેનું કોઈ નામ નથી, કોઈ નાત, કોઈ સંપ્રદાય, કોઈ ઓળખ નથી છતાં ઓળખાય છે 'આનંદઘન' થકી જે આનંદઘનની આસપાસ ગુંથાઈ છે. છેલ્લા ત્રણસો વરસોની અનેક લિજંડ્સ, અનેક કથાઓ, અનેક દંતકથાઓ, 'અપૂરવ ખેલા'માં એક નહિ અનેક નાટકોની કથાઓ વણાઈ છે. આ મહાનાટક છે જેમાં આનંદનો સમંદર ઉછળે છે. ઉદય મજુમદારે પીરસ્યો છે સંગીતનો રસથાળ. ભાષાનો વૈભવ આપણા મનની બારીઓને ઉઘાડી નાંખે છે જેમાંથી પરમસુખનો રાજમાર્ગ દૃશ્યમાન થાય છે.

અવધૂની આત્મમસ્તીનો અભિનય તેની બાહ્ય ફકીરી અને ભીતરની અમીરીના દર્શન કરાવે છે. અધ્યાત્મ પદોનું ગાન અવધૂની વણકથી અંતરંગ દશાની દિવ્યકથા કહી જાય છે. 'પરમ તત્ત્વને કોઈ રામ કહે, કોઈ રહેમાન કહે, કોઈ કૃષ્ણ (વિષ્ણુ) કહે, કોઈ મહાદેવ કહે, કોઈ બ્રહ્મા કહે કે કોઈ પારસનાથ કહે પરંતુ પોતાનામાં રહેલું ચેતનતત્ત્વ પોતે જ પરમતત્ત્વ છે, પરમાત્મા છે.' અવધૂના આ શબ્દોમાં સંપ્રદાયથી પર આત્મસ્થ સંતના દર્શન થાય છે. સતી થતી સ્ત્રીને ઉપદેશમાં આત્મતત્ત્વ પર પ્રકાશ પાથરવાની સાથે સમાજ સુધારણાના કાકુઓ પ્રગટ થાય છે.

મહોપાધ્યાય યશોવિજયજીનું અવધૂત યોગી આનંદઘનજી સાથેનું મિલન કાંચનમણિ યોગનું સર્જન કરે છે. જાણે ત્રણસો વર્ષ પહેલાની દિવ્યઘટનાનું સાંપ્રત દર્શન થાય છે.

નિર્ધન અને દુ:ખીને સહાય કરવાની પ્રબળ કરુણાબુદ્ધિની ઘટના ચમત્કાર નથી, પરંતુ સંતની સાધનાના પરિપાક રૂપે પ્રગટેલી સહજલબ્ધિનું પરિણામ છે તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી. આવી કથાઓ અને ઘટનાઓની હારમાળ એ આ માત્ર નાટક નથી એક સાતત્યપૂર્ણ નાટ્યપ્રવાહ છે. સુમતિ અને કુમતિના સંવાદમાં સદાચાર, અનુભવ અને વિવેકની વાત અભિપ્રેત છે. અહીં યોગ્ય પ્રતીક દ્વારા ગૂઢ રહસ્યોને બહાર લાવવાનો સમ્યક્ પુરુષાર્થ છે.

પ્રત્યેક જૈને આ નાટક જોવું જ જોઈએ અને જૈન સંસ્થાઓએ સાથે મળીને માણવું એ એક લ્હાવો ગણાશે. ભારતની તમામ દાર્શનિક પરંપરાની અમૃતધારામાં પ્રેક્ષકને અભિસ્નાન કરાવી શકવા આ નાટક સક્ષમ છે 'અપૂરવ ખેલા'. આ નાટકના કલાકારોએ કલાદીપકમાં પોતાની પ્રાણશક્તિનું સિંચન કરીને અભિનયના અજવાળા પાથર્યા છે. કવિ કાલિદાસની ઉક્તિ છે- 'કવિતાઓમાં નાટક રમ્ય છે' તે અહીં ચરિતાર્થ થાય છે.

પાવાપુરી-રાજસ્થાનમાં યોજાયેલા ૨૧મા જૈન સાહિત્ય સમારોહમાં ૩૦૦ જૈન વિદ્વાનોએ આ નાટક મ્હાણીને નાટકની ભાવભરી પ્રશંસા કરી છે.

પ્રાચીન ભરત નાટ્યશાસ્ત્રનો સૂત્રધાર, ૧૧મી સદીના જૈનમુનિ મહાકવિ નાટ્યકાર રામચંદ્રસૂરિજીના 'નાટ્યદર્પણ'માં વ્યક્ત થતી તદ્‌ભવથી તત્‌સમ સુધીની રસવિભાવના, મધ્યકાલિન ભવાઈનો વ્યંગ અને કઠપૂતળીના ખેલની ભાવાનુભૂતિ તેમજ શેક્સપિયરની જગત રંગભૂમિની વિચારધારા અને પ્રતીક અભિનય માટે એમની પ્રેક્ષકો ઉપરની બુદ્ધિમતા, આત્મા ઉપરની શ્રદ્ધા અને એ યુગના ગ્રીક નાટ્યશાસ્ત્ર પ્રમાણેની આધુનિકરણ સાથે તાલ મેળવતી પ્રતીકાત્મક વેશભૂષા, આ ઉપરાંત મૂર્તમાં પ્રવેશી અમૂર્ત ભાવવિશ્વનું હસતા હસતા દર્શન કરાવતી આધુનિક નાટ્ય વિચારધારા, આ બધી નાટ્યરીતિનો સમન્વય અને સંગમ એટલે મનોજ શાહ દિગ્દર્શિત, ડૉ. ધનવંત શાહ વિરચિત નાટક 'અપૂરવ ખેલા' આનંદથી આનંદઘન સુધી.

✷ ✷ ✷

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ,
ખોખાણી લેન, ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૭૭.
મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨

જૈન સાધુ અવધૂત આનંદઘનજીના જીવન અને કવનોને પ્રગટ કરતા આ ગીત-સંગીત સભર **નાટક**ના એન.સી.પી.એ. અને પૃથ્વી થિયેટર સિવાય ૩૦ જૂન સુધી જ્યાં જ્યાં જાહેર પ્રયોગો પ્રસ્તુત થશે ત્યાં ત્યાં 'પ્ર.જી.'ના વાચકોને આ લખાણ દર્શાવવાથી ૩૦% ડિસ્કાઉન્ટ મળશે. જ્ઞાન લાભના આ સહકાર માટે નિર્માણ સંસ્થાના અમે આભારી છીએ.

(૧) વર્લ્ડ જૈન કોન્ફેડરેશન-મુંબઈ દ્વારા આ નાટકનો એક પ્રયોગ રવિવાર તા. ૨૨ એપ્રિલે સાંજે ૭ વાગે મુંબઈ-યશવંતરાવ ચૌહાણ ઑડિટોરિયમમાં પ્રસ્તુત થશે. ૧૫% ડિસ્કાઉન્ટ. ફોન : ૨૨૬૩૨૨૨૦.

(૨) આઈડિયાઝ અનલિમિટેડ જાહેર પ્રયોગ ૨૯ એપ્રિલ, રવિવાર સાંજે ૬. એન.સી.પી.એ. એક્સપેરિમેન્ટલ થિએટર, મનોજ શાહ–૯૮૬૯૪૬૭૩૯૨.

સંઘર્ષો જ માનવ જીવનને ઘડે છે.

❑ શશીકાંત લ. વૈદ્ય

એક યુવાન ભણીને નોકરીની શોધમાં ખૂબ ફર્યો. ઘણી જગ્યાએ તેણે અરજીઓ કરી, ઈન્ટરવ્યુ પણ આપ્યા; પણ ક્યાંય ઠેકાણું પડ્યું નહીં. ખૂબ હતાશ થયો. રાત્રે થાકીને એક ગેસ્ટ હાઉસમાં સૂતો હતો...સૂતાં સૂતાં તેને આત્મહત્યાનો વિચાર આવ્યો અને તેણે મન સાથે નક્કી કર્યું કે જો તેને બે દિવસમાં નોકરી નહીં મળે તો તે આત્મહત્યા કરશે..કુદરતનું કરવું કે તે દિવસે સાંજે અચાનક એક સંતનો ભેટો થઈ ગયો. તે સંત ખૂબ પ્રભાવશાળી હતા. ધીમે રહીને તે સંત પાસે ગયો અને તેણે ખુલ્લા દિલે સંતને વાત કરી. તેણે કહ્યું, 'બાપજી, ઘણાં દિવસથી હું નોકરી માટે ફરું છું, પણ ક્યાંય ઠેકાણું પડતું નથી...મને આત્મહત્યાનો વિચાર આવે છે.' સંતે કહ્યું, 'ભાઈ, આટલું બધું ભણ્યો અને તને આવો વિચાર આવે છે? આ બરાબર નથી. માનવ જીવનનું મૂલ્ય તું સમજ. યાદ રાખ, આપણા જીવનનો પણ અર્થ છે. જીવનમાં સંઘર્ષ તો આવે જ છે અને સંઘર્ષમાં જ માણસની સાચી કસોટી થાય છે. ભાઈ, હજુ પણ પ્રયત્ન કરજે. તને જરૂર નોકરી મળશે અને તું સુખી થઈશ!'

યુવાનને સંતની વાણીમાં વિશ્વાસ બેઠો અને ફરીથી નોકરીની શોધમાં ફરવા લાગ્યો. એક કંપનીમાં તે નોકરી માટે ગયો. તેને અંદર બોલાવ્યો. કંપનીના મેનેજરે પૂછ્યું, 'ભાઈ તમારું નામ શું? તમારો અભ્યાસ શું? અનુભવ કેટલો? તમને અહીં કોઈ ઓળખે છે?' યુવાને કહ્યું, 'આ મારી ફાઈલ છે. તેમાં બધા જવાબો છે, પણ સાહેબ, આ શહેરમાં મને ઓળખનાર કોઈ નથી. ફક્ત આ મારી કહાની છે.' યુવાનની હૃદયસ્પર્શી વાતથી મેનેજર ખુશ થયો અને તેને નોકરીમાં રાખી લીધો. ત્યાર બાદ યુવાન પેલા સંતને મળ્યો અને કહ્યું, 'બાપજી, મને નોકરી મળી છે. તમે જો મને ન મળ્યા હોત તો હું આ દુનિયામાં કદાચ ન હોત. તમારી મારે માટેની પ્રાર્થના ફળી. આપને હું વંદન કરું છું.' સંતે કહ્યું, 'ભાઈ, નોકરી વફાદારીપૂર્વક કરજે. પ્રભુ તારું કલ્યાણ કરશે.'

ઉપરોક્ત ઘટના બનેલી છે. સ્વામી સચ્ચિદાનંદ જ્યારે સંન્યાસ અવસ્થામાં ફરતા ત્યારે જ એમના જીવનમાં આવી એક ઘટના બનેલી. એમણે એક યુવાનને આત્મહત્યામાંથી રોકેલો અને પછી તે યુવાનને નોકરી પણ મળી. જીવનમાં ઘણી વાર આવું બને છે. જ્યારે માણસ સંઘર્ષથી કંટાળે ત્યારે હિંમત હારીને આત્મહત્યા કરવા પ્રેરાય છે, પણ આવે સમયે કોઈ વ્યક્તિ કે સંત મળી જાય તો તેનું જીવન બચી જાય છે...સ્વામીજીએ યુવાનને કહ્યું, 'ભાઈ, જીવનમાં હજુ પણ સંઘર્ષ આવશે જ. સંઘર્ષમાં જ જીવન ઘડાય છે. હિંમત હારવી નહિ જોઈએ. શ્રદ્ધાથી તે સમય મુક્ત મને પ્રભુને પ્રાર્થના કરવી કે 'હે પ્રભુ, મને કંઈ સૂઝ પડતી નથી. મને રસ્તો બતાવ. પ્રભુ તો દયાળુ છે. તે જરૂર રસ્તો બતાવશે.' વાત સાચી પણ છે જ.

રવિશંકર મહારાજને ૧૦૦ વર્ષ પૂરાં થયાં. એક જણે પૂછ્યું, 'મહારાજ, તમને કંટાળો નથી આવતો? તમે અત્યારે ખૂબ વૃદ્ધ થઈ ગયા છો. હવે તમને આ જિંદગીથી કંટાળો નથી આવતો?' પૂ. મહારાજે ખૂબ મર્મજ્ઞ વાણીમાં જવાબ આપ્યો, 'ભાઈ, આવો વિચાર કરવો એ પ્રભુનો દ્રોહ કરવા બરાબર છે. પ્રભુએ જે જિંદગી આપી છે, તેને જીવી જાણવી જોઈએ–બીજાના સુખ માટે. તમે બીજા માટે ઘસાઈને ઉજળા બનો, તો તમારું જીવન ધન્ય બની જશે.' ✷✷✷

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ, અરુણોદય સર્કલ પાસે,
અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭.

ધર્મી આત્માના પાંચ લક્ષણો

❑ છાયા શાહ

૧૪૪૪ ગ્રંથોના રચયિતા પરમગીતાર્થ જ્ઞાનૈશ્વર્યના સ્વામી પૂજ્યપાદશ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ શાસ્ત્રોનું ગહન અધ્યયન કરી શ્રુત સાહિત્યનું મહાન દાન કર્યું છે. આવા પ્રભાવિત ગ્રંથોમાંનો એક ગ્રંથ 'ષોડશક પ્રકરણ'માં ચોથો 'ધર્મચ્છુલિંગ ષોડશક'માં ધર્મી આત્મામાં કેવાં ગુણો હોવાં જોઈએ તેનું વર્ણન કર્યું છે. બાહ્યક્રિયાઓ સાથે આત્મામાં બતાવેલા પાંચ ગુણોથી આત્મા ધર્મી બને છે.

औदार्य दाक्षिण्यं पापजुगुप्साथ निर्मलो बोधः।
लिंङ्गानि धर्मसिद्धे प्रायेण जनप्रियत्वं च ।।

અર્થાત...

૧. ઔદાર્ય ૨. દાક્ષિણ્ય ૩. પાપજુગુપ્સા ૪. નિર્મળ બોધ ૫. જનપ્રિયતા (લોકપ્રિયતા) આદિ ગુણો ધર્મીઆત્મામાં અવશ્ય હોવાં જોઈએ.

૧. ઔદાર્ય :

બીજા પ્રત્યે ઔચિત્ય તેને ઔદાર્ય કહેવાય. ધર્મક્ષેત્રમાં પ્રવેશનાર દરેક આત્મામાં આ ગુણ હોવો આવશ્યક છે. દરેક આત્મા પોતાના સમ છે. તેથી દરેક પ્રત્યેનો વ્યવહાર આદર ભરેલો હોવો જરૂરી છે. ધર્મી આત્મામાં તુચ્છ વૃત્તિનો અંશ માત્ર ન હોવો જોઈએ. બીજા

પ્રત્યેનું વલણ ઉદારતા ભરેલું જોઈએ. ધર્મી આત્માનું હૃદય સાગર સમ વિશાળ હોવું જોઈએ. જે બીજાના દોષોને ક્ષમ્ય ગણી ઉદારતાપૂર્વક માફ કરી દે. તેનું વલણ સંકુચિત ન હોવું જોઈએ. માતા-પિતા, કલાચાર્ય, જ્ઞાતિવૃદ્ધ ધર્મદાતાદિ સાથે વિવેકપૂર્ણ ઔચિત્ય ભરેલો વ્યવહાર રાખવો જોઈએ અને દીન-અંધ-ભીખારી આદિ પર દાનાદિ ઔચિત્ય કરવું જોઈએ. આમ, ધર્મી આત્મા જ્યાં જાય ત્યાં એના ઔચિત્યપૂર્ણ વ્યવહારની સુગંધ મૂકતો જાય.

૨. દાક્ષિણ્ય :

દાક્ષિણ્ય એટલે વિવેકયુક્ત વ્યવહાર. ધર્મી આત્મામાં આ ગુણ ખીલવો આવશ્યક છે. તેના બીજા પ્રત્યેના વ્યવહારમાં ભદ્રતા હોવી જોઈએ. બીજાના શુભ કાર્યમાં ઉત્સાહ આપનાર, બીજા પ્રત્યે ઈર્ષા ભાવનો ત્યાગ કરનાર, અત્યંત સહિષ્ણુ હોવો જોઈએ. વળી પોતે અત્યંત ગંભીર હોવો જોઈએ. બીજાના મર્મોને પોતાનામાં સમાવી લે, ઉઘાડા ન પાડી દે, વાણી વર્તનમાં ગંભીરતા હોવી જોઈએ અને પોતે ધૈર્યવાન હોવો જોઈએ. કોઈપણ કાર્યમાં ધૈર્યતા ક્યારેય ન ગુમાવે. આ બધાં જ ગુણોમાં શુભ ચિત્તવાળા બનવું તેનું નામ દાક્ષિણ્ય.

૩. પાપજુગુપ્સા :

પાપનું અનુબંધ થાય તેવા દરેક વર્તન–વ્યવહાર–વાણી પ્રયોગ પ્રત્યે અણગમો રાખવો તેને પાપજુગુપ્સા કહેવાય. ધર્મી આત્મા પાપનો પરિહાર કરે, ભૂતકાળના પાપોની નિંદા કરે, વર્તમાનમાં મન-વચન-કાયાના પાપયોગથી દૂર રહે અને ભવિષ્યમાં ન કરવાની ચિંતાવાળો હોય. ચિત્તને શુદ્ધ રાખે. પાપના અઢારેય પ્રકાર જાણી તેનાથી દૂર રહે.

૪. નિર્મળ બોધ :

ધર્મ પ્રવેશ માટે નિર્મળ બોધની પ્રાપ્તિ આવશ્યક છે. નિર્મળ બોધ એટલે જે પ્રાપ્ત કરવાથી આત્માના પરિણામોમાં નિર્મળતા ઉત્પન્ન થાય છે. મલિનતા દૂર થાય છે. સર્વજ્ઞ કથિત પ્રશમરસ યુક્ત એવાં શાસ્ત્રોની સુશ્રુષા (ધર્મશ્રવણ) કરવાથી નિર્મળ બોધ થાય છે. આ નિર્મળ બોધ ત્રણ પ્રકારે થાય છે. શ્રુતસાર – સાંભળવાથી ઉત્પન્ન થતું જ્ઞાન. ચિંતનાસાર - ચિંતન દ્વારા ઉત્પન્ન થતું જ્ઞાન. ભાવનાસાર - આત્મભાવમાં એક રૂપ થતું જ્ઞાન.

૫. જનપ્રિયતા :

ધર્મેક્ષુ આત્માનો સ્વભાવ, હૃદય, વાણી અને આકૃતિ એવા સૌમ્ય હોય કે તેને સૌનો સદ્‌ભાવ–સહાનુભૂતિ મળે. ઉપરોક્ત ગુણો અને પોતાના સદાચારથી લોકનો પ્રેમ સંપાદન કરે. આમ પોતે જનપ્રિય બને. ધર્મેચ્છુ વ્યક્તિ જ્યારે જનપ્રિય બને છે ત્યારે તેના નિમિત્તથી લોકગણ પણ ધર્મપ્રશંસક બને છે અને તે દ્વારા કંઈક આત્માને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પણ થાય છે. આમ જનપ્રિય હોવું તે અતિ મહત્ત્વનું લક્ષણ છે.

દરેક ધર્મી આત્મામાં ઉપરના ગુણોરૂપ ભૂમિકા હોવી આવશ્યક છે. આ ભૂમિકા આવ્યા પછી આગળનું ચઢાણ સરળ બને છે. ✷

લાવણ્ય સોસાયટી, અમદાવાદ. ફોન : (૦૭૯) ૬૬૧૨૮૬૦.

કેટલું મોટું નુકસાન !

આંધ્રપ્રદેશમાં આવેલા અલકબીર કતલખાનામાં પહેલાં પાંચ વર્ષોમાં ૩૭,૭૦,૦૦૦ પશુઓની કતલ કરી દેવામાં આવી હતી. જે માત્ર ૨૦ કરોડ રૂપિયા વિદેશી મુદ્રા મેળવવા માટે કતલ થઈ હતી. જો આ પશુધનનું રક્ષણ થયું હોત તો ૯૧૦ કરોડ રૂપિયા પશુઓના દૂધ, ઊન, છાણ, ત્વચા અને પંચગવ્ય (ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ)થી મેળવી શકત. આ કતલથી દેશમાં ૫૦,૦૦૦ ટન દૂધની ઘટ આવી. માંસને ધોવામાં અને સાફ સફાઈમાં ૪૮૦૦૦ લીટર પાણી વપરાયું. ઊન આપનારા પશુઓની કતલથી સરકારને ૪૦૦ કરોડ રૂપિયાથી વધારે કિંમતનું ઊન વિદેશોથી આયાત કરવું પડ્યું. વિદેશથી રાસાયણિક ખાતરની આયાતમાં ૯૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા. ઉપરાંત સરકારને હજારો ટન દૂધનો પાવડર આયાત કરવો પડ્યો. છાણાં ઓછા થવાને કારણે દર વર્ષે ઘરેલુ ગેસની આયાત પર હજારો કરોડ રૂપિયા વપરાયા. ૨૫૦ મિલિયન ઘનમીટર લાકડાં જંગલોમાંથી બળતર માટે કાપવા પડે છે. અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત તો એ છે કે આ કતલથી ૫,૫૩,૩૯૦ ખેડૂતોની રોજીરોટી છિનવાઈ ગઈ.

આ ઉપરથી અનુમાન લગાવી શકાય કે એક અલકબીરના કતલખાનામાં થઈ રહેલી પશુઓની કતલથી આટલું મોટું નુકશાન થાય છે તો દેશના ૩૬૦૦૦થી વધારે લાયસન્સવાળા અને લાખોની સંખ્યામાં ફાલીફૂલી રહેલા બિન લાયસન્સવાળા કતલખાના દ્વારા કતલ કરાયેલા પશુઓથી દેશને કેટલી મોટી હાનિ થતી હશે ? દેશમાં પાણીની જબરદસ્ત કટોકટી હોવા છતાં રોજનું લાખો લીટર પાણી કતલખાનાની સાફસફાઈ કરવામાં વપરાય છે. પશુઓની લગાતાર કતલથી દેશને દર વર્ષે ૬૨૩ કરોડ વિદેશી મુદ્રાનું નુકસાન થઈ રહ્યું છે.

છેલ્લા ત્રણ વર્ષથી થઈ રહેલી કતલને કારણે ૧૦૦૦ લોકોમાં ૮૬ જાનવર જીવતા બચે છે. આગામી દસ વર્ષમાં આ સંખ્યા ઘટીને ૭૭ની થઈ જશે.

(શાંતિસેવકમાંથી) અખિલેશ આર્યેન્દુ

‘માઈકનો ઉપયોગ કેમ ન કરાય?’

□ પ્રવીણા ખોના

પ્ર.જી.ના ફેબ્રુ. ’૧૨ના અંકમાં પુષ્પાબેન પરીખ અનુવાદિત ઉપરોક્ત શીર્ષક લેખ વાંચ્યો. સદર લેખમાં ‘જીવહિંસા’ અંગેના જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતને નજરઅંદાજ કરવામાં આવેલ છે એમ જણાય છે.

પ્રથમ તો વિજળીથી ચાલતા ઉપકરણોના વપરાશમાં શો દોષ સમાયેલો છે એની વિચારણા જરૂરી છે. જૈન સાધુઓ કુદરતી સૂર્યપ્રકાશ સિવાયના અન્ય રીતે ઉત્પન્ન થતા પ્રકાશ જેમાં જીવહિંસા સમાયેલ હોય તેના વપરાશમાં દોષ માને છે. ઘી, તેલ, ઘાસલેટ વિગેરેથી થતી દિવાબત્તીઓના પ્રકાશથી આકર્ષાઈને આવતા કેટલાય જીવજંતુઓની તેમાં બળીને હાણ થાય છે. તેવી જ રીતે વિજળીથી થતી લાઈટોથી પણ જીવજંતુઓ આકર્ષાય છે. અને તેમનો નાશ થાય છે.

જૈનદર્શન પ્રમાણે જીવહિંસા એ પ્રથમ દોષ છે. ‘અઢાર પાપસ્થાનક’માં ‘પ્રાણાતીપાત’ પ્રથમ સ્થાને છે. આપણા મહાન ‘આચારાંગ સૂત્ર’માં પણ ‘જીવહિંસા’ના નિવારણ પર ખૂબ જ ભાર મૂકવામાં આવેલ છે.

૧૩/૧૪ વર્ષની ઉંમરે મને પ્રશ્ન સતાવતો, સાધુઓએ ઈલેકટ્રિકથી ચાલતા લાઈટ, પંખા, માઈક અને અન્ય સાધનોના વપરાશથી શા માટે વંચિત રહેવું જોઈએ? મારો પ્રશ્ન મેં મારા પૂ. પિતાશ્રી સમક્ષ મૂક્યો. એમણે મને સામો પ્રશ્ન પૂછ્યો, ‘વિજળી કેમ ઉત્પન્ન થાય છે?’ મારો જવાબ ‘પાણીનો ધોધ પડવાથી ટર્બાઈન ચાલે છે, જેનાથી વિજળી ઉત્પન્ન થાય છે.’ પૂ. પિતાશ્રીએ સમજાવેલ પાણી પોતે તો જીવ છે, પરંતુ એમાં પણ કેટલાય નાનામોટા જીવ હોય છે. પાણીનો ધોધ પડવાથી અને ટર્બાઈન ચાલવાથી એમનો નાશ થાય છે. અને ખૂબ જ મોટા પ્રમાણમાં જીવ હિંસા થાય છે.

સૂક્ષ્મ રીતે વિચારતાં, વિજળીથી ચાલતા ઉપકરણો દા. ત. લાઈટ, પંખા, માઈક, વિગેરેના વપરાશમાં જીવહિંસા સમાયેલા છે, જે કારણે જૈન સાધુઓ એ ઉપકરણોનો ઉપયોગ કરતા નથી. થર્મલ પાવર અને અણુશક્તિ તથા બેટરીથી ઉત્પન્ન થતી વિજળી અને તેનાથી ચાલતા ઉપકરણોના વપરાશમાં કેટલી જીવહિંસા સમાયેલી છે તે અભ્યાસનો વિષય છે.

જીવન જીવવામાં હર પગલે અને હર ક્ષણે હિંસા થતી હોય છે. પરંતુ અનિવાર્ય હોય તેવી અને હિંસા કરવાનો આશય ન હોય તેવી કાળજીપૂર્વક થતી ક્રિયામાં મામુલી દોષ સમાયેલો હોય છે.

પ. પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજીની તેમની ૯૦ વર્ષની ઉંમરે તેમના હાર્ટમાં ‘પેસમેકર’ બેસાડવાની સલાહ ડૉક્ટરોએ આપેલ. ડૉક્ટરો અને આગેવાનોના આગ્રહ છતાંય તેમણે એ માટે સંમતિ નહોતી આપી. કારણ, ‘પેસમેકર’ બેટરી સેલથી ચાલે છે. જીવહિંસા નિવારણની કેટલી સૂક્ષ્મ વિચારણા!

વર્તમાન સમયમાં મોટા ભાગના સાધુઓ આટલી હદ સુધી જીવહિંસા નિવારણ માટે તૈયારી ન પણ બતાવે. જીવ હિંસાનો દોષ ટાળવા કોઈ સાધુ-શ્રાવક કેટલી હદ સુધી તૈયાર થાય એ એનો અંગત પ્રશ્ન બની જાય છે.

આજે એક બાજુ કેટલાક આચાર્યો અને સાધુઓ મોટર-વિમાનમાં પ્રવાસ કરતા થઈ ગયા છે. (જમાનો ખૂબ જ આગળ વધી ગયો છે) જ્યારે બીજી બાજુ કેટલાક સાધુઓ માઈકનો વપરાશ કરવા પણ તૈયાર થતા નથી. જીવહિંસાના દોષ નિવારણ માટે સાધુઓ કેટલી હદ સુધી જવું એ અંગત વિચારસરણીનો પ્રશ્ન બની જાય છે.

વિશાળ જન સમુદાયને વ્યાખ્યાન વાણીના લાભ મળી રહે તે માટે અંગત દોષ વહોરીને પણ માઈકનો ઉપયોગ કરવો કે નહીં એ દરેક સાધુનો અંગત પ્રશ્ન બની જાય છે. વિજળી વગર પણ ચાલતા માઈકના વપરાશમાં કેટલી જીવહિંસા સમાયેલી છે તેનો અભ્યાસ જરૂરી છે.

૪૦/૫૦ વર્ષો પહેલાં અમારા સ્થાનિક ઉપાશ્રય (ખારેક બજાર, મુંબઈ)માં પધારતા સાહેબો વ્યાખ્યાન, વિગેરે માટે માઈકના વપરાશ માટે ના પાડતા. અમારા પૂ. પિતાજી એમને સૂચવતા, કે તમે માઈકમાં ના બોલતા. પરંતુ તમારાથી ચાર-પાંચ ફૂટ દૂર માઈક રાખીને અમે તમારી વાણી માઈકમાં ઝીલીને હાજર વિશાળ સમુદાયને તમારી વાણીનો લાભ આપીશું. દોષ અમને લાગશે, તમને નહીં. જો એમ નહીં કરીશું તો વ્યાખ્યાન ન સંભળાતાં કેટલાક લોકો ચાલ્યા જશે, કેટલાક લોકો વાતોએ ચડશે. કેટલાક લોકો ઊંઘવા લાગશે. સાહેબો સૂચન માની જતા. ✷✷✷

૯/૧૦, શીલા સદન, સીઝર રોડ, આંબોલી, અંધેરી (વે.),
મુંબઈ-૪૦૦૦૫૮. મોબાઈલ :9930302562

દુ:ખદ વિદાય

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સ્થાપકમાંના એક અને ‘પ્ર.જી.’ના પૂર્વ તંત્રી શ્રી પરમાણંદ કાપડિયાના સુપુત્રી અને સ્વાતંત્ર્ય સેનાની શ્રી સૂર્યકાંત પરીખના પત્ની **ગીતા પરીખ**નું તા. ૭ એપ્રિલે અમદાવાદ ખાતે અવસાન થયું છે.

ગીતા પરીખ કવયિત્રિ અને ચિંતનાત્મક લેખોના લેખિકા હતા. એમનો કાવ્ય સંગ્રહ પણ પ્રકાશિત થયો છે. ‘પ્ર.જી.’માં એમના નિયમિત લેખો પ્રકાશિત થતા.

શ્રી મું. જૈ. યુ. સંઘ અને ‘પ્ર.જી.’ ગીતાબેન પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પે છે. સદ્‌ગતના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાવ.

ૐ અર્હમ્ નમ:

□ તંત્રી

બિલ્લુ–ફાયર બ્રિગેડ મેન : કૅન્સર ગ્રસિત બાળકની લઘુ કથા

□ માણેક એમ. સંગોઈ

અમેરિકાના ફિનિક્સ શહેરમાં ૨૬ વર્ષની માતા પોતાના છ વર્ષના બ્લડ કૅન્સરથી ગ્રસિત પુત્રની ઊંડી વ્યથામાં હતી. પણ પોતાના વ્હાલા બેટાને ખુશ રાખવા માટે એટલી જ મક્કમ હતી. દરેક માતા-પિતાનું સ્વપ્ન હોય છે એમનું સંતાન સુખી રહે અને ખૂબ પ્રગતિ કરે. એમના સ્વપ્ના પૂરા કરે. પરંતુ આ બાળકનું આયુષ્ય હજી કેટલું બાકી હશે એ કહી શકાય તેમ ન હતું. લોહીનું કૅન્સર આ બાળકને ધીરે ધીરે ભરખી રહ્યું હતું પણ એની માતા એના પુત્રના સ્વપ્ના પૂરા કરવા માંગતી હતી.

પોતાના પુત્રનો કોમળ હાથ પોતાના હાથમાં લઈને વાત્સલ્યતાથી પૂછ્યું, 'બિલ્લુ બેટા, તું મોટો થઈને શું બનવા માંગે છે?' બિલ્લુ બોલ્યોઃ 'મમ્મી, હું ફાયર બ્રિગેડનો ફાયરમેન બનવા માંગું છું. એ લોકો પોતાના રુઆબદાર ડ્રેસમાં ફાયર એન્જિનમાં સાયરન બજાવતાં કેવા જાય છે!' એની મમ્મીની આંખ ભીની થઈ, હળવું સ્મિત લાવી બિલ્લુના માથા પર ફેરવતી બોલી, 'જરૂર બેટા તારી ઇચ્છા જલ્દી પૂરી થશે.' વિલંબ કર્યા વિના એ જ સાંજે એણે ફિનિક્સના ફાયર બ્રિગેડનો સંપર્ક કર્યો ને, બિલ્લુની બધી વિગત એમને કહી ને વિનંતી કરી કે જો શક્ય હોય તો બિલ્લુને ફાયર એન્જિનની ગાડીમાં બેસાડી ફેરવશો તો આભારી થઈશ.' ફિનિક્સ શહેરનો વિસ્તાર જેટલો મોટો છે એવા જ વિશાળ હૃદયનો ફાયરબ્રિગેડનો ચીફ બોબ હતો. એણે ઉત્સાહભર્યા અવાજમાં ખેલદિલીથી જવાબ આપ્યો, 'મેડમ, અમે એનાથી પણ વિશેષ બિલ્લુ માટે કરીશું. એને તમે બુધવારના સવારના સાત વાગે તૈયાર કરજો. અમે બિલ્લુને માનદ ફાયરમેન બનાવશું ને એને ફાયર એન્જિનની ગાડીમાં બેસાડી બધે ઠેકાણે ફેરવશું. તમે ફાયર બ્રિગેડમેનના ડ્રેસ માટે એના કપડાનું અને બુટનું માપ મોકલશો. એને શોભે એવી ફાયર બ્રિગેડની પીળી ટોપી જેના પર લોગો હશે અને એનો યુનિફોર્મ બૂટ સાથે તૈયાર રાખશું.'

ત્રણ દિવસ પછી બધી તૈયારી થઈ ગઈ. બિલ્લુનો ડ્રેસ, હેટ, બૂટ વિગેરે બધું જ. એ ખરેખર માનદ્ ફાયર બ્રિગેડ મેન હોય એવા માનથી એને લેવા આવ્યા ત્યારે એણે એનો યુનિફોર્મ, હેટ અને બૂટ પહેરાવી ફાયર એન્જિનની ગાડીમાં આગળ બેસાડી ફાયર સ્ટેશન લઈ આવ્યા. એણે ત્યાં ભોજન લીધું. એ દિવસે ફાયર સ્ટેશને ત્રણ કોલ આવ્યા. ત્રણે જગ્યાએ એને લઈ ગયા. એકવાર એન્જિનની ગાડીમાં, એકવાર એમ્બ્યુલન્સમાં મેડિકલ ટીમ સાથે અને એકવાર ચીફની કારમાં. બિલ્લુ આ અનોખા અનુભવથી એ જાણે સ્વર્ગમાં હતો. એનું સ્વપ્ન સાકાર થઈ ગયું હતું. ખૂબ જ ખુશ હતો. ટીવીવાળાઓએ આવીને ફિલ્મ તૈયાર કરી. સૌએ બિલ્લુને ભરપુર સ્નેહ આપ્યો. ડૉક્ટરોના ધારવા કરતા બિલ્લુ ત્રણ મહિના વધારે જીવ્યો.

જ્યારે એની અંતિમ ઘડી નજીક આવી. એના હૃદયની, નાડીની અને શ્વાસની ગતિ મંદ પડવા લાગી ત્યારે 'હોસપીસ કેર', જ્યાં કૅન્સરના ગંભીર દર્દીઓનું શાંતિથી મૃત્યુ થાય એ, સંસ્થાવાળાઓએ બિલ્લુના કુટુંબીજનોને ને સાથે ફાયર બ્રિગેડના ચીફને જાણ કરી કે બિલ્લુની જીવનયાત્રા પૂરી થવા આવી છે અને વિનંતી કરી પૂછ્યું કે ફાયરમેન પોતાના યુનિફોર્મમાં આવી શકશે કે? ચીફે જવાબ આપ્યો, 'એનાથી પણ વિશેષ વ્હાલા બિલ્લુ માટે કરીશું. તમે જોતાં રહી જશો. અમે માત્ર પાંચ મિનિટમાં ત્યાં પહોંચીએ છીએ. કૃપા કરીને એક કામ કરી શકશો કે? અમે આવીએ ત્યારે સાયરન વાગતો હશે, લાઈટ જબુક જબુક કરતી હશે. તમે તમારા લાઉડ સ્પીકરથી એનાઉન્સમેન્ટ કરાવજો કે બિલ્ડિંગમાં આગ નથી લાગી કોઈ ચિંતા ન કરે પણ ફાયર બ્રિગેડવાળા એના પ્યારા નાના મિત્રને મળવા આવ્યા છે. બિલ્લુના રૂમની બારીઓ ખુલ્લી રાખજો.' પાંચ મિનિટ પૂરી થઈ કે ફાયર બ્રિગેડનો સાયરન રૂમ પાસે સંભળાયો. બત્તીઓ જબુક-જબુક થઈ. બિલ્ડીંગ પાસે બારી નીચે ગાડી ઊભી રહી, સીડીઓ લાગી ગઈ. બિલ્લુના રૂમ પાસે ત્રીજા માળે સીડીથી પહોંચવાની તૈયારી થઈ. ચીફ સાથે સોળ ફાયર ફાઈટર પોતાના યુનિફોર્મમાં ઉપર ચડી બારીમાંથી બિલ્લુના રૂમમાં આવી અદબથી ઊભા રહ્યા. બિલ્લુની મમ્મીની રજા લઈ. ફાયર બ્રિગેડના ચીફ બિલ્લુને વાત્સલ્યપૂર્વક ભેટ્યા અને એનો હાથ પોતાના હાથમાં લઈ બોલ્યા, 'બિલ્લુ, તને અમે ખૂબ ચાહીએ છીએ.' ખૂબ ધીમા અવાજે-મંદ શ્વાસે બિલ્લુ બોલ્યો, 'થેંક યુ, ચીફ સાહેબ, હું ખરેખર ફાયરમેન છું ને!'. ચીફે કહ્યું, 'બિલ્લુ તું સાચે જ ફાયરમેન છો, ઈશ્વરે તારો હાથ પકડ્યો છે.' આ સાંભળી બિલ્લુએ જવાબ આપ્યો, 'હા, ઈશ્વરે મારો હાથ પકડ્યો છે અને બધા દેવદૂત આવી મારી આસપાસ સંગીત વગાડી રહ્યા છે.' આટલું બોલી બિલ્લુએ હંમેશ માટે આંખ મીંચી દીધી. બધા ફાયર બ્રિગેડ મેન બે મિનિટ માટે આ છ વર્ષના નાના દિવંગત ફાયરમેનના માનમાં સલામી આપી મૌન ઉભા રહ્યાં.

* * *

૧૮, સાગર પ્રભા, પ્રભાદેવી બીચ રોડ, મુંબઈ–૪૦૦૦૨૫.
મોબાઈલ - ૦૯૧૬૭૪ ૬૫૨૪૨. ફોન : ૨૪૨૧૧૧૧૬.

સુખ પતંગિયા જેવું છે. જો તેને પકડવા જઈએ તોતે ઉડી જાય; પણ ચૂપચાપ બેસીએ તો તે આપણી પાસે આવી જાય.

ગુણોની પારમિતા : જીવનનું પરમોચ્ચ લક્ષ્ય

□ શાંતિલાલ ગઢિયા

શાળાનો શિક્ષક, કારખાનાનો કારીગર કે સિતારના તાર છેડતો કલાકાર-દરેકના કાર્યમાં પરિપૂર્ણતા (Perfection) અને ઉત્તમતા (Excellence) હોય તો જ કાર્ય દીપી ઊઠે છે. વ્યક્તિએ શારીરિક અને માનસિક શક્તિ પૂરેપૂરી કામમાં રેડી દેવાની હોય છે. અન્યથા અધકચરું કાર્ય લોકહૃદયમાં સ્થાન જમાવી શકતું નથી. કાર્યની ઉત્કૃષ્ટતા વ્યક્તિના બાહ્ય વિકાસનું પરિબળ બને છે. તેને સમાંતર આંતરવિકાસ પણ થતો રહેવો જોઈએ. આ માટે ગુણોની ઉત્કૃષ્ટતા જરૂરી છે. અર્થાત્ દાન, શીલ, શાંતિ, પ્રજ્ઞા, સત્ય, ધ્યાન, મૈત્રી આદિ ગુણો આપણા આચાર-વિચારમાં ઉત્તમ અને પરિપૂર્ણ રીતે વણાયેલા હોવા જોઈએ.

નીતિશાસ્ત્ર આ સ્થિતિને 'ગુણોની પારમિતા' કહે છે. 'પારમિતા' એટલે ગુણનો પાર માનવો, ગુણની પરમોત્કૃષ્ટ પ્રાપ્તિ કરવી. આ ક્યારે શક્ય બને ? વસ્તુની આરપાર જઈએ તો જ તેનો અખિલ સ્વરૂપમાં પરિચય થાય છે. તેમ ગુણનો મર્મ સમજીને, રહસ્ય પામીને એને પૂર્ણતઃ આત્મસાત્ કરીએ તો તે દૃઢીભૂત થાય છે. આ સ્થિતિને 'પારમિતા' કહે છે અથવા વ્યક્તિ પારમિત બની છે એમ કહેવાય છે. ગુણનો અર્ધદગ્ધ-અધૂરો-આંશિક વિકાસ નહિ, પરંતુ અશેષ-સંપૂર્ણ-વિકાસ થયો હશે તો જ જીવનનું ઊર્ધ્વ આરોહણ શક્ય બનશે.

મહાવીર સ્વામીની અહિંસા, તપ, તિતિક્ષા, ક્ષમા આદિ ગુણોની પારમિતાએ એમને 'મહાવીર' બનાવ્યા. ભગવાન મહાવીરે કદી એમ નહોતું કહ્યું કે મારી અહિંસા આટલા જીવો પૂરતી અને આટલા સમય પૂરતી સીમિત છે. સર્વ સ્થળે, સર્વ કાળે, સર્વ જીવો પ્રતિ સર્વાંશે અહિંસા એમને અભિપ્રેત હતી.

મિત્ર-મિત્ર વચ્ચેનો પ્રેમ પારમિતાનું કેવું સુંદર રૂપ ધારણ કરે છે, તેનો એક કિસ્સો ગ્રીક સાહિત્યમાં જડે છે. ડામોન અને પીથિયાસ બે મિત્રો. સરમુખત્યાર રાજાને હટાવવાની ગુપ્ત યોજનામાં જોડાયા. પીથિયાસ પકડાયો. મૃત્યુદંડની સજા થઈ. એણે સગાવહાલાંને મળવાની રજા માગી, પણ કોઈ જામીન થાય તો જ આ મંજૂરી મળી શકે. મિત્ર ડામોન તૈયાર થયો. ત્રણ દિવસમાં પીથિયાસ પાછો આવે નહિ તો ડામોનને ફાંસી આપવી એમ નિશ્ચિત થયું. એક દિવસ જવાનો, એક દિવસ ઘેર રહેવાનો અને એક દિવસ પાછા ફરવાનો, આવી ગણતરી હતી. બન્યું એવું કે વળતાં માર્ગમાં નદીમાં પૂર આવ્યું, જંગલમાં લૂંટારાનો ભેટો થયો, ઘોડો વિફર્યો અને અધૂરામાં પૂરું રસ્તો ભૂલાઈ ગયો. ત્રણ દિવસ પૂરા થવામાં હતા. ડામોનને ફાંસીના માંચડે લાવવામાં આવ્યો. 'તારો મિત્ર તને દગો દઈ છટકી ગયો,' ડામોનની મજાક ઉડાવવામાં આવી. ડામોન પોતાના હાથે ગળે ફાંસો ગોઠવતાં બોલ્યો, 'મને ખાતરી છે કે એને કંઈક થયું હશે. હું એને માટે ખુશીથી પ્રાણ આપું છું. એ આવશે ત્યારે એને કશી સજા નહિ થાય એ આપનું વચન આપને યાદ કરાવું છું.'

દૂરથી અવાજ સંભળાયો, 'થોભો ! હું આવી ગયો છું.' એ પીથિયાસ હતો. બંને મિત્રો ભેટ્યા. રાજાએ બંનેને ક્ષમા બક્ષી અને માગણી કરી, 'મને પણ તમારો મિત્ર બનાવો.'

વ્યાવહારિક જગતમાં આજે માણસ સત્ય, દાન, શીલ વગેરે ગુણોની બાબતમાં બાંધછોડ કરવામાં જરાય ભોંઠપ અનુભવતો નથી. સત્યનો પક્ષધર ક્યારેક સ્વાર્થાંધ બની અસત્યની આંગળી પકડી લે છે. દાનનો મહિમા ગાનાર ક્યારેક અજ્ઞાનવશ દાનની તક આંખ સામેથી જવા દે છે. એક ધર્માનુરાગી બહેન દાનપુણ્યને પોતાનું પરમ કર્તવ્ય માનતા. આંગણે આવેલ અભ્યાગતને કદી જાકારો ન આપે. એક દિવસ બહાર જવાની તૈયારી કરતા હતા અને એક સાધુમહારાજ આવ્યા. બહેન મનમાં બબડ્યા, 'અપાસરે જવાનું મોડું થાય છે અને આ સાધુ...' એમણે સાધુને અણગમાથી કહ્યું, 'મહારાજ, કાલે આવજો.' પતિથી ન રહેવાયું. 'અરે, અત્યાર પછીની એક પળ સુદ્ધાં આપણા તાબામાં નથી અને તું મહારાજને કાલનો વાયદો આપે છે !' એ ભાઈ ઊભા થયા. રસોડામાંથી મોટો ત્રાંસ ઉઠાવ્યો અને તેના પર જોરથી ડંડો પછાડી આજુબાજુ બધાને સંભળાય એમ બોલવા લાગ્યાઃ 'સાંભળો છો તમે લોકો ? કાન્તાગૌરીએ આજે કાળ પર વિજય મેળવ્યો છે. ધામધૂમથી એમની જીતનો ઉત્સવ મનાવો.' કાન્તાગૌરી વ્યંગ સમજી ગયા. એમને પસ્તાવો થયો.

ગુણોની પારમિતા આગળ શરીરનું કે ઈન્દ્રિયોનું સુખ સાવ ગૌણ બની જાય છે. તેથી જ મૂક-બધિર-અંધ મહિલા હેલન કેલર એક જગ્યાએ કહે છેઃ

'મારી આંખો ગઈ, વાણી ગઈ, શ્રવણશક્તિ ગઈ, તો ભગવાને મને સ્પર્શની અજબ શક્તિ આપીને ન્યાલ કરી દીધી. બહારનો સૂરજ ન જોઈ શકવાનો મને કોઈ જ વસવસો નથી. શાંતિ, પ્રેમ, ધૈર્ય, મધુરતા, સમતા અને ક્ષમાશીલતા જેવા આશિષ વરસાવીને ઈશ્વરે મારા અંતરચક્ષુ ઉઘાડી નાખ્યા છે.'

પારમિત વ્યક્તિ સ્થળકાળની દિવાલો ભેદી વિશ્વફલક પર ટોચના સ્થાને બિરાજે છે.

આપણા સૌનો એ જ આદર્શ હો ! એ જ લક્ષ્ય હો ! ✷ ✷ ✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦૦૦૬. ફોન : ૦૨૬૫-૨૪૮૧૬૮૦.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત

૨૧મો જૈન સાહિત્ય સમારોહ

સમારોહ સૌજન્ય : રૂપમાણક ભંસાળી ટ્રસ્ટ

એક અદ્‌ભુત-અવિસ્મરણીય સાહિત્ય સમારોહની જ્ઞાનગંગાનું આચમન...

□ પારુલબેન ભરતકુમાર ગાંધી (રાજકોટ)

જ્ઞાન એ આંખ છે અને ક્રિયા એ પાંખ છે. મોક્ષ મેળવવા માટે એ બંનેનો સમન્વય હોવો જરૂરી છે. કોઈપણ એક-માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયાથી મોક્ષ મળી શકે નહિ. જ્ઞાન અને ક્રિયાનો સમન્વય જ આત્માને પરમાત્મા બનાવે છે, સિદ્ધ-બુદ્ધ અને મુક્ત બનાવે છે. જ્ઞાનનું આચમન કરવું હોય તો જ્ઞાનગંગામાં ડૂબકી મારવી પડે. વર્તમાને જ્ઞાનનું મહત્ત્વ ઉત્તરોત્તર વધતું જાય છે. એમાં પણ જૈન સાહિત્યને દુનિયામાં શ્રેષ્ઠ ગણી શકાય કારણકે સાહિત્ય જગતમાંથી જો જૈન સાહિત્યની બાદબાકી કરવામાં આવે તો શેષ અલ્પ જ રહે. સંસ્કૃતિ-ઇતિહાસ-સમાજનો ક્રમિક વિકાસ આ બધાનો અભ્યાસ કરવો હોય તો જૈન સાહિત્યને જાણવું પડે. અત્યાર સુધી જૈન સાહિત્યની ઉપેક્ષા જ થતી રહી છે, તેના પ્રત્યે ઉદાસીનતા જ કેળવાતી રહી છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આ ક્ષેત્રે જાગૃતિ આવી છે તેને કારણે આ ક્ષેત્રે ખેડાણ થવા લાગ્યું છે. જૈન સાહિત્ય સમારોહનું આ ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન છે તેમ કહીશું તો પણ અતિશયોક્તિ નહિ ગણાય.

પંજાબકેસરી, સમયદર્શી, આચાર્ય ભગવંત શ્રી વિજય-વલ્લભસૂરિજીએ આવનારા સમયને ઓળખીને આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં વિદ્યા-શિક્ષણ પ્રવૃત્તિનું બીજ વાવ્યું. અજ્ઞાન, અંધશ્રદ્ધા અને સંકુચિતતાના સમયમાં આવનારી પેઢીને વિકાસના શિખરે પહોંચાડવા તેમણે લોકોનો વિરોધ સહન કરીને, સામા પવને તરીને મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી. આજે તો આ સંસ્થા વટવૃક્ષ બની મહોરી ઊઠી છે. આ સંસ્થામાં ભણેલા વિદ્યાર્થીઓએ દેશ-વિદેશમાં જઈને એવો તો વિકાસ સાધ્યો છે કે એ સાંભળીને હૈયું ગદ્‌ગદિત થઈ જાય. ધીમે ધીમે તેમાં અપાતી સેવાઓનો વ્યાપ વધ્યો અને આજે તો ગરીબ અને મધ્યમ વર્ગના યુવાન-યુવતીઓ માટે આ સંસ્થા 'નોધારાના આધાર' સમાન બની ગઈ છે.

વ્યવહારિક શિક્ષણ સાથે સાહિત્યનું ખેડાણ પણ જરૂરી છે તે જાણતા સંસ્થાના પાયાના પથ્થરોએ આ ક્ષેત્રે પણ પહેલ કરી. સંસ્થાને સાથ મળ્યો સુજ્ઞ શ્રાવક, તત્ત્વદૃષ્ટા, ધર્મપરાયણ અને સાહિત્યપ્રેમી એવા ડૉ. રમણલાલ ચી. શાહનો. જૈન સાહિત્યનું સંશોધન થાય, સંમાર્જન થાય અને જૈન સાહિત્ય તેના સાચુકલા ગૌરવને પ્રાપ્ત કરે તે માટે તેમણે કમર કસી. લોકોને જૈન સાહિત્ય તરફ વાળવા, તેમાં રસ લેતા કરવા તેમણે ૧૯૭૭માં જૈન સાહિત્ય સમારોહનો પ્રારંભ કર્યો. ધીમે ધીમે વિદ્વાનો રસ લેતા ગયા. એક પછી એક કરતાં આ સાહિત્ય સત્રે, આજે ૨૦-૨૦ પગથિયા ચડી, ૨૧ મે પગથિયે પગ મૂકી, શિખરે પહોંચવા હરણફાળ ભરી છે.

આ એકવીસમા સાહિત્ય સમારોહનું આયોજન તા. ૨૨ થી ૨૫ માર્ચ, ૨૦૧૨ - રાજસ્થાનના પાવાપુરી તીર્થ જીવમૈત્રીધામમાં યોજાયું.

આયોજન સ્થળ :

આ સમારોહના આર્ષદૃષ્ટા શ્રી રમણભાઈનો એવો આગ્રહ રહેતો કે સાહિત્ય સમારોહનું આયોજન તીર્થસ્થળોમાં કરવું જેથી જોડાનારના હૃદયમાં પણ ભક્તિભાવની ભરતી આવે. આ ભાવનાને ધ્યાનમાં રાખી આ કાર્યક્રમનું આયોજન રાજસ્થાનના પાવાપુરી-સર્વજીવ મૈત્રીધામમાં કરવામાં આવ્યું. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મનોકારિણી, પાવનકારિણી, પાપહરિણી પાવન પ્રતિમાને જોઈ, તેમના દર્શન કરી ધન્ય બનાય છે તથા પરમ તીર્થંકર ભવ દુ:ખભંજક શ્રી મહાવીરસ્વામીની ચૌમુખજીના દર્શન કરતાં હૈયામાં ભક્તિભાવની ભરતી આવે છે. અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાથરનાર મા સરસ્વતીના જ્યાં બેસણા છે, મા પદ્માવતી, મા ઓશિયાજી અને મા અંબિકા જ્યાં સદૈવ આશીર્વાદ વરસાવે છે, પાંચ આચાર પાળનાર આચાર્ય ભગવંતોના દર્શન છે તથા જીવદયાના પ્રતીકરૂપ સુંદર ગૌશાળા છે, જ્યાં ગાયમાતાઓ ચૌવિહારરૂપ મંગળમય ધર્મનું આચરણ કરી આવતા ભવનું ભાથું બાંધી રહી છે, જે ધરતીની ધરા ભગવાન મહાવીરની ચરણરજથી પવિત્ર બની છે એવા રાજસ્થાનની પુણ્ય પ્રતાપી ભૂમિ ઉપર જીવમૈત્રીધામનો ઉદ્‌ગમ થયો એવા મહાન તીર્થ પાવાપુરીની ધાર્મિક, સાંસ્કૃતિક, પ્રાકૃતિક સૌંદર્યની સૌરભ વિશ્વના ખૂણે-ખૂણામાં પહોંચી ગઈ છે તેવા તીર્થમાં આયોજન થયું.

ગ્રંથો એ માત્ર સ્યાહીથી લખાયેલી રચનાઓ નથી પરંતુ ઘણા બધા ઉદ્દેશોને નજર સમક્ષ રાખી કરવામાં આવેલ એક આયોજનબદ્ધ ઉત્તમ નજરાણું છે. સમાજને માટે તે અમૂલ્ય છે. કારણકે તેનાથી જ પેઢી-દરપેઢી રીત-રિવાજો, સંસ્કારો અને સંસ્કૃતિનું પેઢી-દરપેઢી

હસ્તાંતરણ થાય છે. આવા સાહિત્યનું સંશોધન કરી તેને ગ્રંથસ્થ કરવાથી આવનારી અનેક પેઢીઓ સુધી સાહિત્યના વારસાને જીવંત રાખી શકાય છે. આવા આ અદ્‌ભુત, ઐતિહાસિક, અવિસ્મરણીય કાર્યક્રમનું આયોજન થયું શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા-આયોજક ડૉ. ધનવંતભાઈ શાહની રાહબરી નીચે અને સૌજન્ય સાંપડ્યું મુંબઈના 'રૂપ-માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ'નું.

આ સાહિત્ય સમારોહે આભની ઊંચાઈને આંબી લીધી છે. દિન-પ્રતિદિન સંશોધકોની વધતી સંખ્યાએ ૧૦૦ નો આંક વટાવી દીધો છે.

જ્ઞાન-ભાવના-સેવા-ઐક્ય અને સમર્પણનો જેમાં મહાસંગમ થયો છે તેવા આ મહાયજ્ઞમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ તથા કસ્તુરભાઈ લાલભાઈ ઈન્ડોલોજી ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર જિતેન્દ્રભાઈનું યોગદાન પણ મહત્ત્વનું રહ્યું. પોતપોતાના ક્ષેત્રના પ્રખર વિદ્વાન, નામાંકિત અગ્રણી હોવા છતાં મિલનસાર સ્વભાવ, સાદગીપૂર્ણ સરળતા અને નિરાભિમાની વ્યક્તિત્વના સ્વામી એવા આ બંને મહાનુભાવોએ વિષયોની પસંદગી અને શોધક્ષેત્રની અધ્યક્ષતા ગ્રહણ કરી વિદ્વાન રાહબરની આગેવાની પૂરી પાડી અને સર્જાયો એક યાદગાર સાહિત્ય સમારોહ. બંને મહાનુભાવોએ ધનવંતભાઈની સાથે કદમ મિલાવીને કાર્ય કર્યું અને એક બેનમુન આયોજનની જૈન સમાજને ભેટ આપી. આ ઉપરાંત શ્રી ગુણવંતભાઈ બરવાળિયા, શ્રી અભયભાઈ, શ્રી ગુલાબભાઈ, શ્રી ધરમચંદજી જેવા વિદ્વાનોનો પણ પ્રશંસનીય ફાળો રહ્યો.

આ સમગ્ર સુચારુ આયોજનને સૌજન્ય દ્વારા મૂર્ત સ્વરૂપ આપ્યું શ્રી રૂપ-માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ-મુંબઈએ. જેના થકી આ ગૌરવમય, ગરિમાપૂર્ણ, ઐતિહાસિક ક્ષણોનો યાદગાર અનુભવ પ્રાપ્ત કરવાની, સહભાગી બનવાની સર્વેને તક મળી એવા બંધુબેલડી શ્રી વલ્લભભાઈ અને શ્રી મંગલભાઈ ભંશાલીની તો શું વાત જ કરવી? ધર્મલક્ષ્મી, પુણ્યલક્ષ્મી, કર્મલક્ષ્મી, ધનલક્ષ્મી, જ્ઞાન-લક્ષ્મી, સંસ્કારલક્ષ્મી અને ભાગ્યલક્ષ્મીના સ્વામી આ બંધુબેલડીએ પોતાના સમગ્ર પરિવારના સહયોગથી, બીજી વખત સાહિત્ય સમારોહનું યજમાનપદ શોભાવ્યું જે ખરેખર પ્રશંસનીય, પ્રેરણાદેય અને અનુકરણીય છે. માતા-પિતા અને વડીલ બંધુને અનોખી, સરાહનીય જ્ઞાનાંજલિ દ્વારા શ્રદ્ધાંજલિ ખરેખર બેમિસાલ રહી.

અઢળક સંપત્તિના સ્વામી તો ઘણા હોય છે પણ દિલની અમીરાઈ તો કોઈકને જ પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત થયેલી લક્ષ્મીને સન્માર્ગે વાપરી તેનો પુણ્યાનુબંધી પુણ્ય બાંધવામાં ઉપયોગ કરવાની કળા કોઈક વિરલાને જ પ્રાપ્ત થયેલી હોય છે. આ બંધુબેલડીને એ કળા હસ્તગત છે. તેમનામાં રહેલી આત્મિયતા, સરળતા, સાદગી, નિરાભિમાનીપણું, ઉત્કટ ધર્મપ્રેમ, ઉદારતા, સંસ્કારિતા અને સાધર્મિક વાત્સલ્યના ગુણો જોઈ ચોથા આરાના શ્રાવકની યાદ આવી જાય. પિતાશ્રીએ આપેલ ધર્મ, કુટુંબપ્રેમ અને સંસ્કારવારસાને તેમણે અખંડ રીતે જાળવ્યો જ નથી સવાયો કર્યો છે. જ્ઞાનનું સંવર્ધન, સંશોધન અને સંમાર્જન કરવાના આ પુણ્યકાર્યમાં સહભાગી થઈ તેમણે જ્ઞાનતીર્થની, હાલતા-ચાલતા સ્થાપત્યની સ્થાપના કરી છે તેમ કહીશું તો તેમાં જરાપણ અતિશયોક્તિ નહિ ગણાય. વળી ૩૦૦ જેટલા વિદ્વાનો, જિજ્ઞાસુઓનો જે રીતે 'આતિથ્ય સત્કાર' કર્યો તેનાથી 'અતિથિ દેવો ભવ'ની ઉક્તિ યથાર્થ ઠેરવી.

આ સાહિત્ય સમારોહ ધર્મ, જ્ઞાન અને લક્ષ્મીનો અદ્‌ભુત ત્રિવેણીસંગમ બની ગયો. શાસનદેવી મા સરસ્વતી અને મા લક્ષ્મીના આશીર્વાદરૂપ આ ભગીરથ કાર્યના સંચાલનમાં શ્રી કાંતિભાઈ અને શ્રી દિલીપભાઈ સુંદેશાની ટીમનો પણ ખૂબ મહત્ત્વનો ફાળો રહ્યો જેને કારણે સમગ્ર પ્રસંગને ચાર ચાંદ લાગ્યા. શ્રી પારસમલજી ભંશાલી, શ્રી મોહનલાલજી, શ્રી બાફનાજી જેવા વડીલ મહાનુભાવોએ આ પ્રસંગમાં સતત ઉપસ્થિત રહી સર્વેને એક પ્રેરણાબળ આપ્યું.

જૈન સાહિત્યની રચના ઘણા બધા પ્રકારમાં જોવા મળે છે, જેમ કે રાસ, સ્તવન, સ્તુતિ, સુભાષિત, ગીત, ચૌપાઈ, હરિયાળી, છંદ, દૂહા વગેરે. આગમો ઉપરાંત અન્ય ગદ્ય-પદ્ય રચનાઓનો મુખ્ય ઉદ્દેશ લોકોને પ્રતિબોધ આપી જીવનને સન્માર્ગે વાળવાનો રહ્યો છે. આ રચનાઓમાં ભારતીય ઇતિહાસ, કલા, સાહિત્ય, સંસ્કૃતિ, સમાજ, સંસ્કાર અને રીત-રિવાજોનું પ્રતિબિંબ જોવા મળે છે. આથી આ રચનાઓનું મૂલ્ય ઘણું વધી જાય છે. આવી હજારો રચનાઓ જ્ઞાનભંડારોમાં સંગ્રહિત છે. કેટલીક પ્રકાશિત છે તો કેટલીક અપ્રકાશિત છે. આ રચનાઓના મહત્ત્વને સમજીને તેના વિષે સંશોધન કરવા માટે જ સાહિત્ય સમારોહનું આયોજન થાય છે.

આ ચાર દિવસના સમારોહમાં મુખ્ય બે વિષય જૈન પત્રકારત્વ અને રાસા સાહિત્ય ઉપર ૩૦૦ શ્રોતાઓની ઉપસ્થિતિમાં લગભગ ૧૦૦ જેટલા વિદ્વાનોએ પોતાના શોધનિબંધનું વાંચન કર્યું. આ બંને વિષય પર જરા વિસ્તૃત રીતે જોઈએ તો તેના વિષે ખ્યાલ આવી શકશે.

૧. જૈન પત્રકારત્વ :-

ભૂતકાળમાં ઘણા બધા જૈન પત્રકારો થઈ ગયા. તેમણે ભગવાન મહાવીરે જે જે બાબતોને નકારી ક્રાંતિ જગાવી હતી તે માર્ગે જ આગળ વધ્યા છે. તે વખતના સમાજમાં પ્રવર્તતી સમસ્યાઓ જેવી કે નારીશક્તિની અવગણના, વિધવા સ્ત્રીના પુનર્વિવાહ, સ્ત્રીશિક્ષણ, પ્રેતભોજન, બાળલગ્ન, બાળવિધવાની દોઝખ જેવી જિંદગી પર પ્રકાશ પાડીને તેનો વિરોધ કર્યો હતો. આ સમય એવો હતો કે લોકમાનસમાં આ બધી બાબતોનું દૃઢીકરણ થઈ ગયું હતું. તેથી પત્રકારોને ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. છતાં આવી પરિસ્થિતિ સામે પણ તેઓ ઝઝૂમ્યા હતાં એટલું જ નહિ ક્યારેય માત્ર આજીવિકા માટે પીળું પત્રકારિત્વ કે સ્થાપિત હિતોની ચાપલૂસી કરી નહોતી. તલવારની ધાર પર ચાલીને તેઓએ માત્ર

પોતાનું અસ્તિત્વ ટકાવ્યું જ નહોતું પરંતુ પુરવાર પણ કરી બતાવ્યું હતું. આ કામ કંટાળાજનક હોવાની સાથે ઘણું મુશ્કેલ પણ છે. અણગમા-વિરોધને અવગણીને આગળ વધવાનું હોય છે. હંમેશા જાગ્રત રહીને, કાર્યક્ષમતા જાળવીને, આંખકાન ખુલ્લા રાખીને, બનેલા બનાવોને યોગ્ય સમયે લોકો સુધી પહોંચાડવાનું કાર્ય પત્રકારોનું છે. આથી જ પત્રકારત્વને 'ચોથી જાગીર', 'જાગ્રત પ્રહરી' જેવા વિશેષણો અપાયા છે તે યોગ્ય જ છે.

આ વિષય પર લગભગ ૨૬ જેટલા શોધનિબંધો રજૂ થયા હતા.

૨. રાસા સાહિત્ય :-

રાસા સાહિત્ય એ જૈન મુનિઓ અને વિદ્વાન શ્રાવકો દ્વારા વિસ્તૃત રીતે ખેડાયેલો વિષય છે. પ્રાચીન અને મધ્યકાલીન યુગમાં તો ગુજરાતી સાહિત્યનો સુવર્ણયુગ ખીલવવામાં જૈન કવિઓનું પ્રદાન ઘણું મહત્ત્વનું રહ્યું છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો મંગલ પ્રારંભ રાસા સાહિત્યથી જ થાય છે. ઈસુની ૧૨ મી સદીથી ૧૪મી સદી અર્થાત્ આચાર્ય હેમચંદ્રથી આરંભીને ભક્તકવિ નિરસિંહ મહેતાના જન્મ સુધી 'રાસયુગ', 'હેમયુગ' અથવા 'જૈન યુગ' તરીકે ઓળખાયો છે. આનાથી સમજાય છે કે જૈન રાસ કવિઓ ગુજરાતી સાહિત્યના આદ્યપ્રણેતાઓ છે.

ઉપલબ્ધ જૈન રાસા કૃતિઓને આધારે આ સાહિત્ય પ્રકારના કેટલાક લક્ષણો નીચે પ્રમાણે છે.

૧. સામાન્યતઃ રાસની શરૂઆત તીર્થંકર વંદના, મા શારદાની સ્તુતિ કે ગુરુસ્તુતિથી થાય છે.

૨. અંતભાગમાં કવિનો પરિચય, ગ્રંથરચનાનો સમય, ફલશ્રુતિ વગેરેનો ઉલ્લેખ કરવામાં આવે છે.

૩. સામાન્યતઃ જુદા જુદા રાસાઓમાં કડવક, ડવણી, ભાસ, ઉલવાસ વગેરે નામે વિભાજન કે ખંડરચના જોવા મળે છે તો કેટલાકમાં આવું કોઈ વિભાજન જોવા મળતું નથી.

૪. રાસા ગેય તથા નૃત્ય કરી શકાય તેવી રચના હોઈ ગાઈ શકાય તેવી ઢાળોમાં એની રચના થાય છે. ઢાળના આરંભે રાગ-રાગિણીનું નામ દર્શાવાયું હોય છે.

૫. રાસા મુખ્યત્વે દુહા, રેલા, ધત્તા, ચૌપાઈ, કવિત, સોરઠા ઇત્યાદિ માત્રામેળ છંદોમાં આપ્યા હોય છે.

૬. રાસાનું મુખ્ય પ્રયોજન-જૈન ધર્મનો ઉપદેશ હોય છે. જેથી તેમાં જૈન ધર્મના અને દર્શનના સિદ્ધાંતોની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન મુખ્યત્વે થયેલું જોવા મળે છે.

૭. રાસાઓમાં નવ રસમાંના કોઈપણ રસની અભિવ્યક્તિ જોવા મળે છે, શાંત, કરૂણ, શૃંગાર વગેરે.

૮. જે તે સમયની સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક, ધાર્મિક વગેરે પરિસ્થિતિઓનો ઉલ્લેખ તેમાંથી મળી આવે છે.

૯. રાસામાં મુખ્યત્વે જે બાબતનું નિરૂપણ કરવામાં આવ્યું હોય છે તેના પરથી જુદા જુદા પ્રકાર પાડી શકાય જેમકે,

અ–**ધાર્મિકકથાત્મક :** ધાર્મિક કથા દ્વારા જેમાં વિષયવસ્તુનું નિરૂપણ કરવામાં આવ્યું હોય તેવા રાસ.

બ-**ચરિતકથાત્મક :**

૧. પૌરાણિક : પૌરાણિક પાત્રો જેવા કે નેમનાથ, ભરત, બાહુબલિ, જંબુસ્વામી, ગૌતમસ્વામી વગેરે ધર્મપુરુષોને કેન્દ્રમાં રાખીને રચાયેલા હોય છે તેનો આ પ્રકારમાં ઉલ્લેખ કરી શકાય.

૨. ઐતિહાસિક : વસ્તુપાલ, તેજપાલ, સમરસિંહ કે જગડુશા જેવી વ્યક્તિવિશેષને કેન્દ્રમાં રાખીને જેની રચના કરવામાં આવી છે તે ઐતિહાસિક ચરિતકથાત્મક વર્ગમાં આવી શકે.

ક-**તીર્થાત્મક :** ગિરનાર, શેત્રુંજય આદિ જૈન તીર્થોનું મહાત્મ્ય વર્ણવતા રાસને તીર્થાત્મક રાસ કહી શકાય.

ડ-**ઉપદેશાત્મક :** જીવદયા, દાન વગેરે પર આધારિત રાસને ઉપદેશાત્મક રાસ કહી શકાય.

ઈ-**પ્રકીર્ણ :** સ્તુત્યાત્મક, પૂજાત્મક, તાત્ત્વિક નિરૂપણવાળા રાસને પ્રકીર્ણ રાસ કહી શકાય.

બંને વિષયોની વિસ્તૃત જાણકારીથી દરેકને ખ્યાલ આવી શકશે કે શોધનિબંધ કયા વિષયો પર તૈયાર કરવામાં આવ્યા. આ સમારોહનો આરંભ થયો તા. ૨૨થી. તેનો અહેવાલ જોઈએ તો,

પ્રથમ દિવસ :

તા. ૨૨–૩–૨૦૧૨ બપોરે ૨–૩૦ વાગે પ્રથમ સભા પ્રારંભ

ગુરુવારે બપોરના ૨–૩૦ વાગ્યે માનનીય આયોજક શ્રી ધનવંતભાઇએ તથા પધારેલા મહાનુભાવો શ્રી કુમારપાળ દેસાઈ, પારસમલજી ભંશાલી, મોહનલાલજી ભંશાલી, પુખરાજજી બાફના, ગૌતમભાઈ, વિજયભાઈ જૈન (કોબા), મંગલભાઈ ભંશાલી, દિલીપભાઈ સુંદેશા, સુબોધભાઈ ગાર્ડી, અભયભાઈ દોશી, ગુણવંતભાઈ બરવાળિયા, ગુલાબભાઈ દેઢિયા વગેરેને મંચ પર આમંત્રિત કર્યા. શ્રીમતી ઈલાબેન શાહને 'મા સરસ્વતી વંદના' માટે આમંત્રિત કર્યા. સુમધુર, રાગ, લય અને સૂરીલા કંઠે ગવાયેલી માની પ્રાર્થનાને સર્વેએ પ્રસન્નચિત્તે માણી. ત્યારબાદ મહાવીર જૈન વિદ્યાલયના પ્રેરક એવા શ્રી વિજયવલ્લભસૂરિજીની પ્રાર્થનાનું ગાન થયું. પ્રાર્થનાથી જાણે ગુરુદેવનું શબ્દચિત્ર આલેખાઈ ગયું. ત્યારબાદ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન અને પૂ. વિજયવલ્લભસૂરિજીના ફોટા સમક્ષ ભારતીય સંસ્કૃતિના ચિહ્નરૂપ દીપપ્રાગટ્ય થયું. આવા ભક્તિમય વાતાવરણમાં પાવાપુરી અભિવાદન ગીત રજૂ થયું જે ત્યાં ઉપસ્થિત સહુના હૃદયને સ્પર્શી ગયું.

ઉપસ્થિત સર્વે વિદ્વાનોનું ભંશાલી પરિવાર તરફથી સ્વાગત કરવામાં આવ્યું પછી મંગળભાઈ ભંશાલીએ સ્વાગત પ્રવચન આપ્યું. શ્રી સુબોધરત્ન ગાર્ડીએ મહાવીર જૈન વિદ્યાલયનો પરિચય આપ્યો. સત્રના આયોજક શ્રી ધનવંતભાઈએ સાહિત્ય સમારોહનો ઉદ્‌ભવ

કેવી રીતે થયો તેને લગતી જાણકારી આપી. કુમારી ફાલ્ગુની ઝવેરીએ અષ્ટપ્રકારી પૂજા વિષય પર મહાનિબંધ લખ્યો છે તેનું પુસ્તક 'જૈન પૂજા સાહિત્ય'નું વિમોચન કરવામાં આવ્યું.

પ્રસંગોચિત વક્તવ્યમાં કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે સાહિત્ય સમારોહ શરૂ થયા બાદ ૧૮ જેટલા સાહિત્ય સમારોહનું સંચાલન રમણભાઈએ કરેલ. તેમના પછી શ્રી ધનવંતભાઈને આ જવાબદારી સોંપાઈ જે તેમણે ખૂબ જ નિષ્ઠાપૂર્વક બજાવી. ઉત્તરોત્તર સંશોધકોની સંખ્યા વધતી ગઈ જે શતકને વટાવી રહી છે. વળી તેમણે એ પણ જણાવ્યું કે ૪૦૦ વર્ષના મોગલ ઇતિહાસમાં વિક્રમાદિત્ય હેમુ નામનો એક માત્ર હિંદુ રાજા થયો. જેણે માત્ર છ માસ જ રાજ્યધૂરા સંભાળી. પરંતુ ૨૨ યુદ્ધમાં વિજય મેળવ્યો. ત્યારબાદ તેને આંખમાં ઝેરી તીર મારી મારી નાંખવામાં આવ્યો. જૈનો વિષે કેટલીક એવી માન્યતાઓ પ્રવર્તે છે કે–

-જૈનો શૂરવીર નથી હોતાં, યુદ્ધ નથી કરી શકતાં; માત્ર વ્યાપાર કરી જાણે છે.

-જૈન સમાજને વિદ્યા માટે પ્રેમ નથી.

વિક્રમાદિત્ય હેમુની વાત ઉપરોક્ત વાતોનું ખંડન કરે છે. આ બંને વાતો ભ્રામક છે. હેમુ ઉપરાંત વિમલ શાહ, વસ્તુપાળ, તેજપાળ, કુમારપાળ વગેરે જૈન હોવા છતાં યુદ્ધમાં પણ માહિર હતાં. વળી તેઓએ સાહિત્યને પણ ઘણું મહત્ત્વ આપ્યું હતું. આચાર્ય વિજયવલ્લભસૂરિજીએ એ જમાનામાં એવી ઘોષણા કરી કે હવે લક્ષ્મીમંદિરોને બદલે સરસ્વતી મંદિરો બનાવવા છે. વિદ્યા મેળવવા માટે, તેને યોગ્ય ગ્રંથસ્થ કરી જાળવી રાખવા માટે તેનું પેઢી–દરપેઢી હસ્તાંતર કરવા માટે જૈનોએ ખૂબ જ સુંદર કાર્ય કર્યું છે. એ જમાનામાં જ્યારે ટાંચા સાધનો હતાં ત્યારે પણ સાહિત્યને જે રીતે સચવાયું છે તે ખરેખર પ્રશંસનીય અને અભિનંદનીય છે. પ્રાચીન, મધ્યકાલીન સાહિત્યનું જતન એ સાહિત્યક્ષેત્રે જૈનોનું મહત્ત્વનું પ્રદાન છે. આજે પણ ગુજરાતી સાહિત્ય તરફ દૃષ્ટિ કરશો તો આપણા પૂર્વાચાર્યો, સુજ્ઞ શ્રાવકોએ આ ક્ષેત્રે જે કાર્ય કર્યું છે તેવું બીજે ક્યાંય જોવા નહિ મળે. એમાંય મધ્યકાલીન યુગનું સાહિત્ય તો સંપૂર્ણપણે જૈન સાહિત્ય પર જ આધારિત છે. જૈન સાહિત્યને કાઢી નાંખો તો કશું જ વધતું નથી. આ આપણા પૂર્વજોની જેવી તેવી સિદ્ધિ નથી.

બીજી સભા ૭-૩૦ સાંજે

ડૉ. કુમારપાળ દેસાઈ પોતે જે વિષયના અધ્યક્ષસ્થાને હતાં તે જૈન પત્રકારત્વ વિષે તેમણે જણાવ્યું કે જૈન પત્રકારોનું પત્રકારત્વ આગવી દૃષ્ટિ અને જૈન સિદ્ધાંતોના પાયા પર ઘડાયેલું હોય છે. આથી જ જૈન પત્રો કે પત્રકારોએ કોઈની ટીકા નથી કરી કે કોઈને ખરાબ નથી કહ્યા. પત્રકારત્વના ઉદયની સાથે સાથે જ જૈન પત્રકારત્વ પણ ઉદ્‌ભવ્યું છે. વળી જૈનો જ્યાં ગયા ત્યાં સામયિકો શરૂ કર્યા. આફ્રિકામાં પણ જૈનોએ 'મશાલ' નામનું સામયિક શરૂ કરેલું. વળી જૈન પત્રકારોએ આક્રોશજનક લખાણ કરેલું હોય તો તેની પાછળ પણ દ્વેષબુદ્ધિ નહિ પરંતુ સમાજ પ્રત્યેનો પ્રેમ, અનુકંપા અને સદ્ધરતા જોવા મળે છે.

જૈનોએ જે પત્રો શરૂ કરેલા છે તે ખૂબ સુંદર હોય છે, લે-આઉટ પણ સુંદર હોય છે, તેમાં દરેક પ્રશ્નોને મહત્ત્વ આપી તેના પર ચર્ચા કરવામાં આવી હોય છે અને એ રીતે સંતુલન સાધ્યું છે. કલા, શિલ્પસ્થાપત્ય, સંસ્કૃતિ, ધાર્મિક વારસો, સંસ્કાર, તત્ત્વજ્ઞાન બધી બાબતોની ચર્ચા જૈન પત્રકારત્વમાં મળે છે. પત્રકારોને તેમણે દિશા સૂચવતાં કહ્યું કે વર્તમાને ભગવાન મહાવીરના પાંચેય સિદ્ધાંતો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. સમાજને આ સિદ્ધાંતોની જરૂર છે ત્યારે તેનું યોગ્ય રીતે, વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ કરી બુશ અને સદ્દામ સુધી આ વાતોને પહોંચાડી શકાય. હિંસા ક્યારેય સીધી ઉદ્‌ભવતી નથી. પ્રથમ મનમાં તે જન્મે ત્યારબાદ વચન અને કાયામાં આવે છે. આથી મનમાં તેનું શમન થાય તો રોકી શકાય છે.

અપરિગ્રહ અને કરકસર તથા સાદા જીવનયાપન દ્વારા બચત એ ગુણો જૈનોની ગળથૂથીમાં છે. જેને કારણે તે ક્યારેય મંદીમાં મૂંઝાતો નથી. મુશ્કેલ આર્થિક પરિસ્થિતિમાં પણ તે સંઘર્ષ વેઠીને સાંગોપાંગ બહાર નીકળે છે. આ વાતોને યોગ્ય પરિપ્રેક્ષ્ય દ્વારા રજૂ કરવાની છે. માંસાહારને કારણે અનેક રોગોનો જન્મ થાય છે એ માત્ર વાત નથી પણ પુરવાર થયેલું સત્ય છે. આથી તેના નુકશાનને અને શાકાહારથી થતા ફાયદાને યોગ્ય રીતે રજૂ કરી એ રીતે અહિંસાનો પ્રચાર થઈ શકે છે.

આ સત્રનું સંચાલન ડૉ. ગુલાબભાઈ દેઢિયાએ કરેલ જેમણે પણ પત્રકારત્વ વિષે પ્રાસંગિક વક્તવ્ય આપેલ.

આ બેઠકમાં નીચેના વિદ્વાનોએ શોધનિબંધ રજૂ કરેલ.

૧. સંધ્યાબેન શાહ–પત્રકાર શ્રી ચંદ્રકાંત વોરા
(જન્મભૂમિના ચિફ રિપોર્ટર)

૨. હિંમતભાઈ ગાંધી–શ્રી વીરચંદ રાઘવજી ગાંધી (અમેરિકાની વિશ્વ ધર્મ પરિષદમાં વક્તવ્ય આપી જૈન ધર્મને વૈશ્વિક ફલક પર મૂકનાર. સરકારે તેમની ટિકિટ બહાર પાડી સન્માન્યા છે)

૩. હંસાબેન ગાલા–જૈન પ્રકાશ પાક્ષિક વિષે

૪. સુધાબહેન પંડ્યા–શ્રી વાડીલાલ મોતીલાલ શાહ

શોધનિબંધની પ્રસ્તુતિ બાદ ૯-૩૦ (રાત્રે) કોબાથી પધારેલા વિજયભાઈ શાહે હસ્તપ્રતો અને તેના પ્રકારો વિષે પાવર પ્રેઝન્ટેશન દ્વારા મહત્ત્વની જાણકારી પૂરી પાડી. ઉપરાંત ગઈકાલ અને આજના સામયિકોનું પ્રદર્શન પણ સંસ્થાએ યોજ્યું હતું. બધા કાર્યક્રમોને શ્રોતાઓએ માણ્યો.

બીજો દિવસ :

તા. ૨૩–૩–૧૨ સવારે ૯–૩૦ વાગે, પ્રથમ સભા પ્રારંભ

ચૈત્ર સુદ એકમ એટલે ગુડીપડવો. નવા વર્ષના મંગલ પ્રારંભ સાથે પ્રથમ સભાનો પ્રારંભ શ્રી બપ્પભટ્ટસૂરિ વિરચિત સરસ્વતી-વંદના દ્વારા થયો. આ સભાના અધ્યક્ષસ્થાનેથી કુમારપાળભાઈએ જણાવ્યું કે ૧૮૫૯ થી ૧૯૦૯ સુધીનો સમય પત્રકારત્વનું પરોઢ હતું. તે વખતના તંત્રીઓ એવા હતા કે પત્રોમાં પંચાંગ, સ્તવન, સંવાદ વગેરે પ્રગટ કરતાં. પાના નંબર સળંગ છાપતા. જૈન સમાજની મોટી વિડંબના એ હતી કે જ્ઞાન (આગમો)ને વાંચવાથી આશાતના થાય છે તેમ તેઓ માનતા. આથી ગ્રંથો વંચાતા જ નહિ. ત્યારબાદ એક એવો તબક્કો આવ્યો જેમાં બહુ તેજસ્વી લેખકો આવ્યા. આચાર્ય બુદ્ધિસાગરજી જેવા સંતે એકાંતવાસમાં રહીને ધ્યાન-સાધના વગેરે પર ખૂબ સુંદર લખાણો આપ્યા.

પત્રકારના લક્ષણો દર્શાવતાં તેમણે જણાવ્યું કે-તે જે લખાણ લખે તેમાં ખોટા બણગા ન ફૂંકે, સત્યથી દૂર ન જાય, સત્યને વિકૃત રીતે રજૂ ન કરે, અતિ વિસ્તૃત લખાણ ન કરે, પક્ષાપક્ષીથી દૂર રહી તટસ્થ રીતે કાર્ય કરે, ખોટી પ્રશંસા કે તાળીઓનો લાલચી ન હોય. સાદાઈ-સીધાઈ-ચીવટાઈ અને ચોક્કસાઈ તેના લખાણમાં હોવી જરૂરી. ગુણચારિત્રનું ઘડતર કરવાનું કાર્ય પત્રકારોનું છે. સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા, જુલ્મી પ્રથાઓ, ખોટા રીત-રિવાજો, ધાર્મિક સંસ્થાઓમાં ગેરવહીવટ અને તેના પર સ્થાપિત હિતોનું પ્રભુત્વ, શિક્ષણ સંસ્થાઓમાં ગોલમાલ વગેરે પ્રશ્નોને યોગ્ય રીતે રજૂ કરી તેનો વિરોધ કરવો એ હંમેશા પત્રકારોનું લક્ષ્ય રહેવું જોઈએ. બાળકોમાં જૈન તત્ત્વદર્શન તથા ધર્મનું સિંચન થાય તે માટે બાળકો હોંશે હોંશે વાંચે તેવા લેખો મૂકવા જોઈએ. જૈન પાઠશાળા, જૈન સાહિત્ય અને જૈન પત્રકારત્વ પ્રત્યે ઉદાસીનતા સેવાઈ રહી છે તેને દૂર કરવાની જરૂર. જો ત્રણેને યોગ્ય મહત્ત્વ નહિ મળે તો ભાવિ અંધકારમય.

આ બેઠકમાં નીચેના વિદ્વાનોએ, નીચેના પત્રકારો પર શોધનિબંધ રજૂ કરેલ.

૫. ઉત્પલા મોદી–શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ
૬. કૈલાસબેન મહેતા–શ્રી હર્ષદભાઈ દોશી
૭. બીજલ શાહ–'પ્રબુદ્ધ જીવન' માસિક
૮. ગુણવંતભાઈ બરવાળિયા–પૂ. સંતબાલનું પત્રકારત્વ
૯. મધુબહેન બરવાળિયા–મહાસુખભાઈ દેસાઈ
૧૦. જયશ્રીબહેન દોશી–શ્રી જુગરાજ કુંદનમલ સંઘવી
૧૧. રેખાબહેન વોરા–શ્રી ગુણવંતભાઈ શાહ
૧૨. નરેશભાઈ અંતાણી–શ્રી પ્રાણલાલ શાહ
૧૩. કોકિલાબહેન શાહ–'પ્રબુદ્ધ જીવન' સ્થાપક પરમાણંદભાઈ કાપડિયા

બીજો દિવસ

તા. ૨૩–૩–૨૦૧૨ બપોરે ૨–૩૦ વાગે બીજી સભા પ્રારંભ

સત્રના પ્રારંભે શ્રી ધનવંતભાઈએ જાણકારી આપી કે મુંબઈ જૈન યુવક સંઘે અહીં પ્રસ્તુત થયેલા પત્રકારત્વ વિષે એક પુસ્તક પ્રકાશિત કરવાનું નક્કી કરેલ છે. જેનું સંપાદન ડૉ. ગુલાબ દેઢિયા અને બીજલ શાહ કરશે.

૧૪. શ્રી શાંતિભાઈ ખોના–આચાર્ય વિજય વલ્લભસૂરિજીનું જીવન
૧૫. રેણુકાબહેન પોરવાલ–શ્રી ભીમજી હરજીવન પારેખ 'સુશીલ'
૧૬. હંસાબહેન શાહ–મુક્તિદૂત માસિક
૧૭. ધનવંતભાઈ શાહ–જયભિખ્ખુ-માંગલ્યદર્શી પત્રકાર
૧૮. છાયાબહેન શાહ–પંડિતવર્ય શ્રી પ્રભુદાસ પારેખ
૧૯. ગુલાબભાઈ દેઢિયા–માવજી કેશવજી સાવલા
૨૦. માલતીબેન શાહ–શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
૨૧. ગુણવંતભાઈ ઉપાધ્યાય–મેઘાણી પત્રકારત્વની કમાણી
૨૨. કુમારી કેતકી શાહ–શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૩. રશ્મિબેન ભેદા–શ્રી બંધુશા ભીમજી માણેક

બીજો દિવસ

તા. ૨૩–૩–૨૦૧૨ સાંજે ૭–૩૦ વાગે ત્રીજી સભા–રાસાસાહિત્ય પર

૨૪. ભાનુબેન સતરા–કવિ ઋષભદાસકૃત અજાકુમાર રાસ
૨૫. ઉર્વશીબેન પંડ્યા–નલ–દમયંતી રાસ
૨૬. નીતાબહેન શાહ–જિનવિજયજીકૃત ધન્નારાસ
૨૭. ચેતન શાહ–ધન્ના શાલિભદ્ર રાસ
૨૮. અનિતાબહેન આચાર્ય–મુનિ રાજરત્નજીકૃત સમકિત કૌમુદી રાસ
૨૯. ઋષિકેશ રાવળ–સોમસુંદરસૂરિ કૃત સ્થૂલિભદ્ર ચરિત રાસ
૩૦. સંજયભાઈ શાહ–પ્રાસ્તાવિક દુહાઓ

રાત્રે ૯–૦૦ વાગે ત્રીજી સભાના સમાપન બાદ સર્વે દેરાસરજીમાં ભક્તિભાવની ભરતી સાથેની ભાવનાનો આનંદ માણવા તથા પ્રભુદર્શન માટે દેરાસરજીમાં ગયા. ત્યાં થોડા ભક્તિગીતો માણ્યા બાદ બેંગ્લોરથી પધારેલ સંગીત સાધક દંપતિ શ્રી પ્રતાપભાઈ ટોલિયા અને શ્રી સુમિત્રાબેન ટોલિયાના કંઠે કલ્યાણ મંદિર સ્તોત્રની ગાથાઓ તથા આનંદઘનજી-યશોવિજયજીની ભક્તિરચનાઓ સાંભળી જ નહિ માણી પણ.

ત્રીજો દિવસ

તા. ૨૪–૩–૨૦૧૨ સવારે ૯–૩૦ વાગ્યે પ્રથમ સભા – રાસા સાહિત્ય પર

આ સભાના અધ્યક્ષસ્થાને શ્રી જિતુભાઈ શાહ બિરાજ્યા હતા. સંચાલન શ્રી અભયભાઈ દોશી. મંગલાચરણમાં દીક્ષા સાવલાએ સર્વ જીવોના કલ્યાણની ભાવના ભાવી સંસ્કૃતમાં વ્યાખ્યા રજૂ કરી રાસા સાહિત્યનો અર્થ સંસ્કૃત ભાષામાં ખૂબ સુંદર રીતે સમજાવ્યો. ત્યારબાદ નીચેના નિબંધો રજૂ થયા.

૩૧. નલિનીબહેન શાહ–શાલિભદ્રસૂરિકૃત પાંચ પાંડવ ચરિત્ર રાસ

૩૨. સુમિત્રાબહેન ટોલિયા–પદ્મવિજયજી ગણિકૃત નેમિશ્વર રાસ
૩૩. કિરિટકુમાર શાહ–ઋષિદત્તા રાસ
૩૪. કાનજીભાઈ મહેશ્વરી–હીરાનંદસૂરિજીકૃત વસ્તુપાલ-તેજપાલ રાસ
૩૫. રશ્મિભાઈ ઝવેરી–જયમલજીકૃત સાધુવંદણા રાસ
૩૬. શોભના શાહ–જગડુશા રાસ
૩૭. વીરસાગર જૈન–બ્રહ્મ જિનદાસકૃત આદિશ્વર રાસ
૩૮. પી. એસ. ઠક્કર–અષ્ટાપદજી તીર્થ
૩૯. પ્રવીણાબહેન શાહ–ઉદયસૂરિકૃત અષ્ટ પ્રકારી પૂજા રાસ
૪૦. ફાલ્ગુનીબહેન ઝવેરી–અષ્ટ પ્રકારી પૂજા
૪૧. પાર્વતીબેન ખીરાણી–અષ્ટ પ્રકારી પૂજા રાસ
૪૨. ડૉ.પૂર્ણિમા મહેતા–શાલિભદ્રસૂરિકૃત ભરતેશ્વર બાહુબલિ રાસ
૪૩. ડૉ. અજિત ઠાકુર–પંડિત જયવિજયકૃત શુકનશાસ્ત્ર ચોપાઈ
૪૪. દેવકીબહેન ઠાકુર–દેવકીજી છભાયા રો રાસ

આ સભાના સમાપનમાં અધ્યક્ષસ્થાનેથી જિતુભાઈએ કહ્યું કે પ્રાચીન સમયમાં સાહિત્યનું સ્થાન ઘણું ઉપેક્ષિત હતું આથી અભ્યાસ સારી રીતે થયો નહિ પરંતુ પછી તે પરત્વે જાગૃતિ આણી સઘન પ્રયાસો થયા જેને કારણે ગુજરાતી સાહિત્યમાં ઘણું ખેડાણ થઈ રહ્યું છે અને વિકાસના શિખર તરફ ગતિ કરી રહ્યું છે.

ત્રીજો દિવસ :

તા. ૨૪–૩–૨૦૧૨ બપોરે ૨–૩૦ વાગે બીજી સભા શરૂ

૪૫. પારૂલબહેન ગાંધી–કવિ ઋષભદાસ રચિત હીરવિજયસૂરિ રાસ
૪૬. કીર્તિભાઈ શાહ–હીરવિજયસૂરિ રાસ
૪૭. પ્રવીણભાઈ શાહ–સૂરસુંદરનો રાસ
૪૮. વર્ધમાન શાહ–ગુરુ તત્ત્વપ્રકાશ રાસ
૪૯. ભરતકુમાર ગાંધી–મોહનવિજયજીકૃત ચંદરાજાનો રાસ
૫૦. દીભા સાવલા–કવિ સમયસુંદરકૃત મૃગાવતી ચરિત્ર ચોપાઈ રાસ
૫૧. રૂપા ચાવડા–શ્રી વિજયસેનસૂરિકૃત રૈવતગિરિ રાસ
૫૨. શેખરચંદ જૈન–પત્રકારત્વ
૫૩. ધરમચંદ જૈન–નેમિચંદ જૈન
૫૪. બાબુભાઈ શાહ–જૈન પત્રકારત્વ
૫૫. રેશમાબહેન પટેલ–શત્રુંજય મંડન રાસ
૫૬. સુમન શાહ–સમકિત કૌમુદી રાસ
૫૭. હર્ષદભાઈ મહેતા–નેમિશ્વર રાસ
૫૮. કીર્તિબેન દોશી–અંજનાસુંદરનો રાસ

સત્ર અધ્યક્ષ શ્રી જિતુભાઈએ પ્રસ્તુત થયેલા રાસો પર વિશેષ પ્રકાશ પાડતાં કહ્યું કે–ભારતીય સંસ્કૃતિમાં નેમનાથ જેવા પશુપાલક તથા કૃષ્ણ જેવા ગોપાલક છે તેને કારણે જ આ સંસ્કૃતિ અન્ય સંસ્કૃતિઓથી અલગ તરી આવે છે. જૈન ધર્મનું પ્રદાન અહિંસા અને સત્ય સાથે છે. જૈન ધર્મ એ માત્ર ક્રિયા સાથે સંબંધિત નથી. તે ક્રિયા પાછળ જે હાર્દ રહેલું છે તેને સમજવાની જરૂર છે, વૈજ્ઞાનિકતા છે તેને બહાર લાવવાની જરૂર છે. હીરવિજયસૂરિ જેવા આચાર્યોએ જૈન ધર્મનો જે રીતે ફેલાવો કર્યો, અહિંસાનો જે રીતે પ્રચાર કર્યો તે ખરેખર વર્તમાને અનુસરવાની જરૂર છે. એક લાખ લોકોને ધર્મ પમાડવા કરતાં એક રાજાને ધર્મ પમાડવાથી લાખો લોકો લાભાન્વિત થાય છે. ઉપાધ્યાય યશોવિજયજી, સમયસુંદરજી અને કવિ ઋષભદાસ મધ્યકાલીન યુગના ત્રણ ચમકતા સિતારાઓ છે જેમણે પોતાની સર્જનાત્મકતાથી મધ્યકાલીન સાહિત્યને સમૃદ્ધ કરી સુવર્ણપૃષ્ઠ આલેખ્યું.

ત્રીજો દિવસ તા. ૨૪–૩–૨૦૧૨ના દિવસે શ્રી કુમારપાળ દેસાઈ દંપતી તથા શ્રીપાળ મયણા રાસના સંપાદક શ્રી પ્રેમલભાઈ કાપડિયા દંપતીનું સન્માન ભંશાલી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું.

ત્રીજો દિવસ તા. ૨૪–૩–૨૦૧૨ સાંજે ૭–૩૦ વાગ્યે ત્રીજી સભા

૫૯. મીનાબહેન પાઠક–કેવળમુનિકૃત ગૌતમસ્વામીનો રાસ
૬૦. મનોજભાઈ ઉપાધ્યાય–આનંદસોમકૃત–સોમવિમલસૂરિ રાસ
૬૧. મિલિન્દ જોષી–જિનદત્તસૂરિકૃત–ઉપદેશ રસાયણ રાસ
૬૨. જયશ્રી ટોળિયા–દેવચંદ્રજી મ.કૃત અધ્યાત્મ ગીતા
૬૩. રતનબહેન છાડવા–કવિ ઋષભદાસકૃત શ્રાવકવિધિ રાસ

આ કાર્યક્રમમાં તા. ૨૪–૩–૨૦૧૨ના રાત્રે ૯-૦૦ વાગ્યે શ્રી મનોજ શાહ દિગ્દર્શિત અને શ્રી ધનવંત શાહ લિખિત નાટક-'અપૂરવ ખેલા-આનંદથી આનંદઘન'નો પ્રથમ શૉ યોજાયો. પાવાપુરી જેવા તીર્થમાં આનંદઘનજીને કેન્દ્રમાં રાખી રચાયેલા નાટકનો પ્રિમીયર યોજાયો તે પણ અદ્‌ભુત સંયોગ રહ્યો. સાધુઓના ચાર પ્રકાર યોગી-હંસ-પરમહંસ અને અવધુત. યોગી આનંદઘનજી અધ્યાત્મ જગતના સર્વોચ્ચ શિખરે બિરાજી રહ્યા છે. આ દુનિયાથી પર, નિજાનંદમાં મસ્ત એવા અવધુત સંત ક્યારેક જ જોવા મળે છે. તેમાંયે તેમની સાહિત્યિક રચનાઓ સાહિત્ય જગતમાં શ્રેષ્ઠ કહી શકાય તેવી છે.

આ નાટકના નાયક, આજથી ૩૦૦ વર્ષ પહેલા રાજસ્થાનના મેડતા નગરથી જેમની અધ્યાત્મયાત્રા શરૂ થઈ હતી તેવા આનંદઘનજીના માધ્યમથી આ નાટકમાં અંધશ્રદ્ધા, સંઘમાં જ્ઞાન કરતાં પૈસાને મહત્ત્વ, પૈસાપાત્રોનું સાધુઓ તથા ધાર્મિક સંસ્થાઓ પર વર્ચસ્વ વગેરે બાબતો પર કટાક્ષ કરી વાસ્તવિકતાનું દર્શન કરાવાયું છે. તેમની રચનાઓમાં મસ્ત ફકીરી, પ્રભુ પ્રત્યે અસીમ ભક્તિ, અનેકાંતવાદ, કરુણાર્દ્ર દૃષ્ટિ અને સવ્વિ જીવ કરુ શાસનરસીની ભાવના જોવા મળે છે. મહાવીરના દરેક સિદ્ધાંતોને આ નાટકમાં તાદૃશ કરાયા. તેમાં આનંદઘનજી અને ઉપાધ્યાય યશોવિજયજીનું મિલન તથા આનંદઘન જેવા અવધૂત યોગીની સાહિત્યિક રચનાઓ કઈ રીતે પ્રાપ્ત થઈ તે સુંદર રીતે દર્શાવાયું.

આધ્યાત્મિકતાને કેન્દ્રમાં રાખી શિષ્ટ, સાત્ત્વિક નાટકો લખનાર ધનવંતભાઈના સર્જનાત્મક વ્યક્તિત્વને ઘણા લોકોએ પ્રથમવાર

જ અનુભવ્યું હશે.

અવધુત યોગી આનંદઘનજી પર કેન્દ્રિત આ નાટકે આબાલ-વૃદ્ધ સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા. અધ્યાત્મ રસમાં ઝબોળાયેલ આ કૃતિએ અધ્યાત્મના આસ્વાદનું આકંઠ પાન કરાવ્યું તે માટે સંબંધિત સર્વેને ખોબલે ખોબલે અભિનંદન આપવા ઘટે.

ચોથો દિવસ

તા. ૨૫-૩-૨૦૧૨ સવારે ૯-૩૦ વાગ્યે પ્રથમ સભા

સભાનો પ્રારંભ જિતુભાઈ શાહના અધ્યક્ષસ્થાને. સંચાલન-ડૉ. ધરમચંદજી જૈન, ડૉ. અભયભાઈ દોશી.

૬૪. કૃણાલભાઈ કપાસી-દયારત્ન વિજયજીકૃત કાપરકેડા (કાપરડાજી તીર્થ)નો રાસ
૬૫. કુલદીપ શમા-બ્રહ્મ રાયમલકૃત નેમિશ્વર રાસ
૬૬. પૌરિક શાહ-ગુણરત્ન વિજયજીકૃત કોચર શાહ વ્યવહારીનો રાસ
૬૭. સુધાબહેન ગાંધી-પરદેશીરાજાનો રાસ
૬૮. મંજુલાબહેન ગાંધી-ઋષભદાસકૃત સમકિતસાર રાસ
૬૯. શ્રીકાંતભાઈ ધ્રુવ-ધમ્મિલકુમાર રાસ
૭૦. ચિત્રાબેન મોદી-ધમ્મિલકુમાર રાસ
૭૧. સુદર્શનાબેન કોઠારી-જ્ઞાનવિમલસૂરિકૃત શ્રી ચંદ્ર કેવળી રાસ
૭૨. મંજુલાબેન મહેતા-લલિતમુનિજીકૃત પુષ્પાવતી ઉર્ફે મંગલસિહ રાસ
૭૩. હિંમતભાઈ કોઠારી-કરકંડુ રાસ
૭૪. જ્યોત્સના ધ્રુવ-ઉદયરત્નકૃત લીલાવતી સુમતિ વિલાસ રાસ
૭૫. જસવંતભાઈ શાહ-ચૌથમલજી મહારાજકૃત શ્રીપાળ રાસ
૭૬. સુવર્ણા જૈન-સમરાદિત્ય કેવળી રાસ
૭૭. જાગૃતિ ઘીવાલા-મતિશેખરસૂરિશ્વરજીકૃત ઇલાપુત્ર ચરિત રાસ
૭૮. રુચિ મોદી-માનવિજયજી કૃત સપ્તનય રાસ
૭૯. ધીરેન્દ્ર મહેતા-મોહનવિજયજીકૃત માનતુંગ માનવતી રાસ
૮૦. નીતુ જૈન-બ્રહ્મ જિનદાસકૃત હનુમંત રાસ
૮૧. હેમલતા જૈન-દિન હર્ષકૃત વીસ સ્થાનક રાસ
૮૨. પ્રદીપ ટોળિયા-હેમચંદ્રાચાર્યકૃત શેઠ સગાળશા રાસ
૮૩. ઉષા પટેલ-કુમારપાળ રાસ
૮૪. હિંમતભાઈ શાહ-ગૌતમસ્વામીનો રાસ
૮૫. વસંત વીરા-પૂ. ભાણજીસ્વામીકૃત મયણરેકા રાસ
૮૬. યશવંત શાહ-લાવારસ (પાંચ યુદ્ધનું વર્ણન)
૮૭. પદ્મચંદજી મુથ્થા-ભગવાન નેમિનાથ અને પુરુષોત્તમ શ્રી કૃષ્ણચંદ્ર રાસ
૮૮. દીપા મહેતા-હરિબલકથા રાસ
૮૯. ચંદ્રિકા મહેતા-હરિબલકથા રાસ
૯૦. પ્રતાપકુમાર ટોલિયા-બ્રહ્મગુલાલ મુનિકથા
૯૧. ડૉ. અભયભાઈ દોશી-આંબડ રાસ (બ. ક. ઠાકોર)
૯૨. શ્વેતા જૈન-જિનવાણી માસિક
૯૩. ડૉ. મીનાક્ષી ડાગા-જૈન પત્રકારત્વ
૯૪. હંસાબહેન મહેતા-શત્રુંજય ઉદ્ધાર રાસ

ચોથો દિવસ

તા. ૨૫-૩-૨૦૧૨ બપોરે ૨-૩૦ વાગે સત્ર સંપન્ન સભા

બપોરે ૨-૩૦ વાગ્યે સત્ર સમાપન સમારોહ શરૂ થયો. ભંશાલી પરિવારના શ્રી વલ્લભભાઈ તથા મંગલભાઈ તથા વડીલ પારસમલજી તથા મોહનલાલજીને મંચ પર આમંત્રિત કરાયા. સમાપન સમારોહ સભાનો પ્રારંભ સંગીત સાધક સુમિત્રાબહેન અને પ્રતાપભાઈ ટોલિયા દ્વારા ભક્તિસભર મંગલ ગીત દ્વારા થઈ. પરમાત્માને મળવા માટે વ્યાકુળ આત્મા પોતાના અંતઃકરણના ભાવ હૃદયાર્દ્ર થઈને વ્યક્ત કરે છે. શાસ્ત્રીય રાગમાં ગવાયેલા આ ગીતની સૂરગંગામાં સ્નાન કરી બધા ભાવવિભોર બની ગયા.

મહાવીર વિદ્યાલયના મંત્રી અરુણભાઈએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે શ્રી વિજયવલ્લભસૂરિજી મ. કહેતા કે સાહિત્ય અને સ્થાપત્ય બંનેની જો રક્ષા થશે, સંમાર્જન થશે તો જ ધર્મ અખંડ રહેશે. મહાવીર જૈન વિદ્યાલય યુવા પેઢી અને જનમાનસને ચિંતન-મનન તરફ લઈ જવા માગે છે. તેના પરિણામ સ્વરૂપે જ આ સાહિત્ય સત્રનું આયોજન થઈ રહ્યું છે.

વલ્લભભાઈ ભંશાલીએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે સાહિત્ય સત્રના સૌજન્યદાતા તરીકેનો જે અવસર અમને પ્રાપ્ત થયો છે તે અમારા કેટલાય જન્મોના પુણ્યના ઉદયે મળ્યો છે. અમારા પિતાજીના આ આશીર્વાદ છે. તેમણે આ તકે આ સત્રની સાથે સંકળાયેલા લોકોનો ખૂબ જ આભાર વ્યક્ત કર્યો કે જેના કારણે આ જ્ઞાનના મહાયજ્ઞને સફળ બનાવી શકાયો. આ કોઈ એક વ્યક્તિ કે સંસ્થાનું કાર્ય નહિ પરંતુ નાનામાં નાના કર્મચારીથી માંડી સૌના સહકારનું પરિણામ છે.

રાસ સાહિત્યના અધ્યક્ષ શ્રી જિતુભાઈએ કહ્યું કે આ સાહિત્ય સમારોહની વિકાસયાત્રા નવા નવા શિખરો સર કરી રહી છે. જૈન ધર્મ જે તત્ત્વની મહત્તા પર સ્થાયી છે તેમાંથી જો તત્ત્વને કાઢી લેવામાં આવે તો આચાર અને ક્રિયા શુષ્ક બની જશે. સાહિત્ય સમારોહમાં આ તત્ત્વ પર જ વિચારગોષ્ઠિનું આયોજન થાય છે. જેનાથી જૈન સંસ્કૃતિ, ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક સંસ્કારનો વારસો અખંડ રહે છે. સત્રોમાં દરેક નિબંધો રજૂ થયા છે તેને પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવશે.

ડૉ. ધનવંત શાહે જણાવ્યું કે અત્રે પ્રસ્તુત થયેલ રાસા ઉપરના શોધ નિબંધોનું પુસ્તક સ્વરૂપે પ્રકાશન થશે જેનું સંપાદન ડૉ. અભય દોશી અને પ્રા. દીક્ષા સાવલા કરશે.

સ્વ. રૂપચંદજી ભંશાલીના લઘુબંધુ પારસમલજી આટલી જૈફ

વયે પ્રથમ દિવસની પ્રથમ સભાથી છેલ્લા દિવસના સમાપન સમારોહ સુધી સમયસર હાજર રહી ઉપસ્થિત દરેક વિદ્વાન-જિજ્ઞાસુ અને આયોજકોને પણ પ્રેરણા પૂરી પાડી છે. તેમણે આ સાહિત્ય સમારોહને એવી ઉપમા આપી કે દીકરી સાસરેથી પિયરઘર રહેવા આવે અને પછી જ્યારે સાસરે જાય ત્યારે તેના દિલમાં જેવું દર્દ હોય તેવું જ દર્દ આજે મને થઈ રહ્યું છે. તેમનું પ્રવચન ખૂબ જ પ્રભાવશાળી અને જોમપ્રેરક રહ્યું.

પાવાપુરી તીર્થના અરવિંદભાઈ સંઘવીએ કહ્યું કે આવું આયોજન વારંવાર થાય અને એનો લાભ અમને પણ મળે. તેમણે આવા સુંદર આયોજન માટે સંસ્થા-આયોજક અને ભંશાલી પરિવારનો આભાર માની સન્માન કર્યું.

ઉપરાંત આ સમારોહના આયોજન માટે ત્રણ માસથી સતત પ્રવૃત્તિશીલ રહેનાર શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કર્મચારીજનો શ્રી તરુણભાઈ શાહ, શ્રી શાંતિભાઈ ખોના, શ્રી ચીરાગભાઈ અને ભાઈ પ્રદીપનું શાલ–તિલકથી સર્વેએ સન્માન કર્યું હતું.

ધનવંતભાઈએ આ સાહિત્ય સમારોહનો વલ્લભભાઈ-મંગલભાઈ તથા સર્વે પરિવારજનોની તેમના સ્વ. પૂ. પિતાશ્રી અને જ્યેષ્ઠ ભ્રાતા સ્વ. માણેકશાને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ રૂપે વર્ણવ્યો. તેમણે ભંશાલી પરિવારની બંધુબેલડીનો આભાર વ્યક્ત કરી તેઓનું સન્માન કર્યું હતું.

ધનવંતભાઈ, જિતુભાઈ, કાંતિભાઈ તથા દીલિપભાઈનું ભંશાલી બંધુઓએ વિશિષ્ટ સન્માન કર્યું હતું. આ વખતે વાતાવરણ ભારેખમ બની ગયું હતું. ભાવસભર દૃશ્યો સર્જાયા હતા. ઉપસ્થિત દરેકના મનમાં ઉદાસી છવાઈ ગઈ હતી. રાત્રિના જૈન સ્થાપત્ય તથા પ્રેક્ષાધ્યાન વિષે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની પ્રસ્તુતિ થઈ હતી.

તા. ૨૬ મીએ એક દિવસનો પંચતીર્થી યાત્રા દર્શન–કૈવલ્યધામ,દંતાણી, જીરાવલા, માનપુર, પાર્શ્વ પદ્માવતી તીર્થ દર્શનનો કાર્યક્રમ માણી સર્વે છૂટા પડ્યા ત્યારે મુખ પર ગ્લાનિ અને ઉદાસી જોવા મળતી હતી તો સાથે એક ઐતિહાસિક, અભૂતપૂર્વ સાહિત્ય સમારોહમાં સહભાગી બન્યાનો આનંદ પણ તરવરતો હતો. ✷✷✷

'ઉષા સ્મૃતિ', ૧, ભક્તિનગર સોસાયટી,
જૈન ઉપાશ્રય પાસે, રાજકોટ–૩૬૦ ૦૦૨.
ફોન : ૦૨૮૧-૨૨૨૨૭૯૫/૯૮૨૪૪૮૫૪૧૦.

જયભિખ્ખુ જીવનધારા : ૩૮

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યમાં પ્રાગૈતિહાસિક કાળથી આરંભીને સ્વતંત્રતાના સુધીની કથાઓને લક્ષમાં રાખીને જયભિખ્ખુએ નવલકથાઓ અને નવલિકાઓનું સર્જન કર્યું. બાળપણનો ઇતિહાસપ્રેમ એમને માનવસંસ્કૃતિના આદિકાળથી આરંભીને રાજપૂતયુગ, મોગલયુગ અને છેક વર્તમાનયુગ સુધી લઈ આવ્યો. એ સર્જકના એક આગવા અભિગમ વિશે જોઈએ આ આડત્રીસમા પ્રકરણમાં.]

જગતને જીતો, જાતને જીતો!

સર્જક જયભિખ્ખુએ શિવપુરીના ગુરુકુળમાં કરેલા અભ્યાસ દરમ્યાન જૈનધર્મના વર્તમાન ચોવીસ તીર્થંકરોમાંથી કેટલાક તીર્થંકરોના જીવન-સંદેશનું અતિ આકર્ષણ અનુભવ્યું. એમાંય સૌથી વધુ આકર્ષણ જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ અને અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીનું હતું. આ ઉપરાંત ભગવાન નેમનાથના જીવનમાં આવેલું પરિવર્તન પણ એક સર્જકની કલ્પનામાં અવનવા સંચલનો પ્રગટાવતું હતું.

યુવાન લેખક જયભિખ્ખુએ મનોમન વિચાર કર્યો હતો કે ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીર સ્વામીના ચરિત્રમાં રહેલો માનવતાનો સંદેશ પ્રગટ કરવો અને એ માત્ર જૈનોને જ નહીં, બલ્કે સર્વસ્પર્શી બને એવી રીતે એનું આલેખન કરવું. એમને માનવના રૂપમાં આલેખી માનવતાની યશોગાથા પ્રગટ કરવી. એમણે એમની આ યુવાનીની મનોકામના એમના જીવનકાળ દરમ્યાન પૂર્ણ પણ કરી.

આને માટે એમની સામે અનેક પ્રબળ પડકારો હતા. એક તો તીર્થંકરોનાં જે કોઈ ચરિત્રો મળતાં હતાં, તો પ્રમાણમાં પરિભાષાના ભારથી લદાયેલાં, દીર્ઘ વર્ણનો ધરાવતાં શુષ્ક ચરિત્રો મળતાં હતાં. એમાં સાધુમહાત્મા કે મુમુક્ષુ ભાઈ-બહેનને આનંદ આવે, પરંતુ એ ચરિત્રોની રજૂઆતમાં સાહિત્યરસિકને કે જનસામાન્યને એટલો રસ ન પડે, તે સ્વાભાવિક હતું.

વળી આ ચરિત્રોમાં વિશેષ મોકળાશ પણ નહોતી. જો એ વધુ મોકળા મને લખે તો જે પરંપરાગત અને રૂઢિબદ્ધ જૈન સમુદાય હતો, એનો એમને વિરોધ સહન કરવો પડે. જૈન સમુદાયના વિરોધનો એમને કશો ભય નહોતો, કારણ કે એ માનતા જ હતા કે એમની નવી દૃષ્ટિથી થયેલી રચનાઓનો કોઈ ને કોઈ સાધુમહારાજ વિરોધ કરશે જ અને બન્યું પણ એવું કે એમની પ્રથમ ધર્મઆધારિત નવલકથા 'ભગવાન ઋષભદેવ'નો કેટલાક સાધુમહારાજાઓએ વિરોધ કર્યો હતો. એમને લેખકની શૈલી ગમી હતી, પરંતુ એમાંથી પ્રગટ કરેલો વ્યાપક માનવતાલક્ષી સંદેશ પસંદ પડ્યો નહોતો.

જયભિખ્ખુ એમની મસ્તીમાં જીવનારા લેખક હતા. કોઈ વિરોધમાં કશુંક લખે તો એની પરવા કરતા નહીં, પણ સાથોસાથ એવું પણ બનતું કે જૈનસમાજમાં એમનો વ્યાપક સંપર્ક નહોતો, માત્ર એમને જે સાધુમહાત્માઓ માટે આદરમાન હતું, એમને જ સદૈવ મળતા રહેતા.

ક્યારેક એવી ધર્મજડતા જોવા મળતી કે પાઠ્યપુસ્તકમાં મહાવીર સ્વામીના બાળપણનો પ્રસંગ હોય અને બાળ મહાવીરે ઝાડ નીચે રહેલા સર્પને દૂર ફેંકી દીધો એમ લખ્યું હોય, તો 'દૂર ફેંકી દીધો' એ શબ્દ પર કેટલાક જૈનોએ વિરોધ કર્યો. પરિણામ એ આવ્યું કે 'ધાર્મિક લાગણી દુભાશે' એ ભયથી સરકારે પાઠ્યપુસ્તકમાંથી જયભિખ્ખુએ લખેલા પાઠની જ બાદબાકી કરી નાખી! આંધળું ઝનૂન પોતાની આંખોને જ ફોડનારું હોય છે.

જયભિખ્ખુનો ઇતિહાસ શોખ અને એમની કલ્પનાશીલતા બંનેને ભગવાન ઋષભદેવનું ચરિત્ર વિશેષ સ્પર્શે છે. આનું કારણ એ કે પૃથ્વીના આ વિશાળ પટ પર માનવજાત જ્યારે અજ્ઞાન, અંધકાર, જંગલિયત, કંગાલિયત તથા કરુણ અવસ્થામાં જીવતી હતી, ત્યારે એને દૂર કરવા માટે ભગવાન ઋષભદેવના કાર્યોથી 'નમો અરિહંતાણં'નો જયનાદ ગૂંજવા લાગ્યો.

સર્જક જયભિખ્ખુએ અનુભવ્યું કે આ 'નમો અરિહંતાણં'નો જયનાદ વિશુદ્ધ સ્વરૂપમાં ક્યાંય જોવાતો હોય, તો તે ભગવાન ઋષભદેવના ચરિત્રમાં છે. એક બાજુ ભગવાન ઋષભદેવે લોકોને ભૌતિક સુખ-સગવડ આપી, તો બીજી બાજુ ભૌતિક સુખસગવડની મર્યાદા બનાવીને એમને આધ્યાત્મિક ઊંચાઈનો સ્પર્શ કરાવ્યો. ભગવાન ઋષભદેવના જીવનમાં સમ્રાટ તરીકેની વિજયગાથા જોવા મળે છે અને એ પછી એમના સાધુકાળમાં–જીવનના અધ્યાત્મલક્ષી વિજયો નજરે પડે છે.

એમને લાગ્યું કે પ્રાગૈતિહાસિક કાળમાં થઈ ગયેલા ઋષભદેવનું ચરિત્ર એ એમની ગગનગામી કલ્પના અને માનવતાવાદી દૃષ્ટિ બંનેને ખૂબ અનુરૂપ છે. જયભિખ્ખુ ઐતિહાસિક નવલકથાની રચના કરે ત્યારે એને માટે જરૂરી તમામ સંદર્ભસામગ્રી એકત્રિત કરતા. એ સંદર્ભ સામગ્રીમાંથી જેટલું કથાનકને ઉપયોગી હોય, તેટલું તારવી લેતા અને પછી એની રચના કરતા હતા. ભગવાન ઋષભદેવ વિશે વૈદિક સાહિત્યમાં પણ ઉલ્લેખો મળે છે. આથી એમણે આ નવલકથાની રચના પૂર્વે જે ગ્રંથોનો અભ્યાસ કર્યો, એમાં શ્વેતાંબર સંપ્રદાયના ગ્રંથો જોવાની સાથોસાથ એમણે દિગંબર સંપ્રદાયના ગ્રંથો પણ જોયા. આ બંને સંપ્રદાયોમાં ભગવાન ઋષભદેવ વિશે અને ખાસ કરીને એમના જન્મ, લગ્ન જેવી બાબતો અંગે તફાવત જોવા મળે છે. પોતે શ્વેતાંબર સાધુઓએ સ્થાપેલા ગુરુકુળમાં અભ્યાસ કર્યો હોવાથી એમને શ્વેતાંબર પરંપરાનો પૂરેપૂરો ખ્યાલ હતો, પરંતુ એમણે એટલી જ ઊંડી દીર્ઘદૃષ્ટિ અને સમતોલ દૃષ્ટિથી દિગંબર સાહિત્ય અને વૈદિકસાહિત્ય જોયું. એ પછી અવધૂતપંથી ચરિત્રો વાંચ્યાં અને આ બધાનો અભ્યાસ કર્યા બાદ જયભિખ્ખુએ આ ચરિત્રનું આલેખન કર્યું.

આ સમયે આ યુવાન સર્જકના ચિત્તમાં કેટલીક વાતો ઘૂમતી હતી. એમને સતત એક સવાલ થતો કે શા માટે આ ચરિત્રોમાં લાંબા, શુષ્ક અને કવચિત્ અનાવશ્યક વર્ણનો આપવામાં આવ્યા હશે? શા માટે વર્તમાનને દુ:ખદ, ભયાનક અને આપત્તિઓથી ભરેલો બતાવાય છે? જૈન ધર્મમાં ક્યાંક વૈરાગ્ય પ્રત્યે મૂકાયેલો અતિ ઝોક જોઈને એમ પણ થતું કે શા માટે એ જીવાતા જીવનને બદલે દેહને નષ્ટ કરીને મૃત્યુને વહાલું કરતા હશે?

આ બધાં ચરિત્રો વચ્ચેથી પસાર થતા સર્જક જયભિખ્ખુના ચિત્તમાં એક ઝંઝાવાત જાગ્યો. એમણે એ પ્રાગૈતિહાસિક સમયના વાતાવરણને આત્મસાત્ કરવા પ્રયત્ન કર્યો, પરંતુ એમ કરવા જતાં એમને લાગ્યું કે પોતાના વર્તમાન સમયના વાતાવરણ પ્રત્યે શા માટે આટલો બધો ગુસ્સો અને નફરત હશે? શું જીવાતો સંસાર એટલો બધો ખારો હશે કે એનું વહેલી તકે ગળું ટૂંપી દેવું જોઈએ? શું વર્તમાન જીવન એટલું બધું દુ:ખદાયી અને પાપજનક છે કે એમાંથી જેટલા જલદી છૂટીએ તેટલું સારું? શા માટે સંસારના ઘર્ષણો અને સંઘર્ષો તરફ આવી ઘોર ઉદાસીનતા સેવી હશે? શા માટે જીવનના લાગણીમય સબંધોનો આવો ઘોર અનાદર કર્યો હશે? ક્યારેક સર્જક જયભિખ્ખુને લાગે છે કે 'શા માટે આપણા શાસ્ત્રકારો મનુષ્યના વર્તમાન જીવનથી આટલા દુભાયેલા રહ્યા હશે?' કવચિત્ એવું અનુભવે છે કે સંસાર તરફની ઉદાસીનતા દર્શાવીને કવચિત્ વાસ્તવિકતાની ઉપેક્ષા કરે છે.

આ યુવાન સર્જકને માનવીય મનોભાવોમાં રસ છે. અલૌકિક બાબતો, અદ્‌ભુત ચમત્કારો કે વારંવાર પ્રયોજાતી અતિશયોક્તિમાં નહીં. ઈન્દ્ર-ઈન્દ્રાણી અને દેવોની લીલામાં નહીં. આ ધાર્મિક ચરિત્ર જોતાં એમને લાગે છે કે એમાં જે ચરિત્રો છે, એનાં માનવીય તત્ત્વો પણ કેમ દૃષ્ટિપાત કરવામાં આવતો નથી? શા માટે એમના હૃદયના સંવેદનોને વધુ ઉપસાવવામાં આવતા નથી? એમણે આપેલા વ્યાપક ઉપદેશને એમના જીવનમાંથી પ્રગટતો કેમ દર્શાવાતો નથી? શાને કારણે એમની અલૌકિકતાને દર્શાવવા માટે માનવતાને ગાળી નાખવામાં આવે છે?

એમણે આ ચરિત્રો જોયા અને લાગ્યું કે અહીં તો ચમત્કારોનો ખડકલો જોવા મળે છે. દેવ-દેવીઓના આગમનની કથાઓ છે. દેવો દ્વારા થતા ઉત્સવો, મહોત્સવો અને વિનંતીઓ છે. દેવીઓના અને અપ્સરાઓના લાલિત્યભર્યા લોભામણાં દેહવર્ણનો છે, સુખ-વૈભવના, ઠાઠમાઠના અને સાહ્યબીના આંજી નાંખે એવાં વર્ણનો છે. યુવાન સર્જકને લાગે છે કે ચરિત્રોમાં મુખ્ય ભાવને ઉપસાવતાં વર્ણનોને બદલે એમાં અનેક આનુષંગિક બાબતોના લાંબા નિરસ વર્ણનો વિશેષ મળે છે. આ વર્ણનોમાં પણ મુખ્યત્વે શૃંગારના

પાનાનાં પાનાં ભરીને વર્ણનો મળે છે. વ્યવહાર જીવનમાં જેને વિલાસ કહેવામાં આવે છે, એ સ્વર્ગમાં રસ-રાગ બની જાય છે!

એક બાજુ ત્યાગ અને વૈરાગ્યની વાતો મળે છે, તો બીજી બાજુ ભોગ અને શૃંગારના ચિત્રણો મળે છે. આવો વિસંવાદ કેમ? સર્જક જયભિખ્ખુનું ચિત્ત વિચારે છે કે વૈરાગ્યનો મહિમા કરવા શા માટે શૃંગારનો આટલો બધો આધાર લીધો હશે? સ્ત્રીનું રૂપ, અંગ, પ્રત્યંગ, એની જંઘા, કટિ અને એથીય આગળ વધીને વિવેકની સીમા ઓળંગાય એવા અંગોની સુંદરતાના વર્ણન કેમ આલેખાયા હશે? આમ એક બાજુ ચરિત્રનાયકના વ્યક્તિત્વને, એમની ભાવનાઓ અને એમની માનવતાને પ્રગટ થવાનો પૂરો અવકાશ મળ્યો નથી, તો બીજી બાજુ કેટલીય આનુષંગિક બાબતોના જાળાની વચ્ચે એ ચરિત્ર પૂર્ણરૂપે પ્રગટ થતું નથી.

આ યુવાન સર્જકને ધર્મગ્રંથો તરફ આદર છે, પરંતુ સાથોસાથ એને પામવાની એક આગવી દૃષ્ટિ છે. જો પરંપરાના પગલે જ ચાલવું હોત તો એમણે આ બધાં વર્ણનો, ચમત્કારી ઘટનાઓ અને ઈન્દ્ર-ઇન્દ્રાણીની કથાઓનો ઉમળકાભેર સ્વીકાર કરી લીધો હોત! પણ એમનું સર્જક મન આમ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરતું હતું. એનું કારણ માત્ર એટલું જ કે આમ કરીશ તો જેમના ચરિત્રો લખવાનું મારું ધ્યેય છે, એ સિદ્ધ કે સાર્થક નહીં થાય. આથી જ ભગવાન ઋષભદેવની પ્રસ્તાવનામાં જયભિખ્ખુ નોંધે છે,

'મારા મનઃપ્રદેશમાં વર્ષોથી આસન જમાવી બેઠેલા દેવતાને, કાગળ ને શાહી જેવા જડ સાધનોથી જન્મ આપતા મારા ઉપર પણ ઘણું ઘણું વીત્યું છે, ને ન જાણે મારા હાથે એ મહાન દેવતાઓના ચરિત્ર પર શું શું નહીં વીત્યું હોય! પણ આ વાતનો નિર્ણય તો કોઈ વિબુધજન પર રાખવો ઉચિત છે.'

આ રીતે ભગવાન ઋષભદેવના ચરિત્રને આલેખવા માટે જયભિખ્ખુએ ધર્મ અને સંપ્રદાયના ગજગ્રાહને અળગો કર્યો. સંપ્રદાયને પોતાની મર્યાદા હોય છે, પ્રત્યેક બાબતને માપવા માટે પોતાનો ગજ હોય છે. જ્યારે સર્જક જયભિખ્ખુને માટે 'ધર્મ એ મુક્ત પંખી, સ્વતંત્ર નભોમંડળની જેમ વિશાળ અને સમન્વયકારી' છે. આ રીતે સંપ્રદાયની દૃષ્ટિએ આ ચરિત્ર તેઓ આલેખતા નથી. ફૂલો, શણગાર, હીરામોતી વગેરેથી છાવરી લેવાયેલી પ્રતિમાના દર્શન કરવાને બદલે આ લેખક એના પર ચડેલાં ફૂલો, હાર, હીરામોતી બધું હટાવીને એ પ્રતિમાનું પ્રત્યક્ષ દર્શન કરવા ચાહે છે.

આવી રીતે એમણે આગવી દૃષ્ટિ, દર્શન અને ઉદ્દેશથી ચરિત્રનાયકની પ્રતિમાનું દર્શન કર્યું અને ક્ષણભરમાં જ એમને એનું આકર્ષણ જાગી ગયું. ધીરે ધીરે ભગવાન ઋષભદેવના પરંપરાગત વર્ણનોમાંથી મુક્ત થયેલી એમની દૃષ્ટિ એ વિરાટ જીવનના મર્મને પામવાનો પ્રયાસ કરે છે અને પછી તો એ મર્મ પકડવા જતા એક આખુંય નવીન ભાવવિશ્વ નજર-પ્રત્યક્ષ થઈ જાય છે. એમને મન ભગવાન ઋષભદેવ એટલે માનવ અને માનવતાના વિકાસનું ભગીરથ કાર્ય કરનાર યુગપુરુષ. એમને મન ભગવાન ઋષભદેવ એટલે જીવનની પ્રત્યેક કળાઓ અને પ્રત્યેક દશાઓનો ઉત્થાનગામી ઉપયોગ કરનાર.. એમને મન ભગવાન ઋષભદેવ એટલે લૌકિક જીવનનો ઉદાત્ત આદર્શ આપવાની સાથોસાથ પારમાર્થિક જીવનની ઇતિશ્રી બનાવનાર મહાન વિભૂતિ. એમને મન ભગવાન ઋષભદેવ એટલે બાળકને ગળથૂથીમાં મળતા 'નમો અરિહંતાણં' મંત્રના મર્મને જગતની ધરતી પર પ્રથમ પ્રગટ કરનાર તીર્થંકર.

લેખકની દૃષ્ટિ સમક્ષ ભગવાન ઋષભદેવનું નવું ચરિત્ર ઊભરે છે. એ ચરિત્ર પ્રત્યક્ષ શત્રુઓથી મુક્ત થયેલી માનવતાને એ હૃદયસ્થ રિપુઓ સામે જંગ ખેલવા આવાહન આપે છે. પ્રજાને કહે છે કે બહારના જંગ પછી ખરો જંગ તો અંતરના સમરાંગણમાં મોરચા બાંધીને બેઠેલા કામ, ક્રોધ, મોહ, લોભ રૂપી હૃદયસ્થ કષાય રિપુઓ સામે લડવાનો છે. એના પરની જીતમાં સાચો વિજય સમાયેલો છે. જગતને જીતી આવનારો એ જાતને જીતી ન પણ શકે. અને જો આવું બને તો આખી પૃથ્વીનો વિજેતા પોતાનો વિજેતા ન બને, તો એનો વિજય કમળના પત્ર પર રહેલા જળબિંદુ જેવો ક્ષણિક છે.

યુવાન સર્જક જયભિખ્ખુ વિચારે છે કે અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા એ બે અંતિમોથી અળગા રહીને સાચી શ્રદ્ધા જગાડે તેવું ચરિત્ર આલેખવું છે.

ભૌતિક જીવનની ઉન્નતિને કારણે ઘણા સમયથી આધ્યાત્મિક ઉન્નતિ ડોલાવા લાગી. બાહ્ય ભભકની પાછળ દોડતો માનવી આંતરિક રીતે સાવ પોલો અને પોકળ બની ગયો છે. પરિણામે શુદ્ધ અને સંસ્કારી જીવન લોપાઈ રહ્યું છે એવે સમયે આવાં ચરિત્રોની વિશેષ જરૂર છે. આ ચરિત્ર આલેખને લેખકના મનમાં અનેક પ્રશ્નો જગાડ્યા. કઈ રીતે ભગવાન ઋષભદેવનું ચરિત્રનું સર્જન કરવું? કઈ રીતે ધર્મ અને દર્શનના તત્ત્વોને ન્યાય આપીશ? કઈ રીતે એ સમયના માનવજીવનના સૌથી ગંભીર પ્રશ્નને પ્રગટ કરી શકું અને એનો ભગવાન ઋષભદેવે આપેલો ઉત્તર કહી શકું?

આ ચરિત્ર લખવા માટે લેખકને પાંચ સૂત્ર હાથ લાગ્યા અને એ પાંચ સૂત્ર છે.

(૧) દેવ અન્ય કોઈ નહીં-માનવ એ જ દેવ! (૨) જીવનના જય તરફ શ્રદ્ધા ને યત્ન (૩) માનવમાત્ર તરફ બંધુત્વ ને સહૃદયતા (૪) સાદું નિખાલસ જીવન જીવવાની કળા (સત્ય અને અહિંસા) (૫) ઓછામાં ઓછાથી જીવનનિર્વાહની રુચિ (અપરિગ્રહ). પણ હજી લેખકના પ્રશ્નોનો અંત આવ્યો નથી. એ સમયની કાળગણના અને વ્યક્તિની વયગણનાને કયા દૃષ્ટિકોણથી જોવી? ફરી એક નવું ચિંતન લેખકના ચિત્તમાં જાગ્યું. (ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

વિશ્વના મુખ્ય ધર્મોમાં જગત કર્તૃત્વ-વિનાશ મિમાંસા :

❑ ડૉ. હંસા એસ. શાહ

(વિભાગ-૧)

વિશ્વના દરેક ધર્મમાં જગત કર્તૃત્વ અને વિનાશ વિષે સમજાવવાની એક ઐતિહાસિક રીત હતી. ખાસ કરીને પૌરાણિક કથાઓમાં જગતને દેવોએ કેવી રીતે બનાવ્યું તેની વાત કહે છે. દેવોનું જગત એ તેઓ માટે એક કીર્તિ મંદિર છે એમ આપણે ઓળખીએ.

વૈજ્ઞાનિકોએ જે રીતે જગતને જોયું તે રીતે તેનું વર્ણન તેઓએ કર્યું. ભૌતિકશાસ્ત્રના વૈજ્ઞાનિકો પાસે જેનો જવાબ નથી તે તેઓએ છોડી દીધું. આપણે ભૌતિકશાસ્ત્ર વર્ણિત કેટલું સમજી શકીએ છીએ તે આપણે પોતે જ જાણતા નથી.

એ વાત બરાબર છે કે ધર્મ એ આત્માનું વિજ્ઞાન છે. જ્યારે ભૌતિક વિજ્ઞાન બાહ્ય કુદરતમાં રહેલા પદાર્થો સાથેના સંબંધની વાત કરે છે. જૈન ધર્મ માને છે કે આખું જગત ચેતન અને જડ પદાર્થોથી ભરેલું છે. ધર્મે જગતના પદાર્થોનું અને તેની રચના વિષેના મુશ્કેલ સવાલોનું આકલન કરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ફિલસૂફોને તેમજ વૈજ્ઞાનિકોને ઇતિહાસની શરૂઆતથી જ મનમાં ઘૂંટાતો સવાલ એ રહ્યો છે કે બહારથી દેખાતા જગતના પદાર્થો, જેવા કે, સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, પૃથ્વી, પાણી, વાયુ વગેરેના બનાવનાર મૂળ જવાબદાર તત્ત્વો કયા છે? તેનો વિકાસ કેવી રીતે થયો અને તેનો અંત ક્યારે આવશે?

૧૧ માર્ચ ૨૦૧૧માં જાપાનમાં આવેલો ધરતીકંપ અને સુનામીનો અનુભવ કર્યો. ૨૩ ઑક્ટોબર ૨૦૧૧માં તુર્કીમાં ધરતીકંપ આવ્યો. આજે પણ ધરતીકંપ, સુનામી જેવી અનેક કુદરતી આપત્તિઓ આવવાનું મૂળ કારણ શું, તે વૈજ્ઞાનિકો હજી શોધી શક્યા નથી. પણ આ કુદરતી આફતથી માનવ સર્જિત મકાનો પડી ગયા અને અણુભઠ્ઠીઓમાં આગ લાગી. જેના કારણે તેમાંથી વિકિરણો ઉત્પન્ન થઈ હવામાં અને પાણીમાં ફેલાયા. વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ વિકિરણો માનવ જાત માટે ખૂબ જ નુકશાનકર્તા છે. આ અનુમાન ભૂતકાળમાં થયેલા અનુભવોથી તેઓમાં એક જાતનો ભય ફેલાયો છે, તેથી તેઓ લોકોને સાવધાન રહેવા અને તેઓ સૂચવે એમ સાવધાની રાખવા સમજાવી રહ્યા છે. એટલું જ નહિ, આવી ગમખ્વાર હકીકતોને ધ્યાનમાં લઈને કેટલાક દેશોએ અણુભઠ્ઠીઓ બંધ કરી અને કેટલાક દેશોના લોકોએ નવી અણુભઠ્ઠીઓ નહીં બાંધવા વિરોધ દર્શાવ્યો.

આમ સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં, તેના વિકાસ અને ખાસ કરીને વિનાશના સંબંધમાં છેલ્લા સાડાચાર અબજ વર્ષના પૃથ્વીના ઇતિહાસમાં આવા કંઈક નાટકીય ફેરફારોના અનુભવોના આપણે સાક્ષી છીએ. આજના લોકો એવા ગુંચવણભર્યા વિચારોમાં છે કે વિશ્વના ધર્મમાં આપેલી વિગતોને સાચી માનવી કે પછી આધુનિક વિજ્ઞાન આ બાબતમાં જે બતાવી રહ્યું છે તે સાચું માનવું!

આપણને જાણવા મળ્યું કે 'મયન કેલેન્ડર'ના આધારે ૨૧ ડિસેમ્બર ૨૦૧૨માં જગતનો વિનાશ થશે. આમ આ તારીખ પછીનું કેલન્ડરમાં તારીખો આપવાનું હજારો વર્ષ પહેલાંથી જ બંધ કર્યું. આ વિનાશ ઉપર જણાવેલ તારીખે જ આવશે તેના કારણો નીચે મુજબ આપ્યા છે-

૧. ચંદ્રરાશિ પ્રમાણે તેઓએ હજારો વર્ષ પહેલાં આગાહી કરી હતી કે ૩૨૯.૫૩૦૨૦ દિવસોમાં ૩૪ મિનિટ ઓછીએ જગતનો વિનાશ થશે. અને તે દિવસ તેઓ ઈ. સ. ૨૧ ડિસેમ્બર-૨૦૧૧ માને છે.

૨. સૂર્યરાશિ પ્રમાણે સૂર્ય આપણને જીવન આપે છે. વચ્ચેના મધ્ય વખતમાં તે સ્થિરતાપૂર્વક આપતો હતો. પણ સ્થિર થયેલા સૂર્યમાં સંઘર્ષ થશે, જેથી મનુષ્ય અને પ્રાણીઓને હાનિકર્તા એવા સીધા કિરણોને રોકનાર જાળ અને ઉપગ્રહો નાશ પામશે. આને કારણે સૂર્યના વિકિરણો પૃથ્વી પર તોપમારો ચલાવશે. સૂર્યની આ પ્રવૃત્તિની અસર ઈ. સ. ૨૦૧૨માં લગભગ ભયંકર થશે, જેથી પૃથ્વીનો નાશ થશે.

૩. ભવ્ય જ્વાળામુખી જે યુ.એસ.માં યલોસ્ટોન નેશનલ પાર્કના નામે જાણીતો છે, તેમાં રહેલો ગરમ પાણીનો કુવારો જગવિખ્યાત છે. આ કુવારાનું સ્થાન જગતના મોટામાં મોટા જ્વાળામુખી પર્વત પર આવેલું છે. ભૂસ્તરશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે દરેક ૬,૫૦,૦૦૦ વર્ષે તે ફાટે છે. જ્યારે એ ફાટે ત્યારે વાતાવરણ ગાઢ ધૂળના ગોટાઓથી ભરાઈ જાય છે ને સૂર્યને પણ ઢાંકી દે છે. તેથી પૃથ્વી શીત લહેરોમાં જકડાયેલી રહે છે. આવું વાતાવરણ ૧૫,૦૦૦ હજાર વર્ષ સુધી ચાલે છે. ભૂસ્તરશાસ્ત્રીઓના અનુમાન પ્રમાણે ઈ. સ. ૨૦૧૨ માં તેમાં મોટો ધડાકો થશે ને ફાટશે. ફાટવાના પરિણામથી વૈજ્ઞાનિકોમાં ભયથી તેમના શરીરમાંથી પરસેવો છૂટી જાય છે.

૪. ભૌતિકશાસ્ત્ર પ્રમાણે બર્કલે યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રીઓની ગણિતશાસ્ત્ર પ્રમાણેની ગણત્રીથી વિનાશક અણધારી આપત્તિની મુદત વીતી ગઈ છે. તેઓનું માનવું છે કે આ ગણત્રી પ્રમાણે તેઓનું મોત ખૂબ જ નજદીક છે. વિશ્વાસપૂર્વક તેઓ કહે છે કે ૯૯ ટકા તેઓની ગણત્રી સાચી પડી છે. તેઓના અનુમાન પ્રમાણે ૨૦૧૨માં અણધારી વિનાશક આપત્તિ આવશે જ. એટલું નહિ તેઓનો મત સાચો પડશે જ એમ કહે છે.

૫. પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર : આપણે બધા જ જાણીએ છીએ કે પૃથ્વીની આસપાસ વીંટળાયેલું પ્રકાશનું ચુંબકીય ક્ષેત્ર છે તે સૂર્યના સીધા પડતા વિકિરણોની ઢાલ બની આપણને રક્ષણ આપે છે. આ ચુંબકીય તત્ત્વને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ સાથે મસ્તી કરવાની ટેવ છે. એટલે કે લગભગ ૭૫,૦૦૦ હજાર વર્ષે ધ્રુવ પ્રદેશ અદલાબદલી

કરે છે. એટલે કે ઉત્તરધ્રુવ દક્ષિણધ્રુવ તરફ અને દક્ષિણધ્રુવ ઉત્તરધ્રુવ તરફ ધકેલાય છે, વિનિમય કરે છે. આધુનિક વૈજ્ઞાનિકોએ નોંધ લીધી છે કે દરેક વર્ષે આ ધ્રુવ પ્રદેશો ૨૦-૩૦ કિ.મી. ત્વરાથી અતિ પ્રવાહમાં ઘસડાય છે. અત્યારે એની લગભગ ૩૦,૦૦૦ હજાર વર્ષ મુદ્દત વધી ગઈ છે. આ ધ્રુવ ભાગ અત્યારે કિનારા પર છે. જ્યારે ધ્રુવ ભાગ નીચેના ભાગમાં ધસશે ત્યારે આ ચુંબકીય ક્ષેત્રમાં ભંગાણ પડશે અને તેના ચૂરેચૂરા થઈ જશે. ક્યારેક એ ચુંબકીય તત્ત્વ અદૃશ્ય થઈ જશે. તેને અદૃશ્ય થતાં ક્યારેક ૧૦૦ વર્ષ લાગે છે અને આ સો વર્ષ ૨૦૧૨ ઈ.સ.માં પૂરા થાય છે. પરિણામ એ આવશે કે પૃથ્વી પર એટલી ઠંડી પડશે કે થોડી જ મિનિટોમાં ચામડી ઠરીને ઠીકરું થઈ જશે. આ ઠાર જેને અડશે તે બધાનો નાશ થશે.

૬. રશિયામાં ઈ. સ. ૨૦૦૭માં 'પ્લેનેટરી ડિફેન્સ કૉન્ફરન્સ' એટલે કે 'ગ્રહોના હુમલાથી બચાવ સમિતિ' આ બાબત સલાહ-મસલત કરવા મળી. તેઓના અનુમાન પ્રમાણે 'એપોફીસ' ઉલ્કાપીંડ ઈ. સ. ૨૦૩૬માં પૃથ્વીની નજદીકથી ૩૭,૦૦૦-૩૮,૦૦૦ કિ.મી.ની રફ્તારથી પસાર થવાનો છે. અને તેની પૃથ્વી સાથે અથડાવાની શક્યતા ખૂબ જ છે. કદાચ જો તે પૃથ્વી સાથે અથડાય તો પૃથ્વી પર મહાપ્રલય થશે અને તેથી મોટું નુકશાન થવાની શક્યતા છે.

એક સમાચાર અનુસાર પૃથ્વી તરફ ધસી રહેલાં ઉલ્કાપીંડ એપોફીસ નજીક, પૃથ્વીવાસીઓએ એક પરમાણુ વિસ્ફોટ કર્યો છે. જેનાં કારણે હવે એપોફીસ ઈ. સ. ૨૦૩૬માં પૃથ્વી સાથે ટકરાયા વગર દૂરથી પસાર થઈ જશે એવી વૈજ્ઞાનિકોની માન્યતા છે. અને ચંદ્ર પર સ્થાપેલ ઈન્ટરનેશનલ ઑબ્ઝરવેટરી સેન્ટર 'એપોફીસ'ના માર્ગ અને મુવમેન્ટ પર સતત નજર રાખી રહ્યું છે. (૨૬ ઑક્ટોબર ૨૦૧૧, 'ગુજરાત સમાચાર' પેપર, પાના નં. ૮, સાયન્સ@નૉલેજ. કોમ. લેખકઃ કે. આર.ચૌધરી).

આમ ધર્મશાસ્ત્રો અને વૈજ્ઞાનિક યંત્રોદ્યોગો, બંને આપણને એ બતાવી રહ્યા છે કે જગતના વિનાશની શક્યતાઓ ઘણી જ છે. દરેકે, આ જીવનોપયોગી પાસાને જાણવાની જરૂર છે. પણ પ્રશ્ન એ છે કે તે ક્યારે અને કેવી રીતે? આ વિનાશમાંથી કોણ જીવિત રહેશે?

માન્યતા એ છે કે જેનો જન્મ છે તેનો નાશ પણ અવશ્ય છે. આપણે એમ કહી શકીએ કે, 'માનવ માટે ભૂતકાળ એ આપણને શીખવાનો સંગ્રહ પૂરો પાડે છે. વર્તમાન તો ક્ષણભંગૂર છે, પણ અનુમાનથી ભવિષ્યમાં આવનાર સંજોગોનો આપણી પાસે આશાઓથી ભરપૂર ખજાનો છે.'

આમ આ લેખ બે વિભાગમાં વહેંચાયેલો છે. પહેલા વિભાગમાં જગતના મુખ્ય ધર્મોમાં વર્ણવેલી વિશ્વ રચના વિનાશની વાત છે. બીજા વિભાગમાં જૈન ધર્મ અને વૈજ્ઞાનિકોએ દર્શાવેલ વિશ્વ રચના અને વિનાશની સટીકાત્મક અને સરખામણી છે.

પહેલા ભાગમાં બુદ્ધ, હિન્દુ, જૈન, ઝોરોસ્ટ્રીયન, તાઓ, હીબ્રુ બાઈબલ, ક્રિશ્ચીયન બાઈબલ અને ઈસ્લામ ધર્મમાં આપેલી વિશ્વ-રચના ને વિનાશની માહિતી છે.

પહેલો વિભાગ

હિન્દુ ધર્મ : ઋગ્વેદ, હિંદુઓનું સૌથી પહેલું ધર્મ-પુસ્તક, તેમાં નીચે પ્રમાણે વર્ણન આપ્યું છે–

૧. 'પરમેશ્વરે પૃથ્વી, આકાશ અને અંતરિક્ષ, એ ત્રણેને રચીને ધારણ કર્યા છે. તેમાં અંતરિક્ષ રજકણથી ઢંકાયેલું છે એટલે ગુપ્ત લાગે છે.' (ઋગ્વેદઃ મંડલ ૧, સૂક્ત ૨૨/મંત્ર ૧૭).

ઋગ્વેદ મંડલ ૧૦/૧૨૯ સૂક્ત પ્રમાણે, 'સૃષ્ટિ પહેલાં પ્રકૃતિ ગાઢ અંધકારથી છવાયેલી હતી. ત્યારે આ સકળ પ્રકૃતિ અજ્ઞાત સ્વરૂપમાં હતી. ત્યારે વ્યાપક કાર્યકારણ રહિત તે એક પરમેશ્વર તપના પ્રભાવથી પ્રકટ્યા.' (મંત્ર-૩).

'કયો મનુષ્ય જાણે છે, અને અહીં કોણ કહી શકે છે કે સૃષ્ટિ ક્યારે અને કયા કારણથી ઉત્પન્ન થઈ? દિવ્ય બળો તેનાં સર્જન પછી થયા, પછી આ જગત થયું છે, તે કોણ જાણે છે? (મંત્ર-૬).

'આ સૃષ્ટિ જેમાંથી ઉત્પન્ન થઈ અથવા જે એને ધારણ કરે છે અથવા નથી ધારણ કરતા, તે એના અધિસ્વામી ઉત્તમ પ્રકાશરૂપ છે. તે જ તેઓ જાણે છે. બીજા કોઈ જાણતા નથી.'

બીજા મત પ્રમાણે વિશ્વ રચના પોતાની મેળે જ થઈ છે. 'વાક્' શબ્દનો પ્રયોગ તેને માટે કરાય છે. આ શબ્દને સમજાવતાં કહ્યું છે કે વિશ્વ રચનાનો જન્મ વૈરાગી 'હિરણ્યગર્ભ' અથવા 'સુવર્ણગર્ભ'માંથી થયો છે. હિરણ્યગર્ભને એક મતાનુસાર 'બ્રહ્મા-સર્જનહાર' તરીકે ઓળખાવાય છે. તેને ઈશ્વરે જ બનાવ્યો છે. અથવા આ ઈશ્વર (બ્રહ્મા) પોતે જ છે.

પૃથ્વીના વિકાસ બાબતે ઋગ્વેદ સંહિતા (મંડલ ૧૦/સૂક્ત ૭૨)માં જણાવ્યા પ્રમાણે પહેલા દેવોનો જન્મ થયો. જ્યારે આ જ સંહિતા (મંડલ ૧૦/સૂ. ૧૯૧)માં જણાવ્યા પ્રમાણે તપથી સત્ય, સત્ય પછી રાત્રિ થઈ, તદ્નન્તર સમુદ્ર, પછી તેનું સંવત્સર, અહોરાત્ર યથાક્રમ ઉત્પન્ન થતા ગયા; ધાતાએ સૂર્ય, ચંદ્રની યથાપૂર્વક કલ્પના કરી અને આકાશ, પૃથ્વી, અંતરિક્ષ વગેરેની કલ્પના કરી અને રચ્યા.

આમ હિન્દુ ધર્મ માને છે કે પૃથ્વી, પર્વત વગેરેના રચયિતા હોવા આવશ્યક છે. એવા વિભુ, નિત્ય, એક, સર્વજ્ઞ, સર્વવ્યાપી પરમેશ્વર વગર અન્ય કોઈ નથી. આમ સૃષ્ટિના રચનાકાર બ્રહ્મા જ છે.

વિશ્વના વિનાશ બાબતમાં તેઓ માને છે કે વિશ્વનો એક સરખો વિકાસ થતો જ રહેશે. અબજો વર્ષો પછી તે ધુમ્મસ થઈ-અસંદિગ્ધ થઈ વિલીન થઈ જશે.

આની સાથે તેઓનું બીજું અવલોકન એ છે કે વિશ્વ ધીરે ધીરે સંકોચ પામતા અબજો વર્ષો પછી તેની વધારેમાં વધારે સીમા ત્યારે આવશે જ્યારે તે સંકોચાઈને એક અંશ માત્ર એટલે કે એક મિલીમિટરનું થઈ અદૃશ્ય થઈ જશે. અબજો વર્ષોના અસ્તિત્વહીન રહ્યા પછી વિશ્વ રચના થવાનું શરૂ થશે.

ત્રીજું, પૌરાણિક શાસ્ત્રોનું અવલોકન એ છે કે તેઓ નિશ્ચયપૂર્વક કહે છે કે વખતના ચક્રોમાં વારંવાર વિશ્વની રચના થતી જશે. અને

નાશ પામતી રહેશે. આમ તેના કાળચક્રો ગતિમાન થતાં જ રહેશે.

હિન્દુ વિશ્વ રચનાના એક મત પ્રમાણે વિશ્વનું આયુષ્ય ૪૩૨ લાખ વર્ષ છે. (આને બ્રહ્માનો એક દિવસ અથવા કલ્પ મનાય છે). પછી તેના મૂળ તત્ત્વ પાણી અને અગ્નિથી નાશ પામશે. ત્યારે બ્રહ્મા એક રાત-દિવસ આરામ કરશે. આ ક્રમને મહાપ્રલય નામ આપ્યું છે. અને તેની પુનરુક્તિ ૧૦૦ બ્રહ્મા વર્ષો સુધી થશે.

અત્યારે બ્રહ્માનું ૫૧મું વર્ષ ચાલે છે. જ્યારથી બ્રહ્માનો જન્મ થયો ત્યારથી આજ સુધી લગભગ વિશ્વે ૧૫૫ ટ્રિલીયન વર્ષો વીતાવ્યાં છે. બ્રહ્માનું મૃત્યુ ૧૦૦ વર્ષે થશે. એ પછી ૧૦૦ બ્રહ્માના વર્ષો વીત્યા પછી તેમનો પુનર્જન્મ થશે અને વિશ્વની નવી રચના થવાની શરૂઆત થશે.

હિંદુ પિંગલ ઉપનિષદ પ્રમાણે પ્રલય બે જાતના છે. એક નાનો પ્રલય (નાના પાયે) અને બીજો મહાપ્રલય. હિન્દુ ઇતિહાસ પ્રમાણે બ્રહ્માના દિવસને ૧૦૦૦ વર્ષના ચક્રકાળ પ્રમાણે તેના વિભાગ કર્યા છે. જેને મહાયુગ કહેવાય છે. આ મહાયુગને ચાર વિભાગમાં વહેંચ્યા છે જેના નામ છે સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ. દરેક કાળચક્ર ૮.૪ સો કરોડ અથવા અબજો વર્ષોના ગણાય છે. અત્યારે કલિયુગના જે ૪ લાખ ૩૨ હજાર વર્ષો મનાય છે (એટલે કે ભગવાનના ૧૮૦૦) તેમાંથી ૫૦૦૦ વર્ષો વીત્યાં છે.

હિન્દુ પરંપરાના પુરાણોમાં અને અનેક શાસ્ત્રોમાં વર્ણવ્યા પ્રમાણે જગતની પડતી મહાભૂતોની અપંચીકૃત (અંધાધૂંધી) સ્થિતિથી અને અવનીતિથી થશે. ત્યારે વિપરીતતાનો ધસારો થશે. લોભ અને કલહ વધશે. નેકીપણાની પડતી થશે. આ પરિસ્થિતિને દર્શાવતાં કહ્યું છે કે 'જ્યારે જ્યારે નેકીપણાની પડતી થશે ઓ ભારત! અને આ અવનીતિની ઉપસ્થિતિમાં હું મારી જાતને પ્રકટ કરીશ.'

વર્તમાન કલિયુગ બહુ જ અનિષ્ટ છે. 'ઈશ્વર પોતે કલકિનો અવતાર લઈ જન્મશે'...એ વિશ્વમાં નીતિ સ્થાપશે અને લોકોના મનને સ્ફટિક જેવું શુદ્ધ અને પારદર્શક બનાવશે. સત્યુગનો જન્મ થશે. આમ કાળચક્ર અનંતા અનંતવાર ફર્યા જ કરશે.

માનવતાર મનુ કે જે માનવજાતનો કારભાર કરે છે તે મહાપ્રલયમાં જે જીવતા રહી ગયા હશે તેમને સાચવીને તેની નાવમાં બીજે લઈ જશે. મનુ ત્યાંથી તેની માનવજાતનો કારભાર ચલાવશે. તે તેના ચક્રો ગતિમાન કરી પૃથ્વીની ફરી રચના કરશે.

આમ હિન્દુ ધર્મના જુદા જુદા ગ્રંથ પ્રમાણે સૃષ્ટિ ઈશ્વર રચિત હોવાથી બધા પદાર્થોમાં ઈશ્વર છે. અને દૃશ્યાદૃશ્ય બધા જ પદાર્થ ઈશ્વર રચિત છે. જ્યારે સૃષ્ટિનો વિનાશ ચક્રકાળ પ્રમાણે મહાયુગના ચાર વિભાગનો વિનાશ નાના પ્રલય દ્વારા થશે અને બ્રહ્માનું ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂરું થાય પછી પૃથ્વીનો વિનાશ થશે તે મહાપ્રલય હ્રાસ કહેવાશે.

બૌદ્ધ ધર્મ :

મહાત્મા બુદ્ધના મત પ્રમાણે લોક-વિશ્વની રચનાનો પ્રશ્ન અનિર્ણીત છે. એટલે કે વિશ્વ વ્યવસ્થા સંબંધમાં નિર્ણયાત્મક રૂપથી કંઈપણ કહી શકાય નહિ. ક્યારે તેની શરૂઆત થઈ અને ક્યારે તેનો અંત આવશે. તેઓ માને છે કે વિશ્વ પરિવર્તનશીલ છે. જગતમાં બીજા વિશ્વની જેમ જ આપણું આ વિશ્વ કામ કરે છે. તેમનો પરિવર્તનશીલ વિચાર 'મહાહત્થિ પદોપમસુત્ત'માં નીચે પ્રમાણે છે–

'ચાર મહાભૂતો અને ચાર મહાભૂતોમાંથી ઉત્પન્ન થયેલા પદાર્થોને રૂપસ્કંધ કહે છે. આ ચાર મહાભૂતો તે પૃથ્વી, અપ, તેજ અને વાયુ. પૃથ્વી ધાતુના બે પ્રકાર, અંતર્ગત અને બાહ્ય. કર્મથી ઉત્પન્ન થયેલાં આભ્યંતર જડ પદાર્થો (જેવા કે કેશ, લોમ, નખ, દાંત, ત્વચા વિગેરે) તેને પૃથ્વી અંતર્ગત ગણાય છે. જ્યારે બહારની પૃથ્વી પૃથ્વી જ છે. એક એવો વખત આવે છે જ્યારે બાહ્ય અપોધાતુ (પાણી) ક્ષુબ્ધ થાય છે. ત્યારે બાહ્ય પૃથ્વી ધાતુ લુપ્ત પ્રાય થાય છે. તેવી જ રીતે અપોધાતુ પ્રક્ષુબ્ધ થાય ત્યારે ગ્રામનિગમ જનપદાદિ પાણીથી તણાઈ જાય છે. તે પણ કોઈવાર ક્ષય પામે છે. મહાસમુદ્રનું પાણી પણ ધીમે ધીમે ક્ષય પામતું જાય છે. તેવી જ રીતે તેજો (અગ્નિ) ધાતુ પ્રક્ષુબ્ધ થાય ત્યારે ગામનિગમ આદિને બાળી નાંખે છે. વાયુ ધાતુ જ્યારે પ્રક્ષુબ્ધ થાય છે ત્યારે પણ ગામનિગમાદિને ફના કરી નાંખે છે. આમ ચારેય મહાભૂતોની અનિત્યતા દેખાઈ આવે છે.'

બીજા મત પ્રમાણે એક જીવની ઉત્પત્તિ સાથે જગતનું અસ્તિત્વ ધીરે ધીરે વધતું જાય છે. તેનું થોભ્યા વગર અસ્તિત્વ રહેશે. પણ છેલ્લો જીવ જગતમાંથી વિદાય થશે કે વિશ્વનો વિનાશ થશે. જે મોટી આગ લાગવાથી થશે. થોડા વખત પછી જીવો અવતરવાના શરૂ થશે. અને વિશ્વ એક વખત ફરી બંધાશે. સાથે સાથે બીજા વિશ્વો પણ અસ્તિત્વમાં આવશે અને આમ ઊંચા પ્રકારની પ્રાપ્ત કરેલી સપાટ ભૂમિકાનો ક્યારેય નાશ નહિ થાય. યદ્યપિ તેના જીવો જે રહેતા હશે તેનું અસ્તિત્વ તો રહેશે અને જશે. આમ તેઓ અંદર-બહાર આવ-જાવ કરશે.

પૃથ્વીના વિનાશની બાબતમાં બીજો મત, બૌદ્ધો હિંદુઓની જેમ જ કાળચક્રમાં થશે તેમ માને છે. આમ તેમના મત પ્રમાણે જગતનો અંત નીચે પ્રમાણે થશે–

૧. પૃથ્વી પર વરસાદ નહીં પડવાથી ભયંકર દુકાળ પડશે. બધા ઝાડ, પાન દેખાતા બંધ થશે, સુકાઈ જશે અને પૃથ્વી પરથી સદંતર તેઓનો નાશ થશે.

૨. ક્ષિતિજમાં બીજો સૂરજ દેખાશે, એને કારણે ઘણાં ઝરણાંઓ અને પાણીના ખાબોચિયાઓ સૂકાઈ જશે.

૩. ત્રીજો સૂરજ ઊગશે અને મોટી મોટી નદીઓ જેવી કે ગંગાનું બધું પાણી બાષ્પીભવન થઈ ઊડી જશે.

૪. ઘણો લાંબો સમય પસાર થશે પછી પાંચમો સૂર્ય ઊગશે ત્યારે સાગરના પાણીનું એવી રીતે બાષ્પીભવન થશે કે તે એક જ આંગળ ઊંડો રહેશે.

૫. ફરી ખૂબ ખૂબ લાંબા સમય પછી છઠ્ઠો સૂરજ દેખાશે. પૃથ્વીનો પોપડો અને તેની અંદરનો ગર ખૂબ જ તપશે. જેને કારણે

જ્વાળામુખી ફાટશે. ધરા ધીકતી રહેશે ને જ્વાળામુખીની આંધીથી આખું આકાશ ભરાઈ જશે.

૬. પછી ખૂબ ખૂબ લાંબા સમય પછી સાતમો સૂરજ દેખાશે. પૃથ્વી અગ્નિનો એક ચમકતો ગોળો બની જશે. આ ગોળો ફૂલતો જશે અને તેની જ્વાળાઓ ચારે બાજુ દૂર દૂર સુધી ફેલાશે.

છેલ્લે એ ફાટશે અને અદૃશ્ય થશે.

તમારી જાતને બચાવવા માટે ફક્ત એક જ રસ્તો છે અને તે એ કે તમે આઠ નિયમોનું બરાબર પાલન કરો.

આમ બૌદ્ધો સૃષ્ટિના કર્તાને નથી માનતા. પણ પૃથ્વીના વિનાશમાં તેઓ કાળચક્રને માને છે.

જૈન ધર્મ : ભગવાન સૃષ્ટિના રચનાકાર છે, એમ જૈનો માનતા જ નથી. તેમના સિદ્ધાંત પ્રમાણે જગતનું ક્યારેય સૃજન થતું નથી, ન પ્રલય થાય છે, તેથી વિશ્વ (લોક) શાશ્વત છે. જૈન ધર્મ અનુસાર જડ અને ચેતનથી ભરેલી આ સૃષ્ટિ છે. તેઓએ વિશ્વને બે વિભાગમાં વહેંચ્યું છે. એકને લોક કહે છે. બીજાને અલોક કહે છે. જડ ચેતનનો સમૂહ લોકમાં સામાન્ય રૂપથી નિત્ય અને વિશેષ રૂપથી અનિત્ય છે. જ્યારે અલોકમાં જીવ, જડ, ચેતન વગરનો છે. જૈન, મતાનુસાર વિશ્વ અને તેની સ્થાપના આત્મા, પદાર્થ, લોક, કાળ અને તેની ગતિના સિદ્ધાંતો હંમેશ માટે અસ્તિત્વમાં જ હતા, છે અને રહેશે જ. તેનો ક્યારેય વિનાશ નહીં થાય. તેથી જડ-ચેતનમય આ સૃષ્ટિમાં અનેક કારણોથી વિવિધ રીતે રૂપાંતરો થતા રહે છે. એક જડ પદાર્થ બીજા જડ પદાર્થના સંપર્કમાં આવે છે ત્યારે બંનેમાં રૂપાંતર થાય છે. તેવી જ રીતે જડના સંપર્કમાં ચેતન સાથે મળવાથી તેમાં પણ રૂપાંતર થતું રહે છે. રૂપાંતરની આ અવિરત પરંપરામાં પણ મૂળ વસ્તુની સત્તાનું અનુગમન સ્પષ્ટ દેખાય છે. આ અનુગમનની અપેક્ષાએ જડ અને ચેતન અનાદિકાળથી છે, અનન્ત કાળ સુધી સ્થિર રહેશે. સત્‌નું શૂન્ય રૂપમાં ક્યારેય પરિણમન નહીં થઈ શકે, અને શૂન્યથી ક્યારેય સત્‌નો પ્રાર્દુભાવ અથવા ઉત્પત્તિ ન થઈ શકે.

સત્‌નું બીજું નામ દ્રવ્ય છે. આ સમગ્ર ચરાચર લોક આ છ દ્રવ્યો (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય)ના પ્રપંચ છે એનાથી અતિરિક્ત બીજું કંઈ જ નથી. દ્રવ્ય નિત્ય છે. તેથી લોક પણ નિત્ય છે. એનું કોઈ લોકોત્તર શક્તિથી નિર્માણ થયું નથી. અનેક કારણોથી સમય સમય પર એમાં પરિવર્તન થતું આવ્યું છે. પરંતુ મૂળ દ્રવ્યોનો નાશ કે ઉત્પાદ થતો નથી. આ કારણે જૈન ધર્મ અનેક મુક્તાત્માની સત્તા સ્વીકારે છે પણ તેમને સૃષ્ટિ કર્તા નથી માનતા.

જીવ, પુદ્‌ગલ આદિને દ્રવ્ય કહેવાનું કારણ એ વિવિધ પરિમાણોમાં દ્રવિત થાય છે. પરિમાણ અથવા પર્યાય વગર દ્રવ્ય રહેતું નથી અને દ્રવ્ય વગર પદાર્થનું અસ્તિત્વ નથી હોતું.

પૃથ્વીના પ્રલય વિષે વાત કરીએ તો જૈન ધર્મ પ્રમાણે કાળ (કાલાસ્તિકાય) ઘડિયાળની માફક ચાલે છે એવી માન્યતા છે. કાળને બે વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે, અવસર્પિણીકાળ અને ઉત્સર્પિણીકાળ. આ બંને અડધા ચક્રને પાછું છ વિભાગમાં વહેંચ્યું છે તેને 'આરા' (સમય)ના નામથી સંબોધવામાં આવે છે. આમ બધા મળીને કુલ બાર આરા (કાળચક્ર) થાય છે. અત્યારે આપણે અવસર્પિણીના પાંચમા આરામાં છીએ જેનો નિશ્ચિત સમય ૨૧૦૦૦ વર્ષનો મનાય છે.

અવસર્પિણીકાળના સમયનો વિચાર કરીએ તો પહેલો આરો ખૂબ જ લાંબો હોય છે. બીજા, ત્રીજા અને ચોથા આરાનો સમય પણ ખૂબ જ લાંબો હોય છે. જ્યારે પાંચમા અને છઠ્ઠા આરાનો સમય બંને ૨૧૦૦૦ હજાર વર્ષનો માન્યો છે. ઉપર જણાવ્યું તેમ અત્યારે આપણે પાંચમા આરાના ૨૧૦૦૦ વર્ષમાં છીએ. જેમાંથી ૨૬૦૦ વર્ષ પૂરા કર્યા.

પૃથ્વીના પ્રલય બાબતમાં જૈનધર્મ માને છે કે છઠ્ઠા આરાનો ૨૧૦૦૦ વર્ષનો ગાળો લોકો માટે ખૂબ જ મુસીબતોનો હશે. નીચે પ્રમાણે તેનું વર્ણન આપ્યું છે-

૧. દિવસ અસહ્ય ગરમી પડશે, રાત્રે અસહ્ય ઠંડી પડશે.

૨. લોકો નદીના બિલ (બોગદા)માં દિવસ દરમ્યાન ભરાઈ રહેશે.

૩. સંસ્કૃતિનો નાશ થશે.

૪. આ આરાના છેલ્લા ૪૯ દિવસો દરમ્યાન–

i. પહેલાં સાત દિવસ ધૂળના વાદળો છવાશે.

ii. પછીના સાત દિવસ આંધીના રહેશે.

iii. ત્રીજા સાત દિવસ વરસાદની ખૂબ હેલી રહેશે.

iv. ચોથા સાત દિવસ અગ્નિની વર્ષા રહેશે.

v. છેલ્લા ત્રણ અઠવાડિયા ભયંકર વાવાઝોડાના સ્વાગતથી રહેશે. ધૂળની ડમરીઓ ભયંકર થશે, ઝાડો મૂળમાંથી ઉખડી જશે. આ કારણે લગભગ બધા જીવોનો નાશ થશે.

જૈન ઋષિઓ તેને પ્રલય કહે છે. પણ તેમાં પૃથ્વી કે જગતના નાશની માન્યતા નથી. આ તો પૃથ્વી પરના પરિવર્તનની કે પ્રલયની જ વાત છે. માનવ જીવોનો નાશ થશે પણ તેમાંથી કેટલાક બચેલા જીવોને દૈવી શક્તિ સંરક્ષિત જગ્યા પર મૂકી આવશે. જેથી ભયંકર વાવાઝોડાના સમાવા સાથે, પાછું તેઓથી નવજીવન શરૂ થશે. પૃથ્વી પાંગરવાની શરૂઆત થશે.

આમ છઠ્ઠા આરાના ચક્રની સમાપ્તિ સાથે, કાળચક્ર (સમયનું) ઊલ્ટી રીતે ચાલશે. એટલે કે છઠ્ઠા આરાના ૨૧૦૦૦ વર્ષોથી, પાંચમા આરાના ૨૧૦૦૦ વર્ષમાં પ્રવેશ કરશે. તેવી જ રીતે પછી ચોથો આરો, ત્રીજો આરો, બીજો અને પહેલો આરો આવશે. તેને ઉત્સર્પિણીકાળ કહેવાશે. આમ આ પ્રકારે કાળચક્ર અવિરત ફર્યા જ કરશે.

જરથોસ્તી ધર્મ :

કહેવાય છે કે 'અહુન-વઈર્ય' મંત્ર સર્વથી પહેલાં મેં (પરમેશ્વરે) ઉચ્ચાર્યો. તેનો અર્થ થાય છે કે, આકાશની પહેલાં, જળની પહેલાં, પ્રાણીઓ, વનસ્પતિ, અગ્નિ, સજ્જન, મનુષ્યો, દુષ્ટ મનુષ્યો, સઘળી શરીરધારી સૃષ્ટિ, સૃષ્ટિનાં સઘળાં સર્જન પહેલા 'અશ'માંથી ઉદ્‌ભવેલા, આ બધા વિશ્વ પહેલાં 'હું' એટલે (પરમેશ્વર) હતો.

જરથોસ્તી ધર્મના લોકો 'અહુરા મઝદા'ને જ પૃથ્વીના રચનાકાર માને છે. આપણે તેને જોઈ શકતા નથી. આમ એ આદિ અને અંત રહિત, શાશ્વત, સનાતન, નિત્ય અને અવિનાશી છે. તે શુદ્ધ અને એક જ સત્ય છે.

'અહુરા–મઝદા'નો અર્થ 'જીવનનો સાહેબ' (અહુરા), તથા સૃષ્ટિ સર્જનાર (મઝદા) થાય છે. બીજા શબ્દોમાં 'પુરુષ' અને 'પ્રકૃતિ' બંનેને પેદા કરનાર પરમેશ્વર તે 'અહુરા-મઝદા'.

'જરથુસ્ત'ને જગદ્‌ગુરુ માન્યા છે. સૃષ્ટિના આરંભમાં પરમેશ્વર અહુરા-મઝદામાંથી બે શક્તિ પ્રકટ થઈ. એક ભલી અને બીજી બૂરી શક્તિ. ભલી શક્તિમાંથી 'જીવન' પ્રકટ થયું અને બૂરી શક્તિએ 'અ-જીવન' પ્રકટાવ્યું. તે 'અંગ્રોમઈન્યુ'ના નામથી ઓળખાય છે.

એ પરગરદમાં દાદાર અહુરમઝદે જરથુસ્ત્રને કહ્યું કે મેં ૧૬ (સોળ) શહેરો વસાવ્યા છે. ત્યાં દરેક શહેરમાં 'અંગ્રોમઈન્યુસે' કંઈ ને કંઈ પીડા (દરદ) ઊભી કરી છે. ('નીરંગ-ઈ-દીન' યાને માજદીયરની જરથુસ્તી ધર્મનું તત્ત્વજ્ઞાન' આથ્રવનકૃત) (પ્રકરણ ૬૬ું. પા. નં. ૭૧-૭૨).

બીજા અભિપ્રાય પ્રમાણે 'તમામ સૃષ્ટિના પેદા કરનાર તથા તે પર બહુમત ધરાવનાર અહુરા-મઝદાની સાથે બીજી છ મહાન શક્તિઓ ગાથામાં ગણાવી છે. એ શક્તિઓ 'અશમાસ્પંદા'ને નામે ઓળખાય છે. તે સઘળી જીવંત મહાન શક્તિઓ છે. દાદાર અહુરા-મઝદામાંથી છ 'કિરણો' પ્રગટે છે. તેને 'અશમાસ્પંદો' છ પ્રકારના સ્વરૂપો ગણે છે.

આ છ અશમાસ્પંદો ત્રણ ત્રણની એમ બે ત્રગડીમાં વહેંચાઈ ગયા છે. એક ત્રગડી 'ખુદાની-પિતા શક્તિ' અને બીજી ત્રગડી 'માતા-શક્તિ' સૂચવે છે.

આ છ અશમાસ્પંદો સર્વ-શક્તિમાન અહુરા-મઝદાની રોશનીમાંથી નીકળતાં 'કિરણો' છે. પહેલું કિરણ 'અશ' જેના પર કહેવાય છે કે જરથુસ્ત્રે ધર્મનો પાયો રચ્યો છે. તેથી ધર્મનું પવિત્ર ચિન્હ તે 'આતશ–(અગ્નિ)', જે માણસ જાતની રક્ષા કરવા માટે છે. બીજું કિરણ 'વોહુમનો (બહૂમન)', જાનવરની રક્ષા કરે છે. ત્રીજું કિરણ 'ક્ષય-વઈર્ય' (શહેરેવરે), એ અહુરાની ક્રિયા શક્તિ દર્શાવે છે. આ ત્રણ પિતા-શક્તિ કહેવાય છે.

ખુદાના 'માતા-સ્વરૂપ' માતા–ત્રગડીમાંથી પ્રકટ થતા ત્રણ કિરણો તે માણસો માટે 'ગોયા' એટલે 'આદર્શો' ગણાય છે. આ ત્રણેનો સંબંધ 'પિતા-સ્વરૂપ' અમશાસ્પંદો સાથે છે પણ એમાંથી માત્ર એક જ 'અશ-આર્મઈત'નું સ્પષ્ટપણે રૂપ મળે છે.

'અમર્માઈતને' સ્પેન્તા (સ્પેન્દારમદ) વિશેષણ લગાડ્યું છે. જે સદા અશ સાથે રહીને પોતાનું કામ કરે છે. એ સ્થિરતા, મનનું અડગપણું, અચળ શ્રદ્ધા સૂચવે છે. જીવન દરમિયાન તેમજ મરણ પછી કહેવાય છે કે તેને ખોળે જ સુવાનું છે.

'હઉર્વતાત (ખોરદાદ) તે તનની, મનની તેમજ રવાનની સંપૂર્ણતા દર્શાવે છે. તે પાણી ૨ સરદારી બતાવે છે.

છેલ્લું કિરણ, અર્મરતાત્ (અમરદાદ) છે. તેનો અર્થ 'અમર્ગી' એટલે મોત ઉપર જીત. તે ક્ષધ્રની સાથી છે. પણ અમરદાદ અશમાસ્પંદને તમામ વનસ્પતિ, ઝાડપાનની સરદાર માને છે.

આમ પૃથ્વીના વિકાસમાં આ બધી જ શક્તિઓ પોતપોતાનું કામ સંભાળે છે.

કહેવાય છે કે 'અંગ્રોમઈન્યુ'ની જન્મજાત વૃત્તિ નાશ કરવાની હતી. અહુરા મજ્‌દાએ આકાશનો આધાર રાખી પૃથ્વીની રચના કરી પણ અંગ્રોમઈન્યુને લાગ્યું કે તે તેની સાથે મળશે નહિ. એટલે તેણે દુષ્ટ રાક્ષસ–યઝાર્ડ બનાવ્યો. તે બીજા કોઈ નહિ પણ મનુષ્યને બાધક બને તેવા પ્રાણીઓની રચના કરી. જેવા કે સાપ, કડી, માખીઓ, વગેરે. જગતને લાલચમાં ફસાવવા માટે તેણે સાંઢ-પાડો બનાવ્યો. લાલચક્રમાંથી નીકળવા માટે માણસો તરફડિયાં મારશે. તેઓ માને છે કે ભૌતિક જગતની દુષ્ટતા એ જન્મ-જાત મૂલ બિમારીનું ત્પાદન નથી, પણ અંગ્રોમઈન્યુનનો ઓચિંતો હુમલો છે.

જગનતા વિનાશ વખતનું ચિત્ર નીચે મુજબ આપે છે–

૧. ૩૦૦ વર્ષ સુધી સારી અને ખરાબ વસ્તુઓ વચ્ચે લડાઈ થશે.

૨. ચંદ્ર અને સૂરજ કાળા પડશે.

૩. તેથી પૃથ્વી પર ખૂબ ઠંડી પડશે.

૪. અંગ્રોમઈન્યુનો દુરાત્મા છૂટો પડશે ને જગતમાં મહાભય ઊભો કરશે.

અહુરા-મજ્‌દા પૃથ્વીને પુન; જીવિત કરવા શું કરશે ? તે નીચે પ્રમાણે–

૧. કુંવારી છોકરી તળાવમાં નહાશે ત્યારે જોરાસ્ટ્રરના બીજથી તે ગર્ભવતી બનશે.

૨. છેલ્લો બચેલો સ્થાઓશાન્તનો જન્મ થશે.

૩. સ્થાઓશાન્ત સ્વર્ગ અને નર્કમાંથી મરેલાંઓને, છેલ્લા ચુકાદા માટે લઈ આવશે.

૪. શારીરિક પાપને શુદ્ધ કરવા પાપીઓને પાછા નર્કમાં મોકલશે.

૫. પ્રામાણિક માણસોને કાદવ-કીચડવાળી નદી પાર કરવા તે પીગળેલાં ધાતુની પાટ પર બેસાડશે જેથી તેઓ બળી ન જાય.

૬. દૈવિક શક્તિ આમ છેલ્લે ખરીબ પર વિજયોત્સવ મનાવશે. અને અંગ્રોમઈન્યુને કાયમ માટે શક્તિહીન બનાવી દેશે.

૭. સ્યાઓશાન્ત અને અહુરામજ્‌દા બંને મળી અંતે પાડા (સાંઢ)ને (યજ્ઞ કરી) બલિ ચઢાવશે.

૮. આમ ડુંગરો ફરીથી સપાટ થઈ જશે. ખીણો ઉપર આવશે. સ્વર્ગ ચંદ્ર પર નીચે ઉતરશે અને તે બંનેને મળવા પૃથ્વી ઊભી થશે.

૯. આમ આખી માનવજાતને અમર બનાવી દેશે. અંગ્રોમઈન્યુને નરક નાશ પામશે. મરેલાં માણસોને ફરીથી જન્મ આપશે. અને અંતવિહિન આનંદ હંમેશ માટે આખા જગત પર રાજ ચલાવશે.

આમ જરથોસ્ત્ર ધર્મ પણ વિશ્વ રચનાના કર્તા-હર્તા ઈશ્વર જ છે એમ માને છે. **(ક્રમશ:)**

૨૦૨, સોમા ટાવર, ચીકુવાડી, ગુલમહોર સોસાયટી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨. મોબાઈલ : ૯૮૧૯૭૨૦૩૯૮.

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **આચાર્ય કુન્દકુન્દ કૃત સમયસાર**
હિન્દી અનુવાદ : ડૉ. જયકુમાર જલજ
સંપાદન : આચાર્ય કલ્યાણબોધિ
પ્રકાશક : **હિન્દી ગ્રન્થ કાર્યાલય, મુંબઈ**
મૂલ્ય : રૂા. ૭૦/-. પાના : ૯૬.
આવૃત્તિ : પ્રથમ-૨૦૧૨.

આચાર્ય કુન્દકુન્દ રચિત મૂળ પ્રાકૃત 'સમયસાર' ગ્રંથનો હિન્દી અનુવાદ પ્રખ્યાત સાહિત્યકાર ડૉ. જયકુમાર જલજે કર્યો છે. ડૉ. જલજે કરેલ 'સમયસાર'નો આ અનુવાદ તેમણે કરેલ અન્ય અનુવાદોની જેમ મૂળ કૃતિને સંપૂર્ણ ન્યાય કરે છે. આ અનુવાદિત કૃતિમાં ક્યાંય પાંડિત્યનો આડંબર નથી. તેની ભાષા શબ્દ પ્રયોગના સ્તર પર જ નહિ પણ વાક્ય રચનાના સ્તર પર પણ સહજ, સરળ અને સ્વાભાવિક તથા લોકગ્રાહ્ય છે.

આ અનુવાદ વાચકને 'સમયસાર'ની મૂળ ગાથાઓ સુધી પહોંચવાનો સરળ માર્ગ દર્શાવે છે. આ કૃતિના અનુવાદકની વિશેષતા એ છે કે પોતે વાચક અને કુન્દકુન્દની વચ્ચે આવતા નથી. તેઓ વાચકને કુન્દકુન્દ કૃત 'સમયસાર'ના સાન્નિધ્યમાં મૂકી પોતે નેપથ્યમાં ચાલ્યા જાય છે.

આ મહાન ગ્રંથમાં વ્યવહાર અને નિશ્ચય બન્ને નયો દ્વારા મોક્ષમાર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ મહાન ગ્રંથ પૂ. આચાર્ય કલ્યાણબોધિના સંપાદન અને પૂ. આચાર્ય સુનીલસાગરજીના સુઝાવ દ્વારા પ્રાપ્ત થયો છે.

X X X

પુસ્તકનું નામ : **આચાર્ય સમન્તભદ્ર કૃત રત્નકરણ્ડ શ્રાવકાચાર**
હિન્દી અનુવાદ : **ડૉ. જયકુમાર જલજ**
સંપાદન : **મનીષ મોદી**
પ્રકાશક : હિન્દી ગ્રંથ કાર્યાલય, મુંબઈ.
મૂલ્ય : રૂા. ૫૦/-. પાના ૪૮. આવૃત્તિ–ત્રીજી–૨૦૧૨.

'રત્નકરણ્ડ શ્રાવકાચાર' ગ્રંથનો આ અનુવાદ હિન્દીના પ્રખ્યાત સાહિત્યકાર ડૉ. જયકુમાર જલજે કર્યો છે. આ ગ્રંથ મૂળ સંસ્કૃતમાં હોવાથી વાચકો સરળતાથી સમજી શકતા ન હતા. છતાં આ ગ્રંથનું એક અસાધારણ આકર્ષણ બધાના મનમાં સ્વાભાવિક રીતે રહેતું.

'રત્નકરણ્ડ શ્રાવકાચાર' શ્રાવકોની આદિ આચાર સંહિત છે. જે રીતે સંસ્કૃત ભાષાએ પાણિનીની અષ્ટાધ્યાયી દ્વારા સંરચનાત્મક નિયમ-બદ્ધતા પ્રાપ્ત કરી એ જ રીતે જૈન ગૃહસ્થોએ પોતાની આચારગત નિયમબદ્ધતા ઈસુની બીજી સદીમાં વિદ્યમાન આચાર્ય સમન્તભદ્રની કૃતિ 'રત્નકરણ્ડ શ્રાવકાચાર' દ્વારા પ્રાપ્ત કરી.

દર્શનનું જીવનમાં હોવું એ અદૃશ્ય સૂક્ષ્મ વ્યાપાર છે પરંતુ આચાર તો તરત દેખાય છે. વાસ્તવમાં સમન્તભદ્રના પ્રયત્ન અને પરિશ્રમે જૈનોને પોતાની નિજી ઓળખ આપી છે.

'રત્નકરણ્ડ શ્રાવકાચાર' મોટે ભાગે પ્રવચનોના માધ્યમ દ્વારા જૈનો સુધી પહોંચતા રહ્યા છે. સંસ્કૃત ભાષાની ઓછી સમજને કારણે શ્રાવકોએ તેને વાંચવાનો ઉપક્રમ ઓછો કર્યો છે. પ્રવચનોમાં પણ આચાર્યોના મંતવ્યો એના મૂળ સ્વરૂપને સમજવામાં બાધારૂપ થતાં. ફળસ્વરૂપ આચાર્ય સમન્તભદ્રનું કથ્ય અને આશય શુદ્ધ સ્વરૂપમાં વાચકો-શ્રોતાઓ સુધી પહોંચતું ન હતું.

આ અનુવાદ દ્વારા આચાર્ય સમન્તભદ્ર કૃત જૈનાચારને સીધે સીધો પાઠક સુધી પહોંચાડવાનો આશય રહ્યો છે.

X X X

પુસ્તકનું નામ : **આચાર્ય કુન્દકુન્દ કૃત રયણસાર**
હિન્દી અનુવાદ : ડૉ. જયકુમાર જલજ
સંપાદન : મનીષ મોદી
પ્રકાશક : **હિન્દી ગ્રન્થ કાર્યાલય, મુંબઈ**
મૂલ્ય : રૂા. ૫૦/-, પાના : ૪૮,
આવૃત્તિ : ૧લી-૨૦૧૧.

આચાર્ય કુન્દકુન્દ જૈન પરંપરાના એક પ્રતિષ્ઠિત આચાર્ય છે. તેમનો 'રયણસાર' ગ્રન્થ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચરિત્રને દર્શાવતો એક મહત્ત્વનો ગ્રંથ છે.

હિન્દી ગ્રન્થ કાર્યાલય દ્વારા પ્રખ્યાત સાહિત્યકાર ડૉ. જયકુમાર જલજે આચાર્ય કુન્દકુન્દ કૃત 'રણયસાર' ગ્રન્થનો હિન્દી અનુવાદ કર્યો છે.

આ ગ્રન્થની વિશેષતા એ છે કે તેમાં પાંડિત્યનો આડંબર નથી. પરંતુ તેની ભાષા સરળ અને સર્વગ્રાહ્ય છે. આચાર્ય કુન્દકુન્દ સંવેદનશીલ અને વિચારદર્શી કવિ છે. તેમના રચનાકર્મમાં ભાવ અને અધ્યાત્મ એકરૂપ બનીને આવે છે તેમની શાસ્ત્રીયતા તેમના રચનાત્મક સર્જન પર હાવી નથી થતી.

'રયણસાર'ની ૧૬૭ ગાથા વાંચતા જણાય છે કે કુન્દકુન્દમાં રહેલ આચાર્ય અને કવિ બંનેએ મળીને આ કૃતિની રચના કરી છે. તેથી મુનિઓ અને શ્રાવકોને માટે માર્ગદર્શન રૂપ તો છે જ પણ સાથે સાથે તેની સરળતા અને સહૃદયતા પણ હૃદયસ્પર્શી છે.

આ ગ્રંથની બીજી વિશેષતા એ છે કે ડૉ. જલજે મૂળ પ્રત સાથે વફાદારી અને પોતાની અનુવાદની સુંદરતા બંનેનો સુમેળ સહજ રીતે સાધ્યો છે.

'રયણસાર' રત્નત્રયનો મુખ્ય માર્ગ દર્શાવે છે.

X X X

પુસ્તકનું નામ :
નવસ્મરણ નિત્ય-પાઠ (ભાવાર્થ સહિત)
પ્રકાશક : **સુમનભાઈ મણિલાલ શાહ**
૫૬૩, આનંદવન સોસાયટી, ન્યુ સમારોડ, વડોદરા-૩૯૦૦૦૮.
પ્રાપ્તિસ્થાન : (૧) શાંતિકુમાર એમ. ડગલી
બી/૧૮, જયસિંહ મેન્શન, હઠીસિંહની વાડીની સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૦૭૯–૨૫૬૨૭૦૫૯
(૨) સંધ્યાબેન દીપકભાઈ શાહ એ/૯, રામઝરૂખા સોસાયટી, એસ.વી.રોડ, અંધેરી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦૦૫૮. ફોન : ૦૨૨–૬૫૨૨૧૩૫૭
મૂલ્ય : સ્વાધ્યાય, પાના : ૧૨૦.

મોટા ભાગના જૈન શ્રાવક-શ્રાવિકાઓ નવસ્મરણનો નિત્યપાઠ દરરોજ કરતા હોય છે.

આવા કલ્યાણકારી સૂત્રોનો પાઠ શ્રદ્ધા, સમજણ અને તત્ત્વદૃષ્ટિથી કરવો જોઈએ. સાથે સાથે ધ્યાન અને ભાવપૂર્વક કરવામાં આવે તો ચિત્ત પ્રસન્નતા અનુભવે એ સ્વાભાવિક છે.

સુમનભાઈ શાહના આ પુસ્તકના પ્રકાશનનો મુખ્ય હેતુ એ છે કે નવસ્મરણ સૂત્રોનો ભાવાર્થ સ્વાધ્યાય સંચયનરૂપે થાય. તે ઉપરાંત દરરોજના નિત્યકર્મમાં ઉપયોગમાં લેવાતા અન્ય સૂત્રો જેવા કે જયવીયરાય, નમોત્થુણં, લઘુ-શાંતિ અને સકલાર્હતનો ભાવાર્થ પણ આ ગ્રંથમાં ઉમેરાયો છે.

આ ગ્રંથમાં એક નોંધપાત્ર બાબત એ છે 'ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકરૂપતા' વિશેનો લેખ નવસ્મરણના સ્વાધ્યાય માટે અતિ મહત્ત્વનો છે તે અહીં લેવામાં આવ્યો છે. આ ગ્રંથનો સ્વાધ્યાય કરનાર વાચકો ભાવોલ્લાસ અને આહ્લાદકતાનો અનુભવ જરૂર કરશે.

X X X

પુસ્તકનું નામ :
શ્રી સીમંધર સ્વામી સ્તવના (ભાવાર્થ સહિત)
સંરચના : **પ્રવીણચંદ્ર ઉપાધ્યાય**
પ્રકાશક : 'જય સચ્ચિદાનંદ સંઘ' વતી જી.એ.શાહ (સકળ સંઘપતિ)

૩૬, પાર્શ્વનાથ ચેમ્બર્સ, R.B.I. ની બાજુમાં, ઈન્કમટેક્ષ ઑફિસની સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪.
ફોન : (૦૭૯) ૨૭૫૪૦૬૭.
મો. : ૯૮૨૫૧૩૮૪૦૧, ૯૮૨૫૫૬૩૮૬૮.
મૂલ્ય : સ્વાધ્યાય, પાના ૯૦.
આવૃત્તિ–પ્રથમ–૨૦૧૨.

આ પુસ્તકના સંરચનાકાર પ્રવીણભાઈ સંસ્કૃતના પ્રખર પંડિત છે. જ્ઞાન-ભક્તિની સુવાસને પ્રસરાવનાર છે. આ પુસ્તક શ્રી સીમંધર સ્વામી સ્તવના દ્વારા તેઓ અક્ષર દેહે આપણી સમક્ષ આવે છે. તેમાં ગેયતા, ગાંભીર્ય અને ગરિમાનો ત્રિવેણી સંગમ છે. તેઓ મહાવિદેહ તીર્થ ધામની આપણને યાત્રા કરાવે છે અને પરમ તારક શ્રી સીમંધર સ્વામીના દર્શન કરાવે છે.

વિવિધ છંદોમાં રચાયેલ આ અદ્‌ભુત ૧૦૮ ગાથાઓ આત્યંતિક મુક્તિની સ્વરૂપ-માળા રૂપ છે. સુમનભાઈ શાહનું વિવરણ દરેક પદને પ્રાણવાન, ચેતનવંતુ અને સહજગ્રાહ્ય તથા હૃદયંગમ બનાવે છે.

પ્રવીણભાઈ પ્રભુજીના અતિશયો અને અલંકરણોથી આપણી અંદર જિનેશ્વર પ્રભુજીની પ્રાણ-પ્રતિષ્ઠા કરે છે. બહુ જ ગૂઢ એકાક્ષરી અને અલ્પાક્ષરી શબ્દો દ્વારા પોતાની ભાવના ભક્તિથી સૌને તરબોળ કરે છે. કાવ્યરચનામાં છંદોનું વૈવિધ્ય, પ્રાચીન શાસ્ત્રીય પરંપરા અને વર્તમાનતાનું પ્રવર્તન છે.

સદ્‌ગત પ્રવીણચંદ્ર ઉપાધ્યાય રચિત આ પુસ્તકની ગાથાઓ જિનેશ્વર પ્રભુ શ્રી સીમંધર સ્વામીને દર્શનસ્વરૂપ દેશનાથી લાભાન્વિત કરે છે.

X X X

પુસ્તકનું નામ : **રોજ રોજ નવું પરોઢ**
લેખક : **જયવતી કાજી**
પ્રકાશક : અશોકભાઈ ધનજીભાઈ શાહ
નવ ભારત સાહિત્ય મંદિર,
૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ,
મુંબઈ–૪૦૦૦૦૨.
પ્રાપ્તિ સ્થાન : અશોક પ્રકાશન મંદિર, પહેલો માળ, કસ્તુરબા ખાદી ભંડારની ઉપર, રતનપોળની સામે, ગાંધી રોડ,
અમદાવાદ–૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯–૨૨૧૪૦૭૭૦.
મૂલ્ય : ૨૨૫/-, પાના ૨૫૮.
આવૃત્તિ–પ્રથમ–૨૦૧૧.

ગુજરાતી ભાષાના નારી ગૌરવ સમા લેખિકા જયવતીબેન કાજીના તેવીસમા પુસ્તકને આવકારતાં મને આનંદ થાય છે. લેખિકાએ ગઝલકાર 'બેફામ'ના શબ્દોમાં કહ્યું કે:-

મોંઘું જીવન મળ્યું છે, મઝેદાર જીવીએ
પળ પળ નહિ, પણ લગાતાર જીવીએ.

તેઓ લખે છે- 'મેં જે કાંઈ વાંચ્યું, વિચાર્યું અને સંવેદ્યું તેમાં સહભાગી થવા તમને પ્રેમથી નિમંત્રું છું, થશોને ?'

આ પુસ્તકમાં તેમણે લખેલા ૪૩ લેખોમાં તેમણે અનુભવેલી સંવેદનાઓની પ્રતીતિ થાય છે. જીવવા માટે મળેલી આ એક જ જિંદગીના સુખદુ:ખોને આનંદનો અવસર માની જીવવાનો સંદેશ પ્રાપ્ત થાય છે. મનુષ્યએ પોતાના વિચારોને-પોતાના અભિગમને અને જીવનદૃષ્ટિને આશાવાદી વળાંક આપવો અને એ માટે સંકલ્પ કરવો કે રોજ રોજ નવું પરોઢ ઉજવવાનું છે.

રોજ રોજ નવું પરોઢ ઉજવવા આપણે ભૂતકાળની વ્યથા અને ભવિષ્યની ચિંતાને છોડી વર્તમાનની ક્ષણને સજાવી લેવી જોઈએ.

પુસ્તકનું શીર્ષક, રંગીન કવર પેજ, તથા દરેક લેખોના શીર્ષક આ પુસ્તકને વિશેષ આકર્ષક બનાવે છે.

X X X

પુસ્તકનું નામ : **જૈન પૂજા સાહિત્ય**
લેખક : **ડૉ. ફાલ્ગુની ઝવેરી**
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩, મોહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી, મુંબઈ–૪૦૦૦૦૪. ફોન:(૦૨૨) ૨૩૮૨૦૨૯૬.
મૂલ્ય : ૧૬૦, પાના ૨૫૬, આવૃત્તિ–૧–૨૦૧૨.

કુમારી ડૉ. ફાલ્ગુની ઝવેરીએ 'જૈન પૂજા સાહિત્ય' વિષય પર ડૉ. કલાબેન શાહના માર્ગદર્શનમાં મહાનિબંધ તૈયાર કરી મુંબઈ યુનિવર્સિટીની પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. આ મહાનિબંધ શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પ્રકાશિત કરી યુવાનોને પ્રેરણાબળ પૂરું પાડ્યું છે.

ફાલ્ગુનીએ સંશોધન કરવામાં આવશ્યક એવો પુરુષાર્થ કર્યો છે. જૈન સાહિત્યમાં તત્ત્વની ચર્ચા અને ભક્તિની અભિવ્યક્તિનું આ પુસ્તક પ્રતીતિ કરાવે છે.

પૂજા સાહિત્ય એટલે ગાગરમાં સાગર. કાવ્ય સ્વરૂપે તત્ત્વજ્ઞાનનો ખજાનો અને તત્ત્વજ્ઞાન સાથે સંગીતનું માધુર્ય વિવિધ રાગ-રાગિણીઓએ બક્ષેલ ગેયતા. આ બધાને સુમેળ પૂજાઓમાં અનુભવવા મળે છે. ડૉ. ફાલ્ગુની ઝવેરી પૂજા સાહિત્ય પર સરસ સ્વાધ્યાય લઈને આવ્યા છે. ભક્તિમાર્ગ અને અધ્યાત્મના રહસ્યોને શબ્દ સંપૂટમાં ઝીલીને કવિઓએ પૂજાઓ રચી છે. આ રચનાઓને પ્રસ્તુત સંગ્રહમાં ફાલ્ગુનીએ ઝીલી છે. ભાષા, સમયગાળો અને સંગ્રહીત પદાર્થોની અપેક્ષાએ વર્ગીકરણ કરવું અને તમામ ઉપલબ્ધ કૃતિઓ સુધી પહોંચવું એ ઘણું શ્રમસાધ્ય કાર્ય છે. એ ભગીરથ કાર્ય કરી પીએચ.ડી.ની પદવી મેળવવા બદલ ફાલ્ગુનીબેનને અભિનંદન.

આ ગ્રંથ અનેકના હૃદયમાં ભાવ પ્રગટ કરનાર અને ભક્તિરસનું પાન કરાવનાર બની રહેશે એવી અભ્યર્થના. ✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ,
ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩.
ફોન નં. : (022) 65509477
Mobile : 9223190753,

મહાવીર વંદના

શ્રીમતિ વિદ્યાબહેન મહાસુખલાલ ખંભાતવાળાના આર્થિક સહયોગથી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે

ભક્તિ સંગીતનો મનહર અને મનભાવન કાર્યક્રમ

મહાવીર વંદના

મહાવીર વંદના

ગાયક કલાકાર અને સંગીત

ઝરણાબેન વ્યાસ અને વિજયદત્તભાઈ વ્યાસ

તા. ૬ મે–૨૦૧૨, રવિવાર સવારે ૧૦ વાગે

સ્થળ : પાટકર હૉલ-ચર્ચગેટ-મુંબઈ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, સર્વ સહૃદયી ભક્તજનોને હૃદયપૂર્વકનું જાહેર નિમંત્રણ.

સંયોજક :

નીતિન સોનાવાલા, પુષ્પાબેન પરીખ, ઉષાબેન પ્રવીણભાઈ શાહ અને કમલેશભાઈ શાહ

નિમત્રક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

પંથે પંથે પાથેય...
(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

રાખી બાકીની રકમ ચૂકવી. મેં કહ્યું: 'ભાઈશ્રી મહેતા સાહેબ તમારા અત્યંત લાગણીભર્યા ઊછીના રૂપિયાએ મને સારી બરકત આપી છે. તમારા એ રૂપિયાએ અમને ચાર જીવોને સુખમય આશરો આપ્યો છે. તમારા શુકનિયાળ રૂપિયામાંથી મેં રૂપિયો સવા કાઢી લીધો છે અને મારી પાસે કબાટમાં રાખ્યો છે.'

સી.એમ. મહેતા ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા, 'ભાઈ, મેં સાહિત્યમાં વાંચ્યું છે. આનંદ વહેંચાય તેમ વધે ! તમને રૂપિયા આપ્યા તેમાં મારી મૂડી પવિત્ર બની અને હું પણ વધારે સુખી થતો ગયો.'

સી. એમ. મહેતા આજે હયાત નથી. ઘણાં વરસો પહેલાં તેમનું નિધન થયું છે. પચાસ વરસના વહાણાં વાઈ ગયાં છે પણ મારા હૈયે અને મારા પરિવારને હૈયે એમનું સ્મરણ અકબંધ છે !

(૨)

'બહેન ભાખરવડી, વેફર, ચવાણું, ગાંઠિયા, તીખી સેવ, ખાખરા વગેરે લઈ આવી છું. એક ચીજ લ્યોને ?' સાક્ષીએ ઘરધણી શ્રીમતી જયશ્રી જાનીને વ્હાલપૂર્વક કહ્યું.

'બહેન, હજી ગઈ કાલે જ અમે ગામમાંથી ઘણો બધો નાસ્તો ખરીદી લઈ આવ્યા છીએ. આજ કશુંય લઈ શકાય તેમ નથી.' યોગેશ જાનીએ સમજાવ્યું.

'જયશ્રી બહેન મારો આધાર આ ચીજ વસ્તુઓ વેચવાથી ચાલે છે.' સાક્ષીએ વિનંતિ કરી.

'બહેન હજી ગઈ કાલે અમે ઘણી ચીજ વસ્તુ બજારમાંથી લઈને આવ્યા છીએ.' જયશ્રીએ ફરીથી સમજાવ્યું.

શ્રીમતી જયશ્રી અને યોગેશ જાનીએ એ બહેનને નમ્રતાપૂર્વક સમજાવ્યું, પણ બહેન લાચારી સાથે એક ચીજ લેવાનો આગ્રહ કરવા લાગી.

પરિણામે યોગેશે છેવટે ગાંઠિયાનું અડધો કિલોનું પેકેટ લેવાનું સૂચન જયશ્રીને કર્યું.

પછી સાક્ષીએ આંખમાં ઝળહળિયાં સાથે કહ્યું: 'જયશ્રી બહેન તમને ખ્યાલ હશે કે મારો પુત્ર જયેશ આપને ત્યાં નાસ્તો વેચવા આવતો હતો. તમે તેની પાસેથી નાસ્તાની વાનગી લેતા હતા. જયેશે પણ મને એ બાબતની વાત કરી હતી !' સાક્ષી અટકી ગઈ.

'હા, જયેશ આવતો હતો પણ હમણાં ઘણાં સમયથી એ આવ્યો નથી. તમે પણ ઘણાં લાંબા સમયે આવ્યા છો. એટલે અમે તો એ વાત સાવ ભૂલી ગયા છીએ. જયેશ પ્રેમાળ અને સાલસ છોકરો હતો.' જયશ્રીએ વાત કરી.

'બહેન, (આંસુ લૂંછતા વાત કરી) મારો જયેશ સ્નેહાળ હતો. મારા પતિના મૃત્યુ પછી મારો દીકરો એ સમયે ઘણો નાનો હતો. તેને હું નાસ્તો બનાવી પેકેટ તૈયાર કરી આપતી હતી અને તે રીતે અમે મા-દીકરો ગુજરાન ચલાવી રહ્યા હતા.'

'સાક્ષી બેન, જયેશ તો નમણો નાજુક અને નજાકતવાળો પુત્ર હતો. તમે તો ભાગ્યશાળી છો આ પુત્રની માતા બનવામાં.' જયશ્રીએ ગાંઠિયાનું પડીકું હાથમાં પકડી વાત કરી.

'બહેન જયશ્રી, મારો એ પુત્ર મારી પાસેથી છીનવાઈ ગયો છે.' સાક્ષીની આંખમાંથી દડદડ આંસુની સરવાણી વહેવા લાગી.

'એ છીનવાઈ ગયો ?' જયશ્રી આશ્ચર્યમુગ્ધ બની ગઈ.

'હા બેન, એ જયેશને મેં એસ.એસ.સી. સુધી ભણાવ્યો. એને મારી રીતે પેટે પાટા બાંધી ભણાતર પુરું કરાવ્યું. બારમું ધોરણ પણ પાસ થઈ ગયો હતો. પછી એને કૉમ્પ્યુટર એન્જિનિયર બનાવ્યો.'

જયશ્રી સાક્ષીના આંસુ જોઈ પોતે પણ રડમસ બની ગઈ.

'જયેશ કૉમ્પ્યુટર એન્જિનિયર બની ગયો. ઘરમાં મને નિરાંત થઈ ગઈ હતી. એકનો એક દીકરો મારો હાથ વાટકો બની ગયો. પણ કોણ જાણે એને ન્યુમોનિયા થયો. અમે ડૉક્ટર પાસે સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં લઈ ગયા. અને...' સાક્ષીની આંખો આંસુથી ઊભરાઈ ગઈ.

'હૉસ્પિટલમાં સારવાર કરી તો પછી શું થયું ?' જયશ્રીએ પૂછ્યું.

'અરે, બહેન મારા કરમ ફુટેલા-દાક્તરની સારવારમાં જરૂર કચાશ રહી ગઈ હશે. એણે કેવી દવા કરી કે ન્યુમોનિયા દૂર થવાને બદલે મારો પુત્ર મારી પાસેથી છીનવાઈ ગયો.' સાક્ષી રડતી રહી.

'શું કહો છો, બેન ?' જયશ્રીની આંખે ઝળઝળિયાં આવી ગયા.

'હા જયશ્રીબેન, ડૉક્ટરની દવા ઊંધી થઈ અને મારા આંખના રતન સમા પુત્રના પ્રાણ હણાઈ ગયા. આજે હવે હું એકલી થઈ ગઈ. મારો સહારો ચાલ્યો ગયો. જવાનજોધ ૨૨ વરસના દીકરાને ગુમાવ્યાનું દુ:ખ મારે હૈયે ધરબાયું છે.'

'બહેન સાક્ષી, ડૉક્ટરની દવા ખોટી તો ન હોય. પણ કાળની બૂટી નથી. પરમાત્માએ નક્કી કરેલા સમયે સૌ કોઈને વહેલું મોડું જવાનું છે.' જયશ્રી પણ રડતી રહી.

'બહેન, હવે તો મારે નાસ્તાના પેકેટ વેચી જીવન ગુજારવાનો આરો છે.' સાક્ષી રડતી જ રહી.

અને જયશ્રીએ એને કહ્યું પણ ખરું; 'સાક્ષી બહેન તમે જરૂર નાસ્તો લાવજો. અમે તમારી પાસેથી નાસ્તો ખરીદશું; અને સાક્ષી સાડીના પાલવથી આંખના આંસુ લૂંછતી ચાલી ગઈ.

✷✷✷

૧૩ A, આશીર્વાદ, પ્લોટ નં. ૩૬૩ B/14, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ટેલિફોન : (ઘર) ૨૫૦૬૯૧૨૫.

✷✷✷

પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

રૂપિયા	નામ
૧૦,૦૦૦	ભાયચંદ મહેતા ફાઉન્ડેશન
૧૦,૦૦૦	મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૨૦,૦૦૦	

ઋષભ કથા સૌજન્ય દાતા

રૂપિયા	નામ
૧,૨૫,૦૦૦	એક જૈન શ્રાવક તરફથી
૧,૨૫,૦૦૦	

પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

રૂપિયા	નામ
૧૪,૨૬,૯૫૭	આગળનો સરવાળો
૫,૦૦૦	સ્વ. નવિનભાઈ જયંતિભાઈ મહેતા હસ્તે હિરાબેન નવિનભાઈ મહેતા
૫૧,૦૦૦	એસ. વસનજી ફાઉન્ડેશન
૧૪,૮૨,૯૫૭	

સંઘ આજીવન સભ્ય નવા


રૂપિયા	નામ
૧૨,૭૭,૭૭૮	આગળનો સરવાળો
૫,૦૦૦	દિનબાળા નંદકિશોર શોધન
૫,૦૦૦	ધારા એસ. કોટડિયા
૧૨,૮૭,૭૭૮	

કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

રૂપિયા	નામ
૫,૦૦૦	એક બહેન તરફથી
૫,૦૦૦	

ઋષભ કથા ડોનેશન

રૂપિયા	નામ
૫,૦૦૦	શ્રીમતી મંજુલાબેન ગાંધી
૧,૦૦૦	આર્યન જયેશ શાહ
૧,૦૦૦	એક સદ્‌ગૃહસ્થ
૧,૦૦૦	એક સદ્‌ગૃહસ્થ
૯૯૯	દિપેશ શાહ
૧,૦૦૦	સુહાસીનીબેન રમેશભાઈ કોઠારી
૧૦૦	જશવંત નાગરદાસ ટોલીયા
૧૦,૦૯૯	




શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



+ કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
+ કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
+ **ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
+ બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૧૪	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૫	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૬	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૭	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૧૯	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૫૦
૨૦	નમો તિત્થરસ	૧૪૦
૨૧	જ્ઞાનસાર	૧૦૦
૨૨	પાસપોર્ટની પાંખે ભાગ-૧	૧૫૦
૨૩	પાસપોર્ટની પાંખે ભાગ-૨	૧૫૦
૨૪	પાસપોર્ટની પાંખે ભાગ-૩	૨૦૦
૨૫	સાંપ્રત સહચિંતન ભાગ-૪	૨૫
૨૬	સાંપ્રત સહચિંતન ભાગ-૫	૨૫
૨૭	સાંપ્રત સહચિંતન ભાગ-૬	૨૫
૨૮	સાંપ્રત સહચિંતન ભાગ-૮	૨૫
૨૯	સાંપ્રત સહચિંતન ભાગ-૯	૨૫
૩૦	સાંપ્રત સહચિંતન ભાગ-૧૦	૨૫
૩૧	સાંપ્રત સહચિંતન ભાગ-૧૧	૩૦
૩૨	સાંપ્રત સહચિંતન ભાગ-૧૨	૫૦
૩૩	સાંપ્રત સહચિંતન ભાગ-૧૩	૮૦
૩૪	સાંપ્રત સહચિંતન ભાગ-૧૪	૮૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૩૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૩૫	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૩૬	આર્ય વજ્રસ્વામી	૧૦
૩૭	આપણા તીર્થંકરો	૧૦૦
૩૮	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૩૯	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૪૦	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૪૧	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૪૨	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૪૩	જૈન પૂજા સાહિત્ય	૧૬૦

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57. Published on 15th of every month &
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2012-14

સંબંધના સુખડની સૌરભ

(૧)

શ્રી વાડીલાલ ચત્રભુજ ગુરુકુળ હાઈસ્કૂલના પ્રાચાર્ય ડૉ. મનુભાઈ વૈદ્યે મને તા. ૧૯ જુલાઈ, ૧૯૪૯ થી શાળામાં સહાયક શિક્ષકની નોકરી આપી. અને મેં પણ મારા જીવનમાં કમાણી કરવાનું શરૂ કર્યું. રૂા. ૯૩.૫૦ પગાર નક્કી થયો.

કૉલેજમાં મેં મોદીની ચાલીમાં નવરોજ લેનમાં રહેતા હકરિશન મહેતાની સહાયથી રૂઈઆ કૉલેજમાં પ્રવેશ B.A. માટે મેળવ્યો. શ્રી હરકશિન મહેતાએ મારી કૉલેજની ફી રૂા. ૧૫૦ પોતે ભરી દીધી. અને કૉલેજનું ભણતર ચાલુ થયું. શામળદાસ કૉલેજ ભાવનગરમાંથી ઈન્ટર પાસ થઈ એફ. વાય. આર્ટ્સમાં મેં ભણતર સ્વીકાર્યું.

આમ તો મેં ૧૯૪૭માં મેટ્રિક મુંબઈ યુનિવર્સિટીમાંથી પાસ કરી લીધેલી. એ અરસામાં મારા પિતાજીને ક્ષય રોગની અસર જણાયેલ. એમની ઉંમર આશરે ૪૨ વરસની ખરી. પણ પગમાં અતિશય શિથિલતા આવી ગઈ એટલે એમને પથારીવશ બનવું પડ્યું. મારી બે બેનો નાની હતી. મારા પિતાજીના માતુશ્રી જેને અમે નાની મા તરીકે બોલાવતા-મારી બા (કમળાગૌરી) તથા મારા પિતાજી (હરિલાલ ઉપાધ્યાય)–એ બધાયની જવાબદારી મારા ઉપર આવી પડી. વળી પિતાજીની એક વાત હૈયે ઠસી ગયેલીઃ 'બાવાલાલ દાદા (શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય) મારા પિતાજીના પિતરાઈ હતા તેને ત્યાં મારે રહેવાનું. નોકરી મેળવી લેવાની હતી અને સાથે સાથે યોગ્ય સમયે દાદાને ત્યાંથી નીકળી પોતાની રહેવાની વ્યવસ્થા કરવાની. કૉલેજ ભણતર છોડવાનું નહિ જ એ ચેતવણી પિતાજીની હતી. ગ્રેજ્યુએટ થવાનું. અડચણો ને નડતરોને નાથવાના તથા સ્વબળે આગળ વધવાનું.'

હું એકનો એક પુત્ર-ઓર્ચિંતાની જવાબદારી આવી. લાડકોડમાં ઊછેર થયેલો. પણ માથે જવાબદારી આવે ત્યારે જ જીવનની મહત્તા સમજાય છે. ખરાબ દિવસો હોય ત્યારે સગાંઓ દૂર ભાગે. મિત્રો સાચાં હોય તેઓ આગળ આવી પડખે રહી

પંથે પંથે પાથેય...

□ મનસુખલાલ ઉપાધ્યાય

સગાંને ભૂલાવી દે તેવી રીતે ઊભા રહે છે.

કૉલેજનો સમય સવારના સાડા સાતથી સાડા અગિયાર સુધી. એટલે મહેનત કરવાની-નોકરી મેળવવાની અને સાથે ઘર ચલાવવા તથા વ્યવહારની જવાબદારી ઉપાડી લેવાની. મારી ઉંમર ૧૯ વરસની હતી. નોકરી શાળામાં મળી ગઈ. અગિયાર વાગે શાળામાં હાજરી આપવી જરૂરી હતી. એટલે કૉલેજમાં Economics નો પિરિયડ છેલ્લો શ્રી જી. ડી. પરીખનો હતો તે ભરી શકતો નહિ. શાળામાં રજા હોય ત્યારે પૂરા પિરિયડ ભરતો.

ઑગષ્ટ મહિનો શરૂ થવાની તૈયારીમાં. એ સમયે ડૉ. મનુભાઈ વૈદ્યને મેં વાત કરી. કારણ ગુરુકુળ શાળામાં આશ્રમ હતો જેમાં છાત્રો-વિદ્યાર્થીઓને ઉપર પહેલે માળે રહેવાનું મળતું. નીચે શિક્ષકોને રહેવાનું મળતું. એટલે મેં ડૉ. વૈદ્યને આશ્રમમાં મને રહેવાની વ્યવસ્થા કરી દેવાની વિનંતિ કરી અને મને તક મળી ગઈ. અને પહેલી ઑગષ્ટથી મારી રહેવાની વ્યવસ્થા થઈ. મારા પૂજ્ય દાદા અને મારા ભાભુને પ્રણામ કરી હું ગુરુકુળમાં આશ્રમમાં રહેવા ગયો. આમ મારી ગાડી સરાણે ચડી.

ઈ. સ. ૧૯૫૬ની સાલમાં સંસ્થાએ આશ્રમની જગ્યાએ નવી ઈમારત ચણવાનું વિચાર્યું અને આશ્રમમાં રહેતા શિક્ષકોને પોતપોતાની વ્યવસ્થા કરી લેવાનું સૂચન પણ કર્યું.

૧૯૫૬ની સાલ. મારે ન ઠામ કે ઠેકાણું ! મેં રૂમ શોધવાની શરૂઆત કરી. ઘાટકોપરમાં રાજાવાડીમાં એક રૂમ મળી, ત્યારે એ લેવા માટે રૂપિયા ૮૦૦/- ની વ્યવસ્થા કેમ કરવી એ વિચાર મૂંઝવવા લાગ્યો. એ રૂમના–કહો એ આઠ રૂમના મકાનના બિલ્ડર હતા, શ્રી કે. ડી. શાહ. એમને હું મળ્યો. એમણે મને કહી દીધું: 'રૂપિયા ૮૦૦ થી ઓછું કંઈ નહિ.' એ મકાનના માલિક હતા સુર્વે. છેવટે 'જેવા પડશે તેવા દેવાશે' એ ન્યાયે હું આશ્રમમાં આવ્યો. અમારી સાથે આશ્રમમાં પાંચ શિક્ષકો રહેતા.

શ્રી સી. એમ. મહેતા આશ્રમમાં મારી સાથે રહ્યા. તે ગણિતશાસ્ત્રના મેથેમેટિક્સના ઉત્તમ નિષ્ણાંત તથા જ્ઞાની. આશ્રમમાં તેઓ મળવા આવતા પણ એમણે શાળાની બાજુના મકાનમાં રૂમ મેળવી લીધી હતી. એ તો છ-સાત મહિના પહેલા પોતાની રૂમમાં રહેવા ચાલ્યા ગયા હતા. મારી હાલતથી પરિચિત હતા. રૂમ મળે તેમ છે પણ રૂપિયા ન હોવાથી કશુંય થઈ શકે તેમ ન હતું. એને મારી પાસે રૂપિયા ન હોવાની ખબર પડી. એમને મોટા મોટા સંપત્તિવાળાને ત્યાં ટ્યૂશનો હતા. મેથેમેટિક્સ માટે એની માંગ ભારે. શાળામાં એ વિદ્યાર્થીઓમાં અતિશય પ્રિય હતા. સ્વભાવે શાંત, પરગજુ કોઈની પડખે ઊભા રહી મદદ કરવાનું એનું મનોબળ પણ યોગ્ય હતું.

શ્રાવણ મહિનો. વરસાદ હેલી વરસાવે. પોતે શાળાની બાજુમાં રહે એટલે શ્રાવણની મેઘલી રાતે તેઓ આશ્રમમાં મને મળવા આવ્યા. રેઈન કોટ પહોર્યો હતો. ઓવરકોટમાં રૂપિયા છૂપાવી પલળે નહિ તેની કાળજી રાખી તેઓ મને મળ્યા અને રૂપિયા ૮૦૦/- મને આપી ગયા.

બીજે દિવસે હું શ્રી કે. ડી. શાહને ઘાટકોપર પશ્ચિમમાં નીયો વેલકમ હૉટેલના ઉપરના ભાગમાં તેમની ઑફિસ હતી ત્યાં મળ્યો. મેં એમને રૂપિયા ૮૦૦/- આપ્યા. મકાન માલિક સુર્વે પણ ત્યાં બેઠા હતા. શ્રી કે. ડી. શાહે એ આઠસો રૂપિયામાંથી મને રૂા. ૧૦૦/- પાછા આપ્યા અને મેં રાજાવાડીમાં રૂમ લીધી.

રૂમ મળી એટલે ૧૦૦ રૂપિયાથી હું બાલદી વગેરે ચીજ વસ્તુઓ લઈ આવ્યો. સારું મુહૂર્ત જોઈ અમે રહેવા ગયા. મારા પત્નીશ્રી એ સમયે અંધેરીમાં એમના પિયરમાં રહેતા. મારો એક પુત્ર પાંચ વરસનો થઈ ગયો હતો અને દીકરી લગભગ બે વરસની હતી.

રૂપિયા સી.એમ. મહેતાએ આપ્યા. ન વ્યાજની વાત કરી ન પાછા ક્યારે આપશો એની ચર્ચા કરી. તે તો પાછા પાંચેક મિનિટમાં ચાલ્યા ગયા હતા. બે વરસ પછી એમની રકમ મેં ચૂકવી પણ એ રૂમ મને સારી રીતે ફળી એટલે સવા રૂપિયો


(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૪મું)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૯ • અંક-૫ • મે ૨૦૧૨ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦



જિન-વચન

ભાષા વિવેક

अप्पत्तियं जेण सिया आसु कुप्पेज वा परो।
सव्वसो तं न भासेज्जा भासं अहियगामिणिं।।
(दसवैकालिक ८ -४७)

જે ભાષા બોલવાથી બીજાને અપ્રીતિ કે અવિશ્વાસ ઉત્પન્ન થાય અથવા બીજાને તરત ગુસ્સો થાય એવી અહિતકર ભાષા ક્યારેય ન બોલવી.

One should never utter such harmful words as may create displeasure or distrust in others, or by hearing which others may immediately lose their temper.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી
+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

હરામનું કેમ ખવાય?

હજરત મહંમદ પયગંબર સાહેબ પછી જમાતને વિચાર આવ્યો કે, તેઓશ્રીની જગ્યાએ હવે કોને નીમવા?

વિચાર કરતાં સૌની નજર હજરત ઉમર સાહેબ પર ઠરી.

હજરત ઉમર સાહેબ આખી જમાતમાં પવિત્રમાં પવિત્ર પુરુષ હતા. તેઓ કાપડનો ધંધો કરતા હતા. એ ધંધામાંથી પોતાના કુટુંબના ભરણપોષણ જેટલું મેળવી લઈ તેઓ બીજો બધો વખત ખુદાની બંદગી કરવામાં ગાળતાં. તેમની સાદગી પણ જાણીતી હતી.

જમાતે હજરત ઉમર સાહેબને અરજ કરી:

'આપ હવે હજરત મહંમદ પયગંબર સાહેબનું સ્થાન લો અને આખી જમાતને સન્માર્ગે દોરો.'

હજરત ઉમર સાહેબે નમ્રતાપૂર્વક સમસ્ત જમાતના હુકમને માન્ય કર્યો.

પરંતુ તેઓશ્રીએ પોતાના કુટુંબના ભરણપોષણ માટે પહેલાંની માફક કાપડ વેચવાનું કામ ચાલુ જ રાખ્યું.

આ જોઈને જમાતવાળાઓએ ભેગા થઈને હજરત ઉમર સાહેબને કહ્યું:

'હજરત સાહેબ, હવે તો આપ પયગંબર સાહેબને સ્થાને છો. આપ હવે કોઈ ધંધો કરો એ આપને ન શોભે. આપના કુટુંબના ભરણપોષણ માટે જે કંઈ જોઈએ એ બધું હવે જમાત પૂરું પાડશે. એમાં જ જમાતની શોભા છે.'

એ સાંભળીને હજરત ઉમર સાહેબ બોલ્યા: 'ભાઈઓ, મારાથી હરામનું કેમ ખવાય? હું જાત-મજૂરી કરીને જે કંઈ કમાઉં એ જ મારા હકનું ગણાય. જમાતની સેવા કરવી એ તો મારી ફરજ છે. ફરજનો બદલો પૈસામાં ન લેવાય.'

☐ સૌજન્ય: 'લોકજીવન'

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	શ્રુત ભક્તિ મહા મહોત્સવ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ	પ. પૂ. આચાર્ય શ્રી વિજય-પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.	૬
(૩)	અતિ આધુનિક કતલખાના -ખેતી અને દૂધ ઉત્પાદન-૧૨મી પંચવર્ષિય યોજના	કાકુલાલ સી. મહેતા	૧૩
(૪)	ઋષભ કથા	.....	૧૫
(૫)	જિન શાસનની સાંપ્રત સમસ્યા પરત્વે સહચિંતન	ગુણવંત બરવાળિયા	૧૯
(૬)	પૂ. શશીકાંતભાઈ મહેતાના સાનિધ્યમાં ત્રીજી કાયોત્સર્ગ શિબિર	દિપ્તિબેન સોનાવાલા	૨૧
(૬)	કૈલાસ શ્રુતસાગર ગ્રંથસૂચિ વિમોચન સમારોહ	.....	૨૨
(૭)	આધુનિક વૃદ્ધાશ્રમો	સૂર્યકાંત પરીખ	૨૪
(૮)	નિવાસી વિદ્યા સંસ્થાઓ	સોભાગચંદ ચોકસી	૨૫
(૯)	મહાન પિતાના મહાન સુપુત્રી શ્રીમતી ગીતાબેન પરીખની વિદાય વેળાએ	પ્રતાપકુમાર ટોલિયા	૨૬
(૧૦)	જયભિખ્ખુ જીવનધારા : ૩૯	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૮
(૧૧)	વિશ્વના મુખ્ય ધર્મોમાં જગત કર્તૃત્વ-વિનાશ મિમાંસા	ડૉ. હંસા એસ. શાહ	૩૧
(૧૨)	પંથે પંથે પાથેય : કંગન હીરાના-સંબંધ સોનાના	નીલા જે. શાહ	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૯ ● અંક : ૫ ● મે ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● વૈશાખ વદ–તિથિ-૧૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

શ્રુત ભક્તિ મહા મહોત્સવ

ગોડીજી પાર્શ્વજિન સ્તોત્ર

પ્રણમતિ યઃ શ્રીગોડીપાર્શ્વ પદ્મા તસ્ય ન મુંચતિ પાર્શ્વ સુગુણજનં સુખમેવ ।

કીર્તિસ્ફૂર્તિરહો ઇદૃક્ષા યસ્ય જગતિ જાગર્તિ સમક્ષા નનંમીહ તમેવ ।।

(જેમ સદ્‌ગુણી વ્યક્તિને સુખ ત્યજતું નથી તેમ જગતની અંદર જેઓની કીર્તિ પ્રત્યક્ષરૂપે પ્રસરેલી છે, એવા શ્રીગોડીજી પાર્શ્વજિનને જે પણ નમે છે, તે પુરુષને લક્ષ્મી ક્યારેય ત્યજતી નથી. રચનાકાર)-મુનિ ધર્મવર્ધન રચના સમયઃ વિક્રમની અઢારમી સદીનો પૂર્વાર્ધ

રાષ્ટ્ર સંત પ. પૂ. આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને અન્ય પૂ. મુનિ મહારાજોની નિશ્રામાં મુંબઈમાં પાયધુની સ્થાને શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન મંદિરની ૨૦૦ મી વર્ષગાંઠ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઈ. ૧૮ દિવસ અનેક મંગલમય સમારોહ યોજાયા. પૂજનો, શોભા યાત્રાઓ યોજાઈ. ઉપરાંત સમગ્ર મુંબઈમાં એક જ દિવસે સ્વામિવાત્સલ્યમાં લભગભ દશ લાખ જૈનોએ સંઘ જમણને વંદનો કર્યાં. જૈન શાસનના ઇતિહાસમાં આ ઐતિહાસિક ઘટના ગણાશે. નજીકના ભૂતકાળમાં દૃષ્ટિ કરીએ તો આવી વિરલ ઘટના દૃશ્યમાન નથી થતી. આ લાભ લેનાર પરિવારના પુણ્યોદયને આપણા વંદન. પ્રત્યેક મહોત્સવમાં સમગ્ર જૈન સમાજનો સાથ સહકાર મળ્યો એ પણ વિરલ ઘટના છે, અને એથીય વિરલ ઘટના તો એ છે કે ધન સ્વામીઓએ પોતાના ધનનો ઉપયોગ આ ધાર્મિક ઉત્સવોમાં તો કર્યો પણ સાથોસાથ સમાજ સેવા અને કરુણાના કામોમાં પણ પોતાના ધનનો ઉપયોગ કરી અનેક યોજના જાહેર કરી. આ સર્વ દાનવીરો, ટ્રસ્ટી મહાશયો અને આ ઉત્સવોને સફળ બનાવનાર અસંખ્ય સ્વયંસેવકો અને કર્મચારીઓ ધન્યવાદના અધિકારી બને છે.

આ મહોત્સવોમાં વિશેષ દર્શનીય અને અદ્વિતીય મહોત્સવ રહ્યો આચાર્યશ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર-શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા-ગાંધીનગર-ગુજરાત દ્વારા પ્રકાશિત **કૈલાસ શ્રુતસાગર ગ્રંથ સૂચિના ખંડ ૯ થી ૧૨ નો લોકાર્પણ શ્રુતભક્તિ મહા મહોત્સવ.**

જૈન સાહિત્યની અલભ્ય હસ્તપ્રતોના ઉદ્ધાર અર્થે આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાં આ રાષ્ટ્ર સંતની પ્રેરણા અને પરિશ્રમથી આ જ્ઞાન મંદિરની સ્થાપના થઈ. પૂજ્યશ્રીએ પોતાના ઉગ્ર વિહાર દરમિયાન આવી હસ્તપ્રતોને વિદેશ

આ અંકના સૌજન્યદાતા :

આશીની કમલેશ પરીખ

સ્મૃતિ :

સ્વ. રસિકલાલ સાકળચંદ અમૃતલાલ પરીખ

સ્વ. ઈન્દુમતી ધીરજલાલ છોટાલાલ કેશવજી શાહ

સ્વ. હરિશભાઈ ધીરજલાલ શાહ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

જતા રોકી, આવી હસ્તપ્રતો એકત્રિત કરી, પછી આ અભિયાને જ્ઞાનયજ્ઞનું સ્વરૂપ ધારણ કર્યું અને આજે આ સંસ્થા પાસે આ પ્રકારની લગભગ બે લાખ હસ્તપ્રતોની શ્રુતપુંજી છે. જેનું સંરક્ષણ, સંવર્ધન અને સંશોધન થઈ રહ્યું છે.

ગુજરાતના ગાંધીનગર પાસે કોબા સ્થિત આ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિરના પાંચ માળના સંકૂલના દર્શને જઈએ તો ત્યાં અધ્યયન અને હસ્તપ્રતોની લિપિ ઉકેલમાં ધ્યાનસ્થ પંડિતો અને પાંત્રીસ કૉમ્પ્યુટરના સથવારે વિશ્વ સાથે જ્ઞાનની આદાન-પ્રદાન કરતા લગભગ પચાસ કર્તવ્યનિષ્ઠ સરસ્વતી પૂજકોને નિરખવા એ જીવનનો એક લહાવો છે. અહીં ભવ્ય પુસ્તકાલય છે, સંપ્રતિ મહારાજાના નામથી કલાકૃતિનું સંગ્રહસ્થાન છે ઉપરાંત જિન મંદિર, ગુરુમંદિર અને યાત્રિકોની સગવડ માટે ધર્મશાળા અને ભોજનશાળા પણ છે. આ ઉપરાંત અમદાવાદમાં પાલડી ખાતે પચાસ હજાર પુસ્તકો સંગ્રહિત થાય એવું ત્રણ મજલાનું મકાન પણ આ સંસ્થા પાસે છે. જિન શાસનને ગૌરવ અપાવે એવું અનુભવી અને સરસ્વતી પૂજક ટ્રસ્ટી મંડળ આ જ્ઞાન સંકુલનું સંચાલન કરે છે. આ સર્વેને ધન્યવાદ અર્પી આપણે અભિનંદિએ.

ગુજરાતમાં અત્યારે ભૂતકાળમાં વિદ્વાન જૈન સાધુ અને શ્રાવકોએ રચેલી વીસ લાખ અને સમગ્ર ભારતમાં વિવિધ ભાષાની કુલ લગભગ સાંઠ લાખ હસ્તપ્રતો જૈન ભંડારોમાં પોતાને ઉકેલી શકે એવા પંડિતોની રાહ જોઈ રહી છે.

આ હસ્તપ્રતોની માત્ર સૂચિના ૯ થી ૧૨ એમ ચાર ગ્રંથોના લોકાર્પણનો આ મહોત્સવ ગોડીજી ઉપાશ્રયમાં પૂજ્યશ્રી અને અન્ય પૂ. મુનિ ભગવંતોની નિશ્રામાં શનિવાર તા. ૨૧ એપ્રિલ ૨૦૧૨ના સવારે નવ વાગે યોજાયો.

પૂજ્યશ્રીએ આ હસ્તપ્રતો કઈ રીતે એકત્રિત કરી અને આ સંસ્થા કઈ રીતે સ્થાપી તેમજ આ સમારોહની વિગતો આ અંકમાં અન્યત્ર પ્રગટ થઈ છે એટલે અહીં પુનરોકિત કરતો નથી, પરંતુ એ વાંચવાનો આપ સર્વેને ખાસ આગ્રહ કરું છું, આ વાચન પણ જ્ઞાન અનુમોદનાનું પુણ્ય પ્રાપ્ત કરાવે છે.

કોઈ પણ ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરવા અને એની પ્રગતિ માટે માત્ર બે જ આધાર સ્થંભો છે. (૧) એ ધર્મ સંસ્કૃતિના સ્થાપત્યો અને (૨) એનું વિરલ સાહિત્ય. પ્રત્યેક સંસ્કારી માનવે યુગેયુગે આ બે તત્ત્વોનું રક્ષણ કરવું એ એનો ધર્મ છે. આવો ધર્મ ચતુર્વિધ જૈન સંઘે સ્થાપત્ય અને જિન મંદિરના જિર્ણોદ્ધાર અને આવી હસ્તપ્રતો અને અમૂલ્ય સાહિત્યની ખેવના અને જ્ઞાનપૂજા કરીને બજાવ્યો છે. જૈન શાસનના પ્રત્યેક સંપ્રદાયમાં જ્ઞાનપંચમી અને શ્રુતપૂજનનું આજ સદીઓથી પૂજન થઈ રહ્યું છે એ એની સંસ્કારિતા અને સરસ્વતી પૂજાનું દ્યોતક છે, આટલું જ નહિ પણ જૈન શાસને તો શ્રુતસેવા એજ જિન સેવા છે એવું સ્વીકાર્યું પણ છે. શ્રુત ભક્તિનું મૂલ્ય અને પુણ્ય જિન ભક્તિ જેટલું જ છે.

માત્ર લક્ષ્મી જ હોવી એ વિનાશનું કારણ બની શકે છે. પણ લક્ષ્મી સાથે સરસ્વતી હોય, સરસ્વતી પૂજન હોય તો એ અવશ્ય જીવનને વિકાસ અને આત્માને ઊર્ધ્વગમન કરાવે છે જ.

લગભગ છેલ્લા પંદરસો વરસમાં જૈન શ્રમણો શ્રમણીઓ અને વિદ્વાન શ્રાવકો-શ્રાવિકાઓએ અસંખ્ય ગ્રંથો અનેક વિષયો ઉપર લખ્યા છે. એ તાડપત્ર અને કાગળો ઉપર લખેલી કલાત્મક હસ્તપ્રતો જૈનોના જ્ઞાનભંડારમાં સુરક્ષિત છે એ ગૌરવ આનંદની ઘટના છે. આવા જ્ઞાન ભંડારને સાચવવાની સુરક્ષાત્મક પદ્ધતિ પણ જૈનો પાસે છે એટલે જ આટલા વરસોથી આ જ્ઞાનસંપદા જળવાઈ રહી છે.

'અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે જ્ઞાનની દૃષ્ટિએ ભારત વિશ્વમાં ટોચ ઉપર હતું, એટલે ભારતની અર્થસમૃદ્ધિ અને જ્ઞાન સમૃદ્ધિનું મૂળ શોધવા તેમણે આ પ્રકારની હસ્તપ્રતો શોધવાનું કાર્ય શરૂ કર્યું. ઈ. સ. ૧૭૬૫ થી ૧૮૬૦ સુધી આ કાર્ય કોલવાડ અને વિલ્સન જેવા વિદેશી વિદ્વાનોએ કર્યું, ૧૮૪૭માં ઑટો બોટલિંક અને રિયુ નામના વિદ્વાને પૂ. હેમચંદ્રાચાર્યના 'અભિધાન ચિંતામણી' નામના ગ્રંથનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો, ત્યારબાદ અનેક પરદેશી વિદ્વાનોએ આ દિશામાં સંશોધન અને અનુવાદ કર્યા. ઉપરાંત કીલ્હોર્ન, બુલ્હેર અને પીટર પીટર્સન જેવા વિદ્વાનોએ પણ સન ૧૮૯૮ સુધી હસ્તપ્રત સંશોધનનું કાર્ય કર્યું. આ સમય દરમિયાન ભારતની ઘણી અમૂલ્ય હસ્તપ્રતો અને ગ્રંથો વિદેશ લઈ જવાયા. અંગ્રેજોએ 'પ્રાચીન સંસ્કૃત સાહિત્યના દસ્તાવેજોની શોધ અને સુરક્ષા' શિર્ષકથી એક યોજના પણ શરૂ કરી, અને એ માટે એ જમાનામાં રૂા. ચોવીસ હજાર ફાળવ્યા, અને હસ્તપ્રતોની શોધ માટે અંગ્રેજ અધિકારીઓ ભારતમાં ઘૂમતા અને જ્ઞાન ભંડારો તપાસતા, અને સ્થાનિક લોકો સહકાર ન આપે તો ત્યારના રજવાડાની પણ મદદ લેતા, આ કાર્ય માટે પીટર્સને જે રિપોર્ટ તૈયાર કર્યો તે છ ભાગમાં પ્રકાશિત થયો હતો.

પીટર્સને આ હસ્તપ્રતોના સંશોધન માટે જયપુરની મુલાકાત લીધી, એક અનુભવ તેમના જ શબ્દોમાં:-

મંદિરના વિશાળ પટાંગણમાં આશન વાળીને સહુ બેઠા છે. સરસ્વતીનું આથી વધુ સન્માન કોઈ કરી શકે નહીં. નાના છોકરાં-જે કાલે જ બોલતા શીખ્યા હશે. વ્યાકરણના પહેલા પાઠ ભણે છે. જૂના

વિદ્યાર્થીઓ કોઈ કાવ્ય પર ચર્ચા કરે છે. કેટલાંક વિદ્યાર્થી એવા છે, જેમની એક પેઢી પસાર થઈ ગઈ છે, છતાંય ભણે છે. છેલ્લો વિદ્યાર્થી આવ્યો તે મ્લેચ્છ અને આંધળો છે, છતાં તે ગમે તે વ્યક્તિને વ્યાકરણનું મહાભાષ્ય સંભળાવી શકે છે.

પઠન પાઠનની ભારતની આગવી વિશિષ્ટતા હતી એનો પુરાવો ઉપરનું દૃષ્ટાંત આપે છે. તો એ સમયની ભારતની શિક્ષણ પ્રણાલી વિશે એક વિદેશી વિદ્વાન લખે છેઃ-

ભારતમાં છ વરસની ઉંમરનું બાળક બારાખડીના ઓગણપચાસ મૂળ અક્ષરની સાથે દસ હજાર સંયુક્ત અક્ષરો શીખે છે. (અડધો ક્ વગેરે તથા અ વગેરે મૂળ અક્ષર કહેવાય. અડધો ક્ અને ર્ જોડાયો તો ક્ર બને, તે સંયુક્ત અક્ષર કહેવાય-કંપાઉંડ લેટર્સ) છ મહિનામાં તેનું અક્ષરજ્ઞાન પૂર્ણ થઈ જાય છે. પછી તેને ૩૦૦ શ્લોક શીખવવામાં આવે છે. દરેક શ્લોકમાં ૩૨ અક્ષર હોય (સંસ્કૃત ભાષાના અનુષ્ટુપ છંદમાં ૩૨ અક્ષર છે) અહીં સુધીનો અભ્યાસ કરાવનાર 'મહેશ્વર' હોય છે. (માહેશ્વરી લોકોનો સંબંધ આ શિક્ષણધર્મ સાથે છે. સં. ૧૬૦૦ પહેલાં ભારતમાં બે જાતિ વિશેષ પ્રચલિત હતી. શ્રાવક અને માહેશ્વર. ધર્મ જૈન અને શૈવ. માહેશ્વરી લોકો મિસરી કે મિશ્રના નામે ઓળખાય છે.) આઠ વરસની ઉંમરે બાળક પાણિનિ વ્યાકરણ ભણવાનું શરૂ કરે છે. પછી દસ વરસની ઉંમરે એક હજાર શ્લોકના ત્રણ અનુશાસન શીખે છે. ત્રીસ વરસમાં તે પૂરા કરે છે. પંદર વરસની ઉંમરે બાળક સંસ્કૃત ભાષાના પાયાના જ્ઞાનથી સજ્જ બની જાય છે અને પાણિનિ વ્યાકરણની ટીકાઓનો અભ્યાસ ચાલુ કરે છે. પાંચ વરસમાં તે પૂરો કરી વ્યાકરણનો પારગામી બની જાય છે.'

(આધાર :- 'કલ્યાણ' માસિક નવેમ્બર-૨૦૧૧ અંક)

આપણા હસ્તપ્રત જ્ઞાન ભંડારોનું જીવની જેમ જૈન શ્રમણો, યતિઓ અને શ્રાવકોએ રક્ષણ કર્યું છે. પોતાના જ્ઞાન ભંડારો સાચવવા આ ભંડારના દરવાજાની આગળ શ્રાવકો ભીંત ચણી દેતા, ખંભાત અને પાટણના જ્ઞાન ભંડારોની સમૃદ્ધિ જોઈ અંગ્રેજ વિદ્વાનો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

હવે શું ?

જૈન ભંડારોમાં સંગ્રહિત લાખો હસ્તપ્રતોને ઉકેલવા કોબા મહાવીર આરાધના કેન્દ્ર અને એલ.ડી.ઈન્સ્ટીટ્યૂટ જેવી અનેક સંસ્થાઓ જોઈશે. પ્રત્યેક શહેરમાં જ નહિ, પણ પ્રત્યેક શેરી, પોળ, સ્ટ્રીટ-સ્થાનકમાં એક જિન મંદિર કે ઉપાશ્રય હોવો જ જોઈએ એવો આગ્રહ જૈન શ્રમણ-શ્રાવક રાખે છે તો પ્રત્યેક જિલ્લામાં આવા ઓછામાં ઓછા ચાર સંશોધન સ્થાનકો રચાય તો એનું પુણ્ય એક જિનમંદિરના નિર્માણના પુણ્યથી ઓછું તો નહિ જ હોય. જિન મંદિરના જિર્ણોદ્ધારની સાથોસાથ જિન સાહિત્યનો ઉદ્ધાર થશે તો જૈનધર્મ અને સાહિત્ય ચિરંજીવ બનશે.

આ ઉપરાંત આ લિપિ ઉકેલવા પંડિતો પણ જોઈશે. વર્તમાનમાં આપણી પાસે ખૂબ જ અલ્પ સંખ્યામાં પંડિતો છે, અને એ મહાનુભાવો પણ ૫૦-૬૦ની ઉંમરના છે, એટલે આવા લિપિ ઉકેલનારા પંડિતો તૈયાર કરવા માટે લિપિશાળાની પણ જરૂરત ઊભી થશે, અને આવી લિપિશાળામાં વિદ્યાર્થીઓ તો જ આવશે જો તેમને કૉલેજના પ્રાધ્યાપકની કક્ષાસ્થાન, વેતન અને સગવડો મળે.

આપણે ત્યાં મંદિરમાં પૂજારી છે, અન્ય કર્મચારીઓ પણ છે, મુનિમ છે, ઉપાશ્રય છે, પાઠશાળા માટે શિક્ષકો છે, તો એની સાથોસાથ ઉપાશ્રયોમાં આવી લિપિશાળાઓ શરૂ કરવામાં આવે અને લિપિ પંડિતોની નિમણૂંક કરવામાં આવે તો દશ વર્ષમાં મોટો વર્ગ તૈયાર થઈ જશે. આના પરિણામે અનેક હસ્તપ્રતોનો અડધી સદીમાં ઉદ્ધાર થઈ જશે તો વર્તમાન ભાષામાં જ્ઞાનનો ખજાનો ભાવિ પેઢીને પ્રાપ્ત થઈ જશે.

આ આખા કાર્ય માટે સંપૂર્ણ વર્તુળ યોજના તૈયાર થાય તો જિન શ્રુત, જિન શબ્દ અને જિન શાસનની મહાન સેવા થઈ ગણાશે.

જૈન શ્રેષ્ઠિઓને વિનંતિ કરું છું કે નવા જિન મંદિરની સાથોસાથ આવા જિનશ્રુત મંદિરોનું પણ નિર્માણ કરી જ્ઞાન કર્મના પુણ્યની પ્રાપ્તિ કરે અને જૈન પંડિતો આ દિશામાં નક્કર યોજના કરે અને પૂ. મુનિ ભગવંતો આવા શ્રુત મંદિરોના નિર્માણ માટે પ્રેરણા આપે. હવે આ પ્રકારની શ્રુતભક્તિના કાર્ય માટે સમય પાકી ગયો છે.

શ્રુતજ્ઞાનનું સંરક્ષણ કરતી આવી ત્રણ-ચાર સંસ્થાઓએ એકત્રિત થઈ લિપિ ઉકેલ અને મધ્યકાલિન સાહિત્યના સંશોધન માટે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કરવો જોઈએ. એ માટે ભારતભરમાંથી જિજ્ઞાસુઓને આ કાર્ય માટે આકર્ષવા જોઈશે, એ માટે ડીપ્લોમા ડીગ્રી અને ત્યારબાદ યુનિવર્સિટી સુધી આ અભ્યાસક્રમને પ્રસરાવવો જોઈશે. આપણી પાસે વર્તમાનમાં જેટલું પંડિતધન છે એ લુપ્ત થાય એ પહેલાં આવા અભ્યાસ ક્રમો તૈયાર કરવા એ વર્તમાન જિન શાસ્ત્ર રક્ષકોની પવિત્ર ફરજ છે.

ઉપરોક્ત શ્રુતભક્તિ સમારોહ ખૂબ જ ગૌરવભર્યો રહ્યો. વિશેષ આનંદ તો એ થયો કે જેટલું સન્માન ધનપતિ દાતાશ્રેષ્ઠિઓનું થયું એટલું અને એવું જ સન્માન આ ગ્રંથ કાર્યને આકાર આપનાર પંડિત મહાનુભાવોનું પણ થયું. એ માટે આ સંસ્થાના ટ્રસ્ટી અને કાર્યકર શ્રી મુકેશભાઈ શાહ, શ્રી કનુભાઈ શાહ, શ્રી વિજય જૈન, ડૉ. હેમંતકુમાર, શ્રી કેતન ડી. શાહ અને અન્ય કર્મનિષ્ઠ કાર્યકરો અને અન્ય ટ્રસ્ટી મહાશયોને હૃદયથી ધન્યવાદ પાઠવીએ.

શ્રુતજ્ઞાનને, શ્રુત ઉપાસનાને અને શ્રુત ઉપાસકોને આપણે કોટિ કોટિ વંદન કરીએ.

□ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ એટલે પ્રચંડ પ્રતિભા–પુણ્યાઈ–પરાક્રમની ત્રિવેણી

□ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

એ પણ એક 'રામ' થઈ ગયા, આ પણ એક 'રામ' થઈ ગયા. એક દશરથનંદન હતા, તો બીજા સમરથવંદન હતા. 'રામ ત્યાં અયોધ્યા' આ કહેવત ઓછે વત્તે અંશે બંને માટે ચરિતાર્થ થતી જણાતી હતી. છતાં બંને રામ વચ્ચેની વિશેષતા દર્શાવવા કહેવું હોય, તો એમ કહી શકાય કે, પહેલાં રામ અયોધ્યામાં અવતર્યા, તે પછી તેઓ જ્યાં જતા, ત્યાં એમનાં પગલે પગલે અયોધ્યા અવતરતી હતી. જ્યારે આ બીજા રામ અયોધ્યામાં નહિ, પણ પાદરા જેવા ગામડામાં જન્મ્યા, છતાં તેમનાં પગલાં જ્યાં પડતાં, ત્યાં અયોધ્યાનું નાનું એવું અવતરણ અચૂક થઈ જવા પામતું.

અયોધ્યાના 'રામ'ને જાણનારા/પીછાણનારાનો તો સુમાર નથી, પરંતુ આ પાદરા ગામના 'રામ'ના નામ-કામ પણ કંઈ ઓછા જાણીતા નથી. ! સદેહાવસ્થામાં તો આ રામ ઘટ ઘટ અને ઘર ઘરમાં જાણીતા/માણીતા થયા જ હતા, પણ વિદેહાવસ્થા પછીના સમયથી તો આ રામ દેશોદેશ ઉપરાંત વિદેશોમાંય જે રીતે વિખ્યાત બનતા ગયા, એની તો જોડ જડવી મુશ્કેલ છે. જેમનાં પગલે પગલે અયોધ્યા અવતરતી અને જંગલમાંય જેમનાં પગલે મંગલની હારમાળા રચાઈ જતી, એ પૂજનીય વિભૂતિ પુણ્યશ્લોક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ૯/૯ દાયકાઓના સમયતટ પર એકધારી રીતે છવાયેલાં રહીને જૈનશાસનની આરાધના-પ્રભાવના-રક્ષા કરવા દ્વારા જે ઇતિહાસ રચ્યો. એ જેટલો રોમાંચક એટલો જ રસિક અને જેટલો રસિક એટલો જ રોમાંચક છે.

પાદરાથી આરંભીને અમદાવાદના પરિમલ દર્શન બંગલે સમાપ્ત થયેલી અને વિ. સં. ૧૯૫૨ થી વિ. સં. ૨૦૪૭ના સમય સુધી વિસ્તરેલી એ જીવનયાત્રા એટલી બધી મોટી યાત્રામાં તીર્થધામો ધરાવતી હતી કે, એનાં દર્શને આંખો તૃપ્ત થઈ ઉઠતી અને અંતર અમૃતસ્નાનનો આનંદ અનુભવતું, 'શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા' આ અઢાર અક્ષરી નામમંત્રના ઉચ્ચારણ/શ્રવણની સાથે જ ૯/૯ દાયકાની દીર્ઘતા ધરાવતા એક સુવર્ણયુગના અનેક સોનેરી સંસ્મરણો ઉપસી આવ્યા વિના નથી રહેતા.

'પ્રબુદ્ધ જીવન'ના પૂર્વતંત્રી શ્રી રમણલાલ ચી. શાહના પિતાશ્રી ચીમનભાઈ શતાયુ પૂર્ણ કરીને થોડા વર્ષ પૂર્વે સ્વર્ગવાસી બન્યા. એઓ પણ પાદરાના વતની હતા, એથી શ્રી ચીમનભાઈ પણ શ્રી રામચન્દ્ર સૂરિજી મહારાજથી ઠીક ઠીક પરિચિત હતા, એ પરિચયની પરિમલ પ્રસારવવા ઉપરાંત પૂજ્યશ્રીના જીવનનું મર્મગ્રાહી દર્શન કરાવતો એક વિસ્તૃત લેખ શ્રી રમણલાલ ચી. શાહે 'પ્રબુદ્ધ જીવન'માં થોડાં વર્ષો પૂર્વે પ્રગટ કર્યો હતો, પછીથી એ 'પ્રભાવક સ્થવિરો' નામક પુસ્તકમાં પણ મુદ્રિત થયો હતો. પૂજ્યશ્રીના દીક્ષાદિન પોષ સુદ ત્રયોદશી પર ૯૯/૯૯ વર્ષના વહાણા વાઈ ચૂક્યા છે, એથી ચાલુ વર્ષે દીક્ષા શતાબ્દીની ઠેર ઠેર ઉજવણી થઈ રહી છે, ત્યારે એઓશ્રીના જીવનમાં જે પરાક્રમ અને પ્રતિભાનો સંગમ સર્જાયો હતો, એનો સાક્ષાત્કાર કરાવતા થોડાક પ્રસંગોમાં દૃષ્ટિપાત કરવો અસ્થાને નહિ ગણાય. પૂજ્યશ્રી જ્યારે ત્રિભુવનકુમાર હતા, ત્યારથી જ એમના જીવનમાં પરાક્રમ-ખુમારી અને પ્રતિભા ને પુણ્યાઈ જોવા મળતા હતા. આવા થોડાક પ્રસંગોમાં દૃષ્ટિપાત કરીએ.

જે સાલમાં પૂ. આત્મારામજી મહારાજા સ્વર્ગવાસી બન્યા, એ જ વિ. સં. ૧૯૫૨ની સાલમાં જન્મ પામવાનું સૌભાગ્ય ધરાવનાર ત્રિભુવનના પુણ્યનો આમ તો જો કે જોટો જડે એમ ન હતો. છતાં બીજી રીતે વિચારીએ, તો એના સૌભાગ્યની આસપાસ ઠીકઠીક વિઘ્નો ને વિપત્તિઓ પણ ઘેરાયેલી હતી, એથી જ એના જન્મ બાદ દસ દિવસે પિતા છોટાલાલ રાયચંદ ચુડગર પાદરામાં સ્વર્ગવાસી બન્યા. એમની ખરાબ તબિયતના સમાચાર મળતાં જ સમરથબહેન એક ટોપલામાં નવજાત ત્રિભુવનને લઈને દહેવાલથી પાદરા જવા રવાના થયાં, પણ મા-દીકરો પાદરા પહોંચે, એ પૂર્વે તો છોટાલાલભાઈનો જીવન-દીપ બુઝાઈ ગયો. આ પછી ત્રિભુવન જ્યારે સાત વર્ષનો થયો, ત્યારે પ્લેગ રોગ ફેલાતાં સમરથબહેનનો જીવનદીપ પણ ઓલવાઈ જવા પામ્યો.

બાળક ત્રિભુવન માટે આ કંઈ જેવા તેવા આઘાતજનક બનાવો ન ગણાય ! આમ છતાં પૂર્વનાં કોઈ મહાપુણ્યનો મહોદય જ એને 'રતનબા'નો ભેટો કરાવી ગયો. નેવું વર્ષનું દીર્ઘાયુ ધરાવતાં 'રતનબા'નો પુણ્યયોગ જ ત્રિભુવનમાં ધરબાયેલા 'શ્રી રામવિજયજી મહારાજ'નું પ્રગટીકરણ કરી ગયો. માતા-પિતાની છાયા ગુમાવી બેઠેલા ત્રિભુવનને જો પોતાના પિતાના માતુશ્રી રત્નમણીબહેન, પિતા છોટાલાલ, એમના પિતા રાયચંદભાઈ, એમનાં પિતા માનચંદભાઈના ધર્મપત્ની રત્નમણીબહેન) નો ભેટો ન થયો હોત, તો કદાચ જૈન જગતને શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની ભેટ પણ ન મળી હોત.

પાંચ વર્ષની વયે પાદરાની ગુજરાતી શાળામાં શિક્ષણ લેવાનો આરંભ કરનારા ત્રિભુવને તેર વર્ષની વયે સાત ગુજરાતી તથા એક અંગ્રેજી ચોપડીનો અભ્યાસ કરીને સ્કૂલ છોડી દીધી હતી. વ્યવહારિક શિક્ષણ સાથે એણે પાંચ પ્રતિક્રમણ, પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ, સ્તવન સજ્ઝાય આદિનો ધાર્મિક અભ્યાસ નવ વર્ષ સુધીમાં તો પૂરો કરી દીધો હતો અને આગળનો ધાર્મિક અભ્યાસ ચાલુ રાખ્યો હતો.

છ વર્ષની વયે રતનબાના ધર્મસંસ્કારોથી સંસ્કારિત બનેલા ત્રિભુવને સંયમ ન લેવાય, ત્યાં સુધી આણંદશ્રીજી સાધ્વીજી પાસે, ધેબરના ત્યાગની પ્રતિજ્ઞા કરી હતી. રતનબા સમજતાં હતાં કે, ત્રિભુવન સંયમ સ્વીકારવા જ જન્મ્યો છે, એથી સંયમના સંસ્કારો નાંખતા રહેવા છતાં

મોહાવેશથી તેઓ અવારનવાર એમ પણ કહેતા કે, બેટા ! તારે દીક્ષા જરૂર લેવાની છે, પરંતુ મારા મૃત્યુ પછી !

નવ વર્ષની વયથી જ ઉકાળેલું પાણી પીનારા અને બાર વર્ષની વયથી જ ઉપાશ્રયમાં બેસવા-ઉઠવા અને સુવાનું રાખનારા ત્રિભુવને નવ વર્ષની વયે ભાગી જઈને એકવાર શ્રી નીતિવિજયજી દાદાના પ્રશિષ્ય શ્રી ચંદનવિજયજી મહારાજ પાસે સંયમ સ્વીકારવાનો પ્રયત્ન કરેલો. પણ સગાંવહાલાંઓને આ વાતની ખબર પડી જતાં સૌ ત્રિભુવનને ત્યાંથી ઉઠાવી લાવેલ.

આ ઘટના બન્યા પછી ત્રિભુવનની સંયમની ભાવનામાં ઓટ લાવવા સગાંવહાલાંઓએ પ્રયત્ન કરવામાં જરાય કચાસ ન રાખી. કોઈએ એને કહેલું: તારા માટે બનાવેલાં આ બધા કપડાં ફાટી જાય, પછી તું દીક્ષાનો વિચાર કરજે ! ત્યારે રોકડો જવાબ મળેલો, કે લાવો કાતર, અત્યારે-આજે બધાં કપડાં ફાડી નાંખું. કોઈએ કહેલું: ત્રિભુવન, અમારી માલ-મિલકત ને પેઢીઓ: આ બધું જ તારા નામે કરી દેવા અમે તૈયાર છીએ, શરત એક જ કે, તું દીક્ષાની વાત ભૂલા જાય તો ! ત્યારે પણ જવાબ મળેલો કે, ધર્મની પેઢી ચલાવવાનું મૂકી દઈને કર્મની આ પેઢીએ મને બેસાડવાનો તમને બધાંને કેમ આટલો બધો આગ્રહ છે, એ જ મને સમજાતું નથી.

દીક્ષાની વાત વારંવાર ઉચ્ચારતા ત્રિભુવનને એના કાકા તારાચંદભાઈ અને મોહનલાલ વકીલ એક વાર વડોદરાની કોર્ટના એક પારસી જજ પાસે લઈ ગયા અને જજને કહ્યું: સાહેબ ! આ છોકરાને કંઈ સમજાવો ને ? વાતવાતમાં દીક્ષા સિવાય આને બીજું કશું જ યાદ આવતું નથી ! જજે જરા રોફ સાથે ત્રિભુવનને પૂછયું: શું સંસારમાં રહીને ધર્મ નથી થઈ શકતો કે, દીક્ષાની વાત કરે છે ? ધર્મ તો સંસારમાં રહીને પણ થાય !

ભલભલા જેની આગળ અંજાઈ જાય, એવા જજને રોકડો જવાબ આપતાં ત્રિભુવને કહ્યું: આપ સંસારમાં રહીને અત્યારે કયો કયો ધર્મ કરો છો, એ મને જરા જણાવો, તો પછી હું આપને જવાબ આપું. આ સાંભળીને જજે કહ્યું: આ છોકરો તો દીક્ષા લેવા જ સર્જાયો છે, એને તમે નહિ જ રોકી શકો !

ત્રિભુવનના સગાંઓએ એ સમયમાં છાપામાં એક એવી જાહેરખબર પણ પ્રગટ કરી હતી કે, ત્રિભુવન દીક્ષા લેવાની ભાવના ધરાવે છે. પણ કોઈએ એને દીક્ષા આપવી નહિ. જે કોઈ દીક્ષા આપશે, એની સામે કોર્ટની કાર્યવાહી કરવામાં આવશે ! આ જાહેરાત જોઈને ત્રિભુવને કહેલું કે, દીક્ષા તો મારે લેવી છે ને ? હું મજબૂત છું, પછી આવી જાહેરાતનો શો અર્થ છે ?

ત્રિભુવનનો જન્મ જાણે દીક્ષાની સાધના માટે જ થયો હતો. અને એથી જ એને એવા સંયોગો સાંપડતા જ ગયા કે, એની સંયમભાવનામાં દિવસે દિવસે વધારો થતો જ રહે. સંયમ સ્વીકારવાનો એનો સંકલ્પ મજબૂત હતો, પણ એ સંકલ્પને સિદ્ધ થતાં અટકાવનારું એક તત્ત્વ હતું. દાદીમા રતનબહેન ! જેટલી જેટલીવાર દાદીમાએ ત્રિભુવનને ધર્મનું ધાવણ પાતાં સંયમ લેવાની પ્રેરણા આપી હતી, એટલી એટલીવાર સાથે એ પણ કહ્યું હતું કે, તારે મારા મૃત્યુ બાદ જ દીક્ષા લેવાની છે. આ વાત જ ત્રિભુવનને સંસારનો ત્યાગ કરતાં અટકાવતી હતી. એમાં વિક્રમ સંવત ૧૯૬૮ના ચાતુર્માસ માટે પૂ. પં. શ્રી દાનવિજયજી ગણિવર્ય પાદરા પધાર્યા, તેમજ પૂ. ઉપાધ્યાય શ્રી વીર વિજયજી ગણિવર અને પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મહારાજ પાદરા પાસેના દરાપરા ગામમાં ચાતુર્માસ માટે રોકાયા. ત્રિભુવન પાદરામાં મળેલ ગુરુનિશ્રાનો લાભ તો લેતો જ હતો, તદુપરાંત દરાપરામાં જતો-આવતો રહીને એ પોતાની સંયમભાવના વિશેષ રીતે દૃઢ બનાવતો હતો. એમાં એક દિવસ શ્રી પ્રેમવિજયજી મહારાજે એટલી જ ટકોર કરી કે, ત્રિભુવન ! કોઈના આયુષ્યનો ક્યાં ભરોસો છે ? દાદીમાની પહેલાં તું જતો રહે, તેમ પણ કેમ ન બને ? માટે આટલા ખાતર સંયમ સ્વીકારવામાં ઢીલ કરવા જેવી નથી !

ચકોરને તો ટકોર જ ઘણી થઈ પડે. ત્રિભુવનના મગજમાં આ વાત જડબેસલાક બેસી ગઈ. દાદીમા માત્ર મોહવશ બનીને જ પોતાને રોકવા માગતાં હતાં, પોતે ન હોય, તોય દાદીમા સારી રીતે સચવાઈ જાય એમ હતાં. આ વાતની તો ત્રિભુવનને ખાતરી જ હતી. એથી એણે મનોમન નિર્ણય લઈ લીધો કે, ચાતુર્માસ પછીનું પહેલું જ જે મુહૂર્ત આવે, એ સાધી લઈને સંયમ સ્વીકારી જ લેવું.

પોતાની આ ભાવનાને મનમાં ને મનમાં પુષ્ટ બનાવતો ત્રિભુવન ચાતુર્માસ બાદ એક દિ, એકાએક જ પોષ સુદ આઠમ લગભગ વડોદરા જઈ પહોંચ્યો. ત્યાં બિરાજમાન શ્રી દાનવિજયજી મ. તથા શ્રી પ્રેમવિજયજી મ. સમક્ષ હાજર થઈને એણે વિનંતી કરી: 'ગુરુદેવ ! દૃઢ સંકલ્પ સાથે દીક્ષાનું મુહૂર્ત લેવા આવ્યો છું. માટે નજીકમાં આવતો સારામાં સારો દિવસ ફરમાવો, જેથી વર્ષોનું મારું સંયમ-સ્વપ્ન સિદ્ધ થઈ શકે.'

શ્રી પ્રેમવિજયજી મહારાજ તો વિશેષ રીતે ત્રિભુવનની યોગ્યતા પરખી ગયા હતા. એથી વિઘ્નો આવે, તો એનો સામનો કરવાની તૈયારીપૂર્વક દીક્ષાદાન કરવા તેઓ ઉત્સાહિત હતા. પોષ સુદ તેરસનો દિવસ સર્વશ્રેષ્ઠ હતો. વડોદરામાં દીક્ષા થાય એમ ન હતી. પૂ. ઉપાધ્યાય શ્રી વીર વિજયજી મહારાજ જંબુસર બિરાજમાન હતા. એક-બે દિવસની વિચારણા બાદ બધું ગોઠવાઈ ગયું. કોઠારી કુટુંબે કંકુનો ચાંલ્લો કર્યો અને ત્રિભુવને જંબુસર તરફ પ્રયાણ કર્યું. વડોદરામાં સરરોડની રેલવે પાદરા થઈને જ પસાર થતી હોવાથી પોતાને કોઈ જોઈ ન જાય, એ માટે પાદરા આસપાસના પ્રદેશમાં સીટની નીચે સૂઈ જઈને ત્રિભુવન રાતે આઠ વાગે માસર રોડ પહોંચ્યો.

માસર રોડથી જંબુસર છ માઈલ દૂર થતું હતું. રાતનો સમય હતો અને મનમાં બીક પણ લાગતી હતી. એથી જંબુસર તરફ જતા એક બળદગાડાની પાછળ પાછળ ચાલતો સત્તર વર્ષનો ત્રિભુવન પગે ચાલીને લગભગ રાતે અગિયાર વાગે જંબુસર પહોંચ્યો. ઉપાશ્રયમાં જઈને પૂ. ઉપાધ્યાયજી મહારાજને એણે બધી વાત કરી. ઉપાધ્યાયજી મહારાજે ત્રિભુવનને સૂઈ જવા જણાવ્યું. રાતે સાધુઓને ઉઠાડીને એમણે કહ્યું કે, કાલે સવારે જ આપણે આમોદ જવાનું છે, અને પોષ સુદ તેરસે ત્રિભુવનને દીક્ષા આપવાની છે. સૂતેલા ત્રિભુવને આ સાંભળ્યું અને એને આનંદ થયો કે, હવે તો ચોક્કસ આ મુહૂર્ત સધાઈ જ જશે. પોષ

સુદ બારસની સવારે પૂ. ઉપાધ્યાય મહારાજની સાથે ત્રિભુવન પણ જંબુસરથી વિહાર કરીને આમોદ આવ્યો, થોડી વાર બાદ વંદનાર્થે આવેલાં એક બહેન ત્રિભુવનને ઓળખી ગયાં. એમણે પૂછ્યું: 'સબુડા! તું અહીં ક્યાંથી?'

ત્રિભુવનનું હુલામણું નામ સબુડો હતું. સબુડાએ યોગ્ય જવાબ વાળીને એ બહેનને વિદાય કર્યાં. એ બહેન ત્રિભુવનનાં સગા હોવાથી પૂ. ઉપાધ્યાયજી મહારાજ ચિંતિત થઈ ગયા કે, આ ગામમાં પણ ત્રિભુવનને દીક્ષા ન આપી શકાય. આ વાતની જાણ થતાં જ ત્રિભુવન ભાંગી પડ્યો. એણે શ્રી મંગળવિજયજી મહારાજને કહ્યું: આપશ્રી આ મૂહૂર્ત સચવાઈ જાય, એવું કંઈક કરો!

શ્રી મંગળ વિજયજી મહારાજ! પૂ. ઉપાધ્યાયજી મહારાજ પાસે આવ્યા. એમણે કહ્યું: આપ આજ્ઞા આપો, તો ગંધાર તીર્થમાં જઈને દીક્ષાનું કાર્ય પાર પાડવાની મારામાં હિંમત છે. આમોદથી ગંધાર ચૌદ માઈલ થાય, પોષ સુદ તેરસની આડે ગણતરીના જ કલાકો હતા. પૂ. ઉપાધ્યાયજી મહારાજની આજ્ઞા મળતાં જ શ્રી મંગળવિજયજી મહારાજ અને શ્રી પદ્મવિજયજી મહારાજની સાથે એજ સાંજે સાત માઈલનો વિહાર કરીને ત્રિભુવન પણ ટંકારિયા ગામમાં પહોંચ્યો. ત્યાંથી પોષ સુદ તેરસની સવારે સાત માઈલનો વિહાર કરીને સૌ ગંધાર પહોંચ્યા. બે મુનિવરો, પેઢીના મુનિમજી, પૂજારી અને ઉપધિ લઈને વડોદરાથી આવેલ કોઠારી કુટુંબનો એક સભ્ય: આટલી નાનકડી હાજરી વચ્ચે સેંકડોના દીક્ષાદાતા બનવાનું ભાગ્ય ધરાવનાર ત્રિભુવનની દીક્ષાવિધિ શરૂ થઈ.

મંદિરનો રંગમંડપ! દરિયાકિનારો! પવનના સુસવાટા! આવા વાતાવરણ વચ્ચે દીક્ષા વિધિ ચાલવા માંડી, ચારે બાજુ રહેલા દીપકો પવનના સુસવાટે જાણે હમણાં જ ઓલવાઈ જશે, એવા ભય વચ્ચેય વિધિ આગળ વધી રહી. ત્યાં કોઈ હજામ હાજર ન હોવાથી મુનિમની સૂચનાથી બાજુના ગામમાંથી હજામને તેડવા એક માણસ રવાના થયો. પણ એ આવે એ પૂર્વે તો મુંડનની ક્રિયા ચાલુ કરવી પડે, એમ જ હતી. કેમકે તો જ મુહૂર્ત સચવાય! એથી શ્રી મંગળ વિજયજી મહારાજ જાતે જ ત્રિભુવનું મુંડન કરવા બેસી ગયા. થોડી વારમાં જ હજામ આવતાં મુંડનકાર્ય પુરૂં થયું અને દીક્ષાની ક્રિયા આગળ ચાલી. ઝિલમિલ થતાં દીવા પવનના સુસવાટા સાથે ટક્કર લેતા છેક સુધી પ્રજ્વલિત રહ્યા અને ત્રિભુવનનું ચિરદૃષ્ય સ્વપ્ન સિદ્ધ થતા એને 'શ્રી રામ વિજયજી'નું નામ મળ્યું. ત્યારે શ્રી મંગળવિજયજી મહારાજના મોઢેથી સહજ રીતે જ એવા શબ્દો સરી પડ્યા કે 'આ દીવા જાણે એવો સંકેત કરી ગયા કે, શ્રી રામવિજયજીના જીવનમાં અનેક ઝંઝાવાતો જાગશે, પણ એ ઝંઝાવાતો આમને ઝુકાવી નહિ શકે. રામવિજયજી એ ઝંઝાવાતો સામે ઝઝૂમતા રહીને નિરંતર વિજયી જ નીવડતા રહેશે.'

ગંધારમાં દીક્ષાનું મુહૂર્ત સચવાઈ ગયું, આટલા માત્રથી જ કામ પતી જતું નહોતું! ખરી કસોટી ને જવાબદારી તો હવે જ શરૂ થતી હતી. ખાનગી દીક્ષા હોવાના કારણે તોફાન તો આવવાનું જ હતું. એથી સુરક્ષિત-ક્ષેત્રમાં જો પહોંચી ન જવાય, તો નાવ કિનારે આવીને ડૂબે, એવી શક્યતા હોવાથી પોષ સુદ તેરસે જ ગંધારથી વિહાર કરીને ત્રીજે દિવસે સૌ ભરૂચ આવ્યા. દીક્ષાની આસપાસના દિવસોમાં આટલો ઉગ્ર વિહાર કરવા છતાં શ્રી રામવિજયજી મહારાજના મુખ ઉપર તો સંયમપ્રાપ્તિની પ્રસન્નતા જ ચમકી રહી હતી. ભરૂચ આવતાં જ પાદરાથી સગાં સંબંધીઓનું ટોળું ઉતરી પડ્યું. પૂ. ઉપાધ્યાયજી મહારાજને નૂતન મુનિવરે કહ્યું કે, આપ જરાય ચિંતા કરતા નહિ, હું બધાંને સમજાવી દઈશ.

પાદરામાં દીક્ષાના સમાચાર જ્યાં પહોંચ્યા, ત્યાં જ ધમાલ મચી ગઈ. ગમે તે રીતે ત્રિભુવનને ઉપાડી લાવવાની વાતો સગાંવહાલાંઓ કરવા માંડ્યા. અને આવા જ ઝનૂન સાથે સૌ ભરૂચ જવા રવાના થયા. રતનબાને પણ આઘાત તો ખૂબ જ લાગ્યો હતો, પણ એ સમજુ દાદીમા હતાં. એથી એમણે ત્રણ-ચાર ડાહ્યા માણસોને ખાનગીમાં લઈ જઈને કહ્યું કે, ત્રિભુવને જો ખરેખર દીક્ષા લઈ જ લીધી હોય અને એ અહીં આવવા રાજી જ ન હોય, તો એને ઉપાડી લાવવાની મહેનત ન કરતા. પણ મારા તરફથી એને કહેશો કે, હવે સાધુપણું બરાબર પાળે!

પાદરાથી નીકળેલું ટોળું ભરૂચમાં પ્રવેશ્યું ને ઉપાશ્રય ગાજી ઊઠ્યો. શ્રી રામવિજયજીએ સૌને કહ્યું: 'આમ ધાંધલ-ધમાલ કરવાનો શો અર્થ? તમને બધાને જવાબ આપવા હું બંધાયેલો છું. માટે બધા શાંતિથી વાત કરી શકો છો.' બધા બેસી ગયા. બે કલાક સુધી વાતચીત ચાલી. પણ નૂતન મુનિ તો મક્કમ જ હતા, એ મક્કમતા જોઈને અંતે ડાહ્યા માણસોએ કહ્યું: 'અમારી સાથે રતનબાએ કહેવડાવ્યું છે કે, શ્રી રામવિજયજી આવવા રાજી ન હોય, તો બળજબરીથી લાવતા નહિ, અને મારા વતી એમને કહેજો કે, હવે સંયમ સારી રીતે પાળે!'

આ વાત થતાં જ બધો મામલો શાંત થઈ ગયો. સૌ વીલે મોઢે પાદરા તરફ પાછા ફર્યા. પૂ. ઉપાધ્યાયજી મહારાજ, રામવિજયજીની મક્કમતા જોઈને છક્ક થઈ ગયા. એમણે નહોતું ધાર્યું કે, વિઘ્નોનાં આ વાદળ આ રીતે વરસ્યા વિના જ વીખરાઈ જશે. ભરૂચથી વિહાર કરીને બધા મુનિવરો જંબુસર આવ્યા. ત્યાં પૂ. પ્રેમવિજયજી મહારાજ આદિ શ્રી રામવિજયજી મહારાજને લેવા આવી પહોંચ્યા હતા. જંબુસરથી વડોદરા પહોંચવાનું હતું. એથી વચમાં પાદરા આવતું હોવા છતાં એના પાદરેથી વિહાર કરીને સૌ વડોદરા પહોંચ્યા. બે દિવસમાં ચોત્રીસ માઈલનો વિહાર થયો હોવાથી શ્રી રામવિજયજી મહારાજના પગે સોજા આવી ગયા. બે-ત્રણ દિવસના ઉપચાર પછી સોજા ઉતરી જતાં નૂતન મુનિશ્રીને વડીદીક્ષાના જોગમાં પ્રવેશ કરાવવામાં આવ્યો અને ૧૯૬૯ના ફાગણ સુદ બીજે પૂ. મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજની અને પૂ. પ. શ્રી સંપતવિજયજી ગણિવરની નિશ્રામાં વડીદીક્ષા થતાં સૌનો આનંદ નિરવધિ બન્યો.

જેમની નિશ્રામાં સેંકડો દીક્ષાઓ ધામધૂમથી થવા પામી, એ પૂ. આ. શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજને દીક્ષા મેળવવા આ રીતે ધોળે દહાડે તારા નીચે ઉતારવા જેવો કેવો પ્રચંડ પુરુષાર્થ કરવો પડ્યો હશે, એની માહિતી આજે કેટલાને હશે?

દીક્ષા ગ્રહણ કર્યા પછીના થોડા મહિનાઓ બાદ બનેલો આ પ્રસંગ છે. શ્રી રામવિજયજી મહારાજની કુનેહભરી વર્તણૂંકથી પાદરાનું દીક્ષાવિરોધી વ્યાપક વાતાવરણ ઠીકઠીક શાંત થઈ ગયું હતું. રતનબા

જેવી વ્યક્તિ જ્યારે ત્રિભુવને લીધેલા પગલાંની અનુમોદના કરનારી બની જાય, પછી સગાંવહાલાંઓનો વિરોધ તો ક્યાં સુધી ટકી શકે ?

શ્રી રામવિજયજી મહારાજ હૈયાથી માનતા હતા કે, મારા માથે દાદીમા રતનબાનું મોટું ઋણ છે, કેમકે હું દીક્ષા પામી શક્યો, એના મૂળમાં રતનબાનું સંસ્કાર સિંચન જ રહેલું છે. એથી પાદરાનું વાતાવરણ જરાક શાંત થાય, એટલે મારે પાદરા જઈને રતનબાને 'ધર્મલાભ' આપવા દ્વારા એમનું હૈયું એવું બનાવવું જોઇએ કે, જેથી આ દીક્ષાની અનુમોદનાનું પુણ્ય ભાથું એઓ બાંધી શકે !

આવી ભાવના ગુરુદેવો સમક્ષ વ્યક્ત થતાં ગુરુદેવો યોગ્ય સમય જોઈને શ્રી રામવિજયજીને સાથે લઈને પાદરામાં પ્રવેશ્યા. રતનબાના આનંદની અવધિ ન રહી. શ્રી રામવિજયજી મહારાજ રતનબાના ઘરે વહોરવા ગયા. સમજુ રતનબાનો મોહ ઉછાળો મારી ગયો. શ્રી રામવિજયજી મહારાજ ઘરમાં પ્રવેશ્યા અને રતનબાએ અંદરથી બારણું બંધ કરી દઈને કહ્યું: 'હવે હું તમને જવા દઈશ નહિ, હું જીવું ત્યાં સુધી તમારે અહીં જ રહેવાનું.'

શ્રી રામવિજયજી મહારાજ સમજી ગયા કે, આ મોહનો આવેશ છે. એથી મોહાવેશને શમાવવા શાસ્ત્રની વાત આગળ કરતાં એમણે એટલું જ કહ્યું: 'મારાથી આ વેશમાં અહીં રહેવાય ખરું ?' આટલા નાનકડા પ્રશ્નાર્થે રતનબાનો મોહાવેશ શાંત થઈ ગયો. છતાં એમણે બીજી માંગણી મૂકતાં કહ્યું કે, તો હું જીવું ત્યાં સુધી પાદરામાં જ રહેવાની વિનંતી સ્વીકારો !

શ્રી રામવિજયજી મહારાજે પુનઃ કહ્યું; 'વગર કારણે આ રીતે સ્થિરવાસ કરવાની પણ ભગવાનની આજ્ઞા નથી, આ વાત તમે નથી જાણતાં શું ?' લાડકવાયાના આ પ્રશ્નનો રતનબા બીજો તો શો જવાબ આપી શકે ? મોહ હોવા છતાં એમનામાં મોહાંધતા તો નહોતી જ. એથી પોતાનો આગ્રહ પાછો ખેંચી લેતાં એમણે કહ્યું: સારામાં સારું સંયમ પાળજો અને સારામાં સારી શાસનની પ્રભાવના કરજો.'

વિ. સં. ૧૯૮૩ની સાલમાં અતિવૃષ્ટિ એટલા બધા મોટા પ્રમાણમાં થવા પામી કે, લોકરાહત માટે ફંડ ઉભું કરીને મદદ-કાર્ય હાથ ધરવાની આવશ્યકતા અધિકારી વર્ગને જણાઈ. સૌએ વિચાર કર્યો કે, ખંભાતમાં બિરાજમાન શ્રી રામવિજયજી મહારાજની પ્રવચન સભામાં જઈને ટહેલ નાંખીશું, તો સારામાં સારો ફાળો નોંધાઈ જશે.

અધિકારીઓનું એક મોટું જૂથ ભેગું મળીને શ્રી રામવિજયજી મહારાજને મળ્યું. એમની બધી વાત સાંભળ્યા બાદ પૂજ્યશ્રીએ કહ્યું: પ્રવચન બાદ તમે તમારી રજૂઆત કરી શકો છો. અધિકારીઓનું મોટું જૂથ પ્રવચન-સભામાં ગોઠવાઈ ગયું. પોતાના પ્રવચનમાં પૂજ્યશ્રીએ પ્રસંગોચિત અતિવૃષ્ટિની પરિસ્થિતિનું વર્ણન કરીને કર્તવ્ય બજાવવાનો સદુપદેશ સભાને આપ્યો. પછી અધિકારીઓએ પણ પરિસ્થિતિ દર્શાવી અને ફંડ શરૂ થયું. નાનકડા ગણાતા જૈનસંઘની અપેક્ષાએ એ ફંડ નાનું ગણાય એવું ન હતું. પણ અધિકારીઓ તો ઘણી જ મોટી આશા રાખીને આવ્યા હોવાથી એમણે ટીકા કરતાં જણાવ્યું:

'જૈનો તો ઓચ્છવ-મહોત્સવોમાં જ પૈસા ખરચી જાણે. માનવસેવાના આ અવસરે અમે તો ખૂબ જ મોટી આશા સાથે અહીં આવ્યા હતા. વિશ્વાસ રાખ્યો હતો કે, અમારી ઝોળી છલકાઈ જશે, પણ હજી અધૂરી હોવાથી અમે પૂજ્યશ્રીને વિનવીએ છીએ કે, હવે તેઓ જૈનસમાજને માનવસેવાનો પણ મહિમા સમજાવે.'

આ ટીકા સાંભળીને મૌન રહે, તો એ શ્રી રામવિજયજી મહારાજ શાના ? જૈનસંઘની સાવ ગેરવાજબી આવી ટીકાનો જવાબ આપતાં એઓશ્રીએ જણાવ્યું કે, સંખ્યામાં થોડા હોવા છતાં જૈનોનું દાન દરેક ક્ષેત્રે ઝળહળતું જ રહેતું આવ્યું છે. અને માનવસેવાની વાતો કરનારો આજનો મોટો વર્ગ તો લગભગ પારકે પૈસે જ તાગડધિન્ના કરતો હોય છે. જૈનોની સંખ્યાની દૃષ્ટિએ આ ફંડ કંઈ નાનું ન ગણાય ! છતાં તમે આવી ટીકા કરો, એ કોઈ રીતે યોગ્ય નથી. જે વર્ગ ધર્મશ્રદ્ધાળુ છે અને પ્રભુભક્તિના મહોત્સવો કરે છે, એ જ વર્ગ આવા વખતે પોતાના પૈસાનો ભંડાર ખુલ્લો મુકતો હોય છે. બાકી ભણેલો-ગણેલો વર્ગ તો સુફિયાણી સલાહો આપવામાં જ ઇતિકર્તવ્યતા માનનારો હોય છે, આવો અમારો અનુભવ છે. તમે બધા જો કે આવી જમાતના નહિ જ હો. તમે બધા નેતાઓ જો આ પ્રસંગે મહિના મહિનાનો પગાર આ ફંડમાં આપી દો, તો લીલા દુકાળની અસર ધોવાઈ જાય ! જૈનોએ નોંધાવેલી રકમનો આંકડો જો તમને ઓછો જ જણાતો હોય, તો અમારો આ સંઘ લખાવેલી રકમને બેવડાવી દેવાનું કર્તવ્ય અદા કરવામાં જરાય પાછી પાની કરે એમ નથી. એમ મને લાગે છે, પણ બોલો, તમે જેટલા અહીં હાજર છો, એટલા અધિકારીઓ પણ મહિના-મહિનાનો પગાર ધરી દેવા તૈયાર છો ખરા ?

પૂજ્યશ્રીની આ વાણીને સફળ કરવા જૈન સંઘે તો નોંધાવેલ રકમ વિના વિલંબે બેવડાવી દીધી. એથી અધિકારીઓના ગાલ પર એવી થપ્પડ પડી કે, બધા ડઘાઈ જ ગયા. જૈનસંઘની ઉદારતા જોવા છતાં માત્ર એક મહિનાનો પગાર આપવાની યોગ્ય વાતને તેઓ અમલમાં ન મૂકી શક્યા. જૈનોનું ઘસાતું બોલેલા એ આગેવાનો જ્યારે સભામાં વિદાય થયા, ત્યારે એમના મોંમાંથી શબ્દો સરી પડ્યા: 'આવી નિડરતા આજે પહેલવહેલી જ જોઈ ! ખરેખર પૈસા તો વેપારીઓ જ અને એમાં પણ જૈનો જ ખરચી જાણે ! એમની સાથે હોડમાં ઉભા રહેવાનું આપણું તો ગજું જ નહિ !'

પ્રવચનનો પ્રવાહ વેગબદ્ધ ચાલી રહ્યો હતો, પણ એ સભામાં થોડાં એવાં તોફાની તત્ત્વો ઘૂસી ગયા હતા કે, જેને સભા તોડવામાં જ રસ હતો ! એથી એઓ એવા જ કોઈ પ્રશ્નની શોધમાં હતા કે, જેનો જવાબ હકારમાં આપવા જતાં હાથ કપાય ને નકારમાં આપવા જતાં નાક કપાય એમાં માનવજીવનનું વર્ણન શરૂ થયું અને સામેથી પ્રશ્ન ફેંકાયો, આપ ગોચરી લઈને આવી રહ્યાં હો અને રસ્તામાં કોઈ ભૂખ્યા માણસને ટળવળતો જુઓ, તો એને ભિક્ષામાંથી ખાવાનું આપો કે નહિ ?

ભલભલાને માથું ખંજવાળવું પડે, એવો આ પ્રશ્ન હતો. છતાં પૂજ્યશ્રીએ પૂરી સ્વસ્થતા સાથે વળતી જ પળે જવાબ આપતાં કહ્યું કે, આ ભાઈને ખ્યાલ નહિ હોય કે, જૈનશાસનમાં ગોચરી લેવા જવાનો અધિકારી કોણ છે ? કપડાં બદલ્યા અને પાત્રા મળ્યાં, આટલા માત્રથપી જ ગોચરી જવાનો અધિકાર મળી જતો નથી ! આ અધિકાર મેળવવા તો શાસ્ત્રો

ભણીને ગીતાર્થ બનવું જરૂરી હોય છે. આવો ગીતાર્થ પરિસ્થિતિ જોઈને જે કોઈ પગલું ભરે, એ શાસ્ત્રાજ્ઞાને અનુરૂપ જ ભરે. એથી આવા અવસરે જે કંઈ શાસ્ત્રજ્ઞાને અનુરૂપ જણાય, એ ગીતાર્થ કરે.

આ જવાબ સાંભળીને સભા છક્ક થઈ ગઈ. આ પછી તો પૂજ્યશ્રીએ એ વાતનેય વિસ્તારથી કહી સમજાવી કે, જૈન સાધુને ભિક્ષા આપનારો વર્ગ કયા ઉદ્દેશથી ભિક્ષા આપે છે. એનો ઉદ્દેશ તો એક એ જ હોય છે કે, મારી આ ભિક્ષા જ્ઞાન-દર્શન-ચારિત્રના આરાધકના ઉપયોગમાં જ આવવી જોઈએ. આ કારણે જેમ જે નાણાં જે ઉદ્દેશથી ટ્રસ્ટને અપાયા હોય, એથી બીજા ઉદ્દેશને પોષવા ખર્ચનારો જેમ ગુનાપાત્ર ગણાય છે, એમ આવી ધર્મ-ભિક્ષા દુરુપયોગ કરનાર સાધુ પણ જૈન શાસ્ત્રોનો ગુનેગાર બને છે.

પૂજ્યશ્રીએ એકવાર કહ્યું હતું કે જૈન શાસનને સમર્પિત સાધુ તરણાં જેવો સત્ત્વહીન ન હોય, તાડ જેવો પણ ન હોય, જિન શાસનને સમર્પિત સાધુ તો પહાડ જેવો અણનમ હોય, એ આંધીનેય અટકી જવાની ફરજ પાડે. આંધી આવે, ત્યારે તરણાં કે તાડ ભલે થરથર કંપે, પરંતુ પહાડને કોઈ જાતનો ભય હોય ખરો ?

વિહારની વાત હતી. એક ધર્મશાળામાં ઉતારો હતો. પૂજ્યશ્રીની પાસે થોડાક સંન્યાસી-બાવાઓ આવ્યા. એમનો પ્રશ્ન વિચિત્ર હતો. એમણે પૂછ્યું: મહારાજ ! તમારો જૈન સમાજ તો નાનો છે, છતાં તમે જ્યાં જાવ, ત્યાં તમારી સાર-સંભાળ લેવા અને ભક્તિ કરવા જૈનો પડાપડી કરતા હોય છે. આની સામે અમારો સમાજ ઘણો મોટો છે, છતાં અમારી ઘણી ઉપેક્ષા થાય છે, આનું કારણ શું હશે ?

જવાબ મળ્યો: અમે અમારી મર્યાદાઓને વળગી રહ્યા છીએ, તમે તમારી મર્યાદાઓને આ રીતે નથી વળગી રહ્યા, આ જ આનું સાચું કારણ છે. હજી વધુ સ્પષ્ટતા સાથે સાચું કહું ? સાંભળો, વારંવાર વિનંતી કરવા આવ્યા પછી અમે ભિક્ષા માટે જઈએ છીએ, એમાંય જેટલું જરૂરી હોય, એ બધે ફરીને થોડું થોડું લઈએ છીએ. ત્યારે તમારે તો ધોળી દાળ (દૂધપાક) અને કાળી રોટી (માલપૂઆ) જોઈએ. આ કોઈ ન આપે, તો તમે ચીપિયો ઉગામો. એટલે તમારા ભક્તોને તમારી પર સદ્‌ભાવ ક્યાંથી રહે ?

આ જવાબ સાંભળીને સંન્યાસીઓએ ભૂલ કબૂલી. જવાબ આગળ વધ્યો: અમારા જૈનો તો જાણે છે કે, અમારા સાધુ કાચા પાણીને નહિ અડે, ભિક્ષા નહિ મળે, તોય એ જાતે રાંધવા નહિ બેસે, આવો પાકો ખ્યાલ હોવાથી પોતાનું કર્તવ્ય સમજીને જૈનો ભક્તિભાવથી અમારી સેવા કરે છે. ત્યારે તમારા સમાજને તો ખબર છે કે, માત્ર આપણી સાર-સંભાળ પર જ આપણા સંન્યાસીઓનું જીવન નથી ! આપણે આહાર-પાણી નહિ આપીએ તોય એમના માટે કૂવા-તળાવ ખુલ્લાં છે અને જાતે રસોઈ પકવતાં એમને આવડે છે. આથી તમારો સમાજ તમારી ઉપેક્ષા સેવે છે. તમારા પૂર્વજોની જેમ તમે પણ તમારા આચારોના પાલનમાં ચુસ્ત રહ્યા હોત, તો આજ જેવી દુર્દશા ન થાત !

મહારાષ્ટ્રના કાશી ગણાતા પૂના શહેરની અજૈન પંડિતોથી ભરપૂર એક સભા હકડેઠઠ ભરાયેલી હતી, કારણ કે પૂજ્યશ્રી પ્રવચન આપવા પધારનારા હતા. અજૈન-પંડિતોની સભામાં એઓ શું બોલશે, અને શું સમજાવશે, એનું કુતૂહલ ઘણા ઘણાને સભામાં ખેંચી લાવ્યું હતું. નિર્ધારિત સમય થયો ને પૂજ્યશ્રી સભામાં પધારી ગયા. મંગલાચરણ શરૂ થયું. ધીમા સાદે પ્રારંભાયેલા એ મંગલાચરણને સાંબળતાં મુખ્ય પંડિતને થયું કે, આ પ્રવચનકાર પાવરવાળા જણાતા નથી. માત્ર આપનું નામ જ મોટું લાગે છે. આપણને આ શું સમજાવી શકશે ?

આમંત્રિત પંડિતનું મન આમ શંકા-કુશંકા વચ્ચે ઘેરાયેલું હતું, ત્યાં જ મંગલાચરણ પૂર્ણ થયું અને પ્રવચન શરૂ થયું. થોડી પળો વીતી-ન-વીતી, ત્યાં તો નાદે સર્પો ડોલવા માંડે, એમ પૂજ્યશ્રીના મુખે પ્રરુપાતા જૈન શાસનને સાંભળીને એ અજૈન-પંડિતોના માથાં ડોલવા માંડ્યા. સ્યાદ્‌વાદ-અનેકાંતવાદ જેવા એક મહાન તત્ત્વને ઓળખવામાં પોતાનો સમાજ ભીંત જેવી મોટી જે ભૂલ કરી રહ્યો હતો, એનો ખ્યાલ આવતાં જ બધા પંડિતો સર્વત્ર વ્યાપીને રહેલા સ્યાદ્‌વાદ-સિદ્ધાંતને અહોભાવથી નમી રહ્યા. દોઢ-બે-કલાક ક્યાં પૂરા થઈ ગયા, એનો કોઈને ખ્યાલ પણ ન રહ્યો. પ્રવચન પૂર્ણ થતાં જ મુખ્ય આમંત્રક પંડિત ઊભા થઈ ગયા. અંતરના બે બોલ રજૂ કરવાની રજા માંગીને એમણે મરાઠી ભાષામાં જે કહ્યું, એનો ગુજરાતી ભાવાર્થ કંઈક આવો હતો:

પૂજ્ય પ્રવચનકારશ્રીએ આપણી સમક્ષ જૈનધર્મનાં જે રહસ્યો સમજાવ્યાં છે, એ સાંભળીને આપણે સૌ અહોભાવ અનુભવીએ એ સહજ છે, કારણ કે જૈનધર્મ અંગે આપણે જે સમજ્યા હતા, એ ઘણું અધૂરું અને ભ્રાંતિપૂર્ણ હતું. આ મહાત્મા જ્યારે પ્રવચન-પીઠ પર બિરાજ્યા અને મંગલાચરણ શરૂ થયું, ત્યારે મને લાગ્યું કે, સાવ ધીમો અવાજ ધરાવનારા આ વ્યાખ્યાતા આપણને શું સમજાવી શકવાના હતા ! પણ પછી જેમ જેમ પ્રવચન આગળ વધતું ગયું, એમ એમ મને લાગતું ગયું કે, આ પ્રવચન પીઠ પર કોઈ વ્યક્તિ નહિ, સાક્ષાત્ સરસ્વતી બિરાજી રહી છે, એ સરસ્વતી પણ પાછી દાઢી-મૂછાળી છે ! ખરેખર આ મહાત્મા સરસ્વતીના નર-અવતાર છે, નહિ તો જૈન ધર્મનાં ગહન ગૂઢ તત્ત્વો આટલી બધી સરળ શૈલીમાં આપણને ક્યાંથી સમજવા મળે ! જૈનોનો જે મુખ્ય મૂળાધાર સ્યાદ્‌વાદ સિદ્ધાંત છે, એને આપણે આજે જ સાચાં સ્વરૂપમાં સમજી શક્યા છીએ. જેને આપણે શંભુમેળો અને કુદડીવાદ સમજતા હતા, એ સ્યાદ્‌વાદ તો ખરેખર એક જ વસ્તુના અનેક ધર્મોને પોતપોતાને યોગ્ય સ્થાન આપતો એક મહાન સિદ્ધાંત છે ! સંભવ છે કે આ મહાત્મા કે જેના મુખ મંદિરમાં સરસ્વતી નૃત્ય કરી રહી છે, આપણને ન મળ્યા હોત, તો આપણે એક સર્વમાન્ય અને સર્વવ્યાપક સનાતન સત્યને એના હૂબહૂ સ્વરૂપમાં જિંદગી સુધી સમજી ન શકત અને એક સત્યની સામે ધૂળ ઉડાડતા રહેવાની ધૃષ્ટતા જીવનના અંત સુધી કર્યા જ કરત ! આ મહાત્માએ આપણને સનાતન સત્યોનું સ્વરૂપ સમજાવવા જે શ્રમ લીધો છે અને આપણી ઉપર જે ઉપકાર કર્યો છે, એના ઋણમાંથી આપણે ક્યારે મુક્ત બની શકીશું, એ એક પ્રશ્ન છે ! હું પુનઃ પુનઃ હાથ જોડીને પૂજ્યશ્રીને વિનંતી કરું છું કે, પૂના શહેરમાં આપ જ્યારે પણ પધારો, ત્યારે અમને આપની અમૂલ્ય જ્ઞાન વાણીનો લાભ આપવાની અવશ્ય કૃપા કરશો.'

ગુજરાતના એક શહેરના કેટલાક આગેવાનો થોડીક વાત કરવાની રજા મેળવીને પૂજ્યશ્રી પાસે આવ્યા. તે પૈકી એક આગેવાન કાને જરાક બહેરાશ ધરાવતા હતા. એમણે વાતની શરૂઆત કરતાં કહ્યું: 'સાહેબ! આપશ્રી આ શહેરની અને વર્તમાન જૈન સંઘોની પરિસ્થિતિથી અજાણ નહિ જ હો! આજે ઠેર ઠેર સંઘર્ષનું વાતાવરણ છે. કોઈ સંઘમાં આજે શાંતિ નથી. બધે જ લગભગ બાળદીક્ષા-દેવદ્રવ્ય આદિની ચર્ચાઓ ચાલે છે. આપ અહીં પધાર્યા એ અમારા સંઘનું સૌભાગ્ય ગણાય, સાંભળ્યું છે કે, આપ ત્રણ ચાર દિવસ જ રોકાવાના છો. એથી અમે એટલી વિનંતિ કરવા આવ્યા છીએ કે, વ્યાખ્યાનમાં એવા કોઈ પ્રશ્નો ન ચર્ચાય તો સારું. જેથી અમારા સંઘની શાંતિ ડહોળાય નહિ. અમારી આ વિનમ્ર વિનંતિ છે. પણ કદાચ આપ આને ન સ્વીકારો અને વ્યાખ્યાનમાં આવો પ્રશ્ન ચર્ચાશે, તો પરિણામ સારું નહિ આવે. તો કદાચ આપની પાસેના આ બાળમુનિઓ આપની પાસે નહિ રહી શકે. પોલીસ મારફત અમે એમને ઘર ભેગા કરાવી દઈશું. પરંતુ અમને વિશ્વાસ છે કે, આવું કંઈ બનવા નહિ જ પામે અને અમારા સંઘની શાંતિ નહિ જ ડહોળાય.'

આગેવાને જે કહી નાંખ્યું હતું, એનો પ્રતિકાર ન થાય, તો ધર્મનેતૃત્વ ક્યાંથી દીપે? પોતાની સામેના આક્ષેપ હોત, તો પૂજ્યશ્રીને મૌન રહેવામાં કોઈ વાંધો ન હતો. પણ આ તો સત્ય અને શાસન સામે અડપલું હતું. એથી બહેરા આગેવાનને કાનમાં ભૂંગળું ભરાવવાનો ઇશારો કરીને પૂજ્યશ્રીએ જવાબ વાળતાં કહ્યું:

'આમ તો અમારે અહીં ખાસ રોકાવાનું ન હતું. પણ તમારી આ બધી વાત સાંભળતાં હવે અહીં અઠવાડિયું રોકાવાની ભાવના થાય છે. કારણ કે, તો જ તમારો સંઘ શાંતિના સાચા સ્વરૂપને સમજીને પૂર્વગ્રહથી મુક્ત બની શકશે. એ શાંતિને શું બાળવી છે કે, જ્યાં સત્યાસત્યની વાતો ન હોય! આવી સ્મશાન શાંતિમાંથી તમારા સંઘને બેઠો કરવા અને જાગૃતિ આણવા હવે આવતીકાલથી જ આ બધા પ્રશ્નો પર વિવેચન કરવાની ભાવના થાય છે. તમે બધા પ્રવચનમાં હાજર રહી શકો છો, અને હું જો આગમ વિરૂદ્ધ એક પણ અક્ષર બોલતો હોઉં, તો તમે ખુશીથી મારી કાનબુટ્ટી પકડીને મારી જીભ પણ ઝાલી શકો છો. બાકી જૈન સિદ્ધાંતોની સમજણ અમે જો સંઘની સભાઓમાં પણ ન આપી શકીએ, તો પછી ક્યાં આપી શકીએ? જાહેર પ્રવચનોમાં આવી વાતોને અવકાશ ન હોય, એ હજી બરાબર. પણ ઉપાશ્રયમાં થતા ચાલુ પ્રવચનોમાં પણ ન હોય, તો પછી જૈન સિદ્ધાંતોના અમૃતને પીરસવાનું સ્થાન કયું? માટે હવે એક અઠવાડિયા સુધી રોકાવાનો નિર્ણય કરવા પૂર્વક હું તમને સૌને જણાવું છું કે, બાલદીક્ષા દેવદ્રવ્ય આદિ સમજવા જેવા સવાલોને આવતીકાલથી જ હું ચર્ચવાનો છું એમાં જ્યાં પણ હું શાસ્ત્રદૃષ્ટિથી આડો જતો હોઉં, ત્યાં મને અટકાવવાની સંપૂર્ણ સત્તા હું તમને સોંપું છું. બોલો, હવે આ અંગે બીજું કંઈ કહેવું છે?'

આ પ્રશ્નાર્થ ઉભો રાખીને એક વાતનું સ્પષ્ટીકરણ કરતાં પૂજ્યશ્રીએ વધુમાં જણાવ્યું કે બાલમુનિઓ અંગે તમે જે કહ્યું; એ વિષયમાં જણાવવાનું કે, અમે ખૂબ ખૂબ પરીક્ષા લીધા બાદ દીક્ષા આપીએ છીએ. એથી મારી પાસેના બાલ સાધુઓને બધી તાકાત કામે લગાડીને ઘર ભેગા કરવાની તમને છૂટ છે. હું પણ જોઉં છું કે, તમે એમને કઈ રીતે સમજાવીને લઈ જઈ શકવામાં સફળ બની શકો છો? આ કંઈ કાચા ઘડા નથી કે, ટપલી મારતાં જ ફુટી જાય. આ તો અગ્નિ પરીક્ષામાંથી ઉત્તીર્ણ થઈને આવેલા સુવર્ણઘટ છે.'

પૂજ્યશ્રીની આ ખુમારી જોઈને આગેવાનોનું કહેવાતું બધું જ ખમીર પાણી પાણી થઈ ગયું. એ ય શું બોલે? સત્યના સમર્થનને અટકાવવા માટે આવવાનો આશય તો સાચે જ રદ થઈ ગયો. ઉપરથી આ આગમન તો સત્યના સમર્થનને વેગ આપવામાં નિમિત્ત બની જવા પામ્યું. બીજા દિવસથી એ સભા વધુ ચિક્કાર થવા માંડી, અને એ આગેવાનોને ય લાજે શરમે પ્રવચનમાં જોડાવું પડ્યું.

પૂજ્યશ્રીનાં પ્રવચનોમાં બીજા જ દિવસથી દેવદ્રવ્યાદિની સુંદર સમજણ અપાવા માંડી. એ વાતો શાસ્ત્ર સિદ્ધ હોવાથી એનો વિરોધ પણ કોણ કરી શકે? વળી સંઘનો ઘણો મોટો ભાગ એ સત્યના અમીપાન હોંશે હોંશે કરી રહ્યો હતો. અને મજબૂતાઈ ધારણ કરી રહ્યો હતો. ચાર દિવસના બદલે અઠવાડિયું રોકાઈને પૂજ્યશ્રીએ જ્યારે વિહાર કર્યો, ત્યારે જાણે ભવ્ય ચાતુર્માસ કરીને વિદાય થતાં હોય, એવો માનવ મહેરામણ વળાવવા ઉમટ્યો, અને વિદાયની એ વેળા ઘણા ઘણાની આંખમાં આંસુનાં તોરણ બાંધી ગઈ!

'અહીંથી ત્યાં (પરદેશ) જઈ આવી, નકલી બની, પાપની ક્રિયાઓનો પ્રચાર કરે છે. આજે સારા ઘરે પણ અભક્ષ્ય-અપેયનો વિચાર નથી, જૈનોના ઘરે પણ દારૂના શીશા અને ઈંડાં ચટણીની જેમ ખવાય છે.'

એકવાર આગેવાન શ્રી કસ્તુરભાઈ લાલભાઈ પૂજ્યશ્રી પાસે આવ્યા. લવાદી ચર્ચામાં પૂજ્યશ્રી વિજયી જાહેર થઈ ગયા હતા અને તિથિ વિષયક પૂજ્યશ્રીની માન્યતા પર સત્ય અને સિદ્ધાંતની મહોર છાપ લાગી ચૂકી હતી, તે પછીના દિવસોમાં કસ્તુરભાઈએ વિનંતિ રૂપે કહ્યું; 'તિથિ પ્રશ્ને આપ સાચા છો, પણ બહુમતિ બીજી તરફ છે, માટે સંઘમાં શાંતિ સ્થપાય, આ અંગે આપ કંઈક વિચારો.'

પૂજ્યશ્રીએ જવાબ આપ્યો: 'તમે જ કહો છો કે, આપ સાચા છો, પછી આ અંગે મારે બીજું શું વિચારવાનું હોય? કસ્તુરભાઈએ પોતાની વાતને દોહરાવતા પુન કહ્યું: આપ કહો, તો જગતના ચોગાનમાં જાહેર કરું કે, તિથિપ્રશ્ને આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાચા છે. પણ હવે સંઘની શાંતિ ખાતર કંઈક બાંધછોડ કરો, એટલી જ મારી વિનંતિ છે.'

પૂજ્યશ્રીએ તરત જ જવાબ વાળ્યો: 'જે વાતને હું સાચી માનું, તમે પણ સાચી માનો અને જગતના ચોગાનમાં તે રીતે જાહેર કરવા પણ તૈયાર થાવ અને આમ છતાં તે સત્યને આપણે બંને ભેગા થઈને દરિયામાં ડૂબાડી આવીએ, આ કેવું કહેવાય?' કસ્તુરભાઈએ કહ્યું, 'સાહેબ! ક્યારેક શાંતિ ખાતર સત્યને ય બાજુ પર મૂકવું પડે.' જવાબ મળ્યો: ના. આ વાત બરાબર નથી. શાંતિ ખાતર સત્યને ધક્કો ન પહોંચાડાય.

બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાનનું એક વાક્ય આગળ કરતાં કસ્તુરભાઈએ કહ્યું: આ વડાપ્રધાન પણ શાંતિ માટે સત્યને બાજુ પર

મૂકવાનું કહે છે: પૂજ્યશ્રીએ કહ્યું: બ્રિટનના વડાપ્રધાન કંઈ આપણા માટે પ્રમાણભૂત ન ગણાય ? ગાંધીજીને વચમાં લાવતા કસ્તુરભાઈએ કહ્યું: સાહેબ, ગાંધીજી પણ કહેતા હતા કે, શાંતિ ખાતર સત્યને મૂકી દેવું પડે, તો મૂકી દેવું જોઈએ. પૂજ્યશ્રીએ જવાબ વાળ્યો: આ વાત બરાબર નથી. ગાંધીજી તો એમ કહેતા હતા કે, શાંતિ સળગી જતી હોય, તો ભલે સળગી જાય, પણ સત્યને મૂકી શકાય નહિ. આ જવાબ આગળ કસ્તુરભાઈ લાલભાઈ મૌન થઈ ગયા.

દિલ્હીના ચાતુર્માસ દરમિયાન કેટલાંક આગેવાનોને એવો વિચાર આવ્યો કે, પૂજ્યશ્રી અને વડાપ્રધાન જવાહરલાલ નહેરુ વચ્ચે એક મુલાકાત યોજાય, તો સારું. જેથી આ બંને એકબીજાને સમજી શકે અને ભારતના લાભમાં કોઈ પરિણામ આવે ! એમણે પૂજ્યશ્રીને આ વાત કરી,. પૂજ્યશ્રીએ વાત શરૂ કરી, એટલે નહેરુજી તો મસ્તક નીચું રાખી મૂંગા મૂંગા સાંભળવા લાગ્યા. તેમને એવા સંસ્કાર મળેલા કે સાધુ-સંતો જે ઉપદેશ આપે, તે નતમસ્તકે સાંભળવાનો જ હોય, પણ તેમાં વચ્ચે કંઈ જ બોલાય નહીં. પૂજ્યશ્રી તો દેશની ધાર્મિક અને વર્તમાનમાં પ્રવર્તતી પરિસ્થિતિ અંગે તેમના હૈયામાં શું છે, તે જાણવા માગતા હતા અને તે પછી કહેવા યોગ્ય કહેવા ઈચ્છતા હતા. એટલે પૂજ્યશ્રીએ નહેરુજીને કહ્યું કે, આપ તો કુછ બોલતે નહીં, તો આપકા ક્યા ખ્યાલ હૈ, વો મેરી સમજ મેં કૈસે આ સકે ? એટલે નહેરુજીએ તરત માથું ઉંચું કર્યું અને કહ્યું કે, ક્યા આપ હમારી બાત ભી સૂનેંગે ? પૂજ્યશ્રીએ કહ્યું: જરૂર.

આ પછી પરસ્પર વાર્તાલાપ ચાલ્યો. પૂજ્યશ્રીએ દેશની વર્તમાન હાલત તથા નૈતિક તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ દેશ કેટલો ઉતરી રહ્યો છે, સાચા માણસોને જીવવામાં કેટલી તકલીફ છે, વગેરે હકીકત નહેરુજીના ધ્યાન પર મૂકી. ત્યારે તેઓ પણ આશ્ચર્ય વ્યક્ત કરવા લાગ્યા. આ પછી ચર્ચાયેલા દરેક પ્રશ્ન અંગે પોતે શક્ય પ્રયત્ન કરશે, પણ વર્તમાનની નોકરશાહીના ચોકઠામાં કેટલી સફળતા મળશે, તે અંગે નહેરૂજીએ શંકા દર્શાવી. વાતચીત રસમય બનતા નક્કી કર્યા કરતા વધારે સમય પસાર થઈ ગયો. પૂજ્યશ્રીને ત્યારબાદ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદને મળવાનું હતું. એટલે તેમના તરફથી એ બાબતનો સંદેશો આવતા આ મુલાકાત પૂરી થઈ. નહેરુજીએ ફરી પણ કોઈ પ્રસંગે આ પ્રમાણે મુલાકાત થશે, તો પોતાને આનંદ થશે, એમ કહ્યું અને પૂજ્યશ્રી ત્યાંથી વિદાય લઈ રાષ્ટ્રપતિના સ્થાને પધાર્યા.

સિદ્ધાંત મહોદધિ પૂ. ગુરુદેવ શ્રી પ્રેમસૂરિજી મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીનું સંયુક્ત ચાતુર્માસ પાલિતાણા ખાતે નક્કી થયું. વિ. સં. ૨૦૦૬ની એ સાલ હતી. એકવાર એક ભક્તે પૂજ્યશ્રીને પૂછ્યું: આ ચાતુર્માસમાં પૂજ્ય ગુરુદેવ સાથે રોકાશે ? પૂજ્યશ્રીએ કહ્યું: આ શું બોલ્યા ? પહેલા મિચ્છામિ દુક્કડં માગો. ગુરુદેવ મારી સાથે નહિ, હું ગુરુદેવની સાથે રહેવાનો છું. એવું તમે માનો, એમાં મર્યાદા સચવાય છે અને ગુરુદેવ મારી સાથે રહેવાના છે, એવું તમે માનો, એમાં મર્યાદાભંગ છે. ભક્ત પૂજ્યશ્રીની આવી ગુરુભક્તિ જાણીને દિંગ થઈ ગયા.

દિલ્હી જેવા દૂરના પ્રદેશમાં ચાતુર્માસ બિરાજમાન પૂજ્યશ્રી પાસે અનેક ભક્તો આવ્યા. એમાં અજૈનોનો પણ સમાવેશ થતો. ઠીક ઠીક પરિચયના પ્રભાવે પ્રભાવિત બનેલા એમની સાથેની જ્ઞાનગોષ્ઠી દરમિયાન એક વિદ્વાન બ્રાહ્મણે એકવાર ભગવતી સૂત્ર સંબંધિત વાત નીકળતા અંતે રમૂજવૃત્તિનો આશ્રય લઈને એવો પ્રસ્તાવ રજૂ કર્યો કે, ભગવતીને આપ અમારા ભાગવત સાથે પરણાવી દો, તો કેવો સુંદર સુમેળ જામી જાય !

ભલભલા મુંઝાઈ જાય, એવો આ પ્રસ્તાવ-પ્રશ્ન હતો. આમ તો જો કે આ એક જાતની રમૂજ જ હતી. છતાં એ જાતનો જવાબ વાળવો જરૂરી હતો કે, જિન શાસનની જ્વલંતતા જોખમાય નહિ. જરાય મૂંઝાયા વિના પૂજ્યશ્રીએ વળતી જ પળે હસતા હસતા જવાબ વાળ્યો કે, ભગવતી શબ્દ તો સ્ત્રીલિંગમાં છે. પણ ભાગવત પુલ્લિંગ ધરાવતો શબ્દ નથી. માટે તમે જે મેળ ઈચ્છો છો, તે કંઈ રીતે શક્ય બને ?

આટલો માર્મિક જવાબ વાળ્યા બાદ પૂજ્યશ્રીએ સર્વજ્ઞ ભાષિત વાણીની વિશિષ્ટતા એવી રીતે ટૂંકમાં સમજાવી કે, પેલા બ્રાહ્મણ-વિદ્વાનને ભગવતી સૂત્ર ઉપર સવિશેષ બહુમાન જાગ્યા વિના ન રહ્યું.

એકવાર પૂજ્યશ્રીની નિશ્રામાં એક આચાર્યદેવ સપરિવાર પધાર્યા. આગંતુક આચાર્યશ્રી અને એમનો શિષ્ય-સમુદાય સંગીતના વિષયમાં ઠીક-ઠીક જાણકાર હતો. બીજે દિવસે પૂજ્યશ્રી દર્શનાર્થે મંદિરમાં પધાર્યા. ત્યારે આગંતુક આચાર્યશ્રી પણ સાથે જ જોડાયા. ચૈત્યવંદ બાદ સ્તવનનો આદેશ મળતા એમણે પૂજ્યશ્રીને પૂછ્યું.

'આપ કહો એ રાગમાં સ્તવના કરવા મારા શિષ્યો સજ્જ છે. આપ ઈચ્છા દર્શાવો, એ રાગમાં એ સ્તવન બોલશે.'

પૂજ્યશ્રીજી પાસે વિવેક હતો અને સાથે સાથે વેધકતાય હતી. પૂજ્યશ્રીએ કહ્યું: જે રાગ ગાવાથી વિરાગ વધતો હોય, વીતરાગ તરફનો રાગ વૃદ્ધિગત બનતો હોય અને પુદ્‌ગલનો રાગ ઘટતો હોય, એ રાગમાં ગાશો, તો ભક્તિ સફળ થશે.

આ જવાબ સાંભળીને સૌ છક્ક થઈ ગયા. જવાબ સામાન્ય હતો, પણ એમાં તો ભક્તિમાર્ગના મુસાફરને માટે જે મહત્ત્વનું ગણાય, એવું પૂરેપૂરું માર્ગદર્શન સમાઈ જતું હતું.

પૂજ્યશ્રી જાત પરના આક્રમણને ખાળવા એકેવાર કોર્ટમાં સામેથી નહોતા ગયા, આમ છતાં જૈનશાસન પરના આક્રમણને ખાળવા જેટલી વાર કોર્ટે જવું પડ્યું હતું, એટલી વાર ગૌરવભરી ગતિએ ગયા હતા. અને વિજયનો વાવટો લઈને જ પાછા ફર્યા હતા. કોર્ટમાં સત્યના સોગંદ લેવાની વિધિથી જ કાર્યનો પ્રારંભ થતો એથી પૂજ્યશ્રીને પણ આ વિધિ તો કરવી જ પડતી. પણ પૂજ્યશ્રી એવી વિશિષ્ટ શૈલીથી સોગંદ વિધિ કરતા કે, એ પ્રારંભ જોઈને જ ન્યાયાલય પ્રભાવિત થઈ જતું.

અનોખી રીતે સોગંદ વિધિ કરતાં પૂજ્યશ્રી જણાવતા કે, વિ. સં. ૧૯૬૯ની સાલમાં પોષ સુદ-૧૩ને દિવસે ગંધાર તીર્થમાં પૂ. મુનિરાજ શ્રી મંગળવિજયજી મહારાજના હાથે જૈન દીક્ષાનો સ્વીકાર કરતા મે પાંચ મહાવ્રતોની પ્રતિજ્ઞા સ્વીકારી હતી, એમાંની બીજી 'અસત્ય બોલીશ નહિ, બોલાવીશ નહિ ને બોલતા ને અનુમોદીશ નહિ' આ પ્રતિજ્ઞાના

આધારે હું જણાવું છું કે...

આ રીતની પૂજ્યશ્રીની સોગંદવિધિથી જ કોર્ટ પ્રભાવિત થઈ જતી. આ વિધિ સહેતુક અને સરહસ્ય હતી. જે સત્ય બોલવાની પ્રતિજ્ઞા સ્વીકારીને હું જણાવું છું. આ રીતે સોગંદ લેવામાં આવે તો આડકતરી રીતે એવો અર્થ નીકળી શકે કે, આજ સુધી અસત્ય બોલવાનું ચાલુ હતું અથવા તો અસત્ય ન બોલવાની પ્રતિજ્ઞાનો ભંગ થઈ ચૂક્યો હતો, એથી જ તો કોર્ટમાં આ નવી પ્રતિજ્ઞા સ્વીકારવી પડી! આવો ખોટો અર્થ કોઈ તારવી ન શકે, એ માટે પૂજ્યશ્રી આ રીતે સોગંદવિધિ જ એવી અનોખી પદ્ધતિથી કરતા કે, અજૈન ન્યાયાધીશોને પણ પંચ મહાવ્રતોનું સ્વરૂપ જાણવાની ઇચ્છા થઈ આવતી અને પૂજ્યશ્રી જ્યારે આ ઈચ્છાની પૂર્તિ અર્થે જૈન સાધુના પાંચ મહાવ્રત વર્ણવતાં, ત્યારે આવા જૈનસાધુને કોર્ટમાં ઘસડી લાવનારા તત્ત્વોની મેલી મુરાદોનો ન્યાયમૂર્તિઓને ખ્યાલ આવી જતો અને અંતે એ જાતના કેસોમાં સત્યનો જયજયકાર થઈને જ રહેતો!

પૂજ્યશ્રીના જીવનમાં ત્રીસથી વધુ વાર કોર્ટોમાં ઉપસ્થિત રહેવાના પ્રસંગો આવ્યા હતા, પરંતુ એક પણ પ્રસંગે એવું નહોતું બનવા પામ્યું કે, પૂજ્યશ્રીની સાચી વાતનો કોર્ટ તરફથી અસ્વીકાર થયો હોય! ઉપરથી કોર્ટ પણ એ સત્ય પર ન્યાયની મહોરછાપ મારીને પૂજ્યશ્રીને વિજય જાહેર કર્યા વિના ન રહેતી.

પ્રસંગો તો ઢગલાબંધ બન્યા હતા, એ નોંધતા જઈએ તો અંત જ ન આવે. કાળ-ઝાળ-કલમની મર્યાદાને માન આપતા અહીં અટકવું જ રહ્યું. દીક્ષા-શતાબ્દીનો અવસર પામીને સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજને આ રીતે જાણવાની અને 'પ્રબુદ્ધ જીવન'ના માધ્યમે ગમતાનો ગુલાલ કરવાની તક મળી, એનો આનંદ છે.

* * *

C/o. કલ્યાણ પ્રકાશન, કૈલાસ ચેમ્બર્સ. પાટડીયા કન્યા શાળા સામે, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧. C/F. મો. : ૭૫૬૭૯૯૧૪૪૦

અતિ આધુનિક કતલખાના
ખેતી અને દૂધ ઉત્પાદન-૧૨મી પંચવર્ષિય યોજના

□ કાકુલાલ સી. મહેતા

ખેતી અને દૂધ ઉત્પાદનને લગતી ૧૨મી પંચ વર્ષિય યોજનાની એક રૂપરેખા હાલમાં પ્લાનિંગ કમિશન તરફથી ભારત સરકારને સોંપવામાં આવી છે. લગભગ સવાસો પાનાનો એ રિપોર્ટ સરકારની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. સ્વાભાવિક રીતે જ રિપોર્ટ તૈયાર કરવામાં ઉત્પાદન અને આવક વધારવાનો એક માત્ર ઉદ્દેશ રહેલો છે. ૧૧માં પંચર્ષીય પ્લાનના વિગતવાર નિરિક્ષણના અંતે મુખ્ય વાત એ છે કે **૫૦ અતિ આધુનિક કતલખાના મંજુર કરવામાં આવેલા** તેમાંથી ૩ ચાલુ થયા છે અને બીજા સાતમા કામ ચાલી રહ્યું છે. એટલે મુખ્ય ભાર એ વાત ઉપર છે કે કતલખાનાને વિકસાવવામાં આવે તો માંસની નિકાસ ઘણી જ વધારી શકાય એવી શક્યતા છે. આ રીતે જ રજૂઆત કરેલ છે તે પહેલી દૃષ્ટિએ આકર્ષક લાગે અને સ્વીકાર્ય બને એવો પૂરો સંભવ છે. કોઈ પણ પ્રશ્નને એકાંગી દૃષ્ટિથી જોવાથી એમાં રહેલી ક્ષતિ નજરમાં આવતી નથી. અહિં એને જુદા ફલક પર જોવાનો પ્રયત્ન છે.

રજૂઆતમાં નોંધ છે કે: 'પશુધન એ ભારતની ખેતી અને ગ્રામીણ રોજગારનો ઘણો જ જૂનો હિસ્સો રહ્યો છે. પશુધનની શક્તિ અને જીવંત (ઓર્ગેનિક) ખાતર અને પેદાશની આડપેદાશ દ્વારા અનાજ પકવવામાં આવતું.' આ વાતનો સ્વીકાર છે પણ અધૂરો. એમાં રહેલી આર્થિક દૃષ્ટિને સમજવાનો અભાવ જણાય છે.

નોંધમાં આગળ કહેવામાં આવ્યું છે કે: 'જીવરસયણ વિદ્યા અને યાંત્રિક ટેકનોલોજીના વિકાસને લીધે ખેતીમાં પશુની ઉપયોગિતા ઘટી ગઈ છે. પશુધનનું મહત્ત્વ હવે ખોરાક તરીકે વધી ગયું છે અને ખેતીની (જીડી પી)માં એથી ૨૫% જેટલો વધારો થયો છે અને એ ક્ષેત્રમાં ૯% ખેતી કરનારા રોકાયેલા છે. ખેતપેદાશ કરતાં પશુધન વધી રહ્યું છે. એમ છતાં નજીકના ગાળામાં પશુધન અને અન્ન પેદાશ બન્ને ઘણાં જ ઘટ્યા છે' આમ થવાના કારણોનો વિચાર થયો નથી.

વિચારવામાં આવે તો ખ્યાલ આવશે કે ખેતીની પેદાશમાં પશુનો અને જીવંત (ઓર્ગેનિક) ખાતરનો ઉપયોગ થતો તે માટે કોઈ કિંમત ચૂકવવી ન પડતી. અત્યારે ઔદ્યોગિક રૂપે તૈયાર થતું ખાતર (ફર્ટીલાયઝર) મોંઘું તો પડે જ છે ઉપરાંત ટેકનોલોજીની કિંમત પણ ચૂકવવી પડે છે. પેટ્રોલ ડીઝલ મોંઘા પડે છે અને પછી સબસીડી આપવી પડે છે તેની આડકતરી જાવક (કોસ્ટ) કેટલી થાય છે એની ગણત્રી જ નથી. ઉપરાંત નૈસર્ગિક ખાતરમાં જ પોષક તત્ત્વો મળતા તે કારખાનામાં બનાવેલ ખાતરમાં મળતા નથી. નૈસર્ગિક ખાતરમાંથી બનતાં અનાજ અને ફળોમાં જે મીઠાશ મળતી એ પણ જતી રહી છે પછી ભલે ફળફળાદિ દેખાવમાં મોટા અને આકર્ષક હોય. એટલે અનાજને પોષક બનાવવા માટે વિટામિન ઉમેરવા પડે છે તેની કોસ્ટ પણ ગણવી રહી.

ઉપરાંત જો પ્રત્યેક ઘરમાં એક એક ગાય હોય તો બાળકો માટે દૂધથી જોઈતું પોષણ મળી રહે. એક જમાનો હતો કે જ્યારે ઘી, દૂધ, દહિં કે છાશ વેચાતા નહિં. કૃષ્ણની માખણચોરની વાત તો આપણે જાણીએ જ છીએ ને? જૈન મંદિરોમાં આજે પણ એક રિવાજ છે કે મંદિરના સંચાલન માટે ઘી બોલવામાં આવે. એક મણ ઘીનો ભાવ એ સમયે બે રૂપિયા હતો. આજે કદાચ પાંચ રૂપિયા છે. ખેતીનો એ પ્રભાવ હતો, કુદરતી એ દેણ હતી જે માટે કુદરત આજે પણ સક્ષમ છે.

બીજી દૃષ્ટિએ જોઈએ તો કેટલી જમીન કારખાનાઓ માટે ફાળવવામાં આવી અને તેને કારણે કેટલું ઉત્પાદન ઘટ્યું અને ઉત્પાદન ઘટવાથી અનાજના ભાવ કેટલા વધ્યા એ પણ ગણત્રીમાં લેવાનું જરૂરી

છે. આમ ઉદ્યોગ વધ્યા પણ મોટર કાર કે વૈભવશાળી ફર્નિચરથી પેટ નથી ભરાતું. ભોજન તો ગરીબ તવંગર સૌને માટે કાયમી જરૂરિયાત છે. જેમ જેમ પશુધન ઘટતું જશે અને અનાજનું ઉત્પાદન ઘટશે તેમ તેમ ભાવો વધવાના એ નિશ્ચિત સમજવું. પ્લાનિંગની જે દશા છે તેમાં મોંઘવારી વધવાની જ છે. એ હકીકત નજર સામે છે.

આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો પ્લાનિંગ કમીશને ૧૨મી પંચવર્ષીય યોજનામાં વધુ ને વધુ ધ્યાન નૈસર્ગિક ખેતી અને નૈસર્ગિક ખાતર પર આપવું પડશે. નહિં તો દેશે ભયંકર પરિણામો ભોગવવાના આવશે જેને માટે પ્લાનિંગ કમિશનને જવાબદાર ગણવામાં આવશે. જેટલી ફળદ્રુપ જમીનનો ઉદ્યોગ ગૃહો ઉપયોગ ન કરતા હોય તે પાછી મેળવી ખેતી માટે આપવી જોઈએ. જમીન એ કુદરતી વ્યવસ્થા છે અને તેથી 'જે ખેડે એની જમીન'નો સિદ્ધાંત સ્વીકારવો જોઈએ.

પશુધન એ ખેતીના વિકાસ માટે શક્તિશાળી સાધન તરીકે ઉપસી રહ્યું છે કારણ કે પશુના માસની ખોરાક તરીકેની માંગ વધી રહી છે. ૫-૬% ઝડપી વિકાસ સાધવા માટે પોષક ઘાસ પ્રાપ્ત કરવાનો અને મારક બિમારી માટેનો ઉપાય એ મોટો પડકાર છે. આ વિભાગમાં જરૂરી રોકાણ થયું નથી અને આર્થિક અને વિકાસ માટેની સંસ્થાોએ તેની અવગણના કરી છે. પશુધનની બજારનો વિકાસ થયો નથી એનું એક મહત્ત્વનું કારણ છે કે પશુધનને બજાર તરીકે, મતલબ કે માંસના નિકાસ માટે વિકસાવવામાં આડરૂપ બની રહ્યું છે. એ ઉપરાંત ગ્લોબલાઈઝેશનને લીધે એગ્રી-ફૂડની માંગ વધી રહી છે તેનું ભારે દબાણ પણ આવશે.'

> જગતના માંસાહારી દેશો ભારતમાંથી વધુ ને વધુ માંસ મંગાવી પોતાના દેશનું અન્ન બચાવે છે અને પર્યાવરણની રક્ષા કરે છે. હુંડિયામણની આવકના ઘેલાં આપણા રાજકારણીઓ આ સત્ય કેમ સમજી શકતા નથી ? ખેતીપ્રધાન ભારત દેશની આવતી કાલનો કેટલો વિનાશ થઈ રહ્યો છે !!

અહિં એ સ્પષ્ટ થાય છે કે વિદેશી માંગને કારણે અને ગ્લોબલાઈઝેશનના દબાણને માટે માંસની નિકાસ વધારવાની છે. પ્રશ્ન એ છે કે શું પશુનું માંસ એ એગ્રી-ફૂડ ગણાય ? બીજો પ્રશ્ન એ છે કે બીજા દેશો પશુનું ઉત્પાદન વધારી નથી શકતા ? હકિકત એ છે કે એમને એ આર્થિક રીતે પોષાતું નથી એટલે આપણને અતિ આધુનિક કતલખાના માટે મશિનરી વગેરે ઉધાર આપવા માટે પણ તૈયાર છે. છેક **૨૦૦૦ની સાલમાં, ૧૦,૬૨,૩૯,૦૦૦ પશુઓની ભારતમાં કતલ થયેલી.** આ આંક અત્યારે ક્યાં પહોંચ્યો હશે એ તો પ્લાનિંગ કમીશન અને સ્ટેટીસ્ટીક વિભાગ જાણે. કોર્નેલ યુનિવર્સિટીની પ્રોફેસર કૌશિક બસુના (અંદાજ ૨૦૦૯)ના મંતવ્ય પ્રમાણે 'માંસાહાર માટે પશુઉછેરની પ્રક્રિયા અન્ન ઉત્પાદન આધારિત બનતી જાય છે (જેમ કે પશુને મકાઈનો ખોરાક આપવામાં આવે છે). ભારત અને ચીન જેમ જેમ વધુ માંસાહારી બનતા જશે તેમ તેમ અન્નની ઉણપ વધતી જશે. પરિણામે વિશ્વમાં અન્નની તંગી વધશે, ભૂખમરો વધશે.' (આપણને આ અનુભવ થઈ રહ્યો છે કે કેમ ?). કોર્નેલ યુનિવર્સિટીના ઈકોલોજીના પ્રોફેસર ડેવિડ પીમ્મેંટલ ચોક્સાઈથી કહે છે કે: **'હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં જેટલું અનાજ માંસાહાર માટે પશુને પોષવામાં વપરાય છે તે અનાજ સીધે સીધું માનવીના ખોરાક તરીકે વપરાય તો બાકી બચતા અનાજમાંથી ૮૦ કરોડ લોકોને ભોજન મળી રહે.** માંસ ઉદ્યોગ માટે પશુ ઉછેરમાં પુષ્કળ અનાજ અને પાણીનો વ્યય કરે છે.' એજ કોર્નેલ યુનિવર્સિટીનો સંશોધન વિભાગ જણાવે છે કે **'એક કિલો માંસ ઉત્પન્ન કરવા માટે એક લાખ લીટર પાણી વપરાય છે.'** (૨૦૦૯માં મુંબઈમાં ૩૦% પાણીકાપ હતો ત્યારે દેવનાર કારખાનામાં રોજનું ૨૩ લાખ લીટર પાણી વપરાતું) પ્રાણીઓના અધિકારનું રક્ષણ ચાહનારા તો કહે જ છે કે પ્રાણી ક્રુરતા દૂર કરવાથી માનવ જીવનની વ્યથા દૂર થાય છે.

ભારતથી માંસ આયાત કરનારા દેશોને માંસ તો સસ્તું મળે જ છે પણ માંસ ઉત્પન્ન કરવામાં વપરાતા અન્ન અને જળ પણ એમના માટે બચે છે અને એથીયે વિશેષ એમના જંગલ પણ બચે છે અને એટલા પ્રમાણમાં ગ્રીન હાઉસ ગેસ પણ ઓછો થાય છે જેથી પર્યાવરણનો એમના માટે બચાવ થાય છે. એથી ઉલ્ટું આપણે ત્યાં મોંઘવારી વધશે, ગ્રીન હાઉસ ગ્રેસ વધશે, પર્યાવરણ બગડશે અને એની જવાબદારી આપણા ઉપર આવશે એટલે પ્લાનિંગ કમીશન ચેતે એ જરૂરી છે. માંસની નિર્યાત સંપૂર્ણપણે બંધ થવી જોઈએ. અત્યંત નવા અને આધુનિક કતલખાના બનાવવાનો અને બીજા જે છે તેને આધુનિક બનાવવાનો પ્રસ્તાવ ભૂલ ભરેલો છે અને પડતો મૂકવો જોઈએ. જેમ તમાકુનો ઉપયોગ બંધ થવો જોઈએ એ માટે તમાકુના ઉત્પાદકોને રોકવામાં આવે છે અને એની યથાર્થતા સમજીને આઈટીસી કંપનીએ અન્ય ક્ષેત્રે વિકાસ સાધ્યો છે તેમ માંસનો વ્યાપાર પર પણ પ્રતિબંધ લાવવો જોઈએ.

આટલી વાત તો કેવળ આર્થિક દૃષ્ટિએ કરી. બીજી દૃષ્ટિ બિંદુમાં જેઓ અહિંસામાં શ્રદ્ધા ધરાવે છે તેના માનવ ધર્મના અધિકારનો ભંગ થઈ રહ્યો છે. જેના પ્રત્યાઘાત રાજકારણ પર પણ પડી શકે છે. બંધારણમાં પશુધનના સંવર્ધનનું જે પ્રાવધાન છે તે માંસના નિકાસ માટે નહિં પણ અન્નના ઉત્પાદન માટે છે. એથી વિરૂદ્ધની પ્રવૃત્તિ એ બંધારણના ભંગ સમાન છે. ખેડૂતોના આપઘાતોને નજરમાં રાખીને એમના જીવન નિર્વાહના અધિકારનો પ્રશ્ન પણ છે. ખેડૂતો ભલે ભણેલા ન હોય, અજ્ઞાન હોય, પણ સ્વતંત્ર રીતે પોતાનો જીવન ગુજારો કરવાની શક્તિ ધરાવે છે, સરકાર પાસે નોકરી નથી માગતા તો એમના જીવન નિર્વાહનો હક્ક સંપૂર્ણપણે જળવાવો જોઈએ. ખેડૂતોના આપઘાત બંધ થવા જોઈએ. ખેડૂત તો જીવનદાતા છે એ સમજવું પડશે.

મહાવીર બુદ્ધથી લઈને ગાંધીજી જેવા વિશ્વમાનવના વારસદાર એવા આપણે માનવી બનીને શું માનવતા વિહોણા જ બની રહીશું ?

વાચક મિત્રો સજાગ બને, વિચારે અને કાંઈક કર્તવ્ય સમજીને આગળ વધે એજ અભ્યર્થના !!! ✷✷✷

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર-૨, ૧૨૦ ન્યુ લીન્ક રોડ, ચીકુવાડી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.

જિજ્ઞાસુ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી અને પ્રભાવક વાણી દ્વારા વહેતી

।। ઋષભ કથા ।।

ત્રિ દિવસિય કથાનો પ્રથમ દિવસ

ઋષભકથા : વિશિષ્ટ, જ્ઞાનપૂર્ણ અને સંતર્પક અનુભવ

એક સુંદર પરિકલ્પના વાસ્તવિક આકાર ધારણ કરે, ત્યારે કેવું સુંદર સર્જન માણવા મળે. આજથી ત્રણ વર્ષ પૂર્વે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે એક વિચાર કર્યો એના મંત્રી અને લેખક શ્રી ધનવંતભાઈ શાહે એની પરિકલ્પના કરી અને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ એને પોતાની પ્રભાવક વાણીથી સાકાર કરી. આ વિરલ ઘટનાએ આજે અનેક નવી ક્ષિતિજો ખોલી આપી છે.

આજથી ત્રણ વર્ષ પૂર્વે ૨૦૧૦ના મહાવીર જન્મકલ્યાણકના પાવન દિવસોમાં શ્રી કુમારપાળ દેસાઈની 'મહાવીર કથાનું' આયોજન થયું અને એ કથાએ ભગવાન મહાવીરસ્વામીના જીવનના ઘણાં રહસ્યો અને એમના સંદેશની વર્તમાન સમયમાં રહેલી પ્રસ્તુતતાને બતાવી આપી. કથા અને સંગીત સાથેની એની રજૂઆત શ્રોતાઓને એવી હૃદયસ્પર્શી લાગી કે એમણે પછીને વર્ષે 'ગૌતમ કથા' કરવાનું ડૉ. કુમારપાળ દેસાઈને સ્નેહભર્યું નિમંત્રણ પાઠવ્યું.

એ પછી ગુજરાતી કેળવણી મંડળ, માટુંગા અને અન્ય સાથી સહયોગી સંસ્થાઓએ શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વ્યાખ્યાનમાળાના ઉપક્રમે ૨૦૧૧ની ૭-૮-૯ ઑક્ટોબરે 'મહાવીર કથા-દર્શન'ના નામે મહાવીરકથાની રજૂઆત કરી. એ પહેલાં મુંબઈના પાટકર હૉલમાં ૨૦૧૧ની ૧૫–૧૬-૧૭ એપ્રિલે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણીમાં 'ગૌતમકથા' રજૂ થઈ. ગુરુ ગૌતમસ્વામીના જીવન અને ચિંતનને પ્રગટ કરતી આ 'ગૌતમકથા' દ્વારા ગુરુ ગૌતમસ્વામીના જીવનના અનેક ગુણોનો સહુને રસપ્રદ શૈલીમાં પરિચય કરાવ્યો. ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં, લૉસ ઍન્જલિસના જૈન સેન્ટર ઑફ સધર્ન-કેલિફોર્નિયામાં અને લંડનમાં કૅન્ટન જિનાલયની પ્રતિષ્ઠા સમયે પણ 'ગૌતમકથા'નું ઉત્તમ આયોજન થયું. સામાન્ય રીતે પ્રતિષ્ઠા સમયે પૂજા અને ધાર્મિક કાર્યક્રમો વિશેષ હોય છે, પરંતુ લંડનના હેરો લેઝર સેન્ટરમાં સતત બે દિવસ સુધી બપોરે અઢી-અઢી કલાક સુધી ગૌતમકથાનું શ્રવણ કરવાને માટે બે હજાર જેટલા શ્રોતાજનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ૨૦૧૨માં બીજીથી ચોથી એપ્રિલે રોજ સાંજે પાટકર હૉલમાં 'ઋષભકથા'નું આયોજન કર્યું. આમાં ત્રણેય દિવસના 'ઋષભકથા'ના વિષયો પણ જુદા જુદા લેવામાં આવ્યા હતા. પ્રથમ દિવસે આદિ તીર્થંકર ઋષભદેવના સમયના પ્રાગ્-ઐતિહાસિક કાળનું નિરૂપણ અને રાજવી ઋષભના વૈશ્વિક પ્રદાનની વાત કરવામાં આવી. બીજા દિવસે ત્યાગી ઋષભદેવની સાધનાપદ્ધતિ અને એમના કેવળજ્ઞાનની કથા રજૂ કરવામાં આવી અને ત્રીજા દિવસે તીર્થંકરશ્રી ઋષભદેવનો ઉપદેશ, ભરત-બાહુબલિના જીવન પર પ્રભાવ અને વિવિધ પરંપરાઓમાં પૂજનીય એવા ભગવાન ઋષદેવની વિગતે વાત કરવામાં આવી.

બીજી બાબત એ બની કે સામાન્ય રીતે જે કથાઓ થાય છે, તેના કરતાં આ કથા એક વિશિષ્ટ અભિગમ, ઉદ્દેશ અને રજૂઆત ધરાવતી કથા બની. આ પ્રકારની કથાઓમાં એ જોવા મળે છે કે શ્રોતાઓને કથારસમાં ખેંચી જઈને એની કરુણ લાગણીઓના નિરૂપણ દ્વારા એમને ગદ્‌ગદિત કરવામાં આવે છે, જ્યારે અહીં એ ચરિત્રની પ્રત્યેક ઘટનાઓનું એમના જીવન સાથે અને આજના માનવીના વાસ્તવિક જીવન સાથે એક સેતુ રચવામાં આવે છે. પરિણામે આ કથા રસાળ પરંતુ ગંભીર વિચારો આલેખતી અને એની સાથોસાથ ધર્મના તત્ત્વજ્ઞાનને વણી લેતી બની છે. આજના વિશ્વની પરિસ્થિતિ, અહિંસાની આવશ્યકતા, માનવીય ગૌરવ, નારીનું સ્થાન વર્તમાન યુગની ભોજનશૈલી કે પછી માનવીના મનમાં વસતી એષણાઓ-આ બધી બાબતોનું આ કથામાં માર્મિક, વાસ્તવિક અને વૈજ્ઞાનિક નિરૂપણ મળે છે એટલે કે કથારસ દ્વારા શ્રોતાને ધર્મના મૂળતત્ત્વ સુધી લઈ જવાનો આમાં પ્રયાસ કરવામાં આવ્યો છે અને એ રીતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત આ કથાઓ બૌદ્ધિક સમાજને માટે પ્રેરક, આનંદદાયક અને વિચારપૂર્ણ બની રહી છે.

આ ત્રણેય કથાઓ કઈ રીતે રજૂ થવી જોઈએ, તેની શ્રી ધનવંતભાઈ શાહની આગવી પરિકલ્પના છે, સુંદર મંચસજાવટ, મધુર સંગીત, ઉત્તમ આયોજન અને અન્ય કોઈ પણ આનુષંગિક બાબતો કે ક્રિયાકલાપો રાખવાને બદલે માત્ર કથા-પ્રસ્તુતિના ધ્યેયને લક્ષમાં રાખીને એનું આયોજન કરવામાં આવે છે. આ વખતે જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક અને જૈનધર્મવિષયક અનેક ગ્રંથોના લેખક તથા મર્મગામી ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ભગવાન ઋષભદેવના જીવન અને કાર્યને એમની પ્રભાવક વાણી અને રસાળ શૈલીમાં રજૂ કર્યું.

આ 'ઋષભકથા'માં શ્રાવક શ્રોતાઓએ ઘણી મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ કથા નિમિત્તે પ્રતિદિન કોઈ ને કોઈ પુસ્તકનું વિમોચન પણ યોજાતું હોય છે અને એ રીતે ય સરસ્વતી ઉપાસનાના આ યજ્ઞમાં

એક નવી કલગી ઉમેરાતી રહી છે. પ્રથમ દિવસની કથાના પ્રારંભે ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત 'પૂજાસાહિત્ય' પુસ્તક અને શ્રી મનિષ મોદી લિખિત અન્ય ચાર પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું.

આ પ્રસંગે જૈનસમાજના અગ્રણી શ્રેષ્ઠિ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ મોકલેલો સંદેશો વાંચવામાં આવ્યો. શ્રી કુમારપાળ દેસાઈ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા' એમની અભૂતપૂર્વ પ્રભાવક વાણીથી કરી ચૂક્યા છે અને તેને ખૂબ જ સફળતા મળી છે. આ વાંચતાની સાથે જ પહેલું કામ તમને ટેલિફોન કરવાનું કરેલું. કુમારપાળભાઈએ હંમેશની માફક બહુ જ ભાવપૂર્વક મને બંને પ્રસંગની પાંચ ડીવીડી તરત જ મોકલી આપી.

'તે પછીના પહેલા જ રવિવારે 'મહાવીર કથા' જોવાનું શરૂ કર્યું હતું. મે નક્કી કરેલું કે એક ડીવીડી એક જ બેઠકે જોઈ લેવી, જેથી કુમારપાળભાઈના Planning (જે હંમેશાં અદ્‌ભુત હોય છે) પ્રમાણે જોઈ શકાય એટલે કે બે કલાકનો સમય ફાળવીને જ જોવા બેઠો હતો. તમે માનશો નહીં કે બે કલાક ક્યારે વીતી ગયા એ ખ્યાલ જ રહ્યો નહીં.

'શ્રી કુમારપાળભાઈની ખૂબી એ છે કે વિચારોની હારમાળા એવી લયબદ્ધ રજૂ થતી જાય કે જોનારની દૃષ્ટિ પકડાઈ જ રહે. કુમારપાળભાઈની અસ્ખલિત વાક્‌ધારા સાંભળીએ ત્યારે એમ લાગે કે એમણે આને માટે ખૂબ અભ્યાસ અને મહેનત કર્યા છે. વિષય પ્રત્યે હૃદયસ્પર્શી લગાવ હોવાને લીધે જ આ શક્ય બન્યું છે અને તેથી જેને જોતાં જ વિષય રજૂઆત અને છણાવટ અંગે અહોભાવ અનુભવ્યો. મંચની સુંદર સજાવટ, ગીતોની આકર્ષક રજૂઆત અને આખું વાતાવરણ પણ ત્યાં હાજર ન હોવા છતાં ડીવીડીમાં બહુ સુંદર રીતે ઉપસી આવતું હતું. 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા' દ્વારા મારા જીવનના આઠથી દસ કલાક ખૂબ જ સુંદર અને આનંદમય ગાળવાનો લ્હાવો મળ્યો, એ બદલ તમારી ખૂબ જ અનુમોદના કરું છું.'

'ઋષભકથા'ના પ્રારંભે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ધનવંતભાઈ શાહે કહ્યું, 'અનેક લોકોના સાથ વડે આ કાર્યક્રમ સફળ થઈ શક્યો છે. દલપતરામ અને કવિ ન્હાનાલાલની પિતા-પુત્રની જોડી પછી જયભિખ્ખુ અને કુમારપાળની પિતા-પુત્રની જોડીએ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. 'ગુજરાત સમાચાર' અતિ લોકપ્રિય એવી દર ગુરુવારે પ્રગટ થતી કૉલમ 'ઈંટ અને ઈમારત' પહેલાં જયભિખ્ખુએ ૧૪ વર્ષ અને પછી ડૉ. કુમારપાળભાઈએ ૪૬ વર્ષ સુધી લખી છે. પિતાપુત્ર ૬૦ વર્ષ સુધી એક જ કૉલમ ચલાવી હોય એ એક વિક્રમ છે. ડૉ. કુમારપાળ દેસાઈ જૈન ધર્મના પ્રચારક અને પ્રસારક છે. વિશ્વપ્રવાસી ડૉ. કુમારપાળ દેસાઈ શ્રેષ્ઠ ચિંતક, પત્રકાર અને લેખક છે.

દીપ-પ્રાગટ્ય બાદ 'ઋષભકથા'નો પ્રારંભ થયો અને કથાના પ્રારંભે ભગવાન ઋષભદેવના સમયની એટલે કે પ્રાગ્-ઐતિહાસિક કાળની પરિસ્થિતિનું રસાળ શૈલીમાં વિવેચન કર્યું. ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે 'તીર્થંકરને પામવા માટે એમના યુગને સમજવો જરૂરી છે' અને એમ કહીને એમણે હજારો વર્ષથી ગુફામાં રહેતી મનુષ્યજાતિને ભગવાન ઋષભદેવ દ્વારા મળેલા પ્રકાશની વાત કરી અને એ પ્રકાશની આગવી વ્યાખ્યા આપતાં કહ્યું.

'પ્રકાશ એટલે સત્યનું બીજ, જ્ઞાનનું રૂપ અને સાર્થક જીવનનું ફળ.' ભગવાન ઋષભદેવના સમયમાં અગોચર જંગલો, અગમ્ય જળરાશિ, ઊંડી ગુફાઓ અને વિરાટકાય પશુઓથી ભરેલી પૃથ્વી પર ક્યાંક છૂંટુછવાયું, અજાણ્યું, અંધારિયું માનવજીવન જીવાતું હતું. કોઈ ઘનઘોર જંગલમાં ઊગેલા પુષ્પ જેવી એની દશા હતી. એ ત્યાં જ જન્મતું, ખીલતું અને ત્યાં જ કરમાઈ જતું.

આ પછી એ સમયમાં માનવીની વાત કરતાં કહ્યું, 'એ માનવી લાંબા નખ, તીક્ષ્ણ દાંત, વિખરાયેલા વાળ, નગ્ન દેહ અને ભટકતું, ભયભીત જીવન ગાળતો હતો. પૃથ્વી પર

આદરણીય કુમારપાળભાઈ,

મને 'ઋષભ કથા'નું નિમંત્રણ મળ્યું, ત્યારે તે વાંચતા જાણવા મળ્યું કે તમે 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા' તમારી અભૂતપૂર્વ પ્રભાવક વાણીથી કરી ચૂક્યા છો અને તેને ખૂબ જ સફળતા મળી છે. આ વાંચતાની સાથે જ પહેલું કામ તમને ટેલિફોન કરવાનું કરેલું. તમે હંમેશની માફક બહુ જ ભાવપૂર્વક મને બંને પ્રસંગની પાંચ ડીવીડી તરત જ મોકલી આપી.

તે પછીના પહેલા જ રવિવારે 'મહાવીર કથા' જોવાનું શરૂ કર્યું હતું. મેં નક્કી કરેલું કે એક ડીવીડી એક જ બેઠકે જોઈ લેવી, જેથી તમારા Planning (જે હંમેશાં અદ્‌ભુત હોય છે) પ્રમાણે જોઈ શકાય. એટલે કે બે કલાકનો સમય ફાળવીને જ જોવા બેઠો હતો. તમે માનશો નહીં કે બે કલાક ક્યારે વીતી ગયા એ ખ્યાલ જ રહ્યો નહીં.

તમારી ખૂબી એ છે કે વિચારોની હારમાળા એવી લયબદ્ધ રજૂ થતી જાય કે જોનારની દૃષ્ટિ પકડાઈ જ રહે. તમારી અસ્ખલિત વાક્‌ધારા સાંભળીએ ત્યારે એમ લાગે કે તમે આને માટે ખૂબ અભ્યાસ અને મહેનત કર્યા છે. વિષય પ્રત્યે હૃદયસ્પર્શી લગાવ હોવાને લીધે જ આ શક્ય બન્યું છે અને તેથી તેને જોતાં જ વિષય રજૂઆત અને છણાવટ અંગે અહોભાવ અનુભવ્યો. મંચની સુંદર સજાવટ, ગીતોની આકર્ષક રજૂઆત અને આખું વાતાવરણ પણ ત્યાં હાજર ન હોવા છતાં ડીવીડીમાં બહુ સુંદર રીતે ઉપસી આવતું હતું. 'મહાવીર કથા' અને 'ગોતમ કથા' દ્વારા મારા જીવનના આઠથી દસ કલાક ખૂબ જ સુંદર અને આનંદમય ગાળવાનો લ્હાવો મળ્યો, એ બદલ તમારી ખૂબ જ અનુમોદના કરું છું.

તમે કુશળ હશો.

ભવદીય,

શ્રેણિક કસ્તુરભાઈ

મત્સ્યગલાગલનો ન્યાય પ્રવર્તતો હતો. મોટો જીવ નાના જીવને ખાય. જેમ મોટું માછલું નાના માછલાને ખાય અને એ મોટા માછલાને વળી પાછું એનાથી મોટું માછલું ગળી જાય. એકલા અટૂલા માનવીની એક આંખમાં કુદરતી આપત્તિનો ભય અને બીજી આંખમાં અણધાર્યા મૃત્યુનો ભય હતો.

'દિવસો સુધી અંધકાર રહેતો. અંધકાર હોય કે પ્રકાશ હોય માનવીને એની સાથે કોઈ સંબંધ નહોતો. ક્યાંકથી વાવાઝોડું આવશે અને એનું વહાલું જીવન હરી લેશે એ દહેશતથી એ સતત ફફડતો હતો. અતિવૃષ્ટિથી તણાઈ જશે એવો એને ડર હતો. વિરાટકાય પ્રાણીના જડબામાં ચવાઈ જશે એવી એને ભીતિ હતી. આ રીતે યુગલિકકાળ પૂરો થવાની તૈયારી હતી.

એવા સમયનું આલેખન કરીને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું, 'જમાનાની આહમાંથી, પૃથ્વીની માગમાંથી અને સમયના તકાજાથી તીર્થંકરનું પ્રાગટ્ય થતું હોય છે. એ સમયે માનવીના અણઘડ જીવનને કોઈ શૈલી નહોતી. માતાની કૂખેથી યુગલ જન્મતું. એ યુવાનીમાં પતિ-પત્નીનો વ્યવહાર નિભાવતું અને અંતે સાથે જ મૃત્યુ પામતું. માનવ સંસ્કૃતિનો ઉદય થવા માટે એક એવા યુગપુરુષની વાટ જોવાતી હતી કે જે ભોગમાર્ગમાં જીવતી પ્રજાને કર્મમાર્ગની ગરિમા, પ્રવૃત્તિમાર્ગની શક્તિ અને યોગમાર્ગનું અમૃત બતાવે છે.'

'એ સમયે પ્રથમ કુલકર વિમલવાહને માનવીની અપરાધી મનોવૃત્તિ જોઈને દંડવ્યવસ્થા કરી હતી. પહેલાં માત્ર હાકાર નીતિ હતી, જ્યાં અપરાધીને ખેદપૂર્વક કહેવામાં આવે કે 'તમે આવું કેમ કર્યું ? 'અને એ શબ્દનો ઉપાલંભ જ મહાન દંડ બનતો. પણ હાકાર નીતિ ધીરે ધીરે નિષ્ફળ જતાં માકાર નીતિનો પ્રયોગ શરૂ થયો. જેમાં સામાન્ય અપરાધ માટે હાકાર નીતિ અને મોટા અપરાધ માટે માકાર નીતિ એટલે કે 'આ કરો નહીં ?' એવી નિષેધની આજ્ઞા એ જ મહાન દંડ સમજવામાં આવતો હતો. પરંતુ એ પછી પાંચમા કુલકર પ્રસેનજીત્, છઠ્ઠા કુલકર મરુદેવ અને સાતમા કુલકર નાભિના સમયમાં ધિક્કાર નીતિનું અનુસરણ થતું હતું. 'આવું કાર્ય કર્યું તે માટે તને ધિક્કાર છે' એટલો તિરસ્કાર જ વ્યક્તિ માટે મૃત્યુદંડથી વધુ ગણાતો હતો. પ્રતિભાસંપન્ન નાભિકુલકરના સમયમાં યૌગલિક સભ્યતા ક્ષીણ થઈ ગઈ હતી અને નવા યુગનું પરોઢ આવવાના એંધાણ મળતા હતા. સાતમા કુલકર નાભિરાજના સમયમાં ઘણે સ્થળે અશાંતિ અને ઉછૃંખલતા હતી, પરંતુ સુવ્યવસ્થાનું ગુલાબી પ્રભાત આવવા માટે ડોકિયાં કરતું હતું.

એક નવી વિચારણા પ્રસ્તુત કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું, અનેક આચાર્યોએ નાભિરાયને ઉદયાદ્રિ અને એમના મહારાણી મરુદેવીને પ્રાચી દિશા કહ્યા છે. આનો મર્મ એ છે કે પૂર્વ દિશામાં આવેલા ઉદયાદ્રિ પરથી સૂર્ય પ્રગટ થાય છે, એ રીતે નાભિરાય સૌથી વધુ પુણ્યવાન અને મરુદેવી પુણ્યવતી હોવાથી જ ઋષભદેવ જેવા મહાન પુત્રને જન્મ આપી શક્યા. પ્રાચી દિશા એટલે કે પૂર્વ દિશા જ સૂર્યને જન્મ આપે છે, બીજી કોઈ નહીં.

ઋષભદેવના જન્મસમયને વર્ણવતાં કહ્યું, એ સમયે ઉત્તરાષાઢા નક્ષત્ર હતું, કૃષ્ણ પક્ષની ચતુર્થી હતી, વાદળોનાં સમૂહને ભેદીને ચંદ્ર પૃથ્વી પર કૌમુદી રેલાવી રહ્યો હતો, ત્યારે નાભિદેવના પત્ની મરુદેવાને રાત્રીએ પ્રભાવશાળી ચૌદ સ્વપ્નો દેખાયાં. શરદઋતુના ચંચળ મેઘ જેવી, કાંતિના ધારક મનોહર શૃંગ અને સુંદર ખરીવાળા વૈતાઢ્ય પર્વત જેવી કાયાના ધારક વૃષભને એમણે નીરખ્યો. ધેનુઓ-ગાયો એ તો એમના જીવનનો પ્રાણ હતી અને વૃષભ તો એમણે કેટલાંય નીરખ્યાં હતાં, પણ આવો વૃષભ કદી નીરખ્યો નહોતો અને પછી બીજાં સ્વપ્નો પણ જોયાં. જગતપાલક તીર્થંકર પરમાત્માના જન્મ પૂર્વ એમની માતાને ૧૪ સ્વપ્ન આવે છે. મરુદેવા માતા પ્રથમ ઋષભનું સ્વપ્ન જુએ છે.

અહીં ડૉ. કુમારપાળ દેસીએ વર્તમાન 'ડ્રીમ સાયકોલોજી' સાથે જૈન સ્વપ્નશાસ્ત્રની છણાવટ કરી છે. 'સ્થાનાંગ સૂત્ર', 'ભગવતીસૂત્ર' અને 'મહાપુરાણ' જેવા શાસ્ત્રગ્રંથોમાં આલેખાયેલાં સ્વપ્નો અને તેના ફળ વિશે વિગતે વાત કરી છે. જુદા જુદા ગ્રંથોમાં મળતાં સ્વપ્નના પ્રકારોની છણાવટ કરી અને પછી સ્વપ્ન વિશે એક નવીન રજૂઆત કરતાં કહ્યું કે ગર્ભમાં જે બાળક હોય છે તેના પર માતાની ભાવનાસૃષ્ટિ અને જીવનપદ્ધતિનો પ્રભાવ પડતો હોય છે. પરંતુ ગર્ભમાં રહેલા શિશુનો પણ માતા પર પ્રભાવ પડતો હોય છે એ એક નવી વાત છે.'

એ પછી કહ્યું, 'મંગલકારી સ્વપ્નનો ભારતીય પરંપરામાં સર્વત્ર ઉલ્લેખ મળે છે. શ્રી રામ ગર્ભમાં આવતા માતા કૌશલ્યા ચાર સ્વપ્ન જુએ છે. શ્રી કૃષ્ણ ગર્ભમાં આવ્યા, ત્યારે દેવકીએ સાત સ્વપ્ન જોયાં હતાં. ભગવાન બુદ્ધ ગર્ભમાં આવ્યા ત્યારે એમની માતા માયાદેવીએ છ દાંતવાળા હાથીનું સ્વપ્ન જોયું હતું. દિગંબરાચાર્ય જિનસેન મરુદેવાનાં સોળ સ્વપ્નોનો ઉલ્લેખ કરે છે અને પ્રથમ સ્વપ્ન તરીકે હાથીને બતાવે છે 'કલ્પસૂત્ર' પણ ચૌદ મંગલમય સ્વપ્નોમાં પ્રથમ હાથીનું સ્વપ્ન કહે છે. માત્ર એ યાદ રાખવું જોઈએ કે બધા તીર્થંકરોની માતાઓ પ્રથમ સ્વપ્નમાં ગજરાજને મુખમાં પ્રવેશતો જુએ છે, પરંતુ ઋષભદેવની માતા મરુદેવા પ્રથમ સ્વપ્નમાં વૃષભને પોતાના મુખમાં પ્રવેશતો જુએ છે.

આ પછી વૃષભના સ્વપ્નનો ગહન મર્મ પ્રગટ કરતાં શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું, 'ભારત ખેતીપ્રાધાન દેશ છે, વર્ષા અને વૃષભ બંનેનું મૂળ એક છે. વળી વૃષભ એ સૌજન્યનું સૂચક છે, તો વૃષભ એ બળની સાથે પૌરુષત્વનું પ્રતીક છે. આ રીતે વૃષભનું સ્વપ્ન શ્રેષ્ઠતા, સૌજન્ય, કૃષિ અને ઉત્પાદકતાનું સૂચક છે. એના બે અણિયાળાં શીંગ મનુષ્યની શક્તિ અને કીર્તિના સૂચક છે.

આમ સ્વપ્નોના નવા અર્થો પ્રગટ કરીને પ્રભાવક વક્તા ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું, 'અસિ, મસિ અને કૃષિ રાજા ઋષભે પ્રજાને

શક્તિવાન બનાવી, પૃથ્વી પર જીવનલક્ષી સમૃદ્ધિ અને આધ્યાત્મિક સંપત્તિ આપી. ઋષભદેવના ધન્ના સાર્થવાહના પ્રથમ ભવથી ઋષભદેવ તરીકે થયેલા સમ્યગ્‌દર્શન પામ્યા પછીના તેરમા ભવની વાત કરીને તેમણે કહ્યું, 'જીવન જાગરણ છે, સુષુપ્તિ નહીં, ઉત્થાન છે, પતન નહીં, પ્રકાશ છે, અંધકાર નહીં, ચેતના છે, ચિંતા નહીં અને આ રીતે જૈનદર્શનમાં સમ્યગ્‌દર્શનના મહિમાની વાત કરીને એમણે ભિન્ન ભિન્ન ગ્રંથોમાં મળતાં ઋષભદેવના નામ વિશે જણાવતાં કહ્યું,

'ભગવતી સૂત્ર', 'જંબુદ્વિપપ્રજ્ઞપ્તિ', 'સમવાયાંગ', 'ચતુર્વિંશતિસ્તવ', 'કલ્પસૂત્ર', 'નન્દીસૂત્ર', 'નિશીથચૂર્ણિ' જેવાં સાહિત્યોમાં પણ 'ઋષભ' નામ છે. દિગંબર પરંપરામાં 'ઋષભદેવ'ને બદલે 'વૃષભદેવ' અને શ્રીમદ્‌ ભાગવત્‌ના પાંચમા અધ્યાયમાં કહ્યું છે કે એના સુંદર શરીર, વિપુલ કીર્તિ, તેજ, બળ, ઐશ્વર્ય, યશ અને પરાક્રમ જેવા સદ્‌ગુણો ધરાવતા શિશુનું મહારાજા નાભિએ નામ 'ઋષભ' રાખ્યું. તેઓ ધર્મ અને કર્મના આદ્ય નિર્માતા હોવાથી ગ્રંથકારોએ એમનું એક નામ 'આદિનાથ' લખ્યું અને આ નામ જનમાનસમાં વ્યાપક બન્યું. કોશલ દેશમાં જન્મ્યા હોવાને કારણે તેમને કૌશલિક પણ કહેવામાં આવે છે.

ભિન્ન ભિન્ન ગ્રંથોમાં ભગવાન ઋષભદેવના મળતાં જુદાં જુદાં નામ સાંભળીને શ્રોતાવર્ગ આશ્ચર્ય પામ્યો. એમના આશ્ચર્યમાં ઉમેરો કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું, 'દશવૈકાલિકચૂર્ણિ'માં ભગવાન ઋષભદેવને 'કાશ્યપ' પણ કહ્યા છે. ઈશુના વિકારરૂપ રસ અર્થાત્‌ પરિવર્તિત સ્વરૂપને 'કાસ્ય' કહેવામાં આવે છે. તેનું પાન કરવાને કારણે તેઓ 'કાશ્યપ' નામથી પણ પ્રસિદ્ધ થયા. વળી મહાન પ્રજાપાલક હોવાથી 'મહાપુરાણ'માં આચાર્ય જિનસેને અને 'બૃહત્‌ સ્વયંભૂસ્તોત્ર'માં આચાર્ય સમંતભદ્રએ એમને પ્રજાપતિ પણ કહ્યા છે. ઋષભદેવ ગર્ભમાં આવ્યા ત્યારે કુબેરે હિરણ્યની વૃષ્ટિ કરી હતી, તેથી એમને હિરણ્યગર્ભ પણ કહ્યા છે. મહાપુરાણમાં તેમને સૃષ્ટા, વિશ્વકર્મા અને વિધાતા પણ કહ્યા છે. આ પ્રત્યેક નામ એમના પ્રેરણાદાયી જીવન અને એમની દિવ્ય ચેતનાના સૂચક છે.

આ નામોનો મર્મ પ્રગટ કરીને રાજકુમાર વૃષભે કરેલા મનુષ્યજાતિના ઉદ્ધારનું શ્રી કુમારપાળ દેસાઈએ વિસ્તૃત અને છટાદાર આલેખન કર્યું. એ સમયે કુમાર વૃષભ હાથી પર બેસીને જંગલોમાં માર્ગો વીંધવા લાગ્યા. પશુજીવન જીવતા, અંધારી ગુફાઓમાં પડ્યા રહેનાર અને સદા ભય અને દુ:ખથી થરથરતા માનવીને એમણે નવ પ્રકાશ આપ્યો. અંધારી ખીણો, ઊંડી વનરાજીઓ અને બિહામણી ગિરિકંદરાઓમાંથી મનુષ્ય બહાર આવ્યો. મનુષ્યએ પહેલીવાર સૂર્યને આટલા પ્રકાશથી ઝળહળતો અને ચંદ્રને આવી અમૃતશોભા વરસાવતો ક્યારેય જોયો નહોતો.

'એમણે અગ્નિની શોધ કરી, ભોજન માટેના માટીના વાસણો આપ્યાં. ઘર બનાવતા, ચિત્રો દોરતા અને વસ્ત્ર બનાવવાનું શીખવ્યું. આવા એકસો પ્રકાશના શિલ્પોની ઉત્પત્તિ એ સમયે થઈ. પોતાના મોટા પુત્ર ભરતને બોંતેર કલા શીખવી, બાહુબલિને પશુઓ અને સ્ત્રીપુરુષોના લક્ષણોનું જ્ઞાન આપ્યું, જમણા હાથે બ્રાહ્મીને ૧૮ લિપિઓ શીખવી તો ડાબા હાથે સુંદરીને ગણિત શીખવ્યું. એમણે અગ્નિની ઓળખ આપી અને એનું આલેખન કરતાં પોતાની છટાદાર અને પ્રવાહી શૈલીમાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું,

એ શીખવતાં વૃષભકુમારે કહ્યું, 'જો તમે સાવધાનીથી અગ્નિનું રક્ષણ કરશો, તો એ તમારું સદૈવ રક્ષણ કરશે. પૃથ્વી ભોગભૂમિ નથી, પણ કર્મભૂમિ છે આ કર્મયુગ તમારા જીવનમાં ક્રાંતિ કરવા માટે પ્રગટ થયેલ છે. તમારા ઘરના આંગણામાં એને સ્થાપજો. એને સદા પ્રજ્વલિત રાખવાનું તમારું નિત્ય કર્તવ્ય સમજજો ! તમારી પર્ણકુટીઓ, વૃક્ષાવાસો, ગુફાગૃહોની આગળ એની સ્થાપના કરજો. ભયંકર જાનવરો એનાથી ડરીને નાસી જશે. વિષધર જંતુઓ દૂર દૂર ચાલ્યાં જશે. કારમી ઠંડીથી તમારા ગાત્રોને મૃત્યુ આપતો હિમાળો ત્યાં આવી શકશે નહીં. તમારા વનફળ કે અન્ય ખાદ્ય પદાર્થોને એ સુપક્વ, સુસ્વાદુ ને સુધારસ જેવા બનાવશે. સૂર્યાસ્ત પછી પૃથ્વી પર ઘોર અંધારું ઉતરતાં એ તમને પ્રકાશ આપશે. એ તમારી રક્ષક ને પ્રેરક શક્તિ બનશે. એનો પ્રકાશ તમારી રાત્રિઓને અજવાળશે. તમારા પ્રાંગણમાં પ્રગટેલો આ ગૃહ-અગ્નિ કદી ન બુઝાવા દેજો ! તમારા અગ્નિમાંથી અનેક પરંપરાઓ જન્માવજો !'

ગૃહ-અગ્નિના સોનલવર્ણા પ્રકાશનું આવું વર્ણન કરીને કુમાર વૃષભે માનવીને કઈ રીતે નિર્ભયતા આપી તે દર્શાવ્યું. એમણે માનવી-માનવીની સમાનતાની વાત કરી. એ પછી એમની વચ્ચેના પ્રેમની વાત કરી ને ત્યારબાદ માનવી અને પશુ વચ્ચેના પ્રેમની ગાંઠ બાંધી આપી.

આવા કુમાર વૃષભ રાજા થયા. પૃથ્વી પરના પ્રથમ રાજા, આદિ પૃથ્વીનાથ બન્યા. 'ઋષભકથા'ના પ્રથમ દિવસનું સમાપન કરતાં કવિ સૂરદાસના પંચમ સ્કંધની પંક્તિઓ ટાંકીને ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું,

'બહુરો રિષભ બડે જબ ભયે,
નાભિ, રાજ દેવન કો ગયે
રિસભ રાજ પરજા સુખ પાયો,
જસ તાકો સબ જગ મેં છાયો.'

કાર્યક્રમનો પ્રારંભ રેશ્મા જૈનના ભક્તામર પઠનથી થયો હતો. દત્તાબેન શાહ, નયનાબેન શાહ અને નીતિન સોનાવાલાએ સ્તવનગાનમાં પોતાનો સૂરીલો કંઠ આપ્યો હતો.

(અપૂર્ણ:)

જિન શાસનની સાંપ્રત સમસ્યા પરત્વે સહચિંતન

□ ગુણવંત બરવાળિયા

જિન શાસનના સાંપ્રત પ્રવાહમાં કેટલીક સમસ્યા ઉદ્‌ભવતી હોય છે અને સમયાનુસાર તેનું સમાધાન પણ થતું હોય છે.

જુદા જુદા ધર્મ અને સંપ્રદાયોમાં દીક્ષાત્યાગ મંદિરો, મઠ, દેરાસર, ઉપાશ્રયો, સંઘ કે ટ્રસ્ટના આધિપત્ય માટે ઝઘડા, મારામારી, કોર્ટ-કચેરી અને નાણાંના દુર્વ્યયના ચિંતાપ્રેરક સમાચારો મળે છે.

દેશ-વિદેશના ખ્રિસ્તી પાદરીઓ, બૌદ્ધ સાધુઓ, ભારતના હિંદુ અને જૈનોના વિવિધ સંપ્રદાયના સાધુઓ, સ્વામીનારાયણ અને વૈષ્ણવ સંપ્રદાયના સાધુઓ વગેરેના શિથિલાચારના પ્રસંગો જાણવા મળે છે.

દીક્ષા એટલે માન્યસત્વપુંજને ગ્રહણ કરવા સ્વીકૃત અભિમત માટે સમર્પિત થવું. તપત્યાગના વ્રત-નિયમો પાળવાનો સંકલ્પ ધરવો કે સન્યાસ ગ્રહણ કરવો એટલે દીક્ષાપ્રાપ્તિ. ઉત્તમ પ્રકારના આચાર, સાધના અને આરાધનાને લીધે જ જૈન દીક્ષાર્થીનું વિશ્વમાં અજોડ સ્થાન છે. આજના વિષમયુગમાંજૈન સંત-સતીજીઓ ભગવાન મહાવીરે દર્શાવેલ માર્ગે શાતાપૂર્વક વિચરી રહ્યા છે અને વિશ્વકલ્યાણ અને વિશ્વમાંગલ્યનો સંદેશ આપી રહ્યા છે. દીક્ષાજીવનમાં સ્વ પર કલ્યાણનો ઉદ્દેશ અભિપ્રેત છે. આ પવિત્ર પરંપરાના મૂળ પરમતત્ત્વના અનુસંધાન સાથે જોડાયેલાં છે. દીક્ષા લેનાર દરેક સાચી ભાવનાથી ત્યાગ-વૈરાગ્યની સમજણથી પ્રેરાઈને સંયમ માર્ગે ચાલે છે માટે જ જૈન સાધુઓના ચલિત થવાના પ્રસંગો નહિવત્ જ બને છે.

જિન શાસનમાં જ્યારે શિથિલાચારના પ્રસંગો બને ત્યારે શ્રાવક-શ્રાવિકા, મહાજન સંસ્થા કે સંઘ અને પત્રકારોની ભૂમિકા વિશે સહચિંતન કરવું અનિવાર્ય બને છે.

તીર્થંકર પરમાત્માએ તીર્થની સ્થાપના કરી જેમાં સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા એ સંઘના ચાર અવિભાજ્ય અંગો છે. શ્રાવકધર્મ કે સાધુધર્મ બન્નેનું અંતિમ ધ્યેય તો મોક્ષ જ છે. સાધુધર્મ ટૂંકો અને કઠિન માર્ગ છે, જ્યારે શ્રાવકધર્મ સરળ અને લાંબો માર્ગ છે. ગણધર ભગવંતોએ સૂત્રસિદ્ધાંતની રચના કરી આચાર્ય ભગવંતોએ આચારસંહિતા બતાવી. સાધુઓ માટે 'સમાચારી' અને શ્રાવકોએ પાળવાના નિયમો તે 'શ્રાવકાચાર'. 'સમાચારી' અને 'શ્રાવકાચાર' તે ખારા સંસારમાં મીઠા જળનું મોટું સરોવર છે. હંસવૃત્તિવાળાનું સરોવર તરફ આકર્ષણ હોય. કાગવૃત્તિ ખાબોચિયા તરફ ખેંચાય.

સાધુજીની સમાચારી અંગે નિર્ણય લેવા આપણે અધિકારી નથી. દાર્શનિક સંદર્ભમાં તપાસીએ તો શાસ્ત્રોક્ત આચારસંહિતાના મૂળ સૂત્રસિદ્ધાંતો ત્રણે કાળમાં એક જ હોય, કારણ કે તે સર્વજ્ઞ ભગવંતો દ્વારા રચાયેલા હોય તેથી કાળના પ્રવાહમાં તે કદી બદલાય નહિ. છતાં મૂળભૂત સિદ્ધાંતોમાં લેશમાત્ર પરિવર્તન કર્યા વિના ગીતાર્થ આચાર્યો શાસ્ત્રાનુસાર પરિવર્તન અંગે નિર્ણય લઈ શકે.

જૈન ધર્મનો સંયમમાર્ગ અતિકઠિન છે. અનેક પરિષહો સહીને ઉપસર્ગો સામે ઝઝૂમતાં સંત-સતીજીઓ ચારિત્રયાત્રામાં આગળ ધપે છે. પંચમહાવ્રતધારી સાધુસંતો પણ આપણા જેવા માનવ છે. આપણે સૌ છદ્મસ્થ છીએ ક્યારેક પ્રમાદ કે કર્મોદયને કારણે, માનવસહજ મર્યાદાના કારણે આચારપાલનમાં શિથિલતા આવવા સંભવ છે. આવી શિથિલતા કે સ્વછંદીપણા વિશે જ્યારે સાંભળીએ ત્યારે આંખ આડા કાન ન કરાય. મૌન પણ ન સેવાય અને વગર વિચાર્યે જાહેરમાં હોબાળો પણ ન કરાય. શિષ્યોના શિથિલાચાર કે સ્વચ્છંદાચારના નિયમનની જવાબદારી ઘણું કરીને તો જે તે ગચ્છ કે સંપ્રદાયના આચાર્ય ગુરુભગવંતો જ નિભાવે છે જો સંતાનો ભૂલ કરે તો પરિવારના વડીલો તેને એકાંતમાં શિક્ષા આપી ચેતવણી આપી શાન ઠેકાણે લાવે છે તેમ મહાજન કે મહાસંઘો પરિસ્થિતિ પ્રમાણે પગલાં લે છે અને ગુરુભગવંત પ્રાયશ્ચિત પણ આપે છે.

ઈર્ષા, પૂર્વગ્રહ, તેજોદ્વેષ, ગેરસમજ અને વિકૃતિને કારણે ઘણી વાર ખોટા આરોપો ઘડવામાં આવતા હોય છે. શિથિલાચાર કે સ્વચ્છંદાચારના વિવિધ પ્રસંગોમાં સત્યાસત્યનું અન્વેષણ કે સંબોધન બહુ જ મુશ્કેલ કાર્ય છે. જેથી જાણતા કે અજાણતા સાધુની અવહેલના કે નિંદાની પ્રવૃત્તિથી બચવા જાગૃતિ અને વિવેકની ખૂબ જ આવશ્યકતા ગણાય. ભોળા, શ્રદ્ધાળુ અને યુવા વર્ગ ખૂબ જ સંવેદનશીલ હોય છે. આવા સમયે પ્રચારમાધ્યમો દ્વારા વહેતા થયેલા વિકૃત કે અર્ધસત્ય અહેવાલો શ્રદ્ધાળું વર્ગને ઠેસ પહોંચાડશે અને યુવા વર્ગને ધર્મવિમુખ કરશે. આવી પ્રવૃત્તિ ધર્મશાસનની હિલના કે કુસેવા જ ગણાય.

શિથિલાચારી સંત કે સતીની દેશના કે ઉપદેશનું મૂલ્ય બેંકમાં બંધ કરી દીધેલા ખાતાના ચેક જેટલું પણ નથી. જ્ઞાનીઓએ સ્વચ્છંદી સાધુને ઝાંઝવાના જળે બરબાદ થતાં કાગડા સાથે સરખાવ્યો છે. સ્વચ્છંદાચારીની વાંઝણી ક્રિયાઓ નિષ્ફળતાને વરે છે. જો મુનિત્વ ડચકાં લેતું હોય તો શ્રાવકત્વની શી વલે થાય ? આવા સંજોગોમાં અમ્માપિયા જેવા મહાજનો ઠરેલ બુદ્ધિના ધર્મનિષ્ઠ શ્રાવકોએ ગીતાર્થ ગુરુભગવંતોના માર્ગદર્શન હેઠળ શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાનો પુરુષાર્થ કરવો પડે.

શ્રાવક-શ્રાવિકાને 'શ્રાવકાચાર' શું છે તેની પૂરી જાણકારી હોય એટલું જ નહિ, પરંતુ તે 'શ્રાવકાચાર'નું પાલન કરે અને સાધુજીની સમાચારીની જાણકારી રાખે તો કેટલાય દોષોથી બચી શકાય.

દા. ત. એકાતમાં સાધુજીને સ્ત્રી ન મળી શકે અને એકાંતમાં સાધ્વીજીને પુરુષ ન મળી શકે. સૂર્યાસ્ત પછી સ્ત્રી સાધુજીના દર્શન માટે ન જઈ શકે અને પુરુષ સાધ્વીજીના દર્શને ન જઈ શકે. ગોચરી-વિહાર આદિના નિયમોની જાણકારી શ્રાવક-શ્રાવિકાએ રાખવી જોઈએ. ઉપરાંત જ્યાં સાધુ-સતીજીઓ બિરાજતાં હોય તેવા ભવન કે ધર્મસ્થાનક કે દેરાસરમાં બરમૂડા, કુર્તી, જિન્સ, સ્લીવલેસ જેવા ટૂંકા કે ચુસ્ત વસ્ત્રો પહેરવા ન જોઈએ. ઉદ્‌ભટ વેષનો ત્યાગ અને વિવેકપૂર્ણ શરીરના અંગઉપાંગો ઢાંકે તેવું વસ્ત્રપરિધાન શ્રાવકાચારમાં અભિપ્રેત છે.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનમાં કહ્યું છે કે, 'સંયમનું પાલન રેતીના કોળિયા જેવું નીરસ છે તેમજ સંયમ માર્ગે ચાલવું એટલે ખાંડાની ધાર પર ચાલવા સમાન છે. સંયમનો માર્ગ એટલે તપ્ત સહરાના રણમાં ચાલવા કરતાં કઠિન માર્ગ છે, પરંતુ વીતરાગ

માર્ગનો શ્રદ્ધાળુ સાધક સહરાના રણ જેવા દુષ્કર સંયમજીવનમાં દ્વીપકલ્પરૂપ આનંદની અનુભૂતિ કરી શકે છે.

શ્રાવક-શ્રાવિકા માટે શ્રાવકાચારનું પાલન અને સંઘો, મહાસંઘો જેવી મહાજન સંસ્થાની જાગૃતિ અને વિવેક શાસન પર આવતી વિપત્તિને ટાળી શકે. આને માટે આપણે મહાસંઘો અને મહાજન સંસ્થા જેવા સંગઠનોને ખૂબ જ મજબૂત બનાવવા જોઈએ. આપણાં સાધુ-સાધ્વીજીઓ શ્રમણ સંસ્કૃતિની ધરોહર છે. આપણી પાસે સાધુસંપદા અલ્પ છે. જિન શાસનની આ અમૂલ્ય સંપદાને સાચવવી એ આપણી ફરજ છે.

ઇતિહાસના પૃષ્ઠો તપાસતાં જણાયું છે કે લબ્ધિપ્રયોગને કારણે કેટલાક સંતો પર શિથિલાચારના આરોપ અને આક્ષેપ થયા છે.

સંયમપંથમાં સાધુતાની પગદંડી પર વિહરતા સંતોનું જીવન દિવ્ય હોય છે, મતિની નિર્મળતા અને સાધનાના પરિણામરૂપે સંતોના જીવનમાં સહજભાવે લબ્ધિ પ્રગટ થતી હોય છે.

જૈન દર્શન ચમત્કારમાં માનતું નથી. સાધુજીની સમાચારી પ્રમાણે સંત-સતીજીઓને લબ્ધિપ્રયોગ પ્રદર્શનનો નિષેધ છે. સ્વમુખ કે લોકપ્રિયતા માટે સંતો કદી આવા પ્રયોગો કરતા નથી.

ભૌતિક સુખની ઝંખના કરતી આ દુનિયામાં તન-મનના દુ:ખીઓનો કોઈ પાર નથી. શારીરિક રોગ, માનસિક રોગ, પ્રેમમાં નિષ્ફળતા, ડિપ્રેશન, તાણ, હતાશા, ધંધામાં, મુશ્કેલી, સંતાનની આશા, વહેમ, દરિદ્રતા, વળગાડ, ધન અને પદ માટે લાલચ વગેરે કામનાવાળો લોકપ્રવાહ સતત સંત-સતીજીઓ પાસે આવતો હોય છે. તેઓની અપેક્ષા સંત પાસેથી દોરા, ધાગા, તંત્ર, માદળિયા અને ચિત્ર-વિચિત્ર વિધિઓ દ્વારા પોતાનું કામ પાર પાડવાનો હોય છે.

સંસારિક દુ:ખો દૂર કરવા, ભૌતિક સુખો મેળવવા અને ક્ષુલ્લક કારણોસર ગુરુ પાસે લબ્ધિપ્રયોગ કરવા વિનંતી કરવી તે 'શ્રાવકાચાર'થી તદ્દન વિપરીત છે.

આજે પણ કેટલાય સંતોના જીવનમાં વચનસિદ્ધિ અને અન્યલબ્ધિ પ્રગટેલી હોય છે સંતો પોતાની સાધનાના પરિપાકરૂપે પ્રગટેલી સહજલબ્ધિનો પ્રયોગ વિનાકારણ ન જ કરી શકે. ચતુર્વિધ સંઘની પ્રતિષ્ઠા સાચવવા, શીલની રક્ષા કે કટોકટી સમયે સંઘ અને ધર્મપ્રભાવના ટકાવવા, તપસ્વી, તીર્થ અને ધર્મની રક્ષાના અર્થે છેલ્લા ઉપાય તરીકે અનિવાર્ય સંજોગોમાં માત્ર કરુણાબુદ્ધિથી આ પ્રયોગ કરે છે.

જો શિષ્યનું આમાં જરા પણ ખેંચાણ થાય તો ગીતાર્થ ગુરુભગવંત એને ચેતવે છે. 'ચમત્કારનો માર્ગ તો સંસાર વધારવાનો અને આત્માને ખોવાનો માર્ગ છે. એમાં તો આપણા અંતરઆત્માનો અવાજ રૂંધાય અને દુનિયા છેતરાય એ વળી પાંચ જાંબુ માટે હીરાના સોદા જેવો ખોટનો ધંધો થયો કહેવાય.'

ચતુર્વિધ સંઘ અને જિન શાસનનું હિત જૈન પત્રકારને હૈયે વસેલું હોય. પત્રકારને શ્રાવકાચાર પ્રત્યેની સભાનતા અને સાધુજીની સમાચારી પ્રત્યે પુર્ણ જાણકારી હોવી જોઈએ. શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાની ભાવના હોવી જોઈએ, ધર્મ શાસનની હિલના થાય તેવા લેખો કે સમાચારો તે ક્યારેય પોતાના પત્ર કે પત્રિકામાં પ્રગટ કરે નહિ. જિન શાસનની ગરિમા જળવાય તે રીતે વર્તમાન સમસ્યાઓ, તીથિ કે તીર્થની ચર્ચાનું સમ્યક્ વિશ્લેષણ કરે.

પત્રકાર હંમેશાં પીળા પત્રકારત્વ-Yellow Journalism થી દૂર રહે. લાલચરહિત, સ્થાપિત હિતોના દબાણ હેઠળ આવ્યા વિના, તટસ્થબુદ્ધિથી Activist-ઍક્ટિવિસ્ટ જર્નાલિસ્ટ, કર્મશીલ પત્રકાર હોય.

પત્રકાર લોકમત કેળવનાર લોકશિક્ષક છે. જ્યારે અર્ધસત્ય અને વિકૃત અહેવાલો કે સમાચારોથી સમાજ વિક્ષુબ્ધ બને. શાસનમાં કટોકટી સર્જાય, ભોળા શ્રદ્ધાળુ કે યુવા વર્ગની ધર્મ પ્રતિ શ્રદ્ધા ડગમગે ત્યારે જૈન પત્રકાર ધીર-ગંભીર બની ડહોળાયેલા નીરને નિર્મળ કરે. સુનામીના પ્રચંડ મોજાને સરોવર જેવું શાંત કરે અને શ્રદ્ધાને પુન:સ્થાપિત કરવાનો સમ્યક્ પુરુષાર્થ કરી શ્રમણ સંસ્કૃતિની અસ્મિતાને ઉજાગર કરવાનો પુરુષાર્થ કરે.

જૈન ધાર્મિક શિક્ષણ બૉર્ડ, મેજિક ટચ કે લૂક ઍન્ડ લર્ન જેવા સેન્ટરો દ્વારા બાળકોને નાની વયથી જૈન ધર્મનું શિક્ષણ આપવામાં આવે, યુવાનોને સાત્ત્વિક વિકલ્પ પૂરો પાડી ધર્મ અને સેવાકીય પ્રવૃત્તિમાં એલર્ટ યંગ ગ્રુપ, વીર સૈનિક કે અર્હમ યુવા ગ્રુપ જેવી પ્રવૃત્તિમાં જોડવામાં આવે. ઘરઘર અને જનજન સુધી ભગવાન મહાવીરના ઉપદેશગ્રંથો 'આગમ' પહોંચાડવામાં આવે અને ગુરુઆજ્ઞાથી તેનો સ્વાધ્યાય કરવામાં આવે. ચતુર્વિધ સંઘને જોડતી મજબૂત કડીરૂપ ધર્મપ્રચારક, ધર્મપ્રભાવક, સમણ-સમણી શ્રેણી કે સુવ્રત સમુદાયને જિન શાસનમાં નક્કર સ્થાન આપવાથી આવી સમસ્યાઓ નહિવત્ ઉદ્ભવશે.

અમુક સંપ્રદાયની જેમ ગીતાર્થ ગુરુભગવંતની નિશ્રામાં, પ્રતિવર્ષ દરેક સંપ્રદાય-ફિરકા કે ગચ્છ દ્વારા ચતુર્વિધ સંઘનું 'મર્યાદા મહોત્સવ અને અનુમોદના સમારોહ'નું આયોજન થવું જોઈએ. આ મહોત્સવમાં વિતેલા વર્ષ દરમિયાન બનેલી ઘટનાઓ અને પ્રસંગો પર કેટલુંક વિહંગાવલોકન કેટલીક મહત્ત્વની બાબતો પર ચિંતન કે ગંભીર ચર્ચા કરવામાં આવે.

દોષો થયા હોય ત્યાં પ્રાયશ્ચિત આપવામાં આવે અને ઉત્કૃષ્ટ સુંદર કાર્યો થયાં હોય તેની અનુમોદના કરી પારિતોષિક-ઈનામ પણ અપાય છે. આને કારણે ભૂલો કે દોષોનું પુનરાવર્તન ટળશે અને સુકૃતોને ઉત્તેજન મળશે. મર્યાદામહોત્સવ એ આંતર-નિરીક્ષણનો અવસર આપે છે.

જિન શાસનમાં ઊભા થયેલ કોઈ પણ વિષયની કટોકટી વખતે શ્રાવક-શ્રાવિકા-મહાજન અને પત્રકારની ખૂબ જ જવાબદાર અને વિશિષ્ટ ભૂમિકા છે જે તેણે ખૂબ જ નિષ્ઠાથી નિભાવવી જોઈએ.

જૈન ધર્મના દરેક સંપ્રદાય કે ફિરકાએ સંઘશ્રેષ્ઠીઓ અને ગુરુભગવંતોને વિશ્વાસમાં લઈ અને ધર્મના જાણકાર શ્રેષ્ઠીવર્યો અને વિવિધ ક્ષેત્રોના પ્રતિભાશાળી ઉત્તમ શ્રાવકો અને શ્રાવિકાઓની નિષ્પક્ષ સ્વાયત્ત સ્વતંત્ર બૉડીની રચના કરવી જોઈએ જે સર્વમાન્ય હોય. સત્તા, સંપત્તિ, સિદ્ધાંત કે શિથિલાચાર જેવી બાબતોમાં મતભેદ, ઝઘડો ઉદ્ભવે અને કટોકટી સર્જાય ત્યારે લવાદી કે આર્બીટ્રેશનનું કામ કરી આનો ઉકેલ અને સમાધાન લાવી શકે તો ધર્મક્ષેત્રમાં પોલીસ, કોર્ટ, પ્રચારમાધ્યમો, પત્રકારો વગેરે પરિબળોને નિવારી શકાય. ધર્મના વાતાવરણને દૂષિત થતું અટકાવી શકાય.

દેવ, ગુરુ, ધર્મમાં શ્રદ્ધા રાખી આપણે સૌ શ્રાવકાચારના સમ્યક્ આચરણ દ્વારા જિન શાસનની પવિત્ર જ્યોતને ઝળહળતી રાખીએ.

✷ ✷ ✷

૬૦૧, સ્મિત ઍપાર્ટમેન્ટ, ખોખાણી લેન, ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ– ૪૦૦૦૭૭. મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨

પૂ. શશીકાંતભાઈ મહેતાના સાનિધ્યમાં ત્રીજી કાયોત્સર્ગ શિબિર

□ દિપ્તિબેન સોનાવાલા

તા. ૧૨-૪-૧૨ રાતના આઠ વાગે અમારી યાત્રાની શરૂઆત થઈ. સૌરાષ્ટ્ર મેઈલમાં અમારી સ્પેશ્યલ બોગી જોડાઈ અને અમે ૪૫ આરાધકો એમાં ગોઠવાયા.

તા. ૧૩-૪-૧૨ બપોરે ૨ વાગે અમે જામખંભાળિયા પહોંચ્યા એ દરમિયાન ટ્રેનમાં શ્રી અમૃતભાઈએ માઈકની ગોઠવણ કરી અમને શ્રી અષ્ટાપદની ભાવયાત્રા કરાવી ભાવવિભોર બનાવી દીધા. શ્રીમતી રૂપાબહેને બહેરા પરિવારની કથા કહી બોધ આપ્યો કે જેને જે અને જેટલું સાંભળવું હોય છે તે જ અને તેટલું જ સાંભળે છે. શ્રી નિતીનભાઈ અને શ્રીમતી પ્રેરણાબેને ભક્તિ કરાવી. ખરે જ અમારી ધર્મયાત્રાની સુંદર શરૂઆત થઈ.

જામખંભાળિયામાં હાલાર તીર્થમાં પહોંચી સહુ પોતપોતાના સ્થાને ગોઠવાયા. ચાર વાગે ચીકુવનમાં પહોંચ્યા. ચતુર્વિધ સંઘની હાજરીમાં પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભસૂરિએ મંગલાચરણ કર્યું. અદ્‌ભુત વાતાવરણ સર્જાયું હતું અને એક બનાવ બન્યો. દીપપ્રાગટ્ય અને ધૂપપૂજાનો ધુમાડો ઉપર આવેલા મધપૂડાને અડ્યો અને સેંકડો મધમાખીઓએ હુમલો કર્યો. મધમાખીના ડંખથી ઘણા આરાધકો સાધુ તથા સાધ્વી પરેશાન થયા હતા છતાં અજબ શાંતિ અને સમતાપૂર્વક સહુનો ઈલાજ ચાલતો હતો. જેમનો વર્ષીતપ ચાલે છે તે શ્રી યાત્રિકભાઈએ, વેદનાગ્રસ્ત હોવા છતાં, આને સંવર અને નિર્જરાનો માર્ગ કહી એક ઉચ્ચ કોટિનાં સાધકનું ઉદાહરણ પૂરું પાડ્યું.

કાયોત્સર્ગ ધ્યાન શિબિર-ડી.વી.ડી.

નવેમ્બર ૨૦૧૧ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પૂ. શ્રી શશીકાંતભાઈ મહેતાના સાંનિધ્યમાં પ્રેમપુરી આશ્રમમાં કાયોત્સર્ગ ધ્યાન શિબિરનું આયોજન કર્યું હતું. તેની ડી.વી.ડી. તૈયાર થઈ ગઈ છે. શિબિર સમયે જે જિજ્ઞાસુ શ્રાવકોએ આ ડી.વી.ડી.માટે નામ લખાવ્યા છે તેઓએ કાર્યાલયનો સંપર્ક કરી ડી.વી.ડી. મંગાવી લેવી. જેમણે નામ ન લખાવ્યાં હોય તેઓ પણ કાર્યાલયનો સંપર્ક કરી શકે છે.

રૂા. ૧૦૦/- ના ડોનેશનથી ડી.વી.ડી. મેળવી શકાશે.

શ્રી અમૃતભાઈએ મધમાખીઓને ત્રણ નવકાર અર્પણ કરી તેમની ક્ષમા યાચી કે અમે તમને કોઈ પણ પ્રકારે પજવ્યા હોય તો માફ કરજો. જૈન દર્શનની જીવદયા આવી ઉત્કૃષ્ટ જ હોય.

રાત્રે શ્રી શશીકાંતભાઈએ કાયોત્સર્ગ વિધાનની પાંચ પીઠમાંથી પહેલી બે પીઠ, સુદર્શન અને સુશ્રુતનો ટૂંકમાં પરિચય આપ્યો.

તા. ૧૪-૪-૧૨: સવારે ૫-૩૦ વાગે નવકાર પીઠમાં નવકાર મંત્રની આરાધના આચાર્ય શ્રી હેમપ્રભસૂરિએ કરાવી. આખુંય વાતાવરણ નવકાર મંત્રના શબ્દોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતું. બપોરે આચાર્ય ભગવંત શ્રી હેમપ્રભસૂરિ, પન્યાસ શ્રી વજ્રસેન મ.સા. અને પૂજ્ય શ્રી શશીકાંતભાઈની જ્ઞાન પ્રભાવક વાણીથી અમે સહુ સંમોહિત થઈ ગયા.

પન્યાસ શ્રી વજ્રસેન મ.સા.એ કહ્યું, 'સત્તાથી આત્મા અને પરમાત્મા એક જ છે જેમ માટી અને ઘડો કે સોનું અને આભુષણો' નરસિંહ મહેતાનું પદ યાદ આવી ગયું 'અંતે તો હેમનું હેમ હોયે'

પૂજ્ય શ્રી શશીકાંતભાઈએ ત્રીજી સુમંગલા પીઠની આરાધના કરાવી. પંચ પરેષ્ઠિનો અભિષેક પોતાના ઉપર ઝીલતાં ઝીલતાં અમે સર્વ ધન્ય બની ગયા. ચોથી સુરક્ષા પીઠનાં ૬ પગથિયાં અને સુમેરૂ પીઠનાં સગર્ભ કાયોત્સર્ગે અમારી ભાવદશાને નવી દિશા આપી.

આચાર્યશ્રીની પવિત્ર વાણીએ અમારી શ્રદ્ધાને દૃઢ બનાવી. રાત્રે શ્રી અમૃતભાઈએ ભાવ પ્રાણાયમની પદ્ધતિ સમજાવી. અને પ્રયોગો કરાવ્યા. આજ્ઞાચક્રથી સિદ્ધ પરમાત્મા સાથે કેવી રીતે જોડાણ કરવું અને કુંભક કરી પરમાત્માની સાથે અનુસંધાન કરવાની વિધિસરની પ્રક્રિયા શીખવાડી. તેમનો આભાર.

તા. ૧૫-૪-૧૨, સવારે ૫-૩૦ વાગે નવકાર પીઠમાં આચાર્ય શ્રી હેમપ્રભસૂરિએ કલ્પના, ધારણા, ધ્યાન અને અનુભૂતિથી અગ્નિ, વાયુ અને પૃથ્વી તત્ત્વનું ધ્યાન કવરાની પ્રક્રિયા શીખવાડી જેનાથી ભેદવિજ્ઞાનની માહિતી પ્રાપ્ત થઈ.

સવારે ૯-૩૦ વાગે શ્રી શશીકાંતભાઈએ સાધનાનો એક નવો આયામ આપ્યો. `Zero પ્રાર્થના' પ્રભુ પાસે માંગણી એટલે જે માંગીએ છીએ તે પ્રભુ કરતાં વધારે કિંમતી માનીએ છીએ અને શું પ્રભુને આજીજી કરીએ તો જ આપે ? બાકી તેમની કરૂણા સંઘરીને રાખે ?

બપોરે ૩-૩૦ વાગે આચાર્યશ્રીએ ભાષ્ય અને પ્રગટપૂજા કરાવી. દરેક સાધકને નવકાર મંત્રના ૬૮ અક્ષરોનું એક મુખપૃષ્ટ આપ્યું. સાધકે સમુહમાં ૬૮ પ્રગટ નવકાર બોલી વાસક્ષેપથી એક એક અક્ષર પર પૂજા કરી. ખૂબ જ અલૌકિક વાતાવરણ સર્જાયું હતું. તેમણે કહ્યું, આ ભાષાવર્ગણાના પુદ્‌ગલો ચૌદે રાજલોકમાં વલયની જેમ પ્રસરી પાછાજ્યાંથી શરૂ થયા હોય ત્યાં આવે છે.

રાત્રેશ્રી યાજ્ઞિકભાઈ અને શ્રીમતી રૂપાબહેને જ્ઞાનની લહાણી કરી.

તા. ૧૬-૪-૧૨ : ઉપાશ્રયમાં વહેલી સવારે ચતુર્વિધ સંઘની હાજરીમાં દીપકના આછા પ્રકાશમાં જ્યારે શ્રીમુખેથી મંત્રદિક્ષા મળી ત્યારે અમે સૌ ગદ્‌ગદિત બની ગયા. અમારા ઉપર વરસાવેલી સાધુગણની કૃપાથી અમે તેમના જન્મોજન્મના ઋણી બની ગયા છીએ. તે સૌના ચરણોમાં અમારા કોટિ કોટિ વંદન.

સૌ સાધુગણને વંદન કરી અમે મોટામાંઢામાં આવેલા શ્રી વાસુપૂજ્ય સ્વામીના દહેરાસરે દર્શન કરવા ગયા. આ દહેરાસરજીના ૨૦૦ વર્ષ પૂરા થાય છે. સૌરાષ્ટ્રની મહેમાનગતિનો અનુભવ કર્યો. શ્રી

પ્રેમચંદભાઈ, જે સંઘના ટ્રસ્ટી છે' તેમણે આખું ગામ શણગાર્યું હતું. ત્યાંથી અમે સૌએ જામનગર સ્થિત આવેલાં તીર્થસ્થાનના દર્શન કર્યાં. જામનગરની કુંવરબા ભોજનશાળામાં ભોજનની સુંદર વ્યવસ્થા શ્રી રમણીકભાઈએ કરી હતી.

બપોરે ત્રણ વાગે ટ્રેનમાં સ્પેશ્યલ બોગીમાં બેસી તા. ૧૭-૪-૧૨, સવારે સાત વાગે અમે પાછા મુંબઈ આવ્યાં.

આવી અવિસ્મરણીય યાત્રા કરવા બદલ અમે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂ. શશીકાંતભાઈના સાંનિધ્યમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજીત તૃતીય કાયોત્સર્ગ વિધાન શીબીર હાલારતીર્થ જામખંભાળીયામાં તા. ૧૨-૪-૧૨, તા. ૧૭-૪-૧૨.

પ. પૂ. પન્યાસી શ્રી વજ્રસેનસુરી મ.સા.

પ. પૂ. આચાર્ય શ્રી હેમપ્રભસુરી મ.સા.

પ. પૂ. આચાર્ય શ્રી લલીતશેખર મ.સા.

પ. પૂ. આચાર્ય શ્રી મોહનસેન મ.સા.

તથા ૭૦ સાધુ-સાધ્વીજીની નિશ્રામાં આ શિબિર યોજાઈ. સર્વ પૂજ્યશ્રીઓને અમારા કોટિ કોટિ વંદન.

* * *

૨૬, ઍવરેસ્ટ બિલ્ડીંગ, ૧૨, પેડર રોડ, જસલોક હૉસ્પિટલની સામે, મુંબઈ-૪૦૦૦૨૬.

કૈલાસ શ્રુતસાગર ગ્રંથસૂચિ વિમોચન સમારોહ

આચાર્ય શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, કોબામાં બે લાખથી વધારે હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ છે એ હસ્તલિખિત ગ્રંથોની સૂચિ ૫૦ થી પણ વધારે ભાગોમાં પ્રકાશિત કરવાની યોજના છે. રાષ્ટ્રસંત પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગરસૂરિશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં તા. ૨૧-૪-૨૦૧૨ ને શનિવારના રોજ ગોડીજી પાર્શ્વનાથ જૈન મંદિર પાયધુની-મુંબઈના જિનાલયના દ્વિશતાબ્દી મહામહોત્સવના શુભ અવસરે સોનામાં સુગંધ જેવું કૈલાસશ્રુતસાગર ગ્રંથસૂચિ ભાગ ૯ થી ૧૨નું વિમોચન થયું. આ વિમોચન પ્રસંગે અનેક શ્રુતપ્રેમીઓ અત્રે ઉપસ્થિત રહ્યા હતા.

ગુરૂદેવશ્રીના મંગલ આશીર્વાદથી કાર્યક્રમ પ્રારંભ થયો હતો. શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના પ્રમુખ શ્રી સુધીરભાઈ મહેતાએ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરતાં કહ્યું હતું કે-આજે આપણે જોઈએ છીએ કે કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થઈ ગયું છે.

આ જ્ઞાનમંદિરમાં સંગ્રહિત હસ્તલિખિત ગ્રંથોની અત્યંત ઉપયોગી સૂચનાઓ અને એની નાની નાની વિગતોનું સૂચિપત્ર એક અથવા બે ભાગોમાં દરવર્ષ પ્રકાશિત થયું હતું. પરંતુ ગોડીજી પાર્શ્વ-પ્રભુની કૃપા અને પૂજ્ય ગુરૂદેવશ્રીના આશીર્વાદથી અમારા ટ્રસ્ટીગણ અને જ્ઞાનમંદિરના કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમના ફળ સ્વરૂપે આજે ભાગ ૭ થી ૧૨ એકસાથે ચાર ભાગો પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરતાં અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા અને શ્રી ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટીઝ-મુંબઈના ટ્રસ્ટીગણ તરફથી ગ્રંથરત્ન ચતુષ્ટયના વિમોચન તથા ૨૦૦ વર્ષના ઐતિહાસિક મહામહોત્સવ પ્રસંગે દેશ-વિદેશમાંથી પધારેલા મહાનુભાવોનું શ્રીફળ, શાલ અને સ્મૃતિચિહ્ન આપીને અભિવાદન સાથે બહુમાન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત મહાનુભાવોમાં શ્રી સંવેગભાઈ લાલભાઈ (આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી), શ્રી રસિકભાઈ એમ. ધારીવાલ (માણિકચંદ ગ્રુપ), શ્રી અજિતભાઈ બોથરા (વિશાખાપટ્ટનમ્), શ્રી સોનાચંદજી બોથરા (કોલકાતા), શ્રી ગૌરવભાઈ શાહ (આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી), શાંતાક્રુઝ જૈન સંઘના ટ્રસ્ટીગણ, શ્રી સુધીરભાઈ મહેતા (પ્રમુખશ્રી-શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર), શ્રી ચંદ્રપ્રકાશજી અગ્રવાલ (કોશાંબી), શ્રી પ્રફુલ્લભાઈ (મુંબઈ), શ્રી પ્રેમલભાઈ કાપડિયા (મુંબઈ), શ્રી સુરેશભાઈ દલાલ (મુંબઈ), શ્રી ચીમનભાઈ પાલીતાણાકર (મુંબઈ), શ્રીમતી જયવંતીબેન મહેતા, શ્રી વેણુ ગોપાલ ધૂત (વિડિયોકોન) અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંત શાહ વિગેરે મહાનુભાવોની હાજરીથી પ્રસંગ વધુ દીપી ઉઠ્યો હતો.

આ પ્રસંગે ગ્રંથસૂચિના સર્જનમાં જેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે એવા જ્ઞાનમંદિરના કાર્યકર્તાઓનું બહુમાન પણ શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર. કોબાના ટ્રસ્ટીગણ તરફથી કરવામાં આવ્યું.

જ્ઞાનમંદિર કોબામાં સંગ્રહિત બે લાખથી વધારે હસ્તપ્રતોના સૂચિકરણની પદ્ધતિ અહીં જ વિકસિત થઈ છે અને આ પ્રણાલી અત્યાર સુધીની સૌથી વિસ્તૃત અને મહત્ત્વપૂર્ણ સૂચિકરણ પદ્ધતિ છે આ જ પદ્ધતિ દ્વારા અત્યાર સુધી સૂચિકરણનું કાર્ય થઈ રહ્યું છે. આવા પ્રકારની સૂચિ સંકલિત કરવા અત્યંત ધીરજ, અથાગ પરિશ્રમ અને લાંબો સમય આની પાછળ પસાર થતો હોય છે. જ્ઞાનમંદિરમાં કાર્યરત પ્રાચીન લિપિ તેમજ વિવિધ ભાષાઓના જાણકારો દ્વારા દિવસ રાત આ સંપાદન સંશોધનનું કાર્ય થતું હોવાથી સુગમતા પૂર્વક આ ગ્રંથસૂચિનું નિર્માણ અને પ્રકાશન થાય છે. આ હસ્તલિખિત ગ્રંથ સૂચિમાં મુખ્યત્વે બે વિભાગ હોય છે.

પ્રથમ પ્રત વિવરણ વિભાગ અને દ્વિતીય કૃતિ વિવરણ વિભાગ જેમાં-પ્રતવિવરણ વિભાગમાં ગ્રંથનું ભૌતિક સ્વરૂપ એની વિશેષતા સ્થિતિ લંબાઈ, પહોળાઈ, પંક્તિસંખ્યા, અક્ષર સંખ્યા, પ્રતિલેખકનું નામ, પ્રતિલેખન વર્ષ, પ્રતિલેખન સ્થળ આદિનું વિવરણ હોય છે જ્યારે કૃતિવિવરણ વિભાગમાં કૃતિની સૂચનાઓની અંતર્ગત કૃતિનું નામ,

કર્તાનું નામ, ભાષા, રચના પ્રકાર, રચનાવર્ષ, રચનાસ્થળ, આદિવાક્ય અંતિમવાક્ય વગેરે વિસ્તૃત વિવરણનું સંકલન કરાય છે.

આવી વિશિષ્ટ માહિતિથી પરિપૂર્ણ ગ્રંથ સૂચિના ચારેય ભાગોનું વિમોચન પરમ ગુરૂભક્ત શ્રી રવિચંદજી બોથરા અને તેમના સુપુત્ર શ્રી અજીતચંદજી બોથરા અને સોનચંદજી બોથરાના વરદ્ હસ્તે સંપન્ન થયું હતું.

પ્રકાશન વેળાએ પંન્યાસશ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ અને મુનિરાજ શ્રી વિમલસાગરજી મહારાજે પોતાના આશીર્વચનો આપતાં જણાવ્યું હતું કે આજે ભારતના સમૃદ્ધ જ્ઞાનભંડારોમાં કોબાનું સ્થાન આગળ છે. અહિંની વાચક સેવા જોઈને ભલભલા વિદ્વાનો ચકિત થઈ જાય છે.

પ. પૂ. શ્રી પદ્મસાગરસૂરિશ્વરજીએ પ્રસંગને આશીર્વાદ આપતા કહ્યું કે 'હું મુનિ અવસ્થામાં જ્યારે રાજસ્થાનના રણ પ્રદેશમાં વિહાર કરતો હતો ત્યારે ત્યાંના લોકો પ્રાચીન પોથીઓ હાથમાં લઈને વિદેશીઓને વેચવા નીકળતા હતા. એમાંની કેટલીક પોથીઓ મારી પાસે પણ આવી. ત્યારે ન તો મારો આટલો જનસંપર્ક હતો અને ન આવો સંગ્રહ કરવાની કોઈ કલ્પના હતી. એક દિવસ અચાનક વિચાર આવ્યો કે આવી રીતે તો આપણો બધો જ શ્રુતવારસો વિદેશીઓ પાસે જતો રહેશે અને જ્યારે આપણે સંશોધન કે સંપાદન કરવું હશે ત્યારે આપણી પાસે કંઈ જ નહીં બચ્યું હોય આ વિષયમાં મેં પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મ. સાથે ચર્ચા કરી અને એમની પ્રેરણા સાથે હસ્તલિખિત ગ્રંથોના સંરક્ષણ અને સંકલનના કાર્યનો પ્રારંભ કર્યો. પૂજ્ય ગુરૂદેવના શુભ આશીર્વાદ તો મારી સાથે હતા જ અને પ્રભુની પાવન કૃપાથી એ પળે મેં સંકલ્પ કર્યો કે પ્રભુશાસનના શ્રુતવારસા રૂપ શ્રી સંઘની અમૂલ્ય મૂડીને વિદેશીઓના હાથમાં તો નહીં જ જવા દઈએ.

આવા સંગ્રહને સાચવવા, જાળવવા અને સમૃદ્ધ બનાવવા માટે ઉપયુક્ત સંસ્થા તથા એ માટે યોગ્ય સ્થાનની શોધ શરૂ થઈ અને સુશ્રાવક દાનવીર શેઠ શ્રી રસિકભાઈ શાહે ગાંધીનગર અમદાવાદના હાઈ-વે ઉપર કોબા નજીક પોતાની જમીન આપવાની સહર્ષ અનુમતિ આપી. આજે એ સ્થાન પર જિનશાસનના ગૌરવ રૂપ વિશાળ કલાત્મક સુંદર જીનાલય શ્રમણ આરાધના ભુવન જ્ઞાનમંદિર અતિથિ ભવન ભોજનશાળા આદિના નિર્માણ થઈ ચૂક્યું છે. મારી વિહારયાત્રા દરમ્યાન મને જે હસ્તલિખિત ગ્રંથો કે પુરાતન સામગ્રીઓ મળતી ગઈ એમ કોબા ખાતે સંગ્રહિત થતી ગઈ.

જુદા જુદા ધર્મોના અને જુદાં જુદાં વિષયોના ગ્રંથોથી સમૃદ્ધ આ ગ્રંથભંડાર આજે જિનશાસનની સેવામાં અનવરત કાર્યરત છે.'

વધુમાં ગુરૂદેવશ્રી એ મદનમોહન માલવીય રવિન્દ્રનાથ ટાગોર આદિના નામોલ્લેખ સાથે જણાવ્યું હતું કે જ્યારે જ્યારે જ્ઞાનના વિષયમાં મહાન અને ઐતિહાસિક કાર્ય કરવા કોઈએ પગલું ઉપાડ્યું છે ત્યારે-ત્યારે અનેક વિઘ્નો, સંકટો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ક્યાંક ઉપેક્ષા થઈ છે તો ક્યાંક સમ્માન પણ મળ્યું છે. ક્યાંક તડકો મળ્યો છે તો ક્યાંક છાંયો પણ મળ્યો છે. પણ જેનું મનોબળ મજબુત હોય એ ક્યારેક માન અપમાનનો વિચાર નથી કરતાં. મારી સાથે પણ આવું બન્યું છે પણ સંકલ્પપૂર્વક શુભભાવ સાથે કાર્ય કરનારને હંમેશા પરમાત્મા સાથ આપે છે. આ કાર્યને અહીં સુધી પહોંચાડવામાં મારા શિષ્ય-પ્રશિષ્યોએ ખૂબ મહેનત અને પરિશ્રમ કર્યો છે. પૂજ્ય મુનિશ્રી નિર્વાણસાગરજી મહારાજને યાદ કરતાં પૂજ્યશ્રીએ કહ્યું હતું કે હસ્તલિખિત ગ્રંથોના સૂચિકરણમાં એમણે રાતદિવસ અથાગ પરિશ્રમ કરી પોતાની આગવી સૂઝ-બૂઝને કામે લગાડી આ સૂચિકરણ પ્રક્રિયાને એકદમ સરળ બનાવી આપી છે અને પૂજ્ય અજયસાગરજી મહારાજને યાદ કરતાં પૂજ્યશ્રીએ એ જણાવ્યું હતું કે કૉમ્પ્યુટર ઉપર આટલું સુવ્યવસ્થિત પ્રોગ્રામીંગ કરાવ્યું ન હોત તો આજે આ કોબા જ્ઞાનભંડારમાં સૂક્ષ્મતમ માહિતીઓનું સંકલન અશક્ય બન્યું હોત અને પૂજય સાધુ-સાધ્વીજી ભગવંતો, વિદ્વાનો, સ્કૉલરો તથા સામાન્ય વાચકો માટે ઓછા સમયમાં ઘણી બધી માહિતી હાથવગી કરવાનું મુશ્કેલ બની જાત.

પૂજ્ય આચાર્ય ભગવંતે ઉદાર દાતાઓની અનુમોદના કરતાં જણાવ્યું કે આ સંપૂર્ણ કાર્ય સમાજના સહયોગથી જ સુંદર રીતે થઈ રહ્યું છે. સરકાર તરફથી ઘણીવાર પ્રસ્તાવો આવ્યા કે આ આપ સરકારી અનુદાન પ્રાપ્ત કરી શકો છો પરંતુ મને શ્રીસંઘ ઉપર પૂર્ણ વિશ્વાસ છે. અને શ્રીસંઘના સહયોગથી જ જિનશાસનનું આ કાર્ય નિરંતર ચાલતું રહેશે. મેં એવી કેટલીય સંસ્થાઓ જોઈ છે જ્યાં સરકારી સહાય મળી છે પણ ત્યાંની કાર્ય પદ્ધતિ વ્યવસ્થિત અને વિશ્વસનિય રહી નથી. મારી પ્રબળ ભાવના છે કે આ જ્ઞાનભંડાર નિરંતર પ્રભુશાસનના પ્રચાર પ્રસારનું કાર્ય કરતું રહે.

આ સમગ્ર કાર્ય માટે જ્ઞાનમંદિરમાં કાર્યરત ૧૧ જેટલા વિદ્વાન પંડિતમિત્રોએ રાત-દિવસ અત્યંત ધીરજ, લગન અને પરિશ્રમપૂર્વક પોતાની પ્રજ્ઞાનો વિનિયોગ કર્યો છે. જે ખરેખર પ્રશંસનીય, અનુમોદનીય અને ઉદાહરણરૂપ છે.

પૂજ્ય આચાર્ય ભગવંતની પ્રેરણા આપીને કૈલાસ શ્રુતસાગર ગ્રંથસૂચિના હવે પછીના પ્રકાશિત થનારા ભાગોમાં વિશિષ્ટ રૂપે આર્થિક સહયોગી બનવા માટે શ્રી સંવેગભાઈ લાલભાઈ-આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખશ્રી, શ્રી રસિકભાઈ એમ. ધારીવાલ-માણિકચંદ ગ્રુપ, શ્રી રમેશભાઈ બોથરા-ભીનમાલ, શ્રી ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટીઝ મુંબઈ. શ્રી ચંદ્રપ્રકાશ અગ્રવાલ કોશામ્બી, શ્રી સુરેશભાઈ શાહ–ભાયંદર, શ્રી દેવીચંદજી વિકાસકુમાર ચોપડા-મુંબઈ, શ્રી ભરતભાઈ શાંતિલાલ લલ્લુભાઈ શાહ આદિ પ્રમુખ મહાનુભાવોએ ઉદારતાપૂર્વક જાહેરાત કરી હતી અને પૂજ્ય ગુરૂદેવશ્રીની ઇચ્છાને વધાવી હતી.

પૂજ્ય આચાર્ય ભગવંતે મંગલાચરણ ફરમાવી ઉપસ્થિત શ્રુતપ્રેમી સહુને આશીર્વાદ આપ્યા હતા. ✷ ✷ ✷

આધુનિક વૃદ્ધાશ્રમો

□ **સૂર્યકાન્ત પરીખ** (સ્વાતંત્ર્ય સેનાની)

('પ્ર.જી.'ના ફેબ્રુ. અંકમાં 'વાનપ્રસ્થની સંધ્યાએ' લેખના પ્રતિભાવ સ્વરૂપે પ્રાપ્ત થયેલ પત્ર યથાતથ અહીં પ્રસ્તુત કરીએ છીએ. જાગૃત વાચકોને આ ઉપયોગી થશે જ. આ સંદર્ભે અન્ય વાચકોના પત્રો પણ પ્રાપ્ત થયા છે. સર્વેનો આભાર.)

પ્ર.જી.નો એ લેખ વાંચીને એક શુભેચ્છક તો વૃદ્ધાશ્રમોની મુલાકાતના પ્રવાસ ખર્ચ માટે શ્રી કુલીન વોરાને આર્થિક રીતે પણ ઉપયોગી થયા. અભિનંદન. ધન્યવાદ.

પ્રિય ધનવંતભાઈ,

સફેદ દાઢીથી શોભતા શ્રી કુલીનકાંત વોરા મળેલાં, અને તેમણે ગુજરાતના વૃદ્ધાશ્રમોનો અભ્યાસ કરવા માટે જે પ્રવાસ કર્યો, લગભગ ૧૦૦ જેટલાં વૃદ્ધાશ્રમો તેઓ જાતે જોઈ આવ્યા. અને ત્યારપછી હમણાં થોડા દિવસ પહેલાં મને મળ્યાં અને બીજા બાકી રહેલા વૃદ્ધાશ્રમો જોવાનો બીજો રાઉન્ડ તેમણે શરૂ કર્યો છે. તે કરીને તેઓ મુંબઈ જશે, અને ત્યારપછી તે પોતાના નવી જાતના અભ્યાસ અંગે લખશે.

ગુજરાતમાં વૃદ્ધાશ્રમોનું લીસ્ટ હોવું જોઈએ. તે વિચાર આજથી ૧૦ વર્ષ પહેલાં, ગુજરાતના એક બહુ જ અગ્રગણ્ય સમાજસેવક અને ઘણાં વિચારશીલ એવા શ્રી હરીભાઈ પંચાલને આવ્યો. હરીભાઈ ગુજરાતના જાહેર-જીવનમાં છેલ્લાં ૨૫-૩૦ વર્ષથી તેમના નવા વિચારો અને તેને અમલમાં મુકવાની ધગશને કારણે ગુજરાતમાં જાણીતા થયા અને તેમની સંસ્થાનું નામ સદ્‌વિચાર પરિવાર રાખેલું. એ સંસ્થા પાસે અમદાવાદમાં પશ્ચિમ ભાગમાં આવેલ થલતેજ ટેકરા ઉપર બહુ જ મોટી જગા લગભગ ૫૦ હજાર વાર જેટલી સરકારે તેમને આવી પ્રવૃત્તિઓ ચલાવવા માટે ૨૫-૩૦ વર્ષ પહેલાં આપેલી, અને હરીભાઈની વિવિધ પ્રવૃત્તિઓનું તે કેન્દ્રસ્થાન બનેલું. તેના એક ભાગમાં તેમણે વૃદ્ધાશ્રમ પણ કરેલું. શ્રી હરીભાઈના અવસાનને એકાદ વર્ષ થયું હશે. તેમણે નવા વિચાર આપ્યા. તેમાં ગુજરાતના વૃદ્ધાશ્રમોની ગણતરી કરવી અને જોવા તે હેતુથી શ્રી મુળજીભાઈ પારેખ નામના એક વડીલને ગાડી લઈને વૃદ્ધાશ્રમો જોવા મોકલેલા. લગભગ દોઢ મહિનાના પ્રવાસ પછી મુળજીભાઈએ જીલ્લાવાર વૃદ્ધાશ્રમોની નોંધણી કરીને એક યાદી તૈયાર કરેલી. તે યાદી અંગે થોડાક મિત્રોની વચ્ચે ચર્ચા પણ થયેલી કે, નબળા વૃદ્ધાશ્રમોને આપણે કેવી રીતે મદદરૂપ થઈ શકીએ. વગેરે.

શ્રી કુલીનકાંતભાઈ એક બીજી એવી વ્યક્તિ છે કે, જેમણે વૃદ્ધાશ્રમોની અગત્યતામાં રસ જાગ્યો છે અને તેથી તેમણે જાતે જઈને બધી પરિસ્થિતિ જોવાને માટેની શરૂઆત કરેલી છે. આ એમનું પહેલું પગલું બહુ જ ઉચિત છે. અને તેમના અભ્યાસ પછી જે પ્રકાશન થશે તેને કારણસર સમાજમાં આવા કામ માટે પણ ડોનેશન આપવા જરૂરી છે એવો વિચાર મજબુત થશે.

ડોનેશન તો મળશે, પરંતુ નબળા વૃદ્ધાશ્રમોને કેમ સારા કરવા એ પણ એક વિચાર માંગી લે તેવી બાબત છે. અદ્યતન વૃદ્ધાશ્રમોની બાબતો પણ શ્રી વોરા તેમના લેખોમાં લખશે, પણ દા. ત. અમદાવાદ પાસે ગાંધીનગર સરખેજ હાઈવે પર મણીબા અમીન નામના જે વૃદ્ધાશ્રમ કોંગ્રેસના અગ્રણી શ્રી નરહરી અમીને તેમના માતાનું નામ આપીને કર્યું છે. તેમાં એરકન્ડીશન્ડ રૂમો છે. એક પતિ-પત્નીને રહેવું હોય તો રહેવા-ખાવા બધાનો તમામ ખર્ચ મહીને રૂા. ૯,૦૦૦/- આવા એરકન્ડીશન્ડ રૂમ માટે આવનારા કેટલાય લોકો આવી સગવડ ઈચ્છે છે અને પડાપડી કરે છે. એટલે આવા રૂમોની માંગણી બહુ થાય છે. બીજી તરફ અમદાવાદમાં વાડજ વિસ્તારમાં એક આધુનિક વૃદ્ધાશ્રમ થાય છે. જેમાં મહિને રૂા. ૧૩,૦૦૦/- એરકન્ડીશન્ડ રૂમના. પતિ-પત્નીને આપવાના થાય ત્યાં પણ માંગનારાઓની સંખ્યા વધતી જાય છે. એનો બીજો અર્થ એવો છે કે, સુખી કુટુંબોમાં મા-બાપ એકલા પડી જતાં હોય અને સંતાનો પાસે તેમની દેખરેખ માટેનો સમય ન હોય તો મહિને રૂા. ૯,૦૦૦/- કે રૂા. ૧૩,૦૦૦/- નો ખર્ચ કરીને મા-બાપને વૃદ્ધાશ્રમની સગવડો વચ્ચે મુકવા જ્યાં તેમને બીજા લોકોને પણ મળવાનું થાય, અને તેમનો સમય સહેલાઈથી જતો રહે. દાક્તરની સારવાર આવા ઠેકાણે હોય જ છે. એટલે વૃદ્ધાશ્રમોની આ એક બીજી બાજુ છે કે વિકસતાં જતાં સમાજમાં અદ્યતન વૃદ્ધાશ્રમો થાય તો ઘણી રાહત રહે.

ભાઈ વોરા આવશે ત્યારે તેમનો રીપોર્ટ મુકશે, જેથી તમને આ બાબતની વધુ જાણ થશે. વિકસતાં જતાં સમાજમાં એક કુટુંબની સાથે રહેવાનું ઓછું થતું જાય છે અને ઓછું થતું જવાનું. એક રીતે આ અમેરિકાની અસર છે. એમ કહીએ તો ખોટું નથી, અને એટલા માટે ભારતમાં વૃદ્ધાશ્રમોમાં તેની ઉપયોગીતા વધવાની છે. તે સાથે સમાજની અપેક્ષા એવી રહેવાની કે તે અદ્યતન હોય, બધી સગવડવાળું હોય અને મને લાગે છે કે, કેટલાંક દાતાઓ જે મોટી રકમ સમાજને આપી શકે તેમ છે. તેઓ એક ટ્રસ્ટ બનાવીને તેના નામે વૃદ્ધાશ્રમો બાંધે, અથવા તો તૈયાર મકાન લે, અને તેવી સગવડો ઊભી કરે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ નીચે ખર્ચેલી રકમ ટેક્સમાં મજરે મળે છે. પ્રબુદ્ધ જીવનમાં ભાઈ કુલીનભાઈ આવે અને આપને તેમના અનુભવ કહે ત્યારપછી જરૂર પડે એક નાનકડી પુસ્તિકા બહાર પાડવી જોઈએ અને પ્રબુદ્ધ જીવનના બધા જ ગ્રાહકોને તે મોકલવી જોઈએ કે જેથી આપના વાચકો ઘણાં વિચારકો પણ છે તેઓને આ બાબતનો ખ્યાલ રહે.

મજામાં હશો.

✷ ✷ ✷

એ/૨, મનાલી એપાર્ટમેન્ટ, અટીરા સામે, વસ્ત્રાપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫. (ઘર) (૦૭૯) ૨૬૩૦૫૭૪૫ (મો.) ૯૮૯૮૦૦૩૯૯૬.

અભિનંદન
શ્રી દિલીપભાઈ શાહને

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહને જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના પ્રમુખ તરીકે ચૂંટાયા બદલ ખૂબ ખબ અભિનંદન. તેઓનો તથા બીજા બધા હોદ્દેદારોનો સોગંદવિધિનો કાર્યક્રમ તા. ૮-૪-૧૨ના રોજ નવી મુંબઈના 'આંગણ પ્રાંગણ' ખાતે ખૂબ જ દબદબાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આજે જૈ. સો. ગ્રુપના ટોટલ મેમ્બરો (દેશ-વિદેશના મળીને) સાંઠ હજાર છે અને ભારતમાં અગિયાર રિજિયનો છે. દિલીપભાઈ રજવાડી સાફામાં અને તેમના પત્ની ભદ્રાબેન મુગટ સાથે કોઈ રાજવી દંપતિ જેવા શોભતા હતા. આ તબક્કે આપણા સૌ તરફથી શ્રી દિલીપભાઈને ફરી ફરી ખૂબ ખૂબ અભિનંદન અને પ્રભુ એમને અનેક સુંદર કાર્યો કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના. **-તંત્રી**

નિવાસી વિદ્યા સંસ્થાઓ

□ સોભાગચંદ ચોકસી

જુન ૧૧ના અંકમાં પ્રબુદ્ધ જીવનના ડૉ. ધનવંત શાહનો નિવાસી વિદ્યા સંસ્થાઓ અંગેનો રોચક માહિતીપૂર્ણ અને ખાસ કરીને સોગગઢની શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ અંગેનો વિશિષ્ટ વિદ્યા અભ્યાસ અંગેનો લેખ વાંચી આનંદ થયો. અનેક સંસ્થાને અનુલક્ષી અનેક દીશા સુચનો કરતો અત્યંત ઉપયોગી લેખ બોધદાયક છે. આ લેખક સુરતના જૈન છાત્રાલય. એટલે કે શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ જૈન વિદ્યાલય (છાત્રાલય) સાથે છેલ્લા ૪૪ વર્ષથી હું પ્રત્યક્ષ સંચાલન સંકળાયેલો છું. વધુમાં આ અને અન્ય નિવાસી સંસ્થામાં કુલ્લે ૧૨ વર્ષ છાત્રાલયામાં જ રહી કુલ્લે છાત્રાલય અનુભવ ૫૬ વર્ષનો કર્યો છે. ડૉ. ધનવંત શાહના છાત્રાલયો અંગેના પ્રત્યક્ષ અનુભવના અનેક સુચનો સાથે લેખકને સર્વ સંમતિ, અનુમતી અને અનુભુતિ થવાથી જ આ લેખ લખવા તથા અત્રેના ૯૨ વર્ષથી કાર્યરત છાત્રાલયની પ્રવૃત્તિને હાઈલાઈટ કરવા માટે જ પ્રેરાયો છું. ડૉ. ધનવંતભાઈના જણાવ્યા મુજબ અનેક નિવાસી સંસ્થાઓ કાર્ય કરતી બંધ થઈ આટોપી લેવામાં આવી છે. આ બાબત અમારા સુરતમાં પણ અનુભવથી સંચાલકો તથા વિદ્યાર્થી સંખ્યા અભાવે, અગર સંચાલકોની નિરસતા અને તેવી વિશાળ જગ્યા અન્ય હેતુઓ માટે ફાળવી દેવાના લોભી હેતુથી, અનેક નિવાસી સંસ્થાઓ બંધ કરવા નિર્ણય કરાયો છે. તેને સમર્થન આપું છું. આપણું મુંબઈનું શ્રી મહાવીર જૈન વિદ્યાલય છેલ્લી સદીથી, એક અલગ ભાત પાડતું ઝળહળતી જ્યોત સમાન, અનેક શાખાઓ સાથે સુંદર કામ કરે છે. પરંતુ આ સંસ્થા પણ બદલાતા સમય સાથે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી ઉપરાંત, તેજસ્વી જરૂરીયાતવાળા અન્ય તમામ જૈન ફીરકાઓને સહાયરૂપ થાય તો તે સમયની માંગને અત્યંત અનુરૂપ, સર્જનાત્મક, રચનાત્મક, શુભ નિર્ણય હશે. વાસ્તવમાં વિગતે શાસ્ત્રો આધારે વિચારીએ તો **જૈન એ ધર્મ છે અને જ્ઞાતિ નથી જ,** પરંતુ અન્ય ભારતની આપણી અનેક જ્ઞાતિના સમૂહોએ જાણે, અજાણ્યે, વહેવાર માટે જૈનને પણ એક જ્ઞાતિ બનાવી દીધી છે અને આપણે પણ વધુ સમજ્યા સિવાય વ્યવહારૂ બની સ્વીકારી લીધી છે.

આપને જાણીને આનંદ થશે કે અમારા ઉપરોક્ત છાત્રાલયમાં સુરતના શ્રીમદ્ રાજચંદ્રના ભક્ત પાટીદારના બાળકો અને અન્યો જેઓ આપણા જેટલી જ ઝીણવટથી જૈન ધર્મ સમજી ચુસ્ત રીતે પાલન કરે છે, તેમના બાળકોને જૈન વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપી ભણાવ્યા છે, અને તેમણે જૈન ધર્મની પ્રભાવના જ કરી છે.

ડૉ. ધનવંતભાઈની સમયસરની ટકોર છે કે હવેના સમયમાં શિક્ષણની પ્રગતિ સાથે મધ્યમ વર્ગોએ દંપતી, બંને પ્રવૃત્તિ કરતા હોય તો, સારા શિક્ષણ માટે બાળકોને છાત્રાલયમાં રાખવાના વિકલ્પ વધતાં જવાના છે, જે ઉપકારક હશે. ધરતી જૈન વસ્તીમાં, જૈન ધર્મના આચાર અને સિદ્ધાંતોને જીવંત રાખવા હશે, તો સર્વ પ્રથમ બાળકોને જૈન શિક્ષણાથી વિભૂષિત કરવા પડશે. જે માટે જૈન બાળકો માટે છાત્રાલયથી વિશેષ કોઈ સંસ્થા ઉપયોગી રહેશે નહીં તે નિઃશક છે.

છેવટ છાત્રાલયમાં રહી અભ્યાસ કરવાના વિશિષ્ટ લાભો જણાવી લેખ સમાપ્ત કરૂં છું.

(૧) છાત્રાલયમાં ધનિષ્ટ જૈન શિક્ષણ આપી સમજુ સાચો જૈન બનાવી શકાય છે. સમૂહમાં રહેવાથી ભાઈચારો, પ્રેમ અને સહકારની લાગણી ખીલે છે. બાળક સ્વાશ્રયી બની, અનેક ભાતભાતના સ્વભાવના સમૂહમાં રહેવાથી મનુષ્ય સ્વભાવની શીઘ્ર પીછાનતા, અને તેમાં પોતાનો મળતાવડો વર્તાવ કેવી રીતે રાખી, સાથોસાથ પોતાની વસ્તુઓની તથા અનેક નાણાંકીય જરૂરીયાતનો કાળજીપૂર્વક સંભાળવાનો ગુણ પણ ખીલે છે. અભ્યાસમાં સારા સિનિયર વિદ્યાર્થીઓ સાથેના સહવાસથી પ્રસંગોપાત અભ્યાસ માટે પણ દોરવણી મેળવી શકાય છે. વધુમાં બાળક સ્વગૃહે માતા સાથે ભોજનમાં સારા નરસાની જે કચવાટ કરતું હોય, અને માતા પણ પ્રેમથી ઉત્તેજન કરતી હોય, તે તમામ છાત્રાલયનો એક સરખો સ્ટાન્ડર્ડ ખોરાક ભાણામાં આવે તે ભૂખ હોવાથી, લેવો પડવા ટેવાઈ પણ જવાય છે. ખોરાકની અનેક વિદ્યતાથી ટેવાઈ જવાથી, ભવિષ્યમાં સારા વત્તા ખોરાકથી, મળવાથી મુશ્કેલી અનુભવતો નથી, તે ઘણું જ મહત્ત્વનું છે. એટલે કે થાળીમાં પીરસાયેલું ટેક ઈટ ઓર લીવ ઈટનો ઑપ્શન લાચારીથી પણ સ્વીકારવો પડે છે. આ તમામ લાભો સાથે બાળકને છાત્રાલયમાં મુકવાનું એક મહત્ત્વનું ભયસ્થાન કવચિત ખરાબ કંપનીની સંગત સામે વાલીએ વિચારવું પડે છે. તેથી પોતાના બાળકના વર્તન પ્રત્યે છાત્રાલય ગૃહપતિ પણ ચકોર ચુસ્ત દૃષ્ટિ રાખી સંચાલન કરતા હોય તો આવા પ્રસંગો પણ નહીંવત બની શકે, અને તત્કાળ જરૂરી પગલાં લઈ દુરસ્તી પણ કરી શકાય છે. છેવટ જૈન બાળકો, એક જ સંસ્કારના ભેગા સમૂહમાં રહેવાથી, આવી ભીતી નહીવત રહે છે, પણ તે ધ્યાન રાખવું અત્યંત જરૂરી જ છે. આ સિવાય છાત્રાલય નિવાસના અનેક ફાયદાઓ છે તે મહત્ત્વનું છે. ✷✷✷

મેનેજિંગ ટ્રસ્ટી : દલીચંદ વિરચંદ શ્રોફ જૈન વિદ્યાલય
ગાંધી સ્મૃતિ ભવનની પાછળ, નાનપુરા, સુરત–૩૯૫ ૦૦૧.

અવસર

અમેરિકામાં પ્રથમ દીક્ષા મહોત્સવ

સાધ્વી સંઘમિત્રાજી (મંગલામ)ની મોટી દીક્ષા

સાધ્વી સંઘમિત્રાજી વીરાયતન સાથે બાળપણથી જોડાયેલા છે. તેઓએ સંસ્કૃત પ્રાકૃત વગેરે પૌરાણિક ભાષાઓનું જ્ઞાન પૂ. ગુરુદેવ અમર મુનિજી મહારાજ અને આ. શ્રી ચંદનાજી પાસેથી મેળવ્યું છે. તેઓને પ્રથમ (નાની) દીક્ષા આ. ચંદનાજીએ વીરાયતન, બિહાર ખાતે આપી હતી ત્યારે આ નામ આપવામાં આવ્યું હતું. તેમની મોટી દીક્ષાનો પ્રસંગ ૨૦૧૨ના એપ્રિલમાં સાન ફ્રાન્સિસ્કો ખાતે ઉ. કેલિફોર્નિયાના જૈન કેન્દ્ર તરફથી યોજવામાં આવ્યો હતો અને તેમાં પણ આ. ચંદનાજીએ જ દીક્ષા આપી હતી. દીક્ષા મહોત્સવ પ્રસંગે પ્રભાવનામાં લગભગ ૧૨૦૦ વ્યક્તિઓને એક પુસ્તક આપવામાં આવ્યું હતું. જેમાં આ. ચંદનાજીનો સંદેશ અને આ. સંઘમિત્રાજીના જીવનચરિત્રની ઝલક આપવામાં આવી છે છેલ્લા ૧૭ વર્ષોથી તેઓ અમેરિકામાં જ ધર્મ પ્રચાર અર્થે વસવાટ કરી રહ્યા છે.

–સમાચાર ઈ-મેલ દ્વારા અમેરિકાથી

Pravin K. Shah
JAINA Education Committee
education2jaina.org, jainaedu@gmail.com

મહાન પિતાના મહાન સુપુત્રી શ્રીમતી ગીતાબેન પરીખની વિદાય વેળાએ

(એક લઘુ ત્વરિત સ્મરણાંજલિ)

□ પ્રતાપકુમાર ટોલિયા

૭ એપ્રિલ ૨૦૧૨ના ગીતાબેનના થયેલા દેહત્યાગના સમાચારનો શ્રી સૂર્યકાંતભાઈનો અચાનક કૉલ આવ્યો.તુરત જ તેમની પ્રિય 'શમુખે શાન્તિ'ની રવીન્દ્ર-પ્રાર્થનામાં અને અનેક સંસ્મરણોમાં ખોવાઈ જવાયું.

'ઘૂમશું અમે ગલી ગલીને ખૂણે ખૂણે ત્યારે,
રટતાં તારા નામનું ગાણું ભમશું દ્વારે દ્વારે.'

(ધરતીનાં ગીતો)

–રવીન્દ્ર છાયાના ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરના ગીતાબેન-અનૂદિત આ ગીતને ગાતાં ગાતાં ભૂદાન-પદયાત્રામાં ઘૂમવાનું અને દ્વારે દ્વારે ભમવાનું ત્યારે થતું. ઈ. સ. ૧૯૫૫નો એ સમય હતો જ્યારે દક્ષિણ હૈદ્રાબાદથી ગીતાબેનના પિતાશ્રી સ્વ. પરમાનંદભાઈનો વિનોબાજીના પ્રવચનનો એક નાનો લેખ ગીતાબેન અને સૂર્યકાંતભાઈને પણ તેમના સર્વોદય-યાત્રા સંબંધિત સંપાદનમાં અમદાવાદ મોકલવાનું બનેલું અને એ લખાણ તેમણે કોઈ વર્તમાન પત્ર (કદાચ 'જનસત્તા')માં છાપેલું પણ.

આ પર-પ્રોત્સાહક પરોપકારી દંપતીના આવા પત્ર-પરિચય પછી ઈ. સ. ૧૯૫૬માં અમદાવાદ અધ્યયનાર્થે આવી પૂજ્ય પંડિતશ્રી સુખલાલજીની વિદ્યા-નિશ્રામાં રહેવા પૂર્વે તેમની સાથે રહેવા ગીતબેન-સૂર્યકાંતભાઈએ નિમંત્રેલ, પત્ર-પરિચયની પ્રાથમિકતા પછી આ પ્રત્યક્ષ-પરિચયમાં તેમના પાટડી બિલ્ડીંગ પરના નિવાસમાં થોડો સમય ગાળવા મળેલો તેનું સુખદ-પ્રેરક એવું જ તાજું આજે છે, જે તેમનાથી નાના એક અભ્યાસીને સર્વ પ્રકારે કેમ ઉપયોગી થઈ આગળ લાવવો, સર્વોદયના-સાહિત્ય સંગીતના અને દર્શન તત્ત્વજ્ઞાનના સમાન રસમાં 'પરસ્પરોગ્રહો જીવાનામ્'ના સૂત્ર ન્યાયે શી રીતે પ્રોત્સાહિત કરવો, તેનું ઉત્તમ ને આલ્હાદક ઉદાહરણ છે.

પંડિતજીને સૂર્યકાંતભાઈની સમર્પિત સેવાભાવના માટે અને ગીતાબેનની સરળતા ને વિનમ્રતા માટે ભારોભાર અહોભાવ. તેઓ તેમની અવારનવાર અનુમોદના કરતાં તેમાંથી તેમનું એક નાનું પરિચય-વાક્ય યાદ રહી ગયું છે-'ગીતાબેન એટલે ગલીકુંચી વિનાની સરળ સહજ વ્યક્તિ.' અમારા થોડા સહવાસમાં અને ગીતાબેનના કાવ્યો તેમજ લખાણોને માણતાં, તેમનો આ અનુભવ સ્પષ્ટપણે થયેલો. પંડિતજી પાસે રહેવા દરમ્યાન પણ આ બંને દંપતીનો સતત સંપર્ક થતો રહેલો અને અનેક રીતે પ્રેરક બનેલો-'કુમાર' કાર્યાલય પરના 'બુધવારિયા'ની બેઠક, સ્વયંના પણ વર્તમાનપત્રોમાં કોલમ-લેખન તેમજ ગુજરાતમાં સર્વોદય તથા સાહિત્ય-સંગીતના અનેક ઉપક્રમો વગેરેમાં. પૂ. મલ્લિકજી પછી ગીતાબેન પણ અમારા દાંપત્ય જીવનના નિમિત્ત બનેલો. આ પછી ઈ. સ. ૧૯૬૨માં અમદાવાદ-કુબેરનગરની નેશનલ કૉલેજની મારી પ્રિન્સિપાલ તરીકેની કામગીરી દરમ્યાન ત્યાં દર્શનશાસ્ત્ર- (ફિલોસોફી) વિષયના અધ્યાપિકા તરીકે પણ ગીતાબેનને નિમંત્રવાનું ને તેમની તત્ત્વજ્ઞાન રુચિને કાવ્ય-સૃષ્ટિમાં ગુંથાતી જોવા-માણવાનું બનેલું, તેનું પણ સુખદ સ્મરણ છે.

આ જ ગાળામાં અમારા ખ્યાતિપ્રાપ્ત ક્રાન્તિકારી નાટક 'જબ મુર્દે ભી જાગતે હૈં।' ને અમરેલી-અમદાવાદમાં સફળ મંચન કરાવવામાં ગીતાબેન-સૂર્યકાંતભાઈનો 'સર્વોદય પ્રતિષ્ઠાન'ના ઉપક્રમે મોટો ફાળો રહ્યો.

ઈ. સ. ૧૯૬૬માં ગીતાબેનનું પ્રથમ કાવ્ય પુસ્તક 'પૂર્વી' પ્રકાશિત થતાં અને તેને ગુજરાત સરકાર તથા ગુજરાત સાહિત્ય સભાના પ્રથમ પારિતોષિકો મળતાં તેના ઘણાં કાવ્યો ને આસ્વાદવાદનું અને કેટલાંક ગીતોને સ્વરસ્થ કરવાનું બનેલું. આજના તેમના સ્વયંના મરણ-સન્મુખ થવાના પ્રસંગે તેમનું 'મરણ-પણ' શીર્ષક આ કાવ્ય જાણે પ્રાસંગિક બની જતું લાગે છે, વર્ષો પૂર્વે લખાયેલ હતાં:

'આ જિંદગી લાગે અહો કો ! થાળાંનું મિષ્ટ ભોજન,
જેહને આસ્વાદતાં આહ્લાદ માણે આપણું મન;
તો ન શાને મરણ પણ લાગી શકે
કોઈ સુગંધી ને મધુર મુખવાસ જેવું રમ્ય કે ?'

આ જૂના કાવ્ય લેખન પછી તો હમણાં સુધી ઘણીયે વાર, જ્યારે જ્યારે અમદાવાદ જતાં મળવાનું બને ત્યારે કાવ્યના તત્ત્વ વિષયમાં ઊતરતાં શ્રીમદ્-સાહિત્યના 'સરસ અન્નને નહીં મનને પ્રસન્ન ભાવ જો !' અને 'જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા' જેવા 'અપૂર્વ અવસર' કાવ્યમાં અને પછી શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના હાર્દમાં ઉતરતાં તેમને અપાર આનંદ થતો. વાસ્તવમાં અમારી 'આત્મસિદ્ધિ' રેકર્ડ અને ખાસ કરીને જીવનસંગિની સુમિત્રાના ગાયેલા પદો-ગીતો તેમને અત્યંત પ્રિય હતાં અને અવારનવાર તેઓ તેનો શ્રવણાનંદ માણતાં.

ઈ. સ. ૧૯૬૮માં 'ગુજરાત વિદ્યાપીઠ' અમદાવાદમાં મારા પ્રાધ્યાપક તરીકેના કાર્યસમય દરમ્યાન ૭ મી ઑગસ્ટની 'રવીન્દ્ર સ્મૃતિ'ના દિવસે અમારા 'રવીન્દ્ર સંગીત' કાર્યક્રમ આયોજનમાં તેઓ બહુ સાર્થક કોમેન્ટ્રી લખી લાવેલાં, તેને પ્રસ્તુત કરી અમારા ગાનને

ઓપ આપેલો અને પોતે એક રવીન્દ્ર-ગીત ગાયેલું પણ.

ઈ. સ. ૧૯૭૦ પછી અમારું ગુજરાત ને અમદાવાદ છોડીને બૅંગ્લોર આવી વસવા છતાં અમારો પત્ર સંપર્ક, સાહિત્ય સંપર્ક સંગીત-સંપર્ક થતો રહ્યો જ.

અમારું અમદાવાદ જવાનું થાય કે તેમનું બેએક વાર બૅંગ્લોર આવવાનું થાય, અમારો 'સંવાદ' બનતો જ રહે.

એકવાર અહીં જિલ્લાના નિસર્ગોપચાર સંસ્થાનમાં આવીને ત્યાં કાર્યરત અમારી બીજી સુપુત્રી ડૉ. ચિ. વંદનાના નિસર્ગોપચાર-જ્ઞાનનો ને ઉપચારનો લાભ માણે, તે બીજી વાર શ્રી સૂર્યકાંતભાઈના સુપુત્ર મનન દ્વારા થયેલા સન્માન પ્રસંગે સુમિત્રાની સાહિત્ય-વૃંદની બહેનોને પોતાનો કાવ્ય-પાઠ અને પ્રવચનનો લાભ આપી જાય.

પ્રથમ મેઘાવી સ્વર્ગીય સુપુત્રી કુ. પારુલના નાનકડા કાવ્ય સંગ્રહ પારુલ-પ્રસૂન'ની નાની શી માર્મિક પ્રસ્તાવના પણ તેમણે આ શબ્દોમાં લખી મોકલી હતી:

'પ્રસૂન એટલે ફૂલ થાય-એ ફૂલની અદ્‌ભુત સુવાસ પારુલના કથનમાં આવી જાય છે. એજ કહે છે કે-

'બાપુ ! હું કાળથી કચડાઈ ક્યાં છું ? હું સ્વકાળમાં જ સંચરી રહી છું. હું કાળની ગતિથી પર થઈ ગઈ છું !'

'મંગળ મંદિરના દરવાજા પણ આમ જ ખુલેને ? પારુલના આ જવાબમાં આત્માની અમરતાનું આધ્યાત્મિક સત્ય છુપાયેલું છે. એ જો પામી શકાય તો... ? !'

(અમદાવાદ, ૨૧-૧-૦૫ – ડૉ. ગીતા પરીખ)

-સ્વ. પારુલની વિશ્વ-વિદાયના સંદર્ભના ગીતાબેનના આ શબ્દો તેમની વિશ્વ વિદાયને પણ અનુબંધિત, અનુ-સ્મરિત કરી જાય છે.

તેમના દર્શનાત્મા-કાવ્યાત્માને પ્રણમતાં તેમના સાહિત્યપ્રદાન વિષે ગુજરાતીના બે મૂર્ધન્ય કવિ મનિષીઓ શ્રી ઉમાશંકર જોષી અને શ્રી સુંદરમ્‌ના આ શબ્દોને ટાંકીને આ સ્મરણાંજલિનું અત્યારે તો સમાપન કરીશ:-

'ગુજરાતીને લાભ મળ્યો ત્યારે મીરાબાઈ જેવાનો મળ્યો, પણ સામાન્ય રીતે આપણે ત્યાં કવયિત્રીઓના કંઠ ઓછા જ સાંભળવા મળે છે... !

–ઉમાશંકર જોશી-'આત્મ-શરણાઈ' ! પૂર્વ

'નવા પ્રયોગોમાં ઊતરેલી ગુજરાતી કવિતાના સંદર્ભમાં-) તેની નિરામયતા વિષે આપણે ખાતરી રાખી શકતા નથી. એવી સ્થિતિમાં ગીતાનાં કાવ્યો આપણને એક ગિરિનગરની શીતળ શામક આહ્‌લાદક હવાનો સ્પર્શ આપી જાય છે.'

–સુંદરમ્‌: 'પૂર્વ'નો પ્રવેશ (આમુખ) મા.

છેલ્લે આસ્વાદ શ્રી લા. દ. ભા.સં. વિદ્યામંદિર પર 'ગગન મંડળો' આનંદધન કાર્યક્રમ આપવા આવતાં ગીતાબેનનો આનંદ-સત્સંગ થયેલો તેની આનંદ-સ્મૃતિ સાથે તેમની વિદેહયાત્રા 'આનંદમય' બની રહે તેવી .... સામે આ 'આનંદલોક'ની લોક ... ।। ૐ શાન્તિ: ।। 'પ્ર...

* * *

પારુલ, ૧૫૮૦, કુમારસ્વામી લે આઉટ,
બૅંગ્લોર–૫૬૦૦૭૮. ટે. : ૦૮૦–૬૫૯૫૩૪૪૦

લંડનમાં યોજાયેલો મહાવીરસ્વામીના જિનાલયનો વિશિષ્ટ, ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

બ્રિટનની અગ્રણી સંસ્થા મહડવીર ફાઉન્ડેશનના ઉપક્રમે લંડન શહેરના કૅન્ટન વિસ્તારમાં મહાવીર સ્વામી જિનાલયની પ્રતિષ્ઠાનો ૫મી ઍપ્રિલથી ૯મી દરમિયાન આગવો દૃષ્ટિકોણ ધરાવતો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમ માટે સંપૂર્ણ શાસ્ત્રીય વિધાનનો આગ્રહ રાખવામાં આવ્યો તેમજ બધી જ આવશ્યક પૂજાઓનુ આયોજન કરવામાં આવ્યું. વળી બધા કાર્યક્રમોનું સમગ્ર આયોજન અને સંચાલન યુવા પેઢીને સોંપવામાં આવ્યું અને ઉત્સાહી 'યંગ એલર્ટ ગ્રુપ'ની સાથોસાથ ૨૦૦ જેટલાં યુવાનોએ સ્વયંસેવક તરીકે કામગીરી બજાવી હતી. આમાં બાળકો અને યુવાનોને રસ પડે તે માટે અંગ્રેજીમાં જૈન ધર્મની નાટિકાઓ, સંવાદો તેમજ ગીતો અને સ્તુતિઓનો પાઠ રાખવામાં આવ્યો. મહાવીર ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી વિનોદ કપાસીએ કહ્યું કે જે ભૂમિ પર આપણે રહીએ છીએ, તે ભૂમિનું આપણા પર ઋણ છે અને એ ઋણ અદા કરવા માટે એમણે આયુષ્યના અંતિમ સમયે બિમાર માણસોની સેવા કરતી હૉસ્પિસ સંસ્થા, કૅન્સર, સ્ટ્રોક અને હાર્ટને માટે સંશોધન કરી રહેલી સંસ્થાઓ તથા પ્રાણીઓની સંભાળ લેતી સંસ્થાને દાન આપવામાં આવ્યું. વળી ભગવાન મહાવીરના ગણધર **ગૌતમસ્વામીના** જીવન અને તત્ત્વજ્ઞાન પર આધારિત એવી **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની** રોજ બે-બે કલાકની **'ગૌતમકથા'** રાખવામાં આવી હતી.

આ પ્રસંગે મુનિરાજશ્રી જિનચંદ્રજી તથા શ્રી નલિનભાઈ કોઠારી (ભાઈશ્રી)ની ઉપસ્થિતિ સહુને પ્રેરક બની હતી. લંડનની શેરીઓમાં નીકળેલી શોભાયાત્રામાં જૈન સમાજના તમામ ફિરકાઓ તથા સંસ્થાઓના અગ્રણીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉત્કૃષ્ટ સ્ટેજ ડેકોરેશન, ત્રિશલામાતાના ૧૪ સ્વપ્નોની રંગોળી, શત્રુંજયનું ૩૨ ફુટ લાંબુ ચિત્રપટ એ આ પ્રતિષ્ઠાના આગવા આકર્ષણો બની રહ્યા.

આ પ્રતિષ્ઠામાં ૧૫૦૦ થી ૨૦૦૦ લોકોએ ભાગ લીધો અને લંડનના હાર્ટ સમા વિસ્તારમાં ઉત્કૃષ્ટ કલાકોતરણી ધરાવતું જિનાલય પામીને હાજર હેલા સહુ કોઈએ ધન્યતાનો અનુભવ કર્યો.

–વિનોદ કપાસી
મહાવીર જૈન ફાઉન્ડેશન-લંડન
mahavirfoundation.org.

જયભિખ્ખુ જીવનધારા : ૩૯

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા, ચરિત્ર, બાલસાહિત્ય જેવાં સ્વરૂપોમાં મહત્ત્વનું પ્રદાન કરનાર સર્જક 'જયભિખ્ખુ'ની જીવનધારામાં એક નવો વળાંક આવે છે. બાળપણનો ઈતિહાસપ્રેમ અને ઊંડી અભ્યાસવૃત્તિ એમને માનવસંસ્કૃતિના આદિકાળ તરફ નજર કરવા પ્રેરે છે. એમાંથી એક આગવા અભિગમ સાથે 'ભગવાન ઋષભદેવ', 'ચક્રવર્તી ભરતદેવ' અને 'ભરત બાહુબલિ'ની નવલત્રયી સર્જાય છે, તે વિશે જોઈએ આ ઓગળચાલીસમાં પ્રકરણમાં.]

કથા અતીતની, વ્યથા વર્તમાનની

વિ.સં. ૧૯૮૦ની મહા વદી ૩ના દિવસે ૧૩ વર્ષની ઉંમરે ગ્વાલિયર પાસે આવેલા શિવપુરીના અભ્યાસાર્થે ગયેલા જયભિખ્ખુ પહેલાં આગ્રાના બેલનગંજમાં થોડો સમય રહ્યા, ત્યાંથી બનારસની થડેલી ગલીમાં અને મુંબઈના પાર્લામાં આવેલા 'વીરતત્ત્વ પ્રકાશક મંડળ'માં રહીને થોડો અભ્યાસ કર્યો, પરંતુ એ ગુરુકુળ સ્થાયી થયું શિવપુરીમાં. વિદ્યાર્થી જયભિખ્ખુને ત્યાં લાંબા સમય સુધી અભ્યાસ કરવાની તક મળી.

સૌરાષ્ટ્રના સાયલાથી આવેલા આ વિદ્યાર્થીને જંગલોની વચ્ચે પ્રકૃતિની રળિયામણી ગોદમાં આવેલું શિવપુરીનું ગુરુકુળ અવનવી પ્રેરણા આપતું રહ્યું. એક તરફ જૈન સાધુઓ અને પંડિતો પાસે સંસ્કૃત, પ્રાકૃત અને દર્શનોનો અભ્યાસ ચાલતો હતો, તો બીજી બાજુ વિદ્યાર્થી જયભિખ્ખુનું ચિત્ત ગ્વાલિયરની આસપાસની વીરભૂમિ જોઈને ઈતિહાસ તરફ દોડી જતું હતું અને કેટલીય કલ્પનાઓમાં રમમાણ બની જતું હતું. ૧૮૫૭ના સ્વાતંત્રસંગ્રામના અગ્રણી તાત્યા ટોપે અને રાણી લક્ષ્મીબાઈની સમાધિએ વિદ્યાર્થી જયભિખ્ખુમાં ઈતિહાસપ્રેમ અને સ્વાતંત્ર્યચાહના જગાડી. બીજી બાજુ જૈનગ્રંથોના અભ્યાસને પરિણામે એમનું ચિત્ત તીર્થંકરોનાં જીવન વિશે કેટલીય કલ્પના કરવા લાગ્યું. એમાંય ધર્મગ્રંથોમાંથી પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીના ચરિત્રને વાંચીને, એ અતીત સાથે આજના વર્તમાનને સાંકળવાનું એમને ખૂબ ગમતું હતું. ભૂતકાળની ભાવનાઓ જ નહીં, બલ્કે એ સમયની પરિસ્થિતિ, વિચારો અને વર્ણનોનું વર્તમાનમાં પ્રતબિંબ જોતા હતા. પછી તો ચિત્ત કલ્પનાના ગગનમાં એવું ઉડ્ડયન કરવા લાગ્યું કે છેક પ્રાગૈતિહાસિક કાળમાં થયેલા તીર્થંકર ઋષભદેવના જીવનને નવલકથા રૂપે આલેખવાનો વિચાર કર્યો.

ગુજરાતી સાહિત્યના આકાશમાં હજી જયભિખ્ખુ પ્રારંભના સોપાને ચડ્યા હતા, ત્યારે જેનો સાવ ઝાંખોપાંખો ઈતિહાસ મળે છે એવા વિષય પર નવલકથા લખવી એ મોટી બાથ ભીડવા જેવું હતું. એમના મનમાં ભગવાન ઋષભદેવના સમયનું ચિત્ર સતત તરવરતું હતું અને જૈન ધર્મગ્રંથોમાંથી મળેલી માહિતીની સાથોસાથ ઋષભદેવના વિરાટ વ્યક્તિત્વની મૂર્તિ એમના મનમાં રમતી હતી.

માનવસમાજની છેક આદિમ અવસ્થાનો સમય હોવાથી આ નવલકથામાં વર્ણન વધુ આવે અને પ્રસંગો સાવ ઓછા આવે તેમ હતું, છતાં જયભિખ્ખુએ 'ભગવાન ઋષભદેવ' નવલકથા લખવાનો પ્રારંભ કર્યો, ત્યારે એમનો હેતુ ઊગતી પેઢીને ગમે અને પ્રેરે તેવું શ્રદ્ધાયુક્ત કિંતુ તર્કપૂર્ણ નિરૂપણ કરવાનો હતો. આ પૂર્વે 'ભગવાન ઋષભદેવ' વિશે જે કંઈ ચરિત્રો લખાયાં હતાં, તે બધાં માત્ર શાસ્ત્રગ્રંથોને અનુસરનારાં અને પરંપરાગત શૈલીથી લખાયેલાં હતાં. એનાં વર્ણનો, શૈલી અને આલેખન તે સમયની નવી પેઢીને સહેજેય આકર્ષક બને તેવાં નહોતાં, જ્યારે જયભિખ્ખુએ સાવ ભિન્નરૂપે આલેખન કર્યું.

યુવાન સર્જકે માનવીના ઉત્ક્રાંતિકાળની કલ્પના કરી. ઊંડી ગુફામાં જંગલી પ્રાણીઓ અને કુદરતી આપત્તિઓથી ભયભીત થઈને ડર સાથે પળે પળે જીવતા માનવીને રાજકુમાર વૃષભે પ્રકાશ તરફ દોરવાનું કામ કર્યું. રાજા વૃષભે એને લગ્નસંસ્થા આપી, જિંદગી જીવતાં શીખવ્યું અને રાજવ્યવસ્થા આપી અને તીર્થંકર ઋષભદેવે અતિ પ્રાચીનકાળમાં પૂર્ણ ત્યાગનો મહિમા કર્યો. આ રીતે આ નવલકથાત્રયીમાં લેખકને રાજકુમાર, રાજા અને તીર્થંકર - એ ત્રણ સોપાન દ્વારા આદિમ અવસ્થામાં જીવતા માનવીને સાચો માનવ બનાવી, એનામાં માનવતાની સુવાસ મૂકીને, ત્યાગનો મહિમા પ્રગટ કરવાનો હેતુ હતો. એમની નજર આ કથાનકોના આલેખનથી મનુષ્યજાતિના ઊર્ધ્વગમન પર રહેલી હતી.

ભગવાન ઋષભદેવના ચરિત્રની આસપાસ અનેક ચમત્કારો વણાયેલા હતા. એની સાથે પાર વરગના દેવદેવીઓ સંકળાયેલાં હતાં. સતત સાંપ્રદાયિક મહિમાગાન હતું અને પરિભાષાના ઝુંડના-ઝુંડની વચ્ચે કથાની પાતળી સેર વહેતી હતી. આવે સમયે કોઈ પુષ્પમાંથી ભ્રમર મધુ ગ્રહણ કરી લે, એ રીતે આ યુવાન સર્જક એનો મર્મ ગ્રહણ કરે છે, ચમત્કારોને ગાળી નાખે છે. સંપ્રદાયવાદને બદલે અનેકાંતવાદ પર ઝોક આપે છે અને પરિભાષાના ઓછામાં ઓછા શબ્દો પ્રયોજીને સર્વ કોઈ વાચકોને સહજ અને સુગમ લાગે તેવું આલેખન કરે છે.

એ સમયે જૈનચરિત્રના આલેખનમાં મોટે ભાગે સાંપ્રદાયિકતાનું તત્ત્વ પ્રાધાન્ય ભોગવતું હતું. ક્યારેક તો લેખકને મન ધર્મ કરતાં સંપ્રદાયની સ્થાપના મહત્ત્વની બની જતી. શ્વેતાંબર લેખક હોય તો તે પોતાના મતાનુસાર આલેખન કરતો અને દિગંબર હોય તો તે શ્વેતાંબરની ધારણાનો છેદ ઉડાડીને પોતાની રીતે ચરિત્ર આલેખતો હતો. ભવ્ય, વ્યાપક અને મહાન ચરિત્રો સાંપ્રદાયિકતાની સંકુચિત શેરીઓમાં ખોવાઈ ગયાં હતાં. એવે સમયે માત્ર સાંપ્રદાયિકતા જ નહીં, બલ્કે ધર્મ પ્રત્યેનો આવેશપૂર્ણ અભિનિવેશથી પણ દૂર રહીને જયભિખ્ખુએ સર્વજનસ્પર્શી માનવતાનું ધ્યેય રાખીને આ ચરિત્રો રચ્યાં હતાં.

જીવનમૂલ્યો પર દૃષ્ટિ રાખીને માનવતાનો સંદેશ આપવા ઈચ્છતા

આ સર્જકને કથાનકના કેટલાક અવરોધોનો સામનો કરવા પડ્યો. સૌથી મહત્ત્વની વાત એ હતી કે જૈન ધર્મએ દેવ કરતાં માનવને, ભૌતિક શક્તિ કરતાં આત્મશક્તિને અને સત્તા કે સમૃદ્ધિને બદલે માનવતાને મહત્ત્વ આપ્યું હતું, છતાં એની આ કથાઓમાં માનવીય ભાવોને દીવો લઈને શોધવા જવું પડે તેવું હતું. પ્રભુના આગમનને કારણે કોઈ ઉત્સવ કે મહોત્સવ યોજાય, તો તે યોજનારા રાજાઓ કે માનવો નહોતા, પરંતુ એનું આયોજન ઈન્દ્ર અને ઈન્દ્રાણી કરતા. માનવોદ્ધારક એ તીર્થંકરોનો સંબંધ દેવો સાથે વિશેષ દર્શાવવામાં આવતો. આમ, અલૌકિકતા સિદ્ધ કરવા માટે લૌકિકતા કે માનવીયતાની ચરિત્રમાંથી બાદબાકી કરવામાં આવી હતી.

આ યુવાન સર્જક વિચારે છે કે જે તીર્થંકરોએ માનવોદ્ધાર માટે કાર્ય કર્યું અને એને મોક્ષનો પંથ બતાવ્યો, એ તીર્થંકરોને જીવતા, જાગતા, હરતા, ફરતા, ખાતા, પીતા માનવો સાથે તો વિશેષ સંબંધ હોવો જોઈએ. વિશ્વમૈત્રીના વાહક એવા ઉદ્ધારકોની દૃષ્ટિ માત્ર દેવોની મૈત્રી સુધી સીમિત ન હોય. જયભિખ્ખુને આ ચરિત્રમાં પ્રગટતા માનવભાવોમાં અને એમાંથી જગતને મળતા સંદેશ અને સુવાસના આલેખનમાં રસ હતો અને આ દૃષ્ટિએ એમણે અલૌકિકતામાંથી હરણફાળ લગાવીને લોહીમાંસથી ધબકતા માનવોની વચ્ચે પ્રેરણા આપતા તીર્થંકરોને દર્શાવ્યા. એવા પ્રસંગોની ફૂલગૂંથણી કરી કે એમાંથી એમની માનવતાની મહેક પ્રગટ થાય અને વિશ્વ એનાથી ઊર્ધ્વમાર્ગે ગતિ કરે.

રસ્તાની બંને બાજુએ વાડ નહીં, પણ લોખંડી દીવાલો રાખીને ચાલતા રૂઢિગ્રસ્ત સમાજમાં આ એક મહાસાહસ જ કહેવાય. એ રૂઢિગ્રસ્ત સમાજનો હેતુ અહોભાવથી ધર્મનાયકો તરફ જોવાનો હતો, જ્યારે જયભિખ્ખુનો હેતુ એ અહોભાવ સર્જનારાં પરિબળો દર્શાવવાનો હતો. યુવાન જયભિખ્ખુની લેખિનીને પરિણામે યુવા પેઢીને ધાર્મિક ચરિત્રોમાં ઊંડો રસ પડ્યો. વાચકોએ એમાંની વર્તમાન યુગની પ્રેરકતાનો સ્પર્શ અનુભવ્યો. માત્ર જૈન જ નહીં, બલ્કે જૈનેતર - સહુ કોઈને આ ચરિત્રો હોંશે હોંશે વાંચવાની ભાવના જાગી. એ ચરિત્રઆલેખનમાં અહિંસા, સંયમ, અનેકાંતવાદ જેવા સિદ્ધાંતોને એવી રસપ્રદ રીતે ગૂંથ્યા કે વાચકને કલ્પના પણ ન આવે કે આ ઘટના દ્વારા લેખક કોઈ સિદ્ધાંત પ્રગટ કરવાનું પ્રયોજન ધરાવે.

એમની સામે એ પ્રશ્ન ઊભો થયો કે આ ધર્મગ્રંથોમાં મળતી આયુષ્યગણના, દેહની ઊંચાઈ કે જુદા જુદા માપ આજે સ્વીકારી શકાય ખરા ?

જયભિખ્ખુએ નોંધ્યું કે આવી સમયગણના અને કાળગણનાને, પછી તે પ્રાચીન હોય અર્વાચીન, એ બધું વિવેકબુદ્ધિથી ચકાસવાનો પ્રયાસ કરવો જોઈએ. એ કહે છે, 'વળી એટલું યાદ રાખવું જોઈએ કે ધર્મ એ ધર્મ છે. કેટલાક દીવાનાઓ એમાંથી વિમાન, અમુબૉમ્બ કે બીજી સિદ્ધિઓ શોધે છે. તેઓ ભૂલે છે કે ધર્મ એ ભૂગોળ નથી, ખગોળ નથી, ઈતિહાસ કે જ્યોતિષ નથી. ધર્મશાસ્ત્રે એ બધાનો ઉપયોગ કર્યો છે, પણ પોતાની રીતે. ધર્મ એ ધર્મ હોય ને ભૂગોળ ન હોય, ખગોળ ન હોય તો તેમાં કશી શરમ નથી.' (ભગવાન ઋષભદેવ, પ્રથમ આવૃત્તિ, લેખકનું નિવેદન, પૃ. ૧૪).

'જીવનધારા'ના વાચકો જયભિખ્ખુના આ વિચાર વિશે થોડું ચિંતન કરે. ધર્મોમાં સઘળું છુપાયેલું છે એમ માનીને કેટલાક એમાંથી વર્તમાન સમયની ભૂગોળ અને ખગોળને શોધવા પ્રયત્ન કરે છે, કેટલાંક અદ્યતન સંશોધનો સાથે ધર્મની કોઈ પ્રાચીન કથાને જોડીને એ સિદ્ધ કરવા માગે છે કે પ્રાચીનકાળમાં અમારે ત્યાં આ હતું ! અમેરિકાએ તાજેતરમાં અફઘાનિસ્તાન પર માનવરહિત ડ્રોન દ્વારા હુમલાઓ કર્યા, એવા દૂર ફેંકી શકાય એવાં માનવરહિત શસ્ત્રો છેક રામાયણ અને મહાભારત કાળથી પ્રચલિત હતાં, તેમ કોઈ કહે છે. કેટલાક મજાકમાં કહે છે કે હવે ભારતમાં આવનારી બુલેટ ટ્રેનનું બારણું કેટલું મોટું હોય, એ વાત અમારા ઋગ્વેદ કે આગમશાસ્ત્રમાં હજારો વર્ષો પૂર્વે કહેલી છે.

યુવાન સર્જક જયભિખ્ખુનો એ વિચાર મહત્ત્વનો છે કે ભૂગોળ એ ભૂગોળ છે, ખગોળ એ ખગોળ છે અને માનવની સુખ, શાંતિ અને પરમ આધ્યાત્મિક દશા દર્શાવનારો ધર્મ એ ધર્મ છે. ભૂગોળ, ખગોળ, જ્યોતિષ, યુદ્ધકળાને પૂર્ણતયા ધર્મના ગ્રંથોમાંથી દર્શાવવાનો પ્રયત્ન હાસ્યાસ્પદ બને છે. યુવાન લેખક એમ માને છે કે ધર્મનું કાર્ય એક છે અને ભૂગોળ, ખગોળ કે શસ્ત્રવિદ્યા જુદી છે. જેમનાં રસ્તા જ જુદા છે, એમને બળજબરીથી એક સાથે બાંધીને એક રસ્તે ચલાવવાનો અર્થ શો ?

પોતે શા માટે સાહિત્યસર્જન કરે છે ? એ સમયે બે પ્રવાહો ચાલતા હતા. એક કલા ખાતર કલા અને બીજો જીવન ખાતર કલા. કેટલાક એમ માનતા કે કલાને જીવન સાથે કોઈ નિસબત નથી, જ્યારે બીજો પક્ષ એમ માને છે કે કલા જીવન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જ્યારે જયભિખ્ખુએ 'જીવનના આનંદ માટે કલા' એ વિચાર પ્રગટ કર્યો છે, પરંતુ એ આનંદ કેવો ? બાહ્યઆનંદ ? મનનો આનંદ ? ત્યારે લેખક દર્શાવે છે કે, આ આનંદ એ વ્યક્તિના 'આત્મિક ઉત્કર્ષનું સાધન' બનવો જોઈએ. પોતાની આસપાસના સમાજમાંથી સામાજિક કથાઓ લખનાર અને વર્તમાન સમયમાં રાજકારણ વિશે 'રવિવાર' સાપ્તાહિકમાં લેખો લખનાર સર્જક જયભિખ્ખુ પોતાના નવલકથાના વિષય તરીકે વર્તમાન સમયની ઘટનાઓને બદલે ઈતિહાસમાંથી કથાવસ્તુ મેળવે છે. તેઓ માને છે કે ભૂતકાળની ઘટનાઓ વર્તમાન માટે બોધરૂપ બની શકે છે અને તેથી આ ઐતિહાસિક કથાનકો દ્વારા ગઈકાલની ઘટનાઓનાં પરિબળો અને પરિણામો સાથે વર્તમાનની ઘટનાઓનાં પરિબળો અને પરિણામોનું અનુસંધાન સાધે છે.

આખીય વાત ઈતિહાસની લખે છે, પણ એમાં અવાજ આજની પરિસ્થિતિનો હોય છે. કથા રાજપૂત યુગની હોય, પણ એનો ઝોક તો મૂલ્ય માટે માથું આપી દેનારા શૂરવીરોની હોય છે. મુઘલ શહેનશાહ અકબરની નવલકથા હોય તો પણ એમનો હેતુ તો એના દ્વારા સર્વધર્મ પ્રત્યેના પ્રેમને દર્શાવવાનો હોય છે.

આજે ઈતિહાસના અભ્યાસીઓમાં એક સૂત્ર પ્રચલિત છે અને તે છે 'History is every where'. આથી તેઓ આજની સમસ્યાના ઉકેલ માટે ભૂતકાળમાં એ સમસ્યાના ઉકેલ માટે પ્રયોજાયેલાં સાધનો અને ઉપાયોનો વિચાર કરે છે. લેખકનું એક સ્પષ્ટ દર્શન છે, 'ભૂતકાળની

ગમે તેવી મોટી વસ્તુ હોય, પણ તે વર્તમાન કે ભાવિને ન ઘડતી હોય તો એની કશી કિંમત નથી; પછી એ દર્શન હોય, વિદ્યા હોય, શસ્ત્ર હોય કે શાસ્ત્ર હોય. આ કૃતિ આપણા વર્તમાનને ભાવિ વિષે ઘણું માર્ગદર્શન આપે છે. સહૃદય વાચક જરૂર એ શોધી લે !'

અને પછી પ્રાગ્‌ઐતિહાસિક કાળને આલેખતી 'ભગવાન ઋષભદેવ' નવલકથાનો લેખક એમની છટાદાર શૈલીથી પ્રારંભ કરે છે. એ સમયના વાતાવરણને વાચકના ચિત્તમાં ખડું કરે છે અને જેમ ચિત્રકાર પીંછીનો એક એક લસરકો મારે અને આખું ચિત્ર સર્જે, એ રીતે ટૂંકાં ટૂંકાં વાક્યો દ્વારા લેખક પ્રાચીન કથાની સાથોસાથ અર્વાચીન યુગને સંદેશ આપે છે. જેમકે, 'રાજા એટલે કુળવાસીઓનો મોટામાં મોટો સેવક અને રક્ષક... પ્રજાનાં સુખ-દુઃખને એ જવાબદાર. પ્રજાની સમૃદ્ધિનો એ ચોકીદાર... કર્તવ્યની આઠે પહોરે જાગતી વેદી એનું નામ રાજ્યપદ.' ('ભગવાન ઋષભદેવ', પૃ. ૧૮૭)

એ જ રીતે માનવતાના ચાહક જયભિખ્ખુ રાજા ઋષભદેવના મનની એક જ ચિંતાને આલેખતા દર્શાવે છે, 'આ માનવજાતનો ઉદ્ધાર કેમ થાય ? એક જ ભાષા, એક જ ભાવ, એક જ દેશ ને એક જ આચારવિચારવાળા એ કેમ થાય ? સંસ્કૃતિનું સૂત્ર સહુને ઐક્યના ભાવે કેમ બાંધે ? સંસ્કારનાં બંધન સહુને સુખને ઝૂલે કેમ ઝુલાવે ?' ('ભગવાન ઋષભદેવ', પૃ. ૧૩૬)

આ એવો સમય હતો કે જ્યારે માદલપુરના પટેલના માઢમાં રહેતા યુવાન સર્જકને આજીવિકા માટે પ્રબળ સંઘર્ષ ખેલવો પડતો હતો. મુંબઈથી પ્રસિદ્ધ થતા 'રવિવાર' સાપ્તાહિકમાં દર અઠવાડિયે જે લેખ પ્રગટ થતો, એનો પુરસ્કાર એ ઘરખર્ચનો મુખ્ય આધાર હતો. રેડિયોમાં વાર્તા લખવાનો પંદર રૂપિયાનો પુરસ્કાર મોટા સધિયારારૂપે બનતો. આ સમયે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શ્રી ગોવિંદભાઈ શાહ સાથે સંબંધ થતાં એમણે આ યુવાન સર્જકને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત થનારા મહત્ત્વના લેખકોનાં પ્રૂફ જોવા વિનંતી કરી અને એ પ્રૂફવાચનની રકમ મળવા લાગી.

સૌરાષ્ટ્રની આતિથ્યની ભાવના અને અમદાવાદમાં સઘળી આરોગ્યસુવિધાઓ મળતી હોવાથી સૌરાષ્ટ્રમાંથી બીમાર સ્વજનો સારવાર અર્થે અહીં આવતા, ક્યારેક આર્થિક ભીંસ વધી જતી. મસ્ત મિજાજથી જીવવા ટેવાયેલા આ સર્જક ગરીબી બતાવવાની તો ક્યાંથી પસંદ કરે ? એથીય વિશેષ કોઈને માટે ખર્ચો કરવાનો આવે ત્યારે એ સૌથી પહેલાં ઉમળકાભેર મદદ કરે. ક્યારેક ખર્ચ અત્યંત વધી જતાં પોતાના મિત્ર અંબાલાલભાઈ પાસેથી એકસો રૂપિયા ઉછીના લાવતા આ સમયે એમનાં પત્ની જયાબહેન કહેતા, 'આવી પરિસ્થિતિ છે, તો મારો એકાદ દાગીનો વેચી નાખીએ.'

આ યુવાન લેખકને ખબર નહોતી કે એમના ઘરમાં કેટલા ઘરેણાં છે ! શ્વશુર પક્ષ તરફથી શું મળેલું છે, એ તરફ નજર પણ કરી નહોતી અને એ બાબતમાં રસ પણ નહોતો. આમ છતાં આ આર્થિક વિટંબણા જોઈને પત્ની જયાબહેન અતિ આગ્રહ કરે, તો હસતાં હસતાં કહે, 'અરે તને ક્યાં ખબર છે, આ સ્ત્રી-ધન કહેવાય, મારાથી તે ન લેવાય.'

એ સમયે ધાર્યું હોત તો એમણે 'ભગવાન ઋષભદેવ', 'ચક્રવર્તી ભરતદેવ' કે 'ભરત બાહુબલિ' કોઈ શ્રેષ્ઠિને અર્પણ કરીને સારી એવી રકમ પ્રાપ્ત કરી હોત. જયભિખ્ખુએ પોતાની પહેલી નવલકથા 'ભાગ્યનિર્માણ' પિતાને અર્પણ કરી હતી, પરંતુ એ પછી વધુ કસાયેલી કલમે લખાયેલી નવલકથા 'ભગવાન ઋષભદેવ' પણ એમના ચરણે અર્પણ કરી. વિ.સં. ૨૦૦૩ની ગુરુપૂર્ણિમાને દિવસે એટલે કે ઈ.સ. ૧૯૪૭માં 'ભગવાન ઋષભદેવ' પ્રગટ થઈ, તો વિ.સં. ૨૦૦૯ની દ્વી વૈશાખી પૂર્ણિમાએ એટલે કે ઈ.સ. ૧૯૫૩માં 'ચક્રવર્તી ભરતદેવ' પ્રગટ કરી અને ઈ.સ. ૧૯૫૮માં 'ભરત-બાહુબલિ' (રાજવિદ્રોહ) પ્રગટ થયું.

આમ પાંચ-છ વર્ષના ગાળા બાદ બીજી નવલકથા પ્રગટ થાય છે કે એનું કારણ જ એ કે સાપ્તાહિકોમાં લખવું અનિવાર્ય હતું અને જીવન બસર કરવાનો એ મુખ્ય આધાર હતો. એ સમયે કોઈ શ્રેષ્ઠીને નવલકથા અર્પણ કરીને સારી એવી રકમ મેળવાતી હતી. કેટલાક તો એમનાં પુસ્તકોનો સોળ પાનાંનો આગળનો ફરમો જ આવા દાનવીરોની તસવીરોથી ભરી દેતા હતા. જેમાં 'દાનેશ્વરી' પતિ-પત્નીનું નામ હોય અને નીચે બે પંક્તિમાં એમની પ્રશસ્તિ કરવામાં આવી હોય.

જયભિખ્ખુ નોંધે છે કે ઘણી વાર અર્પણ પત્રિકા એ અર્થપત્રિકા બનતી હોય છે. એમનું સ્પષ્ટ માનવું હતું, 'પોતાના આત્મામાંથી જન્મેલી કૃતિ તો આત્મીયજન વા ગુણશાળી અધિકારી જનને જ અર્પણ કરવી જોઈએ અને તે નિઃસ્વાર્થ ભાવે.' આથી 'ચક્રવર્તી ભરતદેવ' શ્રી કસ્તૂરભાઈ લાલભાઈને અર્પણ કરતાં જયભિખ્ખુ સ્પષ્ટતા કરે છે કે 'રાણકપુર અને ગિરિરાજ આબુ પરનાં દેલવાડાનાં મંદિરોનો કરેલો જીર્ણોદ્ધાર જોઈને એમનું મન અત્યંત પ્રસન્ન થઈ ગયું, જૂનાં સદ્‌-અંશોને રક્ષવાની કાળજી અને નવી કારીગરીને એમાં આમેજ કરવાની આવડત અપૂર્વ લાગી, શિલ્પવિજ્ઞાન અને કલાસૌંદર્ય ભરી કોઈ આંખ એના પર સતત પહેરો રાખી રહેલી મને જણાઈ' અને તેથી એ શ્રેયના સર્વપ્રથમ અધિકારી એવા શ્રી કસ્તૂરભાઈ લાલભાઈને આ કૃતિ અર્પણ કરતાં જયભિખ્ખુ નોંધે છે. 'એમની જીર્ણોદ્ધાર વિશેની ઝીણવટભરી દૃષ્ટિ, પ્રાચીન કળા વિશેનો ખ્યાલ ને તીર્થરક્ષાની તમન્ના - આ સર્વેએ મારું મન આકર્ષ્યું છે, એ અદ્યતન છતાં પુરાતન દૃષ્ટિએ મારા મને પ્રશંસી છે : ને એ કારણે આ પુસ્તક તેઓશ્રીને વગર રજાએ અર્પણ કર્યું છે.'

નોંધપાત્ર બાબત એ છે કે આ પૂર્વે સર્જક જયભિખ્ખુ શ્રી કસ્તુરભાઈ લાલભાઈને ક્યારેય મળ્યા નહોતા અને માત્ર એમની કલાપ્રિયતાને જોઈને એમણે આ પુસ્તક અર્પણ કર્યું. 'ચક્રવર્તી ભરતદેવ' પુસ્તકને મુંબઈના અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી સુવર્ણચંદ્રક અર્પણ થયો અને મુંબઈમાં પ્રસિદ્ધ કવિ, વાર્તાકાર અને વિવેચક રામનારાયણ પાઠકની ઉપસ્થિતિમાં એક સમારંભ યોજાયો. આ નવલત્રયીથી સર્જક જયભિખ્ખુએ જૈનસાહિત્યના કથાવસ્તુઓને એક નવો ઉઘાડ આપ્યો અને એ પ્રાચીન કથાઓમાં પ્રાણ પૂરીને અર્વાચીન સંદર્ભ પ્રગટાવ્યો.

(ક્રમશઃ)

(૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭)

વિશ્વના મુખ્ય ધર્મોમાં જગત કર્તૃત્વ-વિનાશ મિમાંસા :

❑ ડૉ. હંસા એસ. શાહ

(એપ્રિલ-૨૦૧૨ અંકથી આગળ)

તાઓઈઝમ :

વિશ્વ રચનાની બાબતમાં તાઓવાદીઓ માને છે કે આ સૃષ્ટિનો જન્મ થયો તે પહેલાં 'કશું' હતું. આ 'કશું' એટલે ? આકારવિહીન, નિર્મળ, એકાંકી, અનંત અને શાશ્વત. જેને નામ ન આપી શકાય. આવું શું હોઈ શકે ? ઈશ્વર ? પણ તાઓ કહે છે કે તાઓ એટલે ઈશ્વર નહિ જ. તે શૂન્યાવકાશ, એકાંકી ન બદલી શકાય. અનંત શાશ્વત તે વિશ્વની માતા છે. બીજું કોઈ યોગ્ય નામ ન હોવાથી 'તાઓ' કહેવાય છે. જે આપણા બધામાં વહે છે. અંદર અને બહાર અને પછી જ્યાં બધી જ વસ્તુઓ પાછી ફરે છે ત્યાં પાછું ફરે છે. ('તાઓ-ઝેન-કન્ફ્યુશિયસ' લે. ડૉ. પ્રદીપ પંડ્યા. ૨૫).

તાઓને વિશ્વની ઉત્પત્તિનું મૂળ કહેવામાં આવે છે. તેનામાંથી દરેક જીવ કે વસ્તુ આવે છે અને તેમાં સમાય છે. (તાઓ-૬).

તેઓ એમ પણ માને છે કે અંધકારમાંથી જ વિશ્વનો જન્મ થયો છે. સૌ પ્રથમ અંધકાર જ હતો અને એક પ્રકાશનું કિરણ આવ્યું અને બીગબેંગ અને પૃથ્વી અને સમગ્ર વિશ્વનો જન્મ થયો. (તાઓ-૧) વિશ્વની તમામ બાબત એક બીજા પર આધાર રાખે છે. કદાચ ઈશ્વરથી પણ પ્રાચીન અવકાશ અંધકારમાં જ હતું. સ્વર્ગ પૃથ્વીની પહેલાં હતું. બધા જ અનંતોની પૂર્વ હતું. સ્વર્ગ ઉપર છે પણ તે ઊંચું નથી. તે પાતાળની નીચે છે પણ તે નીચું નથી. તે પૃથ્વીની પહેલાં હતું, પણ પ્રાચીન નથી.

'પેન્ગુ' નામની બીજી આખ્યાયિકા અનુસાર પ્રકૃતિની અમૂર્ત સ્થિતિમાં અંધાધૂંધી ફેલાઈ. પછી બધું મળીને એક જૂથ થઈ વિશ્વનું ઈંડું તૈયાર થયું. પેન્ગુ જાગ્યો (ઊભો થયો). એણે વિશાલ કુહાડીનો પ્રહાર 'યેન' (આકાશ)ને માર્યો. જેમાંથી 'યીન' (પૃથ્વી) જુદી પડી. જે કાળી અને અંધકારવાળી હતી. 'યેન' અને 'યીન'ને જુદા રાખવા 'પેન્ગુ' તેમની વચ્ચે ઊભો રહી 'યેન' (આકાશ)ને ઉપર તરફ ખેંચવા લાગ્યો. પેન્ગુના મૃત્યુ પછી એ બધું જ બની ગયો.

'પેન્ગુ'ના મરણ પછી એ બધું જ બની ગયો. આ વાક્યના અર્થથી આપણને જગતના વિકાસની બરાબર માહિતી મળતી નથી, અથવા તો આપણે એમ સમજવું પડે કે એ જ પૃથ્વીનો વિકાસ છે.

વિશ્વના વિનાશ બાબત પેન્ગુની આખ્યાયિકા કહે છે કે–

૧. 'યેન' એટલે આકાશ તરફથી આવતો પ્રવાહ બલહીન અથવા પૂર્ણપણે આવતો બંધ થશે અથવા તો નાટકીય રીતે તેમાં ઉછાળો આવશે.
૨. તેથી કરીને 'યેન' ને 'યીન' વચ્ચેનું જરૂરિયાત પૂરતું સમતોલપણું–શક્તિ ગુમાવશે.
૩. જેથી બધી જ વસ્તુઓનો નાશ થશે.
૪. યીનની ક્રાંતિ પછી ૩૬૦૦ વર્ષે–એટલે કે સ્વર્ગની દિવ્યતામાં ક્રાંતિ આવશે.
૫. યીનની ક્રાંતિ પછી ૩૬૦૦ વર્ષે 'યીન' એટલે કે દુન્યવી પાર્થિવ ક્રાંતિ આવશે.
૬. આમ આ વિનાશથી નાના ચક્રનો અંત આવશે.
૭. જ્યારે મોટા ચક્રનો અંત યીનની ક્રાંતિ પછી ૯૯૦૦ વર્ષે સ્વર્ગ એટલે દિવ્યની ક્રાંતિ થશે એટલે આકાશમાં ક્રાંતિ થશે.
૮. ૯૩૦૦ વર્ષ પછી પાર્થિવ દુન્યવી ક્રાંતિ થશે અને પછી દુનિયા તથા તેના નિયમો નાશ પામશે.
૯. ઉપર જણાવેલ દુનિયાની શરૂઆત થશે ત્યારે તે ધર્મગ્રંથમાં દેખા દેશે. તે નવા યુગનું સૂચન કરશે કે જ્યારે તારાઓ થોભી તેનો રસ્તો બદલશે ત્યારે પૃથ્વીની નવી રચનાની શરૂઆત થશે.

આમ તાઓઈઝમ પણ માને છે કે સૃષ્ટિની રચના ઈશ્વર નહિ પણ બીગબેંગથી થઈ અને નાશ પણ કુદરતી રીતે જ થશે. આમ ફરી જગતનો વિકાસ થશે. ટૂંકમાં બધું કુદરતી રીતે જ થશે.

હીબ્રુ બાઈબલ :

જ્યુયીશ અને ક્રિશ્ચિયન લોકો માને છે કે ઈશ્વરે જગતની (પૃથ્વીની) રચના કરી. એમાં જીવન પણ એમણે જ આપ્યું. પૃથ્વી સિવાય બાકીના જગતની રચના તેમણે એક સરખા કામથી જ કરી છે. 'જેનેસીસ' નામના ધર્મપુસ્તકના પહેલા બે પાઠમાં વર્ણવ્યું છે કે સ્વર્ગ અને પૃથ્વી (એલાહીમ અને યુહવહ)ની રચના તેણે (ઈશ્વરે) છ દિવસમાં સફળતાપૂર્વક કરી છે તે નીચે પ્રમાણે-

૧. પહેલા દિવસે ઈશ્વરે આજ્ઞા આપી કે 'પ્રકાશ આવી જા' (પહેલો કમાન્ડ). અને આમ લાઈટની વ્યવસ્થા થઈ. અંધકારમાંથી પ્રકાશને જુદું કર્યું. તેને 'દિવસ અને રાત્રિ' નામ આપ્યું. (જેને ૧:૩).
૨. બીજા દિવસે તેમણે આકાશની રચના કરી. (બીજો કમાન્ડ). (જેને ૧:૬).
૩. ત્રીજા દિવસે ઈશ્વરે (ત્રીજો કમાન્ડ) પાણી ધરતી પરથી ભેગું કરી એક જગ્યા પર સાથે મૂક્યું અને તેથી સૂકો પ્રદેશ એટલે 'પૃથ્વી' અને 'પાણી' સાગર દેખાવા લાગ્યા. (જેને: ૧:૯), ઈશ્વરે (ચોથો કમાન્ડ) પૃથ્વીને આજ્ઞા કરી કે તું ઘાસ, વનસ્પતિ અને ફળો આપતા ઝાડોનું નિર્માણ કર.
૪. ચોથા દિવસે (પાંચમો કમાન્ડ) ઈશ્વરે આકાશને આજ્ઞા કરી કે આકાશના અંધારામાંથી પ્રકાશને જુદો કરી દિવસો, ઋતુઓ અને વર્ષની નિશાનીઓ બનાવ. (જેન:૧:૧૪-૧૫).
૫. પાંચમા દિવસે (છઠ્ઠો કમાન્ડ) સાગરને આજ્ઞા આપી કે 'પ્રાણી જીવની મંડળી બનાવ અને પક્ષીઓ સ્વર્ગના દરવાજા સુધી ઊડી શકે એમ ગોઠવણ કર. ઈશ્વરે પક્ષીઓ અને દરિયાના પ્રાણીઓની રચના કરી. તેઓને પણ આજ્ઞા કરી કે ફળદ્રુપ થાઓ અને અનેકગણી ઓલાદ ભેગી કરો.
૬. છઠ્ઠા દિવસે (સાતમો કમાન્ડ) જમીનને ઈશ્વરે આજ્ઞા કરી કે બધા પ્રાણીઓને લાવો. ઈશ્વરે જંગલી, ચોપગા જીવિત જનાવરોનો ઢગલો કર્યો, બધી જ વસ્તુઓ પૃથ્વી પર પ્રસરાવી.' (જેને:૧:૨૪-૨૫). એ પછી ઈશ્વરે તેમની કલ્પના પ્રમાણે ગમતા માણસો બનાવ્યા. (આઠમો કમાન્ડ). (જેને:૧:૨૬-૨૮). માણસોને પણ આજ્ઞા કરી કે ફળદ્રુપ બનો. અને અનેક ગણી ઓલાદ પેદા કરો, તેનાથી પૃથ્વીને ભરી દ્યો, તાબે-વશ કરો.'

ઈશ્વરે આખરે (સરવાળે) આખી રચનાને ખૂબ જ સંતોષપૂર્વક અને માયાળુ વર્ણવી છે એમ માન્યું.

૭. સાતમા દિવસે, ઈશ્વરે પૃથ્વી અને સ્વર્ગની રચનાને પૂર્ણ કરી, પોતાના કામમાંથી મુક્તિ મેળવી, આરામ કર્યો ને આશીર્વાદ તથા પવિત્રતા સાતમે દિવસે બક્ષ્યા. (જેને:૨:૨).

જગતની રચનાની શરૂઆત તેઓ ૩૬૧૫ બી.સી.થી માને છે. તેઓ એ પણ માને છે કે ઈશ્વરે આદમને બનાવ્યો અને તેમાંથી માનવોની ઉત્પત્તિ થઈ. (જેને:૧:૨૭), પણ કઈ પદ્ધતિથી આદમને બનાવ્યો તેનું વર્ણન નથી કર્યું. પણ જેને:૨:૭ માં વર્ણવે છે કે આદમને જમીનની ધૂળ અથવા માટીમાંથી બનાવ્યો. કેટલાક માને છે કે આદમને 'કાદવ-કીચડ'માંથી બનાવ્યો છે.

પૃથ્વીના આયુષ્યની બાબતમાં જ્યુઈશ (યહુદી) અને ક્રિશ્ચિયન બંને માને છે કે તે દશ હજાર વર્ષથી ઓછું છે. જ્યારે આખા વિશ્વનું આયુષ્ય પણ તેઓ દશ હજાર વર્ષથી ઓછું માને છે.

જ્યુઈશ (યહુદી) પરંપરા પ્રમાણે પૃથ્વીનો અંત તેઓ નીચે મુજબ માને છે-

૧. છૂટા પડી ગયેલા અને ભેગા થયેલા યવનોને ભૌગોલિક રીતે દેશવટો ઈઝરાયલમાંથી આપશે.

૨. ઈઝરાયલના એકેએક શત્રુઓને હરાવશે.

૩. જેરુસલેમમાં યવનોનું ત્રીજું મંદિર બાંધશે ને યજ્ઞમાં બલિની ફરી શરૂઆત કરશે.

૪. મરેલાંઓને ફરીથી જીવન આપી, કયામતને દિવસે બધાંને ભેગા કરશે.

૫. યહુદીઓના તારણહાર ઈશુનો ક્યારેક એક સમયે ઈઝરાયલમાં રાજ્યારોહણ થશે.

૬. તે યહુદીઓને ઈઝરાયલમાં તેમની જ જાતિના લોકોથી જુદા કરશે.

૭. આ વખતે 'ગોગ' શહેરમાં 'માગોગ' રાજા ઈઝરાયલ પર ચઢાઈ કરશે.

૮. 'માગોગ' બહુ મોટી લડાઈ કરશે, તેમાં બંને બાજુથી લોકો મરી જશે. પણ ઈશ્વર વચ્ચે પડશે. યહુદીઓને બચાવશે. આ લડાઈ 'આરમાગેર્ગન' ના નામથી ઓળખાશે.

૯. ઈશ્વર એક વખતમાં જ બધા દુશ્મનોનો નાશ કરશે. અને બધી જ દુષ્ટતાનો (પાપોનો) માનવના અસ્તિત્વમાંથી નાશ કરશે.

૧૦. ૬૦૦૦ વર્ષ પછી (યહુદી કેલેન્ડર પ્રમાણે) સાતમા હજારના યુગમાં પવિત્રતા, શાંતિ, આધ્યાત્મિક જીવન વિ. જગતમાં સ્થપાશે. તેને (ઓબામહામા) 'વિષયનું જગત' કહેવાશે. જ્યાં બધા જ લોકો ઈશ્વરને સીધા જાણશે.

આમ હિબ્રુ બાઈબલ પણ માને છે કે ઈશ્વર વિશ્વના કર્તા, હર્તા છે.

ક્રિશ્ચિયાનીટી :

ક્રિશ્ચિયન નિયમાનુસાર તેઓ બધા જ માને છે કે (રોમન, કેથલીક, ઓર્થોડૉક્સ અને પ્રોટેસ્ટન્ટ) ઈશ્વરે શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન કર્યું છે. માનવોને તેમની કલ્પના પ્રમાણે બનાવ્યા છે. 'ચેસેડોનિઅન' ક્રિસ્ટિયોલોજી પ્રમાણે 'જિસસ' એ ભગવાનનો શબ્દ છે. ભગવાન એ જ શરૂઆત હતી તેથી તે અસર્જનાત્મક હતું અને છતાં પણ ઈશ્વર માને છે. તેથી વિશ્વ રચનાકાર સમાન માનવામાં આવે છે. 'એક્સ નીહિ લો !'

ન્યુ ટેસ્ટામેન્ટ અનુસાર 'ઈશ્વરે જ બધું બનાવ્યું છે. તે અવિનાશી છે. જિસસ ક્રિસ્ત એ તેમનો પ્રેમાળ દીકરો છે. તેના માટે જ બધી વસ્તુઓ એટલે કે સ્વર્ગ અને પૃથ્વી કરી. બધી વસ્તુઓ તેના દ્વારા જ રચિત કરી. તેના માટે જ કરી. બધા જ પદાર્થો (વસ્તુઓ)ની આગળ તે છે અને તે જ બધું પકડી રાખે છે.' (એલ ડી એસ માર્ગ-૧૯૯૭-૧૧).

મેર્મોન :

મેર્મોન પંથ ક્રિશ્ચિયનમાંથી જુદો પડેલો છે. મેર્મોન પંથ રચનાર જૉસેફ સ્મીથ જુનિયર છે. જેણે મૂળ બાઈબલમાં આપેલી વિશ્વ રચનામાંથી મેર્મોનમાં આપેલી વિશ્વ રચનાના બીજ તારવ્યા છે. મેર્મોન વિશ્વ રચના પ્રમાણે જીવન પહેલેથી હતું જ. વિશ્વના અસ્તિત્વ દરમિયાન જ, કહેવાય છે કે બે યોજનાઓ પ્રકટ થઈ છે. એકનો હિમાયતી લ્યુસીફર (શેતાન) છે. તે નૈતિકતાનો હ્રાસ કરવાની કામગીરીમાં શામેલ છે. અને બીજી યોજનાનો હિમાયતી 'ફાધર-ઈશ્વર' પોતે જ છે.

કહેવાય છે કે લ્યુસીફરે વિચારેલું કામ સ્વીકારવામાં ન આવ્યું. તેથી તેણે બળવો પોકાર્યો અને તેણે સ્વર્ગના ત્રીજા યજમાન 'લાલચ'ને પૃથ્વી પર લાવી લોકમાં લાલચની સેવા બજાવવાનું કામ શરૂ કર્યું. આમ તે લોકોને લાલચ બક્ષે છે.

મેર્મોનની માન્યતા પ્રમાણે પૃથ્વીની રચના `ex nihilo' પ્રમાણે નથી. પણ પહેલેથી જ અસ્તિત્વમાં રહેલા પદાર્થોની બનેલી છે. આ પૃથ્વી બીજા અસ્તિત્વમાં રહેલા વિશ્વોમાંનું અવકાશમાં એક નિવાસસ્થાન જ છે. અને ઘણાં સ્વર્ગીય દેવોની સત્તાથી આ વિશ્વનો કારભાર ચાલે છે. એમાં ગ્રહો અને તારાઓનો પણ સમાવેશ સાથે જ છે.

કેટલાક મેર્મોનના કહેવા પ્રમાણે ઈશ્વર-ફાધર પોતે જ એક વખત માનવ હતા. અને તેઓ તેમનાથી ઊંચા એવા ભગવાનની સાથે ગ્રહમાં રહેતા હતા.

કેટલાક ક્રિશ્ચિયનો માને છે કે જિસસ જરૂર પાછા આવશે. કારણ, તેમણે તેના અનુયાયીઓને કહ્યું હતું કે તમે બધો જ વખત સાવધ અને તૈયાર રહેજો.

પૃથ્વીના અંત સમયમાં તેઓ માને છે કે ત્યારે સૂર્ય, ચંદ્ર, તારાઓ વિશિષ્ટ સૂચક લક્ષણો બતાવશે. પૃથ્વી પરના દેશોમાં સંકટ આવશે. લોકો મૂંઝવણ, અકળામણ અનુભવશે. હવા ભયંકર રૂપ ધારણ કરશે ને દરિયો પણ હિલોરા લેશે. બીકથી માનવ હૃદય ફફડાટ અનુભવશે. ત્યારે તેઓ આશાથી અવકાશમાં જોશે કે ત્યાંથી શું આવી રહ્યું છે. સ્વર્ગીય શક્તિ ધ્રુજવા માંડશે. ત્યારે તેઓ જોશે કે માનવનો દીકરો વાદળ પર બેસીને શક્તિ અને દિવ્ય આનંદ લઈને આવી રહ્યો છે.

અંતના દિવસો માટે 'મેથ્યુ'નું ગોસ્પેલ પાઠ-૨૪. વર્ગ ૩૬ નિર્દેશ કરે છે કે ક્રિસ્ટના લખાણાના શબ્દો એ કહે છે કે, પણ તે દિવસ અને કલાકને કોઈ જાણતું નથી. સ્વર્ગના દેવતાઓ પણ નહીં. 'સન' (ઈશુ) પણ નહીં. પણ ફાધર પિતા' એકલા જાણે છે. (આર.એસવી ભાષાંતર).

જે કેટલાક લોકો બાઈબલના શબ્દોના જ અર્થઘટનમાં માને છે. તેઓ દબાણપૂર્વક કહે છે જિસસે પહેલાંથી જ ભાખીને જે નિશાનીઓ (ઉપર દર્શાવેલ) નો નિર્દેશ કર્યો છે તે અંતના દિવસો નજીકમાં આવતા ધરતીકંપ થશે. કુદરતી આફતો આવશે. લોકો મુસીબતમાં ફસાશે. લડાઈ થશે અથવા લડાઈના સંકેતો તથા બીજા સંકટો આવશે. અંત બરાબર તે જ ટાઈમે આવશે, 'રાત્રીના ચોરની જેમ.' (થેસાનોલીઅન્સ, ૧-૫૧૨).

આમ તેઓ પણ ઈશ્વર કતૃત્વ પૃથ્વીની રચનાને માને છે. તેમજ અંત

કુદરતી આફતોના સંકેતથી આવશે, એમ માને છે.

ઈસ્લામ ધર્મ :

ઈશ્વર એ, જેણે આકાશ અને પૃથ્વી નિર્માણ કર્યા; અને આકાશમાંથી પાણી ઊતાર્યું; પછી તે વડે તમારા માટે ફળ ઊગાડ્યાં; અને નૌકાઓ તમારે હવાલે કરી. એની આજ્ઞાથી તે સમુદ્ર પર ચાલે, નદીઓને તમારી સેવામાં લગાડી. એણે પોતાની કૃપાથી તમારા માટે રાત-દિવસ બનાવ્યા. તે ઇચ્છે તેને બુદ્ધિ આપે છે. ઈશ્વરે પૃથ્વીને વસવા યોગ્ય બનાવી. વચ્ચે વચ્ચે નદીઓ બનાવી, તેને સ્થિર રાખવા માટે પર્વત બનાવ્યા. બે સમુદ્રો વચ્ચે હદ બાંધી. તે તમને ભૂમિ અને સમુદ્રના અંધારામાં વાટ બતાવે છે. તે પોતાની કૃપાદૃષ્ટિ પહેલાં તેની આનંદભરી આગાહી આપનાર વાયુ મોકલે છે. તે જ આકાશમાંથી અને ભૂમિમાંથી આજીવિકા આપે છે. (કુરાન ૨૭:૬૦–૬૪).

તે દેવદૂતોને પોતાના સંદેશ વાહક બનાવે છે. બબ્બે-બબ્બે, ત્રણ-ત્રણ અને ચાર-ચાર પાંખવાળા દેવદૂતો તે સૃષ્ટિમાં ઈચ્છે તેને અધિક આપે છે. તે બધું કરવાને સમર્થ છે, તેમાં બિલકુલ શક નથી. (કુરાનઃ ૩૫:૧).

પૃથ્વીના વિકાસ કર્તા, 'નિઃસંદેહ ઈશ્વર બીજ અને ગોટલી તોડે છે. (અને તેમાંથી અંકુર કાઢે છે). મરેલામાંથી જીવતાને કાઢે છે, અને તે જ જીવતામાંથી મરેલાને કાઢનારો છે. આ છે ઈશ્વર.

ઉષાકાળની લાલીમાનો નિર્માતા તે છે. તેણે વિશ્રાંતિ માટે રાત બનાવી. અને કાળ ગણના માટે સૂર્ય-ચંદ્ર બનાવ્યા. આ તે સર્વજિત, સર્વજ્ઞની સુયોજિત રચના છે. તેણે તારા બનાવ્યા. જમીન અને સમુદ્ર પર અંધારામાં તમને માર્ગ સૂજે તે માટે. તેણે જ માણસોને એક જીવમાંથી ઉત્પન્ન કર્યા. (૬:૯૫–૯૯).

ઈશ્વરે બે દિવસમાં ભૂમિ નિર્માણ કરી. ભૂમિ પર પર્વત બનાવ્યા. તેમાં આશીર્વાદ મૂક્યો. અન્ન આપવાની પ્રમાણબદ્ધ શક્તિ નક્કી કરી. આ ચાર દિવસમાં કર્યું. આકાશમાં ધૂમાડો જ ધૂમાડો હતો. તેણે ભૂમિ અને આકાશ બંનેને તેમની પાસે આવવાની આજ્ઞા કરી. બંને આનંદથી તેમની પાસે આવ્યા. બે દિવસમાં તેણે સાત આકાશ બનાવ્યા. પ્રત્યેક આકાશમાં પોતાની આજ્ઞાનો સંચાર કર્યો. નજીકના આકાશને દીવાઓથી સજાવ્યું, સુરક્ષિત કર્યું. ભૂમિ અને આકાશ એની આજ્ઞાથી કાયમ છે. (૩૦:૨૦–૨૫).

કુરાને શરીફના ઉપદેશમાં તેમને કહેવામાં આવ્યું છે કે, જગતની રચના ઈશ્વર-અલ્લાહે પૃથ્વીના વાતાવરણ અને માણસો સાથે કરી છે.

જગતના વિકાસ માટે કુરાનમાં આ શબ્દોથી વર્ણવ્યું છે કે, અમારી શક્તિથી અમે સ્વર્ગ બાંધ્યું છે, અને હજી અમે અવિરતપણે તેને વધારી જ રહ્યા છીએ.' (કુરાનઃ ૫૭:૪૭).

જગનતા અંત માટે ઈસ્લામિક ચંદ્ર કૅલેન્ડર જણાવે છે કે તેનો અંત ૧૭૫૦ એ.એચ.માં આવશે.

જ્યારે તેમના સૂર્ય કેલેન્ડર પ્રમાણે જગતનો અંત ૨૨૮૦ એ.ડી. માં આવશે.

કુરાન જગતના અંત માટેનું રહસ્ય ખુલ્લું પાડતા નીચે પ્રમાણે જણાવે છે કે–

૧. ચંદ્રમાના ટુકડા થશે. 'જેમ જેમ વખત જશે તેમ તેમ ચંદ્રમાના ટુકડા થતા જશે. (૫૪:૧).

૨. એ ખરા વખતે અમે એક પ્રાણીની રચના કરશું, કે જે પૃથ્વીની વસ્તુઓમાંથી બનાવ્યું હશે. અને જાહેર કરશું કે લોકોને નવાઈ પમાડે તેવું કાંઈ જ નથી. (૨૭:૮૨).

૩. સગવડતા પ્રમાણે ઈશ્વરનો દૂત દેખાશે. ઈશ્વરે પયગંબર (એટલે ભવિષ્યની આગાહી કરનાર) પાસેથી કરાર લીધો અને કહ્યું કે, 'હું તમને પવિત્ર ધર્મગ્રંથ અને દૂરંદેશીપણું (ડહાપણ. ચતુરાઈ, શાણપણ) આપીશ. પછી દૂત આવીને અસ્તિત્વમાં રહેલા બધા ધર્મગ્રંથોને (બહાલી) મંજૂર કરીશ. તમે તેને માનશો અને મદદ કરશો.' દૂત કહેશે, 'તમે આમાં સંમત છો ?' અને 'તમે વચન આપશો કે આ કુરાનને અદા કરશો (અમલ કરશો') તમે કહેશો, 'અમે સંમત છીએ.' તે કહેશે, 'તમે સાક્ષી તરીકે ઊભા રહેશો ?' અને 'હું તમારી સાથે સાક્ષી તરીકે તેને ધારણ કરીશ.' (૩:૮૧).

૩. તેથી કરીને રાહ જુઓ, જ્યારે આકાશ ખૂબ જ ધુમાડાઓથી ભરાશે.' (૪૪:૧૦). કિયામત નજદીક જાહેર થશે. તે પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાશે અને ચાલીશ દિવસ સુધી રહેશે.

ઈસ્લામ ધર્મ પણ માને છે કે ઈશ્વરે રચેલી પૃથ્વીનો વિકાસ અને વિનાશ પણ તે જ લાવશે.

આમ ઉપર જણાવેલ વર્ણન પરથી આપણે જોઈએ છીએ કે જગતકર્તા ઈશ્વર છે. અર્થાત્ સૃષ્ટિ ઈશ્વરે બનાવેલી છે. આ વાતનો સ્વીકાર કરવાવાળા વેદમતાનુયાયી, ન્યાયાયિક, વૈશેષિક, શાકત, શૈવ, વૈષ્ણવ, મુસ્લિમ, ઈસાઈ (ક્રિશ્ચિયન), જરથોસ્તી, હિબ્રુ, તાઓવાદી, વગેરે છે.

જ્યારે જૈન, બૌદ્ધતાઓ અને પ્રાચીન સાંખ્યકાર ઈત્યાદિ. સૃષ્ટિના કર્તાને નથી માનતા.

જગત કર્તૃત્વ–વિનાશ મિમાંસા

સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં કોઈ ઈશ્વરવાદી કહે છે કેઃ 'જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ કેવળ બ્રહ્મ જ છે, 'તો બીજા કહે છે કે ઈશ્વર નિમિત્ત કારણ છે, પરંતુ ઉપાદાન કારણ પ્રકૃતિ છે. ત્રીજા કહે છે કે દૃશ્યાદૃશ્ય બધા જ પદાર્થ ઈશ્વર રચિત છે. અન્ય બીજાઓ કહે છે કે ઈશ્વર, જીવ અને પ્રકૃતિ એ ત્રણ અનાદિ છે અને અકૃત્વજન્ય છે, કેટલાક તો જીવને સાદિ સાન્ત, તો કોઈ અનાદિ અનંત, વગેરે. ઈશ્વર વાદિયોમાં જગત કતૃત્વના વિષય પર અનેક મતભેદો પ્રવર્તે છે. પરંતુ ઇશ્વર, જીવ, પ્રકૃતિ અને પદાર્થને અનાદિ અને અકર્તૃત્વજન્ય માનવાથી સંસાર સ્વતઃ અનાદિ અને અકર્તૃત્વજન્ય સિદ્ધ થઈ જ ગયું. સંસારને અનાદિ માનીને ફરી પાછું એને કર્તા માનવું અને કર્તા માનીને ફરી સંસારને અનાદિ કહેવું, એ પ્રત્યક્ષમાં જ વિરોધાભાસ જણાય છે. જૈન દર્શનનું માનવું યુક્તિ અને પ્રમાણયુક્ત હોવાથી સત્ય લાગે છે, અને ઈશ્વરવાદિઓ પણ આમતેમ ઘુમાવી, ઘુમાવીને એટલે કે જગતકર્તા ઈશ્વરને માનીને પણ અંતે તો તેમને એ જ કહેવું પડે છે કે સૃષ્ટિ અનાદિ છે.

ઈશ્વરવાદિ મહાશયોનું એવું પણ કહેવાનું છે કે 'બધા જ પદાર્થોના બનાવવાળા, હું ઈશ્વર છું' એવું અમારા ધર્મગ્રન્થોમાં ઈશ્વરે કહેલું છે અને અમારા ધર્મગ્રન્થો ઈશ્વર પ્રણિત હોવાને કારણે શ્રદ્ધા કરવા યોગ્ય છે. આવો બધા જ ઈશ્વરવાદીઓનો મત છે. જેવા કે, ઈસાઈ મહાશયો ઈશુખ્રિસ્તના માર્ગને જ સાચો માને છે અને કહે છે કે, 'બાઈબલ ઈશ્વરનો પવિત્ર ગ્રન્થ છે એટલે એમાં કહેલી વાતો સત્ય જ છે. બાકી બધું જૂઠ છે. ખોટું છે. અમારા બાઈબલમાં લખ્યું છે કે બધાને બનાવવાળા એક ઈશ્વર જ છે.

મુસલમાન (યવન) મિત્રો કહે છે કે એક અલ્લાહતાલાએ કુરાનમાં

ફરમાવ્યું છે એ જ સત્ય છે. બાકી બધા શૈતાની મામલા છે. એટલે કે જુઠું છે. અમારું કુરાને શરીફ આસ્માની પુસ્તક છે. એટલે કે અલ્લાહતાલાએ મહંમદ સાહેબ માટે આસ્માનમાંથી મોકલ્યું છે. અને એમાં અલ્લાહતાલાએ ફરમાવ્યું છે કે-આમ દુનિયાને પેદા કરવાવાળો હું છું. મારા મઝહબની કિતાબ સામે ઈન્સાનોએ બનાવેલા બીજા પુસ્તકો એ દરજ્જા સુધી ન પહોંચી શકે.'

એવી જ રીતે અમારા આર્યદેશીય વૈદિક ઋષિઓ દ્વારા વેદોને સંસારમાં પ્રકાશમાન કરી કહે છે કે તે વેદવાક્ય ઈશ્વરનું વાક્ય છે. અને વેદ વિરુદ્ધ જેટલા ધર્મો છે એ બધા અનિશ્વર પ્રણિત છે. આ બાજુ શાક્ત એટલે કે વામમાર્ગી કહ્યા કરે છે કે આ બધી શક્તિની માયા છે. અર્થાત્ આખો સંસાર શક્તિથી રચેલો છે. તેથી શક્તિનું નામ જગત્જનની છે. અને એ શક્તિ જન્મકાળે જનની, ભોગકાળે ભાર્યા અને અનંતકાળે કાલિકા છે. વગેરે.

ઈશ્વરવાદિયોમાં અનેક મતમતાંતર હોવા છતાં-'જગતનો કર્તા કોઈક છે. એ વિષયમાં બધાની રાય એક જ છે. કોઈ ઈશ્વરવાદી તો મનુષ્ય ઉત્પત્તિના સંબંધમાં ત્યાં સુધી અસંભવ વાત માની બેઠા છે કે સૃષ્ટિની આદિમાં ધાતા અમૈથુની સૃષ્ટિની રચના કરે છે. અર્થાત્ પર્યાયથી વિચાર કરીએ તો એનો અર્થ એ થાય છે કે ઈશ્વર આકાશમાં ઊભા ઊભા માનવીને મૃત્યુ લોકમાં ઊતારી મૂકે છે. આ બાબતમાં સત્યાસત્યનો વિચાર વિચારશીલ માનવીઓ અને સજ્જનશીલ માનસીઓનું કામ છે. પક્ષપાતી જન આનો અંત નથી લાવી શકતા.

નિષ્પક્ષપાત રીતે જોવા જઈએ તો સાચી વાત એ છે કે જીવ અને જડ અનાદિથી મળેલું છે. એના રચયિતા કોઈ નથી. યોગિક અને મિશ્ર પદાર્થોના સૂક્ષ્મ અણુ હજાર, લાખ, કરોડ, સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત પરમાણુઓના બનેલાં સ્કન્ધ ક્યારેક ક્યારેક જુદા પણ થઈ શકે છે. પરંતુ મૂળ પરમાણુઓના ભાગ ક્યારેય નથી થઈ શકતા. તાત્પર્ય એ કે એક પરમાણુના બે ભાગ ન થઈ શકે. તેથી સિદ્ધ થયું કે મિશ્ર પદાર્થ વિનાશશીલ છે, પરંતુ અસલી પદાર્થ વિનાશશીલ નથી.

જગતનો કર્તા કોઈ નથી. સ્વતઃ અનાદિકાળથી પ્રવાહ રૂપ ચાલી આવે છે. બધા પદાર્થો પોત પોતાનું સ્વયં કામ કરતા રહે છે. તેમાં કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ, કર્મ આ પાંચનો સમવાય સંબંધ છે. પદાર્થોના સ્વભાવમાં નિમિત્ત છે. જેવી રીતે દોરાના તાંતના સમૂહથી કપડાંની ઉત્પત્તિ થવાનો સમય તે 'કાળ' જાણવું. દોરાના સમૂહમાં કપડાંની ઉત્પત્તિ કરવાની યોગ્યતા છે એને 'સ્વભાવ' જાણવો. કપડાં બનાવવાનું શરીર જેમ રૂ છે તેને 'નિયતિ' સમજવું. ભવિતવ્યતા, પ્રારબ્ધ, દૈવ, અદૃષ્ટ, જીવકૃત, ધર્માધર્મ અને ક્યારેક પુદ્ગલ પણ નિયતિનો અર્થ થાય છે. અથવા જે જે પદાર્થોનો જેવો સ્વભાવ છે, એ એ પદાર્થોના જેવા જેવા પરિણામ થાય તેનું નામ નિયતિ છે. જે દોરાના તાંતના સમૂહથી કપડાની ઉત્પત્તિનું જે નિમિત્ત થાય છે એને 'પૂર્વકર્મ' સમજવું જોઈએ. અને તાંતના સમૂહથી કપડાંની ઉત્પત્તિ કરવાનો જે ઉદ્યોગ-મહેનત પડી તેને 'ઉદ્યમ' જાણવું જોઈએ. આ પાંચેયના સમવાય સંબંધના યોગથી બધું કાર્ય થાય છે. પુરુષ વિના સ્ત્રી નહીં અને સ્ત્રી વગર પુરુષ નહીં; બીજ વગર વૃક્ષ નહિ અને વૃક્ષ વગર બીજ નથી. પૃથ્વી, જળ, વાયુ અને આકાશ એના વગર મનુષ્યોની કે વૃક્ષોની સ્થિતિ હોવી એ ખરેખર દુઃસાધ્ય છે. જડ અને ચેતન એ બંને પદાર્થોની અંતર્ગત બધા પદાર્થોનો સમાવેશ થઈ શકે છે. પ્રત્યેક પદાર્થમાં પોતપોતાના ગુણ સમાયેલા છે. માટીમાં એ ગુણ છે કે અગ્નિમાં રહીને સખત (કઠોર) અને લાલ ધૂમ થઈ શકતી હોય છે. પરંતુ કાગળમાં એ ગુણ નથી. એ ન સખત (કઠોર) થઈ શકે, ન લાલ. બે લાકડી જુદી લઈ, બરાબર છોલીને એક બીજામાં ભરાવો, ઉપરથી મારીને બરાબર એકબીજામાં જોડી દો તો તે જોડાઈ જશે, અને પરસ્પર એક બીજામાં મળીને એક સમાન બની જશે. પણ ધૂળ ને ધૂળ પર રાખીને જોડી શકતા નથી. એવી જ રીતે સંસારમાં બધી રીતે પરીક્ષા કરવાથી એ સિદ્ધ થઈ જાય છે કે પ્રત્યેક વસ્તુમાં જુદા જુદા સ્વાભાવિક ગુણ હોય છે. આવા અનેક પદાર્થો સંસારમાં છે જેના મળવાથી તથા જુદા પડી જવાથી અનેક નવીન સ્વભાવ ઉત્પન્ન થાય છે. જેવી રીતે, કાળા રંગમાં પીળો રંગ ભેળવવાથી લીલો રંગ થાય છે. ઘાસનું બીજ જમીનમાં રોપવા કોઈ જતું નથી. વગર પાણીનો (વરસાદ) ને માટીનો યોગ મળવાથી પોતાની મેળે જ અંકુર નીકળીને ઘાસ ઊગી જાય છે. તેવી જ રીતે સંસારમાં પદાર્થો ઉલટ પુલટ થઈને નાના પ્રકારનો કે નવીન ભાવ હંમેશાં ઉત્પન્ન અને વિનષ્ટ (વિનાશ) થતો રહે છે. આ પ્રકારની રચનાને અજ્ઞાની અને અલ્પજ્ઞાનીઓ ઈશ્વરની રચના સમજી બેઠા છે. જીવ જેવું કર્મ કરે છે તદ્નુસાર તેને ફળ સ્વતઃ જ પ્રાપ્ત થાય છે. ઈશ્વરને એમાં મધ્યસ્થ થવાની કોઈ આવશ્યકતા નથી.

જગતની રચના સામે લક્ષ્યપૂર્વક જોવા જઈએ તો એટલી વાત અવશ્ય છે કે કારણરૂપ જગત અર્થાત્ જડ, ચેતન પદાર્થ અનાદિથી છે, અને કાર્યરૂપ જગત અર્થાત્ નાના પ્રકારના પદાર્થ જે કૃત્રિમ દૃષ્ટિગત થતા રહે છે. એને બનાવવાવાળા સંસારી જીવ છે.


જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ. આ નવ પદાર્થને (તત્ત્વ) માનવામાં આવે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલાસ્તિકાય, પુદ્ગલાસ્તિ-કાય અને જીવાસ્તિકાય. એ છ દ્રવ્ય છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમયેત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ, ચેતનત્વ, અચેતનત્વ અને અમૂર્તત્વ, આ દ્રવ્યના સામાન્ય ગુણ છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ગતિ, હેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહના હેતુત્વ, વર્તનાહેતુત્વ, ચેતનત્વ,અચેતનત્વ, મૂર્તત્વ અને અમૂર્તત્વ, એ દ્રવ્યના વિશેષગુણ છે. અસ્તિ, નાસ્તિ, એક, અનેક, ભેદ, અભેદ, ભવ્ય, અભવ્ય, પરમ, આ દ્રવ્યનો સામાન્ય સ્વભાવ છે ચેતન, અચેતન, એક પ્રદેશ, અનેક પ્રદેશ, વિભાવ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ, અશુદ્ધ સ્વભાવ અને ઉપચરિત સ્વભાવ, આ દ્રવ્યના વિશેષ સ્વભાવ છે.

વસ્તુના એક એક ધર્મ પર સપ્તભંગીની રચના જાણવા યોગ્ય છે. સ્વાદ્વાદ ન્યાયથી જે વસ્તુની પરીક્ષા કરાય અને તે બરાબર પરીક્ષામાં ઊતરે એ સત્ય છે. બધી જ વસ્તુઓ ઉત્પત્તિ, લય અને ધ્રૌવ્ય એટલે ઉત્પન્ન થવું, નાશ થવું અને સ્થિરતા-ગુણથી યુક્ત છે. દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. વસ્તુ પોતાનું રૂપ કરીને અસ્તિત્વમાં છે, અને બીજાનું રૂપ કરીને અસ્તિત્વમાં નથી. અર્થાત્ પર રૂપ કરીને હયાતિ (અસ્તિ) નથી અને સ્વરૂપ કરીને નાશ (નાસ્તિ) નથી. આમ પ્રત્યક્ષ પરોક્ષ પ્રમાણ મનાય છે.

(ક્રમશઃ)

* * *

૨૦૨, સોમા ટાવર, ચીકુવાડી, ગલમહોર સોસાયટી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૨. મો.'૯૮૧૯૭૨૦૩૯૮.




શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



+ કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
+ કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
+ **ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
+ બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૧૪	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૫	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૬	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૭	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૧૯	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૫૦
૨૦	નમો તિત્થરસ	૧૪૦
૨૧	જ્ઞાનસાર	૧૦૦
૨૨	પાસપોર્ટની પાંખે ભાગ-૧	૧૫૦
૨૩	પાસપોર્ટની પાંખે ભાગ-૨	૧૫૦
૨૪	પાસપોર્ટની પાંખે ભાગ-૩	૨૦૦
૨૫	સાંપ્રત સહચિંતન ભાગ-૪	૨૫
૨૬	સાંપ્રત સહચિંતન ભાગ-૫	૨૫
૨૭	સાંપ્રત સહચિંતન ભાગ-૬	૨૫
૨૮	સાંપ્રત સહચિંતન ભાગ-૮	૨૫
૨૯	સાંપ્રત સહચિંતન ભાગ-૯	૨૫
૩૦	સાંપ્રત સહચિંતન ભાગ-૧૦	૨૫
૩૧	સાંપ્રત સહચિંતન ભાગ-૧૧	૩૦
૩૨	સાંપ્રત સહચિંતન ભાગ-૧૨	૫૦
૩૩	સાંપ્રત સહચિંતન ભાગ-૧૩	૮૦
૩૪	સાંપ્રત સહચિંતન ભાગ-૧૪	૮૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૩૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૩૫	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૩૬	આર્ય વજ્રસ્વામી	૧૦
૩૭	આપણા તીર્થંકરો	૧૦૦
૩૮	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૩૯	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૪૦	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૪૧	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૪૨	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૪૩	જૈન પૂજા સાહિત્ય	૧૬૦

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month
Published on 15th of every month &
+ Regd. No. MH / MR / SOUTH-146 / 2012-14

કંગન હીરાના-સંબંધ સોનાના

□ નીલા જે. શાહ

અંગ્રેજીમાં જેને uneasy કહી શકાય તેવા સાસુ-વહુના સંબંધ વિશે આપણે અખબારો-પુસ્તકોમાં વાંચતા રહીએ છીએ અને સીરિયલોમાં જોતાં પણ રહીએ છીએ. આવા સંબંધમાં ક્યાંક અપવાદના દર્શન થાય ત્યારે બત્રીસે કોઠે દીવા થતાં હોય તેવો સુખદ અનુભવ આપણને થાય છે.

શીલા મારા મોટા ભાઈની પુત્રી અને મારી લાડકી ભત્રીજી. તેનું સાસરું રાજકોટમાં. તેના અને પીયૂષના લગ્નજીવનને પચીસ વર્ષ પૂરા થતાં હતાં. લગ્નના રજત જયંતી સમારંભમાં ભાગ લેવા અમને આમંત્રણ મળ્યું અને અમે વડોદરાથી રાજકોટ જવા નીકળ્યા.

તે લોકોએ તેમના ફાર્મહાઉસ પર સંગીત-સંધ્યાનો ભવ્ય કાર્યક્રમ મહેમાનોના મનોરંજન અર્થે ગોઠવ્યો હતો. બહારની કોઈ મ્યુઝિક પાર્ટીને બોલાવવામાં આવી હતી અને સંધ્યાના આગમન સાથે જ ગીત-સંગીતની મહેફિલ શરૂ થઈ. બે કલાકની સંગીતવર્ષા પછી અડધા કલાકનો વિરામ હતો.

તે વિરામમાં આમંત્રિત અતિથિઓ દંપતીને આશીર્વાદ અને ભેટસોગાદ આપતા જોવામાં આવ્યા. અતિથિઓની સાથે શીલાના સાસુ પણ ઊભા થયા. દંપતીને આશિષ આપી અને શીલા કંઈ સમજી-વિચારી શકે તે પહેલાં તેમણે એક અણધારી ભેટ તરીકે શીલાના હાથમાં હીરાના કંગન પહેરાવી દીધા. તાળીઓના ગડગડાટ વચ્ચે મહેમાનોએ સાસુ-વહુને વધાવી લીધા.

અહીં સુધી તો બધું જ સ્વાભાવિક લાગે. સુખી પરિવારના હોય અને પુત્રવધૂને હીરાના કંગન સોગાદમાં આપે તો તે કંઈ અસાધારણ ઘટના ન જ કહેવાય. પરંતુ અહીં જ કથા થોડો વળાંક લે છે.

અડધા કલાકના વિરામ બાદ ફરી ગીત-સંગીતની વર્ષા શરૂ થઈ. હું શીલાની નજીક બેઠી હતી એટલે તેના મુખભાવમાં થયેલા ફેરફારની મેં મનોમન નોંધ લીધી. વિરામ પહેલાં તેના મુખ પર પ્રસંગોચિત જે હર્ષોલ્લાસ દેખાતો હતો તેની

પંથે પંથે પાથેય...

માત્રામાં કંઈક વિશેષ ઘટાડો થઈ ગયો હતો. તે કોઈક વિચારે ચઢી ગઈ હોય તેવું લાગ્યું. અને તેના મુખ પર શોક-વિષાદના શ્યામ વાદળો ઘેરાવા લાગ્યા. વર્ષાના સમયમાં શ્યામ વાદળો તો દેખાતા જ હોય અને તે સ્વાભાવિક પણ ગણી શકાય પરંતુ સંગીતવર્ષાના કાર્યક્રમમાં શીલાના મુખ પર શ્યામ વાદળો મને કંઈક અસ્વાભાવિક લાગ્યા. તે છતાં ભરી મહેફિલમાં તેને પ્રશ્ન કરવો મને ઠીક ન લાગ્યો.

સમય થઈ જતાં સંગીત-સંધ્યા પૂરી થઈ. મહેમાનો બૂફે ડિનર લેવામાં પડ્યા. ઘડીભર માટે શીલા એકલી પડી એટલે હું જાણે સાવ અજાણ હોઉં તેમ મેં તેને વાતોમાં ખેંચવાનો પ્રયત્ન કર્યો. અને તેને તેના નવા કંગન બતાવવા કહ્યું. કંગનના દર્શન કરાવતા તેની મોટી મોટી આંખોમાં મને અશ્રુ દેખાયા. જે પ્રશ્નને હું જાહેરમાં ટાળવા માંગતી હતી તે જ પ્રશ્ન હવે પૂછ્યા સિવાય રહી ન શકી.

'શીલા, આવા શુભ પ્રસંગે તારી આંખ ભીની કેમ?'

પ્રશ્ન પહેલાં જ્યાં આંસુના એક-એક બુંદ ટપકતા હતા ત્યાં હવે અશ્રુધારા શરૂ થઈ. હું અને નજીક ઊભેલા અતિથિઓ આશ્ચર્યચકિત થઈ ગયા. અમને સમજાયું નહીં કે શીલા શા કાજે અશ્રુ સારી રહી હતી. મેં ફરી હળવેકથી શીલાને પ્રશ્ન કર્યો:

'શીલા, સાચું કહે તને થયું છે શું?'

થોડી સ્વસ્થ થતાં જ તેણે મને કહ્યું.

'ફૈબા, મારા હાથ પર જે કંગન તમે જોઈ રહ્યા છો તે પહેરવાના સાચા હકદાર તો મારા સાસુ છે. હું જાણું છું કે કેટકેટલી વિપત્તિઓ વચ્ચે તેમણે પીયૂષનો ઉછેર કર્યો છે. આજે જ્યારે ઉપરવાળાના આશીર્વાદથી અમે બે પાંદડે થયા છીએ ત્યારે હીરાના કંગન પ્રથમ તેમના હાથ પર હોવા જોઈએ-મારા હાથ પર નહીં. તમે મારા સાસુને હમણાં જ અહીં બોલાવો એટલે હવે હું તેમના હાથ પર આ કંગન પહેરાવી દઉં.'

અતિથિઓ જ નહીં હું પણ તદ્દન ડધાઈ ગઈ. હીરાના કંગનનો કબજો લેવા માટે કલહ-કંકાશ થતો આપણે સાંભળ્યો હોય, કદાચ જોયો પણ હોય પરંતુ કબજામાંથી મુક્તિ પામવા માટે વિખવાદ થતો હોય તેવું પહેલી જ વાર જોવામાં આવ્યું. અત્યંત નાજુક આ ક્ષણ હતી. મારે ખરેખર શું કરવું જોઈએ તે મને સમજાતું નહોતું.

મારા સદ્‌ભાગ્યે શીલાના સાસુ તે ઘડીએ જ ત્યાં હાજર થયા. શી બાબત વિવાદ ચાલી રહ્યો હતો તે જાણ્યા પછી હંમેશની તેમની ઠાવકાઈથી તેમણે ક્ષણાર્ધમાં પ્રશ્નનો નીવેડો લાવી દીધો. તેમણે શીલાને કહ્યું:

'શીલા, મારી ગાંડી દીકરી, આજના શુભ પ્રસંગે આંખમાં આંસુ ન શોભે. ઘરની ચીજ તો ઘરમાં જ રહે છે પછી તું પહેલાં પહેરે કે હું પહેલાં પહેરું તેમાં ફર્ક શો પડ્યો? પ્રેમથી અપાયેલ ભેટનો સ્વીકાર જ હોય-ઈન્કાર નહીં.' માતા-તુલ્ય સાસુના આદેશની શીલા શી રીતે અવગણના કરી શકે?

પ્રશ્નનો નીવેડો તો જાણે ઝપાટબંધ આવી ગયો પરંતુ મારા જેવા સુખદ ક્ષણના સાક્ષી બનનારી આંખોમાં આંસુના બુંદ સાચા હીરાની જેમ ઝળકવા લાગ્યા! * * *

'માતૃછાયા' ગ્રાઉન્ડ ફ્લોર નં. ૨,
૧૪, કસ્તુરબાનગર, અલકાપુરી,
વડોદરા-૩૯૦ ૦૦૭.

મહાવીર વંદના

સ્વ. મુ. વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાળા તરફથી આવેલ અનુદાનમાંથી શ્રી કમલેશભાઈના સહકાર વડે તા. ૬-૫-૧૨ના રોજ સવારે પાટકર હૉલ ખાતે એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં શ્રીમતી ઝરણાબેન વ્યાસ તથા શ્રી વિજયભાઈ અને તેમની મંડળીએ સુંદર ભજનોથી શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા. શ્રી મયુરભાઈ વ્યાસનું સંચાલન હતું. અંતમાં લોગસ્સના ગુંજારવ સાથે બધા વિખરાયા હતા. પુષ્પાબેન પરીખે આભારવિધિ કરી હતી. -તંત્રી

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૬૦ • અંક-૬ • જૂન ૨૦૧૨ • પાના ૩૬ • કીમત રૂા. ૨૦



જિન-વચન

આત્મગવેષી પુરુષ માટે ઝેર સમાન બાબતો

विभूसा इत्थिसंसग्गी पणीयरसभोयणं।
नरस्स ऽ त्तगवेसिस्स विसं तालउडं जहा।।
(दसवैकालिक ८ -५६)

આત્મગવેષી પુરુષ માટે વિભૂષા, સ્ત્રીનો સંસર્ગ તથા સ્વાદિષ્ટ ભોજન, તાલપુટ ઝેર સમાન છે.

Personal adornment, contact with women, and very rich food are like deadly poison named Talput for a person who is seeking self-realisation.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૨માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૦મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

તળાવ અને કાંઠો

મહાન સૂફી સંત તબ્રિઝિની આ કથા છે. તેમના બચપણની વાત તેમના જ શબ્દોમાં સાંભળીએઃ-

'નાનપણથી જ હું જાણે સાંસારિક જીવનને યોગ્ય નહોતો. અન્ય પરિચિત જન તો મને સમજી નહોતા શકતા પરંતુ ખુદ મારા અબ્બાજાન (પિતા) પણ મને સાંભળવા અથવા સમજવા રાજી નહોતા. એક વાર તો તેમણે મને મોઢામોઢ સંભળાવી દીધું. મને કહે: 'તું કંઈ પાગલ નથી કે તને પાગલખાનામાં ધકેલી શકું. ન તું કોઈ દૈવી જીવ લાગે છે કે તને કોઈ પવિત્ર સ્થળમાં ભરતી કરાવી શકું. સાચે જ, હું તને સમજી નથી શકતો.'

હવે મારી હાલત પિતાને સમજાવી દેવી અનિવાર્ય લાગી એટલે મેં મારા ઉત્તરમાં કહ્યું, 'હું માત્ર મારી વાત તમને સમજાવવાનો પ્રયત્ન કરું છું. તમે સમજી શકશો કે નહીં તે હું જાણતો નથી. એક મરઘીએ બચ્ચાંને જન્મ આપ્યો. થોડા સમય પછી બચ્ચું ચાલતું થયું એટલે મા અને બચ્ચું એક તળાવને કાંઠે પહોંચ્યા. બચ્ચું મસ્તીમાં આવી ગયું અને તેણે તળાવમાં ઝૂકાવ્યું અને મસ્તીથી તરવા પણ લાગ્યું. મા બિચારી તળાવને કાંઠે ઊભી ઊભી બચ્ચાંને જોવા લાગી. અબ્બાજાન, મેં પણ મારું તળાવ શોધી લીધું હોય અને મસ્તીમાં ઝૂમતો હોઉં તો તે મારો કોઈ ગુનો નથી. આપને આપનો કાંઠો મુબારક, મને મારું તળાવ.'

□ જિતેન્દ્ર બી. શાહ
(વડોદરા)

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	એક અવિરત જ્ઞાન-સંસ્કાર યાત્રા : પ્રબુદ્ધ જીવન : એક કટોકડી	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ભારતીય ચિંતનમાં આત્મતત્ત્વ : એક સમીક્ષા	પ્રો. સુદર્શનલાલ જૈન અનુવાદ : પુષ્પા પરીખ	૬
(૩)	પ્રસન્નચંદ્રને જોયા છે ?	ડૉ. ગુલાબ દેઢિયા	૧૧
(૪)	શ્રવણ ભક્તિનો મર્મ સમજવો રહ્યો	શશિકાંત લ. વૈદ્ય	૧૨
(૫)	એકથી અનેકનું જ્ઞાન	સુમનભાઈ શાહ	૧૩
(૬)	'ગીતાંજલી'નાં સંસ્મરણો	શાંતિલાલ ગઢિયા	૧૫
(૭)	ઋષભ કથા	.....	૧૬
(૮)	ધર્મ પરિણતી	મુનિ ભુવનહર્ષવિજય	૧૮
(૯)	વૈજ્ઞાનિકઅને જૈન દૃષ્ટિએ જગત કર્તૃત્વ-વિકાસ-વિનાશ એક સમન્વય-(વિભાગ-૨)	ડૉ. હંસા એસ. શાહ	૧૯
(૧૦)	જયભિખ્ખુ જીવનધારા : ૪૦	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૬
(૧૧)	અનુગ્રહ	ડૉ. રણજિત પટેલ (અનામી)	૨૯
(૧૨)	સર્જન-સ્વાગત	ડૉ. કલા શાહ	૩૧
(૧૩)	અવસર	.....	૩૩
(૧૪)	પંથે પંથે પાથેય : (૧) ગામડાની સમૃદ્ધિ માટે પ્રચંડ પુરુષાર્થકરનાર મનસુખભાઈ સુવાગિયા		૩૬
	(૨) સમાજના દુઃખદ સ્પર્શે નહિ તેને માણસ કહેવાય ?	અવંતિકા ગુણવંત	૩૪

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૦ ● અંક : ૬ ● જૂન ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● જેઠ વદિ ● તિથિ-૧૨ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

એક અવિરત જ્ઞાન-સંસ્કાર યાત્રા

પ્રબુદ્ધ જીવન

એક કટોકટી

કેટલીક ઘટનાઓની જન્મ કુંડલી એવી ઘડાયેલી હોય છે કે એક સિવાય બધા ગ્રહો એને સાનુકૂળ હોય, યશ-પ્રસિદ્ધિ વગેરે બધું અપાવે પણ પેલો 'ધન'નો ગ્રહ વારે વારે એને પ્રતિકૂળ બની આડો આવ્યા જ કરે. 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા', 'તરૂણ જૈન', 'પ્રબુદ્ધ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન' આ બધાની કુંડલીમાં આ 'ધન'નો ગ્રહ આડો આવ્યા કર્યો જ છે, એની જન્મદાત્રી સંસ્થા-યુવક સંઘ-ને યશ અપાવી વારે વારે મુંઝવી પણ છે. અને તત્ સમયના કાર્યકરોએ એ પરિસ્થિતિનો સામનો કર્યો છે તેમજ સજ્જ વાચક વર્ગે એમને સાનુકુળ પ્રતિસાદ આપી મદદ પણ કરી છે. જોગાનુજોગ જૂઓ કે આ 'પ્ર.જી.'ના વર્તમાન તંત્રીના નામમાં પણ 'ધન' શબ્દ છે, અને એ પણ 'પ્રબુદ્ધ જીવન'ને ભવ્ય બનાવવાના ભાવમાં આ સંસ્થાના સરવૈયામાં નફાને આડે આવી નુકશાનીના પલ્લામાં લઈ જાય છે ! પ્રત્યેક માસે અંક પ્રકાશિત થયા પછી અમારા એકાઉન્ટન્ટ પ્રવીણભાઈ મને આંકડા મોકલે, ૨૮ પાના =કોસ્ટ ૧૨.૮૭, ૩૬ પાના=૧૫.૦૨, ૬૮ પાના=૨૪.૯૩, ઉપરાંત આટલેથી ન અટકતા દર મહિનાની ખોટના આંકડા ૧૨૯૬૦, ૧૪૬૨૧, ૪૫૪૪૫, એમ ફોન ઉપર બોલવા માંડે ત્યારે મારા હૃદયના ધબકારા સાંભળી મારે એમને અટકવા વિનંતિ કરવી પડે ! આમ દર મહિને કોસ્ટ અને ખોટ વધતી જ જાય, ફોન ઉપર પાછા વિવેકથી કહે 'આપણે રૂા. ૧૦ એક અંકની કિંમત રાખી છે.' વાચકોના યશપત્રો અને ફોન ઉપર યશ શબ્દો મને મળ્યા હોય એનું આ કોસ્ટીંગ અને ખોટ મને એ શબ્દોનું બાષ્પિભવન કરાવી દે, તો અંક છપાતા પહેલાં કાગળ માટે અમારા મેનેજર મથુરાદાસ ટાંક મને ફોન કરીને પૂછે આ વખતે ૨૮ પાના કે ૩૬ ? હું ૨૮ કહું તો એઓ રાજી થાય અને ૩૬ કહું તો એમના અવાજમાં મંદતા આવી જાય. વિવેકથી કહે, 'હવે લવાજમ વધારો તો સારું.' હું એમને સધિયારો આપી કહું, 'પહેલાં આપણે સારું કામ કરી દેખાડીએ, પછી સમાજ આપોઆપ આપણી ઝોળી ભરી દેશે, શ્રદ્ધા રાખો, ધીરજ રાખો.' અને એઓ સૌજન્યદાતા શોધવા ફોન ઉપર પુરુષાર્થ શરૂ કરી દે. નુકસાન પૂરું કરવા કાયમી રકમની ફીક્સ ડિપોઝિટ તોડવી પડે ત્યારે તો પોતાની એક આંગળી તૂટી હોય એવું દુ:ખ એઓ અનુભવે. પળે પળે જગાડે એવા વહીવટી કર્મચારી હોય એવી સંસ્થા

આ અંકના સૌજન્યદાતા :

શ્રી હરસુખભાઈ ભાઈચંદ મહેતા

અને

અ. સૌ. નિર્મળાબેન મહેતાના

સુખી, પ્રસન્ન અને ધર્મમય દાંપત્યજીવનની

હીરક જયંતી નિમિત્તે

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

સદ્‌ભાગી. અમે એવા સદ્‌ભાગી છીએ.

જોગાનુજોગ ફરી એવું બન્યું કે આ લેખ લખવા માટે 'પ્ર.જી.'ની જૂની ફાઈલો હું ઉથલાવતો હતો ત્યારે 'ખોટ' શબ્દ તો વારે વારે આવે જ, પણ એક વર્ષે તો દોઢ લાખની ખોટ, અને હમણાં ફોન કરીને શ્રી મથુરાદાસભાઈ મને કહે, ૨૦૧૧-૧૨માં 'પ્ર.જી.'ના ખાતામાં દોઢ લાખની ખોટ છે!! બોલો, આ 'દોઢ લાખ' અને 'ખોટ' શબ્દ અમારો કેડો જ છોડતો નથી.

આ ગ્રહોની વાત કરી એટલે આપ રખેને એવું માનતા કે આ લખનાર જ્યોતિષમાં માને છે, કે પછી 'નિયતિ'માં માની હું ચૂપ થઈ જાઉં એમ મને કોઈ કહે,-એપ્રિલના મારા 'નિયતિ'ના લેખ સંબંધી ફોન-પત્રો દ્વારા ગજબની ચર્ચાઓ થઈ. કેટલાક જિજ્ઞાસુઓએ તો પૂ. સંત અમિતાભજીના દર્શને જવાની પણ યોજના કરી. આ પ્રતિભાવો વિશે ક્યારેક અવશ્ય વાત કરીશું.

વાચકો સાથેઅહિંસક શબ્દ યુદ્ધ કરવાની મજા પણ કંઈ ઓર છે!

વાચકો જાગૃત અને જિજ્ઞાસુ છે એની પ્રતીતિ થતાં ક્યા તંત્રીને આનંદ ન થાય?

જ્યોતિષ કે નિયતિમાં નહિ, હું તો મારા વાચકોમાં અને વાચકોને માનું છું. એટલે વાચકોને વિનંતિ કરું છું કે આ સામયિક ચિરંજીવ બને એવી આર્થિક યોજના કરે, અને માત્ર કુંડલીમાં ૮૨ વરસથી પડેલા પેલા 'ધન'ના ગ્રહને શાંત કરી 'ખોટ' શબ્દનો અમારી બેલેન્સશીટમાંથી તિલાંજલિ અપાવે.

એટલે પ્રથમ પગલા રૂપે ત્રણ વર્ષ પછી–ત્રણ વર્ષમાં મોંઘવારી કેટલી વધી?!–હવે અમે લવાજમ વધારીએ છીએ. આ 'કાળઝાળ' મોંઘવારીમાં બધાંએ જીવતા શીખી લેવું એ પણ એક 'તપ' જ છે.

આ લવાજમ વધારાથી 'પ્ર.જી.' ને થોડોક જ આધાર મળશે, પરંતુ આથી વિશેષ નક્કર યોજના કરાશે તો જ 'પ્ર.જી.' યથા સ્વરૂપે સ્થિર, સ્વસ્થ અને દીર્ઘાયુ બનશે.

'પ્ર.જી.' આ સંસ્થાના આજીવન સભ્યો, પેટ્રનો, મુનિ ભગવંતો, અને મૂર્ધન્ય બૌદ્ધિકો તેમજ કેટલીક વિદ્યા સંસ્થાઓ, પુસ્તકાલયો અને જિજ્ઞાસુઓને વિના મૂલ્યે પ્રતિ માસે અર્પણ કરાય છે.

આ સર્વે મહાનુભાવો અને સંસ્થાને અમારી વિનંતિ છે કે સ્વૈચ્છિક રીતે 'પ્રબુદ્ધ જીવન નિધિ'માં પોતાનું આર્થિક યોગદાન આ સંસ્થાને 'પ્ર.જી.'ના સ્થાયી ભંડોળ માટે અર્પણ કરે.

'પ્રબુદ્ધ જીવન' માત્ર આ સંસ્થાની પત્રિકા જ નથી., પણ ગુજરાતી ભાષી સર્વ સામયિકમાં એણે પોતાનું એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

'પ્રબુદ્ધ જીવને' ત્રણ પેઢીને જ્ઞાનયાત્રા કરાવી એ પરિવારોનું સંસ્કાર ઘડતર કર્યું છે એ હવે સાબિત થઈ ચૂકેલી ઘટના છે. આનંદની ઘટના તો એ છે એ એ પરિવારની ચોથી પેઢી અને નવી પેઢીના હૃદય સુધી પણ એ હવે

તા. ૧૫–૫–૧૯૩૯ના અંકમાં ***મગનભાઈ દેસાઈ****નો જે સંદેશો મળ્યો હતો, એ આજના સંદર્ભે પણ કેટલો ઉચિત છે! એઓ લખે છે:*

'આજના જમાનામાં જૈન કોમ પાસે એક ખાસ જવાબદારી છે. જગતમાં અહિંસાનો સંદેશો આપનાર મહાવીર સ્વામીના તેઓ અનુયાયી છે. તે સંદેશો આપવાનું અને જગતને તેનો જ્વલંત પાઠ આપવાનું તેમને શિરે છે એમ વિશેષ કહી શકાય...

આજનું જગત અહિંસાનો સંદેશો જરા જુદી રીતે માગે છે. આજનો સમાજ રક્ષક થવાને બદલે ભક્ષક જ વધારે બનતો જાય છે. એક વ્યક્તિ મંદિર દર્શન, પૂજા પાઠ વિગેરે કરે છે. છતાં તેનો વ્યવહાર જુઓ તો, જાણે અજાણ્યે પણ, સમાજમાં તે ભક્ષક પોષક હોઈ શકે છે, હોય છે. આ જમાનામાં અહિંસા પૂજકોએ આ સામાજિક હિંસાનું નિવારણ શોધવું જ પડશે. નહિ તો સમાજની સાથે વ્યક્તિ પણ સંડોવાશે ને બેઉ અધોગતિ પામશે.'

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા લખે છે:

જેનામાં માનવ પ્રગતિની સાચી તમન્ના ધમધમતી રહી હોય તે જ ખરો 'પ્રબુદ્ધ જૈન' કહેવાય અને તેવો-તેવો 'પ્રબુદ્ધ જૈન' સમાજને સાચી દોરવણી આપવાને સર્વ પ્રકારે યોગ્ય ગણાય.

કાકા કાલેલકરે જે સંદેશો આપ્યો હતો, એ તો સર્વકાલિન છે :

'જૈન દર્શન' પણ એવું જ એક જીવનવ્યાપી સાર્વભૌમ દર્શન છે. સ્યાદ્‌વાદની ભૂમિકા ઉપર અહિંસા અને તપના સાધન વડે આખી દુનિયાનું સ્વરૂપ ફેરવવાની શક્તિ અને અભિલાષા જૈન દર્શનમાં છે અથવા હોવા જોઈએ. વિનાશની અણી ઉપર આવી પહોંચેલા આ જગતને જો છેલ્લી ઘડીએ બચી જવું હોય તો એણે સ્યાદ્‌વાદરૂપી બૌદ્ધિક અહિંસા સ્વીકારવી જ જોઈએ. અહિંસારૂપી નૈતિક સાધના આચરવી જ જોઈએ અને તપરૂપી સંકલ્પ સામર્થ્ય કેળવી સાધનાની પૂર્વ તૈયારી કરવી જ જોઈએ.

આ સંદેશો શાસ્ત્રી પંડિતો દુનિયાને ન આપી શકે તે 'પ્રબુદ્ધ જૈન' જેવા સામયિક આપી શકે.'

પહોચ્યું છે, એની સાબિતિ સતત વધતી જતી ગ્રાહક સંખ્યા દ્વારા મળે છે, એટલું જ નહિ, પણ નવી પેઢી 'પ્ર.જી.'ના અંગ્રેજી સ્વરૂપને જોવા પણ આતુર છે.

એટલે હવે અમે કેટલાંક પાના અંગ્રેજીમાં પ્રગટ કરવાની યોજના કરી છે એ માટે ભારત સરકારના પોસ્ટ ખાતાની મંજૂરી માટે કાર્યવાહી શરૂ કરી દીધી છે. હવે અંગ્રેજી પૃષ્ટ દ્વારા દાદા-દાદી અથવા પિતા-માતા પોતાના સંતાનોને 'પ્રબુદ્ધ જીવન'ની આંગળી પકડાવી શકશે. આ એક ઐતિહાસિક સંસ્કારિક ઘટના બની રહેશે.

'પ્રબુદ્ધ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન'ની વિશ્વસનિયતા અને પ્રિયતા, તેમજ અપેક્ષાઓ વિશે અનેક મહાનુભાવોએ પ્રસંગે પ્રસંગે પોતાના ભાવો વ્યક્ત કર્યા છે, જે આ અંકમાં અહીં પ્રગટ છે. ઉપરાંત 'પ્ર.જી.'ની કેટલીક ઐતિહાસિક ઘટના અને અન્ય વિગતો પણ આ અંકના પાના નંબર ૩૫ ઉપર પ્રગટ કરી છે. એ વાંચવાથી વાચક મહાશયને પ્રતીતિ થશે કે 'પ્ર.જી.'ને જ્યારે જ્યાં સાચું લાગ્યું ત્યારે સત્યને સાથ આપ્યો છે, ગમે તેટલી મુશ્કેલીમાં પણ **જાહેર ખબર ન લેવાની નીતિને** તિલાંજલિ નથી આપી. વાચકની પ્રજ્ઞાને-જીવનને-'પ્રબુદ્ધ' ભાવ તરફ ગતિ કરાવે એવું જ વાંચન પીરસ્યું છે. સમાજ પ્રવાહ એની દિશા છે અને પ્રબુદ્ધ ચિંતન એનો આત્મા છે. એના સ્થાપકો ભલે જૈન હતા, પણ સર્વ પ્રથમ તેઓ રાષ્ટ્રીયતાને વરેલા હતા, એટલે જ અંગ્રેજ સરકાર સામે ન ઝૂક્યા, અને રાષ્ટ્રીય ક્રાંતિ સમયે જેલ વાસ પણ 'મ્હાણ્યો'. એના વાચકો-લેખકો જૈન જ નથી, પણ સર્વ ધર્મ અને કોમના છે. એ 'નવપદ', 'મહાવીર' કે 'આગમ' વિશેના વિશેષ અંકો આપે છે તો ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોર વિશેના વિશિષ્ટ અંકોનું નિર્માણ પણ કરે છે. અલબત્ત, વાચક વર્ગમાં જૈનો અને જૈન મુનિ ભગવંતો વિશેષ છે એટલે જૈન તત્ત્વ વિશે વધુ સાહિત્ય પ્રગટ થાય છે. પરંતુ એમાં હેતુ જૈન ધર્મના પ્રચારનો નથી, પણ સમાજના પ્રત્યેક વર્ગની પ્રજ્ઞાને વિકસિત કરે એવું જૈન સત્ત્વ-તત્ત્વ દર્શન પ્રસ્તુત કરાવવાનો હોય જ છે.

આવું 'પ્ર.જી.' આજે કટોકટી અને મંથન પાસે આવીને ઊભું છે. પ્રત્યેક મહિને 'પ્ર.જી.'ની આતુરતાપૂર્વક રાહ જોતાં વ્હાલા વાચકો અને ગ્રાહક મહાશયો તો આ લવાજમ વધારાને સ્વીકારી લેશે જ, તેમજ અન્ય ચાહક મહાનુભાવો પણ બીજી અનેક રીતે સહાયરૂપ થઈ પડશે જ એવી અમને શ્રદ્ધા છે. વાચકોમાં વિશ્વાસ છે.

પરંતુ આટલું પૂરતું નથી, 'પ્રબુદ્ધ જીવન નિધિ'નું સ્થાયી ભંડોળ માતબર આંકડામાં એકત્રિત થવું જરૂરી છે. અત્યારે 'પ્ર.જી.' નિધિ પાસે પંદર લાખની રકમ છે આટલી જ બીજી પંદર લાખની રકમ ૫૦ હજારના ૩૦ દાતાઓ પાસેથી મળે તો બીજા પંદર વરસ સુધી 'પ્ર.જી.' આજ સ્વરૂપમાં પ્રગટ થતું રહે. અથવા પ્રત્યેક અંક માટે વીસ હજારના એકની જગ્યાએ પંદર હજારના બે અથવા ત્રીસ હજારના એક સૌજન્યદાતા મળે તો 'પ્ર.જી.' યથા સ્વરૂપે ટકી રહે.

મંદિરનો જીર્ણોદ્ધાર થાય, કે નવનિર્માણ થાય તો ત્યાં દાતાની તકતી મૂકાય, પણ એ તકતી તો વ્યક્તિ જ્યારે ત્યાં જાય ત્યારે વાંચે, પરંતુ 'પ્ર.જી.'માં પ્રગટ થતું સૌજન્ય અને સ્મૃતિ નામ તો અનેક પ્રાજ્ઞ વાચકોની દૃષ્ટિ દ્વારા હૃદય સુધી તરત જ પહોંચે અને એ જ પળે એ વાચકના આત્મામાંથી આનંદનો અને આશીર્વાદનો ભાવ પ્રગટે.

કોઈ જૈન મુનિ ભગવંત આવી પચીસ વરસ માટેની મોટી પૃષ્ટ તકતી માટે જૈન શ્રેષ્ટિને અનુમોદના કરશે ? ભવ્યાતિભવ્ય મહોત્સવો ભલે થાય, પણ સાથોસાથ આવા શબ્દ મહોત્સવ થાય એ શાસન સેવા છે જ, તો એ મોટી સ્થાયી રકમના વ્યાજમાંથી જ 'પ્ર.જી.'નું પ્રકાશન થાય. મંદિર નિર્માણના પુણ્ય કરતા આ શ્રુતપુણ્યનું મૂલ્ય ઓછું નહિ હોય. જૈન શાસ્ત્રમાં શ્રુતભક્તિને જિન ભક્તિનું સ્થાન અપાયું જ છે

'પ્ર.જી.'ના વાચકોને પોતાના વિચારો-ઉપાયો સૂચવવા અમે નિમંત્રીએ છીએ.

અમારી આ ટહેલનો સકારાત્મક પ્રત્યુત્તર મળશે એવી અમને શ્રદ્ધા છે અને નહિ મળે તો, તો 'બેક ટુ પિવેલિયન', માત્ર ૨૮ પાના, વિશેષ અંકો નહિ. વગેરે વગેરે. અગાશીમાં શબ્દ ઘોડા દોડાવવાના !

પરંતુ અમને આ લેખ વાંચનારમાં અને ઉદાર દાતામાં પ્રતિસાદ માટે શ્રદ્ધા છે. અમને 'નિયતિ'માં વિશ્વાસ નથી. વાચકોમાં છે, એ પણ નિયતિ ?

ધનવંત શાહ
drdtshah@hotmail.com

તા. ૧૫-૫-૪૧ના આ પત્રના પરમ સ્નેહી આજ પૂ. કાકા સાહેબે 'પ્રબુદ્ધ જૈન'ને વિશાળ બનાવવાનું સૂચન કરતો પત્ર પરમાનંદભાઈને લખ્યો.

વર્ધા હોઉં છું ત્યારે તમારું 'પ્રબુદ્ધ જૈન' જોવાની ઇંતેજારી રહે છે. 'પ્રબુદ્ધ જૈન' જેવા કોમી નામ તળે કેટલા દિવસ સુધી રહેશો ? જે જૈન હોય તે રાષ્ટ્રીય ન હોય એમ હું નથી કહેવા માંગતો અને જાગતો પ્રબુદ્ધ જૈન તો શુદ્ધ રાષ્ટ્રીય જ હોઈ શકે એ બધું ખરૂં. પણ ઝેરી કોમીવાદના આ દિવસોમાં આપણે કોમી નામ ધારણ કરીને ન જ ચાલવું જોઈએ.

તમારું અને તમારા પાક્ષિકનું મુખ્ય કાર્ય જૈન સમાજને તેમ જ આખા ગુજરાતને અહિંસાની નવી દૃષ્ટિ આપવાનું છે અને એ નવી દૃષ્ટિએ જીવનના બધા પાસા ખીલવવાનું છે.

મને પોતાને ભારેખમ નામ પસંદ કરવામાં સંકોચ નથી હોતો. ઉદ્દેશ મહાન હોય તો નામ પણ મહાન રખાય. ઘણીવાર નામ જ આપણને એવી જાતની દીક્ષા આપે છે અને આપણી પાસે ઉચ્ચ આદર્શ પળાવે છે. તંબુર જો સ્હેજ ઉચ્ચ સ્વરમાં રાખ્યો હોય તો તે રીતે ગાવું જ પડે છે. તમારા પાક્ષિકથી જો સંતોષ ન થયો હોત તો નામ પરિવર્તનની સૂચના હું ન જ કરત.

ભારતીય ચિંતનમાં આત્મતત્ત્વ : એક સમીક્ષા

□ લે.: **પ્રો. સુદર્શનલાલ જૈન,** 'શ્રમણ' (હિંદી)ના સંપાદક □ અનુવાદ: **પુષ્પા પરીખ**

(આ લેખમાં બધા ભારતીય દર્શનો તથા તંત્ર સિદ્ધાંતો પ્રમાણે આત્માના સ્વરૂપ વિષે ગંભીર અને સમીક્ષાત્મક ચિંતન કરવામાં આવ્યું છે. આ વિચારણા દ્વારા આત્માની નિત્યતા, અનિત્યતા, અણુરૂપતા, વ્યાપકતા, સૂક્ષ્મતા વગેરેનો સમન્વય અનેકાન્ત દૃષ્ટિથી કરી શકાય કારણકે અનેકાન્ત દૃષ્ટિ અપનાવ્યા વગર કોઈ પણ દર્શન પોતાનો મત પૂર્ણપણે ન દર્શાવી શકે. એટલું નક્કી છે કે આત્મા ચેતન અને જ્ઞાનરૂપ છે અને શરીર-ઈન્દ્રિયોથી ભિન્ન છે.)

ભારતીય દર્શનમાં આત્મતત્ત્વ (ચેતનતા) પર બહુ ગંભીરતાપૂર્વક ચિંતન કરવામાં આવ્યું છે. આત્મા શરીરથી ભિન્ન છે કે અભિન્ન, એક છે કે અનેક, અણુરૂપ છે કે વ્યાપક કે શરીર પરિમાણ, નિત્ય કે અનિત્ય, જ્ઞાન પોતાનો સ્વભાવ છે કે મેળવેલો ? વગેરે પ્રશ્નોનું સમાધાન જુદા જુદા ધર્મોમાં જુદી જુદી રીતે બતાવવામાં આવ્યું છે.

૧. આત્મવાદી ચાર્વાક દર્શન :

શરીર, ઈન્દ્રિય, મન વગેરેથી ચેતન તત્ત્વ ભિન્ન નહીં માનવાવાળા ચાર્વાક દર્શન પ્રમાણે પૃથ્વી, જળ, તેજ, વાયુ આ ચાર ભૌતિક વિષયોથી બનેલું શરીર મન, ઈન્દ્રિયો વગેરેથી જુદું કોઈ ચેતન તત્ત્વ નથી. શરીરની ઉત્પત્તિ સાથે ચેતનતા ઉત્પન્ન થાય છે અને તેના નષ્ટ થવાની સાથે જ તે નષ્ટ થાય છે. 'હું સ્થૂળ છું', 'હું કૃષ છું' વગેરે આના નિર્દેશક છે અને મારું શરીર, મારી ઈન્દ્રિયો વગેરે અનુભૂતિ કાલ્પનિક છે. આ કારણસર આ દર્શનને દેહાત્મવાદી તથા ભૌતિકવાદી કહેવામાં આવે છે. આ દર્શનના પ્રણેતા બૃહસ્પતિ છે માટે એને 'બાર્હસાત્ય દર્શન' પણ કહેવામાં આવે છે. આનું પૂર્વેનું નામ 'લોકાયત' (લોકોમાં વ્યાપ્ત) છે તથા મોટી મોટી વાતો કરવાવાળું સ્વર્ગ નરકનું વર્ણન કરવાવાળું હોવાથી ચાર્વાક (ચારૂ+વાક) નામ પ્રસિદ્ધ છે. આત્માને નહીં માનવાને કારણે પુનર્જન્મ, મોક્ષ, ઈશ્વર વગેરે પર વિશ્વાસ નથી હોતો. એનો એક જ સિદ્ધાંત છે.

'यावत् जीवेत् सुखं जीवेत् ऋतं कृत्वा धृतं पिवेत्
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः।''

અનુમાનથી તેઓ પણ તેની વાત સિદ્ધ કરે છે. શરીરની સાથે જ ચૈતન્યનો આવિર્ભાવ થાય છે અને શરીર વગર ચૈતન્યનો પણ અભાવ થાય છે. આ સિવાય અન્નપાણીના સેવનથી શરીરમાં ચેતન તત્ત્વનો અભ્યુદય થાય છે અને અન્નપાણીના ત્યાગ સાથે ચેતન તત્ત્વનો ક્ષય થતો જાય છે.

૨. આત્મવાદી બૌદ્ધ દર્શન :

આ દર્શનના ઉપદૃષ્ટા ગૌતમ બુદ્ધ છે. તેઓએ મનુષ્યમાં 'પશુયજ્ઞથી સ્વર્ગ પ્રાપ્તિ' વગેરે અયોગ્ય વૃત્તિઓનું કારણ એવા નિત્ય આત્માનો સાક્ષાત્કાર કરી નૈરાત્મ્યવાદ (સંઘાતવાદ, સમ્તાનવાદ)ની પ્રતિષ્ઠાપના કરી. તેઓના કહેવા પ્રમાણે આત્મા પાંચ સ્કંધો (નામ, રૂપ, વેદના, વિજ્ઞાન અને સંસ્કાર)નો **સંઘાતમાત્ર** જ છે. એમની માન્યતા પ્રમાણે પુણ્ય પાપ કર્મોનું ફળ જરૂર મળે છે. પરંતુ એ ફળ સંતાન પરંપરા મુજબ નવી વ્યક્તિને મળે છે અને નહીં કે એને પોતાને. આ દર્શન નિર્વાણને માને છે. પરંતુ નિર્વાણ પામ્યા પછી સુખદુઃખ નથી થતું પરંતુ ફક્ત એક દીપક ઓલવાઈ જાય તેમ પંચસ્કંધાત્મક આત્મસંતાનની પરંપરાનો અંત આવી જાય છે. આ વિભિન્ન માનસિક અનુભવો અને પ્રવૃત્તિઓનો સ્વીકાર કરવા છતાં પણ આત્માને નથી માનતા કારણકે આત્મા માનસ પ્રવૃત્તિઓનો અથવા વિજ્ઞાનનો પિણ્ડમાત્ર છે. આ દર્શન ચાર સંપ્રદાયોમાં વિભક્ત થયેલો છે–વૈભાષિક (બાહ્યાર્થ પ્રત્યક્ષવાદી) સૌત્રાન્તિક (બાહ્યાર્થ અનુમેયવાદી), યોગાચાર (વિજ્ઞાનવાદી) અને માધ્યમિક (શૂન્યવાદી). આ ચારેય સંપ્રદાયો ક્ષણિકવાદી અને અનાત્યવાદી છે. માધ્યમિક તો બાહ્ય જગત અને આભ્યંતર જગત બન્નેને શૂન્ય અથવા માયારૂપ માને છે. આ સિદ્ધાંતની રૂએ તેમનો વિશ્વાસ ફક્ત વર્તમાન કાળમાં જ છે. આ રીતે આ દર્શન આત્મવાદી હોવા છતાં પાપ, પુણ્ય, કર્મ, પરલોક, સ્વર્ગ, નરક, પુનર્જન્મ, મોક્ષ, વગેરેમાં વિશ્વાસ કરે છે પરંતુ ક્ષણિકવાદી હોવાથી આત્માને પંચસ્કન્ધનો સંઘાત કહેવાય છે. આ માન્યતાના પંચ સ્કન્ધમાં વેદના, વિજ્ઞાન, સંસ્કાર, જેવા તત્ત્વોને અનિત્ય માનવાથી સંતાન પરંપરાનો સ્વીકાર કરીને દુઃખ નિવૃત્તિ અને મોક્ષની વ્યાખ્યા કરી છે. અત્રે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે આત્માને અનિત્ય માનવાથી સ્મૃતિલોપ, કરેલા કર્મની હાનિ, અકૃત-કર્મ-ભોગ, સંસારમાંથી મુક્તિનો ભંગ આદિ દોષો ઉત્પન્ન થાય છે.

૩ ન્યાય વૈશેષિક :

આ દર્શનના પ્રવર્તક છે ન્યાય સૂત્રધાર મહર્ષિ ગૌતમ અને વૈશેષિક દર્શનના પ્રણેતા છે મહર્ષિ કણાદા. આ બંને આત્માને શરીર, મન, ઈન્દ્રિયો આદિથી જુદો એટલે કે આત્માને શરીર અને ઈન્દ્રિયોથી સ્વતંત્ર માને છે. આ બંનેએ આત્માને ઈન્દ્રિયોનો અધિષ્ઠાતા તરીકે સ્વીકાર કર્યો છે. તેઓના પ્રમાણે જ્ઞાન વગેરે નવ વિશેષ ગુણો (જ્ઞાન, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર) આત્માના આશ્રયે શરીરના સંબંધે જ રહે છે. જ્ઞાન વગેરે આત્માનો સ્વભાવ નથી માટે જ્યારે આત્માનો મોક્ષ થાય ત્યારે તેમાં જ્ઞાનાદિ ગુણોનો અભાવ હોય છે. સાંસારિક અવસ્થામાં આત્મા જ્ઞાતા, દૃષ્ટા, ભોક્તા અને કર્તા પણ છે. એ નિત્ય, વ્યાપક, અમૂર્ત અને નિષ્ક્રિય પણ છે. વ્યાપક હોવા છતાં જ્ઞાન સુખ આદિનો અનુભવ સ્વયં પોતે નથી કરતો પરંતુ અણુરૂપ મનની મદદથી જ કરે છે. મન તો દરેક શરીરમાં જુદું જ છે. ક્રિયાવાન હોવાથી મૂર્ત અને અણુ છે માટે જ આત્મા વ્યાપક હોવા છતાં શરીરના

યોગથી જ જ્ઞાન, સુખ આદિનો અનુભવ કરે છે, શરીરથી અલગ રહીને નહીં જ. આત્મા દરેક શરીરમાં હોવાથી અનેક છે. જ્ઞાન આત્માનો બહારનો ધર્મ છે. ફક્ત ઈશ્વરનું જ્ઞાન નિત્ય, સર્વજ્ઞ, વ્યાપક, સૃષ્ટિકર્તા તથા સર્વશક્તિમાન પણ છે. કોઈક આત્માને શરીરી માને છે તો કોઈક આત્માને અશરીરી માને છે. 'આત્મત્વ' બંનેમાં છે. જીવાત્મા બદ્ધ છે જ્યારે ઈશ્વર હંમેશાં મુક્તાવસ્થામાં જ્ઞાન-સુખાદિનો અભાવ થવાથી પાષાણવત્ થઈ જાય છે. શરીરને જ આત્મા સમજવું એ મિથ્યાજ્ઞાન છે અને મિથ્યાજ્ઞાનથી રાગ-દ્વેષ, પાપ-પુણ્ય, જન્મ-મરણ તથા દુઃખરૂપ સંસાર પરિભ્રમણ થાય છે. મિથ્યાજ્ઞાન નષ્ટ થતાં જ રાગદ્વેષ નષ્ટ થઈ જાય છે. પ્રવૃત્તિના અભાવે પુનર્જન્મનો પણ અભાવ થઈ જાય અને તેને કારણે દુઃખનો પણ અભાવ થઈ જાય. જ્ઞાનની સત્તાનો તો દેશ અને કાળ સાથે પણ સંબંધ હોવાનું માનવામાં આવ્યું છે. પ્રારબ્ધ કર્મોના ઉપભોગ સિવાય પૂર્ણ મુક્તિ સંભવ નથી. આ જીવનમુક્તિ અને વિદેહમુક્તિ બંનેમાં માને છે. આ રીતે આત્મા જ્ઞાનાશ્રય હોવા છતાં જ્ઞાન સ્વરૂપ નથી. ચાર્વાક અને બૌદ્ધ ચિંતન કરતાં આ માન્યતા પ્રમાણે આત્મ તત્ત્વ, જડ તત્ત્વ કરતાં કંઈક જુદું છે.

૪. સાંખ્ય યોગ :

સાંખ્ય દર્શનના પ્રણેતા, કપિલ મુનિ છે અને યોગ દર્શનના પ્રણેતા મહર્ષિ પાંતજલિ છે. સાંખ્યને નિરીશ્વરવાદી અને યોગને ઈશ્વરવાદી કહેવામાં આવે છે. બંને દર્શનો પ્રકૃતિ અને પુરુષનો સ્વીકાર કરે છે. યોગ દર્શનમાં ઈશ્વરને ક્લેશ, કર્મ, આદિથી રહિત પુરુષ-વિશેષ કહેવામાં આવ્યો છે. આત્માને માટે પુરુષ શબ્દ વાપર્યો છે જે કૂટસ્થ, નિત્ય, ત્રિગુણાતીત (સત્ત્વ, રજસ, તમસ રહિત) અવિકારી, નિર્લપ્ત, નિર્ગુણ, અકર્તા, અપ્રસવ ધર્મી અને સાક્ષીરૂપ છે. પુરુષોની સંખ્યા અનેક છે. જ્ઞાન (બુદ્ધિ) જડ પ્રકૃતિનું પરિણામ છે. જેને મહત્ તત્ત્વ કહેવામાં આવ્યું છે. જયારે આનો સંબંધ આત્મા સાથે થાય ત્યારે તે પુરુષ જ્ઞાનરૂપ થઈ જાય છે. પરંતુ મુક્તાવસ્થામાં પ્રકૃતિના સંબંધોનો વિચ્છેદ થવાથી જ્ઞાન, સુખ વગેરે રહિત થઈ જાય છે. સંસારાવસ્થામાં જ્યારે આત્માની સાથે બુદ્ધિનો સંપર્ક થાય છે ત્યારે જ જીવાત્માની મુક્તિ થાય છે. સાંખ્ય દર્શન પ્રમાણે 'વસ્તુતઃ બંધન અને મોક્ષ પ્રકૃતિના થાય છે.' ક્રિયાશીલતા પ્રકૃતિનો ધર્મ છે, આત્માનો નહીં. આત્મા તો અવિકાર, નિષ્ક્રિય, અકર્તા, સર્વવ્યાપક, સર્વધર્મી, ચૈતન્યરૂપ છે પરંતુ જ્ઞાન એનો સ્વભાવ નથી તેથી મુક્તાવસ્થામાં જ્ઞાન નથી રહેતું.

સાત્ત્વિક બુદ્ધિના ચાર ગુણ છે-ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય. સાત્ત્વિક બુદ્ધિથી મોટા ભાગે અહંકાર, મન અને ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે. તામસ બુદ્ધિના પણ ચાર ગુણ છે-અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય. તામસ બુદ્ધિથી **તનમાત્રા**ઓ અને **મહાભૂત** ઉત્પન્ન થાય છે. પ્રકૃતિનો વિકાર થવાથી સ્વભાવતઃ બુદ્ધિ અચેતન છે. બુદ્ધિમાં જ્યારે ચૈતન્યાત્મક પુરુષ પ્રતિબિંબિત થાય અને આ પ્રતિબિંબિત પુરુષનો પદાર્થો સાથે સંપર્ક થાય ત્યારે તેને જ્ઞાન કહેવાય છે. તેને જ્ઞાતા અને ભોકતા બંને કહેવામાં આવે છે. પુરુષ પ્રકૃતિનો અધિષ્ઠાતા છે અને પ્રકૃતિના કાર્યો પુરુષ માટે જ હોય છે. પુરુષ અનેક છે. આ રીતે આ બંને દર્શનોમાં મુક્તાવસ્થામાં જ્ઞાન, સુખ આદિનો અભાવ હોય છે. પ્રકૃતિ લીન પુરુષ પણ મુક્ત કહેવાય છે. પરંતુ ભવિષ્યમાં પુનઃ બંધનમાં આવી શકે છે. સદા મુક્ત ઈશ્વર બીજા મુક્તોથી જુદો કૃપાને પાત્ર બને છે અને એને સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર પણ થઈ જાય છે. ઈશ્વર સૃષ્ટિકર્તા નથી. યોગદર્શનમાં ચિકિત્સા-શાસ્ત્રની માફક (રોગ, રોગનું કારણ, આરોગ્ય અને ઔષધ) ચાર વ્યૂહ છે. –દુઃખમય સંસારનું કારણ, પ્રકૃતિ-સંયોગ, મોક્ષ, અને મોક્ષ (નિવૃત્તિ)નો ઉપાય (સમ્યગ્‌દર્શન, અષ્ટાંગ યોગ આદિ).

બૌદ્ધ દર્શનમાં પણ આ પ્રમાણે ચાર આર્ય સત્ય બતાવવામાં આવ્યા છે-દુઃખ, દુઃખનું કારણ, દુઃખમાંથી નિવૃત્તિ અને દુઃખનિરોધ ઉપાય–(અંતઃકરણ = બુદ્ધિ, મન અને અહંકાર)ની પાંચ અવસ્થા બતાવી છે–૧. ક્ષિપ્ત (રજોગુણોદ્રેક) ૨. મૂઢ (તમોગુણોદ્રેક) ૩. વિક્ષિપ્ત (સત્ત્વમિશ્રિતોદ્રેક) ૪. એકાગ્ર (સત્યોદ્રેક) અને ૫. નિરુદ્ધ (ચિત્તનિરોધ). આ રીતે સાંખ્ય યોગ દર્શન ન્યાયવૈશેષિકના આત્મ તત્ત્વ કરતાં એક પગલું આગળ વધે છે

ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક
જૈન આગમ પર્યુષણ અંક

'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક સપ્ટેમ્બરમાં પર્યુષણ પર્વના દિવસે ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે. આ જ્ઞાન સમૃદ્ધ વિશિષ્ટ અંકનું સંપાદન આગમ પ્રચારક વિદ્વાન શ્રાવક **શ્રી ગુણવંત બરવાળિયા** કરશે.

આ અંકમાં જૈનોના ૪૫ આગમોનો પરિચય એના તત્ત્વદર્શન સાથે પૂ. મુનિ ભગવંતો અને વિદ્વાનોના વિવિધ સંશોધનાત્મક લેખો દ્વારા કરાવાશે.

આગમ ઉપર લખાયેલ આ તત્ત્વથાળ જૈન-જૈનેતર જિજ્ઞાસુઓને જૈન આગમ તત્ત્વનું સરળ ભાષામાં દર્શન કરાવશે.

પ્રભાવના અથવા ભેટ આપવા માટે વધુ નકલોની આવશ્યકતા હોય એ શ્રુત ભક્તોને સંસ્થાના કાર્યાલય ઉપર ફોન કરી-૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઑર્ડર લખાવવા વિનંતિ. એક નકલની કિંમત રૂા. ૪૦/-.

એકસોથી વધુ નકલ લેનારને અંકમાં જુદા પાના ઉપર પ્રભાવના કરનારનું નામ છાપી અપાશે.

આ જ્ઞાન સમૃદ્ધ અંકના સૌજન્યદાતા આવકાર્ય છે. શ્રુત પ્રચાર અને શ્રુત સેવાનું કાર્ય એ જ્ઞાન તપ છે, કોઈ પણ તપ પુણ્યની લબ્ધિ આપે જ છે.

□ **તંત્રી**

પરંતુ જ્ઞાન સુખાદિ એનો સ્વભાવ નથી ગણતા અથવા માનતા. પુરુષ અને પ્રકૃતિના સંબંધથી નિવૃત્તિ પણ એક અણઉકેલ્યો કોયડો રહે જ છે.

૫. મીમાંસા-(પૂર્વ મીમાંસા)

આ દર્શનને પૂર્વ મીમાંસા અથવા કર્મમીમાંસા પણ કહેવાય છે. આના પ્રણેતા મહર્ષિ જૈમિનિ છે. આ દર્શનના ત્રણ પ્રમુખ વ્યાખ્યાતાઓ છે-કુમારિલ ભટ્ટ, પ્રભાકર મિશ્ર અને પાર્થસારથિ મિશ્રા. જો કે આ ત્રણેયના દાર્શનિક સિદ્ધાંતમાં થોડો ફરક છે. ત્રણેય અપૌરૂષેયવેદને પ્રમાણ માને છે.

આ દર્શનમાં આત્માને કર્તા-ભોકતા અને દરેક શરીરમાં જુદો હોવાને લીધે અનેક માનવામાં આવે છે. ન્યાય વૈશેષિકની માફક અત્રે પણ જ્ઞાન આદિ ગુણ આત્મામાં **સમવાય** સંબંધે છે. પ્રત્યેક શરીરમાં આત્મા જુદો હોવા છતાં આત્માને વ્યાપક અને નિત્ય માનવામાં આવ્યો છે. અત્રે કોઈ સર્વજ્ઞ ન હોઈ શકે. વ્યક્તિ કર્માનુસાર શરીર ધારણ કરે છે. મુક્તાવસ્થામાં દુ:ખોનો અત્યંત અભાવ હોય છે. ભાટ્ટ મતાનુસાર આત્મામાં પરિણમન ક્રિયા જોવામાં આવે છે. ક્રિયા બે પ્રકારની હોય છે-સ્પન્દરૂપ, (જેમાં સ્થાન પરિવર્તન હોય) અને પરિણમન રૂપ (જેમાં રૂપ પરિવર્તન હોય). આ રીતે ભાટ્ટ પરિણામી વસ્તુને પણ નિત્ય માને છે. આત્માના બે અંશ છે–ચિત્ત અને અચિત્ત. ચિદંશથી જ્ઞાનનો અનુભવ થાય અને અચિદંશથી પરિણમન ક્રિયા થાય. સુખદુ:ખાદિ આત્માના વિશેષ ધર્મ છે જે અચિદંશનાજ પરિણમન છે. આત્મા ચૈતન્યસ્વરૂપ ન હોવા કરતાં ચૈતન્ય વિશિષ્ટ છે. અનુકૂળ પરિસ્થિતિઓમાં શરીર અને વિષયનો સંયોગ થવાથી આત્મામાં ચૈતન્યનો ઉદય થાય છે. સ્વપ્નાવસ્થામાં વિષય સંપર્ક ન હોવાથી આત્મામાં ચૈતન્ય નથી હોતું. આ રીતે આત્મા ચિત્ અને અચિત્ ઉભયરૂપ છે. આત્માનું માનસ પ્રત્યક્ષ છે. 'અહં આત્માનં જાનામિ' એવા અનુભવના આધારે આત્માને જ્ઞાન અને વિષય બંનેનો કર્તા માને છે. નિષ્કામ કર્મથી અને આત્મિક જ્ઞાનથી સર્વે કર્મોનો નાશ અને મુક્તિ થાય છે.

પ્રભાકર મિશ્ર (ગુરુ) આત્મામાં ક્રિયા નથી માનતા. આત્મા 'અહં' પ્રત્યય ગમ્ય છે. જ્ઞાનનો કર્તા આત્મા છે. પ્રપંચ-સંબંધ-વિલય જ મોક્ષ છે. વિધિ જ ધર્મ છે. પાર્થસારથિ મિશ્રા મોક્ષમાં સુખ અને દુ:ખ બંનેને અત્યંતાભાવ માને છે. ભાટ્ટોની એક પરંપરા મોક્ષમાં શુદ્ધાનંદનના અસ્તિત્વને માને છે. આ હિસાબે કુમારિલ ભટ્ટના મતે આત્મા ચિત્ અને અચિત્ ઉભયરૂપ છે. 'આત્મા ક્રિયાશીલ છે કે નહીં' એ બાબતમાં કુમારિલ ભટ્ટ અને પ્રભાકર કુમારિલ ભટ્ટ મિશ્રામાં મતભેદ છે. કુમારિલ ભટ્ટ કેવળ રૂપપરિવર્તનને ક્રિયા માને છે. વસ્તુત: મીમાંસા દર્શનનો ઉદ્દેશ વેદવિહિત–વિધિ વાક્યો પર વ્યાખ્યાન કરવાનો છે. મીમાંસામાં મોક્ષ-વિષયક દર્શનનો વિચાર પાછળથી લૌગાક્ષિ ભાસ્કર દ્વારા થયો છે. આ ઈશ્વરની સત્તાનો સ્વીકાર નથી કરતા. ન્યાયવૈશેષિક આત્મામાં ક્રિયાનો સ્વીકાર નથી કરતા. આ દર્શનની ખાસ વિશેષતા જૈન દર્શનની જેમ આત્માના નિત્યપરિણામીનો સ્વીકાર કરવો તે છે. આત્મામાં ચિત્ અને અચિત્ બંને માનવું અસંગત છે.

૬. વેદાંત : (ઉત્તર મીમાંસા અથવા જ્ઞાન મીમાંસા)

ઉપનિષદ વિદ્યા એટલે વેદાન્ત વિદ્યા (વેદ+અન્ત) મહર્ષિ બાદરાયણ વ્યાસ કૃત બ્રહ્મસૂત્ર (ઉપનિષદો પર આધારિત)ની વ્યાખ્યા ઘણા આચાર્યોએ કરી છે જેને લીધે વેદાન્તના ઘણા ઉપભેદ થઈ ગયા. આ બધામાં શંકરાચાર્યનું અદ્વૈત-વેદાન્ત મુખ્ય છે. આચાર્ય શંકરાનુસાર આત્મા જ બ્રહ્મ (પરમાત્મા) છે. બ્રહ્મા નિર્વિકલ્પ, નિરૂપાધિક, નિર્ગુણ, નિર્વિકાર અને ચૈતન્યરૂપ છે. નિર્ગુણબ્રહ્મ જ્યારે અનિર્વચનીય માયાથી **ઉપહિત** થઈ જાય ત્યારે એ ઈશ્વર અથવા સગુણ બ્રહ્મ કહેવાય છે. વિશ્વની સૃષ્ટિ, સ્થિતિ, લયનું કારણ આ ઈશ્વર જ છે. આ ઈશ્વર ન્યાય વૈશેષિકની જેમ સૃષ્ટિનું ફક્ત નિમિત્ત કારણ નથી પરંતુ તે ઉપરાંત નિમિત્ત અને ઉપાદાન બંને છે. આ ચૈતન્ય બ્રહ્મ જ્યારે અંત:કરણથી વિછિન્ન થઈ જાય ત્યારે એ ચૈતન્યને જીવ કહે છે અર્થાત્ શરીર અને ઈન્દ્રિયોનો પ્રમુખ અને કર્મફળ ભોકતા આત્મા જ જીવ છે. એનું ચૈતન્ય ન્યાય વૈશેષિકની માફક કદાચિત્ (કોઈકવાર હોવું અને કોઈકવાર ન હોવું) રૂપ નથી પરંતુ સદા (સ્વપ્ન, સુષુપ્તિ અને જાગ્રત) ત્રણે અવસ્થામાં રહેવાવાળું છે. બ્રહ્મનું જ રૂપ હોવાને કારણે આત્મા પણ વ્યાપક છે. એનામાં જે અણુરૂપની કલ્પના કરવામાં આવે છે તે તેના સૂક્ષ્મ રૂપ હોવાને કારણે છે. આત્મ ચૈતન્યને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓમાં તથા અન્નમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચે કોશોમાં પણ જોઈ શકાય છે; પરંતુ આત્માનું શુદ્ધ ચૈતન્ય રૂપ આ પાંચેય કોષોથી અલગ છે. આ આત્મા નિત્ય, વ્યાપક, ચૈતન્યસ્વરૂપ એક અને સ્વયં સિદ્ધ છે. બુદ્ધિના કારણે એમાં ચંચળતા દેખાય છે બાકી તો મૂળે એ શાંત છે. આ બ્રહ્મનું **વિવર્ત** છે પરિણામ નહીં. વસ્તુત: જ્ઞાતા અને જ્ઞાન જુદા નથી. આત્મા જ્ઞાનરૂપ અને જ્ઞાતા બંને છે. આત્માની સમક્ષ જ્યારે વિષય ઉપસ્થિત થાય છે, ત્યારે તે જ્ઞાતા થઈ જાય છે, બાકી તે કેવળ જ્ઞાનરૂપ જ હોય છે, અર્થાત્ જ્ઞાન જ જ્ઞાતા બની જાય છે. અનિત્ય જ્ઞાન જે વિષયના સાન્નિધ્યથી ઉત્પન્ન થાય છે તે માત્ર **અન્ત:કરણાવછિન્ન**-વૃત્તિ છે. વિષય અને વિષયનું પાર્થક્ય વ્યવહારિક છે, પરમાર્થિક નહીં; કારણકે કોઈકવાર વિષયી રૂપે અને કોઈકવાર વિષય રૂપે પરબ્રહ્મ જ ઓળખાય છે. એ એક અખંડરૂપ છે અને આ જગત કાલ્પનિક અથવા માયાવી છે. સગુણ બ્રહ્મ એનું તટસ્થ લક્ષણ છે અને ચિદાનંદ રૂપ નિર્ગુણ બ્રહ્મ એનું સ્વરૂપ લક્ષણ (તાત્વિક) છે. આચાર્ય શંકર માયાને ત્રિગુણાત્મિક, જ્ઞાન વિરોધી, ભાવરૂપ અને અનિવર્ચનીય બ્રહ્મની અભિન્નતા શક્તિ માને છે. આ રીતે શંકરવેદાંતમાં આત્મતત્ત્વ પરમ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મનું જ રૂપ છે. અત: મુક્તાવસ્થામાં જીવ બ્રહ્મરૂપ જ બની જાય છે. 'અહં બ્રહ્માસ્મિ' અથવા 'તત્ ત્વમસિ' આ મહાવાક્યોમાં બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. મુક્તાવસ્થામાં જ્ઞાન સુખાદિ પણ રહે છે. આ મતમાં એક જ

સમસ્યા છે કે જો સઘળું બ્રહ્મ છે તો એ બંધનમાં કેવી રીતે પડ્યું ? અને એકના મુક્ત થવાથી બીજું કેમ મુક્ત નથી થતું ? જો એમાં અંશની કલ્પના કરીએ તો તેની વ્યાપકતા નષ્ટ થાય છે.

૭. વૈષ્ણવ દર્શન :

આના અંતર્ગત પાંચ સમુદાય છે.

(અ) રામાનુજ દર્શન :

આ દર્શન વિશિષ્ટાદ્વૈતવાદી છે. આ દર્શનમાં માનનારાની દૃષ્ટિએ બ્રહ્મમાં સજાતીય કે વિજાતીય ભેદ ન હોવાના કારણે સ્વગત ભેદ છે જ્યારે શાંકર વેદાન્તમાં બ્રહ્મ ત્રણેય ભેદો રહિત છે. અત્રે બ્રહ્માના બે અંશ છે-ચિત્ અને અચિત્ તેથી બ્રહ્મના ત્રણ પદાર્થ છે ચિત્, અચિત્ અને ઈશ્વર. ચિત્નું નિર્દેશન છે જીવ ભોકતા તરફ અને અચિત્નું ભોગ્ય જગત તરફ, તથા ચિત્, અચિત્ દર્શાવે છે ઈશ્વર. આ ઈશ્વર જગતના અભિન્ન નિમિત્તોપાદનનું કારણ છે. આ કારણ અવિદ્યા-કર્મનિબન્ધન પણ નથી અને કર્મયોગમૂલક પણ નથી. તે ફક્ત સ્વેચ્છાજન્ય છે. જીવ તત્ત્વ અત્યંત અણુ, નિત્ય, અવ્યક્ત, અચિન્ત્ય, આનંદરૂપ, નિરવયવ, નિર્વિકાર, જ્ઞાનાશ્રય, અજડ અને દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણ, બુદ્ધિ કરતાં વિલક્ષણ છે.

(બ). વૈષ્ણવ દર્શન :

આનંદતીર્થનું પ્રસિદ્ધ નામ 'મધ્વ' હતું. એમના સંપ્રદાયને બ્રહ્મ સંપ્રદાય કહેવામાં આવે છે. એમના મત પ્રમાણે વિષ્ણુ અનંત ગુણસંપન્ન પરમાત્મા છે. લક્ષ્મી એ પરમાત્માની શક્તિ છે. સંસારી જીવ અજ્ઞાન, મોહ, દુ:ખ, ભય આદિ દોષો સાથે જોડાયેલો છે. આ યોગ ત્રણ પ્રકારના છે-મુક્તિ યોગ્ય, નિત્ય સંસારી યોગ્ય અને તમો યોગ્ય. આ ત્રણેય ક્રમ પ્રમાણે ઉત્તમ, મધ્યમ અને અધમ કોટિના હોય છે. મુક્ત જીવોના જ્ઞાન આદિ ગુણોમાં તારતમ્ય હોય છે. જૈન દર્શનમાં આ ત્રણે પ્રકારના જીવોને ક્રમ પ્રમાણે ભવ્ય, ભવ્યાભવ્ય અને અભવ્ય કહ્યા છે. ચૈતન્યના અંશ જાણીને જ ભગવાનની સાથે જીવની એકતા પ્રતિપાદિત કરવામાં આવી છે.

(ક) નિમ્બાર્ક દર્શન :

આને સનત્કુમાર સંપ્રદાય પણ કહેવામાં આવે છે. આ મતાનુસાર જીવ અણુરૂપ અને અસંખ્ય છે. એ હરિનો અંશ છે. અંશનો અર્થ કોઈ ભાગ નહીં પણ શક્તિરૂપ છે. જીવ કર્તા પણ છે અને જ્ઞાન સ્વરૂપ પણ છે.

(ડ) વલ્લભ દર્શન :

આ દર્શનને રુદ્ર સંપ્રદાય પણ કહેવામાં આવે છે. જીવ જ્ઞાતા, જ્ઞાનસ્વરૂપ, અગ્નિના સ્ફુર્લિંગ જેવું અણુરૂપ તથા નિત્ય છે. જીવ ત્રણ પ્રકારના હોય છે-શુદ્ધ, મુક્ત અને સંસારી. આ ભક્તિમાર્ગીય (પુષ્ટીમાર્ગીય) દર્શન છે. આમાં ઈશ્વરભક્તિ જ સર્વસ્વ છે. બ્રહ્મ ક્રિડાર્થે જગતનું રૂપ ધારણ કરે છે. આમનો સિદ્ધાંત શુદ્ધાદ્વૈત કહેવાય છે. આ સિદ્ધાંત પ્રમાણે બ્રહ્મ માયાથી વેગળા થયા બાદ એકદમ શુદ્ધ છે.

(ઢ) ચૈતન્ય દર્શન :

આ દર્શનના મુખ્ય મહાપ્રભુચૈતન્યદેવ તથા એમના શિષ્ય રૂપગોસ્વામિ હતા. આ મતને આપણે કિર્તનોથી બંગ દેશને રસમય તથા ભાવવિભોર બનાવવાવાળો મત પણ કહી શકીએ. આચાર્ય શંકરની માફક બ્રહ્મમાં સજાતીય, વિજાતીય અને સ્વગતભેદ નથી. બ્રહ્મ પરમાત્મા અખંડ, સચ્ચિદાનંદ, સર્વજ્ઞ, સત્યકામ, સત્યસંકલ્પ, આદિ અનંત ગુણોવાળા છે. ભગવાનનું શરીર તથા ગુણ એમનાથી જુદા નથી. ભાષાની દૃષ્ટિએ ભલે એમનું પાર્થક્ય કરવામાં આવે છે. આધ્યાત્મ દૃષ્ટિએ અચિન્ત્ય ભેદ અભેદ છે. પરમાત્મા મૂર્ત હોવા છતાં વિભુ છે. જીવ પરિછિન્ન સ્વભાવ તથા અણુત્વ શક્તિયુક્ત છે.

૮. શૈવ દર્શન : (શૈવ તન્ત્ર દર્શન)

આમાં જીવને પશુ કહેવામાં આવ્યો છે. પરમેશ્વર શિવને પતિ, માયારૂપી જગતને 'પાશ' કહેવામાં આવ્યો છે. જીવને શિવનો જ અંશ માનવામાં આવ્યો છે પરંતુ એ અણુરૂપ છે અને તેની શક્તિ સીમિત છે પણ તે અસંખ્ય છે. શિવતત્ત્વ પ્રાપ્ત કર્યા બાદ એમાં અતિશય જ્ઞાન તથા શક્તિનો ઉદય થાય છે. વિવિધ પાસાઓના તારતમ્યના કારણોને લીધે જીવ ત્રણ પ્રકારના ગણાવાયા છે:- વિજ્ઞાનકલ્પ, પ્રલયાકલ્પ અને સકલ. જીવના ત્રણ ભાવ છે.–૧. પશુભાવ-જેમાં અવિદ્યાનું આવરણ હોવાથી અદ્વૈત જ્ઞાનનો જરાપણ ઉદય નથી. એની માનસિક અવસ્થા પશુ જેવી છે. આ સંસાર મોહમાં ફસાયેલો હોવાથી અધમ પશુ છે. સત્કર્મ પરાયણ-ભગવદ્ ભક્ત ઉત્તમ પશુ છે. ૨. વીરભાવ-જે અદ્વૈતભાવના કણનો આસ્વાદ કરીને અજ્ઞાન-રજ્જુને થોડો ઘણો કાપીને કૃતકાર્ય બને છે. એ વીરભાવમાં કહેવાય છે. ૩. દિવ્ય ભાવ-જે દ્વૈતભાવને ખસેડીને અદ્વૈતાનંદનું આસ્વાદન કરે છે. આ ઉપાસ્ય દેવતાની સત્તામાં પોતાને લીન કરી દે છે.

૯. પાંચ રાત્ર દર્શન (વૈષ્ણવ તન્ત્ર દર્શન)

આ મતાનુસાર જીવ સ્વભાવગતઃ સર્વશક્તિશાળી, વ્યાપક અને સર્વજ્ઞ છે પરંતુ ઈશ્વરની તિરોધના શક્તિના કારણે જીવ અણુ, અકિંચિત્કર અને કિંચિજ્ઞ બની જાય છે. ઈશ્વર જીવોની દીન-હીન દશા જોઈને કરૂણાવશ એના પર કરૂણા વરસાવે છે.

૧૦. શાક્ત-તન્ત્ર દર્શન :

શાક્ત ધર્મનો ઉદ્દેશ જીવાત્માની પરમાત્મા સાથેની અભેદ સિદ્ધિ છે. આ અદ્વૈતવાદનું એક સાધન માત્ર છે. સાચો શાક્ત તો એ છે જે એવો વિચાર કરે છે 'હું જ બ્રહ્મ છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું, અને સદા મુક્ત સ્વભાવવાળો છું. કોઈક શાક્ત વેદાનુયાયી છે જ્યારે કોઈક વેદથી વેગળા છે. કોઈક શાક્તોના વામાચારી (ધૃણિતાચારી) હોવાથી શાક્ત બદનામ થયા છે અન્યથા શાક્તોમાં પરબ્રહ્મ સર્વજ્ઞ, શિવ, સ્વયંજ્યોતિ, નિષ્કલ, અનાદિ-અનંત, નિર્વિકાર અને સચ્ચિદાનંદ રૂપ છે. જીવ અગ્નિ સ્ફુર્લિંગવત્ એનાથી જ પેદા થાય છે.

૧૧. જૈન દર્શન :

આ દર્શન પ્રમાણે શરીર, મન, પ્રાણ આદિથી સર્વથા ભિન્ન ચૈતન્યને

આત્મા કહેવામાં આવ્યો છે. શુદ્ધ આત્મા અનંત ચતુષ્ટય (અનંત સુખ, અનંત શક્તિ, અનંત જ્ઞાન અને અનંત દર્શન) વડે સંપન્ન માનવામાં આવ્યો છે. સંસારાવસ્થામાં આઠ પ્રકારના કર્મો વડે આવૃત્ત હોવાથી એના ચારેય વિશેષ ગુણો અંશિક રૂપે પ્રગટ થાય છે, જ્યારે આત્મા કર્મોના આવરણને તપ-સાધના દ્વારા પૂર્ણરૂપે ખસેડી દે છે ત્યારે એના આ ચારેય વિશેષ ગુણો પૂર્ણરૂપે પ્રગટ થાય છે. સંસારાવસ્થામાં આત્માના આ ગુણ એવી રીતે ઢંકાયેલા રહે છે જેમ વાદળો દ્વારા સૂર્યનો પ્રકાશ ઢંકાયેલો રહે છે અને વાદળોના ખસી જવાથી સૂર્યનો પૂર્ણ પ્રકાશ પ્રગટ થાય છે. એકેન્દ્રિય જીવોની સુષુપ્તિ આદિ બધી અવસ્થાઓમાં જ્ઞાન આદિ ગુણોનો એમની સાથે કોઈ પણ વખતે અભાવ હોતો નથી તેથી કહેવાય છે કે 'ઉપયોગ' જીવનું લક્ષણ છે. અને એ બે પ્રકારના હોય છે-જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. જીવોની રાશિ અનંત છે અને એમાં **પરિણામી-નિત્યતા** (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) જણાય છે. એનો સ્વભાવ ઉર્ધ્વગમન માનવામાં આવે છે તેથી જીવ મુક્ત થયા બાદ **લોકાન્ત** સુધી ઉર્ધ્વગમન કરી સ્થિર થઈ જાય છે. અરૂપી હોવાના કારણે ઈન્દ્રિયો દ્વારા જોઈ નથી શકાતો. ઈશ્વરની દૃષ્ટિએ આત્મા સદા શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અકર્તા અને અભોકતા છે પરંતુ સંસારાવસ્થામાં વ્યવહાર દૃષ્ટિએ એ કર્તા ભોક્તા વગેરે છે. એને જે શરીર પ્રાપ્ત થઈ જાય તેને અનુરૂપ એ થઈ જાય છે; એટલા માટે એને શરીર પરિમાણ કહેવામાં આવે છે. નહીં વ્યાપક અને નહીં અણુ. મુક્તાવસ્થામાં શરીરનો અભાવ હોય છે પરંતુ એ એના પૂર્વના શરીરના આકારને છોડતો નથી. સામાન્ય તથા દરેક જીવોનો આકાર લોકાકાશનો અસંખ્યાતમો ભાગ કહેવાય છે. સંકોચ-વિકાસ શક્તિના કારણે એ નાના મોટા શરીરમાં રહી શકે છે. એ સૂક્ષ્મ અને અરૂપી પણ છે. મૃત્યુ બાદ પણ સંસારાવસ્થામાં કાર્મણ અને તેજસ એ બે સૂક્ષ્મ શરીર અવશ્ય એની સાથે રહે છે.

જ્ઞાનાદિ ગુણ આત્માથી કદિ પણ અલગ નથી થતા માટે એ બેમાં કોઈ ફેર નથી; છતાં પણ વ્યવહારની દૃષ્ટિએ (દ્રવ્ય ગુણના ભેદથી) એમાં તફાવત કરવામાં આવ્યો છે. ન્યાય વૈશેષિકની જેમ જ્ઞાન અને આત્મામાં સંપૂર્ણ ભેદ નથી. અનેકાન્તવાદની દૃષ્ટિએ **અપેક્ષાભેદ**માંથી ભેદાભેદકત્ત્વ થઈ શકે. એ જ પ્રમાણે આત્મા બૌદ્ધોની જેમ ક્ષણિક અને વેદાંતિઓની જેમ હંમેશા નિત્ય નથી પરંતુ અપેક્ષાભેદ પ્રમાણે **નિત્યાનિત્યાત્મક** છે. મુક્ત થયા બાદ અશરીરી થઈ જાય છે પરંતુ મુક્તિપૂર્વનો શરીરનો આકાર બની રહે છે. (બહુ થોડા અંશે) કર્મ સંબંધ ન હોવાથી એનો સંકોચ-વિકાસ નથી થતો. પૃથ્વી, જળ, વાયુ, તેજ અને વનસ્પતિમાં પણ જીવત્ત્વ હાજર છે એમ માનવામાં આવે છે. પૃથ્વીકાયિક જીવોનું શરીર પૃથ્વી હોય છે, જળકાયિક જીવોના જળ. આ જીવ એકેન્દ્રિય હોય છે અને આના પછી દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય આવે છે. એકે કાયમી નિત્ય ઈશ્વર નથી અને જેને ઈશ્વર માને છે તે વીતરાગી હોવાને નાતે ન તો ક્રોધ કરે છે, અને ન કૃપા કરે છે. આ સાંખ્ય દર્શનની માફક માત્ર સાક્ષી રૂપે હોય છે. સૂક્ષ્મતા અને અરૂપતાને કારણે એક અણુરૂપ સ્થાનમાં પણ અનંતાનંત જીવ રહી શકે છે. મનને આ દર્શનમાં જડ (પુદ્‌ગલ) ગણાવ્યું છે. આ મન અણુરૂપ છે અને ચૈતન્ય આત્માના સંપર્કમાં આવ્યા બાદ ચેતનવત્ કાર્ય કરે છે. આવું મન પંચેન્દ્રિયમાં જ સંભવ છે. જૈન દર્શનમાં મનની કલ્પના વિશેષ પ્રકારે કરવામાં આવી છે. આ રીતે જૈન દર્શનમાં આત્માના વિવિધ રૂપોનું વિસ્તારપૂર્વક ચિંતન કરવામાં આવ્યું છે અને એને વેદાન્તની જેમ જ્ઞાનરૂપ માનવામાં આવે છે. એટલા માટે મુક્તાવસ્થામાં જ્ઞાન સુખ આદિ ગુણ એની સાથે અભિન્ન રૂપે જ રહે છે.

ઉપસંહાર :

આ રીતે આ સર્વે દર્શનોમાં જે આત્મતત્ત્વ વિષે ચિંતન કરવામાં આવ્યું છે તેમાં ચાર્વાક અને બૌદ્ધો સિવાય બધા જ શરીર વગેરેથી ભિન્ન એવા આત્માનો સ્વીકાર કરે છે. કોઈક આત્માને ચૈતન્યસ્વરૂપ માને છે તો કોઈક એને **આગન્તુક** ધર્મ, કોઈક **કૂટસ્થ** નિત્ય માને છે તો કોઈ પરિણામી નિત્યાનિત્ય, કોઈક અણુરૂપ માને છે તો કોઈક વ્યાપક અથવા શરીર પરિમાણ. કશેક ઈશ્વર કે બ્રહ્મનો અંશ કહ્યો છે તો કશેક બ્રહ્મનો વિવર્ત, કશેક મુકતાવસ્થામાં અનંત જ્ઞાન અને સુખ છે તો કશેક જ્ઞાન અને સુખ બંનેનો સર્વથા અભાવ અથવા ફક્ત દુ:ખભાવ કે શૂન્યતા છે. કશે કર્તા અને ભોક્તા છે તો કશેક પોતાના કર્તૃત્વ અને ભોક્તૃત્વ માટે સ્વતંત્રતા નથી. કશેક એક છે તો કશેક અનેક. એ શરીરથી ભિન્ન છે, અરૂપી છે તથા ચૈતન્ય સાથે એનો અથવા ગુણ-ગુણીભાવ સંબંધ છે અથવા સ્વયં ચૈતન્યરૂપ છે. આ વિષયમાં પ્રત્યેક આત્મવાદી દર્શન એકમત છે. આત્માને જ્ઞાનરૂપ અને ચૈતન્યરૂપ માનવામાં સમસ્યાઓનું સમાધાન છે, અન્યથા એને માનવાનો કોઈ મતલબ નથી. આ રીતે સંખ્યામાં અનેક શરીર પરિમાણ, સૂક્ષ્મ પરિણામિ નિત્ય અને કોઈ ને કોઈ રીતે અરૂપી માનવું જરૂરી છે. સર્વે આત્મવાદી દર્શન અને તન્ત્રવાદી એકમત છે. જો કોઈ ફરક હોય તો તે અપેક્ષાભેદનો. મુક્તાવસ્થામાં સ્વ-સ્વીકૃત સિદ્ધાંત અનુસાર દરેકે આત્માના શુદ્ધ સ્વ-સ્વરૂપો લબ્ધિને માન્ય રાખ્યું છે. વિજ્ઞાન આ વિષયમાં નિરંતર શોધ કરી રહ્યું છે પરંતુ આજ સુધી કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યું નથી. ✷✷✷

કેનવે હાઉસ, ૬/બી, ૧લે માળે, વી. એ. પટેલ માર્ગ,
મુંબઈ–૪૦૦ ૦૦૪. ટે. નં. ૨૩૮૭૩૬૧૧

દરરોજ ઈશ્વરની પ્રાર્થના કરવાથી અંત:કરણ પવિત્ર બને છે, સ્વભાવમાં પરિવર્તન આવે છે, હતાશા અને નિરાશા નીકળી જાય છે, મનને શાંતિ અને તાજગી મળે છે, દિલમાં ઉમંગ પ્રગટે છે અને જીવન જીવવાની પ્રેરણા મળે છે.

પ્રસન્નચંદ્રને જોયા છે ?

□ ડૉ. ગુલાબ દેઢિયા

હું તને પૂછું, 'તમે પ્રસન્નચંદ્રને જોયા છે ?' તમને નવાઈ લાગશે, તમે તરત જ કહેશો,

મેં પ્રસન્નચંદ્રને ક્યાંથી જોયા હોય ! એ તો પેલા વાર્તાવાળા રાજર્ષિ પ્રસન્નચંદ્ર એ જ ને !'

'હા, હા, એ જ. પણ એમને જોવા હોય તો દર્પણમાં જોવું.'

'દર્પણમાં તો આપણી છબી દેખાય છે.'

'બસ. એ જ તો કહેવું છે, પ્રસન્નચંદ્ર અને આપણામાં ફેર ક્યાં છે ? એ તો ઘડીમાં ખુશ ને ઘડીમાં નાખુશ થયા હતા. આપણું પણ એવું જ ને !'

આપણો આ સંવાદ અટકાવી જરા એ રાજા અને એ ઋષિ પ્રસન્નચંદ્રની વાર્તાને ફરીથી માણીએ અને જાણીએ. વાર્તા તો ખબર છે ! છતાં એમાં રહેલો મર્મ સમજવા જેવો છે ને !

પ્રસન્નચંદ્ર પોતનપુર નગરીના રાજા હતા. પ્રભુ મહાવીર પોતનપુર પધાર્યા છે અને મનોરમ ઉદ્યાનમાં બિરાજે છે એ જાણી રાજા પ્રભુને વંદન કરવા જાય છે. મોહનો નાશ કરનારી મહાવીર વાણી સાંભળે છે. એક તો પ્રભુની વાણી અને વ્યક્તિત્વનો પ્રભાવ અને તે સમયના જીવોની સરળતા કેવી ! રાજા પ્રસન્નચંદ્રે રાજપાટ છોડ્યું. પોતાના નાનકડા કુંવરને સિંહાસને બેસાડ્યો અને પ્રભુ પાસે દીક્ષાવ્રત ગ્રહણ કરી લીધું. કમળના પત્ર પરથી જલબિન્દુ સરે એટલું સહજ એટલું સ્વાભાવિક !

રાજઋષિ પ્રસન્નચંદ્ર ધર્મમાં ઊંડા ઉતરતા ગયા. પ્રભુ રાજગૃહીમાં પધાર્યા છે. શ્રેણિક મહારાજા પરિવાર સાથે હાથી ઘોડાની સવારી લઈ પ્રભુ દર્શને આવવા નીકળ્યા છે.

શ્રેણિક મહારાજાની સેનામાં સુમુખ અને દુર્મુખ બે મિથ્યા દૃષ્ટિવાળા સેનાનીઓ મોખરે ચાલતા હતા. એમણે પ્રસન્નચંદ્ર મુનિને એક પગે ઊભા રહી, હાથ ઊંચા કરી તપ કરતા જોયા. સુમુખે કહ્યું, 'વાહ ! આવી આતપના (ઉગ્ર તપ) કરનાર આ મુનિ માટે સ્વર્ગ કે મોક્ષ એ દૂરની વાત નથી.'

દુર્મુખે કહી દીધું, 'આ તો પોતનપુરના રાજા પ્રસન્નચંદ્ર છે. પોતાના રાજ્યનો ભાર કુંવરને માથે નાંખી દીધો, આ તે કંઈ ધર્મી કહેવાય ! એના મંત્રીઓ ચંપાનગરીના દધિવાહન રાજા સાથે ભળી જઈ રાજકુંવર પાસેથી રાજ્ય પડાવી લેશે. આ રાજાએ તો હળાહળ અધર્મ કર્યો છે.' (આપણે પણ આવા અભિપ્રાયો સાવ સહજ રીતે ક્યાં નથી ઉચ્ચારતા !)

આ વચનો સાંભળી ધ્યાનસ્થ મુનિ પ્રસન્નચંદ્ર વિચારવા લાગ્યા. 'અહો ! મારા ભ્રષ્ટ મંત્રીઓને ધિક્કાર છે. મારા પુત્ર માટે આવું કરવા ધારે છે ? આ વખતે હું રાજા હોત તો એમની ખબર લઈ લેત.' (સમજવાની વાત આ છે, આપણા બધા માટે આ કેટલું સ્વાભાવિક છે. રાગ કે દ્વેષ સંપૂર્ણ છૂટે એ વિરલ પળ તો ક્યારેક જ આવે છે. બીજી રીતે જોઈએ તો મુનિના મનમાં પુત્ર માટેની આ ચિંતા એ પણ સહજ છે. વસ્ત્ર બદલવાનું સહજ છે. મન બદલવાનું કેટલું દુષ્કર છે તેની આ વાત છે.)

તપમાં મગ્ન મુનિના મનમાં સંકલ્પ-વિકલ્પ ચાલે છે. પ્રસન્નચંદ્ર અપ્રસન્ન થઈ પોતાના સાધુત્વના વ્રતને વિસારી મનથી જ મંત્રીઓ સાથે યુદ્ધ કરે છે. (આપણી જેમ જ ! આપણે પણ પ્રતિદિન, પ્રતિપળ કેવા કેવા મનોયુદ્ધોમાં મચ્યા રહીએ છીએ !)

શ્રેણિક મહારાજા પ્રભુને વંદન કરી પૂછે છે. 'માર્ગમાં તપમગ્ન પ્રસન્નચંદ્ર રાજર્ષિને મેં વાંદ્યા છે. આ સ્થિતિમાં એમનું આયુષ્ય પૂર્ણ થાય તો એમની ગતિ કઈ હોય ?'

પ્રભુ મહાવીરે કહ્યું, 'સાતમી નરકે જાય.' તે સાંભળી શ્રેણિક વિચારમાં પડી ગયા અને માન્યું કે, સાધુને નરકગમન ન હોય. પ્રભુની વાત મને બરાબર સંભળાઈ નહિ હોય.'

થોડી વાર રહી શ્રેણિક મહારાજાએ પ્રભુને ફરી પૂછ્યું, 'પ્રભુ ! પ્રસન્નચંદ્રમુનિ આ સમયે કાળ કરે તો ક્યાં જાય ?'

ભગવંતે કહ્યું, 'સર્વાર્થ સિદ્ધ વિમાને જાય.' શ્રેણિકની જિજ્ઞાસા વધી ગઈ, ફરી પૂછ્યું, 'આપે ક્ષણના અંતરમાં બે જુદી જુદી વાત કેમ કહી ?'

પ્રભુએ સમજાવ્યું, 'ધ્યાનના ભેદથી મુનિની સ્થિતિ બે પ્રકારની થઈ ગઈ. તેથી મેં બે જુદી વાત કરી છે. દુર્મુખની વાતથી ગુસ્સે થયેલા મુનિ મનમાં યુદ્ધ કરતા હતા તેથી નરકને યોગ્ય હતા. ત્યાંથી તમારા અહીં આવવા દરમ્યાન તેમણે મનમાં વિચાર્યું મારા બધા અસ્ત્ર-શસ્ત્ર વપરાઈ ગયા. હવે મસ્તકના શિરસ્ત્રાણ (હેલ્મેટ)થી શત્રુને મારું. એમ વિચારી મસ્તકે હાથ મૂક્યો તો લોચ કરેલા મસ્તકે બધું યાદ કરાવી દીધું. મુનિવ્રત યાદ આવ્યું. પોતાને નિંદવા લાગ્યા. આલોચના પ્રતિક્રમણ કર્યું. પાછા પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર થયા. તેથી તમારા બીજી વારના પ્રશ્ન વખતે સર્વાર્થસિદ્ધિને યોગ્ય થયા.'

પ્રભુ હજી આ પરિવર્તનની વાત કરતા હતા ત્યાં પ્રસન્નચંદ્ર મુનિ પાસે દેવ દુંદુભિ વાગે છે. શ્રેણિકે પૂછ્યું, 'પ્રભુ આ શું થયું ?'

પ્રભુએ કહ્યું, 'ધ્યાનમાં સ્થિર થયેલા પ્રસન્નચંદ્રમુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે.'

આ કથા આપણા મનની ચંચળતા, મનની અગાધ શક્તિ, મનના બદલાતા ભાવને દર્શાવે છે. શાંત સરોવર જેવું મન છે. જરાક જેટલી નાની અમથી કાંકરી પડી કે, પાણીમાં વર્તુળ સર્જાય છે. આધુનિક મનોવિજ્ઞાન અને ધર્મની આ વાતોને સાથે સાથે જોવી જોઈએ.

ગાડીમાં બેસીને ક્યાંક જઈ રહ્યા છીએ. ચાર રસ્તા પાસે પહોંચતાં જ સિગ્નલ લાલ થયું તો નારાજ થઈ ગયા. બીજા સિગ્નલ પાસે પહોંચતાં

જ સિગ્નલની લીલી બત્તી થઈ તો પ્રસન્ન થઈ ગયા. મનનો સિસ્મોગ્રાફ ચાલ્યા જ કરે છે. પાંચેય ઈન્દ્રિયોથી કંઈક ને કંઈક ઝીલ્યા જ કરીએ છીએ. તેમાં પણ આંખોથી તો સૌથી વધુ. એટલે તો મનને એકાગ્ર કરવા આંખોને ઢાળી દેવાનું કહે છે. છતાં મનમાં તો ઘંટી ચાલ્યા જ કરે છે. વિચારો ખૂટતા જ નથી.

આપણી મુશ્કેલી એ છે કે, પ્રસન્નચંદ્રમુનિ જેવા કે એનાથીય આકરા નકારાત્મક વિચારો તો ઝટ આવી જાય છે, પણ સકારાત્મક, આત્મબોધના, પ્રતિક્રમણના, ભૂલ સ્વીકારના, સરળતાના વિચારો ઝટ આવતા નથી.

મનને વશ કરવાના, મનને જીતવાના, શુભ વિચારો લાવવાના ધર્મે અનેક રસ્તા દર્શાવ્યા છે. સાવ સરળ, સીધા ને સર્વસુલભ ઉપાયોમાં નામસ્મરણ, મંત્રજાપ, પૂજાપાઠ, સત્સંગ, ગુરુવંદન, સ્વાધ્યાય, સામાયિક, પ્રતિક્રમણ, દેવદર્શન વગેરે અનેક દર્શાવી શકાય. સાધક માનવીને મળતાં મન પ્રસન્ન થાય છે.

ફોનની ઘંટડી સતત વાગ્યા કરે, ફોન પર ફોન આવ્યા કરે તો નારાજ થઈએ. ઈચ્છીએ આ ફોન બંધ થઈ જાય તો સારું. અને આપણું ધાર્યું થાય અને ફોન બંધ થઈ જાય તો પાછા નારાજ થઈ જઈએ.

કઈ પળે તેડું આવશે, એ તો જાણતા નથી. અને એ પળોમાં અશુભ મનોદશા હશે, મનમાં યુદ્ધ ચાલતું હશે તો!?

પ્રસન્નચંદ્ર રાજર્ષિની આ કથાનું સતત સ્મરણ રહે તો ય સારું.

હવે સમજાયું ને! પ્રસન્નચંદ્રને મળવું હોય તો દર્પણમાં જુઓ. આપણી અંદર જ એક પગે ઊભા રહી તપ કરતા પ્રસન્નચંદ્ર હાજરાહજૂર છે.

ધર્મની વાતોને મનોવિજ્ઞાનથી નિહાળીશું તો યુવાવર્ગને વધુ ગમશે.

(કથાસંદર્ભ: 'જૈન શાસનના ચમકતા હીરા'
-સંપાદક વરજીવનદાસ વાડીલાલ શાહ) ✷✷✷

૧૪/૩૨૬, સમુદ્રદર્શન, જે. પી. રોડ, અંધેરી (પ.), મુંબઈ-૪૦૦૦૫૩.
મો. : ૯૮૨૦૬૧૧૮૫૨.

શ્રવણ ભક્તિનો મર્મ સમજવો રહ્યો

❑ શશિકાંત લ. વૈદ્ય

પશ્ચિમની સંસ્કૃતિમાં માતાપિતાની શ્રેષ્ઠ કક્ષાની ભક્તિ દર્શાવતી કથા આવતી હશે કે નહિ તેનો ખ્યાલ ઓછો છે, છતાં ત્યાં માતા-પિતાનો પ્રેમ દર્શાવતી કથા તો જોવા મળે છે...પણ આપણે ત્યાં માતાપિતાની સર્વશ્રેષ્ઠ ભક્તિ દર્શાવતી કથા શ્રવણની છે, જે અદ્વિતીય છે. શ્રવણ માતાપિતાને કાવડમાં બેસાડી, ખભે એમનો ભાર ઊંચકીને યાત્રા કરાવવા નીકળ્યો છે...અને શિકાર કરવા નીકળેલા દશરથ રાજાના બાણથી વીંધાય છે અને મૃત્યુ પામે છે...શ્રવણના દુ:ખી માતા દશરથને શાપ આપે છે..'તને પણ પુત્ર વિયોગ થશે, જેવો મને થયો.' શ્રવણ કથા આજે પણ સૌ જાણે છે...પુત્ર માતાપિતાની સારી સેવા ચાકરી કરે તો સમાજ તેને શ્રવણની ઉપમા આપે છે.

આપણી ઋષિ પરંપરામાં શ્રવણ ભક્તિનું મૂલ્ય હજુ પણ જોવા મળે છે. જો કે યુરોપની અસર કે હવા આપણે ત્યાં પણ શરૂ થઈ છે. આપણે ત્યાં સંયુક્ત કુટુંબ ઓછાં થતાં જાય છે અને વિભક્ત કુટુંબ વધતાં જોવા મળે છે. આના સામાજિક કારણો છે...જેનો સ્વીકાર કરવો જ રહ્યો. આજે વૃદ્ધાશ્રમની સંખ્યા પણ વધી રહી છે. જ્યાં વૃદ્ધો ઈચ્છાથી કે ઈચ્છા વિના ત્યાં દાખલ થાય છે અને ત્યાં જિંદગી વિતાવે છે. ત્યાં પણ વેઈટિંગ લિસ્ટ લાંબું હોય છે. વૃદ્ધાશ્રમની ખોટી ટીકા કરવા જેવી નથી, ઘણીવાર એમ જણાય છે કે ઘર કરતાં વૃદ્ધોને ત્યાં શાંતિ હોય છે. ઠીક, એક વાત સ્પષ્ટ છે કે વૃદ્ધોની સમસ્યા સાચા અર્થમાં સમસ્યા જ બની રહી છે, કારણ કે સુખી દીકરા પણ માતાપિતાને એમની સાથે રાખવા તૈયાર નથી. એક રમૂજી ઘટના યાદ છે. બે મિત્રો એક ઘરમાં ગયા. ઘરના માલિકે એમનું ભવ્ય સ્વાગત કર્યું. સુંદર વાતો થઈ. ભાઈ સંસ્કૃતિ અને સંસ્કારની વાત કરતા હતા. આખરે ત્યાંથી વિદાય થયા. એ જ સોસાયટીમાં પેલા બે મિત્રો બીજે ગયા. જાણવા મળ્યું કે પહેલાં જ્યાં બે મિત્રો ગયેલા એમના માતાપિતા વૃદ્ધાશ્રમમાં જીવન વિતાવતાં હતાં. મકાનનું નામ હતું 'માતૃવંદના'. સમાજમાં આવો ઢોંગ જોવા મળે છે. મને એવા કુટુંબની ખબર છે જે ફક્ત એક જ રૂમ રસોડાવાળા મકાનમાં રહે છે. તે કુટુંબની આવક પણ ખૂબ મર્યાદિત છે, પણ ત્યાં માતાપિતાની સેવાચાકરી સારી થાય છે. દીકરો સંસ્કારી છે એમ જણાય છે. વર્ષો પહેલાંની વાત છે. અમારે ત્યાં એક માજી આવ્યાં. માતાજીએ એમને મદદરૂપ થવા કંઈ આપ્યું. મેં માજીને પૂછ્યું, 'શું તમારે દીકરા નથી?' માજીએ કહ્યું, 'ભાઈ, મારે ચાર દીકરા છે. બધા સુખી છે. એક તો શિક્ષક છે, પણ મને કોઈ રાખવા તૈયાર નથી...એટલે ભીખ માંગીને દિવસો પૂરા કરું છું. દીકરા હોય કે ના હોય શું ફેર પડે?' માજીની વ્યથા જાણીને દુ:ખ થાય છે.

આપણી સંસ્કૃતિમાં અને શાસ્ત્રોમાં માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ અને આચાર્ય દેવો ભવની શ્રેષ્ઠ ભાવના જોવા મળે છે. માતાપિતા અને આચાર્ય (ગુરુ) વંદનીય છે, પૂજનીય છે. પહેલાં આવું ન હતું, પણ આજે આ ચિત્ર જોવા મળે છે. બધા ભૌતિક સુખમાં ડૂબેલા છે. ધર્મ એટલે ફરજ, પણ ભાગ્યે જ કોઈ આને સમજે છે. પશ્ચિમના દેશોમાં ફાધર્સ ડે, મધર્સ ડે અને વેલેન્ટાઈન ડે ઉજવાય છે. ફક્ત એક દિવસ માટે...બસ, પછી પુત્રો છૂટા પડી જાય. આપણે ત્યાં તો મા-બાપ સદાય સાથે હોય..આ સહજ સ્થિતિ છે. માતાપિતાના આપણે સૌ ઋણી છીએ એ વાત યાદ રાખવા જેવી છે.

આજની પરિસ્થિતિ એવી છે કે લોકો ગામડેથી શહેરમાં સ્થળાંતર કરે છે, રોજી રોટી માટે. પરિણામે કુટુંબ ભાવના તૂટી રહી છે. વિભક્ત કુટુંબની સંખ્યા વધે છે, તેથી માબાપને જુદા રહેવું પડે...આર્થિક સમસ્યા પણ ખરી જ. આજની યુવાન પેઢી વૃદ્ધો સાથે સહજ રીતે એકમત નથી–વિચાર ભેદ ખૂબ જોવા મળે...અને એમાંથી મનભેદ પણ ઉભો થાય. તેથી સંઘર્ષ–માતાપિતા સાથેનો વધે...પરિણામ સમજાય તેવું છે. મેં એક એવી ઘટના નજરે જોઈ કે જેમાં પિતા (વિધુર હતા) ને આત્મહત્યા કરવી પડી–પુત્રો કોઈ રાખવા તૈયાર ન હતા...મિલ્કત પુત્રોને વહેંચી દીધેલી...બાપ નદીમાં પડ્યા અને જળ સમાધી લીધી. આ ઘટના ખૂબ કરુણ હતી.

એક ઘટના આનાથી બિલકુલ જુદા પ્રકારની છે. એક ડૉક્ટરના દવાખાનામાં એક દાતણ વેચતી સ્ત્રીનો સુંદર ફોટો છે. એક જિજ્ઞાસુ દર્દી ડૉક્ટરને પૂછે છે, 'આ ફોટો સાહેબ કોનો છે?' ડૉક્ટર જવાબ આપે છે. 'આ ફોટોગ્રાફ મારી વિધવા માનો છે, જેણે મજૂરી કરીને, લોકોના કામ કરીને, દાતણ વેચીને મને ડૉક્ટર બનાવ્યો. મારી મા આજે નથી, પણ હું જે છું તે મારી માતાને લીધે છું.' ડૉક્ટર ભાવનાશીલ હતા તેથી માને દેવી માની પૂજે છે. આવા પુત્રો મા-બાપના દોષ જોતા નથી, પણ એમનો આભાર માને છે અને એમની દેખરેખ રાખે છે–ચાકરી કરે છે. અમારા એક શિક્ષકનાં મા બાળપણમાં ગુજરી ગયાં, તેથી તેઓ અનાથ આશ્રમમાં ઉછર્યા. પિતા દારૂ પીતા થઈ ગયેલા, છતાં નોકરી મળી ત્યારે એ દારૂડિયા પિતાને ઘેર લાવ્યા. વૃદ્ધાવસ્થામાં ખૂબ ચાકરી પણ કરી. આને જ શ્રવણ ભક્તિ કહેવાય.

ઘણા યુવાન પુત્રોની દલીલ હોય છે કે અમારા માબાપ અમને સમજતા જ નથી. ઘણીવાર એમનો હઠાગ્રહી સ્વભાવ પણ અમને અનુકૂળ નથી આવતો. ખોટી કચકચ કરે છે...વગેરે. તટસ્થ રીતે જોઈએ તો યુવાનો ખોટા પણ નથી, પણ સ્વભાવનું ઓસડ હોય નહિ. મોટી ઉંમરે સ્વભાવ બદલવો અઘરો પણ ખરો...તેથી સુજ્ઞ પુત્રોની ફરજ થઈ પડે છે કે તે સ્વયં સમાધાન કરીને માતાપિતા સાથે અનુકુલન સાધીને રહે, તો એમને ફરજ બજાવ્યાનો સંતોષ થાય.

પુત્ર યા પુત્રો ગમે તેટલા ભણેલા હોય અને પૈસે ટકે સુખી હોય, પણ જો એમના માબાપ દુ:ખી હોય અને પાછલા જીવનમાં દુ:ખી થઈ જીવન વિતાવે, તો તે પુત્ર યા પુત્રો માટે શોભાસ્પદ નથી જ. આપણી ઋષિ સંસ્કૃતિ પણ કહે છે કે જે પુત્ર માબાપની સેવા કરે છે–ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ, તે પુત્ર અભિનંદનીય છે. પ્રભુ પણ રાજી રહે. ધર્મની દૃષ્ટિએ પણ આ ઉત્તમ છે. આનાથી વિપરીત...જો માતાપિતા દુ:ખી હોય, અને પુત્ર ગમે તેટલો સુખી હોય તો તેનું જીવન પણ વ્યર્થ બની રહે છે. આવા પુત્રનું સમાજમાં પણ કંઈ સ્થાન હોતું નથી. શ્રવણ ભલે ગરીબ હતો, પણ છતાં માતા-પિતાને યાત્રા કરાવવા કાવડ લઈને નીકળેલો...આજે પણ લોકો તેને યાદ કરે છે. આજે સાહિત્યના ઇતિહાસમાં શ્રવણનું નામ અમર બની ગયું છે...'પુત્ર હો તો શ્રવણ જેવો' આ સારા પુત્ર માટે વપરાતું કીમતી મૂલ્યનિષ્ઠ વાક્ય છે.

શાસ્ત્રો ઘંટ વગાડીને કહે છે કે માતાપિતાની આંતરડી જે કકળાવે તે કદાપિ સુખી થતા નથી...અને આવા પુત્રો સમાજમાં પણ સારું ઉદાહરણ પૂરું પાડી શકતા નથી. શ્રવણ ભક્તિ દ્વારા આપણે માતાપિતાને પરમ શાંતિ આપી શકીશું. આજ સાચું શ્રાદ્ધ છે. જીવતા માતાપિતાને સુખી કરીને જ આપણે સાચા અર્થમાં શ્રાદ્ધ કર્યું કહેવાશે...શ્રવણ ભક્તિ દ્વારા માબાપને પરમ શાંતિ આપશો તો તમે પણ સાચા અર્થમાં શાંતિ મેળવશો. યાદ રાખો માતાપિતા તો પૃથ્વી પરના આપણા દેવ છે, જેના આપણે સદાય ઋણી છીએ. ✷ ✷ ✷

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ, અરુણોદય સર્કલ પાસે,
અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭.

એકથી અનેકનું જ્ઞાન

□ સુમનભાઈ શાહ

જે એગં જાણઈ સે સવ્વ જાણઈ,
જે સવ્વં જાણઈ સે એગં જાણઈ.
–આચારાંગ સૂત્ર

સમસ્ત બ્રહ્માંડના રૂપી અજીવ પદાર્થના (પુદ્‌ગલ) મૂળભૂત દ્રવ્યનું સૂક્ષ્માતિસૂક્ષ્મ અવિભાજ્ય અંગને **'પરમાણુ'** કહેવાય છે. સકળ રૂપી પદાર્થોના સર્જનનું એકમ પરમાણુ છે. આવા પરમાણુના સ્વરૂપને સંપૂર્ણ જાણવું એટલે બ્રહ્માંડના દરેક રૂપી પદાર્થને જાણ્યો એવું કહી શકાય, કારણ કે પરમાણુ પદાર્થના ભાગ રૂપે રહેલું છે, રહેલું હતું અને ભવિષ્યમાં પણ રહેવાનું છે. આમ એક જ પરમાણુને જાણવા માટે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થનું જ્ઞાન જરૂરી છે. એટલે જ્ઞાનીઓનું કથન છે કે જે જીવ એક પરમાણુનું સંપૂર્ણ જ્ઞાન મેળવે છે તેને સમગ્ર બ્રહ્માંડના રૂપી પદાર્થોનું જ્ઞાન થઈ જાય છે.

શરીરાદિ (રૂપી) પુદ્‌ગલ દ્રવ્ય અને અરૂપી આત્મદ્રવ્યનો મિશ્રભાવે ઘનિષ્ટ સંબંધ અનાદિકાળથી ચાલ્યો આવે છે એવું જ્ઞાનીઓનું કથન છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ (જે અરૂપી અજીવ દ્રવ્યો છે) તે પુદ્‌ગલ અને આત્મદ્રવ્યને સ્થિતિ, ગતિ, અવગાહન અને વર્તનામાં ઉદાસીન નિમિત્તે સહાયક છે. જીવ દ્રવ્યનું અવિભાજ્ય અંગ આત્મપ્રદેશ છે અને અસંખ્યાત આત્મપ્રદેશો જીવના શરીરમાં વ્યાપ્તિ પામેલા છે. તળપદી ભાષામાં એવું કહી શકાય કે આત્મદ્રવ્ય જીવના શરીરરૂપ કેદખાનામાં પુરાયેલું છે અથવા બંધનયુક્ત છે. કર્મરૂપ પૌદ્‌ગલિક વર્ગણાઓને સૂક્ષ્મ શરીર કે કાર્મણદેહ કહેવામાં આવે છે. આત્મપ્રદેશો ઉપર રહેલા વિશેષ ગુણો (જ્ઞાનાદિ) ઉપર આવી કાર્મણવર્ગણાઓ

છવાઈ જતાં જીવને ગુણોના પરિણમનનો લાભ પૂરેપૂરો મળતો નથી. અથવા કાર્મણ વર્ગણાઓ ગુણોના પ્રગટીકરણને અવરોધે છે.

હવે જો કોઈ ભવ્યજીવને રૂપી પદાર્થના અવિભાજ્ય અંગ એવા પરમાણુનું જ્ઞાન થાય તો બાકીનો રહેલો ભાગ તો આત્મા છે એનું પરોક્ષ જ્ઞાન થાય. પ્રત્યક્ષ જ્ઞાન તો માત્ર અનુભવગમ્ય છે કારણ કે જાણનારને કેવી રીતે જાણી શકાય ? બીજી રીતે જોઈએ તો આત્માથી અન્ય કે નોખા એવા પુદ્‌ગલના સ્વરૂપને મહદ્‌ અંશે જાણી શકાય છે કારણ કે તે જીવદ્રવ્યથી 'પર' છે. અથવા સાંસારિક જીવનમાં પુદ્‌ગલ (રૂપી અને જડ) તથા આત્મા (અરૂપી ચૈતન્યમય) એ બન્ને દ્રવ્યોમાં નિમિત્ત–નૈમિત્તિક (ઔપાધિક) સંબંધ છે અને જેઓ એકબીજાનું નિમિત્ત પામી પ્રભાવિત થાય છે એવી વૈભાવિક શક્તિ આ બન્ને દ્રવ્યોમાં રહેલી છે.

વસ્તુના મૂળભૂત સ્વરૂપનું જ્ઞાન નિશ્ચય દૃષ્ટિએ મહદ્‌ અંશે થઈ શકે છે જ્યારે વિભાવ, વિકૃત કે અશુદ્ધ સ્વરૂપનું જ્ઞાન વ્યવહારદૃષ્ટિએ થાય છે. આ બન્ને દૃષ્ટિઓ પરસ્પર સાપેક્ષ છે અને બન્નેના સમન્વયથી પદાર્થનું સ્વરૂપ સમજી શકાય છે. પંચાસ્તિકાયના દરેક દ્રવ્ય અનેક ગુણધર્મો ધરાવે છે અથવા તે અનેકાંતમય છે અને દ્રવ્ય પોતાના ગુણોમાં ઉત્પાદ્‌-વ્યય-ધ્રુવતાના ત્રિકાલિક સિદ્ધાંત પ્રમાણે પરિણમે છે એવું જ્ઞાનીઓનું કથન છે. **'ઉત્પાદ'** એટલે દ્રવ્યના દરેક ગુણના અનંતા અખંડ પર્યાયોમાંથી નિર્ધારિત ક્રમ પ્રમાણે પર્યાયનું સામર્થ્યપણે (કાર્યપણે) આવી આવિર્ભાવ પામવું અને **'વ્યય'** એટલે કાર્યપણે પરિણામી તિરોભાવે અદૃશ્ય થઈ જવું. દરઅસલપણે પર્યાયોનો આવિર્ભાવ અને તિરોભાવ ક્રમ પરસ્પર વિરોધી નથી પરંતુ તે એક જ સિક્કાની બે બાજુઓ છે. જ્ઞાનીઓનું કથન છે કે દ્રવ્યના ગુણપર્યાયો જેટલા હોય છે તેટલા જ કાયમી હોય છે અથવા તેમાં વધઘટ થતી નથી પરંતુ પર્યાય કાર્યપણે આવી આવિર્ભાવ પામે છે અને તિરોભાવે વિણસે છે.

સાંસારિક જીવના ગુણપર્યાયોનું પરિણમન બે મુખ્ય વિભાગોમાં ઘટાવી શકાય, એક સ્વભાવ પર્યાય પરિણમન અને બીજું વિભાવ પર્યાય પરિણમન. સ્વભાવ પર્યાય પરિણમન એટલે ષટ્‌સ્થાન હાનિ-વૃદ્ધિના નિર્ધારિત ક્રમ મુજબ શુદ્ધ પરિણમન જે અગુરુલઘુ ગુણના ઉદાસીન નિમિત્તે નિરંતર થયા કરે છે. વિભાવ પર્યાય પરિણમન એટલે કાં તો પુદ્‌ગલ અથવા જીવદ્રવ્યના અન્યોન્ય નિમિત્તે થતું પરિણમન, કારણ કે આ બન્ને દ્રવ્યોમાં વૈભાવિક શક્તિ છે. દા. ત. દૃશ્યો, જ્ઞેયો અને સંજોગોની સાપેક્ષતામાં (હાજરીમાં) જે પરિણામો નીપજે છે તે વિભાવ પર્યાય પરિણમન (નિમિત્ત-નૈમિત્તિક). આમ છતાં દરેક સત્‌દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં જ પરિણમે છે એવું જ્ઞાનીઓનું કથન છે. વ્યવહારદૃષ્ટિની અપેક્ષાએ એવું કહી શકાય કે સકષાયી જીવને ઉદયાધીન દ્રવ્યકર્મોના વિપાકોથી ભાવકર્મો, દ્રવ્યકર્મો અને નોકર્મોનું સર્જન થાય છે, જે જીવને ભવભ્રમણ (ચારગતિમાં) કરાવે. ✷✷✷

'સૌરભ' ૫૬૩, આનંદવન સોસાયટી,
નવયુગ હાઈસ્કૂલ, ન્યૂ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે

ગાંધી ચિંતનની ચિરંતન યાત્રા – વર્તમાન યુવા પેઢી માટે-યુવા વિદ્વાન દ્વારા

શાશ્વત ગાંધી કથા

વ્યાખ્યાતા : ગાંધી સાહિત્યના અભ્યાસી યુવાન પ્રાધ્યાપક ડૉ. યોગેન્દ્ર પારેખ

ઑક્ટોબર- ૨, ૩, ૪ સાંજે ૬ વાગે.સ્થળ : પ્રેમ પુરી આશ્રમ-બાબુલનાથ-મુંબઈ.

આ સંસ્થાના સ્થાપકો સુધારાવાદી જૈન તો હતા, પણ સાથો સાથ ગાંધી વિચાર અને ગાંધી ચળવળના સમર્થકો પણ હતા, અને પોતાના મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન'માં જૈન ધર્મ, અન્ય ધર્મો તેમજ ગાંધી ચિંતનને પ્રકાશિત કરતા હતા.

ભારતની વર્તમાન પરિસ્થિતિથી પ્રત્યેક નાગરિક આજે નિરાશ છે. ગાંધી વિચારમાં આજની પેઢીને આ સ્થિતિનો ઊકેલ નજરે પડે છે.

હવે માત્ર **ચળવળ નહિ સ્વ અને ચિંતન** પણ એટલું જ જરૂરી છે.

ગાંધીવાદી **પૂ. નારાયણ દેસાઈ**ની ગાંધી કથાએ દેશ-પરદેશમાં ગજબનું આકર્ષણ ઊભું કર્યું છે. આ ગાંધીયાત્રા યુવાનો દ્વારા યુવાનો સાથે આગળ વધે તો જ આવતી કાલ ઉજળી બને, એ માટે આવી કથા કહેનાર એક નહિ અનેક યુવાનોની જરૂર પડશે, એટલે આ દિશામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પહેલ કરી યુવાન પ્રાધ્યાપકને આમંત્ર્યા છે.

કચ્છ નખત્રાણાની કૉલેજમાં ગુજરાતી સાહિત્યના પ્રાધ્યાપક ડૉ. યોગેન્દ્ર પારેખ ગાંધી સાહિત્યના અભ્યાસી તો છે જ, ઉપરાંત જૈન આચાર્ય મહાપ્રજ્ઞજીના અનેક પુસ્તકોના અનુવાદક, કવિ, નિબંધકાર અને સાહિત્ય સંશોધક અને પ્રભાવક વક્તા છે. આવા યુવા વિદ્વાન પ્રાધ્યાપકની વાણી દ્વારા શાશ્વત ગાંધી કથાનું શ્રવણ એક વિશિષ્ટ અને પ્રેરણાત્મક ઘટના બની રહેશે.

જે જિજ્ઞાસુઓએ આ કથા શ્રવણનો લાભ લેવો હોય એ સર્વેને આ સંસ્થાના કાર્યાલયમાં ફોન કરી (૨૩૮૨૦૨૯૬) પોતાના નામો લખાવવા વિનંતિ.

મંત્રી : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

‘ગીતાંજલિ’નાં સંસ્મરણો

□ શાંતિલાલ ગઢિયા

મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરના ૧૫૦મા જન્મ વર્ષે, એક શબ્દાંજલિ

રવીન્દ્રનાથ ટાગોર કૃત ‘ગીતાંજલિ’નો પરિચય મને ક્યારે, કેવી રીતે થયો અને તે પ્રગાઢ પ્રેમમાં પરિણમ્યો, તેની કહાણી શબ્દાંકિત કરવા માગું છું. ટાગોરના જન્મને દોઢ શતમાનનો ગાળો પસાર થઈ ગયો છે. હજુય સદીઓ વીતશે, પણ કવિવર નહિ જ ભૂલાય.

વ્યક્તિના જીવનઘડતરમાં જેટલું માતાપિતાનું યોગદાન હોય છે, તેટલું જ કિશોરાવસ્થા અને યુવાવસ્થામાં શિક્ષકોનું અને અધ્યાપકોનું હોય છે. હું સ્વયંને બડભાગી માનું છું કે મને વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટિમાં સુરેશ જોશી, ભારતેન્દુ સિંહા, ડૉ. માહુલકર જેવા બહુશ્રુત સાહિત્યકારો અને ભાષાવિદોના હાથ નીચે ભણવાનો લહાવો મળ્યો. ૧૯૫૭ મારું કૉલેજનું પ્રથમ વર્ષ. સુરેશભાઈ ‘આપણી કવિતાસમૃદ્ધિ’ (મ.સ. યુનિવર્સિટિ પ્રકાશન) પાઠ્યપુસ્તક ભણાવે. કવિ કાન્તના ‘ચક્રવાક મિથુન’ના એક અંશ પર બોલી રહ્યા હતા. કરુણ-રસગાનની નિષ્પત્તિની વાત કરતાં કરતાં ક્યારે ટાગોર પર સરી પડ્યા, કોઈને ખબર પડી નહિ. વેધક શૈલીમાં વિવેચન કરવાની સુરેશભાઈની ખાસિયત. તેથી હમણાં જ ટાગોર પર ‘તૂટી’ પડશે એમ ધારી સૌ વિદ્યાર્થીઓ મીટ માંડીને બેઠા હતા; પણ અમે બધા ખોટા પડ્યા. સુરેશભાઈ ધીરગંભીર ભાવે ટાગોરની સર્જકપ્રતિભાનો રસાસ્વાદ કરાવવા લાગ્યા. પ્રસિદ્ધ કૃતિ ‘ગીતાંજલિ’ પર આવ્યા. એમની આંખો પ્રત્યેક વિદ્યાર્થી સામે તકાયેલી હતી. વાગ્‌ધારા અન-અવરુદ્ધ વહેતી હતી, ‘સાંભળો, ગીતાંજલિની એક કાવ્યકંડિકામાં કવિ જીવન અને મૃત્યુ વિષે આમ કહે છે : જીવન ઉપરના પ્રેમથી મારી જાણમાં આવી ગયું છે કે મૃત્યુ ઉપરનો પ્રેમ એનાથી કાંઈ જુદો નથી. શિશુ આક્રન્દ કરી મૂકે છે, પણ માતા તો એને જમણા સ્તનેથી લઈને, દૂધ ધારા આપવા માટે, માત્ર ડાબા સ્તને ફેરવતી હોય છે!’ આખા વર્ગખંડમાં બિલકુલ સ્તબ્ધતા, નીરવ શાંતિ. માત્ર સિલિંગ ફેનનો ધૂમ...ધૂમ...ધીમો અવાજ. મારી બાજુમાં મિત્ર દિનેશ બેઠો હતો. (તેણે યુનિવર્સિટિ શિક્ષણ લીધા બાદ અમરેલીની કૉલેજમાં પોલિટિકલ સાયન્સના અધ્યાપક તરીકેનું કાર્ય સંભાળ્યું હતું.) બંને પરસ્પરને જોઈ રહ્યા, નિઃશબ્દ. જાણે આંખો કહેતી હતીઃ ‘કેવો ઈલમ છે સરની વાણીમાં! ટાગોરની ગીતાંજલિ તો એથીય અદ્‌ભુત હશે ને?’

પિરિયડ પૂરો થયો. અવર્ણનિય તૃપ્તિથી મન ભર્યુંભર્યું હતું. ક્યારે બીજા પિરિયડ પૂરા થાય અને લાયબ્રેરીમાં જઈ ‘ગીતાંજલિ’ જોઉં, તેની આતુરતામાં માંડ માંડ સમય વીત્યો. સાંજ પડી. ઝટઝટ યુનિવર્સિટિ લાયબ્રેરીના પગથિયાં ચડી. ‘ગીતાંજલિ’ ભાવાનુવાદ-ધૂમકેતુ પુસ્તક શોધી કાઢ્યું. કલાત્મક મુખપૃષ્ઠ. પ્રત્યેક પાન પર કવિની એકેક રચના. આજુબાજુ રંગીન ચિત્ર. કોઈક પાન ઉપર દરિયાના ઉછળતાં મોજાં, કોઈક પર બાગના ફૂલો, તો કોઈક પર વીણાના તાર છેડતો કલાકાર. દિવ્યતા-સભર સૌંદર્યથી મંડિત ન્યારું પુસ્તક. પેલી જીવન-મૃત્યુની કંડિકા (ક્રમાંક ૨૧) વાંચી. પછી તો પુસ્તક ઘેર લઈ જઈ તેમાંની બધી ૧૦૩ કંડિકાઓનું રસપાન કર્યું. આ પુસ્તક પ્રત્યેનો પ્રેમ પ્રગટ્યો ત્યારથી આજપર્યંત અક્ષુણ્ણ રહ્યો છે. ‘ગીતાંજલિ’નો શબ્દ ગીતા જેટલો જ શાશ્વત છે.

કાળક્રમે પ્રેમયાત્રા એક પ્રસન્નકારી પડાવ પર આવી. ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન એક કૉલેજમાં હું મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે જોડાયો. એક દિવસ ‘હતાશાની સ્થિતિમાં વ્યક્તિની મનોવૈજ્ઞાનિક પ્રતિક્રિયાઓ’ મુદ્દો સમજાવતો હતો. ‘સામાન્ય રીતે પરાજિત મનઃસ્થિતિ વ્યક્તિમાં કાં તો આક્રમક વર્તન અથવા તીવ્ર ખિન્નતા જન્માવે છે. અપવાદરૂપ લોકોત્તર વ્યક્તિઓ હતાશાના દુઃખને પરિશુદ્ધ કરી ઉદાત્ત માર્ગે વાળે છે. પરિણામે સમાજને ઉત્કૃષ્ટ કલા યા સાહિત્યની ભેટ મળે છે.’ આવો મુદ્દો કહેતાં કહેતાં મેં અનાયાસ ટાગોર અને ‘ગીતાંજલિ’નો ઉલ્લેખ કર્યો-‘ટાગોરના જીવનમાં વિષાદભાવનું ઉદાત્તિકરણ જોવા મળે છે. પત્નીનું અવસાન, પુત્રીનું અવસાન અને પછી કોલેરામાં નાના પુત્રનું અવસાન. હૃદય પર કારમા ઘા પડ્યા. પણ એથી કવિવરમાં અકર્મણ્યતા નથી આવતી, બલ્કે આધ્યાત્મિક ઝોકમાંથી સર્જકતા ઓર નિખરે છે. તેમની લેખિનીમાંથી મૃત્યુગાન પ્રગટે છે. ટાગોર દ્વારા આપણને મૃત્યુને મિત્ર તરીકે, સખા તરીકે આવકારવાનું અર્થગર્ભ ચિંતન મળે છે...’

વ્યાખ્યાન પૂરું થતાં હું અધ્યાપક ખંડમાં આવ્યો. થોડી વારમાં એક વિદ્યાર્થિની મારી પાસે આવી . મને કહે, ‘સર, આપે જે ગીતાંજલિ પુસ્તકની વાત કરી તેનું પૂરું નામ-ઠામ આપશો? લાયબ્રેરીમાંથી મળશે?’ વ્યાખ્યાનની આવી ફળશ્રુતિ જોઈ મારી ભીતર આનંદની લહેર દોડી ગઈ. બહેનને ‘ગીતાંજલિ’ની માહિતી આપી. તે લાયબ્રેરી તરફ જવા ઉત્સુક હતી. મને મારી વિદ્યાર્થી-અવસ્થાનો દિવસ પુનઃ યાદ આવ્યો. બંને પ્રસંગોમાં કેટલું બધું સામ્ય! ✷✷✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તિજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦૦૦૬. ફોન : ૦૨૬૫-૨૪૮૧૬૮૦.

જિજ્ઞાસુ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતી પદ્મ શ્રી ડૉ. કુમારપાળ દેસાઇની હૃદયસ્પર્શી અને પ્રભાવક વાણી દ્વારા વહેતી

।। ઋષભ કથા ।।

બીજો દિવસ

મનુષ્યજાતિના મહાસ્વપ્નને સિદ્ધ કરવા કરેલું મહાભિનિષ્ક્રમણ

પાટકર હૉલમાં વિશાળ શ્રોતાસમૂહની વચ્ચે ઋષભકથાના બીજા દિવસના યોગી ઋષભના વિરલ અને વિલક્ષણ ત્યાગનું માર્મિક ચિત્રણ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું. કથાના પ્રારંભે એમણે કહ્યું, 'રાજા ઋષભના સમયમાં આજીવિકા માટે છ સાધનો પ્રચલિત હતા. અસિ એટલે સૈનિકવૃત્તિ. મસિ એટલે લિપિ વિદ્યા. કૃષિ એટલે ખેતીનું કામ. ચોથું વિદ્યા એટલે અધ્યાપન કે શાસ્ત્રોપદેશનું કામ. પાંચમું વાણિજ્ય એટલે વેપાર અથવા તો વ્યવસાય અને છઠ્ઠું શિલ્પ એટલે કલા અને કૌશલ. આ છ પ્રકારના આજીવિકાના સાધનો રાજા ઋષભદેવે પ્રજાને આપ્યા અને એથી જ એ સમયના માનવીઓને 'ષટ્કર્મજીવિનામ' કહેવામાં આવ્યા.

આ દૃષ્ટિએ જોઈએ તો ખ્યાલ આવશે કે રાજા ઋષભે પ્રજાજીવનની તમામ પ્રવૃત્તિઓને આવરી લીધી અને ભોગમાર્ગમાં ડૂબેલી પ્રજાને અનેકવિધ રીતે કર્મમાર્ગમાં જોડી દીધી.

વળી રાજા ઋષભે દર્શાવ્યું કે કલા એ તો કામધેનુ અને ચિંતામણિ રત્ન છે, આત્મકલ્યાણ કરનારી છે તેમજ ધર્મ, અર્થ અને કામરૂપ ફળસહિત સંપત્તિઓને ઉત્પન્ન કરનારી છે. આમ કલાની સાથે એમણે આત્મકલ્યાણને જોડીને કલાનું ધ્યેય એ સમયે વિકસિત થતી જતી માનવજાતિને અર્પ્યું.

જીવન ચાલે છે વ્યવહારથી અને વ્યવહાર સાધન માટે માન એટલે કે માપ, ઉન્માન એટલે તુલા આદિ વજન, અવમાન એટલે ગજ, ફૂટ, ઇંચ, આદિ અને પ્રતિમાન એટલે પાશેર, શેર, મણ આદિ શીખવ્યાં. મણિ વગેરે પરોવવાની કળાથી પણ અવગત કરાવ્યા. આદિ પુરાણકાર તો કહે છે, 'આદિ તીર્થંકરે સ્વયં પોતાની પુત્રીઓને લિપિસંસ્કાર આપતી વખતે અ,આ,ઈ,ઉ,ઊ વગેરે વર્ણમાળા એટલે કે બારાક્ષરી લખીને અક્ષરજ્ઞાન આપ્યું હતું.'

એ પછી આ ઋષભકથાને એક નવી જ ભૂમિકા પર ડૉ. કુમારપાળ દેસાઈએ મૂકી આપી અને વિશેષે તો મનુષ્યજાતિની સંસ્કૃતિના પ્રારંભકાળે જે મહાન અને આદર્શરૂપ ચરિત્રો જનસમૂહને સાંપડ્યા, એનો એમણે રાજા ઋષભદેવની પુત્રી બ્રાહ્મી દ્વારા ખ્યાલ આપ્યો. એમણે કહ્યું કે બ્રાહ્મી વ્યાકરણ, ન્યાય, અક્ષરજ્ઞાન અને સાહિત્ય આદિમાં પારંગત હતી, આથી એણે બ્રાહ્મી લિપિનો પ્રારંભ કર્યો. આજની હિંદીની નાગરી લિપિનો આવિષ્કાર આ બ્રાહ્મી લિપિમાંથી થયો છે. એ સમયે બ્રાહ્મી લિપિ અને ખરોષ્ટિ લિપિ એમ બે લિપિ પ્રચલિત હતી, પરંતુ ડાબી બાજુથી જમણી બાજુ લખાતી ખરોષ્ટિ લિપિ ભારતમાંથી સમય જતાં અદૃશ્ય થઈ ગઈ, જ્યારે જમણી બાજુથી ડાબી બાજુ લખાતી બ્રાહ્મી લિપિ ભારતવર્ષમાં પ્રચલિત બની અને જૈન આગમગ્રંથમાં બ્રાહ્મી લિપિનો અતિ આદરપૂર્વક ઉલ્લેખ મળે છે. 'શ્રી ભગવતી સૂત્ર'માં પણ એને આદરપૂર્વક નમસ્કાર કરવામાં પણ આવ્યા છે. આવી પિસ્તાલીસ મૂળાક્ષરો ધરાવતી બ્રાહ્મી લિપિ આજે અમદાવાદ નજીક કોબામાં આવેલા શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી જ્ઞાનમંદિરના પ્રદર્શનમાં મૂકવામાં આવી છે.

એ પછી રાજા ઋશભની બીજી પુત્રી સુંદરીએ કરેલા યોગદાનની વાત કરતાં કહ્યું કે, ઋષભદેવની બીજી પુત્રી સુંદરી ગણિતવિદ્યામાં પારંગત હતી અને આજનું ગણિત એ સુંદરીના ગણિતશાસ્ત્રનું વિકસિત રૂપ છે એમ માનવામાં આવે છે. જ્ઞાનથી સુશોભિત કેવા અનુપમ નારી ચરિત્રો ! ત્યારબાદ ડૉ. કુમારપાળ દેસાઈએ ૧૯૯૯માં કેપટાઉનમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદનું એક સ્મરણ વાગોળતાં કહ્યું કે આ વિશ્વ ધર્મ પરિષદમાં 'જૈન ધર્મમાં સ્ત્રીઓનું સ્થાન' એ વિશે પ્રવચન આપતાં તેમણે કહ્યું હતું કે પૃથ્વીના છેક આદિ કાળથી જૈન ધર્મમાં સ્ત્રીને ગૌરવભર્યું સ્થાન મળ્યું છે. માતા મરુદેવા, બ્રાહ્મી કે સુંદરી જેવી નારીપ્રતિષ્ઠા આજ સુધી આ ધર્મમાં જોવા મળે છે અને એ પછી ડૉ. કુમારપાળ દેસાઈના મુખે જૈનધર્મનો નારીસન્માનનો જાજ્વલ્યમાન ઇતિહાસ એની પ્રમાણભૂત વિગતો સાથે વહેવા લાગ્યો. એમણે કહ્યું કે કોઈપણ ધર્મએ સ્ત્રીને સર્વોચ્ચ આધ્યાત્મિક સ્થાન આપ્યું નથી. સ્ત્રી મહાપુરુષની બાજુમાં હોય, તેવું બને પણ શ્વેતાંબર સંપ્રદાય પ્રમાણે તીર્થંકર મલ્લિનાથ એ મલ્લિકુમારી હતા. સ્ત્રીને અધ્યાત્મમાં સર્વોચ્ચ સ્થાન આપ્યું. ચંદનબાળા એ ભગવાન મહાવીરના પ્રથમ શિષ્યા બન્યા, એટલું જ નહીં પણ શ્રમણી સંઘના પ્રવર્તિની બન્યા, જ્યારે સાધ્વી મૃગાવતીનો ઉલ્લેખ હિંદુ, બૌદ્ધ અને જૈન ત્રણેય ધર્મોમાં મળે છે અને જૈન ધર્મની સોળ સતીઓમાં સ્થાન ધરાવતી સાધ્વી મૃગાવતીએ અને સાધ્વી મદનરેખાએ યુદ્ધ અટકાવ્યું છે. ઇતિહાસમાં સ્ત્રીઓએ યુદ્ધ અટકાવ્યાંનાં ઉદાહરણો કેટલાં ? જ્યારે કુમારગિરિ પર્વત પર દક્ષિણ ભારતના સમર્થ રાજવી રાજા ખારવેલે 'દ્વિતીય આગમ વાચના પરિષદ'નું આયોજન કર્યું, ત્યારે ૩૦૦ સાધ્વીઓનું નેતૃત્વ કરતી સાધ્વી પોઇણીએ એની પ્રચંડ વિદ્વત્તાથી આગવો પ્રભાવ પાડ્યો હતો. આચાર્ય હરિભદ્રસૂરી પોતાને સાધ્વી 'યાકિની મહત્તરાના પુત્ર' તરીકે

ઓળખાવવામાં ગૌરવ માને છે. હેમચંદ્રાચાર્યના માતા સાધ્વી પાહિનીદેવી કાળધર્મ પામ્યા, ત્યારે શ્રાવકોએ પુણ્યમાં ત્રણ કરોડ ખર્ચ્યા. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે વિચાર્યું કે વિતરાગ ધર્મનો આચાર્ય શું આપે ? એમણે ત્રણ લાખ શ્લોકનું પુણ્ય આપ્યું. ગુજરાતના માતર તીર્થનું જિનાલય એ સાધ્વી ધર્મલક્ષ્મીની પ્રતિમા ધરાવતું તીર્થ છે. એ ૧૧ વર્ષની ઉંમરે સાતસો સાધ્વીની પ્રવર્તિની બની હતી અને મહત્તરાનું પદ પામી હતી. જ્યારે રેવતી નામની શ્રાવિકા આવતી ચોવીસીમાં સમાધિ નામના ૧૭મા તીર્થંકર તરીકે અને સુલસા નામની શ્રાવિકા આવતી ચોવીસીમાં નિર્મમ નામના પંદરમા તીર્થંકર તરીકે આવશે. આબુ પર જગવિખ્યાત જિનાલયો સર્જનાર અનુપમાદેવી, ભગવાન મહાવીરને પ્રશ્ન પૂછનારી અગિયાર અંગ સુધી અભ્યાસ કરી ખૂબ તપ દ્વારા મોક્ષ પામનારી જયંતિ શ્રાવિકા, ઉત્કૃષ્ટ તપ કરનારી ચંપા શ્રાવિકા વગેરેની વાત કરીને વર્તમાન સમયમાં ગંગામા અને હરકુંવર શેઠાણી જેવી જૈન શ્રાવિકાઓની જ્વલંત ધર્મસેવા અને સમાજસેવાની વાત કરી.

કથાના પ્રવાહમાં શ્રોતાજનોને આગળ લઈ જતાં ડૉ. કુમારપાળ દેસાઈએ રાજા ઋષભના સમયની બદલાયેલી પરિસ્થિતિનું પોતાની સમર્થ વાણીથી ચિત્ર ખડું કરી દીધું. રાજા ઋષભે લગ્નવિધિ સ્થાપીને પશુતામાં પ્રભુતા આણી. માતાઓ પુત્રોનું યોગ્ય રીતે પાલન કરવા લાગી. પિતાઓ પિતૃધર્મ બરાબર સમજ્યા. પતિપત્ની પરસ્પર સાથે હેતથી વર્તવા લાગ્યા અને માનવસમાજ વ્યવસ્થિત બંધારણ-પૂર્વક ચાલવા લાગ્યો.

એ પછી એક નવી ભૂમિકા પર કથાને આલેખતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે રાજા ઋષભે માનવીને પૃથ્વી પર જીવતા શીખવ્યું, પણ હજી તેનામાં દેવત્વ પૂરવાનું બાકી હતું. માનવીની અંદર રહેલી સુંદરતા પ્રગટ કરવાની હતી. એક સમયના રાજા ઋષભના મનોમંથનને દર્શાવતા પોતાની છટાદાર શૈલીમાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું,

રાજા ઋષભ સતત મંથન અનુભવે છે, 'પ્રજાને હવે દર્શાવવું જોઈએ કે આ સઘળાં સુખો તમે મેળવ્યાં, એ મહત્ત્વના છે : પણ એનાથીય વિશેષ મહત્ત્વની તો બીજી બાબત છે ત્યાગ ! આ જગત તો વિષયમુખી છે. કામભોગોમાં ડૂબેલું છે, સમૃદ્ધિનું અતિ શોખીન છે, પરંતુ અગ્નિમાં કાષ્ઠ નાખતાં જેમ અગ્નિ શાંત થતો નથી, બલ્કે વધુ ભડકે બળે છે. એમ માનવીને દેહ-સુખની ગમે તેટલી ભોગસામગ્રી સાંપડે તોય શાંતિ મળતી નથી. આ દેખાતા સ્થૂળ જગતને પેલે પાર એક બીજું જગત પણ છે અને તે મારે દર્શાવવું છે. પ્રજાને ત્યાગનો પરમમાર્ગ શીખવવો જોઈએ.'

ભોગ અને ત્યાગ વચ્ચેના ભેદને દર્શાવતા પોતાની આગવી રીતે શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું, 'ભોગ ભીંસ છે, ત્યાગ મોકળાશ છે, ભોગ વિકૃતિ છે, ત્યાગ સંસ્કૃતિ છે, ભોગ ઝંખના છે, ત્યાગ તૃપ્તિ છે. ભોગ વમળ સર્જે છે, ત્યાગ કમળ સર્જે છે, ભોગ અવિરત અશાંતિ છે, ત્યાગ સનાતન શાંતિ છે, ભોગ લાલસા છે, ત્યાગ અભિલાષા છે, ભોગથી ઈન્દ્રિય જાગે છે, ત્યાગથી આત્મા જાગે છે.'

આ રીતે રાજા ઋષભે વર્ષો સુધી રાજા તરીકે પ્રજાનું સુંદર પાલન કર્યું. ગુફા-જંગલમાં વસતા જંગલીને માનવ બનાવ્યો. એનામાં માનવતા પૂરી. હવે એમણે મનુષ્યને મનુષ્યજન્મની દુર્લભતા દર્શાવવાનો વિચાર કર્યો. હિંદુ ગ્રંથ 'હિતોપદેશ'નું માર્મિક વચન ટાંકીને કુમારપાળ દેસાઈએ કહ્યું,

आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत् पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषः, धर्मेण हीनाः पशुभिः समानाः।।

(ભોજન, શયન, ભય અને મૈથુન એ ચાર બાબતમાં મનુષ્ય અને પશુ પરસ્પર સમાન છે. માત્ર ધર્મ જ મનુષ્યમાં વિશેષ છે. જો એ પણ એનામાં રહે નહીં તો પછી મનુષ્ય હંમેશા પશુ સમાન છે.)

રાજા ઋષભે વિચાર્યું કે હવે જગત પર ધર્મતીર્થ પ્રવર્તનનો સમય આવી ચૂક્યો છે. આને માટે સ્વયં રાજત્યાગ કરવાની વેળા આવી છે. સંસારના પાયારૂપ ધર્મચક્રને પ્રવર્તાવવા જોઈએ. પૃથ્વી જો ધર્મથી નહીં પ્રવર્તે, તો આ નશ્વર અને ભૌતિક સામ્રાજ્યને સહુ કોઈ સાચું સામ્રાજ્ય માનશે અને ક્ષણભંગુર દેહની આળપંપાળ પાછળ માનવી પાગલ બનીને જીવતો રહેશે. રાજા ઋષભદેવે રાણી સુમંગલા, પુત્ર ભરત અને બાહુબલી તથા અન્ય સહુની રજા માગી અને પોતાના સુદીર્ઘ કેશ પીઠ પર છૂટા મૂકી દીધા. પગમાં પગરખાં પહેર્યાં નથી. મસ્તક પરથી મુગટ ઉતારી દીધો. દેહ પર માત્ર એક વલ્કલ ધારણ કર્યું. રાજા ઋષભદેવના મહાભિનિષ્ક્રમણની વાત સાંભળી માતા મરુદેવા અને પુત્રી બ્રાહ્મી અને સુંદરી દોડી આવે છે, પરંતુ મહાસ્વપ્નને કાજે મહાભિનિષ્ક્રમણ કરતા રાજા ઋષભદેવે કહ્યું,

'મારો વિદાયનો સમય આવી ચૂક્યો છે, જે મહાન સત્યની શોધ માટે અને જે નવા શાસનની સ્થાપના માટે હું જાઉં છું, એને માટે અનિવાર્ય છે કે સાગરમાં માછલું સરકી જાય, એમ મારે તમારી વચ્ચેથી સરી જવું જોઈએ. આને માટે સતત જાગૃતિ અને અનંત એકાંત મારા સહાયક બનશે. આ વિરાટ આકાશ મારું પરમ આશ્રયસ્થાન બનશે, ઊંડી અને ગહન ખીણો મારા વિહારની શેરીઓ બનશે. ગુફાઓ મારાં નિવાસસ્થાન બનશે. ઘોર જંગલો મારી પ્રિય ભૂમિ બનશે. વાચા કરતાં મૌન મને વધુ પ્રિય છે. સમૃદ્ધિ અને સામગ્રી, હર્ષ અને શોક-બધાને તજીને જાઉં છું. સ્વજન કે સ્નેહી બંનેને ત્યજીને જાઉં છું. માન કે અપમાનને બાજુએ મૂકીને જાઉં છું. સંપત્તિ કે સાધનનો સદંતર ત્યાગ કરીને જાઉં છું.'

પાંચમા દેવલોકને અંતે વસનારા અરુણ, આદિત્ય, સારસ્વત આદિ લોકાંતિક દેવો વસંતોત્સવની સુંદરતા નિહાળતા નિહાળતા નંદનવનમાં આવી પહોંચ્યા. તેઓને પૃથ્વી પણ સ્વર્ગ જેવી લાગી. તેઓએ રાજા ઋષભની નમસ્કારપૂર્વક પ્રાર્થના કરી : 'હે નાથ, હવે ધર્મતીર્થ પ્રવર્તાવી જગતનું કલ્યાણ કરો !' પૃથ્વીનાથ ઋષભદેવે સ્મિતપૂર્વક અનુમતિસૂચક

તેનો પ્રત્યુત્તર વાળ્યો. લોકાંતિક દેવો સહર્ષ વિદાય થયા.

તીર્થંકર હકીકતમાં સ્વયં સંબુદ્ધ હોય છે. એ કોઈના ઉપદેશથી જાગતા નથી. તેઓ સ્વયં જાગૃત જ હોય છે. ધર્મનો પ્રારંભ દાનથી થાય. રાજા ઋષભે રોજ સવારે એક વર્ષ સુધી એક કરોડ ને આઠ લાખ સુવર્ણમુદ્રાઓ દાનમાં આપી. આ રીતે એક વર્ષમાં કુલ ૩ અબજ ૮૮ કરોડ અને ૮૦ લાખ સુવર્ણમુદ્રાઓનું એમણે દાન આપ્યું. દાન આપીને જનજનમાં એમણે દાનની ભવ્ય ભાવના જગાડી. ઝૂંટવી લેવું, ખૂંચવી લેવું કે પોતાનું હોય તે પ્રાણાંતે જાળવી રાખવું એ પ્રજા જાણતી હતી, પણ પોતાને મળેલી સમૃદ્ધિનું દાન આપવું જોઈએ, એ પ્રજા રાજા ઋષભ પાસેથી પહેલીવાર શીખી. પૃથ્વીનાથના અયોધ્યા ત્યાગના સમાચાર સર્વત્ર પ્રસરી ગયા અને રાજા ઋષભે એકત્ર થયેલા માનવસમુદાય પર નજર નાખી.

ફાગણ વદ આઠમનો એ દિવસ સદાય સ્મરણીય રહેશે, જ્યારે સમ્રાટ શ્રી ઋષભે રાજ્યવૈભવને ઠોકર મારી અને પરમતત્ત્વને પ્રાપ્ત કરવા માટે 'સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' અર્થાત્ 'બધી જ પાપ પ્રવૃત્તિઓનો પરિત્યાગ કરું છું' એ ભવ્ય ભાવના સાથે વિનિતા નગરીથી નીકળીને સિદ્ધાર્થ ઉદ્યાનમાં અશોક વૃક્ષની નીચે ઉત્તારાષાઢા નક્ષત્રમાં ચોથા પ્રહરે છઠના તપથી યુક્ત એવા સર્વપ્રથમ પરિવ્રાજક બન્યા.

પંચમુષ્ટિ લોચ કર્યો. ફાગણ વદ આઠમને દિવસે એક બે નહીં, પણ કચ્છ-મહાકચ્છના ચાર હજાર રાજાઓ ઋષભદેવની સાથે દીક્ષિત થયા. ઋષભદેવે કદમ ઉપાડ્યા. દીક્ષા પૂરી થઈ ત્યારે ઈન્દ્રના આગમનથી ચોથું મનઃપર્યવજ્ઞાન થયું. માતા મરુદેવા ને સુમંગલા મૂર્છા પામ્યાં. બીજાં ચોધાર આંસુએ રડવા લાગ્યા. વાતાવરણ કરુણાભારથી મર્મવેધક બન્યું. પણ મૌનધારી પ્રભુ સ્વસ્થ હતા. મંદ પણ સ્થિર ડગે આગળ વધતા હતા.

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી
વ્હેતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે
વંદું છું તે ઋષભજિનને ધર્મ-ધોરી પ્રભુને.

આમ બીજા દિવસની કથામાં શ્રોતાઓને જિનશાસનના તેજસ્વી તારલાઓનો હૃદયસ્પર્શી પરિચય મળ્યો, તો સાથે સાથે એ રહસ્ય પ્રગટ કર્યું કે રાજા ઋષભે ત્યાગી ઋષભદેવ બનીને જગતને એક નવો જ આદર્શ આપ્યો. (અપૂર્ણ)

✷ ✷ ✷

ધર્મ પરિણતી

□ મુનિ ભુવનહર્ષવિજય

મૃત્યુ નિશ્ચિત છે. કોઈ 'કૂતરાને મોતે' મરે છે. કોઈ 'મરણ' પામે છે, કોઈ વળી મૃત્યુને વરે છે તો જૈન સાધુ 'કાળધર્મ' પામે છે. તીર્થંકરો 'મોક્ષે' જાય છે. આગમ ગ્રંથોમાં મૃત્યુને સુધારવા માર્ગદર્શન આપવામાં આપ્યું છે. પયન્ના સૂત્રોમાં બાળ મરણ, બાળ પ્રેરિત મરણ, પંડિત મરણ અને પંડિત પંડિત મરણ એવા ચાર મૃત્યુના પ્રકાર કહ્યા છે. આવતો જન્મ સુધારવા માટે આ જન્મનું મૃત્યુ સુધારવું આવશ્યક છે. મૃત્યુ સુધારવા માટે જીવન સુધારવું આવશ્યક છે. જીવન સુધારવા માટે ધર્મ અતિ જરૂરી છે. અહીં ધર્મ એટલે માત્ર ધર્મક્રિયા નહીં પરંતુ ધર્મની પરિણતી.

ગોધરા (પંચમહાલ)માં લગભગ ૪૦ વર્ષ પહેલાં છગનકાકા ગુજરી ગયા. દેરાસર ઉપાશ્રય વચ્ચે અંતર વધારે. સાધુ ભગવંત હોય તો શ્રાવકો ઉપાશ્રયે જાય. ગુરુ મ. પાસે પ્રતિક્રમણ કરે. અન્યથા દેરાસર પાસે રહેતા છગનકાકાના ઘરે પ્રતિક્રમણ કરે. ચૌદશનું પ્રતિક્રમણ મોટું. છગનકાકાને સૂત્રો-ક્રિયા બધું આવડે. ધર્મની પરિણતીવાળા જીવ. પોતાના ઘરે પ્રતિક્રમણ કરવા આવનાર સૌને આવકારે.

જૈન શાસ્ત્રોએ કાયોત્સર્ગને પ્રાયશ્ચિતનું અવિભાજ્ય અંગ ગણ્યું છે. કાયોત્સર્ગ એ તપનો એક પ્રકાર છે. તપથી ચીકણાં કર્મો ક્ષય થાય છે. પ્રતિક્રમણની ક્રિયામાં છ આવશ્યક અંગો ગુંથાયેલા છે. તેમાંનું એક આવશ્યક અંગ એ 'કાયોત્સર્ગ'. મન-વચન-કાયાને ભૂલી આત્મભાવમાં રમવું તે કાયોત્સર્ગ. પ્રતિક્રમણમાં ક્યારેક આઠ શ્વાસોચ્છવાસ ચાલે જેટલો સમય કાયોત્સર્ગ કરવાનો હોય છે. તે રીતે ૨૫, ૫૦, ૧૦૦ શ્વાસોચ્છવાસ ચાલે તેટલો સમય કાયોત્સર્ગ કરવાનો આવે છે. જ્યારે પક્ખિ, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં તેથી પણ વધુ સમયનો કાયોત્સર્ગ હોય છે.

તે દિવસ ચૌદશનો હતો. પક્ખિ પ્રતિક્રમણ કરવાનું હતું. ગુરુ ભગવંતનો યોગ ન હતો. સૌ શ્રાવક મિત્રો દેરાસરે દર્શન કરી છગન કાકાના ઘરે આવ્યા. પ્રતિક્રમણનો પ્રારંભ કર્યો. કાકા સૌને પ્રતિક્રમણ કરાવી રહ્યા છે. મોટો અવાજ, સૂત્રો સ્પષ્ટ ઉચ્ચાર સાથેના કોઈને પ્રમાદ ન આવે. સૌ ઉલ્લાસથી ધર્મક્રિયા કરે. પક્ખિ પ્રતિક્રમણમાં ૩૦૦ શ્વાસોચ્છવાસ ચાલે તેટલા સમયનો કાયોત્સર્ગ કરવાનો હોય છે. બધા સાથે ક્રિયા કરતા હોય. કોઈને વાર પણ લાગે. કાયોત્સર્ગ પૂરો થતાં 'નમો અરિહંતાણં' બોલવાનું હોય. બધાનો કાઉસગ્ગ પળાઈ ગયો. પરંતુ છગનકાકાએ હજુ કાઉસગ્ગ પાર્યો ન હતો. કોઈને થયું કાકા વિચારે ચડી ગયા હશે ? તેથી તેઓ બોલ્યા, '૧૨ લોગસ્સ, ન આવડે તો ૪૮ નવકાર.' પરંતુ છગનકાકા હોય તો બોલે ને ? તેઓએ તો 'કાયોત્સર્ગ' કરી દીધો હતો. કાઉસગ્ગમાં જ દેહ છોડી દીધો હતો. તે જીવ કાયામાંથી નીકળી ગયો હતો. આવી હોય ધર્મ પરિણતી. ✷ ✷ ✷

C/o. જયસુખલાલ સી. શાહ, 3A/309, ખજુરીયા ઍપાર્ટમેન્ટ, ટેંક રોડ, એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭. ટે.નં.:૭૮૬૫૦૩૫૦

વૈજ્ઞાનિક અને જૈન દૃષ્ટિએ જગત
કર્તૃત્વ–વિકાસ–વિનાશ–એક સમન્વય (વિભાગ–૨)

❑ ડૉ. હંસા એસ. શાહ

'ધર્મ વિના વિજ્ઞાન પંગુ છે, વિજ્ઞાન વિના ધર્મ અંધ છે.'
–આલ્બર્ટ આઈન્સ્ટાઈન

એક વાત સ્પષ્ટ રીતે ખ્યાલમાં રાખવાની કે સંપૂર્ણ બ્રહ્માંડમાં વ્યાપ્ત સજીવસૃષ્ટિમાં મનુષ્ય એ સર્વોપરી પ્રાણી છે એમ વિજ્ઞાન અને ધર્મ, બંને સ્વીકારે છે. જો કે બંનેએ માનેલી મનુષ્યની સર્વોપરિતામાં આસમાન જમીન જેટલો ફરક છે, છતાં મનુષ્યની સર્વોપરિતાની બાબતમાં બંને સમાન છે.

વિજ્ઞાન માને છે કે દુનિયામાં મનુષ્ય સિવાય કોઈપણ પ્રાણી બુદ્ધિશાળી અને પ્રગતિશીલ નથી તેથી માનવો બૌદ્ધિક સર્વોપરિતાનું પ્રમાણ છે.

ધર્મ એ દૃષ્ટિએ મનુષ્યને સર્વોપરી માને છે કે મનુષ્ય સિવાય જગતનું કોઈપણ પ્રાણી આ જગતમાં આધ્યાત્મિક પ્રગતિ સાધી, કર્મના બંધન તોડી મુક્તિ (મોક્ષ) પામી શકવા સમર્થ નથી. અલબત્ત, આ આધ્યાત્મિક પ્રગતિમાં બુદ્ધિ એ મહત્ત્વનું સાધન છે, તે છતાં બૌદ્ધિક સર્વોપરિતા જ મહત્ત્વની નથી.

આ રીતે જોવા જઈએ તો વિજ્ઞાન અને આધ્યાત્મ બંને એક સિક્કાની જ બે બાજુ છે.

વિજ્ઞાન-જગતમાં પૃથ્વીની ઉત્પત્તિ-વિનાશ-વિકાસ વિષે

વિજ્ઞાન-જગતમાં ઘણા દાયકાઓથી બ્રહ્માંડની ઉત્પત્તિ, તેના વિનાશ અને તેના દ્રવ્ય સંચયનો પ્રશ્ન વિચારાયેલો છે. તેના માટેની વિવિધ થિયરીઓ પણ રજૂ થઈ છે. આ બધી થિયરીઓમાં સૌથી વધુ માન્ય થિયરી 'બિગ બેન્ગ' `Big Bang' મોટા ધડાકાની છે.

વિજ્ઞાનીઓની માન્યતા પ્રમાણે એ મોટા ધડાકા પછી સૂર્યની ઉત્પત્તિ, પૃથ્વીની ઉત્પત્તિ, સજીવસૃષ્ટિની ઉત્પત્તિ અને મનુષ્યની ઉત્પત્તિ વગેરેમાં જે સમયગાળો આપ્યો છે તે મિ. કાર્લ સેગન અને હમણાં જ ઇ. સ. ૧૯૭૯માં પ્રકાશિત થયેલ ચાર્લ્સ ડાર્વિન લિખિત 'ઑરિજીન ઑફ સ્પેસીસ'માં આપેલ ચાર્ટ મુજબ 'કૉસ્મોલૉજિકલ' બનાવો નીચે પ્રમાણે વર્ણવ્યા છે-

સૌ પ્રથમ મિ. કાર્લ સેગનનું કૉસ્મિક કલેન્ડર આપણે જોઈએ. મિ. કાર્લ સેગને સૌથી મોટો ધડાકો અને પ્રલયકાળની ક્ષણ ૧૨ માસ એટલે કે ૩૬૫ દિવસના ભાગ પાડ્યા છે. ૧લી જાન્યુઆરીના દિવસે ધડાકો થયો. તે પછી બનેલા બનાવોની તવારીખ કાર્લ સેગને નીચે પ્રમાણે આપી છે-

૧. મોટો ધડાકો-૧ જાન્યુઆરી.
૨. આકાશ ગંગાનો ઉદ્‌ભવ–૧, મે.
૩. સૂર્યનો ઉદ્‌ભવ-૯, સપ્ટેમ્બર.
૪. પૃથ્વીની ઉત્પત્તિ–૧૪, સપ્ટેમ્બર.
૫. પૃથ્વી ઉપર જીવનની શરૂઆત-૨૫, સપ્ટેમ્બર.
૬. પૃથ્વી ઉપર સૌથી જૂના ખડકો સર્જાયા-૨, ઑક્ટોબર.
૭. અશ્મિલ-૯, ઑક્ટોબર.
૮. સૂક્ષ્મ જીવોમાં લિંગની શરૂઆત-૧, નવેમ્બર.
૯. જીવ કોષો પાંગર્યા-૧૫, નવેમ્બર.
૧૦. પૃથ્વી પર પ્રાણવાયુમય વાતાવરણ-૧, ડિસેમ્બર.
૧૧. મંગળ પર ઊંચા તાપમાને ખાઈઓ રચાઈ-૫, ડિસેમ્બર.
૧૨. જંતુઓની ઉત્પત્તિ-૧૬, ડિસેમ્બર.
૧૩. માછલીઓ જન્મી-૧૯, ડિસેમ્બર.
૧૪. પક્ષીઓ જન્મ્યાં-૨૭, ડિસેમ્બર.
૧૫. રાક્ષસી કદના સસ્તન પ્રાણીઓ જન્મ્યાં-૩૦, ડિસેમ્બર.
૧૬. માણસ પેદા થયો-૩૧, ડિસેમ્બર.

૩૧ ડિસેમ્બરે માણસ જન્મ્યો પછીના કલાકો-મિનિટો અને સેકંડનો હિસાબ નીચે પ્રમાણે છે:

૧૭. માણસ જન્મ્યો–રાત્રે ૧૦-૩૦.
૧૮. પત્થરના સાધનોનો વપરાશ શરૂ-રાત્રે ૧૧-૦૦.
૧૯. ખેતીની શોધ-રાત્રે ૧૧ કલાક ૫૦ મિનિટ ૨૦ સેકન્ડ.
૨૦. બુદ્ધનો જન્મ-રાત્રે ૧૧ કલાક ૫૯ મિનિટ ૫૫ સેકન્ડ.
૨૧. ઈસુનો જન્મ-રાત્રે ૧૧ કલાક ૫૯ મિનિટ ૫૬ સેકન્ડ
૨૨. ભારતમાં શૂન્યની શોધ-રાત્રે ૧૧ કલાક ૫૯ મિનિટ ૫૭ સેકન્ડ
૨૩. યુરોપમાં નવ જાગૃતિ અને વિજ્ઞાનમાં પ્રયોગપદ્ધતિ શરૂ-રાત્રે ૧૧ કલાક ૫૯ મિનિટ ૫૯ સેકન્ડ
૨૪. ટેકનોલોજીની પ્રગતિ-માનવને ખતમ કરવાના શસ્ત્રોની શોધ, વિશ્વ સંસ્કૃતિનો ઉદ્‌ભવ અને અવકાશયાત્રાની શરૂઆત-હવે અને નવા વર્ષની પ્રથમ સેકંડે.

આ અત્યારનું અત્યંત આધુનિક અને વિશ્વના ટોચના વિજ્ઞાની ડૉ. કાર્લ સેગને બનાવેલું તથા અન્ય ઉચ્ચ કક્ષાના વિજ્ઞાનીઓએ માન્ય કરેલું કૉસ્મિક કૅલેન્ડર.

ઈ. સ. ૧૯૭૯માં પ્રકાશિત ચાર્લ્સ ડાર્વિન લિખિત 'ઑરિજિન ઑફ સ્પેસીસ'માં આપેલ ચાર્ટ પ્રમાણે 'કૉસ્મોલૉજિકલ' બનાવો નીચે પ્રમાણે-

૧. લગભગ ૫ અબજ વર્ષ પહેલાં-મોટો ધડાકો અને પૃથ્વી છૂટી પડી.

૨. લગભગ ૪.૬ અબજ વર્ષ પહેલાં-પૃથ્વીના પોપડાનું નિર્માણ થયેલું.
૩. લગભગ ૩.૫ અબજ વર્ષ પહેલાં-જીવનની શરૂઆત અને બેક્ટેરિયાની ઉત્પત્તિ.
૪. લગભગ ૧.૭ અબજ વર્ષ પહેલાં-વાતાવરણમાં ઑક્સિજનનું નિર્માણ.
૫. લગભગ ૭૦ કરોડ વર્ષ પહેલાં-બહુ કોષી પ્રાણીઓ, અળસિયા અને તેના અશ્મિઓનું સર્જન.
૬. લગભગ ૫૭ કરોડ વર્ષ પહેલાં-કરોડ-રહિતના ઘણી જાતના પ્રાણીઓના અશ્મિઓનું પ્રથમવાર નિર્માણ.
૭. લગભગ ૫૨.૫ કરોડ વર્ષ પહેલાં-માછલીઓની ઉત્પત્તિ.
૮. લગભગ ૩૮ કરોડ વર્ષ પહેલાં-જંતુઓની ઉત્પત્તિ.
૯. લગભગ ૩૬ કરોડ વર્ષ પહેલાં-ઉભયચર (દેડકાં વગેરે)ની ઉત્પત્તિ.
૧૦. લગભગ ૨૮ કરોડ વર્ષ પહેલાં- ભૂજ પરિસર્પ, ઉરઃ પરિસર્પ વગેરે-(Reptiles)ની ઉત્પત્તિ.
૧૧. લગભગ ૨૨ કરોડ વર્ષ પહેલાં-સરીસૃપો (Reptiles) નો ઉચ્ચ કક્ષાનો અથવા અંતિમ તબક્કાનો વિકાસ અને ડિનોસોરની ઉત્પત્તિ.
૧૨ લગભગ ૨૧ કરોડ વર્ષ પહેલાં-સસ્તન પ્રાણીઓ (Mammals)ની ઉત્પત્તિ.
૧૩. લગભગ ૧૩ કરોડ વર્ષ પહેલાં-ડિનોસોરનું પ્રભુત્વ.
૧૪. લગભગ ૭ કરોડ વર્ષ પહેલાં-ડિનોસોરનો સંપૂર્ણ વિનાશ.
૧૫. લગભગ ૫ કરોડ વર્ષ પહેલાં-સસ્તન વંશી પ્રાણીઓનો વિકાસ શરૂ.
૧૬. લગભગ ૧ કરોડ વર્ષ પહેલાં-આદિમાનવ અથવા માનવ પશુ (Hominids)ની પ્રથમ ઉત્પત્તિ.

આમ કૉસ્મિક કૅલેન્ડરમાં ફક્ત એક જ વિભાગ છે જેને ઉત્ક્રાંતિકાળ કહેવામાં આવે છે. માનવ સમાજની બૌદ્ધિક, ભૌતિક, વૈજ્ઞાનિક પરિસ્થિતિને ખ્યાલમાં રાખી, તેનું ઉત્ક્રાંતિ નામ આપ્યું છે.

આ અફાટ બ્રહ્માંડમાં આધુનિક ભૌતિકશાસ્ત્ર પ્રમાણે મુખ્ય ત્રણ પદાર્થ છેઃ (૧) અવકાશ (Space), (૨) સમય (Time) અને (૩) પુદ્‌ગલ (Matter) અને ભૌતિક શાસ્ત્રમાં સર્વત્ર તેનો જ વિચાર કરવામાં આવે છે. આમ તેમના અનુસાર વિશ્વમાં પહેલા પ્રોટોન, ઇલેક્ટ્રોન, ન્યુટ્રોન અને છેલ્લે ઍટમ-પરમાણુઓનો જન્મ થયો. ન્યુટ્રલ અને હાઈડ્રોજનની રચનાથી વિશ્વ સંબંધી બારીક (ન દેખાતા) નાના અણુઓના (પ્રકાશ, પ્રવાહી, અવાજ) સ્ત્રાવ પાછળના ભાગમાં હતા. અને છેવટે નવા યુગની આકૃતિ બનવાની શરૂઆત થઈ. આમ એકંદરે દ્રવ્યોના કુલ જથ્થામાંથી તારા બનવાની પહેલી શરૂઆત થઈ પછી કયાસરની અને છેલ્લે આકાશગંગાઓ બની.

જગતનું ભાવિ શું છે તે હજી બરાબર ખબર નથી. પરંતુ 'એસીડીએન'ની આકૃતિ પ્રમાણે એ સતત વિસ્તરતું રહે છે, રહેશે કાયમ માટે.

પૃથ્વીના વિનાશ માટે ઘણાં વૈજ્ઞાનિકો ઉદાસીનતાપૂર્વક માને છે કે માનવ શક્તિ એ પોતાના લૂંટારા સ્વભાવ પ્રમાણે જીવશે. આજથી ૫૦ હજાર વર્ષ પછી પૃથ્વી થીજીને ઠંડીગાર થઈ જશે. ચંદ્રમા એકદમ નજદીક આવશે અને સૂર્ય ફિક્કો પડી જશે. માનવની હસ્તી નહીં રહી હોય અથવા માનવે જો બીજા ગ્રહો પર સ્થળાંતર કર્યું હશે તો અનિશ્ચિત નસીબ છે.

જૈન ધર્મ પ્રમાણે પૃથ્વીની ઉત્પત્તિ–વિકાસ–વિનાશ વિષે

ઈશ્વર કૃત સૃષ્ટિ રચાઈ છે એમ જૈનો માનતા જ નથી.

જૈન સિદ્ધાંત અનુસાર જગતનું સર્જન કે પ્રલય થતા જ નથી તેથી લોક (વિશ્વ) શાશ્વત છે. તેઓના મત પ્રમાણે જડ અને ચેતનથી ભરેલી આ સૃષ્ટિ છે. તેઓએ વિશ્વને બે વિભાગમાં વહેંચ્યું છે. એક છે લોક અને બીજો છે અલોક. જડ ચેતનનો સમૂહ લોકના સામાન્ય રૂપમાં નિત્ય અને વિશેષ રૂપમાં અનિત્ય છે. જ્યારે અલોક જીવ, જડ, ચેતન વગરનો છે. જૈન મતાનુસાર વિશ્વ અને તેની સ્થાપના...આત્મા, પદાર્થ, કાળ અને તેની ગતિના સિદ્ધાંતો હંમેશ માટે અસ્તિત્વમાં હતા, રહેશે જ. તેનો ક્યારેય વિનાશ નહીં થાય. તેથી જડ, ચેતનમય આ સૃષ્ટિમાં અનેક કારણોથી વિવિધ પ્રકારથી રૂપાંતરો થતા રહે છે. એક જડ પદાર્થ બીજા જડ પદાર્થના સંપર્કમાં આવે છે ત્યારે બંનેમાં રૂપાંતર થાય છે. તેવી જ રીતે જડના સંપર્કમાં ચેતન આવે છે તો પણ રૂપાંતર થતું જ રહે છે. રૂપાંતરની આ અવિરત પરંપરામાં પણ મૂળ વસ્તુની સત્તાનું અનુગમન સ્પષ્ટ દેખાય છે. આ અનુગમનની અપેક્ષાએ જડ અને ચેતન અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી સ્થિર રહેવાનું છે. સત્‌નું શૂન્ય રૂપમાં ક્યારેય પરિણમન નહીં થઈ શકે અને શૂન્યથી ક્યારેય સત્‌નો પ્રાર્દુભાવ અથવા ઉત્પત્તિ ન થઈ શકે.

જૈન ધર્મ જડ અને ચેતન એમ બંને તત્ત્વના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કરે છે. જડ તત્ત્વમાં એટલી વિવિધતા અને વ્યાપકતા છે કે તેને સમજવા માટે થોડા પૃથ્થકરણની જરૂર છે. આમ જડના પાંચ વિભાગ કર્યા છે. જીવની સાથે આ પાંચ પ્રકારના અજીવ (જડ)ની ગણના કરવાથી સત્ પદાર્થોની સંખ્યા છ સ્થિર થાય છે. તે આ પ્રમાણે–

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય (space), ૪. કાળાસ્તિકાય (time), ૫. પુદ્‌ગલાસ્તિકાય (matter), ૬. જીવાસ્તિકાય (living beings)

જૈન મત બહુ સ્પષ્ટતાથી કહે છે કે છ મૂળભૂત દ્રવ્યો આ પૃથ્વી પર છે.

સત્‌નું બીજું નામ દ્રવ્ય છે. આ સમગ્ર ચરાચર લોક આ છ દ્રવ્યોનો પ્રપંચ છે. એનાથી અતિરિક્ત બીજું કંઈ નથી. દ્રવ્ય નિત્ય છે, તેથી લોક પણ નિત્ય છે. એનું કોઈ લોકોત્તર શક્તિથી નિર્માણ નથી થયું.

અનેક કારણોથી સમય સમય પર એમાં પરિવર્તન થતું આવ્યું છે. પરંતુ મૂળ દ્રવ્યોનો નાશ કે ઉત્પાદ ક્યારેય થતો નથી. આ કારણે જૈન ધર્મ અનેક મુક્તાત્માની સત્તાનો સ્વીકાર કરે છે પણ તેમને સૃષ્ટિકર્તા નથી માનતા.

ઉપર જણાવેલ છ દ્રવ્યોમાંથી ધર્મ, અધર્મ અને આકાશ સંપૂર્ણપણે અમૂર્ત છે. એટલે કે રંગ, ગંધ, સ્પર્શ, રસ અને આકાર રહિત છે. જ્યારે જીવ દ્રવ્ય પુદ્‌ગલના સંયોગથી મૂર્તત્વ પ્રાપ્ત કરે છે. બાકી શુદ્ધ આત્મદ્રવ્ય પણ અમૂર્ત એટલે કે નિરંજન નિરાકાર છે. જૈન દાર્શનિકોએ સમય (કાળ)ને પણ એક દ્રવ્ય તરીકે માન્યું છે. એ જૈન દર્શનની વિશેષતા છે. તે પણ અમૂર્ત છે. માત્ર કાર્યથી તેનું અનુમાન જ કરી શકાય છે.

ટૂંકમાં, આ સમગ્ર બ્રહ્માંડની દરેક ચીજ-વસ્તુ પછી તે સૂક્ષ્મ હોય કે સ્થૂળ હોય, દૃશ્ય હોય કે અદૃશ્ય હોય, અનુભવગમ્ય (ઈન્દ્રિયગમ્ય) હોય કે અનુભવાતીત (ઈન્દ્રિયાતીત), દરેકનો સમાવેશ માત્ર પુદ્‌ગલ અને પુદ્‌ગલ સંયુક્ત જીવતત્ત્વમાં થઈ જાય છે. અને પુદ્‌ગલ દ્રવ્યના (matter) અતિસૂક્ષ્મતમ કણ કે જેના બે ભાગ ક્યારેય કોઈ પણ કાળે થયા નથી, થતા નથી અને ભવિષ્યમાં ક્યારેય તેના બે ભાગ થવાની શક્યતા પણ નથી, એવા અતિસૂક્ષ્મતમ કણને પરમાણુ કહેવામાં આવે છે. આવા સૂક્ષ્મતમ પરમાણુઓ ભેગા થઈ જગતની કોઈપણ વસ્તુનું નિર્માણ કરવાને શક્તિમાન છે. પુદ્‌ગલ દ્રવ્યમાં, જૈન સિદ્ધાંત પ્રમાણે અનંતશક્તિ છે. જો કે આત્મા (શુદ્ધ જીવતત્ત્વ)માં પણ અનંતશક્તિ છે, પણ તે બંનેમાં મોટો તફાવત એ છે કે આત્માની શક્તિ સ્વનિયંત્રિત છે, જ્યારે પુદ્‌ગલની શક્તિ પરનિયંત્રિત છે.

ઉપર અગાઉ આપણે જે વૈજ્ઞાનિક માન્યતા પ્રમાણેનું મિ. કાર્લ સેગન અને ચાર્લ્સ ડાર્વિન લિખિત 'ઑરિજિન ઑફ સ્પેસીસ'માં આપેલા ચાર્ટ મુજબ 'કૉસ્મિક કૅલેન્ડર' જોયું. તે અને જૈન ધર્મ પ્રમાણે જે કાળચક્ર છે, તે બંનેમાં ઘણું સામ્ય છે.

જૈન સિદ્ધાંત આધારે કાળચક્રના બે ભાગ છે. ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળ. આમાં અવસર્પિણી કાળ તે જ આપણા આધુનિક કૉસ્મિક કૅલેન્ડરનો સમય ચાલી રહ્યો છે. અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળના મુખ્ય છ છ ભાગ. જેને આરાના નામથી સંબોધવામાં આવે છે. આમ કુલ મળીને બાર આરા એટલે કે એક કાળચક્ર પૂરું મનાય છે.

નીચે દર્શાવેલ કાળચક્રના ચાર્ટમાં પહેલાં ઉત્સર્પિણીકાળ અને પછી અવસર્પિણી કાળની વિગતો આપેલી છે.

૧. પહેલો આરો– અત્યંત વિકટ જીવન પરિસ્થિતિ. મનુષ્યો અને પ્રાણીઓના ભૂગર્ભ આવાસ–રહેઠાણ અને તેમાં ક્રમે કરીને શુભવર્ણ, ગંધ તથા આયુષ્ય અને સંઘયણ બળમાં થોડી થોડી વૃદ્ધિ. મનુષ્યો સંપૂર્ણ માંસાહારી.

૨. બીજો આરો– સામાન્ય દુ:ખમય જીવન. તેમાં પ્રથમ સાત સાત દિવસ સુધી પાણી, દૂધ-અમૃતનો સતત વરસાદ, યોગ્ય વાતાવરણનું નિર્માણ. વનસ્પતિની ઉત્પત્તિ અને ભૂગર્ભમાં રહેલ મનુષ્યો પ્રાણીઓનું બહાર આવવું અને મનુષ્યોનું શાકાહારી બનવું. પ્રથમ આરાની સમાપ્તિ.

૩. ત્રીજો આરો– લોકોમાં બૌદ્ધિક વિકાસ, શરીર અને આયુષ્યનું ક્રમશ: વધવું.

૪. ચોથો આરો– ચોવીસમા તીર્થંકરનો જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, નિર્માણ તથા ૨ કોડાકોડી સાગરોપમ પ્રમાણના ચોથા આરાની શરૂઆત. કુલકરોની શરૂઆત.

૫. પાંચમો આરો– કુલકર પ્રથાનો અંત અને યુગલિક પ્રથાની શરૂઆત. ૩ કોડાકોડી સાગરોપમ પ્રમાણના પાંચમા આરાની શરૂઆત

૬. છઠ્ઠો આરો– ૪ કોડાકોડી સાગરોપમ પ્રમાણના છઠ્ઠા આરાની શરૂઆત ને સમાપ્તિ. આ ઉત્સર્પિણીના છઠ્ઠા આરાની સમાપ્તિ છે.

ઉત્સર્પિણીના અંતિમ છઠ્ઠા આરાની સમાપ્તિ અને તેટલા જ પ્રમાણવાળા **અવસર્પિણીના પ્રથમ** આરાની શરૂઆત.

૧. પહેલો આરો– ૪ કોડાકોડી સાગરોપમ પ્રમાણના પહેલા આરાની સમાપ્તિ.

૨. બીજો આરો– ૩ કોડાકોડી સાગરોપમ પ્રમાણના બીજા આરાની શરૂઆત.

૩. ત્રીજો આરો– બીજા આરાની સમાપ્તિ અને ૨ કોડાકોડી સાગરોપમ પ્રમાણના ત્રીજા આરાની શરૂઆત. કુલકરોની પ્રથાની શરૂઆત.

૪. ચોથો આરો– કાળમાન ૧ કોડાકોડી સાગરોપમ તેમાંથી ૪૨,૦૦૦ હજાર વર્ષ ઓછાં. ત્રીજા આરાની સમાપ્તિ અને ચોથા આરાની શરૂઆત.

૫. પાંચમો આરો- ૨૧,૦૦૦ વર્ષ પ્રમાણના પાંચમા આરાની શરૂઆત. આધુનિક વિજ્ઞાનની ઉત્પત્તિ, વિકાસ અને વિનાશ.

૬. છઠ્ઠો આરો– ૨૧,૦૦૦ વર્ષ પ્રમાણનો આરો. વાતાવરણનું છિન્ન-ભિન્ન થવું. સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોનું સીધું પૃથ્વી પર પડવું. મનુષ્યો તથા પ્રાણીઓનું ભૂગર્ભમાં જવું અને વનસ્પતિનો નાશ થવો. જીવનની અત્યંત વિકટ પરિસ્થિતિ.

આમ છઠ્ઠા આરાની સમાપ્તિ અને ઉત્સર્પિણીની પુન: શરૂઆત.

ટૂંકમાં જૈન ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે ઉત્સર્પિણીમાં ક્રમે ક્રમે વિકાસ થાય છે અને તેમાં શારીરિક મજબૂતાઈ, દેહમાન (ઊંચાઈ), આયુષ્ય

તથા આધ્યાત્મિકતાનો સારી રીતે વિકાસ થાય છે. પ્રાણીમાત્રની ખરાબ વૃત્તિઓ ઓછી થાય છે. જ્યારે અવસર્પિણીમાં એથી ઊલટું હોય છે.

આ પૃથ્વી ઉપર અવસર્પિણીના પહેલા-બીજા-ત્રીજા આરા દરમિયાન માનવજીવન તથા પશુજીવન સંપૂર્ણ રીતે એક બીજાથી સ્વતંત્ર હોય છે. મનુષ્યોમાં પુરુષ-સ્ત્રી તથા પશુઓમાં નર-માદા બંને એકી સાથે જન્મતાં હોય છે. યુવાન થતાં સાથે ભોગ ભોગવતાં અને તેઓ યુગલને જન્મ આપતાં હોય છે. થોડાક જ દિવસ તેનું પાલન પોષણ કરી તેને સ્વતંત્ર કરતા હોય છે અને તેઓ બંને સાથે જ મૃત્યુ પામતાં હોય છે. આ યુગલિક મનુષ્ય તથા પશુઓ અલ્પ કષાયવાળા અને અલ્પ કામનાવાળા હોય છે; એટલે કે ક્રોધ, માન, માયા, લોભ, મોહથી તેઓ લગભગ રહિત હોય છે. એટલે તેઓની વચ્ચે ક્યારેય લડાઈ, ઝઘડા થતા નથી હોતાં. અકાળ મૃત્યુ તો ક્યારે થાય જ નહિ. અલ્પ જરૂરિયાતવાળા મનુષ્યો અને પશુઓની ઈચ્છા કલ્પવૃક્ષો પૂરી પાડતા હતા. આ બધા કારણોસર તે વખતે અસિ એટલે કે તલવાર, મસિ એટલે શાહી અને લેખનકળા અને કૃષિ એટલે ખેતીનો વ્યવહાર શરૂ થયો જ નહોતો. તે કાળમાં વનસ્પતિને કોઈ ઓળખતુંય નહોતું એટલે વનસ્પતિનો ઈતિહાસ, પ્રકાર, ઉપયોગ, કે એવું કોઈ વિજ્ઞાન અસ્તિત્વમાં જ નહોતું એટલે એમ ન માની શકાય કે ત્યારે વનસ્પતિ કે પ્રાણીઓનો કોઈ વિકાસ થતો જ નહોતો. વળી આ અવસર્પિણી કાળમાં કુદરતી આપત્તિઓ પણ તે પછી જ નિર્માણ થઈ હશે એમ માનવામાં આવે છે. અશ્મિભૂત અવશેષો પણ તે પછી જ નિર્માણ થયા હશે એમ માની શકાય.

ટૂંકમાં કહીએ તો ત્રણ આરા દરમિયાન કુદરતી જીવન જીવાતું હતું.

જ્યારે આ જ અવસર્પિણી કાળના છેલ્લા ત્રણ આરામાં એટલે કે ચોથા, પાંચમા અને છઠ્ઠા આરામાં માણસના તેમ જ પ્રાણીઓના શરીરની મજબૂતાઈ, દેહમાન, આયુષ્ય ક્રમે ક્રમે માને છે કે ઓછું થતું જશે. અને માણસોમાંથી આધ્યાત્મિકતાનો હ્રાસ થતો જશે. જ્યારે ક્રોધ, ઈર્ષ્યા, અભિમાન વગેરે દુર્ગુણોનું પ્રભુત્વ વધતું જશે. અને કુદરતી વાતાવરણમાં પણ ન કલ્પી શકાય તેવા ફેરફારો થતા જશે. વિજ્ઞાન યુગમાં જેને `global warming' ના નામે ઓળખાય છે તેમ કહી શકાય કે નહીં!

આમ જૈન ધર્મ અનુસાર પૃથ્વીનો સંપૂર્ણ નાશ અને પાછું પૃથ્વીનું અવતરવું એ અને માણસોમાંથી આધ્યાત્મિકતાનો હ્રાસ થતો જશે. કુદરતી વાતાવરણમાં પણ ન કલ્પી શકાય તેવા ફેરફારો થતા જશે. આજના આધુનિક વિજ્ઞાનમાં તેને `global warming' કહેવાય છે.

જૈન ધર્મ અનુસાર પૃથ્વીનો સંપૂર્ણ નાશ અને પાછું પૃથ્વીનું અવતરવું એ માન્યતા બિલકુલ નથી. પૃથ્વી પર સમયે સમયે જે ફેરફાર થતા જાય છે તે ફેરફારો અંતિમ તબક્કામાં પ્રવેશી પૃથ્વીનું સામાન્ય જનજીવન ખોરવી નાંખશે. ઘણો વખત જતાં ધીરે ધીરે પૃથ્વી પર વિકાસ થતો જશે. કાળચક્ર પ્રમાણે પૃથ્વીનો સંસાર ચાલ્યો છે તે ચાલ્યા જ કરશે. પણ પૃથ્વીના દ્રવ્યો ક્યારેય નાશ પામ્યા નથી ને નાશ પામવાના નથી.

(ક્રમશ:)

પૃથ્વીની ઉત્પત્તિ–વિકાસ–વિનાશ, જૈનધર્મ–વૈજ્ઞાનિક સમન્વય:

જૈન ગ્રંથોમાં દર્શાવેલ સમય (time), અવકાશ (space) અને પુદ્‌ગલ (matter) સંબંધી સિદ્ધાંતોનું વર્તમાન વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે અદ્‌ભુત સામ્ય દર્શાવે છે.

કાળના સંદર્ભમાં વિચાર કરીએ તો પ્રાચીન કાળના મહાન ઋષિમુનિઓથી લઈને અત્યારના મહાન વિજ્ઞાનીઓએ ખૂબ જ ચિંતન કર્યું છે. જે રીતે જૈન દર્શનમાં કાળ (સમય), અવકાશ અને પુદ્‌ગલ વિષે ખૂબ ખૂબ લખાયું છે, તે જ રીતે આધુનિક ભૌતિકશાસ્ત્રમાં પણ પાશ્ચાત્ય વિજ્ઞાનીઓએ ઘણું ઘણું લખ્યું છે અને આજે પણ આ વિષયમાં નવા નવા સંશોધનો કરતા રહે છે.

જૈનધર્મ અને વૈજ્ઞાનિક સિદ્ધાંતોનો સમન્વય નીચે પ્રમાણે–

૧. કાળની (સમયની) વિભાવના-જંબુદ્વીપ સંગ્રહણી સૂત્રની (ગાથા-૨૯) 'सव्वेऽपि पव्वयवरा'–ગાથામાં આવતા 'समयरिक्तंमि' શબ્દની ટીકામાં આ. શ્રી વિજોદયસૂરીશ્વરજી મહારાજે જૈન ગ્રંથો પ્રમાણે કાળની સાપેક્ષતા જણાવી છે. જ્યારે આ સદીના મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈને પણ સમયની સાપેક્ષતા બતાવી છે. જેમકે,-

૨. જૈન દર્શનમાં કાળના મુખ્ય બે પ્રકાર બતાવ્યા છે: ૧. વ્યવહારકાળ, ૨. નિશ્ચયકાળ.
આઈન્સ્ટાઈન પણ કહે છે, કાળ-વ્યવહારકાળ.

૩. જૈન શાસ્ત્ર પ્રમાણે રાત્રિ-દિવસ વગેરે રૂપ, વ્યવહારકાળ માત્ર અઢી દ્વીપમાં (સમય ક્ષેત્રમાં), જ્યાં સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારા વગેરે મેરૂ પર્વતની આસપાસ ફરે છે ત્યાં છે. આઈન્સ્ટાઈન પણ એ કહે છે કે રાત્રિ-દિવસ રૂપ, કાળ માત્ર પૃથ્વી ઉપર છે.
બંનેમાં રાત્રિ-દિવસ થવાના કારણો જુદા આપ્યા છે. જૈન મત પ્રમાણે રાત્રિ-દિવસ એવા કાળના વિભાગ સૂર્ય-ચંદ્રના પરિભ્રમણના કારણે થાય છે. જ્યારે આઈન્સ્ટાઈન-આધુનિક વૈજ્ઞાનિક મત પ્રમાણે તેનું કારણ પૃથ્વીની દૈનિક ગતિને લીધે રાત્રિ-દિવસ થાય છે.

૪. જૈન ગ્રંથો પ્રમાણે અઢી દ્વીપની બહાર, જ્યાં સૂર્ય, ચંદ્ર વગેરે સ્થિર છે. ત્યાં રાત્રિ-દિવસ જેવું કશું જ નથી. આઈન્સ્ટાઈન પણ કહે છે કે અવકાશમાં રાત્રિ-દિવસ જેવું કશું જ નથી.

૫. તેમ છતાં, અઢી દ્વીપની બહાર રહેલા જીવો તથા દેવલોક અને નારકીના જીવોના આયુષ્યની ગણતરી અઢી-દ્વીપમાં થતાં રાત્રિ-દિવસ પ્રમાણે થાય છે. તે જ રીતે અવકાશમાં ૮૦ થી ૮૨ દિવસ રહેલા અવકાશયાત્રીના આયુષ્યમાંથી ૮૦-૮૨ દિવસ તો ઓછા થયા છે, પરંતુ ત્યાં તેને રાત્રિ-દિવસનો અનુભવ નથી થયો, એમ કહે છે.

૬. જૈન મત પ્રમાણે જીવ તથા અજીવ એવું પુદ્‌ગલ દ્રવ્ય સંપૂર્ણ બ્રહ્માંડ એટલે કે ચૌદે રાજલોકમાં વ્યાપ્ત છે. આ જ વાત આઈન્સ્ટાઈને કાળ-અવકાશ પરિમાણ (time-space continuum) દ્વારા સમજાવી છે. ઉદાહરણ તરીકે-

ધારો કે અવકાશમાં અ.બ.ક. એવા ત્રણ બિંદુઓ એક સીધી લીટીમાં છે અને તેના વચ્ચે ૩૦ લાખ કિ.મી. ૩૦ લાખ કિ.મી.નું અંતર છે. એટલે કે અ બિંદુથી બ બિંદુ ૩૦ લાખ કિ.મી. દૂર છે. બ બિંદુથી ક બિંદુ ૩૦ લાખ કિ.મી. દૂર છે. અર્થાત્ અ બિંદુથી ક બિંદુ વચ્ચેનું અંતર ૬૦ લાખ કિ.મી. છે. અ થી બ ૩૦ કિ.મી. બ થી ક ૩૦ લાખ કિ.મી.

હવે ધારો કે અ બિંદુ ઉપર એક પ્રકાશનો ઝબકારો થાય છે. આ પ્રકાશનો ઝબકારો ૧૦ સેકંડ પછી બ બિંદુ પર દેખાશે. ત્યારે તેના મૂળ ઉદ્‌ગમ રૂપ અ બિંદુ માટે તે પ્રકાશનો ઝબકારો ભૂતકાળની ક્રિયા ગણાશે. જ્યારે બ બિંદુ માટે વર્તમાન કાળ ગણાશે અને ક બિંદુ માટે ભવિષ્યકાળની ક્રિયા ગણાશે.

કહેવાનું તાત્પર્ય એ છે કે કાળ એ અવકાશના બિંદુઓ વચ્ચેનું અંતર છે. એટલે અવકાશમાં બનતી બધી જ ક્રિયાઓ સાથે તે ક્રિયાના કાળનો ઉલ્લેખ કરવો અનિવાર્ય બને છે. આમ સમય-અવકાશ પરિમાણ (time-space continuum) જેમ આધુનિક ભૌતિકશાસ્ત્રમાં અગત્યનું પરિમાણ છે એ જ રીતે પ્રાચીન જૈન ગ્રંથોમાં પણ તેનું ઘણું મહત્ત્વ છે.

આમ અવકાશ બિંદુ, તેની આજુબાજુ અન્ય અવકાશી બિંદુઓની સાપેક્ષતામાં થતી, ગતિ–એ મૂળભૂત દૃષ્ટિકોણ છે, કે જે લોકાકાશ (universal space)ની સંરચનાને સમજવામાં ઉપયોગી છે અને આકાશી બિંદુઓમાં થતા પરિવર્તનની મૂળભૂત આ ઘટનામાંથી જ સમયનો ખ્યાલ-વિચાર જન્મ્યો છે.

તેવી જ રીતે અવકાશની ગતિશીલ અવસ્થા અનાદિ-અનંત છે માટે મૂળભૂત રીતે સમય પણ અનાદિ-અનંત છે.

તેવી જ રીતે કાળ વાસ્તવિક છે કારણ કે અવકાશ અને ગતિ પણ વાસ્તવિક છે. કાળનું અસ્તિત્વ નિરપેક્ષ છે. કારણ કે અવકાશનું અસ્તિત્વ નિરપેક્ષ છે.

જૈન અને વૈજ્ઞાનિક મતમાં ફરક એટલો જ છે કે જૈન દર્શન અવકાશને એક અને અખંડ દ્રવ્ય તરીકે માને છે અને તે નિષ્ક્રિય છે. જ્યારે ઉપરના વૈજ્ઞાનિક ખ્યાલોમાં 'અવકાશ'ના સ્થાને 'પુદ્‌ગલ' મૂકે તો બધા જ ખ્યાલો જૈન દર્શન સાથે સંમત થાય.

૭. આપણે જ્યારે કાળની વાત કરીએ છીએ ત્યારે સાથે સાથે કાળચક્રની પણ વાત કરીએ.

જૈન સિદ્ધાંત પ્રમાણે કાળચક્રના બે વિભાગ છે, જેનો ઊંડાણથી ઉલ્લેખ આપણે આગળ જોઈ ગયા, કે ઉત્સર્પિણીકાળમાં મનુષ્ય-પ્રાણીઓ વગેરેના દેહમાન, આયુષ્ય અને શારિરીક શક્તિઓનો વિકાસ થાય છે. જ્યારે અવસર્પિણીકાળમાં એથી ઊલટું બને છે. શરૂઆતમાં મનુષ્ય-પશુઓ વગેરેનું આયુષ્ય અને દેહમાન (શરીરની ઊંચાઈ અને લંબાઈ) ઉત્કૃષ્ટ હોય છે. પછી સમય પસાર થતો જાય, તેમ તેમ ઘટાડો થતો જાય છે.

પશુઓના શરીરની ઊંચાઈ અને લંબાઈની વાત આવી છે ત્યાં આપણે આગળ જોયું તેમ મિ. કાર્લ સેગનના કૉસ્મિક કૅલેન્ડર અને ચાર્લ્સ ડાર્વિનના ચાર્ટમાં કૉસ્મિક બનાવોનું સમયાંકન બતાવ્યું છે તે પ્રમાણે તેમાં બતાવેલા બનાવોના નામને બાદ કરતાં, તેમાં જણાવેલ સમય, જૈન ગ્રંથોમાં જણાવેલ કાળચક્રના અવસર્પિણીકાળના સમયને ઘણો જ મળતો આવે છે. તેમ જ પ્રાણીઓની ઊંચાઈ લંબાઈ પણ મળતી આવે છે. તે આ પ્રમાણે– અત્યારે પૃથ્વી પર મળી આવેલા મહાકાય પ્રાણીઓના અવશેષોમાં ડિનોસોરના અવશેષો મુખ્ય છે. એ અવશેષોના આધારે ડિનોસોરની લંબાઈ લગભગ ૧૫૦ ફૂટ આવે છે અને તે ડાર્વિનના ચાર્ટ મુજબ મેસોઝોઈક (masozoic) સમયમાં થઈ ગયા. આ સમય લગભગ ૭ કરોડ વર્ષ પૂર્વેનો માનવામાં આવે છે.

જૈન કાળચક્રની ગણતરી પ્રમાણે આ કાળ લગભગ બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્યસ્વામી અને સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ પૂર્વેનો આવે છે.

આમ આ કૉસ્મિક કૅલેન્ડર સાથે સરખાવતા આ સમય બરાબર એક જ આવે છે.

બીજી વાત, ડિનોસોરના અવશેષની લંબાઈની વાત છે. આજના આ આધુનિક સમયમાં એવું કોઈ પ્રાણી નથી જેની લંબાઈ આપણને આટલી મળી રહે છે. જે કોઈ લાંબામાં લાંબા પ્રાણીની લંબાઈ ઉપર જણાવેલ લંબાઈ કરતા ઓછી જ સાબિત થાય છે. આ આજનું વાસ્તવિક સત્ય છે.

૮. આજના વૈજ્ઞાનિકો આપણને કહે છે કે સૂર્યમાંથી આવતા મનુષ્ય અને સજીવ સૃષ્ટિને હાનિકર્તા એવા પારજાંબલી (ultraviolet) કિરણોને રોકનાર વાતાવરણ ઉપરનું ઑઝોન વાયુનું સ્તર ધીરે ધીરે ઓછું થતું જાય છે. એમાં ગાબડાં પડ્યા છે. આનું કારણ તેઓ એમ કહે છે અને માને છે કે જો વિકસિત અને વિકાસશીલ દેશો અવકાશમાં વારંવાર ઉપગ્રહ મૂકવા માટે પ્રયોગો કરવા માટે સ્પેસ શટલનો ઉપયોગ કરશે તો ઑઝોન વાયુનું સ્તર ખલાસ થઈ જશે અને સૂર્યના પારજાંબલી (ultrarolet) કિરણો સીધા પૃથ્વી પર આવશે. સજીવ સૃષ્ટિનો નાશ થશે. સૂર્યમાંથી આગનો વરસાદ થશે અને પૃથ્વીનો પ્રલય થશે.

આ જ વર્ણન જૈન ગ્રંથોમાં છઠ્ઠા આરાના ભવિષ્યનું બતાવ્યું છે કે અગ્નિનો વરસાદ થશે, મીઠું વગેરે ક્ષારોનો વરસાદ થશે. તે વરસાદ ખૂબ ઝેરી હશે. તેનાથી પૃથ્વી પર હાહાકાર મચશે. આ રીતે પૃથ્વીમાં પરિવર્તનો આવશે. મનુષ્યો વગેરે દિવસે વૈતાઢ્ય પર્વતની ગુફામાં

રહેશે. ફક્ત રાતે જ બહાર નીકળશે. બધાં જ માંસાહારી હશે. પૃથ્વીના પ્રલય વખતે ફુદરતી તત્ત્વોમાં ભયંકર ફેરફારો થશે. જેનાથી જનજીવન વિકટ પરિસ્થિતિમાંથી પસાર થશે. આમ બધા જ ધર્મોમાં આવું વર્ણન લગભગ સરખું જ આવ્યું છે. ફરક એટલો જ છે કે તેઓએ સમયગાળો જુદો આપ્યો છે અથવા તો આપ્યો જ નથી. પશ્ચિમના વૈજ્ઞાનિકોમાં પણ આ ભય સતાવી રહ્યો છે. જેઓ ધર્મમાં માનતા હશે, તેઓ કદાચ તેમાં દર્શાવેલ રાહ મુજબ ચાલી રહ્યા છે તેવુ લાગે છે. કારણ કે તેમાં દર્શાવ્યું છે કે જ્યારે આ પૃથ્વી પર આવું ભયંકર વાતાવરણ સર્જાય ત્યારે જે બીજા ગ્રહો પર રહેવા જશે તે જ બચી શકશે. આજે આધુનિક વૈજ્ઞાનિકો સ્પેસ પર રહેવાના નિવાસો બનાવવામાં કામે લાગી ગયા છે તે ઉપરથી આ લેખ લખનારને વિચાર આવ્યો કે શું તેઓ આ ધર્મના રાહે ચાલી રહ્યા છે !

૯. ડાર્વિનના ઉત્ક્રાંતિકારનું આદિ બિંદુ એટલે કે ઉદ્‌ગમબિંદુ એટલે જ

અ. જૈન ધર્મના કાળચક્રના અવસર્પિણીકાળનું આદિ બિંદુ રૂપ એટલે પ્રથમ આરાની શરૂઆત.

બ. પૃથ્વીના પોપડાની નિર્માણકાળની શરૂઆત એટલે બીજા આરાની શરૂઆત.

ક. જીવનની શરૂઆતનો કાળ અને બૅક્ટેરિયાની ઉત્પત્તિ એટલે તૃતીય આરાની શરૂઆત.

ડ. વાતાવરણમાં ઑક્સિજનનું નિર્માણ થવું તે લગભગ ૧ કોડાકોડી સાગરોપમ પ્રમાણના ચોથા આરાની શરૂઆત.

જૈન ધર્મ અને વૈજ્ઞાનિક સિદ્ધાંતોમાં તફાવત :

મિ. કાર્લ સેગને દર્શાવેલ બનાવોનો તફાવત તથા પરિસ્થિતિનો તફાવત જૈન સિદ્ધાંત અનુસાર ઘણો છે.

૧. જૈન સિદ્ધાંત અનુસાર, સૂર્યની, પૃથ્વીની, સજીવ સૃષ્ટિની, મનુષ્યની નવી ઉત્પત્તિ નથી થતી. પણ પ્રથમથી જ દરેક જાતના જંતુઓ, પ્રાણીઓ, વનસ્પતિનું બીજ સ્વરૂપ અસ્તિત્વ હોય છે પરંતુ તેને અનુકૂળ સંયોગો મળતાં તેનો વિકાસ થાય છે. અને કાળની અસર પ્રમાણે ઉત્સર્પિણીમાં તેના દેહમાં વધારો અને પછી અવસર્પિણીમાં ઘટાડો થાય છે. જ્યારે કૉસ્મિક કૅલેન્ડર પ્રમાણે બ્રહ્માંડનો સંપૂર્ણ નાશ થઈ ગયા પછી બધું નવેસરથી થાય છે. અને આકસ્મિક જ રાક્ષસી કદનાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. જેનું આદિમૂળ બૅક્ટેરિયા અને વાઈરસ જેવા ક્ષુદ્ર જંતુઓને માનવામાં આવે છે.

૨. વૈજ્ઞાનિકો પૃથ્વીની ઉત્ક્રાંતિમાં પ્રથમ એકકોષી જીવાણું પછી તેમાંથી બહુકોષી જીવાણું એમ ક્રમે ક્રમે કરી વાનરમાંથી મનુષ્ય પેદા થયો તેવી માન્યતા ધરાવે છે. જૈન ધર્મ માને છે કે ચોક્કસ જાતની વનસ્પતિમાંથી એ જાતની વનસ્પતિ, એક કોષીમાંથી એકકોષી અને બહુકોષીમાંથી બહુકોષી ઉત્પન્ન થાય છે નહિ કે એકકોષીમાંથી બહુકોષી અને બહુકોષીમાંથી એકકોષી.

૩. કેટલાક વિજ્ઞાનીઓ પ્રાણીકોષમાંથી વનસ્પતિકોષનું સર્જન થયું માને છે, જ્યારે કેટલાક વિજ્ઞાનીઓ વનસ્પતિકોષમાંથી પ્રાણીકોષનું સર્જન થયું એમ માને છે. જૈન ધર્મ આ બંને વાતને માન્ય નથી કરતો. તેઓ માને છે કે પ્રાણીઓ અને મનુષ્ય સુષુપ્ત રૂપે, અંડરૂપે કે પ્રકટ સ્વરૂપે પૃથ્વી ઉપર પ્રલય સમયે ભૂગર્ભમાં સચવાઈ રહે છે. જેને વૈતાઢ્યના બિલ કહેવામાં આવે છે. આ પ્રાણીઓ અને મનુષ્યો પ્રલયકાળનું તાપમાન સહન કરવા અસમર્થ હોય છે. પછી જ્યારે યોગ્ય વાતાવરણનું સર્જન થાય અને સહ્ય તાપમાન થાય ત્યારે ભૂગર્ભમાંથી બહાર આવી વિકાસનું કાર્ય શરૂ કરી દે છે. એટલે ચોક્કસ પ્રાણીમાંથી ચોક્કસ પ્રાણી જ જન્મી શકે, માટે એક પ્રાણનો વિકાસ થતાં થતાં નવી જાતનાં પ્રાણીઓ પેદા થયાં એવું કહી શકાશે નહિ.

આમ પ્રાણીજગત અને વનસ્પતિ જગતની ઉત્પત્તિ બાબતમાં જૈનધર્મ માને છે કે તેઓનું અલગ અલગ અસ્તિત્વ આ દુનિયામાં ભૂતકાળમાં હતું, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યમાં રહેશે. ફક્ત આબોહવા, પરિસ્થિતિ, જમીનના ક્ષારો વગેરેના ફેરફાર પ્રમાણે તેની ઉત્પત્તિ, નાશ અને નવી જાતોની ઉત્પત્તિ અને જૂની જાતનો નાશ થયા કરે છે.

૪. વૈજ્ઞાનિકે અશ્મિભૂત અવશેષોની પ્રાચીનતા નક્કી કરવા માટે કાર્બન-૧૪ ના સંસ્થાનકો (isotops of carbon-14) નો ઉપયોગ કરે છે. અને તેના આધારે અવશેષોમાંના કિરણોત્સર્ગી (radio active) પદાર્થમાંથી નીકળતા કિરણોત્સર્ગના પ્રમાણ ઉપરથી તેની પ્રાચીનતા નક્કી કરે છે. પણ વિજ્ઞાનીઓ જેવા કે (Max Toth) મેક્સટોથ અને ગ્રેગ નાઈલસેન (Grej Nielson) તેમના `The Pyramid Power માં લખે છે કે આ પદ્ધતિ ભૂલભરેલી છે અને તેનાથી સેંકડો કે હજારો વર્ષોની નહિ પરંતુ લાખો અને કરોડો વર્ષોની ભૂલ આવે છે. (P. 20).

જૈન ગ્રંથ બૃહત્‌સંગ્રહિણીમાં જણાવ્યા પ્રમાણે ઉત્સર્પિણીમાં જેમ જેમ સમય પસાર થતો જાય તેમ તેમ પદાર્થોમાં થતાં પરિવર્તનની ઝડપ ઘટે છે અને અવસર્પિણીમાં જેમ જેમ સમય પસાર થતો જાય તેમ તેમ પદાર્થોનું પરિવર્તન ઝડપી બનતું જાય છે ઉદાહરણ- ઉત્સર્પિણીના શરૂઆતમાં મનુષ્યના આયુષ્ય લગભગ ૧૬ થી ૨૦ વર્ષના અને શરીરની ઊંચાઈ ૧ હાથની હોય છે. એમાં ૨૧,૦૦૦ વર્ષનો પ્રથમ આરો તથા ૨૧,૦૦૦ વર્ષનો બીજો આરો પૂર્ણ થતી વખતે લગભગ શરીરની ઊંચાઈ ૫ થી ૬ હાથ અને આયુષ્ય લગભગ ૮૦ વર્ષ થતા હોય છે. અને જેમ જેમ સમય પસાર થતો જાય તેમ તેમ પરિવર્તન ધીમું થતું જાય છે.

ઉપસંહાર :

ઈશ્વર રચનાકાર નથી ને ભારપૂર્વક કહેનાર જૈન ફિલોસોફી તેને પાયાના સિદ્ધાંત તરીકે માની લે છે. બધી જ વસ્તુઓ-પદાર્થો જે કુદરતમાં

છે તે તેમની રીતે રૂપાંતર થયા કરે છે. તે ઉત્પત્તિ, સ્થિરતા ને વિનાશ એ કુદરતી સત્તા પર નિર્ભર થાય છે. પણ આ ત્રણેમાં એકરાગતા (ઐક્ય, મેળ, સંપ) એ બધું તળિયાથી આધારિત છે. કારણકે નિર્માણ અને વિરામ (અટકવું-બંધ પડવું) તે એક જ વસ્તુની બે બાજુઓ છે. પૃથ્વીના થરને બદલાવવું કે ન બદલાવવું એ મૂળ વસ્તુ છે.

શરૂઆતમાં વિજ્ઞાને આવા શાસ્ત્રોક્ત અજ્ઞાતને ખુલ્લા પાડ્યા હતા ત્યારે તેઓ તેને સત્ય તરીકે સ્વીકાર કરતા ન હતા. તેઓ એ માનતા ન હતા કે આત્મા જેવી કોઈક વસ્તુ છે, કે વનસ્પતિમાં જીવ છે, દ્રવ્યોમાં અગણિત શક્તિ અને ગતિ છે. અવાજ એ એક તત્ત્વ છે જે આખા જગતમાં એક સાથે ફેલાય છે. પ્રકાશ, અંધારું, છાંયડો એ દ્રવ્યો છે કે જે આખા વિશ્વમાં ફેલાયેલા છે. જીવની ગતિ એ દ્રવ્ય છે. કેટલાય વર્ષોની ભૂલો અને પ્રયોગો પછી તેઓ નિશ્ચયપૂર્વક માને છે કે જૈન શાસ્ત્રોમાં આપેલી વિગતો સાચી છે. વૈજ્ઞાનિકો ધર્માસ્તિકાય માટે અંધારામાં ફાંફા મારે છે. કે જે આખા વિશ્વમાં ફેલાયેલું છે.

વિજ્ઞાન ફક્ત દ્રવ્યના નજરે પડતાં લક્ષણો સાથે જ સંબંધ ધરાવે છે. તેનાથી જીવનમાં ખૂબ જ ઉપયોગી સ્થાનોની શોધથી અદ્‌ભુત ફાયદા થયા છે. જેવા કે, બે સ્થાન વચ્ચેના સંબંધ પાસે પાસે આવ્યા છે. બાતમી આપ લેની ઝડપ વધી છે. પણ આ જેને પોસાય તેવી સુખસગવડો ભોગવે છે એટલે કે ખૂબ ખર્ચાળ છે. એ પણ ખરું કે માનવ બીજાની કિંમતે ઘણી સારી વસ્તુઓનો ફાયદો લઈ શકે છે. તેઓએ ત્રાસ ફેલાવે એવા શસ્ત્રોની શોધ કરી આદરયુક્ત ધાક બેસાડી, બીજા દેશો અને પ્રજાનો તથા સંસ્કૃતિનો નાશ કર્યો છે ને કરે છે. પોતાના સંતોષ ખાતર પ્રદેશોનો કબજો લઈ તેમની તીવ્રભાવનાએ મનોવિકારનો સંતોષ માન્યો છે. વિજ્ઞાને, આમ કરીને માણસને ખૂબ જ મતલબી બનાવ્યા છે. આનંદ પ્રેમને બદલે માનવોને પરિગ્રહી, અભિમાની અને મગરૂરીથી હકુમત ચલાવતા બનાવ્યા છે. આ બધા અપલક્ષણો છે, દુર્ગુણો છે.

ધર્મ માણસને છોડવાનું વલણ શીખવે છે. પવિત્ર, શુદ્ધ ચારિત્ર, સદાચારને આત્મસાત્ કરવાનું શીખવે છે. પરિણામે આધ્યાત્મિકતામાં આગળ વધારી, ઈશ્વર બનવામાં તેઓને ઉન્નતિ તરફ લઈ જાય છે.

કેવળજ્ઞાનીઓએ જયારે જીવનની અજ્ઞાતતાને તત્ત્વોની સમજ આપી ખુલ્લી પાડી. તેઓએ ફક્ત જગતના ગુણો અને તેમાં રહેલા તત્ત્વોના સ્વભાવને ખુલ્લા પાડ્યા છે. તત્ત્વો અને ગુણો જાણવા ઓજારો કેમ બનાવવા તે માટે તેઓ ચૂપ છે. કારણ તેઓએ ઈંદ્રિયજ્ઞાન દ્વારા જાણ્યું કે જગત આને પચાવી નહીં શકે અને તેનો ખોટો ઉપયોગ કરશે.

વૈજ્ઞાનિક સિદ્ધિઓએ ઝડપથી લાંબા ડગલાં ભર્યા છે ને ભરે છે. કેટલાક ફિલસૂફો અને વૈજ્ઞાનિકો માને છે કે જગત ધીરે ધીરે વિસ્તરતું (અવકાશમાં) રહ્યું છે. કેટલાક ધર્મો અને ખાસ કરીને જૈન ધર્મ દાવો કરે છે કે પૃથ્વી ધીરે ધીરે વિસ્તરતી નથી, પણ પૃથ્વી પર રહેલાં દ્રવ્યોમાં ઝડપથી પરિવર્તનો આવશે જેનાથી જગતનું જનજીવન નાશ પામશે.

આમ જોવા જાવ તો વિજ્ઞાન અનેક બાજુથી ઉપયોગી રહ્યું છે, પણ ધીરે ધીરે તે સ્ફોટક અને વિનાશી બનતું જાય છે. કારણ માણસે વિજ્ઞાનને બનાવ્યું છે. તેમાં સફળતા મળતા આજના યુગના માનવીઓની આશા ને આદર્શો તે તરફ વળ્યાં છે. ધર્મ સાદું જીવન અને ઉચ્ચ વિચારો શીખવે છે. વિજ્ઞાન ઊંચું જીવન અને સ્વાર્થી વિચારો શીખવે છે. ધર્મ દયા શીખવે છે. વિજ્ઞાન ક્રુરતા શીખવે છે. જગતને સર્વનાશ તરફ લઈ જનારું વિજ્ઞાન છે. વિજ્ઞાન દ્રવ્યોને રાક્ષસી બનાવે છે, જેથી તે માણસને આખું ને આખુ ખાઈ જશે. તેથી જ માનવ વિજ્ઞાનથી ચેતતો રહે.

લાંબા હરણફાળ ભરતાં વિજ્ઞાન અને યંત્રોદ્યોશાસ્ત્રની અસરથી આજના માનવોનું મન વળી ગયું છે. તર્ક અને વૈજ્ઞાનિક રીતે પૂરવાર થયેલાને જ માનવું, અપનાવવું. વર્તમાન માનવને વિજ્ઞાન એક વળગાડ થઈ ગયું છે. તેથી તે ધર્મથી દૂર ભાગી રહ્યો છે. એ જરૂરનું છે કે વિજ્ઞાનની સાચી શોધને આપણે અપનાવીએ. સાચા-સદાચારી વર્તમાન વૈજ્ઞાનિકો સંમત થાય છે કે તેઓ જે પરિણામ પર આવ્યા છે તે તદ્દન સાચા નથી, પણ લગભગ સાચા છે. જેમ જ્ઞાન વધશે તેમ તેમાં ફેરફારો સંભવિત છે. જ્યારે શાસ્ત્ર કોઈ પણ એક વસ્તુ (વિષય) પર ઊભું રહી જણાવે છે કે તે સાચું જ છે, તેમાં ફેરફારોની જરાય શક્યતા જ નથી. એટલે કે તે સત્ય ધ્રુવના તારાની જેમ અટલ છે. એમ કેટલાંય વર્ષો પહેલાં કહેલું છે.

આધુનિક વૈજ્ઞાનિક તથ્યો ઘણી બાબતમાં શાસ્ત્ર સાથે લગભગની ભૂમિકા બતાવે છે, કારણ કે તેઓની ઈચ્છા સાચું શોધવાની છે. એમ જોવા જઈએ તો વિજ્ઞાન આજે શાસ્ત્રોની સત્યતાથી અડધા રસ્તે છે, હજી પણ થોડાં વધુ વર્ષો લાગશે, તેઓને શાસ્ત્રોની સત્યતા સાથે બરાબર આવવાની.

સંદર્ભ સૂચિ :

૧. 'ધર્મની ઉત્પત્તિ તથા વૃદ્ધિ'. લે. મેક્સ મૂલર

૨. 'જૈન દર્શનમાં વિજ્ઞાનના રહસ્યો'. લે. મુનિશ્રી નંદીઘોષ વિજયજી મહારાજ.

૩. `The Pyramid Power'. લે. મેક્સ ટોથ અને ગ્રેગ નાઈલસેન.

૪. 'લઘુ સંગ્રહણી'. લે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ.

૫. 'ઈશુ ખ્રિસ્ત'. લે. કિશોરીલાલ ઘનશ્યામ મશરૂવાલા.

૬. ઈસ્લામના ઓલીયા'. લે. સુશીલ.

૭. `The Quran-Koran' translation into English by George Sale

૮. `The Holy Bible' by British Foreign Bible Society.

૯. `Earth's Community of Religions by Joel Beversluis.

(સંપૂર્ણ)

* * *

૨૦૨, સોના ટાવર, ગુલમોહર સોસાયટી, ચીકુવાડી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૨. મોબાઈલ : ૯૮૧૯૭૨૦૩૯૮

દિવસની શરૂઆતમાં કરવા યોગ્ય સારામાં સારી પ્રાર્થના એ છે કે આપણે એ દિવસની એક પણ ક્ષણ વ્યર્થ ન ગુમાવીએ

જયભિખ્ખુ જીવનધારા : ૪૦

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[પોતાના જીવન અને સાહિત્યથી આગવા સંસ્કારજગતની રચના કરનાર સર્જક 'જયભિખ્ખુ' એ ગુજરાતી સાહિત્યમાં અનેકવિધ સ્વરૂપોમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. ખુમારીભર્યું જીવન જીવનારા આ સર્જકના જીવનમાં ભરતી-ઓટ સૂચવતાં અનેક પ્રસંગો બન્યા, એમાં એવા કેટલાય વળાંકો આવ્યા કે જેણે એમના વ્યક્તિત્વની એક નવી જ છટા પ્રગટ કરી. એમના જીવનના એક નિર્ણાયક વળાંકની વાત જોઈએ આ ચાલીસમા પ્રકરણમાં.]

એકાંત શોધતો સર્જક !

યુવાન સર્જક જયભિખ્ખુના ચિત્તમાં સતત તીવ્ર મનોમંથન ચાલે છે. એક બાજુ કલમને આશરે જીવવાનું નક્કી કર્યું હોવાથી કમાણી સાવ ટૂંકી હતી. વળી સ્વભાવે કંઈક શરમાળ અને પૂર્ણ સ્વાભિમાની હોવાથી સામે ચાલીને કોઈ સમર્થ સાહિત્યકારની શીળી છાયામાં બેસવું, તો એમને ક્યાંથી સ્વીકાર્ય બને ? એમાંય આસપાસ નજર કરે છે તો સાહિત્યજગતમાં લેખકોનાં જૂથો જોઈને પ્રબળ આઘાત અનુભવે છે. કેવી ઉદાત્ત ભાવના સાથે સરસ્વતીસેવા કરવાનું વ્રત લીધું હતું. મધ્યપ્રદેશના હિંદીભાષી ક્ષેત્રમાં સંસ્કૃત-પ્રાકૃત શાસ્ત્રગ્રંથોનો આકંઠ અભ્યાસ કરનાર જયભિખ્ખુને પોતાની ધન્ય ગિરા ગુજરાતીમાં સર્જન કરવાના અવનવા કોડ હતા. 'સરસ્વતીચંદ્ર'ના નાયક સરસ્વતીચંદ્રની વિદ્યાપ્રિય છબી એમના માનસમાં સદૈવ તરવરતી હતી.

અતિપ્રયત્ને મેળવેલી વસ્તુનું અદકેરું મૂલ્ય હોય છે. એ રીતે 'સરસ્વતીચંદ્ર' કે 'સત્યના પ્રયોગો' જેવા ગ્રંથો શિવપુરીના જૈન ગુરુકુળમાં પ્રાપ્ત કરવા યુવાન 'જયભિખ્ખુ'ને તપશ્ચર્યા કરવી પડી હતી. પરિણામે શિવપુરીથી અમદાવાદ આવેલા યુવાનના મનમાં તો એવું હતું કે સર્જક તો સદાય ઊંચી ભાવનાવાળો હોય અને પોતાના જીવન-કવનથી સમાજનો આદર્શ બની શકે તેવો સાચો રાહબર હોય. પણ અમદાવાદમાં આવ્યા બાદ સાહિત્યક્ષેત્રમાં ચાલતી અહમ્‌ની સાઠમારી અને અન્યને પરાસ્ત કરવાની પ્રવૃત્તિ જોઈને ઊંડો આઘાત અનુભવે છે. પોતાના પ્રિય કવિ ન્હાનાલાલના અવસાન પછી યોજાયેલી સભામાં પણ આ જૂથવાદ તરી આવે છે અને મનોમન સાહિત્યકારોના આ વાડામાંથી બહાર રહેવાનું પસંદ કરે છે. પ્રાણીઓમાં તો વાડા હોય, પણ અહીં સાહિત્યકારોમાં પણ વાડા દેખાયા. એને પરિણામે એમના સર્જનોની બીજા સર્જકો અને વિવેચકો ઉપેક્ષા કરે છે. એક સાહિત્યકાર બીજા સાહિત્યકારને એના અહમ્, આગ્રહ કે જૂથના દોરેલા કૂંડાળાને કારણે સાહિત્યકાર જ માનતો નથી અને એ રીતે એનો એકડો કાઢી નાખતો હોય છે એનો એમને ખ્યાલ આવે છે, પરંતુ સરસ્વતીસાધનાની અજબ મસ્તી હોવાથી યુવાન સર્જક જયભિખ્ખુ પોતાની રીતે અને પોતાના આનંદને ખાતર મનમાં કશોય અફસોસ કે ભાર વિના લેખનયાત્રા ચાલુ રાખે છે.

એમાં પણ જૈન હોવાને કારણે અને જૈન કથાનકો વિશે સર્જન કરતા હોવાને લીધે બીજા લોકો એમને માત્ર જૈન સાહિત્યકાર કહીને એમના ગ્રંથો જોતા પણ નથી. ગ્રામવાસી પટેલોના કુટુંબજીવન વિશે લેખન કરનારને કોઈ 'પટેલ સાહિત્યકાર' કે પૌરાણિક સાહિત્ય લખનારને કોઈ 'બ્રાહ્મણ સાહિત્યકાર' કહેતું નથી, તો આ જૈન કથાનકો પરથી રચના કરનારને 'જૈન સાહિત્યકાર' કઈ રીતે કહી શકાય ?

વળી મજાની હકીકત તો એ હતી કે જયભિખ્ખુની વર્તમાન, સામાજિક અને ઐતિહાસિક પરિસ્થિતિ પર મર્મવેધી નવલિકાઓ પ્રગટ થતી હતી અને મોગલયુગ કે રાજપુત યુગ આધારિત પ્રમાણભૂત ઐતિહાસિક નવલકથાઓ રચતા હતા. વૈષ્ણવ ધર્મની પરંપરાને લક્ષમાં રાખીને 'પ્રેમભક્ત કવિ જયદેવ'નું સર્જન કર્યું; પરંતુ સાહિત્યજગતના જૂથોની બહાર હોવાથી આવી કશી હકીકતોનો વિચાર કરવાને બદલે 'જૈન સાહિત્યકાર'નું લેબલ લગાડીને હાંસિયામાં ધકેલી દેવાનો પ્રયત્ન કર્યો. પણ તેથી શું ? કોને ચિંતા છે એની ? પોતે સાહિત્યસાધનાનો ભેખ લીધો હોવાથી 'કોઈ પ્યાર કરે, યા ઠુકરા દે' એ બંનેથી એમની સ્થિતિમાં લવલેશ પરિવર્તન થતું નહોતું.

સાહિત્યસૃષ્ટિ કરતાંય વિશેષ વેદના સાંપડે છે સામાજિક પરિસ્થિતિથી ! ચોપાસ લક્ષ્મીની બોલબાલાવાળા સમાજને જોઈ એમનું હૈયું અકળાઈ ઊઠે છે. ક્યારેક એમનું ચિત્ત વિચારે ચડે છે કે જ્યાં રૂપિયા-આના-પાઈનો જ અહર્નિશ વિચાર થાય છે, એ સમાજને સાહિત્ય સાથે કોઈ નિસબત ખરી ? લગ્નો અને સામાજિક પ્રસંગોએ ધનનું વરવું પ્રદર્શન કરનારા આ લોકો પાસે જીવનની ઉચ્ચ ભાવનાઓ હશે ખરી ? માત્ર ભૌતિક સંપત્તિની વૃદ્ધિ પાછળ આંખો મીંચીને દોડતા આ સમાજને સરસ્વતી-સાધના શું કહેવાય, એનો અંદાજ હશે ખરો ?

યુવાન સર્જક જયભિખ્ખુના ચિત્તમાં ભગવાન ઋષભદેવના સર્જન સમયે માનવતાની ઉચ્ચ ભાવના ઝળૂંબે છે. 'વિક્રમાદિત્ય હેમુ'ના સર્જન સમયે શરીર અને આત્માની વીરતાનો વિચાર પ્રગટે છે. એમનું માનસ આવા વિચારોમાં ડૂબેલું હતું. આ પાત્રો એમની મનોસૃષ્ટિમાં રમતા હતા, તો બીજી બાજુ આસપાસના સમાજમાં સર્વત્ર લક્ષ્મીપૂજા જ નહીં, બલ્કે લક્ષ્મી સર્વસ્વ જણાતી હોય ! વ્યક્તિને માપવાનો માપદંડ એની વિદ્યા નહીં, પણ એણે એકત્રિત કરેલી લક્ષ્મી હતી. વ્યક્તિને આદર આપવાની પાછળ એની ધનસંપત્તિનો વિચાર કરવામાં આવે, એની જ્ઞાનસંપત્તિ સર્વથા ભુલાઈ જાય કે નગણ્ય લેખાય. સામાજિક પ્રસંગોએ થતી સ્થૂળ વાતો, વ્યવહારોની ચર્ચા અને સંપત્તિની તુમાખી

આ યુવાન સર્જકને ગૂંગળાવે છે. આવા ભૌતિકતાથી ભરેલા વાતાવરણ વચ્ચે આર્થિક ભીંસ વિશેષ ગૂંગળામણ સર્જનારી બની. ક્યારેય મસ્તી, ખમીર કે સ્વમાનને ભોગે કશું કરવું નહોતું. માત્ર એટલું જ કે પત્ની અને પુત્રની બીમારી વેળાએ મનમાં એવી ચિંતા રહેતી કે ક્યાંક નાનો એવો માંડવો વિખરાઈ તો નહીં જાય ને !

એ સમયે પ્રસિદ્ધ સંત શ્રી પુનિત મહારાજના તંત્રીપદે પ્રકાશિત થતા લોકવ્યાપક એવા 'જનકલ્યાણ'ના એક વિશેષાંકનું સંપાદન 'ધૂમકેતુ' અને 'જયભિખ્ખુ'એ કર્યું. આ બંને સર્જકોએ 'જનકલ્યાણ' સામયિકનું વિવિધ લેખકોની સમૃદ્ધ કલમથી કલેવર બદલવાનો પ્રયાસ કર્યો. વિશાળ લોકપ્રેમ ધરાવતા આ સામયિકમાં 'વિષય અને રસનું ધોરણ વધારે ઊંચું' કરવાનો આશય રાખ્યો અને સામયિકનો 'વ્યવહાર શુદ્ધિ-સદાચાર' વિશેષાંક પ્રગટ કર્યો. આ અંકમાં લેખોની સાથે સી. નરેનના સુંદર ચિત્રો આપ્યાં. લેખની નીચે પ્રેરક વાક્યો અને હૃદયસ્પર્શી પ્રસંગો મૂક્યાં. ડેકોરેશનની જુદી જુદી ડિઝાઈનો મૂકી તેમજ વચ્ચે ફોર-કલરમાં ચિત્રો આપ્યાં. કેટલાક લેખોના શીર્ષક ચિત્રકાર પાસે તૈયાર કરાવ્યાં. આમ આ વિશેષાંકની સામગ્રી, રજૂઆત, ગોઠવણી એ બધાંની પાછળ જયભિખ્ખુએ ઘણો પરિશ્રમ લીધો.

એ સમયે 'જનકલ્યાણ'નો કાર્યભાર સંભાળતા શ્રી ચંદુભાઈ પ્રજાપતિ પુરસ્કારની રકમ લઈને આવ્યા. ત્યારે જયભિખ્ખુએ કહ્યું,

'તમે સેવા કરો છો તો મારી પણ આ સેવાનો સ્વીકાર કરો'. જયભિખ્ખુએ એક પાઈ પણ લીધી નહીં. 'પુનિત પદરેણુ' ઉપનામ ધરાવતા શ્રી ચંદુભાઈ પ્રજાપતિએ શ્રી પુનિત મહારાજને વાત કરી, ત્યારે પુનિત મહારાજ સ્વયં આ રકમ લેવાનો આગ્રહ કરવા આવ્યા. પણ જયભિખ્ખુએ એમની વાતનો સાદર અસ્વીકાર કર્યો, પુનિત મહારાજે શ્રી ચંદુભાઈ પ્રજાપતિને કહ્યું, 'મેં આવા માણસો જોયા નથી.'

જયભિખ્ખુનાં પત્ની જયાબહેનના મોટી બહેન એ મોંઘીબહેન. બંને બહેનો દેખાવમાં લગભગ સરખાં લાગે. આ મોંઘીબહેનના લગ્ન ધોલેરામાં નગરશેઠ જેટલી જાહોજલાલી ભોગવતા દલીચંદ શેઠ સાથે થયાં હતાં. આ દલીચંદભાઈ અને જયભિખ્ખુ વચ્ચે અતૂટ સ્નેહસબંધ હતો. એ સમયે દલીચંદભાઈએ જયભિખ્ખુને કહ્યું હતું પણ ખરું કે તમે પોતે એક પ્રેસ નાખો. જોઈએ એટલી રકમ તમને આપીશ. એની ફિકર કરશો નહીં. દલીચંદભાઈ વારંવાર આવું કહે, તેમ છતાં જયભિખ્ખુ એમની વાત સ્વીકારવા સહેજેય તૈયાર નહીં.

બીજી બાજુ અતિથિઓની હારમાળા ચાલતી હોય અને આ અતિથિઓની પૂરેપૂરી ખાતરબરદાસ્ત થાય. એમની મહેમાનગતિમાં સહેજે મણા રહે નહીં. આને પરિણામે ઘરમાં શાંતિથી સર્જનકાર્ય થાય તેવું વાતાવરણ નહોતું. આવી ચોપાસની પરિસ્થિતિથી આ યુવાન સર્જક ક્યારેક અકળાઈ ઊઠે છે.

૧૯૪૬ની ૨૩મી ફેબ્રુઆરીએ એ ડાયરીમાં નોંધે છે, 'આ શંભુમેળામાં સાહિત્યસર્જનની કલ્પના. હે ઈશ્વર! મનને થાક ચઢાવે છે, પણ તનનેય દુર્બળ બનાવે છે. વાહ રે સમાજ!

'આવતીકાલે કંટાળીને લેખનકાર્ય છોડી દઉં તો આટલા બધામાંથી કોઈને અફસોસ નહીં થાય. પૈસા માત્રના આ પૂજારીઓ છે. કોઈને ઉચ્ચ ધ્યેય, ઊંચા વિચાર સાથે લેશમાત્ર લેવાદેવા નથી. પેટભરાઓનું પેઠું છે. કેટલીક વાર તો એવું થાય છે કે ઈશ્વર આયુષ્યનો દોર આટલેથી કાપીને નવેસરથી જિંદગી આપે. જેમાં ખૂબ સાહિત્યસાધના કરી શકાય.'

આ યુવાન સર્જક સતત એ ઝંખતા હતા કે કોલાહલથી ભરેલા આ સમાજથી ક્યાંક દૂર ચાલ્યો જાઉં! આ રિવાજ-વાંધા-વ્યવહારની દુનિયાથી અળગો થઇ જાઉં. વિદ્યાર્થીકાળમાં મળેલું વાચનનું સમૃદ્ધ એકાંત ફરીથી મળે અને નિરાંતે સાહિત્યસર્જન કરું. એમના પ્રિય સર્જક ગોવર્ધનરામનું એમને વારંવાર સ્મરણ થતું. મહાન નવલકથાકાર ગોવર્ધનરામે મુંબઈ છોડીને મહાનવલ 'સરસ્વતીચંદ્ર'ના લેખનને માટે નડિયાદમાં વસવાનું પસંદ કર્યું હતું. પણ આવું એકાંત વધુ ને વધુ મુશ્કેલ એ માટે બનતું હતું કે જયભિખ્ખુના ઉદાર અને મિલનસાર સ્વભાવને કારણે એમનું મિત્રવર્તુળ સતત વિસ્તરતું હતું. એમના પ્રેમાળ આતિથ્યને કારણે મહેમાનોની અવરજવર પણ સારી એવી રહેતી.

વળી મિત્રો જયભિખ્ખુને પોતાના એવા સહૃદયી સ્નેહી અને સમાજમાં આગળ પડતો પ્રભાવ ધરાવનાર માનતા કે કોઈ પણ પ્રકારની મુશ્કેલી આવે, તો એમની પાસે દોડી આવતા. એમની સલાહ અને માર્ગદર્શન મેળવીને જ આગળ વધતા. તેઓ એમ માનતા કે જયભિખ્ખુના વિશાળ વર્તુળને કારણે એમનું કામ આસાનીથી થઈ જશે ! વળી, જયભિખ્ખુનો સ્વભાવ એવો કે પારકાનું કામ કરવા માટે પોતાની જાત ઘસી નાખતાં સહેજેય અચકાય નહીં. એમને માટે અડધી રાત્રે દોડી જાય.

આમ જિંદગીની આસપાસ એક યા બીજા પ્રકારના વાવંટોળ વહેતા હતા. એમાં ધાર્યું સર્જનકાર્ય થતું નહીં. પરિણામે આવક થતી નહીં અને મનની ભીંસ સાથે નાણાંભીડ વધતી જતી હતી ! પોતાનાં સગાંઓ સમૃદ્ધ હોવા છતાં એમની પાસેથી ક્યારેક કશું મેળવવાનો વિચાર સુદ્ધાં કરે નહીં. સર્જકનું સ્વમાન કદી કોઈને ઝૂકે નહીં, એમાં માનનારા. વળી પ્રવાસના ખૂબ શોખીન અને જ્યારે પ્રવાસે જતા ત્યારે આઠ-દસ વ્યક્તિઓની 'કંપની' સાથે જતા. જ્યાં જાય ત્યાં ચાર-પાંચ મિત્રો તો સાથે જ હોય. આવે સમયે ખર્ચ થાય, તે જયભિખ્ખુ ઉમળકાભેર આપે. મિત્રો પર એવો પ્રભાવ કે બીજા કોઈ આપવાનું વિચારી શકે જ નહીં. એમના મનમાં થતું કે કોઈ એવી જગાએ વસવા જાઉં કે જ્યાં જંગલ જેવું વાતાવરણ હોય, શહેરથી ખૂબ દૂર હોય, બહુ ઓછી વસ્તી હોય. બસ, એવી જગાએ રહીને શાંતિથી લેખનકાર્ય કરી શકું.

યુવાન સર્જકને પ્રકૃતિનું ભારે આકર્ષણ હતું. જંગલમાં આવેલા શિવપુરી ગુરુકુળની આસપાસની પ્રકૃતિ જાણે સાદ પાડતી હોય, તેમ લાગતું હતું. એવું જંગલ આ અમદાવાદ જેવા મહાનગરમાં લાવવું ક્યાંથી ? લેખન-વાચનને અનુકૂળ એકાંત સર્જવું કઈ રીતે ? શહેરની

ગીચ વસ્તીથી દૂર જવું કઈ રીતે ? મનમાં એક જ ભાવ કે વસ્તીવાળા વસવાટથી દૂર જઈને કોઈ એકાંત સ્થળે વસવું અને મન ભરીને સાહિત્યસાધના કરવી. એ સમયે વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ પાસેનો માદલપુરનો પટેલનો માઢ ગીચ વસ્તીવાળો હતો. અહીં વસતા પટેલો નાનુ-મોટું કામ કરતા. ગાય, ભેંસ રાખતા અને ખેતરે જતા.

આવા વસતીવાળા વિસ્તારમાંથી એલિસબ્રિજ વિસ્તારના દક્ષિણ છેડે આવેલી સાબરમતી નદીના કાંઠા પરની સોસાયટી પસંદ કરી. અમદાવાદથી સરખેજ જવાના હાઈવે પર નદીકાંઠા તરફના દૂરના એક ખેતરની જમીન વેચાણ રાખવામાં આવી. એ સમયે સોસાયટીના સભ્યોમાં વિખ્યાત સમાજસેવિકા શ્રીમતી ચારુમતિ યોદ્ધાના ભાઈ સ્વ. ચંદ્રશેખર યોદ્ધા હતા, તેથી એમના નામ પરથી આ સોસાયટીનું નામ ચંદ્રનગર સોસાયટી રાખવામાં આવ્યું. આ સોસાયટીના પ્રમોટરોમાં એ સમયે જ્યોતિસંઘ સંસ્થાના મંત્રી ચારુમતિ યોદ્ધા, સંગીતકાર શ્રી મકરંદ બાદશાહ, તસવીરકાર શ્રી જગનભાઈ મહેતા અને અગ્રણી ચિત્રકાર સ્વ. છગનભાઈ જાદવ જેવા કલાવિદો હતા.

એ સમયે અમદાવાદ શહેર વિસ્તારની બહાર આવેલી ચંદ્રનગર સોસાયટીની હાલત એવી હતી કે એમાં શહેરમાં સાંપડતી સુવિધાઓનો સદંતર અભાવ હતો. એથીય વિશેષ શહેરનાં દૂષણોને માટે આ અનુકૂળ નિવાસસ્થાનો હતાં. આવી સોસાયટીમાં વસવાનું જયભિખ્ખુએ નક્કી કર્યું.

જંગલોની વચ્ચે રહેલા જયભિખ્ખુને એમના જીવનમાં ક્યારેય ભય સ્પર્શી શક્યો નહીં. જંગલમાં વાઘનો ભેટો કરનાર એવા એમને બીક કે ડર શું છે એનો જ ખ્યાલ નહીં, તેથી આવા દૂરના નિર્જન સ્થાનમાં રહેવા જવું પડે, ત્યારે એમાં કોઈ ભય હોઈ શકે એવી એમણે કલ્પના કરી નહોતી. વિચાર આવ્યો હોય તોય એનો કશો ડર, ભય કે પરવા નહોતી. આથી જીવલેણ સર્પ હોય કે હત્યા કરવા સશસ્ત્ર ધાડુપાપાડુઓ કે અસામાજિક તત્ત્વો હોય, પણ ક્યારેય એનાથી તેઓ પાછા પડ્યા નહીં.

અઢાર બંગલાઓની નાનકડી ચંદ્રનગર સોસાયટીમાં નિવાસ કરવા આવ્યા, ત્યારે પાણી, ગટર કે જાહેર વાહનવ્યવહારની કોઈ સગવડ નહોતી. પાછળ સાબરમતી નદી વહેતી દેખાતી હતી. પણ અહીં પાણી માટે નગરપાલિકા કે બીજાં તંત્રો દ્વારા કશી સગવડ ઊભી કરાઈ નહોતી. ગટરની તો કલ્પના ક્યાંથી થઈ શકે ! આથી શરૂઆતમાં પાણીના પાઈપ અને ગટરના પાઈપ સોસાયટીએ પોતાના ખર્ચે નાખ્યા. આવી સ્થિતિમાં કોઈ વાહન તો ક્યાંથી આવે ? મ્યુનિસપાલિટીની બસ આવે એવી કલપના કરવી જ મુશ્કેલ.

દિવસે વારંવાર ઝાડની બખોલમાંથી, ક્યારામાંથી, ઘાસ પરથી કે ઈંટોના ઢગલા વચ્ચેથી સાપ નીકળે. સાપ દેખાય એટલે સહુ કોઈ ભેગાં થાય. પગી ચીપિયો લઈને દોડે અને સાપને પકડે. પછી એને માટલામાં નાંખીને નદીકાંઠે છોડી આવે.

દૂરથી વાસણાથી પાલડી વચ્ચેનો રસ્તો દેખાય. એના પર અવરજવર કરતી બસો દેખાય. વચ્ચેના વિસ્તારોમાં માત્ર ખેતરો આવ્યાં હતાં અને આ સોસાયટીમાંથી કાંટાળા ઘાસથી છવાયેલી જમીનની કેડી પર થઈને એ મુખ્ય માર્ગ પર પહોંચાતું હતું. વર્ષાઋતુમાં આ મુખ્ય માર્ગ સુધી પહોંચવું ઘણું મુશ્કેલ બનતું. વચ્ચે નીચાણમાં પાણીનું તળાવડું ભરાઈ જતું એટલે ચાલવાની કેડી 'જલસમાધિ' પામતી હતી. આથી એ તળાવડીની ધારે-ધારે ચાલીને સોસાયટીમાં આવવું પડે.

વળી અઢાર બંગલાની આ સોસાયટીમાંથી માંડ એક-બે વ્યક્તિઓ રહેવા આવી હતી. સોસાયટીને નાકે વિખ્યાત ચિત્રકાર છગનભાઈ જાદવ વસતા હતા, પરંતુ એ એકલવીર કલાકાર ભાગ્યે જ ઘરમાં મળે. આથી આખી સોસાયટીમાં બંગલાઓ બંધાઈ ગયા હતા, એમાં કોઈ રહેતું નહોતું. કોઈક થોડી હિંમત ભેગી કરીને શહેરમાંથી અહીં રહેવા આવ્યા, થોડા દિવસ રહ્યા પણ ખરા, રોજિંદી હાડમારીઓથી અકળાઈ ઊઠતા હતા.

એમાંય ઉનાળો આવતા તીક્ષ્ણ દંતૂશળવાળા મચ્છરોનાં મોટાં ટોળાં સમી સાંજથી ધસી આવતાં હતાં. બારી ખુલ્લી હોય તો આવી બન્યું ! એટલા બધા મચ્છરો આવે કે સઘળાં બારી-બારણાં સાંજથી બંધ રાખવા પડે અને એમ છતાં ઘૂસણખોર મચ્છરો આખી રાત પજવતા રહેતા. પાછળ આવેલા નદીકાંઠા પર શાકભાજીનું વાવેતર થતું હતું અને એની પાછળ આવેલા સુએઝ ફાર્મમાં અમદાવાદ શહેરનું ગંદું પાણી એકઠું થતું હતું. એટલે કે મચ્છરો માટેની એ સ્વર્ગભૂમિ હતી અને રાત્રે એ સ્વર્ગભૂમિ પરથી આવતા મચ્છરો આ સોસાયટીમાં જે કોઈ માનવીઓ હોય તેમને માટે નરકસમું જીવન બનાવી દેતા હતા.

આવા નિર્જન સ્થળે લોન લઈને મકાન બંધાવ્યા પછી એનું સામૂહિક વાસ્તુ કર્યું. વાસ્તુમાં આવેલા લોકોએ જયભિખ્ખુના પ્રેમને માણ્યો, પરંતુ આ વિસ્તારની અગવડો જોઈને આઘાત પામ્યા. પિતા તરફથી જયભિખ્ખુને વારસામાં સાહસિક, નીડર અને હિંમતવાન સ્વભાવ મળ્યો હતો, તેથી એમને તો આવી મુશ્કેલીઓ સહેજેય પજવી શકતી નહોતી. એમને આનંદ એ વાતનો હતો કે આજુબાજુ ખેતર હોય, અલ્પ વસ્તી હોય, કોલાહલથી દૂર ઘર હોય અને ઘેર બેઠા-બેઠા નદી દેખાતી હોય, એવા 'રમણીય સ્થાન'માં રહેવાનું મળે, તેથી રૂડું બીજું શું હોય ?

જયભિખ્ખુના વડીલ અને એમના બનેવી શ્રી પોપટલાલ શેઠે હસતાં હસતાં એવો મીઠો ઠપકો આપ્યો, 'તમે સોસાયટીમાં નવું મકાન લીધું ત્યારે તમારી પત્નીનો અને એકના એક પુત્રનો વિચાર કરવો જોઈએ. તમે તો આખો દિવસ બહાર રહો, ત્યારે એમનું શું ? વળી આવા જંગલમાં કંઈક થઈ જાય તો બચાવનારું કોણ ?'

જયભિખ્ખુએ વડીલની વાતનો જવાબ આપતાં કહ્યું, 'વાત સાચી છે, પણ મારે કોઈ એકાંત સ્થળે વસવું હતું અને એને માટે શહેરથી નજીકનું આ એકાંત સ્થળ હતું. ભય કે બીક તો એવાં છે કે એ મહેલમાં રહીએ તો પણ લાગે અને ઝૂંપડીમાં રહીએ તો પણ લાગે.'

ધીરે ધીરે બીજા એક-બે બંગલામાં વસવાટ શરૂ થયો. તસવીરકાર શ્રી જગનભાઈ મહેતા પણ રહેવા આવ્યા. સોસાયટીમાં મકાનો બની

ગયાં હતાં, તેથી તેમાં વસવાટ થાય એ ઈચ્છનીય હતું. ૧૯૪૮ના અરસામાં વિશાળ કમ્પાઉન્ડ સાથેનો એક આખો બંગલો ફક્ત ૫૫ રૂપિયાના ભાડામાં મળતો હતો. આટલી ઓછી રકમનું ભાડું હોવા છતાં બહુ ઓછી વ્યક્તિઓ અહીં વસવા આવતી હતી. એક તો સોસાયટી નદીકાંઠે હતી, ખેતરની જમીન પર તૈયાર થઈ હતી. દિવસે સાપ ફરતા દેખાતા, તો રાત્રે ખેતરોમાં શિયાળ ભેગાં થઈને અંધારી રાતને ભેદતી બૂમો પાડે. મચ્છરોનો મહાત્રાસ. કોઈ કોઈ વાર ચોરી કરવાના આશયથી ભરબપોરે ચોર આંટા પણ લગાવતા.

આવી પરિસ્થિતિમાં દિવસે કોઈ મળવા માટે આવે તો દૂર આવેલા રોડ પરથી ક્યાં જવું તે માર્ગ કોઈને જડે નહીં. ચા બનાવવા માટે નજીકમાં ક્યાંય દૂધ ન મળે, કોઈ કરિયાણું વેચનાર વેપારી નહીં, દળવાનો સંચો નહીં, નજીકમાં ક્યાંય બાળકોને ભણાવવાની સ્કૂલ નહીં અને બીમારીમાં તાત્કાલિક બોલાવી શકાય તેવા કોઈ ડૉક્ટર પણ નહીં. વળી પુરુષ નોકરી કરવા ગયા હોય, ત્યારે એ સિવાય બાકીના સમયમાં સોસાયટી સાવ ભેંકાર લાગે. વળી નિર્જન સ્થળ હોવાથી અનિષ્ટ તત્ત્વો પણ અહીં સસ્તામાં બંગલો ભાડે રાખીને રહેવાનું પસંદ કરતા હતા.

આમ, પોતાની આસપાસની પરિસ્થિતિ ઘણી મુશ્કેલ હતી, પણ એની સાથોસાથ આવા નિર્જન સ્થળના બીજા પ્રશ્નો ઘણા વિકટ હતા. પણ આ બધાની કોણ ચિંતા કરે ? 'હિંમતે મર્દા'ના સર્જક જયભિખ્ખુ આમાંના એકેય પ્રશ્નથી મૂંઝાયા વિના માર્ગ કાઢવાનું નક્કી કરતા અને એમના સ્વભાવમાં એક એવી જીદ હતી કે જે નક્કી કરતા, તે પાર પાડવા માટે કયારેય પાછું પગલું ભરવા તૈયાર રહેતા નહીં. એકાંતની શોધ આ યુવાન સર્જકને એક નવા જ માહોલમાં લાવી મૂકે છે.

(ક્રમશ:)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

અનુગ્રહ

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

આમ તો અનુગ્રહનો સામાન્ય અર્થ કૃપા, દયા, મહેર, ઉપકાર, પાડ, આભાર થાય છે પણ એનો વિશેષ સંબંધ તો ભક્તિ સાથે છે. વેદો આપણા પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથો છે. ઋગ્વેદના સાતમા મંડળમાં કવિ વસિષ્ઠ વારંવાર વરુણ દેવને પોતાના બધા અપરાધ ક્ષમા કરી, પાપમાંથી મુક્ત કરી, તેમના ભક્ત તરીકે સ્વીકારવા વિનંતી કરે છે. ઋગ્વેદ સંહિતાની દેવતાઓ જેવી કે અદિતિ, હિરણ્યગર્ભ, વિશ્વકર્મા, ત્વષ્ટા, પ્રજાપતિ, પુરુષ અથવા વિરાટ, અગ્નિ, મિત્ર, ઈન્દ્ર, વિષ્ણુ, સૂર્ય, પૂષા, અશ્વિનૌ, યમ, રુદ્ર, મરુત્, વાત, પર્જન્ય, ઉષા, વાસ્તોષ્પતિ, ક્ષેત્રપતિ, બ્રહ્મણસ્પતિ, સોમ, આપ:, શ્રી-શ્રદ્ધા વગેરે છે તેમાં વરુણનું સ્થાન વિશિષ્ટ છે. 'ધર્મ વર્ણન'માં આચાર્ય શ્રી આનંદશંકરભાઈ ધ્રુવ જણાવે છે તે પ્રમાણે પરમાત્માનું સર્વને આવરીને (વીંટીને) રહેતું સર્વજ્ઞ અન્તર્યામી સ્વરૂપ તે વરુણ. એ રાજા છે, સમ્રાટ છે, પ્રાણીમાત્ર એના નિયમથી બંધાયેલાં છે. એનો પવિત્ર નિયમ તે 'વ્રત' કહેવાય છે. એ નિયમ પોતે પાળે છે અને આપણે પાળીએ એમ ઈચ્છે છે. પ્રાણી માત્રના સારા-ખોટા કર્મો એ જુવે છે. એની દૃષ્ટિ વિશાળ છે. અન્તરિક્ષમાં ઊડતાં પક્ષીઓનો અને દરિયામાં ફરતા વહાણોનો માર્ગ એ જાણે છે. મતલબ કે કવિ-ઋષિ-મનીષિ વસિષ્ઠ પરમાત્માના સર્વને આવરીને રહેલા અન્તર્યામી સ્વરૂપ પાસે પાપમુક્તિ કાજે ક્ષમાની યાચના કરી ભક્ત તરીકે સ્વીકારવા પ્રાર્થના કરે છે, વિનંતી કરે છે. ભક્તિ સાથે સંકળાયેલા અનુગ્રહનું આ બીજ કહી શકાય. ત્યારપછી ભક્તિ અંગેના નારદ, શાંડિલ્ય, શંકર, રામાનુજ, મદન, નિમ્બાર્ક, ગીતા અને ભાગવતના પ્રપત્તિ અને ભક્તિ અંગેના વિચારોમાં અનુગ્રહનો સ્પષ્ટ નિર્દેશ નહિ, પરંતુ અનુગ્રહનો એક સ્વીકાર્ય વિચાર ગણીનેભક્તિનું નિરૂપણ થયું છે.

પરમાત્મા સાથે ઐક્ય દરેક ભક્તની ઝંખના હોય છે. પરંતુ આ ઝંખનાની પરિપૂર્તિ, મનુષ્ય પ્રયત્ન દ્વારા નહિ પરંતુ પરમ કૃપાળુના અનુગ્રહ દ્વારા જ થઈ શકે. પરમતત્ત્વની ઈચ્છા એટલે અનુગ્રહ. કઠોપનિષદ્ પણ આવા અનુગ્રહની વાત કરે છે. (૧-૨-૨૦), ભાગવત પણ, પરમાત્માનું ભક્તને ભગવદ્ગીતાના દશમા અધ્યાયના શ્લોક-૧૦-૧૧માં આ વાત જણાવી છે.

તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે।। ૧૦ ।।

નિરંતર મારા ધ્યાનમાં લાગી રહેલા અને પ્રેમપૂર્વક મારી ભક્તિ કરનાર ભક્તોને હું આ તત્ત્વજ્ઞાનરૂપ યોગ આપું છું જેથી તેઓ મને જ પ્રાપ્ત થાય છે.

તેષામેવાનુકમ્પાર્થ મહમજ્ઞાનજં તમ:।
નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ।। ૧૧ ।।

(હે અર્જુન!) તેમની ઉપર અનુગ્રહ કરવાને કાજે, સ્વયં હું તેમના અંતરમાં એકભાવે સ્થિત થઈને, અજ્ઞાનથી ઉત્પન્ન થતા અંધકારને પ્રકાશમય તત્ત્વજ્ઞાનરૂપ દીપક દ્વારા નષ્ટ કરું છું.

શ્રીમદ્ વલ્લભાચાર્યે અનુગ્રહ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. સંપૂર્ણ બિનશરતી શરણાગતિથી ભક્તોને અનુગ્રહનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેમને કર્મબંધન પ્રાપ્ત થતાં નથી. પોષણં તદનુગ્રહ: પરમાત્માની કૃપા તે પોષણ અથવા પુષ્ટિ. શ્રી વલ્લભાચાર્ય પ્રતિપાદિત યદાન્ત જે શુદ્ધા દ્વૈત અથવા બ્રહ્મવાદ અથવા પોષણં તદનુગ્રહ: એ વ્યાખ્યાનુસાર પુષ્ટિ-માર્ગ પણ કહેવાય છે. આવા અનુગ્રહ વિના સારા કર્મો પણ ફળ આપતાં નથી. માટે નવધાભક્તિ વડે પરમાત્મામાં સંપૂર્ણ સમર્પણ

કરવું, તેથી પરમાત્મા ભક્તના હૃદયકમળમાં નિવાસ કરશે અને તેને પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત થશે.

તો શું ભક્ત, હરિપરાયણ થઈ પ્રેમપૂર્વક પ્રભુની સેવા કરે અને જ્ઞાનયોગની સાધના સ્વતંત્ર રીતે ન કરે તો પણ પ્રભુના અનુગ્રહથી જ તેને, ભગવાન કહે છે તેમ, 'તત્ત્વજ્ઞાન રૂપ'–યોગ પણ પ્રાપ્ત થાય ? આ બાબતમાં, 'ગીતા પ્રવચનો'માં પૂ. વિનોબાજી સુંદર ચર્ચા કરી યથાયોગ્ય માર્ગદર્શન આપે છે. તેઓ લખે છે: 'કર્મ, જ્ઞાન અને ભક્તિ–એ ત્રણેને એક બીજાથી જુદાં પાડવાની વાત મારાથી સહન થતી નથી. કેટલાંક સાધકોની નિષ્ઠા એવી હોય છે કે તેમને ફક્ત કર્મ સૂઝે છે. કોઈ વળી ભક્તિનો સ્વતંત્ર માર્ગ કલ્પે છે અને તેના પર બધો ભાર દે છે. કેટલાકનું વલણ જ્ઞાન તરફ હોય છે. જીવન એટલે કેવળ કર્મ, કેવળ ભક્તિ, કેવળ જ્ઞાન એવો કેવળવાદ હું માનવા ચાહતો નથી. એથી ઊલટું કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણનો સરવાળો કરવાનો સમુચ્ચયવાદ પણ હું માનતો નથી. થોડી ભક્તિ, થોડું જ્ઞાન અને થોડું કર્મ એવો ઉપયોગિતાવાદ પણ મારે ગળે ઉતરતો નથી. પહેલું કર્મ, પછી ભક્તિ અને તે પછી જ્ઞાન એવો ત્રણેને સરખાં પણ અલગ લેખનારો ક્રમવાદ પણ હું સ્વીકારતો નથી. ત્રણે વસ્તુઓનો મેળ બેસાડવાનો સામંજસ્યવાદ પણ મને પસંદ નથી. કર્મ તે જ ભક્તિ અને તે જ જ્ઞાન એવો મને અનુભવ થવો જોઇએ એમ મને લાગે છે.'

(ગીતા પ્રવચનો પ્રથમ આવૃત્તિ પૃ. ૨૩૬, ૨૩૭)

શ્રી રામકૃષ્ણ પરમહંસ કાલિમાતાના પૂજારી હતા..ખાસ વિદ્વાન નહોતા પણ કર્મકાંડી ભક્તિ દ્વારા એમને જે જ્ઞાન પ્રાપ્ત થયું તે અધ્યાત્મ વિશ્વની એક અદ્‌ભુત ઘટના છે કેમ જે એમના જ પટ્ટશિષ્ય વિવેકાનંદ કેટલા બધા જ્ઞાની...પણ તેઓ આ ઓછા ભણેલા ગુરુની પાસેથી જ્ઞાન–ભક્તિ ને ભક્તિ જ્ઞાનની અનુભવ–અનુભૂતિ–સમૃદ્ધિ પામે છે. કેટલાક યોગભ્રષ્ટ આત્માઓના પૂર્વભવના સંસ્કારો પણ આ ભવમાં લેખે લાગતા હશે. અલબત્ત, આ ભવની સાધના પણ ખરી જ. નરસિંહ, મીરા, સૂરદાસ, કબીર, જ્ઞાનેશ્વર, રામકૃષ્ણ પરમહંસ જેવા ભક્તોએ કોઈ વિશ્વ વિદ્યાલયોમાં વ્યવસ્થિત શિક્ષણ લીધું હોય તેવું જાણવા મળતું નથી. છતાંયે વિશ્વ વિદ્યાલયોમાં તેઓ ભણવાના વિષયો હોય છે ! મને લાગે છે કે ભગવાનના અનુગ્રહ વિના આવી સિદ્ધિઓ પ્રાપ્ત કરવી અશક્ય નહીં તો પણ મુશ્કેલ તો છે જ. આદિ શંકરાચાર્યને પણ મુશ્કેલ તો છે જ. આદિ શંકરાચાર્યને જ્ઞાનદેવ, અપદ્રવ વયે પણ જે પ્રજ્ઞાવૈભવ ને કૃષ્યના સામર્થ્ય, તત્ત્વજ્ઞાન ને કવિતાના પ્રદેશે દાખવે છે તે ખરેખર વિરલ છે અને શંકરાચાર્યની તો આયોજનશક્તિ ને પ્રચારશક્તિ પણ અદ્‌ભુત ગણાય. પરમાત્માની આગવી કૃપા–અનુગ્રહ સિવાય આવી સિદ્ધિઓ અશક્ય. ✷ ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, સી–૧૨,નવદીપ એપાર્ટમેન્ટ,સારથિ બંગલોની સામે, A-1, સ્કુલ સામે, મેમ નગર, અમદાવાદ–૩૮૦ ૦૫૨.
મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો		
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૧૪	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૫	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૬	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૭	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫	૧૫૦
૧૯	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬	૩૫૦
૨૦	નમો તિત્થરસ	૧૪૦
૨૧	જ્ઞાનસાર	૧૦૦
૨૨	પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩	૫૦૦
૨૩	સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪	૩૯૦

ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણીમાં ડી. વી. ડી

૧. મહાવીર કથા	રૂા. ૨૫૦
૨. ગૌતમ કથા	રૂા. ૩૦૦
૩. ઋષભ કથા	રૂા. ૩૦૦

શ્રી શશિકાંતભાઈ મહેતા દ્વારા
કાયોત્સર્ગ ધ્યાન ડી. વી. ડી
રૂા. ૧૦૦

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
પ્રો. તારાબેન ર. શાહ લિખિત		
૨૪	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૨૫	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૨૬	આર્ય વજ્રસ્વામી	૧૦
૨૭	આપણા તીર્થંકરો	૧૦૦
૨૮	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
ડૉ. કલાબેન શાહ લિખિત		
૨૯	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત		
૩૦	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૩૧	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
ડૉ. રશ્મિ ભેદા લિખિત		
૩૨	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત		
૫૩	જૈન પૂજા સાહિત્ય	૧૬૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

પુસ્તકનું નામ : **એક અજાણ્યો મારી નાવમાં (નવલિકા સંગ્રહ)**
અનુવાદ : નીતા રામૈયા
મૂલ્ય : રૂા. ૧૦૦/-. પાના : ૧૨૮.
આવૃત્તિ : પ્રથમ-૨૦૦૬.

નીતા રામૈયા અંગ્રેજીના પ્રાધ્યાપક, ગુજરાતી સાહિત્યમાં કવિતા, બાળકવિતા, બાળવાર્તા, અનુવાદ, વિવેચન તથા વ્યાકરણક્ષેત્રે પ્રદાન કરનાર સિદ્ધહસ્ત લેખિકા.

લેખિકા પોતે કહે છે-' અનુઆધુનિકતાવાદ, નારીવાદ, નવ્યઇતિહાસવાદ જેવા અત્યંત આધુનિક સાહિત્યિક ઉન્મેષોની પહેલાના ગાળામાં લખાયેલી આ વાર્તાઓ છે. આ વાર્તાઓમાં જે ઉપસી આવ્યું છે તે છે વીસમી સદીના ઉત્તરાર્ધમાં જીવાયેલા ભાવજગતનું સ્વરૂપ.'

આ વાર્તાઓમાં સાહિત્યમાં સામ્રાજ્યવાદના અતિરેકને કારણે ગૂંગળાયેલી મનુષ્ય ચેતનાનું કઢંગુ સ્વરૂપ, વૈચારિક બંધિયારપણું, પ્રેમના અભાવે કુંઠાતું જીવન, પાંગરતા અરમાનો, ભાવશૂન્યતા, પ્રેમના પ્રવાહમાં આડખીલી દૂર કરવા જરૂરી સંકલ્પના અભાવનું આલેખન થયું છે. પરવશતાનો સ્વીકાર દર્શાવતી આ વાર્તાઓ બહુસંકુલ જીવનને સ્પર્શે છે.

દેશ પરદેશના વાર્તાકારોની વાર્તાઓના અનુવાદમાં સર્જક નીતાબેનના સર્જકત્વની પ્રતીતિ થાય છે. પરકીયતાનું રૂપાંતર સ્વકીયતામાં પરિણમે છે.

X X X

પુસ્તકનું નામ : **ડિવોર્સ @ લવ. કોમ. (વાર્તા સંગ્રહ)**
લેખક : **કિશોર પટેલ**
મૂલ્ય : રૂા. ૧૨૫/-. પાના : ૧૩૮.
આવૃત્તિ : પ્રથમ-ડિસેમ્બર-૨૦૦૯.

માનવ સંબંધોને સાકાર કરતી કિશોર પટેલની વાર્તાઓનો સંગ્રહ 'ડિવોર્સ @ લવ. કોમ.' કથાવસ્તુના વૈવિધ્યને પ્રગટ કરે છે. લેખકની આ વાર્તાઓના મુખ્ય વિષય સામાજિક વાસ્તવ, સ્ત્રીપુરુષના સંબંધો, માનવ સંબંધો અને સર્જકની વિટંબણાઓ છે. કથા વસ્તુનું વૈવિધ્ય જોવા મળે છે.

આ વાર્તા સંગ્રહમાં ૧૪ વાર્તાઓ બે વિભાગમાં વહેંચી શકાય. (૧) ગ્રામ્યજીવનની (૨) શહેરીજીવનની. બધી વાર્તાઓનું એક સમાન

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

તત્ત્વ પ્રેમ છે અને પ્રેમ અનેક રૂપે પ્રકટ થાય છે. બીજું અગત્યનું અંગ છે શોધ. પાત્રો પોતાની ઓળખ શોધે છે. ત્રીજું અંગ છે કથાવસ્તુ. વાર્તાકાર સતત કથાબીજની શોધમાં હોય એવું લાગે છે. ચોથું અંગ છે નિરીક્ષણ. પાંચમું અંગ છે કથનરીતિ અને ભાષા સમૃદ્ધિ. વાર્તાકાર વૈવિધ્યસભર રજૂઆત કરે છે. આદિ, મધ્ય અને અંતના માળખાને ચાતરીને આવે છે. ફ્લેશબેકની ટેકનિકનો ઉપયોગ અને દક્ષિણ ગુજરાતી લોકબોલીનું સામર્થ્ય આ વાર્તાઓને વિશિષ્ટ બનાવે છે.

બહુજન સમાજને પસંદ પડે તેવો આ વાર્તાસંગ્રહ લેખકની સભાનતાની પ્રતીતિ કરાવે છે.

X X X

પુસ્તકનું નામ : **મારી હથેળીમાં**
કવિ : નીતા રામૈયા
મૂલ્ય : રૂા. ૧૨૫/-.
પાના : ૧૦૮. આવૃત્તિ : પ્રથમ-૨૦૦૯.

નીતા રામૈયા ગુજરાતી સાહિત્યના એક અગ્રગણ્ય નારીવાદી કવિ તરીકે ઓળખાય છે. તેઓ નારીવાદી દૃષ્ટિકોણ ગોપિત રીતે વ્યક્ત કરવા મથે છે. તેમના કાવ્યોમાં બંડખોર કે ડરામણો ધ્વનિ નથી પણ સ્ત્રીને વિશેષ એવું અનુભવક્ષેત્ર તાગવાનો એમનો પ્રયાસ સતત દેખાય છે.

આ સંગ્રહની વિશેષતા તેમના શારીરિક પ્રેમને લગતાં કાવ્યો છે. તેમાં કવિ બહુ સભાનતાપૂર્વક પ્રચલિત શૃંગાર પ્રણાલિથી પોતાને અલગ કરે છે. નીતાબહેન અનેકવિધ સંયોગોમાં નારીની સંવેદના સચ્ચાઈથી નિરૂપે છે. સ્ત્રી સમર્પણ નહિ પણ સાયુજ્ય ઝંખે છે. કવિએ ઔચિત્ય અને સંયમ જાળવી, લાગણીને ઉઘાડી રીતે પ્રકટ કર્યા વિના સ્ત્રીને કેન્દ્રમાં રાખી સ્ત્રી પુરુષના પ્રેમને બિરદાવ્યો છે.

નીતાબહેન લખે છે. 'આ સંગ્રહમાં નારીવાદી અભિગમ માત્ર પ્રકટરૂપે નહિ પણ સાથે સાથે ગૃહિત અથવા ગોપિત રૂપે વ્યક્ત થાય એવો તેમનો ઈરાદો છે.'

X X X

પુસ્તકનું નામ : **ટેરવે અટક્યા બોલ**
(હેલન કેલરના જીવન પર આધારિત નિસહાયતા અને મનોબળના સંઘર્ષનું દ્વિઅંકી નાટક)
લેખક : **હરીશ નાગ્રેચા**
મૂલ્ય : રૂા. ૮૫/-. પાના : ૧૦૦.
પ્રથમ આવૃત્તિ : ઑક્ટોબર-૨૦૦૭.

શ્રી હરીશભાઈ પર પેરેલિસિસનો હુમલો થયો ત્યારે આ નાટકમાંથી લેખકે પ્રેરણા મેળવી અને પક્ષાઘાતમાંથી બહાર આવ્યા. પોતાને મળેલી પ્રેરણા અન્યની સાથે વહેંચવા આ નાટકનું પ્રકાશન કર્યું છે.

વિશ્વ વિખ્યાત અંધ, બધિર અને અવાક્ હેલન કેલરના બાળપણમાં અભિવ્યક્તિ માટેના વલખાં આ નાટકનું કથાવસ્તુ છે, અને તેની ગવર્નેસ એન્ સુલેવનનો કૉમ્યુનિકેશન માટેનો સંઘર્ષ આ નાટકનું હાર્દ છે. નાટકનો આ સંઘર્ષ ફક્ત હેલન અને એન્નો જ ન રહેતા વૈશ્વિક બને છે.

એન્ આ સંઘર્ષ દરમ્યાન શિસ્ત, દયા, પ્રેમ જેવા શબ્દોને બાઝી રહેલા કુંઠિત અર્થોને ખંખેરી આજના જીવનના સંદર્ભમાં મૂકી સાર્થક કરે છે. દયા એ પ્રેમ નથી. છટકબારી છે. વ્યક્તિને અવલંબનમાંથી મુક્ત કરવો એ પ્રેમનો હેતુ છે. આ તથ્ય હેલન અને એન્ના સંબંધમાં મૂર્ત થાય છે.

ભાવક-વાચક-પ્રેક્ષકના જીવન સંઘર્ષમાં આ નાટક મનોબળને સુદૃઢ કરે તેવું છે.

X X X

પુસ્તકનું નામ : **તૃષા અને તૃપ્તિ**
(એકાંકી સંગ્રહ તખ્તાલાયક)
લેખક : **સતીશ વ્યાસ**
મૂલ્ય : રૂા. ૧૨૫/-. પાના : ૧૨૬.
આવૃત્તિ–પ્રથમ-૨૦૧૦.

સતીશ વ્યાસે આ એકાંકીઓ આંતર-કૉલેજ એકાંકી સ્પર્ધકોના રસ-રૂચિને અનુરૂપ લખ્યાં છે. આ પ્રકારના એકાંકીઓમાં સાહિત્યિક ગુણવત્તાનું તત્ત્વ પાંખું હોય પણ અભિનય ક્ષમતા ભારોભાર ભરેલી હોય છે.

આ એકાંકીઓમાં વિષયોનું વૈવિધ્ય છે. પાત્રોની ભાષા સાહિત્યિક નથી પણ બોલચાલની 'સ્વાભાવિક' છે જે આ એકાંકીઓનું સબળ પાસું છે. એકાંકીઓના તમામ પાત્રોની ભાષા તેમની પોતાની ભાષા છે. તેમના લહેજા, લહેકા પણ તેમના પોતાના છે. એટલે પાત્રો સ્વાભાવિક લાગે છે. આ એકાંકીઓમાં તખ્તો સતત કેન્દ્રમાં રહ્યો

છે. બધાં એકાંકીઓ કાબેલ કલાકારો દ્વારા ભજવાઈ ચૂક્યાં છે એટલે મંચન ક્ષમતાની દૃષ્ટિએ બધાં જ એકાંકીઓ પાર ઉતરયા છે. તેથી આ બધાં એકાંકીઓ જેટલા સમકાલીન બન્યાં છે તેટલા ચિરકાલીન બની શક્યા નથી.

લેખક વાડાબંધીથી એ અલિપ્ત રહી કોઈની 'કંઠી બાંધ્યા' વગર નિજાનંદ માટે અને માંહ્યલો સૂઝાડે તે રીતે જીવવું અને નક્કર કામ કરવું એમ માને છે અને આ એકાંકી સંગ્રહ તેમની લાક્ષણિકતાઓને સાકાર કરે છે.

X X X

પુસ્તકનું નામ : **તમને પારણિયે પોઢાડું** (હાલરડાં)
લેખક : **નીતા રામૈયા**
મૂલ્ય : રૂા. ૨૦/-.
પાના : ૨૬. પ્રથમ આવૃત્તિ : ૨૦૦૬.

બાળકને હલાવતા, ઝૂલાવતા તેને ઊંઘાડવા માટે ગવાતું ગીત એટલે હાલરડું. હાલરડાં લોક સાહિત્યનો પ્રકાર છે. નીતાબહેન રામૈયાએ આ હાલરડા પોતાના પૌત્ર શર્વિલને ઉંઘાડવા માટે રચ્યાં છે. આ હાલરડાં ગવાઈને લયબદ્ધ રાગમાં રજૂ થઈને પછી ગ્રંથસ્થ થયાં છે એટલે આ હાલરડાં પરફોર્મિંગ આર્ટની કૃતિ પણ બની છે. મોટાભાગનાં હાલરડાં દીકરા-દીકરી બંનેને સમાવતાં રચાયાં છે. આધુનિક માતાએ ગાવાના હાલરડાંમાં અંગ્રેજી ગુજરાતીનું મિશ્રણ જોવા મળે છે. આ હાલરડામાં બાળજીવન અને બાળમાનસનું નિરીક્ષણ અને સમજ વ્યક્ત થઈ છે.

પરંપરાગત સ્વરૂપમાં રચાયેલા આ હાલરડામાં વિષયવૈવિધ્ય અને ભાવવૈવિધ્ય છે. નીતાબહેનમાં રહેલી જાગૃત અને સંવેદનશીલ નારી આજની મોડર્ન માતાને કંઠે શોભે એવું હાલરડું રચે છે.

નીતાબહેનનો આ હાલરડાં સંગ્રહ મોડર્ન માતાઓએ ગાવા અને વસાવવા જેવો છે.

X X X

પુસ્તકનું નામ : **રંગ દરિયો જી રે**
(પ્રેમ વિષયક કાવ્યો)
કવિ : **નીતા રામૈયા**
મૂલ્ય : રૂા. ૮૦/-.
પાના : ૭૮. આવૃત્તિ-પ્રથમ: ૨૦૦૮.

'રંગ દરિયો જી રે'-પ્રેમ વિષયક કાવ્યોનો સંગ્રહ છે. આ કાવ્યોમાં પ્રેમના બધા જ રંગોને માણી ચૂકેલી પરિપક્વ નારીની અનુભૂતિઓનો દરિયો છલકે છે. આ કાવ્યમાં સુરુચિપૂર્ણ સેક્સનું નિરૂપણ કવિએ કર્યું છે. ગુજરાતી કવિતામાં ભાગ્યેજ શરીરના અસ્તિત્વને માન્યતા મળે છે. આ કાવ્યોમાં એના પૂરા આનંદનો પોકાર સાંભળવા મળે છે. અહીં નારીવાદી ચેતના અથવા તો સીધોસાદો ઉકળાટ પ્રગટ થાય છે. 'રંગ દરિયો જી રે'માં બાળગીત, લોકગીત વગેરે અનેક પ્રકારો અને છંદ-લયમાં કૃતિઓ મળે છે. રોજના જીવનની નાની વાતોમાં, ટપાલ, ટેલિફોન અને પથારીમાં પડખું ફરી જવા જેવા અનુભવો કાવ્યોમાં મળે છે.

અહીં રૂચિભંગ ન થાય છતાં સેક્સના આનંદનો સ્વીકાર થાય અને તેમાં પ્રિય પાત્ર સાથેની પારસ્પરિકતા પગલે પગલે છતી થાય છે.

X X X

સાભાર સ્વીકાર

(૧) આપણું બાળક તો આમાં નથી ને ?
લેખક : **મનોજ ભાટવડેકર,** અનુવાદ : **દર્શના મહેતા**
(૨) ત્રણ અધૂરાં સ્વપ્ન (ત્રણ લઘુ નવલ)
લેખક : **જયવંત વૈદ્ય,**
(૩) ડૉ. યશવંત ત્રિવેદીના શ્રેષ્ઠ નિબંધો
સંપાદન : **સતીશ વ્યાસ,**
(૪) પ્રશ્નોપનિષદ્ (એકાંકી) અને
આગમન (ત્રિઅંકી નાટક)
(૫) મહેકનામા – નવલકથા
લેખક : **નિલેશ રૂપાપરા**
(૬) ઊઘડતી દિશાઓ – કાવ્યસંગ્રહ
કવિ : **સોનલ** પરીખ
(૭) યશવંત ત્રિવેદીના શ્રેષ્ઠ કાવ્યો
સંપાદન : **સતીષ વ્યાસ**

* * *

અત્રે પ્રસ્તુત તમામ પુસ્તકોની સમાલોચના તથા સ્વીકાર્ય પ્રકાશનોના પ્રકાશક છે :
શુભમ્ પ્રકાશન,
૩૦૩ (એ) કૃષ્ણા વિહાર, ટાટા કમ્પાઉન્ડ, વિલેપાર્લે (પ.), મુંબઈ-૪૦૦૦૫૬.
ફોન : ૨૬૭૦૪૮૭૬.
તથા વિક્રેતા છે :
એન. એમ. ઠક્કરની કંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : ૨૨૦૧૦૬૩૩.

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન : (022) 65509477 Mo.: 9223190753

પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

રૂપિયા	નામ
૧૦,૦૦૦	ભાઈચંદ મહેતા ફાઉન્ડેશન
૧૦,૦૦૦	મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૨૦,૦૦૦	બિનાબેન કમલેશ પરીખ
૨૦,૦૦૦	સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ
૨૦,૦૦૦	હરસુખ બી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૮૦,૦૦૦	

ઋષભ કથા સૌજન્ય દાતા

રૂપિયા	નામ
૧,૨૫,૦૦૦	એક જૈન શ્રાવક તરફથી
૧,૨૫,૦૦૦	

પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

રૂપિયા	નામ
૧૪,૨૬,૯૫૭	આગળનો સરવાળો
૫,૦૦૦	સ્વ. નવિનભાઈ જયંતિભાઈ મહેતા. હસ્તે હિરાબેન નવિનભાઈ મહેતા
૫૧,૦૦૦	એસ. વસનજી ફાઉન્ડેશન
૧૧,૦૦૦	પ્રેમકુમારી દેવચંદ ગલીયા
૧૪,૯૩,૯૫૭	

સંઘ આજીવન સભ્ય નવા

રૂપિયા	નામ
૧૨,૭૭,૭૭૮	આગળનો સરવાળો
૫,૦૦૦	દિનબાળા નંદકિશોર શોધન
૫,૦૦૦	ધારા એસ. કોટડિયા
૫,૦૦૦	નિકુંજ ચંપકલાલ મહેતા
૧૨,૮૭,૭૭૮	

કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

રૂપિયા	નામ
૫,૦૦૦	એક બહેન તરફથી
૫,૦૦૦	

જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

રૂપિયા	નામ
૧,૦૦,૦૦૦	વી. જે. મહેતા
૧,૦૦,૦૦૦	

* * *

અવસર

(૧)

જૈન શાસનના ઇતિહાસમાં એક અદ્‌ભુત અવસર શંખેશ્વર ખાતે પ્રવચન શ્રુતતીર્થ નિર્માણનો શુભારંભ

પ્રેરક : સિદ્ધહસ્ત લેખક, સૂરિમંત્ર પ્રભાવક

પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

માર્ગદર્શક : હૃદયસ્પર્શી પ્રવચન પ્રભાવક, શ્રુતરક્ષા સંકલ્પશિલ્પી

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ

જૈન ધર્મ વિશ્વનો અતિપ્રાચીન અને પ્રભાવવંત ધર્મ રહ્યો છે, તેનું મૂળભૂત કારણ તેને વારસામાં મળેલા ધર્મગ્રંથો-આગમ શાસ્ત્રો છે. એને સૈકાઓથી સુરક્ષિત કરવા માટે જૈનસંઘ સમયે સમયે તેને પ્રાચીન પદ્ધતિ મુજબ ટકાઉ કાગળો અને તાડપત્રો પર આલેખન કરાવતો રહેતો હતો. ચાલી આવતી આ પરંપરા છેલ્લા સો-દોઢસો વર્ષથી લગભગ વિસ્મૃત પ્રાયઃ બનવા પામેલ. પરંતુ સંઘના સદ્‌ભાગ્યે અને ગીતાર્થ ગુરુદેવોના માર્ગદર્શનના કારણે હસ્તલેખનની પરંપરા પુનર્જીવિત બની. જેના માધ્યમે શાસ્ત્ર સુરક્ષાનો એક મહત્ત્વનો પ્રકલ્પ અસ્તિત્વમાં આવ્યો.

મુખ્યત્વે હાથવણાટના પોંડીચેરી આશ્રમના સફેદ કાગળ ઉપર ગ્રંથનું લેખન ચાલતું હતું પણ સાધનો દ્વારા તેનું નોંધપાત્ર ટકાઉપણું ન જણાતા કાશ્મીરી કાગળ જેવા રાજસ્થાનના સાંગાનેરી કાગળ પર ગ્રંથલેખન શરુ થયું. જેને વિશાળ ફલક સુધી લઈ જવાની શરૂઆત મુંબઈ-ઑગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે યોજાયેલ 'શ્રુતમહાપૂજા' દ્વારા આવેલી જાગૃતિ બાદ થઈ. મુંબઈ લુહારચાલ ખાતે શ્રુતમંદિરની વિધિવત્‌ સ્થાપના થતા તેના નેજા હેઠળ પાંચેક કેન્દ્રોમાં ૧૨૫થી અધિક લહિયાઓ દ્વારા નિરંતર લેખન કાર્ય આગળ ધપવા માંડ્યું. આ રીતે લગભગ પાંચેક હજાર ગ્રંથો લખાઈ ચૂક્યા છે.

ઘણા સમયથી કેટલાય શ્રુતપ્રેમીઓના મનમાં એવી ભાવના જાગૃત થઈ હતી કે, વધુ જૈનો જ્યાં સહજતાથી આવતા હોય ત્યાં વિરાટ સ્તરે શ્રુતમંદિરનું નવતર સર્જન થવું જોઈએ. આ ભાવના બીજની ફલશ્રુતિ રૂપે શંખેશ્વર મહાતીર્થનું સ્થળ પસંદ કરવામાં આવ્યું. શંખેશ્વર બસ સ્ટેન્ડથી વિરમગામ તરફના રાજમાર્ગ ટચ, માત્ર ૧ કિ.મિ. દૂર સાડાચાર લાખ સ્કેવર ફીટના વિશાળ ભૂખંડ પર પ્રવચન શ્રુતતીર્થનું નિર્માણ હાથ ધરાયું.

સમવસરણ મંદિર, શ્રુતલેખન ભવન, સરસ્વતી સાધનાપીઠ, પ્રાચીન અર્વાચીન હસ્તપ્રત શ્રુતમંદિર, મુદ્રિત લાયબ્રેરી, ૨૫૦૦ વર્ષનો શ્રુતનો સીલસીલાબંધ ઇતિહાસ દર્શાવતી આર્ટગેલેરી વગેરે અનેકાનેક વિશેષતા ધરાવતા સ્થાપત્યોના સર્જનના શુભારંભ માટે ભૂમિપૂજન-ખનનવિધિ ચાલુ મહિનાની જેઠવદ-૧૧, તા. ૧૫ જૂન શુક્રવારે સવારે ૮ થી ૧૧ દરમિયાન કરવામાં આવશે.

પ્રત્યેક જૈન જ નહિ સામાન્ય જનને પણ જ્ઞાનની પરમ આવશ્યકતા છે. જ્ઞાન-પ્રાપ્તિને રોકતા પરિબળોને દૂર હટાવવા અને જ્ઞાનપ્રાપ્તિને સુગમ બનાવવા પ્રવચન શ્રુતતીર્થ સાથે અનુસંધાન અવશ્ય જરૂરી છે. સમગ્ર સંઘનું પરમ અને ચરમ કર્તવ્ય છે કે, શ્રુતરક્ષાની જ્યોતને જ્વલંત બનાવવા પોતાના સમય, સંપત્તિ, સંતતિ અને સન્મતિની સ્વૈચ્છિક ન્યોચ્છાવરી ઉદારદિલે કરવા કટિબદ્ધ બનવું જોઈએ.

આ પ્રસંગે પ્રવચન શ્રુતતીર્થ પ્રેરણાદાતા સિદ્ધહસ્ત લેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયપૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા, શ્રુતરક્ષા સંકલ્પ શિલ્પી પૂ. આચાર્યશ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ નિશ્રાપ્રદાન કરશે. વિધિ વિધાન માટે શ્રુપોપાસક પંડિતશ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી-પાટણ, સંગીતકાર નિલેશ રાણાવત ઉપસ્થિત રહેશે.

સ્થળ : શંખેશ્વર વિરમગામ હાઈવે, જિ. પાટણ-૩૮૪૨૪૬ ગુજરાત.

સંપર્ક : 7567991440. Email : pravachanshruttirth@gmail.com

(૨)

'જૈન વિશ્વકોશ'ના પ્રકાશન માટે ઘાટકોપરમાં જૈન વિદ્વાનોની મહત્ત્વની સભા સાનંદ સંપન્ન

યુગાદિવાકર પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા. પ્રેરિત ઉવસ્સગહરં સાધના ટ્રસ્ટ પારસધામ ઘાટકોપર દ્વારા 'જૈન આગમ પરિચય કોશ' અને 'જૈન વિશ્વકોશ'નું સંપાદન પ્રકાશન કાર્ય કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, તેમાં મુખ્ય સંપાદકો તરીકે ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયાની નિયુક્તિ કરવામાં આવી છે.

'જૈન આગમ પરિચય કોશ' અને 'જૈન વિશ્વકોશ'નું કાર્ય જૈન સાહિત્યનું એક વિરાટ કાર્ય છે. વિદ્વાનોના સામૂહિક સહયોગ વિના આ કાર્ય કરવું ઘણું મુશ્કેલ છે જેથી વિદ્વાનોની એક સભા તા. ૨૪-૫-૧૨ના પારસધામ ખાતે મળી હતી જેમાં બાવન જેટલા વિદ્વાનો ઉપસ્થિત હતા.

ઉપસ્થિત જૈન વિદ્વાનોનું સ્વાગત અને જૈન વિશ્વકોશની પૂર્વભૂમિકા પ્રસ્તુત કરતા ગુણવંત બરવાળિયાએ જણાવ્યું હતું કે યુગદિવાકર પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા. પ્રેરિત Global Jain Aagam Mission અંતર્ગત ચાલી રહેલ તમામ પ્રોજેક્ટસ આપ સૌના સાતત્યભર્યા સહિયારા પ્રયાસથી, જૈન ધર્મના આ મહત્ત્વપૂર્ણ કાર્યો આપણે અવશ્ય પૂર્ણ કરીશું.

ડૉ. કુમારપાળ દેસાઈએ જૈન વિશ્વકોશની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે વિશ્વના વિવિધ ધર્મના વિશ્વકોશો (એન્સાઈક્લોપીડીઆ) છે પરંતુ જૈન ધર્મનો વિશ્વકોશ નથી. આજના યુગમાં તેની અત્યંત જરૂરીયાત છે, કારણકે વિશ્વકોશ એ ધર્મ ક્રાંતિનું મોટું સાધન બની શકે તેમ છે.

પ્રમુખ સ્થાનેથી સમાપનમાં ડૉ. ધનવંતભાઈ શાહે સર્વ વિદ્વાનોને ટીમમાં જોડાઈ કાર્યરત બનવા અપીલ કરી હતી.

સભામાં ડૉ. બિપીન દોશી, ડૉ. ગીતાબેન મહેતા, ડૉ. કલાબેન શાહ, ડૉ. ઉત્પલાબેન મોદી, ડૉ. ગુલાબ દેઢિયા, ડૉ. રેણુકાબેન પોરવાલ, ડૉ. રસિકભાઈ મહેતા, નરોતમ રાણા, ડૉ. અભય દોશી, ડૉ. ફાલ્ગુની ઝવેરી, ડૉ. કેતકી શાહ, બીના ગાંધી, ગિરીશભાઈ શાહ (અમેરિકા), ડૉ. કોકિલાબેન શાહ, ડૉ. રેખા વોરા, ચીમનલાલ કલાધર વિ.એ.પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

પંથે પંથે પાથેય...(પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

ફળદ્રુપતા વધી છે. અનાજ, શાકભાજી, ફળ બહુ સ્વાદિષ્ટ પાકે છે અને આના લીધે માણસ તથા પશુપ્રાણીનું આરોગ્ય સુધર્યું છે.

મનસુખભાઈનું કાર્ય અને જીવન દેશ અને વિશ્વ માટે પ્રેરણારૂપ છે. એક માણસ ધારે તો એના પ્રચંડ પુરુષાર્થથી કેવી જબરી ક્રાંતિ સર્જી શકે છે.

હાલમાં વડોદરા જિલ્લાના ક્વાંટ તાલુકાના ભેખડિયા ગામને દેશનું આગવું મોડેલ ગામ બનાવાઈ રહ્યું છે. આ આદિવાસી ગામને ૧૦૦ ટકા જળરક્ષા, ગીર ગૌપાલન-ગાય આધારિત કૃષિ-વ્યસન મુક્તિ-વૃક્ષ ઉછેર-શાકાહાર વગેરેના માર્ગે લઈ જઈ એક આદર્શ ગામ બનાવવાનો પુરુષાર્થ ચાલે છે. ગ્રામસભાઓ, સંમેલનો, અભ્યાસયાત્રાઓ અને પદયાત્રાઓ દ્વારા લોકોને જાગૃત કરાય છે અને ધર્માંતર અને નક્સલવાદ તરફ ખેંચાઈ જતા લોકોને અટકાવાય છે. મનસુખભાઈએ રાજસ્થાન, દિલ્હી, મધ્યપ્રદેશ, ઉત્તરાંચલ, યુ.પી. આંધ્ર, છત્તીસગઢ રાજ્યોમાં પ્રવાસ કરીને દેશના અનેક લોકોને આ કાર્યમાં જોડ્યા.

આપણે ઈચ્છીએ કે આપણા દેશમાં પ્રાચીન સમયની સમૃદ્ધિ આવે, અને એ હેતુ માટે મનસુખભાઈને સાથ આપીએ. મનસુખભાઈએ 'ગીરગાય'નો ગ્રંથ નવેસરથી લખ્યો છે જેને મોરારિબાપુએ પાંચમો વેદ કહ્યો છે.

મનસુખભાઈ સુવાગિયાનું સરનામું છે: જળક્રાંતિ ટ્રસ્ટ, C/o ફ્લોટેક એન્જિનિયરિંગ પ્રા. લિ., કનેરિયા ઑઇલ મિલ સામે, શાપર રોડ, મુ. શાપર (વેરાવળ) જિ. રાજકોટ.
ફોન : (૦૨૮૨૭) ૨૫૨૫૦૯, ૨૫૩૩૦૯.
મો. : ૯૪૨૬૨ ૫૧૩૦૧.

સમાજના દુઃખદર્દ સ્પર્શે નહિ તેને માણસ કહેવાય ?

કેવડિયા કોલોનીમાં મુખ્ય વસ્તી આદિવાસીની છે. ત્યાં કૉમ્યુનિટી હેલ્થમાં એમ.ડી. થયેલા ડૉક્ટર અશોકભાઈ અને એમના પત્ની રાગિણીબહેન ૧૯૯૫માં આવ્યાં અને 'નિરામય ક્લિનિક'ની શરૂઆત થઈ.

આ યુગમાં સૌ ભૌતિક સંપત્તિ મેળવવા દોટ મૂકે છે, ત્યારે ડૉક્ટર થયેલા અશોકભાઈએ જો ધાર્યું હોત તો કોઈ મોટા શહેરમાં પ્રેકટીસ કરીને લાખો રૂપિયા કમાઈ શકત. પણ તેઓ કહે છે, જે સમાજમાં આપણે રહીએ છીએ, જે સમાજથી આપણું પોષણ થાય છે એ સમાજમાં આપણી સાથે જીવતા મિત્રોના દુઃખદર્દ પ્રત્યે આપણે બેપરવા કઈ રીતે રહી શકીએ ? આપણે એ પીડાગ્રસ્ત બંધુઓના પડખે ઊભા નહિ રહીએ તો કોણ ઊભું રહેશે ? આમ ભીતરના સાદને સાંભળીને અશોકભાઈ કેવડિયા કોલોનીમાં સ્થિર થયા.

આદિવાસી દર્દીઓની સ્થાનિક, આર્થિક અને સામાજિક તકલીફોને ધ્યાનમાં રાખીને તેઓને ડૉ. અશોકભાઈ સારવાર આપે છે, અને કોઈને તાત્કાલિક વિશેષ સારવારની જરૂર હોય તો એને ઝીણવટભર્યું માર્ગદર્શન આપે છે.

આસપાસના સેવાભાવી મિત્રો તથા અન્ય સામાજિક સંસ્થાઓનો સહકાર મેળવીને અંતરિયાળ ગ્રામવાસીઓ માટે સમયાંતરે સારવાર કેમ્પ યોજે છે. આ કેમ્પમાં મોટા ભાગના રોગોની સારવાર મળે છે.

ક્યાંથી મળે છે અશોકભાઈને આવા સેવાકાર્યોની પ્રેરણા ? અલબત્ત એમના પત્ની અને સાથીદાર મિત્રો તો પ્રેરણા આપે જ છે, પણ એમના હૈયામાં આવી પરોપકારની ભાવના ઉદ્‌ભવી શી રીતે ? ધક્કારૂપી કોઈ ખાસ બનાવ ?

અશોકભાઈ કહે છે, સારા કામોની પ્રેરણા માટે ઈશ્વર કંઈ વારેઘડીએ એવા પ્રસંગો સર્જીને આપણને ધક્કા ના મારે, પરંતુ માણસ તરીકે આપણામાં કાયમી એક સમસંવેદન હોવું જોઈએ. એક એવું સંવેદન છે કે જે આપણા હોવાનો એક અનિવાર્ય હિસ્સો હોય અને એની પ્રેરણાથી આપણે નિરંતર સારા કામ કરતા રહીએ.

સમાજસેવા દ્વારા અશોકભાઈ સમાજમાં પરિવર્તન આણવા માગે છે. નબળા વર્ગ-વ્યક્તિને તેઓ ટેકો આપી આપીને એવો સબળ બનાવવા માગે છે કે એ નબળા વર્ગ-વ્યક્તિને કોઈની સહાયની જરૂર ન પડે. એ જાતે પોતાનો વિકાસ કરી શકે અને સ્વાવલંબી બની શકે.

અશોકભાઈએ પોતે કોઈ સંસ્થા ઊભી નથી કરી. તેઓ સંસ્થાને વખોડતા નથી પણ સંસ્થાગત કામ કરવાની રીત એમને પસંદ નથી. તેઓ કહે છે કે માણસ અને માણસની સુખાકારી માટે વ્યવસ્થાના માળખાં ઉત્કૃષ્ટ રીતે ગોઠવાય છે પણ વખત જતાં એ માળખું એટલું મુખ્ય થઈ બેસે છે કે જેના માટે એ માળખું ગોઠવાયું છે એ માણસ ગૌણ થઈ જાય છે. માનવીય સંબંધોની અવદશા થાય છે. વ્યવસ્થામાં પ્રમાણભાન જળવાય, એનો ખ્યાલ રહે તો બધાં સાથેનો વ્યવહાર મૈત્રીપૂર્ણ રહેશે.

અશોકભાઈની આ વિચારસરણીના પાયામાં ગાંધીજી અને વિનોબાજીના વિચારમાં રહેલ સંસ્થામુક્તિ વિશેનું ક્રાન્તિદર્શન છે.

મિત્ર બનીને સમાજને સહાયરૂપ થવાનો પ્રયાસ ક્રાંતિકારી છે. પ્રશ્ન જરૂર ઊઠે કે સંસ્થા વિના કાર્યકરોએ ભંડોળ ઉઘરાવ્યા વિના કામ થઈ શકે ? અને ધારો કે ચાલે તો ક્યાં સુધી ચાલે ?

અશોકભાઈના પંથે મુશ્કેલીઓ, પડકારો, કસોટીઓ તો આવ્યા જ છે પણ પોતાની આત્મશ્રદ્ધા અને સહયોગ મિત્રોના સહકારના લીધે કસોટીમાંથી પાર ઉતર્યા છે.

અશોકભાઈ કહે છે કાળના પ્રવાહમાં સામાજિક કામના સ્વરૂપો અને દિશાઓ બદલાતાં રહે ત્યારે અમુક કામ અર્થસભર છે કે અર્થહીન છે એ વાત ગૌણ બની જાય છે અને મહત્ત્વની વાત તો છે આપણા અભિગમની, આપણા સાથે રહેવાની.

તબીબી સેવાઓથી શરૂ થયેલાં એમના સામાજિક કામો સમય જતાં બીજાં સેવાકીય ક્ષેત્રો સુધી પહોંચ્યા છે. એમનું ફ્લેક્સીબલ સંગઠન 'જીવનયોગ અભિયાન' નામથી ઓળખાય છે.

અશોકભાઈના કાર્યની થોડી વિગતો જાણીએ. (૧) વિનામૂલ્યે સ્વૈચ્છિક સહયોગથી દમ, ડાયાબિટીસ, હૃદયરોગ જેવી બિમારીઓ માટે માર્ગદર્શન, લેબોરેટરી તપાસ અને સારવાર કેન્દ્ર. (૨) વિઝન સેન્ટરમાં માત્ર પાંચ રૂપિયામાં આંખ તપાસ, રાહત દરે ચશ્મા વિતરણ, ગરીબ દર્દીને મોતિયાનું મફત ઑપરેશન. (૩) વેક્સીનેશન સેન્ટરમાં રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ અંતર્ગત બાળકો તથા સગર્ભા બહેનોને મફત રસીકરણ. (૪) જનરલ સર્જરી નિદાન-સારવાર કેમ્પ. (૫) વિવિધ નિષ્ણાતોના નિદાન કેમ્પ-જેમાં સર્વરોગ નિદાન કેમ્પ, સ્ત્રીરોગ નિદાન કેમ્પ, નેત્રરોગ નિદાન કેમ્પ, અપંગ વ્યક્તિઓને સાધન સહાય, આયોડિનયુક્ત મીઠાના વિવાદ માટે જાગૃતિ અભિયાન વગેરે આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા લોકઆરોગ્ય જાગૃતિની પ્રવૃત્તિઓ કરે છે.

- નિરાધાર વૃદ્ધો, વિધવા બહેનોને નિયમિત અનાજ અને કપડાંની સહાય.
- ગરીબ વર્ગને શિયાળામાં સ્વેટર ધાબળા વિતરણ.
- શિક્ષણ સંસ્થાઓમાં સેવા સહયોગ.
- શ્રી વાલ્મિકી આશ્રમ, માખણેશ્વર મંદિર, બોરિયાના ૧૬૦ આદિવાસી વિદ્યાર્થીઓની આરોગ્યસંભાળ.
- પર્યાવરણ અને વિકાસ અંગે જાગૃતિના કાર્યક્રમો.
- પુસ્તક-પત્રિકા-પ્રદર્શન-વિડીયો પ્રકાશનો.
- સ્થાનિક નાગરિક મિત્રો સાથે માર્ગદર્શન, પરિસંવાદ, વાર્તાલાપ કાર્યક્રમો.

અશોકભાઈએ લોક સેવાનો કોઈ જાતનો મોટો ડગલો પહેર્યા વગર-બિલકુલ નિરાવૃત્તપણે નિરાળા કામ કરી જાણ્યાં છે. એમના આ સામાજિક કામોને શ્રદ્ધાપૂર્વક સલામ.

સંપર્ક : અશોક ગોહિલ, નિરામય ક્લિનિક, કેવડિયા કૉલોની, જિ. નર્મદા. ફો.:૯૪૨૭૮૭૩૯૦૧. **
શાશ્વત', કે. એસ. જૈન ઉપાશ્રય સામે, ઑપેરા સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૧૨૫૦૫.

'પ્રબુદ્ધ જીવન' પ્રકાશન અને આર્થિક ભાર

૧. તા. ૨૧-૮-૧૯૨૯ 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા'ના શ્રી ગણેશ મંડાયા. ત્યારે એ સાપ્તાહિક, પાના છ, કિંમત અડધો આનો (ત્યારે રૂપિયા, આના, પૈસો, પાઈનું ચલણ હતું.)

૨. પહેલાં છ પાનાં, પછી આઠ પાનાં, ૧૪ પાનાં, ૧૬ પાનાં, ૨૮ પાનાં અને હવે ૩૬ પાનાં, એમાં ચાર પાના આર્ટ પેપર, સરસ્વતી બિરાજમાન પ્રથમ પાને, આ ઉપરાંત વરસમાં બે વિશિષ્ટ અંકો, ક્યારેક ૧૨૪ પાના પણ.

૩. 'પ્રબુદ્ધ જીવન' છેલ્લા ૮૩ વર્ષથી એક પણ **જાહેર ખબર વગર** નિયમિત પ્રકાશિત થાય છે. ૨૦૦૫ સુધી તે બ્લેક એન્ડ વ્હાઈટમાં છપાતું હતું ત્યારે ફક્ત ૮/૧૨/૧૬ પાનાનું પ્રબુદ્ધ જીવન બહાર પડતું હતું. તે વખતે લીગલ સાઈઝમાં છપાતું હતું. (ફુલસ્કેપથી થોડી મોટી સાઈઝને લીગલ સાઇઝ કહેવાય).

૪. ૨૦૦૮માં 'પ્રબુદ્ધ જીવન'નું કવર પેજ સીંગલ કલરમાં છાપવાનું શરૂ કર્યું. કાગળની લીગલ સાઇઝમાંથી ૧/૪ ડેમાઈ સાઇઝમાં છાપવાનું શરૂ કર્યું, પાના પણ ૧૬માંથી ૨૮ છાપવાનું શરૂ કર્યું.

૫. 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક લવાજમમાં વખતો વખત વધારો કરવામાં આવતો હતો, કારણકે કાગળ પ્રિન્ટીંગના ભાવ વધતા જતા હતા. વાર્ષિક લવાજમ નીચે મુજબ વધાર્યા.

૧.	૧૯૯૬માં	રૂા. ૫૦/- હતાં
૨.	૧૯૯૮માં	રૂા. ૮૦/- હતાં
૩.	૨૦૦૧માં	રૂા. ૧૦૦/- કર્યા
૪.	૨૦૦૯માં	રૂા. ૧૨૫/- કર્યા

૬. ઉપરના લવાજમના દર બ્લેક એન્ડ વ્હાઈટ 'પ્રબુદ્ધ જીવન' બહાર પડતું હતું ત્યારના હતા.

૭. ખર્ચા વધતા જતા હતા પણ તે પ્રમાણે આવક થતી ન હતી એટલે **'સૌજન્ય દાતા'**ની યોજના શરૂ કરી જેથી થોડી આવક થાય અને નુકસાની ઓછી થાય.

૮. ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન' સીંગલ કલરમાંથી મલ્ટી કલરમાં છાપવાનું શરૂ કર્યું. તે વખતે લવાજમમાં ફેરફાર કર્યો ન હતો. મલ્ટી કલરમાં છાપવાનો ખર્ચ ખૂબ જ વધારે આવે છે. ઉપરાંત પર્યાવરણના સિદ્ધાંતને કારણે, પ્લાસ્ટિકના કવરને તિલાંજલિ આપી, બ્રાઉન કાગળના કવરનો ઉપયોગ કર્યો, જેના કારણે 'કોસ્ટ' વધી.

૯. 'પ્રબુદ્ધ જીવન' મલ્ટી કલર થયું, પાના વધાર્યા અને સાથે કાગળ, પ્રિન્ટીંગ, મજુરી વગેરે ખર્ચા વધતા ગયા. પોસ્ટના ખર્ચા પણ વધતા ગયા. હાલમાં 'પ્રબુદ્ધ જીવન' દર મહિને નુકસાનીમાં ચાલે છે.

૧૦. આથી સંઘને ન છુટકે 'પ્રબુદ્ધ જીવન'ના લવાજમમાં વધારો કરવાની અને અનુદાન આપવાની વિનંતિ કરવાની ફરજ પડી છે.

'પ્રબુદ્ધ જીવન'ના લવાજમના નવા વધારેલા દરો નીચે મુજબ છે.

'પ્રબુદ્ધ જીવન'ના નવા દરો

૧	વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/-	પરદેશ	U.S.$	૨૦/-
૩	વર્ષનું લવાજમ રૂા.૫૦૦/-	પરદેશ	U.S.$	૫૦/-
૫	વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/-	પરદેશ	U.S.$	૮૦/-
૧૦	વર્ષનું લવાજમ રૂા.૧૮૦૦/-	પરદેશ	U.S.$	૧૮૦/-

આ નવા દરનો વધારો જૂન માસથી શરૂ થાય છે. છતાં જે ગ્રાહકોએ પહેલેથી ૩,૫,૧૦ વર્ષનું તેમજ કન્યા કરિયાવરમાં લવાજમ ભર્યું હશે, એમને વધારો એ સમય મર્યાદા પૂરી થાય પછી લાગુ પડે છે. છતાં સ્વૈચ્છિક રીતે જે વાચક મહાનુભાવને અત્યારના દરથી વધારો મોકલવો હોય તો આભાર સહ આવકાર્ય છે. વાર્ષિક લવાજમ એ ગ્રાહકનું લવાજમ જે મહિને પૂરું થતું હોય એ મહિનાથી જ આ નવા દરે મોકલવા વિનંતિ.

'પ્રબુદ્ધ જીવન' ઐતિહાસિક ઘટના

૧. ક્યારેય **જાહેર ખબર ન લેવાના** સિદ્ધાંતથી પ્રકાશિત થતું કદાચ **એકમાત્ર ગુજરાતી ભાષામાં પ્રગટ થતું સામયિક.**

૨. 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા', 'પ્રબુદ્ધ જૈન', 'તરુણ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન' નામોથી ૮૨ વર્ષથી, સાપ્તાહિક, પાક્ષિક અને માસિક સ્વરૂપે પ્રકાશન.

૩. ૧૯૩૩માં બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું.

૪. 'પ્રબુદ્ધ જીવન' નામથી ૬૦ વર્ષથી પ્રકાશન.

૫. 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન' નામ આપવું એ પ્રેરણા કાકા કાલેલકરે આપી.

૬. ૮૨ વર્ષની આ સાહિત્ય-વિચારની દીર્ઘ યાત્રામાં અત્યાર સુધી માત્ર **નવ તંત્રીઓ**. આ સર્વે મહાનુભાવોની **સંપૂર્ણ માનદ્ સેવા.**

૭. પરમાણંદ કુંવરજી કાપડિયા (૧૯૫૧ થી ૧૯૭૧-૨૦ વર્ષ), ચીમનલાલ ચકુભાઈ શાહ (૧૯૭૧ થી ૧૯૮૨-૧૧ વર્ષ) અને ડૉ. રમણલાલ ચી. શાહે (૧૯૮૨ થી ૨૦૦૫-૨૩ વર્ષ) આ મહાનુભાવોએ તંત્રી તરીકે જીવનના અંતિમ શ્વાસ સુધી દીર્ઘ માનદ્ સેવા આપી.

૮. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જેઓ પ્રખ્યાત તત્ત્વચિંતક અને સોલિસિટર હતા, તેમણે ૧૯૭૧માં 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રી સ્થાન સ્વીકાર્યું અને પ્રત્યેક અંકે વિવિધ વિષયો ઉપર તંત્રી લેખ લખાય એ પ્રથા શરૂ કરી જે આજ સુધી અસ્ખલિત રહી છે.

૯. ૧૯૮૨માં જૈન ધર્મના પ્રકાંડ અભ્યાસી, તત્ત્વચિંતક અને સાહિત્યકાર ડૉ. રમણલાલ શાહે 'પ્રબુદ્ધ જીવન'નું ૨૩ વર્ષ સુધી તંત્રીપદ શોભાવ્યું અને આ સમય દરમિયાન ૩૫૦થી વધુ તંત્રી લેખો તેઓશ્રીએ લખ્યા.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57. Published on 15th of every month &
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2012-14

પંથે પંથે પાથેય...

ગામડાની સમૃદ્ધિ માટે પ્રચંડ પુરુષાર્થ કરનાર મનસુખભાઈ સુવાગિયા

□ અવંતિકા ગુણવંત

જૂનાગઢ તાલુકાનું ખડપીપળી ગામ. ૧૯૬૨માં ત્યાંના એક સામાન્ય ખેડૂત પરિવારમાં દીકરો જન્મ્યો. નામ પાડ્યું એનું મનસુખ. મનસુખનો બારમા ધોરણ સુધીનો અભ્યાસ. પણ એની દૃષ્ટિ ચોતરફ ફરે અને નજર દૂર દૂર સુધી પહોંચે.

થોડાં વરસો પહેલાં ગુજરાત રાજ્યમાં પાણીની કારમી સમસ્યા સર્જાઈ. ભૂગર્ભના પાણી ખૂબ ઊંડાં ગયાં હતાં. પરિણામે ખેતી અને પશુધન પાયમાલ થતું હતું. ગામના જુવાનિયા નિસહાય બનીને પોતાના ઘર, ગામ, વતન છોડીને શહેર તરફ કામધંધા માટે દોડતા હતા ત્યારે યુવાન મનસુખભાઈ સુવાગિયા વિચારે છે કે શું રણમેદાન છોડીને ભાગી જવું કે સામી છાતીએ ટક્કર ઝીલવી?

મનસુખભાઈ કોઈ મહાવિદ્યાલયના પગથિયાં નહોતા ચડ્યા, પણ એમનામાં ચિંતનશીલતા અને સર્જનાત્મકતા હતી. એમને સૂઝ્યું કે દરેક ગામની જરૂરિયાત પ્રમાણે ચેકડેમો બંધાય, જૂના તળાવોમાંથી માટી કાંપ કાઢી એમને ઊંડા બનાવાય અને જ્યાં સુવિધા હોય ત્યાં નવા તળાવ બંધાય તો પાણીની સમસ્યા હલ થાય.

આ વાત છે ૧૯૯૮ની. ત્યારે પાણીના સંગ્રહ માટે સરકારની કોઈ યોજના ન હતી. મનસુખભાઈએ નિર્ધાર કર્યો, આપણી સમસ્યા આપણે જ ઉકેલીએ. મનસુખભાઈએ સંકલ્પ કર્યો ને ગામેગામ ફરવા માંડ્યા. ગામોમાં ગ્રામસભા યોજી પોતાનો વિચાર ગ્રામજનો સમક્ષ મૂક્યો. સંગઠનો રચ્યા અને ૫૦૦ થી વધુ ગામોમાં એમની યોજના અમલમાં આવી.

એ સમયમાં સરકારી ચેકડેમોનો ખર્ચ બેથી દસ લાખનો થતો હતો. મનસુખભાઈની યોજના મુજબ ચેકડેમ લોકફંડમાંથી બાંધવાના હતા. નાનકડા ગામમાં દસ લાખ જેવડી મોટી રકમ એકત્રિત ન થઈ શકે તો શું કરવું? ત્યારે મનસુખભાઈએ આર.સી.સી.ની નવી ડિઝાઈન શોધી. આ ડિઝાઈન પ્રમાણે બાંધવાથી ડેમ બાંધવાનો ખર્ચ ઓછો આવતો હતો. એમની ડિઝાઈન પ્રમાણે બંધાયેલા ડેમ આજે બાર ચૌદ વરસેય સલામત છે.

હવે ચેકડેમ બાંધવાનો ખરચો ઓછામાં ઓછો કેવી રીતે આવે તે શોધ્યું પણ ચેકડેમ બાંધવા ખપજોગું થોડુંક ફંડ તો જોઈએ ને! મનસુખભાઈ તો સભાઓ યોજીને લોકોને રકમ આપવા પ્રોત્સાહિત કરવા માંડ્યા. આરંભમાં તેઓ પોતે લોકફંડમાં પોતાના તરફથી રકમ આપતા હતા. આનાથી પ્રેરાઈને સેંકડો ગામોમાં ખેડૂતો, પશુપાલકો, શિક્ષકો, કારીગરો એમ સમાજના દરેક સ્તરના લોકો ઉત્સાહથી ફાળો આપતા, અને એ ગામમાં ચેકડેમ બંધાતો.

મનસુખભાઈએ ચેકડેમ બાંધવામાં ખર્ચો ઘટે અને ગુણવત્તા જળવાય એ ઉદ્દેશથી શ્રમદાનની યોજના અમલમાં મૂકી. આ યોજનામાં પણ ગામલોકોને પ્રેરણા મળે એ હેતુથી મનસુખભાઈ પોતે પણ શ્રમદાન-મજૂરી કરતા. શરૂઆતનાં પાંચ વર્ષમાં જ દસ લાખ માનવદિનનું શ્રમદાન થયું. પરિણામે ચેકડેમ બાંધવાનો ખર્ચો ઘટ્યો.

જૂનાગઢ જિલ્લાના જામકા ગામના લોકોએ વીસ હજાર માનવ દિનનું શ્રમદાન કર્યું અને ૫૧ ડેમ તથા બે તળાવો બાંધ્યાં.

ચેકડેમ યોજના માટે ગામેગામ ફરતા મનસુખભાઈ સુવાગિયાને ખ્યાલ આવ્યો કે સૌરાષ્ટ્રમાં ગાયોની સંખ્યા ઘટી રહી છે. દેશ આઝાદ થયો ત્યારે સૌરાષ્ટ્રમાં દસ લાખથી વધુ ગાયો હતી. આજે માત્ર પાંચેક હજાર ગાયો છે. સૌરાષ્ટ્રમાં આવી દયાજનક પરિસ્થિતિ?

આવી પરિસ્થિતિને સુધારવા મનસુખભાઈએ 'ગીર ગાય આપણા આંગણે' નામની રાષ્ટ્રીય યોજના બનાવી. એમણે ઈચ્છા વ્યક્ત કરી કે લોકો ઘેર ઘેર ગાયો પાળે. ગાયના જ દૂધ, ઘી, છાશ, માખણ ખાવાનો સંકલ્પ કરે. ગાયના છાણ અને મૂત્રનો ખાતર તરીકે ઉપયોગ કરે. તેમણે ગામલોકો પાસે સંકલ્પ લેવડાવ્યો કે ગૌચરને ગામ અને રાષ્ટ્રની અમૂલ્ય સંપત્તિ સમજીને તેનું રક્ષણ કરવું.

મનસુખભાઈ ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના કુલ પાંચસો પંચાવન ગામોમાં ફરીને જળ અને ગાય બાબતે લોકોમાં જાગૃતિ લાવ્યા છે.

મનસુખભાઈએ સર્વે કર્યો કે રાસાયણિક ખાતરો અને જંતુનાશક ઝેરના અતિરેકથી જમીનની ફળદ્રુપતા નષ્ટ થઈ રહી છે. માનવ અને પાલતુ પશુઓના આરોગ્યને હાનિ પહોંચી છે. આ સમસ્યાના નિવારણ માટે ગાયનું છાણ, ગૌમુત્ર અને છાશ સાથે કૃષિ કચરાનું સેન્દ્રિય ખાતર તથા રોગનિયંત્રક વનસ્પતિઓના સમન્વયથી કૃષિના પ્રયોગો કર્યા અને લોકોને સેન્દ્રિય ખાતર વાપરવા પ્રોત્સાહિત કર્યા.

સેંકડો વરસોથી આપણો દેશ કૃષિપ્રધાન દેશ હતો, પરંતુ દેશની પ્રગતિ માટે આજે ઉદ્યોગોની આવશ્યકતા છે, પણ ખેતીના ભોગે ઉદ્યોગો સ્થપાય છે ત્યારે આપણા જ ખેડૂતભાઈઓ બેહાલ થાય છે. વિકાસના બદલે વિનિપાત થાય છે.

મનસુખભાઈએ પોતાની યુવાનીના ૧૨ વર્ષનો સંપૂર્ણ સમય એમણે માની લીધેલા જીવન-ધ્યેયને સમર્પિત કરીને ગામડાઓને સમૃદ્ધ બનાવ્યા છે.

સામાન્ય રીતે યુવાનીમાં દરેક વ્યક્તિ પોતાનું હિત જુએ ત્યારે મનસુખભાઈએ એમની આગવી કોઠાસૂઝ, જાતસમર્પણ અને સખત પરિશ્રમથી તન, મન, ધનથી ઘસાઈને માનવજાતને કનડતી સમસ્યાઓને દૂર કરવા મથતા રહ્યા છે, નવા નવા ઉકેલો શોધતા રહ્યા છે.

મનસુખભાઈનું ધ્યેય છે-(૧) ગામે ગામ જળરક્ષાનું રાષ્ટ્રીય અભિયાન છેડીને જળની સમસ્યાનો સદંતર નાશ કરવો. (૨) પ્રજાને વ્યસન મુક્ત કરવી. (૩) દેશી કુળના વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરી પ્રકૃતિની રક્ષા કરવી. (૪) દસ લાખ ગીર ગાયનું નિર્માણ અને દસ લાખ જાતવાન કાંકરેજ ગાયનું નિર્માણ. (૫) ગાય આધારિત કૃષિનો અમલ કરવો.

કારકીર્દિના આરંભના પાંચ વર્ષ મનસુખ-ભાઈએ એકલા પંડે કામ કર્યું. પ્રબળ આત્મશ્રદ્ધાથી આરંભેલ એમનું કામ સફળ થયું. આજે તો અનેક લોકોનો એમને સહકાર મળ્યો છે. આજે તેઓ જળક્રાંતિ ટ્રસ્ટ નામની સંસ્થાના માધ્યમથી કામ કરે છે.

આજે બે હજાર ગામોમાં ઘેર ઘેર ગાયો પળાય છે. ગાય આધારિત કૃષિના લીધે જમીનની

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૪મું)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૬૦ • અંક-૭ • જુલાઈ ૨૦૧૨ • પાના ૩૬ • કીમત રૂા. ૨૦



જિન-વચન

દૃષ્ટિનો સંયમ

चित्तभित्तिं न निज्झाये नारिं वा सुअलंकियं ।
भक्खरं पिव दट्ठणं दिट्ठिं पडिसमाहरे ।।
(દસવૈકાલિક ૮ -૫૪)

સાધુએ અલંકારોથી સુસજ્જ નારીને કે ભીંત ઉપર ચીતરેલી નારીને ટીકીટીકીને ન જોવી જોઈએ. એના ઉપર કદાચ દૃષ્ટિ પડી જાય તો તે પાછી ખેંચી લેવી, જેમ મધ્યાહ્નના સૂર્ય સામે પડેલી દૃષ્ટિ આપોઆપ પાછી ખેંચાઈ જાય છે.

A monk should never stare at a well-dressed woman or even at a painting of a woman on a wall. He should immediately withdraw his glance just as a glance at the midday sun is immediately withdrawn.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૨માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૦મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

દરેકની ભીતરમાં જ ભવિષ્યની તકના બીજ રહેલાં હોય છે

અલી હાફેદ નામનો એક ઈરાની ખેડૂત. એને તો ધનદોલત અને જરઝવેરાત ખૂબ જ જોઈતું હતું. એને મોટા ધનવાન થવું હતું. ધનની શોધમાં જવા માટે એણે પોતાનું ખેતર વેચ્યું, ઘર વેચ્યું, વાડો વેચ્યો અને પરિવારને પણ છોડી દીધો. એ નીકળી પડ્યો હીરાની શોધમાં. કેટલીયે શોધ કરી ક્યાં ને ક્યાં ભટક્યો છતાં હીરા મળ્યા નહિ. એ ખૂબ નિરાશ થઈ ગયો. રઝળપાટને કારણે એ બીમાર પડી ગયો, અને સાવ કંગાળ હાલતમાં એકલોઅટૂલો એ મરી ગયો. હવે બન્યું એવું કે જે માણસને એણે ખેતર વેચ્યું હતું તે ખેતરને ખૂબ જ પ્યાર કરતો હતો. સવારથી સાંજ સુધી ખેતરમાં મહેનત કરે. આખા દિવસના પરિશ્રમ પછી એ પોતાના પરિવાર સાથે બેસી આનંદથી ભોજન કરતો. એ સુખી હતો, કારણકે એ સંતોષી હતો.

ઘરની પાછળ વાડો હતો. 'A backyard' અલી હાફેદે એના પર કશું જ ધ્યાન આપ્યું નહોતું. આ ખેડૂતને થયું હવે આ બેકયાર્ડમાં હું સરસ ઝાડપાન ઉગાડું. એણે જગ્યા ખોદવા માંડી અને ખોદતાં ખોદતાં એને હીરા મળી આવ્યાં. એ જમીનમાં હીરાની ખાણ હતી! એ તો એક સાદોસીધો ભોળો ખેડૂત હતો. એણે સ્વપ્નેય ધાર્યું નહોતું કે એને આટલું ધન મળશે. હીરાની ખાણ મળશે.

આપણા દરેકની ભીતરમાં જ ભવિષ્યની તકના બીજ રહેલાં હોય છે. માત્ર એને શોધતાં અને ખોદતાં આવડવું જોઈએ! આપણે એક સ્વપ્નું લગનથી સેવતા હોઈએ અને એમાં પ્રેમ, રચનાત્મક શક્તિ, લગની ને ખંત સીંચી દઈએ તો જરૂર સફળતા પ્રાપ્ત થવાની.

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	શાંતિનું સરનામું	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	સુખ	ડૉ. રણજિત પટેલ (અનામી)	૬
(૩)	દ્વન્દ્વોમાં જિવાતું જીવન	શાંતિલાલ ગઢિયા	૧૧
(૪)	કાળ પુરુષે પાંડવોને પૂછેલાં પ્રશ્નો	મનસુખલાલ ઉપાધ્યાય	૧૬
(૫)	પ્રતિભાવ	——	૧૭
(૬)	પાંચ પ્રકારના શરીરને જાણો, માનવભવની મહત્તા પીછાણો	પારુલબેન બી. ગાંધી	૧૮
(૭)	ચાલો, ઝંખીએ આવું મૃત્યુ	નિતીન ર. દેસાઈ	૨૦
(૮)	ઋષભકથા	——	૨૨
(૯)	આધ્યાત્મ યોગિની પૂ. બાપજી	ગુણવંત બરવાળિયા	૨૬
(૧૦)	શાશ્વત ગાંધી કથા : શાંત ક્રાંતિની શરૂઆત	ડૉ. યોગેન્દ્ર પરીખ	૨૮
(૧૧)	જયભિખ્ખુ જીવનધારા : ૪૧	ડૉ. કુમારપાળ દેસાઈ	૩૦
(૧૨)	સર્જન-સ્વાગત	ડૉ. કલા શાહ	૩૩
(૧૪)	પંથે પંથે પાથેય : હરતી ફરતી યોગ વિદ્યાપીઠ	પ્રા. રમજાન હસણિયા	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય :
મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૦ ● અંક : ૭ ● જુલાઈ ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● અષાઢ વદિ ● તિથિ-૧૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

શાંતિનું સરનામું

(૧)

જીવનના દુ:ખોને જોઈને, એ દુ:ખોનો ઈલાજ શોધવા નિંદરમાં પોઢેલી પત્ની અને પુત્રીને મૂકીને ભગવાન બુદ્ધે મહાભિનિષ્ક્રમણ કર્યું. જગતના દુ:ખો જોઈને અને સુખોને અનિત્ય જાણીને પરિવારની સંમતિ લઈને–અહિંસાનું આ સૂક્ષ્મ સ્તર–આ સુખદુ:ખનું કારણ અને કર્મોને અને મોક્ષને જાણવા તીર્થંકર મહાવીરે મહાપ્રસ્થાન કરી, પ્રવજ્યાનો સ્વીકાર કર્યો. આ દ્વય મહાત્માએ વૈરાગ્ય ધારણ કરી કષ્ટો સાથે ભ્રમણ કર્યું અને જ્ઞાનની પ્રાપ્તિ કરી જગતને શાંતિનું સરનામું આપ્યું.

આ અંકના સૌજન્યદાતા

સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

આ બેઉ તો સૂરજ જેવા પ્રકાશવંતા હતા, પણ આ મહાન આત્માઓની છાયામાં ઘણાં જ્ઞાન દીપકો પ્રગટ્યા, જેની નોંધ વંદન સહ ઇતિહાસે લીધી જ છે. પરંતુ આ દીપકોમાંથી નાની નાની જ્યોતો પણ પ્રગટી છે, એ તેજ-જ્યોતને શોધીને આપણે એની પાસે જઈએ તો આપણને અવશ્ય એક નિડર અને સત્ય માર્ગની પ્રાપ્તિ આ વર્તમાન કાળમાં પણ થાય જ. શાંતિનું સરનામું મળે.

આવી એક નાની જીવંત જ્યોતની વાત મારે આપની પાસે કરવી છે. વાતચીતની ભાષામાં 'શેર' કરવી છે.

સર્વ પ્રથમ તો આ 'પ્રબુદ્ધ જીવન'ને હું વંદન કરું છું કે જેની શબ્દ યાત્રાને કારણે આવી અનેક જ્યોતનો મને પરિચય થયો, અને મારા અનુભવનું આકાશ વિસ્તરતું રહ્યું.

આ મહાનુભાવને રૂબરૂ તો હું આ છેલ્લા સાત વરસમાં ત્રણેકવાર જ મળ્યો હોઈશ, એક વખત વિસ્તારથી અને બીજી બે વખત અલપઝલપ, પરંતુ પત્રનું આવન લગભગ નિયમિત. ક્યારેક ફોન ઉપર વાત થાય પણ એ માત્ર એક જ મિનિટ. શબ્દો અને સમયની ઉપયોગીતા માટે એઓ પૂરા સજાગ.

વ્યક્તિત્વમાં અંજાઈ જઈએ એવી દેહસૃષ્ટિ નહિ, શ્વેત-શ્યામની વચ્ચેનો ત્વચાનો રંગ, પણ એમના અંતરનો રંગ તો અંતરંગ, જરૂર પૂરતા સફેદ રંગના સાધુવેશ જેવા વસ્ત્રો. વાણી પણ મંદ અને પૂરા મિતભાષી, પરંતુ આ મિતભાષી વાર્તાલાપમાં વચ્ચે મૌનનું અલ્પવિરામ આવે ત્યારે હૃદય હૃદયથી ઘણી ચર્ચાઓ થઈ ગઈ હોય એવી અનુભૂતિ થાય.

એક વખત ફોનમાં એમને મેં વિનંતિ કરી. રોજદિની લખો. આપણું સદ્‌ભાગ્ય કે એમણે એ લખી અને ૪૫ ફુલસ્કેપ પાનાની ઝેરોક્સ મને મોકલી આપી. વાંચી અને એમનું ગૃહપ્રસ્થાન વાંચી દંગ થઈ ગયો. વિચાર આવ્યો, 'પ્ર.જી.'ના વાચકોને આ યાત્રા કરાવું. પરંતુ સંમતિ લેવી પડે, આ વિવેક કેમ ચૂકાય ? મથામણ એ હતી કે એઓ ક્યાં વિહરે એ ખબર ન પડે, અને મૌનમાં હોય એટલે ફોનની ઘંટડી પાછી આવે. પરંતુ સદ્‌ભાગ્યે મારા હૃદયની ઝાલર એમના અંતર સુધી પહોંચી, મેં કહ્યું, 'આ રોજનીશી તમે મને મોકલી એટલે હવે મારી. હું 'પ્ર.જી.'ના વાચકો માટે ઉપયોગ કરું !' 'જેવી તમારી ઇચ્છા' એમ કહી સ્મિત વેરતો સ્વર સંભળાયો. કદાચ વિચાર તંદ્રામાં અભાનપણે સંમતિ અપાઈ ગઈ હશે. મેં બીજી વખત પૂછ્યું જ નહિ, વિચાર બદલાઈ જાય તો ? અને મેં વાતને બીજે પાટે ચડાવી. વાચક મિત્રો મને ક્ષમા

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

કરે. મારો આશય શુભ અને શુદ્ધ હતો. એઓ ગાંધી ભક્ત, કહે 'હવે ગાંધી નક્કી આવશે.' ક્યાંનો સંદર્ભ ક્યાં પહોંચ્યો ! નક્કી એઓ ગાંધી ચિંતનમાં ત્યારે હશે.

હવે વધુ પ્રસ્તાવના કર્યા વગર, એ સાધકની રોજનીશીના કેટલાંક અંશો અહીં પ્રસ્તુત કરું છું :

(૨)

''મૌન પહેલાં પનવેલ ફાર્મમાં કેટલાક મિત્રો-પરિવારજનો ભેગા થયેલા. એક વિચાર એવો આવી ગયેલો, અથવા કહો કે એમ સમજાયેલ કે છેવટે તો ગુરુને પણ છોડવા પડે છે. આથી વક્તવ્યમાં કહેલું કે હું શ્રીમદ્‌નો શિષ્ય ખરો પણ ગુરુ તો હું જ મારો. પણ મૌન પછી ૧૯-૨-૯૬ના એમ લખાયું કે ભવોભવ મારે શ્રીમદ્‌ના શિષ્ય જ થવું છે. કોઈના પણ ગુરુ થવું નથી. આ લખાયું ત્યારે એટલા ઉત્કૃષ્ટ ભાવ નહોતા પણ તે પછી ચિંતનધારા સતત ચાલતી રહી. મૌનની વિશેષતા મારા માટે એ છે કે મૌન શરૂ થાય એટલે પરમતત્ત્વ સાથે અનુસંધાન શરૂ થવા માંડે. અંતરમન વૃત્તિ સતત રહે. એક સ્પષ્ટ ચિંતનધારા પણ વહેવાની શરૂ થાય. શુદ્ધ વિચારોનો એક સતત પ્રવાહ વહેતો રહે ચિત્તમાં.....

લગભગ ૨૪-૨-૯૬ના નદીએ શૌચથી પાછા ફરતાં કૃપાળુદેવના સ્મરણ ચિંતનમાં ઉત્કૃષ્ટ ભાવ રહ્યો. એમના ઉપકારો આ પામર પર યાદ આવતા ગયા અને એ ઉપકારોનો ભાર એટલો બધો વધી ગયો કે રૂમથી દસેક ફૂટ દૂર જ રહેલો. કૃપાળુદેવના ચિત્રપટ પાસે જઈ વંદન કરવાનો ભાવ આવેલો પણ એ દસ ફૂટનું અંતર પણ કપાઈ ન શકયું. એક ડગલું પણ ન ચાલી શકાય એવી સ્થિતિ થઈ ગઈ અને એમ જ ખેતરમાં ઢગલો થઈ લાંબો થઈ ગયો. ચોધાર આંસુએ પોકે પોકે રૂદન ચાલુ થયું. એ રુદન સાંભળનાર હતા પક્ષીઓ-ઝાડો અને હું પોતે. અન્ય કોઈ હતું નહિ. દસ પંદર મિનિટ એમ જ રુદન ચાલ્યું અને પછી ઊભો થયો. કૃપાળુદેવને વંદન કર્યા અને શરીર જાણે ફૂલની જેમ હળવું થઈ ગયું.....

અહિં પનવેલ ફાર્મમાં ૨૮-૨-૯૬ના રાત્રે એક અવાજ આવ્યો. આ ફાર્મ છોડી દે. અવાજ એટલો સ્પષ્ટ ને તીવ્ર હતો કે ઘણી દલીલ કરી છતાં છેવટે ૧૨-૩૦ રાતે ફાર્મથી નીકળ્યો. ચંદ્રમાનું અજવાળું હતું. પનવેલ જંગલથી રોડ પર આવતા નોરમલી ૨૦-૨૫ કે ઓછી મિનિટ થતી. બેટરી હતી પણ આત્માએ કીધું કે આત્મપ્રકાશમાં જુઓ. આ જ્યોતિની જરૂર નથી. એથી એમ જ નીકળ્યો. પૈસા ત્યારે પણ પાસે રાખતો નહિ.....

પનવેલ ફાર્મથી ઘાટકોપર-સર્વોદય તીર્થનું અંતર લગભગ ૫૦ કિ.મી. હતું. સતત ચાલતો રહ્યો. ક્યાંક રસ્તામાં પાણી પીધું હશે. મનમાં થતું કોઈ મોટરવાળો સામેથી બેસાડે તો બેસવું. આપણે લીફ્ટ માંગવી નહિ.....

ચાલતો રહ્યો અને સાંજે ચારેક વાગ્યે સર્વોદય તીર્થ ઘાટકોપર પહોંચ્યો. પગમાં કે મનમાં કે શરીરને થાક બિલકુલ નહોતો. બસ એક ભાવ પ્રવાહ વહેતો હતો જે મને બળ પૂરું પાડી રહ્યો હતો. ગેટ પર જ કાંતિભાઈ શાહ મળ્યા. મને જોઈ આશ્ચર્ય પામ્યા. નાળિયેર પાણી મંગાવી પીવડાવ્યું.....

ભાવ પ્રવાહ તો એમ જ ચાલુ હતો. સ્વરૂપ અનુસંધાન એમ જ વનમાં, ઘરે, ટ્રેનમાં, પ્રવાસમાં કે કોઈપણ વ્યવહાર કરતા આત્મસમાધિ-સ્થિરતા અખંડ ચાલી રહી હતી.....

'આત્મસ્થિરતા અને આત્મશુદ્ધિ પહેલા આ ત્રણ સંક્ષિપ્ત યોગ થયા. વાણી સંક્ષેપ એટલે મૌન-સ્થળ સંક્ષેપ એટલે પનવેલ-ક્રિયા સંક્ષેપ એટલે દસ ગુંઠા ખેતીનો પ્રયોગ. આત્મશુદ્ધિ પહેલા થયું.....

માર્ચ-એપ્રિલ-મે-જૂન-૯૬ આમ ચારેક મહિના મૌનમાં જ ઘરે રહ્યો.....

ચિંચણમાં આવવાનું જવાનું મૌનમાં જ શરૂ થયેલ અને ફરી ૧૯૮૮માં જ્યાં દરિયાકિનારે સમાધિ પાસેની રૂમમાં મૌન રહેલો ત્યાં ફરી બેસવાનું ગોઠવાયું.....

માટલિયાજીએ વિગતવાર પત્રો લખ્યા હોય-પણ છેલ્લે લખે કે 'તમારે તો તમારા અંતરનિર્ણય મુજબ જ ચાલવું. આ તો હું સ્વભાવે શિક્ષક રહ્યો એટલે મારી સમજણ પ્રમાણે લખું છું.'.....

૧૯૯૭નો છેલ્લો નિર્ણય આંખનાં મૌન લેવાનો હતો. મૈયાની રજા એમાં મળતી નહોતી. મિત્રો કહે-મકરંદ દવેને મળેલ, તે કહે-આંખનું મૌન એટલે ખુલ્લી આંખે છતાં કશું જ ન જોવું. જ્ઞાતાદૃષ્ટા જ રહેવું. પણ મને જે અર્થ એ ટાઇમે સૂઝેલ એ સ્પષ્ટ હતો કે આંખે પટ્ટી જ જોઈએ. શાસ્ત્રનો, વિદ્વતાનો, તર્કનો સહારો મેં ક્યારેય લગભગ લીધો નથી. અવાજની સ્પષ્ટ સમજણ મને જ્યારે સમજાય તે મારે માટે અર્થ. આમ મેં જીવનમાં સ્વીકારેલ છે, એટલે આંખનું મૌન લેવાના નિર્ણયમાં ફેરફાર નહોતો થયો.....

આ દરમ્યાન પુત્રી મોટી થઈ ગયેલ હતી. પત્ની કહે આ બધું મૂકો અને હવે આને અંગે વિચારો અને કંઈક કરો. પણ મેં કીધું કે આ અંગે ઈશ્વરે કરશે. હું કંઈ નહીં કરું. એ બધું એના ભાગ્યનું નક્કી કરીને આવ્યા છે તેમ થશે. એટલે મેં કાંઈ પ્રયત્ન કર્યો નહિ. નહિ એ માટે પ્રયાસ શરૂ કર્યો. હું તો મારી મસ્તીમાં જ હતો. સમય એમ જ જતો હતો. ઘરમાં આંખના મૌનનો વિરોધ હતો. પણ છેલ્લે ૧૯૯૯ સપ્ટે.-ઑક્ટો.માં એ પ્રયોગ શરૂ થયો. ઘરમાં જ પટ્ટી બાંધીને રહેતો.....

દસેરા પહેલાં અવાજ આવ્યો હવે બેબીનું કામ શરૂ કરો. મૌન ખોલી બેબીને પૂછ્યું, તારે લગ્ન કરવા છે ? કુંવારું રહેવું છે ? તારો શું વિચાર છે ? હા-ના નો જવાબ આપો. એમણે કહ્યું, લગ્ન કરવા છે. શ્રીમદ્‌જી શતાવધાની રહ્યા, એમ હું એકાવધાની રહ્યો છું. તરત બાયોડેટા

બનાવ્યા. આખો દિવસ ફોનથી બધાને જણાવતો રહ્યો. ક્યાંય સારું ઠેકાણું હોય તો બતાવજો.....

પાલઘરમાં એક છોકરો છે. એમણે નામ એડ્રેસ આપ્યું.....

છોકરો જોયો. માણસો જોયા. પોતાના બંગલા-મોટર, સુખી પરિવાર હતો. અમે કીધું તમે આવો છોકરી જોવા.....

વેવાઈ કહે અમારે ક્યાં તમારે ત્યાં છોકરો રહેવા મોકલવો છે. છોકરીને અત્રે આવવાનું છે તો તમે બેબીને લઈને આવી જાવ તો સારું.....

જયંતીભાઈ કહે, 'આ જામશે નહિ. ક્યાં તું અને ક્યાં આ લોકો ?'.....

અમે આ પહેલો જ છોકરો જોયેલો તેમ જ છોકરાએ પણ આ પહેલી જ છોકરી જોઈ. બંનેને ગમી ગયું. અને બીજી દિવસે ગોળધાણા ખવાણા. આમ કશી જ તકલીફ વિના માત્ર વીસ દિવસમાં આ પ્રશ્ન પૂરો થયો. પૂરું ખાનદાન કુટુંબ મળ્યું.....

લગ્ન પણ અમે પાલઘર જઈને કરેલા. લગ્ન નિમિત્તે પચીસ હજાર આપેલા અને કહેલ કે આ લગ્ન આ ખર્ચમાં કરવાનું છે.....

કોઈ અપેક્ષા કે માંગણી ન લગ્ન પહેલાં કે લગ્ન પછી ક્યારેય કરેલ છે. પ્રેમભાવ તો આપણે જઈએ તો પણ એવો જ આપે. આ પણ કૃપાળુની કૃપા જ સમજું છું. આપણી પાસે તો બચત કશી જ નહોતી. લગ્ન-સગાઈ નિમિત્તે લાખ રૂપિયાની મદદ બૅંગ્લોરવાળાએ કરેલ. પંદરેક હજારનો બોરીવલીવાળાએ એમની દુકાનમાંથી સામાન અપાવેલો. આમ કરિયાવર પણ ઠીકઠીક સંતોષ થાય એમ કરેલો અને પ્રસંગની ભવ્યતામાં જ હું તો દંગ રહેલો. બસ સતત કૃપાળુદેવને પ્રણામ કરતો રહેતો.....

આ લગ્ન પછી આત્માનો સ્પષ્ટ આદેશ હતો કે હવે ઘર છોડો. પુત્રો લગભગ લાઈને લાગી ગયેલા. પણ કામક્રોધ હજી જીતાયેલા નહોતા. કંઈક મોહ પણ હતો. ફરી કુટુંબની જંજાળમાં પડ્યો. ફરી સર્વિસમાં લાગ્યો.....

પગાર ૨૫૦૦ થી શરૂ થયેલ અને છેલ્લે ૨૦૦૫માં છોડ્યું ત્યારે પાંચ હજાર પગાર મળતો હતો.....

પેલો છોડી દેવાનો અવાજ તો હતો જ.....

છુટવાનો ભણકારો તીવ્ર હતો. ગડમથલ ચાલતી રહેલી. છોકરાવ લાઈને લાગી ગયેલા એટલે અગાઉના દેવા ચુકવી દેવાયેલા. કોઈ બોજ હતો નહિ.....

આત્માએ કીધું કે ના છતાં તું હજી રહ્યો તો ભોગવ. પણ પછી આ બધાનું જે થવું હોય તે થાય. ૨૦૦૬માં નીકળી ગયો. એ ચાતુર્માસ ઈડર-ઘંટિયા પહાડ પર થયું. થોડા દિવસો ઉપર રહ્યો અને ત્રણેક મહિના નીચે ચંદ્રપ્રભુની ટેકરી નીચે છે તે ગુફામાં રહ્યો. રોજ એકવાર ભોજન માટે ઉપર જતો હતો.....

અહિં સ્પષ્ટ નિર્ણય થયો કે સર્વસંગ પરિત્યાગ જોઈએ જ. નિર્ણય સ્પષ્ટ હતો. એવા કોઈ સાધુ મળે નહિ. સંપ્રદાયમાં જવાની રુચિ નહિ. કેમકે આત્મજ્ઞાની વગરના પાસે દીક્ષા કેમ લેવાય ? અને જે રીતે અમને ભેદજ્ઞાન થયું છે તેથી તરત જ્ઞાની-અજ્ઞાનીની ઓળખાણ પડી જતી. કરવું શું ? એક જનકવિજયજી મહારાજ હતા પણ તે પણ એ ચાતુર્માસમાં જ કાળધર્મ પામ્યા. જેને પૂછીએ-મળીએ એ સંતોષકારક જિનાગમ માર્ગ બતાવે જ નહિ. આ કાળે દીક્ષા શક્ય જ નથી એમ કહે. પણ આત્માને એ જવાબ માન્ય હતો નહિ.....

પછી પાછો અમદાવાદ ઈડરના ટ્રસ્ટીને મળ્યો. અમારે દીક્ષા લેવી છે પણ શ્રીમદ્‌ના સંપ્રદાયમાં લેવી છે.....

ઉકેલ ન આવ્યો. વાત એમ જ લટકી રહી. પણ એક નિર્ણય થયો કે હવે પછી સાધના કે ચાતુર્માસ કરીએ ત્યાં ભિક્ષાથી ચલાવી શકાય તો જ ત્યાં રહેવું. અન્યથા ઘરે રહેવું. ઈડરથી અમદાવાદ આવ્યો. ત્યાં ગોંડલ સંપ્રદાયના સ્થા. સાધ્વી સવિતાબાઈના સત્સંગમાં રોજ જતો. એમને અવારનવાર મળતા રહેવાનું થયું. એમણે કીધું પહેલીવાર તમે મળ્યા જે દીક્ષાની અને સાચી વાત કરો છો. એમણે લાકડાના પાતરા અને ઝોળી આપી. એ દરમ્યાન પૂ. યશોવિજયજીને પાટણમાં મળવા ગયેલ. મેં પુછ્યું: 'સમ્યગ્‌દર્શન પછી સાધકની દીક્ષા કેવી હોય અને ચર્યા કેવી હોવી જોઈએ.' એમણે જવાબ આપ્યો, 'સમકિત પછી સહજ દીક્ષા જેવું જીવન હોય. એ વ્યક્તિને નિયમનું બંધન ન હોય. નિયમો તો સમકિત મેળવવા માટે છે અને જરૂરી છે પણ સમકિત પછી સહજ નિયમની જરૂર નથી રહેતી. સાધકનું સહજ સ્વચ્છંદ રહિત જીવન બની જાય છે. સાધકની જાગૃતિ જ એટલી બધી રહે છે કે ભૂલ થાય તો પણ તરત જ દેખાય જાય છે.' આથી સમાધાન થયું. ૨૦૦૭ના એપ્રિલમાં ઘરેથી નીકળેલ. ચાતુર્માસ ક્યાં કરવું એ નક્કી નહોતું. પણ ભિક્ષાનો નિયમ જળવાય ત્યાં રહેવાનો વિચાર હતો. ૨૦૦૭માં ઇડરિયા ગઢમાં ગુફામાં રહ્યો. ખુલ્લી ગુફા, ચિત્તા-વાઘ ત્યાં હોય છે પણ એકાદ દિવસ ભય સહજ લાગેલ પણ બેવાર અલગ અલગ રીતે ગિરનારી ગુફામાં રહ્યો. એકવાર બધા અલગ અલગ ઘેર જમવાનું રાખેલ અને બીજી વખત જૈન ધર્મશાળામાં રાખેલ. ત્યાં અવાજ આવ્યો. અમદાવાદ ચાતુર્માસ કરવાનો.....

પાછો ઈડર ગયો. ઘંટીયા પહાડ પર ચાતુર્માસ થઈ શકે તેમ હતું. પણ ત્યાં ભોજન રોજ એક જ રસોડેથી ગોચરી કરવાનું થાય એ મને માન્ય નહોતું. હું હસતો હતો કે ભગવાન જો તો ખરો તારા ભક્તને કોઈ રાખવા તૈયાર નથી. પણ મનમાં કોઈ ચિંતા કે વિકલ્પ નહોતા. એમાં એક દિવસ અમદાવાદમાં રેખાબેન, શ્રીમાટલિયાજીની પુત્રીને ત્યાં ગયેલો. એમણે કહ્યું, 'તમે રણાપુરનું ચાતુર્માસ કરોને ! ત્યાં સંતબાલજી એક વરસ મૌન રહેલા. મારા ધ્યાનમાં આ વાત હતી નહિ, પણ આ વાતને પકડી લીધી ને રણાપુર જઈ આવ્યો. જગ્યા જોઈ. સરસ નર્મદા નદી સામે જ દેખાતી રહે એમ નિસર્ગમય જગ્યા હતા. જગ્યા ભાંગી તૂટી રીપેર માગે તેમ હતી. પણ એમ જ એ જગ્યામાં ૨૦૦૭નું ચાતુર્માસ નર્મદા કિનારે થયું. ત્યાં ચાતુર્માસમાં નવ ઉપવાસ કરેલા ત્યારે બધા પરિવારજનોને તેની વાતો કરી. પત્ર લખેલ. શ્રીમદ્‌ને સર્વ સમર્પણ હવે થાય છે એમ કહ્યું. ચાતુર્માસ પછી એક મહિનો એક ભાઈના ખેતરની ઓરડીમાં માલસર-નર્મદા કિનારે રહ્યો. ત્યાં અવાજ આવ્યો નર્મદા પરિક્રમા કરો. એટલે તરત પરિક્રમા શરૂ કરી. ૨૮૦૦

માઈલની લગભગ આ યાત્રા વગર પૈસે-ચાલીને ભિક્ષાની ઝોળીના સહારે થઈ. અદ્‌ભુત રહી એ યાત્રા. અનેક પ્રકારના સાધુ સન્યાસીના વાત-વ્યવહાર રીતભાતના દર્શન થયા. જંગલો-પહાડો-આદિવાસી વિસ્તારોમાં લગભગ એકલા યાત્રા થઈ. ક્યારેક કોઈ સાથે હોય, ક્યારેક કોઈ ન હોય. પણ ક્યાંય ભય નહોતો. બપોર જે ગામે પહોંચીએ ત્યાં ભિક્ષા કરીને આહાર કરી લઈએ. સાંજે યાત્રામાં રાત્રિભોજન ન થાય એમ મોટે ભાગે થયું. એકવાર આદિવાસી વિસ્તારમાં શૂલપાણીની પહાડીમાં આદિવાસીએ લૂંટી લીધો. પણ બે-ચાર દિવસમાં આગલા મુકામે ઘટતી વસ્તુઓ મળી ગઈ.....

મે ૨૦૦૮માં નર્મદા યાત્રા પૂરી થઈ. આમ પહેલી વાર સળંગ લગભગ ૧૩ મહિના ઘર બહાર રહ્યો. યાત્રા દરમ્યાન ફોનની સગવડ ક્યાંય મળે તો મહિને પંદર દિવસે ફોનથી ઘરે સંપર્ક કરી લેતો. લગભગ અકિંચન વ્રત અને ભિક્ષાથી આ યાત્રા થઈ.....

૨૦૦૭ ચાતુર્માસમાં પરિવાર રણાપુર આવેલો. કહે તમારી ગેરહાજરીથી બંને પુત્રોના વેવિશાળના કામ અટકી જાય છે. બધું નક્કી થઈ ગયા જેવું થાય પણ છેવટે મારી ગેરહાજરીના કારણે જ આ કામ અટકતા. મને પણ મનમાં આ સંકલ્પ-વિકલ્પ રહ્યા કરતો. પરિવારે એમ પણ કીધું કે બંનેના લગ્ન થઈ જાય પછી દીકરીને જેમ વળાવીએ છીએ એમ તમને પણ તરત જ વળાવી દેશું. જ્યારે કુટુંબે આટલો બધો સહકાર આપ્યો છે તો હવે આ કામ મારા લીધે જ અટકતું હોય તો હવે એમાં સહયોગ આપવો જોઈએ. આમ વિચારી મે-૨૦૦૮માં ઘરે ગયો. મે-૨૦૦૮ થી જુન-૨૦૦૯ ઘરે રહ્યો. બંને પુત્રોના લગ્ન-વેવિશાળ એ દરમ્યાન થઈ ગયા. જુલાઈ-૨૦૦૯થી ઘર છોડ્યું છે. પરિવારને તો એમ હતું કે ચાતુર્માસ પુરતા જાય છે, પાછા આવી જશે પણ મને અંદાજ હતો કે હવે લગભગ પાછા જવું નથી અને એમ જ થયું. પરિવારને મોહ હોય એ સમજી શકાય પણ અમને પરિવાર પ્રત્યે પ્રેમ છે રાગ નથી. એ પણ અન્યની જેમજ વિશ્વ કુટુંબના સભ્યો છે.....

પરમાત્મા અત્યાર સુધીના પરિવારના બધા જ પ્રસંગો સહજ રીતે પતાવવામાં કૃપાપાત્ર રહ્યા. ભૌતિક પ્રશ્નો પણ પતાવ્યા અને આધ્યાત્મિક પ્રશ્ન આત્મજ્ઞાનનો તે તો પહેલાં જ પતાવી દીધો હતો.....

મૂળ તો આખી સાધનાની શરૂઆત જે ૧૯૮૪ના એક વરસના મૌનથી થઈ છે તે સમકિત પછી જ થઈ છે. સમ્યગ્‌દર્શન પહેલાં થયું અને સાધના કે શુદ્ધિ અર્થે કાર્યો પછીથી થયા.....

મને કૃપાળુદેવનો પરિચય કેમ થયો ?.....

૧૯૭૦ આસપાસ કલ્યાણ મુકામે એક સંબંધીને ત્યાં મરણ પ્રસંગે ગયેલો. વળતા મારા મામા ભગવાનદાસ લાખાણીએ વાત કરતા જણાવેલ કે ઘાટકોપરમાં શ્રીમદ્‌ મંદિરમાં સરસ સ્વાધ્યાય ભક્તિ થાય છે. એ પછીથી ઘાટકોપર એક બે વાર ગયો. શશિભાઈ ઝવેરી-મંજુલાબેનની ભક્તિ ગમી. એ સમયે પર્યુષણ પર ઘાટકોપરમાં વજુભાઈ ખોખાણી સતત લગભગ આઠ દસ વરસ પર સ્વાધ્યાય કરાવવા માટે મોરબીથી આવતા. મને એ સ્વાધ્યાય ભક્તિનો રંગ લાગ્યો. સ્થાનકવાસી મટી હું શ્રીમદ્‌મય બની ગયો.....

કૃપાળુદેવના રંગે રંગાઈ ગયો પણ એમાં કોઈ ધર્મની ઊંડી સમજ હતી એવું નહોતું. એ ગમવા લાગ્યું. આમ ચાર-પાંચ વરસ સતત આ શ્રીમદ્‌ની ભક્તિ સ્વાધ્યાયનો લાભ મળ્યો. ધર્મપત્ની પણ કૃપાળુદેવના કારણે જ મળ્યા. ૧૯૭૦થી હું પર્યુષણ ઘાટકોપર જ કરતો. મારા બા કહેતા કે તું સ્થાનકવાસી મટીને શ્રીમદ્‌મય થઈ ગયો. ઉપાશ્રયે જવાનું લગભગ નહિવત્‌ થયું.....

આ સ્વાધ્યાય ભક્તિથી પ્રત્યક્ષ સત્પુરુષ સદ્‌ગુરુ જોઈએ એમ મનના ખૂણે ક્યાંક આ ભાવ દૃઢ થઈ ગયો હશે. મારી એ માટે કોઈ શોધ કે ઈચ્છા-રૂચિ અકસ્માત પહેલાં નહોતી. નહોતી એવી કોઈ ઊંડી સમજણ કે સત્પુરુષ તો જોઈએ જ !.....

હું સતત સત્પુરુષ સદ્‌ગુરુની શોધમાં દોડતો રહ્યો. નોકરી-ધંધા કુટુંબની જવાબદારી મારી એકલા પર હતી. એટલે બધું છોડી શકાય એમ નહોતું પણ જ્યાં પણ સત્સંગ સ્વાધ્યાય ભક્તિ હોય તેમાં ગમે તેમ કરીને પહોંચવું. એવા કોઈ વક્તાને મળવું. વાત કરવી. એ તીવ્ર ઝંખના હતી. એમ કહું કે તીવ્ર તલસાટ હતો સદ્‌ગુરુની પ્રાપ્તિ માટે. બાહ્યમાં કામ ક્રોધ કષાયો હતા પણ અંતરપરિણતિ વિચારો સતત આ માટે જ રહ્યા કરતા હતા. વક્તાઓને સાંભળીએ પણ ક્યાંય મન માને નહિ. અંદરનો અજંપો તીવ્ર હતો. એણે મને બેચેન કરી મૂક્યો હતો. જવું ક્યાં ? શું કરવું ? ક્યારેક છાને ખૂણે તો ક્યારેક ઘરમાં જ આંસુઓ આવી જતા. એકવાર સવારે ભક્તિ કરતાં પત્રાંક ૧૨૮ જે મુખપાઠે હતો તે કરતાં કરતાં ખૂબ રોવું આવ્યું. સવારે બેબી કહે, 'પપ્પા તમે આજે રડતા હતા ?' શું જવાબ આપું ?.....

આવી જ દોડમાં એકવાર બંધુ ત્રિપુટીનો સ્વાધ્યાય સાંભળવા પાર્લા ગયેલો. વળતા એક અમારા વડીલ હરજીવન ટીંબડીયાને ઘરે ગયેલો. સરસ લાયબ્રેરી તેમની પાસે હતી. એમણે મને 'શ્રીમદ્‌ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાન કોષ–લેખક લગભગ-નગીનદાસ ગીરધરલાલ કે ભીખાલાલ ગીરધરલાલ છે' તે આપ્યું. આ થયું હશે લગભગ ૧૯૮૪ની શરૂઆતમાં. એક દિવસ આ પુસ્તક બપોરે ઘરમાં વાંચી રહ્યો હતો. એમાં શ્રીમદ્‌નું એક વાક્ય વાંચ્યું, 'અસ્તિત્વ–આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસ થવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અસ્તિત્વ એ સમ્યક્ત્વનું અંગ છે. અસ્તિત્વ જો એક વખત પણ ભાસે તો તે દૃષ્ટિની માફક નજરાય છે, અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. જો આગળ વધે તો પણ પગ પાછા પડે છે, અર્થાત્‌ પ્રકૃતિ જોર આપતી નથી. એક વખત સમ્યક્ત્વ આવ્યા પછી તે પડે તો પાછો ઠેકાણે આવે છે. એમ થવાનું મૂળ કારણ અસ્તિત્વ ભાસ્યું છે તે છે.'.....

આજ સમયમાં ગાંધી-વિવેકાનંદના પુસ્તકોમાં રસ પડ્યો હતો. તે વાંચતો હતો. તેમાંથી એક વાક્ય વિવેકાનંદનું મળ્યું.....

'પાત્રતા પ્રગટ કરો-પરમાત્મા તમારે દ્વારે આવશે.' આ વાક્યે મારી સત્પુરુષની શોધની દોડ અત્યંત ધીમી કરી નાંખી. મને થયું આજ વાત બરાબર છે. આ આપણા હાથની વાત છે. આમ પણ પાત્રતા

વગર ક્યાં આપણે સદ્‌ગુરુને ઓળખી શકવાના હતા. પણ જ્યાં સુધી પ્રત્યક્ષ સદ્‌ગુરુ ન મળે ત્યાં સુધી શ્રીમદ્‌જીને સદ્‌ગુરુ પદે સ્થાપીને પાત્રતા પ્રગટ કરવાનો પુરુષાર્થ કરો. આમ અંતરમાં નિર્ણય થયો.....

ચારે તરફથી ઉપાધિઓ આવી પડી. કંઈ સમજ ન પડે. એમાં મને અંદરથી સ્પષ્ટ અવાજ બે-ત્રણ વાર આવ્યો-'એક વરસ મૌન થઈ જા.'.....

બે આંગળી V વી આકારમાં કરીએ કે દેહ-આત્મા જુદા છે. આત્માને ક્યાં કશું થાય છે એમ બોલીએ.....

મૌન લેવું પણ કુટુંબની વ્યવસ્થા કંઈ થાય તો જ એ શક્ય હતું.....

મનમાં એક ઝલક આવી કે આને મળ. એ હતા અમુભાઈ કોરડિયા. મહાવીર સ્ટોર્સ-મલાડવાળા. લગભગ પંદરેક-વરસ પહેલાં મેં તેમને ત્યાં સેલ્સમેન તરીકે નોકરી કરેલ. ખાસ કોઈ શ્રીમંત નથી. નોકરી પછી સંપર્ક લગભગ તૂટી ગયેલા જેવો. ક્યારેક નીકળ્યો હોઉં ને મળું એટલો જ, પણ વિચાર્યું ચાલને મળીએ. મેં વાત કરી ૨૬-૧૧થી મારે એક વર્ષ મૌન લેવું છે. ઘરની જવાબદારી છે. પૈસો ખિસ્સામાં એક પણ નથી. મહિને રૂા. ૧૨૦૦/- ઓછામાં ઓછા જોઈએ. જો તમે આ મદદ કરો તો મૌન ચાલુ થાય. અને એમણે કોઈ સલાહ સૂચન આપ્યા વગર વાત તુરત સ્વીકારી. અને ૨૬-૧૧-૮૪ થી ૨૫-૧૧-૮૫ એમ એક વરસનું મૌન ચાલુ થયું. આ પહેલાં જીવનમાં ક્યારેય એક કલાકના મૌનનો પ્રયોગ પણ મેં જીવનમાં કર્યો નથી.....

બધા વ્યવસાય-વહેવાર બંધ કર્યા. એ દરમ્યાન સત્શ્રુતમાં જે વીસ પુસ્તકોની નોંધ 'ઉપદેશ નોંધ' નં. ૧૫માં છે એમાંથી મળ્યા એટલાનો ગુજરાતીમાં સ્વાધ્યાય કર્યો. મને તો દ્રવ્ય કોને કહેવાય? પર્યાય કોને કહેવાય? એ પણ ત્યારે ખ્યાલ નહોતો. પણ સત્શ્રુત વાંચતો રહ્યો. એમાં 'સમયસાર' વાંચતા અંતર પરિણતિ કંઈક ફરી. ત્રણેક દિવસ કંઈક ભાવવાહી પ્રવાહ શરીરમાં વહેતો રહ્યો. અને આ સત્શ્રુતએ એક નિર્ણય સ્પષ્ટ થઈ ગયો કે જુનાગઢ હૉસ્પિટલમાં જે વેદના ગાયબ થવી એ જ આ અસ્તિત્વ. આ જ સમકિત છે. આ તો બહુ મોટી ઉપલબ્ધિ થઈ. થયું અદ્‌ભુત વસ્તુ મળી ગઈ. થયું મૌન પછી આપણે લોકોને માર્ગદર્શન આપશું. પણ ત્યાં જ થોડા દિવસ પછી એક શબ્દ સ્વપ્નમાં મળ્યો. 'ઊભો રહે. હજી વાળમાંથી થોડો તડકો ખરવા દે.' આમ તો આનો અર્થ કશો ન થાય. પણ મેં એવો અર્થ તારવ્યો કે હજી વાર છે. કશું કરવાનું નથી. એમ જ સહજ જીવન જીવવાનું છે. આ મૌનમાં શ્રીમદ્‌ સિવાય-ગાંધીજી-વિવેકાનંદજી તેમજ અન્ય સત્શ્રુત સ્વાધ્યાયનો ઘણો લાભ લીધો. આ મૌનમાં એક નિર્ણય સ્પષ્ટ થઈ ગયો કે આ જ સમ્યગ્‌દર્શન છે. પંદર ભવથી હવે વધારે નથી જ થવાના. મોક્ષ-મુક્તિ તો નિશ્ચિત છે જ! અંગત મુક્તિનો પ્રશ્ન મટી ગયો. એ પછી આજસુધી ક્યારેય હું એ માટે ચિંતિત થયો નથી કે મારું શું થશે? જે થશે તે સારું જ હવે થશે.....

આ એક વરસના મૌનમાં ભાગ્યે જ ક્યારેક મૌન ભંગ થયો હશે. મૌન પૂરું થવાના છેલ્લે દિવસે કાંદિવલી હિતવર્ધક હૉલ રાખી ભક્તિ કરાવી. મારા દોષોની કબૂલાત કરી અને કેટલુંક વ્યક્તવ્ય આપ્યું અને વેશ પરિવર્તન કર્યું. જૈન સાધુ જેવો ચોલટો-દુપટો અને નીચે ગંજી પહેરવાનું રાખેલ. પછી તો આ વેશમાં જ હું લગ્ન-સગાઈ કે ગમે ત્યાં જતો. બધા મારી મજાક મસ્તી પણ ક્યારેક કરતાં રહેતાં. પણ આપણે તો આપણી મસ્તીમાં જ રહેલા.....

લગભર ત્યારપછી ૬-૮ મહિના પછી ઘર છોડીને હું જાઉં છું એમ કહીને ઘરેથી નીકળ્યો. ક્યાં જાઉં છું, શું કરીશ એ મને ખબર નહોતી. પણ ઘરે કીધું હું અહિંથી ઈડર જાઉં છું. ત્યાં ગયા પછી જેમ સૂઝશે એમ કરીશ.....

ઈડર ચારેક દિવસ ઘંટીયા પહાડ પર શ્રીમદ્‌ના મંદિરમાં રહ્યો. પણ હું લગભગ દિવસનો મોટો ભાગ એ પહાડો પર જ આંટા મારતો રહ્યો. એમાં સ્પષ્ટ અવાજ આવ્યો. 'ઘરે પાછા જાવ અને જગતની ગંદકી સાફ કરો.' જ્યારે પણ આવા અવાજ આવે છે ત્યારે મને જે મારો આત્મા કહે એ મારા માટે અર્થ. શાસ્ત્ર એ બાબત શું કહે છે કે મિત્રો કે વિદ્વાનો એ વિષે શું કહે છે એ મારે મન ગૌણ રહેતું. મને આનો અર્થ સ્પષ્ટ એવો લાગ્યો કે ઝાડુ લઈને સફાઈ કરો. ગંદકી દૂર કરો.' હવે મૂંઝવણ થઈ. ઘર છોડીને નીકળ્યો ને તરત પાછો કેમ જવાય? તરત અહમ્‌ આડે આવ્યો. એટલે વળતા ત્રણેક મહિના શ્રીમદ્‌ આશ્રમ

ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક
જૈન આગમ પર્યુષણ અંક

'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક સપ્ટેમ્બરમાં પર્યુષણ પર્વના દિવસે ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે. આ જ્ઞાન સમૃદ્ધ વિશિષ્ટ અંકનું સંપાદન આગમ પ્રચારક વિદ્વાન શ્રાવક **શ્રી ગુણવંત બરવાળિયા** કરશે.

આ અંકમાં જૈનોના ૪૫ આગમોનો પરિચય એના તત્ત્વદર્શન સાથે પૂ. મુનિ ભગવંતો અને વિદ્વાનોના વિવિધ સંશોધનાત્મક લેખો દ્વારા કરાવાશે.

આગમ ઉપર લખાયેલ આ તત્ત્વથાળ જૈન-જૈનેતર જિજ્ઞાસુઓને જૈન આગમ તત્ત્વનું સરળ ભાષામાં દર્શન કરાવશે.

પ્રભાવના અથવા ભેટ આપવા માટે વધુ નકલોની આવશ્યકતા હોય એ શ્રુત ભક્તોને સંસ્થાના કાર્યાલય ઉપર ફોન કરી-૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઑર્ડર લખાવવા વિનંતિ. એક નકલની કિંમત રૂા. ૪૦/-.

એકસોથી વધુ નકલ લેનારને અંકમાં જુદા પાના ઉપર પ્રભાવના કરનારનું નામ છાપી અપાશે.

આ જ્ઞાન સમૃદ્ધ અંકના સૌજન્યદાતા આવકાર્ય છે. શ્રુત પ્રચાર અને શ્રુત સેવાનું કાર્ય એ જ્ઞાન તપ છે, કોઈ પણ તપ પુણ્યની લબ્ધિ આપે જ છે.

□ **તંત્રી**

-કોબામાં રહ્યો. એ દરમ્યાન ત્યાંની લાયબ્રેરીનું કામ વ્યવસ્થિત કર્યું. નવા રજીસ્ટર-નવા નંબર-પુંઠા ચડાવવા વિ. કામ મને સહજ ત્યાં કરવા મળ્યું.....

પણ અવાજ તો હતો સફાઈ કરવાનો અને ઘર જવાનો. તેથી પાછો ઘેર ગયો.....

અવાજ આવ્યો આ મૂકી દે મૌન થઈ જા.....

આમ આ અંતર અવાજ મારી સાધનાનો પાયો રહ્યો છે. એક ટોચ પર પહોંચું, એનું વળગણ થાય ત્યાં જ મને અવાજ આવ્યો હોય એમ ઘણીવાર બન્યું છે.....

સ્વાધ્યાય ભક્તિ મારા સરસ થતા. મુમુક્ષુને ગમતા પણ ખરાં. મેં પણ અત્યંત ભાવથી ભક્તિ કરી છે અને કરાવી છે. રાગ પણ સારો એટલે વધારે ગમે સહુને. પણ વળી છેવટે અવાજ આવ્યો, 'આ બંધ કર. આ તો ફાંસીનો માંચડો છે. હેઠો ઉતરી જા.' અને એ બંધ થયા.....

આ સર્વમાં મને સહુથી વધારે સાથ મળ્યો હોય તો એ મારા ધર્મપત્નીનો. એમણે આજીવિકા કે અન્ય કોઈ ફરિયાદ ક્યારેય નથી કરી. મારું વર્તન ન ગમતું હોય એ સ્વાભાવિક છે પણ એ અર્થે અબોલા લીધા હોય, ક્રોધ કર્યો હોય એવું ક્યારેય નથી કર્યું. હું જ્યાં હોઉં ત્યાં પરિવારને ખબર હોય છે જ પણ ક્યારેય ઘરની ગમે તેવી મુશ્કેલીઓ હોય. પત્ર દ્વારા મને જણાવી નથી. જવાનો છું એમ કહું તો જવા દે રોકે નહિ. કોઈ દલીલ નહિ સલાહ નહિ. ઉલટા પૂરતા પૈસા આપીને રજા આપે. પાછો આવ્યો હોઉં તો પણ એ જ પ્રેમથી ઉમળકાથી આવકાર્યો હોય. વેશ કે કામ ગમે તે હોય એ સ્ત્રીએ મુખ પર ક્યારેય અણગમો નથી દર્શાવ્યો.....

એકવાર હું ચિંચણ મૌનથી પાછો આવેલ ત્યારે એક પ્રસંગ મને કહ્યો. છોકરાની સ્કૂલ ફી ભરવાની હતી. ઘરમાં એક પૈસો ન હતો. એ જ દિવસે સાંજે બોરીવલીવાળા વસંતભાઈ અને સ્મિતાબેન ઘરે આવ્યા. આ પહેલાં હું અંગત રીતે વસંતભાઈને મળેલ નહોતો. મને અંગત પરિચય પણ નહોતો. મેં તો એમને જોયેલા પણ નહોતા. પણ અમારા મુમુક્ષુ મંડળના રમાબેન કે અરવિંદભાઈએ મારા વિષે વાત કરેલ હશે એમ મારું અનુમાન છે. કેમકે એ બંને આ પરિવારને ત્યાં સત્સંગ અર્થે જતા આવતા હતા. ઘરે આવીને પત્નીને મળ્યા. બેઠા, વાતો કરી અને ગયા. કીધા વગર એક કવર મૂકીને ગયા. પત્નીને થયું ભૂલી ગયા લાગે છે. તે તુરત પાછા આપવા ગયા, પણ એ કહે ના ભૂલી નથી ગયા, તમે એ રાખો. અને એ દિવસે ઈશ્વરે લાજ રાખી દીધી. વસંતભાઈએ તો ત્યાં સુધી કહેલ કે રમેશભાઈને સાધના કરવા દેજો. તમારા નામે સારી એવી રકમ મૂકી દઈએ જેના વ્યાજમાંથી તમારું ચાલે. વારે ઘડીએ તમારે મારી કે અન્યની અપેક્ષા ન રહે. અમારા પત્નીએ એ સ્વીકારેલ નહિ. પછી તો મોટા પુત્રને સર્વિસમાં રાખીને સહાયરૂપ બન્યા.....

આમ લગભગ અતથી ઇતિ આજસુધી સાધનામાં કોઈ ને કોઈ રીતે અદૃશ્ય રીતે સહાય મળતી રહી છે. સાધનામાં જરૂરી દરેક સહાય યથાયોગ્ય સમયે મળી જ રહેલ છે.....

સાધનામાં શરીર પણ હંમેશાં પૂર્ણ સહયોગી રહ્યું છે. પણ આ બધા પ્રસંગોથી કુટુંબમાં પણ શ્રદ્ધા આવી છે કે ભલે એમણે કુટુંબ પ્રત્યે ધ્યાન નથી દીધું, કોઈ આર્થિક ગોઠવણ નથી કરી પણ તે છતાં આપણાં બધા પ્રસંગો સરસ રીતે ઉકેલાતા રહ્યા છે. ક્યાંય તકલીફ પડી નથી. આથી હવે પરિવારનો પ્રેમપૂર્ણ સહયોગ છે. સહમતિ છે.....

સાધનામાં પણ શ્રેષ્ઠ સ્થળો મળ્યા. ચારેક વખત ચિંચણ દરિયાકિનારે અત્યંત પ્રકૃતિ સભર વાતાવરણમાં, ઈડર-નર્મદા કિનારો-નર્મદા પરિક્રમા-પનવેલ જંગલમાં, ૨૦૦૯નું ચાતુર્માસ મુંબઈથી ૫૦ કિ.મી. દૂર દહીંસર ગામમાં ગીરધરભાઈના ફાર્મ પર થયું. ચારે બાજુ પર્વતમાળાની વચ્ચે આ ફાર્મ છે. યથાયોગ્ય સમયે માટલિયા જેવા શ્રેષ્ઠ માર્ગદર્શક મેળવી આપ્યા. એવું જ શ્રેષ્ઠ પુસ્તક 'ઉઘડતા દ્વાર અંતરના' મેળવી આપ્યું. આમ વિવિધ રીતે કૃપાળુદેવની કૃપાના ધોધ વહ્યા છે. ખબર ન પડે એમ પણ સતત આજુબાજુ–ઉપર નીચે કવચની જેમ રક્ષણ મારું કરતાં રહ્યાં છે.....

જે પણ જીવનમાં થયું છે કે થવાનું છે એ બધું એમની કૃપાને જ આભારી છે એમાં લવલેશ શંકા નથી.....

આજે જ્યારે પરમ નિરાંતમાં છું ત્યારે આ સમજાય છે.....

સાધક સાધના કરતાં કરતાં આગળ વધે-શુદ્ધિ થતી જાય પછી ક્યારેક ભેદજ્ઞાન, ગ્રંથિભેદનો અવસર આવવાનો હોય તો આવે.....

હજી પણ શુદ્ધિ પ્રક્રિયા જ ચાલી રહી છે. મોહ જીતાયો છે પણ કામ ક્રોધ પૂર્ણ જીતાયા છે એમ કહીએ તો એ જાત સાથે છેતરપિંડી ગણાશે. હા, સત્પુરુષનું શરણ છે એટલે કામ ક્રોધ વખતે તાદાત્મ્ય નથી થતું. પણ એ દોષો થોડે અંશે છે તો ખરા જ. ક્રોધનો ઉપાય મૌન છે અને કામનો ઉપાય સદ્‌ગુરુનું શરણ છે. આ શરણ છે એટલે ભૂલ તરત જ દેખાય જાય છે અને એ ફરી ન થાય એની જાગૃતિ ક્વચિત રહે છે, પણ તે છતાં અંશે દોષો હજી છે જ.....

શ્રીમદ્‌જી શતાવધાની રહ્યા. ત્યારે હું લગભગ એકાવધાની રહ્યો છું. પ્રાયઃ જીવનમાં બે ઘોડે ચડવાનો પ્રયાસ બહુ ઓછો થયો છે. બીજું મારી પાસે શાસ્ત્ર જ્ઞાન નથી. કોઈ રિદ્ધિસિદ્ધિ નથી, લબ્ધિ નથી. છતાં આત્મ અનુભવ છે એ સો ટકા સાચું છે. મારા કરતાં જૈન શાળાનો બાળક જૈન પરીક્ષામાં વધારે માર્ક લાવી શકે એટલી બધી હદે શાસ્ત્ર જ્ઞાનમાં હું કાચો છું પણ આ ઉણપ છુપાવવાનું કારણ મૌન નથી.....

અમારા જીવનના ઉદ્દેશનું લક્ષ છે વિશ્વશાંતિ. મોક્ષ તો અમારો નિશ્ચિત છે જ. કેટલા ભવે એ જ્ઞાની જાણે. પંદરથી વધારે તો નથી જ એટલી ખાત્રી છે. આ સત્ય, અહિંસા, વિશ્વશાંતિનો પ્રયોગ થાય, સફળ થાય તો–જો કે એ સફળ થવાનો જ છે અમને એમાં શંકા નથી જ. કૃપાળુ દેવ આવતી અનેક સદીઓ સુધી જનમાનસમાં પૂજ્ય બની રહેશે. એક વ્યક્તિ દેહત્યાગ પછી પણ અદૃશ્ય રીતે બધો જ દોર પોતાના હાથમાં લઈને સંપૂર્ણ અહિંસક ક્રાંતિને સફળ બનાવી શકે છે એનું સ્પષ્ટ વિશ્વને દર્શન થશે. એ રીતે વીતરાગ ધર્મ પણ જગતમાં છવાઈ જશે.....

ભલે અમારી પાસે શાસ્ત્રજ્ઞાન નથી પણ જે લક્ષ્ય વિશ્વશાંતિ છે એ માટેના જરૂરી સાધનો, ઉપાયો કૃપાળુદેવની કૃપાથી અમારી પાસે છે. અને એમાંનું એક સાધન મૌન પણ છે.....

એકવીસમી સદીની આ અદ્‌ભુત આશ્ચર્યકારી ઘટના હશે/છે.....

એક પામર, પાત્રતા વગરના, તુચ્છ માણસને સદ્‌ગુરુ-સત્પુરૂષના શરણાથી પરમ સુધી પહોંચાડનારી યાત્રાની આ અદ્‌ભુત આશ્ચર્યકારી ઘટના છે. અથથી ઇતિ સુધી ક્યાંય ને ક્યાંયથી ન ધારેલી સહાયો કુદરત પૂરી પાડતી રહી. કેટલા બધા વિકટ સંજોગોમાં યાત્રા શરૂ થઈ અને સાવ નિર્વિઘ્ને યાત્રા પૂરી થવામાં નિસર્ગ કહો, કુદરત કહો, સદ્‌ગુરુ કહો–બધું એક જ છે, સહાયરૂપ થયા. પરમની સહાય વગર માનવી પામર જ છે. પરમની સહાયથી જ માનવી પામરમાંથી પરમ સુધી પહોંચી શકે છે. જીવનમાં ૯૯% માનવીનો પુરુષાર્થ જરૂરી છે અને ૧% ઈશકૃપા-ગુરુકૃપા એમાં મળે ત્યારે કામ થાય છે. આ ૧% વગર ૯૯% પુરુષાર્થ પણ ઘણાં સાધકોના નિષ્ફળ ગયા છે. આ ૧% ઇશકૃપા જ મુખ્ય વાત છે. એ હોય તો બધું સવળું છે. ગ્રંથિભેદ-ભેદજ્ઞાન-આત્મજ્ઞાન-સાક્ષાત્કાર-ઈશ્વરદર્શન બધા અલગ શબ્દો છે. અર્થ એક જ છે. આ થવા માટે ગુરુકૃપા જ એકમાત્ર કારણ છે. એની કોઈ વિધિ નથી. એની કોઈ રીત નથી. એનો કોઈ નિશ્ચિત સમય નથી પણ એ ઘટના ઘટે છે ત્યારે પળ માત્રમાં અનંતકાળના કર્મોના ભાંગીને ભુક્કા થઈ જાય છે. બળીને ખાખ થઈ જાય છે. વ્યક્તિ પામરથી પરમ બની જાય છે. સદ્‌ગુરુ-સત્પુરુષ એ ઈશ્વરનું રૂપ છે કે કહો ઈશ્વર જ છે તો પણ ખોટું નથી.....

'શ્રીમદ્ રાજચંદ્ર સત્શ્રુતનો સ્વાધ્યાય ૮ થી ૧૦ વાર થયો છે પણ એમાંથી કેટલાંક વાક્યો જ આ સાધનામાં મુખ્ય છે. મુખ્ય વાક્યો છે.....

૧. 'તારા' દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે.'

૨. હું કહું છું એમ કાંઈ કરશો ? મારું કહેલું સઘળું માન્ય રાખશો ? મારા કહેલા ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો ? હા, હોય તો જ હે સત્પુરુષ ! તું મારી ઈચ્છા કરજે.

૩. યોગાનુયોગે બનેલું કૃત્ય બહુ સિદ્ધિને આપે છે.

૪. આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતા અટકશો નહીં.....

ટૂંકમાં પત્રાંક ૩૦૧ મુજબ જીવન રળ્યું તે આમ છે-'જગત આત્મરૂપ માનવામાં આવે, જે થાય તે યોગ્ય જ માનવામાં આવે, પરના દોષ જોવામાં ન આવે, પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે. બીજી રીતે નહીં.'.....

કૃપાળુદેવ પત્રાંક ૩૯૭ માં લખે છે, 'એક અક્ષર બોલતાં અતિશય-અતિશય એવી પ્રેરણાએ પણ વાણી મૌનપણાને પ્રાપ્ત થશે, અને તે મૌનપણું પ્રાપ્ત થયા પહેલાં જીવને એક અક્ષર સત્ય બોલાય એમ બનવું અશક્ય છે; આ વાત કોઈ પણ પ્રકારે ત્રણે કાળને વિષે સંદેહપાત્ર નથી.' આ શબ્દો આગમ જ છે. જિનાગમ જ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ ત્રણે કારણથી રહિતપણે એ શબ્દો લેખપણું પામ્યા છે. માટે સેવનીય છે.' સત્સંગના નામે પણ વાણીનો વેડફાટ હમણાં ન કરવો એમ આત્મ આદેશ છે.....

શ્રીમદ્‌જીના નીચેના વાક્યોમાં સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું સંપૂર્ણ રહસ્ય છે.

૧. સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

૨. 'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ', હે આર્યજનો ! આ પરમવાક્યનો આત્મપણે તમે અનુભવ કરો.....

૧. અણુબોંબ પશુબળનું અંતિમ સ્વરૂપ છે અને તેથી અનિવાર્ય રીતે તે તેના પ્રતિબળને, એટલે કે આત્મબળને મેદાનમાં લાવશે.....

અહિંસા રેડિયમની પેઠે કાર્ય કરે છે. એ સ્વયંક્રિય છે, તે સ્વતંત્રપણે કાર્ય કરે છે. દેશ અને કાળની મર્યાદાઓથી તે પર છે. એટલે આવી અહિંસા જો એક સ્થાને સફળ રીતે પ્રતિષ્ઠિત થાય તો તેની સુવાસ અને અસર સર્વત્ર ફેલાશે.....

૨. એક જ વ્યક્તિ જો તે લગભગ સંપૂર્ણપણે અહિંસક હોય તો દાવાનળ ઓલવવા સમર્થ થાય.....

સત્ય અને અહિંસાનો જ્યાં સંગમ થાય છે ત્યાં આખી દુનિયાને વશ કરી શકાય છે.....

'ખરેખર, એક જ પૂરો સત્યાગ્રહી અધર્મ સામે ધર્મની લડાઈમાં જય મેળવવા બસ છે. શરત એટલી કે તેણે સત્ય સ્વરૂપ ઈશ્વરને સંપૂર્ણપણે સમર્પિત બની જવું જોઈએ.....

'જ્યારે જ્ઞાની પુરુષ એકલો હોય અને સાચી રીતે વિચારતો હોય ત્યારે હજાર માઈલને અંતરે તેનો અવાજ સાંભળી શકાય છે.....

માણસ ખરેખર જ્યારે સ્થિતપ્રજ્ઞ બને છે ત્યારે તેના વિચારો સુદ્ધાં શક્તિશાળી બને છે. આથી એ વિચારો આપોઆપ કામ કરે છે અને પરિસ્થિતિને પલટી નાંખે છે.....

'પાત્રતા પ્રગટ કરો-પરમાત્મા તમારા દ્વારે આવશે.'.....

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'.....

તા ૨૭-૧૦-૯૭, ડાયરી પાના નં. ૬૬. તા. ૨૮-૧૦-૯૭, પાના નં. ૬૮.....

આજે સવારે મોરારી બાપુ સમાધિ પર આવ્યા. સાધના શબ્દનો અર્થ કહ્યો-'આ જગતમાં ત્રણ કક્ષાના જીવ છે. વિષયી, સાધક અને સિદ્ધ. એક ચોથી કક્ષા પણ છે અને એ બહુ અઘરી છે. સિદ્ધ થવું સહેલું છે. ચોથી કક્ષા છે એ શુદ્ધ સ્વરૂપની. શુદ્ધ થવું બહુ અઘરું છે. સાધના એટલે સા=સાવધાનતા–ધ=ધર્મના–ના=નામ, નાદ, ભગવાનનું નામ. ભગવાનનું નામ લઈને ધર્મમાં સાવધાનતા રાખો. આપણે જે પણ ઈષ્ટદેવને માનતા હોઈએ, મહાવીર, બુદ્ધ, રામ, કૃષ્ણ, હરિ. આ સર્વેના ચૈતન્ય નાદને ઓળખીએ અને શુદ્ધ સ્વરૂપને પામીએ.'.....

સંતબાલજીની આ ચૈતન્ય ભૂમિ છે તેના ચરણમાં મારા 'શ્રદ્ધાંજલિ પુષ્પ અર્પણ કરું છું.' .....

દરેક વ્યક્તિનો આ જગતમાં એક રોલ હોય છે. એ મુજબ શોધ કરવી અને શ્રેષ્ઠ રીતે એ પાત્ર ભજવવું એ સાધના કે શુદ્ધિ પ્રક્રિયા. આ

અહિંસક ક્રાંતિમાં જે સ્પષ્ટ ચિત્ર આવ્યું છે તેમાં અમારો રોલ તો છે સંપૂર્ણ મૌન રહેવાનો. અને મૌનમાં તર્ક કે વિદ્વતા કે ચમત્કારોની ક્યાં જરૂર છે ? શ્રીમદ્‌જીએ પોતે આ સિદ્ધિઓ અવરોધરૂપ જાણી છેવટે છોડી દીધી હતી. છતાં મનના ખૂણે ક્યાંક ચમત્કાર-સિદ્ધિઓ હોત તો સારું થાત એવું હતું. પણ પરમાત્માની કૃપા થઈ કે એ અવરોધોથી દૂર રાખ્યો.....

આ અહિંસક ક્રાંતિનું મુખ્ય બળ તો છે 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.' આ ક્રાંતિનું સમગ્ર સંચાલન તો આ યોગબળ મુજબ થવાનું છે. આપણો રોલ તો દૂધમાં મેળવણું જેટલો પણ નથી. આ મૌનમાં એ સમાધાન મળ્યું કે 'રમેશ'નો રોલ 'માત્ર સ્થિર થઈને બેસવાનું છે અને સંપૂર્ણ મૌન રાખવાનું છે.'.....

મૌન સર્વશ્રેષ્ઠ ભાષણ અને સેવા હોય. પણ તે સ્વાભાવિક હોવું જોઈએ. એ માર્ગ વિકટ છે. કરોડોમાં એકને સારું હોય. આપણે આ કરોડોમાંના એક થઈ જઈએ એટલે આપણો રોલ પૂરો થયો. આ સમાધાન થવાથી હવે સ્પષ્ટ લખતા કે 'અમને આત્મજ્ઞાન થયેલ છે.' એમ લખતા જરાપણ સંકોચ નથી. એ આત્મશ્લાઘા પણ નથી. જે છે તે છે. હા, એને તર્કથી સમજાવી શકું એવી પ્રતિભા નથી. પણ એ કામ મૌન અને ચારિત્ર દ્વારા સહજ જણાઈ આવશે.....

અમને આત્મ સાક્ષાત્કાર છે, અમારું સર્વ સમર્પણ શ્રીમદ્‌ રાજચંદ્રજીના ચરણે છે. આ ક્રાંતિના મુખ્ય પ્રેરક-પ્રેરણા સ્રોત એ છે. પણ બીજી વિશેષતા એ છે કે ગાંધીજી અમારી રગરગમાં સમાયેલ છે. અમારા હૃદય ઉપર પૂર્ણ શાસન ગાંધીજી અને શ્રીમદ્‌જીનું છે. અમને પૂર્વજન્મનું જ્ઞાન નથી. એટલે નિશ્ચિંતતાથી કહી શકાતું નથી કે 'હું સ્વયં ગાંધી છું.' ગાંધીજીએ લખેલ છે, 'હું પયગંબર હોવાનો દાવો નથી કરતો પણ જો મને એમ લાગે તો હું કહેતા અચકાઉં એવો નથી.' આ દૃષ્ટિએ કોઈ પણ આત્મજ્ઞાની એમ કહે 'હં ગાંધી છું' તો એ ખોટું નથી, છેવટે તો સત્ય અહિંસાનો પ્રયોગ, વિશ્વ વાત્સલ્ય, સત્યધર્મનો ઉદ્ધાર એવી અનેક ભાવનાઓ તો આત્મજ્ઞાનીમાં હોવાની જ. સર્વાત્મમાં સમદૃષ્ટિ એ તો મુખ્ય ગુણ છે. એ વગર તો સાક્ષાત્કાર શક્ય જ નથી.....

સહજ જૈન સાધુ જેવું જીવન જીવી રહ્યા છીએ. વિધિવત્‌ દીક્ષા લીધી નથી અને લેવાની ઈચ્છા પણ નથી. આમ પણ આત્મ સાક્ષાત્કાર પછી માનવી સંપ્રદાયના પિંજરામાં રહી શકે જ નહીં. સાચો સન્યાસ અને સંપ્રદાયનો મેળ ખાઈ શકતો નથી. દીક્ષા-સન્યાસ એ પાત્રતા મેળવવાનું પરમ સાધન જરૂર છે. પણ પાત્ર થયા પછી તો સ્વયંના માર્ગે જ નીકળી પડવું પડે.....

આનંદઘનજીના શબ્દોથી આને વિરામ આપીએ.....

'યોગી એટલે સ્થળ, કાળ અને પરમાણું ઉપરનું પ્રભુત્વ. તે માત્ર સંકલ્પ કરે અને દુનિયાનો પ્રવાહ ધાર્યો વળાંક લે.'.....

નિસર્ગનો એ મહાનિયમ છે: ઊંડાણ લાવો-વિસ્તાર આવી જશે.....

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.....''

(૩)

હવે કપાળ ઉપર ચાંદલા જોવા મારા ઉપર આવેલા એઓશ્રીના ત્રણ પત્રોમાંથી કેટલાંક વાક્યોનું આચમન કરીએ.

તા. ૨૭-૧-૧૨

''આદરણીય શ્રી ધનવંતભાઈ,

આ સાથે રજનીશજીના એક વ્યાખ્યાનનું ઝેરોક્ષ બીડેલ છે. અમારા જીવનમાં અક્ષરસહ આમ જ ઘટના ઘટેલ છે. અને પરિણામ પણ એ જે બોલ્યા છે એવું જ આવેલ. 'માસ્ટર કી-કુંજી'. કુંચી મળી અને ધીમે ધીમે બધા તાળા ખૂલતા ગયા.

પ્રથમ મૌન આવેલ એક વરસનું – પછી પ્રેરણા થયેલ કે ગંદકી સાફ કરો–અને એમ જ નવેક મહિના લગભગ કાંદિવલી-મલાડ સડકો સાફ કરેલ. રજનીશ બોલ્યા-૧૯૭૭માં પણ અક્ષરસહ ૧૯૮૭માં લગભગ આ પ્રયોગ થયેલ. એ અમારો સુવર્ણકાળ હતો. એકલાની મસ્તી હતી. લોકો ઓળખવા માંડ્યા–સહકાર પણ મળવા માંડ્યો ત્યાં અવાજ આવ્યો આ છોડો–અને એ સહજ છૂટી ગયેલ. આજે તો બધું છૂટી ગયું છે સહજ. અસ્તિત્વ જે કરાવે તે થશે. આપણો રોલ હવે પૂરો થાય છે. અમારી સાધના અત્યાર સુધી ચાલી અને ચાલે છે એ અંતર પ્રેરણા પ્રમાણે ચાલી છે. ધીમી રહી ચાલ પણ સાચી દિશામાં રહી એટલું તો ચોક્કસ. શ્રીમદ્‌જીની અમારી પર અપાર કૃપા રહી છે.

જ્ઞાનસત્રો તો ચાલ્યા જ કરે છે, ચાલવા જોઈએ પણ એનો પ્રયોગ ના હોય તો પછી એની ફળશ્રુતિ શું ? સાચા સાધકોને શોધવા એ પણ જ્ઞાનસત્રનો એક ભાગ ન ગણાય ? વિચારશો ?

હવે ફરી મૌન ચાલુ થશે એટલે હવે તો માત્ર પત્ર કે SMS પૂરતો જ ઉપયોગ ફોનનો રહેશે.

રજનીશજી કહે છે, જ્ઞાન થયા પછી શાસ્ત્ર વાંચવાના છે. શાસ્ત્રો તો ગવાહી-સાક્ષી છે. આપણા અનુભવનો તાળો મેળવવા માટે ખાસ તો શાસ્ત્રો છે. આ એનો મુખ્ય ઉદ્દેશ અને ઉપયોગ છે. રજનીશજીની વાણી પ્રેરણાદાયક છે જરૂર, પણ બધું જ સ્વીકારવા યોગ્ય અનુભવે નથી જણાતું. પણ એમનો એક રોલ હતો અને ભજવી ગયા. આપણે તો તેમાંથી પણ જે સાચું સારું છે તે સ્વીકારીએ.

આપનો તંત્રીલેખ-ગાંધી બાપુનો સરસ છે. આ પ્રયોગનો ઉદ્દેશ હોય તો એ છે કે ગાંધીનું કાર્ય જ્યાંથી અટકેલ છે ત્યાંથી ફરી શરૂ થાય. ઉપાય એ જ છે. એ સહજ થઈ શકે તેમ છે.

x x x

આદરણીય શ્રી ધનવંતભાઈ,

હવે અમદાવાદમાં સ્થિરવાસ છે.

તા. ૩૦–૧–૧૨થી ગાંધી પુણ્યતિથિથી મૌન શરૂ કરવા વિચારેલ છે.

કશું કરવાની કે બોલવાની પણ ઇચ્છા જ રહી નથી. અસ્તિત્વ જે કરશે કે કરાવશે તેમ થશે. આપણે કોઈ યોજના-સંસ્થા-કાર્યક્રમ-આશ્રમ-કશું જ કરવું નથી. ઈશ્વરની મરજી મુજબ થાઓ.

અનુભવને શબ્દમાં સમજાવવો કેમ ? અને જેને અનુભવ નથી તેને ગમે તેટલા શબ્દોમાં મૂકો તો પણ સમજી શકે નહિ. કશું જ ન

કરવાનો નિર્ણય તો ૧૯૯૭ના મૌનમાં થયેલ. પણ અમલ હવે થવા જઈ રહ્યો છે. એક નિર્ણયને અમલમાં મૂકવા પણ યાત્રા ચૌદ વરસ જેટલો સમય લાગ્યો. અનંતકાળમાં જે ન મળે તે માટે આમ તો આ ટૂંકો સમય જ ગણાય ને ! દિશા સાચી હતી, છે અને રહે એ જ પુરુષાર્થ બની રહો.

શ્રીમદ્‌જી-ગાંધીજી-સંતબાલજી ત્રણેના વિચારોમાં સમન્વય અને સામંજસ્ય છે. શબ્દોમાં ભલે ફેર હોય. ત્રણેને નજરે નિહાળ્યા નથી પણ ત્રણેનો અમારી પર ઉપકાર છે. આ ઋણ મુક્ત થવાનો અવસર મળે તો ગમે. પણ સંતોના ઋણમાંથી મુક્ત થવું એટલું સહેલું નથી.

બહાર ઘોંઘાટ સતત હોય છે પણ અંદર શાંતિ સમાધિ છે એટલે એ કંઈ અવરોધ નથી. સરસ મજાની જગ્યા મળી છે જ્યાં સંતબાલજી, રવિશંકર મહારાજ, માટલિયાજી, લગભગ વિમલાજી પણ અત્રે ક્યારેક રહેલા છે. શ્રીમદ્‌જી પણ. આમ સરસ સહજ જગ્યા મળી છે એ પણ ગુરૂકૃપા છે.

x x x

આદરણીય શ્રી ધનવંતભાઈ,

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળે છે. ભૂ.પૂ. તંત્રીઓએ જે `Goodwill' વારસામાં આપેલ છે એને સમૃદ્ધ કરી રહ્યા છો એ બદલ ધન્યવાદ.

'નિયતિ' એ શાસ્ત્ર હોઈ શકે, સિદ્ધાંત પણ બની શકે કદાચ, પણ એ ખરેખર તો અનેક નયમાંનો એક નય છે. વીતરાગ દર્શનનો પાયો-મુખ્ય ભાર પુરુષાર્થ પર છે. એ પુરુષાર્થ જે માટે-જે લક્ષે થયો હોય છતાં ધાર્યું પરિણામ ન આવે ત્યારે નિયતિ આપણને સાંત્વના આપી શકે. સાધકે આ દૃષ્ટિએ નિયતિને સમજવાની જરૂર છે.

શ્રીમદ્‌જીએ આત્મ સિદ્ધિમાં કહ્યું છે:

'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ,
ભવ સ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.'

આપણે પુરુષાર્થ તો કરીએ છીએ પણ સત્ય પુરુષાર્થ નથી કરતા. જીવનો જ્યારે સત્પુરુષાર્થ શરૂ થાય છે ત્યારે જરૂરી બધી જ સામગ્રી એને મેળવી આપવી એ કુદરતનો નિયમ છે. બધા જ દર્શનોએ પ્રાયઃ પુરુષાર્થ પર ભાર આપ્યો છે. જૈન દર્શને તો ખાસ. જીવ પોતાના ભાગ્યનો ભાગ્ય વિધાતા-'સર્વ જીવ છે સિદ્ધ સમ' બની શકે છે પુરુષાર્થથી. આ તર્કનો નહિ, પ્રયોગનો વિષય છે પ્રયોગ કરીએ-

છેલ્લા કેટલાક વરસોથી આ નિંદામણ કાઢવાનો પુરુષાર્થ ચાલી રહ્યો છે. આ દેહ છે ત્યાં સુધી એ ચાલુ જ રાખવો પડશે એમ પણ સમજાય છે. હજી સાવ નિંદામણ નિષ્ફળ થયું છે એમ નથી. સાવ નિર્મૂળ થવાની સંભાવના પણ નથી. એટલે જાગૃતિ રાખવી રહી. પણ હવે આ બીજના અંકુર ફૂટ્યા છે, હજી પ્રાથમિક અવસ્થામાં છે. એને વાડની–પ્રોટેક્શનની ખરી જરૂર હવે છે એમ દેખાય છે. મૌનરૂપી વાડની વ્યવસ્થા થાય તો અને તો જ આ બીજ ફાલશે, ફૂલશે અને ફળશે અને સ્વ અને પર સહુને અમૃતફળનો લાભ મળશે.

આ અણુબોંબ સામે આત્મબળનો પ્રયોગ શરૂ થયો છે. અહીં શ્રદ્ધા, સમર્પણ સાથે ધીરજ અત્યંત જરૂરી છે.

આ સાથે ગાંધીજીના ત્રણ લેખો છે. 'ઈશ્વર કચકચાવીને કામ લે છે' એ શબ્દો તો ગાંધીજીના છે પણ અમારા હૃદયની જ વાત છે આ. એ સિવાય શ્રીમદ્‌જી વિષે એ બોલેલા છે તેનું લખાણ છે. ગાંધીજીનો શ્રીમદ્‌જી પ્રત્યે ભક્તિભાવ છેવટ સુધી અકબંધ રહ્યો છે. ભલે કાર્યો ને શબ્દોની ભીડભાડમાં એ ન દેખાય પણ અલપઝલપ એના દર્શન ક્યાંક ને ક્યાંક વક્તવ્ય કે લેખોમાં આવતા જ રહ્યા છે.''

(૪)

તો, આ છે શાંતિનું સરનામું. છોડો અને પામો, પરંતુ બધાં માટે એ શક્ય નથી, તો પણ આવું જીવન અન્ય સંદર્ભમાં માર્ગદર્શક અવશ્ય બને. આપણી ભૌતિક અને કીર્તિની દોડ અટકે તો ય ઘણું ઘણું.

વાચક મિત્રો આ ઘટનાના નાયકના વર્તમાન સ્થાનક વિશે જાણવા ઉત્સુક હશો, એ હું સમજી શકું છું અને મારો સંપર્ક ઈ-મેઈલથી કરશો અથવા (૦૨૨) ૨૩૮૨૦૨૯૬ ઉપર કાર્યાલયમાં ફોન કરી મારો મોબાઈલ નંબર મેળવી મારો સંપર્ક કરશો તો વિગત આપવા હું વચનબદ્ધ છું.

સર્વે પ્રબુદ્ધ વાચકોને જીવનની પ્રત્યેક પળે આવા શાંતિના સરનામા મળતા રહે એવી શુભેચ્છા.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

મુળ અમેરીકન અને કેનેડીયન ૨૦ વિદ્યાર્થીઓ જૈન ધર્મના અભ્યાસાર્થે ભારતની મુલાકાતે

વિશ્વ, રાષ્ટ્ર કે સમાજના દરેક પ્રશ્નોનું જેમાં સમાધાન છે એવા જિન-દર્શનનો અભ્યાસ કરવા માટે વિશ્વભરમાં જીજ્ઞાસા વ્યાપી રહી છે.

યહુદી, ખ્રિસ્તી, મુસલમાન કે અન્ય ધર્મના લોકોને પ્રભુ મહાવીરના અહિંસા, અનેકાંત અને અપરિગ્રહના સિદ્ધાંતોને જાણવાની ઉત્સુકતા છે.

જૈન સમાજ માટે એ ગૌરવની વાત છે કે આ વર્ષે કેનેડાની ઓટાવા યુનિવર્સિટી તથા મુંબઈ યુનિવર્સિટીના સહયોગી પ્રયાસથી ૧૪ વિદ્યાર્થીઓ અને ઈન્ટરનેશનલ સમર સ્કૂલ તથા સોમૈયા ઈન્સ્ટિટ્યૂટના સહયોગી પ્રયાસથી ૬ વિદ્યાર્થી એમ કુલ ૨૦ વિદ્યાર્થીઓ મે-જૂન મહિનામાં ૩ અઠવાડિયાના જૈન ધર્મ અભ્યાસ માટે આવેલ છે.

આ વિદ્યાર્થીઓ ભારતના વિવિધ સ્થળે ફરીને જૈન તીર્થ, તત્ત્વજ્ઞાન, શિલ્પકલા, સાધુ વ્યવસ્થા, શ્રાવક વ્યવસ્થા, જૈન વ્યવસ્થા વગેરે અનેક વિષયો ઉપર અભ્યાસ કરે છે. આ ઉપરાંત અનેક જૈન સ્કોલર પાસેથી માર્ગદર્શન મેળવે છે. જૈન ધર્મના પદ્ધતિસર અભ્યાસમાં પાછળ એવા જૈન સમાજ માટે આ નોંધ પ્રેરણાદાયક છે.

આ કાર્યમાં મુંબઈ યુનિવર્સિટીના ડૉ. કામીની ગોગરી અને સોમૈયા ઈન્સ્ટિટ્યૂટના ડૉ. ગીતાબેન મહેતા ખૂબ જ અભિનંદનને પાત્ર છે.

સુખ !

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

સને ૧૯૮૧માં શ્રી ઘનશ્યામદાસ બિરલાની અસ્કયામતો ૨૧૬૧:૫૫ કરોડની હતી, જ્યારે એ જ સાલમાં ટાટાની રૂા. ૨૩૮૯:૭૭ કરોડની હતી. એક પત્રકારે આ બંનેની તુલના કરી બિરલાને પૂછ્યું કે તમારા કરતાં તમારો હરીફ (Rival) પૈસાની બાબતમાં આગળ છે ત્યારે શ્રી ઘનશ્યામદાસ બિરલાએ કહ્યું: `He has lots of Rupees, but I wonder, is he happy?' `Sunday' એક અંકમાંથી મેં આ પ્રસંગ લીધો છે. ધારો કે કોઈ પત્રકારે આવો જ પ્રશ્ન તાતાને બિરલા સંબંધે પૂછ્યો હોત તો તાતાનો શો જવાબ હોત? કેવળ કલ્પનાનો પ્રશ્ન છે, પણ આ પ્રસંગ એટલું તો સૂચવે છે કે સાચું સુખ અર્થના દાસ કે સ્વામી થવામાં નથી, પણ ગાંધીજી માને છે ને અહર્નિશ પ્રબોધે છે તેવા ટ્રસ્ટી થવામાં છે. કુટુંબના યોગક્ષેમ પૂરતો પૈસો ન હોય તોય દુ:ખ ને જરૂરિયાત કરતાં વધુ પડતો હોય તોય દુ:ખ. દ્રવ્યના અભાવે, એક બાજુ લોટમાં પાણી રેડી એને દૂધ સમજી પીતા ગુરુ દ્રોણના પુત્ર અશ્વત્થામા છે તો બીજી બાજુ બુદ્ધ સમયના દ્રવ્યના અતિરેકથી ઉબાઈને ત્રાસી ગયેલા શ્રેષ્ઠીઓ છે. સમતા ને અપરિગ્રહમાં જે સુખ છે તેવું સુખ અન્યત્ર ક્યાંય નથી. આમ હોવા છતાં પણ માનવજાતિના મોટા ભાગના લોકો તો અન્નબ્રહ્મની ઉપાસનામાં જ આયુષ્યનો મોટો ભાગ વ્યતીત કરે છે, કરવો પડે છે–ન છૂટકે.

આપણા ચાર આશ્રમો સાથે ચાર પુરુષાર્થને જોડીને આપણા ઋષિ-સમાજશાસ્ત્રીઓએ જીવનનું શાસ્ત્ર ને કાવ્ય રચી આપ્યું છે. અર્થની ઉપેક્ષા કરવા જેવી નથી તો એની અપેક્ષા ને પળોજણમાં જીવનનો સુવર્ણકાળ વેડફી નાંખવા જેવો પણ નથી. અર્થ એ સાધ્ય નથી, કેવળ સાધન છે. એનો અતિરેક બુદ્ધિને ભ્રમિત કરી આત્માનો વિનિપાત પણ વહોરે! તો એનો અભાવ લાચારીપૂર્વક પાપકર્મો કરવા પણ પ્રેરે. Thus far and no further-એવો અર્થ–વિવેક હોવો ઘટે.

ગાંધીનગરની લોકસભાની બેઠક પર વિજેતા થયેલા શ્રી અમૃત પટેલ એકવાર એમના વેવાઈ, 'જ્યોતિ લિમિટેડ'ના જનરલ મેનેજર શ્રી મોહનભાઈ પટેલ સાથે મારે ઘરે પધાર્યા. વાતવાતમાં શ્રી અમૃતભાઈ બોલ્યા: 'માણસ પાસે એકાદ કરોડ રૂપિયા હોય તો નિશ્ચિંતતાથી જીવન જીવી શકે.' મેં કહ્યું: 'આ ગરીબ દેશમાં જીવવા માટે એટલી મોટી રકમ તો લક્ઝરીની ય લક્ઝરી ગણાય! રાજામહારાજાઓ કે માલેતુજારોને પોષાય. આપણા જેવા પછાત, અજ્ઞાન ને ગરીબ દેશમાં તો પૂ. ગાંધીજીએ સાદાઈનો જે સિદ્ધાંત જીવનમાં આચરી બતાવ્યો છે તે જ અનુકરણીય છે. આજકાલનાં વર્તમાનપત્રો તો ભાત ભાતનાં કૌભાંડોની તવારીખો જેવાં છે. એને આલેખવા માટે આકાશનો કાગળ પણ ઊણો પડે! આ સર્વના મૂળમાં દ્રવ્યલોભના અતિરેક સિવાય બીજું શું હોય છે? પૈસો! પૈસો! બસ પૈસો! એમને મન તો જાણે પૈસોએ જ સુખનો પર્યાય ન હોય? કાં તો એમની જીવનની સમજણમાં પાયાનો ફેર છે યા એમની સુખની વિભાવનામાં કૈંક ગરબડ છે! અલબત્ત, અર્થ એ પુરુષાર્થ છે પણ અંતિમ પુરુષાર્થ નથી જ. સુખનું બીજું ઉપાદાન છે કામ, એ પણ સ્વતંત્ર પુરુષાર્થ છે. કામ–પુરુષાર્થના હું બે અર્થ સમજું છું. એક તો કર્મયોગ અને બીજો કામ–વૃત્તિ. આપણા ચાર પુરુષાર્થનો ક્રમ આપણે આ રીતે બોલીએ છીએ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. અર્થ અને કામનો ક્રમ બીજો–ત્રીજો છે. પ્રથમ ક્રમ ધર્મનો છે; મતલબ કે અર્થ અને કામમાં પણ જો ધર્મ ઓતપ્રોત હોય તો એ ઓછા અનર્થકારી બને છે. કામ–વૃત્તિમાં પણ સંતતિ–એષણા તો ગર્ભિત છે જ એટલે સંતતિ ધર્મ-જ હોય કે કામ-જ હોય એનો આધાર આ પુરુષાર્થને આપણે કેવી રીતે સેવીએ છીએ તેના પર છે. કર્મ, અકર્મ, વિકર્મનું રહસ્ય કે તત્ત્વ જાણ્યા બાદ પણ એના આચરણમાં સુખની લાલસા ગુપ્તસુપ્ત રીતે ગર્ભિત હોય છે જ...ફળની આશા વિના થતું કર્મ તો અતિ વિરલ; એટલે યોગક્ષેમ કાજે થતા કર્મમાં પણ વિવેક-ધર્મ હોવો અનિવાર્ય છે. બધાં સુખદુ:ખ, સ્વભાવે છટકણી ઈન્દ્રિયો ને વૃત્તિઓમાંથી જ જન્મે છે. 'સુ' એટલે શોભિત, સંયમિત, 'ખ' એટલે ઈન્દ્રિય. દુ:–દૂષિત–દુર્વ્યવસ્થિત, ખ-ઇંદ્રિયો; ઈન્દ્રિયો સંયમિત, સુવ્યવસ્થિત હશે તો જ સુખપ્રદ નીવડશે. એ જ દૂષિત બનતાં દુ:ખદ થઈ પડશે. સુખદુ:ખની ચાવી આપણા પોતામાં છે, બાહ્ય સાધનોમાં નહીં. બાહ્ય સાધનો પણ ઈન્દ્રિયોની સ્વસ્થતા ઉપર જ સુખ કે દુ:ખ આપી શકે છે. જે ઉદર જીતે તે જ શિશ્ન જીતે, તે જ સંયમી નીવડે.

'કુમાર સંભવ'માં શિવજી મિતોદર નામના સિંહને પગથિયા તરીકે વાપરી વૃષભ-વાહન કરે છે મિતોદરરૂપી સિંહ મિતોદર બને છે, વક્રોદર નહીં, તો મિતભોજી ને હિતભોજી તો વૃષભનું (વૃષભ, વૃષ્ટિ, વીર્ય, વર્ષા, બળદાયક) વાહન કરી શકાય. વૃષભ એ બળનું, વીર્યનું સૂચક છે. વૃષભ–શ્રેષ્ઠ વીર્ય હોય જેનામાં જેટલું તે તેટલો શ્રેષ્ઠ છે. વૃષભ ને નંદી આનંદદાતા ગણ્યો છે. આનંદ ઉપર અસવારી કરવી હોય, શિવ–કલ્યાણ-સ્વરૂપ જગતના ને નિજના બનવું હોય તો મિતોદર ને વૃષભ-બંનેની સાધના કરવી જોઈએ. બંનેને સંયમમાં રાખવા જોઈએ. અત્યારના હાલી નીકળેલા Sexologist હસ્તદોષ અને Homo-Sexualityને સ્વાભાવિક ગણે છે ને એમને મતે ૯૯% માનવજાતિ Homo-Sexual છે! એક જ અઠવાડિયામાં પ્રગટતાં 'ધર્મલોક'માં ધર્મ-પુરુષાર્થની વાહવાહ કરવામાં આવે ને 'ચિત્રલોક'માં કામદેવની આરતી ઉતારવામાં આવે! એક જ માલિકની આ વૈશ્યવૃત્તિ! હું તો એને વેશ્યાવૃત્તિ કહું.

કામદેવની પ્રબળતા માટે રાજવી કવિ ભર્તૃહરિએ 'શૃંગારશતક'માં ગાયું: આ પૃથ્વી પર, ઉન્નત્ત હસ્તિના કુંભને ભેદનાર અનેક છે, પ્રચંડ સિંહને

મારનાર દક્ષ યોદ્ધાઓની કમી નથી, પણ એવા બળવાનોની સમક્ષ અમો હઠ ને આગ્રહપૂર્વક કહીએ છીએ કે કામદેવના મદનું દમન કરનારા તો કો'ક વિરલા પુરુષ જ! એટલે જ બીજા એક કવિએ ગાયું...અર્થાન્તરન્યાસી સત્ય ઉચ્ચાર્યું: 'કામ જીત્યો તેણે સંસાર જીત્યો.' મતલબ કે કર્મયોગને આચારવાનો છે અને કામવૃત્તિને જીતવાની છે. આ બંને પુરુષાર્થની અવધિ છે અર્ધી સદીની...જિન્દગીની યુવાવસ્થા અને પ્રૌઢાવસ્થા...પણ વ્યાસજી કહે છે તેમ અર્થ અને કામ–પુરુષાર્થ ધર્મથી ધોયેલા, નિષ્કલંક ને ઉજ્જવલ હોવા ઘટે. આ બંનેય પુરુષાર્થને ધર્મથી ઉજ્જવલ કરનાર શ્રી ઘનશ્યામદાસ બિરલાને ફરી યાદ કરીએ. પૂ. ગાંધીજીની અસરને કારણે એમણે પોતાને માટે તેમજ બિરલા પરિવારના સૌ કોઈ ન્હાના મોટા સભ્ય માટે એક આચારસંહિતા બનાવેલી. તદનુસાર-`A Birla is supposed to switch off the lights when he goes out of his room. He has to get up at five in the morning, be back at his home by 7-30 pm & go to bed by 9:30 pm. He has to take his wife with him when he goes to a club or a movie. All the members of the Birla family must have dinner together atleast once a week. They must not drink nor can they indulge in wasteful expenditure. Even senior Birla excecutives are expected to follow a similar lifestyle, be in their homes by 9:30 pm. and to be teetotallers. It has always been like this. G. D. Birla made the rules and the others obeyed ?

સંયુક્ત કુટુંબની સંસ્થાને ચલાવવા માટે જેમ એકાદ માનચતુર ડોસાની આવશ્યકતા તેમજ અર્થ અને કામના સુફળ મેળવવા અને એના અનિષ્ટોને ટાળવા માટે શ્રી જી. ડી. બિરલા જેવા આચારશુદ્ધિના આગ્રહીની પણ એથીય વિશેષ અનિવાર્યતા. અર્થ અને કામની દરકાર નહીં રાખનાર અને એની ઉપેક્ષા કરનાર, ઔદ્યોગિક એકમોના અનેક ખેરખાં–સ્થાપકો પાયમાલ થઈ ગયા એના અનેક દૃષ્ટાંત આપણે જાણીએ છીએ. હાથે કંકણ ને અરીસામાં શું જોવું ? અર્થમાં લોભ છે ને કામમાં ભોગ છે. લોભ અને ભોગને જીતનારાઓના બંનેય પુરુષાર્થ ફળ્યા એમ કહી શકાય. સંસ્કૃતિના ઉગમકાળથી વિશ્વના અનેક તત્ત્વચિંતકોએ મનુષ્યની ભિન્ન ભિન્ન પ્રકારે વ્યાખ્યા આપવા પ્રયાસ કર્યો છે એ બધી વ્યાખ્યાઓ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ કે અતિશયોક્તિ જેવા તર્કશાસ્ત્રના કોઈ ને કોઈ દોષોથી સાવ મુક્ત તો નથી જ. કોઈકે માનવને બે પગવાળું પશુ કહ્યું, કોઇકે એને હસતું પ્રાણી કહ્યું, કોઈકે સામાજિક પ્રાણી કહ્યું, એક ચિંતકે એને બૌદ્ધિક પ્રાણી કહ્યું. પ્રખ્યાત અંગ્રેજ તત્ત્વચિંતક સી. ઈ. એમજોડે, પશુની તુલનામાં મનુષ્યને ત્રણ બાબતોમાં ભિન્ન ગણાવ્યો. (૧) તર્કશક્તિ–રીઝન, (૨) સારાસારનો વિવેક–પરસેપ્શન ઓફ ધી ડીફરન્સ બીટવીન રાઈટ એન્ડ રોન્ગ અને (૩) સૌંદર્યદૃષ્ટિ (સેન્સ ઓફ બ્યૂટી). કોઈકે એને દિક્કાલના ભાનવાળું પ્રાણી કહ્યું તો ડૉ. સીગમંડ ફ્રોઈડે મનુષ્યને સુખદુ:ખના સિદ્ધાંત અનુસાર જીવવા માટે તરફડતા પ્રાણી તરીકે ઓળખાવ્યું. ફ્રોઈડની બધી જ માન્યતાઓ આંતરમનના હેતુઓના પાયા ઉપર રચાયેલી છે. એનું કહેવું છે કે પ્રત્યેક માનસિક ક્રિયા માત્ર જડ વિચાર નથી, પરંતુ તેની પાછળ આવેશનું વધતું–ઓછું બળ રહેલું હોય છે, એટલે દરેક માનસિક ક્રિયા ચૈતન્યભરી છે. આ ચૈતન્ય પ્રગટી નીકળવા હંમેશાં મથે છે, છતાં તેને પ્રગટ થવા ન દેતાં એકઠું કરવામાં આવે તો મુંઝવણ પેદા થાય છે અને તે પ્રગટ થયા વિના રહેતું નથી. સીધી રીતે નહીં તો હર કોઈ રીતે તે પ્રગટ તો થવાનું જ. આ પ્રગટ થવાના પ્રયત્ન તે આપણી ઈચ્છાઓ. જયારે આપણામાં ઉદ્‌ભવતી ઈચ્છાઓ, આપણે સ્વીકારેલા આદર્શથી કોઈ પણ રીતે વિરુદ્ધ જતી હોય તો આપણે તેને દબાવીએ તે સંભવિત છે. તેવી ઈચ્છાઓ આપણામાં સંભવે જ નહીં, આપણને યાદ જ ન આવે એમ આપણે ઈચ્છીએ છીએ. એવી ઈચ્છાઓ ભૂલી જવા માગીએ છીએ, મથીએ છીએ, કારણકે એવી ઈચ્છાઓ આપણને યાદ આવે તેથી આપણું મન દુભાય છે ને મન દુભાય–દુ:ખાય એ કોને ગમે ? એટલે મનને દુ:ખ થતું અટકાવવા ભૂલી જઇએ છીએ. આવી ભૂલી ગયેલી ઈચ્છાઓનો સંગ્રહ તેનું નામ આપણું આંતરમન (અન્કોન્સ્યસ) આપણી ઈચ્છાઓને આંતરમનમાં ધકેલી દેનાર શક્તિ તે અહંતા. (સેન્સોર, ઈગો આઈડિયલ) આપણને મન ગમતી એટલે કે સુખ પમાડતી ઈચ્છાઓને મનમાં આવવા દેવી અને અણગમતી એટલે કે દુ:ખ પમાડતી ઈચ્છાઓને ન આવવા દેવી, આંતર મનમાં ધકેલી દેવી એ પછી આપણું જીવનકાર્ય થઈ પડે છે–નહીં કે જે કોઈ ઈચ્છા આવે, કુદરતી રીતે ઉદ્‌ભવે તેને આવવા દેવી એ. કોઇકના શબ્દોમાં કહીએ તો આપણે પછી **સુખદુ:ખના સિદ્ધાંતે જીવવા માંડીએ છીએ, વાસ્તવિકતાના સિદ્ધાંતે નહીં.**

માણસ સુખદુ:ખના સિદ્ધાંતે જીવે કે વાસ્તવિકતાના સિદ્ધાંતે જીવે, પણ એક વાત તો દીવા જેવી સ્પષ્ટ જ છે કે આ જગતના જીવનમાં, સ્વ. નરસિંહરાવ ભો. દીવેટિયા કહે છે તેમ:–

'છે માનવી જીવનની ઘટમાળ એવી;
દુ:ખપ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી.'

અને બીજી બાજુ માનવીની બધી જ પ્રવૃત્તિઓ સુખ માટે હોય છે, દુ:ખ માટે નહીં જ. આમ માણસ પકડવા જાય રૂપ, પણ હાથમાં આવે કેવળ શરીર, તેવી જ રીતે માણસ મૃગયા કરે છે સુખની પણ દુ:ખ એને પદેપદે દમે છે...અને આમે ય 'ન માંગ્યું દોડતું આવે' એવો સુખનો સ્વભાવ છે...ને માનવી એની સાથે એકતરફી પરાણે પ્રીત કરવા જાય છે એટલે આ કરુણ વિસંવાદ દ્વિગુણ દુ:ખનું કારણ બને છે. આથી જ ગીતાના ગાનારે, સ્થિતપ્રજ્ઞના સ્થિર બુદ્ધિના લક્ષણો ગણાવતાં કહ્યું છે:– 'દુ:ખથી જે દુ:ખી ન થાય, સુખની ઈચ્છા ન રાખે અને જે રાગ, ભય અને ક્રોધથી રહિત હોય તે સ્થિરબુદ્ધિ મુનિ કહેવાય છે.' આમ દુ:ખથી દુ:ખી ન થવું અને સુખની ઈચ્છા જ ન રાખવી એ સુખના કારણો. ગીતાકારે વાત તો મજાની કરી પણ દુ:ખથી દુ:ખી થવું એ શરીરનો સ્વાભાવિક ધર્મ છે ને સુખની સ્પૃહા-એષણા-ઈચ્છા

રાખવી એ મનનો કુદરતી ગુણ છે. આવી સ્થિતિમાં ગીતાના ગાનારને અનુસરવું એટલે ઉલટી ગંગા વહાવવી કે મોભે નીર ચઢાવવા જેવું પૃથકજનને માટે થાય પણ અસામાન્ય વિભૂતિઓ માટે એ સાવ સ્વાભાવિક છે. દા. ત.:– માતા કુંતા કહે કે દુ:ખ એ દુ:ખ નથી કે સુખ એ સુખ નથી. તમારા નામનું વિસ્મરણ એ દુ:ખ અને તમારા નામનું સ્મરણ એ જ સુખ આ થઈ ભક્તની દૃષ્ટિ.

ઉપનિષદે ભાખેલી કેટલીક માનવસહજ એષણાઓ પણ (દા. ત. :– લોકેષણા, વિત્તેષણા, પુત્રેષણા, રસેષણા) શરીર ને મનની સ્વાભાવિક સુખાળવી વૃત્તિઓને છતી કરતી નથી? લોક આપણાં વખાણ કરે એટલે આપણને સુખ થાય છે, વખોડે એટલે દુ:ખ થાય છે. દાન, ઉપભોગ અને નાશ: એ વિત્તની ત્રણ સ્થિતિ. એમાં દાન દેવાથી આત્માને સુખ થાય અને તેનો ઉપભોગ કરવાથી શરીર–મનને સુખ થાય. આ ભવમાં તો પાળે (?) પણ પરભવમાં યે 'પુ' નામના નરકમાંથી તારે એટલે આપણે પુત્રની એષણા કરીએ છીએ. આ અનંતકાળમાં, પુત્ર દ્વારા, અમુક સમય માટે આપણે અમર રહેવા પુત્રની કામના કરીએ છીએ. એટલે સુખદ એવી અમરતાની ભાવનામાંથી પુત્રેષણા જાગી! રસેષણા એટલે આત્માની કલા...ને એ ય તે સાત્ત્વિક સુખ સંપડાવનારી. આમ આપણી બધી એષણાઓની સરિતાઓ, સરવાળે છેવટે સુખસમુદ્રમાં સમાસ પામે છે. આપણી પેલી લૌકિક કહેવત:–

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા;
ત્રીજું સુખ તે સુકુળની નાર, ચોથું સુખ તે કોઠીએ જાર...

વગેરેમાં પણ આ સુખાળવી એષણાઓને અચ્છી રીતે વણી લેવામાં આવી છે. શાસ્ત્ર અને લોકસૂઝનો આવો યુગપદ સમાસ આનંદપ્રદ છે. જ્યારે જ્યારે મન સુખ સંબંધી વિચાર કરે છે ત્યારે ત્યારે મને યયાતિરાજા યાદ આવે છે...અને રાજા યયાતિના જીવનનો અનુભવ–અર્ક એટલે આશારૂપી નદીનો નાશ કે તૃષ્ણારૂપી સ્રોતનો ભંગ...નિરાશા એટલે પરમ સુખ અને આશા એટલે પરમ દુ:ખ. અગ્નિમાં ઘી હોમવાથી જ્વાલા શમે તો ભોગ ભોગવવાથી તૃપ્તિ થાય, સુખ થાય.

ધન, સત્તા, મોભો, યૌવન, પુત્ર–પત્ની પર નિર્ભર સુખ વાદળ–છાયા શું કેવુંક તો ક્ષણિક–ચંચળ છે! અને માનવજાતે મોટા ભાગના દુ:ખ તો નોતરેલાં હોય છે વા કલ્પનાના હાઉથી ઊભાં કરેલાં હોય છે. કેટલાંક પ્રતિકૂળ પરસ્થિતિમાંથી જન્મેલાં હોય છે તો કેટલાંક સ્વભાવની મર્યાદામાંથી ટપકી પડેલાં હોય છે! વૃત્તિ, કૃતિ ને સ્થિતિનું અનંત વર્તુળ આમ સુખ–દુ:ખની ઘટમાળ રચ્યે જ જાય છે, રચ્યે જ જાય છે, અનંત કાળ સુધી.

મારા ગામના બે ભાઈઓ–એકને ત્યાં આઠ દીકરા, બીજાને ત્યાં આઠ દીકરી...આઠ આઠ દીકરાવાળો એક દીકરી ઈચ્છે છે...કન્યાદાનના પુણ્ય માટે ને આઠ આઠ દીકરીનો બાપ એક દીકરો ઝંખે છે...જીવતે પાળે, મરે ત્યારે બાળે ને 'પુ' નામના નરકમાંથી ઉદ્ધારે એ માટે! સુખદુ:ખ તે હાટડીએ લેવા જવું પડે છે! મારી જ વાત કરું! આંખોના ખીલથી કષ્ટાઉ ને કલ્પાંત કરું...ત્યાં એકતારા પર ભજન ગાતા સૂરદાસને જોયા ને મારું દુ:ખ સુખમાં પલટાઈ ગયું. પ્રો. ઉમાશંકરભાઈ જોષીએ જ્યારે મને એમ કહ્યું કે આંખોમાં ખીલવાળી વ્યક્તિઓ બુદ્ધિમાન હોય છે ત્યારે મને મારા ખીલનું સુખ થયું! ખીલ–બુદ્ધિનું તર્કશાસ્ત્ર સમજ્યા વિના પણ. જોષીસાહેબને ખીલ છે એટલું અભિજ્ઞાન પર્યાપ્ત હતું. બીમાર વ્યક્તિને જોવા હૉસ્પિટલમાં જઈએ છીએ ત્યારે આપણાં આરોગ્યની કિંમત સમજાય છે ને એના સુખ–સંતોષ અનુભવાય છે. જ્યારે જ્યારે મારી નાણાં–કોથળી નાદારી પોકારે છે ત્યારે ત્યારે હું ઝૂંપડપટ્ટી કે ફૂટપાથ પર અર્ધનાગા કંકાલોને જોવા નીકળી પડું છું ને એમના દુ:ખથી દુ:ખી તો થાઉં છું પણ અંદરથી છૂપો સંતોષ થાય છે કે એમની તુલનાએ હું કેવડો મોટો માલેતુજાર છું! સુખી છું. સુખદુ:ખની વિભાવના વ્યક્તિનિષ્ઠ પણ હોય છે. મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ' ગાતી મીરાં કે 'મને જનમ ધર્યાનું પુણ્ય કે લ્હાવો દર્શનનો' ગાતો નરસિંહ કે 'અભિનવો આનંદ આજ અગોચર ગોચર હવું રે' ગાતો અખો: એમના સુખ અને આનંદનું શું સમજવું? નવાં નવાં દુ:ખ આપતો ધર્મ પણ મોક્ષનું આવું સુખ આપે છે. એષણાઓનો મોક્ષ એટલે જ અનંત સુખ. સાચા સુખની સમજણ ગીતાના આ શ્લોકમાં જોવા મળે છે:- 'જેમાં સમત્વ નહીં તેમાં વિવેક નહીં, જ્યાં ભક્તિ નહીં ત્યાં શાંતિ નહીં, જ્યાં શાંતિ નહીં ત્યાં સુખ ક્યાંથી?' જીવનમાં સમત્વ, વિવેક, ભક્તિ, શાંતિ હોય તો સુખ ઉદય પામે. સાચી વાત. માણસ વિવેક વાપરી જીવનનો કાર્યપ્રદેશ નક્કી કરે છે. જે યોગ્ય ઉંમરે યથાયોગ્ય કાર્યક્ષેત્ર પ્રવૃત્તિ માટે નક્કી કરે છે તે ભાગ્યશાળી–સુખી. અમુક કાર્યક્ષેત્ર માટે શક્તિ, વૃત્તિ ને રસ પારખવા બુદ્ધિ–સમતા–વિવેક આવશ્યક બીજું ભાગ્ય. શક્તિ ને રસવૃત્તિને અનુકૂળ વ્યવસાય સાંપડે તે ત્રીજું સદ્‌ભાગ્ય.કાર્યમાં રસ પડે, આનંદ આવે તે મોટામાં મોટું સદ્‌ભાગ્ય. કોઈપણ વ્યવસાય માટે અવ્યભિચારિણી ભક્તિ જેવો ભાવ ન જાગે ત્યાં સુધી એ કાર્યમાં પ્રાણ ન પૂરાય. કાર્યમાં રસ પડે એટલે મન, હૃદય ને આત્માને શાંતિ થાય અને એ કાર્યરસ ને શાંતિનું સીધું પરિણામ તેનું નામ જ સાચું સુખ. સ્વીકૃત ધ્યેયની સિદ્ધિ અર્થે કાર્ય કરતાં આનંદ આવે છે. તેના સુખ આગળ જગતનું કોઈપણ સુખ કોઈ વિસાતમાં નથી. પૂ. ગાંધીજીનો જીવન ઈતિહાસ આ સૂત્રના ભાષ્યરૂપ છે. આ ધોરણે કાર્ય કરનારને પછી દુ:ખથી દુ:ખી થવાનું નહીં રહે ને સુખની સ્પૃહા પણ નહીં કરવી પડે. કેમ જે કાર્યના આનંદ આગળ સુખદુ:ખની વૃત્તિ ગૌણ– અત્યંત ગૌણ બની જાય છે. આવી પરિસ્થિતિમાં સ્વ. ન. ભો. દીવેટિયાની પંક્તિને સ્હેજ ફેરફાર સાથે આમ ગાઈ શકીએ:–

'છે માનવી જીવનની ઘટમાળ એવી;
સુખ-પ્રધાન, દુ:ખ અલ્પ થકી ભરેલી.'

✷ ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, સી–૧૨, નવદીપ એપાર્ટમેન્ટ,
સારથિ બંગલોની સામે, A-1, સ્કુલ સામે, મેમ નગર,
અમદાવાદ–૩૮૦ ૦૫૨. મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

દ્વન્દ્વોમાં જિવાતું જીવન

□ શાંતિલાલ ગઢિયા

સચરાચર સૃષ્ટિમાં અત્રતત્ર દ્વન્દ્વો નજરે પડે છે. દ્વન્દ્વો જીવનનું અભિન્ન અંગ છે. તે નિવારી શકાતા નથી, જેમ નદી બે કિનારા વચ્ચે વહે છે, સૂર્ય પૂર્વથી પશ્ચિમ તરફ યાત્રા કરે છે, તેમ માનવ અનેકાનેક દ્વન્દ્વો વચ્ચે જીવે છે. સુખ-દુઃખ, આશા–નિરાશા, જય-પરાજય, હર્ષ-શોક, સફળતા-નિષ્ફળતા, મિલન-વિરહ, સ્મિત-આંસુ, શાંતિ-અશાંતિ...યાદી હજુ મોટી બની શકે છે. સ્વયં સ્ત્રીપુરુષ દ્વન્દ્વાત્મક સર્જન નથી ? કેટલી મનોશારીરિક ભિન્નતા છે એમની વચ્ચે ! છતાં એમના અસ્તિત્વ પર વિશ્વ ટકી રહ્યું છે. એમના વગર જડ પ્રકૃતિમાં નરદમ શૂન્યતા હોત.

દ્વન્દ્વોમાંથી છટકી જઈ શકાતું નથી. એટલું ખરું કે એમની અસરથી ચિત્તને નિર્લેપ રાખી શકાય છે. દ્વન્દ્વ તરફ જોવાની દૃષ્ટિ દ્વન્દ્વને સહ્ય યા અસહ્ય બનાવે છે. સામાન્યતઃ વ્યક્તિ દ્વન્દ્વના બે છેડાઓને વિરોધી અવસ્થાઓ માને છે. એકને વિધાયક અને બીજાને નિષેધક માને છે. પરિણામે નિષેધક પરિસ્થિતિમાં વ્યક્તિ સહનશક્તિ ગુમાવે છે. દુઃખ સુખનું વિરોધી નથી, જીવનની વાસ્તવિકતાનું જ બીજું પાસું છે. વિરહ મિલનનું વિરોધી નથી, પ્રેમની જ એક અવસ્થા છે. નિષ્ફળતા સફળતાનું વિરોધી નથી, કાર્યપરિણામનો જ એક તબક્કો છે.

સ્થૂળ અર્થમાં દ્વન્દ્વ એટલે બે વિરોધી અવસ્થાઓ યા ગુણોનું જોડકું, પરંતુ તાત્ત્વિક અર્થમાં બંને વચ્ચે અવિનાભાવનો સંબંધ છે. અર્થાત્ એકબીજા વિના રહી ન શકે, હોઈ ન શકે એવી આ અવસ્થાઓ છે. દુઃખ વગર સુખનું, વિરહ વગર મિલનનું કે હાર વગર જીતનું શું મૂલ્ય છે ? તેથી ઉપરોક્ત તમામ જોડકામાં 'વિરુદ્ધ'ને બદલે 'અને' અવ્યય મૂકવાથી આપણો માર્ગ સરળ બની જાય છે. સુખ વિ. દુઃખ એમ નહિ, સુખ **અને** દુઃખ એમ કહીએ. જીત વિ. હાર એમ નહિ, જીત **અને** હાર એમ કહીએ. વ્યાકરણમાં દ્વન્દ્વ સમાસમાં પણ બે પદો વચ્ચે સમુચ્ચય બોધક અવ્યય **અને** મૂકાય છે. માબાપ, અન્નજળ, રાતદિન, શીતઉષ્ણ વગરે દ્વન્દ્વ સમાસમાં બે પદો અનુક્રમે મા અને બાપ, અન્ન અને જળ, રાત અને દિન, શીત અને ઉષ્ણ – એ રીતે અલગ પાડવામાં આવે છે. આમ વસ્તુ કે પરિસ્થિતિ પ્રત્યે વિધાયક-નિષેધક ભેદદૃષ્ટિથી દૂર રહેવું જરૂરી છે. ગીતસંગીતમાં દ્રુતવિલંબિત લયનાં બે સ્વરૂપ એકબીજાના વિરોધી નહિ, પૂરક છે. એકલા દ્રુત કે એકલા વિલંબિત સૂરથી મધુર સંગીત પ્રગટતું નથી. ઋતુમાં ઠંડી-ગરમી, વાતાવરણમાં પ્રકાશ-અંધકાર આવું જ મહત્ત્વ ધરાવે છે.

દ્વન્દ્વોને તરી જવોનો માર્ગ કઠિન છે. આ માટે વ્યક્તિએ પોતાની પ્રજ્ઞા અને ચેતનાને ઉન્નત ભૂમિકાએ લઈ જવાનો પ્રયત્ન કરવો જોઈએ. આમ થતાં સમત્વ સાધી શકાશે. ફલસ્વરૂપ દ્વન્દ્વાત્મક સ્થિતિમાં વિચલિત થવાનો સવાલ પેદા નહિ થાય.

સુખ સમયે છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી...

કવિની આ શીખ ખચીત આચરવા યોગ્ય છે. જેમ પરિસ્થિતિઓમાં સમત્વ જાળવી રાખવું વ્યક્તિના પક્ષે જરૂરી છે, તેમ ભિન્ન વ્યક્તિઓ પ્રત્યે સમભાવ રાખવો જરૂરી છે. આ મિત્ર છે, પેલો શત્રુ છે, એ ભેદદૃષ્ટિની જગાએ 'પેલા શત્રુને કઈ રીતે મિત્ર બનાવી દઉં ?' એવી સમ્યક્ દૃષ્ટિ ઈચ્છનીય છે. વીતેલા જમાનાની વાત છે. લાહોરમાં આવેલા એક ગુરુદ્વારાને મસ્જિદમાં ફેરવવાનો નિર્ણય લેવાયો હતો. મુસલમાનોની એક સભામાં સૈયદ અતાઉલ્લા શાહ બુખારીએ નિર્ણયના વિરોધમાં ભાષણ આપ્યું. ટોળામાંથી કેટલાકે પથ્થર ફેંક્યા. ત્યારે શાહે મોં પર કપડું ઢાંકી દીધું. કોઈકે આનું પ્રયોજન પૂછ્યું, તો શાહે કહ્યું કે મેં મારું મોં એટલા માટે કપડાથી ઢાંકી દીધું છે કે જેથી પથ્થર ફેંકનારાને હું જોઈ ન શકું. કદાચ કયામતને દિવસે ખુદા મને પૂછે કે તું સત્યને પક્ષે રહ્યો તો ય કેટલાકે તારી કનડગત કરી, તો મને કહે, કોણ હતા એ લોકો ? હું ખુદાના આ પ્રશ્ન સામે મૌન રહેવા માંગું છું.

કેટલાક દ્વન્દ્વોમાં એક ગુણ નિરપેક્ષ રીતે (absolutely) ત્યાજ્ય હોય છે. આત્મ વિકાસમાં તે બાધકરૂપ હોય છે. અહીં વ્યક્તિની કસોટી થાય છે. જેમ કે, પાપપુણ્ય, પ્રમાદ-ઉદ્યમ, સ્વાર્થ-પરમાર્થ, રાગ-વિરાગ – આ યુગ્મોમાં પ્રથમ સ્થાને આવેલા નકારાત્મક ગુણોથી દૂર રહેવાનું વ્યક્તિના હાથમાં છે. વ્યક્તિ જાગરૂક અને સત્ત્વશીલ હશે તો તેણે ઝાઝો સંઘર્ષ કરવો નહિ પડે.

જીવનને રણભૂમિ બનાવીને દ્વન્દ્વ સાથે દ્વન્દ્વ યુદ્ધ છેડવાનું નથી, બલ્કે નિર્મળ ચિત્તે દ્વન્દ્વને સ્વીકૃતિ આપી ઉપરોક્ત યથાસંભવ માર્ગો અપનાવીએ, જેથી દ્વન્દ્વાતીત અવસ્થા પ્રાપ્ત થઈ શકે. પૃથ્વીના ગોળામાં ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ વચ્ચે અમાપ અંતર છે, પણ એમને સાંધતી રેખા પર નજર કરીએ છીએ ત્યારે પૃથ્વીની અખિલાઈ પ્રતીત થાય છે. જીવન એટલે દ્વન્દ્વોને સાંધતી રેખા. ✷ ✷

એ–૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા–૩૯૦૦૦૬.
ફોન : ૦૨૬૫–૨૪૮૧૬૮૦.

મહાવીર વંદના

વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના અનુદાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પાટકર હોલમાં 'મહાવીર વંદના'નું આયોજન કર્યું હતું. તેની ઑડીયો C.D. વિના મૂલ્યે મળશે.

જેમને આ ઑડીયો C.D. જોઈતી હોય તેઓએ નીચેના સરનામે ફોન કરી મેળવી લેવા વિનંતી. કુરીયર કરવામાં નહીં આવે.

પંદર પંદર ભક્તિ ગીતો ધરાવતી આ ઑડીયો C.D. ઘરે વસાવી રાખવા જેવી છે તો સર્વેને આ લાભ લેવા વિનંતી.

શ્રી કમલેશભાઈ જે. શાહ, C/o. વિરલ જ્વેલ્સ, ૯૨૫, પારેખ માર્કેટ, ૯મે માળે, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. : ૨૩૮૬૩૮૨૬. મોબાઈલ : ૯૮૨૧૯૩૨૬૯૩.

સમય બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦ સુધી.

કાળ પુરુષે પાંડવોને પૂછેલાં પ્રશ્નો

□ મનસુખલાલ ઉપાધ્યાય

રામાયણ અને મહાભારતના મહાગ્રંથોએ માનવ જીવનને ઘડવામાં ઉત્તમ ફાળો આપ્યો છે. માનવ જીવનની વૃત્તિઓનો સાચો ચિતાર મહાભારતમાંથી મળે છે. સંસ્કૃતિની ઉચ્ચ પ્રણાલિઓને જીવન સાથે વણવામાં મહાભારતની તોલે કોઈ ન આવી શકે. આજના જીવનની શુદ્ધિઓ-બદીઓ-વિશુદ્ધિઓનો સંપૂર્ણ ચિતાર મહાભારતે કૌરવ-પાંડવોની કથા દ્વારા અને શ્રીકૃષ્ણના વ્યવહાર દ્વારા સુંદર રીતે રજૂ કર્યો છે.

કૌરવ-પાંડવોની વાત હોય એટલે ભીષ્મ પિતામહ તરત યાદ આવે. ભીષ્મે પોતાના પિતાને વચન આપી એ પ્રતિજ્ઞા પાળવામાં શક્ય હોય ત્યાં સુધી ક્યાંય ઊણપ ન રહે એ માટે અદ્‌ભુત ચરિત્ર રજૂ કર્યું છે. સંસારમાં-માનવ જીવનમાં ચારિત્ર વગરનું જીવન પશુ કરતાંય બદતર ગણાય છે.

ભીષ્મ પિતામહને સ્વૈચ્છિક મૃત્યુનું વરદાન હતું. મહાભારતનું યુદ્ધ કૌરવ-પાંડવોએ ખેલ્યું. કરોડોની સંખ્યામાં સૈનિકોનો સંહાર થયો. થોડી જમીન મેળવવા માટે મહાસંગ્રામો આજે પણ ક્યાં ખેલાતા નથી! કજિયો, કંકાસ, કલહ, કચવાટ, કોલાહલ આજકાલ નાના મોટા જીવોને કોઠે પડી ગયા છે. નાની નાની બાબતમાં આજકાલ 'સોપારી' આપી કેટલાય સારા જીવોનો ખાતમો થાય છે! સંસ્કાર, સંસ્કૃતિ, સમતા, સદ્‌વ્યવહાર, સત્યપ્રિયતા કે સદાચરણનું ધોવાણ પળે પળે થાય છે. વાસના, વ્યભિચાર, વલોપાત, આજકાલ કલુષિત જીવોના હૈયે ધરબાયેલો રહે છે! આજના રાજકારણમાં શુદ્ધિનો અભાવ, સત્યપ્રિયતાનો વિનાશ, અહિંસાનું ધનોત પનોત નીકળી ગયું છે. દયા, પ્રેમ, માનવતા વગેરેનો ધ્વંશ પળે પળ થઈ રહ્યો છે. ગાળ ગલોચ, અપહરણ, બળાત્કાર જેવા કિસ્સાઓ સામાન્ય બની ગયા છે. અને ધનવાન બનવાના કે એક જ રાતમાં કરોડપતિ બનવાના અભરખામાં કેટલાય માનવ જીવો દુરાચારની ચુંગાલમાં ફસાઈ જાતે જ આત્મહત્યાને નોતરે છે! રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે અકારણ યુદ્ધ અને નરસંહારનો સિલસિલો સતત વહેતો રહ્યો છે. સારપ મૂરઝાઈ ગઈ છે. નરાધમતા છાપરે ચડી સૌને પજવે છે અને સદાચરણનો વ્યવહાર કરનારો અંધકારના વમળમાં ગોથાં ખાય છે!

આમ મહાભારતમાં આજની બધીય બદીઓનું ચિત્રણ મળે છે! ભીષ્મ પિતામહ કૌરવ પક્ષે રહી બાણ શૈય્યા પર સૂતા. એમની ઈચ્છા મકરસંક્રાતને દિવસે મૃત્યુ પામવાની હતી તે પૂર્ણ થઈ. કૌરવનો વિનાશ થયો, પાંડવો રાજ્યાસને બેઠાં. પાંડવોમાં યુધિષ્ઠિર વિશેષ વિચક્ષણ અને વિદ્વાન હતા. પાંડવો જ્ઞાની હતા. આચરણમાં શુદ્ધિ રહે તે માટે તેઓ સજાગ રહેતા.

એક વખતની વાત છે. યુધિષ્ઠિર સૂતા હતા. કાળ પુરુષ મળવા આવ્યો. રાજમહેલમાં એમનો પ્રથમ ભેટો ભીમ સાથે થયો. કાળ પુરુષે એને પ્રશ્ન કર્યો. 'ખેતીની સુરક્ષા માટે વાડ કે દિવાલ બાંધવામાં આવે છે પણ એ ખેતી મોલ વાડ ખાઈ જાય છે એવું મને લાગે છે તો એનો અર્થ શો?' ભીમ જવાબ આપી શક્યો નહિ.

પછી કાળ પુરુષ અર્જુનને મળ્યો. તેણે પ્રશ્ન કર્યો: 'ખેતરમાં વચ્ચે એક કૂવો છે એની આસપાસ ચાર કૂવાઓ છે ચારેય કૂવામાં પાણી ભરેલું રહે છે જ્યારે મુખ્ય કૂવો ખાલીખમ થઈ ગયો છે. શા કારણે?' અર્જુન કશોય જવાબ આપી શક્યો નહિ.

કાળ પુરુષ આગળ વધ્યો તેને નકુલનો ભેટો થયો. કાળપુરુષે પ્રશ્ન કર્યો: 'ગાયની વાછડી ગાયનું દૂધ પીવે છે એ દેખાય છે પરંતુ મને તો ગાય વાછડીનું દૂધ પી રહી છે એવું લાગે છે? શા માટે?' નકુલ નિરુત્તર રહ્યો.

હવે કાળ પુરુષ પહોંચ્યો સહદેવ પાસે અને તેણે પ્રશ્ન કર્યો: 'ધરતી પરના વૃક્ષો મૂળને આધારે ટટ્ટાર રહી ઊંચે ફૂલે ફાલે છે, પણ મને તો એ સોઈની અણી ઉપર ઊભા હોય તેવું લાગે છે. એનું કારણ શું?' સહદેવ પણ જવાબ ન આપી શક્યો. ત્યાં તો સૂતેલા યુદ્ધિષ્ઠિર ઊઠ્યા. એણે કાળ પુરુષને જોઈને પ્રશ્ન કર્યો: 'આપ અહિંયા?

કાળ પુરુષે કહ્યું: 'મેં તમારા ચારેય ભાઈઓને પ્રશ્ન પૂછ્યા પણ કોઈ ઉત્તર આપી શક્યું નથી. હવે હું તમને એક પ્રશ્ન પૂછું છું–મને તેનો ઉત્તર આપજો. એક ગુફામાં એક હાથી દાખલ થયો. તેનું આખુંય શરીર અંદર દાખલ થઈ ગયું પણ એની પૂંછડી બહાર રહી ગઈ. કારણ?'

યુધિષ્ઠિરે પોતાને પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપ્યો: 'આ વિશ્વ-સમાજમાં નિષ્ઠાવાન, નેક, પ્રામાણિક અને સદાચરણવાળા માનવી સતત નિંદા અને ટીકાનો ભોગ બને છે એટલે હાથી જેવા સમાજમાં પૂંછડી રૂપી સારા માનવી સતત ટીકા, કૂથલી અને નિંદાનો ભોગ બને છે.

કાળ પુરુષ ખુશ થયો. 'હવે તમે મને તમારા ચારેય ભાઈઓને પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપો.' અને કાળ પુરુષે ભીમ, અર્જુન, નકુલ, સહદેવના પ્રશ્નો યુધિષ્ઠિરને પૂછ્યા.

અને યુધિષ્ઠિરે દરેકના જવાબ ક્રમાનુસાર નીચે પ્રમાણે આપ્યા.

ભીમના પ્રશ્નનો જવાબ : 'વાડ ચીભડાં ગળે એના જેવી વાત છે. રક્ષક ભક્ષક બને તો સમાજમાં સામાન્ય માનવીનું જીવન કેવું અકારું બની જાય?'

અર્જુનના પ્રશ્નનો જવાબ : 'માતાપિતા રૂપી કૂવાનું પાણી છોકરાઓ પી જાય છે એટલે વૃદ્ધાશ્રમો ખુલશે, એટલું જ નહિ માતાપિતાનો અનાદર છોકરાં કરશે એવો કળિયુગ આવશે.'

નકુલના પ્રશ્નનો જવાબ : 'વાછડી ગાયનું દૂધ હવે નથી પીતી પણ ગાય પીવે છે એટલે કે માતાપિતા કળિયુગમાં દીકરીની કમાણી ઉપર જીવવા માટે તેને પરણાવશે નહિ અને એની કમાણી ઉપર તાગડધીન્ના કરશે એવો કળિયુગી સમાજ હશે.'

સહદેવના પ્રશ્નનો ઉત્તર : 'વૃક્ષો મૂળ ઉપર જ ઊભા રહે છે પરંતુ આજ કાલ સોઈની અણી ઉપર ઊભા છે એટલે કળિયુગમાં સત્ય માત્ર સોઈની અણી જેટલું જ સ્થાન ભોગવશે!'

કાળ પુરુષના પાંચેય પ્રશ્નોના ઉત્તર યુધિષ્ઠિરે બહુ જ સ્વસ્થતાથી આપ્યા. કાળ પુરુષે ઉપરના પાંચ પ્રશ્નો દ્વારા કળિયુગના લક્ષણોને ગર્ભિત કર્યા છે. અને આજે આપણે કળિયુગની પરાકાષ્ઠામાં જીવીએ છીએ. કળિયુગના બધાય દૂષણો સમગ્ર વિશ્વમાં વ્યાપી ગયાં છે. માટે સજ્જન માનવીઓને સાચવવાથી કળિયુગના દૂષણો જરૂર ઘટશે!

સમાજના સંસ્કારનું ધન જ્ઞાની-સત્સંગી-સજ્જન અને સત્યપ્રિય અને સારપ ભરેલા માનવીઓ જ સાચવી શકશે! ✷ ✷ ✷

૧૩ A, આશીર્વાદ, પ્લોટ નં. ૩૬૩B/14, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ટેલિ. ઘર : ૨૫૦૬૯૧૨૫.

ભાવ-પ્રતિભાવ

'પ્ર. જી.' જૂન માસનો આપનો 'પ્ર. જી.'ની સ્થિરતા માટેના લેખની કટોકટી વાંચી આશ્ચર્ય થયું.

'પ્ર. જી.' ચિરંજીવ બનવું જ જોઈએ. આવા સત્ત્વથી સમૃદ્ધ સામયિકને કટોકટીનો સામનો કરવો પડે એ જૈન અને ઇતર ગુજરાતી ભાષી સમાજ માટે દુ:ખરૂપ છે.

આ સાથે **રૂા. એક લાખનો ચેક** 'પ્ર. જી.' નિધિ માટે સ્વીકારી મને આભારી કરશો.

આપે ઇચ્છેલ સ્થાયી રકમ એકત્રિત થઈ જશે એવી મને શ્રદ્ધા છે.

–રાયચંદભાઈ એચ. ધરમશી

મઢુલી-વરલી

x x x

તમારી અપીલ પ્રમાણે આ સાથે ચેક-૧ રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂા. પચાસ હજાર પૂરા) બૅંક ઑફ બરોડાનો મોકલાવેલ છે. 'પ્રબુદ્ધ જીવન'માં મારું નામ છાપતા નહીં અને કોઈ કારણસર તમારે કેટલું ડોનેશન આવ્યું છે એ વિગત જણાવવાની હોય તો 'એક સદ્‌ગૃહસ્થ' તરીકે લખવાની મહેરબાની કરશોજી.

–એક સદ્‌ગૃહસ્થ

x x x

'પ્રબુદ્ધ જીવન'ના જુન, ૨૦૧૨ના અંકમાં આપનો લેખ 'એક અવિરત જ્ઞાન-સંસ્કાર યાત્રા એક કટોકટી' વાંચતાં એક જબરદસ્ત આંચકો અનુભવ્યો. 'પ્રબુદ્ધ જીવન' જેવું સામયિક અને તે આર્થિક કટોકટીમાં ? ? ? શરમથી માથું ઝૂકી ગયું. આજે આવા પ્રબુદ્ધ સામયિકો કેટલા પ્રગટ થાય છે ? સાર્થના જોડણીકોશમાં પ્રબુદ્ધ શબ્દનો અર્થ આપવામાં આવ્યો છે, **પ્રબુદ્ધ એટલે જાગેલું, જ્ઞાની અને સમજુ !** ૮૩ વરસથી એક પણ જાહેરાત લીધા વિના નિયમિત પ્રગટ થતા અહિંસા અને રાષ્ટ્રીયતાનો સંદેશો જૈન દૃષ્ટિકોણથી સહજતાપૂર્વક પ્રસારતા આવા અનન્ય સામયિકને આ 'પ્રબુદ્ધ જીવન'ના જાગૃત, જ્ઞાની, સમજદાર વાચકો કદી પણ કટોકટીમાં રહેવા દેશે ખરા ? કદી પણ નહીં. વાચકોના હૃદયમાંથી ઉદ્‌ભવેલા યશપત્રો અને યશ શબ્દોનું તો ક્યારેય પણ બાષ્પિભવન થવા દેવાય ખરું ? ભાગ્યશાળી છે 'પ્રબુદ્ધ જીવન' સામયિક કે જેના વહિવટી કર્મચારીઓ સામયિકની નુકસાની પૂરી કરવા કાયમી રકમની ફીક્સ ડિપોઝીટ તોડવી પડે ત્યારે પોતાની એક આંગળી તૂટતી હોય તેવો અનુભવ કરે ! કવિ નર્મદે જે કહ્યું હતું કે, તલવાર કરતાં પણ શબ્દની તાકાત અનેકગણી વધારે હોય છે જેનો અનુભવ કેટલીય વાર 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને થતો જ હોય છે. એમાં પ્રગટ થતા લેખો અત્યંત ઉચ્ચ કક્ષાના હોય છે અને વાંચનારની પ્રજ્ઞાને જાગૃત કરી તેના હૃદયમાં ચિંતનનો દીવડો પ્રગટાવનારા હોય છે. આટલા સુંદર સામયિકના પાના ઘટાડવાનો વિચાર પણ દુ:ખનો અનુભવ કરાવનારો છે.

'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ તંત્રી મહોદય શ્રી ધનવંતભાઈ ક્યારેય પણ નિયતિમાં માનનારા હોય એ માની જ ન શકાય. એ તો પુરુષાર્થવાદી જ હોય. શું એ પણ નિયતિ જ નથી !

પર્વતને ઉંચકવાનું સામર્થ્ય તો નથી ધરાવતો, પણ, એક આંગળીનો ટેકો તો જરૂર આપી શકાય ને ! એક પુષ્પ પાંખડી જેટલા સહકારનો રૂા. ૧૦,૦૦૦/-નો ચેક આ સાથે બીડું છું. અનુકુળતાએ રસીદ પાઠવી દેશો એવી નમ્ર વિનંતી સાથે. પુણ્યકાર્યમાં સહભાગી બનાવવા બદલ આભારની લાગણી સાથે,

આપનો વિનમ્ર,

જાદવજી કાનજી વોરાના વંદન

મુલુંડ-વેસ્ટ, મુંબઈ

x x x

આ વખતના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં (એક કટોકટી) આપનો અગ્રલેખ વાંચ્યો અને તમોએ જે કાંઈ વિગત આપી છે તે બાબત દરેક વાચકે આ પરિસ્થિતિ સમજીને જે કાંઈપણ બની શકે તે સાથ અને સહકાર આપવો જોઈએ અને તેમાં સક્રિય રસ લેવો જોઈએ. ઘણા વર્ષોથી 'પ્રબુદ્ધ જીવન' હું નિયમિત વાંચું છું અને તેમાં આપના અગ્રલેખ અને અન્ય સમજવા જેવી તથા જીવનમાં ઉતારવા જેવી ઘણી બાબતો પીરસવામાં આવે છે. આ માસિકનો ઘણો જૂનો ઇતિહાસ છે અને આદરણીય ચીમનભાઈ ચકુભાઈ તથા ડૉ. રમણભાઈ શાહ જેવા મહાનુભાવોએ તંત્રીપદેથી સેવા આપેલ છે. હાલમાં તમો આ જવાબદારી સંભાળો છો અને જે વાસ્તવિક હકીકત છે તેને સ્પષ્ટ રીતે રજૂ કરી સૌના સહયોગની અપેક્ષા રાખો છો તે યોગ્ય અને અનિવાર્ય છે. આપનો વિશાળ વાચક વર્ગ ઈશ્વરકૃપાએ આર્થિક રીતે ખૂબ સદ્ધર છે અને આપની આ અપીલનો તાત્કાલિક ખૂબ જ સુંદર પ્રતિભાવ મળશે અને આ માસિક ભવિષ્યમાં કોઈ આર્થિક સંકડામણ અનુભવશે નહીં અને આ પ્રવૃત્તિનો દિવસે ને દિવસે વધુ વિકાસ થતો રહેશે તેની ખાતરી છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માનવસેવાનું તથા ધર્મનું ભગીરથ કાર્ય કરી રહેલ છે એમાં સક્રિય રસ લેવો તે સૌ સમજદાર વ્યક્તિની ફરજ છે તેમ હું માનું છું.

આપનો લેખ વાંચ્યા પછી મારી ઉપર તેની જે કાંઈ અસર થઈ તેના ફળસ્વરૂપે ફૂલ નહીં ને ફૂલની પાંખડી મારા તરફથી આ યોગદાનમાં રૂા. ૫,૦૦૦/-નો ચેક મોકલાવેલ છે તે સ્વીકારી આભારી કરશો.

આપના સૌ કાર્યકર્તાઓ નિષ્ઠાવાન છે અને આ પ્રવૃત્તિ કોઈપણ મુશ્કેલી સિવાય કાયમ ચાલુ રહેશે તેવું મારું માનવું છે.

આપ સૌની મારા પ્રત્યેની સદ્‌ભાવના માટે આભાર.

લી. નટવરભાઈ દેસાઈ

મુંબઈ, વાઈસ ચેરમેન પી.એન.આર.સોસાયટી

x x x

આપના તંત્રીસ્થાન હેઠળ પ્રકાશિત સુંદર સામયિક 'પ્રબુદ્ધ જીવન' મોકલવા બદલ આપનો અત્યંત આભારી છું. 'પ્રબુદ્ધ જીવન'ના મુખપૃષ્ટ પરની સરસ્વતી માતાની મનોહર છબીઓ નિહાળીને તો હું આનંદવિભોર બની જાઉં છું. મારી આપને નમ્ર વિનંતી છે કે બધી છબીઓ એકત્ર કરીને એક આલ્બમ અથવા પુસ્તક બનાવવું.

મે ૨૦૧૨ના અંકમાં 'આચમન'માં એક ભૂલ પ્રત્યે આપનું ધ્યાન દોરી સુધારો કરવા સૂચવું છું. હઝરત ઉમર એ બીજા ખલીફા છે અને મહમ્મદના વારસદાર તો તેમના શ્વસુરશ્રી હઝરત અબૂ બકર જે ફક્ત બે વર્ષ માટે જ વારસ રહ્યા. હઝરત ઉમર તો એક મહાયોદ્ધા હતા., જેમણે યુદ્ધો જીતીને ઇસ્લામ ધર્મનો ફેલાવો કર્યો હતો. તેઓ કંઈ સાધારણ વ્યાપારી નહોતા. તેઓ તો ઘણાં શ્રીમંત કુટુંબના સભ્ય હતા.

આપનો સ્નેહી

નગીનદાસ

* * *

પાંચ પ્રકારના શરીરને જાણો, માનવભવની મહત્તા પિછાણો

□ પારુલબેન બી. ગાંધી

જીવ જ્યાં સુધી ચાર ગતિના ચક્કર કાપે છે ત્યાં સુધી શરીર તેની સાથે જ રહે છે. જ્યારે જીવ સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષે જાય ત્યારે શરીરનો સાથ છૂટી જાય છે. આપણે બધા જ જાણીએ છીએ કે જીવના મુખ્ય બે પ્રકાર છે. (૧) સિદ્ધના જીવો. (૨) સંસારી જીવો.

જીવ જ્યારે મોક્ષને એટલે કે સિદ્ધદશાને પામે ત્યારે તેને રોગ, શોક, સુખ, દુઃખ, જન્મ, મરણ, જરા, કાયા વગેરે કશું જ હોતું નથી. માત્ર આત્મા છે અને સુખ-શાંતિ-સમાધિ છે. પરંતુ જ્યાં સુધી જીવ સંસારમાં હોય એટલે કે દેવ-મનુષ્ય-તિર્યંચ કે નારકી આ ચાર ગતિમાંથી કોઈપણ ગતિમાં તેને શરીર હોય જ છે. શરીરના કુલ પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે. જે જીવ સંસારમાં છે તેને આમાંથી કોઈ ને કોઈ શરીર હોય જ છે. આ બધા શરીર વિષે થોડું વિસ્તૃત રીતે જોઈએ તો જેનો સ્વભાવ સડન-ગલન-પડનનો છે, જે જીર્ણ-શીર્ણ થઈ જાય છે તે શરીર કહી શકાય. શરીર એ આમ જુઓ તો આત્મા જેમાં વસવાટ કરે છે તે સાધન માત્ર છે. હંસલો ઊડી જતાં શરીર પણ જડ બની જાય છે. શરીર એ પુણ્યથી પ્રાપ્ત થાય છે. સારું શરીર મળવું તે પુણ્યને અને કર્મને આધીન રહેલું છે.

હવે આ શરીરના જે જુદા જુદા પાંચ પ્રકાર બતાવ્યા છે તે પ્રકારો વિષે જોઈ તેની શું વિશેષતા છે ? તે શરીરનું સ્વરૂપ કેવું છે ? તે કોને હોય છે ? આ બધી બાબતો વિષે જોઈએ !

૧. ઔદારિક શરીર :- ઔદારિક શરીર કોને કહે છે કે જે હાડ-માંસ વિગેરે સાત ધાતુથી બનેલું હોય. જે મર્યા પછી અહીં જ પડ્યું રહે છે, આત્માની સાથે જતું નથી અને જે સડી જાય, કોહવાઈ જાય છે. તેમ જ આ શરીર મનુષ્ય અને તિર્યંચને જ મળે છે. ઔદારિક શરીરની મુખ્ય વિશેષતા એ છે કે ઔદારિકના પુદ્‌ગલો બધા કરતાં જાડા અને મોટા છે. વળી ઔદારિકમાંથી વૈક્રિય શરીર બનાવતા બધાં કરતાં વધારે મોટું બને છે. આહારક લબ્ધિ ઔદારિક શરીરવાળા જ પ્રાપ્ત કરી શકે છે. ઔદારિક શરીરનું વધુમાં વધુ દેહમાન ૩ ગાઉનું હોય છે. વળી મોક્ષે જવા માટે પણ ઔદારિક શરીર અગત્યનું છે. મનુષ્યભવમાંથી જ મોક્ષે જઈ શકાય એટલે દેવો પણ ઔદારિક શરીરવાળો મનુષ્યભવ જલ્દી મળે તેવી ઝંખના કરે છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ આ પાંચ જ્ઞાન માત્ર ઔદારિક શરીરવાળાને જ થાય. ઔદારિક શરીર આખા લોકમાં મળી શકે છે. એક શરીરમાં અનંત જીવો ઔદારિક શરીરમાં જ મળે છે. વળી આવા જીવો અનાદિ અનંત છે. વળી ઔદારિક શરીરવાળો ૨૮ લબ્ધિ પ્રાપ્ત કરી શકે છે. ઔદારિક શરીરવાળો જ સાધુપણું લઈ શકે છે અને મોક્ષ લઈ શકે છે. માટે ઔદારિક શરીરને મોક્ષ મેળવવાનું સાધન કહ્યું છે.

૨. વૈક્રિય શરીર :- વૈક્રિય શરીર કોને કહે છે કે જેમાં રસ, લોહી, માંસ, ચરબી, હાડકા, મજ્જા અને વીર્ય એ સાત ધાતુ ન હોય. જે મર્યા પછી પડ્યું ન રહે પરંતુ વિસરાલ થઈ જાય. આ શરીર દેવ અને નારકીને જન્મથી જ મળે છે. તેનાથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને મોટામાં મોટા રૂપો બનાવી શકાય છે. મનુષ્ય, તિર્યંચને આ શરીર મેળવવું હોય તો લબ્ધિથી કે તપસ્યા કરવાથી મળે છે. આ શરીર જેમને સહજ રીતે મળે છે તેઓ મોક્ષ મેળવી શકતા નથી, એટલે કે દેવ અને નારકીને આ શરીરથી મોક્ષ ન મળે. તેમજ તેમને જન્મથી જ ત્રણ જ્ઞાન મતિ, શ્રુત, અવધિ હોય છે. દેવ-નારકી મનઃપર્યય, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકતાં નથી.

૩. આહારક શરીર :- આહારક શરીર ૧૫ કર્મભૂમિના મનુષ્યો જ બનાવી શકે છે. વળી આ શરીર નિયમા અમર છે. આહારક શરીર હોય ત્યારે વૈક્રિય શરીર નિયમા હોય જ પણ વૈક્રિય હોય ત્યારે આહારકની ભજના (ભગવતીસૂત્ર, શતક ૨૫, ઉદ્દેશો-૩). આહારક શરીર પામેલા નિગોદમાં અનંતા જીવો છે. (ભગવતી સૂ. શતક-૧).

જીવ આહારક શરીર ક્યારે બનાવે કે જ્યારે તેને કંઈક શંકા થાય અને તેનું નિવારણ કરવા તીર્થંકર પાસે જવું હોય, હિંસાનું તાંડવ નિવારવા માટે, ૧૪ પૂર્વનું જ્ઞાન અધરું હોય તો પૂરું ભણવા માટે, દેવોની રિદ્ધિ-સિદ્ધિ જોવા માટે તથા જિનશાસનની રક્ષા માટે આહારકલબ્ધિનો ઉપયોગ કરે.

આહારક શરીરની શરૂઆત ત્યારે થાય જ્યારે જીવ અર્ધપુદ્‌ગલ પરાવર્તનકાળમાં આવી ગયો હોય, પછી સમકિત પામી-સાધુપણું પ્રાપ્ત કરે. ૧૪ પૂર્વનો અભ્યાસ કરી અપ્રમત્ત સંયતિના ઘરમાં વિચરણ કરે. ત્યાર પછી જ આહારક શરીર કરી શકે, તેની પ્રાપ્તિ માટે નિયમા કષાયકુશીલ નિયંઠો બનવું પડે. આવા આહારક શરીર ધારણ કરી ચૂકેલા ને પછી પડિવાઈ થયેલા ને પછી નિગોદમાં ગયેલા અનંતા જીવો છે. (પન્નાવણા સૂત્ર). આથી જ દરેક મુમુક્ષુની અભિલાષા તો માત્ર કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે જવાની જ હોવી જોઈએ.

આહારક શરીર અપ્રતિસેવી છે. આ શરીરનું પૂતળું પાંચે ઈન્દ્રિય સહિતનું હોય છે. તે સૂક્ષ્મ શરીર છે, અરૂપી છે. ખાસ મહત્ત્વની વાત એ છે કે આ લબ્ધિનો ઉપયોગ કરીને મુનિને પ્રાયશ્ચિત્ત લેવું પડે છે. પ્રાયશ્ચિત્ત લે તો આરાધક અને ન લે તો વિરાધક. વળી તે જઈને આવે એટલે ઈરિયાવહીયા પડિક્કમે છે. જો ઈરિયાવહિયા ન પડિક્કમે તો વિરાધક.

વળી આરાધક શરીર બાંધવાના દલિકો ચોથાથી આઠમા ગુણસ્થાનક સુધી ભેગા કરે અને છઠ્ઠા ગુણસ્થાનકે આહારક શરીર બનાવે, આહારક લબ્ધિ સાતમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય. અને છેલ્લે આહારક શરીર કર્મભૂમિમાં જ હોય, અકર્મભૂમિમાં નહિ.

૪. તેજસ શરીર અને ૫. કાર્મણ શરીર :- આ બંને શરીર સાથે લેવાનું એક મહત્ત્વનું કારણ એ છે કે દરેક સંસારી જીવોને એટલે કે સિદ્ધ ભગવાન સિવાયના જીવોને આ બંને શરીર સાથે જ હોય છે.

વાટે વહેતા જીવ એટલે કે એક ગતિમાંથી બીજી ગતિમાં જતા જીવોને પણ આ બે શરીર તો અવશ્ય હોય જ છે.

લીધેલા આહારને જે પચાવે તેને તેજસ શરીર કહે છે. આપણા શરીરમાં જે ઉષ્ણતા (જઠરાગ્નિ) છે તે તેજસ શરીરના કારણે છે.

આઠ કર્મને રહેવા માટેનું જે સ્થાન છે તેને કાર્મણ શરીર કહે છે. કર્મની બૅંક, કર્મનો કોથળો તે કાર્મણ શરીર છે.

આ બંને શરીરને આધારે જ શરીર ગતિ કરે છે. જ્યારે આહારક શરીર પ્રશ્ન પૂછવા જાય ત્યારે પણ બંનેના આત્મપ્રદેશો દ્વારા જ ગતિ થાય છે. તેજસ-કાર્મણ સિવાયના ૩ શરીર જ બોલી શકે છે, સાંભળી શકે છે અને જોઈ શકે છે. તેજસ-કાર્મણ શરીર તો અભ્યંતર છે, તે બોલી શકે નહિ. મોક્ષે જતાં જીવને આ બધા જ શરીરનો સાથ છુટી જાય છે.

આમ જોઈએ તો સિદ્ધ ભગવાન અશરીરી હોય છે. મનુષ્યગતિમાં જ પાંચેય શરીર મળી શકે છે. પરંતુ વૈક્રિય અને આહારક તો લબ્ધિથી જ મળી શકે છે અને આહારક શરીર તો સાધુપણું લીધા પછી જ શક્ય બને છે. સામાન્ય મનુષ્યને પણ ત્રણ શરીર તો હોય જ છે. ઔદાર્ય, તેજસ અને કાર્મણ. સંજ્ઞી તિર્યંચને ૪ શરીર હોઈ શકે છે. દેવ-નારકીને વૈક્રિય, તેજસ-કાર્મણ શરીર હોય છે. આ રીતે જોતાં ઔદારિક શરીરથી જ મોક્ષપ્રાપ્તિ સુલભ બને છે એટલે જ દેવો પણ મનુષ્યભવને ઝંખે છે.

માનવભવની મહત્તા પિછાણો:-

શ્રી પન્નવણા સૂત્રમાં જીવોની ૯૮ પ્રકારે ગણતરી કરી છે. તેમાં સર્વથી થોડા ગર્ભજ મનુષ્યો કહ્યા છે. ગર્ભજ મનુષ્ય માત્ર અઢી દ્વીપમાં અને ત્રિછાલોકમાં જ ઉત્પન્ન થાય છે. આખા લોકનું પરિમાણ ઘનાકારે ૩૪૩ રજ્જુ છે. તેમાં અઢી દ્વીપ તો માત્ર ૪૫ લાખ જોજનનો છે. એ ૪૫ લાખ જોજનમાં પણ બે લાખ ને આઠ લાખ જોજનના સમુદ્રો છે. એ સિવાય દ્વીપની ભૂમિમાં પણ નદીઓ, પહાડો, જંગલો વગેરે ઘણા સ્થળો મનુષ્યરહિત છે. આ બધી રીતે જોતાં મનુષ્યભવ મળવો અતિ દુષ્કર છે તેની પ્રતીતિ થાય છે.

મનુષ્યગતિ મળ્યા પછી પણ આર્યક્ષેત્ર મળવું મુશ્કેલ છે. અઢી દ્વીપમાં ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપા એમ ૮૬ ક્ષેત્રના મનુષ્યો ધર્મ-કર્મવિહીન જુગલિયા છે. પુણ્યનો ભોગવટો કરવા જ આવ્યા છે. ૧૫ કર્મભૂમિમાં પાંચ મહાવિદેહમાં જ સદાકાળ ધર્મ હોય, ૫ ભરત-૫ ઇરવતમાં તો ત્રીજાના અંતમાં ચોખા, પાંચમા આરામાં જ ધર્મ હોય છે. એમાંયે પાછા આ ભરત-ઈરવતના ૨૫॥ આર્યક્ષેત્રમાં જ ધર્મ સુલભ છે. આમ આપણને જે મનુષ્યભવ-આર્યક્ષેત્ર-ઉત્તમ કુળ-દીર્ઘ આયુષ્ય-પાંચ ઇન્દ્રિય પરિપૂર્ણ મળવી, નિરોગી શરીર, સદ્‌ગુરુ સત્સંગ, શાસ્ત્ર શ્રવણ, શાસ્ત્રમાં શ્રદ્ધા વગેરે મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયા છે તેના મહત્ત્વને પિછાણી તેનો યોગ્ય રીતે સદુપયોગ કરશું તો જ આ માનવભવ સફળ થશે.

પાંચ શરીર જે છે તેનાથી છૂટી અશરીરી બનવું હોય, સિદ્ધ ગતિને પામવી હોય તો મનુષ્યભવ જે મળ્યો છે તેનો ઉપયોગ કરી લેવા જેવો છે. અનુત્તર વિમાનના દેવોમાં પણ જે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવતાઓ છે તે તો એકાવતારી છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહમાં મનુષ્યજન્મ પ્રાપ્ત કરી મોક્ષે જવાવાળા છે. પરંતુ ૩૩ સાગરોપમનું આયુષ્ય હોવાથી સુખનો ભોગવટો કરે છે. આવા દેવો પણ જલ્દી મનુષ્યભવને, ઔદારિક શરીરને ઝંખે છે કારણકે તેનાથી જ મોક્ષ મળે છે. દેવગતિમાં સુખનો ભોગવટો છે, નરકમાં દુ:ખ, દુ:ખને દુ:ખ જ છે. તિર્યંચમાં વિવેકનો અભાવ છે, સમજણનો અભાવ છે. આમ ત્રણે ત્રણ ગતિમાં સંસારના ચકરાવા જ છે. આ ચકરાવાથી છૂટવું હોય તો ઔદારિક શરીર જે આપણને મળ્યું છે તેના મહત્ત્વને સમજીએ, મોક્ષને મેળવવા માટેનું સાધન છે તે સમજીએ.

એ બધું બરાબર સમજી શરીર પરના ખોટા મોહને છોડીએ તો અનંતો સંસાર ઘટાડી શકીએ છીએ. દાન-શીયળ-તપ અને ભાવથી આત્માને ભાવિત કરી, આત્માને સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્રમાં સંપૂર્ણ રીતે જોડીશું તો આ ભવને સફળ કરી પરિતસંસારી અવશ્ય બની શકશું. ✷✷✷

'ઉષા સ્મૃતિ' ૧, ભક્તિનગર સોસાયટી, રાજકોટ-૩૬૦૦૦૨. ફોન : ૦૨૮૧-૨૨૨૭૯૫, મો. : ૯૮૨૪૪ ૮૫૪૧૦.

શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળા (જામનગર)ના સહયોગથી 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' જામનગર (સૌરાષ્ટ્ર) માં યોજે છે ત્રીદિવસિય પર્યુષણા વ્યાખ્યાનમાળા

તા. ૭, ૮, ૯ સપ્ટેમ્બર, ૨૦૧૨

પાવન નિશ્રા પ. પૂ. મુનિ ભગવંત પન્યાસજી વજ્રસેન વિજયજી મ.સા. અને પ. પૂ. મુનિ ભગવંત આચાર્ય શ્રી હેમપ્રભ વિજયજી મ.સા.

આ પ્રસંગે યોજાશે ત્રિદિવસિય-**ચતુર્થ કાયોત્સર્ગ શિબિર**

સાનિધ્ય **પ. પૂ. શશીકાન્તભાઈ મહેતા**

તા. ૭ ઉદ્‌ઘાટક વ્યાખ્યાતા : **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

વિષય : **પર્યુષણ આંતર શુદ્ધિનું પર્વ**

તા. ૮ વ્યાખ્યાતા : **શ્રી મનોજભાઈ જૈન**

વિષય : **બૃહદ શાંતિ સ્તોત્ર**

તા. ૯ વ્યાખ્યાતા : **ડૉ. ધનવંત શાહ**

વિષય : **ઉવસગ્ગહરં સ્તોત્ર**

ત્રણે દિવસ સમય : સવારે ૮ થી ૯ ભક્તિ સંગીત

વ્યાખ્યાન ૯ થી ૧૧

સ્થળ : **મણિબેન એમ. પી. શાહ વ્યાખ્યાન હોલ**

સંપર્ક : **શ્રી રમણીકલાલ કે. શાહ,** પ્રમુખ કુંવરબાઈ જૈન ધર્મશાળા-જામનગર

મો. નં. : 098 9807 3007 - (0288) 2660067.

મુંબઈથી કાયોત્સર્ગ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક સાધકોને **શ્રી નીતિન સોનાવાલા**નો સંપર્ક કરવા વિનંતિ. મો. નં. 9820061259

ચાલો, ઝંખીએ આવું મૃત્યુ!

□ નિતીન ૨. દેસાઈ

શ્રી અબ્રાહમ લિંકનના 'દર્શન' કરીને 'આ તો સાવ સામાન્ય માણસ દેખાય છે!' એમ પિતાને કહી રહેલા બાળકને લિંકનભાઈ આ દિલદાર સત્ય કહે છે: 'બેટા, પ્રભુને સામાન્ય માણસ જ વધુ વ્હાલા છે, તેથી તેણે દુનિયામાં સામાન્ય માણસો જ વધારે પેદા કર્યા છે.' માનવ સંસ્કૃતિના રઢિયાળા-ઊજળા ભાવિની દૃષ્ટિએ, સમાજના દરેક સમજદાર મનુષ્યે હૈયે વસાવવા જેવા આ સત્યની જ ઝાંખી કરાવતી એક ઘટના કહેવી ખપની લાગે છે. એમાં મનુષ્યનો મૃત્યુ સાથેનો નરવો સંબંધ પણ ઊપસી આવે છે.

સદ્‌ગત રતિલાલ દીપચંદ દેસાઈની પુણ્યસ્મૃતિ વાગોળતો એક લેખ હમણાં ગયેલી તેમની શતાબ્દીના ટાણે તેમના મોટા પુત્ર (મારા મોટાભાઈ) શ્રી નિરુભાઈની કલમે 'પ્રબુદ્ધ જીવન'માં રજૂ થયેલો. આજે એ ભાઈની જ પુણ્યસ્મૃતિ વાગોળવાનો અવસર અમારું કર્તવ્ય બનીને આવ્યો છે! આવો, આપણે પણ મૃત્યુને 'પરમ-સખા' બનાવવા માટે આપણી મનોભૂમિકા તૈયાર કરીએ.

અત્રે, 'ઋગ્વેદ'નાં જૂજ, પણ મહિમામય યમસૂક્તોનો મર્મ નિર્દેશવો ખૂબ અનુરૂપ બની રહેશે. 'યમ' એટલે 'સંયમ' કે વૃત્તિઓ પરનો કાબૂ. તો શું ખરેખર યમ ડરામણા કે નિર્દય દેવ હોઈ શકે? ઉપર્યુક્ત સૂકતો પરથી તો ચોખ્ખું સમજાય છે કે એ દેવ (૧) દેહવિલય પામેલા વિવિધ મનુષ્યોને એક દિવ્ય-રમણીય સ્થળે ભેગા લાવનાર છે; માટે મનુષ્ય કે 'રાજા' હોવા છતાં દેવ ગણાયા, અને (૨) મૃત્યુ પછીના શાતાભર્યા અસ્તિત્વ તરફ દોરી જનાર–બલ્કે, એ માટેની ગરવી જીવનશૈલી શીખવનાર 'નરોત્તમ' (શ્રેષ્ઠ નર) છે. (સત્યારાધક કવિ કાલિદાસની પણ એક ચિંતનીય ઉક્તિ છે: 'જ્ઞાનીઓના મતે મરણ એ દેહધારીઓની પ્રકૃતિ છે, જીવન એમાં પ્રવેશેલી વિકૃતિ છે'–'मरणं प्रकृतिः शरीरिणां विकृति जीवितमुच्यते बुधैः।' – 'રઘુવંશ' મહાકાવ્ય) આમાં એવું ઐતિહાસિક સત્ય દેખાય છે કે યમરાજ મૃત્યુ બાબતની માનવજાતની અવનવી વિકૃત કલ્પનાઓને શમાવે તેવી સંયમ-કળાભરી જીવનશૈલી જાતે ખીલવીને પહેલવહેલી શીખવનાર માનવ-ગુરુવર હશે. (યમને 'રાજા' કહીને પણ વેદ ઘણું બધું કહી જાય છે–પ્રજાને રાજી રાખે, આનંદમાં રાખે તે રાજા; હૃદયસ્વામી. રાજાની પ્રતિભાની સમૃદ્ધ ભારતીય સમજણ હૃદયે સ્થાપવા પ્રાચીન-ભારતીય વિપુલ શાસ્ત્રીય કે લલિત સાહિત્ય ઉપયોગી બની શકે.) સંયમકળાને આપણા જીવનબાગમાં વિલસવા દઈએ; અને બસ મૃત્યુ દ્વારા ઉચ્ચત્તર જીવન તરફ સંચરીએ. રસિકવર સંત કબીર કહે છે; 'કર લે સિંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા.' (પિતાશ્રી આ ભજન નિત્ય પ્રાતઃપ્રાર્થનામાં ભાવથી ગાતા!) સર્વમિત્ર જૈન-પરંપરા, અજ્ઞાનજન્ય મૃત્યુભય નિવારનારું એક સત્ય આમ કહે છે: 'ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે–(કયો ધર્મ?) અહિંસા, સંયમ, તપરૂપ ધર્મ. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે, તેને દેવો પણ સદા નમે છે.'

દેખીતી રીતે અઘરું લાગતું આ મૃત્યુ-સત્ય સમભાવી નજરે ચોપાસના સમાજનું કે સચેતનમાત્રનું અવલોકન કરતા રહેનારને ઠેર-ઠેર સાકાર થતું અનુભવાય એમ છે. હા, આવા વિષમ સમયમાં (જૈનોક્ત 'કઠણ' પાંચમા આરામાં, કે વૈદિક પરંપરા મુજબ ધર્મરૂપી વૃષભ ચારમાંથી એક પગે જ ઊભો રહેવા પામે તેવા કળિયુગમાં) એવી ઘટનાઓનું સંખ્યાબળ જરૂર ખાસ્સું ઘટતું જણાશે; પણ એનો લોપ તો ન જ સંભવે.

અમારા નિરૂભાઈ તા. ૨૭-૧૦-૨૦૧૦ (શ્રાવણ વદ ત્રીજ, સં. ૨૦૬૬)ના દિવસે એકાએક ચાલ્યા જતાં ઉપર્યુક્ત સત્ય તેમની મૃત્યુશૈલીથી અનાયાસ પ્રગટ કરતા ગયા. હા, મૃત્યુથી થોડા દિવસ અગાઉ તેમને પેટનો તીવ્ર દુઃખાવો થયેલો. જરૂરી તપાસ અને ઉપચારથી તીવ્ર પીડાનું ક્રમિક શમન થતા, ધીરે-ધીરે ચાલુ આહાર તરફ પણ પાછા ફરી રહ્યા હતા. હજી ખૂબ જ અશક્તિની ફરિયાદ હતી. તેમ છતાં, પોતાના નિવૃત્તિકાળમાં પણ ચાલુ રાખેલી, 'સેંપ્ટ' યુનિવર્સિટીની 'સ્કૂલ ઑફ આર્કિટેક્ચર'ના મુલાકાતી અધ્યાપકની ત્રેવીસ વર્ષ જૂની પ્રવૃત્તિના સમયપત્રક તરફ પાછા ફરવાનો દિવસ પણ તેમણે નક્કી કરી દીધેલો.

કહેવાય છે કે સંયમી કે નરવા જીવનથી નિર્મળ બનેલા ચિત્તમાં નજીકની ભાવિ ઘટના પોતાનું પ્રતિબિંબ કે પોતાની છાયા પાડે છે.

આનંદઘન

અપૂરવ ખેલા

જૈન સાધુ અવધૂત આનંદઘનજીના જીવન ઉપર આધારિત

ગીત-સંગીત સભર મહાનાટક

અપૂરવ ખેલા

અમેરિકાની સફરે જતાં પહેલાં મુંબઈમા બે પ્રયોગ

૧૫ ઑગસ્ટ સાંજે ૭-૩૦ તેજપાલ-ગોવાલિયા ટૅન્ક,

૧૯ ઑગસ્ટ સાંજે ૭–૪૫ ભાઈદાસ-વિલેપારલે

આ મેટરની ઝેરોક્સ નકલ બતાવવાથી 'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકોને ૩૦% ડિસ્કાઉન્ટ અને ૫૦ થી વધુ સમૂહ માટે ૫૦% ડિસ્કાઉન્ડ.

પ્રત્યેક જૈન અને જૈન સંસ્થાઓએ જૈન ધર્મના તત્ત્વને જાણવા અને પોતાના ચિત્ત વિકાસ માટે આ નાટક જોવું-માણવું એ શ્રુતજ્ઞાનની અનુમોદનાનું પુણ્ય છે.

પૂ. સાધુ-સાધ્વીશ્રીજીની નિશ્રામાં આ નાટક ઉપાશ્રયમાં પ્રસ્તુત કરી શકાશે.

સંપર્ક : મનોજ શાહ-૯૮૬૯૪૬૭૩૯૨.

(પ્રભુ ઘર-ઘંટડી વગાડીને આવે છે; ઘંટડી સાંભળવા નરવા હોશ જાળવવા પડે!) કંઈક એવું જ થયું. મારી સમક્ષ, તેમના વયસ્ક સાઢુ-ભાઈ સમક્ષ અવસાન પૂર્વેના બે-ત્રણ દિવસમાં નિરૂભાઈ આવું-આવું કહેતા રહ્યા: 'સિત્તેરની ઉંમર પછી આ જમાનામાં શરીરની મજા તો ન જ રહે. દવાથી જેમ-તેમ ટકતું જીવન જીવવા જેવું તો હોતું જ નથી. એ સ્થિતિમાં પ્રભુ આપણને સમયસર લઈ લે તો કેવું સારું!' (બાઈબલ-મતે નરવું માનવ-જીવન Three scores and a ten સિત્તેર વર્ષનું જ કહેવાયું છે; કેવી 'ટેલીપથી!') અથવા તો વળી કહે: 'મારા બધાં કાર્યો પૂર્ણ થયાં છે. મારી પાછળ લીલી વાડી છે. બસ, હવે તો ઉપર જવાનું.' એમની જીવનરસથી અને મનગમતી પ્રવૃત્તિથી ભરપૂર આશાવાદી જીવનશૈલી વચ્ચે, આ વખતે જ તેમના મુખેથી નીકળેલી આવી વાતોથી અમે સ્વજનો કંઈક અચરજમાં, કંઈક મૂંઝવણમાં સરી પડ્યા હતા. છતાં એવું સમાધાન લેતાં કે 'દર્દી તો દર્દનો માર્યો આમ બોલે; એ મનમાં નહિ લેવાનું.' પણ 'કો જાને ક્યા કલકી?'

અવસાનની સવારે તેઓ મુંબઈ-સ્થિત નાના સાઢુની યુવાન પુત્રીના, એ અરસામાં જ થયેલા અણધાર્યા અવસાન બાબત તેમની સાથે ફોનમાં વાત કરતા હતા; ત્યાં જ તેમને છાતીમાં ભાર લાગતાં ઈન્દિરાભાભીને ફોનમાં વાત કરવાનું કહીને તરત જ પોતે તકિયા પર આડા પડી ગયા, આંખ બિડાઈ ગઈ. આઠ-દસ મિનિટમાં જ શરીર કે મુખના કોઈ તનાવ કે વિકૃતિ વગરનું શાંત મૃત્યુ પણ આ ઘરમાં આતિથ્ય પામ્યું! એ અમ ચાર ભાઈ-બહેનોમાં સૌથી મોટા (૭૩ પૂરાં) અને સૌથી આરોગ્યવાન! જિંદગીમાં ન હૉસ્પિટલમાં દાખલ થયેલા કે ન હતી મોતિયા-ચશ્માની પણ તકલીફ. લાફિંગ ક્લબના ગુજરાતના પ્રેરણામૂર્તિ ડૉ. મુકુંદભાઈ મહેતા તો તેમને પોતાનાથી પણ વધુ આરોગ્યવાન ગણાવતા હતા!

અમને એવું સમજાયું કે તેમણે પ્રભુનું તેડું એ છેલ્લા દિવસોમાં, અંદરોઅંદર તો બરોબર ઓળખી લીધું હતું; એટલું જ નહિ, જેલનું તેડું પામેલા સાચા સત્યાગ્રહીની જેમ, પૂરા માનસિક સમાધાન સાથે 'બંદો તૈયાર છે' એવો વિનયાચાર જ જાણે એમણે દાખવી બતાવ્યો! જેવું જીવન, એવું મરણ!

પુણ્યવંત પૂર્વજો, સંઘેડા-ઉતાર સુંદર, ઘનિષ્ઠ સહ-પરિવારો અને સાધુચરિત માતા-પિતા દ્વારા મળેલા પ્રેમળ સંસ્કારવારસાએ, તેમજ 'વિદ્યાબળ કરતાં પણ ચારિત્ર્યબળ ચઢે' એ ન્યાયે, ભણતરની મધ્યમ કારકીર્દિ, છતાં ગંભીર કાર્યનિષ્ઠા અને ખંતભરી કાર્યસજ્જતા દ્વારા IIM (A) જેવી પ્રતિષ્ઠિત સંસ્થાના ઈજનેર તરીકે કરેલી સુદીર્ઘ સેવાએ એમને `CEPT' ના વિદ્યાર્થીઓના હૃદયમાં પણ અવિચળ અને અદકેરું સ્થાન મળી રહે તેવું, ત્રેવીસ વર્ષેય વણથંભ્યું 'દિલદાર' અધ્યાપન કરવાનું પણ કૌશલ આપ્યું, હૃદયબળ આપ્યું. (બેસણા)માં ધ્રૂસકા લેતા એક છાત્રના મતે; 'આ એક જ ફેકલ્ટી (અધ્યાપક) એવી હતી કે જે દિલ દઈને અમને ભણાવતી હતી.') હાય-વૉય (Hi-Fi)ભરી જીવનશૈલી પ્રત્યેની અલિપ્તતાને કારણે ઢગલો સંપત્તિ ('થપ્પીઓ')ની તૃષ્ણાથી મુક્ત રહ્યા, અને જીવન સ્વજનો સાથે નરવા શોકથી માણ્યું. કુટુંબનો આતિથ્યનો વારસો નિરાડંબરપણે આનંદથી જાળવ્યો. (આ પ્રસંગે અમારા બાને પણ ભાઈબીજે મળેલું આથીય ધન્ય સમાધિમરણ કેમ ભુલાય? અને વળી પિતાશ્રીનું એ સ્વૈચ્છિક દેહદાન!)

એમને થયેલી મૃત્યુની આ આગોતરી ઓળખ વચ્ચે એ સાનંદાશ્ચર્ય જોવા મળ્યું કે તેના કારણે તેમણે ન પોતાની બાકી રહી ગયેલી કોઈ ઇચ્છા કે મહત્ત્વાકાંક્ષા અંગે કોઈ લ્હાય અનુભવી કે ન વારસાવહેંચણી અંગે કે પાછળ રહેલાં સ્વજનોની સુખશાંતિ અંગે કોઈ વિહ્વળતા કે ઉચાટ પ્રગટ કર્યાં. તૃષ્ણાના વ્હોરેલા તાપથી ખદબદતી આજની સમાધાનહીન કદરૂપી શહેરી જીવનશૈલી વચ્ચે આવું સમાધાનભર્યું મૃત્યુ મળે તો શી જરૂર હોય આડંબરી માન-મરતબાઓની કે લપસણી સુખ-સાહ્યબીની? ભાઈ છેલ્લાં વરસોમાં, સામાજિક-ધાર્મિક અવસરોએ, પોતાનામાં, પોતાના ભાઈ-બહેનોમાં અને પરિવારમાં પણ ઊતરેલા અપરિગ્રહ (સંગ્રહમુક્તિ)ના વારસાની બિલકુલ પ્રામાણિક વાત નમ્રપણે કહેતા. વિશેષ આનંદની વાત એ થઈ કે, કાક-તાલીય ન્યાયે, એમની છેલ્લી તા. ૨-૪-'૧૦ની વર્ષગાંઠે જ યોજાયેલા, મારા એક પુસ્તકના પ્રકાશન-અવસરે, સામેથી આયોજકો પાસેથી થોડો સમય માગી લઈને, આ વાત જ સરસ રીતે એક ઉચ્ચ વિદ્યાસમાજમાં પણ ઘૂંટતા ગયા; સૌને પ્રેરતા ગયા. (આ જ તો છે પેલી 'લીલી વાડી!') સંભવતઃ મૃત સ્વજનનું ભાવસ્વરૂપે અસ્તિત્વ એક અર્થપૂર્ણ વાસ્તવિકતા છે અને ત્યારે તેના પ્રતિભાવિકાસમાં જાગૃત સ્વજનો ઘણો ઘનિષ્ઠ સહયોગ કરી શકે છે.

ખુદા કે પાસ જાના હૈ....વહાઁ પૈદલ હી જાના હૈ। ✷ ✷ ✷

૬, અમુલ કૉ. હા. સોસાયટી,
મનુભાઈ મેઘાણી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન :
(૦૭૯) ૨૬૬૦૬૪૦૮.

પર્યુષણ વ્યાખ્યાનમાળા-૨૦૧૨

(આર્થિક સહયોગ : સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી આ વ્યાખ્યાન માળા આ વર્ષે **૭૮મા વર્ષમાં** પ્રવેશશે.

૨૦૧૨ ની ૭૮મી વ્યાખ્યાનમાળા

સપ્ટેમ્બર-૧૨ બુધવારથી ૧૯ સપ્ટેમ્બર બુધવાર સુધી યોજાશે.

સમય : સવારે ૮-૩૦ થી ૧૦-૩૦.

ભક્તિ સંગીત ૭-૩૦ થી ૮-૩૦ :

પ્રત્યેક દિવસે બે વ્યાખ્યાન

વ્યાખ્યાનમાળાના વક્તાની તેમ જ સ્થળની વિગતો હવે પછીના ઑગસ્ટ-સપ્ટેમ્બરના સંયુક્ત અંકમાં પ્રગટ થશે.

જિજ્ઞાસુ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતી પદ્મ શ્રી ડૉ. કુમારપાળ દેસાઇની હૃદયસ્પર્શી અને પ્રભાવક વાણી દ્વારા વહેતી

।। ઋષભ કથા ।।

ત્રીજો દિવસ

ઋષભકથા એટલે ઇતિહાસ, સાહિત્ય, અનુભવ, તત્ત્વજ્ઞાન અને જીવનદર્શનનો જ્ઞાનસંગમ!

'ઋષભકથા'ની અવિરત ધારાનો આજે ત્રીજો અને છેલ્લો દિવસ. કથાના રસપાન દ્વારા તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને જીવનશૈલીને દર્શાવતાં ડૉ. કુમારપાળ દેસાઈના મનનીય વિચારોએ સહુના મનને વિચારસમૃદ્ધ અને આનંદસમૃદ્ધ કર્યા.

ત્રીજા દિવસની કથામાં રાજા ઋષભ ત્યાગી ઋષભ બનીને ધર્મતીર્થના પ્રવર્તન માટે નીકળ્યા છે, ત્યારે એમના સાધનાજીવનના અનુભવોનું પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ માર્મિક અને હૃદયસ્પર્શી આલેખન કર્યું. એ આલેખનની સાથોસાથ એમણે જૈનદર્શનની કેટલીક વિશેષતાઓ તરફ સુંદર જિકર કરી. એમણે કહ્યું કે રાજા ઋષભે સર્વસ્વ ત્યાગ કરીને જગતને એક નવો આદર્શ આપ્યો. ઋષિ-મુનિઓ ત્યાગ કરતા હતા, પરંતુ એ ત્યાગ બાદ આશ્રમમાં વસતા હતા. ઋષિ-પત્ની એમની સાથે રહેતી હતી. અનુકૂળ વાતાવરણ અને ભાવભીના અનુયાયીઓ વચ્ચે એ રહેતા હતા, જ્યારે રાજા ઋષભનો ત્યાગ એવો હતો કે એમને માટે ભયાનક જંગલો વિહારસ્થાનો હતા. ભેંકાર જગાઓ એમના ઊતારાનાં સ્થળો હતાં. પત્ની, શસ્ત્ર, ધન, વાહન – એ સર્વસ્વનો ત્યાગ હતો. નિરાંતે વસવા માટે કોઈ આશ્રમ નહોતો અને આમ પ્રતિકૂળતામાં પરમ અનુકૂળતા જોતા હતા. આવા રાજા ઋષભ મૌન ધારણ કરીને વિહાર કરે છે. લોકોને ખ્યાલ નથી કે આવા ત્યાગીને આપવું શું? કોઈ પોતાનો પ્રિય અશ્વ લઈને આવે છે, કોઈ સુંદર હાથી લઈને હાજર થાય છે, તો કોઈ એમની સમક્ષ રત્નરાશિ કે રૂપગુણ સંપન્ન કન્યાઓ લઈને આવે છે.

પરંતુ ત્યાગી ઋષભ એમના તરફ એક દૃષ્ટિ સુદ્ધાં કરતાં નથી. એમને સ્વાગતની કોઈ ખેવના નથી અને સગવડની કોઈ ઈચ્છા નથી. આવા રાજા ઋષભ મૌન ધારણ કરીને વિહાર કરે છે. એમના દર્શને આવેલી માતા મરુદેવા હાથી પર બેઠા-બેઠા જ પોતાના શેષ કર્મોને નષ્ટ કરી, તેરમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને સર્વજ્ઞ બન્યા, સિદ્ધ-બુદ્ધ અને મુક્ત બન્યા. આવા અવસર્પિણી કાળમાં સર્વપ્રથમ કેવળજ્ઞાન ભલે શ્રી ઋષભદેવને થયું, પણ સર્વપ્રથમ મોક્ષ મરુદેવી માતા પામ્યા.

ત્યાગી ઋષભ આહાર લેતા નથી અને મોન ધારણ કરીને રહે છે. એમની પ્રતિજ્ઞા છે કે નિર્દોષ આહાર જ સ્વીકારવો. અને અહીં જૈન ધર્મના આહારશાસ્ત્રની પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ માર્મિક ચર્ચા કરી અને વર્તમાન સમયમાં આહાર અંગે ચાલી રહેલા ચિંતનને દર્શાવ્યું.

શ્રેયાંસકુમારના જાતિસ્મરણજ્ઞાનને આલેખતાં એમણે કહ્યું, 'હું કોણ? પ્રભુનો પૂર્વભવનો સારથિ! સ્વયંપ્રભાદિક અવતારમાં પણ હું એમનો સાથી હતો. આજે એ મારા પ્રપિતામહ છે. અરે! મારે અને એમને તો નવ નવ ભવના સગપણ છે. એ સગપણ સાચું કરવા આજે એ પધાર્યા લાગે છે. અહાહા! એ તીર્થંકર થશે એવી વાણી મેં વજ્રસેન અરિહંતના મુખે પૂર્વભવમાં સાંભળી હતી, એ જ. આ પોતે ત્રણ લોકના નાથ!'

આદિમં પૃથિવીનાથમાદિમં નિષ્પરિગ્રહમ્ ।
આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામિનં સ્તુમઃ।।

શ્રેયાંસકુમાર એક વખત આનંદથી નાચી ઊઠ્યા, પણ તરત જ એમની નજર પ્રભુના દેહ પર ગઈ. રાજા સોમયશ અને નગરશેઠ સુબુદ્ધિ પણ આવીને પ્રભુચરણમાં નમ્યા. એમણે પણ અન્યની જેમ મણિ, મુક્તાને ગજ-રથની ભેટ ધરવા માંડી, પણ કુમાર શ્રેયાંસ તરત બોલી ઊઠ્યા:

'અરે, આપણે કેવા મૂર્ખ છીએ! ભગવાને જેને અસાર સમજીને છોડી દીધું, એ અખાજને જ આપણે તેમને ભેટ ધરીએ છીએ! જો એમને એ જ જોઈતું હતું, તો આવા વેશે શા માટે નીકળી પડત? એમને ખજાને શી ખોટ હતી? અહા! પ્રભુએ વર્ષથી ભોજન કર્યું નથી! પ્રભુને અન્નની જરૂર છે. અન્ન વિના એમનો દેહ આવો શિથિલ બન્યો છે. ચાલો, હું પ્રભુને પારણું કરાવું!' અને શ્રેયાંસકુમારે નિર્દોષ, નિરવદ્ય આહારને યોગ્ય બેંતાલીસ દોષથી મુક્ત ઇક્ષુરસથી પ્રભુને પારણું કરાવ્યું. નગરજનોએ જયજયકાર કર્યો. આકાશમાં પંચદિવ્ય પ્રગટ થયાં. સામાન્ય એવા શેરડીના રસથી શ્રેયાંસકુમાર ભવોભવની બાજી જીતી ગયા. વસ્તુનો મહિમા નથી. ભાવની મહત્તા છે એ વાત જગતને એ દિવસે સમજાઈ. આ રીતે **નિષ્પાપ જીવન** અને **નિરવદ્ય આહાર** એ બે બાબતનો સંદેશ ત્યાગી ઋષભે જગતને આપ્યો.

વૈશાખ શુક્લા તૃતીયાનો એ દિવસ ઇક્ષુરસના દાનથી અમર થઈ ગયો. પ્રભુએ વર્ષેદિવસે પારણું કર્યું. ત્રણ જગતના નાથનો અભિગ્રહ પૂરો થયો.

ઘેર ઘેર ઉત્સવ મંડાયો. શેરીએ શેરીએ આનંદ-ઉલ્લાસ વર્તી ગયો. પ્રભુએ પારણું કરી શ્રેયાંસકુમારને તારી દીધો. દેવોને દોહ્યલું દાન શ્રેયાંસે પ્રભુને દીધું ને દેવોને દોહ્યલું મુક્તિદાન પ્રભુએ શ્રેયાંસને

આપ્યું.

એ ઘટનાનું રસપ્રદ નિરૂપણ કર્યા પછી ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે આનું ઈક્ષુતીજ, અખાત્રીજ અથવા અક્ષયતૃતિયાના નામથી પુણ્યસ્મરણ કરાય છે. સર્વપ્રથમ ઈક્ષુરસનું પાન કરવાને માટે ઋષભદેવ 'કાસ્યપ' નામથી જાણીતા થયા એમ 'શ્રી દશવૈકાલિક સૂત્ર' કહે છે, જો કે આચાર્ય જિનસેન 'મહાપુરાણ'માં એમ કહે છે 'કાસ્ય' એટલે તેજ અને ભગવાન ઋષભદેવ તેજના રક્ષક હોવાથી 'કાસ્યપ' કહેવાયા. શેરડીના રસના દાનથી વૈશાખ સુદ ત્રીજનો દિવસ અક્ષય કહેવાયો. ભગવાન ઋષભદેવના એક સંવત્સરની તપશ્ચર્યા પછી દાનધર્મની સ્થાપના થઈ. અવસર્પિણી કાળમાં સર્વપ્રથમ દાન શ્રેયાંસકુમારે આપ્યું. ઋષભના વર્ષીતપના પારણાનો ઇતિહાસ આ દિવસ સાથે જોડાઈ જવાથી વર્ષનો તે મહત્ત્વનો દિવસ ગણાયો. એ પછી તો આ પર્વ સાથે અનેક ઘટનાઓ અને પરંપરાઓ જોડાઈ.

પૂર્વની વાતનો એક સંદર્ભ પ્રગટ કરતાં રસપ્રદ વાણીમાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે રાજધૂરા ધારણ કરતા હતા, ત્યારે રાજા ઋષભે ખેતરમાં પાકેલા ધાન્યને બગાડતા બળદોને રોકવા માટે પાતળી દોરીમાં આંટા પાડી બળદના મુખ પર ભરાવી શકાય તેવું મોસરિયું શોધી આપ્યું હતું. પણ બન્યું એવું કે આને કારણે ભૂખ્યા બળદોનું મોં બંધાઈ ગયું અને પોતાના કામમાં મશગૂલ એવા ખેડૂતોને બળદોના નિઃસાસાની પરવા નહોતી. રાજા ઋષભ તો પશુના આત્માને પિછાણનારા હતા અને તેમણે એ નિઃસાસા સાંભળ્યા અને સાંભળીને ગણ્યા તો પૂરા ત્રણસોને પાંસઠ. એમણે ખેડૂતને બોલાવ્યો અને એમણે એની ભૂલ સમજાવી.

આ ઘટનાની વાત કરી ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે મોટા મોટા મુનિઓને પણ કર્યા કર્મ ભોગવવા પડે છે. એ નિઃસાસાએ પ્રભુને અનેક દિવસ ભૂખ્યા રાખ્યા. અબોલની આંતરડી કકળાવવી એ મહા દોષનું કાર્ય છે.

અહીં ડૉ. કુમારપાળ દેસાઈએ લિયોનાર્ડો દ વિંચિની વાત કરતાં કહ્યું કે એ મહાન કલાકારે ભવિષ્યની કલ્પના કરતાં કહ્યું હતું કે, એક સમય એવો આવશે કે મારા જેવા માણસો પ્રાણીઓની કતલને એવી દૃષ્ટિએ જોશે કે જે દૃષ્ટિએ આજે તેઓ માણસની કતલને જુએ છે.

રેસ્ટોરાંના અંધારિયા આછા પ્રકાશમાં જે ખવાય છે તે થોડાં સમય પહેલાં ચેતનાથી ચાલતું, ફરતું, ધબકતું પ્રાણી હતું તે ઘણા લોકો ભૂલી જાય છે. સભ્ય સમાજ આસાનીથી ટાળી શકે એવી આ હિંસા છે, પરંતુ આપણે ગુમાવેલી સંવેદનાને કારણે આપણું હૃદય એને અનુભવવાની ક્ષમતા ગુમાવી બેઠું છે. ડૉ. કુમારપાળ દેસાઈએ માર્મિક રીતે કહ્યું કે આપણે કોઈના આયુષ્યની એક ક્ષણ વધારી શકતા નથી, તો અન્યના આયુષ્યની એક ક્ષણ છીનવી લેવાનો આપણને અધિકાર નથી.

સંત વિનોબાએ કહ્યું હતું, ગુજરાત દુનિયાનો સૌથી મોટો અન્નાહારી પ્રદેશ છે, ગાંધી ગુજરાતમાં ન જન્મે તો બીજે ક્યાં જન્મે ?

પોતાના અનુભવની વાત કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે બી.બી.સી.ના જ્હોન ગાયનરે 'મૅન ઍન્ડ ઍનિમલ' વિષય પર ૪૦ દેશોમાં ભ્રમણ કરીને ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ બનાવી હતી. અમદાવાદમાં એમણે જૈન સાધુની દિનચર્યા, જૈન શ્રાવકની જીવનશૈલી, જૈન પાંજરાપોળ અને નાના નાના જંતુની રક્ષા માટે રખાતા જીવાતખાનાનું ફિલ્માંકન કર્યું. આ કાર્ય સંપન્ન થયા પછી એમણે એમ કહ્યું કે માનવ અને પ્રાણીના સંબંધ વિશે સૌથી ગહન અને સંવેદનશીલ ચિંતન જૈનસમાજે કર્યું છે.

જરા આજથી પચાસેક વર્ષ પૂર્વેના આપણા દૈનિક જીવનમાં વણાઈ ગયેલી જીવદયાની પ્રવૃત્તિનો વિચાર કરીએ. એ સમયે વહેલી સવારે ગામબહાર આવેલા કે ઘરના આંગણામાં રહેલા ચબૂતરામાં કબૂતરોને માટે જુવાર નખાતી. ભોજન તૈયાર કરતી વખતે સૌપ્રથમ ગાય-કૂતરાને માટે અલાયદા રોટલાઓ થતા. પક્ષીઓ પાણી પી શકે તે માટે ઝાડ પર હાંડી લટકાવી રાખતા. પોતાની શેરીમાં કોઈ કૂતરીએ ગલુડિયાંને જન્મ આપ્યો હોય તો તેને શિરો ખવડાવતા અને ગલુડિયાંને દૂધ પીવડાવતા. સાંજે ગામના સીમાડે જઈને ગાયોને રજકો-ઘાસ ખવડાવતા. વયોવૃદ્ધો ફરવા જતા ત્યારે કીડીઓ માટે કીડીયારું (લોટ અને ગોળનું મિશ્રણ) લઈ જતા અને કીડીના દરની આગળ ભભરાવતા. અનાજ વગેરે સાફ કરતા જે કણકી વધી હોય તે ફેંકી દેવાને બદલે ગાય-ભેંસ કે બકરીને ખવડાવતા અને તહેવાર કે ઉત્સવના દિવસે કૂતરાઓને ગાંઠિયા અને ગાયને ઘઉંની ઘૂઘરી ખવડાવતા હતા.

આવી જ રીતે પોતાના સ્વાનુભવને વ્યક્ત કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે વેટિકનમાં પોપ જ્હોન પોલ (દ્વિતીય)ને મળવા ગયા ત્યારે એમના સાથીએ પ્રશ્ન કર્યો હતો કે 'આ પૃથ્વી પર મનુષ્યનું અસ્તિત્વ ભયમાં આવી પડ્યું છે. જો પ્રાણીઓ નષ્ટ થઈ જશે, તો મનુષ્યને માટે પૃથ્વીના ગ્રહ પર જીવવું અશક્ય બનશે, તો એ અંગે તમારો ધર્મ શું માને છે ?'

ત્યારે એમને મેં આગમશાસ્ત્રોના વચનોની વાત કરી હતી. આગમમાં કહ્યું છે, **જીવાવહો અપ્પવહો, જીવદયા અપ્પણો દયા હોઈ**

(જીવનો વધ આપણો પોતાનો વધ છે, જીવ પર દયા રાખવી, એ આપણા પોતાના પર દયા રાખવા બરાબર છે)

અને પછી પોતાની વાતને વધુ સ્પષ્ટ કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે આચાર્ય ઉમાસ્વાતિજીએ ચોથી સદીમાં લખેલા 'તત્ત્વાર્થસૂત્ર'નું પ્રથમ વાક્ય છે, 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' એટલે કે એક જીવ બીજા જીવ પર આધારિત છે. મનુષ્યનું જીવન પ્રાણી પર અને પ્રાણીનું જીવન મનુષ્ય પર નિર્ભર છે. વર્તમાન સમયમાં કરવામાં આવેલા એક તારણને દર્શાવતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે, ઓબોન્યોક નામના એક રશિયન લેખકે જેલમાંની હિંસક ગુનાખોરીની

મોજણી કરતાં તારવ્યું કે ૮૭ ટકા ગુનેગારોએ બાળપણમાં નાના-મોટા પ્રાણીઓને બાળી નાખ્યા હતા કે મારી નાખ્યા હતા. એમાં એમને ખૂબ આનંદ આવ્યો હતો. જ્યારે યેલ યુનિવર્સિટીના ડૉ. સ્ટીફન કેલર્સે પણ તારણ કાઢ્યું હતું કે પ્રાણીઓ તરફ ક્રૂરતા દાખવનારાઓ હત્યારા બને તેવી વધુ શક્યતાઓ દેખાય છે. અમેરિકાની જેલમાં કેદીઓની તપાસમાં જાણવા મળ્યું કે સખત સજા પામેલા કેદીઓમાંથી એકેયે બાળપણમાં પ્રાણી પાળ્યું નથી. બીજાના જીવન પ્રતિ સંવેદનાનો પાઠ એકેય વ્યક્તિ ભણ્યો ન હતો.

એ પછી ભગવાન ઋષભદેવની સાધનાની વાત આગળ ધપાવતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે, એક હજાર વર્ષ સુધી ઋષભદેવે છદ્મસ્થ અવસ્થામાં શરીરથી મમત્વરહિત થઈને વાસનાઓનો પરિત્યાગ કરીને, આત્મ-આરાધના, સંયમઆરાધના અને મનોમંથન કરીને તપશ્ચર્યા કરી. ઊંચા પર્વતો, ભેંકાર સ્થાનો અને એકાંત પ્રદેશ એમના વિહારસ્થળ બન્યાં. માત્ર વર્ષાવાસ સિવાય ક્યાંય અધિક સમય રહેતા નહીં અને સતત સાધનામાં રહીને દેહ હોવા છતાં દેહાતીત અવસ્થા એમને માટે સહજ સાધના બની ચૂકી હતી.

આવી રીતે દૂર દૂરનાં આર્ય જનપદોમાં વિચરતા-વિચરતા તેઓ પૂર્ણિતાલપુરમાં પહોંચ્યા. અહીં એક શકતમુખ ઉદ્યાનમાં વટવૃક્ષની નીચે અઠ્ઠમ તપની સાધના કરીને ધ્યાનમુદ્રામાં ડૂબેલા હતાં. મહાવદ અગિયારના દિવસે પ્રાતઃકાળે યોગી ઋષભ સર્વજ્ઞ બન્યા. દેવ-દેવેન્દ્રોએ કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો અને ભગવાન ભાવ-અરિહંત બનીને બાર ગુણોથી યુક્ત થયા. ભગવાનનું કેવળજ્ઞાન વટવૃક્ષ નીચે થયું હતું, આથી વટવૃક્ષને આજે પણ આદરની દૃષ્ટિથી જોવામાં આવે છે. વડલામાંથી વડવાઈઓ થાય, તેમ આદિ તીર્થંકર ઋષભદેવના મહાન વટવૃક્ષમાંથી અનેક વડવાઈઓ ફેલાઈ.

દીક્ષા લીધા પછી તેઓ દેશના જુદા જુદા ભાગોમાં વિચરતા હતા. ક્યારેક ખંડેરમાં તો ક્યારેક સ્મશાનમાં ધ્યાન લગાવતા હતા. તેમણે લોકોને ઉપદેશ આપ્યો, 'કોઈ જીવને મારવો નહિ. બધાની સાથે હેતથી રહેવું. જુઠ્ઠું બોલવું નહિ. ચોરી કરવી નહિ. શિયળવ્રત પાળવું. સંતોષથી રહેવું.' ઘણા લોકો આ ધર્મ પાળવા લાગ્યા. ઋષભદેવે એક સંઘ સ્થાપ્યો. આ સંઘને તીર્થ પણ કહેવાય છે અને તેથી તેઓ આદિનાથ - પહેલા તીર્થ કરનાર એટલે તીર્થંકર થયા.

એ પછીના સમયનું ડૉ. કુમારપાળ દેસાઈએ ચિત્ર આલેખતાં કહ્યું કે આદિનાથ ભગવાનના પરિવારમાં ચોર્યાશી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વાધારી, વીસ હજાર કેવળજ્ઞાની, ત્રણ લાખ પચાસ હજાર શ્રાવકો અને પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકાઓ હતી. પોતાના નિર્વાણનો સમય નજીક આવેલો જાણી તેઓ અષ્ટાપદ નામના પહાડ પર ગયા. ત્યાં સર્વ આકાંક્ષાઓ છોડી સમભાવમાં સ્થિર થયા. છઠ્ઠા દિવસે તેમનું નિર્વાણ થયું. આજે પણ લોકો સવારે ઊઠીને ભગવાન આદિનાથનું સ્મરણ કરે છે.

ભગવાને જ્યારે દીક્ષા લીધી, ત્યારે ચાર હજાર શિષ્યો તેની સાથે હતા, પરંતુ પ્રભુની મૌન તેમજ કઠોર સાધનાની અજાણકારીને કારણે સૌ વેરવિખેર થઈ ગયા હતા. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તેમનો ધાર્મિક પરિવાર પુનઃ વિકસતો ગયો. તેમના પરિવારમાં ચોર્યાશી હજાર શ્રમણોનું હોવું એ જ આ અદ્‌ભુત ધર્મક્રાંતિનું પરિણામ હતું. તેમની વ્યવસ્થા માટે ભગવાને ૮૪ ગણ બનાવ્યા. પ્રત્યેક ગણનો એક એક મુખી નક્કી કર્યો. જેને ગણધર કહેવામાં આવ્યો. ભગવાનના પ્રથમ ગણધર ઋષભસેન હતા.

ભગવાન દસ હજાર સાધુઓ સાથે અષ્ટાપદ પર્વત (કૈલાસ) ઉપર ચડ્યા. અવસર્પિણીના ત્રીજા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી હતા ત્યારે છ દિવસના અનશન (નિરાહાર) તપમાં અયોગી અવસ્થા પામીને, બાકીના અઘાતી કર્મોનો ક્ષય કરીને તેઓ પરિનિર્વાણ પ્રાપ્ત કરી ગયા. ભગવાન ઋષભે પર્યંકાસનમાં સિદ્ધત્વ પ્રાપ્ત કર્યું. ભગવાનના નિર્વાણનો દિવસ પોષવદ તેરસનો હતો. ભગવાનનું સમગ્ર આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું.

આ પછી છેલ્લા પંદર વર્ષથી ચાલતી અષ્ટાપદ તીર્થની સંશોધનયાત્રાનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો અને કહ્યું કે જૈનોના સકલ તીર્થોમાં અષ્ટાપદ, સમેતશિખર, આબૂ, ગિરનાર અને શત્રુંજય એ પાંચ મહાતીર્થ ગણાય છે અને આજે લુપ્તપ્રાય એવા અષ્ટાપદ તીર્થ અંગે સંશોધન કરીને વીસેક વોલ્યૂમ (ઝેરોક્ષ) તૈયાર કરવામાં આવ્યા. આની પાછળ ભેખ ધારણ કરનાર ડૉ. રજનીકાંત શાહે કૈલાસ-માનસરોવર યાત્રાનું બે વખત આયોજન કર્યું, નાસા સંસ્થાની પણ મદદ લેવામાં આવી અને અત્યારે એના સંભવિત સ્થાનો અંગે સંશોધન ચાલી રહ્યું છે. એનો એક સંશોધન ગ્રંથ પ્રગટ થઈ ચૂક્યો છે અને બીજો ગ્રંથ થોડા સમયમાં પ્રકાશિત થશે.

આ પછી જૈનેતર સાહિત્યમાં મળતાં ઋષભદેવના વર્ણન અંગે ઉલ્લેખ કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે, જૈન સાહિત્યમાં ભગવાન ઋષભદેવનું સવિસ્તાર વર્ણન ઠેર ઠેર મળે છે, તેવી જ રીતે વૈદિક તથા બૌદ્ધ સાહિત્યમાં પણ અનેક સ્થળે તેમનો ઉલ્લેખ મળે છે. પુરાણોમાં ઋષભની વંશપરંપરાને આ રીતે દર્શાવવામાં આવી છે. બ્રહ્માજીએ પોતાના સમાન પ્રથમ મનુને બનાવ્યા, પછી મનુ વડે પ્રિયવ્રત અને પ્રિયવ્રત વડે આગ્નીધ્ર વગેરે દસ પુત્રો થયા. આગ્નીધ્ર વડે નાભિ અને નાભિ વડે ઋષભ થયા.

ઋષભના પરિચય અંગે પુરાણ કહે છે કે નાભિની પ્રિયા મરુદેવાની કૂખે અતિશય કાંતિવાળા બાળક ઋષભનો જન્મ થયો. રાજા ઋષભે ધર્મપૂર્વક રાજ્યનું શાસન કર્યું તેમજ વિવિધ યજ્ઞોનું અનુષ્ઠાન કર્યું. પોતાના વીર પુત્ર ભરતને ઉત્તરાધિકાર સોંપીને તપસ્યા માટે પુલહાશ્રમ

તરફ પ્રસ્થાન કરી ગયા.

ઋષભે પોતાનું રાજ્ય ભરતને આપ્યું, ત્યારથી આ હિમદેશ ભારતદેશ તરીકે પ્રસિદ્ધ થયો. વૈદિક ગ્રંથોમાં ઋષભની સાધનાનું સુંદર વિવેચન મળે છે. ઋષભદેવે કઠોર ચર્યા તેમજ સાધનાનો માર્ગ સ્વીકાર્યો. તેમની દીર્ઘ તપસ્યાને કારણે તેમનું શરીર કાંટાની જેમ સૂકાઈ ગયું. તેમની શિરાઓ અને ધમનીઓ સ્પષ્ટ દૃષ્ટિગોચર થવા લાગી. આખરે નગ્નાવસ્થામાં તેમણે મહાપ્રસ્થાન કર્યું.

'ઋગ્વેદ'માં ભગવાન ઋષભને પૂર્વજ્ઞાનના પ્રતિપાદક તેમજ દુ:ખોનો નાશ કરનારા કહ્યા છે. વેદના મંત્રો, પુરાણો તેમજ ઉપનિષદોમાં તેમના ઘણા ઉલ્લેખો છે. ભારત દેશનું નામ પણ ભરત ચક્રવર્તીના નામથી જ પ્રસિદ્ધ થયું છે. આ વિવેચન 'માર્કંડેય પુરાણ', 'કૂર્મપુરાણ', 'અગ્નિપુરાણ', 'વાયુમહાપુરાણ', 'વિષ્ણુપુરાણ' વગેરે ગ્રંથોમાં મળે છે. ભારતના આદિ સમ્રાટોમાં નાભિપુત્ર ઋષભ અને ઋષભ પુત્ર ભરતની ગણના કરવામાં આવી છે. તેઓ વ્રતપાલનમાં દૃઢ હતા. તેઓ જ નિર્ગ્રંથ તીર્થંકર ઋષભ, જૈનોના આપ્તદેવ હતા. બૌદ્ધ ગ્રંથ ધમ્મપદમાં ઋષભને સર્વશ્રેષ્ઠ વીર કહ્યાં છે.

ત્યારબાદ ભરત અને બાહુબલિના યુદ્ધની વાત કરીને તેમાં અંતે પ્રગટતાં પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવાનના સંસ્કારોનું મહિમાગાન કર્યું.

આ કથાના સમાપન સમયે વિશાળ શ્રોતાસમૂહ ભાવવિભોર બની ગયો હતો. છેક પ્રાગ્-ઐતિહાસિક કાળથી આરંભીને ચાલેલી આ કથાએ શ્રોતાઓને કોઈ જુદા જ વિશ્વમાં હોવાનો અનુભવ કરાવ્યો. એની પરિકલ્પના કરનાર ડૉ. ધનવંતભાઈ શાહે આ કથાની જ્ઞાનપીઠની ગરિમાનું વર્ણન કર્યું અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વતી ડૉ. કુમારપાળ દેસાઈને સન્માન-પત્ર આપ્યું. વધુમાં કહ્યું કે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ એમના અભ્યાસ, અનુભવ, આલેખનશક્તિ અને હૃદયસ્પર્શીતાથી સહુને એવો આસ્વાદ કરાવ્યો કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અગ્રણીઓ અને તેના પ્રમુખ શ્રી ચંદ્રકાંત ડી. શાહ, ઉપપ્રમુખ શ્રી નીતિન કે. સોનાવાલા, મંત્રીઓશ્રી નિરુબહેન સુબોધભાઈ શાહ અને ડૉ. ધનવંતભાઈ ટી. શાહ, સહમંત્રીશ્રી વર્ષાબહેન રજજુભાઈ શાહ તથા કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રભાઈ ડાહ્યાભાઈ ઝવેરી તથા કાર્યવાહક સમિતિના સર્વે સભ્યો તેમજ શ્રોતાજનોએ એવો આગ્રહ કર્યો કે હવે આગામી ૨૦૧૩ના મહાવીર જન્મકલ્યાણકના પાવન દિવસોએ શ્રી કુમારપાળ દેસાઈએ નેમ-રાજુલની કથા રજૂ કરવી અને સહુના સ્નેહનો સ્વીકાર કરીને 'ઋષભવંદના'થી સમાપન કર્યું.

પૂર્ણાનંદમયં મહોદયમયં કૈવલ્યચિદ્‌હીંમયં
રૂપાતીતમયં સ્વરૂપરમણં સ્વાભાવિકી શ્રીમયં ।
જ્ઞાનોદ્યોતમયં કૃપાલસમયં સ્યાદ્વાદવિદ્યાલયં
શ્રી સિદ્ધાચલ-તીર્થરાજમનિશં વંદેહમાદીશ્વરમ્ ।।

પ્રશસ્તિ પત્ર

।। યશગાથા ।।

ડૉ. કુમારપાળ દેસાઈ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત

।।મહાવીર કથા।। ।।ગૌતમ કથા।। ।।ઋષભકથા।।

આ કથાત્રયીના ઉપાસક - જ્ઞાન આરાધક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીના આ યાત્રી, જ્ઞાનપિપાસુ અને જ્ઞાન પ્રસારક, જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી, પૂજક અને વિશ્વપ્રસારક અને આંતરરાષ્ટ્રીય ચિંતક, મા શારદાની વીણા અને વાણીને સ્વયંના હૃદય અને જિહ્વામાં આસનસ્થ કરનાર, સમર્થ સાહિત્યકાર, મૂલ્યનિષ્ઠ પત્રકાર, સાહિત્યના વિવિધ વિષયો પર એકસોથી વધુ મૂલ્યવાન પુસ્તકોનું સર્જન કરનાર મંગલદર્શી સાહિત્યકાર, મહાયોગી આનંદઘનજી ઉપર અમૂલ્ય શોધપ્રબંધનું નિર્માણ કરી ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડૉક્ટરેટની યશસ્વી પદવી પ્રાપ્ત કરનાર, આ યુનિવર્સિટીના ભાષાભવનને અધ્યક્ષ સ્થાને બિરાજી, ગુજરાતના વિદ્યાર્થીજગતને પોતાની અધ્યયનસેવા અર્પનાર, ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન શોભાવનાર, કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા પોતાના સર્જન માટે સન્માન પ્રાપ્ત કરનાર, એવા તમે સર્જક સાહિત્યકાર, 'ગુજરાત સમાચાર'ની 'ઈંટ અને ઈમારત' કૉલમની આપ પિતા-પુત્રે ૬૦ વર્ષની એકધારી સેવા દ્વારા કૉલમ ક્ષેત્રે નવો ઇતિહાસ સર્જનાર, ગુજરાતી વિશ્વકોશ જેવી ગુજરાતની સંસ્કારધૂરા જેવી અપ્રતિમ સંસ્થાના શિલ્પી, અનેક જાહેર ટ્રસ્ટોના માનદ્ ટ્રસ્ટી, વિવિધ સંસ્થા અને સરકાર તરફથી અનેક એવૉર્ડો અને ચંદ્રકો પ્રાપ્ત કરનાર, પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના પ્રેમાળ માર્ગદર્શક, પરિવાર પ્રેમી, મિત્રના હૂંફાળા મિત્ર, સ્વજનોના સ્વજન એવા આપ પદ્મશ્રી **ડૉ. કુમારપાળ દેસાઈ** આ પ્રમાણે **શતદલ કમલની પાંખડીઓ** પર બિરાજમાન છો.

જૈન ધર્મ અને જૈન સાહિત્ય વિશ્વમાં આપે કથન કથાયુગનો પ્રારંભ કરી આ ત્રણ વર્ષથી શ્રોતાઓને ત્રણ મહાન આત્માના જીવનના શ્રુતજ્ઞાનનું પાન કરાવી મંત્રમુગ્ધ કર્યા છે. આપની આ કથાયાત્રા અવિરત વહેતી રહો એવી સર્વેની શુભ ભાવના.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને અત્રે ઉપસ્થિત અસંખ્ય શ્રોતાજનો આપની આ વિવિધ સેવાને સ્મરીને આપને ભૂરિ ભૂરિ વંદના કરી પરમાત્માને આપના દીર્ઘ અને સ્વસ્થ આયુષ્ય માટે પ્રાર્થના કરે છે.

આપ પંડિત શ્રાવક છો, સંસ્કારી પિતાના સંસ્કારી પુત્ર છો, આપની યશોગાથા માટે અમારા હૃદયમાં શબ્દોનો સાગર ઊછળે છે, આ શબ્દો તો બિંદુમાત્ર છે.

આપની શ્રુત સેવાને અમારા કોટિ કોટિ વંદન...

ચંદ્રકાંત ડી. શાહ	**નીતિન કે. સોનાવાલા**	**નિરુબહેન સુબોધભાઈ શાહ**
પ્રમુખ	ઉપપ્રમુખ	મંત્રી
ડૉ. ધનવંત શાહ	**વર્ષાબહેન રજજુભાઈ શાહ**	**ભૂપેન્દ્રભાઈ ડાહ્યાભાઈ ઝવેરી**
મંત્રી	સહમંત્રી	કોષાધ્યક્ષ

અને સમસ્ત મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર.

તા. ૪-૪-૨૦૧૨.

અણગારના અજવાળા : અધ્યાત્મ યોગિની પૂ. બાપજી

□ ગુણવંત બરવાળિયા

સૌરાષ્ટ્રની ધીંગી ધરાએ ભારતવર્ષને અનેક મહાપુરુષોની ભેટ ધરી છે એટલે જ એ વસુંધરાને સંતોની ભૂમિ કહી છે.

અનુપમેય એવા પૂ. બાપજી સ્વામીના ભવ્યાતિભવ્ય જીવન વૈભવની આછેરી ઝલક અહીં પ્રસ્તુત છે:

ગોંડલ તાબાના ધોરાજી ગામમાં સુજ્ઞ અને પ્રજ્ઞ પિતાશ્રી ત્રિભોવન-દાસ ચત્રભૂજ દોશીના ઘરે, સૌમ્યમૂર્તિ માતુશ્રી ચંપાબેનની કુક્ષીએ આજથી ૮૪ વર્ષ પહેલાં જન્મ પામેલા શ્રી લલિતાબેન, સુ-સંસ્કારોથી ઘડતર પામ્યા. ગામની શાળામાં ચાર ગુજરાતી અને બે અંગ્રેજી એમ છ ધોરણનો અભ્યાસ થયો.

શ્રી ત્રિભોવનભાઈ એક કુશળ-વ્યાપારી હોવા ઉપરાંત સુ-સંસ્કારી સત્યનિષ્ઠ સદ્‌ગૃહસ્થ હતાં. તેથી ઘર-કુટુંબનું વાતાવરણ પણ સંસ્કારમય અને જૈન ધર્મની શ્રદ્ધા-ભાવનાથી યુક્ત હતું.

પોતાની ૧૭ વર્ષની ઉંમરે મોસાળના ગામ રાણપૂર (ભેસાણ) નાનાજી શ્રી કાળુબાપા અવલાણીને ત્યાં એક વખત જવાનું થયું. એ સમયે યોગાનુયોગ ગોંડલ સંપ્રદાયના પૂ. મોતીબાઈ મહાસતીજી, પૂ. અમૃતબાઈ મહાસતીજી, પૂ. જેકુંવરબાઈ મહાસતીજી તથા પૂ. ચંપાબાઈ મહાસતીજી ઠાણા ચાર ત્યાં બિરાજતા હતા.

શહેરના આધુનિક રંગે રંગાયેલ લલિતાબહેનને ઉપાશ્રય જવું ગમતું નહીં. નાનીમા તથા મામી ઉપાશ્રય જાય. તેમને કહે પણ કોઈ ને કોઈ બહાને ઉપાશ્રય જવાનું ટાળે. સ્વર્ગ-નરક વિષેની માન્યતામાં અશ્રદ્ધા તેથી ઉપાશ્રય જઈએ તો એવી જ વાતો સાંભળવા મળે માટે ન જવું, આવો એક ભાવ.

પ...રં...તુ...એક સુભગ ક્ષણે, જીવનનો વહેતો પ્રવાહ બદલાવવાનો હશે. તેથી એકાએક ઉપાશ્રય જઈ ચડ્યા અને પૂ. મોતીબાઈ મહાસતીજીને પ્રશ્ન પૂછતાં તેઓએ સ્વર્ગ-નરકના અસ્તિત્વની સારી એવી સમજણ આપી જે શ્રી લલિતાબેનને હૈયા સોંસરવી ઉતરી ગઈ. એ વાતોનું મંથન ચાલ્યું. ચિંતનશીલતા તો બાલ્યવયથી જ ઈશ્વરીય ભેટ સ્વરૂપ મળેલ જ હતી. ચિંતન કરતાં-કરતાં ચાર ગતિરૂપ સંસારનું સ્વરૂપ સમજાયું અને સાચી સમજણે અંતરમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જગાડ્યો.

સામાયિક-પ્રતિક્રમણ તેમજ પ્રારંભિક અભ્યાસ કરતાં-કરતાં રંગ ઘટ્ટ થતો ગયો. પૂ. મોતીબાઈ મહાસતીજીના શ્રી ચરણોમાં પહોંચવા માટે હૃદય નિશદિન તલસતું હતું.

શ્રી ત્રિભોવનભાઈ દોશીની કૌટુંબિક પરંપરામાં લીંબડી સંપ્રદાયની શ્રદ્ધા હતી. ધોરાજીમાં વસતા સ્થાનકવાસી જૈન કુટુંબોમાં ગોંડલ સંપ્રદાય અને લીંબડી સંપ્રદાય બન્નેની માન્યતા ધરાવનાર પરિવારો હતા. આજથી ૬૦ વર્ષ પહેલાં સાંપ્રદાયિક કટ્ટરતા ઘણી જ હતી. તેથી લીંબડી સંપ્રદાયના મોવડી-મંડળે નક્કી કર્યું કે, આપણા સંઘની દીકરીને ગોંડલ સંઘમાં દીક્ષા ન દેવાય. એ જ અરસામાં લીંબડી સંપ્રદાયના પ્રભાવશાળી મહાપુરુષ પૂ. નાનચંદ્રજી મહારાજ સા. ચાતુર્માસ અર્થે ધોરાજી પધાર્યા. તેઓની હાજરીમાં લીંબડી સંઘની મિટીંગ થઈ. તે સભામાં યુવાન વૈરાગી લલિતાબેનને બોલાવવામાં આવ્યા, અને સંઘપતિએ સભામાં તેઓને ઊભા કરી કહ્યું: 'દીકરી! અમે સાંભળ્યું છે કે તું ગોંડલ સંપ્રદાયમાં દીક્ષા લેવાની છે. તું અમારા લીંબડી સંપ્રદાયની દીકરી છે. તેથી તારે ગોંડલ સંપ્રદાયમાં દીક્ષા ન લેવાય. જો બેટા! આપણા કેવા ધુરંધર ગુરુદેવ અહીં પધાર્યા છે! તો તું એમની નિશ્રામાં દીક્ષા લે. આપણે ત્યાં પણ ખૂબ સારા-સારા સાધ્વીજીઓ છે. તારે તેમની પાસે જ દીક્ષા લેવી જોઈએ. અમે તને બીજા સંપ્રદાયમાં જવા ન દઈએ.'

આ સાંભળી વૈરાગી લલિતાબેને ખૂબ જ વિનયથી નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે: 'મને જેઓએ ધર્મ સમજાવ્યો તે મારા ગુરુ. જેમના ઉપદેશથી મને વૈરાગ્ય જાગ્યો તેમની પાસે જ હું દીક્ષા લઈશ. મને લીંબડી સંપ્રદાય સાથે કંઈ વાંધો નથી, પણ જ્ઞાન આપે તે ગુરુ, માટે મારે તો ગોંડલ સંપ્રદાયના પૂ. મોતીબાઈ મહાસતીજી પાસે જ દીક્ષા લેવી છે!'

હજુ તો લલિતાબેન બોલવાનું પૂરું કરે ત્યાં તો મંત્રીશ્રી બોલી ઉઠ્યાં, 'ના બેટા! એમ ન થાય. લીંબડી સંપ્રદાયની દીકરી ગોંડલ સંપ્રદાયમાં ન જાય. અમે સંઘ તરીકે તને કહીએ છીએ એ તારે માનવું જ જોઈએ! ત્યારે વિચક્ષણ બુદ્ધિના ધણી-આશુપ્રજ્ઞ લલિતાબેને મીઠી મધુર વાણીમાં આટલું જ કહ્યું:

'આપ મારા વડીલો છો, મારા હિતની જ વાત કરો અને મારે એ માથે ચડાવવી જ જોઈએ. પણ વિનમ્રપણે મારી પણ એક શરત છે એ તમારે પણ સ્વીકારવી પડશે!'

સંઘપતિ તથા અન્ય સભાજનોને એમ થયું કે આવડી છોકરી તે વળી શું શરત મૂકી શકે? તેઓ સહુ કબૂલ થયા ત્યારે નિર્ભયતા અને મક્કમતાથી લલિતાબેને કહ્યું કે:

તમે લીંબડી સંપ્રદાયવાળા એક કાયદો કરો કે તમારી દીકરીનું સગપણ પણ ગોંડલ સંપ્રદાયમાં માનવાવાળામાં કરવું નહીં અને ગોંડલ સંપ્રદાયની દીકરી તમારે લેવી નહીં. તમો સહુને આ શરત મંજુર હોય તો મને પણ તમારી સલાહ મંજૂર છે!!!'

આટલું સાંભળતાની સાથે જ આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. કોઈ કશું બોલી શક્યું નહિ. સભામાં મૌન પથરાઈ ગયું. ત્યારે પૂ. નાનચંદ્રજી મહારાજ સાહેબ વૈરાગી લલિતાબેનની હિંમત અને વિચક્ષણતાને બિરદાવતા બોલી ઊઠ્યા:

'શાબાશ! છોકરી શાબાશ! તારો ઉત્તર સાંભળી હું ખૂબ જ પ્રસન્ન થયો છું. જા તારે જ્યાં દીક્ષા લેવી હોય ત્યાં લે. મારા અંતરના આશીર્વાદ છે કે તું જ્યાં પણ જઈશ તારા સંયમી જીવનને ઉજાળવાની સાથે તું તારા માવતરના નામને પણ ઉજાળીશ.'

લલિતાબેનની દીક્ષા વડિયા મુકામે થઈ. સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય

પ્રાણલાલજી મહારાજ તેઓના ગુરુદેવ. પૂ. પુરુષોત્તમજી મ. સાહેબની હાજરી હોવાથી, પૂજ્ય ગુરુદેવની વિનંતીથી તેઓના શ્રીમુખે દીક્ષાનો પાઠ ભણાવ્યો. આ સમય હતો સંવત ૨૦૦૮ ફાગણ સુદ બીજ, સન ૧૯૫૨. પૂ. મોતીબાઈ મહાસતીજીના શિષ્યા બન્યા. એ આપણા પૂજ્ય લલિતાબાઈ મહાસતીજી. જેઓ આજે સારાય જૈન સમાજમાં દેશ અને વિદેશમાં 'બાપજી'ના આદરભર્યા નામે ઓળખાય છે.

દીક્ષા લઈને પૂજ્ય મહાસતીજીએ પૂ. મોતીબાઈ મહાસતીજી તથા પૂ. બા.બ્ર. ચંપાબાઈ મહાસતીજીની સતત-નિરંતર અવિરત અગ્લાનભાવે સેવા કરી પૂજ્યવરોના અંતઃકરણના આશીર્વાદ મેળવ્યા. એ જ સેવાભાવનાને કારણે પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની પણ એવી કૃપા પૂજ્ય બાપજી પર ઉતરી કે અભ્યાસ કરવાનો સમય ન હોવા છતાં જ્યારે વ્યાખ્યાન આપવા પાટ પર પધારે ત્યારે અંતરમાંથી એક સરવાણીનો અખૂટ પ્રવાહ વહેવા માંડે કે શ્રોતાજનો મનોમુગ્ધ થઈ સાંભળ્યા કરે.

સન ૧૯૬૦માં મુંબઈ પધારનાર કાઠિયાવાડના એ પ્રથમ યુવાન સાધ્વી. પણ તેઓની દીર્ઘદૃષ્ટિ, વ્યવહારકુશળતા, ગંભીરતા વગેરે ગુણોએ તે વખતના મુંબઈ સંઘના માતબર શ્રાવકોના દિલોદિમાગને જીતી લીધા અને સારાય મુંબઈમાં એક અનોખા સાધ્વીરૂપે પ્રસિદ્ધ થયા. સન ૧૯૬૬ નાગપુર અને ૧૯૬૭ કલકત્તા ચાતુર્માસ થયા.

એ પછી સારાય ભારતભરમાં ઘણું જ વિચરણ થયું. સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, બંગાળ, બિહાર, ઓરિસ્સા, ઉત્તર ભારત, મધ્યભારત, આંધ્ર, કર્ણાટક, તામિલનાડુ વગેરે પ્રદેશોમાં વિચરણ કરી ૨૦૦૦ માઈલથી પણ વધુ પદયાત્રા કરી ઠેરઠેર ધર્મની જ્યોત જગાવી. દક્ષિણ ભારતમાં નવ-નવ યશસ્વી ચાતુર્માસ કર્યા. મદ્રાસના ગુજરાતી સમાજમાં પૂજય બાપજી એટલે જાણે કે મીઠી-શીળી છાયા દેનારી માવડી.

૧૯૮૯નું ચાતુર્માસ દાદર થયું. પછી સ્વાસ્થ્યને કારણે ૨૦૪૬ થી ૨૦૫૨ સુધીના સાત ચાતુર્માસ દેવલાલી નાશિક વચ્ચે થયા. ૨૦૫૨માં પૂ. શ્રી જનકમુનિની નિશ્રામાં પૂ. મનોહરમુનિના પિતાશ્રી પૂ. પ્રસન્નમુનિએ બોરીવલીમાં સંથારો આદર્યો. પૂ. બાપજીને સંથારાના દર્શન કરવાનો સંકેત થયો. એ ઉગ્રવિહાર કરી ૯મે દિવસે બોરીવલી પધાર્યાં. મનની અડગ શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસને કારણે સંથારાના દર્શન થયા.

ત્યાર પછી ચિંચણ અને પૂનાના ચાતુર્માસ પછી તા. ૨૬-૧-૨૦૦૦ના પાર્લા મુકામે ભાવનાબેન ઝાટકીયા (પૂ. સ્વરૂપાબાઈ મ.સ.)ની દીક્ષામાં વૈયાવચ્ચ કેન્દ્રનું બીજારોપણ થયું. ૩ વર્ષમાં એ કામ પૂર્ણ થયું. બાપજીના પૂણ્યભાવે શાસન સેવાનું એક મહદ કાર્ય સંપન્ન થયું.

રાજગૃહી દેવલાલી અને પછી ચીંચણ ચાતુર્માસ બાદ શ્રી અતુલભાઈ અને શ્રી કિશોરભાઈની આગ્રહભરી વિનંતીને કારણે ૧૪-૭-૨૦૦૨ (૨૦૫૮)માં કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર મીયાગામમાં પ્રવેશ કર્યો. ત્યાં કન્યા શિબિર, તાપરીયાજીની શિબિર, વિદ્વાનોનું જૈન સાહિત્ય જ્ઞાનસત્ર વિ.નું આયોજન થયું.

૨૫-૪-૨૦૦૪ માં વડોદરાના તમામ જૈન સંઘોના સંયુક્ત ઉપક્રમે બાપજીનો અમૃત મહોત્સવ ઉજવાયો અને ત્યાં કલ્પતરૂ સાધના કેન્દ્રની સ્થાપનાની ઘોષણા થઈ. ત્યારબાદ સંજાણ, ચીંચણ, પારસધામ ઘાટકોપર, નાસિક, પંચવટી, ઘાટકોપર મોટા સંઘ વિગેરે ક્ષેત્રોની સ્પર્શના કરી ૬-૨-૨૦૧૧ માં સ્થિરવાસ અર્થે કલ્પતરુ સાધના કેન્દ્ર દ્વારા નવનિર્મિત **'નંદનવન'**-દેવલાલીમાં મંગલ પ્રવેશ થયો. પૂ. બાપજી મુનિધર્મના પાયારૂપ ધ્યાન અને સ્વાધ્યાયમાં રત રહ્યા હતા.

યુગદિવાકર પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા. આદિ સંત-સતીજીઓની પાવન નિશ્રામાં ૧૯-૨-૨૦૧૨ પૂ. બાપજીનો દીક્ષા જયંતી હીરક મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

'કર્મગ્રંથ' ભા. ૧ થી ૪, 'આલોચનાની આંખે અને પ્રાયશ્ચિતની પાંખે, 'અધ્યાત્મસૂર' અને **'અધ્યાત્મ પળે'** જેવા ગ્રંથોમાં પૂ. બાપજી સર્જિત શ્રુતસંપદા સચવાઈ છે.

એપ્રિલથી તબિયત લથડી. ગમે તેવી વેદનાની ક્ષણોમાં પણ પૂ બાપજી અપૂર્વ સમતાના સ્વામી, કર્મોને કહે 'વેલકમ' હું તૈયાર છું. પ્રસન્નભાવે નિર્જરા કરી દેહાધ્યાસથી પર, બાળક જેવું નિખાલસ, મધુરતાસભર વ્યક્તિત્વ.

તબિયત વધુ નરમ થતા દેવલાલીથી મુંબઈ લીલાવતી હૉસ્પિટલમાં લાવ્યા. ભયંકર વેદના વચ્ચે પણ પોતાની આત્મમસ્તીમાં લીન. ૪-૭-૨૦૧૨ના સવારે લીલાવતીમાંથી પાવનધામ કાંદિવલી લાવ્યા. તેની આગલી રાતે પેટરબારથી પરમદાર્શનિક પૂ. જયંતમુનિએ દુરધ્વનિથી સંથારાના પચ્ચખાણ કરાવ્યા. પાવનધામમાં ચેન્નઈથી પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા.એ લાઈવ ટેલીકાસ્ટ દ્વારા ઉવસગ્ગહરં સ્તોત્ર, માંગલિક શ્રવણ વિ. ધર્મઆરાધના કરાવી. ૧૦.૧૦ કલાકે અધ્યાત્મયોગિની લલિતાબાઈ મ.સ. પૂ. બાપજી આ પાર્થિવ નશ્વર દેહનો ત્યાગ કરી ઉજ્જવળ દેહને પામવા મહાયાત્રાએ ઉપડી ગયા.

ચોવીશ કલાક દર્શનાર્થે પુણ્ય દેહને રાખ્યો. જનસમૂહનો દર્શન માટે અવિરત પ્રવાહ, સવારે મહામંદિર જેવા 'પાલખી'રૂપ દેવવિમાનમાં શિષ્યાઓ અને ભક્તસમૂહના અશ્રુપ્રવાહ સાથે પૂ. બાપજીના પાર્થિવ દેહને બિરાજમાન કરાયો. ચેન્નઈથી પૂ. ગુરુદેવ નમ્રમુનિજીએ લાઈવ ટેલિકાસ્ટ દ્વારા શ્રદ્ધાંજલિ આપી. શિષ્યા પૂ. ડૉ. તરુલતાજીએ તથા પૂ. મનોહરમુનિએ પોતાના હૃદયભાવ વ્યક્ત કર્યા બાદ ઉછામણીમાં થયેલ સવા બે કરોડની રકમ પૂ. બાપજીની સ્મૃતિમાં દેવલાલીમાં નિર્માણ થનાર **'અધ્યાત્મ તીર્થ'** માટે વપરાશે તેની જાહેરાત થઈ.

જૈન શ્રેષ્ઠીઓ, શ્રાવક શ્રાવિકાઓ, જૈન અગ્રણી સંઘપતિઓના વિશાળજન સમુદાયના જય જય નંદા ! જય જય ભદ્રાના નારાથી ગગન ગાજી ઊઠ્યું. જાણે દેદિપ્યમાન પાલખીરૂપ દેવવિમાનની ફરકતી ધજાઓ અગણિત નેત્રોમાં સમાઈ ગઈ.

બોરીવલીના સ્મશાનગૃહે ૧૨-૩૯ની પવિત્ર ક્ષણે પૂ. બાપજીના પુણ્ય નશ્વર દેહને સુખડ અને ચંદનના કાષ્ટમાંથી પ્રગટેલી જ્વાળા સ્પર્શી અને ક્ષણોમાં એ પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થયો. ✷

૬૦૧, સ્મિત ઍપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ),
મો. : ૯૮૨૦૨૧૫૫૪૨

શાશ્વત ગાંધી કથા : શાંત ક્રાંતિની શરૂઆત

□ ડૉ. યોગેન્દ્ર પરીખ

'શાશ્વત ગાંધીકથા' વિશે 'દિવ્ય ભાસ્કર' અને 'પ્રબુદ્ધ જીવન'માં નોંધ પ્રગટ થયા પછી પ્રબુદ્ધ નાગરિકો તરફથી પ્રોત્સાહક પ્રતિભાવ મળતાં રહ્યાં છે 'ગાંધીકથા'ના પ્રવકતા આદરણીય નારાયણભાઈ દેસાઈએ કથા દ્વારા સહુને નવો રાહ ચીંધ્યો. છેલ્લા એક દાયકાથી નખત્રાણા (કચ્છ) મુકામે કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ ગાંધજી વિશે વાત કરવાનો ઉપક્રમ ઘણી શ્રદ્ધા ટકાવી રાખનારો રહ્યો. જાગૃત નાગરિકના ઘડતરની ભૂમિકાએ યુવાનો સાથે સાર્થક અને સફળ સંવાદની વાતો, અનુભવો વિશે ફરી ક્યારેક. મુંબઈ જૈન યુવક સંઘની સુપ્રતિષ્ઠિત વ્યાખ્યાનમાળામાં ૨૦૦૮ના વર્ષે મુંબઈ આવવાનું થયું ત્યારે મારા વ્યાખ્યાનનો વિષય હતો; 'મહાત્મા ગાંધી અને પંચ મહાવ્રત'. પ્રસ્તુત વ્યાખ્યાન વખતે વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ આદરણીય શ્રી ડૉ. ધનવંતભાઈ શાહે સભાગૃહમાં જાહેર કર્યું કે, 'નવી પેઢીમાંથી યુવાન અભ્યાસુઓએ 'ગાંધીકથા'ની પૂ. નારાયણભાઈ દેસાઈની પરંપરાને આગળ ધપાવવી જોઈએ અને યોગેન્દ્રભાઈ જ્યારે ગાંધીકથા માટે તત્પર થશે ત્યારે એમની પહેલી ગાંધીકથાનું આયોજન મુંબઈમાં આપણે કરીશું.' ડૉ. ધનવંતભાઈ શાહના આ ઉમળકાએ મારી જવાબદારી વધારી દીધી. આજે પૂરા ચાર વર્ષ પછી, આગામી બીજી ઑક્ટોબરથી આ સંકલ્પ સિદ્ધ થશે.

'ગાંધીકથા'ના પ્રવક્તા પૂ. નારાયણભાઈ દેસાઈ ગાંધીજીવન-વિચારના પ્રથમ હરોળના સમર્પિત, ભેખધારી અને અધિકૃત મહાનુભાવ. નારાયણભાઈનો સઘન અભ્યાસ અને સમ્યક્ અભિવ્યક્તિ નવી પેઢીના કોઈ પણ અભ્યાસુ માટે પ્રેરક નીવડે. મબલખ ગાંધી સાહિત્ય, નારાયણભાઈએ લખેલું બૃહદ ગાંધી જીવન ચરિત્રના ચાર ભાગ, નારાયણભાઈ કૃત 'ગાંધીકથા' ઉપરાંત અન્ય સંદર્ભ ગ્રંથોમાંથી પસાર થવાનો અનુભવ નિરાળી 'ગાંધીયાત્રા' છે. મુંબઈના ભાવકો-શ્રોતાઓની અત્યંત વ્યસ્તતા અને જીવનશૈલીના કારણે ત્રણ દિવસ માટે શાશ્વત 'ગાંધીકથા'નો પ્રથમ પ્રયોગ છે.

ગાંધી જીવન-વિચારના અભ્યાસની જાણકારીનું અધ્યાપકીય કથન કરી દેવાથી ગાંધીકથાનો મર્મ-ધર્મ સચવાય નહિ અને પહોંચે પણ નહીં. વર્તમાન સમયમાં પરિણામલક્ષી કામગીરી અને ચિંતનપૂર્વક નિસબતપૂર્વકની સક્રિયતા અત્યંત અનિવાર્ય છે. અંગત વાત કરું તો ધર્મ-દર્શનના મામલે ગંભીરતાપૂર્વક મહામંથન પછી ગાંધી પાસે મને વિસામો મળ્યો છે. શિક્ષણ ક્ષેત્રમાં અને યથાશક્ય જાહેર ક્ષેત્રની અરાજકતા, અનીતિ, ભ્રષ્ટાચાર અને તંત્રની વિલંબની નીતિ બાબતે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે

ગાંધી ચિંતનની ચિરંતન યાત્રા – વર્તમાન યુવા પેઢી માટે–યુવા વિદ્વાન દ્વારા

શાશ્વત ગાંધી કથા

વ્યાખ્યાતા : ગાંધી સાહિત્યના અભ્યાસી યુવાન પ્રાધ્યાપક ડૉ. યોગેન્દ્ર પારેખ

ઑક્ટોબર- ૨, ૩, ૪ સાંજે ૬ વાગે.સ્થળ : પ્રેમ પુરી આશ્રમ-બાબુલનાથ-મુંબઈ.

આ સંસ્થાના સ્થાપકો સુધારાવાદી જૈન તો હતા, પણ સાથો સાથ ગાંધી વિચાર અને ગાંધી ચળવળના સમર્થકો પણ હતા, અને પોતાના મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન'માં જૈન ધર્મ, અન્ય ધર્મો તેમજ ગાંધી ચિંતનને પ્રકાશિત કરતા હતા.

ભારતની વર્તમાન પરિસ્થિતિથી પ્રત્યેક નાગરિક આજે નિરાશ છે. ગાંધી વિચારમાં આજની પેઢીને આ સ્થિતિનો ઊકેલ નજરે પડે છે.

હવે માત્ર **ચળવળ નહિ સ્વ અને ચિંતન** પણ એટલું જ જરૂરી છે.

ગાંધીવાદી **પૂ. નારાયણ દેસાઈ**ની ગાંધી કથાએ દેશ-પરદેશમાં ગજબનું આકર્ષણ ઊભું કર્યું છે. આ ગાંધીયાત્રા યુવાનો દ્વારા યુવાનો સાથે આગળ વધે તો જ આવતી કાલ ઉજળી બને, એ માટે આવી કથા કહેનાર એક નહિ અનેક યુવાનોની જરૂર પડશે, એટલે આ દિશામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પહેલ કરી યુવાન પ્રાધ્યાપકને આમંત્ર્યા છે.

કચ્છ નખત્રાણાની કૉલેજમાં ગુજરાતી સાહિત્યના પ્રાધ્યાપક ડૉ. યોગેન્દ્ર પારેખ ગાંધી સાહિત્યના અભ્યાસી તો છે જ, ઉપરાંત જૈન આચાર્ય મહાપ્રજ્ઞજીના અનેક પુસ્તકોના અનુવાદક, કવિ, નિબંધકાર અને સાહિત્ય સંશોધક અને પ્રભાવક વક્તા છે. આવા યુવા વિદ્વાન પ્રાધ્યાપકની વાણી દ્વારા શાશ્વત ગાંધી કથાનું શ્રવણ એક વિશિષ્ટ અને પ્રેરણાત્મક ઘટના બની રહેશે.

જે જિજ્ઞાસુઓએ આ કથા શ્રવણનો લાભ લેવો હોય એ સર્વેને આ સંસ્થાના કાર્યાલયમાં ફોન કરી (૨૩૮૨૦૨૯૬) પોતાના નામો લખાવવા વિનંતિ.

મંત્રી : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

મરવું આપણને ગમતું નથી, તેથી છેવટે શરીરબળને વશ થઈએ છીએ. કોઈ મરવાને બદલે પૈસા આપશે, કોઈ કીડાની જેમ પેટે ચાલશે, કોઈ સ્ત્રી લાચારીથી ઝૂઝવું છોડી પશુને વશ વર્તશે. જીવવાનો લોભ માણસ પાસે શું નથી કરાવતો ? તેથી જીવનનો લોભ છોડીને જે જીવે છે, તે જીવ્યો.

□ મો. ક. ગાંધી

સંઘર્ષ, ચળવળ, લખવું, બોલવું જેવી પ્રવૃત્તિનો ઠીક ઠીક અનુભવ છે. એક તબક્કો એવો હતો કે મારી લડત કે રજૂઆતની શૈલી અત્યંત આક્રમક રહેતી. ગાંધીજી પાસેથી એ શીખવા મળ્યું કે લડવું એટલે પ્રતિપક્ષ પર વિજય મેળવવા નહિ, પણ પ્રતિપક્ષનું હૃદય પરિવર્તન કરવા માટે અહિંસક રીતે સક્રિય થવું. ગાંધીજીનું પત્ર સાહિત્ય પણ મારા લેખન-વક્તવ્યમાંથી ભાષાકીય હિંસા દૂર કરવામાં નિર્ણાયક બન્યું. અનેકવિધ અરાજકતા અને સમસ્યાઓના દોરમાં ગાંધીજીવન વિચાર દ્વારા કેળવાયેલું મન ઘણી નિરાંત પામ્યું. મારી આ અંગત પ્રતીતિ યુવાન વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચવાના આનંદનો વિસ્તાર એટલે 'શાશ્વત ગાંધીકથા'. મારો અનુભવ છે કે યુવાનોને ગાંધીની વાત ગમે છે. યુવાનોને દિલથી કહેલી કોઈપણ વાત ગમે છે. વાત અંદરથી આવવી જોઈએ. ગાંધીજી સર્વાંગી શિક્ષણનો મહત્ત્વનો આયામ છે. સંપૂર્ણ જીવન અભિગમ બદલાઈ જાય છે. પદ, પ્રતિષ્ઠા અને પૈસાના મામલે સર્વોચ્ચ થવાની ઝંખનામાં જ આપણે અન્યને અન્યાય કરીએ છીએ. ગાંધીજી આવી ખોટી દોડધામથી દૂર રાખે છે. શરીરશ્રમનું મહત્ત્વ સમજાય છે અને સંતોષનો ભાવ વિસ્તરતો જાય છે.

યુવા પેઢીના એક અદના પ્રતિનિધિ તરીકે 'શાશ્વત ગાંધીકથા' કરવાનું સદ્‌ભાગ્ય સભરતાની પ્રતીતિ કરાવે છે. ત્રણ દિવસની આ કથામાં: (૧) ગાંધીજીનું જીવન ઘડતર અને સત્યની ભૂમિકા (૨) ક્રાંતિકાર સંત મહામાનવ ગાંધીજી (૩) ગાંધીવિચારની ચિરંજીવિતા અને ગાંધીજી વિશેની ગેરસમજોને આવરી લેવાનો ઉપક્રમ છે. મુંબઈ બાદ ગુજરાતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં છ દિવસની ગાંધીકથા યોજવાનું ધાર્યું છે. ગામ, નગર, શહેરમાં જ્યાં જ્યાં 'શાશ્વત ગાંધીકથા' યોજાશે ત્યાં ત્યાં સ્થાનિક યુવાનો દ્વારા કથા-કાર્યક્રમની સમાંતરે જાહેર સ્વચ્છતા અભિયાન, 'દીકરી વધાવો', પુસ્તક પ્રદર્શન જેવા કાર્યોમાં ચળવળપૂર્વક સક્રિયતાનો માહોલ સર્જવો છે. કાર્યક્રમ નિત્યક્રમ થાય તો આનંદ. પણ એ ધીરજ માંગી લે તેવું છે. 'શાશ્વત ગાંધી કથા'ના દિવસો દરમ્યાન પણ જાહેર સ્વચ્છતાની નાગરિક સભાનતા જગાડી શકાય તો પ્રવૃત્તિ સાર્થક.

પૂ. નારાયણભાઈ દેસાઈની 'ગાંધીકથા' પ્રવૃત્તિથી પ્રેરિત થઈને 'શાશ્વત ગાંધીકથા'નું આયોજન હાથ ધર્યું છે. સમગ્ર ઉપક્રમના કેન્દ્રમાં યુવાનો છે. યુવાનોમાં ગાંધી લઈ જવાનો પડકાર પણ છે અને યુવાનોમાં ગાંધી પહોંચવાની શક્યતામાં અનુભવ દ્વારા પ્રાપ્ત થયેલી પારાવાર શ્રદ્ધા છે. ગાંધી જીવન વિચારથી ભાવ દીક્ષિત થયેલો યુવાન કે યુવતી સામાજિક કુરિવાજો, ભ્રષ્ટાચાર, નિરંકુશ ભોગવાદ જેવા દૂષણોથી બચે એવી અપેક્ષા જરા પણ વધુ પડતી નથી. યુવાન અભ્યાસુઓની આખી નવી હરોળ તૈયાર થવી જોઈએ. 'શાશ્વત ગાંધીકથા' એ માત્ર મૂલ્યલક્ષી શિક્ષણનો ધાર્મિક આભા ધરાવતો કાર્યક્રમ નથી પણ 'શાંતક્રાંતિ'ની શરૂઆત છે જેના કેન્દ્રમાં સત્યનો આગ્રહ હોય.

મુંબઈ જૈન યુવક સંઘની નીતિ નિષ્ઠ આધ્યાત્મિક પ્રવૃત્તિની હારમાળામાં 'શાશ્વત ગાંધીકથા'નો એક યાદગાર મણકો ઉમેરાશે. આશા છે કે મુંબઈના પ્રબુદ્ધ નાગરિકો પ્રથમ 'શાશ્વત ગાંધીકથા'ના સાક્ષી બનીને ગુજરાતી નવી પેઢીને શુભ શુકન કરાવશે. ✷✷✷

Mobile : 094279 03536 \ 097252 74555.

મુંબઈ યુનિવર્સિટી દ્વારા જૈન ધર્મ તત્ત્વજ્ઞાન અભ્યાસ

મુંબઈ યુનિવર્સિટી દ્વારા જૈન ધર્મ તત્ત્વજ્ઞાન ઉપર સર્ટિફિકેટ (પાર્ટટાઈમ), ડિપ્લોમા (પાર્ટટાઈમ) તથા એમ.એ.ના અભ્યાસક્રમ છેલ્લા ૧૫ વર્ષથી ચલાવવામાં આવે છે જેનો આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે. આ અભ્યાસક્રમ સરળ અને પદ્ધતિસર છે, જેમાં જૈન ધર્મના અનેક વિષયોને આવરી લેવામાં આવે છે.

એડમિશન ૧૫ જૂનથી ચાલુ થઈ ગયેલ છે.

વધુ વિગત માટે સંપર્ક :

ફિલોસોફી ડિપાર્ટમેન્ટ, મુંબઈ યુનિવર્સિટી, જ્ઞાનેશ્વર ભવન, કલીના, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ-૪૦૦ ૦૯૮.

ફોન : ૯૮૧૯૧૬૪૫૦૫.

મુંબઈ યુનિવર્સિટી સંલગ્ન ડૉ. બિપીન દોશી જૈનધર્મ તત્ત્વજ્ઞાન પ્રચારાર્થે અમેરિકા તથા યુરોપના પ્રવાસે

જૈનધર્મ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ મુંબઈ યુનિવર્સિટીમાં ફિલોસોફી ડીપાર્ટમેન્ટ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી ચાલી રહેલ છે જેનો ૨૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે. આ કાર્યના મુખ્ય સૂત્રધાર ડૉ. બિપીન દોશી આ વર્ષ પર્યુષણ પર્વના દિવસો દરમ્યાન તા. ૧૩ ઑગસ્ટથી ૨૫ સપ્ટેમ્બર એમ દોઢ મહિનો અમેરિકા તથા યુરોપના દેશોનો પ્રવાસ કરશે.

આ પ્રવાસના મુખ્ય ઉદ્દેશ રૂપે અનેક સ્થળે જૈન સમાજ તથા જૈન ઍકેડેમિક સંસ્થાઓમાં જૈન દર્શનનો પરિચય આપતા પ્રવચન તથા સેમિનાર ગોઠવાશે. વિશ્વની અનેક સમસ્યાઓનું સમાધાન જેમાં છે એવા પ્રભુ મહાવીરના દર્શનનો અન્ય ધર્મીઓને પરિચય કરાવશે અને વિશ્વકલ્યાણની વાણીનો પ્રચાર કરશે.

તેઓ મુખ્યત્વે લંડન, માન્ચેસ્ટર, લેસ્ટર, ઍન્ટવર્પ, ન્યૂયૉર્ક, વૉશિંગ્ટન, શીકાગો તથા હ્યુસ્ટનમાં પ્રવચન, વર્કશૉપ તથા ચર્ચાસત્ર યોજશે.

જયભિખ્ખુ જીવનધારા : ૪૧

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[પોતાની આગવી શબ્દસૃષ્ટિ રચનાર સર્જકની માનસસૃષ્ટિ અનોખી હોય છે. સર્જકના ખ્યાલો અને વિચારો વ્યવહારજગતથી તદ્દન ભિન્ન, સામસામા છેડાના હોય છે. ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક જયભિખ્ખુએ 'કલમને આશરે જીવવું' એવો સંકલ્પ કર્યો અને પછી આ કલમજીવી સર્જકના જીવનમાં ભરતી અને ઓટ આવ્યાં અને ઓસર્યાં. સર્જકના સ્વભાવની વિશિષ્ટતા પ્રગટ કરતી વાત જોઈએ આ એકતાલીસમા પ્રકરણમાં.]

ભય અને અભય

એકાંતનું આકર્ષણ એક પ્રકારનો કેફ જગાવે છે. એકાંતમાં સર્જનનું પુષ્પ ખીલે છે. એકાંતનો કેફ હોવાથી જયભિખ્ખુએ મહાનગર અમદાવાદમાં આવ્યા પછી દૂરના ખેતરમાં થતી ૧૮ બ્લૉકવાળી નાની સોસાયટીમાં એક પ્લૉટ લીધો અને એના પર બંગલો બાંધ્યો. બંગલો બંધાવવા માટે જરૂરી મૂડીની જોગવાઈ તો નહોતી. વળી કોઈની પાસેથી રકમ ઉછીની લેવાનું એમના સ્વભાવથી વિરુદ્ધ હતું, આથી એમણે સરકારી લોન લીધી અને મિત્રો સાથે મજાક કરતા કહેતા પણ ખરા કે એમના આ વિચારમાં આચાર્ય ચાર્વાક મદદે આવ્યા છે ! એમના સિદ્ધાંત મુજબ 'ऋणं कृत्वा धृतं पिबेत्' (અર્થાત્ દેવું કરીને ઘી પીવું) ને અપનાવીને બંગલો બાંધવાનું આ સાહસ કર્યું છે.

સાહસ એ જયભિખ્ખુનો નિજી સ્વભાવ હતો અને એના મૂળમાં નિર્ભયતા હતી. આથી અઢાર બંગલાની નાનકડી ચંદ્રનગર સોસાયટીમાં રહેવા આવ્યા ત્યારે પાણી, ગટર કે બસની કોઈ સગવડ નહોતી. ચાલવાની નાનકડી કેડી હતી અને એની બે બાજુ થોરની ઊંચી વાડ હતી. દૂર રસ્તા પર ચાલતી મોટર જોઈ શકાતી હતી, એથી એ ક્યારે પાછી ફરશે એનો અંદાજ બાંધી શકાતો. બંગલામાં દિવસે વારંવાર સાપ દેખાતા અને રાત્રે શિયાળવાંનું કરુણ રુદન સંભળાતું. વળી સોસાયટીમાં પહોંચવા માટે કોઈ રસ્તો નહીં, નજીકમાં ક્યાંય કરિયાણું કે દૂધ મળે નહીં. સોસાયટીના મોટા ભાગના મકાનમાલિકો રહેવા આવવાને બદલે બંગલો ભાડે આપવાની વેતરણ કરવા લાગ્યા ! બીજી બાજુ એકાંતની શોધ કરતા આ સર્જક અનેક મુશ્કેલીઓની વચ્ચે પોતાની ખુમારીથી જીવન પસાર કરવા લાગ્યા. પત્નીને પારાવાર મુશ્કેલી પડતી હતી. પુત્રને અભ્યાસ માટે લાંબા અંતર સુધી ચાલીને જવું પડે. માંડ બસ મળે અને ઘેરથી નિશાળે પહોંચતાં કલાક થાય. એવી જ મુશ્કેલી સ્કૂલેથી પાછા ફરતાં થાય; પણ તેથી શું ? નિકટના સગાંઓએ પુનર્વિચાર કરવાનું કહ્યું, પણ કરેલા સંકલ્પમાંથી ચળે તે બીજા !

ધીરે ધીરે સોસાયટીમાં ભાડવાતો વસવા આવવા લાગ્યા અને એક અનોખું વાતાવરણ સર્જાયું. આમાં બ્રાહ્મણ, વાણિયા, રજપૂત, કડિયાથી માંડીને રાજસ્થાની કે મદ્રાસી પણ રહેવા આવ્યા. ઈ. સ. ૧૯૫૬-૫૭માં નવરાત્રીનું પર્વ આવ્યું. સહુ રહીશો ભેગા થઈને ઊજવે એવું આ આનંદ અને ઉલ્લાસનું પર્વ હતું, આથી જયભિખ્ખુએ તસવીરકાર શ્રી જગન મહેતા અને ચિત્રકાર શ્રી છગનભાઈ જાદવને એની વાત કરી. એ સમયે સોસાયટીમાં યુવાન અને ઉત્સાહી કાર્યકર એવા લાભુભાઈ જોશીને જવાબદારી સોંપી અને નક્કી કર્યું કે આ વર્ષે સોસાયટીમાં નવરાત્રીના સમયે બહેનોના ગરબાનું આયોજન કરવું.

જયભિખ્ખુના સ્વભાવની એ ખાસિયત હતી કે કોઈ પણ આયોજન કરે તો એની પાછળ ખૂબ સમય આપે. નવા વિચારો સાકાર કરવા પ્રયત્ન કરે, વધુ ને વધુ લોકો સામેલ થાય એવી ગોઠવણ કરે. નાની વાત ગમે નહીં, નાનો પ્રસંગ ફાવે નહીં, આથી એમણે બાજુની બે જૂની સોસાયટીઓ–સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાયટી અને નારાયણનગર સોસાયટી–ના અગ્રણીઓને આ કાર્યક્રમની વાત કરી. એમને ગરબામાં પધારવા માટે નિમંત્રણ પાઠવ્યું અને ચંદ્રનગર સોસાયટીની વચ્ચે આવેલા ચોકમાં નવરાત્રીનો ગરબા-ઉત્સવ શરૂ થયો.

બહેનો ગરબા કરે અને પુરુષો એ જોવા માટે એકઠા થાય. આને કારણે સાવ ભિન્ન ભિન્ન જાતિ અને કોમના, તવંગર અને ગરીબ લોકો એકઠા થવા લાગ્યા; એટલું જ નહીં, પણ વિશાળ આયોજનના શોખીન જયભિખ્ખુએ ચંદ્રનગર સોસાયટીના ગરબામાં આવવાનું જાણીતા માઈભક્ત શ્રી જિતુ ભગતને નિમંત્રણ આપ્યું. એ સમયે ગુજરાતમાં ઘેર ઘેર જિતુ ભગતનું નામ જાણીતું હતું. ગરબા તો એમના જ. એવા શ્રી જિતુ ભગત આ સર્જકની લેખિની પર એવા તો વારી ગયા હતા કે એમણે એમની વાતનો આનંદભેર સ્વીકાર કરતાં કહ્યું કે નવરાત્રીમાં એક દિવસ ગરબા ગવડાવવા માટે જરૂર આવીશ; એટલું જ નહીં પણ ગરબાની બરાબર રમઝટ જામે તે માટે મારા વાજિંત્રો સાથે આખી મંડળી લઈને વિના મૂલ્યે આવીશ. પછી તો સોસાયટીના ચોકમાં ગરબાની ધૂમ મચી ગઈ. આ ગરબા થતા ત્યારે આ નાનકડી સોસાયટી લોકોથી ઊભરાઈ ઊઠતી. આનંદ અને ઉલ્લાસનું ઉત્સાહી વાતાવરણ સર્જાતું. આનંદનગરથી વાસણા સુધીના રહેવાસીઓ મોટી સંખ્યામાં લોકસમુદાય સાથે ગરબા સાંભળવા એકત્રિત થતા હતા. આને પરિણામે આસપાસના વિસ્તારમાં એવી વાયકા ફેલાઈ કે 'ગરબા તો ચંદ્રનગરના'. પછી તો એટલા બધા લોકો આવવા માંડ્યા કે ગરબાનું સર્કલ મોટું ને મોટું થતું ચાલ્યું. લોકો તો તેની ચર્ચા દિવસો સુધી કર્યા કરતા.

આજે તો એમ મનાય છે કે નવરાત્રીનો ઉત્સવ અમેરિકા, ઇંગ્લેન્ડ કે દૂરના દેશોમાં વસતા ગુજરાતીઓને એકઠા કરતો સૌથી મહત્ત્વનો ઉત્સવ છે. એનો અનુભવ તો આજથી સાઠ વર્ષ પૂર્વે ચંદ્રનગર સોસાયટીના ગરબામાં પણ થયો હતો. તમામ જાતિ, કોમ અને સ્થિતિના લોકો સઘળા ભેદભાવ ભૂલીને એકસાથે ગરબા ખેલવા અને જોવા આવતા હતા.

સાક્ષર જયભિખ્ખુ જનસમૂહ સાથે ભળી જતા હતા. સહુને આશ્ચર્ય

થતું કે શ્રી જિતુ ભગત અને અન્ય ગાયકો જેમની આટલી બધી પ્રશંસા કરે છે, એ સાક્ષર આપણી પાસે બેસીને ગરબા જુએ છે ! કેટલાકને આમાં ધન્યતાનો અનુભવ થતો. સામાન્ય માનવીના સુખદુ:ખ સાથે હૃદયના તાર સાંધવાની જયભિખ્ખુમાં પ્રબળ ભાવના હતી. એથી જ માથે જ્ઞાનનો કે સાક્ષરપણાનો ગર્વ રાખ્યા વિના સાવ નિરક્ષર સાથે પણ તેઓ સ્નેહભાવથી વર્તતા હતા અને એને મદદરૂપ થતા હતા. વળી એના જીવનના મહત્ત્વના પ્રસંગોમાં હાજરી આપીને એને ગૌરવાન્વિત પણ કરતા હતા. આને પરિણામે મકાનમાલિકો કે ભાડવાતો વચ્ચે કોઈ દીવાલ રહી નહીં. બધા પરસ્પર સાથે સ્નેહપૂર્વક વર્તતા હતા. દર દિવાળીએ સોસાયટીનો એકેએક માણસ બીજાને નવા વર્ષે શુભેચ્છા પાઠવવા જતો થયો હતો.

મચ્છરનો ત્રાસ, સગવડોનો અભાવ અને નગરપાલિકાની ઉપેક્ષા – એ બધાંની વચ્ચે પણ આ વિસ્તારના રહેવાસીઓ એકસંપે રહેતા હતા. નદીકાંઠાના આવા દૂરના વસવાટમાં ડૉક્ટરની તાત્કાલિક સારવાર તો ક્યાંથી મળે ?આથી જયભિખ્ખુ એમના ઘરના આગળના ખંડના કબાટમાં દવાઓ રાખતા હતા. આમાં જુદા જુદા રોગો માટેની ટૅબ્લેટ હોય, લિક્વિડ હોય તેમજ પ્રાથમિક સારવાર માટેની જરૂરી સાધનસામગ્રી પણ હોય. સોસાયટીમાં કોઈ વ્યક્તિ બીમાર પડે તો પહેલાં એમની પાસે આવીને દવા માંગતો હતો. ઝાડુ વાળનારને માથું દુ:ખતું હોય કે પગીને પગમાં કળતર થતું હોય તો એ નિ:સંકોચ જયભિખ્ખુ પાસે આવતા અને જયભિખ્ખુ એમની વ્યાધિ જાણીને ઔષધ આપતા. એમની જુદા જુદા પ્રકારની દવાઓ સાથે રાખવાની આદત પ્રવાસમાં પણ બરકરાર રહેતી. પ્રવાસ સમયે સાથે એક દવાની પેટી રાખતા. એમાં જુદી જુદી ટૅબ્લેટ રાખતા. વળી પોતાને જે રોગ થયો ન હોય, એવા રોગની પણ ટૅબ્લેટ એમાંથી મળી રહેતી. પોતાના સાથી મુસાફરને કંઈ થાય તો ? એકાએક દોડાદોડી કરીને જવું તો ન પડે !

આસપાસની સોસાયટીના રહીશો પણ એમની ઉદારદિલી અને ઉમદા સ્વભાવને કારણે આદર આપતા હતા. વળી દર મહિને એક-બે વાર રાત્રે સોસાયટીમાં ભજન-કીર્તનનાકાર્યક્રમ યોજતા અને આ ભજન ગાનાર વ્યક્તિ સામાન્ય ટૅક્સી ડ્રાઈવર હોય તો પણ એની સાથે એક જ પાથરણા પર બધાની સાથે બેસતા અને સમૂહકીર્તનનો આનંદ માણતા હતા. મોડી રાત્રે આ કાર્યક્રમ પૂરો થાય ત્યારે જયભિખ્ખુ સહુનેચા-નાસ્તો કરાવતા હતા. આમેય જયભિખ્ખુ એટલે ડાયરાના જીવ અને એથી જ આવો ડાયરો અવારનવાર જામતો.

આ સંદર્ભમાં'જ્ઞાતિસેવા' સામયિકના એક સમયના તંત્રી અને સોસાયટીના સેક્રેટરી શ્રી લાભુભાઈ જોશી લખે છે, 'એમના ડાયરાપ્રિય સ્વભાવ મુજબ તેઓ સોસાયટીના નિવાસીઓની સાથે બેસીને, કક્ષાભેદ રાખ્યા વિના વાર્તાવિનોદ, ભજનો, ચોપાટની રમતો રમવા બેસી જતા. આવા પ્રસંગોએ કદીય તેમના વર્તનમાં કે વ્યવહારમાં પોતે ઉચ્ચ કક્ષાના સાક્ષર કે શ્રેષ્ઠીપુત્ર છે તેવો અહંભાવ જોવા મળ્યો નથી. સમાજમાં બહુ જ ઓછી વ્યક્તિઓ આવું નિરભિમાનીપણું જીવનમાં ઉતારી શકે છે. પોતે જૈનધર્મી હોવા છતાં અન્ય ધર્મોના ઉત્સવો પ્રત્યે પણ તેમનો ઉત્સાહ અનેરો હતો.' ('જયભિખ્ખુ સ્મૃતિગ્રંથ', પૃ. ૬૧).

સોસાયટીમાં જેટલા ઉત્સાહથી નવરાત્રીનો ઉત્સવ ઊજવાય, એટલા જ ઉત્સાહથી જન્માષ્ટમી (કૃષ્ણજન્મ)ની ઉજવણી થતી હતી. આના આયોજનનો કાર્યભાર જયભિખ્ખુ સંભાળતા હતા. આને માટે એક નાનકડી સભાનું આયોજન કરતા અને પછી જે બંગલામાં કૃષ્ણજન્મની ઉજવણી રાખવામાં આવી હોય, ત્યાં જઈને એના જુદા જુદા ખંડોનું નિરીક્ષણ કરતા. એ પછી એક ખંડમાં કોઈ સમર્થ ચિત્રકારને બોલાવીને કૃષ્ણજન્મનું ચિત્ર દોરાવતા હતા. વસુદેવના માથા પર ટોપલામાં કૃષ્ણ હોય એવું દૃશ્ય-ચિત્ર સ્વ. 'શિવ' પંડ્યા અને શ્રી રજની વ્યાસ જેવા પ્રસિદ્ધ ચિત્રકારોએ અહીં આવીને જયભિખ્ખુના સ્નેહને કારણે કલાકો સુધી બેસીને દોર્યું છે.

ચિત્રકાર સ્વ. 'શિવ' પંડ્યાએ તો અત્યંત પરિશ્રમ લઈને એક મોટા સિમેન્ટના શીટ પર કૃષ્ણજન્મના ચિત્રનું આલેખન કર્યું હતું. વહેતી યમુના નદીના જળમાં ટોપલામાં તુરત જન્મેલા શ્રીકૃષ્ણને મથુરાથી ગોકુળ લઈ જતા વસુદેવનું આ ચિત્ર હતું, વળી તેમાં શ્રીકૃષ્ણને વરસાદમાં ફોરાં નડે નહીં તે રીતે શેષનાગે ફેણનો માથે છાંયો કર્યો હોવાનું આલેખ્યું હતું. હવે આવા ખંડને શણગારવો કઈ રીતે ? જયભિખ્ખુના લઘુબંધુ શ્રી છબીલભાઈ દેસાઈ એમની કાપડની દુકાનેથી સાડીઓ લાવીને દીવાલ પર સુશોભન કરતા હતા.

સોસાયટીના બે વયોવૃદ્ધ મિસ્ત્રી ભાઈઓએ કૃષ્ણજન્મ માટેનું જરૂરી સુથારીકામ સંભાળી લીધું. વિખ્યાત તસવીરકાર શ્રી જગત મહેતાએ આની સરસ છબીઓ ઝીલી. અમદાવાદના સુપ્રસિદ્ધ પ્રભાત પ્રોસેસ સ્ટુડિયોના માલિક શ્રી ગોવિંદભાઈ પટેલ આ પ્રસંગે હાજર રહીને કૃષ્ણજન્મની તસવીર લેતા હતા. ધીરે ધીરે આની આસપાસની સોસાયટીઓને જાણ થઈ. એના રહીશો કૃષ્ણજન્મના આ દૃશ્યનું દર્શન કરવા આવવા લાગ્યા. એમાં એમને જાણ થતી કે આ સઘળી રચના પાછળ જયભિખ્ખુએ અતિ પરિશ્રમ લીધો છે, ત્યારે એક આશ્ચર્ય પણ થતું કે જૈન ધર્મના આવા પંડિત અને ગુજરાતી ભાષાના લેખક કેટલા બધા કૃષ્ણપ્રેમી છે ! ત્યારે કોઈ કહેતું પણ ખરું કે એમણે તો 'પ્રેમભક્ત કવિ જયદેવ'માં કૃષ્ણભક્તિનું એવું શૃંગારમય અને કલાત્મક આલેખન કર્યું છે કે ન પૂછો વાત !

વળી, કૃષ્ણજન્મના આ દૃશ્યની પૂર્ણાહુતિનો પણ ભવ્ય ઉત્સવ ઊજવવામાં આવ્યો. નજીકની સોસાયટીના સુથારીકામ કરતા એક વડીલે પોતાને ઘેર એક ભજનમંડળી બોલાવીને કૃષ્ણ ભગવાનની પધરામણી કરાવી હતી. આ સમયે મૂકેલી ભગવાન કૃષ્ણની મૂર્તિ જયભિખ્ખુની જીવનભર સેવા કરનાર શ્રી તુલસીભાઈ દેસાઈને ત્યાં પધરાવી હતી. આમ વર્ષો સુધી શ્રી લાભુભાઈ જોશીના નિવાસસ્થાને કૃષ્ણજન્મની ઉજવણીનો માહોલ રચાતો હતો, ભજનો ગવાતાં હતાં, ઊલટભેર પૂજા થતી હતી. કૃષ્ણજન્મ પછી પ્રસાદ વહેંચાતો હતો. શરૂઆતમાં જયભિખ્ખુના પત્ની જયાબહેન સ્વયં પ્રસાદ તૈયાર કરતાં હતાં. એ કામ બે-ત્રણ દિવસ ચાલતું હતું. પછી સંખ્યા વધતાં બજારમાંથી ખરીદીને પ્રસાદ લાવવામાં આવતો અને એ રીતે સોસાયટીમાં સહુ

કોઈ પોતાની જાતિ, જ્ઞાતિ, ભાષા કે રાજ્યના ભેદને ભૂલીને જન્માષ્ટમીનો તહેવાર રંગેચંગે ઊજવતાં હતાં.

ચંદ્રનગર સોસાયટીમાં જયભિખ્ખુની બાજુમાં શ્રી મનસુખભાઈ ગાંધીનું મકાન હતું. એમણે એ મકાન કેલિકો મિલમાં દોરા-વણાટ ખાતાના મુખ્ય અધિકારી મદ્રાસી સજ્જન શ્રી સુબ્રમણ્યમ્ (નામ બદલ્યું છે) ને ભાડે આપ્યું હતું. સુબ્રમણ્યમ્ અને એમના પત્ની અહીં સુખેથી રહેતાં હતાં. આ સુબ્રમણ્યમ્ થોડાક કડક સ્વભાવના હતા અને પોતાના હાથ નીચેના માણસો તરફ અવારનવાર ગુસ્સે થઈ જતા હતા. એક વાર એમણે આકરા અપશબ્દો કહીને એક શીખ ભાઈને નોકરીમાંથી બરતરફ કર્યા હતા.

આ ભાઈને એમ લાગ્યું કે એમને ઘોર અન્યાય થયો છે. સુબ્રમણ્યમે એમને ખોટી રીતે નોકરીમાંથી કાઢી મૂક્યા છે, આથી તે ગુસ્સે ભરાઈને છરો લઈને સુબ્રમણ્યમ્‌ના ઘર પાસે આંટો મારવા લાગ્યો.

વહેલી સવારથી એ બંગલાની પાછળ આવેલી વાડમાં છુપાઈને બેઠો હતો. એ રાહ જોતો હતો કે સુબ્રમણ્યમ્ એમના મકાનથી થોડે દૂર આવેલા શૌચાલયમાં જાય ત્યારે એમના પર છરાથી હુમલો કરીને બરાબર પાઠ ભણાવવો. વખત ઘણો વીતી ગયો, સુબ્રમણ્યમ્ બહાર આવતા દેખાતા નહોતા એટલે હુમલાખોરે વિચાર્યું કે હવે આ બહાર નીકળે તેમ લાગતું નથી. આથી ઘરમાં ઘૂસીને બદલો લેવા એના ઘરમાં પહોંચ્યો ત્યારે એમના પત્ની પલંગમાં સૂતાં હતાં. હુમલાખોરે એમ માન્યું કે પલંગની મચ્છરદાનીની અંદર શ્રીમાન સુબ્રમણ્યમ્ સૂતા છે, આથી એણે ખંજર બહાર કાઢ્યું અને મચ્છરદાની ખસેડી એના પર હુમલો કરવા ગયો. હાથમાં છરા સાથે ધસી આવતા એ માણસને જોઈને શ્રીમતી સુબ્રમણ્યમ્‌ના મુખથી એકાએક ચીસ નીકળી ગઈ, 'ઓ કાકા...ઓ કાકા... બચાવો...બચાવો...'

સોસાયટીના સહુ કોઈ વડીલ શ્રી જયભિખ્ખુને 'કાકા' તરીકે સંબોધતા હતા, અમારા કુટુંબમાં પણ પિતાને 'કાકા' કહેવાનો રિવાજ હતો. એટલે જયભિખ્ખુને પિતા તરીકે આદર આપનારા સહુ કોઈ કાકા તરીકે સંબોધન કરતા હતા. એટલે સ્વાભાવિક રીતે જ શ્રીમતી સુબ્રમણ્યમ્‌ના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા. આ ચીસ સાંભળીને છરો લઈને ધસી રહેલો માણસ અટકી ગયો અને તરત જ છરા સાથે ભાગી છૂટ્યો.

વહેલી સવારે જયભિખ્ખુ બ્રશ કરતા હતા, એ સમયે એમણે બાજુના મકાનમાંથી ચીસ સાંભળી. એ સાંભળતાં જ તેઓ તરત ખુલ્લા પગે દોડતા બાજુના બંગલામાં ગયા. પારેવડી ધ્રુજતી હોય તેમ શ્રીમતી સુબ્રમણ્યમ્ ધ્રુજતાં હતાં. એમની આંખો ભયથી ઘેરાયેલી હતી અને અવાજ ફાટી ગયો હતો. એમણે જયભિખ્ખુને જોઈને કહ્યું, 'કાકા, મને મારી નાંખવા આવ્યા હતા. આ પેલા જાય...' એટલે જયભિખ્ખુ તરત ઘરની બહાર દોડી આવ્યા.

એ સમયે ચંદ્રનગર સોસાયટીની પાછળ ખેતરો હતાં અને ખેતર પછી સાબરમતી નદીનો કાંઠો હતો. જયભિખ્ખુએ હુમલાખોરને ખેતરોમાંથી છરા સાથે ભાગતો જોયો. કશોય વિચાર કર્યા વિના અને પગમાં કશુંય પહેર્યા વિના જયભિખ્ખુ એની પાછળ દોડવા લાગ્યા. હુમલાખોર પાસે હથિયાર હતું એટલે હથિયાર લઈને જવું એવો પણ એમણે વિચાર કર્યો નહીં. એમનાં રૂંવાડામાં પણ ભય નહોતો એટલે આવો વિચાર પણ આવે ક્યાંથી? એમને દોડતા જોઈને સોસાયટીના બચુ પગી, એમના ઘરની પાછળ રહેતા તુલસીદાસ દેસાઈ અને બીજા સહુ દોડવા લાગ્યા. કોઈની પાસે હથિયાર નહોતું અને પેલો માણસ આગળ દોડી રહ્યો હતો.

એણે જોયું કે એને પકડવા માટે કેટલાક લોકો દોડતા પાછળ આવે છે એટલે એને ભય લાગ્યો. હાથમાંનો છરો ફેંકી દીધો અને નદીનો ઢાળ ચડવા લાગ્યો. એટલી વારમાં તો બચુ પગી, જયભિખ્ખુ અને બીજાં એની નજીક પહોંચી ગયા અને એને બરાબર પકડ્યો. ફેંકી દીધેલો છરો શોધી કાઢ્યો. સોસાયટીની વચ્ચે આવેલા ચોકમાં ગરબા થતા હતા, ત્યાં થાંભલા પાસે હુમલાખોરને સહુએ દોરડાથી બરાબર કચકચાવીને બાંધ્યો. એ પછી પોલીસ સ્ટેશને જાણ કરી. બે કલાક પછી આ દૂરની સોસાયટીમાં પોલીસની પધરામણી થઈ, ત્યારે જયભિખ્ખુએ કહ્યું, 'પોલીસ પ્રજાના રક્ષણ માટે છે, પણ હવે પ્રજાએ એની જાતે જ એનું રક્ષણ કરવું જોઈએ. તમને ફોન કરીને બોલાવ્યા પછી છેક બે કલાક બાદ આવો તો એટલા સમયમાં તો શું નું શું થઈ ગયું હોય?' પોલીસ-અધિકારીએ ઉત્તર આપવાને બદલે ખામોશ રહેવાનું પસંદ કર્યું. પોતાની કાર્યવાહી શરૂ કરી અને તે હુમલાખોરને પકડીને પોલીસવાનમાં લઈ જવામાં આવ્યો.

બીજે દિવસે બાહરગામથી સુબ્રમણ્યમ્ પાછા આવ્યા ત્યારે એમના પત્નીએ આ ઘટનાની જાણ કરી. સુબ્રમણ્યમ્ જયભિખ્ખુ પાસે દોડી આવ્યા અને ગળગળા અવાજે એમનો ખૂબ ખૂબ આભાર માન્યો. પોતાની ગેરહાજરીમાં એમના જેવી પરપ્રાંતીય વ્યક્તિના કુટુંબીજન માટે એમણે જાનનું જોખમ લીધું એ હકીકતથી તેમનું હૈયું ભરાઈ આવ્યું. તેઓ જ્યાં સુધી સોસાયટીમાં રહ્યા, ત્યાં સુધી જયભિખ્ખુને 'પિતા' સમાન માનતા હતા.

બન્યું એવું હતું કે ભયભીત સુબ્રમણ્યમ્ થોડાક સમયમાં રાતોરાત સોસાયટી છોડીને ક્યાંક ચાલ્યા ગયા. પોતે ક્યાં ગયાં છે એની કોઈને જાણ પણ ન કરી. અદાલતમાં એમનો કેસ ચાલતો હતો, ત્યારે હુમલાખોરના પક્ષે ત્રીસ-પાંત્રીસ વ્યક્તિઓનું ટોળું હાથમાં હથિયાર લઈને હાજર થતું હતું, જ્યારે બીજી બાજુ આ કેસ કરનાર સોસાયટીના રહીશોને હાજર રહેવું પડતું. આવે સમયે જયભિખ્ખુ, બચુ પગી અને સાથીઓ સાથે કોર્ટમાં જતા અને સહુને હિંમત આપતા. કેસને અંતે એ હુમલાખોરને સજા પણ થઈ.

સુબ્રમણ્યમ્‌ના ગયા પછી જયભિખ્ખુ પર એમના આભારના પત્રો આવતા હતા. દિવાળીએ શુભેચ્છાનું કવર પણ આવતું હતું, પણ ક્યાંય એ એમનું પૂરું સરનામું લખતા નહીં! એમના મનમાં એવો ભય હતો કે કદાચ આ સરનામું કોઈ પણ રીતે પેલા હુમલાખોરને મળી જશે, તો શું થશે? **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

પુસ્તકનું નામ : **આનંદઘન અવધૂત પદલહરી**
લેખક : માવજી કે. સાવલા
પ્રકાશક : **ગુર્જર પ્રકાશન,** ૨૦૨, તિલકરાજ, પંચવટી, પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
મૂલ્ય : રૂા. ૧૧૦/-; પાના : ૧૬૨.
આવૃત્તિ : પ્રથમ-૨૦૦૮.

૧૭ મી સદીમાં થઈ ગયેલ આનંદઘનજીનું નામ જૈન સાહિત્યના ઇતિહાસમાં અનેક રીતે જુદું તરી આવે છે. માત્ર જૈન મુનિ તરીકે જ નહિ પરંતુ એક મર્મી જ્ઞાન પિપાસુ તરીકે પણ જેમનું વ્યક્તિત્વ અનન્ય જ લાગે તેવું છે. તેમની અધ્યાત્મની વાણીમાં ભક્તિરસનો ઉન્મત્ત પ્રવાહ છે. ચોવીસ તીર્થંકરોને ઉદ્દેશીને તેમણે સ્તવન ચોવીસીની રચના કરી છે અને ૧૧૦ પદોની રચના પણ કરી છે, જેમાં નરસિંહ અને મીરાની જેમ તેમના પદોમાં ઉત્કટ અને વેગવંત ભક્તિધારાની સાથે સાથે તત્ત્વજ્ઞાનનું ગહન ઊંડાણ છે. એમની વાણીમાં હૃદયનો ધબકાર છે. ભક્તહૃદયની આરઝૂનો સહજ ઉદ્‌ગાર છે.

આ પુસ્તકમાં માવજીભાઈ સાવલાએ આનંદઘનજીના આંતર વ્યક્તિત્વમાં પ્રવેશ કરી તેમના પદોની એકાદ-બે ગાથાઓ લઈ તેનો ભાવાર્થ અને રસદર્શન કરાવ્યાં છે જેમાં આનંદઘનજીને અભિપ્રેત એવું ભક્તિતત્ત્વ દર્શન પ્રગટાવવાનો પ્રયાસ કર્યો છે. લેખકે આ ગાથાઓનું રસદર્શન કરાવવા તે ભાવને અનુરૂપ દેશ-પરદેશના અન્ય કવિઓના કાવ્યો તથા દૃષ્ટાંત કથાઓનો ઉપયોગ કરી ગાથામાં રહેલ તત્ત્વને સરળ રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

X X X

પુસ્તકનું નામ : **ભગવાન મહાવીરનું વસિયતનામું**
લેખક : **ડૉ. રશ્મિભાઈ ઝવેરી**
પ્રકાશક : સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેંટર-ઘાટકોપર. અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેંટર.
Email : gunvant.barvalia@gmail.com
મો.: ૯૮૨૦૨૧૫૫૪૨
મૂલ્ય : રૂા. ૧૫૦/-; પાના : ૧૬૦.
આવૃત્તિ : પ્રથમ-૨૦૧૧.

ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ વિવિધ સામયિકો અને અખબારોમાં પ્રસિદ્ધ થયેલ પોતાના વિવિધ વિષયોના લેખોનું સંકલન 'ભગવાન મહાવીરનું વસિયતનામું'-રૂપે પ્રકાશિત કર્યું છે. આ વસિયતનામું શ્રી મહાવીર પ્રભુના વારસોને એટલે કે આપણને સહુને ભેટ ધર્યું છે. બે કે ત્રણ પાનાના

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

૫૭ લેખોમાં વૈવિધ્ય છે. ગંભીર વિષય પરના મૌલિક લેખો, કાવ્યવિવેચન, બોધકથાઓ, આગમકથાઓ, પ્રાસંગિક લેખો, પ્રતિભાવો, તંત્રીલેખો, જૈન પર્વો, જૈન સિદ્ધાંતો, તાત્ત્વિક વિષયો પરના લેખો, ધ્યાનયોગ, અનુભવો, પ્રવાસવર્ણનો, જીવનચરિત્રો, વૈરાગ્યની ભાવનાઓ, જીવનશૈલી, સામાજિક તથા પારિવારિક જીવન વગેરે વિવિધ વિષયો પરના લખાણોનું સંકલન છે.

આ પુસ્તકમાં મહાવીરનો ઉપદેશ, સંદેશ અને આદેશનો ત્રિવેણી સંગમ છે. આ સંગમમાં ડૂબકી મારનારનો આત્મા ચિંતનમાં ભ્રમણ કરતો થઈ જાય છે. અહીં વિદ્વાન સર્જકની ભવ્ય ગદ્યકલાના દર્શન થાય છે અને લેખક આત્મચિંતન દ્વારા મહાવીરનો સંદેશો પ્રસારિત કરે છે. ડૉ. રશ્મિભાઈ ઝવેરી માત્ર આંકડાશાસ્ત્રી (CA) જ નથી પરંતુ હૃદય અને આત્માથી શબ્દના ઉપાસક, મર્મજ્ઞ અને સાધક છે તેની પ્રતીતિ થાય છે. 'ભગવાન મહાવીરનું વસિયતનામું' વિષયોનું ઊંડાણ અને ગદ્યની સરળતા પ્રસન્નતાની અનુભૂતિ કરાવે છે.

સરસ્વતીના પ્રસાદને આવકારીએ અને અંતરથી માણીએ એ જ અભ્યર્થના.

X X X

પુસ્તકનું નામ : **જિનોપાસક શ્રાવક કવિ ઋષભદાસજીકૃત રોહિણીય રાસ (તમસથી સત્વની યાત્રા)**
લેખક-સંપાદક : ડૉ. ભાનુબેન શાહ (સત્રા)
પ્રકાશક : **જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ**
C/o જયંતીલાલ વીરજી શાહ, ૪૦૨, ૪થે માળે, ઓરબીટ હાઈટ્સ, એનેક્સ-૧. તારદેવ રોડ, નાનાચોક, ગ્રાંટ રોડ (પ.), મુંબઈ-૪૦૦૦૦૭.
સંપર્ક : ૦૨૨-૨૩૮૭૫૦૬
મૂલ્ય : રૂા. ૩૦૦/-; પાના : ૩૫૦.
આવૃત્તિ : પ્રથમ, ૨૨ જૂન-૨૦૧૨.

શ્રાવક કવિ ઋષભદાસકૃત 'રોહિણીય રાસ'નું સંપાદન-સંશોધન શ્રીમતી ભાનુબેન શાહે કર્યું છે. સંશોધકે આ રાસની મૂળ ૩૪૪ ગાથાની કથાને લગભગ ૩૫૦ પૃષ્ટોમાં વિસ્તારી છે. મારુ ગુર્જર ભાષાની મૂળ કડીઓ-મૂળ હસ્તપ્રતમાંથી વર્તમાન લિપિમાં લિપ્યાંતર કરી પ્રત્યેક કઠિન શબ્દોના અર્થો વિગતે આપ્યા છે. વિગતે ગદ્યાંતર અને પછી વિવેચન કરી કથાના પટને વિશાળ બનાવ્યો છે. આ કથાનો નાયક રોહિણીય ક્ષુદ્ર જાતિનો વંશ પરંપરાગત ચોર છે. અને મહાવીર વાણીનો ચમત્કાર એના જીવનમાં અલૌકિક પરિવર્તન લાવે છે. તમસ્‌થી સત્વ તરફ ગતિ કરી એ આત્મા વૈરાગ્ય સ્વીકારી મોક્ષ તરફ ગતિ કરે છે.

ડૉ. ભાનુબેન શાહે આ લઘુરાસ કૃતિના વિવરણ અને પરિશિષ્ટમાં જૈન ધર્મના અનેક તત્ત્વોનો સુંદર વિનિયોગ કર્યો છે. એકંદરે વાચકને કથા અને તત્ત્વજ્ઞાનના અમૂલ્ય, સુંદર સુમેળની પ્રતીતિ થાય છે. રાસમાં આવતા વીર, શૃંગાર જેવા રસોની સુંદર ચર્ચા આમાં મળે છે. જૈન દર્શનનું ગહન તત્ત્વજ્ઞાન અને એના દ્વારા રચાતી આગવી માનસ સૃષ્ટિ તેમજ સ્વસ્થ જીવનશૈલી આ ગ્રંથમાં આલેખાઈ છે.

રાસકૃતિનો ઊંડો અને વ્યાપક અભ્યાસ કરવા બદલ ડૉ. ભાનુબેનને હાર્દિક અભિનંદન. આ પ્રકારના વધુ ને વધુ ગ્રંથો આપણને એમના તરફથી પ્રાપ્ત થાય એજ અભ્યર્થના.

X X X

સાભાર સ્વીકાર

(૧) રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન-૨૦૧૧-૧૨. પ્રકાશક-જયશ્રી દેવચંદ સાવલિયા
(૨) સમૃદ્ધિનું વરદાન-સજીવખેતી
ડૉ. મુલજીભાઈ ભલાણી સંસ્થા
પ્રકાશક-વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ, બગસરા.
(૩) સેવા સુવાસ-સંસ્થા ડિરેક્ટરી
સંપાદક-દેવચંદ સાવલિયા
(૪) વિકાસ દર્શન-તાલીમકારોની ડિરેક્ટરી
(૫) જીવનની સફળતા-સાર્થકતાના સોનેરી ઉપાયો : લેખક-પ્રવીણચંદ્ર ઠક્કર
પ્રકાશક-વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ, બગસરા.
(૬) વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ-બગસરા કાર્ય અહેવાલ-૨૦૧૦-૨૦૧૧.
ઉપરોક્ત છ પુસ્તકોના પ્રકાશક-વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ, બગસરા.
(૭) અહિંસા કિસે કહેં ? (હિન્દી)
વિપશ્યના વિશોધન વિન્યાસ ધમ્મગિરી, ઈગતપુરી.
(૮) મધર મોલ્ડસ ધ ડેસ્ટીની (અંગ્રેજી)
બકુલ કુલીન વોરા, કુલીન કનૈયાલાલ વોરા
પ્રકાશક : ઘર સંસાર, યોગીનગર, બોરીવલી (વે.), મુંબઈ-૪૦૦૦૯૧. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૩.
ફોન નં. : (022) 22923754

પંચે પંચે પાથેય
(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

ચૂકી છે. આટલું બધું પ્રસરેલું તેમનું આ અભિયાન સ્વયંભુ જ આગળ વધી રહ્યું છે. તેઓ બાળકો માટે શાળાઓમાં શિબિરો કરે છે તો મોટેરાંઓને પણ યોગ શીખવે છે. તેમણે જૈન સાધુ-સાધ્વી માટે શિબિરો કરેલ છે. જગતે જેને ત્યજી દીધાં છે એવા જેલના કેદીઓને સન્માર્ગે વાળવા પણ તેમણે ખાસ શિબિરો કરેલ છે.

યોગ શીખવવાની તેમની પદ્ધતિ તદ્દન નિરાળી છે. બધાની સાથે પોતીકાપણાંથી વર્તી તેમના જ થઈ જઈ તેઓ યોગ શીખવે છે. પોતાની શિબિરમાં બસ્સોથી વધુ શિબિરાર્થીઓ તેઓ લેતા નથી. કારણકે એમ કરવાથી વ્યક્તિગત ધ્યાન ન આપી શકાય. એક નિષ્ઠાવાન શિક્ષક અને એક પ્રેમાળ માનું સમન્વય તેમનામાં થયેલું જોઈ શકાય છે. તેઓ ખૂબ જ સરળ છતાં પદ્ધતિસરનો એવો યોગાભ્યાસ કરાવે કે તેમની શિબિરમાં આવનાર યોગના ઊંડા અભ્યાસી પણ કશુંક નવું પામીને જાય.

તેમને મન 'યોગ' એટલે માત્ર આસન કે પ્રાણાયામ જ નહિ, પણ યમ-નિયમથી આરંભાઈને સમાધિ સુધી પહોંચાડે તે યોગ. તેઓ મહર્ષિ પતંજલિના 'અષ્ટાંગ-યોગ'ને અનુસરે છે. તેમના જીવનનો એકમાત્ર ધ્યેય છે કે લોકોને ઓછામાં ઓછી દવાઓની જરૂર પડે, લોકોનું જીવન વધુમાં વધુ પ્રાકૃતિક બને. શિબિરોમાં તમને કેવા અનુભવ થાય એવા પ્રશ્નના જવાબમાં તેમણે કહેલું કે નદી વહેતી હોય તેમાં કોઈ કપડાં ધુવે, કોઈ ન્હાય તો કોઈ તેની પૂજા કરે, નદી તો આ બધાથી અલિપ્ત રહી વહ્યા જ કરે. તેમ અનુભવો તો ખાટા-મીઠા થયા રાખે. આપણે તો નિસ્પૃહ રહી આગળ ને આગળ વહેતા રહેવાનું. 'સાધુ તો ચલતા ભલા' એ ન્યાયે તેઓ કાયમ યોગના પ્રચાર-પ્રસાર માટે ભારતભરમાં વિહરતા જ રહે છે.

ગુણવંત શાહે એક જગાએ નોંધેલું કે સત્તર-અઢાર વર્ષનો પણ કશું નવું ન વિચારી શકનાર વૃદ્ધ છે અને સાંઈઠ-સિત્તેરની ઉંમરે પણ પ્રવૃત્ત રહેનાર યુવાન છે. ગીતાબેન આજે ત્રેંસઠ વર્ષની વયે પણ યુવાન છે. યોગ ક્ષેત્રે સતત નવું-નવું વિચારી તેને પ્રયોગમાં મૂકી લોકોના આરોગ્યને સુધારવા તેઓ વગર થાક્યે કામ કરી રહ્યા છે. ધુણી માત્ર અલખના નામની જ ન હોય, એમણે પણ એક ધુણી ધખાવી છે. આ રીતે તેમનું અભિયાન પણ એક સાધના જ છે, જ્યાં ગીતા હોય ત્યાં અંધારાં ક્યાંથી હોય! ત્યાં તો સદૈવ જ્ઞાનના દીપક જ જલતા હોય! આ બંને યોગ પ્રચારકો પોતાના નામને સાર્થક કરતાં કંઈ કેટલાયના જીવનમાં સ્વાસ્થ્ય અને સુખાકારીના અજવાળાં પાથરતાં ફરે છે.

ગીતાબેનની વિશિષ્ટ પ્રતિભા 'કચ્છ શક્તિ નારી' આ ઍવૉર્ડથી ૨૦૧૦માં પોંખાઈ છે, તો તેમને મહારાષ્ટ્રના ગૃહમંત્રીના હસ્તે પુનામાં 'શાકાહાર પ્રિય પુરસ્કાર' પણ પ્રાપ્ત થયેલ છે. ગીતાબેને માત્ર યોગના ક્ષેત્રે જ નહિ બલ્કે 'માનવ-જ્યોત' મુંબઈ જેવી સંસ્થાઓમાં પણ પોતાની સેવા આપી છે. તો વળી, કચ્છમાં વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશકારી ભૂકંપ પછી અમેરિકાના શ્રી રમેશભાઈ શાહના યોગદાનથી કાર્યરત HHHH (Helping Hands for Helpless & Handicape) માં પણ તેમણે પાયાની કામગીરી બજાવી છે, જેના ઉપક્રમે ભૂકંપના દસ વર્ષ બાદ આજે પણ નિરાધાર થઈ ગયેલ જરૂરિયાતમંદ લોકોને દર મહિને અમુક ચોક્કસ રકમ મળે છે.

ગીતાબેન પાસેથી 'રોગ આપણા અતિથિ', 'સરળ કુદરતી ઉપચાર', 'કમરદર્દ' જેવા પુસ્તકો પણ સાંપડે છે, તો તેઓ ગુજરાતી, હિન્દી સામયિકો-સમાચારપત્રોમાં પણ આરોગ્ય વિષયક લખતા રહે છે. ગીતાબેને છ વર્ષ સુધી પર્યુષણ પર્વ નિમિત્તે ત્રિભાષીય' 'પર્વપ્રજ્ઞા'નું સંપાદન-પ્રકાશન કાર્ય પણ કરેલ છે. હાલમાં પણ 'સંવાદ' નામે અનિયતકાલીન ત્રિભાષીય સામયિક તેઓ પ્રકાશિત કરી રહ્યાં છે, જે ભારતભરના સહસાધકોને નિઃશુલ્ક અપાઈ રહ્યું છે. 'આકાશવાણી મુંબઈ'માં પણ ઘણાં વર્ષો સુધી વિવિધ વિષયો પરના તેમના વાર્તાલાપો પ્રસારિત થયા છે. તેમની શિબિરમાં સાંજે કમરદર્દ, રક્તદાન, શાકાહાર, મહિલાઓ સંબંધી તથા વિવિધ પ્રાકૃતિક રમણીય સ્થળો વિશેના 'સ્લાઈડ શૉ' પણ દેખાડવામાં આવે છે.

'પરજન હિતાય પરજન સુખાય' ચાલતી તેમની આ પ્રવૃત્તિ એકલે હાથે ૧૯૯૫માં પ્રારંભાઈ હતી, એ બીજ આજે વટવૃક્ષમાં ફેરવાઈ ગયું છે. તેમનું આવું જીવન ઘણાં માટે પ્રેરણારૂપ પણ બન્યું છે. સમાજના વિકાસ માટે આપણે આમ કરવું જોઈએ-તેમ કરવું જોઈએ એમ બોલનારા તો ઘણાં હોય છે પણ કમંડળ અને દંડ લઈને નીકળી પડનારા આવા સાધુઓ તો વિરલ જ હોય છે. એમના જીવનનો એક જ મંત્ર છે: 'દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું.'

વિદ્યાપીઠો માત્ર મોટી ઈમારતોમાં જ હોય એવું જરૂરી નથી. ગીતાબેન સ્વયં એક હરતી ફરતી યોગ વિદ્યાપીઠ જ છે, જેમાં અનેકાનેક વિદ્યાર્થીઓ વગર સર્ટિફિકેટે જીવનને અજવાળવાની મહામૂલી વિદ્યા શીખી રહ્યા છે. ✷✷✷

મોટી ખાખર, તા. મુન્દ્રા, કચ્છ, પીન-૩૭૦૪૩૫.
મો. : ૦૯૪૨૬૮૩૭૦૩૧.
(ગીતા જૈન-09969110958 / 09406585665.)

('પ્રબુદ્ધ જીવન'માં એપ્રિલ માસનો 'નિયતિ' લેખ વાંચીને ઘણાં જીજ્ઞાસુ મહાનુભાવોએ પૂ. સંત અમિતાભજી વિશે પૃછા કરી, સાથોસાથ ગીતા જૈન વિશે પણ પૃછા કરી, અને જોગાનુજોગ એ લેખ પહેલાં જ આ લેખ મારી ફાઈલમાં વાંચ્યા વગર એપ્રિલના પ્રથમ સપ્તાહે જ આવી પડ્યો હતો. હમણાં આ અંકની મેટર માટે એ ફાઈલ ખોલી અને આ લેખ હાથ લાગ્યો. 'નિયતિ' પણ કેવાં કેવાં પાસાં ગોઠવી દેતી હોય છે!!)

✷✷✷


પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

૧૪૯૩૯૫૭	આગળનો સરવાળો
૧૦૦૦૦૦	શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦૦	એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૦૦૦૦	શ્રી જાદવજી કાનજી વોરા
૫૦૦૦	શ્રી નટવરલાલ દેસાઈ
૨૦૦૦	શ્રીમતિ પલ્લવી આર. શાહ (યુ.એસ.એ.)
૧૦૦૧	શ્રી કાંતિલાલ ગીરધરલાલ વોરા (કે. લાલ)
૭૫૦	શ્રી જસવંતલાલ વી. શાહ
૧૬૬૨૭૦૮	

કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

રૂપિયા	નામ
૨૫૦૦૦	ફેનિલ ટિમ્બડીયા
૨૫૦૦૦	

✷✷✷




શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



+ કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
+ કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
+ **ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
+ બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૧૪	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૫	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૬	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૭	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૧૯	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૫૦
૨૦	નમો તિત્થરસ	૧૪૦
૨૧	જ્ઞાનસાર	૧૦૦
૨૨	પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩	૫૦૦
૨૩	સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪	૩૯૦

ડૉ. ધનવંત શાહનું 'આનંદઘનજીના કાવ્ય સાહિત્યનું રહસ્ય' વિષય પર વક્તવ્ય

'આનંદઘનજીના કાવ્ય સાહિત્યનું રહસ્ય' વિષય પર 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંત શાહનું વક્તવ્ય શનિવાર તા. ૨૮ જુલાઈ, ૨૦૧૨ના રોજ મુંબઈ યુનિવર્સિટી, કાલિના ખાતે યોજવામાં આવેલ છે. વધુ માહિતી માટે સંપર્ક **ડૉ. કામીનીબેન ગોગરી, ૯૮૧૯૧૬૪૫૦૫.**

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૨૪	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૨૫	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૨૬	આર્ય વજ્રસ્વામી	૧૦
૨૭	આપણા તીર્થંકરો	૧૦૦
૨૮	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૨૯	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૩૦	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૩૧	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૩૨	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૫૩	જૈન પૂજા સાહિત્ય	૧૬૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month
Published on 15th of every month &
+ Regd. No. MH / MR / SOUTH-146 / 2012-14

હરતી ફરતી યોગ વિદ્યાપીઠ

□ પ્રા. રમજાન હસણિયા

જન્મે ઈસ્લામધર્મી યુવાન લેખકે ઉપાધ્યાય ભુવનચંદ્રજી મ.સા. પાસે જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો છે. કચ્છમાં નખત્રાણા કૉલેજમાં ગુજરાતી ભાષાના અધ્યાપક છે.

કલ્પના જગતમાં કલ્પ્યું હોય એવું એક સંઘર્ષમય આદર્શ પાત્ર જ્યારે વાસ્તવિક જીવનમાં પ્રત્યક્ષ મળે ત્યારે આશ્ચર્ય થયા વગર ન રહે. આવા જ એક મંગલમય પ્રેરક જીવંત નારી પાત્રનો તાદૃશ્ય પરિચય અહીં યુવાન લેખક કરાવે છે.

મધ્યકાલીન ગુજરાતી લોકસાહિત્યમાં એક સરળ છતાં માર્મિક પંક્તિ મળે છે. 'આણંદ કહે પરમાણદા, માણહે માણહે ફેર, એક લાખું દેતાં નવ મળે, એક ટકાના તેર.' આપણી આસપાસ આ બંને પ્રકારના લોકો વસે છે. પૃથ્વી પટ પર જન્મેલી પ્રત્યેક વ્યક્તિને કુદરતે વિકસવાની અનેકાનેક શક્યતાઓ બક્ષી હોય છે. કેટલાક આ શક્યતાઓને વાસ્તવિકતામાં ફેરવી દેવા જીવનભર મથે છે અને તે કારણસર તેઓ સિતાંશુ યશચંદ્ર કથિત 'ફરે, ચરે, રતિ કરે, ગર્ભ ધરે, અવતરે, મરે'ના જનસામાન્યના ક્રમને અતિક્રમી જાય છે. આમ કરી તેઓ પોતાનું જીવન ખરા અર્થમાં સાર્થક કરી જાય છે. ભૂતકાળમાં ડોકિયું કરતાં આવા અનેક મહાનુભાવો આપણી નજર સમક્ષ તરીકે આવશે, પરંતુ મોટા માણસો માત્ર ભૂતકાળમાં જ હોય એવું નથી. વર્તમાનમાં પણ એવા કેટલાય વિરલ વ્યક્તિત્વો હોય છે જે આપણામાંના જ હોવાને લીધે આપણું લક્ષ્ય એ તરફ જતું નથી. એવાં જ એક એક મીરાં કથિત 'ખુણે રે બેસીને ઝીણું કાંતનાર' વ્યક્તિત્વનું નામ છે ડૉ. ગીતા જૈન.

મૂળ કચ્છ વાડાપદ્ધર (અબડાસા)ના પણ મુંબઈસ્થિત ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મેલા ગીતાબેનને શ્રીમંતાઈની એક ઘરેડમાં રહી જીવવું પસંદ ન પડ્યું. તેમને જીવનમાં પરમાર્થે કશુંક કરી છૂટવું હતું. દિલ્હીની ગાંધી સ્મારક પ્રાકૃતિક ચિકિત્સા સમિતિમાં તેમણે કુદરતી ઉપચારનો સાડા ત્રણ વર્ષનો અભ્યાસ કર્યો. એ અભ્યાસ દરમિયાન ગાંધી-વિચારથી તેઓ પ્રભાવિત થયા. ગાંધીજીએ એક સ્વપ્ન સેવ્યું હતું કે આઝાદી પછી કુદરતી ઉપચારને છેવાડાના માણસ સુધી પહોંચાડવો. ગાંધીએ સેવેલા આ સ્વપ્નને સાર્થક કરવાની યથાશક્તિ પહેલ કરી ડૉ. ગીતા જૈને. તેમણે ગુજરાતી સાહિત્યમાં ઉચ્ચ અભ્યાસ તો કર્યો જ હતો સાથોસાથ તેમણે યોગના વિષયમાં પણ એમ.એ.નો અભ્યાસ કર્યો હતો. તો વળી, પદ્મશ્રી સદાશિવ નિંબાલકરજી પાસેથી યોગનું ખાસ પ્રશિક્ષણ પણ તેમણે મેળવ્યું હતું. પોતાના યોગ અને કુદરતી ઉપચાર વિશેના જ્ઞાનને ભારતભરમાં વહેંચવા તેઓ નીકળી પડ્યા અને પોતાની આ નવી પહેલને તેમણે નામ આપ્યું: સ્વયં સ્વસ્થ બનો અભિયાન!

પંથે પંથે પાથેય...

૧૯૯૫માં એકલે હાથે આરંભાયેલા આ અભિયાનમાં તેમને થોડા જ સમયમાં સાથ મળ્યો પુત્રસમ શ્રી દીપકભાઈ જાનીનો. ગીતાબેન સાથે દીપકભાઈ પણ પોતાની માર્કેટિંગની ખૂબ જ સારી નોકરી છોડી આ યજ્ઞમાં જોડાઈ ગયા. ગીતાબેન પચાસ વર્ષના થયા ત્યારે તેમણે વાનપ્રસ્થાશ્રમના પ્રવેશ વખતે વિચાર્યું કે હવે ઘરેથી નીકળી જવું જોઈએ. આ વિચારથી પ્રેરાઈને તેમણે સ્કુટર ખરીદ્યું. ૧૯૯૫થી આરંભાયેલા આ અભિયાનના નેજા હેઠળ ગીતાબેન અને દીપકભાઈ સાત વર્ષ સુધી ભારતના જુદા-જુદા તેર રાજ્યોમાં સાઈડકારવાળા સ્કુટરથી ફર્યા. જ્યાં જે બોલાવે ત્યાં યોગની દસ દિવસીય શિબિર કરવા તેઓ પહોંચી જાય. 'ઘર ત્યજી જનારને મળતી વિશ્વતણી વિશાળતા' એ ન્યાયે હવે આ બંને જણ સમષ્ટિના બની રહ્યા. ધીરે ધીરે તેમના આ અભિયાનમાં પ્રાણ પૂરાતા ગયા. ખૂબ જ સારા-સારા લોકોનો સહકાર મળતો ગયો. અભિયાન પ્રસરતું ચાલ્યું. અત્યાર સુધી ગુજરાત, રાજસ્થાન મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હિમાચલપ્રદેશ, પંજાબ, તમિલનાડુ, છત્તીસગઢ, કેરળ, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, દીવ એમ વિવિધ સ્થળે તેમની અઢીસોથી પણ વધુ શિબિરો થઈ ચૂકી છે ગીતાબેનનો 'જન્મભૂમિ' પ્રવાસીમાં પ્રગટ થયેલો એક લેખ વાંચીને આફ્રિકાના ડૉ. એચ. જે. મહેતાએ તેમને આમંત્રિત કર્યા હતા અને તેઓ મૉંબાસા સુધી યોગ અને કુદરતી ઉપચારના પ્રચાર-પ્રસાર અર્થે ગયેલા.

આ અભિયાન ચલાવવા તેમણે કોઈ સંસ્થાનું શરણું લીધું નથી. તેમની શિબિરની કોઈ નિયત ફી નથી. આજના પેકેજના યુગમાં તેઓ નિઃશુલ્ક યોગ શિબિરો કરાવે છે. યોગ અત્યારે 'હોટકેક' છે. હૉટેલ, ઑફિસ, ગામડાં, શહેર, સ્કૂલો, સંસ્થાઓમાં ગમે ત્યાં જઈ અત્યારે યોગથી પૈસા કમાઈ શકાય છે. ત્યારે આ દ્વય સેવાર્થીઓ કશી જ અપેક્ષા વિના કાર્ય કરી રહ્યા છે. કોઈપણ પ્રકારની જાહેરખબર વગર, પ્રચાર-પ્રસાર વિના તેમની આ પ્રવૃત્તિ એટલી પૂરજોશમાં ચાલે છે કે તેઓ પોતાના મુંબઈના ઘરે વર્ષમાં માંડ ટુકડે-ટુકડે એકાદ-બે મહિના રહી શકે છે. તેમને જેઓ એક શિબિર માટે બોલાવે તેઓ પછી તેમને ક્યારેય છોડી જ ન શકે એવી કોઈ ચુંબકીય તાકાત છે આ ગીતાબેનની તાલીમમાં.

કચ્છમાં પણ તેમની અનેક શિબિરો થઈ ચૂકી છે. નાની-મોટી ખાખર, ભાડિયા, દેશલપુર, યુન્ડા, બિદડા, રાયણ, નવાવાસ, ૭૨ જિનાલય, ભદ્રેશ્વર, ભચાઉ, ગાંધીધામ, ભુજ, આદિપુર વગેરે સ્થળોએ તેમની એકાધિક શિબિરો યોજાઈ ગઈ છે. ભચાઉમાં છેલ્લા ત્રણ વર્ષમાં છ શિબિરો થઈ છે તો ગાંધીધામમાં તો દર વર્ષે જાન્યુઆરીમાં શિબિર હોય જ છે. તેમની આ શિબિરોમાં લોકોને એટલો રસ પડે છે કે ગુના-મધ્યપ્રદેશમાં તો એક જ સ્થળે તેમની પચ્ચીસેક જેટલી શિબિરો યોજાઈ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૪મું)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૯ • અંક-૮-૯ • ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૨ • પાના ૧૫૬ • કીમત રૂા. ૨૦



આગમ સૂત્ર પરિચય

પર્યુષણ વિશેષાંક

જિન-વચન

દોષનો છેદ કરી, રાગ-ભાવને દૂર કરો

आयावयाही चय सोगुमल्लं
कामे कमाही कमियं खु दुक्खं ।
छिंदाहि दोसं विणएज्ज रागं
एवं सुही होहिसि संपराए ।।
(દસવૈકાલિક ૮ -૫૪)

તું તપનું સેવન કર અને સુકુમારતાનો ત્યાગ કર. તું કામવાસનાથી પર થઈ જા તો દુઃખ પોતે જ નાસી જશે. તું દોષનો છેદ કર અને રાગભાવને દૂર કર. એમ કરવાથી તું સંસારમાં સુખી થઈશ.

Give up tenderness and strengthen yourself with penance. If you control desires, miseries will run away. Get rid of faults and cut off attachment. Thus you will be happy in this worldly life.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી
+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૨માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૦મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

શંખ શ્રાવકની ધર્મભાવના

શ્રાવસ્તીમાં તેજના અંબાર રેલાઈ રહ્યાં. શ્રાવસ્તીમાં આજે ભગવાન મહાવીર શિષ્યસમુદાય સહિત પધાર્યા. ચોમેર આનંદનો મહાસાગર ઘૂઘવી ઊઠ્યો. સારોય માનવમહેરામણ પ્રભુને વંદનાર્થે ઉદ્યાનમાં ઊમટ્યો.ભગવાનની દિવ્યવાણી સૌએ સાંભળી. એ પવિત્ર, મંજૂલ-વાણીમાં આત્મશ્રેયની સરવાણી હતી.

દેશના પૂરી થઈ. શંખ શ્રાવકે પોખ્ખલિ આદિ શ્રાવકોને કહ્યું, 'સાધર્મિક બંધુઓ! આપણે સૌ આજે સમૂહભોજન કરીએ. ધર્મકથા કરીએ. સાથે જ પ્રતિક્રમણ ને સ્વાધ્યાય કરીએ.'

સૌએ હર્ષથી હામી ભણી. સમૂહ ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ.

જમવાનો સમય થયો ને સૌ આવ્યા, કિંતુ શંખ શ્રાવક ન દેખાયા. પોખ્ખલિ શ્રાવકે સૌને કહ્યું કે, 'તમે સૌ થોડીક રાહ જુઓ. હું હમણાં શંખ શ્રાવકને લઈને આવું છું.'

શંખ શ્રાવક સૌ સાધર્મિકજનોથી છૂટા પડીને પોતાની હવેલીએ પહોંચ્યા. એમના ચિત્તમાં ભક્તિની સરિતા રમણે ચઢી હતી. પ્રભુના દર્શન ને પ્રભુની વાણી ચક્ષુ-સન્મુખ દૃશ્યો રચતા હતા. એમને વધુ ને વધુ ધર્મ કરવાના ભાવ થતા હતા. પત્ની ઉત્પલાને શંખ શ્રાવકે કહ્યું: 'ભંતે, આજે ચતુર્દશી છે મને પૌષધ કરવાની ભાવના થાય છે.'

'સરસ. જેવી આપની ભાવના.' ઉત્પલાએ કહ્યું.

શંખ શ્રાવક પૌષધાલયમાં ગયા. પૌષધવ્રત લીધું.

એ સમયે પોખ્ખલિ શંખની હવેલીએ પહોંચ્યા. ઉત્પલાએ વિનયથી આવકાર્યા: 'પધારો, કહો, શી સેવા કરું?'

પોખ્ખલિએ બધી વાત કરી. ઉત્પલા તરત પૌષધાલયમાં ગઈ, શંખ શ્રાવકને તેણે કહ્યું: 'અરે! તમે તો પૌષધ લઈને બેસી ગયા ને સૌને તો ભોજન માટે નિમંત્ર્યા છે. સૌ તમારી રાહ જુએ છે. પોખ્ખલિભાઈ તમને તેડવા આવ્યા છે. ચાલો.'

શંખે કહ્યું: 'મેં પૌષધ લીધો છે, હવે ક્યાંય ન જવાય.'

પોખ્ખલિ શ્રાવક પાછા વળ્યા. સૌએ સમૂહભોજન કર્યું પણ આ વાત કોઈને ગમી નહીં.

સવાર થઈ. પૌષધ પાર્યો. તેણે પ્રભુનાં દર્શન કરીને પારણું કરવું તેમ વિચારીને સમોવસરણમાં પહોંચ્યો. તે સમયે પોખ્ખલિ અને બીજા શ્રાવકો ત્યાં આવ્યા. શંખને જોઈને તેની નજીક સર્યા ને મશ્કરી કરી :

'વાહ રે શંખજી! વાહ! અમારી સાથે આવી મજાક કરી? અમને કહ્યું હોત તો અમે ય પૌષધ ન કરત? પરંતુ અમને છેતરીને ધર્મ ન કરાય!'

શંખ શાંત રહ્યો. ભગવાન મહાવીરે સૌને કહ્યું: 'ભાઈઓ! તમે શાંત બનો. શંખની ધર્મભક્તિની અવહેલના ન કરો. એના મનમાં ક્યાંય કોઈને છેતરવાની વાત નહોતી અને દર વખતે, આવી વાતમાં, છેતરવાની જ વાત હોય તેવું નથી હોતું. શંખ શ્રદ્ધાળુ છે ને ધર્મપ્રિય છે માટે તેને માટે આમ વિચારશો નહીં.'

પ્રભુની વાણીનું સત્ય સૌને સ્પર્શી ગયું.

શ્રી ગૌતમસ્વામીએ ભગવાનને શંખશ્રાવક માટે પૂછ્યું ત્યારે ભગવાને કહ્યું કે, 'આ જીવનમાં આદર્શ શ્રાવક ધર્મનું અનુસરણ કરશે અને ક્રમે ક્રમે ઉચ્ચતમ વિકાસ કરીને અહીં ઉત્સર્પિણી કાળમાં દેવશ્રુત નામે છઠ્ઠા તીર્થંકર થઈને મોક્ષમાં જશે.'

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

પ્રબુદ્ધ જીવન : આગમ પરિચય વિશેષાંક : ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૨ : સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ટ
(૧)	કળિયુગનો અમૃતથાળ આગમ ગ્રંથો (તંત્રીની કલમે)	ડૉ. ધનવંત શાહ	૫
(૨)	આ વિશિષ્ટ અંકના સંપાદક શ્રી ગુણવંત બરવાળિયા	ડૉ. ધનવંત શાહ	૮
(૩)	ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ : આગમો (સંપાદકીય)	શ્રી ગુણવંત બરવાળિયા	૯
(૪)	જૈન આગમ સાહિત્ય	શ્રી રૂપેન્દ્રકુમાર પગારિયા	૧૬
(૫)	૪૫ આગમ પરિચય	—	૧૮
(૬)	શ્રી આચારંગ સૂત્ર (આગમ-૧)	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	૨૩
(૭)	શ્રી સુયગડાંગ સૂત્ર (આગમ-૨)	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	૨૫
(૮)	શ્રી ઠાણાંગ સૂત્ર (આગમ-૩)	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	૨૮
(૯)	શ્રી સમવાયાંગ સૂત્ર (આગમ-૪)	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	૩૦
(૧૦)	શ્રી ભગવતી સૂત્ર (આગમ-૫)	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	૩૨
(૧૧)	શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર (આગમ-૬)	ડૉ. કેતકી યોગેશ શાહ	૩૪
(૧૨)	શ્રી ઉપાસક દશાંગ સૂત્ર (આગમ-૭)	ડૉ. કેતકી યોગેશ શાહ	૩૭
(૧૩)	શ્રી અંતગડ સૂત્ર (આગમ-૮)	ડૉ. કેતકી યોગેશ શાહ	૪૦
(૧૪)	શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર (આગમ-૯)	ડૉ. કેતકી યોગેશ શાહ	૪૩
(૧૫)	શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર (આગમ-૧૦)	ડૉ. કેતકી યોગેશ શાહ	૪૫
(૧૬)	શ્રી વિપાક સૂત્ર (આગમ-૧૧)	ડૉ. કેતકી યોગેશ શાહ	૫૦
(૧૭)	શ્રી ઉવવાઈ સૂત્ર (આગમ-૧૨)	ડૉ. કલા એમ. શાહ	૫૩
(૧૮)	શ્રી રાયપસેણીય સૂત્ર (આગમ-૧૩)	ડૉ. કલા એમ. શાહ	૫૬
(૧૯)	શ્રી જીવાજીવભિગમ સૂત્ર (આગમ-૧૪)	ડૉ. કલા એમ. શાહ	૫૯
(૨૦)	શ્રી પણ્ણવણા સૂત્ર–પ્રજ્ઞાપના સૂત્ર (આગમ-૧૫)	પૂ. સાધ્વી સુબોધિકા	૬૧
(૨૧)	શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર (આગમ-૧૬)	ડૉ. પાર્વતી નેણશી ખીરાણી	૬૫
(૨૨)	શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર (આગમ-૧૭)	ડૉ. કલા એમ. શાહ	૬૯
(૨૩)	શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ સૂત્ર (આગમ-૧૮)	ડૉ. કલા એમ. શાહ	૭૨
(૨૪)	શ્રી નિરયાવલિકા સૂત્ર (આગમ-૧૯)	ડૉ. પાર્વતી નેણશી ખીરાણી	૭૫
(૨૫)	શ્રી કપ્પવડિંસિયા–કલ્પાવંતસિકા સૂત્ર (આગમ-૨૦)	ડૉ. પાર્વતી નેણશી ખીરાણી	૭૭
(૨૬)	શ્રી પુપ્ફિયા–પુષ્પિકા સૂત્ર (આગમ-૨૧)	ડૉ. પાર્વતી નેણશી ખીરાણી	૭૯
(૨૭)	શ્રી પૂપ્ફચૂલિયા–(પૂષ્પચૂલિકા) સૂત્ર (આગમ-૨૨)	ડૉ. પાર્વતી નેણશી ખીરાણી	૮૧
(૨૮)	શ્રી વન્હિદશા–વૃષ્ણિદશા સૂત્ર (આગમ-૨૩)	ડૉ. પાર્વતી નેણશી ખીરાણી	૮૩
(૨૯)	ચતુ:શરણ પ્રકીર્ણક – ચતુ:શરણ પ્રકીર્ણક (આગમ-૨૪)	મુનિ દીપરત્નસાગરજી મ. સા.	૮૫
(૩૦)	આતુર પ્રત્યાખાન પ્રકીર્ણક – આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણક (આગમ-૨૫)	મુનિ દીપરત્નસાગરજી મ. સા.	૮૭
(૩૧)	મહાપ્રત્યાખાન પ્રકીર્ણક – મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક (આગમ-૨૬)	મુનિ દીપરત્નસાગરજી મ. સા.	૮૯

આ અંકની છુટક નકલની કિંમત રૂા. ૬૦

આ અંકનું મુખપૃષ્ટ

જ્ઞાનપ્રાપ્તિ બાદ દેવનિર્મિત 'સમવસરણ' (પ્રવચન મંડપ)માં અશોકવૃક્ષ નીચે બેઠેલા ભગવાનનું અદ્‌ભુત અને અમોઘ ધર્મપ્રવચન

Mahavira delivering the sermon in Samvasarana arranged by gods where souls forget their birth

સૌજન્ય : **આચાર્ય યશોવિજયજી સંપાદીત તીર્થંકર ભગવાન શ્રી મહાવીર**

તેમજ અન્ય ચિત્રો

સૌજન્ય : **ચિત્રકાર ગોકુળદાસ કાપડિયા ● આચાર્ય કૈલાસસાગરસૂરિજી, કોબા, ગાંધીનગર**

પ્રબુદ્ધ જીવન : આગમ પરિચય વિશેષાંક : ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૨ : સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ટ
(૩૨)	ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક – ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક (આગમ-૨૭)	મુનિ દીપરત્નસાગરજી મ. સા.	૯૦
(૩૩)	તંદુલ વૈચારિક પ્રકીર્ણક – તંદુલ વૈચારિક પ્રકીર્ણક(આગમ-૨૮)	મુનિ દીપરત્નસાગરજી મ. સા.	૯૧
(૩૪)	સંસ્તારક પ્રકીર્ણક (આગમ-૨૯)	ડૉ. અભય દોશી	૯૩
(૩૫)	ગચ્છાચાર પ્રકીર્ણક (આગમ-૩૦)	ડૉ. અભય દોશી	૯૫
(૩૬)	ગણિવિજ્જા પ્રકીર્ણક (આગમ-૩૧)	ડૉ. અભય દોશી	૯૬
(૩૭)	દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક (આગમ-૩૨)	ડૉ. અભય દોશી	૯૭
(૩૮)	મરણસમાધિ પ્રકીર્ણક (આગમ-૩૩)	ડૉ. અભય દોશી	૯૮
(૩૯)	શ્રી નિશીથ સૂત્ર (આગમ-૩૪)	ડૉ. પ્રવીણભાઈ સી. શાહ	૧૦૧
(૪૦)	બૃહત્કલ્પ સૂત્ર (આગમ-૩૫)	ડૉ. પ્રવીણભાઈ સી. શાહ	૧૦૩
(૪૧)	વ્યવહાર સૂત્ર (આગમ-૩૬)	ડૉ. પ્રવીણભાઈ સી. શાહ	૧૦૫
(૪૨)	શ્રી દશાશ્રુતસ્કંધ (આગમ-૩૭)	ડૉ. પ્રવીણભાઈ સી. શાહ	૧૦૭
(૪૩)	શ્રી જિતકલ્પસૂત્ર-મહાભાષ્યસૂત્ર (આગમ-૩૮)	ડૉ. રસિકલાલ મહેતા	૧૦૮
(૪૪)	શ્રી મહાનિશિથસૂત્ર (આગમ-૩૯)	આ. સાગરચંદ્ર સાગરસૂરિ મ.	૧૧૦
(૪૫)	શ્રી આવશ્યક સૂત્ર (આગમ-૪૦)	ડૉ. સાધ્વી આરતી	૧૧૨
(૪૬)	શ્રી ઓઘનિર્યુક્તિસૂત્ર-પિંડનિર્યુક્તિસૂત્ર (આગમ-૪૧)	ડૉ. રસિકલાલ મહેતા	૧૧૬
(૪૭)	શ્રી દશ વૈકાલિક સૂત્ર (આગમ-૪૨)	ડૉ. રસિકલાલ મહેતા	૧૧૮
(૪૮)	શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (આગમ-૪૩)	ડૉ. રસિકલાલ મહેતા	૧૨૧
(૪૯)	શ્રી નંદીસૂત્ર (આગમ-૪૪)	ડૉ. રસિકલાલ મહેતા	૧૨૪
(૫૦)	શ્રી અનુયોગદ્વાર સૂત્ર (આગમ-૪૫)	ડૉ. રસિકલાલ મહેતા	૧૨૭
(૫૧)	જૈન આગમના સંદર્ભે વિજ્ઞાન, મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, પર્યાવરણ અને યોગ	શ્રી ગુણવંત બરવાળિયા	૧૨૯
(૫૨)	આગમ મોક્ષમાર્ગનો નિર્દેશ કરે છે	યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.	૧૩૨
(૫૩)	આગમના રહસ્યો...સિક્રેટ્સ ઑફ આગમ...	યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.	૧૩૪
(૫૪)	આગમ એક અદ્‌ભુત જીવનકલા	પૂ. ડૉ. તરુલતાબાઈ મહાસતીજી	૧૩૫
(૫૫)	શ્વેતાંબર માન્ય જૈન અંગ આગમ સાહિત્યનો રચનાકાળ	ડૉ. સાગરમલજી જૈન અનુવાદ : ડૉ. મધુબેન બરવાળિયા	૧૩૬
(૫૬)	સર્જક પરિચય	—	૧૩૯
(૫૭)	આ અંકમાં પ્રસ્તુત આગમોનાં જૈન પારિભાષિક શબ્દોની સમજુતી	—	૧૪૦
(૫૮)	શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત ૨૧ મો જૈન સાહિત્ય સમારોહ-પાવનપુરી (રાજસ્થાન)	સૌજન્ય : રૂપ માણેક ભંસાલી ટ્રસ્ટ	૧૪૨
(૫૯)	જયભિખ્ખુ જીવનધારા : ૪૨	ડૉ. કુમારપાળ દેસાઈ	૧૪૪
(૬૦)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૧૪૭
(૬૧)	પ્રબુદ્ધ જીવન નિધિ	—	૧૪૮
(૬૨)	પંથે પંથે પાથેય... આસક્તિ–અનાસક્તિ	આ. મુનિશ્રી વાત્સલ્યદીપજી	૧૪૯
☐	**અંગ્રેજી વિભાગ**		
(1)	Table of Aagams	Dr. Renuka Porwal	151
(2)	Thus HE Was, Thus HE Spoke	Reshma Jain	153
(3)	Aagam Kathas	Acharya Vatsalyadeepji Translated by Pushpa Parikh	152 154
(4)	Picture Story of BhagwanRishabhdev	Kulin Vora	155

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૫૯ ● અંક : ૮-૯ ● ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● ભાદ્રપદ વદ ● તિથિ-અમાસ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ અંકના માનદ સંપાદક

શ્રી ગુણવંત બરવાળિયા

કળિયુગનો અમૃતથાળ

આગમ ગ્રંથો

તંત્રીની કલમે...✍

ક્વ્ય અમ્હરિ સાપાના દુષમા દોષ દુસ્સિયા।
હા! અનાહા! ક્વ્હં હંતો ન હ હતા જિનાગમે।।

આ કળિયુગમાં જો પ્રભુના વચન સ્વરૂપ આગમો ન હોત તો મારું શું થાત ? અનાથ જેવી સ્થિતિ અમારી થાત.

જૈન કુળમાં જન્મ લીધા પછી જૈન સંસ્કારો જાળવવા એટલે કે કંદમૂળનું ભક્ષણ ન કરવું, મંદિર ઉપાશ્રયમાં જવું, જિન પ્રતિમાની પૂજા કરવી, સાધુ ભગવંતોને વંદના કરવી, બાળકોને પાઠશાળાએ મોકલી ધર્મ સૂત્રોનો પંચ પ્રતિક્રમણ સુધી અભ્યાસ કરાવવો, ઊમંગભેર પર્યુષણ પર્વ ઉજવી, એકાસણું, ઉપવાસ વગેરે તપ કરવા, દેરાસર કે સ્થાનકે ભક્તિ કરવી અને મહાવીર જન્મ વાંચનની ઉજમણી કરવી, આ સમયે 'કલ્પસૂત્ર' ગ્રંથનું નામ કાને પડે અને જીવનભર આજ નામ સાથે રહે, એ ત્યાં સુધી કે કોઈ પૂછે કે અન્ય ધર્મમાં ગીતા, કુરાન, બાયબલ, ત્રિપિટક જેવા પ્રતિનિધિ ગ્રંથો છે, તો તમારા જૈન ધર્મમાં આધારભૂત કયો ગ્રંથ, તો તરત જ 'કલ્પસૂત્ર' જ નામ બોલાઈ જાય.

આ અંકના સૌજન્યદાતા

શ્રી નાગરદાસ ગુલાબચંદ શાહ

અને

શ્રીમતી સવિતાબેન નાગરદાસ શાહ

'જીવી ગયાનો આનંદ' મહોત્સવ નિમિત્તે

પણ જૈનોનો જ્ઞાનવૈભવ તો કલ્પસૂત્રથી વિશેષ 'આગમો' છે એ માહિતી સામાન્ય જૈન શ્રાવક પાસે ન હોય ત્યારે આપણને આશ્ચર્ય થયા વગર ન રહે, ઉપરાંત અન્ય ધર્મીઓ પણ એમ માની લે કે જૈનો પાસે માત્ર 'કલ્પસૂત્ર' જ છે ત્યારે જૈન શાસન માટે એ ગેરસમજ થાય એવી ઘટના બની રહે.

'પ્રબુદ્ધ જીવન'નો વાચક વર્ગ જેટલો જૈન ધર્મી છે એટલી જ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

સંખ્યામાં અન્ય ધર્મી પણ છે, આ સર્વે પ્રાજ્ઞ જિજ્ઞાસુ વાચકો છે.

આ બન્ને વાચક વર્ગને જૈન શાસનના જ્ઞાન વૈભવ જેવા આગમોનો પરિચય થાય એ હેતુથી આ અંક તૈયાર કરવાની અમને ભાવના થઈ.

આગમો વિશે આવી પરિચયાત્મક પુસ્તિકાઓ ભૂતકાળમાં તૈયાર થઈ હશે. વર્તમાનમાં પણ થઈ છે, પરંતુ અમારી પાસે સર્વ પ્રથમ ઈ. સ. ૧૯૫૪માં પ્રો. હીરાલાલ કાપડિયા દ્વારા સુરતથી પ્રકાશિત 'પિસ્તાલીસ આગમો'-સંક્ષિપ્ત રૂપરેખા નજરે પડી, પરંતુ એમાં વિસ્તાર નથી, ત્યારબાદ બીજી પુસ્તિકા યુગદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ પ્રેરિત શ્રી ગુણવંત બરવાળિયા સંપાદિત-ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ 'આગમ' પ્રાપ્ત થઈ. અમારે માટે તો દોડવું હતું ને ઢાળ મળી ગયો. હૃદય અને બુદ્ધિએ પડઘો પાડ્યો કે જે પરિકલ્પના આગમ અંક વિશે અમે કરી છે એ માટે શ્રી ગુણવંતભાઈ સક્ષમ છે અને અમે અમારા આ મિતભાષી મિત્ર ઉપર હક જમાવી દીધો. અમારી પરિકલ્પના સમજાવી કે જે જૈનો આગમથી પરિચિત નથી એમને આગમનો વિગતે પરિચય કરાવવો અને અન્ય ધર્મી બૌદ્ધિક વાચકોને જૈન શાસનના આ ભવ્ય જ્ઞાન ભંડારની માહિતી આપવી, એ માટે આ ૪૫ આગમો માટે પૂ. મુનિ ભગવંતો અને વિદ્વાન શ્રાવકો પાસે લેખો લખાવવા અને આ પરિશ્રમિક કાર્ય આરંભાયું અને પરિણામ આપના હસ્તકમળમાં છે.

અહિંસા, સંયમ અને તપ તરફ જીવને પ્રયાણ કરાવનાર આ આગમો છે. આ=આત્મા તરફ ગમ=ગમન કરાવે તે આગમ છે. આગમની વાચના જીવને કર્મક્ષયનો માર્ગ દર્શાવી મોક્ષ પ્રાપ્તિની સાધના અને સિદ્ધિ દર્શાવે છે. જીવન જીવવાની કળા શિખવે છે, આત્મજ્ઞાનના પ્રદેશનો માર્ગ દર્શાવે છે, અને એમાં આત્માથી પરમાત્મા સુધીની યાત્રા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે એનું દર્શન આગમો કરાવે છે. શરીર વિજ્ઞાન તેમજ ભૂસ્તર અને ખગોળ શાસ્ત્રની દૃષ્ટિનું દર્શન કરાવે છે. ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછેલા છત્રીશ હજાર પ્રશ્નો અને એના ઉત્તરનું વિશાળ આકાશ અહીં છે. રાગથી વૈરાગ અને વેરથી ક્ષમાની અનેક કથાઓનો ભંડાર આગમોમાં છે. શ્રમણ-શ્રમણી અને શ્રાવક-શ્રાવિકાના આચાર અને જીવન શૈલીની વિગત છે અને વિજ્ઞાન, પર્યાવરણ, યોગ, પદાર્થ વિજ્ઞાન, શરીર વિજ્ઞાન અને ચૈતસિક શક્તિઓના જ્ઞાનનો ખજાનો, જીવની ગર્ભાવસ્થા, કાળના વિભાગો, શરીરની નાડીઓની સંખ્યા, મરણ સમાધિની વિગતો, આ સર્વે આગમોમાં છે. આગમો વિશ્વના સમગ્ર વિષયોનું દર્શન કરાવે છે. અણુ-પરમાણુનું પૃથ્થકરણ અહીં છે, વિશ્વની પ્રત્યેક સમસ્યાનું સમાધાન આ આગમોમાં છે.

આ અંકના સંપાદક શ્રી ગુણવંત બરવાળિયાના સંપાદકીય લેખમાં આ વિશે વિસ્તૃત વિવરણ છે. જિજ્ઞાસુને એ વાંચવા વિનંતિ.

ક્ષણ માટે આપણને વિચાર આવે કે કોઈપણ સાધનો વિના જગતના આટલા વિશાળ જ્ઞાનની પ્રાપ્તિ એ મહાપુરૂષોએ કઈ રીતે પ્રાપ્ત કરી હશે? કારણ કે એ મહાન આત્મા કેવળજ્ઞાની હતા. એ સૂક્ષ્મ પ્રજ્ઞાને આપણા કોટિ કોટિ પ્રણામ હો.

જૈન શાસનના સમગ્ર બંધારણનો પાયો આ આગમ ગ્રંથો છે.

ભગવાન મહાવીર પછી વર્ષો સુધી આ શ્રુત જ્ઞાનની યાત્રા કંઠોપકંઠ રહી.

આ જ્ઞાનને શબ્દબદ્ધ-લિપિબદ્ધ કર્યું ઈ. સ. ૪૫૪-૪૫૬માં શ્રી દેવર્ષિગણિ ક્ષમાશ્રમણે, સૌરાષ્ટ્રના વલ્લભીપૂરમાં ૫૦૦ આચાર્યોના સહયોગથી. આ સર્વના આપણે ઋણી છીએ. આ શાસ્ત્ર ભંડાર લિપિબદ્ધ ન થયો હોત તો આજે આપણી પાસે શું હોત? વિશ્વ કલ્યાણ અને વિશ્વ શાંતિ માટેના મહાન વિચારો અને ચિંતનોથી જગત વંચિત રહી ગયું હોત.

આ લિપિબદ્ધ શ્રુતજ્ઞાનના સંવર્ધન અને રક્ષા માટે શ્રુત ભક્તિના તત્ત્વને સ્વીકારી આ લિપિયાત્રા ગતિ કરે એ માટે पुत्थयलिहणं એટલે પુનઃ પુનઃ લખો એ સૂત્રને શ્રાવકના કર્તવ્યોમાં સ્થાન મળ્યું, શ્રુત લેખન દ્વારા શ્રુતરક્ષાનો મંત્ર સ્થાપિત થયો અને આ આગમો અને અન્ય શાસ્ત્રો પ્રથમ તાડ પત્ર ઉપર, પછી કાગળ ઉપર લહિયાઓ લખાતા રહ્યા, ભારતના ખૂણે ખૂણે લખાતા રહ્યાં, પુનઃ પુનઃ લખાતા રહ્યાં, અને વર્તમાન મુદ્રણકળા સુધી એ પહોંચી શક્યા. લહિયાઓ પુનઃ લેખનમાં કદાચ ભૂલો કરે પણ મુદ્રણની અનેક નકલો શુદ્ધિકરણ સાથે મુદ્રિત થાય એટલે સર્વ પ્રથમ ભીમસિંહ માણેક અને કલકત્તાથી બાબુ ધનપતસિંહ નામના શ્રાવકોએ આ ગ્રંથોનું સંપાદન કરી છાપવાની શરૂઆત કરી.

આ હસ્તલિખિત આગમોના પુનઃ હૃદય ધબકાર માટે પૂ. પૂણ્યવિજયજી મ.સા. અને પૂ. જંબુવિજય મ.સા. તેમજ અનેક અન્ય પૂજ્ય જૈન મુનિ ભગવંતોએ આ શ્રુતજ્ઞાન સંવર્ધનના ક્ષેત્રમાં અમૂલ્ય પરિશ્રમ કર્યો એ માટે સર્વ જિજ્ઞાસુ જીવ આ પૂજ્યશ્રીઓને

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/-(U.S. $ 20) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/-(U.S. $ 50) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/-(U.S. $ 80)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/-(U.S. $180)

વંદન કરે.

આ આગમો એ જિન શાસનનો દસ્તાવેજ છે, આગમોના આધાર વિના પ્રભુની સાધના કે વિશ્વના સત્યને સમજવું અશક્ય છે, એટલે જ આગમોને જિન પ્રતિમા સરખી ગણીને પ્રભુ પ્રતિમા જેટલું જ તેનું મૂલ્ય સ્વીકારાયું છે.

આવા ભવ્ય જ્ઞાન ભંડારનો અંગ્રેજીમાં અવતરિત કરવાનો મહા યજ્ઞ આરંભાયો છે એ જિન શાસન માટે યશ કાર્ય છે, પરંતુ એથી આગળ વધીને આ આગમો અને જૈન તત્ત્વના અન્ય આગમ જેવા ગ્રંથોનું દોહન કરી પાંચેક મહાગ્રંથોનું સર્જન થવું જોઈએ અને એ પાંચે ગ્રંથોને જગતની બધી જ મુખ્ય ભાષામાં અવતરિત કરવા જોઈએ. આ જૈન ધર્મ કે તત્ત્વના પ્રચારનો વિચાર નથી, પણ આ ગ્રંથના તત્ત્વમાં વિશ્વ કલ્યાણ અને વિશ્વશાંતિનું ચિંતન પડ્યું છે એને ઉજાગર કરવાનું આ પૂણ્યકર્મ સિદ્ધ થશે.

કરોડોના જિન મંદિરોનું નિર્માણ થાય છે. પણ વ્યક્તિ એ સ્થાપત્ય પાસે જશે ત્યારે એને એ તત્ત્વની પ્રાપ્તિ થશે. પરંતુ આટલી જ વિશાળ ધનરાશિનો ઉપયોગ આવા ગ્રંથોનું વિવિધ ભાષાના સર્જન થાય તો આ શ્રુત સ્થાપત્ય વિશ્વના ખૂણે ખૂણે જિજ્ઞાસુઓ સુધી પહોંચશે જે માનવ કલ્યાણ અને વિશ્વશાંતિ સમીપ જગતને બેસાડશે. આવા મહાન પુણ્ય કર્મ માટે ખાસ સંસ્થાનું નિર્માણ થાય તો જગત સેવાનો અમૂલ્ય લાભ શાસનને પ્રાપ્ત થશે.

આ જૈન આગમ પરિચય અંકનું નિર્માણ અમે આવા વિવિધ ભાવો શાસનમાં વહેતા થાય એ માટે કર્યું છે. અમારો યત્કિંચિત આ નમ્ર પ્રયાસ છે.

આ અંક વાંચીને જિજ્ઞાસુને મૂળ આગમ ગ્રંથો વાંચવાનો અથવા આગમ પ્રચાર ભક્તિનો ભાવ જાગે તો એ તો આ પુરુષાર્થને ધન્યતા અર્પાશે. અમારું એ સદ્‌ભાગ્ય.

આ અંકમાં જિન આજ્ઞા વિરુદ્ધ અજાણતા પણ કાંઈ લખાઈ ગયું હોય તો અમે જૈન શાસનની ક્ષમા માગીએ છીએ, અમારા આશય તરફ કૃપા દૃષ્ટિ કરવા નત્ મસ્તકે સર્વને વિનંતિ.

આ અંકના સંપાદક શ્રી ગુણવંત બરવાળિયાનો અમે હૃદયપૂર્વક આભાર માની, ઋણ સ્વીકાર કરી એમણે જે આગમ પ્રસારનો યજ્ઞ આરંભ્યો છે એ માટે શુભેચ્છા અને સહકારનો ભાવ વ્યક્ત કરીએ છીએ.

આ અંક નિર્માણમાં અમારા પૂ. પુષ્પાબેન પરીખ અને મુદ્રક શ્રી જવાહરભાઈ શુકલનું શ્રમ પુરૂષાર્થી યોગદાન છે, એ માટે અમે આ દ્વયને યશના અધિકારી સમજીએ છીએ.

□ અંગ્રેજી વિભાગ

આ અંકથી અમે ચારેક પાનાનો અંગ્રેજી વિભાગ શરૂ કરીએ છીએ. 'પ્રબુદ્ધ જીવને' ટકવું હશે તો સમય પ્રમાણે પોતાના સત્વ-તત્ત્વને સાચવીને અન્ય પરિવર્તનો કાળે કાળે સ્વીકારવા જ પડશે. આજના કુટુંબ જીવનમાં યુવાનોમાં ગુજરાતી ભાષા ભૂલાતી જાય છે, આ દુર્ભાગ્ય તો છે જ, પરંતુ કુટુંબના બાળકો અને યુવાનોને આ અંગ્રેજીના ચાર પાના પણ આપ પકડાવશો તો કાલે એ પૂરું 'પ્ર.જી.' વાંચશે. એટલે વડિલોને અમારી નમ્ર વિનંતિ છે કે આપના સંતાનોને આ અંગ્રેજીના ચાર પાના પાસે લઈ જશો, તો એ પણ શ્રુતભક્તિ જ ગણાશે.

આ અંગ્રેજી વિભાગમાં વિદ્વદ્ અને યુવાન વર્ગ માટે Thus HE Was – Thus HE Spoke એ નિયમિત કોલમ રેશ્મા જૈન એમની સર્જનાત્મક શૈલીથી શોભાવશે અને તીર્થંકરોના જીવન ચરિત્રનો ચિત્રપટ અને લેખન વિદ્વાન શ્રી કુલીન વોરા શણગારશે. આપણે આ બન્ને વિદ્વાન-વિદૂષીને આવકારીએ અને આ સેવા માટે એમને ધન્યવાદ પાઠવીએ.

આશા છે કે 'પ્ર.જી.'ના વાચકો આ આગમ પરિચય ગ્રંથ આવકારશે, આપની અપેક્ષા પ્રમાણે એ ન જણાય તો અમને અંતરથી ક્ષમા કરશો. મિચ્છા મિ દુક્કડમ્

□ ધનવંત શાહ
drdtshah@yahoo.com

શ્રી આચારાંગ સૂત્ર

इमेण चेव जुज्झाहि, किं ते जुज्झिएण बज्झओ?

जुद्धारिहं खलु दुल्लहं।

झहेत्थ कुसलेहिं परिण्णाविवेगे भासिए।

આ આત્મામાં રહેલા કર્મશત્રુઓની સાથે યુદ્ધ કર, બીજાની સાથે યુદ્ધ કરવામાં તને શું લાભ? ખરેખર ભાવયુદ્ધને યોગ્ય સાધન મળવા જ દુર્લભ છે. જે આ જૈન શાસનમાં તીર્થંકરોએ આત્મયુદ્ધના સાધનરૂપે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચારરૂપ વિવેકનું પ્રતિપાદન કર્યું છે.

આ વિશિષ્ટ અંકના સંપાદક

શ્રી ગુણવંત બરવાળિયા

આગમ વિષયક આ વિશિષ્ટ અંકના સંપાદક સુશ્રાવક શ્રી ગુણવંત બરવાળિયા આંકડા અને અક્ષરના ઉપાસક છે. આંકડાના એટલા માટે કે વ્યવસાયે એઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ટેક્સટાઈલ પ્રોસેસ ઉદ્યોગના ઉદ્યોગપતિ છે અને અક્ષરના ઉપાસક એટલે છે કે એમનું નામ ચાલીસથી વધુ પુસ્તકો ઉપર સર્જક, સંપાદક અને સહ સંપાદક તરીકે ઝળકે છે.

ચાલીસ પુસ્તકોનો વિષય વ્યાપ પણ જ્ઞાન અને રસભર્યો છે. એમની અક્ષરની યાત્રા પ્રેમથી પરમ સુધીની છે. પ્રેમ વગર પરમને શી રીતે પહોંચાય? આ ત્રણ ભાષી વધુ પુસ્તકોની સૂચિ જોતાં પ્રથમ 'હૃદય સંદેશ' અને 'પ્રીત ગુંજન'–ગુણવંતભાઈનું બીજું નામ 'ગુંજન' પણ છે, કારણકે એઓ પોતાની વાતના ઢોલ-નગારા ન વગાડે, ધીમું ગુંજન જ કરે છે–અને વર્તમાનના પુસ્તકોની યાદીમાં શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજી, અને આગમ આવે. આ પુસ્તકોના વિષયોમાં દર્શન-ચિંતન, કથા, સંશોધન તેમ જ સમાજ સુધારણાના વિષયો પણ છે.

થોડાંક પુસ્તકોના નામ જોઈએ તો, ગ્લીમ્પસીસ ઑફ વર્લ્ડ રિલીજીયન, ગ્લોરી ઑફ ડીટેચમેન્ટ, જ્ઞાનધારા, અધ્યાત્મ સુધા, દાર્શનિક દૃષ્ટા, સર્વધર્મ દર્શન, અણગારના અજવાળા, દામ્પત્ય વૈભવ, ભગવાન મહાવીરનો ઉપદેશ ગ્રંથ 'આગમ' વગેરે.

ઉપરાંત પૂ. સંતબાલજી પ્રેરિત 'વિશ્વ વાત્સલ્ય' અને અન્ય સામયિકનું તંત્રીપદ પણ એમણે શોભાવ્યું છે અને ૧૯૯૭માં મુંબઈ જૈન પત્રકાર સંઘનો શ્રેષ્ઠ પત્રકાર તરીકેનો એવૉર્ડ પણ એમને પ્રાપ્ત થયો છે.

ગુણવંતભાઈ મુંબઈ તેમજ બહારની અનેક ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ સાથે સક્રીયપણે જોડાયેલા છે, અને આ સંસ્થાઓના વિકાસમાં એમનું માતબર પ્રદાન છે.

એઓ પ્રભાવક વક્તા છે અને ઘાટકોપર તેમજ અન્ય સ્થાને પર્યુષણ વ્યાખ્યાનમાળાનું એમણે નેતૃત્વ કર્યું છે તેમજ ભારત, અમેરિકા અને સિંગાપોરમાં જૈન ધર્મ વિષયક વ્યાખ્યાનો પણ આપ્યા છે.

વર્તમાનમાં યુગદિવાકર પૂ. નમ્રમુનિની નિશ્રામાં અન્ય ભાષામાં આગમ પ્રકાશનનો મહાયજ્ઞ એમણે પ્રારંભ્યો છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય ચિંતક પદ્મશ્રી કુમારપાળ દેસાઈના સથવારે 'જૈન વિશ્વકોશ'નું વિરાટ કાર્ય એમણે હાથ પર લીધું છે. આ બે ભગીરથ કાર્ય માટે સમસ્ત જૈન જગત એમને શુભેચ્છા અને સહકાર પાઠવે.

માતા વ્રજકુંવરબેન અને પિતા માધવલાલ બરવાળિયાના ખાંભા ગામના ગૃહે ૧૯૪૮માં પારણે ઝૂલેલા આપણા આ મિતભાષી ગુણવંતભાઈ કુટુંબ વત્સલ છે અને બહોળા સંયુક્ત કુટુંબના પ્રેમાળ મોભી છે.

આ ઉષ્માભર્યા કુટુંબની સંસ્કાર દોર ગુણવંતભાઈના ધર્મપત્ની ડૉ. મધુબહેને જીવંત અને ચેતનવંતી રાખી છે, કારણ કે ડૉ. મધુબહેન માત્ર ગૃહિણી અને સુશ્રાવિકા જ નથી, પરંતુ હિંદી સાહિત્યમાં મહાનિબંધ લખી ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરનાર વિદુષી પણ છે.

આવા વિદ્યાવાન ગુણવંતભાઈએ આ આગમ પરિચય વિશિષ્ટ અંકનું સંપાદન શોભાવ્યું છે. આ સંપાદન કાર્યમાં એમણે ખૂબ જ શ્રમ લીધો છે.

સંઘર્ષ, શ્રમ, સાધના અને સિદ્ધિ, ગુણવંતભાઈના જીવન અને શબ્દ યાત્રાના આ સોપાનો છે.

આ સંસ્થા ગુણવંતભાઈ પ્રત્યે ઋણ સ્વીકાર પ્રગટ કરે છે.

આપણે સૌ આ સંપાદન કાર્યને યશ આપી વધાવીએ, અને શ્રુતજ્ઞાન આગમ ગ્રંથોને કોટિ કોટિ વંદન કરીએ.

□ ધનવંત શાહ

સંપાદકીય...✍

ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ : આગમ

પ્રબુદ્ધ કરુણાના કરનારા ભગવાન મહાવીરે ઉપ્પનેઈવા, વિગમેઈવા અને ધુવેઈવા આ ત્રિપદી દ્વારા દેશના આપી. ગણધર ભગવંતો દ્વારા આ ઉપદેશ આપણને આગમરૂપે મળ્યો.

દેવો, મનુષ્યો અને તિર્યંચો, સમોસરણમાં ભગવાન મહાવીરની પાવન વાણી ઝીલવા આસનસ્થ થઈ જાય છે. ભગવાન માલકૌંસ રાગમાં પોતાની દેશના પ્રવાહિત કરે છે ને સૌ જીવો પોતપોતાની ભાષામાં તે સમજે છે.

જેનું ઉપાદાન ઉત્કૃષ્ટ છે અને જેની ગણધર થવાની પાત્રતા છે, ભગવાનના શ્રીમુખેથી ત્રિપદી સાંભળતા આ ભવ્ય જીવોના ઋચક પ્રદેશો ખૂલે છે. જ્ઞાનાવરણીય કર્મનો અદ્‌ભુત ક્ષયોપશમ થતાં તેમના અંતરમનમાં સહજ રીતે દ્વાદશાંગીની રચના થઈ જાય છે અને આ રીતે ભગવાન મહાવીરના ઉપદેશનો અમૂલ્ય વારસો આપણને મળે છે.

પૂ. શ્રી દેવર્ધીગણીને અનુભતિ થઈ કે કાળક્રમે માનવીની સ્મૃતિશક્તિ ઓછી થતી જાય છે જેથી પૂજ્યશ્રીએ ભગવાન મહાવીરનો આ દિવ્ય વારસો જળવાઈ રહે તે માટે વલ્લભીપુરમાં ૫૦૦ સાધુમહાત્માઓના સહયોગથી સતત ૧૩ વર્ષના પુરુષાર્થથી લેખનકાર્ય દ્વારા આ વારસો લિપિબદ્ધ કર્યો.

પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારા ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન અને સંકલન કરી અદ્‌ભુત યોગદાન આપ્યું છે.

સમગ્ર માનવજાતના કલ્યાણને માટેની હિતચિંતા, અકારણ કરુણાના કરનારા પ્રભુ મહાવીરને સતત દેશના આપવા પ્રેરે છે તેને કારણે માત્ર જૈન સાહિત્યને જ નહિ, પરંતુ વિશ્વના દર્શનસાહિત્યને એક અમૂલ્ય ભેટ મળે છે.

આગમનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશીલન અજ્ઞાનના અંધારા દૂર કરી જ્ઞાનનો દીવો પ્રગટાવે છે. જૈન તત્ત્વજ્ઞાન, આચારશાસ્ત્ર તથા વિચારદર્શનના સુભગ સમન્વય સાથે સંતુલિત તેમજ માર્મિક વિવેચન આગમમાં છે. તેથી તેને જૈન પરંપરાનું જીવનદર્શન કહી શકાય.

પાપવૃત્તિ અને કર્મબંધનમાંથી મુક્ત થઈને પંચમગતિના શાશ્વત સુખો કઈ રીતે પામી શકાય તે દર્શાવવા હિંસા આદિ દૂષણોનું પરિણામ દેખાડી અહિંસાના પરમ ધ્યેયની પુષ્ટિ કરવા સદ્‌ગુણોની પ્રતિષ્ઠા આ સંપૂર્ણ સૂત્રોમાં કરી છે.

આગમના નૈસર્ગિક તેજપૂંજમાંથી એક નાનકડું કિરણ મળે તોપણ આપણું જીવન પ્રકાશમય થઈ જાય. આત્માને કર્મમુક્ત થવાની પાવન પ્રક્રિયામાં પ્રવાહિત કરતાં આગમ સૂત્રો આત્મ-સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

ગણધર ભગવંતોએ ભગવાનની વાણીને ઝીલી સૂત્રબદ્ધ કરેલા આગમો જીવના કલ્યાણમંગલ માટે, વ્યક્તિને ઊર્ધ્વપંથનો યાત્રી બનાવવા માટે પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

અનાદિકાળથી આત્મા પર લાગેલી કર્મરજને સાફ કરવાની પ્રક્રિયા એટલે આત્મસુધારણા. આત્મા પર કર્મ દ્વારા વિકૃતિ અને મલિનતાના થર જામ્યા છે જેથી હું મારા આત્માના સાચા સ્વરૂપને જોઈ શકતો નથી. અપાર શક્તિના સ્વામી આત્માના દર્શન થઈ જાય તો સંસારના દુ:ખો અને જન્મ-મરણની શૃંખલામાંથી મુક્તિ મળી જાય. અંગ, ઉપાંગ, છેદસૂત્ર, પયન્ના, મૂળસૂત્ર અને પ્રકીર્ણક વિગેરેમાં ૩૨ અથવા–અને ૪૫ આગમો સમાવિષ્ટ છે.

શ્વેતામ્બર જૈનોએ આગમનો ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથો રૂપે સ્વીકાર કર્યો છે. દિગંબર જૈનોની માન્યતા છે કે ભગવાન મહાવીર પછી નવસો એંશી વર્ષ બાદ આગમને લિપીબદ્ધ કરવામાં આવ્યા એટલે એ ભગવાનની પ્રત્યક્ષ દેશના રૂપે સ્વીકારી શકાય નહીં.

લગભગ બે હજાર વર્ષ પહેલાં દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય થઈ ગયા. એ મહાન લબ્ધિધારી આચાર્ય શંકાના સમાધાન અને જ્ઞાનપ્રાપ્તિ અર્થે સદેહે મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન તીર્થંકર સીમંધર સ્વામી પાસે ગયા. ત્યાં આઠ દિવસ ઉપવાસ સાથે જ્ઞાનપ્રાપ્તિ કરી. ત્યાંથી આવીને સીધા તામિલનાડુના બંડેવાસી ગામની પુનટમલય ગુફામાં બેસીને સમયસાર, નિયમસાર આદિ શાસ્ત્રોની રચના કરી. દિગંબર પરંપરાએ એનો પરમાગમ શાસ્ત્રો રૂપે સ્વીકાર કર્યો છે. છતાંય જૈનોના તમામ ફિરકાઓ, સમસ્ત જૈનોએ અને વિશ્વના અનેક વિદ્વાનોએ આગમનો જૈન તત્ત્વજ્ઞાનના ઉત્કૃષ્ટ સાહિત્ય રૂપે તો સ્વીકાર કર્યો જ છે.

આ આગમ ગ્રંથોમાં સમાવિષ્ટ દ્રવ્યાનુયોગ, ચરણકરુણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગમાં ઠેર ઠેર જીવમાંથી શિવ બનવાની પ્રક્રિયાનો નિર્દેશ છે.

આગમશાસ્ત્રો જૈન શાસનના બંધારણનો પાયો છે. જૈન આગમરૂપી આ દસ્તાવેજમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રિરત્નની માલિકી આપવાના સિદ્ધાંતો, નિયમો અને આચારોનું વિશદ્ માર્ગદર્શન આપવામાં આવેલ છે. એમાં જણાવેલ આચારપાલન અવશ્ય માનવીની આત્મોન્નતિ કરાવી શકે.

આ આગમો આપણા માટે કઈ રીતે પ્રેરક બન્યા છે તેની

વિચારણા કરીએ.

'આચાર એ જ પ્રથમ ધર્મ છે' આ જીવનસૂત્ર અપનાવવાની સફળ તરકીબો **શ્રી આચારાંગ સૂત્ર**માં આચારશુદ્ધિ દ્વારા જીવન-શુદ્ધિના સ્તરને ઊંચું લાવવા માટે છ પ્રકારના જીવોને 'યતના', 'જયણા' અને આચારશુદ્ધિનો માર્ગ બતાવ્યો છે. વળી આત્મસુધારણા અને સમાધિની પ્રાપ્તિ કરવામાં ઇંદ્રિયવિજયની પ્રધાનતાનું નિરૂપણ કરતાં શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે **'जे गुणे से मूलट्ठाणे, जे मूलट्ठाणे'** જે પાંચ ઇન્દ્રિયોના વિષયો છે તે સંસારનું મૂળ કારણ છે.

આત્માથી પરમાત્મા સુધીની યાત્રાનું માર્ગદર્શન આ સૂત્રમાં આપવાની સાથે જણાવાયું છે કે આત્મજ્ઞાન પામ્યા વગર જગતનું કોઈપણ જ્ઞાન અજ્ઞાન ગણાય છે માટે આત્મજ્ઞાન પામવા ઇચ્છુક સાધકોએ અને નવદીક્ષીતોએ આચારાંગનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

વૈજ્ઞાનિકોએ વનસ્પતિમાં જીવ હોવાની શોધ કરી. શ્રી આચારાંગમાં ભગવાને આગળ વધીને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવ છે, વનસ્પતિ અને પ્રાણીને પણ સંવેદના છે, એમ કહ્યું છે. ફોરનટ નામના મેગેઝીનમાં `Mountain are Grows' નામના લેખનું પ્રકાશન થયેલું જેમાં પર્વતોની માત્ર બાહ્ય વૃદ્ધિ નહીં પણ આંતરિક વૃદ્ધિની વાત પ્રગટ થયેલી છે. એ વાત સ્વાભાવિક છે કે જ્યાં જીવ હોય ત્યાં જ આવી આંતરિક વૃદ્ધિ સંભવી શકે.

આચારાંગમાં શ્રી ભગવાન કહે છે કે ભોગમાં સુખનો અનુભવ થાય છે તેના કરતાં વિશેષ યોગમાં પરમ આનંદની અનુભૂતિ થાય છે.

જગતના ભિન્ન ભિન્ન દાર્શનિકોના વિચારોનો કમ્પેરેટિવ સ્ટડી–તફાવત અને સરખામણી દ્વારા તેની અપૂર્ણતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરી સાધુના આચારો અને વૈરાગ્યનાં દુઃખોના વર્ણન દ્વારા જીવને વૈરાગ્યભાવ તરફ **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર** પ્રેરે છે.

શ્રી સુયાગડંગ, (શ્રી સૂત્રકૃતાંગ) સૂત્રમાં જૈન દર્શનની શ્રેષ્ઠતાનું ન્યાયયુક્ત વર્ણન કર્યું છે. જગતના અન્ય દર્શનો જૈન દર્શનથી કઈ રીતે અલગ પડે છે તેના કારણો અને વિશિષ્ટતાઓ આ સૂત્રમાં મળે છે.

ભગવાન મહાવીરે કહેલું કે તાર્કિકપણે ગંગાસ્નાનથી મોક્ષ મળતો હોય તો ગંગામાં રહેલી બધી જ માછલીઓને મોક્ષ મળી જાય. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્નાન એ બાહ્યશુદ્ધિનું કારણ માત્ર છે. આત્મશુદ્ધિની પ્રક્રિયા નથી. દેહશુદ્ધિનીનું મહત્ત્વ ગૌણ છે. મોક્ષ માર્ગમાં આત્મશુદ્ધિનું જ મહત્ત્વ છે.

વિવેકબુદ્ધિનું બંધારણ વ્યવસ્થિત રાખવા માટે જગતના ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ શ્રી ઠાણાંગ સૂત્રમાં કરવામાં આવ્યું છે. આત્મસુધારણા માટે દસ સંજ્ઞાઓને દસ રાષ્ટ્રધર્મ દ્વારા કઈ રીતે સંસ્કારિત કરી શકાય તેનું સુંદર નિરૂપણ આ સૂત્રમાં કરવામાં આવેલ છે.

વરસાદન આવતો હોય તો કેમ લાવવો અને કઈ નદીમાં કેટલું પાણી રહેશે તેની ભવિષ્યની વાત આ સૂત્રમાં છે.

આ સૂત્રમાં ભગવાને ૧૦ નક્ષત્રમાં જ્ઞાનની વૃદ્ધિની વાત દર્શાવી છે.

૧. મૃગિશર ૨. આદ્રા ૩. પુષ્ય ૪. પુર્વાષાઢા ૫. પૂર્વ ભદ્રપદા ૬. પૂર્વાફાલ્ગુની ૭. મૂળ ૮. અશ્લેષા ૯. હસ્ત ૧૦. ચિત્રા આ દસ નક્ષત્રોમાં વિદ્યાપ્રાપ્તિનો પ્રબળ પુરુષાર્થ કરવા કહેલું.

નક્ષત્રોમાંથી જે કિરણો નીકળે છે તે આપણા બ્રેઈનને અસર કરે છે. આ નક્ષત્રોના સમયમાં ખુલ્લામાં ટેરેસ પર વિદ્યાપ્રાપ્તિનો પ્રયોગ કરવાનો હોય છે.

પૂર્વે તપોવનમાં, ઋષિકૂળમાં ગુરુજી વૃક્ષ નીચે કે ખુલ્લામાં વિદ્યાદાન દેતા હતા.

ધરતીકંપના કારણો આ સૂત્રમાં બતાવ્યા છે.

જગતના પદાર્થોનું સમ્યક્ પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન **શ્રી સમવાયાંગ સૂત્ર**માં આપ્યું છે, જે અનેક પ્રકારના વિષયોના સમન્વયનું વિશિષ્ટ દૃષ્ટિબિંદુ રજૂ કરે છે. વિરોધી વિષયોનો સમન્વય કઈ રીતે કરવો તે આ સૂત્રના અભ્યાસથી જાણી શકાશે.

એકતાળીશ વિભાગમાં દસ હજાર ઉદ્દેશકો અને પંદર હજાર સાતસો બાવન શ્લોકસહ દ્વાદશાંગીની સૌથી મોટું મહાસાગર સમાન ગંભીર અને ગૂઢાર્થવાળું આગમ એટલે **શ્રી ભગવતી સૂત્ર.** શ્રી ગૌતમસ્વામી અને અન્ય સાધકોએ ભગવાનને પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોના સુંદર સમાધાનના આગમમાંથી એકાદ ભાવ પણ જો આચરણમાં મૂકીએ તો માનવજીવન સાર્થક બની જાય.

સાધુજીવનની ચર્યા સાથે અણુ પરમાણુનું વર્ણન વૈજ્ઞાનિક ઢબે પરમ વૈજ્ઞાનિક પ્રભુ મહાવીરે કરેલ છે.

કોઈના પણ શરીરમાં ક્યારેક દેવી કે દેવ પ્રવેશ ન કરી શકે પણ દેવ-દેવી વ્યક્તિને વશ કરી શકે તેનું વર્ણન છે.

હવામાન અને ચોમાસાના વર્તારાની વાત કરી છે. ૬ મહિનાથી વાદળા વધુ ન રહી શકે, ૬ મહિનામાં વિસરાળ થઈ જાય.

ઘોડો દોડે ત્યારે એક પ્રકારનો અવાજ ક્યાંથી આવે છે ? ઘોડાના હૃદય અને કાળજા (લીવર) વચ્ચે કર્કર નામનો વાયુ ઉત્પન્ન થાય છે. ઘોડો દોડે ત્યારે તે વાયુ બહાર નીકળતા આ અવાજ થાય છે. આ દર્શાવે છે કે ભગવાનને પ્રાણીઓના શરીરની રચનાનું સૂક્ષ્મ જ્ઞાન હતું.

બધા તીર્થંકરોના સાધુ રંગીન વસ્ત્રો પહેરતા પણ ભગવાને શ્વેત વસ્ત્રો પહેરવા આદેશ કર્યો. ગરમી અને તાપમાં રંગીન વસ્ત્રોમાં વધુ ગરમી લાગે શ્વેતમાં ઓછી, આ રીતે પ્રભુએ ગ્લોબલ

વૉર્મિંગની આગાહી કરી કે ભવિષ્યમાં વૈશ્વિક તાપમાન વધશે.

ધર્મકથાનુયોગમાં **શ્રી જ્ઞાતાધર્મકથા** નામના આ આગમમાં મહાપુરુષોના જીવનની સત્યઘટનાઓ અને ઔપદેશિક કથાઓનો વિપુલ સંગ્રહ છે. દ્રવ્યાનુયોગ કથાનુયોગ પર સવારી કરીને આવે તો દર્શનના રહસ્યો સરળતાથી સમજાઈ શકે. આ ધર્મકથાનું શ્રવણ બાળજીવોને ધર્મપ્રીતિ પ્રેરનારું બની રહે, ધર્મમાર્ગમાં સ્થિર કરનારું બની રહે તેવું છે.

પોઝીટીવ થીંકીંગ કઈ રીતે રાખવું–સમુદાય વચ્ચેના જીવનમાં સમુદાય ધર્મ કઈ રીતે નિભાવવો તેમજ વડીલોના સ્થાન અને સન્માનની વાત આ સૂત્રોમાં કહી છે.

વાસ્તુશાસ્ત્ર, નગરરચના, જીવનવ્યવસ્થા અને જીવનશૈલીમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નોનું સમાધાન જાણવાની ઇચ્છાવાળાઓએ જ્ઞાતાધર્મ કથા સૂત્ર વાંચવું જોઈએ.

શ્રી ઉપાસકદશાંગ સૂત્ર વીરપ્રભુના શાસનના દશ મહાશ્રાવકોના દેશવિરતિના ઉત્કૃષ્ઠ આચારનું વર્ણન આપણને પ્રેરણાના પીયૂષ પાય છે.

શ્રાવકોની જીવનશૈલી, તેમની વ્યાપારની પદ્ધતિ કેવા પ્રકારની હતી, રોકાણની પદ્ધતિ, ક્ષેત્ર, સાધનો અને ન્યાય સંપન્ન વૈભવ અને શ્રાવકોની આવકનો વ્યય અને સદ્‌વ્યયનું વર્ણન આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરના શ્રાવકો પાસે ગાયોના વિશાળ ગોકૂળ હતા. જે ઘરમાં ગાય છે ત્યાં આસુરી સંપત્તિનું આગમન થતું નથી, તે આ સૂત્ર દ્વારા ફલિત થાય છે.

પરિવારમાં પત્ની, માતા અને પુત્રોનું સ્થાન અને વાનપ્રસ્થ આશ્રમનું વર્ણન પણ આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરે પોતાના શ્રાવકો જે સંસારમાં રહીને પણ ઉત્કૃષ્ટ આત્મકલ્યાણ કરે છે તેવા શ્રાવકોનું પોતાના શ્રીમુખેથી વર્ણન કરી શ્રાવકોને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે તે ઉપાસક દશાંગ સૂત્રથી પ્રગટ થાય છે.

શ્રી અંતગડદશાંગ સૂત્રમાં અંતમુહૂર્તમાં મોક્ષે ગયેલા પુણ્યાત્મા આરાધક મુનિઓના જીવન શ્રાવકના ત્રણ મનોરથ ચરિતાર્થ કરવાના પ્રેરક બને છે.

આ સૂત્રમાં સહનશીલતાથી સફળતા સુધીની યાત્રાનું વર્ણન છે. શ્રાવક સુદર્શન 'નમો જીણાણંજી અભયાણં'ના જાપ કરે છે ત્યારે સેંકડો કિલો વજનનું શસ્ત્ર તેના પર ફેંકવામાં આવે છે છતાં તે વાગતું નથી. જપ સાધનાને કારણે તેની આસપાસ સુરક્ષાચક્ર રચાય છે અને તેને બચાવે છે. આ ઘટનાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતા જણાશે કે અદૃશ્ય પદાર્થ દૃશ્યને રોકી શકે. સુરક્ષાનો એક અદૃશ્ય ફોર્સ આપણી આસપાસ રચાય જે મેટલને પણ રોકી શકે છે. ગોશાલકે ભગવાન સામે ફેંકેલી તેજાલેશ્યા વખતે પણ આવું જ થયું.

ગજસુકુમાર માથે અંગારા મૂક્યા ત્યારે તેને પીડા ન થઈ. સાધુ લોચ કરે ત્યારે પહેલી ચાર પાંચ લટ ખેંચે ત્યારે દુઃખ પીડા થાય પછી તે પીડા ઓછી થાય એનો અર્થ એ થયો કે આપણી ભીતર એનેસ્થેસિયા સક્રિય થાય છે. આપણી અંદર પીડાશામક રસાયણ સર્જાય છે જે નેચરલ એનેસ્થેસિયા છે. અંદરમાં એવું કાંઈક તત્ત્વ સર્જાય છે જે તત્ત્વ આપણી સહનશીલતાને વિકસાવે છે. આ સંશોધનનો વિષય છે

શ્રી અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર આગમના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર મહાત્માઓનું જીવન આપણા અધ્યાત્મ જીવનને નવી દિશા આપે છે.

ભગવાન મહાવીરની ઉપદેશધારામાં નવમા આગમમાં દેહ પ્રત્યેનું મહત્ત્વ ઘટાડતા તપ સાધકો જેવા કે ધન્ના અણગારની સાધનાનું વર્ણન છે.

આ સૂત્રમાં કહ્યું છે કે મનુષ્ય માત્ર ખોરાકથી જ જીવી શકે એવું નથી, પ્રકાશ અને હવાથી પણ જીવી શકાય છે. સૂર્ય પ્રકાશથી પણ જીવી શકાય તેવા દાખલા છે. રોજ એક ચોખાનો દાણો લઈને પણ લાંબો સમય જીવી શકાય તેવા ઉદાહરણ છે. શરીર વિજ્ઞાનના સંશોધનનો આ વિષય છે.

મંત્રના ઉપયોગ અને લબ્ધિદિશા દર્શન કરાવનાર **શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર**માંનાં પાંચ મહાપાપોનું વર્ણન વાંચતાં પાપથી પાછા ફરવાનો પાવન અવસર પ્રાપ્ત થાય છે.

સત્ય, અહિંસા આદિ ગુણો દ્વારા વિધેયાત્મક શક્તિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનું વર્ણન આ સૂત્રમાં છે. અનેક પ્રકારની સિદ્ધિઓ, વિદ્યાઓ, લબ્ધિઓ અને ઉર્જાઓને કઈ રીતે પ્રાપ્ત કરવી તે બતાવેલ છે.

પ્રાચીન કાળમાં આ આગમમાં અનેક વિદ્યાઓના મંત્રો તથા યંત્રોની વાત હતી. પરંતુ એ વિદ્યાઓના મંત્રો કે યંત્રોનો દૂર ઉપયોગ ન થાય, કોઈ કુપાત્ર તેનો અકલ્યાણ માટે ઉપયોગ ન કરે તે આશયથી આ સૂત્રની પ્રાચીન વિદ્યાને ગુરુએ સંગોપી દીધી છે. આમ અનઅધિકારી શિષ્યને જ્ઞાનનો પરિચય ન કરાવવાની જૈન પદ્ધતિ વિશેષ વંદનીય છે. અને આજ કારણે આચાર્યએ આ આગમનો વિષય બદલી નાંખ્યો છે.

શ્રી વિપાક સૂત્ર આગમમાં અજ્ઞાન દશામાં બાંધેલાં કર્મોનાં ભયંકર ફળ પાપકર્મોથી દૂર રહેવાનો માર્ગ બતાવે છે. દુષ્કૃત્યથી દુઃખ વિપાક થાય છે અને સુકૃતથી સુખ વિપાક. આ જાણી આપણી વૃત્તિઓ સુકૃત તરફ પ્રયાણ કરશે.

જીવનશૈલીમાં પાપથી બચવું છે, સત્કર્મોથી જીવનને વિભૂષિત કરવું છે તેવા પ્રકારની વિચારસરણી ધરાવતા સાધકો માટે વિપાક

સૂત્રનું માર્ગદર્શન અત્યંતપણે ઉપકારક છે.

આગમમાં અંગ સૂત્રોના વર્ગીકરણ ઉપરાંત ૧૨ ઉપાંગ સૂત્રોનું પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે, જે ઉપાંગો અંગોના સ્વરૂપને વિસ્તારે છે.

શ્રી ઉવવાઈ સૂત્રમાં ભગવાનના ગુણવૈભવ–ગણધર શ્રમણોની સંયમસાધનાનું દિગ્દર્શન છે. ભગવાનનું નગરમાં આગમન થતાં રાજા આનંદ-ઉલ્લાસ અને ભક્તિભાવથી દેવાધિદેવના દર્શને જાય છે તે વર્ણન વાંચતાં સંતો પાસે જવાની, વંદન કરવાની વિશિષ્ટ વિધિ કરવાનો બોધ થાય છે.

આપણાં કર્મો જ આપણી સદ્‌ગતિ કે દુર્ગતિનું કારણ છે. કયા પ્રકારના કર્મોથી કયા સ્થાનમાં જીવ ઉત્પત્તિ પામે તેનું વર્ણન કરેલ છે. તમારું કર્મ જ તમારી ગતિનું કારણ બને છે, તેવા દૃષ્ટિબિંદુથી ભગવાન મહાવીરે ઈશ્વર કર્તાહર્તા નથી પરંતુ કર્મો જ આપણા ભાગ્યવિધાતા બને છે. તેવી વિશિષ્ટ દૃષ્ટિ આ આગમમાં પ્રગટ કરેલ છે.

શ્રી રાયપસેણી સૂત્ર વાંચતાં ગુરુનો સમાગમ થતાં પરદેશી રાજાના જીવનપરિવર્તનનું વર્ણન વાંચી ગમે તેવા પાપી જીવ પણ અધ્યાત્મની ઊંચી દશા સુધી પહોંચી શકે છે તેની પ્રતીતિ થાય છે.

સંત સમાગમ, વ્યક્તિ પર કેવો મહાન ઉપકાર કરે છે અને તેને દેવલોકના સુખો અપાવી શકે અને પરમપદને પણ પ્રાપ્ત કરાવી શકે છે તે પ્રેરણાદાયી હકીકતનું આલેખન છે.

પોતાની રાઈટ આઈડેન્ટીટી જાણવા ઈચ્છુક સાધકો માટે રાયપસેણી સૂત્ર ઉપકારક બની રહેશે.

શ્રી જીવાજીવભિગમ સૂત્ર વાંચતાં જીવ અજીવના જ્ઞાન દ્વારા અહિંસા અને જયણા ધર્મ પાળી શકાય છે.

ભગવાન મહાવીરે જગતજીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ, રુચિઓ અને અલગ અલગ પ્રકૃતિને ધ્યાનમાં રાખીને જ્ઞાનભાવોનું વર્ણન આ સૂત્રમાં કર્યું છે. આ સૂત્ર જીવવિજ્ઞાનનો એક ઊંડાણભરેલો દસ્તાવેજ છે. જે સાધકોને જીવવિજ્ઞાન વિશે જાણવાની જિજ્ઞાસા હોય તેમણે આ સૂત્ર અવશ્ય વાંચવું.

શ્રી પન્નાવણા સૂત્રમાં જૈન તત્ત્વજ્ઞાનની સમજણ આપવામાં આવી છે. આ સૂત્ર પદાર્થવિજ્ઞાન, શરીરવિજ્ઞાન અને ચૈતસિક શક્તિઓનો ખજાનો છે. છ લેશ્યા અને ઓરા પરમાણુની ગતિનું વર્ણન, યોગ વિગેરેનું આલેખન, જ્ઞાનના ગહન ભંડાર સમું આ સૂત્ર 'લઘુ ભગવતી' તરીકે ઓળખાય છે.

શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તીર્થંકર અને ચક્રવર્તી જેવા ઉત્તમ પુરુષોના જીવનવ્યવહારના પરિચય દ્વારા આત્મઉત્થાનની પ્રક્રિયાને વેગ મળે છે.

આ સૂત્રમાં પૃથ્વી અને પૃથ્વીમાં રહેલ અલગ અલગ દેશ, તેની ભૌગોલિક રચના વગેરેનું વર્ણન જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિમાં બતાવેલ છે. આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ તે ક્ષેત્રને જંબૂદ્વિપ કહેવાય. મેરુપર્વત, વનો અને સમુદ્રોનું વર્ણન છે. આ સૂત્રમાં ભૂગોળ, ખગોળ અને ઇતિહાસનું સંયોજન છે.

આ આગમ જ્યોતિષ વિષયક ખજાનો છે. દરેક ગ્રહો, નક્ષત્રો અને તારાના વર્ણન છે. ચંદ્ર અને સૂર્યના અધિષ્ઠાયક દેવો કેવા પ્રકારની ગતિ કરાવે છે તેનું વર્ણન છે. આ આગમ વાંચવાની અનુજ્ઞા દરેક સાધકને મળતી નથી. ગુરુ, પાત્ર શિષ્યને જ આજ્ઞા આપે છે.

શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર અને **શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર** દ્વારાજૈન ખગોળના જ્ઞાનથી આ વિશાળ લોક અને પ્રકાશ ક્ષેત્રનું વર્ણન વાંચતાં આપણી લઘુતાનું જ્ઞાન થતાં અહંકાર ઓગળી જશે.

શ્રી નિરયાવલિકાનાં પાંચ ઉપાંગ સૂત્રો શ્રેણિક રાજા, બહુપુત્રીકાદેવી, લક્ષ્મીદેવી, બળદેવ વગેરે બાવન આત્માઓના પૂર્વ પશ્ચાદ્ ભવના કથન દ્વારા કર્મસિદ્ધાંત તથા સંસારના ઋણાનુબંધ સંબંધની વિચિત્રતાનો બોધ થાય છે.

ભગવાન મહાવીરના સમયમાં રાજાઓ કેવા પ્રકારના હતા, રાજશૈલી કેવા પ્રકારની હતી, ભરપૂર ભોગ સૂત્રો વચ્ચે પણ આ રાજાઓ ભગવાનના સંપર્કમાં આવીને પૂર્ણપણે યોગીપુરુષની દશામાં કેવી રીતે આવતાં હતાં તેનું વર્ણન આ નિરિયાવલિકા સૂત્રમાં આપવામાં આવ્યું છે.

આ સૂત્રમાં આપણી ઈચ્છાઓ આપણા માટે કેવી રીતે દુઃખકારક બને છે તે બહુપુત્રિકાની વાર્તા દ્વારા મળે છે. ભગવાન મહાવીરના આ પાંચ આગમો ઉત્તમપણે આપણી આંતરિક મનોવૃત્તિઓનાં દર્શન કરાવે છે. જેમને માનવીય સાયકોલોજી જાણવામાં રસ છે તેમને માટે આ પાંચ આગમમાંથી અત્યંત ઉપયોગી દૃષ્ટિબિંદુ પ્રાપ્ત થતાં હોય છે. આ પાંચ આગમમાં મનની અડગતા, સ્થિરતા અને મનની ચંચલતા, મનની વિચિત્રતા આ બધી જ દશાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. કેવા પ્રકારની માનસિકતામાં વ્યક્તિ દુઃખી થાય છે, સુખ-દુઃખના કારણમાં મન કેવો ભાગ ભજવે છે તેનું વિશેષ વર્ણન આ નિરિયાવલિકા સૂત્રમાં આવે છે. જેમને મનોવિજ્ઞાનના વિષયમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવું હોય તેમને માટે આ પાંચ આગમો કથારૂપે અને સાહિત્યરૂપે મનોવિજ્ઞાનના દૃષ્ટિબિંદુને ઉજાગર કરે છે. આમ આ પાંચ આગમો મનોવિજ્ઞાનને જાણવા ઉત્સુક સાધકો માટે ઉપકારક બની રહે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભગવાનની અંતિમ દેશનારૂપે સમસ્ત જૈન સમાજમાં શ્રદ્ધાનું સ્થાન ધરાવે છે. ૩૬ અધ્યયનમાં પ્રભુના અંતિમ ઉપદેશમાં જૈન ધર્મના મુખ્યતમ વિષયોનો પ્રાયઃ સમાવેશ થયો છે જેનું ચિંતન અને આચરણ આત્માનું ઊર્ધ્વગમન કરાવી શકે.

આ સૂત્રના ૨૯મા અધ્યયનમાં સમ્યક્ પરાક્રમના ૭૩ બોલ

દ્વારા સાધક દશામાં ઉત્કૃષ્ટ સાધના કઈ રીતે પ્રગટ કરી અને મોક્ષમાર્ગમાં કઈ રીતે આગળ વધવું તેનો નિર્દેશ છે.

અહીં અનેક પ્રકારની કથા સાહિત્યનું વર્ણન છે. ગેરસમજથી કોઈ સાધક ધર્મવિમુખ બને ત્યારે ભગવાનના સાધકોનું આચરણ જ તેની ગેરસમજ દૂર કરી ધર્મમાં સ્થિર કરે છે તેનું વિશેષ વર્ણન છે.

શ્રી શય્યંભવાચાર્ય દ્વારા પોતાના પુત્ર બાલમુનિ શ્રી મનકને લક્ષમાં રાખી પ્રથમ મૂળ સૂત્ર **શ્રી દશવૈકાલિક સૂત્ર**ની રચના કરવામાં આવી છે. પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ લખે છે કે 'દશવૈકાલિક જૈન આગમનો સાર સરવાળો છે. આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય છે.' આ સૂત્ર મુક્તિધામની મહાયાત્રા છે.

સાધુજીવનના સમગ્ર વ્યવહારને સમજાવતો આ આગમ ગ્રંથ સાધુજીવનની બાળપોથી છે. સાધુજીવનમાં ત્યાગનું મહત્ત્વ અને ગુરુ શિષ્યના સંબંધ અને વિનયની વાત કહી છે. સાધુજીવનમાં ઉપયોગી હિતશિક્ષાઓ અને બે ચૂલિકામાં ભાવથી પતિત થયેલા સાધકને સંયમભાવમાં સ્થિર થવા માટે પ્રેરે છે.

શ્રી નંદી સૂત્રમાં પૂ. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આ આગમમાં પાંચ જ્ઞાનનું વર્ણન કર્યું છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાન છે. આ પાંચ જ્ઞાન ગ્રહણ કરવાની વિધિને પ્રદર્શિત કરતું શ્રી નંદીસૂત્ર શ્રુતસાધકના આત્મિક આનંદનું કારણ બની જાય છે.

આ સૂત્રમાં સંઘ અને સંઘની વ્યવસ્થાનું વર્ણન છે. ભગવાન મહાવીરની પાટ પરંપરાના સાધકોનું વર્ણન છે. બુદ્ધિ અને બુદ્ધિની ક્ષમતાના પ્રકારનું વર્ણન છે. સ્મરણશક્તિ વધારવાની અને સફળતાના ઉપાયોની વાત આ સૂત્રમાં કરી છે.

નવ પૂર્વધર આચાર્ય શ્રી આર્યરક્ષિત મુનિએ **શ્રી અનુયોગદ્વાર સૂત્ર**ની રચના દ્વારા સર્વ આગમોને સમજવાની આપણને માસ્ટર કી આપી છે.

કઠિન વિષયોને સહજ રીતે સમજવાની ચાવી આ આગમમાંથી મળે. કોઈપણ શબ્દોના અનેક અર્થ હોઈ શકે. ડીક્ષનરી (શબ્દ કોષ) બનાવવાની કળા, એક શબ્દના અનેક અર્થ કઈ રીતે પ્રગટ કરવા તે સમજાવ્યું છે. આ સૂત્રમાં એક જ આવશ્યક સૂત્ર પર અનેક રહસ્ય સભર દૃષ્ટિબિંદુ આપેલ છે. મનની અપાર શક્તિના ઉપયોગ દ્વારા વ્યક્તિ કઈ રીતે વિકાસ કરી શકે તેનું વિશદ વર્ણન છે.

શ્રી નિશીથ સૂત્રમાં પાપસેવન કે વ્રતભંગના પ્રાયશ્ચિત્તનો નિર્દેશ કરી આત્માને પાવન કરવાની પ્રક્રિયા બતાવી છે.

આ છેદ સૂત્ર નિયમો અને પ્રતિજ્ઞાઓના આત્મગુણોની વૃદ્ધિ કરાવે છે. પરિસ્થિતિ વશ આ નિયમો કે પ્રતિજ્ઞાઓનો ભંગ થતો હોય ત્યારે તેનો ઉપાય દર્શાવે તેને છેદ સૂત્રો કહે છે.

નિશીથ એટલે રાત્રિ. રાત્રિનો અંધકાર એ અનેક દોષનું કારણ છે અને સૂર્યનો પ્રકાશ અનેક દોષોનું નિવારણ છે. આ સૂત્રમાં સાધુ જીવનમાં કેવા દોષો લાગી શકે ને તેનું નિવારણ કઈ રીતે કરવું તે બતાવેલ છે. આ સૂત્રમાં પસ્તાવો, પ્રાયશ્ચિત્ત અને વિશુદ્ધિકરણના ઉપાયો બતાવ્યા છે.

શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં મહામોહનીય કર્મબંધનાં સ્થાનો અને નવનિધાનનું કથન સાધકને દોષસેવનથી દૂર રાખે છે.

આ સૂત્રમાં શ્રમણ જીવનની મર્યાદાઓ અને આચાર શુદ્ધિનું વર્ણન હોવાથી માત્ર ઉચ્ચ કક્ષાના સાધકોને ગુરુજનો આજ્ઞા આપે તો જ આ આગમ વાંચી શકાય છે.

શ્રી બૃહદ્ કલ્પસૂત્ર આચારમર્યાદા, વિધિનિષેધરૂપ નિયમોનું કથન સાધુજીવનની નિર્મળતા માટે અત્યંત ઉપયોગી છે.

આ સૂત્રમાં સાધુજીવનની વ્યવસ્થાઓનું જ વર્ણન હોવાથી જન સામાન્ય સાધકો માટે વાંચન યોગ્ય નથી; પરંતુ ઉચ્ચ કક્ષાના જ્ઞાન સાધકો માટે અનેક પ્રકારની મનોવૈજ્ઞાનિક સ્થિતિમાંથી કઈ રીતે પસાર થવું તેનું વર્ણન છે.

સર્પદંશનું ઝેર ઉતારવાના મંત્રોચ્ચાર, પાણીમાં પગ મૂકીને કે નાવમાં બેસીને વિકટ સમયે નદી કઈ રીતે પાર કરવી તેનું નિરુપણ કરેલ છે. આમ વર્તમાનમાં જે પરંપરાઓ પ્રચલિત નથી પરંતુ ભગવાનના સમયમાં જે પ્રચલિત હતી તેનું વર્ણન બૃહદ્ કલ્પસૂત્રમાં છે.

શ્રી વ્યવહાર સૂત્રમાં આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, જ્ઞાનવ્યવહાર, ધારણાવ્યવહાર અને જિતવ્યવહાર સંયમી જીવનને નિર્મળ બનાવે છે.

ભગવાને પોતાના બે સાધકોની વચ્ચે એ બે ભેગા મળે ત્યારે, બે શ્રાવકો કે બે આચાર્યો ભેગા મળે ત્યારે, ગુરુ-શિષ્ય મળે તો બે મળવા પર એકબીજાએ કેવો વ્યવહાર કરવો તેનું વર્ણન આ સૂત્રમાં છે જેના દ્વારા સામુદાયિક સુમેળતાનું સર્જન થાય છે. આ સૂત્ર સાધુ, સાધ્વી, શ્રાવકો અને પરિવાર વચ્ચે સંવાદનું સર્જન કરાવતું શાસ્ત્ર છે.

સાધકોને સાધનાની વિશુદ્ધિ માટે અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાનોનું નિરૂપણ કરતું આગમ તે **શ્રી આવશ્યક સૂત્ર** છે. વ્યવહારમાં આપણે તેને પ્રતિક્રમણ સૂત્ર કહીએ છીએ. આત્મવિશુદ્ધિ કરવા માટે જે ક્રિયા અવશ્ય કરવાની છે તેને આવશ્યક કહ્યું છે.

આવશ્યકને જ્ઞાનીઓએ જીવનશુદ્ધિ, સંયમ વિશુદ્ધિની ક્રિયા કહી સાધનાનો પ્રાણ કહેલ છે. સમભાવની સાધના એ સામાયિક છે. તીર્થંકરોની સ્તુતિ ચૌવિસંથોથી શ્રદ્ધા બળવાન બને છે. વંદના દ્વારા સાધકનો ભક્તિભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણ એ પાપથી પાછા ફરવાની પ્રક્રિયા છે. અંતર્મુખ થઈ આત્મભાવમાં સ્થિર થવા માટે કાઉસગ્ગ અને ભવિષ્યના કર્મોના નિરોધ માટે પચ્ચખાણ

એમ આ છ આવશ્યકની આરાધના સાધકના આત્મવિશુદ્ધિના લક્ષને સફળ બનાવવામાં સહાયક બને છે.

પ્રતિક્રમણ સાધક અને શ્રાવક બન્ને માટે દરરોજ કરવા યોગ્ય એવી પ્રક્રિયા છે જેનાથી આત્માની શુદ્ધિ અને વિશુદ્ધિ વર્તે છે. કર્મો જે દરરોજ બંધાતા હોય તે નિધ્ધત બંધાય છે અને નિકાચિત કક્ષાના થતાં અટકી જાય છે. તેની પ્રક્રિયા પણ આજ પ્રતિક્રમણ સૂત્રમાં બતાવેલી છે. જે કર્મને અવશ્ય ભોગવ્યા વિના ક્ષય કરી શકાય તે નિધ્ધત. દરરોજના પાપનું જ્યારે પ્રતિક્રમણ કરવામાં આવે છે ત્યારે પાપની કક્ષા નિધ્ધત બની જાય છે. પરંતુ જ્યારે પ્રતિક્રમણ કરવામાં નથી આવતું ત્યારે તે કર્મો નિકાચિત બની જાય તેનું વર્ણન આ સૂત્રમાં છે. સાધકો અને શ્રાવકો નિત્ય પ્રતિક્રમણ કરે તો તે પરમપદ સુધી પહોંચી શકે છે.

અગિયાર અંગ સૂત્રો, બાર ઉપાંગ સૂત્રો, ચાર મૂળ, ચાર છેદ અને એક આવશ્ય સૂત્ર એમ બત્રીશ આગમો આત્મસુધારણા માટે સાધકને કઈ રીતે ઉપયોગી છે તેની વિચારણા આપણે કરી. સ્થાનકવાસી અને તેરાપંથ સંપ્રદાયમાં બત્રીશ આગમ સૂત્રોનો સ્વીકાર થયો છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક આરાધકોની માન્યતા પ્રમાણે દસ પયન્ના સૂત્ર–પ્રકીર્ણક સહિત બીજા તેર આગમગ્રંથોને સ્વીકાર્યા છે. તીર્થંકર દેવે અર્થથી જણાવેલ શ્રુતને અનુસરીને પ્રજ્ઞાવાન મુનિવરો જેની રચના કરે તેને **પ્રકીર્ણક કે પયન્ના** કહે છે.

ચતુઃશરણ પ્રકીર્ણકમાં ૩૪ અતિષયોથી વિભૂષિત અરિહંતોનો પરિચય અને ચાર શરણ સ્વીકારની વાત સાથે દુષ્કૃત્ય ગર્હા ને સુકૃત અનુમોદનાની વાત કહી છે. મહાપ્રત્યાખ્યાનમાં પાપ કરવું એ દુષ્કર નથી પરંતુ કરેલા પાપોની નિર્મળ ભાવે આલોચના કરવી એ દુષ્કર છે કહી આલોચના વિધિ કહી છે. ભક્તપ્રતિજ્ઞા પ્રત્યાખ્યાનમાં ભક્ત એટલે આહાર અને પ્રતિજ્ઞા એટલે પ્રત્યાખ્યાન જીવનના અંત સમયે આહાર ત્યાગના પચ્ચખાણ કઈ રીતે લેવા તે વિધિ બતાવી છે.

આ આગમોમાં બાળ પંડિતમરણ અને પંડિતમરણની વિચારણા છે. પ્રત્યાખ્યાનનું વર્ણન, અનશન માટેની યોગ્યતા અને પૂર્વતૈયારી, સંથારાનું વર્ણન, વૈરાગ્ય ભાવને દૃઢ કરતી વાતો, ગચ્છાચારમાં સાધુ-સાધ્વીની મર્યાદા, જ્યોતિષ અને દેવેન્દ્રોનું વર્ણન, મરણ-સમાધિ પ્રકીર્ણકમાં મરણ સુધારવા માટેની આદર્શ પદ્ધતિઓ આત્મસુધારણા માટે ઉપયોગી છે.

જિતકલ્પસૂત્ર (પંચકલ્પભાષ્ય) ૧૦૩ ગાથાઓના આ આગમમાં, સાધુજીવનમાં લાગેલા અતિચારો, અનાચારોના દશ અને ઓગણીશ પ્રકારના પ્રાયશ્ચિત્તોનું વર્ણન કર્યું છે. આ ગંભીર ગ્રંથ છે. ગીતાર્થ ભગવંતો જ આ ગ્રંથના અધિકારી ગણાય છે.

પાંચ પ્રકારના વ્યવહારથી જૈનશાસન ચાલે છે. (૧) આગમ (૨) શ્રુત (૩) આજ્ઞા (૪) ધારણા અને (૫) જિત વ્યવહાર. આ પ્રત્યેકની વિગતપૂર્ણ સમજણ આ આગમમાં આપવામાં આવી છે. ઉપરાંત, આચાર્યની આઠ સંપદાનું વર્ણન, વિદ્યા અને મંત્ર વચ્ચેનો તફાવત વગેરેની ચર્ચા પણ પ્રાપ્ત થાય છે.

મહાનિશીથ સૂત્ર. મહા=મધ્ય. આ સૂત્ર મધ્યરાત્રીએ જ શિષ્યને આપી શકાય. આ આગમના ૮ વિભાગ છે, જેમાં પ્રથમ વિભાગમાં ૬ અધ્યયન છે અને બાકીના બે ચૂલિકાઓ છે. વિશાળ આગમ છે. ૪૫૪૮ શ્લોક પ્રમાણ ગ્રંથ છે.

આ આગમ સંયમી જીવનની વિશુદ્ધિ પર ખૂબ જ ભાર મૂકે છે. સરળતા, આચારશુદ્ધિ, ભૂલો સુધારવાની તત્પરતા, વૈરાગ્યભાવ તેમજ આજ્ઞાધીનતા વગેરે વર્ણન છે.

ઓધનિર્યુક્તિ (મૂળસૂત્ર). મૂર્તિપૂજા સંપ્રદાય પણ ૪ મૂળસૂત્રો ગણાવે છે. પરંતુ ૪થા સૂત્ર તરીકે ઓઘનિર્યુક્તિ સૂત્રની ગણના કરી છે. આ સૂત્ર સ્થાનકવાસી તેમજ તેરાપંથી સંપ્રદાયને માન્ય નથી.

આ આગમ, પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ 'પ્રત્યાખ્યાન પ્રવાદ' નામના નવમા પૂર્વમાંથી સંકલિત કર્યું છે.

ઓધ=સંક્ષેપથી સાધુના જીવનને લગતી તમામ નાની મોટી બાબતનું વર્ણન, આદર્શ શ્રમણાચર્યારૂપ વર્ણન આ ગ્રંથમાં છે. આ આગમમાં મુખ્યત્યે પિંડલેહણ, પિંડ, ઉપધિનું વર્ણન, અનાયતનનો ત્યાગ, પ્રતિસેવના, આલોચના અને વિશુદ્ધિનું વર્ણન છે.

સાધુ-સાધ્વીની સમાચારીનું વર્ણન છે. સંયમ જીવનના પ્રાણ સ્વરૂપ, ચરણ સિત્તરી અને તેને સહાય એવી કરણસિત્તરીનું વર્ણન છે. ચરણકરણાનુયોગનું આ સૂત્ર છે. સાધુ પોતાના આચારમાં સ્થિર રહે અને જયણાનું ખાસ પાલન કરે તે હકીકત સચોટ રીતે દર્શાવી છે. બિમાર સાધુની સેવા માટે વૈદને બોલવાની વિધિ અને શ્રાવક પાસેથી ઔષધ મેળવવાની વિધિ પણ વર્ણવી છે. ચોમાસામાં વિહાર કરવાથી લાગતા દોષોનું વર્ણન છે. આહાર લેવાના અને ન લેવાના છ કારણો દર્શાવ્યાં છે. શય્યા, ઉપધિ, પડિલેહણ પાત્રા કેટલાં રાખવાં વગેરે દર્શાવ્યું છે.

સાધુજી ૪૫ આગમ વાંચી શકે જ્યારે શ્રાવકો ગુરુમુખેથી ૩૯ આગમ સાંભળી શકે તેવી પરંપરા છે.

જિનશાસનના સમગ્ર બંધારણનો પાયો આ આગમગ્રંથો છે જેમાંથી ગુરુઆજ્ઞા દ્વારા યત્કિંચિત આચરણ કરવાથી પરમપદના માર્ગની પ્રાપ્તિ સહજ બને છે.

ક્ષણે ક્ષણે જાગૃત રહી આત્મસુધારણા કરવાની શીખ ઉત્તરાધ્યયન સૂત્ર (૪/૬)માં આપી છે.

સૂતેલી વ્યક્તિની વચ્ચે પણ પ્રજ્ઞાસંપન્ન પંડિત જાગૃત રહે છે. પ્રમાદમાં એ વિશ્વાસ કરતો નથી. કાળ ઘણો નિર્દય છે. શરીર દુર્બળ છે. ભારંડ પંખીની માફક સાવધાનીથી વિચરવું જોઈએ.

વિશ્વના તમામ વિષયો એક યા બીજી રીતે આગમમાં સંગોપ્યા

છે. વ્યક્તિ, કુટુંબ કે વિશ્વની અનેક સમસ્યાનું સમાધાન આગમમાંથી મળે છે.

આગમમાં લખાયેલ સુક્તિઓ, ગાથાઓ શુષ્ક કે તર્કવાદી નથી પરંતુ જેમનું જીવન એક પ્રયોગશાળા હતું તેવા પરમવૈજ્ઞાનિક પ્રભુ મહાવીરની અનુભૂતિની એરણ પર ઘડાયેલ પરમસત્યની સફળ અભિવ્યક્તિ છે. આ આગમવાણીના જનક માત્ર વિચારક કે ચિંતક જ નહિ, પરંતુ ઉત્કૃષ્ટ સાધક હતા. વ્રતોને માત્ર ચિંતનની ભૂમિકા સુધી સીમિત ન રાખતાં, ચારિત્ર આચારમાં પરાવર્તિત થઈને આવેલા આ વિચારો શાસ્ત્ર બની ગયા. જે જીવને શિવ બનાવી પરમપદને પ્રાપ્ત કરવા સક્ષમ છે.

સદ્‌ગુરુની આજ્ઞા લઈ આ આગમસૂત્રોનો સ્વાધ્યાય કરવામાં આવે, જ્ઞાની ગુરુભગવંતોના સમાગમમાં તેનો શાસ્ત્રાર્થ સમજવામાં આવે અને તેનું નિજી જીવનમાં આચરણમાં અવતરણ થાય તો અવશ્ય આપણને મુક્તિપંથ મળે.

જિનાગમમાં સૂત્રસિદ્ધાંતમાં વિચાર, વાણી અને વર્તનની વૃત્તિ-પ્રવૃત્તિ અને નિવૃત્તિની ભાવના અને કર્તવ્યનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. આ કાળે અને ક્ષેત્રે ભીતરની સંપદાની એકવીશ હજાર વર્ષ સુધીના માલિકી હક્ક આપતો આ આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

પુષ્કરાવર્ત મેઘની વર્ષાની અસરથી વર્ષા ન આવે તોપણ કેટલાક વર્ષ ફળો અને પાક આવ્યાં કરે, પરંતુ ભગવાન મહાવીરની વાણી ઉપદેશ ધારા રૂપ આ પાવન મેઘવર્ષાની અસર આ આરાની સમાપ્તિ એટલે કે એકવીશ હજાર વર્ષ સુધી રહેનાર છે. ગુરુકૃપાએ તે પાવન વાણીને ઝીલવાનું આપણને પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક 'આગમ પરિચય વિશેષાંક' રૂપે આપ સમક્ષ મૂકતાં અમને અતિ હર્ષ થાય છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના વિદ્વાન તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ સર્જનાત્મક હૃદયના સ્વામી, પ્રયોગવીર અને activist કર્મશીલ પત્રકાર છે.

'પ્રબુદ્ધ જીવન'ના વિવિધ વિષયના વિશેષાંકો, મહાવીરકથા, ગૌતમકથા, ઋષભકથા, તત્ત્વજ્ઞાન અને સાહિત્યને લગતા વૈવિધ્યસભર સેમિનાર્સ અને પ્રવચનમાળા રૂપ સરવાણી તેમના હૈયામાંથી પ્રવાહિત થયા કરે છે. વળી જરૂરિયાતવાળી સંસ્થાને સહાય કરવા રૂપ સેવા સરિતાનું સાતત્ય છે.

વર્તમાન સમયમાં જૈનો અને અન્ય ધર્મજિજ્ઞાસુઓ સુધી જૈન આગમનો પરિચય 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંક દ્વારા કરાવવાનું કાર્ય શ્રી ડૉ. ધનવંતભાઈને સૂઝ્યું તે અત્યંત અનુમોદનીય છે અને શ્રુત સેવાયજ્ઞમાં વિશિષ્ટ સમિધ સમર્પણનું પવિત્ર કાર્ય છે.

'પ્રબુદ્ધ જીવન' 'આગમ પરિચયવિશેષાંક'ના સંપાદનનું સુંદર કાર્ય મને સોંપવા બદલ હું તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ અંક માટે લેખ મોકલનાર પૂ. ગુરુ ભગવંતો, પૂ. સાધ્વીજીઓ અને વિદ્વાનોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ **શ્રી નમ્રમુનિ મ. સા.**ની પ્રેરણાથી **`Global Jain Aagam Mission'** આગમ ગ્રંથોનું ઈંગ્લીશમાં અનુવાદનું કાર્ય કરી રહેલ છે. બિન સાંપ્રદાયિક રીતે, આંતરરાષ્ટ્રીય ધોરણે આગમનો ઈંગ્લીશમાં અનુવાદ કરી ભગવાન મહાવીરની વાણીને વિશ્વ સ્તરે સુલભ બનાવવાનો આ મિશનનો ઉપક્રમ છે. વ્યક્તિઓ, સંસ્થાઓ અને વિદ્વાનોને આ મિશનમાં જોડાવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

પ્રબુદ્ધ જીવનના આ 'આગમ પરિચય વિશેષાંક'માં જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પ્રગટ થયું હોય કે ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડં. ✷ ✷ ✷

નમ્ર વિનંતિ

આગમ સૂત્રો એ જિન વચન છે તેથી જિન પ્રતિમા જેટલાં જ એ વંદનીય અને પૂજ્યનીય છે.

એટલે

આ વિશિષ્ટ આગમ પરિચય અંકનું વાંચન પૂજા કક્ષ, સ્વાધ્યાય કક્ષ કે

પવિત્ર સ્થિર સ્થાને જ આસનસ્થ થઈને કરવા વાચકોને નમ્ર વિનંતિ છે.

એથી વિશિષ્ટ જ્ઞાન લાભ થશે જ. અન્યથા અશાતનાનો દોષ લાગશે.

□ ગુણવંત બરવાળિયા
gunwant.barvalia@gmail.com
Mobile :09820215542.

જૈન આગમસાહિત્ય

જૈન આગમસાહિત્ય : મૂળ વૈદિક શાસ્ત્રો જેમ 'વેદ' કહેવાય છે. બૌદ્ધ શાસ્ત્રો જેમ 'પિટક' કહેવાય છે તેમજ જૈનશાસ્ત્રો 'શ્રુત', 'સૂત્ર' કે આગમ કહેવાય છે. સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત, પ્રવચન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપન, આગમ, આપ્તવચન, ઐતિત્ર, આમ્નાય અને જિનવચન એ બધાયે 'આગમ'ના પર્યાયવાચી શબ્દો છે.

આપ્તનું વચન તે આગમ. જૈનદૃષ્ટિએ રાગદ્વેષના વિજેતા, સર્વજ્ઞ, સર્વદર્શી જિન તીર્થંકર આપ્ત છે. તીર્થંકર કેવલ અર્થરૂપમાં ઉપદેશ આપે છે અને ગણધર તેને ગ્રંથબદ્ધ કે સૂત્રબદ્ધ કરે છે. જૈન આગમોની પ્રામાણિકતા માત્ર તે ગણધર કૃત હોવાને લીધે જ નથી પણ તેના અર્થના પ્રરૂપક તીર્થંકરની વીતરાગતા અને સર્વાર્થસાક્ષાત્કારિત્વને લીધે છે. ગણધર તો માત્ર દ્વાદશાંગીની જ રચના કરે છે. અંગો સિવાયના આગમોની રચના સ્થવિર કરે છે.

આગમોનું વર્ગીકરણ : જૈન આગમોનું સૌથી પ્રાચીન વર્ગીકરણ સમવાયાંગસૂત્રમાં મળે છે. તેમાં આગમ સાહિત્યનું 'પૂર્વ' અને 'અંગ' એ પ્રમાણે વિભાજન કરાયેલું છે. સંખ્યાની દૃષ્ટિએ પૂર્વ ચૌદ હતાં અને અંગ બાર.

૪૫ આગમોનાં નામ

૧૧ અંગ :
૧. આચારાંગ
૨. સૂત્રકૃતાંગ
૩. સ્થાનંગ
૪. સમવાયાંગ
૫. ભગવતી
૬. જ્ઞાતા ધર્મકથા
૭. ઉપાસક દશા
૮. અંતકૃત દશા
૯. અનુત્તરોપપાલિક દશા
૧૦. પ્રશ્ન વ્યાકરણ
૧૧. વિપાક

૬. મૂળ સૂત્રો :
૧. આવશ્યક
૨. દશવૈકાલિક
૩. ઉત્તરાધ્યયન
૪. નંદી
૫. અનુયોગ દ્વાર
૬. પિંડ નિર્યુક્તિ
–ઓઘ નિર્યુક્તિ

૧૨ ઉપાંગ :
૧. ઔપપાતિક
૨. રાજપ્રશ્નીય
૩. જીવાભિગમ
૪. પ્રજ્ઞાપના
૫. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ
૬. સૂર્ય પ્રજ્ઞપ્તિ
૭. ચંદ્ર પ્રજ્ઞપ્તિ
૮. નિરયાવલિયા
૯ કલ્પાવતંસિકા
૧૦. પુષ્પિકા
૧૧. પુષ્પચૂલિકા
૧૨. વૃષ્ણિદશા

૬ છંદ સૂત્ર :
૧. નિશીથ
૨. મહાનિશીથ
૩. બૃહત્કલ્પ
૪. વ્યવહાર
૫. દશાશ્રુત સ્કંધ
૬. પંચકલ્પ

૧૦ પઈન્ના :
૧. આતુરપ્રત્યાખ્યાન
૨. ભક્તપરિજ્ઞા
૩. તંદુલ વૈચારિક
૪. ચંદ્ર વેધ્યક
૫. દેવેન્દ્ર સ્તવ
૬. ગણિવિદ્યા
૭. મહાપ્રત્યાખ્યાન
૮. ચતુઃશરણ
૯. વીરસ્તવ
૧૦. સંસ્તારક

૮૪ આગમ :
૧ થી ૪૫ પૂર્વોક્ત
૪૬. કલ્પસૂત્ર
૪૭. યતિ-જિતકલ્પ
4સોમસૂરિ કૃત6
૪૮. શ્રદ્ધા-જિતકલ્પ
4ધર્મઘોષસૂરિકૃત6
૪૯. પાક્ષિક સૂત્ર
૫૦. ક્ષમાપના સૂત્ર
૫૧. વંદિત્તુ
૫૨. ઋષિભાષિત
૫૩. અજીવકલ્પ
૫૪. ગચ્છાચાર
૫૫. મરણસમાધિ
૫૬. સિદ્ધ પ્રાભૃત
૫૭. તીર્થોદ્ગાર
૫૮. આરાધના પલાકા
૫૯. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ
૬૦. જ્યોતિષ કરંડક
૬૧. અંગવિદ્યા
૬૨. તિથિ-પ્રકીર્ણક
૬૩. પિંડ વિશુદ્ધિ
૬૪. સારાવલી
૬૫. પર્યંતારાધના
૬૬. જીવવિભક્તિ
૬૭. કવચ પ્રકરણ
૬૮. યોનિ પ્રાભૃત
૬૯. અંગચૂલિયા
૭૦. બંગચૂલિયા
૭૧. વૃદ્ધચતુઃશરણ
૭૨. જમ્બૂ પયન્ના
૭૩. આવશ્યક નિર્યુક્તિ
૭૪. દશવૈકાલિક નિર્યુક્તિ
૭૫. ઉત્તરાધ્યયન નિર્યુક્તિ
૭૬. આચારાંગ નિર્યુક્તિ
૭૭. સૂત્રકૃત્રાંગ નિર્યુક્તિ
૭૮. સૂર્યપ્રજ્ઞપ્તિ
૭૯. બૃહત્કલ્પ નિર્યુક્તિ
૮૦. વ્યવહાર નિર્યુક્તિ
૮૧. દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ
૮૨. ઋષિભાષિત નિર્યુક્તિ
૮૩. સંસક્ત નિર્યુક્તિ
૮૪. વિશેષાવશ્યક ભાષ્ય.

પ્રાચીન કાળમાં સમસ્ત શ્રુતજ્ઞાન ૧૪ પૂર્વોમાં સમાઈ જતું હતું. ભગવાન મહાવીરે પોતાના ૧૧ ગણધરોને તેનો ઉપદેશ કરેલો. ધીમે ધીમે કાલદોષને લીધે આ પૂર્વ નષ્ટ થઈ ગયા. માત્ર એક ગણધર તેમને જાણનારો રહ્યો, અને છ પેઢીઓ સુધી આ જ્ઞાન ચાલુ રહ્યું.

ચૌદ પૂર્વોના નામ : ઉત્પાદ પૂર્વ, અગ્રાયણી, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, સમયપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણવાય, ક્રિયાવિશાલ અને બિન્દુસાર.

આગમ : નાન્દીસૂત્રમાં આગમોની જે યાદી આપી છે એ બધાયે આગમો હાલ ઉપલબ્ધ નથી. શ્વેતાંબર મૂર્તિપૂજ સમાજ ઉપલબ્ધ મૂળ આગમો સાથે કેટલીક નિર્યુક્તિઓને મેળવી ૪૫ આગમ માને છે અને કોઈ ૮૪ માને છે. સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરા બત્રીસને જ પ્રમાણભૂત માને છે. દિગંબર સમાજ માને છે કે બધાંય આગમો લૂપ્ત થઈ ગયાં છે. સાંપ્રત સમયમાં મળતાં આગમો ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૬ મૂળસૂત્ર, ૬ છંદસૂત્ર અને ૧૦ પ્રકીર્ણ (પઈન્ના) એમ ૪૫ વિભાગોમાં વિભક્ત છે.

જૈન આગમોની ભાષા : જૈન આગમોની મૂળ ભાષા અર્ધમાગધી છે.

આગમવાચનાઓ : શ્રમણ મહાવીરના પરિનિર્વાણ પછી આગમ-સંકલનાર્થે પાંચ વાચનાઓ થઈ:

પ્રથમ વાચના–વીર નિર્વાણની બીજી શતાબ્દી (ઈ. પૂ. ૨૫૪) પાટલિપુત્રમાં આર્ય સ્થૂલભદ્રની અધ્યક્ષતામાં થઈ.

બીજી વાચના–ઈ. પૂ. બીજી સદીના મધ્યમાં સમ્રાટ ખારવેલના શાસનકાળમાં ઉડીસાના કુમારી પર્વત પર થઈ.

તૃતીય વાચના–વીર નિર્વાણ ૮૨૭ થી ૮૪૦ ની વચ્ચે મથુરામાં થઈ..

ચતુર્થ વાચના–વીર નિર્વાણ ૮૨૭ થી ૮૪૦ વચ્ચે વલભી (સૌરાષ્ટ્ર)માં આચાર્ય નાગાર્જુનની અધ્યક્ષતામાં થઈ.

પાંચમી વાચના–ઈ. ૪૫૪-૪૫૬ માં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં વલભીમાં થઈ. એમાં આગમોને ગ્રંથસ્થ કરાયા.

□ રૂપેન્દ્રકુમાર પગારિયા

આગમ-પુરુષની પ્રતિકૃતિ

જૈનો પોતાના મૌલિક અને મહત્ત્વના ધાર્મિક ગ્રંથોને 'આગમ' કહે છે. એને પુરુષની ઉપમા અપાતાં એનો 'આગમ-પુરુષ' તરીકે નિર્દેશ થતો આવ્યો છે અને થાય છે. માનવી પુરુષને જેમ અંગો અને ઉપાંગો છે તેમ આ આગમ-પુરુષને પણ છે. આ પ્રકારની પ્રથમ કલ્પનાનું બીજ જિનદાસગણિ મહત્તરે નંદીની ચૂર્ણિ (પત્ર ૪૭માં) એક ગાથા દ્વારા રજૂ કર્યું છે. એ ગાથા આગમ-પુરુષની આ પ્રતિકૃતિમાં, એના ભામંડળના પરિઘરૂપે રજૂ કરાઈ છે. એમાં સૂચવાયા મુજબ આયારથી માંડીને દિટ્ઠિવાય સુધીનાં બાર અંગો તે આગમ-પુરુષનાં અનુક્રમે નીચે મુજબનાં બાર અંગો– અવયવો છે :

બે ચરણ, બે જંઘા, બે સાથળ, બે બાહુ, ડોક અને મસ્તક.

જમણી બાજુને ડાબી બાજુ કરતાં સામાન્ય રીતે પ્રધાન પદ અપાય છે તે દૃષ્ટિએ અહીં પણ જમણા ચરણથી, નહિ કે ડાબાથી, આયારાદિ બાર અંગોની યોજના કરાઈ છે.

દિટ્ઠિવાય એ આગમ-પુરુષનું મસ્તક હોવાથી એ બારમા અંગમાંથી ઉદ્‌ભવેલાં છેદસૂત્રો આગમ-પુરુષના ભામંડળ તરીકે આલેખાયાં છે.

આગમોના અર્થના પ્રરૂપક દેવાધિદેવ વિશ્વવિભૂતિ તીર્થંકર છે. એઓ એ પ્રરૂપણા સર્વજ્ઞ (કેવલજ્ઞાની) બન્યા બાદ કરે છે. એમના કેવલજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થતાં ત્રિપદીરૂપ કમળ વિકસિત બને છે અને એના આધારે બાર અંગો યોજાય છે. એ અંગો બાર ઉપાંગો સાથે સંકલિત હોવાનું મનાય છે. એ હિસાબ આ પ્રતિકૃતિમાં પ્રત્યેક અંગની સાથે સાથે એના ઉપાંગનો નિર્દેશ કરાયો છે. કમળની નાળનાં મૂળ તરીકે ચાર મૂલસૂત્રોને અને એ કમળની નીચે બે બાજુએ બે ચૂલિકાસૂત્રોને સ્થાન અપાયું છે.

સૂર્યનાં વિવિધ કિરણો તે પ્રકીર્ણકો છે. અહીં દસ પ્રકીર્ણકોને એ રીતે રજૂ કરાયાં છે.

આમ આ આગમ-પુરુષ ૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂલસૂત્ર, છ છેદસૂત્ર, ૧૦ પ્રકીર્ણક અને ૨ ચૂલિકાસૂત્ર એમ એકંદર ૪૬ આગમોના અધિષ્ઠાનરૂપ છે.

આગમ-પુરુષની ઊભી પ્રતિકૃતિ કાર્યોત્સર્ગ–મુદ્રાને મોટે ભાગે મળતી આવે છે, જ્યારે એની હથેલી અભય-મુદ્રાનું દ્યોતન કરે છે. આ દ્વારા, જ્ઞાનાવરણીય કર્મની નાગચૂડમાં અનાદિ કાળથી સપડાયેલા જીવો પૈકી જેઓ આગમોની સાચી અને સંપૂર્ણ આરાધના કરે તેમને એ અભય અર્પે છે એ ભાવ વ્યક્ત કરાયો છે.

સૌજન્ય : પ્રો.હીરાલાલ રસિકલાલ કાપડિયા કૃત 'પિસ્તાલીસ આગમો સંક્ષિપ્ત રૂપરેખા)' * * *

૪૫ આગમ પરિચય

***૧ થી ૧૧ અંગ * ૧૨ થી ૨૩ ઉપાંગ * ૨૪ થી ૩૩ પયન્ના * ૩૪ થી ૩૯ છેદ સૂત્ર * ૪૦ થી ૪૩ મૂળસૂત્ર *૪૪-૪૫ ચૂલિકા**

ક્રમ	૧ પ્રાકૃત નામ	૨ સંસ્કૃત નામ	૩ શૈલિ	૪ વિષય
૦૧	આયારંગ	આચારંગ	ગદ્ય	સંયમી જીવનના આચાર-વિચાર
૦૨	સુયગડાંગ	સૂત્રકૃત્રાંગ	પદ્ય	અહિંસાનું મંડન, ક્રિયાવાદી-અક્રિયાવાદીનું ખંડન
૦૩	ઠાણાંગ	સ્થાનાંગ	ગદ્ય	જૈન દર્શનના મુખ્યતત્ત્વોનું નિરૂપણ
૦૪	સમવાયાંગ	સમવાયાંગ	ગદ્ય	દ્વાદશાંગી, ૬૩ શલાકા પુરુષનો પરિચય
૦૫	વિવાહપણ્ણત્તી	ભગવતી	ગદ્ય	શ્રી ગૌતમસ્વામીજીના ૩૬ હજાર પ્રશ્નો
૦૬	નામ ધમ્મ કહા	જ્ઞાતા ધર્મકથા	ગદ્ય	કથાત્મક ઉપદેશ
૦૭	ઉવાસંગ દશા	ઉપાસક દશા	કથાત્મક	૧૦ આદર્શ શ્રાવકોના ચરિત્રો
૦૮	અંતગડ	અંતકૃદ દશાંગ	ગદ્ય	તદ્‌ભવ મોક્ષગામી જીવોનો પરિચય
૦૯	અણુત્તરો વવાઈ	અનુત્તરો પપાતિક	ગદ્ય	અનુત્તરવાસી દેવોનું વર્ણન
૧૦	પણ્હ વાગરણ	પ્રશ્ન વ્યાકરણ	ગદ્ય	વિધિમાર્ગ-અપવાદ માર્ગનું નિરૂપણ
૧૧	વિવાગ સુય	વિપાક સૂત્ર	ગદ્ય	કથાનક-સુખ-દુઃખ વિપાકોનો અધિકાર
૧૨	ઉવવાય	ઔપપાતિક	ગદ્ય-પદ્ય	રાજા શ્રેણિક દ્વારા દેવલોક પ્રાપ્તિનો ઇતિહાસ
૧૩	રાયપસેણિય	રાજ પ્રશ્નીય	ગદ્ય	પ્રાચીન નાટ્યકલા અને સૂર્યાભદેવની ઉત્પત્તિ
૧૪	જીવાભિગમ	જીવાભિગમ	ગદ્ય	પ્રાણી-વનસ્પતિશાસ્ત્રનું સૂક્ષ્મ વર્ણન
૧૫	પણ્ણવણા	પ્રજ્ઞાપતા	પ્રશ્ન-ઉત્તર	જીવના સ્વરૂપ, ગુણનું શબ્દ ચિત્ર
૧૬	જંબુદ્વીવ પણ્ણત્તિ	જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ	ગદ્ય	જંબુદ્વિપ સંબંધી માર્ગદર્શન
૧૭	ચંદ પણ્ણત્તિ	ચંદ્ર પ્રજ્ઞપ્તિ	ગદ્ય	ખગોળ શાસ્ત્રની દૃષ્ટિએ ચંદ્ર-નક્ષત્રના ભ્રમણનું ગણિત (રેખાદર્શન)
૧૮	સૂર પણ્ણતિ	સૂર્ય પ્રજ્ઞપ્તિ	વર્ણનાત્મક	સૂર્ય-ગ્રહ નક્ષત્રાદિની ગતિનું સૂક્ષ્મ વર્ણન
૧૯	નિરયા-વલિયા	નિરયા વલિકા	ગદ્ય	નરકગામી ૧૦ રાજકુમાર અને યુદ્ધભૂમિ
૨૦	કપ્પડવડિસિયા	કલ્પ વસંતિકા	કથાત્મક	સંયમી રાજકુમારો અને દેવલોક
૨૧	પુપ્ફિયા	પુષ્પિતા	ગદ્ય	સ્વચ્છંદી સંયમી જીવનનું પરિણામ અને ૧૦ દેવીઓ
૨૨	પુષ્પચૂલિયા	પુષ્પચૂલિકા	ગદ્ય	ઈન્દ્ર દ્વારા ઉત્કૃષ્ટ નાટ્ય અને તેના પૂર્વ ભવનું જીવન
૨૩	વણ્હિ દસા	વૃષ્ણિ દશા	ગદ્ય	સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જીવોની ઉત્પત્તિ
૨૪	દેવિંદવય	દેવેન્દ્રસ્તવ	ગદ્ય	સિદ્ધોના સુખ-ઈન્દ્ર-ગ્રહ-નક્ષત્રાદિ વિચાર
૨૫	તંદુલ વૈયાલિક	તંદુલ વૈચારિક	પદ્ય	જીવોની ૧૦ અવસ્થા તથા વૈરાગ્ય વિચાર
૨૬	ગણિવિજ્જા	ગણિવિદ્યા	પદ્ય	જ્યોતિષ અને નિમિત્ત શાસ્ત્ર
૨૭	આઉર પચ્ચક્ખાણ	આતુર પ્રત્યાખ્યાન	પદ્ય	હિતશિક્ષા અને મરણ સમાધિ
૨૮	મહા પચ્ચક્ખાણ	મહા પ્રત્યાખ્યાન	પદ્ય	પંડિત મરણ, પાંચ મહાવ્રતોનું શુદ્ધિકરણ
૨૯	ગચ્છાયાર	ગચ્છાચાર	પદ્ય	ગચ્છાચાર દ્વારા થનારા લાભો
૩૦	ભત્ત પરિણ્ણા	ભક્ત પરિજ્ઞા	પદ્ય	અનશન સ્વીકાર, અંતિમ આરાધના
૩૧	મરણ સમાહિ	મરણ સમાધિ	પદ્ય	અંત સમયના સમાધિ ભાવો
૩૨	સંથારગ	સંસ્તારક	પદ્ય	દૃષ્ટાંત સહિત સંથારનો મહિમા
૩૩	ચઉસરણ	ચતુઃશરણ	પદ્ય	ચાર શરણનું સ્વરૂપ
૩૪	દશા સુયક્ખંધ	દશા શ્રુતસ્કંધ	ગદ્ય	દેવ-ગુરુ સંબંધિ કલ્પ આચાર
૩૫	બૃહત્કલ્પ	બૃહત્કલ્પ	ગદ્ય	સં.મી જીવન અને આચાર
૩૬	વ્યવહારકલ્પ	વ્યવહાર કલ્પ	ગદ્ય	પદની યોગ્યતા, શિક્ષા વિચાર
૩૭	જીયકલ્પ	જીતકલ્પ	ગદ્ય	પ્રાયશ્ચિતના ૧૦ પ્રકાર તથા આલોચના વિચાર
૩૮	નિસીહચ્છેદ	નિસીથચ્છેદ	ગદ્ય	જ્ઞાનાદિ પાંચ આચારોને દોષોનો નિર્દેશ
૩૯	મહાનિસીહ	મહાનિશીથ	ગદ્ય	દુષ્કૃત્યની નિંદા, આલોચના, શુદ્ધિકરણ
૪૦	આવસ્સય	આવશ્યક	ગદ્ય	શ્રાવકના છ કર્તવ્યોનો મૌલિક વિચાર
૪૧	ઉત્તરજઝયણ	ઉત્તરાધ્યયન	પદ્ય	વિનય-પ્રધાન ધર્મની વાતો, સંવાદાત્મક, ઉપદેશ
૪૨	દસવૈયાલિક	દશવૈકાલિક	ગદ્યપદ્ય	મનકમુનિને ઉદ્દેશી શ્રમણ આચારોનું પ્રતિદાન
૪૩	પીંડ નિજ્જત્તિ	પિણ્ડનિયુક્તિ	ગદ્ય	સંયમીઓના કલ્પ્ય-અકલ્પ્ય એવા આહારની ચર્ચા
૪૪	નંદીસૂય	નંદીસૂત્ર	ગદ્ય	પાંચજ્ઞાન, દ્વાદશાંગીનો પરિચય
૪૫	અણુયોગદાર	અનુયોગદ્વાર	પ્રશ્નોત્તર	ચાર અનુયોગ, વ્યાકરણ, કાવ્ય, સંગીતનો પરિચય

આગમો-ચાર અનુયોગમાં લખાયા છે :

૧. ગણિતાનુયોગ.

૨. ચરણકરણાનુયોગ.


૩. કથાનુયોગ.

૪. દ્રવ્યાનુયોગ.

જેમાં સૂત્રના શબ્દોને છુટા પાડી, સૂત્રના અર્થને યથાર્થ રીતે વિસ્તારથી યુક્તિપૂર્વક યોજન કરી બતાવવામાં આવે, તેવા પ્રકારની રચનાને નિર્યુક્તિ કહેવાય. નિર્યુક્તિના રચયિતા ચૌદપૂર્વધર ભગવાન ભદ્રબાહુસ્વામી છે. તે **નિર્યુક્તિના રહસ્યો** જરા વિસ્તારથી સમજાવે તેવા **ભાષ્યની** રચના કરી, એ ભાષ્યના અર્થને પણ સરળ કરીને સમજાવે તેવી **ચૂર્ણિની** રચના કરી અને જેમાં **સૂત્રના રહસ્યોને** અત્યંત સરળતાપૂર્વક અને સહેલાઈથી સમજાવી શકાય તે માટે **વૃત્તિ** એટલે **ટીકાઓનું સર્જન** કર્યું. ભગવાન ઉમાસ્વાતિ મહારાજા વગેરે ભાષ્યકાર કહેવાય. ચૂર્ણિના રચયિતા જિનદાસ મહત્તર કહેવાય અને વૃત્તિકાર-ટીકાકાર તરીકે ભગવાન હરિભદ્રસૂરિજી, શીલાંકાચાર્ય, અભયદેવ સૂરિ, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા વગેરે ગણાવી શકાય.

* * *




ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવે;
સમય પુરુષના અંગ કહ્યા એ, જે છેદે તે દુર્ભવ્ય રે... ૪૨
ચાર છેદ
નિશીથ
બૃહત્કલ્પ
દશાશ્રુત સ્કંધ
વ્યવહાર સૂત્ર
આચારાંગ
ઉવવાઈ
સૂયગડાંગ
રાયપસેણીય
ઠાણાંગ
જીવાભિગમ
સમવાયાંગ
પ્રજ્ઞાપના
ભગવતી
જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ
જ્ઞતા ધર્મકથા
ચંદ્રપ્રજ્ઞપ્તિ
દૃષ્ટિવાદ
વલ્નિદશા
વિપાક
પુપ્ફચુલિયા
પ્રશ્ન વ્યાકરણ
પુપ્ફિયા
અનુત્તરોવાઈ
કપ્પવડંસિયા
અંતગડ દશાંગ
નિરયાવલિકા
ઉપાસક દશાંગ
સૂર્યપ્રજ્ઞપ્તિ
આગમ પુરુષ
દશવૈકાલિક
ઉત્તરાધ્યયન
નંદી સૂત્ર
અનુયોગદ્વાર
આવશ્યક સૂત્ર
સૂત્ર


બ્રાહ્મી અને જૈન નાગરી લિપીમાં

નવકાર મંત્ર



સંયોજક: મુનિશ્રી શુભંકરવિજય

શ્રી દેશાઈપોળ જૈન પેઢી. સુરત



આત્મા, પરલોક, સ્વર્ગ, નરક વગેરે છે કે નહિ તે અંગે ચર્ચા કરવા, સમાધાન મેળવવા આવેલા ૧૧ વિદ્વાન બ્રાહ્મણો
Eleven learned Brahmins' arrival ti discuss about soul, he other world, heaven, hell with Bhagwan.



ચૌદરાજલોક વિશ્વના અંતે આવેલા મુક્તિસ્થાનમાં જતાં પહેલાં ભગવાને વિશ્વકલ્યાણાર્થે ૧૬ પ્રહર (૪૮ કલાક) સુધી કરેલું પ્રવચન

Bhagwan Mahavira's last sermon at Pavapuri lasting for fortyeight hours for universal welfare.

શ્રી આચારાંગ સૂત્ર

□ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

૧

(૧) નામ અને મહત્તા :

પ્રસ્તુત આગમ દ્વાદશાંગીનું સૌથી પ્રાચીન અને સૌથી મહત્ત્વનું સૂત્ર છે. એનું નામ છે-આયારો–આચારાંગ. એમાં બધાં જ અંગોનો સાર છે. મુનિ-જીવનના આચાર આદિ માટે આ આધારભૂત સૂત્ર છે. એટલે નવદીક્ષિત મુનિને સર્વ પ્રથમ આનું અધ્યયન કરાવવામાં આવે છે. આ સૂત્ર ચરણકરણાનુયોગની કોટિમાં આવે છે, કારણ કે એમાં ચરણ-કરણ અથવા આચારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આચારાંગ-નિર્યુક્તિની સાતમી ગાથામાં આના 'આયાર', 'આચાલ' આદિ દસ પર્યાયવાચી નામો બતાવવામાં આવ્યાં છે.

(૨) આચારાંગની ભાષા, રચના-શૈલી ને પદ-સંખ્યા :

આચારાંગની ભાષા અર્ધમાગધી છે જે બધાં જૈનાગમોમાં સૌથી પ્રાચીન છે. પૂર્વાર્ધમાં અર્ધમાગધીના નામ, ક્રિયાપદ, સર્વનામના જૂના રૂપો ઉત્તરાર્ધ કરતાં વધુ મળી આવે છે. આની રચના સૂત્રાત્મક શૈલીમાં છે. એના આઠમા અધ્યયનના સાતમા ઉદ્દેશક સુધીની રચના 'ચીર્ણશૈલી'માં (અર્થ-બહુલ અનેગંભીર) છે અને આઠમા ઉદ્દેશકથી નવમા અધ્યયન સુધીની રચના પદ્યાત્મક છે. આચારચૂલાના પંદર અધ્યયન મુખ્યતયા ગદ્યાત્મક છે, જ્યારે સોળમું અધ્યયન પદ્યાત્મક છે.

નિર્યુક્તિકાર અને નંદી સૂત્ર અનુસાર આચારાંગના બે **શ્રુતસ્કંધો** બતાવવામાં આવ્યા છે, જેની સંખ્યા ૧૮,૦૦૦ પદોની છે. પરંતુ હાલ ઉપલબ્ધ આગમમાં એની સંખ્યા ઓછી થઈ ગઈ છે કારણકે એના સપ્તમ અધ્યયન 'મહાપરિજ્ઞા'નો વિચ્છેદ થઈ ગયો છે.

(૩) આચારાંગના વ્યાખ્યાગ્રંથો :

૧. સૌથી પ્રાચીન વ્યાખ્યાગ્રંથ છે દ્વિતીય ભદ્રબાહુ રચિત **નિર્યુક્તિ,** જેનો રચનાકાળ છે વિક્રમની છઠ્ઠી શતાબ્દી. પદ્યમય રચાયેલી નિર્યુક્તિનું શબ્દ-શરીર સંક્ષિપ્ત છે પણ દિશાસૂચન અને ઐતિહાસિક દૃષ્ટિએ એ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ત્યાર પછીના બધાં જ વ્યાખ્યાગ્રંથોનો એ આધાર છે.

૨. જિનદાસ મહત્તરકૃત **ચૂર્ણિ** આનો બીજો વ્યાખ્યાગ્રંથ છે. એ ગદ્યમય છે.

૩. આનો ત્રીજો વ્યાખ્યાગ્રંથ છે શ્રી શીલાંગસૂરિની **ટીકા** જે ઉપલબ્ધ ગ્રંથોમાં સૌથી વિસ્તૃત છે.

ઉપર્યુક્ત ત્રણ મુખ્ય વ્યાખ્યાગ્રંથો ઉપરાંત નીચેના ગ્રંથો ઉલ્લેખનીય છે.

૪. અચલગચ્છના મેરુતુંગસૂરિના શિષ્ય માણિક્ય-શેખરસૂરિ કૃત **દીપિકા.**

૫. ખરતરગચ્છના જિનસમુદ્રસૂરિના પટ્ટધર જિનહંસસૂરિકૃત **દીપિકા.**

૬. હર્ષકલોલના શિષ્ય લક્ષ્મીકલ્લોકૃત અવચૂર્ણિ.

૭ પાર્શ્વચંદ્રસૂરિકૃત બાલાવબોધ

૮. શ્રીમદ્ જયાચાર્ય (૧૯મી સદી)કૃત રાજસ્થાની ભાષામાં પ્રથમ શ્રુતસ્કંધનો પદ્યમય વ્યાખ્યાગ્રંથ તથા એમના દ્વારા રચિત આચારચૂલા પર **વાર્તિક** જેમાં ચર્ચાસ્પદ વિષયો પર મહત્ત્વપૂર્ણ સ્પષ્ટીકરણ છે.

૯. શ્રી સંતબાલજીકૃત ગુજરાતી અનુવાદ

૧૦.આચાર્ય મહાપ્રજ્ઞ કૃત આચારાંગ-ભાષ્ય મૂળ હિંદીમાં અને એનો અંગ્રેજી અનુવાદ પણ પ્રકાશિત થયો છે.

(૪) આચારાંગના અધ્યયનોનો સાર :

(I) પ્રથમ શ્રુતસ્કંધના ૯ અધ્યયનો છે-

૧. શસ્ત્રપરિજ્ઞા-(ઉદ્દેશક સાત–સૂત્ર સંખ્યા ૧૭૭). આમાં મુખ્ય જીવ-સંયમ અને હિંસાના વિવેક પર ચર્ચા છે. એના ચાર અર્થાધિકારો છે-જીવ (આત્મા), ષટ્જીવનિકાય-પ્રરૂપણા, બંધ અને વિરતિ. આચારશાસ્ત્રીય દૃષ્ટિકોણ રજૂ કરતાં આ અધ્યયનમાં આચાર એટલે કે પરિજ્ઞા, વિરતિ અથવા સંયમની ચર્ચા છે. જૈનદર્શનનો પાયો જ અહિંસા છે. એ સમજવા ષડ્જીવનિકાયના સૂક્ષ્મ નિરૂપણ દ્વારા છકાય જીવોની હિંસા-વિરતિ માટે આ અધ્યયન મહત્ત્વનું છે.

(૨) **લોક વિજય અથવા લોક વિચય**-(ઉદ્દેશક છ–સૂત્ર સંખ્યા ૧૮૬).

આમાં અપરિગ્રહ અને લોકવિજયની ચર્ચા છે. જૈન ધર્મમાં આરંભ (હિંસા) અને પરિગ્રહ (મમત્વ)ને કર્મબંધના મૂળ કારણ માનવામાં આવે છે. ચૂર્ણિકારે 'લોક'નો અર્થ 'કષાયલોક' કર્યો છે. નિર્યુક્તિકાર અનુસાર આમાં નીચેના વિષયો આવરી લેવાયા છે.

(૧) સ્વજનોમાં અને ભોગોમાં આસક્તિત્યાગ (૨) અશરણ ભાવના અને અપ્રમાદ (૩) અરતિથી નિવૃત્તિ (૪) સમતા, માનત્યાગ અને ગોત્રવાદની નિરર્થકતા (૫) પરિગ્રહ અને એના દોષો (૬) ભિક્ષામીમાંસા અને આહારની અનાસક્તિ (૭) કામ-મુક્તિ અને કામ-ચિકિત્સા (૮) સંયમની સુદૃઢતા અને (૯) ધર્મકથા.

(૩) **શીતોષ્ણીય**-(ઉદ્દેશક ચાર-સૂત્ર સંખ્યા ૮૭).

આમાં ત્યાગમાર્ગની આવશ્યકતા અને ત્યાગના ફળની ચર્ચા છે. સંયમજીવનમાં આવતાં અનુકૂળ પરિષહો (શીત) અને પ્રતિકૂળ પરીષહો (ઉષ્ણ) – એમ બાવીસ પરિષહોમાં સમતાનો તથા સુખદુઃખમાં તિતિક્ષા-સહિષ્ણુતાનો ઉપદેશ છે. આમાં ક્રમશઃ

સુપ્ત અને જાગૃત, પરમ-બોધ, પુરુષની અનેકચિત્તતા, સંયમાચરણ, અધ્યાત્મ અને કષાય-વિરતિના સૂત્રો છે.

(૪) સમ્યક્‌ત્વ-(ઉદ્દેશક ચાર-સૂત્ર સંખ્યા ૫૩).

આમાં અહિંસા, ધર્મ અને તપનું વિવરણ છે. બધાં અધ્યયનોમાં આનું સ્થાન ગૌરવપૂર્ણ છે કારણકે સમ્યક્‌ત્વથી જ કષાયોનું વમન થાય છે અને એ જ ધર્મ છે. આના ચાર ઉદ્દેશકો છે–સમ્યગ્‌વાદ, ધર્મ-પ્રવાદિયોની પરીક્ષા, નિર્વદ્ય તપનું વર્ણન અને નિયમન અથવા સંયમનું કથન.

(૫) લોકસાર-(ઉદ્દેશક છ-સૂત્ર સંખ્યા ૧૪૦).

આદાનપદ અનુસાર આનું ખરું નામ 'આવંતી' છે. એના છ ઉદ્દેશકના વિષયો છે–

૧. જે હિંસક છે, વિષયો માટે આરંભ કરવાવાળો છે તથા એકલો વિચરે છે તે મુનિ નથી હોતો. (ચારિત્ર પ્રતિપાદન).
૨. મુનિ વિરત હોય છે (ચારિત્ર ખીલવવાના ઉપાયો).
૩. જે વિરત હોય તે જ અપરિગ્રહ અને કામ ભોગોથી ઉદાસીન હોય છે. (વસ્તુ-વિવેક-અનાસક્તિની વ્યવહારુ મીમાંસા),
૪. અવ્યક્ત મુનિ (સૂત્ર અને અર્થથી અજ્ઞાત)ના સાધનાકાળમાં ઉત્પન્ન થતાં દોષોનું વર્ણન. સ્વચ્છંદતાથી સાધકનું ઘોર પતન થાય છે.
૫. જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પરિપૂર્ણ મુનિમાં તપ, સંયમ, ગુપ્તિ અને નિઃસંગતા હોય છે.
૬. ઉન્માર્ગ છોડી રાગ-દ્વેષનો ત્યાગ કરી સત્પુરુષની આજ્ઞામાં ચાલવું જોઈએ.

(૬) ધૂત-(ઉદ્દેશક પાંચ-સૂત્ર સંખ્યા ૧૧૩).

નિર્જરાના હેતુને 'ધૂત' કહેવામાં આવે છે. ધૂતવાદ એ કર્મનિર્જરાનો સિદ્ધાંત છે. શરીર, ઉપકરણો અને સ્વજનો–આ બધાં 'પર' છે; આ બધાં પરથી મમત્વનો ત્યાગ કરવાથી જ ધૂતસાધના થાય છે. જેની આત્મપ્રજ્ઞા જાગૃત છે તેજ આની સાધના કરી શકે છે. આના પાંચ ઉદ્દેશકોના વિષયો છે-૧. પૂર્વગ્રહો છોડી સ્વજનો પ્રત્યેના મમત્વ ભાવમાં પ્રકંપન, ૨. કર્મધૂત–કર્મ-પુદ્‌ગલોમાં પ્રકંપન, ૩. શરીર-ઉપકરણ ધૂત, ૪. ગૌરવ-ધૂત અને ૫. ઉપસર્ગ ધૂત.

(૭) મહાપરિજ્ઞા-કમનસીબે આ અધ્યયન આજે ઉપલબ્ધ નથી. એમાં મહાન પરિજ્ઞાઓ–મહાન વિદ્યાઓ બધાં સાધકોને જાણવા યોગ્ય ન હોવાથી પૂર્વાચાર્યોએ એના પર પ્રતિબંધ લગાવ્યો હોય એમ લાગે છે.

(૮) વિમોક્ષ-(ઉદ્દેશક આઠ-સૂત્ર સંખ્યા ૧૩૦, ગાથા ૨૫)

આમાં સંબંધ આદિના અને શરીરના વિમોક્ષ (વિસર્જન)ની વિધિ બતાવવામાં આવી છે. એના આઠ ઉદ્દેશકોના વિષયો છે-(૧) અસમનોજ્ઞ–અન્ય તીર્થિકોનો પરિત્યાગ, ૨. અકલ્પનીય આહાર આદિનો ત્યાગ, ૩. આશંકાનો ત્યાગ, ૪. ઉપકરણ અને શરીરનો વિમોક્ષ તથા અનુજ્ઞાન મરણવિધિનો નિર્દેશ, ૫. ગ્લાનિ અને ભક્તપરિજ્ઞા અનશન, ૬. એકત્વ અને ઇંગિત મરણ અનશન, ૭. પ્રતિમાઓ અને પાયોપગમન અનશન અને ૮. સંલેખનાપૂર્વકની અનશનવિધિ.

(૯) ઉપધાન શ્રુત-(ચાર ઉદ્દેશક – ૭૦ ગાથા)

આમાં ભગવાન મહાવીરની સાધનાકાળની તપશ્ચર્યા (ઉપધાન)નું તથા એમના આચરણનું વર્ણન છે. એના ચાર ઉદ્દેશકોના વિષયો છે-૧. ચર્યા (વિહાર), ૨. શય્યા (વિહાર સ્થાનો), ૩. પરીષહ (સહિષ્ણુતા) અને ઊણોદરી આદિ તપ. સંક્ષેપમાં આમાં ભગવાનની સમાધિ, દુઃખની સહનશીલતા અને સહિષ્ણુતાનું વર્ણન છે.

(II) દ્વિતીય શ્રુતસ્કંધ-આચારચૂલા

આમાં ૧૬ અધ્યયનો છે–પિંડેષણા, શય્યેષણા ઈર્યા, ભાષાજાત, વસ્ત્રેષણા, પાત્રૈષણા, અવગાહ પ્રતિમા, સ્થાન સપ્તક, નિષીધિકા સપ્તક, ઉચ્ચર પ્રસવણ સપ્તક, શબ્દ અને રૂપ સપ્તક, પરક્રિયા–અન્યોન્ય ક્રિયા, ભાવના (આમાં ભગવાનનું જીવન-ચરિત્ર અને ઉપદેશનું પ્રતિપાદન છે) અને વિમુક્તિ–બંધન-મુક્તિના ઉપાયો.

(૫) આચારાંગના સુભાષિતો-અગત્યનાં ૨ સૂત્રો

(૧) અટ્ટે લોએ–મનુષ્ય પીડિત છે.
(૨) પણયા વીરા મહાવીહિ–વીર પુરુષ મહાપથ પ્રતિ પ્રણત હોય છે.
(૩) ખણં જાણાહિ પંડિએ–પંડિત! તું ક્ષણને જાણ (સમયની કિંમત આંકો)
(૪) દુક્ખં પત્તેયં સાયં–સુખ-દુઃખ પોતપોતાના હોય છે.
(૫) ણો હવ્વાએ, ણો પરાએ-(વિષયાસક્ત) વ્યક્તિ ન અહિંની રહે છે કે ન ત્યાંની.
(૬) ણત્થિ કાલસ્સ ણા ગમો–મૃત્યુ કોઈ પણ ક્ષણે આવી શકે છે.
(૭) સવ્વેસિં જીવિયં પિયં–બધાંને જીવન પ્રિય છે.
(૮) ઉદ્દેસો પાસગસ્સ ણત્થિ-દૃષ્ટા (સમ્યક્‌ દૃષ્ટિવાન) માટે કોઈ ઉપદેશ નથી હોતો.
(૯) અણણાહા ણં પાસએ પરિહરેજ્જા–જે તત્ત્વદર્શી હોય તે વસ્તુઓનો ભોગ-ઉપભોગ અન્ય રીતે કરે.
(૧૦) પુરિસા! તુમ મેવ તુમં મિત્તં, કિં બહિયા મિત્ત મિચ્છસિ–હે પુરુષ, તુંજ તારો મિત્ર છે, તો પછી બહાર મિત્રને શા માટે શોધે છે?
(૧૧) પુરિસા! અત્તાણમેવ અભિણિગ્ગિજ્ઝ, એવં દુઃખાપ મોક્ખસિઃ–હે પુરુષ તું તારા જ આત્માનો નિગ્રહ (સંયમ) કર. આમ કરવાથી તું દુઃખથી મુક્ત થઈ જશે.
(૧૨) જે એગ્ગં જાણઈ સે સવ્વં જાણઈ, જે સવ્વં જાણઈ સે એગ્ગં જાણઈ.જે એકને જાણે છે તે બધાંને જાણે છે, જે બધાંને જાણે છે તે એકને જાણે છે.
(૧૩) સવ્વતો પમત્તસ્સ ભયં, સવ્વતો અપમત્તસ્સ ણત્થિ ભયં–પ્રમાદીને ચારે બાજુથી ભય હોય છે; અપ્રમાદીને કોઈ જાતનો ભય નથી હોતો.

* * *

શ્રી સૂયગડાંગ સૂત્ર

૨

□ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

(૧) **નામબોધ અને વિષયવસ્તુ :**

દ્વાદશાંગીમાં બીજું આગમ છે–'સૂયગડો'–સૂયગડાંગ સૂત્ર. નિર્યુક્તિકારે આના ત્રણ ગુણનિષ્પન્ન નામો બતાવ્યાં છે–૧. સૂતગડ=સૂતકૃત, ૨. સૂત્તકડ=સૂત્રકૃત અને ૩. સૂયગડ=સૂચાકૃત. સમવાયાંગ, નંદી અને અનુયોગદ્વારમાં આનું નામ 'સૂયગડો'–સુયગડાંગ છે.

આના બે શ્રુતસ્કંધો છે. પ્રથમમાં સોળ અને દ્વિતીયમાં સાત ઉદ્દેશકો (અધ્યયનો) છે. સમવાયાંગમાં એનું પદપ્રમાણ છત્રીસ હજાર બતાવવામાં આવ્યું છે. આ મુખ્યતયા 'ચરણકરણાનુયોગ'ની શ્રેણીમાં છે કારણકે એ આચારશાસ્ત્ર છે. પણ શીલાંકસૂરિએ એને દ્રવ્યાનુયોગની કોટિમાં મુક્યું છે. કારણ એમાં જૈનદર્શનના તત્ત્વનું અને અન્ય તીર્થિકોના સિદ્ધાંતોનું વિવરણ છે.

(૨) **રચનાકાર, રચનાકાળ, ભાષા અને શૈલી :**

આના પ્રથમ શ્રુતસ્કંધની રચના ઈ. સ. પૂર્વે પાંચમી–છઠ્ઠી શતાબ્દીમાં શ્રી સુધર્માસ્વામીએ કરી હતી. દ્વિતીય શ્રુતસ્કંધ વિષે કોઈ આધારભૂત માહિતી મળતી નથી. પ્રથમ શ્રુતસ્કંધ પદ્યશૈલીમાં છે, જ્યારે દ્વિતીયનો મોટો ભાગ ગદ્યશૈલીમાં લખાયેલો છે. આ આગામમાં રૂપક અને દૃષ્ટાંતોનો સુંદર પ્રયોગ જોવા મળે છે.

આની ભાષા પ્રાચીન અર્ધમાગધી અને અનેકદેશીય છે. એમાં માગધી ભાષાના વિશેષ પ્રયોગો જોવા મળે છે.

(૩) **સૂયગડાંગના વ્યાખ્યાગ્રંથો :**

(૧) નિર્યુક્તિ : દ્વિતીય ભદ્રબાહુ સ્વામી (વિક્રમની પાંચમી–છઠ્ઠી શતાબ્દી)એ ૨૦૬ ગાથાઓમાં રચેલો આ સૌથી પ્રાચીન વ્યાખ્યા-ગ્રંથ છે, જે બીજા બધાં વ્યાખ્યાગ્રંથો માટે આધારભૂત છે. પ્રાકૃત ભાષામાં અને પદ્યાત્મક શૈલીમાં રચાયેલા આ ગ્રંથમાં અનેક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સૂચનાઓ અને સંકેતો છે.

(૨) ચૂર્ણિ : જિનદાસગણિકૃત પ્રાકૃત–સંસ્કૃતના મિશ્રિતરૂપ ભાષામાં રચાયેલી અને ગદ્યાત્મક શૈલીમાં રચાયેલી ચૂર્ણિ આગમના આશયને પ્રગટ કરે છે.

(૩) વૃત્તિ : શીલાંકસૂરિકૃત વૃત્તિ ઈસુની આઠમી સદીમાં સંસ્કૃત ભાષામાં રચાયેલી છે.

(૪) દીપિકા : ઉપાધ્યાય સાધુરંગે સંસ્કૃત ભાષામાં ઈ. સ. ૧૫૪૨માં આની રચના કરી હતી.

(૫) વિવરણ : હર્ષકુલે ઈ. સ. ૧૮૨૬માં સંસ્કૃત ભાષામાં આની રચના કરી હતી.

(૬) સ્તબક : ગુજરાતી ભાષામાં પાર્શ્વચંદ્રસૂરિએ આની રચના કરી હતી.

(૭) વિસ્તૃત વિવેચન અને ટીકા–આચાર્ય તુલસીના વાચના–પ્રમુખત્વમાં આચાર્ય મહાપ્રજ્ઞે ૧૯૮૪માં પ્રસ્તુત આગમનો આદ્યોપાંત હિંદી અનુવાદ કરી પ્રત્યેક અધ્યયનની ભૂમિકા અને વિસ્તૃત ટિપ્પણો સહિત વિવેચન કર્યું છે. ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ આનો ગુજરાતી અનુવાદ કર્યો છે.

(૪) **આગમ વિષય-સાર : પ્રથમ શ્રુતસ્કંધ**

પ્રથમ સ્કંધના સોળ અધ્યયનો છે-

(૧) સમય (સૂત્ર ૮૮). સમય એટલે દાર્શનિક સિદ્ધાંત. સ્વ સમય એટલે જૈન-દર્શનના અને પર સમય એટલે જૈનેતર દર્શનના સિદ્ધાંતોનું પ્રતિપાદન આમાં છે. જૈન સિદ્ધાંતોમાં બોધિ (સમ્યક્ત્વ)નું મહત્ત્વ, કર્મબંધનનાં મુખ્ય કારણો, બંધનમુક્તિના માર્ગો, આદિનું પ્રતિપાદન છે. પછી પંચમહાભૂતવાદ આદિ દસ વાદોની ચર્ચા કરી એકાંતવાદી દર્શનોની નિસ્સારતા બતાવી છે. જૈનદર્શનનો આત્મપ્રવાદ, લોકસ્વરૂપ અને અહિંસાની ચર્ચા કરી છે.

(૨) વૈતાલીય (વૈતાલિક) (સૂત્ર સંખ્યા–૭૬)

આ અધ્યયનની રચના 'વૈતાલીય' છંદમાં કરવામાં આવી છે. આના પ્રારંભમાં ભગવાન ઋષભદેવ તેમના અઠ્ઠાણુ પુત્રોને ઉપદેશ આપતાં કહે છે કે પ્રાણીની ભોગ ભોગવવાની ઈચ્છા અનંત છે જે ક્યારેય પણ પદાર્થના ઉપભોગથી શાંત કરી શકાતી નથી. એ માટે આ અધ્યયન દ્વારા વૈરાગ્યને વધારવા માટે અને સંબોધિને પ્રાપ્ત કરી સમાધિમય બનાવવા માટેના સુંદર ઉપાયો દર્શાવે છે.

(૩) **ઉપસર્ગ-પરિજ્ઞા** (સૂત્ર સંખ્યા–૮૨)

આમાં સંયમ-માર્ગમાં આવતાં અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો-પરીષહો-ઉપદ્રવોનું જ્ઞાન કરી, એના પર વિજય મેળવી, સમતા રાખવાની ચર્ચા છે. આમાં ચાર ઉદ્દેશક અને ૮૨ શ્લોક છે. પ્રથમમાં ઠંડી, ગરમી, યાચના, વધ, આક્રોશ, સ્પર્શ, લોચ, બ્રહ્મચર્ય, વધ-બંધન આદિ પ્રતિલોમ (પ્રતિકૂળ) ઉપસર્ગોનું નિરૂપણ છે. બીજામાં સૂક્ષ્મ પ્રકારના અનુકૂળ ઉપસર્ગો–સંગ, વિઘ્ન અને વિક્ષેપ–દ્વારા થતી માનસિક વિકૃતિનું વર્ણન છે. ત્રીજામાં અધ્યાત્મમાં થવાવાળા વિશાદનું કારણ-નિવારણ છે અને ચોથામાં કુતીર્થિકોના કુતર્કોથી માર્ગ ભૂલેલા લોકોની યથાર્થ અવસ્થાનું નિરૂપણ છે.

(૪) **સ્ત્રી-પરિજ્ઞા**-(સૂત્ર-સંખ્યા ૫૬) આમાં સ્ત્રી દ્વારા ઉત્પન્ન અનુકૂળ પરીષહોથી થતા વિષમ પરિણામનું સુંદર વર્ણન છે. સ્ત્રી-

સંગ (પરિચય) કરવાથી મુનિ સ્ત્રીને વશ થઈ જાય છે પછી એ અનેક વિડંબનાઓમાં ફસાઈ જઈ સંયમ-માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે. કામવાસનાથી વિરક્ત થવાની આમાંથી પ્રેરણા મળે છે.

(૫) **નરક-વિભક્તિ** (સૂત્ર સંખ્યા ૫૨) આમાં નરક-ઉત્પત્તિના કારણો, નરકનું સ્વરૂપ, એની વેદનાઓ, સાત નારકીના નામો તથા એનું વર્ણન, આદિનો તાદૃશ ચિતાર આપવામાં આવ્યો છે. પ્રથમ ત્રણ નરકોમાં જીવો ત્રણ પ્રકારની વેદના ભોગવે છે-પંદર પરમાધિર્મક દેવો દ્વારા ઉત્પન્ન કરેલી, પરસ્પર ઉત્પન્ન કરેલી અને નરકના ક્ષેત્ર-વિશેષ ક્ષેત્ર વિપાકી સ્થાનને લીધે ઉત્પન્ન થયેલી વેદનાઓ. બાકીની ચાર નારકીઓમાં પછીની બે પ્રકારની પણ ભયંકર વેદનાઓ ભોગવવાની હોય છે. વેદનાનું વર્ણન રૂંવાટા ઊભા કરે એવું છે.

(૬) **મહાવીર સ્તુતિ** (સૂત્ર સંખ્યા ૨૯) આ અધ્યયનમાં ભગવાન મહાવીરની, એમના ગુણો અને શ્રેષ્ઠતા બતાવી, સ્તુતિ કરવામાં આવી છે. પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ 'પુંચ્છિસુ' ઉપરથી આનું નામ 'પુંચ્છિસુણ' પણ પ્રચલિત છે. ૨૯ શ્લોકોમાં ભગવાનને અનેક ઉપમાઓ આપવામાં આવી છે.

(૭) **કુશીલ-પરિભાષિત** (સૂત્ર ૩૦). આમાં શિથિલાચારી સાધુની ઓળખ, એનો સ્વભાવ, આચાર-વ્યવહાર, અનુષ્ઠાન અને એના પરિણામો સમજાવવામાં આવ્યા છે. આમાં છકાયના જીવોની ધર્મના નામે હિંસા કરનારા અજ્ઞાની સાધુઓની ચર્ચા કરી શુદ્ધ સાધુના આચાર સંબંધી ચર્ચા કરવામાં આવી છે.

(૮) **વીર્ય :** (સૂત્ર સંખ્યા ૨૭) આમાં તમામ પ્રકારના વીર્ય-બળ-શક્તિનું વર્ણન છે. વીર્યના બે મુખ્ય પ્રકાર છે-સકર્મવીર્ય અને અકર્મવીર્ય. પ્રમાદી-અજ્ઞાની-અબુધ જીવો સકર્મવીર્યમાં પરાક્રમ કરી કર્મ બાંધે છે, જ્યારે અપ્રમાદી-જ્ઞાની-બુદ્ધ જીવો અકર્મ વીર્યમાં શુદ્ધ પરાક્રમ કરી કર્મ-બંધનથી મુક્ત થાય છે.

(૯) **ધર્મ** (સૂત્ર ૩૬). આ અધ્યયનના છત્રીસ શ્લોકોમાં શ્રમણના મૂળગુણો અને ઉત્તર ગુણોની વિગતવાર ચર્ચા ઉપરાંત ભાષાનો વિવેક, સંસર્ગ-વર્જન આદિ વિષયો છે.

(૧૦) **સમાધિ** (સૂત્ર ૨૪). આના ચોવીસ શ્લોકોમાં સમાધિ એટલે કે સમાધાન, તુષ્ટિ (સંતોષ) અથવા અવિરોધનું વિવેચન છે. આમાં સમાધિનું લક્ષણ અને અસમાધિના સ્વરૂપનું તથા સમાધિના ત્રણ મુખ્ય ભાગો-ચારિત્ર, મૂળ ગુણ અને ઉત્તર ગુણનું વર્ણન છે.

(૧૧) **માર્ગ** (સૂત્ર ૩૮). આના ૩૮ શ્લોકોમાં માર્ગ એટલે કે ભગવાન મહાવીરની સાધના પદ્ધતિ, મોક્ષમાર્ગ, અહિંસા-વિવેક, એષણા-વિવેક, વાણી-વિવેક તથા માર્ગની પ્રાપ્તિના ઉપાય અને ચરમ ફળની ચર્ચા છે.

(૧૨) **સમવસરણ** (સૂત્ર ૨૨). આના બાવીસ શ્લોકોમાં ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદ–આ ચાર વાદોની કેટલીક માન્યતાઓની સમાલોચના કરી યથાર્થનો–સત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે.

(૧૩) **યથાતથ્ય**–(સૂત્ર ૨૩), આના ત્રેવીસ શ્લોકોમાં નિર્વાણના સાધક બાધક તત્ત્વો, શિષ્યના ગુણદોષો તથા અનેક મદસ્થાનોનું યથાર્થ વર્ણન છે.

(૧૪) **ગ્રન્થ (પરિગ્રહ).** આના ૨૭ શ્લોકોમાં ગ્રંથ (પરિગ્રહ) છોડીને ભાવગ્રંથ (શ્રુતજ્ઞાન)ને પ્રાપ્ત કરીને શિષ્યે ગુરુ-કુલાવાસમાં કેમ રહેવું તથા એના પરિણામની ચર્ચા છે.

(૧૫) **યમકીય :** આના 'યમક' અલંકારવાળા ૨૫ શ્લોકોમાં દર્શનાવરણ (આદિ ચાર ઘાતી) કર્મનો અંત કરનારા ત્રિકાળજ્ઞ-સર્વજ્ઞ બને છે અને ભાવના-યોગથી શુદ્ધ થઈ નિર્વાણ પામે છે એનું વર્ણન છે.

(૧૬) **ગાથા** આ અધ્યયનના ગદ્યમય છ સૂત્રોમાં પૂર્વના પંદર અધ્યયનોનો સાર આપી ગુણ–સંપન્ન મુનિની ગાથા-પ્રશંસા કરવામાં આવી છે અને સંયમી મુનિ માટે વાપરવામાં આવેલાં માહણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથનું વર્ણન છે.

॥ દ્વિતીય શ્રુતસ્કંધ :

આના સાત અધ્યયનો છે.

૧. **પુંડરિક :** આ ગદ્યમય અધ્યયન પુંડરિક (સફેદ કમળ)ના ૭૨ સૂત્ર છે. આમાં સરોવરમાં આવેલાં સફેદ કમળના માધ્યમથી ધર્મ, ધર્મતીર્થ અને નિર્વાણના મહત્ત્વને સમજાવવામાં આવ્યું છે. પ્રાસંગિક રૂપે જૈનેતર ચાર વાદોનું નિરૂપણ છે.

૨. **ક્રિયાસ્થાન :** આમાં ગદ્યાત્મક ૬૮ સૂત્રો છે જેમાં સંસારના કારણભૂત બાર કર્મબંધનના અને મોક્ષના કારણભૂત એક બંધન-મુક્તિનું એમ તેર ક્રિયાસ્થાનોનું વર્ણન છે.

૩. **આહાર-પરિજ્ઞા :** ૨૯ સૂત્રમય આ ગદ્યાત્મક અધ્યયનમાં આહાર અને યોનિ–બન્ને પર સંયુક્ત ચર્ચા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોના ઉત્પત્તિ સ્થાન (યોનિ) અને એમના આહાર સંબંધી વિસ્તૃત ચર્ચા છે.

૪. **પ્રત્યાખ્યાન ક્રિયા :** આના ૧૧ ગદ્યાત્મક સૂત્રોમાં પ્રશ્નોત્તરના માધ્યમથી એમ સમજાવવામાં આવ્યું છે કે અપ્રત્યાખ્યાન પાપ-કર્મબંધનું મૂળ છે અને પ્રત્યાખ્યાન કર્મમુક્તિનો માર્ગ છે. જૈનદર્શનની મૌલિક માન્યતા છે કે અપ્રત્યાખ્યાની-અવ્રતી જીવ પાપાચરણ કરે કે ન કરે તો પણ એને નિરંતર કર્મબંધ થાય છે. આમ ત્રણ યોગ અને પાંચ ઈન્દ્રિયમય જગતથી ખસી જઈ ઈન્દ્રિયાતીત ચેતનાના આધાર પર કર્મના બંધ-અબંધનો આધાર છે.

૫. **આચારશ્રુત :** આની ૩૩ ગાથાઓમાં અનાચાર ત્યાગનો

ઉપદેશ છે. અનાચારનું મૂળ કારણ એકાંતવાદ છે એ સિદ્ધાંતનું પ્રતિપાદન સમ્યક્ આચાર અને વાક્ આચાર (વાણી વિવેક)નું વર્ણન છે.

૬. આર્દ્રકીય : આની ૫૫ ગાથાઓમાં આજીવક મતના આચાર્ય ગોશાલક, બૌદ્ધ ભિક્ષુ, વેદાંતી બ્રાહ્મણ, સાંખ્ય દર્શનના પરિવ્રાજક અને હસ્તિતાપસ–આ પાંચ મતાવલંબીઓ સાથે થયેલા પ્રશ્નોત્તરમાં મુનિ આર્દ્રકે તેમને નિર્ગ્રંથ પ્રવચન અનુસાર સમાધાન આપ્યું તેનું વર્ણન છે.

૭. **નાલંદીય :** આના ૪૧ ગદ્યાત્મક સૂત્રોમાં રાજગૃહ નગરના નાલંદા નામના ઉપનગરમાં ભગવાન મહાવીરના ગણધર ગૌતમ અને પાર્શ્વ પરંપરાના શ્રમણ ઉદક પેઢાલપુત્ર વચ્ચે થયેલાં પ્રશ્નોત્તર દ્વારા શ્રાવક ધર્મનું પ્રતિપાદન છે.

ઉપસંહાર : પ્રસ્તુત આગમમાં સ્વ સમય (જૈનદર્શન) અને પરસમય અન્ય તર્થિકો અથવા (જૈનેતર દર્શનો)ના વિષયની, સાધુઓના આચાર અને અનાચારના વિષયોની તથા અંતમાં શ્રાવકવિધિ, શ્રાવકાચાર આદિની સુંદર ચર્ચા દૃષ્ટાંતો દ્વારા રજૂ કરી, કર્મ બંધનથી મુક્ત થવાના ઉપાયો બતાવવામાં આવ્યા છે. આમ દ્વાદશાંગીનું આ અતિ મહત્ત્વનું સૂત્ર છે. ✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ

(શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર –૮ અધ્યાયમાં પ્રસ્તુત કથા)

□ મુનિશ્રી કીર્તિરત્ન વિજય ઔર મુનિશ્રી હેમચંદ્ર વિજયજી

ભારત કે પૂર્વાંચલ મેં બસી મિથિલાનગરી ઉન દિનોં જ્ઞાન-વિજ્ઞાન, વાણિજ્ય ઔર કલા-કૌશલ મેં પ્રખ્યાત થી. યહાં કે ઈક્ષ્વાકુવંશી રાજા કુંભ રાજનીતિ કે સાથ હી અધ્યાત્મ વિદ્યા મેં ભી ગહરી રુચિ રખતે થે. રાજા કુંભ કી રાની થી પ્રભાવતી.

ફાલ્ગુન શુક્લ ચતુર્થી કે દિન રાત કે સમય વૈજયન્ત નામક તીસરે અનુત્તર વિમાન સે પ્રયાણ કરકે એક ભવ્ય આત્મા રાની પ્રભાવતી કી કુક્ષી મેં અવતરિત હુઈ. રાનીને ૧૪ દિવ્ય સ્વપ્ન દેખે.

દિવ્ય સ્વપ્ન દેખકર રાની જાગ ઉઠી. ઉસને મહારાજ કુંભ કે પાસ આકર સ્વપ્નોં કે વિષય મેં બતાયા. સ્વપ્ન સુનકર અપની પ્રસન્નતા વ્યક્ત કરતે હુયે રાજા ને કહા–

''વાહ! લગતા હૈ સમ્પૂર્ણ સંસાર કા સૌભાગ્ય આપ પર નિછાવર હો ગયા હૈ. આપ કિસી મહાન પુણ્યશાલી સન્તાન કી માતા બનોગી.''

પ્રાતઃકાલ સ્વપ્ન ફલ જાનને કે લિયે રાજા ને સ્વપ્ન શાસ્ત્રી કો બુલાયા–

''મહારાજ! ઐસે શુભ સ્વપ્ન દેખને વાલી માતા કિસી તીર્થંકર યા ચક્રવર્તી કો જન્મ દેતી હૈ.''

રાજા ને પ્રસન્ન હોકર સ્વપ્ન પાઠકોં કો સમ્માનિત કરકે વિદા કિયા.

ગર્ભ કે તીસરે મહીને રાની કે મન મેં એક ઈચ્છા ઉત્પન્ન હુઈ. ઉસને રાજા સે નિવેદન કિયા–

''મહારાજ! મેરા મન હો રહા હૈ મૈં રોજ લાલ-પીલે-સફેદ પચરંગે સુગંધિત તાજા ફૂલોં સે સજી શય્યા પર સોઊં. સુગંધિત માલાએ પહનૂં.''

''મહારાની! આપ કી ઈચ્છા પૂર્તિ કરના હમારા કર્તવ્ય હૈ.''

રાજા કે આદેશ સે દાસિયાં પ્રતિદિન રાની કી સેજ કો તાજે ફૂલોં સે સજા દેતી. ચમ્પા, ચમેલી કે સુગંધિત ફૂલોં કી વેણિયાં લગાતી. રંગબિરંગે ગુલદસ્તોં (મલ્લ) સે રાની કા કક્ષ હર સમય મહકતા રહતા!

એક શુભ રાત મેં રાની ને એક કન્યા કો જન્મ દિયા. જન્મ હોતે હી સમૂચે સંસાર મેં જૈસે પ્રકાશ ઔર આનન્દ કી કિરણે ફૈલ ગઈ. આઠ દિશા કુમારિયાં આઈ. ઉન્હોંને તીર્થંકર કા જન્મ કૃત્ય સમ્પન્ન કિયા. ફિર ઈન્દ્ર અપને દેવ પરિવાર કે સાથ આયે. ઉન્હોંને માતા ઔર શિશુ રુપી ભગવાન કી વંદના કી!

ફિર ઈન્દ્ર ને અપને પાંચ દિવ્ય રૂપ બનાયે. ઔર શિશુ કો મેરુ પર્વત પર લે ગયે. કરોડોં દેવતાઓં ને જન્મ અભિષેક કિયા. દિવ્ય ગંધ કા વિલેપન કર ઈન્દ્ર ને સ્તુતિ કી...

''હે ત્રિલોકાધીશ! ઉન્નીસવેં તીર્થંકર કે રુપ મેં હમ આપકો પ્રણામ કરતે હૈં. આપકે દર્શન-વન્દન-પૂજન સે હમારા જીવન કૃતાર્થ હો ગયા...આપ કે અવતરણ સે સંસાર કા કલ્યાણ હોગા...''

ઈસકે પશ્ચાત્ કન્યા કો માતા કે પાસ સુરક્ષિત લાકર સુલા દિયા.

પ્રાતઃકાલ મહલ કી પરિચારિકા ને આકાર મહારાજ કો બધાઈ દી.

''બધાઈ હો મહારાજ! મહારાની ને એક સુન્દર સર્વ શુભ લક્ષણયુક્ત તેજસ્વી કન્યા કો જન્મ દિયા હૈ.''

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૯ મું)

શ્રી ઠાણાંગ સૂત્ર

૩

□ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

(૧) નામ અને વિષય વસ્તુ :

દ્વાદશાંગીમાં ત્રીજું મહત્ત્વનું સૂત્ર છે-'સ્થાન' (પ્રા. ઠાણં). આમાં સંખ્યાના આધારે એક સ્થાનથી લઈને દસ સ્થાન સુધી જીવ અને પુદ્‌ગલના વિવિધ ભાવોનું વર્ણન છે. આનો મુખ્ય ઉદ્દેશ છે કે સંખ્યાના આધારે એક દ્રવ્યના સંગ્રહનય અને વ્યવહારનયની દૃષ્ટિથી અનેક વિકલ્પ કરવા. સંગ્રહનય અભેદદૃષ્ટા છે તેથી બધામાં એકતા જુએ છે, જ્યારે વ્યવહારનય ભેદદૃષ્ટા હોવાથી બધામાં ભિન્નતા જુએ છે. આમ આના પ્રથમ સ્થાનમાં સંગ્રહનયની દૃષ્ટિએ સંકલન છે અને બાકીના નવ સ્થાનોમાં વ્યવહારનયની દૃષ્ટિથી બે, ત્રણ યાવત્ દસ સુધીના વિકલ્પો કરવામાં આવ્યા છે. આમાં વિવિધ વિષયોનું સંકલન માત્ર હોવાથી કોઈ નિશ્ચિત ક્રમ નથી. બૌધ્ધ પિટકોમાં જે સ્થાન અંગુત્તરનિકાયનું છે તે જ સ્થાન દ્વાદશાંગીમાં ઠાણાંગનું છે.

રચનાકાર, રચનાકાળ, ભાષા અને શૈલી :

પ્રસ્તુત આગમની રચના ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં શ્રી સુધર્માસ્વામીએ કરી હતી. પણ સંકલનકાળની દૃષ્ટિએ એનો સમય ઈસુની ચોથી શતાબ્દી છે. આની ભાષા પ્રાકૃત અને શૈલી સૂત્રાત્મક છે. કોઈ જગાએ ગદ્યાત્મક વર્ણન પણ જોવા મળે છે.

આગમ-સાર અને સૂત્ર સંખ્યા :

૧. પ્રથમ સ્થાન (અધ્યયન). આના ૨૫૬ સૂત્રોમાં સંગ્રહનયની અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિથી વસ્તુતત્ત્વનો વિચાર કરવામાં આવ્યો છે. જેમકે દ્રવ્યથી આત્મા એક છે, ક્ષેત્રથી જંબૂદ્વીપ એક છે, કાળથી એક સમયમાં એક જ મન હોય છે અને ભાવ (પર્યાય, અવસ્થાભેદ)થી શબ્દ એક છે. આમાં દ્રવ્યાનુયોગ મુખ્ય હોવાથી તત્ત્વવાદ સિવાય કેટલાંક સૂત્રો આચાર (ચરણ-કરણાનુયોગ)ના પણ છે. એમાં ઐતિસાહિક તથ્ય (જેમકે ભગવાન મહાવીર એકલા જ નિર્વાણ પામ્યા હતા)ની સૂચના, કાળચક્ર, જ્યોતિશ્ચક્ર, જંબૂદ્વીપ, આદિ વિષયોની ચર્ચા છે. આકારમાં નાનો પણ આધાર-સંકલનની દૃષ્ટિથી આની ઘણી મહત્તા છે.

૨. **દ્વિતીય સ્થાન :** આના ૪૬૪ સૂત્રો અને ચાર ઉદ્દેશકોમાં બેની સંખ્યાથી સંબંધિત વિષયોની ચર્ચા છે. જૈનદર્શન દ્વૈતવાદી છે, એના અનુસાર મૂળ તત્ત્વો બે જ છે–ચેતન અને અચેતન. બાકી બધાં બેના જ અવાંતર પ્રકારો છે. પ્રથમ સ્થાનમાં માત્ર અદ્વૈત અને પ્રસ્તુત સ્થાનમાં દ્વૈતનું પ્રતિપાદન છે. આનું પ્રથમ સૂત્ર-દ્વિપદાવતાર પદ–આ સ્થાનની સંક્ષિપ્ત રૂપરેખા છે. બાકી બીજાં બધાં સૂત્રો આનો જ વિસ્તાર છે. આ પ્રથમ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે લોકમાં જે કંઈ છે એ બધું બે-બે પદોમાં અવતરિત છે. જૈન ન્યાયનો એક તર્ક છે કે જે સાર્થક શબ્દ હોય છે એનો પ્રતિપક્ષ હંમેશ હોય જ છે. જેમકે જીવ-અજીવ, લોક-અલોક, ત્રસ-સ્થાવર, આદિ. વિવિધ વિષયોના અધ્યયનની દૃષ્ટિથી આ સ્થાન બહુ મહત્ત્વનું છે.

૩. આના ચાર ઉદ્દેશકના ૫૪૨ સૂત્રોમાં ત્રણની સંખ્યા પર આધારિત મહત્ત્વનું સંકલન છે. આમાં તાત્ત્વિક વિષયો સાથે સાહિત્યિક, મનોવૈજ્ઞાનિક, પ્રાકૃતિક, વ્યાવહારિક, આદિ વિષયોની વિવિધતા છે તેથી તે રુચિકર અને જ્ઞાન બોધ કરાવનાર પણ છે.

આમાં મનુષ્યની શાશ્વત મનોભૂમિકાઓ તથા વસ્તુ-તથ્યોનું બહુ માર્મિક ઢંગથી વર્ણન છે. આમાં ત્રિભંગીરૂપ અગત્યના વિષયો છે–નરકાદિ ગતિના જીવો, કરણ, જોગ, દુઃખ ઉત્પત્તિના કારણ અને નિવારણ, મન, વચન, શલ્ય, ધર્મ, પ્રાયશ્ચિત્ત, સાધુ અને શ્રાવકના મનોરથો, મરણ, નિર્ગ્રંથ, ગૌરવ (ગારવ), આદિ.

૪. આના ચાર ઉદ્દેશકોના ૬૬૨ સૂત્રોમાં ચોભંગીના રૂપમાં વિવિધ વિષયોનું સંકલન છે જે જ્ઞાન-સંપદાનો અક્ષય કોષ છે. બધાં સ્થાનોમાં આ સૌથી વિશાળ છે. આમાં તાત્ત્વિક, ભૌગોલિક, મનોવૈજ્ઞાનિક, પ્રાકૃતિક, આદિ વિષયોની સાથે સાથે પ્રસંગવશ આ ચાર કથાઓનો નિર્દેશ પણ મળે છે–ભરત ચક્રવર્તી, સમ્રાટ સનત્કુમાર, ગજસુકુમાલ અને મરુદેવા. આમાં આ મહત્ત્વના વિષયોની ચોભંગી આપી છે–મનુષ્યની અવસ્થાઓ, ઋજુતા અને વક્રતા, ભાષા, પુત્રો, ધ્યાન, કષાય, સાધકની પ્રતિભા, સત્ય-અસત્ય, સંસાર, દુર્ગતિ–સુગતિ, આયુષ્ય, સત્ય, પુરુષ, આચાર્ય, દેવો, ગણિત, વ્યાધિ, ચિકિત્સા, સંઘ, બુદ્ધિ, નરક-તિર્યંચ-દેવ-મનુષ્ય યોનિના બંધના કારણો, ક્રોધ-માન-માયા-લોભ, શ્રમણો-પાસક, સંજ્ઞાઓ આદિ.

૫. આ સ્થાનના ત્રણ ઉદ્દેશકોના ૨૪૦ સૂત્રોમાં પાંચની સંખ્યા પર આધારિત વર્ગીકરણો છે. આમાં પણ તાત્ત્વિક, ભૌગોલિક, ઐતિહાસિક, જ્યોતિષ, યોગ, આદિ વિવિધ વિષયોનું તથા આચાર, દર્શન, ગણિત, પરંપરા, આદિનું સંકલન હોવાથી આ સ્થાન મહત્ત્વનું છે. આમાં શુદ્ધિના સાધનો, મનની અવસ્થાઓ, સાધકની પ્રતિમાઓ, મહાવ્રત-અણુવ્રત, ઈન્દ્રિયો અને એના વિષયો, જ્ઞાન-દર્શન, શરીર, શ્રમણાચાર, મહાનિર્જરા, દેવોની સેનાઓ, ઉદીર્ણ-પરીષહો, પાંચકલ્યાણકો, નિર્ગ્રંથ-નિર્ગ્રંથીઓની ચર્યા, આશ્રવ-સંવર, દંડ, ક્રિયા, જંબૂદ્વીપ, અસ્તિકાય, ગતિ, ચારિત્ર, ગતિ-આગતિ, જ્ઞાન, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, બંધ,

આદિ.

૬. આના ૧૩૨ સૂત્રોમાં છની સંખ્યા પર આધારિત વિષયોનું સંકલન છે. આના મુખ્ય વિષયો છે-જ્યોતિષ, દર્શન, તત્ત્વ, ઇતિહાસ, ભૂગોળ, વગેરે. આમાં ગણ-વ્યવસ્થા, છ દ્રવ્ય, લોક-સ્થિતિ, કાળચક્ર, શરીર-રચના, જીવ-નિકાય, દુર્લભ-સ્થાન, સંવર, સુખ-અસુખ, દિશાઓ, લેશ્યા, તપ, ઋતુ, અવધિજ્ઞાન, કલ્પ, આયુષબંધ, આદિના છ છ પ્રકારોનું વર્ણન છે.

૭. આના ૧૫૫ સૂત્રોમાં સાતની સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે. આમાં મુખ્યતયા અહિંસા, અભય, જીવ-વિજ્ઞાન, લોક-સ્થિતિ સંસ્થાન, ગોત્ર, કુલકર, દંડ, દેવસ્થિતિ, નરક, નય, આસન, પર્વત, ચક્રવર્તીરત્ન, દુષમાકાળ-સુષમાકાળ, સંયમ-અસંયમ, આરંભ, દેવ, સમુદ્‌ઘાત, નક્ષત્ર, વિનય, ઇતિહાસ અને ભૂગોળના સાત સાત પ્રકારો વગેરે વિષયો સંકલિત છે.

૮. આ સ્થાનના ઉદ્દેશકો નથી, પણ એના ૧૨૮ સૂત્રોમાં આઠની સંખ્યાના આધારે જીવ-વિજ્ઞાન, કર્મશાસ્ત્ર, લોકસ્થિતિ, ગણવ્યવસ્થા, જ્યોતિષ, આયુર્વેદ, ઇતિહાસ, ભૂગોળ, આદિ વિવિધ વિષયોનું વર્ગીકરણ છે. આમાં આઠ પ્રકારના મદ, માયા, આયુર્વેદ, નિમિત્ત, એકાકી સાધનાની યોગ્યતા, ગતિ-આગતિ, કર્મબંધ, સંવર, સ્પર્શ, ગણિ-સંપદા, મહાનિધિ, પ્રાયશ્ચિત્ત, દર્શન, આહાર, પ્રમાદ, વાણવ્યંતર દેવતા, આદિના આઠ આઠ પ્રકારો સંકલિત છે.

૯. નવમાં સ્થાનના ૭૫ સૂત્રમાં નવની સંખ્યા સંબંધિત વિષયો છે. એમાં ઐતિહાસિક તથ્યો, જ્યોતિષ, રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, ભગવાન પાર્શ્વનાથ, ભગવાન મહાવીર, મહારાજા શ્રેણિક, નવનિધિ, આદિ વિષે જાણકારી આપી છે. વિશેષમાં રોગ ઉત્પત્તિના નવ કારણોમાં શારીરિક તથા માનસિક કારણો–કામ-વિકાર, ઉન્માદ, આદિનું વર્ણન છે તથા બ્રહ્મચર્ય ગુપ્તિના ઉપાય બતાવ્યા છે.

૧૦. આ અંતિમ દસમા સ્થાનના ૧૭૮ સૂત્રોમાં ન્યાયશાસ્ત્ર, વચનાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ તથા વિજ્ઞાન સંબંધી તથ્યોની ચર્ચા છે. આમાં દસ પ્રકારના શસ્ત્ર, પ્રવ્રજ્યા, વૈયાવૃત્ય, દાન, સંજ્ઞાઓ, સામાજિક વિધિ-વિધાનો, ધર્મ, આશ્રવ, આદિ વિવિધ વિષયો છે. આમાં જીવ-વિજ્ઞાન, શબ્દ-વિજ્ઞાન તથા ઈન્દ્રિય-વિષયો સંબંધી સૂત્રો મહત્ત્વના છે.

વ્યાખ્યાગ્રંથો-વિવેચનો

આના વ્યાખ્યાગ્રંથોમાં 'વૃત્તિ' ઉપલબ્ધ છે. આચાર્ય તુલસીના વાચના-પ્રમુખત્વમાં મુનિ નથમલજી (આચાર્ય મહાપ્રજ્ઞ)એ ૧૯૭૬માં પ્રસ્તુત આગમના સૂત્રોના સંસ્કૃત અને હિંદી અનુવાદ સાથે પ્રત્યેક સ્થાનની ભૂમિકા અને મહત્ત્વના સૂત્રોનું-શબ્દોનું વિસ્તૃત વિવેચન કર્યું છે.✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૨૭ થી ચાલુ

''બધાઈ હો મહારાજ! મહારાની ને એક સુન્દર સર્વ શુભ લક્ષણયુક્ત તેજસ્વી કન્યા કો જન્મ દિયા હૈ.''

કન્યા શબ્દ સુનતે હી મહારાજ કુંભ આશ્ચર્ય કે સાથ સોચને લગે.

વે દિવ્ય સ્વપ્ન તો કિસી ભાવી તીર્થંકર યા ચક્રવર્તી સમ્રાટ કે જન્મ-સૂચક થે? ક્યા કન્યા...?

તભી જૈસે કોઈ દિવ્ય ઘોષ રાજા કે કાનોં મેં ગુંજને લગા–

''ક્યા કન્યા રાશિ મેં સ્થિત સૂર્ય અપને પ્રખર તેજ સે સંસાર કો પ્રકાશિત નહીં કરતા હૈ...?''

મન હી મન રાજા કો સમાધાન મિલ ગયા!

વે પ્રસન્નતા મેં ઝુમ ઉઠે. થોડી દેર મેં સમૂચે રાજ પરિવાર મેં આનન્દ ઉત્સવ મનાયા જાને લગા. રાજાને નગર રક્ષક કો બુલાકર આદેશ દિયા–

''સમ્પૂર્ણ નગર મેં દસ દિન તક જન્મ ઉત્સવ મનાયા જાય. સ્થાન-સ્થાન પર દાનશાલાએં, ભોજન-શાલાએં ખુલવા દો. ઔર કહીં કોઈ જીવ-હિંસા, અત્યાચાર ન હો...''

કુછ દિન પશ્ચાત કન્યા કા નામકરણ કિયા ગયા. રાજા કુંભ ને સ્વજનોં એવં મિત્રોં કો બતાયા!

''ગર્ભકાલ મેં મહારાની કો પુષ્પ-શય્યા પર સોને કા દોહદ ઉત્પન્ન હુઆ થા. રાની કો મલ્લદામ બહુત પ્રિય લગને લગે થે ઈસ કારણ હમ ઈસ કન્યા કા મલ્લીકુમારી નામ રખતે હૈં.''

સભી ને હર્ષ ધ્વનિ કર રાજા કી બાત કા સમર્થન કિયા.

કુછ વર્ષોં પશ્ચાત્ રાની પ્રભાવતી ને એક સુન્દર પુત્ર કો ઔર જન્મ દિયા. મહારાની ને હંસતે હુએ મહારાજ સે પુછા-

''સ્વામી, ઈસ કુમાર કા ક્યા નામ રખેંગે?''

''મલ્લી કા ભાઈ મલ્લ!''

વહ કુમાર મલ્લદિન નામ સે પ્રસિદ્ધ હુઆ!

શિક્ષણ-પ્રશિક્ષણ કે બાદ મલ્લી કુમારી ને ધીરે-ધીરે યૌવન વય મેં પ્રવેશ કિયા.

ઉસકા રૂપ લાવણ્ય દેખકર લોગ દાંતો તલે અઁગુલી દબા લેતે-

ક્યા અદ્‌ભુત રૂપ લાવણ્ય હૈ હમારી રાજકુમારી કા?

''અરે ભાઈ! એસા લગતા હૈ જૈસે સંસાર કી સમૂચી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૧ મું)

શ્રી સમવાયાંગ સૂત્ર

૪

□ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

(૧) નામ અને વિષયવસ્તુ :

દ્વાદશાંગીનું ચોથું મહત્ત્વનું અંગ છે–સમવાયાંગ. શ્રી ઠાણાંગ સૂત્રની જેમ આ આગમમાં પણ સંખ્યા આધારિત વર્ગીકરણ છે; જેમકે આત્મા એક છે. એમ એકથી લઈને અનેક સંખ્યા સંબંધી વિષયોનું સંકલન છે. આમાં એકથી લઈને સો સંખ્યા સંબંધી વિષયો માટે એકોત્તર વૃદ્ધિથી સોએસો વિષયો માટે સો સમવાય છે. પછી ૧૫૦ થી લઈને અનેકોત્તર વૃદ્ધિ કરતાં કરતાં કોડા-કોડ સાગરોપમની સંખ્યા સંબંધી વિવિધ વિષયોનું નિરૂપણ છે એટલે એનું નામ 'સમવાય' છે. આ વિવિધ વિષયો 'પ્રકીર્ણક' સમવાય નામના અધ્યયનમાં સૂત્ર એકથી ૮૭ સુધી છે. આ પ્રકીર્ણક સૂત્રમાં ગણિપિટક દ્વાદશાંગી આદિ વિષયોનું પણ સંકલન છે–જે મૂળ આગમના પરિશિષ્ટ રૂપ છે.

(૨) રચનાકાર, રચનાકાળ, ભાષા

શ્રી ઠાણાંગ સૂત્રની જેમ આ આગમની રચના પણ શ્રી સુધર્માસ્વામીએ ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં કરી હશે એમ માનવામાં આવે છે, પણ સંકલનનો સમય ઈસુની ચોથી શતાબ્દી છે. આની ભાષા પ્રાકૃત અને શૈલી સૂત્રાત્મક છે.

(૩) આગમસાર :

પ્રથમ સમવાય (અધ્યયન)ના પહેલાં બે સૂત્રોમાં ભગવાન મહાવીર દ્વારા રચિત દ્વાદશાંગીની પ્રજ્ઞાપના કરી છે અને પછી બાર આગમોના નામ છે. ત્રીજાથી ૧૪૬ સૂત્ર સુધી એકની સંખ્યા સંબંધી વિષયોનું સંકલન છે.

બીજા સમવાયથી સોમા સમવાય સુધી વિષયો આ પ્રમાણે છે.

(સમવાય) ૨	સૂત્ર સંખ્યા ૨૩	બે પ્રકારના દંડ, આદિ
(સમવાય) ૩	૨૪	ત્રણ પ્રકારની ગુપ્તિ, ગર્વ (ગારવ) આદિ
(સમવાય) ૪	૧૮	ચાર કષાય, ચાર કથા ચાર સંજ્ઞા, આદિ
(સમવાય) ૫	૨૨	પાંચ મહાવ્રત આદિ.
(સમવાય) ૬	૧૭	છ પ્રકારની લેશ્યા, જીવ નિકાય, બાહ્ય તપ, આભ્યંતર તપ, આદિ
૭	૨૩	સાત પ્રકારના ભયસ્થાન, સમુદ્‌ઘાત, ક્ષેત્ર.
૮	૧૮	આઠ પ્રકારના મદ, પ્રવચનમાતા
૯	૨૦	નવ પ્રકારનાં બ્રહ્મચર્યની ગુપ્તિઓ અને અગુપ્તિઓ
૧૦	૨૫	દસ પ્રકારના શ્રમણ ધર્મ, ચિત્તસમાધિના સ્થાનો
૧૧	૧૬	ઉપાસકોની (શ્રાવકોની) પ્રતિમા (અભિગ્રહ), મહાવીરના ૧૧ ગણધરો
૧૨	૨૦	ભિક્ષુની ૧૨ પ્રતિમાઓ.
૧૩	૧૭	ક્રિયાસ્થાનો (કર્મબંધનના હેતુઓ)
૧૪	૧૮	જીવોનો સમૂહ, ૧૪ જીવસ્થાન (ગુણસ્થાન)
૧૫	૧૬	૧૫ પ્રકારના પરમાધામી દેવો
૧૬	૧૬	કષાય
૧૭	૨૧	૧૭ પ્રકારના અસંયમ અને સંયમ
૧૮	૧૮	બ્રહ્મચર્યના ૧૮ પ્રકાર, આચારના ૧૮ સ્થાનો
૧૯	૧૫	શ્રી જ્ઞાતા સૂત્રના ૧૯ અધ્યયન
૨૦	૧૭	અસમાધિના ૨૦ સ્થાનો
૨૧	૧૪	ચારિત્રમાં દોષ લગાવનારા-શબલના ૨૦ પ્રકાર
૨૨	૧૪	૨૨ પરીષહો
૨૩	૧૩	શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના ૨૩ અધ્યયનો
૨૪	૧૫	દેવાધિદેવ (તીર્થંકરો)
૨૫	૧૮	પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ

આ રીતે ૨૬મા સમવાયમાં ત્રણ છેદસૂત્રના ૨૬ ઉદ્દેશન કાળ, ૨૭મા સાધુના ૨૭ ગુણો, ૨૮માં મતિજ્ઞાનના ૨૮ પ્રકારો, ૨૯માં પાપશાસ્ત્ર (પાપશ્રુત)ના ૨૯ પ્રકારો, ૩૦માં ૩૦ પ્રકારની ક્રૂર પ્રવૃત્તિઓ જેનાથી જીવ મહામોહનીય કર્મનો બંધ કરે છે, ૩૧માં સિદ્ધ ભગવાનના ૩૧ ગુણો, ૩૨માં ૩૨ પ્રકારના પ્રશસ્ત યોગ, ૩૩માં ૩૩ પ્રકારની ગુરુની અશાતના, ૩૪માં તીર્થંકરના ૩૪ અતિશયો અને ૩૫માં એમના ૩૫ વચનાતિશયો

અને યાવત્ સોમા સમવાયમાં ભગવાન પાર્શ્વનાથ અને સ્થવિર આર્ય સુધર્માસ્વામીનું આયુષ્ય સો વર્ષોનું હતું.

ત્યારબાદ પ્રકીર્ણક સમવાયમાં પ્રથમ સૂત્રથી ૮૭ સૂત્રો સુધી ૧૫૦, ૨૦૦ એમ અનેકોત્તર વૃદ્ધિ સંખ્યાઓ સંબંધી વર્ગીકરણ પછી ૮૭મા સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ભગવાન્ ઋષભથી લઈને તીર્થંકર મહાવીરનું વ્યવધાનાત્મક અંતર એક ક્રોડાક્રોડ સાગરોપમનું હતું.

ત્યાર બાદ ૮૮મા સૂત્રના દ્વાદશાંગ પદમાં ગણિપિટકના બાર અંગો અને ૮૯મા સૂત્રથી લઈને ૧૩૪મા સૂત્ર સુધી દ્વાદશાંગીના આચારાંગથી-દૃષ્ટિવાદ સુધી પ્રત્યેક આગમના વિષયો આદિ વિષે વર્ણન આપવામાં આવ્યું છે. આમાં ૬૨માં સૂત્રમાં સમવાયાંગ આગમ વિષે કહ્યું છે 'સમવાયમાં સ્વસમય, પરસમય, જીવ, અજીવ, લોક-અલોક, નરક, તિર્યંચ, મનુષ્ય, દેવતા, કુલકર, તીર્થંકર, ગણધર, ચક્રવર્તી, ચક્રધર (વાસુદેવ) અને હલધર (બલદેવ) આદિનું વર્ણન છે.' આગળ કહ્યું છે કે સમવાયની વાચનાઓ પરિમિત છે. અનુયોગદ્વાર, પ્રતિપત્તિઓ, વેઢા, શ્લોક, નિર્યુક્તિઓ અને સંગ્રહણિયો સંખ્યેય છે. આ ચોથું અંગ છે. એમાં એક અધ્યયન, એક શ્રુતસ્કંધ, એક ઉદ્દેશ-કાલ, એક સમુદ્દેશ-કાલ છે તથા એક લાખ ચુમાલીસ હજાર પદો, સંખ્યેય અક્ષરો અને અનંત ગમ તથા અનંત પર્યાય છે.

ત્યારબાદ ૧૩૫થી ૧૩૭માં સૂત્ર સુધી જીવ રાશિ, અજીવ રાશિ અને અરૂપી અજીવ રાશીના પ્રકારો છે. ૧૩૯માં સૂત્રથી દેવો, નારકો, આદિના આવાસો, આદિની ચર્ચા છે. પછી ૧૫૮મા સૂત્રમાં પાંચ પ્રકારના શરીર, પર્યાપ્ત-અપર્યાપ્ત આદિ તથા આગળના સૂત્રોમાં ૬૩ પ્રકારના શલાકા પુરુષો આદિનું વર્ણન છે. અંતમાં ૨૬૧માં નિક્ષેપ પદમાં કહ્યું છે કે 'આ પ્રકારે ઉપરના અર્થાધિકારોના કારણે પ્રસ્તુત સૂત્રના નીચે પ્રકારે નામ ફલિત થાય છે-કુલકરવંશ, તીર્થંકર વંશ, ચક્રવર્તીવંશ, દશારવંશ, ગણધરવંશ, ત્રષિવંશ, યતિવંશ, મુનિવંશ, શ્રુત, શ્રુતાંગ, શ્રુતસમાસ, શ્રુતસ્કંધ, સમવાય અને સંખ્યા'.

પ્રસ્તુત આગમમાં આચારાંગ કે સૂત્રકૃતાંગની જેમ બે ખંડ કે ઉદ્દેશક આદિ વિભાગો નથી. આની રચના એક અખંડ અંગ અથવા અખંડ અધ્યયનના રૂપમાં કરવામાં આવી છે એમ વૃત્તિમાં જણાવ્યું છે. ✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૨૯ થી ચાલુ

ઈસી દેહ મેં આકાર સિમટ ગઈ હૈ...''

ધીરે-ધીરે મિથિલા કે આસપાસ કે જનપદોં મેં મલ્લી કુમારી કે અદ્‌ભુત રૂપ લાવણ્ય કે ચર્ચે હોને લગ ગયે. જો સુનતા વહી ચકિત રહ જાતા.

ઉન દિનોં સકેત જનપદ પર પ્રતિબુદ્ધિ નામક રાજા કા રાજ્ય થા. ઉસ નગર મેં એક પ્રાચીન ચમત્કારી નાગ મન્દિર થા. એક દિન પ્રતિબુદ્ધિ કી રાની પદ્માવતી ને રાજા સે કહા-

''મહારાજ! મેરી ઈચ્છા હૈ મૈં નાગ મન્દિર મેં જાકર પૂજા કરૂં?''

રાજા ને અપને સેવકો કો આદેશ દિયા–

''મહારાની નાગ મન્દિર મેં જાકર પૂજા કરેગી. મન્દિર મેં એક સુન્દર પુષ્પ મંડપ સજાઓ! પુષ્પ મંડપ કી સજ્જા એસી હોની ચાહિએ કી કિસી ને આજ તક દેખી ન હો...''

રાજ સેવકો કલાકારોં ને નાગ મન્દિર મેં એક સુન્દર અદ્‌ભુત પુષ્પ મંડપ સજાયા. રાની પદ્માવતી ભી વિભિન્ન પ્રકાર કે ફૂલોં સે સુન્દર શ્રૃંગાર કરકે નાગ મન્દિર પહુઁચી. પુષ્પ મંડપ કી સજાવટ ઔર રાની કા શ્રૃંગાર દેખકર પ્રતિબુદ્ધિ રાજા કા મન બાગ-બાગ હો ગયા. ઉસને અપને મંત્રી સે પૂછા-

''મંત્રી જી! આપ તો રાજ કાર્ય સે અનેક દેશોં મેં જાતે રહતે હૈં! એસા સુસજ્જિત ફૂલોં કા મંડપ ઔર એસી ફૂલોં સે સજી સુન્દર રમણી કહીં દેખી આપને...?''

''મહારાજ! ધૃષ્ટતા કે લિએ ક્ષમા ચાહતા હુઁ! ઇસ સંસાર મેં એક સે બઢકર એક આશ્ચર્ય ભરે હૈં.''

મંત્રી ને વિસ્તાર સે બતાયા-

''મહારાજ! એક બાર આપકે કામ સે મૈં મિથિલા નગરી ગયા થા...

વહાઁ મહારાજ કુંભ કી રાજકુમારી મલ્લી કા જન્મ દિન મનાયા જા રહા થા. ફૂલોં કી એસી સજાવટ ઔર મલ્લીકુમારી કા એસા રૂપ લાવણ્ય થા જો શબ્દોં સે બયાન નહીં કિયા જા સકતા.''

રાજા પ્રતબુદ્ધિ આશ્ચર્ય સે બોલા–

''ક્યા મલ્લી કુમારી, હમારી રાની પદ્માવતી સે ભી અધિક સુન્દર હૈ?''

''અધિક ક્યા મહારાજ! ઐસા લગતા હૈ કિ મલ્લી જૈસી સુન્દરી ઈસ ધરતી પર શાયદ દુસરી નહીં હૈ...''

મલ્લી કુમારી કે રૂપ લાવણ્ય કી ચર્ચા સુનતે હી પ્રતિબુદ્ધિ કે હૃદય મેં અજ્ઞાત સ્નેહ ઔર પ્રેમ કા જવાર ઉમડ આયા. વહ સોચને લગા–

ઐસી અદ્‌ભુત સુન્દરી તો મેરે અન્ત:પુર મેં આની ચાહિએ.

ઉસને તુરન્ત હી અપને દૂત કો આજ્ઞા દી-

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૩ મું)

શ્રી ભગવતી સૂત્ર

□ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

૫

નામ : દ્વાદશાંગીના પંચમ આગમનું નામ છે–વિઆહપણ્ણત્તી–વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ; કારણકે એ પ્રશ્નોત્તર શૈલીમાં રચાયેલું છે. જેમાં તત્ત્વને વિવેચનપૂર્ણ રીતે સમજાવવામાં આવ્યું હોય તે ગ્રંથને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવામાં આવે છે. પરંતુ આ વિશિષ્ટ આગમ હોવાથી એને 'ભગવતી' વિશેષણ લગાડવામાં આવેલું જે પછી એનું નામ બની ગયું. આજે આનું આજ નામ પ્રચલિત છે–શ્રી ભગવતી સૂત્ર.

ભગવાન મહાવીરના દર્શનનું અથવા તત્ત્વવિદ્યાનું આ પ્રતિનિધિ સૂત્ર છે. જીવશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો (Metaphysical) આ એક અમૂલ્ય અને દુર્લભ ગ્રંથ છે.

૨. રચનાકાર, રચનાકાળ અને રચનાશૈલી :

પ્રસ્તુત આગમના રચનાકાર છે શ્રી સુધર્માસ્વામી અને રચનાકાળ છે–ઈ. પૂ. પાંચમી શતાબ્દી. હાલ જે રૂપમાં આ આગમ મળે છે તેનું સંસ્કરણ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ દ્વારા **ઈસુની પાંચમી શતાબ્દી**માં સંકલિત થયેલું છે. પ્રસ્તુત આગમની ભાષા પ્રાચીન પ્રાકૃત ભાષા છે. આમાં પ્રશ્નોત્તર શૈલીનો ઉપયોગ થયો છે. શ્રી ગૌતમસ્વામી અને અન્ય લોકોએ ભગવાન મહાવીરને પૂછેલા ૩૬,૦૦૦ પ્રશ્નો અને ભગવાને આપેલા ઉત્તરોનું સંકલન છે. પ્રશ્ન અને ઉત્તરની ભાષા સરળ છે. અનેક સ્થળોએ ગદ્યકાવ્ય જેવી છટા જોવા મળે છે.

૩. આકાર અને વર્તમાન આકાર :

પ્રસ્તુત આગમના વિસ્તૃત સંસ્કરણમાં સવા લાખ શ્લોક છે એટલે એને 'સવાલક્ખી ભગવતી' કહેવામાં આવે છે. સમર્પણ સૂત્રોની સંખ્યા પણ મોટી છે.

આ આગમના ૪૧ શતક છે. અવાન્તર શતકને ગણતાં ૧૩૮ શતક છે તથા ૧૯૨૩ ઉદ્દેશક છે.

પ્રસ્તુત આગમનો ગ્રંથમાન અનુષ્ટુપ શ્લોકના માપથી ૧૬,૦૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવે છે. સમવાયાંગના પ્રકીર્ણક સૂત્ર ૯૩ અને નંદીના સૂત્ર ૮૫માં આ આગમની વાચના, અનુયોગદ્વાર, શ્લોક, વ્યાકરણ, પદ, આદિની વિગતો મળે છે.

૪. વ્યાખ્યા ગ્રંથો :

૧. નિર્યુક્તિ–પ્રસ્તુત આગમની નિર્યુક્તિ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. નંદી સૂત્રમાં આની સંખ્યેય નિર્યુક્તિનો ઉલ્લેખ છે.

૨. ચૂર્ણિ–હાલ હસ્તલિખિત ચૂર્ણિ ઉપલબ્ધ છે. એના રચનાકાર જિનદાસ મહત્તર માનવામાં આવે છે. એની પત્ર સંખ્યા ૮૦ છે અને ગ્રંથમાન ૩૫૯૦ શ્લોક બરાબર છે.

૩. વૃત્તિ–નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિની વૃત્તિ હાલ ઉપલબ્ધ છે જે વિ. સં. ૧૧૨૮માં અણહિલપુર પાટણમાં રચાયેલી. એનું ગ્રંથમાન ૧૮૬૧૬ અનુષ્ટુપ શ્લોક બરાબર છે.

૪. ભગવતી આરાધના–લે. આચાર્ય શ્રી શિવાર્ય (૧૯૩૫)

૫. ભગવતી સૂત્રનો ગુજરાતી અનુવાદ બેચરદાસ દોશીએ કર્યો છે.

૬. ડૉ. વૉલ્ટર શુબ્રીંગે Doctrine of Jains (1962) માં ભગવતી સૂત્ર પર વિવેચન લખેલું છે.

૭. ડૉ. જે. સી. સિકંદરકૃત `Studies in the Bhagavati Sutra'

૮. જોસેફ ડેલ્યુકૃત (Josep Delue) વિયાહપણ્ણત્તી (૧૯૭૦).

૯. ભગવતી જોડ-લે. શ્રી મજ્જયાચાર્ય. સંપૂર્ણ ભગવતી સૂત્રને ૧૯મી સદીમાં રાજસ્થાની પદ્યમય શૈલીમાં લખાયેલા આ ગ્રંથના વાચના પ્રમુખ છે આચાર્ય તુલસી અને સંપાદક છે આચાર્ય મહાપ્રજ્ઞ.

૧૦. ભગવતી સૂત્રનું વિશદ વિવેચન અને ભાષ્ય ગણાધિપતિ તુલસીના વાચના-પ્રમુખત્વમાં આચાર્ય મહાપ્રજ્ઞે ૧૯૯૪માં કર્યું છે જેમાં મૂળપાઠ, સંસ્કૃત છાયા, હિંદી અનુવાદ, ભાષ્ય, પરિશિષ્ટો, ચૂર્ણિ અને વૃત્તિ છે.

૫. આગમ-સાર :

દ્વાદશાંગીનો આ અત્યંત મહત્ત્વનો આગમગ્રંથ તત્ત્વવિદ્યાનો આકર ગ્રંથ છે. આમાં ચેતન અને અચેતન–આ બંને તત્ત્વોની વિશદ જાણકારી આપવામાં આવી છે. એમાં એટલાં બધા વિષયોની ચર્ચા છે કે સંભવતઃ વિશ્વ વિદ્યાની એવી કોઈ શાખા નહીં હોય જેની પ્રત્યક્ષ અથવા અપરોક્ષ રીતે એમાં ચર્ચા ન હોય. આમાં જૈન દર્શનના કેટલાંક મૌલિક તત્ત્વો–જેમકે પંચાસ્તિકાય, લોક-અલોક, પુનર્જન્મ, સામાયિક, ઈન્દ્રો, દેવો, કર્મ-બંધ અને એના કારણો, પરમાણુ, પુદ્‌ગલ આદિ. આ આગમ અનેક પ્રશ્નકારોએ પૂછેલા વિવિધ પ્રશ્નોના પ્રશ્નોત્તરરૂપ હોવાથી એમાં કોઈ ક્રમ નથી.

વિવિધ શતકોના સાર આ પ્રમાણે છે.

૧. પ્રથમ શતકની શરૂઆતજ જૈન ધર્મના પાયારૂપ સિદ્ધાંત 'વિનય'–નમસ્કાર સૂત્રથી થાય છે. ૧૧મા સૂત્રથી ગૌતમસ્વામી અને મહાવીર સ્વામી વચ્ચે પ્રશ્નોત્તરની શૃંખલા શરૂ થાય છે. પ્રથમ જૈન તત્ત્વવિદ્યાના પ્રારંભ રૂપે 'ચલમાણે ચલીએ' આદિ નવ પ્રશ્નોથી થાય છે. જૈન ધર્મ અનેકાંતવાદી છે. એનો પાયાનો સિદ્ધાંત ત્રિપદીમાં સમાયેલો છે-ઉત્પાદ, ધ્રુવ અને વ્યય. આ સિદ્ધાંત મુજબ દરેક દ્રવ્ય આદિ દ્રવ્યની દૃષ્ટિએ શાશ્વત છે અને પર્યાય રૂપે ઉત્પન્ન/વિનાશમય છે. વર્તમાનકાળ એક સમયનો જ છે અને એજ મહત્ત્વનો છે. ચાલવાની ક્રિયાનો આરંભ કર્યો તેજ સમયે તે પૂરી

થાય છે પણ વ્યવહારમાં જોઈ શકાતી નથી. તેજ પ્રમાણે જે સમયે હિંસાદિ પાપની પ્રવૃત્તિનો સંકલ્પ કર્યો તેજ સમયે તે સંબંધી કર્મ બંધાય છે.

ત્યાર પછી આરંભ-અનારંભ, લોક, અલોક, કર્મ-પુનર્જન્મ, સામાયિક, મરણના પ્રકાર, આદિ વિષયોની ચર્ચા છે. શતક (૨)માં તુંગિયાનગરીના શ્રાવકોના પ્રશ્નો, શતક (૩)માં તામલી તાપસ, પૂરણ તાપસ, કર્મબંધ, દેવો, (૪)માં નૈરયિકની ઉત્પત્તિ, (૫)માં આયુષ્યબંધ, છદ્મસ્થ, કેવળી, અતિમુક્તકકુમારની બાલક્રીડા, અલ્પાયુ-દીર્ઘાયુના કારણો, પરમાણુ-પુદ્‌ગલ સ્કંધ, જીવોની હાનિ-વૃદ્ધિ, પ્રકાશ-અંધકાર, (૬)માં જીવ-કર્મબંધ, તમસ્કાય, (૭)માં પચ્ચક્‌ખાણ, વેદનીય કર્મ, મહાશિલા કંટક સંગ્રામ, (સમ્રાટ શ્રેણિકના પુત્ર કોણિક અને તેના નાનાજી ચેટક રાજા સાથે થયેલા સંગ્રામમાં એક કરોડ એંસી લાખ સૈનિકોનો સંહાર થયેલો), (૮)માં આશીવિષ, શ્રાવકના પચ્ચક્‌ખાણ માટે કરણજોગ, સુપાત્રદાનનું ફળ, સાંપરાયિક અને ઐર્યાપથિક કર્મબંધ, બંધના પ્રકાર, ત્રણ પ્રકારની આરાધના, (૯)માં ઋષભદત્ત-દેવાનંદા તથા જમાલિ ચરિત્ર, (૧૦)માં દશ દિશા, (૧૧)માં શિવરાજર્ષિનું ચરિત્ર, લોક અને તેની વિશાળતા, સુદર્શન શ્રાવકના કાલવિષયક પ્રશ્નો, (૧૨)માં શંખ-પુષ્કલી શ્રમણોપાસકોના પ્રશ્નો, (૧૨)માં જયંતિ શ્રાવિકાના પ્રશ્નો, પુદ્‌ગલ-પરાવર્તન, ચંદ્ર-સૂર્યગ્રહણ, લોકના સર્વસ્થાનમાં જીવના જન્મમરણ, આઠ પ્રકારના આત્મા, (૧૩)માં નારકોમાં લેશ્યાપરિણામન, ઉદાયન નરેશ અને એના વિરાધક પુત્ર અભીચિકુમાર, (૧૪)માં બે પ્રકારના ઉન્માદો, પ્રભુ મહાવીર અને ગૌતમનો ભવાન્તરીય સંબંધ, (૧૫)માં ગોશાલક ચરિત્ર દ્વારા દેવ-ગુરુ-ધર્મની અશાતનાના ફળ વિષે, (૧૬)માં પાંચ પ્રકારના અવગ્રહ, શ્રમણ નિર્ગ્રંથો અને નૈરયિકોની કર્મક્ષયની તરતમતા, સ્વપ્નદર્શન, (૧૭)માં વૃક્ષને હલાવવાથી લાગતી ક્રિયા, (૧૮)માં જીવની ઉત્પત્તિ અને આહાર ગ્રહણ, (૧૮)માં કાર્તિક શેઠનું ચરિત્ર, માકન્દીય પુત્ર અણગારના પ્રશ્નો, નિશ્ચય-વ્યવહારથી ભ્રમરાદિ વર્ણાદિ, સોમિલ બ્રાહ્મણના પ્રશ્નો, (૧૯)માં સ્થાવર જીવોની સૂક્ષ્મતા-સ્થૂળતા, કરણના ભેદ, (૨૦)માં જંઘાચરણ-વિદ્યાચરણલબ્ધિ, (૨૧-૨૨)માં વનસ્પતિકાયિક જીવોની ઋદ્ધિ, આદિ, (૨૪)માં સંસારી જીવોનું ભવભ્રમણ, જીવ દ્રવ્યનો ભોગ, (૨૫)માં પાંચ પ્રકારના નિર્ગ્રંથ, પાંચ પ્રકારના ચારિત્ર, ભવાંતરમાં જીવની ઉત્પત્તિ, (૨૬-૨૭)માં જીવનો ત્રૈકાલિક સંબંધ, (૨૮)માં કર્મ-ઉપાર્જન, (૨૯)માં કર્મના વેદનનો પ્રારંભ અને અંત, (૩૦)માં સમવસરણ. (૩૧-૩૨)માં અંક ગણના માટે ચાર પ્રકારના લઘુયુગ્મ, (૩૩)માં એકેન્દ્રિય જીવોમાં કર્મ, (૩૪)માં શ્રેણી શતક, (૩૫ થી ૪૧)માં અંક રાશિની ગણના માટે એકેન્દ્રિય જીવોથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોની રાશિયુગ્મ માટે મહાયુગ્મ. ✷ ✷ ✷

દ્વાદશાંગીના પ્રથમ પાંચ અંગો વિષેના પાંચ લેખોના આધાર ગ્રંથો છે–આચાર્ય તુલસીના વાચના પ્રમુખત્વમાં આચાર્ય મહાપ્રજ્ઞ રચિત પાંચ ગ્રંથો તથા મુનિબંધુ આગમમનીષિ મહેન્દ્રકુમારજી સ્વામીનું માર્ગદર્શન તથા ડૉ. ધનવંત શાહ અને શ્રી ગુણવંત બરવાળિયાની પ્રેરણા છે. આગમ જેવા મહાન ગ્રંથો વિષે મારા જ્ઞાનની મર્યાદા અને પાનાની મર્યાદાને લીધે વીતરાગવાણીથી વિપરીત લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

□ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૩૧ થી ચાલુ

''તુમ અભી મિથિલા નગરી જાઓ. રાજા કુંભ સે ઉનકી કન્યા મલ્લીકુમારી કા હાથ હમારે લિએ માંગો!''

દૂત વિવાહ પ્રસ્તાવ લેકર ઉસી ક્ષણ મિથિલા કી ઓર ચલ દિયા.

ચમ્પા નગરી મેં અરહન્નક નામ કા સમુદ્ર વ્યાપારી રહતા થા. વહ નિર્ગ્રંથ ધર્મ કા પરમ ઉપાસક જિન ભક્ત થા. એક બાર વહ અનેક વ્યાપારિયોં કો સાથ લેકર સમુદ્ર યાત્રા કે લિએ નિકલા.

કુછ દિનોં કી યાત્રા કે પશ્ચાત્ ઉનકા જહાજ લવણ સમુદ્ર (અરબ સાગર) મેં પહુંચ ગયા. એક દિન અચાનક સમુદ્ર મેં તૂફાન ઉઠને લગા. આકાશ મેં કાલી ઘટાએં ગહરાઈ, બિજલિયાઁ ચમકને લગી. મેઘ ગરજને લગે. દુપહર મેં હી રાત-સા અંધેરા છા ગયા.

તભી એક વિકરાલ દૈત્ય અટ્ટહાસ કરતા હુઆ ઉનકે જાહાજ કે સામને પ્રકટ હુઆ. ઔર જોર કી હુંકાર કી–

''અરહન્નક! મૈં આજ તુમ્હારે જહાજ કો ખિલૌને કી તરહ તોડકર ફૈંક દૂંગા. તૂમ સબ કો સમુદ્ર મેં હી ડુબોકર માર ડાલૂંગા...''

યાત્રી હાથ જોડકર પુકારને લગે–

''હે દેવ! હમેં મત મારો, હમેં ક્ષમા કરો!''

દૈત્ય ને દાંત નિપોરતે હુએ કહા-

''મૈં કેવલ એક શર્ત પર તુમ્હેં છોડ સકતા હુઁ. યદિ યહ અરહન્નક મેરી શરણ લે લે, યહ કહ દે કિ-નિર્ગ્રન્થ ધર્મ ઝૂઠા હૈ, પાખંડ હૈ ઔર અપને ભગવાન કી પ્રતિમા કો સમુદ્ર મેં ફેંક દે.''

યાત્રિયોં ને અરહન્નક કો સમઝાયા પરન્તુ અરહન્નક નહીં ડિગા! વહ શાન્ત ભાવ સે આઁખે મૂંદે અપને ભગવાન કી પ્રતિમા

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૬ મું)

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર

૬

□ ડૉ. કેતકી યોગેશ શાહ

આગમ સાહિત્યમાં શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર છઠ્ઠા અંગ સૂત્ર રૂપે સ્થાન ધરાવે છે. આ આગમનું પ્રાકૃત (અર્ધમાગધી) નામ णायाधम्मकहाओ છે. શ્રી જ્ઞાતાધર્મકથાના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ઓગણીસ જ્ઞાત-ઉદાહરણરૂપ અધ્યયનો છે અને બીજા શ્રુતસ્કંધમાં ધર્મકથાના ૧૦ વર્ગ છે. બીજા શ્રુતસ્કંધમાં સાડા ત્રણ કરોડ કથાઓ હોવાનો ઉલ્લેખ મળે છે, પણ વર્તમાને તેટલી કથાઓ ઉપલબ્ધ નથી. વર્તમાનમાં ૧૯+૨૦૬=૨૨૫ કથાઓ છે. જ્ઞાતાધર્મકથા સૂત્રનું પરિમાણ ૫૫૦૦ શ્લોક પ્રમાણ છે. આ સૂત્રની રચના મુખ્યતયા ગદ્યશૈલીમાં છે. વચ્ચે-વચ્ચે કોઈક સ્થળે પદ્યાંશ પણ જોવા મળે છે. જો આચારાંગસૂત્ર સાધુ ભગવંતોની આચારપોથી છે, દશવૈકાલિક સૂત્ર બાળપોથી છે તો જ્ઞાતાધર્મકથા સૂત્ર વૈરાગ્યપોથી છે. દરેક અધ્યયન સુખશીલતા, કામભોગ, વિષયકષાય, મોહ, પ્રમાદને ઘટાડી સંયમમાં સ્થિરતાના પાઠ ભણાવે છે.

શિષ્યનું મન કોઈપણ કારણથી સંયમભાવથી ચલિત થઈ જાય, શિષ્ય ભૂલ કરે ત્યારે ગુરુવર્યોએ ખાસ લક્ષ્ય આપીને ઉપાલંભ વચનો દ્વારા કે અન્ય કોઈ ઉપાયે તેને સંયમમાં સ્થિર કરવો જોઈએ એવા ભાવ પહેલા મેઘકુમારના અધ્યયન દ્વારા પ્રગટ થયા છે. બીજી વિશેષતા આ અધ્યયનની એ છે કે મેઘકુમારના ત્રણ ભવમાં પગની વિશેષતા છે. સુમેરુપ્રભ હાથીના ભવમાં પરવશપણે કાદવમાંથી પગ ઊંચકી શકતો નથી, મેરૂપ્રભ હાથીના ભવમાં સ્વવશે સસલા ઉપર પગ મૂકતો નથી અને મેઘમુનિના ભવમાં સ્થવિરોના પગની ઠોકર અને પગની રજ સહન થતી નથી. ભગવાનના ઉપદેશથી મેઘમુનિના સંસારમાં ઊપડતા પગ અટક્યા ને સંયમમાં સ્થિર બન્યા. મેરુપ્રભ હાથીના ભવમાં કોઈ પણ પ્રકારની સ્પષ્ટ સમજણ ન હતી, મિથ્યાત્વી જીવ હતો. તે માત્ર જીવો પ્રત્યેના અનુકંપાના ભાવથી સમકિતી બને છે અને સંસાર સીમિત કરે છે.

શ્રમણોએ પોતાના શરીરની આહાર-પાણીથી સારસંભાળ કેવા નિર્લેપ ભાવથી રાખવી જોઈએ તેનું વિજયચોર–ધન્ય સાર્થવાહનું કથાનક દિગ્દર્શન કરાવે છે.

સંયમ આરાધનામાં શિથિલ થઈ ગયા પછી પણ જો કોઈ સાધક સંવેગને પ્રાપ્ત કરીને સંયમમાં ઉદ્યમવંત થઈ જાય તો તે શૈલક રાજર્ષિની સમાન તે જ ભવમાં સિદ્ધ થઈ શકે એનું પ્રેરણારૂપ દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમાં પંથકમુનિનો શિષ્ય તરીકેનો વ્યવહાર વિનય ધર્મનું સાક્ષાત્ દર્શન કરાવે છે. આ અધ્યયનની વિશિષ્ટતા એ છે કે કૃષ્ણ વાસુદેવની ધર્મદલાલીરૂપ સંયમની અનુમોદના અને તત્કાલીન શુચિમૂલક ધર્મની ઝલક અહીં વર્ણિત છે.

પાંચ કમોદના દાણાની રોહીણીએ જેવી રીતે વૃદ્ધિ કરી ગાડાં ભર્યાં તેમ સાધુ-સાધ્વી પાંચ મહાવ્રતોમાં વૃદ્ધિ કરે તો સંસારથી મુક્ત થાય છે.

દરેક ધર્મનો પાયો નીતિમૂલક હોય છે પણ જૈનધર્મ એથી પણ આગળ વધીને કષાયત્યાગને પાયો માને છે. ઉગ્ર તપવાન, સંયમવાન અને ભવિષ્યમાં તીર્થંકર પદ મેળવવાવાળો જીવ પણ જો સૂક્ષ્મ અને ધર્મવિષયક પણ માયા કરે તો તે સ્ત્રીવેદ–મોહનીય કર્મનો બંધ કરે છે. મલ્લીનાથ તીર્થંકરનું સ્ત્રીપણે જન્મવું તે આ અવસર્પિણીકાળની આશ્ચર્યકારક ઘટના છે.

અપયશ અને નિંદાથી બચવા નાગશ્રી બ્રાહ્મણીએ પણ માયા છાની કરી પણ તેના ફળ જગજાહેર થયા. નાગશ્રીનું કથાનક ત્રિકરણ શુદ્ધિપૂર્વકના આહારદાનની સમજ આપે છે. તેના જ ઉત્તરાર્ધમાં નિદાન રહિત સંયમ-તપની અનુમોદના કરી છે, જે મોક્ષાર્થી સાધક માટે ઉપયોગી છે.

'ગુણવાનના સંગે ગુણવાન બનાય' એ ઉક્તિના ન્યાયે સુબુદ્ધિપ્રધાનના સંગે જિતશત્રુ રાજા પલટાયા. ઉદક (પાણી)ના માધ્યમે પુદ્ગલ પર્યાયની ક્ષણિકતા અને પરિવર્તનશીલતાનું દર્શન કરાવ્યું.

પોતાના ત્રણેય ભવ અલગ અલગ ગતિમાં હોવા છતાં ત્રણેય ભવમાં ભગવાન મહાવીરનો ભેટો થયો. માનવનો ભવ નંદ મણિયારનો, તિર્યંચનો ભવ દેડકાનો અને ત્રીજો ભવ દર્દુર દેવનો ભવ. ઉચ્ચ ગતિમાં ભૂલ્યો ને તિર્યંચના ભવમાં પશ્ચાતાપ સાથેનું તપ અને ભગવાનના દર્શનની પ્રબળ ઇચ્છાના કારણે તિર્યંચ ગતિનો અવરોધ પણ નડતો નથી. અહીં બીજી બોધનીય વાત એ છે કે સદ્ગુરુના સમાગમે સમકિત આદિ આત્મિક ગુણોની વૃદ્ધિ થાય છે અને ગુરુ સમાગમ વિના પતન પણ થઈ જાય છે.

અનિવાર્ય સંજોગોમાં પોતાના પ્રાણ બચાવવા ધન્ય સાર્થવાહે પોતાની જ પુત્રીનું માંસ-રુધિર પકાવી આહાર કર્યો. તેમ છતાં તેની પાછળનો હેતુ દેહને ટકાવવો એટલો જ હતો. આહારમાં અનાસક્ત-ભાવ ટકાવવાનું ઉત્તમ ઉદાહરણ આ જ છે.

હજાર વર્ષની તપ-સંયમની સાધનાનું ફળ ત્રણ જ દિવસમાં ભોગાસક્તિમાં એક ભાઈ કંડરિક મુનિએ ગુમાવ્યું ને સાતમી નરકના મહેમાન બની ગયા તો સંસારથી ઉદાસીન એવા પુંડરિક રાજા એ જ ત્રણ દિવસમાં દીક્ષાનો વેશ લઈ સર્વાર્થસિદ્ધ વિમાનના

વાસી બની ગયા. બંને ભાઈઓની અંત સમયે સમાન શારીરિક વેદના હોવા છતાં બીજા ભવમાં ૩૩ સાગરોપમની સમાન સ્થિતિ હોવા છતાં આત્મ પરિણામો અનુસાર જીવોની ગતિ અને ઉત્પત્તિ નિમ્ન અને ઉચ્ચ સ્થાનમાં થાય છે.

જિનપ્રવચનમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા ન કરવી. 'तमेव सच्चं णिसेकं जं जिणेहिं पवेइयं' – જિનેશ્વર પ્રતિપાદિત તત્ત્વ જ સત્ય છે, તેમાં શંકાને સ્થાન નથી. તેવી દૃઢ શ્રદ્ધાના બીજ 'મોરના ઈંડા'ના દૃષ્ટાંતે વાવ્યાં છે.

જ્ઞાતાધર્મકથા સૂત્રમાં વારંવાર વાગોળાતું માર્મિક, ધાર્મિક અને આધ્યાત્મિક સત્ય એટલે ઈન્દ્રિય વિષય, કામભોગથી અનાસક્ત, અલિપ્ત રહેવું. જે કાચબો શિયાળોથી બચવા પોતાના અંગોને નિયંત્રણમાં ન રાખી, ઢાલમાં છુપાવી ન શક્યો તેને શિયાળોએ મારી ખાધો પણ જે કાચબાએ પોતાના અવયવો પર સંયમ-નિયંત્રણ રાખ્યું તે પોતાની જાતને બચાવી શક્યો. તેમ જે સાધક પહેલા ચંચળ કાચબાની જેમ પોતાની ઈન્દ્રિયોનું ગોપન કરતા નથી તે અનંત સંસાર પરિભ્રમણનો દંડ ભોગવે છે પણ જે બીજા કાચબાની જેમ પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખે છે તે સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.

નંદીફળના અધ્યયનમાં ઈન્દ્રિયોના વિષયો એટલે કામભોગને નંદીફળના વૃક્ષની સાથે સરખાવ્યા છે. જેનાં ફળો ખાવામાં મીઠાં મધુરાં, શીતળ છાયા દેનારાં, દેખાવમાં મનમોહક હોવા છતાં ઝેરીલા છે તેમ ઈન્દ્રિયોના વિષયો પણ લોભામણા છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનની ૧૮મી ગાથામાં કિંપાકફળનો ઉલ્લેખ પણ આવા જ સંદર્ભમાં છે.

વળી, આકીર્ણ (અશ્વ)ના અધ્યયનમાં અશ્વોને પકડવા માટે મનોજ્ઞ ખાદ્ય-પેય પદાર્થો, વાજિંત્રોના સૂરો અને પાંચે ઈન્દ્રિયોને સુખપ્રદ વસ્તુઓ સાથે છટકાં પણ ગોઠવ્યાં છે. જે અશ્વો તે વિષયોના શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધમાં મોહાઈ ગયા તે જાળમાં ફસાઈ ગયા. અને જે આસક્ત બનતા નથી તે નિર્ભયપણે સ્વતંત્ર વિચરવા લાગ્યા.

સૂત્રકાર કાચબો, નંદીફળ, અશ્વના રૂપકથી જે વાતને દૃઢ કરતા હતા તે હવે જિનપાલ અને જિનરક્ષિત બે ભાઈઓની ઘટિત ઘટનાથી વધારે મજબૂત કરે છે. જિનપાલ રત્નાદેવીના આકર્ષક હાવભાવોમાં લિપ્ત થતા નથી. જ્યારે જિનરક્ષિત રત્નાદેવીના લોભમાં આવીને બ્રહ્મચર્યનો નાશ કરે છે.

જ્ઞાત (જ્ઞાતા) નામના પ્રથમ શ્રુતસ્કંધમાં જીવન કથાઓ અને દૃષ્ટાંતો દ્વારા ધર્મનું પુષ્ટીકરણ કર્યું છે. જ્યારે ધર્મકથા નામના બીજા શ્રુતસ્કંધમાં ચારે જાતિના દેવોની ૨૦૬ અગ્રમહિષી–ઈન્દ્રાણીઓના પૂર્વભવના જીવનકથાનકોનું નિરૂપણ છે. પૂર્વભવમાં આ સર્વ દેવીઓ પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં દીક્ષિત થઈ હતી. અને તે સર્વે સંયમી જીવનમાં શિથિલાચારી બની હતી. આ રીતે સંયમની વિરાધના કરી, તેની આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના જ તે ૨૦૬ સાધ્વીઓ કાળધર્મ પામીને દેવીરૂપે ઉત્પન્ન થઈ.

આગમ સૂત્રોમાં જ્યાં જ્યાં રાજકુમારોને સંયમ લેવાની ભાવના જાગે છે ત્યારે તેઓ પોતાની આઠ પત્ની કે બત્રીસ પત્ની પાસે ન આવતા, પોતાના માતા-પિતા પાસે આવીને આજ્ઞા માંગે છે, તે વાત ઉલ્લેખનીય છે.

આજે સાધુજીવનમાં પ્રસરંલી મંત્ર-તંત્ર, દોરા–ધાગાદિ પ્રવૃત્તિ અંગે જ્ઞાતાધર્મકથામાં સચોટ લાલબત્તી બતાવે છે. ગૃહસ્થ પોતાની ઈચ્છા પ્રમાણે સાંસારિક પ્રશ્ન મુનિને પૂછે ત્યારે મુનિએ પોતાની સંયમ મર્યાદા અનુસાર ઉચિત હોય તો જ ઉત્તર આપવો જોઈએ તેવું સ્પષ્ટ વિધાન પોટ્ટિલા અને સુકુમાલિકાના અનુસંધાનમાં છે.

સામાન્ય રીતે શ્રમણોને પોતાના ઉપર મરણાંતિક કષ્ટ આવવા છતાં પણ તે કષ્ટ આપનાર વ્યક્તિને ઉઘાડા પાડતા નથી કે તેના વિશે અપ્રિય વચન પણ બોલતા નથી. પરંતુ ૧૬મા અમરકંકા-દ્રૌપદી નામક અધ્યયનમાં ધર્મઘોષ સ્થવિર નાગશ્રી બ્રાહ્મણનું રહસ્ય ખોલે છે કારણકે ઝેરના પરિણામવાળું મૃત ક્લેવર જોઈને લોકોના મનમાં કુશંકાઓ ન થાય તે લક્ષ્યે સ્પષ્ટીકરણ કરવું પડ્યું, એ અપવાદમાર્ગ છે.

પંચમહાવ્રતધારી સાધુને પંચાંગ વંદન થાય છે, તે રીતે ગૃહસ્થને વંદન થતા નથી. નારદ સંયમી ન હોવા છતાં પાંડુરાજાએ સપરિવાર ત્રણવાર પ્રદક્ષિણા કરીને વંદન કર્યા. તેનું કારણ તે વિશિષ્ટ કોટિના વિદ્યાધર પુરુષ હતા, બ્રહ્મચારી હતા.

ધર્મારાધનાના લક્ષ્યે કરાતાં પૌષધાદિમાં સાંસારિક સંકલ્પો કરી શકાય નહીં તેમ છતાં અભયકુમાર, નંદમણિયાર વગેરે સાંસારિક હેતુથી અટ્ઠમ પૌષધ કરે છે. તેમાં પૌષધની વિધિ-નિયમો એકસરખા હોવા છતાં આગમમાં તેનો ઉલ્લેખ 'પૌષધ સમાન'નો છે.

જ્ઞાતાધર્મકથા સાહિત્યની દૃષ્ટિએ તો ઉત્તમ છે જ પણ તે સમયના નગરોની રચના, મકાનોની રચના અને સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર આ કથાઓમાં વર્ણિત છે. જીવન જીવવાનાં મૂલ્યો અને જીવનશૈલીનો માપદંડ પણ દર્શાવ્યો છે.

અહીં કેટલાક મનોવૈજ્ઞાનિક રહસ્યોનું ઉદ્‌ઘાટન થયું છે. શ્રીકૃષ્ણ યુદ્ધ કરવા જતી વેળાએ આત્મવિશ્વાસથી કહે છે હું જીતીશ અને તેમ જ થાય છે. આ હકારાત્મક વિચારણા (Positive Thinking)ની વાત છે. બે મિત્રોને મોરના ઈંડા મળે છે. પહેલો મિત્ર સતત ચિંતવે છે કે આ ઈંડામાંથી એક સુંદર બચ્ચું જરૂર બહાર આવશે. બીજાને વિશ્વાસ નથી. તે વિચારે છે કે કદાચ બચ્ચું

બહાર ન પણ આવે. પરિણામે પહેલાને મોરનું સુંદર બચ્ચું મળે છે, જેને શંકા છે તેને બચ્ચું મળતું નથી. આ નકારાત્મક વિચારોનું પરિણામ દર્શાવે છે.

આમ, જ્ઞાતાધર્મકથામાં સંયમને દૃઢ બનાવતી કથાઓ મધપૂડાં જેવી રસસભર છે. તેમાંથી એક-એક મધુબિંદુરૂપી અધ્યયનમાંથી જુદો જુદો વૈરાગ્ય રસ નીતરે છે. ઈંડા કહે છે–શ્રદ્ધા રાખો, કાચબા કહે છે–ધીરજ રાખો, ઘોડા કહે છે–વૈરાગ્ય રાખો, ચંદ્ર કહે છે–અપ્રમત્તભાવ રાખો, તુંબડું કહે છે–નિર્લેપભાવ રાખો, દાવદ્રવ કહે છે–સહિષ્ણુતા રાખો, નંદીફળ કહે છે–અનાસક્ત ભાવ રાખો. દૃષ્ટાંત અને લોકભોગ્ય કથાઓ દ્વારા દીધેલો બોધ ઘીથી લથપથ રસાળ શીરાની જેમ ગળે ઊતરી જાય તેવું જ્ઞાતાધર્મકથામાં જ્ઞાત થાય છે. ✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ 33 થી ચાલુ

કે સામને ધ્યાનસ્થ હોકર નિર્ભય બૈઠા રહા. ઉસને મન હી મન સંકલ્પ કર લિયા–

મરના મંજૂર હૈ, પરન્તુ ધર્મ નહીં છોડુંગા. મેરા ધર્મ સચ્ચા હૈ ઔર સચ્ચે કો કોઈ ભય નહીં...

ઉપદ્રવ હોતા રહા, પરન્તુ અરહન્નક અવિચલ રહા. થોડી દેર બાદ અચાનક તૂફાન શાન્ત હો ગયા. એક દિવ્ય દેવ આકાશ સે નીચે ઉતરા ઔર અર્હન્નક કો પ્રણામ કરકે બોલા–

''હે સત્પુરુષ! મૈંને આપકો બહુ કષ્ટ દિયે, ક્ષમા કરેં. સ્વર્ગ મેં ઈન્દ્ર મહારાજ ને આપકી ધર્મ-દૃઢતા કી પ્રશંસા કી થી. મૈંને પરીક્ષા લેને કે લિએ યહ સબ ઉપદ્રવ કિયા, પરન્તુ ઇસ અગ્નિ પરીક્ષા મેં ઉત્તીર્ણ હુએ ધન્ય હૈં આપ.''

દેવ ને અરહન્નક કો દો જોડી દિવ્ય કુંડલ ભેંટ કિએ–

''હે શ્રાવક શ્રેષ્ઠ! મેરી યહ તુચ્છ ભેંટ સ્વીકાર કરેં!''

કુંડલ ભેંટ દેકર દેવ ચલા ગયા.

અરહન્નક કા જહાજ કુછ દિનોં બાદ મિથિલા કે તટ પર પહુંચા. અરહન્નક ને એક જોડી દિવ્ય કુંડલ મિથિલા કે રાજા કુંભ કો ભેંટ કિયે!

''મહારાજ! યહ દિવ્ય કુંડલ મેરી ઓર સે સ્વીકાર કરેં.''

રાજા કુંભ ને કુંડલોં કી જોડી અપની પ્રિય પુત્રી મલ્લી કો ભેંટ દે દી. અરહન્નક ને મલ્લીકુમારી કો દેખા–

એસી સુન્દરતા ઈસકે સામને તો દિવ્ય કુંડલ કા તેજ ભી ફીકા હૈ.

કુછ સમય બાદ અરહન્નક આદિ યાત્રી વાપસ ચમ્પા નગરી લૌટ આયે. અરહન્નક ને દિવ્ય કુંડલ કી બચી હુઈ એક જોડી રાજા ચન્દ્રછાય કો ભેંટ કી ઔર પિછલી સબ ઘટના સુનાતે હુએ કહા–

''મહારાજ! મલ્લીકુમારી કે રૂપ લાવણ્ય કે સામને ઈન કુંડલોં કી ચમક ભી કુછ નહીં હૈ. મરકત મણિ કી કિરણોં સે ભી અધિક દીપ્તિમાન થી ઉસકી દેહકાન્તિ!''

મલ્લીકુમારી કા રૂપ વર્ણન સુનતે હી ચન્દ્રછાય કા રોમ-રોમ ખિલ ઉઠા. ઉસને અપને દૂત કો બુલાકર આજ્ઞા દી–

''ઉસ દિવ્ય સુન્દરી કે સાથે હમારા પાણિગ્રહણ કા પ્રસ્તાવ લેકર તુમ તુરન્ત મિથિલા કો જાઓ!''

દૂત રાજા કા વિવાહ પ્રસ્તાવ લેકર મિથિલા કી ઓર ચલ પડા.

શ્રાવસ્તી નગરી કે રુક્મિ રાજા કી કન્યા કા નામ થા સુબાહુ. નાગકન્યા સી અદ્‌ભુત સુન્દર થી વહ! એક બાર સ્નાનોત્સવ કે બાદ વસ્ત્ર-આભૂષણ ઔર પુષ્પ માલા પહનકર વહ પિતા કે પાસ આયી. રાજા ને અપને પાસ બૈઠાકર પ્યાર સે ઉસકા મસ્તક ચૂમા ઔર ફિર ગર્વ કે સાથ અન્તઃપુર કે વરિષ્ઠ રક્ષક સે પૂછા-

''ક્યા તુમને એસા અદ્‌ભુત ઔર અદ્વિતીય રૂપ-લાવણ્ય કહીં દેખા હૈ?''

વરિષ્ઠ રક્ષક બોલા–

''ક્ષમા કરેં મહારાજ! એક બાર મૈં મિથિલા નગરી ગયા થા. વહાઁ કી રાજકન્યા મલ્લીકુમારી કા જો રૂપ લાવણ્ય મૈંને દેખા, ઉસકા હજારવાઁ હિસ્સા ભી યહ નહીં હૈ!''

જૈસે પૂનમ કી રાત મેં સમુદ્ર મેં જ્વાર ઉઠને લગતા હૈ મલ્લીકુમારી કે સૌન્દર્ય કી ચર્ચા સુનતે હી રુક્મિ રાજા કે હૃદય મેં ભી પ્રેમ ઔર સ્નેહ કા જ્વાર ઉમડ આયા. ઉસને તુરન્ત અપને દૂત કો આજ્ઞા દી–

''જાઓ, મિથિલા કી રાજકન્યા મલ્લીકુમારી કા હાથ હમારે લિએ માંગો. ઇસકે લિએ હમ અપના સમ્પૂર્ણ રાજ્ય ભી ન્યૌછાવર કર દેંગે.''

મિથિલા મેં એક બાર મલ્લીકુમારી કે દિવ્ય કુંડલ કા જોડ ખુલ ગયા. રાજા કુંભ ને નગર કે કુશલ સ્વર્ણકારોં કો બુલાયા–

''રાજકુમારી કે દિવ્ય કુંડલ કા જોડ ખુલ ગયા હૈ, આપ ઝાલ દેકર ઠીક કરેં.''

સ્વર્ણકારોં ને ખૂબ પરિશ્રમ કિયા, દિમાગ લગાયા, પરન્તુ વહ જોડ ઠીક નહીં કર સકેં. અન્ત મેં રાજા કે પાસ આકર બોલે-

''મહારાજ! યે કુંડલ તો અલૌકિક હૈ, વિશ્વકર્મા ભી ઈનકે જોડ ઠીક નહીં કર સકતેં!''

રાજા કુંભ કો ઈસ ઉત્તર સે બહુત ક્રોધ આયા. વે બોલે-

''તુમ કૈસે સ્વર્ણાકર હો? યદિ તુમ મેં ઇતની કલાકારી ભી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૯ મું)

શ્રી ઉપાસક દશાંગ સૂત્ર

૭

□ ડૉ. કેતકી યોગેશ શાહ

તીર્થંકરની અર્થરૂપે વાણી અને ગણધર ભગવંતોની સૂત્રરૂપે ગૂંથણી એવા અગિયાર અંગસૂત્રોમાં સાતમા સ્થાને ઉપાસક દશાંગ સૂત્ર છે. અંગસૂત્ર હંમેશાં ધ્રુવ હોય એટલે કે હોય જ. ઉપાસક દશાંગ તેમાંનું એક છે. આ સૂત્ર ફક્ત શ્રાવકના જીવનચરિત્ર આલેખવા માટે જ છે, જેમાં શ્રાવકોનો જ અધિકાર છે. શ્રાવકનાં નામ બદલાય પણ ૭મું અંગસૂત્ર શ્રાવકોનું જ રહે. તીર્થંકર, ગણધર, સાધુ-સાધ્વીઓના હૈયે જેના નામ હોય તે શ્રાવકોના જીવન કેવા હોય? મહાવીર સ્વામી જ્યારે વિચરતા હતા ત્યારે ઉત્કૃષ્ટ શ્રાવકની સંખ્યા ૧ લાખ ૫૯ હજાર હતી. તેમાંના સર્વશ્રેષ્ઠ (top ten) આ દશ શ્રાવકો–આનંદ, કામદેવ, ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક, કુંડકૌલિક, સકડાલપુત્ર, મહાશતક, નંદિનીપિતા તથા શાલિહીપિતા છે. આ દશ મુખ્ય શ્રાવકોના જીવનનું તાદૃશ ચિત્ર (આલેખન) ૧૦ અધ્યયનમાં છે.

ઉપાસક દશાંગનું ગાથા પરિમાણ ૩૨ અક્ષરની એક ગાથા ગણતાં ૮૧૨ ગાથા છે. અસ્વાધ્યાય છોડીને પહેલા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય થાય તેવું કાલિક સૂત્ર છે.

દશે શ્રાવકોના અધ્યયનમાં એક સરખી સર્વ સામાન્ય વાત એ છે કે તેઓ ધનસંપન્ન, સમૃદ્ધ અને વૈભવશાળી હતા. સંયોગવશ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું મિલન થાય છે, જીવનમાં પરિવર્તન આવે છે. શ્રાવક ધર્મનો સ્વીકાર કરે છે, જીવનને મર્યાદિત ને સીમિત બનાવે છે. દશે શ્રાવકે ૧૨ વ્રત અને ૧૧ પ્રતિમાઓનું પાલન કર્યું. ૨૦ વર્ષ સુધી શ્રાવક-ધર્મનું પાલન કર્યું. તેમાં છેલ્લાં છ વર્ષ ગૃહસ્થ પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લઈને આત્મસાધના કરી. અંતે એક માસનો સંથારો કરીને સમાધિમરણ થયું, પ્રથમ દેવલોકગમન ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી મુક્તિ ગમન કરશે.

દશ અધ્યયનમાંથી બે અધ્યયનમાં–૯ અને ૧૦મામાં કોઈ વિશેષતા નથી. તેમની ધર્મસાધનામાં પુણ્યાનુયોગે કોઈ ઉપસર્ગ ન આવ્યો. વિશેષતાવાળા અધ્યયનમાં આનંદ શ્રાવકની દૃઢતા, કામદેવની વ્રતની દૃઢતા, કુંડકૌલિકની તત્ત્વની સમજણ, સકડાલપુત્રની સરળતા અને મહાશતકની પત્નીનો પ્રતિકૂળ સંયોગ છતાં ધર્મોપાસનામાં દૃઢતા રાખી એ પ્રેરણાદાયી અધ્યયનો છે.

જિનશાસન ગુણપ્રધાન છે, વેષપ્રધાન નથી તે આનંદ શ્રાવક અને ગૌતમ સ્વામીના વ્યવહાર પરથી સિદ્ધ થાય છે. આનંદ શ્રાવકના આમરણાંત અનશનના સમાચાર મળતાં જ ગૌતમસ્વામીનું સ્વયં ત્યાં જવું, ત્યાં ગયા પછી આનંદની શારીરિક અશક્તિ અને ભાવોના વેગ નિહાળી તેની નિકટ જવું, તેના અવધિજ્ઞાન વિષયક વાર્તાલાપ કરવો વગેરે પ્રસંગો ગૌતમસ્વામીની ગુણ દૃષ્ટિને પ્રગટ કરે છે.

આનંદ શ્રાવકના અવધિજ્ઞાનની વિશાળતા વિષયક શંકા થતાં અત્યંત સરળતાથી પ્રભુ પાસે તેનું સમાધાન કરવું, એટલું જ નહીં પરંતુ એક ગૃહસ્થના ઘરે જઈ ક્ષમાયાચના કરવી એ ગૌતમસ્વામીની મહાન સરળતા, નમ્રતા અને પ્રભુ પ્રત્યેની સાચી નિષ્ઠા ને અંતરશ્રદ્ધા છતી કરે છે. અહીં ઉલ્લેખનીય તો એ છે કે ગૌતમ સ્વામી પોતે ૧૪ પૂર્વધારી, દ્વાદશાંગીના ધારક, ૪ જ્ઞાનના ધણી, ૫૦,૦૦૦ સાધુઓના નાયક, ૮૦ વર્ષની ઉંમર, ૩૦ વર્ષનો દીક્ષાપર્યાય અને છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા. આવા જ્ઞાની, તપસ્વી, ઉત્તમ પદના ધારક હોવા છતાં પણ સ્ખલના થઈ શકે છે. ત્યારે કોઈ પણ જાતનો આગ્રહ રાખ્યા વિના સત્ય સ્વીકારી, ક્ષમાયાચના કરી તે તેમનો ઉત્તમ ગુણ છે.

મહાશતક સિવાય નવે શ્રાવકોનું પારિવારિક જીવન સુખી હતું. તેઓએ તેમની પત્નીને ધર્મ કરવા માટે, તીર્થંકરના દર્શન કરવા માટે કોઈ જાતનું દબાણ કર્યું નથી પણ પ્રેરણા આપી છે. જે આજે ઘણી જ અનુકરણીય લાગે છે. ઘરના પ્રત્યેક સદસ્યોને યોગ્ય પ્રેરણા આપી બાર વ્રતધારી શ્રાવક બનાવવા જોઈએ તો જ મહાવીરનું શાસન ૨૧,૦૦૦ વર્ષ સુધી ટકી શકશે.

મુનિદર્શન માટે સામાન્ય નિયમ એટલે કે પાંચ અભિગમ જાણવા યોગ્ય છે. જે સચિત્તત્યાગ, અચિત્તનો વિવેક, મુખ ઉપર રૂમાલ અથવા મુહપત્તિ, હાથ જોડવા, મનની સ્થિરતા છે.

વર્તમાનમાં ગૃહસ્થ સાધકો માટે આનંદ આદિ દશે શ્રાવકનું જીવન દિશાસૂચક છે. પોતાના ઘરમાં કેવળ ભોગ વિલાસ યોગ્ય જ વાતાવરણ ન રાખતાં, સાધના યોગ્ય સ્વતંત્ર સ્થાન રાખવું જોઈએ.

દશે શ્રાવકો પાસે કરોડોની સોનામહોર હોવા છતાં પ્રચુર સંપત્તિ અને ગોધન હોવા છતાં તેમને મહાપરિગ્રહી શ્રાવક કહ્યા નથી, અલ્પ પરિગ્રહી શ્રાવક કહ્યા કારણકે વ્રત સ્વીકારતી વખતે તેમની પાસે જેટલો પરિગ્રહ હતો તેમાં જ સંતોષ રાખ્યો. ઈચ્છાઓને સંયમિત કરી માટે સીમિત પરિગ્રહવાળા કહેવાય છે. અને જ્યારે પોતાને નિવૃત્ત થવું હતું તે સમયે છોડી પણ શક્યા. વ્યક્તિએ પોતાની નિવૃત્તિ સમયની એક મર્યાદા રાખવી જોઈએ.

સાંસારિક અને સામાજિક જવાબદારીમાંથી નિવૃત્તિ લઈ સ્વેચ્છાથી ઘર-ધંધાનો કારભાર પુત્રને સોંપી વાનપ્રસ્થાશ્રમને ધર્મારાધનાથી શોભાવવો જોઈએ, જે આ દશે શ્રાવકોનાં અધ્યયન ચિંતન-મનન કરાવે છે.

બીજા અધ્યયનમાં કામદેવ શ્રાવકને ધર્મસાધનામાં દેવકૃત ઉપસર્ગ આવ્યો. દેવે પિશાચ, હાથી અને સર્પનું વૈક્રિય રૂપ કરી કામદેવને ધર્મશ્રદ્ધાથી વિચલિત કરવા માટે પ્રયત્નો કર્યા પણ દેવ તેમાં સફળ થયો નહીં. ધર્મ કરનાર વ્યક્તિને કોઈ પ્રતિકૂળતા આવતી નથી, તેમ નથી. પરંતુ ધર્મશ્રદ્ધા એ વ્યક્તિને પ્રતિકૂળતામાં સહન કરવાની ક્ષમતા અને સમજણ આપી ધર્મમાં દૃઢ બનાવે છે. તેનું ઉત્તમ ઉદાહરણ કામદેવનું અધ્યયન છે. એવા પ્રિયધર્મી ને દૃઢધર્મી શ્રાવકના વખાણ ખુદ ભગવાન મહાવીર કરે છે. એક શ્રાવકનું ઉદાહરણ સાધુ-સાધ્વી માટે પ્રેરક બને એ કાંઈ નાની-સૂની વાત નથી.

ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક અને સકડાલપુત્ર એ ચારેય શ્રાવકને દેવકૃત ઉપસર્ગ આવ્યો. દેવે ક્રમશઃ ત્રણ પુત્રવધ કર્યા ત્યાં સુધી તેઓ ચલિત ન થયા પણ ચુલનીપિતા શ્રાવકને માતાની મમતા નડી, માતૃવધની ધમકીથી ચલિત થયા ને વ્રતભંગ થયો. પણ માતાની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કર્યું. સુરાદેવ શ્રાવકને શરીરના રોગ ઉત્પન્ન કરવાની ધમકી આપી ને તેઓ ચલિત થયા. પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કર્યું. ચુલ્લશતક શ્રાવક સર્વ સંપત્તિ વેરવિખેર કરવાની ધમકીથી ચલિત થયા ને તેઓ પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કરે છે. સકડાલપુત્ર શ્રાવક પત્નીવધની ધમકીથી વ્રતભંગ થાય છે પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે છે. ધર્મ સાધનામાં–આરાધનામાં જો કોઈ નડતરરૂપ હોય ને મનને અસ્થિર કરનારું હોય તો શરીર, સંબંધ અને સંપત્તિ છે, જે આપણી નબળી કડી છે.

કુંડકૌલિકની શ્રદ્ધા સમજણપૂર્વકની હતી. તેથી જ દેવના કથનથી તેઓ ચલિત થયા નહીં એટલું જ નહીં યુક્તિપૂર્વક નિયતિવાદનું ખંડન કરીને સ્વસિદ્ધાંતની પ્રરૂપણા કરી શક્યા અને દેવને નિરુત્તર કરી શક્યા. ખુદ પ્રભુ મહાવીરે કુંડકૌલિકને ધન્યવાદ આપ્યા અને તેની ઘટનાથી સાધુ-સાધ્વીઓને પવિત્ર પ્રેરણા આપી પ્રજ્ઞાબુદ્ધિ ધરાવનાર શ્રમણો અને શ્રમણોપાસકોએ જૈનાગમોનું વિશાળ અને ગહનતમ અધ્યયન ચિંતન સાથે કરવું જોઈએ એ જ આ અધ્યયનનો બોધ છે.

સકડાલપુત્રના અધ્યયનમાં સકડાલપુત્રને પ્રભુ મહાવીર સાથે નિયતિવાદ વિષયક થયેલી ચર્ચાનું નિરૂપણ છે. પ્રભુએ સકડાલપુત્રને તેના રોજિંદા કાર્ય ઉપરથી જ પુરુષાર્થવાદની ઉપયોગિતા અને અનિવાર્યતા સમજાવી, આપણું દરેક કાર્ય પુરુષાર્થ વિના શક્ય જ નથી. પ્રભુએ તેને પૂછ્યું કે તમે જે કાંઈ માટીના વાસણો વગેરે બનાવો છો તે કઈ રીતે થાય છે? સકડાલપુત્રે તેની પ્રક્રિયા આદિથી અંત સુધી સમજાવી. માટી પલાળવાથી લઈને વાસણને ભઠ્ઠીમાં પકવવા સુધી બધી જ ક્રિયા પુરુષાર્થજન્ય જ છે. તેથી જ સર્વભાવો નિયત છે, તેનું ખંડન થઈ જાય છે. વ્યાવહારિક જીવનમાં નિયતિવાદને સ્વીકારવો ઉચિત નથી. નિયતિવાદના સ્વીકારથી વ્યક્તિ સર્વથા નિષ્ક્રિય બની જાય, પ્રમાદ વધી જાય. 'જે થવાનું છે તે થશે', તે વિચારથી કે તે શ્રદ્ધાથી કાર્ય થતું નથી. તેથી એકાંતવાદને ન સ્વીકારતા પાંચ સમવાય–કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થને સ્વીકારવા, તે સર્વ પ્રકારે સંગત છે.

સકડાલપુત્ર જાતિથી કુંભાર હતા, પાંચસો કુંભારશાળાઓના માલિક હતા. છતાં તેમના જીવનમાં ધર્મનું સ્થાન હતું. તેમની શ્રદ્ધા ગોશાલકના નિયતિવાદની હતી પરંતુ પ્રભુના પ્રથમ સમાગમે, સત્ય સમજાતાં, આગ્રહ છોડીને સત્–તત્ત્વને સ્વીકારી લીધું.

અન્ય શ્રાવકના અધ્યયનમાં ઉપસર્ગ દેવકૃત હતો પણ મહાશતકના જીવનમાં તેમની પત્ની રેવતી દ્વારા પ્રતિકૂળ સંયોગો મળે છે. રેવતી વિષય–વાસનામાં મસ્ત, મદ્ય અને માંસ ભક્ષણમાં લોલુપી અને આસક્ત હતી. તેની કામના–પૂર્તિ માટે વિધ-વિધ પ્રયત્નો કરે છે. તેમાં જો કોઈ બાધક હોય તો ક્રોધ કરે છે, તેનો વધ કરે છે. ક્રોધી વ્યક્તિ હેય-ઉપાદેયનો વિવેક ભૂલી જાય છે ને સર્વ વિનાશને નોતરે છે. તેની બાર શોક્યનો વધ અને રોજ બે વાછરડાંના માંસનું ભક્ષણ જેવા અધમાધમ કાર્ય નિર્લજ્જતાથી કરે છે. મહાશતક દૃઢધર્મી ને પ્રિયધર્મી શ્રાવક હતા. તેને ચલિત કરવા માટે ઘણી કુચેષ્ટાઓ કરી ત્યારે અંતિમ આરાધનામાં લીન, અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકીને રેવતીનું પ્રથમ નરકનું ભાવિ કહે છે. ત્યારે આ માટે ભગવાન મહાવીર તેને પ્રાયશ્ચિત્ત લેવા કહે છે. સત્ય અને યથાર્થ વચન પણ જો અનિષ્ટ કે અપ્રિય હોય તો બોલવું કલ્પનીય નથી. તે આ અધ્યયનમાંથી શીખ મળે છે.

ઉપાસક દશાંગ સૂત્રમાં દશ શ્રાવકના માધ્યમથી તત્કાલીન શ્રાવકોની ધાર્મિક ભાવના સાથે સામાજિક, રાજકીય અને આર્થિક પરિસ્થિતિનો અહેવાલ મળે છે.

દશેદશ શ્રાવકો પાસે ગોધન ઘણું હતું. તેના પરથી ફલિત થાય છે તે સમયના જનજીવનના ગાય અને બળદનું મહત્ત્વ વિશેષ હશે.

દશેદશ શ્રાવકો પોતાની ધનસંપત્તિનો એક ભાગ ખજાનામાં, એક ભાગ વ્યાપારમાં અને એક ભાગ ઘરના વૈભવ-સાધન સામગ્રીમાં રાખતા હતા. તે સમયની આ કુશળ આર્થિક વહેંચણી આજના સમયે ઘણી ઉપકારક છે. આજે લોકો પોતાની ચાદર

કરતાં વધારે પગ પહોળા કરી લોન લઈ, હપ્તા ભરીને વસ્તુ-ઘર વસાવે છે. તેના માટે ટેન્શન ઊભાં કરે છે ને બ્લડ-પ્રેશર, ડીપ્રેશન ને ડાયાબિટીસનો શિકાર બને છે.

તે સમયના શ્રાવકો વ્રત ગ્રહણ કરતી વખતે ખાદ્ય, પેય, ભોગ, ઉપભોગ વગેરેની જે મર્યાદા કરી, તેનાથી તે સમયની જીવનશૈલી, રહેણીકરણી પર સારો પ્રકાશ પડે છે. માલિશની વિધિમાં શતપાક તેલ અને સહસ્ત્રપાક તેલ વાપરતા. તેનાથી એ પ્રગટ થાય છે કે ત્યારે આયુર્વેદ ઘણું વિકસિત હતું. લીલાં જેઠીમધનું દાતણ, વાળ ધોવા માટે આંબળાનો ઉપયોગ વગેરે રોજિંદી ક્રિયાનો ઉલ્લેખ સૂચવે છે કે ખાનપાન, રહેણીકરણી સહજ, સરળ અને પથ્યકારી હતી. લોકોમાં આભૂષણ ધારણ કરવાની રુચિ હતી. મોટા માણસો સંખ્યામાં ઓછાં પરંતુ બહુમૂલ્ય આભૂષણ પહેરતા હતા. પુરુષોમાં અંગૂઠી પહેરવાનો વિશેષ રિવાજ હતો. આનંદ શ્રાવકે પોતાની નામાંકિત અંગૂઠીના રૂપમાં આભૂષણની મર્યાદા કરી હતી. ભોજન પછી મુખવાસની પ્રથા હતી. કન્યાઓના લગ્ન પ્રસંગે પિતૃપક્ષ તરફથી દહેજ અપાતું હતું. એવા જીવન વ્યવસ્થાના અનેક પાસાંઓ અહીં ઉજાગર થયાં છે.

જૈનધર્મમાં સાધનાની દૃષ્ટિએ શ્રમણધર્મ અને શ્રમણોપાસક ધર્મ એમ બે પ્રકારે વિભાજન કર્યું છે. આ વિભાજનમાં ઊંડું મનોવૈજ્ઞાનિક તથ્ય છે. દરેક વ્યક્તિની ક્ષમતા, સામર્થ્ય, ઉત્સાહ, આત્મબળ, પરાક્રમ સમાન હોતાં નથી. તેથી ઓછી કે અધિક દરેક પ્રકારની શક્તિ ધરાવતી વ્યક્તિ સાધના માર્ગમાં પ્રવેશ કરી શકે છે. તે માટે શ્રમણોપાસક ધર્મની વ્યવસ્થા છે. સાધુના મહાવ્રત લેવા તે રત્ન ખરીદવા સમાન છે. રત્ન આખું જ ખરીદવું પડે જ્યારે શ્રાવકના વ્રત લેવા તે સોનું ખરીદવા સમાન છે; શક્તિ અનુસાર ખરીદો. જે સંસારમાં રહીને ભગવાન મહાવીરના ધર્મની ઉપાસના કરી, ઉપાસક બની આત્મકલ્યાણ કરવા માંગે છે તેમના માટે ઉપાસકદશાંગ સૂત્રનું અધ્યયન અત્યંત હિતકારક છે. ✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૩૬ થી ચાલુ

નહીં હૈ તો મેરે રાજ્ય સે નિકલ જાઓ.''

ક્રોધિત રાજા ને ઉન શ્રેષ્ઠ સ્વર્ણાકરોં કો દેશ નિકાલા દે દિયા.

મિથિલા સે નિષ્કાસિત સ્વર્ણકાર આજીવિકા કે લિએ ઘૂમતે હુએ વારાણસી આયે. વહાઁ કે રાજા શંખ કી સભા મેં આકર આશ્રય માંગને લગે–

''મહારાજ! હમ મિથિલા સે નિષ્કાસિત સ્વર્ણકાર આપકી નગરી મેં શરણ ચાહતે હૈ?''

''કિસ અપરાધ મેં તુમ્હેં મિથિલા સે નિકાલ દિયા ગયા?''

સ્વર્ણકારોં ને સારી ઘટના રાજા કો કહ સુનાઈ।

''ઔર મહારાજ! જૈસે વે દિવ્ય કુંડલ અલૌકિક હૈં વૈસા હી અલૌકિક રૂપ લાવણ્ય હૈ મલ્લીકુમારી કા. એક બાર તો સૂર્ય કી કિરણેં ભી ફીકી પડ જાતી હૈ ઉસકી ચમક કે સામને...''

નીંબૂ કા નામ સુનતે હી જૈસે મુઁહ સે લાર ટપકને લગતી હૈ. વૈસે હી મલ્લીકુમારી કા નામ સુનતે હી રાજા શંખ પ્રેમ-વિખલ હો ગયા. ઉસે લગા–

મલ્લીકુમારી કો પાયે બિના મેરા જીના હી વ્યર્થ હૈ.

ઉસને તુરન્ત દૂત કો બુલાકર રાજા કુંભ કે પાસ મલ્લીકુમારી સે વિવાહ કા પ્રસ્તાવ ભેજા.

એક દિન મલ્લી કે છોટે ભાઈ મલ્લકુમાર ને નગર કે શ્રેષ્ઠ ચિત્રકારોં કો બુલાકર કહા–

''મેરી ઈચ્છા હૈ, રાજ્ય મેં એક અદ્‌ભુત ચિત્રશાલા બનવાઈ જાય.''

''હમ પ્રયત્ન કરેંગે.''

ચિત્રકાર ચિત્રશાલા નિર્માણ મેં લગ ગયે.

કુછ સમય બાદ રાજકુમાર કો સૂચના મિલી–

કુમાર! ચિત્રશાલા બન કર તૈયાર હૈ.

કલ હમ અપને પરિવાર સહિત ચિત્રશાલા કા નિરીક્ષણ કરેંગે.

અગલે દિન રાજકુમાર ઔર યુવરાનિયાઁ ચિત્રશાલા કા નિરીક્ષણ કરને લગે. વિવિધ હાવ-ભાવ વ શ્રૃંગાર મુદ્રાઓ વાલે ચિત્ર દેખકર સબ પ્રસન્ન હો રહે થે. સહસા એક ચિત્ર પર રાજકુમાર કી નજર પડી–

''અરે! ઈસ ચિત્રશાલા મેં મેરી પૂજ્ય બડી બહન ઉપસ્થિત હૈ?''

વહ લજ્જિત-સા હોકર પીછે હટને લગા!

ધાય માતા ને પૂછા તો મલ્લદિન્ન ને કહા–

''વહાઁ દેવ-ગુરુ તુલ્ય મેરી બડી બહન ઉપસ્થિત હૈ। ઉનકે સામને મૈં કૈસે લજ્જાવિહીન હોકર ઈન ચિત્રોં કો દેખૂં?''

ધાય માતા ને ધ્યાનપૂર્વક દેખા, ફિર મુસ્કરાકર બોલી–

''કુમાર! આપકો ભ્રમ હો ગયા હૈ, યહ આપકી પૂજ્યા બહન નહીં, અપિતુ ઉનકા ચિત્ર હૈ.''

ઈતના સુનતે હી કુમાર દુસરે વિચારોં મેં ખો ગયા–

એસા કૌન ધીઠ ચિત્રકાર હૈ? જિસને મેરી બહન કે અંગ પ્રત્યંગો કા ઈતના સાક્ષાત સજીવ ચિત્રણ કિયા હૈ?

ઉસને ગુસ્સે મેં ભરકર સૈનિકોં કો આદેશ દિયા–

''ઉસ દુષ્ટ ચિત્રકાર કા વધ કર દો.''

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૨ મું)

શ્રી અંતગડ સૂત્ર

૮

□ ડૉ. કેતકી યોગેશ શાહ

અગિયાર અંગસૂત્રોમાં આઠમા સ્થાને અંતગડદશાંગ સૂત્ર છે. સાતમા ઉપાસક દશાંગ સૂત્રમાં ભગવાને શ્રમણોપાસકોના ચરિત્રવર્ણન કરીને અગાર-શ્રાવકધર્મનો પ્રતિબોધ કર્યો તો આ અંતગડ સૂત્રમાં અણગાર-સાધુ ધર્મને સ્વીકારી જે મહાત્માઓ ચરમ શરીરી છે–તે જ ભવમાં મોક્ષે જવાના છે અને અંતકાળે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ધર્મદેશના દીધા વિના જ મુક્તિ મેળવી એમના ચારિત્રનું વર્ણન છે. અંતગડ સૂત્ર એટલે સંસારનો સંપૂર્ણ અંત કરાવતી અંતઃકરણની યાત્રા.

અંતગડ સૂત્રનો એક શ્રુતસ્કંધ છે. મૂળમાં ૨૩,૨૮,૦૦૦ પદો હતાં. વર્તમાનમાં ૯૦૦ શ્લોક પ્રમાણ છે. તેમાં ૮ વર્ગ છે, તેના ૯૦ અધ્યયનો છે. આ આગમની રચના કથાત્મક શૈલીમાં છે.

અંતગડ સૂત્રનું ઘણું ઊંચું સ્થાન છે. ઉત્તર ભારતમાં પર્યુષણ પર્વના માંગલિક દિવસોમાં આ આગમના એક એક વર્ગનું વાંચન કરી, ૮ વર્ગની વાંચણી આઠ દિવસમાં પૂરી કરવામાં આવે છે.

આ આગમની વર્ણનશૈલી અત્યંત વ્યવસ્થિત છે તથા લગભગ એક જ માળખામાં બંધબેસતી કથાઓ છે. પ્રત્યેક સાધકના નામ, નગર, ઉદ્યાન, રાજા, માતા-પિતા, ૭૨ કળામાં પ્રવીણ, ધર્માચાર્ય, તીર્થંકર ભગવાન, ધર્મકથા, ઈહલૌકિક તથા પારલૌકિક ઋદ્ધિ, પાણિગ્રહણ, પ્રીતિદાન, ભોગ-પરિત્યાગ, પ્રવજ્યા, દીક્ષાકાળ, શ્રુતગ્રહણ, તપોપધાન, સંલેખના, સંલેખનાભૂમિ તથા અંતક્રિયા કરી સિદ્ધિગમનનો ક્રમિક ઉલ્લેખ છે. **રાજાશાહી ભોગાવસ્થાથી યોગાવસ્થાનો સુખદ વિરામ છે.**

અંતગડ સૂત્રના ૯૦ અધ્યયનમાં ૯૦ જીવોનો અધિકાર છે. તેમાંના ૫૧ ચરિત્ર બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિના શાસનના અને ૩૯ ચરિત્ર ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના શાસનના છે. પહેલાં ૫૧ ચરિત્રનો વિસ્તાર ૫ વર્ગમાં અને ૩૯ ચરિત્રનો વિસ્તાર ૩ વર્ગમાં છે. ૫૧ ચરિત્રમાં કૃષ્ણ વાસુદેવના પરિવારજનો છે. જેમાં તેમના ૧૦ કાકા, ૨૫ ભાઈ, ૮ પત્ની, ૨ પુત્રવધૂ, ૩ ભત્રીજા, ૨ પુત્ર ને ૧ પૌત્રનો સમાવેશ થાય છે. યાદવકુળના રાજવંશી આ પરિવારજનો શ્રી અરિષ્ટનેમિ ભગવાનના સમવસરણમાં આવે, ધર્મ શ્રવણ કરે, માતપિતાની આજ્ઞાથી દીક્ષા લે જેમ કોઈ વ્યક્તિ ઘરમાં અચાનક આગ લાગતાં અલ્પ વજનવાળી અને બહુમૂલ્યવાળી વસ્તુઓને ત્વરાથી લઈને બહાર નીકળી જાય છે તેમ જરા-મરણની અગ્નિમાં માનવ જીવન ભસ્મ થાય તે પહેલાં અગુરુલઘુ આત્માને બચાવી લે છે. (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનની ગાથા ૨૩માં પણ આવો ઉલ્લેખ છે.) મુનિવેશ ધારણ કરી ઉત્તમ સાધુત્વના આચાર-તપ-જ્ઞાન-ધ્યાન કરી અંતિમ સમયે સંલેખના કરી અંતિમ શ્વાસોચ્છ્વાસ દ્વારા આઠે કર્મોનો ક્ષય કરી સિદ્ધ થાય છે.

દરેક અધ્યયનમાં એક સરખી પરિપાટી હોવા છતાં વિશેષતાભર્યા અધ્યયનનો અહીં ઉલ્લેખ કર્યો છે.

અનીયસકુમાર આદિ ૬ અણગાર ભાઈઓ જેઓ એકસમાન દેખાતા હતા તેમનું દેવકીમાતાને ત્યાં ગોચરી અર્થેનું આગમન–એ પ્રસંગમાં મુનિરાજોનું ભિક્ષાર્થ ગમન, ગોચરીનો સમય, ગોચરી પહેલાની પ્રતિલેખન આદિ વિધિનું વર્ણન છે. બે-બેના સંઘાડા (ગ્રુપ)માં ત્રણ વાર મુનિઓના આવવા છતાં દેવકીમાતાની વિનય પ્રતિપતિ દાતાની દાનવિધિનું દર્શન કરાવે છે.

પહેલા વર્ગના પહેલા અધ્યયનમાં કૃષ્ણ વાસુદેવની ધનપતિ વૈશ્રમણ દેવ કુબેરની બુદ્ધિ કૌશલ્યથી નિર્મિત્ત દ્વારિકા નગરીનું વૈભવશાળી વર્ણન છે. કૃષ્ણ વાસુદેવની ત્રણે ખંડની બાહ્ય આભ્યંતર રાજસંપદા અને નગરસંપદાનું આલેખન છે. આટલી સમૃદ્ધિ હોવા છતાં તેઓ માતા પ્રત્યેની અપૂર્વ ભક્તિથી પ્રેરાઈને માતાની એક નાનો પુત્ર હોવાની ભાવનાને પૂરી કરવા અઠ્ઠમ તપ કરી હરિણગમૈષી દેવને બોલાવે છે. દેવ અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકી ને કહે છે, 'દેવલોકથી એક દેવતા આયુષ્ય પૂર્ણ કરી, ચ્યવીને તમારો સહોદર લઘુભ્રાતા થશે.' આ કથન સૂચવે છે કે **દેવ કોઈને પુત્રો આપતા નથી પરંતુ ભવિતવ્યતા હોય તો સંયોગો મેળવી આપે કે જાણકારી આપી શકે.**

ત્રીજા વર્ગના આઠમા અધ્યયનમાં ગજકુસુમાલના ઐતિહાસિક કથાપ્રસંગના ઉલ્લેખથી કદાચિત્ કોઈક જ જૈન અજાણ હશે. દરેક સાધુ-સાધ્વી વ્યાખ્યાન-પ્રવચનોમાં ગજસુકુમાલના ગુણગાન અલગ અલગ દૃષ્ટિકોણથી ફરમાવે છે.

હાથીના તાળવા સમાન અત્યંત સુકોમળ હોવાથી માતપિતાએ ગજસુકુમાલ નામ રાખ્યું. તેમની પ્રભા, ચમક, કાંતિ અને રંગના વર્ણન પરથી જાણવા મળે છે તેઓ સુંદર હતા. યુવાવસ્થા આવતા સુધીમાં ૭૨ કળાના પ્રવીણ બને છે. સોમિલ નામના બ્રાહ્મણની સોમા નામની કન્યા પર ગજસુકુમાલના ભાઈ કૃષ્ણની નજર પડતાં, ભાઈ માટે યાચના કરી, અંતઃપુરમાં રાખે છે. બીજી તરફ ત્યાં અરિષ્ટનેમિ ભગવાન આવે છે. ગજસુકુમાલ ધર્મશ્રવણ કરે

છે અને વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય છે. અહીં પુત્રમોહના કારણે માતા દેવકી પુત્રને અનુકૂળ-પ્રતિકૂળ, રાગાત્મક પ્રલોભનો, સંયમ માર્ગની કઠિનાઇઓ આદિ અનેક પ્રકારે ગજસુકુમાલને યોગથી ભોગ તરફ વાળવાની યુક્તિઓ, ઉક્તિઓથી સમજાવટ કરે છે. તે તમામના સચોટ વૈરાગ્યપૂર્ણ પ્રત્યુત્તર સાથેના માતાપિતાનું અત્યધિક સુંદર વર્ણન છે.

કૃષ્ણ મહારાજ તેમના વૈરાગ્યની કસોટી કરવા રાજ્યાભિષેક કરાવે છે પણ ગજસુકુમાલનો જ્ઞાનગર્ભિત દૃઢ વૈરાગ્ય રંગ લાવે છે. દીક્ષાના દિવસે જ બારમી ભિક્ષુ મહાપ્રતિમાની આરાધના કરવા, ભગવાનની આજ્ઞા લઈ મહાકાળ નામના સ્મશાનમાં જાય છે. આ મહાપ્રતિમાના વહન વખતે અવશ્ય દેવ, મનુષ્ય કે તિર્યંચકૃત ઉપસર્ગ આવે છે. સાધક જો આ પ્રતિમાનું સમ્યક્‌પાલન ન કરી શકે તો ઉન્માદને, દીર્ઘકાલીન રોગાંતકને પામે છે અથવા જિનધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. પણ જો સમ્યક્‌પાલન કરે તો અવશ્ય અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન-આ ૩ જ્ઞાનમાંથી કોઈપણ એક જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

ગજસુકુમાલ મુનિના ઉત્કૃષ્ટ વૈરાગ્યથી અજ્ઞાત અને પુત્રીમોહમાં અંધ થયેલા સસરા સોમિલ બ્રાહ્મણનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠે છે. ક્રોધની આંધીએ તેના વિવેક દીપકને બુઝવી નાખ્યો. પરિણામ સ્વરૂપ નવદીક્ષિત મુનિરાજના તાજા મુંડિત મસ્તક પર ધગધગતા ખેરના અંગારા ભીની માટીની પાળ બાંધી રાખી દીધા. અહીં સૂત્રકારે ગજસુકુમાલ મુનિની અસહ્ય કલ્પનાતીત મહાવેદનાનો હૃદયસ્પર્શી ચિતાર આપ્યો છે. મહાભયંકર વેદનામાં પણ, જરામાત્ર પણ, વૈર-બદલાની આછેરી રેખા પણ મુનિરાજમાં જાગતી નથી. રોષ ઉપર તોષ, દાનવતા પર માનવતાનો અમર જયઘોષ ગુંજવતા, એક જ દિવસની ચારિત્ર પર્યાય દ્વારા ગુણસ્થાનકાતીત બની મોક્ષ પ્રાપ્ત કરી લીધો.

શું બોંતેર કળામાં પ્રવીણ એવા ગજસુકુમાલ મુનિ હાથેથી ખેરના અંગારા નીચે મૂકી શકતા નહોતા કે માથું નમાવી તે નીચે પાડી શકતા નહોતા? ના...કારણકે જેણે છકાયની દયાનો પાઠ આત્મસાત્ કર્યો હોય તે તેઉકાયના જીવોની હિંસા કેમ કરી શકે? તેમણે તો સોમિલ બ્રાહ્મણને પોતાની મોક્ષસિદ્ધિના સહાયક માન્યા.

આ પ્રસંગના અનુસંધાનમાં કૃષ્ણ વાસુદેવની પ્રભુતામાં લઘુતાના દર્શન કરાવતો માર્મિક પ્રસંગ છે. એક અતિ વૃદ્ધ વ્યક્તિને જોઈને કૃષ્ણ મહારાજનું ફૂલ જેવું કોમળ હૃદય અનુકંપાથી દ્રવિત થઈ જાય છે અને એના સહયોગ માટે સ્વયં ઢગલામાંથી ઈંટ ઉઠાવે છે. તેનું અનુકરણ કરી અન્ય સૈનિકદળે આખો ઈંટનો ઢગલો ઘરમાં પહોંચાડી દીધો. જે રીતે કૃષ્ણે પેલા વૃદ્ધને સહાયતા કરી તેવી રીતે સોમિલે ગજસુકુમાલ મુનિને લાખો ભવોના સંચિત કર્મોને ભસ્મીભૂત કરવામાં સહાયતા કરી હતી.

બધા વાસુદેવ નિયમા (નિશ્ચયથી) નિયાણકડા હોવાથી કોઈપણ કાળે પોતાના વર્તમાન ભવમાં સંયમ સ્વીકાર કરી શકતા નથી અને તેઓ નિયમા નરકમાં જવાવાળા હોય છે. એક બાજુ કૃષ્ણ વાસુદેવને પણ નરકગામી બતાવ્યા તો બીજી તરફ અરિષ્ટનેમિ ભગવાન તેમને તે નરક પછીના ભવમાં આગામી ઉત્સર્પિણીકાળના 'અમમ' નામના બારમા તીર્થંકર બનશે એવી ભવિષ્યવાણી કરે છે. દ્વારિકાના નાશના ત્રણ કારણ સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિ છે. કૃષ્ણ જ્યારે દ્વારિકાનો ભાવી નાશ જુએ છે ત્યારે પોતાની સંયમ લેવાની અસમર્થતા હોવા છતાં નગરજનો ને પરિવારજનોને સંયમ લેવા માટેની સુલભતા ને સંયોગો કરી આપે છે. ઉત્કૃષ્ટ રસ ભરેલી ધર્મદલાલી કરી તીર્થંકર નામ કર્મ બાંધે છે.

ત્યાર પછી પદ્માવતી આદિ ૮ રાણી અને બે પુત્રવધૂને દીક્ષાના ભાવ જાગે છે અને વીશ વર્ષનું ચારિત્ર પાળી મોક્ષે સિધાવે છે. આમ પાંચ વર્ગમાં અરિષ્ટનેમિના શાસનકાળના ૪૧ સાધુ અને ૧૦ સાધ્વીઓનો અધિકાર છે.

૬, ૭, ૮ વર્ગમાં ભગવાન મહાવીરના શાસનકાળના ૧૬ સંતો અને ૨૩ સાધ્વીજીઓનું વર્ણન છે.

છઠ્ઠા વર્ગમાં રાજગૃહી નગરીના અર્જુનમાળીનો પ્રસંગ છે. પાંચ મહિના, તેર દિવસમાં ૧૧૪૧ વ્યક્તિઓની (જેમાં ૯૭૮ પુરુષો અને ૧૬૩ સ્ત્રીઓ છે) બેધડક હત્યા કરનારા અર્જુનમાળી જેવા હત્યારાને સુદર્શન શેઠની શ્રદ્ધા સુ-દર્શન કરાવે છે. અહીં શક્ય છે કે તીર્થંકર ભગવાનના પગલાં થયા પછી તે ક્ષેત્રમાં થઈ રહેલા ઉપદ્રવો કે રોગાંતક કોઈ પણ નિમિત્તે શાંત થઈ જાય છે. અર્જુનનો ઉપદ્રવ પણ સુદર્શન શ્રાવકના નિમિત્તથી દૂર થયો. દૈવી તાકાત સામે આધ્યાત્મિક તાકાતનો જવલંત વિજય થતાં અર્જુનમાળી અર્જુન અણગાર બની જાય છે. પોતાના જીવનનું આમૂલચૂલ પરિવર્તન કરી, છઠ્ઠના પારણે છઠ્ઠ કરી, અદ્‌ભુત સમતા, સહનશીલતા, ક્ષમાભાવના અને ધૈર્યતાની પરાકાષ્ઠાને પામી, છ માસમાં અષ્ટકર્મોનો ક્ષય કરી, ભગવાન મહાવીર પહેલાં જ મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

બાળ મુનિરાજ અતિમુક્ત કુમાર પ્રભુ મહાવીરના શાસનમાં સૌથી લઘુવયમાં સંયમ અંગીકાર કરનારા એક જ અણગાર છે. અહીં પ્રસ્તુત સૂત્રમાં અતિમુક્ત કુમારની જિજ્ઞાસા અને ૧૪ પૂર્વી ગૌતમ ગણધરનાં સમાધાનના સંવાદમાં બંનેની મહાનતાના દર્શન થાય છે. અતિમુક્તે તો ગૌતમ ગણધરની આંગળી ઝાલી પણ ગૌતમે તો તેમનો હાથ ઝાલ્યો ને પાત્રતા જાણી પ્રભુ પાસે લઈ

ગયા. અતિમુક્તને વૈરાગ્ય ભાવ જાગતા, માતા-પિતા પાસે આજ્ઞા માંગતા કહે છે, 'હે માતાપિતા! **હું જે જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે હું જાણું છું.**' અર્થાત્ મારું મૃત્યુ ક્યારે થશે અને હું ક્યાં જઈશ એ તત્ત્વજ્ઞાનથી હું અજ્ઞાત છું, એ અજ્ઞાતને જ્ઞાત કરવા માટે હું સંયમ ગ્રહણ કરવા ઈચ્છું છું. સંયમ ગ્રહણનો નિર્ણય આંતરિક પાત્રતા-યોગ્યતા ઉપર નિર્ભર છે, આગમમાં બાલવયની દીક્ષાનો નિષેધ નથી.

સાતમા, આઠમા વર્ગમાં શ્રેણિકની નંદાદિ-૧૩+કાલી આદિ ૧૦, કુલ ૨૩ રાણીઓના જ્ઞાનાભ્યાસ, તપ આરાધનાઓનું કલ્પનાતીત વર્ણન છે. ઉત્કૃષ્ટ તપના કારણે તેમની દેદીપ્યમાન બનેલી દિવ્ય કાયાનું સૌંદર્ય વર્ણવ્યું છે. રાણીઓ ફૂલ સમાન કોમળ છે. તેટલી જ તપસાધનામાં સિંહણ સમાન શૂરવીર પણ છે. એક થી એક ચડિયાતા તપ અને દેહાધ્યાસ ત્યાગની સર્વોત્કૃષ્ટ ઝલક છે.

આમ, અંતગડસૂત્રમાં ૮ વર્ષના અતિમુક્તકુમાર, ૧૬ વર્ષના ગજસુકુમાલથી લઈને આશરે હજાર વર્ષની ઉંમરવાળા અનીયસકુમાર આદિ કુમારો સંયમ લેવાના ઉદાહરણ છે. તો કૃષ્ણ વાસુદેવ જેવો પતિ હોવા છતાં પદ્માવતી આદિ રાણીઓ સંયમ લે છે તો શ્રેણિક રાજાના મરણ પછી નંદા આદિ ૨૩ રાણીઓ પણ દીક્ષિતથાય છે. અતિ સાહ્યબી હોવા છતાં પુણ્યશાળી રાજકુમારો સંયમ લે તો સાવ સામાન્ય અને ભયંકર પાપી માળી પણ દીક્ષિત થવાના દૃષ્ટાંતો છે. દરેકનો એક માત્ર આશય ને એક માત્ર સંદેશ–**ભોગવૃત્તિનો ત્યાગ અને પરિગ્રહની હેયતા.**

જે સાધકમાં જે ગુણો છે તેને ખીલવીને તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. કૃષ્ણ વાસુદેવની ધર્મશ્રદ્ધા, દયા, ધર્મદલાલી, માતૃભક્તિ, ગુણગ્રહણ દૃષ્ટિ; ગજસુકુમાલનું ધૈર્ય, સાધનાની અડગતા, અસીમ સંવેગ અને અવૈરવૃત્તિ; અર્જુનમાળીની અપાર તિતિક્ષા, અજોડ પ્રાયશ્ચિત્ત; સુદર્શન શેઠની નીડરતા; અતિમુક્તકુમારની જિજ્ઞાસા ને ઋજુતા; શ્રેણિકની રાણીઓનું ઘોર-ઉગ્ર તપ–આ બધા સાધકોના આ ગુણો ઉડીને આંખે વળગે તેવા છે.

અંતગડ સૂત્રનો પ્રતિપાદ્ય વિષય એ જ છે કે સંસાર પક્ષના વિવિધ રૂપો બતાવીને સાધકને ત્યાગ, સંયમ અને તપની પ્રેરણા દઈ ભવાંતઃક્રિયા તરફ લઈ જવા. આપણને પણ એવી પ્રેરણાશક્તિ મળે તેવી શુભ ભાવના સાથે અંતગડ કેવળી આત્માઓને વંદન. ✷✷✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૩૯ થી ચાલુ

વધ કા આદેશ સુનકર અન્ય ચિત્રકારોં ને મલ્લદિન્ન સે પ્રાર્થના કી.

''કુમાર! ઈસમેં ચિત્રકાર કા કોઈ અપરાધ નહીં હૈ. ભાગ્ય સે ઉસે ઐસી અલૌકિક ક્ષમતા પ્રાપ્ત હૈ, કિ કિસી કે ભી શરીર કા એક તિલભર અવયવ દેખકર હી વહ ઉસકી સમ્પૂર્ણ હુ-બહુ આકૃતિ બના સકતા હૈ. આપ ઉસે મૃત્યુદંડ ન દીજિએ.''

કુમાર ને ઉસ ચિત્રકાર કો બુલાર ડાંટા તો ચિત્રકાર ને નિવેદન કિયા–

''કુમાર, મેરી ગલતી ક્ષમા કરેં. મૈંને એક બાર પર્દે કે પીછે સે મલ્લીકુમારી કે પૈર કા અંગુઠા દેખ લિયા થા. બસ ઉસી આધાર પર યહ હુ-બહુ આકૃતિ બના દી, યહ મેરા અપરાધ નહી, મેરી કલા હૈ.''

પરન્તુ મલ્લદિન્ન કા ક્રોધ શાન્ત નહીં હુઆ. ઉસને સૈનિકોં કો આદેશ દિયા–

''ઈસ નિર્લજ્જ ચિત્રકાર કી તર્જની અંગુલી ઔર અંગૂઠા કાટકર દેશ સે નિકાલ દિયા જાય''

ચિત્રકાર કો દેશ કે બાહર નિકાલ દિયા ગયા.

અપમાનિત ચિત્રકાર ઘૂમતા હુઆ હસ્તિનાપુર કે રાજા અદીનશત્રુ કી રાજ સભા મેં પહુંચા ઔર અપની બીતી સુનાતે હુએ બોલા-

''મહારાજ! કલા કા યહ દૈવીય વરદાન હી મેરા અભિશાપ બન ગયા...વર્ના મલ્લીકુમારી કા યથાર્થ રૂપ અંકિત કરના તો મનુષ્ય ક્યા, દેવો કે ભી વશ કી બાત નહીં હૈ.''

આશ્ચર્ય કે સાથ રાજા ને પૂછા–

''એસા ક્યા રૂપ લાવણ્ય હૈ ઉસકા?''

ચિત્રકાર ને અપની બગલ મેં છુપા મલ્લીકુમારી કા ચિત્ર રાજા કે સામને રખા. રાજા મુગ્ધ ભાવ સે દેખતા રહા–

ક્યા કિસી માનવી કા એસા રૂપ લાવણ્ય હો સકતા હૈ?

રાજા ને તુરન્ત દૂત કો બુલાકર કહા-

''હમ મલ્લીકુમારી કો હર કીમત પર પાના ચાહતે હૈ! તુમ કુંભ રાજા સે હમારે લિએ ઈસકા હાથ માંગો.''

દૂત મિથિલા કી તરફ ચલ પડા.

એકબાર ચૌક્ષા નામકી એક પરિવ્રાજિકા અપની શિષ્યાઓં કે સાથ મિથિલા નગરી મેં આઈ. ઉસને લોગોં સે મલ્લીકુમારી કી પ્રશંસા સુની.

એક ઓર રાજકુમારી મલ્લી રૂપ-લાવણ્ય મેં અપ્સરા સે ભી બઢકર હૈ, તો દૂસરી ઓર બુદ્ધિમાની મેં સરસ્વતી કો ભી માત દેતી હૈ.

સુન્દરતા ઔર જ્ઞાન કા અદ્‌ભુત સંગમ હૈ વહ.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૯ મું)

શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર

□ ડૉ. કેતકી યોગેશ શાહ

૯

અગિયાર અંગસૂત્રોમા નવમા સ્થાને શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર છે. સાતમા ઉપાસક દશાંગ સૂત્રમાં શ્રાવકના જીવન કવન હતા તો આઠમા અંતગડ અને નવમા અનુત્તરોપપાતિક સૂત્રમાં શ્રમણોના અધિકાર છે. આઠમા અંતગડ સૂત્રમાં તપ-ત્યાગ દ્વારા સિદ્ધ થયેલા ૯૦ શ્રમણોનું વર્ણન છે તો નવમા અનુત્તરોપપાતિકમાં ઉત્કૃષ્ટતમ તપની સાધના કરી આયુષ્ય પૂર્ણ થવા પર અનુત્તરવિમાનમાં જન્મ ગ્રહણ કર્યો હોય એવા ૩૩ આત્માઓના જીવન-વૃત્તાંત છે.

વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ. એ પાંચ અનુત્તર વિમાન છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા અનુત્તરોપપાતિક કહેવાય છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા માનવોની દશા-અવસ્થાનું વર્ણન હોવાથી 'અનુત્તરોવવાઈય દશા' પણ કહેલ છે. ૩૩ સાગરોપમ સુધી અનુત્તર વિમાનના સુખ ભોગવતા દેવોને 'લવસપ્તમ દેવો' પણ કહેવાય છે. કારણકે પૂર્વના મનુષ્યના ભવમાં જો સાત લવ (લગભગ ૪ મિનિટ અને ૨૨ સેકન્ડ) જેટલું મનુષ્યનું આયુ વધારે હોત તો તેટલો સમય સાધનાની ધારા લંબાઈ ગઈ હોત તો સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષમાં ચાલ્યા ગયા હોત.

સંથારામાં વિવિધ પ્રકારના પ્રયોગ હોતા નથી પણ એક જ સમાન પ્રયોગ જેમાં આત્માના નિજ ગુણોને પ્રગટ કરવાની તીવ્રતર ભાવના હોય છે. કોઈ પણ પ્રકારની કીર્તિની કામના કે કોઈ પણ ભૌતિક સુખની ચાહના હોતી નથી. સર્વ જીવ સાથે ખમત્ ખામણા કરી મોક્ષની સાધનાની ભાવના હોય છે માટે સંથારો આત્મહત્યા નથી પણ આત્માની સુખશય્યા છે.

અનુત્તરોપપાતિક સૂત્ર ૨૯૨ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે. આ સૂત્રનું કદ બહુ મોટું નથી તેમ છતાં તેમાં બધી જ ક્રિયા-અનુત્તર-ઉચ્ચ પ્રકારની છે. આ ધર્મકથાનુયોગ સૂત્રમાં ૩ વર્ગ છે. તેમાં અનુક્રમે ૧૦, ૧૩, ૧૦ અધ્યયન છે. કુલ ૩૩ અધ્યયનમાં મહાન તપોનિધિ ૩૩ સાધકોનો ઉલ્લેખ છે.

પ્રથમ વર્ગ અને બીજા વર્ગના કુલ ૨૩ અધ્યયનમાં શ્રેણિક રાજાના જાલિ આદિ ૨૩ પુત્રોના સાધનામય જીવનનું વર્ણન છે. આ દરેક રાજકુમારોના પુણ્યશાળી જીવન, ૭૨ કળામાં પ્રવીણતા, આઠ પત્નીઓ, ભગવાના દર્શનથી વૈરાગ્યભાવ, દીક્ષા, તપ-સંલેખના, સંથારો, પાંચ અનુત્તર વિમાનમાં ગમન, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ, ત્યાંથી સિદ્ધ થશે તેવો ક્રમિક ઉલ્લેખ એક સરખો છે.

ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનમાં ધન્યકુમારનું જીવન વિશેષતા-યુક્ત હોવાથી વિસ્તારપૂર્વક સૂત્રકારે વર્ણવેલ છે. કાકંદી નામની નગરીમાં, ભદ્રા નામની સાર્થવાહીના ધન્યકુમાર પુત્ર છે. ભદ્રા સાર્થવાહી એક સાધન સંપન્ન સન્નારી હતી, પ્રચુર ધનસંપત્તિ, વિપુલ ગોધન અને અનેક દાસ-દાસી તેની સંપદા હતી. સમાજમાં સમ્માનયુક્ત હતી.

અહીં પ્રસ્તુત સૂત્ર પરથી તે સમયની સ્ત્રી જાતિની ઉન્નતિનો પરિચય થાય છે. સાર્થવાહી સ્ત્રીઓ આયાત-નિકાસ વેપારનું મોટું સાહસ ખેડતી, વ્યાપાર, વ્યાજ-વટાવ આદિ ક્ષેત્રમાં સ્ત્રીનો પ્રવેશ હતો. સ્ત્રી પુરુષ સમોવડી હતી. સાથે સાથે સાંસારિક જવાબદારી પણ સુપેરે નિભાવતી હતી. અહીં ધન્યકુમારના પિતાનું વર્ણન નથી તેથી એમ માની શકાય કે તે નાની ઉંમરે જ કાળ કરી ગયા હશે.

ધન્યકુમારનો જન્મ સમૃદ્ધ ઘરમાં થયો હતો. તેનું શરીર પરિપૂર્ણ અને સુંદર હતું. પાંચ ધાત્રીઓ દ્વારા પાલનપોષણ થયું હતું. ૭૨ કળામાં પ્રવીણ હતા. યૌવન અવસ્થામાં આવતા ૩૨ કન્યા સાથે પાણિગ્રહણ થયું. માતા તરફથી ધન્યકુમારને પ્રીતિદાનમાં સોના, ચાંદી, મોતી, ગોકુળ, ઘોડા, હાથી, દાસી, ઘરવખરીની વસ્તુઓ વગેરે સેંકડો વસ્તુ ૩૨-૩૨ના પ્રમાણમાં મળી જે ધન્યકુમારે પ્રત્યેક પત્નીઓને આપી દીધી.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કાકંદી નગરીમાં પધાર્યા. ધન્યકુમાર પગે ચાલીને ભગવાનના દર્શને ગયા. ભગવાનના ઉપદેશામૃતના પ્રભાવથી વૈરાગ્યભાવ જાગ્યો. માતાની આજ્ઞા લઈને સંપૂર્ણ સાંસારિક ભોગ વિલાસને ત્યજીને અણગાર બની ગયા. જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસ ભગવાનની આજ્ઞા લઈ જીવન પર્યંત નિરંતર છઠ્ઠ તપ તથા પારણામાં આયંબિલ કરવાની પ્રતિજ્ઞા લીધી. તે આયંબિલનો આહાર પણ સંસૃષ્ટ હાથથી અર્થાત્ ખરડેલ કે આહારથી લિપ્ત હાથથી દે તો જ કલ્પે. વળી તે આહાર ઉજ્જિત આહાર અર્થાત્ જે અન્ન સર્વથા ફેંકી દેવા યોગ્ય હોય, જેને પ્રાયઃ કોઈ ઈચ્છતું નથી તેવો આહાર જ લેવો.

અહીં ધન્ય અણગારની આહાર અને શરીર વિષયક અનાસક્તિનું તથા રસેન્દ્રિયના સંયમનું દિવ્ય દિગ્દર્શન થાય છે. આવી દૃઢ પ્રતિજ્ઞાનું પાલન કરતાં ક્યારેક ગોચરીમાં ભોજન મળે

તો પાણી ન મળ્યું હોય અને જો પાણી મળ્યું હોય તો ભોજન ન મળ્યું હોય. આવી અવસ્થામાં પણ અદીન, પ્રસન્નચિત્ત, કષાય-મુક્ત અને વિષાદરહિત ઉપશમ ભાવમાં, સમાધિ ભાવમાં સ્થિત રહ્યા. જેમ સર્પ બીજા કોઈ લક્ષ્ય વિના માત્ર પોતાની દેહ રક્ષા માટે જ દરમાં પ્રવેશ કરે છે તેમ ધન્ય અણગાર પણ રસાસ્વાદ વગેરે કોઈ પણ લક્ષ્ય વિના માત્ર સંયમ નિર્વાહ માટે જ આહાર કરે છે.

ઉગ્રતપ, કઠોર અભિગ્રહ અને અણીશુદ્ધ સંયમની કસોટી પર ચડીને ધન્ય અણગારનું શરીર કૃશ બનતું ગયું, પરંતુ તેનાથી તેમનો આત્મા વધારે તેજસ્વી બની ગયો. પ્રતિદિન વધતું જતું મુખનું તેજ ઢાંકેલા અગ્નિની સમાન દેદીપ્યમાન બની ગયું હતું.

ધન્ય અણગારની શારીરિક સ્થિતિમાં કેટલું પરિવર્તન થયું હતું તે માટે દરેક જિજ્ઞાસુ વાંચકે આ અધ્યયન વાંચવા યોગ્ય છે. સાહિત્યમાં ભાગ્યે જ આવું તપશ્ચર્યાનું વર્ણન વાંચવા મળી શકે. તીવ્રતમ તપના પ્રભાવથી એક એક અંગ સુકાઈને કેવાં થઈ ગયાં હતાં તેનું ઉપમા અલંકારથી વર્ણન કરવામાં આવ્યું છે. પગ, પગની આંગળીઓ, જંઘા (પીંડી), ઘૂંટણ, ઊરુ (સાથળો), કમ્મર, ઉદર, પાંસળી, બાહુ, હાથ, હાથની આંગળીઓ, ગર્દન, દાઢી, હોઠ, જીભ, નાક, આંખ, મસ્તક આદિ અવયવોમાં માંસ અને લોહી દેખાતાં ન હતાં. ફક્ત હાડકાં, ચામડાં અને નસો જ દેખાતી હતી.

ઘોર તપસ્વી ધન્ય અણગારનાં છાતીના હાડકાં ગંગાની લહેરો (મોજાં) સમાન અલગ-અલગ પ્રતીત થતાં હતાં. કરોડના મણકા રુદ્રાક્ષની માળાના મણકાની સમાન સ્પષ્ટ ગણી શકાય તેવા હતા. ભૂજાઓ સૂકાઈને સૂકાયેલા સર્પની સમાન થઈ ગઈ હતી. હાથ ઘોડાની ઢીલી લગામ સમાન લટકી ગયા હતા. કંપવાગ્રસ્ત રોગીની જેમ તેમનું મસ્તક ધ્રૂજતું હતું. તેમનું શારીરિક બળ બિલકુલ ક્ષીણ થઈ ગયું હતું. ફક્ત આત્માની શક્તિથી ચાલતા હતા. સર્વથા દુર્બળ હોવાને કારણે બોલવામાં પણ અત્યંત શ્રમ પડતો હતો. શરીર એટલું ખખડી ગયું હતું કે જ્યારે તેઓ ચાલતા ત્યારે હાડકાંઓ પરસ્પર અથડાવાના કારણે કોલસાની ભરેલી ગાડીની જેમ અવાજ આવતો હતો. તપશ્ચર્યામાં એ પ્રકારે તન્મય થઈ ગયા હતા કે પોતાના શરીરથી પણ નિરપેક્ષ થઈ ગયા હતા. શરીરધારી હોવા છતાં પણ એ અશરીરી જેવા બની ગયા હતા. તેમ છતાં તેમનો આત્મા તપના પ્રખર તેજથી અત્યંત સુશોભિત થઈ ગયો હતો.

આવા તપોધની ધન્ય અણગારની ખુદ ભગવાન મહાવીર પ્રશંસા કરતાં કહે છે કે તેમના ઈન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર મહાદુષ્કરકારક અને મહાનિર્જરાકારક છે. ધન્યમુનિ યથાર્થનામા તથા ગુણા સિદ્ધ થયા. આઠ મહિનાની અજોડ તપસ્યા ઉત્કૃષ્ટ ભાવે કરી અને એક માસની અંતિમ સાધના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા છે. ત્યાં તેત્રીસ સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી સિદ્ધ થશે.

સમ્યક્ તપ એ અનંત કર્મની નિર્જરાનું પ્રધાન સાધન છે. અનંત તીર્થંકરોએ તેમ જ અન્ય સર્વ સાધકોએ તપનો માર્ગ અપનાવ્યો છે. સંસારના સર્વ ભૌતિક ભાવોને છોડ્યા પછી સંયમમાર્ગને પરિપક્વ બનાવવા માટે તપસાધના અનિવાર્ય છે. ધન્ય અણગારે એ સાબિત કરી બતાવ્યું કે **શરીરની શક્તિ કરતા આત્મશક્તિ અનંતગણી છે.**

તે ઉપરાંત અહીં ઉલ્લેખનીય એ છે કે **ગુણીજનોના ગુણાનુવાદ નિ:સંકોચપણે કરવા જ જોઈએ. પ્રમોદ ભાવના ભાવવામાં ક્યાંય પ્રમાદ ન કરવો જોઈએ.** સાક્ષાત્ તીર્થંકરે પોતાના જ શિષ્યની સ્વમુખે પ્રશંસા કરી, તે એક પ્રેરક પ્રસંગ છે.

જૈન આગમમાં ઠેર ઠેર અનશન તપનું શ્રેષ્ઠ ક્રિયાત્મક ચિત્રાંકન થયું છે. અનશન તપ તે જ સાધક કરી શકે છે કે જેણે શરીરની આસક્તિનો ત્યાગ કર્યો હોય. અનશનમાં ચાર આહાર સાથે ઈચ્છાઓ, કષાયો અને વિષયવાસનાનો પણ ત્યાગ કરવામાં આવે છે. આ ત્યાગમાં મૃત્યુની ચાહના હોતી નથી. જ્યારે શરીર સાધનામાં સહાયક ન રહેતાં બાધક બની જાય ત્યારે તે ત્યાગવા યોગ્ય બની જાય છે. તે સમયે સ્વેચ્છાએ મરણ પ્રતિ પ્રયાણ કરવામાં આવે છે. સંથારો આત્મહત્યા છે એ એક ભ્રાંત ધારણા છે, આ સત્ય નથી.

આત્મહત્યા તે વ્યક્તિ જ કરે છે જે પરિસ્થિતિઓથી ત્રાસેલા હોય છે, જેની મનોકામના પૂર્ણ થતી નથી, અપમાનિત હોય છે, તીવ્ર ક્રોધનો આવેગ હોય છે તે વ્યક્તિ વિષ, ફાંસો વગેરે વિવિધ પ્રકારના પ્રયોગ કરી જીવનનો અંત લાવે છે. જ્યારે સંથારામાં આ બધાનો અભાવ હોય છે. સંથારામાં વિવિધ પ્રકારના પ્રયોગ હોતા નથી પણ એક જ સમાન પ્રયોગ જેમાં આત્માના નિજ ગુણોને પ્રગટ કરવાની તીવ્રતર ભાવના હોય છે. કોઈ પણ પ્રકારની કીર્તિની કામના કે કોઈ પણ ભૌતિક સુખની ચાહના હોતી નથી. સર્વ જીવ સાથે ખમત્ ખામણા કરી મોક્ષની સાધનાની ભાવના હોય છે માટે **સંથારો આત્મહત્યા નથી પણ આત્માની સુખશય્યા છે.**

જ્યારે દેહનું મમત્વ ઘટે ત્યારે જ આત્માનું આત્મત્વ ઝળકી ઊઠે છે. શુદ્ધ આત્મત્વની પ્રાપ્તિ થાય ત્યારે જ સિદ્ધત્વની પ્રાપ્તિ થઈ શકે છે. આવો ઉચ્ચ ને ઉત્તમ બોધ અનુત્તરોપપાતિક સૂત્ર દ્વારા મળે છે.

* * *

શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

૧૦

□ ડૉ. કેતકી યોગેશ શાહ

અગિયાર અંગસૂત્રોમાં દસમા સ્થાને શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર છે. પુછાયેલા પ્રશ્નોના નિર્ણાયત્મકરૂપે જવાબ જેમાં હોય તે 'વ્યાકરણ' કહેવાય છે અને તેવા પ્રશ્નોત્તરવાળું સૂત્ર તે 'પ્રશ્નવ્યાકરણ સૂત્ર' છે. ટૂંકમાં પ્રશ્નોનું વ્યાકરણ અર્થાત્ નિર્વચન, ઉત્તર અને નિર્ણય તે પ્રશ્નવ્યાકરણ.

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં એક શ્રુતસ્કંધ અને ૧૦ અધ્યયન છે. પહેલાં ૯,૩૧,૧૬,૦૦૦ પદ હતા. હાલમાં ૧૨૫૦ પદ છે. પહેલાં ૪૫ અધ્યયનો હતા તેમ નંદી સૂત્રમાં કહે છે. વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણમાં ધર્માધર્મ રૂપ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. પ્રાચીન કાળમાં આ આગમમાં અનેક મંત્રો, વિદ્યાઓ, જ્યોતિષ આદિ ગૂઢ અને ચમત્કારિક પ્રશ્નો સંબંધિત વિષય હતો, તેવું નંદી સૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં કથન છે. આગામી સમયમાં કોઈ કુપાત્ર મનુષ્ય આ ચમત્કારી વિદ્યાનો દુરૂપયોગ ન કરે, એ દૃષ્ટિથી કોઈ આચાર્ય ગુરુએ એ વિષયો આ સૂત્રમાંથી કાઢી નાંખી માત્ર આશ્રવ અને સંવરને કેન્દ્રબિંદુ બનાવ્યા છે.

'કર્મનું આવવું' તે આશ્રવ અને 'આવતાં કર્મને રોકવા' તે સંવર. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ–એ પાંચ આશ્રવનાં દ્વાર છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ પાંચ સંવરનાં દ્વાર છે.

★ પ્રથમ 'હિંસા' અધ્યયનમાં શાસ્ત્રકાર પ્રાણવધને અધર્મનું દ્વાર કહે છે. હિંસા પાપ રૂપ છે. ચંડ રૂપ છે, રૌદ્ર રૂપ છે વગેરે વિશેષણો દ્વારા હિંસાના વાસ્તવિક સ્વરૂપને પ્રદર્શિત કરી હેયતા પ્રગટ કરી છે. હિંસાના વિવિધ અર્થના પ્રતિપાદક, ગુણવાચક અને કટુફળ નિર્દેશક ૩૦ પર્યાયવાચી નામો દર્શાવ્યા છે. પાપી, કરુણાહીન, અસંયમી, અવિરતિ વ્યક્તિ પોતાના સુખ અને શોખ માટે, પોતાની સ્વાર્થી વૃત્તિઓના પોષણ માટે સ્થાવર અને ત્રસકાયિક જીવોની હિંસા કરે છે.

હિંસા કરવા માટેનાં બાહ્ય કારણો તે મકાન બનાવવાં, સ્નાન કરવું, ભોજન બનાવવા આદિનો ઉલ્લેખ છે. તો આભ્યંતર કારણો ક્રોધાદિ કષાયો, હાસ્ય, રતિ, અરતિ, પ્રમાદ, અજ્ઞાનતા આદિનું કથન છે. કોઈ પણ કારણથી હિંસા કરાય તે એકાંતે, ત્રૈકાલિક પાપ જ છે; તેનાથી આત્માનું હિત કદાપિ થતું નથી. મૂઢ હિંસક લોકો હિંસાનાં ફળને જાણતા નથી અને અત્યંત ભયાનક, નિરંતર દુઃખદ વેદનાવાળી તેમ જ દીર્ઘકાલ પર્યંત ઘણાં દુઃખોથી વ્યાપ્ત નરક અને તિર્યંચયોનિ યોગ્ય ભવોની વૃદ્ધિ કરે છે. હિંસક પાપીજન આ મનુષ્યભવનું આયુષ્ય સમાપ્ત થતાં અશુભ કર્મોની બહુલતાના કારણે સીધા જ નરકમાં ઉત્પન્ન થાય છે.

અહીં નારકોની વેદનાનો ચિતાર એક ચિત્કાર નંખાવી દે તેવો ચોટદાર સૂત્રકારે રજૂ કર્યો છે. ક્ષેત્રવેદના, પરમાધામી દ્વારા અપાતી વેદના અને પરસ્પર અપાતી વેદનાનું તાદૃશ્ય નિરૂપણ ખરેખર રુંવાડાં ઊભાં કરી દે તેવું છે.

નરકની ભૂમિનો સ્પર્શ અત્યંત કષ્ટકારી છે, ત્યાંની ઉષ્ણ અને શીત વેદના વચનાતીત છે, ત્યાં ઘોર અંધકાર છે, અસહ્ય દુર્ગંધ છે. પરમાધામી દેવો જ્યારે નારકોને પીડા ઉત્પન્ન કરે છે ત્યારે તે તેના પૂર્વકૃત પાપોની ઉદ્‌ઘોષણા કરે છે, સ્મરણ કરાવે છે. નારકોના પૂર્વકૃત પાપ જે કોટિના હોય છે પ્રાયઃ તેવા પ્રકારની યાતના દેવામાં આવે છે. જેણે પૂર્વભવમાં મરઘા-મરઘીને ઉકળતા પાણીમાં નાંખીને ઉકાળ્યા હોય તેને કડાઈ કે ઘડા જેવા પાત્રમાં ઉકાળવામાં આવે છે. જેણે અન્ય જીવોનો વધ કરી માંસ કાપ્યું હોય, શેક્યું હોય તેને તે પ્રકારે કાપવામાં, શેકવામાં આવે છે. જેણે દેવી-દેવતા સામે પશુની બલિ દીધી હોય તેને બલિની જેમ વધેરવામાં આવે છે. જે વ્યક્તિ જેવા કર્મો કરે તેવાં જ ફળ તેને ભોગવવા પડે છે તે કર્મનો અબાધિત સિદ્ધાંત અહીં ઉપસી આવે છે.

આવી શારીરિક અને માનસિક અશાતા રૂપ વેદનાનો અનુભવ જીવન-પર્યંત કરવો પડે છે. નારકો રાડો પાડી પાડીને કહે છે કે મને છોડી દો, દયા કરો, રોષ ન કરો, થોડું પાણી આપો ત્યારે પરમાધામી દેવો તે નારકોને પકડી લોઢાના દંડાથી મોંઢું ફાડી તેમાં ઊકળતું સીસું રેડે છે.

આ સિવાય પરસ્પર તીવ્ર વેરભાવ પૂર્વના વેરના કારણે હોય છે. તેઓ એકબીજાને સેંકડો શસ્ત્રોથી મારતા રહે છે, કાપતા રહે છે. નારકોનું શરીર જન્મસિદ્ધ વૈક્રિય હોવાથી તેના ટુકડા કરાય, શેકાય, તળાય કે ગમે તે પ્રક્રિયા થાય છતાં તેનો નાશ થતો નથી. તેનું વૈક્રિય શરીર તેને વિશેષ દુઃખકારક છે. આવી ભયાનક યાતનાઓનું વર્ણન કરવાનું એક માત્ર પ્રયોજન છે કે **મનુષ્ય હિંસારૂપ દુષ્કર્મોથી બચે અને તેના ફળસ્વરૂપ થનારી યાતનાઓનો શિકાર ન બને.**

નરકમાંથી નીકળીને પણ જેના પાપકર્મો શેષ રહ્યા હોય તે તિર્યંચ ગતિમાં દુઃખોની પરંપરાને સહેતા રહે છે. સંક્ષેપમાં કહીએ તો હિંસા અલ્પ સુખ અને મહાદુઃખનું કારણ છે તેથી તે સર્વથા

ત્યાજ્ય છે.

★ બીજા અધ્યયનમાં 'મૃષાવાદ (જૂઠ)'નું વર્ણન છે. અસત્ય વચન મિથ્યાવચન રૂપ છે. તે વ્યથા ઉત્પાદક, દુ:ખોત્પાદક, અપયશકારી તેમ જ વેરને ઉત્પન્ન કરનાર છે. મૃષાવાદની વ્યાપકતા પ્રગટ કરવા સૂત્રકારે ૩૦ પર્યાયવાચી નામોનું કથન કર્યું છે.

પાપી, સંયમ રહિત, અવિરત, કપટી, ક્રોધી, માયાવી, લોભી, હાસ્ય અને ભયને આધીન બનેલા લોકો અસત્ય બોલે છે. અસત્ય ભાષણનાં મૂળ ચાર કારણ છે. ક્રોધ, લોભ, ભય અને હાસ્ય. કેટલાક લોકો ધન માટે, કન્યા માટે, ભૂમિ માટે, પશુઓ માટે જૂઠું બોલે છે, જૂઠી સાક્ષી આપે છે. પરપીડાકારી, પાપકારી કાર્યની સલાહ કે પ્રોત્સાહન આપતા હિંસક વચનો અસત્ય વચન છે. **સત્યની કસોટી અહિંસા છે.** જે સત્યથી પણ અન્યના પ્રાણ જોખમમાં હોય તો તે સત્ય બોલવું પણ યોગ્ય નથી. યુદ્ધ સંબંધી કે યજ્ઞ, ધૂપ, દીપ, બલિ સંબંધી આદેશ-ઉપદેશ રૂપ વચન અસત્ય વચન છે.

મૃષાવાદી આદર, સન્માન પામતા નથી. લોકો તેનામાં વિશ્વાસ મૂકતા નથી. લોકમાં નિંદિત થાય છે. ભવ પરંપરામાં દીનતા અને દરિદ્રતાને પામે છે. દીર્ઘકાળ પર્યંત નરક-તિર્યંચ ગતિનાં દુ:ખો ભોગવે છે. પૂર્વજન્મમાં વચનયોગનો દુષ્પ્રયોગ કર્યો હોવાથી, તેના ફળ સ્વરૂપે તે જીવોનો જ્યાં જન્મ થાય ત્યાં વચનયોગની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ તે જીવો એકેન્દ્રિય જાતિમાં ઉત્પન્ન થાય છે. અને મનુષ્યયોનિમાં વચનયોગની પ્રાપ્તિ થાય તો પણ અત્યંત હીનકોટિનો વચનયોગ–મૂંગા અથવા તોતડાપણું પ્રાપ્ત થાય છે. માટે મૃષાવાદના કટુ પરિણામોને જાણી અસત્યને તિલાંજલિ આપવી જોઈએ.

★ ત્રીજા અધ્યયનમાં 'અદત્તાદાન (ચોરી)'નું વર્ણન છે. અદત્ત+આદાન=નહીં દીધેલું ગ્રહણ કરવું તે અદત્તાદાન છે. જે વસ્તુ આપણી માલિકીની નથી તે વસ્તુ તેના સ્વામીની સ્વીકૃતિ કે અનુમતિ વિના લઈ લેવી અને પોતાની માલિકીની કરી લેવી તે અદત્તાદાન છે. અદત્તાદાનનું મૂળ મૂર્ચ્છા, લોભ, આસક્તિ, અસંતોષ છે. ઈન્દ્રિયોને વશમાં ન રાખવી, પરધનનો લોભ અને પરસ્ત્રીનો અનુરાગ ચોરી કરાવે છે.

ચૌર્યકર્મની વ્યાપકતાનું દર્શન કરવા ૩૦ પર્યાયવાચી નામો છે. આચાર્ય અભયદેવ સૂરીએ ટીકામાં ચાર પ્રકારના અદત્તનું કથન કર્યું છે.

૧. સ્વામી અદત્ત = સ્વામી-માલિકની આજ્ઞા વિના વસ્તુ લેવી તે.
૨. જીવ અદત્ત = જીવની આજ્ઞા વિના તેના પ્રાણનું હરણ કરવું-હિંસા કરવી.
૩. તીર્થંકર અદત્ત = તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું.
૪. ગુરુ અદત્ત = ગુરુની આજ્ઞાનો ભંગ કરવો, ગુરુને પૂછ્યા વિના કાર્ય કરવું તે

પ્રસ્તુત સૂત્રમાં ચોરની મનોવૃત્તિ કેવી હોય છે? કેવી કેવી શ્રેણિના ચોર હોય? કેવી કેવી રીતે ચોરી કરે છે? તેનું વિસ્તૃત વર્ણન છે. પરધન કે પરસ્ત્રી ઈચ્છુક રાજાઓ કઈ રીતે સંગ્રામમાં નરસંહાર કરે છે તેનું સ્પષ્ટ ચિત્ર ઉપસ્થિત કર્યું છે. પ્રાચીનકાળમાં ચોરી કરનારને કેવો ભીષણ દંડ દેવામાં આવતો હતો! તેનું વર્ણન છે. ચોરી કરનારાની દુર્દશા બંધનથી મૃત્યુદંડ સુધીની પ્રત્યક્ષ પણ જોઈ શકાય છે. પરલોકમાં પણ દુર્ગતિની પરંપરા વધારતી ચૌર્યવૃત્તિને સંપૂર્ણપણે છોડવી જ યોગ્ય છે.

★ ચોથા અધ્યયન 'અબ્રહ્મચર્ય'માં અબ્રહ્મનું સ્વરૂપ, અબ્રહ્મચર્યના ભાવોની ઉત્પત્તિ, ભોગોપભોગી વ્યક્તિઓ અને તેના દુષ્પરિણામોનું વર્ણન છે. આત્મરમણતાના ભાવોથી ચ્યુત થઈ ઈન્દ્રિયોના વિષયોમાં રમણતા કરવી તે અબ્રહ્મ-કુશીલ છે. દેવો, મનુષ્યો, પશુઓ આદિ સંસારના સમસ્ત પ્રાણીઓ ઉપર પોતાનું સામ્રાજ્ય જમાવનાર આ અબ્રહ્મ મોહને વધારનાર, તપ-સંયમનું વિઘાતક, જરા, મરણ, રોગ તથા શોકનું કારણ છે, સંસારવર્ધક છે, અધર્મનું મૂળ છે, મોક્ષ સાધનાનું વિરોધી છે. અબ્રહ્મના વિવિધ ભાવો પ્રગટ કરવા ૩૦ પર્યાયવાચી નામો દર્શાવ્યાં છે.

અબ્રહ્મનું મૂળ વેદ મોહકર્મના ઉદયથી ઉત્પન્ન થતો વિકારભાવ છે, જે આહાર, રૂપ, સ્ત્રી, સંયોગ આદિ નિમિત્તોથી ઉત્પન્ન થાય છે. કુસંગતથી પણ વિકારભાવોને બળ મળે છે. શરીર પુષ્ટ થવાથી અને ઈન્દ્રિયો બળવાન બનવાથી વિકારભાવો ઉત્પન્ન થઈ શકે છે. માટે સંયમી સાધકે તપશ્ચર્યા દ્વારા રસેન્દ્રિયને સંયમિત કરવી જોઈએ.

મનુષ્યોમાં મહાઋદ્ધિ અને ઐશ્વર્યના સ્વામી એવા ચક્રવર્તી દીર્ઘકાલ પર્યંત ૬૪,૦૦૦ રાણી સાથે કામભોગોને ભોગવ્યા પછી પણ અતૃપ્ત જ રહે છે તો સામાન્ય માનવોને સામાન્ય ભોગોપભોગના સાધનોથી તૃપ્તિ કયાંથી થવાની? અહીં શાસ્ત્રકારે ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, યુગલિક મનુષ્ય આદિ પુણ્યશાળી જીવોની ઋદ્ધિનું વર્ણન કરી કામભોગની અતૃપ્તતાનું તથ્ય સુજ્ઞ સાધકને સમજાવ્યું છે.

અબ્રહ્મના કારણે સ્ત્રીઓને માટે મોટા મોટા યુદ્ધ થયા છે. દા. ત. સીતા, દ્રૌપદી વગેરે. મૈથુન વાસનામાં આસક્ત વ્યક્તિ સમાજની મર્યાદા, આચાર-વિચારનો ભંગ કરી આ લોક બગાડે છે અને અશુભ પરિણામોના કારણે ૪ ગતિ ને ૨૪ દંડકના ચક્કરમાં વેદનાઓનો અનુભવ કરે છે; માટે સાત્ત્વિક પુરુષે અબ્રહ્મ સેવનનો ત્યાગ કરવો જ હિતાવહ છે.

★ પાંચમા અધ્યયનમાં 'પરિગ્રહ'નું સ્વરૂપ વર્ણન છે. જીવને ગ્રહી– પકડી રાખે તેને પરિગ્રહ કહે છે. જમીન, ધન, સંપત્તિ,

ઝવેરાત. સ્ત્રી, પુત્ર આદિ સચિત્ત અને અચિત્ત પદાર્થોનો સંગ્રહ અને તેના ઉપર મૂર્ચ્છાભાવ પરિગ્રહ છે. લોભસંજ્ઞા વેરની વૃદ્ધિ કરાવનાર છે, હિંસા અને મહાસંગ્રામનું નિમિત્ત છે.

પરિગ્રહના વિરાટ સ્વરૂપને પ્રદર્શિત કરવા ૩૦ પર્યાયવાચી નામોની સૂચિ છે. ચારે જાતિના (ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક) દેવો, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, યુગલિક મનુષ્ય કે સામાન્ય મનુષ્ય આદિ સમસ્ત સંસારના જીવો પરિગ્રહના પાશમાં જકડાયેલા છે. પરિગ્રહના આકર્ષણના કારણે હિંસા, અસત્ય, ચોરી, માયા-કપટ આદિ અનિષ્ટોનું સેવન કરી કર્મનો સંગ્રહ કરે છે. તેના પરિણામે ભવોભવની સુખશાંતિને નષ્ટ કરે છે.

સુયગડાંગ સૂત્રની શરૂઆતમાં પરિગ્રહને સૌથી પ્રબળ અને પ્રથમ-બંધનનું કારણ કહે છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પણ કહે છે કે 'વાસ્તવમાં પરિગ્રહ સમાન અન્ય બંધન નથી.' એથી પણ આગળ વધીને કહે છે કે 'શ્રેષ્ઠ મોક્ષમાર્ગ માટે આ પરિગ્રહ આગળિયા રૂપ છે'- इमस्स मोक्खवरमुत्तिग्गस्स फलिह भूओ। પરિગ્રહ સમસ્ત દુ:ખોનું ઘર છે– 'सव्वदुक्खसण्णि लयणं' માટે મોક્ષાર્થી સાધકે તે અવશ્યમેવ છોડવા લાયક છે.

પાંચ આશ્રવદ્વારોના નિમિત્તથી બચવા માટે ધર્મનું શ્રવણ કરીને, તેનું આચરણ કરવામાં આવે તો જન્મ-મરણના દુ:ખને ટાળી શકાય છે.

किं सक्का काउं जे, णेच्छइ ओसहं मुहा पाउं।
जिणवयणं गुणमहुरं, विरेयणं सव्वदुक्खाणं।।

અર્થ : સમસ્ત દુ:ખોનો નાશ કરવાને માટે શ્રી જિનેશ્વર ભગવાનના ગુણયુક્ત વચન મધુર ઔષધ છે. પરંતુ નિ:સ્વાર્થ ભાવથી દેવામાં આવેલા આ ઔષધને જે પીવા ઇચ્છતા નથી, તેના માટે શું કહી શકાય?

★ દ્વિતીય શ્રુતસ્કંધમાં પાંચ આશ્રવના પ્રતિપક્ષી પાંચ સંવરનું વર્ણન છે. તેના પ્રથમ અધ્યયનમાં સંવર રૂપ 'અહિંસા'નું સ્વરૂપ દર્શન છે. હિંસાનો અભાવ તે અહિંસા છે. આચારાંગ સૂત્રનું પહેલું અધ્યયન, સૂયગડાંગ સૂત્રનું પહેલું અધ્યયન, દશવૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનની પહેલી જ ગાથા આદિ આગમ સૂત્રોમાં અહિંસાની પ્રધાનતા છે. આગમ સૂત્રોમાં અહિંસા એટલી વ્યાપક છે કે જો અહિંસાને કાઢી લઈએ તો શેષ કાંઈ અવશેષ રહેતું નથી. તીર્થંકરોના ઉપદેશોનો સાર અહિંસા છે.

કોઈ પ્રાણીને દુ:ખ, ત્રાસ, પીડા ન આપી તેના પ્રાણની રક્ષા કરવી તે અહિંસા છે. સર્વ મહાવ્રતોમાં અહિંસા વ્રત મુખ્ય છે. તેની સુરક્ષા માટે શેષ ચારે મહાવ્રત છે.

સમસ્ત જીવોની અનુકંપા-રક્ષા પ્રધાન અહિંસા સર્વ જીવ માટે હિતકારી, કલ્યાણકારી છે, સર્વભૂય ખેમકરી–સર્વ જીવોનું ક્ષેમકુશળ કરનારી છે. જે રીતે પક્ષીઓને આકાશ, ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, ડૂબતાને જહાજ, રોગીને ઔષધ સુખપ્રદ છે તેનાથી પણ અધિકતર અહિંસા ભગવતી સર્વ જીવો માટે મંગલકારી છે.

અહિંસાના વિવિધ પાસાંઓને ઉજાગર કરવા ૬૦ પર્યાયવાચી નામોની યાદી છે. મહાવ્રતધારી મુનિ ભગવંતો, વિશિષ્ટ જ્ઞાની, લબ્ધિધારી, તપસ્વી, સ્વાધ્યાય-ધ્યાનમાં લીન, સમિતિ-ગુપ્તિવંત, છકાયના રક્ષક, અપ્રમત્ત શ્રેષ્ઠ મુનિવરો તેમ જ તીર્થંકર ભગવંતો અહિંસાનું સમ્યક્ રૂપે પાલન કરે છે. અહિંસાના આરાધક સાધુ સાધુચર્યાના નિયમોનું પાલન કઈ રીતે કરે તો અહિંસાની આરાધના થઈ શકે તેનું વિસ્તારે વર્ણન છે. ભિક્ષાવિધિ દ્વારા સંપૂર્ણ અહિંસકપણે શરીરનો નિર્વાહ કરવાની એક અદ્‌ભુત-અનોખી કલાનું દર્શન કરાવ્યું છે.

અહિંસા મહાવ્રતની સમ્યક્ આરાધના માટે પાંચ ભાવનાઓ છે :

(૧) ઈર્યા સમિતિ : જોઈ-પોંજીને યતનાપૂર્વક ચાલવું.

(૨) મન: સમિતિ : પાપકારી વિચારો ન કરવા, પ્રશસ્ત વિચારોમાં લીન રહેવું.

(૩) વચન સમિતિ : પરપીડાકારી વચનો ન બોલવા, હિત-મિત-પરિમિત ભાષાનો પ્રયોગ કરવો.

(૪) એષણા સમિતિ : ભિક્ષાવિધિ પ્રમાણે શુદ્ધ નિર્દોષ આહાર પ્રાપ્ત કરીને અનાસક્ત ભાવે ભોગવવો.

(૫) આદાન-નિક્ષેપણા સમિતિ : સંયમી જીવનમાં ઉપયોગી ઉપકરણો યતનાપૂર્વક ગ્રહણ કરવા, રાખવા અને તેને મૂર્ચ્છારહિત ભોગવવા.

★ બીજા અધ્યયનમાં દ્વિતીય સંવરરૂપ 'સત્ય'વ્રતનું કથન છે. વસ્તુના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરે તે સત્ય ભાષા છે. સત્ય ભાષાથી પણ જો કોઈ જીવનું અહિત થતું હોય, બીજાને અપ્રિય, અમનોજ્ઞ હોય તો તે ભાષા વર્જ્ય છે. લોકમાં ઉત્તમ એવા સત્યવ્રતનો અચિંત્ય મહિમા અભિવ્યક્ત કરતાં સૂત્રકાર કહે છે ઇહલૌકિક, પરલૌકિક, ભૌતિક કે આધ્યાત્મિક કોઈ પણ કાર્યની સિદ્ધિ સત્યથી જ થઈ શકે છે. સત્યના પ્રભાવે તોફાનમાં ફસાયેલું વહાણ ડૂબતું નથી, માનવી વમળમાં તણાતો નથી, અગ્નિમાં બળતો નથી, પર્વતના શિખર પરથી પડવા છતાં મરતો નથી. દેવો પણ સત્યવાદીનો સંગ કરવા ઇચ્છે છે, તેની સેવા-સહાયતા કરે છે. સત્યના પ્રભાવે વિદ્યાઓ તેમ જ મંત્રો સિદ્ધ થાય છે.

જે સત્ય સંયમનું વિઘાતક હોય, જેમાં પાપનું મિશ્રણ હોય, પીડાકારી, ભેદકારી, અન્યાયકારી, વેરકારી, મર્મકારી, નિંદનીય, આત્મપ્રશંસા અને પરનિંદારૂપ હોય, તેવી ભાષા બોલવાનો નિષેધ

છે. તેમ જ વિકથાઓનો, નિરર્થક અને વિવાદકારક ભાષા પણ મહાવ્રતી સાધક માટે વર્જનીય છે.

સત્ય ભગવાનતુલ્ય છે, મુક્તિનો સીધો માર્ગ છે, જે જન્મ-જન્માંતરમાં શુભ ફળ આપનાર છે. સત્ય મહાવ્રતની રક્ષા માટે પાંચ ભાવનાનું નિરૂપણ છે:

(૧) અનુવીચિ ભાષણ : નિરવદ્ય ભાષાનો પ્રયોગ કરવો, સારી રીતે વિચારીને બોલવું.

(૨) ક્રોધ ત્યાગ : ક્રોધ વિવેકનો નાશ કરે છે, ક્રોધના આવેશમાં બોલાયેલ વચન અસત્ય જ હોય છે માટે ક્ષમાભાવ કેળવવો.

(૩) લોભ ત્યાગ : લોભ સર્વ સદ્‌ગુણોનો વિનાશક છે. લોભી અને લાલચુ જમીન, યશકીર્તિ, વૈભવ-સુખ, આહારાદિ માટે અસત્ય બોલે છે માટે સાધકે નિર્લોભવૃત્તિ ધારણ કરવી જોઈએ.

(૪) ભય ત્યાગ : ભયવૃત્તિ સાધકને સત્યમાં સ્થિર રહેવા દેતી નથી માટે સત્યના આરાધકે નિર્ભય બનવું જોઈએ.

(૫) હાસ્ય ત્યાગ : અસત્યનો આશ્રય લીધા વિના અન્યના હાંસી-મજાક થઈ શકતા નથી. બીજાને પીડા ઉત્પન્ન થાય તેવી હાસ્યવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

★ ત્રીજું અધ્યયન અચૌર્ય મહાવ્રત – 'દત્તાનુજ્ઞાત' છે. કોઈની આજ્ઞાથી ગ્રહણ કરવું તે દત્તાનુજ્ઞાત છે. નગરમાં કે જંગલમાં, કોઈ નાની કે મોટી, સચિત્ત કે અચિત્ત વસ્તુ, તેના સ્વામીની આજ્ઞા વિના ગ્રહણ ન કરવી તે અચૌર્ય વ્રત છે. **સાધુ દત્ત અથવા અનુજ્ઞાત વસ્તુનો જ ઉપયોગ કરી શકે છે.** શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે કે જે ઘરના લોકોમાં સાધુ પ્રત્યે અપ્રીતિ હોય તેવા ઘરોમાં કોઈ પણ વસ્તુ માટે પ્રવેશ ન કરવો જોઈએ. અપ્રીતિકારક ઘરેથી આહાર-પાણી કે ઉપકરણ ગ્રહણ ન કરવા જોઈએ. સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાની વિરુદ્ધ જે કાર્ય હોય તે અદત્ત છે માટે તેનાથી બચવાની હિતશિક્ષા આપી છે.

તપમાં, વ્રતમાં, મહાવ્રતમાં, સાધ્વાચારમાં અને ભાવશુદ્ધિમાં સાધક જો ઉપેક્ષા કરતો હોય, છતી શક્તિએ પુરુષાર્થ ફોરવતો ન હોય તો તે તેનો ચોર કહેવાય છે. અસ્તેય મહાવ્રતના પાલનકર્તા સમસ્ત દુઃખો અને પાપોને સંપૂર્ણપણે શાંત કરવામાં સફળ નીવડે છે. શ્રી ઔપપાતિક સૂત્રમાં અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો અદત્તવ્રતને ટકાવી રાખવા જંગલમાં પાણીના દાતા ન મળવાથી, સમભાવપૂર્વક ભગવાનની સાક્ષીએ અનશનનો સ્વીકાર કરીને આરાધક બની ગયાનું દૃષ્ટાંત છે. આ મહાવ્રતની પરિપૂર્ણતા માટે પાંચ ભાવનાઓ છે.

(૧) નિર્દોષ યાચિત સ્થાન : સાધુએ નિર્દોષ સ્થાનમાં માલિકની આજ્ઞા લઈને નિવાસ કરવો જોઈએ.

(૨) નિર્દોષ યાચિત સંસ્તારક : નિર્દોષ શય્યા-ઘાસ આદિ સંસ્તારક વગેરે ગ્રહણ કરવા.

(૩) શય્યા પરિકર્મવર્જન : સાધુ જે સ્થાનમાં નિવાસ કરે છે, તેમાં પોતાની અનુકૂળતા માટે બારી-બારણાં કે પાટ-પાટલા આદિમાં ફેરફાર ન કરાવવો જોઈએ.

(૪) સાધર્મિક સંવિભાગ : ભિક્ષાવૃત્તિથી પ્રાપ્ત આહાર, પાણી, વસ્ત્રાદિમાં સાધુ સાધર્મિકોનો સંવિભાગ કરીને ભોગવે. કપટપૂર્વક સારી વસ્તુ પોતે ભોગવી લવાની વૃત્તિ ન રાખે.

(૫) સાધર્મિક વિનય : સાધર્મિક સાધુઓમાં કોઈ ગ્લાન, વૃદ્ધ, તપસ્વી આદિની આવશ્યકતાનુસાર વિનયપૂર્વક સેવા કરે.

★ **ચોથું અધ્યયન 'બ્રહ્મચર્ય' મહાવ્રતનું છે.** બ્રહ્મ એટલે આત્મસ્વરૂપમાં રમણતા કરવી, પાંચે ઇન્દ્રિયોના વિષયભોગની આસક્તિનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય છે. સૂયગડાંગ સૂત્રમાં કહે છે કે 'तवेसु वा उत्तम बंभचेरं' – તપમાં શ્રેષ્ઠ બ્રહ્મચર્ય છે. એવા બ્રહ્મચર્યનું મહાત્મ્ય પ્રગટ કરતાં અહીં પણ સૂત્રકાર કહે છે કે તળાવની પાળ, ચક્રની નાભિ, વૃક્ષમાં થડની જેમ સમસ્ત ધર્મનો આધાર બ્રહ્મચર્ય છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સમ્યક્‌ત્વાદિ ગુણોનું મૂળ છે. આ મહાવ્રત કષાયભાવથી મુક્ત કરાવી સિદ્ધગતિના દ્વાર ખોલાવે છે. સાધક બ્રહ્મચર્યના પ્રતાપથી નરેન્દ્રો અને દેવેન્દ્રોના સન્માનીય અને પૂજનીય બને છે. બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા અને સર્વોત્તમતા પૂરવાર કરતી બત્રીસ ઉપમાઓ અહીં વર્ણિત છે.

બ્રહ્મચર્યનું નિર્દોષ, યથાર્થ પાલન કરનાર ઇન્દ્રિયનિગ્રહ, સ્નાનત્યાગ, મૌનવ્રત, કેશ લોચ, સમભાવ, ઇચ્છા નિરોધ, ભૂમિ શયન, પરિષહ સહેવા, તપશ્ચર્યાદિ નિયમોથી આત્માને ભાવિત કરતા વ્રતમાં સ્થિર અને સુદૃઢ બને છે. બ્રહ્મચર્ય વ્રતની સુરક્ષા માટે પાંચ ભાવનાઓ છે.

(૧) વિવિક્ત શયનાસન : સાધુએ સ્ત્રી રહિત અને સાધ્વીએ પુરુષ રહિત સ્થાનમાં નિવાસ કરવો.

(૨) સ્ત્રીકથા ત્યાગ : બ્રહ્મચારી સાધક સ્ત્રીઓની વેશભૂષા, રૂપ, સૌંદર્ય આદિ સંબંધિત વાતો ન કરવી, જે મોહને ઉત્તેજીત કરે છે.

(૩) સ્ત્રીરૂપ દર્શન ત્યાગ : રાગભાવવર્ધક, મોહજનક દૃશ્ય જોવા નહીં, કદાચ દૃષ્ટિ પડી જાય તો તુરત તેને દૂર કરી લે.

(૪) પૂર્વના ભોગ સ્મરણનો ત્યાગ : પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ ચિત્તને ચંચળ બનાવે છે તેથી તેનો ત્યાગ કરવો.

(૫) સ્નિગ્ધ-સરસ ભોજન ત્યાગ : આહાર અને વાસનાનો ગાઢ સંબંધ હોવાથી સાધકે અત્યંત ગરિષ્ઠ, બળવર્ધક, કામોત્તેજક આહાર ન કરવો. અધિક માત્રામાં આહાર ન કરતાં અનશન, ઉણોદરી આદિ તપની આરાધનાથી બ્રહ્મચર્ય વ્રત અક્ષુણ્ણ રહી શકે છે.

★ **પાંચમું અધ્યયન 'અપરિગ્રહ'નું છે.** અમૂર્ચ્છા કે અનાસક્ત ભાવને અપરિગ્રહ કહે છે. દ્રવ્યથી આરંભ-પરિગ્રહના ત્યાગી અને

ભાવથી ચાર કષાયના ત્યાગી શ્રમણ અપરિગ્રહી કહેવાય છે. સૂત્રકારે ૩૩ બોલના માધ્યમથી શ્રમણોને માટે હેય (છોડવા યોગ્ય), જ્ઞેય (જાણવા યોગ્ય) અને ઉપાદેય (આચરવા યોગ્ય) બોલને બતાવ્યા છે.

સાધુને કોઈ પણ ક્ષેત્રમાં કે કોઈ પરિસ્થિતિમાં આહારનો સંચય કરવાનો નિષેધ છે કારણકે સાધુ આભ્યંતર પરિગ્રહરૂપ મમત્વભાવના સર્વથા ત્યાગી હોય છે. ભિક્ષાચાર્યની વિધિ અને નિષેધરૂપ નિયમોનું અહીં પ્રતિપાદન કર્યું છે. મારણાંતિક કષ્ટદાયક પરિસ્થતિઓમાં પણ ઔષધ સંગ્રહનો નિષેધ નિષ્પરિગ્રહી સાધુની કસોટીની ઉચ્ચતમ અવસ્થા છે. સાધુ જીવનની ઉજ્જવળતાનું ભવ્ય ચિત્ર નિર્ગ્રંથોની ૩૧ ઉપમા દ્વારા અંકિત થાય છે. અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓ છેઃ

(૧) શ્રોતેન્દ્રિય સંયમ, (૨) ચક્ષુરિન્દ્રિય સંયમ, (૩) ઘ્રાણેન્દ્રિય સંયમ, (૪) રસનેન્દ્રિય સંયમ, (૫) સ્પર્શેન્દ્રિય સંયમ.

મૂર્ચ્છા કે આસક્તિના સ્થાન પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. પાંચે ઇન્દ્રિયના મનોજ્ઞ વિષયમાં રાગ કે અમનોજ્ઞ વિષયમાં દ્વેષ કરતા નથી તે જ અપરિગ્રહી કહેવાય.

આ પાંચ સંવર રૂપ ધર્મદ્વાર સર્વ દુઃખોથી મુક્તિના ઉપાયરૂપ છે– 'सव्वदुक्ख विमोक्खणट्ठाए.'

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં વ્યાવહારિક પ્રક્ષ વર્ણવાયો છે. આજે વ્યવહાર પક્ષને અવગણી ફક્ત અને સીધી આત્માની, ધ્યાન-સમાધિની વાતો કરતા લોકો માટે એટલું જ કહી શકાય કે વ્યવહાર પક્ષની મજબૂતી વિના ધર્મનો પાયો જ હલબલી જાય છે, સંવરનું પાલન કર્યા વગર મોક્ષ શક્ય જ નથી.

જૈન શાસ્ત્રના આગમો વ્યક્તિલક્ષી તો છે જ પણ સામાજિક, નૈતિક, આર્થિક, પર્યાવરણ લક્ષી પણ છે, જે સંવર દ્વારમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહીના સથવારે સિદ્ધ થાય છે.

હિંસા, માંસાહાર, ઇંડાસેવન, આદિ અનિષ્ટ પ્રવૃત્તિનું સેવન કરનાર વ્યક્તિ જો એકવાર પ્રશ્નવ્યાકરણમાં વર્ણવેલ નરકની યાતનાનું વાંચન, ચિંતન કરે તો તે પાપથી જરૂર અટકશે, પાપ જરૂર ખટકશે અને પાપથી જરૂર પાછો વળશે. હિંસા ધર્મથી વિપરીત છે. 'હિંસા નામો ભવેતધર્મો ન ભૂતો ન ભવિષ્યતિ' – હિંસા ત્રિકાળમાં પણ ધર્મ બની શકતી નથી.

ટૂંકમાં, પ્રશ્નવ્યાકરણ સૂત્ર અધર્મથી ધર્મ, આશ્રવથી સંવર, બંધનથી મુક્તિની શિક્ષા અને તાલિમ દેતું ઉત્તમ આગમસૂત્ર છે.✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૪૨થી ચાલુ

ચોક્ષા ને સોચા–

યદિ મૈં મલ્લીકુમારી કો પ્રભાવિક કરલું તો પૂરે મિથિલા જનપદ મેં મેરા ડંકા બજ જાયેગા.

ચોક્ષા અપની શિષ્યાઓ કે સાથ મલ્લીકુમારી કે અન્તઃપુર મેં આઈ ઔર અપને ધર્મ કા પ્રવચન કરને લગી. મલ્લીકુમારી ને પૂછા–

''આપ કે ધર્મ કા મૂલ ક્યા હૈ?''

ચોક્ષા ને કહા–

''હમારે ધર્મ કા મૂલ આધાર હૈ શુદ્ધિ. મિટ્ટી એવં જલ દ્વારા શુદ્ધિ રખના, તીર્થસ્નાન કરના, ઔર દાન દેના, યહી સ્વર્ગ એવં મોક્ષ કા માર્ગ હૈ.''

મલ્લીકુમારી ને પુછા–

''ક્યા રક્ત સે સને વસ્ત્ર કો રક્ત સે ધોને પર ઉસકા દાગ મિટ જાતા હૈ?''

''નહીં, યહ સંભવ નહીં હૈ.''

''તો ફિર હિંસા કરને સે આત્મા કી શુદ્ધિ કૈસે હો સકતી હૈ? ક્યોં કિ જલ સ્થાન મેં ભી તો જીવ હિંસા હી હોતી હૈ.''

મલ્લીકુમારી કી સચોટ યુક્તિયોં કે સામને ચોક્ષા નિરુત્તર હો કર જમીન કી તરફ દેખને લગી. મલ્લીકુમારી ને કહા-

''ચોક્ષા! ધર્મ કા મૂલ વિવેક હૈ. હિંસા, અસત્ય આદિ કા ત્યાગ કરને સે હી આત્મશુદ્ધિ હો સકતી હૈ. કેવલ જલ ઔર મિટ્ટી સે નહીં...''

ચોક્ષા કો નિરુત્તર દેખકર અન્તઃપુર કી દાસિયાઁ ઉસ પર હંસને લગી.

ચોક્ષા ને દાસિયોં કો હંસતે દેખા તો ક્રોધ મેં ભન ભનાકર ઉઠ ગઈ.

અચ્છા, મેરા અપમાન કિયા હૈ. મૈં ઈસકા મજા ચખાઉંગી. ઈસે એસે રાજા કી પત્ની બનાઉંગી જહાઁ દાસિયોં કી તરહ રહના પડેગા...

કુપિત અપમાનિત ચોક્ષા ઘૂમતી હુઈ કમ્પિલપુર કે રાજા જિતશત્રુ કે રાજ મહલોં મેં આઈ. વહાઁ ધર્મ ઉપદેશ દિયા. પ્રવચન કે પશ્ચાત્ રાજા જિતશત્રુ ને પુછા-

''ભગવતી, આપ તો અનેક અન્તઃપુરો મેં જાતી રહતી હૈં. લેકિન-મેરી રાનિયોં જૈસી સુન્દર રમણિયાઁ શાયદ્ હી કહીં આપને દેખ હોંગી?''

ચોક્ષા કો મલ્લીકુમારી સે અપમાન કા બદલા લેને કા સુનહરા અવસર મિલ ગયા. ઉસને કહા-

''રાજન્! મિથિલા કી રાજકુમારી મલ્લી કે સામને આપકી અન્તઃપુર કી રમણિયાઁ તો હીરે કે સામને કાંચ કા ટુકડા હૈ.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૨ મું)

શ્રી વિપાક સૂત્ર

□ ડૉ. કેતકી યોગેશ શાહ

૧૧

અગિયાર અંગસૂત્રોમાં અગિયારમા સ્થાને શ્રી વિપાક સૂત્ર છે. વિપાક એટલે પુણ્ય અને પાપ કર્મોનું ફળ. કથા રૂપમાં તેનું પ્રતિપાદન કરનાર સૂત્ર તે વિપાક સૂત્ર છે. વિપાક એટલે શુભાશુભ કર્મ પરિણામ. પાપથી દુ:ખની પ્રાપ્તિ અને પુણ્યથી બાહ્ય સુખની પ્રાપ્તિ થાય છે જ્યારે ધર્મથી માત્ર નિર્જરાની પ્રાપ્તિ થાય છે આવા ભાવોથી ભરપૂર આ વિપાક સૂત્ર છે.

વિપાક સૂત્રના બે શ્રુતસ્કંધ છે. સુકૃત કર્મોનાં ફળ દર્શાવનારું સુખવિપાક અને દુષ્કૃત કર્મોનાં ફળ દર્શાવનારું દુ:ખવિપાક. બંનેમાં ૧૦-૧૦ અધ્યયન છે. કુલ ૨૦ અધ્યયન છે. ઉત્તરાધ્યયન સૂત્ર– મહાવીરસ્વામીની અંતિમ દેશના છે જેમાં વિપાક સૂત્રના ૧૧૦ અધ્યયન–સુખવિપાકના ૫૫ અધ્યયન અને દુ:ખવિપાકના ૫૫ અધ્યયનનો ઉલ્લેખ છે. વર્તમાનમાં જે વિપાક સૂત્ર ઉપલબ્ધ છે તે ૧૨૧૬ શ્લોક પરિમાણ માનેલ છે.

વિશ્વના દાર્શનિક ચિંતનમાં જૈન ધર્મે કર્મસિદ્ધાંતની સર્વોત્તમ ભેટ આપી છે. કર્મસિદ્ધાંત જૈનદર્શનનો એક મુખ્ય સિદ્ધાંત છે. તે સિદ્ધાંતનું પ્રસ્તુત આગમમાં ઉદાહરણોના માધ્યમ દ્વારા સરળ રીતે પ્રતિપાદન કરેલ છે.

જે કર્મનાં ફળનો અનુકૂળ અનુભવ થાય તે પુણ્ય અને જેનો પ્રતિકૂળ અનુભવ થાય તે પાપ. જીવે જે કર્મ બાંધ્યાં છે તેનાં ફળ આ જન્મમાં અથવા આગામી જન્મમાં ભોગવવાં જ પડે છે. 'कडाण कम्माण ण मोक्ख अत्थि – કૃતકર્મોનું ફળ ભોગવ્યા વિના આત્માનો છુટકારો નથી. પાપકૃત્યો કરનારને આગામી સમયમાં દારુણ વેદનાઓ સહન કરવી પડે છે, એવા જીવોનું વર્ણન દુ:ખવિપાકમાં છે. સુકૃત્ય કરનારને આગામી જીવનમાં સુખ મળ્યું છે એવા જીવોનું વર્ણન દ્વિતીય વિભાગ સુખવિપાકમાં છે. પહેલું દુ:ખવિપાક મૂકીને સાધકોને પાપ કરતાં અટકાવ્યા છે, ડરાવ્યા છે તો બીજા ક્રમે સુખવિપાક રાખીને સત્કાર્યો કરવા પ્રેરણા આપી છે.

વિપાક સૂત્રના પ્રત્યેક અધ્યયનમાં પૂર્વભવની ચર્ચા છે. કોઈ વ્યક્તિ દુ:ખથી આકુળ-વ્યાકુળ હોય અથવા કોઈ સુખના સાગરમાં ડૂબેલી હોય, તેને જોઈ ગૌતમ સ્વામી ભગવાનને પ્રશ્ન કરે કે આમ કેમ? ત્યારે ભગવાન સમાધાન કરતાં કહે કે આ તો તેના પૂર્વભવના ફળ છે. આમ બધાં જ અધ્યયનો પુનર્જન્મની પુન: પુન: વાત કરીને સદાચાર અને નીતિમય જીવન જીવવાનો સંદેશ આપે છે.

પ્રથમ શ્રુતસ્કંધ દુ:ખવિપાકમાં અન્યાય, અત્યાચાર, વેશ્યાગમન, પ્રજાપીડન, લાંચ-રૂશ્વત, હિંસા, નરમેધ યજ્ઞ, માંસ-ભક્ષણ, નિર્દયતા, ચૌર્યવૃત્તિ, કામવાસના વગેરે અધમ કૃત્યોના કારણે જીવ કેવા કેવા ઘોર કર્મબંધ કરે છે તથા તે તે કર્મબંધ અનુસાર કેવાં કેવાં ભીષણ અને રોમાંચકારી ફળ ભોગવે છે તેનું તાદૃશ્ય વર્ણન છે.

પહેલાં મૃગાપુત્રના અધ્યયનમાં મૃગાપુત્ર જન્મથી જ આંધળો અને બહેરો હતો. તેના આંખ, કાન, નાક, હાથ, પગ આદિ અવયવ નહોતા, ફક્ત નિશાની જ હતી. ગર્ભમાં હતો ત્યારે તેને ભસ્મક નામનો રોગ થઈ ગયો હતો. તેથી તે જે કાંઈ આહાર ગ્રહણ કરતો તે તરત જ નષ્ટ થઈ જતો હતો અને તે તત્કાળ પરૂ અને લોહીના રૂપમાં પરિણત થઈ જતો હતો. ત્યાર પછી તે પરૂ અને લોહીને પણ ખાઈ જતો હતો. તેને જે ભોંયરામાં રાખવામાં આવ્યો હતો ત્યાં મરેલાં પ્રાણીઓનાં ક્લેવર સડી ગયાં હોય તેનાથી પણ અતિશય ખરાબ દુર્ગંધ આવતી હતી, જેમાં કીડાઓ ખદબદતા હતા. તે નરકની સમાન વેદનાઓનો અનુભવ કરતો હતો.

તેની આવી દયનીય દુર્દશાનું કારણ તેના પૂર્વભવમાં દુષ્ટતાથી આચરિત અશુભ પાપકારી કૃત્યો હતાં. પૂર્વભવમાં તે ઈકાઈ રાઠોડ નામનો રાજનિયુક્ત પ્રતિનિધિ હતો. જે મહાઅધર્મી, અધર્માનુગામી, અધર્મનિષ્ઠ, અધર્મભાષી, અધર્માનુરાગી, અધર્માચારી, પરમ અસંતોષી હતો. તે પાંચસો ગામોનું આધિપત્ય-શાસન કરતો હતો. ત્યાંના ખેડૂતોનું કર-મહેસૂલ તે દમનથી, લાંચથી, અધિક વ્યાજથી, હત્યા આદિનો અપરાધ લગાવીને કરતો હતો. પ્રજાને દુ:ખિત, તાડિત, તિરસ્કૃત અને નિર્ધન કરવામાં આનંદ લેતો હતો, છેતરપીંડી અને માયાચારને પોતાનું કર્તવ્ય સમજતો હતો.

આવા મલિન પાપકર્મોનાં આચરણનું ફળ તેણે આગામી ભવોમાં તો ભોગવ્યું પણ તે જ ભવમાં પણ ભોગવ્યું. તેને સોળ પ્રકારના રોગાંતક (અસાધ્ય રોગ) ઉત્પન્ન થયા. તેની ચિકિત્સા કરવામાં કોઈ વૈદ્ય કે ચિકિત્સક સમર્થ ન થઈ શક્યા. આમ જ જીવન વ્યતીત કરી મરીને તે પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે અને ત્યાંથી મૃગાપુત્ર તરીકેનો અત્યંત દયનીય ભવ મળે છે.

આ અધ્યયનનું અર્કબિંદુ એ જ છે કે રાજસત્તાનો દુરુપયોગ કરનાર, લાંચ લેનાર, પ્રજા પર અનુચિત કરનો ભાર નાંખનાર, સત્તા અને પુણ્યના નશામાં ચકચૂર બનેલા માનવો અન્યની ફિકર કરતા નથી પણ પોતાના જ ભાવી ભવોની પણ પરવા કરતા

નથી. આજના લાંચ-રુશ્વતના વાતાવરણમાં પ્રસ્તુત સૂત્ર સમીક્ષાપાત્ર બની રહે છે.

દુ:ખવિપાકના બેથી આઠ અધ્યયનના કથાનાયકો માંસાહાર કરનાર, નિરપરાધ ભોળા પશુઓને સંત્રાસિત કરનાર, વેશ્યાગમન કરનાર, ઈંડાનું સેવન કરનાર, ચોરી કરનાર, પંચેન્દ્રિય વધ કરનાર, મદ્યપાન કરનાર, હોમયજ્ઞ માટે બાળકોના કુમળા હૃદયની બલિ કરનાર, હિંસાચાર કરનાર વગેરે અધમ પાપાચાર કરનાર છે. તેઓ તેમના દુ:ખદાયી કર્મોનાં કેવાં કટુ પરિણામો ભોગવે છે તેનો હૃદયસ્પર્શી અહેવાલ તે સાત અધ્યયનોમાં છે.

નવમા અને દશમા અધ્યયનના પાત્રોમાં બે સ્ત્રી પાત્ર છે. દેવદત્તા અને અંજુશ્રી. ભોગાસક્ત દેવદત્તાની સ્વાર્થવૃત્તિ એટલી બધી ભયંકર હોય છે કે તે પોતાના સંબંધ ભૂલી જાય છે અને ક્રોધાવેશમાં ન કરવાનાં કામ કરે છે. પૂર્વભવમાં ૪૯૯ સાસુઓને જીવતા સળગાવી દેનારી દેવદત્તા, તે ભવમાં સાસુની હત્યા કરે છે.

દશમા અધ્યયનની અંજુશ્રી પૂર્વભવમાં અનર્થોની ખાણ સમાન કામભોગોમાં લીન રહીને દુ:ખોની પરંપરા વધારે છે.

આમ દુ:ખવિપાક સૂત્રમાં દુષ્કૃત્યોના કડવાં પરિણામો બતાવ્યાં છે, જ્યારે વિપાક સૂત્રના બીજા શ્રુતસ્કંધ સુખવિપાક સૂત્રમાં પુણ્યશાળી પુરુષો દાન વગેરે સત્કાર્ય કરી, સુખ ભોગવતાં સમ્યક્ દર્શન પામી, સમ્યક્ સંયમ તપમાં પુરુષાર્થ ફોરવી, સિદ્ધગતિના શિખર સર કરશે, તેનું સદૃષ્ટાંત નિરૂપણ છે.

પ્રથમ અધ્યયનમાં સુબાહુકુમારનું વર્ણન છે. પરમ પુણ્યના ઉદયથી સુબાહુકુમારને રાજ પરિવારમાં જન્મ અને શ્રમણ ભગવાન મહાવીરના સમાગમનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમને એટલી બધી સુંદર, મનોહર, સૌમ્ય અને પ્રિય આકૃતિ મળી હતી કે ગૌતમ સ્વામી જેવા વિરક્ત મહાપુરુષનું હૃદય પણ તેમના તરફ આકૃષ્ટ થયું હતું. તેમની તેવી મનોહરતાનું કારણ તેમનો પૂર્વભવ હતો.

પૂર્વભવમાં સુબાહુકુમાર ધનાઢ્ય સુમુખ ગાથાપતિ હતા. એકદા તેમના ઘરે નિરંતર માસખમણના પારણે માસખમણ કરતાં સુદત્ત અણગાર પારણાના દિવસે ગોચરી માટે પધાર્યા. તેમને જોઈને અત્યંત હર્ષિત અને પ્રસન્ન થઈને આસન પરથી ઊઠ્યા, પાદુકાઓનો ત્યાગ કર્યો, મુખ પર વસ્ત્ર રાખ્યું, સ્વાગત માટે સાત-આઠ પગલાં સામે ગયા, વંદન નમસ્કાર કર્યા અને સુપાત્ર આહારદાનનો લાભ લીધો. આહારદાન દેતા સમયે અને આપ્યા પછી પણ પ્રસન્નતાનો અનુભવ કર્યો.

જો દેય, દાતા અને પ્રતિગ્રાહક પાત્ર–આ ત્રણે શુદ્ધ હોય તો તે દાન જન્મ-મરણના બંધનોને તોડનાર અને સંસારને અલ્પ કરનાર થાય છે. અહીં સુમુખ ગાથાપતિ શુદ્ધ દ્રવ્ય–નિર્દોષ વસ્તુ વહોરાવે છે, પોતે પવિત્ર દાતા અર્થાત્ ગોચરીના નિયમ યોગ્ય છે અને લેનાર પણ મહાતપસ્વી શ્રમણ છે. આમ ત્રિકરણ શુદ્ધિ અને વિશુદ્ધ ભાવનાથી સંસારને અતિઅલ્પ કરી મનુષ્યના આયુષ્યનો બંધ કરે છે. પછીના ભવમાં સુબાહુકુમારપણે ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી સુબાહુકુમાર શ્રમણોપાસક થઈ ગયા. એક વાર પૌષધશાળામાં અટ્ઠમ વ્રત ધારણ કરીને રાત્રિના સમયે ધર્મજાગરણમાં ચિંતવણા કરતા હતા કે જો ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા અહીં પધારે તો હું દીક્ષા લઈ ધન્ય બનું. ભગવાન પણ તેમના સંકલ્પને જાણીને ત્યાં પધારે છે. સુબાહુકુમાર અણગાર બની સાધ્વાચારનું પૂર્ણતયા પાલન કરીને અંતે એક માસનો સંથારો કરી દેવલોકમાં ઉત્પન્ન થયા. તે પંદર ભવો પછી મોક્ષે જશે, તેવું વિધાન સૂત્રમાં છે.

બાકીના નવ અધ્યયનમાં પણ નામ અને સ્થાન સિવાય બધી વિગતો એક સમાન છે.

વિપાક-ફળની દૃષ્ટિએ કર્મપ્રકૃતિઓ બે ભાગમાં વિભક્ત છે. અશુભ અને શુભ. જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતિકર્મોની બધી અવાંતર (પેટા) પ્રકૃતિઓ અશુભ છે. ચાર અઘાતિ કર્મોની પ્રકૃતિઓના બે ભેદ છે–તેમાં કેટલીક અશુભ અને કેટલીક શુભ છે. અશુભ પ્રકૃતિઓને પાપપ્રકૃતિ કહેવાય છે, જેનું ફળ જીવને માટે અનિષ્ટ, અકાંત, અપ્રિય અને દુ:ખરૂપ હોય છે. શુભ કર્મપ્રકૃતિઓનું ફળ તેનાથી વિપરીત ઈષ્ટ, કાંત, પ્રિય અને સાંસારિક સુખ આપનાર છે. બંને પ્રકારના ફળ-વિપાકને સરળ, સરસ અને સુગમ રૂપે સમજવા માટે વિપાક સૂત્રની રચના થઈ છે.

જોકે પાપ અને પુણ્ય–બંને પ્રકારની કર્મપ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જ મોક્ષ મળે છે. પાપ લોઢાના બંધન જેવું છે તો પુણ્ય સોનાના બંધન જેવું છે. બંને બંધન રૂપે હોવા છતાં પણ બંનેના ફળમાં અંધકાર અને પ્રકાશ જેટલું અંતર છે.

દુ:ખવિપાકના કથાનાયક મૃગાપુત્ર આદિ અને સુખવિપાકમાં વર્ણન કરાયેલ સુબાહુકુમાર આદિ–બંને પ્રકારના કથાનાયકોની ચરમસ્થિતિ, અંત એક સમાન છે–મોક્ષે જશે. પણ તે પહેલાંના તેમના સંસાર પરિભ્રમણનું જે ચિત્ર છે તે વિશેષ વિચારણીય છે.

સુખ સૌને પ્રિય છે, દુ:ખ કોઈને ગમતું નથી. પાપાચારી મૃગાપુત્ર આદિને ઘોરતમ દુ:ખમય દુર્ગતિઓથી દીર્ઘ–દીર્ઘતર કાળ સુધી પસાર થવું પડશે. અનેકાઅનેકવાર નરકોમાં, એકેન્દ્રિયોમાં આદિ વિષમ એવં ત્રાસજનક યોનિઓમાં દુસ્સહ વેદનાઓ ભોગવવી પડશે. ત્યાર પછી ક્યાંક તે માનવભવ પામી સિદ્ધિને મેળવશે.

જ્યારે સુખવિપાકના કથાનાયક સુબાહુકુમાર આદિ સંસારના કાળનો અધિકાંશ ભાગ દેવલોકના સ્વર્ગીય સુખોના ઉપભોગમાં

અથવા માનવભવમાં જ વ્યતીત કરી પંદર ભવ પછી સિદ્ધિને મેળવશે.

વિપાક સૂત્રમાં રોચક, પ્રેરક વિષય છે અને હૃદયને ધ્રુજાવી દે તેવો ધારાવાહી વિષય છે. વિપાક સૂત્રનું વિશ્લેષણ કરતાં એટલું જ કહી શકાય કે પાપોના સેવનથી કર્મ બાંધતી વખતે વિવેકબુદ્ધિથી વિચારવું જોઈએ. કર્મોનો હિસાબ તો પાઈ પાઈ ચૂકવવો પડે છે, તેના માટે નિમિત્ત પછી કોઈ પણ હોઈ શકે. ઈન્દ્રિયોના વિષય-સુખ મીઠા ઝેર સમાન છે. વર્તમાનમાં મસ્ત રહે છે તે ભવિષ્યમાં ત્રસ્ત બની સંકટમય અને અંધકારમય પરિસ્થિતિમાં સપડાઈ જાય છે. આવું જાણી ઈચ્છા નિરોધ કરી સંયમી ને તપમય, ત્યાગમય જીવન જીવવામાં જ મનુષ્યભવની સાર્થકતા છે.

પ્રસ્તુત સૂત્રમાં સુપાત્ર દાન દેવાની વિધિ, વિનય વ્યવહાર, તેનાથી થતા લાભોનું સુંદર વિવરણ સુબાહુકુમારના અધ્યયનમાં મળે છે. સુપાત્રદાન દેતાં ત્રૈકાલિક હર્ષ–દાન દેવાનો અવસર પ્રાપ્ત થતાં, દાન દેતાં અને દાન દીધા પછી થવો જોઈએ. જે પ્રસન્નતા પરમ પદને પ્રાપ્ત કરાવનારી બને છે.

દુઃખવિપાકના પહેલા અધ્યયનમાં રોગને ઉપશાંત કરવાના વિવિધ પ્રયોગો તે સમયની ચિકિત્સા પદ્ધતિમાં આયુર્વેદ કેટલું પ્રચલિત હશે તેનો અહેવાલ આપે છે. માલિશ, લેપ, વમન, વિરેચન, ઔષધ વગેરેથી રોગને નિયંત્રણ કરવાના ઉપાયોનું સૂચન છે.

બીજું માતાના દોહદનો ઉલ્લેખ છે ત્યાં 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' ન કહેતાં 'પુત્રનાં લક્ષણ ગર્ભમાંથી' એમ કહેવું ઉચિત લાગે છે. અધર્મી વ્યક્તિનો જીવ માતાના ગર્ભમાં આવે છે ત્યારથી માતાને મદિરાપાન, માંસાહાર વગેરે અનિષ્ટ સેવવાની ઈચ્છા જાગે છે.

પિતાની ભૌતિક સંપત્તિનો વારસદાર તો પુત્ર બને જ છે પણ સારા સંસ્કારોનો વારસો પણ તે પુત્રને આપી શકે છે. પણ પિતા જ જ્યારે ચોરપલ્લીનો સેનાપતિ હોય કે પ્રાણીઓને સંત્રાસિત કરનાર કોટવાળ હોય કે કસાઈ હોય તો તે પોતાના પુત્રને વારસામાં તે જ આપશે. માટે કલ્યાણપિતા બનવાની કલ્યાણકારી શીખ પણ આ અધ્યયનોમાંથી મળે છે.

વિપાક સૂત્ર ભવારણ્યમાં ભૂલા પડેલા, ભટકતા ભવ્ય પ્રાણીઓ માટે ભોમિયો છે, અજ્ઞાનના અંધારામાં અથડાતા જીવો માટે આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે, મિથ્યાત્વની મૂંઝવણમાં મુકાતા જીવો માટેની માર્ગદર્શક પત્રિકા છે, સંસારના દાવાનળમાં દાઝીને દોડતા જીવો માટે દીવાદાંડી છે, ઉન્માર્ગે ગયેલાને સન્માર્ગ લાવવાની સીડી છે, પરમ પદને પ્રાપ્ત કરવા માટેનું પથદર્શક પાટિયું છે, કરુણાસાગર ભગવંતે બતાવેલો કારગત કીમિયો છે, સાધક માટે સર્વાભ્યુદય કરનાર સોનાનો સૂરજ છે. આવા ઉત્તમ લક્ષણોથી સુશોભિત વિપાક સૂત્ર જિજ્ઞાસુ મુમુક્ષુ આત્માઓ માટે જ્ઞેય-ઉપાદેય છે. ✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૪૯થી ચાલુ

મલ્લી કી અંગુલિયાં વ નખોં કે બરાબર ભી ઈનકા સૌન્દર્ય નહીં હૈ.''

મલ્લી કી સુન્દરતા કે બારે મેં સુનતે હી રાજા ગહરે વિચારોં મેં ડૂબ ગયા.

ક્યા એસી અદ્‌ભુત સુન્દરી કો મૈં પા સકૂંગા...? યદિ ઉસે નહીં પાયા તો ફિર સમૂચા રાજ્ય હી ત્યાગ દૂંગા.

ઔર રાજા ને તુરંત દૂત કો બુલાયા–

''તુમ અભી મિથિલા કે રાજા કુંભ કે પાસ જાકર હમારે લિએ મલ્લીકુમારી કી યાચના કરો.''

''આગ તો લગા દી, અબ દેખતી હું ઉસ રૂપ-જ્ઞાન-ગર્વિતા કો; મેરે ચરણ ન છુઆયે તો...?''

ઈધર મિથિલા મેં એક દિન મલ્લીકુમારી એકાન્ત કક્ષ મેં બૈઠી ચિન્તન કર રહી થી. અવધિજ્ઞાન કે પ્રભાવ સે ઉન્હેં ભવિષ્ય કી ઘટનાએ ચલ ચિત્ર કી ભાંતિ દિખાઈ દેને લગી.

સાકેત, આદિ કે છહ દૂત ઉનકે લિએ વિવાહ પ્રસ્તાવ લેકર મહારાજ કુંભ કે રાજ દરબાર મેં આયે હૈં. કિન્તુ મહારાજ ને ઉનકા પ્રસ્તાવ ઠુકરા દિયા. ફલ સ્વરૂપ છહોં રાજાઓ ને એક સાથ મિથિલા નગરી પર આક્રમણ કર દિયા હૈ. મહારાજ કુંભ ચિંતા મેં ડુબે બૈઠે હૈં. (મલ્લીકુમારી મન કા ચિન્તન)

મલ્લીકુમારી ને સોચા–

યહ સબ હોને વાલા હૈ. ઇસ લિએ અચ્છા હૈ, પહલે સે હી આને વાલી સમસ્યા કા સમાધાન તૈયાર કર લિયા જાય.

મલ્લીકુમારી ને એક યોજના સોચી ઔર ઈસકે અનુસાર નગર કે વાસ્તુકારોં કો બુલાકર આજ્ઞા દી–

''આપ લોગ મેરી યોજના કે અનુસાર એક વિચિત્ર મોહનગૃહ (માયા મહલ) કા નિર્માણ કરેં.''

વાસ્તુકારોં ને રાજકુમારી કે આદેશાનુસાર એક મોહનગૃહ બનાયા, જિસ કે મધ્ય મેં રાજકુમારી કી હૂ-બહૂ સ્વર્ણ મૂર્તિ બનાકર રખી ગઈ. મૂર્તિ કે મસ્તક પર એક છિદ્ર કિયા જો સોને કે કમલ સે ઢંકા હુઆ થા. ઉસકે સામને છહ અલગ-અલગ કક્ષ થે જિનકે બીચ મેં પારદર્શી જાલી લગી થી. મૂર્તિ કે પીછે ભી એક દરવાજા બનાયા જો સામને મોહનગૃહ મેં આકર ખુલતા થા.

મલ્લીકુમારી મૂર્તિ કે અન્દર પ્રતિદિન તાજે અન્ન કા એક ગ્રાસ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૫મું)

શ્રી ઉવવાઈ સૂત્ર

૧૨

□ ડૉ. કલા એમ. શાહ

જૈન શ્વેતાંબર પરંપરામાં અગિયાર અંગ અને બાર ઉપાંગો પ્રસિદ્ધ છે. આ બાર ઉપાંગ સૂત્રોના ક્રમના વિષયમાં કોઈપણ સ્પષ્ટીકરણ પ્રાપ્ત થતું નથી, તે છતાં ઔપપાતિક સૂત્ર પોતાની કેટલીક વિશેષતાઓને કારણે **પ્રથમ ઉપાંગ** રૂપે પ્રગટ થયું છે.

ઉવવાઇય - ઔપપાતિક શબ્દનો અર્થ છે ઉપપતન તે ઉપપાત – દેવ નારકના જન્મ અને સિદ્ધિગમન. તેને આશ્રીને કરાયેલ અધ્યયન તે ઔપપાતિક.

આચારાંગનું આ પ્રથમ અધ્યયન 'શસ્ત્ર પરિજ્ઞા' તેના પહેલા ઉદ્દેશમાં આ સૂત્ર છે -

એવમેગેસિં નો નાયં ભવઇ અત્થિ વા મે આયા ઉવવાઇએ, નત્થિ વા મે આયા ઉવવાઇએ' - આ સૂત્રમાં જે આત્માના ઔપપાતિકનો નિર્દેશ છે તેનો વિસ્તાર કર્યો છે તેથી અર્થથી અંગના સમીપ ભાવ વડે તે ઉપાંગ છે.

'ઉવવાઈ' શબ્દનો અર્થ 'ઉપપાત' જૈન દર્શનમાં ત્રણ પ્રકારના જન્મ છે, તેમાં એક 'ઉપપાત' વિશિષ્ટ જન્મ છે.

'ઉપપાત' એટલે માતાપિતાના સંયોગ વિના અથવા રાસાયણિક સંમૂર્ચ્છિમ ભાવોના અભાવમાં સહજભાવે જીવકર્મ પ્રભાવે જોતજોતામાં જન્મ પામી દેહનો વિકાર કરે તેને 'ઉપપાત' જન્મ કહેવાય છે. આવા ઉપપાત જન્મનું વિશદ વર્ણન અહીં કરવામાં આવ્યું છે. આ રીતે ઔપપાતિક સૂત્ર પ્રાધાન્યપણે ઉત્પત્તિના વિષયને જ પ્રગટ કરે છે. જીવના અધ્યવસાય પ્રમાણે તેના જન્મ મરણ થાય છે.

ઉપપતનં ઉપપાતો દેવ - નારક જન્મસિદ્ધિં ગમનં ચ।
અતસ્તમધિકૃત્ય કૃતમધ્યયન મૌપપાતિકમ્ - વૃત્તિ।।

દેવ અને નૈરકિયોના જન્મને ઉપપાત કહે છે. પ્રસ્તુત આગમમાં મુખ્યત્વે દેવ અને નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય ભિન્ન ભિન્ન પ્રકારના જીવોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે તેથી આ આગમનું નામ ઔપપાતિક સૂત્ર સાર્થક છે.

વિષયની દૃષ્ટિએ ઔપપાતિકના સૂત્રના બે વિભાગ છે. (૧) સમવસરણ (૨) ઉપપાત.

સમવસરણ વિભાગમાં ૧૨૨ સૂત્રો છે અને ઉપપાત વિભાગમાં ૯૩ સૂત્રો છે.

'ઔપપાતિક સૂત્ર'ના પ્રથમ વિભાગ **સમવસરણ**માં અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર ચંપાનગરીના પુર્ણભદ્ર ચૈત્યમાં પોતાના પરિવાર સાથે પધાર્યા તેનું વિસ્તૃત વર્ણન છે. તે ઉપરાંત અન્ય વર્ણનો પણ વિસ્તૃત રીતે આપવામાં આવ્યા છે. બીજા વિભાગ 'ઉપપાત'માં ગણધર ગૌતમની જિજ્ઞાસા અનુસાર ભગવાને ભિન્ન ભિન્ન પ્રકારના જીવોના ઉપપાતનું વર્ણન કર્યું છે. ઉપપાત વર્ણન જ પ્રસ્તુત આગમનું હાર્દ છે, અને આ વર્ણન જ્ઞાનવર્ધક છે.

ચંપાનગરીનું વર્ણન :

'તે નગરી માલતીલતા આદિના સમૂહથી, વૃક્ષરાજિથી શોભતા પ્રદેશોયુક્ત આરામોથી, પુષ્પગુચ્છોના ભારથી લચી પડેલા નાના નાના વૃક્ષોથી યુક્ત ઉદ્યાનો અને કૂવા, વાવ, તળાવ, સરોવર, દીધિકા અને વાવો વગેરે રમ્યતાદિ ગુણોથી સંપન્ન હતી. તે મેરુ પર્વતના નંદનવન જેવી શોભાસંપન્ન લાગતી હતી.'

ત્યાં જલાશયોના પાણી તાજા ખીલેલા કમળોથી સુશોભિત હતા. ત્યાંના મકાનો હંમેશા ચૂનાથી રંગેલા હોવાથી સુંદર દેખાતા હતા. નગરીની શોભા અનિમેષ દૃષ્ટિથી જોવાલાયક હતી. આ રીતે ચંપાનગરી પ્રસન્નતાજનક હોવાથી મનોરમ્ય, અભિરૂપ અને વારંવાર જોવાની ઈચ્છા થાય તેવી અસાધારણ રૂપવાળી મનોહર હોવાથી પ્રતિરૂપ હતી.'

ભગવાન મહાવીરના દેહવૈભવ અને ગુણવૈભવનું વર્ણન કરવા માટે પચ્ચીસ લીટીનું એક વાક્ય અને ગુણોનું વર્ણન કરવા માટે ૬૩ લીટીના એક દીર્ઘ વાક્યની રચના જોવા મળે છે.

પ્રભુના ગુણોનું વર્ણન :

'તે કાલે તે સમયે શ્રમણ – ઘોર તપ સાધના રૂપ શ્રમમાં અનુરક્ત ભગવાન – આધ્યાત્મિક, ઐશ્વર્ય સંપન્ન, મહાવીર સ્વામી ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા. તે ભગવાન મહાવીર આદિકર – શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મની આદિ કરનારા તીર્થંકર – સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા તે ચતુર્વિધ સંઘની સ્થાપના – તીર્થની સ્થાપના કરનાર સ્વયંબુદ્ધ...અન્યના ઉપદેશ વિના સ્વયંબુદ્ધોના પ્રાપ્ત થયેલા પુરુષોત્તમ – જ્ઞાનાદિ અનંત ગુણોથી વિશિષ્ટ અથવા અતિશય સંપન્ન, પુરુષસિંહ, રાગ-દ્વેષાદિ કર્મ શત્રુઓનો નાશ કરવામાં શૂરવીર પુરુષવર પુંડરિક...'

ભગવાન મહાવીરના દેહનું વર્ણન :

'તે પ્રભુ મહાવીર સાત હાથની ઊંચાઈ, સમચતુરસ્ત્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણના ધારક હતા. તેમને શરીરની અંદરનો વાયુ અનુકૂળ હતો. અર્થાત્ તેઓ વાયુપ્રકોપથી રહિત દેહવાળા હતા. ગુદાશય કંક પક્ષી જેવું નિર્લેપ હતું. જઠરાગ્નિ

કબૂતર જેવી આંત-પ્રાંત આહારને પચાવી શકે તેવી હતી. ગુદાશય અને ગુપ્તાંગની આસપાસનો ભાગ પોષ-પૃષ્ટંત અને જંઘા પક્ષીની જેમ નિર્લેપ રહેતા હતા. મુખ પદ્મકમલ અને પદ્મનાભ નામના સુગંધિત દ્રવ્ય જેવા ઉચ્છવાસ વાયુથી સુગંધિત હતું. ત્વચા-કાંતિયુક્ત હતી...'

'પ્રભુ મહાવીરના દેહના અન્ય અંગો મસ્તક, આંખ, ભ્રમર, કાન, પાંપણો, અધરોષ્ઠ, દંતશ્રેણી, મૂછ, હાથ, આંગળીઓ, ગ્રીવા, વક્ષઃસ્થળ, કુક્ષી, નાભિ, કટિપ્રદેશ, ગુહ્યપ્રદેશ, સાથળ, ઘૂંટણ, ચરણો, ઘૂંટીઓ, પગની આંગળીઓ, ચરણો, તળિયા વગેરેનું ઉપમાયુક્ત વર્ણન કરેલ છે.'

'પ્રભુનું તેજ વિશિષ્ટ હતું અને રૂપ અસાધારણ હતું. તેમ જ નિર્ધૂમ પ્રજ્વલિત અગ્નિ, વારંવાર ચમકતી વીજળી તથા મધ્યાહ્નકાલીન સૂર્યના કિરણો જેવું તેજસ્વી હતું.'

કોણિક રાજાનું વર્ણન :

'ચંપાનગરીમાં કોણિક નામના રાજા રાજ્ય કરતા હતા. તેઓ મહિમાવંત, મહામલય પર્વત, મેરુ પર્વત અને મહેન્દ્ર પર્વતની જેમ શ્રેષ્ઠ હતા. તેમનો જન્મ અત્યંત વિશુદ્ધ અને દીર્ઘકાલથી રાજકુળરૂપે પ્રસિદ્ધ વંશમાં થયો હતો. તેમના અંગોપાંગ સ્વસ્તિકાદિ રાજચિહ્નોથી શોભતા હતાં.'

ધારિણી રાણીનું વર્ણન :

'તે શ્રેણિક રાજાને ધારિણી નામે રાણી હતી. તેના હાથ, પગ ઘણાં જ સુકોમળ હતા. તેનું શરીર સર્વલક્ષણોથી સંપન્ન, સપ્રમાણ અને પાંચે ઈન્દ્રિયોથી પરિપૂર્ણ હતું. તેની શરીર સંપદા ઉત્તમ પ્રકારની હતી. હસ્તરેખા આદિ લક્ષણો, તલ, મસા આદિ ચિહ્નોથી તે સુસંપન્ન હતી. તે માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ અને સમસ્ત આંગોપાંગ સુંદર હોવાથી તે સર્વાંગ સુંદર હતી.'

ભગવાનની ધર્મ દેશના :

'તે પ્રભુ **ઓઘબલી** – અવ્યવચ્છિન્ન – અખંડ બળના ધારક, અતિબલિ – અતિશય બળસંપન્ન, મહાબલી, પ્રશસ્ત બળસંપન્ન, અપરિમિતબળ, વીર્ય, તેજ માહાત્મ્ય તથા કાંતિયુક્ત હતા.'

'તેઓએ શરદકાલીન નવીન મેઘની ગર્જનાની જેમ મધુર અને ગંભીર, ક્રૌચ પક્ષીના મંજુલ સ્વરની જેમ મધુર અને દુદુંભિના નાદની જેમ દૂરગામી, વક્ષઃસ્થળમાં વિસ્તારને પ્રાપ્ત થયેલી; કંઠમાં ગોળ ગોળ ઘુમરાતી; મસ્તકમાં વ્યાપ્ત; સ્પષ્ટ ઉચ્ચારવાળી; અસ્ખલિત–અટક્યા વિનાની સ્પષ્ટ, વર્ણ, અને પદની વિકલતા રહિત, સમસ્ત અક્ષરોના સંયોગયુક્ત, સ્વરકળાથી પૂર્ણ અને ગેયરાગ યુક્ત; સર્વ ભાષામાં પરિણમન પામતી એક યોજન પરિમાણમાં ફેલાતી સરસ્વતી વાણી એવી અર્ધમાગધી ભાષામાં કોઈપણ પ્રકારના ભેદ-ભાવ વિના આર્ય અને અનાર્ય પુરુષોને અગ્લાન ભાવે, શ્રુત-ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ આપ્યો.'

અખંડ પરિવ્રાજકનું વર્ણન :

'અખંડ પરિવ્રાજક ભદ્ર-સૌમ્ય, પરોપકાર પરાયણ અને પ્રકૃતિથી જ શાંત છે. તે સ્વભાવથી જ અલ્પ ક્રોધ, માન, માયા, લોભવાળા, મંદ કષાયી છે. તે કોમળ સ્વભાવથી યુક્ત અને અહંકાર રહિત, ગુરુજનોની આજ્ઞાનું પાલન કરનારા તથા વિનયશીલ છે.'

(૨) **ઉપપાત વિભાગ :**

બીજા ઉપપાત વિભાગમાં ગૌતમ ગણધરે જિજ્ઞાસાથી પૂછેલા પ્રશ્નોનું સમાધાન ભગવાન મહાવીરે કર્યું છે. તેમાં વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિનું નિરૂપણ કર્યું છે. જીવો પરલોકમાં આરાધક થયા કે નહિ તેની સ્પષ્ટતા કરી છે અને સિદ્ધ થવાની પ્રક્રિયા, સિદ્ધશિલા, સિદ્ધક્ષેત્ર અને સિદ્ધોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે.

તે ઉપરાંત અખંડ પરિવ્રાજક અને તેના ૭૦૦ શિષ્યોના કથાનકથી આ આગમ રોચક બન્યું છે. અખંડ પરિવ્રાજક હોવા છતાં શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો, ભગવાન મહાવીરમાં દૃઢ શ્રદ્ધા રાખી, અનશન કર્યું, સમાધિમરણ પ્રાપ્ત કર્યું અને મહાવિદેહમાં જન્મ ધારણ કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી. આ આખીય વાતમાં જૈનદર્શન જાતિવાદમાં માનતું નથી પણ જે જૈનધર્મમાં શ્રદ્ધા રાખે, તે જૈન પરંપરાના વ્રત નિયમોના આરાધક બની શકે છે તે પ્રતિપાદિત કર્યું છે.

જૈન દર્શનમાં સંપૂર્ણ કર્મક્ષય પછી મુક્તિ અને મુક્ત થયેલા જીવોનું ઋજુગતિથી એક સમય માત્રમાં લોકાગ્રે સિદ્ધક્ષેત્ર ગમન, ત્યાં અનંત કાળ પર્યંત સિદ્ધશીલા, સિદ્ધક્ષેત્ર અને સિદ્ધોનું સુખ વગેરેનું વર્ણન અદ્‌ભુત છે.

સિદ્ધોના નિવાસસ્થાનનું વર્ણન :

'આ રત્નપ્રભાના (પૃથ્વીના) બહુસમરમણીય ભૂમિભાગથી ડુંગર, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તથા તારાઓના ભવનથી ઘણા યોજન, ઘણા સેંકડો યોજન, ઘણા હજારો યોજન, ઘણા લાખો યોજન તથા ઘણા કરોડ યોજન તથા ક્રોડાક્રોડ યોજનથી ઊર્ધ્વતર તથા બહુ જ ઉપરના ભાગમાં ગયા પછી સૌધર્મ, ઈશાન, સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્ત્રાર, આણત, પ્રાણત, આરણ, અચ્યુત કલ્પ તથા ત્રણસો અઢાર ગ્રૈવેયક વિમાનના આવાસથી પણ ઉપર વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ મહા વિમાનના સર્વોચ્ચ શિખરના અગ્રભાગથી બાર યોજનના આંતરે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી છે.'

આ સૂત્રમાં અનેક સ્થળે અલંકાર અને તાદૃશ્ય ઉપમા આપીને સાહિત્યિક ભાષામાં વર્ણન કરેલું છે. નગરી આદિના વર્ણનથી તે

સમયની સમાજવ્યવસ્થા અને નગરજીવનની પ્રતીતિ થાય છે. ભગવાનના શિષ્ય પરિવારના વર્ણન દ્વારા જૈન શ્રમણોની જીવનચર્યાનો બોધ થાય છે. સમવસરણમાં પરિષદની મધ્યમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આપેલી ધર્મદેશના પ્રભુ મહાવીરના વીતરાગભાવને પ્રગટ કરે છે. પ્રભુએ આપેલી દેશના દ્વારા સંપૂર્ણ જૈનદર્શનનો બોધ થાય છે.

આમ આ આગમ નાનું હોવા છતાં તેમાં મહત્ત્વપૂર્ણ સામગ્રી ભરેલી છે.

આ આગમનો વિષય આધ્યાત્મિક છે. કાવ્ય શાસ્ત્રની દૃષ્ટિએ આ સૂત્ર અનુપમ છે, અજોડ છે. આ સૂત્રમાં સાહિત્યભાવો અને તત્ત્વજ્ઞાનના ભાવોનું સુંદર સંયોજન છે. આગમકારે આ નાનકડા પણ અલૌકિક સૂત્રમાં વિરાટ વિષયનું નિરૂપણ કર્યું છે.

આ સૂત્રની કડીબદ્ધ પંક્તિઓમાં કાવ્યરચનાની પ્રતીતિ થાય છે. સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે લાંબા લાંબા સમાસબદ્ધ કાવ્યમય વાક્યોનો જે પ્રયોગ થયો છે તે જૈનાગમ વખતની સાહિત્યિક ભાષાના વિકાસની સાક્ષી પૂરે છે. (સંસ્કૃત) કાદંબરી જેવા બબ્બે પાનાના સમાસબદ્ધ વાક્યો કરતાં પણ લાંબી કડીબદ્ધ કાવ્યમય વાક્યરચનાઓ આ સૂત્રમાં જોવા મળે છે.

તત્ત્વનો વિચાર કરીએ તો જણાય છે કે ઉવવાઈ સૂત્રમાં અનુપમ ત્યાગ માર્ગનું નિરૂપણ થયું છે. જૈન મુનિઓના ત્યાગમય જીવનનું વર્ણન છે. તે સમયમાં ધર્મની વિકૃતિઓને દૂર કરવા જે ક્રાંતિ સર્જી હતી તેવા ક્રાંતિકારી વીર પ્રભુના શિષ્યોનું ભાવાત્મક ચિત્ર અહીં શબ્દસ્થ થયું છે.

ઔપપાતિક ઉવવાઈ સૂત્રની વિશેષતા એ છે કે તેમાં સમગ્ર ત્યાગ માર્ગને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ તપાસી, જૈન તથા અન્ય સંપ્રદાયોમાં ત્યાગના જે આચારો છે તેની ગણના કરી તેને ન્યાય આપ્યો છે. કોઈ પણ સંપ્રદાયની નિંદા કરવામાં આવી નથી. ઉવવાઈનો આધ્યાત્મિક વિષય ઘણો જ રસમય છે. બધાં સંપ્રદાયો સાથે સ્યાદ્‌વાદ શૈલીથી તેમાં સમવાય સ્થાપિત કર્યો છે.

ઔપપાતિક-ઉવવાઈ સૂત્રનો
રચના કાળ અને ભાષા શૈલી :

બારે ઉપાંગ સૂત્રોમાંથી 'પ્રજ્ઞાપના સૂત્ર'ને બાદ કરતાં બાકીના બધા ઉપાંગ સૂત્રોની રચના ક્યારે અને ક્યાં થઈ તે સંબંધમાં કોઈ પણ જાણકારી પ્રાપ્ત થતી નથી.

ઉવવાઈ સૂત્રના કુલ ૧૬૦૦ શ્લોકો (૧૨૦૦) છે. (જૈન પરંપરાનો ઇતિહાસ-ભાગ-૧, પાનું-૩૫૭).

ઉવવાઈ સૂત્રની ભાષા પ્રાયઃ ગદ્યાત્મક છે અને થોડોક ભાગ પદ્યમાં છે. ભાષાની દૃષ્ટિએ આ આગમમાં ઉપમા, સમાસ તથા વિશેષણોની બહુલતા છે.

ડૉ. સાધ્વી આરતી ઉવવાઈ સૂત્ર વિશે લખે છે, 'ઉપાંગ સૂત્રોમાં પ્રથમ સ્થાન ધરાવતું શ્રી ઔપપાતિક સૂત્ર એક સંદર્ભ સૂત્ર સમાન છે. અંગ સૂત્રો અને ઉપાંગ સૂત્રોના વર્ણનાત્મક વિષયોમાં અનેક સ્થાને ઔપપાતિકના સંદર્ભો જોવા મળે છે. ઔપપાતિક સૂત્ર કદમાં નાનું હોવા છતાં મહત્તમ સામગ્રીઓથી ભરેલું છે. આ આગમના મુખ્ય વિષયો એવા છે કે તેનો ઉલ્લેખ અન્ય ક્યાંય પ્રાપ્ત થતો નથી. જેમ કે તીર્થંકરના દેહનું નખશીખ વર્ણન આદિ...'

* * *

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ઠ ૫૨થી ચાલુ

ડાલતી થી.

એક દિન મહારાજ કુંભ રાજ સભા મેં બૈઠે થે, તભી સાકેતપતિ રાજા પ્રતિબુદ્ધિ કે દૂત ને દરબાર મેં પ્રવેશ કિયા ઔર અપને રાજા કા સંદેશ સૂનાયા–

''મહારાજ; સાકેતપતિ રાજા પ્રતિબુદ્ધિ ને આપ કી અનિંદ્ય સુન્દરી કન્યા મલ્લીકુમારી કે સાથ વિવાહ-પ્રસ્તાવ ભેજા હૈ!''

ઉસી સમય ચમ્પાપતિ ચન્દ્રછાય કા દૂત ભી આ પહૂંચા. ઉસને ભી નિવેદન કિયા–

''હમારે સ્વામી ચન્દ્રછાય આપ કી કન્યા કે સાથ પાણિગ્રહણ કરને કો ઉત્સુક હૈ.''

ઈસી પ્રકાર શ્રાવસ્તી, વારાણસી, હસ્તિનાપુર ઔર કંપિલપુર નરેશો કે દૂત ભી એક સાથ મલ્લીકુમારી કે પાણિગ્રહણ કા પ્રસ્તાવ લે આયે. એક સાથ છદ દૂતોં કે પ્રસ્તાવ સુનકર રાજા કુંભ ગુસ્સે સે ભર ઉઠે ઔર દૂતોં કો ઝિડકતે હુએ બોલે-

''તુમ્હારે રાજા મેરી કન્યા કી ચરણ-ધૂલિ કે તુલ્ય ભી નહીં હૈ. જાઓ, અપને મૂર્ખ સ્વામિયોં સે કહ દો, અપને દુર્બલ હાથોં સે આકાશ કે તારે તોડને કા પ્રયાસ ન કરેં.''

ઉસને દૂતોં કો અપમાનિત કરકે રાજ્ય સભા સે નિકાલ દિયા.

અપમાન સે તિલમિલાતે દૂતોં ને યહ ખબર અપને-અપને રાજાઓં કો દી. ફલસ્વરૂપ એક સાથ છહોં રાજાઓં કી સેના ને અલગઅલગ દિશાઓં સે આકર મિથિલા નગર કો ચારોં તરફ સે ઘેર લિયા ઔર રાજા કુંભ કે પાસ સન્દેશ ભેજા–

''યા તો અપની કન્યા કા વિવાહ હમસે કર દેં અન્યથા રણભૂમિ મેં આકર યુદ્ધ કરેં...''

રાજા કુંભ ને તુરંત અપને મંત્રી, સેનાપતિ આદિ કો બુલા કર મંત્રણા કી. સેનાપતિ ને કહા–

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૮મું)

શ્રી રાયપસેણીય સૂત્ર

૧૩

□ ડૉ. કલા એમ. શાહ

સૂયગડાંગ સૂત્ર નામના બીજા અંગનું બીજું ઉપાંગ શ્રી રાયપસેણીય સૂત્ર છેઃ

'સૂત્રકૃતાંગ–સૂયગડાંગ–સૂત્રકૃતમાં ૧૮૦ ક્રિયાવાદી છે. ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી, ૩૨-વૈનિયકો છે. સર્વ સંખ્યા ૩૬૩ પાંખડીની છે. તે સ્વસિદ્ધાંત સ્થાપે છે. નંદી અધ્યયનમાં પણ આ વાત લખી છે. પ્રદેશી રાજા પૂર્વે અક્રિયાવાદીમત ભાવિત મનવાળો હતો. તેને આશ્રીને જીવ વિષયક પ્રશ્નો કર્યા. શ્રમણ કેશિકુમાર–ગણધારીએ સૂત્રકૃત સૂચિત અક્રિયાવાદીમતના ખંડનના ઉત્તરો આપ્યા. તે સૂત્રકૃતમાં કેશીકુમારે જે ઉત્તરો આપ્યા તેને જ અહીં સવિસ્તર કહ્યા છે. સૂત્રકૃત ગત વિશેષ પ્રગટપણાથી આ ઉપાંગ સૂત્રકૃતાંગનું છે.' આ વક્તવ્યતા ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમને સાક્ષાત્ કહી છે. (મુનિ દીપરત્ન સાગર).

રાજા પ્રદેશીની કથા સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ

ભરતક્ષેત્રમાં આમ્લકંપા નામની સમૃદ્ધ નગરી છે. ત્યાંની પ્રજા સુખરૂપ જીવી રહી હતી. ત્યાંના શ્વેત રાજા અને ધારિણીદેવી શુભ લક્ષણવંતા અને વિશુદ્ધ હતા.

તે નગરીના અંબસાલ વનમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર ગામેગામ વિહાર કરતાં પરિવાર સાથે પધાર્યા. આ સમયે ઊર્ધ્વલોકમાં સૌધર્મ દેવલોકમાં સૂર્યાભદેવ ઉત્પન્ન થયા. સૂર્યાભદેવનું ત્યાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સર્વ સુખ સંપન્ન હોવા છતાં તે ઉદાસ રહેતા હતા. એકવાર તેમણે આમ્લકંપા નગરીના ઉદ્યાનમાં પ્રભુ મહાવીરને જોયા. તેમનું પ્રવચન સાંભળવા તેઓ ગયા. પ્રવચન પૂર્ણ થતાં સૂર્યાભદેવે પ્રભુને પ્રશ્ન પૂછ્યો,

'હે પ્રભુ હું ભવસિદ્ધ છું કે અભવસિદ્ધ છું, હું સમ્યગ્દૃષ્ટિ છું કે મિથ્યાદૃષ્ટિ છું ?'

ભગવાને જવાબ આપ્યો, 'હે દેવાનુપ્રિય તમે ભવી સમ્યક્દૃષ્ટિ છો.' ત્યારબાદ સૂર્યાભદેવને ૩૨ નાટક બતાવ્યા. છેલ્લું નાટક પ્રભુ મહાવીરના જીવનના પ્રસંગોનું હતું.

ગૌતમ ગણધરે પ્રભુને પૂછ્યું, 'ભગવાન સૂર્યાભદેવે આગલા ભવમાં એવું શું કર્યું કે જેથી તેને આવી રિદ્ધિ સિદ્ધિ મળી?'

અહીં પ્રભુએ સૂર્યાભદેવના આગલા ભવની–પ્રદેશી રાજાના ભવની વાત કરી.

કૈકયાર્ધ દેશની શ્વેતાંબિકા નગરીનો રાજા પ્રદેશી હતો. તે નાસ્તિક અને હિંસક હતો. તેનો એક ચિત્તસારથિ નામનો કલ્યાણમિત્ર હતો. એકવાર રાજાની આજ્ઞા થકી શ્રાવસ્તી નગરીમાં જવાનું થયું. તે નગરીનો રાજા જિતશત્રુ હતો. ત્યાં પાર્શ્વપ્રભુના સંતાન પરંપરાના કેશી શ્રમણ પધાર્યા હતા. ચિત્તસારથિ તેમની દેશના સાંભળવા પહોંચી ગયા. દેશના સાંભળી તેઓ બાર વ્રતધારી શ્રાવક બન્યા. ચિત્તસારથિએ કેશી શ્રમણને પોતાની નગરીમાં પધારવા વિનંતિ કરી. પ્રભુ મહાવીર આમ્લકંપા નગરીમાં પધાર્યા અને ચિત્તસારથિ પોતાના મિત્ર પ્રદેશી રાજાને સદ્ગુરુ પાસે લઈ આવ્યો. પ્રદેશી રાજા નાસ્તિક હોવાથી કેશી શ્રમણને જડ અને અજ્ઞાની માનતો હતો. છતાં તેણે ચર્ચા શરૂ કરી. 'દેહ અને આત્મા જુદા છે' એ ચર્ચા કરતી વખતે રાજાએ અનેક પ્રશ્નો કેશી શ્રમણને પૂછ્યા. કેશી શ્રમણે બધાં પ્રશ્નોના ઉત્તરો ઉદાહરણાર્થે આપ્યાં; પરંતુ રાજા 'દેહ અને આત્મા જુદા છે' એ વાત સ્વીકારવા તૈયાર ન હતો. દયાળુ કેશી શ્રમણે રાજાની માનસિક સ્થિતિ જાણી લીધી કે રાજા પ્રદેશી વસ્તુતત્ત્વને શોધનારો છે. તેથી કેશી શ્રમણે એક છેલ્લું ઉદાહરણ લોખંડના ભારાને વહન કરનાર પુરુષનું આપ્યું ત્યારે પ્રદેશી રાજાને સમજાયું. પ્રભુનો ઉપદેશ સાંભળ્યો, દિલમાં ઉતાર્યો અને બારવ્રતધારી શ્રમણોપાસક બની ગયો. ત્યારબાદ તે સર્વભાવથી ઉદાસીન રહેવા લાગ્યો. તેની રાણી સૂરિકંતાથી આ સહન ન થયું. તેણે પતિને મારી નાખવાનો પેંતરો રચ્યો. પોતાના પુત્ર સૂરિકંતને પણ સાથ આપવા કહ્યું, પરંતુ પુત્ર આ વાતમાં સહમત ન થયો. રાણીએ ભોજન, વસ્ત્રો, આભૂષણો અને સૂંઘવાના પદાર્થોમાં ઝેર ભેળવી દીધું. કાંતિલ ઝેર રાજાના આંતરડામાં પ્રસરી ગયું. રાણીના કાવત્રાને જાણવા છતાં પ્રદેશી રાજાએ સમતા ધારણ કરી રાણીને ક્ષમા આપી. બાર વ્રત ઉચ્ચાર્યા. અનશન કરી સંથારો લીધો. સર્વજીવ પ્રત્યે દયા રાખી કાળધર્મ પામ્યા.

ત્યાર બાદ તે સૂર્યાભ નામના દેવવિમાનમાં સૂર્યાભદેવ રૂપે અને પછી મહાવિદેહ ક્ષેત્રમાં દૃઢ પ્રતિજ્ઞ રૂપે અવતર્યા. સંયમ લઈ ઉત્કૃષ્ટ ભાવો ચાર ઘાતીકર્મો ખપાવી કેવલી થશે.

આ સૂત્રમાં ત્રણ અધિકાર છે. (૧) સૂર્યાભદેવનો (૨) પ્રદેશી રાજાનો (૩) દૃઢ પ્રતિજ્ઞ કેવળીનો. આ ત્રણે અધિકાર એક જ જીવ–આત્માના છે.

શ્રી નંદી સૂત્રમાં અંગ બાહ્ય ઉત્કાલ શ્રુતની પરિગણનામાં પ્રસ્તુત આગમનું નામ 'રાયપ્પસેણીય' જોવા મળે છે. તેનું સંસ્કૃત રૂપાંતરણ રાજપ્રશ્નીય છે. આ આગમ એક જિજ્ઞાસુ રાજાના પ્રશ્નો સાથે સંબંધ ધરાવે છે. તેથી તેનું નામ રાજપ્રશ્નીય રાખવામાં

આવ્યું છે. કેશી શ્રમણ અને પ્રદેશી રાજા વચ્ચે થયેલી પ્રશ્નચર્ચા આ આગમનું મહત્ત્વનું અંગ છે. કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાના પ્રશ્નોના આપેલા ઉત્તરો આત્મસ્વરૂપને સમજવા માટે ઉપયોગી થાય તેવા છે. આ પ્રશ્નોત્તરથી જ પ્રદેશી રાજા અરમણીયમાંથી રમણીય, અધાર્મિકતામાંથી ધાર્મિક, નાસ્તિકમાંથી આસ્તિક, વિપયગામીમાંથી સત્પથગામી બન્યા. તેના જીવનનું આમૂલ પરિવર્તન કરાવનાર આ સંવાદ જ આ આગમનું હાર્દ છે. તેથી જ આ પ્રશ્નચર્ચાને, રાજાના પ્રશ્નોને આધારભૂત બનાવતું **'રાજપ્રશ્નીય'** નામ સાર્થક છે.

આ ઉપાંગ સૂત્રની ૨૦૭૮ ગાથા છે. આ સૂત્રમાં પ્રદેશી રાજાએ કેશી ગણધરને પૂછેલા દશ પ્રશ્નો અને તેના કેશી શ્રમણે આપેલા સચોટ ઉત્તરો નોંધપાત્ર છે. તે ઉપરાંત ૩૨ દેવતાઈ નાટકોનું સુંદર પરિચયાત્મક વર્ણન, પ્રાચીન વિવિધ સંગીત વાદ્યોના પ્રકારોનું વર્ણન, સંગીતશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર આદિની માહિતી તથા વાસ્તવવાદી ગૂઢ પ્રશ્નોનું નિરાકરણ નોંધપાત્ર છે.

સૂત્રકારે ચિત્તસારથિ, પ્રદેશી રાજા અને કેશીકુમાર, શ્રમણ આ ત્રણ પાત્રની આસપાસ જ આગમકથાની રચના કરી છે.

પ્રસ્તુત આગમકથાનકનું મુખ્ય પાત્ર પ્રદેશી રાજા છે. સૂત્રકારે પ્રદેશી રાજાના માધ્યમ દ્વારા વિપરીત માન્યતા, તેના પરિણામે સર્જાતા વૃત્તિના તાંડવો અને સાચી વાત સમજ્યા પછી વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, સાધના-આરાધના કર્યા બાદ જીવનનું ઉર્ધ્વગમન કેવી રીતે કરી શકાય તેનું નિરૂપણ સૂત્રકારે આ આગમમાં કર્યું છે.

પ્રસ્તુત સૂત્રમાં જે રાજાની વાત છે તેનું નામ પરદેશી રાજા છે તે નાસ્તિકતાને કારણે ખૂબ જ હિંસક પગલાં ભરે છે. તે પોતાના રાજ્યમાં નીતિ–ન્યાયને સ્થાન આપતો નથી. તે પાપાચારને વેગ આપે છે. પાપના ફળ બૂરા હોય તેવું તે માનતો નથી. રાજ્યમાં કર્મચારીઓને તથા પ્રજાને ઘણો જ અન્યાય કરે છે અને હિંસક બળોને પ્રોત્સાહન આપે છે તેથી તેના રાજ્યમાં અપરાધી તત્ત્વોમાં વૃદ્ધિ થાય છે. આ સૂત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે કે પ્રદેશી રાજાના રાજ્યમાં પાપી પ્રવૃત્તિઓને કેટલું ઊંડું સ્થાન હતું. સારે નસીબે પ્રદેશી રાજાના મંત્રી ચિત્તસારથિ ખૂબ ધાર્મિક વૃત્તિનો, આસ્તિક અને બુદ્ધિશાળી હતો. આ મંત્રી એવા કોઈ પ્રબળ અને પરાક્રમી મહાત્માની શોધમાં છે જે રાજાની નાસ્તિકતાને દૂર કરી તેને આસ્તિક બનાવે.

પ્રધાનમંત્રી ચિત્તસારથિ જ્યારે શ્રાવસ્તી નગરી આવ્યો અને કેશીકુમાર શ્રમણના દર્શન થયા ત્યારે બુદ્ધિશાળી પ્રધાન પોતાના નાસ્તિક અને હિંસક રાજાને સુધારવા માટે કેશીકુમાર શ્રમણને પોતાના દેશમાં લઈ જવાનો સંકલ્પ કર્યો.

આટલી વાર્તા રાજપ્રશ્નીય સૂત્રની પૃષ્ઠભૂમિ છે. ત્યારબાદ કેશી શ્રમણ ત્યાં પહોંચ્યા. ચિત્તસારથિએ ભક્તિ અને ચાલાકીપૂર્વક રાજાની સાથે તેમનો મેળાપ કરાવ્યો. કેશીકુમાર શ્રમણ અને પ્રદેશી રાજા વચ્ચે સફળ વાર્તાલાપ થયો. રાજાનો માનસિક પરાજય થયા પછી તેના મનમાં આસ્તિકતાનો ઉદય થયો. સંપૂર્ણ રાજ્યમાં નીતિની સ્થાપના થઈ. આ રીતે રાજાનું જીવન પરિવર્તન થયું અને પૂરા રાષ્ટ્રનું પણ પરિવર્તન થયું. ખજાનાનો સદુપયોગ થયો. અંતે રાજા મહાન તપની સાધના કરી પરલોકવાસી થયા. ત્યાં સુધીની કથા અતિરોચક ધર્મકથા ઘણી જ પ્રેરણાદાયી છે. રાજાની રાણી 'સૂરિકંતા'ને રાજાનું આ પરિવર્તન અયોગ્ય લાગતાં વિષ આપી રાજાને મારી નાંખે છે ને પોતાનું જીવન હિંસાથી કલંકિત કરી દુર્ગતિને પામે છે.

જેવી કરણી તેવી ભરણી–જેવા કર્મો કર્યા તેવા ફળ મળ્યા તે વાત આ સૂત્રમાં સૂત્રકારે સમજાવી છે. કર્મનો સિદ્ધાંત સર્વને માટે એક સરખો જ છે. રાજા હોય કે રંક હોય, પુરુષ હોય કે નારી હોય સહુએ પોતે કરેલા કર્મોના ફળ ભોગવવા જ પડે છે તે બાબતને આ સૂત્રમાં સમજાવી છે.

પ્રભુ મહાવીરે ઉચ્ચ કક્ષાના સાધકોની સાધક દશા કેવી હોય છે તે રાજપ્રશ્નીય-રાયપસેણી સૂત્રમાં દર્શાવ્યું છે. રાયપસેણી સૂત્ર તે રાજા પ્રદેશીનું જીવન દર્શન કરાવતું આગમ છે. એક અત્યંતપણે અજ્ઞાની આત્મા, કેવા પ્રકારના ક્રુર કર્મોને સર્જે છે પરંતુ જ્યારે સદ્ગુરુનો સંગ થાય છે અને સદ્ગુરુના જ્ઞાનથી પ્રભાવિત થાય છે ત્યારે અજ્ઞાની આત્મા અને ક્રૂર એવો આત્મા પણ કેવી રીતે પરમ જ્ઞાન તરફ આગળ વધે છે, પરમ સમતાનો અનુભવ કરે છે અને જીવનની દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરે છે તેની જાણકારી અહીં આલેખેલી છે. રાયપસેણીય સૂત્ર આત્મજ્ઞાનને પ્રગટ કરતું આગમ છે. રાયપસેણીય સૂત્ર રાજા પ્રદેશીની આત્મસિદ્ધિનું કારણ છે. આ રીતે રાયપસેણીય સૂત્રમાં આત્મશુદ્ધિથી આત્મસિદ્ધિના માર્ગની પ્રરૂપણા છે. પ્રભુ મહાવીરે આ આગમ દ્વારા અનેક અજ્ઞાનીઓને સાચો માર્ગ બતાવ્યો છે. સંત સમાગમ વ્યક્તિ પર કેવો મહાન ઉપકાર કરે છે અને તેને દેવલોકના સુખ અપાવી શકે છે, એક જ ભવમાં પરમાત્મપદ અપાવી શકે છે, એ હકીકત આ આગમમાં ખૂબ રસમય રીતે આલેખન પામી છે.

શ્રી રાજપ્રશ્નીય સૂત્ર કથાસૂત્રોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અન્ય કથા સૂત્રો નવલિકા સંગ્રહ જેવા છે પરંતુ આ સૂત્ર નવલકથા જેવું છે જે રાજાપ્રદેશીની સળંગ ભવકથા છે.

સંતના સમાગમે પ્રદેશી રાજાની પરિવર્તન પામેલી જીવનચર્યા જ આ સૂત્રનું તેજસ્વી કિરણ છે. પ્રદેશીરાજા પ્રયોગ દ્વારા વસ્તુતત્ત્વને શોધનારો શોધક હતો. આત્માને શોધવા તેણે ઘણો શ્રમ કર્યો પણ તે શ્રમ વિપરીત હતો તેથી તે નિષ્ફળ ગયો.

આત્મશોધની તાલાવેલીના કારણે તેણે કેશી શ્રમણ સાથે પ્રશ્નચર્ચા કરી અને કેશી શ્રમણના સંગે તે સત્યને સમજ્યો. આત્મતત્ત્વનો અનુભવ તેણે કર્યો અને વ્રત-નિયમનું પાલન કરી ક્ષમાના ઉત્તમ પરિણામો સાથે આરાધક ભાવે મૃત્યુ પામી સૂર્યભદેવની સૂર્ય જેવી સ્થિતિને પામ્યો.

પ્રસ્તુત સૂત્રમાં પ્રદેશી રાજાની પ્રાચીન ઘટના હોવા છતાં અર્વાચીન લોકોના નાસ્તિકપણાને, સ્વાર્થને, સ્વજન-પરિજન સાથેના રાગદ્વેષને, હિંસાદિ ક્રૂર પરિણામ ઇત્યાદિ ભાવોનો નાશ કરે છે. પાપી પણ પુણ્યશાળી બને છે. દુષ્ટાત્મા સુષ્ઠુ બની દિવ્ય સુખોપભોગમાં ઉત્પન્ન થાય છે. પાપના પલટાથી પ્રાપ્ત થતા પુણ્યના પુંજના પુંજ, દેવલોકમાં જ્યાં જ્યાં શાશ્વત દિવ્ય સામગ્રી નકશીદાર શિલ્પથી સ્વાભાવિક, શરીરના દરેક આંગોપાંગ માટે સુખાવહ સુવા, રહેવા, બેસવા, પહેરવા આદિ આકારે આકારિત થઈ છે ત્યાં લઈ જાય છે અને ત્યાંથી પુણ્યરૂપી સખા સહયોગ આપીને પરમધામમાં પહોંચાડે છે. આવી સંજીવની ભરેલું જડીબુટ્ટી સમું આ સૂત્ર છે.'

(બા.બ્ર.પૂ.લીલમબાઈ મ.સ.)

'શ્રી રાજપ્રશ્નીય સૂત્ર નાસ્તિકતા, સ્વાર્થ અને ઉચ્ચ કોટિના ત્યાગનું જાણે એક સાહિત્યરત્ન ન હોય, તેવું નાટક સૂત્ર છે. સૂત્રના કે કથાના મુખ્ય પાત્રો સળંગ એક સજીવ ભૂમિકા ભજવે છે. દરેક પાત્ર પોતપોતાની રીતે ખૂબ જ સુંદર રીતે મૂર્તિમંત બની નિર્માણ થયા છે અથવા શાસ્ત્રકાર પાત્રોનું સજીવ નિર્માણ કરે છે અને દરેક પાત્રોનો આપણા મન પર સચોટ પ્રભાવ પાડે છે. શાસ્ત્રકાર પાત્રો દ્વારા પોતાની કથાવસ્તુ કે તત્ત્વ નિરૂપણને હૂબહૂ આલેખિત કરે છે. કથાશાસ્ત્રો દ્વારા શાશ્વતતત્ત્વો હીરા-મોતીની જેમ ચમકી રહ્યા છે.'

(પૂ. શ્રી જયંતમુનિ મ.સા.)

રાયપસેણી સૂત્ર એક પ્રકારની ઇતિહાસની કથા જેવું છે.✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૫૫ થી ચાલુ

''મહારાજ! ઈસ શાંતિ કાલ મેં હમારે પાસ ન તો ઈતને સૈનિક હૈં ઔર ના હી અસ્ત્ર શસ્ત્ર કા ભંડાર! એસે મેં યુદ્ધ કા માર્ગ તો આત્મઘાતી હોગા...''

શાંતિ ઔર સુલહ કા કોઈ રાસ્તા નહીં દિખને સે રાજા કુંભ ચિંતિત હો ગયે. મલ્લીકુમારી ને પિતા કો ચિન્તા મેં ડૂબે દેખકર પૂછા–

''પિતાશ્રી, આપ ઈતને ચિન્તાગ્રસ્ત ક્યોં હૈ?''

રાજા કુંભ ને સારી સ્થિતિ બતાઈ તો મલ્લીકુમારી ને કહા–

''પિતાશ્રી, આપ ચિંતા છોડકર મેરી યોજના અનુસાર કાર્ય કરેં સબ ઠીક હો જાયેગા...''

દૂસરે દિન રાજા કુંભ ને મલ્લીકુમારી કી યોજનાનુસાર અપને છહ દૂતોં કો બુલાકર કહા–

તુમ સબ અલગ-અલગ ઉન છહોં રાજાઓં કે પાસ જાઓ, ઔર કહો, હમારે રાજા આપકો મલ્લીકુમારી કા હાથ દેને કે લિએ તૈયાર હૈ, કિન્તુ શર્ત યહ હૈ કિ આપ અકેલે હી સંધ્યા કે સમય અશોક ઉદ્યાન કે મોહનગૃહ મેં પધારેં.

દૂતોં દ્વારા પ્રસ્તાવ સુનકર સભી રાજા અલગ-અલગ રૂપ સે બતાયે સ્થાન પર પહુંચ ગયે. ઉન્હેં મોહનગૃહ કે અલગ-અલગ કક્ષોં મેં ઠહરા દિયા ગયા. કક્ષ મેં બૈઠે રાજાઓં ને સામને મલ્લીકુમારી કી સ્વર્ણ મૂર્તિ દેખી, ઉસે હી મલ્લીકુમારી સમઝ કર સોચને લગે-

''વાહ! ક્યા અદ્‌ભુત રૂપ લાવણ્ય હૈ?''

''જૈસા સુના થા ઉસસે ભી હજાર ગુના બઢકર હૈ ઉસકા રૂપ!''

''ક્યા સંસાર મેં ઐસી સુન્દરી ભી હો સકતી હૈ?''

''યદિ યહ રાજકુમારી નહીં મિલી તો મેરા જીના હી વ્યર્થ હૈ.''

''મેરી સભી રાનિયાઁ ઈસકે સામને તો પાની ભરેંગી.''

''ઐસી રૂપસી કે લિએ તો મૈ અપના સર્વસ્વ ન્યોછાવર કર સકતા હૂઁ!''

તભી પીછે કે દરવાજે સે મલ્લીકુમારી ને પ્રવેશ કિયા. સ્વર્ણમૂર્તિ કે મસ્તક કે છિદ્ર કા ઢક્કન ખોલકર વહ એક ઓર ખડી હો ગઈ! ઢક્કન ખુલતે હી મૂર્તિ સે સડે હુએ અન્ન કી દુર્ગન્ધ નિકલને લગી.

''અરે! યહ ક્યા? ઈતની ભયંકર દુર્ગન્ધ?''

સભી રાજા અપને-અપને દુપટ્ટોં સે નાક-મુઁહ ઢંકકર વિપરીત દિશા મેં મુંહ પલટકર ખડે હો ગયે!

રાજાઓં કી બુરી દશા દેખકર મલ્લીકુમારી સામને આકર ઉપસ્થિત હુઈ ઔર રાજાઓં કો સમ્બોધિત કરતે હુએ કહા-

''દેવાનુપ્રિયો! આપ તો સુન્દર રૂપ દેખને આયે થે? અબ ભાગ ક્યોં રહે હો? નાક મુંહ ક્યોં ઢંક લિયા આપને...?''

''ઈસ ભયાનક દુર્ગન્ધ સે હમારા જી છટપટા રહા હૈ.''

મલ્લીકુમારી ને કહા–

''દેવાનુપ્રિયો! આપ જિસ માનવી શરીર કે રૂપ પર મુગ્ધ હો

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૬૪ મું)

શ્રી જીવાજીવભિગમ સૂત્ર

□ ડૉ. કલા એમ. શાહ

૧૪

इमीसे णं भंते । रयणप्पभाए पुढवीए णेरइयाणं
सरीरया किं संघयणी पण्णता ?
गोयम ! छण्हं, संघयणाणं असंघयणी, णेवट्ठी, णेव
छिरा, णवि ण्हारु, जे पोगल्ला अणिट्ठा जाव
अमणा मा ते तेसिं सरीर संघयत्ताए परिणमंति ।
एवं जाव अहेसत्तमा।

પ્રશ્ન : હે ભગવન્! રત્નપ્રભા પૃથ્વીના નારકીઓના શરીરોનું કયું સંહનન હોય છે ?

ઉત્તર : હે ગૌતમ! છ પ્રકારના સંહનનમાંથી તેને એક પણ પ્રકારનું સંહનન નથી. તેના શરીરમાં હાડકાંઓ નથી. નસો (શિરાઓ) નથી, સ્નાયુ નથી, જે પુદ્‌ગલ અનિષ્ટ અને અમનોજ્ઞ હોય છે, તે તેના શરીર રૂપમાં એકત્રિત થઈ જાય છે. આ પ્રમાણે સપ્તમ પૃથ્વી કહેવું જોઈએ.

ગૌતમસ્વામીના પ્રશ્નો અને સર્વજ્ઞ પ્રભુ મહાવીરે આપેલ ઉત્તરો જેમાં સંગ્રહાયા છે તે શ્રી જીવાજીવભિગમ સૂત્ર ત્રીજા આગમ સૂત્ર ઠાણાંગ સૂત્રનું ઉપાંગ સૂત્ર છે. આ આગમનું નામ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં જીવાજીવભિગમ છે. તે વ્યવહારમાં 'જીવાભિગમ' એવા નામે પ્રસિદ્ધ છે.

જીવાજીવભિગમ સૂત્ર મુખ્યત્વે દ્રવ્યાનુયોગ પ્રધાન છે. તેમાં અધ્યયન સ્વરૂપ નવ પ્રતિપત્તિ અને અંતે સર્વ જીવ પ્રતિપત્તિ છે જેમાં કોઈકમાં ઉદ્દેશો પણ છે. સવ્વજીવમાં નવ પેટા પ્રતિપત્તિઓ છે.

આ જીવાજીવભિગમ નામ સમ્યગ્‌જ્ઞાન હેતુ વડે પરંપરાએ મુક્તિપદ પ્રાપકપણાથી શ્રેયસકારી છે. તેથી વિઘ્નની ઉપશાંતિ માટે, શિષ્યોને મંગલબુદ્ધિ માટે પોતાને પણ મંગલરૂપ હોવાથી મંગલને સ્થાપે છે.

આ આગમ – જીવાજીભિગમ સૂત્રનો વર્ણ્ય વિષય છે જીવાભિગમ એટલે જીવ દ્રવ્યનો બોધ અને અજીવાભિગમ એટલે અજીવ દ્રવ્યનો બોધ. આ ઉપાંગ સૂત્રમાં પ્રશ્નોત્તર રૂપે પદાર્થોની પ્રરૂપણા કરવામાં આવી છે.

આ સૂત્રમાં ૯ અધ્યયનો, ૮ ઉદ્દેશો અને ૪૭૫૦ શ્લોક છે. આ સૂત્રની ભાષા ગદ્યાત્મક છે જેમાં જીવ અજીવનું સ્વરૂપ બતાવ્યું છે.

આ સૂત્ર એક સ્કંધરૂપ છે. તેમાં સંસારી જીવોની નવ પ્રતિપત્તિ (અધ્યયન) અને સર્વ જીવની નવ પ્રતિપત્તિ છે.

દરેક પ્રતિપત્તિનો સંક્ષેપમાં પરિચય આ પ્રમાણે છે:

પ્રતિપત્તિ–૧ : પ્રથમ પ્રતિપત્તિમાં પ્રસ્તુત આગમના મંગલાચરણ-પૂર્વક ગ્રંથના વર્ણ્યવિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, ત્યારબાદ અજીવ દ્રવ્યના ભેદ-પ્રભેદ, તેમજ જીવના બે ભેદોનું ૨૩ દ્વારથી વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે પ્રથમ પ્રતિપત્તિમાં અજીવ દ્રવ્ય અને સિદ્ધોના વર્ણન ઉપરાંત બે પ્રકારના સંસારી જીવો અને તેની ઋદ્ધિનું ૨૩ પ્રકારે નિરૂપણ છે.

પ્રસ્તુત સૂત્રમાં અજીવાભિગમના ભેદ-પ્રભેદોનું કથન છે. અજીવાભિગમની વક્તવ્યતા અલ્પ હોવાથી તેનું વર્ણન પહેલા કર્યું છે. અજીવાભિગમના બે પ્રકાર (૧) અરૂપી અજીવ (૨) રૂપી અજીવ.

પ્રતિપત્તિ–૨ : ત્રિવિધ નામની બીજી પ્રતિપત્તિમાં સંસારી જીવોને ત્રણ પ્રકારમાં સંગ્રહિત કરી તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંત અને બંધ સ્થિતિ આદિનું નિરૂપણ છે.

પ્રતિપત્તિ–૩ : આ પ્રતિપત્તિમાં સંસારી જીવોના ચાર પ્રકારનું વિસ્તૃત વર્ણન છે.

નૈરયિક–૧ : પ્રથમ ઉદ્દેશકમાં નૈરયિક જીવોના નિવાસસ્થાનરૂપ નરક, પૃથ્વીઓના નામ, ગોત્ર, પરિમાણ, નરકવાસીઓની સંખ્યા, નરક પૃથ્વીથી લોકાંતનું અંતર, ઘનોદધિ, વલયોનું પ્રમાણ, સર્વ જીવોનો નરક પૃથ્વીમાં ઉપપાત વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

નૈરયિક–૨ : આ ઉદ્દેશકમાં નરક વાસોના સ્થાન, સંસ્થાન, વર્ણાદિ તેમ જ નૈરયિકની સ્થિતિ અને વેદનાનું પ્રતિપાદન છે.

નૈરયિક–૩ : આ ઉદ્દેશકમાં નારકીઓનું પુદ્‌ગલ પરિણમન અને વેદનાનું પ્રતિપાદન છે.

પ્રતિપત્તિ–૪ : આ પ્રતિપત્તિમાં સંસારી જીવોની ભવસ્થિતિ, કાયસ્થિતિ અને અંતરનું પ્રતિપાદન છે.

પ્રતિપત્તિ–૫ : આ પ્રતિપત્તિમાં છ પ્રકારના સંસારી જીવો સંબંધી વર્ણન છે.

પ્રતિપત્તિ–૬ : આ પ્રતિપત્તિમાં સાત પ્રકારના સંસારી જીવોની સ્થિતિ, કાયાસ્થિતિ, અંતર અને અલ્પ બહુત્વનું પ્રતિપાદન છે.

પ્રતિપત્તિ–૭ : આ પ્રતિપત્તિમાં આઠ ભેદોનું કથન છે.

પ્રતિપત્તિ–૮ : આ પ્રતિપત્તિમાં ત્રસ અને સ્થાવર જીવોના પેટા ભેદ કરીને સંસારી જીવોના નવ પ્રકાર કહ્યા છે.

પ્રતિપત્તિ–૯ : ચોથી પ્રતિપત્તિમાં સંસારી જીવોના પાંચ ભેદ કહ્યા છે. અહીં તે પાંચના પ્રથમ સમય અને અપ્રથમ સમય રૂપ બે-બે ભેદ કરીને સંસારી જીવોના દશ ભેદ કર્યા છે.

ખંડ-૨ : **સર્વજીવ પ્રતિપત્તિ**

પ્રતિપત્તિ–૧ : આ પ્રતિપત્તિમાં સર્વ જીવોની નવ પ્રતિપત્તિ બતાવી છે.

પ્રતિપત્તિ–૨ : આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના ત્રણ પ્રકાર– સમ્યગ્‌દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ બતાવી છે.

પ્રતિપત્તિ–૩ : આ પ્રતિપત્તિમાં સર્વજીવોના ચાર પ્રકાર– મનોયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગીનું વર્ણન છે.

પ્રતિપત્તિ–૪ : સર્વ જીવોના પાંચ પ્રકાર – ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયીનું વર્ણન છે.

પ્રતિપત્તિ–૫ : આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના છ પ્રકાર આભિનિબોધક, જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની અને અજ્ઞાનીનું વર્ણન છે.

પ્રતિપત્તિ–૬ : આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના સાત પ્રકાર (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેજસ્કાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) ત્રસકાયિક (૭) અકાયિકનું વર્ણન છે.

પ્રતિપત્તિ–૭ : આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના આઠ પ્રકાર– જ્ઞાની, અજ્ઞાની આદિ. (૧) આભિનિબોધિક (૨) શ્રુતજ્ઞાની (૩) અવધિજ્ઞાની (૪) મનઃપર્યવજ્ઞાની (૫) કેવળજ્ઞાની (૬) મતિ-અજ્ઞાની (૭) શ્રુતઅજ્ઞાની (૮) વિભંગજ્ઞાની.

પ્રતિપત્તિ–૮ : આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના નવ પ્રકાર (૧) એકેન્દ્રિય (૨) બેઈન્દ્રિય (૩) તેઈન્દ્રિય (૪) ચૌરેન્દ્રિય (૫) નારકી (૬) પંચેન્દ્રિય–તિર્યંચ (૭) મનુષ્ય (૮) દેવ (૯) સિદ્ધનું વર્ણન છે.

પ્રતિપત્તિ–૯ : આ પ્રતિપત્તિના દશ પ્રકાર : (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેજસ્કાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) બેઈન્દ્રિય (૭) તેઈન્દ્રિય (૮) ચૌરેન્દ્રિય (૯) પંચેન્દ્રિય (૧૦) અનિન્દ્રિય.

આ રીતે શ્રી જીવાજીવાભિગમ સૂત્રમાં પ્રારંભમાં અજીવની પ્રરૂપણા કર્યા પછી જીવોના પ્રકાર અને ઋદ્ધિ વગેરેનું વર્ણન કર્યું છે. આ સૂત્રમાં પ્રથમ સૂક્ષ્મકાયમાં ૨૩ ઋદ્ધિ દર્શાવી છે. પછી બાદ્યકાયની ઋદ્ધિ દર્શાવી છે. આ રીતે ૨૩ દ્વારોનું વિસ્તૃત નિરૂપણ કરેલું છે.

અભિગમ એટલે ઊંડાણપૂર્વકનું જ્ઞાન. જગતમાં કેટલા પ્રકારના જીવો છે તેનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન જીવાભિગમ સૂત્રમાં આવે છે. આ જ આગમમાં અનેક આત્માઓ કેવી રીતે જીવ સૃષ્ટિને સમજી શકે છે અને જીવસૃષ્ટિના વિવિધ વિભાગ રૂપે અલગ અલગ પ્રકૃતિરૂપે અલગ અલગ શરીરમાં જાતિ અને કુળમાં કેવી રીતે જીવે છે તેનું વિશેષ વર્ણન આ જીવાજીવાભિગમ સૂત્રમાં કરવામાં આવ્યું છે.

જીવાજીવાભિગમ સૂત્ર જીવ અને અજીવના રહસ્યોને પ્રગટ કરે છે. આ સૂત્રમાં પરમાણું પદાર્થો અને પદાર્થોની વિવિધ અવસ્થાઓનું વર્ણન છે. પદાર્થની શક્તિ અને આત્મશક્તિ બન્નેનો સમન્વય કેવા પ્રકારનો હોય છે તેનું વર્ણન છે.

આ સૂત્રમાં જગતમાં રહેલા જીવોની જીવનશૈલીનું વર્ણન છે. જીવાજીવાભિગમ શાસ્ત્ર શુદ્ધ ભાવોનો ઈશારો કરીને વર્તમાન પર્યાયમાં કર્મભોગથી પીડાતા જીવનું સાંગોપાંગ વર્ણન કરી મુક્ત થવાનો ઈશારો કરે છે.

સાંસારિક અવસ્થા અથવા કર્મભોગમાં મૂળ કારણરૂપ બે તત્ત્વો ભાગ ભજવે છે (૧) પુણ્યતત્ત્વ (૨) પાપતત્ત્વ. જીવાજીવાભિગમમાં જે જીવોનું વર્ણન છે તેમાં બંને પ્રકારના જીવોની ગણના છે. પાપયોનિના જીવો અને પુણ્યમય ગતિના જીવો.

પાપયોનિમાં જીવોને જે કાંઈ સાધનો મળ્યા છે તે કર્મભોગ કરવા પૂરતા સીમિત છે; જ્યારે પુણ્યમય સ્થાનોમાં જીવોને જે સાધનો મળ્યા છે તે સાધનોથી જીવ મોક્ષ માર્ગનું અવલંબન કરી શકે છે.

જીવાજીવાભિગમ શાસ્ત્ર પાપયોનિના જીવોનું વર્ણન કરી જીવ તે દુઃખમાંથી મુક્ત થાય, પુણ્યમય ગતિમાં પણ પાપાશ્રવ કરીને પુનઃ અધોગતિમાં ચાલ્યો ન જાય તે માટે આપણું લક્ષ્ય દોરે છે.

જીવ અને અજીવ તત્ત્વનો અભિગમ એટલે જાણે જીવને અજીવથી જુદો પાડી સંસાર સમાપન કરો.

આમ આ આગમ વિષયની દૃષ્ટિએ વિશાળ છે. ભાવોની દૃષ્ટિએ ગંભીર છે. તેમાં જૈન સાહિત્યના દ્રવ્યાનુયોગને સ્પર્શતા અનેક વિષયોનો સમાવેશ થયેલો છે. જૈન ભૂગોળ–ખગોળની વિજ્ઞાનની સ્પષ્ટતા માટે અત્યંત ઉપયોગી થઈ શકે તેમ છે. ૨૪ દંડકના ભેદ પ્રભેદ સાથે ૨૩ દ્વારોની વર્ણિત તેની ઋદ્ધિનું કથન આ આગમની મૌલિકતા છે.

આ આગમને સંસારી જીવોનો કોષ પણ કહી શકાય. ભગવાન મહાવીરે જગતના જીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ, રુચિઓ અને અલગ અલગ પ્રકૃતિને ધ્યાનમાં રાખી જ્ઞાનભાવોનું દર્શન કરાવ્યું છે. આ સૂત્રમાં કેટલા પ્રકારના જીવો છે અને જીવોની કેવા પ્રકારની જીવનશૈલી છે, તેનું વર્ણન છે.

ભગવાને જીવવિજ્ઞાન અંગે આ આગમોમાં હજારો પાનાં ભરાય એટલું વિશિષ્ટ વર્ણન આપ્યું છે તે અનન્ય છે, પરંતુ પ્રયોગોથી પણ સાબિત ન થાય તેવા પરમ સત્યને આ આગમમાં પ્રગટ કરવામાં આવેલ છે. આમ જીવાજીવાભિગમ સૂત્ર તે જીવન વિજ્ઞાનનો એક ઊંડાણ ભરેલો દસ્તાવેજ છે.

આ આગમની રચના કે તેના સમયની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ નંદીસૂત્રમાં અંગબાહ્ય–ઉત્કાલિક સૂત્ર તરીકે તેનો નામોલ્લેખ હોવાથી તેની રચના નંદીસૂત્રના કર્તા શ્રી દેવવાચક ક્ષમા શ્રમણના કાળની પૂર્વ અથવા સમકાલે થઈ હોય એમ મનાય છે.

✷ ✷ ✷

શ્રી પણ્ણવણા સૂત્ર–પ્રજ્ઞાપના સૂત્ર

□ પૂ. સાધ્વી સુબોધિકા

૧૫

ઉપાંગ સૂત્રોમાં મૂર્ધન્ય સ્થાન ધરાવતું (સંસ્કૃત રૂપાંતરણ પ્રજ્ઞાપના સૂત્ર) ઉપાંગ સૂત્ર છે. પણ્ણ એટલે પ્રજ્ઞ, જ્ઞાનીપુરુષ, તીર્થંકર પરમાત્મા, વણા એટલે વર્ણન કરાયેલ. તીર્થંકર પરમાત્મા દ્વારા વર્ણિત તત્ત્વસમૂહ પણ્ણવણા કહેવાય છે. પ્ર એટલે ભેદ-પ્રભેદ દ્વારા વિવિધ પ્રકારે જ્ઞાપના એટલે પ્રરૂપણા. ભેદ–પ્રભેદ સહિત વિવિધ પ્રકારે જેની પ્રરૂપણા કરવામાં આવે તે પ્રજ્ઞાપના.

□ રચયિતા :

ઐતિહાસિક તથ્યોના આધારે કહી શકાય કે શ્રી શ્યામાચાર્ય અપરનામ શ્રી કાલકાચાર્યે આ શાસ્ત્રની રચના કરી છે. તેઓશ્રી આગમને લિપિબદ્ધ કરનારા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલીન હતા.

□ રચના શૈલી :

આ શાસ્ત્ર પ્રશ્નોત્તર શૈલીમાં પ્રરૂપિત છે પ્રારંભના સૂત્રોમાં પ્રશ્નકર્તા અને ઉત્તરદાતાનો નામોલ્લેખ નથી પરંતુ પાછળના સૂત્રોમાં પ્રશ્નકર્તા રૂપે ગૌતમસ્વામી અને ઉત્તરદાતા રૂપે મહાવીર સ્વામીનો નામોલ્લેખ છે.

પ્રાયઃ સંપૂર્ણ શાસ્ત્ર ગદ્યાત્મક છે. કેટલાક પદ (અધ્યયન)ના પ્રારંભ કે અંતમાં પદ્યાત્મક શ્લોકો જોવા મળે છે. આર્યા છંદ અનુસાર ૩૨ અક્ષરના એક શ્લોકની ગણનાનુસાર પ્રજ્ઞાપના સૂત્રના મૂળપાઠનું ગ્રંથ પ્રમાણ ૭૮૮૭ શ્લોક પ્રમાણ છે.

□ વિજ્ઞાનની આધારશીલા :

પ્રજ્ઞાપના સૂત્ર વિજ્ઞાનની આધારશીલા રૂપ છે. આ શાસ્ત્રમાં જીવ અને અજીવ દ્રવ્ય, તેના ગુણધર્મ અને તેની પરિવર્તન પામતી પર્યાયો (અવસ્થાઓ)નું વર્ણન છે. અજીવ દ્રવ્યના વર્ણનમાં મટીરિયાલીસ્ટીક એટલે ભૌતિક ગુણધર્મ યુક્ત પદાર્થોનું વર્ણન છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પુદ્‌ગલ દ્રવ્યના ગુણધર્મ છે. તેમાં પદાર્થ આધાર છે અને ગુણધર્મ આધેય છે. દ્રવ્ય અને તેના ગુણની પર્યાયો (અવસ્થા) પરિવર્તનશીલ છે.

આજની આશ્ચર્યજનક વૈજ્ઞાનિક શોધનું જે કાંઈ રહસ્ય છે, તેનું સમાધાન પુદ્‌ગલ પરિવર્તનમાં અને તેની ગતિશીલતામાં સમાયેલું છે. પુદ્‌ગલ પરમાણુમાં બે પ્રકારની ગતિ છે. ૧. પરિવર્તન ગતિ–પુદ્‌ગલ દ્રવ્યની પરિવર્તન ગતિમાં તેની પર્યાયો અનંત ગુણ, અસંખ્યાત ગુણ, સંખ્યાત ગુણ, સંખ્યાત ભાગ, અસંખ્યાત ભાગ, અનંતભાગે ન્યૂનાધિક થતી રહે છે. ૨. સ્થાનાંતર ગતિ–આંખના પલકારાના અસંખ્યાતમા ભાગમાં પુદ્‌ગલ પરમાણુ પૂરા બ્રહ્માંડની યાત્રા કરી શકે છે.

શરીર, ભાષા, મન, કર્મ આ સર્વ પુદ્‌ગલમય છે અને તેની ગતિશીલતા જ ટીવી, કૉમ્પ્યુટર, મોબાઈલ વગેરેના સંચાલનમાં કારણરૂપ છે. જૈન દર્શનનો પર્યાયવાદ (પરિવર્તનશીલતા) અને પરમાણુની ગતિશીલતા, આ બંને ભૌતિક વિજ્ઞાનના મૂળભૂત સ્તંભ છે. આ શાસ્ત્રને તાત્ત્વિક પદાર્થોનો તથા વિજ્ઞાન જગતનો 'સંક્ષિપ્ત વિશ્વકોષ' કહી શકાય.

આ શાસ્ત્રમાં છત્રીસ પદ અર્થાત્ છત્રીસ અધ્યયન છે.

□ પદ–૧ : પ્રજ્ઞાપના પદ

આ અધ્યયનમાં જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્યની પ્રરૂપણા છે. જેનામાં ચેતના એટલે જ્ઞાન હોય, જે સુખદુઃખનો જ્ઞાાત અને ભોકતા હોય તે જીવ છે. જીવો અનંત છે, તેમાં કર્મ રહિત, સંસાર ભ્રમણથી મુક્ત જીવો સિદ્ધ કહેવાય છે અને કર્મ સહિત, સંસારમાં ભ્રમણ કરતા જીવો સંસારી કહેવાય છે.

સંસારી જીવોનું સ્થાવર અને ત્રસ, સૂક્ષ્મ અને બાદર, પ્રત્યેક અને સાધારણ (નિગોદ) પર્યાપ્તા અને અપર્યાપ્તા, એમ બે-બે પ્રકારે વર્ગીકરણ થાય છે. સ્વયં ગતિ ન કરી શકે તે સ્થાવર અને સ્વયં પોતાની મેળે ગતિ કરી શકે તે ત્રસ છે. જેના શરીરનું છેદન-ભેદન કોઈપણ શસ્ત્રથી થઈ ન શકે તે સૂક્ષ્મ અને જેના શરીરનું છેદન-ભેદન શસ્ત્ર દ્વારા થઈ શકે તે બાદર છે. પોતાના એક શરીર દ્વારા આહાર, નિહાર શ્વાસાદિ ક્રિયા થાય તેવા સ્વતંત્ર શરીરવાળા જીવ પ્રત્યેક અને એક શરીરના આધારે અનંત જીવોની આહાર નિહાર શ્વાસાદિ ક્રિયા થાય, તેવા કોમન શરીરવાળા જીવ સાધારણ (નિગોદ) છે. ગ્રહણ કરેલા પુદ્‌ગલોને આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન રૂપે પરિણમાવવાની શક્તિની પૂર્ણતાને પર્યાપ્તિ કહે છે. સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ મૃત્યુ પામે તે પર્યાપ્તા અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પહેલાં જ મૃત્યુ પામે તે અપર્યાપ્તા છે. અથવા ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ન હોય ત્યાં સુધી અપર્યાપ્તા અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ગયા પછી પર્યાપ્તા કહેવાય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચ સ્થાવર છે. પૃથ્વી આદિ ચાર સ્થાવરના સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના જીવો પ્રત્યેક શરીરી છે. વનસ્પતિના સૂક્ષ્મ જીવો સાધારણ શરીરી છે. બાદર વનસ્પતિના જીવો પ્રત્યેક અને સાધારણ બંને પ્રકારના

હોય છે. સ્થાવર જીવોને ચાર પર્યાપ્તિ હોય છે અને તેમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના જીવો હોય છે. સ્થાવર જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય છે તેથી તેઓ એકેન્દ્રિય કહેવાય છે.

સ્પર્શ અને જીભ આ બે ઇંદ્રિયવાળા અળસીયા, કરમીયા આદિ બેઇંદ્રિય જીવો, સ્પર્શ જીભ, નાક આ ત્રણ ઇંદ્રિયવાળા કીડી, મકોડા આદિ તેઇંદ્રિય જીવો, સ્પર્શ જીભ, નાક અને આંખ આ ચાર ઇંદ્રિયવાળા ભમરા, તીડ આદિ ચૌરેન્દ્રિય જીવો તથા સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન આ પાંચ ઇંદ્રિયવાળા નારકી, દેવ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો ત્રસ છે. તેઓ પ્રત્યેક અને બાદર છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી (મનવિનાના) તિર્યંચ પંચેન્દ્રિય જીવોને પ્રથમની પાંચ પર્યાપ્તિ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિયોને છ પર્યાપ્તિ હોય છે. ત્રસ જીવોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના જીવો હોય છે

અજીવદ્રવ્ય-જેનામાં ચેતના કે જ્ઞાન ન હોય તે અજીવ કહેવાય છે. ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય, અજીવદ્રવ્ય છે. ધર્માસ્તિકાય જીવ-પુદ્‌ગલની ગતિમાં સહાયક છે.

અધર્માસ્તિકાય જીવ-પુદ્‌ગલની સ્થિરતામાં સહાયક છે આકાશ દ્રવ્ય સર્વ દ્રવ્યને અવગાહના (જગ્યા) પ્રદાન કરે છે. કાળ દ્રવ્ય સર્વ દ્રવ્યના પર્યાય પરિવર્તનમાં સહાયક છે. પુદ્‌ગલ દ્રવ્યનો સ્વભાવ સંઘટન વિઘટનનો છે. પુદ્‌ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ સ્પર્શ ગુણ છે. તેથી તે રૂપી છે અને ચક્ષુગ્રાહ્ય બની શકે છે. શેષ ચાર દ્રવ્ય અરૂપી છે અને તે ચક્ષુગ્રાહ્ય નથી. કાળ દ્રવ્યને કોઈ ભેદ નથી.

□ પદ-૨ : સ્થાનપદ

નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ જન્મથી મૃત્યુ પર્યંત જે સ્થાનમાં રહે તે તેના સ્વસ્થાન કહેવાય છે. સિદ્ધ ભગવાન લોકાગ્રે સિદ્ધ ક્ષેત્રમાં સ્થિત છે.

□ પદ-૩ : બહુ વક્તવ્યતા, અલ્પબહુત્વ પદ

સંસારી જીવોના અલ્પબહુત્વની વિચારણા આ પદમાં છે.

□ પદ-૪: સ્થિતિપદ

નારકી આદિના આયુષ્યની કાલ-મર્યાદાને સ્થિતિ કહેવામાં આવે છે. ચારે ગતિના જીવોનું ભેદ-પ્રભેદ અનુસાર તેમની સ્થિતિનું વર્ણન આ પદમાં છે.

□ પદ-૫: વિશેષ પર્યાય પદ

જીવ પર્યાયની અન્ય જીવ પર્યાય સાથે અને અજીવ પર્યાયની અન્ય અજીવ પર્યાય સાથે તુલનાનું વર્ણન આ પદમાં કરવામાં આવેલ છે.

□ પદ-૬: વ્યુત્ક્રાંતિ પદ

મનુષ્યાદિ ગતિમાં આવવા રૂપ આગત અને ત્યાંથી અન્ય ગતિમાં જવારૂપ ગત (ગતાગત) સંબંધી વક્તવ્ય આ પદમાં છે.

□ પદ-૭ : શ્વાસોશ્વાસ પદ

નારકી નિરંતર શ્વાસ લે છે અને મૂકે છે. દેવોની શ્વાસ ક્રિયા મંદ હોય છે. દેવોમાં જેટલા સાગરોપમનું આયુષ્ય તેટલા પખવાડિયે શ્વાસ ક્રિયા પૂર્ણ કરે છે. મનુષ્ય અને તિર્યંચમાં તીવ્ર અને મંદ બન્ને પ્રકારે શ્વાસોછ્‌વાસની ક્રિયા થાય છે.

□ પદ-૮ : સંજ્ઞાપદ

નારકીમાં ભય અને ક્રોધ સંજ્ઞા, તિર્યંચમાં આહાર અને માનસંજ્ઞા, મનુષ્યમાં મૈથુન અને માન સંજ્ઞા, દેવમાં પરિગ્રહ અને લોભ સંજ્ઞા વધુ પ્રમાણમાં હોય છે તેનું વર્ણન છે.

□ પદ-૯ : યોનિપદ

જીવના ઉત્પત્તિ સ્થાન અને તેની ઉત્પાદક શક્તિને પોલન કહેવાય છે. ૮૪ લાખ જીવાયોની છે. તીર્થંકરાદિ ઉત્તમ પુરુષોની માતાની કર્મોન્નતા, ચક્રવર્તીના સ્ત્રીરત્નની શંખાવર્તા અને સામાન્ય સ્ત્રીઓની વંશપત્રા યોનિ હોય છે.

□ પદ-૧૦ : ચરમપદ

ચરમ એટલે અંતિમ મોક્ષગામી જીવને આ મનુષ્યભવ અંતિમ હોવાથી ચરમાભવ કહેવાય છે.

□ પદ-૧૧: ભાષાપદ

વિચારોને પ્રગટ કરવાનું માધ્યમ ભાષા છે. મનુષ્યોનો પરસ્પરનો વ્યવહાર ભાષા દ્વારા જ થાય છે. ભાષક જીવને જ્યારે બોલવાની ઈચ્છા થાય ત્યારે તે કાયયોગ દ્વારા ભાષા યોગ્ય પુદ્‌ગલોને પ્રથમ સમયે ગ્રહણ કરે છે અને **ભાષાના સત્ય, અસત્ય, વ્યવહાર અને મિશ્ર ભાષા એમ ચાર પ્રકાર છે. તેમાંથી સત્ય અને વ્યવહાર બે ભાષા બોલવા યોગ્ય છે. વિગલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને એક વ્યવહાર ભાષા જ હોય છે. સિદ્ધ જીવો અભાષક છે.** આજ્ઞાપની, પ્રજ્ઞાપની વગેરે અનેક પ્રકારની ભાષાનું વર્ણન આ પદમાં છે.

□ પદ-૧૨ : શરીર પદ

સંસારી જીવો સશરીરી છે. સિદ્ધ જીવો અશરીરી છે. સંસારી જીવો પોતાના ભવને અનુરૂપ સ્થૂલ શરીરને ધારણ કરે છે અને મૂકે છે. સૂક્ષ્મ શરીર ભવાંતરમાં પણ સાથે રહે છે.

□ પદ-૧૩ : પરિણામ પદ

દ્રવ્યની પર્યાયનું પરિવર્તન થાય, એક અવસ્થામાંથી બીજી અવસ્થાને પ્રાપ્ત થાય, તેને પરિણામ કહે છે.

□ પદ-૧૪ : કષાય પદ

શુદ્ધ આત્માને જે કલુષિત (મલીન) કરે તે કષાય. તેને ઉત્પન્ન થવાના કારણો અને નિવારણના ઉપાયોનું વર્ણન છે.

□ પદ-૧૫ : ઈંદ્રિય પદ

આ પદમાં બે ઉદ્દેશક (પ્રકરણ) દ્વારા ઈન્દ્રિયોનું નિરૂપણ કરવામાં આવેલ છે.

□ પદ–૧૬: પ્રયોગ પદ

મન, વચન, કાયાના યોગથી આત્માનો જે વ્યાપાર થાય તે પ્રયોગ કહેવાય છે. મન, વચન પ્રયોગના સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર, એમ ૪-૪ ભેદ છે.

□ પદ–૧૭ : લેશ્યા પદ

આત્માનું કર્મ સાથે જોડાણ કરાવે તે લેશ્યા. જેના દ્વારા આત્મા કર્મોથી લિપ્ત થાય તે લેશ્યા. લેશ્યાના કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા–છ પ્રકાર છે.

જીવ જે લેશ્યામાં આયુષ્યનો બંધ કરે તે જ લેશ્યા મૃત્યુના અંતમુર્હૂત પહેલા આવી જાય, તે જ લેશ્યામાં મૃત્યુ થાય અને તે જ લેશ્યામાં બીજા ભવનો જન્મ થાય. જન્મના અંતમુર્હૂત પર્યંત તે લેશ્યા રહે છે.

□ પદ–૧૮: કાયસ્થિત

એક જીવ મરીને તે જ ગતિ, તે જ યોનિ કે તે જ પર્યાયમાં નિરંતર જન્મ ધારણ કરે તો તે ગતિ આદિમાં તે તે જન્મોની કાલ મર્યાદાના સરવાળાને કાયસ્થિતિ કહેવામાં આવે છે.

□ પદ–૧૯ : સમ્યક્ત્વ પદ

જિનેશ્વર કથિત તત્ત્વોની સમ્યક્ યથાર્થ શ્રદ્ધા સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ કહેવાય છે. તેનાથી વિપરીત જિનેશ્વર કથિત તત્ત્વો પ્રત્યેની અસમ્યક્ શ્રદ્ધા કે અશ્રદ્ધાને મિથ્યાદર્શન કે મિથ્યાત્વ કહેવાય છે. બંનેના મિશ્રણવાળી અવસ્થા મિશ્રદૃષ્ટિ કહેવાય છે.

□ પદ–૨૦ : અંતક્રિયા પદ

ભવ પરંપરાનો કે કર્મોનો સર્વથા અંત કરાવનારી ક્રિયાને અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનારી ક્રિયાને અંતક્રિયા કહે છે. કર્મભૂમિના ગર્ભ જ મનુષ્ય જ અંતક્રિયા કરી શકે છે. આનો અર્થ એ થયો કે મોક્ષપ્રાપ્તિ માટે મનુષ્યભવ અનિવાર્ય છે.

□ પદ–૨૧ : અવગાહના પદ

શરીરધારી જીવોના પાંચે શરીરના ત્રસ-સ્થાવર, સૂક્ષ્મ બાદર, એકેન્દ્રિયાદિ પ્રકાર જીવ પ્રકારની સમાન જ છે. આ પદમાં પાંચે શરીરની અવગાહના, સંસ્થાનાદિનો વિચાર છે.

□ પદ–૨૨: ક્રિયા પદ

કષાય અને યોગથી થતી પ્રવૃત્તિને ક્રિયા કહે છે. ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સંસાર પરિભ્રમણ થાય છે. આ પદમાં બે પ્રકારે પાંચ પાંચ એટલે દસ ક્રિયાનું વર્ણન છે.

□ પદ–૨૩ : કર્મ પ્રકૃતિ પદ

આ પદમાં બે ઉદ્દેશક દ્વારા કર્મ સિદ્ધાંતને સમજાવવામા આવ્યો છે. કષાય અને યોગના નિમિત્તે આત્મા કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને દૂધ પાણીની જેમ આત્મા સાથે એકરૂપ કરે તેને કર્મ કહેવામાં આવે છે.

□ પદ–૨૪: કર્મબંધ બંધક, પદ–૨૫ બંધવેધક પદ, પદ–૨૬ વેદ બંધક પદ, પદ–૨૭ વેદ-વેદક પદ.

જ્ઞાનાવરણીયાદિ કર્મબંધના સમયે થતા અન્ય કર્મબંધના વિકલ્પો, કર્મબંધ સમયે કર્મવેદન, કર્મ વેદન સમયે કર્મબંધ અને કર્મવેદન સમયે અન્ય કર્મ વેદનના વિકલ્પોની વાતનું વર્ણન આ ૨૪ થી ૨૭ પદમાં કરવામાં આવેલ છે.

□ પદ–૨૮: આહાર પદ

આ પદમાં બે ઉદ્દેશકમાં આહાર સંબંધી વિચારણા છે. સમસ્ત સંસારી જીવો સ્વ શરીરના નિર્માણ અને પોષણ માટે શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેને આહાર કહેવામાં આવે છે. જીવની ઇચ્છા કે વિકલ્પ વિના નિરંતર રોમરાય દ્વારા જે પુદ્ગલો ગ્રહણ થતાં રહે છે તે અનાભોગ નિર્વર્તિત આહાર કહેવાય છે અને જે પુદ્ગલો ઈચ્છાપૂર્વક ગ્રહણ થાય છે તે આભોગનિર્વર્તિત આહાર કહેવાય છે.

□ પદ–૨૯: ઉપયોગ પદ

આત્મા પોતાની જ્ઞાન અને દર્શન રૂપ શક્તિનો પ્રયોગ કરે ત્યારે તે ઉપયોગ કહેવાય છે. જ્ઞાન અને દર્શન આત્માના અભિન્ન ગુણ છે. તેથી નિરંતર જ્ઞાન કે દર્શનનો પ્રયોગ થતો રહે છે. આત્મા જ્ઞાન કે દર્શનના ઉપયોગમાં સતત રહે છે અને માટે જ ઉપયોગ એ આત્માનું લક્ષણ છે.

□ પદ–૩૦ : પશ્યતા પદ

આત્મા પોતાની જ્ઞાન શક્તિનો વિશેષ પ્રકારે અર્થાત્ ત્રૈકાલિક બોધ રૂપે અને દર્શન શક્તિનો પ્રકૃષ્ટ બોધ રૂપે પ્રયોગ કરે તેને પશ્યતા કહે છે. તેમાં નામ, જાતિ આદિના વિકલ્પ સહિત સ્પષ્ટ ત્રૈકાલિક બોધ થાય તે સાકાર પશ્યતા અને નામ, જાતિ આદિના વિકલ્પ સહિત પ્રકૃષ્ટ બોધ થાય તે નિરાકાર પશ્યતા છે.

□ પદ–૩૧ : સંજ્ઞી પદ

વિચાર કરવાની શક્તિ, મન હોય તે સંજ્ઞી, વિચાર કરવાની શક્તિ મન ન હોય તે અસંજ્ઞી છે અને ચિંતન-મનન રૂપ વ્યાપરથી રહિત છે, વિચાર કરવાની આવશ્યકતા નથી તેવા કેવળી ભગવાન તો સંજ્ઞી છતાં અસંજ્ઞી છે.

□ પદ–૩૨ : સંયત પદ

જેઓ સર્વ પ્રકારના સાવદ્યયોગ અર્થાત્ હિંસાદિ પાપોથી વિરત નિવૃત્ત થઈ ગયા હોય તેવા છઠ્ઠાથી ચૌદમા ગુણસ્થાનક વર્તી સર્વવિરતિ જીવો સંયત છે. જેઓ હિંસાદિ પાપોથી આંશિક રૂપે નિવૃત્ત થયા હોય તેવા પાંચમા ગુણસ્થાનવર્તી દેશવિરતિ જીવો સંયતાસંયત છે.

□ પદ–૩૩ : અવધિ

અવધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મર્યાદિત ક્ષેત્રમાં

રહેલા રૂપી પદાર્થોને સાક્ષાત્ આત્માથી જાણે તે અવધિજ્ઞાન છે. અવધિજ્ઞાનના મુખ્ય બે ભેદ છે-૧. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન દેવ અને નારકીને ભવના નિમિત્તથી પ્રાપ્ત થાય છે. ૨. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચને વિશિષ્ટ તપાદિની આરાધનાથી પ્રાપ્ત થાય છે.

અવધિજ્ઞાની દ્રવ્યથી રૂપી દ્રવ્યોને, ક્ષેત્રથી જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોકને, કાળથી જઘન્ય આવલિકાનો અસંખ્યાતનો ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી કાળના રૂપી દ્રવ્યો, ભાવથી અનંત રૂપી પદાર્થની અનંતાનંત પર્યાયને જાણે છે.

□ પદ–૩૪ : પરિચારણા પદ

પ્રસ્તુત પદમાં દેવોની પરિચારણાનું કથન છે. પરિચારણા એટલે મૈથુન સેવન, કામક્રીડા, વિષયભોગ. પરિચારણાનો મૂળ આધાર શરીર છે. તેથી સૂત્રમાં પ્રથમ આહારગ્રહણ, શરીર નિષ્પત્તિ, પુદ્ગલગ્રહણ (આહાર), ઇંદ્રિયરૂપ આહારનું પરિણમન, પરિચારણા અને વિકુર્વણા–આ છ ક્રિયાની ક્રમશઃ વિચારણા છે.

□ પદ–૩૫ : વેદના પદ

વેદના એટલે વેદન, અનુભવ, અનુભૂતિ, સુખદુઃખ, પીડા-સંતાપને, કર્મફળને અનુભવવા તે. પ્રસ્તુત પદમાં જુદી જુદી રીતે સાત પ્રકારે વેદનાનું કથન છે. ૧. શીત, ઉષ્ણ અને શીતોષ્ણ વેદના. નારકીને શીત અને ઉષ્ણવેદના છે. શેષ સર્વ જીવોને ત્રણે પ્રકારની વેદના છે.

□ પદ–૩૬ : સમુદ્ઘાત પદ

વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મ પ્રદેશોને શરીરની બહાર ફેલાવી સમ=એકી સાથે, ઉદ=ઉત્કૃષ્ટપણે, ઘાત=કર્મોનો ઘાત કરનારી વિશિષ્ટ ક્રિયાને સમુદ્ઘાત કહેવામાં આવે છે. પક્ષી પાંખ ફેલાવી (ફફડાવી) પોતા ઉપર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે તેમ આત્મા પણ કર્મને ખંખેરવા (દૂર કરવા) સમુદ્ઘાત નામની વિશિષ્ટ ક્રિયા કરે છે. આત્મ પ્રદેશોમાં સંકોચ વિસ્તાર પામવાનો ગુણ છે. નાના મોટા શરીરમાં આત્મ પ્રદેશોનો સંકોચ-વિસ્તાર કરી શરીરસ્થ થાય છે. સમુદ્ઘાતની ક્રિયાના સમયે પણ આત્મા અલ્પ સમય માટે આત્મ પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે. સમુદ્ઘાતના સાત પ્રકાર છે.

વળી સિદ્ધ ભગવાન કર્મરૂપી બીજનો સર્વથા નાશ કરી સિદ્ધક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થાય છે તેનું નિરૂપણ આ પદમાં છે.

✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૫૮ થી ચાલુ

રહે હૈં ઉસ શરીર કે ભીતર ક્યા ઐસી દુર્ગન્ધ નહીં ભરી હૈ? યહ શરીર ઈન્હી મલ-મૂત્ર-પિત્ત આદિ દુર્ગન્ધ વસ્તુઓં કા ભંડાર હૈ. ફિર ઈસ પર મોહ એવં રાગ કૈસા? જિસ રૂપ પર આપ મુગ્ધ હૈં ઉસકા ભીતરી સ્વરૂપ તો યહી હૈ ન?''

મલ્લીકુમારી કે વચન સુનતે હી જૈસે છહોં રાજાઓં કે પાઁવ જમીન સે ચિપક ગયે! મલ્લીકુમારી ને આગે કહા–

''દેવાનુપ્રિયો! યાદ કરો; ઈસસે દો ભવ પૂર્વ હમ સાતોં અભિન્ન મિત્ર થે. એક સાથ ખાતે-પીતે ખેલતે થે. હમને એક સાથ હી સંસાર ત્યાગ કર દીક્ષા ગ્રહણ કી થી.''

સભી રાજા ગહરે વિચારોં મેં ખો ગયે. મલ્લીકુમારી ને બતાયા-

''હમ સાતોં ને મુનિ જીવન મેં સંકલ્પ લિયા થા કિ હમ એક હી સમાન તપ એવં ધ્યાન કી આરાધના કરેંગે–પરન્તુ મૈને આગે બઢને કી ભાવના સે તપશ્ચરણ મેં આપકે સાથ કપટ કિયા થા, જિસ કારણ યહાઁ સ્ત્રી દેહ મેં મેરા જન્મ હુઆ ઔર આપ યહાઁ અલગ અલગ રાજા બને હૈં.''

મલ્લીકુમારી કે વચન સુનતે હી છહોં રાજાઓં કે અંધકારમય હૃદય મેં જૈસે જ્ઞાન દીપક જલ ઉઠા. ઉન્હેં જાતિ સ્મરણ જ્ઞાન સે અપને પૂર્વ જીવન કી ઘટનાએં યાદ આને લગી. સભી અપની ભૂલ પર પશ્ચાત્તાપ કરને લગે. તભી દ્વારપાલ ને દ્વાર ખોલ દિયા. છહોં રાજા બાહર નિકલકર મલ્લીકુમારી સે હાથ જોડકર ક્ષમા માઁગને લગે–

''અજ્ઞાનવશ હમને ભારી ભૂલ કી હૈ, મોહ મેં અંધે હોકર હમ તો અનર્થ કર દેતે; આપને હમારી આંખે ખોલ દી.''

''મિત્રો! અબ આપ જાગ ગયે હૈં તો અપના જીવન લક્ષ્ય નિશ્ચિત કરો।''

સભી રાજાઓં ને કહા–

''ભગવતી! અબ આપ હી બતાએં હમ ક્યા કરેં? આપ હમારે ગુરુ હૈ, હમારા માર્ગદર્શન કરે!''

''હે દેવાનુપ્રિયો! મૈ શીઘ્ર હી સંસાર કો ત્યાગ કર દીક્ષા લેના ચાહતી હુઁ. યદિ આપ ભી દીક્ષા લેના ચાહેં તો ઈસ કી તૈયારી કરેં!''

છહ રાજાઓં ને ભી દીક્ષા ગ્રહણ કરને કા નિશ્ચય કર લિયા!

રાજા કુંભ કો જબ યહ સૂચના મિલી તો વે આયે. છહોં રાજાઓં ને ઉનકે ચરણ સ્પર્શ કર ક્ષમા માંગી. લોગ આશ્ચર્ય કે સાથ એક દૂસરે સે કહને લગે-

''દેખો, રાજકુમારી કી બુદ્ધિ કા ચમત્કાર! જહાઁ યુદ્ધ કે અંગારે વર્ષ રહે થે, અબ વહાં પ્રેમ કી વર્ષા હોને લગી હૈ.''

છહોં રાજા વાપસ અપને-અપને રાજ્ય મેં ચલે ગયે.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૭૮ મું)

શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

૧૬

નામ વિચારણા–

હાલ પ્રચલિત ૧૨ ઉપાંગોમાં સાતમા ઉપાંગ તરીકે સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રનું નામ પ્રસિદ્ધ છે. પરંતુ પૂર્વકાળે ચન્દ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિ આ બંને સૂત્રો 'જ્યોતિષગણરાજપ્રજ્ઞપ્તિ' નામથી પ્રચલિત હતા. એક જ આગમરૂપે પ્રસિદ્ધ હતા. આ બંનેનું અલગ સંપાદન ક્યારથી થયું એના પુરાવા પ્રાપ્ત થતા નથી. પ્રારંભમાં સંયુક્ત નામ 'ચન્દ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ' જ પ્રચલિત હશે પછીથી બે અલગ ઉપાંગરૂપે વિભાજિત થઈ ગયા હશે. જેમાં ચંદ્રની ગતિવિધિ છે તે ચંદ્રપ્રજ્ઞપ્તિ અને જેમાં સૂર્યની ગતિવિધિ છે તે સૂર્યપ્રજ્ઞપ્તિ તરીકે પ્રચલિત થયું છે. આ સાતમા અંગ-ઉપાસકદશાંગનું ઉપ હોવું જોઈએ. પણ ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ બંને સાથે છે માટે જ્ઞાતાધર્મકથાંગનું ઉપાંગ મનાય છે.

આગમ ગ્રંથના કર્તા–

આ સૂત્રની પ્રરૂપણા જિતશત્રુ રાજાના સમયમાં મિથિલાનગરીના મણિભદ્ર નામના ઉદ્યાનમાં ગુરુ ગૌતમ સ્વામીની જિજ્ઞાસાને સંતોષવા માટે ભગવાન મહાવીરે કરી છે. તે આ સૂત્રની શરૂઆતના ગદ્યાંશથી સિદ્ધ થાય છે. તેણં કાલેણં તેણં સમયેણં મિહિલા નામં નયરી હોત્થા...ગોયમે ગોત્તેણં સત્તુસ્સેહે સમચઉરંસસંઠાણ સંઠિए वज्जरिसहणाराय संघयणे जाव एवं वयासी।

પરંતુ એનું સંકલન કોણે કર્યું એ બાબતમાં ઇતિહાસ મૌન છે. કોઈ કોઈ એને ગણધરકૃત માને છે. જેના આધારરૂપે ચન્દ્રપ્રજ્ઞપ્તિની પ્રારંભની ચોથી ગાથાનો ઉલ્લેખ કરે છે.

नामेणं इंदभूइति, गोयमो वंदिऊण तिविहेणं।
पुच्छइ जिणवरवसहं जोइसरायस्स पण्णत्ति ।। ४ ।।

પરંતુ એનાથી આના રચયિતા ગણધર ગૌતમ છે એવું સિદ્ધ થતું નથી. કારણકે એના જે સંકલનકાર પૂર્વધર-શ્રુતધર-સ્થવિર હશે તે પણ એમ કહી રહ્યા હોય કે ઈન્દ્રભૂતિ નામના ગૌતમ ગણધર ભગવાન મહાવીરને વંદન કરીને 'જ્યોતિષ રાજ પ્રજ્ઞપ્તિ'ની બાબતમાં પૂછે છે. 'પુચ્છઇ' ક્રિયાનો પ્રયોગ અન્ય કોઈ સંકલનકારનો કરેલો છે. તેથી એના કર્તા તરીકે ગણધર સિદ્ધ થતા નથી.

સૂર્યનું ઓજ અર્થાત્ સૂર્ય એક રૂપમાં સદા અવસ્થિત રહે છે અથવા પ્રતિક્ષણ પરિવર્તિત થતો રહે છે ? એની ૨૫ પ્રત્તિપત્તિઓ છે. જૈન દૃષ્ટિથી વ્યક્ત કર્યું છે કે જંબૂદ્વીપમાં પ્રતિવર્ષ કેવળ ૩૦ મુહૂર્ત સુધી સૂર્ય અવસ્થિત રહે છે તથા શેષ સમયમાં અનવસ્થિત રહે છે. કારણકે પ્રત્યેક મંડલ પર એક સૂર્ય ૩૦ મુહૂર્ત રહે છે. એમાં જે જે મંડલ પર તે રહે છે, એ દૃષ્ટિથી તે અવસ્થિત છે અને બીજા મંડલની દૃષ્ટિથી અનવસ્થિત છે એ સ્પષ્ટ કર્યું છે.

આગમગ્રંથનો રચનાકાળ–

સંશોધનકારોના મતે આનો કાળ ભગવાન મહાવીર અને નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસૂરિ એ બંનેની વચ્ચેનો હોવો જોઈએ. કારણકે ભદ્રબાહુસૂરિકૃત 'સૂર્યપ્રજ્ઞપ્તિની નિર્યુક્તિ' વૃત્તિકાર આચાર્ય મલયગિરિની પૂર્વે જ નષ્ટ થઈ ગઈ હતી એવું તેમણે સૂર્યપ્રજ્ઞપ્તિની વૃત્તિમાં સ્વયં લખ્યું છે.

अस्था निर्युक्तिरभूत पूर्व श्री भद्रबाहुसूरिकृत।
कलिदोषात् साऽनेशद् व्याचक्षे केवलं सूत्रम्।।

–આચાર્ય મલયગિરિકૃત વૃત્તિ

આગમગ્રંથની ભાષા–

આ આગમ પુરાણી પ્રાકૃત ભાષામાં રચાયેલું છે તેમ જ પ્રશ્નોત્તરની શૈલીમાં રચાયેલું છે. શરૂઆતમાં મંગલાચરણ પછી ગ્રંથનો વિષય પદ્યમય એટલે ૧૫ ગાથામાં આલેખાયો છે. ત્યાર પછી પ્રશ્નોત્તર શરૂ થાય છે. આમાં એક વિશેષતા એ છે કે દરેક પ્રશ્નની શરૂઆત તા થી થાય છે અને ઉત્તરની શરૂઆત પણ તા થી જ થાય છે. જેમકે-

પ્રશ્ન : તા कहं ते वड्ढोवुट्ठी मुहुत्ताणं आहिएति वएज्जा ?

ઉત્તર : તા अदु एगूणवीसे मुहुत्तसए सत्तावीसं च सट्ठिभागे मुहुत्तस्स आहिएति वएज्जा।

પ્રશ્ન–મુહૂર્તોની હાનિવૃદ્ધિ કેવી રીતે થાય છે ?

ઉત્તર–નક્ષત્ર માસમાં આઠસોઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠીયા સત્યાવીસ ભાગ અર્થાત્ ૮૧૯-૨૭/૬૭ મુહૂર્ત હોય છે.

પ્રાણ જિનાગમના (ગુરુ પ્રાણ આગમ બત્રીશી) પુસ્તકના ચન્દ્ર-સૂર્યપ્રજ્ઞપ્તિના સૂત્રમાં વિવેચનમાં (પૃ.૧૦) આ મુજબ લખ્યું છે-અહીં તા શબ્દ દ્વારા શિષ્યની યથાતથ્ય વસ્તુસ્વરૂપ જાણવાની જિજ્ઞાસા પ્રગટ થાય છે. ઉત્તરમાં ગુરૂએ તા નું પુનરુચ્ચારણ કર્યું છે તેના બે કારણ છે-

(૧) શિષ્ય પ્રશ્ન પૂછે ત્યારે શિષ્યે જે પદનું ઉચ્ચારણ કર્યું હોય, તે પદનું પુનરુચ્ચારણ ગુરુએ કરવું જોઈએ, તેથી શિષ્યને ગુરુપ્રતિ બહુમાન જાગે છે. અને મારું કથન ગુરુને સમ્મત છે, તેવી શિષ્યને પ્રતીતિ થાય છે.

(૨) 'ता' શબ્દ પ્રયોગ સૂચવે છે કે આ વિષયક અન્ય ઘણું કહેવા યોગ્ય છે પરંતુ અત્યારે અહીં માત્ર આટલું જ કહ્યું છે.

ગણિતાનુયોગના કઠિનતમ વિષયને સરળ બનાવવા, શિષ્યને તેમાં તન્મય બનાવવા જ સૂત્રકારે આવી વિશિષ્ટ ભાષાશૈલીનો પ્રયોગ કર્યો હશે, તેમ જણાય છે.

આ આગમમાં માત્ર જૈનદર્શનનું જ નહીં પણ અન્યમતની માન્યતાઓનું પણ નિર્દેશન કરાયું છે.

આગમગ્રંથનો વિષય–

પ્રસ્તુત આગમમાં સૂર્યની ગતિ, સૂર્યનું સ્વરૂપ, સૂર્યનો ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારાઓ સાથેનો સંયોગ આદિનું વિસ્તૃત વર્ણન છે. આ એક ગણિતાનુયોગનો વિષય છે. ગતિ આદિની ગણનાને આધારે ઉદય, અસ્ત, મુહૂર્ત, વાર, તિથિ, માસ આદિનો ચોક્કસ સમય પ્રાપ્ત થઈ શકે છે. સૂર્ય અને જ્યોતિચક્રનું વ્યવસ્થિત દિગ્દર્શન કરાવનાર આ ઉપાંગ મુખ્યત્વે જ્ઞાન તેમ જ વિજ્ઞાનની સંકલિષ્ટ પદ્ધતિથી વિચારોને વ્યક્ત કરે છે. ગણિત અને જ્યોતિષની મહત્ત્વપૂર્ણ વિવેચના એમાં પોતાનું વિશિષ્ટ સ્થાન રાખે છે. આમાં ૧૦૮ ગદ્યસૂત્રો અને ૧૦૩ પદ્ય ગાથાઓ છે. એમાં એક અધ્યયન, ૨૦ પ્રાભૃત અને ઉપલબ્ધ મૂળપાઠ ૨૨૦૦ શ્લોક પરિમાણ છે. ૨૦ પ્રાભૃતમાં ખગોળશાસ્ત્રની સૂક્ષ્માતિસૂક્ષ્મ માહિતી છે જે અન્યત્ર એક સાથે ભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

પ્રાભૃત એટલે શું ? પ્રાભૃત=पाहुड અર્થાત્ ભેટ. પ્રાભૃતનો વ્યુત્પત્તિજન્ય અર્થ છે-प्रकर्षेणासमन्ताद् भ्रियते-पोष्यते-चित्तमभीतृस्य पुरुषस्थानेनेति प्राभृत्तमिति व्युत्पतेः। જેના દ્વારા અભીષ્ટ-ઈષ્ટ વ્યક્તિના ચિત્તનું વિશેષ રૂપે પોષણ કરાય તે પ્રાભૃત છે. દેશકાલોચિત્ત, દુર્લભ, સુંદર, રમણીય વસ્તુ આપીને અન્યના ચિત્તને પ્રફુલ્લિત કરાય છે, તેને લોકભાષામાં ભેટ કહેવાય છે. તીર્થંકર પરમાત્માએ વિનીત શિષ્યને આ જ્ઞાનરૂપી ભેટ આપી છે તેથી ભેટતુલ્ય આ પ્રકરણોને પ્રાભૃત કહેવામાં આવે છે. આ આગમના ભિન્નભિન્ન અધિકારને પ્રાભૃત કહ્યા છે. પ્રાભૃતના અંતર્ગત અધિકારને પ્રાભૃત પ્રાભૃત અથવા પ્રતિપ્રાભૃત કહ્યા છે અને પ્રાભૃત કે પ્રતિપ્રાભૃતમાં અન્ય મતાવલંબીઓની માન્યતાઓની રજૂઆતને પ્રતિપત્તિ કહેલ છે. એ સંખ્યા કોઠામાં બતાવ્યા મુજબ છે. (કોઠો નીચે આપેલ છે.)

૧ થી ૨૦ પ્રાભૃતના વિષયનું સંક્ષિપ્ત નિર્દેશ–

(૧) **પ્રથમ પ્રાભૃતમાં**-દિવસ-રાતના ૩૦ મુહૂર્ત, નક્ષત્રમાસ, સૂર્યમાસ, ચંદ્રમાસ અને ઋતુમાસના મુહૂર્તોની વૃદ્ધિ પ્રથમથી અંતિમ અને અંતિમથી પ્રથમ મંડલ સુધીની સૂર્યની ગતિના કાળનું પ્રતિપાદન, દક્ષિણાયન–ઉત્તરાયણમાં અહોરાત્રિના જઘન્ય-ઉત્કૃષ્ટ મુહૂર્ત તેમજ અહોરાત્રિના મુહૂર્તોની હાનિવૃદ્ધિને કારણે ભરત અને ઈરવતક્ષેત્રના સૂર્યનો ઉદ્યોત ક્ષેત્ર, સૂર્ય દ્વારા દ્વીપ સમુદ્રોના અવગાહન આદિનું વર્ણન છે.

(૧) **દ્વિતીય પ્રાભૃત**-સૂર્યના ઉદય-અસ્તનું વર્ણન કરીને અન્ય તિર્થીઓના મતનો ઉલ્લેખ છે. જેમાં-(૧) સૂર્યનું પૂર્વ દિશામાં ઊગીને આકાશમાં જતું રહેવું. (૨) સૂર્યને ગોળાકાર કિરણોનો સમૂહ બનાવીને સંધ્યામાં નષ્ટ થવું. (૩) સૂર્યને દેવતા બનાવીને

૧ થી ૨૦ પ્રાભૃતનો કોઠો

પ્રાભૃત સંખ્યા	પ્રતિપ્રાભૃત સંખ્યા	પ્રતિપત્તિ સંખ્યા
૧	૮	૨૯
	ચોથામાં	૬
	પાંચમામાં	૫
	છઠ્ઠામાં	૭
	સાતમામાં	૮
	આઠમામાં	૩
		કુલ ૨૯
૨	૩	૧૪
	પ્રથમમાં	૮
	દ્વિતીયમાં	૨
	તૃતીયમાં	૪
		કુલ ૧૪
૩	–	૧૨
૪	–	૧૬+૧૬ કુલ ૩૨
૫	–	૨૦
૬	–	૨૫
૭	—	૨૦
૮	—	૩
૯	—	૩+૨૫+૨+૯૬ કુલ ૧૨૬
૧૦	૨૨	૧૦
	પ્રથમમાં	૫
	એકવીસમામાં	૫
		કુલ ૧૦
૧૧ થી ૧૬	—	—
૧૭	—	૨૫
૧૮	—	૨૫
૧૯	—	૧૨
૨૦	—	૨+૨+કુલ ૪
કુલ ૨૦	૩૩	૩૫૭

એનું સ્વભાવથી ઉદય-અસ્ત થવું. (૪) સૂર્યનું દેવ હોવાથી એની સનાતન સ્થિતિ રહેવી (૫) પ્રાતઃ પૂર્વ દિશામાં ઉદિત થઈને સાંજે પશ્ચિમમાં પહોંચવું તથા ત્યાંથી અધોલોકને પ્રકાશિત કરતાં કરતાં નીચેની તરફ આવી જવું મુખ્ય છે.

અંતમાં સૂર્યનું એક મંડલથી બીજા મંડલમાં ગમન અને તે એક મુહૂર્તમાં કેટલા ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે? એનો વિચાર વ્યક્ત કરતા થકા સ્વમતનું પણ પ્રતિપાદન થયું છે. અન્ય ધર્માવલમ્બી પૃથ્વીનો આકાર ગોળ માને છે પરંતુ જૈન ધર્મની માન્યતા એનાથી ભિન્ન છે એનો પણ એમાં સંકેત છે.

(૩) **તૃતીય પ્રાભૃત**-ચંદ્ર-સૂર્ય દ્વારા પ્રકાશિત થવાવાળા દ્વીપ-સમુદ્રોનું વર્ણન છે એમાં બાર મતાંતરોનો પણ નિર્દેશ થયો છે.

(૪) **ચતુર્થ પ્રાભૃત**-ચંદ્ર અને સૂર્યના-(૧) વિમાન સંસ્થાન તથા (૨) પ્રકાશિત ક્ષેત્રનું સંસ્થાન અને એના સંબંધમાં ૧૬ મતાંતરોનો ઉલ્લેખ છે. અહીં સ્વમતથી પ્રત્યેક મંડલમાં ઉદ્યોત તથા તાપક્ષેત્રના સંસ્થાન બતાવીને અંધકારના ક્ષેત્રનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સૂર્યના ઊર્ધ્વ-અધઃ-તિચ્છા તાપક્ષેત્રના પરિમાણ પણ વર્ણવ્યા છે.

(૫) **પાંચમું પ્રાભૃત**-સૂર્યની લેશ્યાઓનું વર્ણન છે.

(૬) **છઠ્ઠું પ્રાભૃત**-સૂર્યનું ઓજ અર્થાત્ સૂર્ય એક રૂપમાં સદા અવસ્થિત રહે છે અથવા પ્રતિક્ષણ પરિવર્તિત થતો રહે છે? એની ૨૫ પ્રત્તિપત્તિઓ છે. જૈન દૃષ્ટિથી વ્યક્ત કર્યું છે કે જંબૂદ્વીપમાં પ્રતિવર્ષ કેવળ ૩૦ મુહૂર્ત સુધી સૂર્ય અવસ્થિત રહે છે તથા શેષ સમયમાં અનવસ્થિત રહે છે. કારણકે પ્રત્યેક મંડલ પર એક સૂર્ય ૩૦ મુહૂર્ત રહે છે. એમાં જે જે મંડલ પર તે રહે છે, એ દૃષ્ટિથી તે અવસ્થિત છે અને બીજા મંડલની દૃષ્ટિથી અનવસ્થિત છે એ સ્પષ્ટ કર્યું છે.

(૭) **સાતમું પ્રાભૃત**-સૂર્ય પોતાના પ્રકાશથી મેરૂ પર્વતાદિ અને અન્ય પ્રદેશોને પ્રકાશિત કરે છે એનું વર્ણન છે.

(૮) **આઠમું પ્રાભૃત**-બે સૂર્યની સત્તા સ્થાપિત કરીને કયો સૂર્ય કયા ક્ષેત્રમાં પ્રકાશ રેલાવે છે તેનું વર્ણન છે. દિવસ-રાતની વ્યવસ્થા અને ભિન્ન-ભિન્ન ક્ષેત્રોની અપેક્ષાથી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળનું વર્ણન છે.

(૯) **નવમું પ્રાભૃત**-પૌરુષી છાયાનું પ્રમાણ, સૂર્યના ઉદય-અસ્તના સમયે ૫૯ પુરુષ પ્રમાણ પડછાયો હોય છે એ સંબંધમાં અનેક મતમતાંતરોનો ઉલ્લેખ છે તેમ જ સ્વમતનું મંડન છે.

(૧૦) **દસમું પ્રાભૃત**-નક્ષત્રોમાં આવલિકા ક્રમ મુહૂર્તની સંખ્યા, ચંદ્ર સાથે યોગ કરવાવાળા નક્ષત્ર, યુગારંભમાં યોગ કરવાવાળા નક્ષત્ર, નક્ષત્રોના કુલ, ઉપકુલ તથા કુલોપકુલ, ૧૨ પૂર્ણિમા અને અમાસમાં નક્ષત્રોનો યોગ, સમાન નક્ષત્રોના યોગવાળી પૂર્ણિમા અને અમાસ. નક્ષત્રોના સંસ્થાન એના તારા, વર્ષાદિ છ ઋતુઓમાં નક્ષત્રોનો યોગ તથા પૌરુષી પ્રમાણ, ચંદ્ર સાથે યોગ કરવાવાળા નક્ષત્ર, નક્ષત્રરહિત ચંદ્રમંડલ, સૂર્યરહિત ચંદ્રમંડલ, નક્ષત્રોના દેવતા, ૩૦ મૂહૂર્તોના નામ, ૧૫ દિવસ-રાત્રિ અને તિથિઓના નામ, નક્ષત્રોના ગોત્ર, નક્ષત્રોમાં ભોજન વિધાન, એક યુગમાં ચંદ્ર સૂર્યની સાથે નક્ષત્રોનો યોગ, એક સંવત્સરના મહિના અને તેના લૌકિક અને લોકોત્તર નામ, પાંચ પ્રકારના સંવત્સર, એના ૫-૫ ભેદ અને અંતિમ શનૈશ્ચર સંવત્સરના ૨૮ ભેદ, બે ચંદ્ર, નક્ષત્રોના દ્વાર, બે સૂર્ય અને એની સાથે યોગકરવાવાળા નક્ષત્રોના મુહૂર્ત પરિમાણ, નક્ષત્રોની સીમા તથા વિષ્કંભાદિનું વિસ્તારથી ૨૨ પ્રતિપ્રાભૃતમાં થયું છે.

(૧૧) **અગિયારમું પ્રાભૃત**-સંવત્સરોના આદિ, અંત અને નક્ષત્રોના યોગનું વર્ણન.

(૧૨) **બારમું પ્રાભૃત**-નક્ષત્ર, ઋતુ, ચંદ્ર, આદિત્ય અને અભિવર્ધન એ ૫ સંવત્સરોનું વર્ણન, છ ઋતુઓનું પ્રમાણ, ૬-૬ ક્ષયાધિક તિથિઓ, એક યુગમાં સૂર્ય અને ચંદ્રની આવૃત્તિઓ અને એ સમયે નક્ષત્રોનો યોગ અને યોગકાલ આદિનું વર્ણન છે.

(૧૩) **તેરમું પ્રાભૃત**-કૃષ્ણ અને શુક્લ પક્ષમાં ચંદ્રની હાનિ-વૃદ્ધિ, ૬૨ પૂર્ણિમા-અમાસમાં ચંદ્ર-સૂર્યની સાથે રાહુનો યોગ, પ્રત્યેક અયનમાં ચંદ્રની મંડલગતિ આદિનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૧૪) **ચૌદમું પ્રાભૃત**-કૃષ્ણ અને શુક્લ પક્ષની ચાંદની અને અંધકારનું વર્ણન છે.

(૧૫) **પંદરમું પ્રાભૃત**-ચંદ્રાદિ જ્યોતિષી દેવોની એક મુહૂર્તની ગતિ, નક્ષત્રમાસમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહાદિની મંડલગતિ અને ઋતુમાસ તથા આદિત્ય માસની મંડલગતિનું પણ નિરૂપણ થયું છે.

(૧૬) **સોળમું પ્રાભૃત**-ચંદ્રિકા, આતપ અને પર્યાયોનું વર્ણન.

(૧૭) **સત્તરમું પ્રાભૃત**-સૂર્યના ચ્યવન-ઉપપાતના બારામાં ૨૫ મતમતાંતરોનો ઉલ્લેખ કરીનો સ્વમતનું

આ યુગમાં વિદેશી વિદ્વાનોએ સૂર્યપ્રજ્ઞપ્તિને વિજ્ઞાનનો ગ્રંથ માન્યો છે. જેમાં ડૉ. વિન્ટરનિત્જ મુખ્ય છે. ડૉ. શુબિંગે તો કહ્યું છે કે સૂર્યપ્રજ્ઞપ્તિના અધ્યયન વગર ભારતીય જ્યોતિષીના ઇતિહાસને બરાબર ન સમજી શકાય. બેબરે સન ૧૮૬૮માં 'ઉવેર સૂર્યપ્રજ્ઞપ્તિ' નામનો નિબંધ પ્રકાશિત કર્યો હતો. ડૉ. સિબોએ 'ઓન ધ સૂર્યપ્રજ્ઞપ્તિ' નામના શોધ નિબંધમાં લખ્યું છે કે ગ્રીક લોક ભારતમાં આવ્યા તે પૂર્વે બે ચંદ્ર બે સૂર્યના અસ્તિત્વને માનતા હતા તથા તેમણે અતિપ્રાચીન જ્યોતિષિના વેદાંગ ગ્રંથની માન્યતાઓ સાથે સૂર્યપ્રજ્ઞપ્તિની તુલના કરી છે, સમાનતા બતાવી છે.

સંસ્થાપન કર્યું છે.

(૧૮) **અઢારમું પ્રાભૃત**-સમભૂમિથી સૂર્ય-ચંદ્રાદિની ઊંચાઈનું પરિમાણ બતાવતા અન્ય ૨૫ મતમતાંતરોનો ઉલ્લેખ કરીને સ્વમતનું પ્રતિપાદન કર્યું છે. ચંદ્ર-સૂર્યના આયામ-વિષ્કંભ, બાહુલ્ય, એમને વહન કરવાવાળા દેવોની સંખ્યા અને એના દિશાક્રમથી રૂપ, શીઘ્ર-મંદગતિ, અલ્પબહુત્વ, ચંદ્ર-સૂર્યની અગ્રમહિષીઓનો પરિવાર, વિકુર્વણા, શક્તિ તેમજ દેવ-દેવીઓની જ. ઉ. સ્થિતિ આદિનું વર્ણન છે.

(૧૯) **ઓગણીસમું પ્રાભૃત**-ચંદ્ર અને સૂર્ય કેટલા ભાગને પ્રકાશિત કરે છે તેનું વર્ણન છે. અને બાર મતમતાંતરોનો ઉલ્લેખ સ્વમતનું નિરૂપણ છે. તેમ જ લવણ સમુદ્રનો આયામ-વિષ્કંભ અને ચંદ્ર-સૂર્ય-નક્ષત્ર-તારાઓનું વર્ણન છે. એ જ રીતે ધાતકીખંડ-કાલોદધિ અને પુષ્કરાર્ધદ્વીપનું વર્ણન છે. ઈન્દ્રના પ્રભાવમાં વ્યવસ્થા, ઈન્દ્રનો જઘન્ય ઉત્કૃષ્ટ વિરહકાલ, મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્રની ઉત્પત્તિ અને ગતિ તથા અંતમાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધી દ્વીપસમુદ્રોનો આયામ, વિષ્કંભ પરિધિ આદિનું વર્ણન છે.

> ***ભલે જૈનશાસ્ત્રોમાં કદાચ સૂર્યને વંદનીય ન માન્યો હોય પણ વ્રતોમાં રાત્રિભોજન વિરમણ વ્રત અતિ મહત્ત્વનું વ્રત છે. જે સૂર્યની મહત્તા પ્રકટ કરે છે. તેમજ સૂર્યપ્રકાશ વગર ઉગેલા કંદમૂળાદિનો ત્યાગ પણ સૂર્યની મહત્તા છતી કરે છે. સૂર્યગ્રહણ વખતે સ્વાધ્યાય કરવાની મનાઈ છે. જેથી પણ સૂર્યની મહત્તા સિદ્ધ થાય છે. આમ આ બધાથી સિદ્ધ થાય છે કે જૈનો પણ સૂર્યને મહત્ત્વ આપે છે.***

(૨૦) **વીસમું પ્રાભૃત**-ચંદ્રાદિનું સ્વરૂપ, રાહુનું વર્ણન, ગ્રહણના જઘન્ય-ઉત્કૃષ્ટ કાળનું વર્ણન, ચંદ્રને શશિ અને સૂર્યને આદિત્ય કહેવાનું કારણ, સમય-આવલિકાદિ કાળના કર્તા સૂર્યનું વર્ણન, ચંદ્ર-સૂર્યની અગ્રમહિષીઓ, પારિચારણ વગેરેનું વર્ણન છે. અંતમાં ૮૮ ગ્રહના નામ બતાવવામાં આવ્યા છે.

આમ આ બધા પ્રાભૃતોનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે સૂર્યપ્રજ્ઞપ્તિમાં માત્ર સૂર્ય પર જ નહિ સમગ્ર જ્યોતિષી દેવોના પરિવારનું પ્રસંગોપાત વિવેચન કરવામાં આવ્યું છે.

આગમના વ્યાખ્યા ગ્રંથો-

સૂર્યપ્રજ્ઞપ્તિ પર શ્રી ભદ્રબાહુએ નિર્યુક્તિની રચના કરી હતી. વર્તમાને તે અનુપલબ્ધ છે. આચાર્ય મલયગિરિએ વૃત્તિ લખી છે જે ઉપલબ્ધ છે. આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા.એ સંસ્કૃત-ગુજરાતી-હિન્દી એ ત્રણ ભાષામાં ટીકા લખી છે જે આજે પણ જોવા મળે છે. આચાર્ય મુનિ ધર્મસિંહજી (૧૮મી સદી) મ.સા.એ સૂર્ય-પ્રજ્ઞપ્તિના યંત્રનું નિર્માણ કર્યું છે. આચાર્ય અમોલકઋષિજીએ હિન્દીમાં અનુવાદ કર્યો છે. આ ઉપરાંત મધુકરમુનિ, પુણ્યવિજયજી મ.સા., લીલમબાઈ મ.સ. આદિએ આ સૂત્રોના અનુવાદ કર્યા છે.

સૂર્યપ્રજ્ઞપ્તિનો બીજા ગ્રંથોમાં ઉલ્લેખ-

સૂર્યપ્રજ્ઞપ્તિના સંબંધમાં દેશ-વિદેશના વિચારક મહાનુભાવોએ ભિન્ન ભિન્ન લેખોમાં પોતાનો અભિમત પ્રગટ કર્યો છે.

ભારતીય જ્યોતિશાસ્ત્રમાં વરાહમિહિર નિર્યુક્તિકાર ભદ્રબાહુના ભાઈ હતા. એમણે પોતાના ગ્રંથ વરાહસંહિતામાં સૂર્યપ્રજ્ઞપ્તિના કેટલાક વિષયોને આધાર બનાવીને એના પર લખ્યું છે. એ જ રીતે પ્રસિદ્ધ જ્યોતિર્વિદ ભાસ્કરે સૂર્ય-પ્રજ્ઞપ્તિની કેટલીક માન્યતાઓને લઈને પોતાના ખંડનાત્મક વિચારો પ્રગટ કર્યા છે. જે 'સિદ્ધાન્ત શિરોમણિ' ગ્રંથમાં દેખાય છે.

તેમજ બ્રહ્મગુપ્તે સ્ફુટ-સિદ્ધાન્ત ગ્રંથમાં પણ ખંડનનો આધાર આ આગમને બનાવ્યો છે.

આ યુગમાં વિદેશી વિદ્વાનોએ આને (સૂર્યપ્રજ્ઞપ્તિને) વિજ્ઞાનનો ગ્રંથ માન્યો છે. જેમાં ડૉ. વિન્ટરનિત્જ મુખ્ય છે. ડૉ. શુબિંગે તો કહ્યું છે કે સૂર્યપ્રજ્ઞપ્તિના અધ્યયન વગર ભારતીય જ્યોતિષીના ઇતિહાસને બરાબર ન સમજી શકાય. બેબરે સન ૧૮૬૮માં 'ઉવેર સૂર્યપ્રજ્ઞપ્તિ' નામનો નિબંધ પ્રકાશિત કર્યો હતો. ડૉ. સિબોએ 'ઓન ધ સૂર્યપ્રજ્ઞપ્તિ' નામના શોધ નિબંધમાં લખ્યું છે કે ગ્રીક લોક ભારતમાં આવ્યા તે પૂર્વે બે ચંદ્ર બે સૂર્યના અસ્તિત્વને માનતા હતા તથા તેમણે અતિપ્રાચીન જ્યોતિષિના વેદાંગ ગ્રંથની માન્યતાઓ સાથે સૂર્યપ્રજ્ઞપ્તિની તુલના કરી છે, સમાનતા બતાવી છે.

સૂર્યની મહત્તા-

સૂર્યની મહત્તા પ્રસ્થાપિત કરતા ગોંડલગચ્છ શિરોમણિ જયંતમુનિએ લખ્યું છે કે સમગ્ર જીવરાશિ સૂર્યની અપેક્ષા રાખે છે. બધો કાર્યકાળ સૂર્યની ગતિ પ્રમાણે ગોઠવાયેલો છે. વૃક્ષોમાં જે કાંઈ રસસિંચન થાય છે તેમાં સૂર્ય મોટો ભાગ ભજવે છે. અહોરાત્રિનું વિભાજન સૂર્યના આધારે છે. આ રીતે સૂર્યનું વિશ્વમાં મહત્ત્વ છે.

ભલે જૈનશાસ્ત્રોમાં કદાચ સૂર્યને વંદનીય ન માન્યો હોય પણ વ્રતોમાં રાત્રિભોજન વિરમણ વ્રત અતિ મહત્ત્વનું વ્રત છે. જે સૂર્યની મહત્તા પ્રકટ કરે છે. તેમજ સૂર્યપ્રકાશ વગર ઉગેલા કંદમૂળાદિનો ત્યાગ પણ સૂર્યની મહત્તા છતી કરે છે. સૂર્યગ્રહણ વખતે સ્વાધ્યાય કરવાની મનાઈ છે. જેથી પણ સૂર્યની મહત્તા સિદ્ધ થાય છે. આમ આ બધાથી સિદ્ધ થાય છે કે જૈનો પણ સૂર્યને મહત્ત્વ આપે છે. આમ સમગ્રતઃ અહીં 'સૂર્યપ્રજ્ઞપ્તિ'નું સંક્ષિપ્ત વિવેચન કર્યું છે જેમાંથી સાર ગ્રહણ કરી પાર પામીએ. ✷✷✷

શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર

□ ડૉ. કલા એમ. શાહ

૧૭

સૂત્રકાર સ્થવિર ભગવંત સ્વયં કહે છે.

फुड वियड-पागडत्थं, चोच्छं, पुव्व-सुय-साइ-णिस्संदं ।
सुहुम गणिणेवदिट्ठं, जोइसगणशयपण्णत्तिं ।।

(ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર-મંગલાચરણ)

સ્પષ્ટ-પ્રગટ અર્થવાળા સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય, પૂર્વશ્રુતના સારભૂત (પૂર્વમાંથી ઉધ્ધૃત) તીક્ષ્ણ પ્રજ્ઞાવાન આચાર્ય દ્વારા ઉપદિષ્ટ, જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિનું હું નિરૂપણ કરીશ.

ચંદ્રપ્રજ્ઞપ્તિ (ખગોળશાસ્ત્ર)ના નામે ઉપલબ્ધ બાર ઉપાંગ સૂત્રોમાંના છઠ્ઠા ઉપાંગને શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર અને સાતમા ઉપાંગને સૂર્યપ્રજ્ઞપ્તિ ગણવામાં આવે છે. પ્રાચીનકાળમાં આ બન્ને સૂત્રો જુદા જુદા નામવાળા ગણાતા ન હતા. પણ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ અને જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિ નામે એક જ આગમરૂપે વિદ્યમાન હતા. આ બન્ને 'જ્ઞાતાધર્મકથા'ના ઉપાંગ સૂત્રરૂપે હતા.

ચંદ્રપ્રજ્ઞપ્તિના મંગલાચરણની તથા બંનેના ઉપસંહારની ગાથા સૂચિત કરે છે કે આ બન્ને આગમ એક હતા. કાળક્રમે ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ ભિન્ન ભિન્ન આગમરૂપે પ્રસિદ્ધ થયા. ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગમાં પદ્યાત્મક ઉત્થાનિક છે. સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપાંગમાં ગદ્યાત્મક ઉત્થાનિક છે.

આ આગમના વિભાગોને પ્રાભૃત અને પ્રાભૃતના અંતર્ગત અધિકારને પ્રતિપ્રાભૃત કહે છે.

ચંદ્રપ્રજ્ઞપ્તિના અલગ અલગ વિભાગમાં ચંદ્ર વિષયક તથા ગણિત અને જ્યોતિષવિજ્ઞાન વિષયક માહિતી આપવામાં આવી છે.

પ્રથમ વિભાગમાં નક્ષત્રોનો ક્રમ, મુહૂર્તની સંખ્યા, પૂર્વ-પશ્ચિમ ભાગ અને ઉત્તમ ભાગથી ચંદ્રની સાથે યોગ કરનારા નક્ષત્ર, યુગના પ્રારંભમાં યોગ કરનારા નક્ષત્રોના પૂર્વાદિ વિભાગ, નક્ષત્રોના કુલ, ઉપકુલ આદિ પ્રકાર, ૧૨ પૂર્ણિમા તેમજ અમાવસ્યામાં નક્ષત્રોનો યોગ, સન્નિપાત યોગવાળી પૂર્ણિમા તેમજ અમાવસ્યા, નક્ષત્રોના સંસ્થાન, તેના તારાઓની સંખ્યા, વર્ષા, હેમંત અને ગ્રીષ્મ ઋતુઓમાં માસ ક્રમથી નક્ષત્રોનો યોગ અને પૌરુષી છાયા પ્રમાણ, દક્ષિણ, ઉત્તર અને બન્ને માર્ગથી ચંદ્રની સાથે યોગ કરનાર નક્ષત્ર, નક્ષત્રરહિત ચંદ્રમંડલ, સૂર્યરહિત ચંદ્રમંડલ, નક્ષત્રોના સ્વામી દેવ, ૩૦ મુહૂર્તોનાં નામ, ૧૫ દિવસ તેમજ રાત્રિઓની તિથિઓના નામ, નક્ષત્રોના ગોત્ર, એક યુગમાં ચંદ્ર તેમજ સૂર્યની સાથે નક્ષત્રોનો યોગ, એક સંવત્સરના મહિના, તેના લૌકિક અને લોકોત્તર નામ, પાંચ પ્રકારના સંવત્સર અને તેના પાંચ પાંચ ભેદ, અંતિમ સંવત્સરના ૨૮ ભેદ, નક્ષત્રોના દ્વાર, બે સૂર્યની સાથે યોગ કરનાર નક્ષત્રોના મુહૂર્ત પરિમાણ, નક્ષત્રોનો સીરાવિષ્કંભ આદિનું પ્રતિપાદન કરેલ છે.

આમ આ વિભાગના ઉપવિભાગોમાં આટલો મોટો વિસ્તાર એ દર્શાવે છે કે નિમિતજ્ઞ, જ્યોતિષજ્ઞ, સ્વપ્ન પાઠક અને ગણિતજ્ઞ વગેરે વિદ્વાનોને જ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાય મળે.

ત્યાર પછી પાંચ સંવત્સરોનું વર્ણન આ પ્રમાણે છે. (૧) નક્ષત્ર સંવત્સર ૨૮ નક્ષત્રો જેટલા સમયમાં ચંદ્ર સાથે યોગ પૂર્ણ કરે છે તેને નક્ષત્ર માસ કહે છે. તેવા બાર માસ અને ૩૨૭ ૫૧/૬૭ અહો રાત્રિનો એક નક્ષત્ર સંવત્સર થાય છે. (૨) ઋતુ સંવત્સર–જેટલા સમયમાં એકમથી લઈને પૂર્ણિમા સુધીની તિથિઓને ચંદ્ર પૂર્ણ કરે છે તેને ચંદ્રમાસ કહેવામાં આવે છે. તેવા બાર માસ અને તેના ૩૫૪-૧૨/૬૨ અહોરાત્રિનો એક ચંદ્ર સંવત્સર થાય છે. (૩) ઋતુ સંવત્સર–જેટલા સમયમાં વર્ષા, હેમંત અને ગ્રીષ્માદિ ત્રણ ઋતુઓ વ્યતીત થાય છે. તેને ઋતુ સંવત્સર કહેવામાં આવે છે. ૩૬૬ અહોરાત્રિનો એક ઋતુ સંવત્સર થાય છે. (૪) સૂર્ય સંવત્સર–જેટલા સમયમાં સૂર્ય ૧૮૩ મંડળવાળા બે અયનો પૂર્ણ કરે છે તેને સૂર્ય સંવત્સર કહેવામાં આવે છે. ૩૬૬ અહોરાત્રિનો એક સૂર્ય સંવત્સર થાય છે. (૫) અધિવર્ધિત સંવત્સર-૧૩ માસવાળાને વર્ષને અધિવર્તિત સંવત્સર કહેવામાં આવે છે. ૩૮૩ અહોરાત્ર ૨૧-૧૮/૬૨ મુહૂર્તોનો એક અધિવર્ધિત સંવત્સર થાય છે. ચંદ્ર સંવત્સર યુગમાં ત્રીજું સંવત્સર અને પાંચમું સંવત્સર અધિવર્ધિત સંવત્સર હોય છે. આ રીતે આદિ અને અંતના સમયના નક્ષત્રોના યોગનું વર્ણન કર્યું છે.

નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય અને અભિવર્ધિત–આ પાંચ સંવત્સરોનું વર્ણન છે, છ ઋતુઓનું પ્રમાણ છે. છ ક્ષયતિથિ અને છ અધિક તિથિઓ કેમ થાય છે તે બતાવ્યું છે તથા એક યુગમાં સૂર્ય અને ચંદ્રની આવૃત્તિઓ બતાવી છે અને તે સમયે યોગ તથા યુગકાળ આદિનું વર્ણન આ વિભાગમાં આપ્યું છે.

કૃષ્ણ અને શુક્લપક્ષમાં ચંદ્રકળાની હાનિ-વૃદ્ધિ કઈ રીતે થાય છે તે દર્શાવ્યું છે. બાસઠ પૂર્ણિમા અને બાસઠ અમાવસ્યામાં ચંદ્ર સૂર્યની સાથે રાહુનો યોગ અને પ્રત્યેક અયનમાં ચંદ્રની મંડળ વગેરેનું આબેહૂબ વર્ણન કર્યું છે.

હવે પછીના વિભાગમાં ચંદ્ર પ્રકાશની બહુલતા અને પ્રકાશના અભાવમાં અંધકારની બહુલતાના સમયનો નિર્દેશ છે.

કૃષ્ણપક્ષમાં અંધકારની બહુલતા હોય છે અને શુક્લ પક્ષમાં ચંદ્રપ્રકાશની બહુલતા હોય છે. કૃષ્ણ પક્ષમાં ૧૫ તિથિઓ છે અને ૪૪૨-૪૬/૬૨ મુહૂર્તમાં ચંદ્ર વિમાન રાહુ ગ્રહના વિમાનથી ક્રમશઃ આવરિત થાય છે અને તેથી કૃષ્ણપક્ષમાં અંધકાર વધે છે. શુક્લપક્ષમાં પંદર તિથિઓ છે અને તેના ૪૪૨-૪૬/૬૨ મુહૂર્તમાં ચંદ્ર વિમાન રાહુગ્રહના વિમાનથી ક્રમશઃ અનાવરિત થાય છે તેથી શુક્લ પક્ષમાં ચંદ્રપ્રકાશ વધે છે.

સૂત્રકાર આ વિભાગમાં ચંદ્રાદિ જ્યોતિષ્ક વિમાનોની શીઘ્ર (તેજ) મંદ ગતિનું તથા તેઓની મુહૂર્ત ગતિ અને ભિન્નતાને કારણે સર્જાતા એક મુહૂર્ત, એક અહોરાત્ર, એક માસમાં પરિભ્રમિત મંડળોની સંખ્યાનો તફાવત દર્શાવ્યો છે. જ્યોતિષ્ક વિમાનોમાં સૌથી મંદ ગતિ ચંદ્રની છે. તેનાં કરતાં ક્રમશઃ સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ શીઘ્ર-શીઘ્રતર ગતિગામી છે. તેઓની ગતિની તરતમતાને કારણે તેઓની મુહૂર્તગતિ ભિન્ન ભિન્ન છે. છપ્પન નક્ષત્રોના યોગક્ષેત્રરૂપ મંડળ પરિધિના ૧,૦૯,૮૦૦ અંશ (ભાગ) કરવામાં આવે તો ચંદ્ર એક મુહૂર્તમાં ૧૭૬૮ મંડળ ભાગ, સૂર્ય ૧૮૩૦ મંડળ ભાગ અને નક્ષત્રનો ૧૮૩૫ મંડળ ભાગ ઉપર પરિભ્રમણ કરે છે. પ્રત્યેક મુહૂર્ત ચંદ્ર કરતાં સૂર્ય ૬૨ ભાગ અને નક્ષત્રો ૬૭ ભાગ વધુ ચાલે છે. પોતપોતાના મંડલ ઉપર પરિભ્રમણ કરતા ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રો જેટલા સમયમાં જે ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે તે યોગ (ભોગ) કહેવાય છે.

ત્યાર પછીના વિભાગમાં સૂત્રકાર પ્રકાશ, આતપ અને અંધકારના લક્ષણો વર્ણવતા જણાવે છે કે, ચંદ્ર અને સૂર્ય બંનેના વિમાનો પ્રકાશમય છે. તેમ છતાં બંનેના પ્રકાશમાં તરતમતા છે. ચંદ્ર વિમાનના પૃથ્વીકાય જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે. તેથી ચંદ્રનો પ્રકાશ શીત અને સૌમ્ય છે, તેને માટે સૂત્રકારે 'જ્યોત્સના' શબ્દનો પ્રયોગ કર્યો છે. સૂર્ય વિમાનના પૃથ્વીકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે, તેથી સૂર્યનો પ્રકાશ ઉષ્ણ છે. સૂત્રકારે ઉષ્ણ પ્રકાશ માટે 'આતપ' શબ્દનો પ્રયોગ કર્યો છે અને ચંદ્ર તથા સૂર્ય બંનેના પ્રકાશનો અભાવ છાયા-અંધકારરૂપ છે. આ રીતે શીત પ્રકાશરૂપ જ્યોત્સના ચંદ્રનું લક્ષણ છે, ઉષ્ણ પ્રકાશરૂપ આતપ સૂર્યનું લક્ષણ અને પ્રકાશાભાવ રૂપ અંધકાર છાયાનું લક્ષણ છે.

સૂત્રકાર ચંદ્રદેવ અને સૂર્યદેવના ચ્યવન-ઉપપાતનું કથન કરતા કહે છે. ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી દેવોના ઈન્દ્ર છે. તેમના વિમાનો અઢી દ્વીપમાં સતત પરિભ્રમણ કરી રહયા છે. તે વિમાનો રત્નમય, પ્રકાશમય પૃથ્વીકાયરૂપ છે. તેમાં પૃથ્વીકાયના જીવો પોતાના આયુષ્ય પ્રમાણે જન્મમરણ કર્યા કરે છે અને પુદ્‌ગલોમાં પણ ચય-ઉપચય થયા જ કરે છે. તેમ છતાં ચંદ્ર-સૂર્યના વિમાનો ત્રિકાલ શાશ્વત છે. સંક્ષેપ તે વિમાનો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અશાશ્વત છે. તે જ રીતે ચંદ્રદેવ અને સૂર્યદેવ પણ જ્યોતિષ દેવ જાતિની અપેક્ષાએ શાશ્વત છે. અર્થાત્ હંમેશા ચંદ્રદેવ અને સૂર્યદેવ હોય છે. તેનો અભાવ થતો નથી. પરંતુ એક દેવનું આયુષ્ય પૂર્ણ થતાં તેનું ચ્યવન થાય અને બીજો કોઈ જીવ ચંદ્રદેવ કે સૂર્યદેવ રૂપે જન્મ ધારણ કરે છે. આ રીતે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ એ અશાશ્વત છે.

હવે પછીના વિભાગમાં સૂત્રકાર ચંદ્ર-સૂર્ય વગેરે જ્યોતિષ્ક દેવવિમાનોની ભૂમિથી ઊંચાઈનું તથા તેની લંબાઈ-પહોળાઈ, પરિધિ, જ્યોતિષ્ક દેવોની ઋદ્ધિ સ્થિતિ વગેરેનું વર્ણન કરે છે.

જંબૂદ્વીપ જે ભૂમિ ભાગ ઉપર મેરૂ પર્વત સ્થિત છે, તે સમભૂમિભાગથી ૭૯૦ યોજનની ઊંચાઈથી ૯૦૦ યોજનની ઊંચાઈ સુધીના ૧૧૦ યોજનના આકાશક્ષેત્રમાં યથાસ્થાને નક્ષત્રો, ગ્રહો અને તારાઓના મંડળો છે. સમભૂમિભાગથી ૮૦૦ યોજનની ઊંચાઈએ સૂર્ય અને ૮૮૦ યોજનની ઊંચાઈએ ચંદ્રમંડળ છે.

જ્યોતિષ્ક દેવોમાં ચંદ્ર સૂર્ય ઈન્દ્રરૂપ છે. મધ્યલોકમાં અસંખ્યાત ચંદ્ર અને અસંખ્યાત સૂર્ય છે. એક-એક ચંદ્ર સૂર્યના પરિવાર રૂપે ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાઓ છે. અઢી દ્વીપના જ્યોતિષ્ક દેવ વિમાનો નિરંતર મેરૂ પર્વતને કેન્દ્રમાં રાખી પરિભ્રમણ કરે છે. અઢી દ્વીપની બહારના ચંદ્રાદિ દેવ વિમાનો સ્થિર છે.

સૂર્ય-ચંદ્ર, ગ્રહ, નક્ષત્રના પ્રથમ મંડળ મેરુ પર્વતથી ૪૪,૮૨૦ યોજન દૂર છે. તારાઓનું પ્રથમ મંડળ મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂર છે, અંતિમ તારાઓ મધ્ય લોકના લોકાંતથી ૧૧૧૧ યોજન દૂર છે.

મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતા જ્યોતિષ્ક વિમાનોમાં તારા વિમાનોની ગતિ સૌથી વધુ છે. ત્યાર પછી ક્રમશઃ નક્ષત્ર, ગ્રહ, સૂર્ય અને ચંદ્રની ગતિ મંદ છે. ઋદ્ધિમાં સૌથી વધુ ઋદ્ધિસંપન્ન દેવ ચંદ્ર છે. અને ત્યાર પછી ક્રમશઃ સૂર્યગ્રહ, નક્ષત્ર અને તારા અલ્પવૃદ્ધિવાળા છે, તેમ છતાં પૂર્વભવમાં તપ, નિયમ, બ્રહ્મચર્યાદિનું આચરણ કરનાર તારા દેવો ચંદ્ર તુલ્ય અથવા ચંદ્ર કરતાં કંઈક જ ન્યૂન ઋદ્ધિને પ્રાપ્ત થાય છે.

મધ્યલોકના અસંખ્ય દ્વીપ સમુદ્રોનો આયામ, વિષ્કંભ, પરિધિ તથા જ્યોતિષ્ક વિમાનોની સંખ્યાનું હવે પછીના વિભાગમાં પ્રતિપાદન કરે છે.

અઢી દ્વીપ : મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તેમાં મધ્યમાં જંબૂદ્વીપ છે. તેને ફરતે ક્રમશઃ લવણ સમુદ્ર, ઘાતકી ખંડ ઊપ, કાલોદધિ સમુદ્ર અને પુષ્કર દ્વીપ છે.

પુષ્કરદ્વીપની મધ્યમાં ગોળાકારે માનુષોત્તર પર્વત સંસ્થિત છે. આ રીતે જંબૂદ્વીપ, ઘાતકીખંડ દ્વીપ, આ બે દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપ એટલે અઢીદ્વીપ અને લવણ સમુદ્ર તથા કાલોદધિ સમુદ્ર, આ બે સમુદ્ર પર્યંતના અઢી દ્વીપ ક્ષેત્રને **મનુષ્યક્ષેત્ર** અથવા **સમયક્ષેત્ર** કહે છે.

અઢી દ્વીપમાં જ્યોતિષ્ક વિમાન : જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. જંબૂદ્વીપમાં બે ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપ ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ અને ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી તારા વિમાનો છે. લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર, ચાર સૂર્ય, ઘાતકી ખંડ દ્વીપમાં બાર ચંદ્ર-બાર સૂર્ય, કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર-બેતાલીસ સૂર્ય, અર્ધપુષ્કર દ્વીપમાં બોંતેર ચંદ્ર-બોંતેર સૂર્ય છે. આ રીતે મનુષ્ય ક્ષેત્રમાં કુલ ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય અને તેના પરિવાર રૂપે ૧૧,૬૧૬ ગ્રહો, ૩૬૯૬ નક્ષત્રો અને ૮૪,૪૦,૭૦૦ ક્રોડા ક્રોડી તારા વિમાનો છે. બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહનું એક **પિટક** કહેવાય છે. જંબૂદ્વીપમાં ૧ પિટક છે. લવણ સમુદ્રમાં બે પિટક છે. અઢી દ્વીપમાં કુલ ૬૬ પિટક છે. પિટકરૂપે અઢી દ્વીપમાં ચંદ્રાદિની સંખ્યા દર્શાવવાની એક વિશિષ્ટ કથન પદ્ધતિ છે. અઢી દ્વીપમાં તે જ્યોતિષ્ક વિમાનો નિરંતર જંબૂદ્વીપના મેરુ પર્વતને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરી રહ્યા છે. અઢી દ્વીપમાં સૂર્યના પરિભ્રમણથી દિવસ-રાત થાય છે અને તેના પ્રકાશ ક્ષેત્રમાં ન્યૂનાધિકતા થતી રહે છે. ચંદ્રના પરિભ્રમણથી એકમ, બીજ આદિ તિથિઓ તથા કૃષ્ણ પક્ષ-શુક્લ પક્ષ થાય છે.

ચંદ્ર અને સૂર્ય બંનેના વિમાનો પ્રકાશમય છે. તેમ છતાં બંનેના પ્રકાશમાં તરતમતા છે. ચંદ્ર વિમાનના પૃથ્વીકાય જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે. તેથી ચંદ્રનો પ્રકાશ શીત અને સૌમ્ય છે, તેને માટે સૂત્રકારે 'જ્યોત્સના' શબ્દનો પ્રયોગ કર્યો છે. સૂર્ય વિમાનના પૃથ્વીકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે, તેથી સૂર્યનો પ્રકાશ ઉષ્ણ છે.

અઢી દ્વીપની બહારના દ્વીપ સમુદ્રોમાં રહેલા જ્યોતિષ્ક વિમાનો ગતિશીલ નથી, કાયમ માટે પોતાના સ્થાને રહે છે તેથી અઢી દ્વીપની બહાર રાત-દિવસ, આદિ કોઈપણ પ્રકારનું પરિવર્તન થતું નથી.

આ રીતે અઢી દ્વીપમાં ગતિશીલ અને અઢી દ્વીપની બહાર સ્થિતિશીલ જ્યોતિષ્ક વિમાનો છે.

અંતિમ વિભાગમાં સૂત્રકાર ચંદ્ર-સૂર્યના અનુભાવ-પ્રભાવ તથા સ્વરૂપનું અને બે પ્રકારના રાહુની પ્રવૃત્તિ, ૮૮ ગ્રહોના નામ તથા ચંદ્ર-સૂર્યદેવની ભોગ પદ્ધતિનું વિસ્તૃત વર્ણન કરે છે.

ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી ગતિના દેવોના ઈન્દ્રો છે. રાહુદેવ બે પ્રકારના છે. (૧) નિત્ય રાહુદેવ (૨) પર્વરાહુદેવ.

(૧) નિત્ય રાહુનું વિમાન પ્રતિદિન ચંદ્ર વિમાનની એક-એક કળાને અર્થાત્ એક-એક ભાગને આવરિત કરે છે. આ રીતે ક્રમશઃ આવરિત થતાં પંદરમે દિવસે ચંદ્ર વિમાનમાં પંદર ભાગ આવરિત થઈ જાય છે. આ પંદર દિવસના કાળને કૃષ્ણપક્ષ કહે છે. ત્યાર પછી પુનઃ વિપરિત ક્રમથી રાહુ વિમાન ચંદ્ર વિમાનની એક-એક કળાને અનાવૃત્ત કરે છે–ખુલ્લી કરે છે. આ રીતે ચંદ્ર વિમાનનો પ્રકાશ ક્રમશઃ વધતા પંદરમા દિવસે ચંદ્ર વિમાન રાહુવિમાનથી સર્વથા અનાવૃત્ત થઈ જાય છે. આ પંદર દિવસના કાલને શુક્લ પક્ષ કહે છે. આ રીતે નિત્ય રાહુની તિથિ–એકમ-બીજ-આદિ તિથિ તથા કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ થાય છે.

(૨) પર્વરાહુના ગમનાગમથી સૂર્ય-ચંદ્ર આવરિત થાય છે. તેને ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ કહે છે. અને રાહુનું વિમાન જતાં ચંદ્રને એક કિનારીથી આવૃત્ત કરે અને પાછા ફરતા તેને અનાવૃત્ત કરે છે, તેને ચંદ્રનું વમન, ચંદ્રવિમાનને આવૃત્ત કરીને નીકળે તેને કુક્ષિભેદ કહે છે.

પૂર્વ રાહુ ચંદ્ર-સૂર્યને આચ્છાદિત કરે છે. તેના દ્વારા ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થાય છે.

ચંદ્રદેવ સૌમ્ય, કાંત અને મનોહર હોવાથી તેનું નામ 'શશી' છે અને સૂર્ય સમય, આવલિકા, મુહૂર્ત આદિ ગણના કાલની આદિ કરતો હોવાથી તેનું નામ 'આદિત્ય' છે. આ વિભાગમાં ૮૮ મહાગ્રહોના નામોનો ઉલ્લેખ પણ સૂત્રકારે કર્યો છે.

ખગોળ વિષયક આ ઉપાંગમાં ચંદ્રની ગતિ, ચંદ્રની દિશા, ચંદ્રના ગ્રહોનું માપ આદિ અનેક વર્ણનો વિસ્તૃતરૂપે આપ્યા છે. ચંદ્રની ગતિ કરવાના માપદંડ આ આગમમાં આપવામાં આવ્યા છે. ખગોળનો આ ગ્રંથ ૨૦ પ્રાભૃત (વિભાગ) અને ૨૨૦૦ ગાથાનો છે. પ્રસ્તુત આગમનો અભ્યાસ લોકસ્વરૂપ ભાવનાને પુષ્ટ કરે છે.

આ આગમની શૈલી પ્રશ્નોત્તર સ્વરૂપે છે. ગણધર ગૌતમ સ્વામી, ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછે છે અને ઉત્તરદાતા શ્રમણ ભગવાન મહાવીર છે.

જર્મન વિદ્વાનો અને બીજા પાશ્ચાત્ય વિચારકો આ સૂત્રને ગણિત, જ્યોતિષવિજ્ઞાન અને ભૂગોળ તથા ખગોળની દૃષ્ટિએ બહુ મહત્ત્વના માને છે. વિશ્વરચનાની સાથે સાથે તેમાં ઉચ્ચ કોટિનું ગણિત અને જ્યોતિષવિજ્ઞાન પણ છે. જ્યોતિષ અને ખગોળ વિજ્ઞાનમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓને માટે ચંદ્રવિજ્ઞપ્તિ અને સૂર્યવિજ્ઞપ્તિ ગ્રંથો અતિ ઉપકારક સાબિત થાય તેમ છે.✷✷✷

શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ સૂત્ર

૧૮

□ ડૉ. કલા એમ. શાહ

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ એ ક્ષેત્રીય ભાવનાનું પ્રદર્શક વિશાળ ભાવયુક્ત ભાષામાં લખાયેલું અદ્‌ભુત શાસ્ત્ર છે.'

–પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

પ્રશ્ન : શ્રી ગૌતમ પૂછે છે : ભગવન ! કયા કારણે જંબૂદ્વીપ એમ કહેવાય છે ?

શ્રી પ્રભુ મહાવીરનો ઉત્તર : ગૌતમ, જંબૂદ્વીપમાં તે–તે દેશમાં, તે–તે પ્રદેશમાં ઘણાં જંબૂવૃક્ષો એક્કેરૂપે વિરલ સ્થિત છે. ઘણાં જંબૂવન...જંબૂવૃક્ષો સમૂહ ભાવથી રહેલા છે તથા ઘણાં જંબૂવન ખંડ – જંબૂવૃક્ષ સમૂહો વિજાતીય વૃક્ષ મિશ્રિત છે. તેમાં પણ જંબૂવૃક્ષની જ પ્રાધાન્યતા છે તે પ્રસ્તુત વર્ણનનું સાફલ્ય છે.

પ્રશ્ન : તે કેવા છે ?

ઉત્તર : નિત્ય, સર્વકાળ , કુસુમિન યાવદ પદથી નિત્ય માયિત, નિત્ય લવયિક, નિત્ય સ્તબક્તિ ઇત્યાદિ.

આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અંગસૂત્ર છે. તે જ્ઞાતાધર્મકથાનું ઉપાંગ છે. જૈન ભૂગોળ અને ગણિતાનુયોગની દૃષ્ટિએ અજોડ કહી શકાય તેવું આ ઉપાંગસૂત્ર છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામ યથાર્થ છે કારણકે આ ક્ષેત્રમાં જંબૂ નામના અનેક વૃક્ષો છે. સ્થવિર ભગવંતોએ આ સૂત્રના પ્રકરણોને 'વૃક્ષસ્કાર' નામ આપ્યું છે. વૃક્ષ એટલે ઊભરેલો, ઉપર ઉઠેલો ભાગ. તે ઊભરેલો ભાગ જમીન પરનો હોય કે શરીર પરનો હોય તેને વક્ષ કહેવામાં આવે છે.

મહર્ષિ પુરુષો અંગ ઉપાંગ સૂત્રમાં જેનું વર્ણન કરે છે તેને તેનું જ નામ આપે છે. તેથી જ પ્રસ્તુત સૂત્રના પ્રકરણોને 'વક્ષસ્કાર' નામ આપ્યું છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિનો સૂત્ર પાઠ ૪૧૪૬ (ચાર હજાર એકસો છેંતાલીસ) શ્લોક પ્રમાણ ગણવામાં આવે છે.

વક્ષસ્કાર શબ્દનો વાસ્તવિક અર્થ પ્રકરણ નથી પરંતુ સૂત્રકારે પ્રકરણના અર્થમાં વક્ષસ્કાર શબ્દનો પ્રયોગ કર્યો છે. જંબૂદ્વીપમાં વૃક્ષસ્કાર નામના મુખ્ય પર્વતો છે. આ પર્વતો એક એક ક્ષેત્રને જુદા જુદા વિભાગમાં વિભક્ત કરે છે. આ વિભાગ કરવાની સામ્યતાને કારણે સૂત્રકારે પ્રસ્તુત સૂત્રમાં ઉદ્દેશક અને પ્રકરણના અર્થમાં વક્ષસ્કાર શબ્દનો પ્રયોગ કર્યો છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ એક અધ્યયન રૂપ છે અને તેના સાત વક્ષસ્કાર– પ્રકરણ છે.

જ્ઞાતા ધર્મકથાના ઉપાંગ સૂત્ર જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પ્રાકૃતમાં **'જંબૂદીવપન્નતિ'** નામે ઓળખાય છે. સંસ્કૃતમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામ છે.

જ્ઞાની ભગવંતોએ આ સૂત્રમાં પુદ્‌ગલે મુખ્ય કરી દ્વીપ સમુદ્રનું જ્ઞાન કરાવી, ચૈતન્યરૂપી જીવને પરથી પરાંગમુખ કરાવી સ્વ સન્મુખ કરવા માટે ઉપદેશ આપ્યો છે. લોકમાં પુદ્‌ગલ સ્કંધો જ્યાં જ્યાં ગોઠવાયા છે તેનું જંબૂદ્વીપના વર્ણનના માધ્યમ દ્વારા પ્રગટ કર્યું છે.

અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શયુક્ત પુદ્‌ગલનો પ્રચય નીચે ઊતરતો જાય છે તેને **અધોલોક** કહે છે.

શુભવર્ણાદિ યુક્ત પ્રચયો ઉપર ઊભરાતા જાય છે તેને **ઉર્ધ્વલોક** કહે છે.

તે બંને લોકની મધ્યમાં જે પુદ્‌ગલ પ્રચય ઊભરતો ઊભરતો એક લાખ યોજન પર્યંત ઊભરેલો છે તેને મેરુ પર્વત કહે છે અને તે મેરુ પર્વત સર્વની **મધ્યમાં** છે તેને ફરતો **જંબૂદ્વીપ** છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જંબૂદ્વીપ નામવાળા અનેક દ્વીપોમાંથી મધ્યવર્તી, કેન્દ્રવર્તી, જંબૂદ્વીપનું વર્ણન છે. મધ્યલોકમાં અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો છે તેની મધ્યમાં જંબૂદ્વીપનો દ્વીપ છે.

જંબૂદ્વીપ વિષયક પ્રશ્નોથી સૂત્રનો પ્રારંભ થાય છે અને તેના ઉત્તરરૂપે સંપૂર્ણ જંબૂદ્વીપનું વર્ણન કર્યું છે.

આ આગમના બે વિભાગ કરવામાં આવ્યા છે. (૧) પૂર્વાધમાં ૧ થી ૪ વક્ષસ્કારનો સમાવેશ કરવામાં આવ્યો છે. (૨) ઉત્તરાર્ધમાં ૫ થી ૭ વક્ષસ્કારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જંબૂવિષયક પ્રશ્નોથી સૂત્રનો પ્રારંભ થાય છે:

કહિ ણં ભંતે। જંબુદ્વીવે દીવે । કે મહાલએ ણં ભંતે।

જંબુદ્વીવે પણ્ણતે।

સૂત્રકારે આ પ્રશ્નના ઉત્તરરૂપે જંબૂદ્વીપનું વર્ણન કર્યું છે.

પ્રથમ વક્ષસ્કારમાં જંબૂદ્વીપનો આકાર, તદ્‌ગત પદાર્થો, જંબૂદ્વીપની જગતી = કોટ, કિલ્લો, જંબૂદ્વીપની દક્ષિણમાં સ્થિત ભરતક્ષેત્ર, તેની મધ્યમાં રહેલો દીર્ઘ વૈતાઢ્ય પર્વત, તે પર્વતથી વિભાજિત દક્ષિણાર્ધ ભરતક્ષેત્ર અને ઉત્તરાર્ધ ભરતક્ષેત્ર વગેરે વિષયોનું વર્ણન છે.

બીજા વક્ષસ્કારમાં ભરતક્ષેત્રમાં વર્તતા કાળનું વર્ણન છે. ભરત ક્ષેત્રમાં કાળ પરિવર્તનશીલ છે. ૨૦ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર છે. તેના ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણી કાળ નામના બે વિભાગ છે. પુનઃ તે બંને કાળ વિભાગના છ વિભાગ કરવામાં

આવ્યા છે. જે આરા નામે પ્રસિદ્ધ છે. તે આરાનું સંપૂર્ણ વર્ણન આ વક્ષસ્કારમાં છે. તે ઉપરાંત ત્રીજા આરાના અંત ભાગમાં ઋષભદેવ સ્વામી થઈ ગયા તેમના જીવનનું, તેમણે શીખવેલી કળાઓ, દીક્ષા, કેવળજ્ઞાન તથા નિર્વાણ સમયનું વિસ્તૃત વર્ણન છે.

ત્રીજા વક્ષસ્કારમાં ભરતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી નામે ભરતક્ષેત્રના, ઐરવત ક્ષેત્રના અને મહાવિદેહ ક્ષેત્રના સર્વ વિજયના, સર્વ કાળના ચક્રવર્તીઓની છ ખંડ વિજયયાત્રા, ૧૪ રત્નો, નવનિધિ આદિ સંપદાનું વર્ણન છે.

ચોથા વક્ષસ્કારમાં ૬ વર્ષધર પર્વતો, સાત મહાક્ષેત્રો, પર્વત ઉપરના દ્રહો–સરોવરો, તેમાંથી પ્રવાહિત થતી નદીઓ, પર્વત ઉપરના કૂટો અને વનાદિ કૂટો, વનો વગેરેનું વર્ણન છે. મધ્યલોકમાં જંબૂદ્વીપના કેન્દ્રસ્થાને સ્થિત સાધિક એક લાખ યોજન ઊંચા સુમેરુ પર્વતનું વર્ણન છે.

પાંચમા વક્ષસ્કારમાં મેરુ પર્વત ઉપરના પંકવનમાં ઈન્દ્રો, જન્મજાત તીર્થંકર પ્રભુનો જંબૂદ્વીપના તીથા, નદીઓ, દ્રહો તથા સમુદ્રોના પાણીથી અભિષેક કરે છે તે અભિષેક વિધિનું સંપૂર્ણ વર્ણન છે.

છઠ્ઠા વક્ષસ્કારમાં જંબુદ્વીપના પર્વતો, કૂટો, નદીઓ આદિનું માત્ર સંખ્યા દૃષ્ટિથી કથન છે. છઠ્ઠો વક્ષસ્કાર ચોથા વક્ષસ્કારનો ઉપસંહાર છે.

સાતમા વક્ષસ્કારમાં જંબૂદ્વીપમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા રૂપ જ્યોતિષ મંડલ મેરુને પ્રદક્ષિણા – પરિભ્રમણ કરે છે. તેમની ગતિ, રાત્રિ-દિવસની ઉત્પત્તિ, ક્ષેત્રના યોગ આદિ ખગોળનું વર્ણન છે.

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિરૂપ પ્રસ્તુતશાસ્ત્ર પ્રરૂપણાત્મક હોવાથી ગણિતસાધ્ય ક્ષેત્રની પ્રરૂપણાની જેમ ગણિતાનુયોગમાં અન્તર્ભાવ સમજવો જોઈએ. 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' ગણિતાનુયોગાત્મક હોવાથી સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત રત્નની અનુઉપદેશિક છે.'

(પૂ. ઘાસીલાલજી મહારાજ)

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રનો વિષય મુખ્યતયા ગણિતાનુયોગમાં સમાવિષ્ટ થાય છે.

ઋષભદેવ સ્વામી અને ભરત ચક્રવર્તીના વર્ણન દ્વારા ધર્મ-કથાનુયોગ દૃષ્ટિગોચર થાય છે. ઋષભદેવ સ્વામીના સંયમ જીવનના વર્ણનમાં આચારધર્મ પણ જોવા મળે છે.

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જૈન શાસ્ત્રકારોએ ક્ષેત્ર સંબંધી અને આકાશીય ગ્રહો સંબંધી સુવ્યવસ્થિત ઘટમાળનું પ્રદર્શન કરી, બુદ્ધિને પૂરો ક્ષેત્રીય ખોરાક આપી દીધો છે અને આ ક્ષેત્રીય હિસાબ-કિતાબ એટલો બધો સચોટ અને ગણિતબદ્ધ છે જેમાં જોમેટ્રીના બધા સિદ્ધાંતો સમાવિષ્ટ થયેલા છે.

ભગવાન મહાવીરે વૈજ્ઞાનિક ઢંગથી પૂરેપૂરા હિસાબ સાથે જંબૂદ્વીપની પરિધિનું જે માપ આપ્યું છે તે જોમેટ્રીના સિદ્ધાંત પ્રમાણે બરાબર ઠીક ઉતરે છે.

જંબૂદ્વીપ પૂર્ણિમાના ચંદ્ર જેવો ગોળ છે. તેનો વ્યાસ એક લાખ યોજનનો છે અને એની પરિધિ ૩, ૧૬, ૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩।। આંગુલ, ૫ જવ, ૧ જૂ, ૧ લીંખ, ૬ વાલાગ્ર અને એક વ્યવહાર પરમાણું જેટલો છે.'

(પ. પૂ. જયંતમુનિ મ.સા.)

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર ભૂગોળ, ખગોળ અને ઇતિહાસનું સંયોજન છે. આ સૂત્રમાં આપણી પૃથ્વી કેવા પ્રકારની છે, તેની સાથે સાથે આત્માથી પરમાત્મા સુધીની યાત્રા કેવી હોવી જોઈએ અને જંબૂદ્વીપના કયા ક્ષેત્રથી યાત્રા શરૂ થઈ શકે છે તેનું વર્ણન ભગવાને આ આગમમાં બતાવ્યું છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રનો વિષય મુખ્યતયા ગણિતાનુયોગમાં સમાવિષ્ટ થાય છે. આ સૂત્ર ભરતાદિ ક્ષેત્ર, વૈતાઢ્ય પર્વતો, ગંગાદિ નદીઓ, વનો, કૂટોની લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ, શરાદિ ગણિત તથા સૂર્ય, ચંદ્રાદિ વિમાનો, મંડલો, મંડલો વચ્ચેનું અંતર વગેરે ગણિતની ગણનાઓથી ભરપૂર છે.

પ્રસ્તુત જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં મહદ્ અંશે જંબૂદ્વીપનું વર્ણન છે. એશિયા આદિ છ ખંડો આ જંબૂદ્વીપની દક્ષિણે આવેલા ભરતક્ષેત્રમાં સમાવિષ્ટ થાય છે. આ ભરતક્ષેત્ર ઉપરાંત માનવ વસતી ધરાવતા અન્ય ક્ષેત્રો પણ જંબૂદ્વીપમાં છે અને જંબૂદ્વીપની બહાર ઘાતકીખંડ દ્વીપ વગેરેમાં પણ માનવવસતી છે. માનવવસતી ન હોય તેવા પણ અસંખ્યાત દ્વીપ છે. એ સર્વેનું વર્ણન આગમ સાહિત્યમાં પ્રાપ્ત થાય છે.

વૈજ્ઞાનિક વર્તમાન દૃષ્ટિએ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં વર્ણવેલ જૈન ભૂગોળની વાત કરીએ તો જણાય છે કે વર્તમાનના વૈજ્ઞાનિકો જે પૃથ્વીનું કથન કરે છે તે જ પૃથ્વીનું કથન જૈન શાસ્ત્રો પણ કરે છે પરંતુ બંનેની માન્યતામાં બહુ મોટું અંતર છે.

જૈન દૃષ્ટિએ પૃથ્વી દડા જેવી ગોળ નથી, ધરી પર ફરતી નથી આકાશમાં ફરતી નથી પણ આકાશમાં સ્થિર છે. પૃથ્વી આકાશમાં જરૂર છે, આ દેખાતી આપણી પૃથ્વી સાથે (પહેલી નરકની પૃથ્વી) જોડાયેલી છે. તે પૃથ્વીપિંડ પછી ઘનપાત પિંડ, તનુવાદ પિંડ, ઘનોદધિપિંડ આ ત્રણેય પિંડ પૂર્ણ થયા પછી અસંખ્યાત યોજન-અબજો માઈલ સુધી નર્યું આકાશ છે. તે આકાશ ઉપર પૃથ્વી પ્રતિષ્ઠિત છે.

જૈન દૃષ્ટિએ આ દેખાતી પૃથ્વી જેટલી જ પૃથ્વી નથી. જૈન શાસનની ભૂગોળ નિર્વિવાદ પણે માને છે કે ઉત્તર ધ્રુવ, દક્ષિણ ધ્રુવ પાસે પૃથ્વીની સમાપ્તિ થતી નથી. જૈન શાસ્ત્રાનુસાર

જંબૂદ્વીપના દક્ષિણ છેડે ભરત ક્ષેત્ર નામનું અબજો માઈલનું એક ક્ષેત્ર છે. તે ભરત ક્ષેત્રની વચ્ચે વૈતાઢ્ય પર્વત હોવાથી તેના ઉત્તર ભારત અને દક્ષિણ ભારત તેવા બે વિભાગ પડી ગયા છે. આજની આ દેખાતી એશિયા વગેરે છ ખંડની દુનિયા દક્ષિણ ભરત ક્ષેત્રમાં છે, જેમાં આપણો ભરત દેશ આવી જાય છે. જૈન દૃષ્ટિએ વર્તમાન પૃથ્વીની આગળ હજુ બહુ વિશાળ ધરતી વિદ્યમાન છે. ઉત્તર ધ્રુવથી આગળ ઉત્તર ભરત, વૈતાઢ્ય પર્વતથી મહાવિદેહ ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્ર સુધી કરોડો કિલોમીટર સુધી પૃથ્વી પથરાયેલી છે. વૈજ્ઞાનિકો જેની જાણકારી હજુ મેળવી શક્યા નથી. ✷ ✷ ✷

સંદર્ભગ્રંથો:

(૧) આગમ સૂત્ર : સટીક અનુવાદ–મુનિદીપરત્ન સાગર

(૨) ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ આગમ-સંપાદક-ગુણવંત બરવાળિયા

(૩) ગુરુ પ્રાણ આગમ બત્રીસી-સંપાદિકા-પૂ. લીલમબાઈ મહાસતી

(૪) આગમદર્શન-લેખક-સંપાદક-ગુણવંત બરવાળિયા

(૫) જૈન પરંપરાનો ઇતિહાસ–બંધુત્રિપુટી

(૬) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ-મોહનલાલ દલીચંદ દેસાઈ

ભગવાનનો ઘોર અભિગ્રહ

કઠોર તપશ્ચર્યાનું બીજું નામ એટલે ભગવાન મહાવીર. કેવળજ્ઞાન પામ્યા તે પહેલાં વિહાર કરતાં શ્રી મહાવીર સ્વામી મેંઢિય ગામથી કૌશામ્બી પધાર્યા. પોષ વદી એકમના દિવસે એમણે ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે આ મુજબની પરિસ્થિતિનું નિર્માણ થશે તો જ હું ઉપવાસનું પારણું કરીશ:

'દ્રવ્યથી અડદના બાકળા હોય અને તે સૂપડાના એક ખૂણામાં હોય, ક્ષેત્રથી આપનારનો એક પગ ઉંબરાની અંદર અને એક બહાર હોય, કાળથી બપોરના ભોજનનો સમય પસાર થઈ ગયો હોય અને ભાવથી રાજકન્યા હોય પણ દાસત્વ પ્રાપ્ત કરેલું હોય, વળી એ બંધનગ્રસ્ત હોય, માથું મૂંડેલું હોય, ત્રણ દિવસથી ઉપવાસી હોય, આંખમાં આંસુ હોય એવા સંજોગોમાં મારે ભિક્ષા લેવી અન્યથા છ માસ સુધી ભિક્ષા ગ્રહણ કરવી નહીં!'

આવો કઠોર અભિગ્રહ-પ્રતિજ્ઞા ધારણ કરીને શ્રી વર્ધમાન સ્વામી દરરોજ ગોચરી લેવા માટે કૌશામ્બીમાં ફરતા હતા. ભાવુક ભક્તો એમને ભિક્ષા આપવા માટે ઘણી ઉત્સુકતા દાખવતા પણ ભગવાન કંઈ પણ લીધા વિના પાછા ફરતા. લોકોના મનમાં પ્રશ્ન થતો હતો કે ભગવાન ભિક્ષા અર્થે શું ઈચ્છે છે?

ગોચરી અર્થે વિહાર કરતાં કરતાં મહાવીર પ્રભુ એક દિવસ મંત્રી સુગુપ્તના આવાસે પધાર્યા. મંત્રી સુગુપ્તની પત્ની નંદા શ્રાવિકા શ્રદ્ધાપૂર્વક ભિક્ષા આપવા આવી પણ મહાવીર કંઈ પણ લીધા વિના ત્યાંથી ચાલ્યા ગયા. નંદાની ખિન્નતાનો પાર ન રહ્યો. તે પોતાના ભાગ્યને ધિક્કારી રહી એ સમયે તેની દાસીએ કહ્યું કે,'આપ શા માટે દુ:ખી થાઓ છો? દેવાર્ય તો આજે જ નહીં છેલ્લા ચાર મહિનાથી કંઈ પણ લીધા વિના આવી રીતે પાછા ફરે છે.' આ વાત જાણીને નંદા વધુ ચિંતામાં પડી ગઈ. તે પતિને વઢી પડી : 'આપ કેવા મંત્રી છો કે ચાર-ચાર મહિના પૂર્ણ થવા આવ્યા છતાં ભગવાન મહાવીરને ગોચરી ઉપલબ્ધ થતી નથી. એમનો શો અભિગ્રહ છે તે સત્વરે જાણવું જોઈએ, તમારી બુદ્ધિને કામે લગાડો.'

મંત્રીને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. આ સંવાદ ત્યાં ઊભેલા વિજય પ્રતિહારીએ સાંભળ્યો. તેણે એ વાત મહારાણી મૃગાવતીને કહી. રાણી મૃગાવતીએ રાજા શતાનીકને કહ્યું. રાજા અને મંત્રીએ ભગવાનના અભિગ્રહ વિશે શોધ આદરી અને પછી તો કૌશામ્બી નગરી હિલોળે ચઢી. સૌએ ભગવાનના અભિગ્રહ વિશે જાણવા ખૂબ પ્રયાસ કર્યો. કોઈને સફળતા મળી નહીં.

પાંચ મહિના અને પચ્ચીસ દિવસ પસાર થઈ ગયા. ભગવાનના મુખ પર રહેલી કાંતિ એવી જ અપૂર્વ જણાતી હતી.

એક દિવસ પોતાના નિયમ મુજબ પરિભ્રમણ કરતા ભગવાન ધન્ના શ્રેષ્ઠિના ગૃહે આવીને ઊભા. રાજકુમારી ચંદના બારણામાં બેઠી હતી. એ આજકાલ દાસી હતી. ત્રણ દિવસથી ભૂખી અને તરસી હતી. હાથમાં સૂપડું હતું અને તેમાં બાકળા હતા. એક પગ અંદર હતો અને એક પગ ઉંબર બહાર હતો. હાથમાં બેડીઓ બાંધેલી હતી અને ધન્ના શેઠના આવવાની રાહ જોતી હતી. એમાં એણે ભગવાન મહાવીરને આવતા જોયા.

ચંદના વિચારવા લાગી કે મારા કેવા ધનભાગ્ય છે કે ભગવાન મારે ત્યાં પધારી રહ્યા છે. પણ રે, અડદ જેવી તુચ્છ વસ્તુ હું ભગવાનને કેવી રીતે આપીશ? એ વિચારતી ચંદનાની મનોદશા મૂંઝાઈ. ભગવાને તેની સન્મુખ જોયું પણ પોતાનો અભિગ્રહ પૂર્ણ થતો નહોતો. આંખમાં આંસુની ઓછપ હતી! તે પાછા વળ્યા ને ચંદનબાળાની આંખમાંથી આંસુ આવી ગયાં: રે! પ્રભુ તો પાછા વળ્યા, મને લાભ નહીં મળે? અને પ્રભુ પાછા વળ્યા. ભગવાનનો અભિગ્રહ પૂર્ણ થઈ ગયો. ભગવાને પોતાનું કરપાત્ર ચંદનાની સામે ધર્યું. આંસુભીની આંખો સાથે તથા હર્ષાતિરેકથી ચંદનબાળાએ મહાવીર પ્રભુને અડદના સૂકા બાકળા વહોરાવ્યા.

મહાવીર પ્રભુએ ત્યાં જ પારણું કર્યું. આકાશમાંથી 'અહો દાનં અહો દાનંના દેવ-દુંદુભિ વાગી ઊઠ્યાં. પાંચ દિવ્ય પ્રગટ થયા. સાડાબાર કરોડ સુવર્ણમુદ્રાની વર્ષા થઈ. ચંદનબાળાનું સૌન્દર્ય ખીલી ઊઠ્યું અને લોહ બેડી સુવર્ણ આભૂષણમાં પલટાઈ ગઈ.

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

શ્રી નિરયાવલિકા સૂત્ર

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

૧૯

કોઈ પણ ધર્મનું સ્વરૂપ જાણવું હોય તો એના સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ. જેથી એ ધર્મનું સંપૂર્ણ ચિત્ર પ્રાપ્ત થઈ શકે. એ ન્યાયે જૈનદર્શનની જાણકારી માટે આગમ સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ. એ આગમ સાહિત્યની વિચારણા પૂર્વે જણાવી છે એમાંથી વર્તમાને પ્રચલિત ૧૨ ઊપાંગોમાંથી અહીં આઠમું ઉપાંગ નિરયાવલિકાજીનું વિવેચન પ્રસ્તુત છે.

નામકરણ–

પ્રસ્તુત સૂત્ર અંતકૃતદશાંગ સૂત્રનું ઉપાંગ છે. જે ૧૨ ઉપાંગોમાંથી છેલ્લા પાંચ ઉપાંગોના સંગ્રહરૂપે મનાય છે. **નિરયાવલિકા નામથી પ્રસિદ્ધ** આ ઉપાંગનું બીજું નામ કપ્પિયા (કલ્પિક) છે. એમાં સમાવિષ્ટ પાંચ ઉપાંગો આ પ્રમાણે છે (૧) નિરયાવલિકા કે કલ્પિકા (૨) કલ્પાવતંસિકા (૩) પુષ્પિકા (૪) પુષ્પચૂલિકા અને (૫) વૃષ્ણિદશા. જે પ્રાકૃતમાં નીચે મુજબના નામથી પણ ઓળખાય છે. (૧) નિરયાવલિયા (૨) કપ્પવડંસિયા (૩) પુપ્ફિયા (૪) પુપ્ફચૂલિયા અને (૫) વણ્હિદશા (વિણ્હિદશા).

આ પાંચે ઉપાંગ નાના નાના હોવાથી એક જ આગમમાં પાંચ વર્ગના રૂપમાં સમાવિષ્ટ છે. આ પાંચેનો પરસ્પર સંબંધ છે. પ્રથમ સૂત્ર નિરયાવલિકા હોવાને કારણે નિરયાવલિકા નામથી પ્રસિદ્ધ છે. પરંતુ પૃથક-પૃથક છે.

જાણકારોના મતે આ પાંચે ઉપાંગ પહેલાં નિરયાવલિકાના નામથી જ હતા. પરંતુ પછીથી ૧૨ ઉપાંગોનો ૧૨ અંગો સાથે સંબંધ સ્થાપિત કરવા માટે એમને અલગ અલગ ગણવામાં આવ્યા. (પ્રો. વિન્ટરનિત્જનો પણ આ જ અભિપ્રાય છે.)

નિરયાવલિકા–

નિરય+આવલિકા એમ બે શબ્દથી બનેલું છે. નિરય એટલે નરક અને આવલિકા એટલે પંક્તિબદ્ધ. જે આગમમાં નરકમાં જવાવાળા જીવોનું પંક્તિબદ્ધ વર્ણન છે તે નિરયાવલિયા કે નિરયાવલિકા છે.

નિરયાવલિકા આગમ ગ્રંથના કર્તા–

આ આગમના કર્તાનું નામ સ્પષ્ટતયા પ્રાપ્ત થતું નથી. સ્થવિર ભગવંતો રચિત હોવાનું અનુમાન કરી શકાય.

રચનાકાળ–

ભગવાન મહાવીર પછી અને આચાર્ય શ્રી ભદ્રબાહુના સમયની પૂર્વેનો હોવાનો સંભવ છે.

આગમ ગ્રંથની ભાષા–

આગમ સાહિત્ય અનુસાર તીર્થંકર ભગવંત અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે. એને એ સમયમાં દિવ્ય ભાષા કહેવામાં આવતી અને એનો પ્રયોગ કરવાવાળાને ભાષાર્ય કહ્યા છે. આ ભાષા પ્રાકૃતનું જ એક રૂપ છે. એ મગધના એક ભાગમાં બોલાય છે માટે અર્ધમાગધી કહેવાય છે. એમાં માગધી અને બીજી ભાષાઓ એટલે કે અઢાર દેશી ભાષાઓના લક્ષણ મિશ્રિત છે તેથી અર્ધમાગધી કહેવાય છે. ભગવાન મહાવીરના શિષ્ય મગધ, મિથિલા, કૌશલ આદિ અનેક પ્રદેશ, વર્ગ અને જાતિના હતા એટલે જૈન સાહિત્યની પ્રાચીન પ્રાકૃત ભાષામાં દેશ્ય શબ્દોની બહુલતા છે. માટે તેને અર્ધમાગધી ભાષા કહેવાય છે. એ અનુસાર આ આગમ પણ અર્ધમાગધી ભાષામાં રચાયું છે.

આગમની શૈલી–

આ આગમ ધર્મકથાનુયોગની શૈલીનું છે. અનુયોગ એટલે સૂત્ર અને અર્થનો ઉચિત્ત સંબંધ (યોગ) એ ચાર પ્રકારના છે. ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ.

ધર્મકથાનુયોગ એટલે જેમાં કથાના માધ્યમથી કષાય આદિનું નિરાકરણ કરીને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરાય. ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીર પાસે ભક્તિ કરવા દેવો તથા દેવીઓ આવે છે. પ્રભુના દર્શન કરીને રવાના થાય છે ત્યારે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે હે ભગવન્! એ કોણ હતા? અને એમનો મોક્ષ ક્યારે થશે? તેના જવાબમાં કર્મની વિચિત્રતા માટે સામ્રાજ્યના સમ્રાટ રાગકેસરી રાજાના કેદી થયેલા, દ્વેષ યુવરાજના હાથથી બંધાયેલા બાવન આત્મામાંથી કેટલાક આત્માઓનું રોમાંચક કથાનક સ્વયં શ્રી મુખેથી કહે છે તો કેટલાકનું વૈરાગ્યપૂર્વક ગ્રહણ કરેલ સંયમી જીવન પણ કહે છે. એમાંથી આ સૂત્રમાં ઉત્તમ એવા મનુષ્યભવમાં કેવા કાર્યો કરે છે એને કારણે નરકગામી થવું પડે છે એવા દસ જીવોનું કથાનક વર્ણવ્યું છે, જે દસ અધ્યયનમાં છે.

આ સૂત્ર ગદ્ય શૈલીમાં છે. ૭૨ ગદ્યાંશમાં આ સૂત્ર રચાયેલું છે. પાંચે વર્ગના બાવન અધ્યયન છે. સંપૂર્ણસૂત્રનું પરિમાણ ૧૧૦૯ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે.

વ્યાખ્યા સાહિત્ય–

આ એક કથા સાહિત્ય હોવાને કારણે આના પર નિર્યુક્તિભાષ્ય કે ચૂર્ણિઓ ન હોય એ સ્વાભાવિક છે. માત્ર શ્રીચન્દ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં નિરયાવલિકા પર સંક્ષિપ્ત અને શબ્દાર્થસ્પર્શી વૃત્તિ લખી છે. શ્રીચન્દ્રસૂરિનું બીજું નામ પાર્શ્વદેવગણિ હતું. તેઓ શીલભદ્રસૂરિના શિષ્ય હતા. એમણે વિ. સં. ૧૧૭૪માં નિશીથચૂર્ણિ પર દુર્ગપદ્ર વ્યાખ્યા લખી હતી અને શ્રમણોપાસક પ્રતિક્રમણ, નંદી, જીતકલ્પ, બૃહત્ચૂર્ણિ આદિ આગમો પર ટીકાઓ લખી છે.

પ્રસ્તુત આગમોની વૃત્તિના પ્રારંભમાં આચાર્યએ ભગવાન

પાર્શ્વને નમસ્કાર કર્યા છે.

पार्श्वनाथ नमस्कृत्य प्रायोऽन्यग्रन्थवीक्षिता ।
निरयावलिश्रुत स्कन्ध-व्याख्या काचित् प्रकाश्यते ।।

આમાં એમના ગુરુનો કે એમનો પોતાનો નામનિર્દેશ નથી તેમ જ ગ્રંથ રચનાનો સમય પણ નથી. ગ્રંથની જે મુદ્રિત પ્રત છે એમાં 'इति श्री चन्द्रसूरि विरचितं निरयावलिका श्रुतस्कन्धविवरणं समाप्तमिति। श्री रस्तु' એટલો ઉલ્લેખ છે. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે.

બીજી સંસ્કૃત ટીકા ઘાસીલાલજી મ.સા.ની છે, જે સ્થાનકવાસી જૈન પરંપરાના છે, એમની ટીકા સરળ અને સુબોધ છે. આ બે ટીકાઓ સિવાય અન્ય કોઈ સંસ્કૃત ટીકા લખવામાં આવી નથી. ઘાસીલાલજી મ.સા. ટીકાનું હિન્દી અને ગુજરાતી ભાષાંતર પણ છે. આ ઉપરાંત અમોલખઋષિજીની હિન્દી ટીકા, જૈનધર્મ પ્રચારક સભાની મૂળ ટીકા અને અને ગુજરાતી ટીકા, મધુકરમુનિની હિન્દી ટીકા, આચાર્ય તુલસી દ્વારા સંપાદિત ટિપ્પણ સહિત સંશોધિત મૂળપાઠ, બનારસથી પ્રકાશિત ચંદ્રસૂરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન, આગમમનિષી ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત આગમ નવનીતનો સંક્ષિપ્ત સારાંશ અને ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મૂળ, ભાવાર્થ, વિવેચન સહિતના ઉપાંગ પ્રકાશિત થયા છે.

વિષય વસ્તુ–કથા સારાંશ

આ આગમમાં નરકમાં જનારા જીવોનું (શ્રેણિક પુત્રનું) ક્રમશઃ વર્ણન છે. પ્રાચીન મગધના ઇતિહાસને જાણવા માટે આ વર્ગ ઘણો જ ઉપયોગી છે. તેમાં સમ્રાટ શ્રેણિકના રાજ્યકાલનું વર્ણન કરેલ છે. સમ્રાટ શ્રેણિકનું જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં અનુક્રમે શ્રેણિક ભિંભિસાર અને શ્રેણિક બિંબિસાર નામ મળે છે. જૈન દૃષ્ટિએ શ્રેણીઓની સ્થાપના કરવાના કારણે તેનું નામ શ્રેણિક પડ્યું.

श्रेणी: कायति श्रेणिको मगधेश्वर: । (अभिधानचिन्तामणि: स्वोपज्ञवृत्ति:, मर्त्य काण्डं, श्लोक ३७६)

બૌદ્ધ દૃષ્ટિએ તેના પિતાએ તેને અઢાર શ્રેણીઓનો માલિક બનાવ્યો હતો તેથી તે શ્રેણિક નામથી પ્રસિદ્ધ થયા. स पित्राष्टादशसु श्रेणिस्ववतारित:, अतोऽस्यु श्रेष्यो बिम्बिसार इति ख्यात: ।। (विनयपिटक, गिलगिट मैन्युस्त्रिष्ट।)

જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં શ્રેણીઓની સંખ્યા અઢાર જ છે. 'મહાવસ્તુ'માં શ્રેણીઓના ત્રીસ નામ મળે છે. તેમાંથી ઘણા નામો તો જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં વર્ણવેલ અઢાર નામોની સમાન છે. જેમકે કુંભાર, પટ્ટઇલ્લા, સુવર્ણકારા વગેરે.

આ આગમમાં દસ અધ્યયન છે. તેમાં નરકગામી દસ જીવોનું વર્ણન છે. જેનો સાર નીચે મુજબ છે - શ્રેણિક રાજાના પુત્રો (૧) કાલ, (૨) સુકાલ, (૩) મહાકાલ, (૪) કૃષ્ણ, (૫) સુકૃષ્ણ, (૬) મહાકૃષ્ણ, (૭) વીરકૃષ્ણ, (૮) રામકૃષ્ણ, (૯) પ્રિયસેનકૃષ્ણ અને (૧૦) મહાસેનકૃષ્ણ કાલી, સુકાલી આદિ જુદી જુદી રાણીઓના પુત્રો હતા.

શ્રેણિક અને ચેલ્લણા રાણીનો પુત્ર કોણિક આ ભાઈઓની મદદથી શ્રેણિકને જેલમાં પુરી ગાદીએ બેસે છે. શ્રેણિક રાજાની આવી દશાથી ઉદાસીન રાણી ચેલ્લણાએ એકદા કોણિક સમક્ષ તેના જન્મ પ્રસંગનું સાદ્યંત વર્ણન કર્યું. જેમકે કોણિક ગર્ભમાં આવતાં માતાને રાજાના કાળજાનું માંસ ખાવાનો દોહદ થયો. તેથી ગર્ભનો નાશ કરવાના ઉપાય કર્યા. પરંતુ તે નિષ્ફળ જતાં જન્મતાં જ તેને અશોકવાટિકામાં જઈને એકાંત સ્થાનમાં ઉકરડા પર ફેંકાવી દીધો. રાજાને ખબર પડતાં દુર્ગંછા કર્યા વગર તેને ઉકરડામાંથી લાવી કુકડાએ કરડેલી આંગળી પોતાના મુખમાં લઈને પિતૃ-વાત્સલ્યભાવે તેની વેદના શાંત કરી. કુકડાએ આંગળી કરડી ખાવાથી તે સંકુચિત થઈ જતાં તેનું ગુણનિષ્પન્ન નામ કૂણિક (કોણિક) રાખવામાં આવ્યું.

આ વર્ણનથી કોણિકનું અંતર દ્રવિત થયું. પશ્ચાતાપપૂર્વક પોતાના પરમ ઉપકારક પિતાને મુક્ત કરવા તે સ્વયં કુહાડી લઈને શ્રેણિક પાસે ગયા. શ્રેણિકે પોતાની પાસે તેને આવતા જોઈને પોતાના પુત્રને પિતૃહત્યાના દોષમાંથી બચાવવા પોતાની અંગુઠીમાં રહેલ તાલપુટ ઝેર ચૂસીને મરણને શરણ થયા.

આ ઘટનાથી શોકમગ્ન કોણિક મનની શાંતિ માટે રાજગૃહી નગરી છોડીને ચંપાનગરીમાં સપરિવાર રહેવા ચાલ્યા ગયા. ત્યાર પછી રાજ્યના અગિયાર ભાગ કરી ભાઈઓમાં વહેંચી લીધા. પરંતુ કર્મની ગતિ ન્યારી છે. કોણિકની રાણી પદ્માવતીની કાન ભંભેરણીથી પોતાના ભાઈ વિહલ્લ પાસેથી પિતાએ આપેલ દિવ્ય હાર અને સેચનક ગંધ હાથી મેળવવા ભયંકર યુદ્ધ કર્યું. એમાં દસે કુમારો માર્યા ગયા અને નરકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યજન્મ પામી વૈરાગ્યવાસિત બની, દીક્ષા લઈ ઉત્કૃષ્ટ ચારિત્રધર્મ પાળશે અને નિર્વાણ પામી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે. એ દસે કુમારનું વર્ણન નિરયાવલિકા આગમ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

ઉપસંહાર–

માતાના ચરણ સ્પર્શ કરવા જવાના નિમિત્તે કોણિકની ચિંતનદશામાં પરિવર્તન આવી ગયું. અતિલોભનું પરિણામ શૂન્યમાં આવે છે. 'ન હાર મળ્યો ન હાથી અને ભાઈ હણાયા દસ સાથી.' ઈર્ષ્યા કે મોહથી યુક્ત સ્ત્રીઓના તુચ્છ હઠાગ્રહથી માણસનું પતન થાય છે.

યુદ્ધમાં પ્રાયઃ આત્મપરિણામો ક્રૂર હોય છે. તેથી તે અવસ્થામાં મરનારા પ્રાયઃ નરકગતિમાં જાય છે. ભૌતિક ક્ષણભંગુર વસ્તુઓની તીવ્રતમ મૂર્ચ્છા સ્વ-પરના જીવનમાં કેવું ભયંકર નુકસાન કરે છે તે પ્રસ્તુત કથાનકથી જાણી શકાય છે. સંસાર આવા જ અનેક સંઘર્ષોથી ભરલો છે. તેનાથી દૂર રહેવા હઠાગ્રહ, કદાગ્રહ, પૂર્વગ્રહ આદિ જીવનમાં ન પ્રવેશે તેનું ધ્યાન રાખીને સર્વ પ્રત્યે મૈત્રી ભાવના કેળવવી જેથી સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય. ✷ ✷ ✷

શ્રી કપ્પવડિંસિયા-કલ્પાવંતસિકા સૂત્ર

૨૦

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

સમસ્ત બ્રહ્માંડ અર્થાત્ સંપૂર્ણ લોકનું સ્વરૂપ જાણવું તેમ જ વસ્તુ તત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન મેળવવાના વિષયમાં ભારતીય દર્શનમાં સામાન્યતઃ ૮ પ્રમાણ દર્શાવ્યા છે. તેમાંનું એક પ્રમાણ આગમ છે. આપ્ત વચનથી ઉત્પન્ન અર્થ પદાર્થના રહસ્યનું પરિપૂર્ણ જ્ઞાન થાય તે આગમ છે. એવા આપ્તજન સર્વજ્ઞ પ્રણિત અર્થની ગણધર ભગવંતોએ સૂત્ર દ્વારા ગૂંથણી કરી છે. એમાંનું એક એટલે કપ્પવડિંસિયા આગમ પ્રસ્તુત છે.

નામાંકન :

કપ્પ એટલે કલ્પ અને વડિંસિયા અર્થાત્ વસવું તે. કલ્પ શબ્દનો પ્રયોગ સૌધર્મથી અચ્યુત સુધીના બાર દેવલોક માટે પ્રયુક્ત થયો છે. દેવલોક પુણ્ય ભોગવવાનું સ્થાન છે. જે જીવો મનુષ્ય ભવમાં તપ-સંયમની આરાધના કરી કલ્પ દેવલોકમાં ઉપજે છે. તેમનો અધિકાર આ આગમમાં છે. તેથી તેનું નામ કપ્પવડિંસિયા રાખ્યું છે.

ગ્રંથકર્તા :

આ આગમકર્તાનું નામ ઉપલબ્ધ થતું નથી. પરંતુ સ્થવીર ભગવંતો દ્વારા રચાયા હોવાનું માની શકાય છે.

રચનાકાળ :

ભગવાન મહાવીરના શાસનકાળમાં આચાર્યશ્રી ભદ્રબાહુમુનિના સમય પહેલાનો હશે એમ અનુમાન થાય છે.

આગમ ગ્રંથની ભાષા :

પ્રાકૃત ભાષાના એક રૂપ સમાન અઢાર દેશી ભાષાઓના લક્ષણ મિશ્રિત અર્ધમાગધી ભાષામાં આ આગમ રચાયું છે. સામાન્ય જનોની બોલાતી ભાષામાં એ રચાયું છે. ચારિત્ર ધર્મની આરાધના અને સાધના કરનાર બાળક, સ્ત્રી, મંદબુદ્ધિવાળા કે મુર્ખ લોકો ઉપર કૃપા કરીને તીર્થંકર ભગવંત સિદ્ધાંતની પ્રરૂપણા અર્ધમાગધી ભાષામાં કરે છે. માગધી અને દેશી શબ્દોનું મિશ્રણ હોવાથી તે અર્ધમાગધી ભાષા કહેવાય છે.

આગમની શૈલી :

આ આગમ ધર્મકથાનુયોગની શૈલીનું છે. જેમાં શ્રેણિક રાજાના કાલકુમાર-સુકાલકુમાર આદિ દસ પુત્રોના ક્રમશઃ દસ પુત્રોના એટલે કે શ્રેણિક રાજાના દસ પૌત્રોના કથા વર્ણન છે. ગદ્યશૈલીમાં દસ અધ્યયનમાં પંદર ગદ્યાંશમાં જ સંપૂર્ણ ઉપાંગ રચાયું છે.

વિષય વસ્તુ :

આ શ્રી અનુત્તરોપપાતિક દશાંગ સૂત્રનું ઉપાંગ છે. આ ઉપાંગમાં ૧૦ અધ્યયન છે. તેના નામ આ પ્રમાણે છે. પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનીગુલ્મ, આનંદ અને નંદન છે. આ દશેય શ્રેણિક રાજાના પૌત્રો હતા. જેઓએ પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળી વૈરાગ્યવાસિત થઈને દીક્ષા અંગીકાર કરી પાંચ વર્ષ સુધી શ્રમણધર્મ પાળ્યો. ૧૧ અંગસૂત્રોનું અધ્યયન કરી ઉત્કૃષ્ટ તપ કર્યું. અંતમાં એક માસનો સંથારો કરીને કાળ પ્રાપ્ત થતાં સૌધર્મ કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સંયમ અંગીકાર કરી સિદ્ધ થઈને સર્વ દુઃખોનો અંત કરશે. આ જ પ્રમાણે બાકીના નવ કુમારોનું વર્ણન છે.

ઉપસંહાર :

એક જ પરિવારના દરેક જીવોની પોતપોતાના કર્મો અનુસાર ગતિ થાય છે. પિતા અને પુત્રો નરકમાં, માતા મોક્ષમાં, પૌત્રો સ્વર્ગમાં ગયા છે. તે સર્વ જીવોને પુણ્યયોગે ભૌતિક સામગ્રી સમાન મળી હતી. પિતા, પુત્ર, માતા, પૌત્રો બધા એક જ રાજ્યના, એક જ પરિવારના સદસ્યો હતા; પણ પ્રાપ્ત સામગ્રીને કોઈકે ત્યાગી, કોઈક તેમાં આસક્ત બન્યા, કોઈકે તેના જ નિમિત્તે ઈર્ષા, વેરઝેર, ક્રોધાદિ ભાવો કર્યા અને તે પોતપોતાના ભાવાનુસાર ભિન્ન ભિન્ન ગતિને પામ્યા.

પુણ્યના ઉદયે સામગ્રી મળવા માત્રથી વ્યક્તિ પુણ્યશાળી કહેવાતી નથી. પુણ્યશાળી તો તે જ છે જે પ્રાપ્ત સામગ્રીનો સ્વેચ્છાએ ત્યાગ કરી, મનુષ્ય ભવની અમૂલ્ય ક્ષણોને આત્મ સાધનામાં પસાર કરે; સંપત્તિ-પરિવારાદિની અનિત્યતા સમજી તેની આસક્તિ ત્યાગે. તે આત્માઓ દેવાદિ સુગતિને પામે છે, અને તપ-ત્યાગની સાધનાની પરાકાષ્ટાએ પહોંચી, સંપૂર્ણતયા અનાસક્ત બની સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે.

જે ધન, સંપત્તિ, પરિવારાદિમાં આસક્ત રહે; તેના કારણે ક્રોધ, લોભ આદિ કષાય કરે છે તેઓ અજ્ઞાની-બાળજીવો છે. તે મૂર્ખની જેમ મનુષ્યભવ વ્યર્થ ગુમાવી, અનંત કર્મોનો ભાર લઈને નરક, તિર્યંચ ગતિના મહેમાન બની દુઃખો ભોગવે છે.

વ્યાખ્યા સાહિત્ય :

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃતભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત અને શબ્દાર્થ સ્પર્શી વૃત્તિ લખી છે. શ્રી ચંદ્રસૂરિનું જ બીજું નામ પાર્શ્વદેવગણિ હતું. તે શીલભદ્રસૂરિના શિષ્ય હતા. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે.

બીજી સંસ્કૃત ટીકાનું નિર્માણ સ્થાનકવાસી જૈન પરંપરાના આચાર્ય ઘાસીલાલજી મહારાજે કર્યું હતું. તેની ટીકા સરળ અને સુબોધ છે. તે ટીકામાં કોણિક રાજાના પૂર્વભવનું પણ વર્ણન છે. બીજા પણ ઘણાં પ્રસંગો છે.

વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રના પ્રકાશિત સાહિત્ય આ પ્રમાણે છે:-

(૧) સન ૧૯૨૨ માં આગમોદય સમિતિ સુરત દ્વારા ચંદ્રસૂરિકૃત વૃત્તિ.

(૨) સન ૧૮૮૫માં બનારસથી ચંદ્રસૂરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન.

(૩) વિ. સં. ૧૯૯૦માં જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર દ્વારા મૂળ અને ટીકા તેમ જ તેના ગુજરાતી અર્થ.

(૪) સન ૧૯૩૪માં ગુર્જરગ્રંથ કાર્યાલય અમદાવદાથી ભાવાનુવાદ.

(૫) વીર સં. ૨૪૪૫માં હૈદરાબાદથી આચાર્ય અમોલખઋષિજી દ્વારા હિન્દી અનુવાદ.

(૬) સન ૧૯૬૦માં શાસ્ત્રોદ્ધારક સમિતિ રાજકોટથી આચાર્ય ઘાસીલાલજી મહારાજ દ્વારા સંસ્કૃત વ્યાખ્યા તેમ જ તેના હિન્દી અને ગુજરાતી અનુવાદ.

(૭) શ્રમણસંઘીય યુવાચાર્ય શ્રી મધુકરમુનિજીના કુશળ નેતૃત્વમાં આગમ પ્રકાશન સમિતિ બ્યાવર દ્વારા ૩૨ આગમો વિવેચન સાથે પ્રકાશિત થયા, તેમાં પણ આ સૂત્રના હિન્દી અનુવાદનું વિવેચન સાથે પ્રકાશન થયું.

(૮) ઈ. સ. ૧૯૭૭માં આચાર્ય તુલસી દ્વારા સંપાદિત, વિશ્વભારતી લાડનૂંથી પ્રકાશિત ટિપ્પણ સહિત સંશોધિત મૂળપાઠ.

(૯) ઈ. સ. ૧૯૯૦માં આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત, આગમ નવનીત પ્રકાશન સમિતિ, સિરોહીથી પ્રકાશિત સંક્ષિપ્ત સારાંશ.

(૧૦) ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મૂળ, ભાવાર્થ, વિવેચન સહિત પ્રસ્તુત ઉપાંગ સૂત્ર પ્રકાશિત થયું છે. આમ સરળતાથી પ્રાપ્ત થતાં આગમ સૂત્રોના અભ્યાસ કરીને શાશ્વત સુખને પ્રાપ્ત કરીને માનવભવ સાર્થક કરીએ.✷ ✷ ✷

ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૬૪ થી ચાલુ

દીક્ષા કા સમય નિકટ આને પર નવ લોકાન્તિક દેવો ને આકર પ્રાર્થના કી–

''ભગવતી! અબ સમય આ ગયા હૈ। આપ ધર્મ તીર્થ કી સ્થાપના કર સંસાર કો ત્યાગ કા માર્ગ બતાયેં.''

ભગવતી મલ્લી ને એક વર્ષ તક સમસ્ત પ્રજા કો ખુલે હાથોં સે દાન દિયા. જન-જન કે અભાવ કષ્ટ દૂર હુએ.

મૃગસર સુદિ ૧૧ કે શુભ દિન મેં ૩૦૦ મહિલાઓં વ ૧૦૦૦ પુરુષોં કે સાથ દીક્ષા ગ્રહણ કી. દીક્ષા લેતે સમય હી ભગવાન કો મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન હો ગયા. ઉસી દિન સાયંકાલ ભગવાન કો કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ, ઉન્હોંને ધર્મ તીર્થ કી સ્થાપના કી. ઇન્દ્ર આદ્ય દેવોં ને ૩૦૦ ધનુષ્ય ઊંચે ચૈત્યવૃક્ષ સે સુશોભિત, સમવસરણ કા નિર્માણ કિયા. પ્રભુ ઈસકે પૂર્વદ્વાર સે પ્રવેશ કર ચૈત્યવૃક્ષ કી પ્રદક્ષિણા કરકે તીર્થાય નમઃ બોલ કર પૂર્વ દિશા કી ઓર મુખ કરકે બૈઠ ગયે. તબ વ્યંતર દેવોં ને તીન દિશાઓં મેં ભગવાન કે દિવ્ય રૂપ બનાયે. ફિર ભગવાન ને દેશના દેના પ્રારમ્ભ કિયા.

''ચાર ગતિ રૂપ ઈસ સંસારચક્ર મેં સંસારી જીવ કભી સુખ કે ઔર કભી દુઃખ કે પ્રવાહ મેં બહતે હુએ નિરન્તર ભટકતે રહતે હૈં. જ્ઞાન, સંયમ ઔર તપ દ્વારા ઈસ સંસાર ભ્રમણ કા અન્ત કિયા જા સકતા હૈ.''

ભગવાન કી વાણી સુનકર જિતશત્રુ આદિ છહ રાજાઓં તથા હજારોં સ્ત્રી-પુરુષોં ને દીક્ષા ગ્રહણ કી.

હજારોં વર્ષ તક ધર્મ પ્રચાર કરને કે બાદ ભગવાન ને અપના અંતિમ સમય આયા દેખકર ૫૦૦ સાધ્વીઓં ઔર ૫૦૦ સાધુઓં કે સાથ સમ્મેત શિખર પર અનશન કિયા. પૂર્ણ સમાધિસ્થ મુદ્રા મેં દેહ ત્યાગ કર મોક્ષ પ્રાપ્ત કિયા.

દેવ-દેવેન્દ્ર ઔર રાજાઓં ને ભગવાન કા અન્તિમ સંસ્કાર કર નિર્વાણ મહોત્સવ મનાયા.

ભગવાન મલ્લીનાથ ઈસ અવસર્પિણી કાલ કે ૧૯ વેં તીર્થંકર થે. ઉનકા જન્મ માર્ગશીર્ષ શુક્લા ૧૧ (મૌન એકાદશી) કે દિન મિથિલા મેં હુઆ .પૌષ શુક્લ ૧૧ કો દીક્ષા ગ્રહણ કી. ઉનકે ૨૮ ગણધર થે. ચૈત્ર સુદી ૪ કો ઉનકા મોક્ષ હુઆ. સ્ત્રી દેહ મેં તીર્થંકર હોના જૈન ધર્મ કે ૧૦ પ્રસિદ્ધ આશ્ચર્યો મેં સે એક આશ્ચર્ય હૈ।

ભગવાન મલ્લીનાથ કે પૂર્વભવ કી કથા સે હમેં જીવન મેં સદા સહજ ઔર સરલ વ્યવહાર કરને કી શિક્ષા મિલતી હૈ. અચ્છેં કાર્યો કે લિયે ભી વ્યવહાર મેં કપટ નહીં કરના ચાહિએ. ભગવાન કે તીર્થંકર જીવન સે યહ પ્રકટ હોતા હૈ કિ શરીર-સુખ ઔર દૈહિક સૌન્દર્ય ક્ષણિક ઔર નાશવાન હૈ, ઈસ લિએ હમેં નશ્વર શરીર સે પરે આત્મા કે વિષય મેં સોચને વાલે સત્ય કા સાક્ષાત્કાર કરના હૈ.

(સમાપ્ત)

શ્રી પુષ્ફિયા-પુષ્પિકા સૂત્ર

૨૧

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

જૈન ધર્મના-દર્શનના મૂળ સ્ત્રોત ગ્રંથોમાં આગમોની ગણના થાય છે. આ જિનઆગમો અગાધ સાગર જેવા છે. જે જ્ઞાન વડે ગંભીર, સુંદર પદોરૂપી ઝરણાના સમૂહથી બનેલી સૂત્રોરૂપી નદીઓનો સંગમ છે. તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આદિ રત્નોથી ભરપૂર છે. ચૂલિકારૂપ ભરતીથી શોભાયમાન છે. વર્તમાને પ્રચલિત બાર ઉપાંગોમાંથી અહીં દસમું ઉપાંગ 'પુષ્ફિયા-પુષ્પિકા'નું વિવેચન અતિ સંક્ષિપ્તમાં કર્યું છે.

નામકરણ :

નિરયાવલિકા અને કલ્પાવંતરસિકામાં કેવળ શ્રેણિક રાજાના પારિવારિક જનોનું જીવન વૃત્તાંત છે પરંતુ આ ઉપાંગ આગમમાં દસ વ્યક્તિઓના દસ અધ્યયનો છે. તેઓમાં પરસ્પર સાંસારિક કોઈ સંબંધ નથી. તે સર્વે વિખરાયેલા ફૂલની જેમ જુદા જુદા હોવાથી આ આગમનું નામ **'પુષ્પિકા' છે. જેનું પ્રાકૃત નામ 'પુષ્ફિયા' છે.**

ગ્રંથ કર્તા :

પૂર્વ ઉપાંગોની જેમ જ આ ગ્રંથના કર્તા સ્થવીર ભગવંતોને જ માનવા યોગ્ય લાગે છે.

રચનાકાળ :

અન્ય ઉપાંગોની જેમ જ પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુમુનિના સમય પહેલાં જ આ ઉપાંગ ગ્રંથની રચના થઈ હશે.

ગ્રંથની ભાષા :

આગમ સાહિત્ય અનુસાર તીર્થંકર ભગવંત અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે. અર્ધમાગધી એટલે કે માગધી અને બીજી અઢાર દેશી ભાષાઓ મિશ્રિત ભાષા. ભગવાન મહાવીરના શિષ્યો અનેક પ્રદેશ, વર્ગ જાતિના હતા એટલે જૈન સાહિત્યની પ્રાચીન પ્રાકૃત ભાષામાં દેશી શબ્દોની બહુલતા જોવા મળે છે. એ અનુસાર આ આગમ પણ અર્ધમાગધી ભાષામાં રચાયું છે.

આગમની શૈલી :

પ્રસ્તુત ઉપાંગ સૂત્રમાં ધર્મકથાનુયોગની ખુશ્બુ મઘમઘે છે. અનુયોગ એટલે સૂત્ર અને અર્થનો ઉચિત્ત સંબંધ. એ ચાર પ્રકારના છે. (૧) ચરણકરણાનુયોગ (૨) ધર્મકથાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ. ધર્મકથાનુયોગ એટલે જેમાં કથાના માધ્યમથી કષાય આદિનું નિરાકરણ કરીને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવી. આ ઉપાંગમાં સ્વયં મહાવીર ભગવાનના શ્રીમુખેથી ગૌતમસ્વામીના પ્રશ્નોના ઉત્તર રૂપે બધી કથાઓનો ભાવ પ્રવાહિત થયો છે. ભગવાન મહાવીર તથા ગૌતમ સ્વામીના આપસી સંવાદ કેટલા મધુર અને સહજ છે તેનો અનુભવ થાય છે. આમ તે સમયની ધર્મકથાઓ કહેવાની શૈલી પણ મન પર અંકિત થાય તેવી છે. ગદ્યશૈલીમાં રચાયેલા આ સૂત્રમાં ૯૪ ગદ્યાંશ છે.

વ્યાખ્યા સાહિત્ય :

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત અને શબ્દાર્થ સ્પર્શી વૃત્તિ લખી છે. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રના પ્રકાશિત સાહિત્ય આ પ્રમાણે છે:

(૧) ઈ. સ. ૧૯૨૨માં આગમોદય સમિતિ સુરત દ્વારા ચંદ્રસૂરિકૃત વૃત્તિ, (૨) ઈ. સ. ૧૮૮૫માં બનારસથી ચંદ્રસુરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન, (૩) વિ. સં. ૧૯૯૦માં જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર દ્વારા મૂળ અને ટીકા તેમ જ તેના ગુજરાતી અર્થ, (૪) ઈ. સ. ૧૯૩૪માં ગુર્જરગ્રંથ કાર્યાલય અમદાવાદથી ભાવાનુવાદ, (૫) વીર સં. ૨૪૪૫માં હૈદ્રાબાદથી આચાર્ય અમોલખઋષિજી દ્વારા હિન્દી અનુવાદ, (૬) ઈ. સ. ૧૯૬૦માં શાસ્ત્રોદ્વારક સમિતિ રાજકોટથી આચાર્ય ઘાસીલાલ મહારાજ દ્વારા સંસ્કૃત વ્યાખ્યા તેમ જ હિન્દી અને ગુજરાતી અનુવાદ. તેમ જ મધુકરમુનિજી દ્વારા પ્રકાશિત આગમોમાં ઈ. સ. ૧૯૭૭માં આચાર્ય તુલસી દ્વારા પ્રકાશિત, ઈ. સ. ૧૯૯૦માં આગમ મનિષી પૂ. ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત તેમજ ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા પ્રકાશિત થયેલ છે.

વિષય-વસ્તુ :

આ સૂત્ર પ્રશ્નવ્યાકરણસૂત્રનું ઉપાંગ સૂત્ર છે. આ ઉપાંગ સૂત્રમાં પણ દસ અધ્યયનો છે. જેમ કે – ચંદ્ર, સૂર્ય શુક, બહુપુત્રિક, પૂર્ણભદ્ર, મણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદત્ત. આ પ્રમાણે દસ અધ્યયનોનો નામ નિર્દેશ છે. આ દસે જીવો પૂર્વભવમાં ભગવાન પાર્શ્વનાથના શાસનમાં ધર્મનો બોધ પામ્યા હતા. તેઓનો વર્તમાન ભવ દેવરૂપે વર્ણિત છે અને ભવિષ્યમાં તે દશે મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષે જશે. આ દસે અધ્યયનમાં ચન્દ્ર, સૂર્ય, શુક્ર આદિ દેવ ભગવાન મહાવીરના દર્શનાર્થે આવે છે અને વિવિધ પ્રકારના નાટક બતાવી પાછા પોત-પોતાના સ્થાને જતા રહે છે. ત્યારે ગણધર પ્રભુ ગૌતમ સ્વામી દ્વારા આ દેવોની દિવ્ય દેવ રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થવાનું કારણ પૂછવાથી ભગવાન મહાવીરે એમના પૂર્વભવોનું કથન કર્યું છે.

પ્રથમ બે અધ્યયનમાં ક્રમશઃ ચંદ્રદેવ, સૂર્યદેવના પૂર્વભવનું નિરૂપણ છે. ત્રીજા અધ્યયનમાં શુક્ર મહાગ્રહના પૂર્વભવનું વર્ણન છે.

ચોથા અધ્યયનમાં બહુપુત્રિકા દેવીના પૂર્વ-પ્રશ્ચાદ્‌ભવની વિટંબણાઓથી ભરેલી વિચિત્ર કથા છે. આ કથામાં સાંસારિક મોહ-મમતા કેવા પ્રકારની હોય તેનું આલેખન કર્યું છે. કથાના માધ્યમથી પુનર્જન્મ અને કર્મફળના સિદ્ધાંતને પણ પ્રતિપાદિત કર્યા છે. બાકીના છ અધ્યયનોમાં પૂર્ણભદ્ર આદિનું પૂર્વભવ સહિત વર્ણન છે.

સ્થનાંગ સૂત્રના ૧૦મા સ્થાનમાં દીર્ઘદશા નામક શાસ્ત્રના દશ અધ્યયન કહ્યાં છે તે આ પ્રમાણે છે-૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. શુક્ર, ૪. શ્રીદેવી, ૫ પ્રભાવતી, ૬. દ્વીપસમુદ્રોત્પત્તિ, ૭. બહુપુત્રી મંદરા, ૮. સ્થવિર સંભૂતિવિજય, ૯. સ્થવિર પક્ષ્મ, ૧૦. ઉચ્છ્વાસ-નિઃશ્વાસ. આ શાસ્ત્રના ચંદ્ર, શુક્ર, સૂર્ય, શ્રીદેવી અને બહુપુત્રી મંદરા આ પાંચ અધ્યયનોનું સામ્ય પુષ્પિકા ઉપાંગસૂત્રના કથાનકોમાં જોવા મળે છે.

ઉપસંહાર :

આ ઉપાંગની વિશિષ્ટતા એ છે કે ઉન્માર્ગે જતાં શ્રાવક-સાધુ ભગવંતોને દેવો પ્રેરણા આપી પાછા સંયમ સ્થાનમાં સ્થિર કરે છે. દેવો પણ પ્રભુના શાસનની રક્ષા કરે છે. અહીં કુતૂહલની પ્રધાનતા છે. સાંસારિક મોહ-મમતાનું સફળ ચિત્રણ થયું છે. પુનર્જન્મ અને કર્મફળના સિદ્ધાંતોનું સચોટ નિરૂપણ થયું છે. સાધના સાધી સંયમ આરાધનાથી કોઈને પણ ચંદ્ર, શુક્ર કે સૂર્ય દેવ જેવી ઉચ્ચ પદવી પ્રાપ્ત થઈ શકે છે. આજે એકવીસમી સદીના વૈજ્ઞાનિકો જ્યોતિષેન્દ્રના વિમાનને અગ્નિનો ગોળો સમજે છે અને ચંદ્રને પૃથ્વીનો ટુકડો માને છે. જ્યારે જૈન સિદ્ધાંતમાં તેને રત્નોના વિમાન કહ્યાં છે. સૂર્યવિમાન સમભૂમિથી ૮૦૦ યોજન ઊંચે અને ચંદ્રવિમાન ૮૮૦ યોજન ઊંચે રહેતાં ભ્રમણ કરે છે. આ વસ્તુ આજના વૈજ્ઞાનિકો માટે, ખગોળશાસ્ત્રીઓ માટે પડકાર રૂપ છે. બ્રહ્માંડનું સ્વરૂપ સમજવા માટે આપણું જૈનઆગમ અતિ ઉપયોગી છે. તેવી જ રીતે આધ્યાત્મિક સુખ-શાંતિ અને આત્માનંદની પ્રાપ્તિ થાય છે. સમજણના અભાવે વસ્તુની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ બંને દુઃખજનક બને છે, તેથી જ્ઞાની પુરુષો કહે છે કે સહજ પ્રાપ્ત થયેલા સંયોગોમાં સંતોષ રાખી, પ્રસન્ન રહેવાથી જ મનુષ્યને સુખ-શાંતિ મળે છે.

ધર્મ અને ત્યાગ એ જ સંસારના પ્રપંચથી મુક્ત કરી શકે છે એમ જાણી પ્રત્યેક સુખેચ્છુએ ત્યાગ અને સંયમરૂપ ધર્મના માર્ગે અગ્રેસર થવાનો સંકલ્પ કરવો જોઈએ. ઈચ્છાઓ ઉપર કાબૂ મેળવી આત્મકલ્યાણના શ્રેષ્ઠ માર્ગનો સ્વીકાર કરવો જોઈએ, એ જ આગમજ્ઞાન અને શ્રદ્ધાનો સાર છે. ✷✷✷

મહાસતી ધારિણી

જંગલના સૂમસામ રસ્તા પર રથ ભાગી રહ્યો હતો. કૌશામ્બીના રાજા દધિવાહનની રાણી ધારિણી અને સુકોમળ પુત્રી વસુમતી રથમાં હતાં. મધરાતથી સતત દોડી રહેલા અશ્વો પણ થાક્યા હતા. રથકારે એક શાંત સ્થળે રથ થોભાવ્યો.

હજી ધારિણી અને વસુમતી કંપતાં હતાં. કૌશામ્બી નગરી યુદ્ધમાં ખતમ થઈ ગઈ હતી. બંને જીવ બચાવવા ભાગ્યાં હતાં. રથી પરિચિત હતો ને નાસી છૂટવામાં સફળતા મળી હતી.

ધારિણીએ પૂછ્યું, 'રથિક, રથ કેમ અટકાવ્યો?'

સવારના ઉજાસમાં પહેલી વાર રાણીને રથિકે નજરોનજર જોઈ. રાણી ધારિણીની રૂપ નીતરતી મદોન્મત કાયામાંથી નર્યું આકર્ષણ ઝરતું હતું. રથકાર અનિમેષ જોઈ જ રહ્યો. ધારિણી પૂછતી હતી, 'અરે રથકાર, તને પૂછું છું. રથ થોભાવ્યો કેમ?'

રથકાર સભાન થયો. તેણે કહ્યું, 'રાણી, અશ્વો થાક્યા છે...'

'પણ ભાઈ, હજી આપણે સંપૂર્ણ નિર્ભય થયાં નથી, જલદી આગળ વધવું જોઈએ.'

રથકાર રાણીને તાકી રહ્યો હતો. બાલિકા વસુમતીની આંખમાં હજી પણ ડર હતો. ધારિણી સ્વસ્થ નહોતી. રથકાર તો એ રૂપ જોઈને ઉન્મત્ત બની રહ્યો હતો. ધારિણીની કામણગારી આંખો, ઉન્નત ઉરોજ, માદક દેહલતાનું લાલિત્ય એને તાણી રહ્યું હતું. એ નજીક સર્યો ને બોલ્યોઃ 'રાણી, ગભરાવ નહીં, હું છું ને!'

રાણી ચમકી. રથકારના અવાજમાં ઘૂરકતી વાસના તેણે પારખી. એ વસુમતીને ગોદમાં દબાવીને શરીર સંકોરી રહી. એ ધીમેથી બોલીઃ 'ભાઈ, જલદી આગળ વધીએ.'

રથકાર વધુ નજીક આવ્યો. રાણીના અવાજમાં હવે તાપ હતો. 'રથિક, હું એક સતી સ્ત્રી છું માટે મારાથી દૂર રહેજે. અમે તારા ભરોસે જીવનનું, મારી પુત્રીનું, ને ખાસ કરીને શિયળનું રક્ષણ કરવા ચાલી નીકળ્યાં છીએ. તું મારા માટે ભાઈ જેવો છે ને વસુમતી માટે પિતા જેવો. ખોટા વિચારથી પાછો વળ, ભાઈ!'

કિંતુ રથિક પાસે આવ્યો ને રાણીને પકડવા ગયો, તે જ ક્ષણે ધારિણી પ્રચંડ ક્ષત્રિયાણીના તેજથી છલકાઈ ઊઠી. તેણે કમરમાં છુપાવી રાખેલી કટારી પોતાની છાતીમાં ભોંકી દીધી! લોહીના ફુવારા ઊડ્યા!

વસુમતીએ કારમી ચીસ પાડી. રથકાર સ્તબ્ધ બની ગયો.

ધારિણી રાણીએ પોતાના શિયળના રક્ષણ માટે જીવનભોગ આપ્યો હતો. એના મુખ પર પવિત્રતાના તેજ ચમકતાં હતાં.

જૈનાગમોમાં સતી ધારિણીની પ્રશંસા થઈ છે. તેની પુત્રી વસુમતી આગળ જતાં શ્રમણ ભગવાન મહાવીરના વરદ્ હસ્તે દીક્ષા પામી અને સાધ્વી સંઘમાં વડેરી સાધ્વી બની, તેનું નામ સાધ્વી ચંદનબાળા.

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

શ્રી પૂષ્ફચૂલિયા – (પૂષ્પચૂલિકા) સૂત્ર

૨૨

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

તીર્થંકરોએ આપેલું જ્ઞાન આગમ કહેવાય છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરી સર્વજ્ઞ-સર્વદર્શી થયા પછી પ્રવચન દ્વારા જીવ-અજીવ આદિનું સ્વરૂપ પ્રગટ કરતાં કર્મબંધ, બંધહેતુ, મોક્ષ અને મોક્ષના હેતુનું રહસ્ય સમજાવ્યું છે. ભગવાન મહાવીરના પ્રવચનો અર્થાગમ કહેવાય અને ગણધરો દ્વારા કરેલી સૂત્ર રચના સુત્તાગમ કહેવાય. આ આગમ સાહિત્ય આચાર્ય માટે નિધિ સમાન છે. તેના મૌલિક વિભાગ બાર છે જેને દ્વાદશાંગી કહેવાય છે. તેમજ તેના બાર ઉપાંગો છે. તેમાંનું અગિયારમું ઉપાંગ એટલે પૂષ્ફચૂલિયા–પૂષ્પચૂલિકા. જેનો સારાંશ નીચે પ્રસ્તુત છે.

ગ્રંથનું નામકરણ :

આ ગ્રંથમાં પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં 'પૂષ્પચૂલા' નામની પ્રવર્તિની સાધ્વીજી પાસે દીક્ષિત દસ સ્ત્રીઓનું કથાનક છે. તેથી આ સૂત્રનું નામ **'પૂષ્પચૂલિકા'** છે.

ગ્રંથના કર્તા :

પૂર્વ ઉપાંગોની જેમ આ ગ્રંથના કર્તા સ્થવિર ભગવંતો જ હોય એમ લાગે છે.

ગ્રંથનો રચનાકાળ :

અન્ય ઉપાંગોની જેમ જ પૂજ્ય આચાર્યશ્રી ભદ્રબાહુમુનિના સમય પૂર્વે જ આ ઉપાંગ ગ્રંથની રચના થઈ હશે.

ગ્રંથની ભાષા :

સરળ, સહજ, પ્રવાહિત અર્ધમાગધી ભાષામાં રચાયેલું છે.

આગમની શૈલી :

કુતૂહલ અને જિજ્ઞાસાથી નિખાલસતાપૂર્વક એક બાળકની જેમ શિષ્ય પોતાના ગુરુભગવંતને સહજતાથી પ્રશ્નો પૂછે અને એના ઉત્તરરૂપે ગુરુ ભગવંતો કથા શૈલીમાં રજૂઆત કરે એ પ્રકારની શૈલી છે. ગદ્ય શૈલીમાં રચાયેલાં આ સૂત્રમાં ૨૩ ગદ્યાંશ છે.

વ્યાખ્યા સાહિત્ય :

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. તેમ છતાં શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ લખી છે. તેમજ આચાર્ય અમોલખઋષિજી, ઘાસીલાલ મહારાજ, મધુકરમુનિજી, આચાર્ય તુલસી, આગમ મનિષી પૂ. ત્રિલોકમુનિ વગેરે દ્વારા હિન્દી, ગુજરાતી, સંસ્કૃતમાં ટીકા તેમ જ વ્યાખ્યા પ્રકાશિત થયેલ છે.

વિષય વસ્તુ :

આ ઉપાંગના પણ દસ અધ્યયન છે. આ દસ અધ્યયનોના નામ આ પ્રમાણે છે-૧. શ્રીદેવી. ૨. હ્રીદેવી. ૩. ધૃતિદેવી. ૪. કીર્તિદેવી. ૫. બુદ્ધિદેવી. ૬. લક્ષ્મીદેવી. ૭. ઈલાદેવી. ૮. સુરાદેવી. ૯. રસદેવી. ૧૦. ગન્ધદેવી. આ દસે અધ્યયનમાં વર્ણિત દેવીઓ સૌધર્મકલ્પમાં પોતપોતાના નામના અનુરૂપ વિમાનોમાં ઉત્પન્ન થઈ હતી. એમણે રાજગૃહી નગરીમાં સમોસરણમાં બિરાજીત ભગવાન મહાવીરને જોયા. પૂર્વ સંસ્કારને વશ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ દર્શાવવા ત્યાં આવીને નૃત્ય આદિ પ્રદર્શિત કરીને સ્વ સ્થાને પ્રસ્થાન કર્યું. એમના ગયા પછી ગણધર પ્રભુ ગૌતમ સ્વામીએ જિજ્ઞાસા વ્યક્ત કરી. ત્યારે ભગવાને એમના પૂર્વ ભવનું કથન કર્યું કે આ દસે દેવીઓ ભગવાન પાર્શ્વનાથના શાસનમાં પૂષ્પચૂલિકા આર્યા પાસે દીક્ષિત થઈ હતી. કાલાંતરે બધી દેવીઓ શરીર બકુશિકા થઈ ગઈ. મહાસતીજી પૂષ્પચૂલિકા આર્યાએ એમને સમજાવ્યું છે કે આ શ્રમણાચારને યોગ્ય નથી. છતાં તેઓ માની નહિ અને ઉપાશ્રયથી નીકળીને નિરંકુશ રોકટોક રહિત સ્વચ્છંદ મતિ થઈને વારંવાર હાથપગ ધોવા, શરીરની વિભૂષા કરવી વગેરે કરવા લાગી. કાયાની માયામાં ફસાઈને પોતાના દોષોની આલોચના ન કરવાના કારણે સંયમ વિરાધક બનીને પ્રથમ દેવલોકમાં દેવીઓ તરીકે ઉત્પન્ન થઈ. ત્યાં એક પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. સંયમ તપની શુદ્ધ આરાધના કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

ઐતિહાસિક રીતે વિચારતાં આ ઉપાંગ અત્યંત અધિક મહત્ત્વનું છે. વર્તમાને ભગવાન મહાવીરના શાસનની સાધ્વીઓનો ઇતિહાસ મેળવવામાં કઠિનતા પ્રાપ્ત થાય છે. ત્યારે આ ઉપાંગમાં તો **ભગવાન પાર્શ્વનાથના શાસનની સાધ્વીઓનું વર્ણન જોવા મળે છે.**

ઉપસંહાર :

આજે જ્યારે સ્ત્રી સમોવડીની વાતો થાય છે ત્યારે આ સૂત્રના અધ્યયનથી ખ્યાલ આવે છે કે જૈનદર્શનમાં સમગ્ર વ્યવહારમાં સ્ત્રી જાતિને સમાન હક હતો. જૈન આગમોમાં મુક્તિ પર્યંતની સર્વ યોગ્યતા જણાવીને સ્ત્રી જાતિને પણ સરખું મહત્ત્વ આપ્યું છે. અનેક સૂત્રોમાં સાધ્વીજીઓના જીવન વર્ણન છે એ જ એનો પુરાવો છે.

આ ધર્મકથાથી જણાય છે કે ચારિત્રના વિરાધક સાધકો પણ જો શ્રદ્ધામાં દૃઢ હોય તો તે વિરાધક થવા છતાં અનંત સંસાર પરિભ્રમણ કરતા નથી. ચારિત્રની વિરાધનાને પરિણામે તે નિમ્ન જાતિના દેવ-દેવી તરીકે જન્મ ધારણ કરે છે. પરંતુ ફરી મનુષ્ય જન્મ ધારણ કરી આરાધના કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી શકે છે.

સાવધાન રહેનાર સંયમી સાધક પોતાના આત્માની અધોગતિથી સુરક્ષા કરી અંતે સદ્‌ગતિ પ્રાપ્ત કરી શકે છે.

આ વર્ગના વર્ણનથી સ્પષ્ટ થાય છે કે લોકમાં લક્ષ્મી, સરસ્વતી આદિ દેવીઓની પ્રતિષ્ઠા અને જિનમંદિરોમાં મણિભદ્ર, પૂર્ણભદ્ર દેવોની પૂજા પ્રતિષ્ઠા કરવામાં આવે છે તે એક પ્રકારની ભક્તિનું દર્શન હશે પરંતુ તે સર્વ ભૌતિક સુખની અપેક્ષાએ થાય છે. વીતરાગ ધર્મ તો લૌકિક આશાથી પર રહીને માત્ર આત્મસાધના કરવાનો ઉપદેશ આપે છે. ✷ ✷ ✷

દયાનિધિ મહાવીર

કમળ જેમ થોડુંક નમીને પોતાની ઉપર પડેલું જળબિંદુ છંટકોરી દે અને નિર્લેપ બની જાય એમ, રાજકુમાર વર્ધમાન સંસારની માયાનો ત્યાગ કરીને શ્રમણ મહાવીર બની ગયા. સુકોમળ પુષ્પશય્યા અને રાજવી સુખવૈભવ ત્યાગીને એમણે કઠિન અને કંટકયુક્ત જીવનપંથ પર પદાર્પણ કર્યું.

દીક્ષાજીવનનો પ્રથમ દિન હતો એ. દીક્ષા ગ્રહીને એમણે વિહાર પ્રારંભ્યો. ક્ષત્રિયકુંડનગર, રાજ કુટુંબ, નગરજનો, ધાવમાતાઓ, દેવ-દેવીઓ પ્રત્યે તેમણે એક નજર પણ ન નાંખી અને ચાલી નીકળ્યા. કુમારગ્રામ પાસે પહોંચ્યા ત્યારે સૂર્ય અસ્તાચળ તરફ ઢળી રહ્યો હતો, તડકો ફિક્કો પડી રહ્યો હતો. પંખીઓ પોતાના માળામાં પ્રવેશી રહ્યાં હતાં, સંધ્યા છેલ્લો ચમકારો પ્રગટાવતી હતી, પણ એ સમયે શ્રમણ મહાવીરના અંતઃકરણમાં અધ્યાત્મનું સોનેરી પ્રભાત પ્રગટી રહ્યું હતું. કુમારગ્રામની બહાર ઝાડની નીચે નાસિકાના અગ્રભાગ પર દૃષ્ટિ કેન્દ્રીત કરીને સ્થંભ સમ બનીને ધ્યાનમાં લીન બની ગયા

એવામાં એક ગોવાળ પોતાના બળદો લઈ ત્યાં આવ્યો. ગાય દોહવાનો સમય થયો હતો. ગોવાળને ગામમાં જવું હતું, પણ એની મુશ્કેલી એ હતી કે બળદો કોની સંભાળમાં મૂકી જાય? એણે આમતેમ ચોફેર નજર દોડાવી તો એક સાધુને સ્થિર થઈને ઊભેલા જોયા. આ જોઈ ગોવાળ સાધુની સમીપ આવ્યો અને બોલ્યોઃ 'અરે ! મારા બળદોનું ધ્યાન રાખજો, હું જલદીથી ગાયો દોહીને આવું છું.' આમ બોલીને પ્રત્યુત્તરની રાહ જોયા વગર તે ત્યાંથી ચાલ્યો ગયો.

મહાશ્રમણ પોતાના ધ્યાનમાં લીન હતા, સમાધિમાં સ્થિર હતા. તે શું બળદોની રખેવાળી કરે?

પેલા બળદો દિવસભર ખેતરમાં કામ કરીને આવ્યા હતા, ભૂખ અને તરસથી પીડાતા હતા, તે ચરતાં ચરતાં જંગલમાં દૂર ને દૂર ચાલ્યા ગયા. થોડા સમય પછી પેલો ગોવાળ પાછો ફર્યો, પણ તેણે ત્યાં બળદો જોયા નહીં, ત્યારે મહાવીરને પૂછ્યું,

'મારા બળદોને જોયા? ક્યાં ગયા છે?'

મહાવીર તો ધ્યાનસ્થ હતા એટલે કોઈ ઉત્તર ન મળતાં તે બળદોની શોધમાં ત્યાંથી આગળ ગયો. નદીના કિનારે, ઊંચે ટેકરા ઉપર, ઊંડા નાળામાં, ઘેરી ઝાડીમાં, જંગલમાં ખૂણેખૂણો તે ખોળી વળ્યો. રાતભર તે ભટકતો રહ્યો, પણ કોઈ જગ્યાએથી એને બળદોનો પત્તો લાગ્યો નહીં.

પૂર્વ ક્ષિતિજ પર સોનેરી પ્રભાતની આભા ફૂટી રહી હતી. પણ પેલા ગોવાળના મનમાં નિરાશાની કાળી કાજળરાત્રિ છવાયેલી હતી. સમગ્ર રાત રખડીને થાકેલો તે પાછો ફર્યો.

આ બાજુ બળદો પણ જંગલમાંથી ફરતા ફરતા પાછા મહાવીર પાસે આવીને બેસી ગયા હતા. ગોવાળે જોયું તો બળદ મહાવીર પાસે બેઠેલા, તે ગુસ્સે થઈ ગયો. એ બૂમ પાડી બોલી ઊઠ્યો, 'અરે દુષ્ટ, સાધુના વેશમાં ચોર! મારા બળદોને રાત આખી કોઈ એકાંતમાં છુપાવી દીધા હતા અને હવે તેને લઈને રવાના થઈ જવા માગતો હતો ખરું ને? હું આખી રાત ભટકી ભટકીને હેરાન થઈ ગયો, પણ બળદ મળે જ કેવી રીતે? જો હવે હું તને એવી એવી શિક્ષા કરું છું કે મને જિંદગીભર ભૂલીશ નહીં.' ગુસ્સે ભરાયેલો ગોવાળ બળદની રાશથી મહાવીરને મારવા ધસ્યો.

દેવસભામાં બેઠેલા શકેન્દ્રે વિચાર કર્યો કે આ વખતે ભગવાન મહાવીર શું કરી રહ્યા છે? અવધિજ્ઞાનથી ગોવાળને આ પ્રમાણે મારવા તૈયાર થયેલો જોઈને શકેન્દ્રે તેને ત્યાં જ સ્તંભિત કરી દીધો અને ત્યાં પ્રગટ થઈ બોલ્યોઃ

'અરે દુષ્ટ, તું આ શું કરી રહ્યો છે? સાવધાન!'

શકેન્દ્રના જોરદાર પડકારથી ગોવાળ ગભરાઈ જઈ એક તરફ ઊભો જ રહી ગયો.

શકેન્દ્રે કહ્યું, 'અરે મૂર્ખ, જેને તું ચોર માને છે તેઓ ચોર નથી. આ તો રાજા સિદ્ધાર્થના તેજસ્વી પુત્ર વર્ધમાન – મહાવીર છે, જે અપાર રાજવી વૈભવ ત્યાગીને આત્મસાધના કરવા નીકળ્યા છે. તે શું તારા બળદોની ચોરી કરશે? દુઃખદ વાત તો એ છે કે, તું પ્રભુ મહાવીરને પ્રહાર કરવા ઈચ્છે છે?'

આ સાંભળી ગોવાળ કંપવા લાગ્યો. એ પ્રભુના ચરણમાં પડી ગયો અને ક્ષમા માટે પ્રાર્થી રહ્યો.

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

શ્રી વન્હિદશા–વૃષ્ણિદશા સૂત્ર

૨૩

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

તીર્થંકરદેવની સકલજગતહિતકારિણી વાણીને એમના જ અતિશય સંપન્ન વિદ્વાન શિષ્યો ગણધરોએ સંકલિત કરીને આગમ કે શાસ્ત્રનું રૂપ આપ્યું છે. અર્થાત્ જિનવચન રૂપ ફૂલોની મુક્ત વૃષ્ટિ જ્યારે માળારૂપે ગૂંથાય છે ત્યારે તે આગમનું રૂપ ધારણ કરે છે અને એ આગમ આપણને શાશ્વત સુખનો અનુભવ કરાવે છે. એવા શ્રેષ્ઠ આગમોમાંથી એક છે વૃષ્ણિ દશા નામનું બારમું ઉપાંગ જેનું સંક્ષિપ્ત વર્ણન અહીં પ્રસ્તુત છે.

ગ્રંથનું નામકરણ :

નન્દી ચૂર્ણિ અનુસાર પ્રસ્તુત ઉપાંગનું નામ અંધકવિષ્ણુદશા હતું. પરંતુ પાછળથી તેમાંથી 'અંધક' શબ્દ લુપ્ત થઈ ગયો. માત્ર વિષ્ણુદશા જ બાકી રહ્યું. આજે આ નામથી જ આ ઉપાંગ પ્રખ્યાત છે. આ ઉપાંગમાં વૃષ્ણિવંશિય બાર રાજકુમારોનું વર્ણન આપેલું છે.

ગ્રંથના કર્તા :

પૂર્વેના ઉપાંગોની જેમ આ ગ્રંથના કર્તા સ્થવિર ભગવંતો જ હોય એમ જણાય છે.

ગ્રંથનો રચનાકાળ :

અન્ય ઉપાંગોની જેમ જ પૂજ્ય આચાર્યશ્રી ભદ્રબાહુમુનિના સમય પૂર્વે જ આ ઉપાંગગ્રંથની રચના થઈ હશે.

ગ્રંથની ભાષા :

સરળ, સહજ, પ્રવાહિત અર્ધમાગધીભાષામાં રચાયેલું છે.

આગમની શૈલી :

બાળસહજ કુતૂહલ અને જિજ્ઞાસાથી નિખાલસતાપૂર્વક શિષ્ય દ્વારા પૂછાયેલ પ્રશ્નના ગુરુભગવંતે કથાશૈલીમાં ઉત્તર આપ્યા છે. ગદ્યશૈલીમાં રચાયેલ આ આગમમાં ૨૯ ગદ્યાંશ છે.

વ્યાખ્યા સાહિત્ય :

વ્યાખ્યા સાહિત્ય એટલે વિવેચન. જૈન સાહિત્યના પાંચ અંગો છે. ૧. નિર્યુક્તિ, ૨. ભાષ્ય, ૩. ચૂર્ણિ, ૪. ટીકા અને ૫. આગમ. પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાને કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. તેથી અહીં ટીકા અને આગમ આ બે જ અંગ પ્રાપ્ત થાય છે.

શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત વૃત્તિ લખી છે. બીજી સંસ્કૃત ટીકાનું નિર્માણ સ્થાનકવાસી જૈન પરંપરાના આચાર્ય ઘાસીલાલજી મહારાજે કર્યું હતું. તદુપરાંત શ્રમણસંઘીય યુવાચાર્ય મધુકરમુનિ, આચાર્ય અમોલકઋષિજી, આચાર્ય તુલસી, આગમ મનિષિ ત્રિલોકમુનિ, દીપવિજયજી મહારાજ સાહેબ આદિએ ટીકા તથા ટીકાના અનુવાદ લખ્યા છે.

વિષયવસ્તુ :

આ ઉપાંગમાં બાર અધ્યયનો છે તેના નામ ૧. નિષધકુમાર, ૨. માતલીકુમાર, ૩. વહકુમાર, ૪. વહેકુમાર, ૫. પ્રગતિકુમાર, ૬. જ્યોતિકુમાર, ૭. દશરથકુમાર, ૮. દૃઢરથકુમાર, ૯. મહાધનુકુમાર, ૧૦. સપ્તધનકુમાર, ૧૧. દશધનુકુમાર અને ૧૨. શતધનુકુમાર.

પ્રથમ અધ્યયનનું વર્ણન :

બળદેવ રાજા અને રેવતી રાણીના નિષધકુમાર પચાસ કન્યાઓ સાથે લગ્ન કરીને સુખપૂર્વક રહેતા હતા. એકદા દ્વારકાનગરીમાં પધારેલ અરિહંત અરિષ્ટનેમિ ભગવાનની દેશના સાંભળીને શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. નિષધકુમારના દિવ્ય રૂપ સંબંધી ગણધર વરદત્તે પ્રશ્ન પૂછતાં ભગવંતે એના પૂર્વભવનું વર્ણન કર્યું.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં રોહતક નગરમાં મહાબલ રાજા અને પદ્માવતી રાણીનો વીરાંગદ નામે પુત્ર હતો. યુવાવસ્થામાં મનુષ્ય-સંબંધી ભોગો ભોગવતો હતો. એક વાર સિદ્ધાર્થ આચાર્યનો ઉપદેશ સાંભળી દીક્ષા અંગીકાર કરીને ૧૧ અંગનો અભ્યાસ અને અનેક તપશ્ચર્યાઓ કરી ૪૫ વર્ષનો શ્રમણ પર્યાય પાળી દ્વિમાસિક અનશન કરી ત્યાંથી કાળ કરી પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી આવીને નિષધકુમાર તરીકે અહીં અવતર્યો.

બારવ્રતધારી નિષધકુમારને એકદા પૌષધવ્રતમાં ધર્મ જાગરણ કરતી વખતે સંયમના ભાવ જાગ્યા. તેથી ભગવાન પધાર્યા ત્યારે તેમણે સંયમ અંગીકાર કર્યો. ૧૧ અંગનો અભ્યાસ અને વિવિધ તપશ્ચર્યા કરી. ૯ વર્ષનો સંયમ પર્યાય પાળીને ૨૧ દિવસનો સંથારો કરીને કાળ કરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં મનુષ્યનો જન્મ લઈને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ જ પ્રમાણે બાકીના ૨૧ રાજકુમારોના અધ્યયનનું વર્ણન છે.

ઉપસંહાર :

વૃષ્ણિદશા ઉપાંગમાં કથાતત્ત્વની અપેક્ષાએ પૌરાણિક તત્ત્વનું પ્રાધાન્ય છે. અહીં જેનું વર્ણન કરાયું છે એવા યદુવંશીય રાજાની તુલના શ્રીમદ્ ભાગવતમાં આવેલ. 'યદુવંશીય ચારિત્ર' સાથે કરવામાં આવે છે. હરિવંશ પુરાણના નિર્માણનું બીજ પણ અહીં વિદ્યમાન છે. વૃષ્ણિવંશ કે જેનું આગળ જઈને હરિવંશ નામ થયું તેની સ્થાપના હરિ નામના પૂર્વ પુરુષે કરી હતી.

નિરયાવલિકા આદિ પાંચ અંગોનો ઉપસંહાર

આ પાંચ વર્ગાત્મક ઉપાંગ સૂત્રમાં પહેલાં નરકનું વર્ણન, ત્યારપછી દેવલોકનું વર્ણન, ત્યારપછી જ્યોતિષિ દેવોનું વર્ણન, ત્યારપછી પ્રથમ વૈમાનિક દેવલોકમાં દેવીઓને ઉત્પન્ન થવાનું વર્ણન અને અંતે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થવાનું વર્ણન આવે છે. આ રીતે કર્મના ભારથી ભરેલો જીવ અધોગતિવાળો હોય તેથી અધોલોકથી ઊર્ધ્વલોક સુધીનું વર્ણન કરતાં સૂત્રકારે પ્રથમ પાપની પંક્તિ દર્શાવી, ત્યારપછી પુણ્યની પંક્તિ દર્શાવી છે.

અંતમાં આ લેખ આ ઉપાંગોનો અભ્યાસ કરવા પ્રેરક બને અને આત્મોત્થાનમાં નિમિત્ત બને એ જ અભ્યર્થના. ✷ ✷ ✷

વિનમ્રતાનો વારિધિ

ઈન્દ્રભૂતિ ગૌતમ શિષ્યગણ સહિત ભગવાન મહાવીર સાથે વાદવિવાદ કરવા ચાલ્યા. ધરતીમાં કંપ ઊઠ્યો. આકાશમાં વાદળો ગર્જ્યાં. પર્વતો ડોલ્યા. સર્વજ્ઞ મહાવીરને હમણાં જ પકડું અને શાસ્ત્રાર્થ કરીને હું અભિમાન ઓગાળી દઉં. સર્વજ્ઞપદ એટલે શું એની કદાચ મહાવીરને ખબર નહીં હોય!

શ્રમણ ભગવાન મહાવીર સમવસરણના મધ્યભાગમાં ધર્મદેશના દેતા બેઠા હતા. જનગણથી પર્ષદા ઊભરાતી હતી. મહાવીરની કરુણાએ સિંહ અને ગાયને સાથે બેસાડ્યા હતા. જન્મવૈરી એ પ્રાણીઓ વેર વિસરી ગયાં હતાં. રાય અને રંક સહુ એકાગ્ર બનીને દેશના સાંભળતાં હતાં. ભગવાન મહાવીરની વાણી સાંભળતાં સૌના દિલમાં શાતા વળતી હતી. જ્ઞાની ગૌતમને આવતા નિહાળીને તેમણે આવકાર્યા.

'ઈન્દ્રભૂતિ ગૌતમ, આવો. રસ્તામાં કોઈ તકલીફ તો નથી પડીને!'

ગૌતમ સ્તબ્ધ થઈ ગયા. આમને તો મારા નામનીય ખબર છે!

'કેમ ન હોય?' ધરતીમાં કંપ ઊઠે એમ ચિત્તમાંથી અહંકાર ઊઠ્યો: હું એટલે કોણ? મને કોણ ન પિછાણે? ને વળી મનમાં થયું, મહાવીર સર્વજ્ઞ છે તો સાચું માનું, જો મારા ચિત્તમાં વર્ષોથી પડેલી શંકા કહ્યા વિના દૂર કરી આપે!

ને સામેથી મેઘ-ગંભીર અવાજ સંભળાયો. જાણે એમાં જ્ઞાની ગૌતમના સમગ્ર ચેતનને કોઈ પોકારતું હતું.

'ગૌતમ, તમને આત્મા વિશે શંકા છે ને?' ને પ્રભુ મહાવીરે ઉમેર્યું: 'ગૌતમ, આ જગતમાં જીવ છે એટલે જન્મ અને પુનર્જન્મ છે. સુખ અને દુ:ખ છે. પુણ્ય અને પાપ છે અને એટલે જ તો સંસારની ઘટમાળ છે. આત્માને પરિભ્રમણ કરવું પડે છે. એમાંથી છૂટવા માટે કર્મનો ક્ષય કરવો પડે છે. મોક્ષમાર્ગે ચાલવું પડે છે. ગૌતમ, ભાઈ, એ મોક્ષમાર્ગે તું જા!'

ને જ્ઞાની ગૌતમે પગ પકડી લીધા! એમણે કહ્યું: 'પ્રભુ, તમે જ સાચા સર્વજ્ઞ છો. મને તારો નાથ!' પ્રભુએ એમને દીક્ષા આપી.

થોડાક સમય પછીની વાત છે.

વસંત મહોરી છે. પૃથ્વી રમણે ચડી છે. હવા ખુશનુમા વહે છે એવા સમયે જ્ઞાની ગુરુ ગૌતમ કોલ્લાક સંનિવેશના મધ્ય ભાગમાંથી પસાર થઈ રહ્યા છે.

દીપ્તિમંત મુખ અને અનોખી પ્રતિભા ધરાવતા ગુરુ ગૌતમ જે માર્ગેથી પસાર થાય ત્યાં એમને પ્રણામ કરવા લોકોનાં ટોળા વળતાં પણ ગુરુ ગૌતમ સ્વામી નીચે નજરે ચાલ્યા કરતા. એમને તો હરપળ ભગવાન મહાવીરનું સ્મરણ રહેતું. પોતાના આરાધ્ય ગુરુ અને પરમાત્મા હતા એ. પ્રભુનું નામ એ સતત વિચારતા અને મનમાં થતું: અહો! એ કેવા કરુણાળુ છે! પ્રભુનું અહર્નિશ સ્મરણ એમને દુનિયાથી અલગ રાખતું.

માર્ગમાં કોઈએ કહ્યું: 'પ્રભુ, આપે જાણ્યું?'

'શું?'

'મહાશ્રાવક આનંદને અવધિજ્ઞાન થયું છે!'

'ઓહ, કેવું સરસ!'

ગૌતમ સ્વામીને થયું કે જે વ્યક્તિએ સાધના કરીને આવી અનુપમ સિદ્ધિ મેળવી છે તેની પાસે પોતે જવું જોઈએ. એ આનંદ શ્રાવકના ઘરે પહોંચ્યા ત્યારે આનંદ શ્રાવકે પોતાને થયેલા જ્ઞાનની વાત કરી. ગૌતમ સ્વામીએ કહ્યું: 'ગૃહસ્થને આવું વિશાળ જ્ઞાન ન થઈ શકે.'

આનંદ શ્રાવકે કહ્યું, 'પ્રભુ, આપ અસત્ય બોલો છો. આપે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ.' આનંદની વાણીમાં વિનય હતો.

પણ આનો નિર્ણય કોણ કરે? ગુરુ ગૌતમ ઊપડ્યા પ્રભુ પાસે. જઈને પૂછ્યું, 'પ્રભુ! અમારા બેમાં કોણ સાચું? શું મારે પ્રાયશ્ચિત્ત લેવું પડે?'

ભગવાન મહાવીરે હસતાં હસતાં કહ્યું, 'ગૌતમ, ભંતે, ગૃહસ્થને આવી વિશાળ મર્યાદામાં જ્ઞાન થઈ શકે. તારે આનંદ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ દેવા જોઈએ. ક્ષમા માગવી જોઈએ.'

જ્ઞાનના મેરુ જેવા ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ દઈ આવ્યા. લોકોએ એ દિવસે સાચા જ્ઞાનીની નમ્રતા નિહાળીને પોતાની જાતને ધન્ય માની.

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

ચતુ:શરણ પ્રકીર્ણક ચતુ:શરણ પ્રકીર્ણક ૨૪

□ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

□ **ભૂમિકા :-**

પયન્ના સૂત્રોમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૧ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૪મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ ચઉશરણ છે. જેને સંસ્કૃતમાં ચતુ:શરણ કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી સૂત્રની પાછળ પયન્ના કે પ્રકીર્ણક શબ્દ લાગે છે.

- આ સૂત્રના મૂળ શ્લોક-૬૩ છે, તેના કર્તા શ્રી વીરભદ્રાચાર્ય છે.
- આ સૂત્ર ઉપર શ્રી વિજયવિમલ (વાનર્ષિ) ગણિકૃત ટીકા મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે જ, તદુપરાંત અંચલગચ્છીય ભુવનતુંગસૂરિજી

'પયન્ના' સૂત્ર-પરિચય

□ **ભૂમિકા :**

પીસ્તાળીશ આગમ ગણનામાં મુખ્ય છ વિભાગો દૃષ્ટિગોચર થાય છે, જેમાં (૧) અંગસૂત્રો, તેમાં 'આચાર' આદિ ૧૧ સૂત્રો છે, (૨) ઉપાંગસૂત્રો, તેમાં 'ઉવવાઈ' આદિ ૧૨ સૂત્રો છે, (૩) પયન્ના સૂત્રો, તેમાં 'ચઉસરણ' આદિ ૧૦ સૂત્રો છે, (૪) છેદસૂત્રો, તેમાં 'નિસીહ' આદિ ૬ સૂત્રો છે, (૫) મૂળસૂત્રો, તેમાં 'આવસ્સય' આદિ ૪ સૂત્રો છે અને (૬) ચૂલિકા સૂત્રો ૨ છે–નંદી અને અનુયોગ.

ઉક્ત 'પયન્ના સૂત્ર' વિભાગમાં સમાવિષ્ટ ૧૦ પયન્નાઓ, સંખ્યાથી ૧૦ ગણાય છે. પરંતુ તેમાં 'નામ'થી બે મતગણના વર્તમાનકાળે પ્રવર્તતી દેખાય છે. 'ચઉસરણ' આદિ આઠ પયન્નાઓ બંન્ને ગણનામાં સમાન છે. પણ એક મતગણનામાં ગચ્છાચાર અને મરણસમાધિ–એ બે પયન્ના સ્વીકારેલ છે. બીજી મતગણનામાં તેને સ્થાને ચંદાવેજ્ઝય અને વીરસ્તવ પયન્નાને સ્વીકારેલ છે. આ મતગણના ભેદ માટે, બંનેમાંથી એક પણ પૂજ્યશ્રી દ્વારા સ્પષ્ટ પ્રમાણ પ્રાપ્ત થયેલ નથી. તદુપરાંત ઉક્ત બંને મતગણનાવાળા દશ-દશ પયન્ના સિવાયના પણ માન્ય પયન્ના વર્તમાનમાં ઉપલબ્ધ છે જ. સારાંશ એ જ કે આ દશ નામોની કોઈ નિશ્ચિત પરંપરા કે આધાર અમારી જાણમાં નથી.

□ **વ્યાખ્યા :**

નંદીસૂત્ર ચૂર્ણિ અને વૃત્તિ અનુસાર વ્યાખ્યાઓ :

(૧) તીર્થંકરદેવે અર્થથી જણાવેલા શ્રુતને અનુસરીને પ્રજ્ઞાવાન મુનિવરો જેની રચના કરે, તેને પ્રકીર્ણક (પયન્ના) કહે છે.

(૨) ઔત્પાતિકી આદિ ચતુર્વિધ બુદ્ધિવાળા મુનિવરો શ્રુતાનુસાર સ્વવચનકુશળતાથી જેની ગ્રંથરૂપે પ્રરૂપણા કરે તે પ્રકીર્ણક કહેવાય.

(૩) ઔત્પાતિકી આદિ ચતુર્વિધ બુદ્ધિના ગુણોના ધારક, તીર્થંકરદેવના શિષ્યો વડે રચિત શાસ્ત્ર, તે પયન્ના.

(૪) ઉત્તમ સૂત્રરચના સામર્થ્યધારક તીર્થંકર શિષ્યો કે પ્રત્યેક બુદ્ધો દ્વારા રચેલા શાસ્ત્રોને પ્રકીર્ણક કહે છે.

□ **ઇતિહાસ :**

સર્વે તીર્થંકરોના સ્વ-સ્વ સર્વે કાળ અને સર્વે ક્ષેત્રમાં મૂળભૂત રીતે 'આચાર' આદિ ૧૨ અંગસૂત્રોનું અસ્તિત્વ દ્વાદશાંગી/ગણિપીટક નામથી સર્વસ્વીકૃત જ છે કે જે સૂત્રોની રચના ગણધર ભગવંતો દ્વારા થાય છે તેમ જ આ સૂત્રોને 'અંગપ્રવિષ્ટ' સૂત્રો કહે છે. (આ બારે સૂત્રોની શાશ્વતતા અને પરિચય માટે સમવાયાંગ સૂત્ર ૨૧૫ થી ૨૩૩ જોવું.) પરંતુ અંગપ્રવિષ્ટ સિવાયના અર્થાત્ અંગબાહ્ય કે અનંગપ્રવિષ્ટ સૂત્રોની સંખ્યા કે નામો વિશે કોઈ જ શાશ્વત વિધાન કે નિયમ નથી. જેમકે નંદીસૂત્રના સૂત્ર ૧૩૭માં જણાવ્યા મુજબ (૧) ઋષભદેવ ભગવંતના શાસનમાં ૮૪,૦૦૦ પયન્ના થયા. (૨) મધ્યના ૨૨ તીર્થંકરોમાં સંખ્યાતા પયન્નાની રચના થઈ. (૩) ભગવંત વર્ધમાન (મહાવીર સ્વામી)ના સમયે ૧૪,૦૦૦ પયન્ના નિર્માણ પામ્યા. વળી જે તીર્થંકરના જેટલા શિષ્યો ઔત્પાતિકી આદિ ચતુર્વિધ બુદ્ધિથી યુક્ત હોય, તેટલા હજાર પયન્ના (પ્રકીર્ણકો)ની રચના તે-તે તીર્થંકરના શાસનમાં થાય છે.

પયન્ના અથવા પ્રકીર્ણક એવો 'આગમ-વિભાગ' ઘણા જ પ્રાચીનકાળથી અસ્તિત્વમાં આવેલ છે. સર્વપ્રથમ 'અંગસૂત્રો' સિવાયના જેટલા પણ આગમોની રચના થઈ, તે બધા જ આગમોને પયન્ના/પ્રકીર્ણક/પઇણ્ણગ જ કહેવાતા હતા. ત્યાર પછીની 'નંદી' સૂત્રકારે આવશ્યક, ઉત્કાલિક અને કાલિક સૂત્રો એવા આગમ વિભાગો દર્શાવીને પણ છેલ્લે એવમાઇયાઇં વાક્ય લખી પઇણ્ણગ શબ્દ જોડી દીધેલ છે. વિક્રમના ચૌદમા શતકમાં થયેલા શ્રી પ્રદ્યુમ્નસૂરિજી રચિત વિચારસારપ્રકરણમાં ઉલ્લિખીત ૪૫ આગમોના નામોમાં પણ ગાથા ।।૩૫૦।।માં ઇય પયન્ના શબ્દથી પયન્ના- સૂત્રનો નિર્દેશ મળે છે. વર્તમાનકાળે પણ અલગ-અલગ નામથી આ પયન્ના સંગ્રહો પ્રકાશિત થયેલા છે.

□ **પયન્ના સૂત્રોની વર્તમાન ગણના :-**

વર્તમાનકાળે સ્વીકૃત આગમ સંખ્યામાં જે 'પીસ્તાળીશ આગમની પરંપરા' છે તે ૪૫ સંખ્યાનું મૂળ છેક ૧૪મી સદીમાં જોવા મળે છે. તેમાં કાળક્રમે પરિવર્તનો પણ આવેલા જ છે, કેમકે સંખ્યાનું ૩૨ કે ૪૫નું પ્રમાણ એ કોઈ શાશ્વત પરંપરા છે જ નહીં, પરંતુ આ એક સ્વીકૃત પ્રણાલી છે, જેમાં 'પયન્ના' શબ્દથી ૧૦ પયન્નાનો ઉલ્લેખ છે. જેનો ક્રમ શ્રી પદ્મસૂરિજીકૃત 'પ્રવચન કિરણાવલી' સહિતના ગ્રંથોમાં આ પ્રમાણે છે–(૧) ચઉસરણ (૨) આતુર પ્રત્યાખ્યાન (૩) મહાપ્રત્યાખ્યાન (૪) ભક્ત પરિજ્ઞા (૫) તંદુલ વૈચારિક (૬) સંસારક (૭) ગચ્છચાર (૮) ગણિવિદ્યા (૯) દેવન્દ્રસ્તવ (૧૦) મરણસમાધિ છે. અલબત્ત શ્રી પુન્યવિજયજી મ. સા. ગચ્છાચારને સ્થાને ચંદાવેજ્ઝયનો અને મરણસમાહિને સ્થાને વીરત્થવનો ઉલ્લેખ કરે છે, તો પૂ. રૂપવિજયજી અને પૂ. વીરવિજયજી મહારાજશ્રી રચિત 'પીસ્તાળીશ આગમ પૂજા'માં પયન્ના સૂત્રોના ક્રમમાં કિંચિત્ પરિવર્તન પણ જોવા મળે છે.

પ્રસ્તુત 'વિશેષાંક'માં 'ચતુ:શરણાદિ' ઉક્ત ક્રમ સ્વીકારીને તે દશ પયન્નાઓનો પરિચય કરાવાયેલ છે. અત્રે અમે પહેલાં પાંચ પયન્નામાં સંબંધીત પયન્નાનું નામ, ક્રમ, શ્લોક, ટીકા આદિ ગ્રંથકર્તા, પૂર્વગ્રંથોમાં નિર્દેશ, વિષયવસ્તુ વગેરે બાબતો ઉલ્લેખિત કરી છે.

કૃત ૮૦૦ શ્લોક પ્રમાણ ટીકા હોવાનો ઉલ્લેખ પણ મળે છે.

- ચઉસરણ પઇણ્ણગંનું બીજું નામ કુસલાનુબંધિ અજ્ઝયણ છે અને આ બંન્ને નામો સાર્થક છે. ચઉસરણ એ આ પયન્નાનું હાર્દ છે. શ્લોક ૧૧ થી ૪૮ એ ૩૮ શ્લોકમાં ચાર શરણાનું વર્ણન છે. આ સૂત્રને 'કુસલાનુબંધિ' કહેવાનું કારણ એ છે કે–આ સૂત્રમાં ચાર શરણા સ્વીકાર, સ્વ દુષ્કૃત્યોની ગર્હા અને સુકૃતોની અનુમોદના એ ત્રણ મુખ્ય વિષયો હોવાથી, આ ત્રણેના આચરણ દ્વારા કુસલ-અનુબંધિ અર્થાત્ દીર્ઘસ્થિતિક પુન્યાનુબંધી પુન્ય સહિત ઘણાં કર્મોની નિર્જરા થાય છે. તેથી 'કુશલાનુબંધી' નામ પણ સાર્થક છે.
- ચરુસરણ પઇણ્ણગં–એ નામથી બીજા પણ એક પયન્નાનું અસ્તિત્વ છે, જેમાં ૨૭ ગાથાઓ છે, તેમાં પણ ચાર શરણ, દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદનાનો જ વિષય છે, પણ અત્રે દશ પયન્નામાં આ સૂત્રનો સમાવેશ કરાયેલ નથી.
- આ આખું સૂત્ર પદ્ય (શ્લોક) સ્વરૂપે રચાયેલ છે.
- નંદીસૂત્ર, પક્ખિસૂત્ર કે વિચારસાર પ્રકરણ આદિમાં આ સૂત્રનો નામોલ્લેખ નથી.

□ વિષયવસ્તુ :

ચઉસરણ પયન્નામાં સામાયિક આદિ છ આવશ્યકોનો સંક્ષેપ અને વિસ્તારથી અર્થાધિકાર છે, ચૌદ સ્વપ્નોના નામો છે, ચાર શરણાંનો સ્વીકાર–દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના છે. અને છેલ્લે ચાર શરણા સ્વીકાર આદિ ત્રણેનું આરાધન કરનાર–ન કરનારને પ્રાપ્ત શુભ-અશુભ ફળનો ઉલ્લેખ છે.

□ ઉડતી નજરે સૂત્ર-દર્શન :

● છ આવશ્યક નિર્દેશ :

સાવદ્ય ત્યાગ અને નિરવદ્ય સેવન કરતો આત્મા સામાયિક વડે ચારિત્રને શુદ્ધ કરે, જિનેશ્વરના ગુણ કીર્તન વડે દર્શન વિશુદ્ધિ કરે અને વિધિપૂર્વક વંદના કરતો જ્ઞાનાદિ ગુણની શુદ્ધિને પામેલો આત્મા પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ વડે દર્શનાદિ ત્રિકની સ્ખલનાને નિવારી, પ્રત્યાખ્યાન કરતો તપાચાર અને વીર્યાચારની શુદ્ધિને પામે છે. એ પ્રમાણે સૂત્રકારશ્રી આત્માને પંચાસારની વિશુદ્ધિના કથન દ્વારા તેમાં લાગેલા ડાઘને ભૂંસવાની પ્રક્રિયા માટે છ આવશ્યકોનો નિર્દેશ કરે છે.

સામાયિક આદિ ઉક્ત છ આવશ્યકને આરાધતો આત્મા પ્રાપ્ત ભાવથી પડે નહીં અને અભિનવ ભાવ વિશુદ્ધિને પ્રાપ્ત કરે, તે માટે શું કરવું ? એ પ્રશ્નનો ઉત્તર આપતા સૂત્રકારશ્રી અહીં મોક્ષ સુખના અવંધ્ય કારણરૂપ એવી ત્રણ આરાધનાને ત્રિસંધ્યા આરાધવાના હેતુથી આગળ જણાવે છે કે-

હે આત્મન! તમે અરિહંતાદિ ચાર શરણાં સ્વીકારો, સ્વદુષ્કૃતની ગર્હા કરો અને સ્વ તથા પર સુકૃતોની અનુમોદના કરો.

● ચાર શરણ સ્વીકાર :

કેવા અરિહંતોનું શરણ સ્વીકારવું ? જે રાગ–દ્વેષ રૂપી શત્રુને હણનારા છે, દુષ્કર તપ અને ચારિત્રનું સેવન કરનારા છે, વિશિષ્ટ પૂજા-સ્તુતિ-વંદનાદિને યોગ્ય છે, ધ્યાતવ્ય છે, ચોંત્રીશ અતિશયોથી યુક્ત છે, અતિ અદ્‌ભુત ગુણોની ખાણ છે...ઇત્યાદિ વિશેષણોથી અરિહંતનો પરિચય આપીને સૂત્રકારશ્રી અત્રે અરિહંતના શરણાના સ્વીકારપણાની મહત્તાનો નિર્દેશ કરે છે. એ જ પ્રમાણે ૭ ગાથામાં સિદ્ધ ભગવંતોનો પરિચય આપે છે. ૧૧ ગાથામાં સાધુના સ્વરૂપને જણાવે છે અને ૮ ગાથામાં કેવળી પ્રજ્ઞપ્ત ધર્મની ઓળખ કરાવે છે. એ રીતે સિદ્ધ આદિ ત્રણેના શરણનો સ્વીકાર કરવાની અદ્‌ભુત પ્રેરણા આપે છે.

આવા ચતુર્વિધ શરણને સ્વીકારનાર આત્મા નિશ્ચે ભક્તિરસ નિમગ્ન બને છે, અશરણ રૂપ બીજી વૈરાગ્ય ભાવનાથી વાસીત પણ થાય છે, પરંતુ તેનો આત્મા જે પૂર્વના દુષ્કૃત્યોથી પણ કુવાસનાનો શિકાર બન્યો છે, તેનું શું ?

● દુષ્કૃત ગર્હા :

ત્યાં સૂત્રકાર મહર્ષિ, તે આત્માને પોતાના દુષ્કૃતોને નીંદવા દ્વારા અશુભકર્મોનો ક્ષય કરવાની અને આત્માના મલીન ભાવોનો નાશ કરવાની દિશામાં પગલા માંડવા માટે છ ગાથામાં 'દુષ્કૃત ગર્હા' કરવાનો ઉપદેશ આપતાં જણાવે છે કે મિથ્યાત્વને નિંદો, અરિહંતાદિ વિષયક અવર્ણવાદનો ત્યાગ કરો. ધર્મ-સંઘ-સાધુ પરત્વે શત્રુભાવ ન રાખો...ઇત્યાદિ સ્વરૂપે આત્માને કલુષિતતારહિત કરો.

● સુકૃત અનુમોદના :

દુષ્કૃત ગર્હા વડે આત્માની કલુષિતતા જરૂર દૂર થશે. પણ આત્મામાં સદ્‌ભાવોનું સિંચન અને ગુણાનુરાગ કેમ પ્રગટાવવો ? સૂત્રકાર મહર્ષિ તે માટે સુકૃત અનુમોદના કરવાનું કહે છે. પણ સુકૃત અનુમોદના કરવી કઈ રીતે ? જેનામાં જે ગુણ હોય તેના તે ગુણની હાર્દિક પ્રશંસા કરો.

આ વાતને પૂ. યશોવિજયજી મહારાજે 'અમૃતવેલની સજ્ઝાય'માં અને ચિરંતનાચાર્યશ્રીએ 'પંચસૂત્ર'ના પહેલા અધ્યયનમાં પણ ખૂબ જ સારી રીતે વણી લીધી છે. અહીં સૂત્રકારશ્રીએ પણ સ્વ-પ્રશંસા અને પરનિંદાના બે ભયંકર દોષોથી વાસીત આત્માને બચાવવા માટે સ્વદુષ્કૃત ગર્હા અને પર સુકૃત અનુમોદના આત્માને શુભ ગુણોથી સુવાસિત કરવાને નિતાંત ઉપયોગી છે.

● સારાંશ :

અંતે સૂત્રકારશ્રી આ ત્રિવિધ આરાધનાના શુભ વિપાક રૂપ ફળનો નિર્દેશ કરી, તે ન આરાધવાથી મનુષ્ય જન્મની નિષ્ફળતા બતાવીને, ત્રણે સંધ્યા આરાધના કરવી તે ઉપદેશ આપી વિરમે છે.

આપણે પણ ચતુ:શરણના આટલા પરિચયથી વીરમીએ.✷ ✷ ✷

આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણક આતુર પ્રત્યાખાન પ્રકીર્ણક ૨૫

□ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

□ ભૂમિકા :

પયન્ના સૂત્રમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૨ છે. પીસ્તાળીશ આગમમાં ક્રમ ૨૫મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ આઉરપચ્ચક્ખાણ છે, સંસ્કૃતમાં આતુરપ્રત્યાખાન કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી સૂત્રની પાછળ પયન્ના કે પ્રકીર્ણક શબ્દ લાગે છે.

- આ સૂત્રમાં ૭૦ ગાથા છે અને ૧ સૂત્ર છે. તે ૮ શ્લોક પ્રમાણ ગણાવાય છે.
- શ્રી વીરભદ્રાચાર્યકૃત આ પયન્ના સૂત્ર ઉપર અચલગચ્છીય શ્રી ભુવનતુંગ સૂરિ રચિત ટીકાનો ઉલ્લેખ મળે છે. આ ટીકા ૪૨૦ શ્લોક પ્રમાણ હોવાનું કહેવાય છે. તદુપરાંત શ્રી ગુણરત્નસૂરિ કૃત અવચૂરી છે, જેનું મુદ્રણ અમારા 'આગમ સુત્તાણિ સટીકં'માં કરાયેલ છે.
- આ સૂત્રમાં ગદ્ય-પદ્ય અર્થાત્ શ્લોક અને સૂત્ર બંને છે.
- આઉરપચ્ચક્ખાણ નામથી જ બીજા પણ બે પયન્ના મળે છે. જેમાં એક આઉરપચ્ચક્ખાણમાં૨૮ શ્લોકો અને ૨ સૂત્રો છે, જેમાં પંચ પરમેષ્ઠી નમસ્કાર, ખામણા, પાપસ્થાનક આદિ વોસિરાવવા, પ્રત્યાખ્યાન આત્મોપદેશ છે અને બીજા આઉરપચ્ચક્ખાણમાં ૩૪ શ્લોકો છે. બધા પદ્યો જ છે. તેમાં શરીરને અવિરતિ પ્રત્યાખ્યાન, મિચ્છામિ દુક્કડમ્, મમત્વ ત્યાગ, શરીરને ઉપાલંભ, શુભ ભાવના આદિ વિષયો છે. પરંતુ આ બે આઉર પચ્ચક્ખાણ સૂત્રો અહીં લીધા નથી.
- આઉર પચ્ચક્ખાણ સૂત્રનો ઉલ્લેખ 'નંદીસૂત્ર'માં સૂત્ર ૧૩૭માં અઠ્ઠાવીસમાં ઉત્કાલિક સૂત્ર રૂપે છે. પ્રસ્તુત સૂત્ર તે જ હોવાનો સંભવ છે, કેમકે અહીં સ્વીકૃત સૂત્રના કર્તા શ્રી વીરભદ્રાચાર્ય છે, જેઓ ભગવંત મહાવીરના હસ્તદીક્ષિત થયા હોવાનું કહેવાય છે. 'પક્ખિ સૂત્ર'માં પણ ૨૭મા ઉત્કાલિક સૂત્ર રૂપે નોંધાયેલ છે અને શ્રી પ્રદ્યુમ્નસૂરિજીકૃત વિચારસાર પ્રકરણમાં ૪૫ આગમોમાં ૩૭મા આગમ અને પયન્ના શબ્દથી જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.
- આઉર એટલે રોગથી ઘેરાયેલો આત્મા, જેને પરભવની આરાધના કરાવવાના અવસરે કરાવવા લાયક પ્રત્યાખ્યાનનું વર્ણન તેમાં હોવાથી આ સૂત્રને આતુર પ્રત્યાખ્યાન કહે છે.

□ વિષયવસ્તુ :

પ્રસ્તુત સૂત્રમાં મુખ્યત્વે બાળમરણ, બાલપંડિતમરણ અને પંડિતમરણ એ ત્રણ વિષયોને સ્પર્શાયેલ છે. તદ્અંતર્ગત દેશવિરતિ ધર્મનું સ્વરૂપ, બાલપંડિતની ગતિ, અતિચાર આલોચના, હિંસાદિ વિરતિ, પ્રતિક્રમણ-નિંદા-ગર્હાદિ, આલોચનાદાયક ગ્રાહકનું સ્વરૂપ, અસમાધિ મરણ અને તેનું ફળ, પંડિત મરણની ભાવના અને આરાધના વિધિ ઇત્યાદિ નાના-નાના વિષયો સમાવિષ્ટ છે.

□ ઉડતી નજરે સૂત્રદર્શન :

● બાળપંડિતમરણ :

પ્રસ્તુત સૂત્રનો મુખ્ય વિષય પંડિતમરણ જ છે, પણ પંડિતમરણની મહત્તાને પ્રસ્થાપિત કરવા માટે બાળપંડિતમરણ અને બાળમરણને પણ જણાવેલા છે. દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવના મરણને બાળપંડિતમરણ કહેલ છે. તે માટે દેશવિરતિ કોને કહેવાય, તે જણાવવા બાર વ્રતોનો નામોલ્લેખ કરેલ છે. ત્યાર પછી બાળપંડિતમરણ માટેની વિધિ અને તેઓની ભાવિ શુભ ગતિનો ઉલ્લેખ કરેલ છે.

● પંડિતમરણ :

અહીં સૂત્રકાર મહર્ષિ ગદ્ય સૂત્ર રચના વડે ઉત્તમાર્થની આરાધના કરવા ઇચ્છુક આત્માની જ્ઞાન અને વૈરાગ્યયુક્ત ચિંતવના રજૂ કરે છે. આવો આત્મા શુભચિંતવનાસહ અતિક્રમ આદિ ચારેનું મિચ્છામિ દુક્કડમ્ આપીને, પરમાત્માને નમસ્કાર કરી, પાંચે મહાવ્રતોનો પુનઃ સ્વીકાર કરે અને પછી પોતાના આત્મિક ભાવોને પ્રગટ કરતાં કેવી કેવી પ્રવૃત્તિ–વિચારણા કરે, તે જણાવવા ગાથા ૧૪ થી ૩૫ની રચના કરેલ છે.

આવો આત્મા અંતિમ આરાધના પૂર્વે શું કરે?

જીવ ખામણા કરી સમાધિભાવ ધારણ કરે, આહાર-વિધિ, સંજ્ઞા-ગારવ આદિને તજે, અરહંતાદિને નમસ્કાર કરી પાપોના પચ્ચક્ખાણ કરે, કેવળી પ્રરૂપિત વિધિ મુજબ સંથારાનો સ્વીકાર કરે, ઉપાધિ-શરીર-ખોટું આચરણ આદિ વોસિરાવી મમત્વનો ત્યાગ કરે. આત્માની જ્ઞાનાદિમાં સ્થિતિ, એકત્વ ભાવ આદિ શુભભાવયુક્તતાને ધારણ કરી વિરાધનાને પ્રતિક્રમે, આશાતના-રાગ-દ્વેષ-અસંયમ-મિથ્યાત્વ ઇત્યાદિની ગર્હા કરી, નિષ્કપટ ભાવે સર્વે પાપોની આલોચના કરે. પૂજ્ય એવા ગુરુ ભગવંત પાસે ક્ષમાયાચના કરે.

● મરણના ભેદ, બાળમરણના ફળ :

સૂત્રકાર મહર્ષિએ પંડિતમરણની વિધિ જણાવી, પણ પંડિતમરણની મહત્તા કે આવશ્યકતા ક્યારે સમજાય? જો બાળમરણ અને તેના અશુભ વિપાક સમજાય તો! આ હેતુને આચાર્યશ્રી મરણના ત્રણ ભેદ જણાવીને બાળમરણ પામનારની દુર્ગતિ, અનંતા સંસારની પ્રાપ્તિ, અબોધિપણું ઇત્યાદિના સ્વરૂપનો તથા તેના કારણોનો વિસ્તાર કરી બાળમરણના સ્વરૂપને સૂત્ર ૩૭ થી ૪૩માં જણાવીને 'હવે હું પંડિતમરણે મરીશ' તેવી પ્રતિજ્ઞાનું કથન કરે છે.

પંડિતમરણે મરવા ઈચ્છનારો જીવ કેવી વિચારણા કરે?

નરક આદિ વેદનાને સંભારે, સંસાર ભાવના ભાવતા દુઃખની ઉત્પત્તિના કારણોને યાદ કરે, અશન અને પાનથી તૃપ્તિ ન પામ્યાને વિચારે, કષાયના નિગ્રહ દ્વારા મરણ પામવાની ભાવના કરે, રાધાવેધ કરનાર પુરુષ માફક મોક્ષમાર્ગ સાધવા આત્માને ગુણયુક્ત કરે, જિનોપદિષ્ટ ઉપદેશની સદ્‌હણા કરે, વૈરાગ્યના એકાદા પદને ચિંતવે, મરણના ભયનો ત્યાગ કરી જ્ઞાનાદિમાં સાવધાન બને ઇત્યાદિ પ્રકારે આત્માનું પચ્ચક્‌ખાણ શુભ થાય છે, તેમ વિચારે-સ્વીકારે.

આપણે પણ પ્રાંતે આવી ભાવ આરાધકતા ધારણ કરીએ.✷✷✷

પરિષહ અને પરિત્યાગ

ઉનાળાએ પ્રચંડ રૂપ ધારણ કર્યું હતું. દિવસનો ત્રીજો પ્રહર ચાલતો હતો. યુવાન મુનિશ્રી અરણક ગોચરી માટે નીકળ્યા ત્યારે તેમના દેહ પરથી પ્રસ્વેદની ધારા વહેતી હતી. પિતામુનિ બે દિવસ પૂર્વે જ કાળધર્મ – અવસાન પામ્યા, એમના મનને આઘાત તો ઘણો થયો પણ કાળના ક્રમ સામે કોનું ચાલે છે? સહવર્તી મુનિઓએ થોડુંક તેમના પ્રતિ ધ્યાન આપ્યું પણ પછી તો પોતાની શુશ્રૂષા પોતે જ કરવી રહી તેમ સમજીને મુનિ અરણક ભિક્ષાર્થે નીકળ્યા.

માતા સાધ્વીજીએ આજે અરણક મુનિને હવે પોતાનું કામ પોતે જ કરવું જોઈએ એવી શિખામણ પણ આપી હતી.

મુનિ અરણક ચાલ્યા પણ આ પરિષહ અસહ્ય હતો. ઉગ્ર તાપ, ખુલ્લા પગ અને સર્વ પ્રકારનાં કષ્ટોની વચમાં જીવવાનું! એમના મનમાં આ કઠોરતા પ્રત્યે નિરાશા જન્મી અને આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં!

નગરમાં પ્રવેશેલા અરણક મુનિ એક ઊંચી હવેલી નજીક પહોંચ્યા ત્યારે ઝરૂખામાં ઊભેલી એક લલના તેમને જોઈને જ મોહાઈ ગઈ. રૂપવાન અને સુકુમાર સાધુનો દેહ પ્રખર યુવાનીથી દીપતો હતો! એ યૌવના દોડી, મુનિને ભવનમાં નિમંત્ર્યા અને કાયાના કામણ પાથર્યાં. દુઃસહ પરિષહોથી વિહ્વળ અરણકને એ ગમ્યું. એમણે યૌવનાના પાલવમાં મસ્તક છુપાવી દીધું, સાધુનાં વસ્ત્રો તજ્યાં.

સમીસાંજે એ ભવનમાં સુખનાં દીપકનો પ્રકાશ પથરાયો.

નગરની બહાર ઉદ્યાનમાં અન્ય મુનિવરો અરણક મુનિની પ્રતીક્ષા કરતા હતા. અરણક મુનિને તેઓ પ્રતિક્ષાથી થાકીને શોધવા નીકળ્યા. અરણક ન મળ્યા ત્યારે અરણકના માતા સાધ્વીજીને એ દુઃખદ સમાચાર આપ્યા કે અરણક મુનિ ક્યાંય જડતા નથી!

એ સાધ્વીમાતાના હૈયા પર કઠોર આઘાત થયો. એમનું માતૃહૃદય ધીરજ ધરી ન શક્યું. એ પુત્ર સાધુને શોધવા નીકળ્યાં!

અરણક તો એ યૌવનાની રૂપની તરતી કાયાની મોજમાં ડૂબી ગયા હતા. જગતની કોઈ વાત એમને સાંભરતી નહોતી અને જગત સાથે એમને કોઈ સંબંધ નહોતો. મહિનાઓ વીતી ગયા પણ એમણે એ વિશાળ ભવનની બહાર દૃષ્ટિપાત પણ નહોતો કર્યો!

સાધ્વીમાતાની વિહ્વળતાનો અંત નહોતો. એ ભૂખ્યાં ને તરસ્યાં નગરની શેરીએ શેરીએ ભટકતાં હતાં અને આર્જવ કંઠે બૂમ પાડતાં હતાં. અરણક, અરણક, મારો બાળક અરણક!

સૌ એમને પાગલ સ્ત્રી માનતા હતા. કેટલાય દિવસ પછીની એક સાંજ હતી. એ વૃદ્ધ સાધ્વીમાતા ભટકતા અને થાકેલા શરીરે એ જ ભવનના ઉંબરા પાસે જઈ બેઠાં. એમના મુખમાંથી સતત ધ્વનિ પ્રગટતો હતો. અરણક, અરણક!

થોડે દૂર નાના બાળકોનું ટોળું સાધ્વીની મજાક કરતું ઊભું હતું.

એ જ સમયે સુંદર અને રંગીન વસ્ત્રોમાં શોભતો યુવાન અરણક ઝરૂખામાં આકાશ નિહાળવા આવ્યો. એણે માર્ગ પર સાધ્વીમાતાને જોઈ, એના મુખમાંથી પ્રકટતું પોતાનું નામ સાંભળ્યું, માતાનું વાત્સલ્ય જોયું અને બાળકોની મજાક જોઈ. એક ક્ષણમાં અરણકને પોતાની જાત માટે ઘૃણા જાગી. આવી સ્નેહભરી પવિત્ર માતાને વિસારીને મેં કષ્ટોને યાદ રાખીને સંયમ છોડ્યું અને સંસાર માંડ્યો? ધિક્કાર હજો મને!

એ દોડ્યો, સાધ્વીમાતાના પગમાં પડ્યો ને એટલું જ કહ્યું, 'મા, હું જ તારો અરણક! મારા તમામ ગુના માફ કર ને મને પુનઃ સંયમનું દાન કર મા! હું તારી કૂખને અજવાળતું જીવન જીવીશ, નિરતિચાર સંયમ પાળીશ!'

એ વૃદ્ધ સ્ત્રીએ તેને જોયો, એક પળ આંખમાં આંસુની ધાર ચાલી ને બીજી પળે તે નિર્મળ સાધ્વી બની ગઈ. એણે એટલું જ કહ્યું,

'ભાઈ! તેં તો શૂરવીરતાથી સંયમ લીધું છે, તારે કઠોર જીવન જીવીને આત્મકલ્યાણ કરવાનું હતું, તારો જીવનપંથ ઉન્નતિ માટે હતો ને તેં આ શું કર્યું? કુળને કલંકિત ન કર, આત્માને ઉજ્જ્વળ કરનાર ઉત્તમ સંયમના માર્ગે ચાલ્યો જા બેટા! તારું કલ્યાણ થાઓ!'

અરણકે પુનઃ સંયમ સ્વીકાર્યું.

હવે એમનો જીવનપંથ તપનો, ત્યાગનો અને કઠોર પરિષહ સહન કરવાનો બની ગયો, ઉનાળાના પ્રચંડ તાપમાં કોઈ જમીન પર પગ ન મૂકે તેવા સમયે તેઓ વૈભારગિરિ પર તપેલા પથ્થર પર સૂઈ ગયા. મનની નિર્મળ ભાવશ્રેણિ જાળવી રાખી અને આત્માના શુભ અધ્યવસાય અડગતાથી વિચલિત થવા ન દીધા.

એમણે દેહનો ત્યાગ કર્યો, દેવભવ પામ્યા.

સાધ્વીમાતાને આપેલું વચન તેમણે પાળ્યું. સંયમનું કઠોર પાલન કરીને આત્માને ઊર્ધ્વગામી બનાવ્યો.

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

महाप्रत्याख्यान प्रकीर्णक महाप्रत्याखान प्रकीर्णक

२६

□ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

□ ભૂમિકા :

પયન્ના સૂત્રોમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૩ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૬મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ મહાપચ્ચક્ખાણ છે, જેને સંસ્કૃતમાં મહાપ્રત્યાખ્યાન કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી, સૂત્રની પાછળ પયન્ના કે પ્રકીર્ણક શબ્દ લાગે છે.

આ સૂત્રના મૂળ શ્લોક ૧૪૨ છે. આ સંપૂર્ણ પદ્યાત્મક (શ્લોકબદ્ધ) સૂત્ર જ છે, તેના કર્તા વિશે કોઈ જ માહિતી અમોને ઉપલબ્ધ નથી, તેની કોઈ વૃત્તિ કે અવચૂરી હોવાનો ઉલ્લેખ અમોને પ્રાપ્ત થયેલ નથી.

મહાપચ્ચક્ખાણ સૂત્રનો ઉલ્લેખ 'નંદીસૂત્ર'માં સૂત્ર ૧૩૭માં ૨૯મા ઉત્કાલિક સૂત્ર રૂપે છે, 'પાક્ષિક સૂત્ર'માં ૨૮મા ઉત્કાલિક સૂત્ર રૂપે છે, પણ ૧૪ મી સદીમાં રચાયેલ 'વિચારસાર પ્રકરણ'માં ૪૫ આગમ ગણનામાં તેનો ઉલ્લેખ જોવા મળતો નથી.

નંદીસૂત્ર વૃત્તિમાં કહે છે કે 'મહાન (મોટું) એવું જે 'પ્રત્યાખ્યાન', તેને મહાપચ્ચક્ખાણ કહે છે. અહીં ભવચરિમ પ્રત્યાખ્યાન સંબંધે વિવિધ પ્રરૂપણા છે.

□ વિષયવસ્તુ :

'મહાપચ્ચક્ખાણ' પયન્નામાં ઉલ્લેખિત વિષયો કંઈક આવા છે– ઉપધિ આદિ ત્રણનો ત્યાગ, રાગ આદિ વોસિરાવવા, જીવ ખામણા, નિંદા-ગર્હા, મમત્વછેદન, આત્મભાવના, એકત્વભાવના, સંયોગ–સંબંધત્યાગ, મિથ્યાત્વત્યાગ, આલોચના, આલોચકનું સ્વરૂપ, શલ્યોદ્ધરણ પ્રરૂપણા, આલોચનાફળ, હિંસાદિના પ્રત્યાખ્યાન, ભાવવિશુદ્ધિ, વૈરાગ્યનો ઉપદેશ, પંડિતમરણ પ્રરૂપણા, પંચ મહાવ્રત રક્ષા, આત્માર્થ સાધનની પ્રરૂપણા, કરેલ-ન કરેલ યોગોથી થતાં લાભ કે હાનિ, અનારાધકનું સ્વરૂપ, આરાધનાનું માહાત્મ્ય, વિવિધ વ્યુત્સર્જના, ચાર શરણા, પંચ પરમેષ્ઠીનું મંગલપણું, વેદનાદિ સહેવાનો ઉપદેશ, અપ્રતિબદ્ધ-મરણ સ્વીકાર, આરાધના પતાકા હરણ, આરાધનાનો ભેદ અને ફળ ઇત્યાદિ.

□ ઉડતી નજરે સૂત્ર-દર્શન :

આતુર પ્રત્યાખ્યાનમાં આવતા કેટલાંક વિષયોનો સંક્ષેપ કરી સૂત્રકાર મહર્ષિએ અહીં સમાવિષ્ટ કરેલ છે, પરંતુ મુખ્યત્વે સાધુના અંત સમયની આરાધનાને અહીં વિસ્તારથી જણાવેલી છે. ઘણા વિષયોને સંક્ષેપમાં દર્શાવી, સૂત્રકારશ્રી એક મહત્ત્વની વાત કરે છે કે–'પાપ કરવું એ દુષ્કર નથી; પરંતુ કરેલા પાપોની નિર્મળ ભાવે ગુરુ પાસે આલોચના કરવી એ દુષ્કર છે.' પણ આ આલોચનામાં વિધિ શું ? આ આલોચનાકર્તા કેવો હોય ? મહાપ્રત્યાખ્યાનકર્તા કઈ રીતે આગળ વધે ? આ અને આવા પ્રશ્નોનો ઉત્તર આપવા સૂત્રકાર મહર્ષિ આ સૂત્રની રચના કરે છે.

● મહાપ્રત્યાખ્યાન આરાધક પહેલાં શું કરે ?

મંગલ રૂપે અરહંતાદિને નમસ્કાર કરી પાપને પચ્ચક્ખે, દુશ્ચરિત્રને નિંદે, સામાયિકને સ્વીકારે–ઉપધિ-આહાર-શરીરને વોસિરાવે, મમત્વને તજે, જ્ઞાનાદિરૂપ આત્માનું આલંબન સ્વીકારે, વ્રતાદિ અનારાધનાને નિંદે-પડિક્કમે, એકત્વ ભાવના ભાવે, અન્યત્વ ભાવના સ્વીકારી સર્વે સંયોગ-સંબંધને વોસિરાવે, અસંયમ આદિ ત્યાગ કરી બધાને ખમાવે, અપરાધ આલોચના કરે, માયાનો ત્યાગ કરે, શલ્યોને ઉદ્ધરે, ભાવશલ્યના સ્વરૂપને જાણીને ગુરુ સન્મુખ આલોચે. આલોચના અને નિંદા કરી આત્મા ભારરહિત થાય. પ્રાયશ્ચિતને દોષરહિત પણે સ્વીકારે. હિંસાદિના પચ્ચક્ખાણ કરે, પચ્ચક્ખાણ કરતાં ભાવવિશુદ્ધિ જાળવે. એ રીતે આરાધક આત્મા પોતાના આત્માને શુદ્ધ કરે, અનુશાસિત કરે.

● પંડિત મરણે મરવાનો સંકલ્પ :

ઘણાં બાળમરણે હું મરણ પામ્યો છું. માતા-પિતા-બંધુ આદિ વડે આ લોક ભરેલો છે, કોઈ જ શરણરૂપ નથી. જીવ એકલો જ ભટકે છે તેથી હવે હું પંડિતમરણે જ મરીશ. અહીં જ્યારે ગતિની વેદનાને સંભારતો, સેંકડો જન્મ-મરણને છેદવા, પાદપોપગમને મરવાને માટે હું પંડિત મરણે મરીશ. આવી આવી વૈરાગ્ય ભાવનાને ભાવતો આત્મા પંડિતમરણે મરવાનો સંકલ્પ કર્યા પછી સ્વ દુષ્કૃત્યોની નિંદા અને ગર્હા કરે. પાંચ મહાવ્રતોની વિવિધ રૂપે રક્ષા કરે. પંડિત-મરણની પ્રશંસા કરતો વિવિધ શુભ ભાવોને ભાવે છે.

● પંડિતમરણનો આરાધક પછી શું કરે ?

અરિહંત, સિદ્ધ આદિ પંચ પરમેષ્ઠીનું શરણ સ્વીકારે, તેમને મંગલ- રૂપ માનતો પોતાના પાપોનો વોસિરાવે, આરાધકભાવ ધારણ કરી વેદના સહન કરે. દુ:ખના વિપાકોને ચિંતવે, અપ્રતિબદ્ધ મરણને સ્વીકારે. આરાધનારૂપી જય પતાકાનું હરણ કરે, જૂના કર્મોને સંથારામાં રહીને ખપાવે, જિનવચનાદિમાં ઉદ્યત બને. સમ્યક્ પ્રકારે પચ્ચક્ખાણ પાલન કરે.

આપણે પણ પાલન કરવા ઉદ્યમવંત બનીએ અને અહીં જ વીરમીએ. ✷ ✷ ✷

ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક ૨૭

□ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

□ ભૂમિકા :

પયન્ના સૂત્રમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૪ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૭મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ ભત્તપરિણ્ણા છે, જેને સંસ્કૃતમાં ભક્તપરિજ્ઞા કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી સૂત્રની પાછળ પયન્ના કે પ્રકીર્ણક શબ્દ લાગે છે.

- (૧૭૩)-૧૭૨ શ્લોક ધરાવતું આ સૂત્ર સંપૂર્ણ પદ્યાત્મક છે, તેના કર્તા સ્વરૂપે શ્રી વીરભદ્રાચાર્યનો ઉલ્લેખ મળે છે.
- 'ભક્ત પરિજ્ઞા' ઉપર ગુણરત્નસૂરિ રચિત અવચૂરિ મળે છે, પણ તે ઘણી જ ત્રુટક જોવા મળી છે. અન્ય હસ્તપ્રતો જોવાનો અમે પુરુષાર્થ કરેલ નથી.
- ભક્ત એટલે આહાર અને પરિજ્ઞા એટલે પ્રત્યાખાન. 'આજીવન આહારનો ત્યાગ' તે ભત્તપરિણ્ણા કહેવાય છે.
- ભત્તપરિણ્ણાનો સૂત્ર રૂપે ઉલ્લેખ 'નંદીસૂત્ર', 'પક્ખિસૂત્ર' કે વિચારસાર પ્રકરણમાં થયેલ નથી, પણ ભગવંત મહાવીરના હસ્તદીક્ષિત શિષ્યની રચના હોવાથી તે 'પયન્ના'રૂપે સ્વીકૃત બનેલ હોય તેવો સંભવ જણાય છે.

□ વિષયવસ્તુ :

'ભક્ત પરિજ્ઞા પ્રકીર્ણક સ્પર્શીત વિષયોની સંક્ષિપ્ત યાદી કંઈક આ પ્રમાણે છે-જ્ઞાનનું માહાત્મ્ય, અશાશ્વત સુખનું નિષ્ફળપણું, જિનાજ્ઞા આરાધનામાં શાશ્વત સુખ, ઉદ્યમવંતના મરણના ભેદો, ભક્ત પરિજ્ઞા મરણના ભેદ, ભક્ત પરિજ્ઞાકર્તાની ગુરુ પ્રત્યેની વિનંતી, ગુરુ દ્વારા આલોચનાદિ ઉપદેશ, આરાધક મુનિ દ્વારા આલોચના અને પ્રાયશ્ચિત્ત મહાવ્રત આરોપણા, દેશવિરત શ્રાવકની આચરણા, સમાધિ પાનાદિ વડે ઉદરાગ્નિ શાંત કરવો, અંતિમ પચ્ચક્ખાણ વિધિ અને ખામણા, આચાર્ય દ્વારા વિસ્તારથી હિતશિક્ષા, શિષ્ય દ્વારા હિતશિક્ષાનો સ્વીકાર, વેદનાગ્રસ્ત આરાધક પ્રતિ ગુરુનો ઉપદેશ, ભક્ત પરિજ્ઞાનું માહાત્મ્ય-આ વિષયોને સૂત્રકારે અત્રે સમાવેલ છે.

□ ઉડતી નજરે સૂત્રદર્શન :-

અંતકાળે ગીતાર્થ ગુરુદેવ, યોગ્ય જીવને આહારના પચ્ચક્ખાણ કઈ રીતે કરાવે ? તે વાતને ઘણાં જ વિસ્તારથી આ સૂત્રમાં સમાવતા અહીં ભક્ત પરિજ્ઞાનું સ્વરૂપ, ભેદ, સર્વવિરતિ કે દેશવિરત આરાધક, તેમને અપાતો હિતોપદેશ, અનશન સ્વીકારનાર સાધુનું કર્તવ્ય અને વિધિ, છેલ્લે વેદના કે પીડા ઉદ્‌ભવે તો તેઓએ શું કરવું ? ઇત્યાદિના નિર્દેશપૂર્વક અંતે ભક્ત પરિજ્ઞા માહાત્મ્ય જણાવતા સૂત્રકાર મહર્ષિએ કિંચિત્ આવું કંઈક જણાવેલ છે-

જ્ઞાનને વશવર્તી આત્મા, નિરૂપસર્ગ એવા મોક્ષસુખની વાંછા કરે છે, પણ પરમાર્થથી દુઃખરૂપ એવા મનુષ્ય કે દેવના સુખને ઈચ્છતા નથી, શાશ્વત સુખના સાધનરૂપ જિનાજ્ઞાને જ આરાધે છે. ઉદ્યમવંત આત્મા ભક્ત પરિજ્ઞાદિ ત્રણ પ્રકારના મરણને આરાધે છે, જેમાં ભક્તપરિજ્ઞા મરણ સવિચાર અને અવિચાર બે ભેદે છે, પણ તે મરણને યોગ્ય ગૃહસ્થ કે યતિ હંમેશા સંસારના નિર્ગુણપણાને જાણે.

ભક્તપરિજ્ઞા ઈચ્છુક આત્મા મસ્તકે અંજલી કરીને ગુરુને જ્યારે વિનંતી કરે છે, ત્યારે તે ગીતાર્થ ગુરુદેવ પણ તેને આલોચના, ખામણા અને વ્રત સ્વીકારવાનું કહે છે. આચાર્યદત્ત પ્રાયશ્ચિત્તને નિર્મળભાવે વહન કરે છે, પુનઃ મહાવ્રત આરોપણ ગ્રહે છે, જો દેશવિરત શ્રાવક હોય તો અણુવ્રત સ્વીકાર, સાત ક્ષેત્રમાં દ્રવ્ય વ્યય કરે છે, તે શ્રાવક કે સાધુ ગુરુ પાદમૂલે મસ્તક નમાવી ભક્ત પરિજ્ઞા સ્વીકાર કરે છે.

આચાર્ય ભગવંત પણ દિવ્ય નિમિત્ત જાણીને અનશન કરાવે, ઉદરમલની શુદ્ધયર્થે સમાધિ પાન કરાવે, યાવજ્જીવ ત્રિવિધ આહારને વોસિરાવે, સંઘને નિવેદન કરી ચૈત્યવંદનાદિ પૂર્વક ત્રિવિધ આહારનું પ્રત્યાખ્યાન કરાવે. શિષ્ય પણ આચાર્યાદિ સર્વ સંઘ સાથે ખામણા કરે. ગુરુદેવ ઘણી જ વિસ્તારપૂર્વક અને દૃષ્ટાંતસહ હિતશિક્ષા ફરમાવે છે-જેનું વર્ણન સૂત્રકારશ્રીએ ગાથા ૫૧ થી ૧૫૩ સુધી કરેલ છે.

વિવિધ દૃષ્ટાંતો અને વૈરાગ્યપ્રેરક વચનોના માધ્યમ વડે અપાયેલ એવી આ વિસ્તૃત હિતશિક્ષાનું શ્રવણ અને અવધારણ કરેલો શિષ્ય આ મહાન ઉપદેશને પામીને 'ભવકાદવ તરવામાં દૃઢ લાઠી સમાન' જાણીને તેનો સ્વીકાર કરે છે, વિનય વડે તે હિતશિક્ષાનો સ્વીકાર કરીને ભક્ત પરિજ્ઞામાં સ્થિર થાય છે. કદાચ તે વખતે તેને કોઈ વેદના કે પીડા ઉત્પન્ન થાય તો ગુરુ મધુરવાણી વડે અને પૂર્વઋષિના દૃષ્ટાંત કથન દ્વારા સ્થિર કરે છે. ભક્ત પરિજ્ઞા આરાધનાનું માહાત્મ્ય બતાવે છે, અને તે શિષ્ય પણ વિશુદ્ધ આરાધનાથી પરમગતિ કે સદ્‌ગતિને પામે છે.

અત્રે હિતશિક્ષામાં કહેવાયેલ અતિ અદ્‌ભુત અને વૈરાગ્યપ્રેરક વાણીને મનોપ્રદેશમાં ઝીલી, તેને ચિંતવતાં કે તેનું ધ્યાન કરતાં આપણે પણ અનશન સ્વીકાર ભાવનામય બનીએ.

* * *

तंदुल वैचारिक प्रकीर्णक तंदुलवैचारिक प्रकीर्णक

૨૮

□ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

□ ભૂમિકા :

પયન્ના સૂત્રોમાં વર્તમાન કાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૫ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૮મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ 'तंदुलवेयालिय' છે, જેને સંસ્કૃતમાં तंदुलवैचारिक કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી પાછળ પયન્ના કે પ્રકીર્ણક શબ્દ લાગે છે.

- આ સૂત્રની રચના ગદ્ય-પદ્યમાં મિશ્રિત થયેલી છે, તેમાં ગાથાઓ ૧૩૯ છે, બાકી ગદ્ય સૂત્રોમાં સૂત્રકારે વર્ણવેલ છે.
- આ સૂત્ર ઉપર શ્રી વિજયવિમલ (વાનર્ષિ) ગણિ રચિત ટીકા ઉપલબ્ધ છે.
- આ સૂત્રના કર્તા કોણ છે? તેનો કોઈ ઉત્તર તો અમને મળેલ નથી, પણ 'નંદીસૂત્ર'માં ૧૪મા ઉત્કાલિક શ્રુત રૂપે અને પક્ખિસૂત્રમાં ૧૩મા ઉત્કાલિક–અંગબાહ્ય સૂત્રરૂપે સૂત્રનો ઉલ્લેખ છે. તદુપરાંત ચૌદમી સદીમાં શ્રી પ્રદ્યુમ્નસૂરિજી રચિત 'વિચારસાર પ્રકરણ'માં ૪૫ આગમોમાંના ૩૩મા આગમરૂપે આ સૂત્રનું નામ છે અને તેઓશ્રીએ આ સૂત્રને પયન્ના તરીકે જ ઓળખાવેલ છે.
- तंदुल એટલે ચોખા, આ ચોખાની ઉપમા વડે વૈરાગ્યનો ઉપદેશ આપવા માટે ૪૬૦ કરોડ, ૮૦ લાખ ચોખાનું માપ બતાવીને વિવરણ કરેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો તંદુલને આશ્રીને અશુચિભાવનાસહ વૈરાગ્ય વિચારવાળો પયન્નો એટલે તંદુલ વૈચારિક પયન્નો કહેવાય છે.

□ વિષયવસ્તુ :

તંદુલ વૈચારિક આગમમાં મુખ્ય વિષય શરીરની અશુચિ ભાવનાનો છે. તે માટે સૂત્રના કર્તાએ મનુષ્યનો ગર્ભકાળ, ગર્ભસ્થજીવનની ગતિ, ગર્ભગત જીવનો વિકાસક્રમ, આહાર, અંગરચના, ગતિ, પ્રસવન વિષયક નિરૂપણ, પ્રસવકાળ, પ્રસવવેદના, મનુષ્યની દશ દશા, ધર્માચરણ ઉપદેશ, યુગલિક આદિનો ધર્મ, શતાયુ વર્ષવાળા જીવના આહાર અને અશુચિ ભાવના, સ્ત્રીના શરીરને આશ્રીને નિર્વેદજનક વૈરાગ્યોપદેશ ઇત્યાદિ વિષયોની સ્પર્શના અહીં સૂત્રકાર મહર્ષિએ કરેલ છે.

□ ઉડતી નજરે સૂત્ર-દર્શન :

પ્રસ્તુત સૂત્રનો મુખ્ય હેતુ અશુચિભાવનાને પુષ્ટ કરી વૈરાગ્ય દૃઢ કરવાનો છે. તે સંબંધમાં જ વિશિષ્ટ વિચારણા કરી સૂત્રકાર મહર્ષિએ સૂત્ર અને પયન્નાની વિષય વસ્તુ સંદર્ભમાં એક નવી જ કેડી કંડારેલી છે. અલબત્ત, તેના ગદ્ય સૂત્રખંડોનું સામ્ય ભગવતી સૂત્રના કેટલાંક સૂત્રો સાથે અક્ષરશઃ જોવા મળેલ છે. ટીકાકાર મહર્ષિ વિજયવિમલ ગણિએ પણ આ સૂત્રની ટીકા અંગ કે ઉપાંગ સૂત્રની પદ્ધતિથી કરેલ છે.

સર્વપ્રથમ સૂત્રકારશ્રી મનુષ્યનો જીવ ગર્ભાવાસમાં હોય ત્યારે તેના ગર્ભવાસના સમયથી શ્વાસોચ્છ્વાસના પ્રમાણ સુધી વર્ણવી, ગર્ભાદિ સ્વરૂપને જણાવે છે. તેમાં સૂત્રકારે કરેલ યોનિનું વર્ણન, યોનિમાં શુક્રના પ્રવેશ પછી રહેતા જીવોની સંખ્યા અને યોનિમાં રહેવાનો તેનો કાળ તથા સ્ત્રીનો પ્રસવયોગ્ય કાળ, પુરુષની પ્રજોત્પત્તિ ક્ષમતાનો કાળ, કુક્ષીના ક્યા સ્થાને પુત્ર/પુત્રી આદિ હોય એ બધું જ વર્ણન આધુનિક વિજ્ઞાનની ત્રણે મેડીકલ શાખાને અચંબો ઉપજાવે તે રીતે કરાયેલું છે.

ગર્ભોત્પત્તિ કઈ રીતે થાય, તે ગર્ભ આહાર શું કરે? પ્રત્યેક સપ્તાહે અને મહિને તે ગર્ભના આકાર અને સ્થિતિમાં કેવું પરિવર્તન આવે, અંગોપાંગ રચના ક્યારે થાય, શિરા, માંસપેશી, ધમની, રોગછિદ્રો ઈત્યાદિ બધાની સંખ્યા સાથે રચના કાળ જણાવે છે. તે ગર્ભસ્થ બાળકને મૂત્ર, કફ આદિ હોય કે નહીં? તે આહાર ક્યાંથી અને કઈ રીતે પ્રાપ્ત કરે? માતાના શરીર સાથે જોડાયેલી નાળ કેવી અને શા કામની હોય? માતા-પિતા દ્વારા બાળકને ક્યા ક્યા અંગોની પ્રાપ્તિ થાય? વગેરે વર્ણન થકી સૂત્રાકર મહર્ષિ જાણે કોઈ 'ગાયનેકોલોજિસ્ટ ડૉક્ટર' હોય કે શરીર અને ગર્ભવિજ્ઞાન તજ્જ્ઞ હોય તેવી પ્રતીતિ કરાવી જાય છે.

કર્મ ફિલોસોફીને પણ સ્થાન આપતા, ગર્ભસ્થ જીવ ગર્ભમાં જ મૃત્યુ પામે તો પણ નારકમાં કે દેવલોકમાં ક્યા કારણે ઉત્પન્ન થાય તેની વાત સચોટ તર્કપૂર્વક રજૂ કરી છે.

ગર્ભસ્થ જીવનું સૂવું-બેસવું કે સુખી-દુઃખીપણું, ગર્ભમાં તેની સ્થિતિ કેવી હોય? તે બાળક પુત્ર, પુત્રી કે નપુંસકાદિ રૂપે કેમ જન્મે? યોનિ વાટે બહાર કઈ રીતે નીકળે? ઇત્યાદિ વર્ણન દ્વારા સૂત્રકારશ્રી અશુચિ ભાવનાનો ઉપદેશ આપે છે.

ત્યાર પછી જીવની તેના આયુકાળ દરમિયાનની દશ દશાઓનું વર્ણન, સૂત્રકારશ્રી વિશિષ્ટ રીતે કરતા બાલા, ક્રીડા, મંદા આદિ દશામાં તે મનુષ્યની સ્થિતિ કેવી હોય તેને વર્ણવે છે. પછી કઈ ઉમર મનુષ્યને માટે શું કામ કરે ? તેના દશ ભાગ કરી તે-તે સ્થિતિ જણાવે છે, જેમકે ૨૦ વર્ષ સુધીની ઉંમર વિદ્યાપ્રાપ્તિની, ત્રીસ વર્ષ સુધી વિષયસુખ ઇત્યાદિ સમજવા. તેમાં છેલ્લા દશ વર્ષમાં ચેતનાની ક્ષીણતા આદિનું વર્ણન છે. ત્યાર પછી સૂત્રકારશ્રી 'ધર્મ આરાધના વિષયક ચિંતન કરવા' ઉપદેશ આપે

છે. શરીર અને આયુષ્યની અનિત્યતાનું દર્શન કરાવવાને માટે પ્રથમ તો યુગલિક મનુષ્યના પુરુષ અને સ્ત્રીના દેહનું, તેઓની સુંદરતા-સૌષ્ઠવતાનું વિશાળ વર્ણન કરે છે. તેના સ્વભાવનું દર્શન કરાવે છે તેમના સંઘયણ, સંસ્થાન, ઊંચાઈ આદિ જણાવે છે.

આટલી લાંબી ભૂમિકા કરીને સૂત્રકારશ્રી તેમના પસંદગીના મૂળ વિષય ઉપર આવીને મનુષ્યના જીવનમાં કુલ કેટલા શ્વાસોચ્છ્વાસ છે અને તે કેટલા તંદુલ અર્થાત્ ચોખા પ્રમાણ આહાર કરે છે, તે મુખ્ય વિષયને વર્ણવતાં, સાથે-સાથે કેટલા મગ? કેટલું ઘી? કેટલું મીઠું? કેટલા વસ્ત્રો? આદિનો ઉપભોગ કરે, તેનું વર્ણન પણ કરે છે. અહીં વ્યવહાર ગણિત સાથે સૂક્ષ્મ અને નિશ્ચયગત ગણિતનો ઘણો જ વિસ્તાર કરેલો છે. છેલ્લે વૈરાગ્યોપદેશ આપેલો છે. તેમાં શરીરની અને આયુષ્યની અનિત્યતા વર્ણવતાં સૂત્રકારશ્રીએ આ મનુષ્ય દેહમાં રહેલ સાંધા, શિરા, ધમની, હાડકાં, માંસપેશી ઇત્યાદિની સંખ્યાનું વર્ણન તથા કઈ નસો ક્યાંથી નીકળીને ક્યાં જાય છે, ત્યાં તે નસો શું કામ કરે છે? ઇત્યાદિ સચોટ રીતે જણાવેલ છે.

ઉપરોક્ત વર્ણન પછી સૂત્રકારશ્રી શરીરની અશુચિનું દર્શન કરાવી મનુષ્યને અશુચિ ભાવના ભાવવાનું પ્રેરકબળ પૂરું પાડે છે. આ અશુચિભાવનાને પુષ્ટ કરતું વર્ણન સૂત્રકારશ્રીએ સૂત્ર/ગાથા ૧૦૩ થી ૧૪૨ સુધી કરેલ છે. ત્યાર પછી સ્ત્રીનું સ્વરૂપ, સ્વભાવ, સ્ત્રીના પર્યાય નામો જેવા કે–વનિતા, લલના, મહિલા આદિ શબ્દોની વ્યુત્પત્તિ દ્વારા તેમ જ અન્ય વર્ણનો થકી સૂત્ર ૧૪૩ થી ૧૫૧માં સ્ત્રીનું દોષ વર્ણન કરી સ્ત્રીથી નિર્વેદ પામવાનો ઉપદેશ અપાયો છે.

અંતે બધાં જ સ્વજનો, સંગો, મમત્વ આદિનો ત્યાગ કરી, ધર્મનું શરણ લઈ સુકૃત ધર્મ થકી સદ્‌ગતિ ભાજનનો ઉપદેશ આપી, સર્વ દુઃખોથી મુક્ત થવા જણાવેલ છે. આપણે પણ આ ઉપદેશ ગ્રહણ કરી મોક્ષપદની કેડીએ પગરવ માંડીએ.✷ ✷ ✷

તમારી આર્દ્રતા અમને ધન્ય કરતી

મુનિવર શ્રી આર્દ્રકુમાર, તમારી જીવનકથાનું શ્રવણ કરીએ છીએ ત્યારે અંતર અનોખી સુરભીથી ભરાઈ જાય છે.

અનાર્ય દેશના આર્દ્રપુરના રાજા હતા આર્દ્ર અને રાણી આર્દ્રા. રાજા-રાણીના સુપુત્ર આર્દ્રકુમાર તરીકે તમે કુશળ રાજકુમાર હતા. એક વાર રાજા શ્રેણિકે તમારા પિતાને મૈત્રી સૂચક ઉપહાર મોકલ્યો. પછી મંત્રી અભયકુમારે તમને મૈત્રી દૃઢ કરવા જિનપ્રતિમા અને ધર્મનાં ઉપકરણો મોકલ્યાં. એ જોઈને પૂર્વભવનું જ્ઞાન થયું, તમે પૂર્વે કરેલી આરાધના તમને સાંભરી.

તમે મહારાજા પાસે આર્યદેશમાં જઈને દીક્ષા લેવાની ઇચ્છા જણાવી. પણ તમને અનુમતિ ન મળી.

તમે એકલા ચૂપચાપ નગરીનો ત્યાગ કરીને આર્યદેશમાં આવી ગયા. મુનિવેશ સ્વયં ધારણ કરી લીધો. તમારા પિતા રાજા આર્દ્રકે આ જાણ્યું ને તમારી સુરક્ષા માટે પાંચસો સુભટો મોકલી આપ્યા. તેઓ તમારી પાછળ પાછળ ઘૂમવા માંડ્યા.

તમે ભગવાન મહાવીરનાં દર્શન માટે રાજગૃહી તરફ પ્રયાણ આરંભ્યું. માર્ગમાં અનેક વિવિધ ધર્માવલંબીઓ મળ્યા. તમે જિનદર્શનની પ્રેરણા કરી તેમને પ્રભુ મહાવીરના અનુગામી બનાવ્યા.

તમે સ્વયં સાધુવેશ ધર્યો હતો. તમે વિહાર કરતા કરતા વસંતપુરની બહાર મંદિરમાં ધ્યાન ધરતા ઊભા હતા. સંધ્યાનું ટાણું હતું. એટલામાં જોબનવંતી યુવાન કન્યા ધનશ્રી સખીઓ સાથે આવી ચડી. ધનશ્રી અને સખીઓ ક્રીડામાં મશગુલ હતાં. સૌ મંદિરના જુદા જુદા સ્થંભો પકડીને કહેતી હતી કે 'જુઓ આ મારો પતિ છે!' ધનશ્રી પણ અંધકારમાં સ્થંભને બદલે મુનિને વળગીને બોલી, 'જુઓ આ મારો પતિ!'

એ ક્ષણ ભોગાવલી કર્મના તીવ્ર ઉદયની હતી. તમે ઇચ્છા ન હોવા છતાંય ધનશ્રી સાથે પરણ્યાં ને ત્યાં જ રહી ગયા. એક પુત્ર જન્મ્યો. તમે થોડા સમય પછી ધનશ્રી સન્મુખ દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી. ધનશ્રી રડી પડી. એ રેંટિયો લાવીને સૂતર કાંતવા માંડી. પુત્રે પૂછ્યું કે, 'મા, આ તું શું કરે છે?'

મા ઉદાસ હતી. તે બોલી : 'બેટા, તારા પિતા દીક્ષા લેવાની વાત કરે છે તેથી આપણા નિભાવ માટે સૂતર કાંતું છું.'

પુત્રે કાચા સૂતરની લાંબી દોરી લીધી ને પલંગ પર સૂતેલા આર્દ્રકુમારને પગે વીંટાળીને કહ્યું કે, 'હવે હું જોઉં છું કે મારા પિતા કેવી રીતે આપણને ત્યાગીને જાય છે?'

બાર વર્ષ પછી તમે દીક્ષિત થઈને આત્મકલ્યાણ માટે નીકળી પડ્યા. પેલા પાંચસો સુભટો એ પાછા તમારી નજીક આવ્યા ને તમે તેમને ધર્મોપદેશ આપ્યો, દીક્ષા આપી, સંયમી બનાવ્યા.

સંયમ એ કલ્યાણની કેડી છે ને ત્યાં જેના ચરણ પડે છે તેનું જીવન કૃતાર્થ થાય છે. મુનિ આર્દ્રકુમાર, તમે અને સૌ મુનિઓ અંતે આત્મોન્નતિ પામ્યાં, કેવળજ્ઞાનને વર્યાં. તમારાં પદકમળ જ્યાં પડ્યાં હતાં તે ધરતી પરથી હજીય ત્યાગની, સંયમની, પવિત્રતાની સુગંધ મઘમઘે છે.

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

સંસ્તારક પ્રકીર્ણક

□ ડૉ. અભય દોશી

૨૯

'સંસ્તારક પ્રકીર્ણક' અંતિમ આરાધનાને અનુલક્ષે છે. પ્રકીર્ણક સૂત્રોમાં અંતિમ આરાધનાને કેન્દ્રમાં રાખી રચાયેલા પ્રકીર્ણકો મોટી સંખ્યામાં છે.

જૈન ધર્મમાં કરાતી સર્વ આરાધનાનું ફળ સમાધિ કહ્યું છે. આ સમાધિ અંતકાળે ટકી રહે તો સદ્‌ગતિ અને પરંપરાએ મોક્ષ સહેલાઈથી સિદ્ધ થઈ શકે, આથી દેહ પ્રત્યેની આસક્તિ દૂર કરી આત્મસાધનામાં લીન બનવાની પ્રક્રિયાઓ આ પયન્ના ગ્રંથોમાં વિસ્તારથી દર્શાવવામાં આવી છે.

આ 'સંથારગ પઈણ્ણયં'માં સંલેખના (અનશન)ના સમયે સ્વીકારવામાં આવતા દર્ભાદિ આસન–સંથારો કેવો હોવો જોઈએ અને આ સંથારાનો લાભ શું તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

આ પયન્ના સૂત્રમાં ૧૨૨ ગાથાઓ છે. આ આગમના કર્તા અજ્ઞાત છે. આ પયન્ના કુલ સાત વિભિન્ન સ્થળોથી મુદ્રિત થયેલો ઉપલબ્ધ થાય છે.

(૧) બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ) (૨) બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), (૩) આગમોદય સમિતિ-સુરત (૪) હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા (૫) મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) (૬) જૈન ધર્મ પ્રસારક સભા. આ ૬ ઉપરાંત આગમ સંસ્થાન, ઉદયપુર દ્વારા હિંદી અનુવાદ સાથે પ્રકાશિત થયેલ છે.

આ 'સંથારગ પઈણ્ણયં'માં પ્રથમ ગાથામાં મંગલાચરણ રૂપે પરમાત્મા મહાવીરને વંદન કરી સૂત્ર રચનાનો પ્રારંભ કર્યો છે. આ સંથારો સિતકમળ, કળશ, નંદાવર્ત, પુષ્પોની માળા આદિ દ્રવ્યમંગળથી પણ વિશેષ પરમમંગળરૂપ છે. એ રીતે સંથારાનો મહિમા કરાયો છે. જેમ ધ્યાનથી પરમસુખ પ્રાપ્ત થાય છે, જ્ઞાનમાં કેવળજ્ઞાન છે, એજ રીતે જેના વડે પરિનિર્વાણ પ્રાપ્ત થાય છે એવો સંથારો શ્રી જિનેશ્વરદેવે દર્શાવેલો છે. આ સંથારો કલ્યાણ

પ્રકીર્ણકો — સમાધિમરણ માટે માર્ગદર્શન અને અન્ય ઉપયોગી વસ્તુઓનો જ્ઞાનભંડાર

જૈન આગમ સાહિત્યમાં પ્રકીર્ણકનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. પ્રકીર્ણ એટલે છૂટા છૂટા વિષયો અંગેનું લખાણ, પૂર્તિરૂપ લખાણ આવો અર્થ કરી શકાય. પ્રાચીન મત અનુસાર અંગ સિવાયનું સમગ્ર સાહિત્ય પ્રકીર્ણ ગણાતું. ત્યારબાદ અંગ, ઉપાંગ, મૂળ, છેદ એવા વિભાગોમાં સાહિત્ય વર્ગીકૃત થયું, ત્યારે કેટલાક પ્રાચીન અંગસૂત્ર અનુસારી ગ્રંથો પયન્નામાં સ્થાન પામ્યા. આ અંગોમાં 'ઇસીભાસિયં' જેવા અતિપ્રાચીન ઉપદેશ ગ્રંથો, ચઉસરણ પયન્ના, આઉરપચ્ચક્ખાણ પયન્ના જેવા અંતિમ-આરાધનાના ગ્રંથો, 'અંગવિજ્જા' જેવા દેહલક્ષણો આધારે ભવિષ્યકથન કરનારા ગ્રંથો, તિત્થાગોલી જેવા ઇતિહાસને વિષય બનાવનારા ગ્રંથોનો સમાવેશ થયો છે.

શ્વેતાંબર પરંપરામાં ૧૦ પયન્નાઓ ૪૫ આગમમાં સમાવેશ પામ્યા છે. પરંતુ આ દસ પયન્ના ક્યા તેની નિશ્ચિતતા ન હોવાથી આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે કુલ ૨૨[૧] પયન્નાઓનો નિર્દેશ કર્યો છે. આમાંથી કુલ સત્તર પયન્નાઓ અતિપ્રાચીન છે.

આ પયન્નાઓની યાદી આ પ્રમાણે છે; (૧) ચઉસરણ (૨) આઉરપચ્ચક્ખાણ (૩) ભત્ત પરિણ્ણા (૪) સંથારય (૫) તંદુલવેયાલિય (૬) ચંદાવેજ્જય (૭) દેવિંદ્રત્થય (૮) ગણિવિજ્જા (૯) મહાપચ્ચક્ખાણ (૧૦) વીરત્થય (૧૧)[૨] ઇસિભાસિયાઈ (૧૨) અજીવકપ્પ (૧૩) ગચ્છાચાર (૧૪) મરણસમાધિ (૧૫) તિત્થાગોલિ (૧૬) આરાહણાપડાગા (૧૭) દીવસાગર પણ્ણત્તિ (૧૮) જોઈસકરંડ (૧૯) અંગવિજ્જા (૨૦) સિદ્ધ પાહુડ (૨૧) સારાવલી (૨૨) જીવવિભત્તિ.

આ ૨૨ પ્રકીર્ણકોમાંના ૧૯ પ્રકીર્ણકો પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે સંપાદિત કર્યા છે. આ ૧૯માંનો 'અંગવિજ્જા' નામના પયન્નાનું ૯૦૦૦ શ્લોકપ્રમાણ ગ્રંથનું સ્વતંત્ર સંપાદન કર્યું છે. તો બીજા ૧૭ પ્રકીર્ણકો અને ઉત્તરકાલીન ત્રણ પ્રકીર્ણકો સાથે મેળવી કુલ ૨૦ પ્રકીર્ણકો 'પઈણ્ણય સુત્તાઈં' પ્રથમ ભાગમાં સંપાદિત કર્યા છે. 'આરાહણાપડાગા' નામક પ્રકીર્ણકનું આરાધના વિષયક અન્ય અવતરણો સાથે મેળવી 'પઈણ્ણય સુત્તાઈં' ભાગ-૨માં મુદ્રિત કર્યા છે. આમ, મુનિશ્રી પુણ્યવિજયજીએ પ્રકીર્ણક સાહિત્યના સંપાદનમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન કર્યું છે. એ જ રીતે પાદલિપ્તસૂરિકૃત 'જ્યોતિષકરંડક' પયન્નાનું વૃત્તિ સાથે સ્વતંત્ર સંપાદન પણ કર્યું છે. આ પ્રકીર્ણકોમાંથી પાંચ મહત્ત્વપૂર્ણ પ્રકીર્ણકોનો પરિચય આ લેખમાં પ્રસ્તુત છે. ✷ ✷ ✷

પાદનોંધ : ૧. આ ૨૨ ઉપરાંત બીજા ૨૩ ઉપલબ્ધ પયન્નાઓ અનુપલબ્ધ પયન્નાઓ મેળવી ૮૪ પયન્નાઓની યાદી ડૉ. અતુલકુમાર પ્રસાદ સિંહે 'શ્રમણ' સામયિકના ૨૦૦૨ જાન્યુઆરીના અંકમાં આપી છે. એક માન્યતા એવી છે કે, તીર્થંકર ભગવંતોના જેટલા શિષ્યો હોય, તેઓ પ્રત્યેક એક પયન્નાની રચના કરે. આથી ઋષભદેવ ભગવાનના ૮૪૦૦૦ શિષ્યો હોવાથી ૮૪૦૦૦ અને મહાવીરસ્વામીના ૧૪૦૦૦ શિષ્યો હોવાથી ૧૪૦૦૦ પયન્ના હોય.

૨. પયન્નાઓમાં 'ઇસિભાસિયં' (ઋષિભાષિત સૂત્ર)નો મહિમા વિશેષ રહ્યો છે. પ્રાચીન આગમગ્રંથોમાં 'ઇસિભાસિયં'નો ઉલ્લેખ અનેક સ્થળે મળે છે. આ ગ્રંથના ૪૫ અધ્યાયમાં ૪૫ પ્રત્યેક બુદ્ધો અથવા પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના સાધુઓ અથવા અન્ય મુનિઓનો ઉપદેશ સચવાયેલો છે. આ ગ્રંથનું વિસ્તૃત અધ્યયન ડૉ. સાગરમલજી જૈને કર્યું છે. ✷ ✷ ✷

અને અભ્યુદયને દેનારો છે, તેમજ ત્રિલોકમાં દુર્લભ છે. બત્રીસ દેવેન્દ્રો પણ તેનું એક મને ધ્યાન ધરે છે. આવા સંથારાને પ્રાપ્ત કરી જિનેશ્વર દેવે દર્શાવેલા પંડિતમરણને પ્રાપ્ત કરનારા કર્મમલ્લોને હણી સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરનારા થાય છે. આમ, વિવિધ ઉપમાઓ દ્વારા તેમજ સરળ–મધુર ભાષામાં તેના કર્તા અજ્ઞાત ઋષિવરે સંથારાનો મહિમા વર્ણવ્યો છે.

૩૧મી ગાથાથી ૪૩મી સુધી એ ઉપકારી મુનિભગવંત સંથારાના સ્વરૂપને વર્ણવે છે. આ સંથારો કોનો શુદ્ધ છે અને કોનો અશુદ્ધ છે, તે અત્યંત સરળ લોકભાષા પ્રાકૃતમાં સૂત્રકાર મહર્ષી વર્ણવી રહ્યા છે.

જો ગારવેણ મત્તો નેચ્છઇ આલોયણં ગુરુસગાસે।
આરુહઇ ય સંથારં અવિસુદ્ધો તસ્સ સંથારો ।।૩૩।।
જો પુણ પત્તબ્ભૂઓ કરેઈ આલોયણં ગુરુસગાસે
આરુહઇ ય સંથારં, સુવિસુદ્ધો તસ્સ સંથારો ।।૩૪।।

જે ગારવ (રસ, ઋદ્ધિ, શાતા આદિ)થી મત્ત થયેલો, ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરવા ન ઈચ્છે, તે સંથારાને ધારણ કરે, તે સંથારો અશુદ્ધ જાણવો.

જે પુનઃ પત્ર જેવો હલકો થઈ (અહંરહિત) થઈ, ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરે, તે સંથારાને ધારણ કરનારનો સંથારો વિશુદ્ધ છે. એ જ રીતે દર્શનભ્રષ્ટ, ચારિત્રભ્રષ્ટનો સંથારો શુદ્ધ નથી, દર્શન-ચારિત્રયુક્ત વ્યક્તિનો સંથારો સફળ છે. જે રાગ-દોષ રહિત, ત્રિગુપ્તિયુક્ત (મન, વચન, કાયાની ત્રણ ગુપ્તિઓ), ત્રણ શલ્યોથી રહિત (માયા, મિથ્યાત્વ અને નિદાન–બીજા ભવ માટેની ઈચ્છા)થી રહિત સંથારાને આરાધે છે તેનો સંથારો સફળ છે. એ જ રીતે નવ બ્રહ્મચર્યની વાડને ધારણ કરનારા, દસ પ્રકારના સાધુ ધર્મોમાં ઉદ્યુક્ત એવા સંથારા પર આરોહણ કરે તે ઉત્તમ સંથારો છે. એમ, ૪૨ ગાથા સુધી સંથારાને શુદ્ધ બનાવવા કેવા દોષો ટાળવા તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

હવે ૪૪ થી ૫૫ ગાથામાં સંથારાના લાભોને વર્ણવે છે. રાગદ્વેષાદિ દોષોથી રહિત એવા તૃણના સંથારા પર સૂતેલ સાધુ મુક્તિસુખનો આસ્વાદ કરે છે. એ ચક્રવર્તીના વૈભવનું પણ શું કરે?

ત્યાર પછી ૫૬ થી ૮૭ ગાથામાં સંથારો ધારણ કરનારા મહાપુરુષોનું સ્મરણ કરવામાં આવ્યું છે. પોતનપુર નગરમાં પુષ્પચુલા નામની આર્યા રહેતી હતી, તેના ધર્માચાર્ય અર્ણિકાપુત્રે ગંગાનદી પાર કરતા સહસા નાવ ઊલટી થઈ. નદીમાં પડેલા તે અર્ણિકાપુત્રાચાર્યે ઉત્તમાર્થ માટે સંથારાની આરાધના કરી.

આ જ રીતે સંથારાની આરાધના કરનારા સુકોસલ ઋષિ, ઉજ્જૈની નગરીના અવંતી સુકુમાલ, ચાણક્ય, કાકંદી નગરીના અભયઘોષ રાજા, આદિ સંથારાની આરાધના કરનારા મહાપુરુષોની પ્રશંસા કરી છે. અંતે ચિલાતિપુત્ર, ગજસુકુમાલ આદિ મહાપુરુષોએ ઉપસર્ગોની વચ્ચે ધારણ કરેલી અપૂર્વ સમતાની અનુમોદના કરી, અંતકાલીન આરાધનાનો મહિમા કર્યો છે.

સંથારો ધારણ કરનાર મુનિ/શ્રાવક સર્વ આહારને વોસીરાવે છે અથવા સમાધિ માટે પ્રારંભે પાણીની છૂટ રાખે છે, પછી પાણીનો પણ ત્યાગ કરે છે. આમ જણાવી ૮૮મી ગાથાથી ૧૨૨મી ગાથા સુધી સંથારો ધારણ કરનારા તપસ્વી કેવી ભાવનાઓ સેવે છે તેનું વર્ણન કરે છે. આ તપસ્વીએ કરેલું આહારત્યાગનું પચ્ચક્ખાણ ગુરુની સહમતિથી હોય છે અને સાગાર હોય છે.

સંથારાને ધારણ કરનારા સાધુ કે શ્રાવક સંથારો ધારણ કર્યા પછી સમગ્ર જીવ-રાશિને ખમાવે છે. તેમાં સર્વપ્રથમ પોતાના ઉપકારી આચાર્ય, ઉપાધ્યાય અને સ્વ-પરંપરાના સાધુઓને ખમાવે છે. બીજા ક્રમે સમગ્ર શ્રમણ સંઘને ખમાવે છે અને અંતે સમગ્ર જીવરાશિને ખમાવે છે. આ પયન્નાની ગાથા ૧૦૩ થી ૧૦૫માં આ રીતે ક્ષમાપના દર્શાવી છે. આ ત્રણે ગાથાઓ અત્યારના તપાગચ્છીય પ્રતિક્રમણ સૂત્રમાં 'આયરિય ઉવજ્ઝાએ' નામે પ્રસિદ્ધ છે.

અંતિમ આરાધનાનો સાધક આ રીતે સર્વ જીવરાશિને ખમાવી સમાધિમાં સ્થિર થઈ અનેક ભવોથી બંધાયેલા કર્મોનો ક્ષય કરે છે. જ્ઞાનવંત આરાધક માટે કહેવાયું છે કે, અજ્ઞાની ક્રોડો વર્ષ તપ કરી જે કર્મક્ષય ન કરી શકે, તે સમ્યગ્ જ્ઞાની આરાધક શ્વાસોચ્છવાસમાં કર્મનો ક્ષય કરે.

આ રીતે ગુરુઆજ્ઞાપૂર્વક સંથારાની આરાધના કરનારા ધીર પુરુષો ત્યારે જ અથવા ત્રીજા ભવે સકલ કર્મોનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરનારા થાય.

આમ, સંથારગ પયન્નામાં સંથારારૂપ અંતિમ આરાધનાનો મહિમા તેમ જ એની આચરણવિધિ દર્શાવી છે. આ 'સંથારય-પયન્ના'નો કાળ નિશ્ચિત કરવો અઘરો છે. આ રચના મુનિશ્રી જિનવિજયજીએ તેની રચનાશૈલીને આધારે પ્રાચીન ઠેરવી છે. આની અંદર આવતા 'ચાણક્ય'ના ઉલ્લેખને આધારે એટલું કહી શકાય કે, આ રચના વહેલામાં વહેલી ચંદ્રગુપ્ત મૌર્યના કાળ બાદ (ભગવાન મહાવીરના નિર્વાણના ૩૫૦ વર્ષ બાદ) થયેલી હોઈ શકે. પયન્નાઓમાં અનેક પયન્નાઓ અંતિમ-આરાધનાને અનુલક્ષે છે. મહાઉપકારી પ્રત્યેક બુદ્ધ મુનિઓ તથા અન્ય પણ પરંપરાગત જ્ઞાની સાધુ ભગવંતોએ પયન્નાઓના માધ્યમથી અંતિમ-આરાધનામાં માર્ગદર્શક બને એવા અંગગ્રંથો, કથાગ્રંથો આદિની સામગ્રીને સંકલિત કરી 'પયન્નાગ્રંથ' રૂપે રચનાબદ્ધ કર્યા છે. પરમોપકારી મુનિશ્રી પુણ્યવિજયજીએ જેસલમેર જ્ઞાનભંડાર આદિ સ્થળોથી ઉપલબ્ધ થયેલી બૃહદ્કથા અંતર્ગત અંતિમ-આરાધના માટેની કુલ ૧૨ જેટલી સામગ્રીઓ પયન્નાસંગ્રહ ખંડ-૨માં 'આરાધના પતાકા' ગ્રંથ સાથે પ્રકાશિત કર્યા છે. આ રચનાઓનો ગુજરાતીમાં અનુવાદ થાય તો આરાધકો માટે વિશેષ ઉપકારક છે. ✷ ✷ ✷

ગચ્છાચાર પ્રકીર્ણક

૩૦

□ ડૉ. અભય દોશી

પરમાત્મા મહાવીરે ધર્મ બે પ્રકારે દર્શાવ્યો છે; સાધુ અને ગૃહસ્થ. સંસાર છોડીને દીક્ષા ધારણ કરનાર મુમુક્ષુએ સાધુ-સંઘમાં ગુરુઆજ્ઞા અને સાધુસંઘના નાયક આચાર્ય આદિની આજ્ઞાનું પાલન કરી ક્રમશઃ આત્મવિશુદ્ધિ માટે જ્ઞાન તેમજ યોગ્યતા પ્રાપ્ત કરવાના હોય છે. સાધુઓનો સમુદાય તે ગચ્છ. અત્યારે જે અર્થમાં ગચ્છ સામાચારિ ભેદસૂચક અર્થમાં વપરાય છે, એવા અર્થમાં પૂર્વકાળમાં વપરાતો નહોતો, પરંતુ સમાન ગુરુ-પરંપરાવાળા સાધુઓના પરિવાર માટે ગચ્છ શબ્દ વપરાતો. આ ગચ્છમાં કરવા યોગ્ય કર્તવ્ય તે ગચ્છાચાર. આ ગચ્છાચારનું નિરૂપણ ગચ્છાચાર પયન્નામાં કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના કુલ સાત પ્રસિદ્ધ સંસ્કારણો આ પ્રમાણે છેઃ

(૧) બાલાભાઈ કકલભાઈ, અમદાવાદ.

(૨) આગમોદય સમિતિ, સુરત.

(૩) હર્ષપુષ્પામૃત ગ્રંથમાળા, જામનગર.

(૪) મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.

આ ચારમાં મૂળ પાઠ માત્ર છે.

(૫) વયાધિમલ જૈન ગ્રંથ માળા-સંસ્કૃત

(૬) ભૂપેન્દ્ર સાહિત્ય સમિતિ-સંસ્કૃત-હિંદી

(૭) આગમ સંસ્થાન-ઉદયપુર-હિંદી

સંભવ છે કે, આ સિવાય પણ આ પયન્નાનું પ્રકાશન થયું હોય.

આ ગ્રંથ શુદ્ધ સાધ્વાચારની તરફેણ કરનાર એક મહત્ત્વપૂર્ણ રચના છે. આ પ્રકીર્ણકની રચના મહાનિશિથસૂત્ર, કલ્પસૂત્ર અને વ્યવહારભાષ્યને આધારે થઈ છે.

આ પયન્ના કુલ ૧૩૭ ગાથા ધરાવે છે.

આ ગ્રંથમાં પ્રારંભે મંગલાચરણ કરી ઉન્માર્ગગામી ગચ્છમાં રહેવાથી થતી હાનિ દર્શાવી છે. ૩ થી ૬ ગાથામાં સદાચારી ગચ્છમાં રહેવાથી લાભ જણાવ્યો છે. ૭ થી ૪૦ ગાથામાં આચાર્યના સ્વરૂપનું વર્ણન છે. ૪૧ થી ૧૦૬ ગાથામાં સાધુઓના સ્વરૂપ તેમ જ સુગચ્છ અને કુગચ્છની વિગત દર્શાવી છે. ૧૦૭ થી ૧૩૪ ગાથામાં આર્યા-નિર્ગ્રંથિનીનું સ્વરૂપ દર્શાવ્યું છે. અંતે, આ પયન્નાસૂત્રના આધારગ્રંથો દર્શાવ્યા છે. આ સમગ્ર પયન્નાસૂત્ર છેદગ્રંથો (સાધુ-સામાચારી અને પ્રાયશ્ચિત્તના ગ્રંથોને આધારે લખાયેલું છે.) આ છેદગ્રંથો સાધુઓના જીવનની આંતરિક બાબતોને સ્પર્શે છે અને આ લેખનો મુખ્ય ઉદ્દેશ 'પ્રબુદ્ધ જીવન'ના શ્રાવક વાચકોને પયન્ના ગ્રંથોનો પરિચય કરાવવાનો હોવાથી અત્રે આના વિશેષ પરિચયની આવશ્યકતા રહેતી નથી. ✷ ✷

થાવચ્ચાપુત્ર અણગાર

ત્રણ ખંડના સ્વામી કૃષ્ણવાસુદેવનું દ્વારવતી નગરીમાં શાસન હતું. થાવચ્ચા દ્વારવતીમાં વસતી હતી. અપાર ધનવૈભવ હતો પણ તેનો પતિ મૃત્યુ પામ્યો હતો. થાવચ્ચાનો એકમાત્ર આધાર હતો તેનો પુત્ર. એને સૌ 'થાવચ્ચાપુત્ર' જ કહેતા હતા. થાવચ્ચાપુત્ર વિશ્વની શ્રેષ્ઠ બત્રીસ સુંદરીઓને પરણ્યો હતો.

દ્વારવતીમાં એકદા પધાર્યા સ્વામી નેમિનાથ ભગવાન. એમની વૈરાગ્યમૂલક વાણી જેમણે સાંભળી એમને સંસાર અસાર લાગ્યો, ધર્મ પ્રિય લાગ્યો. એ દેશના સાંભળનારામાં થાવચ્ચાપુત્ર પણ હતો. એ વૈરાગ્ય પામ્યો. એ સઘળાં સુખ અને વૈભવ છોડીને મહાભિનિષ્ક્રમણના માર્ગે જવા ઈચ્છુક બન્યો. તેણે માતા પાસે સંમતિ માંગી. થાવચ્ચા તો પુત્રની વાત સાંભળીને જ બેભાન થઈ ગઈ. એણે પુત્રને લાખવાર સમજાવ્યો કે દીક્ષા ન લેવાય, એ માર્ગ કઠણ છે, પણ થાવચ્ચાપુત્ર ન માન્યો.

થાવચ્ચા દોડી કૃષ્ણ મહારાજા પાસે આવી અને વિનંતી કરી કે મારા પુત્રને દીક્ષા ન લેવા સમજાવો,એ મારો એકમાત્ર અને પ્રિય પુત્ર છે!

રાજા કૃષ્ણવાસુદેવે ખૂબ મથામણ કરી પણ એ થાવચ્ચાપુત્ર! એણે તો રાજાને સમજાવવા માંડ્યા કે 'સંસાર સારો નથી, જન્મમરણના અનાદિ અનંતકાળના ફેરા ટાળવા માટે સંયમ લેવો જોઈએ, પ્રભુના શરણામાં રહેવું જોઈએ.'

કૃષ્ણવાસુદેવનાં નેત્રોમાં ઝળઝળિયાં આવી ગયાંઃ વાહ જુવાન! તું સાચો વૈરાગી છે! કૃષ્ણવાસુદેવે નગરમાં ઘોષણા કરી કે, જેમણે થાવચ્ચાપુત્ર સાથે પ્રભુ નેમિનાથ પાસે સંયમ ગ્રહણ કરવું હોય તે જઈ શકે છે, તેના પરિવારની જવાબદારી રાજ્ય સંભાળશે!

થાવચ્ચા પણ પુત્રનો વૈરાગ્ય સમજી અને ભવ્ય દીક્ષાઉત્સવ મંડાયો. સ્વયં કૃષ્ણવાસુદેવ રાજપરિવાર સમેત તેમાં જોડાયા. થાવચ્ચાપુત્ર સાથે એક હજાર પુરુષોએ દીક્ષા સ્વીકારી!

શ્રમણ થાવચ્ચાપુત્ર તપસ્વી બની ધર્મપ્રભાવના કરવા લાગ્યા.

એકદા ભગવાન નેમિનાથની આજ્ઞા મેળવીને શ્રમણશ્રેષ્ઠ થાવચ્ચાપુત્ર શિષ્યો સાથે શેલકપુર પધાર્યા. ત્યાંના રાજા શૈલક, રાણી પદ્માવતી અને રાજકુમાર મુણ્ડક પ્રવચન શ્રવણ કરવા આવ્યા. એમની સાથે પંચક વગેરે પાંચસો મંત્રીઓ પણ હતા. જ્ઞાની થાવચ્ચાપુત્રનું પ્રવચન સાંભળીને તે સૌએ શ્રાવકના બાર વ્રત સ્વીકાર્યા અને ધર્મમય જીવન જીવવા માંડ્યું.

થાવચ્ચાપુત્ર વિહાર કરીને અન્યત્ર ચાલ્યા ગયા. સૌનું કલ્યાણ કરવું એ જ હવે તેમનો જીવનધર્મ હતો.

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

ગણિવિજ્જા પ્રકીર્ણક

૩૧

□ ડૉ. અભય દોશી

સાધુ ભગવંતો શુદ્ધાચારનું પાલન કરી શકે એ માટે જ્યોતિષ-શાસ્ત્રની દૃષ્ટિએ દીક્ષા સમયે શુદ્ધ મુહૂર્ત હોવું અત્યંત આવશ્યક છે. એ જ રીતે દીક્ષા ધારણ કર્યા બાદ વિદ્યા, વ્રતધારણ આદિ પ્રસંગોએ પણ શુભ મુહૂર્તોની જરૂર પડે છે.

આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), આગમોદય સમિતિ (સુરત), હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા તથા મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) સાથે અને આગમ સંસ્થાન (ઉદયપુર)થી હિન્દી અનુવાદ સાથે પ્રકાશિત છે.

આ પ્રકીર્ણકનો પરિચય હરિભદ્રસૂરિકૃત નંદીસૂત્રની વૃત્તિમાં આ પ્રમાણે મળે છે; ગુણનો સમૂહ જેનામાં છે તે ગણિ, ગણિને જ આચાર્ય કહેવામાં આવે છે. આ આચાર્યની વિદ્યાને 'ગણિવિદ્યા' કહેવામાં આવે છે. અહીં વિદ્યાથી વિશેષમાં કહેવાનું કે પ્રવજ્યાદિ કાર્યોમાં તિથિકરણ આદિ જાણવા જ્યોતિષ નિમિત્તના જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ, અન્યથા દોષ લાગે છે. હાનિ થવાનો સંભવ છે. પાક્ષિકસૂત્ર વૃત્તિ અને નંદીસૂત્ર ચૂર્ણિમાં પણ આ સૂત્રનો પરિચય અપાયો છે.

ગણિવિદ્યા પ્રકીર્ણકમાં નવદ્વારો વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આ પ્રમાણે ૧ દિવસ, ૨ તિથિ, ૩ નક્ષત્ર, ૪ કરણ, ૫. ગ્રહદિવસ, ૬. મુહૂર્ત, ૭. શકુનબલ, ૮. લગ્નબલ અને ૯ નિમિત્ત બલ.

અહીં દિવસને આશ્રીને બળવાન દિવસ અને નિર્બળ દિવસ દર્શાવ્યા છે, એ જ રીતે કઈ તિથિઓમાં પ્રયાણ કરવું, કઈ તિથિમાં શિષ્યને દીક્ષા આપવી વગેરે તિથિઓ દર્શાવી છે.

ત્રીજું નક્ષત્રદ્વાર સમગ્ર ગ્રંથમાં મોટામાં મોટું છે. આમાં પ્રસ્થાન માટેના નક્ષત્રો, અનશન ગ્રહણના નક્ષત્રો, દીક્ષા ગ્રહણમાં ત્યાજ્ય નક્ષત્રો, લોચ કરવા માટેના નક્ષત્રો, લોચકરણમાં વર્જ્ય નક્ષત્રો, શિષ્યને દીક્ષા આપવાના તથા વ્રતસ્થાપનાના નક્ષત્રો, ગણિ-વાચકને અનુજ્ઞાના નક્ષત્રો, ગણસંગ્રહના નક્ષત્રો, ગણધર સ્થાપનાના નક્ષત્રો, વિદ્યાધારણના નક્ષત્રો, મૃદુકાર્યસૂચક મૃદુ નક્ષત્રો, તપ કરવા માટેના ઉગ્ર નક્ષત્રો, કાર્યારંભના નક્ષત્રો, આદિ દર્શાવેલાં છે.

આ નક્ષત્રપ્રકરણાં જ્ઞાનવૃદ્ધિ માટેના નક્ષત્રો દર્શાવેલાં છે.

मिगसिर अद्दा पुसो तिन्नि य पुव्वाईंमूलमस्सेस
हत्थो चित्ता य तहा दस वुड्ढिकराइं नागस्स ।। २३।।

મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, ત્રણ પુર્વા, મૂળ, આશ્લેષા, હસ્ત, ચિત્રા આ દસ જ્ઞાનને વૃદ્ધિકર નક્ષત્રો કહ્યા છે.

ઠાણાંગ સૂત્રમાં દર્શાવાયેલા જ્ઞાન વૃદ્ધિકર નક્ષત્રો સાથે આ પાઠ મળતો આવે છે.

એ જ રીતે તપ પ્રારંભ કરવાના નક્ષત્રો દર્શાવે છે;

महा भरणि पुव्वाणि तिन्नि उग्गा विवाहिया
एतेसु तवं कुज्जा सब्भिंतर-बाहिरं ।।३५।।

મઘા, ભરણી, ત્રણ પૂર્વા ઉગ્ર નક્ષત્રો કહેવાયા છે. આ ઉગ્ર નક્ષત્રોમાં અભ્યંતર અને બાહ્ય તપનો પ્રારંભ કરવો.

જ્યોતિષશાસ્ત્રમાં પ્રસિદ્ધ અમુક પ્રકારના તિથિભાગને 'કરણ' કહેવામાં આવે છે. આ ગ્રંથમાં કરણના ભેદ જણાવી દીક્ષાપ્રદાન, વ્રતસ્થાપન, ગણિ-વાચકાનુજ્ઞા તથા અનશન કરવા માટેના કરણોનું નિરૂપણ કરેલ છે. પાંચમું દ્વાર ગ્રહદિવસ એટલે 'વાર'નું છે. આમાં દીક્ષા અને તપ કરવાના 'વારો' દર્શાવ્યા છે.

૪૯ થી ૫૮ ગાથામાં મુહૂર્ત દ્વાર દર્શાવાયું છે. અહીં પણ મુહૂર્તના ભેદ દર્શાવી દીક્ષા આદિના મુહૂર્તો દર્શાવેલા છે.

સાતમું દ્વાર શકુનબળનું છે. આ દ્વારમાં દીક્ષાપ્રદાન, સમાધિકરણ, આગમન, સ્વાધ્યાયકરણ, વ્રતોપસ્થાપન, અનશન, સ્થાનગ્રહણ, હર્ષ આદિનું સૂચન કરનારા શકુનો તથા સર્વકાર્યમાં સ્વીકાર્ય અને છોડવા યોગ્ય શકુનો દર્શાવેલા છે.

આઠમું દ્વાર લગ્નનું છે. જ્યોતિષશાસ્ત્રમાં પૂર્વ દિશામાં ઉદિત થતી રાશિને લગ્ન કહેવાય છે. આમાં ચર, સ્થિર, દ્વિસ્વભાવ, લગ્નમાં કયા કાર્ય કરવા, કયા કાર્ય ન કરવા તેની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત આમાં સૂર્યોદયથી પ્રત્યેક કલાકના હોરાઓની પણ વિસ્તૃત ચર્ચા કરી છે.

૯મું પ્રકરણ નિમિત્તનું છે. આ પ્રકરણમાં શિષ્ય-શિષ્યાની દીક્ષાના નિમિત્તો, વર્જ્ય નિમિત્તો નિમિત્તનું પ્રાધાન્ય અને દીક્ષા આદિ કાર્યમાં ગ્રાહ્ય અને વર્જ્ય નિમત્તો દર્શાવેલા છે.

દીક્ષા, વિદ્યાભ્યાસ, લોચ આદિ સાધુ જીવન માટે મહત્ત્વપૂર્ણ ઘટનાઓ અંગેના મુહૂર્ત માટેનો ઉત્તમ માર્ગદર્શક બની રહે એવો ગ્રંથ છે. આ પયન્નામાં વર્ણવેલ મુહૂર્ત પ્રકરણ અને આરંભોસાદ્ધ (ઉદયપ્રભુસૂરિ) નારચંદ્ર જૈન-જ્યોતિષ આદિ ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ પણ ઉપયોગી થઈ શકે.

✷ ✷ ✷

દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક

૩૨

□ ડૉ. અભય દોશી

'દેવેન્દ્રસ્તવ પયન્ના' એક પ્રાચીન પયન્ના સૂત્ર છે. આ સૂત્રનો નંદીસૂત્ર અને પાક્ષિકસૂત્રમાં ઉલ્લેખ મળે છે. સં. ૧૧૮૦માં રચાયેલ પાક્ષિકસૂત્રવૃત્તિમાં આ પયન્નાનો પરિચય મળે છે. આ પયન્નાના કર્તા સિરિ ઇસિવાલિય થેર (શ્રી ઋષિપાલિત સ્થવિર)નો નામોલ્લેખ મળે છે.

આ ગ્રંથમાં કુલ ૩૧૧ ગાથાઓ છે. આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), આગમોદય સમિતિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા, મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ)થી મૂળ તથા આગમ સંસ્થાન (ઉદયપુર) થી હિંદી અનુવાદ સાથે પ્રકાશિત છે.

આ પયન્નાના પ્રારંભમાં ઋષભદેવ ભગવાન અને મહાવીર સ્વામીને નમસ્કાર કરી મંગલાચરણ કર્યું છે. શ્રમણ ભગવાનશ્રી વર્ધમાન સ્વામીના વિહારકાળ દરમિયાન શાસ્ત્રોનો અભ્યાસી કોઈ શ્રાવક પોતાના ઘરમાં પ્રભાત પૂર્વે પરમાત્માની ભાવભરી સ્તુતિ કરે છે. આ સમયે તેની પત્ની હાથ જોડી આ સ્તવના સાંભળે છે. શ્રાવકની સ્તુતિમાં ૩૨ દેવેન્દ્રોની વાત આવે છે. આ ૩૨ દેવેન્દ્રોના ઉલ્લેખને ધ્યાનમાં લઈ શ્રાવકપત્ની દેવેન્દ્રો સંબંધી તેર પ્રશ્નો પૂછે છે.

૧. દેવેન્દ્રોનાં નામ	૮. પૃથ્વી બાહલ્ય
૨. સ્થાન	૯. ભવનની ઊંચાઈ
૩. સ્થિતિ	૧૦. વિમાનોનો રંગ
૪. ભવન પરિગ્રહ	૧૧. આહારગ્રહણ
૫. વિમાન સંખ્યા	૧૨. ઉચ્છવાત-નિઃશ્વાસ
૬. ભવન સંખ્યા	૧૩. અવધિવિષય
૭. નગર સંખ્યા	

એના પ્રત્યુત્તરમાં ગાથા ૧૨ થી ૨૭૬ સુધી શ્રાવક વિસ્તારથી આ પ્રશ્નોના ઉત્તર આપે છે. ત્યાર પછી ગાથા ૨૭૭ થી ૨૮૨માં ઈષત્પ્રાગભાર પૃથ્વી (સિદ્ધશીલા)નું વર્ણન છે. ગાથા ૨૮૩ થી ૨૯૫માં સિદ્ધ ભગવંતોના ઉપયોગનું સ્થાન-સંસ્થાનાદિનું વર્ણન છે. બાદમાં સિદ્ધ ભગવંતોનો ઉપયોગ, સુખ તેમજ જિનેશ્વરોની ઋદ્ધિનો ઉલ્લેખ મળે છે. અંતે આ સૂત્રના કર્તાનો નામોલ્લેખ મળે છે. આ પ્રકીર્ણકની કેટલીક ગાથાઓ જ્યોતિષ્કરંડ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને આવશ્યક નિર્યુક્તિમાં મળે છે.

સિદ્ધ ભગવંતોના સુખનું વર્ણન કરતા કહે છે;

निच्छिन्नसव्वदुक्खा जाई-जरा-मरण बंधणविमुक्क।
सासयमव्वाबाहं, अणुहुंति सुहं सयाकालं ।।३०६।।

સર્વ દુઃખો દૂર થયા છે, જન્મ-જરા-મરણ અને બંધનથી વિમુક્ત થયા છે, શાશ્વત, અવ્યાબાધ એવું સિદ્ધનું સુખ સદાકાળ હોય છે.

આ પયન્ના જૈન ભૂગોળ સમજવાનું સારું સાધન બને છે. દેવેન્દ્રોના નિમિત્તે અધોલોકથી સિદ્ધશીલા સુધીની જૈનભૂગોળ તેમજ દેવોનો વિસ્તૃત પરિચય આપણને મળે છે.

એકંદરે આ પાંચ પયન્નાઓનો વિસ્તૃત પરિચય તેમજ અન્ય પયન્નાઓના સામાન્ય નિર્દેશ દ્વારા ખ્યાલ આવે છે કે, આ પયન્ના ગ્રંથોમાં પરમાત્મા મહાવીરની પરંપરામાં થયેલ મુનિ ભગવંતોએ અંતકાળે સમાધિ ટકી રહે એવી સામગ્રીઓનું સર્જન-સંકલન આ પયન્નાઓ નિમિત્તે કર્યું છે તો દીક્ષા માટે ઉપયોગી મૂહૂર્તો, શુદ્ધ આચાર આદિ અનેક સાધક જીવનને ઉપકારી વસ્તુઓનું સર્જન-સંકલન કરી ભાવિમાં થનારા જીવો પર મહાન ઉપકાર કર્યો છે.

આ પયન્ના વિષયક લખાણોમાં પયન્નય સૂત્તાઈ-ભાગ-૧ માંની પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજકની પ્રસ્તાવના તેમજ 'મરણસમાધિઃ એક અધ્યયન' (ડૉ. અરૂણા મુકુંદકુમાર લહ્હા) વિશેષ ઉપકારી બન્યા છે.

આ લખાણમાં મારી મતિમંદતાને લીધે જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પણ લખાણ થયું હોય તો મિચ્છામિ દુક્કડં.

* * *

આગમ-વાણી

- નિર્બળ ભારવાહકની જેમ તું વિષમ માર્ગમાં ન જા. વિષમ માર્ગમાં જનારને પછીથી પસ્તાવું પડે છે. માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે. તારા કેશ ધોળા થઈ રહ્યા છે. તારું શ્રોત્રબળ પણ ઘટી રહ્યું છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- ડાભના અગ્રભાગ પર લટકીને રહેલું ઝાકળનું બિંદુ થોડી વાર જ ટકી શકે છે. એવી રીતે મનુષ્યોના જીવનનું પણ છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- સાધુ મમત્વરહિત, નિરભિમાની, નિઃસંગ અને ગારવ (આસક્તિ)ના ત્યાગી હોવા જોઈએ. તે ત્રસ અને સ્થાવર એવા તમામ જીવો પ્રત્યે સમભાવ ધારણ કરનાર હોવા જોઈએ.

મરણસમાધિ પ્રકીર્ણક

૩૩

□ ડૉ. અભય દોશી

'મરણસમાધિ પયન્ના' એ સમાધિમરણની વિસ્તૃત ચર્ચા કરનાર આગમગ્રંથ છે. આ પ્રકીર્ણકની ૬૬૧ ગાથાઓ છે. દસ પયન્ના ગ્રંથોમાં આ સૌથી વિશાળ પયન્ના છે. આ ગ્રંથ મરણવિભક્તિ, મરણવિશોધિ, મરણસમાધિ, સંલ્લેખનાશ્રુત, ભક્તપરિજ્ઞા, આતુર પ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન અને આરાધના–આ આઠ ગ્રંથોને આધારે રચાયો છે.

આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), જૈનધર્મ પ્રસારક સભા, આગમોદય સમિતિ, હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાળા અને મહાવીર જૈન વિદ્યાલય દ્વારા મૂળ પ્રસિદ્ધ થયેલ છે.

આ પયન્નાનું વિસ્તૃત અધ્યયન ડૉ. અરુણા મુકુંદકુમાર લહ્વાએ પીએચ.ડી. નિમિત્તે શ્રી રમણિક શાહના માર્ગદર્શન હેઠળ 'મરણસમાધિ એક અધ્યયન'શીર્ષક હેઠળ કર્યું છે. આ શોધનિબંધનું પ્રકાશન મહાવીર જૈન વિદ્યાલય દ્વારા વર્ષ ૨૦૦૦માં કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં સમાધિમરણ વિષયક આજે ઉપલબ્ધ એવા પયન્નાઓ તેમ જ આજે ઉપલબ્ધ ન હોય તેવા પયન્નાઓની સામગ્રી સંકલિત કરવામાં આવી છે.

આ ગ્રંથ 'મરણવિભત્તિપઇણ્ણય' તરીકે પણ ઓળખાય છે. આ ગ્રંથમાં પ્રારંભે આરાધનાના ત્રણ ભેદો દર્શાવ્યા છે; દર્શન આરાધના, જ્ઞાન આરાધના, ચારિત્ર આરાધના. શ્રદ્ધારહિત જીવો ભૂતકાળમાં અનંતવાર બાળમરણથી મૃત્યુ પામેલા છે, પરંતુ ભવનો અંત કરનાર પંડિતમરણની પ્રાપ્તિ થઈ નથી, એમ કહી પંડિતમરણનું સ્વરૂપ ગાથા ૨૨થી ૪૪માં દર્શાવ્યું છે. ગાથા ૪૫થી ૫૨માં પંડિતમરણને સિદ્ધ કરવાના કર્તવ્યો દર્શાવે છે. સાધકે સર્વ સુખશીલતાનો ત્યાગ કરી ઉત્તમ રીતે ચારિત્રનું પાલન કરવું, ધૈર્યવાન બની કષ્ટો સહન કરવા, ક્રમશઃ પાંચ ઈન્દ્રિયોના વિષયો તેમ જ કષાયો પર વિજય મેળવવો.

એ પછી સાધકને તેની સાધનામાં તન્મયતા રહે તે માટે નિર્યામક ગુરુ તેને ક્રમશઃ આહારનો ત્યાગ કરાવે છે. તે મુનિ વિચારે છે;

'આહાર જ સર્વ સુખનું ઉદ્‌ભવસ્થાન, જીવિતમાં સારરૂપ ગણાય છે, છતાં સર્વ દુઃખોનું કારણ પણ તે જ છે. આહારની ઈચ્છા માત્રથી તંદુલિયો મત્સ્ય સાતમી નરકે જાય છે. મેં પણ અનંત ભવોમાં ઘણા આહાર કર્યા. ઘણી નદીઓના પાણી પીધાં, છતાં પણ તૃપ્તિ નથી. તો હવે એવા આહાર-પાણીનું મારે કામ નથી.'

નિર્યામક આચાર્ય અનશન ધારણ કરેલા મુનિને કાયાના મમત્વથી દૂર રહેવાનો ઉપદેશ આપે છે. આ ગ્રંથની ૧૫૪ થી ૧૭૫ ગાથામાં આત્મશુદ્ધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ૧૭૬મી ગાથામાં સંલેખનાના પ્રકારો દર્શાવ્યા છે. બાહ્ય સંલેખનામાં શરીરની સંલેખના કરવાની છે, તો અભ્યંતર સંલેખનામાં કષાયની સંલેખના કરવાની છે. ગાથા ૧૭૭ થી ૧૮૮ સુધી બાહ્ય સંલેખનાની વિધિ દર્શાવી છે. ગાથા ૧૮૯ થી અંતરસંલેખના દર્શાવી છે.

કોહં ખમાઈ, માણં મદ્વયા, અજ્જવેણ માયંચ,
સંતોસેણ ચે લોભં, નિજ્જિણ ચતારિ વિકસાએ.

ક્રોધને ક્ષમાથી, માનને માર્દવથી (નમ્રતાથી), માયાને આર્જવથી (સરળતાથી) અને લોભને સંતોષથી સાધકે જીતવા જોઈએ.

આમ, ગાથા ૧૮૯ થી ૨૦૯ સુધી બાહ્ય સંલેખના (આહારત્યાગ)ની સાથે અભ્યંતર સંલેખના (કષાયત્યાગ) કરવાના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. ત્યારબાદ અનશન ધારણ કરનાર સાધુને ઉદ્દેશીને કેવી રીતે વ્રતોના અતિચાર આલોચી, સ્થિર ચિત્ત થઈ અનશનની આરાધના કરવી તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ સાધુ ભગવંતોએ પંચમહાવ્રતની રક્ષા કેવી રીતે કરવી તે અંગેનું માર્ગદર્શન ગાથા ૨૫૮ થી ૨૬૯માં કરવામાં આવ્યું છે.

ક્રોધ, માન, માયા, લોભથી પંચમહાવ્રતોનું રક્ષણ કરવું. એ જ રીતે કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ આદિ દોષોની પંચ-મહાવ્રતોનું રક્ષણ કરવાનું કહેવાયું છે. વળી, કૃષ્ણ આદિ અશુભ લેશ્યાઓ છોડી શુક્લ આદિ લેશ્યાની મદદથી વ્રતોનું રક્ષણ કરવા કહેવાયું છે.

આ ગ્રંથમાં પંડિતમરણને સિદ્ધ કરવા ચૌદ સ્થાનો દર્શાવી માર્ગદર્શન આપ્યું છે. આ ચૌદ સ્થાનમાં સર્વ પ્રથમ સ્થાન આલોચના છે. જે સાધક પોતાનો અંતિમ સમય સુધારવા ઈચ્છતો હોય, પોતાના મનમાં સમાધિની દિવ્ય આભા ઈચ્છતો હોય, તેણે જીવનમાં પોતાનાથી થયેલી ભૂલો, પાપોનું શુદ્ધ અંતઃકરણપૂર્વક, મન-વચન-કાયાથી શલ્યરહિતપણે યોગ્ય ગુરુભગવંતોના શરણમાં પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. વર્તમાન જૈન સંઘમાં આથી જ સરળ ગુજરાતીમાં રચાયેલ ઉ. વિનયવિજયજીકૃત પુણ્યપ્રકાશ સ્તવન કે શ્રી

સમયસુંદરજીકૃત પદ્માવતી- આરાધના અંતકાળે સંભળાવવાની પ્રથા છે.

બીજું સ્થાન સંલેખનાનું છે. સાધકે બાહ્ય સંલેખના દ્વારા આહારનો ત્યાગ અને અભ્યંતર સંલેખનાથી કષાયોને દુર્બળ કરવાની સાધના કરવાની છે. સંલેખનાની સાધના સામાન્ય રીતે જઘન્યથી છ માસ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ કરવાની હોય છે. રોજ ખાનારો સીધો ઉપવાસ પર ચઢી જાય તો અસમાધિથી પીડાય, આથી સંલેખનાની સાધના સહજ થાય એ માટે પૂર્વ તૈયારી રૂપ ત્રીજું સ્થાન ઉપવાસનું દર્શાવ્યું છે. સાધકે ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ આદિ તપની આરાધના કરવા દ્વારા ક્રમશઃ સંલેખના માટે જાતને તૈયાર કરવી જોઈએ. આ સંલેખના ક્યારે કરવી તેના સમયનું માર્ગદર્શન વિશિષ્ટ જ્ઞાની ગુરુ ભગવંતોના માધ્યમથી મેળવવું પડે. વર્તમાનમાં વિશિષ્ટ જ્ઞાની ગુરુભગવંતોના અભાવે કેટલાક જૈનધર્મી વર્ગોમાં સંલેખનાની આરાધના મંદપ્રાયઃ થઈ છે.

સંલેખનાની આરાધના કરનાર સાધકે મન-વચન-કાયાની સાવદ્ય ક્રિયાઓનો ત્યાગ કરવો જોઈએ, તે પાંચમું સ્થાનક છે. ઇંગિત-મરણના આરાધકો નક્કી કરેલા પ્રદેશમાં જ હરે, ફરે તે છઠ્ઠું સ્થાનક છે.

સમાધિ મરણ પામવા ઈચ્છનાર સાધકે તૃણ, દર્ભ કે લાકડાનો સુયોગ્ય સંથારો પસંદ કરવો જોઈએ. આ સંથારો સાતમું સ્થાન છે. ત્યાં સ્થિર થયેલ સાધકે પોતાના **આહાર તથા ઉપધિનો ત્યાગ** કરી (૮) પોતાના આત્માને **વૈરાગ્ય**માં તરબોળ કરી (૯) કેવળ **મોક્ષાર્થ સાધના** કરવી. (૧૦)

એ જ રીતે આ સંથારા પર રહી **ધર્મધ્યાન** અને **શુક્લધ્યાન**માં મનને જોડે. (૧૧) ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં જોડાવા માટે જીવે આલોચના દ્વારા સકલ જીવરાશિ સાથે વૈરનું વિસર્જન કરી મૈત્રીભાવનું બીજ રોપ્યું છે. આ મૈત્રી આદિ ભાવોની સહાયથી વિશ્વના સર્વ જીવો પ્રત્યે સ્નેહ-વાત્સલ્ય ધારણ કરે અને સ્વ પ્રત્યેના મોહનો ત્યાગ કરે ત્યારે ધર્મધ્યાનનો વાસ્તવિક પ્રારંભ શક્ય બને છે.

આવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં રહેનારા આત્માની **લેશ્યા** પણ સ્વાભાવિક રીતે શુભ જ રહેવાની. (૧૨) આ ઉત્તમ આચરણોથી સાધકનું સમ્યક્ત્વ પણ ક્રમશઃ અત્યંત નિર્મળ થતું જાય છે અને તે અલ્પ સંસારવાળો બને છે. (૧૩) આવો સાધક અંતે મનની દૃઢતા ધારણ કરનાર હોય, તો તે **પાદપોપગમન** અનશનને (૧૪) ધારણ કરે. અંત સમય નજીક જાણી ચારે આહાર કરી કપાયેલાં વૃક્ષની ડાળીની માફક નિશ્ચેતન દશામાં એક પડખે સૂઈ રહેવું, કોઈ પણ ઉપસર્ગ આવે તો ખસવું નહિં, આયુષ્યની સમાપ્તિ સુધી એ જ રીતે રહેવું. આમ, 'મરણ-સમાધિ'કારે અંતિમ આરાધનાના ૧૪ સ્થાનકો અથવા ૧૪ કર્તવ્યો દર્શાવ્યા.

હવે, આ પંડિતમરણ સિદ્ધ કરવા સાધકે પોતાના રોજીંદા જીવનમાં કેવું આચરણ સિદ્ધ કરવું જોઈએ, તે પણ ગ્રંથકાર છ સ્થાનોમાં દર્શાવે છે. (૧) સાધકે પોતાની સર્વ ક્રિયાઓ વિનયપૂર્વક કરવાની છે. વિનયપૂર્વક ક્રિયા કરનારો અલ્પ કર્મબંધ કરે છે અને કર્મનિર્જરા કરનાર પણ બને છે. (૨) સાધકે અભિમાનનો ત્યાગ કરવાનો છે. અભિમાનને ત્યજનાર સાધક વાસ્તવિક ક્ષમાપના કરી શકે છે. નિત્ય જીવનમાં જ્યાં જ્યાં કર્મબંધ થાય, ત્યાં ત્યાં સરળ સાધક તરત ક્ષમાપના કરી હળુકર્મી બની શકે છે. (૩) દેવ, ગુરુ, વડીલ, જિન આગમ, જિન મંદિર તથા સકલ સંઘની ભક્તિભાવે પૂજા કરવી તેમ જ તેમની આજ્ઞાનું બહુમાન કરનાર સાધક ધર્મમાર્ગમાં આગળ વધે છે. એ જ રીતે (૪) તીર્થંકરોની આજ્ઞાનું પાલન કરવાથી નવા કર્મોનો પ્રવેશ અટકાવી ક્રમશઃ કર્મવૃક્ષનો નાશ કરનાર થાય છે, વળી (૫) શ્રુતધર્મની આરાધના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી ધર્મધ્યાન આદિ સાધવાની ભૂમિકા સિદ્ધ કરે છે. (૬) આચરણ-આગમોથી પ્રાપ્ત થયેલા જ્ઞાનનું આચરણ કરવાથી સાધક ક્રમશઃ ઉન્નતિ પામતો અંતકાળે સંલેખનાનો અધિકારી બને છે.

'મરણસમાધિ' ગ્રંથમાં ગ્રંથકારે સમાધિમરણ સાધવા માટેની આ તાત્ત્વિક ભૂમિકા આપી છે, એ સાથે જ આ સમાધિમરણને અનેક વિપત્તિઓ અને પીડા વચ્ચે સિદ્ધ કરનારા મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે. આ દૃષ્ટાંતોમાં સનત્કુમાર ચક્રવર્તીએ સોળ મહારોગોને સમતાપૂર્વક સહન કર્યા તેનો સર્વપ્રથમ ઉલ્લેખ કર્યો છે. ત્યારપછી મેતાર્ય મુનિ, ચિલાતિપુત્ર, ગજસુકુમાલ, અવંતિસુકુમાલ, અરણિક મુનિ, ખંધકમુનિના શિષ્યો, સુકોશલ મુનિ આદિ અંતિમ આરાધના કરનારા શાસ્ત્ર પ્રસિદ્ધ મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે.

ત્યાર બાદ, વૈરાગ્યભાવની ઉત્કૃષ્ટતા માટે ઈલાચિપુત્રનું દૃષ્ટાંત દર્શાવ્યું છે. નટડીમાં લુબ્ધ થયેલ ઇલાચીપુત્ર વાંસ પર ઊંધે માથે નાચી રહ્યો હતો, ત્યારે દૂર મુનિ ભગવંત સુંદર સ્ત્રી પર દૃષ્ટિ પણ કરતા નથી, તે જોઈ પોતાની અધમ સ્થિતિ માટે નિંદા કરતો વૈરાગ્ય પામ્યો. આ વૈરાગ્યના બળે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા થયા.

એ પછી સમભાવને સિદ્ધ કરનારા દમદંત મહર્ષિનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એ જ રીતે જ્યાં સુધી દીપકની જ્યોત રહેશે, ત્યાં સુધી કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવાનો અભિગ્રહ કરનારા ચંદ્રાવતંસક રાજાનું દૃષ્ટાંત આપ્યું છે. રાજાના આ પ્રકારના

અભિગ્રહને ન જાણતી દાસી રાજાને અગવડ ન પડે માટે પ્રહરે પ્રહરે તેલ પૂરતી રહી. ચાર પ્રહર સતત ઊભા રહેવાને કારણે રાજાનું શરીર અકળાઈ ગયું, છતાં ધ્યાનથી ચલિત ન થયા અને દાસી પર દ્વેષ ન કર્યો.

એ જ રીતે અપૂર્વ વૈભવના માલિક ધન્ના અને શાલિભદ્ર કાયાનું મમત્વ વીસારી, વૈભવનો ત્યાગ કરી ઉત્કૃષ્ટ ચારિત્રપાલન કરી અંતે એક માસનું અનશન કરી શિલાનો સંથારો કર્યો.

આ 'મરણસમાધિ' ગ્રંથમાં ઉત્તમ અંતિમ આરાધના કરનારા મહાપુરુષો એ જ રીતે બાવીસ પરિષહો (બાવીસ પ્રકારના દુઃખો)ને જીતનારા મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે.

અહીં અનેક પ્રસિદ્ધ કથાઓની સાથે સાથે કેટલીક ઓછી જાણીતી કથાઓ આલેખાયેલી છે. આ કથાઓમાં સાગરચંદ્ર નામના રાજપુત્રની કથા સાધકોએ જાણવા જેવી છે.

દ્વારિકા નગરીમાં બલદેવનો સાગરચંદ્ર નામે પૌત્ર હતો. અતિ સ્વરૂપવાન એવો સાગરચંદ્ર શાંબ વગેરેને અતિપ્રિય હતો. આ જ નગરમાં કમલમેલા નામે અતિસ્વરૂપવાન કન્યા હતી. આ કન્યાની સગાઈ ઉગ્રસેનના પુત્ર નભસેન સાથે થઈ હતી.

એકવાર નારદમુનિએ સાગરચંદ્ર પાસે જઈ કમલમેલાના વખાણ કર્યા. બન્નેને એક બીજા પ્રત્યે અનુરાગ થયો. શાંબની મદદથી ગુપ્ત રીતે સાગરચંદ્ર અને કમલમેલાના લગ્ન થયા. સાંબે તેમને વિદ્યાઓ આપી, આથી વિદ્યાધર જેવા બની બંને ભોગ ભોગવવા લાગ્યા. આ બાજુ કમલમેલાના સસરા અને પિતા કમલમેલાને શોધવા લાગ્યા. તેમણે વિદ્યાધરરૂપે ક્રીડા કરતા કમલમેલા અને સાગરચંદ્રના યુગલને જોયું. તેમણે કૃષ્ણ વાસુદેવને ફરિયાદ કરી. કૃષ્ણ વાસુદેવ વિશાળ પરિવાર સાથે યુદ્ધ કરવા આવ્યા. આ સમયે શાંબ પણ રૂપપરિવર્તન કરી વિદ્યાબળે કૃષ્ણ સાથે યુદ્ધ કરવા માંડ્યો. આ યુદ્ધ ઘણું લાંબું ચાલ્યું. અંતે સાંબે મૂળરૂપમાં આવી પિતાની માફી માંગી. સાગરચંદ્ર અને કમલમેલાના પરસ્પરના અનુરાગને જોઈ કૃષ્ણે માફી આપી. ત્યારબાદ, ત્યાં નેમિનાથ પ્રભુ પધાર્યા, ત્યારે સાગરચંદ્રે અણુવ્રતો ધારણ કર્યાં.

સાગરચંદ્ર આઠમ, ચૌદસે પૌષધવ્રત ધારણ કરી શૂન્ય ઘરમાં ધ્યાન માટે ઊભો રહેતો. આ વાત નભસેન જાણતો હતો. એકવાર તેણે તાંબાની સોયો ઘડાવી અને સાગરચંદ્ર જ્યાં ધ્યાનમાં ઊભા હતા, ત્યાં આવી તેની વીસે આંગળીઓના જીવતા નખ કાઢી નાખ્યા. વેદનાને સમભાવપૂર્વક સહન કરી સાગરચંદ્ર દેવલોકમાં ગયા. બીજે દિવસે તપાસ કરતાં નગરમાં આક્રંદ ફેલાયું. ત્યાં સોયો જોઈ, આથી સોય બનાવનારને પૂછતા ખબર પડી કે આ સોયો નભસેને બનાવી છે. શાંબ અને નભસેન વચ્ચે યુદ્ધ થયું. ત્યાં દેવ બનેલા સાગરચંદ્રે વચ્ચે પડી શાંતિ કરાવી. કમલમેલાએ પણ સાધ્વી પાસે દીક્ષા ગ્રહણ કરી.

એ જ રીતે દંશમસક પરિષહ સંદર્ભે સમણભદ્ર ઋષિની કથા પણ રસપ્રદ છે. ચંપાનગરીમાં રિપુમર્દન રાજાના પુત્ર સમણભદ્રે ધર્મઘોષ આચાર્ય પાસે દેશના સાંભળી સંસારથી વિરક્ત થયા અને દીક્ષા ધારણ કરી. ત્યારબાદ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કર્યો.

એકવાર ગુરુઆજ્ઞા લઈ એકાકી વિહાર રૂપે પ્રતિજ્ઞા ધારણ કરી જંગલમાં રાત્રિના સમયે પાંચ પ્રહરનો કાયોત્સર્ગ ધારણ કર્યો. કાયોત્સર્ગમાં જંગલમાં રહેલા ડાંસ-મચ્છરોએ તીક્ષ્ણ મુખેથી સોયની અણી જેવા, ડંખ માર્યા. બીજા પ્રહરે ડાંસ મચ્છરોએ 'ગણ' શબ્દ કરી ડંખ માર્યા. ત્રીજા અને ચોથા પ્રહરે નાના-મોટા વિવિધ જાતિના ડાંસોએ ડંખ માર્યા. પાંચમા પ્રહરે (સૂર્યોદય સમયે) અકસ્માત ઉડેલી હજારો મધમાખીઓએ તે મુનિના શરીર પર ચોંટી કરડવાનું શરૂ કર્યું.

ડાંસ મચ્છરોના પરિષહને ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાયથી સહન કરતાં મુનિરાજે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું, આયુષ્ય પૂર્ણ થતા સિદ્ધ થયા.

આવી અનેક સમાધિપ્રેરક સામગ્રીઓ 'મરણસમાધિ' પયન્નામાં સંગ્રહિત થઈ છે. 'મરણસમાધિ પયન્ના' એ વાસ્તવમાં એક સ્વતંત્ર ગ્રંથ નથી, પરંતુ સમાધિપ્રેરક વિવિધ પયન્નાઓ અને અન્ય ગ્રંથોનું એક બૃહદ્ સંકલન છે. સમાધિ સાધવાની ઈચ્છા ધરાવતા સર્વ સાધકો માટે તેના સંકલનકાર મહર્ષીએ અપૂર્વ સમાધિપ્રેરક સામગ્રીનો ભંડાર રજૂ કર્યો છે. આ માટે આગમગ્રંથોમાં 'મરણસમાધિ' પયન્ના ગ્રંથનું અધ્યયન અત્યંત મહત્ત્વપૂર્ણ ગણી શકાય.

* * *

સંદર્ભ સૂચિ :

૧. પઈણ્ણય સૂત્તાઈ ભાગ-૧-૨-૩. સં. મુનિશ્રી પુણ્યવિજયજી અને પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજક, પ્રકાશક મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ-૪૦૦ ૦૩૬. ઈ. સ. ૧૯૮૪.

૨. મરણસમાધિ એક અધ્યયન, ડૉ. અરૂણા મુકુન્દકુમાર લહ્વા, પ્રકાશક મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૪૦૦૦૩૬. ઈ. સ. ૨૦૦૦.

૩. શ્રી ચતુઃશરણ પ્રકીર્ણકમ્ - સં. સંશોધક આચાર્ય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા., પ્રકાશક સન્માર્ગ પ્રકાશન, અહમદાબાદ. ઈ. સ. ૨૦૦૮.

(આ ગ્રંથમાં પાદનોંધમાં ઉલ્લેખિત ડૉ. અતુલકુમાર પ્રસાદ સિંહનો 'પ્રકીર્ણક સાહિત્ય : એક અવલોકન') લેખ પુર્નમુદ્રીત થયો છે.

* * *

શ્રી નિશીથ સૂત્ર

૩૪

□ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

શ્રી નિશીથ સૂત્રનું મૂળ છપાયું છે. તેના અંતે કહેલ ત્રણ શ્લોકોમાં જણાવ્યું છે કે મહત્તર શ્રી વિશાખગણિએ આ સૂત્રને લખ્યું હતું. આ સૂત્રમાં જ્ઞાનાચારાદિ પાંચ આચારોમાં લાગેલા દોષોના પ્રાયશ્ચિત્તોનું ક્રમસર વર્ણન કર્યું છે, તેથી તે આચાર પ્રકલ્પ નામે પણ ઓળખાય છે; પણ નિશીથ નામ વધારે સુપ્રસિદ્ધ છે. શ્રી જિનપ્રભસૂરિકૃત સિદ્ધાંતસ્તવની અવચૂરિ વગેરે ગ્રંથોમાં નિશીથ નામનું કારણ જણાવ્યું છે કે નિશીથ એટલે રાત્રિનો મધ્યભાગ અથવા મધ્યરાત્રિ. તે સમયે યોગ્ય દીક્ષા પર્યાયવાળા પરિણત શિષ્યોને જે સૂત્ર ભણાવાય તે નિશીથસૂત્ર કહેવાય. અપવાદિક બીના ઉત્સર્ગમાર્ગને ટકાવવા માટે જ કહી છે, પણ ઉત્સર્ગમાર્ગનો લોપ કરવા માટે કે અપવાદમાર્ગનો પ્રચાર વધારવાને માટે અપવાદમાર્ગની પ્રરૂપણા કરી જ નથી. આ ખરો મુદ્દો અપરિણામી શિષ્યો કે અતિપરિણામી શિષ્યો સમજી શકતા નથી, તેથી તે બંને પ્રકારના શિષ્યો આ નિશીથસૂત્રની બીના ન સાંભળે, તે રીતે ગીતાર્થોને આ સૂત્ર અને એના જેવા બીજા પણ છેદસૂત્રોને ભણાવવાની શ્રી તીર્થંકર દેવોએ આજ્ઞા ફરમાવી છે.

આ નિશીથસૂત્ર એ શ્રી આચારાંગની પાંચમી ચૂલિકા છે, તેથી શ્રી આચારાંગ સૂત્રમાં કહેલી સાધુ-સાધ્વીઓના આચારની બીના તરફ લક્ષ્ય રાખીને જ આ નિશીથસૂત્રની સંકલના કરાઈ છે, તેથી પણ તેના આચારપ્રકલ્પ નામની વિશેષ સાર્થકતા સમજાય છે. (૧) આ નિશીથસૂત્રના મૂળ ગ્રંથનું પ્રમાણ ૮૧૨ (૯૫૦) શ્લોક છે. (૨) શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે આ શ્રી નિશીથસૂત્રની નિર્યુક્તિ રચી હતી. તે આ સૂત્રના ૭૦૦૦ (૬૪૩૯) શ્લોક પ્રમાણ લઘુ ભાષ્યમા ભળી ગઈ છે. (૩) બૃહદ્‌ભાષ્ય (મોટા ભાષ્ય)નું પ્રમાણ ૧૦૦૦ શ્લોક છે. (૪) ચૂર્ણિ–હાલ જે ચૂર્ણિ મળી શકે છે, તેનું નિશીથ વિશેષ ચૂર્ણિ (વિશેષ નિશીથ ચૂર્ણિ) નામ છે. આ નામ ઉપરથી કેટલાએક વિદ્વાનો માને છે કે આ ચૂર્ણિ સિવાયની બીજી પણ ચૂર્ણિ હોવી જોઈએ, પણ હાલ તે મળી શકતી નથી. આ નિશીથસૂત્રની વિશેષ પદની ચૂર્ણિમા એટલે ૧૦મા ઉદ્દેશાની ચૂર્ણિમા ચક્રવર્તીના શીતગૃહની બીના કહી છે. એ શીતગૃહમાં સૂનાર ચક્રવર્તીને શિયાળામાં ઠંડીની, ઉનાળામાં ગરમીની અને ચોમાસામાં વરસાદની લગાર પણ વિપરીત અસર થતી નથી. વિવાહપટલ નામનો જ્યોતિષનો ગ્રંથ બારમા ઉદ્દેશાની ચૂર્ણિમાં જણાવ્યો છે તથા ૧૨૪૪મા પાનામાં ઘોડાના શરીરમાંથી કાંટો કાઢવાની રીત જણાવી છે. આ નિશીથસૂત્રના ૧૦મા ઉદ્દેશાની ચુર્ણિમાં કાલિકાચાર્યની કથામાં ચોથની સંવચ્છરી હકીકતો પણ જણાવી છે. (૫) ટીકા–આ નિશીથસૂત્રના ફક્ત ૨૦મા ઉદ્દેશાની ટીકા શ્રી પાર્શ્વદેવ ગણિએ અને શ્રી શીલભદ્રસૂરિના શિષ્ય શ્રી ચંદ્રસૂરિએ વિ. સં. ૧૧૭૪માં બનાવી હતી. તે દરેક ટીકાનું પ્રમાણ ૧૧૦૦-૧૧૦૦ શ્લોક કહ્યા છે તેમાં શ્રીપાર્શ્વદેવ ગણિકૃત ટીકા હાલ મળી શકતી નથી. શ્રી રત્નપ્રભના શિષ્યે આ શ્રી નિશીથસૂત્રના ભાષ્ય વિવેક નામના વિવરણની રચના કરી હતી એમ જૈન ગ્રંથાવલી વગેરેમાં તથા બૃહટ્ટિપ્પનિકાદિમાં પણ કહ્યું છે. આ નિશીથસૂત્રના મૂળ ગ્રંથ, ચૂર્ણિ ને ભાષ્યનું (ત્રણેનું) પ્રમાણ ૨૯૦૦૦ શ્લોક જણાવ્યા છે. તેમજ આ સૂત્રના ગુજરાતી ટિપ્પણ, હુંડી વગેરે પણ રચાયા છે, પણ હાલ મળી શકતા નથી.

આ નિશીથસૂત્રના ૨૦ વિભાગો છે. દરેક વિભાગને ઉદ્દેશા નામથી ઓળખાવ્યો છે. તે દરેક ઉદ્દેશામાં કેટલા કેટલા બોલ (વચનો, વાક્યો) છે? તે નીચે જણાવેલા યંત્રથી જાણવું.

ઉદ્દેશાનો ક્રમ	બોલની સંખ્યા	ઉદ્દેશાનો ક્રમ	બોલની સંખ્યા

જેમ આ ઔદારિક શરીરનો કોઈ ભાગ રોગાદિ કારણથી સડી ગયો હોય તો બાકીના શરીરને બચાવવાની ખાતર દાક્તરી પદ્ધતિથી સડી ગયેલા ભાગને કાપીને દૂર કરાય છે. તેમ નિર્મળ ચારિત્રરૂપી શરીરના દુષિત ભાગનો છેદ કરીને બાકીના શરીરને સાચવવાના ઉપાયો જે સૂત્રમાં કહ્યા છે તે છેદ સૂત્રો કહેવાય.

શ્વે. સ્થા. પરંપરા પ્રમાણે છેદ શાસ્ત્રો (૧) શ્રી નિશીથ સૂત્ર (૨) શ્રી દશા શ્રુતસ્કંધ સૂત્ર, (૩) શ્રી બૃહત્‌કલ્પ સૂત્ર, (૪) શ્રી વ્યવહાર સૂત્ર ગણાય છે. શ્વે. મૂર્તિપૂજક પરંપરા પ્રમાણે (૧) શ્રી નિશીથ સૂત્ર, (૨) શ્રી મહાનિશીથ સૂત્ર, (૩) શ્રી દશા-શ્રુતસ્કંધ સૂત્ર, (૪) શ્રી બહુત્‌કલ્પ સૂત્ર, (૫) શ્રી પંચકલ્પ સૂત્ર, (૬) શ્રી વ્યવહાર સૂત્ર આમ છ છેદ સૂત્રોની ગણના કરી છે.

યોગ્યતા ધરાવનાર શિષ્યોને જ ગુરુ છેદ સૂત્રોના અધ્યયન કરવાની આજ્ઞા આપે છે. અહીં ચારિત્રાદિ-મુલગુણાદિમાં લાગેલા અતિક્રમાદિ દોષોને શુદ્ધ કરીને ચારિત્રાદિ ટકાવવાના ઉપાયો વર્ણવવામાં આવ્યા છે.

૧	૫૮	૧૧	૯૨
૨	૫૯	૧૨	૪૨
૩	૭૯	૧૩	૭૪
૪	૧૧૧	૧૪	૪૫
૫	૭૭	૧૫	૧૫૪
૬	૭૭	૧૬	૫૦
૭	૯૧	૧૭	૧૫૧
૮	૧૭	૧૮	૬૪
૯	૨૮	૧૯	૩૬
૧૦	૪૭	૨૦	૫૩

જરૂરી બીના : દરેક ઉદ્દેશાના જુદા જુદા બોલમાં પ્રાયશ્ચિત્તને લાગવાના કારણો સમજાવીને પરમકૃપાળુ સૂત્રકાર મહર્ષિએ તે કારણોને તજવાની હિતશિક્ષા આપી છે.

ટૂંકામાં એમ કહી શકાય કે પ્રાયશ્ચિત્તના અનેક ભેદો છે. તેમાંના ૪ ભેદોનું વર્ણન શરૂઆતના ૧૯ ઉદ્દેશામાં કરી છેલ્લા ઉદ્દેશામાં પ્રાયશ્ચિત્તના ભેદોની બીના વિસ્તારથી સમજાવતાં કયું પ્રાયશ્ચિત્ત કઈ વિધિએ કરાય? વગેરે પ્રશ્નોના ખુલાસા સ્પષ્ટ સમજાવ્યા છે. અહીં કહેલી બીનાઓમાંની કેટલીક બીના હીનાધિક રૂપે વ્યવહારાદિમાં પણ વર્ણવી છે. આ શ્રી નિશીથસૂત્રના જાણકાર મુનિઓને મધ્યમ ગીતાર્થ તરીકે જણાવ્યા છે, તેમ જ મધ્યમ જ્ઞાનસ્થવિર તરીકે પણ તેમને જ કહ્યા છે.

અહીં પ્રાયશ્ચિત્તના દેનારા ગીતાર્થોને ઉદ્દેશીને સંપૂર્ણ વર્ણન કર્યું છે. ૧.પ્રાયશ્ચિત્તના લેનારા સાધુ-સાધ્વીઓ અભિમાન, લજ્જા (શરમ), લોકમાં ફજેતી થવાનો ભય વગેરે કારણોમાંના કોઈ પણ કારણથી કરેલા અપરાધ છુપાવતા હોય, તો તેમને પ્રાયશ્ચિત્ત લઈને આત્મશુદ્ધિ કરવાથી થતા લાભ વગેરે પ્રસંગોચિત બીનાઓ શાંતિથી અને પ્રેમથી સમજાવીને તેમને (મુનિઓને) પ્રાયશ્ચિત્ત લેવાની ભાવના કઈ રીતે કરાવવી? (૨) આ મુનિએ આ ગુનો સ્વચ્છંદતાથી કર્યો છે કે પરાધીનપણે કર્યો છે? (૩) પહેલા જે અપરાધનું પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધિ કરી હતી, તે જ અપરાધ આ મુનિએ ફરી સેવ્યો છે કે બીજો અપરાધ સેવ્યો છે? વગેરે બાબતોના દીર્ઘદૃષ્ટિથી વિચારો કર્યા બાદ જ ગીતાર્થો ગુનેગાર મુનિઓને પ્રાયશ્ચિત્ત આપી શકે. યાદ રાખવું જોઈએ કે પ્રાયશ્ચિત્તના લેનારા મુનિઓ કરતાં તેના દેનારા ગીતાર્થોને માથે બહુ જ જવાબદારી હોય છે. જેમ ન્યાય (ચૂકાદો) આપવો, એ સહેલ વાત નથી, તેમ અપરાધીને યોગ્ય પ્રાયશ્ચિત્ત દેવું, એ પણ સહેલ વાત નથી. માટે જ કહ્યું છે કે હીનાધિક પ્રાયશ્ચિત્તના દેનારા ગીતાર્થો પણ શ્રીજિનશાસ્ત્રના ગુનેગાર બને છે. અહીં તેમ જ બીજા પણ છેદ સૂત્રોમાં ઓછા વધતા પ્રમાણમાં આ તમામ હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

આ શ્રી નિશીથસૂત્રમાં કહ્યું છે કે જે મહાવ્રતાદિની આરાધનામાં અતિક્રમાદિ દોષોને લગાડવારૂપ પ્રતિસેવના કરવી, તે (કાર્ય) કંઈ દુષ્કર નથી, પણ પોતાના આત્માને ભવસમુદ્રથી તારવાની નિર્મળ ભાવના રાખીને સરળ સ્વભાવે જે અપરાધ જે રીતે થયો હોય, તે રીતે જ ગંભીરતાદિ સદ્‌ગુણ નિધાન પરમ ગીતાર્થ મહાપુરુષોની પાસે જણાવે કે આ કારણથી આ રીતે મેં મહાવ્રતાદિમાં અતિક્રમાદિ દોષો લગાડ્યા છે, તો આપ કૃપા કરીને તેનો શુદ્ધિનો ઉપાય બતાવો. આ રીતે પોતાની કરેલી ભૂલને સુધારવાની ભાવના દૃઢધર્મી આસન્નસિદ્ધિક ભવ્ય જીવોના જ મનમાં પ્રગટે છે. માટે જ કહ્યું છે કે નિર્મળભાવે ગીતાર્થ ગુરુની પાસે જ આલોચના કરવી (ભૂલને જણાવવી), તે કાર્ય બહુ દુષ્કર છે.

જેમ બાળક બાપની આગળ સરળ સ્વભાવે પવિત્ર હૃદયથી જે કહેવાનું હોય તે કહે છે, તે જ પ્રમાણે ગીતાર્થ ગુરુ મહારાજ વગેરેની આગળ અપરાધોને કહેવારૂપ આલોચના વગેરે કરવાથી ગીતાર્થો તેના ગુણની અનુમોદના કરીને થોડું પ્રાયશ્ચિત્ત આપે છે. ને તેથી તે જીવ તે પ્રમાણે વર્તીને જરૂર ચોખ્ખો બને છે. આ તમામ બીનાનું મૂળ સ્થાન નવમું પૂર્વ છે. આ રીતે શ્રી નિશીથસૂત્રનો પરિચય બહુ જ ટૂંકામાં જણાવ્યો. ✷ ✷ ✷

આગમ-વાણી

- *પ્રજ્ઞાશીલ મનુષ્યે સર્વ પ્રકારની યુક્તિઓથી વિચાર કરીને તથા સર્વ પ્રાણીઓને દુઃખ ગમતું નથી એ જાણીને કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી જોઈએ.*
- *જેઓ મન, વચન અને કાયાથી, શરીરમાં, વર્ણમાં અને રૂપમાં સર્વ પ્રકારે આસક્ત હોય છે તેઓ બધા પોતાને માટે દુઃખ ઉત્પન્ન કરે છે.*
- *વૃદ્ધાવસ્થા અને મૃત્યુરૂપી જલપ્રવાહમાં ઘસડાતા જીવો માટે ધર્મ જ દ્વીપ, પ્રતિષ્ઠાન (આશ્રયસ્થાન), ગતિ અને ઉત્તમ શરણરૂપ છે.*
- *હિંસાથી દુઃખ જન્મે છે. તે વેરને બાંધનારાં અને મહાભંયકર હોય છે. આવું સમજીને બુદ્ધિમાન મનુષ્યે પોતાની જાતને પાપકર્મમાંથી નિવૃત્ત કરવી જોઈએ.*

શ્રી બૃહત્કલ્પ સૂત્ર

૩૫

□ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

અહીં કલ્પ એટલે સાધુ-સાધ્વીઓના વિવિધ પ્રકારના આચારોનું અને તે દરેક આચારમાં પ્રાયશ્ચિત લાગવાના કારણો, પ્રાયશ્ચિતને કરવાનો વિધિ વગેરે હકીકતો બહુ જ વિસ્તારથી સમજાવી છે, તેથી આ સૂત્ર બૃહત્કલ્પસૂત્ર આવા યથાર્થ નામે ઓળખાય છે. કલ્પ શબ્દના ઐતિસાહિક તીર્થાદિના વર્ણન વગેરે અર્થો પણ શબ્દકોષાદિમાં જણાવ્યા છે. પણ તે અર્થોમાંથી આચાર રૂપ અર્થ જ આ પ્રસંગે લેવાનો છે. બીજા ગ્રંથોમાં આ સૂત્રના (૧) વેદકલ્પસૂત્ર, (૨) બૃહત્સાધુકલ્પ, (૩) કલ્પાધ્યયન (૪) કલ્પ આચાર નામો પણ જણાવ્યાં છે. તેમાંના ત્રીજા નામનો ઉપયોગ યોગોદ્વહનની ક્રિયા કરતાં ઉદ્દેશાદિ કરવાના આદેશો બોલવામા કરાય છે. ને દસાકપ્પવવહારા અહીં કલ્પ શબ્દથી જ બૃહત્કલ્પસૂત્રનું ગ્રહણ કર્યું છે. બીજા બે નામોનો ઉપયોગ બહુ જ ઓછો જણાય છે. જેમ દશવૈકાલિક સૂત્ર અને ઉત્તરાધ્યયનસૂત્રના નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાઓ મળી શકે છે, તેમ ૬ છેદ સૂત્રોમાં આ શ્રી બૃહત્કલ્પસૂત્રના નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા મળી શકે છે. જે સૂત્રની ઉપર આ ચાર સાધનો મળી શકતાં હોય, તેવાં સૂત્રો બહુ જ ઓછા જણાય છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદ નામના પૂર્વના ત્રીજા આચાર નામે વસ્તુરુપ વિભાગના વીશમા પ્રાભૃતમાંથી ઉદ્ધાર કરીને આ શ્રી બૃહત્કલ્પસૂત્રની રચના કરી હતી. તે મૂલ સૂત્રનું પ્રમાણ ૪૭૩ શ્લોકો જણાવ્યા છે. તેની સ્વોપજ્ઞ નિર્યુક્તિ તેમણે (શ્રી ભદ્રબાહુસ્વામીએ) રચી હતી, પણ તેની ઘણી ગાથાઓ શ્રી સંઘદાસ ગણિ ક્ષમાશ્રમણે કરેલા લઘુ ભાષ્યમાં ભળી ગઈ છે. કોઈ આચાર્યાદિ મહાપુરુષે નિર્યુક્તિ આદિના આધારે બૃહદ્‌ભાષ્ય લઘુભાષ્ય અને ચૂર્ણિની રચના થયા બાદ રચ્યું છે. અને આ સૂત્રની બે ચૂર્ણિનું પ્રમાણ ૩૧૦૦૦ શ્લોકો અને બીજી નાની ચૂર્ણિનું પ્રમાણ ૧૨૭૦૦૦ શ્લોકો જણાવ્યા છે. શ્રીમલયગિરિ ભાષ્યાદિને અનુસારે આ શ્રી બૃહત્કલ્પસૂત્રની અડધી પીઠિકા સુધીની ૪૬૦૦ શ્લોક પ્રમાણ ટીકા બનાવી હતી. તે અપૂર્ણ રહેવાથી શ્રી ક્ષેમકીર્તિસૂરિજીએ વિ. સં. ૧૩૩૨ માં સુખાવબોદ ટીકા નામ રાખીને બાકીની ૩૭૪૦૦ શ્લોક પ્રમાણ ટીકા પૂર્ણ કરી. તેથી સંપૂર્ણ ટીકાનું પ્રમાણ ૪૨૦૦૦ શ્લોકો થાય છે. આ સૂત્રની ઉપર રચાયેલો ગુજરાતી ટબો વગેરે પણ મળી શકે છે.

આ રીતે નિર્યુક્તિ આદિની બીના ટૂંકામાં જણાવીને હવે ક્રમસર ૬ ઉદ્દેશાની બીના જણાવું છું. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી. આ સૂત્રના ૬ ઉદ્દેશો છે. તેના ૧. પહેલા ઉદ્દેશામાં સાધુ-સાધ્વીઓના આહારનો વિધિ અને ઉપાશ્રયમાં ઊતરવાનો વિધિ તથા કલેશ થતાં માંહોમાંહે ખમાવવાની બીના તેમજ વિહાર કરવાનો વિધિ વગેરે બીના સમજાવીને ઉપકરણોને લેવાની (વહોરવાની) વિધિ અને જ્યાં વિહાર ન કરાય તેવા સ્થળોની બીના વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

૨. બીજા ઉદ્દેશામાં સાધુ સાધ્વીઓને ઊતરવા લાયક ઉપાશ્રયનું સ્વરૂપ અને શય્યાતરના અકલ્પ્ય (ન ખપે તેવા) આહારાદિની બીના કહીને વસ્ત્ર અને રજોહરણની બાબતમાં કલ્પ્ય-અકલ્પ્ય વિધિ વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

૩ ત્રીજા ઉદ્દેશામાં (૧) વસ્ત્રોને વહોરવાનો વિધિ અને અયોગ્ય કાલનું વર્ણન તથા વંદના કરવાનો વિધિ તેમજ ગૃહસ્થની પાસેથી અમુક કાલ સુધી વાપરવા માટે યાચેલા ઉપકરણાદિને કાર્ય પૂરું થયા પછી પાછા આપવાની વિધિ વગેરે બીના કહીને જે ઉપાશ્રયમાં પહેલાં સાધુઓ રહ્યા છે, ત્યાં વિહાર કરીને આવેલા નવા સાધુઓએ કઈ વિધિએ ઊતરવું જોઈએ? તથા તે પહેલાંના સાધુઓના ઉપકરણાદિની જરૂર હોય તો કઈ વિધિએ તે માંગીને વાપરવા? તેમજ જે સ્થાનનો કોઈ માલિક નથી તે સ્થાને ઊતરવાનો વિધિ વગેરે બીના સ્પષ્ટ સમજાવી છે. અંતે કહ્યું છે કે શત્રુ રાજાની જ્યાં લશ્કરી સેના ઊતરી હોય ત્યાં સાધુઓએ રહેવું નહીં. પછી ગોચરી અને સ્થંડિલ જવાને માટે ગાઉની મર્યાદા વગેરે બીનાઓ પણ સ્પષ્ટ સમજાવી છે.

૪. ચોથા ઉદ્દેશામાં સંયમનો નાશ કરનાર ત્રણ કારણો અને દશમા તથા નવમા પ્રાયશ્ચિતને આવવાના ત્રણ ત્રણ કારણો તેમજ દીક્ષાને તથા વાંચનાને અયોગ્ય ત્રણ ત્રણ જણાની બીના સ્પષ્ટ સમજાવીને વાંચના આપવા લાયક ત્રણ જણની બીના અને મહામુશ્કેલીથી સમજાવી શકાય એવા ત્રણ જણની અને સહેલાઈથી સમજાવી શકાય એવા ત્રણ જણાની બીના વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે. પછી અનુક્રમે પહેલી પોરિસીએ લાવેલા આહારની બીના અને વિહારના સ્થળથી આહાર કેટલા ગાઉ સુધી લઈ જઈ શકાય? આ બાબતમાં કલ્પ્ય-અકલ્પ્ય વિધિ તથા શંકિતાદિ સદોષ આહારની બીના તેમજ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને આહાર વ્હોરવાનો વિધિ વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે. પછી જ્ઞાનાદિ નિમિત્તે બીજા ગચ્છમાં જવાનો તથા રહેવાનો વિધિ અને બીજા ગચ્છના સાધુઓને ભણાવવા માટે બીજા ગચ્છમાં જવા વગેરેનો વિધિ તથા સાધુ કાલધર્મ પામે તેને નિમિત્તે કરવાનો વિધિ તેમજ કલેશ કરનારને સમજાવવા વગેરેનો અધિકાર સ્પષ્ટ સમજાવીને ક્રમસર પરિહારવિશુદ્ધિ ચારિત્રનો પાળનારા મુનિવરોના આહાર વગેરેની બીના અને પાંચ મોટી નદીઓએ

ઊતરવાનો વિધિ તથા મર્યાદા, તેમજ પ્રસંગાનુપ્રસંગે બીજી પણ જરૂરી પ્રાયશ્ચિત્તાદિની હકીકતોને વિસ્તારથી સમજાવી છે.

૫. પાંચમા ઉદ્દેશામાં કલેશ થતા બીજા સંઘાડામાં જતા સાધુ-સાધ્વીઓને સમજાવીને પોતાના ગચ્છમાં પાછા લાવવાની બીના અને આહારાદિને વહોરવાના પ્રસંગે સાચવવા લાયક યતના (જયણા) ધર્મ વગેરેની બીના, તથા સાધુ સાધ્વીના વિહારાદિને અંગે વિધિ નિષેધ માર્ગની મર્યાદા, તેમજ સાધ્વીઓને વર્જવા લાયક ક્રિયાઓ વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે. પછી અનુક્રમે આ તપની અને અભિગ્રહની જરૂરી બીના, અને પલાંઠીવાળીને બેસવાની બાબતમાં, તથા ટેકો દઈને બેસવાની બાબતમાં વિધિ નિષેધની પ્રરૂપણા, તેમજ પાટ વગેરેની ઉપર બેસવાની ને ઊભા રહેવાની બાબતમાં વિધિ નિષેધનું વર્ણન વિસ્તારથી કર્યું છે. પછી ક્રમસર સાધુ-સાધ્વીને વાપરવા લાયક તુંબડું, પુંજણી અને રજોહરણાદિની બીના અને સ્થવિરો જે કારણે પરિહારવિશુદ્ધિક ચારિત્રવાળા મુનિને બોલાવે તે કારણની બીના, તથા સાધુ સાધ્વીને વહોરેલા આહારની બાબતમાં વિધિ-નિષેધ વગેરે હકીકતો વિસ્તારથી સમજાવી છે.

૬. છઠ્ઠા ઉદ્દેશામાં સાધુ-સાધ્વીઓને ત્યાગ કરવા લાયક અવર્ણવાદના ૬ ભેદોનું વર્ણન અને જૂઠાં આળ દેવાનો નિષેધ કરીને સંયમ, ભાષા, સમિતિ, ગોચરી, ઈર્યા સમિતિ વગેરે ૬ ગુણોને નાશ થવાના ૬ કારણો અને કલ્પસ્થિતિના ૬ ભેદ (ચારિત્રના સામાયિક, છેદેપસ્થાપનીય, વગેરે ૬ ભેદ) વગેરે પદાર્થોનું વર્ણન વિસ્તારથી કર્યું છે. આ રીતે શ્રી બૃહત્કલ્પસૂત્રના ૬ ઉદ્દેશાનો પરિચય બહુ જ ટૂંકામાં જણાવ્યો છે, સાધુ-સાધ્વીઓના આચારાદિની સૂક્ષ્મદૃષ્ટિથી વિચારણા કરીને મુનિવરાદિને મોક્ષ માર્ગની આરાધના કરવામાં અપૂર્વ મદદગાર આ શ્રી બૃહત્કલ્પસૂત્રને ગીતાર્થ ગુરુ આદિની પાસે ભણનારા મુનિવરો પોતાનો અને પરનો ઉદ્ધાર જરૂર કરી શકે છે.✷ ✷ ✷

પ્રગાઢ અંતરાય કર્મ

શ્રમણ શ્રેષ્ઠ ઢંઢણ મુનિ શ્રી નેમિનાથ પ્રભુના પવિત્ર હસ્તે દીક્ષા પામીને ઉત્તમ તપસ્વી બની ગયા. દ્વારિકાનરેશ શ્રી કૃષ્ણ અને રાણી ઢંઢણાના તેઓ સુપુત્ર હતા.

તપસ્વી ઢંઢણ મુનિ તપના પારણે ગોચરી અર્થે નીકળ્યા પણ તેમને સૂઝતો–પોતાને યોગ્ય નિર્દોષ આહાર ગોચરીમાં ન મળ્યો તેથી તેઓ પાછા વળ્યા. ઉપવાસ ચાલુ રહ્યા. બીજા દિવસે પણ એમ જ થયું. ઉપવાસની તપશ્ચર્યા આગળ વધતી રહી. આમ છ દિવસ ચાલ્યું. ઢંઢણ મુનિને થયું કે નક્કી મેં બાંધેલું આ કોઈ અંતરાયકર્મ છે, નહીં તો આમ ન બને. એમણે ભગવાનને કારણ પૂછ્યું.

ભગવાને કહ્યું કે, 'હે મુનિવર, પૂર્વજન્મના નિકાચિત અંતરાયકર્મના કારણે તને આહાર મળતો નથી. આજથી પૂર્વે ૯૯,૯૯,૯૯૯ ભવમાં તું વિંધ્યાચલ પ્રદેશમાં, હુણ્ડક ગ્રામમાં સોવિર નામે સમૃદ્ધ ખેડૂત હતો. ત્યાંના રાજા ગિરિસેને રાજ્યની તમામ જમીન તને ખેડવા આપી. તેં મજૂરો, બાળકો, હળવાહકો ભેગા કર્યા. જમીન ખેડાવવાનો અને વાવણીનો આરંભ કર્યો. ખૂબ ગરમીના એ દિવસો હતા. બપોર થઈ. સૌ ભૂખ્યા થયા હતા. ભોજન આવ્યું. બધા જમવા બેઠા ત્યારે તું બહાર ગયેલો. પાછો વળ્યો ત્યારે સહુ જમતા હતા. પણ તેં ક્રોધ કરીને કહ્યું કે હજી કામ બાકી છે, એક ચક્કર હજી વધુ માર્યા પછી જ જમવાનું છે. એમણે તારી આજ્ઞા તો માની પણ એમનું અંતર કકળતું હતું. એ સમયે તેં ગાઢ, નિકાચિત અંતરાયકર્મ ઉત્પન્ન કર્યું. ત્યાર પછી, અનેક જન્મ વીત્યા પછી, કોઈ મુનિનો તને મેળાપ થયો. તેમની ધર્મદેશના તેં સાંભળી. તને સમ્યક્ત્વ થયું. તેં દીક્ષા લીધી ને પછી દેવભવ મળ્યો. ત્યાંથી ચ્યવન પામીને તું રાણી ઢંઢણાની કુક્ષિએ જન્મ્યો. એ જન્મે બાંધેલું અંતરાયકર્મ તને આ ભવે, આ સ્વરૂપે ઉદયમાં આવ્યું છે તેથી નિર્દોષ ગોચરી મળતી નથી.'

ઢંઢણ મુનિને ખૂબ પસ્તાવો જાગ્યો. એમણે કહ્યું, 'હે ભગવંત, પૂર્વ નિયોજિત કર્મની નિર્જરા માટે હું અભિગ્રહ લઉં છું કે પરનિમિત્તે થનાર લાભને હું સ્વીકારીશ નહીં.'

ઢંઢણ મુનિ એ કઠોર અભિગ્રહ પછી ગોચરી નિમિત્તે જતા પણ નિર્દોષ આહાર મળતો નહીં. આમ છ મહિના થયા.

શ્રીકૃષ્ણએ એક વાર શ્રીનેમિનાથ પ્રભુને પૂછ્યું, 'ભગવંત, આપના સર્વસાધુગણમાં ઉગ્ર તપસ્વી સાધુ કોણ છે?'

પ્રભુ બોલ્યા: 'મારા શ્રમણસંઘમાં સર્વપ્રથમ મોક્ષગામી થનાર, દુષ્કર ક્રિયા કરનાર, ઉગ્ર તપસ્વી સાધુ ઢંઢણ મુનિ છે, જે તમારા પુત્રરત્ન છેઃ અત્યારે તે ગોચરી ગયા છે, તમને રસ્તામાં મળશે.'

શ્રીકૃષ્ણ ગજરાજ પર સવાર થઈ પાછા વળતા હતા ત્યારે ઢંઢણ મુનિને તેમણે જોયા. હાથી પરથી ઊતરીને ભાવથી વંદન કર્યું. નગરના એક શેઠે આ જોયું. તે સમજ્યા કે આ કોઈ મહામુનિ છે. તેમણે મુનિને ઘરમાં નિમંત્રીને મોદક વહોરાવ્યા. મુનિ સમજ્યા કે હાશ, આજે અંતરાયકર્મ તૂટ્યું! એ પ્રભુ પાસે ગયા. ગોચરીને પ્રભુને બતાવીને કહ્યું કે 'આજે મને નિર્દોષ આહાર મળ્યો લાગે છે!' પ્રભુએ 'ના' કહી. કહ્યું કે, 'આ આહાર શ્રીકૃષ્ણના નિમિત્તે થયેલો લાભ છે.'મુનિવર વિચારમાં ડૂબ્યા: મારા અભિગ્રહ મુજબ મને અન્ય નિમિત્તે મળે તો તે મારાથી લેવાય નહીં. એ મોદક પ્રાસુક જગ્યાએ પરઠવવા ગયા.

મુનિ જમીનમાં મોદક પરઠવતા જાય છે ને તે સમયે શુક્લધ્યાનની ઉચ્ચતમ કક્ષાએ પહોંચી જાય છે; એ જ સમયે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે! શ્રી ઢંઢણમુનિ કેવળજ્ઞાન પામીને ધર્મનો ઉપદેશ દેતા પૃથ્વી પર સર્વત્ર વિહરવા માંડ્યા.

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

શ્રી વ્યવહાર સૂત્ર

૩૬

□ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

આ સૂત્રમાં સાધુ-સાધ્વીઓના વ્યવહારનું વર્ણન વિસ્તારથી કર્યું છે, તેથી આ સૂત્ર વ્યવહાર સૂત્ર નામે ઓળખાય છે. શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે નવમા પૂર્વના આચાર વસ્તુના વીસમા પ્રાભૃતમાંથી ઉધ્ધૃત કરીને આ શ્રી વ્યવહાર સૂત્રની રચના કરી હતી. બૃહટ્ટિપનિકાદિમાં કહ્યું છે કે આ શ્રી વ્યવહાર સૂત્રના મૂળ ગ્રંથનું પ્રમાણ ૩૭૩ શ્લોકો છે. આ સૂત્રની સ્વોપજ્ઞ નિર્યુક્તિ (મૂળ સૂત્રના કરનાર શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલી નિર્યુક્તિ)ની ગાથાઓ ભાષ્યની ગાથાઓમાં ભળી ગઈ છે. આ ભાષ્યનું પ્રમાણ ૬૪૦૦ શ્લોકો અને ચૂર્ણિનું પ્રમાણ ૧૨૦૦૦ શ્લોકો જણાવ્યા છે તથા શ્રી મલયગિરિ મહારાજે ભાષ્યાદિને અનુસરીને બનાવેલી ટીકાનું પ્રમાણ ૩૩૬૨૫ (૩૪૬૨૫) શ્લોકો કહ્યા છે. આ સૂત્રનો વિ. સં ૧૫૭૩ની પહેલાં રચાયેલો ગુજરાતી ટબો (સ્તબકાર્થ) હુંડી વગેરે પણ છે. અહીં દશમા ઉદ્દેશામાં કાંચનપુરમાં પાણીની રેલ આવી હતી એમ કહ્યું છે. આ શ્રી વ્યવહાર સૂત્રના દશ ઉદ્દેશા છે તે દરેક ઉદ્દેશાનો પરિચય ટૂંકમાં આ પ્રમાણે છે:

૧. પહેલા ઉદ્દેશામાં વિસ્મૃતિ (ભૂલી જવું), પ્રમાદાદિ કારણોમાંના કોઈપણ કારણથી ચારિત્રાદિકમાં લાગેલા દોષોની, સરળ સ્વભાવે આલોચનાદિ કરવાનો વિધિ, અને તે દરેકને અંગે જરૂરી પ્રાયશ્ચિત્તાદિનું વર્ણન, તથા પ્રસંગાનુપ્રસંગે બીજી પણ ખાસ જરૂરી ઘણી બીનાઓ વિસ્તારથી સમજાવી છે.

૨. બીજા ઉદ્દેશામાં ગ્રામાનુગ્રામ (એક ગામથી બીજે ગામ) વિધિપૂર્વક વિહાર કરતા ઘણાં મુનિવરોમાંના કેટલાએક મુનિવરો પ્રમાદાદિ કારણોમાંનાં કોઈપણ કારણથી મૂળ ગુણાદિમાં અતિક્રમાદિ દોષોમાંના કોઈપણ દોષથી દૂષિત થયા હોય, તો તેમણે અને બીજા (અદૂષિત) મુનિવરોએ માંહોમાંહે કઈ રીતે વર્તવું ? એટલે ગોચરી આદિનો વ્યવહાર કઈ રીતે સાચવવો જોઈએ ? વગેરે વ્યવહારોનું સ્પષ્ટીકરણ કરવાના ઈરાદાથી સૂત્રકારે આ બીજા ઉદ્દેશાની રચના કરી છે.

૩. ત્રીજા ઉદ્દેશામાં સાધુ સમુદાયમાં નાયક તરીકે અનુક્રમે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, ગણાવચ્છેદક અને સ્થવિરોને જણાવ્યા છે તેમાં (૧) આચાર્ય મહારાજ ગચ્છના સાધુઓને (સૂત્રોના) અર્થની વાચના આપે છે, અને સ્મરણાદિ પ્રકારે ગચ્છને મોક્ષમાર્ગની આરાધના કરાવે છે. (૨) ઉપાધ્યાયજી મુનિવરાદિને સૂત્રની વાચના આપે, ને યુવરાજની માફક આચાર્યને ગચ્છાદિના કાર્યોમાં મદદ કરે છે. (૩) પ્રવર્તક જે સાધુ વૈયાવચ્ચ અધ્યયનાદિ કાર્યોમાંના જે કાર્યને કરવા લાયક હોય, તેને તે કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે. (જોડે છે) (૪) ગણાવચ્છેદક – આચાર્યાદિની આજ્ઞા પ્રમાણે ગચ્છને લાયક ક્ષેત્રની તપાસ કરે છે, ને જરૂરી ઉપકરણાદિ પદાર્થો પૂરા પાડે છે. (૫) સ્થવિર – સંયમાદિની આરાધનામાં સીદાતા મુનિઓને સ્થિર કરે છે. તેમના જ્ઞાન સ્થવિરાદિ ત્રણ ભેદોની અને તેમાં પણ જઘન્યાદિ ભેદે જુદી જુદી વિચારણા પહેલાં જણાવી છે. ચારિત્ર-જ્ઞાનગાંભીર્યાદિ ગુણોમાંના કયા કયા ગુણોને ધારણ કરનાર મુનિવરાદિમાંથી કોણ કયા પદને લાયક છે ? અને આચાર્યાદિ પદવી કોને અપાય ? તથા કોને ન અપાય ? વગેરે હકીકતોને સમજાવવા માટે સૂત્રકારે આ ત્રીજા ઉદ્દેશાની રચના કરી છે.

૪. ચોથા ઉદ્દેશામાં પૂર્વે જણાવેલા આચાર્યાદિ પાંચમા કોઈપણ પદસ્થ મહારાજ કેટલા સાધુઓની સાથે વિહાર કરીને કેટલા મુનિઓની સાથે ચોમાસું કરે ? વગેરે પ્રશ્નોના ઉત્તરોને સ્પષ્ટ સમજાવતો આ ચોથો ઉદ્દેશો છે. એટલે આચાર્યાદિને વિહાર કરવાની ને ચોમાસું કરવાની બીના અહીં વિસ્તારથી સમજાવી છે.

૫. પાંચમા ઉદ્દેશોમાં પ્રવર્તિની સાધ્વીએ કેટલી સાધ્વીઓની સાથે વિહાર કરવો જોઈએ ? ને કેટલી સાધ્વીઓની સાથે ચોમાસું કરવું જોઈએ ? વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે.

૬. છઠ્ઠા ઉદ્દેશામાં સાધુ-સાધ્વીઓએ કઈ રીતે ક્યાં ભિક્ષા લેવા જવું જોઈએ ? એ જ પ્રમાણે નિર્દોષ સ્થંડિલની બીના અને વસતિની બીના જણાવીને કહ્યું છે કે નિર્દોષ પ્રદેશમાં મુનિવરાદિએ સ્થંડિલ (ઠલ્લે) જવું જોઈએ. નિર્દોષ વસતિમાં રહેવું જોઈએ કે જેથી સંયમાદિની રક્ષા થાય અને સ્વાધ્યાયાદિનો વિધિ પણ સાચવી શકાય. અહીં જુદી જુદી ભૂલોના જુદા જુદા પ્રાયશ્ચિત્ત વગેરેનું વર્ણન કર્યું છે.

૭. સાતમા ઉદ્દેશામાં એક સાધ્વી સમુદાયમાંથી બીજા સાધ્વી સમુદાયમાં ગયેલી સાધ્વીને સાચવવાનો વિધિ તથા સાધ્વીઓના બીજા પણ સ્વાધ્યાયાદિના નિયમ અને વ્યવહારાદિનું સ્વરૂપ સ્પષ્ટ જણાવ્યું છે.

૮. આઠમા ઉદ્દેશામાં કોઈ ગ્રામાદિમાં ઊતરવાનાં ઉપાશ્રયાદિ સ્થાનો ન હોય તો સાધુ-સાધ્વીઓએ પોતાને વાપરવા માટે ગૃહસ્થના ઘરનો કેટલો ભાગ કઈ રીતે યાચવો ? તથા વિહાર કરતાં કઈ વિધિએ તે ભળાવવો ? આ બીનાઓને સ્પષ્ટ સમજાવીને ગૃહસ્થની પાસેથી પાટ પાટલા વગેરેને યાચીને લાવવાનો વિધિ અને ખપે એવાં પાત્રાદિ ઉપકરણોનું પ્રમાણ તથા આહારાદિને વાપરવાનો વિધિ વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે.

૯. નવમા ઉદ્દેશામાં સંયમી જીવનની અપૂર્વ સાધનારુપ બાર ભિક્ષુપ્રતિમાઓને આરાધતાં સાચવવાના આચાર વગેરેનું સ્વરૂપ સમજાવીને સાધુ-સાધ્વીઓને વાપરવા લાયક શય્યાતર (મકાનના માલિક)ના મકાનની બીના તથા પ્રસંગાનુપ્રસંગે બીજી પણ મુનિ વ્યવહારની બીનાઓ સ્પષ્ટ સમજાવી છે.

૧૦. દશમા ઉદ્દેશામાં અનુક્રમે અભિગ્રહોની અને પરીષહાદિની

બીના કહીને વ્યવહારના (૧) આગમ વ્યવહાર, (૨) શ્રુત વ્યવહાર, (૩) આજ્ઞા વ્યવહાર (૪) ધારણા વ્યવહાર (૫) જીત વ્યવહાર, આ રીતે પાંચ વ્યવહારોનું સ્પષ્ટ સ્વરૂપ અને પુરુષના તથા આચાર્યના અને શિષ્યના ૪-૪ ભેદોનું સ્વરૂપ તેમ જ સ્થવિરોની અને શિષ્યોની ત્રણ ત્રણ ભૂમિકાનું વર્ણન વિસ્તારથી કર્યું છે. ચારિત્રાદિ ગુણોની સ્થિરતા અને વૃદ્ધિ વગેરે થવાના અપૂર્વ સાધનરૂપ ગુરુકુલ વાસમાં રહેલા નવા સાધુઓ શરૂઆતના ત્રણ વર્ષમાં આવશ્યક સૂત્રના ને દશવૈકાલિક સૂત્રના યોગોદ્વહન કરવાપૂર્વક અભ્યાસ કરીને છેદોપસ્થાપનીય ચારિત્ર (વડી દીક્ષા)ને સ્વીકાર્યા પછી અનુક્રમે ઉત્તરાધ્યયન સૂત્રના ને આચારાંગ સૂત્રના યોગોદ્વહન કરવાપૂર્વક અધ્યયન કરે છે. આ રીતે ત્રણ વર્ષનો દીક્ષાપર્યાય થયા પછી અનુક્રમે શ્રી નિશીથસૂત્રાદિના યોગોદ્વહન કરાવીને જેમ જેમ દીક્ષાપર્યાય વધતો જાય, તેમ તેમ કયા કયા સૂત્રના યોગોદ્વહન કરાવીને કયા કયા સૂત્રો ભણાવાય? આ હકીકતને સ્પષ્ટ સમજાવી છે. અંતે કહ્યું છે કે (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) તપસ્વી (૫) શૈક્ષ (૬) ગ્લાન સાધુ (૭) સાધર્મિક (૮) કુલ (૯) ગણ (૧૦) સંઘ–આ દશની વૈયાવચ્ચ કરતાં ઘણા કર્મોની નિર્જરા થાય છે અને અંતે મોક્ષના સુખ પામે છે.

આ શ્રી વ્યવહાર સૂત્રમાં મુનિઓના જુદી જુદી જાતના વ્યવહારોનું વર્ણન વધારે પ્રમાણમાં છે. તેની સાથે પ્રાયશ્ચિત્તાદિનું પણ વર્ણન વિસ્તારથી કર્યું છે. તેથી આત્માર્થી મુનિવરાદિને મોક્ષમાર્ગની સાત્ત્વિકી આરાધના કરાવનારું આ શ્રી વ્યવહાર સૂત્ર છે. આ સૂત્રને ગુરુગમથી વિધિપૂર્વક જાણનારા મુનિવરો દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાદિને ઓખળીને સ્વપર જીવોના નિર્વાહક જરૂર થઈ શકે છે. આ રીતે શ્રી વ્યવહાર સૂત્રનો ટૂંક પરિચય જાણવો.

* * *

ક્ષમાનિધિ ગજસુકુમાર

ગજસુકુમાર મુનિ, તમે શ્રીકૃષ્ણ વાસુદેવ અને ભગવાન નેમિનાથના લઘુબંધુ હતા. ફક્ત ૧૨ વર્ષની જ ઉમર હતી. તમારી ને તે સમયે તમે સહસ્રાવનમાં ગયા હતા. ભગવાન નેમિનાથ સમવસરણમાં વૈરાગ્યપ્રેરક દેશના આપતા હતા તે તમે સાંભળી અને તમારો આત્મા જાગ્રત થઈ ગયો, સંસાર અસાર લાગ્યો, તમે તત્ક્ષણ પ્રભુના પાવન હસ્તે જ પ્રવજ્યા સ્વીકારી પ્રમાદનો અને પ્રમોદનો સંપૂર્ણ ત્યાગ કરીને તમે તપ, જપ આદર્યાં.

તમે ભગવાન નેમિનાથને થોડા સમય પછી પૂછ્યું: 'પ્રભુ, મને આજ ભવમાં મોક્ષપ્રાપ્તિ થાય તેવી આરાધના કહો!'

પ્રભુના સ્મિતમાં જાણે કલ્યાણની ફૂલમાળ રચાઈ રહી હતી: 'હે મુનિવર, તમે સ્મશાનમાં ધ્યાન ધરશો તો આજ ભવમાં મુક્તિસુખ પામશો.'

અને તમે ઊપડ્યા સ્મશાનમાં જવા. સુકુમાર તમારી કાયા, બાળ વયને વિસારીને તમે કાઉસગ્ગમાં સ્થિર થયા.

સોમલ બ્રાહ્મણને ખબર પડી આ વાતની. તેની સુંદર પુત્રી સાથે તમારી બાળવયમાં જ સગાઈ થઈ હતી. સોમલ રૂંવાડે રૂંવાડે ક્રોધથી કંપી રહ્યો. જેની સાથે પોતાની લાડલીનું સગપણ કર્યું હોય તે આમ વૈરાગી બની જાય તે કેમ સહન થાય? સોમલ પણ દીકરીનો બાપ હતો ને?

સોમલ તમને શોધતો સ્મશાનમાં આવી ચડ્યો. ગુસ્સાથી ધુંઆંપુંઆં થઈ ગયો હતો એ. એણે તમારા મુંડિત શિર પર ચીકણી માટીની વાડ કરી. પછી સુકાવા દીધી, ને પછી તેણે તેમાં સ્મશાનના ધગધગતા અંગારા ભર્યા! છતાં તમે તો શાંત જ ઊભા રહ્યા!

સોમલ શાંત થયો નહોતો, થતો નહોતો. એ ક્રોધથી કાંપતો હતો. મુનિના માથા પર બનાવેલી સગડીમાં એ અંગારા ઓરતો જ જતો હતો! તોય ગજસુકુમાર મુનિ! તમે તો શાંત જ ઊભા હતા. તમે સોમલ બ્રાહ્મણને ઓળખી ગયા હતા પણ તમે અંતરથી શ્રમણ હતા તે એ કયાં જાણતો હતો? તમે તો વિચારવા માંડ્યા હતા કે આવા શ્વસુર તો કોઈને જ મળતા હશે કે જે મોક્ષની પાઘડી પહેરાવે! ધન્ય રે મુનિવર, તમારી સમતાને!

સોમલ બ્રાહ્મણે તમારા માથા તરફ પવન નાંખ્યો, લાકડાં ભડભડ સળગ્યાં ને સોમલ નફ્ફટ બનીને પાછો વળી ગયો. તમને કારમી પીડા થતી હતી, માથામાં લાવા સળગતો હતો, શરીરમાં વેદનાના કાળોતરા ડંખ ઊભરાતા હતા!

બાર વર્ષનો એક સુકુમાર સાધુ! નવદીક્ષિત બાળમુનિ! મુખ પર હજી તો દૂધમલ આભા હતી ને આજે કાળઝાળ વેદના સહન કરવામાં શૂરવીર યોદ્ધા બની ગયા હતા! તમારું અંતરમન ચિંતવતું હતું:

સોમલ વિપ્ર તો ઉપકારી છે! સંસારની પાઘડી તો ક્ષણભર પણ ન ટકી હોત, આ મુક્તિ વરદાયિની પાઘડી તો અમર રહેશે! શાશ્વતકાલીન સુખ આપશે! રે જીવ, સોમલ વિપ્ર માટે કે કોઈના પણ માટે અશુભનો વિચાર ન કર, સૌનું કલ્યાણ વાંછ. આ તો કસોટીની ક્ષણ છે. આત્માના ધ્યાનમાં રમમાણ બન!

થોડીક જ ક્ષણનો ખેલ. શરીર ઢળી પડ્યું તમારો આત્મા મુક્તિપદ પામ્યો!

ગજસુકુમાર મુનિવર, તમે મુક્તિધામમાંથી પણ અમને નિહાળો છો ને તમારી અનન્ય સમતાસાધનાને ઉલ્લાસથી અમે સ્મરીએ છીએ તે પણ તમે જાણો છો. અમે એટલું જ માગીએ છીએ હે મહામુનિ! કે અમને પણ તમારા જેવી જ સમતા, સાધના અને સિદ્ધપદ મળજો!

□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

શ્રી દશાશ્રુતસ્કંધ

૩૭

□ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

ચૌદ પૂર્વોના ધારક પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે નવમા શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વમાંથી ઉધ્ધૃત કરીને આ શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રની રચના કરી હતી. અહીં દશ દશાનું વર્ણન હોવાથી આ સૂત્ર દશાશ્રુતસ્કંધ નામે ઓળખાય છે. શ્રી નંદીસૂત્રાદિમાં આનું દસા નામ કહ્યું છે ને શ્રી સ્થાનાંગસૂત્રાદિમાં આચાર દશા અને દશાશ્રુત વગેરે નામો પણ જણાવ્યા છે. શ્રી વ્યવહારસૂત્રના ત્રીજા અને દશમા ઉદ્દેશા વગેરેમાં બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્રની સાથે શરૂઆતમાં આ દશાશ્રુતસ્કંધને દસા કપ્પવવહાર સુયકખંધો આ રીતે કહ્યો છે. આ ત્રણે સૂત્રોને એક જ શ્રુતસ્કંધરૂપે શ્રી બૃહત્કલ્પસૂત્રની નિર્યુક્તિની ૨૬૬મી ગાથામાં નિર્દેશ કર્યો છે. તેમ જ યોગવિધિ, સામાચારી આદિ ગ્રંથોમાં પણ તે જ પ્રમાણે નિર્દેશ કર્યો છે. અહીં જણાવેલી દશ દશા (વિભાગ)માંની ૮મી અને દશમી દશાને બીજા ગ્રંથોમાં અધ્યયન તરીકે પણ જણાવી છે અને બાકીના ૮ વિભાગો દશા નામથી પ્રસિદ્ધ છે. આ રીતે દશ દશામાંની (૧) પહેલી અસમાધિસ્થાન નામની દશામાં અસમાધિ એટલે ચિત્તની અસ્વસ્થતાને (અશાંતિને) કરનારા કષાયની ઉદીરણા કરવી, અજયણાએ બેસવું વગેરે ક્રિયા કરવી, વગેરે જે ૨૦ કારણોથી અસમાધિ થાય છે, તે અસમાધિસ્થાનોનું વર્ણન કર્યું છે. (૨) બીજી સબલ દોષ નામની દશામાં ચારિત્રને શબલ એટલે કાબરચીતરું (મલિન) કરનારા ૨૧ શબલ દોષોનું વર્ણન કર્યું છે. (૩) ત્રીજી આશાતના નામની દશામાં ગુરુ મહારાજની આશાતના થવાના ૩૩ કારણોને જણાવીને તેને વર્જવાનું કહ્યું છે. (૪) ગણિસંપદા નામની દશા (અધ્યયનાદિ જેવા વિભાગ)માં શ્રી આચાર્ય મહારાજની આઠ સંપદાઓનું વર્ણન, તેના ભેદો અને પ્રભેદો તથા વિનયના ભેદાદિનું વર્ણન કર્યું છે. (૫) પાંચમી ચિત્તસમાધિસ્થાન નામની દશામાં ચિત્તની સમાધિના ૧૦ કારણોને કહીને તે કારણોને સેવવાની ભલામણ કરી છે. (૬) ઉપાસક પ્રતિમા નામની દશામાં શ્રાવકની ૧૧ પ્રતિમાઓનું વર્ણન કર્યું છે. (૭) સાતમી ભિક્ષુપ્રતિમા નામની દશામાં સાધુને આરાધવા લાયક ૧૨ પ્રતિમાઓનું (એક જાતની અભિગ્રહાદિવાળી વિશિષ્ટ ક્રિયાઓનું) સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે. (૮) આઠમી પર્યૂષણાકલ્પ નામની દશામાં પ્રભુ મહાવીર દેવાદિના જીવન ચરિત્રો, સ્થાવરાવલી અને સામાચારીનું વર્ણન કર્યું છે. આ પર્યૂષણાકલ્પનું જ નામ બારસાસૂત્ર (કલ્પસૂત્ર) કહેવાય છે. તે દર વર્ષે પર્યુષણા મહાપર્વમાં વંચાય છે. (૯) નવમી મોહનીયસ્થાન નામની દશામાં જેથી મોહનીયકર્મ બંધાય, તેવાં ૩૦ કારણો જણાવીને તે દરેક કારણને તજવાની ભલામણ કરી છે. (૧૦) આયતિસ્થાન નામની દશામાં નવ નિયાણાંનું વર્ણન કરીને તેને તજવાની સૂચના કરી છે. હું આ સંયમાદિની આરાધના કરીને ભવાંતરમાં ઇંદ્રાદિની ઋદ્ધિ વગેરે પામું, અથવા કરેલી આરાધનાના ફળરૂપે ભવાંતરમાં હું ઇંદ્રાદિરૂપે જન્મ પામું. આ રીતે સાંસારિક પદાર્થોની જે ઈચ્છા કરવી તે નિયાણું કહેવાય.

શ્રી દશાશ્રુતસ્કંધના નિર્યુક્તિ, ચૂર્ણિ આદિનું ટૂંક વર્ણન

આ સૂત્રના અર્થને જાણવા માટે બે પ્રાકૃત સાધનો છે. તેમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ આ સૂત્રની ૨૧૦૬ શ્લોક પ્રમાણ (૨૨૨૫ શ્લોક પ્રમાણ) નિર્યુક્તિ રચી છે, તે હાલ હયાત છે. ચૂર્ણિનું પ્રમાણ ૪૩૨૧ શ્લોકો કહ્યા છે, તથા શ્રી બ્રહ્મમુનિએ જનહિતા નામની સંસ્કૃત ટીકા રચી છે તેમ જ કોઈએ ગુજરાતી ટિપ્પનક પણ રચ્યું છે. તેની રચના વિ. સં. ૧૬૭૭ની પહેલાના સમયે થઈ હોય એમ કેટલાએક ઐતિહાસિક ગ્રંથોમાં જણાવ્યું છે. આ શ્રીદશાશ્રુતસ્કંધના ૧૨૧૬ શ્લોક પ્રમાણ આઠમા અધ્યયનરૂપ શ્રી કલ્પસૂત્રની નિર્યુક્તિની ૬૮ ગાથાઓ છે અને ચૂર્ણિનું પ્રમાણ ૭૦૦ શ્લોકો કહ્યા છે. શ્રી વિનયચંદ્રસૂરિએ રચેલા શ્રી કલ્પનિરુક્ત ટિપ્પનકનું પ્રમાણ ૧૫૮ શ્લોક તેમ જ શ્રી પૃથ્વીચંદ્રે બનાવેલ ટિપ્પનકનું પ્રમાણ ૬૪૦ શ્લોકો જણાવ્યા છે. વળી ઉ. શ્રી ધર્મસાગરજીએ કલ્પસૂત્રની કલ્પ કિરણાવલી ટીકા અમદાવાદમાં બનાવી છે. ઉ. શ્રી વિનયવિજયજીએ કલ્પ સુબોધિકા ટીકા રચી છે તે ઘણાં સ્થળે વંચાય છે. તપાગચ્છના આચાર્યાદિ મહાપુરુષોએ કલ્પકૌમુદી, કલ્પદીપિકા, કલ્પપ્રદીપિકા વગેરે ટીકાઓ અને ખરતરગચ્છના શ્રી જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૪૬માં સંદેહવિષૌષધિ નામે ટીકા તથા શ્રી જિનવલ્લભસૂરિ આદિએ રચેલી કલ્પકલ્પલતા વગેરે ટીકાઓમાંની ઘણીખરી છપાઈ પણ છે. આ શ્રી દશાશ્રુતસ્કંધમાં સાધુઓની ને શ્રાવક ધર્મની પણ બીનાઓ વર્ણવી છે. ✷ ✷ ✷

આગમ-વાણી

● *કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ)ને અગ્નિ કહેવામાં આવે છે. શ્રુત, શીલ અને તપને જલ કહેવામાં આવે છે. શ્રુતરૂપી જલની ધારા છાંટવાથી ઠંડી પડી ગયેલી અને છિન્નભિન્ન થયેલી તે જ્વાળાઓ મને દઝાડતી નથી.*

શ્રી જિતકલ્પસૂત્ર – મહાભાષ્યસૂત્ર

૩૮

□ ડૉ. રસિકલાલ મહેતા

□ પ્રારંભ :

મૂર્તિપૂજક સંપ્રદાયની માન્યતા મુજબ ૬ છંદસૂત્રો છે. જિતકલ્પસૂત્ર પાંચમું છેદ સૂત્ર છે. સંયમ જીવનની નિર્મળતા જળવાઈ રહે તે હેતુથી છેદસૂત્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. છેદસૂત્રો એટલે સાધકની જિંદગીના છિદ્રો (ભૂલો)ની સારવારનાં સૂત્રો. છિદ્રો ઊભા કરવાનું કામ તે ઉદય કર્મનું છે. તેની સારવાર ક્ષયોપશમ ભાવની જાગૃતિ સિવાય શક્ય નથી. આ સૂત્રોમાં કર્મયોગે ઊભી થયેલી મુશ્કેલીઓનું વર્ણન અને તેના ઉકેલનું માર્ગદર્શન મળે છે. આ સૂત્રો જૈન આચારધર્મની ચાવી છે.

અનાદિકાલીન સંસ્કારે સાધક અનેકવાર સ્ખલના પામે છે. સાધના માર્ગથી ચલિત થાય છે. ક્યારેક સાધક આચાર પાલનમાં નાના મોટા દોષોનું સેવન કરે છે. વ્રતમાં છિદ્રો પડે છે. આ છિદ્રને પૂરી દેવા, ખંડિત વ્રતને અખંડિત બનાવવા માટે આચાર્ય ભગવંતોએ ઉપાયો દર્શાવ્યા છે. થોડા ઉપાયો આ જિતકલ્પસૂત્રમાં દર્શાવ્યા છે.

□ પરિચય :

૧૦૩ ગાથાના આ સૂત્રમાં, સાધુ જીવનમાં લાગેલા અતિચારો અને અનાચારો દર્શાવી, એને માટેના વિવિધ પ્રાયશ્ચિત્તોનું વર્ણન મળે છે. તેથી આ સૂત્રને પ્રાયશ્ચિત્ત સૂત્ર પણ કહી શકાય. ઉપરાંત સાધકને આચાર ધર્મની અશુદ્ધિમાંથી વિશુદ્ધિમાં લાવવાનું પણ વર્ણન હોવાથી તેને સંયમ વિશુદ્ધિ સૂત્ર પણ કહી શકાય. આ ખૂબ ગંભીર અર્થ ધરાવતું આગમ છે અને તેનો પાઠ ગીતાર્થ ગુરુ ભગવંતો શિષ્યોને આપી શકે છે. શિષ્ય આધ્યાત્મિક માર્ગે વિકાસ સાધે અને એના માર્ગમાં આવતી ભૂલોનું નિવારણ કરી એને વધુ સારી રીતે સંયમ પાલનમાં સુદૃઢ કરવાનું કામ ગીતાર્થ ગુરુ ભગવંતો કરે છે.

□ આ આગમનું મહત્ત્વ :

બધા છેદસૂત્રોની જેમ આ સૂત્રનું પણ મુખ્ય કાર્ય સાધક સિંહની જેમ દીક્ષા લે અને સિંહની જેમ પાળે અને અંતે મોક્ષ પ્રાપ્ત કરે એ માટેનો પુરુષાર્થ વર્ણવવાનું છે. આચાર્ય ભગવંતો, પંચાસારનું પાલન કરે અને કરાવે એ દૃષ્ટિએ 'પાળે પળાવે પંચાચાર' – (૧) જ્ઞાનાચાર,(૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર. આ પાંચેય આચારનું વીતરાગની આજ્ઞા મુજબનું પાલન થાય તો જ સાધકને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. દોષમુક્તિ માટે આ આગમ અગત્યનું બની રહે છે. અતિચાર અને અનાચારના દોષોના નિવારણ માટે પ્રાયશ્ચિત્તનું સચોટ વિધાન કરવામાં આવ્યું છે.

□ પ્રાયશ્ચિત્ત પ્રકાર :

દોષ વિશુદ્ધિ માટેની પ્રક્રિયાને પ્રાયશ્ચિત્ત કહે છે. છેદસૂત્રોમાં ચાર પ્રકારના પ્રાયશ્ચિત્તનું વર્ણન મળે છે. (૧) ગુરુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત (૨) ગુરુ માસિક પ્રાયશ્ચિત્ત (૩) લઘુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત અને (૪) લઘુ માસિક પ્રાયશ્ચિત્ત.

કયા દોષનું કોને કેટલું પ્રાયશ્ચિત્ત આપવું તેનો અધિકાર ગુરુનો જ છે. તેમાં શિષ્યની બુદ્ધિ કે તર્ક વિતર્કને કશું સ્થાન નથી. સાધુએ કેવા સંજોગોમાં, કેવા ભાવમાં, દોષસેવન કર્યું છે તેની ગુરુ યથાર્થ રીતે જાણકારી મેળવીને તેમ જ શિષ્યની યોગ્યતા અને શક્તિનો વિચાર કરીને, નિષ્પક્ષભાવે-તટસ્થતાથી પ્રાયશ્ચિત્ત આપે છે અને શિષ્ય પણ તેનો ખૂબ ઉમંગથી સ્વીકાર કરે છે. ગુરુ આજ્ઞાને શિરોધાર્ય ગણી વિશુદ્ધિ માટે પ્રવૃત્ત થાય છે.

પ્રાયશ્ચિત્ત માટે આ સૂત્રમાં પાંચ વ્યવહારની વિગત મળે છે.

પાંચ વ્યવહાર : પાંચ પ્રકારના વ્યવહારથી જિનશાસન ચાલે છે. વ્યવહાર એટલે શું ? જેનાથી વિવિધ અથવા વિવાદાસ્પદ વિષયોનું નિર્ધારણ થાય–સમાધાન થાય તેને વ્યવહાર કહે છે.

વ્યવહારના પાંચ પ્રકાર : (૧) આગમ વ્યવહાર (૨) શ્રુત વ્યવહાર (૩) આજ્ઞા વ્યવહાર (૪) ધારણા વ્યવહાર (૫) જિત વ્યવહાર. પ્રત્યેકની થોડી વિગત જોઈએ.

(૧) આગમ વ્યવહાર : દર્શપૂર્વીથી લઈને કેવળજ્ઞાની પોતાના જ્ઞાનથી સંયમી જીવનની પ્રવૃત્તિ નિવૃત્તિ રૂપ વ્યવહારનો નિર્ણય કરે તે આગમ વ્યવહાર છે.

(૨) શ્રુત વ્યવહાર : ઉપર દર્શાવેલ આગમજ્ઞાન સિવાયના આચાર-પ્રકલ્પ આદિ, ૧૧ અંગશાસ્ત્ર તથા આઠ પૂર્વ સુધીના જ્ઞાનનો સમાવેશ આમાં થાય છે. શ્રુતથી પ્રવર્તિત વ્યવહાર તે શ્રુત વ્યવહાર છે. ટૂંકમાં શ્રુત અને શાસ્ત્રના કથન અનુસાર જે પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય તે શ્રુત વ્યવહાર છે.

(૩) આજ્ઞા વ્યવહાર : આગમ અને શ્રુતના અભાવમાં ગીતાર્થ સાધુની આજ્ઞાથી તત્ત્વનો કે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર થાય તેને આજ્ઞા વ્યવહાર કહે છે. ગુરુની નિશ્રામાં સાધના કરતા શિષ્યો ગુરુની આજ્ઞાને સ્વીકારીને જ તે પ્રમાણે વ્યવહાર કરે છે.

(૪) ધારણા વ્યવહાર : ગચ્છના મહાન ઉપકારી, વડીલ સાધુ જો સંપૂર્ણ છેદસૂત્રોના અભ્યાસને યોગ્ય ન હોય તો ગુરુદેવ તેને મહત્ત્વના પ્રાયશ્ચિત્ત પદો શીખવે છે. તે સાધુ, તે પદોને ધારણ કરી રાખે છે અને તે ધારણા પ્રમાણે સમગ્ર વ્યવહાર કરે છે. આ ધારણા વ્યવહાર છે.

(૫) જિત વ્યવહાર : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પ્રતિસેવન દોષ વગેરેનો વિચાર કરીને જે પ્રાયશ્ચિત્ત અપાય છે તે જિત વ્યવહાર છે. અથવા કોઈ ગચ્છમાં, કોઈ વિશેષ પરિસ્થિતિમાં, સૂત્ર સિવાયની પ્રાયશ્ચિત્ત પ્રદાનની પ્રવૃત્તિ થઈ હોય અને અન્ય સંતો તેનું અનુકરણ કરે તે જિત-વ્યવહાર છે. **અથવા** અનેક ગીતાર્થ સાધુઓ દ્વારા આચરિત, અસાવદ્ય અને આગમથી અબાધિત રુઢિ પરંપરાને જિત વ્યવહાર કહે છે.

આ પાંચ પ્રકારના વ્યવહારમાંથી જો આગમજ્ઞાની પુરુષ ઉપસ્થિત હોય તો આગમ વ્યવહારને જ પ્રાધાન્ય આપવું અને જો તે ન હો તો અનુક્રમે શ્રુત, આજ્ઞા, ધારણા અને જિત વ્યવહારને પ્રાધાન્ય આપવું. જિતકલ્પ સૂત્રમાં આ પાંચમા વ્યવહારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગચ્છનું સંચાલન કરનારા ગીતાર્થ આચાર્યનું ખૂબ મહત્ત્વ છે. આવા ગીતાર્થ ગુરુ ભગવંતની યોગ્યતા તથા કર્તવ્યનું સંક્ષિપ્ત વર્ણન આ આગમમાં છે.

જૈન સંસ્કૃતિનો સાર શ્રમણધર્મ છે. સાધુધર્મની સિદ્ધિ માટે આચાર ધર્મની નિરતિચાર વિશુદ્ધ સાધના અનિવાર્ય છે. આચાર ધર્મની વિશુદ્ધ આરાધના માટે જિનાજ્ઞાનું ઉત્કૃષ્ટ ભાવે પાલન અતિ આવશ્યક છે. કેવા કેવા અકાર્યો કરવાથી કેવા કેવા પ્રાયશ્ચિત્ત આવે તેની કલમો, સંક્ષેપમાં, સરળ રીતે આ આગમમાં મળે છે. ઓછામાં ઓછું ૧ એકાસણું અને વધુમાં વધુ ૧૨૦ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત ગુરુ ભગવંત શિષ્યને ફરમાવે છે અને શિષ્ય તેનો સ્વીકાર કરે છે. આ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત આપનાર ગીતાર્થ ગુરુની વિશેષતા-યોગ્યતાનું વર્ણન મળે છે. છત્રીશ ગુણોથી યુક્ત ગીતાર્થ ગુરુ જ પ્રાયશ્ચિત્ત આપવાના અધિકારી છે. આવા સમર્થ ગુરુ ભગવંતની-આચાર્યની આઠ સંપદાનું વર્ણન આ મુજબ છે.

□ આચાર્યની આઠ સંપદા :

(૧) **આચાર સંપદા :** જ્ઞાનાદિ પાંચ આચાર, આચરણીય છે, તેનું આચરણ કરે તે આચાર સંપદા. તેના ૪ પેટા પ્રકાર છે. (૧) સંયમની આરાધનામાં સદા લીન રહેવું, (૨) અહંકાર રહિત રહેવું, (૩) એક સ્થળે સ્થિર રહેવું, વૃદ્ધોની જેમ ગંભીર સ્વભાવવાળા રહેવું.

(૨) **શ્રુત સંપદા :** અનેક શાસ્ત્રોના જાણકાર થવું. શ્રુતજ્ઞાનના માધ્યમથી જ સાધના માર્ગને જાણી શકાય છે અને સાધકોને સાધનાનું માર્ગદર્શન આપી શકાય છે. ચાર પ્રકાર (૧) બહુશ્રુતતા-અનેક શાસ્ત્રોના જાણકાર થવું, (૨) પરિચિત શ્રુતતા (૩) વિચિત્ર શ્રુતતા, વિવિધ પ્રકારે શાસ્ત્રને જાણવા-વિવિધ ગ્રંથોના અભ્યાસમાં પારંગત થવું. (૪) ઘોષ વિશુદ્ધ કારકતા=શુદ્ધ ઉચ્ચારણ કરનાર થવું.

(૩) **શરીર સંપદા :** સુડોળ, કાંતિમય, પ્રભાવશાળી સુંદર શરીર સંપત્તિ રૂપ છે તેથી તેને સંપદા કહે છે. તેના ૪ પ્રકાર છે. (૧) આરોહ પરિણાહ સંપદા, (૨) અનવપ્રાપ્ય શરીરતા, (૩) સ્થિર સંહનતા, (૪) બહુપ્રતિપૂર્ણ પ્રિયતા.

(૪) **વચન સંપદા :** સમસ્ત વ્યવહારનું કારણ વાણી છે. સત્ય, પ્રિય, હિતકારી વચનો આચાર્યની સંપત્તિ છે. તેથી તેને સંપદા કહે છે. વચન સંપદાના પણ ૪ પ્રકાર છે. (૧) જેનું વચન સર્વને ગ્રાહ્ય હોય, (૨) મધુર વચન, (૩) રાગ-દ્વેષ રહિત વચન, (૪) સંદેહ રહિત વચન બોલનાર હોય. સંક્ષેપમાં, આચાર્યના વચનો સર્વને ગ્રાહ્ય, મધુર, પક્ષપાત રહિત અને સ્પષ્ટ હોય છે.

(૫) **વાચના સંપદા :** શાસ્ત્ર અને અન્ય ગ્રંથો વાંચવાની કુશળતા તેમજ તેના રહસ્યો જાણી, શિષ્ય સમક્ષ પ્રગટ કરવા તે વાચન સંપદા છે. તેના ૪ પ્રકાર છે. (૧) શિષ્યની યોગ્યતાનો નિશ્ચય કરીને સૂત્ર ભણવાનું સૂચન કરે. (૨) શિષ્યની યોગ્યતા મુજબ સૂત્રાર્થની વાચના આપે. (૩) સૂત્રાર્થમાં શિષ્યની ધારણા દૃઢ થઈ જાય પછી આગળ અધ્યયન કરાવે. (૪) અર્થની સંગતિ પ્રમાણે નય અને પ્રમાણથી અધ્યયન કરાવે.

(૬) **મતિ સંપદા :** મતિ એટલે બુદ્ધિ, તે એકદમ તીવ્ર અને પ્રબળ હોય–પદાર્થનો નિર્ણય તરત જ કરે તેવી મતિ હોય તેને મતિસંપદા કહે છે. તેના ચાર પ્રકાર છે. (૧) સામાન્ય રૂપે અર્થને જાણવો. (૨) સામાન્ય રૂપે જાણેલા અર્થને વિશેષરૂપે જાણવાની ઈચ્છા થવી. (૩) વિશેષરૂપે નિશ્ચય કરવો. (૪) નિશ્ચય કરાયેલી વસ્તુને કાલાંતરમાં પણ યાદ રાખવી. (અવગ્રહ, ઈહા, અવાય, ધારણા કહે છે.

(૭) **પ્રયોગ સંપદા :** પરવાદીઓનો પરાજય કરવાની કુશળતાને પ્રયોગ સંપદા કહે છે. વાદ સામર્થ્યને પ્રયોગ કહેલ છે. તેના ચાર પ્રકાર છે. (૧) પોતાની શક્તિને જાણી શાસ્ત્રાર્થ કરવો. (૨) પરિષદના ભાવોને જાણી વાદ-વિવાદ કરવો. (૩) ક્ષેત્રને જાણી વાદ-વિવાદ કરવો. (૪) વસ્તુના વિષયને જાણી વાદ-વિવાદ કરવો.

(૮) **સંગ્રહ પરિજ્ઞા સંપદા :** ગણ કે સમુદાય માટે આવશ્યક વસ્તુઓ ગ્રહણ કરવી અને તેનું વિતરણ કરવું તે સંગ્રહ સંપદા છે. વસ્ત્ર, પાત્ર, શાસ્ત્ર વગેરે સાધુચર્યાના નિયમ અનુસાર એકત્રિત કરવા અને તેનું નિષ્પન્ન ભાવે યોગ્ય વિતરણ કરવું. તેના ચાર પ્રકાર છે. (૧) વર્ષાકાળમાં મુનિઓને રહેવા યોગ્ય ક્ષેત્રનું પ્રતિલેખન કરવું, (૨) મુનિઓ માટે પાટ, ચરા, શય્યા, સંસ્કારક આદિ (૩) યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવું અને કરાવવું. (૪) ગુરુજનોનોનું યથાયોગ્ય સન્માન કરવું.

આ સંપદાને કારણે આચાર્ય–ગણિ, સંઘની સુરક્ષા અને વિકાસ કરી શકે છે. જિન શાસનની પ્રભાવના કરી શકે છે. અગીતાર્થ સાધુઓનું જીવન આ સંપદાથી સંપન્ન આચાર્યના નેતૃત્વમાં સુરક્ષિત રહે છે. આ સૂત્રમાં વિદ્યા અને મંત્ર વચ્ચેના તફાવતની પણ સરળ સમજણ આપી છે. આ મહત્ત્વનું છેદસૂત્ર છે.

✷ ✷ ✷

શ્રી મહાનિશિથસૂત્ર

૩૯

□ આ. સાગરચંદ્ર સાગરસૂરિ મ.

'આગમ એ જિનશાસનનો દસ્તાવેજ છે. આગમના આધાર વિના પ્રભુની સાધનાને કે વિશ્વના સત્યને સમજવું અશક્ય છે. એટલે જ આગમોને જિનપ્રતિમા સરીખી બતાવી પ્રભુપ્રતિમા જેટલું જ તેનું મૂલ્ય બતાવાયું છે.'

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.

કત્થઅમ્હરિસાપાના દુષમા દોષ દુસ્સિયા
હા! અનાહા! કહં હંતો ન હ હંતા જિનાગમે.

એટલે, આ કળિયુગમાં જો પ્રભુના વચન સ્વરૂપ આગમો ન હોત તો મારું શું થાત? અનાથ જેવી સ્થિતિ અમારી થાત એમ કહી આગમોની બહુમૂલ્યતા સૂચવે છે.

આપણું સદ્‌ભાગ્ય છે કે આગમનો વારસો વિશિષ્ટ વાચનાઓ, લેખન, મુળપાઠાદિ દ્વારા આપણને મળ્યો અને પૂ. આગમોદ્ધારકશ્રી આનંદસાગરસૂરિ મ. દ્વારા આગમમંદિર જેવા સ્થાપત્યો મળ્યા છે. આ આગમનો મહિમા એ જિનશાસનના આચારોનો મહિમા છે. પરમાત્માને કેવલજ્ઞાન દ્વારા મળેલા વિશ્વના મહાસત્યોનો મહિમા છે. આગમોના માધ્યમે આપણે આપણી સાધનાને જીવંત રાખી શકીએ છીએ.

આ ૪૫ આગમોમાં જેનું મુલ્ય અમૂલ્ય છે તેવા શ્રી મહાનિશિથ નામના આગમની આપણે વાતો કરીએ...

૩૯મા નંબરનું આગમ છે. આ આગમને શ્રી રૂપવિજયજી મ. પૂજાના દુહામાં આ શબ્દો વડે વંદે છે-

'મહાનિશિથ સિદ્ધાંતમાં મુનિમારગ નિરધાર
વીરજિણંદ વખાણીયો પુજું તે શ્રુતસાર...'

શ્રી મહાનિશિથ સૂત્ર એ શ્રમણજીવનની આચાર મર્યાદાનો આધાર છે. ગુરુ સુયોગ્ય શિષ્યને રાત્રી સમયે કર્ણોપકર્ણ સૂત્ર–અર્થને એદંપર્યાયે નિક્ષેપ કરે છે તે આગમ એટલે શ્રી મહાનિશિથસૂત્ર.

૬ અધ્યન, ૨ ચુલિકા સ્વરૂપ તેનું વિસ્તરણ છે અને ૪૫૫૪ શ્લોક તેમાં સમાવિષ્ટ છે.

□ પ્રથમ અધ્યયન :

અરિહંત પરમાત્માને નમસ્કાર કરીને 'સુયંમે'થી પ્રારંભ થતું આ પ્રથમ અધ્યયન સાધનાને સફળ સાબિત કરવા માટે શલ્યનો પરિત્યાગ કરવો તે અનિવાર્ય છે. શલ્ય સાથેની સાધના નિષ્ફળ થાય છે. તેવી રજૂઆત કરીને વૈરાગ્યનો ઉદ્‌બોધ આપી અતિદુર્લભ શ્રમણ જીવનને પ્રાપ્ત કરનાર પુન્યાવાન નિશલ્ય સાધના કરે તેવી પ્રેરણા આપવામાં આવી છે. સાથે શલ્યોદ્ધાર માટેની વિધિ પણ આપવામાં આવી છે. તેમાં શ્રુતદેવતાની વિદ્યા આપીને તેનાથી રાત્રે સૂતા બાદ સ્વપ્નમાં દેવ દ્વારા વિશિષ્ટ સંકેતો મેળવી શકાય છે. આવી વાત રજૂ કરવામાં આવી છે.

ક્ષમાયાચના પણ નિશલ્યપણે અર્થાત્ પ્રાયશ્ચિત્ત પણ નિશલ્ય રીતે કરવું જોઈએ તેવી વાતો મૂકીને શલ્ય સાથે કરેલા અનેકગણા પ્રાયશ્ચિત્ત પછી પણ શુદ્ધિ ન થયેલા દૃષ્ટાંત મૂકવામાં આવ્યા છે. અને શલ્ય વિના શુદ્ધિપૂર્વક કરતા આલોચનથી મોક્ષે ગયાના સાધકોની ઘટનાઓ બતાવવામાં આવી છે. અપરાધ છૂપાવવાથી દુર્ગતિ થાય છે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

□ બીજું અધ્યયન :

કર્મ વિપાક નામના આ અધ્યયનમાં કર્મના વિપાકોનું માર્મિક વિવેચન છે. આશ્રવ દ્વારા રોકવાથી જ તમામ દુ:ખોનો અંત થાય છે અને તેમાં 'સ્ત્રી' એ રાગરૂપ હોવાથી ઉત્કૃષ્ટ આશ્રવદ્વાર છે તેથી તે પ્રત્યેના કામરાગનો અંત કરવો જોઈએ તેવી વિશિષ્ટ પ્રેરણા તેમાં દર્શાવી છે.

□ ત્રીજું અધ્યયન :

આગળના અધ્યયનના સામાન્ય જીવો અધિકારી છે પરંતુ હવેના અધ્યયનોની વાચના વિશિષ્ટ અધિકારી માટે જ છે. સુયોગ્ય શિષ્યોને જ ગુરુ દ્વારા આની વાચના મળે છે. વિશિષ્ટ યુગપ્રધાનો-આચાર્યો આદિએ ૩-૪-૫-૬ અધ્યયનને શ્રુતનો સાર કહ્યો છે.

અનેક મંત્ર-તંત્ર-વિદ્યાના નામો આમાં દર્શાવવામાં આવ્યા છે. નવકાર-ઉપધાન-આદિનો ઉલ્લેખ અને તેનું મહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. તેના લાભો પણ આમાં બતાવવામાં આવ્યા છે. શ્રમણની જેમ શ્રાવકોએ પણ શ્રી નવકાર મહામંત્રને ભણવા ઉપધાન તપ આવશ્યક છે. તેની વાતો આમાં કરવામાં આવી છે.

□ ચોથું અધ્યયન :

આ અધ્યયનમાં શ્રમણાચારનું પરિપાલન કરનાર આત્મસાધક પણ કુસંગનું વર્જન કરે તો ધીરે ધીરે શિથિલાચાર તરફ તે ગતિ કરે છે, તેના માધ્યમે વ્રતોનો લોપ થાય છે અને મહાવિરાધક બની જાય છે. તેથી કુસંગ વર્જનની વાતો આમાં બતાવવામાં આવી છે.

□ પાંચમું અધ્યયન :

અત્યંત મનનીય આ અધ્યયન છે. શ્રમણાચારના પાલન માટે ગચ્છનું સ્વરૂપ એ કિલ્લા જેવું છે. ગચ્છના માધ્યમે આચાર મર્યાદાનું પાલન સુયોગ્ય રીતે થઈ શકે છે. તેથી આ અધ્યયનમાં ગચ્છનું સ્વરૂપ કેવું હોય તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. જિન શાસનની મર્યાદા આ. શ્રી દુપ્પસહસૂરિ પર્યંત રહેશે તેનો ઉલ્લેખ આ આગમમાં છે.

સાવદ્યાચાર્ય દ્વારા થયેલા શ્રમણીના સ્પર્શના બચાવમાં શાસ્ત્રાધારને

અસ્પષ્ટ રીતે રજૂ કરવાની ચેષ્ટાથી અનંત સંસાર વધારી દીધો તેની વાત પણ અહીં કરવામાં આવી છે. જિનાલય રાચીલા અને જિર્ણોદ્વારની પણ ચર્ચા આમાં કરીને જિન-મંદિર-દહેરાસર અંગેની ઉચિત જાગૃતિમાં શ્રમણોના કર્તવ્યબોધને જાગ્રત કર્યો છે.

□ છઠ્ઠું અધ્યયન :

આ અધ્યયનમાં દશપૂર્વી એવા શ્રી નંદીષેણ દ્વારા પણ પ્રાયશ્ચિત્ત કર્યાની વાતોથી શુદ્ધિકરણના માર્ગની સ્તુતિ કરવામાં આવી છે. આરંભ-સમારંભનો ત્યાગ એ જ સાચું શ્રમણત્વ છે આમ બતાવી સાધ્વી રજ્જાની વાતો અને અગીતાર્થ એવી લક્ષ્મણા સાધ્વીજીની વાતો કરીને પ્રાયશ્ચિત્તતાના ૧૦ અને આલોચનાના ૪ ભેદોની વાતો કરી આ અધ્યયન દ્વારા કલંકિત થયેલ શ્રમણાચારને સ્વચ્છ કરી પુનઃ આત્મકલ્યાણમાં આગળ વધવાના માર્ગનું પ્રસ્થાપન કરવામાં આવ્યું છે. ૫૫ કરોડ લાખ, ૫૫ કરોડ હજાર, ૫૫ સો કરોડ, ૫૫ કરોડ આચાર્ય પ્રભુ વીરના શાસનમાં ગુણાકીર્ણ નિવૃત્તગામી થવાના તેવી વાત કરવામાં આવી છે.

આ આગમનો જોગ કરનાર મુનિવર વર્ધમાન વિદ્યાના અધિકારી બને છે અને તેઓ ઉપધાનાદિ શ્રાવકાચારને કરાવવાના સુયોગ્ય બને છે. આ આગમની ચુલિકા પણ વિશેષ મનનીય છે. વર્તમાનકાળે આ આગમનો સર્વગીતાર્થ પૂજ્યો દ્વારા અતિ ભાવપૂર્વક પઠન-પાઠન થાય છે. આવા આગમને વંદન...નમન...✷ ✷ ✷

આગમ ગ્રંથોની ઈંગ્લીશમાં અનુવાદ કરવાની યોજના

ડ્રીમ ટુ ડેસ્ટીની

બંધ આંખે જોયેલા સ્વપ્ન તો આંખ ખૂલતાં જ ગાયબ થઈ જાય છે. જ્યારે ખુલ્લી આંખે જોયેલા ડ્રીમ પાછળ જો પુરુષાર્થ કરવામાં આવે તો ડ્રીમને ડેસ્ટીની સુધી લઈ જઈ શકાય.

ખુલ્લી આંખે સ્વપ્ન સજાવનાર યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ પૂ. નમ્રમુનિ મ.સા.એ અનેક સ્વપ્નોને પોતાની ગજબની સાધના અને અથાગ મહેનત દ્વારા ન માત્ર સાકાર કર્યા છે, પણ અર્હમ યુવા ગ્રુપ, લુક-એન-લર્ન, પારસધામ, પાવનધામ, પવિત્રધામ પછી હવે સજાવ્યું છે એક મહાસ્વપ્ન...**ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથો–'આગમ'નો ઇંગ્લિશમાં અનુવાદ...!!**

હજુ તો ગયા ડિસેમ્બરમાં પારસધામ–ઘાટકોપર ઉપક્રમે ગુજરાતી આગમ ગ્રંથોનું પુનઃપ્રકાશન કરાવ્યું એના લોકાર્પણ અવસરે ભવ્ય 'આગમ મહોત્સવ' દ્વારા ઘર-ઘર અને જન-જન સુધી આગમ ગ્રંથો પહોંચાડવાનો ઉપદેશ આપ્યો, પ્રેરણા કરી અને અદ્‌ભુત સફળતા પ્રાપ્ત કરી...

આ વર્ષ જાન્યુઆરી-૨૦૧૨માં પાવનધામ કાંદિવલી ખાતે ભવ્ય 'આગમ મહોત્સવ'નું આયોજન થયું. હવે એ જ આગમો આજના યંગસ્ટર્સ અને વિદેશ સુધી પહોંચાડવા એને ઇંગ્લિશમાં અનુવાદ કરવાનું બીડું ઝડપ્યું.

પૂ. ગુરુદેવના આ ડ્રીમને ડેસ્ટીની સુધી લઈ જવા, સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ઇંગ્લીશ ભાષાનું અને જૈનધર્મનું જ્ઞાન ધરાવતા, મુંબઈ, કલકત્તા, દિલ્હી, બેંગ્લોર, જયપુર, શ્રવણબેલગોડા, ચેન્નઈ, અમદાવાદ, નાશીક, જમશેદપુર, દુબઈ અને અમેરિકાના ૨૧ જેટલા વિદ્વાનો આ મહામિશનમાં જોડાઈ ગયા છે.

આ કાર્યમાં દેશ-વિદેશની યુનિવર્સિટીઝ, વિદ્યાપીઠો અને ડિપાર્ટમેન્ટ ઑફ જૈનોલોજીનો સહયોગ મળી રહ્યો છે.

આ વિરાટ અને ભવ્ય યોજનાના સંપાદન અને પ્રકાશન કાર્યમાં દરેક ફિરકા અને સંપ્રદાયના ગીતાર્થ ગુરુભગવંતો અને વિદુષી સાધ્વીવૃંદનું માર્ગદર્શન સાંપડી રહ્યું છે.

ઈંગ્લિશમાં અનુવાદિત થયેલાં આ આગમ ગ્રંથો, પુસ્તકાલયો, દેશ-વિદેશની યુનિવર્સિટીઓ, જૈન સેન્ટર્સ, વિશ્વની દરેક લાઈબ્રેરીઓ આદિ અનેક જગ્યાએ મોકલવામાં આવશે.આ ઉપરાંત ઈન્ટરનેટ પર પણ આ આગમ ઉપલબ્ધ થશે.

જેમ ગીતા હિન્દુ ધર્મની, કુરાન મુસ્લિમ ધર્મની, બાઈબલ ક્રિશ્ચિયન ધર્મની, ત્રિપિટક બૌદ્ધ ધર્મની ઓળખ છે તેમ **'આગમ' જૈન ધર્મની ઓળખ છે.**

સાંપ્રદાયિકતાથી પર, આ મિશનનો હેતુ આગમ દ્વારા વિશ્વને ભગવાન મહાવીરના જીવન કવનનો પરિચય કરાવવાનો છે. વિદ્વાનોને આ મિશનમાં જોડાવાનું અમારું ભાવપૂર્વક આમંત્રણ છે.

આ મિશનમાં અનેકવિધ સેવાઓની આવશ્યકતા છે જેથી યુવાન, વડીલ, શ્રેષ્ઠીવર્યથી લઈને સંસ્થાઓ સર્વના ભાવ, ભક્તિ, સ્નેહથી આવકારીએ છીએ.

સંપર્ક સૂત્ર :

ગુણવંત બરવાળિયા ગિરીશ શાહ

પારસધામ, વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઈ.) મુંબઈ-૪૦૦ ૦૭૭. Ph.No.: 09820215542 / 09819872623.

Email : gunvant.barvalia@gmail.com. • girish.shah@jainaagam.org.

શ્રી આવશ્યક સૂત્ર

૪૦

□ ડૉ. સાધ્વી આરતી

સાધકોને આત્મવિશુદ્ધિ માટે કરવા યોગ્ય અનુષ્ઠાનોને આવશ્યક કહે છે. ચતુર્વિધ સંઘના સાધકોના આવશ્યક અનુષ્ઠાનોનું કથન જે શાસ્ત્રમાં છે, તે આવશ્યક સૂત્ર છે. વ્યવહારમાં તેને પ્રતિક્રમણ સૂત્ર કહે છે.

રચનાકાળ : કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા. આ ચારે તીર્થના સાધકોને સવારે અને સાંજે ઉભયકાળ પ્રતિક્રમણ કરવું, તે અનિવાર્ય હોવાથી તીર્થ સ્થાપનાના પ્રથમ દિવસે જ ગણધર ભગવંતો તીર્થંકરોના ઉપદેશ અનુસાર આવશ્યક સૂત્ર સહિત બાર અંગસૂત્રોની રચના કરે છે અને તે દિવસથી જ ચતુર્વિધ સંઘના તમામ સાધકો તેની આરાધનાનો પ્રારંભ કરે છે. તેનાથી સમગ્ર જૈન સાહિત્યમાં આવશ્યકસૂત્રની અગ્રિમતા, પ્રધાનતા કે મુખ્યતા પ્રતીત થાય છે.

રચનાકાર : બાર અંગ સૂત્રોની જેમ આવશ્યક સૂત્રના રચયિતા ગણધર ભગવંતો છે. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વીઓ માટે પ્રતિક્રમણ કલ્પ અનિવાર્ય ન હતો. સરળ અને ભદ્રિક સાધકો પાપસેવન થાય ત્યારે તુરંત જ તેનું પ્રતિક્રમણ કરી લેતા હતા. પરંતુ ભગવાન મહાવીરે પંચ મહવ્વએ સપડિક્કમણં ધમ્મં પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મની પ્રરૂપણા કરી. ભગવાન મહાવીરના શાસનમાં સાધકો માટે પ્રતિક્રમણ કલ્પ અનિવાર્ય બની ગયો.

ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં આવશ્યક સૂત્ર હતું પરંતુ તેને ષડ્ આવશ્યકનું ચોક્કસ ક્રિયાત્મક સ્વરૂપ ભગવાન મહાવીરના શાસનમાં પ્રાપ્ત થયું.

આવશ્યક શબ્દના પર્યાયવાચી શબ્દો : શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યક શબ્દના અનેક પર્યાયવાચી શબ્દોનું કથન છે તે તેના સ્વરૂપને અને તેની મહત્તાને પ્રદર્શિત કરે છે.

૧. **અવશ્યકરણીય :** મુમુક્ષુઓને અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાન હોવાથી તે અવશ્યકરણીય કહેવાય છે.

૨. **ધ્રુવનિગ્રહ :** છ આવશ્યકની આરાધના દ્વારા અનાદિકાલીન કર્મોનો નિગ્રહ થતો હોવાથી તે ધ્રુવનિગ્રહ કહેવાય છે.

૩. **વિશોધિ :** આવશ્યકની આરાધના આત્મવિશુદ્ધિનું કારણ હોવાથી વિશુદ્ધિ કહેવાય છે.

૪. **ન્યાય :** તેની આરાધનામાં ઈષ્ટ અર્થની સિદ્ધિને ન્યાય મળતો હોવાથી તે ન્યાય કહેવાય છે.

૫. **ઉપાય :** તે મોક્ષમાર્ગના ઉપાયભૂત હોવાથી ઉપાય કહેવાય છે.

ઉપરોક્ત શબ્દોથી સ્પષ્ટ થાય છે કે જે સાધના દ્વારા આત્માના દોષો નાશ પામે, આત્મા વિભાવથી પાછા વળી સ્વભાવમાં સ્થિર થાય, આત્માની વિશુદ્ધિ થાય, ગુણશૂન્ય આત્મા ગુણોથી વાસિત થાય તે આવશ્યક છે.

આવશ્યકના ભેદ : તેના બે ભેદ છે, દ્રવ્યાવશ્યક અને ભાવાવશ્યક.

દ્રવ્યાવશ્યક : ઉપયોગરહિત અર્થાત્ આત્માના અનુસંધાન વિના કે ભાવ વિના કોઈ પણ ક્રિયા કરવી, તે દ્રવ્યક્રિયા છે. આવશ્યક સૂત્રોના પાઠનું કેવળ ઉચ્ચારણ માત્ર કરવું, અન્યમનસ્કપણે વંદનાદિ ક્રિયા કરવી, તે દ્રવ્યાવશ્યક છે.

ભાવાવશ્યક : ઉપયોગસહિત કે શુદ્ધ ભાવપૂર્વક ક્રિયા કરવી, તે ભાવક્રિયા છે. મન, વચન અને કાયાને એકાગ્ર બનાવી જિનાજ્ઞા અનુસાર આવશ્યકની આરાધના કરવી, દોષવિશુદ્ધિના લક્ષપૂર્વક સૂત્ર અને તેના અર્થનું ચિંતન મનન કરીને શ્રદ્ધા અને બહુમાનપૂર્વક પ્રત્યેક વિધિ-વિધાન કરવા, તે ભાવાવશ્યક છે. ભાવાવશ્યકથી જ સાધકનું આત્મવિશુદ્ધિનું લક્ષ્ય સિદ્ધ થાય છે.

વિષયવસ્તુ : આવશ્યકસૂત્રમાં એક શ્રુતસ્કંધ તથા છ અધ્યયનો છે. તે છ અધ્યયનો જ છ આવશ્યક રૂપે પ્રસિદ્ધ છે. શ્રી નંદીસૂત્રમાં આવશ્યકસૂત્રની ગણના અંગબાહ્યશ્રુતમાં કરી છે અને તેના છ અધ્યયનના છ નામનો ઉલ્લેખ છે. ૧. સામાયિક, ૨. ચૌવિસંથો, ૩. વંદના, ૪. પ્રતિક્રમણ, ૫. કાઉસગ્ગ અને ૬. પચ્ચક્ખાણ.

□ આવશ્યક ૧ : સામાયિક :

જે સાધના દ્વારા સમભાવની પ્રાપ્તિ થાય તે સામાયિક છે. દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્રનો પ્રારંભ સામાયિકથી જ થાય છે. સાધક સર્વ પાપસ્થાનથી નિવૃત્ત થઈ વિષમભાવનો ત્યાગ કરી સમભાવની પ્રાપ્તિના લક્ષે સામાયિકમાં સ્થિત થાય ત્યાર પછી તેની સાધનાનો પ્રારંભ થાય છે. સમગ્ર સાધના સામાયિકને કેન્દ્રમાં રાખીને જ કરવાની હોય છે. તેથી જ આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં સામાયિકને ચૌદપૂર્વના અર્થપિંડ રૂપ કહ્યું છે. આ રીતે સાધનામાર્ગમાં સામાયિકની મુખ્યતાને સ્વીકારીને તેનું સ્થાન પ્રથમ નિશ્ચિત કર્યું છે.

શ્રી આવશ્યકસૂત્રમાં પ્રથમ સામાયિક અધ્યયનમાં મંગલાચરણ રૂપ નમસ્કારમંત્ર તથા સામાયિકના પ્રતિજ્ઞા પાઠ રૂપ 'કરેમિ ભંતે'... આ બે પાઠનો સમાવેશ થાય છે.

નમસ્કારમંત્ર : આ જૈનધર્મનો સર્વશ્રેષ્ઠ મંત્ર છે તેમાં ચૌદ પૂર્વના

જ્ઞાનનો સાર તથા જિન બનવાની સમગ્ર સાધના સમાવિષ્ટ છે.

ધર્મનો કે સાધનાનો પ્રારંભ નમસ્કારથી થાય છે. ગુણીજનોના ગુણો પ્રતિ આદર અને બહુમાનના ભવ્ય સહિત, તે ગુણો પ્રગટ કરવાના લક્ષે ગુણીજનોના ચરણોમાં પંચાંગ નમાવીને ઝૂકી જવું, તે નમસ્કાર છે. ભાવપૂર્વક નમસ્કાર કરનાર સાધકનો અહંકાર સહજ રીતે ઓગળી જાય છે.

આ મહામંત્રમાં નમસ્કાર કરવા યોગ્ય, પરમોચ્ચ દશામાં સ્થિત અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી, આ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. આ પંચ પરમેષ્ઠીમાં કોઈ વ્યક્તિ વિશેષનું, કોઈ ગચ્છ કે સંપ્રદાયનું નામ નથી પરંતુ આ પાંચે ગુણવાચક સંજ્ઞા છે. અધ્યાત્મસાધના કરતા સાધક તથા પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરે તે સાધક અરિહંતાદિ પદને પ્રાપ્ત કરે છે.

અરિહંત : અરિ એટલે શત્રુ અને હંત એટલે હણનાર. મનને મલિન કરે, આત્માનું અહિત કરે તેવા રાગ-દ્વેષ, કલેશ, વેર વિરોધ આદિ વૈભાવિક ભાવો રૂપ શત્રુનો અથવા ચાર ઘાતિકર્મ રૂપ શત્રુનો જેણે નાશ કર્યો છે, તે અરિહંત છે. ઘાતિકર્મોનો નાશ થવાથી અરિહંત ભગવાનમાં મુખ્ય ચાર ગુણ કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગદશા અને અનંત આત્મશક્તિ પ્રગટ થાય છે. આ ચાર ગુણના ધારક અરિહંત ભગવાનને ચાર અઘાતિ કર્મોનો ઉદય હોવાથી તેઓ દેહધારી હોય છે. તેઓ શરીરજન્ય પ્રત્યેક ક્રિયાઓ વીતરાગ ભાવે કરે છે.

સિદ્ધ : જેણે સર્વ કર્મોનો નાશ કર્યો છે, જેના સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયા છે, તેવા શુદ્ધાત્માને સિદ્ધ કહે છે. તે શુદ્ધાત્મા શરીર રહિત છે, સંસારમાં પુનઃ જન્મ ધારણ કરતા નથી. શાશ્વતકાળ પર્યંત સિદ્ધક્ષેત્રમાં શુદ્ધ સ્વરૂપમાં અનંત આત્મગુણોનો તથા આત્મિક સુખનો અનભવ કરતા રહે છે.

આચાર્ય : જે સાધુ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આ પાંચ આચારનું પાલન સ્વયં કરે અને ચતુર્વિધ સંઘ પાસે આચારપાલન કરાવે, તે આચાર્ય છે. તીર્થંકરોની અનુપસ્થિતિમાં તેઓ ચતુર્વિધ સંઘના નાયક હોય છે.

ઉપાધ્યાય : સંઘમાં અધ્યાપનની વ્યવસ્થા માટે, શિષ્યોને યથાક્રમથી આગમનું અધ્યયન કરાવવા માટે આચાર્યના સહયોગી બહુશ્રુત શ્રમણને ઉપાધ્યાય કહે છે. તેમના દ્વારા શાસનમાં આગમજ્ઞાનની પરંપરા પ્રવાહિત થાય છે.

સાધુ-સાધ્વી : સંસારના સમસ્ત પાપોથી નિવૃત્ત થઈ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આ પંચ મહાવ્રતનું પાલન કરે, આત્મશુદ્ધિના લક્ષે સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની આરાધના કરે છે, તે સાધુ છે. સાધુ પદ અત્યંત વિશાળ છે. આચાર્ય અને ઉપાધ્યાયનો પણ સાધુ પદમાં સમાવેશ થઈ શકે છે.

સાધકની સાધનાનો પ્રારંભ સાધુ પદથી થાય છે. સાધનાનો વિકાસ અને આત્મગુણોના પ્રગટીકરણથી યોગ્યતા અનુસાર તે આચાર્ય, ઉપાધ્યાયના પદને ધારણ કરે છે. જ્યારે રાગ, દ્વેષ આદિ ઘાતિકર્મોનો નાશ કરે ત્યારે અરિહંત પદને પામે છે અને સર્વ કર્મોને નાશ થતાં તે જ આત્મા સિદ્ધપદમાં સ્થિત થઈ જાય છે. આ રીતે સાધુપદથી પ્રારંભ થયેલી સાધના સિદ્ધપદની પ્રાપ્તિ થાય, ત્યારે પૂર્ણ થાય છે.

આ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાથી અભિમાન ઓગળી જાય છે, નમ્રતા જેવા આત્મગુણો પ્રગટ થાય છે. આત્માના શુભ અને શુદ્ધભાવોની વૃદ્ધિ થતાં સર્વ પાપોનો નાશ થાય છે અને આત્માનું હિત અને મંગલ થાય છે. આ મંત્રની મહાનતા, વિશાળતા અને ગંભીરતાના કારણે સાધકો શ્રદ્ધાથી તેનું સ્મરણ કરે છે.

કરેમિ ભંતે : આ પાઠના ઉચ્ચારણ દ્વારા સાધક સામાયિકની પ્રતિજ્ઞાનો સ્વીકાર કરે છે. તેમાં સાધક સમભાવમાં સ્થિત થવાના સંકલ્પપૂર્વક સર્વ સાવદ્યયોગ–પાપવૃત્તિનો મન-વચન-કાયાથી કરવા, કરાવવા કે અનુમોદનાનો ત્યાગ કરે છે.

□ આવશ્યક-૨ : ચૌવિસંથો :

ચતુર્વિંશતિસ્તવ એટલે ૨૪ તીર્થંકરોની સ્તુતિ. પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલો સાધક નિરવદ્યયોગમાં પ્રવૃત્ત થવા માટે તથા સમભાવને સિદ્ધ કરવા માટે અપૂર્વ ઉલ્લાસભાવે તીર્થંકરોની સ્તુતિ કરે છે. તીર્થંકરોની સ્તુતિ કે ભક્તિ કરવાથી સાધકની શ્રદ્ધા દૃઢતમ થાય છે તેમ જ સાધકનું લક્ષ નિશ્ચિત થાય છે. ભક્તિ કરતાં કરતાં ભક્તના અંતરમાં આધ્યાત્મિક બળનો સંચાર થાય છે અને તેના સહારે જ તે સાધનાના માર્ગમાં ગતિ અને પ્રગતિ કરી શકે છે.

લોગસ્સ : બીજા આવશ્યકમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ રૂપ 'લોગસ્સ'નો પાઠ છે. તેમાં ૨૪ તીર્થંકરોના નામસ્મરણ રૂપ સ્તુતિ છે. તીર્થંકરોના પવિત્ર નામસ્મરણ તેમના અનંત ગુણોની સ્મૃતિ કરાવે છે. નામસ્મરણનો અદ્‌ભુત મહિમા છે.

□ આવશ્યક-૩ : વંદના :

આત્મવિશુદ્ધિની સાધનામાં આગળ વધતો સાધક તીર્થંકરોની સ્તુતિ પછી પોતાનો ભક્તિભાવ અનંત ઉપકારી ગુરુ પ્રતિ પ્રગટ કરે છે. તેથી ત્રીજું આવશ્યક 'વંદના' છે. વંદન કરવાથી વિનયધર્મની આરાધના થાય, સાધક સ્વચ્છંદ બુદ્ધિને રોકીને નમ્ર બને ત્યાર પછી જ તેનામાં પ્રતિક્રમણની યોગ્યતા પ્રગટ થાય છે. આ રીત પ્રથમ ત્રણ આવશ્યક પ્રતિક્રમણની પૂર્વભૂમિકા રૂપ છે.

ઈચ્છામિ ખમાસમણો : આ પાઠ દ્વારા સાધક બાર આવર્તનપૂર્વક ગુરુને વંદન કરીને, તેમની સંયમયાત્રાની સુખશાતા પૂછે છે તથા દિવસ દરમ્યાન થયેલી ગુરુની અશાતનાની ક્ષમાયાચના કરે છે.

□ આવશ્યક-૪ : પ્રતિક્રમણ :

પ્રતિક્રમણ શબ્દ જૈનધર્મનો પારિભાષિક શબ્દ છે. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. વ્યક્તિ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરીને, પોતાના સ્વભાવને છોડીને વિભાવમાં પ્રવૃત્તિ કરે છે, તેના પરિણામે પાપસેવન, કર્મબંધ અને ભવભ્રમણની પરંપરાનું સર્જન થાય છે. જ્યારે સ્વયંને પોતાની મર્યાદાના ઉલ્લંઘનનું ભાન થાય, ત્યારે સાધક તે પ્રવૃત્તિથી પાછો ફરી સ્વસ્થાનમાં સ્થિત થઈ શાંતિનો અનુભવ કરે છે. આ જ પ્રતિક્રમણની સાધના અને તેનું સુફળ છે.

ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં સાધુને માટે પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા શ્રાવકોને માટે બાર અણુવ્રતરૂપ કરણીય કૃત્યોમાં લાગેલા અતિચારોનું નિરીક્ષણ કરી તેનાથી પાછા ફરવાનું છે.

આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં મહાવ્રત કે અણુવ્રતના સૂત્રપાઠ નથી. ભિન્ન ભિન્ન ગચ્છ પરંપરા અનુસાર આચાર્ય ભગવંતોએ અણુવ્રત અને મહાવ્રતના સૂત્રપાઠની રચના કરીને તેમાં સમ્મિલિત કર્યા છે તેથી તે સૂત્રપાઠમાં ભિન્નતા પ્રતીત થવા છતાં ભાવોમાં ઐક્યતા છે.

શ્રી આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં નવ પાઠનું કથન છે.

૧. चत्तारि मंगलं–તેમાં લોકમાં રહેલા ચાર મંગલ, ચાર ઉત્તમ અને ચાર શરણનું કથન છે. આ પાઠના ઉચ્ચારણપૂર્વક સાધક શ્રેષ્ઠ શરણનો સ્વીકાર કરી સાધનાના સામર્થ્યને પ્રાપ્ત કરે છે.

૨. ઈચ્છામિ ઠામિ–આ સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર છે. તેમાં પ્રતિક્રમણના વિષયભૂત મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, શ્રમણધર્મ, આદિ વિષયોની સંક્ષિપ્ત રૂપરેખા છે.

૩. ઇરિયાવહિયં–આ પાઠમાં ગમનાગમન સંબંધી થયેલી વિરાધનાનું પ્રતિક્રમણ છે.

૪. શ્રમણ સૂત્ર પહેલું–નિદ્રા સંબંધી દોષોના પ્રતિક્રમણનું વિધાન છે.

૫. શ્રમણ સૂત્ર બીજું–ગૌચરી સંબંધિત દોષોના પ્રતિક્રમણનું વિધાન છે.

૬. શ્રમણ સૂત્ર ત્રીજું–પ્રતિલેખન, સ્વાધ્યાય આદિ આવશ્યક કાર્યોમાં લાગેલા દોષોનું પ્રતિક્રમણ છે.

૭. શ્રમણ સૂત્ર ચોથું–એક પ્રકારના અસંયમથી શરૂ કરીને તેત્રીશ પ્રકારની અશાતના સુધીના તેત્રીસ બોલમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરી હેય–ત્યાગવા યોગ્ય બોલનો ત્યાગ અને ઉપાદેય સ્વીકારવા યોગ્ય બોલનો સ્વીકાર કરવાનો છે.

૮. શ્રમણ સૂત્ર પાંચમું–આ સૂત્રમાં નિર્ગ્રંથ પ્રવચનની મહત્તા પ્રદર્શિત કરીને વિરાધના યોગ્ય આઠ બોલનો ત્યાગ કરીને આરાધના યોગ્ય આઠ બોલની આરાધનાનું કથન છે.

૯. 'खामेमि सव्वे जीवा...'ના પાઠથી જગતના સર્વ જીવો સાથે ક્ષમાનું આદાન-પ્રદાન થાય છે.

પ્રતિક્રમણથી ભૂતકાલીન દોષોની શુદ્ધિ, વર્તમાનમાં સંવરની આરાધના અને ભવિષ્યકાળમાં પાપનું પુનરાવર્તન ન કરવા માટે સાધક પ્રતિજ્ઞાબદ્ધ થાય છે. આ રીતે પ્રતિક્રમણની આરાધનાથી ત્રૈકાલિક શુદ્ધિ થાય છે.

□ આવશ્યક-૫ : કાઉસગ્ગ :

કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ અર્થાત્ ત્યાગ કરવો. આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી શરીરનો ત્યાગ શક્ય નથી પરંતુ કાયોત્સર્ગની સાધનાથી શરીરના મમત્વનો ત્યાગ કરવાનો છે.

અતિચારોનું પ્રતિક્રમણ કર્યા પછી પાંચમા આવશ્યકમાં સાધક સૂક્ષ્મ દોષોનો નાશ કરી આત્માની વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરે છે.

કાયોત્સર્ગ પ્રતિજ્ઞાસૂત્ર : तस्स उत्तरीकरणेणंના પાઠ દ્વારા સાધક કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરે છે કે કાયોત્સર્ગના કાળ દરમ્યાન હું કાયાને સ્થિર રાખીશ, વચનથી મૌન રહીશ અને મનને અશુભ ધ્યાનથી મુક્ત કરીને શુભ ધ્યાનમાં એકાગ્ર બનાવીશ. તેમ જ મારા કષાયાત્મા અને યોગાત્માનો ત્યાગ કરીને હું શુદ્ધ જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગાત્મામાં સ્થિર થઇશ.

આ રીતે કાયોત્સર્ગ આત્માનું અનુસંધાન કરવા માટેની શ્રેષ્ઠતમ સાધના છે.

□ આવશ્યક-૬ : પ્રત્યાખાન :

પાપવૃત્તિના ત્યાગ માટે સમજણપૂર્વકના દૃઢ સંકલ્પને પ્રત્યાખ્યાન કે પચ્ચક્ખાણ કહે છે.

શ્રી આવશ્યક સૂત્રમાં છહ્વા પ્રત્યાખ્યાન આવશ્યકમાં દશ પ્રત્યાખ્યાનનું કથન છે.

૧. નવકારશી પચ્ચક્ખાણ–સૂર્યોદય પછી એક મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટ પર્યંત ભોજન, પાણી, મેવા મિઠાઈ તથા મુખવાસ, આ ચારે આહારનો ત્યાગ કરવો.

૨. પોરસી–સૂર્યોદય પછી એક પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો.

૩. બે પોરસી–સૂર્યોદય પછી બે પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો.

૪. એકાસણું–દિવસમાં એક વાર એક આસને બેસીને ભોજન કરવું. ભોજન કર્યા પછી પાણીને છોડીને ત્રણ આહારનો ત્યાગ કરવો.

૫. એકટાણું–દિવસમાં એક વાર એક આસને બેસીને ભોજન કરવું. ત્યાર પછી ચારે આહારનો ત્યાગ કરવો.

૬. આયંબિલ–દિવસમાં એકવાર એક આસને બેસી ઘી, દૂધ, દહીં આદિ ગરિષ્ટ પદાર્થો રહિત રૂક્ષ, નીરસ, વિષય રહિત ભોજન લેવું.

૭. ઉપવાસ–એક અહોરાત્ર પર્યંત ત્રણ અથવા ચારે આહારનો ત્યાગ કરવો.

૮. દિવસ ચરિમ પચ્ચક્ખાણ–દિવસના અંતે અર્થાત્ સૂર્યાસ્તથી બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ કરવો.

૯. અભિગ્રહ–પોતાનો સ્વીકારેલો સંકલ્પ સિદ્ધ ન થાય ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરવો.

૧૦. નિર્વિકૃતિક-નીવિ–દિવસમાં એકવાર વિગય રહિત ભોજન કરવું.

આ દરેક પચ્ચક્ખાણમાં અમુક આગાર છૂટ હોય તેનું કથન પણ શાસ્ત્રમાં કર્યું છે.

આ રીતે છએ આવશ્યકની આરાધના દ્વારા સાધક આત્મ વિશુદ્ધિના લક્ષને સિદ્ધ કરી શકે છે.

□ અંતિમ મંગલ :

આવશ્યક સૂત્રના અંતિમ મંગલ રૂપે નમોત્થુણં સૂત્ર છે.

નમોત્થુણં : આ પાઠમાં સિદ્ધભગવંતો તથા અરિહંત ભગવંતોની ગુણસ્તુતિ છે. સાધનાની પૂર્ણતા પછી સાધક દેવાધિદેવ પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરી પાછા ફરે છે.

આવશ્યક સૂત્ર પ્રમાણ : આ સૂત્રના છ અધ્યયનો છ આવશ્યક રૂપે પ્રસિદ્ધ છે. તેમાં નિર્યુક્તિના સમયથી સર્વ પ્રથમ આદિ મંગલ રૂપે નમસ્કારમંત્રનો પાઠ છે. ત્યાર પછી પ્રથમ આવશ્યકમાં સામાયિકનો પ્રતિજ્ઞા પાઠ 'કરે મિ ભંતે' છે. બીજા આવશ્યકમાં 'લોગસ્સ'નો પાઠ, ત્રીજા આવશ્યકમાં 'ઈચ્છામિ ખમાસમણો'નો પાઠ છે. ચોથા આવશ્યકમાં ૧. ચત્તારિ મંગલં, ૨. ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં ૩. કુઈરિયાવહિયં, ૪.થી૮. પાંચ શ્રમણસૂત્ર, ૯. ખામેમિ સવ્વે જીવ–આ નવ પાઠ છે. પાંચમા આવશ્યકમાં કાઉસગ્ગનો પ્રતિજ્ઞાપાઠ 'તસ્સ ઉત્તરી'..નો પાઠ છે. છઠ્ઠા આવશ્યકમાં નવકારશી પચ્ચક્ખાણના દશ પાઠ છે. અને અંતિમ મંગલ રૂપે 'નમોત્થુણં'નો પાઠ છે. આ રીતે છ અધ્યયનના ૧+૧+૧+૯+૧+૧૦=૨૩ પાઠ અને આદિ તથા અંતિમ મંગલના એક એક પાઠની ગણના કરતા કુલ ૨૫ પાઠ છે અને તેનું પ્રમાણ ૧૨૫ અનુષ્ટુપ શ્લોક પ્રમાણ છે.

આવશ્યક સૂત્રમાં સાધુની પ્રધાનતાએ જ સર્વે પાઠ છે. શ્રાવકના પ્રતિક્રમણના પાઠોનું સંકલન ભાષ્ય, ટીકા આદિ વ્યાખ્યાગ્રંથોના આધારે પરિશિષ્ટ રૂપે થયું હોય તેવી સંભાવના છે. કાળક્રમે અનેક આચાર્યોએ વિવિધ આગમોના આધારે પ્રતિક્રમણ સંબંધિત વિવિધ પાઠોની સંકલના કરી છે. કેટલાક પાઠની ગદ્ય-પદ્યમાં હિન્દી, ગુજરાતી કે રાજસ્થાની આદિ લોકભાષામાં રચના કરી છે.

વ્યાખ્યા સાહિત્ય : આવશ્યક સૂત્રની મહત્તાને સ્વીકારીને પૂર્વાચાર્યોએ તેના પર નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણિ અને ટબ્બાની રચના કરી છે.

નિર્યુક્તિ : પદ્યરૂપ રચના છે. આગમના ભાવોને સ્પષ્ટ કરવા નિર્યુક્તિની રચના કરતા હોય છે. વર્તમાને આગમોની દશ નિર્યુક્તિઓ ઉપલબ્ધ છે. તેના કર્તા ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુ સ્વામી છે. નિર્યુક્તિમાં અનેક મહત્ત્વપૂર્ણ વિષયોની ચર્ચા છે.

ભાષ્ય : આવશ્યક સૂત્ર પર ત્રણ ભાષ્યગ્રંથોની રચના થઈ છે. ૧. મૂળ ભાષ્ય. ૨. ભાષ્ય ૩, વિશેષાવશ્યક ભાષ્ય. પ્રથમ બે ભાષ્ય અત્યંત સંક્ષિપ્ત છે. વિશેષાવશ્યક ભાષ્યની રચના શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે કરી છે, તેમાં જૈનાગમ સાહિત્યના મહત્ત્વપૂર્ણ વિષયોનું સંકલન છે. આ ભાષ્યમાં પ્રથમ સામાયિક અધ્યયન પર વિસ્તૃત વિવેચન છે.

ચૂર્ણિ : નિર્યુક્તિ અને ભાષ્યની રચના પછી સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત ભાષામાં આગમોના ગદ્યાત્મક વ્યાખ્યા સાહિત્યના લેખનનો પ્રારંભ થયો, તે ચૂર્ણિ રૂપે પ્રસિદ્ધ છે. ચૂર્ણિ સાહિત્યમાં જિનદાસ ગણિ મહત્તરનું નામ અગ્રસ્થાને છે. તેમણે સાત ચૂર્ણિઓની રચના કરી છે. તેમાં આવશ્યક ચૂર્ણિ તેમની મહત્ત્વપૂર્ણ રચના છે. તેમાં નિર્યુક્તિમાં સમાવિષ્ટ સર્વ વિષયો પર વિસ્તૃત વિવેચન છે.

ટીકા : નિર્યુક્તિમાં આગમોના શબ્દોની વ્યુત્પત્તિ અને વ્યાખ્યા છે. ભાષ્યમાં તે ભાવોનું વિસ્તૃત વિવેચન છે. ચૂર્ણિમાં તે ભાવોને લોકકથાના આધારે સમજાવ્યા છે. ટીકામાં તે જ ભાવોને દાર્શનિક દૃષ્ટિકોણથી સમજાવ્યા છે. ટીકાકારોમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પ્રથમ ટીકાકાર છે. તેમણે પોતાના વિશેષાવશ્યક ભાષ્ય પર સ્વોપજ્ઞવૃત્તિ લખવાનો પ્રારંભ કર્યો પરંતુ પોતાના જીવનકાળમાં તે પૂર્ણ કરી શક્યા નહીં. તેમની અધૂરી ટીકા કોટ્યાચાર્યે પૂર્ણ કરી છે.

શ્રી હરિભદ્રસૂરિએ આવશ્યક સૂત્ર પર બે ટીકાની રચના કરી છે તેમાંથી એક ટીકા વર્તમાને ઉપલબ્ધ નથી. હરિભદ્રીયવૃત્તિ વર્તમાને ઉપલબ્ધ છે. શ્રી મલયગિરિ આચાર્યે આવશ્યકવૃત્તિની એક મહત્ત્વપૂર્ણ રચના કરી છે. અન્ય અનેક વિદ્વાનોએ પણ આવશ્યક સૂત્ર પર વૃત્તિની રચના કરી છે. છેલ્લે સં. ૧૯૫૮માં પૂ. ઘાસીલાલજી મહારાજે આવશ્યક સૂત્ર પર મુનિતોષિણી નામની વૃત્તિની રચના કરી છે.

ટબ્બા : ટીકાયુગ સમાપ્ત થયા પછી સામાન્ય જનસમાજને આગમોના શબ્દાર્થને સ્પષ્ટ કરતા સંક્ષિપ્ત વિવેચનનો પ્રારંભ થયો. તે ટબ્બાના નામથી પ્રસિદ્ધ છે. શ્રી ધર્મસિંહજી મુનિએ ૧૮ મી શતાબ્દીમાં ૨૭ આગમો પર બાલાવબોધ ટબ્બાની રચના કરી છે. તેમાં આવશ્યક સૂત્ર પરનો ટબ્બો પણ ઉપલબ્ધ છે તે મૂળપાઠના અર્થને સ્પષ્ટ કરે છે.

અનુવાદ : ટબ્બા પછી અનુવાદ યુગનો પ્રારંભ થયો. પંડિત સુખલાલજી સિંઘવી, ઉપાધ્યાય શ્રી અમરમુનિ મ.સા. વિગેરે સંતોએ વ્યાખ્યા ગ્રંથોના આધારે હિન્દી અને ગુજરાતી ભાષામાં આવશ્યક સૂત્રનો વિવેચન સહિત અનુવાદ તૈયાર કર્યો છે. તે આવશ્યક સૂત્રના ભાવોને પૂર્ણતઃ પ્રકાશિત કરે છે.

આ રીતે આવશ્યક સૂત્રના વિશાળ વ્યાખ્યા સાહિત્યના આધારે આવશ્યક સૂત્રની મહત્તા તથા લોકોપયોગિતા સહજ રીતે સ્પષ્ટ થાય છે.

* * *

શ્રી ઓઘનિર્યુક્તિસૂત્ર – પિંડનિર્યુક્તિસૂત્ર

૪૧

□ ડૉ. રસિકલાલ મહેતા

પ્રારંભ :

મૂર્તિપૂજક સંપ્રદાય ૪થા મૂળસૂત્ર તરીકે આ સૂત્રને સ્થાન આપે છે. આ સૂત્ર સ્થાનકવાસી તેમજ તેરાપંથી સંપ્રદાયને માન્ય નથી. ઓઘ–સંક્ષેપથી–ટૂંકાણમાં સાધુના જીવનને લગતી તમામ નાની મોટી બાબતોનું વર્ણન મળે છે. આદર્શ શ્રમણ-ચર્યારૂપ વર્ણન આ આગમમાં છે. સમકિતના મૂળને દૃઢ કરવામાં ઉપકારક એવું આ મૂળભૂત શાસ્ત્ર છે.

□ પરિચય :

આ સૂત્રના રચયિતા, ૧૪ પૂર્વધર, પૂજ્ય આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી છે. પ્રત્યાખ્યાન પ્રવાદ નામના નવમા પૂર્વમાંથી આ સૂત્ર સંકલિત કર્યું છે. ૯૦૦ ગાથા પ્રમાણ આ સૂત્ર છે. સંયમી જીવનની પ્રત્યેક પ્રવૃત્તિનું આ ગ્રંથમાં વર્ણન મળે છે. બાહ્ય-આભ્યંતર પરિગ્રહથી યુક્ત, છકાયના જીવોના રક્ષક, સંયમમાં સ્થિત મુનિએ સંયમ માર્ગની પુષ્ટિ માટે કેવું આચરણ કરવું જોઈએ તેનું આલેખન છે.

□ મહત્ત્વ :

ચરણ કરણાનુયોગનું આ સૂત્ર છે, તેથી તેમાં સાધુ-સાધ્વીની સમાચારીનું વર્ણન તો છે જ, ઉપરાંત, ચરણ સિત્તની અને કરણ સિત્તનીનું વર્ણન મળે છે. સાધુ પોતાના આચાર પાલનમાં સ્થિર રહે અને જયણાનું ખૂબ કાળજી અને ઉમંગથી પાલન કરે એ હકીકતનું સરળ અને સચોટ રીતે આલેખન કર્યું છે. જૈન ધર્મનો સાધુ અન્ય સાધુઓ કરતાં કેવો ઉત્તમ આચારધર્મ પાળે છે તે દર્શાવ્યું છે. ઉપરાંત પડિલેહણ પિંડ, ઉપધિનું વર્ણન, પ્રતિસેવના, આલોચના વગેરેની પણ વિગતો મળે છે.

આ સૂત્રની થોડી વિગતો અવલોકીએ.

સમાચારીનું પાલન પ્રત્યેક સાધુનું પ્રથમ કર્તવ્ય છે. સમાચારી એટલે સમ્યક્ આચરણ, શિસ્તપૂર્વકની ક્રિયા. સાધુના કર્તવ્યની સીમા, આગમોક્ત રાત-દિવસની ક્રિયાની રુચિ, સાધુ જીવનના આચાર-વ્યવહારની સમગ્ર વ્યવસ્થા. આ સમાચારીનું પાલન કરી ભવ્યાત્મા સંસારસાગર તરી ગયા છે, તરશે અને વર્તમાનમાં તરે છે તે છે સમાચારી. આ સમાચારીનું મહત્ત્વ દર્શાવતાં લખ્યું છે-જિનેશ્વર પ્રરૂપિત આ સમાચારીના આચરણથી સાધુ જીવનમાં પ્રમાદ, અહંકાર વગેરે અનેક દુર્ગુણોનો ત્યાગ થઈ જાય છે તેમ જ ગુરુજનો અને શ્રમણો સાથેનો સંબંધ પવિત્ર બને છે. રાત્રિ અને દિવસનો સંપૂર્ણ સમય સદ્પ્રવૃત્તિમાં પસાર થાય છે. અત્યધિક સમય સ્વાધ્યાય અને ધ્યાનમાં વ્યતીત થતાં સંકલ્પ-વિકલ્પોને અવકાશ રહેતો નથી, પરંતુ ચિત્તવૃત્તિ એકાગ્ર અને અંતર્મુખી બને છે. ટૂંકમાં આ સમાચારીનું આચરણ કરનારના સર્વ દુઃખોનો નાશ થાય છે.

□ સમાચારીના દશ પ્રકાર :

(૧) **આવશ્યકી :** કોઈપણ આવશ્યક કાર્ય માટે ઉપાશ્રયથી બહાર જવું પડે, ત્યારે ગુરુજનોને તેનું સૂચન કરવું જરૂરી છે. 'આવસ્સહિ' શબ્દ બોલવો તે આવશ્યકી સમાચારી.

(૨) **નૈષધિકી :** કાર્ય પૂર્ણ કરી ઉપાશ્રયમાં પાછા ફરતી વખતે, ગુરુને સૂચન કરવું કે આપની આજ્ઞાનુસાર કાર્ય પૂર્ણ કરીને પાછો આવી ગયો છું તે 'નિસ્સહિ' શબ્દ બોલવો તે નૈષધિકી સમાચારી છે.

(૩) **આપૃચ્છના :** કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિ કરતાં પહેલાં ગુરુદેવને પૂછવું કે આપની આજ્ઞા હોય તો આ કાર્ય કરું તે પૃચ્છના સમાચારી.

(૪) **પ્રતિપૃચ્છના :** ગુરુને પૂછીને પોતાના કાર્ય માટે બહાર જતાં કોઈ કામ, અન્ય સાધુ સોંપે તો તે સંબંધી ગુરુને ફરીથી પૂછવું તેને પ્રતિપૃચ્છના સમાચારી કહે છે.

(૫) **છંદના :** પોતાને પ્રાપ્ત થયેલા આહાર આદિ માટે બીજા સાધુઓને નિમંત્રણ આપવું તે છંદના સમાચારી.

(૬) **ઈચ્છાકાર :** જો આપની ઈચ્છા હોય અથવા આપ ઈચ્છો તો હું અમુક કાર્ય કરું–આ પ્રમાણે પૂછવું તે ઇચ્છાકાર સમાચારી.

(૭) **મિથ્યાકાર :** સંયમ પાલન કરતાં સાધુથી કોઈક વિપરીત આચરણ થઈ જાય તો તરત જ તે દુષ્કૃત્ય માટે પશ્ચાતાપપૂર્વક 'મિચ્છામિ દુક્કડમ્' કરવું તે મિથ્યાકાર સમાચારી.

(૮) **તથાકાર :** ગુરુ જ્યારે શાસ્ત્ર વાચના આપે, પ્રશ્નના ઉત્તર સમજાવે, કોઈ પણ વાત કહે ત્યારે, 'આપ જે કહો છો તે સત્ય છે' એમ કહી 'તહત્તિ' શબ્દનું ઉચ્ચારણ કરવું તે તથાકાર સમાચારી.

(૯) અભ્યુત્થાન : આચાર્ય, ગુરુ અથવા શ્રમણ વગેરેએ વિશિષ્ટ માનનીય સાધુઓને આવતા જોઈને પોતાના આસનેથી ઊભા થવું, સામે જઈ સત્કાર કરવો, 'આવો પધારો' શબ્દો બોલી તેમનું સ્વાગત કરવું તે અભ્યુત્થાન સમાચારી છે.

(૧૦) ઉપસંપદા : ગુરુ આજ્ઞાથી અન્ય શ્રમણના સાન્નિધ્યમાં રહી વિચરણ કરવું તેમજ શાસ્ત્ર અધ્યયન માટે ઉપાધ્યાય આદિના સાન્નિધ્યમાં રહેવું તે ઉપસંપદા સમાચારી છે.

આ દશેય સમાચારી સાધુ જીવનના સમગ્ર વ્યવહારને તેમ જ ગુરુ શિષ્યના પવિત્ર સંબંધને જાળવી રાખે છે. સાધુની સમાચારી,

ઉપરાંત **સાધુની દિનચર્યા**નું પણ વર્ણન નોંધપાત્ર છે. પ્રતિલેખન-વંદન-ગુરુ આજ્ઞા મુજબ વૈયાવચ્ચ કે સ્વાધ્યાય વગેરે ક્રિયા કરે છે. મુનિ દિવસના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરે, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં ભિક્ષાચર્યા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય કરે. સાધુની રાત્રિ- ચર્યામાં–પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહોરમાં સ્વાધ્યાય કરે. પ્રતિલેખન માટેની વિધિનું પણ વર્ણન છે. ઉભડક આસને બેસીને યતનાપૂર્વક ધીમેથી પ્રતિલેખન કરે. સંપૂર્ણ એકાગ્રતા અને શાંતિથી આ ક્રિયા કરવાની આજ્ઞા છે. વીતરાગની આજ્ઞા ખૂબ મહત્ત્વની હોય છે. તેનો સ્વીકાર કરવાથી લાભ થાય છે.

□ ચરણ–કરણ સિત્તરી :

ઉપાધ્યાયના ગુણ વર્ણવતાં જ્ઞાનીઓએ 'કરણ-ચરણ સિત્તરી' અર્થાત્ કરણના ૭૦ અને ચરણના ૭૦ બોલ કહ્યા છે. ચરણ એટલે ચારિત્ર અને કરણ એટલે જે વખતે, જેવો અવસર તેવી ક્રિયા કરવામાં આવે તે કરણ છે.

કરણ સિત્તરી	ચરણ સિત્તરી
૪ પિંડ વિશુદ્ધિ	૯૫ મહાવ્રત
૫ સમિતિ	૧૦ શ્રમણ ધર્મ
૧૨ ભાવના	૧૭ સંયમ
૧૨ પડિમા	૧૦ વૈયાવચ્ચ
૫ ઈન્દ્રિય નિરોધ	૯ બ્રહ્મચર્ય ગુપ્તિ
૨૫ પ્રતિલેખના	૩ જ્ઞાનાદિ
૩ ગુપ્તિ	૧૨ તપ
૪ અભિગ્રહ	૪ ક્રોધાદિકષાય
૭૦	૭૦

આમાંની પ્રત્યેકની ચર્ચા આ આગમ ગ્રંથમાં કરવામાં આવી છે. 'અષ્ટ પ્રવચનમાતા'ની ગોદમાં સાધુના જીવનનો મહત્ત્વનો આધ્યાત્મિક વિકાસ થાય છે અને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની સાધનાથી મોક્ષ રમણીને વરે છે.

સંયમ નિર્વાહના આવશ્યક સાધનોને ઉપધિ કહે છે. વસ્ત્ર, પાત્ર, રજોહરણ, મુહપત્તી વગેરેને સાધુજીવનની ઉપધિ કહે છે. મર્યાદિત ઉપધિથી સંયમનો નિર્વાહ કરે છે.

સાધુની ભિક્ષાચરીને ગોચરી કહે છે. પિંડ એટલે અશન, પાણી, મેવામીઠાઈ તથા મુખવાસ–એ ચારેય પ્રકારના આહારનો સમૂહ અને એષણા એટલે શોધવું, પિંડેષણા એટલે આહારની સદોષતા-નિર્દોષતાનું શોધન કરવું (૧) નિર્દોષ આહારની શોધ કરવી, (૨) ગૃહસ્થના ઘેરથી નિર્દોષ રીતે આહાર ગ્રહણ કરવો (૩) નિર્દોષ રીતે પ્રાપ્ત કરેલા આહારના રસાસ્વાદનો ત્યાગ કરીને અનાસક્ત-ભાવે ભોગવવો. સાધુ માધુકરીવૃત્તિથી પોતાની ઉદરપૂર્તિ કરે છે.

□ આહાર ગ્રહણ-ત્યાગના કારણો

સાધુ છ કારણોમાંથી કોઈ એક કારણ ઉપસ્થિત થાય ત્યારે ત્રીજા પ્રહરમાં આહાર-પાણીની ગવેષણા કરે. (૧) ક્ષુધા વેદનાની શાંતિ માટે, (૨) વૈયાવૃત્ય માટે, (૩) ઈર્યા સમિતિના પાલન માટે, (૪) સંયમ પાલન માટે, (૫) પ્રાણોની રક્ષા માટે–જીવન નિર્વાહ માટે, (૬) ધર્મ ચિંતન માટે, આહાર મળે તો સંયમની વૃદ્ધિ અને ન મળે તો તપની વૃદ્ધિ એવી ભાવના વ્યક્ત થાય છે.

છ કારણોથી આહાર-પાણીનો ત્યાગ કરે તો સંયમનું અને તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમણ થતું નથી. (૧) રોગગ્રસ્ત થાય, (૨) ઉપસર્ગ આવે, (૩) બ્રહ્મચર્યરૂપ ગુપ્તિની રક્ષા માટે, (૪) પ્રાણીઓની દયા માટે, (૫) તપ માટે, (૬) શરીરનો ત્યાગ કરવા માટે.

□ આહાર શુદ્ધિ

આહાર શુદ્ધિ માટે સાધુએ ખૂબ કાળજી રાખવાની હોય છે. ગોચરીમાં ઓછામાં ઓછા દોષ લાગે તેની સાવધાની રાખવાની છે. ગૃહસ્થે પોતાને માટે બનાવેલ આહારમાંથી આહાર ગ્રહણ કરવાનો હોય છે. આહાર પ્રાપ્તિ માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં સાધુએ પૂર્ણ સંયમભાવ રાખવો જરૂરી છે. ઘરના વિવિધ મનોહર સ્થાનો, આકર્ષક વસ્તુઓ પર રાગભાવ કરે નહીં. ગૃહસ્થ સાથે બિનજરૂરી વાતો કરે નહીં. રસાસ્વાદના ત્યાગથી સાધુએ જીવન વ્યતીત કરવું જોઈએ. આહાર શુદ્ધિથી સાધુના પંચાચારની શુદ્ધિ થાય છે. એષણાની શુદ્ધિમાં જ સાધુતાની સમગ્ર-સંયમી જીવનની શુદ્ધિ છે.

આ સૂત્રમાં, સાધક જીવનને ઉપયોગી–ઉપકારક અનેક બાબતોનું સંક્ષેપમાં સચોટ વર્ણન છે. સાધુતાના શિખરે પહોંચવા માટે આ ગ્રંથ (આગમ) મહત્ત્વનું અવલંબન બની રહે છે. ✷ ✷ ✷

મહાવીર વંદના

વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના અનુદાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પાટકર હોલમાં 'મહાવીર વંદના'નું આયોજન કર્યું હતું. તેની ઑડીયો C.D. વિના મૂલ્યે મળશે.

જેમને આ ઑડીયો C.D. જોઈતી હોય તેઓએ નીચેના સરનામે ફોન કરી મેળવી લેવા વિનંતી. કુરીયર કરવામાં નહીં આવે.

પંદર પંદર ભક્તિ ગીતો ધરાવતી આ ઑડીયો C.D. ઘરે વસાવી રાખવા જેવી છે તો સર્વેને આ લાભ લેવા વિનંતી.

શ્રી કમલેશભાઈ જે. શાહ, C/o. વિરલ જ્વેલ્સ, ૯૨૫, પારેખ માર્કેટ, ૯મે માળે, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. : ૨૩૮૬૩૮૨૬. મોબાઈલ : ૯૮૨૧૯૩૨૬૯૩.

સમય બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦ સુધી.

શ્રી દશ વૈકાલિક સૂત્ર

૪૨

□ ડૉ. રસિકલાલ મહેતા

□ પ્રાસ્તાવિક :-

જૈનોના બધા ફિરકાઓએ આ સૂત્રની મૂળ સૂત્ર તરીકે ગણના કરી છે. 'સાધુ જીવનની બાળપોથી', 'જૈન આગમનો સાર-સરવાળો', 'મોક્ષમાર્ગનો મહાપથ', 'મુક્તિધામની મહાયાત્રા' એવા ઉપનામથી આ શાસ્ત્રનું ગૌરવ કરવામાં આવ્યું છે. આ સૂત્રના રચયિતા, શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની ચોથી પાટે બિરાજતા પૂ. આચાર્ય શ્રી શયંભવ મહારાજશ્રી છે. પૂ. આચાર્યશ્રીએ પોતાના પુત્ર અને શિષ્ય મનકે દીક્ષા અંગીકાર કર્યા પછી ફક્ત છ માસનું આયુષ્ય શેષ રહે છે એવું પોતાના જ્ઞાનથી જાણીને એ શિષ્યના આત્મશ્રેયાર્થે પૂર્વમાંથી અને આગમ ગ્રંથોમાંથી અનેક ગાથાઓ ઉધ્ધૃત કરીને આ સૂત્રની રચના કરી છે. વિકાલ એટલે કાળનું કશું બંધન નહીં અને વિકાલ એટલે સમી સાંજ એવો અર્થ દર્શાવનાર આ સૂત્રની **૧૦ અધ્યયન** અને **બે ચૂલિકામાં** વિભાજન કરી રચના કરી છે.

□ સૂત્ર પરિચય :

સંયમ જીવનની સમાચારીનું સંપૂર્ણ વિગત સાથે સરળ-સ્પષ્ટ આલેખન થયું છે. અનુયોગની દૃષ્ટિએ સાધુ-સાધ્વીના, 'ચરણ-કરણાનુયોગ' પ્રધાન આ સૂત્ર છે. પરંપરાથી ૭૦૦ ગાથા પ્રમાણ આ ગ્રંથ છે. મુખ્યત્વે પદ્ય પરંતુ અધ્યયન ૪, ૯, તેમજ પ્રથમ ચૂલિકામાં કુલ ૨૦ ગદ્ય સૂત્રો છે. 'દ્રવ્યાનુયોગ'ની મુખ્યતા છે.

□ સૂત્રનું મહત્ત્વ :

આ સૂત્રમાં સાધુ-સાધ્વીના આચાર અને ગોચરની વિધિનું સચોટ-સરળ નિરુપણ છે. આ સૂત્રની રચના થયા પહેલાં સાધુપણાના આચાર ધર્મ માટે આચારાંગ સૂત્રનું અધ્યયન કરાવવામાં આવતું હતું. પરંતુ આ સૂત્રની રચના થયા પછી આ સૂત્રનું અધ્યયન કરાવવામાં આવે છે.

નવદીક્ષિત સાધુ-સાધ્વીને 'ષડ્જીવ નિકાય' નામના ૪થા અધ્યયનનો પાઠ, ગુરુમુખે સાંભળીને દીક્ષાર્થીને એ પાઠ બોલાવીને વડી દીક્ષા આપવામાં આવે છે. વૈરાગી તથા સંયમી આત્માને આ સૂત્ર કંઠસ્થ હોય છે. આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય છે.

પાંચમા આરાના અંત સુધી આ સૂત્ર ટકવાનું છે, જેનો આધાર લઈને, ૪ જીવો આરો પૂરો થવાના સમયે એકાવતારી થવાના છે. પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાએ આ સૂત્રનો સ્વાધ્યાય કરી જૈન ધર્મના આચારની વિશેષતાઓથી પરિચિત થઈ, દયામય અહિંસા ધર્મનું આચરણ કરવા માટે સતત જાગૃત રહેવાનું છે. આ સૂત્ર 'સુવર્ણકુંભ છે, જેમાં જૈનાગમનું અમૃત ભરેલું છે.' શ્રમણ જીવનની આચાર-સંહિતાનું સંપૂર્ણ અને સૂક્ષ્મતમ નિરુપણ મળે છે. 'વૈકાલિક' શબ્દ કાળવાચક છે. ચાર સંધિકાળ સિવાયના કોઈ પણ સમયે આ સૂત્ર ભણી શકાય છે, સ્વાધ્યાય થઈ શકે છે.

અનન્ય અદ્‌ભુત અને આત્મકલ્યાણ કરનારા શાસ્ત્રોમાં અણમોલ 'દશ વૈકાલિક' સૂત્રનો સંક્ષેપમાં પરિચય મેળવીએ.

□ અધ્યયન સાર

૧. દ્રુમપુષ્પિકા : આ પ્રથમ અધ્યયનની પહેલી ગાથા–

'धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।
देण वि तं णमेसंति, जस्स धम्मे सया मणो।।'

અર્થાત્ અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લાગેલું રહે છે, તે ધર્માત્માને દેવો પણ નમસ્કાર કરે છે.

આ અમર ગાથામાં ધર્મનું સાચું સ્વરૂપ, મહત્ત્વ તથા શ્રમણોની અહિંસક જીવન પદ્ધતિને વૃક્ષ પર ખીલેલા પુષ્પોમાંથી નિર્દોષ રીતે રસપાન કરીને જીવનનિર્વાહ કરનાર ભ્રમરની ઉપમાથી સમજાવેલ છે. શુદ્ધ આત્મધર્મની પ્રાપ્તિ માટે અહિંસા, સંયમ અને તપ સાધન છે. પાંચ ગાથામાં

મૂળસૂત્રો

(૧) દશ વૈકાલિક, (૨) ઉત્તરાધ્યયન, (૩) નંદી સૂત્ર, (૪) અનુયોગદ્વાર. મૂર્તિપૂજક સંપ્રદાય પણ **ચાર** મૂળ સૂત્રો કહે છે. પરંતુ (૧) આવશ્યક સૂત્ર, (૨) દશ વૈકાલિક સૂત્ર, (૩) ઉત્તરાધ્યયન સૂત્ર, (૪) અધિનિર્યુક્તિ-પિંડ નિર્યુક્તિ સૂત્ર.

□ મૂળ સૂત્રની સમજણ :

જે આગમોમાં આચાર સંબંધી મૂળગુણોનું નિરુપણ છે અને શ્રમણની જીવનચર્યામાં જે મૂળ રૂપે સહાયક બની જાય છે તે મૂળસૂત્ર છે. મૂળ એટલે મૌલિક-મૂળ. સાધકમાં મૂળગુણને વિકસાવી–ગુણના બીજથી મોક્ષના ફળ સુધીની વિકાસ યાત્રાનું આલેખન–માર્ગદર્શન જેના સ્વાધ્યાયથી મળી રહે છે એ મૂળ સૂત્ર છે. સાધક પોતાની સાધનામાં સમ્યગ્‌દર્શન પ્રાપ્ત કરી, આત્મવિકાસ સાધી, મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરે છે, તે આ મૂળસૂત્રના સ્વાધ્યાય અને આચાર-પાલનથી શક્ય બને છે. ભવકટી કરવા માટે ખૂબ ઉપકારક બની રહે છે.

દરેક મૂળસૂત્રનો **વિગતે પરિચય મેળવીએ.**

વિભક્ત આ પ્રથમ અધ્યયન સાધુતાનો આદર્શ દર્શાવે છે.

૨. શ્રામણ્યપૂર્વક : દીક્ષા લીધા પછી, શ્રમણ ધર્મના પાલન માટે ઈચ્છાકાય અને મદનકામના ત્યાગની મહત્તા દર્શાવી છે. વિષયવાસના અને કામનાઓને નિવારવા માટે રાજેમતી અને રથનેમિના દૃષ્ટાંત આપી, ઉત્કૃષ્ટભાવે ચારિત્ર ધર્મનું પાલન કરવા માટે પુરુષાર્થ કરવાનો છે. દૃઢ સંયમી સાધુ-સાધ્વી પરમાત્માપદને અવશ્ય પ્રાપ્ત કરશે. જીવન પર્યંત ત્યાગને ટકાવી રાખે છે તે જ પુરુષોત્તમ છે.

૩. ક્ષુલ્લકાચાર કથા :- ચારિત્ર ધર્મની દૃઢતા તો જ જળવાય, જો સાધુ ૫૨ પ્રકારના અનાચારનું સેવન ન કરે. આચારપાલનનું પ્રતિપાદન આ અધ્યયનમાં મળે છે. જૈન ધર્મમાં, દયાધર્મની પ્રમુખતાને જ સર્વજ્ઞોએ આચાર કહ્યો છે.

આહારશુદ્ધિ માટે સાધુ-સાધ્વીને ઉદ્દેશીને બનાવેલું, ખરીદેલું, આમંત્રણ આપીને ઘરે બોલાવીને આપેલું, ઉપાશ્રયે જઈને આહાર વહોરાવવો તે અનાચાર છે. દોષયુક્ત આહાર ઉપરાંત, રાત્રિભોજન, સ્નાન, વિલેપન, વિભૂષાના ધ્યેયે સ્નાન, દંત ધોવન, નેત્ર પ્રક્ષાલન, અંજન વગેરે પ્રવૃત્તિ, ગૃહસ્થનો સંગ, ગૃહસ્થાના આસન, પલંગ, ખુરશી વગેરે સાધનોનો ઉપયોગ, ગૃહસ્થના વાસણમાં ભોજન લેવું કે કરવું વગેરે. સાધુએ આચારશુદ્ધિ માટે અનાચારોનો પૂર્ણ ત્યાગ કરવો જોઈએ.

૪. છ જીવનિકાય : આ અધ્યયનમાં છ પ્રકારના સંસારી જીવોની રક્ષા કરવાનું, તેમની વિરાધના ન કરવાનું તેમજ પંચમહાવ્રતનું-સાધુધર્મનું નિરુપણ છે. આ સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં જીવ હિંસાની સંભાવના રહેલી છે. સંસારની દરેક ક્રિયા જીવદયાના-યતના જતના ધર્મનું પાલન થઈ શકે તે પ્રકારે થવી જોઈએ. જીવ-'પઢમં નાણં તઓ દયા' જીવ-અજીવ આદિ નવ તત્ત્વોનું જાણપણું કેળવીને, ચાર ગતિના ભોગ સુખથી દૂર રહી અને સંસારનો ત્યાગ કરી, મુંડિત થઈને અણગાર ધર્મનો સ્વીકાર કરે છે. સર્વ જીવોને **અભયદાન** આપી આત્મ સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે.

૫. પિંડેષણા : સાધુની ભિક્ષાચરીના દોષોનું વિગતપૂર્ણ વર્ણન, આ અધ્યયનમાં છે. પિંડ એટલે ચારે પ્રકારનો આહાર. આ અધ્યયનના **બે** ઉદ્દેશા છે.

પ્રથમ ઉદ્દેશામાં આહારની સદોષતા અને નિર્દોષતાનું શોધન કરવું. (૧) નિર્દોષ આહારની શોધ કરવી-૩૨ દોષોનો ત્યાગ કરવો. (૨) નિર્દોષ રીતે આહાર ગ્રહણ કરવો. (૩) નિર્દોષ રીતે પ્રાપ્ત થયેલા આહારના રસાસ્વાદનો ત્યાગ કરવો. અનાસક્ત ભાવે આહાર કરવો.

ગોચરી માટે જતાં જતના રાખવાની, ૧૦૦ ગાથામાં નિર્દોષ આહારપાણી જ લેવા જોઈએ.

બીજા ઉદ્દેશામાં ગોચરીના સમયે જ ગોચરી માટે જાય, ગૃહસ્થના ઘેર બેસે નહીં કે ઊભા ઊભા કથા ન કરે, એક સરખા ભાવથી બધા ઘેરે ભિક્ષા માટે જાય. ગોચરી લાવીને ગુરુને બતાવીને સંવિભાગ કરી વાપરે. ૫૦ ગાથામાં વિગતવાર વર્ણન મળે છે. આચારશુદ્ધિ આહારશુદ્ધિ વિના શકય નથી. તેથી આ અધ્યયનમાં સાધુને શું કલ્પે અને શું ન કલ્પે તેનું વિશદ વર્ણન મળે છે.

૬. મહાચાર કથા : આ અધ્યયનમાં સાધુ માટેના ૧૮ આચાર-સ્થાનનું વિસ્તૃત વર્ણન છે.

૧ થી ૬ પંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન ત્યાગ.
૭ થી ૧૨ છકાયના જીવોની સંપૂર્ણ રક્ષા.
૧૩ અકલ્પ્ય વસ્તુનો ત્યાગ
૧૪ ગૃહસ્થના વાસણનો ઉપયોગ ન કરવો
૧૫-૧૬ ગૃહસ્થના પલંગ કે આસન પર ન બેસવું.
૧૭ સ્નાનનો ત્યાગ
૧૮ શરીરની શોભાનો ત્યાગ

આ પ્રમાણે અઢારે સ્થાનનું જિનાજ્ઞા મુજબ પાલન કરવાથી, આસક્તિ ભાવ ઘટે છે અને સાધક, સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થાય છે.

૭. સુવાક્ય શુદ્ધિ : આ અધ્યયનમાં સાધુની ભાષાસમિતિની શુદ્ધિનું વર્ણન છે. અસત્ય અને સત્યાસત્ય ભાષા ન બોલવાનું ફરમાવ્યું છે. વચનગુપ્તિની આરાધના જ તેનું લક્ષ છે. સાધુએ ક્યારેય નિશ્ચયાત્મક ભાષા ન બોલવી જોઈએ.

સુવાક્ય શુદ્ધિનું મુખ્ય પ્રયોજન સત્ય મહાવ્રતના પાલન માટે તથા અહિંસા ધર્મની પુષ્ટિ માટે છે. સાધુએ અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનું પાલન થઈ શકે તેવી ભાષા બોલવી જોઈએ.

૮. આચારપ્રણિધિ : આચારપાલન સાધુ માટે પ્રકૃષ્ટ નિધિ અર્થાત્ ખજાના સમાન છે, તેનું ભાવથી પાલન કરવાથી સાધક ભવના ફેરા ટાળી પરમાત્મપદ પામે છે. આચારશુદ્ધિ માટેની વિવિધ હિત શિક્ષાઓ આ અધ્યયનમાં છે. છકાયના જીવોની રક્ષા માટે, સચિત્તભૂમિ કે આસન પર બેસવું નહીં, સચેત પાણીનો સ્પર્શ ન કરવો, અગ્નિ જલાવવો કે બુઝાવવો નહીં, પંખો નાંખવો નહીં, લીલી વનસ્પતિ છેદવી-ભેદવી નહીં, ત્રસ જીવોને મન, વચન, કાયાથી હણવા કે દુભવવા નહીં, સૂક્ષ્મ જીવોની રક્ષા કરવી, યથાર્થ પહિલેહણ કરવું, અહિતકારી વચન ન બોલવું. પરિષહો સમભાવે સહેવા કારણ કે 'દેહદુક્ખં મહાફલં' વિનય જાળવવો, રાગદ્વેષ ન કરવો, તપ અને સ્વાધ્યાયમાં મગ્ન રહેવું, સંયમ અને ધ્યાનથી મલિન ભાવોનો નાશ કરવો. જે શ્રદ્ધાથી ચારિત્રધર્મનો સ્વીકાર કર્યો છે તે શ્રદ્ધાને જીવનપર્યંત ટકાવી, સાધુપણાને ઉત્તમ ભૂમિકાએ પહોંચાડવું.

૯. વિનયસમાધિ : આ અધ્યયનના ૪ ઉદ્દેશા છે.

પહેલા ઉદ્દેશામાં નિરંતર ગુરુનો વિનય કરવા કહ્યું છે. ગુરુની હીલના કે ઘૃણા ન કરવી. ગુરુ પ્રસન્ન થાય તેમ વર્તવું. સેવા કરવી.

વિનયધર્મની આરાધના કરવી. શિષ્યનો અવિનય, તેના દુષ્પરિણામનું વર્ણન મળે છે.

બીજા ઉદ્દેશામાં વિનય અને અવિનયનું સ્વરૂપ કહ્યું છે. ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે, તેનાથી જ મોક્ષ કે સદ્‌ગતિ મળે છે અને અવિનયનું ફળ ચારગતિરૂપ સંસારનું પરિભ્રમણ દર્શાવ્યું છે. વિનીત-અવિનીત શિષ્યના લક્ષણોનું વર્ણન છે. ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા હંમેશાં પ્રયત્ન કરે. જે વિનયધર્મનું પાલન કરે છે તે આત્મગુણ મેળવે છે.

ત્રીજા ઉદ્દેશામાં પૂજનીય પુરુષનાં લક્ષણોનું કથન છે. જે શિષ્ય ગુરુની આજ્ઞાનું પાલન કરે છે તથા શ્રુતજ્ઞાનથી કે દીક્ષા પર્યાયથી મોટા હોય તોપણ ગુરુનો વિનય કરે છે, ગુરુની શુશ્રૂષા માટે સતત જાગૃત રહે છે–આવા સાધુ પૂજનીય છે.

ચોથા ઉદ્દેશામાં મોક્ષના સાધનભૂત સમાધિનું વર્ણન છે. આત્માની સ્વસ્થતાને સમાધિ કહે છે. સમાધિ પ્રાપ્તિના ચાર કારણ છે-વિનય, શ્રુત, તપ અને આચાર.

સૂત્રકારે આ ચારેય સાધનને ચાર પ્રકારની સમાધિ કહીને તેને પ્રગટ કરવાના કારણો દર્શાવ્યાં છે. ચારેય પ્રકારની સમાધિની આરાધનાથી, અખંડ સમાધિ પ્રાપ્ત થાય છે.

૧૦. શ્રેષ્ઠ ભિક્ષુ આ અધ્યયનમાં સાચા–શ્રેષ્ઠ સાધુનાં લક્ષણ કહ્યાં છે. જે સાધુ આચારધર્મને ઉત્કૃષ્ટભાવે પાળે, ચારેય સંજ્ઞાઓને તોડે છે, જે સાધુ જિનવચનમાં અનુરક્ત હોય, મમત્વ ભાવથી રહિત હોય, લોકેષણાના ભાવોથી રહિત હોય, અનાસક્ત ભાવે ઉદરપૂર્તિ કરતા હોય, ઉપસર્ગ અને પરિષહોને સહન કરવામાં પૃથ્વી સમાન સહનશીલ હોય તે જ શ્રેષ્ઠ ભિક્ષુ છે. ત્યાગ અને વૈરાગ્યથી સભર, સંયમ અને તપની સાધના કરતો હોય તે જ શ્રેષ્ઠ ભિક્ષુ છે.

દશ અધ્યયનોને અંતે બે ચૂલિકા છે. ચૂલિકા એટલે ચોટી, શિખર અગ્રભાગ. જે રીતે શિખર પર્વતની શોભા વધારે છે તેમ બંને ચૂલિકા સમગ્ર શાસ્ત્રના વિષયની શોભારૂપ છે.

પ્રથમ ચૂલિકા :- 'રતિવાક્યા'માં, કોઈ સાધકે સંયમ સ્વીકાર્યા પછી કોઈ પણ કારણે 'સંયમભાવમાં અરતિ થાય, સાધુને સંયમ જીવનનો ત્યાગ કરવાની ઈચ્છા થઈ હોય તેને ફરીથી સંયમ ભાવમાં રતિ ઉત્પન્ન કરવા ૧૮ સ્થાનનું વર્ણન છે. આ ચૂલિકાના ચિંતનસૂત્રો સાધકોને માટે મૂલ્યવાન બની રહે છે.

ચૂલિકા-૨ વિવિક્ત ચર્યા : આ ચૂલિકામાં સંસારથી કે ગચ્છથી અલગ થઈને સાધના કરનાર શ્રમણોના આચાર-વિચારની શુદ્ધિ માટેનું માર્ગદર્શન છે. સાધુએ સતત જાગૃતિપૂર્વક આત્મનિરીક્ષણ કરી, આત્માનુશાસન કરવાનું છે. જે સાધક જાત પર નિયંત્રણ કરી શકે છે તે કષાય વિજેતા બની શકે છે.

ભવસાગર તરવા માટે નાવ સમું, જીવનની જડીબુટ્ટી સમાન આ સૂત્ર સાધુ-સાધ્વીની અમૂલ્ય સંપત્તિ છે. ✷ ✷ ✷

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે

ગાંધી ચિંતનની ચિરંતન યાત્રા – વર્તમાન યુવા પેઢી માટે–યુવા વિદ્વાન દ્વારા

શાશ્વત ગાંધી કથા

વ્યાખ્યાતા : ગાંધી સાહિત્યના અભ્યાસી યુવાન પ્રાધ્યાપક ડૉ. યોગેન્દ્ર પારેખ

ઑક્ટોબર- ૨, ૩, ૪ સાંજે ૬ વાગે. સ્થળ : પ્રેમપુરી આશ્રમ-બાબુલનાથ-મુંબઈ.

આ સંસ્થાના સ્થાપકો સુધારાવાદી જૈન તો હતા, પણ સાથો સાથ ગાંધી વિચાર અને ગાંધી ચળવળના સમર્થકો પણ હતા, અને પોતાના મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન'માં જૈન ધર્મ, અન્ય ધર્મો તેમજ ગાંધી ચિંતનને પ્રકાશિત કરતા હતા.

ભારતની વર્તમાન પરિસ્થિતિથી પ્રત્યેક નાગરિક આજે નિરાશ છે. ગાંધી વિચારમાં આજની પેઢીને આ સ્થિતિનો ઊકેલ નજરે પડે છે.

હવે માત્ર **ચળવળ નહિ સ્વ અને ચિંતન** પણ એટલું જ જરૂરી છે.

ગાંધીવાદી **પૂ. નારાયણ દેસાઈ**ની ગાંધી કથાએ દેશ-પરદેશમાં ગજબનું આકર્ષણ ઊભું કર્યું છે. આ ગાંધીયાત્રા યુવાનો દ્વારા યુવાનો સાથે આગળ વધે તો જ આવતી કાલ ઉજળી બને, એ માટે આવી કથા કહેનાર એક નહિ અનેક યુવાનોની જરૂર પડશે, એટલે આ દિશામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પહેલ કરી યુવાન પ્રાધ્યાપકને આમંત્ર્યા છે. કચ્છ નખત્રાણાની કૉલેજમાં ગુજરાતી સાહિત્યના પ્રાધ્યાપક ડૉ. યોગેન્દ્ર પારેખ ગાંધી સાહિત્યના અભ્યાસી તો છે જ, ઉપરાંત જૈન આચાર્ય મહાપ્રજ્ઞજીના અનેક પુસ્તકોના અનુવાદક, કવિ, નિબંધકાર અને સાહિત્ય સંશોધક અને પ્રભાવક વક્તા છે. આવા યુવા વિદ્વાન પ્રાધ્યાપકની વાણી દ્વારા શાશ્વત ગાંધી કથાનું શ્રવણ એક વિશિષ્ટ અને પ્રેરણાત્મક ઘટના બની રહેશે.

જે જિજ્ઞાસુઓએ આ કથા શ્રવણનો લાભ લેવો હોય એ સર્વેને આ સંસ્થાના કાર્યાલયમાં ફોન કરી (૨૩૮૨૦૨૯૬) પોતાના નામો લખાવવા વિનંતિ.

મંત્રી : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

૪૩

□ ડૉ. રસિકલાલ મહેતા

□ પ્રાસ્તાવિક :

આ બીજું મૂળ સૂત્ર છે. મૂળ સૂત્ર તરીકે, બધાંએ આ સૂત્રનો સ્વીકાર કર્યો છે. 'અંતિમ દેશના', 'અપૃષ્ઠ વ્યાકરણ'–અર્થાત્ પૂછ્યા વિના કથન કરેલા શાસ્ત્રરૂપે આ સૂત્રની ગણના થઈ છે. સમગ્ર જૈન સમાજમાં ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના રૂપે આ સૂત્ર અનોખી શ્રદ્ધા ધરાવે છે.

પ્રભુએ પાવાપુરીમાં પોતાના નિર્વાણ પૂર્વે સોળ પ્રહર (૪૮ કલાક) સુધી, છઠ્ઠના તપ સાથે, ૧૮ દેશના રાજા સહિતની બાર પ્રકારની પરિષદમાં, અખંડ ઉપદેશ આપ્યો. આ સૂત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું પ્રતિનિધિત્વ કરનાર આગમ છે.

□ સૂત્ર પરિચય :

આ આગમમાં ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરની પરંપરાના બધા જ વિષયોનું સમુચિત રીતે પ્રતિપાદન થયું છે. ચારેય અનુયોગોનો અનોખો સંગમ આ સૂત્રમાં થયો છે. ૩૬ અધ્યયનમાં વિભાજન થયેલ આ સૂત્રની ૨૦૦૦ ગાથા છે. મુખ્યત્વે પદ્યમાં અને બીજા અધ્યયનનો આરંભ, ૧૬માં અધ્યયનમાં ગદ્ય-પદ્ય મિશ્ર તથા ૨૯મું અધ્યયન પ્રશ્નોત્તર રૂપે ગદ્યમાં મળે છે. ઉત્તર+અધ્યયન=ઉત્તરાધ્યયન–નામ મળે છે.

□ સૂત્રનું મહત્ત્વ :

આ સૂક્ષ અત્યંત લોકપ્રિય સૂત્ર છે–સહુ કોઈને ગમે છે. ભગવાન મહાવીરની 'અંતિમ દેશના' હોવાથી, શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ દિને આ સૂત્રનો સ્વાધ્યાય થાય છે. અનેક સાધુ-સાધ્વીજીએ સૂત્રને કંઠસ્થ કરેલ છે. ચાતુર્માસ દરમિયાન ધર્મસ્થાનકોમાં, આ સૂત્રના કોઈ ને કોઈ અધ્યયનનું દરરોજના વ્યાખ્યાન રૂપે અથવા વાંચણી રૂપે સ્વાધ્યાય થતો રહે છે. આ આગમ પર અનેક ટીકાઓ લખાઈ છે, વિવિધ સંપાદનો મળે છે. એકથી એક ચડિયાતા અધ્યયનો, મહાન ઉપકારક બની રહે છે.

□ અધ્યયન સાર :

આ સૂત્રના ૩૬ અધ્યયનનો સંક્ષિપ્ત સાર, આગમની વિશેષતાનો પરિચય કરાવી ભાવોની વિશુદ્ધિ માટે અમૂલ્ય બની રહેશે.

૧. **વિનય અધ્યયન :** પ્રથમ અધ્યયનની ૪૮ ગાથા છે. વિનય ધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે. જે ગુરુની આજ્ઞાનું પાલન કરતો હોય, ગુરુના મનોભાવ સમજીને તેમના કાર્યો કરતો હોય તેને વિનીત શિષ્ય કહ્યો છે. ઉપરાંત, અવિનીત શિષ્યના દોષનું વર્ણન મળે છે. ગુરુ અને શિષ્યનો સંબંધ જાણવા માટે આ અધ્યયન ખૂબ ઉપયોગી છે.

૨. **પરિષહ અધ્યયન :** આ અધ્યયનના આરંભે થોડું ગદ્ય છે. ભૂમિકા રૂપે ગદ્ય છે, તે પછી ૪૬ ગાથામાં, ૨૨ પ્રકારના પરિષહનું અને સંયમજીવન દરમિયાન અણધાર્યા કષ્ટો આવે છે તેનું વર્ણન છે. આ કષ્ટોને–સમભાવે સહન કરી લેવાથી કર્મ નાશ પામે છે, ચારિત્ર દૃઢ થાય છે.

૩. **ચતુરંગીય :** મોક્ષના સાધનભૂત ચાર દુર્લભ અંગોનું ૨૦ ગાથાઓમાં નિરુપણ છે. ત્રીજા અધ્યયનની ૧લી ગાથા મનનીય અને પ્રેરક છે.

વતારિ પરમંગાણિ, કમ્લણીહ જંતુણો।
યાણુશત્તં સુઈ સધ્ધા, સંણમ્મિ ય વીરિયં ।।

અર્થાત્ આ સંસારમાં પ્રાણીમાત્ર માટે આ ચાર અંગો પ્રાપ્ત થવાં દુર્લભ છે. (૧) મનુષ્યત્ત્વ, (૨) સદ્ધર્મનું શ્રવણ, (૩) શ્રદ્ધા, (૪) સંયમમાં પરાક્રમ. આ ચાર અંગો મુક્તિનાં કારણ હોવાથી પરમ અંગો છે.

૪. **અસંખયં :** આ સૂત્રનું ૧૩ ગાથાનું સૌથી નાનું પરંતુ અર્થગંભીર અધ્યયન છે. સંસાર અને જીવનની નશ્વરતા વર્ણવીને, ભારંડપક્ષીની જેમ અપ્રમત્ત રહેવાનો ઉપદેશ આપ્યો છે.

૫. **અકામ મરણ :** આયુષ્ય ક્ષણભંગુર છે તેથી ધૈર્યવંત વિવેકી માનવે સકામ મરણ, સમાધિ કે પંડિત મરણે મૃત્યુ પામવું એ જ ઉત્તમ છે. ૩૨ ગાથાઓમાં બે પ્રકારના મરણની ચર્ચા કરવામાં આવી છે. ધર્માત્મા સહજ સમાધિભાવે શરીરને તજી દે છે અને પાપ કાર્યો કરતો જીવ અસમાધિ ભોગવે છે.

૬. **ક્ષુલ્લક નિગ્રન્થીય :** જૈન સાધુના સામાન્ય આચાર-વિચારનું ૧૭ ગાથામાં વર્ણન કર્યું છે. આરંભે મૂર્ખ કોણ, વિદ્વાન કોણનો પરિચય આપ્યો છે. અવિદ્યા કે આસક્તિ એ જ સંસારના દુ:ખોનું મૂળ છે. સંયમ માર્ગનું યથાર્થ પાલન કરનાર તરી જાય છે. પરમ સુખ પ્રાપ્ત કરે છે.

૭. **એલય (બકરો) :** સંસાર આસક્ત જીવોની દુર્દશાનું માર્મિક ચિત્રણ બકરાના દૃષ્ટાંત દ્વારા દર્શાવ્યું છે. ૩૦ ગાથાનું આ અધ્યયન, ધર્માચરણથી થનાર શુભફળનું વર્ણન દર્શાવે છે.

૮. **કાપિલિય અધ્યયન :-** આ અધ્યયનમાં કપિલ કેવળીના દૃષ્ટાંતથી, સાધકને નિર્લોભ થવા ફરમાવ્યું છે. ૨૦ ગાથાઓમાં કંચન અને કામિનીના ત્યાગથી, લોભના ત્યાગથી કેવળી થઈ

ગયેલ કપિલ મુનિવરનું દૃષ્ટાંત માર્ગદર્શક બની રહે છે.

૯. **નમિપ્રવ્રજ્યા :** આમાં ૬૨ ગાથાઓમાં પ્રવ્રજ્યા માટે પ્રયાણ કરતાં નમિ રાજર્ષિ સાથે બ્રાહ્મણ વેષધારી ઈન્દ્રનો આધ્યાત્મિક સંવાદ છે. ઈન્દ્ર મહારાજા પ્રશ્ન કરે છે અને નમિ રાજર્ષિ ઉત્તર આપે છે.

'જ્યાં બે છે ત્યાં જ ઘોંઘાટ (સંસાર) છે. પણ જે એકમાં (આત્મા) છે ત્યાં શાશ્વતી શાંતિ અને સુખ (મોક્ષ) છે.' હજારો સંગ્રામો જીતવા કરતાં, એક માત્ર પોતાના આત્માને જીતનારો શ્રેષ્ઠ છે.' એકત્વ ભાવનાનું સચોટ વર્ણન છે.

૧૦. **દ્રુમપત્રક :-** ૩૬ ગાથાના આ અધ્યયનમા વૃક્ષના પીળાં પાંદડાના તથા ઝાકળના બિંદુનાં દૃષ્ટાંતથી માનવ જીવનની ક્ષણભંગુરતાનું વર્ણન મળે છે. ભગવાન મહાવીર સ્વામીએ, ગૌતમને ઉદ્દેશીને, બધાં સાધકોને અપ્રમત્ત રહેવાનો, પાંચેય પ્રમાદને ત્યજીને ધર્મ આરાધના કરવાનો, એ આરાધના માટે એક સમયનો પણ પ્રમાદ ન કરવાનું પ્રત્યેક ગાથાને અંતે 'समयं गोयम मा पमायए' એ શબ્દોથી પ્રેરણા આપી છે.

૧૧. **બહુશ્રુત :** આ અધ્યયનમાં શાસ્ત્રજ્ઞ વ્યક્તિની પ્રશંસા કરવામાં આવી છે. ૩૨ ગાથાનું આ અધ્યયન છે. વિનીત અને અવિનીતનાં ગુણ-દોષનું વર્ણન કરીને વિનીતને બહુશ્રુત અને અવિનીતને અબહુશ્રુત કહેલ છે.

૧૨. **હરિકેશીય :** ચાંડાલ જાતિમાં જન્મેલા છતાં ઉદાત્ત ચરિત્રના સ્વામી, હરિકેશી મુનિનું જીવન ૪૭ ગાથામાં ગુંથેલું છે. કર્મથી જાતિ નક્કી થાય છે, જન્મથી નહીં. અહિંસક યજ્ઞ જ શ્રેષ્ઠ છે એ હકીકત દર્શાવી છે. ત્યાગ અને તપનો મહિમા દર્શાવ્યો છે.

૧૩. **ચિત્તસંભૂત :** ચિત્ત અને સંભૂતિ એ બે સગા ભાઈઓ. છ ભવનું વર્ણન છે. બંને મુનિવરોમાંથી સંભૂતિ મુનિએ તપનું નિયાણું કર્યું જ્યારે ચિત્ત મુનિએ નિર્દોષ ચારિત્ર પાળ્યું. પરિણામે સંભૂતિ મુનિ ૭મી નરકે ગયા અને ચિત્ત મુનિ મોક્ષે ગયા. ૩૫ ગાથાનું આ અધ્યયન તપનો મહિમા બતાવે છે.

૧૪. **ઇષુકારિય :** ઈષુકાર નગરના છ જીવો–મોક્ષગામી જીવો–ભૃગુપુરોહિત, તેની સ્ત્રી, તેમના બે પુત્રો, ઈષુકાર રાજા અને કમલાવતી રાણીની દીક્ષાનું વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવું ૫૩ ગાથાઓમાં વર્ણન છે. એક એક ગાથા મનનીય છે. કમલાવતી રાણી સાચી ધર્મપત્નીનું દૃષ્ટાંત છે. પિતા-પુત્ર અને પતિ-પત્ની વચ્ચેનો સંવાદ નોંધપાત્ર છે.

૧૫. **સભિક્ષુ :** સાધુના સામાન્ય ગુણનું વર્ણન ૧૬ ગાથાઓમાં કર્યું છે.

૧૬. **બ્રહ્મચર્ય સમાધિસ્થાન :** ગદ્ય અને પદ્ય મિશ્રિત આ અધ્યયનમાં, બ્રહ્મચર્યની રક્ષા માટે ૧૦ વાતોના ત્યાગની આવશ્યકતા, ૧૭ ગાથાઓમાં વર્ણવી છે. બ્રહ્મચર્યનું મહત્ત્વ સરસ રીતે દર્શાવ્યું છે.

૧૭. **પાપશ્રમણીય :** સાધુ થયા પછી, સાધકે રત્નત્રયીની સાધનામાં જ સંયમજીવન ગાળવું જોઈએ. જે તેમ નથી કરતો તેને પાપશ્રમણીય કહ્યો છે. પથભ્રષ્ટ સાધુનું ૨૧ ગાથામાં વર્ણન કર્યું છે.

૧૮. સંજય : રાજર્ષિ સંજયની દીક્ષાનું ૫૪ ગાથામાં વર્ણન છે. ઉપરાંત, જેમણે સાધુ ધર્મમાં દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી હતી તેવા રાજાઓનું વર્ણન છે. સંયતિ રાજા અને ક્ષત્રિય રાજર્ષિના સંવાદ ખૂબ નોંધપાત્ર છે.

૧૯. **મૃગાપુત્રીય :-** મહેલના ગોખમાં બેઠેલા મૃગાપુત્રે એક સંતને જોઈ પોતે પણ આવું સાધુપણું પાળ્યું છે એવું જાતિસ્મરણ જ્ઞાનથી જાણી, પોતાના માતા-પિતાની સંયમ લેવા આજ્ઞા માંગી. ૯૯ ગાથામાં આ અધ્યયન વર્ણન પામ્યું છે. મૃગાપુત્ર તથા તેમના માતા-પિતાના સંવાદો મનનીય છે. માનવભવ પામી, સંસારનું મમત્વ તજી ધર્મનો પુરુષાર્થ કરી લેવો જોઈએ એવું કથન યથાર્થ છે.

૨૦. **મહાનિર્ગ્રંથીય :** મહાનિર્ગ્રંથીય એટલે સર્વ વિરતિ સાધુ એવો અર્થ દર્શાવતું, ૬૦ ગાથાઓમાં વિભક્ત અનાથી મુનિવરે, શ્રેણિક રાજાને, અનાથ-સનાથનો ભેદ સમજાવી સદ્ધર્મના માર્ગે વાળ્યા અને શ્રેણિક મહારાજા પોતાના સમગ્ર પરિવાર સહિત ધર્મના રાગી બની ગયા તેનું વર્ણન મળે છે.

૨૧. **સમુદ્ર પાલીય :** હવેલીના ગોખમાં બેસીને રસ્તા પર નજર પડતાં, એક અપરાધીને ફાંસીએ ચડાવવા લઈ જવાતો જોઈને વૈરાગ્યભાવ જાગ્યો એ હકીકતનું વર્ણન ૨૪ ગાથામાં કર્યું છે. ચોરના નિમિત્તે વૈરાગ્ય પામી દીક્ષા લઈ, સિદ્ધ પદ પામ્યાની કથા આકર્ષક છે–પ્રેરક છે.

૨૨. **રહનેમિય–રથનેમિય :-** પોતાના લગ્ન નિમિત્તે પશુઓનો વધ થશે એવું જાણીને નેમનાથે રથ પાછો વાળી લગ્ન ન કર્યા અને રાજેમતીને સંયમ માર્ગે વાળી નવભવની પ્રીત સાચવી, સાધ્વી રાજીમતીએ, સાધુ રથનેમિને અસંયમી જીવન કરતાં તો મૃત્યુ શ્રેષ્ઠ એવું કહી ફરીથી સંયમમાં સ્થિર કર્યાનું, ૫૧ ગાથાનું આ અધ્યયન છે. ભગવાન અરિષ્ટનેમિ શ્રીકૃષ્ણ રાજેમતી અને રથનેમિ આદિનું ચરિત્ર ખૂબ અસરકારક છે.

૨૩. **કેશી ગૌતમીય :** ભગવાન પાર્શ્વનાથના શિષ્ય કેશી અને ભગવાન મહાવીરના શિષ્ય ગૌતમ વચ્ચે–ચાર મહાવ્રત અને પાંચ મહાવ્રત, રંગીન વસ્ત્ર અને સફેદ આદિ વિષયો પરની ૮૯ ગાથામાં રજૂ થયેલી સંવાદ–ચર્ચા નોંધપાત્ર છે. સમયને અનુસરીને બાહ્યાચારમાં પરિવર્તન થતું રહેશે પરંતુ સાધુના મૂળગુણો સદા-સર્વદા એકસરખા જ હોય છે.

૨૪. **સમિતીય :** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું વર્ણન ૨૭ ગાથામાં થયું છે. સર્વજ્ઞ તીર્થંકરોએ સાધુના આ આઠ આચારને 'આઠ પ્રવચનમાતા' કહી છે. આ અષ્ટ પ્રવચન-માતા ચારિત્રરૂપ છે, તેનું શુદ્ધ ભાવથી પાલન કરનાર શીઘ્ર મોક્ષ મેળવે છે.

૨૫. **યજ્ઞીય :** જયઘોષ મુનિ તેમના સંસારી ભાઈ વિજયઘોષને સાચા યજ્ઞનું સ્વરુપ સમજાવે છે. ૪૫ ગાથામાં બ્રાહ્મલોક સ્વરુપ, યજ્ઞની આધ્યાત્મિક વ્યાખ્યા સમજાવી, કર્મથી જાતિવાદની સ્થાપના કરીને સાધુના આચારધર્મનું વર્ણન કરે છે.

૨૬. **સામાચારી-સમાચારી :** સાધુની ૧૦ સમાચારી સમ્યક્ પ્રકારે આચાર પાળવાની વિધિનું ૫૩ ગાથામાં વર્ણન છે. ઉપરાંત, સાધુ મહારાજની દિનચર્યા અને રાત્રિચર્યાનું વર્ણન છે.

૨૭. **ખલુંકિય =** મારકણો દુષ્ટ બળદ. ૧૭ ગાથામાં દુષ્ટ બળદના દૃષ્ટાંતે અવિનીત શિષ્યોની ક્રિયાઓનું વર્ણન છે. આચાર્યે આવા શિષ્યોને તજી દેવા જોઈએ. ગંગાચાર્ય અને ગળિયા બળદ જેવા તેમના શિષ્યોનું દૃષ્ટાંત પણ આપ્યું છે.

૨૮. **મોક્ષમાર્ગગતિ :** ૩૬ ગાથામાં મોક્ષના માર્ગ–સ્વરૂપ રત્નત્રયીનું વર્ણન છે. સાધક સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પામે, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને.

૨૯. **સમ્યક્ પરાક્રમ :** આખું અધ્યયન મદ્યમાં, પ્રશ્નોત્તર શૈલીમાં રચાયું છે. ૭૩ પ્રશ્નો અને ૭૩ ઉત્તરોમાં આધ્યાત્મિક વિકાસના સોપાનો દર્શાવ્યાં છે. મોક્ષનો પુરુષાર્થ કરવો તે સાચું પરાક્રમ છે, ભવ્ય જીવ જ એ કરી શકે, અભવી નહીં.

૩૦. **તપોમાર્ગ :** અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવાત્માને આઠ કર્મો વળગેલા છે. આ કર્મો તપ કર્યા સિવાય નાશ પામતા નથી. ૩૭ ગાથામાં તપનું સ્વરૂપ તથા પ્રકારો વર્ણવ્યા છે. તપથી કર્મ ખપે છે અને આત્મા વિશુદ્ધ બની કર્મમુક્ત પરમાત્મા બને છે.

૩૧. **ચરણ વિધિ :** આ અધ્યયનની પ્રથમ ગાથામાં ચારિત્રની વિધિના વર્ણનની પ્રતિજ્ઞા દર્શાવી છે. ૨૧ ગાથામાં, ૧ થી આરંભીને ૩૩ સંખ્યા સુધી દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધનાનું વર્ણન છે. અસંયમમાં નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ કરવાનું ફરમાવ્યું છે.

૩૨. **પ્રમાદસ્થાનીય :** મોક્ષસાધનામાં બાધારૂપ એવાં પ્રમાદસ્થાનોનું આ અધ્યનનની ૧૧૧ ગાથામાં વર્ણન મળે છે. ૨૧મી ગાથામાં દર્શાવેલ વિષયનો જ આગળની ગાથાઓમાં વિસ્તાર થયો છે. રાગ-દ્વેષ મોહને દૂર કરવાનું ખાસ કહ્યું છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોનું વર્ણન કરી, તેને જીતી જિતેન્દ્રિય બની, ભવરોગ દૂર કરવાનો છે. ધર્મારાધના જ ઉત્તમ પ્રવૃત્તિ છે.

૩૩. **કર્મ પ્રકૃતિ - કમ્મપયઠી :-** કર્મોની જુદી જુદી અવસ્થાનું, ૮ કર્મ અને તેની ૧૪૮ ઉત્તર પ્રકૃતિઓની વિગત ૨૫ ગાથામાં સચોટ રીતે દર્શાવી છે.

૩૪. **લેશ્યા :** કષાય અનુરંજિત મન પરિણામોને 'લેશ્યા' કહે છે. કર્મોની સ્થિતિમાં વિશેષરૂપે સહાયક લેશ્યાઓનું ૬૧ ગાથામાં વર્ણન મળે છે. કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ લેશ્યા અપ્રશસ્ત છે અને તેજો, પદ્મ અને શુક્લ – એ ત્રણ પ્રશસ્ત છે. તેનું ૧૧ દ્વારથી વર્ણન કર્યું છે.

૩૫. **અણગાર (સાધુ) :** સાધુના ગુણનું ૨૧ ગાથામાં વર્ણન છે. પંચ મહાવ્રત પાળે, સુઝતો નિર્દોષ આહાર લે, બાવન અનાચારમાંથી એક પણ ન સેવે, કાયા પ્રત્યેની માયા છોડી આત્મધ્યાનમાં લીન રહે.

૩૬. **જીવાજીવ વિભક્તિ :** આ સૌથી મોટું, ૨૬૯ ગાથાનું અધ્યયન છે. સાચું સાધુપણું તો જીવા-જીવના ભેદ-વિજ્ઞાનને જાણવાથી આવે છે. જીવાદિ તત્ત્વોની પરમશ્રદ્ધા તો જ સમ્યગ્દર્શન છે. જીવ-અજીવના ભેદ અન પ્રભેદોનું સચોટ વર્ણન છે. અંતમાં જીવનને સમાધિમય બનાવી સંલેખના (સમાધિમરણ)નું વર્ણન છે.

જે સાધક જિનવચનમાં અનુરક્ત રહીને, ક્રિયાનું પાલન કરે છે, તે કષાયોથી મુક્ત થઈને પરિત્ત-સંસારી થાય છે અને સમાધિભાવે દેહનો ત્યાગ કરે છે.

* * *

શ્રી સૂયગડાંગ સૂત્ર

एवं खु णाणिणो सारं, जं ण हिंसइ किंचणं ।
अहिंसा समयं चेव, एतावंतं वियाणिया ।।

વિશિષ્ટ વિવેકી પુરુષને માટે આ જ સાર છે કે તે કોઈપણ જીવની હિંસા ન કરે. અહિંસાના કારણે બધા જીવો પર સમતા રાખવી આટલું જાણવું જ જોઈએ અથવા અહિંસાનો આ સિદ્ધાંત સમજવો જોઈએ.

નંદીસૂત્ર

૪૪

□ ડૉ. રસિકલાલ મહેતા

□ પ્રાસ્તાવિક :

આ ત્રીજા મૂળ સૂત્રમાં પાંચ જ્ઞાનનું વિસ્તારથી નિરૂપણ થયું છે. જ્ઞાનના ભેદ-પ્રભેદની ચર્ચા ખૂબ રસપ્રદ અને મંગલકારી-કલ્યાણકારી-આનંદકારી છે. નંદી એટલે આનંદ-અધ્યાત્મ જ્ઞાનનો આનંદ પૂરો પાડનાર સૂત્ર છે. જેનાથી વસ્તુ તત્ત્વનો બોધ થાય તે જ્ઞાન છે. આત્માના અનંત ગુણોમાં જ્ઞાનગુણ મુખ્ય છે. જ્ઞાનગુણના માધ્યમથી જ અનંત ગુણોનો બોધ થાય છે. જ્ઞાનગુણ અખંડ છે. જ્ઞાનની સહાયથી 'સંસાર વામો, સિદ્ધદશા પામો' એવું કથન ખૂબ ઉપકારક છે–આવકાર્ય છે. મૂળસૂત્ર ઉપરાંત, આ સૂત્રને ચૂલિકાસૂત્ર પણ કહે છે. ચૂલિકા એટલે શિખર-પરિશિષ્ટ. જૈન આગમમાં અભ્યાસ માટે આ સૂત્ર ભૂમિકાનું પણ કામ કરે છે.

□ સૂત્ર પરિચય :

આ સૂત્રના રચયિતા, પૂર્વધર શ્રી દેવર્ષિગણિ ક્ષમાશ્રમણ છે. આગમો લિપિબદ્ધ થતા હતા તે સમયે આ સૂત્રની રચના થઈ છે. નંદીસૂત્રની રચના ગદ્ય અને પદ્ય બંન્નેમાં છે. સૂત્ર સળંગ રીતે રચાયું છે. અર્થાત્ અધ્યયન કે શ્રુતસ્કંધ નથી. ૭૦૦ શ્લોક પ્રમાણ આ સૂત્ર છે. આ સૂત્રની મહત્ત્વની વિશેષતા એ છે કે પ્રસ્તુત સૂત્રમાં પ્રતિપાદિત વિષય અન્ય સૂત્રોમાં પણ ઉપલબ્ધ છે. દા. ત. અવધિજ્ઞાનની ચર્ચા–'પ્રજ્ઞાપના સૂત્ર'ના ૩૩મા પદમાં મળે છે. મતિજ્ઞાનનો પરિચય 'ભગવતી સૂત્ર'માં પણ છે.

□ સૂત્રનું મહત્ત્વ :

જ્ઞાનના પાંચ પ્રકારનું ખૂબ જ વિશદતાથી અને સરળતાથી વર્ણન આ સૂત્રના કેન્દ્રસ્થાને છે. જૈનદર્શન જ્ઞાનને પ્રમાણ માને છે–'ज्ञानं प्रमाणम्'. તેનું વિષય વિભાજન તથા પ્રતિપાદન બે રીતે કરેલ છે. (૧) આગમિક પદ્ધતિ (૨) તર્કપદ્ધતિ. જ્ઞાનની આરાધના માટે આ સૂત્ર ખૂબ જ ઉપયોગી છે. શ્રુતજ્ઞાનના ભેદ-પ્રભેદ દર્શાવ્યા પછી આ સૂત્રને અંતે દ્વાદ્વશાંગીનો તથા ૧૪ પૂર્વનો સંક્ષેપમાં પરિચય મળે છે.

ગણિપિટકની શાશ્વતતા દર્શાવતા લખે છે-દ્વાદ્વશાંગરુપ ગણિપિટક ક્યારેય ન હતું એમ નહીં, વર્તમાનમાં નથી એમ નહીં અને ભવિષ્યમાં નહીં હોય એવું નહીં. ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. એ ધ્રુવ છે. નિયત છે. શાશ્વત છે. અક્ષય છે, અવસ્થિત છે અને નિત્ય છે. કલ્યાણના ઈચ્છુક દરેક સાધકે આ સૂત્રનું અધ્યયન કરવું જોઈએ.

□ નંદીસૂત્રનો સંક્ષિપ્ત સાર :

આ સૂત્રમાં, સર્વ પ્રથમ ૫૪ ગાથામાં મંગલાચરણ કરેલ છે. આગમબત્રીસીમાં, એક માત્ર આ સૂત્રના આરંભે આટલું વિશેષ પ્રકારનું મંગલાચરણ છે. શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ, સૂત્રકારે વર્ણવી છે.

जयइ जगजीवजोणी वियाणओ, जगगुरु, जगाणंदो।
जगणाहो जगबंधु, जयइ जगप्पियामहो भयवं ।।

ભાવાર્થ : છ દ્રવ્યરૂપ સંસારના તથા જીવોની ઉત્પત્તિ સ્થાનના જ્ઞાતા, જગદ્‌ગુરુ, ભવ્ય જીવોને આનંદ આપનારા, સ્થાવર અને જંગમ પ્રાણીઓના નાથ, વિશ્વબંધુ, ધર્મના ઉત્પાદક હોવાથી દરેક જીવના ધર્મપિતામહ સમાન અરિહંત ઋષભદેવ ભગવાનનો સદા જય હો.

સૂત્રની પ્રથમ ગાથામાં, શાસનનાયક આદ્ય તીર્થંકર, શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. બીજી ગાથામાં સમગ્ર શ્રુતજ્ઞાનના ઉદ્‌ગમરૂપ મૂળરૂપ મહાવીર સ્વામી જયવંત થાઓ. વર્તમાન અવસર્પિણી કાળના ચોવીશ તીર્થંકર પૈકી અંતિમ તીર્થંકર જયવંત થાઓ, જગદ્‌ગુરુ મહાત્મા મહાવીર સદા જયવંત હો.

આ રીતે સ્તુતિ કર્યા પછી સંઘને વિવિધ ઉપમા ૮ પ્રકારની આપી છે અને ૨૪ તીર્થંકરોને, ૧૧ ગણધરોને, જિન પ્રવચનને, સુધર્મા સ્વામીથી દુષ્યમણિ સુધીના ૩૧ સ્થવિરોને નમસ્કાર કર્યા છે. તે પછી ૧૪ પ્રકારના શ્રોતાઓ અને ત્રણ પ્રકારની પરિષદની વિગતો વર્ણવી છે.

પરમ મંગલાચરણ આપ્યા પછી, જ્ઞાનના ભેદ-પ્રભેદનું વર્ણન મળે છે. જ્ઞાન મોક્ષનું મુખ્ય અંગ છે. જ્ઞાન અને દર્શન આત્માના અસાધારણ ગુણ છે. જેના દ્વારા વસ્તુ તત્ત્વનો બોધ થાય, તે જ્ઞાન છે. જ્ઞાનગુણ અખંડ છે, તેમાં ભેદ નથી.

જ્ઞાનના પાંચ પ્રકાર : (૧) આભિનિબોધિક કે મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન, (૫) કેવળજ્ઞાન.

પાંચ જ્ઞાનમાં પહેલા બે જ્ઞાન અર્થાત્ મતિ અને શ્રુતજ્ઞાન 'પરોક્ષ જ્ઞાન' છે, ઈંદ્રિયોની સહાયથી થાય તેવા જ્ઞાન છે. અને પછીના ત્રણ 'પ્રત્યક્ષ જ્ઞાન' છે. પ્રત્યક્ષ એટલે ઈંદ્રિયોની સહાય વિના થાય છે-આને 'નોઈંદ્રિય પ્રત્યક્ષ' એ નામ પણ આપ્યું છે.

જ્ઞાનના મુખ્ય પ્રકારની થોડી વિશેષ વિગત જોઈએ.

(૧) જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા ઉત્પન્ન થાય તેને આભિનીબોધિક-મતિજ્ઞાન કહે છે.

(૨) કોઈ પણ શબ્દનું શ્રવણ કરવાથી વાચ્ય-વાચક ભાવ સંબંધના આધાર વડે અર્થ મળે છે તે **શ્રુતજ્ઞાન** છે.

આ જ્ઞાનની ઉત્પત્તિમાં મનની મુખ્યતા છે. અર્થાત્ પહેલાં મતિ (મન) વડે શ્રુત ગ્રહણ કરે અને પછી ફરીથી કહે–સંભળાવે ત્યારે કહેનારનું મતિજ્ઞાન અને એને જે સાંભળે તેનું શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનના ૧૪ પેટાભેદ છે. જ્ઞાનના પાંચ પ્રકારોમાં શ્રુતજ્ઞાનનો આપણા ઉપર મહાન ઉપકાર છે. સ્વ-પર કલ્યાણકારક એવું આ જ્ઞાન છે.

મતિ અને શ્રુતજ્ઞાનની ઉપસ્થિતિમાં જ શેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન પણ આ બે જ્ઞાન હોય તો જ ઉત્પન્ન થાય છે પરંતુ કેવળજ્ઞાન ઉત્પન્ન થતાંની સાથે જ આ બંને જ્ઞાન તેમાં સમાઈ જાય છે.

(૩) **અવધિજ્ઞાન :** જે જ્ઞાનની સીમા હોય અને માત્ર રૂપી પદાર્થોને જ જે જાણે છે. તેનો વિષય રૂપ, રસ, ગંધ અને સ્પર્શયુક્ત પદાર્થો જ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી એમ ચાર પ્રકારે અવધિજ્ઞાનનો વિષય જાણી શકાય છે. ચારે ગતિના જીવોને આ જ્ઞાન થાય છે. આગામી ભવમાં સાથે જાય છે.

(૪) **મનઃપર્યવજ્ઞાન :**- અપ્રમત્ત, સમ્યગ્દૃષ્ટિ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના સંયમી સાધુને જ આ જ્ઞાન થાય છે. આ જ્ઞાનની સહાયથી સામેની વ્યક્તિનો મનોભાવ જાણી શકાય છે. આ જ્ઞાનમાં જ્ઞાતા સાક્ષાત આત્મા છે અને જાણવાનો વિષય મન છે. આ ભવ સુધી જ રહે છે.

(૫) **કેવળજ્ઞાન :** ચાર ઘાતીકર્મો નાશ પામવાથી જે પૂર્ણ એક, અખંડ, અપ્રતિપાતી આત્મજ્ઞાન અંતરમાં પ્રગટે છે તેને કેવળજ્ઞાન કહે છે. આ જ્ઞાનથી કેવળી ભગવંત દ્રવ્યથી સર્વ પદાર્થો અને તેના પર્યાયોને, ક્ષેત્રથી સર્વક્ષેત્ર-લોકાલોક, કાળથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનને અને ભાવથી સર્વ ભાવોને જાણે છે, દેખે છે. બધાં જ્ઞાન આ જ્ઞાનમાં સમાઈ જાય છે. કેવળી ભગવાનનાં વચન, શ્રોતાઓના શ્રુતજ્ઞાનનું નિમિત્ત બને છે. પ્રભુનાં વચનો દ્રવ્યશ્રુત છે અને તેનાથી શ્રોતાઓને જે જ્ઞાન થાય તે ભાવશ્રુત છે.

અહીં પાંચેય જ્ઞાનનો પ્રાથમિક પરિચય આપ્યો છે. પ્રત્યેક જ્ઞાનના ભેદ-પ્રભેદ અને તેની આપણા પરની ઉપકારકતા વગેરે જાણવા માટે મૂળ 'નંદીસૂત્ર'નો સ્વાધ્યાય કરવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે-થશે.

આત્મા સ્વયં જ્ઞાનમય છે પરંતુ જ્ઞાનાવરણીય કર્મના આવરણથી તે જ્ઞાનગુણ આવરિત થઈ જાય છે. જ્ઞાન ગુણ પર, ગાઢતમ આવરણ આવી જાય તોપણ શ્રુતજ્ઞાનના અનંતમો ભાગ સદા શેષ રહી જાય છે. જો તેના પર પણ આવરણ આવી જાય તો જીવ મરીને અજીવ બની જાય છે. પરંતુ એ મુજબ ક્યારેય થતું નથી. કેમકે જ્ઞાનગુણ તે જીવનો સ્વભાવ છે. સ્વભાવનો સર્વથા નાશ કદાપિ થતો નથી.

નંદીસૂત્રના અંતે રચયિતાએ દ્વાદ્વશાંગીનો તેમજ ૧૪ પૂર્વનો સંક્ષેપમાં સરસ પરિચય આપ્યો છે. સૌથી પ્રથમ તો શ્રુત-અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યની ચર્ચા કરી છે.

તીર્થંકરોના ઉપદેશાનુસાર, ગણધરો જે ગ્રંથની રચના કરે છે તે દ્વાદશાંગી–અંગપ્રવિષ્ટ સૂત્ર છે, અને અંગ સૂત્રના આધારે સ્થવિર મુનિઓ જે શાસ્ત્રની રચના કરે છે, તે અંગબાહ્ય શ્રુત છે.

□ દ્વાદશાંગી પરિચય :

(૧) **શ્રી આચારાંગ સૂત્ર :** શ્રમણોની સંયમ વિશુદ્ધિ માટે પાંચ આચારનું નિરૂપણ છે. આ સૂત્રના બે શ્રુતસ્કંધ છે–વિભાગ છે. પ્રથમ વિભાગમાં નવ અધ્યયન છે, બીજા વિભાગમાં ૧૬ અધ્યયન છે. સાધુના આચારધર્મનું અને ચારિત્રધર્મનું સરસ વર્ણન છે. પ્રભુ મહાવીરસ્વામીના સમયથી નવદીક્ષિતોને આચારાંગસૂત્રનું અધ્યયન સર્વ પ્રથમ કરાવવામાં આવતું હતું. અર્ધમાગધી ભાષાનું સ્વરૂપ સમજવા માટે આ રચના મહત્ત્વપૂર્ણ છે.

(૨) **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર=સૂયગડાંગ સૂત્ર :** આ સૂત્રના બે વિભાગ છે. પહેલા વિભાગમાં સોળ અને બીજા વિભાગમાં સાત, કુલ ત્રેવીસ અધ્યયન છે. આ સૂત્રમાં ૧૮૦ ક્રિયાવાદીના, ૮૪ અક્રિયાવાદીના, ૬૭ અજ્ઞાનવાદીના અને ૩૨ વિનયવાદીના કુલ ૩૬૩ પાંખડીના મતોનું નિરાકરણ કરીને સ્વમતની સ્થાપના કરેલી છે. આ ગ્રંથમાં વિભિન્ન વિચારકોના મનોનું દિગ્દર્શન કરાવવામાં આવેલ છે. સ્વમત-પરમતનું જ્ઞાન સરળતાથી થાય છે.

(૩) **શ્રી ઠાણાંગ સૂત્ર :** એક શ્રુતસ્કંધ–વિભાગ અને તેના દશ સ્થાન–અધ્યયન છે. જીવાદિ તત્ત્વોનું એક, બે, ત્રણ આદિ દશ સુધીની સંખ્યાની ગણનામાં નિરૂપણ છે. આ સૂત્ર ભિન્ન ભિન્ન વિષયોનો કોશ છે.

(૪) **શ્રી સમવાયાંગ સૂત્ર :** એક વિભાગ–એક અધ્યયન–અર્થાત્ સળંગ સૂત્ર છે. આ સૂત્રમાં એકથી સો સુધીના સ્થાનોનું વર્ણન છે. જીવ-અજીવાદિ તત્ત્વો તથા સ્વ-પરદર્શનનું, લોકાલોક ભાવોનું સંખ્યા દૃષ્ટિએ વર્ણન છે. દ્વાદશાંગ ગણિ પિટકનો સંક્ષેપમાં પરિચય પણ છે. ત્રેંસઠ પુરુષોના નામ તથા તેમની મુખ્ય વિગતો વર્ણવી છે.

(૫) **શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર :** ભગવતી સૂત્ર નામથી આ સૂત્ર વિખ્યાત છે. આ સૂત્રમાં ગૌતમ સ્વામી આદિ અનેક મુમુક્ષુઓએ ભગવાન મહાવીરને પૂછેલા ૩૬,૦૦૦ પ્રશ્નોત્તર છે. એક શ્રુતસ્કંધ છે–એકસો અધ્યયન અને દશ હજાર ઉદ્દેશક છે, દશ

હજાર સમુદેશક છે. આ સૂત્રમાં સૈદ્ધાંતિક, ઐતિહાસિક-તાત્ત્વિક વિષયો અને અનેક પ્રેરક કથાનકોનું વર્ણન છે.

(૬) **શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર :** આના બે વિભાગ છે. પ્રથમ વિભાગમાં ૧૯ અને બીજામાં દશ વર્ગ છે. ધર્મકથા પ્રધાન આ સૂત્ર વિશે એવી પણ માન્યતા છે કે આ સૂત્રની બધી મળીને સાડા ત્રણ કરોડ ધર્મકથા તથા હજારો પદ હતા.

(૭) **શ્રી ઉપાસક દશાંગ સૂત્ર :-** શ્રમણ ભગવાન મહાવીરના દશ વિશિષ્ટ શ્રાવકોના ચરિત્ર દ્વારા શ્રાવકધર્મનું વર્ણન મળે છે. એક વિભાગ–દશ અધ્યયન છે. વિવિધ વર્ણનો આકર્ષક છે. શ્રાવકના ૧૨ વ્રતનું પણ વર્ણન મળે છે.

(૮) **અંતકૃતદશાંગ સૂત્ર :** આ સૂત્રના આઠ વર્ગ છે. પ્રથમ અને અંતિમ વર્ગમાં દસ-દસ અધ્યયન છે. એક શ્રુતસ્કંધ છે. આ સૂત્રમાં સંયમ-તપની આરાધના કરી, નિર્વાણ પ્રાપ્ત કરનાર, ૯૦ સાધકોનું નિરૂપણ છે.

(૯) **શ્રી અનુત્તરોપપાતિક દશા સૂત્ર :** એક શ્રુત સ્કંધ છે. અનુત્તરનો અર્થ છે અનુપમ. પાંચ અનુત્તર વિમાનમાં જે વિમાન છે તે અનુત્તર વિમાન કહેવાય છે. તપ-સંયમની આરાધના કરીને, અનુત્તર વિમાનમાં જન્મ ધારણ કરનાર આત્માઓનું વર્ણન છે. ત્રણ વર્ગમાં આ સૂત્ર વિભક્ત છે–પ્રથમ વર્ગમાં દશ, બીજા વર્ગમાં ૧૩ અને ત્રીજામાં દશ–કુલ ૩૩ અધ્યયન છે. કુલ ૩૩ મહાન આત્માનું વર્ણન છે.

(૧૦) **શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર :** પ્રશ્નોત્તરપ્રધાન આ સૂત્રમાં ૧૦૮ પ્રશ્નો છે. એક શ્રુતસ્કંધ અને ૪૫ અધ્યયન છે. **વર્તમાનકાળે** આ સૂત્રમાં પાંચ આશ્રવ અને પાંચ સંવરનું વર્ણન કરતાં ૧૦ અધ્યયન છે.

(૧૧) **શ્રી વિપાક સૂત્ર :** આ સૂત્રમાં શુભાશુભ કર્મોના ફળનું કથન છે. બે શ્રુતસ્કંધ છે. પ્રથમ વિભાગમાં અશુભ કર્મોના ફળરૂપ દુઃખવિપાકનું અને બીજામાં શુભ કર્મોના ફળરૂપ સુખવિપાકનું વર્ણન છે. કથાનકોના માધ્યમથી શુભકર્મ અને અશુભકર્મના ફળથી પરિચિત થઈ જીવ ધર્મકરણી કરવાનું નક્કી કરે છે.

(૧૨) **શ્રી દૃષ્ટિવાદ સૂત્ર :** આ સૂત્ર વિચ્છેદ ગયું છે પરંતુ તેની વિગતો મળે છે. (૧) પાંચ વિભાગમાં આ સૂત્રનું વિભાજન મળે છે. (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વ, (૪) અનુયોગ દ્વાર, (૫) ચૂલિકા.

પૂર્વના ૧૪ પ્રકાર છે–એક પૂર્વનું જ્ઞાન ખૂબ હોય છે. અંબાડી સહિત હાથી પ્રમાણ શાહીથી જેટલું લેખન થાય તેટલું એક પૂર્વનું જ્ઞાન છે.

(૧) **ઉત્પાદ પૂર્વ :** જીવ, પુદ્‌ગલ અને કાળ દ્રવ્યના ઉત્પાદ, વ્યય અને ધ્રુવતાનું વર્ણન છે.

(૨) **અગ્રાયણીય પૂર્વ :** આમાં ૭૦૦ સુનય, ૭૦૦ દુર્નય, પંચાસ્તિકાય, ષટ્‌દ્રવ્ય અને નવ તત્ત્વનું નિરૂપણ છે.

(૩) **વીર્યપ્રવાદ પૂર્વ :** આત્મવીર્ય, પરવીર્ય, બાલવીર્ય પંડિતવીર્યનું વર્ણન છે.

(૪) **અસ્તિ-નાસ્તિપ્રવાદ પૂર્વ :** જીવ–અજીવના અસ્તિત્વ-નાસ્તિત્વનું વર્ણન છે.

(૫) **જ્ઞાનપ્રવાદ પૂર્વ :** પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનું વિશદ વર્ણન છે.

(૬) **સત્યપ્રવાદ પૂર્વ :** વચનગુપ્તિનું અને ચાર પ્રકારની ભાષાના પ્રકારોનું વર્ણન છે.

(૭) **આત્મપ્રવાદ પૂર્વ :** આત્માના સ્વરૂપનું પ્રતિપાદન છે.

(૮) **કર્મપ્રવાદ પૂર્વ :** કર્મના આઠ પ્રકાર, તેની ૧૨૦ ઉત્તર પ્રકૃતિઓ, કર્મમીમાંસા છે.

(૯) **પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ :** ગૃહસ્થ ધર્મ અને સાધુના પ્રત્યાખ્યાનનું સ્વરૂપદર્શન છે.

(૧૦) **વિદ્યાપ્રવાદ પૂર્વ :** ૭૦૦ અલ્પવિદ્યા, ૫૦૦ મહાવિદ્યા તથા આઠ મહાનિમિત્ત શાસ્ત્રોનું વર્ણન છે.

(૧૧) **અવંધ્ય પૂર્વ :** શુભાશુભ કર્મફળનું વર્ણન છે.

(૧૨) **પ્રાણાયુ પૂર્વ :** પ્રાણાયામના ભેદ-પ્રભેદ, શરીર-ચિકિત્સા, આયુર્વેદની મહત્તા–વિષવિદ્યા તથા ભૂત-ભવિષ્યની ઘટનાઓને જાણવાની પદ્ધતિનું નિરૂપણ છે.

(૧૩) **ક્રિયાવિશાલ પૂર્વ :** પુરુષની ૭૨ અને સ્ત્રીની ૬૪ કળાનું– લૌકિક ક્રિયા અને લોકોત્તર ક્રિયાનું વર્ણન મળે છે.

(૧૪) **લોકબિંદુસાર પૂર્વ :** સંસાર અને તેનાં કારણો, મોક્ષ અને તેના ઉપાયો તેમ જ લોકાલોકનું સ્વરૂપ આલેખન પામ્યું છે. આ પૂર્વ શ્રુતલોકમાં ઉત્તમ છે.

ચૌદ પૂર્વના જ્ઞાતાને શ્રુતકેવળી અથવા જિન નહીં પણ જિન સરીખા કહ્યાં છે. પૂર્વનું જ્ઞાન-વર્તમાન કાળે ઉપલબ્ધ નથી.

* * *

આગમ–વાણી

- *જાણતાં કે અજાણતાં કોઈ અધર્મ કાર્ય થઈ જાય તો પોતાના આત્માને એમાંથી તરત હટાવી લેવો. ત્યાર પછી બીજી વાર એવું કાર્ય ન કરવું.*
- *ધર્મને સાંભળીને મનુષ્ય કલ્યાણકારી શું છે તે જાણે છે. વળી તે ધર્મને સાંભળીને પાપ શું છે તે જાણે છે. આમ ધર્મશ્રવણ દ્વારા તે બંનેને જાણીને જે શ્રેય હોય છે તેનું તેણે આચરણ કરવું.*

શ્રી અનુયોગદ્વાર સૂત્ર

૪૫

□ ડૉ. રસિકલાલ મહેતા

□ પ્રાસ્તાવિક :

ચાર મૂળ સૂત્રમાં 'શ્રી અનુયોગદ્વાર સૂત્ર' ચોથું મૂળ સૂત્ર છે. સર્વ આગમોને સમજવાની 'માસ્ટર કી–માસ્ટર ચાવી' છે. અનુયોગ એટલે શબ્દનું અર્થ સાથે જોડાણ. યોગ=જોડાણ કરવું અથવા સૂત્રની સાથે અનુકૂળ કે સુસંગત અર્થનો સંયોગ કરવો, શબ્દની વ્યાખ્યા કે વિવરણ કરવું તે અનુયોગ છે. અનુયોગ એટલે જીવાદિ તત્ત્વોનું તત્ત્વજ્ઞાન. તેના મુખ્ય ચાર પ્રકાર છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણ કરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ, (૪) ધર્મકથાનુયોગ.

આ આગમના અભ્યાસથી અન્ય સઘળા આગમોને સમજવાની પદ્ધતિ પ્રાપ્ત થઈ જાય છે.

□ સૂત્ર પરિચય :

સૂત્રના અર્થની વિસ્તારથી સમજ આપનાર, આ સૂત્રના રચયિતા ૯ પૂર્વધર આર્યરક્ષિત મહારાજ છે. એક શ્રુતસ્કંધ છે, ૪ દ્વાર છે. ૧૮૯૯ શ્લોક છે. ૧૫૨ ગદ્યસૂત્ર અને ૧૪૩ પદ્ય સૂત્ર છે. આવી રીતે આ આગમ ગદ્ય-પદ્ય મિશ્રિત છે. મુખ્યત્વે આમાં દ્રવ્યાનુયોગ છે. પરંતુ અન્ય અનુયોગની દૃષ્ટિએ પણ અવલોકન કરવું જોઈએ.

□ સૂત્રનું મહત્ત્વ :

આ આગમ બધા આગમોને અને એની વ્યાખ્યાઓને સમજવા માટે ચાવીરૂપ છે. મૂળ સૂત્ર ઉપરાંત આ સૂત્રને ચલિતસૂત્ર પણ કહ્યું છે. જેવી રીતે મંદિર ધજાથી શોભે છે તેવી રીતે આગમ મંદિર પણ અનુયોગ દ્વાર રૂપ ચૂલિકાથી શોભે છે. જૈનદર્શનનો જે વૈચારિક વિભાગ છે તે સંપૂર્ણ વિભાગનો આધાર મૂળ ચાર નિક્ષેપ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ–એ ચાર પાયાનો પૂરો ઉપયોગ કરે છે. આ ગ્રંથને, 'દર્શનશાસ્ત્રનો મુકુટ મણિગ્રંથ' કહેલ છે.

અર્ધમાગધી ભાષામાં આ આગમની રચના થઈ છે પરંતુ આ આગમનો સ્વાધ્યાય ખૂબ એકાગ્રતા અને થોડી સજ્જતાની અપેક્ષા રાખે છે. જ્ઞાની ગુરુ ભગવંત અથવા વિદ્વાન પંડિતની નિશ્રામાં આ સૂત્રનો સ્વાધ્યાય કરવામાં આવે તો ખૂબ સરળતાથી અર્થની સમજણ પ્રાપ્ત થઈ અપાર આનંદ પ્રાપ્ત થાય. ઉપરાંત, એક સૂત્રના યથાર્થ અધ્યયનથી અનેક સૂત્રોના અધ્યયનની રીત પણ પ્રાપ્ત થઈ શકે તેમ છે. જિનાગમને યથાર્થ રીતે સમજી એના પર ચિંતન-મનન કરી, શક્ય તેટલું આચરણમાં મૂકવાનો પુરુષાર્થ કરી, માનવ જીવનને ધન્ય બનાવીએ અને આ ધરતી પરનું આપણું આગમન ફોગટ ફેરો ન થાય તેની કાળજી રાખીએ.

□ અનુયોગ દ્વાર સૂત્રનો સંક્ષિપ્ત પરિચય :

પ્રસ્તુત આગમના આરંભે મંગલાચરણમાં પાંચ જ્ઞાનના નામ દર્શાવી, ચાર દ્વારથી વિસ્તૃત વર્ણન કર્યું છે. પાંચ જ્ઞાનની સંક્ષેપમાં સમજ આપતાં, શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનનું મહત્ત્વ વિશેષ રીતે દર્શાવેલ છે. શ્રુતજ્ઞાન પરમ ઉપકારી છે. સ્વહિતકારી–પર ઉપકારી શ્રુતજ્ઞાનની મહત્તા વર્ણવી છે. કેવળજ્ઞાની પણ શ્રુતજ્ઞાનથી અન્યને બોધ આપી શકે છે.

પછી આવશ્યક સૂત્રનું દૃષ્ટાંત આપી સૂત્રને સમજવાની પદ્ધતિ દર્શાવી છે, આ સૂત્રના અર્થ આપ્યા નથી. ચાર નિક્ષેપની દૃષ્ટિએ તેની વિચારણા થાય છે. (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ભાવ. આવશ્યક સૂત્રના છ અધ્યયનની વિગતે ચર્ચા કરી છે. આવશ્યક શબ્દના વિવિધ પર્યાયવાચી શબ્દો દર્શાવ્યા છે. દ્રવ્ય આવશ્યક-ભાવ આવશ્યકની ચર્ચા પણ કરી છે.

આટલી ચર્ચા પછી અનુયોગના ૪ દ્વારનું વર્ણન કર્યું છે. (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ, (૪) નય. આ ચારમાંથી ઉપક્રમની વિગતે ચર્ચા કરી છે; બાકીનાં ત્રણ દ્વારનું સંક્ષેપમાં કથન કર્યું છે. શ્રુત નિક્ષેપ તથા સ્કંધ નિક્ષેપની ચર્ચા દર્શાવ્યા પછી **પ્રથમ અનુયોગ દ્વાર ઉપક્રમનો** પરિચય કરાવે છે.

(૧) **ઉપક્રમ :** વસ્તુને નિક્ષેપ યોગ્ય બનાવવી તે ઉપક્રમ છે. તેના છ ભેદ છે.(૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર, (૫) કાળ, (૬) ભાવ. દરેકની સંક્ષેપમાં સમજણ આપી છે. ઉપક્રમના છ પ્રકાર અન્ય રીતે પણ દર્શાવેલ છે. અર્થાત્ **બીજી** માન્યતા અનુસાર ઉપક્રમના છ ભેદો આ પ્રમાણે છે. (૧) આનુપૂર્વી, (૨) નામ, (૩) પ્રમાણ, (૪) વક્તવ્યતા, (૫) અર્થાધિકાર, (૬) સમવતાર. આ બીજી માન્યતા મુજબનું વિગતે આલેખન પ્રસ્તુત ગ્રંથમાં મળે છે.

(૧/૧) પ્રથમભેદ આનુપૂર્વી : આનુપૂર્વી એટલે અનુક્રમ. વસ્તુના અનેક ભેદનું ક્રમશઃ વર્ણન કરવું. આનુપૂર્વીના **દશ** પ્રકાર છે. (૧) નામ (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર, (૫) કાળ, (૬) ઉત્કીર્તના, (૭) ગણના, (૮) સંસ્થાન, (૯) સમાચારી, (૧૦) ભાવ. એ દરેકની સમજણ અને પેટા વિભાગો આગમગ્રંથમાં દર્શાવ્યા છે. પ્રત્યેક અનુપૂર્વીના–પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી એમ ત્રણ-પેટા ભેદો થાય છે ક્રમશઃ સરળ રીતે સમજી શકીએ એવું નિરૂપણ આ સૂત્રમાં મળે છે.

(૧/૨) ઉપક્રમ દ્વારનો બીજો ભેદ નામ : જીવ–અજીવ આદિ કોઈ પણ વસ્તુના વાચક શબ્દને નામ કહે છે. તેના **દશ** પ્રકાર છે. એક નામ–બે નામ આદિ. આ દરેક નામના પેટા પ્રકારનું વર્ણન મળે છે. **ત્રણ** નામમાં દ્રવ્ય, ગુણ, પર્યાયની વિગતે ચર્ચા મળે છે. (૧) ગુણ અને પર્યાયનો જે આધાર તે **દ્રવ્ય** છે. **અથવા** ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવવાળા હોય તે **દ્રવ્ય** છે. (૨) ત્રિકાળસ્થાયી સ્વભાવવાળા અસાધારણ ધર્મને **ગુણ** કહે છે. (૩) પ્રતિક્ષણે બદલાતી દ્રવ્યની અવસ્થાઓ અથવા ગુણના વિકારને **પર્યાય** કહે છે. જગતના સર્વ પદાર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ છે. એકથી પાંચ નામની એક સાથે ચર્ચા કર્યા પછી, છ નામ=છ ભાવ, સાત નામ=સાત સ્વર, આઠ નામ=આઠ વિભક્તિ, નવ નામ=નવકાવ્યરસ, દશ નામ = (૧) ગુણ નિષ્પન્ન નામ, (૨) પ્રમાણ નિષ્પન્ન નામ, (૩) સમાસ, (૪) તદ્ધિત–એમ ચાર પેટા ભેદો સાથે, સદૃષ્ટાંત ચર્ચા મળે છે.

(૧/૩) **ઉપક્રમનો ત્રીજો ભેદ પ્રમાણ :** જેના દ્વારા યથાર્થ જ્ઞાન થાય તે પ્રમાણ. તેના ૪ ભેદ છે. (૧) દ્રવ્ય, (૨) ક્ષેત્ર, (૩) કાળ, (૪) ભાવ. આ દરેકના પેટા ભેદ અને તેના ઉદાહરણો સાથેની ચર્ચા ખૂબ રસપ્રદ છે.

(૧/૪) **ઉપક્રમનો ચોથો ભેદ વક્તવ્યતા છે.** અધ્યયન આદિના પ્રત્યેક શબ્દના અર્થનું યથાયોગ્ય વિવેચન કરવું તે વક્તવ્યતા છે.

(૧/૫) **ઉપક્રમનો પાંચમો ભેદ–અર્થાધિકાર :** જે અધ્યયનમાં જે અર્થ હોય તે તેનો અધિકાર છે. પ્રસ્તુત આગમમાં આવશ્યક સૂત્રના છ અધ્યયન તેનો અર્થાધિકાર છે.

(૧/૬) **ઉપક્રમનો છઠ્ઠો ભેદ સમવતાર :** સમવતાર એટલે સમાવિષ્ટ થવું. કઈ વસ્તુનો સમાવેશ કયાં થાય છે તેનો વિચાર કરવો તેને સમવતાર કહે છે. પેટાભેદ સાથે વિગતે ચર્ચા મળે છે.

બીજું અનુયોગ દ્વાર નિક્ષેપ :- સાદો અર્થ છે મૂકવું. એક શબ્દના અનેક અર્થો થાય છે. તે અનેક અર્થોમાંથી અપ્રાસંગિક અર્થોનું નિરાકરણ કરીને પ્રાસંગિક-ચોક્કસ અર્થ શબ્દનો પસંદ કરવો તે નિક્ષેપ છે. નિક્ષેપના ત્રણ પ્રકાર છે- (૧) આદ્યનિષ્પન્ન, (૨) નામ નિષ્પન્ન, (૩) સૂત્રાલાપ નિષ્પન્ન.

ત્રીજી રીતે નિક્ષેપના **ચાર ભેદ** દર્શાવેલ છે.

(૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ભાવ. દરેકના પેટાભેદ અને મંતવ્યનું વર્ણન પણ મળે છે.

ત્રીજું અનુયોગદ્વાર-અનુગમ :- અનુગમ એટલે સૂત્રને અનુકૂળ અર્થ કરવો. તેના બે ભેદ છે. ઉપરાંત, તે દરેકના પેટા ભેદનું વર્ણન પણ કરેલ છે.

અનુયોગ દ્વારનું ચોથું દ્વાર નય : અનંત ધર્માત્મક વસ્તુના અનંત ધર્મોમાંથી અન્ય ધર્મોની ઉપેક્ષાપૂર્વક એક ધર્મની પ્રધાનતાથી કથન કરવું તે નય છે. નયના **સાત** ભેદ છે. (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ, (૭) એવંભૂત નય. આ સિવાય પણ નયનું અનેક રીતે વિભાજન થાય છે. વિશેષ વિગતો આ આગમના સ્વાધ્યાયથી પ્રાપ્ત થઈ શકે છે. અહીં એટલું અવશ્ય નોંધવું જોઈએ કે નયવાદ અનેકાંતદર્શનનું મૂળ-બીજ છે. એક ધર્મનું કથન હોવા છતાં વસ્તુના અનંત ધર્મોનો સ્વીકાર છે, અન્ય ધર્મનું ખંડન નથી. નયવાદની વિચારણા સર્વનો સ્વીકાર કરે છે. સર્વ સંઘર્ષોનું સમાધાન કરે છે.

અનુયોગના ચાર દ્વારના માધ્યમથી કોઈપણ શબ્દનું અર્થ સાથે અનુસંધાન થાય છે. કોઈ પણ શબ્દના અર્થ સુધી પહોંચવા માટે અનુયોગના ચારે દ્વાર માધ્યમ બને છે. અનુયોગ દ્વાર સૂત્ર અન્ય આગમોમાં પ્રવેશ કરવા માટે માધ્યમ બને છે. સૂત્રનો સ્વાધ્યાય ખૂબ જ માંગલ્યકારક અને કલ્યાણકારક બની જશે.✷ ✷ ✷

આગમ–વાણી

- *ગુણોથી સાધુ થવાય છે અને અવગુણોથી અસાધુ થવાય છે, માટે સાધુ-ગુણોને (સાધુતાને) ગ્રહણ કરો અને અસાધુગુણોનો (અસાધુતાનો) ત્યાગ કરો. આત્માને આત્મા વડે જાણીને જે રાગ તથા દ્વેષમાં સમભાવ ધારણ કરે છે તે પૂજનીય બને છે.*
- *આ લોકમાં જેટલા ત્રસ જીવો અને સ્થાવર જીવો છે, તેને સાધક જાણતાં કે અજાણતાં હણે નહિ કે બીજા પાસે હણાવે નહિ.*
- *લોખંડનો કાંટો બે ઘડી દુઃખ આપે છે અને તે શરીરમાંથી સહેલાઈથી કાઢી શકાય છે, પરંતુ કઠોર વાણીરૂપી કાંટો સહેલાઈથી કાઢી શકાતો નથી. તે વેરની પરંપરા વધારે છે અને મહાભયાનક હોય છે.*
- *જેઓ વસ્ત્ર, સુગંધી પદાર્થો, અલંકારો, સ્ત્રી તથા શયનઆસનાદિનો ઉપભોગ સંજોગવશાત્ કરી શકતા નથી તેઓ ત્યાગી કહેવાતા નથી.*
- *સરસ અને પ્રિય ભોગો ઉપલબ્ધ હોવા છતાં તેના તરફથી જે પીઠ ફેરવી લે છે અને સ્વાધીનતાપૂર્વક ભોગોનો ત્યાગ કરે છે તે જ ત્યાગી કહેવાય છે.*

જૈન આગમના સંદર્ભે વિજ્ઞાન મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, પર્યાવરણ અને યોગ

□ શ્રી ગુણવંત બરવાળિયા

મનોવૈજ્ઞાનિકો, મનોચિકિત્સકો માનવીના મનની દશાનો અભ્યાસ કરી તેનું પૃથ્થકરણ કરી કેટલાંક તારણો કાઢે છે. મનોચિકિત્સકો દૈહિક અને મનોદૈહિક રોગોનો પોતાની કાર્યપદ્ધિત દ્વારા ઉપચાર કરે છે. કોઈપણ શારીરિક માનસિક રૂગ્ણતા સાથે સંબંધ ધરાવે છે. મનોચિકિત્સકો મન અને શરીરશુદ્ધિ સુધીના મર્યાદિત ઉપચાર કરે છે જ્યારે દાર્શનિકોએ શરીરશુદ્ધિમાં અટક્યા વિના આત્મશુદ્ધિની ઉપચાર પ્રક્રિયાને અનિવાર્યપણે જોડી દીધી છે, કારણ કે વીતરાગ પરમાત્મા ભવરોગ નિવારણવાળા પરમ વૈદ્યરાજ છે.

ફ્રોઇડવાદમાં જેમ શુભ વિચાર વિગેરેને શુભ સંકલ્પમાં પરિવર્તિત કરવામાં આવે છે એવી જ રીતે જૈનદર્શનમાં ભાવનાઓ અને લેશ્યાનું વર્ણન થયું છે. કર્મવાદનાં ચિંતનમાં ઉદવર્તન, ઉદીરણાથી સંક્રમણ વિગેરે અવસ્થાઓમાં કર્મનિર્ઝરા થાય છે. દ્રવ્ય અથવા ભાવમન દ્વારા અજાણતા પાપોનું સેવન થઈ જાય, અજાણતા અથવા અજાગ્રત અવસ્થામાં, સ્વપ્નમાં પાપોનું સેવન થઈ જાય તેવા સૂક્ષ્મ પાપોના પ્રાયશ્ચિત્ત માટે પણ જૈન આગમોમાં આવશ્યક સૂત્રમાં વિસ્તારથી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ફ્રોઈડવાદના અચેતન મનની તુલના આપણે કાર્મણ શરીર સાથે કરી શકીએ. આપણાં દમિત મન, વચન અને કાયાના વ્યાપારોનો સંબંધ કાર્મણ શરીર સાથે હોય છે. આજે મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં જેટલાં પણ શોધકાર્યો થઈ રહ્યાં છે તે કાર્મણ શરીર સુધી જ સીમિત છે જ્યારે જૈનદર્શનના સૂત્રો અનુસાર ઔદારિક, તેજસ અને કાર્મણ શરીરથી આગળ છે જીવાત્મા–શુદ્ધાત્મા.

જૈનદર્શનમાં સંમોહનની વાત આવે છે પણ તે આદર્શ સંમોહનના રૂપમાં આવે છે. મનોચિકિત્સક રોગીના શરીરને શિથિલ કરી અચેતન મનમાં ઘર કરી ગયેલી ચિંતા અને વિકારની જડ સુધી પહોંચે છે. જૈન આગમમાં આવશ્યક સૂત્ર અને અંતરતપમાં કાર્યોત્સર્ગની વિધિ બતાવવામાં આવી છે. કાયોત્સર્ગ એટલે કાયાને શિથિલ કરવી. આત્મસંમોહનની ક્રિયા, ધ્યાન સાથેની આ ક્રિયા દ્વારા, નીડરતા, વ્યસનમુક્તિ, એકાગ્રતા સાથે નિર્ણયશક્તિનો વિકાસ થાય છે. લોગ્ગસ પણ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે જે આત્માથી પરમાત્મા સુધી પહોંચવાની શુદ્ધિકરણની પ્રક્રિયા દર્શાવે છે. લોગ્ગસ આપણા અજાગૃત મનની શક્તિઓ જાગૃત કરી આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચવામાં મદદ કરે છે.

જૈનોના અનુષ્ઠાનોમાં વંદનની ક્રિયા કરવાની હોય છે. જૈનાચાર્યોએ નમન કરવાનું કહ્યું છે તેની પાછળ શરીરવિજ્ઞાન, યોગવિજ્ઞાન અને મનોવિજ્ઞાનનાં પરિબળો કામ કરે છે.

નમવાથી આપણું પેટ દબાશે અને પેટ નીચેની પેન્ક્રિયાસમાંથી જે રસ ઝરશે જે તામસી તત્ત્વોને શાંત કરશે. આ શરીરવિજ્ઞાનની પ્રક્રિયા થઈ. સાષ્ટાંગ પ્રણામની સ્થિતિમાં વંદન કરવું એટલે સમગ્ર ક્રિયાથી સમથળ પૃથ્વીના સાન્નિધ્યે સમાંતરપણે આપણે દંડવત્ થઈએ ત્યારે વૈશ્વિક ચેતનાનું આપણી સાથે અનુસંધાન થતાં જગતની શક્તિનો સહજ પ્રવેશ થાય છે. બાહ્યકૃતિ સાથે આંતરપરિવર્તન થતાં, પ્રણામ માટે આપણે જ્યારે નમીએ છીએ ત્યારે ભીતરસ્થિત અહંકાર પણ નમી જાય છે, ઝૂકી જાય છે. આપણામાંથી આપણી ચોપાસ સતત નીકળતું, સર્જતું અહમ્‌ની સુરક્ષાનું વર્તુળ ભાંગી પડે છે. આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાથી આપણે રચેલ અહમ્ અને મમ્‌ની દીવાલોમાં તિરાડ પડે છે તે શરણાગતિના અભ્યંતરભાવોના પ્રવેશ માટે સહાયક બને છે. ભાવના અભિપ્રેત થતાં લોકોત્તર વંદનની યાત્રા શરણાગતિમાં પરિણમે છે. આગમના આવશ્યક સૂત્ર અને અન્ય આગમ ગ્રંથોમાં વંદના વિશે વિગતો જાણવા મળે છે.

આધુનિક મનોવિજ્ઞાનના નિરીક્ષણ પ્રમાણે કોઈપણ વ્યક્તિના ચિત્તની એકાગ્રતા સામાન્ય સંજોગોમાં ૪૮ મિનિટથી વધુ ન રહી શકે. જૈન ધર્મના ગણધર ભગવંતોએ સામાયિક અનુષ્ઠાનની અવધિ બે ઘડી એટલે ૪૮ મિનિટ રાખી છે.

સૂત્રકૃતાંગ આગમમાં આર્દ્રક નામે અધ્યાય છે, જેમાં હસ્તિતાપસો એમ માને છે કે આહાર માટે અનેક વનસ્પતિ એકેન્દ્રીય જીવોની હિંસાની અપેક્ષાએ એક મહાકાય હાથી મારવો અલ્પહિંસા છે અને એ પ્રકારે તેઓ પોતાને અધિક અહિંસક સિદ્ધ કરે છે, પરંતુ જૈન મત અનુસાર હિંસા અહિંસાના વિવેકમાં કેટલાં પ્રાણીઓની હિંસા થઈ છે તે મહત્ત્વનું નથી, પરંતુ ક્યા પ્રાણીની હિંસા થઈ તે મહત્ત્વનું છે. ભગવતી સૂત્રમાં આ પ્રશ્ન વિશે છણાવટ કરતાં દર્શાવાયું છે કે સ્થાવર જીવોની અપેક્ષાએ ત્રસજીવોની અને ત્રસ જીવોમાં મનુષ્યની અને મનુષ્યમાં ઋષિની હિંસા વિશેષ નિકૃષ્ઠ માનવામાં આવી છે. આગમ મનીષીઓએ પ્રાણીઓની પ્રાણસંખ્યા અર્થાત જૈવિકશક્તિના વિકાસનું વિશિષ્ટ સંશોધન રજૂ કરી હિંસા, આત્માની નહિ પ્રાણોની થાય છે તેનું પ્રતિપાદન કર્યું છે. આથી હિંસા-અહિંસાના વિવેકમાં સંખ્યાનું મહત્ત્વ નથી,

મહત્ત્વ છે પ્રાણીની ઔન્દ્રિક અને આધ્યાત્મિક ક્ષમતાના વિકાસનું.

હિંસા-અહિંસાના વિવેકપૂર્ણ વ્યવહારમાં હિંસકભાવો, કષાયની તીવ્રતા, બાહ્ય ઘટના ઉપરાંત કર્તાની મનોવૃત્તિ પર હિંસાનો આધાર છે. આ વિશ્લેષણમાં સમાજચિંતન અને અનેકાંતવાદ અભિપ્રેત છે.

જૈન સૂત્રોએ તપને કર્મનિર્ઝરાના સાધન રૂપે જ ગણ્યું છે. છતાંય બાહ્યાભ્યંતર તપમાં વૈજ્ઞાનિક અભિગમને અવગણી શકાય નહીં. ઉપવાસ, ઉણોદરી કે આયંબિલ આરોગ્ય માટે પણ ઉત્તમ છે. ઉપવાસ દરમિયાન ભોજન ન લેવાથી સમગ્ર પાચનતંત્રને પાચનક્રિયાના કાર્યમાં ખંડસમયની મુક્તિ મળવાથી પાચનતંત્રમાં શુદ્ધિકાર્ય આરંભાય છે અને આખા શરીરમાં સ્વશુદ્ધિકરણની પ્રક્રિયા આરંભાય છે. શરીરમાં કોઈ જગાએ વિષદ્રવ્યનો જમાવ થયો હોય તો ઉપવાસ દરમિયાન તે ઓટોલિસિસની પ્રક્રિયા દ્વારા વિસર્જિત થવા માંડે છે. તેમનામાં રહેલો ઉપયોગી ભાગ શરીરના મહત્ત્વનાં અંગો હૃદય, મગજ વિગેરેને પોષણ આપવામાં કામ આવે છે. ઝેર શરીરમાંથી બહાર ફેંકાય છે. ગાંઠો અને ઓછી ઉપયોગી પેશીઓનું વિસર્જન થાય, શરીર નિર્મળ અને નીરોગી બને છે.

જૈન ધર્મમાં કરવામાં આવતાં અનુષ્ઠાનોનાં આસનો અને મુદ્રાઓમાં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ અભિપ્રેત છે.

નમ્મોથુણં, ઇચ્છામી ખમાસણા, ચત્તારી મંગલમ્ અને ખામણા બોલતી વખતે થતી મુદ્રા અને આસનોમાં એક્યુપ્રેસરની ક્રિયાઓ સહજ રીતે થઈ જાય છે.

નમ્મોથુણં વખતની મુદ્રા અને આસનને કારણે થતી શારીરિક ક્રિયાઓ બ્રહ્મચર્ય પાલનમાં સહાયક બને છે.

દંડાપતિક આસન, ઉત્તાશયન આસન, અવમશયત આસન, ગૈદોહિકા આસન ધ્યાન અને નિર્જરામાં સહાયક છે. સાથે સાથે અંતઃસ્રાવથી ગ્રંથિના સંતુલન અને રૂધિરાભિષરણ માટે પણ ઉપકારી છે.

કંદમૂળમાં અનંતા જીવ છે તે વર્તમાન વૈજ્ઞાનિકોએ શોધ્યું છે, પરંતુ જૈન આગમોમાં હજારો વર્ષ પહેલાં એ જણાવાયું છે કે કંદમૂળમાં અનંત જીવો હોવાથી તે અભક્ષ્ય છે.

જૈન ધર્મ પ્રમાણે કોઈ પણ જીવનો જન્મ ત્રણમાંથી એક પ્રકારે થાય છે. (૧) સંમુર્ચ્છિમ જન્મઃ નર-માદાના સંબંધ વિના જ ઉત્પત્તિસ્થાનમાં જીવોની ઉત્પત્તિ થાય છે, જે વિજ્ઞાનીઓએ છેક ઈ.સ.ની ૧૮મી સદી અને ૧૯મી સદીમાં શોધ્યું અને બતાવ્યું કે નર-માદાના સંબંધ વિના પણ જીવો ઉત્પન્ન થઈ શકે છે, વંશવૃદ્ધિ થઈ શકે છે તેને અજાતીય પ્રજનન કહે છે. પરંતુ પ્રજનનનો અર્થ સજીવ પદાર્થમાંથી સજીવ પદાર્થનું ઉત્પન્ન થવું તે છે. જ્યારે જૈન ધર્મ પ્રમાણે તો ફક્ત જીવોની, કર્મ ફિલોસોફીના આધારે ઉત્પત્તિ જ થાય છે અને પ્રજનન એ પછીનું પગથિયું છે. (૨) ગર્ભજ જન્મઃ આમાં સ્ત્રી-પુરુષ (નર-માદા)ના સંયોગ પછી ઉત્પત્તિસ્થાનમાં શુક્ર (વીર્ય) અને શોણિત (લોહી)ના પુદ્‌ગલોમાંથી જીવ ઉત્પન્ન થાય છે, પછી જુદા જુદા પ્રાણીઓના શરીરમાં જુદા જુદા સમય સુધીનો તેઓનો વિકાસ થાય છે અને યોનિ મારફતે જન્મ થાય છે જેને વિજ્ઞાની જાતીય પ્રજનન કહે છે. (૩) ઉપપાત જન્મઃ આવો જન્મ ફક્ત દેવો અને નારકીમાં જ થાય છે.

વૈજ્ઞાનિકોએ જે ૧૮-૧૯મી સદીમાં શોધ્યું તે વાત હજારો વર્ષ પહેલાં જૈનશાસ્ત્રોમાં અંકિત છે. સંમુર્ચ્છિમ જન્મ એટલે માતા-પિતા (નર-માદા)ના સંયોગ વગર જીવોનું ઉત્પન્ન થવું તે સંમુર્ચ્છિમ જન્મ એકેન્દ્રિય (પાંચ સ્થાવર) જીવો તથા હાલમાં ચાલતાં એટલે કે બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચઉરેન્દ્રિય અને મનુષ્યોમાં પણ થાય છે.

બ્રહ્મચર્યપાલન માટે જૈન ધર્મમાં નિયમ બતાવેલ છે કે સાધુએ સ્ત્રી, નપુસંક અને તિર્યંચ (પશુ) રહિત વસ્તી અર્થાત ઉપાશ્રયોમાં વિગેરે સ્થાનોમાં રહેવાનું છે. આ નિયમ ખૂબ જ અગત્યનો તેમ જ વૈજ્ઞાનિક રહસ્યથી ભરપૂર છે.

દરેક જીવમાં સૂક્ષ્મ પ્રમાણમાં વીજશક્તિ (ઇલેક્ટ્રિસિટી) રહેલી છે. દા.ત. સમુદ્રમાં ઇલેક્ટ્રિકઈલ નામની માછલી હોય છે અને તે સારા પ્રમાણમાં વીજપ્રવાહ પેદા કરે છે. જ્યાં વીજશક્તિ હોય છે ત્યાં ચુંબકિયશક્તિ પણ હોય જ. આમ આપણા સૌમાં જૈવિક વીજ ચુંબકિયશક્તિ છે, તેથી દરેક જીવને પોતાનું જૈવિક વીજ ચુંબકિય ક્ષેત્ર પણ હોય છે. આ હકીકત પશ્ચિમના વિજ્ઞાનીઓએ સાબિત કરી છે અને ચુંબકનો એક સામાન્ય નિયમ છે કે તેમાં સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ થાય છે તથા અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે; પરંતુ જો તે એકબીજાના ચુંબકિય ક્ષેત્રમાં હોય તો.

આ કારણે જ બ્રહ્મચર્ય પાલનના નિયમમાં સ્ત્રીએ પુરુષના અને પુરુષે સ્ત્રીના નેત્ર, મુખ વિગેરે અંગો સ્થિર દૃષ્ટિએ ન જોવાં. સ્ત્રી પુરુષે એક આસન પર ન બેસવું. બ્રહ્મચારી પુરુષે ૪૮ મિનિટ સુધી સ્ત્રી બેસી હોય તે સ્થાને ન બેસવું અને સ્ત્રીએ પુરુષ બેઠો હોય તે સ્થાને એક પ્રહર (ત્રણ કલાક) ન બેસવું.

સમયના સાંપ્રત પ્રવાહમાં પર્યાવરણ અસંતુલન અને ગ્લોબલ વોર્મિંગ–વૈશ્વિક તાપમાન વિશ્વ માટે એક સમસ્યા બની ગઈ છે.

જૈન આગમોમાં પર્યાવરણ અંગે સીધા ઉલ્લેખો જોવા મળતા નથી, પરંતુ આગમમાં જે જૈન જીવનશૈલીનું નિરૂપણ થયું છે અને જૈન ધર્મનાં પાયાના અહિંસા, અપરિગ્રહ અને સંયમ માટે જે નિયમોનું નિર્દેશન કરવામાં આવ્યું છે તે પર્યાવરણ સંતુલન પોષક છે.

જૈન ધર્મે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે તેમ સ્વીકાર્યું છે, તેનો વેડફાટ ન કરવા જણાવ્યું છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે પરસ્પરોપગ્રહ જીવાનામ્। આ સૂત્ર દર્શાવે છે કે જીવોને જીવન જીવવા માટે એકબીજાના આલંબનની જરૂર પડે

છે. આ સૂત્ર પર્યાવરણની રક્ષા માટે અતિઉપયોગી છે. 'ઇરિયાવહી સૂત્ર' જીવ વિરાધનાનું સૂત્ર છે, એટલે કે એમાં જાણતા–અજાણતા કોઈ જીવને પીડા ઉપજાવી હોય તો એની માફી માગવામાં આવે છે.

વધુ પડતો ભોગ-ઉપભોગ અને અસંયમ વિશ્વની કુદરતી સંપત્તિનો દુર્વ્યય કરે છે માટે જ જૈન ધર્મ ઉપભોગથી ઉપયોગની સંસ્કૃતિ તરફ વળવા જણાવે છે.

બેફામ ભોગ-ઉપભોગ વિશ્વમાં વધારાનો કચરો ઠાલવે છે તેથી વેસ્ટ મેનેજમેન્ટ એ સમગ્ર વિશ્વ માટે પીડાદાયક બન્યું છે. જૈન ધર્મમાં, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાને દર્શાવવામાં આવી છે. તેમાં 'પારિષ્ઠવિનિકા સમિતિ' આજના સંદર્ભે નોંધપાત્ર છે, જે વધારાની વસ્તુ–કચરાનો નિકાલ એટલે કઈ રીતે પરઠવું તે સમજાવે છે.

આજે માનવ પ્રકૃતિથી બહુ દૂર થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના સંદેશા ઝીલી શકતો નથી. થોડા વખત પહેલાં આવેલા વિનાશકારી સુનામીના મોજાની ઉત્પત્તિસ્થાનના ધરતીના ધબકારનો સંદેશ થાઈલેન્ડના હાથીઓને ક્યા ઇલેક્ટ્રિક ઉપકરણ દ્વારા સંભળાયો હશે ? પ્રકૃતિના સંદેશા ઝીલવા પ્રકૃતિએ જીવનની સાથે શરીરમાં ચેતના કે પ્રકૃતિના તાર જોડ્યા છે. ફોટો રિસેપ્ટીશ ગ્રંથિઓ માનવમાં નિર્બળ થતી જાય છે. ઉપાશ્રયની કોઈ એક નાનકડી ઓરડીના એકાંતમાં, હિમાલયની કોઈ ગુફામાં કે પર્વતોની ટોચે એકાંતમાં સાધના કરતા સંતોએ ન તો સંદર્ભ માટે લાયબ્રેરી કે ગ્રંથાલયો ફંફોળ્યાં હતાં કે ન તો પ્રયોગશાળામાં પ્રયોગો કર્યા હતા. છતાંય સૃષ્ટિના કેટલાંય રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યું છે. જે ઊંડાણમાં અભ્યાસ કરીએ તો વિશ્વની કોઈપણ સમસ્યાનું સમાધાન આગમગ્રંથોમાંથી મળી રહે. જ્ઞાનનાં આવરણો દૂર કરનાર જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરી અંતર્ચેતનામાં જ પ્રકૃતિનાં રહસ્યો ઉઘાડ્યાં છે. ભગવાન મહાવીરે આપેલા જ્ઞાનનો આજ વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિકો પણ આદર કરે છે. આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિક એટલે જ કહે છે કે, 'જો મારો પુનર્જન્મ હોય તો હું ભારતમાં સંત બની આત્મતત્ત્વનું સંશોધન કરીશ.'

જૈન આગમોમાં પાંચ ભરત, પાંચ ઈરવત અને પાંચ મહાવિદેહ એમ ૧૫ ક્રમે ભૂમિના વર્ણનો મળે છે.

હિંદુસ્તાન ટાઈમ્સના ઓક્ટોબરના અંકમાં એક રશિયન વૈજ્ઞાનિકે લખ્યું છે કે-

'આપણે જે પૃથ્વી પર રહીએ છીએ, ને જાણીએ છીએ તેના કરતાં એક કરોડગણી વસ્તી વધુ છે.'

'ઈ.સ. ૧૯૬૫ના યુનાઈટેડ ઈન્ફર્મેશનમાં પણ કેટલાક વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે – 'આપણા બ્રહ્માંડ જેવું બીજું બ્રહ્માંડ અસ્તિત્વ ધરાવે છે, જેમાં અબજો લોકો વસે છે.'

એક રશિયન ખગોળાશાસ્ત્રીનું મંતવ્ય છે કે- 'અત્યારના પરિચિત ગ્રહો કરતાં બીજા સાત હજાર ગ્રહો પર બુદ્ધિશાળી માનવો વસે છે.'

ટૂંકમાં વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ, જેવી કે ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, પરમાણુંવિજ્ઞાન, ભૂગોળ, ખગોળશાસ્ત્રના ભારતીય વિજ્ઞાનીઓએ, ભારતીય પ્રાચીન દાર્શનિક તેમ જ અન્ય ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરી, તેના આધારે યોગ્ય સંશોધન કરવાની અનિવાર્ય જરૂરિયાત છે અને એ પ્રમાણે થશે તો ભારતે વિજ્ઞાનના ક્ષેત્રમાં અમૂલ્ય ભેટ આપી ગણાશે.

છેલ્લા સૈકામાં રશિયાના કિર્લીયન દંપતી અને ભારતના ડો. દત્તએ ઓરા અંગે ફોટોગ્રાફ અને સંશોધન દ્વારા જણાવ્યું કે ૨૫૦૦ વર્ષ પહેલાં (ઓરા) આભામંડળની વાત ભગવાને કરી છે, જેમાં પ્રત્યેક પ્રાણી અને પદાર્થોના આભામંડળ વિશે કહેવાયું છે.

આજે સામાન્ય માનવી ભલે ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓ જોઈને વિજ્ઞાનથી અંજાઈ જતો હોય અને સર્વ વિષયોમાં વિજ્ઞાનને જ પ્રમાણભૂત–ઓથોરિટી ગણીને પોતાના મંતવ્યો નક્કી કરતો હોય, પણ વિજ્ઞાન પોતે તો આધ્યાત્મિક જગત પ્રત્યે જિજ્ઞાસુભાવે મીટ માંડી રહ્યું છે અને આધ્યાત્મિક જગતના જ્યોતિર્ધરોનાં કથનોને તે પોતાની પ્રયોગાત્મક શૈલીથી ચકાસી જોવા ઉત્સુક છે. એ જિજ્ઞાસામાંથી જન્મેલાં સંશોધનો આજે વિજ્ઞાનજગતમાં એ સત્યને ગુંજતું કરી રહ્યા છે કે, 'શરીરના નાશ પછી પણ કંઈક કાયમ રહે છે.'

'ધ ફાઇન્ડિંગ ઓફ ધ થર્ડ આઈ'માં વેરા સ્ટેન્લી એલ્ડર (Vera stanley Alder) લખે છે કે, 'થોડા સંશોધનોએ શક્યતા ઊભી કરી દીધી છે કે વિજ્ઞાનની શોધો અને પૂર્વકાળના જ્ઞાની પુરુષોનાં વચનો એકબીજામાં સમાઈ જશે. એ બેમાં જે ફરક દેખાય છે તે માત્ર શાબ્દિક અને રજૂઆતનો જ છે.' પ્રાકૃતિક જગતનાં રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેના ઉપર માનવીનું પ્રભુત્વ સ્થાપિત કરતી વિજ્ઞાનની નિતનવી શોધખોળોથી પ્રભાવિત થઈ આજનો ભણેલોગણેલો ગણાતો માનવી જ્યારે આધ્યાત્મિક જગતથી દૂર ખસી રહ્યો છે, ત્યારે ઉપર્યુક્ત ઉદ્‌ગારો કોઈનું પણ ધ્યાન ખેંચે એ સહજ છે.

દાર્શનિકોએ આલેખેલાં સત્યો વિજ્ઞાનની કસોટી પર ચડાવી પાર ઉતારવાથી નવી પેઢીને ધર્મ-દર્શનમાં શ્રદ્ધા વધશે.

વિજ્ઞાનને એક ચણોઠી જેવું ગણીએ તો ધર્મ-દર્શન સુવર્ણ જેવું છે પરંતુ પૂર્વકાળમાં સુવર્ણનું વજન કરવા પણ ચણોઠીની મદદ લેવી પડતી હતી. આચાર્ય વિનોબા ભાવે કહેતા, વિજ્ઞાન જીવનની પ્રાણશક્તિ છે અને અધ્યાત્મ જીવનનું ચિત્ત છે. ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય માનવજાતનું કલ્યાણ કરી શકે. અંધશ્રદ્ધાનો છેદ ઉડાડી વિવેકપૂર્ણ શ્રદ્ધાસહ ધર્મનું આચરણ જ આપણું કલ્યાણ કરી શકે.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય, કે ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. ✷ ✷ ✷

આગમ મોક્ષમાર્ગનો નિર્દેશ કરે છે

□ યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.

જ્યારે કોઈ દિશા, કોઈ ધ્યેય, લક્ષ્ય નક્કી થાય છે ત્યારે એ દિશામાં ગતિ અને પ્રગતિ સહજતાથી થવા લાગે છે, પણ જ્યાં સુધી દિશા નક્કી હોતી નથી ત્યાં સુધી વ્યક્તિનું મન વેવરીંગ હોય છે...ત્યાં સુધી તેની શક્તિઓ વપરાય છે ઓછી અને વેડફાય છે વધારે...!!

ભગવાન મહાવીર...મહાવીરના નામની આગળ 'ભગવાન' શબ્દ...શું આ શબ્દ જન્મોજન્મથી વપરાતો હશે કે પછી તેમની દિશા નક્કી થઈ, ગતિ નક્કી થઈ, પ્રગતિ શરૂ થઈ પછી વપરાવાની શરૂઆત થઈ?

આ જગતના મોટા ભાગના જીવો લક્ષ્ય વિહીન જ હોય છે, દિશા વગરની દોટવાળા હોય છે. સંસારમાં રહીને ગમે તેટલી ગતિ કરે કે પ્રગતિ...પણ એ ટેમ્પરરી જ હોય છે. કેમકે, લક્ષ્ય વિહીન હોય છે. જીવનની ગમે તેટલી દિશા નક્કી કરો, એના અંતે કોઈ પ્રાપ્તિ હોતી નથી.

જીવનમાં ધારેલી બધી જ દિશાઓ અવદશાનું કારણ હોય છે કે સત્‌દશાનું? જીવનમાં કરેલી બધી જ ગતિઓ સદ્‌ગતિનું કારણ હોય છે કે પછી...?

એટલે માનવીનું લક્ષ્ય જીવનને દિશા આપવાનું નહીં પણ જીવને દિશા આપવાનું હોવું જોઈએ. કેમકે, જીવન ટેમ્પરરી અને જીવ પરમેનન્ટ છે.

જીવનને દિશા આપનારા અનેક આત્માઓની વચ્ચે એક આત્મા હતો...જીવને દિશા આપનારો...! એ આત્મા હતો ભગવાન મહાવીરનો...!!

એ ભગવાન મહાવીર...એમના નામની આગળ લાગતો શબ્દ 'ભગવાન' કંઈક અલગ જ સ્પંદન કરાવે છે, કંઈક અલગ જ ફીલીંગ્સ લાવે છે.

આપણા આત્મા અને ભગવાનના આત્મામાં કોઈ ફરક હોય કે પછી એક સરખા જ હોય...! શું મહાવીરના આત્મા પાસે વધારે જ્ઞાન હોય અને આપણા આત્મા પાસે ઓછું હોય એવું બને ખરું..? શું મહાવીર પાસે સ્ટ્રોંગ બળ હોય અને આપણે નિર્બળ...એવું હોય ખરું?

ભગવાન કહે છે, બધાંનો આત્મા એક સરખો છે, એક સરખી ક્ષમતાવાળો છે. આત્માની દૃષ્ટિએ બધાં જ આત્મા એક સરખાં છે, કોઈ ફરક નથી, છતાં ઘણો ફરક છે.

બધાંના આત્મપ્રદેશો સરખાં, બધાંની આત્માશક્તિ સરખી, બધાંનું આત્મજ્ઞાન સરખું...છતાં એક કેવળજ્ઞાની, એક અલ્પજ્ઞાની અને એક અજ્ઞાની...આવું કેમ? આ ભેદ શા માટે? જો ભગવાનનો આત્મા અને આપણો આત્મા સરખો હોય તો તેઓ કેમ ભગવાન અને આપણે કેમ નહીં?

કેમકે, ભવોભવથી આપણે જીવનને દિશા આપતાં આવ્યાં છીએ જ્યારે ભગવાને તે ભવમાં જીવને દિશા આપી હતી.

જીવનની કોઈ પણ દિશા હોય, તે માત્ર આંખ ખુલ્લી હોય ત્યાં સુધી જ દેખાય છે, આંખ બંધ થાય પછી દેખાતી નથી. જીવનની દિશાઓ અને દશાઓ વારંવાર બદલાયા કરે છે. જ્યારે મહાવીરે જીવની દિશા નક્કી કરી, એ દિશા પણ એક જ હતી અને એની દશા પણ એક જ હતી...

મહાવીરે જે દિશા નક્કી કરી હતી, તે દિશા હતી... 'હું મને મળું.'

ઘણાંને એમ થાય, આપણે તો આપણને રોજ મળીએ જ છીએ ને...? પણ ના...!! હું જેને મળું છું તે હું છું જ નહીં, અને જેને મારે મળવાનું છે તેને હું આ જ સુધી મળ્યો જ નથી.

જે પોતાને મળે છે, તેને બીજાને મળવાનું રહેતું જ નથી. જે પોતામાંથી મેળવી લે છે તેને બહારથી કાંઈ મેળવવાનું રહેતું જ નથી. જે પોતાને મળતા નથી તે જગત આખાને મળવા જાય છે.

જે જગત આખાને મળે પણ પોતાને જ ન મળે તે ક્યારેય કાંઈ મેળવી શકતો નથી. કેમકે, જગતમાંથી જે કાંઈ મેળવીએ છીએ તે મેળવેલું હોય છે, અને મેળવેલું હંમેશાં ગુમાવવાનું જ હોય છે.

હું મને મળું, હું મારામાંથી કાંઈ મેળવું, હું મારા થકી કંઈક મેળવું અને એવું મેળવું, જેનાથી આખા જગતને પ્રકાશિત કરી શકું એવો બોધ જ્યાંથી મળે તે ગ્રંથનું નામ છે 'આગમ.'

ભગવાન મહાવીર પોતાને મળ્યાં અને પોતાને મળીને શું કર્યું? અને આપણે શું ન કર્યું?

ભગવાન મહાવીર અને આપણે બધાં અસંખ્ય આત્મપ્રદેશોવાળા છીએ. આપણા આત્માના અસંખ્ય નાના નાના પાર્ટીકલ્સ જેને આત્મપ્રદેશ કહેવાય તે અશુદ્ધ અવસ્થામાં છે. ભગવાને પોતાને મળીને એ અસંખ્ય પાર્ટીકલ્સને શુદ્ધ કર્યા, નિર્મૂળ કર્યા અને જ્યારે એમનો આત્મા સંપૂર્ણ શુદ્ધ થઈ ગયો

ત્યારે તે 'ભગવાન' બન્યાં. તો પછી શું ભગવાન પાસે એ અસંખ્ય પાર્ટીકલ્સને શુદ્ધ કરવાની પ્રોસેસ છે અને આપણી પાસે નથી? શું ભગવાન પાસે એવી ક્ષમતા છે અને આપણી પાસે નથી? ના એવું નથી...!

અત્યારે પણ આપણા એ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની વચ્ચે, શરીરના મધ્યભાગમાં આઠ એવા પાર્ટીકલ્સ છે જે એકદમ પ્યોર છે, જે સિદ્ધ ભગવાન જેવા છે, જેમાં અનંતશક્તિ પણ છે, જેમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પણ છે. આત્માના પ્રદેશો જે અસંખ્ય કર્મોના આવરણથી અવરોધાયેલાં છે તેમાં માત્ર આ આઠ જ ઓપન છે. પણ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની સામે આઠ પાર્ટીકલ્સ નગણ્ય બની જાય છે.

જેમ એક તરફ હજારો માણસોનો અવાજ હોય અને એક તરફ આઠ માણસોનો અવાજ હોય, તો કોનો અવાજ વધારે સંભળાય? એ હજારોના અવાજમાં આઠનો અવાજ તો ક્યાંય દબાય જાય...!'

માનો કે એક મોટી ગટર છે...એમાં એક માણસ ઊભો છે. એના હાથમાં એક ગુલાબનું ફૂલ આપી દો... તે માણસને ગટરની ગંધ આવશે કે ગુલાબની સુગંધ?

તેમ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની વચ્ચે આ આઠ શુદ્ધ પાર્ટીકલ્સ ગુલાબના ફૂલ જેવાં છે.

આસપાસની અશુદ્ધિઓની વચ્ચે તેની શુદ્ધતાનું મૂલ્ય બહાર આવતું નથી...આ આઠ પ્રદેશોને જે એક્ટીવ કરે છે તેનું નામ 'આગમ' છે.

ભગવાન મહાવીરે સાડાબાર વર્ષ સુધી એકાંત સાધના કરી, મૌન રહયાં અને અસંખ્ય આત્મ પ્રદેશોને શુદ્ધ કરતાં કરતાં એક પરમ 'સત્ય'ને પ્રાપ્ત કર્યું. એટલે જ જ્યારે ભગવાન મહાવીરે દેશના આપવાની શરૂઆત કરી...જ્ઞાનવાણી વહાવવાની શરૂઆત કરી ત્યારે જે શબ્દો એમના મુખમાંથી નીકળતાં હતાં તે માત્ર શબ્દો ન હતાં, સત્ય અને સત્ત્વ ભળેલો બ્રહ્મનાદ હતો, કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપી બ્રહ્મની પ્રાપ્તિ પછી જે નાદ નીકળતો હતો તે 'બ્રહ્મનાદ' હતો.

બ્રહ્મનાદ એને કહેવાય જે માત્ર કાન જ ન સાંભળે પણ હૃદય અને આત્માના એક એક પ્રદેશ સુધી પહોંચી જાય.

બ્રહ્મનાદ એને કહેવાય જેના દ્વારા આ આઠ પ્રદેશ એક્ટીવ થઈ જાય.

ભગવાનની દેશના સાંભળી હજારો લોકોના આ આઠ પ્રદેશ એક્ટીવ થવા લાગ્યાં હતાં. અશુદ્ધિના આવરણ દૂર થવા લાગ્યા હતાં.

જયારે શુદ્ધિ થવા લાગે છે ત્યારે સિદ્ધિ નજીકમાં આવી જાય છે.

સંસારમાં રહીને આપણે દરરોજ અશુદ્ધ પાર્ટીકલ્સને એક્ટીવ કરીએ છીએ કે શુદ્ધ પાર્ટીકલ્સને...? સંસારનું વાતાવરણ અશુદ્ધ પાર્ટીકલ્સને એક્ટીવ કરે છે, જ્યારે ભગવાનની વાણી આ આઠ પાર્ટીકલ્સને એક્ટીવ કરે છે.

'અગમ' ને એક્ટીવ કરે તેને **'આગમ'** કહેવાય. 'અગમ' એટલે ઈન્દ્રિયોથી જેને 'ગમ' ન પડે તે અને તે છે આ આઠ પાર્ટીકલેસ.

ભગવાન મહાવીરે કહ્યું છે,

'નો ઈંદિયગેજ અમુત્તભાવા.'

ઈન્દ્રિયો જેને ગ્રહણ ન કરી શકે તેવો સમૃતભાવ જેને એક્ટીવ કરે તેને **'આગમ'** કહેવાય.

આજ સુધી જેટલાં પણ પ્રખર અને જ્ઞાની પુરુષો થઈ ગયાં છે, જેટલાં ધુરંધરો થઈ ગયાં...જેમણે જૈન શાસનની આ જ્યોતને અઢી હજાર વર્ષ સુધી પ્રજ્વલિત રાખી છે તે કોના આધારે રાખી શક્યા છે?

માત્ર **'આગમ'**ના આધારે જ...!!

એ સર્વ ધુરંધરો અને જ્ઞાનીજનો વહેતી ગંગા જેવા છે. જ્યારે એમનો આધાર ગંગોત્રી આગમ છે... **જો ગંગોત્રી જ ન હોય તો ગંગા ક્યાંથી હોય?**

જ્ઞાનની એ ગંગોત્રીને **'આગમ'** કહેવાય છે.

'આગમ' આપણને એક દિશા આપે છે... જે દિશા મોક્ષ સુધી લઈ જાય છે. ✷✷✷

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર

महुरेहिं णिउणेहिं, वयणेहिं चोययंति आयरिया।
सीसे कहिंचि खलिए, जह मेहमुणिं महावीरो।।

જેમ ભગવાન મહાવીર સ્વામીએ મેઘમુનિને સ્થિર કર્યા તેમ કોઈપણ પ્રસંગે શિષ્ય સ્ખલિત થઈ જાય તો આચાર્ય તેને મધુર તથા નિપુણ વચનોથી સંયમમાં સ્થિર થવા માટે પ્રેરિત કરે છે.

આગમના રહસ્યો...સિક્રેટ્સ ઑફ આગમ...

જેમ ગીતા હિન્દુ ધર્મની, કુરાન મુસ્લિમ ધર્મની, બાઈબલ ક્રિશ્ચિયન ધર્મની ઓળખ છે તેમ 'આગમ' જૈન ધર્મની ઓળખ છે.

□ યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.

આગમ એટલે શું ? જે આત્માની સમજ આપે, આત્માની ઓળખ કરાવે, તે **આગમ.**

આગમ-જેમાં છે પરમાત્માના મુખમાંથી વહેતી વાણી! ભગવાને મોક્ષમાં જતાં પહેલાં સર્વ જીવોના કલ્યાણ માટે આપેલી અંતિમ દેશના...!

ભગવાને જે વાણીમાં પ્રવચન આપ્યું હતું તે ભાષા અર્ધમાગધી હતી અને સાંભળનારા અલગ અલગ દેશના, અલગ અલગ પ્રકારના લોકો હતા...મનુષ્યોની સાથે અલગ અલગ પ્રકારના પશુઓ અને પક્ષીઓ પણ હતાં.

બધાં એને પોતપોતાની ભાષામાં સમજી શકતાં હતાં. એનો અર્થ એમ નથી કે ભગવાનની અર્ધમાગધી ભાષા ગુજરાતીને ગુજરાતીમાં સંભળાય અને મારવાડીને મારવાડીમાં સંભળાય. એનો ગુઢાર્થ એ છે ભગવાનની વાણી સાંભળી સહુ ભગવાનના ભાવોને સમજી જતાં હતાં. ભગવાન શું કહેવા માંગે છે તે વાત પોત પોતાની ભાષા રૂપે એમને સમજાઈ જતું હતું, કેમકે, તે દેવકૃત રચના હતી જેને જૈનધર્મમાં અતિશય કહેવાય છે.

અતિશય એટલે આશ્ચર્ય...!!

જેવો તારો જીવ છે તેવો જ તેનો જીવ છે. સર્વ જીવોને તું તારા આત્મા સમાન માનતો થઈ જા અને છકાયના જીવોની રક્ષા કર.

છકાયના જીવો એટલે ભગવાને છ પ્રકારના જીવો કહ્યાં છે. માટી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય.

પાણીમાં જીવ છે એમ નહીં, પાણી જ જીવ છે. પાણીમાં તો જીવાત, માછલી હોય તે સામાન્ય વાત છે. પણ **પાણી પોતે જ જીવ છે.**

પાણીના એક ટીપામાં કોમ્પ્રેસ કરેલાં કેટલાં જીવો હોય છે, ખબર છે ? બધાં જીવોને જો એક સામાન્ય માણસ જેવડાં બનાવી દઈએ તો આખા વિશ્વની બધી જ જગ્યા ખીચોખીચ ભરાય જાય તેના કરતાં પણ વધારે જીવ પાણીના એક ટીપામાં હોય છે...!!

હવે એક મગ પાણીથી તમે તમારું મોઢું ધુવો તો કેટલાં જીવો મરી જાય ?

ભગવાને કહ્યું છે, જેમ કોઈ આંધળો, બહેરો, મૂંગો માણસ હોય તેને કોઈ બાંધે, મારે, કાપે અને છૂંદી નાંખે ત્યારે તેને જેટલી વેદના થાય તેટલી જ વેદના પાણી, માટી, અગ્નિ, વાયુ અને વનસ્પતિને થાય. તમારા શરીર પર કોઈ છરીથી ઘા કરે અને તમને જે વેદના થાય તેવી જ વેદના જ્યારે કોઈ વૃક્ષને કુહાડીથી કાપો ત્યારે થાય. છ કાયના જીવોમાં સંવેદના છે માટે વેદના છે. ઘણાંને ટેવ હોય હાલતાં ચાલતાં ઝાડના પાંદડાને તોડતાં જાય... ત્યારે તે પાંદડાને કેવું થાય ખબર છે ? એક વિશાળકાય વિકરાળ રાક્ષસ તમારી બાજુમાંથી પસાર થાય અને તમારો કાન તોડીને જતો રહે ત્યારે તમને જેવું થાય!

ભગવાન કહે છે, **જેવો તારો જીવ છે તેવો જ તેનો જીવ છે,** અને તે આ જીવોની હિંસાથી પર થાય છે એટલે કે બચીને રહે છે, તે વહેલો મોક્ષમાં જાય છે.

અને જે આ હિંસાથી બચતો નથી તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે. જગતના જીવોને પાપથી બચાવવા અને જીવોની રક્ષા કરવા ભગવાને કરૂણા કરી કેવા કેવા રહસ્યો સમજાવ્યાં!!!

આત્મા રાઉન્ડ મારે...

વિચાર કરો... તમે જીવી રહ્યા છો અને તમારો આત્મા તમારા શરીરની બહાર નીકળી એક રાઉન્ડ મારીને પાછો તમારા શરીરમાં આવી જાય. માનવામાં નથી આવતું ને ?

ભગવાને કહ્યું, હા એ શક્ય છે. અને ભગવાને તેનું પણ રહસ્ય બતાવ્યું છે.

આત્માની એક વિશિષ્ટ શક્તિ છે, જેનું નામ સમુદ્‌ઘાત.

તમે જ્યારે એકદમ ગુસ્સામાં આવો, આવેગમાં આવો, ઉદ્‌વેગમાં આવો ત્યારે શું થાય ? તમારા હાથ પગ ધ્રુજવા લાગે!

તમે ક્યારેક અચાનક આશ્ચર્યજનક સમાચાર સાંભળો ત્યારે શું થાય ? તમારા રૂંવાડા ઊભા થઈ જાય...!

કોઈનો પગ અચાનક તમારા પગના અંગુઠા પર પડે ત્યારે શું થાય ? તમારા મોઢામાંથી ચીસ નીકળી જાય...!

ઘણીવાર સાંભળીએ છીએ કે કોઈ માજીને ડૉક્ટરે 'ડેડ' ડીકલેર કરી દીધાં હોય અને અર્ધા કલાક પછી પાછા નોર્મલ થઈ ગયા હોય, અને હાલવા ચાલવા લાગે.

તમને ખબર નથી પડતી આ બધું શું થાય છે. કેવી રીતે થાય છે ? આ જે પણ ક્રિયા થાય છે તેની પાછળનું સિક્રેટ એ જ છે કે એક સેકંડ માટે તમારો આત્મા તમારા શરીરમાંથી બહાર નીકળી જાય છે. મૃત્યુ ન થયું હોવા છતાં પણ આત્માની શરીરમાંથી બહાર નીકળી જવાની પ્રોસેસ એટલે સમુદ્‌ઘાત...!

એ થોડી ક્ષણો માટે આત્મા રાઉન્ડ મારીને પાછો તમારા શરીરમાં આવી જાય-ક્યારેય કલ્પના કરી છે કે આવું પણ શક્ય છે ?

ભગવાને આગમમાં આવા રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યું છે. ✷ ✷ ✷

આગમ એક અદ્‌ભુત જીવનકલા

□ પૂ. ડૉ. તરુલતાબાઈ મહાસતીજી

જૈન દર્શનનો પ્રાણ આત્મા છે. જૈનાગમોમાં પ્રરૂપિત વિવિધ તત્ત્વોનાં કેન્દ્રમાં આત્મા છે–અધ્યાત્મ છે. તેથી જ સર્વવિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યાનું સ્થાન સર્વોપરિ છે. કારણ કે અધ્યાત્મવિદ્યા સિવાય અન્ય કોઈ પણ લોક વિદ્યાની પાસે શાશ્વત સુખની ગેરેંટી નથી.

લોક વિદ્યાથી જે કાંઈ પ્રાપ્ત થાય છે, તે બધું જ આત્માની પરિધિથી બહાર છે. તેથી આત્મા તેનો ઉપભોગ કરી શકે જ નહીં. તેથી જ લોક વિદ્યા પાસે આત્મશાંતિનો કોઈ ઉપાય છે જ નહીં. આત્મશાંતિ અધ્યાત્મવિદ્યાનો સર્વથા સુરક્ષિત અધિકાર છે. અને એ અધ્યાત્મવિદ્યાનો પ્રારંભ થાય છે, તત્ત્વજ્ઞાનથી...!

આ તત્ત્વજ્ઞાન એટલે જ આગમ...! જે સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર પરમાત્માના શ્રીમુખેથી પ્રસ્ફૂટિત થઈ, ગણધરો દ્વારા વિસ્તરિત થાય છે.

તીર્થંકર પરમાત્મા પ્રથમ દેશનામાં ચૌદપૂર્વના સારરૂપ ત્રિપદી પ્રકાશે છે–'ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા.' આ રહસ્ય પુરિત ત્રણ સૂત્રો કર્ણપટ દ્વારા અંતરમાં ઉતરી, જ્ઞાનનો પારાવાર ક્ષયોપશમ થઈ, દ્વાદશાંગી રૂપ વિસ્તાર જેનાં માનસમાં ઉભરે છે, તેવા મહા સામર્થ્યવાન આત્માઓ ગણધરપદનું બિરૂદ પામે છે, ત્યાં દ્વાદશાંગી રચાય છે, ચૌદ પૂર્વોનું જ્ઞાન તેમાં સમાવિષ્ટ હોય છે. આ રીતે તીર્થંકર પરમાત્મા માનવ જાતનાં હિતના કારણે જ્ઞાનનો ગૂઢ ખજાનો ખોલી આપે છે, તેને 'આગમ' કહો, કે કહો 'તત્ત્વજ્ઞાન'.

તત્ત્વજ્ઞાન સર્વ સમસ્યાઓનાં સમાધાનની એક અદ્‌ભુત જીવનકળા છે. એ જ જીવનનું સર્વ પ્રથમ કર્મ અને સર્વ પ્રથમ ધર્મ છે. તેના વિનાનું જીવન અપાર વૈભવની વચ્ચે પણ દરિદ્ર અને અશાંત છે. કિંતુ તત્ત્વજ્ઞાનની હાજરીમાં સર્વ જગતનાં વૈભવ વિના પણ તે એકલો પરમેશ્વર છે.

તત્ત્વજ્ઞાનની સંપૂર્ણ શક્તિ આત્માને માટે જ છે. કારણકે તે ખરેખર આત્માની જ પરિશુદ્ધ બોધાવસ્થા છે. તે આત્માના અનંત કષ્ટોનાં કારણોનું નિદાન કરી જીવનના શાંતિ નિકેતનનું ઉદ્‌ઘાટન કરે છે.

તે કહે છે કે આત્મા સદા અવિનાશી, અનંત શાંતિનિધાન, પરમ વીતરાગ, સર્વથી ભિન્ન, અનંત શક્તિપૂંજ, એક સંપૂર્ણ ચૈતન્ય સત્તા છે. પણ પોતે સ્વયં અનંત મહિમાવાન હોવા છતાં આત્માને પોતાનાં ગૌરવનો વિશ્વાસ અને બોધ નથી. માટે જ અનાદિથી તે દેહ અને દેહની આસપાસ અગણિત જડ પદાર્થોમાં પોતાની પ્રાણપ્રતિષ્ઠા કરતો રહ્યો છે.

એ કારણે જ અનંત કાળથી દુ:ખોને ભોગવી રહ્યો છે. તત્ત્વજ્ઞાન–આગમ એક એવી શક્તિ છે કે જે આ દુ:ખોનાં સદંતર પરિહારનો પથ પ્રદર્શિત કરે છે. આગમ કહે છે કે, સુખ અને શાંતિ આત્માનું જ સ્વરૂપ છે. તેથી અન્ય કોઈ પદાર્થ તથા ઈન્દ્રિય ભોગોને શાંતિનું સાધન માનીને પદાર્થોનો સંગ્રહ કરવાની ચેષ્ટા કરવી તે મહામૂર્ખતાપૂર્ણ અપરાધ છે. આ કારણે જ ભૌતિક ભાવોમાં ભમતો જીવ દુ:ખ-પીડા તેમ જ કષ્ટ વેઠે છે.

તત્ત્વદૃષ્ટા જીવને દેહ હોય છે અને દેહની આસપાસ અગણિત ઈન્દ્રિય વિષયોનું સાનિધ્ય પણ હોય છે. એટલું જ નહીં, ક્યારેક વિષયોનું મનગમતું પરિણમન પણ થાય. પરંતુ સ્વ-પરનાં યથાર્થ ભેદ-વિજ્ઞાનનાં કારણે એ તત્ત્વદૃષ્ટા આ પરિસ્થિતિઓથી પ્રભાવિત થતો નથી.

તત્ત્વજ્ઞાન તત્ત્વદર્શીની પ્રયોગશાળા છે. તે આત્મા સાથે જોડાયેલ વિજાતીય પડોનું X-RAYનાં કિરણોની જેમ ત્યાં સુધી ભેદન કરતો રહે છે, કે જ્યાં સુધી તેને આનંદનિધાન ચૈતન્યનાં દર્શન ન થાય. કાયા અને કર્મની માયામાં તો તેના ચરણ રોકાતા જ નથી. કારણકે તેમાં તેને ચૈતન્યનો આભાસ પણ નથી મળતો. જડ-ચૈતન્યની અત્યંત વિભિન્નતાનું ભાન, તત્ત્વદર્શીને કાયમ હાજર હોય જ છે. તેથી તે આત્મા એ અનુભવમાં આળોટતો રહે છે.

જીવનમાં જેટલા સંયોગ-વિયોગ ચાલ્યા કરે છે, તેના વિષયમાં આગમ કહે છે કે તે આત્માના પુરુષાર્થથી ઊભા થયેલા નથી. પરંતુ કર્મ સાપેક્ષ છે. દૃષ્ટિશૂન્ય અજ્ઞાનીએ પોતે પ્રાપ્ત કર્યાં છે, એવી અસત્ માન્યતામાં રાચે છે અને તેથી જ પોતાનું સારું યે જીવન સંયોગોની સુરક્ષામાં નષ્ટ કરે છે. પણ જે તત્ત્વજ્ઞાની છે, તે ગમે તેવા સંજોગ-વિયોગમાં સમરસ જીવન જીવે છે.

તત્ત્વજ્ઞાન કષાયનાં શિખરો પર ઉલ્કાની જેમ પડે છે. જેનાં કારણે વ્યક્તિનાં પાપાચરણોની પરતોનો ધ્વંસ થઈ જાય છે. આજ સુધી ભયંકર પાપો દ્વારા આત્મા પર કર્મોનાં ગંજ ખડકાયાં હતાં, તે સાફ થઈ જાય છે. અને વ્યક્તિ તત્ત્વજ્ઞાન દ્વારા આત્મ વિશુદ્ધિની સ્થાયી સંપત્તિનો સ્વામિ બને છે.

આ રીતે આગમ કહો કે તત્ત્વજ્ઞાન કહો તે ચરમ પતનથી ચરમ ઉત્કર્ષ સુધી લઈ જવા માટેનો પ્રશસ્ત માર્ગ છે.

જૈન કૂળમાં જન્મ મળવાનાં કારણે આપણને સહજતા અને સરળતાથી પ્રાપ્ત થયેલાં આ આગમોનાં ઊંડા મર્મોને સમજી પ્રયોગમાં ઉતારીએ. આત્માથી આત્માનો અનુભવ કરીએ...!!!

✷ ✷ ✷

શ્વેતાંબર માન્ય જૈન અંગ આગમ સાહિત્યનો રચનાકાળ

ડૉ. સાગરમલ જૈન ● સંક્ષિપ્ત અનુવાદ : ડૉ. મધુબેન બરવાળિયા

જૈન આગમ સાહિત્ય વિશાળ છે. જે મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચાયેલું છેઃ ૧. અંગ પ્રવિષ્ટ (અંગસૂત્રો)–૨. અંગબાહ્ય. શ્રી નંદીસૂત્રમાં આ બંને વિભાગોના ૭૮ ગ્રંથોની નોંધ પ્રાપ્ત છે. આમાંથી લગભગ ૨૮ ગ્રંથો આજે ઉપલબ્ધ છે. અપ્રાપ્યગ્રંથોના રચનાકાળનો નિર્ણય કરવો મુશ્કેલ છે. એ વિશે આપણે એટલું જ કહી શકીએ કે એ ગ્રંથોનો નંદીસૂત્ર પહેલાં એટલે કે ઈસુના પાંચમા સૈકા પહેલાંનો સર્જનકાળ હોઈ શકે. શ્વેતાંબર પરંપરામાં તત્ત્વાર્થ ભાષ્ય અને દિગંબર પરંપરાના સર્વાર્થસિદ્ધ આદિ ગ્રંથોમાં ૧૨ અંગ અને ૧૪ અંગબાહ્યના ઉલ્લેખો મળે છે એમાંથી દૃષ્ટિવાદને છોડીને ૧૧ અંગ તથા અંગબાહ્ય આગમ ગ્રંથો આજે પણ શ્વેતાંબર પરંપરામાં ઉપલબ્ધ છે.

કોઈપણ ગ્રંથના રચનાકાળ, કે જેમાં લેખક કે રચના સંવતનો ઉલ્લેખ ન હોય તેનો રચનાકાળ નિર્ધારિત કરવા માટે કેટલાંક તથ્યો પર નિર્ભર થવું પડે છે.

(૧) એ ગ્રંથનો સર્વપ્રથમ ઉલ્લેખ ક્યા ગ્રંથમાં મળે છે. અને તે ગ્રંથનો રચનાકાળ શું છે ?

(૨) એ ગ્રંથની ભાષા કઈ છે અને એ ભાષાનું સ્વરૂપ ક્યા કાળમાં પ્રચલિત રહ્યું હતું ?

(૩) એ ગ્રંથ અથવા એ ગ્રંથની વિષયવસ્તુનો સંદર્ભ અન્ય ગ્રંથોના ક્યા કાળને મળતો આવે છે ?

(૪) ગ્રંથમાં નિરૂપણ થયેલ વિષયવસ્તુ અને દાર્શનિક ચિંતન ક્યા કાળનું છે કારણ કે ભારતની દાર્શનિક ચિંતનધારાનો કાળક્રમમાં વિકાસ થયો છે માટે તે ઉપસ્થિતિને આધારે કોઈ પણ ગ્રંથનું કાળ નિર્ધારણ સંભવી શકે.

(૫) ક્યારેક ક્યારેક ગ્રંથમાંના વિશિષ્ટ મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો પણ કાળ નિર્ણયમાં સહાયક બની શકે છે.

(૬) ક્યારેક એવું પણ બને કે સંપૂર્ણ ગ્રંથનો કાળ નિર્ણય કરવો શક્ય ન હોય ત્યારે ગ્રંથની વિષયવસ્તુને અલગ અલગ સ્તરમાં વિભાજીત કરવામાં આવે અને એ સ્તર પ્રમાણે કાળનિર્ણય કરવામાં આવે.

(૭) ગ્રંથોમાં ઉલ્લેખ થયેલી ઐતિહાસિક વ્યક્તિઓ કે ઘટનાઓને આધારે પણ કાળનિર્ણય કરવામાં આવે છે.

(૮) ગ્રંથમાં વર્ણન કરવામાં આવેલ તથ્યો અને ઘટનાઓ જે તે વિષયવસ્તુના સંદર્ભમાં તેનો અભ્યાસ અને તે કાળના અન્ય સંદર્ભો તપાસીને કાળનિર્ણય કરી શકાય છે.

(૯) ગ્રંથના લેખક અને રચનાકાળ સંબંધી પરંપરાગત માન્યતાઓને લક્ષમાં લઈને કાળનિર્ણય કરી શકાય છે.

ઉપરોકત સમગ્ર મુદ્દાઓને લક્ષમાં રાખીને રચનાકાળ સંબંધી અનેક વિચાર કરવામાં આવે તો પણ તેમાં ઘણી મુશ્કેલીઓ છે કારણકે આગમના ભાષા સ્વરૂપમાં એકરૂપતા જોવા મળતી નથી.

આગમોમાં પ્રાચીન અને અર્વાચીન બંને શબ્દ રૂપો જોવા મળે છે. કાંઈક પ્રાચીન સ્તરના આગમોની ભાષા ધીરે ધીરે અર્વાચીન શબ્દ રૂપથી પ્રભાવિત થઈ બદલી ગઈ છે. આજે આગમોનું પ્રાચીન અર્ધમાગધી સ્વરૂપ સ્થિર રહ્યું નથી. કેટલીક હસ્તપ્રતો અને ચૂર્ણિઓને છોડીને મહારાષ્ટ્રી પ્રાકૃત (મરાઠી)નો પ્રભાવ જોવા મળે છે.

વલ્લભી વાચનાના સમય અને ત્યાર પછી પણ વિષયવસ્તુ અને ભાષાના સ્વરૂપમાં પરિવર્તન દેખાય છે. એટલું તો ચોક્કસ છે કે ચૂર્ણિઓ વલ્લભી વાચના પછી જ રચાઈ છે. અંતિમ વલ્લભ વાચના પાંચમી સદીની છે અને ચૂર્ણિઓ લગભગ સાતમા સૈકામાં રચાઈ છે. દાખલા તરીકે સૂત્રકૃતાંગનો મૂળ પાઠ 'રામપુતે' ચૂર્ણિમાં 'રામાઉત્તે' થઈ વર્તમાનમાં'રામગુત્તે' થયો છે. આ પાઠ પરિવર્તન પુનઃલેખન (પ્રતિલિપિ) સમયે થઈ ગયો હોય એવું જણાય છે. ગ્રંથોનું આધુનિક કાળમાં થયેલ સંપાદન પ્રકાશન હેમચંદ્રાચાર્યકૃત પ્રાકૃત વ્યાકરણને આધારે થયું છે. દાખલા તરીકે પૂ. પૂણ્યવિજયજી જેવા સંન્નિષ્ઠ સંપાદક દ્વારા પ્રાચીન અર્ધમાગધીરૂપ હસ્તપ્રતોમાં હોવા છતાં અર્વાચીન મરાઠી શબ્દરૂપનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એમના દ્વારા સંપાદિત 'અંગવિજ્જિ'ની આધારભૂત તાડપત્રીય પ્રતમાં 'નમો' પાઠ હોવા છતાં મહારાષ્ટ્રીય પ્રાકૃતમાં 'ણમો' પાઠનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

એક રીતે જોઈએ તો આગમના રચનાકાળનો નિર્ણય મુશ્કેલ છે છતાં તાડપત્રીય અને હસ્તલિખીત ગ્રંથોના શબ્દરૂપોને જોઈને ચોક્કસ અનુમાન પર આવી શકાય.

અંગ સાહિત્યનો પ્રથમ ગ્રંથ આચારાંગ સૂત્ર છે. આ ગ્રંથમાં બે શ્રુતસ્કંધ છે જેમાં પ્રથમ શ્રુતસ્કંધની પ્રાચીનતા નિર્વિવાદ છે. ગ્રંથ ગદ્યની સૂત્ર શૈલિનું અનુસરણ કરે છે. પદ્ય ભાગમાં પ્રાચીન ગાથા અને છંદ જોવા મળે છે. આત્માસંબંધી વિચારો ઉપનિષદો સમરૂપ છે. મુનિ આચાર સંબંધી વિચારો જોતાં ઈ.સ.પૂર્વે ચોથા સૈકાનો આ ગ્રંથ હોય તેવું પ્રતિપાદન થાય છે. વિદ્વાનોની માન્યતા પ્રમાણે આ એક માત્ર ગ્રંથમાં ભગવાન મહાવીરની મૂળ વાણી સુરક્ષિત છે.

શ્રી આચારાંગ દ્વિતીય શ્રુતસ્કંધ જે આચાર ચૂલાને નામે જાણીતો છે તેનો કાળ ઈ.સ.પૂર્વે ત્રીજી કે બીજી સદી માનવામાં આવે છે. પરંપરાગત માન્યતા પ્રમાણે તેના રચયિતા ભદ્રબાહુ પ્રથમ છે. જે ચંદ્રગુપ્ત મૌર્યના સમકાલીન હતા તો તેનો સત્તાકાળ ઈ.સ.પૂર્વે ત્રીજી સદી માનવામાં આવે છે.

બીજું અંગસૂત્ર સૂત્રકૃતાંગ છે. આમાં પણ બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધ પ્રાચીન જણાય છે. તેમાં સૃષ્ટિ સંબંધી માન્યતાઓનો ઉલ્લેખ અથવા પંચરિતવાદ, ષષ્ઠ આત્મવાદ વિગેરેના ઉલ્લેખો ઉપનિષદ સમકાલીન જણાય છે. આમાં નમિઅસિત દેવલ નારાયણ દ્વાપાયન, ઉદક, બાદુક, વિગેરેનો ઉલ્લેખ છે. આ ઋષિઓ સંબંધી મૂળ ગ્રંથકારે ઉદાર દૃષ્ટિકોણ પ્રગટ કર્યો છે. આ ગ્રંથનો રચનાકાળ ઈ.સ.પૂર્વે ત્રીજી સદી માની શકાય.

ત્રીજું અંગસૂત્ર ઠાણાંગ છે. આ બૌદ્ધ ગ્રંથ 'અંગુતર નિકાય'ના સ્વરૂપ જેવું જ વિવિધ વિષયોના વર્ણનો પ્રસ્તુત કરે છે જેમાં સાત 'નિન્હવો'નો ઉલ્લેખ છે. જેમાં અંતિમ 'નિન્હવ' ભગવાન મહાવીર પછી ૫૮૪ વર્ષે થયા. ઉપરાંત તેમાં નવ ગણોનો ઉલ્લેખ છે. તેમાં અનેકોનો ઉલ્લેખ મથુરાના દુષાણ અને શકાલીન અભિલેખો ઉપરાંત કલ્પસૂત્ર સ્થિરવિરાવાલીમાં પણ છે. આ બંનેના આધાર પર તેમની રચનાકાળની અંતિમ સીમા ઈ.સ. બીજી કે ત્રીજી સદી સુધી ગણી શકાય.

અંગસાહિત્યનો ચોથો ગ્રંથ સમવાયાંગ સૂત્ર છે. તેમની શૈલી ઠાણાંગ સૂત્ર જેવી છે. પરંતુ આ ગ્રંથની વિષયવસ્તુ જૈન ધર્મદર્શનની સુવ્યવસ્થિત વિકસિત અવસ્થાનું નિરૂપણ કરે છે. આમાં જે વિષયવસ્તુનું વર્ણન છે તે ઠાણાંગ સૂત્ર પછીનું અને નંદીસૂત્ર પહેલાનું છે. દા. ત. શ્રી ઠાણાંગ સૂત્રમાં અંતકૃત દશાના દસ અધ્યયનો છે, જ્યારે સમવાયાંગમાં તેના સાત વિભાગોનો ઉલ્લેખ છે અને નંદીસૂત્રમાં તેના આઠ વિભાગોનો ઉલ્લેખ મળે છે. શ્રી સમવાયાંગમાં જીવસ્થાનના રૂપમાં ગુણસ્થાનનો જે સંદર્ભ મળે છે તે ષટ્‌ખડાંગમના ગુણસ્થાન સંબંધી નિશ્ચિત રૂપમાં પહેલાની છે. આ બધા આધારો પર વિચારણા કરતાં સમવાયાંગના વર્તમાન સ્વરૂપનો સમય ઈસ્વીસનના ચોથા સૈકાની લગભગ નિશ્ચિત કરી શકાય.

પાંચમું અંગ ભગવતી સૂત્ર છે. આ સૂત્રની રચનાનો સમય નક્કી કરવો ઘણો કઠીન છે. આમાં એક પ્રજ્ઞાપના લગભગ પ્રથમ સદી, અનુયોગદ્વાર બીજી સદી, નંદીસૂત્ર પાંચમી સદી–આ રીતે અલગ અલગ કાળક્રમના ગ્રંથોનો ઉલ્લેખ છે. તો બીજી તરફ આ ગ્રંથમાં જૈન ધર્મના દર્શનની પ્રાચીન અવધારણાઓનો પણ ઉલ્લેખ છે. ઉદાહરણાર્થ ભગવતી સૂત્રમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અર્થ ગતિ અને સ્થિતિમાં સહાયક દ્રવ્યના રૂપમાં મળે છે. આવી જ રીતે કાળને સ્વતંત્ર દ્રવ્ય ન માનવાની પ્રાચીન માન્યતા અને કાળ સ્વતંત્ર દ્રવ્ય છે, એવી માન્યતા પણ આમાં ઉપલબ્ધ છે.

સત્ય એ છે કે સ્થાનાંગ, સમવાયાંગ અને ભગવતી સૂત્રમાં વિભિન્ન વાચનાઓના સમયકાળ દરમ્યાન નવીન સામગ્રી ઉમેરાતી ગઈ છે અને એ પરિવર્તીત, પ્રકાશિત અને સંપાદિત થતી રહી છે. આમ ભગવતી સૂત્રના વિષયવસ્તુના અનેક સ્તર છે જેમાં ઈ. પૂ.થી લઈ ઈસ્વીસન પછીની સદીના વિષયવસ્તુના સંકેત છે.

ભગવતી સૂત્ર પછીનો ક્રમ છે જ્ઞાતાધર્મકથા. શ્વેતાંબર અને દિગંબર પરંપરાના પ્રતિક્રમણ સૂત્રમાં જ્ઞાતાધર્મકથાના ૧૯ અધ્યયનોનો ઉલ્લેખ છે. જ્યારે સમવાયાંગ અને નંદીસૂત્રમાં એના બે શ્રુતસ્કંધોનો ઉલ્લેખ જોવા મળે છે. 'જ્ઞાતાધર્મકથા' એ નામથી જ એવું જણાય છે કે આ સૂત્રમાં જ્ઞાતવંશીય મહાવીર દ્વારા કથિત કથાઓનો સમાવેશ છે. આ પણ સત્ય છે કે કાચબા, મોરના ઈંડા આદિ બોધાત્મક કથા વિશેષ અતિપ્રાચીન છે; પણ આ કથાઓ શ્રી મહાવીર દ્વારા કથિત પણ હોઈ શકે છે. આ સૂત્ર ૧૯ અધ્યયન ઈ. પૂ.ની રચના હશે એવું નિશ્ચિત લાગે છે.

આગમમાં સાતમું અંગ ઉપાસક અંગ દશાંગ છે. આ અંગમાં મહાવીરના સમકાલીન ૧૦ શ્રાવકોનું વર્ણન છે. આમાં એ શ્રાવકોના નગર, વ્યવસાય, પૂર્વ ધર્મગુરુ, એમની સંપત્તિ આદિનું જે વર્ણન છે એ મહાવીરના સમકાલિન છે. મહાવીરની પરંપરાના શ્રાવકોની જીવનચર્યાનું વર્ણન મળે એવો આ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રાવકવ્રતોનું વર્ગીકરણ અણુવ્રત અને શિક્ષાવ્રતમાં મળે છે. અને શ્રાવકોના બાર વ્રતો અને એમાં લાગતા અતિચારોનો પણ સમાવેશ છે. આ ગ્રંથ ઈ.પૂ. બીજી સદીનો લગભગ હોવો જોઈએ. આ ગ્રંથમાં ગોશાલક અને એની પરંપરા પ્રત્યે ઉદાર દૃષ્ટિકોણનો પરિચય આપવામાં આવ્યો છે.

આઠમું અંગસૂત્ર અંતગડ સૂત્ર છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં આના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે, જ્યારે વર્તમાન સમયમાં તેના આઠ વિભાગો અને ૯૦ અધ્યયન છે. આપણે જાણીએ છીએ કે શ્રી સમવાયાંગમાં તેના સાત વિભાગ અને દસ અધ્યયનોનો ઉલ્લેખ છે; જ્યારે નંદી સૂત્રમાં આઠ વિભાગો જ છે. તેનાથી એ નિશ્ચિત છે કે સમયાનુક્રમે આ વસ્તુમાં પરિવર્તન થતું રહ્યું છે; માટે આનો રચના સમય નિશ્ચિત કરવા માટે આપણે બે દૃષ્ટિથી વિચાર કરવો પડશે. પ્રાચીન દસ અધ્યયનવાળા સ્વરૂપની અપેક્ષા અને પછીથી સાત અથવા આઠ વિભાગની દૃષ્ટિથી. જ્યાં સુધી તેની પ્રાચીન વિષયવસ્તુનો પ્રશ્ન છે તે જોતાં ઈ.સ.પૂ. ત્રીજી અથવા બીજી સદી પહેલાંની એ રચના સંભવે છે. કારણકે ઠાણાંગ સૂત્રની રચના સમયે આનું અસ્તિત્વ જરૂર હશે જ. આ રચના ઋષિભાષિત અને સુયગડાંગની સમકાલિન હશે. રચનાકાળ ઈ.સ.પૂ. ત્રીજો સૈકો માનવો જોઈએ.

નવમું સૂત્ર અનુત્તરોવવાઈ દશા સૂત્ર.

ઠાણાંગ સૂત્રમાં તેના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે. અનુત્તરોવવાઈ સૂત્રના ત્રણ વિભાગો ઉપલબ્ધ છે. તેમાં બીજા વિભાગમાં ઋષિદાસ, ધન્ય અને સુનક્ષત્ર આ ત્રણ અધ્યયનોમાં પ્રાચીન વિષયવસ્તુ છે. ઠાણાંગમાં ઉલ્લેખાયેલા બાકીના સાત અધ્યયનો વર્તમાન અનુત્તરોવવાઈ સૂત્રમાં ઉપલબ્ધ છે. શ્રી સમવાયાંગ અને શ્રી નંદીસૂત્રમાં એમાંના ત્રણ વિભાગોનો ઉલ્લેખ છે. એથી એ સાબિત થાય છે કે ઠાણાંગ પછી અને શ્રી સમવાયાંગ અને શ્રી નંદીસૂત્રની રચના પહેલાં તેના વિષયવસ્તુમાં પરિવર્તન થયું છે; એ આધારથી આપણે એમ કહી શકીએ કે ઠાણાંગમાં નિરૂપણ પામેલી વિષયવસ્તુ ઈ. સ. પૂર્વની છે અને સમવાયાંગ અને નંદીમાં ઉલ્લેખ પામેલ ત્રણ વિભાગો અત્યારે વર્તમાન સ્વરૂપે ઈ. સ. ત્રીજી કે ચોથી સદીના છે. પરંતુ એ યાદ રહે કે ઠાણાંગમાં સ્થાન પામેલા શાલિભદ્ર, કાર્તિક, આનંદ, તેતલીપુત્ર, અતિમુક્ત અને દશાણભદ્રના કથાનકો ભલે અનુત્તરોવવાઈથી અલગ કરી દીધા હોય છતાં આજે પણ તે આગમિક વ્યાખ્યાઓ અને સાહિત્યમાં જીવિત છે. માત્ર તેતલીપુત્રનો જ્ઞતાધર્મકથામાં અને ઋષિભાષિતમાં, આનંદનો ઉપાસક દશામાં, આઈમુક્તાનો અંતગડ દશામાં ઉલ્લેખ મળે છે. આ પરિવર્તન સ્કંદિલ અથવા નાગાર્જુનના વાચના સમયે ચોથી સદીમાં થવાની સંભાવના જણાય છે.

દસમું અંગસૂત્ર પ્રશ્નવ્યાકરણ છે.

પ્રશ્નવ્યાકરણનો ઉલ્લેખ ઠાણાંગ, સમવાયાંગ, નંદીસૂત્ર અને નંદીચૂર્ણિમાં મળે છે. વર્તમાનમાં જે પ્રશ્નવ્યાકરણની વિષયવસ્તુ છે તે નંદીચૂર્ણિ સમરૂપ છે. નંદીચૂર્ણિની રચનાનો સમય સાતમી સદી છે તેથી વર્તમાન પ્રશ્નવ્યાકરણ વલભી વાચના પછી ને નંદીચૂર્ણિ પહેલાં લગભગ છઠ્ઠી સદીમાં રચાયાની સંભાવના છે. પરંતુ તેનો અર્થ એવો કદાપિ ન કરી શકાય કે આના પહેલાં પ્રશ્નવ્યાકરણનું અસ્તિત્વ ન હતું. પ્રશ્નવ્યાકરણના અસ્તિત્વનો આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધ અને ઋષિભાષિત સમકાલિન અર્થાત્ ઈ. સ. પૂર્વ ચોથી સદીથી સિદ્ધ છે; કારણકે ઋષિભાષિતના એકત્રીસમા અધ્યયનમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ઋષિભાષિતમાં પાર્શ્વ નામનું અધ્યયન છે અને પ્રશ્નવ્યાકરણમાં પણ પાર્શ્વ નામનું અધ્યયન છે. બંને અધ્યયનમાં પાઠ ભેદ છે. ઠાણાંગમાં જે અધ્યયનોનો ઉલ્લેખ જોવા મળે છે તેમાં મહાવીરભાષિત, ઋષિભાષિત આદિ પ્રશ્નોત્તર હોવાથી પ્રશ્નવ્યાકરણનું પ્રથમ સંસ્કરણ ઈ. સ. પૂર્વ પાંચમી–ચોથી સદીનું હોઈ શકે.

પ્રશ્નવ્યાકરણ સૂત્રના ચાર સંસ્કરણ થયા હોઈ તે ઈ. સ. પૂર્વ પાંચમી, બીજી, ત્રીજી, અને છઠ્ઠી સદીમાં રચાયા હોય તે સંભવ છે.

અંગ આગમનો અંતિમ ગ્રંથ વિપાક સૂત્ર છે. સમવાયાંગમાં તેમના બે શ્રુતસ્કંધ અને દસ અધ્યયનોનો ઉલ્લેખ છે. જોકે ઠાણાંગમાં વિપાક દશાના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે.

એમાં પણ મૃગાપુત્ર અને શકટ નામના બે અધ્યયન વર્તમાનના દુ:ખવિપાક અંતર્ગત છે તેનાથી એવું સાબિત થાય છે કે પહેલાં દુ:ખવિપાક જ વિપાક સૂત્રના નામથી હતું. તેમાં સુખવિપાક પાછળથી ઉમેરવામાં આવ્યું હોય. ઠાણાંગ અને સમવાયાંગમાં જે નામોના ભેદ છે તેનો પૂર્વભવ અને વર્તમાન જીવનના આધારે સમન્વય કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આના આધારે સ્પષ્ટ થાય છે કે તેનું પહેલું સંસ્કરણ ઈ. સ. પૂ. ચોથી સદીનું છે.

અંગ આગમોના રચનાના સમય સંબંધની વિવેકપૂર્ણ ચર્ચાને હવે વિરામ આપીએ છીએ.

* * *

આગમ–વાણી

- *જે ભાષા સત્ય હોવા છતાં બોલવા જેવી ન હોય, જે ભાષા સત્ય અને અસત્યના મિશ્રણવાળી હોય, જે ભાષા અસત્ય હોય અને જે ભાષા જ્ઞાનીઓએ વર્જ્ય ગણી હોય તેવી ભાષા પ્રજ્ઞાવાન સાધકે બોલવી નહિ.*
- *સર્વ જીવો જીવવા ઇચ્છે છે. કોઈ જીવને મરવું ગમતું નથી. એટલા માટે નિર્ગ્રન્થ મુનિઓ ભયંકર પ્રાણીવધનો પરિત્યાગ કરે છે.*
- *પોતાના કે બીજાના સ્વાર્થને માટે, ક્રોધથી કે ભયથી એવું અસત્ય વચન બોલવું નહિ અથવા બીજા પાસે બોલાવવું નહિ કે જેથી હિંસા થાય.*
- *સત્ય ભાષા પણ જો કઠોર હોય અને પ્રાણીઓનો મોટો ઘાત કરનારી હોય તો તે બોલવી નહિ, કારણ કે એથી પાપકર્મ બંધાય છે.*
- *કોઈ માણસ અસત્ય ભાસે એવું વચન બોલે તો પણ તે પાપ ગણાય છે; તો પછી જે ખરેખર અસત્ય બોલે તેની તો વાત જ શી ?*

ડો. રશ્મિભાઈ ઝવેરી

'અર્હમ્' પ્લૉટ નં. ૨૬૬, કીકાભાઈ હૉસ્પિટલ સામે, સાયન ઈસ્ટ, મુંબઈ–૪૦૦૦૨૨.
ફોન : ૪૦૯ ૪૧૫૭, ૪૦૯ ૫૦૪૦.
મો. : ૯૮૨૧૬૮૧૦૪૬

જૈનધર્મના વિદ્વાન વક્તા, લેખક અને પત્રકાર છે. જૈન વિશ્વભારતી દ્વારા પ્રગટ થયેલ 'સુત્રકૃતાંગ' આગમ ગ્રંથનો અનુવાદ કર્યો છે. જૈન સાહિત્ય જ્ઞાનસત્રોમાં શોધપત્રો રજૂ કરે છે.

ડો. કેતકીબેન શાહ

૫/૫ સ્વામી લીલા શાહ સોસાયટી, સાંધાની ઍસ્ટેટ, ઘાટકોપર (વે.) મુંબઈ–૪૦૦ ૦૮૬.

જૈન ધર્મના અભ્યાસુ છે. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાં 'ગુણસ્થાનક' વિષય પર શોધપ્રબંધ લખી Ph.D. પ્રાપ્ત કરેલ છે. તેમનો મહાનિબંધ 'ગુણસ્થાનક મોક્ષના સોપાન' રૂપે ગ્રંથસ્થ થયો છે.

X X X

ડો. કલાબેન એમ. શાહ

ડી–૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુળધામ, ગોરેગામ ઈસ્ટ, મુંબઈ–૬૩.
ફોન નં. : (૦૨૨) ૬૫૫૦૯૪૭૭
મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

જૈન દર્શનના વિદ્વાન મુંબઈ યુનિવર્સિટીના Ph.D.ના ગાઇડ છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા અને સેમીનાર્સમાં પ્રવચનો આપે છે.

X X X

પૂ. સુબોધિકાબાઈ મહાસતીજી

ચાંદની ચૉક ઉપાશ્રય, દિલ્હી.

જૈનધર્મના વિદુષી પ્રવચન પ્રભાવક છે. આગમ સાહિત્યના ઊંડા અભ્યાસી છે. ગુરુપ્રાણ આગમ બત્રીશીના સહસંપાદિકા છે.

X X X

ડો. પાર્વતીબેન નેણશી ખીરાણી

૨/૨૩, જેઠવા નિવાસ, પ્લૉટ - ૪૪૮, કીંગ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.

શ્રાવક કવિ ઋષભદત્તના રાસ વિષય પર મુંબઈ યુનિ.માં Ph.D. કરેલ છે. બૃહદ મુંબઈ સ્થા. જૈન મહાસંઘના શિક્ષણબોર્ડ દ્વારા જૈનશાળાના બાળકોના શિક્ષણ કાર્યમાં સક્રિય છે. વિવિધ સેમીનાર્સમાં પેપર્સ રજૂ કરે છે.

X X X

સર્જક–પરિચય

પૂજ્ય મુનિ દીપરત્નસાગરજી

મંગલદીપ સોસાયટી, આરાધના ભવન, થોરેશ્વર મંદિર સામે, પોસ્ટ થાનગઢ, જીલ્લો સુરેન્દ્રનગર-૩૬૩૫૩૦. ફોન : મો. : ૦૯૮૨૫૯૬૭૩૯૭

વિદ્વાન જૈનમુનિ દીપરત્નસાગરજીએ જૈનઆગમ વિશે ઊંડું સંશોધન કાર્ય કર્યું છે. આ અંગે તેમના કેટલાક પ્રકાશનો ઇન્ટરનેટ પર પણ મૂકાયાં છે. તેઓએ એમ. કોમ, એમ. એડ્. અને પીએચ. ડી.નો અભ્યાસ કર્યો છે.

X X X

ડો. અભય દોશી

એ-૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝ શાહ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૪.

મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને Ph.D.ના ગાઈડ છે. તેમણે તીર્થંકર ચોવીશી પર સંશોધન કરી Ph.D. પ્રાપ્ત કરેલ છે. તેમનો મહાનિબંધ 'ચોવીશી સ્વરૂપ અને સાહિત્ય' રૂપે ગ્રંથસ્થ થયો છે.

X X X

ડો. પ્રવીણાભાઈ શાહ

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ–૩૮૦ ૦૦૭.

અમદાવાદ સ્થિત ડો. પ્રવીણાભાઈ શાહ જૈનધર્મના અભ્યાસુ છે. તેમના દેશ વિદેશમાં જૈન ધર્મ પર પ્રવચન યોજાય છે. તેમના કેટલાંક પુસ્તકોનું પ્રકાશન થયું છે. જૈન સાહિત્ય સંમેલન, જ્ઞાનસત્રોમાં વિદ્વતાપૂર્ણ પેપર્સ રજૂ કરે છે.

X X X

ડો. રસિકભાઈ મહેતા

૨૦, શોભના બિલ્ડીંગ, ગોલીબાર રોડ, ગેલડા નગર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૬.

વર્ષો સુધી ગુજરાતની વિવિધ કૉલેજોમાં પ્રોફેસર રૂપે સેવા આપી લોકસાહિત્ય પર Ph.D. કર્યું છે. જૈન સંત-સતીજીઓને શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કરાવે છે.

X X X

આચાર્ય સાગરચંદ્ર સાગરજી મહારાજ :

મોબાઈલ નં. ૯૮૧૯૧૭૦૪૪૦.

આગમોદ્ધારક પ. પૂ. આચાર્ય સાગરાનંદજી મહારાજના સમુદાયના એક પ્રભાવક, વિદ્વાન મનીષી આચાર્ય છે. તેઓએ ૧૧ વર્ષની લઘુ વયમાં દીક્ષાનો સ્વીકાર કરીને સંસ્કૃત, પ્રાકૃત, આગમ, ન્યાય, સાહિત્ય આદિ વિષયોનો અભ્યાસ કર્યો છે.

X X X

પૂ. ડો. આરતીબાઇ મહાસતીજી

સ્થાનકવાસી જૈન સંઘ, ચાંદની ચૉક, નવી દિલ્હી.

જૈનધર્મના વિદુષીએ જૈન ખતરગચ્છના પૂ. દેવચંદ્રજી સ્વામીને ચોવીશી અને અન્ય સાહિત્ય પર સંશોધન કરી Ph.D. પ્રાપ્ત કરેલ છે. ગુરુપ્રાણ આગમ બત્રીશીના સહસંપાદિકા છે.

X X X

પૂ. તરુલતાબાઈ મહાસતીજી :

'નંદનવન', કલ્પતરુ સાધના કેન્દ્ર, દેવલાલી સોસાયટી, નાકા નં. ૬ની પાસે, લામ રોડ, દેવલાલી. જિલ્લો: નાસિક.

ગોંડલ સંપ્રદાયના અધ્યાત્મયોગિની પૂ. બાપજીના શિષ્યા ડૉ. તરુલતાબાઈએ આનંદઘન, શ્રીમદ રાજચંદ્રજી, કવિ બનારસીદાસ અને કબીરજીના સાહિત્ય પર શોધનિબંધ લખી મુંબઈ યુનિવર્સિટી માં Ph.D. કર્યું છે. તેઓશ્રીએ આત્મસિદ્ધિ શાસ્ત્ર પર 'હું આત્મા છું'એ શીર્ષકથી પાંચભાગમાં ગ્રંથ લખ્યો છો જેનું વિવિધ ભાષામાં ભાષાંતર થયું છે.

X X X

પ્રા. સાગરમલ જૈન :

૩૫, ઓસવાલ શેરી, શાજાપુર (મધ્ય પ્રદેશ)
ટેલિફોન : ૦૭૩૬૪ ૨૨૭૪૨૫.
ઑફિસ : ૦૭૩૬૪ ૨૨૨૨૧૮
મોબાઈલ : +૯૧ ૯૪૨૪૮૭૬૫૪૫

શાજાપુર મધ્ય પ્રદેશમાં જન્મેલા વિદ્વાન લેખક અને કેળવણીકાર શ્રી સાગરમલ જૈને આજ સુધીમાં ૪૯ પુસ્તકો લખ્યા છે અને લગભગ ૧૬૦ પુસ્તકો સંપાદીત કર્યા છે. તેમણે શૈક્ષણિક તેમજ ધાર્મિક ક્ષેત્રે અનેક એવૉર્ડ પ્રાપ્ત કર્યા છે અને અનેક ધાર્મિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓની ન કેવળ સ્થાપના કરી છે બલકે તેના સુચારુ સંચાલનમાં તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. હાલમાં શાજાપુર ખાતે પ્રાચ્ય વિદ્યાપીઠના ડાયરેકટર તરીકે સેવાઓ પ્રદાન કરી રહ્યા છે જેના તેઓ સ્થાપક પણ છે. ✱ ✱ ✱

આ અંકમાં પ્રસ્તુત આગમોનાં જૈન પારિભાષિક શબ્દોની સમજુતી

છઠ્ઠું જ્ઞાતાધર્મકથા સૂત્ર :

૧. શ્રુતસ્કંધ=ભાગ (Volume), ૨. સૂચિમૂલક ધર્મ=અશુદ્ધિ અર્થાત્ દ્રવ્યથી અને ભાવથી અપવિત્રતા દૂર કરી પવિત્ર બનવું, ૩. સાગરોપમ =અસંખ્યાત સમયના કાળમાનનો નિશ્ચય કરતી ઉપમા, ૪. કાંક્ષા=અન્ય મતોના આડંબર દેખી તેની ઇચ્છા કરવી, ૫. વિચિકિત્સા=ધર્મકરણીના ફળમાં સંદેહ રાખવો, ૬. ગોપન=આત્મગુણોની રક્ષા માટે ઉન્માર્ગે જતાં રોકી નિયંત્રણ કરવું.

૭મું ઉપાસક દશાંગ સૂત્ર :

૧. પલ્યોપમ=અસંખ્યાત સમયના કાળમાનનો નિશ્ચય કરતી ઉપમા, ૨. પ્રતિમા=આત્મશુદ્ધિ માટેનું વિશેષ અનુષ્ઠાન અથવા વિશેષ પ્રતિજ્ઞારૂપ આરાધના, ૩. અવધિ જ્ઞાન=રૂપી દ્રવ્યોને માનનારૂં મર્યાદિત યથાર્થ જ્ઞાન, ૪. દ્વાદશાંગી=૧૨ અંગ સૂત્ર (આગમ), ૫. સ્ખલના=ભૂલચૂક અથવા વ્રતમાં દોષ, ૬. નિયતિવાદ='જે થવાનું છે તે બધું નિશ્ચિત છે'–પુરુષાર્થ કે કર્મનું કોઈ મહત્ત્વ નથી તેવું માનનારા, ૭. શતપાક તેલ=સો પ્રકારના દ્રવ્ય નાંખી અથવા સો વાર પકાવેલ હોય તેવું તેલ, ૭. સહસ્રપાક તેલ=હજાર ઔષધિ નાંખી તૈયાર થયેલું તેલ.

૮મું અંતગડ સૂત્ર :

૧. પ્રતિલેખન=વિધિપૂર્વક જોવું, ૨. અગુરુલઘુ=ન ભારે, ન હલકો–તેવો આત્માનો ગુણ, ૩. મન:પર્યવજ્ઞાન=અઢી દ્વીપમાં રહેતા સંજ્ઞી જીવોના મનના ભાવો જાણનારૂં જ્ઞાન, ૪. નિયાણકડા=ધર્મકરણીનું ફળ માંગનારા.

૯મું અંતગડ સૂત્ર :

૧. પ્રીતિદાન=માતાપિતા તરફથી પ્રેમપૂર્વક દીકરાને અપાતું દાન, ૨. અભિગ્રહ=ધારેલા નિયમોની પરિપૂર્ણતા થાય તોજ પારણું કરવું.

૧૦મું પ્રશ્નવ્યાકરણ સૂત્ર :

૧. પરમાધામી=ઘોર પાપ આચરણ કરવાવાળા, ક્રૂર પરિણામવાળા, પરમ અધાર્મિક દેવો. ૨. વૈક્રિય શરીર=રૂપ પરાવર્તન કરવાની શક્તિ. તે શરીરમાં હાડકા અને માંસ આદિ ન હોય. ૩. ચક્રવર્તી=૬ ખંડનો વિજેતા રાજા. ૪. ઈર્યા=રસ્તામાં ગમનાગમન સમયે જતનાપૂર્વક ચાલવું. ૫. એષણા= ગોચરીના આગમોક્ત નિયમો. ૬. આદાન-નિક્ષેપણ=વસ્ત્ર પાત્ર આદિ લેવા-મૂકવા.

૧૧મું વિપાક સૂત્ર :

૧. ઘાતીકર્મ=આત્માના મૂળ ગુણોની ઘાત કરનાર-૪ કર્મ-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય. ૨. અઘાતીકર્મ=આત્માના મૂળ ગુણોની ઘાત ન કરનાર-૪ કર્મ-વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર.

છેદ સૂત્રો નિબંધોના પારિભાષિક શબ્દોની સમજૂતી :

૧. જ્ઞાનાદિ પાંચ આચાર=જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, ૨. અવચૂરિ વગેરે ગ્રંથો=સૂત્ર, ભાષ્ય, નિર્યુક્ત, ચૂર્ણિ, ટીકા વગેરે ગ્રંથો, ૩. ઉત્સર્ગ માર્ગ=શાસ્ત્રમાં જણાવેલ ધાર્મિક ક્રિયાના નિયમ પ્રમાણે જ વર્તવાનો ધાર્મિક ક્રિયામાર્ગ, ૪. અપવાદ માર્ગ=કોઈ પ્રતિકૂળ સંજોગોમાં ગુરુ આજ્ઞા પ્રમાણે નિયમને ઓળંગીને કરવાનો ધાર્મિક ક્રિયા માર્ગ જેની આલોચના લેવાની રહે છે, અને પુનરાવર્તન કરવાનું હોતું નથી., ૫. મહાવ્રતાદિ=પાંચ મહાવ્રત (૧) જીવદયા પાળવી (૨) સાચું બોલવું (૩) ચોરી ન કરવી (૪) બ્રહ્મચર્ય પાળવું (૫) પરિગ્રહ ન કરવો. સાધુ-સાધ્વીજી માટે મહાવ્રત અને શ્રાવક-શ્રાવિકા માટે અણુવ્રત.

૧૨મું ઉવવાઈ સૂત્ર :

૧. સમુર્ચ્છિમ્=જે જીવો સ્ત્રી-પુરુષના સંયોગ વગર પોતાની મેળે જ ઉત્પન્ન થાય તે સમુર્ચ્છિમ્ છે, ૨. સમોસરણ=તીર્થંકર પ્રભુનો ઉપદેશ સાંભળવા માટે દેવો દ્વારા રચિત બેઠકોનું સ્થાન (એક જાતની વ્યાસપીઠ કે વિશિષ્ટ સ્ટેડિયમ) જેમાં ત્રણ પ્રકારના ગઢ હોય, રૂપાનો ગઢ ને સોનાના કાંગરા, સોનાનો ગઢ ને રત્નના કાંગરા, રત્નનો ગઢ ને મણિરત્નના કાંગરા. આમ ત્રિગડા ગઢની રચના હોય, જેમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, દેવ-દેવી, પશુ-પ્રાણી આદિની બેઠકોના સ્થાન હોય, ગોળાકાર હોય, વચમાં પ્રભુજી બિરાજે. સ્ફટિક સિંહાસનના કારણે એમના ચારે બાજુથી દર્શન થાય એવી રચના હોય, ૩. અનિમેષ=આંખનો પલકારો માર્યા વગર જોવું, ૪. સ્વયંબુદ્ધ=ગુરુના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણ આદિ જ્ઞાનથી પ્રતિબોધ પામે તે,૫. વજ્રઋષભ નારાચ સંઘયણ-વજ્ર=ખીલી, ઋષભ=પાટો, નારાચ=મર્કટ બંધ-સંઘયણ=શરીરની મજબૂતાઈ–શરીરમાં અસ્થિઓનું બંધારણ એટલે જે શરીરની રચનામાં બે પડખેથી મર્કટબંધે કરી બાંધીને તેના પર હાડકાંનો પાટો વીંટાળી ખીલી જેવા હાડકાથી સજ્જડ કર્યા હોય એવું બંધારણ, લોઢા જેવું મજબૂતસંઘયણ, ૬. માન-ઉન્માન પ્રમાણ=એક જાતની તોલ-માપની ક્રિયા, ૭. સમવાય=સમૂહ, સંબંધ.

૧૩મું રાજપસેણીય સૂત્ર :

૧. અક્રિયાવાદી મત=આખું જગત કંઈ પણ ક્રિયા કરતું નથી એવો મત, ૨. ભવસિદ્ધક=જેના સંસાર પરિભ્રમણનો સ્વપુરૂરુષાર્થથી ક્યારેક અંત આવી શકે તેવા જીવ, ૩. અભયસિદ્ધક=જેના સંસારભ્રમણનો ક્યારેય અંત થવાનો નથી તેવા જીવ, ૪. વિપથગામી=કુમાર્ગે જનાર, ૫. તત્પથગામી=યોગ્ય માર્ગે જનાર, ૬. ઊર્ધ્વગમન=સિદ્ધક્ષેત્રમાં જનાર–ઉપર તરફ જનાર, ૭. સમ્યગ્દૃષ્ટિ=વીતરાગી એવા કેવળી ભગવંતે જે વસ્તુનું જેવું સ્વરૂપ બતાવ્યું હોય તેવું યથાર્થ માનવું, ૮. સંહનન=સંઘયણ–હાડકાંની રચના–બંધારણ.

૧૪મું જીવાજીવભિગમ સૂત્ર :

૧. પ્રત્તિપ્રત્તિ=જેમાં અન્ય મતનું પ્રતિપાદન થયું હોય તે, ૨. ઘનોદધિ=જામેલા પાણીનો સમુદ્ર-બરફનો સમુદ્ર, ૩. આભિનિબોધિક=વસ્તુને ગ્રહણ કરાવનાર સ્પષ્ટ બોધ, મતિજ્ઞાનનો પર્યાયવાચી શબ્દ છે.

૧૬ મું સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર :

૧. અવસ્થિત=કાયમ એક જ સ્થિતિમાં રહેવું, ૨. અનવસ્થિત=એક જ સ્થિતિમાં ન હોવું, ૩. પૌરુષી=પોરસી (પહોર) સંબંધી, ૪. સંસ્થાન= આકાર, ૫. સવંત્સર=એક વર્ષનો સમય, ૬. આયામ-વિષ્કંભ-

બાહુલ્ય=લંબાઈ પહોળાઈની બહુલતા, ૭. અલ્પબહુત્વ=એક બીજાની અપેક્ષાએ ઓછા-વધુપણાની રજૂઆત, ૮. પરિમાણ=માપ, ૯. વિકુર્વણા=વૈક્રિયરૂપ બનાવવું, ૧૦. દક્ષિણાયન-ઉત્તરાયર્ન=સૂર્યનું દક્ષિણ તરફ જવું-ઉત્તર તરફ જવું, ૧૧. મુહૂર્ત=સમયનું એક માપ આશરે ૪૮ મિનિટનો સમય, ૧૨. લેશ્યા=કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્‌ભવતા આત્માના શુભાશુભ પરિણામ, તેને કારણે કર્મ આત્મા સાથે ચોંટે છે તેને લેશ્યા કહે છે, ૧૩. મંડલ=સૂર્યનું માંડલું સ્થાન, ૧૪. જઘન્ય=સૌથી ઓછું-ઉત્કૃષ્ટ-સૌથી વધારે, ૧૫. અગ્રમહિષી=પટરાણી-મુખ્ય દેવી.

૧૭મું ચંદ્ર-પ્રજ્ઞપ્તિ સૂત્ર :

૧. ઉત્પાનિક=ઉતારો, ટાંચણ, અવતરણ, ૨. સંસ્થિતિ=કાયમનું રહેવું તે-સ્થિરતા, ૩. પ્રતિઘાત=પ્રત્યાઘાત-સામું પછડાવું તે, ૪. આયામ=લંબાઈ, ૫. વિષ્કંભ=પહોળાઈ.

૧૮મું જંબુદ્વીપ પજ્ઞપ્તિ સૂત્ર :

૧. પરાંમુખ=વિમુખ, ૨. ઘનવાત પિંડ=જામેલા વાયુનો જથ્થો, ૩. તનુવાત પિંડ=પાતળા-ફરતા વાયુનો જથ્થો, ૪. ઘનોદધિ પિંડ=જામેલા પાણી=બરફના સમુદ્રનો જથ્થો.

૧૯મું નિરયાલિકાસૂત્ર :

૧. ભાષાર્ય=ભાષાથી આર્ય હોય, ૨. વ્યાખ્યા-સાહિત્ય=જેમાં સૂત્રોનું વિશેષ વિવેચન હોય તે, ૩. નિર્યુક્તિ=સૂત્રમાં નિશ્ચય કરેલ અર્થ જેમાં હોય તે. તે પ્રાકૃત ભાષામાં આર્ય છંદબદ્ધ હોય, ૪. ભાષ્ય=સંક્ષિપ્ત શૈલીમાં અર્થ સમજાવવામાં આવે તે. તે પ્રાકૃત ભાષામાં આર્ય છંદબદ્ધ હોય, ૫. ચૂર્ણિ=ગદ્યશૈલીમાં વિશેષ વિસ્તારથી અર્થ કરવામાં આવેલ હોય તે, ૬. ટીકા=દાખલા-દૃષ્ટાંત સહિત વિસ્તારથી સમજાવવામાં આવેલ હોય તે, ૭. વૃત્તિ=સૂત્રનું વિશેષ વિવરણ હોય તે, ૮. ધર્મકથાનુયોગ-અનુયોગ=સૂત્ર અને અર્થનોયોગ (સંબંધ), જેમાં ધર્મકથા છે તેવો અનુયોગ, ૯. ગણિતાનુયોગ=જેમાં ગણિતનો વિષય છે તેવો અનુયોગ, ૧૦. દ્રવ્યાનુયોગ=જેમાં દ્રવ્યના-ગુણ પર્યાય-સ્વભાવ-વિભાવનું વર્ણન છે તે અનુયોગ, ૧૧. ચરણકરણાનુયોગ=જેમાં વિધિ-વિધાન અનુષ્ઠાન વગેરે છે તે અનુયોગ.

૨૦મું કપ્પવડિંસિયા-કલ્પાવતંસિકા સૂત્ર :

૧. સર્વજ્ઞ પ્રણિત=સંપૂર્ણ જ્ઞાન છે એવા સર્વજ્ઞ દ્વારા કહેવાયેલું, ૨. વૈરાગ્યવાસિત=વૈરાગ્યથી ભરપૂર.

૨૧મું પુપ્ફિયા-પુષ્પિકા સૂત્ર :

૧. વિટંબણા=મુશ્કેલીઓ

પૂષ્ફચૂલિયા-(પૂષ્પચૂલિકા) સૂત્ર :

૧. સુત્તાગમ=સૂત્ર રૂપે ગૂંથેલા આગમ, ૨. સમોસરણ=તીર્થંકરના ઉપદેશને સાંભળવા માટે દેવો દ્વારા રચિત બેઠકોનું સ્થાન-એક વિશેષ પ્રકારનું સ્ટેડિયમ, જેમાં ત્રણ પ્રકારના ગઢ હોય, રૂપાનો ગઢ સોનાના કાંગરા, સોનાનો ગઢ રત્નના કાંગરા, રત્નનો ગઢ મણિરત્નના કાંગરા. આમ ઉત્તરોત્તર ત્રણ ગઢની રચના હોય, જેમાં કેવળી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, દેવ-દેવી આદિ ૧૨ પ્રકારની પર્ષદા (પરિષદ) ભગવાનની દેશના (ઉપદેશ) સાંભળવા આવે. ગોળાકાર બેઠકની વચ્ચે ભગવાન બિરાજે. સ્ફટિક સિંહાસનને કારણે એમના ચારે બાજુથી દર્શન થાય એવી રચના હોય.

૨૩મું વિન્હિદશા-વૃષ્ણિદશા સૂત્ર :

૧. અતિશય=ચડિયાતાપણું-શ્રેષ્ઠતા

૪૧, ૪૨, ૪૩, ૪૪ અને ૪૫ ક્રમાંક સૂત્રો :

૧. પરિગ્રહ=સંગ્રહ, ૨. સમાચારી=આગમમાં દર્શાવ્યા મુજબની સાધુક્રિયા ૩. પડિલેહણ=યતનાપૂર્વક જોવું. વસ્ત્ર-પાત્રા અન્ય ઉપકરણોની જયણા કરવી. ૪.ઉપધિ=સંયમપાલન માટેનાં આવશ્યક સાધનો. ૫. સમિતિ=શુભ પ્રવૃત્તિ-શુભ ભાવમાં એકાગ્ર બની પ્રવૃત્તિ કરવી. ૬. ગુપ્તિ=યોગની શુભાશુભ પ્રવૃત્તિને રોકવી, ૭. અભિગ્રહ=વિશેષ પ્રતિજ્ઞા, ૮. પ્રહર=પહોર (ત્રણ કલાક), ૯. આચર ગોચર=આચાર અને વ્યવહાર, ૧૦. ઉદ્દેશા =વિભાગ-મુદ્દાઓ. ૧૧. મહાચાર=વિશિષ્ટ આચાર પાલન, ૧૨. દેશના=પ્રવચન, ૧૩. પ્રવ્રજ્યા=દીક્ષા-સંસારત્યાગ, ૧૪. બહુશ્રુત=શ્રુતના સમર્થ જ્ઞાતા ગુરુ, ૧૫. ગણિપિટક=સાધુના આચાર પાળવા અને પળાવવાની પેટી, ૧૬. અનુયોગ=સૂત્રની સાથે અનુકૂળ અર્થનો સંયોગ, ૧૭. આવશ્યક=અવશ્ય કરવા યોગ્ય ક્રિયા-ધાર્મિક ક્રિયા, ૧૮. પ્રમાણ=જેનાથી વસ્તુનું યથાર્થ જ્ઞાન મળે. (સત્ય વચન). ✷ ✷ ✷

આગમ-વાણી

- *પ્રજ્ઞાવાન પુરુષે અસત્યામૃષા (સત્ય અને અસત્યના મિશ્રણવાળી ભાષા) ન બોલવી જોઈએ. વળી સત્ય ભાષા પણ પાપ વિનાની, અકર્કશ, સંદેહ રહિત અને બરાબર વિચારેલી એવી બોલવી જોઈએ.*
- *કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર કહેવો ન જોઈએ.*
- *ક્રોધ પ્રીતિનો નાશ કરે છે; માન વિનયનો નાશ કરે છે; માયા-કપટ મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે.*
- *ક્રોધ, માન, માયા અને લોભ એ પાપને વધારનારાં છે. પોતાના આત્માનું હિત ઇચ્છનારે આ ચાર દોષોને છોડી દેવા જોઈએ.*
- *ઉપશમ દ્વારા ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને જીતો, સરળતા દ્વારા કપટભાવને દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.*

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

યોજિત

૨૧ મો જૈન સાહિત્ય સમારોહ–પાવનપુરી (રાજસ્થાન)

સૌજન્ય : રૂપ માણેક ભંસાલી ટ્રસ્ટ

પ્રસ્તુત થયેલા શોધ નિબંધો

ક્રમ	નામ	મોબાઈલ નંબર	નિબંધનું નામ
૦૦૧.	અભયભાઈ આઈ. દોશી	૯૮૯૨૬૭૮૨૭૮	આંબડ રાસ
૦૦૨.	અજીતભાઈ આઈ ઠાકોર	૯૯૨૫૭૧૧૬૩૯	શુકન શાસ્ત્ર ચોપાઈ રાસ
૦૦૩.	અનિતાબેન દિનેશચંદ્ર આચાર્ય	૯૪૨૭૪૯૬૨૭૧	શ્રી સમકિત કૌમુદી રાસ
૦૦૪.	આરતી ચીમનલાલ ત્રિવેદી	૯૯૦૪૦૮૪૮૪૦	નલદમયંતિ રાસ
૦૦૫.	અશ્વિનભાઈ જયંતીલાલ ગાંધી	૯૪૦૯૦૩૧૭૦૦	સ્થુલીભદ્ર / ભબતેશ્વર બાહુબલી
૦૦૬.	બી. વિજય જૈન	૯૩૨૭૦૦૭૪૩૨	પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન
૦૦૭.	બાબુભાઈ મંગલદાસ શાહ	૯૮૨૪૭૦૧૮૯૯	જૈન પત્રકારત્વ
૦૦૮.	ભાનુબેન જયંતીલાલ શાહ	૯૮૯૨૪૨૨૫૩૫	કવિ ઋષભદાસ કૃત અજીતકુમાર રાસ
૦૦૯.	ભરતકુમાર મનહરલાલ ગાંધી	૯૮૨૪૪૮૫૪૧૦	મોહનવિજયજી ચંદ્રરાજાનો રાસ
૦૧૦.	બ્રીજલ અનિલભાઈ શાહ	૯૮૩૩૫૫૪૪૧૫	પ્રબુદ્ધ જીવન
૦૧૧.	ચંદ્રિકા કે. શાહ	૯૭૨૬૮૬૩૩૪૪	હરીબલ માછી રાસ
૦૧૨.	ચેતન ચંદુલાલ શાહ	૯૮૭૯૫૧૨૬૫૧	ધન્ના-શાલિભદ્ર રાસ
૦૧૩.	છાયાબેન પી. શાહ	—	પ્રભુદાસ પારેખ-પત્રકાર
૦૧૪.	ચિત્રા દિપકભાઈ મોદી	૯૪૦૯૪૦૬૯૪૯	દિવાલી પર્વ પર રાસ
૦૧૫.	દિપા કનકરાય મહેતા	૯૯૬૯૯૨૮૭૨૯	રામ રસાયન રાસ
૦૧૬.	ધનવંત ટી. શાહ	૯૮૨૦૦૦૨૩૪૧	શ્રીપાલ રાસ+પત્રકાર જયભિખ્ખુ
૦૧૭.	ધરમચંદ જૈન	૯૪૧૩૨૫૩૦૮૪	ડૉ. નેમચંદ જૈન
૦૧૮.	ધીરેન્દ્રભાઈ રસિકલાલ મહેતા	૯૮૨૪૯૮૦૫૦૬	માનતુંગ માનવતીનો રાસ
૦૧૯.	દિક્ષાબેન હેમચંદ સાવલા	૯૩૨૭૯૧૪૪૮૪	મૃગાવતી રાસ
૦૨૦.	ફાલ્ગુની પી. જવેરી	૯૯૩૦૪૯૫૭૪૫	અષ્ટ પ્રકારી પૂજા રાસ
૦૨૧.	ગંગારામ ગર્ગ	—	આષાઢ મુર્તિ રાસ
૦૨૨.	ગ્રીષ્મા સંદિપ શાહ	૯૫૮૪૩૦૧૪૮૯	આદિનાથ રાસ
૦૨૩.	ગુલાબ બી. દેઢિયા	૯૮૨૦૬૧૧૮૫૨	પત્રકાર -માવજી કે. સાવલા
૦૨૪.	ગુણવંતભાઈ ઉપાધ્યાય	૯૪૨૬૪૫૦૧૩૧	પત્રકાર-શ્રી ઝવેરચંદ મેઘાણી
૦૨૫.	એચ. એસ. ગાંધી	—	જૈન પત્રકારત્વ– શ્રી પન્નાલાલ આર. શાહ
૦૨૬.	હંસાબેન પ્રવિણચંદ્ર શાહ	૯૪૨૭૨૮૪૯૯૧	શંત્રુજય ઉદ્ધાર રાસ / પત્રકારોનું પ્રદાન મુક્તિદૂત
૦૨૭.	હંસાબેન એસ. શાહ	૯૮૧૯૭૨૯૩૯૮	અંગ ફુરૂકાઈ
૦૨૮.	હંસાબેન ઉમરશી ગાલા	૯૨૨૪૪૫૫૨૬૨	જૈન પત્રકારત્વ
૦૨૯.	હર્ષદ પદમશી મહેતા	૯૨૨૮૨૪૧૪૨૮	શ્રી નેમિનાથ રાજુલ બાર માસ
૦૩૦.	હેમલતા જૈન	૯૪૬૧૧૪૨૨૦૫	વીશ સ્થાનક
૦૩૧.	હિંમતભાઈ જી. કોઠારી	૯૪૨૮૪૭૪૦૪૫	કરકંડુ રાસ
૦૩૨.	હિંમતલાલ એ. શાહ	૯૩૨૪૫૩૦૨૯૨	ગૌતમ સ્વામીનો રાસ
૦૩૩.	હિના યશોધર શાહ	૯૯૨૫૦૩૮૧૪૮	યશોધર રાસ
૦૩૪.	હિરેન કિશોરભાઈ દોશી	૯૦૩૩૧૭૪૫૧૪	વિમલમંત્રી રાસ કર્તા લાવણ્યસમય
૦૩૫.	હિતેશ બળવંતરાય જાની	૯૩૨૮૯૫૨૯૫૮	સમય સુંદર કૃત સીતારામ રાસ
૦૩૬.	જાગૃતિ નલીનભાઈ ઘીવાલા	૯૪૨૮૯૧૩૭૫૧	ઈલાચીકુમારનો રાસ
૦૩૭.	જશવંતભાઈ ડી. શાહ	૦૯૪૨૬૧૧૬૯૭૬	લાવારાસા
૦૩૮.	જશવંતલાલ વી. શાહ	૯૭૬૯૨૮૭૫૦૭	જૈન દિવાકર પૂ. મુનિ ચોથમલજીકૃત શ્રીપાળ રાસ
૦૩૯.	જયપ્રકાશ નારાયણ દ્વિવેદી	—	કલિકાલ રાસ
૦૪૦.	જયંતીલાલ મણિલાલ શાહ	—	કયવન્ના રાસ
૦૪૧.	જયશ્રી ભરતભાઈ દોશી	૯૮૭૦૪૦૨૮૨૯	જૈન પત્રકારત્વ
૦૪૨.	જયશ્રી મુકેશભાઇ ટોલિયા	૯૪૨૮૨૫૨૨૨૦	આધ્યાત્મ ગીતા
૦૪૩.	જોની કિરીટકુમાર શાહ	૯૨૨૩૨૭૨૫૧૫	હીરસૂરિ રાસ
૦૪૪.	જ્યોત્સના રસિકલાલ ધ્રુવ	૯૮૬૯૩૨૨૪૬૭	લીલાવતી સુમતી વિલાસ રાસ
૦૪૫.	કૈલાશબેન એચ. મહેતા	૮૮૨૦૦૪૬૨૬૪	શંત્રુજય પર્યાય રાસ
૦૪૬.	કલ્પના જૈન	—	કપુર મંજરી રાસ
૦૪૭.	કનૈયાલાલ લલ્લુભાઈ શાહ	૯૭૨૫૮૯૩૩૫૫	ગુરુગુણ અમૃતવેલી રાસ
૦૪૮.	કાનજી જે. મહેશ્વરી	૯૪૨૬૭૮૯૬૭૦	વસ્તુપાલ-તેજપાલ રાસ
૦૪૯.	કાંતિલાલ બી. શાહ	૯૪૨૯૦૬૪૧૪૧	સ્થૂલિભદ્ર નવરસો રાસ
૦૫૦.	કેતકી શરદભાઈ શાહ	૯૩૨૦૦૯૫૩૭૨	(૧) બાલ પાટિલ (૨) કુમારપાળ દેસાઈ
૦૫૧.	કિરીટકુમાર જયંતીલાલ શાહ	૯૯૭૯૧૫૭૩૭૪	મહાસતી ઋષીદત્તા રાસ
૦૫૨.	કીર્તિબેન બી. દોશી	૭૪૯૮૬૬૩૩૫૦	વિક્રમસેન રાસ
૦૫૩.	કિરીટકુમાર એન. શાહ	૯૪૨૮૫૬૪૯૪૮	વિજય હીરસૂરિ રાસ
૦૫૪.	કોકિલા એચ. શાહ	૯૩૨૩૦૭૯૯૨૨	દ્રવ્ય ગુણાપર્યાય રાસ + જૈન પત્રકારત્વ
૦૫૫.	કોકિલા મહેન્દ્રભાઈ શાહ	૯૮૭૦૩૨૫૨૬૬	અંજના સતી રાસ
૦૫૬.	કુલદીપ શર્મા	૯૫૬૦૨૫૦૧૧૭	નેમીશ્વર રાસ
૦૫૭.	કુણાલ એમ. કપાસી	૯૪૨૮૮૦૫૪૨૭	કાપડહેડાનો રાસ
૦૫૮.	મધુકર એન. મહેતા	૯૮૨૪૦૯૩૦૬૩	વસ્તુપાલ-તેજપાલ રાસ
૦૫૯.	મધુરી પાંડે	—	ધર્મ પરીક્ષા રાસ
૦૬૦.	મહેન્દ્રભાઈ ભાઈલાલ ગાંધી	૯૭૨૩૩૫૩૫૮૧	ગુરુ રાસ
૦૬૧.	માલતી કિશોરભાઈ શાહ	૯૮૨૪૮૯૪૬૬૯	જૈન પત્રકાર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
૦૬૨.	મનિષભાઈ એન. શાહ	૯૮૯૮૦૧૯૬૦૦	શેત્રુંજય માહાત્મ્ય રાસ
૦૬૩.	મંજુલા હર્ષદભાઈ મહેતા	૯૨૨૮૨૪૧૪૨૮	શ્રી પુષ્પાવતી રાસ
૦૬૪.	મનોજ અજીતચંદ્ર ઉપાધ્યાય	૯૮૨૫૬૮૬૩૧૨	સોમવિમલસૂરિ રાસ
૦૬૫.	મનુભાઈ જે. શાહ	૯૪૨૯૫૦૫૩૫૬	શ્રી સુરસુંદરી રાસ (શ્રી પંડિત પ્રવર) શ્રીમદ્ વીરવિજયજી વિરચિત

ક્રમ	નામ	મોબાઈલ નંબર	ગ્રંથનું નામ
૦૬૬.	મીના પિનાકીન પથક	૯૪૨૭૫૯૧૪૧૪	ગૌતમ સ્વામીનો રાસ (કેવળ મુનિ)
૦૬૭.	મીનાબેન પરેશભાઈ શાહ	૯૪૨૮૨૪૬૯૪૫	શ્રેણિક રાજાનો રાસ
૦૬૮.	મીનલ દિનેશભાઈ અવલાણી	૯૮૧૯૭૧૩૨૦૫	શ્રી અભયકુમાર રાસ
૦૬૯.	મીતા જગદીશચંદ્ર વ્યાસ	૮૧૪૧૯૨૯૨૧૭	સમય સુંદરકૃત વલ્કલચીરી રાસ
૦૭૦.	મિલિન્દકુમાર એસ. જોષી	૯૮૨૫૩૧૭૪૯૨	ઉપદેશ રસાયન રાસ
૦૭૧.	નલિની દિલીપભાઈ શાહ	૯૮૧૯૧૬૦૮૯૩ / ૯૮૨૧૧૭૬૬૯૪	નેમ રાજુલ રાસ
૦૭૨.	નરેશ પ્રદ્યુમનરાય અંતાણી	૯૯૯૮૨૨૦૪૭૮	કચ્છી પત્રકાર-શ્રી પ્રાણલાલ શાહ
૦૭૩.	નીતાબેન મધુકર મહેતા	૯૪૨૭૫૧૨૮૯૮	ધન્ના રાસ
૦૭૪.	નીતુ જૈન	૯૮૬૮૮૮૮૬૦૭	હનુમંત રાસ
૦૭૫.	પદ્મચંદ દીપચંદ મુથા	૦૯૪૨૬૧૧૬૯૭૬	ભગવાન નેમિનાથ ઔર પુરૂષોત્તમ શ્રી કૃષ્ણચંદ્ર રાસ
૦૭૬.	પંકજકુમાર ઘનશ્યામભાઈ ત્રિવેદી	૯૪૨૬૪૫૪૫૪૪	ભરતેશ્વર બાહુબલી રાસ
૦૭૭.	પારૂલબેન ભરતકુમાર ગાંધી	૯૮૨૪૪૮૫૪૧૦	હીરવિજયસૂરિ રાસ
૦૭૮.	પાર્વતી નેનશી ખિરાણી	૯૮૬૯૭૮૭૬૯૨	પૂજા વિધિ-રાસ
૦૭૯.	પૌરિક વિરેન્દ્રભાઈ શાહ	૯૩૨૮૩૯૩૨૯૩	કોચર વ્યવહારીનો રાસ
૦૮૦.	પ્રદિપકુમાર અમૃતલાલ ટોલિયા	૯૮૨૪૮૭૩૩૫૬	સગલ શાહનો રાસ
૦૮૧.	પ્રફુલ્લા રસિકલાલ વોરા	૯૪૦૯૪૬૭૯૩૪	પં. શ્રી વીરવિજય નિર્વાણ રાસ
૦૮૨.	પ્રજ્ઞા બિપીનભાઈ સંઘવી	૯૮૯૨૧૧૭૭૭૮	શ્રી ધન્ના શાલિભદ્ર રાસ
૦૮૩.	પ્રતાપકુમાર જે. ટોલિયા	૯૬૧૧૨૩૧૫૮૦	બ્રહ્મ ગુલાલ મુનિકથા
૦૮૪.	પ્રવિણાબેન મુકેશભાઈ શાહ	૯૪૨૮૯૯૦૪૫૬	અષ્ટ પ્રકારી પૂજા રાસ
૦૮૫.	પ્રવિણભાઈ સી. શાહ	૯૯૯૮૩૩૬૯૯૨	મહાસતી સુરસુંદરજીનો રાસ
૦૮૬.	પ્રીતિબેન નરેન્દ્રકુમાર શાહ	૯૪૨૬૩૪૭૩૬૩	જૈન પત્રકાર સુકરણાજી
૦૮૭.	પૂર્ણિમા એસ. મહેતા	૯૪૨૭૦૨૧૨૨૧	ભરત બાહુબલિ રાસ
૦૮૮.	રજ્જન કુમાર	૯૪૧૨૯૭૮૭૧૨	જૈન જર્નાલીઝમ અને જૈન જનરલ
૦૮૯.	રામ કિશન પોહિયા	૯૬૯૪૧૦૨૦૯૭	આલાચી કુમાર રાસ
૦૯૦.	રામનાથ પાંડે	—	પ્રવચનસાર રાસ
૦૯૧.	રશ્મિ જે. ભેડા	૯૮૬૭૧૮૬૪૪૦	જૈન પત્રકારત્વ
૦૯૨.	રશ્મિભાઈ જે. ઝવેરી	૯૮૨૧૬૮૧૦૪૬	સાધુ વંદના રાસ
૦૯૩.	રતન ખીમજી છાડવા	૯૮૯૨૮૨૮૧૯૬	શ્રાદ્ધવિધિ રાસ
૦૯૪.	રવિન્દ્ર વી. ખાંડવાલા	૯૯૯૮૩૬૨૮૭૬	સુર સુંદરી રાસ
૦૯૫.	રેખા વ્રજલાલ વોરા	૯૮૨૦૮૨૪૨૮૧	પત્રકાર શ્રી ગુણવંતભાઈ શાહ
૦૯૬.	રેણુકા જે. પોરવાલ	૯૮૨૧૮૭૭૩૨૭	જૈન પત્રકારત્વ
૦૯૭.	રેશ્મા ડી. પટેલ	૯૮૨૫૧૮૫૧૬૭	શત્રુંજય મંડન રાસ
૦૯૮.	ઋષિકેશવાય. રાવલ	૯૪૨૬૫૧૫૭૮૦	આચાર્યશ્રી સોમસુંદર સૂરિકૃત-સ્થૂલિભદ્ર ચરિત્ર રાસ
૦૯૯.	રીતાબેન વિનોદભાઈ ગાંધી	——	રોહિણેય ચોર કા રાસ
૧૦૦.	રૂપા એસ. ચાવડા	૯૮૨૫૧૬૪૩૫૬	રેવંતગિરિ રાસ-કર્તા:વિજયચંદ્ર
૧૦૧.	રૂચિ મૌનજય મોદી	૯૭૬૯૦૫૦૨૫૨	સાત નયનો રાસ
૧૦૨.	રૂપાલી અજયજી બાફના	૯૪૦૩૦૮૬૫૭૧ / ૯૪૦૪૩૪૦૧૭૧	જૈન પત્ર
૧૦૩.	સંધ્યા બિપીનભાઈ શાહ	૯૩૨૪૬૮૦૮૦૯	જૈન પત્રકાર શ્રી ચંદ્રકાંત વોરા
૧૦૪.	સંજય ફતેહચંદભાઈ શાહ	૯૪૨૯૦૭૭૪૦૯	પ્રાસ્તાવિક દુહા રાસ
૧૦૫.	શાંતિલાલ સી. ખોના	૯૯૩૦૦૬૯૧૪૨	શ્રી ગુરુવલ્લભ
૧૦૬.	શેખરચંદ્ર જૈન	——	પત્રકારત્વ દશા અને દિશા
૧૦૭.	શીતલ મનિષભાઈ શાહ	૯૪૨૬૪૨૫૬૦૦	તેતલી રાસ
૧૦૮.	શોભના પૂનમચંદ જૈન	——	સાધુ વંદના / સ્થુલીભદ્ર વિજય / ભરતેશ્વર બાહુબલી
૧૦૯.	શોભના આર. શાહ	૯૮૯૮૧૦૯૨૭૩	જગડુ પ્રબંધ રાસ
૧૧૦.	શ્રીકાંત રસિકલાલ ધ્રુવ	૯૮૬૯૩૨૨૪૬૨ / ૯૮૬૯૮૧૬૩૮૪	ધમ્મિલકુમાર રાસ
૧૧૧.	શ્વેતા જૈન	૯૪૧૩૭૮૨૯૬૮	જિનવાણી માસિક પત્રિકા
૧૧૨.	સ્મિતા પારસમલ જૈન (કુચેરિયા)	૯૪૨૨૭૯૧૪૬૭ / ૭૫૮૮૦૦૨૮૪૨	જૈન ભારતી-પત્રકારત્વ
૧૧૩.	સુદર્શનાબેન પ્રબોધભાઈ કોઠારી	૯૮૩૩૪૧૧૦૧૮	સિદ્ધચક્ર રાસ
૧૧૪.	સુધાબેન મહેન્દ્રભાઈ ગાંધી	૯૪૦૯૧૬૪૫૭૫	પરદેશી રાજા રાસ
૧૧૫.	સુધાબેન નિરંજન પંડ્યા	૯૪૨૭૫૩૯૨૭૯	શ્રી વાડીલાલ મોતીલાલ શાહનું પત્રકારત્વ/દેવકીજી છ ભાયારો રાસ
૧૧૬.	સુમન પી. શાહ (સુમન શાહ)	૯૯૮૭૬૬૮૮૬૬	શ્રી સમકિત કૌમુદી રાસ
૧૧૭.	સુમિત્રા પી. ટોલિયા	૯૮૪૫૦૦૬૫૪૨	જિનેશ્વર રાસ
૧૧૮.	સુવર્ણા વી. જૈન	૯૮૧૯૮૨૦૭૫૮ / ૮૯૭૬૪૮૪૨૧૬	સમરાહિત્ય કેવલી રાસ-પૂ. પદ્મવિજય કૃત
૧૧૯.	ઉર્વશી મનુપ્રસાદ પંડ્યા	૯૮૨૧૬૭૩૫૭૭	નલ દમયંતી રાસ
૧૨૦.	ઉષા રમણીકલાલ પટેલ	૮૦૯૭૭૩૧૩૯૭	કુમારપાળ રાસ
૧૨૧.	ઉત્પલા કાંતિલાલ મોદી	૮૮૨૮૩૯૨૮૨૪	કુમારપાલ રાસ / શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ (પત્રકાર)
૧૨૨.	વર્ધમાન આર. શાહ	૯૮૯૨૩૬૪૪૨૦	ગુરુ તત્ત્વ પ્રકાશ રાસ
૧૨૩.	વર્ષા વી. શાહ	૯૭૫૭૧૨૪૨૮૨ / ૯૮૩૩૩૧૬૪૧૪	દીપવિજય સૂરિકૃત રોહિણી તપની રાસ
૧૨૪.	વસંત મોરારજી વીરા	૯૪૨૬૮૩૭૧૫૧	મહાસતિ મયણરેખાની સજ્ઝાય ઢાલ (રાસ સંગ્રહ)
૧૨૫.	વીર સાગર જૈન	૯૮૬૮૮૮૮૬૦૭	આદિનાથ રાસ
૧૨૬.	ડૉ. કુમારપાળ દેસાઈ	૦૯૮૨૪૦૧૯૯૨૫	જૈન પત્રકારત્વ
૧૨૭.	ડૉ. જિતેન્દ્ર શાહ	૦૯૮૨૫૮૦૦૧૨૬	જૈન રાસા સાહિત્ય

આગમ-વાણી

- *સાધકે વગર પૂછ્યે બોલવું નહિ, ગુરુજનો વાતચીત કરતા હોય તો વચ્ચે બોલવું નહિ, પીઠ પાછળ કોઈની નિંદા કરવી નહિ અને કપટયુક્ત અસત્ય વાણીનો ત્યાગ કરવો.*
- *જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતી નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ ત્યાં સુધી સારી રીતે ધર્માચરણ કરી લેવું.*
- *ક્રોધ, લોભ, ભય, માન કે મજાક-મશ્કરીમાં એવી ભાષા ન બોલવી જોઈએ કે જે પાપને વખાણનારી હોય, બીજાનો પરાભવ કરવાવાળી હોય કે બીજાનો ઘાત કરનારી હોય.*

જયભિખ્ખુ જીવનધારા : ૪૨

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[જેવું મૂલ્યનિષ્ઠ સર્જન, એવું સિદ્ધાંતનિષ્ઠ જીવન જીવનારા ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક 'જયભિખ્ખુ'ના જીવનમાં બનેલા રોમાંચક પ્રસંગો દ્વારા એમની નિર્ભયતા અને સાહસવૃત્તિનો ખ્યાલ આવે છે. 'જવાંમર્દ', 'હિંમતે મર્દા' અને 'વિક્રમાદિત્ય હેમુ' જેવાં શૌર્ય અને બહાદુરીનાં ગ્રંથો લખનાર ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક જયભિખ્ખુએ કસોટીના પ્રસંગોએ દાખવેલી નિર્ભયતાની ઘટના જોઈએ આ બેતાલીસમા પ્રકરણમાં.]

સાપના રાફડામાં સામે ચાલીને હાથ!

ગ્વાલિયર નજીક આવેલાં શિવપુરીના ગાઢ જંગલમાં વિદ્યાર્થીકાળ વિતાવનાર જયભિખ્ખુએ અમદાવાદમાં શહેરથી દૂરના વિસ્તારમાં આવેલી અને કશીય સુવિધા વિનાની ચંદ્રનગર સોસાયટીમાં પ્રકૃતિના સાંનિધ્યને કારણે રહેવાનું પસંદ કર્યું. આવા દૂરના વિસ્તારમાં આવેલી સોસાયટીમાં વસનારને અપાર અગવડો વેઠવી પડતી હતી. દૂધ, શાકભાજી કે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મળે નહીં અને શહેરમાં જવા માટે ઘણું ચાલ્યા બાદ બસ મળે. આવા વિસ્તારોમાં અસામાજિક તત્ત્વો પણ આશરો લેવાનું વધુ પસંદ કરે. જયભિખ્ખુના મિત્રો અને સ્નેહીઓ એમને બીજે વસવાટ કરવા માટે આગ્રહ કરતા હતા, ત્યારે એનો નમ્રતાથી અસ્વીકાર કરતા હતા.

શહેરથી અત્યંત દૂર આવેલા આ વિસ્તારના વિકાસ માટે જયભિખ્ખુએ અંગત સુખ-સગવડ અને સમયનો ભોગ આપ્યો. પોતાની અંગત ઓળખાણો અને પરિચયો દ્વારા સોસાયટીના વિકાસ માટે અથાગ પ્રયત્નો કર્યા. એના વિકાસમાં જે અવરોધક બળો આવે, તેમને દૂર કરવાનું કાર્ય પણ એમણે કર્યું. આવા અવરોધો દૂર કરવા જતાં અપ્રતિમ હિંમત અને સાહસ દાખવ્યાં. એ સમયની પરિસ્થિતિનો ચિતાર આપતાં સોસાયટીના કાર્યદક્ષ મંત્રી શ્રી લાભુભાઈ જોશી નોંધે છે,

'તેમણે (જયભિખ્ખુએ) આવા અવરોધો હઠાવવામાં જાનનું જોખમ વહોરેલું. ચંદ્રનગર સોસાયટીની બાજુમાં આવેલા એક મકાનમાં શહેરના માથાભારે તત્ત્વોનો અડ્ડો જામેલો. રાત્રે ત્યાં રૂપબજાર ભરાતું હતું અને મહેફિલો જામતી હતી અને મોજીલાઓની મોટરો અને સ્કૂટરોની વણજાર લાગતી. મકાનમાં લાઈસન્સ વિનાના હથિયારો મોટી સંખ્યામાં રાખવામાં આવતાં. ગમે તે હથિયારનો ઉપયોગ ગમે તેના ઉપર ક્યારે થશે તે કહેવું અનિશ્ચિત હતું.'

આવી પરિસ્થિતિને કારણે નજીકની સોસાયટીના રહેવાસીઓ અત્યંત ત્રાસી ગયા હતા. સાંજ પડે અને ભયના ઓળા ઊતરતા. રહેવાસીઓ આ મકાન પાસેથી નીકળતા ડરતા હતા. વળી બાજુમાં જ અવરજવરનો મુખ્ય રસ્તો આવેલો હોવાથી નાછૂટકે ડરતાં-ધ્રૂજતાં નીકળવું પડતું હતું. એ મકાનમાં જતાં લોકો રસ્તા વચ્ચે ઊભા રહીને અપશબ્દો બોલતા હોય, દારૂ પીને લથડિયાં ખાતા હોય, બૂમો પાડતા હોય તો એમને રોકવાની કે ટોકવાની કોઈ હિંમત કરી શકતું નહીં.

મોડી રાત સુધી સ્કૂટરો, રિક્ષાઓ અને મોટરકારોની અવરજવર ચાલુ રહેતી. આજુબાજુના રહેવાસીઓને રાત્રે ઊંઘમાં વારંવાર ખલેલ પડતી. સ્ત્રીઓને માટે તો ત્યાંથી સાંજ પછી પસાર થવું પણ મુશ્કેલ જણાતું. એ મકાનની આસપાસના વિસ્તારના લોકો આનાથી ખૂબ અકળાઈ ઊઠતા, પણ એની સામે અવાજ ઉઠાવે કોણ? બધા દબાઈ-ચંપાઈને-ડરીને જીવતા હતા. લોકો જેટલા ડરે તેટલું અડ્ડાવાળાને વધુ પસંદ પડતું. ક્યારેક મોડી રાત્રે એકાએક બૂમ-બરાડા સંભળાતા. આ બધું સહુ કોઈ ચુપચાપ સહન કરતા હતા. સજ્જનોનું મૌન દુર્જનોને માટે દુર્જનતાનું મોકળું મેદાન બને છે. સવાલ એ હતો કે સાપના રાફડામાં હાથ નાખે કોણ? સામે ચાલીને વાઘને એનું મોં ગંધાય છે, એમ કહેવા જાય કોણ?

આનાથી ત્રાસેલા નજીકની સોસાયટીના રહેવાસીઓ એક વાર સાથે મળીને જયભિખ્ખુ પાસે આવ્યા અને એમને એમની આપવીતી કહી. ક્યારેક તો એવું બનતું કે એ અડ્ડામાંથી મારઝૂડ થવાને કારણે કોઈ સ્ત્રી દોડીને બાજુના ઘરમાં ઘૂસી જતી હતી. ઘરના લોકો એકાએક આવી રીતે કોઈ ઘરમાં પેસી જાય એનાથી બૂમો પાડવા લાગતા હતા અને આજુબાજુના લોકો ભેગા થઈ જતા હતા. એ પછી એ અડ્ડાનો માલિક અમરતદાદા આવીને એ સ્ત્રીને ધમકી આપીને લઈ જતો.

સઘળી યાતના સાંભળીને જયભિખ્ખુનો સંવેદનશીલ આત્મા દ્રવી ઊઠ્યો. એમને થયું કે ગમે તેમ પણ આ વિસ્તારનું આ કલંક દૂર કરવું જોઈએ. આ સંદર્ભમાં એમણે એમના પરિચિત એવા રાજ્યના પોલીસમંત્રીની મુલાકાત લીધી. એ મંત્રીએ કહ્યું કે અમે જરૂર આ લોકો સામે કાર્યવાહી કરીએ, પરંતુ એ માટે આસપાસના રહીશોએ આ 'ન્યૂસન્સ' હોવાની અરજી આપવી જોઈએ.

જયભિખ્ખુએ આસપાસના રહીશોને એકઠા કર્યા અને કહ્યું કે આ અરજીમાં અમે પહેલાં સહી કરીશું, પણ પછી તમે સહી કરો. થોડી વાર બધા મૂંગા રહ્યા અને કોઈએ સહી કરવાની હિંમત બતાવી નહીં. આથી જયભિખ્ખુ રાજ્યના પોલીસમંત્રીને પુનઃ મળવા ગયા અને કહ્યું કે આસપાસના લોકો એટલા બધા ગભરાયેલા અને ડરેલા છે કે કોઈ આવી હિંમત કરવા તૈયાર નથી. એને બદલે તમે કોઈ બીજો રસ્તો અપનાવો.

એ સમયે ગુજરાતના પોલીસદળમાં શ્રી મજબૂતસિંહજી જાડેજા નામના પોલીસ-અધિકારીની ઘણી નામના હતી. સૌરાષ્ટ્રમાં ધાક જમાવનારા ભૂપત બહારવટિયાને ભીંસમાં લેનાર એ જવાંમર્દ પોલીસ-અધિકારી હતા! આ કામ શ્રી મજબૂતસિંહજી જાડેજાને સોંપવામાં આવ્યું અને તેઓને કહેવામાં આવ્યું કે આ અંગે ચંદ્રનગર સોસાયટીમાં રહેતા લેખક શ્રી જયભિખ્ખુનો સંપર્ક સાધવો.

એક દિવસ બપોરે આ પોલીસ-અધિકારી આવ્યા અને આવીને પૂછ્યું, 'તમે જયભિખ્ખુને?'

જયભિખ્ખુએ કહ્યું, 'ના, હું તો બાલાભાઈ છું. જયભિખ્ખુ તો બીજા છે! છતાં તમે અહીં બેસો. થોડીવારમાં આવશે.'

મજબૂતસિંહજી જાડેજા બેઠા અને સાહજિક રીતે જ બોલ્યા, 'અરે જયભિખ્ખુની 'ઈંટ અને ઈમારત' કૉલમનો હું આશક છું અને એમાં પણ હમણાં સરદાર વલ્લભભાઈ પટેલ વિશેના લેખો વાંચીને તો હું મુગ્ધ બની ગયો છું. ક્યાં છે એ?'

'એ હું જ છું.' અને પછી બંને વચ્ચે પ્રેમભરી પુષ્કળ વાતો થઈ. સોસાયટીની બાજુમાં આવેલા આ મકાનને પરિણામે રહીશો કેવી ભયભીત હાલતમાં જીવી રહ્યા છે એનો જયભિખ્ખુએ ચિતાર આપ્યો. કાબેલ પોલીસ-અધિકારીએ કહ્યું, 'આપ ફિકર ન કરો. થોડા સમયમાં આ બધું દૂર થઈ જશે.'

અને આ અધિકારીએ અહીં કેટલાક પોલીસોને એક કામ સોંપ્યું. તેઓ અહીં આવનારી મોટરની ચકાસણી કરવા લાગ્યા. મુસાફરનાં નામ-સરનામાં લખવા માંડ્યાં. મોટર ડ્રાયવરના લાઇસન્સની ચકાસણી થવા લાગી. ચોપડામાં મોટરનો નંબર લખવા માંડ્યા. શા માટે અહીં આવો છો એની પુષ્કળ પૃચ્છા થવા લાગી. રિક્ષાવાળાઓની પૂછપરછ શરૂ થઈ. દંડનીતિનો પ્રયોગ શરૂ થયો. આટલી મોડી રાત્રે કેમ અહીં બેઠા છો, એમ કહી પોલીસ લાઠી-પ્રસાદ આપવા લાગી.

આ પરિસ્થિતિથી અમરતદાદા અકળાઈ ઊઠ્યો. એણે પોલીસને ફોસલાવી–ધમકાવી, પણ પોલીસે તો ઉપરથી મળેલા ઑર્ડરની વાત કરી. ધીરે ધીરે અડ્ડાના માલિક અમરતદાદાને બાતમી મળી કે નજીકની સોસાયટીમાં વસતા એક ભાઈએ કરેલી ફરિયાદને કારણે પોલીસ પાછળ પડી છે અને પોલીસને કોઈ પણ ભોગે આ બંધ કરાવવાનો આદેશ છે.

અમરતદાદાનો મિજાજ ગયો. આજ સુધી બેરોકટોક ચાલતી પ્રવૃત્તિ પર કોણે તરાપ મારી? હવે એનું તો આવી જ બન્યું! એને સીધો કરીને જ જંપીશ. આથી અમરતદાદાએ જયભિખ્ખુને ધમકી આપવાનું શરૂ કર્યું અને કહેવડાવ્યું કે અમે તમારા ચહેરા પર ઍસિડ નાંખીશું અને તમારા એકના એક દીકરાને ઉપાડી જઈશું. ધીરે ધીરે ધમકીઓનો દોર વધવા લાગ્યો.

સ્વજનોએ જયભિખ્ખુને સમજાવવા કોશિશ કરી કે તેઓ શહેરમાં ગયા હોય, ત્યારે પુત્ર અને પત્ની એકલાં જ સોસાયટીમાં હોય અને કંઈ થાય તો શું?

જયભિખ્ખુ જવાબ આપતા, 'ત્રીજની ચોથ થતી નથી. જે થવાનું હોય, તે થાય છે. મને એની પરવા નથી, કોઈ ડર નથી.'

સોસાયટીના સાથીઓ એમની નિર્ભયતા જોઈને નવું બળ પામતા હતા. બધા આનો મુકાબલો કરવા તૈયાર થઈ ગયા પણ ચપ્પા કે ખંજરની અણીઓ ક્યારે સામે આવીને દેખાશે તેનો કોઈ ભરોસો નહોતો. વળી રાત્રે ઘેર આવવાનો રસ્તો પણ આ અડ્ડાની પાસેથી પસાર થતો હતો. આમ જોખમો પારાવાર હતા. બીજી બાજુથી પોલીસની ધોંસ વધતી જતી હતી.

અડ્ડા પર આવનારા લોકોની સંખ્યા ઓછી થવાથી અમરતદાદા ચિંતામાં હતો. એવામાં એક દિવસ ખબર આવ્યા. પોલીસમાં ફરિયાદ કરનાર જયભિખ્ખુને મારવા માટે પેલો અડ્ડાનો માલિક અમરતદાદા પોતાના સાગરીતો સાથે હલ્લો કરવાનો છે અને પહેલાં જયભિખ્ખુનો, પછી એમના કુટુંબનો અને પછી એમના સાથીઓનો સફાયો કરવાનો છે.

સોસાયટીમાં બધા એકઠા થયા. હવે કરવું શું એ વિશે ચર્ચાઓ ચાલી. કોઈ પાછી પાની કરવા તૈયાર નહોતું. પણ કઈ રીતે આનો સામનો કરવો એના ઉપાયો વિચારવા લાગ્યા. છેવટે જયભિખ્ખુએ કહ્યું, 'ઘરમાં જે કંઈ સાધનો હોય તે લઈને તૈયાર રહેજો. બારણાં બંધ રાખજો. પહેલાં હું બહાર નીકળું અને બૂમ પાડું, પછી જ તમે બધા બહાર નીકળજો.'

સોસાયટીમાં ચોતરફ તંગદિલી વ્યાપી ગઈ. બધાના મનમાં ભય હતો કે શું થશે? એક એક ક્ષણ સન્નાટા સાથે પસાર થતી હતી. સહુ વિચારતા હતા કે આ અસામાજિક તત્ત્વોનો સામનો કઈ રીતે થઈ શકશે? જેમની પાસે બંદૂકોનો ઢગ હોય, તેમને કઈ રીતે વેલણથી વીંધી શકાય? ઘરમાં તો શું હથિયાર હોય? લાકડી કે ધોકો!

થોડી વારે ત્રણ મોટરો સોસાયટીની પાછળના બંગલામાં આવી. એ બંગલામાં અમરતદાદાની પરિચિત સ્ત્રી રહેતી હતી.

એ મોટરોમાંથી માણસો બંદૂક, હૉકી, લાકડી અને ધારિયા સાથે નીચે ઊતર્યા. બધા એકસાથે એ મકાનમાં પ્રવેશ્યા.

થોડીવાર સુધી કોઈ બહાર આવ્યું નહીં. સોસાયટીમાં બધા વિચારમાં પડ્યા કે થયું શું? એક ભેદી ચુપકીદી સર્વત્ર છવાઈ ગઈ. થોડી વારે અમરતદાદા બાહર આવ્યો અને સીધો જયભિખ્ખુના ઘેર ગયો. એણે બેલ વગાડી. જયભિખ્ખુએ બારણું ખોલ્યું. ઘરની પરંપરા એવી કે કોઈ પણ આવે, તો એનું બારણું ખોલીને સ્વાગત કરવું અને એને અંદર સોફા પર બેસાડવો. પરંતુ પહેલીવાર એ વ્યક્તિને જયભિખ્ખુએ ઘરની બહાર રહેલા હીંચકા પર બેસાડી અને પૂછ્યું,

'કહો, શું કામ છે? તમે જ પેલા અડ્ડાના માલિક અમરતદાદાને! આજે આ સોસાયટીના ભલા રહીશોને મારવાના મનસૂબો કરીને આવ્યા છો ને!'

અમરતદાદાની આંખો આ શબ્દો આગળ નમી ગઈ. એણે ધીમા અવાજે કહ્યું, 'સાહેબ, મારી મોટી ભૂલ થઈ ગઈ. મેં આપના જેવા માણસને મારી નાખવાનો વિચાર કર્યો. હું મારા માણસોને લઈને તમને સહુને મારવાના ઇરાદે જ આ સોસાયટીમાં આવ્યો હતો, પરંતુ મારા જે પરિચિત બહેન આપની સોસાયટીમાં રહે છે એમણે મને કહ્યું, 'આ તમને શી કુબુદ્ધિ સૂઝી? જયભિખ્ખુ છે તો અમે બધા શાંતિ, સંપ અને સલામતીથી અહીં રહી શકીએ છીએ. એ અમારા બધાના બાપ છે. બાપ જેમ દીકરા-દીકરીને રાખે એ રીતે સોસાયટીની એકેએક વ્યક્તિની સંભાળ લે છે. આટલા મોટા માણસ હોવા છતાં નોરતામાં મોટા મોટા ભગત એમના કહેવાથી ગરબા લેવડાવવા આવે છે અને એ બધા ભગત એમને વંદન કરે છે જાઓ, તમારી ભૂલ બદલ માફી માગી આવો.'

આ સાંભળીને જયભિખ્ખુ બોલી ઊઠ્યા, 'તમારે વળી માફી શું? તમારે તો માખી મારવી કે માણસ મારવો બરાબર, ખરું ને?'

અમરતદાદાએ કહ્યું, 'સાહેબ, મને માફ કરો. ભૂલ થઈ ગઈ. મારું માથું અને આપનું ખાસડું.'

જયભિખ્ખુએ કહ્યું, 'ભાઈ, તમારા કાળા કામોનો હિસાબ તમારે ચૂકવવો પડશે એ ભૂલશો નહીં. મને અને મારા પરિવારને કેટલી બધી ધાકમકીઓ તમારા માણસોએ આપી. અમને તો કશું થવાનું નથી, આથી મારી તો તમને સલાહ છે કે આ બધા ખોટા રસ્તા છોડીને સાચા માર્ગે જાવ.'

અમરતદાદાએ બે હાથ જોડીને વિદાય લીધી, પણ સાથે એટલું કહ્યું, 'સાહેબ, મારે ત્યાં નવા ઘરના વાસ્તુનો શુભ પ્રસંગ આવવાનો છે, આપ આવશો ને!'

'જરૂર.' અને અડ્ડાના માલિક અમરતદાદાએ વિદાય લીધી. થોડી વારમાં ત્રણ મોટરમાં લાઠી, બંદૂક અને ધારિયા સાથે આવેલા એના સાગરીતો મોટરમાં બેસીને બહાર નીકળ્યા. સોસાયટીના રહીશો ઘરમાં રહીને બારી કે બારણું સહેજ ખોલીને આ બધું જોઈ રહ્યા હતા. બધાને આશ્ચર્ય થયું કે એવું તે શું થયું કે તોફાન કરવાનું અને મારવાનું નક્કી કરીને આવેલા આ ગુંડાઓ પાછા ચાલ્યા ગયા. બધા જયભિખ્ખુ પાસે આવ્યા અને જયભિખ્ખુએ બધી વાત કરી.

થોડા દિવસમાં પેલા અમરતદાદા નિમંત્રણ-પત્ર આપવા આવ્યા. એમણે લીધેલા નવા ઘરનું વાસ્તુ હતું. એમણે જયભિખ્ખુને આગ્રહ કર્યો કે 'આપ પરિવાર સહિત અમારા આ પ્રસંગમાં પગલાં કરો તો અમારું મહાભાગ્ય ગણાશે.'

જયભિખ્ખુએ વાતનો સ્વીકાર કર્યો અને અમે એ મંગલ પ્રસંગમાં ગયા. ઘરના વાસ્તુપૂજન પછી અડ્ડાના માલિક અમરતદાદાએ જયભિખ્ખુને પ્રથમ વંદન કર્યાં. હું તો આસપાસનું વાતાવરણ સ્તબ્ધ થઈને જોઈ રહ્યો હતો. અમદાવાદના નામચીન ગુંડાઓની વચ્ચે એક નિર્ભય સર્જક! (ક્રમશઃ)

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

આગમ-વાણી

- *સંયમી પુરુષો વસ્તુ સજીવ હોય કે નિર્જીવ હોય, થોડી હોય કે વધારે હોય, અરે ! દાંત ખોતરવાની સળી પણ હોય, તો પણ તેના માલિકને પૂછ્યા વિના લેતા નથી, બીજા પાસે લેવરાવતા નથી અને જો કોઈ એ રીતે લેતું હોય તો તેનું અનુમોદન પણ કરતા નથી.*
- *જયણા (યતના) પૂર્વક ચાલવું, જયણાપૂર્વક ઊભા રહેવું, જયણાપૂર્વક બેસવું, જયણાપૂર્વક સૂઈ જવું, જયણાપૂર્વક ખાવું અને જયણાપૂર્વક બોલવું – એમ કરનાર પાપકર્મ બાંધતો નથી.*
- *આત્માર્થીએ દૃષ્ટ વાતનું યથાર્થ નિરૂપણ કરતી, પરિમિત, અસંદિગ્ધ, પ્રતિપૂર્ણ, સ્પષ્ટ, સહજ, વાચાળતારહિત અને બીજાને ઉદ્વેગ ન કરે એવી વાણી બોલવી જોઈએ.*
- *શત્રુ હોય કે મિત્ર, સંસારના સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવો અને જીવન પર્યંત કોઈપણ પ્રાણીની હિંસા ન કરવી એ ખરેખર દુષ્કર કાર્ય છે.*

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **આત્માની ત્રણ અવસ્થા-બહિરાત્મદશા, અંતરાત્મદશા, પરમાત્મદશા**
લેખક : પૂ. મુનિરાજ શ્રી સંયમકીર્તિ વિજયજી મ.સા.
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ-અમદાવાદ
પ્રાપ્તિસ્થાન : (૧) સેવંતીલાલ વી. જૈન-અજયભાઈ, ડી-૫૨, સર્વોદય નગર, ગ્રાઉન્ડ ફ્લોર, પહેલી પાંજરાપોળ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૦૨૨૪૦૪૭૧૭.
(૨) શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ-બીજલ ગાંધી ૪૦૧, ઓટસજ્જ, નેસ્ટ હૉટલ સામે, સરદાર પટેલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. મૂલ્ય : સદ્ભાવના; પાના : ૮૦.
આવૃત્તિ : પ્રથમ, વિ. સં. ૨૦૩૮.

મનુષ્ય જન્મ અતિ દુર્લભ અને કીમતી છે. તેમાં એકમાત્ર ધર્મારાધના કરી આપણી સંસાર યાત્રાને ટૂંકાવી મોક્ષે પહોંચવાનો પુરુષાર્થ કરવાનો છે. આપણી જીવનયાત્રાને સાચી દિશામાં વાળવી ખૂબ જરૂરી છે. અને એ માટે આત્માની દશા (અવસ્થા) જાણવી આવશ્યક છે. પ્રસ્તુત પુસ્તકમાં અધ્યાત્મસાર આદિ ગ્રંથોના આધારે ત્રણ અવસ્થાઓ (૧) બહિરાત્મદશા (૨) અંતરાત્મદશા અને (૩) પરમાત્મદશા વર્ણવી છે.

આત્મા સિવાયનું જ્ઞાન નિરર્થક છે. કારણકે તે જ્ઞાન અભિમાન વધારે છે. જીવનમાં પાપ કરવાની કળા શીખવે છે. બર્હિભાવમાં રમાડે છે. મલિન તત્ત્વોને દૃઢ કરે છે. બુદ્ધિના વિલાસને વધારી આત્મા માટે ભારરૂપ બને છે. આત્માની ત્રણ અવસ્થા આત્મજ્ઞાન માટે અગત્યનો વિષય છે આથી તે જાણવા અને સમજવા યોગ્ય છે.

બહિરાત્મદશા છોડી, અંતરાત્મદશા પામવાની છે. પરમાત્મદશા પરમ ધ્યેયરૂપ છે. નાનકડા પુસ્તકમાં પ. પૂ. સંયમકીર્તિવિજયજી મ.સા. આત્મજ્ઞાનના આ માર્ગને પામી પરમાત્મદશા પામવાનો બોધ આપે છે.

x x x

પુસ્તકનું નામ : **ભાષાશુદ્ધિ**
લેખક : **પૂ. મુનિરાજ શ્રી હિતવિજયજી મહારાજ**
પ્રકાશક-પ્રાપ્તિસ્થાન : **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,** ગાંધી રોડ, રતનપોળ નાકા સામે, અમદાવાદ-૩૮૦૦૦૧. મૂલ્ય : રૂા. ૩૦/-; પાના : ૪૮.
આવૃત્તિ : પ્રથમ, એપ્રિલ-૨૦૧૧.

ભાષાશુદ્ધિના તલસ્પર્શી વિદ્વાન મુનિશ્રી હિતવિજયજી ગુજરાતી ભાષામાં પ્રવેશી ગયેલી અશુદ્ધિઓ તરફ આંગળી ચીંધણું કરીને, સૌ કોઈને શુદ્ધિ તરફ દોરી જઈ જ્ઞાનોપાસના રૂપ સરસ્વતી સાધનાનો માર્ગ બતાવે છે.

ગુજરાતી લેખનમાં થતી સામાન્ય ભૂલોને ભેગી કરીને મુનિશ્રીએ આ નાની પુસ્તિકામાં સચોટપણે દર્શાવી છે. સમજાવી છે. માતૃભાષા શુદ્ધ લખવા અંગેની સમજ આપતી મુનિશ્રીની આ પુસ્તિકા રત્નકણિકા સમી છે.

આ પુસ્તિકામાં ભાષાશુદ્ધિ અંગેની ૧૦૦ જેટલી કલમો બતાવી છે. એનો સારી રીતે અભ્યાસ કરીને સૌએ માતૃભાષા શુદ્ધ રીતે લખતાં અને બોલતાં શીખવું જોઈએ. અંગ્રેજીના આંધળા મોહથી ઘેલા બનીને આજની યુવાપેઢી માતૃભાષાના ગૌરવને અને આદરને વીસરવા લાગી છે. આવા સંજોગોમાં મુનિશ્રીનો આ ભગીરથ પ્રયાસ ખૂબ પ્રશંસનીય છે. આવશ્યક છે અને અનિવાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **વીણેલી વાતો**
લેખક : **બેપ્સી એન્જિનિયર**
પ્રકાશક : **હર્ષ પ્રકાશન**-૪૦૩, ઓમ દર્શન ફ્લેટ, ૭, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મૂલ્ય : રૂા. ૮૦/-. આવૃત્તિ : પ્રથમ, ફેબ્રુઆરી-૨૦૧૨.

'વીણેલી વાતો'માં લેખકે ૯૫ પ્રસંગોનું આલેખન કર્યું છે. આ નાના પ્રસંગો અથવા નાની કથાઓમાં ઘણો મોટો બોધ સમાયેલો છે.

એક એક પગથિયું ચઢીને શિખરે પહોંચાય છે. એમ નાની નાની કથાઓ-વાતો દ્વારા જીવનના રહસ્યોનો પર પામી શકાય છે. વાસ્તવિક કથા-પ્રસંગો હૈયે વસી જાય છે. આ પુસ્તકમાં માત્ર નાની-નાની વાતો જ નથી, પણ વીણેલી વાતો છે એટલે એમાં શબરીના બોરનો સ્વાદ છે.

કોઈ વ્યક્તિના બાહ્ય કે સ્થૂળ વર્તનને જોઈને જ તેનું મૂલ્યાંકન કરનાર ભૂલો પડી શકે છે. દરેક વર્તન પાછળ એ વ્યક્તિની વૃત્તિ શી છે એ જાણીએ તો કડવાશમાં ય મીઠાશનું સુખ મળવાની સંભાવના છે. આ પુસ્તકના પાને પાને એવી સંભાવનાઓ છે. આ સંભાવનાઓ સૌ કોઈ સુધી પહોંચે.

x x x

પુસ્તકનું નામ : **અનેકાન્ત-દૃક્ (હિન્દી)** વૈચારિક ઉદાત્તતાની પ્રતીક ૧૦૦ માસિક વિચારગોષ્ઠીઓનું સાર ગર્ભિત વિવરણ) ૨૦૦૩-૨૦૧૨.
સંપાદક : **ડૉ. ધર્મચન્દ્ર જૈન, ડૉ. મહેન્દ્ર ભંડારી, ડૉ. શ્વેતા જૈન**
પ્રકાશક : સેવા મંદિર, મહાવીર શિક્ષણ સંસ્થાન, અજીત કૉલોની, જોધપુર-૩૪૦૦૦૬.
મૂલ્ય : રૂા. ૧૫૦/-; પાના : ૧૬૬.
આવૃત્તિ : પ્રથમ, ૨૨ જૂન-૨૦૧૨.

જોધપુર શહેરમાં છેલ્લા નવ વર્ષથી દર મહિને વિચારગોષ્ઠીનું આયોજન કરવામાં આવે છે. આ ગોષ્ઠિઓમાં ધર્મ, દર્શન, સંસ્કૃતિ, જીવન-વ્યવહાર, આરોગ્ય, અધ્યાત્મ, સાહિત્ય, વ્યક્તિત્વ આદિ વિવિધ વિષયો પર વિશિષ્ટ વક્તાઓ દ્વારા આપેલા વ્યાખ્યાન, તેની ચર્ચા અને સંગોષ્ઠીના વિચારોનું દોહન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

આ વિચારગોષ્ઠીઓની વિશેષતા એ રહી છે કે તેમાં ખુલ્લા દિલથી કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના વિચારોની અભિવ્યક્તિ કરવામાં આવી છે. આબાલવૃદ્ધ સર્વને માટે આ વિચારગોષ્ઠીઓમાં સકારાત્મક અને રચનાત્મક વિચારોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ વિચારગોષ્ઠીઓનો પ્રારંભ પ્રો. સાગરમલ જૈનની અધ્યક્ષતામાં ઑક્ટોબર ૨૦૦૩માં થઈ હતી. તેની શૃંખલામાં ૧૦૧મી વિચારગોષ્ઠીના શતક સમારોહમાં પણ તેમનું જ સાન્નિધ્ય પ્રાપ્ત થયું.

જૈન દર્શનના અભ્યાસીઓને માટે ઉપયોગી થાય તેવું આ પુસ્તક આવકાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **જૈન ધર્મમાં તપશ્ચર્યા**
સંકલનકર્તા : **બકુલભાઈ સી. શાહ**
સંપર્કસ્થાન : ૪૧, દીપાવલી સોસાયટી,

નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. (ગુજરાત) ઈન્ડિયા. ફોન : ૦૭૯-૨૬૬૭૧૬૫૦.

જૈન ધર્મમાં પદે પદે તપની મહત્તા વર્ણવાઈ છે. જૈન ધર્મના આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવે ૪૦૦ દિવસ સુધી સળંગ ચોવિહાર ઉપવાસ કર્યા હતા. તે પછી જૈન ધર્મના ચોવીસે તીર્થંકરોના જીવનમાં તપશ્ચર્યા જોવા મળે છે. આ તીર્થંકરોએ ઉગ્ર તપશ્ચર્યા કરીને સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી હતી. જૈન ધર્મની તપશ્ચર્યાનું આગવું સ્વરૂપ છે અને એની વિશિષ્ટ આત્મિક સિદ્ધિ કે તપ દ્વારા વ્યક્તિ પોતે ઉત્તમમાં ઉત્તમ એવા આત્મિકગુણોની પ્રાપ્તિ કરે છે.

આ તપ વિશે શ્રી બકુલભાઈ શાહે જન સામાન્યને સરળતાથી સમજાય તે માટે સુંદર સંકલન કર્યું છે. એમાં તપના પ્રકાર, રોજિંદા તપ અને વિશિષ્ટ તપશ્ચર્યાઓ વિશે તેમણે વિગતે વાત કરી છે. તે ઉપરાંત પચ્ચખાણ અને તીર્થંકર ભગવંતોની તીર્થંકરાવલિ જેવી વિગતો મુકીને પુસ્તકની ઉપયોગિતામાં વધારો કર્યો છે. તપના આરાધકો માટે આ પુસ્તક માર્ગદર્શનરૂપ છે.

વર્તમાન સમયમાં દિન-પ્રતિદિન તપનો મહિમા વધતો જાય છે. કઠોર અને ઉગ્ર તપશ્ચર્યા એ કર્મક્ષયનો વિશિષ્ટ માર્ગ છે. જૈન ધર્મમાં કર્મ સંસ્કારને શુદ્ધ કરવા માટે તપને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તપ વડે શરીરને કષ્ટ પડે પણ કર્મની નિર્જરા થાય છે.

આ પુસ્તિકા દ્વારા વિવિધ પ્રકારની તપશ્ચર્યાની માહિતી આપવાનો બકુલભાઈ પ્રયાસ પ્રશંસનીય અને આવકાર્ય છે.

***

ડી–૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુળધામ, ગોરેગામ ઈસ્ટ, મુંબઈ–૪૦૦૬૩.
ફોન નં. : (૦૨૨) ૬૫૫૦૯૪૭૭
મો. : ૦૯૨૨૩૧૯૦૭૫૩.

આ અંકની છુટક
નકલની કિંમત
રૂા. ૬૦

પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

રૂપિયા	નામ
૧૪,૯૩,૯૫૭	આગળનો સરવાળો
૧,૦૦,૦૦૦	શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ
૧,૦૦,૦૦૦	સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ
૫૧,૦૦૦	બી. કે. આર. જૈન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી બિપિનચંદ કાનજી જૈન (નાની ખાખર)
૫૧,૦૦૦	શ્રી લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર (માતુશ્રી રતનબાઈ ચેરિટી ટ્રસ્ટ)
૫૦,૦૦૧	મિનાક્ષી પુષ્પસેન ઝવેરી
૫૦,૦૦૦	પ્રાણલાલ ડી. શાહ
૫૦,૦૦૦	એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૦,૦૦૦	શ્રી જાદવજી કાનજી વોરા
૧૦,૦૦૦	શ્રી યાત્રિક ઝવેરી
૧૦,૦૦૦	શ્રી કલ્યાણજી કાનજી શાહ
૧૦,૦૦૦	શ્રી લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ (હસ્તે:શ્રી પ્રતાપ ભોગીલાલ)
૧૦,૦૦૦	શાંતિલાલ ઉજમશી એન્ડ સન્સ ચેરીટી ટ્રસ્ટ હસ્તે : રક્ષાબેન શ્રોફ
૧૦,૦૦૦	શ્રી કાકુલાલ સી. મહેતા
૧૦,૦૦૦	શ્રી કૌશિક જયંતિલાલ રાંભીયા (માતુશ્રી દેવકુંવરબેન જેસીંગ રાંભીયાના સ્મરણાર્થે-પૌત્ર)
૫,૦૦૦	શ્રી નટવરભાઈ દેસાઈ
૫,૦૦૦	શ્રી અપૂર્વ સંઘવી
૫,૦૦૦	પ્રભાવતી પન્નાલાલ છેડા
૫,૦૦૦	શ્રી કચરાલાલ ચુનીલાલ શાહ
૫,૦૦૦	શ્રી પાનાચંદ પી. ગાલા
૫,૦૦૦	શ્રી વસંતરાય દલીચંદ શેઠ
૫,૦૦૦	શ્રીમતી લીના વી. શાહ
૫,૦૦૦	શ્રી રવિન્દ્ર સાંકળીયા
૫,૦૦૦	રામજી નરભેરામ વેકરીવાળા ચેરિટેબલ ટ્રસ્ટ (સ્વ. નિર્મળાબેન જયસુખલાલ શેઠ વેકરીવાળાના સ્મરણાર્થે)
૫,૦૦૦	શ્રી દેવચંદ જી. શાહ
૫,૦૦૦	શ્રી શાંતિલાલ પી. વોરા
૫,૦૦૦	શ્રી જયંતિલાલ ભીમશી ગંગર
૫,૦૦૦	શ્રીમતી ભાનુબેન અને રમેશભાઈ મહેતા
૩,૦૦૦	નૈના હિતેન્દ્ર કુરીયા
૨,૫૦૦	શ્રી સેવન્તીલાલ એફ. શાહ
૨,૦૦૦	શ્રીમતિ પલ્લવી આર. શાહ (યુ.એસ.એ.)
૨,૦૦૦	શ્રી પ્રેમજી રાયશી ગાલા
૧,૦૦૧	શ્રી કાંતિલાલ ગીરધરલાલ વોરા (કે. લાલ)
૭૫૦	શ્રી જસવંતલાલ વી. શાહ
૫૦૦	શ્રી અરૂણ સી. શાહ
૨૦,૯૨,૭૦૯	

કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

રૂપિયા	નામ
૨૫,૦૦૦	એક ભાઈ તરફથી
૨૦,૦૦૦	એક ભાઈ તરફથી
૧૦,૦૦૦	અર-આશા જવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ
૫,૦૦૦	શ્રીમતિ ભાનુબેન પટેલ
૬૦,૦૦૦	

પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

રૂપિયા	નામ
૪૦,૦૦૦	સવિતાબાઈ નાગરદાસ ટ્રસ્ટ હસ્તે : શ્રી પ્રકાશભાઈ શાહ ઑગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૨
૨૦,૦૦૦	શૈલેશભાઈ શાંતિલાલ મહેતા ઑક્ટોબર-૨૦૧૨
૬૦,૦૦૦	

આગમ મંદિરો

જૈન સંઘે આગમ મંદિરોનું પણ નિર્માણ કર્યું છે. અમદાવાદ, પાલિતાણા, પૂના-કાત્રજ, તેમ જ અન્ય તીર્થ સ્થળોએ આગમ મંદિરો છે. આ આગમ મંદિરોમાં તામ્ર પત્રો ઉપર આગમો કોતરાયેલા છે.

આસક્તિ-અનાસક્તિ

□ આ. મુનિશ્રી વાત્સલ્યદીપજી

ચંપાનગરીના બે સાહસિક યુવાનો જિનપાલિત અને જિનરક્ષિત લવણસમુદ્રમાં બારમી વાર વેપારી સફર માટે નીકળ્યા હતા. શ્રીમંત માકંદી સાર્થવાહ અને ભદ્રા શેઠાણીના આ બંને પુત્રો સાગરસફર માટે નીકળ્યા ત્યારે બંનેને માતા-પિતાએ ખૂબ વાર્યા, આપણને ધનની જરૂરત નથી તેવું સમજાવ્યું. પણ જિનપાલિત અને જિનરક્ષિત માન્યા નહીં. તેમણે પુનઃ પુનઃ છેલ્લીવાર જવા દેવા માટે સંમતિ માગી.

માતા-પિતાએ નાછૂટકે હામી ભણી.

માકંદીપુત્રો સમુદ્રની સફરે ઊપડ્યા. વહાણમાં વસ્ત્રો, તેજાના દ્રવ્યો, રત્નો ભર્યા. દેવપંખીના શુકન લઈને નીકળ્યા પણ રે કિસ્મત! લવણસમુદ્રમાં પ્રવેશતાં જ તોફાન આવ્યું. રક્ષણના કોઈ જ પ્રયત્ન સફળ ન થયા ને અનેક લોકો, ધનસંપત્તિ આદિ સમુદ્રમાં ડૂબ્યા.

જિનપાલિત અને જિનરક્ષિતના હાથમાં મોટો વાંસ આવી ગયો, બંને તેના સહારે ધરતી કિનારે પહોંચ્યા. એ રત્નદ્વીપ હતો. બંને ભાઈઓ અત્યંત શ્રમથી થાકેલા વૃક્ષ તળે પત્થર પર બેઠા હતા ત્યાં એક સુંદર સ્ત્રી આવી. તેણે કહ્યું,

'હે જુવાનો? હું આ દ્વીપની રક્ષિકા દેવી છું. તમે મારી સાથે ચાલો. જો તમે બંને જણા મારી સાથે મારી ઇચ્છા મુજબ ભોગવિલાસ માણસો તો તમને અહીં રહેવા અને જીવવા જઈશ, નહીં તો તમારા મસ્તકના ટુકડા કરીને એકાંતમાં ફેંકી દઈશ.'

બંને ગભરાયા અને દેવી સાથે ચાલ્યા. તેમણે દેવીનું વચન કબૂલ્યું.

દેવી ક્રૂર સ્ત્રી હતી. એ બંને જુવાનો સાથે યથેચ્છ ક્રીડા કરવા લાગી. સમય વીતત ચાલ્યો.

એકદા તે દેવીને શક્રેન્દ્રની આજ્ઞા થઈ કે સમુદ્રનું સ્વચ્છીકરણ કરો. દેવી તે માટે રવાના થઈ તે પહેલાં તેણે જિનપાલિત અને જિનરક્ષિતને કહ્યું કે, હું દેવશિરોમણિ શક્રેન્દ્રની આજ્ઞાનુસાર લવણસમુદ્રની શુદ્ધિ કરવા જાઉં છું. તમે બંને સુખથી રહેજો, ખાજો પીજો ને ફરજો. હું પાછી વળું તે દરમિયાન કંટાળી જાવ, કુતૂહલ જાગે કે કોઈ ઉપદ્રવ થાય તો પૂર્વદિશાના વનખંડમાં જજો, પશ્ચિમદિશાના વનખંડમાં જજો પણ દક્ષિણદિશાના વનખંડમાં ન જતા કેમકે ત્યાં એક દૃષ્ટિવિષસર્પ રહે છે અને તેનું ઝેર કાતિલ છે. હું થોડા સમયમાં પાછી ફરીશ.'

દેવી લવણસમુદ્ર તરફ ચાલી ગઈ.

કોને ખબર કેમ, વિપુલ ભોગવિલાસ માણવા મળતા હોવા છતાં દેવીના ચાલી જવાથી જિનપાલિત અને જિનરક્ષિતને છુટકારાની લાગમી થી. બંને યથેચ્છ ઘૂમવા માંડ્યા. પૂર્વદિશા અને પશ્ચિમદિશાના વનપ્રદેશમાં પરિભ્રમણ કરતા રહ્યા. આ તો માનવીનો મન છે! એમને ના કહેલી પણ બને દક્ષિણદિશાના વનમાં ગયા. એ વનમાં તેમણે એક પુરુષને શૂળી પર લટકાવેલો જોયો. એ જીવતો હતો ને કરુણસ્વરે ધીમું ધીમુ રડતો હતો.

જિનપાલિત તથા જિનરક્ષિત તેની પાસે ગયા. બંનેએ પૂછ્યું કે, 'હે દેવાનુપ્રિય! આ કોનું વધસ્થળ છે? તું કોણ છે? આવી આપત્તિમાં તને કોણે મૂક્યો છે?'

પંથે પંથે પાથેય...

એ દુઃખી પુરુષ બોલ્યો: 'એ રત્નદ્વીપની દેવીનું વધસ્થાન છે. હું જંબુદ્વીપના ભારતવર્ષનો અશ્વનો વેપારી હતો. લવણસમુદ્રમાં વહાણ લઈને વેપાર ખેડવા નીકળેલો ને વહાણ ડૂબ્યું. અહીં આવી ચડ્યો. રત્નદ્વીપની દેવીએ મને ભોગવિલાસનું સાધન બનાવીને રાખ્યો. મારી કંઈક ભૂલ થઈ અને આ ક્રૂર દેવીએ મારી આ હાલત કરી છે!'

બંને જુવાનો ભયભીત થઈ ગયા. તેમણે પણ પોતે ફસાયા હોવાનું કહીને છૂટકારાનો માર્ગ પૂછ્યો. એ પુરુષે કહ્યું કે, 'પૂર્વદિશાના વનમાં શૈલક નામના યક્ષનું મંદિર છે. ત્યાં જવાથી અને પૂજા કરવાથી દેવ પ્રસન્ન થશે અને નિયત સમયે બોલશે કે કોને તારું અને કોને પાળું? ત્યારે તમે કહેજો કે અમને તારો અને અમને પાળો. પછી તે દેવ કહે તેમ કરજો. એ શૈલક દેવ તમારી રક્ષા કરશે.'

એ સાંભળીને માકંદીપુત્રો પૂર્વદિશાના વનમાં પહોંચ્યા અને શૈલક દેવનું મંદિર શોધીને ત્યાં સૂચના મુજબ બધું કર્યું. પુષ્કરિણીમાં સ્નાન કર્યું, યક્ષની પૂજા કરી, પ્રાર્થના કરી ત્યારે રાજી થયેલા દેવે કહ્યું કે કોને તારું અને કોને પાળું? બંને જણાએ પોતાને બચાવવા વિનંતી કરી ત્યારે શૈલક દેવે કહ્યું, 'હે માકંદીપુત્રો, હું તમને તમારા વનતમાં મૂકી દઈશ પણ રસ્તામાં લવણસમુદ્રની મધ્યમાં પસાર થતાં પેલી રત્નદ્વીપની દેવી તમને અનેક લલચાવનારા ઉપસર્ગો કરશે, વિઘ્નો કરશે. જો તમે તેની વાતમાં આવીને તેની તરફ લક્ષ્ય આપશો તો તમને મારી પીઠ પરથી નીચે પાડી દઈશ અન્યથા હું તમારો રત્નદ્વીપની દેવીના હાથમાંથી જરૂર છૂટકારો કરાવીશ.'

માકંદીપુત્રો કબૂલ થયા. પછી શૈલકદેવની આજ્ઞાનુસાર તેની પીઠ પર સવાર થઈ ગયા. દેવ પોતાનું વિરાટ સ્વરૂપ બનાવીને ચંપાનગરી ભણી રવાના થયો.

રત્નદ્વીપની દેવી લવણસમુદ્રને સ્વચ્છ કરવાનું કાર્ય પતાવીને પોતાના પાછી ફરી ત્યારે તેણે માકંદીપુત્રોને ક્યાંય ન જોયા. સર્વત્ર તપાસ કરી. છેલ્લે પોતાના અવધિજ્ઞાનથી માકંદીપુત્રોને શૈલકયક્ષની પીઠ પર સવાર થઈને નાસતા જોયા અને કોપાયમાન થઈ. હાથમાં ઢાલ-તલવાર લીધા ને આઠ તાડ જેવી વિશાળ કાયા ધારણ કરીને લવણસમુદ્રમાં એ માકંદપુત્રો નજીક આવી. એ બંને યુવાનોને મનાવવા માંડ્યા, સમજાવવા માંડ્યા. બંને ભાઈઓ વિચલિત ન થયા.

દેવીએ પોતાનો પ્રયત્ન ન છોડ્યો. એનું મોહક રૂપ જિનરક્ષિતને લોભાવી ગયું. તેણે તેની તરફ લાલસાથી જોયું ને શૈલક દેવે તેને પોતાની પીઠ પરથી નીચે ફેંકી દીધો. તત્ક્ષણ, દેવીએ તેને તલવારની ધાર પર ઝીલી અને કાપીને સમુદ્રમાં ફેંક્યો! સમુદ્રના જંતુઓ તેને ખાઈ ગયાં!

જિનપાલિત અવિચળ રહ્યો. એ ન ઠગાયો. એ ચંપાનગરી પહોંચ્યો. થોડા દિવસો સૌના દુઃખમાં વીત્યા, પછી સૌ પૂર્વવત્ જીવન જીવવા માંડ્યા.

એકદા ભગવાન મહાવીર ચંપાનગરીમાં પધાર્યા. જિનપાલિતે ધર્મશ્રવણ કરીને દીક્ષા ગ્રહણ કરી. અગિયાર અંગોનો સઘન અભ્યાસ કર્યો. જીવનના અંતે માસિક સંલેખના કરી, આત્મશુદ્ધિ કરી, અનશન વ્રત કરી સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી મોક્ષમાં જશે.

મોહ-માયામાં આસક્ત થાય છે તે સંસારમાં ડૂબે છે, જે અનાસક્ત બને છે તેનું કલ્યાણ થાય છે!

✷✷✷

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત


આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

કથાત્રયી ડી.વી.ડી.




॥ મહાવીર કથા ॥

બે ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૨૫૦/-



॥ ગૌતમ કથા ॥

ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-



॥ ઋષભ કથા ॥

ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-

- ત્રણ સેટ સાથે લેનારને એક કથા ડી.વી.ડી. વિના મૂલ્યે
- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.
- ઘરે બેઠા દિવાનખાનામાં કથાશ્રવણનો દૃશ્ય લાભ
- સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્યકર્મ પ્રાપ્ત કરો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૧૪	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૫	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૬	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૭	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫	૧૫૦
૧૯	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬	૩૫૦
૨૦	નમો તિત્થરસ	૧૪૦
૨૧	જ્ઞાનસાર	૧૦૦
૨૨	પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩	૫૦૦
૨૩	સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪	૩૯૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૨૪	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૨૫	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૨૬	આર્ય વજ્રસ્વામી	૧૦
૨૭	આપણા તીર્થંકરો	૧૦૦
૨૮	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૨૯	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૩૦	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૩૧	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૩૨	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૫૩	જૈન પૂજા સાહિત્ય	૧૬૦

શ્રી શશિકાંતભાઈ મહેતા દ્વારા
કાયોત્સર્ગ ધ્યાન ડી. વી. ડી.
રૂા. ૧૦૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

TABLE OF FIVE AAGAMA VACHANA

Vachna Number	Period	Leadership	Reason for Vachana	Reason for Vachana	Details of Vachana
First Vachna	160 years after Mahavira Nirvan	Pataliputra (now) known as Patna)	Jain Sangha	Because of draught continued for 12 years scriptures were forgotten in the memory of Acharyas OR Possibility of war in Magadha Kingdom	At that time only Acharya Bhadrabahu was having all scriptural knowledge. He was at Nepal performing severe austerity. Jain Sangha insisted so he explained 11 Angas, half Drastivad and 10 Purvas. Remaining half Drastivad and 4 Purvas, he gave only Sutras without any explanation. The remaind matter included as Anga Bahya.
Second Vachana	300 years after Mahavira Nirvana i.e.2nd B.C.	Khandagiri / Kumari hill in Kalinga now in Orissa near Bhuvanesvara	Might be king Kharwel	After war between Kalinga and Magadha, the Kalinga ruined but after 150 years he won the battle	We do not have proper information regarding this Vachana. Only available information is Kharwel's inscription which states-Forgotten Angasaptika scripture was arranged with the help of Vachana by seers to keep them in order form and arranged nearly as required.
Third Vachana	827 years after Mahavira Nirvana i.e.3rd century A.D.	Mathura	Arya Skandilacharya	Two reasons are given in Nandisutra- (I) After draught the Vachana of KALIK SUTRA was performed. (II) Sutras were not lost but anuyogdharas were not survived except Acharya Skandila, so he made Agama Vachana	There is a system in Swetambara tradition that Acharya is requested to come to deliver lecture. When he arrives, after adoring him the Jain Sangh requests to present Vachana which is also known as `Vaena' . Such type of possibility might have occured at that time as Mathura's Jain Sangha was very much prominent and efficient.
Fourth Vachana Contemporary of third Vachana (Nagarjuniya Vachana)	827 years after Mahavira Nirvana i. e. 3rd century A.D.	Vallabhipur	Arya Nagarjuna	The same as above.	The Sadhus who were moving in North-East direction and centre province gatherd at Mathura for performing Vachana. At the same time the sadhus who were in Viharas in South-West area assembled at Vallbhipur in Gujarat for Vachana.
Fifth Vachana	980 years after Mahavira Nirvana (Nearly about 150 years after third and fourth Vachana)	Same as above	Acharya Devardhigani Ksmasramana	To write the Agamas before losing in memory of seers.	500 Acharyas joined the council with their minimum four disciples for writing work. Here previously performed two Vachanas were also united and wherever the difference/ disagreement was noticed they were assimilated with the words `Nagarjuniyastu Pathanti.'

Some Notes :

Uttaradhyayana, Risibhasita, Dasasrutaskandha, Kalpa, Vyavyahara, Nishitha, etc are considered as Kalika Sutra means they are to be read at particular SWADHYAYA TIME. The influence of Shorseni dilect on Agamas might have started after Mathuri Vachana. The Nandisutra informs us that Arya Skandils Anuyoga was popular in Southern India. This also lead to the theory that Papaniya sect might have recognised them as they are in Shorseni Prakrit without much influenced by Maharastri Prakrit.

The Archaeological References :

There are so many sculptures excavated from Kankali Tila, Mathura which contained the carving of various stories of *Avasyaka Niryukti Acharanga Sutra. Rayapaseniya Sutra* etc. Some of them are described below–

One of the small pillar five feet height has the depiction of the Valkal-Chiri when Ganikas tried to attract him.

A story of Chandanabala and Dhanasheth also beautifully carved showing her hungry. She holds a Thali with offerings. This story is depicted in three sections.

The description of Preksa Griha of Yan-viman of Suryabha Deva is very similar to Deva Nirmita Stupa at Mathura. Accordingly the shalbhanjikas, auspicious symbols, Toranas, Pillars, symbolic art specimen dramatized by deities were carved as per Rayapasenium Sutra. Dr. U. P. Shah and also some other scholar had opined that its adornment seems to be eyewitness account of Jaina Sutra of Kaushana age.

Thus the availablility of life incidences of Mahavira, Chandanbala, Jivitswami, Valkalchiri establishes the antiquity of Agam Sutra and it's Niryuktis.

Complied by **Dr. RENUKA PORWAL**

AAGAM STORY

SPEAK TRUTH BUT IN GOOD WORDS

By Aacharya Shree Vatsalyadeepji ● Tanslation : Smt. Pushpa Parikh

Once upon a time a rich man named Mahashataka was staying in the city of Rajgrihi. He was very religious minded and daily used to visit temple for darshan and puja & bhakti. He had a wife named Revati. She was very beautiful and was very proud of herself. She loved enjoying life in all respects--eating, drinks and what not. She also had some bad habits. Mahashataka being a very straightforward man did not like the behaviour of Revati. He tried to improve her in many ways but all his efforts were futile.

Once upon a time during monsoon Bhagwan Mahavir came to Rajgrihi to spend the monsoon season. (Chaturmas). The atmosphre in Rajgrihi was very religious. Mahavir Bhagwan had put up in the temple of Gunshilak. Mahashataka was fed up with Revati's behaviour so he started spending more time in temple and in all kinds of religious activities like penances, deep study of religious activities and achieved a good progress also. He was self-enlightened and according to Jain religion he was free from his karmas, (Sins committed in ignorance). He experienced some spiritual light entering his body.

Revati did not bother about anything except enjoyment. She was busy in her own way enjoying all kinds of food & even drinks. She once went to see Mahashataka. She wanted him to come back and stay with him & enjoy the worldly life. She could not convince him, instead blamed all saintly people & the religion. Mahashataka got excited and cursed her saying `Oh ! chandike, (bad lady) you will die within seven days because of Alas disease. (incurable disease) And it happened that Revati died exactly on the seventh day and went to hell.

When Bhagwan Mahavir came to know about her death he told Gautamswami, the head of their group, `Dear brother, please go to Mahashataka and tell him that even if you want to tell the truth, it should be in good words and not harsh. Bad and harsh language does not suit your status. You should repent for your harsh language.'

Mahashataka also obeyed his guru and repented in the way he was told to.

The moral of the story is :

`There should be politeness in your speech'.✷✷✷

Thus HE Was, Thus HE Spoke :

RUMI

When Dhanvant Bhai asked me to start a column in English on 'Thus Spake', I went into a tizzy as there are so many whose timely words have touched me at different phases of my life and different states of mind. Poets, philosophers, spiritual masters, visionaries all flashed in my mind's eye. But since we had to stick to one and this is just the beginning what better way to start than with friendship. Friendship be it of Krishna Sudama or Rumi and Shams , there is something very untouched about it. So let us begin and celebrate Rumi- and things that he said and felt after his deep friendship with Shams of Tabriz.

Jelaluddin Rumi was born in 1207 AD in Balkh (formerly Persia but now Afghanistan). However, as Balkh was soon over run by Mongol armies, the family fled to Konya (present day Turkey) which then became Rumi's 'home'. His father was a learned scholar and headmaster of the Islamic school and this legacy passed onto Rumi, who was first an excellent student, a scholar indeed and then became head of the school. He was a popular teacher and revered as a learned man living an exemplary life of service to the community.

And then, Shams of Tabriz, a wandering dervish came into Konya. Their meeting sparked off a profound relationship which defied all description and has indeed been described by a gamut of terms- sacred friendship; a rare connection; student and teacher; devotee and guru; Lovers… as only Man and God… as only Man and Self… can be.

Rumi changed… of course not so much in a planned manner …but as... something that just 'happened'! The conventional all-knowing teacher became a god intoxicated seeker. The path of books, knowledge, fell away … into the deep deep pool of Bhakti.

Let us take a deep dip into not Rumi's mind, and his heart full of love, the only way love can be. We will go through some of his poems all translated into english by differant scholars studying Rumi.

It's rigged- everything, in your favor.
So there is nothing to worry about.
Is there some position you want,
some office, some acclaim, some award, some con, some lover
Maybe two, maybe three,maybe four, all at once.
Maybe a relationship with God?

I know there is a gold mine in you,
When you find it, the wonderment of the earth's gifts
you will lay aside as naturally as does a child a doll.
But dear, how sweet you look to me kissing the unreal;
Comfort, fulfill yourself in any way possible- do that until you ache, until you ache,
then come to me again.

Ah Rumi- How beautifully he describes our journey back to ourselves! Love, fame, popularity, power, even spirituality all ultimately to be cast off once we find this way back to ourselves.

Don't surrender your loneliness so quickly let it cut more deep. Let it ferment and season you as few human or even divine ingredients can. Something missing in my heart tonight has made my eyes so soft, my voice so tender ,my need of god absolutely clear.

As all our texts have shown us constantly about the momentariness of all life's pleasures or pain and Rumi tells us here to not get distracted away from pain but let it in,welcome it,embrace it and it will help in making you ready for a satguru.

I like when the music happens like this:

Something in His eyes grabs hold of a tambourine in me,
Then I turn and lift violin in someone else,
And they turn, and this turning continues,
It has reached you now. Isn't that something...
Rumi

In this, Rumi describes the interconnectedness of all human beings- like people are 'nimits' to us and we become Nimit for someone else.

Come come whoever you are...Come, and come again....Come even if you have broken your vows a thousand times...wanderer,idolator, worshipper of fire.....ours is not a caravan of despair... Rumi

Yes Rumi can be seen as an 'ashavaadi' but wouldnt

this poem be apt for Valmiki, Angoolimal or Dradh Prahari- all the three can be seen as 'bhari karmi' but tad bhav or a few bhav moksh gaami.

And one of my personal most favourite:

If God said,

"Rumi pay homage to everything that has helped you enter my arms",

There would not be one experience of my life,not one thought, not one feeling ,not any act,I would not bow to.

~Rumi~

Imagine what allignment between word and thought, thought and deed, word and deed. what awareness and what 'antar nirmalta' to be in this state where everything you see, everything you hear, everything you speak, everything you feel and everything you are is just taking you closer to your own God self within or towards a God out there.

Before Shams came into Rumi's life, Rumi was a brilliant receptive man, extremely intellegant, a knower of many worlds. One of the many stories about Shams-Rumi meeting is that Rumi had a library of books that noone was allowed to touch, not his wife, nor his daughter. They were precious books of knowledge that he acquired from all across the continent. After some time into their friendship,one day Shams casually throws away his precious precious books into the fountain in their courtyard and Rumi watches without any change of expression or heartbreak. infact Rumi only watches with love , the only emotion he ever feels of any action of Shams. This friendship was where rumi had to unlearn everything he knew , and instead of the outside, Shams taught him to look inside his own soul which was the all knowing, which did not need any books or teachers... It was its own master, all knowing and all joyful. So we end with Rumi's best teaching to all of us hankering after a lover, wealth, a distraction, a passion-

A thousand half-loves must be forsaken to take one whole heart home. And Thus Spake Rumi.

□ RESHMA JAIN

[Reshma Jain is a student of life and a constant seeker, stil not at rest within. Her guru is Shrimad Rajchandra and that is her one and only constant. Everything else in her life is fluid and amidst them she has been a journalist for over 15 years, helped make a documentry and worked closely with Japan delegates to try and make a bridge between India and Japan for trade, cinema, textiles.

□ Editor]

RESULT OF ANGER

Once upon a time a saint while passing through a city met one poor man who seemed to be worried. He asked him the reason behind his worries. The poor man said, "I am very poor and because I can't feel my family members I am always under stress.

The saint said, "Dont worry. I will show you the way to get money and how to become rich, but you will have to come with me. You have to go where I say and do what I tell." The man agreed and both of them started for the destination. The saint took him at the top of one hill which was full of greeneries. Then the saint told him that the person who can bear all the seasons, who can remain hungry, one who can survive on fruits and vegetables and still does't feel unhappy, can only get the golden juice. Are you ready for that? The poor man agreed. Then the saint showed him the ceremony to get the juice.

The poor man so much frustrated that he agreed to whatever the saint said. The poor man got the golden juice also.

While both of them were returning, the saint told him not to get angry in any case, even if somebody teases him, makes fun of him, or whatever the situation is. The man was happy with the juice so he agreed to whatever the saint said.

While travelling the saint tested the poor man by telling him often that he received the juice because of the saint only. The poor man after listening the same thing again and again got excited and in anger threw away the precious golden juice.

The saint shouted, "What have you done? You lost what you obtained after a great effort. I had warned you not to get angry. Now you will have to repent."

"You loose much because of anger."

(From Nishith Sutra Uddesh 10)

By Acharya Vatsalyadeepji

Translated by Smt. Pushpa Parikh

FIRST TIRTHANKAR : BHAGWAN RUSHABHDEV



Many years ago, there was a king named Nabhiray.

Marudevi was the name of the queen. Rishabhdev and Sumangla were the son and daughter of them.

It was the first birthday of Rishabhdevji. Now big people definitely come to bless the Prince. So here came the King of Gods, Lord Indra at the Palace of Nabhiray.

The Palace was illuminated with lights. There were rows of different colourful flowers at the gate and in compound. The atmosphere was charged with gaity

The people had smiles on their face and every body tried to reach up to the Prince to bless him. They were also dancing. The renowned singers were rendering their best of the musical compositions. And locan children be away from this revelry? No. They were dancing, singing, playing games and eating sweets.

Now when Indradev entered, everybody was surprised and pleased to win a glace from him. Indradev reached to the king Nabhiray. The new born baby was sitting in his father's lap. The queen Marudevi was sitting next to king and also receiving the guests with joy marked on their faces.

If you go to a birthday you naturally carry a gift for the birthday baby. Lord Indra brought sugarcane to present to the Prince. He was carrying them in his hands.

The child Rishabh saw that and as Lord Indra came closer to the king, he just snatched sugarcanes from his hands.

Everybody enjoyd this gesture of the Prince. They all laughed and clapped. Lord Indra also laughed and felt happy that his gift had pleased the prince.

In the language Sanskrit sugarcane is called IKSHU. Rishabhdev was very much fond of its Juice. Later on his dynasty also was named IKSHWAKU.

Moral : Joy and happiness increase by offering the same to others.

By : Shri Kulin Vora, Mobile : 9819667754.

WHO IS `TIRTHANKAR' ?

The word JIN means victory who has won the battle with the self, not by killing any humanbeing or living being. It so is victory on anger, hate and love, One who He has attained control on his all five senses. He has freed himself from all fair virtues hurting the self. He has attained the virtue of knowing all. The humanes like these who has known all the thrre forms of soul त्रिगुणातीत and material. They are so Tirthankar; the God. For the betterment of all the living being in this world (Eternal Bliss) explins the topmost style of living through their immense knowledgeThat explanation is religion. One who saves, uplifts you is the pilgrim. By living themselves as per such religious thinking and act, one who establishes the religion such great soul is called Tirthankar. This soul is far away from attachment, winner who has killed enemies within, one who knows all, and is also known as Kevli – sublime.

There can be many `Kevlis' in one progrssive era.`Avasarpine' time. But Tirthankars are only 24.

Tirthankars born as a common being. By his penance, Meditation and feelings equal and positive, this soul decides in advance his Tirthankar status. Then after compliting the sentiments of Tirthankar, Thid bodyless soul attains Sublimity. And in future in any conditions he never born again in this world.

Kevli Gods are also in such sublime condition. In `Moksha' all souls are equal, of the same status.

Pictures & text from the publication 24 Tirthankar by Shri Kulin Vora, Mumbai. Mobile : 9819667754.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-146/2012-14

પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૧૨

આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૭૮મા વર્ષમાં પ્રવેશે છે.

બુધવાર, તા. ૧૨-૯-૨૦૧૨ થી બુધવાર તા. ૧૯-૯-૨૦૧૨ સુધી રોજ બે વ્યાખ્યાનો.

સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫

પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ

દિવસ તારીખ	સમય	વ્યાખ્યાતાનું નામ	વિષય
બુધવાર ૧૨-૯-૨૦૧૨	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રીમતી રૂપાબહેન શાહ શ્રી વલ્લભભાઈ ભંશાલી	નમસ્કાર મહામંત્ર-અનુસંધાન જીવતત્ત્વ અને વિપશ્યના
ગુરૂવાર ૧૩-૯-૨૦૧૨	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રીમતિ શૈલજાબહેન શાહ ડૉ. દક્ષાબહેન પટણી	લોભ : પ્રતિષ્ઠા પાપસ્ય અપરિગ્રહ અને ગાંધીજી
શુક્રવાર ૧૪-૯-૨૦૧૨	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. નરેશ વેદ પૂજ્યપાદ ૧૦૮ ગોસ્વામી જી શ્રી શ્યામમનોહરજી	પુષ્ટિ સંપ્રદાય જૈન અને વલ્લભ તત્ત્વ મિમાંસા
શનિવાર ૧૫-૯-૨૦૧૨	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રીમતી જ્યોતિબહેન થાનકી શ્રી ભાગ્યેશ જહા	મહાયોગી શ્રી અરવિંદનું જીવન દર્શન વિવેકાનંદ અને ધર્મ
રવિવાર ૧૬-૯-૨૦૧૨	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. સુદર્શનજી આયંગર ડૉ. ગુણવંત શાહ	ધર્મ અને શિક્ષણ શ્રાવક હોવાનો વિશેષાધિકાર
સોમવાર ૧૭-૯-૨૦૧૨	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. પાર્વતીબહેન નેણશી ખીરાણી શ્રી જવલંત છાયા	ત્રિપદી ગોડ પાર્ટીકલ અને અધ્યાત્મ
મંગળવાર૧૮-૯-૨૦૧૨	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. સાગરમલજી જૈન ડૉ. મહેબૂબ દેસાઈ	પ્રતિક્રમણ ઈસ્લામ-ઇબાદત અને ઈન્સાનિયત
બુધવાર ૧૯-૯-૨૦૧૨	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. થોમસ પરમાર ડૉ. કુમારપાળ દેસાઈ	ઇસુના ગિરિપ્રવચનો પર્યુષણનો વસંત વૈભવ

ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. **સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ.** ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતિ ઝરણા વ્યાસ (૨)શ્રીમતિ અલકા શાહ (૩) શ્રીમતી ગીતા દોશી (૪) શ્રી ગૌત્તમ કામત (૫) કુ. ધ્વનિ પંડ્યા (૬) શ્રીમતિ અંજલિ મરચન્ટ (૭) શ્રીમતિ મોનાલી શાહ (૮) શ્રી નિતિન સોનાવાલા. પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. **મે. જ્વેલેક્ષ ફાઉન્ડેશન** તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે.

ઉપરોક્ત સર્વ વ્યાખ્યાનો અને ભજનો સંસ્થાની વેબસાઈટ www.mumbai_jainyuvaksangh.com પર સાંભળી શકશો.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.

ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ ઝવેરી	નીતિન કાંતિલાલ સોનાવાલા	ચંદ્રકાંત દીપચંદ શાહ	નિરુબેન એસ. શાહ	વર્ષાબહેન રજજુભાઈ શાહ
કોષાધ્યક્ષ	ઉપપ્રમુખ	પ્રમુખ	ધનવંત ટી. શાહ	સહમંત્રી
			મંત્રીઓ	

- પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
- આ વર્ષે સંઘે **લોક સેવક સંઘ, થોરડી**ને આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
- સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૭ સંસ્થાઓને આજ સુધી આશરે રૂ. ૪.૧૫ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
- દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૬૦ • અંક-૧૦ • ઑક્ટોબર ૨૦૧૨ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦



જિન-વચન

બ્રહ્મચર્યવ્રતનું પાલન

हत्थपायपडिच्छिन्नं कण्णनासविगप्पियं ।
अवि वाससइ नारिं बंभयारी वियज्जए ।।
(દસવૈકાલિક ૮ -૫૫)

બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારે, હાથ-પગ કપાયેલી તથા કાન અને નાક છેદાયેલી એવી સો વર્ષની વૃદ્ધ નારી હોય તો તેની સાથે એકાંતમાં ન રહેવું જોઈએ.

A person practising celibacy should avoid privacy with even a woman whose hands, feet, ears and nose are cut off and who may be a hundred years of age.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૨માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૦મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

એક જ જિંદગી જીવવાની હોય છે

અર્જુનનો વિષાદ એ માનવીનો અનાદિ કાળનો વિષાદ છે. ૧૮૮૩ના વર્ષમાં 'વોટ રીયલી ઈસ વર્થવ્હાઈલ'– મુલ્યવાન શું છે એ પુસ્તક લખાયું. એના લેખિકા હતા **'એન્ના રોબર્ટસન બ્રાઉન'**. આ પુસ્તકની ૭૩ આવૃત્તિઓ થઈ. એક સૈકા પહેલાં લખાયેલા પુસ્તકમાં આજે પણ સનાતન પ્રશ્નોના ઉત્તરમાં સત્યનો રણકાર છે. એન્ના લખે છે: `Only one Life to Live' – એક જ જિંદગી જીવવાની હોય છે. આપણે બધા એનો જેટલો થાય તેટલો ઉપયોગ કરવા માંગીએ છીએ. આપણી જે કંઈ શક્તિ અને તાકાત હોય છે તેનાથી જીવનમાં વધુમાં વધુ કેવી રીતે પામી શકીએ? અને પામવા જેવું શું છે? 'વોટ રીયલી ઈઝ વર્થવ્હાઈલ?' મારે મારી જાતને જ પ્રશ્ન પુછવાનો હતો તે આ જ હતો.

એન્ના કહે છે: 'જે આપણે આપણી સાથે શાશ્વત જીવનમાં લઈ નહિ જઈ શકીએ તે બધું જ આપણે જતું કરીએ. આપણે આપણા જીવનને ભારથી લાદી દેવું ન હોય તો આ ચાર વસ્તુ કરવા જેવી છે. **૧. દંભ-ડોળ કે દેખાડો કરવાનું છોડી દો. ૨. ચિંતા છોડી દો:** ચિંતા કરવી એ અનાધ્યાત્મિક છે. ૩. **અસંતોષને જવા દો:** મનમાં સતત અસંતોષનો અગ્નિ જલતો હોય, તો શાંતિ ક્યાંથી મળે? જીવનનો આનંદ ક્યાંથી આવે? એટલે જ અન્ના બ્રાઉન કહે છે: જે આપણી સમક્ષ ઊભું હોય, ગોઠવાયેલું હોય તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરો. નથીનો વિચાર કરવાને બદલે તમારી પાસે છે તેને કામે લગાડો. ૪. **સ્વાર્થનો વિચાર પડતો મૂકો:** બધી જ વસ્તુઓ સહુની છે.

તેઓ કહે છે કે જીવનના આ આઠ મૂલ્યો એવા છે કે જે આપણા જીવનને ઉર્ધ્વગામી અને ગતિશીલ બનાવી શકે છે તે છે:

૧. સમયનો ઉપયોગ શાણપણથી કરો. ૨. તમારા કાર્યનું મહત્ત્વ સમજો: કામ નક્કી કરતી વખત તમારી જાતને પુછો, એ કામ મારા ચારિત્ર્યનું ઘડતર કરી મજબૂત બનાવે તેવું છે? દુનિયાને કોઈ રીતે મદદરૂપ થાય તેવું છે? ૩. **પ્રત્યેક દિને સુખને શોધો. ૪. પ્રેમનું હૃદયપૂર્વક જતન કરો.** સાચો પ્રેમ ક્યારેય દોષ કાઢતો નથી, વિશ્વાસ રાખે છે. પ્રેમ એ કોઈ અધિકાર નથી. પ્રેમને બાંધીને કે જકડીને રાખવાનો ન હોય એ શાશ્વત છે. **૫. તમારી મહત્ત્વાકાંક્ષાને સંયમમાં રાખો. ૬. મૈત્રીને હૃદયથી આવકારો. ૭. દુઃખથી**

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૫)

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ટ
(૧)	ધર્મ એક, સંવત્સરી એક	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	શ્રી મું. જૈન યુવક સંઘની ૭૮મી પર્યુષણ વ્યાખ્યાનમાળા	—	૬
(૩)	શ્રી નમસ્કાર મહામંત્ર – અનુસંધાન	રૂપા મધુ શાહ	૭
(૪)	પ.પૂ.આ.આનંદસાગરજી(સાગરાનંદજી)ની આગમપ્રીતિ	ડૉ. કલા શાહ	૧૧
(૫)	લોક સેવક સંઘ, થોરડી	———	૧૪
(૬)	'સો શરદો જીવો' : શાપ કે અભિશાપ ?	ડૉ. રણજિત પટેલ (અનામી)	૧૫
(૭)	ક્રોધનું પરિણામ વિવેકશૂન્યતા	શશિકાંત લ. વૈદ્ય	૧૭
(૮)	એકતામાં વિચ્છિન્નતા–સમાજની રુગ્ણ સ્થિતિ	શાંતિલાલ ગઢિયા	૧૮
(૯)	અતીત ચોવીસીના તેરમા શ્રી સુમતીનાથ જિન સ્તવન	સુમનભાઈ શાહ	૨૦
(૧૦)	જયભિખ્ખુ જીવનધારા : ૪૩	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૨
(૧૧)	સર્જન-સ્વાગત	ડૉ. કલા શાહ	૨૬
(૧૨)	લોક સેવક સંઘ થોરડી માટે પ્રાપ્ત અનુદાન	—	૨૮
(૧૩)	શ્રી મું. જૈન યુવક સંઘને પ્રાપ્ત અનુદાન	—	૩૦
(૧૪)	Thus HE Was, Thus HE Spoke	Reshma Jain	31
(૧૫)	Mahavir The ocean of compassion	Muni Vatsalyadeep	32
(૧૬)	Jain Darshan And Manoj Shah's Ttheatre	Amrit Gangar	33
(૧૭)	Paryushan Parva : (Festival Paryushan)	Pushpa Parikh	34
(૧૮)	Shreyanskumar Dream	Kulin Vora	35
(૧૯)	પંથે પંથે પાથેય : પોરબંદર	હરજીવન થાનકી	૩૬
	પથે પંથે પાથેય : પરગજુ શુભાકાકી	'મેઘબિન્દુ'	૩૬

મુખપૃષ્ટ સૌજન્ય : જૈન તીર્થવંદના સામયિક : જૈન સરસ્વતી વિશેષાંક

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૦ ● અંક : ૧૦ ● ઑક્ટોબર ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● આસો સુદિ ● તિથિ-૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

ધર્મ એક
સંવત્સરી એક

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતા ન લાજે,
ઉદર ભરણાદિ નિજ-કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે

–આનંદઘનજી

(૧)

ઈસ્લામમાં બે પંથ છે, શિયા અને સુન્ની, પણ એમાં ઈદ એક જ છે. ખ્રિસ્તી ધર્મમાં પણ બે પંથ, પરંતુ અહીં પણ ક્રિસ્ટમસ એક, એ જ રીતે વૈષ્ણવ સંપ્રદાયમાં એકથી વધુ શાખા-પ્રશાખા છે પણ જન્માષ્ટમી એક, ગુરુનાનક અને બુદ્ધ જયંતિ એક, એવી રીતે ભારતના અન્ય ધર્મોમાં, ગણેશ ચતુર્થી, શિવરાત્રી, રામનવમી, દશેરા અને દિવાળી એક, પણ ભારતની એક અબજની વસ્તીમાં માત્ર એક ટકો, લગભગ દોઢેક કરોડની જૈનોની વસ્તીમાં શ્વેતાંબર, દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપંથી અને દિગંબર. એમ ચાર સંપ્રદાયમાં સંવત્સરી પાંચ?!

આ અંકના સૌજન્યદાતા
સુષમાબેન શૈલેશભાઈ મહેતા
શૈલેશભાઈ શાંતિલાલ મહેતા
સ્મૃતિ
સ્વ. કલાવતીબેન શાંતિલાલ મહેતા

અહિંસા, ક્ષમાપના અને સાપેક્ષવાદ–અનેકાંતવાદના પૂજારી જૈનો આ સંવત્સરી પ્રશ્ને એક થઈ શકતા નથી. એ માત્ર આશ્ચર્ય જ નહિ પણ જૈન ધર્મને અને જૈન ધર્મીને ક્ષોભનીય પરિસ્થિતિમાં મૂકે છે. અન્ય ધર્મી જ્યારે આ પ્રશ્નનો ઉત્તર માંગે છે ત્યારે જાગૃત શ્રાવક-શ્રાવિકા કે શ્રમણ-શ્રમણીની આંખ ઢળી જાય છે.

આ સંદર્ભે દિવ્ય ભાસ્કરમાં ભાઈશ્રી સુપાર્શ્વ મહેતાએ કેટલાંક તથ્યો પ્રસ્તુત કર્યા હતા એમાંના કેટલાંક વાક્યો યથા તથ અહીં વિચારશીલ જૈન સમાજ માટે પ્રસ્તુત કરું છું.

ભારતભરના જૈન બૌધિકોમાં હમણાં એક એસએમએસ ફરી રહ્યો છે. 'મેરા સવાલ જૈન ધર્મ કે સભી ધર્મ ગુરુઓં સે : સ્થાનકવાસી ૨૧ ઑગસ્ટ, દિગમ્બર ૨૯ સપ્ટેમ્બર, તેરા પંથી ૨૧ ઑગસ્ટ, મંદિર પંથી (તપાગચ્છ) ૧૯ સપ્ટેમ્બર, મંદિર પંથી (ખરતરગચ્છ) ૨૦ સપ્ટેમ્બર, કોઈ મુઝે બતાઓ કી મેરી સંવત્સરી કબ હૈ? ક્યોંકિ મૈં સીર્ફ એક જૈન હું.'

આ સંવત્સરી વિવાદ ભાદરવા સુદ ચોથ કે પાંચમ-વરસોથી છે. પણ ક્ષમાપના જેનો પ્રાણ છે અને સાપેક્ષ-અનેકાંતવાદ જેવું અદ્વિતીય અને અમૂલ્ય તત્ત્વ જે ધર્મ પાસે છે એ ધર્મના અનુયાયીઓ આ પ્રશ્ને એકમત થઈ શકતા નથી એ કેટલું મોટું આઘાતજનક આશ્ચર્ય છે!

આ ચોથ પાંચમનો વિવાદ તો છે જ એમાં વળી આ વરસે અધિક માસ આવ્યો, તો એ પણ વિવાદ કે કયા ભાદરવામાં કયા સંપ્રદાયે સંવત્સરી આરાધના કરવી?

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

આ ફાંટાઓમાં મૂળ પરંપરા શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈનો પાસે છે...એક સમયે ભારતના તમામ જૈનો ભાદરવા સુદ પાંચમે જ સાથે મળીને સંવત્સરીની આરાધના કરતા હતાં. સંવત્સરીના દિવસે કલ્પસૂત્ર નામનો આગમ ગ્રંથ સકળ સંઘ સમક્ષ વાંચવામાં આવતો હતો. આજથી આશરે એક હજાર વર્ષ પહેલાં કાલિકસૂરિ નામના જૈનાચાર્યના સમયમાં ધ્રૂવસેન રાજાને ત્યાં પુત્રશોક થયો અને શોકમુક્ત થવા કલ્પસૂત્ર એક દિવસ પહેલાં એટલે ભાદરવા સુદ ચોથે કલ્પસૂત્ર વાંચવાની આચાર્યશ્રીને રાજાએ વિનંતી કરી અને પરિસ્થિતિવશ કલ્પસૂત્રનું વાંચન ત્યારથી ભાદરવા સુદ ચોથે શરૂ થયું. આ ચોથની પરંપરા ત્યારથી શરૂ થઈ

આજથી આશરે ૪૦૦ વર્ષ પહેલાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાંથી સ્થાનકવાસીઓ અલગ થયા, આ સ્થાનકવાસીમાંથી વળી તેરાપંથી અલગ થયા અને આ બેઉ સંપ્રદાયે ભાદરવા સુદ પાંચમની સંવત્સરી આરાધનાની પ્રથા સ્વીકારી, આ રીતે ત્યારથી બે સંવત્સરીની પ્રથા ચાલુ થઈ.

શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં પણ, તપાગચ્છ, અચલગચ્છ, ખરતરગચ્છ વગેરે ગચ્છો છે–એક સમયે ચોર્યાશી ગચ્છો હતા–એમાં તપાગચ્છ સંઘ સૌથી મોટો, અને એ ભાદરવા સુદ ચોથે સંવત્સરી આરાધના કરે છે, અને અન્ય ગચ્છો ભાદરવા સુદ પાંચમે. અહીં પણ મતભેદ છે.

ધર્મ એક સંવત્સરી એક

આ વરસે સ્થાનકવાસીઓ અને તેરાપંથીઓએ પહેલા ભાદરવાની પાંચમે સંવત્સરી આરાધના કરી. તપાગચ્છ સંઘે બીજા ભાદરવા સુદ ચોથે સંવત્સરીની આરાધના કરી.

આજથી આશરે ૨૭ વર્ષ પહેલાં, વિક્રમ સંવત ૨૦૪૧ની સાલમાં તપાગચ્છ સંઘના સૌથી વરિષ્ઠ આચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરિજી પાસે ભાદરવા સુદ પાંચમે સંવત્સરી માટે સંઘે પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો હતો અને પૂજ્યશ્રીએ આ પ્રસ્તાવ સૈદ્ધાંતિક રીતે સ્વીકાર્યો હતો અને પૂજ્ય ભગવંતે પોતાના શિષ્યોને કહ્યું પણ હતું કે, 'સકળ જૈન સંઘની એકતા થતી હોય તો તપાગચ્છ સંઘે ભાદરવા સુદ પાંચમે સંવત્સરી આરાધના કરવી.'

પરંતુ આચાર્ય શ્રી વિજયરામચંદ્ર સૂરિજીના પ્રશિષ્ય મુનિશ્રી હેમભૂષણ વિજયજીએ ભાદરવા સુદ પાંચમની સંવત્સરી કરવાની અનિચ્છા પ્રગટ કરતાં કહ્યું કે, 'ગઈ કાલે...ઘણાં શાસ્ત્રપાઠો જોયા પછી પૂજ્ય ગચ્છાધિપતિશ્રી એ નિર્ણય ઉપર આવ્યા છે કે શ્રી કાલિકાચાર્ય ભગવંતે પાંચમની ચોથ પ્રવર્તાવ્યા બાદ આજે લગભગ હજાર વર્ષ બાદ હવે પાંચમની સંવત્સરીની વિચારણા કરવી પણ યોગ્ય નથી.

આ તિથિ વિવાદ વિશે ૧૨ વર્ષ પહેલાં 'પર્વ તિથિના સત્યની શોધ' શીર્ષકથી એક દસ્તાવેજી પુસ્તક પણ પ્રકાશિત થયું છે.

(૨)

વાચક મિત્રો ! અમારું માનવું છે કે ઉપર દર્શાવેલ તિથિ, ચોથ, પાંચમ, ગચ્છ, સંપ્રદાય, અધિક માસ વગેરે વિગતથી તમે જરૂર કન્ફ્યૂસ થયા હશો. યાદ રાખવું અટપટું છે જ.

અમે પણ કન્ફ્યૂસ છીએ જ. એથી વિશેષ તો આ વરસની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરતી વખતે જ્યારે અમે વિદ્વાન વક્તાઓનો સંપર્ક કર્યો ત્યારે ૧૬ થી ૨૦ વખત અમારે આ પ્રશ્નનો સામનો કરવો પડ્યો, 'તમારા પર્યુષણ ક્યારે ? અધિક માસમાં કે બીજા ભાદરવામાં ? સંવત્સરી ચોથ કે પાંચમે ?' આવા શબ્દોથી

પરમ પૂજ્ય શાંતમૂર્તિ આચાર્ય શ્રી દુર્લભ સાગર સૂરીશ્વરજી ઍવૉર્ડ (૨૦૧૨) અર્પણ

શ્રી મુનિ સુવ્રતસ્વામી જૈન સંઘ, અમૃતનગર, ઘાટકોપર (વે.) મુંબઈ-૮૬માં ચાતુર્માસ બિરાજમાન પ. પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી અને તેઓશ્રીની શુભ નિશ્રામાં, પરમ પૂજ્ય, શાંતમૂર્તિ, આચાર્ય ભગવંત શ્રી દુર્લભસાગર સૂરીશ્વરજી ઍવૉર્ડ (૨૦૧૨) પત્રકારશ્રી જીતેન્દ્રભાઈ એસ. શાહ (તંત્રી : ધર્મભાવના)ને ઉત્તમ ભાવનાશીલ શેઠશ્રી હસમુખભાઈ એન. છેડાના હસ્તે સંભવનાથ જૈન મંદિર હૉલ, વિક્રોલી (વે.) ખાતે અપાયો હતો. ઉદારદિલ ભાગ્યશાળી શ્રીમતી જયશ્રીબેન હસમુખભાઈ છેડા (ગામ કાંકાગરા, કચ્છ) તરફથી અપાયેલા આ ઍવૉર્ડ સમારંભમાં ડૉ. ધનવંત ટી. શાહ, પ્રો. ધીરેન્દ્રભાઈ રેલિયા, શ્રી પ્રશાંત ઝવેરી, શ્રેણીકભાઈ દલાલ, ગિરધરભાઈ કુવાડીયા વગેરેએ સંબોધન કર્યું હતું. શ્રીમતી વિદ્યાબહેન મેહુલભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ બાળકોએ નૃત્ય રજૂ કર્યું હતું.

પ. પૂ. આચાર્યશ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.એ છેલ્લા બે હજાર વર્ષની જૈન સંઘની પરંપરાને સંભારીને કહ્યું હતું કે જૈન ધર્મમાં જ્ઞાનની સેવા, જ્ઞાનની ભક્તિ, જ્ઞાનનું સંરક્ષણ અને જ્ઞાનનું સંવર્ધન એ જૈન સંઘની મહાન પરંપરા છે. સભાનું સંચાલન જનકભાઈ શાહે કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈન ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રીમતી જયશ્રીબેન હસમુખભાઈ છેડાએ ઍવૉર્ડ કાયમ પોતાના તરફથી આપવાની ઘોષણા કરી હતી.

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–(U.S. $ 20) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–(U.S. $ 50) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–(U.S. $ 80)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–(U.S. $180)

ધર્મ એક સંવત્સરી એક

અમે અંદરથી હચમચી ગયા અને પર્યુષણના આઠે દિવસ (૧૨ સપ્ટે.થી ૧૯ સપ્ટે.) પ્રત્યેક વ્યાખ્યાનના પ્રારંભમાં આ પ્રશ્ન જૈન સંઘ પાસે પ્રસ્તુત કરી અમે **'ધર્મ એક, સંવત્સરી એક'** એ સૂત્ર વહેતું કર્યું.

આ સંદર્ભમાં આ વ્યાખ્યાનમાળાના એક વ્યાખ્યાતા, જૈન ધર્મના અનેક ગ્રંથોના અભ્યાસી અને આગમજ્ઞાતા ડૉ. સાગરમલજીને (૩૫, ઓશવાલ શેરી, શાજાપુર (મધ્યપ્રદેશ) ૦૭૩૬૪ ૨૨૨૨૧૮) આ વિષયમાં પ્રકાશ પાથરવા અમે વિનંતિ કરી. એઓશ્રીએ પણ વિશાળ શ્રોતાવર્ગને કહ્યું કે ક્ષમાપના જેનો ધર્મ છે અને અનેકાંતવાદ જે ધર્મનું તત્ત્વ છે એવા જૈનો સંવત્સરીની તિથિ માટે એક મત ન થાય એ ખરેખર શરમજનક છે. આ સંદર્ભે શાસ્ત્રોના અનુસંધાન પ્રગટ કરતાં એઓશ્રીએ કહ્યું કે, આગમમાં અષાઢ પૂર્ણિમાને વર્ષાન્ત કહ્યું છે, એટલે આ સંવત્સરી. જૈન મુનિઓની સંખ્યા વધતી ગઈ, (અત્યારે તપાગચ્છમાં લગભગ એકસોથી વધુ આચાર્યો હશે) એટલે નિશિથ સૂત્ર પ્રમાણે શ્રાવણ વદી પાંચમથી ભાદરવા સુદ પાંચ પહેલાં સંવત્સરી હોવી જોઈએ, આ ઉત્સર્ગ માર્ગ છે. પછી ભાદરવા સુદ ચોથ પણ થઈ, આ અપવાદ માર્ગ છે. આ ઉત્સર્ગ માર્ગને છોડીને જૈનોના વિવિધ સંપ્રદાયે અપવાદ માર્ગ સ્વીકારી પોતાના મત અને મતાગ્રહ પ્રમાણે અન્યથી જુદા દેખાડવા પોતાના સ્વમત મુજબ સંવત્સરીની તિથિ નક્કી કરી, આમાં દેશકાલ પરિસ્થિતિને પણ ધ્યાનમાં લેવાઈ, જેમ કે વર્તમાનમાં તો પરદેશમાં તારીખ અને કામની અનુકૂળતા પ્રમાણે સંવત્સરી યોજાય છે. ઉપરાંત ભૌગોલિક કારણે પણ દિવસ અને સમયમાં ફેરફાર થાય છે. અહીં ભારતમાં જે દિવસે ભાદરવા ચોથ હોય, એ સમયે એ દિવસ ત્યાં ન હોય. તો કઈ સંવત્સરી સમજવી? અને અધિક માસ તો આપણે હિંદુ પંચાગ પ્રમાણે સ્વીકારી લીધો. સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચંદ્ર પ્રજ્ઞપ્તિ પ્રમાણે જૈનોમાં બે પોષ અને બે અષાઢ જ છે.

(૩)

એટલે જૈનોના બધાં સંપ્રદાયો પોતાનો મતાગ્રહ ત્યાગી બધાં સાથે બેસે તો શાસ્ત્ર સિદ્ધાંતની અવગણના કર્યા વગર, ખુલ્લા હૃદયે ચર્ચા કરે તો એક જ દિવસની સંવત્સરી અશક્ય નથી, એમાં શાસ્ત્રોની કોઈ આશાતના થતી નથી, જો એમ જ હોત તો એક હજાર વર્ષ પહેલાં કાલિકસૂરિએ એ સમયે પાંચમની ચોથનો નિર્ણય પ્રસ્તુત કર્યો ન હોત અને અન્યોએ એ સ્વીકાર્યો પણ ન હોત.

એટલે અમારી સર્વ જૈન સંઘપતિઓને વિનંતિ છે, કે વર્તમાન અને ભવિષ્યની પેઢીને જૈન ધર્મમાં શ્રદ્ધા વધે, મનમાંથી પોતે કયો જૈન છે એની શંકા દૂર થાય એ માટે એક મંચ ઉપર એકત્રિત થઈ સ્વ મતાગ્રહનું વિગલન કરી ખુલ્લા હૃદયે, જૈન ધર્મના ઉજળા ભાવિ માટે ચર્ચા કરી સમગ્ર જૈન સંઘ માટે **એક સંવત્સરી**ના ઉજળા દિવસનું નિર્માણ કરે.

સર્વ જૈન સામયિકો અને દૈનિક પત્રના વિદ્વાન કટાર લેખકોને પણ અમારી વિનંતિ છે કે યોગ્ય લાગે તો આ વિચારને પોતાની કલમ દ્વારા વહેતો મૂકે.

આ માટે સર્વ પ્રથમ કોઈ એક અગ્રણીએ કેન્દ્ર બિન્દુ બનવું પડશે. આ લેખથી અમે સુશ્રાવક, સંઘપતિ, સર્વેના સન્માનિય અને જે પરિવારે અકબરના સમયથી, જૈન શાસનની સેવા કરી છે એવા પરિવારના મોભી શ્રી શ્રેણિકભાઈને અને શ્રી સંવેગભાઈને અમે વિનંતિ કરીએ છીએ કે અન્ય જૈન સંપ્રદાયના સંઘપતિઓને એકત્રિત કરે, એક પ્રતિનિધિ મંડળની રચના કરે, સર્વ સંપ્રદાયના ગચ્છાધિપતિઓનો આ પ્રતિનિધિ મંડળ સંપર્ક કરે અને વિક્રમ સંવત-૨૦૬૯, વીર સંવત ૨૫૩૯ ની **એક સંવત્સરી** ભવ્યાતિભવ્ય રીતે સમગ્ર જૈન શાસન ઉજવે અને આરાધના કરે એવા ભવ્ય દિવસનું નિર્માણ કરે.

આ મુશ્કેલ કાર્ય અશક્ય તો નથી જ.

જે વીરલા આત્મા આ વીરલ કાર્ય કરશે એ સર્વ મહાનુભાવોના નામ અને કામ ભવિષ્યના જૈન શાસનના ઈતિહાસમાં ઉજળા અક્ષરે અંકિત થશે એ નિર્વિવાદ છે. જૈન શાસનની આ અમૂલ્ય સેવા ગણાશે. ભવિષ્યનો જૈન ઉમંગથી આ ભવ્ય જીવોને કોટિ કોટિ વંદન કરશે.

ભાવાવેશમાં શાસ્ત્ર આશાતના થઈ હોય કે કોઈ આત્માનું મનદુઃખ થાય એવું લખાઈ ગયું હોય તો એ જીવો મને ક્ષમા કરે. મિચ્છા મિ દુક્કડમ્.

□ ધનવંત ટી. શાહ
drdtshah@hotmail.com

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે રે કોઈ,
હેતુ વિચારે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુરગમ નયવાદ,
આમગ વિવાદે હો ગુરુગમ કો નહિ, એ સઘળો વિષવાદ
–આનંદઘનજી

તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ,
જાણો છો જિનરાજજી રે, સઘળા એક વિવાદ
–શ્રી દેવચંદ્રજી મહારાજ

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.
–શ્રીમદ્ રાજચંદ્રજી

જે ગાયો તે સઘળે એક, સકળ દર્શન એ જ વિવેક,
સમજાવ્યાની શૈલી ખરી, સ્યાદ્વાદ સમજણ પણ ખરી,
મૂળ સ્થિતિ જો પૂછી મને તો, સોંપી દઉં યોગિકને
–શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ૭૮મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો સંદેશ– ‘ધર્મ એક, સંવત્સરી એક’

તપ, જ્ઞાન અને સંયમના સંગમ સમાન પર્વાધિરાજ પર્યુષણ નિમિત્તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૮મી વ્યાખ્યાનમાળા જૈન ધર્મના અભ્યાસુ અને સાહિત્યકાર ડૉ. ધનવંતભાઈ શાહની અધ્યક્ષતા હેઠળ ગત ૧૨મીથી ૧૯મી સપ્ટેમ્બર સુધી મરીન લાઈન્સ સ્થિત સુંદરાબાઈ હૉલમાં યોજાઈ હતી. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગ વડે યોજાયેલી વ્યાખ્યાનમાળા જ્ઞાનપિપાસુઓ માટે જ્ઞાન, આરાધના અને ભક્તિરસની પરબ બની હતી.

પર્યુષણ દરમિયાન ધર્મ અને તપની ઉપાસનાની સાથે ગુજરાતના અંતરિયાળ અને પછાત વિસ્તારોમાં સેવાપ્રવૃત્તિ ચલાવતી સંસ્થાઓ માટે નાણાંભંડોળ એકત્રિત કરવાનો અનોખો કરૂણાનો સેવાયજ્ઞ ‘સંઘે’ ઈ. સ. ૧૯૮૫થી આરંભ્યો છે. તેના ભાગ રૂપે આ વખતે અમરેલી જિલ્લામાં સાવરકુંડલા તાલુકામાં થોરડીમાં લોકસેવક સંઘ સંચાલિત શાળાને મદદ કરવા માટે અપીલ કરવામાં આવી હતી. આ સંસ્થા પ્રજ્ઞાચક્ષુઓ માટે પણ શાળા ચલાવે છે. આ સંસ્થા માટે લગભગ ૨૦ લાખ રૂપિયા જેટલો ફાળો એકઠો થયો છે અને હજુ ધનનો પ્રવાહ વહી જ રહ્યો છે. ઈ. સ. ૧૯૮૫થી અત્યાર સુધીમાં આ પ્રકારે ટહેલ નાંખીને ૪.૩૦ કરોડ રૂપિયા વિવિધ સંસ્થાઓ માટે એકઠાં કરી શકાયા છે.

ધર્મ એક
સંવત્સરી એક

વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ ડૉ. ધનવંતભાઈ શાહે જણાવ્યું હતું કે આ વખતે જૈનોમાં પાંચ સંવત્સરી છે. સ્થાનકવાસીઓની અને તેરાપંથીઓની ૨૧મી ઑગસ્ટે, મંદિરપંથી (તપાગચ્છ)ની ૧૯મી સપ્ટેમ્બરે, મંદિરપંથી (ખરતરગચ્છ)ની ૨૦મી સપ્ટેમ્બરે અને દિગમ્બરની ૨૮મી સપ્ટેમ્બરે છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ હંમેશા નવી અને સુધારાની વાત રજૂ કરતો આવ્યો છે. આ વખતે જૈન સમાજ સમક્ષ વાત વહેતી મૂકે છે કે આપણા દેશમાં ગણેશ ચતુર્થી, રામનવમી, જન્માષ્ટમી અને મહાવીર જયંતી એક દિવસે આવે છે તો સંવત્સરી પણ એક જ હોવી જોઈએ. આ વ્યાખ્યાનમાળાના મંચ ઉપરથી આ વાત વહેતી મૂકીએ છીએ. હજારો વર્ષ પહેલાં ભાદરવા સુદ પાંચના દિવસે સંવત્સરી ઉજવાતી હતી. ધ્રુવસેન રાજાને થયેલ શોકને કારણે કલિકસૂરિ મહારાજ સાહેબે ચોથના દિવસે સંવત્સરી મનાવવાની શરૂઆત કરી હતી. ચારસો વર્ષ પહેલા સ્થાનકવાસી અને તેરાપંથની સ્થાપના થઈ પછી અલગ અલગ સંવત્સરીની શરૂઆત થઈ હતી.

ડૉ. ધનવંતભાઈ શાહની વિનંતીને માન આપીને જૈન ધર્મના વિદ્વાન અને શાજાપુર સ્થિત શિક્ષણ સંસ્થાના ડિરેક્ટર ડૉ. સાગરમલ જૈને સંવત્સરી અંગે જણાવ્યું હતું કે સેંકડો વર્ષ પૂર્વે અષાઢ સુદ પૂર્ણિમાને દિવસે સંવત્સરી ઉજવાતી હતી. પરંતુ કાળક્રમે જૈન મુનિઓની સંખ્યા વધી પછી ચાતુર્માસ દરમિયાન તેઓના ઉતારાની અને રહેવાની જગ્યા મેળવવામાં સમસ્યા નડવા માંડી હતી. તે સમયે આચાર્યોએ આવશ્યકતા અનુસાર સંવત્સરી પાંચ દિવસ લંબાવવાની છૂટ આપી હતી. ભાદરવા સુદ પાંચમ પછી તો નહીં જ રાખવી એમ નક્કી થયું હતું. આ અંગેની વાત નિશીથસૂત્રમાં આવે છે તેથી ભાદરવા સુદ ચોથના દિવસે સંવત્સરી રાખવાનું નક્કી થયું હતું. આ અંગે જરૂર પડ્યે હું શાસ્ત્રોમાંથી પુરાવા આપી શકું છું એમ ડૉ. સાગરમલજી જૈને ઉમેર્યું હતું.

‘સંઘ’ના પ્રમુખ ચંદ્રકાંત ડી. શાહે શ્રાવકોને લોકસેવક સંઘની પ્રવૃત્તિઓ માટે ઉદાર હાથે ફાળો આપવાનો અનુરોધ કર્યો હતો. ‘સંઘ’ના ખજાનચી ભૂપેન્દ્ર ઝવેરીએ દાતાઓના નામની વિગતો વાંચી સંભળાવી હતી. મંત્રી શ્રીમતી નીરુબહેન શાહે વિશિષ્ઠ શૈલીમાં આભારવિધિ કરી હતી. આઠેય દિવસ વિદ્વાન વક્તાઓનો પરિચય ઉપપ્રમુખ નિતીનભાઈ સોનાવાલાએ આપ્યો હતો. પ્રફૂલ્લાબહેન લલિતભાઈ શાહ દ્વારા ‘મોટી શાંતિ સ્ત્રોત’ના ગાન સાથે વ્યાખ્યાનમાળા પૂર્ણ થઈ હતી. વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રીમતી ઝરણા વ્યાસ, શ્રીમતી અલ્કા શાહ, શ્રીમતી ગીતા દોશી, ગૌતમ કામત, કુ. ધ્વનિ પંડ્યા, શ્રીમતિ અંજલિ મર્ચન્ટ, શ્રીમતી મોનાલી શાહ અને નિતીન સોનાવાલાએ ભક્તિસભર ભજનો રજૂ કર્યા હતા.

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આઠ દિવસ સોળ વિદ્વાન વક્તાઓએ વક્તવ્ય આપ્યાં હતાં તે હવે પછીના ‘પ્રબુદ્ધ જીવન’ના અંકોમાં નિયમિત પ્રકાશિત થશે. ઉપરાંત આ સર્વ વક્તવ્યો અને આઠે દિવસના ભક્તિ ગીતોની સી.ડી. મે. જ્વેલેક્ષ ફાઉન્ડેશનના અનુદાનથી ત્રિશલા ઈલેકટ્રોનિકે તૈયાર કરી છે. જે વક્તવ્યના બીજા દિવસે સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરાઈ હતી ‘પ્ર.જી.’ના વાચકો આ સર્વ સી.ડી. સંઘના કાર્યાલયમાંથી પ્રાપ્ત કરી શકે છે, ઉપરાંત સંઘની વેબ સાઈટ ઉપર પણ આપ આ વ્યાખ્યાનો હમણાં સાંભળી શકશો. ✷ ✷ ✷

આ દેશમાં ઘણીખરી બાબતોમાં અસરકારક લોકમત જેવું કાંઈ છે નહીં. એથી કરીને આપણી નજર આગળ થયેલી ઘણી ભૂંડાઈઓને જોઈને આપણે ચાલ્યા જઈએ છીએ.

મો. ક. ગાંધી

શ્રી નમસ્કાર મહામંત્ર – અનુસંધાન

□ રૂપા મધુ શાહ

મંત્રં સંસાર સારં, ત્રિજગદનુપમમં, સર્વપાપારિમંત્રં, સંસારોચ્છેદમંત્રં
વિષમવિષહર, કર્મનિર્મુલ્યમંત્રં, મંત્રં સિદ્ધ પ્રદાનં શિવસુખ જનનં ।
કેવળજ્ઞાનમંત્રં, મંત્રં શ્રી જૈન મંત્રં જપજપજનિતં જન્મનિર્વાણમંત્રં ।।

શાસ્ત્રકાર ભગવંતે મંગલાચરણના આ શ્લોકમાં શ્રી નમસ્કાર મહામંત્રને ૧૧-૧૧ વિશેષણોથી નવાજ્યો છે. મંત્રં સંસાર સારં– જીવનું ઉત્પતિ સ્થાન નિગોદ છે. અનાદિકાળ પૂર્વે આપણે સર્વે પણ નિગોદમાં હતા. ૧ જીવ સિદ્ધગતિમાં ગયો અને ૧ જીવ નિગોદમાંથી વ્યવહાર રાશિમાં આવ્યો. એ નયથી અહીં ઉપસ્થિત સર્વેના ૧ સિદ્ધપિતા મોક્ષમાં છે. જીવે વ્યવહાર રાશિમાં જેટલા ભવો કર્યા તે સંસારનો સારભૂત પદાર્થ નવકાર છે. ત્રણ જગતમાં જેની ઉપમા જડે તેમ નથી. જે સર્વ પાપરૂપી શત્રુઓનો નાશ કરનાર છે. સંસારને ભાગાકારમાં ઘટાડનાર છે. જે મિથ્યાત્વ મોહરૂપી વિષને હરનાર છે. કર્મને નિર્મૂળ બનાવનાર છે. આ વિશેષણો દ્વારા નવકાર જીવનું શોધન કરે છે. હવે ભાવ સ્વાસ્થ્ય પ્રદાન કરે છે. અનેક સિદ્ધિઓ આપનાર છે. શિવસુખને જણે છે. કેવળજ્ઞાન આપે છે. હે જીવ જિનશાસનનો આ મંત્ર તું સતત જપ્યા કર. જ્યાં સુધી તારા જન્મ મરણના ફેરાનો અંત ન આવે તને નિર્વાણ-મોક્ષ પ્રાપ્ત થાય ત્યાં સુધી નવકારને જ જપ્યા કર. અનંત ઉપકારી અનંત જ્ઞાની તીર્થંકર ભગવંતો પોતાના અંતિમ ભવમાં ૧ સાધના કરે છે. ઘાતિ કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્તિની સાધના. આ સાધના ભગવંત બે પ્રયોજનથી કરે છે. પોતાના આત્માને પરમાત્મા બનાવવા અને જગતના જીવોને મોક્ષ માર્ગ ઉપદેશવા. આચાર એવો છે કે કૈવલ્ય પ્રાપ્તિ બાદ ભગવંત દેવનિર્મિત સમવસરણ નામની ધર્મસભામાં બિરાજીત થઈ દેશના આપે છે. તે પૂર્વે ગણધરોની સ્થાપના કરે. સંઘ સ્થાપના કરે .ગણધર ભગવંતે પૂછેલા ત્રણ પ્રશ્નોના પ્રત્યુત્તર સ્વરૂપ ત્રિપદી ઉપનૈવા, વિગનૈવા અને ધુવૈવાનું સુશ્રુતદાન આપે. ગણધરો જ્ઞાનના ક્ષયોપશમને કારણે દ્વાદશાંગીની રચના કરે જેને કારણે આજે ૪૫ આગમ સ્વરૂપ શ્રુતજ્ઞાન આપણને ઉપલબ્ધ છે. આ આગમોમાં ૬ છેદસૂત્રો છે. છેદસૂત્રોમાં મહાનિશીથ સૂત્ર મુખ્ય છે જેમાં નમસ્કાર મહામંત્ર અંગેના અધ્યયનો છે. આ સૂત્રમાં અંતિમ ૧૦ પૂર્વધર વજ્રસ્વામીએ શ્રી નમસ્કાર મહામંત્રને, તેના અક્ષર દેહને પંચમંગલમહાશ્રુતસ્કંધ તરીકે બિરદાવ્યો છે. વીરપ્રભુએ શ્રીમુખે કહ્યું છે કે આ જગતમાં પંચ પરમેષ્ઠી ભગવંતો પરમસ્તુતિવાદરૂપ છે. પાંચેય પદો પર આરાધના કરી ચૂકેલા, વર્તમાનમાં કરી રહેલા ને ભવિષ્યમાં કરનારા અનંતાનંત આત્માઓને નવકારમાં નમસ્કાર છે. સાધક દ્વારા આ આત્માઓને સન્માનનું દાન અપાય છે. આ જગતમાં ઉત્કૃષ્ટ દાન જ સન્માનનું દાન છે. આ એ સમયની વાત છે જ્યારે પુરંદર આચાર્ય હરિભદ્રસૂરિજી જિનશાસનમાં મુખ્ય હતાં, ૧૪૪૪ ગ્રંથના રચયિતા. આજે તો તેમના ૭૨ ગ્રંથો જ ઉપલબ્ધ છે. મથુરા નગરીમાં સુપાર્શ્વનાથના સ્તુપ સમક્ષ હરિભદ્રસૂરિએ ૧૫ નિર્જલ ઉપવાસ કરી શાસનદેવીને પ્રગટ કર્યા. માએ વરદાન આપ્યું. હરિભદ્રસૂરિએ શાસનદેવીને કહ્યું, મહાનિશીથની મૂળ પ્રત લુબ્ધ થઈ છે. આપ સહાય કરો. ત્રણ દિવસની જહેમત બાદ શાસનદેવીએ મૂળ પ્રત તો લાવી આપી પરંતુ તે ખંડ ખંડ હાલતમાં ઉધઈ વડે ખવાયેલ હતી. હરિભદ્રસૂરિ ચિંતીત હતા કે નવકારના અધ્યયનો ઘણા નાશ પામ્યા છે. મા એ કહ્યું, ખૂટતી કડી તું પૂર્ણ કર ત્યાં સુધી હું તારી જીવ્હા પર સરસ્વતી તરીકે બિરાજીત થઈશ. હરિભદ્રસૂરિએ આ કાર્ય પૂર્ણ કર્યું. યુગપ્રધાન આચાર્યોએ આને માન્ય રાખી. આ પ્રમાણે જગતના જીવોને નમસ્કાર મહામંત્રની અનેક પ્રક્રિયાઓ આજે પણ ઉપલબ્ધ છે. આજે આપણે નમસ્કાર મહામંત્રના શાસ્ત્રોક્ત આરાધનાની પ્રક્રિયામાં પ્રવેશીએ છીએ. ભગવાને નવકાર સાથે અનુસંધાન કરવાનું કહ્યું છે. અનુસંધાન એટલે જોડાણ–Connection. યોગ યુજ ધાતુ પરથી બનેલ યોગ શબ્દ અહીં ઘણો મહત્ત્વનો છે. ચાર પ્રકારના અનુસંધાન કહ્યા છે. શબ્દાનુસંધાન, અર્થાનુસંધાન, તત્ત્વાનુસંધાન અને સ્વરૂપાનુસંધાન. પ્રત્યેક અનુસંધાનની પરાકાષ્ઠા આવે એટલે તેના પછીનું અનુસંધાન શરૂ થાય છે. સૌ પ્રથમ શબ્દાનુસંધાન નવકારના અક્ષરો સાથે જોડાણની પ્રક્રિયા. નમસ્કાર મહામંત્રના ૬૮ અક્ષરોનું સંકલન પરમ પવિત્ર છે. આમ જુવો તો આ ૬૮ અક્ષરો ૧૬ સ્વરો ને ૩૩ વ્યંજનોની બનેલી ૪૯ અક્ષરની બારાખડીમાંના જ છે. તો પછી આ અક્ષરોનું સંકલન આટલું પવિત્ર કેમ ? શાસ્ત્રકાર ભગવંતો ખુલાસો કરે છે કે આ ૬૮ વાચક અક્ષરો જે વાચ્ય પદાર્થોના છે તે પાંચ પરમેષ્ઠિ પદો અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પદ પર આરાધના કરી ચૂકેલા, વર્તમાનમાં આરાધના કરી રહેલા અને ભવિષ્યમાં આરાધના કરનારા અનંતાનંત આત્માઓ છે જે પરમ સ્તુતિવાદ સ્વરૂપ છે. આવા નવકારના અક્ષરો સાથે આરાધક આત્માનું જોડાણ ભાષ્ય, ઉપાંશુ ને માનસ જાપ દ્વારા કરી શકાય. ભાષ્ય જાપ એટલે મોટેથી બોલાતો જાપ જેમાં શ્રાવ્ય ધ્વનિ તરંગો પ્રસરે છે. નવકાર ભાષ્ય જાપથી બોલાય કે તેના આંદોલનો ૩૦૦ મીટર per second travel કરી આરાધક પાસે પાછા ફરે છે. ઉપાંશુ જાપમાં ગણગણાટપૂર્વક બોલાતો નવકાર જે હું બોલું ને હું જ સાંભળું, મારી આજુબાજુ પણ ન સંભળાય, જેના ધ્વનિ તરંગો શ્રાવ્ય અને અશ્રાવ્ય ૧૩૫૦૦ મીટર per second travel કરે છે. અને માનસ

ધર્મ એક
સંવત્સરી એક

જાપ સંપૂર્ણ માનસિક ધારણાપૂર્વક બોલાય, જેના અશ્રાવ્ય ધ્વનિ તરંગો non audible waves ૧૩ લાખ મીટર per second travel કરે છે અને સાધક પાસે પાછા ફરે છે. આ તરંગો સાધકની આજુબાજુ circular movement ધારણ કરી તેની કરોડરજ્જુમાંથી અંદર પ્રવેશી ઔદારિક તેજસ ને કાર્મણ શરીરને ભેદી આત્મપ્રદેશો પર પહોંચે જેની ઉર્જા કર્મોનો ક્ષય કરે છે. આ વૈજ્ઞાનિક સત્ય દ્વારા નવકાર કર્મક્ષયમાં સહાયક છે. અનશન ઉપવાસ નામનું બાહ્ય તપ કરવામાં આવે ત્યારે આ જ સત્ય કામ કરે છે. જઠરનો અગ્નિ ભોજન ન લેવા દ્વારા પ્રજ્વલિત થાય જેની ઉર્જા તેજસમાંથી કાર્મણ શરીરમાં પ્રવેશી કર્મક્ષય કરાવે. તેથી જ તપ નિર્જરાસ્વરૂપ છે. આ પ્રમાણે રસપૂર્વક જાપ થાય કે શબ્દાનુસંધાન શરૂ થઈ જાય છે. શાસ્ત્રમાં એક પ્રસંગ આવે છે. દેવલોકનો એક દેવ કુતૂહલથી પૃથ્વીલોક પર તીર્થયાત્રાએ આવ્યો. આકાશમાર્ગે આવી રહ્યો હતો ત્યારે એક ગિરિશિલા પર ઉગેલા ઝાડ નીચે મહાત્માને કાઉસગ્ગ ધ્યાને જોયા. તેમના તપ-તેજથી પ્રભાવિત થઈ તેમને વંદન કરવા આવ્યો. મહાત્માએ કાઉસગ્ગ વારી ધર્મલાભ કહ્યાં. દેવે પૂછ્યું ગુરુભગવંત કૃપા કરી મને જણાવો કે મારું દેવલોકનું આયુષ્ય કેટલું બાકી છે ? અને મારો આવતો ભવ કઈ ગતિમાં થશે ? મહાત્માએ ઉપયોગ મુકી કહ્યું તારું ખૂબ જ અલ્પ આયુષ્ય બાકી છે. તારો આવતો ભવ તિર્યંચનો છે. વિંધ્યની ગિરિ કંદરામાં તું વાનર થઈશ. દેવ કહે મને નવકાર પર ખૂબ ભાવ છે. હું આરાધના કરૂં છું પરંતુ તિર્યંચની ગતિમાં નવકાર પણ ચાલી જશે. મહાત્મા કહે તું ચિંતા ન કર. અત્યારે દેવ લબ્ધિથી વિંધ્યની ગિરિકંદરામાં આ સ્થાને જા. દરેક શિલા પર નવકાર કોતરી દે. નવકારના અક્ષરોના ચિત્રો કોતરી દે. બાકીનું આયુષ્ય નવકારના ભવમાં પૂર્ણ કર. આ દેવનો જીવ વાનર થયો. થોડો મોટો થયો. એક શીલા પરથી બીજી શીલા પર નવકારના અક્ષરોના ચિત્રો જોતાં પૂર્વે આ જોયું છે, જોયું છે ઉહાપોહ થતા ભવિસ્મરણ જ્ઞાન થયું. ઓ હો હું તો દેવ હતો. આસક્ત ભાવમાં રાચી તિર્યંચ થયો. જ્યાં સુધી આયુષ્ય પૂરું ન થાય હું અનશન કરીશ. નવકારના અક્ષરોના ધ્યાનમાં મગ્ન થતાં શુભ ધ્યાન આયુષ્ય પૂરું કરી કિશકિંધા નગરીમાં કિશકિંધા રાજાના પુત્ર આદિત્યયશાને ત્યાં જ્યેષ્ઠ પુત્ર વાલિ થયો જે વાલિ ને સુગ્રીવની વાતો રામાયણમાં આવે છે. આખી પૃથ્વી પર મહાપરાક્રમી રાજા જે તપ તેજથી પ્રભાવશાળી ને પૂજનીય થયો. આ શબ્દાનુસંધાન ચાલુ રહ્યું તેનું કારણ હતું. શબ્દ સાથે અનુસંધાનની પરાકાષ્ઠા અર્થમાં પ્રવેશ કરાવે. અર્થની વિચારણા પૂર્વે પંચપરમેષ્ઠિના જીવનના ચારિત્રના પ્રસંગો અને તેમના ગુણોના ચિંતન મનનથી ભાવિત થવું, નમસ્કાર મહામંત્રના ૯ વાક્યોનો વાક્યાર્થ, ૧ મહાવાક્યનો મહાવાક્યાર્થ અને પ્રત્યેક વાક્યના પદોનો પદાર્થ કરવો. દા. ત. નમો અરિહંતાણં નમો અને અરિહંતાણં બે પદ છે. નમોનો અર્થ દ્રવ્ય સંકોચ ને ભાવ સંકોચ છે. જ્યારે દ્રવ્ય નમસ્કાર કરીએ ત્યારે બે હાથ, બે પગ ને મસ્તક. પાંચ અંગોને સંકોરી ભાવપૂર્વક વિનયપૂર્વક નમન કરીએ છીએ. સન્માનસૂચક નમો છે. ભાવ સંકોચથી નમો એ પાંચ ઇન્દ્રિયો ને મનને સમેટવાની પ્રક્રિયા છે. ઈન્દ્રિયોને આંતરસન્મુખ બનાવવાની છે. મનને અમનસ્ક બનાવી નમોપૂર્વક જોડાણ કરવાનું છે. તો આવા નમોના ભાવથી અરિહંતોને નમસ્કાર છે. કોણ છે આ અરિહંતો. ત્રણ જગતના ધર્મચક્રવર્તીત્વને પામેલા ઉત્તમોત્તમ આત્માઓ જેમણે કુશલાનુબંધી પુણ્યથી આંતર અને બાહ્ય વૈભવને પ્રાપ્ત કર્યા છે. આગલા ત્રીજા ભવમાં પ્રકૃષ્ઠ ભાવના કરી છે કે કેવલી ભાષિત ધર્મરૂપી સૂર્યનો ઉદ્યોત આ જગતમાં વિદ્યમાન છે તે પ્રકાશને મેં પ્રાપ્ત કર્યો છે તે છતાં જગતના જીવો મિથ્યાત્વરૂપી અંધકારમાં ભ્રમણ કરે છે. હું એમને શાસનરસી બનાવી ક્યારે ધર્મ પમાડું, ક્યારે મોક્ષમાર્ગ ઉપદેશું. આવી પ્રકૃષ્ઠ ભાવનાનો પવિત્ર રસ ભરતીએ ચઢતા ભગવંતે તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું. આથી આંતર સમૃદ્ધની પ્રાપ્તિ કરી તેમને હું નમસ્કાર કરું છું. સંપૂર્ણ વાક્ય નમો અરિહંતાણંના અર્થ ભાવનમાં વિસ્તૃત નમસ્કાર છે. મારા નમસ્કાર હોજો એ સર્વ જીવોને જેમણે આંતર શત્રુઓ રાગ દ્વેષને નાશ કર્યા છે. હણી લીધા છે. જેમણે આ કાર્ય સંપન્ન કર્યું છે તેમને નમસ્કાર અને જે આ માર્ગ ઉપર અપ્રમત્ત સાધના કરે છે તેમને પણ નમસ્કાર કારણ તેઓ ભાવિના ઉત્કૃષ્ઠ જીવો છે. આ પ્રમાણે ૧-૧ પદના ગુણોને સ્મરી શબ્દ અર્થ તદુભવ થતા મહાવાક્યાર્થ બને છે. આ સર્વેને સમગ્રતાથી થયેલ નમસ્કાર મારા સર્વ પાપોનો પ્રકૃષ્ટપણે નાશ કરી તેને મોક્ષ મંગલની પ્રાપ્તિ કરાવે છે. આ રીતે સતત જાપ ને અર્થ ભાવમાં રહેતો આત્મા તદુભવાનુસંધાન કરે છે. તદ ઉભય શબ્દ અહીં મહત્ત્વનો છે. જેમાં ચિત્રનું સર્જન થાય છે. નમો અરિહંતાણં બોલું ત્યારે હું સર્વજ્ઞના સમવસરણમાં દેશનામૃત પીઉં છું. નમો સિદ્ધાણં બોલું ત્યારે અહીંથી ૭ રાજલોક દૂર ૪૫ લાખ યોજન લાંબી સ્ફટિકમયી સિદ્ધશિલાની અવિરક શાંતિનો અનુભવ કરું છું. નમો આયરિયાણં બોલાતા શ્રી આચાર્ય ભગવંતોના આચરણની સુવાસથી મઘમઘતા નંદનવનમાં લટાર મારૂં છું. નમો ઉવજ્ઝાયાણં પદમાં હું આ બ્રહ્માંડના સૂક્ષ્મ સિદ્ધાંતોના વિજ્ઞાનની સિંધુમસ્તીને ઝીલું છું. નમો લોએ સવ્વસાહૂણં બોલાતા જ પાંચ મહાવ્રતના પાલન સ્વરૂપ મેરૂની નિષ્કંપને અડગ ટોચે મને સ્થિર જોઉં છું. ચૂલિકાના ૪ પદો બોલાતાં જ લોકાન્તિક પાપ પ્રણાશન અને મોક્ષ મંગલની પ્રાપ્તિના અવતરણ સ્વરૂપ ગંગોત્રીના મહાપ્રપાતમાં હું મને ભીંજાતા જોઉં છું. આ પ્રકારના ધ્યાન ચિત્રોમાં મગ્ન બનેલ સાધક તત્ત્વાનુસંધાનની શરૂઆત કરે છે. એક જર્મન ફિલોસોફરે કહ્યું છે કે તમે જેના જેવા બનવા ઈચ્છો છો તેના જેવા બની શકો છો. Act As If. માટે પંચપરમેષ્ઠિ જેવા બનવા તેમને emulate કરવા જોઈએ. તેમણે કરેલ જગતના જીવોને સુખી કરવાની

ધર્મ એક સંવત્સરી એક

ભાવના, મૈત્રી, પ્રમોદ, કરૂણા ને માધ્યસ્થ ભાવો અને જગતના જીવો પ્રત્યે તેમના પરાર્થવ્યસનીપણાને અપનાવવું જોઈએ. તત્ત્વાનુસંધાન એટલે પંચ પરમેષ્ઠિનું તત્ત્વ તો સ્પર્શે જો મારું જીવન હું પંચપરમેષ્ઠિમય બનાવી દઉં. પ. પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે વર્ષો પૂર્વે જિનશાસનના અર્કસમા બે મંત્રો આપ્યા જેની સાધના સાધકને અવશ્ય તત્ત્વાનુસંધાન કરાવશે. નમામિ સવ્વ જીણાણં અને ખમામિ સવ્વ જીવાણં હું નમસ્કાર કરૂં છું સર્વ જીવોને તેમણે રાગાદિ શત્રુઓને હણી લીધા છે. જેઓ આ માર્ગ ઉપર કાર્યરત છે તેમને પણ નમસ્કાર છે એટલે ૪થા થી ૧૪મા ગુણસ્થાનક પર સર્વ જીવોને નમું છું. સમકિતની પ્રાપ્તિ બાદ તેઓ આ કાર્ય પૂર્ણ કરીને જ રહેશે એ નયથી આ નમસ્કાર કરાય છે. ખમામિ સવ્વ જીવાણ–આજથી પર્યુષણા મહાપર્વાધિરાજ શરૂ થઈ ગયા છે. આ પર્વનું મહાપ્રાણ સંવત્સરી મહાપર્વ છે. સંવત્સરીનું હાર્દ ક્ષમાપના છે. તો આ ખમામિ કઈ રીતે આપણા જીવનમાં આવે તો આપણી પર્યુષણાની આરાધના સંપૂર્ણ બને. ખમામિ એટલે ક્ષમા માંગવી. ખમત ખામણા કરવા મિચ્છામિ દુક્કડં કરવું. આ ખમામિ ક્યા અર્થમાં છે ? તે જાવું છે. આ જગતમાં મેં કોઈ જીવ પર અપકાર કર્યો, કોઈ જીવનો અપરાધ કર્યો તો હું મારી ભૂલ સ્વીકારી વૈરભાવ ભૂલી તેમ ક્ષમાપના કરી લઉં, તેની માફી માંગી લઉં ને અવૈર ભાવ જ કેળવું તો એક ખમામિ આ અર્થમાં છે. પરંતુ તો અન્ય જીવે મારી ઉપર અપકાર કર્યો, મારો અપરાધ કરી મન, વચન, કાયાથી મારી લાગણી દુભવી તો હું તેને ખમી લઉં, સહી લઉં એ અર્થમાં ખમામિ છે. અહીં ખમામિ સહન કરી લેવાના અર્થમાં છે. આ વખતે એ વિચાર કરું કે પૂર્વે આ જીવ સાથે મેં પણ આ પ્રકારનું કર્મ કરી દુર્ભાવ કર્યો છે. આ બિચારો જીવ મારું એ કર્મક્ષય કરવામાં અત્યારે નિમિત્ત બન્યો છે તેથી સમત્વ ભાવ કેળવી હું એના આ વ્યવહારને સહી લઉં છું. આ બે અર્થમાં ખમામિ બને ત્યારે જ સાચી સંવત્સરીની આરાધના પૂર્ણ થાય છે. આ પ્રકારનું વર્તન સાધકને અવશ્ય

ધર્મ એક સંવત્સરી એક

નવકાર સાથે તત્ત્વાનુસંધાન કરાવશે. આની પરાકાષ્ઠામાં સ્વરૂપાનુસંધાન શરૂ થાય છે. સ્વરૂપનું અનુસંધાન એટલે નવકારના પંચપરમેષ્ઠિઓ સાથે અભિમતાનો અનુભવ. અનાદિકાળ જીવ દેહાધ્યાસમાં જીવે છે, દેહ સાથે એકતાના અનુભૂતિ પર્યાયની ભૂલમાં જ ખોવાયો છે. હું મને આ દેહને નામ આપવામાં આવ્યું છે તે રૂપા માનું છું. હું રૂપા નથી, હું આત્મા છું. શુદ્ધ બુદ્ધ મુક્ત છું. અચિન્ત્ય શક્તિ સામર્થ્ય ધરાવું છું. આનંદનો મહાર્ણવ છું. અશિષ્ટ શાંતિનો ધારક છું. મારું ઐશ્વર્ય અકાયજીવ છે. હું પૂર્ણ છું. જેમ અહીં ઉપસ્થિત સર્વ કોઈ ઈંટ, માટી, ચૂનાના ઘરમાં કોઈ ચોક્કસ address પર રહે છે તેમ આ દેહ મારા આત્માને રહેવાનું હાલતું ચાલતું ઘર છે. આ ઈન્દ્રિયો દેહરૂપી ઘરના બારી બારણાં છે. ઘરમાં કિંમતી વસ્તુ પણ હોય તેમ બુદ્ધિ જેવું સૂક્ષ્મદર્શી યંત્ર છે. મન જેવું દૂરદર્શી યંત્ર છે. મુખ્ય ચાલક તો આત્મા જ છે. એ ચૈતન્ય જતાં આ સર્વે સાધનો નકામાં છે. આ પ્રમાણે આત્મધ્યાસ કરતાં કરતાં આત્મા સાથે ઐક્યતાની અનુભૂતિ થાય છે. આત્માના ગુણો ને ચૈતન્ય શક્તિનું પ્રાગટ્ય થાય છે. પંચપરમેષ્ઠિ ભગવંતો સાથે અભિન્ન અનુભવ શરૂ થાય છે. આવો આત્મા નિરાવલંબન ધ્યાન પ્રાપ્ત કરે છે. સમગ્ર વિશ્વને પૂર્ણ સ્વરૂપે જુવે છે. પૂર્ણ સ્વરૂપવાળા પંચ પરમેષ્ઠિને પૂર્ણ સ્વરૂપે જુએ છે ને નવકારનું ઈષ્ઠત્વ સ્વીકારે છે. આ પ્રકારે અનુસંધાન કરનાર આત્મા જગતમાં બનતા પ્રત્યેક પ્રસંગને સિદ્ધ શિલાના પ્રકાશમાં જુવે છે. સિદ્ધશિલા તરફથી તેની પ્રગતિના ધોરણે જ તે પ્રસંગનું ઈષ્ઠત્વ સ્વીકારે છે. અને સમય અને શક્તિના કણો દ્વારા એવી સ્થિતિનું સર્જન કરે છે જે સિદ્ધશિલા પરત્વેના તેના મહાપ્રયાણમાં અણુઅવતણની ગરજ સારે છે અને નવકારની અધિક અધિક કૃપા પ્રાપ્ત કરી મોક્ષ તરફ સત્વરે પ્રયાણ કરે છે. આગળ ઉલ્લેખ કર્યા મુજબ વાલિએ પૂર્વના વાનરના ભવમાં નવકાર સાથે શબ્દાનુસંધાન કર્યું હતું. વાલિના ભવમાં પણ નવકાર સાથે મૈત્રાદિ ભાવોને પુષ્ઠ કરી અર્થાનુસંધાન ચાલુ રાખ્યું

'સવ્વ જીવ કરુ શાસન રસી':

મુંબઈ યુનિવર્સિટીમાં રેકોર્ડ ૨૨૫ વિદ્યાર્થીઓ આ વર્ષે જૈન ધર્મ તત્ત્વજ્ઞાન અભ્યાસમાં જોડાયા

છેલ્લા ૧૬ વર્ષથી જૈન ધર્મ તત્ત્વજ્ઞાન ડિપાર્ટમેન્ટ ઑફ ફિલોસોફી, મુંબઈ યુનિવર્સિટીમાં શીખવવામાં આવે છે. આટલા વર્ષોમાં આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધેલ છે.

આ વર્ષે કુલ ૨૪૫ વિદ્યાર્થીઓએ એડમીશન લીધેલ છે. જેમાં સર્ટિફિકેટ કોર્સમાં ૨૦૫, ડિપ્લોમા કોર્સમાં ૧૮, M.A. માં ૧૪, M.Phil. માં ૪ અને Ph.D. માં ૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે.

આટલા વર્ષોમાં આ સંખ્યા એક રેકોર્ડ છે. પ્રભુ મહાવીર ગણધરોને તત્ત્વજ્ઞાન તર્ક, અનેકાંત અને નયના સમન્વયથી સમજાવે છે એ જ વિચારધારાથી પ્રેરાઈને આ અભ્યાસક્રમમાં તર્ક સાથે સમજ અને વિશ્વના અનેક ધર્મો સાથે જૈન ધર્મનો સમન્વય કરવામાં આવે છે.

ખૂબ જ માવજતથી તૈયાર કરેલા આ અભ્યાસક્રમમાં જૈન ધર્મ તત્ત્વજ્ઞાનના વિષયને ખૂબ સરળ ભાષામાં સમજાવવામાં આવે છે અને આપણા જીવનની તથા વિશ્વની અનેક સમસ્યાનો હલ તે દ્વારા કેવી રીતે મેળવી શકાય તેની અગત્યતા સમજાવવામાં આવે છે.

જૈન સમાજ તરફથી ડૉ. બિપિન દોશીની ટીમ અને ડિપાર્ટમેન્ટ તરફથી ડૉ. સુભદા જોશીની ટીમને આ કાર્ય માટે ખૂબ ખૂબ અભિનંદન.

હતું. આખી પૃથ્વી પર વાલિ મહાતેજસ્વી ને પરાક્રમી રાજા તરીકે પ્રખ્યાત હતો. તે વાત રાવણથી સહન ન થતા ઈર્ષ્યાથી તેણે વાલિ સામે યુદ્ધનો પડકાર કર્યો. આ યુદ્ધમાં અસંખ્ય સંજ્ઞિ જીવો મરાયા. વાલિ કહે આ હિંસા અનર્થ સર્જશે. આપણે બંને એકલા યુદ્ધ કરીએ. જેમાં વાલિએ રાવણને હરાવ્યો. પરંતુ તેને વૈરાગ્ય થયો. રાવણને વાલિએ પૃથ્વીનું રાજ્ય આપી દીક્ષા લીધી. રાવણનો અહં તો ઘવાયો જ હતો. એક વખત વાલિમુનિ અષ્ટાપદ પર્વત પર માસક્ષમણને પારણે માસક્ષમણ કરી રહ્યા હતા ત્યારે રાવણ તેના પુષ્પક વિમાનમાં ઉપરથી જતા વિમાન સ્થગિત થયું. રાવણે જોયું વાલિના મસ્તક પર જ વિમાન અટક્યું હતું. દેવતાઓએ આવી વાલિના તપ તેજના બળથી તેમને અહો સાધુ અહો સાધુ કહ્યું. રાવણ ભારે ખીજાયો. નિશસ્ત્ર એવા વાલિને બતાવી આપું ને રાવણે અષ્ઠાપદ પર્વતની નીચે જઈ પહાડ જમણા હાથની હથેળી પર ઉંચકવા પ્રયત્ન કર્યો. શિલાઓ ગબડવા લાગી. ભરતેશ્વરે ભરાવેલ ૨૪ તીર્થંકરોનું જિનાલય નષ્ટ થશે તેથી જમણા પગના અંગુઠાથી પર્વત દબાવ્યો. રાવણનો હાથ આવી ગયો ને મોટેથી રડવા લાગ્યો. સઃ રોદતે ઇતિ રાવણ. રડીને બૂમો પાડે તે રાવણ છે. રાવણ નામ સાર્થક કર્યું. રાવણે વાલિને ખમાવ્યો. રાવણને સાચા અર્થમાં પશ્ચાતાપ થયો. અષ્ટાપદના જિનાલયમાં તીર્થંકર ભક્તિ કરી રાવણે તીર્થંકર નામ કર્મ બાંધ્યું. તત્ત્વાનુસંધાન વાલિને શરૂ થયું તેથી રાવણમાં પરિવર્તન આવ્યું. રાવણને ખૂબ પશ્ચાતાપ થયો. વાલિને કૈવલ્ય થયું. સ્વરૂપાનુસંધાન પૂર્ણ બની ગયું. વાલિને રાવણની અનુમોદના કરતા કૈવલ્ય થયું. અહો આત્મન્ અહો આત્મન્નો ભાવ પુષ્ઠ કરતા ઘાતિ કર્મો નષ્ટ થયા. સ્વરૂપાનુસંધાનના અંતિમ તબક્કામાં હરિભદ્રસૂરિએ બતાવેલ આરાધના ક્રમના પાંચ સોપાન પ્રણીધાન પ્રવૃત્ત વિઘ્નજ્ય સિદ્ધિ વિનિયોગમાં જે વિનિયોગ છે તે વાલિને થયો. જગતના જીવોના ઉત્થાન માટે મને જે પ્રાપ્ત થયું તે હું અન્યને આપી દઉં તે જ ભાવ તીર્થંકરોનો છે. આ મુજબ નવકારની આરાધના કરનાર ભવ્ય આત્મા સુપાત્ર છે. કલ્લોલ રહિત સાગરની જેમ, ધીર ગંભીર શાંત મેરૂની જેમ નિષ્કંપ વિકાસની ટોચે પહોંચી પરમાત્મ પદને પામે છે. આ જ મુમુક્ષુ આત્માઓનું અંતિમ ધ્યેય છે. સર્વ કોઈને તે પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના સાથે વિરમું છું. ✷✷✷

રૂપા શાહ : ૦૨૨-૨૩૮૭૧૧૪૧, ૯૩૨૩૯૪૩૫૦૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૭૮ મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૨-૯-૨૦૧૨ ના પ્રસ્તુત કરેલું વક્તવ્ય.

શ્રી સામખીયારી સ્થાનકવાસી છકોટિ જૈન સંઘ આયોજિત ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના સંસ્કૃત અને ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે પ્રથમ જૈન જ્ઞાન સ્વાધ્યાય સત્ર

શનિવાર તા. ૧૩-૧૦-૨૦૧૨ અને
રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૨.
સ્થળ : શ્રી અજરામર જૈન સ્થાનક, સામખીયારી, તા. ભચાઉ, કચ્છ

પાવન નિશ્રા

શ્રી સ્થા. છકોટિ જૈન લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. ગચ્છનાયક ગુરુવર્ય શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી પૂ. હિતજ્ઞાકુમારી મહાસતી ઠા. ચાર

જ્ઞાનસ્વાધ્યાય સત્ર અધ્યક્ષ : **પદ્મશ્રી ડૉ. કુમારકાળ દેસાઈ**

વિશિષ્ટ વિદ્વાન વક્તા : **ડૉ. જિતેન્દ્ર શાહ**

વિષય પ્રમાણે વક્તાઓની માહિતી

ભાવનાસત્ર-

શનિવાર તા. ૧૩-૧૦-૨૦૧૨,બપોરના ૨-૩૦ થી શરૂ

• **સત્ર પ્રમુખ ડૉ. ગુણવંત બરવાળિયા-**મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ

ડૉ. **રશ્મિભાઈ ઝવેરી-**એકત્વ-અનિત્ય-અશરણ ભાવના

પ્રો. નવીનચંદ્ર કુવાડિયા-સંસાર-અન્યત્વ-અશુચિ ભાવના

ડૉ. કશ્યપ ત્રિવેદી-આશ્રવ-સંવર-નિર્જરા ભાવના

પ્રો. દિક્ષા સાવલા-લોકસ્વરૂપ ધર્મચિંતન-બોધિદુર્લભ ભાવના

• **ડૉ. કુમારપાળ દેસાઈ-**વિશિષ્ટ વક્તવ્ય

વ્રત સત્ર-

રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૨ સવારના ૯-૩૦ થી શરૂ

• **સત્ર પ્રમુખ-ડૉ. ધનવંત શાહ**

ડૉ. ભાવેશ જેઠવા-અણુવ્રત,

ડૉ. ગુલાબ દેઢિયા-ગુણવ્રત,

ડૉ. ઉત્પલા મોદી-શિક્ષાવ્રત

ડૉ. રતન છાડવા

• **ડૉ. જીતેન્દ્ર શાહ-**વિશિષ્ટ વક્તવ્ય.

તપ સત્ર-

રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૨, બપોરના ૨-૩૦ થી શરૂ

• **સત્ર પ્રમુખ-ડૉ. કલાબેન શાહ**

ડૉ પાર્વતી ખીરાણી-બાહ્ય તપ-પ્રથમ ત્રણ

ડૉ અભય દોશી-બાહ્ય તપ-બીજા ત્રણ

ડૉ. કોકિલાબેન શાહ-આભ્યંતર તપ

• **ડૉ. બલવંત જાની-**વિશિષ્ટ વક્તવ્ય

સંગોષ્ઠિ સત્ર-

શનિવાર તા. ૧૩-૧૦-૨૦૧૨ સાંજના ૭-૩૦ થી શરૂ

• **સત્ર પ્રમુખ ડૉ. અભય દોશી**

બધા જ વિદ્વતજનો

સમાપન સત્ર-

રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૨ સાંજના ૭ થી ૮-૩૦

• **ડૉ. કુમારપાળ દેસાઈ**

સાગરસમા અગાધ અને ગહન જ્ઞાનના જ્ઞાતા આગમોદ્ધારક આ. સાગરજી મહારાજના ૧૩૮મા જન્મવર્ષ નિમિત્તે

પ. પૂ. આ. આનંદસાગરજી (સાગરાનંદજી)ની આગમ પ્રીતિ

□ પ્રા. ડૉ. કલા શાહ

'વિનયગુણનો સાક્ષાત્કાર, શાસનરક્ષાની દાઝ, આગમોના અર્થનો ખજાનો, તપશ્ચર્યાનો પરમાર્થ, અનુભવોનો અરીસો, તીર્થરક્ષણની ખુમારી, શરણે આવેલાનું રક્ષણ કરવું આવા અનેક ગુણો જેમાં રહેલા છે તે વ્યક્તિ એટલે **પ. પૂ. આનંદસાગરજી મહારાજ.'**

સાગરજી એટલે જ પૂજ્ય આનંદસાગરજી મહારાજ. તેમની જ્ઞાનોપાસનાનો વિચાર કરીએ તો (૧) ૮, ૨૧, ૪૫૭ શ્લોક પ્રમાણ ૧૭૫ આગમ પ્રકરણ ગ્રંથો અને સૈદ્ધાંતિક ગ્રંથોનું સુંદર સંપાદન. (૨) ૭૦,૦૦૦ શ્લોક પ્રમાણ આગમિક અને પ્રાકરણિક ગ્રંથો અને અન્ય ગ્રંથોનું સર્જન. (૩) ૬૦, ૭૦ હજાર શ્લોક પ્રમાણ ૧૫૦ ગ્રંથોનું મૌલિક સર્જન. (૪) ૨૦,૦૦૦ શ્લોક પ્રમાણ ગુજરાતી-હિન્દી સાહિત્યના ૨૫ ગ્રંથોનું સર્જન. (૫) ૨૦,૦૦,૦૦૦ શ્લોક પ્રમાણ આગમ પ્રકરણોનું આરસની શિલાઓ પર કોતરણી. (૬) બે લાખ શ્લોક પ્રમાણ આગમોનું તામ્રપત્ર પર અંકન કરાવવું. (૭) બે લાખ શ્લોક પ્રમાણ આગમો આદિનું સર્વાંગ શુદ્ધ મુદ્રણ–આગમ મંજૂષા બનાવવી. (૮) પ્રાચીન ૮૦ ગ્રંથો પર સંસ્કૃતિ ભાષામાં ૧૫,૦૦૦ શ્લોક પ્રમાણ પ્રસ્તાવનાઓ લખી અને તે છપાઈ. (૯) અનેક ગ્રંથોની રચના કરી તે હવે છપાઈ ચૂક્યા છે.

ધર્મ એક
સંવત્સરી એક

આવી જ્ઞાનપિપાસા ધરાવનાર આનંદસાગરજીનો જન્મ વિક્રમના વીસમા શતકના આરંભમાં શ્રેષ્ઠી શ્રી મગનભાઈના કુટુંબમાં થયો. મગનભાઈની પત્નીનું નામ યમુનાબેન હતું. તેમનું કુટુંબ ધાર્મિક સંસ્કારવાળું હતું. યમુનાબેનને બે દીકરા હતા. એકનું નામ મણિલાલ અને બીજાનું નામ હેમચંદ્ર હતું. આ હેમચંદ્ર તે જ આગમોદ્ધારક શાસન પ્રભાવક પૂજ્ય આનંદસાગરસૂરીજી. આજે જેમને લોકો સાગરજી મહારાજ તરીકે ઓળખે છે.

હેમચંદ્રનો જન્મ કપડવંજમાં વિ. સં. ૧૯૩૧માં અષાઢ વદ અમાસના રોજ થયો હતો. એમના જન્માક્ષર બનાવતી વખતે જોશીએ કહ્યું હતું કે **'તમારો પુત્ર એક મહાન પુરુષ થશે !'**

સમય પસાર થવા લાગ્યો. હેમચંદ્રના લગ્ન બાર વર્ષની વયે થઈ ગયા. મગનભાઈના બંને દીકરાઓને દીક્ષા લેવાના કોડ હતા. હેમચંદ્ર એક દિવસ ઘર છોડીને ભાગી ગયા અને પૂ. ઝવેરસાગરજી મ.સા.પાસે દીક્ષા લીધી. સમાજમાં બહુ ઉહાપહ થયો. હેમચંદ્રને ઘેર પાછા આવવું પડ્યું. પુખ્ત ઉમર થતાં સં. ૧૯૪૭ના મહા સુદ પંચમીને દિવસે દીક્ષા આપવામાં આવી અને તેમનું નામ **આનંદસાગર** થયું.

ત્રણ મહિનામાં 'સિદ્ધાન્ત રત્નિકા' વ્યાકરણનો ગ્રંથ અર્થસહિત કંઠસ્થ કર્યો. ગુરુ મહારાજે અંતિમ સમયમાં આનંદસાગરને કહ્યું હતું કે, **'બેટા આગમોનું પૂરું ધ્યાન રાખજે'.**

ત્યારબાદ યતિશ્રી પાસે અભ્યાસ કર્યો અને સ્વયં આગમ સૂત્રો સમજવા લાગ્યા. વિ. સં. ૧૯૬૦માં અમદાવાદમાં આનંદસાગરજીને પન્યાસ પદવી આપવામાં આવી. સૂરતમાં ચાતુર્માસ દરમ્યાન એક મહત્ત્વની ઘટના બની. મહારાજશ્રીના સ્વાધ્યાયનો પ્રિય વિષય આગમ સાહિત્યનો હતો. મનન-ચિંતન કરતાં તેમને જણાયું કે આગમનો અભ્યાસ થવો જોઈએ. સર્વ પ્રથમ તેમણે પોતે સતત પ્રયત્ન કરીને આગમોનો અભ્યાસ આદર્યો. પછી આગમોની પ્રતો પ્રાપ્ત કરી અને સંસ્થાઓ સ્થાપીને આગમોની પોથીઓ પ્રકાશિત કરવા માંડી. આગમો પ્રત્યે લોકોનો આદર વધે તે માટે ચતુર્વિધ સંઘની સમક્ષ વિચાર મૂક્યો કે અત્યાર સુધી આગમની હસ્તલિખિત પ્રતો લહિયા પાસે લખાવીએ છીએ અને ઘણી મહેનત પછી લાંબા સમયે એક પ્રત તૈયાર થાય છે અને તે મોંઘી પણ પડે છે. અને હવે મુદ્રણકળાનો વિકાસ થયો છે માટે હવે આગમ ગ્રંથો મુદ્રિત કરાવવા. આગમ ગ્રંથો છપાવવામાં આવે તો એક સાથે ઘણી નકલો છપાય અને ઘણાંને જ્ઞાનનો લાભ મળે. આમ **આગમ ગ્રંથોને લિપિબદ્ધ કરાવવાનું ક્રાંતિકારી પગલું શાસનના હિતે લક્ષમાં રાખી ભર્યું હતું.**

આગમો પ્રત્યે લોકોનો આદર વધે તે માટે ચતુર્વિધ સંઘની સમક્ષ સાત વાચનાઓ આપી. આગમ વાચનાના કાર્યક્રમો દ્વારા પોતાના જમાનાના સાધુ ભગવંતોમાં આગમ સૂત્રોના અર્થ અને રહસ્ય સમજવા માટે અને તે પ્રકારની સજ્જતા કેળવવા ખૂબ ઉત્સાહ વધારી દીધો હતો.

પૂ. સાગરજી મહારાજે આગમોને ચિરસ્થાયી કરવા પાલિતાણામાં આરસની શિલામાં અને સૂરતમાં તામ્રપત્રમાં અંકિત કરાવ્યા. તે ઉપરાંત પૂજ્યશ્રીએ આગમોના લખાણ પ્રમાણે ઉપદેશાત્મક ભાવોને પ્રકટ કરવા ચિત્રો બનાવરાવ્યા. તેનું નામ **'આગમ રત્ન ચિત્રાવલિ'** રાખ્યું. ગુરુદેવે આગમોના અભ્યાસીઓને માટે મહત્ત્વના **૫૩** વિષયો તારવ્યા અને પોતાના હાથે જ તે પોથીમાં નંબરો આપ્યા.

આગમોમાં આવતા શબ્દોના અર્થો સમજવા માટે આગમોનો શબ્દકોશ બનાવ્યો. જે **'અલ્પપરિચિત સૈદ્ધાંતિક શબ્દકોશ'** નામે ચાર ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

વૈશાખ સુદ ૧૦ વિ. સં. ૧૯૭૪ના રોજ પૂ. આનંદસાગર મહારાજને **આચાર્ય પદવી** આપવામાં આવી અને તેઓ **આચાર્ય શ્રી સાગરાનંદસૂરિ** થયા અને **સાગરજી મહારાજ** તરીકે ઓળખાયા.

સંસ્કૃતમાં વ્યાખ્યાન :

એકવાર સાગરજી મહારાજ વિહાર કરતાં કરતાં કાશીમાં આવી પહોંચ્યા. મહારાજશ્રી આગમ સૂત્રોના જાણકાર તથા અર્ધમાગધી અને

સંસ્કૃત ભાષાના તથા સાહિત્યના મોટા વિદ્વાન છે એ વાતની જાણ થતાં કેટલાક પંડિતો તેમને મળવા આવ્યા અને તેમના જ્ઞાનથી પ્રભાવિત થયા. મહારાજશ્રીને સંસ્કૃત ભાષા અને સાહિત્યના વિદ્યાધામમાં 'સ્યાદ્‌વાદ' વિશે સંસ્કૃત ભાષામાં વ્યાખ્યાન આપવા નિમંત્રણ આપ્યું. મહારાજશ્રીએ પંડિતો અને વિદ્યાર્થીઓની વિશાળ સભામાં વિદ્વત્‌ભોગ્ય સંસ્કૃત ભાષામાં ગહન વિચારોથી સભર એવું વ્યાખ્યાન આપ્યું. એ વ્યાખ્યાન સાંભળીને બધા જ આશ્ચર્ય પામ્યા અને ત્યારબાદ બધાના આગ્રહથી એ જ વિષય પર સરળ અને સંસ્કૃત ભાષામાં બીજા બે વ્યાખ્યાનો આપ્યા. સંસ્કૃત ભાષામાં અસ્ખલિત શૈલીએ સરળ અને કઠિન એમ બંને રીતે વ્યાખ્યાન આપતા જોઈને એમના પોતાના શિષ્યો તથા અન્ય સર્વેને આશ્ચર્ય થયું. આ રીતે સાગરાનંદજીની વ્યાખ્યાન શૈલી, મધુર કંઠ, વાક્‌છટા અને ઘરગથ્થુ દૃષ્ટાંતયુક્ત પ્રવચનો શ્રોતાઓને મુગ્ધ કરી દેતા.

ધર્મ એક
સંવત્સરી એક

આગમધરની અદ્‌ભુત સ્મરણશક્તિ :

સાગરજીનું શાસ્ત્રનું અગાધ વાંચન-ચિંતન અને નિદિધ્યાસનના બળે સ્વયંભૂ પ્રાપ્ત થયેલ વિષયની જાણકારીથી તેઓ બધામાં જાણીતા છે.

શ્રી મોતીલાલ ગીરધરલાલ કાપડિયા અનુવાદિત 'ઉપમિતિ ભાવપ્રપંચા કથા' પુસ્તકમાં એક પ્રસંગમાં જણાવે છે. 'મેં કરેલા વિશ્વ પ્રવાસની અંદર મને બે જ વ્યક્તિઓ બુદ્ધિની ઑથોરિટીવાળી મળી. એક વ્યક્તિ જર્મનીની છે જે વ્યક્તિ પોતાના ટેબલ પર બેઠી બેઠી જ નિર્ણીત પુસ્તક આ કબાટના આ પાના પર આ લાઈન અને આ નંબરવાળું છે એમ કહી શકતી. એમના સંગ્રહમાં લાખોની સંખ્યામાં પુસ્તકો હતા. અને બીજી વ્યક્તિ ભારતની પવિત્ર જૈન શ્રમણ સંસ્થાની સર્વોચ્ચ પદ ધારણ કરનાર **આચાર્ય સાગરાનંદસૂરીશ્વરજી** નામની છે. જૈન ધર્મની કેટલીક બાબતો માટે આગમની ઑથોરિટી માટે સાગરજી મહારાજનો સહારો લેવો પડતો. શેઠ અમૃતલાલ કાલીદાસના જીવનચરિત્રમાં એક પ્રસંગ નોંધાયેલો છે. પોતે 'પ્રતિક્રમણ સૂત્ર'નો ગ્રંથ તૈયાર કરાવતા હતા. સંશોધન કરી આધારભૂત ગ્રંથ લખવાનો પ્રયાસ તેમણે શરૂ કર્યો. વિવિધ ભંડારોમાંથી ૨૦૦ જેટલી પ્રતો મંગાવી. આ ગ્રંથ તૈયાર થતો હતો ત્યારે ૮૫ જેટલી શંકાઓ ઊભી થઈ. જેનું નિવારણ આગમોદ્ધારક સાગરાનંદજીએ કરી આપ્યું. દરેક શંકાનો ઉત્તર ક્યા આગમના ક્યા પાના પર છે તે કહી બતાવ્યું. આ ઘટના બની ત્યારે સાગરજી બિમાર હતા. પણ પથારીમાં સૂતા સૂતા તેઓએ આ પ્રશ્નોના-શંકાઓના ઉત્તરો આગમ પ્રમાણે સમજાવ્યા. આવી હતી તેમની અદ્‌ભુત સ્મરણ શક્તિ !

પૂ. સાગરજીની શાસન સેવા :

આગમધરસૂરિ શ્રી સાગરજી મહારાજનું જીવન અને કાર્ય રસિક ઐતિહાસિક ઘટનાઓથી સભર છે. પંચોતેર વર્ષની વય અને

જૈન ધર્મના સિદ્ધાંતો અને નાટ્યકલાનો સંગમ : 'સર્વ સમર્પણ'

જૈનોનો રાયપસેણી સુત્ત નામનો આગમ ગ્રંથ છે એમાં એક કથા છે કે એકવાર ભગવાન મહાવીર ફરતાં ફરતાં આમલકપ્પા નગરીમાં પહોંચ્યા અને અમ્બસાલ વનમાં અશોક વૃક્ષની નીચે એક મોટી કાળી શીલા પર બેઠા એ સમયે સ્વર્ગના સૂર્યાભદેવ એમની વંદના કરવા આવ્યા અને સૂર્યાભદેવે બત્રીસ પ્રકારના અભિનયાત્મક નાટક કરી બતાવ્યા. આ બત્રીશ પ્રકારના અભિનયમાં કેટલાંક તો એવા છે કે ભારતના નાટ્યશાસ્ત્રમાં પણ મળે છે. એટલે આ કથાથી એ પણ સિદ્ધ થાય છે કે જૈનોમાં પણ મહાપુરુષોના આદર માટે અભિનયની પરંપરા હતી.

ગુજરાતી રંગભૂમિ ઉપર જૈન કથાને કેન્દ્રમાં રાખીને નોંધપાત્ર નાટકો પ્રસ્તુત થયા છે. નજીકના જ સમયમાં રાજેન્દ્ર અને શિલા બુટાલા નિર્મિત 'મૃત્યુંજય', 'મારે જાવું પેલે પાર' અને વર્તમાનમાં આતંકવાદ અને સમાજના ભાવને કેન્દ્રમાં રાખી 'મિચ્છામિ દુક્કડમ્' નાટક જૈન અને અન્ય સમાજની પ્રશંસા પામી આગળ વધી રહ્યું છે. ઉપરાંત વસ્તુપાળ-તેજપાળ, શ્રીપાળ-મયણા વગેરે પાત્રોને કેન્દ્રમાં રાખી નાટકો ભજવાયા છે. અવધૂત કવિ આનંદઘનજીના જીવન કવન ઉપર લખાયેલું, ડૉ. ધનવંત શાહ લિખિત અને મનોજ શાહ દિગ્દર્શિત 'અપૂરવ ખેલા આનંદઘનજી' અને શ્રીમદ્ રાજચંદ્રના જીવન ઉપર લખાયેલું 'અપૂર્વ અવસર' તેમ જ આચાર્ય હેમચંદ્રાચાર્યજીના જીવન ઉપર લખાયેલ 'સિદ્ધહેમ' આ નાટ્યત્રયી પણ પ્રસંશાપાત્ર બની છે.

જૈન સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખી ભજવાયેલા નાટકો નાટ્ય નિર્માતાઓએ જૈન જગતને આપ્યા છે તો જૈન ગ્રુપોએ આ નાટ્ય નિર્માતાઓને એમના અન્ય નાટકો માટે પણ પ્રોત્સાહિત કર્યા છે. આ અન્યોઅન્ય કદરભાવ ગુજરાતી રંગભૂમિ માટે નોંધનીય ઘટના છે.

ઋષભ ક્રિએશન પ્રસ્તુત, રાજુ આર. મહેતા નિર્મિત અને પાર્થ શુક્લ લિખિત દિગ્દર્શિત તેમ જ દેવાંગી શાહના સથવારે દિગ્દર્શિત આ 'સર્વ સમર્પણ' નાટક નાટ્ય કલાને વફાદાર રહી સર્જાયેલું ઉત્તમ નાટક છે. જૈન સિદ્ધાંતોને નાટ્ય ઘટનાક્રમથી એવી રીતે ગૂંથી લેવામાં આવ્યા છે કે નાટ્યરસની અભિવ્યક્તિમાં ક્યાંય શિથિલતા આવતી નથી. ઈકબાલ દરબારે કરેલું સંગીત નિયોજન હૃદયગમ્ય છે, શ્રવણીય છે, ઉપરાંત નૃત્ય અને સેટીંગની ભવ્યતા નયનરમ્ય છે. અભિનયની દૃષ્ટિએ પાત્રો પોતાના પાત્રને જીવંત કરે છે, પણ ક્યાંક કેટલાંક પાત્રોનો અત્યાભિનય અને ઉચ્ચાર અશુદ્ધિ ક્યારેક નાટકની ગતિમાં વિક્ષેપ કરે છે. માણવા જેવું આ નાટક છે એ નિઃશંક છે. આવા સુંદર નાટક માટે એના સર્વ સર્જકો યશાધિકારી બને છે.

જૈન સાહિત્યમાં કથાનો ખજાનો છે, એ કથાનકોને કેન્દ્રમાં રાખી આવા નાટકો રંગમંચ ઉપર ઉતરવા જોઈએ, જૈન શાસન અને રંગભૂમિની એ અમૂલ્ય સેવા તો ગણાશે જ પરંતુ એકાદ જૈન સિદ્ધાંત કોઈ પ્રેક્ષકના જીવનને ઉજળું કરી દેશે તો એ મોટું પૂણ્યકર્મ બની રહેશે.

ઓગણસાઠ વર્ષના દીક્ષા પર્યાયમાં પૂ. સાગરજીએ શાસનસેવાના અનેકાનેક કાર્યો કર્યા છે.

આગમશાસ્ત્રના ઊંડા અભ્યાસી સાગરાનંદજીએ સંવત્સરી પર્વની તિથિ અંગે અનિશ્ચિતતા હતી તેને શાસ્ત્રસંમત પદ્ધતિએ ચાલુ કરાવી. અઢારસો છપ્પનના દુકાળ સમયે દુષ્કાળ રાહત નિધિની સ્થાપના કરાવી. બ્રિટિશરોએ બિહારમાં રહી શિખરજીના ડુંગરો પર બંગલા બાંધવાની જાહેરાત કરી. તેઓ ત્યાં રહી દારૂ પીએ, માંસાહાર કરે તે ચલાવી લેવાય નહિ. તે માટે ગુરુદેવે બ્રિટિશ સરકાર સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો. લોકો સમક્ષ જોરદાર વ્યાખ્યાનો કર્યા. ધરપકડની ધમકીથી પણ તેઓ ડર્યા નહિ અને આ ઉગ્ર વિરોધની વાત છેક દિલ્હીમાં વાઈસરૉય સુધી પહોંચાડી. પરિણામે બ્રિટિશ સરકારે શિખરજીના ડુંગર પર બંગલા બાંધવાની યોજના પડતી મૂકી. આ રીતે મહારાજશ્રીની પ્રભાવશાળી વાણીનો અને તીર્થની સુરક્ષા માટેની લાગણીનો વિજય થયો. શત્રુંજય તીર્થયાત્રા કર રદ કરાવ્યો. વિ. સં. ૧૯૮૯-૯૦માં જૈન સંઘોમાં સળગતા પ્રશ્નો કુસંપ, મતભેદ, કદાગ્રહ વગેરેના નિરાકરણ માટે અમદાવાદમાં એક મુનિસંમેલન યોજ્યું અને બાળદીક્ષા, સંન્યાસ, દીક્ષા પ્રતિબંધના કાયદાનો વિરોધ કર્યો. અંતરિક્ષજી તથા ભિલડિયાજી વગેરેના છ'રી પાળતા સંઘો કાઢ્યા. માળવામાં ચાતુર્માસ દરમ્યાન ગુરુદેવની ભલામણથી શૈલેશ નરેશે પોતાના રાજ્યમાં **'અમારિ શોષણા'** કરાવી. કલકત્તામાં શ્રી મણિવિજયજી ગ્રંથભંડાર તથા **'સિદ્ધચક્ર'** નામનું સામયિક શરૂ કરાવ્યું. **'દેશવિરતિ આરાધક સમાજ', 'યંગ સોસાયટી'** જેવી સંસ્થાઓ સ્થાપી.

ધર્મ એક
સંવત્સરી એક

શાસન પ્રભાવક, આગમોદ્ધારક, આગમદિવાકર શ્રી આનંદસાગર સૂરીશ્વરજી એટલે વીસમા શતકની જૈન શાસનની એક મહાન અને અવિસ્મરણીય વિભૂતિ જેણે જૈન શાસન અને સાહિત્યના વિપુલ કાર્યો કરતાં આયુષ્ય પૂર્ણ કર્યું. જીવનના અંતિમ કાળમાં તેમણે **'આરાધના માર્ગ'** નામના એક ઉત્તમ ગ્રંથની રચના કરી. શારીરિક શિથિલતા આવતા સૂરતના ગોપીપુરાના માલી ફળિયાના ઉપાશ્રયમાં સ્થિરવાસ કર્યો. અંતિમ પળ નજીક આવતી જાણી મહારાજશ્રીએ મૌન સહિત અનશનવ્રત ધારણ કર્યું. અર્ધપદ્માસને કાયોત્સર્ગ ધ્યાનમાં બેસી ગયા. આ રીતે સળંગ પંદર દિવસ અને રાત બેસી રહ્યા અને આત્મચિંતનમાં ઊંડા ઉતરી ગયા. સાગરજી મહારાજ કાળધર્મ પામ્યા તે સમયે પોણબસો સાધુઓ અને બસો સાધ્વીઓનો સમુદાય ઉપસ્થિત હતો. એમના ચારિત્રનો પ્રભાવ કેટલો મોટો હશે તેની પ્રતીતિ થાય છે. પૂ. સાગરજી મહારાજનો દેહ ચંદનકાષ્ટની ચિત્તામાં ભડ ભડ બળીને ભળી ગયો.

એક મહાન જ્યોતિ જ્યોતિમાં ભળી ગઈ. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩. Mobile : 9223190753

અમદાવાદના મેયરશ્રી દ્વારા થયેલું શ્રી વીરચંદ રાઘવજી ચોકનું લોકાર્પણ

દેશવિદેશમાં જૈનદર્શનનો પ્રસાર કરતી સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલા ચાર રસ્તાને ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર શ્રી વીરચંદ ગાંધીની સ્મૃતિમાં 'શ્રી વીરચંદ રાઘવજી ગાંધી ચોક'નું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે લોકાર્પણ કરતાં અમદાવાદના મેયરશ્રી અસિતભાઈ વોરાએ કહ્યું કે શ્રી વીરચંદ ગાંધીનું જીવન એ આપણા સહુને માટે ગૌરવભર્યું છે. એમણે વર્ષો પહેલાં સ્વામી વિવેકાનંદજી સાથે અમેરિકામાં જે કામ કર્યું, તે અવિસ્મણીય છે. વિશ્વધર્મ પરિષદમાં અને એ પછી અમેરિકા અને ઈંગ્લેન્ડમાં એમના પ્રવચનોએ વિદેશીઓને આ દેશની અસ્મિતાનો પરિચય આપ્યો હતો. આવતી પેઢી એમના આ કાર્યમાંથી જરૂર પ્રેરણા લેશે.

આ વિસ્તારના ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહે કહ્યું કે જિનશાસન અને સંસ્કૃતિનું ગૌરવ કરનાર વ્યક્તિનું ગૌરવ કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્વયં ગૌરવાન્વિત થઈ છે. શ્રી વીરચંદ રાઘવજી ગાંધી જેવી ભૂલાઈ ગયેલી મહાન વ્યક્તિના કાર્યોને ફરી બહાર લાવવાનું કામ ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી કરે છે, તેનાથી સમાજ અને રાષ્ટ્રને ઘણો લાભ થશે. આ પ્રસંગે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ટ્રસ્ટી શ્રી કુમારપાળ દેસાઈએ સ્વામી વિવેકાનંદના સાથી અને મહાત્મા ગાંધીના મિત્ર એવા શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની પ્રતિભાનો ખ્યાલ આપ્યો હતો અને કહ્યું હતું કે એમણે વિદેશમાં જૈનદર્શન, યોગ, એકાગ્રતા, ગાયનું મહત્ત્વ, ભારતીય નારી, શાકાહાર, સાંખ્ય અને વૈશેષિક દર્શન જેવાં વિષયો પર સાતસોથી વધુ પ્રવચનો આપ્યાં અને જે સમયે ભારત કોબ્રા, વાઘ અને રાજાઓનો દેશ ગણાતો હતો, એ દેશની સંસ્કૃતિ, સભ્યતા અને ગરિમાની વિદેશમાં પહેચાન આપી. આ પ્રસંગે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી ચૅરમેન શ્રી રતિલાલ ચંદેરિયાનો શુભેચ્છાસંદેશ વાંચવામાં આવ્યો અને અમદાવાદમાં ચાતુર્માસ કરી રહેલા અનેક આચાર્ય ભગવંતોએ પણ આ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી. વીરચંદ ગાંધીના પૌત્ર ચંદ્રેશ ગાંધીએ પોતાના દાદાના જીવનની કેટલીક અવિસ્મણીય ઘટનાઓ રજૂ કરી હતી, તો એમના કુટુંબીજન શ્રી મહેશભાઈ ગાંધીએ આ કાર્ય માટે સહુનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સર્વશ્રી અરવિંદ દોશી, શ્રીયકભાઈ અરવિંદભાઈ, જયંતિભાઈ સંઘવી, મહેન્દ્રભાઈ શાહ, નગરાજજી છાજેર જેવા મહાનુભાવો ઉપસ્થિત હતા, તો અનિલા દલાલ અને રાજેન્દ્ર પટેલ જેવા સાહિત્યકારો પણ આમાં શામેલ થયા હતા.

લોક સેવક સંઘ, થોરડી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ છેલ્લા ૭૮ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરે છે. તેણે છેલ્લા ૨૭ વર્ષોથી એક ખૂબ જ ઉમદા માનવતાનું કામ શરૂ કર્યું છે જે અવિરત ચાલુ છે. ગુજરાત રાજ્યની કોઈપણ અવિકસિત, પછાત અને અંતરિયાળ પ્રદેશમાં આવેલી શૈક્ષણિક સંસ્થાને આર્થિક સહાય માટે અપીલ કરવામાં આવે છે. તે મુજબ આપણે લોક સેવક સંઘ-થોરડીને આર્થિક સહાય કરવી એમ ઠરાવવામાં આવ્યું.

સંસ્થાનો પરિચય

સંસ્થાના સ્થાપક શ્રી કાંતિભાઈ પરસાણાએ નવેમ્બર ૨૦૦૩માં ગઢડા-સ્વામીના ગ્રામ ઉદ્યોગ મંદિરમાંથી નિવૃત્ત થતાં પોતે સ્વતંત્ર રીતે સમાજને ઉપયોગી થાય માટે **લોક સેવક સંઘ**ની સ્થાપના કરી. સંસ્થાના રજિસ્ટ્રેશનની કાર્યવાહી પતાવી જૂન ૨૦૦૪માં થોરડી મુકામે સરકાર તરફથી ૪ એકર જમીન રૂા. ૧/-ના પટે મળી ત્યાં પ્રવૃત્તિ શરૂ કરી. એમની સાથે લોક વિદ્યાલયવાળા **શ્રી નાનુભાઈ શિરોયા** જોડાયા અને બીજા કાર્યકર **શ્રી હિરજીભાઈ ભીખાભાઈ** પણ સક્રિય થયા. શ્રી કાંતિભાઈ અને એમના પદાધિકારીઓ પાસે ૫૦ વર્ષનું રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ તેમ જ અનુભવનું ભાથું છે જે **લોક સેવક સંઘ**ને વિકસાવવામાં ખૂબ કામે લાગ્યું.

સંસ્થાના ઉદ્દેશો

છેવાડેના ગ્રામ વિસ્તારમાં પછાત અને વંચિત રહી ગયેલા બાળકોને સર્વાંગી વિકાસ માટે શિક્ષણ સાથે જીવન ઘડતરની કેળવણી આપવી. તેમજ તેમનામાં માનવીય ગુણો વિકસે, રચનાત્મક શક્તિ ખીલે, શારીરિક કૌશલ્ય વિકસે એ દિશામાં આગળ વધવું.

ધર્મ એક
સંવત્સરી એક

આર્થિક તેમજ સામાજિક દૃષ્ટિએ પછાત ગણાતા લોકોને પોતાના પરિવારના વિકાસ માટે કૃષિ-ગોપાલન-ગૃહ ઉદ્યોગ, આરોગ્ય, શિક્ષણ, સહકાર, સમાજ સુધારણા, સ્વાવલંબન, જાગૃતિ વગેરેમાં સહકાર આપવો.

સમાજના વિકલાંગ, મંદબુદ્ધિ તેમજ અંધ બાળકોને જરૂરી શિક્ષણ આપી રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા સહાયભૂત થઈ એમના જીવનમાં પ્રકાશ લાવવો.

સંસ્થાની આજની પ્રવૃત્તિઓ

સ્કુલની પ્રવૃત્તિ

હાલમાં ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, એમ ૫ ધોરણના કુલ ૨૩૦ વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જીવન ઘડતરના સંસ્કારો આપવામાં આવે છે. શિક્ષણનું પરિણામ ૧૦૦% આવે છે. બહેનોના છાત્રાલયમાં હાલમાં ૨૪ બહેનો રહે છે. તેમજ કુમાર છાત્રાલયમાં હાલમાં ૫૫ બાળકો રહે છે. બન્ને છાત્રાલયને ખર્ચ સંસ્થા આપે છે. બધા આનંદમાં રહે છે.

સંકુલમાં લઘુ ઉદ્યોગ તાલીમ કેન્દ્ર, જળ સંચય અને ટપક પદ્ધતિથી સિંચાઈ, સજીવ ખેતી, પવન ચક્કી દ્વારા ઉર્જા ઉત્પાદન વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે. સાથે શારીરિક કૌશલ્યની તાલીમ આપવામાં આવે છે.

અંધ શાળા

આજુબાજુમાં ગામડાના ૪૦ દૃષ્ટિહિન–જેમણે પ્રકાશ કોઈ દિવસ જોયો નથી અને દુનિયા શું છે એનો ખ્યાલ નથી એવા અંધ કુમાર/કુમારિકાને સંસ્થાના સંકુલમાં યોગ્ય શિક્ષણ આપવામાં આવે છે. તેમને માટે ખાસ કાળજી અને સંભાળ રાખવા માટે નિષ્ણાત કાર્યકરોની નિમણૂક કરી છે. અંધ વિદ્યાર્થીઓ માટે સરકાર તરફથી ગ્રાંટ મળે છે. સાથે તેમને લાયક હુન્નર શિખવાડવામાં આવે છે.

સંકુલમાં બહારની પ્રવૃત્તિ

આજુબાજુના ૫ ગામોમાં ૨ થી ૫ વર્ષના બાળકોને તેમના ગામમાં શિક્ષણ આપવામાં આવે છે. સંસ્થા આ બાળકોને સંકુલમાં પ્રેમથી અને હુંફથી પુરી સમજણ આપે છે. આશરે ૨૦૦/૨૫૦ બાળકો દર અઠવાડિયે આવે છે.

તદુપરાંત ૫, ૬, ૭ ધોરણમાં ભણતા જે બાળકોને ભણવામાં અનેક મુશ્કેલીઓ હોય છે તેમને પ્રેમપૂર્વક અને સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવે છે. ૧૫૦/૨૦૦ બાળકો લાભ લેવા આવે છે. આજુબાજુના ગામડાના બાળકો પ્રેમપૂર્વક સંકુલમાં આવી શિક્ષણ લે છે.

આ રીતની તાલીમથી બાળકો પોતાના ધોરણમાં સારા માર્ક્સ લાવે છે. સાથે સાથે ભવિષ્યમાં લઘુ ઉદ્યોગમાં કેવી રીતે રસ લેવો તેની તાલીમ સંકુલમાં આપવામાં આવે છે.

સંસ્થાની મુલાકાતે મહાનુભાવો

પૂજ્ય સંત શ્રી મોરારીબાપુ ૨૦૦૭માં સર્વ મંગળ સંકુલન તેમ જ ૨૦૦૮માં શ્રીમતી આર. એમ. ઝવેરી લોક વિદ્યામંદિરનું ભૂમિપૂજન કર્યું.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના હસ્તે કન્યા છાત્રાલયનું અને લઘુ ઉદ્યોગ તાલીમ કેન્દ્રનું ૨૦૦૯માં લોકાર્પણ કર્યું.

સરકાર તરફથી સંસ્થાને કંઈ પણ ગ્રાંટ મળતી નથી. અંધ વિદ્યાર્થીઓ માટે ગ્રાંટ મળે છે તે પણ અપૂરતી હોય છે. ખર્ચ વધારે થાય છે. સંકુલમાં આધુનિક કૉમ્પ્યુટર રૂમ અને આધુનિક પ્રયોગ શાળા તેમજ ૧૦ વર્ષથી બંધાયેલા છાત્રાલય, રસોઈ ઘર, આશ્રમ શાળામાં સુધારા-વધારા કરવા માટે આર્થિક સહાયની જરૂર છે.

બાળકોના શિક્ષણ, જીવન–ઘડતર તેમજ સર્વાંગી વિકાસમાં જોડાવા રૂા. ૫૦૦૦/- કે તેથી વધુ યથાશક્તિ અનુદાન આપી પુણ્યની પ્રાપ્તિ કરીએ.

દાનની રકમ ચેક અથવા રોકડેથી સ્વીકારવામાં આવશે. ચેક **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**ના નામનો આપવા નમ્ર વિનંતી. સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ ૮૦-જી અન્વયે કર રાહત પાત્ર છે.

બહારગામના દાતાઓ દાનની રકમ બૅંક ઑફ ઇંડિયાની કોઈ પણ શાખામાં અમારા કરંટ એકાઉન્ટ નં. ૦૦૩૯૨૦૧૦૦૦-૨૦૨૬૦ પ્રાર્થના સમાજ બ્રાન્ચ,મુંબઈમાં ભરી શકો છો. રૂપિયા ભરીને બૅંકની સ્લીપ અમને મોકલશો તો તરત જ આપને સંસ્થાની રસીદ મોકલી આપશું.

* * *

‘સો શરદો જીવો’ : શાપ કે આશીર્વાદ ?

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

બધી જ ઋતુઓમાં શરદઋતુ રોગોના પિયર જેવી છે એટલે સો વર્ષા કે વસંત જીવોને બદલે ‘સો શરદ જીવો’-એવા આશીર્વાદ આપવામાં આવે છે. ઋતુઓનો ઉલ્લેખ ન કરવો હોય તો ‘શતાયુ ભવ’ કહેવામાં આવે છે. થોડાંક વર્ષો પૂર્વે, વડોદરાની ‘આનંદ નિવાસ’ લોજના માલિક શ્રી માણેકલાલ એમ. પટેલે આરોગ્ય–વિષયક ત્રણ–ચાર પુસ્તકો લખેલાં..ગાલા પ્રકાશકે એ પ્રકાશિત કરેલાં...એમાંના એકાદનો અન્ય ભાષામાં પણ અનુવાદ થયેલો. બે-ત્રણ પુસ્તકોના શિર્ષક કંઈક આવા હતાં:

‘સતત નિરોગી રહો, ‘આરોગ્યના વજ્ર-સ્તંભો’, ‘સો વરસ જીવો’ જેની ચાર પાંચ આવૃત્તિ થયેલ છે એવું ડૉ. ગુણવંતભાઈ શાહનું એક પુસ્તક હમણાં વાંચવામાં આવ્યું...જેનું શીર્ષક છે: ‘મરો ત્યાં સુધી જીવો’. એમાં સો શરદોનો કે ‘શતાયુ ભવ’નો ઉલ્લેખ નથી પણ કવિ કાલિદાસની પેલી પ્રખ્યાત ઉક્તિ: ‘વૃદ્ધત્વમ જરસા વિના’નો ભાવ ગર્ભિત છે. વૃદ્ધત્વ, વાર્ધક્ય ખરું પણ જર્જરિત નહીં, ખખડી ગયા વિનાનું વાર્ધક્ય માણો...ભલે પછી એ આઠ દાયકાનું હોય કે સવાસો સાલનું હોય ! એમાં ભાર છે ‘ધ આર્ટ ઓફ લિવિંગ પર’. ‘જીવો આયુ એવું ક્ષણ મહીં ભરી કોટિક યુગો’. મૃત્યુનો ખ્યાલ કે ભય રાખ્યા વિના ઝિન્દાદિલીથી જીવન જીવવાનો એમાં આદેશ છે.

ધર્મ એક સંવત્સરી એક

ચારેય યુગમાં વ્યક્તિનો ને રાષ્ટ્રનો આયુષ્ય આંક કેટલો હશે તે આપણે ચોક્કસપણે જાણતા નથી પણ આપણા ચાર આશ્રમો ને ચાર પુરુષાર્થોનો વિચાર કરીએ તો સો શરદોનો ખ્યાલ આવે છે. છેલ્લા સૈકાનો વિચાર કરીએ તો, લગભગ અઢીગણી રાષ્ટ્રીય આયુષ્ય આંકમાં વૃદ્ધિ થઈ છે જે ૨૪–૨૫ ને બદલે ૬૩ના અંકને આંબી ગઈ છે ને આપણે ત્યાં વૃદ્ધાવસ્થા ૬૦ વર્ષે ગણાતી–મનાતી હતી તેને બદલે અદ્યતન પાશ્ચાત્ય માન્યતા અનુસાર, ઑલ્ડ એજ બિગીન્સ એટ એઈટી’–વૃદ્ધાવસ્થાની શરૂઆત ૮૦ થી ગણાય છે. હમણાં વડોદરાના એક પ્રતિષ્ઠિત નાગરિક મળ્યા એમની પાસેથી જાણવા મળ્યું કે વડોદરામાં પંચોતેર કે તેથી મોટી વયના લગભગ ત્રણ લાખ નાગરિકો છે. ભારતમાં તો એવા લાખો નહીં પણ કરોડો હશે. એ વિચાર સાથે રાજવી કવિ ભર્તૃહરિનો પેલો પ્રખ્યાત શ્લોક યાદ આવ્યો:–

‘આયુર્વર્ષશતં નૃણાં પરિમિતં રાત્રૌ તદર્ધં ગતં
તસ્યાર્ધસ્ય પરસ્ય યાર્ધમપરં બાલત્વવૃદ્ધત્વયોઃ।
શેષં વ્યાધિવિયોગદુઃખસહિતં સેવાદિભિર્નીયતે
જીવે વારિતરંગ બુદ્બુદ્ સમે સૌખ્યં કુતઃ પ્રાણિનામ।।

મતલબ કે ‘માણસોનું આયુષ્ય (ભગવાને) સો વર્ષનું નક્કી કરેલું છે. એમાંથી અડધું (૫૦ વર્ષ) રાત્રિમાં પસાર થઈ જાય છે. એનું અડધું આયુષ્ય (એટલે કે ૨૫ વર્ષ) બાળપણમાં અને વૃદ્ધાવસ્થામાં ચાલ્યા જાય છે, બાકીનાં (૨૫ વર્ષ) વ્યાધિમાં, વિયોગના દુઃખમાં, કોઈની સેવા કરવામાં (નોકરી કે ગુલામીમાં) જાય છે; માનવજીવન પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર છે. માનવપ્રાણીઓને સુખ ક્યાં છે ?’ આ તો લખચોર્યાસી અવતારમાં મળેલા અમૂલખ માનવ-અવતારને વ્યર્થ વેડફી ન દેતાં યથાકાળે, યોગ્ય ધ્યેયની સિદ્ધિ અર્થે, યોગ્ય પુરુષાર્થમાં જોતરવા માટેની જાગ્રતિ ને તકેદારી દાખવવા કાજે આપેલી ચેતવણી છે. ‘ઘડપણમાં ગોવિંદ ગાશું’ કહેનારા ને માનનારાઓને–શંકરાચાર્યને મતે માનવમૂઢોને ‘ભજ ગોવિંદમ્’નો આધ્યાત્મિક આદેશ ક્યાં નથી આપ્યો ? જીવનની દરેક અવસ્થાને નિજી ઔચિત્ય ને સૌંદર્ય હોય છે. ગંગા સતીના કહેવા પ્રમાણે વિજળીને ઝબકારે મોતી પરોવવાના હોય છે. ‘વૈરાગ્ય શતક’માં રાજવી કવિ ભર્તૃહરિ આ જ મતલબને ઉપદેશ આપતાં કહે છે:-

યાવત્સ્વસ્થમિદં કલેવરગૃહં યાવચ્ચ દૂરે જરા
યાવચ્ચેન્દ્રિય શક્તિર પ્રતિહતા યાવત્ક્ષયો નાયુષઃ।
આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન્
પ્રોદીપ્તે ભવને તુ કૂપખનનં પ્રત્યુદ્યમઃ કીદૃશઃ।।

શ્રી કુમાર ચેટરજી રોગનું નિવારણ રાગથી કરશે

કુમાર ચેટરજી સંગીત અને શબ્દના સાધક છે. જૈન ભક્તિ કાવ્યો અને સ્તોત્રોને એમણે શુદ્ધ સંગીતથી શ્રવણીય અને મનનીય કરી જૈન ભક્તિ સંગીતની અનન્ય સેવા કરી છે.

સમગ્ર જૈન જગત અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આ સાધક સ્વરકારને આવકાર્યા છે અને હૃદયસ્થ કર્યા છે.

તા. ૯ નવેમ્બરના રોજ સાંજે સાત વાગે તેઓ એક મૌલિક સંગીતનો પ્રોગ્રામ નહેરુ થિયેટર, વરલીમાં પ્રસ્તુત કરવાના છે. Alzimer, Mentally Challanged અને Autastic દરદીઓ પર સંગીત દ્વારા કેવી રીતે ઉપચાર થઈ શકે તેનું Research અમેરિકામાં Mr. Obama, President of Americaના આદેશ નીચે તેઓ કરી રહ્યા છે. તેની એક ઝલક આ પ્રોગ્રામ દ્વારા તેઓ આપણને કરાવશે.

સાત રાગ, સાત રંગ અને સાત ચક્રને કેન્દ્રમાં રાખી એક અનોખો અને અદ્‌ભૂત પ્રોગ્રામ તેઓએ મુંબઈગરા માટે તૈયાર કર્યો છે.

‘પ્ર.જી.’ના વાચકોને આ વિશિષ્ટ કાર્યક્રમનો લાભ લેવા વિનંતિ. કુમાર ચેટરજી-૯૮૨૧૧૧૨૪૮૯.

મતલબ કે જ્યાં સુધી આ શરીરરૂપી મંદિર તંદુરસ્ત છે, જ્યાં સુધી ઘડપણ દૂર છે, જ્યાં સુધી ઈન્દ્રિયોની શક્તિ ઓછી થઈ નથી, જ્યાં સુધી આયુષ્યનો ક્ષય થયો નથી ત્યાં સુધીમાં જ્ઞાની પુરુષે, આત્માના કલ્યાણ માટે મહાન પ્રયત્ન કરવો જોઈએ.; પરંતુ જ્યારે ઘરને આગ લાગી હોય ત્યારે એ આગને ઓલવવા કૂવો ખોદવાની શરૂઆત કરવી એ વ્યર્થ, નિરર્થક ઉદ્યોગ કરવો શા કામનો ?' આ બધાનો સાર એ છે કે દરેક કાર્ય કરવાનો અમુક કાળ હોય છે...એ તકનો સદુપયોગ કરી લેવો. એ તક, અજ્ઞાન, પ્રમાદ કે ગફલતને કારણે ચૂક્યા તો ગયા! યુવાવસ્થાને ગતિ, વેગ ને યુયુત્સા છે તો વૃદ્ધાવસ્થાને દૃષ્ટિ ને ડહાપણ છે. પ્રત્યેક અવસ્થાનું ઔચિત્ય સમજી, વ્યક્તિ–વિકાસ ને સમાજકલ્યાણ સાધવામાં માનવજીવનની કૃતાર્થતા છે.

૮૦, ૮૫, ૯૦, ૯૫ના અનેક સ્ત્રી-પુરુષોને મેં જોયાં છે...એકદમ તંદુરસ્ત સ્થિતિમાં. જિંદગીમાં કોઈ ડૉક્ટર પાસે ગયાં નથી કે પાઈની દવા પણ ખાધી નથી ને આજે ૫૦–૫૫–૬૦ના અનેક સ્ત્રી-પુરુષોને દિવસમાં ૧૮ થી ૨૧ ગોળીઓ નિયમિતપણે ગળતાં પણ જોયાં છે. ડઝનેક શતાયુ સ્ત્રી-પુરુષો સંબંધે વાંચ્યું છે, સાંભળ્યું છે ને ત્રણેક શતાયુના પ્રત્યક્ષ પરિચયમાં છું. મુંબઈ યુનિવર્સિટીના એક વખતના ગુજરાતી ભાષા સાહિત્યના અધ્યક્ષ સ્વ. ડૉ. આર. સી. શાહના પિતાજી થોડાંક વર્ષ પૂર્વે ૧૦૪ વર્ષે ઊંઘમાં જ મહાનિદ્રામાં પોઢી ગયા. ડૉ. આર. સી. શાહના કહેવા પ્રમાણે, 'ચિત્તની સ્વસ્થતા અને સમતા, નિર્વ્યસનીપણું, કાયમ ઉણોદરીવ્રત અને પ્રભુભક્તિ એમના દીર્ઘાયુષ્યનું રહસ્ય.' કડીના સેવાભાવી, પરગજુ ડૉ, માણેકલાલ સી. પટેલ પણ શતાયુ વટાવી ચૂકેલા ને ઠેઠ સુધી સક્રિય રહેલા. મારા ધર્મના સાળા શ્રી ભાઈલાલભાઈ એન. પટેલ ૧૦૧ના છે ને કેન્દ્રના પેટ્રોલિયમ પ્રધાન શ્રી દીનશા પટેલના સાસુ...સ્વાતંત્ર્યસેનાની પૂ. ગંગાબા હજી ૧૦૩ વર્ષે સક્રિય છે. દેશમાં આવા શતાયુ સ્ત્રી-પુરુષો ઠીકઠીક સંખ્યામાં હશે ને પ્રતિવર્ષ ઉત્તરોત્તર એમાં વધારો થવાનો. કેટલાક એવા પણ દેશ છે જ્યાંની પાંત્રીસ ટકા વસ્તી વૃદ્ધ થઈ ગઈ છે ને ઉપયોગિતાની દૃષ્ટિએ સાવ નિષ્ક્રિય છે! પશ્ચિમના કેટલાક સમૃદ્ધ દેશોમાં તો સરકારી કલ્યાણખાતુ વૃદ્ધોની બે-નમૂન કાળજી રાખે છે છતાંયે એ વૃદ્ધો ખરેખર સુખી છે? દીર્ઘ આયુષ્યનો એમને કંટાળો નહીં આવતો હોય? વર્ષો સુધી સક્રિય જીવન ગાળ્યા બાદ આવતી નિવૃત્તિ કે રોગને કારણે વેઠવી પડતી નિષ્ક્રિય નિવૃત્તિ એમને કઠતી નહીં હોય? મારા બે મિત્રોને લાગ્યું કે હવે જીવનમાં કશું નવું કરવાનું રહ્યું નથી ને પોતે કૃતકાર્ય થઈ ગયા છે એટલે સ્વેચ્છા-મૃત્યુ સ્વીકાર્યું. તો પૂ. કે. કા. શાસ્ત્રી આયુષ્યની સદી વટાવ્યા બાદ પણ ઠેઠ સુધી સક્રિય રહ્યા. શ્રી મોરારજીભાઈ કેટલાક ક્રિકેટરોની જેમ 'નાઈન્ટી નાઈને' નર્વસ થઈ ગયા ને થોડાક માસ માટે સદી ચૂકી ગયા!

આ શતાયુ સ્ત્રી-પુરુષોએ એંશી પછીના બે દાયકા કેવી પરિસ્થિતિમાં વિતાવ્યા છે તેનો પણ 'સર્વે' કાઢવા જેવો છે. અમેરિકામાં, લગભગ નવ દાયકા વટાવી ચૂકેલાં મારાં એક ફોઈ રહે છે. હાર્ટની તકલીફ છે. જમાઈ–પુત્રો પાંચ ડૉક્ટરો છે ને બે પુત્રવધૂઓ નર્સ છે...છતાં મને લખે છે: 'અહીં જીવનની અક્કેક ક્ષણ કેવી લાચારીમાં વીતે છે તે તો કેવળ મારું મન જ જાણે છે!' લાચારી, એકલતા, પરાધીનતા ને નિષ્ક્રિય જીવનનો અહેસાસ એમને વિવશ બનાવી મૂકે છે. કોઈકે દૃષ્ટિ ગુમાવી હોય છે, કોકનો સ્મૃતિભ્રંશ થયો હોય છે. કો'ક સાવ મૂક-બધિર તો કેટલાક જાતે ખાઈ શકતા નથી કે વસ્ત્ર-પરિધાન પણ કરી શકતા નથી. બે-અઢી દાયકાથી સાવ પથારીવશ એક શતાયુ સજ્જનને સુપેરે જાણું છું. ઈંગ્લેન્ડથી ૮૮ સાલના મારા એક કવિ-લેખક મિત્ર મને લખે છે:-'તમે કલમ પકડી શકો છો?' કલમ પકડવાની 'ગ્રીપ' પણ એમણે ગુમાવી છે. એક ભાઈને 'શેક હેન્ડ' કરતાં પણ કષ્ટ પડે છે! નિવૃત્તિ પછી કેટલાંય ભાઈ-બહેનો મને મળવા આવે છે ને લગભગ મોટા ભાગનાં મારી દિનચર્યાની પૃચ્છા કરે છે. 'હાઉ ટુ પાસ ટાઈમ?' એમને મન જીવનનો યક્ષ-પ્રશ્ન બની રહે છે!

ધર્મ એક સંવત્સરી એક

આવી પરિસ્થિતિમાં સ્નેહી-સ્વજનો શતાયુને બિરદાવવા ઉત્સાહ ને ઉલ્લાસપૂર્વક સમારંભો યોજે છે પણ એ શતાયુ વ્યક્તિની મનોદશાનો કોઈએ વિચાર કર્યો હોય છે? 'અંગમ્ ગલિતમ્ પલિતમ્ મુણ્ડમ્ દશન વિહીનમ્' એ શતાયુ અક્કેક દિવસ કેવી લાચારી, પરાધીનતા, એકલતા ને નિષ્ક્રિયતામાં પસાર કરે છે તેનો ખ્યાલ ખૂબ અલ્પ સંખ્યકોને આવતો હોય છે! જીવનમાં કંઈ ધ્યેય હોય, 'તંદુરસ્ત હોબી' હોય, મનને ઈન્દ્રિયો દાદ દેતી હોય ને સક્રિય જીવન જીવી શકાતું હોય તો 'સો શરદો જીવો' એ આશીર્વાદ છે. બાકી દીર્ઘાયુષ્ય શાપ નહીં તો દુ:ખદ–ભારરૂપ લાગે છે. જીવનભરના સાથીઓનો સાથ છૂટી ગયો હોય છે, 'મોબિલીટી' સાવ શૂન્ય થઈ ગઈ હોય ને જીવન્મૃતની જેમ દિવસો પસાર કરવાના હોય તો શતાયુ થવાને બદલે ડૉ. ગુણવંત શાહ લખે છે તે પ્રમાણે-'મરો ત્યાં સુધી જીવો' એ જીવનમંત્ર મોટા આશીર્વાદરૂપ છે. 'લાઈફ ઈઝ મોર પાવરફુલ ધેન ડેથ' એ સત્યને સમજીને ક્ષણે-ક્ષણ જાગ્રતિપૂર્વક સક્રિય જીવન જીવનારા જ જીવે છે બાકી તો ધમણિયા–જીવન!

* * *

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, સી–૧૨, નવદીપ એપાર્ટમેન્ટ, મેમ નગર, અમદાવાદ–૩૮૦ ૦૫૨. મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

મરવું આપણને ગમતું નથી, તેથી છેવટે શરીરબળને વશ થઈએ છીએ. કોઈ મરવાને બદલે પૈસા આપશે, કોઈ કીડાની જેમ પેટે ચાલશે, કોઈ સ્ત્રી લાચારીથી ઝૂઝવું છોડી પશુને વશ વર્તશે. જીવવાનો લોભ માણસ પાસે શું નથી કરાવતો? તેથી જીવનનો લોભ છોડીને જે જીવે છે, તે જીવ્યો.

–મો. ક. ગાંધી

ક્રોધનું પરિણામ વિવેકશૂન્યતા

❑ શશિકાંત લ. વૈધ

ક્રોધ અગ્નિ સ્વરૂપ છે. શાસ્ત્રો કહે છે કે ક્રોધ મનુષ્યનો મહાન શત્રુ છે. ગીતા કહે છે કે કામ, ક્રોધ તથા લોભ–એ આત્માનો નાશ કરનારાં (અર્થાત્ તેને અધોગતિમાં લઈ જનારાં) ત્રણ નરકનાં દ્વાર છે–માટે એ ત્રણને ત્યજી દેવા જોઈએ.'-અધ્યાય ૧૬, શ્લોક ૨૧. યાદ રાખવા જેવું તે છે કે ક્રોધ જન્મે છે ત્યારે વ્યક્તિ વિવેકશૂન્ય બની જાય છે. તેને ભાન જ રહેતું નથી અને આ આવેશમાં તે ન કરવાનું કરી નાંખે છે–જે તેને ખૂબ હાનિ પહોંચાડે છે. મહાન સંતો આ બાબતમાં ખૂબ સંયમી હોય છે. એક વ્યક્તિએ ભગવાન બુદ્ધને ગુસ્સે કરવા ખૂબ ગાળો ભાંડી, પણ બુદ્ધ જરા પણ ગુસ્સે ન થયા અને મનનું સમત્વ ધારણ કરી રાખ્યું...એમના શિષ્યે પૂછ્યું, 'ભગવંત, પેલા માણસે તમને ગાળો ભાંડી પણ તમે કેમ શાંત રહ્યા? તમારે તેને જવાબ આપવો જોઈએ. બુદ્ધ બોલ્યા, 'કોઈ આપણને કંઈ ભેટ આપે અને આપણે તેનો સ્વીકાર ન કરીએ તો શું થાય? શું પેલી વ્યક્તિ તેની ભેટ પાછી ન લઈ જાય? મેં તેની ગાળોનો સ્વીકાર જ નથી કર્યો...ગાળો તો તેની પાસે જ રહી. આપણે શાંત રહેવાનું.' બુદ્ધની સ્થિતપ્રજ્ઞતાના અહીં દર્શન થાય છે. ક્રોધાગ્નિ શું ના કરે? રાવણને વારંવાર ક્રોધ થતો, પરિણામે તેને ખૂબ હાનિ થતી...એટલે જૈન તીર્થંકરોના જીવન જુઓ તો તે સૌ પ્રશાંત લાગશે. જેણે બધા અંદરના શત્રુઓ પર–કામ, ક્રોધ, લોભ, મોહ અને મત્સર પર વિજય મેળવ્યો છે તે જ તીર્થંકર કહેવાય. મહાવીર સ્વામી કદાપિ ગુસ્સે થતા નહિ–સદાય શાંત અને પ્રસન્ન. આપણે તો વાત વાતમાં ગુસ્સે થઈ જઈએ છીએ...અને ધીરજ રાખતા નથી. મેં એક પુત્રને ગુસ્સામાં તેની માતાને મારતી જોઈ છે...અરે, જે વચ્ચે પડે તેને પણ ગાળો ભાંડે. ગુસ્સે થાય ત્યારે માણસનું વર્તન આસુરી બની જાય છે. જાણે તે મનુષ્ય મટી ગયો એમ લાગે છે!! આ ક્રોધનું જ પરિણામ છે.

ધર્મ એક સંવત્સરી એક

મારા જીવનમાં ઘટેલી એક ઘટના મને આજે પણ યાદ છે, જેમાં ગુસ્સામાં (ક્રોધના આવેશમાં) આવેલો મારો લંગોટિયો મિત્ર હાથમાં હથિયાર લઇને તેની પત્નીને મારવા ગયો અને ઘરમાં બૂમાબૂમ થઈ ગઈ. હકીકત કંઈક આવી હતી.

મિત્રનું નામ જન્મેજય. માતાપિતા આર્થિક દૃષ્ટિએ સુખી, બધી રીતે. મિત્રના પિતાએ ફરીથી લગ્ન કરેલું, પ્રથમ પત્ની મણિબેનની સંમતિથી. મિત્રની માતાનું નામ વિદ્યા. મારા બાના ખાસ બહેનપણી. જાણે–એક જ લોહીની સગાઈ હોય તેમ બન્ને બહેનની જેમ ચાહે...પણ વિદ્યામાસી સ્વભાવના ખૂબ ક્રોધી. જન્મેજયના લગ્ન ખૂબ વહેલાં, તેની ઈચ્છા વિરુદ્ધ કરી નાખ્યાં, ખરેખર તો તેની ઈચ્છા એસ.એસ.સી. પછી આગળ ભણવાની હતી, પણ માતાપિતાએ માન્યું નહિ અને લગ્ન ખૂબ ધામધૂમથી થઈ ગયાં...પિતા ઇચ્છા કરે કે તે નોકરી કરી પૈસા લાવે...જન્મેજય કહે હું ક્યાં કહેતો હતો કે મારું લગ્ન કરો? તમે જ મને વહેલો પરણાવ્યો...આ રીતે ઘરમાં સંઘર્ષ અને અશાંતિ ચાલ્યા કરે. મણિબા ખૂબ શાંત. વિદ્યામાસી ખૂબ ક્રોધી...તે પણ કહે, 'હવે શું ભણવાનું?' આ રીતે ઘરમાં અશાંતિભર્યું વાતાવરણ સર્જાયું. જન્મેજયની પત્ની હશુ સ્વભાવે શાંત અને ખૂબ વિનમ્ર. તેની સ્થિતિ તો સૂડી વચ્ચે સોપારી જેવી હતી. તે બધું જોયા કરે.

એક દિવસે બન્યું એવું કે જન્મેજયની પત્ની જમવા બેઠેલી...થાળી તૈયાર હતી, એવામાં વિદ્યામાસી ગુસ્સે થઈને બોલ્યાં, 'ઉઠી જા. ધણી તો કમાતો નથી અને ખાવા બેઠી છે?' એમ કહીને વહુની થાળી ખેંચી લીધી. વહુ બિચારી લાચાર હતી...આ બધું દૃશ્ય જન્મેજય તેના મેડેથી જોતો હતો...તેને એકમ ગુસ્સો આવ્યો...તે ચપ્પુ લઈને રસોડામાં આવ્યો અને તેણે કહ્યું, 'આ બધું જે છે તે આને લીધે જ છે ને? લ્યો, તેને જ મારી નાંખું...એમ કહી તેણે વહુ પર હૂમલો કર્યો...હું ત્યાં જ હતો...હું વચ્ચે પડ્યો...મિત્રે મારી પર ગુસ્સો કર્યો. મેં તેને બરાબર પકડી રાખ્યો...ઘરમાં હાહાકાર મચી ગયો. મણિબાએ કહ્યું, 'આ સારું નથી દેખાતું. થાળી પર બેઠેલી વહુને ઉઠાડી મૂકવી તે પાપ છે.' જન્મેજયના પિતા હરિનારાયણ કાકાને પણ સમજાયું કે આ ખોટું થયું. જો વિદ્યામાસીએ જ ક્રોધ ન કર્યો હોત તો આવું થાત જ નહીં. ખૂબ સમય બાદ શાંતિ

શ્રી ઋષભદેવજી મહારાજ જૈન ધર્મ મંદિર
એવં જ્ઞાતિ ટ્રસ્ટ ઠાણે
જૈન મંદિર માર્ગ, ટેંભી નાકા, ઠાણે (પ.) ૪૦૦ ૬૦૧ (મહારાષ્ટ્ર)
ટેલિફોન નં. : ૦૨૨-૨૫૪૭૫૮૧૧, ૨૫૪૭૨૩૮૯.
પૂ. પંન્યાસ પ્રવર ડૉ. શ્રી અરુણવિજયજી ગણિવર્ય મ.સા.ના પાવન સાન્નિધ્યમાં ત્રિદિવસીય-વિદ્વદ્ સમ્મેલન એવં સંગોષ્ઠી
તા. ૨, ૩, ૪ નવેમ્બર, ૨૦૧૨ શુક્ર-શનિ, રવિ (ત્રિદિવસિય)
વિષય : જ્ઞાન-દર્શન-મીમાંસા.
સંપર્ક :
(૧) જે. કે. સંઘવી : ૯૮૯૨૦૦૭૨૬૮
(૨) સુરેશજી છાજેડ : ૯૮૨૧૦૬૯૭૦
(૩) સોહનલાલજી સુરાણા : ૯૮૬૯૩૫૭૦૫૧
(૪) લલિત શક્તિ : ૯૮૨૧૩૪૭૦૧૪.

થઈ...જન્મેજયનો ઘર સંસાર પણ ચાલ્યો, પણ હજુ ભારેલો-અગ્નિજ હતો..તેને ત્રણ દીકરીઓ જન્મી...આ પણ ન ગમ્યું. પણ આ તો કુદરતી હતું...થોડા જ સમયમાં સમાચાર આવ્યા કે હશુ (વહુ) પિયરમાં ગુજરી ગઈ. દીકરીઓની મા ગઈ...જન્મેજય ફરીથી પરણ્યો અને આજે સમગ્ર પરિવાર યુ.એસ.એ.માં સુખી છે. પ્રભુ કૃપાથી જન્મેજયની બીજી પત્ની ભગવતી ખૂબ સંસ્કારી અને સરળ છે...બધાં સંતાનોને સારી રીતે સાચવે છે.

એક દિવસ હું શાંતિથી બેઠો હતો અને ફોન રણક્યો. મેં ઉઠાવ્યો. 'હેલ્લો, બોલો કોણ બોલે છે ?' જવાબ મળ્યો, 'હું જન્મેજય અમેરિકાથી બોલું છું. આજે અચાનક તું યાદ આવ્યો અને મેં ફોન કર્યો.' આવું બોલીને તે આગળ બોલ્યો, 'ભાઈ શશીકાંત તને પેલી ઘટના યાદ છે ? હું ગુસ્સે થઈને હશુને મારવા ગયેલો અને તું વચ્ચે પડેલો ?' મેં હા કહ્યું. તે આગળ બોલ્યો, 'ભાઈ શશિકાંત, જો તું તે દિવસે ન હોત તો ન ધારેલું થઈ ગયું હોત.' હું શું બોલું. મેં એટલું જ કહ્યું, 'એ તારા ગુસ્સાને લીધે જ થયું ને ?' તે શાંત થઈ ગયો. 'આજે બધી દીકરીઓ અને એક પુત્ર સુખી છે. થોડા સમયમાં બધા યુ.એસ.એ. પહોંચી જશે. હું જ્યાં નોકરી કરતો હતો ત્યાં પણ આવી જ કરૂણ ઘટના બનેલી...એક પુત્ર નોકરી કરતો હતો, પણ નોકરી છૂટી ગઈ. તે ઘેર આવ્યો. પિતાજીને આ ન ગમ્યું. પુત્ર પરણેલો હતો. તેને સંતાનો પણ હતાં. એક દિવસ ઘરમાં બધા કહેવા લાગ્યા, 'તું ઘેર કેમ આવ્યો ? જા પાછો જા.' અને એ જ દિવસે પિતા પણ ગુસ્સે થયા. વહુ ઘરમાં હતી. પુત્ર ઘરમાંથી જે કંઈ હથિયાર હાથમાં આવ્યું તે ઉઠાવીને વહુના માથામાં માર્યું... એક નાની છોકરી વધેરી નાખી...બધા આ દૃશ્ય જોઈને સ્તબ્ધ બની ગયા...એક નાનું બાળક બીકનું માર્યું ત્યાથી બહાર દોડી ગયું...તે બચી ગયું. કહે છે કે તેને સજા થઈ, આ પણ ક્રોધને લીધે જ બન્યું. આવી ઘણી ઘટનાઓ બનતી હોય છે. ક્રોધ એ આપણો મહાન દુશ્મન છે...તેને કાબૂમાં ન રાખીએ તો અનર્થ થઈ જાય, અને ઘટના બન્યા પછી પસ્તાવા જેવું થાય...આ તો 'રાંડ્યા પછીનું ડહાપણ છે'. દૂધ ઉભરાયા પછી કોઈ ઉપાય રહેતો નથી. બુદ્ધ અને મહાવીર સદાય કહેતા જે ક્રોધને જીતે છે તે સાચા અર્થમાં વિજયી છે.

ધર્મ એક સંવત્સરી એક

–'ગીતા'ના અધ્યાય બેમાં શ્લોક ૬૨,૬૩, ૬૪ ક્રોધને સમજવામાં ખૂબ સહાયરૂપ થાય છે. આ રહ્યો તેનો ભાવાર્થ:

'વિષયોનું ચિંતન કરતા પુરુષોને તેઓમાં આસક્તિ થાય છે, આસક્તિથી કામના થાય છે અને કામનાથી ક્રોધ જન્મે છે. ક્રોધથી મૂઢતા થાય છે, મૂઢતાથી સ્મૃતિમાં ભ્રમ થાય છે, સ્મૃતિમાં ભ્રમ થવાથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિના નાશથી (મનુષ્ય) સંપૂર્ણ નાશ પામે છે. અને છેવટે પ્રભુ કૃષ્ણ કહે છે વશ અંત:કરણવાળો (મનુષ્ય) રાગદ્વેષરહિત અને સ્વાધિન થયેલી ઈન્દ્રિયો વડે... સદાય પ્રસન્નતા પામે છે.' ગીતાનું આ લૉજિક ખૂબ મૌલિક અને તર્કયુક્ત છે જે ક્રોધનો મર્મ સ્પષ્ટ કરે છે. ક્રોધને જીતો એટલે તમને શાંતિ મળશે જ.

–આગળ કહ્યું તેમ ક્રોધ થાય ત્યારે વ્યક્તિની સૂઝ-સમજ પર પડદો પડી જાય છે-તે વિવેકશૂન્ય બને છે અને તે સાથે જ 'રાક્ષસ' બને છે. ક્રોધનું અંતિમ પરિણામ બુદ્ધિનો નાશ– 'બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ।।'

શિક્ષણક્ષેત્રે પણ ક્રોધી શિક્ષક કે ગુરુ વિદ્યાર્થીને સાચા અર્થમાં જ્ઞાન આપી શકતો નથી. ગિજુભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ, શ્રી દર્શક અને ડોલરરાય માંકડ સાહેબ–આ બધા ખૂબ પ્રેમથી અને ભાવથી વિદ્યા પ્રદાન કરતા હતા. પ્રેમ જીતે છે, ક્રોધ હારે છે અને વ્યક્તિને અંધ બનાવે છે. 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' સૂરદાસની આ પંક્તિ આજે પણ સાચી છે. ✷✷✷

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ,
અરુણોદય સર્કલ પાસે,
અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭.

એકતામાં વિચ્છિન્નતા – સમાજની રુગ્ણ સ્થિતિ

□ શાંતિલાલ ગઢિયા

ઓ હિન્દ, દેવભૂમિ ! સંતાન સૌ તમારાં,
કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારાં.
હિન્દુ અને મુસલમાન, વિશ્વાસી પારસી જૈન,
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં.

કવિ કાન્ત રચિત ઉપરોક્ત કવિતા એક જમાનામાં લોક કંઠે અહોભાવથી ગવાતી. કવિતાના શબ્દો શ્રોતાની ભીતર પણ ભાવસ્પંદનો જગાડતા. શું આજે આપણે હૃદય ઉપર હાથ મૂકીને સચ્ચાઈપૂર્વક ગાઈ શકીએ એમ છીએ કે અમે સમાન રીતે તમારા સંતાન છીએ ?

સમાનતા, એકતા દોહ્યલા બની ગયા છે. ભારતીય પ્રજા યુનિટિ ઈન ડાઈવર્સિટિ–વિવિધતામાં એકતા–સૂત્ર ગર્વભેર અત્રતત્ર ઉચ્ચારે છે. દેશની ઓળખનું, અસ્મિતાનું તે સૂચક છે, કિન્તુ આપણે એવા કપરા સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ કે એકતા જોખમમાં મૂકાઈ ગઈ છે. તેથી ઉપરોક્ત સોનેરી સૂત્રની જગાએ 'એકતામાં વિચ્છિન્નતા' સૂત્ર દુ:ખદર્દ સાથે હૃદય પોકારી ઊઠે છે. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી પ્રસંગે ઉચ્ચ રાષ્ટ્રભાવના સાથે પ્રતિજ્ઞાપત્રનું વાંચન થાય છે:

મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમના કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહેલું છે. આચરણ

આથી વિપરીત છે. વાસ્તવમાં એકતાની ભાવના વેદનાનાં આંસુ સારે છે. અનાયાસ હોઠ પર શબ્દો આવે છેઃ મેરા ભારત મ્લાન. પ્રદેશવાદ, કોમવાદ, ભાષાવાદ, જાતિવાદ વગેરેના પ્રબળ પ્રભાવ હેઠળ સમાજ ભિન્નભિન્ન વર્ગોમાં વિભાજિત થઈ ગયો છે.

આની પાછળનું મુખ્ય કારણ છે સ્વકીય-પરકીય ભાવના અથવા અપના-પરાયાનો ભાવ. ૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા. એ અખંડિતતા પરનો પહેલો પ્રચંડ પ્રહાર હતો. બે ભાઈઓના પરિવાર અલગ થતાં જુદાઈની દિવાલ ઊભી થાય છે. આ અમારું વાસણ, પેલું તમારું. આ અમારું ફર્નિચર, પેલું તમારું. એમ દેશના બે ટુકડા થતાં પ્રજા વચ્ચે વૈમનસ્ય અને દ્વેષની ભાવના ઘર કરી ગઈ. કેટલાક મનોમન દિલાસો મેળવી લે છે કે આવી પરિસ્થિતિ તો વિશ્વમાં ઠેર ઠેર જોવા મળે છે. જેમ કે, ચીન–તિબેટ, ઉત્તર કોરિયા–દક્ષિણ કોરિયા, પેલેસ્ટાઈન–ઈઝરાયલ વગેરે. અપરાધ ભાવમાંથી છુટકારો મેળવવા કરાતો આ તર્ક આત્મવંચના છે. કરુણતા એ છે કે ભારતીય ઉપખંડની ભીતર પણ સમય–સમય પર આ પ્રક્રિયા જુદાજુદા સ્વરૂપે આકાર લેવા લાગી. સ્વતંત્રતાના ૬૫ વર્ષ પછી પણ તે થંભી નથી. જેમ કે, શાસનવ્યવસ્થાના એક ભાગરૂપે અથવા વહીવટી સરળતા ખાતર રાજ્યોની અને તેના જિલ્લાઓની પુનર્રચના થઈ. એ આવકાર્ય હશે, પરંતુ તેનાથી જો પ્રજામાં સંકુચિતતાની ભાવના જન્મે તો તે શાપરૂપ બની જાય છે. એક રાજ્યના લોકો બીજા રાજ્યમાં સ્થળાંતર કરીને સમરસ થઈ ગયા હોય, સુખેથી રોજીરોટી કમાતા હોય અને એકાએક કોઈ કારણસર ત્યાંની મૂળ પ્રજામાં સ્વકીય-પરકીય ભાવના જાગૃત થાય છે, એ જલદ સ્વરૂપ ધારણ કરે છે. પરિણામે સ્થળાંતરિત લોકો વતનમાં પાછા ફરવા ઉચાળા ભરે છે. હવે તો રાજ્યના પણ ટુકડા થવાની નોબત આવી છે.

ધર્મ એક સંવત્સરી એક

'સમૂહ માનસ' (Group mind) સ્વકીય-પરકીય ભાવનાની આગમાં ઘી હોમવાનું કાર્ય કરે છે. સમૂહ માનસ એટલે સર્વસાધારણના મનમાં ઉત્પન્ન થતો સમૂહ મનોભાવ (mass mentality). આ વૃત્તિમાંથી જ 'ટોળું' (mob) ઉદ્‌ભવે છે. માણસ બે મન ધરાવે છે–'વ્યક્તિગત મન' અને 'સમૂહ મન'. (મન એક જ , પણ એના બે ખંડ) સૌ પ્રથમ ફ્રેન્ચ સમાજશાસ્ત્રી લેબોંએ (Lebon) સમૂહ મનનો સિદ્ધાંત આપ્યો. વ્યક્તિ એકલી હોય ત્યારે શાણી ને સમજુ હોય છે. લાગણીની અભિવ્યક્તિમાં સમતુલિત હોય છે; પરંતુ ટોળાની સાથે જોડાતાં તેના જેવું આત્યંતિક વર્તન કરતી થઈ જાય છે. તે ઝનૂની, હિંસક અને ક્રૂર બની જાય છે. જાણે કે સભ્યતાના કેટલાય પગથિયાં એ ઊતરી જાય છે. આમ વ્યક્તિગત મન પર સમૂહ મન હાવી થઈ જાય છે. પરિણામે તિરસ્કાર, ક્રોધ કે આનંદ, જે તે આવેગના અતિરેકમાં માણસ બેજવાબદાર બની વિવેકબુદ્ધિ ખોઈ બેસે છે. સારા-ખરાબનો, ઈષ્ટ-અનિષ્ટનો ભેદ પારખવાની એની શક્તિ કુંઠિત થઈ જાય છે. આલિશાન ઈમારતના કાચ તોડતા ટોળાને જોઈ પોતે પણ એક પથ્થર ફેંકવા લલચાય છે. ઘડિયાળના શૉરૂમમાં લૂંટફાટ થતી જોઈ બેચાર કાંડા-ઘડિયાળ પોતાના ખિસ્સામાં સેરવી દે છે.

ડેકાર્ટ (Descartes) નામના વિદ્વાને કહ્યું છેઃ I think, therefore I am. (મારી વિચારક્ષમતા મારા અસ્તિત્વનો પુરાવો છે.) આ વિદ્વાન ગુણગ્રાહી હતા. અન્યથા એમણે આટલું ઉમેર્યું હોત–આવેશમય અવસ્થામાં મારી વિચારશક્તિ ક્ષીણ થઈ જાય છે. એસ.એચ. બ્રિટ પોતાના પુસ્તક 'સોશિયલ સાયકોલોજી ઑફ મોડર્ન લાઈફ'માં જણાવે છે તેમ, ટોળું એટલે એક જ ઉત્તેજનાથી સમાન પ્રક્રિયાઓનો અનુભવ કરતા લોકોનો અસ્થાયી સમૂહ.

ટોળાકીય વર્તન એવો નશો છે કે વ્યક્તિ પોતાને બિનધાસ્ત બાદશાહ સમજે છે, કારણ કે એને અનામીપણું અથવા અજ્ઞાત રહેવાની નિરાંત (Sense of anonymity) પ્રાપ્ત થાય છે. તોફાન કે ભાંગફોડમાં પોતાનો કેટલો હાથ છે, એ ક્યાં કોઈ જાણી શકવાનું છે ! કંઈક ખોટું કર્યાની લાગણી કે સમાજનો ડર લગભગ નામશેષ થઈ જાય છે. બધા નિશ્ચિંતપણે એકસરખું વર્તન કરે છે. ૧૯મી સદીમાં પશ્ચિમમાં રંગભેદ નીતિ હતી, ત્યારે ગોરાઓ ટોળામાં એકત્રિત થઈ નીગ્રોને મારી નાંખતા અચકાતા નહિ.

નગરો અને મહાનગરોમાં સભા-સરઘસ, રેલી, ધરણાં, વિરોધ-પ્રદર્શનો રોજિંદી ઘટના બની ગઈ છે. માણસને તેનો હિસ્સો બનવાનું ગમે પણ છે. અધૂરામાં પૂરું, સ્વાર્થી crowd puller મહારથીઓ લોકોની સંવેદનશીલતાનો ગેરલાભ લઈ એમની આગેવાની કરે છે. આવી પરિસ્થિતિમાં માણસની સ્વતંત્રપણે વિચાર કરવાની શક્તિ ક્યાંથી સાબૂત રહે ? માણસ એવી તસ્દી લેતોય નથી. હઇશો-હઇશો કરતો એ ટોળામાં ભળી જાય છે, ત્યાં સૌની સાથે એ માનસિક એકરૂપતા અને નિકટતા અનુભવે છે.

શિથિલ મન ધરાવતી વ્યક્તિઓ પર સમૂહ મનની અસર એટલી ઊંડી હોય છે કે એ એકલી હોય ત્યારે પણ તેમનું વ્યક્તિગત મન એકદમ સુપ્ત હોય છે અને સમૂહ મનના સંદર્ભમાં જ તેમની તમામ ગતિવિધિ આકાર લે છે, અદૃશ્ય દોરના આધારે નાચતી કઠપૂતળીની માફક. ✷✷✷

એ–૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા–૩૯૦૦૦૬. ફોન : ૦૨૬૫–૨૪૮૧૬૮૦.

આરંભમાં જ મેં શીખી લીધું છે કે જાહેર કામ કદી કરજ કરીને કરવું નહીં. લોકોનો બીજાં કામો વિષે ભલે વિશ્વાસ કરાય, પણ પૈસાના વાયદાનો વિશ્વાસ ન કરાય.

–મો. ક. ગાંધી

શ્રીમદ્ દેવચંદ્રજી રચિત

અતીત ચોવીસીના તેરમા શ્રી સુમતીનાથ જિન સ્તવન

□ સુમનભાઈ શાહ

સમસ્ત બ્રહ્માંડના સઘળા પદાર્થોને તેના ત્રિકાલિક પરિણમન સહિત જોવા–જાણવાદિનું સામર્થ્ય શ્રી સર્વજ્ઞ ભગવંતની જ્ઞાયકતામાં રહેલું છે. એટલે આત્મિક કેવળજ્ઞાન ગુણનો સ્વભાવ 'સ્વ' ક્ષેત્રે વેદન છે અને 'પર' ક્ષેત્રે માત્ર પ્રકાશન છે. પ્રકાશન એટલે 'પર' ક્ષેત્રના વિષયભૂત પદાર્થોના સમયે સમયે પલટાતા પર્યાયોને જ્ઞાનગુણ સહજપણે સ્વક્ષેત્રમાં રહીને જાણે છે, તેનું પ્રકાશન થાય છે પરંતુ વેદન થતું નથી.

આત્મદશાના સાધકની જ્ઞાયકતા 'પર' પૌદ્‌ગલિક પદાર્થો કે 'પર' ભાવોમાં મિથ્યાત્વવાદિ સહિતના જ્ઞાનથી (અથવા અજ્ઞાનથી) તરબોળ થઈ હતી ('પર'રસી), તેને પલટાવી કેવી રીતે 'સ્વ'રસી બનાવવી તેનો અચૂક ઉપાય પ્રકાશિત થયો છે, અથવા બાધકતાના કારણોને સાધકતામાં પલટાવવા જિનાલંબ, જિનભક્તિ, જિનગુણગ્રામ, જિનવચન વગેરેનું ચેતનાશક્તિ સાથે અનુસંધાન આવશ્યક છે. આમ સાધક જ્યારે જિનાજ્ઞા ભક્તિમાં તરબોળ થઈ શ્રી જિનેશ્વરના ગુણાનુવાદરૂપ અમૃતક્રિયા કરે છે, ત્યારે તે શુદ્ધતત્ત્વ કે 'સ્વ' તત્ત્વમાં રમણતા કરે છે, જેનું સઘળું શ્રેય શ્રી અરિહંત પરમાત્માનું છે. હવે ગાથાવાર ભાવાર્થ જોઈએ-

ધર્મ એક
સંવત્સરી એક

પ્રભુશું ઈશ્યું વીનવું રે લાલ, મુજ વિભાવ દુ:ખ રીત રે;
સાહિબા લાલ;
તીન કાળના જ્ઞેયની રે લાલ, જાણો છો સહુ નીતિ રે. સા. પ્ર. ૧

હે સુમતિનાથ! મેં 'પર' પૌદ્‌ગલાદિ પદાર્થોમાં મારાપણાનું આરોપણ કરી અનેક પ્રકારના ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્માદિનું સર્જન ભવભ્રમણમાં કર્યું જેથી મારા જ્ઞાનદર્શનાદિ ગુણો કર્મરૂપ રજકણોથી આચ્છાદિત થયા છે. આવી વિભાવિક વૃત્તિથી હું પરતંત્રતાના દુ:ખો અનાદિથી ભોગવી રહ્યો છું. હે સાહેબ! આપશ્રી તો સમસ્ત દ્રવ્યના (દૃશ્યો અને જ્ઞેયો) ત્રિકાલિક પરિણતિની નીતિ અને રીતી જેમ છે તેમ જાણો છો. હે પ્રભુ! મારી વર્તમાન દુર્દશાને આપ સારી રીતે જાણો છો એટલે વિશેષ હું શું કહું?

જ્ઞેય જ્ઞાનશું નવિ મિલે રે લાલ, જ્ઞાન ન જાયે તત્થ રે; સા.
પ્રાપ્ત અપ્રાપ્ત અમેયને રે લાલ, જાણો જે જિમ જથ્થરે. સા.પ્ર.૧
છતિ પર્યાય જે જ્ઞાનના રે લાલ, તે તો નવિ પલટાય રે; સા.
જ્ઞેયની નવ નવ વર્તના રે લાલ, સવિ જાણે અસહાય રે. સા.પ્ર.૨

ઉપરની ગાથાઓમાં સર્વજ્ઞ ભગવંતના કેવળ-જ્ઞાનગુણના સહજ પરિણમનનું સ્વરૂપ પ્રકાશિત થયું છે તે જોઈએ.

સમસ્ત બ્રહ્માંડના સઘળા જોવા-જાણવા લાયક પદાર્થો અથવા જ્ઞેયો તથા દૃશ્યોને તેના અતીત, વર્તમાન અને અનાગત કાળના (ત્રિકાલિક) પરિણમન સહિત હે પ્રભુ! આપને જેમ છે તેમ જોવા-જાણવાદિનું સામર્થ્ય વર્તે છે એવો આપનો જ્ઞાયક સ્વભાવ છે. અથવા પ્રાપ્ત (વર્તમાન) અને અપ્રાપ્ત (ભૂત અને ભવિષ્યકાલિન) અમાપ દૃશ્યો અને જ્ઞેયોને જેમ છે તેમ હે પ્રભુ! આપ સમ્યક્ રીતે જાણો છો. હે પ્રભુ! આપનું આવું જાણપણું સ્વક્ષેત્રમાં સ્થિર રહીને વર્તે છે. એટલે જ્ઞેયો જ્ઞાનગુણમાં જતા નથી અને જ્ઞાનગુણ પણ જ્ઞેયોમાં ભળતો નથી, પરંતુ પ્રભુને એવી જ્ઞાયકતા વર્તે છે કે તેઓને જ્ઞાનગુણે કરીને સહજપણે કે અપ્રયાસે જણાય છે. કેવળ જ્ઞાનગુણની જાણવાની રીત અત્યંત અનોખી છે. જ્ઞાનગુણમાં લોકાલોકના ભાવો જણાય પરંતુ તેમાં ભળે નહીં, કારણ કે પ્રભુને 'સ્વ'ક્ષેત્રમાં વેદન છે અને 'પર'ક્ષેત્રનું માત્ર પ્રકાશન છે, જે 'સ્વ'ક્ષેત્રમાં સ્થિર રહી થાય છે. કેવળ જ્ઞાનગુણના અસ્તિ પર્યાયોમાંથી કોઈપણ પર્યાયનો નાશ થતો નથી પરંતુ આવિર્ભાવે અને તિરોભાવે છતિપણે રહીને થયા કરે છે. બીજી રીતે જોઈએ તો વિષયભૂત પદાર્થોના સમયે સમયે પલટાતા પર્યાયોને કેવળ જ્ઞાનગુણ સહજપણે (સહાય વિના) સ્વક્ષેત્રમાં રહી જાણે છે. એટલે આત્માને સ્થાનાંતર કરવું પડતું નથી. આમ કેવળ જ્ઞાનગુણનું પ્રવર્તન અખંડપણે 'સ્વ'માં જ સહજ થયા કરે છે એવો પ્રભુનો જ્ઞાયકતા સ્વભાવ છે.

ધર્માદિક સહુ દ્રવ્યનો રે લાલ, પ્રાપ્ત ભણી સહકાર રે; સા.
રસનાદિક ગુણ વર્તના રે લાલ, નિજ ક્ષેત્રે તે ધાર રે. સા.પ્ર.૪

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યના જે પ્રદેશમાં ગતિ પરિણામી અને સ્થિતિ પરિણામી જીવદ્રવ્ય અને પુદ્‌ગલ દ્રવ્ય આવી પ્રાપ્ત થાય છે, તેને જ અનુક્રમે ગતિ સહાયતા અને સ્થિતિ સહાયતા આ બન્ને દ્રવ્યો ઉદાસીન નિમિત્તપણે આપે છે. આવી જ રીતે આકાશ દ્રવ્યના પ્રદેશમાં જે જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય આવી પ્રાપ્ત થાય છે તેને જ અવકાશ કે અવગાહન દાન નિમિત્તપણે આપે છે. આવી રીતે પૌદ્‌ગલિક અવયવોના પારસ્પરિક મિલન તથા સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વની તરતમતા મુજબ પૌદ્‌ગલિક સ્કંધો ઉત્પન્ન થાય છે. આમાં તરતમતા એટલે ચીકણાપણું કે લુખાપણું બે અંશથી અધિક કે ન્યૂન હોવાથી અવયવોનું મિલન થઈ સ્કંધોની રચના થાય છે.

પાંચ ઈન્દ્રિયો તેના વિષયો પાસે જતી નથી પરંતુ સ્વસ્થાને સ્થિત રહીને જ વિષયને ગ્રહણ કરે છે. સ્વાદવાળી વસ્તુ જીભને મળે છે તો રસાસ્વાદ થાય છે. સ્પર્શવાળી વસ્તુ ત્વચાને મળે તો સ્પર્શનો અનુભવ થાય. ધ્વનિના પૌદ્‌ગલિક તરંગો કાનના પડદાને અથડાય તો શબ્દ કે

અવાજ સંભળાય. ગંધના પુદ્‌ગલો નાસિકાને મળે તો સુગંધ કે દુર્ગંધ અનુભવાય. પદાર્થો ઉપર પડેલું કિરણ પરાવર્તન થઈ ચક્ષુમાં આવે તો જોવાનું કાર્ય થાય. ટૂંકમાં પાંચે ઈન્દ્રિયોને વિષયો આવી મળે ત્યારે વિષયોનો બોધ સંજ્ઞી પંચેન્દ્રિય જીવને થાય છે. બોધ થવામાં ભાવેન્દ્રિયોનો સદ્‌ભાવ પણ આવશ્યક છે.

જાણંગ અભિલાષી નહિ રે લાલ, નવિ પ્રતિબિંબે જ્ઞેય રે; સા.
કારક શકતે જાણવું રે લાલ, ભાવ અનંત અમેય રે. સા. પ્ર.૫

આ ગાથા સમજવા સૂર્યનું ઉદાહરણ જોઈએ. સૂર્યને કોઈ અભિલાષા નથી કે પૃથ્વી ઉપર રહેલા પદાર્થો જેમ જેમ પ્રવર્તે તે મુજબ પ્રકાશ પાડું. પરંતુ સૂર્યના ઉદ્યોતમાં પદાર્થો દેખાય છે તેમાં તેનો કોઈ સ્વતંત્ર પ્રયાસ નથી. સૂર્ય તો સહજ સ્વભાવે પ્રકાશના કિરણો ફેલાવે છે. આવી રીતે સર્વજ્ઞ ભગવંતનો કેવળજ્ઞાનગુણ અપ્રયાસે પ્રવર્તે છે તે જોઈએ.

અનંત આત્મિકગુણોના કારક ચક્રો સમયે સમયે પોતપોતાના કાર્યપણે પરિણમે છે. (અગુરુલઘુ ગુણના નિમિત્તે ષટ્‌સ્થાન હાનિ-વૃદ્ધિ એવા સ્વભાવ પર્યાયોનું પરિણમન). કેવળ જ્ઞાનગુણના કારક ચક્રમાં નવા નવા સમયની નવી નવી જ્ઞેય પ્રવૃત્તિ, સંપ્રદાન, અપાદાન વગેરે સહજપણે પ્રભુને થયા કરે છે. આમ સર્વે દ્રવ્યોનું અગુરુલઘુ ચક્ર સમકાળે ફરતું હોવાથી તેનું જાણગ-પાસગપણું નવી નવી પરિણતિનું પરિણમે છે. આમ જ્ઞાનગુણની કારક શક્તિથી પરમાત્મા અનંત અને અમાપ પદાર્થને જેમ છે તેમ જાણે છે, એવો તેઓનો જ્ઞાયક સ્વભાવ છે.

ધર્મ એક્ક સંવત્સરી એક્ક

તેહ જ્ઞાન સત્તા થકે રે લાલ, ન જણાયે નિજ તત્ત્વ રે; સા.
રુચિ પણ તેહવી વધે રે લાલ, એ અમ મોહ મમત્ત્વ રે. સા.પ્ર.૬

હે સુમતિનાથ! મને ગુરુગમે જાણ થઈ છે કે આપના જેવા જ શુદ્ધ આત્મિકગુણો બહુધા અપ્રગટપણે મારી સત્તામાં રહેલા છે, પરંતુ તેમાં મારું 'સ્વ' તત્ત્વ પણ જણાતું નથી. હે પ્રભુ! મારો મોહ કે વિભાવ એવો પ્રગાઢ છે કે નિજતત્ત્વની પ્રાપ્તિ માટે રુચિ પણ મારામાં ઉદ્યોત થવા પામી નથી. હે પ્રભુ! રાગદ્વેષ અને અજ્ઞાનતાથી મારું પ્રવર્તન વિપરીત દિશામાં થઈ રહ્યું છે. ટૂંકમાં મારા ઉપર મોહરાજાનું સામ્રાજ્ય છવાઈ ગયું છે.

મુજ જ્ઞાયકતા 'પર'રસી રે લાલ, 'પર'તૃષ્ણાએ તપ્ત રે; સા.
તે સમતારસ અનુભવે રે લાલ, સુમતિ સેવન વ્યાપ્ત રે; સા.પ્ર.
ગાથા-૭..

હે પ્રભુ! અનાદિથી મારી જ્ઞાયકતા 'પર' પદાર્થોની પરિણતિમાં તરબોળ ('પર'રસી) થયેલી છે, જે અસ્થિર, પરતંત્ર અને વિનાશક હોવાથી તપી રહેલી છે. અથવા 'પર' ભાવો કે 'પર' પદાર્થોમાંથી સુખ મેળવવાની કે ભોગવટાની તૃષ્ણાથી મારી જ્ઞાયકતા તપી રહેલી છે. આવી 'પર'રસી જ્ઞાયકતાને કેવી રીતે 'સ્વ'રસી કરી શકાય? સ્તવનકાર ઉપાય બતાવે છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સ્વતત્ત્વ અને પરત્ત્વ શું છે તેની જાણ આત્માનુભવી સદ્‌ગુરુ પાસેથી મેળવવી ઘટે. 'પર'રસી જ્ઞાયકતાને 'સ્વ'રસી બનાવવા માટે શ્રી સુમતિ જિનની ભાવવાહી સેવાની વ્યાપ્તિ થાય તો અવશ્ય થાય, અથવા કુમતિના સંગનું છૂટવાપણું થાય અને સુમતિનો સંગ થાય તો જ્ઞાયકતા સંતોષ અને તૃપ્તિવાળી થાય.

બાધકતા પલટાવવા રે લાલ, નાથ ભક્તિ આધાર રે; સા.
પ્રભુગુણ રંગી ચેતના રે લાલ, એહી જ જીવન સાર રે. સા.પ્ર.૮

હે પ્રભુ! ગુરુગમે મને સમ્યક્ બોધ થયો છે કે અનાદિથી બાધકભાવે પરિણમેલી મારી આત્મ-પરિણતિને પલટાવી સાધકતામાં લાવવા જિનાલંબન, જિનવચન અને જિનાજ્ઞા સાથે મારી ચેતનાનું અનુસંધાન થાય એ સરળ ભક્તિમાર્ગ છે, અને એ જ જીવનનો સાર છે. અથવા સાધક જ્યારે જિનસેવા કે જિનભક્તિમાં તલ્લીન બની જાય છે ત્યારે મનુષ્યગતિનું અવતરણ સાર્થક થાય.

અમૃત અનુષ્ઠાને રહ્યો રે લાલ, અમૃત ક્રિયાનો ઉપાય રે; સા.
દેવચંદ્ર રંગે રમે રે લાલ, તે સુમતિ દેવ પસાય રે. સા.પ્ર.
ગાથા ૯.

ઉપસંહારમાં શ્રી દેવચંદ્રજી યૌગિક ક્રિયા 'અમૃતાનુષ્ઠાન'નો નિર્દેશ કરે છે. જિનભક્તિ અને જિનાજ્ઞામાં તલ્લીન આત્મદશાનો સાધક શ્રી જિનેશ્વરના ગુણાનુવાદરૂપ અમૃત ક્રિયા કરીને, અમૃત અનુષ્ઠાનનું વિધિવત્ આરાધન કરી અમરત્વ પામવાનો અધિકારી નીવડે છે. સાધકને વર્તતી આવી શુદ્ધતત્ત્વ કે 'સ્વ'તત્ત્વમાં રમણતા એ સુમતિજિનની જ કૃપા છે.

* * *

'સૌરભ' ૫૬૩, આનંદવન સોસાયટી,
નવયુગ હાઈસ્કૂલ, ન્યૂ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.

તારા આત્માની તું અનુયાયી

કોઈની સમજણ ઓછી હોય, કોઈની વધુ,
જેઓ તારા કરતાં ઓછું જાણતા હોય
એના પ્રત્યે તું અનુકંપા રાખજે પુત્રી.
જે લોકો તારા કરતાં કંઈક વધુ જાણતા હોય
તેની તું વિદ્યાર્થી થજે,
અનુયાયી નહીં,
અનુયાયી તો તું તારા આત્માની જ થજે.
ચોતરફથી વહેતા જ્ઞાનનાં વિવિધ ઝરણાંને
તું તારા હૃદયમાં સમાવજે
અને તારી વાણીમાં
એ જ્ઞાનના પરિપાકરૂપ વિવેકને
તું પ્રગટાવજે મારી વહાલી દીકરી.

જયભિખ્ખુ જીવનધારા : ૪૩

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક જયભિખ્ખુના જીવનચરિત્રને આલેખતી આ લેખમાળામાં સર્જકના શબ્દભેખનો, સાહસવૃત્તિનો અને એમના સંબંધોની સુવાસનો પરિચય મળે છે. માનવીય મૂલ્યોના આ ઉપાસક પોતાના માનવસંબંધોમાં સદૈવ આત્મીયતાની સુવાસ વેરતા રહ્યા અને એ વિશેની ઘટના જોઈએ આ તેંતાલીસમાં પ્રકરણમાં]

નાગરવેલને આંબો નોતરે !

સ્નેહીમિત્રોને જયભિખ્ખુ પોતાની મહામૂલી મૂડી માનતા હતા. જેના પર એમનો સ્નેહ ઢળે, એને માટે સર્વસ્વ અર્પણ કરવા સદૈવ તૈયાર રહેતા. સામાન્ય નોકર હોય કે કોઈ કર્મચારી હોય કે પછી કોઈ સાહિત્યકાર કે સાધક હોય, પરંતુ જેના પ્રત્યે સ્નેહ ઢળે, તેને એની મુશળધાર સ્નેહવર્ષાનો અનુભવ થતો. એનો સાદ પડે, તો અડધી રાત્રે ય દોડી જતા, એના ઘરના અવસરોમાં એટલો ઊંડો રસ લેતા કે જાણે પોતાના ઘેર અવસર ન હોય ! લગ્ન જેવા પ્રસંગોએ પાંચેક દિવસ અગાઉ જઈને સઘળી વ્યવસ્થા ગોઠવી આપતા. પોતે પ્રત્યેક પ્રસંગમાં હર્ષભેર હાજરી આપતા. સાથે કોઈ કવિ કે હાસ્યકારને પણ લઈ જાય ને પ્રસંગને અનોખી રંગત આપે. સ્નેહીની બીમારીના સમયે એને લઈને પરિચિત ડૉક્ટર કે વૈદ્ય મિત્રો પાસે પહોંચી જાય અને એની મુશ્કેલી વખતે સતત પડખે ઊભા રહે.

ધર્મ એક
સંવત્સરી એક

બીજાને મદદરૂપ થવાની એવી એમની પ્રબળ ઈચ્છાના કારણે સહુ કોઈ એમને ચાહતા હતા. એ સમયે સાહિત્યક્ષેત્રમાં અમદાવાદમાં કવિશ્રી ઉમાશંકર જોશી અને નવલિકાકાર 'ધૂમકેતુ' સવિશેષ જાણીતા હતા. આ બંને ભાગ્યે જ એક સાથે મળતા, પરંતુ આ બંનેનો જયભિખ્ખુ પર અતૂટ સ્નેહ હતો. જયભિખ્ખુ બંનેના સેતુ બની રહ્યા. જયભિખ્ખુના મિત્રોની યાદીમાં માત્ર સર્જકો જ નહોતા, લોકસેવકો, સાધકો, રાજપુરુષો, પ્રેસના માલિકો, વૈદ્યો અને ડૉક્ટરો પણ હતા. વળી, અવારનવાર ઘેર ડાયરાઓ યોજાતા હોવાથી મિત્રમંડળ સાથેની દોસ્તી પ્રગાઢ બનતી રહેતી.

એમના જીવનમાં હંમેશાં એ મજાદરના મેળાને યાદ કરતા હતા. આ એક એવી વિરલ ઘટના હતી કે જ્યાં કોઈ કવિએ અનેક સાહિત્યકારો, વિચારકો અને વિદ્વાનોને દૂર દૂર આવેલા પોતાને ગામ બોલાવીને પોંખ્યા હોય.

વાત એવી બની કે એક દિવસ સર્જક જયભિખ્ખુના સરનામે અંતર્દેશીય પત્ર આવ્યો. એ અંતર્દેશીય પત્ર ખોલતાં જાણે મધુર આંતરસંબંધોનું આકાશ ઊઘડી ગયું ! એ પત્ર હતો સમગ્ર ગુજરાતના કંઠમાં અને મનમાં ગુંજતા લોકકવિ, માનવસંબંધોના મરમી એવા પદ્મશ્રી કવિ દુલા કાગનો. એમની 'કાગવાણી' દ્વારા વહાવેલી કાવ્યસરિતા વિદ્વાનથી માંડીને નિરક્ષર સુધી સહુ કોઈના અંતરને સ્પર્શી ગઈ હતી અને એમનાં લોકગીતો ગુજરાતના ગામડે ગામડે ગુંજતા હતા. કલ્પનાની ચમત્કૃતિથી મઢેલાં એમના ભજનો ભાવિકભક્તોના તંબૂરાના તારમાંથી સતત રણઝણતાં હતાં અને એમણે રચેલા ખમીરવંતા દુહા એ લોકસાહિત્યનાં કીમતી રત્નો બની ગયા હતા.

આવા કવિ, મરમી અને જીવનસાધક દુલા કાગનો અંતર્દેશીય પત્ર ખોલતાંની સાથે જ જયભિખ્ખુએ અવર્ણનીય રોમાંચ અનુભવ્યો. લોકગીત અને ભજનના શોખીન જયભિખ્ખુને માટે કવિ દુલા કાગ એક આદર્શ સર્જક અને ગાયક હતા. એમનાં કેટલાંય ભજનો અને ગીતો સાંભળતી વખતે અવર્ણનીય રસાનુભવ પામ્યા હતા. આવા કાગ બાપુનો લાગણીસભર પત્ર ! એમાં કાગબાપુએ લખ્યું હતું,

'તમે રામાયણ વિશે લખેલી એક લેખની અંતિમ પંક્તિઓ વાંચીને ઘાયલ બન્યો છું અને તમને મળવા માટે તડપું છું.'

જયભિખ્ખુએ લખેલા એ લેખનાં અંતિમ વાક્યો આ પ્રમાણે હતા-

'કાળ ભગવાન શ્રી રામને કહે છે, 'હે રામ, નાટક પૂરું થયા પછી પાત્ર એનો એ વેશ પહેરી રાખે, તો બહુ જ ભૂંડો લાગે.'

રામાયણના મહામર્મજ્ઞ એવા કાગબાપુના હૃદયને જયભિખ્ખુના એ વાક્યોએ એવું વલોવી નાંખ્યું કે કાગબાપુએ લખ્યું,

'કાં આપ મજાદર મારે ત્યાં આવો અથવા હું તમને મળવા આવું.'

સ્વયં કાગ બાપુ મળવા ઇચ્છે છે વાંચીને જયભિખ્ખુએ અનોખો રોમાંચ અનુભવ્યો. તેઓ જાણતા હતા કે રામાયણ જેવા ગ્રંથને લોકભોગ્ય વાણીમાં આપીને કવિ કાગ તો લોકજીવનના વાલ્મીકિ બની ગયા છે, પણ મનોમન વિચારવા લાગ્યા કે કાગ બાપુની કેટલી બધી મહાનતા કે મારા એકાદ વિચાર પર રામાયણના પરમ જ્ઞાની આટલા બધા વારી ગયા.

જયભિખ્ખુએ શાલીન ભાષામાં ઉત્તર વાળ્યો, 'નાગરવેલને આંબો નોતરે એવું આ નોતરું ઝીલી હું જ મજાદર આવું છું.'

પછી બંને મળ્યા. જાણે વર્ષોનો અતૂટ સંબંધ હોય, તેવો પરસ્પર ભાવ અનુભવ્યો. પછી તો ઋણાનુબંધ કહો કે નકરા પ્રેમનો સંબંધ કહો, પણ કાગબાપુ અમદાવાદ આવે એટલે કાં તો પોતાના પ્રિય અને પટ્ટધર શિષ્ય શ્રી રતિકુમાર વ્યાસના નિવાસસ્થાને જયભિખ્ખુને

નોતરે અથવા તો બાપુ સ્વયં જયભિખ્ખુને મળવા માટે ઘેર આવે.

કાગબાપુના આગમનથી જ અમારા ઘરમાં અનન્ય ઉત્સાહ પ્રસરી જતો. આંખોને ભરી દે એવો એમનો પ્રભાવશાળી દેખાવ અને હૃદયને ભીંજવી દે એવી એમની કાગવાણી વાતાવરણ પર છવાઈ જતી. એમની લાંબી-સફેદ દાઢી, અજાણી વ્યક્તિને પોતીકા આત્મીય સ્વજન બનાવે એવી ઝીણી ધારદાર આંખો, માથા પર પાઘડી અને હાથમાં હોકાની નળી અને એ બધા સાથે હલકભર્યા કંઠે વહેતી કાવ્યસરવાણીથી પ્રસન્નતાનો પારાવાર ચોપાસ ઘૂઘવતો હોય, તેવો અનુભવ થતો.

કાગબાપુ અમદાવાદ આવવાના હોય ત્યારે એના ઘણા દિવસો પૂર્વે એમના આગમનની વાતો આસપાસની હવામાં વહેતી હોય અને અમારા ઘરમાં કેટલીય તૈયારીઓ ચાલતી હોય. એમાં પણ 'જયભિખ્ખુ' તો ડાયરાના માણસ. બાપુ આવવાના હોય ત્યારે જાતજાતના અને ભાતભાતના મિત્રો, અધ્યાપકો, લેખકો, કલાકારો સહુને બોલાવીને ભવ્ય સમારંભ યોજતા.

એક વાર કાગ બાપુ જયભિખ્ખુના નિવાસસ્થાને આવ્યા. એ સમયે ગુજરાતના પ્રસિદ્ધ નવલિકાકાર 'ધૂમકેતુ', ગાયક રતિકુમાર વ્યાસ અને સમર્થ દાર્શનિક પંડિત સુખલાલજી પણ આવ્યા હતા. એક ખંડમાં બેસીને બાપુએ સતત એક કલાક સુધી એમની કાવ્યધારા એવી વહાવી કે ભાવવિભોર બનીને પંડિત સુખલાલજીએ કહ્યું,

'આ વાણી મારા અંતરના ઊંડાણને સ્પર્શી ગઈ છે. મારું હૈયું ભીંજાઈ ગયું છે; હવે એ વધુ સાંભળી શકું તેમ નથી.'

ભારતવર્ષના એક પ્રખર તત્ત્વજ્ઞાનીને પણ કાગબાપુનાં વાણી અને વિચાર કેવા અભિભૂત કરી ગયાં! વળી પંડિત સુખલાલજીએ કહ્યું:

'વેદ-ઉપનિષદ મેં વાંચ્યાં છે, પરંતુ કાગબાપુનું કવિચિત્ત એમાંથી કોઈ અનુપમ કલ્પના-ચમત્કૃતિ કે વિચાર શોધી લાવે છે. આ બધું વાંચ્યું હોવા છતાં મને આવું ક્યાંય જોવા મળ્યું નથી.'

એના જવાબમાં કાગબાપુએ નમ્રતાથી પોતાને પ્રાપ્ત થયેલા કાવ્યપ્રસાદ વિશે કહ્યું,

ગૌવન ચરાતો લકુટીકો કર ધારિકે,
કાનન ફિર્યો મૈં નામકો આરાધ્યો સદા.'

'ગાયો ચારનાર ચારણ છું. ઉઘાડે પગે અને ઉઘાડે માથે ચારતો એ સેવાનું ફળ મને કાવ્યપ્રસાદી રૂપે મળ્યું જણાય છે.'

કાગબાપુ અને જયભિખ્ખુ વચ્ચે ગાઢ સંબંધ બંધાઈ ગયો. એકબીજાને અઠવાડિયે એકાદ પત્ર તો જરૂર લખે. ખબર-અંતર પૂછે અને જેમ જેમ સમય વીતતો ગયો, તેમ કાગબાપુ જયભિખ્ખુના કુટુંબના સ્વજન બની ગયા. અમદાવાદ આવે ત્યારે અચૂક ઘેર પધારે અને એકાદ કલાક મોજથી કાવ્યસરિતા વહેવડાવે.

અપાર લોકચાહના ધરાવતા આવા લોકકવિ એવા તો આત્મીય જન બની ગયા કે પોતાના મનની સઘળી વાતો એ જયભિખ્ખુની સાથે મોકળે મને કરવા લાગ્યા. કાગબાપુએ એકવાર જયભિખ્ખુને કહ્યું કે 'ઘણાં વર્ષોથી મનમાં એક ભાવ છે. મારા નેસડે સરસ્વતીપુત્રોને બોલાવીને એમને પોંખીને, સરસ્વતીપૂજા કરવી છે. ઘણા વર્ષથી આ વિચારનાં ભરતી-ઓટ અનુભવું છું. સાવ જૂજ વસ્તી ધરાવતા મજાદરમાં સારસ્વતો આવશે ખરા? આટલે દૂર ધરતીની ધૂળમાં એમને ફાવશે ખરું? વળી મનમાં એવો વિચાર આવતો રહે છે કે જો આ મજાદર અને મારું ઘર સરસ્વતીપુત્રોનાં પગલાંથી ધન્ય બને અને એમની વાણીથી વિભૂષિત બને તો જીવનમાં સદાને માટે એક મીઠી વાગોળવા જેવી યાદ મળી રહે.' સૌરાષ્ટ્રના જૂના ભાવનગર રાજ્યમાં આવેલા પોર્ટ વિક્ટર પાસે ડુંગર નામના નાનકડા ગામની નજીક આવેલા મજાદરમાં કુલ ૧૩ ઘર, બાર ચારણના અને એક હરિજનનું. વસ્તી ગણીને ૯૬ માણસોની અને એમાં હજાર-દોઢ હજાર માણસોની આગતા-સ્વાગતા કઈ રીતે કરવી? 'આવકારો મીઠો આપજે' જેવા લોકકંઠે રમતા ગીતના સર્જક અને ગાયક કાગબાપુને સરસ્વતીપુત્રોને યાદગાર આવકારો આપીને ઓવારણાં લેવાં હતાં.

જયભિખ્ખુએ આ માટે બીડું ઝડપ્યું. કાગબાપુના પરમ શિષ્ય શ્રી રતિકુમાર વ્યાસ સાથે મળીને એમણે નાનકડા ગામ મજાદરમાં સાહિત્યમેળાનું આયોજન કર્યું. સાક્ષરોના મનમાં એમ પણ હતું કે જેમ સિંહને ગીરમાં જોવો તે એક લહાવો છે, એમ કવિને એની ધરતીમાં જોવો, એના પરિવાર વચ્ચે જોવો અને એના પરિવેશમાં એની કાવ્યવાણીનો આસ્વાદ માણવો એ જીવનનો અનેરો લહાવો છે.

ધર્મ એક
સંવત્સરી એક

જયભિખ્ખુએ આમાં કોણ કોણ સામેલ થશે એની યાદી શરૂ કરી. સહુને નિમંત્રણ પાઠવવા લાગ્યા. પહેલાં તો વિચાર્યું કે શરદપૂનમના દિવસે આ સરસ્વતીપુત્રોનો મેળો યોજીએ, પરંતુ કેટલાકને એ દિવસે અન્ય રોકાણો હોવાથી આખરે આસો વદ ચોથ (તા. ૬-૧૦-૧૯૬૩)ના દિવસે નક્કી થયો. સહુએ આ વાતને વધાવી લીધી. કોઈએ તો કહ્યું કે આકાશી શરદપૂનમની શી ફિકર કરવી? સરસ્વતીપૂજકો જ્યાં મળશે, ત્યાં શરદપૂનમની ચાંદની આપોઆપ ખીલી ઊઠશે.

જુદાં જુદાં શહેરોમાંથી સાક્ષરો, મહાનુભાવો અને સ્વજનનોને નોતરવામાં આવ્યા. અમદાવાદ, મુંબઈ અને સૌરાષ્ટ્રમાંથી લેખકો, પંડિતો, વિદ્વાનો અને ગાયકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યાં. આજ સુધી સાહિત્યકારોની ઘણી સભા કે પરિષદો યોજાઈ છે, પરંતુ જુદા જુદા ક્ષેત્રના અગ્રણીઓનો આવો મનભર અને મનહર મેળો થયો નથી. આમાં ગુજરાતના યુગસર્જક નવલિકાકાર 'ધૂમકેતુ' હતા, તો કોઈપણ પ્રસંગે નિર્દોષ હાસ્યનો મહેરામણ છલકાવનાર હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્ર દવે હતા. વળી 'લોહીની સગાઈ' વાર્તાના સર્જક, નવલકથાકાર અને પત્રકાર ઈશ્વર પેટલીકર પણ હતા. લોકસાહિત્યના પ્રસિદ્ધ ગાયક રતિકુમાર વ્યાસની સાથે મેરુભા ગઢવી, જયમલ પરમાર અને હેમુ ગઢવી જેવા ગાયકો

હતા. કવિ અને શાયરોની તો શી વાત કરવી? પિનાકિન ઠાકોર, બાલમુકુંદ દવે, હસિત બૂચ, મુરલી ઠાકુર અને જમિયત પંડ્યા હતા. રમણિકલાલ દલાલ, રતિલાલ દેસાઈ, જયંતકુમાર પાઠક, મોહનલાલ મહેતા 'સોપાન', લાભુબેન મહેતા, નાથાલાલ દવે, જીતુભાઈ મહેતા અને રમેશ ગુપ્તા જેવા લેખકો અને પત્રકારો હતા. પ્રાકૃત ભાષાના પ્રસિદ્ધ વિદ્વાન પં. બેચરદાસ દોશી, વિજ્ઞાનના ઊંડા અભ્યાસી અને અધ્યાપક ડૉ. ન. મુ. શાહ, મહાત્મા ગાંધીજીના અંતેવાસી મનુબેન ગાંધી, અને હાસ્યલેખક બકુલ ત્રિપાઠી જેવા અનેક પ્રતિભાવંત વ્યક્તિઓ આ કાફલામાં જોડાયેલા હતા. 'ધૂમકેતુ'ના પુત્ર દક્ષિણકુમાર જોશી સાથે હું પણ સામેલ થયો હતો.

ધર્મ એક સંવત્સરી એક

કવિશ્રી ઉમાશંકર જોશી પણ આવવાના હતા. જયભિખ્ખુ ઉમાશંકરભાઈને મળવા ગયા, ત્યારે જાણ થઈ કે એમને પુષ્કળ શરદી થઈ ગઈ છે અને તબિયત પણ બરાબર નથી. ત્યારે જયભિખ્ખુ એમને એલિસબ્રિજના માદલપુરમાં આવેલા ડૉક્ટર દ્વિવેદી પાસે લઈ ગયા હતા. ઉમાશંકર જોશી આવી શક્યા નહીં, એનું દુ:ખ જયભિખ્ખુને હતું, પરંતુ 'ધૂમકેતુ', જ્યોતીન્દ્ર દવે અને અન્ય સાહિત્યકારોએ એવો રંગ રાખ્યો કે મજાદરનો આ મેળો અવિસ્મરણીય બની રહ્યો.

અમદાવાદથી સોમનાથ મેલમાં બેઠા ત્યારે બધાના મનમાં સતત એક શંકા સળવળતી હતી. આટલું નાનું ગામ અને આટલા બધા માણસો! રસ્તા કેવા ખરાબ હશે? અને કેટલા ધૂળિયા હશે? અપરંપાર અગવડો ભોગવવી પડશે. વળી મજાદર એ તો રેલ્વે સ્ટેશનથી ચાર માઈલ દૂર આવેલું ગામ હતું. ત્યાં પહોંચવા માટે ડુંગર સ્ટેશને ઊતરવું પડે.

ડુંગરના લોકોને જેવી જાણ થઈ કે આ ગામમાંથી સરસ્વતીપુત્રો પસાર થવાના છે, ત્યારે ડુંગરના અગ્રણી કલ્યાણજીભાઈએ કહેવડાવ્યું,

'ખરા બપોરે માતા શારદાના લાડીલા પુત્રો ચાનાં પાણી પીને અમારા આંગણેથી ચાલ્યા જાય એ અમને શરમભર્યું લાગે છે. થોડુંક સ્વાગત અમને કરવા દો, થોડો લહાવો અમને લૂંટવા દો.'

સારસ્વતોની મંડળી ડુંગર સ્ટેશને ઊતરી ત્યારે એક અભૂતપૂર્વ દૃશ્ય જોયું. (ક્રમશ:)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

* * *

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત


આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

કથાત્રયી ડી.વી.ડી.




॥ મહાવીર કથા ॥

બે ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૨૫૦/-



॥ ગૌતમ કથા ॥

ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-



॥ ઋષભ કથા ॥

ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-

- ત્રણ સેટ સાથે લેનારને એક કથા ડી.વી.ડી. વિના મૂલ્યે
- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.
- ઘરે બેઠા દિવાનખાનામાં કથાશ્રવણનો દૃશ્ય લાભ
- સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્યકર્મ પ્રાપ્ત કરો

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.
૨. ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

પંથે પંથે પાથેય...(પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

શુભાકાકી કહેતા કે સુકેતુના લગ્ન પછી સ્મિતાએ મને સાવ નવરી કરી નાંખી છે. કોઈ કામ કરવા જ ન દે. જૂઓ બેસી બેસીને હું જાડી થઈ ગઈ છું. બેડોળ થઈ ગઈ છું.

એક કૉન્ફરન્સ નિમિત્તે મારે બૅંગલોર જવાનું થયું, ત્યારે મનોમન નક્કી કરેલું કે શુભાકાકીને નિરાંતે મળવું છે. એમની સાથે ઘણી વાતો કરવી છે...એમની વાતોમાં ભૂતકાળ પ્રગટ થતો...એમનું બાળપણ, શિક્ષણ, અપરમાનો ત્રાસ અને પ્રેમ બધું જ આવતું...લગ્ન પછી એમના પતિ સાથેના પ્રસંગો...એમના સાસુ-સસરા, પ્રેમાળ નણંદની વાત કરતાં તેઓ રાજીપો અનુભવતા... જતું કરવાના એમના સ્વભાવને કારણે એમનો સંસાર લીલોછમ રહેતો. એમની વાતો સાંભળવાનો પણ એક લ્હાવો હોય. નાના દિયરને લાઈન ઉપર લગાડવામાં એમણે ઘણું ઘણું સહન કરેલું.

બાજુમાં રહેતા જશોદા માસીના દીકરાના લગ્ન પ્રસંગના પાંચ દિવસ પહેલાં એમના વેવાઈને એટેક આવેલો. બે દિવસ માટે તેઓ બહારગામ ગયેલા. ત્યારે લગ્નની બધી જ જવાબદારી શુભા કાકીએ સંભાળી લીધેલી...આવી તો અનેક ઘટનાઓ આંખ સામે આવે છે. એમના માટે વિચારતો હતો ત્યાં જ એમનું ઘર આવી ગયું...ડોરબેલ વગાડી...ત્યાં જ શુભાકાકીએ દરવાજો ખોલ્યો...એમને જોઈને હું હેબતાઈ ગયો...એમના લાંબા વાળ ગાયબ એની જગ્યાએ આધુનિક બોયકટ વાળ...એમનો ચહેરો બદલાઈ ગયેલો...પરંતુ એમનું સ્મિત તો ફૂલના જેવું જ હતું.

કેમ ઘરમાં નથી આવવું...શું વિચારે છે વિપુલ! શોભાકાકી બોલ્યા...હું તંદ્રામાંથી જાગ્યો અને હું ભૂતકાળમાં સરી પડ્યો.

શુભાકાકી પરણીને અમારી ચાલમાં રહેવા આવેલા ત્યારથી એમને ઓળખતો. એમના લીધે જ અમારા ફળિયામાં ઉત્સવોની શરૂઆત થયેલી અને ફળિયાના છોકરાઓને ઉત્સાહ આપીને કામે લગાડતા...નવું વરસ, હોળી, જન્માષ્ટમી, જેવા તહેવારો ઉત્સાહથી ઉજવાતા...કોઈના પણ ઘરમાં ઝગડો થયો હોય ત્યાં એ સમાધાન માટે દોડી જતાં અને ઝગડો શાંત થઈ જતો...એવી આત્મિયતા એમણે સૌની સાથે કેળવેલી. બેંગલોર ગયા પછી પણ એમણે સૌની સાથે નાતો જોડી રાખ્યો હતો.

કેમ વિપુલ! મારા વાળ જોઈને તને આશ્ચર્ય થયું ને? સાંભળવી છે વાત...તો સાંભળ.

ત્રણેક વર્ષ પહેલાં મારો એક્સિડન્ટ થયેલો, એમાં એક હાથ સાવ નકામો થઈ ગયેલો...રોજ સવારે સ્મિતા મને નવડાવે. મારા મોટા વાળ ધોતાં ધોતાં એ થાકી જતી. વળી પાછું તેલ લગાડવું, એને ઓળવા, એ બધામાં સ્મિતાનો સમય જતો. બાળકોની સંભાળ, એમની શાળા, એમના ટ્યુશનમાં તે વ્યસ્ત રહેતી. વળી ઘરની બધી જવાબદારી પણ એના ઉપર જ. અને એમાં વળી મારો વધારો. હું સતત વિચારતી હતી કે સ્મિતાનો બોજો હું કઈ રીતે હળવો કરી શકું. એક વખત હું હીરને લઈને એના વાળ કપાવવા હેર કટીંગ સલુનમાં ગયેલી. ત્યાં જ મને વિચાર આવ્યો કે જો હું મારા વાળ કપાવી નાંખું તો સ્મિતાને ઘણી રાહત થઈ જાય અને એ વિચારનો મેં તરત જ અમલ કરી દીધો. મને જોઈને ઘરના બધા જ નારાજ થયેલા. વિશેષમાં સ્મિતા તો મારી સાથે ત્રણ દિવસ સુધી બોલી જ નો'તી એટલી એ નારાજ થઈ ગયેલી. માંડ માંડ એને સમજાવીને મેં એને ઠેકાણે પાડી હતી. કોઈ ભવના ઋણાનુબંધ હશે એટલે સ્મિતા જેવી પુત્રવધૂ મળી. નહીં તો આ કળીકાળમાં આવી છોકરી ક્યાંથી મળે. મારાથી પણ વધારે મારી કાળજી કરે...પાકશાસ્ત્રની નિષ્ણાત હોવા છતાં એ મને પૂછીને વાનગીઓ બનાવે...ને પછી કહે તમારી સલાહ લઈને કરું છું એટલે મારી વાનગીઓ સૌને ગમે છે. એ બીજાને યશ આપવામાં કાબેલ.

લગ્ન પછી એના પિયરે એને જવાનું હતું. મુહુર્ત પ્રમાણે વેવાઈ એને લેવા આવ્યા હતા. ત્યારે જ હું મેલેરિયાનો ભોગ બની હતી. એ બાબતે તો એ કંઈ ન બોલી પરંતુ પંદર દિવસને બદલે એ ચોથા દિવસે આવીને ઊભી રહી..આવો પ્રેમ ક્યાંથી મળશે. આવો ભાવ મેં અનેક પ્રસંગોમાં અનુભવ્યો છે. સ્મિતાનો બોજો થોડો હળવો કરી શકું એટલા માટે જ મેં મારા વાળ કપાવી નાંખ્યા. હવે વાળને શું કરવું છે આ બુઢ્ઢીને!

કાકી, તમારી જુવાની હજી તમારા ચહેરા પર અને આંખોમાં લટક મટક કરે છે. કોઈને કહેતા નહીં કે તમે બુઢ્ઢા થઈ ગયા છો, લોકો એને મજાક સમજશે. અને બંને હસી પડ્યાં. ત્યાં જ સ્મિતા ચા અને નાસ્તાની ડીશ લઈને આવી અને બોલી મમ્મીને તો કોઈ વાતો કરવા જોઈએ. અંકલ આજે તમે મળી ગયા...અને સૌ હસી પડ્યા.

* * *

૪, ઉમીયા ભવન, ૧લે માળે, રાજેન્દ્રપ્રસાદ રોડ, વર્ધમાન નગરની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦

આચમન... (પૃષ્ટબીજાથી ચાલુ)

ડરો નહિ. ૮. વિશ્વાસને, શ્રદ્ધાને હૃદયમાં જાળવી રાખો: પરમકૃપાળુ પરમાત્માની કરુણામાં દૃઢ સૌમ્ય અને અટલ વિશ્વાસ જ આપણને આ ક્ષણભંગુર દુન્યવી જીવનના અંત સુધી નિર્ભયતાથી દોરી જશે.

એવા કેટલાય માણસો છે જે મૃત્યુને એક સ્વાભાવિક અને કુદરતી ગતિ તરીકે સ્વીકારે છે. કારણ કે તેઓ માને છે કે **જીવનને અર્થ છે.**

રોજ તારી જાતને પુછ શું મુલ્યવાન છે? શું મહત્ત્વનું છે? જે અદૃશ્ય છે તે જો, અને જે તું અનંત જીવનમાં લઈ નહિ જઈ શકે તે બધું જ જવા દે. જીવનને સાર્થક અને મૂલ્યવાન કેવી રીતે બનાવવું એ સરળ રીતે કહેતું આ નાનકડું પુસ્તક મૂલ્યવાન અને **એક સદી પછી પણ એટલું જ પ્રેરક છે.**

સૌજન્ય :**શ્રીમતી નિરૂબહેન શાહ**

* * *

મકાન નવ નિર્વાણ ફંડ

રૂપિયા	નામ
૫૧૦૦૦	વિનોદભાઈ ઝેડ. વસા
૫૧૦૦૦	લાલભાઈ કાલીદાસ એન્ડ કું.
૫૦૦૦	એક ભાઈ તરફથી
૫૦૦૦	એ. પી. શેઠ ચૅરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦	પ્રવિણાબેન મહેતા
૧૦૦૦	સનાયા શાહ
૧૦૦૦	નિખીલ શાહ
૧૦૦૦	જશ તોતલાણી
૧૧૭૫૦૦	

પ્રબુદ્ધ જીવન-સૌજન્ય

રૂપિયા	નામ
૨૦૦૦૦	સુશીલાબેન ચીમનલાલ જવેરી હસ્તે : પુષ્પસેન ચીમનલાલ જવેરી (નવેમ્બર ૨૦૧૨ માટે)

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ:**આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ જીવન-તુલના-સંશોધન સાહિત્ય**
લેખિકા : **ડૉ. રેખા વોરા**
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪.
પ્રાપ્તિસ્થાન : ડૉ. રેખાબેન વ્રજલાલ વોરા મહાવીર જૈન સોસાયટી, બિલ્ડીંગ નં. ૧, બ્લૉક નં. સી-૫૫, શંકર લેન, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોન : ૦૨૨૨૮૦૭૮૭૯૪
મૂલ્ય : રૂ. ૨૮૦, પાના : ૩૨૮, આવૃત્તિ : પ્રથમ, સપ્ટેમ્બર-૨૦૧૨.

ભગવાન ઋષભદેવનું વ્યક્તિત્વ અને કર્તૃત્વ શબ્દાતીત છે. ભારત દેશની માનવ સંસ્કૃતિ પર જે મહાપુરુષનો પ્રભાવ પડ્યો છે તેમાં ઋષભદેવ મુખ્ય છે. ડૉ. રેખાબેન વોરાએ આ ગ્રંથ દ્વારા શ્રી ઋષભદેવ વિષયક લખાયેલ અગણિત ગ્રંથોમાં ઉમેરો કર્યો છે. પરંતુ આ ગ્રંથમાં બહેન રેખાનો અથાક પરિશ્રમ છતો થાય છે. ૩૨૮ પાનાના ૨૪ પ્રકરણોમાં વિભાજિત આ ગ્રંથ વાંચતા નવલકથા વાંચતા હોઈએ તેવી પ્રતીતિ થાય છે. ઋષભદેવનું આ જીવનચરિત્ર જૈન ધર્મ તેમજ અન્ય ધર્મ વિશે આધારભૂત સંદર્ભો પ્રસ્તુત કરે છે. વાચકને રસ પડે તેવી સરળ ભાષાશૈલી આ ગ્રંથનું જમાપાસું છે.

શ્રી ઋષભદેવના વિવિધ રૂપો વિશેનું આલેખન રસપ્રદ છે. આ ગ્રંથમાં પ્રસિદ્ધ જિનાલયો તથા શ્રી ઋષભદેવના લોકપ્રિય સ્તવનો અને સ્તુતિઓ ગ્રંથસ્થ કર્યા છે જે ભક્ત હૃદયને સ્પર્શી જાય તેવા છે.

આ રસાત્મક અને સંશોધનાત્મક જીવનચરિત્રને આવકારીએ.

X X X

પુસ્તકનું નામ : **નીતિમય જીવન**
લેખક : **પ. પૂ. યોગનિષ્ઠ આ. શ્રી વિજયકેસર-સૂરીશ્વરજી મ.સા.**
પ્રકાશક-હરસુખભાઈ ભાયચંદ મહેતા, ૨૦૩, વાલકેશ્વર, 'પેનોરમા', મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન : ૨૩૬૯૦૬૦૩.
મૂલ્ય : અમૂલ્ય. પાના : ૧૧૫. આવૃત્તિ : પ્રથમ

જૈનાચાર્યોએ રાજનીતિ, ધર્મનીતિ, વ્યવહારનીતિ વગેરેના અનેક ગ્રંથો લખેલા છે. આ **નીતિમય જીવન** નામનો ગ્રંથ વ્યવહાર તથા આત્મશાંતિના માર્ગમાં મદદગાર થાય તેવા પ્રકારનો છે. શાસ્ત્રમાં તેનું બીજું નામ **માર્ગાનુસારી** છે. એટલે ધર્મના માર્ગને અનુસરવાને લાયક થવામાં ઉપયોગી થાય એવો એનો અર્થ થાય છે.

આ ગ્રંથમાં ૩૫ જેટલાં નીતિના વાક્યો આપેલાં છે. તેમાંના મોટા ભાગના સર્વદેશકાળમાં ઉપયોગી થાય તેવા છે.

શ્રીમાન હરિભદ્ર સૂરિ, શ્રીમાન હેમચંદ્રાચાર્ય તથા અન્ય આચાર્યોએ પોતાના ગ્રંથમાં આ નીતિમય જીવન માટે ઉલ્લેખ કરેલા છે. નીતિમય જીવન જીવવાનો આ પ્રારંભ કરનારને આ ગ્રંથ ઉપયોગી થાય તેવો છે. આ ગ્રંથ શરીરના ધર્મો, વ્યવહારના ધર્મો, પારમાર્થિક કે આત્મિક સદ્‌ગુણો કેળવવાના કે ખીલવવાના એક સાધન રૂપ છે.

X X X

પુસ્તકનું નામ : **શ્રી સીમંધર સ્વામી સ્તવના** (ભાવાર્થ સહિત)
સંરચના : પ્રવીણચંદ્ર ઉપાધ્યાય
વિવરણ : સુમનભાઈ શાહ
પ્રકાશક : 'જયસચ્ચિદાનંદ સંઘ' વતી જી. એ. શાહ
૩૬, પાર્શ્વનાથ ચેમ્બર્સ, R.B.I.ની બાજુમાં, ઈન્કમટેક્સ ઑફિસની સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪.
ફોન : (૦૭૯) ૨૭૫૪૦૫૬૭.
મૂલ્ય : અમૂલ્ય. પાના : ૮૮. આવૃત્તિ : પ્રથમ-૨૦૦૯.

પ્રવિણભાઈ દાદા ભગવાનના જગત-કલ્યાણના કાર્યમાં મોટામાં મોટું નિમિત્ત છે. પ્રસ્તુત પુસ્તક 'સીમંધર સ્વામી સ્તવના દ્વારા તેઓ અક્ષરદેહે આપણી સમક્ષ આવે છે. તેમાં ગેયતા, ગાંભીર્ય અને ગરિમાનો ત્રિવેણી સંગમ છે. જ્યાં નિરંતર ચોથો આરો છે તેવા મહાવિદેહ તીર્થધામની આપણને યાત્રા કરાવે છે અને પરમ તારક શ્રી સીમંધર સ્વામીના દર્શન કરાવે છે. પ્રભુજીના અતિશયો અને અલંકરણોથી આપણી અંદર જીનેશ્વર પ્રભુની પ્રાણ પ્રતિષ્ઠા કરે છે. બહુ જ ગૂઢ એકાક્ષરી કે અલ્પાક્ષરી શબ્દો દ્વારા પોતાની ભાવના ભક્તિથી સૌને તરબોળ કરે છે. કાવ્ય રચનામાં છંદોનું વૈવિધ્ય, પ્રાચીન શાસ્ત્રીય પરંપરા અને વર્તમાનતાનું અસ્ખલિત પ્રવર્તન છે. સુમનભાઈ શાહે આસ્વાદ્ય વિવરણ લખીને ગહન પરિભાષાને સરળ બનાવી છે.

X X X

પુસ્તકનું નામ : **તાજો ઈતિહાસ તાજી સુવાસ**
લેખક : **આચાર્ય શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ, અમૃતલાલ ઠાકોરભાઈ શાહ.**
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
પ્રાપ્તિસ્થાન : 'પંચ પ્રસ્થાન પ્રકાશન', ૧૦/૩૨૬૮-એ. કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૨, મો. ૯૩૭૬૭૭૦૭૭૭.
મૂલ્ય : રૂા.૧૦૦/-. પાના : ૧૯૪. આવૃત્તિ : ૧. ફેબ્રુઆરી-૨૦૧૨.

આચાર્ય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી એક સિદ્ધહસ્ત, વાર્તા લેખક છે. 'તાજો ઇતિહાસ તાજી સુવાસ' પુસ્તકમાં આચાર્યશ્રીએ જે ઇતિહાસની હજી શાહી પણ સુકાઈ નથી, એવા નજીકના જ ભૂતકાળમાં બનવા પામેલી ચાલીસેક ઘટનાઓને પ્રેરક પાત્રોના માધ્યમે, આજના યુગને જેની અત્યાવશ્યકતા છે, એવા બોધના ધોધને વહેવડાવવાનો પ્રયાસ કર્યો છે.

જૈન ધર્મના પાયારૂપ આદર્શો-અહિંસા, ક્ષમા, ત્યાગ અને તિતિક્ષાનો સંદેશ પ્રસરાવતાં આ પ્રસંગ ચિત્રો નવી પેઢીના ચારિત્ર્ય ઘડતર માટેનું અણમોલ પાથેય બની રહેશે.

આચાર્યશ્રીના લખાણમાં અનુભૂતિની સચ્ચાઈ છે, પ્રસંગની પ્રામાણિક રજૂઆત છે. આ કથાઓમાં 'હિંસાની હાર અને અહિંસાનો જયજયકાર' બોલાવ્યો છે. અહીં અહિંસા ઉપરાંત ઈમાનદારી અને નીતિમત્તાને આલેખતાં અને ઉજાગર કરતા પ્રસંગચિત્ર પણ છે. આચાર્યશ્રીની લોકપ્રિય કથાશૈલી આપણને ગુજરાતી સાહિત્યના ધુમકેતુ, યુ. વ. શાહ કે જયભિખ્ખુ જેવા કથાકારની યાદ અપાવે છે.

'તાજો ઇતિહાસ તાજી સુવાસ' મૌન રહેલા જૈનાચાર્યની કરુણાનો મંગલ વાસક્ષેપ છે.

X X X

પુસ્તકનું નામ : **સ્ત્રી સન્માન એક અધિકાર**
લેખક : ડૉ. જયંતી પટેલ
પ્રકાશક : અમર પ્રકાશન, વિક્રમ ઍપાર્ટમેન્ટ, શ્રેયસ ક્રોસિંગ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૦૭૯ ૨૬૬૨૦૪૭૨.
મૂલ્ય : રૂ. ૧૫૦/-. પાના : ૧૯૨. આવૃત્તિ : ૧. ૨૦૧૨.

આજે વૈશ્વિક જગતમાં મહિલાઓની દશા અને દિશા કંઈક જુદી છે. સ્ત્રીશિક્ષણ, સ્ત્રી-પુરુષ સમાનતા, સ્ત્રીનો દરજ્જો, અને ન્યાય-નીતિની બાબતમાં અસમતુલા છે. સ્ત્રી સમસ્યાઓ, તેના પ્રશ્નો, મૂંઝવણો અને અધિકારો તથા નારી ઉત્કર્ષને લગતી ઘણી બાબતો પ્રત્યે સમાજે હજી ઘણું કરવાનું બાકી છે. આ બાબતોને, લક્ષ્યમાં રાખી 'સ્ત્રી-સન્માન – એક અધિકાર' પુસ્તક પ્રકાશ પાડે છે.

મહિલા-ઉત્કર્ષનો એક માર્ગ છે મહિલાઓને યોગ્ય સન્માન આપવું. પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રી ઓના વિકાસની વાતો ઘણી થતી હોવા છતાં, નક્કર પરિણામ પ્રાપ્ત થતું નથી. આ પુસ્તકમાં સ્ત્રીઓને સાચું સન્માન મળવું જોઈએ એની વિસ્તૃત સમીક્ષા છે. સાથે સાથે સ્ત્રીઓએ કઈ રીતે સ્વાવલંબી અને સ્વનિર્ભર બનવું એની દિશાસૂઝ પણ છે. સ્ત્રીઓને સમર્થ બનવાની દિશા આ પુસ્તક દ્વારા જડશે.

X X X

પુસ્તકનું નામ : **શંકા-સમાધાન**
સમાધાનકાર : **પ. પૂ. શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મ.સા.**
સંપાદક : પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી
પ્રકાશક : અરિહંત આરાધક ટ્રસ્ટ
C/o હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ,
૪૮૧, ગની ઍપાર્ટમેન્ટ, રતન ટોકિઝ સામે, આગ્રા રોડ, ભીવંડી-૪૨૧ ૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬.
મૂલ્ય :મૂલ્ય : પઠન-પાઠન, પાના : ભાગ-૧-૨૫૪, પાના : ભાગ-૨-૨૬૦. કુલ ૪૯૪.
આવૃત્તિ ; પ્રથમ, વિ. સં. ૨૦૬૮.

સામાન્ય જિજ્ઞાસુઓ તે તે કાળે ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછાવતા હોય છે. તે તે કાળને અનુલક્ષીને તેના ઉત્તરો અપાતા હોય છે. પૂજ્યશ્રીએ આ ગ્રંથોમાં લગભગ ૧૧ વર્ષ સુધી 'કલ્યાણ'માં આવેલા શંકા-સમાધાન વિભાગમાં ૧૨૦૦ (લગભગ) પ્રશ્નોના આપેલા પ્રશ્નોત્તરોને સમાવ્યા છે. જેમાં અનેકાનેક વિષયોને આવરી લેવામાં આવ્યા છે. શ્રાવકના દૈનિક-વિધિ-વિધાનો, સ્નાત્ર પૂજા, પૂજનો, અંજન-શલાકા-પ્રતિષ્ઠાથી માંડીને જિનમંદિર સંબંધિત અનેક જિજ્ઞાસાઓના સંતોષપ્રદ સમાધાનો આપવામાં આવ્યા છે. તે ઉપરાંત વર્ષીદાન, વિવિધ ચડાવા-બોલી, સામાયિક, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, ઉપધાન, પચ્ચખાણ જેવા અનેક વિષયો આવરી લીધા છે. ભક્ષ્યાભક્ષ્ય, સચિત-અચિત્ત, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ, અણાહારી જેવા પ્રશ્નો સચોટ રીતે સમજાવ્યા છે. આ રીતે જૈન શાસનના સાતે સાત ક્ષેત્રોને સ્પર્શતી તલસ્પર્શી વિચારણાથી 'શંકા-સમાધાન' ગ્રંથો સમૃદ્ધ બન્યા છે. આ ગ્રંથમાં તે તે વિષયનું સર્વાંગી સમાધાન એક સાથે મળી રહે છે.

પૂજ્યશ્રીએ આમાં માત્ર શંકાઓનું સમાધાન જ નથી કર્યું પરંતુ શંકાકારના હૃદયના ભાવોને ઓળખીને એની સર્વાંગી શંકાનું નિર્મૂલન કર્યું છે. અનેક પ્રકારની શંકાઓનું સમાધાન મેળવવા આ ગ્રંથોનું સ્વાધ્યાય આવશ્યક છે.

X X X

પુસ્તકનું નામ : **બુજ્ઝ ! બુજ્ઝ ! ચંડ કોસિઆ**
લેખક :વિજયકેશરસૂરીશ્વરજી મ.સા.
લેખક-પંન્યાસ મુક્તિ વલ્લભ વિજય
પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન : પ્રજ્ઞાપ્રબોધ પરિવાર, હીરેન પેપર માર્ટ, મહાદેવસિંગ ચાલ, કોલડુંગરી, સહાર રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
ફોન : ૨૬૮૪૧૬૬૦ / ૬૬૨૪૪૬૬૦.
મૂલ્યઃ રૂ. ૫૦/-, પાનાઃ ૨૩૬, આવૃત્તિઃ ૧૦ મું સંસ્કરણ (ઇ. સ. ૨૦૦૬).

ક્રોધના કટુ પરિણામો જાણનારા અને અનુભવનારા આપણા દિલમાં પણ ભાઈ ! શાંત થા !... ગુસ્સો ન કર !...એવો ધ્વનિ ઊઠે છે. આ પરમાત્માનો અંશ છે...એમ સમજી લઈને કે દિલના અરણ્યમાં વિકરાળ બની રહેલા ક્રોધરૂપી ચંડ કૌશિક સર્પને શાંત પાડવા માટે પ્રભુ વીરનો આ 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિઆ' ઉપદેશ ધ્વનિ છે. જંગલમાં તો પ્રભુ વીરનો વિજય થયો અને ચંડ કૌશિકનો ઉપદ્રવ શાંત થઈ ગયો પણ આપણા દિલમાં, પ્રભુ વીર અને આ ચંડ કૌશિક વચ્ચે થોડી હૂંસાતુંસી ચાલે છે. અને છેવટે ક્રોધના પક્ષમાં રહેલા આપણે ફરીથી ક્રોધ તરફ ઢળી પડવાથી પ્રભુ વીરનો વિજય થઈ શકતો નથી. ક્રોધના કટુ વિપાકો પશ્ચાત...હવે આ વિષચક્રમાંથી છૂટી શકાય અને આપણા દિલમાં રહેલો ચંડ કૌશિક શાંત બની જાય તે માટે આ પુસ્તકમાં અનેક પાસાઓથી વિચારણા કરવામાં આવી છે.

ક્રોધને નાથવા માટેનું અદ્‌ભુત માર્ગદર્શન આ પુસ્તક છે. ક્રોધવિજયના લક્ષ્યસ્થાનને પામવા માટે આ કુશળ ગાઈડ છે. ક્ષમાસુંદરીના શિલ્પ માટેનું સચોટ શિલ્પશાસ્ત્ર છે. આ પુસ્તકના લેખક શ્રી મુનિરાજ મુક્તિવલ્લભ વિજયજી સંયમી વિદ્વાન છે. સિદ્ધહસ્ત લેખક છે. કુશળ ચિંતક છે. એમની કમનીય કલમે કંડારાયેલી આ કૃતિ અનેકના ક્રોધ પિશાચને નાથવામાં સફળ બનશે એમાં શંકા નથી.

✷ ✷ ✷

સાભાર સ્વીકાર

(૧) મોન્સેન્ટોના કારનામા
સંપાદન : કાન્તિ શાહ
પ્રકાશક : પારુલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧. મૂલ્ય : રૂ. ૩૦.

(૨) વહાલી દીકરી
લેખક : રોહિત શાહ
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧.

(૩) શીલ ધર્મની રત્નકથાઓ
પ્રકાશક : હરસુખલાલ ભાયચંદ મહેતા
લેખક : સ્વ. મહેતા મનસુખલાલ તારાચંદ

(૪) ધી ગાઈડ ટુ સોશ્યલ વર્ક ભાગ-૧-૨-૩,
ગુજરાત. પ્રવૃત્તિ વાર.
સંકલન : કુલીનકાંત ચાંપશી લુઠિયા (સમાજ સેવક)
પ્રકાશન : પાલનપુર-બનાસકાંઠા જૈન ટ્રસ્ટ-નવસારી. શ્રી શાંતિનાથ ચેરિટેબલ ટ્રસ્ટ-સુરત.

(૫) ધી ગાઈડ ટુ સોશ્યલ વર્ક-ભાગ-૧-૨-૩,
ગુજરાત. પ્રવૃત્તિ વાર.
સંકલન : કુલીનકાંત ચાંપશી લુઠિયા
પ્રકાશન : પાલનપુર, બનાસકાંઠા જૈન ટ્રસ્ટ-નવસારી. શ્રી શાંતિનાથ ચેરિટેબલ ટ્રસ્ટ-સુરત.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. : 9223190753.

લોક સેવક સંઘ, થોરડી

(આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે ૨૦૧૨ની ૭૮મી વ્યાખ્યાનમાળા દરમિયાન લોક સેવક સંઘ, થોરડીને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે રૂપિયા ઓગણીસ લાખ પચાસ હજાર જેવી માતબર રકમ આવી છે. હજી પણ દાનનો પ્રવાહ વહેવો ચાલુ જ છે. દાતાઓના અમે ખૂબ ઋણી છીએ. યાદી નીચે મુજબ છે.

રૂપિયા	નામ
૧૭૫૦૦૦	બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન-મુંબઈ
૧૫૧૦૦૦	પિયૂષભાઈ શાંતિલાલ કોઠારી
૧૫૧૦૦૦	પ્રવિણભાઈ શાંતિલાલ કોઠારી
૧૦૦૦૦૦	પુષ્પસેન ચીમનલાલ ઝવેરી
૧૦૦૦૦૦	હરેશભાઈ શાંતિલાલ મહેતા (ઑનવર્ડ ફાઉન્ડેશન)
૫૧૦૦૦	લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર (નવા વાસ–કચ્છ)
૫૧૦૦૦	ડૉ. નીતા કર્ણિકભાઈ પરીખ
૫૧૦૦૦	કૉન્વેસ્ટ પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ
૫૧૦૦૦	લાલભાઈ કાલીદાસ એન્ડ કું.
૨૮૦૦૦	ડૉ. રજનીકાંત (ડૉ. રજ્જુભાઈ) શાહ
૨૫૦૦૦	દયાબેન ગિરજાશંકર શેઠ ટ્રસ્ટ
૨૫૦૦૦	રંજન હર્ષદભાઈ શાહ હસ્તેઃ પારસ-દીપ્તિ
૨૧૦૦૦	જિતેન્દ્ર સાવલા એન્ડ દિનેશ સાવલા
૨૧૦૦૦	શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચૅરિટેબલ ટ્રસ્ટ
૨૦૦૦૦	શાંતિલાલ મંગળજી મહેતા
૨૦૦૦૦	ઉષા સુરેશ શાહ ચૅરિટેબલ ટ્રસ્ટ
૧૫૦૦૦	શર્મિબેન પ્રવિણભાઈ ભણશાલી
૧૫૦૦૦	ચંદ્રકાંતભાઈ ખંડેરિયા
૧૫૦૦૦	જનક પંકજભાઈ દોશી પરિવાર હસ્તે : પંકજ, દિપીકા દોશી
૧૧૦૦૧	અનિલા અને શશિકાંત મહેતા
૧૧૦૦૦	એક બહેન તરફથી
૧૧૦૦૦	રોહન ચંદ્રકાંત નિર્મળ હસ્તે : તૃપ્તિ નિર્મળ
૧૧૦૦૦	અલકા પંકજ ખારા હસ્તે : વિરાગ અને પ્રગતિ
૧૧૦૦૦	એસ. એમ. શાહ
૧૧૧૧૧	સ્વ. રાકેશ ખુશાલચંદ ગડાના સ્મરણાર્થે હસ્તે : ખુશાલચંદ સોજપાર ગડા
૧૧૦૦૦	કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૧૧૧૧૧	સરોજીની શાહ ચૅરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦	શ્રી ગુજરાતી સેવા સમાજ-મદુરાઈ
૧૦૦૦૦	રમાબેન જયસુખભાઈ વોરા
૧૦૦૦૦	ડૉ. સ્નેહલ સંઘવી
૧૦૦૦૦	નિતિનભાઈ કે. સોનાવાલા
૧૦૦૦૦	રમાબેન વિનોદભાઈ મહેતા
૧૦૦૦૦	ડૉ. ડી. વી. શાહ
૧૦૦૦૦	ચંદ્રિકાબેન મહેન્દ્ર વોરા
૧૦૦૦૦	એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦	અરૂણા અજીતભાઈ ચોકસી
૧૦૦૦૦	કેશવલાલ કિલાચંદ ચૅરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦	દિલીપભાઈ કાકાબલીયા
૧૦૦૦૦	જય નિતીનભાઈ સોનાવાલા
૧૦૦૦૦	યશોમતીબેન શાહ
૧૦૦૦૦	જનક પંકજ દોશી પરિવાર, હસ્તે : પંકજ દિપિકા દોશી
૧૦૦૦૦	સાકલચંદ અમૃતલાલ પરીખ
૧૦૦૦૦	જે. કે. ફાઉન્ડેશન
૧૦૦૦૦	ચંદ્રકાંત દીપચંદ શાહ
૧૦૦૦૦	નીરૂબેન સુબોધભાઈ શાહ
૧૦૦૦૦	પ્રભાત ટી એન્ડ ટૅક્સટાઈલ્સ કું. પ્રા. લિ.
૧૦૦૦૦	દિલીપભાઈ એમ. શાહ CA
૮૦૦૦	પ્રકાશ ડાહ્યાભાઈ શાહ
૭૫૦૦	જયંતિલાલ એસ. શાહ-HUF
૭૫૦૦	પ્રકાશ ડી. દોશી, સરલાબેન તથા શાંતિભાઈના સ્મરણાર્થે
૭૫૦૧	નિતિનભાઈ કુવાડિયા
૭૫૦૧	નિલાબહેન કુવાડિયા
૬૦૦૦	ભાનુબેન અને રમેશભાઈ મહેતા
૬૦૦૦	જયવંતીબેન જોરમલભાઈ મહેતા
૬૦૦૦	વસુબેન સી. ભણશાલી
૫૫૫૫	ચંદુલાલ ગાંગજીભાઈ ફેમવાલા
૫૪૦૦	સરફેસ ઇનોવેટર પ્રા. લી.
૫૩૧૦	અરવિંદાબેન મનુભાઈ શાહ
૫૩૦૧	મનુભાઈ રવચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૧૦૦	હરસુખ ડી. મહેતા ચૅરિટેબલ ટ્રસ્ટ
૫૧૦૦	મહેન્દ્રભાઈ ગોસર (ત્રિશલાવાળા)
૫૧૦૦	શિલ્પાબેન જે. મહેતા
૫૦૦૦	ઈલાબેન આણંદલાલ સંઘવી
૫૦૦૦	એક બહેન તરફથી
૫૦૦૦	સ્વ. મગનલાલ જે. શેઠ હસ્તે : હર્ષદ એમ. શેઠ
૫૦૦૦	ડૉલર એમ. શેઠ
૫૦૦૦	સ્વ. નર્મદાબેન એમ. શેઠ (શેઠ બ્રધર્સ)
૫૦૦૦	પુષ્પાબેન સુરેશભાઈ ભણશાલી
૫૦૦૦	મનિષાબેન જે. શાહ
૫૦૦૦	યાત્રિક એમ. ઝવેરી
૫૦૦૦	સરલાબેન કાંતિલાલ સાવલા
૫૦૦૦	ડૉ. કે. કે. શાહ
૫૦૦૦	સુદર્શનાબેન પ્રબોધભાઈ કોઠારી
૫૦૦૦	એક બહેન તરફથી
૫૦૦૦	ભગવતીબેન સોનાવાલા
૫૦૦૦	સુજીતભાઈ પ્રદિપભાઈ પરીખ
૫૦૦૦	આકાર આર્ટ
૫૦૦૦	ભારતી દિલીપ શાહ
૫૦૦૦	ઉષાબેન રમેશભાઈ ઝવેરી
૫૦૦૦	કિરણ શાહ
૫૦૦૦	પંકજભાઈ જી. વિસરીયા
૫૦૦૦	ભાવના પંકજ વિસરીયા
૫૦૦૦	પંકજ ગોસરભાઈ વિસરીયા-HUF
૫૦૦૦	ગુલાબદાસ એન્ડ કું.
૫૦૦૦	એક બહેન તરફથી
૫૦૦૦	પરિતા મહેન્દ્ર શાહ
૫૦૦૦	દેવકાબેન જેસંગભાઈ રાંભિયા
૫૦૦૦	કુંજબાળાબેન રમેશભાઈ કોઠારી
૫૦૦૦	એચ. ડી. ઈન્ડસ્ટ્રીયલ (હસમુખભાઈ)
૫૦૦૦	આયન પટેલ
૫૦૦૦	આરા મહેતા
૫૦૦૦	નિરંજન હરગોવિંદદાસ ભણશાલી
૫૦૦૦	મનિષાબેન ધિરેન ભણશાલી
૫૦૦૦	કુમુદબેન પટવા
૫૦૦૦	પંકજ બાબુભાઈ શાહ
૫૦૦૦	પ્રવિણ કે. શાહ અને ઉષાબેન પ્રવિણભાઈ શાહ
૫૦૦૦	ભદ્રાબેન વી. શાહ

રૂપિયા	નામ
૫૦૦૦	ચૅમ્પિયન ટ્રેડર્સ
૫૦૦૦	પૉલિથીન પ્રિન્ટીંગ એન્ડ સિલીંગ વર્ક્સ-હસમુખભાઈ
૫૦૦૦	વસંતલાલ નાગરદાસ સંઘવી
૫૦૦૦	મનિષ ગજેન્દ્ર કપાસી
૫૦૦૧	અજિત રમણલાલ ચોકસી
૫૦૦૦	એક ભાઈ તરફથી
૫૦૦૦	રમણીકલાલ એસ. ગોસલિયા
૫૦૦૦	હરજી જયરામ ભદ્રેશા
૫૦૦૦	અંજના ડાંગરવાલા
૫૦૦૦	રસિલાબેન જયસુખ પારેખ
૫૦૦૦	રુચિતા શાહ
૫૦૦૦	રેણુકાબેન પોડવાલ
૫૦૦૦	પાર્વતીબેન નેણશી ખીરાણી
૫૦૦૦	આશાબેન જિતેન્દ્ર દસોંડી
૫૦૦૦	સુનિતાબેન અનિલકુમાર જૈન
૫૦૦૦	મંજુલાબેન અવનીભાઈ મહેતા
૫૦૦૦	શરદભાઈ શેઠ
૫૦૦૦	સ્વ. કિરણભાઈ ધામી હસ્તે : શ્રીકુમાર ધામી
૫૦૦૦	દિપાલી એસ. મહેતા
૫૦૦૦	સ્વ. વસંતબેન રસિકલાલ શાહ હસ્તે : રસિકભાઈ શાહ
૫૦૦૦	ચંદ્રકાંત ડાહ્યાલાલ શાહ
૫૦૦૦	જવલબેન રામચંદ્ર શાહ
૫૦૦૦	અનિલ શૈલેષભાઈ કોઠારી
૫૦૦૦	રસિલાબેન જે. શાહ
૫૦૦૦	ડૉ. હેમંત એચ. કુવાડિયા
૫૦૦૦	સ્વ. ડૉ. હસમુખ ચીમનલાલ કુવાડીયાના સ્મરણાર્થે હસ્તે : ડૉ.હેમંત એચ. કુવાડિયા
૫૦૦૦	મહેન્દ્રભાઈ આર. શાહ
૫૦૦૦	પ્રવિણ જમનાદાસ શાહ
૫૦૦૦	જ્યુપિટર એક્ષપોર્ટસ
૫૦૦૦	કુમુદબેન એચ. શેઠ
૫૦૦૦	એક બહેન તરફથી
૫૦૦૦	દર્શની એ. આઈથલ
૫૦૦૦	વિક્રમભાઈ રમણલાલ શાહ
૫૦૦૦	હર્ષાબેન વિક્રમભાઈ શાહ
૫૦૦૦	રમેશચંદ્ર જે. શાહ
૫૦૦૦	તારાબેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : પુષ્પાબેન પરીખ
૫૦૦૦	જીવનલાલ ઓ. શેઠ-HUF
૫૦૦૦	પ્રદિપભાઈ શાહ
૫૦૦૦	બાબુલાલ છોટાલાલ શાહ હસ્તે : હંસાબેન બાબુલાલ શાહ
૫૦૦૦	રસિકલાલ છોટાલાલ શાહ હસ્તે : શરદભાઈ રસિકલાલ શાહ
૫૦૦૦	ભોગીલાલ સુખલાલ શાહ
૫૦૦૦	સરસ્વતી રસિકલાલ શાહ હસ્તે : શરદભાઈ રસિકલાલ શાહ
૫૦૦૦	એક ભાઈ તરફથી
૫૦૦૦	ડૉ. ધનવંતભાઈ ટી. શાહ
૫૦૦૦	નંદિતા જયંત છેડા ટ્રસ્ટ
૫૦૦૦	રેખા દિનેશ શાહ
૫૦૦૦	જશવંતી પ્રવિણચંદ વોરા ચૅરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	વિસનજી નરસી વોરા
૫૦૦૦	નવિનભાઈ પી. શાહ
૫૦૦૦	વિનોદચંદ હરિલાલ મહેતા
૫૦૦૦	ઘેલાણી ચૅરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	મીનાબેન શાહ
૪૪૪૪	બાબુભાઈ ચુનીલાલ (અમદાવાદ)
૪૦૦૦	શાંતાબેન સી. શાહ
૩૧૦૦	હરકિશનભાઈ ઉદાણી
૩૦૦૦	જયેશભાઈ ડી. ગાંધી
૩૦૦૦	સુજાતા જયેશભાઈ ગાંધી
૩૦૦૦	હર્ષાબેન ભરત ડગલી
૩૦૦૦	મંજુલાબેન કે. શાહ
૩૦૦૦	ઈન્દુબેન ચીમનલાલ શાહ
૩૦૦૦	હેતલ આર. શાહ
૩૦૦૦	અંકીતા આર. શાહ
૩૦૦૦	જ્યોતિ લક્ષ્મીચંદ રાંભિયા
૩૦૦૦	શંકુતલા મહેન્દ્ર શાહ
૩૦૦૦	સ્વ. સૌનક પરેશભાઈ ચૌધરી
૩૦૦૦	અમૃતલાલ એન્ડ બ્રધર્સ
૩૦૦૦	સંતોકબા જેઠાલાલ દેસાઈ
૩૦૦૦	રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૩૦૦૦	મીનાબેન શાહ
૨૭૦૦	એક ભાઈ તરફથી
૨૭૦૦	એક બહેન તરફથી
૨૫૦૦	બિજલબેન અલ્પેશ વીરા
૨૦૦૦	ધિરેન સેવંતીલાલ શાહ
૧૫૦૦	અતુલભાઈ ચન્દ્રકાંતભાઈ શાહ
૧૧૧૧	વસંત કાંતિલાલ મોદી
૧૧૦૦	વિક્રમ ટ્રેડિંગ કું.
૧૦૦૦	મીના કિરણ ગાંધી
૧૦૦૦	સંયુક્તાબેન પ્રવિણભાઈ મહેતા
૧૦૦૦	મનિષ જયંતિલાલ શાહ-HUF
૧૦૦૦	શાંતાબેન જે. શાહ
૧૦૦૦	ડૉ. નલિનીબેન (અમેરિકા)
૧૦૦૦	સ્મિતાબેન ગાંધી
૧૦૦૦	પ્રવિણચંદ્ર મણિલાલ શાહ
૫૦૦	વી. સી. ગાંધી
૫૦૦	એલ. એસ. વીરા
૫૦૦	રમેશ શાહ
૫૦૧	એક સદ્‌ગૃહસ્થ
૫૦૦	ચંદ્રવદન શાહ
૫૦૦	જગદીશ મોતીલાલ ઝવેરી
૧૫૦	એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૯૮૯૩૯૬	

જમનાદાસ હાથીભાઈ અનાજ રાહત ફંડ

રૂપિયા	નામ
૧૦૦૦૦	એમ. કે. શેઠ ચૅરિટી ટ્રસ્ટ
૫૦૦૦	પ્રવિણ કે. શાહ અને ઉષા શાહ
૨૫૦૦	ચંદનબેન તલસાણીયા
૧૭૫૦૦	

દીપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન

રૂપિયા	નામ
૨૫૦૦	ચંદનબેન તલસાણિયા
૨૫૦૦	

સરસ્વતી ડાહ્યાભાઈ જવેરી ચશ્માઘર

રૂપિયા	નામ
૫૦૦૦	એમ. કે. શેઠ ચૅરિટી ટ્રસ્ટ
૫૦૦૦	

સાશ્વત ગાંધી કથા સૌજન્ય

રૂપિયા	નામ
૧૦૦૦૦૧	સુશીલાબેન ચીમનલાલ ઝવેરી હસ્તે: પુષ્પસેન ચીમનલાલ ઝવેરી
૧૦૦૦૦૧	

✷ ✷ ✷

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

૭૮ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે સંઘને મળેલ અનુદાન

રૂપિયા	નામ
૨૬૦૦૦	ચંદ્રાબેન પીયૂષભાઈ કોઠારી
૨૫૦૦૦	હરીશભાઈ શાંતિલાલ મહેતા (ઑનવર્ડ ફાઉન્ડેશન)
૧૫૦૦૦	કેશવલાલ કીલાચંદ ચેરિ. ટ્રસ્ટ
૧૧૦૦૦	કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૫૦૦૦	ચંદ્રકાંત દીપચંદ શાહ
૫૦૦૦	નિતીનભાઈ કે. સોનાવાલા
૫૦૦૦	નીરૂબહેન સુબોધભાઈ શાહ
૫૦૦૦	દિલીપભાઈ એમ. શાહ
૫૦૦૦	રમાબેન જયસુખલાલ વોરા
૫૦૦૦	રમાબેન વિનોદભાઈ મહેતા
૫૦૦૦	પ્રવિણભાઈ કે. શાહ અને ઉષાબેન શાહ
૫૦૦૦	યશોમતીબેન શાહ
૫૦૦૦	શાંતિલાલ મંગળજી મહેતા
૫૦૦૦	દિલીપભાઈ કાકાબળીયા
૫૦૦૦	અજીતભાઈ રમણલાલ ચોકસી
૫૦૦૦	જે. કે. ફાઉન્ડેશન
૫૦૦૦	ભારતીબેન બી. શાહ
૩૦૦૦	વસુબેન સી. ભણશાલી
૩૦૦૦	તારાબેન મોહનલાલ શાહ ચેરિ. ટ્રસ્ટ, હસ્તે : પુષ્પાબેન પરીખ
૩૦૦૦	શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
૩૦૦૦	શર્મીબેન પ્રવિણભાઈ ભણશાલી
૩૦૦૦	પુષ્પાબેન સુરેશભાઈ ભણશાલી
૩૦૦૦	પ્રકાશભાઈ ડાહ્યાભાઈ શાહ
૨૫૦૦	જયાબેન વીરા
૨૫૦૦	પ્રવિણાબેન મહેતા
૨૦૦૦	મીનાબેન શાહ
૨૦૦૦	કુમુદબેન એ. પટવા
૧૨૫૦	અલકાબેન કિરણભાઈ શાહ
૧૦૦૦	શારદાબેન બાબુભાઈ શાહ
૧૦૦૦	નવીનભાઈ પી. શાહ
૫૦૦	ચંદ્રિકાબેન કોમ્બાણી
૨૦૦	દિપકભાઈ સંઘવી
૧૭૨૯૫૦	

પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

રૂપિયા	નામ
૧૦૦૦૦૦	સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૫૧૦૦૦	બી. કે. સી. જૈન પબ્લિક ચેરિ. ટ્રસ્ટ (બિપિનભાઈ કાનજીભાઈ જૈન)
૫૧૦૦૦	માતુશ્રી રતનભાઈ ચેરિ. ટ્રસ્ટ
૫૦૦૦૧	મિનાક્ષીબેન પુષ્પસેન ઝવેરી
૫૦૦૦૦	પ્રાણલાલભાઈ ડી. શાહ
૧૧૦૦૦	ગુજરાતી સેવા સમાજ
૧૧૦૦૦	છોટાલાલ કેશવલાલ ડેલીવાળા ટ્રસ્ટ
૧૦૦૦૦	યાત્રિક ઝવેરી
૧૦૦૦૦	શાહ કલ્યાણજી કાનજી
૧૦૦૦૦	લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ
૧૦૦૦૦	શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટી ટ્રસ્ટ હસ્તે:રક્ષાબેન શ્રોફ
૧૦૦૦૦	કાકુલાલ સી. મહેતા
૧૦૦૦૦	કૌશિકભાઈ જયંતીલાલ રાંભીયા
૧૦૦૦૦	ડૉ. નટુભાઈ શાહ
૫૦૦૦	પ્રભાવતીબેન પ્રાણલાલ છેડા
૫૦૦૦	અપૂર્વ એલ. સંઘવી
૫૦૦૦	કચરાલાલ ચુનીલાલ શાહ
૫૦૦૦	પાનાચંદ પી. ગાલા
૫૦૦૦	વસંતરાય દલીચંદ શેઠ
૫૦૦૦	લીનાબેન વી. શાહ
૫૦૦૦	રવિન્દ્રભાઈ સાંકળીયા
૫૦૦૦	કાંતિલાલ કીલાચંદ ચેરિ. ટ્રસ્ટ
૫૦૦૦	પ્રતિમા ચક્રવર્તી
૫૦૦૦	એક બહેન તરફથી
૫૦૦૦	રમણીકલાલ એસ. ગોસલિયા
૫૦૦૦	રામજીભાઈ નરભેરામ વેકરીવાલા
૫૦૦૦	શાંતિલાલ પી. વોરા
૫૦૦૦	દેવચંદ જી. શાહ
૫૦૦૦	ભાનુબેન અને રમેશભાઈ મહેતા
૫૦૦૦	જયંતીલાલ ભીમજી ગંગર
૫૦૦૦	મહેન્દ્રભાઈ પી. દોશી
૫૦૦૦	ડૉ. સ્નેહલ સંઘવી
૩૦૦૦	વર્ષાબેન આર. શાહ
૩૦૦૦	નયના હિતેન્દ્ર કુરિયા
૨૫૦૦	સેવંતીલાલ એફ. શાહ
૨૫૦૦	પ્રકાશ એસ. દોશી–HUF
૨૦૦૦	એમ. બી. વોરા
૨૦૦૦	પ્રેમજી રાયસી ગાલા
૧૦૦૦	કેતનભાઈ લાલજીભાઈ શાહ
૧૦૦૦	બાબુભાઈ મુળજીભાઈ સરધારવાળાના સ્મરણાર્થે
૧૦૦૦	ખીમચંદ છગનલાલ વોરા થાનગરના સ્મરણાર્થે
૫૦૦	શાંતાબેન બાબુલાલ શાહના સ્મરણાર્થે
૫૦૦	હસમુખલાલ બાબુભાઈના સ્મરણાર્થે
૫૦૦	કિશોરચંદ્ર બાબુલાલ શાહ ઇટારશીના સ્મરણાર્થે
૫૦૦	ભારતીબેન જશવંતલાલ શાહ ઘાટકોપરના સ્મરણાર્થે
૫૦૦	પિયૂષભાઈ કિશોરચંદ શાહ ઇટારશીવાળાના સ્મરણાર્થે
૫૦૦	સારાભાઈ ચીમનલાલ શાહ સુરેન્દ્રનગરના સ્મરણાર્થે
૫૦૧	જીતેન્દ્ર એ. શાહ
૫૦૧	શશિકાંત વૈદ્ય
૫૦૬૦૦૩	

પ્રેમળ જ્યોતિ

રૂપિયા	નામ
૨૫૦૦૦	ચંદ્રાબેન પિયૂષભાઈ કોઠારી
૧૫૦૦૦	પંકજભાઈ વીસરીયા
૪૦૦૦૦	

કિશોર ટિંબડિયા કેળવણી ફંડ

રૂપિયા	નામ
૨૫૦૦૦	એક ભાઈ તરફથી
૨૦૦૦૦	એક ભાઈ તરફથી
૧૦૦૦૦	ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ
૧૦૦૦૦	એમ. કે. શેઠ ચેરિટી ટ્રસ્ટ
૫૦૦૦	ભાનુબેન પટેલ
૭૦૦૦૦	

* * *

Thus HE Was, Thus HE Spoke :

SAI BABA

From the far away exotic world of Konya and the inner realm of Rumi, let us come back closer home to our very own beloved Shirdi Sai Baba.If Rumi epitomised love, Sai represents compassion.Every believer has his/her personal acknowledgement of his 'karuna.' Devotees swear by 'Sai Charitra' that if one starts reading it on a thursday and finished it by the following thursday, a boon will be granted. Some see Sai in their mind's eye, other's in their night dreams but Sai ki Nagri is fragrant with stories of his compassion.

So who is Sai Baba? I use the present tense because a 'Sai Bhakt' will vouch that Sai still lives in Shirdi, or in their hearts.

. He taught us 'shradha' and 'saburi'- the basics for a happy life and a spiritual life - Have faith and have patience.

Sai Baba was a 'saint' in the early nineteenth century. Very little is known of his origins. It is believed that he left home at a young age and may have been a disciple of a Sufi Fakir (A Muslim mystic.) Why did he choose Shirdi as his home later is still a mystery but the days after he reached Shirdi are all frozen in the oral tradition of the Bhakts.

When he first arrived, the villagers thought he was a lunatic. He did not fit in any concept of a holy man. He called on both Bhagwan and Allah. But gradually his divine powers as a healer and his never ending compassion made people realise that he was no ordinary man.

Here I would once again call upon the philosophy of 'Anekantvad' while looking at Sai's miracles. And that is the beautiful blend of one's karma and divine grace. Can anyone, human or saint take away one's vedniya karma or antray karma? No and yes. No because nothing or noone can give or take from anyone.and yet the divine eye, divine grace can diffuse the biggest catastrophies.And in it lies our understanding Sai baba's 'Karuna.'

I am going to briefly speak about three incidents or characteristics which throw light upon this higher being.

For all the sixty years he was there, one thing remained upto his death was to go out everyday to beg for food. I use the word beg but it was more like our Digambar Sadhu(except the quantity would differ) where he would he would go to a few houses and collect food , after which he would mix everything in a clay jar, keep that clay jar out in the open , so a few animals would take some morsels from it after which he would touch it.This was both his victory over the sense of taste and his immesurable compassion .

Another incident was about oil. Sai baba besides food, used to beg for a little ghee/tel to light the lamps.(diyas) . Once the villagers did not give him oil to light his lantern. Unperturbed he went to the mosque, filled his clay jar with water and filled the water in the lamp and it burned as brightly as if filled with oil. This comes to a special part of most saints. Because the pudgals in the aatma pradesh have started to diffuse, the words we use for them is 'nirmal.'and in 'Nirmal' souls, siddhis, or abilities to perform what we call miracles becomes natural . and yet, most of the real saints keep these siddhis to themselves and rarely use it.

His miracles are innumerable. That was his destined way to convert devotees from the worldly way to the spiritual.. His way of curing were bizarre to the normal human being. He was like a local hakim but he rarely gave herb concoctions- usually he gave bhasm or ash from his fire which used to invariably work. But at other times he has done things like putting his own hand in the fire to save a child who had fallen in a forge.

At the same time, and this is the final point of him in this essay is that whenever he was performing a miracle,or curing an ill,he would say,'Allah acha karega' or 'Allah Mallik hai' or 'the fakir will not allow me to do that' or 'i can only do what the Fakir orders me to.' and I shall end this with just this,,, that saints anywhere be it chaitanya prabhu, or Mirabai or Narsi Mehta or Compassionate Sai baba - they are all always under Guru Aagnya.' which is a fundamental aspect , maybe in their cases, this direct connect to Allah and in other cases, pratyaksh guru, but even in a previous lifetime, it is said that Sai Baba's guru was from Shirdi which is why he chose that place to kind of repay back the 'Karuna' shown on him.

To those who offer love and faith to Sai,Sai Baba returns blessings in great measure. He remains one of India's most loved saints.His grace ever present.

RESHMA JAIN
The Narrators
Mobile: 9820427444

A story from Aagam Katha

`MAHAVIR' THE OCEAN OF COMPASSION

Just as a lotus flower very delicately bends and drops the dew drop fallen on its petal and becomes dry, the Prince Vardhamana became free from al worldly fondness and was shraman (saint) Mahavir. He started a difficult life after abandoning the royal life.

It was the first day of his saintly life. He started moving about from one place to another. The whole city Kshatriyakundnagar, Royal Family, people of the kingdom, the foster mothers, Gods & Godesses etc. no body was noticed by him & he started on his saintly journey. When he reached kumargram, it was practically dark, the birds were returning to their nests. The sun was about to set and at that very moment a golden ray of divine knowledge arose in his heart and he sat in meditation below a tree out side kumargram. He was totally engrossed in his dhyana.

A shepherd was passing by from this side with his animals. It was evening and was the time to milk the cows, so the shepherd wanted to go to his village, but the difficulty with him was, who will look after his animals? He looked around for somebody who could look after his animals and he saw one saint standing there. He went to him and in hurry he just uttered, `Oh! please look after my aimals. I will return very fast after milking the cows.' He just went away without waiting for the reply from the saint.

Mahavir was very much engrossed in his meditation and was unable to look after the animals.

The animals were tired and went hither thither searching for grass. After some time the shepherd returned but could not find his animals. So he just asked Mahavir.

`Did you see my animals? Where are they?' Mahavir was in meditation so he did not answer. The shepherd went in search of his animals. He could not find them. The whole night passed away and it was time for sunrise. The shepherd was getting nervous. He was very much upset and tired.

On the other side the animals also after satisfying their hunger returned to Mahavir and were resting. The shepherd gor exited and shouted.

`Oh! you a thief in the saintly form! You had hidden my animals for the whole night in some lonely place and now you wanted to run away with my animals? I was tired moving about in search of my animals. Now I will punish you in such a way that you will remember it for your lifetime.' The shepherd was about to hit Mahavir with reins of the ox.

Shakendra a God sitting in the God's assembly was thinking what Mahavir was busy with at this time. Shakendra with his divine knowledge saw the shepherd ready to hit Mahavir and so he turned the shepherd in to a statue and said,

`What are you doing? oh fool ! please hold on.'

The Shepherd was frightened with the sudden shout.

Shakendra said, `Oh fool ! the person whom you believe to be a thief is the glorious son Vardhman-Mahavir of the king Siddharth. He has abandoned all the royal facilities and is on the path of saintly life. How dare can you think about him to be a thief? How can he steal your animals? It is really very sad that you are thinking of hitting Mahavir.

After hearing this the shepherd felt sorry and tremblingly asked Mahavir to forgive him for the bad words used by him. He bowed down at the feet of Mahavir.

Mahavir was very kind by nature and so not only that the shepherd was forgiven but he loved shepherd and his eyes were full of tears with love.

Gujarati : Pujya Muni Shri Vatsalydeepji
English Translation : Pushpa Parikh

In the prayer meeting, a bomb exploded right in front of Bapu's seat.
He was saved by sheer luck.
Lady Mountbatten congratulated Bapu for escaping the attack.
Bapu told her : `When I am shot in my chest and I have `Ram Naam' on my lips and love for my killer then only I will be worthy of your congratulations.'
That day was not very far either.

JAINA DARSHANA AND MANOJ SHAH'S THEATRE

It's all Apoorav Khela, Wonderful Play

Amrit Gangar is a Mumbai-based film theorist, curator and historian. He is also an avid theatre watcher. A number of articles on Jainism penned by him have appeared in The Speaking Tree column of The Times of India

Playwright-director-producer Manoj Shah's four plays dealing with Jainism include Apurva Avsar (about life and times of Srimad Rajchandra; premiered in 2007), Jeete Hai Shaan Se...! (on animal cruelty, 2008) Vastupal Tejpal (two brothers who built the Dilwara Temple; 2008), Siddhahem (about the great Jaina grammarian-scholar Acharya Hemchandracharya; 2010) and Apoorav Khela (about Jaina saint-poet Anandghanji; 2012). Over a period of time, these plays have been staged in various parts of the country and abroad. These proscenium plays in Gujarati language besically invoke the Jaina tattvajnana (philosophy) and hence draw audiences largely from Jaina communities wherever they are staged. Needless to say, for the art of theatre that brings flesh-and-blood impersonating bodies on stage, such invocations are extremely difficult to realize.

Of these plays, I found Apurva Avsar theatrically significant for its use of space (theatre is a highly spatial art unlike cinema which is (temporal) and the use of whiteness-through white cotton, fabric. This enduringly imaginative whiteness, I thought, made the play austere and meditative, not as a prop. Siddahem does succeed in celebrating the scholarship and the austerity in its pristine proscenium beauty but somehow I found Vastupal-Tejpal quite simplistic and a bit loud. Apoorav Khela had, I suppose, the biggest challenge in enlivening the character of Anandghanji about whom barely any information is available. Again the challenge was to invoke the meditative aspect of the play and how to transfer the experience on to the audiences-all through the proscenium space and within that space the human bodies acting, the character of Anandghan in the crucial centre. The great ascetic Anandghan becomes significant in our times (or in all times) because he is a cliche-breaker, he is the one who could cross boundries and accept religious wisdoms from anywhere else, he is the one who is against narrow and parochial sectism, he is the one who could embrace poetry and music so easily and with lightness of being. He is a spontaneous poet who wrote padas and could interprete agamas. To bring Anandghan on stage in itself is a chalengingly courageous act, I would believe.

However, my first experience of the character could not accept him in his entirely, finding him much too loud and rough in his bodily movements (bhangima), which I thought a trained dancer would have personified the character better, with more softer and saumya gestures. Throughout his abhinaya disposition on stage, there are dancing (along with singing) gestures a lasya of sort, which at first sight I found a bit ungentle. But then considering his avdhoot state I could better contextualise his historionics the way they were imagined by Manoj Shah.

Talking about the theatrical aspect of tatvajnana, I think Manoj Shah's journey had begun with Akho, a medieval Gujarati poet about whom he had produced and directed a play in 2004 and since then he increasingly turned towards Jaina darshana; he being a Jaina himself. Nevertheless, one fear that I foresee in such plays is about the audiences who are obviously religiously devoted ones, who go to theatre with a certain sense of reverence and not with the expectance of the deeper thatrical experience-through its spatial invocations. But yes, we cannot negate the holistic power of theatre-it has to have its impact, and a lingering one. I think for cinematography (the French flimmaker the late Robert Bresson uses this term as a higher function of cinema, a transcendental one) it is comparatively easier to evoke such an experience or deeper anubhooti. But theatre has own privileges, too.

All said done, perhaps first time in the history of Gujarati theatre, there is such a strong body of work that articulates Jainism through proscenium theatre in tis different faces. I only wish that such body of work reaches non-Jaina udiences (including scholars) in some way or the other.

□ Amrit Gangar

PARYUSHAN PARVA

(Festival Paryushan)

The defination of Paryushan is

'परि आसमन्तात् उष्यन्ते, दह्यन्ते पाप कर्माणि यस्मिन् तत् पर्युषणम् । i. e. The festival which destroys from all sides the karmas staying in the Atman.

Acc. to famous historian Dr. Jyotiprasad Jain the meaning of Paryushan (Pari Ushan) is to be engrossed in one's original nature after detaching oneself from the present nature, which means to know oneself in true sense.

Parushan is a religious festival of the Jains. It is really time to improve upon one's own self and to think about the Atman & to learn about the way of living one's life in such a way that the so called karmas are destroyed and one is able to achieve.

Moksha (liberation from the cycle of Birth & Death)

The question arises, why only during these particular days only? These days the life has become so busy that it is not possible to live everyday the way in which we live during paryushan.

These are the days when people find or take out some time from their daily routine work and attend good lectures.

There are two ways of reaching our karmas.

1. By outer Penance &
2. By Inner Penance.

Under outer penance come fasting, Unoderivrat (less consumption than normal) or leaving one rasa (rither sweet, salty etc.)

Under inner penance come Rpentance, Politenss, Study of religious books and Dhyana i.e. meditation etc.

Repentance is an important penance. Knowingly or Unknowingly commit sins many a times and we ask for forgiveness from god.

The one way of doing this is on the last day of Paryushan you do Pratikramana in which you repent for the sins committed by you. It is known as Samvatsari Pratikramana.

Srimad Rajchandraji has said, 'ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે' which means forgiveness in a big gate–the main gate of `Moksha'.

□ PUSHPA PARIKH

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૯	૫૪૦
૧૩	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૪	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૫	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૬	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૭	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬	૩૫૦
૧૯	નમો તિત્થરસ	૧૪૦
૨૦	જ્ઞાનસાર	૧૦૦
૨૧	પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩	૫૦૦
૨૨	સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪	૩૯૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૨૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૨૪	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
	શ્રી શશિકાંતભાઈ મહેતા દ્વારા કાયોત્સર્ગ ધ્યાન ડી. વી. ડી. રૂા. ૧૦૦	
૨૫	આર્ય વજ્રસ્વામી	૧૦
૨૬	આપણા તીર્થંકરો	૧૦૦
૨૭	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૨૮	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૨૯	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૩૦	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૩૧	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૩૨	જૈન પૂજા સાહિત્ય	૧૬૦
	ડૉ. રેખા વોરા લિખિત	
૩૩	આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ	૧૬૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

FIRST TIRTHANKAR : BHAGWAN RISHHBDEV

SHREYANSKUMAR'S DREAM

This is the story of the first tirthankar. He was the first ascetic who left the Royal Palace and accepted the life pattern of a monk which means moving in the villages, fields and forests to meet the people and reduce their worries and agonies of life.

Rishabhdev in his wandering once reached Hastinapur. It so happened that Shreyanskumar, Prince of the King Somprabha, saw a dream at night. Somprabha was the son of Bahubali..

What it means what he saw in his dream, the question was lingering in his mind constantly. He spoke to his father King Somprabha. " I saw a dream last night. It was very queer. I can not understand the meaning of it.'

" Tell me what it was." The king asked.

Isaw in that dream the highest peaks of the great mountain Meru. Surprisingly these golden peaks were under dark shadows. Than I saw I was bathing the mountain Meru. I was pouring from a golden pot in my hands and the mountain Meru receives back its original golden glory."

" Dear son, yes, it is surprising. I also saw a similar dream."

As they were talking there came Sheriff of the town named Subuddhi. He also said that he too saw a dream somewhat like this.



There entered the great monk Rishabhdev in Hastinapur. People were rushing on the road to bow down to him. Rishabhdev making his own way from the surging crowd was coming towards the Palace.

Shreyanskumar was sitting in a gallery of his Palace. From there he too saw the monk coming towards the Palace. Still his dream had not freed his mind from the hold. He rushed immediately to the gate of the Palace compound to receive the great monk. With heart felt joyous feelings he bowed down at the feet of the monk and then spoke to him, 'I welcome you heartily , Sir, Today I have 108 pots full of the juice of Ikshu, sugarcane. Please oblige me by ending your yearlong fasting by taking a sip of this Ikshurasa.

Prabh Rishabhdev brought his both palms together and took the juice to end his fasting.

Joy spread all around. The smiles were beaming on everyone's face. The sky echoed the cheer from the people of Hastinapur. That was the third day of the first bright half of the month of Vaishakh. Then onwards the day is being celebrated as The great day of joy called AKSHAYRITIYA.

Moral : Await for whomsoever with true hjeart,that one will definitely arrive.

***

BHAGWAN RISHABHDEV : HIS LIFE AND WORK

- Rishabhdev was born as first son of the King Nabhiral and the Queen Marudevi.
- Before giving birth to her son the mother Marudevi saw 14 dreams. The first figure in it was of a bull. So the child was named as Rishabh.:
- A sister was also born with him. She was named Sumangla.
- Rishabhdev got married to Sumangla and Sunanda.
- Rishabhdev grew up as a most intelligent young person with sharp thinking power. He was progressive, a visionary, and did not belive in fate but in action.
- He was born in third Ara (spoke) of descending time cycle.
- During descending time cycle the life of people go on reducing. In Avasarpini time cycle reverse of it happened.
- People at that time were living in natural condition. Rishabhdev taught them agriculture, commerce, writing,and other disciplines.
- Ruling aft6er long years he lost interest from the worldly pleasures. He passed on reigns to his sons and he took omniscience to attain Keval Gnyan.
- He continued severe penance for a thousand years. He got divine knowledge under the banyan tree in the Fakatmukh garden of the city Vionita one day. Then onwards he lived as true 'Jin'.
- Rishabhdev taught truth, Non-violance etc for many years. A thousand monks were prepared under him. He attained Nirvan on the mountain Ashtapad.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57. Published on 15th of every month &
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month I Regd. No. MH /MR / SOUTH-146 / 2012-14

પોરબંદર રેલવેનું પહેલું ને છેલ્લું સ્ટેશન

હરજીવન થાનકી

વિદ્વાન લેખક ચિંતક છે અને જીવનની ઉત્તરાવસ્થાએ પણ લેખનમાં પ્રવૃત્ત છે.

પોરબંદર ભક્ત સુદામા અને મહાત્મા ગાંધીની જન્મભૂમિ તરીકે સુખ્યાત છે. પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ અહીં સાંદીપનિ વિદ્યાશ્રમની સ્થાપના કર્યા બાદ યાત્રાળુઓનો ધસારો વિશેષ જોવા મળ્યો છે.

પોરબંદરથી દ્વારકા સોએક કિ.મિ. દૂર તો સોમનાથ મહાદેવનું મંદિર ૧૩૫ કિ.મિ.ને અંતરે. રેલ્વેના બે પાટા, બંન્નેને જોડતા રહે, છતાં ક્યારેય એકમેકને મળે નહીં. સીધે માર્ગે જ ચાલવાનું સૂચવતા રહે. સુખી યાત્રાળુઓને શાંતિનો માર્ગ પણ ચીંધતા રહે.

જાણે, From Sukh to Shanti ની યાત્રા Via Karuna and Santosh ચાલ્યા કરે, ત્યારે સ્વાભાવિક રીતે જ ગૌતમ બુદ્ધ અને ભગવાન મહાવીરની યાદ આવતી રહે. કરુણા અને અહિંસા. ગાંધીજી જીવન દરમ્યાન, સત્ય, અહિંસા અને ત્યાગ માટે પંકાયા, તે પહેલાં પોરબંદરનું રેલ્વે-સ્ટેશન તેમના માટે પહેલું પગથિયું બની રહ્યું. ત્યારબાદ સમયની રેત પર તેમણે પાડેલાં પગલાં અવિસ્મરણિય રહ્યાં.

પોરબંદરથી બહાર જનાર માટે તે પહેલું, પણ બહારથી પોરબંદર તરફ આવનારા માટે તે છેલ્લું રેલવે-સ્ટેશન બની રહ્યું. તેથી અત્રેના એક સેવાભાવી સજ્જનના નામે પ્રાગજી બાપા-ગાંડાઓનો આશ્રમ પણ ખુલ્લો છે ! વગર ટિકિટે ટ્રેનમાં, ગમે તે સ્ટેશનેથી ચડી બેઠેલા ગાંડાઓને પોરબંદરે ઊતારી મૂકવામાં આવતા હોવાથી, તેની સંખ્યા પણ ઉત્તરોત્તર વધી રહી છે.

પ્રાગજીભાઈ S.T.માં ડ્રાયવર હતા, જેણે આવા ગાંડાઓની સેવા કરવાનો ભેખ લીધો હતો. તેઓ ગાંડાઓને પકડીને, અત્રે હાથી ટાંકીની પાણીની કુંડીમાં નવડાવે, વાળ કપાવી આપે, નાસ્તો કરાવે અને માગી ભીખીને વસ્ત્રો પણ બદલાવી આપે અને તેમને સ્વચ્છતા અને સ્વસ્થતાના પાઠ પણ ભણાવતા રહે. ગાંડાઓની સેવા કરવાની એક જ ધૂન તેમના મન પર સવાર થઈ ગયેલી, મેં મારી નરી આંખે જોઈ છે ! ત્યારબાદ પોરબંદરની પ્રજાએ તેમના અવસાન બાદ પ્રાગાબાપા ગાંડાશ્રમની શરૂઆત, તેમની સ્મૃતિમાં કરેલી, જે આજે પણ ચાલે છે જે દાતાઓના દાન પર નભે છે. પરંતુ ગાંડાઓ પોરબંદરમાં સચવાતા રહે છે. જેમ પહેલો અને છેલ્લો શબ્દ સાપેક્ષ છે. તેમ અમારું પોરબંદરનું રેલવે-સ્ટેશન 'જનાર' માટે પહેલું તો 'આવનાર' માટે છેલ્લું. ગાંધીજી 'ગયા' અને ગાંડાઓ 'આવ્યા', આવતા રહ્યા અને હજી આવતા રહે છે. આ ગાંડપણ (Madness) પણ એક પ્રકારની માનસિક ધૂન છે, જે માણસને છેવટે તો સત્ય, અહિંસા, ત્યાગ અને કરુણા તરફ દોરતી રહે છે. આમ જોઈએ તો પ્રત્યેક મહાપુરુષ, તત્કાલિન સમાજને 'ગાંડો' જ જણાતો હોય છે, પરંતુ તેનું ગાંડપણ (Madness) સહેતુક હોય છે. એટલું જ. ***

સીતારામ નગર, પોરબંદર.

પરગજુ શુભાકાકી

મેઘબિંદુ

મેઘબિન્દુ ગુજરાતી કાવ્યજગતના સન્માનીય કવિ છે. એમણે ગુજરાતને બે કાવ્ય સંગ્રહો આપ્યા છે. એમની કવિતા સ્વર સંગીત સાથે દેશ પરદેશમાં ગવાય છે. માનવીય 'સંબંધ' એમની કવિતાનો આત્મા છે. પૂજ્ય હરિભાઈ કોઠારીના તત્ત્વજ્ઞાનને એમણે પવન આપ્યો છે અને એ તત્ત્વયાત્રા આ કવિ મેઘબિન્દુ આજે આગળ ધપાવે છે.

પ્રેરણા આપે એવા જીવંત પાત્રને આપણે આ કવિની કલમથી માણીએ.

મુંબઈમાં મુલુંડસ્થિત આ કવિનો મોબાઈલ નંબર ૯૩૨૦૪૪૦૮૭૭

નામ તો એમનું શુભલક્ષ્મી પરંતુ બધા એમને શુભાકાકી તરીકે ઓળખતા. એમણે સિત્તેર વર્ષની ઉંમરે પોતાનું યૌવન જાળવી રાખ્યું હતું. એમના સ્મિતમાં કંઈક એવો જાદુ હતો કે એમને જે કોઈ મળે તેમને એ પોતાના કરી લેતાં, એ ખાવાના અને ખવડાવવાના ખૂબ શોખીન. તેઓ અવનવી વાનગીઓ ઘરે બનાવી, મિત્રો અને સ્નેહીઓને નિમંત્રી, મિજબાની કરતાં. બહાર ફરવાના પણ એ શોખીન. કાકાને બહાર ફરવાનો શોખ નહીં પરંતુ કાકીને તેઓ ક્યારેય નારાજ નો'તા કરતા. ચાર-છ મહિને એકાદ નાની ટૂર મારી આવતા. ફળિયાના બધા માટે યાદ કરીને તેઓ કંઈક ને કંઈક ચોક્કસ લાવતા.

ઘરની સફાઈ અને સજાવટના તેઓ શોખીન. આખો દિવસ તેઓ ઘરમાં વ્યસ્ત રહેતા. લાગણીસભર વ્યક્તિત્વ. નોકરોનું ધ્યાન રાખે. એમના સંતાનોને ભણવા માટે આર્થિક સહાય કરતાં. ઈશ્વરે એમને જે આપ્યું હતું તેમાંથી તેઓ ખોબલે ખોબલે લ્હાણી કરતા.

શુભાકાકીના વાળ સિત્તેર વર્ષે પણ કાળા હતા. દરરોજ સવારે સ્નાન કર્યા બાદ, તેલ બરાબર નાંખીને વાળની સુંદર સજાવટ કરતા. વાળ લાંબા અને ઘટાદાર જોઈને ઘણી વખત નવા લોકોને વિચાર આવતો એમણે વીગ તો નથી પહેરીને ! પરંતુ જ્યારે તેઓ જાણતા કે એ તો એમના ઓરીજીનલ વાળ છે ત્યારે તેઓ આશ્ચર્ય અનુભવતા.

એમનો દીકરો સુકેતુ અને પુત્રવધૂ સ્મિતાએ પોતાના વર્તનથી ઘરને વધારે સુંદર બનાવ્યું હતું. શુભાકાકીના સદ્‌નસીબે પુત્રવધૂ પણ પાકશાસ્ત્રની નિષ્ણાત અને ગુણીયલ મળી હતી. જૂની વાનગીઓને નવી રીતે રજૂ કરવામાં એ કુશળ હતી. એનું પ્રેઝન્ટેશન જ મનમોહક હોય એટલે ખાવા માટે પણ સૌ કોઈ લલચાતું. સાસુ-વહુના સંપને કારણે તેઓ ઈર્ષાને પાત્ર બન્યા હતા.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૫ મું)

પંથે પંથે પાથેય...

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૬૦ • અંક-૧૧ • નવેમ્બર, ૨૦૧૨ • પાના ૩૬ • કીમત રૂા. ૨૦



જિન-વચન

પૂર્વસંચિત કર્મોનો ક્ષય

खवेत्ता पुव्वकम्माइं संजमेण तवेण य ।
सिद्धिमग्गमणुप्पत्ता ताइणो परिनिव्वुड ।।
(दसवैकालिक ३ -१५)

સંયમ અને તપ દ્વારા પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરીને સંયમી પુરુષો સિદ્ધિમાર્ગને પ્રાપ્ત કરીને પરિનિર્વૃત (મુક્ત) થાય છે.

Having destroyed all previous Karmas through self-control and penance, monks reach the path of liberation and attain Nirvana.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૨માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૦મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

સૌજન્ય : શ્રીમતી નિરુબહેન શાહ

સિકંદરનું મંથન

જગતવિજેતા સિકંદર મોતથી બચાવે એવું ઔષધ શોધવા નીકળ્યો. શૌર્ય, સત્તા અને સંપત્તિ થકી જગતભરમાં અજોડ કાર્ય કરનાર સમ્રાટ સિકંદરને હવે મોતને તાબે કરવું હતું. એ મોતને નાથી લે પછી કશું કરવાનું નહોતું.

જગતવિજેતા સમ્રાટ સિકંદર મોતને નાથવા નીકળ્યા. એના મંત્રી, સંત્રી, વજીર સહુ કોઈને હુકમ કર્યો કે મોતને મહાત કરે એવી કોઈ ઔષધી શોધી લાવો. અમર થવાના કોઈ કીમિયાની ખોજ કરો. સિકંદરના રાજસેવકો ઠેર ઠેર ઘૂમી વળ્યા. તેઓ સિદ્ધ પુરુષોને મળ્યા. જોગી અને જતી, સંત અને સાધુ, વૈદ અને હકીમ એ બધાયને મળ્યા, પણ કોઈ મૃત્યુ પરના વિજયનો કીમિયો બતાવી શક્યું નહીં. સહુએ લાચારી બતાવી કે જો આટલી શક્તિ અમારામાં હોત તો અમારા સ્વજનોને શું કરવા મરવા દીધા હોત?

શહેનશાહ સિકંદર વિમાસણમાં પડી વિચારવા લાગ્યો કે આ કુદરતનો કેવો અન્યાય? જિંદગીમાં કશી પણ કમાણી ન કરનાર ગરીબ જેમ ખાલીહાથે જાય છે એમ મારે પણ ખાલીહાથે જવાનું?

આવે સમયે શહેનશાહ સિકંદરને એક દરવેશે કહ્યું કે એક તળાવનું પાણી એવું છે, જે પીએ તે અમર થઈ જાય.

શહેનશાહ પગપાળા એ તરફ દોડ્યો અને એણે જોયું તો તળાવમાં અમર એવા મગર હતા. એમના શરીર મહામહેનતે ઢસડતા હતા. અંગો ખવાઈ ગયા હતા. આંખે ઝાંખપ આવી ગઈ હતી. આ મગરોની ઉંમર પાંચેક હજાર વર્ષની હતી.

એક મગર મહામહેનતે કિનારાની વેળુમાં આવ્યો, ને હાંફતા હાંફતા બોલ્યોઃ 'સુખી માણસ હું તને ચેતવું છું. આ તળાવનું પાણી ન પીવાની

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૭)

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	નૂતન વર્ષે ઋતંભરા પ્રજ્ઞા પ્રગટો...	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	મહર્ષિ અરવિંદનું જીવનદર્શન	જ્યોતિબેન થાનકી	૫
(૩)	સુખ તમારી પ્રતિક્ષા કરે છે....	પ. પૂ. આ. શ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી	૮
(૪)	જે તમારી ખૂબ નજીક છે, તેને તમે દૂરદૂર ક્યાં શોધો છો?	શશિકાંત લ. વૈદ્ય	૧૧
(૫)	બહુ પ્રયુક્ત વિશેષણ-એક વિશ્લેષણ	પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.	૧૨
(૬)	પાલિતાણા ખાતે જૈનકથા સાહિત્યની રાષ્ટ્રીય સંગોષ્ટીનો ઐતિહાસિક કાર્યક્રમ યોજાયો	—	૧૩
(૭)	પ્રશંસનીય પરિપક્વ દીક્ષા	પ્રવીણ ખોના	૧૫
(૮)	મારા જીવનને સુધારનાર દિવાલો	અંગ્રેજી : નોર્મન યામીન અનુવાદ :પુષ્પાબેન પરીખ	૧૭
(૯)	શ્રી મું. જૈ. યુ. સં. દ્વારા ૭૮મી પર્યુષણ વ્યાખ્યાનમાળા	—	૧૮
(૧૦)	જૈન વિશ્વકોશ અંગે અમદાવાદમાં વિદ્વત્ત સંમેલન સંપન્ન થયું	—	૨૧
(૧૧)	જયભિખ્ખુ જીવનધારા : ૪૪	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૨
(૧૨)	આગમસૂત્ર પરિચય વિશેષાંકના પ્રતિભાવો	—	૨૮
(૧૪)	શાશ્વત ગાંધીકથાનો શુભારંભ	—	૨૯
(૧૫)	Thus HE Was, Thus HE Spoke	Reshma Jain	31
(૧૬)	The way to serenity : journey to Leh	Sarthak Parikh Translation : Pushpa Parikh	32
(૧૭)	Bhagwan Ajitnath	Kulin Vora	35
(૧૮)	પંથે પંથે પાથેય : 'શિવ સંકલ્પ'	ગીતા જૈન	૩૬
	પંથે પંથે પાથેય : ચિનગારી કોઈ ભડકે...	ઈન્દિરા સોની	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૦ ● અંક : ૧૧ ● નવેમ્બર ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૯ ● વીર સંવત ૨૫૩૯ ● કારતક સુદિ ● તિથિ-૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

નૂતન વર્ષે ઋતંભરા પ્રજ્ઞા પ્રગટો...

'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકો ! આવો, પધારો, નવા વર્ષે આપણે થોડાં સંકલ્પો કરીએ. થોડું ચિંતન કરીએ. મારા વ્હાલા પ્રબુદ્ધ વાચક ! અહીં 'હું' 'મારું' અને 'અમારું' લખું એટલે 'આપણું' સમજજો. સર્વ પ્રજ્ઞાવાન અને સાધુ-ઋષિ આત્માઓને અમારા પ્રણામ હો !

વિશ્વના સર્વ અરિહંત અને સિદ્ધ આત્માઓને અમારા કોટિ કોટિ વંદન હો. વિશ્વના અણુએ અણુ તરફ અમારો પ્રેમ વહેતો રહો. અમારા મન, વચન કે કર્મથી કોઈ જીવની હિંસા ન થાવ. ક્યાંય કોઈ ફૂલની પાંખડીઓનું અત્તર બને કે કોઈ વૃક્ષની ડાળખી તૂટે ત્યારે અમારું હૈયું અપાર વેદના અનુભવો. આ જિહ્વા ઉપર સદા સત્યનો વાસ હો. સત્યની ઉપાસના હો. અંતર કરુણાથી તરબતર હો.

જગતના સર્વ તત્ત્વજ્ઞાનીઓના સત્વભર્યા તત્ત્વોનો અમારી પ્રજ્ઞા અને આત્માને સ્પર્શ હો. સર્વ ભક્તોની ભક્તિમાં અમારા હૃદયની ભક્તિ ભળો.

આ ધરતી ઉપર એક પુદ્‌ગલ અને આત્મા લઈને હું જન્મ્યો છું, અને અનેક પરિવર્તનો સ્વીકારી હું ચાલ્યો જવાનો છું. સર્જન, વિસર્જન અને પરિવર્તન આ સત્ય હું જાણું છું, અને સ્વીકારું છું. મારો કોઈ ધર્મ નથી. મારા શરીર કે આત્મા ઉપર કોઈ ધર્મની છાપ ન હો, બસ મને કોરો રહેવા દયો.છતાં માત્ર માનવતા એ જ મારો ધર્મ બની રહો. હું માનું છું કે આ ધરતી ઉપરથી 'ધર્મ'ની છાપ ભૂંસાશે અને 'તત્ત્વ'નું નકશીકામ થશે ત્યારે બધાંકલહનો અંત આવશે અને વિશ્વ શાંતિ સ્થપાશે.

મારી આજુબાજુ અનેક પુદ્‌ગલો છે અને એના અનેકવિધ આકારો છે, પણ એ સર્વમાં એક એક આત્માનો વાસ છે, જે પરમાત્મા બનવા સમર્થ છે, બસ માત્ર એ આત્મા તરફ જ મારી દૃષ્ટિ હો, એ આત્માને જ મારા વંદન હો. મને એ આકારો દેખાતા નથી. માત્ર અને માત્ર ભિતરનો એ આત્મા જ દૃશ્યમાન થાય છે અને એને જ હું અંતરથી વધુ ચાહું છું.

મારા માટે સર્વ આત્મા સરખા છે એટલે વ્યક્તિ પૂજાની અતિશયોક્તિથી મને બચાવી લેજે. એ ભેદ અભેદ કરજો.

આ સૃષ્ટિમાં મને જેટલું મળ્યું છે એટલી જ મારી લાયકાત હતી-છે, એથી વિશેષની મારી તમન્ના ન હોય, છતાં પુરુષાર્થ અને કર્મ મારા કર્તવ્ય બની રહો.

મને મારી જરૂરિયાતથી વધુ મળે એ મારું જ બની ન રહો, હું એ સર્વનો ટ્રસ્ટી બની રહી જરૂરતમંદ તરફ એ વહાવું. મારા પરિશ્રમથી મળે એટલું જ ધન પામું. અન્યના પરિશ્રમથી પ્રાપ્ત કરેલું ધન મને વર્જ્ય હો, એ કર્મબંધ છે. મને માત્ર ન્યાય સંપન્ન વૈભવ જ મળો. બાહ્ય વૈભવ મળે ન મળે પણ આંતર વૈભવ અધિકાધિક મળો.

હું મારા પ્રિયજનોને અને સ્વજનોને મારા સમગ્ર અસ્તિત્વથી ચાહું, પણ આસક્ત ન બનું. સમય આવે ત્યારે સાપની કાચળીની જેમ બધું

આ અંકના સૌજન્યદાતા
સુશીલાબેન ચીમનલાલ ઝવેરી
હસ્તે : પુષ્પસેન ચીમનલાલ ઝવેરી

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ઉતારી નાંખું. કારણ કે બધું અનિત્ય છે. ક્યારેક તો તૂટવાનું અને છૂટવાનું છે જ. પળે પળે સર્વની ક્ષમા માગું અને ક્ષમા આપું.

અન્નને પ્રત્યેક કોળિયે, પાણીને પ્રત્યેક ઘૂંટડે, હવાની પ્રત્યેક લહેરકીએ એ આપનારનો ઉપકાર માનું અને જે જે પુદ્‌ગલો આ અન્નપાણીથી વંચિત રહ્યા છે એમના પ્રત્યે મારી કરુણા વહો અને એમને એ મળે એવા પ્રયત્નો હું કરું, કારણ કે આ જગતમાં કાંઈ જ મારું નથી, જે છે એ સર્વનું છે. નથીંગ ઈઝ માઈન, એવરીથીંગ ઈઝ ડીવાઈન.

કીર્તિ વિષકન્યા છે. એની પાછળ હું દોડું નહિ. મારા પ્રત્યેક શુભ કાર્યમાં હું મૌન રહું.

મારી વાણીને સમયે સમયે મૌનથી શણગારું. મિતભાષી બનું.

મારા મન અને બુદ્ધિનો વિકાસ થાવ પણ હર પળે મારા ચિત્તનો વિકાસ થાવ, થાવ અને થાવ જ. આત્મ અનુભૂતિનું ઝરણું નિરંતર પ્રગટતું રહો.

પળે પળે મને તત્ત્વબોધ થાવ.

સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદ મારી બુદ્ધિમાં પ્રવેશો.

જીવનમાં જ્યારે જ્યારે દુ:ખો આવે ત્યારે એના નિમિત્ત અને કારણોને હું દોષ ન આપું, અને સમતાથી એ સહન કરું. નવો કર્મ બંધ ન પામું. જે થયું છે એ મારા પૂર્વ કર્મોનું જ પરિણામ છે.

આ મોહ રાજાની પત્ની કુમતિ છે, તેના પુત્રો કામ, ક્રોધ, મોહ, લોભ છે અને ઈર્ષા-તૃષ્ણા એની પુત્રીઓ છે. આ સર્વથી હું જોજનો દૂર રહું, અને ચેતન રાજાની પત્ની સુમતિ, એના પુત્રો તપ, સ્વાધ્યાય, સંયમ, વિવેક અને પુત્રીઓ, શ્રદ્ધા અને ભક્તિ મારો પરિવાર બની રહો. આ પરિવાર જ મને સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી રિદ્ધિ-સિદ્ધિ અને મોક્ષના દર્શન કરાવશે.

આ મન-મનડું છે નાન્યતર જાતિનું પણ નર-નારી બન્નેને એ નચાવે છે. એ મનને નાથવાની, એને બાંધવાની શક્તિ મને પ્રાપ્ત થાવ.

શ્રુતજ્ઞાનનો ભંડાર છે એવા આગમો, ગીતા, ઉપનિષદો, બાયબલ, કુરાન અન્ય તત્ત્વના ગ્રંથો અમારી પાસે ઉપલબ્ધ છે. જે જીવન જીવવાની કળા શિખવે છે અને જીવનની પ્રત્યેક સમસ્યાનું સમાધાન આપે છે. આ શ્રુતજ્ઞાનનો મારી પ્રજ્ઞામાં વાસ થાવ.

કુબેરના ભંડારને શું કરવો છે ? એ એક દિવસ અવશ્ય ખાલી થવાનો છે અથવા એને અહીં જ મૂકીને જતા રહેવાનુ છે, સાથે આવશે મહાવીર, કૃષ્ણ અને અન્ય અવતારી આત્માની વાણી અને ગૌતમ સ્વામીની જ્ઞાનલબ્ધિ. આ વાણી જ્ઞાનલબ્ધિ મને પ્રાપ્ત થાવ.

હા, 'પૈસા ઝાડ ઉપર ઉગતા નથી', પણ તપ, સંતોષ અને શુભકર્મના વારિ સિંચનથી મનના ઝાડ ઉપર શાંતિ જરૂર ઉગવાની છે. એના પુષ્પોમાં સમવસરણની સુગંધ છે, એ ફળ અમૃત જેવું છે, અ-મૃત છે.

હે કાળદેવ ! અમારામાં આવી ઋતંભરા પ્રજ્ઞા પ્રગટાવો...નવા વર્ષે...પ્રતિ વર્ષે...પ્રતિ પળે...

હે કાળદેવ ! અંતર મમ વિકસિત કરો....

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

ધર્મ

- *જે વસ્તુનો બુદ્ધિ સ્વીકાર કરે તે વસ્તુનો અમલ કરવો યોગ્ય છે અને ધર્મ છે.*
- *જ્યાં જીવ છે ત્યાં અહિંસા હોવી જ જોઈએ. હિંસા મનુષ્યનો ધર્મ નથી, રાક્ષસનો ધર્મ છે. કોઈપણ ધર્મ આચરણમાં ન મુકાય એ ધર્મ ન કહેવાય.*
- *જૈન શબ્દ મૂળ ધ્યાન પરથી આવ્યો છે. જૈન ધર્મના આધ્યાત્મિકતા, સરળતા, સૌંદર્ય અને સત્ય આ ચાર સ્તંભ છે.*
- *આદત એ માણસના ભૂતકાળનું પરિણામ છે. ભૂતકાળને કારણે એક પ્રકારનો પક્ષપાત કે મોહ જાગે છે. જે માણસ ભૂતકાળથી છૂટો છે અને ભવિષ્યમાં બંધાતો નથી એ માણસ કોઈ પણ ક્ષણને મન ભરીને માણી શકે છે. જૈન ધર્મમાં ક્ષણે ક્ષણે જીવવાનો ધર્મ છે.*
- *જીવનનો ધર્મ જો પ્રેમ ન હોય તો મૃત્યુની વચ્ચે જીવન ટકી શક્યું જ ન હોત.*
- *સાચો ધર્મ એટલે સર્વ પ્રત્યે સમભાવ અને જરૂરત હોય તેને દિલથી મદદ કરો.*
- *ધર્મના મૂળ સ્રોત સ્થાયી છે. તે અકાટ્ય છે. નવા યુગનો પુરુષ પણ તેને તેવી જ રીતે સ્વીકારવા બદ્ધ છે.*
- *ધર્મ જીવનને પરમાત્મામાં જીવવાની વિધિ છે. સંસારમાં એવું જીવન જીવી શકાય જેમ સરોવરના કાદવમાં કમળ ખીલે છે.*
- *ધર્મ એટલે કર્તવ્ય. મનુષ્ય હોવાથી આપણાં અમુક કર્તવ્યો છે. જે આ કર્તવ્યોને માની તેનું પાલન કરે છે તે માનવ ધર્મને અનુસરે છે.*

□ કીર્તિલાલ કા. દોશી સંપાદિત અને પ્રકાશિત 'પ્રજ્ઞાની પાંદડીઓ'માંથી સાભાર

● **૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/-(U.S. $ 20)** ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/-(U.S. $ 50)** ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/-(U.S. $ 80)**
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/-(U.S. $180)**

મહર્ષિ અરવિંદનું જીવનદર્શન

□ જ્યોતિબેન થાનકી

ભારતની આ પવિત્ર ભૂમિ ઉપર અનેક પ્રકારની સાધનાઓ થતી આવી છે. એ ઋષિઓ, સિદ્ધો, સંતોએ સાધના દ્વારા પ્રાપ્ત કરેલા સત્યને પોતાના દર્શન રૂપે પ્રગટ કર્યું છે. ઋષિઓએ વેદોની ઋચાઓમાં એ દર્શનને પ્રગટ કર્યું. બુદ્ધે મધ્યમ માર્ગ દ્વારા નિર્વાણ પ્રાપ્તિનું દર્શન આપ્યું. ભગવાન મહાવીરે તપશ્ચર્યાના માર્ગ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિનું દર્શન આપ્યું. આદ્યશંકરાચાર્યે અદ્વૈતનું દર્શન આપ્યું. વલ્લભાચાર્યે પુષ્ટિમાર્ગ આપ્યો. ઋષિ દયાનંદે વેદોના પુનરૂત્થાન દ્વારા સત્યાર્થ પ્રકાશનું દર્શન આપ્યું. આ બધામાં આધુનિક યુગના દૃષ્ટા મહર્ષિ અરવિંદનું માનવ પ્રકૃતિના દિવ્ય રૂપાંતર દ્વારા નવી દિવ્ય માનવજાતિના ભાવિનું દર્શન અનોખું છે

મહર્ષિ અરવિંદ જન્મ્યા કલકત્તામાં, અભ્યાસ કર્યો ઈંગ્લેન્ડમાં કાર્ય કર્યું ગુજરાતમાં-મહારાજા સયાજીરાવ ગાયકવાડના શાસનમાં-વડોદરામાં તેઓ લગભગ સાડાતેર વર્ષ રહ્યા. તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખુલ્લી રીતે ઝૂકાવ્યું. કલકત્તામાં એક વર્ષ અલીપુર જેલમાં રહ્યા. ત્યાં તેમણે ઉગ્ર સાધના કરી વાસુદેવમ્ સર્વમિતિનો સાક્ષાત્કાર કર્યો. પછી પોંડીચેરીમાં ચાલીસ વરસ સુધી સાધના કરી માનવપ્રકૃતિના દિવ્ય રૂપાંતરનો માર્ગ શોધ્યો. એમની આ સાધના દ્વારા જે નવો પ્રકાશ અને દર્શન મળ્યાં તે તેમણે શિષ્યો સાથેના વાર્તાલાપોમાં, પત્રોમાં તથા પુસ્તકોમાં પ્રગટ કર્યા છે. એ દર્શન શું છે, અને તેના દ્વારા યુગપરિવર્તન શી રીતે થશે એ વિષે આપણે જોઈએ.

આપણે જાણીએ છીએ કે પૃથ્વી ઉપર વસતી સર્વ જાતિઓમાં મનુષ્યજાતિ સર્વશ્રેષ્ઠ છે. મન અને બુદ્ધિના વિકાસથી વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા મનુષ્યોએ અસીમ પ્રગતિ સાધી છે. સ્થળનાં અંતરો મીટાવી દીધા છે. અવકાશને આંબી લીધું છે. પણ છતાં માનવજાતિના મૂળભૂત દુઃખો તો ઓછાં થયાં નથી. તેણે નાનકડાં એવાં પોતાના મન પર હજુ વિજય મેળવ્યો નથી. મનમાં અસંખ્ય વિચારો, માન્યતાઓ, પક્ષપાતો, પૂર્વગ્રહો, માની લીધેલા ખ્યાલો, કેટકેટલું ભરેલું હોય છે! તો વળી મનુષ્યની પ્રાણમય પ્રકૃતિ તો એથીય નિમ્ન વસ્તુઓથી ભરેલી હોય છે! તેમાં અનેક પ્રકારની ઈચ્છાઓ, આવેગો, લાગણીઓ, વાસનાઓ, રાગ–દ્વેષ, સ્વાર્થ, અભિમાન, ક્રોધ, લોભ, સત્યનો વિરોધ–કેટકેટલું એમાં ભરેલું હોય છે. અને શરીર? તેમાં મૂઢતા, રોગ, અશ્રદ્ધા, જડતા, તમસ, પ્રમાદ, શિથિલતા, પ્રગતિનો ઈન્કાર–આ બધું તો શારીરિક પ્રકૃતિ સાથે યુગોથી સંકળાયેલું છે. આ બધું તો છે જ, પણ વળી, મૃત્યુની સતત લટકતી તલવાર ક્યારે કોના ઉપર વીંઝાશે એ સાવ અનિશ્ચિત. જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ આ ચાર તો શરીર સાથે યુગોથી જડાયેલાં દુઃખો છે. આ રીતે જોતાં માનવજાતિ આજે પણ પોતાની મનોમય, પ્રાણમય કે શારીરિક પ્રકૃતિની ગુલામ છે. તો પ્રશ્ન એ થાય છે કે શું માનવજાતિએ આ દુઃખો હંમેશા સહ્યા જ કરવાના? તેનો કાયમી ઉપાય શો?

જે પ્રશ્ન કુમાર સિદ્ધાર્થને ઊઠ્યો હતો, એ જ પ્રશ્ન શ્રી અરવિંદને પણ ઊઠ્યો. કુમાર સિદ્ધાર્થે મહાભિનિષ્ક્રમણ કરી કઠોર તપશ્ચર્યા દ્વારા બુદ્ધત્વની પ્રાપ્તિ કરી. દુઃખમુક્તિ માટે તેમને નિર્વાણનો માર્ગ મળ્યો. આ યુગમાં શ્રી અરવિંદે પણ મહાભિનિષ્ક્રમણ કરી પોંડિચેરીમાં ચાલીશ વરસ સુધી એકાંત સાધના કરી. નવી ચેતનાના અવતરણમાં તેમને માનવજાતિની દુઃખમુક્તિનો માર્ગ મળ્યો. આ વિષે તેમણે એક પત્રમાં જણાવ્યું હતું કે, 'ઊર્ધ્વમાં એટલે કે અતિમનસની ભૂમિકામાં પહોંચ્યા વગર જગતના અંતિમ રહસ્યને જાણવું અસંભવિત છે. તે વિના જગતની સમસ્યા ઉકલવાની નથી.' આ નૂતન ચેતના જેને શ્રી અરવિંદે અતિમનસ ચેતના નામ આપ્યું છે, તેના દ્વારા માનવજાતિનું દિવ્યરૂપાંતર થતાં સમગ્ર માનવજાતિ સઘળાં દુઃખોમાંથી મુક્ત બનશે, એ જ શ્રી અરવિંદ દર્શનનું હાર્દ.

શ્રી અરવિંદ દર્શનની મુખ્ય બાબતો :

શ્રી અરવિંદનું દર્શન આ સાત બાબતો દ્વારા સહેલાઈથી સમજી શકાય છે. તેમાં પ્રથમ છે ઉત્ક્રાન્તિ અને ચેતનાનો વિકાસક્રમ, બીજું છે અતિમનસ, ત્રીજું માનવ ચેતનાનું આરોહણ, ચોથું દિવ્યચેતનાનું અવતરણ, પાંચમું દિવ્ય રૂપાંતર, છઠ્ઠું દિવ્યજીવન અને સાતમું પૂર્ણયોગ. આ સાત શબ્દોમાં શ્રી અરવિંદનું સમગ્ર દર્શન અંતર્નિહિત છે.

(૧) ઉત્ક્રાન્તિ અન ચેતનાનો વિકાસક્રમ :

આધુનિક વિજ્ઞાન મનુષ્યની ઉત્પત્તિનો વિકાસક્રમ આ રીતે વર્ણવે છે : જડ પદાર્થ-વનસ્પતિ, જળચર સૃષ્ટિ-પ્રાણીઓ-મનુષ્યો. વિજ્ઞાન મનુષ્યને ઉત્ક્રાન્તિનું અંતિમ સોપાન માને છે કે હવે આનાથી આગળ ઉત્ક્રાન્તિની શક્યતા ન હોઈ શકે. જ્યારે શ્રી અરવિંદનું દર્શન મનુષ્ય પછી પણ ઉત્ક્રાન્તિના આગળના સોપાનની વાત કરે છે. વૈજ્ઞાનિકો આંખોથી દેખાતા બાહ્યરૂપોનો આધાર લઈને ઉત્ક્રાન્તિની વાત કરે છે. જ્યારે શ્રી અરવિંદનું દર્શન ચેતનાના ઉત્થાનમાં, આધ્યાત્મિક વિકાસમાં પ્રગટ થાય છે. તેઓ સમજાવે છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પરમતત્ત્વમાંથી થઈ છે, આથી એ જડતત્ત્વમાં પણ પરમ ચેતના અંતર્નિહિત છે. એ ચેતના પોતે જે મૂળતત્ત્વમાંથી છૂટી પડી છે, તેના પ્રત્યે ગતિ કરી રહી છે. જડતત્ત્વમાંથી ચેતનાની પરમતત્ત્વ પ્રત્યેની ગતિ એ જ તો છે, પ્રકૃતિનો યોગ. અત્યારે પ્રકૃતિએ જડતત્ત્વ પછી પ્રાણશક્તિ અને પછી મનની શક્તિ સુધી વિકાસ સાધ્યો છે, હજુ તેની ગતિ અવિરત ચાલુ જ છે, મનથી પણ આગળ રહેલા પરમતત્ત્વ પ્રત્યે. પરંતુ એ ગતિ ઘણી ધીમી છે. જે રીતે પ્રાણશક્તિ પછી મનની શક્તિ સક્રિય થતાં લાખો વરસ નીકળી ગયાં, એ જ રીતે મનની શક્તિ

પછી પરમાત્માની શક્તિને સક્રિય થતાં લાખો વર્ષો પણ નીકળી જાય. જ્યારે જડતત્ત્વમાં પરમતત્ત્વ સક્રિય બને ત્યારે પ્રકૃતિનો યોગ પૂર્ણ થાય. ત્યારે પ્રાણીમાંથી મનની શક્તિ અવતરતાં જેમ ધીરે ધીરે સુંદર મનુષ્ય દેહ સર્જાયો, તેમ મનની શક્તિ કરતાં પરમાત્માની પૂર્ણ શક્તિ સક્રિય થતાં નવો દિવ્યમાનવદેહ સર્જાય. જેમાં અત્યારના આ માનવદેહના, મનના કે પ્રાણના કોઈ જ દુ:ખો નહીં હોય. પ્રકૃતિની ગતિએ તો આમાં હજારો વર્ષ નીકળી જાય, પરંતુ જોઈ કોઈ અવતારી પુરુષ પોતાની તપશ્ચર્યાથી પરમ ચેતનાનું પાર્થિવ ચેતનામાં અવતરણ કરાવે તો હજારો વર્ષની આ ઉત્ક્રાન્તિની યાત્રાને ટૂંકાવી શકે, જે કાર્ય શ્રી અરવિંદે સમગ્ર માનવજાતિ માટે કર્યું.

(૨) શ્રી અરવિંદ દર્શનનો બીજો શબ્દ છે, અતિમનસ!

અતિમનસ એ શ્રી અરવિંદના સમગ્ર દર્શનનું કેન્દ્રબિંદુ છે. અતિમનસ ચેતના એટલે પરમાત્માની પૂર્ણચેતના, ઋષિઓએ જેને ઋતચેતના કે વિજ્ઞાનમય ચેતના કહી છે તે જ અતિમનસ ચેતના. શ્રી અરવિંદ કહે છે : 'અતિમનસ એ કોઈ મહાજટિલ તત્ત્વ નથી. એ સ્વયંભુ સીધેસીધી ઋતચેતના છે. એ પોતાની મેળે જ કાર્યસાધક એવી સીધેસીધી શક્તિ છે.' સામાન્ય ભાષામાં આપણે એમ કહી શકીએ કે એ પરમાત્માની પૂર્ણશક્તિ છે જે સ્વયં જ્ઞાન છે, સ્વયં પ્રકાશ છે, જે પૂર્ણ સત્ય છે, જે અખંડ છે, અભેદ છે. તે જ્ઞાન અને શક્તિ એક સાથે છે. શ્રી માતાજીએ, તાદાત્મ્ય દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ, અવિચલ સમતાની સ્થિતિ અને પરમ વિશાળતા એ અતિમનસ ચેતનાની ઓળખની નિશાનીઓ બતાવી છે.

અત્યારે મનુષ્ય મનની ભૂમિકા પર છે. મનમાં અજ્ઞાન છે, અભેદ છે, તે નિમ્ન પ્રકૃતિને આધીન છે. તે માત્ર આંશિક સત્યને જ જોઈ શકે છે. પરંતુ મનથી ઉપરની ઊર્ધ્વમનની શ્રેણીઓ આવેલી છે. તે છે, ઊર્ધ્વમન, પ્રકાશિત મન, પ્રેરણાત્મક મન, અધિમનસ અને અતિમનસ. આ અતિમનસ એ પરમાત્માના સીધા પ્રકાશની ભૂમિકા છે. પ્રકાશ, આનંદ, સૌંદર્ય અને સત્યકાર્યની સ્વયંભૂ પૂર્ણતા એ અતિમનસની સ્વાભાવિક શક્તિઓ છે. આ ભૂમિકા પર જતાં મનુષ્યમાં આ શક્તિઓ પ્રગટે છે અને પછી મનુષ્યની ચેતના સદંતર બદલાઈ જાય છે.

(૩) દિવ્ય ચેતનામાં આરોહણ :

પરમાત્માને પ્રાપ્ત કરવા ઊંચે જવું એ આરોહણ છે. આરોહણ એ યોગમાર્ગની સ્વાભાવિક ક્રિયા છે. પ્રચલિત સર્વ યોગ સાધનાઓમાં આરોહણ હોય છે જ . પરમાત્માને પ્રાપ્ત કરી તેમાં લય પામી જવું એ મોક્ષ છે. દરેક સાધનાનું અંતિમ લક્ષ્ય મોક્ષ હોય છે. શ્રી અરવિંદનું દર્શન આરોહણ કરી પરમાત્માનો સાક્ષાત્કાર થાય ત્યાં અટકી જતું નથી. તેઓ તો કહે છે કે 'આત્મ- સાક્ષાત્કાર એ મારા યોગનો પ્રારંભ છે. શ્રી અરવિંદના દર્શનમાં સાક્ષાત્કાર કર્યા પછી પરમાત્માને જીવનમા ઊતારીને જીવનને દિવ્ય બનાવવાની સાધના કરવાની છે. આથી આરોહણ પછી અવતરણ અનિવાર્ય બની રહે છે.

(૪) દિવ્ય ચેતનાનું અવતરણ :

પરમાત્માની ચેતનાને માનવની ચેતનામાં ઊતારવી એ છે અવતરણ. માનવની ચેતના પ્રભુની ચેતના સુધી પહોંચે તે આરોહણ અને એ પછી એ ચેતના માનવના મન, પ્રાણ અને શરીરના કોષો સુધી ઊતરે તે છે અવતરણ. આ બંને પ્રક્રિયા થાય તો જ માનવની નિમ્ન પ્રકૃતિ પ્રભુની પ્રકૃતિમાં રૂપાંતરિત થાય અને તો જ માનવદુ:ખોનો કાયમી ઉકેલ આવે. આરોહણ અને અવતરણ વિષે શ્રી અરવિંદે શિષ્યને પત્રમાં જણાવ્યું હતું કે, 'મારો યોગ વિશ્વમાં સામાન્ય મનોમય ચેતનાથી માંડીને છેક અતિમનસ દિવ્યચેતના સુધી ચૈતન્યની બધી સીડીઓ આવેલી છે, તે તમામને ચઢવા માંગે છે. અને પોતાનું આરોહણ સંપૂર્ણ બની રહે, ત્યારે પોતે સિદ્ધ કરેલી અતિમનસ ચેતના અને શક્તિને પોતાની સાથે લઈ આવીને આ સ્થૂલ જગતમાં ઓતપ્રોત કરવા માંગે છે. આ રીતે ક્રમે ક્રમે અતિમનસ અને દિવ્યજગત રૂપે પલટી નાંખવા માગે છે.

(૫) દિવ્ય રૂપાંતર :

આરોહણ અને અવતરણ દ્વારા જ જીવનનું દિવ્ય રૂપાંતર થાય છે. જ્યારે મનુષ્યને આત્મસાક્ષાત્કાર થાય ત્યાર પછી જ આ દિવ્ય રૂપાંતરનો યોગ સાધી શકાય છે, તે પહેલાં નહીં જ. કેમકે આત્માની અભિપ્સાથી જ અતિમનસ ચેતના માનવ કરણોમાં અવતરણ કરે છે. અત્યારના માનવના કરણો–મન, પ્રાણ અને દેહ અજ્ઞાનમય પ્રકૃતિને આધીન રહીને કાર્ય કરે છે. પરંતુ અતિમનસ પ્રકાશ આ કરણોમાં ઊતરતાં તેઓ નિમ્ન પ્રકૃતિની પકડમાંથી મુક્ત થવા લાગે છે અને રૂપાંતરની પ્રક્રિયા બની આવે છે.

દિવ્યરૂપાંતરના ત્રણ તબક્કા

રૂપાંતર ક્રમે ક્રમે થાય છે.

પ્રથમ છે, ચૈતસિક રૂપાંતર. તેમાં પ્રથમ આત્માની જાગૃતિ આવે છે. મનુષ્ય પોતાના આત્માના સંપર્કમાં આવે છે. તેની અભિપ્સાથી પરમાત્માની સીધી દોરવણી મનુષ્યને મળવા લાગે છે. રૂપાંતરની પ્રક્રિયા શરૂ થાય છે. આ તબક્કો-પ્રથમ ચૈતસિક રૂપાંતરનો છે.

બીજું છે, આધ્યાત્મિક રૂપાંતર. તેમાં વૈશ્વિક આત્માનો સંપર્ક થાય છે. તેમાં વ્યક્તિગત ચેતના વૈશ્વિક ચેતનામાં ઓગળી જાય છે. પછી તેમાં અલગ અસ્તિત્વ રહેતું નથી.

ત્રીજું છે, અતિમનસ રૂપાંતર. આ સાધનાનો અંતિમ તબક્કો છે. તેમાં બધી જ વસ્તુઓ દિવ્ય વિજ્ઞાનમય ચેતનાની અંદર અતિમાનસિક રીતે રૂપાંતર પામેલી હોય છે. આ છેલ્લા તબક્કામાં મન, પ્રાણ અને શરીરના સંપૂર્ણ રૂપાંતરની શરૂઆત થાય છે.

સંપૂર્ણ રૂપાંતર થતાં માનવનું સામાન્ય મન એ પ્રકાશનું મન બની જાય છે. માનવની પ્રાણશક્તિ એ પ્રભુની સીધી પ્રાણશક્તિ બની જાય છે. અને માનવ શરીરના બધા ગુણધર્મો બદલાઈ જાય છે. અતિમનસ શક્તિનું દેહકોષોમાં અવતરણ થતાં દેહ દિવ્ય તેજોમય હળવો, નમનીય અને મુલાયમ બની જાય છે. અત્યારે દેહને જે ઘસારો લાગે છે, કોષોમાં

ક્ષીણતા આવે છે અને તેમનું વિઘટન થાય છે, તેવું ત્યારે નહીં હોય, કેમકે તેમાં ભગવાનની પૂર્ણ અતિમનસ શક્તિ જ કાર્ય કરતી હશે. અલબત્ત ત્યારે કોષોનું સ્વૈચ્છિક વિઘટન કરવાની પ્રક્રિયા હશે, પણ તેને મૃત્યુ નહીં કહી શકાય. ત્યારે માનવજીવનના અત્યારે સહેવા પડતાં સઘળા દુ:ખોનો અંત આવી જશે.

દિવ્ય જીવન :

દિવ્ય જીવન એટલે પૃથ્વી ઉપર સિદ્ધ થયેલું આત્માનું જીવન. પૃથ્વી ઉપર ભૌતિક પ્રવૃત્તિની પરિસ્થિતિઓમાં પૃથ્વી ઉપર પોતાનું આધ્યાત્મિક રૂપાંતર કરી શકે તેવું જીવન. મનુષ્યોનું વર્તમાન જીવન અહંકાર પ્રેરિત છે. જ્યારે દિવ્યજીવન આત્મપ્રેરિત હશે. મનુષ્યની નિમ્ન પ્રકૃતિને સ્થાને પ્રભુની દિવ્ય પ્રકૃતિ કાર્ય કરતી હશે. બધા અલગ અલગ રૂપો હોવા છતાં આત્માની એકતાથી બધા જોડાયેલા હશે. ત્યારે આત્માના આનંદ માટે જ સઘળાં કાર્યો થતાં હશે. મનુષ્યોના સઘળાં કાર્યો અને વિચારો તેમના આંતરસત્યને પ્રગટ કરતા હશે. અજ્ઞાન જ્ઞાનમાં શમી જશે. અંધકાર પ્રકાશમાં ઓગળી જશે. ધિક્કાર પ્રેમમાં પલ્ટાઈ જશે.

અતિમનસ શક્તિના અવતરણથી સામાન્ય પ્રકૃતિ દિવ્ય બની જશે. જીવન આત્માના આવિર્ભાવ માટે જ હશે. પરમાત્મા પોતે જ જીવનમાં પ્રેમ અને આનંદનો આવિર્ભાવ કરતા હશે. ત્યારે જીવનની ગતિ સત્યમાંથી સત્ય પ્રત્યે, જ્યોતિમાંથી જ્યોતિ પ્રત્યે અને અમૃતમાંથી અમૃત પ્રત્યેની હશે. આવું જીવન એ જ માનવજાતિનું સાચું જીવન છે. એ જ દિવ્યજીવન છે અને એ જ માનવજાતિનું તેજોમય ભવિષ્ય છે. આવા દિવ્યજીવનની પ્રાપ્તિ માટે શ્રી અરવિંદે જે સાધનાની પ્રક્રિયા આપી છે, તે છે પૂર્ણયોગ.

(૭) પૂર્ણયોગ :

મનુષ્યને પ્રભુરૂપ બનાવવાની પ્રક્રિયા એટલે પૂર્ણયોગ. જીવનમાં અને જગતમાં પરમાત્માનું શાસન સ્થાપવું એ તેનું લક્ષ્ય છે. આ અંગેની સમજુતિ આપતાં શ્રી અરવિંદ કહે છે કે, 'આ જગતની અંદર પ્રભુનો સાક્ષાત્કાર અને આવિર્ભાવ કરવો અને તે હેતુથી અતિમનસ જેવી હજુ સુધી અપ્રગટ રહેલી શક્તિને અહીં નીચે લાવવી એ મારું ધ્યેય છે.' આથી તેમની સાધના પદ્ધતિમાં જગતનો ત્યાગ કરવાની વાત નથી તેમજ દેહદમન, ઈન્દ્રિયોનું દમન, તેનાં કાર્યો પર કઠોર નિયંત્રણ વગેરે પણ નથી. તેઓ કહે છે, 'આ બધું મારા યોગનો ભાગ નથી. મારા યોગનો હેતુ આ છે: 'જીવનની અંદર દિવ્યઆનંદ, દિવ્યપ્રકાશ અને દિવ્યશક્તિ લાવવા, તેને સક્રિય કરી જીવનનું રૂપાંતર કરવું.' શ્રી અરવિંદના યોગમાં જગતને મિથ્યા ગણી છોડી દેવામાં આવતું નથી, પણ જગતને પરમાત્માનો આવિર્ભાવ માનવામાં આવે છે. આ જગતમાં ભગવાન પોતાની સર્વશક્તિઓ સાથે સક્રિય બને એ આ યોગનો હેતુ છે.

પૂર્ણયોગના મુખ્ય ચાર લક્ષણો :

પ્રથમ છે, જીવનનો સ્વીકાર.

આ યોગ છે, ચેતનાના વિકાસનો યોગ. માનવની ચેતનાને પ્રભુની ચેતનામાં પલ્ટાવવાનો યોગ. આથી જીવનમાં રહીને જ કરવાની આ સાધના છે. આમાં સંન્યાસ કે દીક્ષાની વાત આવતી નથી. શ્રી અરવિંદ કહે છે કે ફક્ત સંન્યાસને માટે સંન્યાસ એ આ યોગનો આદર્શ નથી, પણ પ્રાણમાં આત્મસંયમ અને સ્થૂળ દેહમાં યોગ સંયોજન તે આ યોગનું અગત્યનું અંગ છે. પૂર્ણયોગમાં સમગ્ર જીવન યોગ છે. જીવનની પ્રત્યેક ક્ષણ સાધના બની રહે છે. આમાં સમગ્ર જીવનનું દિવ્ય રૂપાંતર કરવાનું હોઈને કોઈ પણ બાબતને છોડી દઈ શકાતી નથી. સમગ્ર જીવનને પ્રભુ રૂપ બનાવવાનું હોઈને જીવન અખંડ સાધના બની રહે છે.

પૂર્ણયોગનું બીજું લક્ષણ જીવનના દિવ્ય રૂપાંતરનું છે. જ્યારે ત્રીજું દિવ્ય ચેતનામાં આરોહણ અને અવતરણનું છે અને ચોથું લક્ષણ છે, વૈયક્તિકની સાથે સાથે આ સમષ્ટિનો પણ યોગ છે.

શ્રી અરવિંદે એક પત્રમાં જણાવ્યું હતું કે આ યોગ ફક્ત થોડી વ્યક્તિઓના રૂપાંતર માટેનો યોગ નથી, તેમ આ યોગ એ કોઈ દેશ કે જાતિ પૂરતો પણ સીમિત નથી. આ તો સમગ્ર માનવજાતિ માટેનો યોગ છે. સમગ્ર માનવ ચેતનાના રૂપાંતર માટે ફક્ત વ્યક્તિગત સાધના જ પર્યાપ્ત નથી પણ સામૂહિક જીવનની સાધના પણ અનિવાર્ય છે. આ વિષે શ્રી અરવિંદે એક પત્રમાં લખ્યું હતું : 'બ્રહ્મ આત્મા અને ભગવાન તો છે જ. પણ મનુષ્ય પાસેથી ભગવાન ઈચ્છે છે કે અહીં આ જગતમાં જ વ્યષ્ટિ અને સમષ્ટિમાં પ્રભુને પોતાને પૂર્ણ કરવામાં આવે અને જીવનમાં તથા જગતમાં પ્રભુનો સાક્ષાત્કાર થાય.' સમગ્ર જગતમાં ભાગવત્ ચેતનાને સક્રિય કરવા માટે સામૂહિક જીવનમાં પરિવર્તન આવવું જોઈએ. વ્યક્તિગત સાક્ષાત્કારને પ્રત્યુત્તર આપે, તેને ચરિતાર્થ કરે તેવો સમૂહ હોવો જરૂરી છે. જો સમૂહ જીવન નિમ્નકક્ષાનું હોય તો આ સાક્ષાત્કાર દરમિયાન સૂક્ષ્મમાં જે કંઈ રચના થઈ હોય તેને ભૌતિક સ્તરે આવતાં સેંકડો વર્ષ નીકળી જતાં હોય છે. આથી જ સમાન અભિપ્સાવાળી વ્યક્તિઓની સામૂહિક સાધનાની પણ આવશ્યકતા રહે છે.

દુ:ખથી ત્રસ્ત માનવજાતિને શ્રી અરવિંદનું જીવન દર્શન દુ:ખમુક્ત જીવનનો માર્ગ કંડારી આપે છે. આ દર્શનમાં ઉજ્જવળ ભવિષ્યની ઝાંખી છે. નૂતન માનવજાતિના આગમનનો પૈગામ છે. જીવનના દિવ્ય રૂપાંતરનો માર્ગ કંડારી આપતું શ્રી અરવિંદનું જીવન દર્શન માનવ જાતિને માટે પ્રભુમય જીવનનું વરદાન છે.

* * *

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૭૮મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૫-૯-૨૦૧૨ના પ્રસ્તુત કરેલ વક્તવ્ય.
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૦.
મો. નં. : ૦૯૪૨૯૩૩૫૩૫૩.

સુખ તમારી પ્રતીક્ષા કરે છે...

□ પ.પૂ.આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી

(૧)

વિરાટ વિશ્વ અને આપણો

આ વિશ્વ એક વિરાટ કુંડાળું છે. જ્યારે આપણે સુખ પ્રાપ્તિનો માર્ગ વિચારવા બેઠા છીએ ત્યારે એ યાદ રાખવું જોઈએ કે આપણી નજરમાં કેવળ મનુષ્ય નથી. અન્ય જીવ સૃષ્ટિ પણ છે. આ જીવ સૃષ્ટિ આપણને દેખાતા વિશ્વ પૂરતી જ મર્યાદિત નથી. એનો વિરાટ વ્યાપ છે.

આપણું વિશ્વ આપણા સૂર્યમંડળ પૂરતું જ મર્યાદિત છે.

મનુષ્યે આજે પુરુષાર્થનું અનન્ય પરાક્રમ દાખવીને એટલી સિદ્ધિ સાધી છે કે તે ચંદ્રલોક સુધી અને મંગળ સુધી પહોંચી ગયો છે. આમ જુઓ તો આ નાનકડું પરાક્રમ નથી. આમ છતાં એનું ઉડ્ડયન એક યોજનના હિસાબે એક ઈંટ જેટલું પણ નથી. ચંદ્ર આપણી પૃથ્વીથી પોણા ત્રણ લાખ માઈલ દૂર છે અને સૂર્ય આઠ કરોડ ત્રીસ લાખ માઈલ જેટલો દૂર છે. એ સૂર્યની આજુબાજુમાં ગ્રહો અને આપણી પૃથ્વી દિવસ રાત ગુરુત્વાકર્ષણના નિયમ મુજબ ઘૂમ્યા કરે છે. આમ કરોડો માઈલના ઘેરાવામાં આપણું સૂર્યમંડળ આવ્યું છે અને તે પણ નિરંતર અને વેગપૂર્વક દૂર દૂર અવકાશમાં ખસી રહ્યું છે.

વિજ્ઞાને આજે જે પ્રગતિ સાધી છે અને સંશોધન માટેના જે સાધનો શોધી કાઢ્યા છે એથી આજના વિજ્ઞાનીઓએ જોયું છે કે જેવું આપણું સૂર્યમંડળ છે તેવા જ બીજા પણ અબજો સૂર્યમંડળો આ વિશ્વમાં પથરાયેલા છે. દૂરના કોઈ સૂર્યમંડળનું આપણી પૃથ્વીથી કેટલું અંતર છે એ જાણવા માટેના પણ સાધનો એમણે ઊભા કર્યા છે.

કોઈ પણ વસ્તુ પર પડેલા પ્રકાશનું કિરણ પાછું ફરીને આપણી આંખે સ્પર્શે ત્યારે જ એ વસ્તુ આપણે જોઈ શકીએ છીએ. આ દૃષ્ટિએ અવકાશમાં જે જે ગ્રહો, તારાઓ, નક્ષત્રો આપણે જોઈ શકીએ છીએ તેનું કારણ પ્રકાશના કિરણો ત્યાંથી પરાવર્ત થઈને આપણી આંખને સ્પર્શે છે તે જ છે. પ્રકાશનું કિરણ એક સેકન્ડે એક લાખ છ્યાશી હજાર માઈલના વેગથી દોડે છે. એટલે એ હિસાબે એક કિરણને અહીં આવી પહોંચતા જેટલો સમય લાગે છે તેના ઉપરથી તે વસ્તુ કેટલા માઈલ દૂર છે તે જાણી શકાય છે. સૂર્યમાંથી છૂટા પડેલા કિરણોને આપણા સુધી પહોંચતા ૫૦૦ સેકન્ડ અર્થાત્ આઠ મિનિટ અને ૨૦ સેકન્ડ લાગે છે. એ ઉપરથી એક સેકન્ડના એક લાખ છ્યાશી હજાર માઈલ પ્રમાણે ગણીએ તો સૂર્ય આપણાથી નવ કરોડ ત્રીસ લાખ માઈલ દૂર છે. આ સૂર્ય આપણી પૃથ્વીથી કરોડ માઈલ દૂર હોવા છતાં આપણી નજીક જ ગણાય છે. કારણકે વિશ્વમાં કેટલાક એવા ગ્રહો, તારાઓ છે જેના પ્રકાશને અહીં પહોંચતાં લાખો વર્ષો લાગે છે. એક સેકન્ડે એક લાખ છ્યાશી હજાર માઈલ પ્રમાણે લાખો વર્ષ પહેલાં છૂટેલા કિરણો આપણાથી કેટલી દૂરની ચીજ પરથી છૂટેલા હશે તે જાણી શકાય છે. સાથે આ વિશ્વ કેટલું વિશાળ છે અને અપરિચિત છે તેનો ખ્યાલ પણ આવી શકે છે.

આશ્ચર્ય તો એ છે કે કોઈ ગ્રહ કે સ્થૂળ પદાર્થ પરથી છૂટેલા જે કિરણોને અહીં પહોંચતા લાખો વર્ષ લાગે છે એ કિરણો આપણા સુધી પહોંચે એ પહેલાં તે ગ્રહ કે સ્થૂળ પદાર્થ કદાચ નાશ પામી ગયો હોય એવું પણ બને. પરંતુ આપણો તો એને લાખો વર્ષ પહેલાં જે સ્થિતિમાં હતા તે સ્થિતિમાં જ જોઈ શકીએ છીએ.

પ્રકાશની આ રમતને કારણે અહીં જે ભૂતકાળ છે તે અન્યત્ર વર્તમાનકાળ કે ભવિષ્યકાળ પણ હોઈ શકે; જેમકે અહીં ખેલાયેલું મહાભારતનું યુદ્ધ આપણે માટે પાંચ હજાર વર્ષ જૂનું છે પણ આપણાથી પાંચ હજાર વર્ષ પ્રકાશવર્ષ દૂરના તારા પરથી શક્તિશાળી દૂરબીન દ્વારા એ જોઈ શકાય. એટલે મહાભારતનું યુદ્ધ ત્યાં વર્તમાનકાળમાં બની જાય છે અને તેથી પણ દૂરના ગાળામાં વર્ષો પછી એ દેખાવાનું હોય ત્યારની દૃષ્ટિએ મહાભારતનું યુદ્ધ ભવિષ્યકાળ બને છે.

વિજ્ઞાનીઓએ જે સાધનો શોધ્યા છે તે પરથી લાખો પ્રકાશ વર્ષ દૂરની ચીજો એમની દૃષ્ટિ મર્યાદામાં આવી ગઈ છે. પરંતુ એથી પણ આગળ શું હશે તેની કલ્પના આજે કરી શકાતી નથી.

આજના વિજ્ઞાનની આ છે મર્યાદા.

ધર્મશાસ્ત્રો કહે છે કે આ વિશ્વ એટલું અમર્યાદ અને અપરિચિત છે કે તેનો પાર દેવો પણ પામી શક્યા નથી. એનો મતલબ એ થયો, આવા અનેક બ્રહ્માંડો આ વિશ્વમાં સમાયેલા હોઈ આ વિશ્વનો વિસ્તાર કોઈથી પણ જાણી શકાયો નથી. ધર્મશાસ્ત્રો પણ એ અંગે વિરાટ કહીને જ મૌન પકડે છે.

આપણી દૃષ્ટિ આપણી પૂરતી જ મર્યાદિત રહી હોઈ આ પૃથ્વી પરના માનવો કે પ્રાણીઓ વિશે આપણે કંઈક જાણીએ છીએ કે સંશોધન કરી શકીએ છીએ. પણ આપણી પૃથ્વીથી અને તેમાંય આપણા સૂર્યમંડળથી દૂરના ગ્રહો પર કેવી જીવસૃષ્ટિ હશે, કેવા માનવો હશે, કઈ જાતના પ્રાણીઓ હશે તે વિશે આપણે કંઈ વિશેષ કહી શકવાની સ્થિતિમાં નથી.

માનવદેહની રચના આપણા જેવી હશે કે અન્ય પ્રકારની હશે તે આપણે જાણતા નથી. જીવનનું બંધારણ આપણે ત્યાં પ્રાણવાયુ, પાણી અને ખોરાક પર અવલંબિત છે. ત્યાં પણ એવી જ વસ્તુઓ પર તેમનું દેહ બંધારણ આધારિત હશે કે કેમ તે આપણે જાણતા નથી આમ છતાં એક વાત નક્કી જ છે કે **એનું દેહબંધારણ ગમે તેવું હોય, મનનો**

વિકાસ ગમે તે પ્રકારનો હોય તો પણ સૌ સુખને જ ઝંખે છે, દુઃખને કોઈ ચાહતું નથી. જીવ માત્રના ઝાવા એ માટે જ છે. તેની રાતદિવસની દોડધામ પણ એ માટેની જ છે.

સુખ માટેની આપણી દોડધામ

દરેક જીવોની સતત દોડધામ સુખ પ્રાપ્તિના હેતુ માટે જ ચાલતી હોવાથી રાત્રિના અંધકારમાં એ અલ્પ સમય માટે આરામ લે છે અને નવી તાજગી મેળવીને નવું પ્રભાત ઊગતા જ બમણા વેગથી એ દોડધામ શરૂ કરી દે છે.

સવારથી કેવી કેવી દોડધામ ! શહેરોમાં જોઈએ તો વહેલી સવારથી દોડધામ શરૂ થઈ જાય છે. શાળાનો ઘંટ વાગે એ પહેલાં વિદ્યાર્થીઓ ગળે દફ્તર નાખીને શાળા તરફ દોડવા માંડે છે. વેપારીઓ ધંધા માટે પોતાની ઑફિસ તરફ ભાગવા માંડે છે. મીલ મજૂરો મીલનું ભૂંગળું વાગે તે પહેલાં મીલ તરફ દોડવા લાગે છે. મંદિરમાં ઘંટ વાગતા જ દર્શનાર્થીઓ ભાગતા દેખાય છે.

દૂધ આપવાવાળા સાઈકલ કે બાઈક પર ભાગતા દેખાય છે. છાપાંના ફેરિયા દોડાદોડ કરીને મીઠી નીંદરમાં સૂતેલાને ઉઠાડતાં દેખાય છે. ડોક્ટરો દવાખાના તરફ જતાં હોય છે. વકીલો હાથમાં બેગ પકડીને ઑફિસ તરફ દોડતાં હોય છે. દુકાનદારો ઝટપટ દુકાનમાં માલ ગોઠવવા મંડી પડે છે. કારીગરો અને શ્રમજીવીઓ હાથમાં ઓજારો લઈને પોતાના કામે ચડી જાય છે. સૂમસામ રાજમાર્ગો બસ, મોટર, સ્કૂટર, અને જનસમૂહથી ધમધમી ઊઠે છે. રસ્તા પર કોઈ માણસ ગબડી પડે તો તેને ઉઠાડીને મદદ કરવાની ફુરસદ પણ કોઈ પાસે ક્યાં હોય છે ?

ગામડાની રોનક બદલાઈ ગઈ છે. ખેડૂતો કીચુડ કીચુડ કરતાં સાંતીડા લઈને ખેતરે પહોંચી રહ્યા હોય છે. ભરવાડો ગાયો દોહવા મથે છે. ગાયો અને ભેંસો પણ પોતાના બચ્ચા માટે ઉતાવળી થઈને ભાંભરવા માંડે છે. સમય થતાં છૂટેલી ગાયો–ભેંસોચારે પગે કૂદતી કૂદતી તળાવે પાણી પીવા જાય છે અને પછી સીમમાં ચરવા ચાલી જાય છે.

ગામડાનું મધુર પ્રભાત ક્યાંય ખોવાઈ ગયું છે.

આમ સર્વત્ર મનુષ્ય શું કે પશુ–પંખી શું સૌ પોતપોતાની પ્રવૃત્તિમાં ગરક બની જાય છે. આ તમામ પ્રવૃત્તિ શા માટે છે ? આ તમામ દોડધામ શા માટે છે ?

આ તમામ પ્રવૃત્તિના મૂળમાં સુખ મેળવવાની આશા છે. સૌની દોડધામ તે માટે છે.

માનવ જીવનની મથામણ

પશુ પંખી તો નિયમિત ભોજન અને પાણી મળે તેનાથી તૃપ્ત થઈ જાય છે, તેનું સુખ તેમાં જ છે.

માનવ જીવનની કથા જુદી છે. માનવી પાસે મન છે એટલે વિચારની અમૂલ્ય તાકાત છે. તેની પાસે વિચાર છે, કલ્પના છે. સુખ અને દુઃખને તે સમજી શકે છે. તે પોતાની કલ્પના મુજબનું સુખ ઝંખે છે. તે માટે તે સતત દોડે છે. પણ તેને સુખ મળતું નથી. જે મળે છે તે ટકતું નથી.

આ વિશ્વ ક્ષણે ક્ષણ પરિવર્તનશીલ છે. જેમ જેમ સમય વીતે છે તેમ તેમ પરિસ્થિતિ બદલાતી રહે છે. એની સાથોસાથ માનવીની ભાવના, લાગણી, ભાષા અને મનોરથ પણ બદલાતા જાય છે. એક ક્ષણ માટે જે ગમે છે તે બીજી ક્ષણે ગમતું નથી. માનવીની સુખની કલ્પના પણ વારંવાર બદલાતી રહે છે. સુખ એક કોયડો છે.

કોઈ પણ માણસ જમવા બેસે ત્યારે તેને શ્રીખંડ અને પૂરી ભાવે છે. પણ એ જ માણસને બીજા દિવસે શ્રીખંડ અને પૂરી ભાવતા નથી. કંટાળાજનક બની જાય છે. સુખની વ્યાખ્યા તેનું મન બદલે છે. માનવી મનની પાછળ પાછળ ચાલે છે.

પૈસા મેળવવા દોડતો માનવી પૈસામાં સુખ માણે છે. પણ ગમે તેટલા પૈસા મેળવ્યા પછી પણ તે પૈસા તેને ઓછા જ પડે છે. પરિસ્થિતિનો પલટો સહન કરવાની તાકાત પણ તેનામાં ક્યાં હોય છે ?

મિ. મોહનભાઈ નામના એક સજ્જન વકીલ હતા. સહૃદયી માનવી હતા. જનતાની સેવા કરવી અને પ્રમાણિક જીવન જીવવું એવો તેમનો સ્વભાવ. પણ વકીલાતના ધંધામાં ફાવટ ન આવી. એક મિત્રના કાપડના ધંધામાં જોડાયા. મિત્રે તેમને દુકાને ૧૨ થી ૫ હાજર રહેવાનું કહેલું તે બરાબર મોહનભાઈ કરતાં. સમાજસેવાનું કામ પણ કરતાં. મોહનભાઈની સારી શાખને કારણે કૉંગ્રેસ સરકારે તેમને ધારાસભામાં ખેંચ્યા એક મોટી કમિટીના પ્રમુખપદે મૂક્યા.

મિત્રની મૂંઝવણનો પાર ન રહ્યો. તેનો ધંધો એવો હતો કે ઓછામાં ઓછા બે મુખ્ય માણસોની જરૂર પડે. એમણે મોહનભાઈને કહ્યું કે, તમારા માટે મેં ધંધો વિકસાવ્યો. ધંધામાં પ્રગતિ પણ થઈ અને તમે બીજે પહોંચી ગયા. મારા ધંધામાં એકલાથી પહોંચી વળાતું નથી. ને અજાણ્યા માણસના ભરોસે ધંધો છોડી ન દેવાય. ક્યાંક લાખના રાખ થઈ જાય. તમે તમારા પદનો મોહ છોડી દો. એમાં તમારું શું વળશે ? સેવા તો અહીંયા પણ ક્યાં નથી થતી ?

મોહનભાઈને મનપસંદ ક્ષેત્ર મળ્યું હોવાથી એ છોડી શકે તેમ નહોતા અને બીજી બાજુ ધીકતી કમાણી તેમ જ પોતાના મિત્રનો ઉપકાર હોવાથી તેને ના પણ પાડી શકતા નહોતા. આમ જે ધંધો સુખ માટે હતો તે હવે દુઃખદાયક લાગવા માંડ્યો !

પરિસ્થિતિનો પલટો પારખતાં શીખવું પડે.

અણકલ્પ્યા દુઃખો

આજનો માનવી સુખ માટે સતત દોડે છે પણ સુખ નથી મળતું ત્યારે પોતાનું ગાડું ગમે તેમ ગબડાવ્યા કરે છે. સુખ માટે તે હોટલમાં જાય છે. સિનેમા જોવા જાય છે. નાટક જોવા જાય છે અને તેમાંથી

આનંદ મેળવવા મથે છે.

પણ એમાં સુખ મળે છે ? કદાચ એના દુ:ખમાં વધારો થઈ રહ્યો છે. જે આનંદ મળે છે તે અલ્પ સમય માટે હોય છે. ઘરમાં બીમારી આવે છે ને ખીસ્સા ખાલી થઈ જાય છે. માથે મોટું દેવું થઈ જાય છે. તેને જીવન અસહ્ય લાગે છે.

તો વળી બીજે ક્યાંક કોઈ કુટુંબ બધી વાતે સુખી હોવા છતાં ઘરનો માલિક એકાદ બે દિવસની માંદગી ભોગવીને ચાલ્યો જાય છે. ઘર નોધારું થઈ જાય છે. ઘરમાં રળનાર એ જ મુખ્ય વ્યક્તિ હોવાથી કુટુંબ દુ:ખમાં ઘેરાઈ જાય છે. અત્યંત લાડકોડમાં ઉછરેલા બાળકોની લાચાર દશા જોઈને તેમજ કોઈના ઓશિયાળા બની જવાથી જે વ્યગ્રતા તે અનુભવે છે તે જોઈને કઠણ હૈયુ પણ રડી પડે છે.

તો ક્યારેક લડાઈ હુલ્લડમાં ઘણા કુટુંબો ખેદાનમેદાન થઈ જાય છે. કોઈનો પતિ ચાલ્યો જાય છે, નાના બાળકોને મૂકીને કોઈની પત્ની ચાલી જાય છે. ક્યારેક બાળકો ચાલ્યા જાય છે. સ્વર્ગ જેવો સંસાર નરક જેવો લાગે છે.

જેવી કલ્પના કરીએ એવા દુ:ખો આ દુનિયામાં હાજર જ છે અને જેની કલ્પના પણ ન કરી હોય તેવા દુ:ખો પણ અચાનક જીવનને ઘેરી વળતા હોય છે.

આફ્રિકાથી એક સુખી કુટુંબ પોતાના બે નાનકડા બાળકો સાથે હિન્દુસ્તાન ફરવા આવ્યું. બંને બાળકો એટલા સુંદર હતા કે જે જુએ તેને વ્હાલ થાય. એ કુટુંબ કોઈ સરોવર કિનારે ફરવા ગયું. બંને બાળકો સરોવરના કિનારા પર રમતા હતાં. કિનારાના પગથિયા પર લીલ જામેલી. પગથિયા ચીકણા થઈ ગયેલા. એક નાનકડું બાળક એ લીલ પરથી સરક્યું અને સીધું તળાવમાં ! બીજું બાળક એને બચાવવા માટે ધસ્યું. કોઈકે આ જોયું. તેણે ચીસ પાડી. કોઈ બચાવવા કૂદ્યું. બંને બાળકો બહાર નીકળ્યા ત્યારે મૃત્યુને શરણ થઈ ગયા હતા. માતાપિતાએ પોતાના હાથે અગ્નિદાહ આપ્યો ત્યારે તેમની પીડાનો પાર નહોતો.

જેની કલ્પના પણ નહોતી કરી એવું દુ:ખ એ કુટુંબને માથે ત્રાટક્યું !

અમદાવાદમાં એક શેઠ હતા. ઘરે બપોરે શેઠાણી એકલા હતા. ઘરમાં કંઈ કામ હતું એટલે મિસ્ત્રી ઘરે આવ્યો. ટીપોય ઉપર શેઠાણીના ઘરેણાં પડેલા. મિસ્ત્રીની દાનત બગડી. શેઠાણીની નજર બીજી બાજુ હતી તે જોઈ મિસ્ત્રીએ દાગીના પોતાની થેલીમાં મૂકી દીધાં. શેઠાણીએ જોઈ લીધું. શેઠાણીએ બૂમ પાડી. મિસ્ત્રી ડરી ગયો. તેણે હાથમાં રહેલું ઓજાર શેઠાણીની છાતીમાં ખોંસી દીધું. નંદનવન જેવું ઘર પળવારમાં નર્ક બની ગયું.

આપણી આસપાસના વિશ્વમાં આવા તો અનેક પ્રસંગો જોવા કે વાંચવા મળે છે.

શહેરોમાં મોટી મોટી પેઢીઓ, કારખાના, આલીશાન હોટલો, અદ્યતન સિનેમાઘરો, મનોરંજનના વિપુલ સાધનો, વંચાતા ઢગલાબંધ વર્તમાનપત્રો, ટેલિવીઝન અને ઈન્ટરનેટની સગવડો, ઈલેક્ટ્રોનિક સાધનો, મુસાફરીની સગવડો, ઢગલાબંધ વેચાતી ખાદ્ય સામગ્રી – આ બધું જોઈને ઉજળું ઉજળું લાગે છે પણ એ ભભકા ને સગવડો પાછળ જે છૂપી વેદનાઓ, મૂંઝવણો, અશાંતિ અને અજંપા પડ્યા છે તે આપણી નજરે પડતા નથી. કિન્તુ એ જ્યારે નજરમાં આવે છે ત્યારે સમજાય છે કે આ જગતમાં સર્વત્ર દુ:ખનો દાવાનળ સળગી જ રહ્યો છે.

વૈભવમાં પણ સુખ ક્યાં છે ? અમેરિકા જેવા દેશોમાં અત્યંત વૈભવ અને સમૃદ્ધિ હોવા છતાં એ વૈભવની પણ પીડા હવે બહાર આવવા માંડી છે. જાપાન જેવા દેશોમાં લોકો કરન્સી નોટો સળગાવી રહ્યા છે. અત્યંત સુખ સમૃદ્ધિથી ભરેલા લોકો માનસિક વ્યાધિઓ, ગાંડપણ, આપઘાતો તરફ ખેંચાઈ રહ્યા છે. ઊંઘ માટેની ગોળીનું વેચાણ સતત વધતું જ જાય છે. ઊણપનું જેમ દુ:ખ છે તેમ અધિકતાનું પણ દુ:ખ છે. આજના માનવીને નથી સુખ, નથી શાંતિ, નથી આનંદ કે નથી જંપ.

ઘણાં દુ:ખો સામાજિક પરિસ્થતિ બદલાય એટલે આવે છે, ઘણાં દુ:ખો માનવીની પ્રકૃતિ બદલાય એટલે આવે છે. એ સમયે ટકી રહેવાનું મુશ્કેલ હોય છે. માનવી સાચો પ્રયત્ન કરે તો જરૂર બચી શકે છે. પરંતુ વ્યક્તિગત કે વૃધ્ધત્વગત દુ:ખો કોઈને પણ ભોગવ્યા વિના ચાલતું નથી. લાખો લોકો જુદાં જુદાં દવાખાનાઓમાં કણસતા હોય છે. એમનું દુ:ખ એ જ જાણે. ઘડપણ કોઈને ગમતું નથી. ઘડપણના દુ:ખો જેવા તેવા નથી. જુવાનીમાં જેમની હાક વાગતી હતી એ બિચારા બનીને ખાટલે પડીને રિબાતા હોય છે.

પુત્રો ઘડીભર એમની સામે પણ જોતાં નથી. ઘણીવાર એમની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તે પણ કારણ હોય છે. ઘરની સ્ત્રીઓ તેમના તરફ ઉપેક્ષાથી જોતી હોય છે. વૃધ્ધો તે સમયે જે દુ:ખ, જે મૂંઝવણ, જે લાચારી ભોગવે છે તે તો એ જ જાણે.

પ્રાણી વિશ્વ પર જે દુ:ખ છે તેની કલ્પના જ શી રીતે કરવી ? દેશમાં વધતા કતલખાનાઓ, દવાઓ માટે પ્રાણીઓ પર થતાં પ્રયોગો, પ્રાણીઓના અંગો કાપીને તેની થતી નિકાસ કલ્પનાતીત છે.

ડૉ. જગદીશચંદ્ર બોઝે વિજ્ઞાનના પ્રયોગોથી સિદ્ધ કરી બતાવેલું કે જે લાગણીઓ, ભાવનાઓ, ઊર્મિઓ, સંવેદનો આપણને છે તેવા જ વનસ્પતિને પણ છે. વનસ્પતિને આજનો માનવી ક્યાં ઓછો ત્રાસ આપે છે ? પ્રાણીઓ અંદરોઅંદર આક્રમણને કારણે જે ત્રાસ ભોગવે છે એ તો ઘણા જુદા જ.

સકળ વિશ્વ સુખ માટે દોડે છે અને દુ:ખ ભેગું કરી રહ્યું છે એવું લાગે છે. દુ:ખોમાથી કેવી રીતે છૂટાય અને સુખ કેવી રીતે પ્રાપ્ત થાય તેનો ક્યારેક નક્કર વિચાર ન કરવો જોઈએ ?

(ક્રમશ:)

જે તમારી ખૂબ નજીક છે, તેને તમે દૂર દૂર ક્યાં શોધો છો?

❑ શશિકાંત લ. વૈધ

કૈવલ્ય ઉપનિષદ બધા ઉપનિષદોથી જુદું તરી આવે છે. કૈવલ્યનો અર્થ છે: 'આત્મા એક જ અને અદ્વૈત છે એવું જ્ઞાન-મોક્ષ, બ્રહ્મલીનતા.' ટૂંકમાં આ ઉપનિષદ સીધી આત્મજ્ઞાનની વાત સમજાવે છે. કોઈ વાર્તા દ્વારા કે દૃષ્ટાંત દ્વારા પણ આત્મજ્ઞાનની વાત ઋષિએ દર્શાવી નથી...બસ, સીધી આત્મતત્ત્વને-સ્વને પામવાની ગહન વાત 'કૈવલ્ય'માં થઈ છે. 'ઓશો' (આચાર્ય રજનીશ)એ એમના મનનીય પ્રવચનમાં 'કૈવલ્ય'માં જે આત્મજ્ઞાનની વાત છે, તે સમજાવી છે. ઓશો કહે છે કે કૈવલ્યજ્ઞાનનો પ્રારંભ શ્રદ્ધાથી જ થાય છે. આ ઘટના અંતર–ઘટના છે અને ભક્તિ તેની અભિવ્યક્તિ છે...પહેલાં બ્રહ્મ માટે–તેને જાણવાની તીવ્ર શ્રદ્ધા...અને ત્યારબાદ આત્મા તરફની ભક્તિ...ત્યારબાદ જ ધ્યાન...આટલું ગળે ઉતરે પછી બધું સહજ બનશે! આ વાત ખૂબ મૌલિક રીતે એમણે સમજાવી છે. 'કૈવલ્ય' ઉપનિષદનો ધ્વનિમંત્ર છે: 'જે તમારી ખૂબ નજીક છે,-તેને તમે દૂર દૂર ક્યાં શોધો છો?' આ ધ્વનિ મંત્ર ખૂબ સૂચક છે...આત્મતત્ત્વ તમારી અંદર જ છે. આપણા સમગ્ર જીવનને ગતિમય કરનાર-આપણા શરીરમાં ચૈતન્ય સ્વરૂપ તે સદાય હાજર છે...તેથી તો આપણું સમગ્ર જીવન ધબકતું છે...બસ, આ તત્ત્વ છે તે જ 'આત્મતત્ત્વ'...તેની ખોજ બહાર કરવાની નથી, પણ તે આપણી અંદર છે...બસ, આપણું અજ્ઞાન દૂર થાય એટલે જ્ઞાનનો પ્રકાશ થાય...પડદો જે અજ્ઞાનરૂપ છે, તે આત્માજ્ઞાન દ્વારા હઠી જાય...આ માટે જ શ્રદ્ધાયુક્ત મન બનાવી તેને પામવાનો પુરૂષાર્થ કરવાનો. કૂવામાં પાણી તો છે જ, બસ, તેને ખોદો અને જરા ઊંડા-પાતાળ સુધી પહોંચો...બસ, પછી મધુર અમૃત પાણીનો ફૂવારો ફૂટશે...પુરુષાર્થ કરવો રહ્યો–થાક્યા વિના. આ સમજવા આધ્યાત્મ સાહિત્યમાં કસ્તુરી મૃગની વાત આવે છે. મૃગની દૂંટીમાં કસ્તૂરી છે જ...જ્યારે પરિપક્વ થાય ત્યારે તેમાંથી મધુર સુગંધ છૂટે...ત્યારે તે મધુર સુગંધ શોધવા મૃગ દોડાદોડ કરે છે, કેમ? મૃગને ખબર નથી કે કસ્તૂરી તેની અંદર જ છે, તે બહાર ફાંફાં મારે છે...આ અજ્ઞાન છે. આપણી સ્થિતિ કસ્તૂરી મૃગ જેવી જ છે. 'આત્મતત્ત્વ'ની સુગંધ આપણી પાસે જ છે...એ અજ્ઞાનનો પડદો જ્યારે દૂર થાય ત્યારે તરત જ આત્મતત્ત્વનો પ્રકાશ થશે જ. બસ, પછી પરમાનંદની અનુભૂતિ થશે...સદાય આનંદ. ગીતાના ૧૩મા અધ્યાયમાં કૃષ્ણ અર્જુનને કહે છે: 'હે ભારત! જેમ એક સૂર્ય જ આ સર્વ લોકોને (બ્રહ્માંડને) પ્રકાશમાન કરે છે, તેમ એક જ આત્મા સમસ્ત ક્ષેત્રને (શરીરને) પ્રકાશમાન કરે છે! આને તું જ્ઞાનદૃષ્ટિ વડે જાણી લે! (શ્લોક-૩૪). 'ગીતા' તો ઉપનિષદનો સાર છે જ .આ આત્મજ્ઞાન મેળવ્યા પછી બધું પ્રાપ્ત થઈ જાય છે. કશું મેળવવાનું બાકી રહેતું નથી...આજ પૂર્ણજ્ઞાન.

ગંગાસતી એક આત્મજ્ઞાની ભક્ત હતાં, જેમણે આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરેલી. આ માટે મન ખૂબ દૃઢ હોવું જોઈએ અને તીવ્ર વૈરાગ્યની ઝંખના હોવી જોઈએ. એમની ભજનની પંક્તિ ખૂબ સૂચક છે. તે કહે છે:

'મેરુ રે ડગે ને જેવાં મન નો ડગે,
મરને ભાંગી રે પડે ભરમાંડ રે.' (ભરમાંડ-બ્રહ્માંડ)

બ્રહ્માંડ તૂટે પણ મન ડગે નહિ...એવું દૃઢ મન હોય ત્યારે જ આત્મતત્ત્વની ઝાંખી થાય.

આવા આધ્યાત્મવાદી અને આત્મજ્ઞાની ઋષિતુલ્ય સિદ્ધ પુરુષો આપણી વચ્ચેથી, આપણા જ યુગમાં જીવી ગયા, જેમણે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરેલું. મહર્ષિ અરવિંદ, મહર્ષિ રમણ (મહર્ષિ), સ્વામી શિવાનંદ સરસ્વતી, આનંદમયી મા, સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, સ્વામી યોગાનંદ, મહાત્મા એમર્ઝન...વગેરે. આદ્ય શંકરાચાર્ય પણ આત્મજ્ઞાની હતા...અને વૈષ્ણવ સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રી વલ્લભાચાર્ય પણ, ભલે ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો. પણ તેઓએ ભક્તિ દ્વારા 'કૈવલ્ય'જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું એમ કહી શકાય. ગીતાએ તો આધ્યાત્મ માર્ગની યાત્રા માટે ત્રણે માર્ગનો સ્વીકાર કર્યો છે...જ્ઞાન માર્ગ, ભક્તિ માર્ગ અને કર્મ માર્ગ...આત્મજ્ઞાન દ્વારા આ માર્ગે આગળ વધી શકાય, અનન્ય ભક્ત બની, પ્રભુનો શરણાગત ભાવ પ્રાપ્ત કરી- મીરાં અને નરસિંહની જેમ આ માર્ગે આત્મદર્શી બની જવાય અને કર્મમાર્ગ દ્વારા-નિષ્કામભાવે કર્મ કરવું, પ્રભુ પ્રીતર્થે જ કર્મ કરવું...ફળની અપેક્ષા સિવાય...જે માર્ગ અનુકૂળ આવે તે રીતે. રામકૃષ્ણ કહેતા-'બધી નદીઓ મહાસાગારને જ મળે, તે રીતે પ્રભુને પામવાના બધા માર્ગો તેની તરફ જ લઈ જાય છે.' મહત્ત્વની છે આપણી પરમને મેળવવાની અને પામવાની પૂર્ણ શ્રદ્ધા.

આત્મજ્ઞાન દ્વારા આપણી જિંદગીને અર્થપૂર્ણ બનાવવાની છે. માનવ જીવનનું મુખ્ય ધ્યેય પણ સ્વને પામવાનું છે. (કૈવલ્ય ઉપનિષદ સીધી જ–આત્મજ્ઞાનની જ વાત સમજાવે છે. તેમાં કઠોપનિષદમાં આવતો બાળક નચિકેતાનું દૃષ્ટાંત નથી, તેથી સમજવું થોડું કઠિન છે જ. હું પણ કબૂલ કરું છું કે આને હું પણ ન્યાય નથી આપી શક્યો–સમજવામાં...મેં મારી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે...'ઓશો' આગળ હું શૂન્ય જેવો છું.)

આ સમગ્ર ચર્ચાને અંતે આદ્યકવિ નરસિંહના ભજનની બે પંક્તિઓ આ વિષયને સમજવા માટે ખૂબ સહાયરૂપ થશે જ. નરસિંહમાં તો જ્ઞાન ભક્તિનો સમન્વય જણાય છે. તેના ખૂબ પ્રચલિત ભજનમાં નરસિંહ કહે છે:

'જ્યાં લગી આતમા-તત્ત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી,
અને છેલ્લે નરસિંહ કહે છે:
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,
રત્ન-ચિંતામણિ જન્મ ખોયો.'

એક સામાન્યમાં સામાન્ય માણસને સમજાય તે રીતે નરસિંહ કહે છે કે આત્મતત્ત્વ જ્યાં સુધી જાણ્યું નથી ત્યાં સુધી આપણી બધી જીવન સાધના નકામી છે, વ્યર્થ છે...અને છેવટે કહે છે તત્ત્વદર્શન વિનાની જિંદગી પણ વ્યર્થ કહેવાય. માનવ જન્મ એ તો રત્ન-ચિંતામણિના મૂલ્ય જેવો છે...જો આ જન્મમાં આતમરામને ન ઓળખીએ, આત્મજ્ઞાન દ્વારા, તો આ મનુષ્ય અવતાર એળે ગયો કહેવાય. 'કૈવલ્ય' ઉપનિષદનો ભાવ ઉપરોક્ત પંક્તિઓ જ સ્પષ્ટ કરે છે. ।। હરિ ૐ ।। ✷ ✷ ✷

૫૧, શિલાલેખ 'ડુપ્લેક્ષ, અરૂણોદય સર્કલ પાસે, અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭.

બહુ પ્રયુક્ત વિશેષણ–એક વિશ્લેષણ

(ભક્તામર સ્તોત્ર શ્લોક ૨૬ અને ૨૩)

□ પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.

જૈન સંઘમાં સર્વત્ર ગવાતા ભક્તામર સ્તોત્રથી લગભગ કોઈ અપરિચિત નથી. આજ સુધીમાં તેના અનેક સંસ્કરણો, પાદપૂર્તિરૂપ કાવ્યો, C.D., D.V.D. પ્રકાશિત થઈ ચૂક્યાં છે. ભરૂચ અને ધાર (મ.પ્ર.)માં ભક્તામર મંદિર પણ અસ્તિત્વમાં છે.

હમણાં યંત્રયુગ ચાલે છે. પણ જ્યારે મંત્રયુગ હતો ત્યારે તેના ચમત્કારો પણ બનતા હતા. તેના અનેક દૃષ્ટાંતો છે તેમાં ભક્તામર સ્તોત્રનો પ્રભાવ અને તેનો પ્રાદુર્ભાવ પણ અપવાદરૂપ નથી.

વિક્રમની ૭ મી શતાબ્દીની વાત છે. ધારાનગરીનો રાજા ભોજ વિદ્વદ્‌પ્રેમી હતો. શૈવપરંપરામાં મહાકવિ મયૂર અને મહાકવિ બાણભટ્ટની ક્રમશઃ સૂર્યશતક અને ચંડીશતકની કાવ્ય રચનાઓથી મંત્રમુગ્ધ થઈ એકવાર રાજા ભોજે જિજ્ઞાસા વ્યક્ત કરી કે–શું જૈન શ્રમણ પરંપરામાં પણ આવા કોઈ માંત્રિક છે ખરા ?

મહાન મંત્રવાદી જૈનાચાર્ય શ્રી માનતુંગસૂરિજીએ આ પડકાર ઝીલી લીધો અને પછી તો તેમને ૪૪ જંજીરો–શૃંખલાઓથી બાંધી કેદ કરવામાં આવ્યા. ત્યાર બાદ ત્રણ અહોરાત્ર પછી અનન્ય ભક્તિથી સંતુષ્ટ-પ્રસન્ન થયેલી ભગવાન ઋષભદેવની અધિષ્ઠાત્રી દેવી ચક્રેશ્વરીએ ચમત્કાર સર્જ્યો. અને ભક્તામર સ્તોત્રની વસંતતિલકા છંદમાં નિબદ્ધ ૪૪ શ્લોકોની રચના દ્વારા આચાર્ય માનતુંગસૂરિ બંધનમુક્ત થઈ બહાર આવ્યા. આ જોતાં જ સૌ કોઈ નતમસ્તક બન્યા.

પ્રસ્તુત લેખમાં માત્ર શ્લોક ૨૬ તથા ૨૩નું વિવેચન કરવામાં આવ્યું છે, એટલે કે તેની લાક્ષણિકતા અને વિશ્લેષણ પદોના રહસ્ય અંગે વિચારીશું.

શ્લોક ૨૬માં 'તુભ્યમ્' પદનો ૪ વાર પ્રયોગ છે જે ઉત્કૃષ્ટ ભક્તિનું દ્યોતક છે. એનું રહસ્ય એ છે કે 'તુભ્યં નમઃ' આ શબ્દ પ્રયોગમાં ભગવાનનું સાક્ષાત્-પ્રત્યક્ષપણું બતાવીને Manifested રૂપે અહિં તદ્ સર્વનામનો તસ્મૈ ને બદલે તુભ્યં નો પ્રયોગ થયો છે. અર્થાત્ યુષ્મદ્ સર્વનામ પ્રયોજીને તેની ચતુર્થી વિભક્તિ આપવામાં આવી છે. આની પુષ્ટિમાં ભાગવતનો ઉલ્લેખ ઉપયોગી થશે–

'તુભ્યં इति चतुर्थी अगोचरगोचरत्वात् ।।'

(શ્રીમદ્ ભાગવત્ સૂત્ર-૨૩/૫૦)

જે આપણા ચર્મચક્ષુથી અગોચર છે, અગ્રાહ્ય છે તેને અહિં પ્રત્યક્ષ કરવાનો નમ્ર પ્રયત્ન છે.

શ્લોક ક્રમાંક ૨૩માં વિશેષણની ચમત્કૃતિ જોવા મળે છે. શ્લોક આ પ્રમાણે છે-

त्वामामनन्ति मुनयः परमं पुमांसं, आदित्यवर्णममलं तमसः परस्तात् ।
त्वामेव सभ्यगुपलभ्य जयन्ति मृत्युं नान्यः शिवः शिव पदस्य मुनीन्द्र पन्थाः।।

આ શ્લોકમાં જોવા મળતો 'आदित्यवर्णम्' અને 'तमसः परस्तात' પદનો પ્રયોગ જૈન-અજૈન ઋષિ મુનિઓએ અનેક જગાએ કર્યો છે. જાણે કે, આ બહુપ્રયુક્ત વિશેષણ ભક્તિનું એક અભિન્ન- Universal અંગ બની ગયું છે.

યજુર્વેદના નીચેના મંત્ર (૩૧/૧૮) સાથે સરખાવીએ.

वेदाहम् एतं पुरुषं महान्तम् आदित्यवर्णं तमसः परस्तात् ।
तम् एवं विदित्वा अति मृत्युं एति नान्यः पन्थाः विद्यते अयनाय ।।

I know that great Purusha,
Shining like the sun, beyond darkness,
By knowing whom alone man
Transcends the death.
There exists no other Path to reach there.

અનુવાદથી શ્લોકનો ભાવાર્થ સ્પષ્ટ છે-

પ્રકાશ અને અંધકાર પરસ્પર વિરોધી છતાં બંનેનો શબ્દ-પ્રયોગ અહિં સાથે સાથે અનિવાર્ય રૂપે થયો હોય તેમ જણાય છે 'तमसो मा ज्योतिर्गमय' અથવા 'उद् नयं तमसस्परि ज्योतिष्पश्यन्त उत्तरम्' (ऋग्वेद-૧-૫૦-૧૦) જેવી સૂક્તિઓ પણ એનો જ સંકેત કરે છે. અસ્તુ.

આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર કૃત **'वेद वाद द्वात्रिंशिका'**માં પણ આ વિશેષણ પ્રયુક્ત છે.

'महान्तमेनं पुरुषं वेद वेद्यं, आदित्यवर्णं तमसःपरस्तात्' (શ્લોક-૨૫.)

અર્થાત્-અંધકારથી પર, સૂર્ય જેવા પ્રકાશમાનવર્ણવાળા એ જ્ઞેય પુરૂષને હું જાણું છું.

તેઓશ્રી 'વર્ધમાન શક્રસ્તવ'માં પણ આ જ વિશેષણ પ્રયોજે છે-

'तमसः परस्तात्'અને 'सदोदिता ऽऽदित्यवर्णाय'

તે પછી કલિકાલસર્વજ્ઞ આ. હેમચંદ્રસૂરિજી તો પોતાના 'વીતરાગ સ્તોત્ર'માં સ્તોત્રનું મંગલાચરણ જ આ વિશેષણ-પદોથી કરે છે, તે આ મુજબ છે.

यः परात्मा परं ज्योतिः परम परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः परस्तादाऽऽमनन्ति यम् ।।

આ અભ્યાસથી લાગે છે કે-'एकं सत् विप्राः बहुधा-वदन्ति' એટલે કે પંડિત-પ્રાજ્ઞપુરુષો જે કહેવા માંગે છે તે એક જ છે, માત્ર વિવક્ષા જુદી જુદી છે-એવું જો અર્થઘટન કરીએ તો અહિં પ્રયુક્ત વિશેષણ-પદ સાર્થક ઠરે છે.

આ રીતે ભક્તામર સ્તોત્રનો મહિમા અવર્ણનીય છે. શબ્દાતીતને શબ્દથી શોધવું-પામવું અઘરું છે. છતાં એ સબળ સાધન છે. ✷✷✷

C/o. જૈન યોગ ફાઉન્ડેશન, નટવરલાલ એચ. જવેરી, જિતેન્દ્ર હર્ષદકુમાર એન્ડ કુંપની, ૬૮૫, ગોવિંદ ચોક, એમ. જે. માર્કેટ, મુંબઈ-૪૦૦૦૦૬.
E-mail : mrigendra_maharajshree@yahoo.com
Mob : 9904589052

પાલીતાણા ખાતે જૈનકથા સાહિત્યની રાષ્ટ્રીયસંગોષ્ઠીનો ઐતિહાસિક કાર્યક્રમ યોજાયો

'જ્યાં સુધી સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ લખનારાઓ જૈનકથાઓ તરફ પોતાનું ધ્યાન નહીં આપે ત્યાં સુધી એ ઇતિહાસ અધૂરો જ રહેવાનો છે.' આ શબ્દો કોઈ જૈનાચાર્યે ઉચ્ચાર્યા નથી, બલ્કે ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્યભવનના સાત ભાષાના વિભાગોના સૌથી વડા વસંતભાઈ ભટ્ટે ઉચ્ચાર્યા છે. તે જ રીતે દિલ્હી યુનિવર્સિટી, દિલ્હીના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ મિથિલેશ ચતુર્વેદી શું કહે છે: 'જૈન આચાર્યોએ જે વિપુલ પ્રમાણમાં કથાસાહિત્યની રચના કરી છે તેની તુલના અન્ય કોઈ ધર્મના સાહિત્ય સાથે થઈ ન શકે.'

પાલીતાણા ખાતે તા. ૧ અને ૨ સપ્ટેમ્બરના રોજ જૈનાચાર્ય શ્રી જિનચન્દ્ર સૂરીશ્વરજી, આ. શ્રી યોગતિલકસૂરીશ્વરજી આદિની નિશ્રામાં જૈનકથાસાહિત્ય પર એક રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન થયેલું, એ પ્રસંગે બોલાયેલા ઉપરના શબ્દો છે. 'વીરશાસનમ્' નામની જૈનોમાં વિખ્યાત સંસ્થા છેલ્લા ચારેક વર્ષથી જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા–આ સાતેય ક્ષેત્રમાં સેવા-સુરક્ષાનું ગજબ કામ કરી રહી છે. તેમાં પ્રાચીન જૈન સાહિત્યની સુરક્ષા માટે આ. શ્રી યોગતિલકસૂરિજીના માર્ગદર્શનથી ખૂબ જ સુંદર કાર્ય આ સંસ્થાએ કર્યું છે. સંસ્કૃત ભાષામાં ગદ્યશૈલીમાં લખાયેલા ૮૦૦ થી ૧૦૦૦ વર્ષ જૂના ૫૦ ગ્રન્થો 'કથા-સાહિત્યમાલા' ભાગ-૧ થી ૧૬ના નામે આ સંસ્થાએ તાજેતરમાં જ પ્રગટ કર્યા છે. તે ૧૬ ભાગ મોટી સાઈઝના કુલ છ હજાર ને સિત્તેર જેટલા પાનામાં પથરાયેલા છે. તેમાં સમાવેલા ગ્રન્થોનું કુલ શ્લોકપ્રમાણ એક લાખ ને બાસઠ હજાર જેટલું થવા જાય છે.

જૈન સાહિત્યનું પ્રકાશન છેલ્લા દોઢસો-બસો વર્ષથી થતું હશે, પણ એક સાથે આટલા બધા ગ્રન્થો આ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસાપાત્ર બને તેવા સંપાદનપૂર્વક પ્રથમવાર પ્રકાશિત થઈ રહ્યા છે. એ દૃષ્ટિએ તો આ એક ઐતિહાસિક ઘટના હતી જ, સાથે-સાથે જૈનાચાર્યોના કથા-સાહિત્યને કેન્દ્રમાં રાખીને યોજાયેલી આ રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં, દિલ્હી યુનિવર્સિટીના મિથિલેશ ચતુર્વેદી, સંસ્કૃતભારતી કે જે ભારતવ્યાપી આર. એસ. એસ. સાથે સંલગ્ન એક એવું સંગઠન છે, જેણે છેલ્લા ત્રીશ વર્ષમાં ભારતમાં હજારો લોકોને સંસ્કૃત બોલતા કર્યા છે, તે સંગઠનના પ્રમુખ ચમૂકૃષ્ણશાસ્ત્રી, કાશી વિદ્યાપીઠ વારાણસીના પ્રભુનાથ દ્વિવેદી, સોમનાથ વિશ્વવિદ્યાલય વેરાવળના કુલપતિ વેમ્પટી કુટુમ્બશાસ્ત્રી, રોહતક હરિયાણાથી આવેલા સુરેન્દ્રનાથ ત્રિપાઠી, છેક હિમાચલ પ્રદેશ-કાંગડાથી વિજયપાલશાસ્ત્રી, લાલબહાદુર શાસ્ત્રી વિશ્વવિદ્યાલયના અનેકાન્ત જૈન અને વીરસાગર જૈન જેવા ધુરંધર વિદ્વાનો ઉપસ્થિત રહ્યા અને જૈન સાહિત્ય પ્રત્યેનો પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો તે દૃષ્ટિએ પણ આ ઐતિહાસિક ઘટના હતી.

જે સોળ ભાગોનું પ્રકાશન 'વીરશાસનમ્' દ્વારા થયું તેનો સમર્પણ સમારોહ પણ આ બે દિવસ દરમિયાન થયો. આ આયોજનમાં વીરશાસનમ્ જેવી જૈન સંસ્થાની સાથે પી.એન.આર. શાહ મહિલા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પાલીતાણા પણ શામેલ હતી. એટલું જ નહિ બલ્કે જૈનાચાર્યોની નિશ્રામાં યોજાતા પ્રસંગમાં ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્યભવનના પ્રોફેસર કમલેશભાઈ ચોકસીએ જૈન સિદ્ધાંતોને વફાદાર રહીને સભા સંચાલન કર્યું હતું.

જૈન શાસનના આ એક મહત્ત્વના પ્રસંગની ઊંચાઈને બરોબર પ્રમાણતા પાલીતાણાસ્થિત અન્ય આચાર્યભગવંતો આ. શ્રી નવરત્નસાગર સૂ., આ. શ્રી અશોકસાગર સૂ., આ. શ્રી કુલચંદ્ર સૂ., આ. શ્રી રત્નાકર સૂ., આ. શ્રી રવિરત્નસૂ., આ. શ્રી રત્નસેન સૂ., આ. શ્રી હર્ષતિલક સૂ. વિગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સંગોષ્ઠી અઢી-અઢી કલાકના ચાર સત્રોમાં સંપન્ન થઈ હતી.

તા. ૧ સપ્ટેમ્બરની સવારે નવ વાગે બહુમાનપૂર્વક ૧૬ ગ્રન્થોની તેમજ ગુરુ ભગવંતોની વાજિંત્રોના નાદ સાથે મંડપમાં પધરામણી થઈ. ત્યારબાદ 'વીરશાસનમ્' સંસ્થાના ઉદ્દેશ અને હાર્દને આવરી લેતું સુંદર ગીત રજૂ થયું. તે પછી ગ્રન્થોના પ્રકાશનમાં પોતાના જ્ઞાનનિધિમાંથી લાભ લેનારા જુદા-જુદા સંઘના ટ્રસ્ટીઓ તેમજ પધારેલા શીર્ષસ્થ વિદ્વાનોના હાથે તે ૧૬ પૈકીના ૪ ગ્રન્થો આચાર્ય ભગવંતના કરકમલમાં સમર્પિત કરવામાં આવ્યા. આ રીતે દરેક સભામાં ૪-૪ ગ્રન્થોનું અર્પણ કરવામાં આવ્યું.

ત્યારબાદ ચમૂકૃષ્ણશાસ્ત્રીએ સંસ્કૃત ભાષાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે, 'પાપ'નો સમાનાર્થી શબ્દ `Sin' તમને અંગ્રેજીમાં મળશે પણ 'પુણ્ય'નો સમાનાર્થી શબ્દ તમને અંગ્રેજીમાં નહીં મળે. મારું અંગ્રેજી ભાષાનું જ્ઞાન જો સશક્ત નહીં હોય તો 'હરક્યુલીયન' જેવો અંગ્રેજી શબ્દ મને કદાચ નહીં સમજાય. પણ એ નહીં સમજાય તો મારા જીવનમાં બહુ ફરક નહીં પડે. જો 'પુણ્ય' શબ્દ અને તેનું જીવનમાં મહત્ત્વ મને નહીં સમજાય તો મારા જીવનમાં બહુ મોટી નુકસાની થઈ જશે.

કૃષ્ણશાસ્ત્રીએ ખૂબ સરસ રીતે એ સમજાવ્યું કે આપણા જીવનનો મુદ્રાલેખ એ હોવો જોઈએ કે 'સ્વસ્મૈ સ્વભ્યમ્, સમાજાય સર્વસ્વમ્' – પોતાના માટે એકદમ થોડું અને સમાજ માટે સર્વસ્વ. તેમણે વધુમાં એમ પણ કહ્યું કે, વ્યક્તિગત જીવનમાં, કૌટુંબિક જીવનમાં, સામાજિક જીવનમાં, વેપાર, વાણિજ્ય, પ્રશાસન, ન્યાય વિગેરે બધી જ જગ્યાએ 'ધર્મ' જરૂરી છે. 'ધર્મ' એટલે પોતાના કર્તવ્યનું પાલન અને તે બધે જ આવશ્યક છે. આ કર્તવ્યનું પાલન શીખવવા માટે જ આ કથા સાહિત્ય છે.

ત્યાર પછી દિલ્હીના મિથિલેશજીએ પોતાના ઉદ્‌બોધનમાં જૈન કથાસાહિત્યની અજોડતાની વાત કરી. જે બિલકુલ વાસ્તવિકતાના પાયા પર ઊભેલી છે. આ કથાસાહિત્યમાલામાં જે પચાસ ગ્રન્થો સમાવાયા છે તેમાં જર્મનીના સ્કોલરોએ જેને મનોવિજ્ઞાનનો દુનિયાનો પ્રથમ અને અનન્ય ગ્રન્થ ગણાવ્યો છે તેવી ઉપમિતિ ભવપ્રપંચા કથા, ગુજરાતના ઇતિહાસને જાણવાના એક માત્ર પ્રમાણભૂત સાધન જેવા પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ અને પુરાતન પ્રબંધસંગ્રહ નામનાં ગ્રન્થો, ગુજરાતી ભાષાના જૂના સ્વરૂપો જાણવા માટે ડૉ. હરિવલ્લભ ભાયાણીએ જેને ઉત્કૃષ્ટ ગ્રન્થ ગણાવેલો તેવો પ્રબંધ-પંચશતી, ૨૫૮ જેટલી નીતિકથાઓ અને લોકકથાઓથી છલકાતો કથારત્નાકર, પંડિત ધનપાલની બનાવેલી તિલકમંજરી જેવા અતિ ઉત્તમ ગ્રન્થોનો સમાવેશ થાય છે.

પૂર્વે રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, દિલ્હી અને સંપૂર્ણાનન્દ વિશ્વવિદ્યાલય, વારાણસીના કુલપતિ રહી ચૂકેલા અને હાલમાં જ ગુજરાતમાં આવેલા સોમનાથ યુનિવર્સિટીના કુલપતિ બનેલા વેમ્પટી કુટુમ્બશાસ્ત્રીએ જણાવ્યું કે અંગ્રેજીમાં શિક્ષક માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ શબ્દ છે 'પ્રોફેસર'. જે માત્ર પ્રોફેસ-ચિંતન કરે છે તે પ્રોફેસર, જ્યારે સંસ્કૃત ભાષામાં શબ્દ છે - 'આચાર્ય' જેનો અર્થ છેઃ ૧. જે શાસ્ત્રોનું અધ્યયન કરે છે. ૨. બીજાને આચારમાં સ્થાપે છે. ૩. પોતે પણ આચરે છે. આ ત્રીજું લક્ષણ જૈન આચાર્યોમાં જેવું છે તેવું બીજે ક્યાંય નથી.

વારાણસીના પ્રભુનાથ દ્વિવેદીએ બે-ત્રણ નાની નાની કથાઓનો રસાસ્વાદ કરાવીને લોકોના દિલ ખુશ કરી દીધા. ત્યારબાદ છેલ્લે આ. શ્રી યોગતિલકસૂરિજીએ પોતાના પ્રવચનમાં ફરમાવ્યું કે આ ૫૦ ગ્રન્થો તો પૂર્વે મુદ્રિત હતા તે જ પુનઃસંપાદિત થયા છે. હજી હસ્તપ્રતોમાં જ રહેલું અપ્રગટ સાહિત્ય તો ઘણું વિશાળ અને વિપુલ છે. આ બધી કથાઓ આપણા જીવનને ગુણવાન બનાવવામાં કામ લાગે તો આ પ્રયાસ સફળ છે. જૈનશાસન બહુ સ્પષ્ટપણે ફરમાવે છે કે 'જે ગુણવાન બને તે ભગવાન બને.' આપણે આત્મામાંથી પરમાત્મા બનવા માટે આ કથાઓ જેમના વિષે લખાઈ છે તે મહાપુરુષોને આલંબન બનાવીને જીવન જીવવું પડશે.

બપોરના બીજા સત્રમાં માનનીય વસંતભાઈ ભટ્ટે જૈનકથાઓના મહત્ત્વને સરસ રીતે પ્રસ્તુત કર્યું. તેમણે જણાવ્યું કે પંચતન્ત્ર અને હિતોપદેશ જેવા ગ્રન્થોમાં ચાતુરીની વાતો જરૂર છે, નીતિની વાતો જરૂર છે, પણ એ જેમ જરૂરી છે તેમ કરૂણા, સત્ય, શીલ અને સદાચાર પણ માણસજાત માટે એટલી જ જરૂરી નથી, બલ્કે કદાચ વધુ જરૂરી છે. તેનો બોધ માત્ર જૈનકથાઓ જ સુપેરે આપી શકે તેવી સક્ષમ છે.

લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાપીઠ, દિલ્હીના પ્રોફેસર અનેકાન્ત જૈને ખૂબ ભાવપૂર્વક જણાવ્યું કે તપોમય જીવન જીવતા આ આચાર્યપ્રવરશ્રીએ (શ્રી યોગતિલકસૂરિજી) આ સાહિત્યસૃષ્ટિનું સંપાદન કરીને સાહિત્યજગત પર જે ઉપકાર કર્યો છે તે સાચે જ અવર્ણનીય છે. આજે હું જોઉં છું કે મોટાભાગે કૉન્ફરન્સો એ. સી. હૉલમાં યોજાતી હોય છે, અહીં આ તપસ્વી મહાત્માઓના સાન્નિધ્યમાં ૩૮-૩૯ ડિગ્રી તાપમાનમાં પણ આવા પંડિતો અને આટલી મેદની પાંચ-પાંચ કલાક પંખા વિના પણ આનંદથી બેસી શકે છે. સંસાર પોષવાની વાતો તો બહુ જગ્યાએ સાંભળી. આત્માને પોષવાની વાત આજે આ કથાઓ દ્વારા અને સૂરિજીના મુખે જ સાંભળવા મળી. આ. શ્રી યોગતિલકસૂરિજીના શિષ્ય મુ. શ્રી શ્રુતતિલકવિજયજીએ સૌને સમજાય તેવી સંસ્કૃતભાષામાં પ્રવચન આપતાં જણાવ્યું કે સંસ્કૃત સાહિત્યના મૂલ્યને નહીં સમજનારાઓ અને ગ્રન્થોનું મૂલ્ય સમજીને પણ સદાચારને વફાદાર નહીં રહેનારા વિદ્વાનો બન્નેય જીવન હારી જાય છે, માટે આ ગ્રન્થોનું મૂલ્ય સમજવું અને તેને જીવનમાં ઉતારવું એમાં જ આ પ્રસંગની સાર્થકતા છે.

બીજા દિવસના સવારના સત્રની પ્રારંભિક વિશેષતા એ હતી કે મંગલગીત તાત્કાલિક બનાવાયેલું જે સંસ્કૃત ભાષામાં હતું ને તે, આખી સભા સાંભળીને સમજી શકે તેવું સરળ હતું. આખી સભાએ આનંદ સાથે તેવું સંસ્કૃત ગીત પણ ઝીલાવ્યું હતું.

દિલ્હીથી આવેલ વીરસાગર જૈને જૈનકથાઓનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે પશ્ચિમી વિશ્વ પ્રમાણે દુઃખાન્ત કથા એટલે બે પ્રેમીઓનો પ્રેમ પાંગરે પણ કોઈ કારણસર તેઓ જોડાઈ ન શકે તો કથા દુઃખાન્ત ને જો બન્નેના લગ્ન થઈ જાય અથવા જોડાઈ જાય તો કથા સુખાન્ત. અરે ભલા! લગ્ન પછી જ તો જીવનની ખરી મુસીબતો શરૂ થતી હોય છે. સાચી સુખાન્ત કથાઓ તો જૈન કથાઓ જ છે. જેમાં નાયક-નાયિકા અંતે દીક્ષા લઈ મોક્ષગતિને પામે છે. એ જ સાચું સુખ છે.

સૌના હૃદયની આરપાર નીકળે તેવું પ્રવચન આપતા આ. શ્રી યોગતિલકસૂરિજીએ જણાવ્યું કે ભારતના તમામ આર્યધર્મો આત્મા, પરલોક, મોક્ષની બાબતમાં એકમત છે. આત્મા વિગેરેના સ્વરૂપમાં કદાચ ભિન્નભિન્ન માન્યતા હોઈ શકે પણ અસ્તિત્વના વિષયમાં તો એકમતિ જ છે. અને એટલે જ તો તમામ ધર્મો મોક્ષને લક્ષ્યરૂપે ગણાવે છે. દરેક વિદ્યાલયોમાં લગાડાતું સ્લોગન આજે કદાચ સાવ ભૂલાઈ ગયું છે. સ્લોગન છે : 'સા વિદ્યા યા વિમુક્તયે' આનો અર્થ શું થાય? તે વિદ્યા છે જે વિમુક્તિ માટે થાય. આનો મતલબ શું? જે વિમુક્તિ માટે દોષો-દુર્ગુણોથી છૂટવામાં કામ ન લાગે તે વિદ્યા હોવા છતાં વિદ્યા નથી, અવિદ્યા છે. આ જ તો જૈન શાસનનો સ્યાદ્‌વાદ છે કે વસ્તુનો નિર્ણય એક જ દૃષ્ટિકોણથી ન થાય, સપેક્ષ જ થાય. આજે વિદ્યાલયોમાં ખરેખર શું છે? માહિતીનું 'પ્રદાન' કરી દો તેની 'અસર' જે થવી હોય તે થાય એ જોવાનું આપણું કામ નથી, જયારે જૈન શાસનની માન્યતા છે– જો વિદ્યા વિમુક્તિ માટે ન થવાની હોય તો બહેતર છે કે વિદ્યા ન આપવી. જૈન ઇતિહાસની વાત કરતાં તેમણે જણાવ્યું કે શ્રી ભદ્રબાહુસ્વામીજી નામના આચાર્યશ્રી પોતાની પાસે ભણવા આવેલા ૫૦૦ બુદ્ધિશાળી સાધુઓમાં જે સર્વશ્રેષ્ઠ ધીરજવાળા હતા તેવા શ્રી સ્થૂલભદ્રસ્વામીને ભણાવી રહ્યા હતાં. તે જમાનામાં સ્થૂલભદ્રજી જેવી

લાયકાત બીજા કોઈમાં નહોતી.

જૈનોના પ્રાચીન શાસ્ત્રોમાં જે ચૌદપૂર્વો હતા, તેમાંના દસ પૂર્વો સુધીના શાસ્ત્રોનો અભ્યાસ થયો. તેમાં એક દિવસ જ્ઞાનના અહંકારથી શ્રી સ્થૂલભદ્રસ્વામીને પોતાની બહેન સાધ્વીજીઓને પ્રાપ્ત કરેલી વિદ્યા બતાવવાનું મન થઈ ગયું. વિદ્યાનો પ્રભાવ બતાવવા સિંહનું રૂપ કર્યું અને પછી પાછાં મૂળ સ્વરૂપમાં આવી ગયા.

બીજા દિવસે જ્યારે ભદ્રબાહુસ્વામીજી પાસે પાઠ કરવા ગયા ત્યાં જ સૂરિજીએ ના પાડી દીધી. જેને 'અસર' ઉંધી થઈ હોય તેને વિદ્યાનું 'પ્રદાન' ન કરાય આ તેમનો સિદ્ધાન્ત હતો. ત્યારબાદ શ્રી સંઘના આગ્રહથી બાકીના ચાર પૂર્વો મૂળપાઠ રૂપે ભણાવ્યા પણ ગંભીર અર્થો ન ભણાવ્યા. અને સ્પષ્ટ આજ્ઞા કરી તારે આ પૂર્વો આગળ કોઈને આપવાના નથી.

આ દૃષ્ટાંત કહીને આચાર્યશ્રીએ 'સા વિદ્યા યા વિમુક્તયે'નું મહત્ત્વ સમજાવ્યું.

બીજા દિવસના બપોરના અંતિમ સત્રમાં ફરીથી ચમૂકૃષ્ણશાસ્ત્રીએ પોતાની લાક્ષણિક શૈલીમાં ભાષણ આપી સભાજનોના દિલ જીતી લીધા. તેમણે કહ્યું, 'પ્રાચીન ભારતમાં વિદ્યા, અન્ન અને ઔષધિ આ ત્રણ ક્યારેય વેચવામાં આવતા નહિ. આ ત્રણનું વિક્રયણ એ બ્રિટીશ યોજનાનું કટુ પરિણામ છે.' તેઓએ છેલ્લે જણાવ્યું કે ગઈકાલે હું અહિં આવ્યો હતો સંસ્કૃત કાર્યકર્તાના રૂપમાં, આજે જાઉં છું પૂજ્ય ગુરુભગવંતોનો ભક્ત બનીને.

અમદાવાદનાં વાસુદેવ પાઠક અને કાંગડા-હિમાચલ પ્રદેશના વિજયપાલ શાસ્ત્રીએ પણ ખૂબ જ આકર્ષક રીતે જૈનકથાઓની મહત્તા સમજાવી હતી.

વીરશાસનમ્ સંસ્થાએ આ બધા જ વિદ્વાનો તથા જેમણે-જેમણે આ ૫૦ કથાઓ માટેના રિસર્ચ પેપર્સ આ સેમિનારમાં રજૂ કરેલા તે બધા જ વિદ્વાનોનું સન્માન કર્યું હતું તથા વિશેષથી સંયોજક કમલેશભાઈ ચોકસી અને પાલીતાણા કૉલેજના પ્રોફેસર પંકજ ત્રિવેદીનું સન્માન કર્યું હતું.

આવનાર વિદ્વાનોને બે દિવસની જૈન શ્રેષ્ઠીઓની આગતા-સ્વાગતા, સરભરા અને વ્યવસ્થા જોઈને ખૂબ અહોભાવ પ્રગટેલો.

આ સમગ્ર આયોજનનો લાભ કચ્છરાપર ગઢવાળનિવાસી માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવારના નિશાબેન હિતેશભાઈ મોતા પરિવારે લીધો હતો.

એકંદરે આ આયોજનથી ભારતના મૂર્ધન્ય વિદ્વાનોને જૈન સાહિત્યની મહત્તાનો ખ્યાલ આવ્યો, એટલું જ નહીં અજૈન વિદ્વાનોના મુખે જૈન સાહિત્યની વિશેષતાઓ સાંભળી પાલિતાણામાં ઉપસ્થિત બે હજાર જેટલા જૈન શ્રાવક-શ્રાવિકાઓને પણ શાસ્ત્રો પ્રત્યેના બહુમાનભાવમાં ઘણી વૃદ્ધિ થઈ. ✷ ✷ ✷

પ્રશંસનીય પરિપક્વ દીક્ષા

□ પ્રવીણા ખોના

દીક્ષાર્થી બે પ્રકારના હોય છે-(૧) આવેશમાં આવીને દીક્ષા લેનાર, અને (૨) પરિપક્વતાપૂર્વક સમજદારીથી દીક્ષા લેનાર. મહારાજશ્રીની વાણીના પ્રભાવથી લેવાતી બાલદીક્ષા. સાંસારિક દુઃખોમાંથી છૂટકારો મેળવવા (દા. ત. પતિ-પત્નીના રોજીંદા ઝગડા, પુત્ર-પુત્રવધૂ દ્વારા સેવાતું દુર્લક્ષ), નાણાકીય નુકશાની, ભરણ-પોષણનો પ્રશ્ન, વિ. કારણે લેવાતી દીક્ષા આવેશમય હોય છે, જે માટે સમય જતાં ક્યારેક પસ્તાવો થાય છે. જીવતરના આંબાને યુવાનીના મોર આવતાં બાળપણમાં લીધેલ દીક્ષાને ક્યારેક તિલાંજલી અપાય છે, અને સંસાારમાં પુનર્પ્રવેશ કરાય છે. પરિપક્વતાથી લીધેલ દીક્ષા પણ બે પ્રકારની હોય છે. એક જેમની જીંદગી સામાન્ય હોય અને મોક્ષ પામવાની અભિલાષા હોય. બીજું, જેઓ જીંદગીમાં સર્વે સુખ અને સમૃદ્ધિ માણતા હોય, કૌટુંબિક જીવન સુખી હોય. રાજકીય અને સામાજીક ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હોય, તે છતાંય મોક્ષપ્રાપ્તિની ઈચ્છા હોય. પરિપક્વતાથી લીધેલ દીક્ષા જેમ જેમ સમય વીતે છે તેમ તેમ વધુ ને વધુ આનંદદાયક બને છે અને દીક્ષા શોભી ઉઠે છે.

બીજા પ્રકારની પરિપક્વતાભરી દીક્ષાનું એક પ્રશંસનીય ઉદાહરણ છે. સદાય હસમુખા શ્રી પ્રાણલાલ સુંદરજી કાપડિયાનું. વિલેપાર્લેના સુખ, સમૃદ્ધ, સમાજસેવી અને નામાંકિત કુટુંબના એ સભ્ય. જન્મ વિ. સં. ૧૯૬૫ના ચૈત્રી સુદી પૂનમના રાજકોટમાં એક સ્થાનકવાસી સામાન્ય કુટુંબમાં. પરંતુ બાળપણ અને બાકીનું જીવન મુંબઈમાં વિત્યું. પિતા સુંદરજી કાપડીયા ધંધાર્થે મુંબઈ આવીને શરૂઆતમાં કાપડની ફેરી અને પછી કાપડની દુકાન શરૂ કરી. ત્રણ પુત્રોમાં પ્રાણલાલભાઈનો નંબર બીજો. બહેનના લગ્ન જાણીતા સાહિત્યકાર શ્રી ગુલાબદાસ બ્રોકર સાથે થયેલા. સગપણે પ્રાણલાલભાઈ અને ગુલાબદાસભાઈ સાળા-બનેવી, પરંતુ મિત્રો તરીકે વધુ અંતરંગ.

ત્રણ ધોરણ સુધી બાબુ પનાલાલ સ્કૂલમાં અને ત્યારબાદ છ વર્ષ સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ. પિતાના વિકસતા ધંધામાં મદદરૂપ થવા અભ્યાસ છોડીને જાપાન રવાના. જતાં પહેલાં માતાએ માંસાહાર ન કરવાના સોગંદ આપ્યા. જાપાનમાં આશરે ૧૭ વર્ષ ગાળ્યા. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ૧૯૪૪માં જાપાનમાંથી વિદાય. અનેક વિટંબણાઓ બાદ મુંબઈ પહોંચ્યા. આવીને આઝાદીની ચળવળમાં જોડાયા. સાથે સાથે જયપ્રકાશ નારાયણ, અચ્યુતરાવ પટવર્ધન, એસ.એમ. જોશીની

ભાંગફોડીયા પ્રવૃત્તિઓ માટે છૂપી રીતે ફંડફાળો એકઠો કરીને તેમને પહોંચાડતા. જાપાનથી આવેલા હોવાથી, સુભાષચંદ્ર બોઝના સાગરીત હોવાના સંશયથી પોલીસે ધરપકડ કરીને લાલ કિલ્લા અને ત્યારબાદ નાશિકની જેલમાં અંધારી કોટડીમાં ત્રણ વર્ષો સુધી એકાંતવાસમાં ધકેલી દીધા, અને ભયંકર યાતનાઓ આપી તથા માહિતી મેળવવા જુલમો ગુજાર્યા. સર્વે હસતે મુખે સહન કર્યા. લાલ કિલ્લાના ભયંકર ભોજનના કારણે શરીર પર સફેદ કોઢ નીકળી આવ્યો. પરંતુ નાનપણમાં માતાને આપેલ કોલ પ્રમાણે ત્યાં નવ લાખ નવકારના જાપ કર્યા, જેથી ખૂબ જ માનસિક શાંતિ અને જુલમો સહેવા માટે મનોબળ મળ્યું.

આઝાદી બાદ જેલમાંથી છૂટીને કૌટુંબિક ધંધા સાથે વિવિધ રચનાત્મક કાર્યો. દા. ત. મુંબઈના પ્રથમ મુખ્ય પ્રધાન શ્રી બી. જી. ખેરની ઈચ્છાનુસાર દુષ્કાળ નિવારણ તથા અન્ય સમાજોદ્ધારના કાર્યોમાં ઓતપ્રોત થયા. ભાઈઓ સાથે મળીને મુંબઈ (માહિમ)માં 'જસ્મીન સિલ્ક મિલ' તથા ગણદેવી (દ. ગુજરાત)માં 'વાણિયા સિલ્ક મિલ' ઊભી કરી, જેમણે વેપારી જગતમાં દેશમાં તથા પરદેશમાં નામના મેળવી. પરંતુ જીવ સમાજસેવાનો એટલે કૌટુંબિક ધંધામાં રોજ આશરે છ કલાક આપીને બાકીનો સમય રચનાત્મક પ્રવૃત્તિઓમાં આપવા લાગ્યા.

આઝાદી ચળવળ અને જેલ વસવાટ દરમ્યાન મોરારજીભાઈ દેસાઈ, વૈકુંઠભાઈ મહેતા વિ.ના સંપર્કમાં આવેલા. જેઓ એમની કાબેલિયત, વેપારી કુનેહ, પ્રમાણિકતા વિગેરે ગુણોથી પ્રભાવિત થયેલા. શ્રી વૈકુંઠભાઈ મહેતાના પ્રમુખપણા હેઠળ સ્થપાયેલ 'ખાદી એન્ડ ગ્રામોદ્યોગ કમિશનમાં એમને સેક્રેટરી તરીકેની જવાબદારી સોંપવામાં આવી, જે તેમણે કોઈપણ જાતનું વળતર તથા ખર્ચ પેટે અલાઉન્સ લીધા વગર ૧૭/૧૮ વર્ષ માનદ્ રીતે સંભાળી. મુંબઈના કોટ વિસ્તારમાં ખાદી ભંડાર તથા કાંદિવલી ખાતે કોરા કેન્દ્ર ચાલુ કરીને સફળતાપૂર્વક તેમનું સંચાલન સંભાળ્યું.

ચોખાની જાપાનીઝ પદ્ધતિથી ખેતીના અભ્યાસ માટે એમના પ્રમમુખપણા હેઠળ જાપાન ખાતે કેન્દ્ર સરકાર દ્વારા એક અભ્યાસ જુથ મોકલવામાં આવ્યું, જેના માટે તેઓ જાપાન ખાતે છ મહિના રોકાયા. પાછા આવીને કોરા કેન્દ્ર ખાતે જાપાનીસ પદ્ધતિથી ચોખાની ખેતી ચાલુ કરીને વધુ ઉત્પાદન કરવાનો દેશના વિવિધ ભાગના ખેડૂતોને કિમીયો બતાવ્યો.

દુનિયાના અનેક દેશોનો ધંધાર્થે તથા રચનાત્મક પ્રવૃત્તિઓ માટે પ્રવાસ કર્યો.

જીવન પલટો

કોઈક પુણ્યના ઉદયે, જન્મે સ્થાનકવાસી હોવા છતાંય પ. પૂ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજીના વ્યાખ્યાનોમાં નિયમિત જવા લાગ્યા, અને ધર્મના માર્ગે ચાલ્યા. શ્રી સૂરિજીના બહારગામ ખાતેના ચોમાસા દરમ્યાન લગભગ ચાર વખત તેઓશ્રી સાથે ચાતુર્માસ કર્યો. શ્રી ગોવિંદજી જેવત ખોનાના પાલિતાણાના પગપાળા સંઘમાં જોડાયા. સંઘના નિયમો અનુસાર, ઉઘાડા પગે ચાલવાનું હોવાથી પગમાં છાલા અને ફોલ્લા પડ્યા. શ્રી સૂરિજીએ એમને ચપ્પલ પહેરવાની છૂટ આપી હોવા છતાંય સંપૂર્ણ સંઘ યાત્રા ભયંકર યાતના છતાંય ઉઘાડા પગે પગપાળા જ કરી.

ધર્મનો રંગ વધતો જતો હતો. ૭૧ વર્ષની ઉંમરે દીક્ષા લેવાની ભાવના જાગી. શ્રી સૂરિજી સમક્ષ ભાવના વ્યક્ત કરી, સાથે સાથે એ પણ જણાવ્યું કે, સફેદ કોઢ ઉપરાંત ડાયાબિટીઝ, ત્રણ વખતના હાર્ટ એટેક, હર્નિયાનું ઑપરેશન, ઘસાયેલ ચાર મણકાના રોગોમાં સપડાયેલા છે. પરંતુ શ્રી સૂરિજીએ હૈયાધારણ આપીને જણાવ્યું કે, જરૂર પડશે તો બે શિષ્યો તેમની વૈયાવચ્ચમાં રાખશે.

વાત સાંભળીને અન્ય આગેવાન શિષ્યોએ ભીતિ દર્શાવી કે, જે માણસ મોટર-વિમાનમાં જ મુસાફરી કરે છે, એ.સી. રૂમમાં રહે છે, ફ્રીઝનું જ પાણી પીવે છે, આઈસ્ક્રીમ, ઠંડા પીણા અને ચૉકલેટનો શોખીન છે તે દીક્ષા કેમ પાળી શકશે ? પરંતુ શ્રી સૂરિજીએ હૈયાધારણ આપી. એમને ચેતવવામાં આવ્યા કે, ઉંમરમાં નાના પણ દીક્ષા જીવનમાં મોટા એવા સાધુઓને નમવું પડશે, બીમાર સાધુઓની વૈયાવચ્ચ કરવી પડશે, કોઈ ટીકા-ટીપ્પણ કરે તો શાંતિથી સાંભળી લેવું પડશે. તે છતાંય દીક્ષા લેવાના નિર્ણયમાં તેઓ મક્કમ રહ્યા.

તા. ૯-૫-૮૧ના શુભ દિને ૭૨ વર્ષની વયે ભીલડીયાજીમાં દીક્ષા અંગીકાર કરીને મુનિશ્રી પુણ્યદર્શન વિજય નામ ધારણ કર્યું. દીક્ષા લીધા બાદ શાસ્ત્રોનો સારો એવો અભ્યાસ કર્યો. ૧૨ વર્ષના દીક્ષાર્થી જીવન બાદ આત્માનું કલ્યાણ સાધી કાળધર્મ પામ્યા.

ધન્ય છે એવા જીવને તથા એમને જન્મ આપનાર માતાપિતાને.

(એઓશ્રીનું જીવન ચરિત્ર આલેખતા પુસ્તક 'પ્રેરક પરિવર્તન'નો આભાર સંક્ષેપ્તિકરણ). ✷✷✷

૩૮, પટવા ચૅમ્બર્સ, ક્લાઈવ રોડ, મસ્જીદ બંદર,
મુંબઈ-૪૦૦૦૦૯. મોબાઈલ :9930302562

અપરંપાર કષ્ટસહનની વધુમાં વધુ શક્તિ સંસારમાં સ્ત્રીના કરતાં બીજું કોણ બતાવે છે ? નવ માસ કૂખે ધારણ કરીને અને જીવનરસ નિચોવી નિચોવીને એને પોષીને, અને વળી એમાં રહેલા કષ્ટમાં જ અનેરું સુખ અને આનંદ માનીને, તે શક્તિનાં એ આપણને દર્શન કરાવે છે. જન્મ પછી પણ બાળક અહોરાત્ર પોષાય, રક્ષાય અને મોટું થાય એ સારું રોજેરોજ એની ધાત્રી બનીને બીજું કોણ અનંત કષ્ટ સહન કરે છે ? એ નિરવધિ પ્રેમનો સ્રોત તે આખી માનવજાતિ તરફ વાળે, એટલી જ વાર છે. શાંતિને સારુ તલખતી દુનિયાને સુધામૃત પાવું એ જ એનું કાર્યક્ષેત્ર છે.

–મો. ક. ગાંધી

મારા જીવનને સુધારનાર દિવાલો

□ મૂળ અંગ્રેજી લેખક : **નોર્મન યામિન,** □ અનુવાદ : **પુષ્પા પરીખ**

(એને સ્વપ્ને પણ ખ્યાલ નહીં કે જેલની પણ સારી બાજુ હોઈ શકે. જો કેદીની ઈચ્છા હોય તો.)

'શુભ રાત્રિ, યામીન.'

મેં કહ્યું, 'શુભ રાત્રિ સર.'

વારાફરતી બધી ઓરડીઓના તાળા વાસતી ચાવીઓનો રણકાર સંભળાયો. મેં મારી પાંચ બાય ત્રણની કોટડીમાં બે પગલાં ચાલી ખુરશીમાં આસન જમાવ્યું. જાળીવાળી બારીમાંથી દૃષ્ય જોતાં વિચાર આવ્યો, 'આ તે કંઈ જિંદગી છે ? હું ફક્ત જીવતો છું એટલું જ.'

જેલમાં રહેવું એટલે જીવતા દટાઈ જવાનો અનુભવ. મારી મરજીથી મારે કંઈ જ નહીં કરવાનું, એટલે સુધી કે ખાવું, પીવું, સૂવું, ઉઠવું વગેરે. રોજ મારા સગાવહાલા, માતાપિતા, મિત્રો વગેરેના વિચારો આવ્યા કરે છે. મને મારા દુષ્કૃત્યનો પણ વિચાર આવે છે. હવે પ્રશ્ન એ થાય છે કે મારા ગુમાવેલા અને આગળ જેટલો સમય ગુમાવીશ તેને કેવી રીતે મારે સુધારવો ? મારી ઉંમર હજુ ૨૭ વર્ષની જ છે. મેં નવ વર્ષ બંદૂક ચલાવવાના અને અદેખાઈને લીધે જખ્મી કરવાના ગુનાઓ કર્યા છે.

રોજ મારું એકધારું જીવન પસાર થાય છે. કોક એક કેદખાનામાંથી બીજે જાય છે તો કોઈને છૂટ્ટી અપાય છે, કોઈ બીજી જેલમાં જાય છે તો કોઈ નવા ગુનેગાર આવે છે. બસ, ગુનેગારો વચ્ચે જીવન પસાર કરું છું.

પરંતુ કેદખાનાએ મારું જીવન બદલી નાંખ્યું. મેં જ્યારે ગુનો કર્યો અથવા હું જ્યારે ગીરફતાર થયો ત્યારે હું એક રખડુ છોકરો હતો. આજે મને સારો માર્ગ સૂઝ્યો છે. કેદખાનાએ મને નકારાત્મકમાંથી હકારાત્મક મનુષ્ય બનાવ્યો છે. મેં મારી જાત પર કાબૂ મેળવ્યો છે અને મેં મારો માર્ગ બદલ્યો છે.

મારા જીવનની શરૂઆતમાં મને સ્કૂલે જવાનું કે વાંચવા લખવાનું ગમતું નહીં તેથી ગેરહાજર પણ ઘણું રહેતો. મારો અભ્યાસ થયો નહીં. મને સારી રીતે વાંચતા લખતાં પણ આવડ્યું નહીં.

અમને કોટડીની બહાર દિવસમાં એકાદ વાર આંટા મારવા મળતા. મેં બીજા કેદીઓને વાંચતા અને પત્રો લખતા જોયા. મને મારી જાત વિષે વિચાર આવતો અને પસ્તાવો થતો. કોઈ કોઈ કેદીને જોઈ મને પણ એક ઈચ્છા થઈ આવી. ભવિષ્યમાં એક હીંચકો હોય અને એના પર ઝૂલતા ઝૂલતા એક હાથમાં કૉફીનો કપ લઈ પેપર અથવા કોઈ પુસ્તક વાંચતો બેઠો હોઉં તો કેવી મઝા આવે ! મારા મિત્રો અને કુટુંબીજનોને પત્રો લખી મારા વિચારોની આપ-લે કરવાની પણ મારી ઈચ્છા હતી.

મેં છેવટે નક્કી કર્યું કે મારે મારી ઈચ્છા પૂરી કરવા મને જે કંઈ સાધનો મળે તેનો ઉપયોગ કરી હું પણ સરસ વાંચન લેખન કરીશ. લગભગ પાંચ વર્ષ બાદ ઘણી મહેનતે હું સારું લખતાં વાંચતા શીખ્યો. હવે હું બીજાને શીખવવા માટે પણ સક્ષમ બન્યો છું.

આજે ઑસ્ટ્રેલિયામાં મેં એક લેખનકળા માટેની કાર્યશાળા પણ યોજી હતી. મને એક ઉત્સાહી શિક્ષિકા જેન ગ્રેન્ગરે ઘણી મદદ કરી હતી. તેમના થકી મારામાં છૂપાયેલી શક્તિ બહાર આવી અને હું એક લેખક બની શક્યો. હું એમનો ખૂબ જ આભારી છું.

મારા એક પગલાંની શરૂઆતથી હું લાંબી મુસાફરી કરી શક્યો. આજે હું મારી પ્રવૃત્તિથી અનહદ આનંદ મેળવી શકું છું. મોટી ઉંમરે પણ શીખવાની શરૂઆતે મને એક અદમ્ય તાકાત મેળવી આપી અને મને હંમેશને માટે હકારાત્મક બનાવ્યો. મારા કુટુંબીજનો તથા મિત્ર મંડળમાં સારી રીતે ચર્ચાઓ કરી શકું છું. મારી ઈચ્છા અથવા મારું ધ્યેય સિદ્ધ થવાથી મને અનહદ આનંદ થાય છે. આજે હું એક હાથમાં કૉફીનો કપ અને બીજા હાથમાં પુસ્તક લઈ વાંચવાનો આનંદ મેળવી શકું છું.

આ મારો પ્રથમ લેખ છે.

મેં એક કવિતા પણ લખી છે.

`November Rain'

So many haters in one place
Trading war stories and pleading their case
I sit here and try to be kind
People think I am out of my mind
What I am doing is changing my ways
Reversing the wrong doings from back in the days
It's time from my life I can never get back
By the time I get out, people will think I've cracked
I know my `sorry' can never fix all the pain
But I pray for sunshine after the rain. ✷ ✷ ✷

કેનવે હાઉસ, ૬/બી, ૧લે માળે, વી. એ. પટેલ માર્ગ,
મુંબઈ–૪૦૦ ૦૦૪. ટે. નં. ૨૩૮૭૩૬૧૧.

બહેનોની પવિત્રતાને માટે આટલી બધી દૂષિત ચિંતા શાને છે ? બહેનોની પવિત્રતાના રખવાળ બનવાના હકનો બોજો પુરુષોએ પોતાને માથે લઈને શાને ફરવું જોઈએ ? પુરુષોની પવિત્રતાની બાબતમાં બહેનોનો કશો અવાજ છે ખરો ?

–મો. ક. ગાંધી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૮મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

(તા. ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૧૨ થી તા. ૧૯ મી સપ્ટેમ્બર ૨૦૧૨)

નમસ્કાર મહામંત્ર એ જિન શાસનનો સાર છે

શ્રીમતી રૂપાબહેન શાહે 'નમસ્કાર મહામંત્ર-અનુસંધાન' વિશે જણાવ્યું હતું કે નમસ્કાર મહામંત્ર એ જિન શાસનનો સાર છે. તે સતત આપણા મનમાં રમે અને તેનું ઉચ્ચારણ-રટણ થાય એ મહત્ત્વની બાબત છે. નમસ્કાર મહામંત્રમાં ગુણપૂજાની વાત છે. તેના ચાર પાસાં શબ્દ, અર્થ, તત્ત્વ અને સ્વરૂપા છે. આ માર્ગે આરાધક આત્મા આગળ વધતા મોક્ષ તરફ ગતિ કરે છે. આ ભવમાં અનુસંધાન ન કરી શકીએ પણ તેમાં પ્રવેશ કરીએ એટલે તે કર્યું કહેવાય એમ સાધુ ભગવંતો કહે છે. આ મહામંત્રમાં ૬૮ અક્ષરોનું સંકલન શ્રેષ્ઠ છે. તે આપણાં મનમાં સતત ઉચ્ચારાય તે મહત્ત્વની બાબત છે. તેનું ઉચ્ચારણ ત્રણ પ્રકારે થાય છે. ભાષ્ય પ્રકાર મુજબ મુખમાંથી નીકળતો શબ્દ–ઓડીબલ ધ્વનિના તરંગો આપણા કાન સુધી પહોંચે છે. તેનો વેગ સેકંડના ૩૦૦ મીટર હોય છે અને તે પાછા ફરે છે. બીજું ઉપાંશુમાં હોઠ ગણગણે છે પણ તે આપણી બાજુમાં બેસેલા સાંભળી શકતા નથી. તે શ્રાવ્ય-અશ્રાવ્ય ધ્વનિ સેકંડના ૧૩૫૦૦ મીટરની ગતિએ પ્રવાસ કરે છે અને પછી આપણી તરફ પાછા ફરે છે. ત્રીજું, જેમાં આપણે હોઠ ફફડાવતા નથી પણ જીભ જ આપણી તાળુને સ્પર્શે છે તેના ધ્વનિતરંગો સેકંડના ૧૩ લાખ મીટરની ઝડપે ગતિ કરી પાછા ફરે છે. જ્યારે આપણે સ્થિરતાપૂર્વક આસન પર બેસીને ૧૨,૨૭,૫૪ કે ૧૦૮ એમ સંખ્યામાં નવકાર મંત્ર જાપ કરીએ પછી આપણામાં તેની રિધમ ગોઠવાઈ જાય છે. તે સરક્યુલર મુવમેન્ટ ધારણ કરે છે. જીવને મનુષ્ય જન્મ, જૈન ધર્મ અને નવકાર મંત્ર મળે એ અતિદુર્લભ બાબત છે. આપણે શ્રદ્ધા કેળવીએ તો ઈશ્વરનો સંદેશ સાર્થક થઈ જશે. તેના ઋણને લીધે કોઈક ભવે આત્મસંયમનો ઉદય જરૂર આવે. નવકાર મંત્ર સરક્યુલર ટ્રાવેલ (વર્તુળાકાર) કરે છે. તે આત્મપ્રદેશ ઉપરના કર્મોને વિખેરી નાંખે છે. પ્રભુએ ૨૫૩૭ વર્ષ પહેલાં કહ્યું કે નવકારના શાબ્દિક જાપ વડે અકલ્પનીય સિદ્ધિ મળે છે. નવકાર મંત્ર કર્મનિર્જરાનું સાધન છે. તેમાં શબ્દાનુસંધાન, અર્થાનુસંધાન, તદ્‌ભયાનુસંધાન તત્ત્વાનુસંધાન અને સ્વરૂપાસંધાન થઈ શકે છે.

અનશન તપ કરવામાં ૨૪ કલાકમાં શરીરમાં તેજસ નામનો અગ્નિ પ્રજ્વલિત થાય છે. ઉપવાસ દ્વારા કર્મની નિર્જરા થાય છે. જે શ્રાવકથી ઉપવાસ થઈ ન શકે તેણે નવકાર મંત્રને કર્મનિર્જરાના સાધન તરીકે વાપરવું. નવકાર મંત્રના પ્રથમ પાંચ પદના ૩૫ અક્ષર બોલવાથી આપણે સન્માનનું દાન આપીએ છીએ. તે પૂજ્યભાવ અને વિનયભાવનું પણ દાન છે.

પ્રમાદ પર વિજયનું નામ વિપશ્યના છે

શ્રી વલ્લભ ભણશાળીએ 'જીવનતત્ત્વ અને વિપશ્યના' વિશે જણાવ્યું હતું કે પ્રમાદ પર વિજયનું નામ વિપશ્યના છે. આ ખોવાયેલી વિદ્યા છેલ્લા કેટલાક દાયકામાં જાણે પાછી પ્રાપ્ત થઈ છે. તેનો સંબંધ ભગવાન બુદ્ધ અથવા ભગવાન મહાવીર સાથે નહીં પણ ભારતના લોકો સાથે છે. તેમાં પ્રકૃતિનું સત્ય છે. જે દસ દિવસ પ્રયાસ કરે તેને તે મળે છે. આ આરાધનાથી મને ઘણો લાભ થયો છે. મારી દૃષ્ટિએ આપણી સમગ્ર આરાધના પાછળનો પ્રયત્ન જીવનને ઓળખવાનો છે. ધર્મ આરાધનાનું શિખર એ જીવને ઓળખવાનું છે. મોટા ભાગના લોકો પર્યુષણની આરાધના બીજાની જેમ કરે છે. આપણે જન્મદિન, દિવાળી કે હોળી ઉજવીએ છીએ. આપણે સંવત્સરી, ચતુર્દશી અને પર્યુષણમાં પણ સર્વ સામાન્ય લોકોની જેમ ક્રિયા પ્રક્રિયામાં શામેલ થઈએ છીએ. આ સારી શરૂઆત છે. આ દિશામાં આપણે ઊંડા ઉતરીને આગળ વધવાનુ છે.

આપણામાંના બહુ ઓછા લોકો પરંપરાને જીવનમાં ઉતારે છે. શાસ્ત્રોમાં ગુરુ, જ્ઞાની અને વૃદ્ધની સેવાની વાત છે. તેના કારણે આપણે સારા તત્ત્વો સાથે જોડાઈએ છીએ. ચિંતન કરતી વેળાએ આપણે વારંવાર એક શબ્દ ઉપર આવીને ઊભા રહીએ છીએ. તેનું કારણ તે ચિંતન કરનાર એક જ ભવ છે. ચિંતન પછી એકાંતનો માર્ગ આવે છે. આપણા શાસ્ત્રોમાં કહેવાય છે જેણે જીવને જાણ્યો તેણે તે બધું જાણી લીધું. પોતે જ પોતાના જીવને સંયમિત કરી શકાય. સંયમ ગુમાવવાથી આપણે જ જાણે આપણા શત્રુ હોઈએ એવા કામ કરીએ છીએ. દાન અને તપ કરતાં પણ સંયમ શ્રેષ્ઠ છે. જ્ઞાન હોય તો દયા કેમ કરવી તેની સમજણ આવે છે. દસ લાખ ગાયના દાન કરતાં પણ સંયમનો માર્ગ શ્રેષ્ઠ છે. નિશ્ચય સમ્યક્‌દર્શન વિના કરોડો ઉપવાસ નિરર્થક છે.

દેહ અજીવ છે એ સમજવા છતાં આપણે તેને સમજતા નથી. લોભ અને ક્રોધના કારણોનું મૂળ બંધનમાં છે. જીવની શક્તિ અનંત છે. તેના ઘણાં સ્તર છે.

અનંત ગતિ અને શક્તિવાળા જીવને જાણવા પ્રમાદ પર વિજય આવશ્યક છે. આપણે જ્યાં ટકી જઈએ ત્યાં પ્રમાદ આવે છે. પ્રમાદને હટાવવો એ ધર્મ છે. ભગવાન મહાવીરે ગૌતમ મુનિને આપેલા ઉપદેશમાં એકબેવાર નહીં છત્રીસ વખત કહ્યું છે કે તું એક ક્ષણ માટે સુદ્ધાં પ્રમાદમાં ન રહેતો. જે અપ્રમાદી છે તે પંડિત છે. પ્રમાદથી બચવા કાયાને કાયાના રૂપમાં જાણવી જરૂરી છે. જીવ અને અજીવના સ્વરૂપને સમજવાનું છે. આત્મા શરીર સાથે જોડાયેલો છે. જે છે કેવળ તેને જાણવું એ કેવળ જ્ઞાન છે.

લોભ આત્મવિકાસમાં અવરોધ છે

શ્રીમતી શૈલજાબહેન શાહે 'લોભઃ પ્રતિષ્ઠા પાપસ્ય' વિશે જણાવ્યું

કે ક્રોધ દેખાય છે પણ લોભ દેખાતો નથી. લોભ સહુથી હાનિકારક છે. તે કષાય છે અને આત્મવિકાસમાં અવરોધ છે. સંતોષભાવ કેળવીને, દાન કરીને અને ત્યાગ વડે લોભને વશમાં રાખી શકાય છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે જગતમાં બધાની જરૂરિયાત પૂરતું અનાજ છે. બધા જરૂર અનુસાર વાપરે તો બધા સુખથી રહી શકે. લોભ સાથે સંગ્રહ વધે છે. વધુ સંચિત કરવાથી ઘણાં વંચિત રહી જાય છે. લોભને લીધે વર્તનમાં દોષ આવે છે. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર ઉપર તેની ખરાબ અસર પડે છે. લોભ તે પાપનું મૂળ છે. લોભ જીવનમાં પાપનો પાયો નાંખે છે. લોભ એ પાપની માતા છે. જૈન દર્શન અનુસાર લોભ એટલે કે પરિગ્રહ અને ભેગું કરવાની વૃત્તિ. આપણા સમાજમાં મોટી કંપનીમાં વર્ચસ્વ જમાવવા ભાઈઓ વચ્ચેના ઝઘડા અને મેચફિક્સીંગ જેવી ઘટનાઓ લોભને કારણે જ બને છે. આ સ્થૂળ પ્રકારના લોભ છે. પ્રતિક્રમણ માટે હવા આવે એવી બારી પાસેની જગ્યા મેળવવાનો પ્રયત્ન પણ સૂક્ષ્મ પ્રકારનો લોભ છે. લોભ એટલે કે વધુમાં વધુ વસ્તુ પ્રાપ્ત કરવા માણસ દોષ યુક્ત વર્તન કરે છે. જૈન ધર્મમાં ષડરિપુ – કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને મત્સરને વશ રાખવાની વાત કરી છે. આચારાંગ સૂત્રમાં જણાવ્યા અનુસાર લોભ તૃષ્ણા અને પરિગ્રહમાં પરિણમે છે. ચાર કષાયો – ક્રોધ, માન (અભિમાન), માયા (છળ), અને લોભ અશુભ કર્મ બાંધે છે. ક્ષમા, પ્રેમ અને દયા જેવા સદ્‌ગુણોનો નાશ કરે છે. લોભને લીધે કૌટુંબિક સંબંધો પર અસર પડે છે. વધુમાં આર્થિક અસમાનતા આવે છે. લોભને વશમાં રાખવા માટે સંતોષભાવ કેળવવો જોઈએ. ઈશ્વર આપણી જરૂરિયાત અનુસાર ભવિષ્યમાં પણ આપશે એવો ભાવ રાખવો જોઈએ. ઈચ્છા અને લાલસા ઘટાડવી જોઈએ. જેની પાસે સંતોષધન આવે તેને બીજી સંપત્તિ ધૂળ સમાન લાગે છે. હવે મીની મલીસમ નામક વિચાર શરૂ થયો છે. તેમાં ઘરમાં જરૂર પૂરતી વસ્તુઓ વસાવવાનો અને તેની સંખ્યા ૧૦૦ કરતાં વધારે નહીં રાખવાનો આગ્રહ હોય છે. સંગ્રહ ઓછો કરીને લોભવૃત્તિને વશમાં રાખવાની હોય છે. આપણા ધનમાંથી થોડું દાન આપવું જોઈએ. સુપાત્રે અને સન્માર્ગે દાન આપવું જોઈએ. ૫૦ કે ૬૦ વર્ષની ઉંમર પછી સંસ્થા અને સંતાનોને સંપત્તિ આપવી જોઈએ. લોભી એ મોટો દાનવીર છે. તેનું કારણ તે પૈસે પૈસો એકઠો કરે છે અને પછી તે મૂકીને ગુજરી જાય છે. દાન કરતાં પણ ત્યાગ વધુ ઉત્તમ છે. ત્યાગમાં સર્વસ્વત્યાગ પણ હોઈ શકે છે. ગૌતમ સ્વામીને તેમના શ્રાવકે પુછ્યું હતું કે તમારા ઉપર હજારો લોકો આક્રમણ કરે તો તમે કેવી રીતે બચો ? ગૌતમસ્વામીએ ઉત્તર આપ્યો–પહેલાં એક જીતું તો પછી ચારને જીતવાનું મુશ્કેલ નથી. બીજા પાંચને જીતું તો હજારોને જીતી શકું. શ્રાવકે તે સ્પષ્ટ સમજાવવાની વિનંતી કરી પછી ગૌતમસ્વામીએ જણાવ્યું કે પહેલાં હું મારા મનને જીતું તો પછી ચાર કષાયો ક્રોધ, માન, માયા અને લોભને જીતી શકું. બાદમાં પાંચ ઇન્દ્રિયોને જીતી લઉં. આ દસને જીત્યા પછી બધાને જીતી લઉં. અર્થાત્ આ દસ બાબતો પર વિજય મેળવ્યા પછી સમ્યક્‌જ્ઞાન, દર્શન અને ચરિત્ર વડે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ શકે.

ગાંધીજીએ જીવનમાં કેટલીય વાર સત્યને પકડ્યું અને આગ્રહને છોડ્યો હતો

ડૉ. દક્ષાબહેન પટણીએ 'અપરિગ્રહ અને ગાંધીજી' એ વિષય અંગે જણાવ્યું કે સત્યનો આગ્રહ એ મહાત્મા ગાંધીજીની મહત્ત્વની શોધ

વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨૪–૧૧–૨૦૧૨ના રોજ સાંજના ૫–૦૦ કલાકે **મારવાડી વિદ્યાલય** હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

(૨) ગત વર્ષ ૨૦૧૧–૧૨ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૩) સને ૨૦૧૨–૧૩ ની સાલ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નિમણૂંક કરવી.

(૪) સને ૨૦૧૨-૧૩ ની સાલ માટે સંઘ માટે ઑડિટરની નિમણૂંક કરવી.

(૫) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘના ઑડિટ થયેલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૧૭-૧૨-૨૦૧૨ થી તા. ૨૧-૧૧-૨૦૧૨ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મળતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

કાર્યાલયનું કામચલાઉ સરનામું : ૩૩, મહંમદી મીનાર, ભોંયતળિયે, ૧૪મી ખેતવાડી, A.B.C.ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ–૪૦૦૦૦૪.

છે. તેમણે જીવનમાં ઘણીવાર સત્યને પકડીને આગ્રહ છોડ્યો હતો. અપરિગ્રહ શબ્દનો વિચાર કરીએ તો ગ્રહનો અર્થ છે પકડવું. સંગ્રહ એટલે સરખી રીતે એકઠું કરવું. પરિગ્રહ એટલે ચારે બાજુથી કે જ્યાંથી મળે ત્યાંથી ભેગવું કરવું, પકડવું એ પ્રકૃતિ છે. કોઈક વસ્તુ આવિષ્કાર પામે તે પહેલાં તે ક્યાંક વળગેલી હોય છે. વૃક્ષના મૂળ આપણે જોઈએ તે પહેલાં તે માટી સાથે વળગેલા હોય છે. આ ચૈતન્યનો સ્વભાવ છે. કુદરતે આપેલી આ અમૂલ્ય શક્તિ છે. જેને બહાર શોધવા જઈએ તેને અંદરથી કેમ ન પામવી? આ બાબત ગાંધીજીએ દેખાડી છે. ગાંધીજીએ શું પકડ્યું? ગાંધીજીએ શું છોડ્યું? ગાંધીજીએ વારસામાંથી સત્યને પકડ્યું હતું અને કામવાસનાને છોડી હતી. તેમના પિતા અને દાદાને બે-બે પત્નીઓ હતી. પરંતુ તેમણે તે છોડ્યું. તેઓ કહેતા કે સત્ય પાલન મુશ્કેલ નથી પણ કામવાસનાને જીતવી મુશ્કેલ છે. હું હોંશિયાર માણસ નહતો પણ મને મારા વર્તન વિશે સતત ચિંતા રહેતી. ખોટું બોલ્યા પછી આપણને ફાવતું નથી. અંદરથી ઘંટડી વાગે છે. દરેકને અંતર આત્માનો અવાજ હોય છે. નિરપેક્ષ સત્ય બધાને સ્વીકાર્ય હોય છે. સત્ય સાધના કરી તેમાંથી ધીમે ધીમે અહિંસા મળી. તેમણે સત્યને પકડ્યું અને ટોચ સુધી પહોંચ્યા. ગોપાલકૃષ્ણ ગોખલે નોંધે છે કે મારા જીવનમાં મેં ઘણી વ્યક્તિ એવી જોઈ છે કે જેઓમાં વિકાર ન હોય, પરંતુ જેમની માત્ર હાજરીથી બીજા વિકાર શમી જાય. એવી વ્યક્તિ માત્ર રાનડે અને ગાંધીજી જ છે. તે જમાનામાં ગાંધીજી દ. આફ્રિકામાં લાખો રૂપિયા કમાતા હતા. પોતાનું, બે ભાઈઓનું અને વિધવાબહેનનું એમ ચાર ઘરનો ખર્ચ વહન કરતા હતા. રસ્કીનનું પુસ્તક વાંચ્યા પછી તેમણે વકીલાત છોડી હતી. તેમનો સત્યાગ્રહ પોતાની સામે હતો અને પછી તેમાં પોતાની ધરી ઉપર એટલા સ્થિર થયા કે તેમને કોઈ ચલિત કરી શક્યું નહીં. તેમણે જીવનમાં ભૂલો કરી પણ તેનું પુનરાવર્તન કર્યું નહીં. તેમણે આત્મનિરીક્ષણ અને પછી આત્મપરીક્ષણ વડે આત્મશુદ્ધિ કરી. આ રસ્તે આપણે પણ ગાંધીજીની અવસ્થાએ પહોંચી શકીએ. ધર્મ ઉપદેશની સાથે માણસ વિચારે છે કે વધુ સુખ, ઊંચાઈ કે હળવાશ ક્યાં મળે? બંધનમાંથી મુક્ત કઈ રીતે થઈ શકાય. ગોખલે પાસે ગાંધીજી ધર્મપરાયણ રાજકારણ શીખ્યા પછી અટક્યા નહીં અને લોકમાન્ય ટિળકની નિકટ ગયા. ટિળકે કહ્યું હતું કે આ માણસ આપણો નથી પણ એક દિવસ તે જ સ્વરાજ અપાવશે. વાઈસરોય પાસે ગાંધીજી માગણીઓ સાથે ગયા. બ્રિટનની લશ્કરી તાકાત એટલી બધી હતી કે તમારી હત્યા કરી દેવાય તો પણ દુનિયાને ખબર ન પડે. તે અંગે ગાંધીજીએ કહ્યું હતું કે બ્રિટિશ જનતા સ્વતંત્રતાની પૂજારી છે. તે સ્વતંત્રતા તમે બીજાને આપો. ફરી એકવાર વાઈસરોય પાસે માગણીઓ સાથે ગયા ત્યારે તેમણે કહ્યું કે હાલ તો તમે સામે બેસો છો. સત્તા મળે પછી તમે આ ખુરશીમાં હશો અને જનતા તમારી સામે હશે ત્યારે તમે શું કરશો? ત્યારે ગાંધીજીએ ઉત્તર આપ્યો કે ત્યારે પણ ખુરશીની સામે જ હોઈશ. ભારત અને પાકિસ્તાનના ભાગલા માટે મહંમદઅલી ઝીણા જવાબદાર છે. તેમના કરતાં ભલે થોડી ઓછી હોય પણ કોંગ્રેસની કારોબારી પણ જવાબદાર છે જ. ઘણા વર્ષોની લડત પછી સ્વરાજ મળવાનો સમય થયો ત્યારે શા માટે રકઝક કરવી એવા કંટાળાના ભાવથી તેણે ભાગલાનો ઠરાવ મંજૂર કર્યો હતો ત્યારે ગાંધીજીએ સત્યને સ્વીકાર્યું હતું અને ભાગલાનો વિરોધ કરવાનો આગ્રહ છોડ્યો.

(ક્રમશ:)

જે રસ્તો આપણને આપણાં ઘરથી
દૂર લઈ જાય એ રસ્તો ગમે તેટલો
આકર્ષક હોય તોય નકામો....
જે પ્રવૃત્તિ આપણને આપણા સ્વભાવથી
દૂર લઈ જાય એ પ્રવૃત્તિ
ગમે તેટલી સારી હોય તોય નકામી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

નવનિર્માણ મકાન ફંડ

રૂપિયા	નામ
૫૧૦૦૦	વિનોદ ઝેડ. વસા
૫૧૦૦૦	લાલભાઈ કાલીદાસ એન્ડ કું.
૫૦૦૦	એ. પી. શેઠ ચૅરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	એક ભાઈ તરફથી
૧૦૦૦	શનાયા શાહ
૧૦૦૦	નિખીલ શાહ
૧૦૦૦	જશ તોતલાની
૧૧૫૦૦૦	

લોક સેવક સંઘ થોરડી આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની ચાદી

રૂપિયા	નામ
૧૯૮૯૩૯૯	આગળનો સરવાળો
૧૦૦૦૦૦	સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૨૫૦૦૦	વર્ષાબેન આર. શાહ
૧૦૦૦૦	અનુપચંદ કાલીદાસ શાહ
૧૦૦૦૦	નિતેષ બિપિન શાહ
૧૦૦૦૦	વિરેન જે. શાહ–HUF
૫૦૦૦	મગનલાલ સંઘવી
૫૦૦૦	કે. સી. શાહ
૫૦૦૦	પ્રતિમા ચક્રવર્તી
૫૦૦૦	પૂર્વી બાપુભાઈ ઝવેરી
૨૫૦૦	યશ ઈન્ફો સોલ્યુશન્સ
૫૦૦	મનિષાબેન જે. શાહ
૨૧૬૭૩૯૯	

પ્રબુદ્ધ જીવન નિધી ફંડ

રૂપિયા	નામ
૫૦૦૦	શ્રી નવિનભાઈ યુ. શાહ
૫૦૦૦	શ્રી બાબુલાલ ચીમનલાલ ઝવેરી
૫૦૦	શ્રી અરૂણ સી. શાહ
૧૦૫૦૦	

પ્રબુદ્ધ જીવન સૌજન્ય

રૂપિયા	નામ
૨૦૦૦૦	સુશીલાબેન ચીમનલાલ ઝવેરી (નવેમ્બર-૨૦૧૨)
૨૦૦૦૦	લાલભાઈ કાલીદાસ એન્ડ કું. (ડિસેમ્બર-૨૦૧૨)
૪૦૦૦૦	

અ...વ...સ...૨

જૈન વિશ્વકોશ અંગે અમદાવાદમાં વિદ્વત્ત મિલન સંપન્ન થયું

યુગ દિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પ્રેરિત શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ મુંબઈના ઉપક્રમે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં જૈન વિશ્વકોશની રચનાના દ્વિતીય ચરણમાં વિદ્વાનો, ઇતિહાસવિદો, વિજ્ઞાનીઓ, સ્થાપત્યવિદો વિગેરેની એક વિદ્વત્ત સભાનું પદ્મભૂષણ ડૉ. મધુસુદન ઢાંકીના અધ્યક્ષપદે આયોજન થયું હતું.

જૈન વિશ્વકોશના સંપાદકો પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયાએ અત્યંત સૌજન્ય સન્નિષ્ઠભાવે વિશ્વકોશ શા માટે તૈયાર કરવો જોઈએ ત્યાંથી શરૂ કરીને કેવી રીતે તૈયાર થઈ રહ્યો છે તેની વિગતો જણાવી હતી.

ગુણવંત બરવાળિયાએ યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પ્રેરિત ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટની પ્રવૃત્તિઓ જેવી કે લુક એન્ડ લર્ન, અર્હમ્ યુવા ગ્રુપ, અર્હમ્ સત્સંગ, ગુરુસ્પંદન, ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ વિ.નો પરિચય આપીને પૂ. ગુરુદેવ પ્રેરિત જૈન ગ્લોબલ આગમ મીશન દ્વારા જૈન આગમોના અંગ્રેજી ભાષામાં અનુવાદના કાર્યની વિગતો આપી અને કહ્યું કે આ કાર્યની શ્રૃંખલામાં જૈન વિશ્વકોશ રચવાનો પ્રારંભ થયો છે તેની એક સભા મુંબઈમાં મળી હતી. અને તે પછી આજે અમદાવાદમાં મળી રહી છે તેમાં પધારેલા વિદ્વાનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈએ ૨૫ ગ્રંથોમાં પ્રકાશિત થયેલા ગુજરાતી વિશ્વકોશની વિકાસયાત્રાનો ખ્યાલ આપી જણાવ્યું હતું કે જૈન વિશ્વકોશ એ કોઈ વ્યક્તિગત સર્જન નહીં, પણ સહિયારો જ્ઞાનપુરુષાર્થ છે. એમણે જૈન વિશ્વકોશની એક રૂપરેખા પ્રસ્તુત કરતાં કહ્યું હતું કે આ સમગ્ર યોજનાને પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.ના આશીર્વાદ પ્રાપ્ત થાય છે-એ આપણા માટે મહત્ત્વની ઘટના છે

આજે ગ્લોબલાઈઝેશનના સમયમાં જ્ઞાનની જાણકારી આવશ્યક છે અને તેથી જ વિશ્વકોશમાં કઈ રીતે અધિકરણો લખાશે અને કયા વિષયો પર લખાવા જોઈએ તેની એમણે વાત કરી હતી. આ કાર્ય આજની પેઢીને માટે મહત્ત્વનું અને આવનારી પેઢીને માટે મૂલ્યવાન બની રહેશે.

આ સમારંભમાં ઉપસ્થિત તજજ્ઞોમાં ભારતીય સંસ્કૃતિના અભ્યાસી ડૉ. થોમસ પરમારે કહ્યું, ગુજરાતની ભૂમિ પર જ્ઞાનની નવી ક્ષિતિજો ખૂલી રહી છે અને જૈન વિશ્વકોશ એ માત્ર જૈન સમાજને જ નહીં, જૈનેતર પ્રજાને અને સમગ્ર વિશ્વને ઉપયોગી બનશે. જૈન ધર્મનો અનેકાંતવાદ વાંચવા માટે મારે પંદરેક પુસ્તકો એકઠાં કરવાં પડે અને એ વાંચું, એને બદલે વિશ્વકોશમાં કોઈ વિદ્વાને લખેલો ત્રણેક પાનાંનો લેખ મને જરૂરી માહિતી આપી શકશે. ભારતીય સંસ્કૃતિ કે વિશ્વની સંસ્કૃતિમાં જૈનોલોજીનું ઘણું મોટું પ્રદાન છે અને જે આના દ્વારા વિશેષ ઉજાગર બનશે. જૈનદર્શન વિશેના લેખક ડૉ. પ્રવીણભાઈ શાહે કહ્યું કે આજે જૈનસાહિત્ય એ સર્વસુલભ બન્યું નથી. આ ગ્રંથ સહુ કોઈને સુલભ બને તેવા પ્રયાસો કરવા જોઈએ. પ્રાકૃત ભાષાના અધ્યાપક ડૉ. દીનાનાથ શર્માએ કહ્યું કે આને કારણે જૈન કાવ્યસાહિત્યના કવિરત્નોનો પરિચય મળશે, તો વિખ્યાત વિજ્ઞાની શ્રી રાજમલ જૈને કહ્યું કે જૈન ધર્મનો કોન્સેપ્ટ ફન્ડામેન્ટલ સાયન્સ પર છે અને તે અંગેની વિગતો આમાંથી વાંચવા મળશે, જેથી ધર્મના વૈજ્ઞાનિક અભિગમોનો પરિચય મળશે. ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ શ્રી અનિલાબેન દલાલે કહ્યું કે આજના તુલનાત્મક અભ્યાસના સમયમાં જૈન ધર્મની વાત આપણા વિદ્વાનો દ્વારા લખાઈને આવે અને અન્ય ધર્મસંપ્રદાયના અભ્યાસીઓ વાંચે, તો એને એ યોગ્ય સંદર્ભમાં સમજાશે અને એનું યોગ્ય મૂલ્યાંકન પણ કરી શકશે. કોઈ ધર્મ સારો કે નરસો છે એવો પ્રશ્ન નથી, પરંતુ એ સાચા પરિપ્રેક્ષ્યમાં રજૂ થાય તે મહત્ત્વનું છે. જ્યારે પ્રાકૃત ભાષાના વિદ્વાન શ્રી રમણિકભાઈ શાહે કહ્યું કે જૈન વિશ્વકોશ સાંપ્રદાયિકતાને બદલે વ્યાપક દૃષ્ટિકોણથી રજૂ થવો જોઈએ, તો ગુજરાત વિદ્યાપીઠના આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા કેન્દ્રના ડૉ. પૂર્ણિમાબહેન મહેતાએ કહ્યું કે આ કામ ભવિષ્યની પેઢીને માટે મૂલ્યવાન બની રહેશે, તો કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરના મુખ્ય ગ્રંથપાલ શ્રી કનુભાઈ શાહે કહ્યું કે આવા જ્ઞાનની આપણને સહુને જરૂરિયાત છે. અમેરિકાથી આવેલ શ્રી ગિરીશભાઈ શાહે જણાવેલ કે જૈન વિશ્વકોશને લેટેસ્ટ ટેકનોલોજી સહિત ઈન્ટરનેટ પર મૂકવામાં આવશે જેથી વિશાળ વર્ગ તેનો લાભ લઈ શકશે.

પ્રમુખપદેથી શ્રી મધુસૂદન ઢાંકીએ કહ્યું કે આપણે ત્યાં ઇતિહાસ દૃષ્ટિની ઉણપ છે અને તેથી જ આ કાર્યની રૂપરેખા બહુ વિચારીને તૈયાર કરવી પડશે. એમાં જે અધિકરણો આવવાના હોય તે અગાઉથી નક્કી કરેલા હોવા જોઈએ અને પ્રમાણભૂત હોવા જોઈએ. એમણે આ કાર્યને ખૂબ શુભેચ્છાઓ આપી.

આ ઉપરાંત આ સભામાં શ્રી રૂપેન્દ્રકુમાર પગારિયા, નરેન્દ્ર ભંડારી, ડૉ. ભારતીબેન શેલત, સ્નેહલ શાહ, ડૉ. કીર્તિદા શાહ, ડૉ. નિરંજના વોરા, ડૉ. જગતરામ ભટ્ટાચાર્ય, શ્રીધર અંધારે, ડૉ. પ્રીતિબહેન શાહ, અર્ચનાબેન પરીખ, નલિનીબેન દેસાઈ, રોહિત શાહ, ફાલ્ગુનીબેન શાહ, જાગૃતિબેન ઘીવાલા, ડૉ. કલ્પના શેઠ, પિન્કી શાહ વગેરે વિવિધ ક્ષેત્રના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. નલિનીબેન દેસાઈએ કર્યું હતું અને સહુ કોઈ આ ભગીરથ કાર્યને માટે નવા ઉત્સાહ સાથે કાર્યમાં જોડાવા માટે આતુર બન્યા હતા. ✷ ✷ ✷

જયભિખ્ખુ જીવનધારા : ૪૪

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[નવલકથા, નવલિકા, ચરિત્ર જેવાં સાહિત્યસ્વરૂપોમાં માનવતાના મૂલ્યોનું આલેખન કરનાર જયભિખ્ખુના જીવનમાં એ મૂલ્યોનું પ્રતિબિંબ જોવા મળે છે. ઘસાઈને ઊજળા થવામાં માનનાર જયભિખ્ખુના પ્રેમાળ અને પરગજુ સ્વભાવને કારણે એમનું મિત્રમંડળ વિશાળ હતું અને એ મિત્રમંડળ સાથે સર્જાયેલી એક ઘટના જોઈએ આ ચુમ્માલીસમા પ્રકરણમાં]

'અમારી નાવના રાજા'

લોકસાહિત્યના વેદવ્યાસ સમા કવિ કાગની કાવ્યધારા અને લોકગીતો સાંભળીને ગારુડીની મહુવરનો નાદ સાંભળીને જેમ ફણીધર ડોલી ઊઠે તેમ અનેક લોકહૈયાં ડોલી ઊઠતાં હતાં. એમનાં લોકગીતો, ભજનો અને દોહાઓમાં એમની કંઠ, કહેણી અને કવિતાની આગવી બક્ષિસનો અનુભવ થયો. આવા કાગબાપુએ પોતાના ૧૪ ખોરડાંવાળા નાનકડા ગામ મજાદરમાં પધારવાનું સાક્ષરો અને વિદ્વાનોને ભાવભર્યું નિમંત્રણ આપ્યું. એના આયોજનની જવાબદારી જયભિખ્ખુને શિરે હતી અને એમની સાથમાં કવિ કાગબાપુના પ્રિય અને પટ્ટશિષ્ય શ્રી રતિકુમાર વ્યાસ હતા.

૧૯૬૩ની છઠ્ઠી ઑક્ટોબરે, આસો વદ ચોથના દિવસે ગુજરાતના ઘણા શબ્દસ્વામીઓ, વિચારકો, વિદ્વાનો, મજાદર જવા માટે ડુંગર સ્ટેશન પર ઊતર્યા. સ્મૃતિમાં સદાકાળ જળવાઈ રહે એવી જીવનની અમૂલ્ય ઘટનાના ડુંગર સ્ટેશનેથી જ શ્રીગણેશ મંડાયા. સ્ટેશન પર બરોબર બપોરે બાર વાગ્યે સહુનું ભાવભર્યું સ્વાગત થયું. ડુંગરના નગરશેઠ શ્રી કલ્યાણજીભાઈની સાથે કવિ દુલા કાગ પણ હાજર હતા. એ પછી 'ધૂમકેતુ', જ્યોતીન્દ્ર દવે, જયભિખ્ખુ અન્ય લેખકો અને કવિઓ તથા મહાનુભાવોનું કવિ દુલા કાગે બહુમાન કર્યું. સહુને શણગારેલી બળદગાડીઓમાં બેસાડવામાં આવ્યા. આવી શણગારેલી ૪૦ બળદગાડીઓની કતાર ડુંગર ગામમાંથી પસાર થઈ, ત્યારે રસ્તાની બંને બાજુ ડુંગરના લોકો હાથ જોડીને અતિથિઓનું ભાવભર્યું સ્વાગત કરવા ઘણાં સમયથી ઉપસ્થિત હતા. બળદગાડીઓની લાંબી કતાર ધીરે ધીરે આગળ વધતાં ડુંગર ગામની સ્કૂલ પાસે આવી.

ધરતીના જાયાઓના મુખ પર અવર્ણનીય આનંદ ને ઉલ્લાસ છલકતો હતો. હૃષ્ટપુષ્ટ બળદોની જોડીથી શણગારેલાં ગાડાંઓને જોઈને જ મહેમાનો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. શણગાર સજેલા બળદના ગળે ઘૂઘરમાળ લટકતી હતી અને એમાં બળદોનો થનગનાટ રણકતો હતો ! ઝૂલ, ખૂંધ, મખિયારડાં એવા મોતી ભરેલા શણગારોથી શોભતાં ગાડાં ચાલતાં હતાં. એ ગાડા-ખેડુઓના મુખ પર ભાવવિભોર હાસ્ય હતું. એમના ચહેરા પર ધરતીનું કાવ્ય કોતરાયેલું હતું.

બૅન્ડ વાગતાં હતાં, દાંડિયા-રાસ ખેલાતા હતા, ઢોલ ઢબૂકતાં હતાં અને ત્રાંસાં (તાંબાની મોટી થાળી જેવું - મોટા મંજીરા જેવું વાદ્ય) વાગતાં હતાં, આખા માર્ગનો ગજેગજ ભૂમિભાગ તોરણોથી, પતાકાઓથી, કમાનોથી શણગારાયેલો હતો. તાજું લીંપણ કરેલી ભીંતો પર હીરભરતના, ટાંકાભરતના, આભલાભરતના ચાકળાઓ લટકી રહ્યા હતા. ડેલીઓના દરવાજા અને બારસાખ (બારણાની ફ્રેમ) પર ગૂંથેલાં તોરણો હતાં. આજુબાજુનાં ઘર અને દુકાનમાં નીચે 'સુસ્વાગતમ્' અને 'મોંઘેરા મહેમાન ભલે પધાર્યા' એવા શબ્દોથી રંગોળી પૂરવામાં આવી હતી. ચંદરવા આ સઘળાને શોભાવતા હતા. હર્ષ અને ઉત્સાહનો મહાસાગર ચોતરફ રેલાતો હતો. ડુંગર ગામના આગેવાન કલ્યાણજીભાઈ સાવ સાદા નરવણિક જેવા લાગતા હતા. વિરલ આત્મવિલોપનવાળા એ પુરુષ નજરે ચડી ચડીને ખોવાઈ જતા હતા.

મહેમાનોનો ઉતારો ડુંગર ગામની સ્કૂલમાં હતો. અતિથિઓ પધાર્યા ત્યારે બંદુકના ધડાકાથી એમનું બહુમાન કરવામાં આવ્યું. સ્કૂલમાં ચા-પાણી, સ્નાનવિધિ અને એ સમયે ભોજનમાં સર્વશ્રેષ્ઠ ગણાતું દૂધપાક-પૂરીનું ભોજન સહુએ માણ્યું. ગુજરાતના મૂકસેવક રવિશંકર મહારાજ પણ ત્રણેક દિવસ અગાઉથી પોતાના પ્રિય સ્વજન કવિ દુલા કાગને ત્યાં આવી ગયા હતા. આ ૧૯૫૯માં રવિશંકર મહારાજ કવિ દુલા કાગના વતન મજાદરમાં આવ્યા ત્યારે દુલા ભાયા કાગે ૧૨૫૦ વીઘાં જમીનમાંથી ૬૫૦ વીઘાં જમીન, ૧૨ હળ, ૧૨ કુવા અને ૫૦૦૦ રૂપિયાનું ઘાસ એમના ચરણે ધરી દીધું હતું અને એથીય વિશેષ આ કવિએ ભૂદાન વિશે ગીતો લખીને પૂ. વિનોબાજીને અર્પણ કર્યાં હતાં અને ભૂદાન માટે ભેખ ધારણ કર્યો હતો.

આજે જેમ કવિ દુલા કાગે સાક્ષરો અને વિદ્વાનોને નોતરું આપ્યું હતું, એ જ રીતે એ સમયે એમણે રવિશંકર મહારાજને પોતાને ગામ નોતરું આપ્યું હતું. એ પ્રસંગ મારા મનમાં ઊપસી આવ્યો અને તે વેળાએ ૧૯૫૯માં કવિ દુલા કાગે નોતરું આપતાં કહ્યું હતું,

'તમે ભોમકા માગવાવાળા, આવો મારે આંગણિયે,
તમે ગરવી ગુજરાતવાળા આવો મારા આંગણિયે,
તમે રાત દી ફરો પગપાળા, આવો મારે આંગણિયે.'

ડુંગરમાં પૂજ્ય મહારાજના પ્રમુખપદ હેઠળ નિશાળના આંગણામાં કાર્યક્રમ યોજાયો. સુંદર મંડપ બાંધવામાં આવ્યો હતો અને લાઉડ-સ્પીકરની સગવડ પણ કરવામાં આવી હતી. બે હજારની માનવમેદનીને જયભિખ્ખુએ પધારેલા લેખકો, કવિઓ અને અન્ય વ્યક્તિઓની ઓળખાણ આપી. એ પછી 'ધૂમકેતુ' અને જ્યોતીન્દ્ર દવેએ ડુંગરના

રહેવાસીઓએ આપેલા અપૂર્વ આવકાર બદલ આભાર વ્યક્ત કર્યો. રવિશંકર મહારાજે એમના પાંચ મિનિટના ટૂંકા પ્રવચનમાં પધારેલા મહેમાનોની વિશિષ્ટતા બતાવવાની સાથોસાથ કહ્યું, 'ગામડાની ધૂળમાં જે ફૂલ ખીલે છે, એ શહેરના બગીચાઓમાં નથી ખીલતાં.' એમણે ગ્રામવાસીઓને પ્રામાણિકતાથી કામ કરવા અને કુટેવો છોડવા માટે સમજાવ્યા. એ પછી પુરુષોએ દાંડિયારાસ લીધા અને ઊગેલો સૂરજ ક્યારે આથમવા લાગ્યો, એની અમને સૂઝ પણ ન રહી અને હવે મજાદર ગામ ભણી જવાની તૈયારીઓ કરવા લાગ્યા.

જુવાર અને બાજરીના ખેતરો વચ્ચેથી સાંકડો રસ્તો જતો હતો. આ રસ્તો પૂરો થયો. મજાદરને પાદરે સહુ પહોંચ્યા. ત્યાં બંદૂકોના ધડાકાથી સહુ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. શરણાઈઓ ગુંજી ઊઠી. મજાદરને પાદરે જૂનાં વાજિંત્રોના નાદ વચ્ચે તલવારનું નૃત્ય ખેલાયું.

કવિ કાગના મોટા પુત્રી લક્ષ્મીબહેને સામૈયું કર્યું અને નાના પુત્રી રાણુબહેને મહેમાનોને કુમકુમતિલક અને અક્ષતથી વધાવ્યા. મજાદરની ચારણ સ્ત્રીઓ ધીમા સાદે વધામણાંનાં ગીતો ગાતી હતી. કવિ કાગે સહુને ભેટીને આવકાર્યા અને વાજતે ગાજતે સહુએ મજાદરમાં પ્રવેશ કર્યો. અમદાવાદ અને મુંબઈ શહેરમાંથી આવેલા મહેમાનોના સ્વાગત માટેની પાથરેલી 'રેડ કાર્પેટ' જોઈને સહુ સ્તબ્ધ થઈ ગયા.

જેમ શ્રીકૃષ્ણે અર્જુનને વિશ્વદર્શન કરાવીને એના સર્વ સંશયો છિન્ન કર્યા હતા, એ જ રીતે મજાદર ગામનું દર્શન થતાં જ અતિથિઓના સઘળા સંશયો શમી ગયા. નાનું, ધૂળિયું ૧૪ ખોરડાવાળું ગામડું કેવું હશે એમ વિચારતા અને સુખ-સુવિધા અને સગવડો અંગે સંશય સેવતા સાક્ષરોએ જોયું તો આ ગામના દિદાર જ સાવ પલટાઈ ગયા હતા. શરૂઆતમાં જ ઊંચા રંગમંચ સાથે પાંચ હજાર માણસ સમાઈ શકે તેવો વ્યાખ્યાન-મંડપ અને એને બબ્બે માથોડાં ઊંચાં જાર-બાજરીનાં ડૂંડાંથી કરેલો શણગાર આંખને ભરી દેતો હતો. લખમૂલા શણગાર આ ડૂંડાં પાસે ઝાંખા લાગતા હતા!

ત્યાંથી પ્રવેશદ્વારમાં થઈને ઉતારા તરફ આગળ વધ્યા. એક તરફથી લાંબી પરસાળવાળી ડેલી હતી. ગામડેથી આવતી મુખ્ય વ્યક્તિઓ ત્યાં ડાયરા જમાવીને હુક્કો ગગડાવતી બેઠી હતી. એની અદા, એ દાઢી-મૂછોના કાતરા 'સૌરાષ્ટ્રની રસધાર'ની યાદ કરાવતા હતા. આ ડેલીની બીજી તરફ મોટું એવું રસોડું હતું!

વચ્ચેના માર્ગથી અંદર જતાં ચાકળા-ચંદરવા અને નાના-મોટા સુશોભનવાળા ઉતારાના ઓરડા હતા. મધ્યમાં વિશ્રામ માટે કે મહેમાનોની મુલાકાત માટે મોટો મંડપ ખડો કર્યો હતો નહાવાની ઓરડીઓ, પીવાના પાણીની વ્યવસ્થા તથા બીજી બધી સગવડો બરાબર કંડારવામાં આવી હતી! મહેમાનોની આગતાસ્વાગતા માટે ચારસો ગાદલાં મંગાવવામાં આવ્યાં હતાં અને ઓઢવા માટે નવી રેશમી રજાઈઓ બિછાવવામાં આવી હતી. ધોળા દૂધ જેવા ગાદીતકિયા હતા. દીવાલો પર ચાકળા, થાંભલાઓ ઉપર રંગીન કાપડની સજાવટ અને બેસવા માટે સુંદર સફેદ ગાદલાંઓની ઢીંચણિયાં (બેસતી વખતે ઢીંચણના આધાર માટે ટેકણ) સાથેની બેઠકની વ્યવસ્થા અને ભવ્ય સ્ટેજ–આ બધું મહેમાનોને અતિ પ્રભાવિત કરવા લાગ્યું. ગામમાં વીજળી નહોતી, છતાં લાઉડસ્પીકરની સગવડ કરી હતી અને પેટ્રોમેક્સની રોશની કરવામાં આવી હતી. ભીંત પર ધોળી માટી, એના પર ચંદરવા અને થાંભલા પર કસુંબી કપડું હતું.

ભાઈઓને વિશાળ ડહેલામાં અને ફળિયામાં બાંધેલાં મંડપમાં રહેવાનું હતું અને બહેનોને માના ડહેલામાં રહેવાનું હતું. સ્વસ્થ થઈ સહુ જમવા બેઠાં. ગામની અલમસ્ત ભેંસોનાં તાજાં દૂધ, બાજરાના રોટલા, શાક, ખીચડી, કઢી, માખણ તથા લસણની ચટણી સાથેનું સાંજનું ભોજન હતું. રોટલાનો આવો સ્વાદ અને માખણની આવી મીઠાશ કદી માણી નહોતી.

સહુ કોઈને એમ લાગ્યું કે તેઓ જુદી જ દુનિયામાં આવ્યા છે. એક સાક્ષરે તો કહ્યું, 'અરે, આવું માન, સન્માન અને સ્વાગત તો દેવોને પણ દુર્લભ છે.' તો બીજા સાક્ષર વિચારમાં ડૂબી ગયા કે આટલી બધી સગવડ અને સજાવટ શ્રી દુલા કાગે આ નાનકડા ગામમાં કેવી રીતે કરી હશે? અહીં તો સ્વપ્નમાં આવતી સ્વર્ગનગરી ખડી કરી છે.

રાત્રે લોકસાહિત્યનો ડાયરો યોજાયો. જેમ રાત જામતી ગઈ તેમ રંગત જામતી ગઈ. પ્રમુખસ્થાને મુંબઈથી આવેલા જાણીતા લેખક-પત્રકાર શ્રી સોપાન બિરાજ્યા! જયભિખ્ખુએ એમના નામની દરખાસ્ત મૂકી અને ઈશ્વર પેટલીકરે એને ટેકો આપ્યો. સોમનાથના વયોવૃદ્ધ ગાયક શ્રી આત્મારામભાઈ અને મહુવાની મંડળીએ થોડાં ભજનો ગાઈને કાર્યક્રમનો પ્રારંભ કર્યો અને એ પછી જૂનાગઢની ચારણ શાળાના અધ્યક્ષ પિંગળશીભાઈએ સૌરાષ્ટ્રના વિશિષ્ટ સંસ્કારનો, ભૂગોળનો, ઈતિહાસનો સુંદર સંકલના કરીને પરિચય આપ્યો. ત્યારબાદ મેરુભા ગઢવીએ લોકસાહિત્યનું કાળજું કંઠમાં બોલતું કર્યું અને એમના અવાજની બુલંદીનો અદ્‌ભુત અનુભવ થયો.

ત્યારબાદ લોકગાયક કવિ શ્રી હેમુ ગઢવી ઊભા થયા અને એમણે કહ્યું કે જાહેરમાં કાગબાપુ અને મેરુભા ગઢવી જેવા સમર્થ ગાયકો સામે ગાવાનો આ પહેલો પ્રસંગ હતો, તેથી તેઓ થોડો ગભરાટ અનુભવે છે. હેમુ ગઢવીનો બુલંદ કંઠ, સૂરની મૃદુતા અને નિરૂપણની છટાએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. રતિકુમાર વ્યાસે કાગબાપુ-રચિત યશોદા વિશેનું ગીત ગાયું અને પછી પ્રમુખસ્થાનેથી શ્રી મોહનલાલ મહેતા સોપાને કવિ કાગને વિનંતી કરી કે, 'તમે અમને કવિઓ કહી બિરદાવો છો, પરંતુ સાચા કવિ તો આપ છો, તમારા કંઠ વિના આ ડાયરો અધૂરો રહેશે.' અને પછી આ ડાયરાને માથે આખરી કલગી ચઢાવી કવિશ્રી દુલા કાગે! એમને સો સો વાર સાંભળનારાઓએ કબૂલ કર્યું કે, કવિની આવી કેકા તો આજે જ સાંભળી! એવું લાગ્યું કે સરસ્વતી શ્રોતા સાથે સંવાદ કરે છે. દોઢ-બે કલાક સુધી કવિ દુલા

કાગ બોલ્યા અને ગાયું. એમના વિચારો પ્રગટ થતા રહ્યા અને એમનાં ગીતોની ધારાની વચ્ચે દૃષ્ટાંતો અને કથાઓ વણાતી ગઈ. સાંભળનાર ધન્ય થઈ ગયા!

'સોપાને' કવિશ્રીને બિરદાવતાં કહ્યું, 'શિષ્ટ-અશિષ્ટ સાહિત્યના ભેદાભેદો–જૂની કવિતા અને નવી કવિતાના પૂર્વગ્રહો આજ અહીં લય પામે છે. કવિ કાગ અમારા કવિ છે. અમારા કવિશ્રેષ્ઠ છે, એમાં અમને કોઈ શંકા નથી!' રાતના અઢી વાગ્યે કાર્યક્રમ પૂરો થયો.

દૂરદૂરથી દરિયાના વાયરા અને ખેતરના મોલમાંથી આવતી સુગંધ સાથે સોણલાંભરી રાત વિતાવ્યા પછી મજાદરનું પ્રભાત પણ ફૂલગુલાબી હતું. અતિથિ એ જ દેવ–એ સૂત્ર ચરિતાર્થ કરવા નાનાથી લઈને મોટામાં મોટો માણસ ખડે પગે હતો. તમે માગતાં ભૂલો, એ આપતાં ભૂલે! સહુના હૃદયમાં અંતરના ઉમળકાનાં મોજાં ઊછળતાં હતાં. સઘળી વ્યવસ્થા આપોઆપ થતી હતી. કાગબાપુ તો હળવાફૂલ બનીને સહુને સોબત આપતા હતા. એ જોઈને ઈશ્વર પેટલીકરે કહ્યું, 'એ કેવળ લોકકવિ હોત તો લોકોની ચાહના મેળવી શકત, પરંતુ સદ્‌ધર્મના સંરક્ષક હતા તેથી લોકહૃદય એમનાથી પરવશ બન્યું હતું. દુલાભાયા કાગ લોકોની નજરમાં કેવળ કવિ નથી, ભક્ત નથી એથીય વિશેષ બાપુ છે.'

સાતમી ઑક્ટોબર સવારમાં દશ વાગે લેખકોનો ડાયરો શરૂ થયો. એના પ્રમુખસ્થાને શ્રી 'ધૂમકેતુ' બિરાજ્યા. અહીં આવેલા લેખકોને માથે પોતાનો પરિચય આપવાની અને પોતાના ઘડતરની કે પોતાના અનુભવની કોઈ એક વાત કહેવાની ફરજ નાંખવામાં આવી. દરેક લેખકે પોતાનો પરિચય આપવા સાથે પોતાના જીવનઘડતરની થોડીક વાતો કહી. 'ધૂમકેતુ'ની બાળપણ અને જુવાનીની વાતોએ સહુને મુગ્ધ કર્યા. બપોરના દોઢ વાગ્યે લેખકોનો ડાયરો પૂરો થયો. લેખકોના ડાયરાએ સરસ હવા જમાવી અને લોકોને લેખકોના જીવનમાં કેવાં દર્દ, કેવાં દુ:ખ ને કેવી મુશ્કેલીઓ હોય છે તેનો સરસ ખ્યાલ આપ્યો!

મોટરો વાટે, ગાડાં વાટે, ઘોડા પર આજુબાજુના ગામોના લોકોનો પ્રવાહ અવિરત વહી રહ્યો હતો. છસો માણસને સાંજે જમાડનારું રસોડું બે હજાર કે તેથી વધુના ભોજનની વ્યવસ્થા માટે પહોળું થયું હતું. મધ્યાહ્નના ભોજન પછી અમદાવાદના શ્રી કનુભાઈના હાસ્યનો નિર્દોષ નાસ્તો-રોંઢો પીરસાયો ને પછી બધી મંડળી પીપાવાવના તીર્થે ફરવા ગઈ. 'પીપા પાપ ન કીજીએ, પુણ્ય કર્યું સો વાર!'

રાતના ફરી ખીચડી, માખણ, કઢી વગેરેનું ભોજન લીધું. રાતના દસ વાગ્યે કવિસભા યોજવામાં આવી હતી. ગુજરાતના જાણીતા લેખક શ્રી જ્યોતીન્દ્ર દવે એના પ્રમુખપદે હતા. નંદકુમાર પાઠક, મુરલી ઠાકુર, બાલમુકુન્દ દવે, હસિત બૂચ, પિનાકિન ઠાકોર, નાથાલાલ દવે, જમિયત પંડ્યા, રમેશ ગુપ્તા જેવા પંદરેક કવિઓએ પોતાની કાવ્યગંગા વહાવી. વચ્ચે વચ્ચે પ્રમુખશ્રીનું વક્તવ્ય ઓર રંગત જમાવતું.

જ્યાતીન્દ્ર દવેએ એમની આગવી શૈલીમાં કહ્યું, 'મજાદરમાં મજા ન પડે તો એનું નામ ખોટું પડે. મજા તો પડી, પણ દુલાભાઈના સાત્ત્વિક ભોજનનો લાભ એકવડિયા શરીરને કારણે લઈ શક્યો નહીં, તેનો વસવસો રહી ગયો.' એ પછી આ પ્રસંગ વિશે કહ્યું, 'શબ્દો મને સૂઝતા નથી, એવું કદી બન્યું નથી. ખરેખર આજના પ્રસંગે મને શબ્દો શોધ્યા જડતા નથી.' છેલ્લે જાણીતા લોકગાયક મેરુભા ગઢવી અને અંતે કવિશ્રી કાગે ડાયરાની પૂર્ણાહુતિ કરી. જિતુભાઈ મહેતાના એ શબ્દો હજી ગુંજે છે: 'શબ્દને શબ્દકોશના પાના સાથે સંબંધ નથી, જીવન સાથે છે એ કવિશ્રી કાગને સાંભળતાં સમજાય છે. કેટલાક ગ્રંથોએ સંસારમાં ક્રાંતિ કરી છે એમ કવિ કાગની કવિતાએ અજ્ઞાન, વ્યસની ને અનાડી લોકોમાં ક્રાંતિ કરી છે. કવિતાની કોયલને ઉછેરનારો આ કાગ છે. તુરબના તાર જેવી આ વાણી અમારા અંતરમાંથી કદી નહિ જાય.'

ત્રીજો દિવસ સંમેલનની સમાપ્તિનો ને ડાયરાની વિદાયનો હતો. સવારથી યજમાન અને મહેમાન બંનેનાં હૈયાં ભારે હતાં. પ્રાત:કાળમાં સહુ ડાયરાએ ગામ-પર્યટન કર્યું! એ ખોરડાં, એનો શણગાર, એનાં આંગણાં ચિરસ્મરણીય રહેશે. દરેક વ્યક્તિ જાણે સ્વાગત માટે દિલની છાબ ભરીને ખડો હતો.

આ પછી સન્માન સમારંભ શરૂ થયો. પ્રમુખસ્થાને મહુવાના જાણીતા નગરશેઠ હરિલાલભાઈ બિરાજ્યા હતા. કવિ શ્રી કાગે ભાવભરી બાનીમાં કહ્યું, 'ધરતીનો અને ઢોરનો હું જીવ છું. હું તમારી સામે કંઈ કહું તો એ તો સૂરજના ઘરમાં ઘાસલેટનો દીવો ધરવા જેવું થાય. સ્વાર્થ, કીર્તિ કે અર્થની તમન્નાથી તમને તેડ્યા નથી. માત્ર આ ધૂળ, આ ઢોર-ઢાંખર, આ ખેતર ને આ ગામડાં બતાવવા અને તમારા આશીર્વાદ લેવા તેડ્યા છે. સૂરજ ઊગવામાં કે ઉંમર આગળ વધવામાં કોઈની વાટ જોતાં નથી. આપ એવા આશીર્વાદ આપો કે મારાં છેલ્લાં વર્ષો ભગવાનની સેવામાં અને આ ધૂળ-માટીના અશક્ત, અપંગ ને અજ્ઞાનીની સેવામાં વીતે!'

યજમાન અને અતિથિઓ વચ્ચે દિલના ફૂલડાં ધરવા માટે ભારે ધસારો થયો. સમયના અભાવે એ ધસારા પર નિયંત્રણ મૂકવું પડ્યું. જયમલ પરમારે કહ્યું, 'ભાવાત્મક એકતાની વાતો થાય છે. મને લાગે છે ગુજરાતની ધરતી પર મજાદર ખાતે એનો પહેલો પ્રયોગ થાય છે. આ ડાયરો બતાવે છે કે ગુજરાત-સૌરાષ્ટ્ર એક છે.'

કવિશ્રીએ આ પ્રસંગે પોતાના પ્રદેશની સુંદર બનાવટ સમો ઊનનો કંડારેલો ધાબળો અને એક ભૂદાન સંબંધી સ્વરચિત કૃતિઓનું પુસ્તક 'ભૂદાનમાળા'ની પ્રત્યેક લેખક-કવિને ભાવભીની રીતે ભેટ ધરી!

અંતે મહુવાના નગરશેઠનું ભાષણ આખા પ્રસંગ પર કલગી ચઢાવે તેવું હતું. આ પ્રસંગે ડુંગર મહાજને પોતાના સ્નેહના પ્રતીક તરીકે કવિશ્રીને એક સુવર્ણચંદ્રક અર્પણ કરી, શાલ ઓઢાડી.

ભક્ત કવિના એકલોતા પુત્ર શ્રી રામભાઈ કાગે પણ ભક્તિ અને દર્દભીના સ્વરે એક દુહો લલકારતાં કહ્યું કે, એમના દિલ પર આજે જે

ચિત્ર અંકાયું છે તે કદી ભૂંસાવાનું નથી. સંત તુલસીદાસની ચોપાઈ ગાઈને એમણે કહ્યું કે, 'પારસમણિના સ્પર્શથી જેમ ગરીબનાં વાસણો સોનાનાં થઈ જાય અને તેને જેટલો આનંદ થાય, એટલો આનંદ આજે મને થઈ રહ્યો છે.' એ પછી જ્યોતીન્દ્ર દવે અને સોપાને મહેમાનો તરફથી લાગણીમય આભારદર્શન કર્યું અને સમારંભના પ્રમુખ શ્રી હરિલાલભાઈના સુંદર પ્રવચન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

એ પછી મીઠાં ભોજનો લેવાયાં, સામસામે બટકાં અપાયાં, ભોજનાન્તે વિદાય થઈ, પણ એ વિદાય દર્દભરી ને આંસુભરી હતી. મોટા પહાડના દિલમાંથી ઝરણ વહે, તેમ ભલભલા નરકુંજરોને એ પાણીમાં અમે નહાતા જોયા!

અમારા જેવા જોનારાઓ માટે એ પ્રસંગ જીવનનો ધન્ય પ્રસંગ બની રહ્યો. ગુજરાતમાં કોઈ એક કવિએ આટલા સાહિત્યકારોને પોતાના આંગણે નોતર્યા હોય એવો આ વિરલ બનાવ બની રહ્યો. આમાં આવેલા સહુ કોઈ જયભિખ્ખુને જ્યારે જ્યારે મળતા, ત્યારે મજાદરના મેળાની યાદ આપતા અને એમણે કરેલે પુરુષાર્થને દાદ આપતા. એ દિવસે બાપુને એકસો ને બે ડિગ્રી તાવ હોવા છતાં ડુંગર સ્ટેશને આવી સહુને અશ્રુભીની અને મમતાસભર આંખે વિદાય આપી હતી. એ પ્રેમ અને એ મમતાને એ દૃશ્ય જોનારાઓ ક્યારેય ભૂલશે નહીં.

વિદાય લેતી વખતે જ્યોતીન્દ્ર દવેએ જયભિખ્ખુને કહ્યું, 'તમારું નામ બાલાભાઈ છે, પણ ભાઈ તમે તો અમારા સહુની બા જેટલી સંભાળ લીધી છે.'

મજાદરના આ મેળા પછી જયભિખ્ખુનો કવિ દુલા કાગ સાથેનો સબંધ વધુ ને વધુ ગાઢ બનતો ગયો. જયભિખ્ખુના ષષ્ટિપૂર્તિ પ્રસંગે કવિ દુલા કાગે પોતાના આ પરમ સ્નેહી સ્વજન અંગે લખ્યું:

'આ વિનય, સહૃદયતા અને પવિત્ર ભાવના બાલાભાઈમાં જે છે તે મેં હજુ સુધી ક્યાંય દીઠી નથી. તેમનામાં રહેલી માનવતા એ અદ્‌ભુત વસ્તુ છે. તેમની લેખણ પર માતા સરસ્વતીના ખમકારા થાય છે. તેમનું આતિથ્ય નેહડાંને પણ શરમાવે તેવું છે.

'મોટું મન અને લાંબા હાથ એવાં ધર્મપત્ની જયાબહેન મળવાં તે ભગવાનની આગવી કૃપાનું ફળ છે. પેટકી પવિત્રતા પ્રસિદ્ધ હોત પુત્રમેં. ચિ. કુમાર એ એના હૃદયની પવિત્રતાની પ્રતિમા જેવો છે. મારા જેવા અલગારી માનવી પણ એવા વિચાર કરે કે સાવ ઘડપણ આવે ત્યારે બાલાભાઈના ઘેર સેવા-ચાકરી માટે જાઉં. આ શ્રદ્ધાને પામવું એ નાનીસૂની વાત નથી.'

અને અંતે કાગબાપુએ લખ્યું:

વાત વખાણું વાણિયા કે કલમ વખાણું ભાઈ?
હૃદય વખાણું તાહરું, ભવ ભવ બાલાભાઈ.

(જયભિખ્ખુ સ્મૃતિગ્રંથ, પૃ. ૩૨)

આ મૈત્રીના સુફળ રૂપે જયભિખ્ખુએ કાગબાપુના કાવ્યોનું સંકલન કરવાનું શરૂ કર્યું અને એના પરિણામસ્વરૂપે કાગવાણીના સાતેક ભાગ પ્રગટ થયા. કાગ બાપુના કાવ્યો ગ્રંથસ્થ થવાથી જયભિખ્ખુને અતિ આનંદ થયો. જયભિખ્ખુનું અવસાન થયું ત્યારે કવિ કાગ સૌરાષ્ટ્રના સોનગઢ પાસેના અમરગઢમાં સારવાર લેતા હતા. આ જયભિખ્ખુના અવસાનના સમાચારથી એમને ખૂબ આઘાત લાગ્યો અને એમણે રડતી આંખો સાથે લખ્યું,

'આપ તો જાણો છો કે મારે અને તેમને કેટલો સ્નેહ હતો! આજે સ્નેહનું દોરડું તૂટી ગયું છે, તેથી મારા આઘાતનો કોઈ પાર નથી. અમારી નાવના રાજા ગયા છે.' કાગબાપુના અવસાન પછી એમના 'કવિશ્રી દુલા કાગ સ્મૃતિગ્રંથ' (મે-૧૯૭૯)ના સંપાદક મંડળમાં કામ કરવાની મને તક મળી અને તે રીતે એ પરમ સ્વજન અને મહાન કવિને કંઈક શબ્દતર્પણ કરી શકાયું! **(ક્રમશ:)**

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

પંથે પંથે પાથેય...(પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

દીકરાઓ ખૂબ ભણે અને ખાનદાનનું નામ ઉજાળે એવી તેમની ઈચ્છા. બંને દીકરા ભણવામાં હોંશિયાર, વિદેશમાં રહી ખૂબ ભણ્યા અને સમય જતાં ડીગ્રીઓ લઈને ભારત પાછા આવ્યા. માબાપે વિચાર્યું કે હવે બંનેના લગ્ન કરીએ. પરિવાર ઈજ્જત આબરૂવાળો હોઈ છોકરીઓના માંગા આવવા માંડ્યા. પણ રામજીભાઈએ વિદેશમાં રહેતા એમના સગાની દીકરીઓ સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. વેવાઈ સપરિવાર સ્વદેશ આવ્યા, રામજીભાઈ-જયાબેન ભણેલી પુત્રવધૂ જોઈને ખુશ થઈ ગયા. ઘડિયા લગ્ન લેવાયા. બંને દીકરાઓને એક સાથે પરણાવવાના કોડ પૂરા થતા બંને પરિવાર ખુશ હતા.

થોડા દિવસ જૂનાગઢમાં રોકાયા, સગા-વહાલાને ત્યાં જમ્યા અને બંને જમાઈઓને લઈને વેવાઈએ વિદેશની વાટ પકડી.

આમ તો દીકરીઓને સાસરે વળાવતી વખતે માબાપનું હૈયું ભરાઈ જાય પણ અહીં તો દીકરાઓ પોતાનું વતન, માબાપને છોડી સાસરે જઈ રહ્યા હતા. દીકરા સુખી થાય એ જ આશાએ માબાપ રડતી આંખે બંને દીકારને વિદાય આપી રહ્યા હતા.

સમયનું ચક્ર ખૂબ ઝડપથી ચાલતું હતું. બેઉ દીકરા-વહુઓ અમેરિકામાં ખૂબ કમાયા, સસરાના બંગલાની બાજુમાં જ તેમણે પોતાના બંગલા બનાવ્યા. સમય જતાં બંનેને ત્યાં બાળકો થયા. રામજીભાઈ-જયાબેનને તેમને દીકરા બે ચાર વર્ષે આવીને મળી જતા. દીકરાઓ જતાં ઘરમાં સૂનું સૂનું લાગતું પણ સંતાનો સુખી હતા એટલે એ વાતનો ભારે સંતોષ હતો. વળી પોતે દાદા-દાદી પણ બની ગયા હતા.

એવામાં એક દિવસ સમાચાર આવ્યા કે દીકરાઓ સહપરિવાર જૂનાગઢ આવી રહ્યા છે. રામજીભાઈ-જયાબેનનો હરખ સમાતો નહોતો. ઘરમાં સાફસૂફી થવા માંડી. તેમના સ્વાગતની તૈયારીઓ માટે બધા જ લાગી ગયા.

નાનકડા પૌત્ર-પૌત્રીને જોઈને તેમની જવાની પાછી આવી ગઈ.

એક દિવસ જમી પરવારી આખો પરિવાર દિવાનખાનામાં બેઠો હતો ત્યારે મોટા દીકરાએ પિતાને કહ્યું કે 'બાપુજી, તમે અહિં એકલા રહો છો તેથી અમે તમને બંનેને કાયમ માટે અમારી સાથે અમેરિકા લઈ જવા માટે આવ્યા છીએ.'

માબાપ વિચારમાં પડી ગયા, મનમાં ખુશ પણ થયા. દીકરામાં હજુ કળિયુગ પેઠો નથી. અમારી કેટલી કાળજી રાખે છે. માબાપની ખુશી જોઈ દીકરાએ કહ્યું, 'આપણે એકાદ મહિનામાં નીકળવાનું છે એટલે પહેલાં આપણું ઘર અને જમીન વેચી દઈએ. એટલે તૈયારી કરવાનો સમય રહે.'

આ મિલકત વેચવાની વાત સાંભળી રામજીભાઈ-જયાબેન ઢીલા પડી ગયા. એમણે કહ્યું, 'દીકરા, ક્યારેક બે પાંચ વર્ષે પાછા વતનમાં આવીએ, ત્યારે ક્યાં રહીશું ? અત્યારે કશું વેચવું નથી. અમને ત્યાં ન ફાવે તો અમે પાછા પણ આવીએ.'

દીકરાઓ ન માન્યા, એમણે ૨૦ એકર જમીન ૫૦ લાખમાં, ઘર ૧૬ લાખમાં વેચવાનો સોદો કરી નાંખ્યો. માબાપ બંને રડતા રહ્યા. બૅંકમાં પડેલા ૧૮ લાખ પણ ઉપાડી લીધા. ઘરમાં ખેતીની ઉપજના ૭૫ હજાર રૂપિયા દીકરાઓએ લઈ લીધા

જયાબેન તો દીકરા-વહુઓની લાગણી જોઈને પીગળી ગયા. રામજીભાઈ-જયાબેનને દીકરાઓ પર વિશ્વાસ હતો કે અમને તેઓ સારી રીતે રાખશે. તેમને તો દીકરાઓ જોડે અમેરિકામાં રહેવા મળવાનું હતું-પૌત્રોને રમાડવા મળવાનું હતું.

ગામને, ગામના લોકોની વિદાય લઈ તેઓ જૂનાગઢથી સપરિવાર પરદેશ જવા નીકળ્યા. કાર સુરત પહોંચી એટલે દીકરાઓએ કહ્યું કે મુંબઈ ઍરપૉર્ટ રાત્રે પહોંચવાનું છે. હમણાં સુરતમાં થોડું કામ છે એટલે તમે અમારી સાથે સુરત ચાલો. સુરત જકાતનાકા પાસે ગાડી ઊભી રાખી. રામજીભાઈ-જયાબેનને ત્યાં ઉતાર્યા, અને કહ્યું કે તમે બંને અહિં ઓટલા પર બેસો, અમે થોડી વારમાં આવીએ છીએ. અને દીકરાઓની વાટ જોતા કલાક થયો, બે કલાક થયા, અને એમ કરતાં સૂર્યાસ્ત થયો, પણ દીકરાઓ ન દેખાયા. રાત પડી ગઈ. માબાપને થયું કે દીકરાઓનું કામ પત્યું નહીં હોય તેથી કાગને ડોળે રાહ જોવા લાગ્યા. ભૂખ્યા-તરસ્યા ઓટલા પર સૂઈ રહ્યા. કદાચ લેવા આવે તો અમને ક્યાં શોધશે, તે આશાએ રાત ઓટલા પર સૂઈને પસાર કરી.

સવાર પડી, દીકરાના એંધાણ નહોતાં દેખાતા, તેમનો સામાન પણ તેમની ગાડીમાં હતો. બંને ખૂબ મૂંઝાતા હતા. જયાબેનને ક્યાં ખબર હતી જેની ઉપર વિશ્વાસ કર્યો હતો, તેમના લોહીથી બનેલા તેમને કાયમ માટે ઓટલે મૂકીને જતા રહ્યા છે. એ જ ઘડીએ પેટના જણ્યાના સંબંધ પર તેમણે નાહી નાંખ્યું. ૯ મહિના પેટમાં રહીને લાતો મારી હતી તે ઓછી પડી હોય તેમ દીકરા વધુ લાતો મારતા ગયા. આખરે તો માણસ જાતને ! કૂતરું પણ રોટલો ખવરાવો તો પગમાં આળોટે, જ્યારે અહીં તો ૯ મહિના પેટમાં ભાર વેઢારીને દુનિયા દેખાડી, એ જ માને ધોળે દિવસે તારા દેખાડી દીધા. જો કે મા ભોળી હોય છે. જયાબેનને હજુ આશા હતી કે એમના દીકરા એમને મળવા જરૂર આવશે. પરંતુ એ એમનો ભ્રમ હતો, દીકરા જણીને દુ:ખડા લણ્યા છે, એમણે વાવ્યા હતા આંબા, પણ ઉગ્યા'તા થોર !

રામજીભાઈ જોડે થોડાક પૈસા હતા એટલે થોડા દિવસ ગેસ્ટ હાઉસમાં રહ્યા, પછી ગામમાં ૧૫૦ રૂા. ભાડાની રૂમ શોધી નાંખી. ખાવા તેમજ કપડાં લેવા પૈસા જોઈએ તેથી તેમણે હમાલીની નોકરી શોધી લીધી.

ગુજરાત બહારથી–પર પ્રાંતમાંથી ટ્રકો માલ લઈને અડધી રાતે આવે તેમને તે વિસ્તાર મહોલ્લો બતાવવાનો, સવારે દુકાન ખુલે ત્યારે તે ટ્રકવાળો માલ ઉતારે. તેમની રાતની નોકરી જગ્યા બતાવવાની. ફરી બીજી ટ્રક આવે તેની રાહ જોવાની. ટ્રક્માં બેસી જગ્યા બતાવી પાછા જકાતનાકા આવીને બેસે ૨૫૦ રૂા. મજૂરી મળે. આમ તેમની નવી જિંદગીની શરૂઆત થઈ.

જયાબેન અનેરામજીભાઈએ પોતાના વતનને ભૂલીને સુરતને વતન માની લીધું. મજૂરી કરી, નોકરી કરી. પણ દીકરાઓની યાદ સતત આવતી. સુરતમાં એમની જ્ઞાતિના કેટલાક લોકો અમેરિકાથી આવતા તો તેઓ દીકરાના સમાચાર પૂછવા દોડી જતા. કેટલાક જોડેથી ફોન નંબર મેળવીને ફોન કરતા પણ વહુ-દીકરા અવાજ ઓળખી જતા ને 'રોંગ નંબર' કહી રિસીવર મૂકી દેતા. જયાબેનના દિલને ખૂબ આઘાત લાગ્યો. દીકરાની યાદમાં ઝૂરતા ઝૂરતા મોતને વ્હાલું કર્યું. રામજીભાઈ એકલા પડી ગયા. જીવનરથનું એક પૈડું નીકળી જતા એમને જીવન આકરૂં લાગવા માંડ્યું.

અમદાવાદમાં સમજુબાની હૉસ્પિટલના પાયા નંખાતા હતા, ત્યારે માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી હતા. રામજીભાઈ ડ્રાઇવીંગ જાણતા હતા, તેથી સુરતથી અમદાવાદ સરકારની મીલીટરીની રોજની ૩૦ ગાડીઓ, બધાને લાવવા લઈ જવાનું, તેમજ ટીફીન પહોંચાડવાનું કામ કરતી તેમાં તેમણે ડ્રાઈવર તરીકેની ફરજ ૧ મહિના સુધી બજાવી હતી. ૨૫ વર્ષની ઉંમરે તેઓ પોરબંદરથી દાંડી યાત્રામાં પગપાળા ગાંધીજી જોડે ગામના જુવાનીયા જોડે નીકળ્યા હતા. ૮૨ વર્ષના રામજીભાઈ ભૂતકાળની યાદો વાગોળતા કહે છે કે ગાંધીજીની દાંડીયાત્રામાં મેં ભાગ લીધો હતો. તે મારું અહોભાગ્ય છે–મેં ગાંધીજીને નજીકથી જોયા-સાંભળ્યા.

આવા સ્વાતંત્ર્ય સેનાનીના વેદનાથી નીતરતા જીવન માટે જવાબદાર તેમના બંને દીકરાઓ છે. દીકરાના દીકરા ક્યારેક તો આવશે તેવી આશાની મીટ માંડીને રાહ જુએ છે.

હમકો ખબર હોને ભી નહી દી,
કિસ મોડ પર લાકે તુને છોડા !
પીછે ન અબ કોઈ આયેગા તેરા,
મુડકર કીસે દેખતા હૈ મેરે દિલ
તેરા કૌન હે જો તુજે બુલાયેગા ?

રાતની હમાલીની નોકરી કરી ઘેર પાછા ફરતા રામજીભાઈને એક બાઈકવાળાએ ટક્કર મારી તેમના પગે ફ્રેક્ચર થયું. કોઈ અજાણ્યા ભાઈ તેમને સુરતની સરકારી હૉસ્પિટલમાં લઈ ગયા ત્યાં ઑપરેશન કરી પગમાં સળીયો નાંખવામાં આવ્યો. એક મહિનો ત્યાં રહ્યા. પણ પગમાં રસી થઈ ગઈ. ત્યાં ભાવનગરના સેવાભાવી પોપટભાઈ જે પોતે એક પગે અપંગ છે, તેમની સાથે મુલાકાત થઈ. તેઓ તેમને સૌરાષ્ટ્રમાં માનવસેવા હૉસ્પિટલમાં લઈ ગયા. ત્યાં થોડા વખત રહી પોપટભાઈ તેમને **સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ** (રાજેન્દ્રનગર)માં એમ્બ્યુલન્સમાં મૂકી ગયા. તેમના પગમાં સ્કુ નાંખવામાં આવ્યો હતો, ત્યાં પાક થઈ ગયો હતો. અહીં ડૉક્ટરે સ્કુ કાઢી નાંખી ડ્રેસીંગ કર્યું, જેનાથી દુ:ખાવામાં તેમને ઘણી રાહત થઈ. હાલ

તેઓ વોકર લઈને ફરે છે. તેઓ કહે છે કે મને અહિં ખૂબ સારું લાગે છે, ગમે છે. સારવાર સારી થાય છે.

વિદેશની ધરતીમાં એવું શું છે કે દીકરાઓના સંસ્કારમાં બદલાવ આવી જાય છે ? તેમનું દિલ લાગણી વગરનું થઈ જાય છે ? સંબંધોના તાણાવાણાને તોડતા, તેમના હૃદયને કશું જ નહીં થતું હોય ? ભગવાનની બીક પણ નહીં લાગતી હોય ?

દીકરાઓના શ્વાસમાં વિદેશના શ્વાસ જતાં સંસ્કારો ઉચ્છ્વાસ બનીને નીકળી ગયા. પારકી જણી કદાચ આવું કરી શકે, પણ દીકરાઓ પણ માબાપને રસ્તે રઝળતા મૂકી દે !

ઘરમાં તિરાડ પડે તો ચણતરની ખામી, પણ માબાપ નડતર રૂપ બને ત્યારે ભણતરની ખામી. કેવી અજબ હોય છે આ જિંદગીની દાસ્તાન ! જેને સમજ્યા પોતાના, તે જ પારકા થઈ ગયા. પ્રેમનું ઝરણું આજ સાંકડું થઈ ગયું, જેની કલ્પના નહોતી કરી ક્યારેય તે જ આખર જિંદગીનું સત્ય બની ગયું ! તેમને હવે મનમાં થાય છે કે દીકરા કરતા દીકરી હોત તો આવા દહાડા આવ્યા ન હોત !

(સાબરકાંઠામાં હિંમતનગર-શામળાજી હાઈવે પર, રાજેન્દ્રનગર ચોકડી નજીક ૨૪ વર્ષથી ચાલતા સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટમાં રક્તપિત્તગ્રસ્તો, ઝૂંપડાવાસી રક્તપિત્તગ્રસ્તોના અને ગરીબ બાળકો તથા મંદબુદ્ધિવાળાઓની અને વસૂકાઈ ગયેલી ગાયોની સુશ્રુષા નિવાસી કેન્દ્રમાં થાય છે. અપવાદરૂપ સંજોગોમાં શ્રી રામજીભાઈ જેવાને પણ રખાય છે.) ✷ ✷ ✷

ઈન્દીરા સોની, C/o. સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્ર નગર ક્રોસીંગ, હિંમતનગર-૩૮૩૨૭૬. મો. ૯૪૨૬૦૫૪૩૩૭.

આચમન... (પૃષ્ટબીજાથી ચાલુ)

સલાહ આપું છું. ભૂલથી પણ તળાવનું પાણી પીશ મા.' બાદશાહે કારણ પુછતાં મગરે કહ્યું, 'જરા તારી ચારે તરફ નિહાળ.' બાદશાહે પાણી પરથી ધ્યાન ઉઠાવીને ચારે તરફ જોયું તો કિનારા પર મોટા મોટા મગરમચ્છ સુસ્ત, નિરાશ ને નિષ્ક્રિય પડ્યા પડ્યા લોચતા હતા. મરવાની આળસે બધા જીવતા હતા. બાદશાહ કહે 'અરે આ બધા અમર તળાવડીનું પાણી પીને આમ સુસ્ત કેમ પડ્યા છે ?' મગર કહે: ' ન પડ્યા રહે તો શું કરે ? જે ભૂલ કરતાં અમે તને વાર્યો, એ ભૂલ અમે કરી બેઠા છીએ. આ પાણી અમે પીધું છે ને મોત અમારાથી આઘું જઈને બેઠું છે. માણસને જળો વળગે એમ અમને જીવન વળગ્યું છે. શરીર ક્ષીણ થયું હોય, અંગ ચાલતા ન હોય ત્યાં જીવન જીવવું શે ગમે ? અહા ! કેવું મીઠું મોત ! જાણે પ્રભાતનો દરવાજો ! આવા દુ:ખી જીવન કરતાં તો મોત હજ્જાર દરજ્જે સારું !' બાદશાહ અમર તળાવડીને તીરેથી પાછો વળ્યો. બાદશાહ ચતુર પુરુષ હતો. એને વિચાર આવ્યો: જો યોગી અમર જુવાની આપે, તો જ અમર જીવન કામનું. જુવાની વગર, જીવન જીવ્યાનો આનંદ શો ? એણે દરવેશને ચરણે પડી કહ્યું, 'મહાયોગી ! આબેહયાતનું પાણી ત્યારે જ પીવાય જ્યારે મારી જુવાની અમર રહે તેવો કીમિયો બતાવો.'

યોગીએ હસીને કહ્યું: 'ભલે. આબેહયાતને પેલે પાર વન આવેલું છે. એ યૌવનવન છે. ત્યાંના વૃક્ષનું ફળ ખાજે. અમર થઈશ ને જુવાન રહીશ.'

યૌવનવન તો યૌવનવન હતું. એને કિનારે સુંદર અમરવૃક્ષના ઝુંડ હતા. વૃક્ષ પર અમરફળ લૂંબે ને લૂંબે લટકતાં હતાં. બાદશાહે ફળ તોડવાની ઈચ્છાથી, હાથ લંબાવ્યો ત્યાં એક ભયંકર કોલાહલ સંભળાયો. બાદશાહે ચારે તરફ નજર દોડાવી, તો ભયંકર લડાઈઓ ચાલી રહેલી જોઈ. કેટલાય અલમસ્ત યુવાનો, ભયંકર ઝનૂનથી પરસ્પર મારામારી, કાપાકાપી ચલાવી રહ્યા હતા. લોહીના તો ખાબોચિયાં ભરાયેલાં હતા. આ અમારું ! આ અમારી ! અમે માલિક ! અમારો ભોગવટો ! એવા ચિત્કાર સર્વત્ર ઉઠતા હતા. બાદશાહ આ જોઈ વ્યાકુળ બની ગયો. એનાથી ચીસ પડાઈ ગઈ: 'ભાઈઓ લડશો મા ! ભાઈચારો શીખો. યૌવનને માણી જાણો.' આ ચીસ સાંભળી કેટલાક લડતા થોભી ગયા. પછી બોલ્યા: 'લડાઈ એ જ અમારું જીવન છે. અનંતકાળ સુધી લડવા સિવાય, અમારી પાસે કંઈ રહ્યું નથી. ને એમ સમજશો નહિ કે, અમે પારકા છીએ. અમારામાંથી કોઈ બાપ છે, કોઈ ભાઈ, કોઈ બહેન, કોઈ દીકરો છે પણ અમે સગાઈ-સંબંધ ભૂલી ચૂક્યા છીએ. કદી ન મરતાં બાપ કે મા ને માટે, દીકરાને સ્નેહ નથી. સહુ અમર છે. સહુનું યૌવન અમર છે, એટલે એકની વપરાશની ચીજ કદી નવરી પડવાની નથી. એ ચીજ બીજાને આપવાની ઉદારતા કોઈની નથી. એટલે જેને એ ચીજ જોઈએ, તેણે લડવું જ રહ્યું. જીવન છે, જુવાની છે, વાસના છે, ક્ષુધા છે, માણસો અપાર છે, વસ્તુઓ ઓછી છે. માણસો માણસ ખાય તો પહોંચાય, પણ માણસથી માણસ કેવી રીતે ખવાય ? એ અમર છે !' બાદશાહ કહે તમે સંપીને ન રહી શકો ? માનવતા અને સત્કર્મ વિષે કંઈ ન સમજી શકો ?

બાદશાહ શાણો થઈને કેમ ભૂલે છે ? **જ્યાં મૃત્યુની રમણીયતા હોય ત્યાં સત્કર્મના વૃક્ષો ખીલે. જ્યાં વૃદ્ધાવસ્થાની શાંતિ હોય ત્યાં માનવતા વિષે કંઈક વિચાર થાય ! પાપપુણ્યનો વિચાર તો મોત હોય તો જ થાય ને !** હારજીતનો વિચાર, પણ તો જ આવે ને ? ધગધગતા અંગારા જેવી જુવાનીએ, અમને ખેંચેલા તીરની પણછ જેવા ઉગ્ર બનાવ્યા છે. જીવનના બાગને હર્યાભર્યા રાખનાર મૃત્યુનો વિચાર ને વૃદ્ધત્વનું ડહાપણ જ્યાં છે ત્યાં એક આવે છે અને બીજો એના માટે સ્થાન ખાલી કરે છે ! એક પાકેલું ફૂલ કરમાય છે તો એમાં બીજા નવા ફૂલનો પમરાટ છુટે છે ! કેવી સુખદ પરંપરા !

બાદશાહ અમરફળ સામે, ફરીથી જોયા વિના પાછો ફર્યો. એને જલદી આ જગતમાં આવી જવું હતું. **આ જગત જેવું વ્યવસ્થિત તંત્ર ને સુંદર જીવન ક્યાંય ન હતું.** એ દરવેશને ચરણે પડ્યો. દરવેશે સિકંદરના મસ્તકને અડાડેલો હાથ લઈ લીધો. નિદ્રામાંથી જાગતો હોય તેમ બાદશાહ સિકંદર જાગ્યો ને બોલ્યો: 'દરવેશજી ! અહા ! જે જગતમાં આપણે જીવીએ છીએ, તે કેટલું મધુર છે ! નિરર્થક એની નિંદા કરીએ છીએ. કેટલું વ્યવસ્થિત આ જગતનું તંત્ર છે. કેટલી મીઠાશ અહીં છે અને **મૃત્યુ ! અહા ! કેવી મીઠી ચીજ આપણને બક્ષીસ મળી છે.** એનાથી નકામાં ડરીએ છીએ. જુવાની જતી રહેશે અને આપણે તરફડાટ કર્યા કરીએ છીએ પણ જીવનની દરેક અવસ્થા કેટલી સુંદર છે. દરવેશે ફરીથી બાદશાહને આશીર્વાદ આપતાં કહ્યું: **'માણસ કર્તવ્યથી અમર થાય, ઉત્સાહથી જુવાન રહે, પ્રાર્થનાથી પ્રફુલ્લ રહે ને પરોપકારથી ચિરંજીવ બને** એનાથી વધુ સુંદર કાંઈ નથી ! આ જગત જેમાં આપણે રહીએ છીએ, આ સુખદુ:ખ જેને આપણે રોજ સહીએ છીએ, એની કોઈ નિંદા ન કરશો. એ તો માણસનું ઘડતર, ચણતર અને નકશીભર્યું જડતર છે. એનાથી માણસ કેટલો સોહે છે.

જ્યાં મૃત્યુની રમણીયતા હોય,
ત્યાં સત્કર્મોના વૃક્ષો ઉગે ! ✷ ✷ ✷

આગમસૂત્ર પરિચય વિશેષાંકના પ્રતિભાવ

'પ્ર.જી.'ના ઑગસ્ટ-સપ્ટેમ્બરના 'આગમ સૂત્ર પરિચય' અંકના અમને રૂબરૂ, ટેલિફૉન તેમજ પત્રોથી અનેક પ્રોત્સાહિત પ્રતિભાવો પ્રાપ્ત થયાં છે. એ સર્વેનો હૃદયથી આભાર માની એમાંના કેટલાંક જ અત્રે પ્રસ્તુત છે.

(૧)

પ્રિય મુ. ધનવંતભાઈ,

છ દાયકાની ઉજ્જવળ યાત્રા પૂરી કરનાર 'પ્રબુદ્ધ જીવન'નો આગમ સૂત્ર પરિચય, પર્યુષણ વિશેષાંક પર્યુષણના દિવસોમાં જ મળ્યો.

'પ્રબુદ્ધ જીવન'ના ઘડતર તથા વિકાસનો હું સાક્ષી છું. આ પ્રકારના વૈચારિક સામયિકોને ચલાવવાનું તેમ જ તેને ટકાવી રાખવાનું કામ પડકારરૂપ હોય છે. જૈન યુવક સંઘની વ્યાપક પ્રવૃત્તિઓ ભેગું આ એક ઉમદા કાર્ય સાતત્યપૂર્વક થતું આવ્યું છે–જેનું સુભગ પરિણામ આપણે જોતાં આવ્યા છીએ. પૂર્વસૂરિઓની પરંપરા નિભાવીને તમે સંપાદક તરીકે 'પ્રબુદ્ધ જીવન'ને નવો ઓપ આપ્યો છે. તેનું આંખે ઊડીને વળગે એવું ઉદાહરણ એ આગમસૂત્રોનો પરિચય આપતો તાજેતરનો પર્યુષણ વિશેષાંક છે. શ્રી ગુણવંત બરવાળિયાના નામથી તથા કામથી હું સુમાહિતગાર છું. બનતા સુધી એન.એમ.માં તેઓ મારા વિદ્યાર્થી રહી ચૂક્યા છે. તેમણે જૈન ધર્મના પાયારૂપ 'આગમસૂત્રો' વિશે શક્ય એટલી તમામ માહિતી જાણકારો દ્વારા ઉપલબ્ધ કરાવી આપી છે. આ માટે તમને તથા તેમને હું ખાસ અભિનંદન આપું છું. હું એવું પણ ઈચ્છું છું કે તમે બંને મિત્રો મળીને આગમસૂત્રોની આ મૂલ્યવાન સામગ્રીને પુસ્તકરૂપે ઉપલબ્ધ કરાવી આપો, જેથી અમારા જેવા જૈન ધર્મ તથા તત્ત્વજ્ઞાનના પ્રેમીઓને હાથવગી બની શકે. હું માનું છું આ સામગ્રીને ગ્રંથસ્થ કરવામાં તમને કોઈ મુશ્કેલી નહીં પડે. કારણ તમને તેમાં સહાય કરનારાઓ મળી આવશે. આમાં મારી કંઈ પણ મદદની જરૂર હોય તો અધિકારપૂર્વક જણાવશો.

ફરીથી 'પ્રબુદ્ધ જીવન'નો અંક મોકલવા બદલ હું તમારો આભારી છું. મારે માટે એ ખૂબ ઉપયોગી છે. અસ્તુ

લિ.
કાન્તિ પટેલના
સાદર વંદન

(૨)

સ્નેહીશ્રી ડૉ. ધનવંતભાઈ,

'પ્રબુદ્ધ જીવન'નો આગમસૂત્ર પરિચય આપતો પર્યુષણ વિશેષાંક જોઈને ખૂબ આનંદ થયો. જૈન ધર્મના પાયાના સૂત્રો, સિદ્ધાંતો, ગ્રંથો અને તત્ત્વોનો પરિચય મળતો રહે તેવા વિશેષાંકો ઉત્તરોત્તર આપતા રહીને આપે સુંદર કાર્ય કર્યું છે. આવું કામ સૂઝે કોને અને કરે કોણ ?

ડૉ. ગંભીરસિંહ ગોહિલ
ભાવનગર

(૩)

'પ્રબુદ્ધ જીવન'નો આગમસૂત્ર વિશેષાંક મળેલ છે. એ માટેના આપના પરિશ્રમ, આયોજન અને ભાવનાઓ ધન્યવાદને પાત્ર છે જ . અમારા વંદન સ્વીકારશોજી. આ અંકમાં સ્કૉલરશીપ ભરપૂર છે. જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓ આ વિશેષાંકને સંદર્ભગ્રંથ તરીકે સાચવશે, તો ઘણું ઉપયોગી સાબિત થશે.

આપશ્રી એ તો જાણો જ છો કે સ્કૉલરશીપની બાજુ, બીજો આયામ દાર્શનિકતાનો છે. અને ભારતવર્ષના ચિંતન–મનનના આકાશમાં દર્શનનો ખૂબ વ્યાપ છે. ફાલ છે. વૈદિક પ્રવાહની અંદર રહીને સર્વપલ્લી રાધાકૃષ્ણન છે. વિનોબા ભાવે છે. તો સદંતર મૌલિક જે. કૃષ્ણમૂર્તિ છે. વિમલાતાઈ ઠકાર છે. શંકરાચાર્ય છે, જ્ઞાનદેવ છ, તો કબીર પણ છે. તાજેતરમાં, જૈન પ્રવાહમાં જ શ્રીમદ્ રાજચંદ્ર જેવા દાર્શનિક છે. મૌલિક અર્થઘટન કરનાર મુનિ સંતબાલ છે અને પ્રયોગશીલ સાધક અમરેન્દ્રવિજયજી છે.

જૈન દર્શનની ચરમ સિદ્ધિ છે, જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય-તપ યુક્ત સંપૂર્ણ સ્વાયાત્ આત્માની સ્થાપના અને છ દ્રવ્ય અને નવ તત્ત્વની મીમાંસા આધ્યાત્મિક સત્યો છે તો વૈજ્ઞાનિક તથ્યો પણ છે. સંવર અને નિર્જરાનો પુરુષાર્થ તો જાણે મુક્તિનો રાજમાર્ગ છે. કોઈ સાધકે જાણે બહાર નજર કરવાની જરૂર નથી. અસ્તુ

લિ. સ્નેહાધિન
કીર્તિચંદ્ર શાહ
મુંબઈ

(૪)

ધનવંતભાઈ શાહ,

આગમ પરિચય વિશેષાંક મળેલ છે. ૧૫૪-પેજનો અંક ખૂબ જ માહિતીસભર છે. કારણ કે આગમસૂત્ર પરિચયની માહિતી અને સંશોધન છેલ્લા ઘણા સમયથી આપણા અમુક જૈન ભાઈઓ એનું રિસર્ચ કરી રહ્યા છે એવો મને ખ્યાલ છે.

આ અંક ઉતાવળથી વંચાય એ ઢબતો નથી.પરંતુ શાંતિથી વાંચવામાં આવશે તો જ લખાણનો ખ્યાલ આવી શકશે.

પ્રિન્ટીંગ પણ સરસ અને ઉઠાવદાર છે. આ પુસ્તક લાંબા સમય સુધી સાચવી રાખવા જેવું છે.

ભવાનજી શિવજી
નાંગલપુરવાળા

(૫)

ધર્મલાભ. શાતામાં છીએ. કુશળ હશો.

બૌદ્ધિક વિકાસ થયા પછી 'પ્રબુદ્ધ જીવન'નો વાચક બન્યો છું અને એ વિકાસના દરની વૃદ્ધિમાં 'પ્રબુદ્ધ જીવન' પણ નિમિત્ત બનતું રહ્યું છે. દરેક અંક લેખ સામગ્રીથી વિચારતંત્રને ઢંઢોળે તો છે જ. કિંતુ...એનું સંપાદકીય આખા અંકનું મૂલ્ય વધારી મૂકે છે. શ્રદ્ધાસંપન્ન સંપાદક હોય તો પ્રબુદ્ધજનોને (બૌદ્ધિકો) પણ શ્રદ્ધાળુ બનાવી શકે. એ તમે સાબિત કર્યું છે. ધન્યવાદ. અનુમોદના.

ખાસ : મહાવીર કથા–ગૌતમ કથાનો રોમાંચ એટલો બધો હતો કે સતત એની સ્પૃહા રહેતી. એવામાં ઋષભદેવ પ્રભુના જીવન અંગે થોડા

ગીતો બનેલા. એનું નામ 'ઋષભકથા' રાખવામાં આવેલું. પૂનાના એક યુવાને એ ગીતો આજની પેઢીને ગમે તેવા સંગીત અને સૂરથી સજાવીને–(જયદીપ સ્વાદિયા પાસે ગવડાવીને) C.D. બનાવેલી.

પછી 'પ્રબુદ્ધ જીવન'માં ઋષભકથાનું આયોજન વાંચ્યું. રોમાંચ ફરી એકવાર વધી ગયો. તરત જ અમદાવાદમાં એક ભાઈને સૂચના આપેલ કે 'પ્રબુદ્ધ જીવન' ઉપર ઋષભકથા મોકલાવે...જેથી કાર્યક્રમ દરમિયાન કદાચ ઉપયોગ થઈ શકે. પણ તમે જાણો છો તેમ આપણે ત્યાં કાર્યનિષ્ઠાનો બહુધા અભાવ વર્તે છે. અમે વિહારમાં હતા રાજસ્થાન તરફ. પેલા ભાઈએ તમને મોકલાવી નહીં. ફરી ઋષભકથાની સફળતા વાંચી ત્યારે એ ખુશી વહેંચવાનું મન થઈ આવ્યું. ઋષભકથા મોકલું છું. સાંભળજો. અને જરૂર પડે ત્યાં તે ગીત વાપરશો તો પણ અમારો વાંધો નથી. સાહિત્ય સેવાની સાથે સાથે થતી શાસન સેવાની અનુમોદના સાથે ધર્મલાભસહ

ગુર્વાતયા
ઉદયરત્ન વિ.

આ. રત્નચંદ્રસૂરિ મ., અજય આર. શાહ, વિનસ મેડિકલ સ્ટોર, ઉસ્માનપુરા ચાર રસ્તા,આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.ટે.નં.: 9427951935.

(૬)

'પ્રબુદ્ધ જીવન'ના આ વિશેષાંકમાં ઘણી મહેનત કરી છે તે વાંચતા ખ્યાલ આવે છે. યોગ્ય આગમ ગ્રંથો વિશે સારી માહિતીનો આમાં સંગ્રહ કર્યો છે. આગમ ગ્રંથો માટેનો આ પ્રયાસ સ્તુત્ય છે.

સા. ચંદનબાલાશ્રીના ધર્મલાભ (અમદાવાદ)

'શાશ્વત ગાંધીકથા'નો શુભારંભ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પૂ. નારાયણ દેસાઈની 'ગાંધીકથા' પ્રવૃત્તિની પરંપરાનો વિસ્તાર થાય તેવા શુભાશયથી યુવાન અભ્યાસુ અને ગાંધી જીવન-દર્શનમાં સક્રિયતાપૂર્વક કાર્યરત ડૉ. યોગેન્દ્ર પારેખની પ્રથમ 'શાશ્વત ગાંધીકથા'નું આયોજન થયું. મહાત્માજીના જન્મદિને કથાનો શુભારંભ થયો. નખત્રાણા-કચ્છથી કૉલેજના ચાર યુવાનો કથા સાંભળવા ખાસ મુંબઈ આવેલા. તેમના હસ્તે દીપ પ્રાગટ્યથી કથાનો પ્રારંભ થયો.

યજમાન સંસ્થાના મંત્રી ડૉ. ધનવંત શાહે ભૂમિકારૂપ વક્તવ્યમાં 'ગાંધીકથા' આયોજન પાછળ સંસ્થાના ગાંધીપ્રેમ અને સેવાકીય પ્રવૃત્તિની વિગતો આપી. શાશ્વત ગાંધીકથા પ્રવૃત્તિ સતત વિકાસ પામતી રહે અને કથાકથન માટે બીજા યુવાનો પણ તૈયાર થાય એવી શુભ ભાવના વ્યક્ત કરી હતી. ત્રણ દિવસ ચાલેલી કથામાં, ત્રણેય દિવસ દરમ્યાન અનુક્રમે ગાંધીજીવન-ઘડતર-દર્શન, ક્રાંતિકાર સંત સત્યાગ્રહી ગાંધીજી અને ગાંધીજી વિશેની ગરસમજો તથા વર્તમાન સમયમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા જેવા મહત્ત્વના વિષયો આવરી લીધા હતા. કથામાં રજૂ થતા પ્રસંગને અનુરૂપ જાણીતા કાવ્યોની સંગીતમય રજૂઆત ભૂજના જાણીતા સંગીતકાર-ગાયક રાજેશ પઢારિયાએ કરી હતી. કથાના પ્રથમ દિવસે અક્ષરભારતી-ભૂજ દ્વારા પ્રકાશિત ગાંધી સાહિત્યના ગુજરાતી-અંગ્રેજીમાં અનુદિત ચાર પુસ્તકોનું વિમોચન થયું. કથાની સમાંતરે પુસ્તક પ્રદર્શન-વેચાણને સારો આવકાર મળ્યો. ભૂજથી પ્રગટ થતાં 'શાશ્વત ગાંધી' સામયિકના વાર્ષિક લવાજમ પણ ભરીને નવા સભ્યો ઉમેરાયા.

વરિષ્ઠ ગાંધીજનો, કુમુદબહેન પટવા, ડૉ. ઈન્દિરાબહેન, પુષ્પાબહેન પરીખ, ગાંધીજીના પૌત્રી ઉષાબહેન ગોકાણી આદિની હાજરી પ્રોત્સાહક રહી. 'ગાંધી-માય ફાધર'ના ફિલ્મ નિર્માણ સાથે સંકળાયેલા નિર્માતા ફિરોઝખાન પણ કથા બાદ સ્નેહમિલનમાં જોડાયા અને મનનીય સંવાદ કર્યો.

કથા સમાપન દિવસે સહુ ઉપસ્થિત શ્રોતાજનોને ગાંધીજીવન મુજબનો એકાદ સંકલ્પ લેવાની નમ્ર અપીલ થઈ. શ્રોતાજનોએ પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો. શ્રી કુમુદબહેન પટવાએ પ્રાસંગિક શુભેચ્છા સમાપન વક્તવ્યમાં પોતાનો રાજીપો અને કથાશ્રવણથી સભરતાની લાગણી વ્યક્ત કરી.

યજમાન સંસ્થાના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત ડી. શાહ, ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલા આદિ હોદ્દેદારોએ કથા સૌજન્યદાતા કવયિત્રી સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી પરિવારના શ્રી પુષ્પસેન ઝવેરી આદિ પરિવારજનોનો હાર્દિક આભાર માન્યો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અગ્રણીઓએ યુવા ગાંધીકથાકાર ડૉ. યોગેન્દ્ર પારેખનું ઔચિત્યપૂર્વક સન્માન કર્યું અને 'શાશ્વત ગાંધીકથા' સમગ્ર ગુજરાત તથા દેશના અન્ય પ્રાંતોમાં યોજાતી રહે એવી શુભ ભાવના વ્યક્ત કરી.

□ મંત્રી : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

(ત્રિ-દિવસીય 'શાશ્વત ગાંધીકથા'ની સી.ડી. તૈયાર થઈ ગઈ છે. કથાશ્રવણ ઈચ્છુકો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયનો સંપર્ક (ફોન : 022-23820296)કરી શકે છે. પ્ર.જી.ના વાચકો માટે 'શાશ્વત ગાંધીકથા'ના ત્રણેય દિવસના વક્તવ્ય ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે.)

શાશ્વત ગાંધીકથા – શાંત ક્રાંતિની શરૂઆત

તંત્રીશ્રી,

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આ કથા યોજી રહેલ છે એ બદલ ધન્યવાદ.

આ કથાની વિશેષતા એ છે કે આ કથા સાથે 'રચનાત્મક કાર્યક્રમ'નો સુભગ સંયોગ થઈ રહ્યો છે. ગાંધીજીના બધા પ્રયોગો-મુવમેન્ટ-બધામાં રચનાત્મક કાર્યો હંમેશા જોડાયેલા રહેલા અને ગાંધીજી એ કાર્યો પર વધારે ભાર દેતા અને એમ ગોઠવણ પણ કરતા. આ ગાંધીકથા છે પણ તેની એક વિશેષતા આમાં સાંકળી લીધી છે એ ગાંધીકથામાં વિશેષ મહત્ત્વની બાબત છે. ડૉ. યોગેન્દ્રભાઈ લખે છે, 'વાત અંદરથી આવવી જોઈએ.' અને આ એનું જ પ્રમાણ છે.

આપણે આશા રાખીએ કે ખરેખર જે આજે દુનિયાની માંગ છે એ 'શાંત ક્રાંતિની શરૂઆત થાય.' ડૉ. પરીખને ખૂબ ખૂબ ધન્યવાદ.

□ રમેશ દોશી (અમદાવાદ)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત


આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

કથાત્રયી ડી.વી.ડી.




॥ મહાવીર કથા ॥

બે ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૨૫૦/-



॥ ગૌતમ કથા ॥

ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-



॥ ઋષભ કથા ॥

ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-

- ત્રણ સેટ સાથે લેનારને એક કથા ડી.વી.ડી. વિના મૂલ્યે
- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.
- ઘરે બેઠા દિવાનખાનામાં કથાશ્રવણનો દૃશ્ય લાભ
- સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્યકર્મ પ્રાપ્ત કરો

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.
૨. ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૯	૫૪૦
૧૩	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૪	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૫	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૬	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૭	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬	૩૫૦
૧૯	નમો તિત્થરસ	૧૪૦
૨૦	જ્ઞાનસાર	૧૦૦
૨૧	પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩	૫૦૦
૨૨	સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪	૩૯૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૨૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૨૪	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૨૫	આર્ય વજ્રસ્વામી	૧૦
૨૬	આપણા તીર્થંકરો	૧૦૦
૨૭	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૨૮	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૨૯	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૩૦	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૩૧	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૩૨	જૈન પૂજા સાહિત્ય	૧૬૦
	ડૉ. રેખા વોરા લિખિત	
૩૩	આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ	૧૬૦

શ્રી શશિકાંતભાઈ મહેતા દ્વારા કાયોત્સર્ગ ધ્યાન ડી. વી. ડી. રૂા. ૧૦૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

Thus HE Was, Thus HE Spoke :

MARCUS AURELIUS

I first came across Marcus Aurelius's book ' Meditations' when I was barely 16. I was fascinated with his acknowledgements on the first ten pages to differant people of his empire and his remarkable incisive attributes of them as if he knew instantly and chose each person's 'essence.'

Who was Marcus Aurelius?He was a Roman emperor for almost 20 years till 180 A.D and was a converted 'Stoic'. (STOICISM is a school of philosophy founded in Athens where the Stoics taught that destructive emotions result from errors in judgement , and that a person of 'moral and intellectual perfection' would not suffer such emotion.')

The only work Marcus is known for was Meditations - also popular as 'Writings to Himself.'

So, let us take a dip , a small dip into his vast work and see for ourselves how relevant they are for all the times, all the centuries to come.

His most popular message was 'The Happiness of your life depends on the quality of your thoughts.' Isn't that what all Jain philosophies teach us for Man shuddhi , for vachan shuddhi and automatically rest will fall into place.

'Live a good life. If there are gods and they are just, then they will not care how devout you have been, but will welcome you based on the virtues you have lived by. If there are gods, but unjust, then you should not want to worship them. If there are no gods, then you will be gone, but will have lived a noble life that will live on in the memories of your loved ones."

His thought process might seem that of an atheist, but on the conrary his emphasis on being good was fanatical. His emphasis on 'Man, vachan, Kaaya shuddi' was phenomenal.

You have power over your mind - not outside events. Realize this, and you will find strength."

How many times repeatedly our tirthankars have told us this- Par thi khas, sva ma bas, etlu bas.

Everything we hear is an opinion, not a fact. Everything we see is a perspective, not the truth."- Isn't this what Anekantvad says, there will always be many perceptions, many opinions,contradictions and aberrations as that IS the niyam of sansar.

If someone is able to show me that what I think or do is not right, I will happily change, for I seek the truth, by which no one was ever truly harmed. It is the person who continues in his self-deception and ignorance who is harmed." - The Purusharth of Truth , so beautifully said that truly only a man who is in 'bhav -nidra and mithyatva follower 'who will be harmed time and time again, not someone who is the seeker of truth as he has the courage to embrace truth, to see reality as is.

"I have often wondered how it is that every man loves himself more than all the rest of men, but yet sets less value on his own opinion of himself than on the opinion of others.- Ah, Ah... Marcus .. What a poignant thought. As Kripalu dev in his Granth'Vachnamrutji has warned us that how aakhu jeevan pote ranjan thava ma ane beeja ne ranjan karva ma vyarth karyo chey - we all merely play football to other people's opinion which leads to constant sankalp vikalp.

"Do not act as if you were going to live ten thousand years. Death hangs over you. While you live, while it is in your power, be good.

The above quote reminds me of a saint warning Bharat Chakravarty-' Bharat chet, Kaal jhapata det.'The Anityata of human life, the fragility as compared to shashvat soul, thus not to ever forget our own mortality.

And we will end here with his simple and straight Jain philosophy essence- 'You are a little soul carrying about a corpse, as Epictetus used to say. '

Aapde badha aatma chye, ane jene aapde important maanyu chye and atlu badhu pampadye chye is to something which is dead that is our body- so nirjeev.

RESHMA JAIN
The Narrators
Mobile: 9820427444

THE WAY TO SERENITY : JOURNEY TO LEH

□ SARTHAK PARIKH

Looking at Sarthak's nature we all were very much upset and hesitating to give him permission for this journey. He could have argued like a lawyer and convinced us. But we had decided not to argue with him. We just advised him to travel cautiously because he was going on his `Royal Enfield' [motorbike] from Chandigarh to Leh and Ladakh. He had roughly about 25 kg. of lugguage with him. We were very proud and happy about his journey when he returned safely. He was a hero of our family & we also welcomed him like a hero.

Pushpa Parikh, Grandma.

The meaning of the word serenity in the dictionary is `composure', I realised another one for it in line with the dictionary `fulfilment', I had dreamt and wished for a trip to LEH five years back. It was my wish for a trip to ROHATANG PASS on my own `ROYAL ENFIELD' (motor bike). I dreamt of riding down on my own machine. Today, nine days after fulfilling my dream, I still can't sink in the feeling of being in Mumbai.

THE JOURNEY

I left on 2nd June 2007 by train with my bike right behind me in brake van. We got down at Chandigarh and were ready to ride on the next day. Siddharth, Dikson, Sapna, Pinky and myself. All with the dream of riding down to Leh.

On 4th June, we started from Chandigarh at around 1.30 p.m. with the dream in our mind. The thoughts going through my mind at that time are inexpressible. `Oh, here I was starting my journey of my dreams'. People who had been earlier on this trail really scared us about the difficulties. We reached Bilaspur at around 7.00 p.m. after crossing a long tunnel of about 5 to 6 kms. Bilaspur was up in the hills with nice greenery all around. We had a guy named Danesh who joined us on the way. He was a seasoned rider, who had been to Leh a year back. By 4.30 p.m. on 5th of June we reached our first stop in Parvati valley also known as `Jari'. A peaceful and calm village without any noise pollution. On the way to Manikaran where there are hot springs, we detoured from the Manali road. This is the place where one should take a break to get used to the silence of the Himalayas.

We stayed for couple of days in and around Manali and enjoyed the Parvati valley's ever changing beautiful face. Here my buddy Sidharth met with an accident. He had minor injuries in his right foot. However he was in no condition to ride his byke, so he and Pinky stayed back. They joined us much later on the trail. So here we were -- Dikson, Sapna and myself, off to Leh on our Movraie and Maximus. Maximus, is the name given to my ROYAL ENFIELD Standard 350 cc, while Movraie is Dikson's bike.

The real journey had started today – 9th June. The first pass we cleared was `Rohtang Pass', which is at a height of 3980 m. It is a commercial place with food stalls and traffic around. Once you clear the Pass you go down to Khokson. Here we met with a group of three riders and a car. The bikes were from Ahmedabad and a car from Shimla. This is how I met Jigar, Ani, Tippu, Basi and Ramlal. Who would have thought that these guys would become my close friends in the next two days!

We crossed our first stream i.e. `Nalla' together. By the time we reached `Tondi' the last fuel pump, before next 365 kms., it was already 6.00 p.m. We had travelled 107 kms. from Manali. By 8.00 p.m. we had our tents pitched in a clear patch we found after a little search. We stocked up the petrol and were ready for the next day journey. It was our first night in the open and we got to know how bad `AMS' i.e. acute mountain sickness can be. At only 2573 m but being cold and windy, Sapna had a breathing problem. It was terrible. She could neither breathe nor speak. We wrapped her well and hoped everything would be fine by morning. Till 2.00 a. m. everything was OK but after that wind velocity increased and it was freezing cold even in the tent. I was actually clinging to Dikson throughout the night, hoping to get some of his body warmth.

However, by next morning we had got over the effects of `AMS' and extreme cold and were ready to leave. We planned to reach `Pong' by the end of the day. The distance was a good 192 kms.

On 10th, by 7.00 a.m. we were on the road again after some difficulties in trying to start Jigar's bike. He had some peculiar problem in his bike. On the way we met a local couple telling us that the bridge at Darchu had broken and we would be stranded and indeed it was broken. Some of the planks had broken and were being repaired by Border Security Organisation (BSO). This is the elite organisation of the Indian Army, which is responsible for working and maintainig the border roads of India. It was good two and a half an hour time before we could carry on. The broken bridge was blessing in disguise for us. We met Aakash there. He was riding alone from Delhi. This Mumbai guy had picked up a friend's bike and was riding down to Leh waiting to meet his wife Garima who

was to fly from Delhi.

So now onwards we were 6 motor bikes and a car all heading together towards Leh. By 2.00 p.m. we had cleared Baralachala (la-meaning pass), a pass at 4892m height. This was our first good pass in terms of hardcore riding. A good climb to a cold place where the snow around us had melted in the shape of pointed `Shivlings' numbering in thousands. It was really a sight to remember and definitely will be with me for the lifetime. The pictures we have taken will tell about the beauty.

Just before we crossed the third stream, Tipu's bike wheel had a puncture.Three of our bikes including mine had crossed the stream and we were waiting to dry our socks and shoes. In order to help Tipu we were on the point of crossing the stream when suddenly we saw one more bike coming towards us and trying to cross the stream. We thought we would have more company in our journey and were happy since, `more the merrier' was our motto. But it was not like that. When we reached the banks, we realized that it was stuck in water and despite repeated efforts, it was not moving. So Ani & I immediately got into the ice cold water to push the bike. We finally managed to bring the bike out. The guy turned out to be the local man who owned a campsite at Sarchu which happened to be our destination for the night halt.

Sarchu happens to be a place, which is completely isolated throughout the year except during the camping season. During this time Swiss tents are pirched up in this area. The tents are rented out at Rs. 3000/- per night per head. Rajesh whom we had helped at the stream and who was really thankful to us, was actually the owner of the campsite and as a token of appreciation rented the tents to us for only Rs. 600/- per head including dinner and breakfast. We had a grand party in a tent named `Gold' which was our home for the night.

We had started realizing with increasing altitude that the oxygen level had started reducing and we had some difficulty in breathing. The greenery had also started disappearing and the landscape was becoming bleak. All we could see around was barren mountains with snowcaps. People's faces changed too. The faces go `squarish' while eyes got narrower. Sarchu was a place where I realy got to see the transition. Nice green grasses below us and brown barren mountains towering above us. It also happened to be the border town between Himachal Predesh and Jammu & Kashmir.

Next morning by 7.00 a.m. we had to dragg curselves from the bed, since the party was really rocking and went on till late night. Even an exception like me had to get up, but what to do? We had a long way to go on that day. Jigar's `Indian' (that was his bike's name) was very temperamantal and everyday we had to face some problem or the other. His bike just wouldn't start, so we literally dismantled it. There we were sitting, Jigar and myself with dirty hands and clothes in front of the bike while everyone else were crowded around trying to give their expert comments on how to repair the bike. All were enjoying our discomfit and cracking jokes, wise cracks & one liners at our expense. It turned out to be a morning conference around bike. Finally, after reassembling back the bike including the whole clutch box, we managed to start the bike.

We started at about 11.00 a.m. and were in a total riding mood. Sarchu had really fired us up. We rode about 53 kms. to cross the towering hills which we had seen from the distance just this morning. We reached Lochang La, which is at a height of 5065 m. It was a real tough ride, at least for the last 15 kms There were actualy no roads in this area only dirt track made up of stones and slush. Just after we got down from Lachang La pass, we had to start climbing again.

This climb was my best climb. It look us to More Plains. It is a flat piece of land, approx. 48 kms by 30 kms surrounded by mountains. There were no roads plus it was very sandy and it was difficult to drive the bike. It was also very dusty. I couldn't have imagined such a place even in my wildest dreams. There were also number of streams crossing the paths and we all had difficulty in riding the bikes. How we hated these streams! This place is known to have really low oxygen level at night. Situated at 4630 m, all it had was a small army unit camp and cluster of tents, serving food, etc. These tents had nice comfortable village style beds and a thick quilt. A cheap accomodation but we all were thankful for the best.

Next morining, I was just moving my bike to a cliff parking spot when I heard a gir'ls voice shouting my name. I saw Siddharth and Pinky gettting out of a taxi. Their `share-a-taxi' a sumo, had covered the 299 kms which we had traveled in so many days, in just 15 hrs. by driving non stop in one stretch. We had a grand reunion party with `Maggie' noodles and biscuits.

The Journey began once again and we were on a beautiful climb. There were no roads and one could make one's own way in most of the parts. The worst part was that one could not go fast or one would face a risk of cracking the bike chassis. There are natural bumps on the way which are caused by blowing winds and sand deposition over the years. One of our bikes actually got stuck in one of the sandbanks. After the nightmarish road, we had a tough climb to `Pang' the second highest motorable road' in the world.

After reaching the highest point, we had to decide

whether to continue or stop. It was a tough decision since it was nearing 7.00 p.m. We just couldn't stay since it was not only cold but also very windy. So we decided to carry on. And from 4630 m to 5360 m, we cleared 730 m climb in the fading light. It was lucky that we took this decision because it was one of the smoothest climbs and we found it easy, even in bad evening light. But, it was getting really cold at this altitude. Temperature was plunging going down at a fast pace as the night progressed. Along the way we met a couple of truck drivers next to their parked trucks. They warned us not to go up further at this time, because the cold sometimes freezes the engine oil leading to breakdowns. But our minds were made up by 8.30 p.m. we were exactly at 5360 m the top of `Tongdung La'. We were happy but not in a state even to get off from our bikes. We were exhausted plus the temperature was (-) 5 degree C. We really wanted to get the hell out of there. We really didn't expect the nature to test us so much. But the worst was yet to come. Descending Tongdung La, was four times as difficult as coming up.

We were actually riding on slippery stones through ice cold water flowing down the road at a fast speed and our bikes just would not stay on the ground. We were wet and miserable, the cold water was piercing the skin like pins and after some time we really could not feel our feet. We had to make a serious effort while changing the gear, or applying the breaks. After completing the toughest part of our journey we were greeted with a lovely sight of two large tents and within minutes of parking our bikes, everyone's feet were parked over a stove.

After having hot cups of tea we got talking with the local guys and were told that in all the four years in which those guys have been working there, we were the first guys to have come down that road at this time of night. Since there was no place to stay we next headed for Upshi about 40 kms away. It is on the outskirts of Leh. We were told that we would get a small hotel or something to stay in Upshi. We landed there but due to lack of accomodation we ended up sharing a room with some truck drivers. But we were happy since we had just 51 kms. to go on this `road to serenity'.

We could hardly sleep, all of us could actually feel the end of the journey, but we were all quiet. We did not want to talk about it, may be we were superstitious.

The ride to Leh from Upshi was a fantastic one with good roads, cvilization, people working along the roadside, etc. All of us were in a light mood, riding casually for the first time in 3 days. A beautifully painted archway greets & welcomes you to Leh. The feeling in our own hearts was like we had never experienced before in our entire lifetime. And here we were all of us having just experienced serenity.

With prior permission from district magistrate office (it is compulsory to get clearance), we started our journey from Leh on the second day. The 54 kms ride from Leh to the Khardung La the highest motorable road in the world is one of the most exciting and picturesque ride. A climb to 5603 m (18380 ft.) above sea level, is not a feat one does everyday, and the sight of the signboard on top is one I will never forget in my entire lifetime. This place has a small Army checkpost with medical facilities. It was lucky for us, because Garima-Akash's wife had to be given oxygen twice, due to sudden rise in altitude, The feeling of accomplishing something is one of the best feeling in this world, and all of us on the trip had that feeling, especially when we reached Khardung La.

The Army guys up here are a real friendly lot, very nice to talk to and perfect hosts even in their `Hostile Homes'. We met a South Indian Officer who was really happy to talk to Sapna in Tulu (their mother tongue . It was a great sight to watch two unknown people chatting away to glory in a South Indian dialect on the highest road in North India. Normally it is said that spending about 45 minutes is enough and safe at this heights but we actualy spent 3 hours including the time we spent buying souvenirs such as Tee Shirts, Mugs and wall plates from a small museum-cum-shop.

All I can say about this place is `What a place! this is a place where you feel proud to be an Indian and feel humbled in front of the Tricolour fluttering above a monument built in the memory of all our brave army heroes who have laid down their lives for our country'. Because of these brave men we could travel on these roads peacefully. I really have no words to describe my nice feeling of being there. After relaxing & enjoying the nature's beauty of Leh we were reluctant to start our return journey. We started return journey to Shrinagar via Kargil & Drass. Kargil is the place where India fought the last war & won. We reached Shrinagar & stayed in a Houseboat on Dal Lake. Shrinagar has its own beauty of flowers with the backdrop of snow capped mountains. The journey from Shrinagar to Jammu--our last destination, passes through the Jawahar tunnel. Here we had to go in a convoy due to security reasons. At last from Jammu we boarded the train with our trusted bikes, to go back to Mumbai, thus ending our wonderful journey of about 2200 kms on bike. Amen. ✶✶✶

6/B Kennaway House, 1st Floor, V.A.Patel Marg, Mumbai-400 004. Tel. 23873611.

SECOND TIRTHANKAR BHAGWAN AJITNATH

'I DON'T WANT TO BECOME KING'

Before many many years, i.e. before ages today's City of Ayodhya was kown as `Vinita'. Jitashatru of Ikshavaku destiny was the king of Vinita. the queen's name was Vijayadevi.

Once Vijayadevi during pregnancy saw 14 odd dreams. The king called the astrologer and asked about the meaning of these dreams. The astrologer was very clever. He thought about the dreams and said, `Oh, King! you are very lucky. The queen will give you a son who will be very famous not only in this world but will be very unusual personality and will make your name very famous in the world for ever. The king was very happy. He being a king, thought that his son would become a great king nd conquer the world.



The time flew away very fast and the queen delivered a son. The parents named him Ajitkumar.

As the time passed Ajitkumar was growing and was found to be the little different from normal child. He used to go in the garden and sometimes would sit in one place and sit in meditation for hours together.

Once upon a time a king and the queen asked messengers to call for their son. They searched for him and to their surprise Ajitkumar was seating in the garden and meditating. He was so engrossed that he did not notice the people before him. The messengers also waited till Ajitkumar was in his normal stage and out of meditation.

At the call of his parents Ajitkumar went to see the parents. Lovingly the parents made him sit near them. When Ajitkumar was entering he was astonished to see the way he was received by the people showering flowers on him etc.

Jitashatru the father told Ajitkumar, `Look, son, now we have become old and I would like to retire. I would like you to look after the kingdom and also expand it as far as you can.'

Ajitkumar sat silently for some time and replied, `I am not interested in becoming a king. Instead of conquering the world I would like to conquer the body and mind.'

He was very firm about his ideas.

Nobody could convince him to become a king.

After few years he went to the jungle renouncing all worldly pleasures. He started practicing penances and meditations.

The impact of his penances were so great that even wild animals would come and sit silently before Ajitnathji.

After twelve years of penance he attained omnicience, the Divine Knowledge. Gods arranged Samosaran (Religious Assembly) for him and Ajitnath addressed discources from there to the people. Price Ajitkumar had become a secomd Tirthankara known as Ajitnath.

Moral : Meditation increasesthe power of mind.

Kulin Vora: 9819667754

BHAGWAN AJITNATH :

- Mother Vijayadevi saw 14 dreams during pregnancy.
- Vijayadevi Delivered a son on Maha Sudi Ashtami (Eighth day of the first half of the month Maha)
- The son was named `Ajitkumar'
- Ajitkumar had a younger brothernamed Sumitravijay.
- Ajitkumar refused to be a king and rule when he was offered the kingship though he was the prince.
- The younger brother became the king.
- Ajitkumar was of a different nature since childhood. he used to sit in meditation many a time.
- Ajitkumar became a saint and left this world on `Sammet Shikhar' hill on the fifth day of first half of the month of Chaitra.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57. Published on 15th of every month &
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month I Regd. No. MH /MR / SOUTH-146 / 2012-14

'શિવ સંકલ્પ'

□ ગીતા જૈન

બોટાદ-ગુજરાતમાં પ્રથમવાર શિબિર સંચાલન કરવાની તક મળી. શિબિરનું આયોજન જાયન્ટ્સ ગ્રુપ અંતર્ગત 'સહેલી' દ્વારા થયેલ. જેના પ્રમુખ પ્રા. ભૂમિકા ભટ્ટે સૌ સભ્ય બહેનોના સહયોગથી સુંદર ભૂમિકા તૈયાર કરીને અમને આમંત્ર્યા હોઈ, શિબિર સફળતાપૂર્વક ગોઠવાઈ.

મને વિશેષ આનંદ થયો એમના પતિ ગૌરાંગ ભટ્ટને મળીને ! એ શિબિરમાં નહોતા આવતા એનું આશ્ચર્ય પણ શમી ગયું.

'શિવ સંકલ્પ'માં રહેતા ગૌરાંગભાઈનો-હકીકતમાં પૂરા પરિવારનો સંકલ્પ ખૂબ જ શિવ છે. આપણે ગૌશાળા, પાંજરાપોળો કે જીવદયાર્થે દાન આપીને પુણ્ય કમાઈ લેવાની સગવડનો ઉપયોગ કરતા હોઈએ છીએ. અથવા સમય-જગ્યાની સગવડ હોય તો ઘરે થોડી ગાય કે કૂતરા કે પાંજરે પોપટ પૂરીને સંતોષનો ઓડકાર ખાઈ લઇએ છીએ. પણ 'શિવ સંકલ્પ'ની આસપાસની જગ્યામાં રખડતા પશુઓ માટે ઘાસ નીરતા ભાવુક હૃદયના ગૌરાંગભાઈ મનથી ગોરા ઈન્સાન છે.

રોજ સવારે અને સાંજે ૭૦ થી ૮૦ જેટલા ગૌવંશ માટે આઠ મણ જેટલું ઘાસ નીરવામાં આવે છે. આ, લોકોએ છોડી મૂકેલા-રખડતા પશુઓ હોય છે. આદત મુજબ સમયસર એમનું ધણ એક એક આવતા જાય, પોતાની જગ્યાએ ગોઠવાતા જાય, ઘાસ નીરાતું જાય, વાગોળતા જાય અને ચાલી નીકળે ભટકવા, સાંજે પાછા હાજર થવાનું નક્કી કરીને જ સ્તો ! બીજે ક્યાં જાય બાપડા ? હા ! એ કદાચ એકલા ન પણ આવે, પોતાના જેવા રખડતા પશુને સાથે આવવાનું આમંત્રણ પણ આપી દેતા હશે, કાફલો મોટો ને મોટો થતો જઈ રહ્યો છે.

દર ત્રણ દિવસે શ્રી એસ. સી. ગાંધી, બી.સી.એ. કૉલેજના પ્રિન્સીપાલ ગૌરાંગ જે. ભટ્ટ જાતે ઘાસ ખરીદવા જાય. માત્ર ભરોસાથી ન ચાલે, ચાખીને ઘાસ ખરીદાય, ઘરના કમ્પાઉન્ડમાં ઑરડી બનાવેલ છે, એમાં ઘાસ સંગ્રહાય. આશરે રોજનું આઠ મણ ઘાસ નીરવામાં આવે.

ના રે ના, કોઈ સંસ્થા નથી, સહકુટુંબના સથવારે રખડતા, ત્યજી દીધેલા, માંદા, બીન ઉપયોગી ગૌવંશ માટે આશીર્વાદરૂપ આ 'જમણવાર' ચાલે છે.

જેને કશુંક કરવાની ધગશ હોય છે એ સમય-સાથ કે સહકારની રાહ નથી જોતા, મંડી પડે છે, મુશ્કેલીઓ આવતા નવા નવા રસ્તા શોધાયા કરે છે, માર્ગ ખુલતો જાય ને કામ થતું જાય.

એમના પત્ની ભૂમિકા ભટ્ટ કૉલેજમાં લેક્ચરર છે, એમનો અને પૂરા પરિવારનો ઉત્સાહભર્યો સાથ ગૌરાંગભાઈનો સંકલ્પ પૂરો કરવામાં સહાયક છે. નાની વાછરડીને સૌ સાચવે, પણ વાછરડા હવે કોઈને નથી જોતા. વસુકી ગયેલી ગાયોને કોઈ નથી સંગ્રહતું, એ સર્વેને પણ ભૂખ તો લાગે જ ને ! નાના વાછરડાને તો વળી પોતાના કમ્પાઉન્ડમાં જ રાખે, જેથી એમને થોડું પંપાળીને ખાવા પ્રેરી શકાય.

ક્યારેક લોકો કહે કે આ તો ભરવાડના વાછરડા છે. ગાયોનું દૂધ એ વેચે અને આને ખાવા તમારે ત્યાં મોકલી દે છે ત્યારે ગૌરાંગભાઈને ખરાબ લાગતું. ક્યારેક ગુસ્સો પણ આવતો, ત્યારે એમના ગુરુએ સમાધાન રૂપે કહ્યું તારા આંગણે એ ત્યારે જ આવે છે કે તું પીરસી રહ્યો છે અને એ ભૂખી છે, એ બધી ભરવાડની છે કે ભગવાનની ! ? બસ, ત્યારથી ગૌરાંગભાઈ કોઈ ભેદ નથી જોતા...

તરતના જન્મેલા વાછરડા એમના દરવાજે મૂકી જવામાં આવે ત્યારે એના હૃદયદ્વારક રૂદનથી આ પરિવારની આંખો પણ ભીની થઈ જાય. મા વગરના બાળકને ઉછેરવું ય મુશ્કેલ હોય છે. તો આ તો વાછરું – ખૂબ વાત્સલ્યભાવથી બોટલથી દૂધ પાઈને એને ઉછેરવામાં આવે. જરૂર પડ્યે બીમાર કે ઈજાગ્રસ્ત ગાયો માટે ડૉક્ટરની સેવા લેવા માટે ય આતુર આ પરિવારની ખેલદિલીને હૃદયથી સલામ !

આ પરિવાર અને ગાયોની રક્ષા માટેની વ્યવસ્થા કુદરતે ગોઠવી છે દસેક કૂતરા દ્વારા. કોઈ પરદેશી કે ક્રોસ બ્રીડીંગના નહીં પણ શેરીના, આપણા જ કૂતરા. એક કૂતરીનું બચ્ચું ઘરમાં આવ્યું, આજે એનો પૂરો પરિવાર દસ કૂતરા સુધી ફેલાયો છે. આ બધા જ કૂતરા એમના ઘરના દરવાજા પર, પાળી પર, ગાડી પર કે સોફા પર આરામ ફરમાવતા બેઠા હોય...આ પણ એક આશ્ચર્ય છે.

સ્વામી વિવેકાનંદજી કહેતા, 'દુઃખીને મદદ કરવા લંબાયેલો એક હાથ પ્રાર્થના કરવા જોડાયેલા બે હાથ કરતાં વધુ સાર્થક છે.'– પણ અહીં તો સમગ્ર પરિવારના હાથ મદદ કરવા તત્પર છે.

આપને નધણિયાતી ગાયો વચ્ચે ઘેરાયેલા ગૌરાંગભાઈને જોવા હશે તો બોટાદ જવું પડશે અને એમનો સંકલ્પથી ઘેરાયેલો મધુર અવાજ સાંભળવો હોય તો - 09824886869.

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચોક, વી.પી. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
મોબાઈલ: 09969110958.

પંથે પંથે પાથેય...

ચિનગારી કોઈ ભડકે તો સાવન આગ બુઝાએ,
સાવન જો આગ લગાએ ઉસે કોન બુઝાએ...

□ ઈન્દિરા સોની

વર્ષો પહેલાંની આ સત્ય ઘટના છે.

જૂનાગઢના જોષીપુરા વિસ્તારના રામજીભાઈ ડોબરિયા અને જયાબેન તેમના બે દીકરા ભરત અને કલ્પેશ સાથે ૨૦ એકર જમીનમાં ખેતી કરી ગામમાં સુખી ગણાતા ઘરમાં બબ્બે ગાડી-નોકર-ચાકર સાથે સુખસાહ્યબીમાં જીવન પસાર કરતા હતા.

દીકરા મોટા થયા એટલે રામજીભાઈએ એમને લંડન ભણવા મોકલ્યા. પોતે અભણ પણ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૫મું)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૬૦ • અંક-૧૨ • ડિસેમ્બર, ૨૦૧૨ • પાના ૩૬ • કીમત રૂ. ૨૦



જિન-વચન

આત્માની અસ્થિરતા

जइ तं काहिसि भावं जा जा दच्छिसि नारिओ ।
वायाइद्धो व्व हडो अट्ठियप्पा भविस्ससि ।।

(दसवैकालिक २ -९)

જો તું સ્ત્રીઓને જોઈને તેમના પ્રત્યે કામવાસનાનો ભાવ કર્યા કરીશ તો તારો આત્મા પવનથી હાલ્યા કરતી હડ નામની વનસ્પતિની જેમ અસ્થિર બની જશે.

If you think of enjoying sexual pleasure with every woman you see, you will become unsteady like the Hada plant, shaken by the breeze.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૨માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૦મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

સૌજન્ય : શ્રીમતી નિરુબહેન શાહ

નામજાપ

પરમહંસજી પ્રવચન બહુ ઓછું કરતા. પરંતુ હંમેશા નામજાપ ઉપર વધારે ભાર આપતા. બધાને કહે, **'નામજાપ'** કરો. કલકત્તામાં એમનો એક શિષ્ય; બહુ મોટો વેદાંતી માણસ, તે હંમેશાં પરમહંસજીને પૂછે, 'બાપજી! તમે આ એકનું એક નામ શું લેવડાવ્યા કરો છો? આપણે વેદાંતીઓને વળી નામનું શું મહત્ત્વ? તમે આ ધૂન ગવડાવો છો તેની આસપાસના માનવ સમાજ ઉપર શી અસર થાય છે?

પરમહંસજી આનો જવાબ ટાળ્યા કરતા. પરંતુ એક વખત પેલા ભાઈએ બહુ આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું કે, 'એવો કોઈ સમય આવશે ત્યારે હું તમને નામજાપનું મહત્ત્વ સમજાવીશ.

એક દિવસ પરમહંસજીના આશ્રમે સત્સંગ ચાલતો હતો. ઘણા શ્રોતાઓ આવ્યા હતા. બાપજી પોતાનો વાર્તાલાપ ચલાવતા હતા. તેવામાં પેલા ભઆઈ ત્યાં આવ્યા. પોતે મોડેથી આવ્યા હોવા છતાં પાછળ ન બેસી જતાં બધાને વિક્ષેપ પાડતા પાડતા આગળ આવવા પ્રયત્ન કરતા હતા. તેવામાં પરમહંસજીની નજર તેમના ઉપર પડી, ને ખબર નહીં પરમહંસજીને શું થઈ ગયું કે, બહુ મોટા અવાજે પેલા ભાઈએ કહ્યું, 'સાલે! વહીં બૈઠ જા.' પેલા ભાઈને તો ખૂબ જ લાગી આવ્યું. તેમને થયું, બધાની વચ્ચે બાપજીએ મને ગાળ દીધી. તે ભાઈ તો જ્યાં હતાં ત્યાં જ સમસમીને બેસી ગયા.

સત્સંગ પૂરો થયો. બધા પરમહંસજીને વંદન કરીને પોતપોતાના ઘરે ગયા. પેલા ભાઈ તો શરમના માર્યા પંદર દિવસ સુધી તો આશ્રમમાં પણ આવી શક્યા નહિ. સોળમાં દિવસે તેમનાથી રહેવાયું નહિ, એટલે આશ્રમે આવી પરમહંસજીને

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૧)

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	ઓબામા : પ્રમુખીય લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ઈસુનું ગિરિ પ્રવચન	ડૉ. થોમસ પરમાર	૯
(૩)	અહંભાવ દૂર થયા વિના આત્મિકયાત્રા અપૂર્ણ જ છે	શશિકાંત લ. વૈદ્ય	૧૨
(૪)	સુખ તમારી પ્રતિક્ષા કરે છે....	પ. પૂ. આ. શ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી	૧૩
(૫)	ભૂત અને ભગવાન	ડૉ. રણજિત પટેલ (અનામી)	૧૫
(૬)	જૈન ધર્મના ક્રિયાકાંડ તથા મંદિરોના નિર્માણમાં અનુચિત માર્ગે પ્રાપ્ત થયેલ દ્રવ્યનો ઉપયોગ	ઉત્તમચંદ શાહ	૧૬
(૭)	ધર્મ એક સંવત્સરી એક	પ્રવીણ ખોના-ડી. એમ. કોઠારી	૧૭
(૮)	ભાવ-પ્રતિભાવ	—	૧૯
(૯)	જૈન જ્ઞાન-દર્શન વિષયક ત્રિદિવસીય સેમિનાર થાણામાં યોજાયો	જે. કે. શાહ	૨૨
(૧૦)	શ્રી મું.જૈ.યુ.સં. દ્વારા ૭૮મી પર્યુષણ વ્યાખ્યાનમાળા	—	૨૪
(૧૧)	જયભિખ્ખુ જીવનધારા : ૪૫	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૭
(૧૨)	સર્જન-સ્વાગત	ડૉ. કલા શાહ	૩૦
(૧૩)	Thus HE Was, Thus HE Spoke— Henry David Thoreau	Reshma Jain	33
(૧૪)	Happiness and peace cannot be achieved by cheating and possessiveness	Muni Shri Vatsalyadeepji Translation : Pushpa Parikh	34
(૧૫)	Third Tirthankar Bhagwan Sambhavnath	Kulin Vora	35
(૧૬)	પંથે પંથે પાથેય : હાજરાબહેન : મારા સાસુમા	પ્રો. મહેબૂબ દેસાઈ	૩૬

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૦ ● અંક : ૧૨ ● ડિસેમ્બર ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૯ ● વીર સંવત ૨૫૩૯ ● માગશર સુદિ ● તિથિ-૪ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

ઓબામા : પ્રમુખીય લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ

(૧)

'હેપી દિવાલી...સાલ મુબારક...' આ શુભેચ્છા શબ્દો કોઈ ભારતીય રાજનેતાના નથી, પરંતુ પોતાના દેશમાં વસતા હિન્દુ, શીખ અને જૈનધર્મી નાગરિકોને સંબોધન-શુભેચ્છા વહાવી બીજા ચાર વર્ષ માટે ચૂંટાયેલા શ્યામ રંગી રાષ્ટ્ર પ્રમુખ ઓબામાના છે–શ્યામ જેવો ઉત્તમ શબ્દ આપણી પાસે છે પછી 'અશ્વેત' શબ્દનો ઉપયોગ કરી શા માટે શ્વેતને વધુ મહત્ત્વ આપવું ? 'શ્વેત'ને પોતાનું વ્યક્તિત્વ છે, એટલું જ અને એવું 'શ્યામ'ને પણ છે.

આ અંકના સૌજન્યદાતા
સુષમાબેન શૈલેશભાઈ મહેતા
શૈલેશભાઈ શાંતિલાલ મહેતા
સ્મૃતિ
સ્વ. કલાવતીબેન શાંતિલાલ મહેતા

તા. ૧૩ નવેમ્બરના વ્હાઈટ હાઉસમાંથી પ્રમુખ ઓબામાએ આ શબ્દો ઉચ્ચારાતા પહેલાં પંડિતોએ સંસ્કૃત શ્લોકનું પઠન કરી ભારતીયતાનું વાતાવરણ સરજ્યું અને ઓબામાએ હિંદુ દેવો તેમજ ગુરુ નાનક અને ભગવાન મહાવીરનું સ્મરણ કરી એ મહા આત્માના સંદેશ-ઉપદેશને પોતાની વાણી દ્વારા આ શુભેચ્છા સંદેશ સાથે વહેતો કર્યો. જિજ્ઞાસુ વાચકોને વિનંતિ કરું છું કે 'યુ ટ્યુબ' ઉપર જઈ પાંચેક મિનિટનો ઓબામાનો આ શુભેચ્છા સંદેશો સાંભળે, એમાં ય આ અમેરિકન અંગ્રેજી ઉચ્ચાર કરતાં ઓબામાના મુખેથી 'સાલમુબારક' શબ્દ જે શુદ્ધ ઉચ્ચારથી ઓબામા સંભળાવે છે ત્યારે તો આપણે એમના આ શુદ્ધ ઉચ્ચાર માટે એમના પર ફીદા થઈ જઈએ અનેસલામ કરી બેસીએ જ–આપણા નેતાઓના સંસદમાં અંગ્રેજી ઉચ્ચાર કેવા હોય છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ.

સમૃદ્ધ અમેરિકન નાગરિકોએ રિપબ્લિકન પાર્ટીના રોમનીને ૪૯% મત આપ્યા અને ઓછી આવકવાળા નાગરિકોએ એક વિશ્વાસ સાથે ડેમોક્રેટિક પાર્ટીના આ ઓબામાને ૫૧% મત આપ્યા. ઓબામાનો આ જ્વલંત વિજય નથી, પરંતુ પરિણામ જાહેર થતાં જ એમણે કહ્યું કે અમે સાથે બેસી, એટલે પરાજિત રોમની સાથે બેસી અમે અમેરિકાના ઉજ્જવળ ભાવિ માટે સાથે કામ કરીશું. આ શબ્દોમાં એમની સંસ્કારિતા અને દેશભક્તિના દર્શન થાય છે.

આ પરિણામ જાહેર થયું ત્યારે આપણા મિડિયા રાજાઓએ વારે વારે કહ્યું-લખ્યું કે આપણા ભારતીય રાજનેતાઓ આ ઘટનામાંથી બોધ લે.

શું બોધ લે ? ચૂંટણી વખતે આપણા નેતાઓ જે અભદ્ર ભાષાનો ઉપયોગ કરે છે, સંસદોમાં કોલાહલ અને મારામારી સુધીની ઘટનાઓ બને છે. આપણી ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારને લાંછન લાગે એવું વર્તન કરનારા આપણા રાજકારણીઓ પાસેથી આપણે શું અપેક્ષા રાખવી ? કારણ કે આપણે ટોળાને–પક્ષને–મત આપ્યો છે. અમેરિકાની જેમ એક આમ આદમીને પોતાને ગમતી વ્યક્તિને સીધો મત આપવાનો આપણા ભારતીયને અધિકાર નથી કારણ કે આપણે ત્યાં સંસદીય લોકશાહી છે. આપણે એક પક્ષને મત આપીએ છીએ અને બહુમતી પક્ષના નેતાઓ સરકાર

રચે છે. ક્યારેક તો સરકારમાં વિવિધ પક્ષોનો શંભુમેળો રચાય છે, અને કઠપૂતળીના ખેલો રચાય છે, જે વર્તમાનમાં છે.

ભ્રષ્ટાચારથી આપણે થાકી ગયા છીએ. લગભગ નિરાશ થઈ ગયા છીએ. અન્નાજીએ લોકપાલ બીલ માટે અંદોલન આરંભ્યું. એક મોટો જુવાળ સર્જાઈ ગયો. જાગૃતિ આવી, પ્રચાર થયો, પણ પરિણામ શું આવ્યું ? બાબા રામદેવ યોગ પ્રચારક ઓછા, રાજકારણી વિશેષ ઉપસતા ગયા, કાળે એમને મહાન બનવાની અમૂલ્ય તક આપી પણ એ તો નારીના કપડાં પહેરીને આ નર ભાગ્યા. જેલમાં ગયા હોત તો આખો દેશ એમને છોડાવવા આંદોલન કરતે અને એવા રામદેવ જેલમાંથી પાછા આવત ત્યારે અન્ના અને રામદેવ દેશ માટે એક પ્રચંડ અવાજ બની જાત.

અન્નાજીના ત્યાર પછીના આંદોલનો પણ કોઈ પ્રભાવ પાડી ન શક્યા. અન્નાના ખભા ઉપર કિરણ બેદી અને કેજરીવાલ ઊભા થઈ ગયા અને કેજરીવાલ તો અલગ થઈને સીધા રાજકારણના મેદાનમાં આવી ચડ્યા.

આ ભ્રષ્ટાચારના આંદોલન સાથે **એક નવા વિચાર**નો પ્રચાર થવો જોઈતો હતો, એ અમેરિકાની જેમ **પ્રમુખીય લોકશાહીનો.**

અંગ્રેજો આપણને ત્રણ વસ્તુ એવી આપી ગયા કે જે ભારતીયના લોહીમાં રસાયણની જેમ એક રસ થઈ ગઈ. એક શાસન પદ્ધતિ એટલે સંસદીય લોકશાહીનું બંધારણ, બીજી વહીવટી વ્યવસ્થા અને ત્રીજી કેળવણી પદ્ધતિ. આઝાદી પછી આ ત્રણે આપણને વળગેલા રહ્યા, અને ભારતીય નાગરિકને સંતોષ અને સાચી પ્રગતિનો સૂરજ ન દેખાયો. કેળવણીકાર દર્શક તો ત્યાં સુધી કહેતા કે જ્યાં સુધી અંગ્રેજોએ આપેલી આ કેળવણી પદ્ધતિ હશે ત્યાં સુધી ભારતને સાચો અને સારો નાગરિક મળવાનો નથી. આ જ સત્ય આપણા માટે વહીવટકાર પેદા કરતી સંસ્થાઓ માટે છે. એ જ આઈ.એ.એસ., આઈ.પી.એસ.વગેરે વગેરે; અને માળખું જ એવું કે દરેકને સત્તા મળે અને એનો દુરુપયોગ કરી ભ્રષ્ટાચારને વેગ મળે. આ વહીવટકારો એટલા બધાં 'બળવાન' છે કે રાજનેતાને અને સાસંદને પણ સંભળાવી દે કે, તમે તો ત્રણ કે પાંચ વરસ માટે છો, અમે તો અહીં 'કાયમ' છીએ, પછી પણ તમારે તો અમારું જ કામ પડવાનું છે.

અમારા એક મિત્ર કેન્દ્રમાં એક ખાતાના પ્રધાન બન્યા. અમે પૂછ્યું, મિત્ર આ વિષયનું તમને કાંઈ જ્ઞાન તો નથી, તે ખાતું કઈ રીતે ચલાવો છો ? તો કહે કે અમલદારો જે રીતે દોરવે એમ ! !

અમેરિકાની સરકારમાં આવું નથી. ત્યાં પ્રમુખને નિષ્ણાંત વ્યક્તિને પ્રધાન બનાવવાની સત્તા છે.

વાસ્તવમાં હવે ભારતને પ્રમુખીય લોકશાહીની જરૂર છે. છ દાયકા આપણે સંસદીય લોકશાહીનો 'સ્વાદ' ચાખ્યો અને નેતાઓ અને વહીવટકારોએ એનું 'જમણ' કર્યું.

આ વિચાર હવે એક ચળવળ માંગી લે છે, અન્નાજીના લોક આંદોલનની ટોપીમાં આ વિચાર પણ લખાયો હોત તો જાગૃતિની નવી દિશામાં આજે ભારત જરૂર હોત.

શ્રી જશવંત મહેતા. આ દિશામાં આ મહાનુભાવે પોતાના વિચારો વહેતા કરી એક મિશન ઊભું કર્યું છે. વ્યવસાયે આર્કિટેક અને વિવિધ ક્ષેત્રમાં સમાજસેવક શ્રી જશવંત મહેતાએ **'ફોરમ ફોર પ્રેસિડેન્સિયલ ડેમોક્રેસી'** નામની સંસ્થાની સ્થાપના કરી છે અને આ વિચારને પુષ્ટિ આપવા આ વિષય ઉપર અનેક ભાષામાં પુસ્તકો લખ્યા છે.

શ્રી જશવંત મહેતાના એ પુસ્તકોમાંથી કેટલાંક પરિચ્છેદો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને અર્પણ કરું છું.

(૨)

''ભારત માટે પ્રમુખીય લોકશાહી–સુયોગ્ય વિકલ્પ

આપણા બંધારણના ઘડવૈયાઓએ લાંબી ચર્ચા-વિચારણા કરી ઘડેલા બંધારણની ગણના વિશ્વના સૌથી લાંબા બંધારણ તરીકે થાય છે. આ બંધારણમાં કટોકટીના કાળ સિવાય પ્રજાના મૂળભૂત અધિકારોની રક્ષા બરાબર કરવામાં આવી છે પણ સરકારની કાર્યપદ્ધતિ ઘડવામાં અલ્પ ફેરફારો સિવાય બ્રિટીશ પદ્ધતિનું અનુકરણ કર્યું છે. બ્રિટનના રાજવીની માફક આપણે પ્રમુખને ઔપચારિક વડા તરીકેનું સ્થાન આપ્યું છે.

આપણે બ્રિટીશ સંસદીય પદ્ધતિ અપનાવી હતી. મર્હુમ શ્રી ચાગલા (જેમની ગણના ભારતના અગ્રગણ્ય કાયદાશાસ્ત્રીઓમાં થતી હતી.)ના મંતવ્ય પ્રમાણે-સંસદીય લોકશાહીની પસંદગી કરવાના મુખ્ય કારણોમાં આઝાદી પહેલાં આપણે ત્યાં કેન્દ્ર અને રાજ્યોની ધારાસભાઓની કાર્યવાહી બ્રિટીશ પદ્ધતિ અનુસાર થતી હતી. અને આપણે તે પદ્ધતિથી પૂરેપૂરા પરિચિત હતા. એક જ ચૂંટાએલી વ્યક્તિને સર્વોચ્ચ સ્થાન સોંપવામાં આપણને રાજાશાહીની યાદ સતાવતી હતી.'

છેલ્લા ૬૪ વર્ષમાં દિન પ્રતિદિન કૂદકે ને ભૂસકે વધતા જતા ભ્રષ્ટાચાર અને સર્વત્ર પગદંડો જમાવી બેઠેલા ધંધાદારી રાજકારણીઓની બનેલી સરકારોના ગેરવહીવટથી ભરપૂર રાજ્યશાસન, સંન્નિષ્ઠ નેતાગીરીનો પ્રવર્તતો શૂન્યાવકાશ વગેરે જોતા આપણે અપનાવેલ શાસન પદ્ધતિની નિષ્પક્ષપાતી પણે અન્ય દેશો જેવા કે અમેરિકા, ફ્રાંસ, જર્મની વગેરેએ અપનાવેલ લોકશાહી શાસન પદ્ધતિ સાથે સરખામણી કરી આપણી હાલની શાસન પદ્ધતિના સુયોગ્ય વિકલ્પ તરીકે વિચારવાનો સમય હવે પાકી ગયો છે.

એ જાણવું રસપ્રદ બની રહેશે કે આપણે સંસદીય શાસન અપનાવ્યું તેમાં મુખ્યત્વે આપણી બ્રિટીશ સંસદીય શાસન પ્રણાલીની પરિચિતતાએ મુખ્ય ભાગ ભજવ્યો હતો જ્યારે અમેરિકા કે જેઓએ પણ આપણી

જેમ બ્રિટીશરો સામે લડીને સ્વતંત્રતા મેળવી હતી અને જેઓ આપણા કરતાં પણ બ્રિટીશ પદ્ધતિથી વધારે પરિચિત હતા, તેઓએ અલગ સ્વરૂપની લોકશાહી એટલે કે પ્રમુખીય પદ્ધતિની લોકશાહી અપનાવવાનું શા માટે પસંદ કર્યું હતું ? આના સંદર્ભમાં અમેરિકન બંધારણ ઘડતી વખતે જે ચર્ચા વિચારણા થઈ હતી તે આપણા માટે ઘણું સૂચક બની રહે છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ જો આના પર પૂરતું લક્ષ્ય આપ્યું હોત તો નિઃશંક તેઓએ બ્રિટીશ મોડલ અપનાવતા પહેલાં ફેરવિચારણા કરી હોત. અમેરિકન બંધારણના ઘડવેયાઓને દહેશત હતી કે બ્રિટને અપનાવેલ સંસદીય પદ્ધતિની સફળતા મહદ અંશે સંગઠિત અને મજબૂત દ્વિપક્ષીય પદ્ધતિ ઉપર અવલંબિત છે. જ્યારે અમેરિકા કે જ્યાં ભવિષ્યમાં યુરોપના વિવિધ દેશોમાંથી વસાહતીઓ સ્થાયી થવાના હતા એ જુદા જુદા દેશોની પ્રજા કે જે અલગ ભાષાઓ, ધર્મો, સંસ્કૃતિઓ અને પરસ્પર વિરોધી કે હિતસંબંધીઓ ધરાવતી હોય ત્યાં વખત જતા બહુવિધ પક્ષો ઉદ્‌ભવવાની પૂરેપૂરી શક્યતા હોવાથી આવી અનેકવિધ પક્ષોની બનેલી સરકાર સંસદીય પદ્ધતિ પ્રમાણે ચાલશે તો તે અસ્થિર અથવા નબળી હોવાની પૂરેપૂરી શકયતા ઉભી થશે. જે વર્તમાનમાં ભારતમાં બની રહ્યું છે.

પ્રમુખીય લોકશાહી પ્રકારની સરકારમાં પ્રમુખ રાજ્યના વહીવટી વડાનું પણ સ્થાન અને સત્તા ધરાવે છે. પ્રમુખની ચૂંટણી સમગ્ર દેશના લોકો દ્વારા સીધા મતદાનથી થાય છે અને ચૂંટાયા પછી તેઓની મુદ્દત ચાર વર્ષના સમયગાળા પૂરતી નિશ્ચિત હોય છે. એક વાર ચૂંટાયા પછી પ્રમુખને દેશના પ્રતિભાશાળી યોગ્ય વ્યક્તિઓની પ્રધાન મંડળમાં સીધા નિમણૂક કરવાની છુટ આપવામાં આવી છે.

સ્વાતંત્ર પ્રાપ્તિ વખતે આપણે ત્યાં શરૂઆતના ૨૫-૩૦ વર્ષ સુધી રાજ્યકક્ષાએ તથા કેન્દ્ર કક્ષાએ કોંગ્રેસ પક્ષનું લગભગ એકચક્રીય શાસન હતું પણ સમય જતાં આપણે ત્યાં ભાષા, જાતિ અને પ્રાદેશિક ધોરણે નવા નવા રાજકીય પક્ષોનું અસ્તિત્વ ઉભું થતું રહ્યું છે. જાણે કે ભાષા, જાતિ અને પ્રાદેશિક ધોરણે રચાયેલા પક્ષોનો રાફડો ફાટ્યો છે.

દ્વિપક્ષીય પદ્ધતિને પ્રોત્સાહન

અમેરિકન લોકશાહીમાં દ્વિપક્ષીય પદ્ધતિ થવા પામી છે. અમેરિકાની પ્રમુખ પદ્ધતિની ચૂંટણીઓનો અભ્યાસ સૂચવે છે કે એમાં નાનકડા પક્ષોના ઉદ્‌ભવને અનુમોદન કે પ્રોત્સાહન મળતું નથી. આનું મુખ્ય કારણ પ્રમુખીય ચૂંટણીના પરિણામો પર નાના પક્ષો કે જૂથોની ખાસ કંઈ અસર થતી નથી. છેલ્લા દોઢસો વર્ષોથી ત્યાં રિપબ્લિક અને ડેમોક્રેટિક એ બે મુખ્ય પક્ષોનું અસ્તિત્વ છે પણ વખતોવખત ત્યાં નવા પક્ષોનું સર્જન થતું રહે છે. પરંતુ સમય જતાં આવા નાના નાના પક્ષોનું કાં તો વિસર્જન થઈ જાય છે અથવા આ પક્ષો મુખ્ય રાજકીય પક્ષોમાં જોડાઈ જાય છે.

આપણે ત્યાં અનેક વિવિધ પક્ષોની બનેલી મિશ્ર (coalition) સરકારોમાં કુલ મતની નજીવી ટકાવારીના મત મેળવનાર નાનકડો પક્ષ પણ આપણે અપનાવેલ સંસદીય શાસન પદ્ધતિમાં ચૂંટણી પછી 'કિંગમેકર'ની ભૂમિકા ભજવી શકે છે.

શ્રીમતી જયલલિતા શ્રી વાજપાયીની મિશ્ર સરકારના એક વર્ષના સમયગાળામાં કિંગમેકરની ભૂમિકા ભજવતા રહ્યા. આનો પૂરો લાભ ઉઠાવી શ્રીમતી જયલલિતા મરજીમાં આવે તેવી શરતો રજૂ કરતાં રહ્યા. હાલમાં ડી.એમ.કે. પક્ષનો ટેકો જાળવી રાખવા માટે રાજાના ૧૭૬ લાખ કરોડના કૌભાંડ સામે પણ મનમોહન સિંઘની સરકારે આંખ મિચામણા કરવા સિવાય કંઈ છુટકો નહોતો. હાલ તાજેતરમાં ૧૦ સભ્યો ધરાવતી મમતા બેનરજીની ત્રિનમુલ કોંગ્રેસ પણ સરકારને નચાવી રહી છે.

આઝાદી પછી ૬૪ વર્ષમાં ધીરે ધીરે ભ્રષ્ટાચાર વધતો ગયો છે પણ છેલ્લા બાવીસ વર્ષોમાં આ ભ્રષ્ટાચાર નવા નવા શિખરો સર કરતો રહ્યો છે. કમનસીબે આ વ્યાપક રીતે છવાયેલા ભ્રષ્ટાચારથી હવે ન્યાયતંત્ર અને લશ્કર પણ બકાત નથી રહ્યા. હકીકતમાં તો સ્પેક્ટ્રમ-ટુ-જી, કોમનવેલ્થ ગેમ્સ, આદર્શ હાઉસીંગ સોસાયટી અને જમીન અને ખાણકામને લગતા અન્ય સંખ્યાબંધ કૌભાંડોને કારણે લોકોનો રાજકીય તંત્રમાંનો વિશ્વાસ સંપૂર્ણપણે ડગી ગયો છે. દેશભરમાં સર્વત્ર વ્યાપક છવાયેલા ભ્રષ્ટાચારમાં નિઃશંક રાજકીય ભ્રષ્ટાચાર અને ખાસ કરીને પ્રધાનમંડળમાં વ્યાપેલા ભ્રષ્ટાચારે મોટો ભાગ ભજવ્યો છે. જુદા જુદા રાજકીય પક્ષોની બનેલી મિશ્ર સરકારોમાં સરકારને સમર્થન / ટેકો આપવાના બદલામાં આ રાજકીય પક્ષો મોટી કિંમત વસુલ કરતા રહ્યા છે. જાણીતી સંસ્કૃત ઉક્તિ 'યથા રાજા તથા પ્રજા' છે. ચૂંટાઈ આવ્યા પછી આપણે ત્યાં પ્રધાનમંડળ રાજાનું સ્થાન ભોગવે છે અને રાજકીય ક્ષેત્રે વધતો જતો ભ્રષ્ટાચાર હવે ધીરે ધીરે પ્રજાના છેક નીચલા સ્તર સુધી પ્રસરતો રહ્યો છે. કોઈ પણ રાજકીય પદ્ધતિમાં ભ્રષ્ટાચાર સંપૂર્ણ રીતે ડામવો મુશ્કેલ છે પણ આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિની સરખામણીમાં અમેરિકાએ અપનાવેલી પ્રમુખીય લોકશાહીમાં ભ્રષ્ટાચારને કાબૂમાં રાખવા માટે અંકુશો અને સમતુલા નિઃશંકપણે વધારે અસરકારક છે. એકવાર ચૂંટાયા બાદ પ્રમુખને સ્વચ્છ અને પ્રતિભાસંપન્ન વ્યક્તિઓનો પ્રધાનમંડળમાં સીધો સમાવેશ કરી સારું શાસન આપવાની પૂરેપૂરી તક મળી રહે છે. ચૂંટાયા પછી પ્રમુખને ભ્રષ્ટ સંસદસભ્યો કે પ્રધાનોના ટેકાની જરૂર રહેતી નથી. સત્તાના વિશ્લેષણના સિદ્ધાંત પર રચાયેલી સાચી પ્રમુખીય લોકશાહીમાં પ્રધાનમંડળમાં સંસદસભ્યોનો સમાવેશ કરવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. બીજી તરફ પ્રમુખ ઉપર સમતુલા જળવાઈ રહે તે માટે પ્રમુખે નિયુક્ત કરવા ધારેલા પ્રધાનપદના ઉમેદવારોને સંસદની મંજુરીની જરૂર રહે છે. આ ઉપરાંત ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (એફ.બી.આય.) દ્વારા પ્રધાનપદ માટેની પસંદગી પામેલા દરેક ઉમેદવારનો રીપોર્ટ ખાનગીમાં પહોંચાડવામાં આવે છે. (આપણે ત્યાંતો ગુનેગારને જેલમાંથી પણ ચૂંટણી લડવાની છૂટ છે, એક તરફ કેસ

ચાલતો હોય હોય અને બીજી તરફ પ્રધાનપદું પણ.)

પ્રધાનમંડળની નિમણૂક સંસદના બહારના સભ્યોમાંથી લેવાની પ્રથા જાપાન જેવી સંસદીય પદ્ધતિને વરેલા દેશમાં પણ સ્વીકારવામાં આવી છે.

ભ્રષ્ટાચારને કાબુમાં રાખવા માટે લોકપાલની સાથે સાથે હાલની શાસન પદ્ધતિમાં પરિવર્તન લાવવું વધારે અગત્યનું છે. આજે જ્યારે રાજ્ય કે કેન્દ્ર સ્તરે પ્રમાણિક પ્રધાન શોધવો મુશ્કેલ છે અને લાખો સરકારી બાબુઓનો ખૂબ મોટો વર્ગ ભ્રષ્ટ છે તો લોકપાલ કેટલા પ્રધાનો કે સરકારી બાબુઓ સામે કાર્યગીરી કરતો રહેશે ? આપણે કેટલા લોકપાલો નિમશું અને તે માટે કેટલો મોટો સ્ટાફ ઉભો કરશું અને તે પણ ભ્રષ્ટ નહિ રહે તેની ખાતરી શું ?

જ્યા સુધી આજની શાસન પદ્ધતિમાં મૂળભૂત પરિવર્તન નહિ આવે ત્યાં સુધી 'રાજા' કે 'કલમાડી' કે 'સુખરામ' કે 'યેદુરપ્પા' કે 'મધુ કોડા' ને પણ સારા કહેવડાવે તેવા ભ્રષ્ટ રાજકારણીઓ ફરી ફરી આવતા રહેશે અને આપણા પર રાજ્ય કરતા જ રહેશે. અન્ના અને એની ટીમે આ હકીકત પર વધારે પ્રાધાન્ય આપવાની જરૂર છે. **પહેલેથી જ યોગ્ય અને પ્રમાણિક વ્યક્તિનો પ્રધાનમંડળમાં સમાવેશ થઈ શકે એવી શાસન પદ્ધતિની તાતી જરૂરિયાત છે** અને ત્યાર પછી પણ ભ્રષ્ટાચારના કિસ્સા બહાર આવે તો લોકપાલની કાર્યગીરી સીમિત રહે પણ વધારે અસરકારક નીવડે.

સાચી પ્રમુખીય લોકશાહીમાં વહીવટી સત્તા અને વિધાયક સત્તા વચ્ચે સત્તાના યોગ્ય વિભાજનથી અંકુશો અને સમતુલા સચવાઈ રહે છે. અમેરિકા અને ફ્રાન્સે અપનાવેલ પ્રમુખીય લોકશાહીએ પ્રમુખીય શાસન તંત્રનો એક ઉમદા દાખલો પૂરી પાડ્યો છે. આ બંને લોકશાહીમાં સંસદને વહીવટી સત્તામાંથી સંપૂર્ણપણે અલગ રાખવામાં આવી છે પણ સાથે સાથે પ્રધાનમંડળને અંકુશમાં રાખવાની સત્તા સંસદને પ્રદાન કરવામાં આવી છે અને પ્રમુખને પ્રધાનમંડળના કોઈ પણ સભ્યને શામેલ કરતા પહેલાં સંસદની મંજુરી લેવી જરૂરી રહે છે.

અહીં **બાબા સાહેબ આંબેડકરે** બંધારણ સભા માટેની લખેલી નોંધ ઘણી સૂચક અને જાણે કે ભવિષ્યની આગાહી કરી હોય તેવું લાગે છે તેનો ઉલ્લેખ યથાર્થ રહેશે. તેમણે જણાવ્યું હતું કે, 'નાતજાત અને સંપ્રદાયો વચ્ચેના ઘર્ષણોને લક્ષમાં લેતા ભારતની સંસદમાં અસંખ્ય પક્ષો અને જૂથો સસર્જાશે તેવી પૂરેપૂરી શક્યતા છે. આવી પરિસ્થિતિમાં, **એક વાત નિશ્ચિત છે કે આપણે અપનાવેલી સંસદીય પદ્ધતિમાં સ્થિર સરકાર હોવી મુશ્કેલ હશે.** આવા પક્ષો અને જુથો પોતાના નજીવા સ્વાર્થ માટે અંદરોઅંદર લડતા રહેશે અને સરકારને ઉથલાવવાની પેરવી કરતા રહેશે. વારંવાર પતન થતી સરકારથી દેશમાં અરાજકતા ફેલાશે. જો આમ બને તો, **અમેરિકન ઢબની સરકાર કે જે પણ સંસદીય પદ્ધતિ જેટલી જ લોકશાહીવાદી અને જવાબદાર શાસન પદ્ધતિ છે, તે આપણો વિકલ્પ બની રહેશે.'**

બંધારણ સભાના ચેરમેન તરીકે ડૉ. આંબેડકરને ભારતીય બંધારણના 'ઘડવૈયાઓ'માં અગ્રેસર ગણવામાં આવે છે. પણ હકીકતમાં ડૉ. આંબેડકરે ૨ જી સપ્ટેમ્બર ૧૯૫૩માં જે શબ્દો ઉચ્ચાર્યા તે આ માન્યતાનું સંપૂર્ણ ખંડન કરે છે. 'મારા મિત્રો મને કહે છે કે આ બંધારણનું ઘડતર મારા હાથે થયું છે પણ આ બંધારણ મને બિલકુલ પસંદ નથી. એ કોઈને પણ અનુકૂળ આવે તેવું નથી. આને જો બાળીને નષ્ટ કરવું હોય તો તેમાં હું પહેલ કરવા પણ તૈયાર છું.' (શ્રી અરુણ શૌરીએ ૨૦૦૭માં લખેલ 'સંસદીય લોકશાહી' પુસ્તક પૃ. ૧૮) આજે જો ડૉ. આંબેડકર જીવતા હોત અને આ બંધારણની ફલશ્રુતિ તરીકે આપણે અપનાવેલ સંસદીય શાસન પ્રણાલીમાં જે રીતની ભ્રષ્ટાચારે માઝા મૂકી છે અને રાજકારણીઓએ લાભ ઉઠાવ્યો છે તે જોતા આ શાસન પદ્ધતિ બદલવા માટે તેઓ જેહાદ ઉઠાવત તેમાં કોઈ શંકા નથી.

ભ્રષ્ટાચાર નિવારણ માટે અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન બુદ્ધે શું કહ્યું હતું ?

ભગવાન બુદ્ધે અઢી હજાર વર્ષ પહેલાં પ્રધાનોના વ્યક્તિત્વ અને તેની પ્રજા પર થતી અસર વિષે જે કહ્યું છે તે આજે પણ એટલું જ વાસ્તવિક અને પ્રસ્તુત છે.

તેમણે કહ્યું હતું કે જો કોઈ પ્રધાન પોતાના કર્તવ્યોથી વિમુખ થાય, પોતાનો સ્વાર્થ સાધે કે લાંચ લે તો તેને લીધે જનતાનું નૈતિક ધોરણ પણ નીચું જાય છે. પ્રજા છેતરપિંડી અને દગાબાજી ઝડપથી શીખી જાય છે, બળવાન નિર્બળો પર દાદાગીરી કરે છે, ધનવાન ગરીબોનો લાભ લે છે. ન્યાય ભાવના વિસરાઈ જાય છે. સંજોગો પણ એવા થઈ જાય છે કે વિશ્વસનીય પ્રધાનો જાહેર સેવામાંથી નિવૃત્તિ લઈ લે છે. સમજદાર વ્યક્તિઓ મૌન સેવે છે અને ખુશામતિયા અને કાવાદાવા કરનારાઓનું શાસન ચાલે છે. આ બધા પોતાના ગજવા ભરે છે અને લોકોના દુઃખદર્દની પરવા કરતા નથી. શાસન પ્રભાવહીન બની જાય છે. ન્યાયદંડ ધૂળમાં રગદોળાય છે. આવા શાસકો પ્રજાના સુખચેનના લૂંટારા છે. લૂંટારા કરતા પણ અધમ છે કે, કેમ કે આવા હીન કામ તેઓ સત્તાના સિંહાસનેથી કરે છે. રાજાનું કર્તવ્ય છે કે આવા પ્રધાનોને વીણી વીણીને ખતમ કરે.'

ભગવાન બુદ્ધે આપેલા આ ઉપદેશ અક્ષરશઃ `THE TEACHING OF BUDDHA' માંથી લીધેલ છે. જે જાપાનમાં પ્રસિદ્ધ થયેલું અને જેની ૩૫ ભાષામાં આજસુધી ૮૦ લાખ નકલો પ્રકાશિત થઈ છે.

ભગવાન બુદ્ધના ઉપદેશની અસર તેમના નિર્વાણ પછી ઘણો લાંબો સમય એટલે કે ઈ. સ. ની સાતમી થી આઠમી સદી સુધી ઘણી પ્રબળ હતી અને ભારતના ઘણા રાજાઓએ બૌદ્ધધર્મ સ્વીકારી તેના અનુયાયીઓ બન્યા હતા. આ યુગમાં સમ્રાટ અશોક, હર્ષવર્ધન વગેરે પ્રતિભાશાળી રાજાઓએ શાસન કર્યું હતું. આજે પણ આ યુગની ગણના

ભારતના 'સુવર્ણયુગ'માં થાય છે. આ રાજાઓના સુશાસન પાછળ ભગવાન બુદ્ધે આપેલા ઉપદેશની અસર નિઃશંક હશે. (ખાસ કરીને પોતાના મંત્રીઓની નિમણૂક કરતી વખતે) ભગવાન બુદ્ધના નિર્વાણને ૨૫૦૦ વર્ષ વીતી ચૂક્યા છે, પણ ભારતની આજની સ્થિતિને માટે પણ આ શબ્દો કેટલા સાચા લાગે છે. આજે જો આપણે એવી શાસન પદ્ધતિનું નિર્માણ કરી શકીએ કે જેમાં મંત્રીઓની નિમણૂક તેમની કારકીર્દિને લક્ષમાં લઈને પૂરેપૂરી ચકાસણી પછી થાય તો નિઃશંક આપણો સુવર્ણયુગ ફરીથી આવશે. આ શક્યતા સાચી પ્રમુખીય લોકશાહીમાં આપણી હાલની સંસદીય લોકશાહી કરતા અનેકગણી વધારે છે.

પરિવર્તન કઈ રીતે શક્ય છે ?

આપણા દેશ માટે પ્રમુખશાહી સરકારની અનુકૂળતા વિષે વખતોવખત ચર્ચા વિચારણા થતી રહી છે. કોંગ્રેસના કેટલાક નેતાઓ જેમાં સ્વર્ગસ્થ શ્રી વસંત સાઠે અને શ્રી અંતુલે તથા ભાજપના શ્રી અટલબિહારી વાજપેયી અને શ્રી અડવાણી વગેરેએ પણ પ્રમુખશાહી સરકારની તરફેણ કરી છે. સ્વ. શ્રી રામકૃષ્ણ હેગડેએ પણ પ્રમુખીય લોકશાહી માટે હિમાયત કરી હતી.

અનેક બુદ્ધિજીવીઓ અને અગ્રણી નાગરિકો કે જેમાં બી. કે. નહેરુ. જે. આર. ડી. તાતા, નાની પાલખીવાલા, અરુણ શૌરી, વાય. પી. ત્રિવેદી વગેરેનો સમાવેશ થઈ શકે છે. **એ સૌએ આપણા દેશની શાસનપદ્ધતિ માટે પ્રમુખીય પદ્ધતિનું ભારપૂર્વક સમર્થ કર્યું છે.**

શ્રી બી. કે. નહેરુએ પ્રમુખીય લોકશાહીને સમર્થન આપતાં કહ્યું હતું કે 'દેશના વહીવટી વડાની ચૂંટણી લોકો દ્વારા સીધા મતદાનથી થવી જોઈએ અને ચૂંટાયા બાદ તેઓને સંસદ બહારથી પ્રધાનપદે નિયુક્ત કરવા યોગ્ય વ્યક્તિની પસંદગીની સંપૂર્ણ છૂટ આપવી જોઈએ અને સંસદના સભ્યને પ્રધાન મંડળથી અલગ રાખવા જોઈએ.

શ્રી જે. આર. ડી. તાતાએ ૧૯૬૭માં બ્રિટીશ પાર્લામેન્ટરી પદ્ધતિ આપણા દેશને અનુકૂળ નથી એમ જણાવ્યું હતું. રાષ્ટ્રના પ્રમુખ અને રાજ્યના ગવર્નર લોકો વડે સીધા જ ચૂંટાવા જોઈએ કે જેથી એ પોતાને અનુકૂળ લાગે એવા નિષ્ણાંતો વડે કારભાર ચલાવી શકે અને ધંધાદારી રાજકારણીય લોકોની પકડમાંથી રાષ્ટ્ર મૂક્તિ અનુભવી શકે એવી અપેક્ષા શ્રી તાતાએ વ્યક્ત કરી હતી.

શ્રી નાની પાલખીવાલાના મંતવ્ય પ્રમાણે: **'દેશ સમક્ષ પડેલી પ્રચંડ સમસ્યાઓ આપણા ધંધાદારી રાજકારણીઓ કદી જ નિવારી શકવાના નથી.** કારણ કે એમ કરવું એમના ગજા બહારની વાત છે. સંનિષ્ઠ, કાર્યકુશળ અને વહીવટકુશળ પ્રધાનો હોય તો જ ભ્રષ્ટાચારી અને બિનકાર્યક્ષમ વહીવટીતંત્રની ચૂડમાંથી મુક્ત થઈ શકાય. દૂરંદેશીપણું ધરાવનાર અને રાષ્ટ્રસંપત્તિનું નિર્માણ કરવાની વ્યવહારુ સૂઝ અને આવડત ધરાવનાર મહારથીઓના હાથમાં દેશની લગામ મુકાય તો જ ગરીબીને મિટાવી શકાય. મૂડી ઉત્પાદન, વિતરણ- વેચાણ, ઈત્યાદિ બાબતોના નિષ્ણાંતો તેમ જ રાષ્ટ્રસંપત્તિ જનકલ્યાણાર્થે ઉપયોગમાં શી રીતે લેવાય અને વિતરણ શી રીતે કરાય એનું વિશિષ્ટ જ્ઞાન ધરાવતી વ્યક્તિઓ જ દાયકાઓથી રીબાતા પ્રજાના વર્ગને પાયમાલીમાંથી બહાર લાવી શકે. પ્રધાનકક્ષાએ સંનિષ્ઠ નેતૃત્વનો શૂન્યાવકાશ હોય એવી આપણી નોકરશાહી, સામાજિક નિષ્ક્રિયતા અનિવાર્ય બનાવી દે છે.

છેવટે, આપણે પ્રમુખશાહી પદ્ધતિ અપનાવવાનો નિર્ણય લઈએ તો અમેરિકા, ફ્રાંસ અને જર્મની જેવા દેશોમાં સ્થપાયેલી આ પદ્ધતિની સરકારના વિવિધ સ્વરૂપોનો આપણે અભ્યાસ કરવો પડશે. 'આ દેશોના અનુભવો તેમજ આપણી આગવી જરૂરિયાતોને દૃષ્ટિ સમક્ષ રાખી આપણા દેશ માટે અનુકુળ હોય એવી પ્રમુખશાહી પદ્ધતિનું માળખું આપણે ક્રમે ક્રમે કરવું પડશે.

ગુજરાતના પીઢ રાજકારણી સ્વ. શ્રી ચીમનભાઈ મહેતાએ પ્રમુખીય લોકશાહીનું ભારપૂર્વક સમર્થ કર્યું હતું. તેઓએ આ વિષય ઉપર પુસ્તિકા પણ બહાર પાડી હતી. તેમના મંતવ્ય પ્રમાણે 'હાલની પરિસ્થિતિમાં આપણી સંસદીય લોકશાહીમાં રાજકીય રીતે સ્થિર સરકારનું શાસન એક જટિલ સમસ્યા બની ગઈ છે. પોતાની સત્તા ટકાવવા માટે કોઈ પણ રાજકીય પક્ષની સરકારે જાતીય પરિબળોનો ટેકો લેવો અનિવાર્ય બની ગયો છે. સંસદ સભ્યો કે વિધાનસભાના સભ્યો આ ટેકા માટે મોટી વસુલી વડા પ્રધાને કે મુખ્ય પ્રધાને ચુકવવી પડે છે. નિયત સમય માટે કાર્યકારી વડા તરીકે સીધા મતદાન દ્વારા ચૂંટાયેલા ગવર્નર કે પ્રમુખને આ પ્રકારે બાંધછોડ કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. જ્યાં સુધી પોતાનો સ્વાર્થ સચવાઈ રહે છે ત્યાં સુધી આ પક્ષો સરકારને ટેકો આપતો રહેશે.'

જ્યાં સુધી પ્રજાજનો પોતે જ મોટા પાયે હાલની પદ્ધતિ બદલવા માટે ચળવળ નહિ ઉપાડે ત્યાં સુધી હાલની પદ્ધતિમાં ફેરફાર થવો મુશ્કેલ છે. આ પદ્ધતિ બદલવા માટે જેમ આપણા વડવાઓએ બ્રિટિશ શાસન સામે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે ચળવળ ઉપાડી હતી તે જ જોશ, ધગશ અને નિઃસ્વાર્થવૃત્તિથી આગળ આવવાની જરૂર છે. ફક્ત હાલની શાસન પદ્ધતિની ટીકા કરતા રહેવાથી રશું જ નહિ વળે. **આ પરિવર્તન લાવવા માટે આપણે સૌએ ભેગા થઈને સંસદ સભ્યો ઉપર દબાણ લાવવું પડશે યા તો એક એવા પક્ષની સ્થાપના કરવી પડે કે જેનું મુખ્ય ધ્યેય સત્તા પ્રાપ્ત કરવા માટે નહિ પણ હાલની પદ્ધતિમાં યોગ્ય ફેરફાર કરવાનું જ હોવું જોઈએ.** એ એક હકીકત છે કે આ દેશમાં સામાન્ય જનતા 'સેલીબ્રીટી'થી વધારે દોરવાતી રહી છે. જેમકે આંધ્રમાં જાણીતા ફિલ્મ સ્ટાર એન. ટી. રામરાવે તેલુગુ દેશમ નામનો પક્ષ સ્થાપી રાજકારણમાં ઝંપલાવ્યું અને પહેલી જ ચૂંટણીમાં જંગી બહુમતી પ્રાપ્ત કરી સરકાર સ્થાપી તેવી જ રીતે એમ. જી. રામચંદ્રનને ડી. એમ. કે સાથે મતભેદ થતાં એ.આઈ.ડી.એમ.કે. નામનો નવો પક્ષ સ્થાપી પહેલી ચૂંટણીમાં જંગી બહુમતી મેળવવામાં સફળતા મેળવી. (શ્રી એમ. જી. રામચંદ્રનને અવસાન પામ્યાને વર્ષો વીતી ગયા પછી આજે પણ

એ.આઈ.ડી.એમ. કે. પક્ષ ચૂંટણી સમયે બેનરોમાં શ્રી એમ. જી. રામચંદ્રનની તસ્વીરને શામેલ કરે છે.) આજે જાણીતા ફિલ્મસ્ટાર રજનીકાંતના પક્ષને પણ વ્યાપક સમર્થન મળ્યું છે. બહુ ઓછા દેશોમાં આવું થતું જોવામાં આવ્યું છે. આજે અમીરખાન કે રજનીકાંત જેવા ફિલ્મ સ્ટારો કે બાબા રામદેવ કે અન્ના હજારે અને તેમના ટેકેદારો વગેરે સૌએ હાલની રાજકીય શાસન પદ્ધતિના વિકલ્પની ચર્ચામાં ધ્યાન પરોવી લોકોને માર્ગદર્શન આપી આવા પક્ષના સૂક્ષધાર તરીકેનો ભાગ ભજવી આવી ચળવળને આગળ ધપાવવાની જરૂર છે.

રાજકીય પક્ષની સ્થાપનાથી આ ચળવળ ધીરે ધીરે પણ લોકોનું ધ્યાન ખેંચશે અને યોગ્ય સમર્થન મળતાં લોકો હાલની શાસન પદ્ધતિમાં પરિવર્તન માટે માર્ગદર્શન મેળવશે.

જે વાંચકને આ વિષે વધારે માહિતી જોઈતી હોય તેઓ નીચેના સરનામે સંપર્ક સાધી શકે છે.

SHRI JASHWANT B. MEHTA
B/145/146, MITTAL TOWER,
NARIMAN POINT, MUMBAI-400 021.
Website : www.presidentialdemocracy.org
Email : info@presidentialdemocracy.org
Tel. No. : 6615 0505 Fax No. 2283 5149."

(૩)

આ પ્રશ્ન આપણા ધર્મગુરુઓ અને આખ્યાન-કથાકારોએ પણ ઉપાડી લેવા જેવો છે. રાજકારણ ગંદું છે, એમ કહી એનાથી દૂર ભાગવાની જરૂર નથી. બધા ધર્મો કરતાં રાષ્ટ્રધર્મ મહાન છે. ધર્મ મહાન ક્રાંતિ લાવી શકે છે કારણ કે ભારતની શ્રદ્ધાળુ પ્રજા ધર્મ આશ્રિત છે.

ભારતની પ્રજાએ આ રાજકારણીઓ અને વહીવટકારોને વિનવ્યા, સમજાવ્યા, છતાં ન સમજે તો મહાભારતમાં માતા કુંતિએ પોતાના પુત્રોને જે આદેશ આપ્યો હતો, એ આદેશ આજે ભારતમાતાનો પ્રત્યેક દેશપુત્રોને છે:

ભીખ્યાં, ભટક્યાં, વિષ્ટિ, વિનવણી,
કીધાં સુજનતાનાં કર્મ,
આર્ય સુજનતા દૈન્ય ગણી તો
યુદ્ધ એ જ યુગધર્મ,
કહો, કુન્તાની છે આ આણ,
પાર્થને કહો ચ્હડાવે બાણ,
હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.
સત્ય, શીલ ને ધર્મયજ્ઞમાં
હજો વિશ્વ વિધ્વંશ
ઊગે જો નભ નવયુગનો ભાણ
પાર્થને કહો ચ્હડાવે બાણ,
હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.
વિધિનાં એ જ મહાનિર્માણ.

કવિ ન્હાનાલાલના 'કુરુક્ષેત્ર' મહાકાવ્યનું આ કાવ્ય એક સમયે રાષ્ટ્રીય ચળવળનો આત્મા બની ગયું હતું. વર્તમાનમાં પણ પ્રત્યેક યુદ્ધ વખતે ગુજરાત કવિના આ કાવ્ય અને આ પંક્તિ 'પાર્થને કહો ચ્હડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ'નું સ્મરણ કરે છે.

આ સંસદીય લોકશાહીને આપણા રાજકારણીઓ અને વહીવટકારોએ એટલી હદે મલિન કરી દીધી છે કે હવે એનું વિસર્જન કરી **પ્રમુખીય લોકશાહીનું સર્જન કરવું એ જ ભાવિ પ્રજા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે,** ભલે એમાં થોડાં ગેરલાભો કે ભયસ્થાનો હોય, પરતુ માનવબુદ્ધિ એને નિવારવા સમર્થ છે જ, એટલે હવે તો આ નવસર્જન એજ વિકલ્પ છે. તમસો મા જ્યોર્તિગમય: ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે અમને લઈ જા...

એક જ દે ચિનગારી
મહાનલ ! એક જ દે ચિનગારી.

□ ધનવંત શાહ

drdtshah@hotmail.com

લોકશાહી

- *લોકોને ભૂલ કરતા અટકાવવા એ સરકારનું કામ નથી, પણ સરકારને ભૂલ કરતી અટકાવવી એ લોકશાહીમાં લોકોનું કામ છે.*
- *ન્યાય પ્રત્યેનો માણસનો ભાવ લોકશાહીને શક્ય બનાવે છે, પણ અન્યાય પ્રત્યેનો માણસનો ઝુકાવ લોકશાહીને જરૂરી બનાવે છે.*
- *લોકશાહી એટલે પોતાની જાતે શિસ્તમાં રહેવાની કળા, જેથી બીજાઓને શિસ્તમાં રહેવાની જરૂર પડે.*
- *લોકશાહી એ વિશ્વાસ પર આધારિત છે કે સાધારણ માણસોમાં પણ અસાધારણ ક્ષમતા છે.*
- *સાચી લોકશાહી તો ઈશ્વરની જ. પોતાની પ્રજા (મનુષ્ય)ને એણે પોતાનો ઈન્કાર કરવાની છૂટ આપી છે.*
- *લોકોનું અહિત પણ લોકોની ભાગીદારીથી જ થાય તે લોકશાહી.*
- *હું ગુલામ નહીં થાઉં, તેમ ગુલામોનો માલિક પણ નહીં થાઉં – લોકશાહીની આ સીધીસાદી સમજ.*
- *લોકશાહી સામે ટેંકોનું જ જોખમ નથી, એથી ય મોટું જોખમ છે ભાષણખોરીનું જે અંતે ટેંકો ભણી દોરી જાય છે.*
- *લોકશાહીનું મૃત્યુ ઓચિંતી ખૂનામરકીથી થવાનો સંભવ નથી, પણ એ બેકાળજી, નફરત અને ભૂખમરાથી ધીરે ધીરે ખતમ થાય છે.*

ઈસુનું ગિરિ પ્રવચન

□ ડૉ. થોમસ પરમાર

પ્રેમ, સેવા અને નમ્રતાના સિદ્ધાંત પર આધારિત ખ્રિસ્તી ધર્મના પવિત્ર ગ્રંથ બાઈબલના બે ભાગ છે: જૂનો કરાર (Old Testament) અને નવો કરાર (New Testament). નવા કરારમા ઈસુનું જીવનચરિત્ર અને તેમનો ઉપદેશ સમાવિષ્ટ છે. માથ્થી, માર્ક, લૂક અને યોહાનની સુવાર્તાઓ (Gospels); પૉલ, યાકોબ, પીતર અને યોહાનના પત્રો દ્વારા ઈસુના જીવન અને ઉપદેશ વિશે ઈસુનું ટેકરીઉપરનું પ્રવચન (Sermon on the Mount) છે. માથ્થીની સુવાર્તામાં અધ્યાય પાંચથી સાતમાં આપવામાં આવ્યું છે તે ગિરિપ્રવચન તરીકે પણ ઓળખાય છે. સ્વામી આનંદે 'ધરતીની આરતી'માં તેને 'ટીંબાનો ઉપદેશ' તરીકે જણાવીને કાઠિયાવાડી ભાષામાં સુંદર રીતે રજૂ કર્યું છે.

યરુશાલેમ, ગાલીલ અનેન યહૂદીયામાંથી તેમજ યર્દન પારના પ્રદેશમાંથી લોકોના ટોળાના ટોળા ઈસુનો ઉપદેશ સાંભળવા જતા. લોકોના ટોળાંને જોઈને ઈસુ એક ડુંગર ઉપર ગયા અને ત્યાં બેસીને શિષ્યો અને લોકો સમક્ષ જે ઉપદેશ આપ્યો તે જ આ ગિરિપ્રવચન. ઈસુની ભાષા બહુ જ સરળ અને સાદી છે. કોઈ પણ વિચાર એવી રીતે નથી મૂક્યો જે સમજવો અઘરો પડે.

દુનિયાના મહાન પુરુષોના વિચારના ઘડતરમાં ગિરિપ્રવચને અગત્યનો ભાગ ભજવ્યો છે. ગાંધીજી 'યંગ ઈન્ડિયા'માં લખે છે કે, 'મારી પાસેથી ગીતા લઈ લેવામાં આવે અને તેના બધા શ્લોકો હું ભૂલી જાઉં; પરંતુ મારી પાસે ટેકરી ઉપરનું પ્રવચન રહ્યું હોય તો ગીતામાંથી મને જે આનંદ મળે તે તેમાંથી પણ મળી રહે.'

ગિરિ પ્રવચન એ ખ્રિસ્તી જીવનનું ખતપત્ર (Charter) છે. ખ્રિસ્તી દર્શનના સિદ્ધાંતો અને શિક્ષણ ઈસુના જીવન અને ઉપદેશ પરથી ઘડાયા છે. ઈસુએ પોતાના જીવનનું સર્વ રહસ્ય એમાં ઠાલવ્યું છે. મારા આજના વ્યાખ્યાનમાં ગિરિપ્રવચનનો સાર આપવાનો મારો નમ્ર પ્રયાસ છે.

પરમસુખી જનો :

ઈસુ પોતાના પ્રવચનનો પ્રારંભ આઠ પ્રકારના સદ્‌ગુણી સજ્જનોને બિરદાવીને કરે છે. અંતરના દીન, શોકમાં ડૂબેલાઓ, નમ્ર, ધર્મની ભૂખ-તરસવાળા, દયાવંત, ચોખ્ખા દિલના, શાંતિના સ્થાપકો અને ધર્મના ખાતર જુલમ વેઠનારા આ આઠ સદ્‌ગુણીઓ મોક્ષના અધિકારી છે; એ જ પ્રભુના પુત્ર થવાને લાયક છે; એ જ ધર્મરાજ્યમાં રહી શકશે. અંતરના દીન અને ધર્મને ખાતર જુલમ વેઠનારાઓ માટે ઈશ્વરનું રાજ્ય છે. શોકમાં ડૂબેલાઓ સાંત્વન પામશે. નમ્ર જનો ધરતીના ધણી થશે. ધર્મની જેમને ભૂખ-તરસ છે તેઓ તૃપ્તિ પામશે. દયાળુ દયા પામશે. ચોખ્ખા દિલના લોકોને ઈશ્વરના દર્શન થશે. શાંતિના સ્થાપકો ઈશ્વરના સંતાન કહેવાશે. તેઓને ઈસુએ પરમસુખી ગણાવ્યા છે. આ આઠ સદ્‌ગુણો દ્વારા ઈસુએ પરમસુખનો માર્ગ ચીંધ્યો છે.

ધરતીનું લૂણ અને દુનિયાના દીવા

ઈસુ જણાવે છે કે, 'તમે ધરતીનું લૂણ (મીઠું) દળો પણ જો લૂણ અલુણુ થઈ જાય તો એને સલુણુ કરવું શી રીતે ? એ કશા કામનું રહેતું નથી. એને ફગાવી દેવું રહ્યું અને લોકોના પગ તળે રોળી નાંખવું રહ્યું.' મીઠું જ જો મીઠાંનો ગુણ–ખારાશ ગુમાવે તો તેને રસોઈમાં ભેળવવાનો કોઈ અર્થ નથી. રસોઈને સ્વાદિષ્ટ બનાવવામાં મીઠું ભેળવવામાં આવે છે. ધર્મનું આચરણ પણ જીવનના દરેક ક્ષેત્રમાં ભેળવીને થવું જોઈએ. અહીં ધર્મનો અર્થ કોઈ સંકુચિત અર્થમાં કરવાનો નથી.

ઈસુ આગળ કહે છે કે–

'તમે દુનિયાનું નૂર છો, લોકો દીવો પ્રગટાવીને ટોપલા નીચે નથી મૂકતા પણ દીવી ઉપર મૂકે છે; ત્યારે જ તે ઘરના બધાંને અજવાળું આપે છે. એ જ રીતે તમારો પ્રકાશ લોકો આગળ પડવા દો, જેથી તેઓ તમારા સારા કૃત્યો જોઈને તમારા પરમ પિતાના યશોગાન ગાય.' દીવો પ્રગટાવીને ઢાંકવાનો ન હોય તેને દીવી પર કે ગોખલામાં મૂકવાનો હોય જેથી દીવો બધાને પ્રકાશ આપવાનું તેનું કામ કરી શકે. તમે તો જગતનું નૂર છો તો તેને પણ ઢાંકી ન શકાય. એ નીર બધે જ પથરાવું જોઈએ. આ નૂર એટલે ધર્મનું, સત્યનું, પ્રેમનું, નમ્રતાનું, સદ્‌કાર્યોનું નૂર. ધર્મના મંગળમય કાર્યોની, પ્રેમના, નમ્રતાના, માનવ મૂલ્યોને ઉજાળનાર કાર્યોનો પ્રકાશ લોકો સુધી પહોંચે. અહીં સારાં કૃત્યોની જાહેરાત કરવાનો આશય નથી પણ તે સારા કૃત્યો જોઈને લોકો ઈશ્વરના યશોગાન ગાય.

ઈશ્વરના અવિચલ નિયમોનું પાલન

ઈસુ ધર્મસંહિતા કે પયગંબરોના વચનોનો ઉચ્છેદ કરવા નહિ પણ તેની પરિપૂર્તિ કરવા આવ્યા હતા. ધર્મસંહિતાના અર્થાત્ ઈશ્વરના નિયમો અવિચલ રહેવાની તેમને પૂરેપૂરી શ્રદ્ધા હતી. આથી તેઓ નાનામાં નાની આજ્ઞાઓનું પાલન કરવાનું જણાવે છે. પ્રભુના નિયમોના અમલમાંથી છૂટવું અશક્ય છે. જે એને અણુભાર તોડશે તે પ્રભુને ત્યાં અણુ જેટલો જ થશે. જે એનું પાલન કરશે અને લોકોને તેમ કરતાં શીખવશે તે પ્રભુને ત્યાં પણ મહાન ગણાશે.

અહિંસા

હત્યા કરવી એ દેખીતી રીતે જ ગુન્હો છે અને તેથી હત્યારાએ તે માટે અદાલતમાં જવાબ દેવો પડે છે. પરંતુ જે કોઈ ગુસ્સો કરે છે તે હત્યા કરવા જેટલો જ ગુનો કરે છે. તેથી ઈસુ કહે છે કે, 'જે કોઈ

પોતાના ભાઈ ઉપર ગુસ્સો કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે અને જે કોઈ પોતાના ભાઈને ગાળ દેશે તેણે વડી અદાલતમાં જવાબ દેવો પડશે; તેમજ જે કોઈ પોતાના ભાઈનો તિરસ્કાર કરશે તે નરકના અગ્નિને પાત્ર ઠરશે.' આમ ગુસ્સો કરવો, ગાળ દેવી કે તિરસ્કાર કરવો તે પણ ઈસુની દૃષ્ટિએ હિંસાના કૃત્યો જ છે. કોઈને પણ આપણી સામે ફરિયાદ હોય તો પ્રથમ તેની સાથે સમાધાન કર્યા પછી જ વેદી સમક્ષ નૈવેદ્ય ધરાવવું.

અવ્યભિચાર

વ્યભિચાર કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. પરંતુ ઈસુ એથી પણ આગળ વધીને કહે છે કે, 'જે કોઈ માણસ કોઈ સ્ત્રી પ્રત્યે વાસનાભરી નજર નાંખે છે, તે મનથી તેની સાથે વ્યભિચાર કરી ચૂક્યો છે. વ્યભિચાર ન થાય તે માટે ઈસુ વાસનાભરી દૃષ્ટિથી મુક્ત થવાનું જણાવે છે.

વેર સામે પ્રેમ, સમદૃષ્ટિ

ઉપકારનો બદલો ઉપકાર હોય તે સ્વાભાવિક છે. પરંતુ ઈસુ તો અપકારની સામે પણ ઉપકાર કરવાનું જણાવે છે. દુષ્ટની સામે પણ દુષ્ટતા ન કરશો. બૂરું કરનારનો સામનો નહિ કરવાનું, એક ગાલ પર તમાચો કોઈ મારે તો બીજો ગાલ પણ ધરી દેવાનું અને શત્રુ ઉપર પણ પ્રેમ રાખવાનું ઈસુ જણાવે છે. પ્રેમ રાખનાર ઉપર પ્રેમ રાખીયે તેમાં કંઈ વિશેષ કર્યું ન કહેવાય. વિરોધીઓને, શત્રુઓને કે આપણને તિરસ્કાર કરનાર લોકોને પણ પ્રેમ કરીએ તો તે વિશેષ કર્યું ગણાય. એક ગાલ પર કોઈ તમાચો મારે તેની સામે બીજો ગાલ પણ ધરી દેવો એ અઘરું છે. માફી આપવી, એક ગાલ સામે બીજો ગાલ ધરી દેવો, પહેરણ માંગે તો ડગલો આપી દેવો, માગે તેને આપવું એમાં અંતિમ વિજય છે. ઈશ્વર પાપી અને પુણ્યશાળી સૌની ઉપર એક સરખો સૂર્યનો પ્રકાશ અને વરસાદ વરસાવે છે. ઈશ્વર પૂર્ણ છે તેવા જ પૂર્ણ આપણે પણ બનવાનું છે. જીવનના અસ્તિત્વ માટે સહિષ્ણુતા જરૂરી છે. હિંસાની સામે હિંસા કરવાથી માનવતાનું ઝરણું સૂકાઈ જાય. વેર કદાપિ વેરથી શાંત થતું નથી, પણ પ્રેમથી શાંત થાય છે. આ સનાતન નિયમ છે.

અદંભિત્વ

અદંભિત્વ એટલે દંભનો ત્યાગ, દંભવિહીન રહેવું તે. દાન, ઉપવાસ અને પ્રાર્થના જેવા ધર્મકાર્યોનો દેખાડો ન થવો જોઈએ, લોકોની નજરે ચડવા માટે આવા ધર્મકાર્યો કરવાથી ઈશ્વર તરફથી તેનો બદલો મળતો નથી. દાંભિકો લોકોની વાહ વાહ મેળવવા માટે દાનધર્મનો ઢોલ પીટે છે. દાન કરીયે ત્યારે જમણો હાથ શું આપે છે તેની ડાબા હાથને પણ જાણ ન થવી જોઈએ, અર્થાત્ દાન ગુપ્ત હોવું જોઈએ. ગુપ્ત રીતે આપેલા દાનનો ઈશ્વર બદલો આપશે. પ્રાર્થના પણ બંધ બારણે એકાંતમાં કરવી જોઈએ. તે જ રીતે ઉપવાસ કરીએ ત્યારે દાંભિકોની જેમ ઉદાસ દેખાવાનો પ્રયત્ન ન કરવો. ઉપવાસની જાણ લોકોને ન થવી જોઈએ. દાન, પ્રાર્થના અને ઉપવાસ એ ઉત્તમ ધર્મકાર્યો છે, આધ્યાત્મિક પ્રગતિના સોપાનો છે–ભક્તિના સાધનો છે. તેથી તેમાં દેખાડો–જાહેરાત ન ઘટે. ફાધર વાલેસ કહે છે કે, 'જાહેરાત એ ધર્મની ઉધઈ છે; તેનું સત્ત્વ ખાય છે, તેને પોકળ અને મિથ્યા બનાવે છે.'

આદર્શ પ્રાર્થના

પ્રાર્થના આત્માનો ખોરાક છે. સાધનાનો રાજમાર્ગ છે. ચિત્તની એકાગ્રતા માટે તે જરૂરી છે. ઈસુએ આદર્શ પ્રાર્થના નીચે પ્રમાણે શીખવી:

હે અમારા પરમ પિતા,
તમારા નામનો મહિમા થાઓ,
તમારું રાજ્ય આવો,
સ્વર્ગમાં તેમજ પૃથ્વી ઉપર
તમારી ઈચ્છા પૂર્ણ થાઓ.
આજે અમને અમારો રોજનો રોટલો આપો.
અમે જેમ અમારા અપરાધીઓને માફી આપી છે,
તેમ તમે અમારા અપરાધોની માફી આપો.
અમને પ્રલોભનમાં પડવા દેશો નહિ,
પણ અમને અનિષ્ટથી બચાવો.

ખ્રિસ્તી જીવનનું સમગ્ર હાર્દ આ પ્રાર્થનામાં સમાયેલું છે. અગાઉના ધર્મમાં ઈશ્વરની માન્યતા એક કડક ન્યાયાધીશ તરીકેની હતી. તેને બદલે ઈસુએ ઈશ્વરને એક પ્રેમાળ પિતાનું સ્વરૂપ આપ્યું છે, તે આ પ્રાર્થનાના પ્રારંભમાં જ જોવા મળે છે. સંતાનના દુષ્કૃત્યોથી જેમ પિતાના નામને બટ્ટો લાગે છે, તેમની આબરૂને ઝાંખપ લાગે છે, તેમ આપણા દુષ્કૃત્યો–પાપથી ઈશ્વરનો મહિમા ઘટે છે. આપણાં સદ્કાર્યોથી ઈશ્વરના નામનો મહિમા વધશે. દેહના ગુજરાન માટે આજના જ (આવતી કાલના નહિ) રોટલાની (મિષ્ટાનની નહિ) માગણી કરી છે. રોટલાની માગણી પાછળ ઐહિક સુખની માગણી નથી. કિશોરલાલ મશરૂવાળાના મતે, 'રોજની જરૂરીયાત કરતાં કિંચિત પણ વિશેષ આપીશ નહિ; અમને અપરિગ્રહી રાખજે...રોટલો તો મળવાનો જ છે પણ જરૂર કરતાં વધારે ન મળો એ માગણી છે. ખ્રિસ્તી ધર્મ ક્ષમાનો માર્ગ છે તે આ પ્રાર્થના દ્વારા કહી શકાય. ઈશ્વર દ્વારા આપણા અપરાધની માફી મળે તે માટે શરત એ છે કે પ્રથમ આપણે આપણાં અપરાધીઓને માફ કરવા જોઈએ. જીવનમાં ડગલે અને પગલે પાપ તરફ દોરી જતાં મોહ, માયા અને લાલચ જેવાં પ્રલોભનોથી બચાવવાની ઈશ્વરને વિનંતી છે. આવા પ્રલોભનોથી બચાય તો જ અનિષ્ટથી બચી શકાય.

અપરિગ્રહ

પૃથ્વી પરની સંપત્તિનો સંઘરો કરવાની ઈસુ મનાઈ કરે છે. પૃથ્વી પરની સંઘરેલી સંપત્તિને કીડા ખાઈ જાય છે, કટાઈ જાય છે અને ચોર ચોરી જાય છે. તેથી પૃથ્વીને બદલે સ્વર્ગમાં આપણી સંપત્તિ સંઘરવી જોઈએ. જ્યાં સંપત્તિ હોય ત્યાં આપણું મન ચોંટી રહેવાનું. સંપત્તિ જો

પૃથ્વી પર હશે તો આ જગતમાં જ આપણું મન રહેશે અને સંપત્તિ જો સ્વર્ગમાં હશે તો મન સ્વર્ગ તરફ રહેશે, મન ઉર્ધ્વગતિ પામશે. મનની ઉર્ધ્વ ગતિની પ્રાપ્તિ માટે ભૌતિક સંપત્તિથી દૂર રહેવું.

પવિત્ર દૃષ્ટિ

આંખ દેહનો દીવો છે. આંખ નરવી હશે અર્થાત્ સમ્યગ્ દૃષ્ટિવાળી હશે તો દેહ પણ પ્રકાશમય રહેશે. પવિત્ર સમ્યગ્ દૃષ્ટિ વડે જ અંતરનો દીવડો પ્રગટાવી શકાય. દેહની શુદ્ધતા-પવિત્રતા પવિત્ર-નરવી આંખ પર અવલંબિત છે.

ઈશ્વર પર દૃઢ શ્રદ્ધા

બે માલિકની સેવા થઈ શકે નહિ તેમ પરમેશ્વર અને પૈસાને એકી સાથે સેવી શકાય નહિ. તન, અન્ન અને વસ્ત્રની ચિંતા કરી પ્રભુને માર્ગે જઈ શકાશે નહિ. આકાશના પંખીઓ નથી વાવતાં કે લણતાં છતાં તેમને દાણો મળી રહે છે. વગડાના પુષ્પોને સુંદર રંગોથી સજાવે છે તો ઈશ્વર માનવીની વિશેષ કાળજી રાખશે એવી અતૂટ શ્રદ્ધા રાખવી અને અન્ન-વસ્ત્રની ચિંતા છોડી દેવી. આ પ્રકારની ચિંતા નાસ્તિકો જ કરતાં હોય છે. જે ઈશ્વર પશુ, પંખી અને વૃક્ષને પોષે છે તે તમારું પણ પોષણ કરશે જ, એવી દૃઢ શ્રદ્ધા રાખવી. આનો અર્થ એ નથી કે માણસે મહેનત ન કરવી. મહેનતમાં શ્રદ્ધાનું પરિબળ ઉમેરાવું જોઈએ.

શ્રદ્ધાનો મહિમા

જેઓ શ્રદ્ધાનો મહિમા સમજતા નથી તેઓ જ અન્ન-પાણી અને વસ્ત્રની ચિંતા કરે છે. હૃદયથી શુદ્ધ બનીએ તો બધું જ મળી રહે. ઈશ્વર પાસે શ્રદ્ધાથી માગો એટલી જ વાર છે; શોધો એટલી જ ખોટ છે; પ્રભુનું બારણું ઠોકો એટલો જ તમારે અંદર જવાનો વિલંબ છે. કોઈ પિતા એવો હોય કે જેનો પુત્ર રોટલી માંગે તો પથરો આપે ? તો પછી ઈશ્વર પાસે જો કલ્યાણકારી વસ્તુઓ માગીએ તો અનિષ્ટ કરનારી વસ્તુઓ કેમ આપશે ? ઈશ્વર પાસે શ્રદ્ધાથી માગવાની વાત છે. તે ભિખારી વૃત્તિ નથી પણ ઈશ્વર પરની અડગ શ્રદ્ધા છે.

સ્વદોષોનો ત્યાગ

અન્યના દોષ શોધવાને બદલે પોતાના દોષ શોધીને તેનો ત્યાગ કરવો. બીજાના કાજી થાશો નહિ. જેવો ન્યાય તમે બીજાનો તોળશો એવો જ ન્યાય તમારો પણ તોળાશે. અન્યની આંખમાં રજ જોનારે એ ન ભૂલવું જોઈએ કે પોતાની આંખમાં તો કાંકરો પડ્યો છે. પ્રથમ પોતાની આંખમાંનો કાંકરો દૂર કર્યા પછી જ બીજાની આંખમાંની રજ કાઢવી. આપણાં દોષ સુધારીને બીજાના દોષ શોધવા.

ઉદ્ધારનો માર્ગ સાંકડો

પ્રભુના ધામમાં પેસવાનો રસ્તો કેડી વાટે છે. નરકના માર્ગો પહોળા છે. ઉદ્ધારનો અર્થાત્ ઈશ્વરના ઘરનો માર્ગ સાંકડો અને શ્રમપ્રાપ્ય છે. તેને શોધનારા પણ ઓછા હોય છે.

વૃક્ષ તેવાં ફળ

સારા વૃક્ષનું ફળ ખરાબ ન હોય અને ખરાબ ઝાડ પર સારું ફળ ન પાકી શકે; કારણ કે વૃક્ષની જાત એનાં ફળ પરથી જણાય છે. તેમ તમારાં કર્મ અને વાણી તમારાં હૃદયને દેખાડનારાં છે. ખોટાં ઉપદેશકો ઘેટાંના વેશમાં ભૂખ્યાં વરુના જેવા હોય છે. તેઓ તેમના વર્તનરૂપી ફળ ઉપરથી ઓળખી શકાય છે.

સ્વર્ગમાં પ્રવેશના અધિકારી

ઈસુ જણાવે છે કે, 'જે કોઈ મને પ્રભુ પ્રભુ કરે છે તે બધા ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ પામવાના નથી, પરંતુ જે કોઈ મારા પરમ પિતાની ઈચ્છા અનુસાર ચાલશે તેને જ પ્રવેશ મળશે.' આગળ કહે છે કે જે મારા ઉપદેશને અનુસરશે તેનો પાયો ઊંડો અને અવિચળ થશે; જે એ પ્રમાણે નહિ વર્તે તે પાયા વિનાના ઘર બાંધવા મથનારો છે. એનો સર્વથા નાશ જ છે.

સમાપન

ઈસુની વાણીમાં સત્યનો રણકો હતો. તેમના ઉપદેશની વાણી સાદી અને સરળ હોવા છતાં તેમાં જીવનનું ઊંડું ગાંભીર્યું રહેલું હતું. ઈસુનું આ પ્રવચન માનવ ઇતિહાસનું એક ગૌરવવંતુ પ્રકરણ છે. દુનિયાની બધી પ્રજા માટે તે પ્રેરણાદાયી અને માર્ગદર્શક છે.

ગિરિ પ્રવચનનો એક જ વાક્યમાં નિચોડ આપવો હોય તો માથ્થીના પાંચમા અધ્યાયનું છેલ્લું વાક્ય ટાંકી શકાય: 'તમારે તો તમારા પરમ પિતા જેવા પૂર્ણ છે, તેવા જ પૂર્ણ બનવાનું છે. ✷✷✷

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૨૦૧૨ – ૭૮મી વ્યાખ્યાનમાળામાં આપેલું વક્તવ્ય.]

૨૩, મહાવીરનગર, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
મોબાઈલ : ૦૯૮૨૫૩૮૪૬૨૩

ભક્તિ સંગીત કલાસ

શ્રી જૈન યુવક સંઘ સંચાલિત ભક્તિ સંગીત વર્ગ લગભગ વીસ વર્ષથી ચાલે છે જેમાં હાલમાં ૧૪ બહેનો ભક્તિ સંગીત શીખે છે. હાર્મોનિયમ સર અંબાજીરાવ અને તબલા પર રમેશભાઈ ભોજક આવે છે. શાસ્ત્રીય સંગીતના આધારે રચેલ ભજનો શીખવવામાં આવે છે. શરૂઆતમાં આનંદઘનજીના રચેલા પદો શીખવાડવામાં આવ્યા હતા. ધીરે ધીરે બધી જાતના ભજનો એટલે કે મીરાં, કબીર, સૂરદાસ વગેરેના રચેલા ભજનો પણ શીખવવામાં આવે છે. કોક કોક વખત 'જે. જે. ધરમશાળા' નાયગામ ખાતે વૃદ્ધોના મનોરંજન માટે પણ જઈએ છીએ. ગુરુ પૂર્ણિમા પણ ઉજવીએ છીએ. હમણાં તા. ૨૯-૧૧-૦૧૨ના રોજે ભગિની સમાજ તરફથી ગોઠવાયેલ સંગીતની હરીફાઈમાં પણ ૭ બહેનોએ ભાગ લીધો હતો જેમાંથી ચાર બહેનોને ઈનામ પણ મળ્યું હતું.

□ **પુષ્પા પરીખ** (કન્વીનર)

અહંભાવ દૂર થયા વિના આત્મિકયાત્રા અપૂર્ણ જ છે.

□ શશિકાંત લ. વૈદ્ય

અષ્ટાવક્ર ઋષિ આત્મજ્ઞાની હતા. એમના પિતાશ્રીના શ્રાપથી એમનાં આઠે અંગે વાંકા હતાં, તેથી તેઓ બહારથી ખૂબ બેડોળ-Ugly દેખાતા. આવા અષ્ટાવક્ર સ્વરૂપ ઋશિ જનકના દરબારમાં ગયા, જ્યાં આત્મજ્ઞાનની ચર્ચા થઈ રહી હતી. આપણે જાણીએ છીએ કે જનક રાજા પણ આત્મજ્ઞાની હતા...આ સભામાં પંડિતો આત્મજ્ઞાનની ચર્ચા કરતા હતા...પણઅષ્ટાવક્ર ઋષિના વક્ર શરીરને જોઈને આ સભાના સૌ કહેવાતા જ્ઞાની પંડિતો ખડખડાટ હસી પડ્યા, અરે જ્ઞાની જનક વિદેહી પણ હસવું ન રોકી શક્યા...આ જોઈને અષ્ટાવક્ર ઋષિ બોલ્યા, 'રાજા જનક, તારા દરબારમાં બધા આત્મજ્ઞાની પંડિતો નથી, પણ બધા ચર્મકારો છે, કારણ કે મારા આ બાહ્ય વક્ર અંગ જોઈને એમને હસવું આવ્યું. મારું ખરું સ્વરૂપ જે ખરેજ અતિ સુંદર છે, તે તો શરીરની અંદર છે. તે સાચા અર્થમાં 'સચ્ચિદાનંદ' સ્વરૂપ છે–જેને ઓળખવાનું છે. આ સૌનો 'અહં' હજુ પણ ઓગળ્યો નથી. જ્ઞાની અહંશૂન્ય બને છે જે સદાય પોતાના સ્વ-સ્વરૂપમાં લીન હોય છે'...બસ, પછી આ ઋષિએ સૌને ચર્ચામાં હરાવ્યા. આ કથા આપણા સૌનું ધ્યાન દોરે છે કે આત્મજ્ઞાની વ્યક્તિ 'અહંશૂન્ય' જ હોય. 'હું આત્મજ્ઞાની છું.' એ પણ અહં જ કહેવાય. જન્મની સાથે જ આ અહંભાવ આપણને ભેટ મળેલો છે, જેને આપણે ઓળખીને આનાથી ઉપશમ બનવાનું છે. આધ્યાત્મ વિકાસમાં વ્યક્તિને આ અડચણરૂપ છે જ...તેનાથી મુક્ત થવું કઠિન છે જ, પણ ખૂબ જાગૃતિ પૂર્વક આ દિશામાં ગતિ કરવાથી, સતત અભ્યાસ કરવાથી આ શક્ય બને છે. ભલે થોડા, પણ આ માર્ગે આગળ વધીને ઋષિઓ, સંતો અને તીર્થંકરો બ્રહ્મસ્વરૂપને પામ્યા છે. આ યુગમાં પણ આવા શ્રેષ્ઠ કોટિના સંત મહાત્માઓ છે જ . આત્મજ્ઞાની દાદા ભગવાન `EGO' – 'અહંકાર'ની વ્યાખ્યા ખૂબ સ્પષ્ટ રીતે આપે છે. તેઓ કહે છે, 'અહંકાર એટલે પોતાના 'સ્વરૂપ'ની બહાર કલ્પિત રૂપે રહેવું તે.' આપણે સૌ 'હું કઈક છું' એવા ભાવમાં જ જીવી રહ્યા છીએ, જે સ્વ-સ્વરૂપને ઓળખવામાં બાધક છે...જેનાથી મુક્ત થવાનું છે.

સમગ્ર બ્રહ્માંડના રચયિતા સર્જનહારે માનવ માત્રમાં 'અહંકાર'નું બીજ રોપ્યું છે, જે સમગ્ર સમાજને ગતિશીલ રાખે છે અને સંસારને ચલાવી રહ્યો છે. પ્રભુને તો સંસાર ચલાવવો જ છે તેથી આ બધી 'માયા' રચી છે એમ માનવું રહ્યું...છતાં થોડા યોગભ્રષ્ટ આત્માઓ, પૂર્વજન્મના એમના અધૂરા પ્રયત્નો, પ્રભુ કૃપાથી આગળ વધારે છે અને એમની આધ્યાત્મયાત્રામાં આગળ વધે છે..જે એમને પરમાનંદની અનુભૂતિ કરાવે છે, પણ આવા ભાગ્યશાળી સાધકો આ જાગૃત આત્માઓ ફક્ત ખૂબ ઓછા જ હોય છે-કારણ કે આ ક્ષેત્રમાં આગળ વધવા તો પાત્રતા જોઈએ. પાત્રતા વિના આ શ્રેય માર્ગની યાત્રા પરિપૂર્ણ થતી નથી. આવી આધ્યાત્મિક ઉન્નતિને માર્ગે યાત્રા કરનાર મહાવીર, બુદ્ધથી તે છેક આજના અત્યારના સંતો-મહર્ષિ અરવિંદ, મા આનંદમયી, સ્વામી રામતીર્થ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રામતીર્થ, સ્વામી શિવાનંદ સરસ્વતી, આચાર્ય રજનીશ (ઑશો) અને દાદા ભગવાન (વગેરે વગેરે કેટલાં નામ ગણાવવા ?)...અરે, નરસિંહ, મીરાં અને મહાત્મા ગાંધી સુધીના અને આદિ શંકરાચાર્ય પણ ખરા. આ બધા આધ્યાત્મ રત્નોથી ભારત શોભી રહ્યો છે અને એમની પાસેથી આત્મજ્ઞાનનું માર્ગદર્શન પણ મળ્યું અને મળી રહ્યું છે...તે ભૂલવા જેવું નથી. આ બધા આપણી સંસ્કૃતિની કિંમતી મૂડી છે–`assets' છે.

આ સંદર્ભમાં આદ્ય શંકરાચાર્યને યાદ કરવા જેવા છે, જેમણે-એમના 'આત્મષટ્ક' (છ લોકનું સ્તોત્ર)માં શુદ્ધ આત્માનું વર્ણન ખૂબ સ્પષ્ટ શબ્દોમાં આલેખ્યું છે. આદ્ય શંકરાચાર્યજીએ 'આત્મષટક'ના પ્રથમ શ્લોકમાં જ આત્મ- સ્વરૂપનું શુદ્ધ સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. શ્લોકની શરૂઆતમાં જ પ્રથમ પંક્તિમાં સ્પષ્ટતા કરીને કહે છે, मनोबुद्धयहंकारचित्तानि नाहं... चिदानंदरुप: शिवोऽहम्-शिवाऽहम्।। १ ।। 'હું (આત્મા) મન, બુદ્ધિ, અહંકાર કે ચિત્ત સ્વરૂપ નથી; તેમજ હું કાન, જીભ, નાક કે આંખો નથી. વળી હું આકાશ, પૃથ્વી, તેજ કે વાયુ નથી. હું તો મંગલકારી, કલ્યાણકારી. ચિદાનંદ સ્વરૂપ છું.' અને છેલ્લા શ્લોકમાં તો આત્માનું શુદ્ધ સ્વરૂપનું વર્ણન' ખૂબ સચોટ રીતે કર્યું છે, જે 'સ્વ-સ્વરૂપ'નું સ્પષ્ટ દર્શન કરાવે છે–શબ્દની રીતે. શ્લોક ખૂબ સુંદર છે.

अहं निर्विकल्पो निराकार रुपो
विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणाम् ।
सदा मे समत्वं न मुक्तिर्न बन्ध:
चिदानंद रुप: शिवोऽहम् शिवोऽहम् ।। (६)

અર્થાત્ : 'હું નિર્વિકલ્પ, નિરાકારરૂપ છું. (મારે કોઈ સંકલ્પ નથી, મને કોઈ આકાર નથી) હું સર્વ ઇન્દ્રિયોમાં છું, સર્વ સ્થળે વ્યાપી રહેલો વિભુ છું. મારે હંમેશા સમભાવ છે, મને મુક્તિ નથી. તેમજ બંધન નથી. હું તો મંગલકારી, કલ્યાણકારી, ચિદાનંદ સ્વરૂપ છું. (૬)

પ્રથમ શ્લોકમાં જ પ્રથમ પંક્તિમાં–મન, બુદ્ધિ, અહંકાર કે ચિત્ત સ્વરૂપની વાત કરી છે. તેમાં આ લેખનો ખૂબ મહત્ત્વનો સૂચક શબ્દ છે 'અહંકાર'–જે વ્યક્તિની આધ્યાત્મ યાત્રામાં બાધકરૂપ છે જ, તેથી 'સ્વ'ને પામવાની ઈચ્છા ધરાવતા શ્રદ્ધાવાને પ્રથમ 'અહંશૂન્ય' બનવું રહ્યું. જ્યાં સુધી 'અહંકાર' દૂર ન થાય ત્યાં સુધી સ્વરૂપનું ભાન થાય જ નહિ. બધા વિકારોમાં આ વિકાર જ પ્રથમ દૂર થવો જોઈએ. નરસિંહની પેલી કાવ્યપંક્તિ યાદ રાખવા જેવી છે : 'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે'–ગાડા નીચેનું કુતરું જાણે એમ જ માને છે કે જાણે તે જ ગાડાનો બધો ભાર તાણી રહ્યું છે, પણ વાસ્તવિકતા જુદી છે. ભાર તાણનાર બળદો છે. આજ 'અહંકાર' છે જે આપણો આધ્યાત્મ વિકાસ અટકાવે છે. ખરેખર તો સાધકે જનકની જેમ સાક્ષીરૂપ બનીને જીવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. જે કંઈ છે, તે બધું આત્મરૂપ છે જ. આત્મસ્વરૂપ દાદાશ્રી સાચું કહે છે...આત્માનો મોક્ષ કરવાનો નથી, આત્મા તો મોક્ષસ્વરૂપ જ છે. અહંકારનો મોક્ષ કરવાનો છે. અહંકારનો ક્ષય એ જ મોક્ષ છે. કૃષ્ણમૂર્તિ પણ કહે છે કે વાસનાઓનો સંપૂર્ણ ક્ષય એ જ મોક્ષ છે. સાધકની આ સિદ્ધિ જેવી તેવી નથી. ✷ ✷✷

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ, 'અરુણોદય' સર્કલ પાસે, 'મમતા' હૉટલ સામે, અલકાપુરી, વડોદરા-૩૯૦ ૦૦૭.

સુખ તમારી પ્રતિક્ષા કરે છે

□ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી

(આગળના અંકથી ચાલુ)

(૨)

ઓળખની દિશા

સુખ મેળવવા માટે આખું વિશ્વ રાત દિવસ દોડધામ કરે છે પણ તેને સુખ મળતું કેમ નથી?

એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે સુખ માટે જે દિશામાં દોડધામ ચાલે છે એ દોડ જ ઊંધી દિશામાં તો નથી ને?

માનવ પાસે મન છે, વિચાર છે, વિવેક છે, સંકલ્પ શક્તિ છે તેથી તે સુખના સાચા માર્ગે વળવાનો પુરુષાર્થ પણ ખેડી શકે છે. આવી પડેલા દુ:ખો ભોગવવાની શક્તિ પણ તેનામાં છે. આજ સુધી જે ભૂલો થયેલી હોય તેમાંથી તે છૂટી શકે છે. તે જ ભૂલો નવેસરથી ન થાય તેની જાગૃતિ પણ દાખવી શકે છે.

આમ છતાં સુખ મળતું નથી તે વાસ્તવિકતા છે.

એમ લાગે છે કે જયાં સુધી વિવેકની જાગૃતિ જોવા ન મળે ત્યાં સુધી સુખ મળવાનું સહેલું નથી.

મન પર ચઢેલું મોહનું ઘેન જ્યાં સુધી ન ઉતરે ત્યાં સુધી વિવેક જાગૃત નહીં થાય. આસક્તિ અનાદિ કાળથી આત્માને પજવે છે. દારૂડીયાને એ ખબર નથી હોતી કે એનો તમાશો જોઈને લોકો હસે છે. એ તેની મસ્તીમાં હોય છે. દારૂની મસ્તીમાં જ્યારે એ ગાંડો બને છે ત્યારે બીજા સૌને તુચ્છ નજરે જુએ છે. કિન્તુ સચ્ચાઈ શું છે તેની ખબર તો તેને જ્યારે દારૂનો નશો ઉતરે છે ત્યારે જ પડે છે. આસક્તિનું કામ દારૂના નશા જેવું છે. સંસારની મોહમદિરામાં જે પાગલ છે તેને જોઈને સંત પુરુષો હસતા તો નથી પરંતુ તેની લાચાર દશા જોઈને તેમની આંખોમાં કરુણા છવાય છે.

આજના માનવીને તેની સાચી ઓળખ જ નથી. પોતાને ઓળખવાની કોશિષ કરવી અનિવાર્ય છે. આજના માનવી પાસે બુદ્ધિ છે, તર્ક છે, વિચાર છે પણ તેનું કેન્દ્ર નક્કી કરેલા ચોકઠાની બહાર નીકળતું નથી. આજનો માનવી એમ માને છે કે પોતે પુરુષ છે, સ્ત્રી છે અથવા ભારતીય છે, અમેરિકન છે: પણ એમ છે? અહીંથી જ વિચારનો દૃષ્ટિકોણ બદલવાનો છે તે એ છે કે આજનો માનવી એ માત્ર પુરુષ અથવા સ્ત્રી નથી, પરંતુ કંઈક અલગ છે.

આપણે ખરેખર તો સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા છીએ.

આજનો માનવી સંકેતને પકડી રાખે છે.

સંકેતને છોડી દો. એની ભીતરમાં રહેલા સત્યને પકડો.

વિદ્યાર્થી સ્કૂલમાં ભણે છે ત્યારે તેને કોઈ નિશાળીયો કહીને બોલાવે છે. એ માને પણ છે પણ સત્ય નથી. સત્ય તો એ છે કે તે વિદ્યાર્થી છે. આપણે પણ કોઈ સ્ત્રી કે પુરુષ નથી, મુનિ કે મુફલીસ નથી, રાજકુમાર કે રખડેલ નથી, શેઠ કે નોકર નથી, ભારતવાસી કે જાપાની નથી. એ તો માત્ર સંકેત છે. આપણે ખરેખર તો જુદા જુદા દેહોમાં વસેલા સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા છીએ.

પોતાને ઓળખવાની કોશિષ કરીએ. હું કોણ છું? મારું મૂળ સ્વરૂપ શું છે? એ ભૂલી જવાથી ભયંકર ગુંચવાડો ઊભો થયો છે.

જે વેશ પહેરીને આપણે ઊભા છીએ તે આપણે નથી. આપણે વેશમય બની રહ્યા છીએ. વેશ કાયમી નથી. જે કાયમી નથી તેની કામના કરવાની જરૂર નથી. આ દેહ ક્ષણિક છે. એ ગમે ત્યારે છોડવાનો જ છે. એક અનુભવ ઘણા લોકોને થયો હોય છે કે સવારે મિત્ર મળ્યો હોય અને સાંજે સમાચાર મળે કે તે ભાઈ તો ગયા! આ શું સૂચવે છે? આનો અર્થ એટલો જ છે કે આ દેહ ક્ષણિક છે. આપણને કેવી રીતે સુખ મળે, શાંતિ મળે, આરામ મળે, જંપ મળે એ ભૂલી જઈને વેશની, દેહની ચિંતામાં પડી ગયા છીએ. અહીં જ ક્યાંક ગુંચવાડો છે.

સુખ શું છે?

સુખની ઓળખાણ કરવાનું સહેલું નથી.

આ દુનિયામાં કોઈપણ માણસ એક વસ્તુ પર આંગળી મૂકીને કહી શકે તેમ નથી કે આ સુખ છે! દરેકને પોતાની સુખની સ્વતંત્ર ઓળખાણ છે. પરંતુ એકનું સુખ બીજાનું દુ:ખ પણ હોય છે. સુખ શું છે? આપણને અહંકાર ઘૂંટતા આવડે છે. નમ્રતા ઘૂંટતા ક્યારે આવડશે?

સૌ માટે તો આ શક્ય નથી. પણ શક્ય બનાવવું જ પડે. જીવનમાં અવસાદને આવકારવા જેવો નથી. વાવેતર તો આનંદના જ હોય. અગ્નિમાં પ્રવેશતી સતી સીતા જેવી દૃઢતાથી જીવનમાં પ્રવેશ કરવો પડે. વેદનાનું વાવાઝોડું પી જવું પડે. સોનેરી અને ભવ્ય અને સુખમય આકાશ સર્જનારાએ ભૂતકાળની આંગળી છોડવી પડે. ભૂતકાળ માનવીનો પડછાયો બને તો ભલે, છાંયો બનવો ન જોઈએ. શોક અને વેદના અને દુ:ખ વટાવવાની ટેવ પડ્યા પછી સુખ સ્વપ્ન હોય છે, સત્ય નહીં. સુખના પ્રદેશમાં પ્રવેશતાં પહેલાં દુ:ખનો દેશ છોડ્યા વિના ન ચાલે. સુખને એક અવસર તો આપો.

સુખને તક આપવી જોઈએ. એમાંથી પ્રસન્નતાનો પરિમલ પ્રગટે છે. એ પરિમલ મન્વંતરોથી આપણી આસપાસ પ્રસરી જ રહ્યોછે. તમારી આસપાસ ક્યારેક તો તપાસ કરો: કેવી સૌરભ ફેલાયેલી છે?

સુખની પાસે જઈએ

સુખ શું છે? કાલાન્તરોથી એ શોધવા માટે મથામણ ચાલે છે. જો દેહની ક્ષણિકતાની ખબર છે તો આત્માની અમરતાની ખબર પડે. આત્માના અમરત્વની જેને ઓળખાણ થઈ છે તે આત્માને સુખ

પહોંચાડવા કોશિષ કરે છે અને જે પોતાના આત્માને સુખ પહોંચાડે છે તે સુખનો અનુભવ કરે છે.

સુખની પાસે જઈએ. જેમાંથી આપણી ભીતરમાં પડેલા આત્માને સુખ મળે એવું કંઈક કરીએ.

દેહ અને આત્માની વચ્ચે જે અંતર છે તે ઓળખી લઈએ. સુખ આત્માને પહોંચાડવા માટે કોશિષ કરીએ. દેહની નશ્વરતાની જો ખબર પડી છે તો દેહને જે સુખ પહોંચાડવા કોશિષ કરીશું તે કાયમ ટકવાનું નથી તે સમજાશે.

સાચું સુખ કે શાંતિ દેહને પહોંચાડવામાં નથી પરંતુ આત્માને પહોંચાડવામાં છે. અનુભવીઓ એમ કહે છે કે આત્માનું મૂળ સ્વરૂપ જ આનંદ અને શાંતિનું ધામ છે.

આપણું જીવન આત્મા તરફ વળે છે અને તેના ઊંડાણમાં પહોંચે છે ત્યારે તેને આનંદ ને શાંતિનો મહાસાગર ઘૂઘવતો દેખાય છે અને પછી તો એ ખોબે ને ખોબે આનંદ અને શાંતિનું પાન કરતો થઈ જાય છે. એ સમયે જગતની બધી જ મોહમાયા તેને તૃણ સમાન લાગે છે. આજ સુધી તેના મનમાં અનેક ફરિયાદો હતી. આજ સુધી પોતાને થયેલા અન્યાયો માટે તે ફરિયાદ કરતો હતો, વિરોધ કરતો હતો. પણ જ્યારે એ અનંત શાંતિના મહાસાગરમાં મસ્ત બનીને ડૂબકીઓ લગાવતો થઈ જાય છે ત્યારે નથી કોઈ તેની ફરિયાદ રહેતી કે નથી કોઈ પ્રત્યે વિરોધ રહેતો. એ સમયે તેને સમજાય છે કે આ બધા જ દુ:ખોના મૂળમાં પોતે જ છે, પોતાના કરેલા કર્મો છે. તે સ્વયં જાગૃત થઈ જાય છે. તે સાવધ અને સાધક બની જાય છે. આ ક્ષણ અનેરી હોય છે.

અલગ દિશા

–એટલે સુખ પ્રાપ્ત કરવાનું નક્કી કરીએ તો સૌ પ્રથમ એ શોધવાનું આવ્યું કે હું કોણ છું ? મારું મૂળ સ્વરૂપ શું છે ? હું ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો છું ?

આ એક અલગ દિશા છે. સ્વ સ્વરૂપનું ભાન થવું એ નાની સૂની વાત નથી. એટલી વાત પણ પાકી થઈ જાય કે આ દેહ તે હું નથી પણ દેહમાં વસેલો સચ્ચિદાનંદમય આત્મા છે તોયે ઘણું.

આ વાત તમે અનેક ઠેકાણે વાંચી છે અને સાંભળી છે પરંતુ તેનું મૂલ્ય જેટલું તમારા હૃદયમા સ્થાપિત થવું જોઈએ એટલું થયું નથી.

સુખના માર્ગે ચડવા માટે જે શાશ્વત છે તેની ઓળખાણ કરવી જ પડે.

દૃષ્ટિ બદલવી પડે. આમ કરીએ તો દુખનો ભાર હળવો થવા લાગશે. અણગમતી વાતો પ્રત્યે જાગતો તિરસ્કાર ઘટશે. જે મળે તેમાંથી આનંદ લૂંટવાની વાત શીખી જવાશે. ધીરે ધીરે પણ મક્કમપણે પોતાના મૂળ સ્વરૂપ તરફ ગતિ થશે.

સહન કરતાં શીખીએ

પાણીના શાંત સરોવરમાં જેમ નાંખેલો પથ્થર પોતાની આજુબાજુ વિશાળ વર્તુળ કરે છે અને એ શક્તિ વપરાઈ જતાં એ વર્તુળ નાનું બનતું રહી છેવટે પોતાના મૂળ કેન્દ્ર પર આવીને ઠરે છે. આવું જ વિચારનું છે.

વિચાર એક શક્તિ છે. વિચારનો પથ્થર ફેંકાય અને તેમાંથી જાગેલી દિવ્ય શક્તિ બ્રહ્માંડમાં દૂર દૂર સુધી પોતાની અસર જન્માવે છે પણ તે શક્તિ વપરાઈ જતાં એનો પ્રત્યાઘાત છેવટે આપણા પર જ આવીને વિરામ પામે છે, જેમ ભીત પર ઘા કરીને ફેંકેલો દડો પ્રત્યાઘાત પામીને ફરી આપણા હાથમાં આવે છે તેમ.

આપણને જે સુખ અને દુ:ખનો અનુભવ થાય છે તે કેમ થયો ? અને અમુક સુખનો અનુભવ અથવા અમુક દુ:ખનો અનુભવ આપણને જ કેમ થયો ?

આનું કારણ એ સુખ અને દુ:ખનો અનુભવ આપણા પોતાના જ કાર્યનો પ્રત્યાઘાત છે. સુખ અને દુ:ખ આપણી જ ભૂલો કે ઈચ્છાઓનું પરિણામ છે.

જે પથ્થર ફેંકીશું તે પાછો આવશે જ. જે આઘાત કરીશું તેનો પ્રત્યાઘાત આવશે જ. આ બ્રહ્માંડનો નિયમ છે.

કરો તેવું પામો, વાવો તેવું લણો. જે કરીશું તેનું પરિણામ આવશે જ. સારું અથવા ખરાબ જે હશે તે ભોગવવું જ પડશે.

આને કર્મ કહે છે.

સુખમાં છકી જઈએ છીએ. અભિમાન કરીએ છીએ. દુ:ખમાં રડી ઊઠીએ છીએ. આ બંને સમયમાં સંતુલન જળવાતું નથી. આમ થવાથી કર્મનું બંધન અખંડપણે ચાલુ જ રહે છે.

વ્યક્તિનું વર્તન એ તેના જીવનનું પ્રતિબિંબ છે. આપણી રીતભાતના કારણે કર્મના બંધન આપણી સાથે જોડાય છે. કર્મ સૌને ભોગવવું જ પડે છે. એટલે કર્મ વિષે સમજી લેવું પડે. આજનો આપણો વિષય કર્મ નથી પણ તમામ સુખદુ:ખનો મૂળાધાર કર્મ છે.

જૈન ધર્મ કર્મનું સૂક્ષ્મ ચિંતન કરે છે. કર્મનું ચિંતન આપણને ભયભીત કરવા માટે નથી, સાવધાન કરવા માટે છે. એ ભૂલવું ન જોઈએ કે ધર્મ કદાપિ ભાવનાશીલ-ઈમોશનલ બ્લેકમેઈલીંગ બનાવીને સન્માર્ગે દોરશે નહીં.

કોઈ પણ વ્યક્તિને તમે રોજ છેતરી ન શકો. ધર્મ હજારો વર્ષોથી એક જ વાત કહીને ધર્મને માર્ગે દોરે છે અને આપણું હૃદય માને છે તેનું કારણ તે વાતના મૂળમાં સત્યનું તે જ ઝળહળે છે.

કર્મનું એક સ્વતંત્ર અને ગહનશાસ્ત્ર છે. તેની તમામ વિગતો અહીં આપવી સંભવ નથી અને આપણા આ લેખનો તે વિષય પણ નથી. કોઈ જીજ્ઞાસુ તેનો સ્વતંત્ર અભ્યાસ કરે તો સારું. એનાથી જીવનમાં ઘણો લાભ થાય તેવું છે. પરંતુ અહીં કર્મ વિષે એટલી તો સમજણ આપું જ છું કે સુખ અને દુ:ખના મૂળમાં તે છે તે સ્પષ્ટ રીતે સમજાઈ જાય.

(ક્રમશ:)

* * *

ભૂત અને ભગવાન

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

દુનિયામાં આ બે શબ્દો એવા છે કે જે અર્થના એ વાહક છે તે અદૃશ્ય હોવા છતાં તેમણે સર્વત્ર ઉત્પાત મચાવ્યો છે. ભૂત અને ભગવાનને પ્રત્યક્ષ જોનાર કોઈ ખરા ? કદાચ ભૂતને ભગવાને જોયું હશે ને ભગવાને ભૂતને ! આ બંનેને જોવાનો દાવો કરનાર તો અનેક છે પણ પ્રત્યક્ષ પૂરાવો કોઈની પાસે નથી ! હોવાનો દાવો કરનાર કોઈ પૂરવાર કરી શક્યા નથી, એટલે પૃથ્વીની અને માનવીની ઉત્પત્તિ સાથે એ બેય પ્રશ્નો પણ ઉકલ્યા વિનાના રહ્યા છે અને સંભવ છે કે વણ–ઉકલ્યા જ રહેશે.

આપણને કોઈ પૂછે: 'ભગવાન શું પૂરવાર કરવાની ચીજ છે ? એ તો છે જ, આદિ-અનાદિ છે. રસાયણશાસ્ત્ર ને ભૌતિકશાસ્ત્રની જેમ કોઈ પ્રયોગશાળામાં નિરીક્ષણ–પરીક્ષણ-પૃથક્કરણ દ્વારા પૂરવાર કરવાની એ કોઈ ચીજ નથી. આ વિશ્વ છે તો એનો વિશ્વકર્મા પણ હોવો જોઇએ. મરઘી છે તો ઈંડુ છે ને ઈંડુ છે તો મરઘી છે. પ્રથમ કોણ ? એ જ સનાતન કોયડો છે !

આપણા ભક્તિ સાહિત્યમાં એવાં અનેક દૃષ્ટાંત મળે છે જેમાં ખૂદ ભગવાને આવીને ભક્તોને સહાય કરી હોય ! દા. ત. નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારનાર, કુંવરબાઈનું મામેરું પૂરનાર, મહેતાને હાથોહાથ હાર આપનાર, મીરાંબાઈના ઝેરના પ્યાલાને અમૃત બનાવનાર, નાથને પાણીની કાવડ ભરી આપનાર, જનાબાઈને દળવા-ખાંડવામાં મદદ કરનાર–સ્વયં ભગવાન હતા એમ પરંપરાથી કહેવાય છે. પણ અત્યારના વિજ્ઞાનયુગમાં બુદ્ધિવાદીઓ આ વસ્તુને માનવા તૈયાર નથી એટલું જ નહીં પણ એને હાસ્યાસ્પદ પણ ગણે છે ! ભગવાન એવો નવરો નથી ને હોય તો પણ એ નિરાકાર નિર્ગુણ છે. નિકાર–નિર્ગુણ દેહ ધારણ કર્યા વિના ઉપર્યુક્ત પ્રકારની મદદ શી રીતે કરી શકે ? એવો એમનો શંકા-પ્રશ્ન છે.

દુનિયાનો એક પણ દેશ એવો નહીં હોય-જ્યાં ભૂતની (ઘોસ્ટ)ની વાત, જીવનના વ્યવહારમાં ને સાહિત્યમાં ન આવતી હોય ! ભલભલા સંતો ને બુદ્ધિજીવીઓ પણ પ્રેત-યોનિને માને છે. એનાં કરતૂતોમાં શ્રદ્ધા રાખે છે, અને જ્યારે એના અસ્તિત્વને સિદ્ધ કરવા માટે આહ્વાન કરવામાં આવે છે ત્યારે ભગવાનના પ્રત્યક્ષ સાક્ષાત્કારની જેમ એના સાક્ષાત્કારને પણ સિદ્ધ કરી શકતો નથી ! પ્રેત-આહ્વાન-વિદ્યાની વાત કરનારાય છે પણ 'સ્પીરીટ' એ 'સ્પીરીટ' જ રહે છે ! હજી સુધી 'સ્પીરીટ' ને, 'ઘોસ્ટ'ને કોઈએ પ્રત્યક્ષ કરી બતાવ્યું નથી અને છતાંયે માનવજાતિને ભૂત અને ભગવાનની ભીતિ પણ છે. નરેન્દ્ર જે કોઈ સાધુસંત મળે તેને અચૂક પૂછવાનો: 'તમે ભગવાનને જોયા છે ?' સ્વામી રામકૃષ્ણ પરમહંસના અપવાદ સિવાય લગભગ બધાયે નન્નો ભણેલો...છે પણ જોયા નથી. એકમાત્ર રામકૃષ્ણે એને સધિયારો આપ્યો ને નરેન્દ્ર વિવેકાનંદ બની ગયો ! પણ ખરેખર રામકૃષ્ણે નરેન્દ્રને દેહધારી ઈશ્વરના પ્રત્યક્ષ દર્શન કરાવેલાં ?...તે જાણવા મળતું નથી. એમણે તો કાલિમાતા સમક્ષ યોગક્ષેમના પ્રશ્ન સંબંધેના ઉકેલ માટે–માગણી માટે મોકલેલા, પણ ત્રણેય વાર માગવાનું ભૂલી ગયા ને ઈશ્વરમાં તન્મય બની ગયા. આપણા ઋષિ-મુનિઓએ 'બ્રહ્મ' સંબંધે 'નેતિ' 'નેતિ' કહી એનો જવાબ આપી દીધો છે; તો માનવજાતિની આ ઈશ્વર-શ્રદ્ધાનું રહસ્ય શું ?

અજ્ઞેયવાદીઓની વાત તો સમજ્યા પણ નાસ્તિકવાદી સાહિત્યકારો, કવિઓ તો 'ગોડ ઈઝ ડેડ' ઈશ્વર મરી ગયો છે, ત્યાં સુધીની ખબર લઈ આવ્યા છે ! ઈશ્વર જો મરી જ ગયો છે તો પછી એમના જીવનનું અવલંબન શું રહ્યું ? અવલંબન માટે કોઈ નવા ઈશ્વરને જન્માવવો પડશે !...પછી એ ઈશ્વર ભલે કોઈ 'ઈઝમ સ્વરૂપે હોય !'

'કુમારશાળા'માં ભણતા ત્યારે ત્રીજા કે ચોથા ધોરણના એક પાઠ્ય પુસ્તકમાં 'ઈચ્છા ભૂત ને મનછા ડાકણ'નો પાઠ આવતો હતો; મતલબ કે ભૂત એ કેવળ તૂત છે ને એની જનેતા ઈચ્છા ને મન છે. નબળા અને વિકૃત મનની એ કેવળ કલ્પના છે. ભૂતનો વાસો મોટે ભાગે સ્મશાન ને કો'ક ઘેઘૂર આમલી. તેર ચૌદ વર્ષે સ્મશાનમાં ને ઘેઘૂર આમલીમાં અમો ભૂતની તલાશ કરેલી પણ એનો ભેટો થયેલો નહીં. પીલવાઈમાં નોકરી કરતો હતો ત્યારે, બધાની ઉપરવટ જઈને 'ભૂતિયા બંગલા'માં ભાડે રહેલો, પણ મને ક્યાંય એનો અણસાર વરતાયેલો નહીં. મારા કરતાં મારા પડોશીઓ મારી વિશેષ ચિંતા કરતા હતા ! અમાસની ઘોર અંધારી રાતે અમારી, જમીન પર રહ્યો છું...કોઈ પણ ભૂત ભેટ્યું નથી. ભૂત સંબંધે ઘણા ખરા, મોંમાથા વિનાની વાતો તો કરે છે પણ પ્રત્યક્ષ દર્શન તો ઘેર ગયું, એના બાહ્ય સ્વરૂપનું વર્ણન પણ કરી શકતા નથી. બનાવટ કરતાં પકડાઈ જાય છે. ભૂતને ભગાડનારા ભૂવા પણ મોટું તૂત છે. ધૂણવામાં, એલફેલ બોલવામાં ને ડાકલાં વગાડવામાં એમને ભૂતનું દર્શન થતું હોય છે.

ઈશ્વરનું દર્શન પ્રત્યક્ષ થતું નથી પણ ભીતિ, સ્વાર્થ, લાલચની બાદબાકી કરી નાખીએ અને સ્વસ્થ ચિત્તે વિચારીએ તો સમજાય છે કે સંતો ને ભક્તોનાં જે કંઈ કામ થયાં હોય છે તે ઈશ્વરની પ્રેરણાથી સત્પુરુષો દ્વારા થયાં હોય છે-કે થાય છે. નરસિંહ મહેતાની સાતસો રૂપિયાની હૂંડી સ્વીકારવી કે કુંવરબાઈનું મામેરું પૂરવું...એ નરસિંહ મહેતાની પ્રતિષ્ઠા જોતાં એનો કોઈ સદ્ધર ભક્ત કે અનુયાયી યા કોઈપણ માનવતાવાદી દાની એ સત્કાર્ય ન કરી શકે એમ માનવાની જરૂર નથી. ગાંધીજીના અમદાવાદના આશ્રમમાં આવતે મહિને શું રાંધવું, શું ખાવું ? એનો પ્રશ્ન હતો પણ તાકડે એક સજ્જન નામ આપ્યા વિના (એ હતા શેઠ અંબાલાલ સારાભાઈ) રૂપિયા તેર હજાર રોકડા આપી ગયા.

ગાંધીજી કે કોઈ આશ્રમવાસી એને 'શામળિયા શેઠ' કહે ને કોઈ કવિ હોય તો ઈશ્વરના અનુગ્રહનું આખ્યાન લખે–એ અસંભવિત નથી. આ મદદ માટે આત્મકથામાં ગાંધીજીએ લખ્યું છે દરેક વારે છેલ્લી ઘડીએ શામળશાએ મદદ મોકલી દીધી છે. મતલબ કે માનવમાં રહેલી માનવતાને જાગ્રત કરી કોઈ દિવ્ય શક્તિ, કોઈ ઋતતત્ત્વ સાત્ત્વિક પ્રકૃતિના સજ્જનો દ્વારા આવાં સત્કૃત્યો કરાવતા રહે છે. એમને પ્રતાપે તો આ જગત ટકી રહ્યું છે. કાકતાલીય ન્યાયે આવી ઘટનાઓ ઘટતી જ રહેતી હોય છે જેનું અર્થઘટન વિધેયાત્મક, કાવ્યાત્મક રીતિએ થતું હોય છે.

હળાહળ ઝેર પીવાથી મૃત્યુ જ થાય પણ મીરાંબાઈ માટે ઝેર અમૃત બની ગયું. અગ્નિનો સ્વભાવ બાળીને ભસ્મીભૂત કરવાનો પણ પ્રહલાદને ઊની આંચ આવી નહીં. શામળિયામાં સુરતા વિનાની કોઈ આધુનિક મીરાંબાઈ ઝેર ગટગટાવે તો તો એના રામ જ રમી જાય ને ઈશ્વરમાં અશ્રદ્ધાવાળો કોઈ અદ્યતન પ્રહ્‌લાદ અગ્નિજ્વાળામાં ઊભો રહે તો એનાં અસ્થિ જ અવશેષરૂપે રહે. પાકી સુરતા ને પાકી શ્રદ્ધાનો આ પ્રશ્ન છે; ભલે પછી પરમાત્મા સગુણ હોય કે નિર્ગુણ હોય. દેહધારી હોય કે અ-રૂપી હોય, નામી હોય કે અ-નામી હોય! આપણે ટપ, ટપ સાથે કામ નથી, મમ, મમ સાથે કામ છે.

ત્રિકાળના બધા જ કવિઓનો આ સનાતન પ્રશ્ન છે:

'કોઈ કહેશો પરમેશ્વર કેવા હશે?

કેવા હશે ને ક્યાં રહેતા હશે?...કોઈ કહેશો?'

અણુથી યે અણુ ને વિરાટથી યે વિરાટ સ્વરૂપવાળા એ નિર્ગુણ બ્રહ્મનું સ્થાન માનવીની સુરતા-શ્રદ્ધામાં ને એના સર્જનના અણુએ અણુમાં...સચરાચરમાં...ઉપર નીચે દશે દિશામાં, રહેલું છે.

'નથી અણુ પણ ખાલી રે, સચરાચરમાંહી ભળ્યા!

એક મટકું તો માંડો રે, હૃદય ભરી નીરખો હરિ!

પાર્થિવ પડળો ખસે ને દિવ્ય લોચનિયાં વસે ત્યાં હરિવર વરસે સદા.'

ઋગ્વેદ સંહિતામાં અનેક દેવતાની વાતો આવે છે જેમાં હિરણ્યગર્ભ, વિશ્વકર્મા, પ્રજાપતિ, અગ્નિ, વરુણ, ઈન્દ્ર, વિષ્ણુ, સવિતા, સૂર્ય, પૂષા, રુદ્ર, મરુત, અદિતિ, અશ્વિનૌ વગેરેનો સમાવેશ થાય છે જ્યારે અથર્વસંહિતામાં અન્ય કોઈ વેદમાં સમાસ ન પામી હોય તેવી ઘટનાઓ છે જેવી કે શત્રુને મારવો, સર્પનું ઝેર ઉતારવું, કામણ-ટૂપણ કરવાં, એનો પ્રતિકાર કરવો, ભૂત-પિશાચને દૂર રાખવાં વગેરે; મતલબ કે ભૂત અને ભગવાનની વાતો ઋગ્વેદ ને અથર્વસંહિતામાંથી શરૂ થાય છે. ભગવાનની વાતો આર્યોની ને ભૂતની વાતો અનાર્યોની એમ માનવાની જરૂર નથી. આર્યો અને અનાર્યોની વચ્ચે પણ સંસ્કારિતા ને કક્ષા ભેદ હશે જ. અત્યારે પણ ભૂતપિશાચમાં કેવળ અસંસ્કારી ને અભણ લોકો જ માને છે એવું નથી; ભણેલાગણેલા પણ માને છે; જેમ ભગવાનમાં નહીં માનનારા પણ છે. સંભવ છે કે આર્ય-અનાર્યના સમાગમ અને સંઘર્ષને કારણે આ માન્યતાને વેગ મળ્યો હોય! આદાન પ્રદાનની, આઘાત-પ્રત્યાઘાતની વાતે વેગ પકડ્યો હોય! આ તો બધાં અનુમાનો છે.

ગાંધીજી નાનપણમાં અંધકાર, સર્પ અને ભૂતથી ખૂબ ડરતા. તેઓ લખે છે: 'હું બહુ બીકણ હતો. ચોરના, ભૂતના, સર્પાદિના ભયોથી ઘેરાયેલો રહેતો. આ બધા ભયમાંથી મુક્તિ અપાવનાર એમની આયા રંભાબાઈ. રંભાબાઈએ અભય-કવચ આપ્યું: 'રામનામનું'. ને એ ઠેઠ સુધી કારગત નીવડ્યું. આખરે તો ભૂતના ભયને ભગાડનાર ભગવાન જ છે. ✷✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, સી–૧૨, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કુલ સામે, મેમ નગર, અમદાવાદ–૩૮૦ ૦૫૨.
મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

જૈન ધર્મના ક્રિયાકાંડ તથા મંદિરોના નિર્માણ વગેરેમાં અનુચિત માર્ગે પ્રાપ્ત થયેલ દ્રવ્યનો ઉપયોગ

□ ઉત્તમચંદ શાહ

૧. ઉપરોક્ત વિષય અમુક અંશે સંવેદનશીલ અને વિવાદાસ્પદ છે. સમાજનો મોટો વર્ગ અત્રે દર્શાવેલા મંતવ્યો સાથે સહમત ન પણ થાય, છતાં આ પ્રશ્ને ઘણાં વખતથી મુંઝવણ અનભવું છું. તેથી મારા વિચારો રજૂ કરી મારું મન હળવું થશે એમ માનું છું.

૨. હાલમાં આપણાં ધાર્મિક ક્રિયાકાંડો, ઉત્સવો, મંદિરો વગેરેના નિર્માણ પાછળ મોટી રકમો ખર્ચાય છે. એ સર્વવિદિત છે કે આ સર્વેમાં મોટા ભાગે અનુચિત માર્ગે પ્રાપ્ત થયેલ દ્રવ્યનો ઉપયોગ થાય છે. પાંચ મહાવ્રત એ આપણા ધર્મના પાયાના સિદ્ધાંતો છે. પાયો મજબૂત ના હોય તો મકાન વધુ ટકી શકે નહીં. તેમ ધર્મ માટે સુદૃઢ પાયો જરૂરી છે. અનુચિત માર્ગે પ્રાપ્ત થયેલ દ્રવ્યમાં બીજા અને ત્રીજા મહાવ્રતનો ભંગ થાય છે. આપણા દાતાઓ ઈન્કમટેક્સ રીટર્નના ખોટા સોગંદનામામાં સહી કરે એ મૃષાવાદ અને ટેક્સ બચાવે તે અદત્તાદાન.

૩. આપણો સમાજ દેશમાં વસ્તી પ્રમાણે એક ટકો છે. પરંતુ આપણો હિસ્સો અભ્યાસ અને સમૃદ્ધિમાં ઘણો વધારે છે. ચોરી એટલે ચોરી. એમાં ધોળી ચોરી અને કાળી ચોરી એવા વિભાગો હોઈ શકે નહીં. ચોરી અને દાન એ વિરોધાભાષી શબ્દો છે. એ બન્નેનો સાથે પ્રયોગ અઘટિત છે. દાતાને ચોરીના પૈસાનું દાન કરવાનો કોઈ અધિકાર નથી, કારણ કે એ પૈસા એના પોતાના નથી. તો પછી એ

પૈસા કોના છે ? ભારતની જનતાના. જેમાં આપણું પ્રમાણ એક ટકો છે. કોઈ એમ કહે કે અનુચિત માર્ગે પ્રાપ્ત થયેલ દ્રવ્યમાંથી બનેલ મંદિરોમાં જૈનેતરનો હિસ્સો ૯૯ ટકા હોઈ શકે છે. તો તે સત્યથી વેગળું ના હોય. આ સંજોગોમાં આપણે જૈનેતરોની અદેખાઈ અને રોષના ભોગ બની શકીએ છીએ. એવી દલીલ કરવામાં આવે કે આ જાતનું દ્રવ્ય સારા માર્ગે સ્વીકાર કરવામાં ના આવે તો બીજે ખર્ચાશે. આ દલીલ યોગ્ય નથી, કારણ કે આ જાતનો સ્વીકાર અનુચિત કાર્યને યોગ્યતા બક્ષે છે. આપણા શાસ્ત્રમાં પુણિયા શ્રાવકનું દૃષ્ટાંત મહત્ત્વનું છે. સામ્યવાદ સિવાયની બધી જ વિચારસરણી પ્રમાણે સાધન જ સાધ્યને યોગ્યતા બક્ષે છે.

૪. થોડું હળવાશથી રજૂ કરીએ. ભગવાનની પર્ષદામાં કોઈ ચોર ભગવાનને કહે કે મારે દાન કરવું છે, તો ભગવાન શું જવાબ આપે ? કદાચ એમ કહે કે બેટા તું શેનું દાન કરીશ. તારી પાસે છે તે તારું નથી. એક ટુચકો યાદ આવે છે–એક વકીલ મૃત્યુ પછી સ્વર્ગના દ્વારે જઈ ઊભા રહ્યા. સેંટ પીટર્સે પુછ્યું કે તમે શું સારું કામ કર્યું છે ? તે કહે કે મેં એક ગરીબ બાઈને પચીસ સેંટ દાનમાં આપ્યા હતા. ભગવાને સેંટ પીટર્સને કહ્યું કે એમના પચીસ સેંટ પાછા આપો અને નર્કમાં જવાનું કહો.

૫. કરોડો અનુચિત માર્ગે કમાઈ લાખોનું દાન કરવાથી છૂટી શકાય નહીં. આ તો એરણની ચોરી કરી સોયનું દાન કરવા જેવી વાત થઈ. દાનથી ચોરી સામે હવાલો પડી શકે નહીં. આપણા ધર્મ પ્રમાણે પણ સાચા અને ખોટા કર્મ બન્ને ભોગવવા પડે છે.

૬. થોડું ઐતિહાસિક સંશોધન જરૂરી છે. ક્યા સંજોગોમાં બુદ્ધ ધર્મની ભારતમાંથી નાબુદી થઈ, કયા સંજોગોમાં યહુદીઓ યુરોપમાં ધિક્કારનો ભોગ બન્યા. કહેવત છે કે જેઓ ઇતિહાસની ભૂલોમાંથી શીખતા નથી તેઓ તેનો ફરીથી શિકાર બને છે.

મિચ્છામિ દુક્કડં.

* * *

C-19/604, વસંત વિહાર, બીજો પોખરન રોડ, થાના–૬૦૦૬૧૦.
ફોન : ૦૨૨-૨૧૭૧૧૪૬૦ મો. : ૯૮૧૯૨૦૮૩૦૨.

ધર્મ એક સંવત્સરી એક

□ પ્રવીણા ખોના

'પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટોબર અંકથી જૈન જગત સન્મુખ આ વિચાર અમે વહેતો કર્યો છે પ્રતિ અંકે આ ચર્ચા આગળ વધારવાની અમારી ભાવના છે. વિદ્વદ્ વાચક વર્ગને આ ચર્ચામાં ભાગ લેવાનું અમારું આમંત્રણ છે.

સંવત્સરી વાદ–વિવાદ

[ઑક્ટોબરના લેખના સંદર્ભમાં શ્રેષ્ઠિવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ સાથે ફોન ઉપર ચર્ચા કરતા એઓશ્રીએ જણાવ્યું કે આ પ્રશ્ન વિવાદના ઉકેલ માટે ૧૫-૨૦ વર્ષ પહેલાં એઓશ્રીએ પ્રયાસ કરેલ, પણ એઓશ્રીને આ વિશે સફળતા ન મળી.

હવે આ વિવાદને જૈન શાસનનાવિવિધ સંપ્રદાયના ગચ્છાધિપતિઓ અને આચાર્યો જ ઉકેલી શકશે એ વાત સિદ્ધ થઈ છે. *જે મહાત્મા આ પ્રશ્નનું પ્રતિનિધિત્વ કરશે એ મહાત્મા અને અન્ય સર્વ આચાર્ય ભગવંતોનો ઉલ્લેખ જૈન ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે જ.*

આ વિષય વિશે અમને ઘણા ફોન અને પત્રો મળ્યા છે. ઉપરાંત અન્ય સામયિકમાં પણ આ વિશે લેખો લખાયા છે. આ સર્વ લખાણ પ્ર.જી.માં પ્રતિ માસે અમે પ્રગટ કરતા રહેશું, જેથી આ દિશામાં જૈન શાસન જાગૃત રહે અને નવા વરસે એટલે સંવત ૨૦૬૯ના પર્યુષણ પર્વની સંવત્સરી સર્વ સંપ્રદાય માટે એક બની રહે એવી આશા રાખીએ. આ વિષય ઉપર અહીં પ્રસ્તુત છે બે પત્રો...]

ઑક્ટો.૨૦૧૨ના પ્ર.જી.ના અંકમાં 'ધર્મ એક, સંવત્સરી એક' એ સૂત્ર પાને પાને છપાયેલ છે. તંત્રી લેખમાં પણ આ અંગે સૂચન છે. સૂચન ઉત્તમ છે, પણ એને અમલમાં મૂકવાનું કઠીન અને સલાહભર્યું નથી. તેમજ અત્યારે જે શાંત વાતાવરણ પ્રવર્તી રહ્યું છે તે ડહોળાઈ જશે. અત્યારે દરેક ફિરકા, પંથો તથા ગચ્છો પોતપોતાની પરંપરા પ્રમાણે સંવત્સરી અને પર્યુષણ મનાવી રહ્યા છે. ક્યાંયે હોંસાતોંસી જણાતી નથી. બધું સમુસુતરૂં ચાલે છે. અલગ અલગ ફિરકાઓ, પંથો અને ગચ્છો શાનાથી થયા ? મહાવીર વખતે અને તે બાદ ઘણા વર્ષો સર્વે જૈનો એક જ હતા. અલગ શાનાથી થયા ? મહત્ત્વાકાંક્ષી અને અસંતોષી જીવોથી. ગુરુથી નારાજ ચેલાએ નવો પંથ, ફિરકો કે ગચ્છ ચાલુ કર્યો. ગુરુ ગુજરી જતાં બન્ને ચેલાએ પોતપોતાનો અલગ ચીલો પાડ્યો. તાજેતરના દાખલા જોઈએ તો શ્રીમદ્ના નામના પંથનો છે. શ્રીમદ્ કોઈ પંથ શરૂ કરેલ નહીં, પરંતુ એમના મૃત્યુ બાદ અલગ અલગ ઠેકાણે અલગ અલગ વ્યક્તિઓના નેજા હેઠળ કેટલાક આશ્રમો ચાલુ થયા. સર્વે જૈન ધર્મના સિદ્ધાંતો અનુસરે છે, પરંતુ પોતપોતાની રીતે.

અલગ અલગ પંથ, ફિરકા કે ગચ્છ કે વાડા પર જે જે મહાનુભાવો પોતાનું આધિપત્ય ધરાવતા હશે તે પોતાનું આધિપત્ય છોડવા કે એની પ્રણાલી બદલવા તૈયાર નહીં થાય.

મુ. શ્રી ધનવંતભાઈની જેમ કેટલાય અન્ય વિચારવંત મહાનુભાવો પણ 'એક સંવત્સરી'ના વિચારને ટેકો આપે છે. 'પ્રબુદ્ધ જીવન' ઉપરાંત

અન્ય પત્રો પણ સદર વિચારને પ્રસ્તુત કરે છે. દા. ત. 'જિનાગમ' અને 'મહાવીર મીશન.'

હું એક આદર્શ તરીકે એ વિચારનો સ્વીકાર કરૂં છું. પરંતુ એને અમલમાં મુકવાનું ફક્ત કઠીન જ નહીં, લગભગ અશક્ય છે. લોકસભામાં કાયદો પસાર કરાવીને તો આપણે તેમ કરી શકતા નથી. આ સર્વે સમજાવટથી જ શક્ય બને, જે પોતે જ અશક્ય છે.

સંયુક્ત કુટુંબમાં જ્યારે વાસણો ખખડે ત્યારે કુટુંબના વડીલ વાંધા-વસ્ટી કરનાર પુત્રના કુટુંબને અલગ કરી દે છે, અથવા કુટુંબનું વિભાજન કરી દે છે. જેથી સર્વે પોતપોતાની રીતે સુખ-શાંતિથી રહી શકે. પરંતુ સારા-નરસા પ્રસંગે કુટુંબના સર્વે સભ્યો એકત્ર થઈ જાય છે. `UNITY IN DIVERSITY'.

તેવી જ રીતે જૈન શાસનના વિવિધ પંથો, ફિરકાઓ, ગચ્છો પોતપોતાની અલગ અલગ રીતે ધર્મ ક્રિયાઓ કરે છે કે મનાવે છે, પરંતુ જ્યારે જૈન શાસન સામે પ્રશ્ન ઊભો થાય છે ત્યારે સર્વે એકજૂથ થઈ જાય છે, જેમાં કશુંય અજુગતું નથી.

મારવાડી પંચાંગ અન્ય હિન્દુ પંચાંગોથી અલગ પડે છે. એ હિન્દુ પંચાંગથી ૧૫ દિવસ આગળ ચાલે છે. અને દરેક મહિને વદ પક્ષ પહેલાં આવે છે, અને સુદ પક્ષ બાદમાં આવે છે. એટલે બન્ને પંચાંગો પ્રમાણે સુદ પક્ષ સાથે આવે છે. જ્યારે વદ પક્ષ અલગ અલગ હોય છે. એટલે મારવાડી પંચાંગ પ્રમાણે દિવાળી કારતક વદી અમાસના આવે છે, જ્યારે હિન્દુ પંચાંગ પ્રમાણે દિવાળી આસો વદી અમાસના આવે છે. બન્ને દિવાળી એક દિવસે આવે છે. પાર્શ્વનાથ જન્મ કલ્યાણક માગસર વદી દસમના અલગ અલગ દિવસે આવે છે. આ મારી સમજ છે. ભૂલ હોય તો કોઈ સુધારશે તો આભારી થઈશ.

દરેક પંથ, ફિરકો કે ગચ્છ પોતપોતાની પ્રણાલી પ્રમાણે તહેવાર કે પ્રસંગ ઉજવે કે મનાવે તેમાં કાંઈ અજૂગતું નથી.

ધારો કે એક સંવત્સરી માટે ઐક્ય સાધવામાં સફળતા મળી, તો ક્યા દિવસે સંવત્સરી મનાવવી એ બાબત મતમતાંતરો થશે, અને એક જ પ્રતિક્રમણ અને એક જ વિધિવિધાનોના પ્રશ્નો ઊભા થશે. વિખવાદોની હારમાળાની શરૂઆત. હું પદ સર્વત્ર છે.

મારો નમ્ર મત છે જેમ ચાલે છે તેમ ચાલવા દો. એકત્ર કર્યા બાદ નવી યાદવાસ્થળી ઊભી થશે.

અત્યારે બે પંથો કે બે ગચ્છો કે બે વાડાઓ વચ્ચે મારામારી કે હોંસાતોંસી નથી. દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે અમુક તીર્થોના પ્રશ્નો સિવાય વિખવાદો નથી. બન્ને પોતપોતાની રીતે ચાલે છે. તેવી જ સુખદ પરિસ્થિતિ સ્થાનકવાસી અને મંદીરમાર્ગી વચ્ચે છે. મહાવીર જયંતી (દા.ત. મહાવીર-કથા) જેવા પ્રસંગે સર્વ એકત્ર થઈ જાય છે, જેમ વિભક્ત કુટુંબના સભ્યો ટાણે-પ્રસંગે એકત્ર થઈ જાય છે.

એક સંવત્સરી શા માટે ? વિધર્મીઓને બતાડવા કે અમે સર્વ જૈનો એક છીએ ? એકત્ર થયા બાદ જ્યારે ફરીથી નવા વિખવાદો અને વિસંવાદો ઊભા થશે ત્યારે વિધર્મીઓને આપણે શું જવાબ આપીશું ?

તપગચ્છમાં પણ બે સમુદાયો દ્વારા ચોથ અને પાંચમના અલગ અલગ સંવત્સરી થાય છે. કાનજી સ્વામીના પંથવાળા અન્ય દિગંબરોથી ભિન્ન રીતે પર્યુષણ ઉજવે છે, જો કે દિવસો ભલે એક જ હોય.

ઐક્ય માટે શ્રાવકોની સંમતી મેળવવી મુશ્કેલ નથી. મુશ્કેલી છે ધર્માચાર્યોની સંમતી લેવામાં. તિથિચર્ચા–ચોથ કે પાંચમ– તપાગચ્છમાં વર્ષોથી ચાલે છે. એમને એકત્ર કરવા ઘણા નિષ્ફળ પ્રયત્નો કરવામાં આવેલ છે.

અચલગચ્છમાં તિથિની ગણના ચંદ્રના આધારે થાય છે. સૂર્યાસ્ત સમયે જે તિથિ હોય તે તિથિ સૂર્યોદયથી ગણવામાં આવે છે. જ્યારે તપગચ્છ અને કેટલાય અન્ય પંથો અને ગચ્છોમાં જે તિથિ સૂર્યોદય વખતે હોય તે તિથિ સમસ્ત દિવસ માટે ગણવામાં આવે છે. ભલે ને દિવસ દરમ્યાન તિથિ બદલાતી હોય, અને સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે અલગ અલગ તિથિ હોય. કોણ સાચું ? અહીં અનેકાંતને ઉપયોગમાં મૂકો. નાહકની ચર્ચા શા માટે ?

સમજુ લોકોનો કોઈ પ્રશ્ન નથી. જડમાનસનો કોઈ ઈલાજ નથી.

મારા એક મિત્ર જન્મે સ્થાનકવાસી છે. પરંતુ તેમના પિતાશ્રી ૪૦ વર્ષો સુધી એક પ્રખ્યાત દેરાસરમાં સેક્રેટરી હતા. એટલે મિત્ર દેરાવાસી ક્રિયાઓથી ફક્ત વાકેફ જ નહી, પરંતુ સમયે સમયે દેરાવાસી ક્રિયાઓ કરતા રહ્યા છે. સાથે જ સ્થાનકવાસી પરંપરા પણ અનુસરી રહ્યા છે. તેમના ગામમાં આવતા સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર સર્વે મહાત્માઓની વૈયાવચ્ચ કરતા રહ્યા છે. એઓ સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર ત્રણેય પર્યુષણો અને ધાર્મિક પ્રસંગોમાં સક્રિય ભાગ લે છે. સમજુની બલિહારી છે.

અમારા અચલગચ્છમાં શ્રાવકો અને સાધુઓની સંખ્યા ઓછી છે. એટલે મુંબઈ અને કચ્છ બહાર વસતા અચલગચ્છના શ્રાવકો જે ગામમાં અચલગચ્છના ઘરોની પૂરતી સંખ્યા ન હોય, દા. ત. શીરપુર (ધુલીયા), બારસી વિગેરે ત્યાં તપગચ્છના ઘરોની સંખ્યા વિશેષ હોય ત્યાં તેમની સાથે જ પર્યુષણ–સંવત્સરી મનાવે છે. મુંબઈ-અંધેરીમાં રહેતા એક મિત્ર જેઓ ખરતરગચ્છના છે તેઓ મુંબઈમાં તપગચ્છ પ્રમાણે વિવિધ ક્રિયાઓ કરે છે. પરંતુ જ્યારે દેશમાં જાય ત્યારે ખરતરગચ્છ અનુસાર ક્રિયાઓ કરે છે.

સૌથી ઉત્કૃષ્ટ દાખલો હૈદ્રાબાદ ખાતે આવેલ કોઠીના દેરાસરનો છે. એક જ મકાનમાં ભોંયતળિયે દિગંબર મંદિર છે, જ્યારે પહેલે માળે શ્વેતાંબર મંદિર છે. ક્યારેક ખટપટ થઈ નથી. મકાન સંયુક્ત માલિકીનું છે.

અમારા અચલગચ્છના ઘણાય શ્રાવકોએ તપાગચ્છમાં દીક્ષા લીધેલ છે અને આચાર્યપદ સુધી પહોંચ્યા છે. જ્વલંત દાખલો છે પૂ. વિજયરામચંદ્ર સૂરિના સાંઘાડામાં પ્રખ્યાત બે પંડિત મહારાજોનો (બન્ને ભાઈઓ).

એટલે મહત્ત્વ કઈ તિથિના ક્રિયા કરો છો એનું મહત્ત્વ નથી, મહત્ત્વ છે ધાર્મિક ક્રિયા કરવાનું.

એટલે મારો નમ્ર મત છે, જે ચાલે છે તેને ચાલવા દો. એક આદર્શ ખાતર ખોટા વિવાદો અને વિખવાદો પેદા થશે. સૂતેલા સાપને નહીં જગાડો. Ego સર્વ જગ્યાએ હોય છે. ✷ ✷ ✷

૯, શીલા સદન, સીઝર રોડ, આંબોલી, અંધેરી (વે.), મુંબઈ-૪૦૦૦૫૮.
મો.: ૯૯૩૦૩૦૨૫૬૨.

XXX

Respected Shriyut Dhanvantbhai Shah
Sadar Pranam and Jai Jinendra,

Hearty Congratulations and Sadhuwad on your editorial write-up `Dharm Ekk Samwatsari Ekk' appeared in Prabudha Jivan, issue of October,2012.

Only in three pages, you have placed a Critical Issue of Samwatsari being celebrated on different dates by the followers of Principles of Bhagwan Mahavir, whcih is a shameful event for whole Jain community which is only one percent of total population of India.

The issue was taken up many times by different Jain Institutions but no results. I believe that once Bharat Jain Mahamandal had taken a delegation to President Gyani Zailsingh, requesting him to declare Public Holiday on Samwatsari day and the reply to delegate was `on which day you want public holiday as I understnd that the samwatsari is being celebrated on more than one day by Jain Community'. The delegation has to return back without any result.

Sir, I am sure if you take up this issue seriously, you will be able to find out solution to this burning issue for our future generation. My faith in you is based on solid reasons as under;

1. You have a team of dedicated members of Shree Mumbai Jain Yuvak Sangh, who can work as volunteers.
2. You have Intellectuals and Scholars like Dr. Kumarpal Desai, Smt. Niruben, Dr. Kalaben etc.
3. You have top businessmen like Shri Shrenikbhai, Shri Vallabhai Bhansali etc.
4. You have Public Relation men like President of Jain Social Groups and Jain Jagruti Centres.
5. You have good approach with Gachhadhipatis and Acharays
6. You have ability to co-ordinate amongst various heads of Jain Sanghs.
7. You have a Publication like Prabudha Jivan under your control.
8. You have ability to co-ordinate amongst various Editors and Authors of Jain Literature Publications.

Sir, your efforts for `Dharm Ekk Samwatsari Ekk' can bring cheers to Jain community, particularly young generation.

Sir, I think I have gone much beyond my ability and knowledge, but I really feel you can do it.

With regards
I remain
D. M. Kothari (022 22650820)

ભાવ-પ્રતિભાવ

['પ્રબુદ્ધ જીવન'ના જૂન-૨૦૧૨ના અંકમાં 'પ્રબુદ્ધ જીવન'ની આર્થિક કટોકટીની વિગત અમે વાચકો સમક્ષ પ્રસ્તુત કરી હતી. અમને જણાવતાં આનંદ થાય છે કે અમારી એ વિનંતિ વાચકોના હૃદયને સ્પર્શી ગઈ, અને સંસ્થા તરફ દાનનો પ્રવાહ વહ્યો. એ નામોની યાદી 'પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટો-નવેમ્બર અંકમાં આપી છે જ. ઉપરાંત એ રકમ સાથે વાચકોની સંસ્કારિતાના પ્રતીક રૂપ કેટલાંક પ્રોત્સાહિક પત્રો અમને પ્રાપ્ત થયા છે એ અહીં સુજ્ઞ વાચકના કરકમળમાં પ્રસ્તુત કરીએ છીએ.

રૂા. ત્રીસ લાખની રકમ સુધી દાતાઓએ 'પ્રબુદ્ધ જીવન'ને પહોંચાડવાનું છે. સર્વ સુજ્ઞ વાચકોને દાન પ્રવાહ માટે અમારી વિનંતિ છે. આ દાનથી દાનનું પૂણ્ય તો પ્રાપ્ત થશે જ, ઉપરાંત એ સાથે જ્ઞાન કર્મના પુણ્યનું પણ ઉપાર્જન થશે અને શ્રુતદેવતાની પૂજા પણ થશે. આમ ત્રિવેણી લાભ છે. –તંત્રી]

(૧)

પ્રતિ : તંત્રીશ્રી,

વિષય : પ્રબુદ્ધ જીવન નિધિ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો તા. ૫-૭-૨૦૧૨નો પત્ર મળ્યો, ઉપરાંત તા. ૨૫-૭-૨૦૧૨ની કચ્છી ખબર પત્રિકામાં સંઘની અપીલ વાંચી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે અમારા પરિવારનો ઘણો જૂનો નાતો છે અને રહેશે.

આ સાથે રૂા. ૫૧,૦૦૦/- રૂા. એકાવન હજારનો ચેક 'પ્રબુદ્ધ જીવન' નિધિ ફંડ માટે મોકલીએ છીએ જે સ્વીકારી આભારી કરશોજી.

લિ. શ્રી લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર વતી
કચ્છ-નવાવાસ; મુંબઈ-કેમ્પ્સ કોર્નર
મુલચંદ લખમશી સાવલા

(૨)

સુજ્ઞ ભાઈશ્રી ચંદ્રકાંતભાઈ,

વિષય : પ્રબુદ્ધ જીવન નિધિ.

ઉપરના વિષયનો તંત્રી લેખ આવતાં જ વાંચી શકવાનું રસપૂર્વક બનેલું, તેમાં શ્રી ધનવંતભાઈના સદ્-વિચારોની અસરોની ઉપસ્થિતિ હતી. એ વિષે તમારા પત્રે મને સારી સહાય કરી છે.

સ્થાયી ફંડને ખર્ચ-ફંડ તરીકે નહીં ગણતા બૅંકની ફિક્સ ડિપોઝીટ બનાવતા એના વ્યાજમાંથી જ વાર્ષિક ખર્ચની વ્યવસ્થાનો તમારો વિચાર શ્રી ધનવંતભાઈના ધનગ્રહને ઉપશમ કરશે. એ માટેની ૩૦ની ટીમમાં જોડાવાનો અવસર હું પામ્યો તેનો આનંદ છે. એનો ડ્રાફ્ટ આ સાથે સાદર. રૂા. ૫૦,૦૦૦/- (રૂા. પચાસ હજાર).

'પ્રબુદ્ધ જીવન'ની ઉપલબ્ધિઓ અનેક છે. એના થકી બહુ ઉપકાર થવાની શક્યતાઓ છે. સાંતાક્રુઝ-સૂરતના અમારા પૂ. કાકાએ વવાણીયાના અનેક બાળ-રાજાના આત્મજ્ઞાનને મહોર મારી એને લોકભોગ્ય બનાવ્યું. તેના આશ્ચર્ય-અનુભવો આપણને-અમોને પ્રત્યક્ષ છે. આ ક્ષેત્રને પણ 'પ્રબુદ્ધ જીવન' અનેકગણું વિકસાવી શકે. 'પ્રબુદ્ધ જીવન'ને અને તમને સૌને અંતરની શુભેચ્છા.

□ **પ્રાણલાલ**

(૩)

I have carefully read the contents of your letter, I personally feel that your requirements of funds is not much. However to look forward for next 20 years in this fast changing world of Technology is thninking too far & too much.

Do keep on working with full confidence & do not worry about Niyati.

With best personal regards,

M. K. Deliwala

Encl :-Cheque No. 143304 dated 08-09-2012 drawn on Sindicate Bank, 10, Homji Street, Mumbai-400 023. for the amount of Rs. 11,000/-

(૪)

પ્રમુખશ્રી તરફથી 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યની આવશ્યકતા અંગેનો પરિપત્ર મળ્યો.

'પ્રબુદ્ધ જીવન'નું કેવળ બાહ્ય રૂપ જ નહિ પણ ભીતરનું રૂપ વૈવિધ્યરુપે વિકસ્યું છે એનું સ્વાગત કરવું જ રહ્યું. એ નિમિત્તે આ સાથે એક ચેક રૂા. ૧૦,૦૦૦/- (અંકે દશ હજાર)નો નં.821304 નો એચ.ડી.એફ.સી. બૅંક ઉપરનો મોકલતાં આનંદ અનુભવું છું. આશા છે કે સંઘની ટહેલ બહુ જલ્દીથી પૂરી થશે.

મનમાં જાગતા થોડાક વિચારો પ્રસ્તુત કરવા ચાહું છું. વીસ વરસ સુધી લવાજમ વધારવું નહિ પડે એવી અપેક્ષા કદાચ વધારે પડતી લાગે છે. આ મોંઘવારીના માહોલમાં કદાચ દશ વર્ષમાં જ વધારો કરવાની નોબત વાગે તો નવાઈ નહિ.

ખરું મહત્ત્વ તો પ્રસિદ્ધ થતાં લેખોનું જ હોય એટલે બાહ્ય રૂપરંગને બદલે 'શાશ્વત ગાંધી'ની જેમ મુખપૃષ્ઠ ફક્ત એક જ રંગનું કરવામાં આવે તો કેટલો ખર્ચ બચી શકે એનું તારણ કાઢવાનું વિચારશો.

'પ્રબુદ્ધ જીવન' આમ તો જૈન ધર્મના ગહન સિદ્ધાંતોના ચિંતનને વરેલું એક આધ્યાત્મિક મુખપત્ર કહી શકાય. આજની યુવા પેઢીને તો કેટલાય પારિભાષિક શબ્દો પણ ન સમજાય અને ગુજરાતી તો ભાગ્યે જ વાંચતા હોય છે એટલે સાદી અને સરળ ભાષામાં લેખો આપી શકાય તો વાચક વર્ગ, ખાસ કરીને યુવા વર્ગને રસ પડે કે નહિ એ પણ થોડું સંશોધન માગે છે એમ મને લાગે છે.

અંગ્રેજીમાં લખાણનો વિચાર સારો અને આવકાર્ય છે. પ્રતિભાવ કેવો મળે છે એ જોવું રહ્યું.

ખુશીમાં હશો. આપની કુશળતા ચાહું છું.

લિ. **કાકુલાલ**ના સાદર પ્રણામ

(૫)

શ્રી સી. ડી. શાહ,

આપનો તા. ૫-૭-૧૨નો પત્ર મળ્યો અને તેના અનુસંધાનમાં એક ચેક રૂા. ૧૦,૦૦૦/-નો આ સાથે મોકલું છું. ટીપે ટીપે સરોવર ભરાઈ જશે.

આટલો મોટો મેમ્બર સમુદાય હોવા છતાં 'પ્રબુદ્ધ જીવન'ને એમ છોડી ન શકાય.

ઉત્કૃષ્ટ છપાઈ કામ અને ઉત્તમોત્તમ લખાણ પીરસવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

લી. આપનો જ,
કલ્યાણજી કે. શાહના
જય જિનેન્દ્ર-મુંબઈ.

(૬)

Shri Niruben and Dr. Dhanvantbhai Shah,

Thanks for taking `Prabudha Jivan' on a new plateau. Looks and feels good, content is of higher quality as always been. Reading Prabudha-Jivan is like to have nutrition for the month.

In 1988 Dr. Ramanbhai and Taraben stayed with us for ten days, they were on a lecture tour, visiting Jain Centers of North America. We had wonderful time together, became very good friends and remained in touch with each other all time. He is the one who introduced `Prabudha Jivan' to us. Good memory of them.

I live in Toronto. Very much involved with community work. In case If you happen to come to North Amertica, feel free to contact me and do plan to visit Toronto.

Wish you all well. Let God give you strength to accomplish the task with dignity. Take care. Chq. $50.00 for three years is enclosed.

With warm regards

Bhadraben Kothari

3956 Glaims Court, Mississauga, Ontario. L5L 3N5

(૭)

આ સાથે હું બે ચેક મોકલું છું તે સ્વીકારશો અને આવનારને રસીદ આપશો.

રૂા. ૫,૦૦૦/– 'પ્રબુદ્ધ જીવન' નિધિ ફંડ

રૂા. ૧૦,૦૦૦/- આજીવન સભ્યના વધારાના સભ્ય નં. ૧૧૦૫.

લી. દેવચંદ ઘેલાભાઈ શાહ

દાદર-મુંબઈ.

(૮)


અંક આવવાની ઉત્સુકતાથી હું રાહ જોઉ છું અને પહેલેથી છેલ્લે સુધી શબ્દશઃ વાંચવામાં જ્ઞાનની વૃદ્ધિ સાથે આનંદ અનુભવું છુ. અમુક અમુક લેખો તો એવા સરસ આવે છે કે વાંચ્યા પછી સંગ્રહ કરવાની ઈચ્છા થાય-દા. ત. 'શાન્તિનું સરનામું'.

આપના તા. ૫–૮–૨૦૧૨ના પરિપત્રમાં વધારે રકમ એકઠી કરવા માટે ટહેલ નાંખી છે. તો મારા તરફથી રૂા. ૫,૦૦૦/- નો ચેક 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' તરીકે સ્વીકારવા વિનંતિ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં


કથાત્રયી ડી.વી.ડી.



॥ ઋષભ કથા ॥

ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-

પ્રાચીન કાળના વાતાવરણ સાથે રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **' ઋષભ કથા**



॥ ગૌતમ કથા ॥

ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**



॥ મહાવીર કથા ॥

બે ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૨૫૦/-

ભગવાન મહાવીરના જીવનનાં જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીતસભર **'મહાવીરકથા'**

ઘરે બેઠા દિવાનખાનામાં ધર્મતત્ત્વ કથાશ્રવણનો દશ્ય લાભ

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાનભૂમિનું આત્મસ્પર્શી દર્શન કરાવશે જ. સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્યકર્મ પ્રાપ્ત કરો ● વસ્તુ કરતાં વિચારદાન શ્રેષ્ઠ છે.

- બે સેટ સાથે લેનારને એક મહાવીર કથાની ડી.વી.ડી. વિના મૂલ્યે
- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.

૨. ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

'પ્રબુદ્ધ જીવન' વર્ષોવર્ષ ચાલુ રહે અને સમાજને સંસ્કાર, સાહિત્ય, સંસ્કૃતિ પીરસતું રહે એજ પ્રભુ પ્રાર્થના.

લિ.
શાંતિભાઈ વોરાના
જય જિનેન્દ્ર.

Encl. HDFC Bank, Sion (E). Cheque No. 800280 for Rs. 5000/-

(૯)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એમના થકી થતી પ્રવૃત્તિઓ વિષે તેમજ 'પ્રબુદ્ધ જીવન' માસિક વિષે શું લખવું તે માટે મારી પાસે શબ્દો નથી. સતત ૭૫-પંચોતેર વર્ષથી જૈન સમાજ વિષે સેવાની સુવાસ પૂ. ચીમનલાલ ચકુભાઈથી આધ્યાત્મિક વ્યક્તિ રમણભાઈ સુધીના તંત્રીશ્રીઓએ ફેલાવી છે અને પ્રસિદ્ધ થતા સામયિકોમાં સૌથી મોખરે 'પ્રબુદ્ધ જીવન'ને રાખ્યું છે. અને તેમાંયે અત્યારના તંત્રીશ્રીએ સમયાનુસાર જે 'પ્રબુદ્ધ જીવન'માં દરેક ક્ષેત્રને લગતા વિષયોમાં તેમજ વધુ ને વધુ જે સામગ્રી આપવામાં આવી રહી છે તે માટે અત્યારના તંત્રીશ્રી ધન્યવાદને પાત્ર છે. તેમને માટે ફરી લખું છું કે શબ્દો નથી. આવું 'પ્રબુદ્ધ જીવન' અને વ્યાખ્યાનમાળા વિગેરે બીજી પ્રવૃત્તિઓ જૈન યુવક સંઘ કરે છતાં આર્થિક સંકડામણ ભોગવે તે મારી દૃષ્ટિએ જૈન સમાજ માટે શરમજનક બાબત લાગે છે.

તે આર્થિક પરિસ્થિતિમાં સહાયરૂપ થવા રૂા. ૫૦૦૦/- તથા રૂા. ૩,૬૦૦/- બે વ્યક્તિ (મારી પુત્રીઓ)ના ૧૦-૧૦ વર્ષના 'પ્રબુદ્ધ જીવન' લવાજમના મોકલું છું. તે સ્વીકારી મને આભારી કરશો. ચેક નં. 20067 તા. ૩૦-૭-૧૨ UBI બૅંકનો મોકલું છું. સ્વીકારવા વિનંતી. ચેકના કુલ રૂા. ૫૦૦૦+૩૬૦૦=૮૬૦૦/-

લી. આપનો **વસંતરાય ડી. શેઠ**-પાલીતાણા

(૧૦)

આપની વ્યથા 'પ્રબુદ્ધ જીવન'માં વાંચી. પત્ર ચલાવવું બહુ જ આકરૂં છે. મને શ્રદ્ધા છે કે યોગ્ય પ્રચાર થશે તો જરૂર કરતાં વધારે કાયમી ફંડ થશે. દર ઈસ્યુ વખતે તંત્રીને પાના માટે જોવું પડે તેથી હાથ બંધાયેલા રહે.

જરૂર પડે તો એક વ્યાખ્યાન માળા તેના માટે જ રાખો. અમારો નાનકડો ફાળો આ સાથે ચેક રૂા. ૫,૦૦૦/- નંબર ૦૦૦૨૧૯ દેના બૅંક, નેપયન્સી રોડનો મોકલું છું.

આ રકમ સ્વ નિર્મળાબેન જયસુખલાલ શેઠ વેકરીવાળાના સ્મરણાર્થે છે.

લી. **રામજી નરભેરામ વેકરીવાળા ચેરિટેબલ ટ્રસ્ટ** વતી

* * *

જૈન જ્ઞાન-દર્શન વિષયક ત્રિદિવસિય સેમિનાર થાણામાં યોજાયો

પ્રસિદ્ધ ઐતિહાસિક થાણા નગરીમાં એક સુંદર જ્ઞાનવર્ધક ચાતુર્માસ ચાલી રહ્યો છે. જૈન શ્રમણ સંઘના ડબલ M.A., Ph.D. થયેલા જાણીતા વિદ્વાન પૂ. પંન્યાસજી ડૉ. અરૂણવિજયજી મ. સા. શૈક્ષણિક પદ્ધતિથી બ્લેક બૉર્ડ ઉપર સચિત્ર શૈલીથી Jain Karma Philosophy જેવા ગહન તત્ત્વજ્ઞાનને સુગમ-સરળ ભાષામાં સચોટ રીતે શીખવાડી રહ્યા છે. સચિત્ર પ્રવચનમાળા નિરંતર અખંડપણે ચાલી રહી છે.

શ્રી રાજસ્થાની શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ થાણા તરફથી તા. ૨,૩ અને ૪ શુક્ર, શનિ અને રવિવાર નવેમ્બર ૨૦૧૨ના ત્રણ દિવસોમાં ત્રિદિવસીય વિદ્વદ્ સંમેલનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અખિલ ભારતીય સ્તરે ચારેય બાજુથી દૂર દૂરથી અનેક વિદ્વાનો આવ્યા હતા. જૈન ધર્મ અને દર્શનની મીમાંસાના વિષય તથા તેના ૬૦ અવાન્તર વિષયો ઉપર બધાએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા.

નાગપુરથી આવેલા રાકેશ જૈને સર્વજ્ઞ સ્વરૂપની પુષ્ટી નયો વડે કરી હતી. કોકિલાબેન શાહ મુંબઈ વિદ્યાપીઠથી આવ્યા હતા. તેમણે સર્વજ્ઞ બનવાની પ્રક્રિયા રજૂ કરી હતી. ડૉ. અંજલિ શાહનું પેપર જ્ઞાન-દર્શાનાવરણીયના આધારે મંદમતિ અને માનસિક રોગોના વિષય ઉપર હતું. સોમૈયા કૉલેજની સંશોધિકા વર્ષાબેન શાહે પ્રમાણ મીમાંસામાં જૈનાચાર્યોનું યોગદાન વિષય રજૂ કર્યો હતો. સુવર્ણાબેન શાહે શ્રુતશાસ્ત્ર આગમ-નિગમ, વેદ-ત્રિપિટકનું પેપર વાંચ્યું હતું. શ્રીકાંત રસિકલાલ ધ્રુવે દેવ-નરક ગતિમાં અવધિજ્ઞાન-દર્શનનું સ્વરૂપ રજૂ કર્યું હતું. રાજકોટથી વિનયકાંત બખાઈએ મનઃપર્યવજ્ઞાનના અધિકારી અંગેનો નિબંધ વાંચ્યો હતો. ડૉ. છાયાબેન પી. શાહ તથા ડૉ. પ્રવીણભાઈ શાહે અમદાવાદથી આવીને સર્વજ્ઞવાદ ઉપર નિબંધ રજૂ

ચાતુર્માસ દરમિયાન વિદ્વદ્ ગોષ્ટિ

જૈન સાહિત્ય અને જૈન તત્ત્વજ્ઞાનના અધ્યયન માટે પ્રત્યેક જૈન ગામના મુખ્ય સંઘે ચાતુર્માસ દરમિયાન અન્ય તપ અને ક્રિયાની અનુમોદના કરવાની સાથે આવા જૈન વિદ્વદ્ ગોષ્ઠિ સંમેલનો પણ યોજાવા જોઈએ, જેથી અન્ય વિદ્વાનો દ્વારા જ્ઞાનનું આદાનપ્રદાન થાય, તેમ જ એ સ્થાનિક સંઘના શ્રાવક-શ્રાવિકાઓને જૈન તત્ત્વજ્ઞાનને જાણવાનો વિશેષ લાભ મળે.

આ કાર્ય માટે પ્રત્યેક ગામના મુખ્ય સંઘે કાયમી ધોરણે પાઠશાળાના શિક્ષકની જેમ એક વિદ્વાનની પણ નિમણૂક કરવી જોઈએ.જે આવી પ્રવૃત્તિના સૂત્રધાર બની શકે.

પૂજ્ય સાધુ ભગવંતોને વિનંતિ કરીએ છીએ કે આ દિશામાં સક્રિય બની જ્ઞાન પ્રચારની અનુમોદના કરે.

□ **તંત્રી**

કર્યા હતા.

રાજકોટથી પારૂલબેન તથા ભરતભાઈ શાહે મતિજ્ઞાનના ભેદ-પ્રભેદ અને જ્ઞાન-દર્શનાવરણીય કર્મના બંધ-ઉદય-ઉદીરણા-સત્તાદિ વિષય રજૂ કર્યો હતો. જ્યોત્સનાબેન ધ્રુવે પાંચ જ્ઞાનનું સ્વરૂપ, અને કોકિલાબેન ભારતીયે મતિ-શ્રુત જ્ઞાનાવરણીય કર્મના આશ્રવ-બંધના હેતુ વગેરે જણાવ્યા હતા. વાપીથી આવેલા જશવંતભાઈ શાહે આધુનિક અને જૈનધર્મી જ્ઞાન પ્રણાલી પર વિવેચન રજૂ કર્યું હતું. જાતિસ્મરણ જ્ઞાનના વિષે મુનિ વૈભવરત્નજી મ., ડૉ. રશ્મિબેન ભેદા અને જયશ્રીબેન ટોલિયાએ લેખો રજૂ કર્યા હતા. ડૉ. રતનબેન છાડવાએ મતિ-શ્રુત જ્ઞાનના ભેદ-પ્રભેદનું વર્ણન કર્યું હતું.ભાવનગરથી આવેલ પં. સંજય શાહે જ્ઞાનાચાર અને જ્ઞાનાતિચારના ભેદો સમજાવ્યા હતા. ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદથી આવેલા પૂર્ણિમાબેન મેહતાનો વિષય અષ્ટવિધ જ્ઞાનાચારના ભેદો અંગે હતો. કચ્છથી આવેલા કાનજીભાઈ માહેશ્વરીએ પાંચ જ્ઞાનનું સ્વરૂપ રજૂ કર્યું હતું. ભાવનગરથી પ્રા. ડૉ. ધિરેન્દ્ર મેહતાએ અને સંધ્યાબેન મેહતાએ ઈન્દ્રિય અને મન વડે થનાર મતિ-શ્રુત જ્ઞાન-દર્શનનું સ્વરૂપ રજૂ કર્યું હતું. રાજકોટવાળા તેજસ અને મહેન્દ્રભાઈ ગાંધીએ આધુનિક વિજ્ઞાનની સાથે જૈન કર્મ ફિલોસોફીની તુલના કરતાં ડિપ્રેશન, સાયકિક-મેન્ટલ ડિઝીઝ મતિ-શ્રુત જ્ઞાનાવરણીય કર્મના સંબંધ વિષયક પેપરો લખ્યા હતા. આણંદથી પ્રા. દીક્ષાબેન સાવલા, પ્રા. રેશ્માબેન પટેલે મતિ-મંદતાદિ માનસિક રોગો, તેમ જ જ્ઞાન-દર્શનાવરણીય કર્મના આશ્રવ-બંધના હેતુ ઉપર લેખો રજૂ કર્યા હતા.ડૉ. શોભના શાહે જૈન-અજૈન દર્શનોમાં તુલનાત્મક જ્ઞાન-દર્શન થવાની પ્રક્રિયા દર્શાવી હતી. ભાવનગરથી કે.ટી. સુમરા પ્રાધ્યાપકે બોધિજ્ઞાન અને કેવલજ્ઞાનની તુલના કરી હતી.

ચર્ચામાં પૂ. પંન્યાસજી ડૉ. અરૂણવિજયજી મહારાજે સ્પષ્ટ કર્યું કે બોધિજ્ઞાન એ કેવળજ્ઞાન નથી. ભાનુબેન શાહે પણ જૈન-બૌદ્ધ-દર્શનમાં જ્ઞાન-દર્શનનું સ્વરૂપ રજૂ કર્યું હતું. અમદાવાદથી આવેલા હીનાબેન શાહે ગુણસ્થાન સોપાનો ઉપર જ્ઞાનની પ્રાપ્તિ વિષયક લેખ રજૂ કર્યો હતો. ડૉ. સાગરમલ જૈન, ડૉ. રેણુકા પોરવાલ અને જયશ્રીબેન જોશીએ સરસ્વતી-શ્રુતદેવી વિષે રજૂઆત કરી હતી. કંકાલી ટીલા અને મથુરાની પ્રાચીન પ્રતિમાઓના પુરાવા આપ્યા હતા. સોહનરાજજીએ સેવાડીની સરસ્વતીદેવીની ઊભી પ્રાચીન પ્રતિમાના ફોટા બધાને આપ્યા હતા. કુ. અનિતા આચાર્યે ભાવનગરથી આવીને દ્વાદશાંગી ૧૪ પૂર્વ ૪૫ આગમોની રૂપરેખા જણાવી હતી. પૂ. સાધ્વીજી પ્રીતિદર્શનાશ્રીજી મ., અને સાધ્વીશ્રી અનેકાન્તલતાશ્રીજી મ.એ સર્વજ્ઞતા સિદ્ધિ અને આત્મદ્રવ્યના ગુણદર્શનની અભેદતા વિષયક લેખો મોકલાવ્યા હતા. બેંગલોરથી કુ. મગ્ગી જૈન અને બેલગામથી ડૉ. કેવલચંદ ઓસવાલે આવીને પ્રોજેક્ટર વડે સ્ક્રીન ઉપર Learning and Memory the Intellectual Functions of Brain વિષય ઉપર સચિત્ર શૈલીથી રજૂઆત કરી હતી. પૂ. પંન્યાસજી ડૉ. અરૂણવિજયજી મ. સા.એ ખાસ ચર્ચામાં જણાવ્યું હતું કે આધુનિક મેડિકલ વિજ્ઞાન પણ મગજમાં યાદશક્તિનું સ્વતંત્ર અંગ ધરાવે છે એમ કહેતું નથી, માનતું નથી. પાંચેય જ્ઞાનેન્દ્રિયો વડે જે દૃશ્ય-ધ્વનિ આદિ ગ્રહણ કરવામાં આવે છે તેનો મગજ વડે, મનમાંથી આત્મામાં સંબંધ થાય છે. આવી તકનીકી પ્રક્રિયાનું કાર્ય મગજ વડે થાય છે. મગજ એ શરીરનું અંગ છે. શરીર પુદ્‌ગલ પરમાણુઓનો પિંડ છે. જ્ઞાન-દર્શનાદિ શરીર કે મનમાં ન રહેતાં એક માત્ર આત્મામાં જ રહે છે. તેથી યાદશક્તિ અને બુદ્ધિ વિગેરે આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણો છે, માત્ર મગજ કે શરીરના અંગવિશેષ નથી. મૃતકના મગજમાંથી સ્મૃતિની ચીપ કાઢીને બાળકમાં બેસાડી શકાતી નથી. બધા જીવોની બુદ્ધિ એને સ્મૃતિ પોતપોતાના જ્ઞાનના મતિ-શ્રુત જ્ઞાનાવરણીય કર્મના આવરણના ક્ષયોપશમ પ્રમાણે ઓછી-વધારે હોય છે.

રાજકોટથી આવેલ મુકેશભાઈ ટોલિયાએ પાંચ જ્ઞાનના ૫૧ ભેદો રજૂ કર્યા હતા. જોધપુરથી ડૉ. ધર્મચંદ જૈને જૈન પ્રમાણ શાસ્ત્રમાં અવગ્રહાદિના ભેદો વડે જ્ઞાનપ્રાપ્તિનો ક્રમ દર્શાવ્યો હતો. મુનિ હેમન્ત વિજયજીએ જ્ઞાન મહાત્મ્ય પર નાનકડો લેખ વાંચ્યો હતો. પૂ. પંન્યાસજી ડૉ. અરૂણવિજયજી મ. સા.નો શોધપત્ર કેવળજ્ઞાન વિષય ઉપર હતો. પરંતુ તેમણે બધા વિદ્વાનોની માંગણીને અનુસાર પ્રથમ દિવસે પાંચેય ઈન્દ્રિયો અને મન વડે અવગ્રહાદિ પદ્ધતિ તેમ જ ક્રમ વડે જ્ઞાન-દર્શન થવાની પ્રક્રિયા બ્લેક બૉર્ડ ઉપર ચિત્રો સાથે દર્શાવી હતી.

બીજા દિવસે વિદ્વાનોનો આગ્રહ સર્વજ્ઞવાદ ઉપર પ્રકાશ પાથરવાનો હોવાથી બ્લેક બૉર્ડ ઉપર ચૌદ ગુણસ્થાનો ચિત્ર દ્વારા દર્શાવી કેવી રીતે ક્રમે ક્રમે મોહનીય કર્મ ખપે છે, અને વીતરાગતા પ્રગટે છે, પછી તેરમા ગુણસ્થાને જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ સમૂળગો ક્ષય થતાં કેવળજ્ઞાન-દર્શન પ્રગટ થાય છે, તે જણાવ્યું.

ત્રીજા દિવસે તત્ત્વાર્થના સૂત્રાનુસારે સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિ રૂપે કેવળજ્ઞાન-દર્શન કેવી રીતે કામ કરે છે ? સર્વ દ્રવ્યો, પ્રત્યેક દ્રવ્યની અનંત પર્યાય, ગુણોની પણ અનન્તી પર્યાયો આદિ રૂપે કેવળજ્ઞાન ત્રૈકાલિક કેવી રીતે છે તે સિદ્ધ કર્યું હતું. બધા વિદ્વાનો મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

ત્રીજા દિવસે રવિવારે સાંજે સત્કાર સમારંભ યોજાયો હતો. શ્રી રાજસ્થાની શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના અધ્યક્ષ બાબુભાઈ નાણાવટી, ટ્રસ્ટી નારમલજી, વસંતજી, નાગરાજજી, ગુણવંતજી, સુરેશજી, આદિ સર્વ ટ્રસ્ટીઓ તેમ જ શ્રી સંઘના દિલીપજી હુંડીયા, રાજાવંત પરિવાર આદિ અનેકે વિદ્વાનોનું શાલ-ગાલીચા-પુસ્તકો અર્પણ કરી સન્માન કર્યું હતું. તપસ્વીની શાંતાબેને મહિલા વિદ્વાનોનું બહુમાન કર્યું હતું. શ્રી ધનવંતભાઈ શાહે આનંદ વ્યક્ત કર્યો હતો. ટ્રસ્ટીઓ વતી જે. કે. શાહે સર્વ નિબંધો સ્મરણિકા રૂપે પ્રગટ કરવાની યોજના જાહેર કરી હતી. Shree Mahaveer Research Foundtion–Veeralayam, Pune તરફથી કાયમી-સ્થાયી સ્વરૂપે સેમિનારો યોજવાની યોજના જાહેર કરાઈ હતી. ત્રિપદી વિષયક સંગોષ્ટિ સમ્મેલન તા. ૨૫,૨૬,૨૭ ઓક્ટોબર ૨૦૧૩ના ભીવંડીમાં યોજાશે તેવી જાહેરાત થઈ હતી.

□ જે. કે. સંઘવી, મો. ૯૮૯૨૦૦૭૨૬૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૮મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

(તા. ૧૨ મી સપ્ટેમ્બર ૨૦૧૨ થી તા. ૧૯ મી સપ્ટેમ્બર ૨૦૧૨)

તા. ૧૪ સપ્ટેમ્બરના ગુજરાત અને ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. નરેશ વેદે 'પુષ્ટી સંપ્રદાય' વિશે વક્તવ્ય આપતાં જણાવ્યું હતુ કે,**પરમાત્માની સેવા, સ્મરણ અને કિર્તનમાં અહોનિશ રહો એમ પુષ્ટી સંપ્રદાયમાં કહેવાયું છે.**

ઈશ્વર અને બ્રહ્મ સત્ય છે. તે જ પ્રકારે સંસાર પણ સત્ય છે. શ્રીકૃષ્ણની સંપૂર્ણ શરણાગત સ્વીકારો. મોક્ષની અપેક્ષા ન રાખો. બ્રહ્માનંદનું તત્ત્વ મેળવવા પરમાત્મા સાથે સાયુજ્ય અને સારૂપ્ય કેળવો. પરમાત્માના સેવા, સ્મરણ અને કિર્તનમાં અહોનિશ રહો. એમ પુષ્ટી સંપ્રદાયમાં કહેવાયું છે.

આ સંપ્રદાય જ્ઞાનસાધના નહીં પણ ભક્તિસાધના આધારિત છે. ૧૫મી સદીમાં વલ્લભભાચાર્યએ આ સંપ્રદાયની સ્થાપના કરી હતી. બ્રહ્મ સત્ય છે તે રીતે જગત પણ સત્ય છે. જે રીતે જગતમાં જન્મ, જીવન અને વિદાયનું ચક્ર ચાલે છે તે મિથ્યા કેવી રીતે હોઈ શકે ? વિષ્ણુ છે તે વાસ્તવમાં સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તે સત્, ચિત્ અને આનંદ એમ ત્રણ તત્ત્વોના બનેલા છે. સત્નો અર્થ પ્રાગટ્ય કે અસ્તિત્વ છે. જ્યારે જગત અસ્તિત્વમાં આવ્યું અને ભૌતિક સૃષ્ટિનું સર્જન થયું ત્યારે ચિત્ત અને આનંદ નહોતા. ચિત્ત એટલે ચૈતન્યનો આર્વિભાવ થવો. જીવનમાં કોઈ વસ્તુનો અભાવ હોય તો તે આનંદનો છે. જીવનનું ધ્યેય આનંદની પ્રાપ્તિ છે. જીવાત્મામાં દેવાત્મા બનવાની શક્તિ છે. આ કક્ષાએ પહોંચી શકાય છે તે સમજાવવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. પુષ્ટી સંપ્રદાયના ઈષ્ટદેવ શ્રીનાથજી છે. તેમની સાથે તુલસી, રાધા અને યમુનાજી એ સત્, ચિત્ અને આનંદનું પ્રતીક છે. આ સંપ્રદાય, રસ, રંગ, રાસ, ભોગ, પર્વ, કિર્તન અને સંગીતનો છે. જ્ઞાન અને કર્મના સિદ્ધાંતો શુષ્ક હોવાથી આ સંપ્રદાય ભણી બહુ મોટો વર્ગ આકર્ષાયો હતો. વલ્લભાચાર્યએ આ સંપ્રદાયને દૃઢતા આપતા તત્ત્વદર્શનની સાથે આચારદર્શન પણ આપ્યું હતું. આ સંપ્રદાયમાં ડોલોત્સવ, જન્માષ્ટમી, રથયાત્રા અને અન્નકૂટ એ ચાર ઉત્સવનું ખાસ મહત્ત્વ છે. આ માર્ગ મોક્ષમુક્તિ કે કૈવલ્યપદની અપેક્ષા નથી રાખતો પણ જન્મોજન્મ અવતાર લઈને ઈશ્વરની સેવા અને શરણાગતિ સ્વીકારવાની વાત કરે છે. તેમાં ઈશ્વર પ્રત્યે દીનભાવ વિશેષ છે.

વલ્લભાચાર્ય કહે છે કે ઈશ્વરને પણ ભક્તની જરૂર છે. તેને એકનિષ્ઠ થઈને ભજો. ગીતામાં પણ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે મન, વચન અને કર્મથી તું મારો થા. તારા યોગક્ષેમ એટલે કે કલ્યાણની જવાબદારી મારી છે. વલ્લભચાર્ય પુષ્ટી સંપ્રદાયને અનુસરનારાઓ પાસે વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ ગુણોની અપેક્ષા રાખે છે. વિવેક એટલે કે પ્રભુ જીવોનું જે કરશે તે પોતાની ઈચ્છાથી કરશે. જીવનમાં સુખદુ:ખ કે લાભહાનિ આવે એ ઈશ્વરઈચ્છા છે. ફળની આસક્તિ વિના કામ કરો તે વિવેક છે. બીજું, જીવનમાં વિવિધ પ્રકારના દુ:ખો આવે તો પણ તેનાથી વ્યાકુળ થયા વિના ઈશ્વરની સેવામાં રહેવું અને તેને સહન કરવા તે ધૈર્ય છે.

ત્રીજું આ સંસાર શરીર અને ઈન્દ્રિયોનો ખેલ છે. મન, બુદ્ધિ, અહમ્ અને ખેલ વાસના કે ઈચ્છાનો નાશ કરી શકતો ન હોય તો તેને નિયંત્રણમાં રાખવાનો પ્રયત્ન કરો. જો તે ન થઈ શકતું હોય તો ઈશ્વરની એકનિષ્ઠ ભક્તિમાં જોડાવ તેમ અનન્ય આશ્રમ કહે છે. આપણે યાચક નથી. ઈશ્વર બધું જાણે છે. આપણે માત્ર તેનું નામ હૃદયમાં રાખવાનું છે.

જૈન ધર્મ અને વલ્લભદર્શન સર્વદૃષ્ટિના અનુગ્રહની દૃષ્ટિ ધરાવે છે

પૂજ્યપાદ ૧૦૮ ગોસ્વામીજી શ્રી શ્યામ મનોહરજીએ 'જૈન અને વલ્લભ તત્ત્વ મિમાંસા' વિશે જણાવ્યું હતું કે જૈનદર્શન અને વલ્લભદર્શન સર્વ દૃષ્ટિના અનુગ્રહની દૃષ્ટિ ધરાવે છે. જૈન અને વલ્લભ દર્શનમાં ઘણી બાબતોમાં સામ્ય છે. જોકે તેનું તુલનાત્મક અધ્યયન થવું જોઈએ એટલું થયું નથી. જૈનોના તીર્થંકર આદિનાથને હિન્દુ શાસ્ત્રો ભગવાન વિષ્ણુનો અવતાર માને છે. જ્યારે જૈનો શ્રીરામ અને શ્રીકૃષ્ણને જૈન માને છે. હિન્દુઓ અને વલ્લભ સંપ્રદાય ભગવાનને વિશ્વના સર્જનહાર કે જગતકર્તા તરીકે ઓળખે છે. જૈનો જેણે કેવલ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી તે અર્થમાં ભગવાનને માને છે. બ્રહ્મનો અભિગમ સર્વનામ જેવો છે. હુંનો અર્થ બોલનાર વ્યક્તિ પરથી નક્કી થાય છે. હું 'હું' બોલું ત્યારે તેનો અર્થ શ્યામ મનોહરજી થાય. જ્યારે ધનવંતભાઈ બોલે ત્યારે 'હું'નો અર્થ ધનવંતભાઈ થાય. જે બોલે એનું માથું એ સમજવાની જરૂર હોય છે. તેના માટે અનેકાંતવાદ જ કામ આવે. અનેકાંતવાદમાં પહેલાં સપ્તભંગિ ન્યાય નહોતો. તે પછી ઉમેરાયો હતો. દરેક વસ્તુ બીજી વસ્તુ સાથે ભિન્ન, અભિન્ન અને ભિન્નાભિન્ન હોઈ શકે કે નહીં તે કહી શકાતું નથી.ત્યારપછી ચોથી શક્યતા એ છે કે તે કહી શકાય નહીં. તેને અવક્તવ્યવાદ કહે છે. વેદમાં આ બાબતને તાદાત્મ્યવાદ કહ્યો છે. વેદનો સ્પષ્ટ સિદ્ધાંત છે કે બ્રહ્મને નકારવાથી અથવા ડીનાયલ કરવાથી તેમ થતું નથી. તેના કારણે તમે પોતાને જ ડીનાય કરો છો. જગતમાં નામ, રૂપ અને કર્મ છે તેને ધારણ કરનારું છે તે બ્રહ્મ છે. વલ્લભ વેદાંત અનુસાર સ્વરૂપાજ્ઞાનને લીધે અંતકરણાધ્યાસ થાય છે. મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત (બાહ્યજગત વિશેની સંવેદના) આવે છે તેના કારણે સેલ્ફ અવેરનેસ જાગે છે. તેને શાસ્ત્રો અહંકાર તત્ત્વ કહે છે. જૈન મત અનુસાર કર્મ અને જ્ઞાનના પુદ્ગલ વળગી જાય છે.

શુદ્ધ જાગૃતિને બદલે સ્વજાગૃતિ (સેલ્ફ અવેરનેસ) આવે છે. સેન્સિટીવીટી એજાઈલ થાય છે અને પછી બુદ્ધિરૂપે પ્રગટ થાય છે. વલ્લભદર્શન મુજબ પ્રકૃતિ, કાલ, કર્મ અને દ્રવ્યનું એક્સટેન્શન સત્, પુરુષનું એક્સટેન્શન ચિત્ત અને પરમાત્મા કે શ્રીકૃષ્ણનું એક્સટેન્શન આનંદ છે. વૈજ્ઞાનિકો ઈશ્વરને નકારી શકે છે પણ બ્રહ્મને નકારી શકતા નથી. આપણે વિવિધ પ્રયોગશાળામાં ટેસ્ટ કરાવીએ પછી તે બધા રિઝલ્ટનો સમાહાર કરવો તે સપ્તભંગિ ન્યાય છે. બધા રિઝલ્ટનો સમાહાર તાદાત્મ્ય પેટે કરવો તે વલ્લભવેદાંતની દૃષ્ટિ છે. જૈન અને વલ્લભ વેદાંત બંને કબૂલ કરે છે કે સર્વદૃષ્ટિ અનુગ્રહ એટલા માટે આવશ્યક છે ક તત્ત્વ અનેકાંત છે. જે તત્ત્વ છે તે બાય ડીફોલ્ટ ખામીયુક્ત હોવાની શક્યતા છે. તે એક હોવા છતાં અનેક હોઈ શકે છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે તમે બુદ્ધિથી અનુભાવન કરો તો તેના માટે તે રૂપ સાચું પ્રગટ થાય છે. બીજા માટે અલગ કે ખોટું હોઈ શકે છે.

મહાયોગી શ્રી અરવિંદનું દર્શન માણસની પ્રકૃતિ બદલી શકે છે.

શ્રીમતી જ્યોતિબહેન થાનકીએ 'મહાયોગી શ્રી અરવિંદનું જીવનદર્શન' અંગે જણાવ્યું કે મહાયોગી શ્રી અરવિંદનું દર્શન ખૂબ જ વૈજ્ઞાનિક પદ્ધતિનું છે. તેમાં દર્શાવેલી સાધના વડે માણસની પ્રકૃતિ બદલાઈ શકે છે. ભારતમાં યુગોથી સાધના થતી આવી છે. આમ છતાં મનમાં તારું-મારું, સંકુચિતતા, પૂર્વગ્રહ અને ઈર્ષ્યા જેવા ભાવો રામાયણ-મહાભારતના કાળથી યથાવત્ છે. શરીર માટે જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ યુગોયુગોથી છે. તે રીતે શરીરને ભૂખ અને વાસના પણ છે. તપશ્ચર્યા છતાં તેમાં બદલાવ આવ્યો નથી. મહાયોગી અરવિંદ કહે છે કે પ્રકૃતિ બદલી શકાય છે. તેના માટે સાધના છે. મહાયોગી અરવિંદનું દર્શન સમજવા માટે સાત બાબતો ઉત્ક્રાંતિ, અતિમનસ, આરોહણ, અવતરણ, રૂપકીર્તન, દિવ્યજીવન અને પૂર્ણયોગને જાણવી જોઈએ. વૈજ્ઞાનિકો કહે છે કે મનુષ્ય એ ઉત્ક્રાંતિનું સહુથી વિકસિત પ્રાણી છે, તે ઉત્ક્રાંતિનું અંતિમ સોપાન છે. મહાયોગી અરવિંદ કહે છે કે પરમાત્મા પૂર્ણ છે. તેથી પરમાત્માના સર્જન આપણે અપૂર્ણ હોઈ શકીએ નહીં. આપણે હજી વચગાળાનું પ્રાણી છીએ. આપણે હજી આગળ ધપવાનું છે. તેમાં કદાચ હજી એક હજાર વર્ષ પણ લાગી શકે. અતિમનસ (સુપ્રામેન્ટલ) એ મહાજટિલ તત્ત્વ નથી. પણ પરમાત્માની ચેતના છે. તેમાં પ્રેમ, આનંદ, જ્ઞાન, શક્તિ અને પૂર્ણતા છે. પરમાત્માની એ ચેતના સુધી આપણું આરોહણ થાય. સચ્ચિદાનંદ એ દિવ્ય ચેતનાની સ્વાભાવિક શક્તિ છે. બધા જ ધર્મો અને દર્શનો બધા લોકો પરમાત્માને ગોતવા ઉપર ચડે છે. પરમાત્માનો અંશ તો આપણામાં રહેલો છે. આપણે કોઈપણ માર્ગે આપણી અંદર રહેલા પરમાત્મા સાથે અનુસંધાન સાધવાનું છે. આપણી અંદર રહેલા નિસ્વાર્થ પરમતત્ત્વના અંશ સાથે એકતા સાધવાની છે. પ્રાર્થના દ્વારા ભગવાનની પૂર્ણ ચેતના સાથે એકરૂપ થવાનું છે. આપણે ભગવાનનું જીવનમાં અવતરણ કરવાનું છે. તેમને જીવનમાં ઉતારવાના છે. તેનાથી જ મન દિવ્ય અને જ્યોતિર્મય બનશે. પ્રાણમય પુરુષ ભગવાનની સીધી શક્તિ બનશે. તેથી દોષનું દ્રવ્ય બદલાશે. પરમાત્માની શક્તિમાં વિભાજન થશે. ઈશ્વરની શક્તિ જીવનમાં ઉતારશું તો મૃત્યુનો ભય નહીં હોય. જીવન તેજોમય બનશે અને શરીર દિવ્ય બનશે. મહાયોગી અરવિંદનું અવસાન પાંચમી ડિસેમ્બર, ૧૯૫૦ના દિવસે થયું. ત્યારપછી પાંચ દિવસ સુધી તેમાં વિઘટનની પ્રક્રિયા શરૂ થઈ નહોતી એમ ફ્રેન્ચ તબીબો કહે છે. યોગ એ વ્યક્તિનો નહીં પણ સમષ્ટિનો છે. આખી માનવચેતનનો યોગ છે. તેમાં હજારો વર્ષો પણ નીકળી જાય. દિવ્યચેતના સામૂહિક રીતે કાર્ય કરે. વધુમાં વધુ લોકો તેના પ્રત્યે જાગૃત થાય. આપણે કદાચ ૩૦ નહીં પણ ૩૦૦ જન્મો સુધીમાં પૂર્ણયોગ સુધી પહોંચી શકીએ.

ધર્મનું આચરણ જીવનના દરેક ક્ષેત્રમાં ભેળવો

ડૉ. થોમસ પરમારે 'ઈસુના ગિરિ પ્રવચનો' અંગે જણાવ્યું હતું કે જો લૂણ અલૂણુ થાય તો તે કશા કામનું રહેતું નથી. મીઠું ખારાશ ગુમાવે તો તેને રસોઈમાં ભેળવવાનો અર્થ નથી. આપણે ધર્મનું આચરણ દરેક ક્ષેત્રમાં ભેળવવું જોઈએ. તેને દરેક ક્ષેત્રમાં ન ભેળવીએ તો ધર્મનો અર્થ રહેતો નથી. ખ્રિસ્તી ધર્મ ક્ષમાનો ધર્મ છે. માફી માંગનાર માટે શરત એ છે કે તેણે પણ બીજાઓને માફ કરી દેવા. તેથી તેને ૧૦૦ ટકા માફી મળી શકે. જૈન ધર્મની જેમ ખ્રિસ્તી ધર્મમાં પણ ભગવાન ઈસુએ અપરિગ્રહની વાત કરી છે અને તેઓએ પૃથ્વી ઉપર સંપત્તિનો સંગ્રહ કરવાની મનાઈ કરી છે. પૃથ્વી ઉપરની સંપત્તિની ચોરી થઈ શકે છે. સંપત્તિનો સંગ્રહ સ્વર્ગમાં કરવો જોઈએ. પરમેશ્વર અને પૈસા એમ બે માલિકની સેવા કરવાથી મુશ્કેલી થાય છે. મહેનતમાં શ્રદ્ધાનું પરિબળ ઉમેરાવું જોઈએ. આપણે ઈશ્વર પાસે આજ માટે બે રોટલા માગવા જોઈએ. કોઈ પિતા કે ઈશ્વર તેના સંતાન રોટલા માગે અને પથ્થર આપે એ બની શકે નહીં. આ વાત ભિખારીવેડાની નહીં પણ શ્રદ્ધાની વાત છે. પ્રભુ તરફ જનારો માર્ગ સાંકડો છે અને ત્યાં જનારા પણ ઓછા છે. જે રીતે વૃક્ષ તેના ફળથી ઓળખાય છે તે રીતે આપણા કર્મ અને વાણીથી હૃદય ઓળખાય છે એમ ડૉ. થોમસ પરમારે ઉમેર્યું હતું.

હૃદય, બુદ્ધિ અને હાથ કેળવાય એવા શિક્ષણની હિમાયત ગાંધીજીએ કરી હતી

ગુજરાતના વિદ્યાપીઠના ઉપકુલપતિ ડૉ. સુદર્શન આયંગરે 'ધર્મ અને શિક્ષણ' અંગે જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજીએ વ્યક્તિ કેળવાય એવા શિક્ષણની તેમની કલ્પના હતી. જો કે આપણે અમેરિકાની

સદાચરણમાં જીવન વિતાવનાર દીર્ઘજીવી હોય છે. એનાં સંતાન પણ એને સુખ આપનારાં હોય છે. એ ધન-સંપત્તિ પણ પ્રાપ્ત કરે છે. ખરાબ લોકો એની સંગતમાં આવે તો તેઓનું આચરણ પણ સુધરી જાય છે.

યુનિવર્સિટીમાં એમ.બી.એ.માં પ્રવેશ અને તેના માટે વીઝા મળે એ માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ એવી સ્થિતિ ઉભી થઈ છે.

ધર્મનો અર્થ શરીરનો ઉપયોગ આત્મા માટે અને શ્રદ્ધાનો ઉપયોગ સમાજ માટે કરવો. ધર્મની આ ભાવનાને આપણે શિક્ષણમાંથી કાઢી નાંખી છે. ગાંધીજીએ કહ્યું હતું કે મારા માટે ચારિત્ર નિર્માણ મહત્ત્વનું છે. આજે આપણે ધર્મનું શિક્ષણ લાવવું હોય તો શિક્ષણ બદલવું પડે.

હૃદયને કેળવવા ચરિત્રનું બળ મળે. જીવતા જીવનની સાથે જ મૂલ્યો સ્થપાય. ધર્મ, બુદ્ધિ અને કર્મને કમ્પાર્ટમેન્ટમાં વહેંચશો તો વિવેક ગુમાવશો. હૃદય, બુદ્ધિ અને હાથ યોગ્ય રીતે કેળવાય એ જ સાચું શિક્ષણ છે. આપણા કેટલાક સંપ્રદાયો શાળા ચલાવે છે પણ શિક્ષણ અંગ્રેજીમાં આપે છે. વાલીઓના આગ્રહને કારણે અંગ્રેજીના માધ્યમને અપનાવાય છે એમ તેના સંચાલકો કહે છે. આપણે ભૂલા પડ્યા છીએ. વ્યક્તિને એક ભાષા આવડે એટલે બીજી આવડે જ. આપણે આપણી ભાષામાં જ્ઞાન પેદા કરવાનું બંધ કર્યું છે. આપણે આત્મવિશ્વાસ ખોઈ બેઠા છીએ. ધાણી ફૂટે એમ અંગ્રેજી બોલે તેનાથી આપણે પ્રભાવિત થઈએ છીએ. તેમાં અંદર શું છે તે જોવાનું ભૂલી ગયા છીએ. અમે ગુજરાત વિદ્યાપીઠમાં અનુવાદ સંસ્થાન શરૂ કર્યું છે. તે બીજી ભાષાના સારા પુસ્તકો-ગ્રંથોનો ગુજરાતીમાં અનુવાદ કરે છે. આપણે મૂળ છોડશું તો બધું છૂટશે. આપણે તત્ત્વ છોડીને તંગ પર આધાર રાખીએ તે પણ ખોટું છે.

ઈકો ફ્રેન્ડલી થવાનો અર્થ સાચા શ્રાવક બનવાની દિશામાં પ્રયત્ન

ચિંતક ડૉ. ગુણવંત શાહે 'શ્રાવક હોવાનો વિશેષાધિકાર' વિશે જણાવ્યું કે જૈનોએ જિન એન્વાયરમેન્ટ એટલે પર્યાવરણ સર્જવાનું છે. તમે કીડામાંથી બનેલા સિલ્કના વસ્ત્રો કે બાળમજૂરોએ તૈયાર કરેલા ગાલીચા વાપરવાનું બંધ કરશો તે દિવસે ઈકોફ્રેન્ડલી બનશો. ફ્રાન્સમાં આઠ ટકા મુસ્લિમો છે. તેમાં જેલમાં વસતા મુસ્લિમોની સંખ્યા ૪૯ ટકા છે. ત્યાં અહિંસાની પ્રશંસા થઈ નથી તેથી આમ બન્યું છે. જૈન ધર્મમાં અહિંસાની પ્રશંસા થઈ છે તેથી જિન પર્યાવરણ ફેલાય તો વિશ્વમાં યુદ્ધ અશક્ય બને.

જે દિવસે આપણે ઈકોફ્રેન્ડલી થશું એ દિવસે સાચા શ્રાવક બનવાની દિશામાં પ્રયત્ન કરશું. યુરોપમાં એક વર્ગ એવો છે કે જે ડેરીના ઉત્પાદનોનો ઉપયોગ કરતો નથી. તેઓ પણ યુરોપના જૈન છે એમ કહી શકાય. વૈષ્ણવજન શબ્દ એ વૈષ્ણવોનો ઇજારો નથી. તે રીતે શ્રાવક શબ્દ પર પણ જૈનોનો ઈજારો નથી. તેને ચોક્કસ ધર્મ સાથે નિસ્બત નથી. અહીં કોન્સેપ્ટનું ખાસ મહત્ત્વ છે. એક મુસ્લિમ પણ સાચો શ્રાવક હોઈ શકે છે. સૂરતમાં રાંદેરમાં મારા ઘર પાસે દાયકા પહેલાં નૂરા ડોસા નામક મુસ્લિમની દુકાન હતી. તેની દુકાને નાના બાળકને પણ વસ્તુ લેવા મોકલો તો તે છેતરાય નહીં. તેથી નૂરા ડોસા શ્રાવક અને તેનું દુકાન મંદિર કે દેરાસર એમ કહેવામાં મને સંકોચ થતો નથી. હું પોતે પણ શ્રાવક બનવા મથી રહેલી વ્યક્તિ છું. હિન્દુ સંસ્કૃતિની આશ્રમવ્યવસ્થા એ વિશ્વને અપાયેલું મહત્ત્વનું પ્રદાન છે. તેમાં બાળાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ કરતાં ગૃહસ્થાશ્રમનું વિશેષ મહત્ત્વ છે. ગૃહસ્થાશ્રમને લીધે શેષ ત્રણ આશ્રમ ટકી રહ્યા છે. જે સંસારી ગૃહસ્થનું મોઢું શ્રમણ તરફ છે તે શ્રાવક છે. આ ગૃહસ્થાશ્રમ એ તપસ્વી શ્રાવકનું સન્માન છે. શ્રાવકે લઘુતાગ્રંથી રાખવાની જરૂર નથી. શ્રાવકોને લીધે જ બિશપ, મહારાજ અને મહારાજ સાહેબનો પરિશુદ્ધ અપરિગ્રહ ટકી રહ્યો છે. શ્રાવકોના સમ્યક્ પરિગ્રહને લીધે જ મહારાજ સાહેબનો અપરિગ્રહ ટકી શક્યો છે. શ્રાવક વેપારી, એન્જિનિયર કે ડૉક્ટર ન હોય તો કોઈપણ સાધુસંતો ટકી ન શકે. ૨૬૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે નિર્ગ્રંથ પ્રવચનમાં ત્રણ શીખામણ આપી છે. પહેલું, શ્રાવકોએ ત્રાજવાની દાંડી સાથે ચેડાં કરવા નહીં. બીજું, જે માલ બતાવો તે પેક કરીને આપવો. (પેક શબ્દ મેં ઉમેર્યો છે.) ત્રીજું, થાપણે મૂકાયેલી ચીજ સાથે રમત કરશો નહીં. હાલની પરિસ્થિતિ જોઉં છું ત્યારે મને લાગે છે ૨૬૦૦ વર્ષમાં આપણે સુધર્યા નથી. ભગવાન મહાવીરે આ શીખામણ શા માટે આપવી પડી? આપણા દેશમાં કોલ-ગેટ કૌભાંડ થાય છે, ચૂંટણી લડનારને ભ્રષ્ટાચારના ડુંગર ઉપર ઊભો હોય એવું લાગે છે. દહેજ માટે પરીણિતાને સળગાવી મૂકવામાં આવે છે અને બે પ્રેમીઓ એક જ્ઞાતિના નથી એટલે વડીલો તેઓને પરણવા દેતા નથી. આ બધી બાબતોથી હું ખિન્ન થઈ જાઉં છું. તેના કારણે મને લાગે છે કે આ દેશમાં આધ્યાત્મિકતા માટે અવકાશ નથી. થોડા સમય પહેલાં રાજકોટ જતાં માર્ગમાં સાયલામાં રાજચંદ્ર આશ્રમમાં રોકાવાનું થયું હતું. ત્યાં પહોંચ્યો ત્યારે લગભગ ૧૦૦ જેટલા લોકો હાજર હતા. આશ્રમના સંચાલકે મને થોડું વક્તવ્ય આપવાની વિનંતી કરી અને કહ્યું અહીં ૧૦૦ જેટલા મોક્ષાર્થી તમને સાંભળવા ઉત્સુક છે. મેં સ્પષ્ટપણે કહ્યું કે હું મોક્ષાર્થી નહીં પરંતુ જીવનાર્થી છું. મારા પગના અંગુઠા પાસે એટલે કે મારી સમક્ષ અનેક સમસ્યા છે. આ સંજોગોમાં હું કેવી રીતે મોક્ષાર્થી થઈ શકું? આ ઓરડાને સાફ કરવો છે એ ઝાડુવાળો કહે તો તે વૈતરું છે. આ ઓરડો સાફ કરવાનો મારો વિશેષાધિકાર છે એમ તે કહે તો શ્રાવક છે. જૈનોમાં અહિંસા ઓતપ્રોત છે. જે રીતે લોહીમાં હિમોગ્લોબિન છે તે રીતે જૈનોમાં અહિંસા વહે છે. **(ક્રમશઃ)**

* * *

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

રૂા.	નામ
૨૫૦૦૦	શ્રી ધીરેનભાઈ નગીનદાસ શાહ
૨૫૦૦૦	

સંઘ આજીવન સભ્ય પૂરક રકમ

રૂા.	નામ
૪૫૦૦	શ્રી શશીકાન્ત એચ. સંઘવી
૪૫૦૦	

જયભિખ્ખુ જીવનધારા : ૪૫

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[મૂલ્યનિષ્ઠ સાહિત્યના સર્જક જયભિખ્ખુ લાગણીના અને ડાયરાના માનવી હતા.એ કલમથી સ્નેહ, મૈત્રી, માનવતા, નારીસન્માન અને દેશપ્રેમનો સંદેશો આપતા રહ્યા ! એમણે એને આચરણમાં ઉતાર્યો હતો. આવા સર્જકના વિશિષ્ટ અનુભવો વિશે જોઈએ આ પિસ્તાલીસમા પ્રકરણમાં.]

અ

૧૯૬૧માં એક વહેલી સવારે જયભિખ્ખુએ મને કહ્યું, 'અમદાવાદના ટાઉનહૉલમાં જાદુગર કે. લાલનો શો ચાલે છે. હું અને મારા મિત્ર નાનુભાઈ એ શો જોવા માગીએ છીએ, તો તું આજે કૉલેજ જાય ત્યારે રસ્તામાંથી શોની બે ટિકિટ લેતો આવજે.'

પિતાશ્રી જયભિખ્ખુની વાત સાંભળીને મને પારાવાર આશ્ચર્ય થયું. તેઓ બાળપણમાં વિંછિયા કે બોટાદમાં ભવાઈના વેશ જોવા જતા હતા. યુવાનીમાં ફિલ્મો જોવાનો ઘણો શોખ હતો. અઠવાડિએ એકાદ ફિલ્મ તો જુએ જ. અમદાવાદમાં સરકસ આવે ત્યારે મને લઈને સરકસના ખેલો જોવા જતા, પરંતુ જાદુના શો જોવાની વાત એમણે પહેલી વાર કરી.

મેં આશ્ચર્ય સાથે પૂછ્યું, 'ખરેખર તમે કે. લાલના જાદુના પ્રયોગો જોવા માગો છો ?'

એમણે કહ્યું, 'હા, મારી તીવ્ર ઇચ્છા છે, કારણ કે મારા મિત્ર ઈશ્વર પેટલીકર અને પીતાંબર પટેલ એ જોઈ આવ્યા. એમણે એમની જાદુકલાની પ્રશંસા કરી છે. સ્વયં કે. લાલે શોમાં આવવાનું નિમંત્રણ પણ પાઠવ્યું હતું. પરંતુ હું ન જઈ શક્યો, પણ હવે બધાની વાત સાંભળતાં મનમાં ઇચ્છા જાગી છે, તેથી ટિકિટ લઈ આવ.'

એમણે મંગાવેલા શોની આગળની હરોળની ટિકિટ વેચાઈ ગઈ હતી. અમદાવાદના કલાના ચાહકોમાં કે. લાલે ઘણું આકર્ષણ જગાવ્યું હતું. છેક અઢારમી હરોળની ટિકિટ મળી અને બે ટિકિટો લઈને આવ્યો. એ પછી જયભિખ્ખુ અને એમના મિત્ર નાનુભાઈ શાસ્ત્રી સ્કૂટર પર બેસીને ટાઉનહૉલ પર ગયા.

જયભિખ્ખુના મિત્ર નાનુભાઈ શાસ્ત્રી ઉચ્ચ કક્ષાના સાધક હતા. વર્ષો સુધી શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં રહ્યા હતા. એમણે લગ્ન કર્યાં નહોતાં અને એમને ત્યાં માતા આનંદમયી અને મહંત શાંતિપ્રસાદજી જેવા સંતો આવતા અને એમના વિશાળ પ્રાર્થનાખંડમાં પ્રવચન આપતા. બંને મિત્રો સાથે હોય ત્યારે નાનુભાઈ મોટે ભાગે મૌન રાખે. આમેય બહુ ઓછું બોલે. વાતચીત કરવાનો દોર જયભિખ્ખુ સંભાળે. પણ આ બંનેની સ્કૂટરની સવારી એવી કે ક્યારેક એ 'ગુજરાત સમાચાર'ના તંત્રીશ્રી શાંતિભાઈ શાહને મળવા જાય, ક્યારેક સાથે શારદા મુદ્રણાલયમાં જાય અને ક્યારેક આવા શો જોવા પણ જાય.

મહાન જાદુગર કે. લાલે એમની આગવી છટાથી શોનો પ્રારંભ કર્યો અને મોટા ધડાકા સાથે શો પર પ્રવેશ કરવાની ક્ષણે જ તેઓ સભાગૃહમાં ચોતરફ નજર ફેરવી લેતા. જાણે દર્શકો પર પોતાની નજરનું કામણ ન કરતા હોય !

શોના પ્રારંભ થતાં કે. લાલે ટાઉનહૉલના વિશાળ સભાગૃહમાં એક નજર ફેરવી. સામે બેઠેલા અને ઉપર બાલ્કનીમાં બેઠેલા પ્રેક્ષકો તરફ ચમકતી આંખે મીટ માંડી અને આ જાદુગરની આંખ સહેજ થંભી ગઈ. એમણે મનોમન વિચાર્યું કે આ અઢારમી હરોળમાં બેઠેલી વ્યક્તિ જયભિખ્ખુ તો નહીં હોય ને ! ફરી પડદા પાછળ ગયા બાદ જરા ધ્યાનથી નજર ફેરવી. એમણે જયભિખ્ખુને એક વાર અલપઝલપ જોયા હતા. કલકત્તાની સાહિત્ય પરિષદમાં એ જયભિખ્ખુને મળવા ગયા, ત્યારે એમને જવાબ મળ્યો હતો કે, 'જુઓ ! પેલી બાજુ બાલાભાઈ દેસાઈ બેઠા છે.' કે. લાલને મળવું હતું જયભિખ્ખુને અને એમણે બાલાભાઈ દેસાઈ બતાવ્યા ! તેઓ 'જયભિખ્ખુ' એ એમનું તખલ્લુસ છે એવું જાણતા હતા પણ એમની કલ્પના એવી હતી કે જયભિખ્ખુ એ તો કોઈ મોટી ઉંમરના ધોળી દાઢીવાળા આશ્રમવાસી હશે. (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા, પૃ. ૧૩૬)

કે. લાલે જયભિખ્ખુના ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં. એ પુસ્તકમાં આવતી છબી એમના મનમાં જડાઈ ગઈ હતી. એમની 'વાચનમાળા'ની નાની નાની પુસ્તિકામાં આલેખાયેલાં ચરિત્રો કે. લાલે રસપૂર્વક વાંચ્યાં હતાં. એ પુસ્તકની સાથે એના સર્જકની છબી પણ એમના મનમાં અંકિત થઈ ગઈ હતી.

પડદા પાછળથી જોતાં એમને લાગ્યું કે આ એ જ એક વાર અલપઝલપ અને સદાય છબીમાં જોયેલા જયભિખ્ખુ અઢારમી રોમાં બેઠેલા લાગે છે. એમણે આઈ.એન.ટી.વાળા શ્રી મનસુખ જોશીને બોલાવ્યા અને કહ્યું, 'મને પેલી હરોળમાં બેઠેલા જયભિખ્ખુ હોય એવું લાગે છે. તમને શું લાગે છે ?'

મનસુખ જોશીએ એ બાજુ મીટ માંડી અને કહ્યું, 'હા, એ જયભિખ્ખુ' છે.'

આ સમયે વિશ્વના સૌથી ઝડપી જાદુગર કે. લાલના એક પછી એક જાદુના ખેલ પ્રસ્તુત થઈ રહ્યા હતા અને એમની વચ્ચે આ તૂટક તૂટક સંવાદ ચાલતો હતો. એમની સૂચનાને પરિણામે હૉલનો એક કાર્યકર્તા જયભિખ્ખુ પાસે ગયો અને એમને અને એમના મિત્રને અઢારમી હરોળમાંથી ઊભા કરીને પહેલી હરોળમાં બેસાડ્યા. સર્જક જયભિખ્ખુ તો કે. લાલની એકેએક છટા, એમની ત્વરા અને એમની પ્રસ્તુતિ જોઈને પ્રસન્ન થઈ ગયા, પરંતુ સાથોસાથ કે. લાલને પણ એક એવો અનુભવ થયો કે જાણે એમની સમક્ષ જીવનમાં સાહિત્યનો આનંદ આપનાર જ નહીં, બલ્કે જીવનઘડતર કરનારા કોઈ ગુરુ ઉપસ્થિત ન હોય ! એ ક્ષણે કે. લાલને એમ થયું કે આ જાદુગરના વેશમાં જ દોડીને એમની

પાસે પહોંચી જાઉં અને એમને આદરપૂર્વક વંદન કરું. પરંતુ એમણે પોતાની જાત પર સંયમ રાખ્યો. એમ થયું કે ચાલુ શો દરમિયાન આમ દોડી જવું બરાબર નથી. એને બદલે શો પૂર્ણ થયા પછી નિરાંતે મળીશ.

આ સંદર્ભમાં શ્રી કે. લાલે ગુજરાતના પ્રસિદ્ધ લેખક શ્રી રજનીકુમાર પંડ્યાને કહ્યું હતું, 'મને લાગે છે કે એ વખતે મારામાં કદાચ ભક્તની ભગવાન પ્રત્યેની ભાવ-ઉત્કટતા આવી ગઈ.'

જયભિખ્ખુએ આ શો ભરપૂર માણ્યો. કે. લાલની જાદુકલાના એક એક ખેલને એમણે તાલીઓથી વધાવ્યો. એમની સાથે એમના સાથી સાધક શ્રી નાનુભાઈ શાસ્ત્રી પણ એના આનંદમાં ડૂબી ગયા. શો પૂરો થયો. પ્રેક્ષકો હૉલની બહાર જવા લાગ્યા અને કે. લાલના એક સાથી જયભિખ્ખુ પાસે આવ્યા.

'લાલસા'બ આપકો અંદર બુલાતે હૈ.' અને પછી એ આદરપૂર્વક જયભિખ્ખુને કે. લાલ પાસે લઈ ગયા.

કે. લાલ હજુ જાદુગરના ચમકદાર વસ્ત્રોમાં હતા. ચહેરા પર મેક-અપ હતો. જયભિખ્ખુને જોતાં જ એમના ચરણસ્પર્શ કરવા માટે એ નીચા નમ્યા. જયભિખ્ખુએ એમને બે હાથથી પકડી લેતાં કહ્યું, 'તમારા જેવા કલાકારનું તો મારે સન્માન કરવાનું હોય. તમે આવું માન કેમ આપો છો ? તમારી કલાસાધના જોઈને હું આફરીન થઈ ગયો છું.'

કે. લાલે કહ્યું, 'કલકત્તામાં સાહિત્ય પરિષદ વખતે એક વાર આપને અલપઝલપ જોયા હતા, પરંતુ આપની કલમ પર હું એથીય વધુ આફરીન થયો છું. અમે ભલે જાદુગર હોઈએ, પણ તમે તો જાદુગરના ય જાદુગર છો. મારા જીવનમાં ઘણાં સર્જકોનાં પાત્રો સાથે હું એકરૂપ બન્યો છું. પરંતુ આપની વાર્તાઓમાં જેવી માનવતાની સુગંધ મહેકતી જોઈ છે એવી મને બીજે ક્યાંયથી મળી નથી. એમાંથી બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના અને બીજાના સુખે સુખી કેમ થવું તેનું જ્ઞાન મને તમારી કથાઓમાંથી મળ્યું છે. એમાંથી મળતો માનવીમાંથી માનવ બનવાનો સંદેશ મારા જીવનનો આદર્શ છે.'

કે. લાલના ચહેરા પર પોતાના આદર્શને મળ્યા હોય એવી પ્રસન્નતા હતી. એમના અવાજમાં આનંદનો રણકાર હતો, તો એમના શબ્દોમાં કોઈ નવીન ઉત્સાહ પ્રગટતો હતો.

જયભિખ્ખુએ પણ કોણ જાણે વર્ષોનો પરિચય હોય એ રીતે કે. લાલને બાથમાં લીધા. એમને એટલી બધી શાબાશી આપી કે કલ્પના પણ ન આવે. એમણે કહ્યું, 'તમને જોઈને તો એક શાયરનો શેર જ કહેવાનું મન થાય :

'તેરે નામ પર નૌજવાની લૂંટા દૂં,
જવાની નહિ જિંદગાની લૂંટા દૂં.'

'આવું ન કહેશો બાલાભાઈ, હું તમારી આગળ બાળક છું. તમે મારા સંસ્કારદાતા મુરબ્બી છો. મારી પાસે હાથની કરામત છે, તમારી પાસે કલમનો જાદુ છે.'

બંને વચ્ચે ઘણી વાતો થઈ. થોડીવારમાં તો આત્મીયતા સધાઈ ગઈ. બહાર કે. લાલના સાથીઓ તેમની રાહ જોઈને બેઠા હતા. બીજા અન્ય પરિચિતો પણ કે. લાલને મળવા આવ્યા હતા, પરંતુ કે. લાલે સહુને કહ્યું, 'આજે તમને કોઈને હું મળવાનો નથી. જેમને મળવાની મેં વર્ષોથી ઝંખના રાખી હતી, તે મને આજે સાક્ષાત્ મળ્યા છે.'

નાનુભાઈ શાસ્ત્રીએ ઊભા થવાની તૈયારી કરી, તો કે. લાલે ફરી એમને બેસાડ્યા અને કહ્યું, 'નાનુભાઈ, આજે ઉતાવળ ન કરશો, કારણ એટલું જ કે આ મારા એવા લેખક છે કે જેમણે મને જીવન આપ્યું છે. બાળપણમાં શ્રી રમણલાલ વ. દેસાઈની નવલકથાઓ વાંચતો, ત્યારે એમનાં પાત્રો જેવા બનવાનું મન થતું. ગુણવંતરાય આચાર્યની નવલકથા વાંચતાં સમુદ્ર ખેડવાની ઇચ્છા થતી. ઝવેરચંદ મેઘાણીની કોઈ વાર્તા કે કાવ્ય વાંચતાં મનમાં શૌર્યરસ ઊભરાતો હતો. મને બાળપણમાં રહસ્યકથાઓ વાંચવાનો ભારે શોખ. ત્યારે ડર પણ લાગતો, છતાં હું પોતે ચિત્રગુપ્ત કે મનહર હોઉં તેમ તેમાં મગ્ન બની જતો. કવિ દુલા કાગનાં ગીતો સાંભળ્યાં અને મારો કંઠ સારો હોવાથી હું જાહેર કાર્યક્રમોમાં એ ગાતો પણ ખરો. પણ આ જીવનનું સંગીત તો જયભિખ્ખુભાઈ પાસેથી પામ્યો છું.'

બાજુમાં ઊભેલા મનસુખ જોશીએ આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું, 'લાલસાહેબ, હજી તમે માંડ જયભિખ્ખુને ઓળખી શક્યા, તો પછી કઈ રીતે એમને પામ્યા છો ?'

કે. લાલે કહ્યું, 'જયભિખ્ખુના પુસ્તકો વાંચ્યા પછી હું વિચારમાં પડ્યો કે મારે શું કરવું જોઈએ. એના પરિણામે જ મેં જાદુકલાની બાબતમાં અલ્પ વિચાર ન કરતાં વિશાળ દિલની ભાવના રાખી. કેટલાય જાદુગરોને તૈયાર કર્યા. આજે તો આખી દુનિયામાં આ વિદ્યાની નામના થાય તે માટે પુરુષાર્થ ખેડી રહ્યો છું. મને આવી વિશાળ દૃષ્ટિ જયભિખ્ખુભાઈના સાહિત્યમાંથી મળી. (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા, પૃ. ૧૩૭)

જયભિખ્ખુએ કહ્યું, 'લાલ, જો સમય હોય તો કાલે નિરાંતે સાથે ભોજન લઈએ. તમે આવશો ને !'

કે. લાલે કહ્યું, 'ભગવાન બોલાવે અને ભક્ત ન આવે એવું બને ખરું ? જરૂર આવીશ.'

અને એક એવો સંબંધ બંધાયો કે જે અવ્યાખ્યેય છે. એની કોઈ વ્યાખ્યા થઈ શકે તેમ નથી. એમાં લોહીની સગાઈનો કશો સંબંધ ન હોવા છતાં દિલની અતૂટ સગાઈ સર્જાય છે. એમની વચ્ચે કોઈ જોડનારો સંબંધ તંતુ નહોતો, છતાં સ્નેહના અતૂટ તાંતણા બંધાયા. કે. લાલ વસે કલકત્તામાં અને જયભિખ્ખુ અમદાવાદમાં. એમના કુટુંબની પણ કોઈ વ્યક્તિનો પરિચય નહીં અને છતાં એક એવો સંબંધ સર્જાયો કે જેમાં કે. લાલને દુ:ખ થાય અને જયભિખ્ખુની આંખો રડે. જયભિખ્ખુ કોઈ સલાહ આપે તો કે. લાલ એને તત્કાળ શિરોધાર્ય કરે. ભવોભવના ઋણાનુબંધ જેવો એક વિરલ સંબંધ સર્જાયો.

કે. લાલ જે કોઈ શહેરમાં શો કરે, ત્યાં પહેલું કામ કલાકારોને નિમંત્રણ આપવાનું કરે. એ સાહિત્યકાર હોય, રંગભૂમિનો કલાકાર હોય કે પછી ફિલ્મનો અદાકાર હોય. આને પરિણામે ગુજરાતી સાહિત્યના અનેક સર્જકો સાથે એમને પરિચય થયો. ધૂમકેતૂ, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ, પન્નાલાલ પટેલ, બચુભાઈ રાવત જેવી ઘણી વ્યક્તિઓ કે. લાલના શોમાં આવી, કે. લાલ એમને મળ્યા પણ કોઈ એવો સંબંધ રચાયો નહીં કે જે જીવનભર ટકી રહે. જયભિખ્ખુ

અને કે. લાલ વચ્ચે અતૂટ સંબંધ સર્જાયો. એકબીજા પર સતત સ્નેહવર્ષા કરવાનો ભાવ બંનેના હૃદયમાં અવિરત અને અસ્ખલિત વહેતો હતો. એમાં કોઈ સ્વાર્થ નહીં, કોઈ ઇચ્છા નહીં, કશી પ્રાપ્તિની કામના નહીં. માત્ર પરસ્પર પર સ્નેહવર્ષા કરવાની તત્પરતા.

જયભિખ્ખુના કાને કે. લાલનું નામ પડતાં જ એમના હૃદયનો આનંદ ઉછળી પડતો અને કે. લાલ જયભિખ્ખુને જોતાં જ એમની સાથે જીવનના રાહબર તરીકે માથું ઝુકાવીને વાત કરતા.

અમદાવાદની આ મુલાકાત પછી જયભિખ્ખુએ કે. લાલ સાથે કલાકો ગાળ્યા. એમણે જાદુકલા વિશે 'ગુજરાત સમાચાર'માં લેખો લખ્યા. જનસમૂહને આ કલા વિશે માન જાગે તેવા પ્રયત્નો કર્યા. જયભિખ્ખુના ડાયરામાં કે. લાલનો મહિમા થવા લાગ્યો. શ્રી ઝવેરચંદ મેઘાણી, ધૂમકેતૂ, દુલા કાગ, મેરુભા ગઢવી, રતિકુમાર વ્યાસ, જામનગરના અણદાબાવા આશ્રમના મહંત શાંતિપ્રસાદજી એ સહુનો સંગ અને સત્સંગ જયભિખ્ખુના ડાયરામાં શ્રી કે. લાલને મળ્યો. કે. લાલ આવે ત્યારે જયભિખ્ખુ એમના નિવાસસ્થાને સહુ મિત્રોને જમવા નોતરે અને એ સમયે સહુની સમક્ષ તેઓ કે. લાલની ઊલટભેર વાતો કરે.

એ સમયે જાદુકલાને કોઈ આદરની નજરે જોતું નહીં. રસ્તા પર ડુગડુગી બજાવતા મદારીનો ખેલ માનતા હતા. જયભિખ્ખુએ કે. લાલની જાદુકલામાં કલાનાં દર્શન કર્યાં. ભારતની આ કલામાં એના ઊજળા ઇતિહાસ વિશે સહુને જાગૃત કર્યા. ખુદ કે. લાલે સ્વીકાર્યું કે 'જયભિખ્ખુને કારણે હું મદારીને બદલે કલાકારનો દરજ્જો મારામાં વાંચતાં શીખ્યો.' (શ્રી રજનીકુમાર પંડ્યા, 'ગુલમહોર' કોલમ, 'ગુજરાત સમાચાર', ૨૮ ડિસેમ્બર, ૧૯૮૬.)

પછી તો કે. લાલે જયભિખ્ખુ સમક્ષ એમની આગળ જાદુકલાનો સમગ્ર ઈતિહાસ પ્રગટ કર્યો. પોતાના જીવનના અનુભવો વર્ણવ્યા અને જયભિખ્ખુની કલમે 'જાદુકલા અને શ્રી કે. લાલ' નામે પુસ્તિકા દ્વારા વિશાળ જનસમૂહને આ કલા અને કલાકારના મહિમાની ઓળખ સાંપડી. કે. લાલના પ્રયોગોની પાછળ રહેલી વિશેષતા પ્રગટ કરી તો જીવનમાં મૂલ્યો જાળવીને કલાના ક્ષેત્રે કામ કરવાની એમની ભાવના પ્રગટ કરી.

૧૯૬૬માં કે. લાલ વિશે પરિચય આપતાં એમણે લખ્યું: 'એ પ્રાચ્ય વિદ્યાનો ગુજરાતના આ લાલે અને ભારતના મહાન કલાકારે સમુદ્ધાર કર્યો; એની પુનર્રચના કરી; ને પુનર્જીવન આપ્યું. ભારતની પ્રાચીન કલાના એક સંસ્કર્તા તરીકે અમે તેઓશ્રીનું સ્વાગત કરીએ છીએ.

શ્રી કે. લાલ પાસે આ કલા વિદ્યાનું ઉચ્ચ જ્ઞાન, સાત્ત્વિક જીવનનું ખમીર અને મધુરી જબાનનો જાદુ છે.' (જાદુકલા અને શ્રી કે. લાલ, આમુખમાંથી)

આ સંબેધ સતત વૃદ્ધિ પામતો રહ્યો. બંનેની અવારનવાર રૂબરૂ મુલાકાતો થતી, પત્રો દ્વારા ભાવોની આપ-લે થતી અને એક એવો સંબંધ સર્જાયો કે જે સંબંધ નિર્વ્યાજ સ્નેહસંબંધનું દૃષ્ટાંત બની ગયો. એક કલાકારના જીવનમાં અનેક ઝંઝાવાતો આવે છે અને એવો એક ઝંઝાવાત જાદુગર કે. લાલના જીવનમાં આવ્યો, એ સમયે જયભિખ્ખુ એમની પડખે ઊભા રહ્યા. એ ઘટના વિશે હવે પછી. ✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧ થી ૯	૫૪૦
૧૩	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૧૪	વંદનિય હૃદયસ્પર્શ	૧૫
૧૫	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૬	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૧૭	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૧૮	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૫૦
૧૯	નમો તિત્થરસ	૧૪૦
૨૦	જ્ઞાનસાર	૧૦૦
૨૧	પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩	૫૦૦
૨૨	સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪	૩૯૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૨૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૨૪	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૨૫	આર્ય વજ્રસ્વામી	૧૦
૨૬	આપણા તીર્થંકરો	૧૦૦
૨૭	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૨૮	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૨૯	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૩૦	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૩૧	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૩૨	જૈન પૂજા સાહિત્ય	૧૬૦
	ડૉ. રેખા વોરા લિખિત	
૩૩	આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ	૧૬૦

શ્રી શશિકાંતભાઈ મહેતા દ્વારા કાયોત્સર્ગ ધ્યાન ડી. વી. ડી. રૂા. ૧૦૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

પુસ્તકનું નામ : **નવપદ પ્રકાશ**
લેખક : **પ. પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.**
પ્રકાશક : **કુમારપાળભાઈ વી. શાહ**
પ્રાપ્તિસ્થાન : (૧) દિવ્યદર્શન ટ્રસ્ટ, ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા (ઉ. ગુ.)–૩૮૭૮૧૦.
(૨) દિવ્યદર્શન ટ્રસ્ટ,
કલ્પેશ શાહ, ૨૯/૩૦, વાસુપૂજ્ય બંગલો, રામદેવનગર, બાગેશ્રી પાસે,
અમદાવાદ-૩૮૦૦૧૫.
મૂલ્ય : રૂા. ૧૨૫/-, પાના : ૧૩૬, આવૃત્તિ: પ્રથમ.

અનંત ઉપકારી શ્રી જૈન શાસનમાં પરમ મંગળમય શ્રી અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ આ નવપદનો અપરંપરા મહિમા છે. મન, વચન અને કાયાથી નવપદની આરાધના, ઉપાસના અને આલંબન કલ્યાણકારી છે. મયણાસુંદરીને નવપદજી પર અપાર શ્રદ્ધા હતી. શ્રીપાળ સાથે લગ્ન થયા પછી તેણે શ્રીપાળને દેવ-ગુરુના મહિમાની વાત કરી અને બીજે દિવસે સદ્‌ગુરુ પાસે લઈ ગઈ અને ગુરુદેવે શ્રી નવપદ આરાધનાનો ઉપાય બતાવ્યો, શ્રદ્ધાપૂર્વક આરાધીને ફળ મેળવ્યું.

દર્શનશાસ્ત્ર નિપુણમતિ પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ સાહેબે, ઉપાધ્યાય યશોવિજયજીએ નવપદના અનેક માર્મિક રહસ્યો નવપદજીની પૂજામાં ભર્યા છે તે વિષય પર અર્થ–ગંભીર વાચનાઓ આપેલ. તેના ચાર પદનું લખાણ અલગ-અલગ પુસ્તક રૂપે પ્રગટ થયું તે ભક્તોએ માણ્યું. આ ચારેય પુસ્તકોનું લખાણ અને સાધુપદનું લખાણ સંગ્રહ રૂપે 'નવપદ પ્રકાશ' નામે પ્રકાશિત થયું. આ પુસ્તકની અર્થગંભીર શૈલી, વિષયમાં રસતરબોળ કરી દે છે. આ પુસ્તકમાં જૈન શાસનનો સાર અને સૂર છે.

x x x

પુસ્તકનું નામ : **ભુવનભાનુસૂરિ** શતાબ્દી સૌરભ
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : **ભુવનભાનુસૂરિજી** જન્મ શતાબ્દી મહોત્સવ સમિતિ
C/o. કુમારપાળભાઈ વી. શાહ, દિવ્યદર્શન ટ્રસ્ટ ૩૯, કલિકુંડ સોસાયટી,કલિકુંડ ,ધોળકા (ઉ.ગુ.) ૩૮૭૮૧૦.
સંકલનકાર : પ. પૂ. મુનિશ્રી સુધારસ વિજય મ.સા.

સર્જન-સ્વાગત

ડૉ. કલા શાહ

મૂલ્ય : રૂા. ૫૦૦/-, પાના : ૨૩૦, આવૃત્તિ: પ્રથમ.

આ સદીની ન ભુલાય તેવી એક વ્યક્તિ–યુગ પ્રભાવક તપોનિધિ પૂ. આ. શ્રી ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજા, ગયા વર્ષે તેમની જન્મ શતાબ્દી ઉપક્રમે જે ભવ્ય અને દિવ્ય આરાધનાઓ, શાસ્ત્ર સંપાદન-અધ્યયન, સાધર્મિક સહાય, ભારતભરમાં રથયાત્રા દ્વારા સદાચારનો પ્રચાર-પ્રસાર, ભીષ્મ તપસ્યાઓ, આરાધના ભવન, ઉપાશ્રય, આંબેલ ખાતા વગેરે સેંકડો નાના મોટા અનેક સુકૃતોએ આકાર લીધો અને તેનાથી હજારો જૈન જૈનેતરોને લાભ માળ્યો.

આ શતાબ્દી ગ્રંથ માત્ર સ્મૃતિઓનું સંગ્રહસ્થાન જ નથી પણ ભાવિ પેઢીમાં સુસંસ્કારોનું ઉત્થાન કરનાર છે. શ્રી સંઘનો ઉત્કર્ષ થાય તેવી અલગ રીતે જ ગુરુદેવની શતાબ્દીની ઉજવણી થઈ. તે ઉપરાંત જૈન શાસનના વિવિધ અંગો દ્વારા જાત જાતની આરાધનાઓ થઈ. તપ, જપ, યજ્ઞો થયા.

આ બધી ઘટનાઓ ભાવિ પેઢીની જાણમાં આવશે ત્યારે તેઓ પણ ગર્વથી મસ્તક ઊંચું રાખશે. અનુમોદના કરશે. આવા કાર્યો કરવા પ્રેરણા મેળવવા શતાબ્દી ગ્રંથના પાના ફેરવશે. આ ગ્રંથ એટલે આચાર્યો, મહાત્માઓ, શ્રાવકો, શુભેચ્છકોના સંનિષ્ઠ પ્રયાસોથી ખીલવવામાં આવેલ મઘમઘતા પુષ્પોનું ઉદ્યાન છે.

x x x

પુસ્તકનું નામ : **જેલર**
લેખક : **આ. વિ.** અભય.શેખર સૂરિ
પ્રકાશક : **ભુવને ધર્મજયકર પ્રકાશન ગિરીશભાઈ** જે. પડેચા, ૧૦૧, સમેતશિખર એપાર્ટમેન્ટ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧. ફોન નં. : ૦૨૬૧-૨૫૯૯૩૮૭
પ્રાપ્તિસ્થાન : **મનોજભાઈ,** સાઈક્લોન ઈન્ડિયા, ૨૨૫, જયગોપાળ ઈન્ડ., ભવાની શંકર રોડ, દાદર (વે.) મુંબઈ. ફોન : ૦૨૨-૩૦૪૮૪૮૩૦.
મૂલ્ય : રૂા. ૪૦/-, પાના : ૧૨૪, આવૃત્તિ: પ્રથમ, ૨૦૬૭.

કર્મવિજ્ઞાન પાછળ સો એ સો ટકા લોજિક છે પણ એ લોજિકને આજની ભાષામાં વ્યક્ત કરવાનો પ્રયાસ એટલે પ્રસ્તુત પુસ્તક 'જેલર'. મન શાંત રહેવું કે અશાંત આનો આધાર ક્યારેય પરિસ્થિતિ પર નથી હોતો. માત્ર વિચારધારા પર એનો આધાર હોય છે. કર્મનું વિપાક ચિંતન એ મનની શાંતિ અનેસ્વસ્થતાનો રામબાણ ઉપાય છે. પણ માનવીએ બુદ્ધિની બોલબાલા વધારી દીધી છે. શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહી વગોવી દીધી છે. તેથી અતીન્દ્રિય કર્મનો સ્વીકાર દુર્લભ થઈ ગયો છે. પરંતુ આ પુસ્તક દ્વારા વાસ્તવિકતાનો અનુભવ કરવા જેવો છે. આ પુસ્તક એને દૃઢ કરવામાં સહાયક બનશે એ નિ:શંક છે.

ક્ષમા-સમતા કેળવતાં કેળવતાં વીતરાગતા સાધી શકાય છે. એના સચોટ ઉપાયોને જાણવા અને જીવવા માટે આ પુસ્તક ઉપયોગી થશે.

આ પુસ્તક માત્ર જોવાનું નથી, જીવવાનું છે. માત્ર વાંચવાનું નથી, વાગોળવાનું છે. માત્ર ચાવવાનું નથી, પચાવવાનું છે.

x x x

પુસ્તકનું નામ : **તત્ત્વજ્ઞાનનાં ટીપાં**
લેખક : **ડૉ. શ્રી પ્રવીણભાઈ સી. શાહ**
પ્રકાશક : **ડૉ. કનુભાઈ શેઠ,** એલ.ડી. ઈન્ડોલોજી, નવરંગપુરા, અમદાવાદના ભૂતપૂર્વ સંશોધન અધિકારી, સમતા પ્રકાશન, આમ્રપાલી એપાર્ટમેન્ટ, સુખીપુરા, અમદાવાદ.
પ્રાપ્તિસ્થાન : (૧) **છાયાબેન પી. શાહ**
પાયલ-૯૪, લાવણ્ય સોસાયટી, નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૭.
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૮૬૦.
(૨) **પાયલ શાહ**, ૧૭/૧૮/દાણી સદન, ૧૧૩ વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦૦૦૬.
ફોન : ૨૩૬૪૫૨૮૧.

જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસુ અને દેશ-વિદેશમાં વ્યાખ્યાનમાળાના પ્રભાવક પ્રવચન દ્વારા શાસન પ્રભાવના કરવામાં લોકપ્રિય અને સુખી સંપન્ન સાહિત્યકાર ડૉ. પ્રવીણભાઈ સી. શાહના હસ્તે લખાયેલ 'તત્ત્વજ્ઞાનના ટીપાં' ભાગ-૧૧માં ૧૫ વિષયોનો જ્ઞાન ભંડાર ભરેલો છે. મોક્ષદ્વારના ચાવીનો ઝૂડો એમાં છૂપાયેલો છે.

લેખકે આ પુસ્તકમાં પ્રકટ કરેલા વિવિધ વિષયોમાં ગાગરમાં સાગર અને બિંદુમાં સિંધુ સમાયો હોય એવી ભાવના આ નિબંધો વાંચતા

થાય છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે વર્તમાન વિષય કાળમાં ભયંકર હાડમારી અને મોંઘવારીની નાગચૂડમાં ફસાયેલ દરેક જીવોને મોટા મોટા ધર્મના અનુષ્ઠાનો કરવા-કરાવવાનો ઉપદેશ આપવામાં નથી આવ્યો તે છતાં ભૌતિક આનંદના ઉપભોગમાં રાચતા આનંદી જીવનના રસિયાઓને સમજી શકાય એવી જિનકથિત તત્ત્વની વાતો સમજાવી છે.

આ પુસ્તકમાં જૈન સ્કૉલર બનવાનો ખજાનો અને આધ્યાત્મિક જીવન માણવાનો નૂસખો સમાયેલો છે.

x x x

પુસ્તકનું નામ : **આત્માનો વિકાસક્રમ**
(નિગોદથી મોક્ષ સુધીની યાત્રા)

લેખક-સંપાદક : **પૂ. મુ. સંયમકીર્તિજી મ.સા.**

પ્રકાશક : **શ્રી સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતિ-અમદાવાદ.**

પ્રાપ્તિસ્થાન : (૧) **સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદય નગર, ગ્રાઉન્ડ ફ્લોર, પહેલી પાંજરાપોળ, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૨૨૪૦૪૭૧૭.

(૧) **ચેતનભાઈ ખરીદીયા**
જૈનનગર, અમદાવાદ.
મો.: ૯૪૨૬૦૫૨૫૬૩.

મૂલ્ય : સદુપયોગ, પાના : ૨૮+૫૮૦, આવૃત્તિ: પ્રથમ, વિ. સં. ૨૦૬૮.

પૂ. મુ. સંયમકીર્તિ વિ. મ. સાહેબે આ ગ્રંથમાં ભવ્યાત્માની નિગોદથી મોક્ષ સુધીની વિકાસયાત્રાના વિવિધ પડાવોની વિસ્તારથી વિચારણા કરી છે.

મોક્ષ માર્ગના દરેક આરાધકોએ પોતાની ધર્મારાધનાની ભૂમિકા અને તેના કર્તવ્યોનો બોધ પ્રાપ્ત કરી લેવો જોઈએ. સાથે સાથે ઉત્તરની ભૂમિકાને પામવાના પુરુષાર્થની દિશા પણ જાણી લેવી જોઈએ. તે ઉપરાંત સ્વભૂમિકામાં રહી ગયેલી ખામીઓને દૂર કરવાની રીત પણ સમજી લેવી જોઈએ. આ પુસ્તકમાં ૫ વિભાગ, ૨૩ પ્રકરણ અને ૪ પરિશિષ્ઠો છે. અહીં ગુણસ્થાનકના ક્રમે મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે. તેમાં યોગની આઠ દૃષ્ટિઓને સાંકળી લીધી છે. આ રીતે ગુણસ્થાનક અને યોગદૃષ્ટિના માધ્યમે પ્રત્યેક ભૂમિકાઓના લક્ષણો, વિંગો, કર્તવ્યો, બોધ, શ્રદ્ધા, વિવેક, કષાયહાનિ આદિની સમજણ આપવામાં આવી છે. સાથે ઉત્તર ભૂમિકાને પામવા માટેના પુરુષાર્થની દિશા બતાવવામાં આવી છે અને ભૂમિકામાં રહેલી ખામીઓ પણ બતાવવામાં આવી છે, તેના નિરાકારણના ઉપાયો પણ જણાવ્યા છે. અનેક આત્મલક્ષી વિષયોથી સભર આ પ્રકાશન ભવ્યાત્માઓને મોક્ષમાર્ગની આરાધનાઓમાં સહારો બને તેવું છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૩.
મોબાઈલ નં. : 9223190753.

આચમન... (પૃષ્ટબીજાથી ચાલુ)

વંદન કરી એક બાજુ બેસી ગયા.

બાળક જેવા બિલકુલ સરળ સ્વભાવના પરમહંસજીએ પેલા ભાઈને પુછ્યું, 'કેમ ભાઈ! પંદર દિવસ સુધી આશ્રમે દેખાયા જ નહીં? બહારગામ ગયા હતા કે શું?'

પેલા ભાઈએ કહ્યું, 'બાપજી! હવે આપ મારી ખબર પુછો છો? પેલા દિવસે તો ભરસભામાં આપે મને ગાળ દીધી હતી. બાપજી, આપ જેવા સંતના મુખેથી ગાળ સાંભળીને મને બહુ લાગી આવેલું તેથી આ પંદર દિવસ સુધી હું આશ્રમે આવી શકેલ નહિ. એટલી બધી માનસિક ખેંચતાણ વચ્ચે મેં આ પંદર દિવસ પસાર કર્યા છે કે રાત્રે મને પૂરી નિંદર પણ આવતી નહિ.'

પરમહંસજીએ પ્રેમથી તેનો હાથ પકડી પોતાની પાસે બેસાડતાં કહ્યું, 'ભાઈ! એક અપશબ્દે જો તમારા ઉપર આટલી મોટી અસર કરી તો વિચારો કે ઈશ્વરના નામમાં કેટલી તાકાત હશે? નામજાપ કેટલી અસર કરી શકે? અને કહેવાય છે કે ત્યારથી તે વેદાંતી પણ તાળીઓ પાડીને 'રામનામ લેવા લાગ્યો.

પરમહંસજી બધાને કહેતાં કે, 'જ્યારે સમય મળે ત્યારે પરમાત્માનું નામ સ્મરણ કર્યા કરો. મૃત્યુ ક્યારે ક્યાંથી આવશે તે ખબર નથી. માટે સતત રામનામનું સ્મરણ કર્યા કરો, વિલંબ કરશો નહિ. નહિ તો પસ્તાવાનું જ રહેશે.'

તુલસીદાસજી પણ રામચરિત માનસમાં કહે છે કે કલિકાલમાં મારા મત પ્રમાણે તો પરમાત્માનું નામ જ ભવતારણ છે. નામજાપના પ્રતાપે જીવનની દશે દિશાઓ મંગલમય બની રહે છે. આપણેઊઁ નામજાપમાં જોડાયેલા રહીએ.

પંથે પંથે પાથેય...(પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

વધતા જતા ઘર ખર્ચની ચિંતામાં ને ચિંતામાં હાજરાબહેન માંદા પડ્યા. પણ પતિ કે સંતાનોને કળાવા દે તો હાજરાબહેન નહિ. તેમણે તો માંદીને ગાંઠ્યા વગર ઘર ખર્ચને પહોંચી વળવા સિલાઈકામ કરવા માંડ્યું. બાળકોના ખમીસ-ચડ્ડી જથ્થાબંધ સિવવાનું શરૂ કર્યું. એક ખમીસની સિલાઈ કરી આપવાનો એક રૂપિયો. હાજરાબહેન બપોરે ઘરમાં કોઈ ન હોય ત્યારે સિલાઈ મશીન ખોલી કામે લાગી જાય. પણ એક દિવસ બપોરે અચાનક હુસેનભાઈ ઘરે આવ્યા. અને બધો જ ભેદ ખુલી ગયો. અને પછી તો તેમણે પણ પોતાની આવક વધારવા પ્રયત્નો આરંભ્યા. અને એ પ્રયાસોના પરિપાકરૂપે તેમને પોતાની રિક્ષા લેવાનો વિચાર ઉગ્યો. એક દિવસ પત્નીને જરા વિનંતીના સ્વરમાં તેમણે કહ્યું,

'તારા ઘરેણાં મને આપી દે તો હું એક રિક્ષા લઈ લઉં. જેથી થોડી આવક વધશે.'

હુસેનભાઈને ડર હતો કે પોતાના ઘરેણાં આપવાની વાત સાંભળી પત્ની ભડકશે. ગુસ્સે થશે. પણ એવું કંઈ જ બન્યું નહિ. હાજરાબહેને તો ચૂપચાપ પતિના હાથમાં પોતાના પિયરમાંથી લાવેલા ઘરેણાં મૂકી દીધા. સાથોસાથ પૈસા પણ મૂક્યા અને તે દિવસે ગામડા ગામના અભણ હાજરાબહેનની સમજ પર હુસેનભાઈ ગળગળા થઈ ગયા.

પત્નીના ઘરેણાં, થોડી ઘણી બચત અને થોડા ઉધાર ઊછીના પૈસા લઈ. હુસેનભાઈએ એક સેકન્ડ હેન્ડ રિક્ષા લીધી. ચારસો છત્રીસ નંબરની એ રિક્ષા પર હુસેનભાઈએ તનતોડ મહેનત કરવા માંડી. રોજની બાર-પંદરની આવકમાંથી રોજની વીસ-પચ્ચીસની આવક થઈ. થોડો હાથ છૂટો થવા લગ્યો. એટલે એક દિવસ હુસેનભાઈએ પત્નીને કહ્યું,

'હવે આ ટુકડાની સાડી પહેરવા કરતાં એક આખી સાડી લઈ લે.'

હાજરાબેન પતિના શબ્દો સાંભળી રહ્યા. પછી બોલ્યા, 'ચારે છોકરા મોટા થયા છે. એટલે તેમનો ખર્ચ પણ વધ્યો છે. તમારી વધેલી આવકથી જરાય ઇતરાઈ જવાની જરૂર નથી.' તેમણે પોતાની ત્રણ ચાર ટુકડાની સાડી પર નજર નાખતાં ઉમેર્યું,

'કટકાની સાડી મને થોડી ખાય જાય છે?'

આમ હાજરાબહેને કવેર કરી સોનીની ચાલીની ચાર દિવાલ અને એક છતને કોઠાસૂઝથી

ઘર બનાવ્યું. પણ કુદરતે હજુ તેમની કસોટી કરવાનું ચાલુ રાખ્યું હતું. એટલે એક દિવસ સોનીની ચાલીનું ઘર પોતાના તાજા પરણેલા દિયર ઇબ્રાહીમભાઈને આપી, હાજરાબહેન ખારૂના નાળાના એક રૂમના ભાડાના મકાનમાં રહેવા આવ્યા. જો કે ત્યારે પણ પતિએ તો ટકોર કરતાં કહ્યું હતું,

'રહેવા દે હવે બહુ ઉદાર થવાની જરૂર નથી. ઈબ્રાહીમ માટે તો બીજી કોઈ વ્યવસ્થા કરી લઈશું.'

'ઈબ્રાહીમભાઈ તમારા ભાઈ છે. તેમને અમદાવાદ જેવા શહેરમાં રહેવાની સગવડ કરી આપવાની તમારી ફરજ છે.'

અને આખું કુટુંબ ખારૂના નાળામાં આવ્યું. પણ ત્યાંથી પણ મકાન માલિકે ઘર ખાલી કરાવવા દબાણ કર્યું. અને હુસેનભાઈ મૂંઝાયા. ફરીવાર અમદાવાદમાં એક રૂમની શોધ આરંભાઈ. ઘણાં ધમપછાડા કર્યા. પણ ક્યાંય મેળ ન ખાધો. પણ જ્યારે હતાશાથી ઘેરાયેલા હુસેનભાઈને પોતાના સગા નાનાભાઈએ મદદ કરવાને બદલે એમ સંભળાવ્યું, 'રૂમ ના મળતી હોય તો સાબરમતીના કિનારે ઝૂંપડું બાંધો.'

ત્યારે તો હુસેનભાઈ લગભગ ભાંગી પડ્યા. પણ અભણ હાજરાબહેન જરા પણ મન પર લાવ્યા વગર પતિને કહ્યું,

'એમાં દુ:ખી શું થાવ છો, ખુદાને ત્યાં દેર છે અંધેર નથી.'

અને ખરેખર એક દિવસ જાનસાહેબની ગલીમાં એક નાનકડી રૂમ મળી ગઈ. ચારે સંતાનો સાથે હુસેનભાઈ-હાજરાબહેન જાનસાહેબની ગલીમાં રહેવા આવ્યા.

જો કે હજુ હાજરાબહેનના જીવનના કપરા ચઢાણ જેવા ને તેવા જ હતા. હવે તો છોકરાઓ શાળામાંથી કૉલેજમાં આવ્યા હતા. એટલે ચારસો છત્રીસ નંબરની રિક્ષા પર સવારથી રાત સુધી ઝઝુમતા હુસેનભાઈ જે કંઈ લાવતા તેમાં જ ઘરખર્ચ, છોકરાઓનો ભણતર ખર્ચ, પહેરવા ઓઢવાનો ખર્ચ અને આ બધાથી વિશેષ શહેર મધ્યે તેમનું ઘર હોઈ રોજ આવતા અઢળક મહેમાનોનો ખર્ચ હસતે મુખે હાજરાબહેન સહે જતા હતા. આ બધું હાજરાબહેન રિક્ષાની ટૂંકી આવકમાં કેવી રીતે કાઢતા એ તો હાજરાબહેન જ જાણતા.

પણ સંતાનો મોટા થતા માતા-પિતાનો સંઘર્ષ તેમને સ્પર્શી ગયો. એટલે કૉલેજમાં અભ્યાસ કરતાં કરતાં જ સંતાનો આવકના સાધનો શોધવા લાગ્યા. ચારે સંતાનોમાં બહુ લાડમાં ઉછરેલ મોટો પુત્ર રહીમ ભણવામાં જરા નબળો. માંડ માંડ કૉલેજના પ્રથમ વર્ષ સુધી ભણ્યો. એ પછીની પુત્રી સાબેરા ભણવામાં સાધારણ, છતાં એમ.એ. સુધી ભણી. એ પછીનો પુત્ર ગુલામ નબી પ્રથમ તો સાયન્સ કૉલેજમાં જોડાયો, પણ પછી ઈજનેર કૉલેજમાં ગયો. અને ત્યાંથી સિવિલ એન્જિનિયર થયો. જ્યારે સૌથી નાનો પુત્ર અબ્દુલ રહેમાન ડિપ્લોમા સિવિલ એન્જિનિયર થયો. રાત્રે દસેક વાગ્યે હુસેનભાઈ રિક્ષા બંધ કરે પછી કૉલેજમાં ભણતો ગુલામ નબી રિક્ષા હાથમાં લે ને બારેક વાગ્યા સુધીમાં ચાલીસ પચાસ કમાઈ લે અને આમ પોતાના ખર્ચ સાથે થોડો ઘણો ઘરનો ખર્ચ પણ કાઢી લે. સૌથી નાનો પુત્ર અબ્દુલ રહેમાન તો રોજ સવારે છાપા નાંખવા જાય. કડકડતી ઠંડી હોય કે ધોધમાર વરસાદ છાપા નાંખવાનો તેનો ક્રમ ક્યારેય ખોરંભે પડે નહિ. જ્યારે પુત્રી સાબેરા નાની મોટી નોકરી કરે. આમ ઘરમાં આવકના સ્રોત વધ્યા અને હાજરાબહેનનો હાથ થોડો છૂટો થયો.

આમ ધીમે ધીમે હાજરાબહેનની વેળા વળી. ત્રીસ પાંત્રીસ વર્ષના સંઘર્ષ પછી દિવસો બદલાયા. ગુલામ નબી અને અબ્દુલ રહેમાન ઈજનેર તરીકે સરકારી નોકરીમાં સ્થિર થયા. પુત્રી સાબેરાને જીએસએફસીમાં નોકરી મળી ગઈ. મોટો પુત્ર રહીમ પણ નોકરીમાં ગોઠવાઈ ગયો. અને પછી તો હાજરાબહેનનું નસીબ ખૂલ્યું. સરખેજ રોડ પર ત્રણ બેડ રૂમનું ટેનામેન્ટ લીધું. પુત્ર રહીમને અલગ ટેનામેન્ટ કરાવી આપ્યું. ઘરના આંગણામાં ફિયાટ આવી. અને ઘરમાં પૈસાની રેલમછેલ થઈ. પણ આ બધું જોવા હુસેનભાઈ ન રહ્યા. તેનો રંજ આજે પણ હાજરાબહેનને કોરી ખાય છે.

રોજના બાર-પંદર રૂપિયામાં ઘર ચલાવનાર હાજરાબહેનના હાથોમાં આજે પૈસો રમે છે. પણ છતાં પચાસ વર્ષ પહેલાં ધોળકાના રેલ્વે સ્ટેશન પર પોટલી છોડી વાળું કરવા બેસતા હાજરાબહેનના જીવન વ્યવહારમાં જરા પણ ફેર નથી પડ્યો. એ જ માયાળુ સ્વભાવ, એ જ મહેમાનોને ભૂખ્યા ન જવા દેવાનો આગ્રહ અને એ જ કરકસરનો જીવ.

આજે પણ જ્યારે નવી નકોર ફિયાટમાં કોઈ સામાજીક પ્રસંગે ધંધુકા જતા હાજરાબહેનને તેમના દિયર ઈબ્રાહીમભાઈ મજાકમાં કહે છે,

'ભાભી, ધોળકાના સ્ટેશને વાળુ કરવા ઉતરીશું ?'

ત્યારે ભારે શરીર, શ્યામ વર્ણ અને હજ્જ પઢીને આવ્યા પછી હજીયાણી જેવું લાંબું ફોક અને ઓઢણી ઓઢતા સિત્તેર વર્ષના હાજરાબેનના ચહેરા પર પચ્ચાસ વર્ષ પહેલાંનું ભોળપણ ઉપસી આવે છે. અને ત્યારે ફિયાટમાં બેઠેલા ત્રણે યુવાન પુત્રો પોતાની માતાના ચહેરા પર ઉપસી આવેલા ભોળા ભાવોમાં છુપાયેલ પચ્ચાસ વર્ષની સંઘર્ષ યાત્રાને એક નજરે તાકી રહે છે. ✷✷✷

(સૌજન્ય : પ્રો. મહેબૂબ દેસાઈ વ્યક્તિત્વ અને વાડમય)

મોબાઈલ :૦૯૮૨૫૧૧૪૮૪૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

પ્રબુદ્ધ જીવન નિધી ફંડ

રૂા.	નામ
૨૦૦૦૧	શ્રીમતી સવિતાબેન શાંતિલાલ શાહ, U.K.
૫૦૦૦	શ્રીમતી ઈલાબેન મોદી
૫૦૦૦	શ્રી ભરત પી. શાહ
૫૦૦૦	શ્રીમતી ભારતીબેન બી. શાહ
૩૦૦૦	શ્રી કેશવજી રૂપસી શાહ
૫૦૧	શ્રીમતી માધવી આર. વ્યાસ
૧૦૯૮	સ્નેહા ડી. શાહ
૧૫૦	દિનેશ ચંદુલાલ શાહ
૨૦૭૫૦	

કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

રૂા.	નામ
૧૫૦૦૦	એક ભાઈ તરફથી
૧૫૦૦૦	

લોક સેવા સંઘ થોરડી : આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી

રૂા.	નામ
૨૧૬૭૩૯૯	આગળનો સરવાળો
૧૦૦૦૦	સુધીરકુમાર ઓઝા
૧૦૦૦૦	છોટાલાલ નાથાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦	એમ. ટી. નાણાવટી ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	નંદુ ડ્રેપર્સ
૩૦૦૦	આર. એ. સંઘવી
૨૨૦૫૩૯૯	

(અનુદાનની વધુ યાદી પૃષ્ટ ૨૬ પર જુઓ)

Thus HE Was, Thus HE Spoke :

HENRY DAVID THOREAU

Man's life must be of equal simplicity and sincerity with nature, and his actions

harmonize with her grandeur and beauty. – Thoreau

Henry David Thoreau was an American philosopher, poet and environmental scientist whose biggest pre occupation was on finding answers to concrete problems of icing in a world as a human being. Where he differs from contemporary philosophers or most philosophers was that he wanted and did walk his talk. His life and works were not only reflective thought but a way of life.

The way of life was that of a Naturalist, of being with NATURE as that is the only way to make some sort of sense of human existence.

Thoreau was an intellectual to begin with . From a very early age , he was equipped and well versed with various scriptures and also wisdom literature like classical Greek and Roman philosophies, also modern philosophies like Descartes, Locke.

So what was Thoreau's philosophy of life. In a nutshell, he saw meaning in life only if one's goal was a constant spiritual exploration and personal growth and that he figured quite early, that to have that kind of growth, it was a must to live a simple life and to study Nature and live in natural surroundings which would help enhance that growth.

His thoughts and suggestions are both idealistic and practical. They are idealistic for normal people who valued material growth, fame, power highly. They are simple for Thoreau, having lived at Walden Pond for two years and two months as an experiment of his proposal.

To Thoreau, the society's preoccupation with money and wealth seems to be foolish in that they are transient and they cost humanity. According to Thoreau's calculation presented in the book, most economic activities are not economical. Hence, he recommends a life excluding all superfluities. He thinks them as dross. Owning more than the indispensable only distracts a person from seeing the very truth of life.In his most famous work-'Walden', Thoreau clearly states what he desires in life: "Rather than love, than money, than fame, give me truth.

My favorite phrase in Walden is "If you have built castles in the air, your work need not be lost; that is where they should be. Now put the foundations under them." How beautifully he blends the ideal and the pragmatic.

So let us revel in the Natural world of trees, wind, the sky and the sea.

The morning wind forever blows;

The poem of the world is uninterrupted,

but few are the ears that hear it.

Going nowither; where travelers are not too often to be met; where my spirit is free;

where the walls and fences are not cared for; where your head is more in heaven

than your feet are on earth.

My personal favorite:

As you simplify your life, the laws of the universe will be simpler; solitude will not be solitude, poverty will not be poverty, nor weakness weakness.

□ RESHMA JAIN
The Narrators
Mobile: 9820427444

THOREAU QUOTES

- Be true to your work, your word and your friend.
- Cultivate the habit of early rising. It is unwise to keep the head lying on a level with the feet
- Do not be too moral. You may cheat yourself out of much life. Aim about morality. Be not simply good; be good for something.
- Do not hire a man who does your work for money, but to him who does it for love of it.
- Every man is a builder of a temple called his body.

✷ ✷ ✷

A story from Aagam Katha

Happiness and Peace cannot be achieved by cheating and possessiveness

King Nanda always used to respect the learned people. He once upon a time announced that a person presenting a new stanza or verse will be presented one golden coin per stanza as a prize.

A learned Brahmin Vararuchi used to present 800 stanzas every day in the assembly of king Nanda and get 800 gold coins every day as prize. The intelligent secretary of king Nanda named Shatkal was worried about the treasury of the king. He was intelligent as well as shrewd person. He thought of winning the enemy with the help of the his intelligence.

Shatkal had seven daughters and two sons. He had trained his children very well. He had given them good education as well as good culture. He called his eldest daughter Yaksha and told her about his worries.

Yaksha being intelligent immediately understood the problem of her father and conveyed him her full support. They all were ready to obey his orders.

Shatkal knew about the intelligence of his daughters. The eldest one was able to repeat what she hears once. The second one could repeat what she heard twice and so on... Thus the seventh one could repeat what she hears seven times. Shatkal told his daughters to repeat what the Brahmin utters.

All the seven daughters agreed and accepted the challange.

The next day Vararuchi came to the assembly and uttered one new stanza praising the king.

The secretary asked him, `are all these verses new ones?'

Proudly the Brahmin said, `Yes Sir.'

`And what if they are the old ones?'

`How can they be old? Today only I have written and compossed them.'

`Wrong. My Daughters also know them.'

Yaksha and all the other daughters recited the verses in the assembly.

Vararuchi was puzzled. He was very nervous. The other members were also against Vararuchi.

So then Vararuchi also being greedy thought of some other idea.

He used to go to the river Ganges every night and hide a bag of hundred coins. The next morning he would go to the river and pray and then find out the bag of coins and declare that the river Ganges was pleased with the prayers and presented him the bag of coins. This idea worked for some days.

The secretary was more intelligent than the Brahmin so he told one of the servants to go to the river Ganges at night and keep a watch if the Brahmin was seen. If the Brahmin hides something then the servant should find it out and bring it to the sercretary.

One night the servant was waiting at the bank of the river Ganges and saw the Brahmin carrying and hiding something. After the Brahmin went the servat picked it up and went to the secretary and gave away the bag.

Next day morning king Nanda, the secretary and many other people went to the river to watch Brahmin reciting prayer and getting reward from the river Ganges.

Vararuchi recited the prayer. After some time he entered the river to get the bag but he could not find it.

Then Shaktal showed the bag to the Brahmin and said, `Here is your bag'. The Brahmin was ashamed and speechless. His secret was known to every body. He then left the city for ever.

Moral : The cheating never remains secret. Cheating and possessiveness do not give happiness and peace to any body.

Gujarati : Pujya Muni Shri Vatsalydeepji
English Translation : Pushpa Parikh

❒ ❒ ❒

HAPPINESS

- No one has a right to consume happiness without producing it.
- Happiness often sneaks in through a door you don't know you left open.
- Even a happy life cannot be without a measure of darkness, and the word `happiness' would lose its meaning if it were not balanced by sadness.

✷ ✷ ✷

THIRD TIRTHANKAR BHAGWAN SAMBHAVNATH

`It is a sign of great soul that is to come on the earth!'

Jitari was a king of Shravasti. His queen's name was Sonadevi. Once upon a time in monsoon the king and the queen while sitting in the varandah of their palace, saw a beautiful greenary in monsoon which was a rare scene in their town. The farmers were very happy. The fields were full of green crops. It looked like a green carpet. Normaly every monsoon was not like this.



The queen asked king about the reason for such a nice crop.

The king said, `It is a sign of great soul that is to come on the earth. The queen gave a typical smile and conveyed the news of her pregnancy to the king.

After some months the queen gave birth to a son on the fourteenth day of the birght half of the month of Magshar. The son was named `Sambhav'.

As Sambhav grew up the town was flowrished with good crops and not a single tree was found to be leafless.

Kumar Sambhav was a saintly person. When he was to be crowned, he was not ready to be a king, He did not want to enjoy the worldly life. He always thought about renouncing th worldly life. He ultimately observed the Anagaar Penance. He lived a simple ascetic life for fourteen years. Then he had Keval Gyan. He lived as a Tirthankar and achieved Moksha from Sammedshikhar i.e. he achieved Nirvan from there.

During his later life he used to give sermons on relinquishing, penance, and meditation. He had lived the life throughout serving the people.

In his past life he was a king named Vipulvahan of Kshempuri in Eravat area of Mahavideh.

He was the living idol of morale, justice and compassion. It was his standing order to the manager in the kitchen to see that nobody went hungry and unserved. In the time of famine once his kitchen was really a blessing to the people.

Such was our third Tirthankar `Sambhavnath'.

Kulin Vora: 9819667754

WHAT IS RELIGION?

What is Religion?
I do not want religion that teaches animosity
Makes you selfish, self-centred and greedy
I would like to remain just human –
Have religious thoughts of love and compassion
Lift the downtrodden, become one with humanity

What else is religion for?
What meaning ? What benefit?
If it cannot make better man of every human
Every religion is pathway to God
How can a path be more important than the ultimate?

Religion is a way of life
Nature teaches us in the womb
But Dogmas, wrong values, prevent the mind

The worst comes out of us
We become embittered, frustrated
Separate in the name of relgion
We kill the very meaning of Religion
Let us forget all religiqns, for once
behave like a children in all their innocence
So that the real meaning of religion
Which disappears in the outer commotion
Will dawn like a beautiful sunrise
Never to set as long as we live.

Smt. Vimla Bajaj

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57. Published on 15th of every month &
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH /MR / SOUTH-146 / 2012-14

હાજરાબહેન : મારા સાસુમા

પ્રો. મહેબૂબ દેસાઇ

લગભગ પાંચેક દાયકા પહેલાંની વાત હશે. ધંધુકાના રેલ્વે સ્ટેશન પર દુબળો પાતળો બાંધો, શ્યામ વર્ણ, ચહેરા પર ખીલને કારણે ઉપસી આવેલા ખાડાઓ, લગભગ પાંચેક ફૂટની ઊંચાઈ, લથર વથર પહેરેલી ગુજરાતી સાડી અને નાનકડું પોટલું બગલમાં દબાવી ટ્રેઈનના ડબ્બામાં ઉતાવળા પગે ચડતાં હાજરાબહેનને ટપારતા યુવાનીમાં પ્રવેશેલા દિયર ઈબ્રાહીમભાઈએ બડાશ મારતાં કહ્યું,

'ભાભી, ડબ્બામાં ઝટ ચડો. આ કાંઈ આપણા ગામનું બળદગાડું નથી. આ તો ટ્રેઈન છે ટ્રેઈન. હમણાં વીસલ વાગશે અને મંડશે દોડવા.'

જરા છોભીલા પડેલા હાજરાબહેને ડબ્બાના દરવાજાનો હાથો પકડીને જલદીથી ડબ્બામાં ચડવાનો પ્રયાસ કર્યો, અને પગ લસર્યો. એટલે બિચારા પાછા હેઠે આવ્યા. ઈબ્રાહીમભાઈને તો જોશું અને કેશું બંને થયા. મૂછમાં મલકાતા એ બોલ્યા,

'ભાભી, તમે અમદાવાદ જેવા શહેરમાં શું રહેવાના હતા. મારા ભાઈની તો તમે ફજેતી કરશો.'

પોતાની જીંદગીના વીસ વર્ષ હાજરાબહેને ધંધુકા જેવા ગામડામાં કાઢ્યા હતા. એ વીસ વર્ષમાં પણ દેસાઈવાડાએથી ગામના કુવા સુધી જતી કાચી કેડીથી વધુ કંઈ જ તેમણે જોયું ન હતું. પણ એક દિવસ તેમની શાદી થઈ ગઈ. અમદાવાદ જેવા શહેરમાં નાની મોટી નોકરી કરી ગુજરાન ચલાવતા સાત ચોપડી પાસ એવા હુસેનભાઈ સાથે હાજરાબહેનના નિકાહ થયા. અને નિકાહ પછી થોડો સમય પિયરમાં રહી હાજરાબહેનને અમદાવાદ લઈ જવા તેમનો નાનકડો દિયર ઈબ્રાહીમ આવ્યો. અને બંને ધંધુકાથી ટ્રેઈનમાં અમદાવાદ જવા નીકળ્યા. એ તકનો લાભ લઈ નાનકડો દિયર અભણ ભાભી આગળ પોતાની બડાઈના તીર માર્યે જતો હતો.

જેમ તેમ હાજરાબહેન ટ્રેઈનમાં ચડ્યા. બગલમાંનું પોટલું પોતાના ખોળામાં મૂકી બારી પાસેની એક સીટ પર બેઠા. અને ગાડી ઉપડી. એ સમયે ધંધુકાથી અમદાવાદનો રેલ્વે માર્ગ લગભગ પાંચક કલાકનો હતો. ગાડી બે એક કલાકે જ્યારે ધોળકાના સ્ટેશને આવી ઉભી રહી ત્યારે સાંજ પડી ગઈ હતી. એટલે અત્યાર સુધી ચૂપચાપ બેઠેલા હાજરાબહેન સંકોચ સહ બોલ્યા,

'અભરામભાઈ, હેંડો વાળુ કરી લઈએ, હું રોટલા ને અથાણું લાવી છું.'

એમ કહી ભોળાભાવે હાજરાબહેને ખોળામાંના પોટલામાંથી ભાથું ખોલવા માંડ્યું અને ઇબ્રાહીમભાઈએ પાછી પોતાની બડાશ હાંકી,

'ભાભી, તમેય ગામડાના ભોથા જ રહ્યા. સ્ટેશન પર વાળુ કરવા ના બેસાય. તમને ભૂખ લાગી હોય તો ધોળકાના ગરમા ગરમ ગોટા લાવી દઉં?' અને હાજરાબહેનના ચહેરા પર ભોંઠપ ફરી વળી. પોટલામાં ભાથું જેમનું તેમ રહેવા દઈ, ચૂપચાપ નજરે તેઓ બારી બહાર તાકી રહ્યા. તેમની આંખો પણ પાણીથી ભરાઈ ગઈ. ગળામાં ડુસકું આવીને અટકી ગયું, હમણાં જ ભોંઠપને કારણે ભાંગી પડશે તેવો રડમસ તેમનો ચહેરો પછાતતાથી પસ્તાતો લાગ્યો. જ્યારે ઈબ્રાહીમભાઈ તો પોતે બોલેલા શબ્દોના પ્રત્યાઘાતમાં પડ્યા વગર ધોળકાના ગરમા ગરમ ગોટાનો સ્વાદ માણવા સ્ટેશન પર દોડી ગયા.

પછી તો અમદાવાદ ગોમતીપુર વિસ્તારમાં આવેલી સોનીની ચાલીના એક રૂમમાં હાજરાબહેને ઘરસંસાર માંડ્યો. હુસેનભાઈએ પ્રારંભમાં તો નાની મોટી નોકરી કરી. પણ પછી રિક્ષા શીખી અને અમદાવાદની સડકો પર રિક્ષા ચલાવવા માંડી. એ સમયે બાર-પંદર રૂપિયાનું રોજનું દનીયું રિક્ષા ડ્રાઈવરને મળતું. એ રોજના બાર-પંદર રૂપિયામાં ચાર સંતાનો ત્રણ પુત્રો અને એક પુત્રીનો સંસાર હાજરાબહેન કેવી રીતે ચલાવતા તેની તો હુસેનભાઈને પણ ખબર ન હતી. માત્ર હુસેનભાઈ તો રોજના બાર-પંદર રૂપિયા પત્નીના હાથમાં મૂકી દેતા. અને પોતાના ખિસ્સામાં જે પરચુરણ વધતું તેમાંથી સંતાનો માટે કંઈ ને કંઈ લેતા આવતા.

હુસેનભાઈના ભાઈ-બહેનોની સંખ્યા પણ ખાસ્સી મોટી હતી. પાંચ ભાઈઓ અને ત્રણ બહેનો. જો કે ત્રણે બહેનોને તો પરણાવી દીધી હતી. પણ પાંચ ભાઈઓમાં ત્રણ ભાઈઓનું ભરણપોષણ અને તેમને કામધંધે લગાડવાની જવાબદારી હુસેનભાઈ અને તેમના મોટાભાઈના માથે હતી. એટલે હાજરાબહેનના ઘરનો રોટલો હંમેશા મોટો રહેતો. ઘરમાં ગમે તે ભાઈ ભાંડુ કે મહેમાન આવે પણ તેમને જમાડ્યા વગર હાજરાબહેન ક્યારેય જવા ન દે. ક્યારેક તો પતિ હુસેનભાઈ ટપારે પણ ખરા,

'આમ હાથ બહોળો રાખીશ તો ચાલી રહ્યું ઘર.'

પણ ગામડા ગામના પેલા સંસ્કારો મહેમાનને ક્યારેક ભૂખ્યા ન જવા દેવાય, અભણ હાજરાબહેનના માનસમાં કોતરાયેલા પડ્યા હતા. એટલે હાજરાબહેન ક્યારેક જાણ્યા-અજાણ્યા મહેમાનોને જમાડ્યા વગર જવા ન દે. પરિણામે ક્યારેક તેમને ભૂખ્યા રહેવું પડતું. તો ક્યારેક ફરીવાર રોટલા ઘડવા બેસવું પડતું. આમ ને આમ હુસેનભાઈની આછી પાતળી આવકમાં હાજરાબહેન ઘરની ગાડી ખેંચ્યે રાખતા. ધીમે ધીમે સંતાનો મોટા થયા. તેમનો ખર્ચ વધતો રહ્યો. સંતાનોના અભ્યાસ પાછળ હાજરાબહેન ખાસ્સો ખર્ચ કરતા. ક્યારેક તો સંતાનોની ફી ભરવાના પૈસા પણ તેમની પાસે ન હોય. પણ છતાં ઉધાર ઉછીના કરી અભણ હાજરાબહેન સંતાનોની ફી ભરવાનું ચૂકતા નહિ. ખર્ચનું ભારણ વધવા છતાં હજુ હાજરાબહેન પતિની રોજની દસ-બાર રૂપિયાની આવકમાંથી આ બધી જવાબદારી વેઢારે જતા હતા. એમાં એક દિવસ ટૂંકી આવક અને

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૧મું)

પંથે પંથે પાથેય...

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.